# નુરમ મુબીન


## અલ્લાહ ની પવિત્ર રસ્સી

લેખક

અલી મ્હદ જાન મહ્મદ ચુનાર

પ્રકાશન

ઇસમાઇલીઆ એસોસીએશન ફ઼ોર ઇન્ડિયા



# નુરમ મુબીન

# NOORUM - MOBIN

OR

## The Sacred Cord of God.

—:•:—

### A. GLORIOUS HISTORY
OF
### ISMAILI IMAMS

—:•:—

*By* :—
VAZIR ALIMAHOMED JANMAHOMED CHUNARA

—:•:—

ISMAILIA ASSOCIATION FOR INDIA, BOMBAY

# નુરમ મોબીન

## ચોથી આવૃતિની પ્રસ્તાવના

ઇ. સ. ૧૯૩૬ ના જાન્યુઆરી માસમા "નુરમ મોબીન" ની પ્રથમ આવૃતિ પ્રગટ થયા પછી જ્યારે ઇ. સ. ૧૯૫૦ માં ૧૪ વરસ પછી આ ગ્રંથની બીજી આવૃતિ પ્રગટ થઇ હતી ત્યારે જગતના વાતાવરણમાં ઘણો મોટો પલટો આવી ગયો હતો. બીજા વિશ્વયુધ્ધની ઘોર યાતનામાંથી એ ચૌદ વરસના ગાળા દરમિયાન જગત પસાર થઇ ચૂકયું હતું અને આના કારણે રાજકારણથી માંડીને જગતની અને માનવીની દૈનિક સ્થિતિમાં પણ પલટાઓ આવ્યા હતા. ઇસમાઇલી ઇતિહાસમાં પણ ઘણા નવા નવા પ્રકરણો ઉમેરાયા હતા. એ સમયે ૪૮માં જેમાના ધણી સરકાર નૂર મૌલાના સુલતાન મુહમ્મદશાહ અ. સ. એ વિશ્વના રાજકારણમાં ઘણો જ અગત્યનો ભાગ ભજવ્યો હતો તો હઝરત ઇમામની ઐતિહાસિક ડાયમંડ જ્યુબિલીની પણ હિંદ અને આફ્રિકામાં એમ બે સ્થળોએ ઇસમાઇલીઓએ અપૂર્વ એવી ઉજવણી કરી હતી. વરસો સુધી ગુલામીની યાતનાઓ ભોગવ્યા પછી હિંદુસ્તાન પણ આઝાદ થઇ ગયું હતું, તો પાકિસ્તાનના નામે જગતના પહેલા નંબરના ઇસ્લામી રાષ્ટ્રની પણ સ્થાપના થઇ ચુકી હતી. પેલી બાજુ બરમા અને લંકાએ પણ સ્વતત્રંતા મેળવી હતી.

આ તમામ દેશો સાથે ઇસમાઇલીઓને ગાઢ સંબંધ એ સમયે પણ હતો અને આજે પણ છે. આ પછી ફરી એક વરસના જ ટૂંક સમયમાં આ ઐતિહાસિક ગ્રંથની ત્રીજી આવૃતિ પ્રગટ થઇ હતી અને ત્યારબાદ પૂરા દશ વરસ પછી જયારે આજે ૧૯૬૧ માં આ ગ્રંથની ચોથી આવૃતિ પ્રગટ થઇ રહી છે ત્યારે તો સમગ્ર જગતના વાતાવરણમાં જેમ ગઝબનાક પલટો આવ્યો છે તેમ ઇસમાઇલી ઇતિહાસમાં પણ નવા અને અનોખા પ્રકરણો ઉમેરાયા છે.

આ કાળ દરમિયાન જે સહુથી મહાન પલટો આવ્યો તે એ કે ૪૮ ઇસમાઇલી ઇમામોમાં સહુથી લાંબામાં લાંબા સમય સુધી ઇમામત ભોગવનાર, ઇસમાઇલીઓને કીર્તિ, સંપતિ, સમૃધ્ધિ, રિધ્ધિ અને સિધ્ધિના શિખરે પહોંચાડનાર પરમ પ્રતાપી અને પ્રતિભાશાળી ઇમામ, હઝરત ઇમામ સર સુલતાન મુહમ્મદશાહ અ. સ. ધી રાઇટ ઓનરેબલ હિઝ રોયલ હાઇનેસ નાο આગાખાન સાહેબ ત્રીજાએ તા. ૧૧ જુલાઇ ૧૯૫૭ ના જામો સિફાર્યો અને ઇલાહી નૂરે યુવાન જીસ્મમાં પ્રવેશ કર્યો. હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની મુકકમિલ વસિયત મુજબ તેઓશ્રીના પ્યારા વડા પૌત્રા અને હિઝ એક્ષેલેન્સી લેફ. કર્નલ નાο પ્રિન્સ અલી એસ. ખાનસાહેબના વડા શાહઝાદા "પ્રિન્સ કરીમ" ૪૯ માં ઇમામ તરીકે ઇમામતની ગાદીએ બિરાજમાન થયા અને ઇસમાઇલીઓના હાઝર ઇમામ અને ચોથા આગાખાન તરીકે જાહેર થયા.

મૌલાના હાઝર ઇમામ જે સમયે ઇમામતની ગાદિએ બિરાજમાન થયા તે સમયે જગતમાં કદી ન આવેલા ક્રાંતિકારી અને અદભૂત ફેરફારો થઇ રહયા હતા. અણુયુગના મંડાણ થઇ ચૂકયા હતા. વિજ્ઞાનના ક્ષેત્રે નવી નવી શોધખોળો થઇ રહી હતી. બેલગાડીના યુગ પછી ક્રમે ક્રમે પ્રવેશેલા જેટ વિમાનને પણ લોકો ભૂલી રહયા હતા અને તેના સ્થાને રોકેટો આવી રહયા હતા. મનુષ્ય ચંદ્ર, મંગળ અને શુક્રના ગ્રહ સુધી પહોંચવાની એ સમયે તૈયારીઓ કરી રહયો હતો.

આ અજબના ફેરફારોને લઇને શિક્ષણના ક્ષેત્ર, આરોગ્યના ક્ષેત્ર, વેપાર અને ઉદ્યોગના ક્ષેત્ર તો ફેરફારો કરવાની માનવી માટે જરૂર ઉભી થઇજ હતી સાથે સાથે તેના માટે સમગ્ર જીવન પધ્ધતિમાં પણ ફેરફાર કરવાની સખત આવશ્યકતા ખડી થઇ હતી. આજ પ્રમાણે રૂહાની–આધ્યાત્મિક ક્ષેત્ર પણ મનુષ્યને નવી દોરવણી અને નવા પ્રકાશની અગત્યતા રહેલી હતી. સમગ્ર જગત નવો સ્વાંગ સજી રહયું હતું, કહો કે જગત નવયુવાન બની રહયું હતું અને આવાજ સમયે, નવયુવાન બની રહેલા જગતમાં નવયુવાન ઇમામના કદમો થયા; હાજર જોમાના ધણી નવયુવાન થઇ પધાર્યા, ઇલાહી નૂરે યુવાન જીસ્મમાં પ્રવેશી સૃષ્ટિ ઉપર દિવ્ય પ્રકાશ રેલાવ્યો, મૌલાના હાઝર ઇમામ્ તરીકે "પ્રિન્સ કરીમ"નું આગમન થયું.

"શાહઝાદા કરીમ"ની ઇમામતની ગાદીએ નિમણુંક કરવા પાછળનો હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. નો મહાન હેતુ, તેઓશ્રીની વસિયતમાં આ માટે કરવામાં આવેલ ઉલ્લેખ પરથી જાણીને જગત આખું જેમ આશ્ચર્યમાં ગરકાવ બની ગયું હતું તેમ જગતે મહાન ઇસ-માઇલી ઇમામની મહાનતા સામે શિર પણ ઝુકાવ્યું હતું. હઝરત ઇમામે પોતાની વસિયતમા જણાવ્યું હતું કે "અણુવિજ્ઞાનની શોધ સાથે જગતની પરિસ્થિતિમાં તાજેતરના વરસો દરમિયાન જે મૂળભૂત વિરાટ ફેરફારો થયા છે તેથી અમને ખાતરી થઇ છે કે શિયા મુસ્લિમ ઇસમાઇલી કોમના શ્રેષ્ઠ હિતાર્થે અમારે અમારા અનુગામી તરીકે એવી યુવાન વ્યકિતની પસંદગી કરવી જોઇએ કે જે નવા યુગમાં ઉછરી હોય અને તાજેતરના વરસોમાં તેમજ આ નવા યુગની વચ્ચે જેનો વિકાસ થયો હોય અને જે પોતાના ઇમામતના સમય દરમિયાન જીવનમાં નવી દ્રષ્ટિ આપી શકે."

વસિયતમાં હઝરત ઇમામે જગતમાં થયેલા ફેરફારોને અનુલક્ષીને જે પ્રમાણે દિર્ઘદ્રષ્ટિભર્યા શબ્દો ટાંકયા હતા તે પ્રમાણે બરાબર મૌલાના હાઝર ઇમામે ઇમામતની ગાદીએ બિરાજમાન થયા પછી તુરતજ જગતમાં ઠેરઠેર પથરાએલા પોતાના વહાલા ઇસમાઇલી અનુયાયીઓને નવા યુગઅનુસારના દોરવણી આપવાની શરૂઆત કરી. ધર્મથી માંડીને રાજકારણ સુધીના પ્રશ્નો માટે મૌલાના હાઝર ઇમામે ઇસમાઇલીઓને નવા પમય પ્રમાણેનું માર્ગદર્શન આપ્યું. નવા સમયમાં શિક્ષણની વધી ગયેલી મહત્વતા માટે ઇસમાઇલીઓને આપે સભાન બનાવ્વા અને કોઇ પણ ઇસમાઇલી બાળક શિક્ષણ લેવાથી વંચિત નજ રહે એમ ભારપૂર્વક ફરમાવ્યું સાથે આ માટેનું રચનાત્મક કાર્ય પણ જગતભરમાં મોટા પાયા ઉપર શરૂ કરાવ્યું.

આજ પ્રમાણે આરોગ્ય સંબંધી, વેપાર અને ઉદ્યોગ સંબંધી જીવન જીવવાની પધ્ધતિઓ સંબંધી અને જીવનને સ્પર્શતી તમામ બાબતો સંબંધી મૌલાના હાઝર ઇમામે ચોકકસ દોરવણીઓ આપી પરિણામે ઇસમાઇલીઓ, જો કે જગતમાં ક્રાંતિકારી ફેરફારો આવ્યા હોવા છતા ઝડપથી નવા જગતને અનુરૂપ બની ગયા, આજે બની પણ રહયા છે.

દસ વરસ દરમિયાન થયેલો આ અપૂર્વ ફેરફાર હતો. આનાજ સાથે સાથે જગતમા બીજા પણ પલટાઓ આવ્યા હતા. જેમ ગત વરસો દરમિયાન હિંદ, પાકિસ્તાન બરમા અને લંકા આઝાદ થયા હતા તેમ આફ્રિકા ખંડ ઝડપથી આઝાદી ભણી કૂચ કરી રહયો હતો. એક વખતનું બ્રિટિશ ગોલ્ડ કોસ્ટ ઘાના'ના નામે સ્વતંત્ર બન્યું. બેલજિયમની સતા તળે રહેનાર કોંગો પણ મુકત બન્યું, માડાગાસ્કરે પણ સ્વાધિનતા મેળવી, તો સાથે સાથે બ્રિટિશ પૂર્વ આફ્રિકાના ટાંગાનિકા, કેનિયા અને યુગાન્ડાએ પણ સ્વાધિનતા ભણી પગલા માંડયા. બીજી બાજુ મલાયા અને સિંગાપોર

સ્વશાસનને વર્યા. આ તમામ દેશોમાં ઇસમાઇલીઓ બહોળી સંખ્યામાં વસતા હોવાથી આ દેશોના નવા જીવન કાળે તેઓના જીવન ક્રમમાં જે ફેરફારો થવા જોઈએ તેની દોરવણી એ દેશોમાં વસતા ઇસમાઇલીઓને ઇમામે ઝમાન તરફથી મળવા લાગી, તો આ બાજુ વરસો થયા આઝાદ બની ગયેલા, હિંદ, પાકિસ્તાન, બરમા અને સિલોનમાં પ્રગતિના જે નવા મંડાણો થયા હતા તે માટે તેમને પણ વખતોવખત દોરવણીઓ મળતી રહી.

ઉપરાંત યુધ્ધ અને શાંતિ તેમજ શાંતિ અને યુધ્ધની દ્વિમુખી વાતો પણ જગતના ચોકમાં તાજેતરના વરસો દરમિયાન થતી રહી અને તેના લીધે જગતજનો એક અકળામણ અનુભવી રહયા. આવા કાળમાં ઇસમાઇલીઓને ધીર, ગંભીર, મજબૂત, મક્કમ અને શકિતશાળી બનાવવા માટેના મૌલાના હાઝર ઇમામના અવિરત પ્રયત્નો ચાલુ રહયા. મોટા ગણી શકાય એવા તમામ રાષ્ટ્રોના વડાઓ સાથેની આપની મુલાકાતો સદા ઇસમાઇલીઓ માટે લાભમાં પરિણમતી રહી.

છેલ્લા દસ વરસો દરમિયાન આવા અદભૂત ફેરફારો થયા અને એવા કાળમાં નૂરમ-મોબીનની આ ચોથી આવૃતિનું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું. આ સમયે આ ઐતિહાસિક ગ્રંથની અગત્યતા કોઇપણ સમય કરતા અનેકગણી વધી ગઇ હતી.

આનુ મુખ્ય કારણ તો એ કે આજનું જગત તર્ક, બુધ્ધિ અને સચોટ પુરાવાઓ ઉપર આધાર રાખતું થઇ ગયું છે. જીવનની ઝીણી ઝીણી બાબતોથી માંડીને ધમ જેવી મહાન, અગત્યની અને મહત્વની બાબત વિષે પણ માનવી તર્ક, બુધ્ધિ અને પુરાવાઓ ઉપર આધાર રાખતો થઇ ગયો છે. કોઇ પણ વસ્તુને સચોટ પુરાવાઓ સિવાય સ્વીકારવા આજનો મનુષ્ય તૈયાર નથી તેથી ઇતિહાસની મહત્વતા કયારે નહોતી એટલી આજે વધી ગઇ છે.

આજનું બાળક નવા સમયનું બાળક છે, આવતી કાલે એ નવા સમયનો માનવી હશે અને નવા સમયના આ નવા માનવીઓ પોતાના મઝહબને અકકલથી, તેમ સાથે સાથે સચોટ પુરાવાઓ સાથે સમજી શકે, પોતાના ઝમાનાના ઇમામને અને મહાન ઇમામોને અકકલ દ્વારા મળેલી શ્રધ્ધા સાથે ઓળખે તે માટે "નૂરમ-મોબીન" જેવા પુરાવાઓ સાથેના ઐતિહાસિક ગ્રંથની મહત્વતા પણ વધી ગઇ છે.

આ પુસ્તક ઐતિહાસિક પુરાવાઓ સાથેનું પુસ્તક છે. જે પ્રમાણે મૌલાના હાઝર ઇમામે નવા સમયમાં ઇસમાઇલીઓને નવા જીવનપ્રવાહને અનુરૂપ બનાવવા તનતોડ કોશિશો કરી છે તેજ પ્રમાણે તેઓશ્રીના તમામ પૂર્વજોએ પોત પોતાના સમયમાં, પોતાના સમયના વાતાવરણ મુજબ એ સમયના ઇસમાઇલીઓને તે સમયના જીવનપ્રવાહને અનુરૂપ બનાવવા જે પ્રયાસો કર્યા હતા તેનું સચોટ અને સંપૂર્ણ પુરાવાઓ સાથેનું આલેખન આ પુસ્તકમાંથી જ મળી રહે છે. આ ઉપરાંત જગતના વાતાવરણ ઉપર, જગતની આજે મહાન ગણાતી પ્રણાલિકાઓ પૈકીની કેટલીક અગત્યની મહાન પ્રણાલિકાઓ ઉપર પણ બની ફાતિમી ઇસમાઇલી ઇમામોની કેટલી પ્રબળ અસર આજે પણ છે તેની સંપૂર્ણ દસ્તાવેજી વિગતો આ પુસ્તકના પ્રકરણે પ્રકરણમાં ભરી પડી છે. આના ઉપરાંત, જગતકલ્યાણ અને તેમાયે ખાસ કરીને ઇસ્લામીઓ અને ઇસમાઇલીઓના કલ્યાણ માટે ઇમામે ઇમામ હોવા છતા જે દુન્યવી કષ્ટો ઉઠાવ્યા છે તેની વિગતો પણ આ પુસ્તકમાંથી જ મળી શકે છે. ઇમામોની બાદશાહીના ટાંકણે તેઓ તરફથી તેમના સમયની પ્રજાને અને દેશને જે મહાન કલ્યાણકારી લાભો મળ્યા છે તેની વિગતો પણ આ ગ્રંથમાંજ સમાએલી છે. અલઅઝહર જેવી જગતની સહુથી પુરાણી યુનિવર્સિટી આજે પણ બની ફાતિમી ઇમામોની જાહોજલાલીથી જગતને વાકેફગાર કરે છે. એ પુરાતન વિશ્વવિદ્યાલયનો આજે તો સ્ત્રીઓને પણ લાભ આપવાની હાલમાંજ ગોઠવણ થઇ છે.

આ ગ્રંથ ઐતિહાસિક ગ્રંથ હોવાથી અને તે ઐતિહાસિક ગ્રંથ હોવાથી તે સંપૂર્ણ પુરાવાઓ સાથેના દસ્તાવેજ ઉપર આધાર રાખતો હોવાથી તેમજ આજનો માનવી પુરાવાઓ અને દસ્તાવેજો દ્વારા શ્રધ્ધા કેળવવામાં માનતો હોવાથી આજના ઇસમાઇલી બાળકના ધાર્મિક જીવનઘડતરમાં તેમજ આવતી કાલના ઇસમાઇલીના વિકાસમાં આ ગ્રંથ ખૂબ અગત્યનો ભાગ ભજવશે.

આ પુસ્તકની પ્રથમાવૃતિ પછી પ્રગટ થયેલ બીજી આવૃતિમાં જેમ કેટલાક જરૂરી ફેરફારો કરવામાં આવ્યા હતા અને કેટલીક બાબતો નવા ઢંગે રજૂ થઈ હતી તેમ આ ચોથી આવૃતિના પ્રકાશન સમયે પણ ઘણા અગત્યના ફેરફારો કરવામાં આવ્યા છે. કેટલીક બાબતો ઓછી કરાઇ છે, કેટલીક બાબતો ટૂંકાવવામાં આવી છે તો કેટલીક નવી બાબતો આમેજ પણ કરાઇ છે.

ત્રીજી આવૃતિમાં હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. નો ઇતિહાસ ૧૯૫૧ સુધીનો આપવામાં આવ્યો હતો જ્યારે આ ચોથી આવૃતિમાં છેક તા. ૧૧ મી જુલાઇ ૧૯૫૭ સુધીનો એટલે પૂરા ૭૪ વરસના ઇમામતકાળનો સંપૂર્ણ ઈતિહાસ આપવામાં આવ્યો છે.

આનાજ સાથે સાથે મૌલાના હાઝર ઇમામના જીવનનું નવું પ્રકરણ પણ આમેજ થયું છે. મૌલાના હાઝર ઇમામ શાહ કરીમના જીવન ઇતિહાસમાં તેઓશ્રીના જન્મથી માંડીને હાલમા, ૧૯૬૧ ના મે માસમા લીધેલ આફ્રિકાની મુલાકાત સુધીની બાબતોનો સમાવેશ કરી નાંખવામાં આવ્યો છે.

આ પુસ્તકના મૂળ લેખક વઝીર અલીમહમદ જાનમહમદ ચુનારા છે. આ પુસ્તક જ્યારે લખવામાં આવ્યું હતું ત્યારે તેમણે તેમના તે સમયના સાથીઓ સાથે ૮ વરસ સુધી ઝહેમત ઉઠાવી હતી. નવા સંશોધનો તેમને કરવાના હતા, ઘણી ભાષાઓમાંથી હવાલાઓ લેવાના હતા, તેને તપાસવાના હતા, પુરાવાઓ સાથે સરખાવવાના પણ હતા અને તે પછી તેને રજૂ કરવાના હતા. આ કેટલું કપરું કાર્ય છે એ તો તેનો અભ્યાસીજ જાણી શકે. આ કાર્યને તેઓએ ઇમામની દુઆ અને દયાથી પાર પાડી ઇસમાઇલી કોમને એક યાદગાર પુસ્તકની ભેટ આપી.

આજે આ પુસ્તકના મૂળ લેખકની વય એટલી નથી જેટલી એ પુસ્તક પહેલવહેલું પ્રગટ થયું ત્યારે હતી.

એ સમયના ચુનારા યુવાન હતા જ્યારે આજે ચુનારા વૃધ્ધ થઇ ગયા છે. અલબત, તેઓ વૃધ્ધ જરૂર થઇ ગયા છે પરંતુ શરીરે. જુસ્સા અને મનોબળમાં તો તેઓ આજે પણ યુવાન છે જેની પ્રતીતિ અમને આ ચોથી આવૃતિના પ્રકાશન સમયે થઈ. તેમને કરાંચી ખાતે આ પુસ્તકના પાનાઓ સુધારવા, તેમાંથી કમી કરવા જેવું લાગે તે કમી કરવા અને ઉમેરવા જેવું લાગે તે ઉમેરવા મોકલવામાં આવ્યા. આ કાર્યને, તેઓ વૃધ્ધ થઇ ગયા હોવા છતા યુવાનના ઉત્સાહથી અંજામ આપ્યો. દરેક પ્રકરણને તેઓ ઝીણવટથી તપાસી પણ ગયા અને નવા સુધારાઓ પણ કરી આપ્યા. આ તકે હું વઝીર અલીમહમદ જાનમહમદ ચુનારાને તેમના જુસ્સા, મનોબળ અને કાર્યશકિત માટે અભિનંદન આપું છું અને સહકાર માટે હિંદની ઈસમાઇલીઆ એસોસીએશન વતી આભાર માનું છું.

હઝરત ઈમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. નો ૧૯૫૧ પછીનો ઇતિહાસ લખવાનું તેમજ તેનીજ સાથે સાથે મૌલાના હાઝર ઇમામનું પ્રકરણ લખાવાનું કાર્ય યુવાન ઇસમાઇલી લેખક અને પત્રકાર આલીજાહ સુલતાન વી. નૂરમહમદે ખૂબીથી પાર પાડયું છે. "ઇલાહી નૂર" જેવું આજના સમયનું ઘણુ જ ઉપયોગી પુસ્તક તેઓ આ પહેલાજ કોમને આપી ચૂકયા છે તો મૌલાના

હાઝર ઇમામ શાહ કરીમના જીવન ઉપરનું ક્રમબધ્ધ ઇતિહાસીક પુસ્તક પણ તેઓએ લખ્યું છે. એ પુસ્તક ઇમામે ઝમાનના જીવન ઉપર લખાએલું પહેલું પુસ્તક હતું જેને લખવાનો વ્યાજબી યશ જેમ તેના લેખક આલીજાહ સુલતાનને ગણે છે તેમ તેને પ્રગટ કરવાનો યશ હિંદની ઇસમાઇલીઆ એસોસીએશનને પણ મળે છે. આ ઐતિહાસિક ગ્રંથમાં પણ પાછલા ઇતિહાસને લખનાર તેઓ છે તો સાથે સાથે આ ગ્રંથના પ્રકાશન કાર્યમાં પણ તેઓએ છેવટ સુધી મહેનત કરી છે જે માટે તેમને પણ ધન્યવાદ આપું છું.

આ પુસ્તકની 'ટેકનીકલ' બાબતો માટે જાણીતા વિદ્વાન લેખક, ચિંતક અને ધર્માભ્યાસી આલીજાહ ઇસમાઇલ પંજુભાઇ "સહરે" સતત દોરવણીઓ આપી છે જેનો ઉલ્લેખ કરવો અહિં જરૂરી છે. તેઓ તરફથી એસોસીએશનને હમેશા આવા લાભો મળતા રહયા છે જે આનંદની બાબત છે. અમે તેમનો પણ આભાર માનીએ છીએ. આનાજ સાથે સાથે આ પુસ્તકના અગાઉથી ગ્રાહક બનીને જે સંસ્થાઓ અને જે દીનદારોએ અમને સહકાર આપ્યો છે તેમનો પણ આભાર માનીએ છીએ,

ફોટાની બાબતમાં પણ ફેરફારો કરવામાં આવ્યા છે. મૌલાના હાઝર ઇમામના ઘણા ફોટાઓ ઉમેરવામાં આવ્યા છે તો ઘણા જૂના ફોટાઓ ન છૂટકે ઓછા પણ કરવા પડયા છે. કેટલાક ફોટાઓના બ્લોક પુરાણા થઇ ગયા હોવાથી તે છાપવા યોગ્ય રહયા નહોતા અને તેના ફરી બ્લોક બનાવી શકાય તે માટે મૂળ તસ્વીરો મળી શકી નહી તેથી અમને એ ફોટાઓ ઓછા કરવા પડયા છે જે માટે વાંચકો ક્ષમા કરશે એવી આશા છે. પાનાઓની સંખ્યા વધી જવાને ભયે ઇન્ડેક્ષ પણ રદ કરવું પડયું છે.

આ મહાન પુસ્તકત જ્યારે પ્રગટ થઇ રહયું છે ત્યારે એક ઘણાજ કરુણ અને દુઃખદ બનાવની અમારે ભારે હૃદયે નોંધ લેવી પડે છે. આ બનાવ છે આપણા વહાલા શાહઝાદા, હિઝ એક્ષેલેન્સી લેફ. કર્નલ ના૦ પ્રિન્સ અલી એસ. ખાનસાહેબની કરુણ વફાતનો. આજના યુગના તમામ ઇસમાઇલીઓ જેઓશ્રીના પ્રેમ, વાત્સલ્ય અને દોરવણી પ્રાપ્ત કરવાનું સદભાગ્ય મેળવી ચૂકયા છે તે આપણા વહાલા "પ્રિન્સસાહેબે" પોતાના મહાન પિતાશ્રી હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ એ. સ. ના ઇમામતકાળ દરમિયાન વરસો સુધી ઇસમાઇલીઓને દોરવણી આપી હતી. પોતાના પ્યારા પુત્ર મૌલાના હાઝર ઇમામ શાહ કરીમના જમા દરમિયાન પણ તેઓ નામદારે ઇસમાઇલીઓ માટે સતત પ્રેમ અને વાત્સલ્યની વર્ષા કરી હતી. હઝરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહના પ્રકરણમાં ના૦ પ્રિન્સ અલીખાન સાહેબના મહાન જીવનકાર્યની ઠેર ઠેર નોંધ છે. આવી આ વિરલ વિભૂતિની વિદાય જેમ ઇસમાઇલીઓ માટે એક કારમી ખોટ છે તેમ સમગ્ર જગત માટે પણ એક વસમી ખોટ છે. આ મહાન નરવીર, મુહમ્મદી ખાનદાનના આ મહાન નબીરાની પ્રેમભરી યાદને અમે ઋણી હૃદયે અહિં સંભારીએ છીએ.

અંતમાં, આ પુસ્તકની ચોથી આવૃત્તિ અગાઉની ત્રણ આવૃત્તિઓ કરતા વિશેષ રૂચિકર થઇ પડશે તો અમારા પ્રયત્નને અમે યથાર્થ ગણીશું.

| | |
|---|---|
| રીક્રીએશન ચેમ્બર્સ,<br>મુંબઇ.<br>તા૦ ૧૧મી જુલાઇ ૧૯૬૧ | જુસબઅલી ઇસમાઇલ ઉકા<br>પ્રેસીડેન્ટ,<br>ઇસમાઇલીઆ એસોસીએશન ફોર ઇન્ડિયા |

# નુરમ મોબીન

## ત્રીજી આવૃતિની પ્રસ્તાવના

એકજ વર્ષ જેટલા ટુંક સમયમાં "નુરમ મોબીન" ની ત્રીજી આવૃતિ બહાર પાડવી પડે છે એ આ ઉપયોગી પુસ્તકની ઇસમાઇલી કોમમાં કેટલી લોકપ્રિયતા છે તે સાબીત કરે છે

ઇતિહાસ એ સંસ્કૃતિ (Civilizatoin) નું પ્રતિબિંબ છે. ઇતિહાસમાંથી પ્રજાની સંસ્કૃતિનું માપ નીકળી શકે છે.

ઇસમાઇલી ઇમામોનો ઇતિહાસ એ ઇસ્માઇલી પ્રજાનો ઇતિહાસ છે. પોતાના ઇમામો સાથે ઇસ્માઇલી પ્રજા કેવી રીતે એકતાર થયેલી છે એ "નુરમ મોબીન" ના પાને પાને નોંધાયલું છે. ઇસમાઇલી પ્રજાની આવી ફિદાગીરી દુનિયાની બીજી પ્રજાઓના ઇતિહાસમાં જવલ્લેજ જોવા મળે છે.

આનું મુળ ઇમામોના ફરમાનોના પાલનમાં સમાયલું છે. ઇમામ માટે ઇસમાઇલીઓને કેટલું ખેંચાણ છે તે બીજી કોમોની સમજમાં ઉતરવું મુશ્કીલ છે. એના માટે આ વિષયના ઉંડાણમાં ઉતરવાની જરૂર પડશે.

ઇમામે મોબીન યાને જાહેર ઇમામ સદા કેન્દ્ર (મરકઝ, Centre) ની આસપાસ દુનિયાભરના ત્રણ કરોડ ઇસમાઇલીઓ જોડાયલા છે. પોતાની ધાર્મિક અને વહેવારીક ઉન્નતિ માટે ઇસમાઇલીઓ પોતાના ઇમામ તરફ અહર્નિશ મીટ માંડી રહયા છે અને ઇમામ પોતાના મુરીદોની બહેતરી શેમા છે એ બરાબર જાણતા હોવાથી તેઓ ઇસમાઇલીઓને માર્ગદર્શન કરાવે છે. ઇમામ અકલે કુલ છે, 'ઉલીલ અમ્ર" છે, એની જાણ બહાર કશું નથી કારણ ખુદાવંદતઆલાએ કુરાને શરીફમાં જણાવી દીધું છે :

"દરેક વસ્તુ અમે ઇમામે મોબીનમાં સમાવી છે." (સુરા ૩૬ આયાત ૧૨)

ઇસમાઇલીઓ આ વસ્તુ બરબર જાણતા હોવાથી પોતાના રાહબર ઇમામે ઝમાનનું દરેક ફરમાન પોતાની બહેતરી માટે છે એ સંપૂર્ણપણે સમજે છે.

વખત બદલવા સાથે ઇમામે ઝમાનની પ્રવૃતિઓ પણ બદલાય છે મીસર કે જયાં ઇસમાઇલી ઇમામોએ "ફાતમી ખિલાફત" ની જાહોજલાલી દુનિયાને દેખાડી હતી ત્યાં આજે જુદા ફિરકાનો રાજઅમલ ચાલે છે. ત્યાંની પ્રજા પણ જુદા ફિરકાની છે. છતા જેમણે ઇસમાઇલીઝમનું પાન કર્યું છે તેઓ આજે પણ મીસરમાં મોટી સંખ્યામા દેખાય છે.

કરબલાના જંગમાં શહીદ થયેલા ઇસમાઇલી ઇમામ હઝરત ઇમામ હુસેન અ. ના પવિત્ર મસ્તકને પાછળથી ફાતિમી ઇમામે મીસરના કેરો ખાતે લાવીને ત્યાં દફન ક્રિયા કરી હતી. અહીં જે મઝાર બાંધવામાં આવી છે ત્યાં અત્યારે પણ દરરોજ સેંકડો ભાવિકો આવી બંદગી ગુજારી જાય છે. આ ભાવિકો જાહેરમાં ગમે તે ફિરકામાં હોય છતા અંતઃકરણથી ઇસમાઇલી છે. તેમનું ઇમાન મુસ્તકીમ છે અને ઇસમાઇલીઝમનું મર્મ તેઓ સમજી ગયા છે.

ઇમામોના ઇતિહાસમાં એવું ઘણી જગ્યાએ આવે છે કે વખત અને સંજોગ પ્રમાણે ઇમામો જુદા જુદા વેશમા રહેતા હતા. ઇસમાઇલીઓ પણ જેના રાજઅમલમાં રહેતા હોય તેનો મઝહબ જાહેરમાં પાળી અંદરખાનેથી પોતાના પવિત્ર ઇસમાઇલી મઝહબની જ્યોત પ્રકાશિત રાખી પોતાના વંશજોમાં પણ એજ ભાવના પ્રગટાવી જતા હતા. રાજદ્વારી અટપટા સંજોગો અને કાવતરાં તથા કિન્નાખોરીથી બચવા માટે ઇસમાઇલીઓને સંજોગ પ્રમાણે વર્તવાની ફરજ પડતી હતી.

આજે પણ પામીર અને અતરાફના પ્રદેશમાં લાખો ઇસમાઇલીઓ વસે છે જેમણે આઠસો વર્ષો થયા પવિત્ર ઇમામના જાહેરમાં દીદાર નથી કર્યા છતા તેમનું ઇમાન અને ઇસમાઇલીપણુ અડગ અને પહાડની જેમ ટકી રહયું છે ?

આ ઇસમાઇલી મઝહબની ખુબી છે એની ફિલસુફીની વિગતમાં ઉતરવા માટે આ સ્થાન નથી પરન્તુ જગતે જોઇ લીધું છે કે ઇસમાઇલી પ્રજા એક વિશિષ્ટ પ્રજા છે જેનો મઝહબ, જેનો કાયદો અને જેનું જીવન ઇમામની ફરમાનબરદારી છે.

ઇમામ, વખતની જરૂરીયાત પ્રમાણે ફરમાન કરે છે; એ પોતાની બહેતરી માટેજ છે એ ઇસમાઇલીઓનુ ઇમાન છે કારણ એ ફરમાન કરવાની એ ખુદાતઆલા તરફથી સત્તા ધરાવે છે. (જુઓ કુરાને શરીફ સુરા ૪ આયાત ૫૯) આમ હોવાથી ઇસમાઇલીઓની પ્રગતિ કદિ રૂંધાતી નથી અથવા "હવે શું કરવુ ?" એની વિમાસણમાં તેઓ પડી જતા નથી, કારણ તેઓને દરેક જમાનામાં દરેક વખતે દોરવણી–હિદાયત–મળતી રહી છે.

આ પવિત્ર ઇમામોનો ઇતિહાસ આ "નુરમ મોબીન" માં એકઠો કરવામાં આવ્યો છે તેથી એનું વાંચન ફકત ઇસમાઇલીઓ માટેજ નહીં પણ દુનિયાની દરેક પ્રજાઓ માટે વાંચવું જરૂરી છે.

આવી કિમતી વસ્તુ દુનિયાની બીજી પ્રજાઓ વાંચી શકે તે માટે "નુરમ મોબીન" નું અંગ્રેજી ભાષાંતર તૈયાર કરવાની કોશીશ ચાલુ છે.

આ ત્રીજી આવૃતિમાં, બીજી આવૃતિ આખી તપાસી જઇ નવી શોધખોળ ઉપરથી કેટલોક ઉમેરો કરવામાં આવ્યો છે ઉપરાંત, છેવટમાં, ૪૮ માં જમાના ધણી મૌલાના હાઝર ઇમામના જીવન ઇતિહાસ સંબંધી ૩૦ પાના ઉમેરવામાં આવ્યા છે અને ૧૯૫૧ ઇસ્વી સુધીનો ઇતિહાસ લેવામાં આવ્યો છે.

આ સિવાય આ દળદાર પુસ્તક વાંચવામાં સુગમતા થાય તે માટે એનું ઇન્ડેક્ષ પણ તૈયાર કરી છાપવામાં આવ્યું છે.

આ સિવાય કેટલાક નવા ફોટાઓ ઉપરાંત બે ખાસ તૈયાર કરાવેલા ચાર્ટ (નકશાઓ) જેમા પવિત્ર ઇમામોની વંશાવળી અને તેમના વંશમાંથી જે જે મુખ્ય ફિરકાઓ બહાર પડયા તે દેખાડવામાં આવ્યા છે અને ઇમામોએ દુનિયાના કયા કયા ભાગોમાં ઇમામત ભોગવી છે તે દેખાડવામાં આવ્યું છે.

**મિશનરી જાફરઅલી માહમદ સુરી**એ આ ત્રીજી આવૃતિ તપાસી જઇ સુધારા વધારા કર્યા છે ઉપરાંત મૌલાના હાઝર ઇમામનો નવો ઇતિહાસ લખ્યો છે અને ચાર્ટ બનાવવામાં તેમજ. સૌથી અટપટું એવું ઇન્ડેક્ષ બનાવવાનું કામ ઘણી જહેમત ઉઠાવી પાર પાડયું છે તે માટે તેમને ઘણા ધન્યવાદ ઘટે છે. તેમણે એક યાદગાર કિતાબને વધુ યાદગાર અન વધુ વહેવારૂ બનાવી છે એમા કશો શક નથી

ઇસમાઇલી કોમને "નુરમ મોબીન" ની ત્રીજી આવૃતિ જલદી મળી શકે તે માટે એને ઝડપથી છાપી પ્રગટ કરવા માટે ઇસમાઇલીઆ એસોસિએશન ફોર ઇન્ડિયાના પ્રેસ અને પબ્લીસીટી ડિપાર્ટમેન્ટના ઓનરરી સેક્રેટરી હુઝુર **મુખી વલીમહમદ નાનજી** હુદાએ ઘણો શ્રમ ઉઠાવ્યો છે અને ઉપયોગી સલાહ સુચનાઓ આપી છે તે માટે તેમને પણ ઘણા ધન્યવાદ ઘટે છે.

બીજી આવૃતિ બહાર પાડતી વખતે પણ એવીજ મહેનત ઉઠાવી હતી.

"રિક્રીએશન ચેમ્બર્સ"
મુંબઈ ૯
ઓગસ્ટ ૧૯૫૧

ગુલામહુસેન એસ. થાવરભાઇ
પ્રેસીડેન્ટ
ઇસમાઇલીઆ એસોસિએશન ફોર ઇન્ડીયા

# નૂરમ–મુબીન

## બીજી આવૃતિની પ્રસતાવ્રના.

અને તમે સઘળા અલ્લાહની રસીને મજબુત વળગી રહો અને જુદા પડી જાઓ નહિં."

કુરાને શરીફ સુરા ૩ આયાત ૧૦૩.

\+ + +

"આ પેઢી નાબુદ થવાની નથી."

બાઇબલ માત્થી પ્ર૦ ૨૪—૩૪.

\+ + +

"ઇમામે ઝમાનને ઓળખ્યા વગર જે મરી જાય છે, ચોકકસ તે અજાણતાનાં મોતમાં નાશ પામે છે."

હદીસ.

હબલિલ્લાહ યાનેં અલ્લાહની રસી અર્થાત ઝમાંનાનાં ઇમામનો શીલસીલો, જે નસલ બ નસલ આ પૃથ્વી ઉપર માણસજાંતને સત્ય ઇશ્વરી માર્ગ દેખાડવા માટે કયામતના દિવસ સુધી મૌજુદ રહેવાનો છે એ વિષે ખુદાઇ કિતાબ કુરાને શરીફમાં ખુદાતઆલાએ અનેક જગ્યાએ જાહેરાત કરી છે.

પયગમ્બર હઝરત મહમદ મુસ્તફા સલ. પોતાની હદીસોમાં આ માટે સચ્ચોટ રીતે ખુલાસાઓ કર્યા છે.

બાઇબલ અને ગીતામાં આ ખુદાઇ રોશનીની હસ્તીની અને જગત ઉપરની તેની જરૂરતની વિગતો દર્શાવેલી છે.

આ ખુદાઇ રોશની, આ અલ્લાહની પવિત્ર રસી, આ નુરાની વંશ, જે ખુદાતઆલાની હસ્તીની સાબીતી (હુજ્જત) હોવાથી હંમેશાં હાજર હોય છે અને ખુદાનું જ્ઞાન યાને મારફતે ઈલાહી ઇન્સાન જાતને પહોંચાડે છે.

ખુદાતઆલાએ કુરાને શરીફમાં ફરમાવ્યું છે: (સુરા ૧૭ આયાત ૭૧) "તે દિવસે (કયામતના દિવસે) અમે દરેક કોમને તેના ઇમામના નામથી બોલાવશું," અને હ. રસુલ સલ. પણ પોતાની હદીસમાં ફર્માવ્યું છે: "જો એક પળ પણ આ પૃથ્વિ ઉપર ઇમામ ન હોય તો તે તમામ વસ્તી સાથે ગારત થઇ જાય."

આ વિષય ઉપર કુરાને શરીફ અને હદીસના તેમજ અન્ય ધર્મ પુસ્તકોના સંખ્યાબંધ પુરાવાઓ રજુ કરી શકાય તેમ છે, પરંતુ તેમ કરવાની અહીં જરૂર નથી. કારણ આ પુસ્તક "નુરમ મુબીન" એ પવિત્ર ઇમામોનાં ઇતિહાસનું પુસ્તક હોઇ એમાં આધ્યાત્મિક બાબતો ઉપર વિશેષ ભાર નહીં મુકતાં પવિત્ર ઇમામોના જીવનચરિત્રો તથા તેમનો સમકાલિન ઇતિહાસજ રજુ કરવામાં આવ્યો છે. આ માટે "પ્રવેશક"માં જણાવ્યા પ્રમાણે પૂર્વ અને પશ્ચિમનાં આગલા સૈકાઓમાં થઇ ગયેલા અને આ સૈકાના અનેક ઈતિહાસકારોના ઇતિહાસ પુસ્તકોમાંથી સામગ્રી એકઠી કરી આ પુસ્તકનું સર્જન કરવામાં આવ્યું છે.

હ. અલી અ. જે પહેલા ઇમામ હતા ત્યારથી હાલના જમાનાના ૪૮ મા ઇમામ હઝરત મૌલાના આગા સુલતાન મહમદશાહ રાઇટ ઓનરેબલ હિઝ રોયલ હાઇનેસ નામદાર આગાખાન સુધીના લગભગ ૧૪૦૦ વર્ષનો જ્વલંત ઇતિહાસ, જે અરબસ્તાનથી લઇને હિંદુસ્તાન સુધીના જગતના જુદા જુદા દેશોમાં ઘડવામાં આવ્યો છે અને જેના ઘડવૈયાઓ તે ઇસ્માઇલી ઇમામો છે, એનું વર્ણન ઐતિહાસિક દ્રષ્ટિથી આ પુસ્તકમાં રજુ કરવામાં આવ્યું છે.

આ ૧૪૦૦ વર્ષના, ઇતિહાસની દ્રષ્ટિથી ટુંકા સમયમાં, ઇસ્માઇલી ઇમામોએ રાજ્યકર્તાઓ તરીકે અરબસ્તાન, સીરીયા, કાહેરવાન, મીસર અને આલમોતમાં જે ઇસ્લામી સંસ્કૃતિના પાયા નાખ્યા છે તેનું ફળ આખા જગતની ઇસ્લામી પ્રજા આજે મેળવી રહી છે.

ઇસ્લામી તવારીખમાં સૌથી ઝળકતો તબકકો જે "ફાતમી ખિલાફત" ના નામથી પ્રસિધ્ધ છે. (ઈ. સ. ૯૦૯ થી ઇ. સ. ૧૧૭૧) તે ઇસ્માઇલી ઇમામોની ખિલાફતનો તબકકો હતો.

ઇસ્માઇલી ઇમામો ફકત ધર્મના ફેલાવા અથવા ધર્મના રક્ષણનુંજ કામ નોતા કરતા પણ તેઓએ સાથે સાથે ઇલ્મ, તહેઝીબ (સંસ્કૃતિ), રાજકારણ, બંધારણવાદ, શહેરીપણા, હુન્નર ઉદ્યોગ, શિક્ષણ અને માનવસેવાના સબકો દુનિયાની જુદી જુદી પ્રજાઓને આપ્યા છે અને અત્યારની ઘડીએ પણ આપી રહ્યા છે.

ઇસ્માઇલી ઇમામોની આ વિશિષ્ટતા છે.

ખુદાતઆલાએ સૃષ્ટિનું નિર્માણ કર્યું ત્યારથીજ પ્રગતિની પણ શરૂઆત કરી છે. ફકત ધર્મની પ્રગતિ થાય અને બીજા બધા અંગો સ્થગિત રહે એ ખુદાતઆલા કદી ઇચ્છતો નથી અને તેથીજ ખુદાતઆલાની "હુજ્જત" (સાબીતી) અર્થાત ઝમાનાના ઇમામો, ખુદાતઆલાની સૃષ્ટિની સર્વાંગી પ્રગતિ માટે જગતમાં વખતો વખત, જરૂરત પ્રમાણે, પોતાની "સત્તા" થી ક્રાંતિ લાવે છે અને સમય અને સંજોગ અનુસાર આગલા ઇમામોના હુકમોમાં ફેરફાર કરે છે. નવા હુકમો બહાર પાડે છે અને એ પ્રમાણે ખુદાતઆલાએ ઝમાનાના ઇમામોને—ઇમામે મુબીનને—સોંપેલું કાર્ય તેઓ સતત ચાલુ રાખે છે કારણ કે ખુદાતઆલાએ કુરાને શરીફમાં ફર્માવ્યું છે: "તાબેદારી કરો અલ્લાહની, તાબેદારી કરો રસુલની અને તાબેદારી કરો તમારામાંના હુકમ કરવાની સત્તા રાખનાર (ઉલીલ અમ્ર) ની."

(સુરા ૪ આયાત ૫૯)

જેઓ આ ખુદાઇ ફરમાનનો મર્મ સમજે છે અને "ઉલીલ અમ્ર" (હુકમ કરવાની સત્તા રાખનાર) ને ઓળખે છે તેઓ પોતાની દીની અને દુન્યવી તરક્કી કરી રહ્યા છે એમાં કશી નવાઇનથી.

ઇમામોનો આ દૈવી વંશ, આ નુરાની નસલ, જુદા જુદા દેશોના માનવીઓ સાથે-કેવી રીતે એકરૂપ થઇ જાય, જુદા જુદા વખતે, સમય અને સંજોગ અનુસાર જુદા જુદા ધંધાઓ અને કાર્યો કરે છે અને પોતાનું મુખ્ય કામ—ખુદાતઆલા માટેની હિદાયત—દરેક સંજોગોમાં ચાલુ રાખે છે એનું બયાન આ પુસ્તકના પાનાઓમાં ઐતિહાસિક પુરાવાઓ સાથે ભરપુર આપવામાં આવ્યું છે જે ઉપરથી સાધારણ વાંચનારને ઇમામોની કાર્ય કરવાની રીત માટે અચંબો અને માન ઉપજે તો તેમાં કશી નવાઇ નથી કારણ ખુદાતઆલાએ કુરાને શરીફમાં ફરમાવ્યું છે: "દરેક વસ્તુ અમે જાહેર ઇમામમાં ગણી છે."

(સુરા ૩૬ આયાત ૧૨)

પોતાની દૈવી શકિતથી ઇમામ બધી વસ્તુની માહીતી રાખી શકે છે અને ભવિષ્યમાં શું થવાનું છે એ તેનાથી અજાણ્યું નથી હોતું તેથી "ઉલીલ અમ્ર" (હુકમ કરવાની સત્તા રાખનાર) તરીકેના તેના ફરમાનોનો અમલ કરવાથી દુનિયાને સુખ પહોંચે છે અને એ પવિત્ર ફરમાનો પ્રમાણે

નહીં ચાલવાથી નુકશાન થાય છે. આ માટે ખુદાતઆલાએ કુરાને શરીફમાં ફર્માવ્યું છે: "જે સુખ તને મળે છે તે ખુદા તરફથી અને જે દુઃખ તારા ઉપર આવી પડે છે તે તારા પોતા તરફથી છે."

(સુરા ૪ આયાત ૭૯)

આના સમર્થનમાં હાલના સમયના અનેક દાખલાઓ આપી શકાય એમ છે પણ તેમ નહીં કરતાં પહેલા ઇમામ હ. અલી અ. ના વખતનો એકજ ઐતિહાસિક પ્રસંગ આપીશ.

જંગે સિફ્ફીનમાં જ્યારે મુઆવિયાનું લશ્કર, હઝરત અલી અ. ના લશ્કર સામે ટકી શક્યું નહીં અને હારી જવાની અણી ઉપર આવી ગયું ત્યારે ઉમર બિન આસના કહેવાથી તેના લશ્કરે કુરાને શરીફને ભાલા ઉપર લગાડી તેના સોગંદ આપી હઝરત અલી અ. ના લશ્કરને લઢાઇ બંધ કરવા વિનવવા લાગ્યા. કુરાન જેવી ખુદાઇ કિતાબની આણ આપવાથી હ. અલી અ. નું લશ્કર ખચકાઇ ગયું અને દુશમન ઉપરનો હુમલો અટકાવી દીધો ત્યારે હ. અલી અ. પોતાના લશ્કરને ફર્માવ્યું કે દુશમનો હારી રહ્યા છે, તેઓ ખુદાઇ રાહ પર નથી. પોતાના જાન બચાવવા માટે પવિત્ર કુરાનની ઓથ લઇ રહ્યાં છે, એ લોકોની જાળમાં ફસાઓ નહીં. છતાં પણ જ્યારે એમના લશ્કરે માન્યું નહીં અને કુરાને શરીફની કસમ આપનાર ફરેબીઓના દાવપેચ જાણી શકયા નહીં ત્યારે હ. અલી અ. પોતાના લશકરને ફર્માવ્યું કે આપણા દુશમનો જે કુરાનનો હવાલો આપે છે તે કુરાને સામેત છે જ્યારે હું કુરાને નાતિક છું (બોલતો કુરાન છું.) મારી વાત માનો અને દુશમનોને ફના કરી નાંખો. પરંતુ મુસલમાનોએ "કુરાને નાતિક"ની વાત નહીં માની અને એના પરિણામે જંગે કરબલાની મહાન આફત વ્હોરી લીધી, જે પ્રસંગ માટે સાડાતેરસો વર્ષો થયાં હજી પણ દુનિયાના મુસલમાંનો એ મહાન ભુલને માટે તોબા કરી રહ્યા છે.

આ દંતકથા નથી પણ ઇતિહાસની બીના છે જેના ઉપર અનેક તવારીખ નવેશોએ મોટા ગ્રંથો લખ્યા છે.

આ "નુરમ મુબીન" પ્રગટ કરવાનો હેતુ એ છે કે હીજરી સનની શરૂઆતથી આજ સુધી ઇમામી સીલસીલાએ ખુદાઈ હુકમ મુજબ, દુનિયામાં રહી, ઇતિહાસ રચી, જગતને સાચો રસ્તો દેખાડવાનું કાર્ય કર્યું છે તેનું વર્ણન નામ, દેશ, તારીખ અને વિગતની સાથે વાંચકને મળે.

ખુદાતઆલાએ કુરાને શરીફમા ફરમાવ્યું છે: "તું (પયગમ્બર) માત્ર ચેતવણી આપનાર છે અને દરેક કોમ માટે એક રસ્તો બતાવનાર છે સુરા ૧૩ આયાત ૧૭

આ રસ્તો બતાવનાર પવિત્ર ઇમામો છે જેઓ દરેક ઝમાનામાં લોકોને રસ્તો બતાવવાનું કાર્ય કરતા આવ્યા છે.

નુરમ મુબીનનાં મુળ લેખક શ્રીયુત અલીમહમદ જાનમહમદ ચુનારાએ વર્ષો સુધીની મહેનત અને "ઇસ્માઇલી" અઠવાડિક પત્રના સ્ટાફની મદદથી ઇસ્માઇલી કોમને એક યાદગાર પુસ્તક આપ્યું છે એ માટે એમને અને એમનાં ગોઠીયાઓને ઘણો ધન્યવાદ ઘટે છે. ગુજરાતી ભાષામાં રળિયાત રીતે, ૪૮ ઇમામો સુધીનો ઇતિહાસ, અરબી, ફારસી, અંગ્રેજી, ફ્રેંચ, ઉર્દુ, ગુજરાતી, સીંધી, ખોજકી, વ્હોરા અરબી વગેરે ભાષાઓનાં સેંકડો પુસ્તકોના આધારે લખવું એ હિમાલય જેવું મોટું કામ છે એમાં કશો શક નથી. આ મહાન કામ પાર પાડીને શ્રીયુત ચુનારાએ અને તેમના ગોઠીયાઓએ ઇસ્માઇલી કોમને એક અમર પુસ્તક આપ્યું છે.

નુરમ મુબીનની સુધારા વધારા સાથેની આ બીજી આવૃતિ તૈયાર કરવાનું કામ જાણીતા મિશનરી જાફરઅલી મહમદ શામજીને સોંપવામાં આવ્યું હતું, જે તેમણે બે વર્ષ સુધી સતત મહેનત કરીને અને શોધખોળ કરીને તૈયાર કરી છે એ ઘણું પ્રશંસાને પાત્ર છે.

પહેલી આવૃતિનાં પ્રવેશકમાં જણાવ્યા પ્રમાણે, આ ઐતિહાસિક કૃતિમાં કેટલીક શોધખોળ અને સુધારા વધારાને અવકાશ હતો, જે ઘણે અંશે આ બીજી આવૃતિમાં કરવામાં આવ્યા છે જેથી આમાં લખાણ વધવા પામ્યું છે.

પહેલી આવૃતિ કરતાં આ બીજી આવૃતિની સાઇઝ મોટી કરવામાં આવી છે અને કાગળો ચીકણા પાતળા વાપરવામાં આવ્યા છે જેથી તેમાં મેટર વધુ આવ્યા છતાં વાંચવામાં સુગમતા થાય.

પહેલી અને બીજી આવૃતિઓ તરફ જોતાં આ બીજી આવૃતિમાં નવું સંશોધન દેખાઇ આવે છે. મિશનરી જાફરઅલીએ જુદી જુદી ભાષાના ગ્રંથોમાંથી સંશોધન કરી અગત્યની અને ઉપયોગી બાબતો લગભગ સઘળા ઇમામોનાં ઇતિહાસમાં ઉમેરી છે, તેમજ જ્યાં જ્યાં ભાષાદોષ રહી ગયો હતો તે ઘણે અંશે કાઢી નાખી હેડીંગ મથાળાઓમાં જરૂરી સુધારા કરી ભાષા પણ કંઇક અંશે વધુ સરળ અને સાદી બનાવવાની કોશીશ કરી છે.

"નુરમ મુબીન"ની પહેલી આવૃતિમાં ઇ. સ. ૧૯૩૪-૩૫ સુધીનો મૌલાના હાઝર ઇમામનો ઇતિહાસ લખાયેલો છે, જ્યારે આ બીજી આવૃતિમાં, ત્યારપછીનો યાને ઇ. સ. ૧૯૪૯ સુધીનો મૌલાના હાઝર ઇમામનો ટુંક ઇતિહાસ પણ લેવામાં આવ્યો છે.

એકંદરે આ બીજી આવૃતિ વાંચકોને વધુ ઉપયોગી થઇ પડશે.

ઇસ્માઇલી ધર્મ કેટલો પ્રગતિશાળી ધર્મ છે એનો ઇતિહાસ આ આપણા પવિત્ર ઇમામોના ઇતિહાસના પુસ્તકોમાંથી મળી આવે છે. પોતાના મઝહબથી અને પોતાના ઇમામોના ઇતિહાસથી વાકેફ રહેવું દરેક ઇસમાઇલીની પ્રથમ ફરજ છે, માટે દરેક ઇસ્માઇલીની એ પહેલી ફરજ છે કે તેઓ "નુરમ મુબીન" વાંચે અને પોતાના પુત્રપુત્રીઓને વંચાવે.

કોઇપણ ઇસ્માઇલી ઘર "નુરમ મુબીન" વગરનું ન રહે એવી મારી અંતઃકરણપુર્વકની ઇચ્છા છે.

"રિક્રિએશન ચેમ્બર્સ"
મુંબઇ
ડિસેમ્બર ૧૯૪૯

ગુલામહુસેન એસ. થાવરભાઇ
પ્રેસીડેન્ટ
ઇસ્માઇલીયા એસોસિએશન
ફોર ઇન્ડીયા.

# પ્રથમ આવૃતિની પ્રસ્તાવના.

'ગાલિબ' નદીમે દોસ્તસે આતી હય બુએ દોસ્ત,
મશગુલે હક હું બંદગીયે બુતુરાબમેં.

આ સૃષ્ટિનો સર્જનહાર એકજ છે. તે સર્વ શકિતમાન હોઇ સઘળી પ્રશંસા તેનેજ ઘટે છે. હઝરત મહમ્મદ પયગમ્બર (અ.) ને તેણે પોતાના ખાસ મિત્ર ગણી મનુષ્ય સૃષ્ટિના ઉધ્ધાર અર્થે અંતિમ યુગના નબી તરીકે પૃથ્વીપટ ઉપર જન્મ આપ્યો. "ઇમામે મુબીન" હઝરત અલી (અ.) એ તેમના પયગમ્બરી મીશનમા દરેક સહાયતા કરી અને કયામત સુધી એકબીજા લિબાસમાં એ માસુમ ઇમામ એકજ "ઝુરીયત"ના સિલસિલામાં હાજર અને વિદ્યમાન રહેશે. આ નુરને બુઝાવવા ગમે તેટલી ગુમરાહી શત્રુઓ આદરે પણ ઇમામની ઝાતનો દિવ્ય ઝળકાટ નિરંતર પ્રકાશતો રહેશે અને આ સૃષ્ટિની ઘટમાળ તેની ગતિથી ગતિમાન થયા કરશે. કુરઆને શરીફમાં અલ્લાહતાઆલાએ આ વાતની સાક્ષી આપતાં ફરમાવ્યું છે કે, "યોરીદુના અંય યુતફુ નુરલ્લાહે બે અફવાહેહિમ વ યાબે અલ્લાહો અઇ યુતિમ્મે નુરહૂ વલવ કરેહલ કાફિરન :—તેઓ ઇચ્છે છે કે, તેઓ ખુદાતાઆલાનો પ્રકાશ પોતાના મ્હોં વડે ઓલવી નાખે પણ ખુદા આ સિવાય બીજું પસંદ કરતો નથી કે, પોતાનો પ્રકાશ પુર્ણ કરે; જો કે કાફરો તે નાપસંદ કરે તો પણ. (૯–૩૨) આ ખુદાઇ વચન પ્રમાણે અલ્લાહતાઆલાનું નુર સૃષ્ટિજનોની હિદાયત અર્થે સદાકાળ કાયમ રહેશે અને આ સૃષ્ટિની ઘટમાળ તેની ગતિથી ગતિમાન થયા કરશે.

અલ્લાહતાઆલાનો આભાર કે તેની પ્રેરણાના પ્રતાપે અને માર્ગ દર્શનના અંગે આ "નુરી સિલસિલા"ના ઇતિહાસની ભેટ જનસમાજના કરકમળમાં મુકવા અમે શકિતમાન થયા છીએ. અને એ કહેવાની ભાગ્યેજ આવશ્યકતા છે કે, આઠ વર્ષની લાંબી શોધખોળનું ફળ આ કૃતિ છે. ઇસ્માઇલી સંપ્રદાય દુનિયામાં હંમેશા અલ્પ સંખ્યામાં વસ્તો રહ્યો છે, એટલુંજ નહિ પણ તે વિખરાયેલો અને છુટાછવાઇ સ્થિતિમાં પણ રહેતો હોવાના લીધે તેનો સરળ ઇતિહાસ મળવાનું કાર્ય કઠીન છે. આ મુશ્કેલીને અંગે જુદા જુદા ઇતિહાસગ્રંથોમાંથી કટકે કટકે મેળવી એકત્રિત સ્વરૂપે પુસ્તક આકાર આપવામાં વિલંબ લાગે એ કુદરતી છે. આટલું છતાં અમોએ પરિસ્થિતિને આધીન થઇ અમારાથી બની શકતું દરેક કરવામાં કાંઇ મણા રાખી નથી.

અમોએ આ ઇતિહાસ લખવાનું આરંભ્યું ત્યારે એક મુળ નેમ દ્રષ્ટિ સન્મુખ રાખીને કામ લીધું છે; એટલે કે દરેક કોમની માનનીય વ્યકિતઓના નામો સભ્યતા સહિત રજુ કર્યા છે. જ્યારે ઘણાંખરા ઇતિહાસકારોએ માનનીય ઇસ્માઇલી વ્યકિતઓને ઉતારી પાડવા કે તેમના અનુયાયીઓ માટે અઘટિત ભાષામાં પ્રહારો કરવામાં ભાગ્યેજ બહુકે કંઇજ સંયમ દેખાડયો નથી. અમોએ તેમના નઠારા દાખલાનું અનુસરણ નહિં કરતાં સરળતાભરી શૈલીમાં વિગતો લીધી છે જેને લઇને વાંચકવર્ગ કોઇપણ પ્રકારની માનસિક અસ્વસ્થતા વિના શાંતિથી સાર ગ્રહણ કરવા શકિતમાન થઇ શકે છે. ઇતિહાસકારોમાંના કેટલાક તો કંગાળ મનોદશા અને પક્ષપાતના દુર્ગુણથી એટલા બધા ઓતપ્રોત થયેલા દેખાય છે, કે જ્યાં ઇસ્માઇલી નામ આવ્યું કે તેના વર્ણનને સ્વાહા કરી જવાની વલણ પણ તેઓ દેખાડયા વિના રહ્યા નથી, અથવા એક વસ્તુને અળખામણું સ્વરૂપ આપવા મનસ્વી રંગ પુરીને રજુ કરવામાં આઘુંપાછું જોયું નથી. તેમની આવી રૂઢી કોઇને પણ અરોચક થઇ પડે એ ખુલ્લું છે. ઉપર વિવેચન કર્યા મુજબ પક્ષપાતી ઇતિહાસકારોની કૃતિઓમાંથી પણ સંશોધન કરવાના અમોને પ્રસંગ મળ્યા છે અને દરેક

ઝમાનામાં એવી વ્યક્તિઓને ઇમામની મૌજુદગી ખુંચતી રહી છે. એ વિષયમાં બીન-મુસ્લિમ ઇતિહાસકારો સંબંધે તો કંઇ કહેવાપણું રહેતું નથી પરંતુ હાલના સુધરેલા યુગમાં પણ કેટલાક મુસ્લિમ બંધુઓએ જ્યાં અંતર પાડયું છે ત્યાં તેમને બે શબ્દ કહેવાની લાલસા અમો થોભાવી શકતા નથી. તેઓએ સમજવું જોઇએ કે, ઇસ્માઇલીઓ પણ ઇસ્લામના વિશાળ વૃક્ષની એક શાખા છે, જેઓ પોતાના "ઇમામ" ને "હાજર" જુએ છે, અને જેમના હુકમ અનુસાર "દીની" તેમજ "દુન્યવી" પયરવી કરે છે. "ઉલિલ અમ્ર મિન્કુમ"ની મુરાદ તેઓ ઇમામે ઝમાનથી લે છે. સ્વભાવિક છે કે તેને અંગે કદાચ ક્રિયાકર્મમાં નિર્દોષ મતફેર હોય પરંતુ, ઇસ્લામના મુળ સિધ્ધાંતોને કોઈ હિલવી શકતું નથી, જેમાં અલ્લાહ, રસુલ, ઇમામ, મીઝાન (અદલ), કયામતનો સમાવેશ થાય છે.

અમો પોતે વર્ષોથી જોતા આવ્યા છીએ કે, હિંદુસ્તાનના ખોજાઓનો બહુ થોડો ભાગજ ધાર્મિક સ્થિતિમાં પોતાના પગ ઉપર ઉભેલો જણાયો છે, ત્યારે મોટો ભાગ બીજા પાસેથી જાણવા માટે આશા રાખે છે. તેઓ પોતાનું ઘર તપાસવા સમય લેતા નથી અને જે કંઇ બહારોબહાર પરબારૂં મળી જાય તેને દેખાદેખી કે ભ્રમમાં અટવાઇ વળગી રહે છે. આટલો ખુલાસો કર્યા પછી અમો એ કહેવાની જરૂર માનીએ છીએ કે દુન્યામાં ઇર્ષાખોર ઇલ્મના દાવેદાર આલિમોનો કાંઇ તોટો નથી; તેઓ ખુદાવંદી "સ્પીરીટ" પર પરદો નાખી દેવા જરાપણ અચકાતા નથી. તેવાઓનો ભોગ થનાર ઇસ્માઇલીને તેઓ ઇસમાઇલીપણામાંથી ઉખેડી નાંખી બીજે પંથે ચડાવી દેવાનો પ્રયાસ કરે છે. આવા સંજોગોમાં અમો અમારી નરી આંખે ઇસમાઇલી સંપ્રદાયને અન્યાય થતો જોઇએ છીએ પરંતુ એ ન્હાનો સરખો જનસમુહ પોતાની વાચા ખોલીને કરે શું અથવા એમનાથી થાયે શું? આવી સ્થિતિમાં માત્ર એકજ ઉપાય રહેલો છે અને તે એ કે, શાંતિપ્રિયતાથી પોતાનું સાહિત્ય જગત સન્મુખ મુકી જગતને સત્યાસત્યનો તોલ કરવા શકિતમાન બનાવવી અને તેમના અપક્ષપાત હૃદયોને ન્યાયને નામે અપીલ કરવી. અમારા આ શુધ્ધ હેતુની પુર્તિ અર્થે "નુરમ મુબીન" અથવા "અલ્લાહની પવિત્ર રસી" નામની આ કૃતિમાં હઝરત અલી (અ.) થી લઇને મૌલાના હાઝર ઇમામ આગા સુલતાન મુહમ્મદશાહ (અ.) સુધી અડતાલીસ ઇમામનો સિલસિલાવાર અહેવાલ લખવાનું બીડું ઝડપવાની હામ બીડી છે, અને તે માટેનું સંશોધન અંગ્રેજી, ફ્રેન્ચ, અરબી, ફારસી, ઉર્દુ, સિંધી, ગુજરાતી, ખોજકી અને વ્હોરા અરબી લિપિમાંથી કરીને આ દળદાર ગ્રંથની સામગ્રી એકઠી કરી છે; છતાંયે એટલું તો કબુલ કરવું પડશે કે ઇતિહાસ-સાહિત્યના સમુદ્રમાંથી થોડા બિંદુઓજ અમો રજુ કરી શકયા છીએ. સંબંધી કે વિરોધી ગ્રંથોમાં બની ફાતમી અને નિઝારીઓનું આલેખન વ્હોળું છે. ઇતિહાસગ્રંથો ઉપર સામાન્ય દ્રષ્ટિપાત કરનારને પહેલીજ નજરે એ હકીકત જણાઇ આવ્યા વિના રહેતી નથી કે મુળ પુરૂષનાં વ્યકિતત્વને દ્રષ્ટિ સમક્ષ રાખીને તેના સ્વરૂપમાં ફેરફાર થયેલો છે; એટલે એ વ્યકિતઓના સમાગમમાં નહિં આવેલા ઇતિહાસકાર તેને ઓળખી શકે નહિં અને તેને અંગે તેઓના ઇતિહાસવર્ણનમાં અનેક ભુલોના ભોગ થઇ પડયા છે. વળી એ પણ આપણે જોઇએ છીએ કે કેટલાક ઇતિહાસકારો આ ઇતિહાસવર્ણનમાં તટસ્થ રહ્યા છે; બીજા હાથ ઉપર કેટલાકોએ પોતાનો ઇર્ષાનો ઉભરો ઠાલવી ખાલી છે, જ્યારે અન્ય દિશામાં ઇસમાઇલીઓને ન્યાય આપનારાઓની બહુ થોડીજ સંખ્યા દેખાય છે, જેઓ પણ મોટી સંખ્યા તળે દબાઇ ગયા છે; ત્યારે વિદેશી ઇતિહાસકારોએ મોટી સંખ્યાવાળા ઇતિહાસકારોનોજ ચારે બાજુએથી આધાર લીધેલો હોવાથી પોતાની અજાણતાથી દોરવાઈ જઇને પોતાની લેખિનીને દોષિત કરી તેઓ નિંદાપાત્ર ઠર્યા છે. કેટલાક વિદેશી ઇતિહાસકારો કે પ્રવાસીઓ કે વિરોધી વલણ ધરાવનારાઓ પોતાના મુરબ્બીઓની અસર તળે હોઇને તેઓ પોતાના સરપરસ્તોનું મન પ્રસન્ન કરવા પોતાની કૃતિઓને કલંકિત કરી છે. માર્કો પોલો નામના યુરોપીયન પ્રવાસીનું દ્રષ્ટાંત આ માટે પુરતું થઇ પડશે. માર્કો

પોલો જાતે વેનિશયન હતો અને તે તાતારી રાજ્યકર્તાઓના સમાગમમાં આવ્યા પછી તેઓનો આશ્રિત થયો હતો; એટલે પોતાના મુરબ્બીઓની પ્રશંસા કરવામાં તેણે પોતાથી બનતું કર્યું છે. માર્કો પોલોને તાતારી દરબારમાંથી મોટો દરમાયો મળતો હતો. ઇસમાઇલીઓને તાતારીઓ પોતાના હરીફ સમજતા હતા. તેઓએ આલમોતના ઇસમાઇલી કિલ્લા ઉપર ચડાઇ કરી ઇસમાઇલીઓની મોટી કતલ ચલાવી હતી. આ બિના જગપ્રસિધ્ધ છે. માર્કો પોલો તાતારીઓ અને આલમોતીઓનો સમકાલિન હતો. આલમોત પડી ભાંગ્યા પછી તેણે તેની પાસેના કઝવીન પ્રદેશના માર્ગેથી જવાનું થયું હતું. એટલા દુરના સમાગમમાં આવેલા ઇતિહાસકારે પણ ઇસમાઇલીઓને કદીપણ "એસેસિન્સ" તરીકે ઓળખાવ્યા નથી.

આ સ્થળે "એસેસિન" શબ્દના વિષયમાં કંઇક ખુલાસો કરવાની જરૂર છે. ખરી રીતે જોતાં અમુક ઘટનાને દ્રષ્ટિમાં રાખનાર ધર્મઝનુની ખ્રિસ્તિ ઇતિહાસકારોનાં વર્ણનમાં પાછળથી એ શબ્દ જણાય છે, કારણ મુસ્લિમ ઇતિહાસકારોએ કદી પણ એવો શબ્દપ્રયોગ કર્યો નથી. "એસેસિન" શબ્દનું મુળ શોધતાં તેરમી ખ્રિસ્તિ સદી સુધી આપણને આવવું પડે છે. ખરી હકીકત એવી છે કે આ સૈકામાં થયેલા ક્રુઝેડ (ખ્રિસ્તિ ધર્મયુધ્ધ) નો ઇતિહાસ લખનાર ખ્રિસ્તિ ઇતિહાસકારોએ તેનો પ્રથમ ઉપયોગ કર્યો હતો અને ત્યારથી તે યુરોપીય સમાજમાં પ્રચલિત થયો છે. આ શબ્દની વ્યુત્પતિ માટેનો પ્રયાસ કરનારા પણ એ વિષયમાં કાંઇ નિર્ણય કરી શકયા નથી. ઇસમાઇલી ધર્મ અને સાહિત્યના મહાન ફ્રેન્ચ અભ્યાસી સિલ્વેસ્ટર ડીસેસી જેવાઓને પણ તે માટે ગુંચવાવું પડયું છે. ઈ. સ. ૧૮૦૯ માં ઇન્સટીટયુટ ઓફ ફ્રાન્સમાં "મેમોયર ઓન ધી ડીનેસ્ટી ઓફ ધી એસેસિન્સ એન્ડ ધી ઓરીજીન ઓફ ધેર નેમ= 'એસેસિન્સ' રાજવંશના સંસ્મરણો અને તેના નામકરણનું મૂળ" એ વિષે આપેલ ભાષણમાં તેઓએ સ્પષ્ટપણે ઉલ્લેખ કર્યો છે કે, એ શબ્દની વ્યાખ્યા કરતાં જે મર્યાદાઓ મેં મારા પોતાને માટે બાંધી છે, તે જુદા જુદા વિદ્વાનોએ યોજેલી આ નામની જુદી જુદી વ્યુત્પતિના સવાલની ચર્ચામાં ઉતરવામાંથી મને અટકાવે છે. મારા માટે એટલુંજ કહેવું પુરતું થઇ પડશે કે તેઓ સઘળા ભુલ કરે છે; કારણ કે તેઓએ આ શબ્દ વાપરનારા કોઇપણ અરબી ગ્રંથનો અભ્યાસ કર્યો નથી, એ નિસંદેહ છે, "એસેસિન્સ" શબ્દને બદલે પુર્વ દેશના ઇતિહાસકારો ઇસમાઇલીઓ માટે હંમેશાં "ઇસમાઇલી", અને કયાંક ઇર્ષા કે દુરાગ્રહને લઇને "મુલહિદ" અથવા "બાતિની" શબ્દ વાપરે છે."

મોં. સિલ્વેસ્ટર ડીસેસીના ઉપર ટાંકેલા અભિપ્રાયથી દેખાય છે કે આ શબ્દનું મુળ મુસ્લિમ ઇતહાસકારોમાં નહિં: પણ તાસુબીવાળા ખ્રિસ્તિ ઇતિહાસવેતાઓનાં વર્ણનમાંથી જડે છે અને એક અથવા બીજા હેતુસર તેઓએ તેની યોજના કરી હતી.

ખરી રીતે તો ઇસ્લામનો પરાજય કરવા ક્રુઝેડરો (ખ્રિસ્તિ ધર્મયુધ્ધ લડનારાઓ) આવ્યાં હતા એટલે તેમની નિષ્ટા ઇસ્લામને કોઇપણ પ્રકારે બદનામ કરવાની હોય એ સહેજે સમજી શકાય એમ છે. "એસેસિન્સ" શબ્દનો પાયો કેવી બનાવટી રીતે નાખવામાં આવ્યો હતો, તે આ ઉપરથી સારી રીતે સમજી શકાય છે એટલે એ વિષયમાં વધુ કહેવાની જરૂરત હવે રહેતી નથી.

"તારીખે જહાંગુશા" નો લેખક અતા મલિક જુવૈની તાતારીઓનો પક્ષકાર અને તેમનો એક રાજ્યકર્મચારી હોઇ તાતારી રાજ્યમાં એક મોટી પદવી ધરાવતો હતો. તેનાં અંતઃકરણમાં ઇસમાઇલીઓ પ્રત્યે ભલી ભાવના ઉદભવે એ આકાશ કુસુમવત છે; છતાં તે સત્યતાને સુંદર રીતે નહિં તો બેડોળ સ્વરૂપમાં રજુ કર્યા વગર રહી શકયો નથી. આલમોતના પતન પછી પણ આ ઇતિહાસકાર જીવંતો હતો, પરંતુ શત્રુના મુખમાંથી સ્પષ્ટ રીતે ભલા શબ્દો નિકળે એમ હતુંજ કયાં?

મિસરમાં બની ફાતિમીના યુગમાં અબ્બાસીઓ તેમના પ્રબળ હરીફો હતા, અને તેઓ ઇચ્છતા હતા કે બની ફાતિમી રાજ્ય પડી ભાંગે તો અબ્બાસીએ એકછત્રધારી રીતે ઈસ્લામી સામ્રાજ્યનું તંત્ર નિર્વિઘ્ને ચલાવી શકે અને હરીફોથી મુક્ત એવા વતાવરણમાં તેઓ છુટકારાનો દમ ખેંચી શકે. પાછળથી ઇરાનમાં આલમોતમાં સ્થપાયલા નિઝારી રાજ્યના સમયમાં પણ બની અબ્બાસ તેમના સમકાલિન હતા. બની ફાતિમી કે નિઝારીઓનું બળ છિન્નભિન્ન નહિ કરી શકવાને લીધે ઇસ્લામી આલમમા તેમની અપકીર્તિ થાય તે માટે ધર્મના વિષયમાં દુરાગ્રહી આલીમોને હથિયાર બનાવી તેમના વિરૂધ્ધ ફતવાઓ બહાર પાડી કે ઇતિહાસકારોને આશ્રય આપી તે દ્વારા ખોટી વાતોનો પ્રચાર કરી અબ્બાસીઓ પોતાની વિરૂધ્ધતા જાહેર કરતા રહેતા હતા. આવી હરીફાઇની ભાવનાને અંગે તેઓએ કેવા પ્રયત્નો કર્યા હતા તેનો ઉલ્લેખ ઇબ્ને ખલદુન પણ કર્યા વગર રહી શકયો નથી. આ પરિસ્થિતિ વચ્ચે બની ફાતિમી અને બની અબ્બાસીઓ એકતા ઉપર આવી શકયા નહિ; પરિણામે ઇતર ધર્માવલંબીઓ બન્નેને મીટાવી નાખવા શસ્ત્રસજ્જ થયા. તેઓએ પ્રથમ આલમોતની ઇસમાઇલી રાજ્યસત્તાનો અંત આણ્યો અને ત્યારપછી બગદાદના બની બની અબ્બાસીઓના રાજ્યનો પાયો ઉખેડી નાખ્યો. બન્ને ઇસ્લામી સત્તા એ પ્રકારે પડી ભાંગી અને તાતારીઓનો ઝંડો ઉડતો થયો. આ ઘટના બન્યા પછી બની ફાતિમી એટલે કે નિઝારી વંશના ઇમામોએ દરવેશીનું જીવન ધારણ કર્યું અને પોતાની દઅવતથી ઈસિમાઇલી સંપ્રદાય આગળ વધવા લાગ્યો.

આ ઇતિહાસિક ઘટનાયા યુગમાં "શમ્સ તબ્રેઝ" નામની ઇસમાઇલી વ્યકિત અગત્યનું સ્થાન ધરાવે છે. એ ઝમાનામાં ઇસમાઇલીઓને વિપરિત સંજોગો સચ્ચે કામ કરવું પડતું હોવાથી તેમના સંબંધમાં મળતાં નામ અને સરખા સમયને અંગે કેટલોક ગુંચવાડો ઉત્પન્ન થયો છે. "હઝરત શમ્સ તબ્રેઝ" અને "હઝરત શમ્સ સબ્ઝવારી (મુલતાની)" ને એકજ વ્યકિત તરીકે કેટલાક ગ્રંથકારોએ આલેખી છે. તારીખે ગુલઝારે શમ્સ નામના ગ્રંથમાં પણ બન્નેને એકજ વ્યકિત દેખાડવામાં આવી છે, આવા મતાંતરો વચ્ચે અમોએ "ઇસમાઇલી વિરલાઓ"ની અમારી પ્રથમ કૃતિમાં એકજ વ્યકિત તરીકેના મતનો ઉલ્લેખ કર્યો હતો અને તેનું કારણ આ મત સ્વીકારનારા ગ્રંથકારોનું અનુસરણ હતું; પરંતુ "નુરમ મુબીન"ના સંશોધન દરમ્યાન કેટલાક એવા સાધનો અમોને મળી આવ્યા જેની રૂએ આ બન્ને વ્યકિતઓ જુદી હતી એવી અમોને ખાત્રી થઇ. મૌલાના જલાલુદીન રૂમીના મુરશિદ હઝરત શમ્સ તબ્રેઝ ઇબ્ને હઝરત ઈમામ અલાઉદ્દીન મુહમ્મદ (અ.) છે, જ્યારે મુલતાનવાલા હઝરત શમ્સ તબ્રેઝ, પીર સલાહુદીન સબ્ઝબારીના પુત્ર છે. આ બન્ને મહાન નરો ઈસ્માઇલી વૃક્ષના ખુશબુદાર ફુલો હતા.

ઇરાન મધ્યે બાદશાહ ઇસમાઇલ સફવીના સમયમાં ઇસ્નાઅશરી મઝહબ રાજ્યધર્મ થઇ પડયો હતો. ઈસિમાઇલીઓને તેને લઇ પોતાની અલ્પ સંખ્યાના સબબે ઘણું કષ્ટ સહન કરવું પડયું હતું. આલમોતના પતન પછી રાજકારણમાંથી ફારેગ થઇ ઇસમાઇલીઓ ઇરાનના આજરબાયજાન પ્રગણામાં વસવાટ કરી રહ્યા હતા, જેનું પાટનગર તબ્રેઝ હતું આ સમયમાં હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ (અ.) એક ઝરદોઝ તરીકે વ્યાપારી જીવન ગાળતા હતા, તો પણ ઇસમાઇલી ઇમામતનું વ્યકિતગત વડપણ ઓછું નહોતું. સફવી અને કાચારી બાદશાહોની શાહઝાદીઓ સાથે ઈમામોના લગ્નો થયા હતા, જો કે બાદશાહો ઇસ્નાઅશરી મઝહબના ઉપાસકો હતા. ઈરાનમાં આ યુગમાં પણ મુલ્લાંશાહી દોરના, ઇતિહાસકારોનાં આંધળા પક્ષપાતનાં, અને ઇરાની શાહોની શાહી નવાઝેશોમાં એ લોકોએ જતાં કર્યા નહોતા; વળી ધાર્મિક ઇર્ષાના કારણે પોતાની કૃતિઓમાં ઇસમાઇલીઓની બની શકતી વિરૂધ્ધતા તેઓએ દાખલ કરી, પણ ઝમાનાઓ પછી ઇસમાઇલી વિરૂધ્ધના કથન ખોટાં લાગતાં ફુટનોટમાં

સુધારા કરી ઇસમાઇલીઓને ઇન્સાફ આપવા કેટલા ઇતિહાસકારોએ મંથન કર્યું છે. બની ફાતિમી સલ્તનતના સમયે તેમજ નિઝારી રાજ્ય અમલમાં ઇસમાઇલી સાહિત્ય બ્હોળું બહાર પડ્યું હતું. ઇતિહાસમાંથી તેના પુરાવા મળી આવે છે. આ ઇસમાઇલી રાજ્યો પડી ભાંગ્યા પછી સત્તા પર આવનારા રાજ્યોએ મઝહબી ઇર્ષાના અંગે ઇસમાઇલી સાહિત્યને બાળીને તેનો નાશ કર્યો હતો, જેના પરિણામે આજે ઇસમાઇલીઓ પોતાની પુંજીની શોધ પારકા ઘરે કરે છે.

તારીખે ઇસ્લામના કર્તાનું એવું કથન છે કે તવારીખનું સંશોધન કરતાં આપણને સ્વીકારવું પડશે કે મુસ્લિમ ઇતિહાસમાં બની ફાતિમી શહેનશાહત સિવાય એવું એકેય ગૌરવભર્યું રાજ્ય નથી કે બીજા કોઈ વંશે એમ કર્યું હોય. આ સત્યતાભર્યા સખુનો સામે તાસુબ ધરાવનારાઓ ખળભળી ઉઠે અને સમયાનુસાર પોતાના હાથે આવેલી તકનો ગેરઉપયોગ કરી ઇસમાઇલીઓ વિરૂધ્ધ ઇતિહાસોમાં રમત કરે, તો તેવાઓનો કોઈ હાથ પકડી શકે નહિ; અને આવી ખોટી વિગતો નોંધાયલી હોવાના અંગે તે કાળજુની થતાં બીજા અજાણ ઇતિહાસકારો પણ તેનો આશરો લે એ બનવા જોગ છે; અને એજ કારણને લઇ આપણે જોઇએ છીએ કે ભુતકાળમાં ચોખવટનો પ્રસંગ ઉભો ન થવાના પરિણામે આજે પણ દફતરોમાં એવી નોંધો કાયમ પડી છે. ભુંડા કામ કરનારા "કરામતીઓ" તરીકેનાં કે ખુન કરનારા "એસિન્સ"નાં ખોટા આળ ઇસમાઇલીઓ પર ચડાવવામાં આવ્યા અને હજુયે ચડાવવામાં આવે છે. ખરી રીતે જોતાં એ કર્મોનાં કરનાર ઇસમાઇલીઓ ન્હોતા. કરામતીઓનો અંત ઇસમાઇલીઓના હાથે આવ્યો હતો અને પોતાના રક્ષણ અર્થે કે રાજકારણના અંગે બળવાન દુશ્મનો સામે નાના બાથ ભીડવા સમર્થ ન હોવાને લીધે નડતી મુસીબતો દુર કરવા સિવાય બીજા કોઇપણ સ્વાર્થને લઇને ઇસમાઇલીઓએ કદી પણ "ખંજર" કે બીજા હથિયારનો ઉપયોગ કર્યો નથી.

હઝરત અલી (અ.) ના સમયમાં અને તે પછીના ઇમામોને એક જથ્થાએ અલીને અલ્લાહ તરીકે માન્યા. બની ફાતિમી યુગમા હઝરત ઇમામ હાકિમ અબુ (અ.) એ રાજ્યનાં પોલિટિકલ સબબને અંગે ખ્રિસ્તી દેવળો તોડાવ્યા કે યહુદીઓના ગળામાં પાંચ શેર વજનનો ધાતુનો બનાવેલ "વાછરડો" કે ખ્રિસ્તીઓના ગળામાં "ક્રોસ" પહેરવા શાહી ફરમાન બ્હાર પાડ્યું, આલમોતના ઇસમાઇલી યુગમાં હઝરત ઇમામ અલા ઝકરિયા સલામે (અ.) રમઝાન માસની તા. ૧૯ મીનો રોઝો છોડી દેવા હુકમ ફરમાવી પોતાના મુરીદોની કસોટી કરી; એ સઘળા પ્રસંગોમાં ઇમામત સાથે રાજકારણ જોડાયલું હતુ, તેનો વિચાર નહિં કરતાં કેવળ વાતાવરણથી રંગાયલો એક મુસ્લિમ, એક યહુદી કે એક ખ્રિસ્તી જો ઇતિહાસ લખવા બેસે તો શું લખે? વાંચકવર્ગે એ બિનાને સાધારણ ગણીને જતી કરવી જોઇતી નથી.

અમારી કૃતિમાં બની અબ્બાસ અને બની ઉમૈયાનું વર્ણન વિસ્તારથી કરેલું છે. ઇરાનમાં ઇમામોના વસવાટ પછી સફવી, નાદિરી, ઝંદ અને કાચારી રાજ્યોની વિગતો વિસ્તારથી આપેલ છે. બની ફાતિમી રાજ્યના સમયમાં બની અબ્બાસી અને ઉમવી શાખાઓ પણ રાજ્ય કરતી હતી અને તેઓ રાજકરણને અંગે હંમેશાં અથડામણમા આવ્યા કરતા હતા, તેજ પ્રમાણે ઇસમાઇલી ઇમામો સાથે ઇસ્નાઅશરી બાદશાહોનું પણ તેમની બહુમતીને અંગે અથડામણ ઉભી થતી હતી. એ જોતાં ઇતિહાસિક ઘટનાઓનો ખ્યાલ આપવા અમારી કૃતિમાં તેની નોંધ લીધી છે.

ઇસમાઇલી ઇમામોના ત્રણ તબકકા અરબ, અજમ અને હિંદ ખાતે થયા છે. તેમની દઅવતો પણ ત્રણે તબકકાઓની હિકમતોથી ભરપુર છે, જે વડે હિદાયત મેળવી અરબો, અજમીઓ અને હિંદીઓ ઇમામની શનાખ્ત સુધી પહોંચ્યા. બીજી ઇસ્લામી પ્રજાને ફાળે આવા સંજોગો આવવા

પામ્યા નથી; તેઓએ એકજ ધોરણે દાઅવતનો દારોમદાર બાંધ્યો છે. તેના અંગે ઇસમાઇલી દઅવત વિરૂધ્ધ તક લેવા કોઇ વ્યકિત ટીકા કરે તે પહેલાં અલ્લાહ પાકના કલામો કે, "એક મચ્છરનો દાખલો આપવા હું શરમાતો નથી" એ વિસરવું જોઇતું નથી.

અલ્લાહ નુર છે અને તે સંપુર્ણ છે. તેના કદી પણ ભાગ પડતા નથી. આ પાક નુર 'તુર' ના પહાડ પર ચમકયું. હઝરત મુસા (અ.) એ અંગાર મેળવવા જતાં એ નુરને એક ઝાડમાં જોયું. હઝરત આદમ (અ.) ના પુતળામાં આ નુર પ્રવેશતાં સઘળા ફરિશ્તાઓએ એ નુરને સિજદો કર્યો. એ પ્રમાણે ઇસમાઇલીઓ આ પવિત્ર નુરને ઇમામના સીનામાં સમજી તેનેજ નમ કરી રહ્યા છે.

દુનિયા અને આખેરતનું મુળ અલ્લાહ છે. અલ્લાહને માનવો એ ઇસ્લામનો મુળ સિધ્ધાંત છે; પરંતુ તેને કેવા પ્રકારે સમજવો એ એક સવાલ છે. અહલે સુન્નત સમજે છે કે ખુદાવંદતાઆલા કયામતના દિને તખ્ત ઉપર જલ્વાગર થઇને ન્યાય કરશે. ઇસ્નાઅશરી શીઆઓ સમજે છે કે અલ્લાહ "મરઇ" નથી; એટલે ખુદા દુનિયામાં અને આખેરતમાં જોવામાં આવશે નહિ. "અલ્લાહકા દીદાર ઔર મહમ્મદકી શફાઅત" એ વાકયો ઇસ્લામી આલમમાં પ્રચલિત છે અને તેની મુરાદ "કલામે રબ્બાની" થી લે છે. એ જોતાં જેમ સુફી લોકો પોતાના મુરશીદથી તસવ્વુર કરી લે છે, તેજ પ્રમાણે ઇસમાઇલી ફિરકો ઇમામના જામામાં અલ્લાહને જલ્વાગર થયેલો માની "અલીનો દીદાર એ અલ્લાહનો દીદાર" કહેતાં, યદુલ્લાહ અલ્લાહનો હાથ, વજહુલ્લાહ ખુદાનો ચ્હેરો, લિસાનુલ્લાહ ખુદાની જબાન, અયનુલ્લાહ ખુદાની આંખ" ની મુરાદ પણ ઇમામથી લે છે.

ઇમામ દુનિયામાં એક મનુષ્ય તરીકે છે: તેમણે ખાધું, પીધું, હાલ્યા, ચાલ્યા, સુતા, જાગ્યા, પોતાની આલઅવલાદમાં મશગુલ રહ્યા, બાદશાહી કરી, ગરીબી ભોગવી, કેદમાં પુરાયા, આઝાદીમાં રહ્યા, સોદાગર બન્યા, વેપારવણજ કર્યો, લડાઇઓ કરી–તેમાં કોઇ સમયે હાર્યા તો અનેક વખતે જીત્યા—રાજ્ય અને મઝહબ માટે લડયા, કોઇ સમયે પોતાની જાત માટે લડયા. તેમાં શહીદ થયા, શત્રુઓના હાથે ઝેર પીને વફાત પામ્યા, દગાબાજોના ઘા ઝીલીને હક થયા અને અજલ આવી ઉભી રહેતાં કુચ પણ કરી ગયા. તેઓના માટે કુદરત તરફથી કોઇ એકજ રૂઢી કાયમ નથી; માત્ર "ઝુર્રીયત" યાને "વંશ" અલીનો પુત્ર અલી બની અલીની ગાદી ઉપર આવે, તેજ "અલી"–તેજ ઝમાનાનો "ઇમામ." ઇમામતને ઇસમાઇલી દ્રષ્ટિ સન્મુખ રાખીને ઇસમાઇલી દઅવતે હંમેશાં હિકમત સાથે કામ કર્યું છે. તે એક સિધ્ધાંત પર અચળ રહેતા બીજી વ્યકિતના અંતરમાં ઉતારવા એક નહિં તો અનેક રીતે સમજ પાડવા બનતું કર્યું છે. તેનો હેતુ જાણવા વગર એકજ માર્ગે વિચરનારા બીજા માર્ગ માટે ચુનોચરા ભલે કરે; પણ બન્ને માર્ગોનું સ્ટેશન એકજ હોય છે. અરબમાં રહેનાર "અરબને" કહો કે હિંદમાં કલમો ભણનાર તેના કરોડો ભાઇ છે; તો એ તેના માન્યમાં કદાચ નહિ આવે, અને કહેશે કે હિંદ તો હિંદુઓનોજ દેશ છે; એવી સ્થિતિવાળાને શી રીતે સમજાવવા એ એક પ્રશ્ન થઈ પડે છે. ઇસમાઇલીઓને જાણવાની ભુલ ભુલામણીનો પણ આ એક સબબ છે.

અનાજ, સફા અને ઉશ્ર એ ત્રણ વસ્તુઓ ઇસમાઇલી ક્રિયાઓમાં મુખ્ય છે. અનાજ, કાપડ અને ધાતુઓમાં અલ્લાહનો હક છે જયારે રંધાયલાં અનાજની જુદા જુદા ફિરકાઓ નઝરનિયાઝ કરે છે અને તેના ઉપર ફાતેહાખાની જેવી મઝહબી ક્રિયાઓ કરી ફકીરો, કે બાળકો, કે પોતાના કુટુંબીઓને ખવરાવી દે છે. ત્યારે ઇસમાઇલીઓ આ પવિત્ર થયેલું અનાજ ઇમામને અર્પણ કરે છે. તે પછી તેના એકલા માલિક ઇમામ બને છે, અને તેમનીજ મુન્સફીથી "નાંદી" થાય છે. આમે સફા એ પવિત્ર

ઇમામનું સ્પર્શ કરેલું પાણી હોય છે, જેમ ઇસ્લામમાં સામાન્ય રીતે "આબે ઝમઝમ" છે; જેના પીવાથી અંતઃકરણની શુધ્ધિ થાય છે અને "મૈયત" પર છાંટવાથી તેના માટે આસાની મનાય છે તે પ્રમાણે આબે સફા પણ એક પ્રકારનો પવિત્ર પ્રસાદ છે. ત્રીજી વસ્તુ ઉશ્ર અર્થાત દશોંદ છે. તે વિષે અલ્લામાં ઇબ્ને જોઝીએ લખ્યું છે કે બની ફાતિમી ખિલાફતનો યુગ બેઠો તે વેળા જઝિયા વેરો લેવામાં આવતો હતો. એ રિવાજને બંધ કરી "ઉશ્ર" અર્થાત દશમો ભાગ ઝકાત, નઝરનિયાઝની રકમો રાજ્યને અપાતી હતી, જે વડે રાજકારોબાર ચાલતો હતો. આ ઉશ્ર વસુલ કરવાનો જુનો ઈસ્લામી રિવાજ છે અને તે ઇસ્લામની શરૂઆતથીજ છે; તે આજે પણ ઈસમાઇલીઓ ઇમામને અર્પણ કરે છે. સર વિલ્યમ મ્યુરે લખેલી "ખિલાફત, તેની ચડતી પડતી, અને પતન" નામની કૃતિમાં ઉશ્ર Tithes નું વર્ણન જુદી જુદી જગ્યાએ કર્યું છે. હઝરત અબુબકરના ખિલાફત કાળમાં બની અબ્સ અને બીજા અરબ કબીલાઓનો ઇસ્લામ વિરૂધ્ધનો બળવો સમાવ્યા પછી ઉશ્રનું નાણું જુદા જુદા દેશો અને કબીલાઓમાંથી આવવા વિષેનો ઉલ્લેખ છે. (પૃ. ૧૬) હઝરત ઉમરના ખિલાફતના સમયનું વર્ણન કરતાં સર વિલિયમ મ્યુર લખે છે કે તેમના સમયમાં જમીન અને મિલકતવેરો="ખિરાજ" અને પોલ ટેક્ષ"="જઝિયા" લેવાતો હતો. પાછળનો વેરો બિન-મુસ્લિમ પાસેથી લેવામાં આવતો, જ્યારે મુસ્લિમો આ કર ભરતા ન્હોતા પણ તેમને Tithes-ઉશ્ર ભરવું પડતું હતું જે તેમની જમીનની પેદાશનો દશમો ભાગ એટલે દશોંદ જેટલો થતો હતો. (પૃ. ૧૨૪). ખાલિદ બિન વલીદને બની તઘલબના ખ્રિસ્તી અરબો શરણે થયા પછી તેઓ પોતાનો ધર્મ સાચવીને અરબીયામાં રહેવા માંગતા હતા. તેમણે એક ડેપ્યુટેશન મોકલી હઝરત ઉમરને અરજ ગુજારી કે, જઝિયો લેવાને બદલે મુસ્લિમો પાસેથી લેવાય છે તેમ ઉશ્ર લેવામાં આવે તો તે બેવડું આપવા તેઓ તૈયાર છે અને તેના બદલે મુસ્લિમોને જે છુટછાટ અપાય છે તેવી છુટ તેમને આપવી. હઝરત ઉમરે આ માંગણી ઘણી ઉદારતાથી સ્વિકારી. (પૃ. ૧૨૪). અત્રે પણ ઉશ્રનો રિવાજ દેખાઇ આવે છે. આ પ્રમાણે બીજા પણ દ્રષ્ટાંતો મળી રહે છે. આ ઇસ્લામી રિવાજને અનુસરીને ઇસમાઇલીઓ આ "ઉશ્ર"-દસોંદ ઇમામને અર્પણ કરે છે. બની ફાતિમી રાજ્ય મિસરમાં હતું. ત્યારે પણ ઈસમાઇલીઓ એ પ્રકારે ઉશ્ર અર્પણ કરતા હતા.

ઇસ્લામનો પ્રચાર કરવામાં બની ફાતિમીઓએ આગળ પડતો ફાળો આપ્યો છે. હિન્દુસ્તાનમાં હઝરત શમ્સુદીન, પીર સદરૂદીન, હઝરત પીર હસન કબીરદીન અને તેમની વ્હોળી ઔલાદ આખા હિંદમાં પ્રસરી ગઇ હતી, એટલુંજ નહિ પણ ગિઝની, અફઘાન હિંદુકુશમાં પણ તેમણે તબ્લીગ કરી હતી, જેમના હાથે કરોડો મનુષ્યો ઇસ્લામમાં આવીને અલ્લાહ, રસુલ અને ઇમામને ઓળખવા પામ્યા હતા. વખત જતાં કોઇ એ સમયના હાકેમના બળે કે, કોઇ મોટા સમુહના દબાણથી જુદા જુદા ફિરકાઓમાં દાખલ થઇ જુદા પડી ગયા હતા. છેલ્લા દોરમાં દરવેશો, સાદાતો, સુફીઓ, ઔલિયાઓ અને ઇમામને અનુસરનારાઓના હાથે દઅવતનું મહાન કાર્ય થવા પામ્યું હતું.

ઇમામને માની તેના હુકમ પર પ્રાણ પાથરનારાં ધર્મમાં ડગલે ને પગલે થઇ ગયા છે. તેઓ આગમાં જીવતાં જીવત આહુતિ આપવામાંથી અચકાયા નથી. તેઓએ સત્ય માર્ગનું અનુસરણ કરતાં દિવાલોમાં ચણાઇ જતાં એક ઉચ્છવાસ સરખોય કહાડયો નથી. તેઓ સન્માર્ગે ગમન કરતાં તિક્ષણ હથિયારોનો ભોગ થઇ પડતાં ભય પામ્યા નથી. એ પ્રકારના અનેક અત્યાચાર સહન કરી ઇમામની આધીનતામાં ઇસમાઇલીઓ માર્ગ નિર્ગમન કરતા રહ્યા છે. આજે તેને સાડા તેરસો વર્ષનાં વ્હાણાં વાઇ ગયાં છે. ઇસમાઇલી જનતાના જીવનવિશ્વમાં અનેક પરિવર્તક સંજોગો નોંધાયા છે; પરંતુ એ પવિત્ર ઇમામની અખંડ ધર્મ ઇમારતમાંથી એક પણ કાંકરી કાળ ખસેડી શકયો નથી અને ખસેડી શકશે

પણુ નહિં. આ ધર્મભુવન તો સદાકાળ આબાદ અને સમૃધ્ધિવાન રહેવાનું છે, તેની સામે મસ્તક ઉંચકનારાઓના મસ્તક ઢળી પડવાનાં છે.

અમારી આ ઇતિહાસકૃતિ પહેલી છે, છેલ્લી નથી; એમાં ઘણાં સુધારા વધારાને અવકાશ હશે એમ અમો માનીએ છીએ. એ દિશામાં વિશેષ શોધખોળ થતી જશે તેમ તેમ વધારે વિગતો મળવા સંભવ છે. અત્યાર સુધીમાં જે ઇસમાઇલી ઇતિહાસગ્રંથો ગુજરાતી ભાષામાં લખાયા છે તેમાં આ ગ્રંથ એક વધારે માહિતી આપનારૂં અને વધારે સમયની શોધખોળનું પરિણામ છે અને વિશેષ વ્યવસ્થિત પ્રમાણોનાં જીવનરૂપ છે. એ પ્રકારે અમારા અભ્યાસમંથનનું આ અદના ફળ વાંચકવર્ગના કર કમળમાં મુકતાં અમોને આનંદ થાય છે. વાંચકવર્ગ અમારા શ્રમ અને કાર્યને ઉત્તેજનની દ્રષ્ટિથી જોઇને અપનાવશે એવી અમો આશા રાખીએ છીએ.

આ પ્રવેશક પૂર્ણ કરતાં અમોને કહેવું જોઇએ કે મનુષ્ય માત્ર ભુલને પાત્ર છે; કદાચ અમો પણ તેનો જાણે અજાણે ભોગ બન્યા હોઇએ તો એ સ્વભાવિક છે. સુજ્ઞ બંધુઓ તે માટે મોટું મન દેખાડી દરગુજર કરશે એવી અમો આશા રાખીએ છીએ. છેવટે આ ગ્રંથની ઇતિહાસ સંકલનામાં જોડાયલી પાક ઝાતમાં શુભ વૃતિ રાખીને અમો અમારા આ મહાન કાર્યમાં સફળ થયા છીએ તે માટે અમારા અહોભાગ્ય માનીએ છીએ અને ભવિષ્યમાં પણ એ અમર જ્યોતિ—નુરમ મુબીન પોતાના દિવ્ય પ્રકાશથી શુભ કાર્યો કરવા પ્રેરણા આપતી રહેશે એવી આશા સાથે આ પ્રવેશક પૂર્ણ કરીએ છીએ.

(૧૯૩૬)

# સાંકળિયું.

*


| | | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ઇમામ મૌલાના શાહ અલી | ૧–૨૨ |
| ૨ | ,, ,, ,, હુસેન | ૨૩–૩૫ |
| ૩ | ,, ,, ,, ઝયનુલ આબેદીન | ૩૬–૪૭ |
| ૪ | ,, ,, ,, મુહમ્મદ બાકિર | ૪૮–૫૮ |
| ૫ | ,, ,, ,, જાફર સાદિક | ૫૯–૬૮ |
| ૬ | ,, ,, ,, ઇસમાઇલ | ૭૦–૭૬ |
| ૭ | ,, ,, ,, મુહમ્મદ બિન ઇસમાઇલ | ૭૭–૮૧ |
| ૮ | ,, ,, ,, વફી એહમદ | ૮૨–૮૬ |
| ૯ | ,, ,, ,, તકી મુહમ્મદ | ૮૭–૯૧ |
| ૧૦ | ,, ,, ,, રઝી અબ્દુલ્લાહ | ૯૨–૯૪ |
| ૧૧ | ,, ,, ,, મુહમ્મદ મહેદી | ૯૬–૧૦૯ |
| ૧૨ | ,, ,, ,, કાયમ | ૧૧૦–૧૧૪ |
| ૧૩ | ,, ,, ,, મન્સુર | ૧૧૫–૧૧૯ |
| ૧૪ | ,, ,, ,, મોઇઝ | ૧૨૨–૧૪૬ |
| ૧૫ | ,, ,, ,, અઝીઝ | ૧૪૭–૧૫૭ |
| ૧૬ | ,, ,, ,, હાકિમ | ૧૫૮–૧૭૮ |
| ૧૭ | ,, ,, ,, ઝાહિર | ૧૭૯–૧૮૮ |
| ૧૮ | ,, ,, ,, મુસ્તનસિરબિલ્લાહ | ૧૮૯–૨૧૮ |
| ૧૯ | ,, ,, ,, નિઝાર | ૨૧૯–૨૨૮ |
| ૨૦ | ,, ,, ,, હાદી | ૨૩૦–૨૪૯ |
| ૨૧ | ,, ,, ,, મોહતદી | ૨૫૦–૨૫૪ |
| ૨૨ | ,, ,, ,, કાહિર | ૨૫૫–૨૬૨ |
| ૨૩ | ,, ,, ,, હસન અલા ઝિકરીયા સલામ | ૨૬૩–૨૬૯ |
| ૨૪ | ,, ,, ,, અલા મુહમ્મદ | ૨૭૦–૨૭૯ |
| ૨૫ | ,, ,, ,, ખુદ જલાલુદીન હસન | ૨૮૦–૨૮૪ |
| ૨૬ | ,, ,, ,, અલાઉદીન મુહમ્મદ | ૨૮૫–૨૯૬ |
| ૨૭ | ,, ,, ,, રૂકનુદીન ખુરશાહ | ૨૯૭–૩૦૬ |
| ૨૮ | ,, ,, ,, શમ્સુદીન મુહમ્મદ | ૩૦૮–૩૧૮ |
| ૨૯ | ,, ,, ,, કાસમશાહ | ૩૧૯–૩૩૧ |
| ૩૦ | ,, ,, ,, ઇસ્લામશાહ | ૩૩૨–૩૪૩ |
| ૩૧ | ,, ,, ,, મુહમ્મદ બિન ઇસ્લામશાહ | ૩૪૪–૩૪૮ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૨ | ,, | ,, | ,, | મુસ્તનસિર બિલ્લાહ (બીજા) | ૩૪૯–૩૫૨ |
| ૩૩ | ,, | ,, | ,, | અબ્દુસ્સલામશાહ | ૩૫૩–૩૫૫ |
| ૩૪ | ,, | ,, | ,, | ગરીબ મિરઝા | ૩૫૬–૩૫૮ |
| ૩૫ | ,, | ,, | ,, | બુઝર અલી | ૩૫૯–૩૬૩ |
| ૩૬ | ,, | ,, | ,, | મુરાદ મિરઝા | ૩૬૪–૩૬૫ |
| ૩૭ | ,, | ,, | ,, | ઝુલફિકાર અલી | ૩૬૬–૩૬૮ |
| ૩૮ | ,, | ,, | ,, | નુરદીન અલી | ૩૬૯–૩૭૧ |
| ૩૯ | ,, | ,, | ,, | ખલીલુલ્લાહ અલી | ૩૭૨–૩૭૫ |
| ૪૦ | ,, | ,, | ,, | નિઝાર (બીજા) | ૩૭૬–૩૭૯ |
| ૪૧ | ,, | ,, | ,, | સૈયદ અલી | ૩૮૦–૩૮૧ |
| ૪૨ | ,, | ,, | ,, | હસનઅલી શાહ | ૩૮૨–૩૮૪ |
| ૪૩ | ,, | ,, | ,, | કાસમઅલી | ૩૮૫–૩૮૭ |
| ૪૪ | ,, | ,, | ,, | અબુલ હસનઅલી | ૩૮૮–૩૯૩ |
| ૪૫ | ,, | ,, | ,, | ખલીલુલ્લાહ અલી (બીજા) | ૩૯૪–૪૦૩ |
| ૪૬ | ,, | ,, | ,, | આકા શાહ હસનઅલીશાહ (આગાખાન પહેલા) | ૪૦૬–૪૪૩ |
| ૪૭ | ,, | ,, | ,, | આકા અલીશાહ દાતાર (આગાખાન બીજા) | ૪૪૪–૪૫૧ |
| ૪૮ | મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ ધી રાઇટ ઓનરેબલ સર સુલતાન મુહમ્મદ શાહ (આગાખાન ત્રીજા) | | | | ૪૫૨–૭૨૦ |

# GENEOLOGY OF THE ISMAILI IMAMS.




શજરાએ ઇમામત: ઇસમાઇલી ઇમામોની વંશાવળી, જેમાં ઇમામી સીફતો દર્શાવતા ચિન્હો પણ નજરે પડે છે.

૭૮૬

અલ્લાહ તોહાર

# નૂરમ મુબીન.

યાને

# અલ્લાહની રસી.

## IMAM MOWLANA SHAH ALI MURTAZA.

Before 3 A. H.–40 A. H.

(૧)

## ઈમામ હઝરત મૌલાના શાહ અલી અ.

(હિજરી સન પુર્વે ૩થી હિજરી સન ૪૦ સુધી)

### વંશાવળી.

હઝરત મૌલાના શાહ અલી અ.ની મુબારક વંશાવળી, "તારીખુલ ખુલ્ફા" નામક પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે: 'અલી બિન અબી તાલિબ બિન અબ્દુલ મુત્તલિબ હાશમ બિન અબ્દે મનાફ બિન કુસૈ બિન કિલાબ બિન મુર્રે બિન કઅબ બિન લુવે બિન ગાલીબ બિન ફહર બિન માલિક બિન નઝર' છે; જ્યારે સુન્ની સંપ્રદાયના જાણીતા હદીસશાસ્ત્રી બુખારીએ પોતાના "સહીહ બુખારી"ના હદીસ સમૂહ-માંના "મબઉસુન-નબી"વાળા પ્રકરણમાં હઝરત નઝરથી આગળ વધીને "કિનાન બિન ખુઝેમાં બિન મુદ્રકા બિન ઇલિયાસ બિન મુદ્દીર બિન નિઝાર બિન મોઆદ બિન અદનાન" સુધી ગણાવે છે. જો કે મુસ્લિમ ઇતિહાસકારોના કથન અનુસાર હઝરત અલી અ.ની મુબારક વંશાવળીનો સિલસિલો હઝરત આદમ અ. સુધી પહોંચે છે, પરંતુ અમુક ઇતિહાસકારો વચ્ચે થોડાક નામોની મતફેરી જોવામાં આવે છે. એ બધા વકતાઓનું વર્ણન ઇસ્લામી ઇતિહાસિક ગ્રંથોમાં વિસ્તારપૂર્વક આપવામાં આવેલ છે.

## હઝરત અબુ તાલિબ અ૦નો જન્મ અને વફાત.

હઝરત મૌલાના અલી અ.ના દાદાશ્રી, હઝરત અબ્દુલ મુત્તલિબની વફાત પછી, એમનું ધાર્મિક વડપણ, હઝરત અલી અ.ના પિતાશ્રી હઝરત અબુ તાલિબ અ.ના હાથમાં આવ્યું, સાથે સાથે હઝરત મુહમ્મદ સ. અ. વ. નું રક્ષણ અને પોષણ પણ તેમને સુપરત કરવામાં આવ્યું. હઝરત અબુ મુત્તલિબના અગ્યાર પુત્રો હતા. એ પૈકી હઝરત અબુ તાલિબ અ. અને હઝરત નબી સાહેબના પિતાશ્રી હઝરત અબ્દુલ્લાહ, એ બન્ને એકજ માતાના પેટે જન્મ્યા હતા. જેમનું નામ જનાબ ફાતિમા મખઝુમિયા બિન્તે ઉમર બિન આએઝ હતું. હઝરત અબુ તાલિબનો જન્મ ઇ. સ. ૫૨૨માં થયો હતો. એમની વય પચ્ચીસ વર્ષની થતાં લોકો પરની પેશ્વાઇ હાથ ધરી તેઓશ્રી "ઇમામત" પર આવ્યા. એમને ઇતિહાસકારોએ "ઇમરાન" તરીકે પણ ઓળખાવ્યા છે. પરંતુ તેઓ "અબુ તાલિબ"ના નામસંજ્ઞાથીજ જાણીતા થયા છે. અરબો એમને "શેખુલ કુરેશ," "રઇસે મક્કા," "બયઝે હાશમી" ઇત્યાદીના માનનીય લકબોથી સંબોધતા હતા. હઝરત અબુ તાલિબ અ.ની વફાત હિજરતથી ત્રણ વર્ષ પહેલા થઇ હતી.

## હઝરત અલી અ. નો જન્મ મુબારક.

હઝરત મૌલા અલી અ.નો મુબારક જન્મ "બયતુલ્લાહ"માં, તા. ૧૩મી રજબ અને શુક્રવારના દિવસે 'આમુલ ફીલ' (૧) ના અઠ્ઠાવીસમે વર્ષે અર્થાત ઇ. સ. ૫૯૯માં થયો હતો. એમના પુજ્ય માતુશ્રીનું નામ ફાતિમા બિન્તે અસદ ઇબ્ને હાશમ હતું. એઓજ પહેલાજ ખાતુન છે, જેઓ હાશમી કુળે જન્મી પવિત્ર ઇમામના માતા થવા પામ્યા હતા. એ પ્રકારે હઝરત અલી અ. પણ પહેલાજ પુરૂષ છે, જેઓ હાશમી વંશના માતાપિતાથી જન્મયા હતા. જનાબ ફાતિમા બિન્તે અસદની વફાત જંગે ઓહદ પછી ત્રણ વર્ષે થઇ હતી.

## હઝરત અલી અ૦ના મુખ્ય નામો અને લકબો.

હઝરત મૌલા અલી અ.ના મુખ્ય ત્રણ નામો **અલી, હયદર, અને અસદ** છે. એમનાં માતુશ્રીએ પોતાના પિતાનું નામ જીવંત રાખવા પોતાના પુત્રનું નામ "અસદ" પાડયું હતું. પરંતુ એમના બાળપણના હેરતભર્યા પરાક્રમો જોઇને પાછળથી "હયદર" નામ રાખ્યું હતું જ્યારે એમના પિતાશ્રી એમને **અલી"** નામે બોલાવતા હતા. એ ત્રણે નામોમાં એમનું મુખ્ય નામ "અલી" છે. (૨) હઝરત અલી અ.ના લકબો પણ પુષ્કળ છે, જેમાં **અમીરૂલ મોમિનીન, અસદુલ્લાહ, મુરતુઝા, યદુલ્લાહ, મુશ્કિલ કુશા, શાહે મર્દાન, શેરે યઝદાન, શાહે ઝુલફિકાર, દુલદુલ સવાર** વિગેરે પ્રખ્યાત છે. એમને "નફસે રસુલ" પણ કહેવામાં આવે છે. મજકુર લકબ કુરઆને શરીફમાંની 'મુબાહિલા' (૩)ની આયાત ઉપરથી મળેલો કહેવાય છે. અરબસ્તાનમાં "નજરાન" નામના સ્થળે વસ્તા ખ્રિસ્તી વિદ્વાનોએ હઝરત ઇસા અને તેના ઇતિહાસ સંબંધે તકરાર કરી, ત્યારે સચ્ચાઇનો

---

૧ "આમુલ ફીલ" અરબી ભાષામાં હાથીના વર્ષને કહેવામાં આવે છે. આ નામ પાડવાનું કારણ એ છે કે હબશાનો અબરહા નામનો બાદશાહ, હાથીઓના રસાલા સહિત કાબાનો વિનાશ કરવા ચઢી આવ્યો હતો, અને તેના લશ્કરનો શીતળાથી અથવા 'અબાબીલ' નામના પક્ષીઓની કંકરવૃષ્ટિથી કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

૨ તઝકિરએ ખ્વાસે આઇમ્મા નામક ગ્રંથમાં ઉલ્લેખ છે કે કેટલાક લોકોનાં કહેવા મુજબ જ્યારે હઝરત અલી અ. હઝરત મુહમ્મદ સ.ની મુબારક ખાંધ પર કાબાની મુર્તિઓ તોડવા માટે ચડયા, ત્યારથી તેઓશ્રીનો મરતબો, ઉચ્ચતા તથા મોટાઇના કારણે તેમને 'અલી'ના નામથી લોકો સંબોધવા લાગ્યા

૩ કુરઆને શરીફ: સુરે આલે ઇમરાન, આયાત ૬૧

નિર્ણય કરવા માટે, અલ્લાહના હુકમ વડે, એવો ઠરાવ કરવામાં આવ્યો કે "બન્ને સમુહે અમુક સ્થળે જઈ, જેઓ અસત્ય ઉપર હોય તેઓના પર શ્રાપ નાઝિલ થાય, એવી ખુદા પાસે દુઆ માંગવી." આ પ્રસંગનો ઇશારો કરતી આયતમાં જે "અન્ફોસના"="અમારા પ્રાણ" (૧) શબ્દ વપરાયો છે, તેના સંબંધમાં એક દિવસે, હઝરત નબી સાહેબને, હઝરત અલી અ. તરફ સંકેત કરી, ઉમર બિન આસે પ્રશ્ન કર્યો, તેના જવાબમાં હઝરત નબી સાહેબે ફરમાવ્યું: "શું મારા પ્રાણ સંબંધમાં તું મને પુછે છે?"

## કુરાને શરીફ, હદીસો અને બાઇબલમાં હઝરત અલી અ૦

હઝરત અલી અ.ની મુબારક શાનમાં લગભગ ચારસો આયતો કુરાને શરીફમાં આપેલી છે અને એ પ્રત્યેક આયતની વહી થવાનું કારણ અર્થ તથા ટિપ્પણવાર વર્ણન "આયતે જલી ફી શાને મૌલાના અલી" નામક પુસ્તકમાં આપવામાં આવેલ છે. સુન્ની સંપ્રદાયના જાણીતા વિદ્વાન અલ્લામા જલાલુદ્દીન સિયુતી "તારીખુલ ખુલ્ફા"માં જણાવે છે કે: "હઝરત અલી અ.ની મુબારક શાનમાં ત્રણસો આયતો નાઝિલ થઇ છે. એનો ઉલ્લેખ ઇબ્ને અબ્બાસે પણ કરેલો છે. વળી કુરાને શરીફમાં કેટલાક સ્થળે **"નુર"** અથવા **"નુરમ મુબીન"** અને **"ઓલિલ અમ્ર"** (૨) આવે છે, તેના માટે પણ કેટલાક તફસીરકારો હઝરત અલી અ. પ્રત્યે નિર્દેશ કરે છે. મૌલવી મકબુલ અહમદે પોતાની ભાષાંતરકૃતિમાં તફસીરે અયાશીનો હવાલો આપીને ઝાલેકલ કિતાબનો અર્થ હઝરત અલી અ. થી જણાવ્યો છે. (૩) આ ઉપરાંત એમની "ફઝીલત"ની પ્રશંસામાં હઝરત નબી સાહેબની અનેક હદીસો-મુખવચનો પણ છે. એમને **નાતિકુલ** કુરાન અર્થાત "બોલતાં કુરાન" તરીકે પણ સંબોધવામાં આવે છે.

હઝરત અલી અ.ની ફઝીલત **ઇન્જીલ** અને **તૌરાતમાં** પણ છે, એમના ગુણગાન કરનારા જુદા જુદા ઘણાં પુસ્તકો લખાયાં છે. જગતનાં સઘળાં પુરૂષો પર એમનાં વ્યક્તિત્વનો પ્રભાવ છે. એમનાં ચારિત્ર્ય જવાંમર્દી, હમદર્દી વિગેરે જગતજનોમાં પ્રથમ દરજ્જાનાં ગણાય છે.

## રૂપ, રંગ, ગુણ અને જ્ઞાનનું વર્ણન.

હઝરત અલી અ. નું કદ મધ્યમથી સહેજ ઉંચુ હતું, રંગ આછો ઘઉંવર્ણો અને રતાશ પડતો હતો. ચહેરો સૌન્દર્યશાળી અને દેખાવ પ્રભાવશાળી હતો. હસમુખા સ્વભાવને અંગે દાંત હમેશાં દેખાતા હતા. ધીમી ચાલે ચાલતા હતા. એકંદર શારીરિક બાંધો સુંદર અને મજબુત હતો. તેઓની વક્તૃત્વ કલા, ગણિત, વ્યાકરણ, ખગોળ વિદ્યા વિગેરે પુષ્કળ વિદ્યાઓનાં ઉસ્તાદ હતા. ઇલ્મે તસવ્વુફ-તત્ત્વજ્ઞાનમાં તેઓ સર્વ ઇસ્લામીઓનાં **ઇમામ** છે. સુફીઓ એમના વસીલાથી આજે તપ-સાધનાઓ કરે છે. અનસ બિન માલિક કહે છે કે હઝરત નબી મુહમ્મદ સ. ફરમાવતા હતા કે, તેઓ હિદાયતના ઇલ્મ છે, ઇમાનની નિશાની છે અને સઘળા મોમિનોનાં "નુર" છે.

## હઝરત અલી અ. નાં લગ્ન.

હઝરત અલી અ. હઝરત નબી મુહમ્મદ સ.ના કાકાઇ ભાઇ તેમજ જમાઇ પણ થતા હતા. નબી સાહેબનાં વહાલાં પુત્રી જનાબ ફાતિમતુઝ-ઝોહરા સાથે એમનાં લગ્ન તા. ૧ લી ઝિલહજ હિજરી સન

---

૧ કુરાને શરીફ સુરે આલે ઇમરાન આયાત ૬૧
૨ કુરાને શરીફ સુરે અઅરાફ આ. ૧૫૭ તથા સુરતુન્નેસાઅ આ. ૧૭૫.
૩ કુરાને શરીફ સુરે બક્ર આ ૨.

૨ અને શુક્રવારનાં થયાં હતા. તે વખતે જનાબ ફાતિમતુઝ્ઝોહરાની પંદર અને હઝરત અલી અ.ના એકવીસ વર્ષની ઉમ્મર હતી. એ પવિત્ર ખાતુનનાં કુખે, હઝરત ઇમામ હુસૈન અ. જન્મ્યા હતા જેમની પવિત્ર ઝાતથી ઇમામોની મુબારક વંશાવળી ચાલી છે.

## હઝરત અલી અ૦ ની નીડરતા.

હઝરત અબુ તાલિબ અ. અને જનાબ ખદીજતુલ કુબરાની સહાયતાથી હઝરત નબી મુહમ્મદ સ. ઇસ્લામનો પ્રચાર જોશભેર કરી શકયા હતા, એટલુંજ નહિ પણ હઝરત અબુ તાલિબ અ. ના પ્રભાવથી અરબમાં વિરોધીઓ નબી સાહેબને બિલકુલ રંજાડીને શકયા નહોતા. પરંતુ એ બન્ને બુઝુર્ગોની વફાત પછી કાફરો હઝરત નબી મુહમ્મદ સ.ને હેરાન કરવાને ખુલ્લી રીતે બહાર પડયા. એ કસોટીભર્યા સંજોગો વચ્ચે હઝરત નબી સાહેબને **હિજરત** કરવાની આજ્ઞા મળી. આથી હિશામનાં કુટુંબમાંથી અબુ જહલ, અદીના કબીલામાંથી સલહા, બની ઉમૈયામાંથી હુકમ બિન આસ તે મરવાનનો પિતા, બની હાશમના ઘરાણામાંથી અબિ લહબ (હ૦ નબીના કાકા), તીમ વંશમાંથી નસર બિન હારિસ અને ઉબેદ ઇબ્ને હલફ વિગેરે વિરોધીઓએ, હઝરત નબી સાહેબને કત્લ કરવાનો ઇરાદો કરી, તેમનાં ઘરને ઘેરો નાંખી દીધો, જેથી હઝરત નબી સાહેબ કોઇ પણ માર્ગે ઘરથી બહાર નીકળી ન શકે. છતાં હઝરત નબી સાહેબ મોડી રાત્રે કાફરોને ખબર ન પડે એ રીતે મદીના તરફ પ્રયાણ કરી ગયા, (૧) અને હઝરત મૌલા અલી અ. સંકેત અનુસાર હઝરત નબી સાહેબના બિછાના પર તેમની ચાદર ઓઢીને સુઇ ગયા. કાફરોએ વહેલી સવારે ઘરમાં ધસી આવીને ચાદર ઉંચકી તો હઝરત મુહમ્મદ અ.ને બદલે હઝરત અલી સ.ને સુતેલા જોયા. આથી કાફરોનીઅજાયબીનો પાર રહ્યો નહિ. પાછળથી તપાસ કરતાં હઝરત નબી સાહેબનો કયાંય પત્તો નહિ લાગતાં, કાફરોએ હઝરત નબી સાહેબની બાતમી આપવા પ્રશ્ન કરતાં, હઝરત અલી અ. એ એકદમ ઉભા થઇને નીડરતાથી કહ્યું : "શું તમે હઝરત મુહમ્મદ સ. મને સોંપી ગયા હતા કે તેમના વિષે મને પુછો છો?" (૨) મક્કાના કાફરો પોતાની બાજી ઉંધી વળી ગયેલી જોઇને, ક્રોધમાં હઝરત નબી સાહેબનું ઘર છોડીને જતા રહ્યા. હઝરત અલી અ. ત્રણ દિવસ સુધી જરૂરીયાત પુરતી વસ્તુઓ એકઠી કરીને મક્કાથી મદીના ભણી રવાના થયા. એકસો પચ્ચીસ માઇલનું આ અંતર હઝરત અલી અ. એ સખ્ત ગરમીની ઋતુમાં પગપાળા ચાલીને કાપ્યું હતું.

## ધર્મયુધ્ધો.

ઇસ્લામના જેટલા ધર્મયુધ્ધો થયા છે, તે સઘળામાં મોખરે હઝરત અલી અ. રહેતા હતા. અને દીનનો ઝંડો એમનાં હાથમાં રહેતો હતો. ઓહુદ બદરના મહાન યુધ્ધોમાં એમણે અગત્યનો ભાગ ભજવ્યો હતો. તેઓ એક અજોડ અને મહાન યોધ્ધા હતા. કોઇપણ લડનાર એમની સામે ટકી શકતો નહોતો. ખયબરની લડાઇમાં પણ એમણે જીતી ઇસ્લામનો ડંકો વગાડયો હતો.

## જંગે ખયબર.

ખયબરના યુધ્ધ વખતે, હઝરત નબી સાહેબે ચાલીશ દિવસમાં ખયબરનો અજિત ગઢ સર કરવા કાફરોને કહ્યું હતું. હઝરત અલી અ. ની આંખો દુઃખતી હતી, તેથી તેઓ આ લડાઇમાં ભાગ લઇ

૧ બિઅસતનાં ૧૩મા વર્ષે અર્થાત નબી સાહેબને નબુવ્વત મળી તેના પછી ૧૩ વર્ષે આ ઘટના બનવા પામી હતી આ બનાવની યાદગીરીમાં 'હિજરી સન' છે.

૨ આ વર્ણન અબુલ ફિદા રચિત ઇતિહાસમાં મળી આવે છે. મજકુર ફિદાકારીવાળી ઘટનાનો સંકેત સુરે બકર આ. ૨૦૭માં કરવામાં આવ્યો છે, એવું તફસીરકારોનું માનવું છે.

શકયા ન્હોતા. લડાઇ ચાલુ થઇ જવા પછી ઓગણચાલીશ દિવસ નીકળી ગયા છતાં ઇસ્લામના વિજયનું કોઇ ચિહ્ન ન દેખાવાથી, કાફરો પવિત્ર પયગમ્બરને ખોટા કહીને મશ્કરી કરવા લાગ્યા. હઝરત નબી સાહેબને તેથી ઘણું લાગી આવ્યું અને હઝરત અલી અ.ની ગેરહાજરી એમને જણાઇ આવી. તેઓશ્રીના મુખેથી હૃદયના ઊંડા ભાવ સાથે આ શબ્દો સરી પડયાઃ—**યા અલી અદરિકની.** હઝરત અલી અ. પણ અચાનક **લબ્બૈક** કહીને તેમની પાસે આવી ઉભા રહ્યા. આ ખુદાવંદી મદદ જોઇ હઝરત નબી સાહેબે શુક્રાના અદા કર્યા.

હઝરત નબી સાહેબ સાથે મંત્રણા કરી હઝરત અલી અ. આગળ વધ્યા અને ખયબરના મુખ્ય લોખંડી જંગી દરવાજાને પોતાના બાહુબળ વડે ઉખેડી તેને ખંદક=ખાઇ ઉપર ગોઠવી દીધો. આ દરવાજે ટુંકો પડતાં, દરવાજાના છેડાને હઝરત અલીએ પોતાના હાથ મુબારકથી પકડી રાખ્યો, જેથી ઇસ્લામી લશ્કર તેના પરથી સહેલાઇથી પસાર થઇને ખયબરમાં દાખલ થઇ ગયું, અને હઝરત નબી સાહેબની ભવિષ્યવાણી મુજબ બરાબર ચાલીશમાં દિવસની સાંજે દારૂણ યુધ્ધ થયા પછી ખયબરના કિલ્લા ઉપર ઇસ્લામનો મહાન ઝંડો ફરકાવવામાં આવ્યો.

## "ગદીરે ખુમ્મ."

હઝરત નબી સાહેબની છેલ્લી હજને "હજ્જતુલ વિદાઅ" કહેવામાં આવે છે. આ પછી દશમી હિજરીમાં એમની વફાત થઇ હતી. છેલ્લી હજયાત્રા કરી અને ત્યાંથી પાછા મદીને વળતી વખતે હઝરત નબી સાહેબ સાથે એક લાખ ચાલીશ હજાર યાત્રાળુઓ હતા. માર્ગમાં બીજાઓ પણ ભેગા થયા અને સંખ્યામાં વધારો થવા પામ્યો હતો. આ ગંજાવર કાફલાના સરદાર હઝરત નબી સાહેબ "ગદીરે ખુમ્મ" ના મેદાન પાસે આવી પહોંચ્યા ત્યારે "વહી" ઉતરી, જેમાં ખુદાતઆલાએ ફરમાવ્યું હતું કે:

**"હે પયગમ્બર! તારા પરવરદિગાર તરફથી સંદેશો તારા તરફ નીચે મોકલવામાં આવ્યો છે, તે પહોંચાડ અને જો તું તેમ નહિ કરે તો તેનો સંદેશો તેં પહોંચાડેલો નથી, અને ખુદા તને માણસોથી બચાવશે, ખરેખર ખુદા કાફરોને રસ્તો બતાવતો નથી."** (૧)

આ વહી ઉતરતાં હઝરત નબી મુહમ્મદ સ.એ આગળ વધવાની મુસાફરી અટકાવીને "ગદીરે ખુમ્મ"ના મેદાનમાં મુકામ કર્યો. કાફલાઓ જેમ આવતા ગયા તેમ તેને રોકવામાં આવ્યા. આગળ ગયેલા અને પાછળ રહી ગયેલા યાત્રાળુઓને સવારો મોકલીને તેમને ભેગા થવાની ખબર આપવામાં આવી. સઘળા એકઠા થયા અને જનસંખ્યા ઘણી વધી ગઇ. તે સઘળાઓ ઇલાહી સંદેશો સાંભળી શકે એ માટે ઊંટોના કજાવા ગોઠવીને એક ઊંચો મિમ્બર ઉભો કરવામાં આવ્યો. તેના પર હઝરત નબી સાહેબ ચડયા અને હેઠળ મુજબના ખુતબો પડયાઃ—

"હે! હાજર રહેલા લોકો! હું સર્વથી પહેલાં અલ્લાહે મને આપેલી નિયામતો માટે તે પાક ઝાતનો આભાર માનું છું, જે અલ્લાહ મારી ઝાતમાં જોવામાં આવે છે. કસોટી અને સંકટના સમયે મારી **"ઇતરત"**ની સહાયતા ચાહું છું. **અહલેબયત** ઉપર જે અણગમતી તકલીફો અને ભયભરી ઝેહમતો ગુજરવાની છે, તે સહન કરવાની શકિત અલ્લાહ પાસેથી ચાહું છું. અલ્લાહે મને પયગમ્બર તરીકે મોકલ્યો છે, જેથી જે લોકોનો નાશ થવાનો છે તેનો "હુજ્જત"થી નાશ થાય, અને જે લોકો મુકિત મેળવનારા છે, તે "હુજ્જત" સાથે મુકિત મેળવે. અલ્લાહે સર્વ આગળ થયેલા અને પાછળ આવનારાઓથી મને માનવંત બનાવ્યો છે. ઇલ્મ તથા ખજાનાની કુંચીઓ મને સોંપી છે અને જે

૧. જુઓ કુરાને શરીફ સુરે મ ઇદા આયત ૬૭

મારાથી વચન લીધું છે તેની આજ્ઞાથી અને પોતાના બંદા સોંપ્યા છે તેની સહાયતા વડે મને અંતર્ચક્ષુની નવાઝિશ થઇ છે.

"હે લોકો! અલ્લાહથી ડરો અને ધર્મયુધ્ધ સિવાય જંગ ન કરો. સર્વ ચીજ તે પાકઝાતથી ઘેરાયેલી છે. હવે એ વખત નજદીક આવે છે, કે જે વખતે અનેક કામો થશે. જે મારા ઉપર આક્ષેપો મુકશે અને વિરોધીઓની અસત્યતા લોકો સ્વિકારશે. મેં સંદેશા સિવાય વિશેષ કાંઇપણ પહોંચાડ્યું નથી. આક્ષેપ મુકનારાઓને તેના આરોપો માટે પુછવામાં આવશે."

હઝરત નબી સાહેબે ફરમાવ્યું: તમો મારી "ઇતરત"ની શ્રધ્ધાપુર્વક અને દ્રઢ મને પયરવી કરજો. તેઓ મખ્લુકમાં સર્વથી "આલા" છે. તેઓ પયગમ્બરી ઇલ્મ પ્રાપ્ત કરનાર છે. તેઓજ તમને ગુમરાહીથી બચાવશે તથા સદવર્તન તરફ દોરવી જશે. તેઓ **અહુલેબયત** છે. અમારા લીધેજ સૃષ્ટિનું મંડાણ થયું છે. અલ્લાહે.અમોને પયદા કર્યા, ત્યારે અમારા "**નુર**" વડે સૃષ્ટિનો અંધકાર દુર થયો. તેઓ હાદી છે. જે લોકો તેઓની તાબેદારી અને ઇમામતને માન્ય રાખીને અમારી પાસે આવશે, તેઓજ હિદાયત મેળવનારા છે, અને જે કોઇ તેમનાથી શત્રુવટ રાખી અમારી પાસે આવશે, તેઓ ગુમરાહ છે. તેનો પ્રેમ ને ઇમાન પણ ગુમરાહીમાં છે. **અહલે બયત** હિદાયત કરનારા છે અને તેઓ પાક અલ્લાહના હુકમ મુજબની મજબુત રસી છે. તે કદી પણ તુટશે નહિ. જે એને પકડી રહેશે તે અમાન પામશે. એમના પ્રેમની હમણાના ને પાછળના લોકો પાસેથી બયઅત અલ્લાહ લે છે, અને આ તેઓજ લોકો છે, જેમના સોગંદ અલ્લાહ પાક કુરાને શરીફમાં યાદ દેવાડયા છે. એ વાતને સત્યતાપુર્વક માનો. અલ્લાહ તમારો રક્ષણકર્તા છે. અલ્લાહે આ આયતથી **અહુલેબયત**નાં પ્રેમનો સંદેશો પહોંચાડયો છે :—

**કહે, હે! મુહમ્મદ, (લોકોને) કે હું તમારાથી નબુવ્વતના બદલામાં એ સિવાય કાંઇ નથી ચાહતો કે મારા સગાં વ્હાલાંઓથી પ્રેમ કરો. આ તેઓજ છે, જેઓની દરેક પ્રકારની અસ્વચ્છતાઓ દુર કરી મેં પવિત્ર બનાવ્યા છે, હે લોકો! હું આજે કહી રહ્યો છું તે અલ્લાહનો હુકમ છે.**

હઝરત નબી સાહેબે હાજરીન લોકોને આ પ્રમાણે સંબોધન કરતાં હઝરત અલી અ.નો હાથ પકડી પોતાનો હાથ મુબારક એટલે સુધી ઉંચો કર્યો કે, આપની બગલની સફેદી દેખાવા માંડી. ત્યારબાદ આપે ફરમાવ્યું કે, "અલ્લાહ તું તેને દોસ્ત રાખજે, જે અલીને દોસ્ત રાખે છે. તેની સહાયતા કર, જે અલીને સહાયતા આપે છે જે અલીને ઉતારી પાડવા માંગે છે, યા અલ્લાહ! તેને તું ઉતારી પાડ.

"હે હાજર રહેલાઓ! હઝરત અલી અ.ના સંબંધમાં અલ્લાહતઆલાએ આયત નાઝિલ કરી છે. હઝરત અલી અ. **સૈયદુલ મુસ્લમીન** છે. સદવર્તનશાળી અને પરહેઝગારોના **ઇમામ** છે અને અલ્લાહે જે આજ્ઞા આપી છે, તે પહોંચાડીને મારૂં કર્તવ્ય હું આજે પુર્ણ કરૂં છું. આજે તમારા ઇમામને તમારે સુપરત કરૂં છું અને મારા માટે ને તમારા માટે ક્ષમાની યાચના કરૂં છું.

"આજે મેં તમારા માટે તમારો ધર્મ સંપુર્ણ કર્યો અને તમારા પર મારા આશિર્વાદ પુર્ણ કર્યા છે અને તમારે માટે મેં ઇસ્લામ ધર્મ પસંદ કર્યો છે."

હ૦ નબી મુહમ્મદ સ.ના આ છેલ્લા ખુતબાથી ઇસ્લામી આલમમાં એક નવો જોશ પેદા થઇ ગયો. "**અંતા મૌલાહ**"ની ગર્જનાથી ગદીરે ખુમ્મનું વિશાળ મેદાન ગાજી ઉઠયું. એ પ્રસંગે ઇદ જેવો

ધામધુમ થઇ. સર્વેથી પહેલાં હઝરત અલી અ.ની "ઇમામત" ના બારામાં પ્રશંસા કરનાર હઝરત ઉમર (રઝી.) હતા. તેમણે અતિ આનંદમાં આવી મુસાફો કરતાં કહ્યું: "યા અલી બિન અબિતાલિબ! આપને આ પવિત્ર દિન મુબારક થાય કે આપ સર્વે મોમીન સ્ત્રી પુરૂષોના મૌલા થયા." ત્યારબાદ લોકો એક પછી એક આવતા ગયા, અને હઝરત અલી અ. ની 'બયઅત' કરતા ગયા. પુરૂષ વર્ગે બયઅત કરી લીધા બાદ સ્ત્રીઓએ બયઅત કરવાનું શરૂ કર્યું.

ઇસ્લામના રાજકવિ હિસ્સાન બિન સાબિતે એ શાનદાર મુબારક દિવસની તારીફમાં કસીદો રચ્યો, હઝરત નબી મુહમ્મદ સ.ના અનુમોદનથી હાજર રહેલી માનવમેદનીને વાંચી સંભળાવ્યો. જેથી લોકોએ ઘણાં ખુશી થઇને ફરી ફરીને હ૦ અલી અ.ને મુબારકી આપી. તેઓશ્રીનાં દીદાર કરતાં મસ્તી સાથે "યા અલી, યા અલી"ના અવાજો કરવા લાગ્યા. "ગદીરે ખુમ્મ"ના ખુતબાનું વર્ણન ૧૫૮ હદીસનવેશોએ જુદા જુદા કાળમાં કર્યું છે.

## નબી સાહેબની વફાત અને ખિલાફત.

હઝરત નબી મુહમ્મદ સ. અ. વ.ની વફાત હિજરી સન ૧૧માં મદીના ખાતે થઇ. હઝરત નબી સાહેબની બીબીઓ તથા અહલેબયત સિવાય બીજું કોઇપણ ઘરમાં હતું નહિં. હઝરત અલી અ. તેમના શબની કફનદિફનના કાર્યમાં રોકાયેલા હતા. તે વખતે **"સકીફએ બની સાઅદા"** નામના સ્થાનમાં જાહેરી ખિલાફતની ચર્ચા શરૂ થઇ. **'અન્સાર'** અને **'મુહાજરીન'** પોતાની દીની સેવાઓ રજુ કરવા લાગ્યા. તેમનાં કબીલામાંથી એક ખલીફ ચુંટવાની વાત ન રહેતાં એકમાંથી ખલીફ અને બીજામાંથી 'વઝીર' બનાવવાની દરખાસ્ત મુકવામાં આવી. આ અવસરે હઝરત અબુબકરે કહ્યું કે. "એક મ્યાનમાં બે તલવાર રહી શકે નહીં. આ વાત બનવી અસંભવિત છે."

ત્યારપછી હાજર રહેલાઓ ચુંટણીના વાદવિવાદ ઉપર આવતાં એકજ જણને અર્થાત ખલીફ નીમવાની વાત કાયમ થઇ અને ખલીફ તરીકે હઝરત અબુબકરને છેવટે ચુંટી કહાડવામાં આવ્યા.

નબી સાહેબના શબને અવલમંજલે પહોંચાડી હઝરત **અલી** પધાર્યા તો અલીનો મામલો બદલાયેલો જોતાં ફરમાવ્યું કે, "નબુવ્વતના ખાનદાનને અલ્લાહે જે માન આપ્યું છે, તેને તમો પોતાના ઘરોમાં લઇ જાઓ નહિં. અમારાજ ઘરમાં કુરાન નાઝીલ થયું છે. અમારા ઘરમાં જબ્રાઇલ વહી લાવતા હતા. ધર્મના રહસ્યોમાં અમો સંપૂર્ણ છીએ. અલ્લાહની સૃષ્ટિની ભલાઇ અમોજ સમજી શકીએ છીએ."

ચુંટણીના પરિણામે જાહેરી ખિલાફત અને ઇમામતમાં ઇસ્લામનાં ભાગલા પડી ગયા. જાહેરી ખિલાફત બહાર ગઇ, ત્યારે ઇમામત ઘરમાં રહી. એ જોતાં હઝરત અલી અ.એ દુરઅંદેશી વાપરી ખામોશી અખત્યાર કરીને ઇમામીઓ સાથે પોતાનો હક કાયમ રાખ્યો.

પહેલી જાહેરી ખિલાફત હિજરી સન ૧૧માં સ્થપાઇ અને હિજરી સન ૧૩માં પુરી થઇ. દરમ્યાન હઝરત અલી અ. ઇસ્લામની ભલાઇના કામોમાં સહાયતા કરતા રહ્યા.

ત્યારપછી હઝરત ઉમર જાહેરી ખિલાફત પર આવ્યા. તે સમયમાં પણ હઝરત અલી અ.ની દરબાર છેવટનો ફેંસલો આપનાર હતી. ઘણી વખતે અઘરા ફેંસલાઓ તેમની પાસે લાવવામાં આવતા હતા. હઝરત અલી અ.ની આ ન્યાયપ્રથાથી હઝરત ઉમર બોલી ઉઠતા "જો હઝરત અલી અ. ન હોત તો હું હલાક થઇ જાત."

બીજી જાહેરી ખિલાફત હિજરી સન ૧૩થી લઇને હિજરી સન ૨૩ સુધી રહી. તે બાદ ખિલાફતપદે હઝરત ઉસમાન આવ્યા. એમની ખિલાફત દરમ્યાન વાતાવરણ ગરમ થઇ જતાં ખિલાફતના પાયા ઢીલા પડવા લાગ્યા. એ ખિલાફતના સમયમાં કુરઆને શરીફ એકઠું કરવામાં આવ્યું તે સબબે કુરઆને શરીફ "**બયાઝે ઉસમાની**" કહેવાયું. એમની ખિલાફત હિજરી સન ૨૩થી લઇને હિજરી સન ૩૫ સુધી ચાલી હતી. એ મુદ્દત દરમ્યાન ઇસ્લામમાં અન્યો અન્ય કુસંપ વધી પડયો. ઠેરઠેર પક્ષકારોનું સામ્રાજ્ય જામેલું દેખાતું હતું. અંતે વાતાવરણ બગડી ગયું અને તેના પરિણામે હઝરત ઉસમાનનું કરપીણ ન ખુન થયું.

ત્રીજા ખલીફની વફાતને સાત દિવસનો ગાળો નીકળી ગયો પરંતુ કોઇ ખલીફ મુકરર કરવામાં આવ્યો ન્હોતો. કુફાવાસીઓ ઝુબેર બિન અવામને ચહાતા હતા. બસરાની પ્રજાની દૃષ્ટિ તલ્હા બિન અબ્દુલ્લાહ પ્રત્યે હતી. રીનાવાળાઓમાં સાદ બિન વિકાસનું નામ લેવાતું હતું. કેટલાંક ઓસામા બિન ઝેદ માટે ઇશારો કરતા હતા. તાત્પર્ય કે જેનો જેનાથી સંબંધ હતો. તેઓ તેનો પક્ષ લઇને પ્રજા સન્મુખ નામ રજુ કરતા હતા. છેવટે ઘણા વાદવિવાદ પછી, મદીના શરીફના અગ્રેસરો, મુહાજરીનો અને અન્સારોએ એકમત થઇ હઝરત અલી અ.ને, ખલીફપદ સ્વીકારવાની અરજ કરવાનો નિર્ણય કર્યો. આથી કેટલાકો વધામણી દેવા હઝરત અલી અ.ને ઘરે દોડી ગયા અને કહેવા લાગ્યા: "જગત ખલીફા વિના સુનું છે અને એ પદવી માટે અન્ય કોઇપણ વ્યકિત આપના જેટલી યોગ્યતા ધરાવતી નથી માટે કૃપા કરી આપ તેનો સ્વીકાર કરો." હઝરત અલી અ.એ ફરમાવ્યું કે "અમોને જાહેરી ખિલાફતની જરાય ઇચ્છા નથી. તમોને જે શખ્સ પસંદ પડે તેને ખિલાફતપદ આપો, અમારા રવૈયા મુજબ અમો તેને ટેકો આપીશું" અંતે લોકોનો આગ્રહ વધી જવાથી હઝરત અલી અ.એ સ્વતંત્રપણે ઉત્તર આપતાં જણાવી દીધું કે: "તમારી જેમાં ભલાઇ થશે તે પ્રમાણે હું મારી ઇચ્છાનુસાર પગલાં લઇશ, પણ હું કોઇને આધીન રહીશ નહિ."


બીજે દિવસે લોકો તલ્હા બિન અબ્દુલ્લાહના વડપણ હેઠળ હઝરત અલી અ.ને ઘરે આવ્યા અને અરજ ગુજારી કે "આપ મસ્જિદે નબવીમાં પધારો અને ત્યાં સઘળા એકઠા થયા છે અને ખલીફ તરીકે આપની બયઅત કરવા આતુર છે." આ પ્રમાણે મુસ્લિમ પ્રજાના આજીજીભર્યા આગ્રહથી, હઝરત અલી ખલીફપદ સ્વીકારી ખિલાફતની ગાદી ઉપર બિરાજમાન થયા, અને હાજર રહેલા મુસ્લિમોએ બયઅત કરવાનું શરૂ કર્યું. પ્રથમ તલ્હા બિન અબ્દુલ્લાહ, તે પછી ઝુબેર ઇબ્ને અવામ, હકીમ ઇબ્ને હિઝા, માલિક બિન ઉશ્તર, એવી રીતે એક પછી એક આવતા ગયા અને બયઅત કરતા ગયા. ત્યારબાદ હઝરત અલી અ.એ ખુતબો કહી સંભળાવ્યો, જે પુર્ણ થતાં હાજરીનો આનંદની લાગણી અનુભવતા પોતપોતાના રહેઠાણો તરફ પાછા ફર્યા.

## બની ઉમૈયા.

હઝરત મુહમ્મદ સ.ના સમયથીજ બની ઉમૈયાના આગેવાન લોકો ઇસ્લામની વિરૂધ્ધતા કરતા હતા. જેના પરિણામે બદર અને ઓહદના ખુનખાર યુધ્ધો થવા પામ્યા હતા. તે છતાં, ઇસ્લામની પ્રતિદિન ઉન્નતિ થતી જતી હતી અને બની ઉમૈયા નબળા પડતા જતા હતા. હઝરત અલી અ.ના અદ્‌ભુત પરાક્રમો-તેમજ તેમની વિજયી ઝુલફિકારની સામે કોઇ ટકી શકવા સમર્થ ન્હોતું. સમય બદલાઇ ગયેલો હોવાથી બની ઉમૈયાની પુરાણી શત્રુતાએ પણ વલણ બદલ્યું અને પોતાની મનોકામના પુર્ણ કરવા માટે જાહેરમાં ઇસ્લામનો સ્વીકાર કરીને તેઓએ અંદરખાનેથી દુશ્મની ચાલુ રાખી અને અનુકુળ સમયની રાહ જોવા લાગ્યા (૧) આખરે હઝરત અલી અ.ના ખિલાફતકાળમાં

(૧) આ બન્ને વંશોનો સંબંધ સમજવા માટે પાછળના પાના ૬ પર વંશાવળી આપવામાં આવી છે.

## કુરેશીઓની મુખ્ય ત્રણ શાખાઓ.



તેઓને તક મળતાં હઝરત અલી અ.ની ખિલાફત સામે ઝઝુમવા શામ ખાતે તેઓ અમીર મુઆવિયાની કુમકે ચડયા. અમીર મુઆવિયા હઝરત ઉસમાનના સમયથીજ શામમાં ગવર્નર હતા. જ્યાં દર શુક્રવારે, હઝરત ઉસમાનનું ખુન, ખિલાફત મેળવવા માટે હઝરત અલીએ કરાવ્યું છે, એવી જાતનું ગંદુ પ્રચારકાર્ય થઇ રહ્યું હતું. આથી બીન માહિતગાર લોકો ઉશ્કેરાઇ જતા હતા.

બીજી તરફથી મદીનામાં યુધ્ધના મૂળ નંખાઇ રહ્યા હતા. આ અરસામાં જનાબ આયશા યાત્રા કરી પાછા વળતાં તેમણે માર્ગમાં હઝરત ઉસમાનના ખુનની વાત સાંભળી. તેથી તેમને જુની વાતનો આઘાત થયો અને વાતાવરણ અનુકુળ જોતાં હઝરત અલી અ.નો સામનો કરવા નિશ્ચય કર્યો. જંગે જમલ તેના કારણરૂપ બન્યું. તલ્હા અને ઝુબેરે હઝરત અલી અ.ની બયઅત કરી વફાદારીના સોગંદ લીધા હતા, છતાં તેમનાં મનમાં ઉચાટ રહ્યા કરતો હતો; કારણ કે ખિલાફતપદના તેઓ પણ ઉમેદવાર હતા. જેથી તેઓ અનુકુળ વાતાવરણની તક શોધતા હતા. જનાબ આયશાના ઇરાદાની તેઓને ખબર પડતાં તેઓ તેમને મક્કે જઇને મળ્યા. અહિં મક્કાનો હાકેમ અબ્દુલ્લાહ બિન હઝરમી જનાબ આયશાને સહાયતા કરવા તૈયાર થઇ બેઠો હતો, આ સઘળી તૈયારીઓથી હઝરત અલી અ. અજાણ હતા. તેઓએ જે લશ્કર એકઠું કર્યું હતું, તે અમીર મુઆવિયાના મુકાબલા પુરતુંજ હતું. જનાબ આયશાના આક્રમણની અને તલ્હા ઝુબેર તેમની કુમકે ગયા છે એ વાત સાંભળી ત્યારે હઝરત અલી અ.એ મદીનાવાસીઓને સર્વ હકીકતથી વાકેફ કર્યા. પરિણામે મદીનાવાસીઓએ યુધ્ધમાં સાથ આપવાની કબુલાત આપી અને યુધ્ધની તૈયારીઓ થવા લાગી.

તલ્હા અને ઝુબેરના કહેવાથી, જનાબ આયશા, હઝરત ઉસમાનના ખુનનો બદલો લેવા માટે તલ્હા અને ઝુબેર સાથે બસરામાં આવીને ઉશ્કેરણીભર્યાં ભાષણો કરવા લાગ્યા, પરંતુ તેની ખાસ કાંઇ અસર થઇ નહિ. બલ્કે, બની સાદ કબીલાના એક શખ્સે તલ્હા અને ઝુબેરને સંબોધીને કહ્યું "તમોએ મિત્રધર્મ બરાબર બજાવ્યો! પોતાની સ્ત્રીઓને ઓજલમાં રાખીને પવિત્ર નબીની સ્ત્રીને લોકોના ટોળામાં લઇ આવ્યા!" બસરાના હાકેમ, ઉસમાન બિન હનીફ તો તેઓના પર હુમલો કરી યુધ્ધ આરંભી દીધું. જનાબ આયશાએ યુધ્ધ અટકાવી સુલેહની ઇચ્છા દર્શાવતાં, હાકેમે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે: "તલ્હા અને ઝુબેરે હઝરત અલી અ.ની બયઅત તોડી નાંખી છે. તેઓને દુર કરવામાં નહિ આવે ત્યાંસુધી સુલેહ પર આવવું અશક્ય છે." આ ઉપરથી પુનઃ યુધ્ધના મોરચા મંડાયા, જેમાં ઘણા બસરાવાસીઓ માર્યા ગયા અને હાકેમ કેદ પકડાયો. તલ્હા અને ઝુબેરે તેને મારી નાખવાની પેરવી કરી, પરંતુ જનાબ આયશાએ તેને છોડી મુકયો. હાકેમે સીધા મદીને આવી હઝરત અલી અ.ને સઘળા સમાચાર કહી સંભળાવ્યા.

## જંગે જમલ.

હઝરત અલી અ.એ કુફાથી યુધ્ધ સામગ્રી મંગાવવાથી, તેમજ હઝરત હસન અ.ના વિવેચનથી સારી અસર થતાં, વીશ હજાર કુફાવાસીઓ યુધ્ધ સામગ્રીથી સજ્જ થઇને, હઝરત અલી અ.ના તરફેણમાં લડવા બસરા તરફ રવાના થયા. બીજી બાજુ હઝરત અલી અ.એ પણ મદીનાથી સૈન્ય લઇ બસરા તરફ પ્રયાણ કર્યું અને બસરાના એક વિશાળ મેદાનમાં પડાવ નાંખ્યો. આ યુધ્ધ ઇતિહાસમાં "જંગે જમલ"ના નામે ઓળખાય છે, કારણ કે જનાબ આયશાએ એ યુધ્ધ વખતે ઊંટ પર સવાર થઇને સરદારી લીધી હતી.

હઝરત અલી અ.એ, બે દિવસ સુધી સુલેહની વાત ચલાવી છેવટે તેઓશ્રીએ જાતે પણ તલ્હા અને ઝુબેરને બોલાવીને, "તમે બયઅતથી બંધાયલા છો" તેની યાદી આપી અને "તેથી લડાઇ કરવાનું કારણ રહેતું નથી અને નહિ માનશો તો એક સમયે ઝાલિમ થશો." એવી હઝરત નબીસાહેબની આગાહી

પણ કહી સંભળાવી. એ સાંભળતાં ઝુબેર ખામોશ થઇ ગયો અને યુધ્ધનો વિચાર માંડી વાળ્યો. પરંતુ જનાબ આયશા, ઝુબેરનો દીકરો અબ્દુલ્લાહ અને તલ્હા યુધ્ધમાં શામિલ થવા તેને સમજાવવા લાગ્યા.

બન્ને પક્ષ પાસે વીશ વીશ હજારનું સૈન્ય હતું અને બન્ને બાજુ મુસલમાનો હતા. તેઓનું લોહી વ્યર્થ ન રેડાય તેટલા માટે હઝરત અલી અ.એ છેવટ સુધી સમજુતી પર લાવવાનો પ્રયાસ ચાલુ રાખ્યો. પરંતુ તેનું કશું પરિણામ આવ્યું નહિ, અને અંતે યુધ્ધ જામ્યું. માલિક ઉશ્તરે ત્રણે દિશાએથી આક્રમણ કર્યું અને લોહીની નીકો વહેવા લાગી. હઝરત અલી અ. ઘણાજ ખિન્ન થયા અને પોતાના લશ્કરને ફરમાવ્યું: "આ મુસલમાનોની અરસપરસની લડાઇ છે, કોઇ ભાગે તો તેને ભાગવા દેજો, ઘાર મારવાનો પ્રયત્ન કરજો નહિ, ફકત પોતાના બચાવ માટે મકકમતાથી ઉભા રહેજો."

બીજી બાજુ પોતાના લશ્કરને ઉશ્કેરણી આપીને લડી રહેલા, તલ્હા અને ઝુબેર મરણ પામતાં, જનાબ આયશાએ સૈનિકોમાં પુનઃ જુસ્સો રેડયો. એ જોતાં હઝરત અલી અ.ને લાગ્યું કે જનાબ આયશાનો ઊંટ મરણ નહિ પામે ત્યાંસુધી યુદ્ધ બંધ પડશે નહિ, તેથી તેમણે માલિક ઉશ્તરને આ કાર્ય સોંપ્યું. ઊંટના બચાવ અર્થે સીતેર પાસબાનો એક પછી એક આવ્યા અને તે સઘળા માલિક ઉશ્તરના હાથે માર્યા ગયા. અંતે તેણે ઊંટના પગપર તલવારનો ઘા કરવાથી ઊંટ ભોંયપર પછડાઇને મરણ પામ્યું. હઝરત અલી અ. આ જોઇને જનાબ આયશા પાસે આવ્યા અને તેમને સમજાવી મદીના તરફ રવાના કર્યા.

## જંગે સિફ્ફીન.

હઝરત અલી અ.ના વિજયના સમાચાર મુઆવિયાએ શામ ખાતે સાંભળ્યા, ત્યારે પોતાની સ્થિતિ ઘણી કફોડી થઇ પડેલી જોઇ તેણે એક મોટું લશ્કર તૈયાર કર્યું, અને હઝરત અલી અ. સાથે યુધ્ધ કરવા રવાના કર્યું. પાછળથી ઉમર બિન આસ અને છેલ્લે ખુદ અમીર મુઆવિઆએ પણ મોટા લશ્કર સાથે કુચ કરી. બીજી બાજુ હઝરત અલી અ.એ પણ પાયદળ લશ્કર તૈયાર કરી રવાના કર્યું, અને તેની કુમકે માલિક બિન ઉશ્તરને સૈન્યના વડા તરીકે સૈન્ય સાથે મોકલાવ્યો. હઝરત અલી અ.નું લશ્કર દજલા ઓળંગી, ફુરાત ચીરી, શામની સરહદમાં દાખલ થઇ ગયું અને પાછળથી હઝરત અલી અ. પોતાના સૈન્ય સાથે આવી પહોંચતાં, અમીર મુઆવિયાએ અબુલ આવરને મોખરાની ટુકડીની સરદારી આપીને હઝરત અલી અ.નો સામનો કરવા રવાના કર્યો. માર્ગમાં માલિક બિન ઉશ્તર સાથે તેનો ભેટો થતાં બન્ને લશ્કરો વચ્ચે યુધ્ધ જામ્યું. અબુલ આવર, જગ્યા અનુકુળ નહિ લાગવાથી ફુરાતથી પાછળ હઠીને સિફ્ફીનમાં લશ્કરની ગોઠવણી કરવા લાગ્યો અને અમીર મુઆવિયાને ખબર આપીને પાણી પર કબ્જો કરી લીધો. પરંતુ હઝરત અલી અ.એ સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે "અમો પાણી માટે લડવા નથી આવ્યા, નદી બન્ને લશ્કરના ઉપયોગ માટે ખુલ્લી રહેવી જોઇએ," અને એમજ થયું.

બીજે દિવસે હઝરત અલી અ.એ અમીર મુઆવિયાને લોકમતે સ્વીકારેલી ખિલાફતનો હક કબુલ રાખવા અને 'બયઅત' કરવાનું કહી મોકલાવ્યું. પરંતુ યુધ્ધ સિવાય તેનો કશો ઉત્તર આપવામાં આવ્યો નહિ. આથી હઝરત અલી અ.એ પોતાના લશ્કરના પેટા વિભાગો પાડીને વ્યુહરચના કરી સૈન્યની હારબંધ ગોઠવણી કરી હલ્લો લઇ જવાનો બંદોબસ્ત કર્યો. અમીર મુઆવિયાએ તેનું અનુકરણ કરીને યુધ્ધ આરંભી દીધું. આખો ઝીલહજ માસ આ ખુનખાર યુધ્ધમાં વ્યતિત થઇ ગયો. છતાં કાંઇ પરિણામ આવવા પામ્યું નહિ. ત્યાર પછી ઇસ્લામી નવા વર્ષ મોહર્રમની શરૂઆત થતી હોવાથી આખો મહિનો યુધ્ધ મુલત્વી રહ્યું. કારણ કે એ મહિનામાં અરબ પ્રજા લડવાનું સારું ગણતી નથી. આ મહિનો

પુરો થતાં હઝરત અલી અ.એ અમીર મુઆવિયાને અગાઉ પ્રમાણે પુન: કહેણ મોકલ્યું, જેના જવાબમાં અમીર મુઆવિયાએ હઝરત ઉસમાનના ખુનનું બહાનું આગળ ધર્યું.

આથી હઝરત અલી અ.એ તેને કહ્યું: "મેં તમોને સુલેહ માટે ઘણા સમજાવ્યા, પરંતુ તમે હક તરફ વળ્યા નહિ. હવે લડવા તૈયાર થાઓ." તુરતજ રણગર્જનાઓથી મેદાન ગાજી ઉઠ્યું. એક પછી એક યોધ્ધો રણભુમિમાં આવતો ગયો. આ રીતે સાત દિવસ સુધી યુધ્ધ ચાલુ રહ્યું. ત્યારપછી હઝરત અલી અ.એ સત્વર પરિણામ આણવા માટે યુધ્ધનીતિ બદલીને, સામુદાયિક હુમલો કર્યો અને આગળી હરોળ ચીરી નાંખી. આવી સ્થિતિ જોઇને ઉમર આસ ગભરાવા લાગ્યો, અને પોતાના લશ્કરને હઝરત અલી અ.ની ફોજની જમણી બાજુના લશ્કર ઉપર અધિક બળપૂર્વક તુટી પડવાનો હુકમ આપ્યો, જેથી લશ્કર નાસભાગ કરવા લાગ્યું. એ વખતે હઝરત અલી અ.એ પોતાના લશ્કરને પાછા ફરવા પોકાર કર્યો. પરંતુ તેઓ પાછા ફર્યા નહિં. આવી સ્થિતિ જોઇ મધ્ય અને ડાબી બાજુનાં લશ્કરને જમણી બાજુએ લડવાનું કહ્યું પરંતુ તેઓ પણ હિંમત હારી ગયા હતા. પોતાના લશ્કરની આવી નબળી સ્થિતિ જોતાં હઝરત અલી અ.એ ઘોડા ઉપરથી કુદી પડી પોતાની તલવાર ખેંચીને કહ્યું: "હું એકલોજ લડવા માટે પુરતો છું તમારી કાંઇ પણ જરૂર નથી." આટલું કહેતાંની સાથે જ તેઓ એકદમ ધસારો કરીને શત્રુદળમાં ઘુસી ગયા. હઝરત અલી અ.ના ધસારાથી લશ્કરમાં નવચેતનનો સંચાર થયો. હઝરત હસન, હઝરત હુસેન અને તેમના ભાઇ મુહમ્મદ હનફિયાએ પણ ઘોડાઓને દોડાવીને શામના લશ્કરની કતલ ચલાવતા હઝરત અલી અ.ની નજદીક આવી પહોંચ્યા. તેઓનું અનુકરણ બીજા સરદારોએ પણ કર્યું. આ સમયે માલિક ઉશ્તરે જોશમાં આવીને યુધ્ધભુમિને શામીઓના લોહીથી તરબોળ કરી નાંખી. યુધ્ધનો રંગ બદલાઇ ગયો, અને માલિક ઉશ્તર, અમીર મુઆવિયા સુધી પહોંચી ગયા. એ જોઇને અમીર મુઆવિયાએ ગભરાટથી નાસવા માંડ્યું.

શામી લશ્કરમાંથી અબ્દુલ્લાહ બિન ઉમરે બહાર આવીને માલિક ઉશ્તર પર વાર કર્યો. હઝરત અલી અ.ના લશ્કરે તેના ટુકડેટુકડા કરી નાખ્યા. બીજી તરફ ઉમર બિન આસ ઉપર અમ્માર બિન યાસિર એકલા તુટી પડયા. ઉમરે પોતાના સરદારોને ઇશારો કરતાં તેઓ સઘળાઓએ એકઠા થઇને અમ્મારને શહીદ કરી નાખ્યા. આ રીતે એક બીજા પર વાર કરીને મુસલમાનોનુા ખુન નાહક રેડાતું જોઇને હઝરત અલી અ.ને ઘણું લાગી આવ્યું. તેથી તેઓશ્રીએ અમીર મુઆવિયાને ફરમાવ્યું.: "મુસલમાનોનું લોહી શા માટે રેડે છે? મારી સામે હાથોહાથ આવી જા. આપણા બન્નેની હારજીતથી યુધ્ધનો નિર્ણય થઇ જશે," ઉમર બિન આસે, અમીર મુઆવિયાને કહ્યું: "શુરવીરતા તો એમાંજ છે કે તમો હઝરત અલી અ.નો એકલે હાથે જ સામનો કરો." પરંતુ અમીર મુઆવિયાની હિંમત ચાલી નહિ અને જવાબમાં તેણે જણાવ્યું કે "હું કદીપણ હઝરત અલી અ.ની સામે જનાર નથી. તેમની સામે જઇને પાછો જીવતો આવ્યો હોય એવો કોઇ પણ માણસ મેં જોયો નથી."

અમીર મુઆવિયાએ આ યુધ્ધ નિમંત્રણ સ્વિકાર્યું નહિ ત્યારે હઝરત અલી અ. એ પુન: રણસંગ્રામમાં ઝંપલાવ્યું અને મજબુત હાથે ઝઝુમવા લાગ્યા. માલિક ઉશ્તરની તલવાર પણ વિજળી વેગે પુન: ચાલવા લાગી. આવી કટોકટીની સ્થિતિ જોઇ શામીઓ ત્રાહે ત્રાહે પોકારવા લાગ્યા. આ વખતે અમીર મુઆવિયાએ ઉમર આસને કહ્યું: "જો આ વખતે આપણે નિષ્ફળ નિવડ્યા તો સદાના માટે આપણો નાશ થઇ જશે, હવે તો કોઇ યુકિત શોધી કાઢવી જોઇએ." થોડીવાર વિચાર કરીને ઉમર આસ, અમીર મુઆવિયાને કહેવા લાગ્યો: "મને યુકિત સુજી આવી છે. થોડાજ વખતમાં યુધ્ધ વિરામશે અને અંતે આપણો વિજય થશે." ઉમર આસે શામી લશ્કરને પોતાની આ યુકિત જણાવી દેતાં સઘળાંઓએ કુરાને શરીફને નેજા ઉપર બાંધી ઉંચા કરી જાણે પનાહ માંગતા હોય એવો દેખાવ કર્યો. એ જોતાં હઝરત અલી અ.નાં લશ્કરે ભુલાવામાં પડી અને લડવાનું બંધ કરી દીધું.

આથી હઝરત અલી અ. એ પોતાના લશ્કરને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું: "શામી લશ્કરનાં નાશ અને અમીર મુઆવિયાના મરણના ભયથી આ કાવતરૂં રચવામાં આવ્યું છે. તમારે આ પ્રપંચની જરાપણ દરકાર ન કરવી જોઇએ. થોડાજ વખતમાં હવે લડાઇનો અંત આવી જશે અને જીત આપણી છે, તમારે લડવાનું ચાલુ રાખવું જોઇએ."

હઝરત અલી અ. ના લશ્કરે ઉત્તર આપ્યો: "અમોને પવિત્ર કુરાનનો વાસ્તો દેવામાં આવે છે. અમે પનાહ માંગનારાઓને કેમ કતલ કરીએ?" હઝરત અલી અ. એ ફરમાવ્યું: "આ માત્ર પ્રપંચજાળ પાથરવામાં આવી છે. તેઓ ખરા દિલથી પનાહ માંગવા તૈયાર નથી. તમારે એ પ્રપંચમાં ફસાવું ન જોઇએ. મને ઓળખો. હું કુરાને નાતિક છું. મારી ફઝીલત કાંઇ ઓછી નથી. છતાં લશકરે વધુ સાંભળવાની કાંઇપણ દરકાર ન કરી.

લશ્કરની આવી વિપરીત દશાથી હઝરત અલી અ. એ ઘણાંજ ખિન્ન થઇ ફરીવાર એકલે હાથે લડી લેવાનો ઇરાદો જાહેર કર્યો. આ જોઇને હઝરત અલી અ. ના સાથીદારોએ તેમને ઘેરી લીધા. થોડે દુર માલિક ઉસ્તર શત્રુદળથી લડી રહ્યા હતા. મામલો બિચકેલો જોતાં તેઓ છલંગ મારીને દોડી આવ્યાં અને કહ્યું: "ઓ કુફાવાસીઓ! તમો આ શું કરી રહ્યા છો? તમો કોનો સામનો કરો છો? તમો કયાં જઈ રહ્યા છો? તેનું તમોને કંઈ ભાન છે? લડાઇ પુરી કર્યા વિના અધુરી મુકી દેવાનો આ સમય નથી. જો એમ કરશો તો ઇરાક પાછા સલામત જઈ શકશો નહિ." આ સાંભળી કુફાવાસીઓ ઉશ્કેરાઇને પોતાની તલવારો ખેંચી માલિક ઉસ્તર સામે ધસી ગયા, જેથી હઝરત અલી અ. એ વચ્ચે પડી તેઓને અટકાવ્યા.

## લવાદોની નિમણુંક

હઝરત અલી અ. એ લશ્કરની આવી સ્થિતિ જોઇને શામી લશ્કર જોડે મસલત ચલાવવાનું યોગ્ય ધાર્યું. શામીઓએ પણ સુલેહ કરવાનો તથા બન્ને પક્ષના બે લવાદોની નિમણુંક કરી અને તેઓના નિર્ણયને બંધનકારક ગણવાનો પોતાનો ઇરાદો દર્શાવ્યો અને પોતાનો પક્ષના લવાદ તરીકે ઉમર બિન આસનું નામ આપ્યું. હઝરત અલી અ. એ અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને ત્યાર પછી માલિક બિન ઉસ્તરને પોતાના પક્ષના લવાદ તરીકે નિમવાની ઇચ્છા દર્શાવી. પરંતુ શામીઓએ એ બન્ને નામો કબુલ ન કરતાં અબુ મુસા અશઅરીનું નામ સુચવ્યું. હઝરત અલી અ. અબુ મુસાને પસંદ કરતા નહોતા, છતાં પોતાનાં લશ્કરનો આગ્રહભર્યો વિચાર જોતાં, ગમે તે પરિણામ આવે તેની પરવા કર્યા વિના તેમણે મૌન ધારણ કર્યું. આ રીતે હઝરત અલી અ. ના પક્ષનો લવાદ અબુ મુસા અશઅરી નિમાયો. લવાદોની નિમણુંક થતાં લડાઇ બંધ પડી. આ યુધ્ધમાં બન્ને પક્ષના વીશ હજાર માણસો માર્યા ગયા.

## ઉમ્મર બિન આસનો પ્રપંચ.

સુલેહની શરત અનુસાર આઠ માસ પછી, "દુમ્મતુલ જંદલ" માં બન્ને પક્ષના ચારસો માણસો એકઠા થયા. લવાદી ફેંસલો આપવામાં આવે તે પહેલાં ઉમર બિન આસે ભોળા અબુ મુસાને ખાનગીમાં મળીને, હઝરત અલી અ. અને અમીર મુઆવિયા બન્નેને પદભ્રષ્ટ કરી કોઈ ત્રીજી વ્યકિતને ખલીફ બનાવવાનું સમજાવ્યું. ઉમર આસની આ યુકિતમાં કેવળ રાજરમત અને પ્રપંચ સમાયલો હતો. અબુ મુસા તેનો સહેલાઇથી ભોગ થઇ પડયો. લવાદો પોતાનો ફેંસલો સંભળાવવામાં આવ્યા ત્યારે ઉમર આસે અબુ મુસાને ફુલણજી બનાવી પહેલાં તેને પોતાનો અભિપ્રાય જાહેર કરવા જણાવ્યું. અબ્દુલ્લાહ

બિન અબ્બાસે, અબુ મુસાને તેમ કરવા ના પાડી. પરંતુ અબુ મુસાએ કાંઇ ધ્યાન આપ્યું નહિ અને મિમ્બર ઉપર ચઢીને કહ્યું "હું હઝરત અલી અ. અને અમીર મુઆવિયા, બન્નેના ખિલાફત ઉપરથી હક કાઢી નાખું છું. મુસલમાનો જેને જોઇએ તેને પોતાનો ખલીફા મુકરર કરે." ત્યારપછી ઉમર બિન આસે મિમ્બર પર ચઢીને કહ્યું: "હું પણ હઝરત અલી અ. ને ખલીફપદ પરથી પદભ્રષ્ટ કરૂં છું: અને અમીર મુઆવિયાને તેની જગ્યાએ સ્થાપું છું. તેજ ખરો ખલીફ છે."

અબુ મુસાને ઉમર આસના આ પ્રપંચની સમજું પની ગયા પછી ખબર પડતાં તે ઘણોજ દિલગીર થયો, અને ઉમર આસને તેની ચાલબાજી માટે સખ્ત શબ્દોમાં ઠપકો આપ્યો. ઉમર આસે તેનો કાંઇપણ જવાબ આપ્યો નહિ. બન્ને પક્ષના માણસો વિખરાઇ ગયા, પરંતુ લવાદના અસંતોષ-કારક નિર્ણયને અંગે સુલેહ પડી ભાંગી.

## મીસરમાં બળવો અને ખારજીઓનાં છળપ્રપંચ.

અમીર મુઆવિયાની ઉશ્કેરણીથી મીસરમાં બળવો થયો, તેમાં બળવાખોરોને ખુલ્લી રીતે અમીર મુઆવિયાના સહકારીઓએ સહાયતા કરી. આ બળવામાં હઝરત અલી અ. ની તરફનો ગવર્નર મહમદ બિન અબુબકર માર્યો ગયો. હઝરત અલી અ. ને તેની જાણ થતાં, માલિક ઉશ્તરને મીસર ખાતે તેની કુમકે મોકલાવ્યો. પરંતુ અમીર મુઆવિયાના પક્ષકારોએ માર્ગમાં તેને ઝેર આપવાથી તેઓ મરણ પામ્યા. અમીર મુઆવિયાએ, ઉમર બિન આસને મીસરના ગવર્નરની પદવી આપી અને ત્યાં પોતાની સત્તા જમાવી. આ સઘળું બની રહ્યું હતું, તે દરમ્યાન એક ત્રીજો પક્ષ કાંઇ જુદીજ ગોઠવણ કરી રહ્યો હતો. એ પક્ષ ખારજીઓનો હતો. કુફાની મસ્જિદમાં, અબ્દુર્રહમાન ઇબ્ને મુલજિમ, મુબારક બિન અબ્દુલ્લાહ, અને ઉમર બિન અબુબકર ત્રણેએ મળીને એવો નિર્ણય કર્યો કે "ખિલાફતના ઝઘડા કેવળ ત્રણ વ્યકિતઓને લઇને થાય છે. માટે હઝરત અલી અ., અમીર મુઆવિયા અને ઉમર બિન આસને ઠાર કરવા જોઇએ." આ નિર્ણય અનુસાર, અમીર મુઆવિયાનો વધ કરવા રમઝાન માસની સતરમી તારીખે, મુબારક દમિશ્ક ભણી રવાના થયો. ઉમર બિન આસનો પ્રાણ લેવા ઉમર બિન અબુબકરે મીસર તરફ પ્રયાણ કર્યું, અને ઇબ્ને મુલજિમ હઝરત અલી અ. નું ખુન કરવાના ઇરાદાથી કુફામાં રહ્યો.

રમઝાન માસની અઢારમી તારીખે, અમીર મુઆવિયા દમિશ્કની મસ્જિદમાંથી બહાર આવવા ઉભા થતાં, મુબારકે તેના પર તલવારનો ઘા કર્યો. પરંતુ તે પાછા હઠી જવાથી ખભા ઉપર ઝખમ લાગ્યો અને ખભાનું હાડકું માંસ સાથે કપાઇ ગયું. આથી અમીર મુઆવિયા જમીન પર પડી ગયા. હાજર રહેલા લોકોએ તરતજ મુબારકને પકડી લીધો. અમીર મુઆવિયાએ ભાનમાં આવ્યા પછી મુબારકનો વધ કરાવ્યો.

મીસરમાં ઉમર આસ બિમાર હોવાથી મસ્જિદમાં આવી ન શકયો તેથી, તેણે પોતાના બદલામાં બીજા શખ્સને મોકલાવ્યો, જેને ઉમર આસ સમજી, ઉમર બિન અબુબકરે તેનું ખુન કર્યું. હાજર રહેલાઓ તેને પણ તરતજ પકડી લીધો અને ત્યાંજ તેને કતલ કરી નાખ્યો.

## જંગે નહેરવાન.

આ મહાન લડાઇ હઝરત અલી અ. અને ખારજીઓ વચ્ચે નહેરવાન નામના મુકામે થઇ હતી. ખારજી શબ્દ મુળ અરબી ભાષાનો છે, જેનું બહુવચન "ખારીજ" છે અને જેનો અર્થ સમુહ-માંથી બહાર નીકળેલા થાય છે, તે પ્રમાણે આ ખારજીઓ ખોટી રીતે દોરવાઇ જઇને હઝરત અલી અ. ના પક્ષકારોથી બહાર નીકળી જુદા પડયા હતા. અને બળવા કરીને ચાલુ વાતાવરણમા ખલલ

પાડવાનો ભાગ રાજદ્વારી દ્રષ્ટિએ તેઓએ ભજવ્યો હતો. પરિણામે હઝરત અલી અ.ની ખિલાફતના છેલ્લા બે વર્ષ તેમજ ઉમૈયા- ઓના રાજઅમલ દરમ્યાન બન્ને પક્ષોની વચ્ચે આવી મુસ્લિમ સામ્રાજ્યનાં પુર્વ ભાગની શાંતિનો ભાગ કર્યો હતો અને ખાસ કરી હઝરત અલી અ. ઉપર અમીર મુઆવિયાને ફાવી જવાનો માર્ગ તેઓએ સરળ બનાવી દીધો હતો.

જંગે સિફફીનમાં અમીર મુઆવિયાએ હઝરત અલી અ. સન્મુખ મુકેલી દરખાસ્તથી ઇસ્લામમાં ફિરકા પડવાનો પ્રથમ પ્રસંગ ઉભો થયો. તે માટે ખાસ કરી બની તમીમવાળાઓએ તો જ઼ઘડાનો સીધો વિરોધ દર્શાવ્યો અને તેઓ ઇલ્હાદી વાણીમાંના "ખુદા સિવાય અન્ય કોઇને હુકમ કરવાનો અધિકાર નથી-લા હુકમ ઇલ્લા લિલ્લાહ"નો પોકાર કરતા લશ્કરમાંથી નીકળી જઇને ચાલ્યા ગયા, જેથી તેઓ "ખારજી" નામે ઓળખાયા છે. તેઓ હરૂરા નામના ગામડા ભણી કુચ કરી જતા રહ્યા અને એક અજાણ્યા સિપાહી અબ્દુલ્લા બિન વહબ અલ રાશીબીને પોતાના સરદાર તરીકે ચુંટી કાઢયો. ખારજીઓની બીજી નામસંજ્ઞા "હરૂરીયા" આ ગામડાના નામ ઉપરથી પડી છે. આ ખારજીઓનો નાનો સમુહ ધીરે ધીરે વધતો ગયો અને નહેરવાનની નહેરનાં કાંઠે છાવણી નાખી પોતાના બળવાખોર લશ્કર સાથે ઇબ્ને વહબે મુકામ કર્યો હતો.

હઝરત મુહમ્મદ સ.ની ભવિષ્યવાણી હતી કે, "યા અલી! તમારી જાહેરી ખિલાફતના વખતમાં એક સમુહ તમારી સખ્ત દુશ્મનાઇ કરશે. તેઓ મોઢેથી કુરઆન! કુરઆન! કહેશે પરંતુ કુરઆનનાં હુકમની દરકાર કરશે નહિ. એ કોમો આદ અને સમુદની કોમો જેવી કરી ગયેલી કોમો હશે. તીર કમાનમાંથી નીકળી જાય છે તેમ એ લોકો નાસી જશે. એ કોમ પોતાને મુસલમાન કહેવડાવશે, છતાં તેને ઇમાન લેશ પણ હશે નહિં." નહેરવાનના ખારજીઓ તેની નિશાની રૂપ હતા, એમ કહીએ તો કાંઇ અતિશ્યોકિત જેવું નથી. આ ખારજીઓ છેવટે મદયન સર કરી ત્યાંની પ્રજા ઉપર દરેક પ્રકારના જુલમો કરી ભારે લુંટફાંટ ચલાવતા હતા.

હઝરત અલી અ.ને આ ખબર પહોંચ્યા ત્યારે તેઓશ્રીએ પ્રજાને દુઃખમાંથી છોડાવવાનો ઇરાદો કર્યો. બીજી તરફથી પ્રજાજનોએ પણ પોતાને આ આફતમાંથી મુક્ત કરવા અરજ કરતાં, હઝરત અલી અ.એ ખારજીઓ ઉપર ચડાઇ કરવા વિચાર કર્યો. પરંતુ અમીર મુઆવિયા શામમા એંસી હજારનું લશ્કર એકઠું કરીને તેઓશ્રી સામે લડવાની તૈયારી કરવા લાગ્યો હતો. હઝરત અલી અ. પણ તેના બચાવમાં લશ્કર એકઠું કરી રહ્યા હતા. આ લશ્કરને શામ ભણી કુચ કરવાની હતી પણ સંજોગને લઇ તેને ખારજીઓ સામે લડવા નહેરવાન ભણી રવાના કર્યું. આ લશ્કરે "મારઝાન" નામની મન્ઝિલ પાસે પહોંચી પડાવ નાખ્યો.

ત્યારપછી બન્ને પક્ષોએ પોતાની હરોળ સમારીને એક બીજાનો સામનો કરવાની વાટ જોવા લાગ્યા. હઝરત અલી અ.એ પોતાનો વાવટો એક ઉંચાણવાળી ભુમિ ઉપર ખોડીને જાહેર કર્યું કે, "જે માણસ શત્રુના લશ્કરમાંથી છુટો પડી અમારા વાવટા તળે આવશે તેને અમાન આપવામાં આવશે અથવા જે સિપાહીઓ અમારો સામનો નહિં કરતાં કુફા ભણી ચાલ્યા જશે અથવા મદયન પાછા જશે, તેઓને પણ સલામતી મળશે." આ જાહેર કર્યા પછી હઝરત અલી અ.એ છ હજાર ચુનન્દા લડવૈયા વાવટાના રક્ષણ માટે ફરતા ગોઠવી દીધા. આ જોઇ ખારજીઓમાં ભય પેસી ગયો, જેથી ખારજીઓમાંથી કેટલાક લડવાનું માંડી વાળી કુફા તરફ વિદાય થવા લાગ્યા અને કેટલાકોએ હઝરત અલી અ.ના વાવટા તળે આવીને અમાન મેળવી. આ સ્થિતિ જોઇને અબ્દુલ્લા બિન વહબ ખારજી વિચારમાં પડયો, કારણ કે આ પ્રકારે લશ્કરનો મોટો ભાગ છુટો પડી ગયો અને તેની પાસે કેવળ ચાર હજારજ લડવૈયા રહ્યા. આવી સ્થિતિ નિહાળીને ઇબ્ને વહબને નાસી છુટવાનું મન થયુ,

પરંતુ તેમ થવું અશક્ય હતું. જો તેનું લશ્કર નાસવા જાય તો તેની આગમચ ઘેરાઇ જાય એવા ભયમાં તે હતું. આથી તેણે મરણીયા થઇને લડવા માટે લશ્કરને હુકમ આપ્યો.

લડાઇનો ધોરણસર આરંભ થયો. રણક્ષેત્રમાં ધુળનાં ગોટેગોટા ઉડવા લાગ્યા, યુધ્ધની આગ સળગી ઉઠી, ઇબ્ને વહબ હઝરત અલી અ.ને અસભ્યતા અને તોછડાઇથી બોલાવીને પોતાનો સામનો કરવા કહેવા લાગ્યો. હઝરત અલી અ. ઝુલફિકારની મુઠ ઉપર પોતાનો હાથ મુકી સામે આવી ઉભા રહ્યા. બન્નેં વચ્ચે યુધ્ધની ઝુંબેશ થવા લાગી. સામસામે વાર થવા લાગ્યા. અંતે અબ્દુલ્લા ઇબ્ને વહબ હઝરતં અલી અ.ની ઝુલફિકારનો ભોગ થઇ પડયો અને તેના ઉભા સીધા બે કટકા થઇ જવાથી ચીરાઇ જઇને ભોંય પર પડયો.

ત્યારપછી હઝરત અલી અ. ખારજીઓના લશ્કર ઉપર તુટી પડયા અને કતલેઆમ ચાલવા લાગી. થોડી વારમાં સઘળા ખારજીઓ કતલ થઇ ગયા. તેઓમાંના માત્ર નવ જણાજ જીવતા રહ્યા. તેઓ આશ્રય શોધી પોતાનો પ્રાણ બચાવવા આમતેમ દોડી રહ્યા હતા. હઝરત અલી અ.ના લશ્કરમાંથી ફકત નવ માણસોજ માર્યા ગયા હતા. એ રીતે આ લડાઇનું પરિણામ આવ્યું અને ખારજીઓનો ઉપદ્રવ શમ્યો. લડાઇને અંગે હજારો ખારજીઓની લાશોના ઢગલા થયા હતા. ખાડા ખોદી તેઓને દફન કરી હઝરત અલી અ.એ પોતાના લશ્કર સાથે સંપુર્ણ જીત મેળવી પાછું કુફા ભણી પ્રયાણ કર્યું.

## સલમાન ફારસી.

મહાન અસહાબી સલમાન ફારસી મુળ ઇરાની વંશનાં હતા. તેમનું અસલ નામ "માહબીહ" અથવા 'રૂઝબીહ' હતું. કાઝરૂન અને શિરાઝ વચ્ચે આવેલા 'અરજાન' નામના સ્થાનમાં કે ગુશાયર અથવા ઇસ્ફહાનના એક ગામડામાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા બુઝખશાન એક ખેડુત અને મજુસી–અગ્નિ પૂજક હતા, તેમના ઘરમાં ઓલવાય નહિ તેવી આગ સદા સળગતી રહેતી હતી. સલમાન ફારસીએ યુવાવસ્થામાં ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો હતો, પરંતુ તેમણે ખ્રિસ્તી પાદરી કનેથી "અરબસ્તાનમાં એક પયગમ્બર જાહેર થશે" એવી ભવિષ્યવાણી સાંભળી હોવાથી તેઓ એક કાફલા સાથે અરબસ્તાન આવ્યા અને ઇસ્લામ ધર્મમાં દાખલ થયા હતા. ઇસ્લામના આરંભમાંજ ઇમાન લાવનારાઓમાંના તેઓ એક હતા. લશ્કરના બચાવ માટે, જે ખંદકો (ખાઇઓ)નો "જંગે ખંદક"માં ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે ખાઇઓ ખોદવાની સલાહ પણ હઝરત મુહમ્મદ સ.ને તેમણે આપી હતી. હઝરત અલી અ.ની ગુલામીમાં તેઓ પોતાનું સર્વસ્વ સમજતા હતા. તેને અંગે એમનું સ્થાન હઝરત અલી અ.ના દ્વાર પરજ હતું. હઝરત મુહમ્મદ સ. તેઓને "અંતા મિન્ના અહલુલ બયત" કહીને પોતાની અહલેબયતમાંથી ગણતા હતા. હયાતીના છેલ્લા દમ સુધી તેઓ હઝરત અલી અ. અને હઝરત મુહમ્મદ સ.ની સેવામાં મશગુલ રહ્યા હતા. તેઓ બંદગી તથા દીની ક્રિયાઓ ફારસી ભાષામાં કરતા હતા.

## વફાદાર કમ્બર.

હઝરત અલી અ.ના માનીતા ગુલામ તરીકે 'કમ્બરનું' નામ ઇસ્લામી જગતમાં જાણીતું છે. તેનું મુખ્ય નામ "ફતાહ" હતું અને હબશ (એબીસીનીયા)ના બાદશાહનો પુત્ર હતો. કમ્બરના માટે સામાન્ય રીતે એવી વાત પ્રચલિત છે કે તેના અધર્મી કાકાએ, હઝરત અલી અ.નું માથું લાવી આપવાની શરતે પોતાની પુત્રીના લગ્ન તેની સાથે કરી આપવાની કબુલાત આપેલી હોવાથી, કમ્બર મદીને આવીને હઝરત અલી અ.ની શોધ કરવા લાગ્યો. તેટલામાં હઝરત અલી અ.ને આવતા જોઇ તેણે, "હઝરત અલી કોણ છે? કેવા છે? તેમની શકિત સામે કોઇ ટકી શકે કે કેમ?" વિગેરે બાતમી પુછી. હઝરત અલી અ.એ આ પુછપરછ પરથી તેનો હેતુ જાણી લઇને જવાબ આપ્યો 'શરીરના

બાંધામાં, સ્વભાવમાં અને શકિતમાં તેઓ બરાબર મારા જેવા જ છે, જો તું મને કુસ્તીમાં જીતી શકીશ તો હઝરત અલી અ.ને પણ જીતી શકીશ અને તારો હેતુ પણ પાર પડશે.' આ સાંભળી કમ્બર હઝરત અલી અ. સાથે કુસ્તી લડયો અને તેમાં તે હારી ગયો. ત્યારપછી હઝરત અલી અ. એ ફરમાવ્યુંઃ "હું પોતેજ અલી છું, તને મારૂં માથું જોઇએ તો લે આ તલવાર, અને મારૂં માથું ખુશીથી કાપી તારી મુરાદ બર લાવ." આ પ્રકારની દિલેરી જોતાં કમ્બર પર ઊંડી અસર થઇ અને હઝરત અલી અ.ને પોતાના આકા તરીકે કબુલ કરીને તેણે તેઓશ્રીની ગુલામી સ્વીકારી તથા જીવનભર વફાદાર રહી હઝરત અલી અ. પર કુરબાન થનાર એક ભલા ગુલામ તરીકે પોતાનું નામ જગતભરમાં અમર કર્યું.

## "લા ફતા ઈલ્લા અલી..."

હઝરત અલી અ. શકિતમાં "કુવ્વતે પરવરદિગાર" હતા. તેઓશ્રીએ ભલભલા દેવો તથા પહેલવાનોને યુધ્ધમાં પછાડયા હતા. દુલદુલ ઘોડો અને બેધારી તલવાર–ઝુલફિકાર સામે જગતભરની કોઇપણ શકિત એમના સામે ફતેહ મેળવવા અશકત હતી. આ સબબે તેઓ "લા ફતા"ની સંજ્ઞાથી જાણીતા છે. જ્યારે કેટલાક ઇતિહાસકારોની માન્યતા પ્રમાણે 'જંગે ઓહદ'માં તેઓ આ સંજ્ઞાથી મશહૂર થયા છે. હિજરી સન ૩માં, જંગે ઓહદની યાદગાર લડાઇ થઇ ત્યારે અબુ સુફિયાન અને તેની સ્ત્રી હિંદાએ અરબોના કબીલાઓને ઉશ્કેરીને પાંચ હજાર માણસો એકઠા કરી મદીના પર હુમલો કરવા ઓહદ નામક સ્થળ પાસે પડાવ નાખ્યો. હઝરત મુહમ્મદ સ.એ તેનો મુકાબલો કર્યો. જ્યારે યુધ્ધ જામ્યું, દરમ્યાન કેટલાક ઇસ્લામીઓ હઝરત નબી સાહેબને રણભુમિમાં મુકીને નાસી ગયા હતા. આ યુધ્ધમાં ઇસ્લામી ઝંડો હઝરત અલી અ.ના હાથમાં હતો. હઝરત અલી અ. ઘણીજ શુરવીરતાથી લડયા હતા.

સુન્ની લેખકોની લખેલ "મઆરેજુન્નબુવત" અને 'કશફુલ ગુમ્માહ' નામક કિતાબોમાં લખેલ છે કે, "આ યુધ્ધ વખતે ફિરસ્તાઓએ "**લા ફતા ઈલ્લા અલી, લા સૈફ ઈલ્લા ઝુલફિકાર**" નો નાદ કરી હઝરત અલી અ. ની મહાન શુરવીરતાના કારણે તેઓશ્રીને અજોડ માન આપ્યું હતું. જ્યારે સુફીઓની દ્રષ્ટિએ 'લા ફતા'નો લક્ષ્યાર્થ હઝરત અલી અ. ની મહાન દૈવી શકિત તરફ છે.

## મેઅરાજ.

'મેઅરાજ'નો અર્થ 'ચડવું' થાય છે. હઝરત મુહમ્મદ સ. બૈતુલ મુકદ્દસની મસ્જિદુલ અકસાથી જીબ્રઇલ અ. સાથે બુરાક નામના એક સફેદ અશ્વ ઉપર સવારી કરી આકાશ ભણી ગયા હતા. 'મેઅેરાજ'ના માર્ગ દરમ્યાન "શેરે બબર" અર્થાત કેસરી સિંહ તેમની વાટ રોકતાં નબી સાહેબે પોતાની આંગળી મુબારકમાંથી વીંટી ઉતારી સિંહ પાસે ફેંકી. આ જોઇને સિંહે તરત માર્ગ મોકળો કરી આપ્યો. હઝરત મુહમ્મદ સ. આગળ વધ્યા અને પહેલા તેમણે સઘળા પયગમ્બરોની મુલાકાત લીધી. પછી પરવરદિગારની હુઝુરમાં ગયા, જ્યાં અલ્લાહતઆલા સાથે વાતચીત કરતાં અલ્લાહનો અવાજ હઝરત અલી અ. ને મળતો આવ્યો. એ સાંભળીને તેવણ ઘણા તાજુબ થયા. તે પછી તેમની પાસે જમણનો કુદરતી થાળ આવ્યો અને જમવાનો હુકમ થયો. નબી સાહેબે અરજ કરી કે "બારે-તઆલા! હું એકલો જમતો નથી." તરત પરદામાંથી હાથ બહાર નીકળ્યો. આ હાથ મુબારકની એક આંગળીમાં, માર્ગમાં વચ્ચે આવનાર સિંહને આપેલી વીંટી જણાઇ. એ જોતાં "શેરે ખુદા" તરીકે હઝરત અલી અ. યાદ આવ્યા, અને પરવરદિગારની તારીફમાં તલ્લીન થઇ, 'ખુદાવંદી ભેદ ખુદાજ જાણે' એમ સમજી તેઓશ્રીએ મૌન ધારણ કર્યું. ત્યારપછી મેઅરાજ પરથી પાછા ફર્યા. બેઅસતના બારમા વર્ષમાં હઝરત મુહમ્મદ સ. ને મેઅરાજ થઇ હતી.

## અલી ઈલાહીઓ.

આ પંથના લોકો આખા ઇરાનમાં પ્રસરેલા છે. જેઓ "અલી ઇલાહી" અથવા "અલીયુલ્લાહી" ના નામે ઓળખાય છે. લેંગ્સના "ચાલડીયન વોયેજ" (ચાલડીયામાં મુસાફરી) નામના પ્રવાસગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૯ મી સદીના આરંભમાં "અલી ઇલાહી" ના મુખ્ય મથકો ઉત્તર કંદહાર, કાબુલ અને કાશાન હતા. ઇરાનમાં તેઓનું વડું મથક કિરમાનશાહ છે. એચ. ટી. લાસબરકના જણાવ્યા પ્રમાણે આ પંથના લોકો હિંદમાં પણ સંખ્યાબંધ છે.

દબિસ્તાન-અલ-મઝાહિબમાં જણાવવામાં આવ્યું છે કે, એ પંથવાળા, હઝરત અલી અ. ને ખુદા તરીકે માને છે. એ પંથના અનુયાયીઓ એવો દાવો કરે છે કે હઝરત આદમ અ. થી લઈને હઝરત મુહમ્મદ સ. અને હઝરત અલી અ. ના સમય સુધી, નબીયો અને અવલિયાઓના જીસમમાં "અલી અલ્લાહ." વાસો કરતો રહ્યો હતો, અને એવીજ રીતે ઇમામના શરીરમાં ખુદાનું નૂર દાખલ થયું છે, અને એ પ્રમાણે 'અલી અલ્લાહ'નો ઝહુર થયા કરે છે. એ નૂર હઝરત અલી અ. પછી તેઓશ્રીના હકદાર વિખ્યાત વંશજમાં ઉતરતું આવે છે. નબીઓ અને રસુલોમાં પણ હઝરત મુહમ્મદ સ. અને હઝરત અલી અ. હતા, એમ પણ તેઓ માને છે.

અલી ઇલાહીઓ માને છે કે, આકાશી રૂહોને માનવીઓ અન્ય રીતે ઓળખી શકતા નથી તેથી તેમણે જીવંત આકારમાં વારંવાર દેખાવો પણ દીધા છે. ખુદા પણ મનુષ્ય સ્વરૂપમાં પ્રગટ થયો છે, પરંતુ ખાસ કરીને હઝરત અલી મુરતઝા અ. રૂપે તેણે ઝહુર કર્યો હતો, આ માન્યતાને અંગે હઝરત અલી અ. ની વ્યકિત અલ્લાહ છે અથવા ખુદાની ઝાત છે, અને તેઓ તેમની પુજા કરવી હલાલ માને છે. આ પંથના અનુયાયીઓ પુનર્જન્મમાં માને છે. તેઓનો એવો મત છે કે હઝરત અલી અ. આ દુનિયા તજી ગયા પછી સુર્યમાં વસવાટ કરી રહ્યા છે, તેટલા માટે તેઓ સુર્યને પણ "અલી અલ્લાહ" કહે છે. એમાંનો એક વિભાગ, મનુષ્ય રૂપે હઝરત અલી અ. પૃથ્વીપર રહેતા હોવાનું, અને કેટલાક "અલી ઇલાહીઓ" પંજેતનમાં ઇલાહીયત હોવાનું માને છે. હઝરત મુહમ્મદ સ. હઝરત અલી અ. જનાબ ફાતિમતુઝ-ઝોહરા, હઝરત હસન અ. અને હઝરત ઇમામ હુસેન અ. એ પાંચે એકજ આત્માના બનેલા છે અને તે પાંચે તનમાં સામાન્ય અંશે મૌજુદ માને છે. તેઓમાંથી એક કોઇ પણ બીજાથી સરસ નથી. તેઓ "અસહાબ-ઉલ-કીસા"-કામળીવાળી પાંચ વ્યકિતઓ છે.

તેઓના ધર્મના વંશપરંપરાના વડાનો ઇલ્કાબ "પીર" છે, અને તેના પ્રતિનિધિઓ "દલીલ" (ખાદીમ) કહેવાય છે, જે ક્રિયાકાંડ કરે છે. તેમાં પ્રસાદી વેંચનારાઓ "ખુલ્ફાઓ" તરીકે ઓળખાય છે. તેમનાં ધર્મપુસ્તકો કુર્દિશ ભાષામાં છે. જેમાનું એકનું નામ "કિતાબે સંજનાર" અથવા "કિતાબે સહર મલીક" છે. તેઓનાં મૌલવીઓ કાંઇપણ ઇજા પામ્યા વિના બળતા અંગારા ઉપર બેસે છે.

## નુસેરીઓ.

"નુસેરી" નામનો એક પંથ પણ હઝરત અલી અ. ને અલ્લાહ તરીકે માને છે. આ પંથના અનુયાયીઓ શામની હદમાં વસવાટ કરી રહ્યા છે. તેનું વર્ણન "શેહરસ્તાની" એ કર્યું છે. નુસેરીઓ ઉદ્દામ મતવાદી શીયાઓ છે. તેઓની માન્યતા છે કે, જુદા જુદા સ્વરૂપોમાં ખુદા દેખાવ દે છે. પ્રથમ હઝરત મુહમ્મદ સ. તે પછી હઝરત અલી અ. અને તેના વારસો સૃષ્ટિમાં સર્વોતમ હોઇ ખુદાએ તેઓની અંદર

દેખાવ દીધો અને એવી રીતે તેઓની મારફતે ખુદા લોકભાષા બોલતો હતો, એ સબબે નુસેરીઓ હઝરત અલી અ.ને ઇલાહીયતનું ખુદ સ્વરૂપ–ઝાતે ખુદા લેખે છે. એ લોકો તેના સમર્થનમાં કેટલાક "મોઅજિઝા" આપે છે. દાખલા તરીકે એક નુસેરીએ શરીયતી આલિમની મૌજુદગીમાં, "અલ્લાહ" કહેવાથી તેણે ચુગલી ખાધી જેથી હ૦ અલીએ તેને સિત્તેર વખત કતલ કર્યો અને દરેક વખતે "અલી અલ્લાહ" કહેતો તે જીવતો થયો. એવી અજાયબી ઉપજાવનારી શકિત જોઇને નુસેરીઓ નિર્ણય ઉપર આવ્યા કે "ઇલાહી" અંશ અને સર્વશકિતમાનની "ઝાતે સિફાતી" હઝરત અલી અ.માં વસે છે. તેઓ દાવો કરે છે કે, અલી અ.ના સ્વરૂપમાં ખુદા રહેતો હતો ને સ્વમુખે ખુદાવંદી ફરમાન કરતો હતો. તેઓ માને છે કે આકાશ અને જમીનની રચના અગાઉ હઝરત અલી અ. મૌજુદ હતા.

નુસેરીઓનો મુખ્ય સિધ્ધાંત એવો કહેવામાં આવે છે કે તેઓ ખુદાની **તસ્લીસ** અર્થાત "મા'ના" (અર્થ–હેતુ), "ઇસ્મ" (નામ) અને "બાબ" (દ્વાર) માં માને છે. "ઇસ્મ" મનુષ્યની આંખો સામે ચોકકસ રૂપમાં ખુદાની ઝાત રજુ કરે છે અને તેના કલામનો ખુલાસો કરવાનું કામ "બાબ" નું છે.

નુસેરીઓ માને છે કે સાત યુગમાં ખુદાએ મનુષ્ય રૂપે અવતાર લીધો છે અને તેને તેઓ પોતની ભાષામાં "કુબ્બા" (Cupola) કહે છે. છેલ્લા દૌરમાં હઝરત મુહમ્મદ સ.ની પયગમ્બરી દરમ્યાન "મા'ના" એ હઝરત અબુ તાલિબના ઘેરે હઝરત અલી અ.ના રૂપે દેખાવ દીધો અને હઝરત મુહમ્મદ સ. એ યુગના "ઇસ્મ" હતા. જ્યારે "બાબ" સલમાન ફારસી હતા. આ ઉપરથી તેઓએ આ ત્રણે વ્યકિતઓનાં નામના આરંભનો અક્ષર લઇ ત્રણેને એક સાથે જોડી એક શબ્દ "અમસ" બનાવ્યો છે જે "અયન–મીમ–સીન "નો બનેલો છે.

ઇતિહાસિક સત્તાધારી કથન અનુસાર આ પંથની ઉત્પત્તિ હિજરી સન ૨૭૦માં થઇ હતી. એ ગણતરીએ દરૂઝીઓ કરતાં સવાસો વર્ષ આગળથી આ પંથવાળાઓની હસ્તી હતી.

## દરૂઝીઓ.

દરૂઝી ફિરકાની મોટી વસ્તી સીરીયાના લીબનાનના પહાડી પ્રદેશમાં આવેલી છે. તેઓ સ્વતંત્ર રાજ્ય પણ ધરાવે છે અને ફ્રેન્ચોના તાબે સીરીયા આવ્યા પછી દરૂઝીઓએ તેનો સખ્ત સામનો પણ કર્યો હતો. આ યુધ્ધ પછી તેઓ સમજુતી ઉપર આવ્યા હતા. તેઓ પોતાને મુસલમાન અને એકેશ્વરવાદી અર્થાત એક ખુદાને માનનારા તરીકે ઓળખાવે છે.

હિજરી સન ૪૦૭માં દરૂઝીઓએ ખુદાના સ્વરૂપ તરીકે બની ફાતિમી ખલીફ હઝરત હાકિમ બે–અમ્રિલ્લાહ અ.ને જાહેર કર્યા. દરૂઝી પંથના એક ઉપદેશકે કેરોમાં આવીને આ ધર્મનો પ્રચાર કર્યો હતો. એ ઉપદેશકનું નામ મુહમ્મદ બીન ઇસમાઇલ દરૂઝી હતું. તે હઝરત હાકિમ બે–અમ્રિલ્લાહ અ.ની સેવામાં જોડાયો. તેણે દરૂઝી પંથની સ્થાપના કરી અને સૃષ્ટિનાં સર્જનહાર તરીકે હાકિમ બે–અમ્રિલ્લાહ અ.ને દર્શાવ્યા. તેના પ્રચારને દરૂઝીઓએ ટેકો આપ્યો. મુહમ્મદ બિન ઇસમાઇલે એક પુસ્તક લખ્યું છે, તેમાં તેણે એવો દાવો કર્યો છે કે, હઝરત આદમ અ.નું નુર હઝરત અલી અ.ના પવિત્ર જીસમમાં આવ્યું અને હઝરત હાકિમ બે–અમ્રિલ્લાહ અ.ના પુર્વજોમાંથી પસાર થતાં છેલ્લે હઝરત હાકિમ બે અમ્રિલ્લાહ અ.માં દરીહામ થયું.

કહેવામાં આવે છે કે હઝરત હાકિમ બે–અમ્રિલ્લાહ અ.ની સાથે રથમાં બેસીને એક વાર મુહમ્મદ બિન ઇસમાઇલ દરૂઝી જતો હતો, તેના ઉપર એક તુર્ક ધસી જઇને તેને કતલ કરી નાખ્યો. પરંતુ દરૂઝીઓના પુસ્તકો ઉપરથી એમ દેખાય છે કે તે ચમત્કારીક રીતે બચી ગયો. અબુલ મોહસીન અને કેટલાક અન્ય ઇતિહાસકારોનું કહેવું છે કે હઝરત હાકિમ બે અમ્રિલ્લાહ અ.ની દઅવતનો પ્રચાર

છુપી રીતે દરૂઝીઓ સીરીયાનાં પહાડોમાં કરતા હતા. વળી હઝરત હાકિમ બે-અમ્રિલ્લાહ અ.ની ઇલાહિયતનો પ્રચાર અકરમ નામના એક ઇસમે કર્યો હતો, પરંતુ તેનું પ્રચારકાર્ય કેરો શહેરમાંજ મર્યાદિત હતું.

કેટલાકોનો એવો મત છે કે આ ફિરકાનો સ્થાપક હમઝા બિન અલી હતો, જેના પત્રોનો સંગ્રહ યુરોપમાં છપાયો છે. હઝરત અલી અ.ના સર્વથી વધુ વફાદાર હોવાનો દાવો જે લોકો કરતા હતા, તેઓના ખ્યાલો અનુસાર હમઝા બિન અલીએ દરૂઝી પંથની ઇમારતનો પાયો નાખ્યો હતો. હમઝાએ પુનર્જન્મના સિધ્ધાંતની વિરૂધ્ધ એક પુસ્તક લખ્યું છે, પરંતુ તેને મળતીજ માન્યતાને તે પોતે સમર્થન કરતો દેખાય છે. દરૂઝો માને છે કે, મનુષ્યનું રૂહ જુદા જુદા શરીરમાંથી પસાર થાય છે અને એ પ્રકારે તેમાંથી નોખનોખા શખ્સો બને છે. સઘળા શખ્સોના જોડાણથી ઉંચે આવેલું જગત, અને પાતાળના લોકો વચ્ચે ભેદ દર્શાવતો મનુષ્યોનો એક વર્ગ આ રીતે બને છે. એ માનવોની સંખ્યા દરેક સમયે અને હમેશ એકજ ગણત્રીની હોય છે. તેમાં વધઘટ થતી નથી.

વળી હમઝા કહે છે કે, જે પહેલો "નાતિક" છે, તેજ આખરી "નાતિક" છે. જુદા જુદા "ખમીસ" (=envelope=આચ્છાદાન) તેણે ધારણ કર્યાં છે. દરૂઝીઓ જેને "નાતિક" તરીકે માને છે તે પાંચ "નાતિકો" ના નામ આ પ્રમાણે છે:—હઝરત નુહ, હઝરત ઇબ્રાહીમ, હઝરત મુસા, હઝરત ઇસા અને હઝરત મુહમ્મદ સ. તેઓમાં ખુદાએ જુદા જુદા સ્વરૂપે દેખાવ દીધો છે.

કર્મના બદલા તરીકે મનુષ્યને મળતી સજાઓમાંથી ધર્મના અનુક્રમ અનુસાર ઉંચેથી લઇ હલકા દરજ્જામાંથી આત્માને પસાર થવું પડે છે અને આ ઉતરતી જતી પંકિત પ્રમાણે તેને એક "ખમીસ"માંથી બીજા "ખમીસ"માં જવું પડે છે. અંતે જ્યારે સઘળા આત્માઓ એકેશ્વરવાદમાં-વહેદાનિયતમાં "વાસિલ" થાય છે ત્યારે તે "કમાલિયત"નો દરજ્જો મેળવે છે અને તે પછી તેનો પુનર્જન્મ થતો અટકે છે.

## મૌલાઇઓ.

આ ફિરકાવાળાઓ પણ હઝરત અલી અ.ને અલ્લાહ તરીકે માને છે. તેઓનું કહેવું છે કે હઝરત અલી અ. આદિ અને અનાદિ છે. ઇમામનાં 'જમા'માં તેઓનો ઝહુર થાય છે અને હમેશાં પૃથ્વી પર તે મૌજુદ હોય છે. મૌલાઇઓ કહે છે કે, કાળી અને વાસ મારતી માટીમાંથી બનેલા હઝરત આદમ અ.ના પુતળામાં ખુદાએ ઝહુર કર્યો ત્યારે ફરિશ્તાઓએ તેમને સિજ્દો કર્યો. હઝરત મુસા અ.ને ખુદાનું નુર ઝાડમાં દેખાયું તેથી તેઓએ ઝાડની 'તાઅઝીમ' કરી. તેજ પ્રમાણે ખુદા હમેશાં ઇમામના 'જમા'માં ચાલુ પ્રકાશિત રહે છે. દુનિયામાં "ઇમામ" એ "અકલે કુલ્લ" છે. એને બીજી કોઇ અકકલ પહોંચી શકતી નથી. ઇન્સાન અશરફ-ઉલ-મખલુકાત છે અને ઇન્સાન માત્રથી ઇમામની ઝાત ઉત્તમ છે. તેના શરીરમાં ખુદાનું નુર પ્રસરી રહેલ છે. ખુદા સ્વયં નુર છે અને તે નુર ઇમામમાં સમાયેલું હોય છે. તે નુરની 'શિકલ' કે 'શબીહ' (છબી) હોતી નથી. તે નુરનાં માબાપ હોતા નથી. મૌલાઇનો 'હક' એ 'નુર' છે અને તે હંમેશા કાયમ દાયમ છે; અર્થાત મૌલાઇઓ પોતાને 'નુર પરસ્ત' માને છે. છેલ્લા દૌરમાં એ નુર હઝરત અલી અ.માં કરાર પામ્યું અને તે પછી તેમના વંશજોમાં "મુન્તકલ" થતું રહ્યું. તેઓ કહે છે કે હઝરત અલી અ. અલ્લાહની જબાનથી બોલતા હતા. અલ્લાહના કાનોથી સાંભળતા હતા, અલ્લાહની આંખોથી જોતા હતા અને અલ્લાહના હાથોથી કામ કરતા હતા. એકંદર એમનું સર્વસ્વ અલ્લાહનુંજ હતું અને તેના પછી ઇમામના 'જમા'માં અલીજ છે. **'હુય ભી અલી અને હોયસે ભી અલી'**એ સિધ્ધાંત મૌલાઇનો જીવનમંત્ર છે.

આ મૌલાઇઓ મધ્ય એશિયામાં લાખોની સંખ્યામાં વસે છે. તેમને બોધ આપનાર હકીમ નાસિર ખુસરો થઇ ગયા છે, જેને આજે નવસો વર્ષ પસાર થયા છે, છતાં તેઓ આજે આબાદ છે અને ઇમામની પ્રેમમસ્તીમાં ચકચુર છે. હઝરત અલી અ.ને એ પ્રમાણે અનેક ફિરકાઓ "અલ્લાહ" તરીકે માને છે. જેમાં શેખ, ગાલીયા, ખિઝરવી, મુવેદાની, શમ્સી, ઇસમાઇલી, બાતિની વગેરેનો પણ સમાવેશ થાય છે.

## હઝરત અલી અ૦ની વફાત.

રમઝાન માસની તા. ૧૮મીની સવારમાં અબ્દુર્રેહમાન ઇબ્ને મુલજિમ તેનાં બે સાથિઓ સાથે કુફાની મસ્જિદમાં દાખલ થયો. હઝરત અલી અ. એકાંતમાં હતા. આ લોકો ખુન કરવાના ઇરાદાથી આવ્યા હતા. બન્નેમાંથી એક જણે તલવારનો વાર કર્યો અને તે ખાલી ગયો. તે પછી બીજી બાજુથી ઇબ્ને મુલજિમે તલવારનો ઘા કર્યો. તે હઝરત અલી અ.ના મુબારક માથા પર લાગ્યો તેથી તેઓશ્રી સખ્ત ઝખમી થયા. તે પછી ખુની અને તેના સાથીઓએ નાસભાગ કરી મુકી. તેમાંથી પેલા બે જણ તો ક્યાંક નાસી છુટયા, પરંતુ ઇબ્ને મુલજિમ પકડાઇ ગયો. હઝરત અલી અ.ને જખમી હાલતમાં ઘેર લઇ જવામાં આવ્યા, તેમની સારવાર કર્યા છતાં જખમ ઝેરી હોવાથી પ્રાણઘાતક નિવડયો. અંતે તેઓ એજ માસની ૨૧મી તારીખે હિજરી સન ૪૦માં વફાત પામ્યા.

હઝરત અલી અ.એ જાહેરી ખિલાફત પાંચ વર્ષ ભોગવી હતી અને તેઓશ્રીની ઇમામતનો સમય ૪૩ વર્ષ પર્યંત લંબાયો હતો. તેઓશ્રીએ હઝરત ઇમામ હુસેન અ. ઉપર ઇમામતની 'નસ' કરી.

## હઝરત અલી અ૦ની કૃતિઓ.

હઝરત અલી અ.એ પોતાના જીવન સમયમાં કેટલાંક ગ્રંથો લખ્યા હતાં. એ પૈકી "એકસો વચનો"નું એક પુસ્તક છે જેનુ ભાષાંતર રશિદુદ્દીન વતવતે કર્યું છે. હઝરત અલી અ.ના બોધ વચનોનું અંગ્રેજી ભાષાંતર કરીને એડિનબર્ગ શહેરમાં વિલિયમ યુલે છાપ્યું છે, "કલામે મૌલા"ના નામે વિખ્યાત પામેલાં એ બોધ વચનોનાં મશહુર પદો આજે પણ જગેજગ વંચાય છે, જેનું દરેક ભાષામાં ભાષાંતર થયું છે. હઝરત અલી અ. કાવ્યરચના પણ કરતાં હતા. એમની કવિતાઓનું એક "દીવાન" પણ છે, જે અરબી ભાષાના અભ્યાસમાં ચાલુ છે, અને તે અરબી સાહિત્યમાં ઉંચુ સ્થાન ધરાવે છે.

હઝરત અલી અ.ના જીવન દરમ્યાન જુદા જુદા પ્રસંગોએ તેઓએ આપેલા "ખુતબા" (ભાષણો)નો સંગ્રહ સાહિત્યમાં "નહેજુલ બલાગા"ના નામથી સુવિખ્યાત છે. આ પુસ્તકની ટીકા અલ્લામા ઇબ્નુલ હદીદે સામાન્ય ઇસ્લામની દૃષ્ટિએ લખી છે. ઉર્દુ ભાષામાં પણ એમના ખુતબાઓનો સંગ્રહ છાપવામાં આવ્યો છે.

## હઝરત અલી અ.ની બીબીઓ.

હઝરત અલી અ.ની બીબીઓના નામ આ પ્રમાણે છેઃ (૧) જનાબ ફાતિમા ઝોહરા, એમના જીવન દરમ્યાન હઝરત અલી અ.એ બીજા લગ્ન કર્યા નહોતા; (૨) ઉમ્મુલ બનીન બિન્તે હરમ બિન ખાલિદ, (૩) અસમા બિન્તે ઉમીસ-અલ-ખસઅીઆ, (૪) અમામા બિન્તે અબિલ આસ, (૫) મુખબ્બા બિન્તે અમર-ઉલ-કયસ (૬) ઉમ્મે સઇદ બિન્તે ઉરવાહ બિન મસઉદ અસ્સકફીઆ,

(૭) લયલા બિન્તે મસઉદ બિન ખાલિદ અત્તમીમી, (૮) ખુલા (હનીફા) બિન્તે જાફર અલ કયસ અલ હનફીયાહ, (૯) ઉમ્મે હબીબા બિન્તે રબીઆ.

## બાળબચ્ચાં.

(૧) હસન, (૨) હુસેન, (૩) મોહસિન નાનપણમાં ગુજરી ગયા હતા, (૪) ઝયનબ, (૫) ઉમ્મે કુલસુમ એ પાંચે **બીબી ફાતમાના** પેટે અવતર્યા હતા.

**ખુલા** પેટે (૬) મુહમ્મદ અકબર ઉર્ફે મુહમ્મદ હનીફ. **અમામાના** પેટે (૭) મુહમ્મદ બાજા. **લયલાના** પેટે (૮) મુહમ્મદ અસગર, (૯) અબ્દુલ્લા. **ઉમ્મે હબીબાના** પેટે (૧૦) ઉમર (૧૧) રુકૈયા. **ઉમ્મુલ બનીનના** પેટે (૧૨) ઉમર, (૧૩) ઉસમાન, (૧૪) જાફર, (૧૫) અબ્બાસ. **અસમાના** પેટે (૧૬) યાહ્યા અને (૧૭) ઔન.

આ ઉપરાંત ઉમ્મુલ હસન, ઝયનબ સુગરા, મયમુના, અમામા, ફાતિમા, ઉમ્મે હાની અને અને ઉમ્મે સલમા હઝરત અલી અ.ની પુત્રીઓ હતી.

હઝરત અલી અ.ની વફાત પછી કુફામાં ફુરાત નદીના પુરમાંથી ગામનું રક્ષણ કરવા માટે બાંધેલા બંધ (પુસ્તા) નજદીક તેમને દફન કરવામાં આવ્યા હતા. અત્રે પાછળથી 'નજફ' શહેર વસાવવામાં આવ્યું હતું. હઝરત અલી અ.ની વફાત વખતે હઝરત હસન અ.ના કથન અનુસાર તેમની ઉમર ૫૮ વર્ષની હતી. તેમના અન્ય પુત્ર મુહમ્મદ હનીફના જણાવ્યા પ્રમાણે તેમની ઉમર ૬૩ વર્ષની હતી.

# HAZRAT MOWLANA IMAM HUSSAIN.

(A. H. 40-61)

—:o:—

(૨)

# હઝરત મૌલાના શાહ ઈમામ હુસેન અ૦

(હિજરી સન ૪૦-૬૧)

## જન્મ.

હઝરત ઇમામ હુસેન અ.નો મુબારક જન્મ મદીના શરીફમાં તા. ૩ જી શાબાન હિજરી સન ૪માં થયો હતો. હઝરત ઇમામ હુસેન અ. માતાના ઉદરવાસમાં ૭ માસ રહ્યા હતા. ઇતિહાસકારો દર્શાવે છે કે હઝરત ઇસા બિન મરિયમ અને યાહ્યા બિન ઝકરિયા સિવાય એટલો ટુંકો સમય માતાના ગર્ભવાસમાં રહીને જનમ્યા હોય તો તે હઝરત ઇમામ હુસેન અ. છે.

## નામ અને લકબ.

હઝરત ઇમામ હુસેન અ.ના પિતાશ્રી હઝરત અલી અ. અને તેમનાં માતુશ્રી હઝરત નબી સાહેબના પ્યારા પુત્રી જનાબ ફાતિમતુઝ-ઝોહરા છે. એમનું મુખ્ય નામ હુસેન, ઉપનામ 'અબા અબ્દુલ્લાહ' હતું. એમનાં લકબો ઘણાં છે.

## બાલ્યાવસ્થા.

હઝરત ઇમામ હુસેન અ.ની બાલ્યાવસ્થા અને એમના પ્રત્યે એમના નાનાશ્રી હઝરત નબી મુહમ્મદ સ.ના અનહદ પ્રેમના અનેક બનાવો ઇતિહાસોમાં વર્ણવેલાં છે. હઝરત મુહમ્મદ સ. હઝરત ઇમામ હુસેન અ.ને ઘણું ચાહતા હતા. હઝરત મુહમ્મદ સ. બંદગી કરતા અને સિજ્દામાં જતા ત્યારે હઝરત ઇમામ હુસેન અ. પોતાના નાના સાહેબના ખભા ઉપર સ્વાર થતા. તેઓ પાછા ઉતરતાં નહિ ત્યાંસુધી નબી સાહેબ સિજ્દામાં જ રહેતા હતા.

"મશારેકુલ અનાવાર"માં દર્શાવ્યું છે કે, એક વખતે હઝરત ઇમામ હુસેન અ. બે વર્ષની વયે હઝરત અલી અ.ના ખોળામાં બેઠા હતા, ત્યારે જનાબ સલમાન ફારસીએ, હઝરત અલી અ.ની સંમતિથી એમને પ્રશ્ન કર્યો કે, યા ઇમામ હુસેન! આપના પિતાશ્રીની વય કેટલી છે? હઝરત ઇમામ હુસેન અ.એ સ્મિત કરતાં કહ્યું: "સલમાન, તમો મારી નાની ઉમર સમજીને આવો પ્રશ્ન કરો છો? અય સલમાન! ખુદાએ પચાસ હજાર આદમ પેદા કર્યાં અને દરેક આદમ વચ્ચે પચાસ પચાસ હજાર વર્ષ જેટલી મુદ્દત ગુજરી છે. મેં જાતે પ્રથમ આદમને સહાય કરી છે. મુન્કિરો સાથે મેં એક હજાર એવા યુધ્ધ કર્યાં છે, જેમાંનું નાનામાં નાનું યુધ્ધ ખૈબરના દારુણ યુદ્ધ જેવું હતું...હઝરત ઇમામ હુસેન અ. આગળ વર્ણન કરવા જતા હતા, એટલામાં હઝરત અલી અ. એ તેમના મોઢા પર હાથ રાખીને " ફરમાવ્યું. **અસમુત કમા સમેત રસુલિલ્લાહ**" અર્થાત હે હુસેન! તમો ખામોશ રહો, જેમ

હઝરત રસુલિલ્લાહે ખામોશી અખત્યાર કરી હતી. હઝરત ઇમામ હુસેન અ. નો મહિમા વર્ણવનારી સંખ્યાબંધ આવી ઘટનાઓ મળી આવે છે, પરંતુ લંબાણ થવાના ભયે તે અત્રે આપવામાં આવી નથી. તેઓશ્રીની ફઝીલત હઝરત મુહમ્મદ સ.ના કેટલાક મુખવચનો (હદીસો) માંથી મળી આવે છે.

## ત્રણ શરતો.

હઝરત મૌલા મુર્તઝા અલી અ. ની બાદ ઇમામતની મસનદ પર હઝરત ઇમામ હુસેન અ. બિરાજમાન થયા. ત્યારપછી એમના વડીલ બંધુ હઝરત હસન અ. ને લોકોએ અમીર મુઆવિયા સામે ઇસ્લામમાં દાખલ થતી બાદશાહતની પહેલી બિદઅતને નિર્મુળ કરવા માટે તૈયાર થવા કહ્યું. પરંતુ હઝરત હસન અ. તો સંસાર વિરકત થઇ યાદે ઇલાહીમાં લીન રહેતા હતા અને મુસ્લિમોનું વ્યર્થ લોહી રેડાય એ ચાહતા નહોતા, છતાં કુફાવાસીઓના આગ્રહથી એમણે યુધ્ધના મોરચા માંડયા હતા. પરંતુ આ યુધ્ધમાં પણ છેલ્લી ઘડીએ કુફાવાસીઓ બેવફા નિવડતાં, હઝરત હસન અ. એ અમીર મુઆવિયા સાથે સુલેહ કરી અને આ ત્રણ શરતે સુલેહ થઇ: ૧. હઝરત અલી અ. માટે જાહેર કે ખાનગીમાં ભુંડા શબ્દો બોલવાં નહિ. ૨. હઝરત અલી અ. ના કુટુંબને વર્ષાસન ખર્ચ પુરતું આપવું અને ૩. અમીર મુઆવિયા પોતાના પછી કોઇને રાજગાદીએ નિમી જાય નહિ.

આ સુલેહ થયા પછી જાહેરમાં તો શાંતી જણાવા લાગી, પરંતુ અમીર મુઆવિયાના હૃદયમાં ત્રીજી શરત ખટકતી હોવાથી તેનો ઇલાજ કરવા તેઓ અંદર ખાનેથી યોજનાઓ ઘડવા લાગ્યા કારણ કે હઝરત ઉસમાનના ખુનના બહાના હેઠળ તેણે મેળવેલી રાજસત્તા પોતાના વંશ માટે મુકી જવાની તેની ઇચ્છા હતી.

'તારીખુલ ઇસ્લામ'ના કર્તા જણાવે છે કે મુઆવિયા પોતાની હયાતીમાં જ પોતાના પુત્ર યઝીદને રાજગાદીએ નિમવાનો પ્રયાસ કરતો હતો, કારણ કે યઝીદ હઠીલો ને દુરાચારી હોવાથી મુઆવિયાના સાથીદારોના વિચારો પણ તેના માટે સારા નહોતા, અને તેનામાં કોઇ જાતની લાયકાત નહોતી, વળી યઝીદ જાતે રાજ્યલોભી હોવાથી ચાલુ ઘટનાઓ ઉપર બહુ લક્ષ આપતો હતો અને તેથી અમીર મુઆવિયાના મનમાં પણ તેના સાથીદારોએ કાંઇ જુદું જ ઠસાવેલું હતું, છતાં પણ, હઝરત હસન અ. સાથે થયેલી શરત ભવિષ્યમાં નડશે અને હઝરત હસન અ. જયાંસુધી હૈયાત હોય ત્યાંસુધી યઝીદ નિર્વિઘ્ને રાજ્યાધિકારી થઇ શકશે નહિ, એમ અમીર મુઆવિયા ધારતો હોવાથી તેણે હઝરત હસન અ. ને ઝેર આપવા માટે, હઝરત હસન અ. ની બીબી જાઅદાને એક લાખ દિરહમ અને યઝીદ સાથે લગ્ન કરી આપવાની લાલચ આપી. બીબી જાઅદા આ લાલચમાં ફસાઇ ગઇ, અને બેવફા નિવડી, પોતાના પતિને ઝેર આપ્યું, જેથી એમની વફાત થઇ. આ દુઃખદ બનાવ પછી મુઆવિયાએ બીબી જાઅદાને ઠરાવેલી રકમ મોકલાવી કહેવડાવ્યું કે "લાલચને વશ થઇ પોતાના પતિનો પ્રાણ હરનાર સ્ત્રી ઉપર વફાદારી માટે વિશ્વાસ શી રીતે રાખી શકાય? આ કારણે યઝીદ સાથેના લગ્નનો સ્વીકાર કરી શકાય એમ નથી." આ સાંભળીને જાઅદાના પસ્તાવાનો પાર રહ્યો નહિ. આ પ્રમાણે અમીર મુઆવિયાનો હેતુ પાર પડી જતાં તેણે બીજી નડતરો દુર કરવા તરફ પોતાનું લક્ષ રોકયું.

## યઝીદની બયઅત માટે મુઆવિયાની ચળવળ.

કુફાના હાકેમ મુઘીરા બિન શોઅબાને હાકમપદનો ઘણો મોહ હતો. અમીર મુઆવિયાની ઇચ્છા ન હોવા છતાં યઝીદની બયઅત લેવાના બહાને તે પોતાની હાકેમપદને ટકાવી રાખવા માંગતો હતો. તારી-

ખુદ ખુત્બાના મંતવ્ય અનુસાર મુઘીરા બિન શોઅબાના સુચનથી યઝીદની બયઅતની ચળવળના મુળિયાં નંખાયા હતા. પોતાના સ્વાર્થ ખાતર તેણે કરેલા સુચનથી, યઝીદને ખિલાફતપદે બેસાડવાનો, અમીર મુઆવિયાનો વિચાર દ્રઢ થઇ જતાં તેણે હવે વ્યવહાર સ્વરૂપ ધારણ કર્યું. સર્વથી પહેલાં શામ—જ્યાં બની ઉમૈયાનો પ્રભાવ સારો હતો અને તે પછી ઇરાકવાસીઓથી યઝીદની બયઅત લેવામાં આવી.

હિજરી સન ૫૧માં અમીર મુઆવિયાએ હજને બહાને મક્કા શરીફ જઇ યઝીદ માટે પોતાની મૌજુદગીમાં પરાણે બયઅત લેવા માંડી, એ વખતે આગેવાન ગણાતા ચાર શખ્સો હતા. ૧. હઝરત ઇમામ હુસેન અ. ૨. પ્રથમ ખલીફ હઝરત અબુબકરના પુત્ર અબ્દુર્રેહમાન, ૩. બીજા ખલીફ ઉમરના પુત્ર અબ્દુલ્લાહ. ૪. અબ્દુલ્લાહ બિન ઝુબેર; આ ચાર શખ્સો ભવિષ્યમાં યઝીદના માર્ગમાં કંટકરૂપ થઇ પડશે એમ અમીર મુઆવિયા માનતો હોવાથી પ્રથમ તેણે અબ્દુલ્લાહ બિન ઉમરને અને પછી અબ્દુર્રેહમાન બિન અબુબકરને પોતા પાસે તેડાવીને યઝીદની બયઅત કરવા માટે સમજાવ્યું, પરંતુ તેઓ બન્નેએ જ્યારે સ્પષ્ટ શબ્દોમાં ઇન્કાર કર્યો ત્યારે અમીર મુઆવિયાએ ધમકી આપતાં કહ્યું: "હું એટલુંજ જોવા ઇચ્છું છું કે યઝીદથી કોણ કોણ વિરૂધ્ધ છે?" અબ્દુર્રેહમાને તો તેનો કડક જવાબ આપી રૂખસદ લીધી.

ત્યાર બાદ અબ્દુલ્લાહ બિન ઝુબેરનો વારો આવ્યો. અમીર મુઆવિયાએ તેને કહ્યું: "તું તો એક પ્રપંચી લોંકડી છે અને તેં આ બન્નેનાં કાનમાં ફુંક મારીને તેઓનો અભિપ્રાય બદલાવી નાખ્યો છે." આ સાંભળી ઇબ્ને ઝુબેરે કહ્યું: "જો તમે ખિલાફતથી કંટાળી ગયા હો તો પછી સિંહાસનનો ત્યાગ શા માટે કરતા નથી?" આ જવાબ આપી ઇબ્ને ઝુબેર રવાના થઇ ગયા પછી અમીર મુઆવિયાએ મિમ્બર પર ચઢીને લોકોને સંબોધીને કહ્યું કે: "અમોએ વિરોધીઓની આવી વાતો સાંભળી છે. તેઓનું કહેવું છે કે અબ્દુલ્લાહ બિન ઉમર, અબ્દુર્રેહમાન બિન અબુબકર અને અબ્દુલ્લાહ બિન ઝુબેર કોઇ કાળે પણ યઝીદની બયઅત કરવાના નથી, વસ્તુત: તેઓએ બયઅત કરી છે." લોકોએ જવાબ આપ્યો કે આમ જનતા સમક્ષ તેઓ બયઅત કરશે નહિ ત્યાંસુધી અમો માનવાના નથી.

આમ છતાં યઝીદની ખિલાફતના કાર્યમાં ખલેલ ન પડે તે માટે, શહેરમાં એવી અફવા ઉડાડવામાં આવી કે ઉપલા ત્રણે આગેવાનોએ યઝીદની બયઅત કરી લીધી છે. ખરી રીતે તો એ ત્રણે જણ તેની વિરૂધ્ધતા કરી રહ્યા હતા, બીજી તરફથી મરવાન બિન હકમ મદીના મુનવ્વરામાં યઝીદ તરફથી લોકોની બયઅત પરાણે લઇ રહ્યો હતો. આ પ્રયત્ન ચાલુ હતો તે દરમ્યાન અમીર મુઆવિયાનું હિજરી સન ૬૦ના રજબ માસમાં અવસાન થયું.

## યઝીદ રાજગાદીએ.

અમીર મુઆવિયાના મરણ પછી યઝીદ પોતે બહાર પડ્યો. શામીઓએ તેની બયઅત કરી લીધી. ત્યારબાદ યઝીદે મદીનાવાસીઓને પોતાની બયઅત કરવાનો સંદેશો મોકલાવ્યો. હઝરત ઇમામ હુસેન અ. તથા અબ્દુલ્લાહ બિન ઝુબેરે તેનો અસ્વીકાર કર્યો અને તેજ રાત્રે તેઓ મદીના મુનવ્વરા છોડી મક્કા મોઅઝ્ઝમા ભણી પ્રયાણ કરી ગયા.

## કુફાવાસીઓનું આમંત્રણ

આ સમયે હઝરત ઇમામ હુસેન અ. રાજ્યસત્તાથી અલગપણું જાળવી રહ્યા હતા, અને તે યઝીદની બયઅત નહિ કરવાના હેતુને લઇને હતું. આ દરમ્યાન હઝરત ઇમામ હુસેન અ. પર કુફાવાસીઓના

પત્રો આવવા લાગ્યા. જેમાં યઝીદના કારણે ઇસ્લામમાં પ્રચાર પામતી અધર્મી માન્યતા અટકાવવાનો આગ્રહ થઈ રહ્યો હતો અને યઝીદના દુરાચારને લઇને પ્રજાજનોને ભોગવવા પડતાં કષ્ટોનો હૃદયદ્રાવક ચિતાર પણ આપવામાં આવ્યો હતો. આટલું છતાં હઝરત ઇમામ હુસેન અ. શાંતજ રહ્યા હતા.

છેવટે કુફાવાસીઓએ અધીરા થઈ તેઓશ્રીની હુઝુરમાં ડેપ્યુટેશન સાથે એક પત્ર મોકલ્યો, જેમાં લખવામાં આવ્યું હતું કે: "યઝીદે અત્યાચાર માંડયો છે. નિર્દોષ લોકોનાં ખુન કરાવે છે અને તેમનાં ધન માલ લુટે છે. ચોતરફ ત્રાસ વર્તી રહ્યો છે. અમો આપને હજારો પત્રો લખી ચુકયા છીએ. હવે અમો કુફાવાસીઓ આપને અરજ કરીએ છીએ કે કૃપા કરી તમો એક વખત કુફામાં આવો. અમો તમારી સાથે રહીને યઝીદ સામે ધર્મયુધ્ધ લડીશું અને તેમ કરતાં અમારૂં મૃત્યુ થશે તો ઘણી ખુશી સાથે મૃત્યુને ભેટીશું. ખુદાના ખાતર અમોને અધર્મતામાંથી ઉગારો અને ફરીથી હકની સ્થાપના કરો. અમો દરેક રીતે તમારી સેવામાં હાજર છીએ.

## હઝરત મુસ્લિમની ઘટના.

યઝીદના અત્યાચારનું આવું ત્રાસભર્યું વર્ણન સાંભળી, હઝરત ઇમામ હુસેન અ.ને ઘણું લાગી આવ્યું અને તેની ખરી તપાસ કરવા માટે મકકાથી પોતાના કાકાના દીકરા હઝરત મુસ્લિમ બિન અકીલને કુફા ભણી વિદાય કર્યા અને ફરમાવ્યું કે, કુફાથી આવેલા એલચી અને કુફાવાસીઓના સંખ્યાબંધ પત્રોની હકીકત ખરી હોય તો અમોને જણાવજો, તે પછી અમો કુફા તરફ પ્રયાણ કરશું.

હઝરત મુસ્લિમ પોતાના બે મદદનીશ અને બે બાળકો સાથે લઇને કુફા ભણી રવાના થયા. આ મુસાફરીનો માર્ગ વિકટ હોવાથી માર્ગમાં પાણીની અછત થતાં મુસ્લિમનો એક સાથી અધરસ્તે મરણ પામ્યો. હવે પોતાના બે બાળકો અને સાથી સહિત ઘણા સંકટો વેઠી હઝરત મુસ્લિમ કુફામાં દાખલ થયા. ત્યાં કને પહેલાં તેઓએ મુખતાર બિન અબુ ઉબયદાના ઘેર ઉતારો કર્યો.

## હઝરત મુસ્લિમનાં હાથે બયઅત.

હઝરત મુસ્લિમના આગમનની કુફીઓને ખબર પડતાં જ ટોળાબંધ લોકો તેમની મુલાકાતે આવવા લાગ્યા અને હઝરત ઇમામ હુસેન અ.ની બયઅત કરી પોતાનો જુસ્સો જાહેર કર્યો. અત્રે હજારો કુફાવાસીઓએ તેમના હાથે બયઅત કરી.

કુફાવાસીઓનો પ્રેમ અને પ્રવૃતિ જોઇ પહેલાંજ દિને હઝરત ઇમામ હુસેન અ.ને પત્ર લખી હઝરત મુસ્લિમે જણાવ્યું કે, "બાર હજાર કુફાવાસીઓએ મારા હાથ ઉપર આપની બયઅત કરીને પોતાના જાન માલ અને ઓલાદ આપના ચરણોમાં કુરબાન કરવાની વફાદારી દર્શાવી છે. "બયઅત"નું કામ ચાલુ છે. બીજા એક લાખ માણસો તૈયાર છે, જેઓ આપની પધરામણી સુધીમાં 'બયઅત' કરી લેશે; માટે આપ સમય નહિં જવા દેતાં સત્વર પધારવાની મહેરબાની કરશો"

હઝરત મુસ્લિમનો આ પત્ર લઇને કુફાના બે સવાર મદીના ભણી રવાના થઈ ગયા અને હઝરત ઇમામ હુસેન અ.ના હાથ મુબારકમાં પત્ર મુકી વિનંતી કરી કે, "આપ કુફા પધારવા કૃપા કરો. સઘળા કુફાવાસીઓ આપની કાગના ડોળે વાટ જોઇ રહ્યા છે."

હઝરત ઇમામ હુસેન અ.એ પ્રત્યુત્તરમાં ફરમાવ્યું કે "તમો પાછા કુફે રવાના થઇ જાઓ, અમે નજદિકમાં આવશું." હઝરત મુસ્લિમને એ સંદેશો પહોંચાડજો.

કુફાના આ સવારો ગયા પછી પચાસ કુફાવાસીઓનું એક બીજું ડેપ્યુટેશન હઝરત ઇમામ હુસેન અ.ને તેડવા આવ્યું અને કુફા ભણી પ્રયાણ કરવા આગ્રહ કરવા લાગ્યું.. કુફાવાસીઓ પ્રત્યે એક પત્ર લખી આપીને હઝરત ઇમામ હુસેન અ.એ તેમને રવાના કર્યાં, થોડો વખત પસાર થતાં એક ત્રીજું ડેપ્યુટેશન ઇમામની હુઝુરમાં કુફાથી આવી પહોંચ્યું. તેણે હઝરત ઇમામ હુસેન અ.ને કુફા ખાતે તેમની સાથે પધારવા ઘણી કાકલુદીભરી અરજ કરી. કુફાવાળાઓનો આટલો બધો આગ્રહ જોઇ હઝરત ઇમામ હુસેન અ.એ વીરતા સાથે ભવિષ્યનો સામનો કરવા કુફા તરફ પ્રયાણ કરવાની ઝડપી તૈયારી કરવા માંડી.

આ સમયે કુફાના હાકેમ નોઅમાન બિન બશીર અન્સારી હતા. યઝીદના કેટલાક પક્ષકારો તેની પાસે જઇને કહેવા લાગ્યા કે "તમો અંધારામાં ગોથા ખાઓ છો. વાતાવરણમાં શું બની રહ્યું છે તેની તમને કશી ખબર નથી. એક તરફ હઝરત ઇમામ હુસેન અ. કુફે આવવાની તૈયારી કરી રહ્યા છે અને બીજી તરફ હઝરત મુસ્લિમનાં હાથ પર હજારો કુફાવાસીઓ હઝરત ઇમામ હુસેન અ.ની તરફેણમાં "બયઅત" લઇ રહ્યા છે. આ જોતાં હઝરત મુસ્લિમને કત્લ કરવામાં નહિ આવે તો યઝીદના હિત જોખમાશે અને તેનું માઠું પરિણામ આવશે."

નોઅમાન બિન બશીરે તેઓને ઉત્તર આપતા કહ્યું:– તમોએ મારી પાસે જે બાબત રજુ કરી તેનો મુળ મુદ્દો શું છે અને તમો જે કહો છો તેમાં કેટલી સત્યતા છે તેની કાંઇ સાબિતી આપી શકો છો? તેની ગેરહાજરીમાં હઝરત મુસ્લિમને હું કાંઇપણ કરી શકતો નથી. ન તો હું તેમને કેદ કરવા તૈયાર છું અને ન તો તેમને કતલ કરવાની મારી ઇચ્છા છે. પુરાવાની ગેરહાજરીમાં કશુંએ થઇ શકે નહિ.

## કુફામાં ઇબ્ને ઝિયાદના દાવપેચ.

નોઅમાન બિન બશીર અન્સારી બની ઉમૈયાની નોકરીમાં હતા, પરંતુ હઝરત પયગમ્બર સ.ના એક "અસહાબી" તેમજ બની ફાતિમાના ચાહકોમાંના એક હતા. તેથી તેમણે યઝીદના પક્ષકારોને ઉડતો જવાબ આપ્યો. બની ઉમૈયાના લોકો નોઅમાનની આ વલણ જોઇ ઉશ્કેરાઇ ગયા અને યઝીદને આ સઘળી હકીકત મીઠું મરચું ભભરાવીને લખી મોકલાવી. આથી યઝીદ ક્રોધે ભરાઇને, પોતાના ગુલામની સલાહ મુજબ, નોઅમાનને કુફાની હાકેમીમાંથી પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ ઇબ્ને ઝિયાદની નિમણુંક કરી અને તેને લખી જણાવ્યું કે મુસ્લિમને કુફામાંથી જીવતા જવા દેશો નહિ. આ સમયે ઇબ્ને ઝિયાદ બસરાનો ગવર્નર હતો. તેને યઝીદનો પત્ર મળતાંજ તે વેશ બદલીને કુફામાં દાખલ થયો અને હઝરત મુસ્લિમની, પોતાના ગુલામ મારફતે ત્રણ હજાર દિરહમ હઝરત ઇમામ હુસેન અ.ની હુઝુરમાં ભેટ ધરવાના બહાને, શોધ કરી લીધી. હઝરત મુસ્લિમને તેની જાણ થઇ જતાં હાની ઇબ્ને ઉરવાહના ઘરમાં રહ્યા. ઇબ્ને ઝિયાદને તેની પણ ભાળ લાગી ગઇ, તેથી તેણે હાનીને બોલાવીને મુસ્લિમને પોતાની પાસે લઇ આવવા હુકમ કર્યો, હાનીએ નીડરતાથી ઇન્કાર કરતાં ઇબ્ને ઝિયાદે તેને સોટી વતી માર માર્યો. કુફાવાસીઓને ખબર પડતાં, ઇબ્ને ઝિયાદના 'કસરૂલ ઇમારત" તરફ તેઓએ ધસારો કર્યો. ઇબ્ને ઝિયાદ ગભરાયો. વાતાવરણ બગડતું જોઇ, કાઝી મારફતે લોકોને શાંત કરવા માટે, "હાનીને મુસ્લિમના સમાચાર પુછવા માટે રોકેલ છે, તેમને કંઇપણ કષ્ટ આપવામાં આવશે નહિ." એવી જાહેરાત કરાવી, આથી એકઠી થયેલી માનવમેદની વિખરાઇ ગઇ.

## હઝરત મુસ્લિમની શહાદત.

હાનીના કેદની વાત સાંભળીને ચાલીશ હજાર કુફાવાસીઓ હઝરત મુસ્લિમના ઘર આગળ એકઠા થઇ જવાથી તેમજ ઇબ્ને ઝિયાદનાં મહેલમાં મોટા મોટા આગેવાન કુરીઓના વાટાઘાટના પરિ-

ણામે હાનીને છોડી મુકવામાં આવ્યો. ઇબ્ને જિયાદનો આ પ્રપંચ હતો. પરંતુ લોકો તેને સમજી શકયા નહિ અને સઘળા વિખેરાઇ ગયા. ત્યારબાદ હઝરત મુસ્લિમ હાનીના ઘેરથી નીકળી એક ડોસીના ઘરે રાત વિતાવી. ડોસીનો પુત્ર, મહમદ અશઅસનો ગુલામ હોવાથી, તેણે બાતમી આપી દેતાં યઝીદના લશ્કરે ડોસીના ઘરને ઘેરી લીધો. હઝરત મુસ્લિમે વાતાવરણ એક પળમાં જાણી લઇ, બહાદુરી સાથે બહાર આવી મ્યાનમાંથી તલવાર ખેંચીને યઝીદના લશ્કરને પડકાર કર્યો કે "તમોને હઝરત અલી અ.ની ઝુલફિકારના ઘા યાદ નથી. અમો તેની છાયામાં વસેલા 'હક રાહના ફિદાઇ' છીએ. 'ના હક–બાતીલ'નો નાશ કરનારા લડવૈયા છીએ. આજે તમારી ખબર મારી તલવાર લેશે." આ બોલવા સાથે હઝરત મુસ્લિમ યઝીદના લશ્કર પર તુટી પડયા. તેમની કુમકે હાની બિન ઉરવાહ આવી પહોંચ્યા. તેની પણ તલવાર ઝપાટાબંધ ચાલવા લાગી. પરંતુ શત્રુઓનું સંખ્યાબળ હજારોનું હોવાથી હઝરત મુસ્લિમ અને હાની બિન ઉરવાહ જખમોથી લોહીલુહાણ થઇ ગયા અને પીડા અને થાકની લાગણી પણ જણાવા માંડી. આ સ્થિતિ જોઇ યઝીદના લશ્કરે ખુબ જોરથી ધસારો કર્યો અને અંતે બન્નેને કેદ કરી ઇબ્ને ઝિયાદ પાસે લઇ ગયા. તેણે એ બંનેને કોઠા ઉપર લઇ જઇ નિર્દય રીતે કતલ કરવાનો હુકમ આપ્યો. આ સાંભળી હઝરત મુસ્લિમ અને હાનિ બિન ઉરવાહ હઝરત ઇમામ હુસેન અ.ની ખિદમત કરતાં મોત આવે તે ગનીમત સમજી હસતે મુખડે મરણને શરણ થયા.

હઝરત મુસ્લિમ જાણતા હતા કે કુફાવાસીઓ બેવફા છે, તેને હું પહોંચી વળીશ, પરંતુ મારા બંને બાળકને મદીના રવાના કરી દઉં તો બહેતર થશે. તેથી તે કેદ પકડાવા અગાઉ પોતાની ધારણા અનુસાર નોકરો સાથે પોતાના બાળકોને મદીના રવાના કર્યા. પણ કુદરતને કંઇ જુદુંજ કરવું હતું. બાળકો માટે પણ શહીદી મરતબો નિર્માણ થયેલો હતો. તેથી તેઓ માર્ગ ચુકી જઇ યઝીદના એક લશ્કરી અમલદાર હારિસનાં હાથે ચડયા તેણે આ બંને બાળકોને કત્લ કરી નાખ્યા. એવી રીતે હઝરત મુસ્લિમ, હાની બિન ઉરવાહ અને હઝરત મુસ્લિમના બન્ને બાળકોની લડાઇ પહેલાંજ શહાદત થઇ.

## ઇમામ હુસેન અ૦ની રવાનગી.

હઝરત ઇમામ હુસેન અ.ને હઝરત મુસ્લિમનો પત્ર મળતાં મક્કાથી કુફા બાજુ જવા તેઓ કયારના રવાના થઇ ચુકયા હતા અને "કાદસિયા"ના ત્રણ માઇલના ફાસલા ઉપર આવી લાગ્યા હતા. યઝીદી રાજકર્મચારીઓને જાસુસો દ્વારા તેની ખબર યઝીદને મળી ચુકી હતી કે, ઇમામ મક્કાથી પ્રયાણ કરી ચુકયા છે. આ ખબર મળવાથી તેણે પહેલાથીજ લશ્કરી વ્યવસ્થા કરી રાખી અને "કાદસિયા" નઝદિક હઝરત ઇમામ હુસેન અ. પહોંચ્યા કે, તેમનો માર્ગ રોકવા યઝીદી સેનાપતિ હુર ઇબ્ને રિયાહી એક હજારના સૈન્ય સાથે આવી લાગ્યો. હઝરત ઇમામ હુસેન અ.એ તેને વિગતવાર સમજાવ્યું કે, કુફાવાસીઓના આમંત્રણથી અમો તમારા મહેમાન બનીને આવ્યા છીએ અને પાછળથી દગો દેવો એના જેવું ખરાબ કાર્ય કોઇ નથી. તું મારા નાના હઝરત મુહમ્મદ સ.નો કલ્મો પડે છે; તેમનોજ હું નવાસો છું. મારો સામનો કરવાથી તારી બંદગી સઘળી રદ જશે. આ બે દિવસની તકલાદી દુનિયાના લોભમાં તારી આકેબત બરબાદ ન કર, તું યાદ રાખજે કે આટલું કરવા છતાં દુનિયા તારી થવાની નથી, હઝરત ઇમામ હુસેન અ.ના આ ઉપદેશથી તેનો હૃદયપલટો થઇ ગયો અને તેણે હઝરત ઇમામ હુસેન અ.ની સેવા સ્વીકારી લીધી.

## કરબલાની ભુમિમાં.

ત્યારબાદ હુરની અરજ ઉપરથી હઝરત ઇમામ હુસેન અ.એ કુફાનો રસ્તો બદલીને "કરબલા" બાજુ રવાના થઇને ત્યાં પડાવ નાખ્યો. આ ઉપરથી ઇબ્ને ઝિયાદે ઉમર સાદને 'રય'નો પ્રાંત જાગીરમાં

આપવાની લાલચ આપીને તેની સરદારી હેઠળ હઝરત ઇમામ હુસેન અ.નો સામનો કરવા લશ્કર મોકલાવ્યું. કરબલામાં આ સમયે હઝરત ઇમામ હુસેન અ. સાથે ૭૨ કુટુંબીઓ અને સ્નેહીઓ મળીને કુલ્લે ૧૪૦ જણ હતા. જેઓ હથીયાર સજીને હારબંધ યઝીદીઓનો સામનો કરવા દિલગીરીથી ઉભા રહ્યા.

હઝરત ઇમામ હુસેન અ. ની અંતિમ ઇચ્છા મુસલમાનોનું વ્યર્થ લોહી ન રેડાય તે માટે બનતું કરવાની હોવાથી ઉમર સાદ સાથે તેઓએ સંદેશા ચલાવતાં એક અઠવાડિયું નિકળી ગયું. આખરે હઝરત ઇમામ હુસેન અ.એ શરત કરવા ઇચ્છા દર્શાવી કે, યઝીદને એવો ભય લાગતો હોય કે તેની ખિલાફત છીનવી લેશું, તો અમો મક્કા અથવા અન્ય સ્થળે ચાલ્યા જઇએ. પરંતુ કોઇપણ રીતે યઝીદની બયઅત તો અમો કરનાર નથી. ઉમર સાદે પોતાને એમાં કશોપણ વાંધો ન હોવાનું જણાવી, હઝરત ઇમામ હુસેન અ. સાથે થયેલ વાતચીતનો વિગતવાર અહેવાલ ઇબ્ને ઝિયાદને લખી મોકલાવ્યો. જેના જવાબમાં ઇબ્ને ઝિયાદે લખ્યું કે, "પ્રથમ હઝરત ઇમામ હુસેન અ. એ મારી પાસે આવી યઝીદની બયઅત કરવી જોઇએ અને તે પછી તેમને યઝીદ પાસે લઇ લઇ જવામાં આવશે." હઝરત ઇમામે તેનો ખુલ્લો ઇન્કાર કર્યો. ઇબ્ને ઝિયાદની આવી કડક વલણને અંગે સુલેહના સંદેશા પડી ભાંગ્યા અને યુધ્ધની તૈયારીઓ થવા માંડી.

## સંદેશાઓમાં વિલંબ.

હઝરત ઇમામ હુસેન અ. કરબલાના મેદાનમાં મોહર્રમની પહેલી તારીખે આવી પહોંચ્યા હતા, પરંતુ સંદેશાઓમાં સાત દિવસનો વિલંબ થયેલો હોવાથી, મોહર્રમની આઠમી તારીખ થવા આવી, અને ઉમર સાદે કંઇપણ હિલચાલ કરેલી ન હોવાથી ઇબ્ને ઝિયાદ છંછેડાયો અને હઝરત ઇમામ હુસેન અ. સામે આક્રમણ શરૂ કરી દઇને તેમનું માથું કાપી પોતાની પાસે મોકલી આપવાનો હુકમ કાસિદ સાથે લખી મોકલાવ્યો અને ઉમર સાદ, હઝરત ઇમામ હુસેન અ. પ્રત્યે સહાનુભુતિ દર્શાવી જરાપણ વિલંબ કરે, તો તેને કેદ કરીને, હઝરત ઇમામ હુસેન અ. સામે આક્રમણ કરવા માટે શિમ્ર ઝીલ જોશનને, ઉમર સાદને આપવા કબુલેલી 'રય' ની હકુમતની લાલચ આપીને, પાછળથી રવાના કર્યો. મોહર્રમની તા. ૯ મીનાં સાંજે ચાર વાગ્યાના શુમારે ઇબ્ને ઝિયાદનો હુકમ મળતાં, ઉમર સાદ લડવા તૈયાર થયો અને ફુરાત નદીના કિનારાનું મુખ રોકી રાખવા તેણે પાંચસો સૈનિકો સાથે ઉમર બિન હુજ્જાજને મોકલાવ્યો.

## રણજંગમાં અંતિમ સંદેશ

મોહર્રમની દસમી તારીખ થતાં હઝરત ઇમામ હુસેન અ.એ જોઇ લીધું કે યઝીદના પક્ષકારો કોઇપણ માર્ગે માનવાના નથી. હવે તો સરજતને તાબે થઇ લડવામાંજ સાર્થક છે; પછી જે કાંઇ થવાનું હશે તે થશે, એમાં ચિંતા કરવા જેવું કશુંએ નથી.

તે પછી હઝરત ઇમામ હુસેન અ. પોતાની સાથે આવેલાઓને સંબોધીને કહેવા લાગ્યા– "તમારી સાથે યઝીદીઓને કશો સંબંધ નથી, તેઓને મારી સાથેજ શત્રુતા છે, માટે તમો જ્યાં જવું હોય ત્યાં સુખેથી જઈ શકો છો."

હઝરત ઇમામ હુસેન અ.ના સાથીઓએ ઉત્તર આપ્યો કે:—"યા મૌલા! જે આપનો દુશ્મન છે, તે અમારો પહેલેથીજ દુશ્મન છે, જેથી પહેલાં અમે અમારી કુરબાની આપીને યઝીદીઓને દેખાડી દેશું કે બેવફાઈ સામે વફાદારી શું કરી શકે છે! એ કુમાર્ગીઓની આંખો તેથી ખુલશે અને

અમોને તમારા કીર્તિવંત મિત્રોની હરોળમાં સ્થાન મળશે, અમારી ઇચ્છા તો તમારી સાથે અંત સુધી રહેવાની છે. અમારૂં ગમે તે થાય તેની અમો દરકાર કરતા નથી. અમારા મૌલાની પ્રસન્નતા એજ અમારૂં જીવનધ્યેય છે."

પોતાના સાથીઓનો આવો ફિદાગીરી ભરેલો ઉત્તર સાંભળ્યા પછી ઊંટ પર સવાર થઇને યઝીદી લશ્કરને સંબોધી હઝરત ઇમામ હુસેન અ. એ અંતિમ સદેશો આપતાં ફરમાવ્યું: "તમારામાંથી જે અમોને જાણે છે અને જે નથી જાણતાં તે સઘળાને હું જણાવું છું કે અમો હઝરત મુહમ્મદ સ. ના નવાસા છીએ. હઝરત ઇસા અ. ની અથવા હઝરત મુસા અ. ની કોઇ પણ નિશાની આજે મૌજુદ હોત તો તેમની ઉમ્મત પોતાના નબીની યાદગીરીની વસ્તુ માની તેને પોતાની આંખે લગાડત, તેનું સન્માન કરત, આજે તેમોને શું થયું છે કે અમારા પવિત્ર નાનાની ઉમ્મત તરીકે પોતાને ઓળખાવીને અમારા વિરોધી થઈ અમારા લોહીના તરસ્યા બન્યા છો. અમો આ સંસારથી વિરકત થઇને અમારા ચાહકો વચ્ચે જીવન નિર્ગમન કરતા હતા. અમારા વિષે શત્રુઓને ભય હતો, તે દૂર કરવા માટે મદીનાથી મક્કા આવી રહ્યા હતા. ત્યાં પણ તેઓએ અમોને નચિંતતાથી બેસવા નહિં દેતા સંખ્યાબંધ કાગળો લખીને કાસિદો પર કાસિદો મોકલી અમોને બોલાવ્યા અને અમો તમારી વચ્ચે આવ્યા ત્યારે તમો અમારાથી બેવફા થઇ તલવાર ખેંચી અમારી સામે ઉભા રહ્યા છો. એટલું કહી હું આજે મારી હુજ્જત પુર્ણ કરૂં છું."

## કરબલાનું ઈતિહાસીક યુધ્ધ.

આ પ્રમાણેનો ખુત્બો પુર્ણ થતાંજ હુર ઇબ્ને રિયાહી ખુલ્લી રીતે ઇમામના લશ્કરમાં ભળી ગયો. આથી શિમ્ર ગભરાવા લાગ્યો અને સઘળા લોકો ઇમામના પક્ષમાં ભળી જશે એવો ભય લાગવાથી તેણે ઉમર સા'દને સત્વર યુધ્ધ આરંભવાનું સુચન કરતાં ઉમર સા'દે તીર ફેંકીને યુધ્ધનો ધોરણસર આરંભ કર્યો. પ્રથમ ઇબ્ને ઝિયાદ અને ઉમર બિન સા'દના ફુરી ગુલામો રણભુમિમાં સામનો કરવા આવતાં વહબ બિન અબ્દુલ્લાહ કલબીએ તે બન્નેને કતલ કરી નાખ્યા, જેથી યઝીદી પક્ષના સાલિમે કુદી આવીને વહબ ઉપર તલવારનો ઘા કરીને તેમને શહીદ કર્યા. ત્યારપછી હઝરત ઇમામ હુસેન અ.ના પક્ષમાંથી હસન અને કતેબ નામના બે યોધ્ધાઓ શત્રુદળના પુષ્કળ માણસોનો કચ્ચરઘાણ કાઢીને શહાદતને મરતબે પહોંચ્યા. હવે તો હુર મેદાનમાં આવ્યો, અમીર હસીન બિન નમીરનો વધ કરી, તેણે યઝીદી સૈન્ય પર જોશભેર આક્રમણ કર્યું. જેના પરિણામે સેંકડો કાફરો માર્યા ગયા. શત્રુદળમાં ત્રાસ વર્તાઇ ગયો. આ જોઇ ઉમર સાદ ગભરાયો અને યઝીદી લશ્કરને એકત્રિત આક્રમણ કરવાનો હુકમ આપ્યો. હુર શત્રુદળ સાથે એકલે હાથે ઘણીવાર સુધી યુધ્ધ ખેલીને અંતે ઘેરાઇ જતાં તે પણ શહાદત પામ્યો. ત્યારપછી શત્રુઓએ જોશભેર એક સામટો હુમલો કર્યો અને મરણીયા થઇ વધુ બળથી લડવા લાગ્યા. હઝરત ઇમામ હુસેન અ.ના બાકી રહેલા ગણત્રીના માણસો બરાબર જવાબ આપતા રહ્યા. લડાઇએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું. હઝરત ઇમામ હુસેન અ.ના પક્ષકારો વીરતાથી શત્રુદળને વીંધી નાંખી પોતાના પ્રાણ હસ્તે મુખડે અર્પણ કરતા હતા. જ્યારે શત્રુઓ લાલસાને અંગે લડવા આવેલા હોવાથી નિશ્વાસ સાથે આંખોમાંથી આંસુઓ વરસાવતા, ચીસો પાડતા, પોતાના પ્રાણ તજતા હતા.

## અલી અસગરની શહાદત.

અહલેબયતના તંબુઓ એ હારમાં ગોઠવાયલા હતા અને એ તંબુઓની પાછળ ખાઈઓ ખોદી તેમાં આગ બાળવામાં આવી હતી. જેથી શત્રુઓના પાછળના ભાગમાંથી ધસારો લાવી શકે નહિ. આ ગોઠવણને અંગે શત્રુઓને ફકત સામેથીજ આવવાનો માર્ગ રહેલો હોવાથી, હઝરત ઇમામ હુસેન (અ.) પોતાના કુટુંબીઓનો બચાવ કરી શકયા હતા. શિમ્ર અને તેના સાથીઓએ ખયમા તોડી પાડવાની કોશિશો

કરી, પણ સખત મુકાબલા સામે તેમને પાછા હટવું પડ્યું. બપોરની બંદગી વખતે બન્ને પક્ષોએ લડાઈ બંધ કરી, પરંતુ બંદગી પુર્ણ થતાંજ શત્રુઓએ પુનઃ હલ્લો શરૂ કરીને, દુરથી તીર ફેંકવા લાગ્યા. આ વખતે હઝરત ઈમામ હુસેન અ. પોતાના નાના બાળક અલી અસગરને હાથમાં લઈ તંબુ બહાર નીકળતાં એકાએક દુરથી એક તીર અલી અસગરને વીંધીને આરપાર નીકળી ગયું. એ માસુમ બાળકનું લોહી પોતાના ખોળામાં ઝીલી લઈ આકાશ ભણી નજર ઉંચી કરી, હઝરત ઈમામ હુસેન અ. બોલ્યા: "મારા પુત્ર! ખુદા તને વધાવી લેશે અને જન્નતમાં તારા દાદા તને જલ્દી મળશે. હું પણ તારી પાછળ આવું છું." તે પછી બાળકનું શબ પોતાની બહેન ઝયનબને સ્વાધીન કરી પોતે ઘોડાપર સવાર થઈ યઝીદીઓના જુથ વચ્ચે આવી વીરતાથી તલવાર ફેરવવા લાગ્યા. જેને ઘા લાગતો તેના બે કટકા થઈ જતા અને તે ભુમિપર પડતાં ધુળ ચાટતો થઈ જતો.

## મહાન ફિદાઈ હઝરત અબ્બાસ.

હઝરત અબ્બાસ કરબલાની ઘટના બની તે વખતે ભરજુવાનીમાં હતા. તેઓએ યુધ્ધકળાનું સારામાં સારૂં શિક્ષણ મેળવેલું હોવાથી, કરબલાના યુધ્ધમાં એમની શુરવીરતા સારી રીતે પ્રકાશમાં આવી હતી. તેઓ હઝરત ઈમામ હુસેન પ્રત્યે અસીમ પ્રેમ ધરાવતા હતા એટલુંજ નહિ પણ તેઓ નાનપણથીજ પોતાના ઈમામ પ્રત્યે ફિદાગીરીની અને ખિદમત કરવાની ભાવના સેવી રહ્યા હતા અને કરબલાના યુધ્ધ વખતે એમને એ તક સાંપડી. હઝરત ઈમામ હુસેન અ. એક બાજુ તલવાર ચલાવી રહ્યા હતા, જ્યારે બીજી બાજુ હઝરત અબ્બાસ કાફરો પર સતત મારો ચલાવી, કાફરોનો કચ્ચરઘાણ કાઢી સાહસપુર્વક આગળ વધ્યા જતા હતા. આ જોઇને શિમ્ર ઝીલ જોશન જેવાનાં મુખેથી આફ્રિનના પોકારો નીકળી ગયા. પરંતુ હઝરત અબ્બાસને હતાશ કરવાના પ્રપંચથી શિમ્ર કહેવા લાગ્યો કે "અમારા હઝારોના લશ્કર સામે તમો જીતવાના તો નથી, નાહક તમોને પોતાના પ્રાણ ખોવા પડશે મને તમારી યુવાની પર દયા આવે છે, તમારા સરદાર હુસેન અ. ને અમો યઝીદની 'બયઅત' કરાવ્યા વિના નહિ છોડીએ, માટે મારૂં કહેવું માનીને યઝીદની સેનામાં આવી જાઓ, હું તમારા માટે ભલામણ કરી તમોને સેનાપતિનો હોદ્દો અપાવીશ."

શિમ્રના આ શબ્દો સાંભળી હઝરત અબ્બાસે તલવાર ખેંચી શિમ્રને કહ્યું "એ ગદ્દાર! શું તું મને સંસારી લલચાવી મારા આકાની તાબેદારીથી વિમુખ રાખવા માગે છે. મારા ખોળિયામાં પ્રાણ છે ત્યાં સુધી હું કદી પણ ઇમામની તાબેદારી છોડી યઝીદનો સાથી થનાર નથી. તારી લાલચોને હું ઠોકરે મારૂં છું. શિમ્ર! શું તું મને કુફીઓ જેવો દગાખોર સમજે છે. મારા આકા ઈમામ હુસેન પર મારી માલ-જાન સર્વસ્વ કુરબાન છે."

હઝરત અબ્બાસ, કુફ્ફારોના સૈન્યને પોતાની યુધ્ધકળાનો પરિચય આપતા, હઝારોને લોહીનું સ્નાન કરાવતા, શત્રુ દળનો કચ્ચરઘાણ કાઢતા હતા. બીજી તરફ ચારે બાજુથી તીર અને તરવારની વર્ષા આ એકલા વીર પુરૂષ પર થવા લાગી. હઝરત અબ્બાસ ઘા ઝીલતા રણભુમિમાં ઝઝુમતા આગળ વધી રહ્યા હતા, તેવામાં શામી સૈનિકોએ તેમને ઘેરી લીધા અને નોફિલ બિન અરઝક નામના એક સૈનિકે ઘેરાનો લાભ લઇ એવી તલવાર મારી કે હઝરત અબ્બાસનો જમણો હાથ, ખભામાંથી કપાઇ જુદો થઇ ગયો. જમણો હાથ કપાઇ ગયો તે પછી કુફ્ફારોએ એકત્રિત થઇ હઝરત અબ્બાસને ઘા પર ઘા મારવા મંડ્યા, તેથી કપાઇ એમનું આખું શરીર ઝખમી થઇ જતાં દર્દભર્યા અવાજે પોકાર્યું. "યા મૌલા અદરિકની-યા મૌલા મૌલા મારી મદદે આવો," આપના સેવકે પોતાના પ્રાણ કુરબાન કર્યા છે, હવે કેવળ આપના દિદારની આરઝુ છે."

## હઝરત અબ્બાસની શહાદત.

આ અવાજ સાંભળીને હઝરત ઇમામ હુસેન (અ.) દોડી આવ્યા અને એ મહાન ફિદાઇનું માથું ખોળામાં લઇને પુર્ણ પ્રેમભાવથી તેમનાં મુખ ભણી જોયું. બન્નેની આંખો અરસપરસ મળી એ મહાન ફિદાઇ હઝરત અબ્બાસની આરઝુ પુર્ણ થતાં તેમનાં પ્રાણ હસ્તે મુખડે આ ફાની દુનિયા તજી ગયાં. હઝરત અબ્બાસની ફિદાગીરી મરણ પર્યંત અચળજ રહી અને તેઓ હઝરત ઇમામ હુસેન અ. ને "આકા" તરીકે આખી જીંદગી સુધી કહેતા રહ્યા. કદી પણ "ભાઇ" શબ્દ તેમનાં મુખેથી ઉચ્ચારાયો નહિ, આ મૃત્યુની છેલ્લી ઘડી હતી છતાંયે તેમણે પોતાનું જીવનવ્રત તોડ્યું નહિ.

## અલી અકબર અને કાસિમની શહાદત.

હઝરત અલી અકબરે પણ કરબલાના મેદાનમાં વીરતાપુર્વક યુધ્ધ કર્યું. સંખ્યાબંધ યઝીદીઓનો તેમણે પણ સંહાર કર્યો હતો. બની હાશમીઓના પુત્રોમાંની વીરતા, ઉદારતા અને હમદર્દીની ભાવના તેમનામાં પુરેપુરી હતી. હઝરત અલી અકબર મયદાનમાં વીરતાપુર્વક લડતા હતા તે દરમ્યાન તેમને ઘંણા ઝખમો લાગ્યા હતા. ચોમેરથી યઝીદી સૈનિકો તેમના ઉપર પ્રહારો કરી રહ્યા હતા. તેઓ તેમનો સખ્ત જવાબ દેતા હતા. અંતે મનકદ બિન મર્દલ અબદીની બરછીનો તેમને ઘા લાગ્યો. એ ઘા કારી હોવાના સબબે તેઓ પણ શહીદ થયા.

હઝરત અલી અકબર નવયુવાન હતા. ઘણા ખુબસુરત હતા. તેમનો ચહેરો હઝરત નબી સ.થી મળતો આવતો હતો. તેઓ માથે ઝુલફ઼ા રાખતા હતા જેથી તેમનું સૌંદર્ય ઓર દીપી નીકળતું હતું.

હઝરત કાસમ બિન હસન બિન અલી પર કરબલાના રણજંગમાં બહાદુરીથી લડતાં શહીદ થયા હતા. કરબલાના યઝીદીઓ વચ્ચે તેઓ પણ શુરવીરતાથી લડતા હતા અને હઝરત ઇમામ હુસેન અ. ઉપર પોતાના પ્રાણની કુરબાની કરવાની ભાવના સેવી રહ્યા હતા. તેઓ ઉગતા યુવાન હતા. કરબલાના મયદાનમાં એમના લગ્ન થયા, એમને મેંહેંદી લગાડવામાં આવી હતી, સહેરો પહેરાવ્યો હતો, એ વાત સત્તાવાર ઇતિહાસો જોતાં સત્ય લાગતી નથી. દિલ્હીવાળા જાણીતા સુપ્રીસંત હઝરત ખ્વાજા હસન નિઝામી પોતાના "મુહર્રમનામા"માં લખે છે કે મહેંદી અને સહેરાનો રિવાજ હિંદુસ્તાનમાં છે. ખાનદાને નબુવ્વતમાં એ ચાલ નહોતો, વળી યુધ્ધ વખતે લગ્નનો પ્રસંગ કેવી રીતે ઉજવી શકાય? હઝરત કાસમ પણ બીજા હાશમી વીરો પ્રમાણે કરબલાના રણજંગમા અઝરક શામીના હાથે શહીદ થયા હતા.

## અહલેબયતને આખરી સદેશો.

હઝરત ઇમામ હુસેન અ.ના સઘળા સગા સાથીઓ શહીદ થઇ ગયા પછી, હઝરત ઇમામ હુસેન અ. પોતાના ઘરવાળાઓને મળવા અને હઝરત ઝયનુલઆબેદીન અ. ની અંતિમ મુલાકાતે ખયમામાં આવ્યા. તે વખતે જેમને તૃષા લાગી હતી, તેઓને ઇમામના નુરાની પ્રભાવ વડે પોતાની તલવાર જમીનમાં મારી પાણીનો ઝરો જારી કરીને સઘળાઓની તૃષા બુઝાવી તૃપ્ત કર્યા. ત્યારપછી તેઓને જણાવ્યું કે "હવે સરજતને તાબે થવાનું છે, આ મારી તમારી સાથે છેલ્લી મુલાકાત છે, હવે આપણી મુલાકાત જન્નતમાં થશે."

આ વખતે હઝરત ઝયનુલઆબેદીન અ. બીમાર હતા. લોખંડનું બખ્તર પગથી તોડવા જતાં એમને ઝખમ લાગ્યો હતો અને તેણે બીમારીનું રૂપ લીધું હતું. ખયમામાં હઝરત ઝયનુલ આબેદીન અ. ચામડાના પાથરણા પર સુઇ રહ્યા હતા. તેમની ફોઇ ઝયનબ તેમની બાજુમાં બેઠા હતા. પિતાશ્રીને આવતાં જોઇ

તેવણ ઉઠવા જતા હતા પણ બીમારીની અશકિતને લઇને તેમનાથી ઉઠી શકાયું નહિ. તેઓએ સર્વની ખબર પુછતાં, બીમારીમાં આઘાત ન થાય તેના કારણે તેમને પુરેપુરી ખબર આપવામાં આવી નહિ, પરંતુ ઇમામ હુસેન અ. એ પોતાની આ અંતિમ મુલાકાત હોવાનું જણાવી ખુલાસો કર્યો. સઘળા શહીદ થયેલા હોવાનુ સાંભળતાં તેમનો જુસ્સો ઉછળી આવ્યો અને પોતાની ફઇબાને કહ્યું: 'મને ઉઠવાં માટે લાકડી અને તલવાર આપો હું લાકડી ટેકવીને આગળ વધીશ અને એક હાથે તલવાર ચલાવી શત્રુઓ સામે યુધ્ધ કરીશ" હઝરત ઇમામ હુસેન અ. એ તેમને ગળે લગાડી શાંત થવાનું કહેતાં જણાવ્યું: "વહાલા ફરજંદ! તમો મારા પછી ખલકના ઇમામ અને કબીલાના રક્ષક છો, અને સર્વમાં શ્રેષ્ઠતર છો. અલ્લાહ તમારી કતલ ચાહતો નથી. તમારી નસલ કયામત સુધી કાયમ રહેશે, માટે તમો અમારી પાછળ આવશો નહિ" ત્યારપછી પોતાના પ્યારા ફરજંદનો હાથ પોતાના હાથમાં લઇ અહલેબયતને સંબોધીને ફરમાવ્યું: "અમારો આખરી વખત આવી લાગ્યો છે અને તેને અમો ખુશીથી ભેટવા જઇએ છીએ. તમો પણ ખુદાની રઝા પર રાજી રહેજો. કોઇએ રડવું, કુટવું કે બાલ પીંખવા નહિ. બે દહાડા પછી તમારે પણ અમારી પાસે આવવાનું છે. મારા પછી તમો સમસ્ત ખાનદાનના આગેવાન અને અમારી જગ્યાએ ખલકતના ઇમામ ઝેનુલઆબેદીન છે. એમનાં કહેવામાં, તમો સઘળા દરેક રીતે ધીરજ રાખીને રહેજો અને એમની તાબેદારી કરજો."

આ પ્રમાણે અહલેબયતને 'આખરી પયગામ' આપી અને હઝરત ઝયનુલઆબેદીન અ. ને "ઇમામતનું નુર" સોંપી તેઓશ્રી ખયમામાંથી બહાર નીકળ્યા.

## આખરી ઘટના.

હઝરત ઇમામ હુસેન અ. હવે એકલાજ રહ્યા હતા. તેઓશ્રીના સાથીઓ અને કુટુંબીઓ સઘળા આ દુનિયાનો ત્યાગ કરી આલમે બકા ભણી રવાના થયા. એ વાતમાં પણ ખુદાવંદી સંકેત હતો. ખાનદાને નબુવ્વતના સઘળા પુરૂષો પૈકી હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. વિદ્યમાન રહે અને સઘળા કુટુંબીઓ હઝરત ઇમામ હુસેન અ. ની હયાતીમાં શહાદતનો રૂતબો પામે એમાં એક છુપો રાઝ [ભેદ] સમાયલો હતો. તે પ્રમાણે કુદરતના અટલ નિયમ અનુસાર તેનું પરિણામ આવ્યું. ઇમામને એ માટે હર્ષ કે શોક ન્હોતો અને આવી સ્થિતિ વચ્ચે તેઓ રણજંગમાં ગયા અને શુરવીરતાથી તેઓએ લડવા માંડયું. યઝીદી સૈનિકો આ વખતે ચોમેરથી પ્રહારો કરવા લાગ્યા, જેથી હઝરત ઇમામ હુસેન અ. નું શરીર ઝખ્મોથી ભરાઇ ગયું, છતાં રણભુમિમાં તેમની તલવાર ચોમેર ઝઝુમી રહી હતી. ચારે બાજુ યઝીદીઓનાં શબોના ઢગલા પડેલા દેખાતા હતા. એક તરફથી ઇમામ લડતા હતા, બીજી ગમથી તેમના શરીરમાંના ઝખ્મોથી લોહી વહેતું હતું. એટલામાં એક તીર તેમની પીઠમાં આવી લાગ્યું. જો કે એ તીર પોતાની પીઠમાંથી ખેંચી કાઢ્યું, પરંતુ ઝુરઆહ ઇબ્ને શરીકે તેમને આ દરમ્યાન તલવારનો ઘા કર્યો. હઝરત ઇમામ હુસેન અ.એ પોતાના હાથે આ ઘા અટકાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે અગાઉ તલવાર પોતાનું કામ કરી ચુકી હતી. અંતે સિનાન ઇબ્ને અનસ નખંઇ તેમનાં સામે ધસી આવ્યો અને તેમને ભાલો માર્યો. આ ભાલાના ઘાથી તેઓ જમીન પર ઢળી પડયા. ઘણાખરા ઇતિહાસકારો હઝરત ઇમામ હુસેન અ. જમીન પર પડી ગયા પછી તેમનું મસ્તક શિમ્ર બિન ઝિલ જોશને કાપવાનું જણાવે છે અને એવો સામાન્ય મત છે. હઝરત ઇમામ હુસેન અ. ના શરીર પર ૩૦ ઝખ્મો અને ૪૩ ચીરાઓ પડવાની ગણતરી કરવામાં આવી છે. કરબલાની આ ઇતિહાસિક લડાઇ મહોર્રમ માસની દશમી તારીખે થોડા કલાકોમાં આ પ્રકારે પુર્ણ થઇ. હઝરત ઇમામ હુસેન અ. ની અવસ્થા વફાત વખતે આશરે ૫૮ વર્ષની હતી.

## બાળબચ્ચાં.

હઝરત ઇમામ હુસેન અ. ની પાંચ બીબીઓ હતી અને તેઓનાં કુખે અગ્યાર પુત્રો અને ચાર પુત્રીઓ જન્મી હતી. સઘળી બીબીઓમાં બીબી શહરબાનુ મુખ્યત્વે જાણીતા છે. આપની જાણીતી સંતતિમાં હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. જેમનું નામ "અલી અકબર" હતું. ઝાકિર હુસેન કૃત તારીખુલ ઇસ્લામ પરથી જણાય છે કે, કરબલામાં ૧૮ વર્ષની વયે શહીદ થયેલા ઇમામ હુસેન અ. ના બીજા પુત્રનું નામ પણ "અલી અકબર" કહેવામાં આવે છે. પરંતુ ખરું જોતાં તેમનું નામ "અલી અસગર" હતું. વળી એક બીજા દુધમલ બાળકનું નામ "અલી અસગર" કહેવામાં આવે છે, તેમનું નામ "અબ્દુલ્લા અસગર" હતું. આ સિવાય બીજા પુત્રો અબ્દુલ્લા, મુહમ્મદ, જાફર હતા. જાણીતી પુત્રીઓમાં સકીના અને ફાતિમા હતા. કેટલાકોએ ફાતિમા સુગરા અને ઝયનબ એમ બે પુત્રીઓ વર્ણવી છે.


## શહીદોની અંતિમ ક્રિયા.

કરબલાની લડાઇ પૂર્ણ થયા પછી હઝરત ઇમામ હુસેન અ. નું માથું મુબારક તથા અહલેબયતને ઇબ્ને ઝિયાદ પાસે કુફા લાવવામાં આવ્યા. ઇબ્ને ઝિયાદે તેઓને યઝીદ પાસે શામ ખાતે મોકલાવ્યા અને યઝીદે તેઓને કેટલાક દિવસ પછી મદીના રવાના કર્યા. કરબલાથી ઇમામ હુસેન અ. નું માથું નેઝા પર લટકાવીને લઇ જનાર ખુલી બિન યઝીદ અલ-અસબહી હતો.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. તથા અહલેબયતને લઇ જવા પછી શહીદોના શબ ત્યાંજ કરબલાની ભુમિ ઉપર દફન કર્યા વગરના પડયા હતા. બની અસદ નામના એક અરબ કબીલાના લોકો ત્યાંથી પસાર થતાં શહીદોના શબો જોઇને તેઓએ દફન ક્રિયા કરી હતી. યઝીદના દરબારમાંથી વતન ભણી પાછા ફરતાં અહલેબયતે કરબલાના મેદાનમાં આવી પોતાના શહીદોની આખરી ક્રિયા કરી હતી અને ત્યાંથી તેઓ પોતાના વતન મદીના ભણી સીધાવી ગયા.

અમીર મુઆવિયા તથા યઝીદના રાજ્યની ઘણી ખરી ઘટનાઓ કરબલાના બનાવને લઇને જગમશહુર છે, પણ ત્યારપછીના ઉમ્વી ખલીફા એટલા બધા જાણીતા નથી. વળી ઇમામો સાથે રાજકીય દ્રષ્ટિએ તેમનો સંબંધ હોઇ, વાંચકોની સુગમતા અર્થે ઉમ્વી વંશના ખલીફાઓની વંશાવળી આપી, ઇમામ ઝયનુલઆબેદીન અ. નું જન્મવૃતાંત હાથ ધરીશું.

# ઉમ્વી ખલીફાઓ.




કુલ્લે ૧૪ ઉમ્વી ખલીફ થયા હતા જેમની અનુક્રમ સંખ્યા નામ આગળ કાઉંસમાં આપવા આવી છે.

# HAZRAT MOWLANA IMAM ZAIN-UL-ABEDIN.

(A. H. 61–94)

(૩)

# હઝરત મૌલાના ઈમામ ઝયનુલઆબેદીન અ૦

(હિજરી સન ૬૧–૯૪)

## જન્મ.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.નો મુબારક જન્મ ગુરૂવાર તા. ૫મી શાબાન હિજરી સન ૩૮માં મદીના શરીફમાં થયો હતો. આ વખતે હઝરત અલી અ.ની વૃધ્ધાવસ્થા હતી. તેઓશ્રીનાં જન્મની બે વર્ષ બાદ હઝરત અલી અ.ની વફાત થઇ હતી. હઝરત ઇમામ હુસેન અ.ની વફાત વખતે તેઓશ્રીની ઉમર ૨૨ વર્ષની હતી. આ વયે તેઓશ્રી ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા.

## નામ અને લકબ.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.નું મુળ નામ 'અલી' હતું. તેઓશ્રીની કુનીયત (નામ-સંજ્ઞા) અબુ મુહમ્મદ અને અબુલ હસન હતાં. 'અબુલ અઇમ્મહ' જેવા તેઓશ્રીનાં અન્ય ઘણાં લકબો છે. ઇબ્ને ખલકાને તેમનો લકબ 'ઇબ્નલ ખયરતીન' પણ જણાવ્યો છે. પરંતુ તેઓશ્રી 'ઝયનુલ-આબેદીન'ના લકબથી વધારે જગમશહૂર છે.

## હઝરત ઝયનુલઆબેદીન અ.ના માતુશ્રી.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ના માતુશ્રી છેલ્લા જરથોસ્તી બાદશાહ યઝદેઝર્દ બિન શહેરીયાર બિન નૌશિરવાનના પુત્રી હતા. સાસાનીયન વંશનો એ છેલ્લો બાદશાહ હતો. એમનું મુળ નામ 'શાહે ઝનાન' હતું. હઝરત અલી અ.એ પાછળથી "શહેરબાનુ" નામ રાખ્યું હતું. (૧) ઇસ્લામનાં ઇતિહાસમાં એવણ એજ નામે વિખ્યાત છે. હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ને જન્મ આપ્યા પછી સુવાવડમાંજ એમની વફાત થઇ હતી. (૨) બીબી શહેરબાનું કરબલાના યુધ્ધ વખતે હાજર હતા અને પાછ-

---

૧ તેમના અરબસ્તાનમા આવવા માટે ઈતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે અમીરૂલ મોમિનીન હઝરત અલી અ. તરફથી ખુરાસાનના એક ભાગની હકુમત માટે મોકલાવવામાં આવેલ હારીસ ઈબ્ને જાબિર સાથે ઈરાનના છેલ્લો સમ્રાટ યઝદેઝર્દ બિન શહેરયારની બે પુત્રીઓ મદીનામાં આવી હતી. શાહે ઝનાન નામની પુત્રી હઝરત ઈમામ હુસેન અ સાથે પરણાવી. અને જેમના પેટે ઈમામ ઝયનુલઆબેદીન અ. જનમ્યા. અને બીજી પુત્રી પ્રથમ ખલીફા હઝરત અબુબકરના પુત્ર મુહમ્મદને પરણાવી, જેના પેટે કાસિમ જન્મ્યા. (રોઝતુસ્સફા, જિલ્દ ૩જી, પૃષ્ઠ ૪)

૨ નાસિખુત્તવારિખ ઓયુને અખબારે રિઝા, તઝકિરતુલ અઈમ્મા, ઈત્યાદી ઇતિહાસોમાં આ બાબત સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવી છે.

જથી 'ઝુલજનાહ' નામના ઘોડા સાથે અદ્દશ્ય થયા હતા એમ કહેવામાં આવે છે, પરંતુ એ હકીકત ઇતિહાસિક દ્દષ્ટિએ પ્રમાણભુત માનવામાં આવી નથી. શીઆ સંપ્રદાયવાળા ઇતિહાસકારોએ પણ એને પ્રમાણભુત ગણી નથી.

## રૂપરંગ, ગુણ અને જ્ઞાનવર્ણન.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.નું શરીર પાતળું પણ મધ્યમ કદનું શુરવીરતાની અચળ ગવાહી આપે તેવું હતું. એકંદરે તેઓશ્રીનું શરીર એમના દાદા હઝરત અલી અ.થી ઘણેભાગે મળતું આવતું હતું.

તેઓશ્રી ઘણાંજ સહનશીલ હતા. એમની વાણી ગૌરવશીલ હતી. સાદા ભોજનનો આહાર કરતા. ગુલામો ઉપર પ્રેમ રાખતા, દુ:ખીઆઓને સહાય કરતા અને દાન કરવામાં ઘણાંજ ઉદાર હતા. હમેશાં સાદા અને કેટલાક વખતે ઉમદા વસ્ત્રો પણ પહેરતા હતા.

રાજદ્દારી ઘટનાઓને અંગે મંદ થઈ ગયેલ ધર્મજ્ઞાનની પ્રવૃત્તિને તેઓશ્રીએ પુનઃ સજીવન કરી હતી. ધર્મજ્ઞાન સંબંધે સવાલોનો અને ગુંચવણ ભર્યા વિષયોનો તેઓશ્રી 'રાસેખુન ફીલ ઇલ્મ' તરીકે ખુલાસાઓ આપતા હતા. ઇલ્મે લદુની (પ્રેરણા જ્ઞાન)ના જીવંત ઝરણા તેઓશ્રીની પવિત્ર ઝાતમાંથી ઝરતા હતા, અને જેનો ફેઝ ખુદાની ખલકતને તેઓશ્રીએ પહોંચાડયો હતો. શેખ અત્તારે જેમને સુફી મંડળના એક તારલા તરીકે વર્ણવ્યા છે, તેવા મહાન 'મુતકલીમ' ઇસ્લામી તત્વજ્ઞાનના ઉંડા અભ્યાસી, હસન બસરી પણ હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. સાથે જ્ઞાનગોષ્ટી કરી, તેઓશ્રીનાં જ્ઞાનથી દિંગમૂઢ થયા હતા. હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ના વિશાળ જ્ઞાન વિષેના આવા અનેક દ્રષ્ટાંતો તેઓશ્રીનાં જીવનચરિત્રનાં પુસ્તકોમાંથી મળી આવે છે. હઝરત અલી અ. પેઠે, હઝરત ઇમામ ઝયનુલ-આબેદીન અ. કાવ્યપ્રેમી પણ હતા, અને તેઓ પ્રસંગોપાત કાવ્યરચના કરતા હતા, એ કાવ્યોમાં ઉંડી શિખામણો આદીની છાયા અંકિત થયેલી છે. જગત જનોની બેવફાઇ અને પોતાના પિતાશ્રીના સાથે ચલાવવામાં આવેલ દુષ્ટ વર્તન માટે કટાક્ષ અને ખેદભર્યા શબ્દોનીયે તેમાં નોંધ છે. હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ના પુષ્કળ બોધવચનો પણ મળી આવે છે.

## કુફામાં આપેલો ઇતિહાસીક ખુતબો.

હઝરત ઇમામ હુસેન અ.ની વફાત પછી, હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. અને અહલેબયતને ઉંટો પર સ્વાર કરી ઉમર બિન સાદ અને શિમ્ર ઝિલ જોશન સાથે કરબલાથી કુફા લઇ જવામાં આવ્યા હતા. કુફા પહોંચ્યા પછી કુફાવાસીઓનું દિલ અહલેબયતની આવી સ્થિતિ જોતાં ભરાઇ આવ્યું અને તેઓ રડવા લાગ્યા. કુફાવાસીઓના આ રૂદનનો અવાજ ઇમામ ઝયનુલઆબેદીન અ.ના કાને આવ્યો ત્યારે તેઓશ્રીએ તેઓને ખામોશ રહેવાનું કહી તેમને સંબોધીને ફરમાવ્યું: "અય લોકો! હું હુસેન બિન અલી ઇબ્ને અબિ તાલિબનો પુત્ર છું, જેમને કરબલામાં શહીદ કરવામાં આવ્યા. તેમનું માથું મુબારક દેહથી જુદું કરવામાં આવ્યું. તેમના કુટુંબીઓને યઝીદી સૈન્યની દેખરેખ તળે અહીં લાવવામાં આવ્યા છે. એ બધું તમારી બેવફાઇને લઇને થયું છે અને હવે રડવાથી શું ફાયદો છે? હું તમને ખુદાના સોગંદ આપીને પુછું છું કે, શું તમોએ મારા પિતાને પત્રો લખી લખીને બોલાવ્યા ન્હોતા અને તેમના હાથ ઉપર 'બયઅત' કરી ન્હોતી? તે પછી તમોએ પોતાનું વચન તોડી અને તેમના સામે લડાઇ લડી અને શત્રુઓના હાથો મજબુત કર્યાં નથી? તમોએ આખરત માટે કેવું ખરાબ ભાથું તૈયાર કર્યું છે! અને કેવો કુમાર્ગ મેળવ્યો છે! તમો કેવું મોઢું લઇ અલ્લાહની દરબારમાં જશો અને કઇ આંખોથી નબીને જોશો? જ્યારે તેઓ તમને પુછશે કે, "મારી ઇતરતને તમોએ કયા ગુનાહ માટે કતલ કરી અને તેમનું સન્માન જાળવ્યું નહિં? શું તમો મારી ઉમ્મતમાં ન્હોતા?" તો

તમો શું જવાબ આપશો? ખુદા તેના ઉપર કૃપા કરે, જેઓ ખુદા, રસુલ અને અહલેબયતના હકમાં અમારી શીખામણ સ્વિકારે છે."

આ સાંભળી બધા કહેવા લાગ્યા: "અમો બધા આપના હકને જાણીએ છીએ અને આપની તાબેદારી વાજીબ સમજીએ છીએ. આપ જે હુકમ આપશો તે બજાવી લાવી શહીદોના ખુનનો બદલો લઈશું અને આપના શત્રુઓનો સંહાર કરશું."

ઇમામ ઝયનુલઆબેદીન અ.એ લોકોનો આવો જવાબ સાંભળીને કહ્યું :– "હું તમારા સોગંદનો વિશ્વાસ કરીશ નહિં. હું તમારી છળનીતિ જાણું છું. મારા પિતા જોડે જે વર્તન ચલાવવામાં આવ્યું છે તે મને યાદ છે. હું માત્ર એ વાત ઇચ્છું છું કે તમો અમોને સાથ આપો નહિં તેમજ અમારા શત્રુઓને પણ સાથ નહિ આપો, તમો તટસ્થા જાળવો એજ તમારા માટે લાભદાયી છે." આટલું કહીને તેઓશ્રીએ મૌન ધારણ કર્યું. (૧)

અહલેબયતના કાફલાને યઝીદી સરદારો સાથે લઈ ઉમર બિન સાદ કુફા આવ્યો હતો, તેનું કારણ એ હતું કે ઇબ્ને ઝિયાદની દરબારમાં તેમને રજુ કરવામાં આવે. કરબલાના યુધ્ધમાં સઘળી સુચનાઓ ઇબ્ને ઝિયાદે આપી હતી અને તેની પાસેથી હુકમો મેળવવામાં આવતા હતા. અહલેબયત કુફા આવ્યા પછી બીજે દિને ઇબ્ને ઝિયાદે 'કસરૂલ ઇમારત'માં દરબાર ભરી. ઘણા કુફીઓ પણ ત્યાં હાજર હતા. અહલેબયતને દરબારમાં લઈ જવામાં આવ્યા. ઇબ્ને ઝિયાદની દરબારમાં કેટલાક સવાલ જવાબ થયા પછી અહલેબયતને દરબારમાંથી વિદાય કરવામાં આવ્યા.

## યઝીદના પાટનગરમાં.

ઇબ્ને ઝિયાદે ત્યારપછી દરેક શહેરમાં યઝીદની ફતેહના સમાચાર કાગળ દ્વારા લખી મોકલાવ્યા. શામમાં યઝીદ બિન મુઆવિયાને પણ તેણે વિગતવાર કાગળ લખ્યો. તેનો જવાબ આવી જતાં થોડા દિવસ રહી અહલેબયતના કાફલાને શિમ્ર બિન ઝિલજોશન સાથે કેટલાક માણસો આપી શામ ભણી યઝીદ પાસે રવાના કર્યાં. આ કાફલો શામમાં આવી પહોંચ્યા પછી યઝીદના દરબારમાં અહલેબયતને લઇ જવામાં આવ્યા. યઝીદે હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. ભણી મોઢું કરીને કહ્યું: "તમારા પિતાએ મારી બાદશાહી લેવાનો વિચાર કર્યો હતો. મારો હક તેવણે ઓળખ્યો નહિં અને લડાઇના પરિણામનો વિચાર કર્યો નહિં." આ પ્રસંગે દરબારની બહાર નોબત વાગતી હતી. યઝીદે ઇમામ ઝયનુલઆબેદીન અ.ને ઉદ્દેશીને કહ્યું :– "સાંભળો! આ મારી ને મારા બાપની બાદશાહતની નિશાની છે અને તમારા પિતાનું માથું સામે કપાયલું પડ્યું છે."

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. મૌન રહ્યા. થોડો વખત બાદ મોઅઝ્ઝીને અઝાન પોકારી, તે ભણી ઇશારો કરીને ઇમામે યઝીદને કહ્યું :– "લે સાંભળ! અમારા બાપદાદાની બાદશાહતની નિશાની આ છે અને તું તારા પિતા સહિત તે નિશાન આગળ માથું ઝુકાવે છે." (૨)

દરબાર બરખાસ્ત થયો. અહલેબયત ઉપરના બંધનો કહાડી નાંખવામાં આવ્યા અને હરમને મહેલમાં પાઠવી દેવામાં આવ્યા.

એક ઇતિહાસકાર લખે છે કે હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અ.ના શામના રહેઠાણ દરમ્યાન

---

૧. સ્વાનેહ ઉમ્રી ઇમામ ઝયનુલ આબેદીન (અ) પૃષ્ઠ ૧૪–૧૫
૨. ખ્વાજા હસન નિઝામી કૃત મોહર્રમ નામા પૃષ્ઠ ૧૨૭–૧૨૮

યઝીદે એક કુશળ ભાષણકાર ( ખતીબ ) ને હઝરત ઝયનુલઆબેદીન અ. ના બાપદાદાનો દાવો જાહેર કરવા અને ઉમ્વી રાજ્ય વિરૂધ્ધના બળવાના પરિણામનું વર્ણન કરવાનું કહ્યું. ખતીબે મિમ્બર પર ચઢી એ મતલબનો ખુત્બો ભણ્યો તેના ઉતરવા પછી હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન અ. મિમ્બર પર ગયા અને હેઠળની મતલબનો ખુત્બો આપ્યો:- "આ સભામાં હાજર રહેલાઓ જે અમને ઓળખે છે, તેઓને અમારી ઓળખાણ આપવાની જરૂરત નથી. પરંતુ, જેઓ અમારી નસલને જાણતા નથી તેઓને હું જણાવું છું કે, હું ઇસ્લામના સ્થાપકનો નવાસો છું. હઝરત અલી મુરતઝા અને જનાબ ફાતિમા ઝોહરાનો પૌત્ર અને કરબલાના શહીદનો પુત્ર છું. સર્વ પ્રકારના ઉત્તમ ગુણો અમારામાં પરિપુર્ણતાની હદે પહોંચેલા છે. અમને એવો દરજ્જો આપવામાં આવ્યો છે કે જે કોઇને અપાયો નથી. જીબ્રઇલ જેવા ફિરિસ્તા અમારા ઘરમાં ઉતરતા હતા, અને આસમાની કિતાબ અમારા ઘરમાં નાઝિલ થઇ છે."

ઇમામ ઝયનુલઆબેદીન અ. એ અહિં સુધી ખુતબો આપ્યો તેટલામાં તો હાઝર રહેલાઓ ઉપર તેની ભારે અસર થયેલી જણાઇ. લોકોની લાગણી યઝીદ વિરુદ્ધ ઉશ્કેરાવા લાગી. ગડબડાટ વધી પડતાં યઝીદને લાગ્યું કે, કયાં અત્રે તોફાન ન થઈ જાય ! એવું વિચારી તેણે મોઅઝઝીનને અઝાન આપવાનો હુકમ કર્યો. હઝરત ઈમામ ઝયનુલઆબેદીન અ.એ ખુતબો બંધ કર્યો.

## મદીનામાં બળવો.

શામમાં કેટલોક વખત રોકાયા પછી હઝરત ઇમામ ઝૈનુલઆબેદીન અ. કરબલા થઇ મદીને આવ્યા અને ત્યારપછી ત્યાંજ રહેવા લાગ્યા. કરબલાના યુદ્ધ પછી ઇમામ ઝૈનુલઆબેદીન અ. શાંત અને સંસાર વિરકત થઈ પોતાનું જીવન નિર્ગમન કરવા લાગ્યા. કોઈ પણ પ્રકારની રાજ્યદ્વારી ચળવળમાં જોડાયા નહિ. હઝરત અલી અ. અને હઝરત ઇમામ હુસેન અ. પ્રત્યેની કુફાવાસીઓની બેવફાઇ રાતદિન તેમને અંતરમાં સાલ્યા કરતી હતી. કુફીઓ ઇમામની ઓળખનાર નહોતા. કેવળ હઝરત પયગમ્બરના કુટુંબીઓ તરીકે એમને સહાય કરવા તૈયાર થતા હતા. પરંતુ સમયનું ચક્ર ફરી જઇને સામનો કરવાનો વખત આવી લાગતા તેઓ બીકુ બની જઇ ધર્મનો ત્યાગ કરી પીઠ ફેરવી નાસી જતા. એવા બેવફા લોકો ઉપર હવે વિશ્વાસ મુકવા હઝરત ઇમામ ઝૈનુલ આબેદીન અ. બીલકુલ તૈયાર ન હતા. આ સઘળા કારણોની તેમના ઉપર ઉંડી અસર થઇ હતી, જેથી તેઓ જાહેર જીવનમાં ભાગ નહિ લેતાં, તેઓશ્રી એકાંતમાં રહીને ઇલ્મેદીન તથા મુરીદોની પ્રગતિની પ્રવૃતિમાં રચ્યાપચ્યા રહેતા હતા.

કરબલાના છેલ્લા અત્યાચાર પછી લોકોનાં મન ઉશ્કેરણીભર્યા અને ચંચળ બન્યા હતા અને કેટલાક અગ્રગણ્ય લોકોના મનમાં યઝીદી દૌરનો અંત લાવવાના વિચારો ઘોળાયા કરતા હતા. એ લોકોને યઝીદી ગવર્નરોની આપખુદી અને અપ્રમાણિકતાથી વધારે પ્રોત્સાહન મળ્યું. મદીનામાં યઝીદનો પિત્રાઈ ઉસમાન બિન મુહમ્મદ આ સમયે ગવર્નર હતો. તેનો સ્વભાવ અત્યંત ક્રુર હતો. સત્તાનો મદ તેને અતિશય હતો. રાતદિન અનીતિના કાર્યમાં તે ડુબેલો રહેતો હતો અને યઝીદી રાજ્યઅમલનો પ્રભાવ બેસાડવાની નિરંતર કોશિશ કરતો હતો. ઘણા લોકોના મન એના વર્તનથી દુભાયેલા હતા. આ પરિસ્થિતિને લઈ અબ્દુલ્લા બિન હન્ઝલા નામના એક અગ્રેસરે યઝીદી સત્તા સામે માથું ઉંચકયું અને તે પોતાના નામની સત્તા લોકોમાં બેસાડવા લાગ્યો. અબદુલ્લા બિન હન્ઝલાનો ઇરાદો જાણી લઇને મન્ઝર બિન ઝુબેર નામનો એક બીજો શખ્સ તેને મળ્યો અને તેને એવી સલાહ આપી કે, "હઝરત ઇમામ હુસેન અ. ના નુરે ચશ્મ હઝરત ઝૈનુલઆબેદીન અ. છે. ઝમાનાના ઇમામ છે... આપણે તેમની ગુલામીનો દમ ભરનારા છીએ. એમનાથી વધુ માનવંત વ્યકિત આજે જગતમાં એક પણ નથી અને કોઇ તેમનું સ્થાન પણ લઈ શકે એમ નથી. પ્રથમ એ વિષયમાં એમનો શું અભિપ્રાય છે તે આપણે જાણી લેવો જોઇએ."

મન્ઝર બિન ઝુબેરની સલાહ અબ્દુલ્લાહ બિન હન્ઝલાને ઠીક લાગતાં બન્ને જણા મળીને હઝરત ઈમામ ઝૈનુલઆબેદીન અ. ની હુઝુરમાં આવ્યા અને અરજ કરી કે "યા મોલા! અમો યઝીદ સાથે યુધ્ધ કરી આપના પિતાશ્રીનો બદલો લેવા તૈયાર થયા છીએ. તમો કૃપા કરી અમારી આગેવાની સ્વીકારો."

હઝરત ઈમામ ઝૈનુલઆબેદીન અ. એ ફરમાવ્યું :–"અબ્દુલ્લાહ અને મન્ઝર! તમારા પ્રત્યેની લાગણી અને વફાદારી જોઈને હું ઘણોજ ખુશી થયો છું, પરંતુ શું તમો અમારા દાદાશ્રી અને પિતાશ્રીના સમયના બનાવોથી અજાણ છો? શું એ પ્રસંગો તમોને યાદ નથી? શું કુફીઓ પ્રથમ સાથ આપી પાછળથી બેવફા થયા ન્હોતા? શું ખારજીઓની કથની કમકમાટ ઉપજાવનારી નથી? આ સઘળી બિના લક્ષમાં લેતાં આ બેવફાઓનું મોઢું જોવાનું અમને ગમતું નથી. છતાં તમારો છેવટનો નિર્ણય બળવો જગાડવાનો હોય તો અમો મદીના છોડી ચાલ્યા જઈશું અને જ્યાં શાંતિ હશે ત્યાં રહીશું."

હઝરત ઈમામ ઝૈનુલઆબેદીન અ. ના આ શબ્દો સાંભળી અબ્દુલ્લાહ બિન હન્ઝલા અને મન્ઝર બિન ઝુબેરે રૂખસદ લીધી પરંતુ, તેઓના વિચાર બદલાયા નહિં અને તેઓએ યઝીદ સામે બળવો જગાડવા માટે ચળવળ ચલાવી લોકોને ઉશ્કેરી મુકયા અને શહેરમાં ખુનામારકી શરૂ થઈ. તે દરમ્યાન અબ્દુલ્લાહ ઈબ્ને હન્ઝલા આગળ વધતો ગયો. યઝીદે તેનું આગળ વધતું બળ તોડી પાડવા મુસ્લિમ બિન અકબાને રવાના કર્યો. એક વિશાળ મેદાનમાં બન્ને લશ્કરનો ભેટો થયો અને બન્ને તરફથી ખુબ જોરથી યુધ્ધ ખેલાવા માંડયું. યઝીદી સૈન્યની પ્રબળતા આગળ અબ્દુલ્લાહ બિન હન્ઝલાથી ટકી શકાયુ નહિં અને તે હાર્યો. એના સાથીદારોની મોટી સંખ્યાનો પણ સંહાર કરવામાં આવ્યો. વિજયના પોકારો કરતું મુસ્લિમ બિન અકબાનું સૈન્ય તે પછી મદીના નગરમાં દાખલ થયું અને શહેરમાં લુટફાટ કરવા લાગ્યું. ત્રણ દિવસ સુધી મદીનામાં કત્લેઆમ ચાલી. (૧) દશ હજાર લોકોનો આ કત્લેઆમમાં વધ કરવામાં આવ્યો. જેમાં સ્ત્રી પુરૂષો બચ્ચાઓ, સહાબીઓ, મુહાજરીનો, ઉલ્મા, અને તાબેઈનનો પણ સમાવેશ થતો હતો.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. એ આ બળવામાં મરવાનનાં હરમને બળવાખોરોનાં આક્રમણથી બચાવી લીધા હતા. મદીના ઉપરાંત શામ, દમિશ્ક, કુફા વિગેરે સ્થળોએ પણ ફસાદ થયા અને અરાજકતા ફેલાઈ ગઈ, એટલુંજ નહિ પરંતુ ખાનએ કાબા અને મસ્જિદુલ હરામને પણ નુકશાન થયું અને ઘણી ખાનાખરાબી થઇ.

આ ઘટના પછી મદીનાવાસીઓ પાસેથી બયઅત લેવામાં આવી. "સ્વાનેહ ઉમ્રી ઈમામ ઝયનુલઆબેદીન અ." ના કર્તા, ઇતિહાસિક ગ્રંથોનો હવાલો આપી જણાવે છે કે, શું ખુદાની શાન છે! મુસ્લિમ બિન અકબાએ હઝરત ઈમામ ઝયનુલ આબેદીન અ. ને બયઅત કરવાનું તો કહ્યું નહિ પરંતુ ઘણીજ ઇઝઝત આપી તેમના સાથે સારામાં સારો વર્તાવ કર્યો. આ યુધ્ધ પછી યઝીદ મરણ પામ્યો,

## મકકામાં અબ્દુલ્લાહ ઝુબેરનો રાજ્યરંગ.

આ બનાવ પછી અબ્દુલ્લાહ બિન ઝુબેરને સારી તક મળી અને પોતાની લાંબા સમયની ઈચ્છા હવે પાર પડશે એમ જાણીને તેણે મકકામાં પોતાની સત્તા બેસાડી દીધી. અબ્દુલ્લાહ બિન ઝુબેરના નામનો ખુત્બો મકકા ઉપરાંત મિસર અને શામમાં પણ ભણવામાં આવ્યો. ઈરાકમાં તેનો ભાઇ મુસઅબ બિન ઝુબેર તેના વતી અમલ ચલાવવા લાગ્યો.

---

૧ રોઝતુસ્સફા જિલ્દ ૩, પૃષ્ઠ ૧૫૮ અને તારીખે અબુલ ફિદા પૃષ્ઠ ૪૬૫.

હિજરી સન ૬૬ માં મુહમ્મદ બિન હનફિયા, અને તેમના કુટુંબના તથા કુફાના ૭૦ અગ્રગણીઓને પોતાની પાસે બોલાવી અબ્દુલ્લા બિન ઝુબેરે બયઅત કરવાનું દબાણ કર્યું. મુહમ્મદ બિન હનફિયા હઝરત અલી અ. ના પુત્ર હતા અને હઝરત ઈમામ હુસેન તથા હઝરત હસનના સાવકી માતાના પેટે ભાઈ થતા હતા. તેમણે અબ્દુલ્લાને ખુલ્લે ખુલ્લું જણાવી દીધું કે, "જ્યાંસુધી આમ પ્રજાવર્ગ તમારી બયઅત નહિં કરે ત્યાંસુધી અમો તૈયાર નથી." આ ઉપરથી અબ્દુલ્લા ઝુબેર અને મુહમ્મદ બિન હનફિયા વચ્ચે બોલચાલ થઈ. આ દરમ્યાન એવા સમાચાર આવ્યા કે, મુખતાર બિન અબુ ઉબૈદા સકફીએ કુફા ઉપર કબજો કરી લીધો છે અને તે મુહમ્મદ બિન હનફિયાના નામની બયઅત લઇ રહ્યો છે. ઇબ્ને ઝુબેરે આ ખબર પછી વધારે દબાણ ચલાવી ઝમઝમના કુવા પાસે લાકડાંઓ આજુબાજુ ગોઠવી મુહમ્મદ બિન હનફિયા અને તેમના સાથીઓને કેદ કરીને સઘળાને જીવતા બાળી નાખવાનો સમય મુકરર કર્યો.

પરિણામે મુહમ્મદ બિન હનફિયાએ પોતાના એક માણસને ખાનગી રીતે કુફા મોકલી મુખતારને પોતાની સ્થિતિ વર્ણવી. આ પરથી મુખતારે અબુ અબ્દુલ્લાહ જદુલીને ઘોડેસ્વાર સૈન્ય આપી રવાના કર્યો અને તેની કુમકે બીજું સૈન્ય મોકલાવ્યું. અબુ અબદુલ્લાહ જદુલી દોઢસો સવારો સાથે મક્કામાં દાખલ થયો. મુહમ્મદ બિન હનફિયા અને તેમના સાથીઓને જીવતા બાળી મુકવામાં માત્ર થોડોજ વખત બાકી રહ્યો હતો. એટલામાં અબુ અબ્દુલ્લા જદુલી ધસી આવ્યો. ઇબ્ને ઝુબેરના સૈનિકો નાસી ગયા અને મુહમ્મદ બિન હનફિયાને છોડવી લઇ અને લડાઇ કરવા લશ્કરે આજ્ઞા માંગી, કુમકમાં ચાર હજારનું લશ્કર પણ આવી પહોંચ્યું. ઇબ્ને ઝુબેર ડરી ગયો. મુહમ્મદ બિન હનફિયા પાસે લશ્કરે લડાઇની આજ્ઞા માંગી છતાં બીજી વાર પણ તેમણે તેમ કરવા ના કહી બાદ "શેઅબે અલી" નામની જગ્યામાં તેઓ જતા રહ્યા.

એક તરફ આ બની રહ્યું હતું, જ્યારે બીજી તરફ અબ્દુલ્લાહ ઝુબેરનો ભાઈ મસઅબ બિન ઝુબેર મુખ્તાર સાથે લડી રહ્યો હતો. ઇમામ હુસેન અ. ના ખુનના બદલા માટે તેઓ લડી રહ્યા હતા. મુખ્તારના માર્યા જવાના અને મસઅબ બિન ઝુબેરે કુફા પર કાબુ મેળવી લીધાના સમાચાર મળ્યા. મક્કામાં અબ્દુલ્લાહ બિન ઝુબેરને આ સમાચાર મળતાં તેણે મુહમ્મદ બિન હનફિયાને મક્કા છોડી જવા કહ્યું અને તે પછી મુહમ્મદ બિન હનફિયા મક્કા છોડી ગયા, અને ઇબ્ને ઝુબેરના મરણ પામતા સુધી તેઓ પાછા આવ્યા નહિ.

યઝીદના અમલમાં મક્કા મદીનામાં બળવા થયા હતા. મદીનાના બળવાનું વર્ણન આપણે આગળ જોઇ ગયા. મુસ્લિમ બિન અકબાના હાથમાં તેની સરદારી હતી. મુસ્લિમ બીમાર હાલતમાંજ સેનાપતિ બનીને આવ્યો હતો અને મદીનાનો બળવો સમાવ્યા પછી તે મરણ પામ્યો અને તેની જગ્યા હસીન બિન નમીરે લીધી.

## ઈમામની આશ્ચર્યકારક ઉદારતા.

મદીનામાં વાતાવરણ શાંત થયા પછી મક્કામાં અબદુલ્લા બિન ઝુબેરના મુકાબલા માટે હસીન બિન નમીર નીકળ્યો. તેણે મક્કા ઉપર મારો ચલાવ્યો, અને અબદુલ્લા બિન ઝુબેરના સૈનિકો બચાવ કરી રહ્યા હતા. આ યુધ્ધ ચાલતું હતું. તેમાં હસીન બિન નમીરે સમાધાની માટે ચર્ચા શરૂ કરી પરંતુ તેમાં તેને સફળતા મળી નહિં. શામના રાજનગર દમિશ્કથી કાંઈ સ્પષ્ટ હુકમ નહિં હોવાથી હસીન દમિશ્ક ઉપડી જવા ચાહતો હતો પરંતુ ઘાસચારો ખુટતાં તે તેની શોધ કરવા લાગ્યો.

હસીન બિન નમીરે માર્ગમાં એક નવજવાન અરબને ઊંટ પર સવાર થઇને જતાં જોયો. તેના સાથે ઘાસચારાના ભારા પણ હતા. હસીને તેની આગળ જઇને ઘાસચારો ખરીદવાની પોતાની

ઇચ્છા દર્શાવી, પરંતુ પેલા અરબ નવજવાને તેની કાંઈ પણ કિમ્મત લીધા વિના તે ભેટ આપ્યો. એક અજાણ્યા પુરુષની ભેટથી હસીન અજાયબી પામ્યો. તેણે પુછ્યું:—"તમો કોણ છો?" "હું ઇમામ ઝયનુલઆબેદીન અ. છું" એવી ઓળખાણ પેલા અરબે આપી અને વળતો પ્રશ્ન તે કોણ હોવા વિષેનો પુછયો. હસીન બિન નમીરે પોતાની ઓળખાણ આપી. હઝરત ઝયનુલઆબેદીન અ. તેને હવે ઓળખી ગયા. કરબલાના રણજંગમાં ઉમર બિન સાદની સરદારી હેઠળ તેને લડતાં તેઓશ્રીએ જોયો હતો. હસીન બિન નમીરે હઝરત ઝયનુલઆબેદીન અ. ને કહ્યું:—યા ઇબ્ને અલી! યઝીદ મરણ પામ્યો છે એ આપે સાંભળ્યું હશે. જગત ખલીફ વગર ખાલી છે. તમે મારી સાથે શામમાં ચાલો. હું આખા ઈસ્લામી જગતના તમને ખલીફ બનાવીશ. ત્યાં હું અને મારા પાંચ હજાર સાથીઓ તમારી બયઅત કરીશું. ઇરાકીઓ અને કુફીઓ જેવા અમે દગલબાજ અને બેવફા નથી. અમો વીર પુરુષો છીએ."

હસન બિન નમીરના આ શબ્દો સાંભળી ઘાસના ભારા તેની આગળ ફેંકી દઇને હઝરત ઝયનુલઆબેદીન અ.એ કહ્યું:-"હું કોઇની બયઅત કબુલ કરતો નથી." આટલું કહી ઊંટ દોડાવતા ત્યાંથી રવાના થઇ ગયા. હસીન બિન નમીર બની હાશમની ઉદારતા અને લાલસા વિમુખતા જોઇને અજાયબીમાં ગરકાવ થઇ ગયો.

## મુઆવિયા બિન યઝીદનો અંતરનાદ.

યઝીદનું મૃત્યુ હિજરી સન ૬૩ માં થયા પછી તેનો પુત્ર મુઆવિયા બિન યઝીદ રાજ્યગાદી પર આવ્યો, પરંતુ તેણે લોકમેદની વચ્ચે જાહેર કર્યું કે, એ રાજગાદી ઉપર મારો કશો હક નથી. એના ખરા હકદાર ઇમામ ઝયનુલઆબેદીન છે. એ સબબે હું આ રાજ્યસત્તા સ્વીકારવા તૈયાર નથી. તેના આવા શબ્દોથી લોકો રોષે ભરાણા અને બની ઉમૈયાના લોકો તો ખાસ કરીને તેની સામે છેડાઇ પડયા. તેના આવા સત્ય કથનથી સઘળા તેની વિરૂધ્ધ થઇ ગયા. આવી સ્થિતિ વચ્ચે કેટલાક લોકોએ મુઆવિયા બિન યઝીદને પુછ્યું:-"તમો આ પદ ગ્રહણ કરતા નથી તો પછી તમારી જગ્યાએ કોની નિમણુંક કરો છો?"

મુઆવિયાએ નિમણુંક કરવાનો ઈન્કાર કરી જણાવ્યું: "મારા બાપદાદાએ જનાબ રસુલ સ. ની ઇતરતની કતલ કરી, તેમનો હક છિનવી લઇ જે અઘોર પાપ કર્યું છે, એવા અઘોર પાપમાં હું શામિલ થવા નથી ઇચ્છતો. ત્યારપછી તે પોતાના મહેલમાં ચાલ્યો ગયો અને એકાંતમાં રહેવા લાગ્યો અને કદી પણ ઘરમાંથી બહાર નીકળ્યો નહિં. (૧) એમ કહેવામાં આવે છે કે, તેને ઝેર આપવામાં આવ્યું હતું. આ બનાવ બન્યા પછી માત્ર ચાલીસજ દિવસ તે જીવવા પામ્યો હતો.

## મરવાનીઓના રાજઅમલમાં

બીજા મુઆવિયાના મરણ પછી અમીર મુઆવિયાના વંશની સમાપ્તિ થઇ અને તેના કાકાઇ વંશજ મરવાનીઓ રાજ્યસિંહાસને આવ્યા. તેનો પહેલો બાદશાહ મરવાન બિન હકમ થયો. તેણે સાત વર્ષ અને સાત મહીના પર્યંત રાજ્ય ભોગવ્યું. મરવાન હઝરત ઉસમાનના સમયમાં તેમનો સલાહકાર હતો અને લાંબા વખતથી બાદશાહતની લાલસા રાખતો હતો અંતે તે પોતાના હેતુમાં સફળ થયો. અમીર મુઆવિયાએ ઘણા શ્રમપૂર્વક નાખેલી બાદશાહતનું ફળ મરવાનીઓએ ચાખ્યું. મરવાન બિન હકમના મરણ પછી તેના દીકરા અબ્દુલમલિક બિન મરવાને રાજ્યપદ ધારણ કર્યું. તેણે હઝરત ઝયનુલઆબેદીન

૧ સવાઇકે મુહર્રકા અને રોઝતુસ્સફા.

અ.ને કેદ કરવાનો હુકમ બહાર પાડયો. તેના સિપાહીઓએ હઝરત ઝયનુલઆબેદીન અ.ના હાથ પગમાં લોખંડની બેડીઓ પહેરાવી કેદ કર્યા. ઝહરી નામના એક વૃધ્ધ સહાબીએ ઇમામની મુલાકાત લીધી અને તેમની આવી સ્થિતિમાં જોઇને તેનું હૈયું ભરાઇ આવ્યું અને આંખોમાંથી આંસુ સરી પડયા. ઝહરીનું આખું નામ આ પ્રમાણે છે; અબુબકર મુહમ્મદ બિન મુસ્લિમ. તેઓ ઇબ્ને શાહબ ઝહરી તરીકે મશહુર થયા છે. તેઓ "તાબેઇન" માંના આલીમો અને ફકીહોમાંના એક હતા. પોતાની જાહેર સ્થિતિ પરથી તેમની આ હાલત થયેલી જોઇને હઝરત ઇમામ ઝયનુલ આબેદીન અ.એ કહ્યું:—"અમો બંદીવાન છીએ એવો શું અમારા માટે તમે વિચાર કરો છો? જો એમજ હોય તો તેમાં તમો ભુલો છો. આ સઘળું અમે જગતજનોની ધૈર્યતા માટે કરી રહ્યા છીએ, જેથી દુ:ખના સમયે સંસારીજનો અમારો દાખલો લઇને ધીરજ ધરે." એમ કહેતા હઝરત ઇમામે પોતાના કદમ મુબારક ઉપાડયા અને બેડીઓ જમીન પર સરી પડી. આ જોઈ ઝહરી આશ્ચર્યચકિત થયા. આ ઘટના બન્યા કેડે ચોથા દિવસે અબ્દુલમલિક ઇબ્ને મરવાનના સિપાહીઓ મદીનાની બજારો, ગલીઓ અને મકાનોમાં ઇમામની શોધ કરી રહ્યા હતા, પરંતુ તેમનો પત્તો લાગ્યો નહિં. ઝહરીએ તે સિપાહીઓને પુછ્યું: "શું બાબત બની છે?" તેઓએ કહ્યું:— "હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ને કેદ કરી અમો લઈ જતા હતા. એક મન્ઝીલ સુધી મુસાફરી કર્યા પછી રાતના પડાવ નાંખ્યો અને ખયમામાં ઇમામને બંધ કરી અમો આખી રાત ચોકી કરતા જાગૃત રહ્યા. જ્યારે સવારના 'ખયમા'માં ગયા તો લોખંડની બેડીઓ સિવાય કાંઈ જોવામાં આવ્યું નહિં. (૧)

આ વાત સાંભળ્યા પછી ઝહરી અબ્દુલમલિક મરવાનને મળ્યો. મરવાને તેમને જણાવ્યું કે, "હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. મારા સિપાહીઓના હાથમાંથી નીકળી જવા પછી મારી પાસે આવ્યા અને મને કહેવા લાગ્યા કે તારી અને અમારી વચ્ચે શું શત્રુતા છે, જેથી તું અમને કનડે છે?"

આ સાંભળી મેં ઇમામને ખાત્રી આપી મારી પાસે રહેવા કહ્યું પરંતુ ઇમામે એ સ્વીકાર્યું નહિં અને મારી પાસેથી વિદાય થઇ ગયા. આ વખતે હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ની મુખમુદ્રા જોઇ હું હેરાન થયો. આ બિના સાંભળીને ઇમામની મહોબ્બતનો જોશ ઝહરીના હૃદયમાં પ્રબળ થયો અને હઝરત ઇમામના સમાગમમાં વધુ ને વધુ આવવા લાગ્યો. આ બનાવ બન્યા પછી અબ્દુલમલિક બિન મુરવાન તેઓની સાથે માનપૂર્વક વર્તતો હતો. તેનું આ વર્તન રાજ્યનીતિને અનુસરીને હતું. રાજ્યવ્યવસ્થાના સબબે હવે અબ્દુલમલિક બિન મરવાને હિજાઝ બિન યુસુફને ઇરાકનું રાજ્યતંત્ર સોંપ્યું અને તેને કુફાનો વાલી બનાવવામાં આવ્યો. અબ્દુલમલિકની કારકિર્દિ રાજપ્રપંચ અને ભયમાં પસાર થઇ હતી. ૨૧ વર્ષ ને દોઢ માસ સુધી રાજ્ય કરી હિજરી સન ૮૬માં તે મરણ પામ્યો. મરણ વખતે તેની વય ૬૦ વર્ષની હતી.

અબ્દુલમલિકના મરણ પછી તેનો પુત્ર વલીદ ૩૮ વર્ષની વયે રાજગાદી પર બેઠો. હિજાઝ બિન યુસુફ તેના સમયમાં મરણ પામ્યો. તેણે ૧૬ વર્ષ પર્યંત ઇરાકની હકુમત ભોગવી હતી. તેના હાથે દોઢ લાખ મુસલમાનો માર્યા ગયા હતા. વલીદ ઇબ્ને અબ્દુલમલિક ૯ વર્ષ અને ૮ માસ પર્યંત રાજ્યગાદીએ રહ્યો.

વલીદે પોતાની હયાતીમાં પોતાના પુત્ર અબ્દુલઅઝીઝને રાજગાદી આપવાની વેતરણ કરી હતી. અબ્દુલમલિક પોતાના નાના ભાઇ સુલેમાનને રાજગાદી આપવાની તેને ભલામણ કરી ગયો હતો. પોતાના

૧ રોઝતુલ અરબાબ અને રોઝતુસ્સફા.

ભાઈનો હક ડુબાડી દેવાની તે ખટપટ કરી રહ્યો હતો, એટલામાં તે મરણ પામતાં તેના બાદ સુલેમાન રાજસિંહાસને બેઠો.

## કવિ ફેર્ઝદક અને હિશામ.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ની પ્રશંસામાં કવિ ફર્ઝદકે લખેલો કસીદો પણ એમના જીવનની રસસામગ્રીની એક સુંદર કડી છે. આ કસીદાથી ઇમામ ઝયનુલઆબેદીન અ.નો ઇમામ તરીકેનો મહિમા અર્થસુચક રીતે પ્રગટ થાય છે. કવિ ફર્ઝદકનું નામ અબુ ફરાસ બિન ગાલિબ હતું. તે તમીમી કબીલાનો હતો. ફર્ઝદક એવું તખલ્લુસ હતું. તે ખાનદાન વંશમાંથી ઉતરી આવેલો હતો. હિશામ બિન અબ્દુલમલિક ઉમવી પોતાના ખિલાફતકાળ પહેલાં યાત્રા કરવા ગયો ત્યારે લોકોની ભીડમાં તેને ક્યાંયે જગ્યા ન મળતાં આ સઘળું નિહાળવા માટે એક જગ્યાએ તેને બેઠક કરી આપવામાં આવી હતી. ઇમામ ઝયનુલઆબેદીન અ. પણ એ સ્થળે હતા. તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તેમના માટે લોકો ઘણીજ જલ્દીથી જગ્યા કરી આપતા. ઇમામની આટલી ઇજ્જત થતી જોઇ એક અજાણ્યા શામીએ હિશામને પુછ્યું: "આ કોણ શખ્સ છે, જેને આટલું બધું સન્માન આપવામાં આવે છે?" હિશામને વિચાર થઇ પડયો કે જો ખરી વાત કહી દેવામાં આવશે તો કદાચ શામીઓ પોતાના વંશને ઓછો સન્માનનીય સમજશે અને રાજ્યપ્રભાવ જતો રહેવાનો ભય ઉભો થશે; એટલે તેણે પોતાની અજાણતા પ્રગટી કરી કે, "તે કદાચ મક્કા, મદીના કે યમનનો કોઇ શખ્સ હશે!"

કવિ ફર્ઝદક શામીઓના ટોળામાં હાજર હતો. આ શબ્દો સાંભળી તેને ઉકળાટ થઇ આવ્યો. તેણે પેલા શામીને કહ્યું: "હિશામને શું પુછો છો? મને એ સવાલ પુછો! હું તેમને સારી રીતે ઓળખું છું." આટલું કહીને તેણે પોતાનો શિઘ્ર કસીદો કહી સંભળાવ્યો જે ઇતિહાસપ્રસિધ્ધ હોઈ આજે પણ તેની લોકપ્રિયતા એટલીજ છે.

આ કસીદો સાંભળીને હિશામને ઘણો ક્રોધ ચઢયો. તેણે કહ્યું–"ઇમામ ઝયનુલ આબેદીન અ.ની પ્રશંસા તેં આજે કરી છે, તેવી કદીઇણ અમારી તારીફ કરી નથી." કવિ ફર્ઝદક ઉમવી દરબારમાં આવતો જતો હતો, તે બિનાને અનુલક્ષીને હિશામે આ શબ્દો કહ્યા હતા.

કવિ ફર્ઝદકે જવાબમાં જણાવ્યું હે અમીર! તારો નાના એના નાના જેવો હોત, હઝરત અલી ને ફાતિમાનો જે મરતબો છે, તે તારા માતપિતાનો હોત, તો અવશ્ય હું તારી એવી પ્રશંસા કરત."

હિશામે તે પછી ઉમવી દરબાર તરફથી કવિ ફર્ઝદકને અપાતું વર્ષાસન બંધ કર્યું અને મક્કા મદીના વચ્ચે આવેલા 'અસ્ફાન' નામના એક સ્થાનમાં કેદ પુરવામાં આવ્યો. ઇમામ ઝયનુલઆબેદીન અ.ને આ ખબર પડતાં બાર હજાર દિરહમ કવિ ફર્ઝદકને મોકલાવ્યા. કવિ ફર્ઝદકે અહેસાન માનીને પાછા વાળતાં કહ્યું: "મેં આ કસીદો માત્ર અલ્લાહ અને તેના પયગમ્બરની પ્રસન્નતા માટેજ કહ્યો છે. પૈસા મેળવવાની ભાવનાથી આ કાર્ય મેં કરેલું નથી તેથી પાછા વાળું છું."

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.એ તે રકમ પાછી કવિ ફર્ઝદક પાસે મોકલાવીને જણાવ્યું કે "અહલેબયત જે રકમ એકવાર બક્ષિસ કરે છે તે પાછી લેતા નથી. એટલે એ રકમ તારે કબુલ કરવી જોઇએ." ઇમામના આગ્રહથી આ રકમ કવિ ફર્ઝદકે કબુલ રાખી. મજકુર કવિને ઉમવી ખલીફ હિશામના

પિતા અબ્દુલમલિક તરફથી વાર્ષિક૨૦૦૦ દિરહમ સાલીઆણું મળતું હતુ. આ ઘટના પછી તેને કારાગ્રહ માં પુરવામાં આવતાં તેણે ખલીફના નિંદ્ય કાવ્યો રચવાનું શરૂ કર્યું. પરિણામે તેને બસરામાં દેશપાર કરવામાં આવ્યો, તે પછી તેને ઇમામ ઝેનુલઆબેદીન તરફથી બમણું વર્ષાસન તેના મરણ પર્યંત ૪૦ વર્ષ સુધી મળતું રહ્યું હતું. આ છે આલે નબી ઔલાદે અલી, બની ફાતિમીનો સખી દિલગુર્દી. આજેય એજ આલે રસુલની સખાવત જોનાર આંખો જોઇ શકે છે અને હસદખોરો ઇર્ષાગ્નિથી બળી મરે છે.

ફારસી ભાષાના જાણીતા કવિ મૌલાના અબ્દુર્રેહમાન જામીએ ઉપર વર્ણવવામાં આવેલી ઘટનાના વર્ણન સાથે કસીદાનો ફારસી તરજુમો કર્યો છે. મુળ અરબી કસીદો ઘણો લાંબો છે. અત્રે કસીદામાંથી ચુંટેલા શેરોનો તરજુમો હેઠળ આપવામાં આવે છે:-

આ એક એવી વ્યક્તિ છે કે જેના પગલાને મક્કાની પથરાળ ભુમિ જાણે છે. ખાનએ કાબા હરમ પણ તેને ઓળખે છે.

અલ્લાહના સઘળા બંદાઓથી જે શ્રેષ્ટ છે એવા પિતાનો તે પુત્ર છે. તે પરહેઝગાર, માનનીય અને પવિત્ર નર તરીકે જાણીતો છે.

હઝરત પયગમ્બર તેના પિતા છે. જ્યાંસુધી લેખિની રહે ત્યાંસુધી ખુદાની કૃપા ભરી રહે.

દુનિયાની ઉત્તમતર બાનુ ફાતિમા ઝોહરાનો આ પુત્ર છે. જેની તલવાર દુશ્મનો માટે કહેર સમાન છે. એવા રસુલના વારસનો એ પુત્ર છે.

જેના દાદાની મહત્વત્તાનો નબીઓની મહત્વતાએ સ્વીકાર કર્યો છે અને તેની ઉમ્મતની મહત્વતાને અન્ય ઉમ્મતોએ કબુલ રાખી છે.

તેઓએ ઇજ્જતના એવા ઉંચા શિખર સુધી એક એવો મહેલ ચણ્યો છે કે ત્યાં અરબ અજમના મુસલમાનો પહોંચી શકતા નથી. સામાન્ય રીતે સૃષ્ટિ તેમના ઉપકાર તળે દબાયલી છે અને તેના સબબે અંધકાર અને કંગાલીયત જતા રહ્યાં છે.

આ ફાતિમાનો પુત્ર છે. (હિશામ પ્રત્યે ઉદ્દેશીને) જો તું એને ઓળખતો નથી તો હવે જાણી લે કે તેના નાના હઝરત પયગમ્બર છે.

તેમનું ઝરણુ હઝરત પયગમ્બરના ઝરણથી ફુટયું છે. તે માટે તેમાં ગુણો રીતભાત અને જુદા જુદા સ્વરૂપો ઉચ્ચ પ્રકારના છે.

"એ કોણ છે?" એમ તારૂં કહેવું તેમને નુકશાન પહોંચાડી શકતું નથી, તું ખરેખર તેને ઓળખતો ન હોય તોપણ જો તું ઇન્કાર કરે તો શું થયું? અરબ અને અજમની પ્રજાઓ તેમને ઓળખે છે.

આ (ઇમામ) એવા લોકોમાંથી છે કે જેની મિત્રતા ઇન્સાનનો ધર્મ છે અને તેની શત્રુતા કુફ્ર છે. તેની નઝદીકીમાં મુક્તિ અને શાંતિ સમાયેલી છે.

ખુદાની યાદ પછી તેમની યાદ સર્વથી ઉચ્ચતર છે. દરેક પ્રકારના આરંભમાં તેની સઘળી વાતો તેમના ઉપર પુર્ણ થાય છે.

અલ્લાહે તેમને દિવસોનો આરંભ થયો ત્યારથી મહત્તા અને કુલિનતા આપ્યાં છે. તે માટે તેમની "લોહ" ઉપર કલમ લખી રહી છે.

જે ખુદાને ઓળખે છે તે તેમની આરંભની સ્થિતિને પણ જાણે છે, દીન તો એમના ઘરથીજ લોકોને મળ્યો છે.

તેમના વફાદાર અને આશીર્વાદિત હોવાના કારણથી એવા કયા લોકો છે, જેઓ તેમના ગુલામોમાંથી ગણાતા ન હોય?

## મુહમ્મદ બિન હનફિયા.

મુહમ્મદ બિન હનફિયા વિષે કેટલુંક વર્ણન અગાઉ આવી ગયું છે, પરંતુ તે ઇતિહાસની સંકલના પુરતું છે. મુહમ્મદ બિન હનફિયા કોણ હતા અને હઝરત ઝયનુલઆબેદીન અ. સાથે તેમનો કેવો સંબંધ રહ્યો હતો તે અત્રે જોઇશું.

એમનું નામ મુહમ્મદ અને લકબ અબુલ કાસમ હતું. તેઓ હઝરત અલી અ. ના પુત્ર હતા. હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. ના ઝમાનામાં હઝરત અલી અ. ના વંશમાંથી તેઓ એકલાજ બુઝુર્ગ વયના નર વંશધર હતા. તેઓ ખુલા બિન્તે જાફર હનફિયાના પેટે અવતર્યા હતા. મુહમદ બિન હનફિયા હઝરત અલી અ. ના પુત્ર હોવા છતાં તેઓ ઇતિહાસમાં પોતાના કબીલાના નામેજ પ્રસિધ્ધ થયા છે. તેઓ સદચરિત્રવાન અને નરવીર હતા. બીબી આયશાની શામેલગીરીવાળું જંગે જમલનું જે યુધ્ધ થયું તેમાં પોતાના પિતા હઝરત અલી અ. ના પક્ષના મુહમ્મદ બિન હનફિયા ધ્વજધારી હતા.

મુહમ્મદ બિન હનફિયાની માતા ખુલાના લગ્ન હઝરત અલી અ. સાથે થયાની ઘટના એવી રીતે વર્ણવામાં આવી છે કે હઝરત અબુબકરની ખિલાફતના સમયમાં સેનાપતિ ખાલિદ બિન વલીદે હનફિયા કબીલાવાળાઓને કતલ કરી તેમનાં બાળબચ્ચાંઓને મદીના મોકલાવ્યા. તેમાં ખુલા પણ હતા. આ વખતે તે નવયૌવના હતા. આ બનાવ પછી હઝરત અલી અ. વેરે તેમના લગ્ન થયા હતા. એવું પણ કહેવાય છે કે ખુલા બહુ બળવાન હતા અને હઝરત અલી અ. જીત્યા પછી તેઓના લગ્ન થયા હતા.

મુહમ્મદ બિન હનફિયાને હઝરત અલી અ. યુધ્ધના સમયે હંમેશ આગેવાની આપતા હતા. આ વિષયમાં લોકોએ તેમને પુછયું કે "તમારા પિતા હઝરત અલી અ. યુધ્ધનાં પ્રસંગોએ તમને અગ્રસ્થાન આપે છે અને તેમના બીજા પુત્રો હઝરત હસન અ. અને હુસેન અ. ને શા માટે યુધ્ધમાં મોકલાવતા નથી અને તેમનું રક્ષણ શા કારણે કરે છે?"

મુહમ્મદ બિન હનફિયાએ ઊત્તર આપ્યો કે "હું મારા પિતા માટે હાથ સમાન છું અને હઝરત હસન અ. અને હઝરત હુસેન અ. હઝરત પયગમ્બરની આંખો છે. આંખોનું હાથો વડે રક્ષણ કરવામાં આવે છે. એવો સામાન્ય નિયમ છે. (૧)

આ જવાબથી મુહમ્મદ બિન હનફિયાનો હઝરત હસન અ. અને હુસેન અ. પ્રત્યેની પ્રેમભાવના દેખાઇ આવે છે. રિવાયતોમાં આવેલું છે કે, હઝરત મુહમ્મદ હનફિયાએ કુફીઓ પાસેથી હઝરત ઇમામ હુસેન અ. ના ખુનનો બદલો સંપુર્ણપણે લીધો હતો.

મુહમ્મદ બિન હનફિયાની આશરે ૬૯ વર્ષની વય થઇ હતી. હિજરી સન ૮૧ માં તેઓ અવસાન પામ્યા હતા. આ ગણતરીએ તેઓ હિજરી સન ૧૬ માં જન્મ્યા હતા, મકકામાં તેમનો ભુમિદાહ કરવામાં આવ્યો હતો.

## ઇમામના વલીઅહદ.

હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. નાં લગ્ન હઝરત હસન બિન અલીના પુત્રી જનાબ ફાતિમા વેરે થયા હતા. તેઓને ૭ પુત્રી અને ૯ પુત્રો મળી સઘળા ૧૬ સંતાન થયા હતા. જેમાંથી સહુથી વડા હઝરત ઇમામ મુહમ્મદ બાકર અ. હતા. જેમને હઝરત ઇમામ ઝયનુલઆબેદીને અ. વલીઅહદ નિમી પોતાની વફાતના એક માસ અગાઉ ઇમામતના હકદાર વારસ જાહેર કર્યા હતા. ઇમામના બીજા પુત્રો ઝૈદ, અબદુલ બહર, અબદુલ્લાહ, હસન, હસનુલ અસગર, અલી અકબર, અલી અસગર ને ઉમરૂ એ પ્રમાણે હતા.


---

(૧) ઇતિહાસકાર ઇબ્ને ખલકાન

## વફાત.

ઇમામ ઝયનુલઆબેદીન અ. પ્રત્યે વલીદ ઘણી શત્રુતા રાખતો હતો. તેણે ઇમામને ઝેર આપવાથી તેઓ વફાત પામ્યા. ઇમામ ઝયનુલ-આબેદીન અ. પોતાની વફાત અગાઉ પોતાના અંતિમ સમયની રાત્રે પોતાના પુત્ર ઇમામ મુહમ્મદ બાકિરને વસીઅત કરી હિજરી સન ૯૪માં ૫૮ વર્ષની વયે વિદેહી થયા જન્નતુલ બકીઅ નામનાં કબ્રસ્તાનમાં તેમના કાકા હઝરત હસન અ.ની જોડમાં તેમના શબને સુપુર્દેખાક દેવામાં આવ્યો. તેમની વયના વિભાગ આવી રીતે પાડી શકાય; ૩ વર્ષ તેમના દાદા હઝરત અલી સાથે, ૧૦ વર્ષ હઝરત હસન અને ૧૦ વર્ષ ઇમામ હુસેન સાથે અને ૩૪ વર્ષ ઇમામ તરીકે.

## ખાનદાને અલી.




હઝરત મૌલાનાં ઇમામ ઝયનુલઆબેદીન અ. અને તે પછી તેમના વંશજોની ઇમામતના સિલસિલાના સંબંધમાં અનેક વેળાએ મતભેદ પડ્યાં છે. જુદા જુદા પંથો કેવી રીતે હસ્તીમાં આવ્યા, તેની સમજ અર્થે ખાનદાને અલીનું વંશવૃક્ષ આ સ્થાને આપવામાં આવે છે.

# HAZRAT MOWLANA IMAM MUHAMMAD BAQIR.

(A. H. 94-114)

(૪)

# હઝરત મૌલાના ઈમામ મુહમ્મદ બાકિર અ૦

(હિજરી સન ૯૪-૧૧૪)

## જન્મ.

હઝરત મૌલાના ઇમામ મુહમ્મદ બાકિર અ.નો મુબારક જન્મ હિજરી સન ૫૭માં સફર માસની ૩ જી તારીખે, મંગળવારના દિવસે મદીનામાં થયો હતો. તેઓશ્રીના દાદાશ્રી હઝરત મૌલાના ઇમામ હુસેન અ.ની શહાદત સમયે એમની ઉંમર ૪ વર્ષની હતી. કરબલાના બનાવ પછી ૩૩ વર્ષ પર્યંત તેઓશ્રી પોતાનાં પિતાશ્રી ઝયનુલઆબેદીન અ. સાથે રહ્યા હતા. એટલે તેઓ ઇમામતની મસનદ ઉપર આવ્યા ત્યારે એમની વય ૩૭ વર્ષની હતી.

## નામ અને લકબ.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના માતુશ્રી જનાબ ફાતિમા હઝરત હસન બિન અલી બિન અબુ તાલિબના પુત્રી હતા. જેઓનું ઉપનામ "ઉમ્મે અબ્દુલ્લાહ" હતું. હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના માતપિતા બન્ને તરફથી અલવી અને હાશમી હતા તેઓશ્રીનું નામ મુહમ્મદ અને ઉપનામ "અબુ જાફર" છે. તેમનો મુખ્ય અને જાણીતો લકબ "બાકિર" છે. શાકિર તથા હાદીની સંજ્ઞાથી પણ તેઓ ઓળખાતા હતા.

## આગમવાણી.

"બહરૂલ અન્વાર"ના ઉલ્લેખ અનુસાર, '**મદીનતુલ ઇલ્મ**' સરવરે કાયનાત હઝરત રસુલે ખુદાએ, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ને તેમના જન્મ પૂર્વે "બાકીરૂલ ઉલુમ"=ઇલ્મજ્ઞાનમાં પ્રવીણનો લકબ આપ્યો હતો અને તેઓશ્રીના નામ વગેરેનું વર્ણન તેઓ નામદારે આગળથી ભાખ્યું હતું. "બહરૂલ અન્વાર" વિગેરે ગ્રંથોમાં એ સંબધેનો ઉલ્લેખ મળી આવે છે. હઝરત રસુલે ખુદાની આ આગમવાણી જાબિર અન્સારીના કથન પરથી લેવામાં આવી છે.

જાબિર અન્સારીનું કથન છે કે: "મારા ભાવિ જીવનમાં થનારી ઘટના વિષે ભવિષ્યવાણી ભાખતાં હઝરત પયગમ્બરે મને ફરમાવ્યું: "મારો એક ફરઝંદ જે મારી આંખના નૂર હઝરત ઇમામ હુસેન અ.ની નસલમાંથી હશે. તેની જોડે તારી મુલાકાત થાય, ત્યાંસુધી તું હયાત રહીશ. તેનું નામ "મુહમ્મદ" હશે અને તે "ઇલ્મે દીન"ને વિકસાવશે.

હઝરત નબી મુહમ્મદ સ. ની આગમવાણી મુજબ જાબિર અન્સારી પોતાની ઉત્તર અવસ્થામાં અંધ થયા હતા, પરંતુ હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ની મુલાકાતથી મુશર્રફ થઇ પોતાની જાતને દુઃખમાંથી ઉગારવા ભાગ્યશાળી થયા હતા અને તે પછી ઇમામની ખિદમતમાંજ રહ્યા હતા.

## "બાકિર" શબ્દનો અર્થ.

"બાકિર" અરબી શબ્દ છે અને તે શબ્દકોષ અનુસાર "બાકિરૂલ અર્ઝ" પરથી લેવામાં આવેલો છે. તેનો અર્થ "પૃથ્વીને પર્વત બનાવનાર" અથવા "છુપેલી હકીકતને પ્રગટ કરનાર" થાય છે. "બાકિર" લકબથી તેઓને ઓળખવાનું બીજું કારણ એ છે કે, તેઓશ્રી ઇલાહી રહસ્યો, ઇલ્મે તસવ્વુફ અને મઆરિફતની વિદ્યાઓમાં પ્રવીણ હતા. સુફીઓ તેઓશ્રીને ચાહતા હતા. ઇલ્મે તસવ્વુફમાં તેમના પુષ્કળ કથનો મળી આવે છે. 'ઉમ્મુલ કિતાબ" નામનું પુસ્તક હઝરત મુહમ્મદ બાકિર અ. એ લખ્યું છે. ફકત જ્ઞાનના અધિકારીઓજ તેનું વાંચન કરી સમજી શકે છે. બીજાઓ તેનું વાંચન કરે તો પરિણામ સારૂં ન આવે, એમ માનવામાં આવે છે. તેઓશ્રી એવું બહોળું જ્ઞાન ધરાવનારા હોઇ, હઝરત નબી સાહેબની આગમવાણી અનુસાર તેઓ "બાકિરૂલ ઉલુમ"ની સંજ્ઞાથી લોકપ્રિય થઈ પડયા હતા. "બાકિરૂલ ઉલુમ"ની આ સંજ્ઞાનો પ્રભાવ કેટલો હતો એ ઉપરથી સમજાય છે કે, ધાર્મિક જ્ઞાન મેળવવા અર્થે મોટા મોટા મોહદ્દીસો (૧) અને તાબેઇનો (૨) પણ તેઓની સેવામાં હાજર રહી વિદ્યા સંપાદન કરતા હતા. ઉપરાંત ઘણા આલીમો-વિદ્વાનો પણ ધર્મના મુશ્કિલ સવાલોના ઉકેલ કરાવવા માટે તેમના પાસે આવતા હતા. ઇસ્લામની જગતમાં ફકીહ (૩) તરીકે પંકાયલા અત્તાર બિન જરાહ, અબુ હનીફા, ઝહરી જેવા વિદ્વાનોએ પણ એમની કનેથી ધર્મજ્ઞાનનો લાભ મેળવ્યો હતો. આ રીતે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. પોતાના પિતાશ્રી પ્રમાણે સંસાર વિરકત રહીને ફકત અરબસ્તાનમાંજ નહિં પરંતુ અરબસ્તાનની બહારના મુલ્કોમાં પણ ચારે તરફ ઇલ્મજ્ઞાનનો પ્રકાશ ફેલાવવાના કાર્યમાંજ પોતાનો સમય ગાળતા હતા.

## રાજ્યના સલાહકાર તરીકે.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ઉમ્મી ખલીફા વલીદના શાસનકાળનાં છેલ્લા વર્ષે, ઇમામતની ગાદીએ બિરાજમાન થયા હતા. તેઓશ્રી રાજ્યકારણમાં બિલકુલ ભાગ લેતા નહોતા અને તેથી તેમનાં જીવનમાં એવા રાજ્યદ્વારી બનાવો ઇતિહાસમાં નોંધાયેલા જોવામાં આવતા નથી. છતાં મુલકી સવાલોના સંબધમાં કેટલીક એવી ઘટનાઓ બનવા પામેલી છે. કે જે વખતે ઉમવી ખલીફાઓને હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ની સલાહ અને સુચનાઓની જરૂર પડતાં તેમને માનસહિત આમંત્રણો આપવામાં આવ્યાં હતાં.

ઇસ્લામની હુકુમતનાં પ્રારંભકાળથી, ઉમવી ખલીફ અબ્દુલમલિક બિન મરવાનના સમય સુધી ચલણી સિકકાઓ પાડવાનો રિવાજ ન્હોતો અને દેશના નાણા વ્યવહાર માટે જે સિકકાઓ ચાલતા હતા તે રોમન બાદશાહના હતા. ઇસ્લામી દેશોમાં પણ ઇસ્લામ વિરૂધ્ધ મનાતી હોય એવી છાપો પાડી, રોમન બાદશાહ કયસર પોતાની સત્તા દેખાડવા માટે રોમન સિકકાઓ ચલાવતો હોવાથી ખલીફ અબ્દુલમલિકે તેને ઇસ્લામી કરવા માટે જાણીતા આસામીઓની એક સભા બોલાવી. હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને પણ તેમાં પધારવાનું માનસહિત આમંત્રણ આપ્યું. સભાએ રોમન

---

૧ હદીસકારો ૨, હઝરત મુહમ્મદ સ. અને તેમનાં અસહાબોને આંખે નિહાળનારા. ૩ ધર્મશાસ્ત્રી

ચલણને બંધ કરી, ઇસ્લામી ચલણ ચાલુ કરવાનો સર્વાનુમતે નિર્ણય કર્યો. જેથી એ પ્રશ્ન ઉપસ્થિત થયો કે ઇસ્લામી સિક્કાઓ કેવા પ્રકારના પાડવા જેમાં ઇસ્લામી સંસ્કૃતિનું રક્ષણ થાય, આ પ્રશ્નથી સભાના અગ્રેસરોમા ભારે ગુંચવણ ઉત્પન્ન થતાં, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.એ તેનો ઉકેલ આણવા માટે ઇસ્લામી સિક્કાની એક બાજુ **"લાઇલાહા ઇલ્લલ્લાહ"** અને બીજી બાજુ **"મુહમ્મદુર-રસુલિલ્લાહ"** કોતરાવવાનો અભિપ્રાય આપ્યો, જે સભાએ પસંદ કરતાં ઇસ્લામી સિક્કા માં એ શબ્દો રાખવામાં આવ્યા, ઇસ્લામી જગતમાં સિક્કાઓનાં ચલણનો આ રીતે આરંભ થયો. "તારિખુલ ખુલફા" ના કર્તા અબ્દુલમલિક બિન મરવાનના રાજ્યકાળમા જે ખાસ બાબતો બની હતી, તેમાંની એક આ સિક્કાઓની ચલણના આરંભને ગણે છે.

ઉમવી ખલીફા અબ્દુલમલિકના પુત્ર હિશામના રાજ્યકાળમાં પણ એવી એક ઘટના બની હતી. શામ અને ઇરાકથી હિજાઝ તરફ જનારા મુસાફરોને પાણીની બહુજ હાડમારી ભોગવવી પડતી હતી અને કેટલીક વખતે તો પાણી ન મળવાથી મુસાફરોને પ્રાણ પણ તજવા પડતા હતાં. મુસાફરોની આ મુસીબતોની ફરિયાદો આવતાં ખલીફા હિશામે રાજ્યના ખર્ચે એક જબરદસ્ત કુવો ખોદવાનો હુકમ આપ્યો. જમીન ઘણી સખત હોવાથી ખોદકામમાં ઘણો સમય નીકળી ગયો. ઉપરાંત પાણીની સપાટી સુધી કુવો ખોદાઈ ગયો ત્યારે એક બીજી આફત નડી અને છેક તળીએ ખોદકામ કરનારા મજુરો ઉપર પાછા આવી શકયાજ નહિ. તેની તપાસ કરવા બીજા મજુરો નીચે ઉતર્યા, તેઓ પણ ઉપર આવી શકયા નહિ અને અંદરજ મરણ પામ્યા. આવી રીતે મજુરોનો ત્રીજો ભાગ મરણ પામ-વાથી ખોદકામના અધિકારીઓએ ખલીફ હિશામ પાસે ફરિયાદ કરી. આ ઉપરથી ખલીફ હિશામ જાતે દમિશ્કથી મક્કા આવ્યો અને આ બાબત ઉપર વિચાર કરવા જાણીતા અને બુધ્ધીશાળી લોકોની સભા બોલાવી. જેમાં હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. સભામાં કોઇપણ શખ્સ કાંઇપણ બોલી શકયો નહિ. પરંતુ હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. એ જાતે તપાસ કરી અભિપ્રાય આપ્યો કે "જેઓના પર ખુદાઇ કોપ ઉતર્યો હતો તે આદકાફવાસીઓનું એ સ્થાન હોઈ કુવાનું બાંધકામ એ જગ્યાએ બંધ કરવું જોઇએ અને તેના બીજા છેડાએ કુવો ખોદાવવા માં આવશે તો આવી જાતની મુશ્કિલીઓ નડશે નહિ." ખલીફાએ ઇમામની સલાહથી એ કુવો ખોદાવ્યો જે આજે પણ અરબસ્તાનના 'હઝરમૂત' નામની જગ્યા પાસે આવેલો છે.

## ઇમામની ઉદારતા.

જાબિર ઇબ્ને અબ્દુલ્લાહ અનસારીનું એક કથન (૧) હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ની ઉદારતાનું એક સુંદર દૃષ્ટાંત પુરું પાડે છે. જાબિર કહે છે કે: "એક દિવસ હું ઇમામ મુહમ્મદ બાકિર અ.ની સેવામાં હાજર હતો, ત્યારે એક કવિએ આવીને એક કસીદા (પ્રશંસા કાવ્ય) રજુ કરવા દેવા માટે ઇમામને વિનંતિ કરી. ઇમામે પરવાનગી આપતાં કવિએ ઇમામની શાનમાં એક ભાવપુર્ણ કસીદો સંભળાવ્યો. ઇમામે પ્રસન્ન થઇ કવિને ધન્યવાદ સહિત નાણાથી ભરપુર એક થેલી અર્પણ કરી. આ જોઇને કવિએ બીજું એક કાવ્ય સંભળાવવાની પરવાનગી માંગી. પરવાનગી મળતાં કવિએ એક બીજો કસીદો સંભળાવી મનરંજન કર્યા. આથી ઇમામે તેને એક બીજી થેલી નાણાથી ભરેલી અર્પણ કરી. કવિ ઇમામની ઉદારતા જોઇ દિગ્મૂઢ થઇ ગયો. તેના મનમાં અનેક કલ્પનાઓ થવા લાગી. "ઇમામ પાસે તો કાંઇ નથી" એ લોકવાયકાનું ચિત્ર તેના મગજમાં ઘુમવા લાગ્યું. આટલી વિપુલ સંપતિ! અઢળક ધન! પોતાના મનમાં ઉદભવેલી શંકાનું નિવારણ કરવા કવિએ પુનઃ અરજ કરી. 'હે સખી ઇબ્નુલ સખી, આપ આજ્ઞા આપો તો હું મારું ત્રીજું કાવ્ય આપની સેવામાં રજુ કરું"

(૧) કિતાબુલ બુરહાન પૃષ્ઠ ૧૨૯.

ત્રીજીવાર પણ એજ પ્રમાણે હઝરત ઇમામે તેના પર નવાજિશ કરી ત્યારે તે સુધબુધ ખોઈ બેઠો. હઝરત ઇમામે તેના મનમાં ઉદ્દભવેલા વિચારોના તોફાનને પારખી લઇ ફરમાવ્યું.: "હે કવિ! તું કયામત સુધી જો કસીદા સંભળાવતો રહીશ તો હું પણ તને આવીજ રીતે દરેક કસીદા માટે એક એક નાણુંની કોથળી ભેટ આપતો રહીશ. અમો ઝમાનાના ઇમામ છીએ. યાદ રાખ, અમો કોઇપણ વસ્તુના મોહતાજ નથી" આ સાંભળી કવિને પોતાના મનમાં ઉદ્દભવેલી ખોટી કલ્પના માટે પશ્ચાતાપ થવા લાગ્યો. તેની આંખોમાંથી આંસુ સરી પડવા. ગદગદ કંઠે તેણે ક્ષમા યાચતાં, નાણાંની થેલીઓ પાછી વાળવાનો ઇરાદો જાહેર કર્યો. ઇમામે કવિને આશ્વાસન આપી ફરમાવ્યું: "એકવાર અર્પણ કરેલી વસ્તુ અમો પાછી લેતા નથી, હવેથી ઇમામે ઝમાનના માટે કદીપણ તારા મનમાં ખરાબ વિચારને આવવા દેતો નહિ."

મુળ કથનકાર જાબિર અનસારી આ સર્વે ઘટના જોઇ રહ્યો હતો. આથી જંગે કરબલાની ઘટના સંબંધમાં તેને શંકા થઇ. જેથી તેણે પોતાના મનની પુર્ણ સમાધાની માટે હઝરત ઇમામની સેવામાં વિનયપુર્વક અરજ ગુજારી કે "હે ઝમાનાના ઇમામ! લોકો કહે છે કે જંગે કરબલા વખતે આપના દાદાશ્રી હઝરત ઇમામ હુસેન અ. પાસે અનાજ પાણી જેવાં સાધનો ન હતા, શું એ વાત સાચી છે?"

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. એ નાખુશ વદને ફરમાવ્યું: "હે જાબિર! જે માણસ ઇમામને મોહતાજ સમજે છે, તે ઇમામથી વિમુખ થયેલો છે. જડવાદી લોકો અમોને રંક સમજે છે, પરંતુ વસ્તુતઃ સકળ સૃષ્ટિ જેના કબ્જામાં છે, તે ઔદાર્યતા અને મહાન શકિતનાં અમો પ્રકટ સ્વરૂપ છીએ. અમો મહોતાજ નથી. અમારામાં કોઇ પ્રકારની ઉણપ નથી, જેનો પ્રત્યક્ષ દાખલો તેં હમણાંજ તારી આંખોએ જોયો, તો અન્નજળની શી વિસાત છે?

## દમિશ્કની દરબારમાં.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને હઝરત ઇમામ જાફર સાદિક અ. મકકામાં હતા, તે દરમ્યાન એક વખતે હઝરત ઇમામ જાફર સાદિક અ. એ લોકોની મેદની સમક્ષ ખુત્બો આપ્યો. જેમાં "હું અલ્લાહનો આભાર માનું છું કે, હઝરત પયગમ્બર સ. ને રિસાલત આપી અને તેમના અમે વંશધરોને ઉમ્મતના માનનીય બનાવ્યા છે. અમે આ પૃથ્વી ઉપર અલ્લાહના ખલીફા અને ઇમામ છીએ. અમોને જે લોકો અનુસરે છે તે સદ્દભાગી છે અને અમારી વિરૂધ્ધતા કરનાર ભાગ્યહિણ છે," વગેરે ઘણીજ અસરકારક તેમજ અગત્યની બાબતો તેઓશ્રીએ જણાવી. આ વખતે ખલીફ હિશામ બિન અબ્દુલમલિક પણ મકકામાં હતો.

હઝરત ઇમામ જાફર સાદિક અ. આ સમયે જુવાન હતા અને તેઓશ્રીનો આ હિમ્મતભર્યો ખુત્બો સાંભળી લોકો ઉપર સારી અસર થઇ. ખલીફ હિશામનો ભાઇ પણ આ મેદનીમાં હતો. તેણે આ ખુત્બો સાંભળ્યો અને પોતાના ભાઈ હિશામને જઇને સઘળી બીના કહી સંભળાવી. હિશામે આ અવસરે કાંઇપણ પગલાં લેવાનું વ્યાજબી ધાર્યું નહિં પરતું એ વાત દિલમાં રાખી.

આ બનાવ પછી ખલીફ હિશામ મકકાથી પોતાના પાટનગર દમિશ્કમા ગયો અને ત્યાં જઇને મદીનાના ઉમ્વી ગવર્નરને, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને તેમના પુત્ર હઝરત ઇમામ જાફર સાદિક અ. બન્નેને દમિશ્ક ખાતે મોકલવાનું લખ્યું. આ હુકમ મુજબ તેણે ઇમામે ઝમાનને અરજ કરતાં, બન્ને બુઝર્ગવારો દમિશ્ક પહોંચ્યાં, પરંતુ ત્રણ દિવસ પર્યંત ખલીફે તેઓની મુલાકાત લીધી નહિં અને ચોથા દિને દરબારમાં આવવાનું કહી મોકલાવ્યું.

## હઝરત ઇમામની અદભુત તીરંદાજી.

આ વખતે દરબારનો રંગઢંગ કાંઇ જુદોજ જણાતો હતો. હિશામની અતરાફમાં લશ્કરીઓની એક મોટી સંખ્યા હાદમાકથી લશ્કરી પોશાક અને હથિયારો સજીને પ્રભાવ પડે એવી રીતે ઉભી હતી. ખલીફા હિશામ તખ્ત પર બેઠો હતો. મધ્યમાં તીરંદાજીની સામગ્રી ગોઠવી હતી. ત્યાં દરબારીઓ અમીર ઉમરાઓ શરત કરીને તીરો ફેંકી રહ્યા હતા. હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. તરફ જોઇને હિશામે કહ્યું:—"આપ પણ આ અમીરો પ્રમાણે તીર ફેંકો."

ઇમામે જવાબ આપતાં કહ્યું:—"હું વયોવૃધ્ધ થયો છું. હવે હું તીર ફેંકી શકું એમ નથી. જો મને આ પ્રસંગથી મુકત રાખવામાં આવે તો ઘણુંજ બહેતર થશે."

"ખુદાના સોગંદ," ખલીફ હિશામ એકદમ બોલી ઉઠયો: "હું તમને આ પ્રસંગે મુકત રાખી શકતો નથી." તે પછી ખલીફાએ, બની ઉમૈયાના અગ્રેસરો પૈકીના એકને ઇશારો કરીને એક તીરકામઠું ઇમામને આપવા કહ્યું. તરત ઇમામે તીર કમાનમાં ચઢાવીને તીરપાટીયું રાખ્યું હતું, તેના નિશાનાની બરાબર વચમાં માર્યું. તે પછી બીજું તીર પહેલા તીરના ભાથામાં માર્યું. એમ એક પછી એક તીર મારતાં મારતાં ભાથાઓના કટકે કટકા કરી નાખ્યા. હઝરત ઇમામ મુહમ્મદ બાકિરને તીરંદાજીમાં આટલા બધા પ્રવીણ જોઇને હિશામ મનમાં અકળાવા લાગ્યો. કારણ કે તેનો વિચાર ઇમામ ઉપર પ્રભાવ પાડવાનો હતો; પરંતુ તે જાતેજ તેમના પ્રભાવમાં આવી ગયો. તે પછી ખલીફે કહ્યું: "અબુ જાફર (ઇમામની નામસંજ્ઞા છે,) તમોએ ઘણી સુંદર તીરંદાજી કરી છે. આ કળામાં અરબ અને અજમના તીરંદાજ લોકો એટલા કુશળ નથી. વૃધ્ધાવસ્થાને લઇ મારામાં શકિત નથી એમ શા માટે કહેતા હતા?" તે પછી ખલીફાએ પોતાનું માથું નમાવી દીધું અને ઘણા વખત સુધી શાંત રહ્યો.

થોડીકવાર રહીને તેણે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને પોતાની જમણી બાજુએ બેસાડયા. તેઓશ્રીના શાહઝાદા ઇમામ જાફર સાદિક અ. ને ડાબી બાજુએ જગ્યા આપી કહ્યું:—અરબ અને અજમના લોકો પર કુરેશના ખાનદાને ગર્વ કરવો જોઇએ કે તેઓમાં આવા માનનીય બુઝુર્ગો છે. ઇમામ તરફ રજુ થઇ તેણે કહ્યું આપને આ તીરંદાજીની કળા કોણે શીખવી એ કૃપા કરી જણાવશો?"

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. એ કહ્યું:—"મદીનાવાસીઓ આગળ આ કળા સહજ છે. મારી બાલ્યાવસ્થામાં હું પણ ત્યાં કેટલાક દિવસ પર્યંત તીરંદાજી કરતો હતો. તે પછી આજ દિન પર્યંત એવો કોઇ પ્રસંગ મળ્યો ન્હોતો. આજનો પ્રસંગ પહેલોજ છે."

"એવો તીરંદાજ મેં કયારે પણ જોયો નથી!" હિશામથી બોલી જવાયું "શું આપના શાહઝાદા પણ આપના જેવી તીરંદાજી જાણે છે?" ઇમામે હકારમાં જવાબ આપ્યો.

## ફરીવાર દમિશ્કમાં.

કેટલાક દિવસો પછી હઝરત મુહમ્મદ બાકિર અ. પોતાના શાહઝાદા હઝરત ઇમામ જાફર-સાદિક અ. સાથે હિશામના આમંત્રણથી તેની દમિશ્કની દરબારમાં પધરામણી કરી ત્યારે ખલીફે દરવાજા સુધી આવીને તેઓશ્રીનો સત્કાર કર્યો, અને ઇમામને એક ઊંચા આસન પર બેસાડી પછી પોતે બેઠક લીધી. જોકે ઉમવી ખલીફાઓ બની ફાતિમી ઇમામો સાથે અંદર ખાનેથી દુશ્મની રાખતા હતા, છતાં જાહેરમાં કોઇપણ

જાતનો દેખાવ ન આપતાં તેઓને માન આપી પોતાના પ્રભાવથી આંજી નાખવાની કોશિશો કરતા હતા. આ વખતે હઝરત ઇમામ અને ખલીફ હિશામ વચ્ચે "ઇમામત"ના વિષયપર વાતચીત થતાં, ઇમામે **"અલ-યવમા અકલમતો લકુમ દીનકુમ"** (૧) વાળી આયત ટાંકીને જણાવ્યું: "હઝરત નબી સાહેબે છેલ્લી હજ પછી ગદીરે ખુમ્મમાં હઝરત અલી અ.ને ઇમામ તરીકે જાહેર કરી, પોતાની હુજ્જત પૂર્ણ કરતાં ઇસરારે મકનુન=ખુદાઈ ગુપ્ત રહસ્યો સોંપ્યા હતા. જે વારસામાં અમોને મળેલ છે." હિશામે શંકા ઉઠાવતાં તેનું નિવારણ કરવા માટે ગદીરે ખુમ્મનાં મેદાનમાં હઝરત અલી અ.ને ઇમામ તરીકે જાહેર કર્યાં હતા, તે સંબંધેની હઝરત નબી સાહેબની કેટલીક હદીસો પણ ઇમામે ટાંકી સાબિતીઓ આપી. આ સાંભળી હિશામ ચુપ જ થઇ ગયો. હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.એ સત્ય વાત જાહેર કરતાં હિશામના ભય, મરતબા, હકુમત અને જાહોજલાલીનો લેશ માત્ર પણ ડર રાખ્યો નહિ, (૨) અને તેની પુરેપુરી ખાત્રી થઇ જાય તેના માટે રોશન દલીલો અને સચોટ સાબિતિઓ ફરમાવી. પોતાનો પ્રભાવ નાખવા હિશામે ઇમામને આમંત્રણ આપ્યું હતું. જ્યારે તેનાથી ઉલટું દરબારમાં હાજર રહેલા લોકો પર ઇમામની આ વાતચીતનો પ્રભાવ પડી જવાથી હિશામે હઝરત ઇમામને પુછ્યું: "હવે આપની જે ઇચ્છા હોય તે ફરમાવો." ઇમામે ફરમાવ્યું કે: "હું ઇચ્છુ છું કે હવે હું મારા ઘર તરફ જાઉં." હિશામે કહ્યું: "ખુશીથી." તે પછી છુટા પડી ઇમામે પોતાના વતન મદીના ભણી પ્રયાણ કર્યું.

## ખ્રિસ્તિઓ જોડે વાદવિવાદ.

એક વખતે રસ્તામાં ચાલતાં ઇમામે બાદશાહી મહેલ નીચે લોકોની ભીડ જોઇ, તેઓમાંના એક શખ્સને તેઓશ્રીએ પુછ્યું :—"આ ભીડ શાની છે?" તેણે ઉત્તર આપ્યો:—"કેટલાક સંસારત્યાગીઓ અને ધર્માત્માઓ અત્રે એકઠા થયા છે. તેઓનો એક મોટો પાદરી વર્ષમાં એકવાર અહિં આવે છે. તે સમયે સઘળા એકઠા થયેલાઓ તેને ધર્મવિષયમાં સવાલો પુછે છે અને પાદરી તેઓની મુંઝવણ ટાળવા જવાબો આપે છે. આજે તેજ વાર્ષિક દીન છે. એ સાંભળી હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને તેઓશ્રીના શાહજાદા હઝરત જાફર સાદિક અ.એ ટોળામાં દાખલ થતાં જોયું કે એક વૃદ્ધ મનુષ્ય અમામો બાંધી ઉંચા આસન ઉપર બેઠો છે. તેણે જનસમુહ તરફથી પોતાની આંખો ફેરવી બીજી બાજુ નજર નાખી તો તેના દીઠામાં "ઇમામ" આવ્યા. તેઓશ્રીનો નુરાની ચહેરો જોઇ પાદરીએ પુછ્યું:—"શું તમો અમારામાંથી છો?"

"ઉમ્મતે મુહમ્મદીમાંથી." ઇમામે કહ્યું. તે પછી કેટલાક સવાલ જવાબ થતાં ઇમામે જણાવ્યું કે, "હઝરત ઇસા મસીહનો દીન સાચો છે પરંતુ તાજો નથી અને હઝરત નબી મુહમ્મદ સ.નો દીન તાજો છે. તાજા ખોરાકથી ઇન્સાનની તંદુરસ્તી સચવાય છે, તે પ્રમાણે તાજા દીનથી રૂહને શક્તિ મળે છે."

આ વિષયમાં વધુ વાતચીત થતાં ઇમામના હાથે પાદરીએ ઇસ્લામ ધર્મ ગ્રહણ કરી આપની બયઅત કરી.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ની ધર્મચર્ચા અને મઆરિફત-જ્ઞાન ભણી દુનિયાનું ધ્યાન

---

(૧) અર્થાત આજરોજ મેં તમારા માટે તમારા ધર્મને સંપુર્ણ કર્યો છે. (સુરે માએદાહ આયાત ૩જી) હઝરત નબી સાહેબે છેલ્લી હજ વખતે 'ગદીરે ખુમ્મ'માં હઝરત મૌલા અલી (અ.)ને ઈમામ તરીકે જાહેર કર્યા ત્યારપછી આ આયત નાઝીલ થઇ હતી.

(૨) માસિરૂલ બાકિરિઆ. પુષ્ઠ ૪૬.

ખેંચાઇ રહ્યું હતું. અન્ય મઝહબના વિદ્વાનો પણ તેઓશ્રીની સાથે વાદવિવાદ કરવા તેઓશ્રી પાસે આવતા હતા અને ઇસ્લામની સચ્ચાઈ સમજી આધીન થઇ મુસલમાન થતા હતા.

ઇમામની કીર્તી હવે ધર્મનો સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરનારા વિરલ પુરૂષ તરીકે વધવા લાગી. ખલીફ હિશામ બિન અબ્દુલમલિકના મનમાં તેથી ધાસ્તી પડી કે રખે ઇમામ પોતાનો પ્રભાવ વધારીને મારી રાજસત્તા ખુંચવી લે; જેથી હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ને ખલીફે તાકીદનો સંદેશો મોકલાવી તેમાં 'આ વિજયની કદર તરીકે ખિલઅત અર્પણ કરવાની હોઇ ઉતાવળે રાજધાની તરફ આવવા' તેણે વિનંતી કરી અને તે મુજબ હઝરત ઇમામને ઘણા માનસહિત ખિલઅત પણ અર્પણ કરી રવાના કર્યા. છતાં અંદરખાનેથી દુશ્મની તો ચાલુજ રાખી.

## મદયનવાસીઓનું વર્તન.

ખલીફ હિશામના દરબારમાંથી હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને ઇમામ જાફર સાદિક અ. મદીના ભણી પાછા ફરતા હતા, ત્યારે ખલીફે પોતાની આંતરિક વિરોધતાના કારણે એવો હુકમ મોકલી દીધો કે "માર્ગમાં આ બન્ને બુઝુર્ગવારોને કોઇએ પરોણા રાખવા નહિં, કોઇએ તેમને માલ વેચવો નહિં, કારણ કે તેઓ અબુ તુરાબના વંશમાંના બે જાદુગરો છે."

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને તેમના પુત્ર ઇમામ જાફર સાદિક અ.ને ખલીફ હિશામના ઉપલા હુકમ અનુસાર મદયનના વતનીઓ તરફથી ઘણી કનડગત કરવામાં આવી, અને કોઇપણ પ્રકારનો વ્યવહાર મદયનવાસીઓએ તેમની સાથે રાખ્યો નહિં. આવી સ્થિતિ જોઇને હઝરત ઇમામ મુહમ્મદ બાકિરે અ. ત્યાંના એક પર્વત ઉપર ચઢયા, અને હઝરત શોએબ અ.ના લોકોના વર્તન વખતે જે આયાત નાઝીલ થઈ છે તે મોટે અવાજે પઢ્યા. આયાત એ હતી: "**બકીય્યતુલ્લાહ ખયરૂલ્લકુમ ઇન કુનતુમ મુઅમેનીન**" "ખુદા જે બાકી રાખે છે તે તમારે માટે વધારે સારૂં છે, જો તમે ઇમાનવાળા હો." (૧.)

તેઓશ્રીના બુલંદ અવાજની અસરથી શહેરીઓના દિલોમાં એવી ભયની લાગણી પેદા થઇ ગઇ કે સઘળા પોતાના ઘરોની બારીઓ અને છાપરાઓ ઉપર ચઢીને હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ને જોવા લાગ્યા; જેમાંથી એક વયોવૃધ્ધ શખ્સે શહેરીઓને મોટે સાદે સંબોધીને કહ્યું: "પેલો શખ્સ તેજ પર્વત ઉપર તેજ સ્થળે ઉભો છે, જ્યાં આ પહેલા હઝરત શોએબ અ. ઉભા હતા. તેમણે શહેરીઓને એજ પ્રકારે ચેતવણી આપી હતી અને તે પછી મદયનવાસીઓ પર અલ્લાહનો કહેર ઉતર્યો હતો. (૨) માટે આપણે જો એ પરોણાઓ માટે આપણા દરવાજા નહિ ખોલીએ તો રખે આપણી પણ આપણા પુર્વજોની જેવી હાલત થઇ પડે."

આ વયોવૃધ્ધ શખ્સની ચેતવણી સાંભળીને તેઓ ડરી ગયા અને સઘળાઓએ પોતાના દરવાજા ખોલી નાખ્યા. ત્યારપછી આ બન્ને બુઝુર્ગવારો પર્વત પરથી ઉતરી શહેરમાં આવ્યા અને ત્યાંથી કુચ કરતાં મદીના ભણી રવાના થઇ ગયા. ઇમામની રવાનગી બાદ તે શહેરમાં એવી મરકી ચાલી કે સેંકડો માણસો મરી ગયા.

---

૧. સુરે હુદ આયાત ૮૬.

૨. હઝરત શોએબ પયગમ્બરની આ ઘટના કુરઆને શરીફની સુરે હુદમાં વર્ણવેલી છે.

## ઝૈદ બિન અલી માટે ભવિષ્યવાણી.

જગતમાં પુર્વકાળથી બનતું આવ્યું છે, તેમ હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના જમાનામાં પણ બનવા પામ્યું. ઇમામના ભાઇ ઝૈદે ઇમામતનો દાવો કર્યો અને પોતાના દાવાના સમર્થનમાં જણાવ્યું: "અમારામાં તેજ વ્યકિત ઇમામ છે, જે પોતાની તલવારને તેજદાર બનાવી ઉમ્મતના હકકોના રક્ષણ કરી અત્યાચારોને દૂર કરે. ઇમામ કદી પણ ઘરમાં બેસી રહેતા નથી. તેને અત્યાચારીઓ (ઝાલીમો) ડરાવી શકતા નથી. ઝૈદના આવા જુસ્સાદાર વિચારો સાંભળી કેટલાક લોકો તેમના પ્રભાવમાં આવી ગયા; તેને અંગે કેટલાક કુફાવાસીઓએ ઝૈદને કુફા આવીને બની ઉમૈયાના રાજ્યતંત્રનો અંત લાવવા માટે કાગળો લખ્યા. કુફીઓના આમંત્રણથી ઝૈદે યુધ્ધ સામગ્રી એકઠી કરી. હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.એ તેનો ઇરાદો જાણી આ કાર્ય પરથી હાથ ઉઠાવી લેવા ઝૈદને સમજાવ્યું: અને ફરમાવ્યું "અય ઝૈદ! અલ્લાહથી ડરો! તમારા પ્રાણને દુશ્મનોના હાથથી બચાવો, નહિ તો શુળીએ ચડવું પડશે અને પ્રાણ ખોવા પડશે." પરંતુ આવેશમાં આવી ગયેલા ઝૈદે તેની દરકાર કરી નહિ. તે પછી ઝૈદ યુધ્ધ માટે કુફા ગયા, જ્યાં ખલીફ હિશામ બિન અબ્દુલમલિક તરફના અમીર યુસુફ બિન ઉમર સકફી સાથે યુધ્ધ કર્યું. આ લડાઇમાં ઝૈદના સઘળા સહાયકો નાસી છુટયા અને પોતાના થોડાક સાથીઓ સાથે તેઓ એકલા રહી ગયા. દરમ્યાન સાંજ પડી ગઇ. ઝૈદ જખ્મોથી ચુર થઇ ગયા. એવી સ્થિતિમાં તેઓ પોતાના તંબુ ભણી જઇ રહ્યાં હતા કે, અચાનક એક તીર આવીને તેમના કપાળમાં લાગ્યું જેથી તેમનું ત્યાંજ અવસાન થયું.

તે પછી યુસુફ બીન ઉમર સકફી ઝૈદનું માથું કાપી લઇને, ખલીફ હિશામ બિન અબ્દુલમલિકને મળવા ગયો. દુશ્મનોએ ઝૈદની લાશને પાછળથી શુળી ઉપર ચડાવી અને પછી લાશને ઉતારીને બાળી મુકી. તેની રાખ ઉરાડી મુકવામાં આવી. આ પ્રકારે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ની આગાહી પ્રમાણે ઝૈદનો અંત આવ્યો. આ સ્થિતિ જોઇ ઘણાખરા ઝૈદીઓ ઇમામની બયઅતમાં પાછા આવ્યા.

## અબુ હાશિમનો ખોટો દાવો.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના સમયમાં એક બીજી પણ એવી ઘટના બની છે કે મુહમ્મદ હનીફનો પુત્ર અબુ હાશિમ ઇમામ પાસે આવી તેમના પિતા ઇમામ ઝયનુલઆબેદીન અ. પ્રત્યે અપશબ્દ ઉચ્ચારવા લાગ્યો અને તેણે કહ્યું:— "ઇમામતની મસનદના હકદાર અમો છીએ." હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.એ ઉત્તર આપ્યો,—"તમો ગમે તે કહો, અમોને તેની સાથે કશો સંબંધ નથી, પરંતુ અમો જનાબ ફાતિમા ઝોહરાની ઔલાદ છીએ; હઝરત નબી મુહમ્મદ સ. અમારા નાના છે. હઝરત અલી અ. અમારા પિતા છે, એમનાથી અમોને ખુદાઇ નૂર મળ્યું છે."

ઇમામની અતરાફમાં બેઠેલા લોકો આ શબ્દો સાંભળતાં વેંતજ અબુ હાશિમ ઉપર તુટી પડયા. પરંતુ તેને ઇમામે છોડાવ્યા. ત્યારપછી તેણે કદી પણ હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. વિરૂધ્ધ વાતો કરી નહિં. અબુ હાશિમની વર્તણુંક ઇમામતના ખોટા દાવાને લીધે હોઇ તેનું શું પરિણામ આવ્યું, તે માટે તેનો ટુંક પરિચય અત્રે આપીશું.

મુહમ્મદ બિન હનફિયાનો પુત્ર અબુ હાશિમ પણ ઇમામતનો દાવેદાર હતો. અબુ હાશિમ એમ કહેતો હતો કે "મારા પિતા મુહમ્મદ હનફિયા ઇમામ હતા અને તેમના પછી હું ઇમામ છું." તેના અનુયાયીઓ કૈસાનિયા કહેવાતા હતા અને તે શીયા સંપ્રદાયનો એક ફીટો માનવામાં આવે છે. હઝરત ઇમામ

મુહમ્મદ બાકર અ. અને ખલીફ હિશામના સમયમાં પોતાનો પક્ષ બળવાન બનાવવાની તે કોશિશ કરી રહ્યો હતો. આ ખબર શામમાં ખલીફ હિશામને પડતાં તેણે અબુ હાશિમને શામમાં તેડાવ્યો અને ખાનગી રીતે, એવો હુકમ છોડાવ્યો કે અબુ હાશિમને માર્ગમાં દુધમાં ઝેર પાઈ દેવું. તે અર્ધે રસ્તે હતો કે, તેને ખલીફ હિશામના હુકમ મુજબ ઝેર આપવામાં આવ્યું. શું દગોફટકો બન્યો છે તે અબુ હાશિમ સમજી ગયો અને અબ્બાસીઓના મુખ્ય મથક "હુમેમાં" ભણી હવે ચાલવા માંડયું અને દમિશ્કનો માર્ગ છોડી દીધો. અબ્બાસીઓ પણ આ સમયમા પોતાની ખિલાફત સ્થાપવાનું પ્રચાર કાર્ય કરી રહ્યા હતા અને આ વખતે તેમનો સરદાર મુહમ્મદ બિન અલી હતો. અબુ હાશિમને પોતાના મથકે આવેલો જોઇને મુહમ્મદ બિન અલીએ તેનો ઘણો આદર સત્કાર કર્યો. અબુ હાશિમનું અત્રે આવવાનું કારણ એ હતું કે, "ઝેરની અસરથી હું માર્યો જઇશ એટલે મારૂં કાર્ય અધુરૂં રહી જશે: તેથી બહેતર એ છે કે મારો દાવો અબ્બાસીઓને સોંપી દઉં." અબુ હાશિમના આ ઇરાદા અનુસાર પોતાનો દાવો મુહમ્મદ બિન અલી અબ્બાસીને સોંપી દઇને તે મરણ પામ્યો. મુહમ્મદ બિન અલી ઉમ્મી તંત્ર છતી ખિલાફતપદે આવે તે પહેલાં મરણ પામતાં તેનો પુત્ર ઇબ્રાહિમ બિન મુહમ્મદ બિન અલીએ તેની જગ્યાએ વડપણ લીધું. તે પણ મરણ પામતાં અસ્સફાના હાથમાં આ વડપણ આવ્યું અને તેજ પહેલો અબ્બાસી ખલીફ થવા પામ્યો.

## કેસાનીયા સંપ્રદાયનો અંત.

કેસાનીયા સંપ્રદાયની ઇમામતના સંબંધમાં અત્રે થોડોક ઇશારો કરવાની જરૂરત છે. મુહમ્મદ બિન હનફિયા (હનીફ)એ ઇમામતનો દાવો કર્યો હતો, એમ કહેવામાં આવે છે, પરંતુ ઇતિહાસના ગ્રંથો પરથી એવું દેખાતું નથી, બલ્કે હઝરત ઇમામ હુસેન અ.ની ઇમામતને માન્ય રાખતા હતા. આટલું છતાં એમ કહેવું જોઇએ કે હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ના સંબંધમાં હઝરત અલી અ.ની ઔલાદમાં તેઓ સૌથી મોટી અવસ્થાના હોવાને અંગે કેટલાકો તેમને વડા તરીકે માનતા હતા અને એવી માન્યતા ધરાવનારા કેસાનીયા કહેવાયા અને અહિંથી આ સંપ્રદાયનો પાયો પડયો. મુહમ્મદ બિન હનફિયાએ આટલું છતાં પોતે ઇમામ છે એવું જાહેર કર્યું નહોતું, બલ્કે તેઓએ પોતાની જીંદગીમાં લોકોને સાફ સાફ કહી દીધું હતું કે, "ઇમામ હુસેન અ. પછી ઇમામ ઝયનુલઆબેદીન અ.ને હું ઇમામ માનું છું," અને તે પ્રમાણે કેટલાક કેસાનીયાઓએ પણ પોતાની માન્યતા બદલી હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. ની ઇમામત સ્વીકારી હતી. આવી વસ્તુસ્થિતિ હતી છતાં તેમના પુત્ર અબુ હાશિમે ઇમામતનો દાવો કરી કેસાનીયા દઅવતનો પ્રચાર કરવા માંડયો હતો. આપણે ઉપર જોઇ ગયા તેમ ખલીફ હિશામની શીખામણ મુજબ અબુ હાશિમ ઝેર આપ્યાથી મરણ પામતાં અબ્બાસીઓ સાથે પોતાનો પંથ તેણે જોડી નાંખ્યો અને એવી રીતે કેસાનીયા સંપ્રદાયનો અંત આવી ગયો.

## ઇમામતનો એક બીજો દાવેદાર.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ના જમાનામાં ઇમામતના બીજા પણ દાવેદારો નીકળ્યા હતા, તેમાંના એક અબ્દુલ્લાહ ઇબ્ને અલી ઇબ્ને અબ્દુલ્લાહ ઇબ્નુલ હુસેન પણ હતા. એની ઇમામતના દાવાના સંબંધમાં એવું કહેવામાં આવે છે કે સાચા ઇમામનો હક પહોંચાડવા માટે ખુરાસાનથી છ મોમિનોનું એક ડેલીગેશન મદીના ખાતે આવ્યું હતું. આ લોકો પુષ્કળ જરજવાહેરાત અને બયતુલ માલનો પૈસો પોતાની સાથે લઇ આવ્યા હતા. ઇમામ કોણ છે એ નક્કી કરવાનો નિર્ણય કરીને એ માલ તેમને સુપરત કરવો. આ ઇરાદાથી તેઓ પ્રથમ અબ્દુલ્લાહને મળવા ગયા. તેણે પોતાની ઇમામતની સાબિતિમાં હઝરત પયગમ્બર સ.ના બખ્તર, વીંટી લાકડી અને અમામો દેખાડયાં

ત્યારપછી આ ડેલીગેશનને આવતી કાલ આવવાનું જણાવીને રૂખસદ લીધી. આ લોકો અબદુલ્લાના ઘરમાંથી બહાર નીકળતા હતા, એટલામાં હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.નો એક ગુલામ ત્યાંથી નીકળ્યો અને તેણે ડેલીગેશનવાળાઓના દરેકનાં નામ લઇને ઇમામના ઘેર આવવાનું આમંત્રણ આપ્યું. તે આમંત્રણ સ્વીકારીને તેઓ ઇમામની હુઝુરમાં આવ્યા ત્યારે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.એ, હઝરત જાફર સાદિક અ.ને અંગુઠી લઈ આવવાનું જણાવ્યું અને તેની બરકતથી અબદુલ્લાહે દેખાડી હતી એ સઘળી વસ્તુઓ ત્યાં હાજર થઈ ગઈ. આ જોઇને તે લોકોને આસ્થા આવીને સઘળો માલ ઇમામને સોંપી દીધો.

## ઝૈદ બિન હસનની વિરૂધ્ધતા.

કેટલાકો એક અન્ય ઝૈદનું પણ વર્ણન કરે છે, જે ઇમામની વફાતના માટે દુશ્મનોનો હથિયાર બન્યો હતો. પહેલા ઝૈદ હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ. ના ફરજંદ અને હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ના બંધુ થતા હતા, ત્યારે આ બીજા ઝૈદ હઝરત હસન બિન અલી અબી તાલિબના પુત્ર ઇમામના કાકા થતા હતા. ઉમવી ખલીફા ઉમર બિન અબ્દુલઅઝીઝના સમયમાં ઝૈદ બિન હસન અવસ્થાની નજરે બની ફાતિમીઓમાં મોટા હોવાથી તેમના પાસે ફાતિમી મિલકતની નોંધ ખલીફ તરફથી મંગાવવામાં આવી જેના જવાબમાં તેમણે જણાવ્યું કે: "હઝરત અલી અ.થી લઇ વંશપરંપરા આ મિલકતનો હક ઇમામની સાથે ઉતરતો આવે છે, એટલે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. તે તમોને આપી શકે." તે પછી ઇમામ પાસેથી એ નોંધ મેળવવામાં આવી હતી. આ બનાવથી ઝૈદ બિન હસન બિન અબી તાલિબ ઇમામ પ્રત્યે દુશ્મનાવટ રાખવા લાગ્યો, અને ખલીફ હિશામના વખતમાં આ દુશ્મનીએ ઉગ્ર સ્વરૂપ લીધું, જેથી ખલીફ સાથે મળી જઈ ઇમામના પ્રાણ હરવા માટેના કાવતરાં તેઓ કરવા લાગ્યા. ખલીફ હિશામ પણ ઇમામનો પ્રભાવ સાંખી શકતો ન્હોતો અને ઇમામની હસ્તી તેને ખુંચતી હતી, એટલે તેણે ઝૈદ બિન હસનને પોતાનો હથિયાર બનાવ્યો. જો કે તેઓ ઇમામની ઇમામત અને વંશપરંપરાના હકને જાણતા હતા છતાં દુનિયાની માયાએ તેમને ફસાવ્યા હતા.

## અનેક કાવાદાવા પછી.

અંતે ખલીફ હિશામે એક કાગળ આપી ઘોડાના ઝેરી જીન સાથે ઝૈદને ઇમામ તરફ મોકલાવ્યો, કાગળમાં એવું લખ્યું હતું કે: "ઝૈદને ધર્મશિક્ષણ આપશો અને તમારી પાસે રાખશો. આ ઘોડાનું જીન હું તમને ભેટ તરીકે આપુ છું તે સ્વીકારશો." ઝૈદ બિન હસન આ કાગળ અને જીન લઇને હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. પાસે મદીને આવ્યો.

ઇમામે આ કાગળ વાંચીને ભેટ સ્વીકારતાં કહ્યું:-"તમે જે કાર્ય માટે આવ્યા છો તે કેટલું બધું લાંછન લગાડનારૂં છે તે તમારે જાણવું જોઇએ. તમો એમ ધારતા હશો કે મને એ વિષે કાંઇ ખબર નથી, પરંતુ કયા ઝાડની લાકડીનું જીન બનાવી મારા માટે મોકલાવ્યું છે, અને તેમાં શું છે, તે હું સારી રીતે જાણું છું."

## વફાત.

કહેવાય છે કે હિશ્શામે મોકલાવેલા જીનવાળા ઘોડા ઉપર સવારી કરવાથી એમની તબીયત લથડવા માંડી. તેઓ ત્રણ દિવસ પર્યંત બીમાર રહ્યા. ચોથા દિવસે પોતાના પુત્ર હઝરત ઇમામ જાફર

સાદિક અ.ને ઇમામત સોંપી હિજરી સન ૧૧૪ના ઝીલહજ માસની ૭મી તારીખે વફાત પામ્યા. જન્નતુલ બકીઅ નામના મદીનાના કબ્રસ્તાનમાં એમના શબને સુપુર્દે ખાક કરવામાં આવ્યો હતો.

## ઈમામની સંતતિ.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ના ફરઝંદોમાં સર્વથી વડા ઇમામ જાફર સાદિક અ. હતા. બીજા અલી, ત્રીજા અબ્દુલ્લાહ અને ચોથાનું નામ ઇબ્રાહીમ હતું. અબ્દુલ્લાહ અસગર નામના પણ તેઓશ્રીના એક ફરઝંદ હતા. ઉપરાંત તેઓશ્રીને ઉમ્મે સલમા અને ઝયનબ નામની બે પુત્રીઓ હતી.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ની વફાત પછી ઇમામતની મસનદ ઉપર ઇમામ જાફર સાદિક અ. બિરાજમાન થયા.

## ઈમામના સમયના ઉમ્વી ખલીફાઓ.

હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના ઝમાનામાં મરવાની રાજગાદી પર હેઠળ મુજબ બાદશાહો અમલ ભોગવી ગયા હતા. વલીદ બીન અબ્દુલમલિક, જે દમિશ્કમાં હિજરી સન ૯૬ માં મરણ પામ્યો. તે પછી તેનો ભાઇ સુલેમાન સિંહાસન ઉપર આવ્યો. હિજરી સન ૯૭ને સફર માસની દશમી તારીખે તેના મરણ પછી ઉમર બિન અબ્દુલઅઝીઝનો શાસનકાળ આરંભાયો. તે દુરંદેશી અને પ્રજાના દુઃખ દર્દ જાણવાવાળો હતો. અમીર મુઆવિયાના સમયથી હઝરત અલી અ. માટે અપશબ્દો બોલવાનો જે દુષ્ટ રિવાજ પડી ગયો હતો તે તેણે બંધ કરાવ્યો હતો. એ ઉપરાંત હઝરત નબી સાહેબે "બાગે ફિદક" નામની જે મિલકત જનાબ ફાતિમા ઝોહરાને અર્પણ કરી હતી, તે તેણે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને સ્વાધીન કરી, કારણ કે તેઓશ્રી જનાબ ફાતિમા ઝોહરાના એકલાજ સીધા વંશજ હતા. હિજરી સન ૧૦૧ના રજબ માસની ૨૫મી તારીખે ઉમર બીન અબ્દુલઅઝીઝે દેહ છોડયો. તેના મરણ પછી યઝીદ બિન અબ્દુલમલિક રાજ્યગાદી પર આવતાં તેણે પોતાના ઉમવી વડીલોના ચાલતાં આવેલા રિવાજ પ્રમાણે ફાતિમી ઇમામો પ્રત્યે દુશ્મની શરૂ કરી દીધી. તેનું જીવન કલંકિત હતું. તે પોતાની જીંદગીના અંત સુધી એજ નીતિ અનુસાર વર્તતો રહ્યો. હિજરી સન ૧૦૫ના શાબાન માસની તા. ૨૪મીએ બિલકા નામના સ્થળે તેનું મરણ થયું. ત્યારપછી તેના ભાઇ હિશામ બિન અબ્દુલમલિકે રાજ્યતંત્ર પોતાના હાથમાં લીધું હતું.

# HAZRAT MOWLANA IMAM JAFFER SADIQ

( A. H. 114–148 )

( ૫ )

# હઝરત મૌલાના ઇમામ જાફર સાદિક અ૦

( હિજરી સન ૧૧૪–૧૪૮ )

## જન્મ, નામ અને લકબ.

હઝરત ઇમામ જાફર સાદિક અ.નો મુબારક જન્મ હિજરી સન ૮૩ના રબીઉલ અવ્વલ મહિનાની તા. ૧૭મીના મદીના મુનવ્વરામાં થયો હતો. તેઓશ્રીનું મુળ નામ જાફર, ઉપનામ અબુ અબ્દુલ્લાહ તથા અબુ ઇસ્માઇલ હતું. તેઓશ્રી 'સાદિક' (સત્યવાદી)ના લકબથી જગમશહુર છે.

તેઓશ્રીના માતુશ્રીનું નામ "ઉમ્મે ફરવા" હતું. તેમને "ફાતિમા" પણ કહેવામાં આવે છે. તેઓશ્રી હઝરત અબુબકરના પૌત્ર કાસમ બિન મુહમ્મદના પુત્રી હતા. હઝરત ઇમામ જાફર સાદિક અ૦ના પિતાશ્રી હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ની વફાતનો સમય નિકટ આવી લાગતાં, લોકોની રૂબરૂમાં ઇમામતની ગાદીના વારસ અને મોમિનોનાં મોક્ષદાતા તરીકે તેઓશ્રીએ હઝરત ઇમામ જાફર સાદિક અ.ને જાહેર રીતે "નસ" કરી પોતાની પછી "ઇમામ" જાહેર કર્યા હતા.

## રંગ, રૂપ અને જ્ઞાન વર્ણન.

હઝરત ઇમામ જાફર સાદિક અ.ની મુખમુદ્રા તથા શરીર ઉજ્જવળ અને સફેદ હતું. તેઓશ્રીનો પહેરવેશ ઘણે ભાગે સાદો હતો. તેઓશ્રી ધર્મ અને ઇસ્લામી સંસ્કૃતિને લગતું વિશાળ જ્ઞાન ધરાવતા હતા, એટલુંજ નહિ પણ ફિલ્સુફીમાં પણ ઘણાજ પારંગત હતાં. જગતભરના પરહેઝગાર લોકોમાં તેઓશ્રીનો દરજ્જો ઘણો ઊંચો હતો. તેઓશ્રીએ લાંબા સમય સુધી પોતાનો નિવાસ મદીનામાં રાખેલ હોવાથી ઇસ્લામના જુદા જુદા કબીલાઓને ખાસ કરીને ઘણો ફાયદો પહોંચ્યો હતો. તેઓશ્રીના મુરીદોને "ગુહ્યજ્ઞાન"નું અમૃત પણ તેઓ દ્વારા પ્રાપ્ત થયુ હતું.

## ધર્મજ્ઞાનનો પ્રચાર.

હઝરત ઇમામ જાફર સાદિક અ. મદીના નગરની પોતાની સુંદર વાડીમાં સઘળા ફિરકાના લોકોને ઉચ્ચ પ્રકારનું અને રૂહાની જ્ઞાન શિખવવા વિદ્યાલય ચલાવતા હતા. આ વિદ્યાલયમાં શિખેલા તેઓશ્રીનાં શિષ્યોએ ફિકહ=ધર્મનિયમશાસ્ત્ર તથા બ્રહ્મજ્ઞાનના ક્ષેત્રમાં મહત્વનો ફાળો આપ્યો છે. જાણીતા મુસ્લિમ વિદ્વાનો: સુફિયાન સુરી, ઇબ્ને અયનીયા, શોઅબા, બાયઝીદ બુસ્તામી, યાહ્યા અલ-કતાન, અબુ અય્યુબ અલ-સિજસ્તાની તેમજ અન્ય ઘણા પ્રખ્યાત મુસ્લિમ વિદ્વાનો પણ તેઓશ્રીના શિષ્યો

હતા. અહલે સુન્નતના માલિકી સંપ્રદાયના પેશ્વા હઝરત માલિક બિન અનસ અને હનફી સંપ્રદાયના પેશ્વા હઝરત અબુ હનીફા પણ તેઓશ્રીના શિષ્યો હતા.

"સિરતુન્નબી" માં અલ્લામા શિબ્લી નોઅમાની લખે છે કે: "શીઆ અને સુન્ની બંને એ વાતનો સ્વીકાર કરે છે કે માલિકી અને હનફી નામના સુન્ની સંપ્રદાયના બે પેશ્વાઓએ, હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. અને હઝરત ઇમામ જાફર સાદિક અ. પાસેથી જ્ઞાનનો લાભ મેળવ્યો હતો. હઝરત ઇમામ જાફર સાદિક અ. ના સમકાલીન, હઝરત અબુ હનીફા, હનફી સંપ્રદાયના પેશ્વા હોઇ શી રીતે શિષ્ય બની શકે એવો પ્રશ્ન અલ્લામા તયમીયાએ ઉઠાવ્યો છે, પરંતુ તે તેમનાં આંખમીંચામણા છે. હઝરત અબુ હનીફા ભલે ઉચ્ચ પ્રકારના મુજતહેદ અને ફકીહ હતા, પરંતુ આ બધી વિદ્યાઓ ખાનદાને નબુવ્વતનાજ ઘરથી નીકળેલી હોવાથી તેમનું શિષ્યત્વ તેઓ ગ્રહણ કરે એમાં કાંઇ પણ ખોટું નથી. (૧)

## અરબના ત્રણ જાણીતા વંશો.

હઝરત ઇમામ જાફર સાદિક અ. ના સમયમાં ઘણા ઇતિહાસિક પરિવર્તનો થયેલા હોવાથી અને બની ઉમૈયાના રાજ્ય અમલનો અંત આવતાં, ફાતિમી વંશના ઇમામોના નામનો ઉપયોગ કરીને, બની અબ્બાસના રાજ્ય અમલનો પાયો પડયો હોવાથી, અત્રે અબ્દે મુનાફથી ચાલુ થતા અરબના "ત્રણ જાણીતા વંશો" ની રૂપરેખા આપવી સ્થાને ગણાશે.

બની હાશમ, બની અબ્બાસ અને બની ઉમૈયાના ત્રણે જાણીતા ખાનદાનના આદિપુરૂષ હઝરત અબ્દે મુનાફ હતા. તેમના પુત્ર અબ્દુશ્શમ્સથી બની ઉમૈયાનો વંશ અને બીજા પુત્ર અબ્દુલ મુત્તલિબથી બની હાશમ અને બની અબ્બાસના વંશો ચાલ્યા. (૨) આ કારણે બની ઉમૈયા કરતાં, આ બે વંશો–બની હાશમ અને બની અબ્બાસ–વચ્ચે વધારે નિકટનો સંબંધ હતો. ઉપરાંત અબ્બાસના પુત્ર અબ્દુલ્લાહ જેઓ ઇસ્લામી જગતમાં, ઇબ્ને અબ્બાસ તરીકે જાણીતા થયેલા છે, તેઓ હઝરત અલી અ. ના સર્વશ્રેષ્ઠ ચાહક અને શિષ્ય હતા. છતાં એમનાં વંશજોએ રાજ્યદારી લાલસાઓને અંગે, બની હાશમી વંશમાંથી ઉતરી આવેલા ફાતિમી ઇમામો વિરૂધ્ધ અનેક અડચણો ઉભી કરી હતી.

## ઉમૈયા ખલીફાઓનો રાજ્યઅમલ.

હઝરત ઇમામ જાફર સાદિક અ. ઉમવી બાદશાહ અબ્દુલમલિકના રાજ્યકાળમાં જન્મ્યા હતા. તેઓ કિશોર અવસ્થામાં આવ્યા ત્યારે અબ્દુલમલિકની કારકિર્દીનો અંત આવી ગયો હતો. તેઓ યુવાવસ્થામાં હતા; ત્યારે વલીદનો રાજ્યકાળ હતો. તેઓશ્રી ભર યુવાનીમાં હતા ત્યારે સુલેમાન તથા ઉમર બિન અબ્દુલઅઝીઝનો સમય હતો. ઉમરે ન્યાય વૃત્તિથી "બાગે ફિદક" નામની મિલ્કત હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને પાછી સોંપી હોવાથી બની ઉમૈયાના લોકોએ ઉમરને ઝેર આપ્યું હતું. તેણે બે વર્ષ પાંચ મહિના રાજ્ય ભોગવ્યા પછી રાજ્યગાદીએ યઝીદ બિન અબ્દુલ મલિક આવ્યો. તેણે ઉમર બિન અબ્દુલઅઝીઝની રાજનીતિ પ્રમાણે ન ચાલતાં, દુશ્મની કરવાની બની ઉમૈયાની પુરાણી રાજનીતિ અખત્યાર કરી. તેના પછી તેનો ભાઇ હિશામ ચાલીશ વર્ષની વયે હિજરી સન ૧૦૫ માં રાજગાદીએ બેઠો; હિશામે હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. ને, હઝરત ઇમામ જાફર સાદિક અ.

---

૧ જુઓ શિબ્લીકૃત સિરતુન્નોઅમાન.

૨ જુઓ. વંશાવળી પૃષ્ઠ ૯.

સાથે શામમાં બોલાવ્યા હતા. એ વખતે હઝરત ઇમામ જાફર સાદિક અ. વલીઅહદ હતા. ખલીફ હિશામ પછી વલીદ બિન યઝીદ હિજરી સન ૧૨૫માં ગાદીએ આવ્યો અને તે એક વર્ષ ત્રણ મહિના રાજ્ય ભોગવી હિજરી સન ૧૨૬માં મરણ પામ્યો. ત્યારપછી યઝીદ બિન વલીદ ગાદીએ આવ્યો. મરવાન અલ હમાર ઉમવી વંશનો છેલ્લો બાદશાહ હતો, તે હિજરી સન ૧૨૭માં ગાદીએ બેઠો હતો. પાંચ વર્ષ પર્યંત તેણે રાજ્ય ભોગવ્યું. પરંતુ આ પાંચ વર્ષમાં એક પણ દિવસ તે શાંતિથી બેસી શકયો નહોતો. રાજ્યમાં બળવા થવા લાગ્યા. જ્યારે બીજી બાજુ બની અબ્બાસીઓએ સિંહાસન મેળવવા હિલચાલ શરૂ કરી. બની ઉમૈયાનું પતન અંતે બની અબ્બાસીઓના હાથેજ થયું.

## અબ્બાસીઓનાં દૌર પહેલાંની રૂપરેખા.

હઝરત ઇમામ જાફર સાદિક અ.ના સમયમાં, એક બાજુ ઉમવી રાજ્યના પાયા ડગમગી જતાં, અબ્બાસીઓ રાજ્યસત્તા હાથ કરવા માટે કાવાદાવા કરી રહ્યા હતા, ત્યારે બીજી બાજુ ઇમામતનો દાવો કરનારા ખોટા દાવેદારો બહાર આવવા લાગ્યા. હઝરત ઇમામ ઝયનુલઆબેદીન અ.ના પૌત્ર અને ઝૈદના પુત્ર યાહ્યાએ પણ ઇમામનો દાવો કર્યો. હઝરત ઇમામ જાફર સાદિક અ.એ તેને આવા ઉધ્ધતાઇ ભર્યા કાર્ય માટે મનાઇ ફરમાવી, છતાં તે માન્યો નહિ અને પોતાના અનુયાયીઓને લઇ ખુરાસાન તરફ જતાં ત્યાંના હાકિમે તેને શુળી પર ચઢાવીને મારી નાખ્યો. તેના પિતા ઝૈદ બિન અલીનો પણ એવોજ કરૂણાજનક અંત આવેલો આપણે ઉપર વાંચી ગયા છીએ. આ બનાવ બન્યા પછી અબ્દુલ્લાહ બિન મુઆવિયા બિન અબ્દુલ્લાહ બિન જાફરતૈયારે હિજરી સન ૧૨૭માં ઇમામતનો દાવો કર્યો. તેનું કહેવું હતું કે મુહમ્મદ હનીફનાં પુત્ર અબુ હાશિમે તેને "નસ" કરી છે. તેણે અબુ હાશિમના સિધ્ધાંતોને અનુસરીને પોતાની દઅવતનો પ્રચાર કર્યો. પરિણામે તેને કુફામાં અને ઇસ્ફહાનમાં સફળતા પ્રાપ્ત થઇ. આથી તેણે કસબા તાબે કરવાનું શરૂ કરી પોતાની સત્તા જમાવી અને પોતાના કુટુંબીઓને રાજ્યના મુખ્ય શહેરોના વાલી અને હાકિમ બનાવ્યા.

અબ્બાસી વંશના સ્થાપક અબુલ અબ્બાસ અસ્સફા અને તેના ભાઇ અબુ જાફર મનસુર બની હાશમના કાફલામાં જોડાવાથી, અબ્દુલ્લાહ બિન મુઆવિયાએ તેઓને પણ હાકિમપદ આપ્યું. એટલામાં ઉમવી વંશના છેલ્લા ખલીફ મરવાન અલ હમારે, અબ્દુલ્લાહ પર ચઢાઇ કરી તેને હેરાત ભણી નસાડી દીધો. હેરાતમાં અબ્દુલ્લાહ બિન મુઆવિયા અને તેના ભાઇઓને માલિક બિન હશીમે કેદ કરી, ખુરાસાન પ્રાંતના જાણીતા મુસ્લિમ રાજદ્વારી અબુ મુસ્લિમને (૧.) તેના સમાચાર પહોંચાડયા. અબુ મુસ્લિમે અબ્દુલ્લાહ બિન મુઆવિયાના કતલનો હુકમ મોકલાવતાં, તેને મારી નાખવામાં આવ્યો. ઉમૈયાઓનું રાજ્ય છિન્નભિન્ન થવા લાગ્યું, છતાં તેનું અનુયાયી દળ કાયમ રહી જવાથી તેણે એવો પ્રચાર કર્યો કે અબ્દુલ્લાહ પુનરાગમન કરશે. આ દળના એક ભાગે ઇસહાક બિન ઝૈદ બિન હારિસ અલ અનસારીને પોતાના 'ઇમામ' તરીકે માન્યો. આ ફિરકો "હારિસિયા" તરીકે ઇતિહાસમાં ઓળખાય છે.

## મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (મહેદી!)

ઉમર બિન અબ્દુલઅઝીઝના સમયમાં, બની હાશમ અને બની અબ્બાસના અગ્રેસરોની અબવા મુકામે મળેલી એક સભામાં અબ્દુલ્લાહ ઇબ્નુલ હસને (૨.) પોતાના પુત્ર, મુહમદ નફસ અઝઝકિયાને "મહેદી" તરીકે લાયક ઠરાવી, લોકોને બયઅત કરવા માટે જોરદાર ભાષણ આપ્યું. આ સાંભળી અબુ

---

૧. આ શખસ પાછળથી અબ્બાસી વંશની રાજ્યસત્તા સ્થાપવા માટે કારણરૂપ બન્યો હતો.

૨. હઝરત હસન બિન અલી બિન તાલિબના વંશજ

જાફર મનસુરે (અબ્બાસી વંશનો બીજો બાદશાહ અને મુહમ્મદ નફસ અઝઝકિયાનો વધ કરનાર) પણું સુંદર ભાષણ કરીને અનુમોદન આપતાં, લોકોએ તેની બયઅત કરી. તેણે મદીના, મક્કા, અને બસરામાં કેટલાક વર્ષો સુધી "મહેદી" તરીકે રાજ્ય પણ ચલાવ્યું. જો કે અબ્બાસીઓએ જાહેરમાં તેને ટેકો આપ્યો, પરંતુ અંદરખાનેથી તેઓ રાજસત્તા હાથ કરવાના ચોકઠાં ગોઠવી રહ્યા હતા અને જ્યારે તેઓ બળવાન થઇ ગયા ત્યારે ખલીફ મનસુરના સમયમાં તેઓએ મુહમદ (મહેદી) સામે યુધ્ધ કર્યું, યુધ્ધમાં તેના સાથીદારો નાસી જતાં તે માર્યો ગયો. આ પ્રકારે ઇસ્લામી આલમમાં, ધર્મ અને ઇમામના નામે અનેક ઉત્પાતો થઈ રહ્યા હતા, એટલુંજ નહિં પણ રાજ્યોમાં પણ ઘણા ફેરફારો થયા હતા. છતાં બની ઉમૈયાના રાજ્યનો દૌર હજુ ચાલુજ હતો. જો કે અમીર મુઆવિયાએ સ્થાપેલા ઉમવી વંશનો અંત યઝીદના બીજા પુત્ર મુઆવિયાના સમયમાંજ આવી ગયો હતો. પરંતુ મરવાનીઓએ તેને પોતાના હસ્તક લઇને ટકાવી રાખવા કોશિશો કરી રહ્યા હતા. તેઓ પણ મુળ ઉમૈયા વંશનાજ હતા.

## ઉમૈયાઓનું પતન અને અબ્બાસીઓનો આરંભ.

હઝરત ઇમામ જાફર સાદિક અ. પોતાની ઇમામતના કાળમાં ઘણા લોકપ્રિય અને પ્રખ્યાત થઇ જવાથી ઉમવી રાજસત્તાના પાયા ડગમગવા લાગ્યા અને એક બુઝાતા દિપક પેઠે દિવસે દિવસે ઉમવી સત્તાનો પ્રકાશ ઝાંખો પડવા લાગ્યો અને તેને પુનઃ પ્રકાશિત કરવા ઉમવીઓ તરફથી પ્રયાસો થઇ રહ્યા હતા. એવે સમયમાં બની અબ્બાસીઓ તરફથી અબુ મુસ્લિમના પ્રયાસો સફળ નિવડતાં તેણે અબ્બાસીઓનો ઝંડો ફેરકાવ્યો. ઇરાક અને ખુરાસાનમાં તેના રાજ્યતંત્રની સ્થાપના થતાં ઉમવી સામ્રાજ્યના પગ ઉખડી ગયા. અબુ મુસ્લિમે બની ઉમૈયાનો કાંટો કાઢવામાં એક ચતુરાઇ એ વાપરી કે યઝીદના સમયમાં બનેલી હઝરત ઇમામ હુસેન અ.ની કરૂણાજનક ઘટનાને અંગે ઇસ્લામી જનતાના દિલ દુભાયલા હોવાથી તેઓમાં તેણે બદલો લેવાની ભાવના જાગૃત કરી. સુલેમાન સુર્દ ખિઝાઇ અને મુખ્તાર બિન અબુ ઉબૈદાના આક્રમણો એના સમર્થન રૂપ નિવડયા. તેઓનું અનુકરણ કરવા અબુ મુસ્લિમને ફાવતું આવ્યું અને તેને અંગે જનસમુહનો મોટો ભાગ તેની દઅવતમાં આવી ગયો. તે સઘળાના એકત્ર બળ વડે અબુ મુસ્લિમે ઉમૈયાના અંતિમ બાદશાહ મરવાન અલ હમારની સત્તા તોડી પાડી. અબુ મુસ્લિમ, મરવાની અલ હમારના મુકાબલા માટે આવતાં મોસલ નજદીક તુમુલ યુધ્ધ થયું. મરવાન હારી જતાં ત્યાંથી શામ ભણી નાઠો. અબ્બાસી લશ્કરના વડા અબ્દુલ્લાહ બિન અલીએ તેનો કેડો પકડયો. મરવાન શામથી મિસર નાસી ગયો. ત્યાં અબ્દુલ્લાહ સાલેહે "કસબે બુસ" આગળ તેનો સખત સામનો કરતાં, હિજરી સન ૧૩૨ના ઝીલહજ માસમાં મરવાન કતલ થયો. આ બનાવમાં ઉમવી ખાનદાનનાં સિત્તેર વડીલો માર્યા ગયા. તેઓની લાશો પર દસ્તરખાન બિછાવીને અબ્બાસીઓએ જમણ લીધું. બની ઉમૈયાના પતન પછી અબ્બાસી રાજઅમલના પાયાની ચણતર અહિંથી શરૂ થાય છે.

## અબ્બાસીઓનાં છળપ્રપંચ.

ઉમવીઓ સામેના અબ્બાસી યુધ્ધ દરમ્યાન ઇરાકમાં ઉમવી રાજ્યની સત્તા તોડી પાડનાર મુખ્ય પુરૂષ અબુ મુસ્લિમનો સહકારી, અબુ સલમા હતો, કુફાના વિજય પછી અબુ મુસ્લિમે સઘળી સત્તા અબુ સલમાને સોંપી. અબુ સલમાએ બની ફાતિમીઓની કોઇ પ્રભાવશાળી વ્યક્તિને ખિલાફતની પદવી આપી, તેના નામની દઅવતનું બહાનું કરી, ઉમવીઓના પાટનગર દમિશ્ક પર હુમલો કરવામાં આવે તો ઘણી સફળતા મળે એવા વિચારથી તેણે બની ફાતિમી વંશની જુદી જુદી ત્રણ વ્યક્તિઓ: ૧. હઝરત ઇમામ જાફર સાદિક અ.

૨. હઝરત હસન બિન અલી બિન અબી તાલિબના વંશધર અબ્દુલ્લાહ, મુહમ્મદ નફસ અઝઝકિયાના પિતા, ૩. ઉમર ઇબ્ને અલી ઇબ્ને હુસેન (જેઓ હઝરત ઇમામ ઝયનલઆબેદીન અ.ના એક ફરઝંદ હતા અને 'ઉમરલ અશરફ'ના લકબથી જાણીતા હતા. તે)ને જુદા જુદા કાગળો લખ્યા અને ખિલાફતપદ ધારણ કરવાની અરજ કરી. અબુ સલમાના સુચન અનુસાર કાસિદે પત્ર સૌથી પહેલાં હઝરત ઇમામ જાફર સાદિક અ.ને આપ્યો. હઝરત ઇમામે મજકુર પત્ર પોતાના સામે બળતા એક દીવા પર રાખી તેને વગર વાંચ્યે બાળી નાખ્યો અને કાસિદને કહ્યું: "પત્રનો જવાબ આ છે." ત્યાર પછી કાસિદે બીજો કાગળ અબ્દુલ્લાહને આપ્યો, તેણે હઝરત ઇમામ જાફર સાદિક અ.ની સાથે મસલત કરી, તેનો અસ્વીકાર કર્યો. ત્યાંથી ચાલતાં કાસિદે ત્રીજો પત્ર "ઉમરલ અશરફ"ને આપ્યો, તેણે પણ ઉડતો જવાબ આપી દીધો. ત્રણે આસામીઓમાંથી કોઇએ પણ અબુ સલમાના આમંત્રણનો સ્વિકાર કર્યો નહિ, કારણ કે તેઓ અબ્બાસી વંશના છળ પ્રપંચથી સારી રીતે માહિતગાર હતા. (૧)

## અબ્બાસી ખલીફાઓ.

અબ્બાસી વંશના વડવા અબ્દુલ્લાહ બિન અબ્બાસ (ઇબ્ને અબ્બાસ) અને તેમના પુત્ર અલી બની ફાતિમા પ્રત્યે પ્રેમ અને માનની લાગણી ધરાવતા હતા, પરંતુ અલીનો પુત્ર મુહમ્મદ, વંશપરંપરા ઉતરતી આ પ્રથાને તોડી રાજસિંહાસન હાથ કરવાના સ્વપ્ના સેવવા લાગ્યો. શામના બિલકા નામના એક ઇલાકામાં મુહમ્મદ બિન અલી રહેતો હતો. તેની દઅવતનો આરંભ હિજરી સન ૧૦૦માં થયો. મુહમ્મદ હિજરી સન ૧૨૪ એટલે પુરા ચોવીસ વર્ષ સલ્તનત મેળવવાની વેતરણમાં મશગુલ રહી મરણ પામ્યો. તેણે પોતાના પુત્રો ઇબ્રાહીમ, અબ્દુલ અબ્બાસ અસ્સફા, અને અબુ જાફર અલ મનસુરને સિલસિલાવાર પોતાના વારસ મુકરર કર્યા હતા. તેના અવસાન પછી ઇબ્રાહીમે વડપણ સ્વીકાર્યું. તેણે બહુ વેગપુર્વક કામ કર્યું. વળી તેના હરીફ દાવેદાર અબુ હાશિમનું અવસાન થવાથી કેસાનીયા પંથવાળા અનુયાયીઓ તેની સાથે ભળી ગયા જેથી તેને બમણું જોર મળ્યું.


યઝીદ બિન અબ્દુલમલિકના રાજકાળમાં ખુરાસાનમાં અબ્બાસીઓને ખિલાફતપદે બેસાડવાની ખટપટ શરૂ થઇ. અબુ મુસ્લિમ તેમનો મુખ્ય દાઇ અથવા પ્રચારક હતો. છેલ્લા ઉમ્વી ખલીફ મરવાન અલ હમારના સમયમાં તે ઘણો સત્તાધારી થઈ પડયો. અંતે હિજરી સન ૧૨૯માં બળવો જગાડી અઢી વર્ષના સમયમાં ખુરાસાન તથા કુફા જીતી લઈ અબુલ અબ્બાસ અસ્સફાને ખલીફ બનાવ્યો, કારણ કે, તેનો વડો ભાઇ ઇબ્રાહીમ આ દરમ્યાન મરણ પામ્યો હતો. અબુલ અબ્બાસના સમયમાં ઉમૈયા વંશના રાજ્યનો અંત આવ્યો, તોપણ એ વંશના અબ્દુર્રહેમાન નામના શખ્સે છટકી જઇને સ્પેનમાં ઉમ્વી રાજ્ય સ્થાપ્યું અને ઘણા લાંબા કાળ પર્યંત આ રાજ રહ્યું. અસ્સફાના મરણ પછી તેના પિતાની વસિઅત મુજબ અબુ જાફર અલ મનસુર હિજરી સન ૧૩૬માં ખિલાફતપદે આવ્યો. હઝરત ઇમામ જાફર સાદિક અ.ની કારકિર્દીનો મોટો ભાગ અલ મનસુરના રાજઅમલમાં પસાર થયો હતો અને ઇમામ પ્રત્યે દુશ્મની ખુલ્લી રીતે કરનાર પ્રથમ અબ્બાસી ખલીફ અલ–મનસુરજ હતો. બનિ ફાતિમા અને બની અબ્બાસ વચ્ચે અહિંથી છેવટનું ભંગાણ પડયું.

અબુ મુસ્લિમ પેઠે સ્વાર્થવશ થઇ લોકો કેવી રીતે ખોટો દાવો રજુ કરે છે, તે માટે "ઇબ્ને મુકન્ના"નો અત્રે સંકેત કરવો અસ્થાને ગણાશે નહિં. હાશમ બિન હકીમ ખુરાસાનમાં અબુ મુસ્લિમનો મંત્રી હતો તે પાછળથી ખુદાનો દાવો કર્યો હતો. તે પોતાના મોઢા પર બુરખો પહેરતો હોવાથી લોકો તેને "મુકન્ના" કહેતા હતા. તેના પુષ્કળ અનુયાયીઓ થયા, જેઓ સફેદ કપડા પહેરતા હોવાથી

૧ જુઓ રોઝતુસ્સફા ખંડ બીજો.

"અયઝીય્યા" કહેવાયા. મનસુરના પુત્ર મહેદીએ તેને ઘેરી લીધો. આ દરમ્યાન કિલ્લામાંના એક કુવા-માંથી ચંદ્રમાની રોશની પ્રગટ કરવાનો તેણે મોઅજિઝો દેખાડયો. સાંજના વખતે છ માઇલ સુધી તેનો પ્રકાશ રહેતો હતો એમ કહેવાય છે. અંતે ઘેરો લાંબા વખત સુધી રહેવાથી મુકન્નાએ પોતાના બાળ-બચ્ચાંઓને બાળી મુકયાં અને પોતે પણ દુશ્મનોના હાથમાં જવાને બદલે બળી મુઓ. જો કે હઝરત ઇમામ જાફર સાદિક અ. અને મનસુરના સમયમાં એવા ઘણા બનાવો બનવા પામ્યા હતા. પરંતુ આ એકજ બનાવ, એ સમયે કેવું વાતાવરણ હતું તે બતાવવા માટે પુરતો થઇ પડશે.

# બની અબ્બાસીઓની વંશાવળી.



— (ચાલુ પાના ૬૪થી)

(૨૦) રાઝા (૨૧) મુન્તકી (૨૩) મુતી

(૨૫) કાદિર (૨૬) તાયેઅ

(૨૬) કાયમ

ઝહીરતુદ્દીન

(૨૭) મુક્તઝી

(૨૮) મુસ્તઝહર

(૨૯) મુસ્તરશિદ (૩૧) મુક્તફી

(૩૦) રશીદ (૩૨) મુસ્તનજીદ

(૩૩) મુસ્તઝી

(૩૪) નાસિર

(૩૫) ઝાહર

(૩૬) મુસ્તનસિર

(૩૭) મુસ્તઅસિમ

મુસ્તનસિર

* જે નામના આગળ આંકડા લખેલા છે તેઓ અબ્બાસી ખલીફાઓ હતા અને આંકડા સિવાય ના નામો અબ્બાસી વંશનો સિલસિલો બતાવવા માટે આપવામાં આવ્યા છે.
(અબ્બાસી ખલીફ મુસ્તનસિરથી મિસરનાં બની ફાતિમી મૌલાના ઇમામ મુસ્તનસિર બિલ્લાહ (અ.) જુદા છે.)

## શાંત જીવનમાં આનંદ.

હઝરત ઇમામ જાફર સાદિક (અ.) પોતાના ઝમાનામાં ઘણા ભરતી ઓટ નિહાળ્યા હતા, ધર્મને નામે રાજ્યસત્તાના અનેક ઉપદ્રવો પણ તેમણે નિહાળ્યા હતા. આથી હઝરત ઇમામ જાફર સાદિકે (અ.) ધર્મવિદ્યાની વૃધ્ધી કરવા તરફ પોતાનું લક્ષ આપ્યું અને રાજ્યસત્તામાં મહાલતા અંધજનોને ધર્મરહસ્ય સમજાવી તેઓને સિરાતલ મુસ્તકીમ–સંતપંથને માર્ગે લાવવા પ્રયાસ કરતા રહ્યા. પરંતુ ઇમામ કોઇપણ રાજકીય કાર્યોમાં ભાગ લેતા નહિ અને એવો કોઇ પ્રસંગ તેઓશ્રીની સામે આવી જતો હતો તો તેઓ હાલ તુરત એકાંતવાસ સેવી રહ્યા હોવાનું જણાવી અળગા રહેતા હતા.

હઝરત પયગમ્બર (સ.) ની વફાત પછી આ મહત્વનું કાર્ય (જ્ઞાન ચર્ચા) હઝરત અલી અ.

એ ઉપાડી લીધું હતું અને હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ તેઓશ્રીના સહકારી હતા. તે બાદ એવોજ સમય હઝરત ઇમામ જાફર સાદીક (અ.)ના ઝમાનામાં આવ્યો હતો. તેઓની પવિત્ર ઝાતના પ્રતાપે ઇસ્લામી ધર્મવિદ્યાઓના ઝરણા આજેય વહેતાં દ્રષ્ટિએ પડે છે, કારણું કે ઇમામતના ઓજસ્વી દીપકથી ઘણા વિદ્દજનોના હૃદયમાં વિદ્યાના અનેક દીવાઓ સળગતા થયા હતા અને એ પ્રણાલી ઉત્તરોઉત્તર ચાલતી આવે છે.

## દઅવત કાર્યનો આરંભ.

ઇસ્લામીઓમાં રાજકીય ખટપટનું વાતાવરણ શાંત થયા પછી હઝરત ઇમામ જાફર સાદિક (અ.) એ અન્ય દેશોમાં પણ સતધર્મનું પ્રચાર કાર્ય શરૂ કરી દીધું. તેઓશ્રીએ મદીનાની પશ્ચિમની ભુમિ તરફ સુફીયાની અને હલવાની નામના બે મિશનરીઓને એ કાર્ય માટે રવાના કર્યાં. "મરજાના" મુકામે પહોંચી સુફીયાનીએ ત્યાંના અતરાફમાં નિવાસ કર્યો અને હલવાની "સુંજાર" નામના સ્થળે જઇ તેના તાબાના ગામ "નાઝુર" માં રહ્યા. આ બન્ને મિશનરીઓનાં પ્રયાસથી "ઇલ્મે ઝાહેરી"નો પ્રચાર વધતો ગયો અને લોકો ઇમામતના નુરને ઓળખવા લાગ્યા. આ બન્ને મિશનરીઓએ સતધર્મનો પ્રચાર કરીને 'ઇમામ'નો વાવટો આ દેશોમાં ફરકાવ્યો.

## અબ્બાસીઓ તરફની સતામણી.

હઝરત ઇમામ જાફર સાદિક અ.ની કીર્તી દિન પર દિન વધતી જતી હતી, તે અબ્બાસીઓની આંખમાં ખટકવા લાગી અને રાજકારણની દ્રષ્ટિએ ઇમામની વધતી જતી ખ્યાતિથી અબ્બાસીઓ ગભરાવવા લાગ્યા. અબ્બાસીઓ જો કે હઝરત અલી અ. ના પરમ મિત્ર અબ્દુલ્લાહ બિન અબ્બાસ (ઇબ્ને અબ્બાસ)ના વંશજ હતાં અને બની ઉમૈયા કરતાં સગપણમાં વધારે નઝદીકના હતા તો પણ બની ઉમૈયાની રાજ્યસત્તાનો અંત આવ્યા કેડે અબ્બાસીઓએ ઇમામને સતાવવાનું તો ચાલુજ રાખ્યું હતું. અબ્બાસીઓ હઝરત અલી અ.ના ધાર્મિક અને આત્મિક ગૌરવથી વિશેષ પરિચિત હતા તેથી તેઓએ હઝરત અલી અ.ના વંશજોને નામે દઅવત કરી જનસમુહને ભોળવી રાજ્ય વસાવી લીધું. તે પછી અબ્બાસી ખલીફ અબુલ અબ્બાસ અરસફાએ હઝરત ઇમામ જાફર સાદિક અ.ના પ્રાણને હાની પહોંચાડવાની ઇચ્છાએ તેઓને ઇરાક તેડાવ્યા હતા. પરંતુ ઇમામની અસાધારણ પ્રતિભા જોઇને પોતાનાં અધમ ઇરાદાથી અટકી જઈ મોટું નજરાણું અર્પણ કરી માનસહિત મદીના તરફ તેઓશ્રીને વિદાય કર્યા. અંતે હિજરી સન ૧૩૬ માં ખલીફ અસ્સફાનું શિતળાના રોગથી અવસાન થયું. ત્યારબાદ તેનો ભાઇ જાફર અલ-મનસુર ખિલાફતની ગાદી ઉપર બેઠો. ખલીફ મનસુર અતિ લોભી અને અત્યાચારી હતો. પ્રજા તેના નામથી થરથર કાંપતી હતી. એનો લકબ "દવાનકી" હતો. એ લકબ પડવાનું કારણ તેનો લોભ હતો. અરબી ભાષામાં "દવાનક" દમડીને કહે છે. ખલીફ મન્સુરના મન ઉપર પણ હઝરત ઇમામ જાફર સાદિક અ.નો બહુ ભય રહેતો હતો, તે માટે કોઇપણ ઉપાયે તેઓશ્રીના પ્રાણ લેવાની વેતરણમાં તે ચાલુ ઉપાયો યોજતો હતો. પરંતુ તેની બધી યુકિતઓ નિષ્ફળ જતી હોવાથી તેના ભયમાં ઉલ્ટો બમણો વધારો થતો હતો અને મલિન હેતુ પાર પાડવાની તેની ઇચ્છા વધુ તિવ્ર બનતી હતી.

## એક ભયંકર ઘટના!

એક વેળા ખલીફ મનસુરે હઝરત ઇમામ જાફર સાદિક (અ.) ના પ્રાણ હરવા માટે મદીનાના ગવર્નર હસન બિન ઝૈદ હાશમીને લખ્યું કે "હઝરત ઇમામ જાફર સાદિક અ.ના ઘરમાં આગ લગાડી દેજો જેથી તેઓ આગમાં ઘેરાઇ જાય !" ખલીફ મનસુરની આજ્ઞા અનુસાર તેણે આગ લગાડી. આગ

એટલી બધી વધી ગઇ કે મકાનના દરવાજા અને આંગણામાં પણ આગની જ્વાળાઓ નીકળવા લાગી ઘરમાંથી બહાર નીકળવાનો કે અંદર પેસવાનો એકે માર્ગ ન રહ્યો. હઝરત ઇમામ જાફર સાદિક અ. આગના ભડકાઓ વચ્ચે બહાર નીકળ્યા ને અંદર ગયા. એમ વારે ઘડીએ આંટા દેવા લાગ્યા અને કહેતા હતા કે "ભુમિ જેના કારણે સ્થિર રહી છે, તે પુછે છે કે હઝરત ઇબ્રાહિમ અ. અમારા વંશના પુર્વ પુરૂષ છે, તેમના માટે નમરૂદની આગ ઠંડી થઇ ગઈ નહોતી?" આ વચનોના ઉચ્ચારણ પછી આગ હોલવાઈ ગઇ અને ઇમામના શરીરને કાંઇપણ દુઃખ પહોંચ્યું નહિં. એ જોતાં લોકો હેરતમાં પડયા. ઇમામ જાફર સાદિક અ. નું મકાન મદીનાના વસ્તીવાળા ભાગમાં આવેલું હોવાથી એ મોઅજિઝો જોઇને લોકોનો ઇમામ પ્રત્યે ચાહ વધવા લાગ્યો. એથી ખલીફ મનસુરના ભયમાં બેવડો વધારો થવા પામ્યો.

## ઇમામનો નિડર ઉપદેશ.

એક વખત એવું બન્યું કે ખલીફ મનસુર દવાનકીના અંગ પર માખ બેઠી. તેણે તેને ઉડાડવાની ઘણી કોશિષ કરી પણ તે વારે ઘડી આવીને ખલીફને પજવવા લાગી. તે બહુ કંટાળી ગયો. આ દરમ્યાન અચાનક હઝરત ઇમામ જાફર સાદિક અ. આવી ચઢયા. તેઓશ્રીને જોઇને મનસુરના જીવમાં કંઇક જીવ આવ્યો અને તેને લાગ્યું કે ઇમામ તેનો કંઈ ઉપાય બતાવશે. પછી તેણે ઇમામને પુછયું:— "ખુદાએ માખને શા માટે પેદા કરી હશે?"

ઇમામે જવાબ આપ્યો :—"સત્તાધારીઓને પોતાના ગર્વનું ભાન થાય તે માટે." હઝરત ઇમામ જાફર સાદિક અ. નો આ ઉત્તર કુરઆન શરીફની આયાતથી સંબંધ રાખે છે, જેમાં મકકાના કાફરો પોતાના સર્જનહાર તરીકે માનતા હતા તે મુર્તિઓને માખ જેવા નાનકડા જીવને પણ ઉડાવવાની શકિત ન હોવાનો ઉલ્લેખ છે. તેજ અનુસાર મનસુર સત્તાધારી ખલીફ હોવાનો દાવો કરતો હોવા છતાં તેનો ગર્વ એક માખે ઉતારી નાખ્યો હતો. અભિમાન ઉતારવા માટે આ એક ઇશારો હતો. પરંતુ ગર્વિષ્ટ ખલીફને એમાંથી શિખામણ લેવાનું કયાંથી સુઝે?

હઝરત ઇમામ જાફર સાદિક અ. જુદી જુદી વિદ્યાઓમાં પારંગત હતા, તેમજ હઝરત નબી મુહમ્મદ સ. ના મુખવચનો (હદીસો) નું પણ તેઓને બ્હોળું જ્ઞાન હતું. તેઓશ્રીના પિતાશ્રી હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. પણ ઇસ્લામી જ્ઞાનની આ શાખામાં પ્રવીણ હતા અને પોતાના પિતાશ્રી તરફથી એ જ્ઞાન તેઓશ્રીને મળ્યું હતું. ઇસ્લામી વિદ્વાનો તેઓશ્રી પાસેથી એનો લાભ લેતા હતા. હઝરત ઇમામ જાફર સાદિક અ. દ્વારા મશહુર થયેલા પયગમ્બરના મુખવચનો ખાસ સત્તાધારી માનવામાં આવે છે. તેઓશ્રીએ કેટલાક પુસ્તકો પણ લખ્યા છે જેમાં "રિસાલો" બહુ ખ્યાતિ પામેલો છે.

## વફાત.

હઝરત ઇમામ જાફર સાદિક અ. નો પ્રાણ હરવા રાજ્યના કર્મચારીઓ તક શોધી રહ્યા હતા. તેમજ ઇમામતનો ચિરાગ બુઝાવવાના પ્રયત્નમાં રોકાયલા હોવાથી ઇમામે પોતાના વડા પુત્ર હઝરત ઇસમાઇલ અ. ને ઇમામ તરીકેની નસ કર્યા પછી છુપી રીતે બસરા તરફ મોકલાવી દીધા. ખલીફ દવાનકીએ છેવટ ઉપર આવી હઝરત ઇમામ જાફર સાદિક અ. ને હિજરી સન ૧૪૮ માં કોઇપણ રીતે મારી નાખવા ધારી પોતાની પાસે તેડાવ્યા. પરંતુ, રૂબરૂમાં તેની હિંમત ચાલી નહિં. આ ઘટના પછી તેઓશ્રીને છુપી રીતે ઝેર આપવામાં આવ્યું, જેથી તેજ વર્ષમાં તેઓશ્રીની વફાત થઇ. બીજી રીવાયત એવી પણ છે કે મુલ્લાંઓએ 'શરા' લાગુ કરવાના કારણે હઝરત ઇમામ જાફર સાદિક અ. ના કાનમાં સીસું ગરમ કરી અત્યાચારી ખલીફ મન્સુરના હુકમથી ઓતવામાં આવ્યું જેથી સવ્વાલ માસની પંદરમી

તારીખે તેઓશ્રીની વફાત થઈ હતી. મદીનામાં જન્નતુલ બકીઅ નામના કબ્રસ્તાનમાં તેઓશ્રીના શબને જુમિદાદ કરવામાં આવેલ છે. આ સ્થળેજ તેઓશ્રીના પિતાશ્રી તથા દાદાશ્રીના શબો પણ જુમિદાદ થયેલા છે. હઝરત હસન બિન અલી બિન અબુ તાલિબ તથા હઝરત અલી અ. ના બીજા વંશજોના શબોને પણ ત્યાંજ જુમિદાદ આપવામાં આવેલ છે.

## ઈમામની સંતતિ.

હઝરત ઈમામ જાફર સાદિક અ. ના સાત પુત્રો અને ત્રણ પુત્રીઓ હતી. પહેલા ઇસ્માઇલ. બીજા અબ્દુલ્લાહ, ત્રીજી ઉમ્મે ફરવા; આ ત્રણે ભાઈ બ્હેન જનાબે ફાતિમાના કુખે જન્મ્યા હતા. ચોથા મુસા કાઝિમ, પાંચમાં ઇસ્હાક, છઠ્ઠા મુહમ્મદ; તેઓ બર્રા નામની સ્ત્રીના પેટે જન્મ્યા હતા. જેમનું નામ હમીદા ખાતુન જણાવવામાં આવે છે. સાતમાં અબ્બાસ, આઠમા અલી, નવમી અસમા, દસમી ફાતિમા સુગરા; આ બ્હેન ભાઇઓ જુદી જુદી માતાઓના પેટે જન્મેલા સંતાન હતા. હઝરત ઇસમાઇલ અ. ના માતા સૌથી વધુ માનનીય હતા.

હઝરત ઈમામ જાફર સાદિક અ. સુધીના ઇમામોનો નિવાસ અરબસ્તાનમાં રહ્યો હતો અને તેમાં પણ મદીના નગર મુખ્ય હતું. ત્યારપછી તેઓશ્રીના શાહજાદા હઝરત ઈમામ ઇસમાઇલ અ. થી ઈમામોએ એ સ્થળ બદલાવીને સીરીયાના એક પ્રગણા સલમીયામાં વસવાટ કર્યો હતો. ઈમામોના સલમીયાનાં નિવાસ દરમ્યાન કયા કયા ઇમામો થઇ ગયા તથા ઇમામ જાફર સાદિક અ. ના બીજા પુત્રોની વિગતો સાથેની વંશાવળી પણ અત્રે આપવામાં આવી છે.

## હઝરત ઈમામ જાફર સાદિક (અ.)

- ઇસમાઇલ અ.
  - મુહમ્મદ બિન ઇસમાઇલ અ.
    - વફી અહમદ અ.
      - તકી મુહમ્મદ અ.
        - રઝી અબ્દુલ્લા અ.
- મુસા કાઝિમ
  - અલી રઝા
    - મહુમદ તકી
      - અલી નકી
        - હસન અસકરી
          - મુહમ્મદ મહેદી
            સામરાની ગારમાં ગાયબ થયાનું કહેવાય છે. એમને માનનારા ઈસ્ન અશરી કહેવાયા.
- અબ્દુલ્લા-અલ ફતહ
  - (એમને માનનાર 'ફતહિયા' કહેવાયા)
- ઇસહાક
- અબ્બાસ
- મુહમ્મદ
  - (એમના અનુયાયીઓ 'સમનીયા' કહેવાયા )
- અલી

હઝરત ઇમામ ઇસમાઇલ અ. થી ઇમામતની ગાદી સીરીયા (શામ) ના સલમીયા નગરમાં હતી અને હઝરત ઇમામ અબ્દુલ્લાહ ઉર્ફે મુહમ્મદ મહેદી અ. સુધી ઇસ્માઇલી ઇમામતનું વડું મથક ત્યાંજ રહ્યું હતું. હઝરત ઇમામ રઝી અબ્દુલ્લા અ. પછી મગરિબ આફ્રિકામાંના કયરવાન પ્રગણાની જીત થતાં ઇમામ મહેદી અ. નું વડું મથક કયરવાન બન્યું, જ્યાં તેઓશ્રીએ 'મહેદીયા' નામે કિલ્લો બંધાવીને નગર વસાવ્યું.

Mowlana Imam Ismail

" " Muhammad

" " Vafi Ahmed

" " Taqi Muhammad

" " Razi Abdullah

# PART II.

## SYRIA & IMAMAT

# ભાગ ૨જો.

## સીરીયા અને ઈમામત.

મોલાના ઇમામ ઇસ્માઇલ અ.

" " મુહમ્મદ અ.

" " વફી એહમદ અ.

" " તકી મુહમ્મદ અ

" " રઝી અબ્દુલ્લા અ.

# HAZRAT MOWLANA IMAM SHAH ISMAIL.

**(A. H. 148–158)**

(૬)

# હઝરત મૌલાના શાહ ઇમામ ઈસમાઈલ અ૦

**(હિજરી સન ૧૪૮-૧૫૮)**

હઝરત ઇમામ શાહ ઇસમાઇલ અ. હિજરી સન ૧૪૮ માં ઇમામતની મસનદ ઉપર બિરાજમાન થયા હતા. તેઓ નામદારનું પુરૂં નામ ઇસમાઇલ મુહમ્મદ હતું અને "અલ મકતુમ" તરીકે તેઓશ્રી જાણીતા થયા હતા.

હઝરત ઇમામ શાહ ઇસમાઇલ અ.ના માતુશ્રી હઝરત હસન અ.ના પુત્ર હસનની પુત્રી નામે ફાતિમા હતા. હઝરત ઇમામ જાફર સાદિક અ. એ પોતાના મહેરદાર ફાતિમાની હયાતીમાં બીજા લગ્ન કર્યા ન્હોતા. એવણ બાનુનું બીજું નામ 'હુસેની' પણ કહેવાય છે.

હઝરત ઇમામ શાહ ઇસમાઇલ અ. ઉપર તેઓશ્રીના પિતાશ્રી ઘણો પ્યાર રાખતા હતા. તેઓશ્રી ઘણાં ખુબસુરત હતા. પોતાના પિતાના સમયમાંજ "વલીઅહદ" તરીકે તેઓશ્રી સઘળું ધાર્મિક કાર્ય પોતે આટોપતા હતા. તેઓશ્રીનાં ધર્મના મુળ તત્વો વિષેનાં ઉંડા જ્ઞાન, સરળ પ્રકૃતિ, ઉંચા સદગુણો, અને સ્વાભાવિક વિલક્ષણતાએ પ્રજાસમુહનો પ્રેમ ખેંચી લીધો હતો, જેથી લોકોના ટોળેટોળાં હઝરત ઇમામ ઇસમાઇલ અ. ની મુલાકાતે આવતા હતા અને તેઓશ્રીની પાસેથી ધર્મબોધ મેળવી આત્મિક લાભ હાંસલ કરતા હતાં.

## હઝરત ઇમામ ઇસમાઇલ સલમીયામાં.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. ની લોકપ્રિયતા અને જનસમુહનું ખેંચાણ અબ્બાસી ખલીફ મન્સુરને ખુંચવા લાગ્યા. વળી તેઓશ્રીના પિતાશ્રીએ તેમના પર "નસ" કરેલી હોવાનું સાંભળતાં ખલીફ વધારે રોષે ભરાયો અને પિતા પુત્રનો ઘાત કરવા માટે જુદા જુદા શખ્સો રોકયા. એ લોકોએ ઇમામની સતામણી ચાલુ કરી અને તેઓશ્રીના પ્રાણને હાની પહોંચાડવા માટે લાગ શોધી રહ્યા હતા. હઝરત ઇમામ જાફર સાદિક અ. ને આ બાતમી મળતાં હઝરત ઇમામ ઇસમાઇલ અ. ને સીરીયા તરફ રવાના કર્યા અને હઝરત ઇસમાઇલ અ. એ શામના ઇલાકામાં આવેલા "સલમીયા" નામના સ્થળે આવી પોતાનો મુકામ કાયમ કર્યો.

હઝરત ઇસમાઇલના ગુપ્ત રીતે મદીના મુકી ચાલ્યા જવાથી કોઇ કહેવા લાગ્યા કે તેઓ બીમારીનાં સબબે બહાર નીકળતા નથી. કોઇ કહેવા લાગ્યા કે ખલીફના ભયથી ઘરમાં ભરાઇ રહ્યા છે. એકંદરે ઘણી અફવાઓ ઉડવા લાગી; જેથી ખલીફ મન્સુર છેડાયો અને ચાંપતી તપાસ કરાવી પરંતુ તેની કશી બાતમી મળી નહિં.

## ઈમામતના અન્ય દાવેદારો.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. સલમીયામાં શાંતિથી વસવાટ કરી રહ્યા હતા, એ દરમ્યાન મદીનામાં, ઈમામતનો દાવો કરનારા કેટલાક શખસો બહાર આવ્યા હતા. જેઓમાં હઝરત ઇમામ શાહ ઇસ્માઇલ અ.ના નાના ભાઇ હઝરત મુસા કાઝિમ ઉપરાંત બીજાઓ પણ હતા. આ વિષે એ વખતે ઇસ્લામી જગતમાં કેવું વાતાવરણ પ્રવર્તી રહ્યું હતું, તેની ટુંક વિગત અત્રે આપવી સ્થાને લેખાશે.

હઝરત ઇમામ જાફર સાદિક અ.ના બીજા ફરજંદ હઝરત મુસા કાઝિમે પણ ઇમામતનો દાવો કર્યો. તેમને પણ અબ્બાસી ખલીફે પોતાની પાસે તેડાવીને કેદ કર્યા. તેમણે પોતાની ઉમરનો મોટો ભાગ કેદખાનામાં ગાળ્યો હતો અને હિજરી સન ૧૮૩માં રજબ માસની ૨૫મી શુક્રવારના દિને બંદીખાનામાં ખલીફે મોકલેલી ઝેર મેળવેલી દ્રાક્ષના આહારથી એમનું અવસાન થયું. ઇસ્માઇલીઓથી જુદુ પડેલું હઝરત મુસા કાઝિમને માનનારૂં આ ટોળું "મુસવીયા"ના નામે ઓળખાયું. હઝરત મુસા કાઝિમ પછીના વંશજ હઝરત અલી રઝા, હઝરત મુહમ્મદ તકી, હઝરત અલી નકી, હઝરત હસન અસકરી અને હઝરત મહેદી સુધી આવીને એ સિલસિલાની સમાપ્તિ થઇ. એમના વંશની આવી રીતે ગણતરી બારની થતાં પાછળથી એ ટોળું "ઇસ્નાઅસરી" નામે જાણીતું થયું. અરબીમાં બારને "ઇસ્નાઅશર" કહે છે.

## હઝરત મુસા કાઝિમ પછી થયેલા ફિરકાઃ

હઝરત મુસા કાઝિમના અવસાન પછી એમનાં અનુયાયીઓમાં બે તડાં પડી ગયાં. એમાંના એકનું નામ "મમતુરીયા" અને બીજાનું નામ "વાકેફીયા" હતું. "મમતુરીયા" ફિરકાવાળાઓ હઝરત મુસા કાઝિમનાં વફાત પામવાની વાત માનતા ન્હોતા. "વાકેફીયા" ફિરકાવાળાઓ તેમને હયાત માનતા હતા અને સૃષ્ટિ પાપથી ભરાઇ ગયા પછી તેઓ પાછા ઝહુર કરશે એવી માન્યતા ધરાવતા હતા. "મુસવીયા" ફીરકાના આ બે તડાં ઉપરાંત "અકતાઇયા" નામનો એક ત્રીજો ફિરકો હતો. હઝરત મુસા કાઝિમ અવસાન પામ્યા છે એ વાત આ લોકો માનતા હતા. વધુમાં તેમના ફરજંદ હઝરત અલી મુસા રઝાનો તેમના પિતા પછી આ ફિરકાવાળાઓએ ઇમામ તરીકે સ્વિકાર કર્યો. આ ફિરકાનો સિલસિલો હઝરત મહેદી સુધી આવીને અટકી ગયો. પોતાના આગલા એક ફિરકા "વાકેફીયા"ની માન્યતા અનુસાર તેઓ હઝરત મહેદીને સામરા નામની ગારમાં જીવતા ગેબ થવાનું માને છે. આવી રીતે આ ફિરકાના બાર ઇમામો થયા પછી તેનું નામ "ઇસ્નાઅશરીયા" પડી ગયું.

## હઝરત હસન અસકરી પછી થયેલા અગ્યાર ફિરકા.

આ ફિરકામાં, 'મોસમે બહાર'માં દર્શાવ્યા પ્રમાણે, બીજા પણ તડાંઓ પડયાં હતાં. "અકતાઇયા" ફિરકો ઇસ્નાઅશરીઓના અગ્યારમા ઇમામ હઝરત હસન અસકરીના સમયમાં અગ્યાર ફિરકામાં વ્હેંચાઇ ગયો. અર્થાત "અકતાઇયા" ફિરકામાં અગ્યાર તડાં પડી ગયાં. આ સઘળા ફિરકાઓની ઇમામ વિષેની માન્યતા સિવાયની અન્ય માન્યતાઓમાં ખાસ ફરક જોવામાં આવતો નથી. એમાંના એક ફિરકાની માન્યતા છે કે, હઝરત હસન અસકરી મરણ પામ્યા નથી અને મરણ પામશે પણ નહિ. તેઓજ આખર ઝમાનાના 'મહેદી' અને 'કાયમ' છે અને ધર્મમાં વર્ણવેલાં મજકુર લકબો ભોગવનારા એજ નર છે.

બીજા ફિરકાની માન્યતા છે કે, તેઓ ગુજરી ગયા છે પણ પાછા જીવતા થઇ ફિસાદને દુર કરશે; તેમના પછી બીજો કોઇ ઇમામ થઇ શકે નહિ.

ત્રીજા ફિરકાની માન્યતા છે કે, હઝરત હસન અસકરી ચોક્કસ ગુજરી ગયા છે અને તેમના ભાઇ જાફર ઇમામ અને ગાદીવારસ છે. તવારીખમાં એને "જાફર કઝ્ઝાબ" એટલે 'અસત્યવાદી જાફર' તરીકે વર્ણવવામાં આવ્યો છે.

ચોથા ફિરકાની માન્યતા છે કે હઝરત હસન અસકરી મરણ પામ્યા છે એ વાત બરાબર છે. પરંતુ, તેઓ ખરેખરા ઇમામ નહિં પણ ઇમામનો લકબ ધરાવતા હતા અને તેમના ભાઇ જાફર ખરા ઇમામ છે. હઝરત હસન અસકરીની ઇમામત નિર્વંશતાને કારણે ખરી ઠરતી નથી અને તેમના નામને ફક્ત ઇમામ તરીકે સંડોવવામાં આવે છે.

પાંચમા ફિરકાની માન્યતા છે કે હઝરત હસન અસકરીનું અવસાન થયું છે. એમની ઇમામતની માન્યતા માટે આપણે દોષપાત્ર આ કારણે છીએ કે તેઓ વાસ્તવિક ઇમામ ન્હોતા. વાસ્તવિક ઇમામ તો તેમના સંતાનવાળા ભાઈ મુહમ્મદ છે.

છઠા ફિરકાની માન્યતા છે કે હઝરત હસન અસકરીએ પોતાની પાછળ પુત્ર છોડયો છે. તેમની વફાત પહેલાં બે વર્ષ ઉપર તેનો જન્મ થયો છે. આ પુત્ર હઝરત હસન અસકરીના ભાઇ જાફર અને તેના અનુયાયીઓની બીકથી ગેબ છે અને તેજ છેલ્લા સમયનો મહેદી છે.

સાતમા ફિરકાની માન્યા છે કે હઝરત હસન અસકરીના દીકરા એમની વફાત પછી આઠ મહીને જનમ્યા હતા. તેમના જીવનમાં આ રીતે પુત્રજન્મ થયાની વાત સાચી નથી.

આઠમા ફિરકાની માન્યતા છે કે, હઝરત હસન અસકરીની વફાત ચોક્કસ થઇ છે એમાં જરાએ શંકા નથી અને તેમની કોઇ અવલાદ નથી; તેથી તેમના બાદ કોઇ ઇમામ નથી, હવે સૃષ્ટિનો રહેનુમા ખુદા એકલોજ છે.

નવમા ફિરકાની માન્યતા છે કે હઝરત હસન અસકરી મૃત્યુ પામ્યા છે, પરંતુ બુધ્ધિની કલ્પના અનુસાર એમના ફરજંદ હોવા જોઇએ, નહિં તો આ જગત ઇમામ વિના વ્યવસ્થિત દીસમાં આવે નહિં.

દસમાની માન્યતા છે કે હઝરત હસન અસકરી મરણ પામ્યા છે. તેમના પછી એમના પુત્ર કે બીજી કોઈ વ્યકિત અવશ્ય ઇમામ હોવી જોઇએ, નહિંતર જગતનું તંત્ર સ્થિર રહી શકે નહિં.

અગ્યારમો ફિરકો એમ માને છે કે, હઝરત હસન અસકરીનું અવસાન થયું છે. તે બાદ તેમના ફરજંદ ઇમામ છે, જેઓ દુશ્મનોની પ્રબળતાને લઇ ગેબ થયા છે અને જગત જુલ્મથી ભરાઇ જતાં. પાછા જાહેર થઇ જહાદ કરી પુનઃ ધર્મની સ્થાપના કરશે. આ અગ્યારમો ફિરકો "ઇસ્નાઅશરી" નામે ચાલુ થયો હતો. હસન અસકરીનું ૨૮ વર્ષની વયે હિજરી સન ૨૬૦માં અવસાન થયું હતું.

વળી હઝરત ઇમામ ઇસમાઇલ અ.ના ભાઇ અબ્દુલ્લાહ અલ-ફતેહને એક ટોળાએ 'ઇમામ' માન્યા, પરંતુ અબ્દુલ્લાહ પોતાના પિતાશ્રી હઝરત ઇમામ જાફર સાદિક અ. પછી કેવળ ૭૦ દિવસ હયાત રહ્યા હતા. એમને ઇમામ તરીકે માનનારા "ફતહીય્યા" કહેવાયા. હઝરત ઇમામના એક અન્ય પુત્ર મુહમ્મદની એક ટોળાએ ઇમામત સ્વીકારી, જેઓ "સમનીયા" તરીકે ઓળખાયા છે.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. મદીનામાંથી ખાનગી રીતે ચાલ્યા ગયા પછી એક ફિરકાએ ઇમામત અહિંજ ખત્મ થયેલી માની, અને તેઓને "મહેદી મવઉદ" તરીકે સમજી તેમની "ઇમામત"ને માનવા લાગ્યા અને તેઓએ પોતાને "ઇસિમાઇલીયા" તરીકે ઓળખાવ્યા. એમનું માનવું છે કે, કયામત બરપા કરવા ફરીથી હઝરત ઇમામ ઇસમાઇલ અ.. દુનિયામાં પ્રગટ થશે. એ સબબે તે ફિરકાવાળા "કાયમુલ કયામત" પણ કહેવાય છે.

હઝરત ઇમામ જાફર સાદિક અ. ના સમય પછી કેટલાક આલિમો પણ ઇમામ તરીકે બહાર આવ્યા, જેમાં ચાર મુખ્ય છે. અબુ હનીફા નોઅમાન બિન સાબિત જેમને ટુંકમાં ઇમામ અબુ હનીફા કહે છે. અહેમદ ઇબ્ને હમ્બલ, જેમને ઇમામ હમ્બલ અને માલિક બિન અનસ જેમને ઇમામ માલિક કહે છે. એમણે "મવતા" નામનો હદીસનો એક નાનો ગ્રંથ સંપાદિત કર્યો છે. ચોથા અબુ અબદુલ્લાહ મોહમ્મદ બિન ઇદરીસ અસ્શાફી, અર્થાત ઇમામ શાફઇ છે. આ પ્રમાણે જે ચાર વિભાગ પડ્યા, તેને ઇસ્લામી જગતમાં સંપ જળવાઇ રહે એ આશયથી ખલીફ હારૂન અલ-રશીદે કબુલ રાખ્યા. આ ચાર ઇમામના નામે એટલે સુન્નત વલ-જમાઅતના ચાર મોટા સંપ્રદાયો "હનફી", "હમ્બલી", "માલિકી" અને "શાફઇ" નામે ઓળખાય છે.

આવી સ્થિતિ વચ્ચે પણ ઇસમાઇલી મઝહબ યમન, યમામા, બહેરૈન, સિંધ, હિંદ, મિસર, ઉત્તર આફ્રિકા સુધી ફેલાઇ ગયો હતો. જાણીતા ઇસમાઇલી દાઇઓ સુરીઆની અને હલવાની એકજ વર્ષમાં મરણ પામ્યા હતા, તે પછી અબુ અબદુલ્લાહ સુફીએ અને ઇબ્ને હવશબે પ્રચાર કર્યો હતો.

## હઝરત ઇમામ ઇસમાઇલ પર "નસ".

હઝરત ઇમામ ઇસમાઇલ અ. માટે ખાજા અલાઉદ્દીન અતા મલિક જુવેની કૃત "તારીખે જહાંગુશા" અને મુહમ્મદ કાસિમ ફરિશ્તા કૃત "તારીખે ફરિશ્તા" માં "નસ" ની વાતનો સ્વીકાર કરવામાં આવ્યો છે. આ ઉપરાંત, અરબી ઇતિહાસિક ગ્રંથ "અસરારૂન-નુતકા" માં લખેલું છે કે, "જ્યારે હઝરત ઇમામ જાફર સાદિક અ. ની તબીયત લથડવા લાગી ત્યારે તેઓશ્રીએ, પોતાના અનુયાયીઓમાંના વિશ્વાસુ લોકો અને કુટુંબીજનોને બોલાવી, પોતાના પુર્વે થઇ ગયેલા ઇમામો પેઠે, હઝરત ઇમામ શાહ ઇસમાઇલને ઇમામની 'નસ' કરી જાહેર રીતે ઇમામત સોંપી હતી, વળી હઝરત ઇમામ જાફર સાદિક અ. એ એક વેળા હઝરત શાહ ઇસમાઇલની રૂબરૂમાં પણ લોકોને ફરમાવ્યું હતું કે: "ઇસમાઇલ મારી બાદ ઇમામ છે અને જે તમોએ મારા પાસેથી ઇલ્મ ગ્રહણ કર્યું છે એજ તમો ઇસમાઇલ પાસેથી ગ્રહણ કરી શકશો".

હઝરત ઇમામ જાફર સાદિક અ. એ હઝરત ઇમામ ઇસમાઇલ પર ઇમામતની નસ કરી હોવાના સમાચાર, ફાતિમી વંશના વિરોધી ખલીફ મનસુરને સાંપડતાં, તે હઝરત ઇમામ શાહ ઇસમાઇલને પકડવા માટે જાસુસો મોકલી તેઓને કત્લ કરવા માટે કાવતરાંઓ કરવા લાગ્યો. કેટલાક ઇતિહાસકારોના કથન અનુસાર ખલીફે હઝરત ઇમામ શાહ ઇસમાઇલ અ. ને પોતાની રાજધાની બગદાદ તરફ મોકલી આપવાનો હુકમ કર્યો. એવી પરિસ્થિતિ વચ્ચે, શાહ ઇસમાઇલ સુખચેનથી પોતાનું કાર્ય કરી શકે, અને દુશ્મનો ઇમામનો કેડો મુકે, તેટલા માટે, હઝરત ઇમામ જાફર સાદિકે તેઓશ્રીને મદીનામાંથી છુપી રીતે રવાના કરી, શાહ ઇસમાઇલ ગુજરી ગયા છે એવો કેવળ દેખાવ કરવા જનાઝાનો મોઅજિઝો કર્યો. એમના શબને પોતાના ઘરમાં ત્રણ દિવસ પર્યંત ઢાંકી રાખ્યું, પરંતુ એમનું મોઢું ખુલ્લું રાખવામાં આવ્યું હતું, જેથી શોક પ્રદર્શિત કરવા આવનારા-હાશમીઓ, અબ્બાસીઓ, અને

મદીનાવાસીઓ તેમને જોઇ શકે. આવનારા લોકોને હઝરત ઇમામ જાફર સાદિક અ. પુછતા હતા કે શું આ મારા ફરજંદ ઇસમાઇલ નથી? લોકો જોઇને, વગર અચકાયે સમંત થતા હતા. સમંત થનારાઓની હઝરત ઇમામ જાફર સાદિક અ. સહિઓ લેતા હતા. ચોથા દિવસે ખુલ્લે મોઢે શબ કબ્રસ્તાન લઇ જવામાં આવ્યું.

વખતો વખત હઝરત ઇમામ જાફર સાદિક અ. જનાઝાને જમીન પર રાખતા હતા અને ચુંબન કરતા હતા અને કહેતા હતા કે, "વલ્લાહ ઇસમાઇલના અવસાનથી મને બહુ લાગી આવતું નથી, કારણ કે મેં મારો કોલ પુરો કર્યો છે." આવી રીતે જનાઝાને ત્રણ વાર રાખી, ચોથી વાર શબને કબ્રમાં રાખ્યું. ઇમામ જાફર સાદિકે પોતાના વારસદાર કોને નિમ્યા તેની તપાસ કરવા આવનારા જાસુસોએ ખલીફને હઝરત ઇમામ ઇસમાઇલના આ દેખાવના અવસાનના સમાચાર આપતાં તે ચિંતામુકત બન્યો.(૧) જો ખરેખર શાહ ઇસિમાઇલ ગુજરી ગયા હોત તો ઇમામને આવી રીતે જનાઝો જમીન ઉપર રખાવવાની અને લેખિત શાહેદીઓ લેવાની જરૂર પડત નહિ.

## હઝરત ઇમામ ઇસિમાઇલિ બસરામાં.

પરંતુ, હઝરત ઇમામ ઇસમાઇલ અ. એ થોડા દિવસ બાદ બસરામાં દેખાવ દીધો. તેઓશ્રી પોતાની ઇમામતની શકિત વડે બસરાના રોગીઓને શફા આપી સાજા કરતા હતા. એક દિવસે લકવાની બીમારીથી લંગડો થઈ ગયેલો એક સાઠ વર્ષનો વૃધ્ધ માણસ બસરાની બજારમાં પોતાની દુકાનના દ્વાર પર બેઠો બેઠો ખજુરીના પાંદડાના કંડીયા ગુંથી રહ્યો હતો, બાજુમાંથી હઝરત ઇમામ ઇસમાઇલ પસાર થતાં લોકો એમનું સન્માન કરવા લાગ્યા. આ જોઇને પેલો લંગડો હઝરત ઇમામ જાફર સાદિક અ. નો અનુયાયી હોવાથી હઝરત ઇમામ ઇસમાઇલ અ.ને કહેવા લાગ્યોઃ "હે આલે નબી મારા તરફ તારો હાથ લંબાવ ખુદા તારા તરફ પોતાનો હાથ લંબાવે." હઝરત ઇમામ ઇસિમાઇલ અ. એ તે શખસનો હાથ પકડી દુકાન પરથી ઉતારી પોતાના સાથે થોડેક સુધી ચલાવીને તેનો હાથ છોડી દેતાં તે સાજો થઇને દોડતો દુકાન પર બેસી ગયો. આ જોઇને લોકો તે શખસને આશ્ચર્ય પામી પુછવા લાગ્યાઃ "કોણ છે? તને સાજો કરી દેનાર એ શખસ કોણ છે?" તેણે કહી દીધું કે "હઝરત મૌલાના શાહ ઇસમાઇલિ અ. છે."(૨) આ બાબતની બહુ જાહેરાત થતાં 'ઇમામ' બસરા છોડી સલમીયા જઇ રહ્યા.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. ફાતિમી વંશના ઇમામ હોવાનો સ્વીકાર વિરોધીઓએ પણ કર્યો હતો, છતાં તેઓશ્રી માટે અપશબ્દો બોલવા ચુકતા ન્હોતા, એટલુંજ નહિં પરંતુ તેમના શાહઝાદા હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. ને નિર્વંશ સિધ્ધ કરવા માટે આકાશ પાતાળ એક કરતા હતા. પરંતુ કંદહાર અને ખુરાસાનમાં ઇસમાઇલી મઝહબના બ્હોળા પ્રચારે એ બનાવટી વાતોને તોડી પાડી હતી.

૧-૨ અસરારૂન-નુતકા અને ઝહરૂલ મ'આની

A VIEW OF THE TOMB OF MOWLANA SHAH ISMAIL B. JAFFER SADIQ (Salamiya).



હઝરત ઇમામ શાહ ઈસ્માઈલ બિન ઇમામ જાફર સાદિક (અ.) ની મઝારવાળી ઇમારતનો દેખાવ.

## સલમીયામાં નિવાસ.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. સલમીયામાં પોતાના રહેવા માટે એક મકાન ચણાવી ફારીહાગ થયા પછી, તેઓશ્રીએ ઇસમાઇલી મઝહબની ફિલસુફી તથા તત્વજ્ઞાનનો કેળવાયેલા દાઇઓ મારફતે પ્રચાર શરૂ કરી દીધો. પૂર્વે થઇ ગયેલા ઇમામો આ જ્ઞાન, મઝહબમાં આગળ વધેલા સુફીઓનેજ બક્ષિશ કરતાં હતા. જ્યારે હઝરત ઇમામ ઇસમાઇલ અ.એ આમ ઇસમાઇલીઓમાં તેનો પ્રચાર કરવા માટે પોતાની સર્વ શક્તિ રોકી દીધી હતી. આ સબબે દમિશ્ક, સીરીયા, મિસર અને તેની અતરાફના પ્રગણાના ઇસમાઇલી ફિરકાના અનુયાયીઓની સંખ્યા પ્રતિદિન વધવા લાગી. પાંચ વર્ષ જેટલો સમય આ દરમ્યાન પસાર થઇ ગયો એટલે હિજરી સન ૧૫૪ ના વર્ષમાં બની ફાતિમીઓનાં પ્રચાર પ્રત્યે લોકોની વધતી જતી વલણના સમાચાર એક ખારજીએ બગદાદ ખાતે અબ્બાસી ખલીફને પહોંચાડયા. આ સમયમાં બગદાદ અબ્બાસીઓનું પાટનગર હતું. આ નગરમાં પૂર્વે નોશિરવાન આદિલ રાજ્ય કરી ગયો હતો. તેના રાજ્યકાળ દરમ્યાન બગદાદનું નામ "બાગે-દાદ" અર્થાત ફરિયાદ સાંભળવાનો બગીચો હતો. પાછળથી અપભ્રંશ થઇને 'બગદાદ' થયું છે.

## ઇસમાઇલી મઝહબનો પ્રચાર અને મિશનની સ્થાપના.

આપણે ઉપર જોઇ ગયા તેમ હઝરત ઇમામ જાફર સાદિક અ. ના સમયથીજ સુરીયાની ને હલવાની નામના બાહોશ દાઇઓને અન્ય દેશો ભણી મોકલી દઅવતના કાર્યની શરૂઆત તો થઇ ચુકી હતી, પરંતુ હઝરત ઇમામ ઇસમાઇલ અ. એ મિશનના પ્રચાર અર્થે ધોરણસરની યોજના ઘડી તેને વ્યવસ્થિત-સ્વરૂપ આપવાની કોશિશ કરી, ઉપરાંત પોતાના નાયબો અને દાઇઓ નીમ્યાં, જેઓ મઝહબનો પ્રચાર કરવાના અને મિશન મંડળની અન્ય ગોઠવણો કરવામાં મશગુલ રહેતા હતા. ઇમામની મુલાકાત પણ આ નાયબો અને દાઇઓ મારફતે થઇ શકતી હતી. આ સમયે ધર્મના ઊંડા રહસ્યોનું શિક્ષણ આપવાની પણ ગોઠવણ કરવામાં આવી હતી. આથી મુરીદો પોતાની આત્મિક શક્તિની ખીલવણીની સાથે સાથે પોતાના જ્ઞાનમાં પણ વધારો કરી શકતા હતા, એટલુંજ નહિ પણ થોડા સમયમાં આવા ઉચ્ચ શિક્ષણથી તેઓ કાબેલ મિશનરી તરીકે બહાર પડી શકતા હતા. આ તત્વજ્ઞાન અને ધર્મના ઊંડા રહસ્યોનું શિક્ષણ મેળવવા આવનાર શખ્સની લાયકાત તરફ ખાસ ધ્યાન રાખવામાં આવતું હતું. આવી જાતનું જ્ઞાન મેળવનારાઓને માનનીય અને મોટા અધિકારીઓ તરીકે ગણવામાં આવતા હતા.

## અબ્દુલ્લાહ બિન મયમુન.

અબ્દુલ્લાહ બિન મયમુન આવી તાલિમ આપનાર વડા દાઇ=મુખ્ય મિશનરી હતા. તેઓ મહાન અસહાબી સલમાન ફારસીના વંશમાંથી ઉતરી આવેલા હતા. તેમનું જ્ઞાન પણ ઘણુંજ ઉચ્ચ પ્રકારનું હતું. હઝરત ઇમામ જાફર સાદિક અ.ના ઝમાનામાં અબ્દુલ્લાહ પોતે અને તેના પિતા અબુ મયમુન બન્ને ઇમામના આશકો હતા અને તે પછી હઝરત ઇમામ ઇસમાઇલ અ. સાથે અબ્દુલ્લાહનો સેવાધારી તરીકે સંબંધ ચાલુ રહ્યો હતો. અંતે તેઓ એમના વડા દાઇ બન્યા હતા અને ઇસમાઇલી ધર્મના "બાબ"ની ઉંચ પદવી ધરાવતા થયા હતા. અબુ મયમુન હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ. તથા હઝરત ઇમામ જાફર સાદિક અ.ના મુખ વચનો સાંભળનાર તથા તેનો પ્રચાર કરનારા તરીકે ગણાય છે. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ના વખતમાં પણ અબ્દુલ્લાહ બિન મયમુને ઇસમાઇલી દઅવતના કાર્યમાં અગત્યનો ભાગ ભજવ્યો છે, જેથી ઇસમાઇલી મઝહબની ઘણી પ્રગતિ થઇ. આ વખતે 'અસકર મુકર્રમ' નામનું સ્થળ દઅવતનું મુખ્ય કેન્દ્ર બની

ગયું હતું. એ સ્પષ્ટ કરવાની જરૂરત છે કે અબ્દુલ્લાહ બિન મયમુનના વંશ સાથે ફાતિમી વંશના ઇમામોનો વંશ ઉપજાવી કહાડવાનો કેટલાક હિતશત્રુઓએ પ્રયાસ કર્યો છે, પરંતુ એ હકીકત સત્યથી તદ્દન વેગળી છે(૧). સારાંશ કે હઝરત ઇમામ ઇસમાઇલ અ. અને હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ના સમયમાં અબ્દુલ્લાહ બિન મયમુન એક વડા દાઇ હતા.


## વફાત.

આગળ જણાવ્યા પ્રમાણે હઝરત ઇમામ ઇસમાઇલ અ.ની શામ-સલમીયા ખાતેની દઅવતની હિલચાલ ખલીફ મન્સુરની જાણમાં આવી, ત્યારે તેના બધા સુખચેન જતાં રહ્યાં અને તે ઘણીજ ચિંતામાં પડી ગયો. તેણે પોતાના તાબા હેઠળના શામ દમિશ્કના વાલીને, હઝરત ઇમામ ઇસમાઇલ સંબંધે પોતાને કાંઇપણ ખબર ન આપવા માટે પત્રમાં ઠપકો લખી હુકમ કર્યો કેઃ હઝરત ઇસમાઇલ અ.ને કેદ કરી મારા તરફ રવાના કરો. દમિશ્કના વાલીને ખલીફ મન્સુરનો પત્ર મળ્યો, પરંતુ તે "ઇસમાઇલી" મઝહબનો સ્વીકાર કરી ચુકેલો હોવાથી તેણે ઇમામને આ વાતની ખબર આપી જેથી થોડા દિવસ માટે ઇમામ સલમીયામાંથી બીજે સ્થાને જતા રહ્યા. તે પછી દમિશ્કના વાલીએ થોડી ધમપછાડ કરીને ખલીફાને ખબર આપી કે, "અત્રે ઇમામનો પત્તો મળી શકતો નથી. તમોને કોઇએ ભરમાવ્યા લાગે છે." આ વાત ઠંડી પડ્યા પછી ઇમામ સલમીયા ખાતે પાછાં આવી પોતાના કાર્યમાં મશગુલ થઇ ગયા. તેઓશ્રી ૧૦ વર્ષ ઇમામત ભોગવી હિજરી સન ૧૫૮માં સલમીયામાં વફાત પામ્યા અને ત્યાંજ તેમના શબને ભુમીદાહ કરવામાં આવ્યો.

## ઇમામના પુત્રો.

હઝરત ઇમામ ઇસમાઇલ અ.ના હઝરત મુહમ્મદ બિન ઇસમાઇલ અને અલી બિન ઇસમાઇલ એમ બે પુત્રો હતા. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ પોતાના કાકા હઝરત મુસા કાઝિમ અને હઝરત ઇસહાકથી ઉમરમાં મોટા હતા અને પોતાના ભાઇ અલી બિન ઇસમાઇલથી આઠ વર્ષ મોટા હતા. હઝરત ઇમામ શાહ ઇસમાઇલની વફાત પછી ઇમામતની મસનદ ઉપર હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. બિરાજમાન થયા.

૧ જુઓ રશિયન પ્રોફેસર ઇવનૉ. આઇવેનો કૃત 'એલેજડ ફાઉન્ડર ઓફ ઈસમ ઈલીઝમ'



BAIYUT SHAH ISMAIL.

સીરીયા પ્રગણામાં સલમીયા ૧ હઝરત ઈમામ શાહ ઈસ્માઈલ ઈબ્ને જાફર સા (અ.)ની રેહેણાકની ઇમારત.



Upper part of the Mazar of IMAM SHAH ISMAIL.

હઝરત ઇમામ ઈસ્માઈલ (અ.)ની મઝારનો ઉપલો ભાગ. (સલમીયા)

# HAZRAT MOWLANA IMAM MUHAMMAD BIN ISMAIL.

(A. H. 158-197)

(૬)

# હઝરત મૌલાના ઈમામ મુહમ્મદ બિન ઈસમાઈલ અ૦

(હિજરી સન ૧૫૮-૧૯૬)

હઝરત ઈમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. હિજરી સન ૧૫૮ માં ઈમામતની મસનદે બિરાજમાન થયા. આ સમયે તેઓશ્રીની ઉમર ૨૬ વર્ષની હતી, જ્યારે તેઓશ્રીના નાના ભાઇ શાહઝાદા અલી બિન ઇસમાઇલ ૧૯ વર્ષના હતા. ઈમામનો લકબ "વસી મુહમ્મદ" પણ હતો. આ બન્ને ભાઇઓ પોતાના દાદા ઇમામ જાફર સાદિક અ. પાસે મદીના ખાતે રહેતા હતા, જ્યારથી હઝરત ઈમામ ઇસમાઇલ અ.ની દુશ્મની કરવા માટે અબ્બાસી ખલીફ અલ મનસુરે કમર કસી ત્યારથીજ હઝરત ઈમામ જાફર સાદિક અ.એ પોતાના આ બન્ને પૌત્રને છુપાવી રાખ્યા હતા, કારણ કે તેઓની જાન પણ જોખમમાં હતી. હઝરત ઇમામ જાફર સાદિક અ. ની વફાત પર્યંત બન્ને ભાઇઓ એજ સ્થિતિમાં રહ્યા હતા. હઝરત ઈમામ ઈસમાઇલ અ.ની વફાત થવાના વર્ષમાંજ ખલીફ મનસુરનું પણ મરણ નીપજ્યું હતું, અને એજ વર્ષથી હઝરત ઈમામ મુહમ્મદ બિન ઇસ્માઇલ અ.ની ઇમામ તરીકેની કારકિર્દીનો આરંભ થાય છે.

ખલીફ મનસુર અબ્બાસી પછી તેનો પુત્ર મહેદી બિન મન્સુર ખિલાફતપદે આવ્યો અને હિજરી સન ૧૬૯માં તે પણ મરણ પામ્યો. અબ્બાસી વંશનો એ ત્રીજો બાદશાહ હતો. તે પછી તેનો પુત્ર મુસા હાદી બિન મહેદી અબ્બાસી ખિલાફત પર આવ્યો, જેનું હિજરી સન ૧૭૦ માં એટલે માત્ર એક વર્ષ રાજઅમલ ભોગવી મૃત્યું થયું. તેના અવસાન પછી તેનો ભાઇ હારૂન અરંશિદ અબ્બાસી એ ખલીફપદ ધારણ કર્યું. તેનું મરણ હિજરી સન ૧૯૩માં એટલે હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈસમાઇલ અ.ની વફાત પહેલાં ચાર વર્ષ અગાઉ થયું હતું. જેથી ઇમામનો તે સમકાલીન હતો. તેણે પણ પોતાના દાદા મન્સુર બીન અબ્બાસીની રાજનીતિ ધારણ કરી બની ફાતિમી પ્રત્યેની પોતાની તેવીજ ચલણ ચાલુ રાખી હતી.

## ઈસમાઈલી ધર્મનો પ્રચાર.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઈસમાઇલ અ.એ પોતાના પિતાની વફાત પછી પણ અબ્બાસી ખલીફાઓની દુશમનીભરી રાજનીતિને અંગે ખાનગી નિવાસ ચાલુ રાખ્યો અને દઅવતનું કામ પણ તે પ્રકારેજ આગળ વધારતા રહ્યા. ઇમામના સંખ્યાબંધ મિશનરીઓ દુરદરાજના શહેરોમાં જઇને બની ફાતિમી તરફનું ત્યાંની પ્રજાને આમંત્રણ આપી દઅવતનું કાર્ય ઉમંગભેર બજાવતા હતા.

પરિણામે હજારો લોકો ઇસમાઇલી મઝહબમાં દાખલ થઇ અને ઇસ્માઇલી દાઇઓના હાથે ઇમામની બયઅત કરતા હતા. આમ પ્રતિકુળ સંજોગો વચ્ચે પણ ઇમામતનો પ્રકાશ ઇસ્લામી દેશોમાં ફેલાવા માંડયો હતો.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. જાતે પણ એક શહેરથી બીજા શહેરમાં ખાનગી રીતે ફરતા રહેતા હતા તથા પોતાના દાદાશ્રી હઝરત ઇમામ જાફર સાદિક અ.ના મદીનાના નિવાસ સ્થળે પણ આવતા હતા, જ્યાં દાઇઓ તથા મુખ્ય અગ્રેસરોની ખાનગીમાં ધાર્મિક સભાઓ ભરવામાં આવતી હતી. આ પ્રકારે થોડાક વિશ્વાસુ માણસો સિવાય આમ લોકોને ઇમામના નિવાસની ખબર પડતી ન્હોતી. પરંતુ પ્રસંગોપાત દાઇઓ તેઓશ્રીની મુલાકાતો લેતા રહેતા હતા અને પત્ર વ્યવહાર પણ કરતા હતા. સઘળા દાઇઓ અને અગ્રેસરો ઇમામ પ્રત્યે વફાદારીથી વર્તતા હતા, અને તેઓશ્રીના જ્ઞાન, સદ્ચરિત્ર, બુધ્ધિમતા અને ઇલ્મે રૂહાની માટે ઘણું માન ધરાવતા હતા તેમજ મઝહબને લગતા સઘળા વ્યવહારોમાં ઇમામના હુકમ અનુસાર કાર્ય કરે જતા હતા.

## ઇમામ પ્રત્યે ખલીફ હારૂન અર્રશિદની રાજનીતિ.

ખલીફા હારૂન અર્રશિદ અબ્બાસી હિજરી સન ૧૭૦માં ખિલાફતપદે આવ્યા પછી તેણે ઇમામની શોધખોળ માટે પોતાના જાસુસોને જુદી જુદી દિશાઓમાં મોકલ્યા. તેઓ તરફથી ખલીફાને ખબર મળી કે, હઝરત ઇમામ ઇસમાઇલ અ. સલમીયા ખાતે વફાત પામ્યા છે અને તેઓશ્રીની ગાદી ઉપર હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. આવ્યા છે અને તેઓશ્રી મદીના તરફ ગયા છે. આ બાતમી ઉપરથી ખલીફા હારૂન અર્રશીદે ઇમામને કેદ કરવા પરવાનગી આપી પોતાના માણસોને મદીના તરફ રવાના કર્યા.

ખલીફા હારૂને પોતાની બેગમ ઝુબૈદાને આ વિષે વાત કરી હતી. ઝુબૈદા બુધ્ધિશાળી અને બની ફાતિમીઓ પર આસ્થા રાખનારી સ્ત્રી હતી. હઝરત પયગમ્બરના વંશધરો પ્રત્યેની પોતાના પતિ ખલીફ હારૂન અર્રશિદની વિરોધી વલણ તે જાણતી હતી, છતાં તેણે કદી પણ પોતાની લાગણીની જાણ તેને પડવા દીધી ન્હોતી. દાઇઓની ખાનગી સભા માટે મદીના ખાતેના ઇમામ જાફર સાદિક અ.ના મકાનમાં હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. આવનાર હોવાથી ખલીફના માણસો તેઓશ્રીને કેદ કરવા જનાર છે, એ જાણ્યા પછી તે મનમાં વ્યાકુળ થવા લાગી અને આ બાતમીથી ઇમામને માહિતગાર કરવા પોતાના એક ખાનગી વિશ્વાસુ માણસને તેણે ઉતાવળે રવાના કર્યો. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્માઇલ અ.ને ખલીફના ઇરાદાની જાણ થતાં પોતાના ભાઇ શાહઝાદા અલી સાથે તેઓશ્રીએ કુફા ભણી પ્રયાણ કર્યું. કેટલોક વખત સુધી ઇમામે કુફામાં ખાનગી નિવાસ રાખ્યો પરંતુ, ત્યાં પણ શાંતિથી રહેવા દેવામાં નહિ આવતાં તેઓશ્રી અન્ય સ્થળે જતા રહ્યા.

## ઇમામનાં લગ્ન.

ખલીફા હારૂન અર્રશિદ તરફથી ઇસહાક બિન અબ્બાસ અલ ફારસી "રય" પ્રાંતના ગવર્નર હતા. હાલમાં એ પ્રાંતને તહેરાન કહેવામાં આવે છે. ગવર્નરની બહેન સારાહ નજર કેદી તરીકે ખલીફાના મહેલમાં રહેતા હતા. ઇસહાક બિન અબ્બાસ અલ ફારસી ખાનગી રીતે બની ફાતિમીનો મોહિબ હતો. તેની બહેન સારાહ પણ બની ફાતિમી પ્રત્યે સારી ભાવના ધરાવતી હતી. સારાહને ફાતિમા નામની એક પુત્રી હતી, જે પોતાના પિતાના મરણ પછી પોતાના મામા ઇસહાક બિન અબ્બાસ અલ ફારસીને ત્યાં ઉછરી હતી. હઝરત ઇમામ ઇસમાઇલ અ. અને હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ની

ખબરો વારંવાર ઝુબેદા બેગમ સારાહ મારફતે પુછાવતી હતી અને સારાહ તેને એ વિષયમાં ભરોસાપાત્ર ખબરો પુરી પાડતી હતી. એકવાર સારાહે હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. સાથે પોતાની પુત્રી ફાતિમાને પરણાવવાનો ઇરાદો ઝુબેદા બેગમને જણાવતાં તેણે એ ઇચ્છા પ્રત્યે ખુશી દેખાડી. આ સઘળું ખાનગીમાં બન્યું.

આ બંનાવ બન્યા પછી ઝુબૈદા બેગમે સારાહને નજર કેદમાંથી છોડાવવા પુષ્કળ પ્રયત્નો કર્યા અને અંતે તેની ચાલુ કોશિશોથી સારાહ છુટી અને તેમને તેઓને દેશ "રય" જવા દેવામાં આવ્યા. સારાહ "રય" ખાતે પાછા ફરી ત્યારે ઝુબૈદા સાથે થયેલી વાતચીતથી અમીર ઇસહાકને માહિતગાર કર્યો અને તેમણે આ વાત કબુલ રાખી. તે પછી પોતાની પુત્રી ફાતિમાને વિશ્વાસુ માણસો સાથે હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ના નિવાસે મોકલી આપી. ત્યાં ઇમામ સાથે લગ્ન થયા. સારાહે પોતાની પુત્રીને ઘણું દેજ આપ્યું. આ બાનુના પેટે ઇમામ શાહ વફી એહમદનો જન્મ થયો અને ઇમામ વફી એહમદની ઉમર બે વર્ષની હતી, તે વખતે તેઓશ્રીના માતુશ્રી વફાત પામ્યા. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. આ દરમ્યાન "રય"માં રહેતા હતા. પોતાની પત્નિના અવસાનથી ઇમામને ઘણું લાગી આવ્યું. ઇમામના બાળપુત્રનું નામ "અબદુલ્લાહ" હતું અને તેઓ વફી એહમદના લકબથી જાણીતા થયા હતા. ઇમામના પત્નિ ફાતિમાની સઘળી મિલ્કત હઝરત ઇમામ વફી એહમદ અબદુલ્લાહને સોંપવામાં આવી.

## ઇમામનો "રય"માં નિવાસ.

ખલીફ હારૂન અર્રશિદને પોતાના જાસુસો તરફથી એવા સમાચાર મળ્યા કે હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. "રય" ખાતે અમીર ઇસહાક બિન અબ્બાસ અલ-ફારસીને ત્યાં રહે છે. આ ઉપરથી ખલીફાએ ઇમામને તાકીદે કેદ કરી બગદાદ ખાતે મોકલી દેવાનો કાગળ "રય"ના ગવર્નરને લખ્યો. એ કાર્ય કરવા માટે તેમને મોટા હોદ્દા અને જાગીરો આપવાનું વચન પણ પત્રમાં આપ્યું હતું.

અમીર ઇસહાકે આ કાગળ વાંચી ઇમામને દેખાડ્યો. તે પછી તેમણે ખલીફ હારૂન અર્રશિદને જવાબ લખી મોકલ્યો કે, હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.નો પત્તો અત્યાર પર્યંત લાગ્યો નથી, છતાં તપાસ ચાલુ છે. તેઓ કેદ પકડાતાં બગદાદ ખાતે રવાના કરવામાં આવશે.

આ બનાવ બન્યા પછી થોડો સમય રહીને ફરીથી ખલીફ હારૂન અર્રશિદને તેના જાસુસોએ ખબર આપી કે, હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. હજુ સુધી અમીર ઇસહાક સાથે "રય"માં છે અને ત્યાંથી તેઓ પોતાના દાઇઓને દઅવત માટે મોકલાવે છે.

આ ખબર પરથી ખલીફે ફરીથી અમીર ઇસહાકને ધમકી ભરેલો કાગળ લખ્યો અને લખ્યું કે જો તમો ઇમામને બગદાદ નહિં મોકલાવશો તો લશ્કરને લઇને હું "રય" આવીશ.

## રયના ગવર્નર અમીર ઇસહાકની કુરબાની.

આ કાગળ પણ અમીર ઇસહાકે ઇમામને દેખાડ્યો જેથી પોતાના બાળપુત્ર અબદુલ્લાહને લઇ ઇમામ ઇરાનના "નિહાવંદ" શહેરના સુરક્ષિત કિલ્લા તરફ જવા તૈયાર થયા. આ શહેર તથા કિલ્લો અમીર ઇસહાકના પરમ મિત્ર મનસુર બિન જોશનના તાબામાં હતો. અમીર ઇસહાકે જે બીના

બની હતી તે સંઘળી અમીર મનસુરને લખી જણાવી અને તેમના પાસેથી અમીર ઇસહાકે કાઝરૂન પાસે આવેલો "સરહતા" નામની એક ખીણનો વિસ્તાર ખરીદી લીધો. ત્યારપછી હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. પોતાના બાળબચ્ચાં સાથે ત્યા જઇ વસ્યા. અત્રેના વસવાટ દરમ્યાન ઇમામે દાઇઓની પણ નવેસરથી વ્યવસ્થા કરી અને તેમને જુદા જુદા પ્રાંતોમાં દઅવત કરવાનું કાર્ય સોંપ્યું.

ખલીફ હારૂન અર્રશિદના બીજા કાગળનો જવાબ પણ આગલા કાગળ જેવોજ અમીર ઇસહાકે મોકલાવતાં, ખલીફે ક્રોધાવેશમાં એક મોટું લશ્કર લઇ "રય" આવ્યો અને અમીર ઇસહાક પર ઇમામના રહેઠાણની બાતમી મેળવવા દબાણ કર્યું, પરંતુ એમણે કોઇપણ પ્રકારની ખબર અંતર આપી નહિં. અમીર ઇસહાકની આવી અડગ વલણથી ખલીફને વિશેષ રોષ ચડ્યો અને અમીરને ચાબુકના ફટકાઓ મારવાનો હુકમ કર્યો. ચાબુકના મારથી તેમની પીઠ ફાટી ગઇ અને તેમાંથી લોહીની સેરો વહેવા લાગી. અંતે તે સખ્ત મારની અસરથી અમીરનું મૃત્યું થયું. અમીર ઇસહાકે ઇમામના માટે પોતાના પ્રાણની કુરબાની આપી, પરંતુ, કોઇપણ પ્રકારની માહિતી આપી નહિં. આટ-આટલાં પ્રયત્નો કર્યા છતાં પણ ઇમામની શોધખોળમાં ખલીફ હારૂન અર્રશિદ નિષ્ફળ નિવડ્યો.

## ઈમામના બીજા લગ્ન.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. નિહાવંદ ઇલાકાના કાઝરૂનમાંની 'સરહતા'ની ખીણના વિસ્તારમાં રહેતા હતા. અહીં ઇમામે અમીર અબુ મનસુર બિન જોશનની પુત્રી વેરે લગ્ન કર્યાં. આ બીબીને પેટે ચાર પુત્રો જન્મ્યા. એક તરફ ઈમામને કેદ કરવા માટે ખલીફના જાસુસો ફાંફાં મારી રહ્યા હતા, જ્યારે બીજી તરફ ઇમામતનું નુર પ્રકાશમાન બની ચોમેર પ્રસરી રહ્યું હતું અને ઇસમાઇલી મઝહબનો પ્રચાર વધ્યો જતો હતો; કારણ કે જીવના જોખમે ઇમામના દાઇઓ દઅવત કરી રહ્યા હતાં જેના પરીણામે મુરીદોના કાફલાના કાફલા નિહાવંદ ભણી ઇમામના દીદાર માટે આવતા હતા.

## ઈમામના મકાનને ઘેરો.

ઇસમાઇલી મઝહબના વધ્યા જતા પ્રચારની ખબર બગદાદમાં ફરીથી ખલીફ હારૂન અર્રશિદને પડી. હવે તેણે મુહમ્મદ બિન અલી ખુરાસાનીને ૨૫૦ ઘોડેસ્વારો સાથે "નિહાવંદ" મોકલ્યા અને "સરહતા" ગામમાં જઇને હઝરત ઈમામને કેદ પકડી પોતાની પાસે લઈ આવવા અને આ કાર્ય સામે કોઇપણ માથું ઉંચકે તો તેનો સખ્તાઇથી સામનો કરવા અને છેવટ સુધી લડીને ઇમામને કોઇપણ રીતે જવા દેવાની તક નહિ આપવા ભલામણ કરી.

મુહમ્મદ બિન અલી ખુરાસાની પોતાના ઘોડેસ્વાર લશ્કર સાથે "નિહાવંદ" આવી પહોંચ્યો અને ત્યાંથી 'સરહતા' આવી તેણે બપોરના વખતે "ઇમામ"નું મકાન ઘેરી લીધું. આ અચાનક આવી પડેલા ઘેરાથી ઇમામના મુરીદો અજાયબી પામ્યા. મુહમ્મદ બિન અલી ખુરાસાની ઘોડા પરથી ઉતરીને આગળ વધ્યો અને "ઇમામ" જ્યાં બિરાજ્યા હતા, ત્યાં આવી ઉભો રહ્યો. આ સમયે ઇમામનો નુરાની પ્રભાવ જોઇને તેઓથી સાથે વાતચીત કરવાની હિંમત ચાલી નહિં. દરમ્યાન ઇમામે તેના તરફ નજર કરી અને તેના ઉપર એવી તો ઉંડી અસર થઇ કે, પોતાના ઇરાદાથી હાથ ઉઠાવી લઈ ઇમામનાં ચરણોમાં તેણે માથું ઝુકાવી દીધું. ઇમામે પોતાના હાથ મુબારકથી ઉભો કરી 'કાંઇપણ શોક કરવાનું કારણ નથી', એમ માયાળુ રીતે કહીને તેના માથા ઉપર પોતાના હસ્ત મુબારક ફેરવ્યા.

## 'સાબુર' માં ઈમામનો નિવાસ.

ત્યારબાદ મુહમ્મદ બિન અલી ખુરાસાનીએ ઇમામને બગદાદના ખલીફની તેઓશ્રીના વિરૂધ્ધની સઘળી ચળવળ વિષેની વિગત કહી સંભળાવી અને સાવચેત રહેવા વિનંતિ કરી. આ વાતચીત પછી ઇમામ નિહાવંદ પ્રગણાથી કુચ કરી મુહમ્મદ બિન અલી ખુરાસાની સાથે 'સાબુર' નગરમાં આવી લાગ્યા અને ત્યાંના જાણીતા શહેરી કમાસ બિન જુહના ઘેર મુકામ કર્યો. "સાબુર" ખાતેના ઇમામના રહેવાસ દરમ્યાન ઇમામે કમાસની પુત્રી "રીધન" સાથે લગ્ન કર્યા જેમેના પેટે એક પુત્રનો જન્મ થયો. પુત્રના જન્મ પછી બે મહીને ઇમામના આ ત્રીજા મહોરદાર "રીધન" મરણ પામ્યા.

"સાબુર"માં હરીફામ થયા પછી હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઈલ અ.એ અતરાફના મુલકોમાં ઘણી મુસાફરીઓ કરી અને પોતાના મિશનનું કાર્ય પુર જોશમાં શરૂ કર્યું. પરિણામે અત્રે પણ ઘણા લોકો ઇમામના હાથ મુબારક ઉપર 'બયઅત' કરીને ઇસમાઇલી મઝહબમાં દાખલ થયા હતા.

## મહમુદાબાદ શહેર વસાવ્યું.

"તારીખે ફરિશ્તા"ના કર્તા મુહમ્મદ કાસિમ ફરિશ્તા લખે છે કેઃ હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. પોતાના પિતા અને દાદાની વફાત પછી મદીનાથી "રય" ભણી હિજરત કરી ગયા અને વર્ષો પર્યંત આ મુલકમાં વસવાટ રાખ્યો. અત્રે તેઓએ પોતાના નામ પરથી "મહમુદાબાદ" નામનું એક શહેર વસાવ્યું જે આજે પણ મૌજુદ છે.

## વફાત.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ને "સાબુર"માં પણ ધર્મના વિરોધીઓએ શાંતિથી રહેવા દીધા નહિં. ખલીફ હારૂન અર્રશિદના માણસો ઇમામનો પીછો પકડવા અત્રે પણ આવ્યા, જેથી ઇમામ "સાબુર"થી ખાનગી રીતે "ફરગાના" ભણી વિદાય થયા. "ફરગાના"માં નિવાસ કર્યા પછી દાઇઓ સાથનો સઘળો પત્ર વ્યવહાર ઇમામે બંધ કર્યો. પત્ર વ્યવહારનો બોજો ઓછો થતાં થોડો વખત તેઓશ્રીને વિશ્રાંતિ મળી. થોડા વખત પછી 'ફરગાના'થી પણ પ્રયાણ કરી પોતાના પિતાશ્રીના 'સલમીયા' ખાતેના નિવાસમાં આવી રહ્યા. 'સલમીયા' ખાતે પણ તેઓશ્રીની સતામણીઓ કાંઇ ઓછી થઈ નહિં. પરંતુ એવી સ્થિતિમાં પણ ઇમામે પોતાનું કાર્ય ચાલુજ રાખ્યું. તેઓશ્રીના ઝમાનામાં ઇસમાઇલી મઝહબના મિશનની ગૌરવભરી પ્રગતિ થઈ, તે ઇમામ અને મિશનરીઓના અણથક પ્રયાસોનું પરિણામ હતું. ઇસમાઇલી મઝહબના પ્રચારનું કાર્ય વેગપુર્વક ચાલુ હતું, એ દરમ્યાન હિજરી સન ૧૯૭માં તેઓશ્રીની વફાત થઈ. એમના શબનો મહમુદાબાદમાં બુમિદાદ કરવામાં આવ્યો હતો.

## ઈમામની સંતતિ.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ. પોતાની પાછળ ત્રણ પુત્રો મુકી ગયા હતા. પોતાના પહેલાં મહોરદાર ફાતિમાના કુખે જન્મેલા વડા પુત્ર અબ્દુલ્લાહ તેઓશ્રીની પછી ઇમામતની ગાદી ઉપર "વફી એહમદ"ના લકબથી બિરાજ્યા. "નિહાવંદ"ના અમીર મનસુર બિન જોશનની પુત્રી નેક અખતરના કુખે જન્મેલા શાહઝાદા હુસેન અને શાહઝાદા અલી પણ તેઓશ્રીની જોડેજ રહેતા હતા.

ખલીફ હારૂન અર્રશિદ હિજરી સન ૧૯૩માં મરણ પામ્યો અને તેના પછી તેનો પુત્ર અમીન બિન હારૂન અર્રશિદ ખિલાફત ઉપર આવ્યો. તે ચાર વર્ષ રાજ્ય ભોગવી મરણ પામ્યો. મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ની ઇમામતની કારકીર્દી દરમ્યાન આ બનાવ બન્યા હતા. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસમાઇલ અ.ની વફાત થઇ ત્યારે ખલીફ અમીન અબ્બાસી ગાદી ઉપર હતો.

# HAZRAT MOWLANA IMAM WAFI AHMED.

( A. H. 197–212 )

( ૮ )

# હઝરત મૌલાના ઇમામ વફી એહમદ અ૦

( હિજરી સન ૧૯૭–૨૧૨ )

હઝરત મૌલાના ઇમામ શાહ વફી એહમદ અ.નું મુળ નામ અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન ઇસમાઇલ હતું. "જાફર અલ–મુસદક" તરીકે પણ તેઓશ્રી ઓળખાય છે, તેઓશ્રીનાં માતુશ્રીનું નામ ફાતિમા હતું. જેઓ "રય"ના અમીર ઇસહાક બિન અબ્બાસના બહેન સારાહના પુત્રી થતા હતા.

હઝરત મૌલાના ઇમામ શાહ વફી એહમદ અ. હિજરી સન ૧૯૭માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. તેઓશ્રી ઘણાંજ આનંદી સ્વભાવના હોવાથી, વાતચીત તથા ઉપદેશ હમેશાં હસ્તે મુખડે કરતા હતા. તેઓશ્રી ઇમામત પર આવ્યા ત્યારે બગદાદનો ખલીફ અમીન બિન હારૂન અર્રશિદ અબ્બાસી હતો, પરંતુ તે હિજરી સન ૧૯૮માં મરણ પામતાં તેનો ભાઇ અલ–મામુન અબ્બાસી સિંહાસને આવ્યો. ખલીફ અલ–મામુનને બની ફાતિમી ખાનદાનનું વડપણ અને ગૌરવ ખુંચ્યા કરતું હોવાથી, તેણે પણ પોતાના પૂર્વજો પ્રમાણે અહલેબયત તરફની દુશ્મની ચાલુ રાખી હતી. હઝરત અલી અ.ના વંશ સાથે દુશ્મની રાખવાના કારણે તેના રાજ્યઅમલ દરમ્યાન ઘણા બળવા થયા હતા. તેણે હઝરત વફી એહમદ અ.ની શોધખોળ માટે પોતાના સામ્રાજ્યના જુદા જુદા ભાગોમાં ઘણાં જાસુસો રાખ્યા હતા. એ લોહીતરસ્યા જાસુસો ઇમામને ઓળખવાની ભુલમાં બિચારાં નિર્દોષ લોકોના ખુનો કરી નાખતા હતા. ઇસમાઇલી મઝહબના મિશનરીઓ સાથે તેમનો ભેટો થઇ જતાં, તેઓની પણ ઘણીજ સતામણી કરવામાં આવતી હતી અને તેઓના પાસેથી ઇમામની બાતમી મેળવવા માટે સખતમાં સખત સજાઓ પણ કરતા હતા, છતાં એ ફિદાઇ મિશનરીઓ પોતાના પ્રાણ જતાં સુધી ઇમામનું સ્થળ બતાવવાનો ઇન્કાર કરતા હતા. ઇમામ પ્રત્યેની તેઓની આવી અડગ વફાદારીથી દુશ્મનો પણ છક થઇ જતા હતા.

## ઇમામના શાહઝાદા અલી અલ–લયસ આગેવાન તરીકે.

હઝરત ઇમામ વફી એહમદ અ.એ પોતાના પિતાશ્રીની વફાત પછી, નિહાવંદ પ્રગણામાં અમીર મનસુર બિન જોશનના પિત્રાઇ અમીર હમદાનને ત્યાં ઉતારો કર્યો હતો. અમીર હમદાને પોતાની પુત્રી આમેનાખાતુનના લગ્ન હઝરત ઇમામ સાથે કરી આપ્યા. અમીર હમદાન ધર્મપ્રેમી હોવાથી, ઇમામની સેવામાં હરહમેશાં મશ્ગુલ રહેતા હતા. આમેનાખાતુનના કુખે એક પુત્ર અલી અને ફાતિમા નામની પુત્રી જનમ્યા હતા. શાહઝાદા અલીને, તેમના નાનાએ "અલ–લયસ" નો લકબ આપ્યો હતો.

પૃથ્વીપટ પરથી ઇમામતને મિટાવી નાંખવા માટે અબ્બાસીઓ ભારે કોશિશો કરી રહ્યા છે એ ઇમામ જાણતા હોવાથી, તેમજ અબ્બાસીઓની દુશ્મની ઓછી થઇ જાય એટલા ખાતર તેઓ મસ્યાફ (૧.) ખાતે મકાન બાંધી, એક સોદાગર તરીકે ખાનગીમાં વસવાટ કરવા લાગ્યા અને પોતાના જાહેરી કામકાજની લગામ શાહઝાદા અલી અલ–લયસને સોંપી પોતે થોડોક સમય નિવૃત્તિમાં રહ્યા. મસ્યાફમાં ઇમામના ખાનગી રહેઠાણ દરમ્યાન મિશનરીઓ તથા ફિદાઇઓએ શાહઝાદા અલી અલ–લયસની આગેવાની હેઠળ દઅવત વિગેરેનું કાર્ય કરવાનું ચાલુ રાખ્યું હતું. આ દરમ્યાન એહમદ ઇબ્ને અલ–કય્યાલે ઇમામનો દાવો કરેલો હોવાથી તેની પ્રપંચી જાળમાં એક અજ્ઞાન સમુહના લોકો સપડાઇ પડયા, કારણ કે તેણે પોતાના અનુયાયીઓને કયામતના દિવસે મહાન દરજ્જો આપવાની લાલચ આપી હતી. થોડાજ સમય પછી તેનું પોકળ ખુલ્લું પડી જવાથી તેના પોતાનાજ અનુયાયીઓએ તેને મારીને તેના કટકે કટકા કરી નાખ્યા.

## ઇસ્માઇલી ધર્મનો પ્રચાર.

આ ફિસાદ થયા પછી હઝરત ઇમામ વફી એહમદ અ.એ નિહાવંદથી પોતાના ૩૨ વિશ્વાસુ મિશનરીઓ સાથે "દયલમ" પરગણા તરફ કુચ કરી અને "અશનાશ" નામના ગામમાં મુકામ કર્યો. ત્યારપછી ઇમામે પોતાના સાથે લાવેલા ૩૨ મિશનરીઓને આખા દયલમ પરગણામાં ફેલાવી દીધા અને તેઓની કોશિશોના પરિણામે ઇસ્માઇલી મઝહબનો ઘણોજ પ્રચાર થવા પામ્યો તેમજ ઠેકઠેકાણે ઇસમાઇલી ઝંડો ફરકવા લાગ્યો. અશનાશના રહેઠાણ દરમ્યાન હઝરત ઇમામ વફી એહમદ અ.એ અલવી ખાનદાનની એક સ્ત્રી સાથે લગ્ન કર્યાં અને તેમના કુખે એહમદ નામના પુત્રનો જન્મ થયો, જેઓ 'તકી મુહમ્મદ' ના લકબથી રોશન થઇ, હઝરત ઇમામ વફી એહમદ અ. પછી ઇમામત પર આવ્યા હતા.

## ખલીફ મામુનની ભેદી રાજનીતિ.

હઝરત પયગમ્બર સ.ના સગા સંબંધીઓ,–જેમાં ફાતિમીઓ, અલવીઓ અને ઝૈદીઓનો સમાવેશ થાય છે, તેઓનું નિકંદન કાઢવાની, ખલીફ મનસુર દવાનીકની રાજનીતિ ખલીફ અલ–મામુને પણ ઘણીજ સખ્તાઇથી અમલમાં મુકી, જેથી ઇસ્લામી આલમમાં ઘણા બળવા થવા લાગ્યા. હઝરત ઇમામ જાફર સાદિક અ.ના સમયમાં ખુનરેજીની બજાર ગરમ થઇ હતી, તેવીજ સ્થિતિ અલ–મામુનના સમયમાં, ઉભી થવા પામી. આથી ખલીફ મામુને બળથી નહિ પણ કળથી અને યુક્તિ પ્રયુક્તિ-ઓથી કામ કરવાની રાજનીતિ અખત્યાર કરવામાં ડહાપણ માની, અલવીઓનાં એક બળવાન પક્ષને શાંત પાડી કાબુમાં લાવવા હઝરત અલી રઝા બિન મુસા કાઝિમને ગાદી વારસ ઠરાવી, પોતાની પુત્રી ઉમ્મે હબીબા જોડે લગ્ન કરી આપ્યાં અને તેમના નામના સિક્કા પણ પડાવ્યા. ખલીફની ભેદી રાજનીતિના ઉંડા દાવપેચ અબ્બાસીઓ પ્રથમ સમજી શકયા નહી, પરંતુ અંતે અબ્બાસી ખિલાફતનો અંત ખલીફ મામુનના હાથેજ આવવા માંડયો છે, એમ તેઓને લાગવા માંડયું જેથી ક્રોધાવેશમાં તેઓએ ઇબ્રાહિમ બિન મહેદીને અબ્બાસીઓની ગાદીએ બેસાડી ખલીફ મામુનને પદભ્રષ્ટ કરી નાખ્યો: આથી સામસામા પક્ષો ઉભા થયા, પરિણામે રાજ્યમાં લુંટફાટ ચાલી અને સર્વત્ર અંધેર વ્યાપી ગયું. અબ્બાસી વઝીર ફઝલ નવા ખલીફા ઇબ્રાહીમથી સર્વ વાતો છુપાવતો હોવાની હકીકત તેની જાણમાં આવતાં વઝીર અને નવા ખલીફ વચ્ચે પણ ધુરકાધુરકી થઇ. પદભ્રષ્ટ ખલીફ મામુને આ તકનો લાભ લઇ વઝીર ફઝલને મરાવી નાખ્યો અને ઝેર ભેળવેલી દ્રાક્ષ મોકલવાથી હઝરત અલી રઝા બિન મુસા કાઝિમનું

૧. ઇમામનું મજકુર રહેઠાણ "મસ્યાફના કિલ્લા" તરીકે ઇતિહાસ પ્રસિધ્ધ છે. સીરીયાના એક ઇસ્માઇલી સરદાર શેખ સિનાનની સરદારી હેઠળ ખ્રિસ્તીઓ સાથેનાં ત્રીજા ક્રુઝેડ–ધર્મ યુધ્ધમાં આ કિલ્લાએ અગત્યનો ભાગ ભજવ્યો હતો. જેનું વર્ણન હઝરત મૌલાના ઇમામ અલા મુહમ્મદ અ. ના ઇતિહાસમાં આવશે.

પણ તરતજ અવસાન થયું, અને લોકોને અંધારામાં રાખવા, જાહેર રીતે પોતાની ભલી લાગણી દેખાડી તેમની કબ્ર ઉપર પાછળથી એક મકબરો ચણાવ્યો. એમ કરીને ઉશ્કેરાયલી પ્રજાના મનને શાંતિ આપી અને રાજ્યની લગામ પોતાના હાથમાં લઇ લીધી.

## ઇમામના ભાઈ ફાતિમી સેવાધારી તરીકે.

હઝરત ઇમામ વફી એહમદ અ.એ નિહાવંદથી "દયલમ" ભણી જતી વખતે પોતાના ભાઇ હઝરત હુસેન બિન મુહમ્મદ બિન ઇસ્માઇલને ધર્મ પ્રચાર કરવાની આજ્ઞા આપી હતી અને સઘળા મોમિનોને તેમને સહકાર આપવાની ભલામણ કરી હતી.

હઝરત હુસેન બિન મુહમ્મદ બિન ઇસ્માઇલ નિહાવંદથી છુપી રીતે વ્યાપારી પોશાકમાં યાત્રાળુઓ સાથે મક્કા તરફ રવાના થયા. તેઓ સામરા ખાતે આવી પહોંચ્યા પછી અહેવાઝવાસીઓ સાથે તેમની મુલાકાત થતાં તેમને ખબર મળી કે "ઇમામ"ના "ખાનગી" વસવાટના સબબે અહેવાઝ ખાતેના મિશનરીઓ તેમના નામે અર્થાત હુસેન બિન મુહમ્મદના નામે દઅવત કરે છે અને તેઓ કહે છે કે, હઝરત ઇમામ વફી એહમદ અ. પછી તેઓશ્રીના ભાઈ "ઇમામ" છે. આવી વસ્તુસ્થિતિ જોતાં તેઓને ઘણું લાગી આવ્યું અને તરત અહેવાઝ ભણી રવાના થઇ મિશનરીઓને પોતાના સન્મુખ તેડાવીને ખરી વાતથી વાકેફ કરી તેઓને જણાવ્યું કે "ઇમામ" દયલમ ખાતે વસવાટ કરી રહ્યા છે પરંતુ એ વસવાટ ખાનગી હોવાથી તમો તેની જાહેરાત કરશો નહિ, આ વાત ફક્ત તમો મિશનરીઓની જાણ માટે છે. હું પોતે તો ઇમામનો અદના સેવક છું.

## અહેવાઝમાં ઇસ્માઇલી મિજલસ.


મિશનરીઓની મુલાકાત પછી અહેવાઝના ઇસ્માઇલીઓની એક આમ મિજલસ ભરવામાં આવી તેમાં પણ હઝરત હુસેન બિન મુહમ્મદે બુલંદ અવાજે હઝરત ઇમામ વફી એહમદ અ. તરફથી આશિર્વાદ પહોંચાડતાં કહ્યું:— "ઇમામ દુનિયાની સપાટી ઉપર હંમેશા હયાત અને મૌજુદ રહે છે. અલ્લાહની સૃષ્ટિમાં આપણે સઘળા ઇમામના દાસ છીએ. હું "ઇમામ" નથી પણ તેમના તરફનો એક એક અદના દાસ છું. તમો પોતાના હૃદયને સત્ય વિચારથી પવિત્ર રાખજો. કદીપણ શૈતાનની બાજી ખાશો નહિ. શૈતાન ઇન્સાનના લિબાસમાં આવે છે અને તે દિલમાં વસવસો નાખે છે, તેથી સાવચેત રહી ઇમામના દામનગીર રહેજો."

## ફાતિમી સેવાધારીઓની ફિદાગીરી.

હઝરત ઇમામ વફી એહમદ અ. ના ફરજંદ અલી અલ-કાયસને પોતાના પિતા તરફથી ઇમામતની સત્તાની રૂએ જે કામકાજ કરવાની નવાઝિશ કરવામાં આવી હતી, તે પ્રમાણે તેઓ નિહાવંદ ખાતે કાર્ય કરી રહ્યા હતા, ત્યાં ખાતે તેઓએ બે હજાર જેટલા મુરીદોની સંખ્યાને "ઇમામ"ને નામે "બૈયત" કરાવી.

એક વખતે શાહઝાદા અલી પોતાના સાથીઓ સાથે શિકાર કરવા ગયા હતા, ત્યાં સંજોગવશાત ઇમામની શોધમાં નીકળેલા અબ્બાસી લશ્કરનો ભેટો થતાં, તેઓ દુશ્મનો વચ્ચે ઘેરાઇ ગયા. શાહઝાદા અલી સાથે તેમના સાથીઓ બહુજ થોડા હતા. છતાં તેઓ દુશ્મનો સાથે વીરતાથી ઝઝુમી "શહીદ" થયા. દુશ્મનોએ શાહઝાદા અલીનું મસ્તક ખલીફના પાટનગર બગદાદ મોકલી આપ્યું. આ દરમ્યાન હઝરત હુસેન બિન મુહમ્મદ બિન ઇસમાઇલ અહેવાઝથી સલીના ભણી રવાના થયા. સલીનામાં તેમને પોતાના

THE FORTRESS OF MASYAF: Where Imam Wafi Ahmed Resided.



મસ્યાફનો કિલ્લો : જે મોલાના શાહ વફી એહમદ (અ.) એ ચણાવીને તેમાં વસવાટ કર્યો હતો
(જુઓ પાનુ ૮૩)

ભત્રીજાના શહીદ થવાના સમાચાર મળતાં ત્યાંથી ખાનગી રીતે કુચ કરી 'ખારઝમ' ના રસ્તે ઈમામની હુઝુરમાં જવા પ્રયાણ કર્યું. ઇમામની શોધ માટે દુશ્મનોના જુથના જુથ ફરી રહ્યા હતા અને માર્ગ પરથી પસાર થતાં વટેમાર્ગુઓ પાસેથી બાતમી મેળવવા સતામણી કરી રહ્યા હતા. હઝરત હુસેન પણ એજ માર્ગથી પસાર થતાં દુશ્મનો વચ્ચે ઘેરાઈ ગયા. બન્ને પક્ષો વચ્ચે ખુનખાર યુધ્ધ થયું, તેમાં હઝરત હુસેન બિન મુહમ્મદ પોતાના સાથીદારો સહિત શહીદ થયા. દુશ્મનોએ એક ખાડો ખોદીને એમની લાશો તેમાં દફનાવી દીધી અને હઝરત હુસેન બિન મુહમ્મદ બિન ઇસમાઇલનું માથું ખલીફ મામુન રશીદની દરબારમાં એક ચોકીબાન સાથે રવાના કર્યું અને જે કાંઇ સરસામાન હાથ લાગ્યો તે લઇને દુશ્મનો ઇમામની શોધમાં આગળ વધ્યા.

આ વખતે નિહાવંદના પહાડોમાં શાહઝાદા અલી અલ-લયસના ફરજંદ, શાહઝાદા એહમદ અલ-લયસ એકલા રહેતા હતા. એમની વય ઘણી નાની હોવાથી દુશ્મનોની આફતમાંથી બચાવી રાખવા "દાના" દાયાએ તેમને નિહાવંદથી લઇ જઇને "મહેંદીકુનગાહ" નામના ગામડામાં વસવાટ કર્યો. આ ગામડામાં એમની બાલ્યાવસ્થાનો મોટો ભાગ પસાર થયો. દાયા ઇમાનદાર અને અનુભવી હોવાથી શાહઝાદા એહમદ પર ધાર્મિક અને ઉત્તમ સંસ્કારો પડયા હતા. મહેંદીકુનગાહમાંજ તેઓ યુવાન થયા હતા. કુદરતે તેમને વિલક્ષણ બુધ્ધિ આપી હતી. તેમણે પણ ઇસમાઇલી મઝહબનું મિશન કાર્ય હાથ ધર્યું અને દક્ષતાથી તથા ચાતુર્યતાથી આગળ વધાર્યું. ટોળાબંધ લોકો એમનો સદબોધ સાંભળવા આવતા હતા. એમના પ્રભાવથી મહેંદીકુનગાહના હજારો રહેવાસીઓ ઇસમાઇલી થયા. આગળ જતાં અતરાફની ભુમિમાં ઇસમાઇલીઓનો વિસ્તાર વધતાં શાહઝાદા એહમદ બિન અલી અલ-લયસે ચાર હજાર નરવીરોનું લશ્કર તૈયાર કરી પોતાના પિતા તથા પોતાના કાકા હઝરત હુસેન બિન મુહમ્મદ બિન ઇસમાઇલનો બદલો લેવા "સલીના" ભણી કુચ કરી, દુશ્મનોનો વીરતાપુર્વક મુકાબલો કર્યો અને છ હજાર દુશ્મનોને કતલ કરી નિહાવંદમાં પ્રવેશ કર્યો, જ્યાં દુશ્મનોને શિક્ષા કરી અને ઇસમાઇલી મિશનનું કાર્ય આગળ ચલાવવા બંદોબસ્ત કર્યો.

## ફરી સલમીયામાં.

હઝરત ઇમામને પોતાના ફરજંદ અને ભાઇની શહાદતથી ઘણું લાગી આવ્યું હતું. તેથી તેઓ પોતાના ગાદીવારસ ફરજંદ "તકી મુહમ્મદ" ને લઇને "સામરા" રવાના થયા. કેટલોક વખત ત્યાં ગાળ્યા પછી શામ ભણી પ્રયાણ કર્યું અને ત્યાંથી સલમીયામાં એક વેપારી તરીકે સહકુટુંબ નિવાસ કર્યો. જ્યારે સાથે આવેલા મિશનરીઓએ, વેપારીના આડતીયા તરીકે અતરાફના દેશોમાં મુસાફરીઓ કરી, દઅવતનું કાર્ય કુશળતાપુર્વક કરવાનું ચાલુ રાખ્યું.

## મિશનરીઓ દીદાર માટે ઈમામની શોધમાં.

હઝરત ઇમામ વફી એહમદ અ. ની મહાન પરહેજગારી અને સદગુણોને સંગે સલમીયાના લોકો તેમનું અત્યંત ઘણું સન્માન કરતા હતા અને તેઓ ઇમામને એક ઊંચા ખાનદાનના અમીર અથવા શ્રીમંત વેપારી સમજતા હતા અને ઇમામ પણ અતરાફનાં દુશ્મનોનું વાતાવરણ જોઇ ખાસ લોકો સિવાય આમ વર્ગમાં સામાન્ય રીતેજ રહેતા હતા. આથી ઇમામના વસવાટની કોઇને પણ ચોકકસ ખબર પડતી ન હતી. વળી ઇમામે એટલા બધા સ્થળો બદલ્યા હતા અને દેશપરદેશની સંખ્યાબંધ મુસાફરીઓ કરેલી હતી કે જેથી ઇમામ ક્યાં છે, એ કળવું પણ મુશ્કિલ થઈ પડયું હતું. આવી પરિસ્થિતિ વચ્ચે કેટલોક વખત નીકળી ગયા પછી ઇમામના દીદાર માટે તલસતા કેટલાક

પ્રેમીઓએ કોઇપણ રીતે ઇમામને શોધીને તેઓશ્રીના દીદારથી મુશર્રફ થવાનો નિર્ણય કર્યો. આ નિર્ણય ઉપર આવ્યા પછી નામાંકિત મિશનરીઓ, હુરમુઝ અને તેમના પુત્ર મહેદી. સુરહાબ બિન રૂસ્તમ અને તેમનો પુત્ર ઇમરાન મળી ચાર જણાઓએ લાંબી મુસાફરીથી તૈયાર કરી. મુસાફરીના ખર્ચને પહોંચી વળવા ઇસમાઇલી મુરીદોએ ચાર હજાર દીનારનો ફાળો કરી આપ્યો, જેમાંથી તેઓએ અત્તર તથા બાળકોને આનંદ આપનારી વસ્તુઓ ખરીદ કરી, સોદાગર તરીકે તેઓ ગામેગામ ફરતા રહી ઇમામની શોધખોળ ચાલુ રાખી. અત્તારી તરીકે સુગંધીના શોખીનોને અને બાળકોને રમકડાના વ્યાપારી તરીકે ખુશ કરતા હતા. આવી રીતે ચારે જણા એકેક ફરીને દિવસે જુદા જુદા ગામોમાં જતા અને રાત્રે એક નિયત કરેલા સ્થાને ભેગા થતા. લોકોનાં ટોળાં આ નવિન વેપારીઓને ઘેરી વળતા હતા, અને બાળકો ખરીદી માટે પોતાના માબાપોને તેડી લાવતા હતા.

## સલમીયામાં ઇમામની મુલાકાત.

આ પ્રવાસી સોદાગરો દીદારની ઝંખનામાં ઇમામની શોધ કરતા હતા અને તક મળતાં દઅવતનું કામ પણ કરી લેતા હતા. પ્રવાસ દરમ્યાન કોઇ ધર્મબંધુ મળી જતાં ઇમામનો પત્તો મેળવવા જીજ્ઞાસાભરી પુછપરછ પણ કરતાં હતા. જ્યાં જતા ત્યાં ઇમામના "હુલીયા"=રૂપરંગનું વર્ણન કરી ગામમાં કોઈ એવી વ્યક્તિ હોવા વિષે ગામ લોક પાસેથી બાતમી મેળવતા હતા. એક ગામમાં પત્તો ન મળતાં બીજે ગામ જતા. આ પ્રમાણે ફરતાં ફરતાં દાઇ હુરમુઝના પુત્ર મહેદી "સલમીયા" માં આવી લાગ્યા અને પુછપરછ કરતાં ઘણી મુસ્કિલીથી ઇમામના રહેઠાણની ખબર પડી, જેથી તેઓ ત્યાં પહોંચી ગયા અને અત્યંત આનંદ વચ્ચે તેઓએ ઇમામના દીદાર કર્યા અને પોતાની પાસે જે કંઇ માલ અસબાબ અને નાણું હતું તે ઇમામની હુઝુરમાં અર્પણ કરી દસ્તબોશી કીધી. (૧.) હઝરત ઇમામ વફી એહમદ અ. પોતાનાં મુરીદ મહેદીની વફાદારીથી ઘણા ખુશી થયા અને દુઆઆશિષ ફરમાવ્યા. તે પછી મહેદીએ પોતાના સાથીદારોને પણ તેડાવી લીધા, અને ચારે જણાએ સાથે મળી ફરીવાર પવિત્ર ઇમામની મુલાકાત લીધી. ઇમામના દીદારનો લાભ લઇ ઇમામના આશીર્વાદ સહિત તેઓ પોતાને વતન પાછા ફર્યા, અને પોતાનાં જીવનનાં અંત સુધી ઇમામની સેવા કરવા મઝહબી પ્રચારમાં મશગુલ રહ્યા.

## વફાત.

હઝરત ઇમામ વફી એહમદ અ. છેવટ સુધી સલમીયામાંજ રહ્યા હતા. પોતાના પછી પોતાના પુત્ર હઝરત ઇમામ તકી મુહમ્મદ અ. ને, ઇમામે નસ કરી ઇમામત સોંપી અને સઘળા દાઇઓને તેની ખબર આપી. તેઓશ્રીની હિજરી સન ૨૧૨ માં વફાત થઇ. એમના દેહનો સલમીયામાં ભુમિદાહ કરવામાં આવ્યો હતો; જ્યારે તેઓશ્રીના એક પૌત્ર શાહઝાદા એહમદ બીન અલી અલ-લયસ હઝરત ઇમામ તકી મુહમ્મદ અ. ઇમામત પર આવ્યા પછી પોતાના પિતાશ્રીની પયરવી ચાલુ રાખી ધર્મપ્રચાર કરતા રહ્યા.

---

૧. સૈયદના ઈદ્રીસ કૃત ઉયુનુલ-અખબાર

# HAZRAT MOWLANA IMAM TAQI MUHAMED.

(A. H. 212–225)

(૯)

# હઝરત મૌલાના શાહ ઈમામ તકી મુહમ્મદ અ૦

(હિજરી સન ૨૧૨-૨૨૫)

હઝરત ઇમામ તકી મુહમ્મદ અ.નું મુળનામ એહમદ બિન અબ્દુલ્લાહ બિન મુહમ્મદ બિન ઇસમાઇલ છે. "અતકી" તેઓ નામદારનો લકબ હોવાથી તેઓ ઇસ્લામી આલમમાં "તકી મુહમ્મદ"ના નામે વિખ્યાત થયા છે. ઉપરાંત તેઓશ્રી ઘણાંજ લોકપ્રિય હોવાના સબબે "મુહમ્મદ અલ-હબીબ" અર્થાત "વહાલા મુહમ્મદ"ના લાડકા નામે પણ જાણીતા છે. તેઓ નામદાર હિજરી સન ૨૧૨માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા ત્યારે બગદાદના ખલીફ અલ-મામુન અબ્બાસીને સિંહાસન પર આવ્યે ૧૪ વર્ષ પસાર થઇ ગયા હતા. પોતાની હમેશની રાજનીતિ અનુસાર તેણે પણ પવિત્ર ઇમામની શોધ કરવાની અનહદ કોશિશો કરી, પરંતુ તે તેમાં છેવટ સુધી ફાવ્યો નહિં.

## બૃહદ ગ્રંથ અખ્વાનુસ્સફા.

ખલીફ હારૂન અર્રશીદના શાસનકાળમાં ગ્રીક, સંસ્કૃત ઇત્યાદી ભાષાઓમાંની જુદી જુદી વિદ્યાઓ અને ફિલસુફીના ગ્રંથોના અરબીમાં તરજુમા કરવા માટે રાજ્ય તરફથી ઉતેજન મળતું હોવાના કારણે ઇસ્લામી ફિલસુફીનો કંઇક અંશે વિકાસ થવાનો આરંભ થતાં, સામાન્ય વિદ્વાનોનો સમુદાય ફિલસુફી તરફ ઢળવા લાગ્યો હતો. જો કે માનવ પ્રકૃતિને અનુસરીને જોતાં ફિલસુફીનો આ આરંભ-કાળ હોવાથી તે હરીફાઇ થઇ ન્હોતી; કારણ કે તેમાં નિરંકુશતાનું તત્ત્વ વધુ પ્રમાણમાં હતું, તેથી ઇસ્લામ ધર્મ અને સાયન્સ-વિજ્ઞાન એ બન્ને વસ્તુઓ જુદી છે, એવો વાદવિવાદ અને ઝગડો બન્ને પક્ષ તરફથી ઉત્પન્ન થયો હતો. એ વખતે ખલીફ મામુનના ધાર્મિક વિચારોમાં પણ પરિવર્તન થયું હતું. તે 'મુતઝલ્લી' અથવા "મુ'અતઝલા" ફિરકાના વિચારો ધરાવતો થયો અને એ પંથને લગતા પોતાના નિરંકુશ વિચારો ઇસ્લામના ઉપલા વર્ગમાં પરાણે ઠસાવવાની પ્રવૃત્તિ આદરી દીધી. વળી તેની એવી પણ માન્યતા હતી કે કુરાને શરીફની રચના આ દુનિયામાં થઇ છે. જેના સામે અહેલે સુન્નત વલ જમાઅતના ચાર વડા પેશવા પૈકી એક હઝરત એહમદ બિન હમ્બલે વિરૂધ્ધતાનો ઝંડો ઉઠાવ્યો જેના લીધે તેમને જેલનિવાસ ભોગવવો પડ્યો. (૧)

ખલીફ અલ-મામુનની આ રીતે ધર્મમાં સુધારા વધારા કરવાની ચળવળમાં જડવાદનું મિશ્રણ હોવાના સબબે સંરવરે કાયનાત હઝરત રસુલ સ.ના શિક્ષણ અનુસારનાં સત્ય ધર્મથી ઇસ્લામીઓ થોડેક અંશે વિમુખ થવા લાગ્યા. જેથી તેના માટે યોગ્ય અને સંગીન ઉપાય થવાની ખાસ

---

૧. આ કરણ પડના અલ્લામા જલાલુદ્દીન સિયુતી કૃત "તારીખુલ ખુલ્ફા" માં વર્ણવામાં આવી છે.

જરૂરત ઉભી થઇ હતી, એટલુંજ નહિ પણ ધર્મ અને ફિલસુફી અલગ અલગ હોવાનાં ઝગડાથી આમ લોકોના દિલ સત્ય જાણવા તલસી રહ્યા હતા. આવી વસ્તુસ્થિતિ દરમ્યાન હઝરત ઇમામ તકી મુહમ્મદ અ. ના મિશનરીઓ દઅવત માટે ઇસ્લામી આલમમાં ફરી રહ્યા હતા. તેઓની જાણમાં આ બાબત આવતાં, તેઓએ ઇસ્લામી આલમમાં આ કલુષિત વાતાવરણને પોતાની નુરાની શકિત વડે શુધ્ધ કરવા "ઇલ્મના બાબ" હઝરત ઇમામ તકી મુહમ્મદ અ.ને વિનંતિ કરી જેથી ઇમામે એ કાર્ય પોતાના માથે લીધું અને ફિલસુફીની દ્રષ્ટિએ ચર્ચા કરતો એક બૃહદ ગ્રંથ તૈયાર કર્યો. આ ગ્રંથના બાવન રિસાલા છે. દરેક રિસાલામાં જુદી જુદી જ્ઞાન ચર્ચાઓ કરવામાં આવેલી છે અને છેલ્લા રિસાલામાં એ સઘળા વિષયોના સારરૂપ ચર્ચા કરવામાં આવેલી છે. આ છેલ્લો રિસાલો ઉપસંહારરૂપ લખાયલો હોઇ તેનું નામ "રિસાલતુલ–જામીઆ" રાખવામાં આવ્યું છે. જેનો સવિસ્તર અહેવાલ ઉયુનુલ-અખબાર નામના ઇતિહાસિક ગ્રંથનાં ચોથા ભાગમાં આપવામાં આવ્યો છે. આ એન્સાયક્લોપિડીયા–સર્વજ્ઞાનસંગ્રહ "અખવાનુસ્સફા" ના નામે જગપ્રસિધ્ધ છે, જેની અમરકિર્તી આજે પણ ઇસ્લામી આલમ ઉપરાંત પૂર્વ અને પશ્ચિમના સંસ્કૃત જગતમાં કાયમ છે. 'અહલે મઆરિફત'ની દ્રષ્ટિમાં કુરાને શરીફની બાદ આ 'અખ્વાનુસ્સફા' પ્રથમ દરજ્જો ધરાવે છે. રાજ્યદ્વારી કારણોસર પોતાના નામ અને નિવાસ ગુપ્ત રાખેલા હોવાથી આ રિસાલાના લેખક તરીકે ઇમામે પોતાનું તખલ્લુસ "હુમાયુન" રાખ્યુ હતું. એ ઉપનામમાં પણ એક એ ખુબી રહેલી છે કે, ઇમામના મુબારક નામની અબજદની ગણત્રીએ જેટલી સંખ્યા થાય છે, તેટલો "હુમાયુન" શબ્દનો પણ એકંદર સરવાળો આવે છે. આ અમર બૃહદ ગ્રંથ "અખવાનુસ્સફામાં" ઇલ્મે ઇલાહી, ઇલ્મે હિકમત, ઇલ્મે મઆરિફત તેમજ જુદી જુદી અનેક વિદ્યાઓ અને ધર્મજ્ઞાનનો સંગ્રહ છે, એટલુંજ નહિ પણ તેમાં જગતની કોઇપણ વિષયની ચર્ચા બાકી રાખવામાં આવી નથી.

## બની ફાતિમી ઈમામ જગતમાં મૌજુદ છે.

આ ગ્રંથ તૈયાર થઇ રહ્યા પછી એક દિવસે અબ્બાસી ખિલાફતના પાટનગર બગદાદની બાવન મસ્જિદોનાં કિબ્લેગાહ–મહેરાબમાં રાત્રીના સમય દરમ્યાન જુદા જુદા રિસાલાઓ રાખી દેવામાં આવ્યા. સવાર થતાં લોકોની નજર તેના પર પડતાં એ વિષે તરેહવાર ચર્ચાઓ થવા લાગી. અંતે ખલીફ મામુન પાસે આ રિસાલાઓ લઇ જવામાં આવ્યા. ખલીફ આ રિસાલાઓ જોઇ પહેલાં તો દિગમુઢ બની ગયો. ત્યારપછી તેણે ઉલમાઓને બોલાવ્યા, જેઓ પણ એ જોઇ વિસ્મિત થયા. આ ઉપરથી ખલીફ મામુનને લાગ્યું કે, આ પુસ્તક કોઇ સાધારણ વિદ્વાનનું લખેલું નથી; અને ધર્મજ્ઞાનના અધિકારી પવિત્ર ઇમામ વિના અન્ય કોઇ તે લખી શકે નહિ. આથી તેના મનમાં ચોકકસ થઇ ગયું કે બની ફાતિમી વંશના વારસદાર ઇમામ આ જગતમાં મોજુદ છે અને રાજ્યની સલામતી માટે તેની શોધ કરવી જોઇએ, કારણ કે અત્યાર સુધી તે એમ સમજતો હતો કે બની ફાતિમી વંશમાંથી હવે કોઇ બચી રહ્યું નથી. ધર્મ અને ફિલસુફી પરસ્પર વિરૂધ્ધ નહિ પરંતુ સમાનતા ધરાવનારી બે વસ્તુઓ હોવાની ચર્ચા "અખ્વાનુસ્સફા"માં આપવામાં આવેલી હોવાથી એ ઝમાનાનાં આલિમો વચ્ચે 'એ બન્ને વિષયમાં ભિન્નતા હોવાનો' ચાલતો વાદ ટાળવામાં આ પુસ્તકની ભારે અસર થઇ હતી. આથી લોકો પર થયેલી અસર દાબી દેવા માટે એવા એક સાધન દ્વારા પોતાની મતલબ સાધી લેવાની તક ખલીફે એમાં જોઇ અને તેથી ઇમામને હાથ કરવા માટેનો તેનો વિચાર મજબુત થયો અને રાત દિવસ તેની ફિકર ચિંતામાં રહેવા લાગ્યો.

## દાઈ અબુ તિરમિઝી

આ સમય દરમ્યાન, સંજોગવશાત અબુ તિરમિઝી નામના એક દાઇ–મિશનરીનું બગ-

દાદમાં આગમન થતાં, ખલીફ મામુને તેની મુલાકાત લીધી. મુલાકાતથી જાણે દિલમાં દર્દ પેદા થયું હોય એવો ડોળ-દંભ કરીને રફતે રફતે દાઇના હૃદય પર સારી અસર નાખી અને પોતાની નઝદીક તેને રાખ્યો. આ દરમ્યાન મિશનરીની વર્તણુંક અને દાનાઇભર્યાં સુખુનો અને વાતચીત પણ ઘણી અજાયબી પમાડનારા હતા. ખલીફ પણ જાણે ઇમામનો આશક અને નિખાલસ મોમિન હોય એવો ડોળ કરી વર્તવા લાગ્યો. ખલીફ મામુન અભ્યાસીનો આ ફરેબ-ઇમામને હાથ કરવાનો છે તે-મિશનરી તિરમિઝી સમજી શકયો નહિ અને તેથી તેનું હૃદય પીગળી ગયું અને તેને ખલીફ પર પુરેપુરો વિશ્વાસ આવી ગયો. આથી બરાબર તક સાધીને, ખલીફ મામુને એક વખતે, જાણે દિલ ખોલીને કહેતો હોય તેમ કહેવા લાગ્યો: "હું ઇમામનો પરવાનો છું. જો ઇમામની મને મુલાકાત થઇ જાય તો હું મારી તમામ સલતનત અને મુલ્ક ઇમામના ચરણોમાં ધરી દઉં અને હદ કરતાં પણ વધારે તથા દિલોજાનથી ઇમામની તાઝીમ કરૂં." આ સાંભળીને મિશનરીનું હૃદય પીગળી ગયું અને તેણે સર્વે સાચું માની લીધું અને એક વખતે ખાનગીમાં-ખલીફને ખબર ન પડે એવી રીતે-રવાના થઇ હઝરત ઇમામ તકી મુહમ્મદની અ.ની હુઝુરમાં રજુ થયો અને કદમબોશી કરી અને ખલીફ મામુનની સઘળી કેફીયત કહી સંભળાવીને કહેવા લાગ્યો; "યા ઇમામ, ખલીફ મામુન હવે પોતાના ઝુલ્મ માટે શરમીંદો છે અને દુનિયાની હિરસો હવાથી દુર થઇ ગયો છે, માટે હવે આપ સલતનતના માલિક થઇ જગતમાં રોશન થાવ તો સારૂં.

જવાબમાં ઇમામે ફરમાવ્યું: "તિરમિઝી, તું જાણતો નથી, ખલીફનું દિલ કિન્નાથી ભરપુર છે, તે બદબખ્ત અને સદંતર જુઠો છે. તે હરગીઝ નરમ થશે નહિ, કારણ કે તેનું દિલ પથ્થર કરતાં પણ વધારે સખ્ત છે." આમ છતાં મિશનરી વારંવાર આગ્રહ કરવા લાગ્યો. ઇમામે જોયું કે મિશનરીને પરિણામ શું આવશે તેની ખબર નહિ હોવાથી તે સમજતો નથી, ત્યારે ઇમામે ફરમાવ્યું: "હે તિરમિઝી, તને ભરોસો છે તો તું મામુન પાસે જઇને અલ-ઇમામ તરીકેનો દાવો કર અને જો તે ખરેખર ઇમામને માનવાવાળો હશે તો તેણે જે વાયદા કર્યાં છે તે પ્રમાણે તને ખિલાફત આપશે અને સર્વસ્વ તારા પાસે રાખી દેશે. જો આમ બને તો મને ખબર આપજે તો હું જાહેર રીતે આવીશ." ત્યારે મિશનરીએ અરજ કરી યા આલે નબી, એ બુધ્ધિવંત બાદશાહ છે, ઇમામતની શરતો અને નિશાનીઓ જોશે અને મારી પરિક્ષા કરશે અને નાહક મને તંગ કરશે. ત્યારે ઇમામે પુનઃ ફરમાવ્યું કે, તને સર્વ વસ્તુઓ મુયસ્સર થશે. અમારા નૂરના પ્રતાપે મામુનના હવાસ ઉડી જશે અને કસોટી કરશે તો તેને યકીન થશે, પરંતુ ખુબ યાદ રાખજે હે મિશનરી, કે મામુન હરગીઝ વફા નહિ કરે અને તને કતલ કરી નાખશે. સારાંશ મિશનરી મામુન પાસે ગયો અને કહ્યું કે, હે બાદશાહ, હું તમામ આલમનો ઇમામ છું ફકત તમારા ખોફથી હું લોકોથી મારી ઇમામત પોશીદા રાખતો હતો. હવે તમોને ખાત્રી થાય કે હું રહેબર અને ઇમામ છું. આ સાંભળીને ખલીફે તેના સાથે સવાલ જવાબ કરીને તેની પરિક્ષા કરી અને દીની મસલાઓ અને ફિલસુફીની મુશ્કિલીઓની તિરમિઝી પાસે પુછપરછ કરી. તિરમિઝીના વર્ણનથી ખલીફને ખાત્રી થઇ ગઇ કે ખચીત તિરમિઝી ઝમાનાનો ઇમામ છે. એજ વખતે જલ્લાદને બોલાવી અને તેને કતલ કરાવી નાખ્યો. "મોસમે બહાર"ના કર્તા આ દ્રષ્ટાંત પૂર્ણ કરતાં જણાવે છે કે ખરેખર ઇમામનો ઇરાદો ખુદાતઆલાનો ઇરાદો છે અને ઇમામનો કૌલ હકક જલ્લેશાનહુનો કૌલ છે, ખુદાવંદેઆલમની કુવ્વત જેવી ઇમામની કુવ્વત છે(૧.)

૧. "મોસમે બહાર" પાનું ૩૦૬.

## હઝરત ઈમામ સલમીયામાં.

હઝરત ઈમામે તકી મુહમ્મદ અ. આ સમયે એક શાહ સોદાગર તરીકે જાણીતા થઇ ગયા હતા. ઇસમાઇલી અનુયાયીઓ "દિલ" થી ઇમામની પયરવી કરતા હતા. ઇમામ પણ ઇસ્માઇલી મઝહબના પ્રચાર અર્થે દાઇઓને ઘટતી આજ્ઞાઓ સાથે ચારે દિશામાં મોકલતા હતા અને તે પ્રમાણે દાઇઓ પોતાનું કાર્ય કરે જતા હતા. ઇસિમાઇલીઓ પણ વેપારી વેશે સલમીયા આવી ઇમામની મુલાકાત લઇ દીદારનો લાભ મેળવતા હતા. આ રીતે ઇમામની દરબારમાં હંમેશા ભીડ રહ્યા કરતી હતી. કેટલાક આમ લોકો તથા આજુબાજુનાં ગામના લોકો પણ ઇમામને એક આલા દરજ્જાના અમીર માની મુલાકાતે આવતા હતા.

## અબ્બાસી રાજ્યમાં અવ્યવસ્થા અને બળવાઓ.

અબ્બાસી સલતનત આ સમયે બહુ સંકડામણુમાંથી પસાર થઇ રહી હતી. એક પછી એક વિદ્રોહ તેની સામે થતા રહેતા હતા, જેને શમાવવા માટે અબ્બાસી ફોજ સતત રોકાયેલી રહેતી હતી. આ વાતાવરણ વચ્ચે હિજરી સન ૨૦૫ માં "તાહેરીયા" વંશના લોકોએ 'ખુરાસાન' તથા 'માવરા ઉન્નહર' ના પ્રગણાં જીતી લીધા. હિજરી સન ૨૦૬માં "ઝીયાદીયા" વંશે યમન જીતી લીધું. હિજરી સન ૨૧૦ માં 'ઝુલફીયા' વંશવાળાઓએ કુર્દિસ્તાન અને હમદાનમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. 'અલ-જઝીરા'માં નસર બિન સિબ્ત ઉકેલીએ સખ્ત બળવો ઝગાડયો અને પાંચ વર્ષ પર્યંત તેનું આક્રમણ ચાલુ રહ્યું. હઝરત જાફરે તૈયાર તથા કેટલાક અલ્વી વંશના પુત્રોએ આ સ્થિતિ અનુકુળ જાણી હથીયાર ઉપાડયાં. ઝૈદી પંથવાળા મુહમ્મદ બિન ઇબ્રાહિમ તબાતિબાઇએ કુફામાં બળવો કર્યો, અને સાથે સાથે તેણે "આલે-રસુલ"ના નામે લોકોને દઅવત પણ કરવા માંડી. બની શયબાનના એક મોટા સરદાર અબુ સરાયાસરી બિન મન્સુર શયબાનીએ તેમને સહાયતા આપી, જે અબ્બાસીઓના વડા વઝીર ફઝલના એક સરદાર અને સેનાપતિ હરસમાના લશ્કરી સરદારોમાંના એક હતા અને બન્નેએ એકત્ર બળ વડે કુફાના અબ્બાસી ગવર્નર હસન બિન સુહેલના સૈન્યને પરાજિત કરી આખા દક્ષિણ ઇરાક ઉપર કબજો મેળવ્યો. વિજયના બીજા દિને મુહમ્મદ બિન ઇબ્રાહિમ તબાતિબાઇ મરણ પામ્યો, જેથી અબુ સરાયે તેની જગ્યાએ મુહમ્મદ બિન ઝૈદને અમીર બનાવ્યો. અબ્બાસી સેનાપતિ હસન બિન સુહેલે અબુ સરાયા સામે બીજીવાર આક્રમણ કર્યું પરંતુ તેમાં તેણે ફરીથી હાર ખાધી. આ દરમ્યાન ઝૈદી અબુ સરાયાના પક્ષમાં અલ્વીઓ ભળ્યા અને તેઓ દરેક જગ્યાએ ફરી વળ્યા.

## અબ્બાસીઓની કતલ.

હવે અબુ સરાયાએ કુફામાં રહીને બસરા, વાસિત તથા મદયન ભણી ઝૈદી લશ્કર મોકલાવ્યું અને ઇરાકના ઘણા પ્રાંતો તથા શહેરો તેણે જીતી લીધાં. અલ્વીઓમાં તેથી ઉત્સાહ વધ્યો અને એકત્ર બળથી અબ્બાસીઓના ઘરોને તેઓએ આગ લગાડી દઇ તેમની કત્લે આમ ચલાવી. આ કાર્યમાં બસરા તથા અહેવાઝના ઝૈદીઓ તરફથી નિમાયેલા ગવર્નર ઝૈદ બિન મુસા કાઝિમે મોટો ભાગ ભજવેલો હોવાથી તે "ઝૈદુન્નાર=આતશી ઝૈદ" તરીકે ઓળખાવા લાગ્યો હતો. મક્કા મોઅઝ્ઝમાની યાત્રાની મોસમ આવતાં અબુ સરાયાએ હુસેન બિન હસન બિન ઇમામ ઝયનુલઆબેદીનને મક્કાના ગવર્નર નિમ્યા. ઇબ્રાહિમ બિન મુસા કાઝિમને યમનના સુબા તરીકે અને ફારસના ગવર્નર તરીકે ઇસિમાઇલ બિન મુસા કાઝિમને નિયુકત કર્યા. મદયન ભણી હઝરત હસન બિન અલીના વંશજ મુહમ્મદ બિન સુલેમાન બિન દાઉદ બિન હસન મુસન્નાને મોકલી બગદાદ ઉપર પુર્વ દિશાએથી ચડાઇ લઇ જવા જણાવ્યું. આ પ્રકારે અબુ સરાયાનો રાજ્ય વિસ્તાર વધતાં વધતાં વિશાળ બની ગયો.

## અશાંત વાતાવરણ.

અબ્બાસી ખલીફના વડા વઝીર ફઝલ બિન સુહેલે અબુ સરાયાને પરાજિત કરવા હરસમા નામના સેનાપતિને રવાના કર્યો. જગપ્રસિધ્ધ નહેરવાનનાં યુધ્ધસ્થળે બન્ને પક્ષો વચ્ચે ખુનખાર લડાઇ થઈ, જેમાં અબુ સરાયા માર્યો ગયો; અને મુહમ્મદ બિન ઝૈદ પકડાઈ જતાં, તેને ખલીફ મામુન પાસે લઇ જવામાં આવ્યો. અબુ સરાયાનો દૌર એવી રીતે દસ મહિના પર્યંત ચાલ્યો.

તે પછી હિજાઝની પ્રજાએ મુહમ્મદ બિન જાફર સાદિકને પોતાના અમીર બનાવ્યા. તેમના વિરૂધ્ધ યમનમાં ઇબ્રાહિમ બિન મુસા કાઝિમે માથું ઉંચક્યું; પરિણામે તેઓની વચ્ચે ઇરાનની સરહદથી લઇ યમનની સરહદ સુધી લડાઇ જાગી. એ દરમ્યાન વડા વઝીર ફઝલના હાથે અબ્બાસી સેનાપતિ હરસમા અંગત દુશ્મનીના સબબે માર્યો ગયો; તેના મરણ પછી તેને ચાહનાર લશ્કરે બગદાદમાં બળવો કર્યો.

આવી રાજખટપટો વચ્ચે ખલીફ મામુન અબ્બાસીનુ હિજરી સન ૨૧૮ માં મૃત્યુ થયું અને તેની ગાદીએ તેનો ભાઇ મોઅતસિમ અબ્બાસી આવ્યો. સિંહાસને બેસવાનો હક મામુનના પુત્ર અબ્બાસનો હતો, પરંતુ રાજકીય દ્રષ્ટિએ તેને રાજપદ સોંપવામાં આવ્યું નહિ. ખલીફ થયા પછી પોતાના ભાઇ મામુનનું અનુકરણ કરી મોઅતસિમ રાજકારોબાર ચલાવવા લાગ્યો. હકદાર અબ્બાસ પ્રત્યે રાજ્યનું અરબ લશ્કર સારી ચાહના ધરાવતું હતું. મોઅતસિમે એ ભય ટાળવા નવું તુર્ક સૈન્ય તૈયાર કર્યું, જેની સહાયતાથી પોતાના રાજઅમલમાં થયેલા કેટલાક વિગ્રહો તે જીતી શકયો હતો. તુર્ક લશ્કરને અરબ સૈન્યનું સ્થાન મળતાં અરબો ઉશ્કેરાયા. અબ્બાસે રાજ્ય સામે બળવો કર્યો, તેમાં તેઓએ તેનો સાથ આપ્યો, પરંતુ અબ્બાસ માર્યો ગયો અને તેના મરણની સાથે અરબ લશ્કરનું સ્થાન હંમેશ માટે તુર્ક સૈન્યે લીધું.

હઝરત મુહમ્મદ તકી બિન અલી રઝા બિન મુસા કાઝમ પોતાની પત્નિ સાથે ખલીફ મોઅતસિમની મુલાકાતે બગદાદ ગયા, જ્યાં તેમને મારી નાંખવામાં આવ્યા. ખલીફ મોઅતસિમ પણ એક પ્રાણઘાતક બિમારીનો ભોગ થઇ હિજરી સન ૨૨૭માં મરણ પામ્યો.

### વફાત.

હઝરત ઇમામ તકી મુહમ્મદ અ.ના સમયમાં રાજકીય જગતમાં આવી અવદશા પ્રવર્તી રહી હતી, છતાં તેઓશ્રી શામના હેમ્સ (ઇમીસા) નજદીકના સલમીયા ખાતે પોતાનાં દાદાનાં રહેઠાણમાં નિવાસ રાખીને, દુરદરાજના દેશોમાં મિશનરીઓ મોકલતા હતા, જેઓ ઇસ્માઇલી મઝહબના પ્રચાર કાર્ય માટે યમન, બેહરેન, યમામા, મિસર, સોમાલીલેન્ડ, વિગેરે સ્થળોમાં ફેલાઇ ગયા હતા. પંજાબ–હિન્દુસ્તાનમાં પણ ઇસમાઇલી મિશન આવી પહોંચ્યું હતું. ઇમામ જાતે પણ વ્યાપારી વેશે સલમીયા છોડી લાંબી મુસાફરીએ રવાના થયા હતા. સલમીયાથી કુફા, કુફાથી દયલમ, ત્યાંથી અસકર મુકર્રમ અને ત્યાંથી તેઓશ્રી પાછા સલમીયા આવી રહ્યા હતા, કારણ કે તે વખતે ઇમામનું મુખ્ય મથક "સલમીયામાં"માં હતું, અને હિજરી સન ૨૨૫માં તેઓશ્રીની વફાત થઇ અને તેઓશ્રીના શબનો ભુમિદાહ પણ અત્રે સલમીયામાં જ કરવામાં આવ્યો.

હઝરત ઇમામ તકી મુહમ્મદ અ.ના બે પુત્રો હતા. ઇબ્રાહિમ અને હુસેન. હઝરત ઇબ્રાહીમ તેઓશ્રીની હયાતીમાં જ પરલોકવાસ થયા હતા, જેથી પોતાના ફરઝંદ "હુસેન"ને 'વલીઅહદ' નિમ્યા. જેઓ પોતાના પિતાની વફાત પછી ઇમામતની મસનદ પર "રઝી અબ્દુલ્લાહ"નો લકબ ધારણ કરી બિરાજમાન થયા, તેઓશ્રીએ પોતાના કાકાની પુત્રી જોડે લગ્ન કર્યા હતા.

# HAZRAT MOWLANA IMAM RAZI ABDULAH.

**( A. H. 225–268 )**

(૧૦)

# હઝરત મૌલાના ઈમામ રઝી અબ્દુલ્લાહ અ૦

**(હિજરી સન ૨૨૫–૨૬૮)**

હઝરત ઈમામ રઝી અબ્દુલ્લાહ (અ.)નું મૂળનામ હુસેન બિન એહમદ બિન અબ્દુલ્લાહ હતું. 'રઝી અબ્દુલ્લાહ' તેઓશ્રીનો લકબ હતો. હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. નો સમકાલીન ખલીફ, મામુનનો ભાઇ ખલીફ મોઅતસિમ હતો. હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ ઇમામતની મસનદ પર બિરાજ્યા, તેના ત્રણ વર્ષ બાદ એટલે હિજરી સન ૨૨૭માં તે મરણ પામ્યો. હઝરત ઇમામની ઇમામતના ૪૨ વર્ષ દરમ્યાન બીજા પણ ૭ ખલીફાઓ થયા હતા. ખલીફ મોઅતસિમ પછી અલ–વાસિક, હિજરી સન ૨૨૭–૨૩૨, તેનો ભાઇ અલ–મુત્તવકિકલ ૨૩૨–૨૪૭, તેનો પુત્ર અબુ જાફર મુસ્તનસિર ૨૪૭–૨૪૮, મોઅતસિમનો પુત્ર મુસ્તઇન ૨૪૮–૨૫૨, મોઅતઝિર બિન મુત્તવકિકલ ૨૫૨–૨૫૫, અલ–વસિકનો પુત્ર મોહતદી ૨૫૫–૨૫૬. અબ્બાસી ખલીફ મોઅતમિદ બિન મુતવકિકલ ૨૫૬–૨૭૯, પણ ઇમામનો સમકાલીન હતો, જેના ખિલાફતપદે આવ્યા બાદ હઝરત ઈમામ રઝી અબ્દુલ્લાહ (અ.)ની ૧૨ વર્ષ પછી વફાત થઈ હતી.

હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.એ ઈમામતની મસનદ પર બિરાજ્યા પછી ઈસ્માઇલી ધર્મ પ્રચારનું કાર્ય વ્યવસ્થિત કર્યું અને દુરદરાજના મુલકોમાં મિશનરીઓ મારફતે બૃહદ ગ્રંથ 'અખવાનુસ્સફા' નો પણ પ્રચાર કરી સાબિતિઓ કાયમ કરી હતી

'ઝહરૂલ માઅની' માં જણાવ્યા પ્રમાણે હઝરત ઈમામ તકી મુહમ્મદ અ. રચિત "અખ્વાનુસ્સફા" નામના બૃહદ ગ્રંથમાંથી હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. એ એક બોધદાયક અને અત્યંત ઉપયોગી સંક્ષિપ્ત રીતે સારગ્રંથ રચીને તેનો પણ પ્રચાર કર્યો હતો. જેનું નામ તેઓશ્રીએ "જામીઅતુલ જામીઆ" રાખ્યું હતું, આ ઉપરાંત જેઓ સત્ય ધર્મની શોધમાં હતા તેઓને સત્ય ધર્મમાં દાખલ કરતા હતા. આ રીતે ઈસ્માઇલી ધર્મ પ્રચારનો ચોતરફ ફેલાવો થઇ રહ્યો હતો, તેથી અબ્બાસીઓ ભયની નજરે વધતી જતી સઘળી હિલચાલ તપાસી રહ્યા હતા. મિશનરીઓ નામ, ઠામ અને ઠેકાણું તદ્દન ગુપ્ત રાખતાં હતા. છતાં બહુજ વફાદાર અનુયાયીઓ પાસે ખાનગીમાં જાહેર કરતા હતા. હઝરત ઇમામની શોધ કરવામાં અબ્બાસીઓએ કાંઈપણ બાકી રાખ્યું નહિં, પરંતુ તેઓ ઈમામનો પત્તો લગાવી શકયા નહિં.

હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.એ ધર્મપ્રચારનું કાર્ય વ્યવસ્થિત કરી કુફા તરફ પ્રયાણ કર્યું. જ્યાં તેઓશ્રીની સાથે ઇબ્ને હવશબની મુલાકાત થઈ, જેઓ પાછળથી મહાન મિશનરી થવા પામ્યા હતા.

## વફાદાર મિશનરી ઇબ્ને હવશબ.

ઇબ્ને હવશબનું પરૂ નામ અબુલ કાસિમ અલ-હુસેન બિન અલ-ફરહ બિન હવશબ હતું. તેઓ કુફાના રહેવાસી હતા અને ઇસ્માઇલી ધર્મનો અંગીકાર કર્યો તે પહેલાં તેઓ ઇસ્નાઅશરી મઝહબના એક ઉલમા હતા અને ઇમામની ઝહુરાતની પ્રતિક્ષા કરતા હતા. એવામાં એક વખત અચાનક હઝરત ઇમામ સાથે તેમની મુલાકાત થઇ ગઇ. હઝરત ઇમામના સમાગમના ફળરૂપે તેમની ઇચ્છા ફળીભુત થઈ અને તેમણે ઇસ્માઇલી મઝહબનો અંગીકાર કર્યો. પાછળથી તેઓ ઇસ્માઇલી મઝહબના મિશનરી થયા હોવાથી, હઝરત ઇમામ તરફથી તેમને યમનની દઅવતનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

## યમનમાં ઇસિમાઇલી ધર્મનો પ્રચાર.

હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.ની આજ્ઞાનુસાર વફાદાર મિશનરી ઇબ્ને હવશબે, યમનના એક ઇસમાઇલી અલી બિન ફઝલ સાથે યમન તરફ પ્રયાણ કર્યું અને ત્યાં ઇશાઅત=ધર્મ પ્રચારનું એક મોટું મથક સ્થાપ્યું. તેમની ઇસ્માઇલી ધર્મના પ્રચારકાર્ય માટેની બુધ્ધીમતા, વિશાળ-જ્ઞાન અને સદ્‌ગુણનાં પ્રતાપે, હજારો લોકોના મન પર ઇસ્માઇલી ધર્મનાં આદર્શનીય રહસ્યોની એવી પવિત્ર અસર નાખી દીધી કે જેથી લોકોની મોટી સંખ્યાએ તેમની મારફતે હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. ની બયઅત કરી. યમનની દઅવતમાં યોગ્ય સફળતા મળ્યા પછી મિશનરી ઇબ્ને હવશબે આજુબાજુના ઇલાકાઓમાં પોતાના હાથ તળેના મિશનરીઓને રવાના કર્યા. જેથી ત્યાં પણ ઇસિમાઇલી ધર્મનો સારો પ્રચાર થવા પામ્યો. 'સન્આ'માં પણ ઇસિમાઇલી ધર્મનો ઝંડો ફરકાવવામાં આવ્યો. જેના પરિણામે મિશનરી ઇબ્ને હવશબને હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.એ "દાઇયુલ-કિબાર"=વડા મિશનરીનો દરજ્જો નવાજિશ ફરમાવી અને તેમના હાથ તળે મિશનરીઓની એક મોટી સંખ્યા સોંપવામાં આવી, જેઓ ઇસિમાઇલી ધર્મપ્રચારનું કાર્ય પુરજોશથી કરવા લાગ્યા. દાઇયુલ-કિબાર મિશનરી ઇબ્ને હવશબે દઅવતનું કાર્ય હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.ના સમયમાં જો કે ખાનગી રીતે ચાલુ રાખ્યું હતું, પરંતુ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના સમય-માં ઘણાજ પુરજોશમાં અને જાહેર રીતે કર્યું હતું.

યમન તરફનું ઇસિમાઇલી ધર્મ પ્રચારનું કાર્ય પુરજોશમાં આરંભી, હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. રયથી હમદાન અને હમદાનથી ઇરાનના આઝરબાઇજાન થઈ ઇસ્તમ્બુલમાં આવી વસવાટ કર્યો. અહિં પણ ઇમામે મઝહબના પ્રચારકાર્ય માટે આજુબાજુના ગામોમાં મિશનરીઓ રવાના કર્યા. ત્યારપછી તેઓ પુનઃ સલમીયા પધાર્યા હતા અને ત્યારપછી તેઓશ્રીએ અસ્કર મુકરમમાં વસવાટ કર્યો હતો. અહિં હઝરત મુહમ્મદ મહેદી અ.નો મુબારક જન્મ થયો.

## મહાન ભવિષ્યવાણી.

હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. એક સમયે બીમારીના બીછાના પર પડયા હતા, તે વખતે પોતાના ફરઝંદ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને પોતાના પાસે તેડાવીને ફરમાવ્યું: "મારા નૂર ચશ્મ ફરઝંદ, તમોને દુરદરાજ મુલકોમાં જવું પડશે અને આપણા નાના હઝરત નબી મુહમ્મદ સ.ની જે મહાન ભવિષ્યવાણી છે; તે તમારા દ્વારા પૂર્ણ થશે અને 'મહેદી' તરીકે તમો દુનિયામાં રોશન થશો"

"ઝહરૂલ મ્રાઅની"ના નિર્દેષ અનુસાર ઈમામના મિશનરીઓ હઝરત નબી મુહમ્મદ સ. ની મુબારક હદીસ: **"ફી રા'સે સલાસા મિયા તત્લઉશ શમ્સ મિન મગરિબ"** મારી બાદ ત્રણસો વર્ષે સુર્ય "મગરિબ તરફથી ઉગશે." એ ભવિષ્યવાણી ટાંકીને ખુશ વધાઈ આપી પોતાનું પ્રચાર કાર્ય પુરજોશમાં કરતા હતા અને આ ભવિષ્યવાણી અનુસાર "મહેદી"ના ઝહુરાતનો સમય ઘણોજ નજદીક આવી લાગ્યો હોવાનું જણાવી ઈમામના અનુયાયીઓને તૈયાર રહેવા માટે તેઓ સુચનાઓ આપતા હતા.

## વફાત.

'ઉયુનુલ અખબાર'ના જણાવ્યા પ્રમાણે હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ. પોતાના સલમીયાના વસવાટ દરમ્યાન "હાશમી" તરીકે જાણીતા થયા હતા, અને અન્ય હાશમીઓ પ્રત્યે ઘણોજ સારો સંબંધ રાખતા હતા. દરેક બાજુએથી મિશનરીઓ કાસિદો મારફતે કારસાઝીનો માલ હઝરત ઈમામની હુઝુરમાં પહોંચાડતા જે તેઓશ્રીના નિવાસસ્થાન પાસે ઝમીનની અંદરના એક ભોંયરામાં રાખવામાં આવતો હતો, આ ભોંયરાનું મુખ=પ્રવેશદ્વાર ગામથી બાર માઈલ દુર હતું. અહિ સલમીયામાં પણ અબ્બાસી જાસુસોની સતામણીથી તેઓશ્રીએ અસકર મુકર્રમ તરફ પ્રયાણ કર્યું અને ત્યાં હિજરી સન ૨૬૮માં તેઓશ્રીની વફાત થઈ. તેઓશ્રીની વફાત બાદ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ઇમામનની મસનદ પર બિરાજમાન થયા.

Mowlana Imam Muhammad Mahdi
" " Qa'im
" " Mansur

# PART III.

## N. W. AFRICA & IMAMAT

# ભાગ ૩ જો.

## મઘરિબ આફ્રિકા અને ઈમામત.

મોલાના ઇમામ મુહમ્મદ મહેદી અ.
" " કાયમ અ.
" " મનસુર અ.

# HAZRAT MOWLANA IMAM MUHAMMED MAHDI.

(A. H. 268—322)

—:o:—

(૧૧)

# હઝરત મૌલાના ઈમામ મુહમ્મદ મહેદી અ૦

(હિજરી સન ૨૬૮—૩૨૨)

હઝરત મૌલાના ઇમામ મુહમ્મદ મહેદી અ. નું પુરૂં નામ અબુલ કાસિમ મુહમ્મદ અબ્દુલ્લાહ બિન હુસૈન બિન અહમદ બિન અબ્દુલ્લાહ છે; અર્થાત એમની કુનિયત=નામસંજ્ઞા અબુલ કાસિમ, લકબ "મહેદી" અને નામ મુહમ્મદ છે. તેઓશ્રીનો જન્મ મુબારક હિજરી સન ૨૬૦ ના સવ્વાલ માસમાં, તા ૧૨ મી ને વાર સોમવારના થયો હતો. તેઓશ્રી પોતાના પિતા હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.ની વફાત પછી હિજરી સન ૨૬૮ માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

## ઈમામના કાકા સૈયદુલ ખયર.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના મુબારક લગ્ન તેઓશ્રીના કાકા હઝરત મુહમ્મદ બિન અહમદની પુત્રી નેક અખ્તર સાથે થયા હતા. તેઓશ્રીના કાકાનો લકબ અબુઅલી અલ-હકીમ તથા 'સયદુલ ખયર' હતું. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. બાળ વયમાં હતા તે વખતે તેઓશ્રીનું રક્ષણ અને પોષણ પણ એમને સુપરત કરવામાં આવ્યું હતું, પરંતુ હઝરત ઇમામ રઝી અબ્દુલ્લાહ અ.ની વફાત બાદ સૈયદુલ ખયરે પોતાના એક પુત્રને "ઇમામ" તરીકે જાહેર કરવાનો ઇરાદો કરતાં તે મરણ પામ્યો. બીજા પુત્ર માટે ઇરાદો કરતાં બીજો પણ મરણ પામ્યો. 'ઉયુનુલ અખબાર,' અને 'ઇસ્તિતારૂલ-ઇમામ' ના નિર્દેશ અનુસાર ઇમામ મહેદી અ.ના કાકા સૈયદુલ ખયરના આ પ્રમાણે એક પછી એક બધા પુત્રો(૧) ગુજરી ગયા ત્યારે તેમણે ખરા હકદાર ઇમામ મુહમ્મદ મહેદી અ.ને પ્રેમપુર્વક આલિંગન કરી, પોતાની ભુલ માટે પ્રાયશ્ચિત કર્યું અને હઝરત ઇમામ મહેદી અ. સાથે વડીલ તરીકેનો સંબંધ જાળવી રાખ્યો.

## સમકાલીન ખલીફાઓ.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ઇમામતની ગાદી પર બિરાજ્યા તે વખતે બગદાદમાં મોઅતમિદ બિન મુતવક્કિલ ખિલાફતપદે હતો. ઉપરાંત હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના સમકાલીન ખલીફાઓ મોઅતદિદ ૨૭૯-૨૮૯, મુકતફી ૨૮૯-૨૯૫, મુકતદિર ૨૯૫-૩૨૦ અને કાહિર ૩૨૦-૩૩૯

---

૧. "ઇસ્તિતારૂલ ઈમામ"નાં જણાવ્યા પ્રમાણે દશ પુત્રો અને "મોસમે બહાર"નાં જણાવ્યા પ્રમાણે આઠ પુત્રો ગુજરી ગયા.

હતા. આ અબ્બાસી ખલીફાઓની અને ખાસ કરીને મુકતદિર ખલીફની જોહાકીભરી વર્તણુંકથી સઘળી જનતા ત્રાસી ઉઠી હતી. પવિત્ર ઇમામની વિરૂધ્ધતા તો જાણે તેઓને વારસામાં મળેલી હોય તે અનુસાર તેઓનાં જાસુસો હઝરત ઇમામની હિલચાલની દરેક બાતમી મેળવવાની કોશિશ કરી રહ્યા હતા.

## કરમતી ફિરકો.

આ વખતે કરમતી નામના એક નવા ફિરકાના અનુયાયીઓએ પણ ભારે ત્રાસ વર્તાવ્યો હતો. કરમતી ફિરકો અર્ધ ધાર્મિક અને અર્ધ રાજકીય આશયવાળો એક પંથ હતો. જે હિજરી સનની ત્રીજી સદીની અધવચ્ચે હસ્તીમાં આવ્યો હતો અને ધીમે ધીમે તેની સત્તા એટલે સુધી વધી ગઇ હતી કે તેણે અબ્બાસી વંશના પાયા ખણી કહાડયા. આ પંથની ઉત્તપતિનો ઇતિહાસ જણાયો નથી. જો કે હઝરત અલીના અનુયાયીઓ તરીકે ફાતિમી નામે અને હઝરત મૌલાના ઇમામ જાફર સાદિક અ. ના પુત્ર હઝરત ઇમામ ઇસમાઇલ અ. ના અનુયાયીઓ તરીકે તેઓ પોતાને ઓળખાવતાં હતા, પરંતુ ખરી રીતે કહેતાં ઇસમાઇલીઓ સાથે કરમતીઓને કંઇ લાગતું વળગતું નથી. આ લોકોએ ઇસ્લામી અકાયદોમાં ભારે ફેરફારો કરી નાખ્યા હતા. ઉપર જણાવ્યા મુજબ હિજરી સન ર૭૮ માં કરમતીઓએ પ્રથમ બળવો જગાડયો હતો અને અબ્બાસી ખલીફ મોઅતમિદના અંતિમ શાસનકાળમાં તેઓએ ભારે તોફાન બરપા કર્યું હતું. સામાન્ય માન્યતા પ્રમાણે એ પંથનો પહેલો પ્રચારક ખુજિસ્તાનનો વતની હમદાન બિન અશઅસ અલ–કરમતી નામનો એક અજાણ્યો શખસ હતો. જે ઉપરથી તેના અનુયાયીઓ કરમતી તરીકે ઓળખાય છે. કુફા નજીકના એક ગામમાં તેણે પ્રથમ ખેડુતોમાં પ્રચાર કાર્યની શરૂઆત કરી અને પોતાના કાર્યમાં ફતેહમંદ થતાં તેણે પોતાના ૧ર નાયબો નિમ્યા હતા. પરહેઝગારીનો દંભ કરી દિવસમાં ૫૦ વખત નમાઝ પડવા માટે તેણે લોકોને સમજાવ્યા; (૧) પરિણામે ખેતીવાડીની હાલહવાલી થઈ ગઇ જેથી કુફાના ગવર્નર હમદાનને કેદખાનામાં પુરી બીજે દિને કતલ કરવાનો હુકમ કર્યો, પરંતુ ગવર્નરની એક દાસીએ લાગ જોઇ કેદખાનામાંથી તેને નસાડી મુકયો. આ બનાવને તેના અનુયાયીઓ એક મોઅજિઝા તરીકે વર્ણવા લાગ્યા. ત્યારપછી હમદાને બીજા ઇલાકામાં પ્રચાર કાર્ય શરૂ કર્યું. પરંતુ છેવટે હતાશ થઇને શામમાં જઇ તે નિવૃતિમાં રહેવા લાગ્યો. છતાં એ ફિરકો જારી રહ્યો અને તેની સંખ્યા વધતી રહી.

હિજરી સન ર૭૮ થી ઉપર જણાવ્યા મુજબ અલ–કરમતીએ જુદા જુદા સરદારો હેઠળ રાજસત્તા સામે માથું ઉંચકી દેશભરમાં કેટલાક વર્ષો પર્યંત અશાંતિ ફેલાવી દીધી. લુટફાટ, જુલ્મ અને ખુનરેજી તેનું રોજીંદુ કાર્ય થઇ પડયું. અરબસ્તાન, શામ અને મેસોપોટેમિયા પર્યંત તેનો ત્રાસ વર્તાઇ રહ્યો. તેણે એક નાનું સરખું રાજ્ય પણ સ્થાપ્યુ હતું, જે અબુ ઝાહેરના રાજઅમલમાં પોતાની પુર્ણ કળાએ પહોંચ્યું. મકકા મોઅઝમા ઉપર તેણે ચડાઇ કરી, લુટફાટ ચલાવી, કાબાના "હજરે અસવદ" ને તે પોતાની સાથે ઉંચકી લાવ્યો હતો,(ર) અને ભારે રકમનો દંડ લઇ તે પાછો આપ્યો હતો. બની ફાતિમીઓની ખિલાફતના આરંભ કાળમાં પણ આ બળવાખોરોનો ફિસાદ ચાલુ હતો.

## દીદાર માટે ઈમામની શોધમાં.

હઝરત ઇમામ ઇસમાઇલ અ. થી લઇને તેમના પછીના ઇમામો અબ્બાસી ખલીફાઓના અત્યાચારોને અંગે પોતાના નિવાસ ખાનગી રાખતા હોવાથી તેઓનાં નિવાસની કોઇને ભાગ્યેજ ખબર પડતી

૧. ર. જુઓ ઈ. જી. બ્રાઉન કૃત લિટરરી. હિસ્ટ્રી ઓફ પરશીયા ભાગ ૧લો પાનું ૪૦૩.

હતી. એટલુંજ નહિ પણ ઘણા અનુયાયીઓ ઇમામના જાહેરી દીદાર માટે તલસતા હતા અને તેના માટે ઇમામની શોધમાં નિકળતા હતા.

હઝરત ઇમામ વફી એહમદ અ. ના દીદાર માટે મિશનરી હુરમઝ તથા તેમના સાથીઓ કેવી રીતે ઇમામની શોધમાં નિકળ્યા હતા તેનું વર્ણન આગળ આવી ગયું છે. એજ પ્રમાણે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ની દસ્તબોશી અને દીદાર કરવા માટે અબુ ગફીર, અબુ સલમા, અબુલ હસન બિન અત-તિરમિઝી, જિયાદ બિન અલ-ખશાબી, અહમદ બિન અલ-મવસિલી અને અબુ મુહમ્મદ અલ-કુફી નામના ૭ મુખ્ય મિશનરીઓએ અસકર મુકર્રમ ખાતે એકઠા મળીને નક્કી કર્યું કે: "આપણે ઇમામનો જાહેરી સહવાસ ખોયો છે, ઇમામ વિના આપણી નમાઝો અને રોઝાઓનો કાંઇ અર્થ નથી. આપણે જાણતા નથી કે ઝકાત કોને પહોંચાડવી. માટે શોધમાં નીકળવું જોઇએ." આથી તેઓએ દિલસોઝી ધરાવનારા માણસોની એક સભા બોલાવી, ફાળો કરી, ઇમામની શોધમાં ફારસ, ઇરાક, હર્રાન અને યમન પ્રાંતનો પ્રવાસ કરવા ઠરાવ કરવામાં આવ્યો. આ ઉપરથી ૭ મિશનરીઓ હઝરત ઇમામનો હુલિયો (રૂપરંગ અને ગુણનું વર્ણન) પોતાના સાથે લઇને તથા જુદી જુદી જાતની સામગ્રી, મરીમરચાં, વનસ્પતિ, દેરાઓ, સ્ત્રીઓનાં બચ્ચનું કાપડ, પોશાકો, દર્પણો, અગરબતીઓ ઇત્યાદી ગધેડાઓ પર લાદી ફેરી કરનારાઓના વેશે મુસાફરી પર નીકળ્યા. નક્કી કર્યા પ્રમાણે દરેક પ્રાંત અને પ્રગણામાં તેઓ બધા અમુક સ્થળે ઠરાવેલ સમયે એકઠા થતા હતા. બચ્ચાંઓ અને સ્ત્રીઓ તેઓની આસપાસ વિંટળાઇ-ભેગા થઇ જતા ત્યારે તેઓ "આવા ચહેરાવાળી વ્યક્તિ અહિં છે" એમ કુનેહથી પુછી લઇ જે સમાચાર સાંપડતાં તે એક બીજાને સંભળાવી તેના પર વિચાર કરતા હતા. આમ કરતાં કરતાં તેઓ હલબ, મેસોપોટેમીઆ અને અન્ય સ્થળોએ એક વર્ષ પર્યંત જાનના જોખમે સતત મુસાફરીઓ કરી છતાં કયાંય પતો લાગ્યો નહિ. ત્યારપછી તેઓ હિમ્સ (ઇમીસી) પરગણામાં ગયા. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. પણ આ પરગણામાં "જબલુસ-સુમાક" નામની ટેકરીઓમાંના "ચકલીનું મઠ" એ નામના આશ્રમમાં વસવાટ કરી રહ્યા હતા. મિશનરી અબુગફીર અને જિયાદ અહિંથી પસાર થતાં, રાબેતા મુજબ બચ્ચાંઓ અને સ્ત્રીઓને એકઠા કરી, વસ્તુઓ વેંચી અને પુછપરછ કરી, જેથી હઝરત ઇમામના સમાચાર સાંપડ્યા કે તુરતજ બન્ને મિશનરીઓ તક સાધીને દોડી ગયા અને હર્ષના આંસુઓ વચ્ચે ઇમામના કદમોમાં પડી સઘળી હકીકત કહી સંભળાવી. ત્યારપછી ઇમામની આજ્ઞાનુસાર અન્ય મિશનરીઓને બોલાવવામાં આવતાં તેઓ સઘળાઓએ પણ અત્યંત હર્ષથી હઝરત ઇમામ મહેદી અ. ના દીદાર અને દસ્તબોશી કરી. ત્યારબાદ હઝરત ઇમામે તેઓને ફરમાનો ફરમાવી અન્ય સઘળા મિશનરીઓને તેમજ વફાદાર મુરીદોને મુલાકાતના સમાચારો અને મુબારક ફરમાનો પહોંચાડવા પોતપોતાના સ્થાને જવાનો હુકમ કર્યો તે મુજબ તેઓ રવાના થયા.(૧).

## ઇમામ મુહમ્મદ મહેદી અ૦ સલમીયામાં.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. આ પછી સલમીયામાં પોતાના દાદાશ્રી હઝરત ઇસમાઇલ અ. નાં નિવાસ ભુવનમાં વેપારી વેશે વસવાટ કરવા લાગ્યા. અહિં હઝરત ઇમામને જુદા જુદા સ્થળોએ પ્રચાર કરતા મિશનરીઓ તરફથી કાસિદો મારફતે મોમિનો તરફનો, ખુમ્સ, ઝકાત અને ભેટનો માલ અને પત્રવ્યવહાર નિયમીત રીતે આવ્યા કરતા હતા. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. આ સમયે પોતાને "હાશમી" તરીકે પણ ઓળખાવતા હતા. કેટલાક અબ્બાસીઓ પણ પોતાને "હાશમી" તરીકે ઓળખાવતા હતા. આ સઘળા "હાશમી"ઓ તરફ તેઓશ્રી ઘણોજ સારો સંબંધ ધરાવતા હતા એટલુંજ નહિ

૧ સૈયદના અહમદ બિન ઇબ્રાહીમ નયસાબુરી કૃત ઇસ્તિતારૂલ ઇમામ

પરંતુ સલમીયાના ગવર્નરો પ્રત્યે પણ સારો પ્રેમભાવ રાખી તેઓને અવારનવાર ભેટ સોગાદો મોકલતા હતા. પરંતુ જ્યારે અબ્બાસી ખલીફ તરફથી સલમીયાનાં ગવર્નર તરીકે એક તુરકી ગુલામની નિમણુંક થઇ ત્યારે તેણે હઝરત ઇમામની બાતમી મેળવી, બગદાદ જઇ અબ્બાસી ખલીફના કાન ભંભેરી, હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને ગિરફતાર કરવાનો ખલીફનો હુકમ લઇ લશ્કર સાથે સલમીયા તરફ કુચ કરવાની તૈયારી કરવા લાગ્યો.

## દાઇયુલ કિબાર અબુલ હુસેન.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ઇમામતની મસનદ પર બિરાજ્યા પછી તુરતજ તેઓશ્રીએ મિશનરી અબુલ હુસેન બિન અલ-અસવદની દાઇયુલ-કિબાર યાને સર્વ મિશનરીઓના વડા તરીકેની નિમણુંક કરી, દઅવત માટે મિસર મોકલ્યા હતા. આ પછી સઘળો પત્રવ્યવહાર અને ખુમ્સ-ઝકાતનો માલ તેમના ઉપર આવતો હતો અને તેઓ હઝરત ઇમામની હુઝુરમાં પહોંચાડતા હતા. પ્રથમ જે વ્યવસ્થા ચાલતી હતી તેમાં પણ તેઓએ ફેરફાર કરી નાખ્યો. એવામાં કુફાના એક મિશનરી અબુ મુહમ્મદની વફાત થતાં તેના ત્રણ પુત્રો: મુહમ્મદ, અબુલ કાસિમ અને અબુ મહઝુલે સંપ કરીને પોતાના બનેવી અબુલ અબ્બાસને ધર્મદ્રોહી માનીને તેનું ખુન કર્યું; આ સમાચાર મિશનરી અબુલ હુસેનને મિસરમાં મળતાં તેમણે અબુલ કાસિમને કુફાની દઅવતના ઓધ્ધા પરથી પદભ્રષ્ટ કર્યો, પરિણામે અબુલ કાસિમ અને તે બન્ને ભાઇઓ મુહમ્મદ અને અબુ મહઝુલના મનમાં દુશ્મનીનું બીજ રોપાયું; જેથી તેઓ દાઇયુલ-કિબાર અબુલ હુસેન તથા લાગ મળે તો હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને શહીદ કરવાની વેતરણ કરવા લાગ્યા. (૧)

## મહાન વિજેતા મિશનરી અબુ અબ્દુલ્લાહ.

આ દરમ્યાન બસરાના કોટવાલ અબુ અબ્દુલ્લાહે અને તેમના ભાઇ અબુલ અબ્બાસે, "બાબુલ-અબવાબ" મિશનરી ફિરોઝ મારફતે ઇસમાઇલી ધર્મ અંગીકાર કર્યો હતો. અબુ અબ્દુલ્લાહનું પુરૂ નામ અબુ અબ્દુલ્લાહ અલ-હુસેન બિન અહમદ બિન ઝકરિયા હતું. તેઓ યમન પ્રાંતના પાટનગર 'સન્આ'ના વતની હતા. એમને ઇતિહાસમાં "સુફી" અથવા "શીઇ" (૨) તરીકે ઓળખવામાં આવે છે. ઇસમાઇલી ધર્મ અખત્યાર કર્યા પછી તેમને એ લકબો મળ્યા હતા. તેઓ ઇસમાઇલી થયા પછી બસરાના કોટવાલનો ઓધ્ધો છોડીને ઇમામના ચરણોમાં પોતાની સેવા અર્પણ કરી મઝહબી કાર્યમાં મશગુલ થયા હતા. તેઓ ઘણા વિદ્વાન અને રાજકારોબારીની અતિ ઉંચ સમજશકિત ધરાવતા હતા. હઝરત ઇમામની આજ્ઞાનુસાર તેઓ ઇસમાઇલી ધર્મની ફિલસુફીનું જ્ઞાન સંપાદન કરવા મિસર ગયા હતા. ત્યારપછી તેઓને યમનમાં દાઇયુલ કિબાર,=વડા મિશનરી ઇબ્ને હવશબ હસ્તક રાખવામાં આવ્યા હતા.

## મઘરિબમાં ઇસમાઇલી ધર્મપ્રચાર.

અબુ અબ્દુલ્લાહ પુરેપુરા વાકિફ થયા પછી તેમને 'મઘરિબ' (આફ્રિકા) તરફ બરબરી અને બની કતામાના કબીલાના અરબોમાં મિશનરી તરીકે ઇસમાઇલી ધર્મ પ્રચારનું કાર્ય કરવા માટે

---

૧. "ઈસ્તિતરૂલ-ઈમામ"ના જણાવ્યા પ્રમાણે અબુ મહઝુલે પાછળથી અબુલ હુસનના ઘરબાર લુંટી તેને રિબાવી મારી નાખ્યો. જ્યારે અબુ મહઝુલે ઘણીજ લુંટફાટ કરી બળવો કર્યો હોવાથી અબ્બાસી ખલીફ મુઅતદિદે તેને બગદાદ પકડી મંગાવી અને ઘણીજ ખરાબ રીતે રિબાવીને મારી નાખ્યો.

૨ "સુફી" આત્મજ્ઞાનીને કહેવામાં આવે છે, જેને ઈલ્મે રૂહાનીનું જ્ઞાન હોય "શીઈ" એ શીઆ" શબ્દનું એક રૂપ છે.

રવાના કરવામાં આવ્યા. તેઓ કંઇપણ સાધન કે સંપતિ પોતાના સાથે લઇ ગયા નહોતા અને પોતે એકલાજ આફ્રિકા તરફ જઇને ઇમામની આજ્ઞાનુસાર દઅવતના કાર્યનો આરંભ કર્યો હતો. તેઓ ઘણાજ દૃઢ નિશ્ચયી, પ્રભાવશાળી અને ખંતીલા હોવાથી, સતત પ્રયાસો વડે અને મીઠીવાણી જેવા ઉત્તમ ગુણોના પ્રતાપે કતામા અને બરબરી કબીલાઓમાં ઘણાજ લોકપ્રિય થઇ પડયા હતા. પરિણામે મોટી સંખ્યાના બરબરી અને કતામાના અરબોએ ઇસ્માઇલી ધર્મનો અંગીકાર કર્યો હતો. આ બરબરી અને કતામાના લોકો જન્મથીજ લડવૈયા અને શુરવીર હતા.

## સલમીયાથી ઇમામ મહેદીની રવાનગી.

ઉપર જણાવ્યા પ્રમાણે એક બાજુથી તુરકી ગુલામ સૈન્ય લઇને સલમીયા તરફ આવી રહ્યો હતો; બીજી તરફથી કરમતીઓએ પણ બળવો કર્યો હોવાથી, તેઓનું સૈન્ય સલમીયા પર હુમ્લો કરવા આવી રહ્યું હતું. આથી અબ્બાસી ખલીફે, આ હુમલો હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ની સુચના અનુસાર થઈ રહ્યો હોવાનું માનીને, સલમીયા તરફ કુચ કરી રહેલા તુરકી ગુલામને, કરમતીઓને માર્ગમાંજ રોકી દઇને, તેઓથી પહેલાં સલમીયાનો કબજો લઇ લેવા માટે બગદાદથી હુકમ મોકલ્યો. બગદાદ ખાતેના હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના મિશનરીઓને જાણ થતાં તેઓએ આ ઉલ્કાપાતના સમાચાર, તુરકી ગુલામનું સૈન્ય સલમીયા પહોંચે તેના પહેલાં, હઝરત ઇમામને 'સંદેશવાહક-કબુતર' મારફતે પહોંચાડી દીધેલ હોવાથી, તેઓશ્રી હિજરી સન ૨૮૬ માં, સલમીયા છોડી દમિશ્ક તરફ રવાના થઇ ગયા. આ વખતે હઝરત ઇમામના શાહઝાદા હઝરત શાહ કાયમ, જેઓ બાળ વયમાં હતા, તેઓ તથા 'બાબુલ-અબવાબ' વડા મિશનરી ફિરોઝ, વફાદાર નોકર તૈયબ, કતામા ટેરીટરીના મિશનરી અબુ અબ્દુલ્લાહના ભાઈ અબુલ અબ્બાસ અને હજુરીઓ જાફર બિન અલી અલ-હાજિબ તેઓશ્રીના સાથે હતા. હઝરત ઇમામ દમિશ્ક પધાર્યા ત્યારે અબ્બાસી ખલીફ મોઅતદિદ તરફથી, કેદ કરવાનો હુકમ દમિશ્કના ગવરનરને મળી ગયેલો હોવાની તેઓશ્રીને જાણ થતાં, હઝરત ઇમામે ટાઇબિરીયા તરફ પ્રયાણ કર્યું. ટાઇબિરીયાના એક સ્થાનિક મિશનરી માર્ગમાં પવિત્ર ઇમામની રાહ જોતા ઉભા હતા; કારણ કે તેમને 'સંદેશવાહક-કબુતર' મારફતે સમાચાર મળી ગયા હતા કે પવિત્ર ઇમામે સલમીયા છોડયું તેજ દિવસે પાછળથી કરમતીઓએ સલમીયા પર હુમલો કર્યો છે અને ઉપરથી તુરકી ગુલામનું સૈન્ય આવતાં, ઘણીજ ખુવારી થવા પામી છે અને સલમીયાના ઘણા રહેવાસીઓની કતલ કરવામાં આવી છે અને જાસુસો પાછળ આવી રહ્યા છે, કેમકે અબુ મહઝુને મરતાં મરતાં પણ વેરભાવે ઇમામની બાતમી આપી દીધી હતી. આથી ઇમામે ટાઇબિરીયાથી રમલા તરફ પ્રયાણ કર્યું. આ ગામ પેલેસ્ટાઇનમાં આવેલું છે.

## 'રમલા'ના ઇસમાઇલી ગવર્નર.

'રમલા'ના ગવર્નર, હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના ચુસ્ત અનુયાયી હોવાથી તેમણે પવિત્ર ઇમામની ઘણીજ પ્રેમપૂર્વક આગતા સ્વાગતા કરી. અત્રે પણ તેઓશ્રીને કેદ કરવાનો અબ્બાસી ખલીફનો પરવાનો લઇને દમિશ્કથી એક કાસિદ ગવર્નર પાસે આવ્યો હતો, પરંતુ ગવર્નરે તેને ઉડતો જવાબ આપી રવાના કરી દીધો. અત્રે રમલામાં હઝરત ઇમામ ઘણો વખત રહ્યા હતા.

'સિરતે જાફર'ના કથન અનુસાર "રમલા" ખાતે હઝરત ઇમામના વસવાટ દરમ્યાન એક રાત્રે, કેટલાક ખરતા તારાઓને અંગે આકાશ રોશન થઇ જતાં, ગામના લોકો આ દ્રશ્ય જોવા એકઠા થયા. હઝરત ઇમામ પણ પોતાના શાહઝાદા અને ગવર્નર સાથે ઘરના મેડા પર ચઢી આ દ્રશ્ય જોવા લાગ્યા, આ વેળા ગવર્નરનો હાથ પકડી હઝરત ઇમામે ફરમાવ્યું: "જુઓ આ નિશાનીઓ અમારી ફતેહની સાબિતિઓ છે."

---

૧. જુઓ. શાઈઝ ઓફ ધી ફાતમાઇડ પાનું ૨૯૩

'રમલા'થી હઝરત ઈમામ મહેદી અ. મિસર પધાર્યા. અત્રે તેઓશ્રીના મિશનરી અબુ અલી જેઓ મિસરમાં દઅવતનું કાર્ય કરી રહ્યા હતા, તેમણે ઈમામની મુલાકાત લીધી. અત્રે પણ અબ્બાસી જાસુસો પહોંચી ગયા હતા, પરંતુ તેઓ ફાવી શક્યાં નહોતા. જો કે તેઓશ્રીના હજુરીયા જાફર બિન અલી અલ-હાજિબને ગવર્નરે શંકા ઉપરથી પકડી તેના પાસેથી બાતમી મેળવવા ખાતર તેને તકલીફ આપી હતી, પરંતુ તેમાં તે નિષ્ફળ જતાં તેને છોડી મુકવામાં આવ્યો હતો.

## યમનમાં ઈસ્માઈલીઓની ફતેહ.

આ દરમ્યાન વડા મિશનરી ઇબ્ને હવશબે યમનમાં મોટી ફતેહ મેળવી લીધી. તેમણે હઝરત ઈમામ રઝી અબ્દુલ્લાહ અ.ના સમયમાં યમન તરફ દઅવતનું કાર્ય આરંભ્યુ હતું જે આપણે ઉપર વાંચી ગયા છીએ. ઇબ્ને હવશબે ત્યારપછી સતત પ્રયાસો કરી સમગ્ર યમન દેશમાં ઈસ્માઈલી ધર્મ પ્રચારનો બહોળો ફેલાવો કરી યમનના પાટનગર 'સન્આ'માં પણ ઇસ્માઇલી ઝંડો ફરકાવ્યો, એટલું જ નહિ પણ મોટી મોટી સત્તાઓ પણ ઈસ્માઇલી ધર્મ અંગીકાર કરી શરણે આવી ગયેલ હોવાના પરિણામે હિજરી સન ૨૯૩ની આસપાસ આખા યમનનો કબજો લઇ, દાઇયુલ-કિબાર ઇબ્નો હવશબે મહાન ફતેહ મેળવી.

## મઘરિબના રાજ્વીનો પરાજય.

જ્યારે બીજી તરફ વડા મિશનરી અબુ અબ્દુલ્લાહ પણ મઘરિબ તરફ દઅવતનું કાર્ય પુર જોશમાં કરી રહ્યા હતા. એ વખતનો મઘરિબનો અધલબી વંશનો રાજકર્તા અબ્દુલ્લાહ બિન ઇબ્રાહીમ મોજશોખમાં ડુબેલો હોઇ, રાજ્યની અંદર અવ્યવસ્થા અને અંધેર ચાલી રહ્યું હતું અને તેથી પ્રજા પીડાતી હતી. કેટલાક ઉમરાવોને પણ તેણે કતલ કરાવી નાખ્યા હોવાથી પ્રજાનો એક સમુહ ક્રોધે ભરાયો હતો. આ દરમ્યાન મિશનરી અબુ અબ્દુલ્લાહની પ્રતિદિન થતી પ્રગતિ અને બની કતામા તથા બરબરી કોમનાં લોકોમાં તેમની વધતી જતી લોકપ્રિયતાની બાદશાહને જાણ થતાં તેણે ઈસ્માઈલી ધર્મ પ્રચારને અટકાવી અને પોતાના રાજ્યની હદમાંથી ઈસ્માઇલીઓની મારી હઠાવવાનો ઈરાદો કર્યો અને તેના માટે તેણે "ઇસ્માઇલીઓને કોઇપણ પ્રકારનો સહકાર ન આપવા અને જ્યાં પણ ઇસ્માઇલી મળે તેને કતલ કરી નાખવા" પ્રજા જોગો હુકમ બહાર પાડ્યો, જેથી કેટલાક અધલબી સૈનિકો તેનું પાલન કરવા લાગ્યા. ઉપરાંત તેણે અમીર ઇબ્રાહીમની સરદારી હેઠળ ૪૦,૦૦૦નું સૈન્ય તૈયાર કરી મલુશાહ નામના સ્થળે એકાએક હુમ્લો કર્યો. આ વેળા અબુ અબ્દુલ્લાહના સંજોગો નબળા હતા અને લશ્કરી તૈયારીઓ પુરેપુરી થઇ નહોતી, તેના કારણે પ્રથમ તો અબુ અબ્દુલ્લાહની હાર થઈ પરંતુ તેઓ જરાય હતાશ થયા વિના "મસીલાહ"ના રણક્ષેત્રમાં મોરચો માંડી ઝડપથી ફોજને વ્યવસ્થિત કરીને અધલબી સૈન્ય પર સામે હુમ્લો કર્યો. આ લડાઈ બે અસમાન પક્ષોની વચ્ચે હતી, કારણ કે એક તરફ અધલબી રાજ્યના ધોરણસરના તાલીમબધ્ધ લડવૈયા અને બીજી તરફ ધર્મ માટે પ્રાણ અર્પનારા વીર પ્રજાજનો હતા. છતાં મિશનરી અબુ અબ્દુલ્લાહના સૈનિકો ઘણીજ બહાદુરીથી લડ્યા અને છેવટે અધલબી સૈન્યની હાર થઈ, કારણ કે ઈસ્માઈલી યોધ્ધાઓનાં અંતરમાં મઝહબી ભાવના ઉછળતી હતી અને તેઓ પોતાના મઝહબના રક્ષણ માટે લડી રહ્યા હતા. આ યુધ્ધ ચાર મહિના પર્યંત લંબાયુ, એમાં ઘણા પ્રાણોની આહુતી અપાઈ. અધલબીઓની હારના પરિણામે અધલબી સેનાપતિ અમીર ઈબ્રાહીમ પોતાની રાજધાની ટયુનિસ ભણી નાઠો. અધલબી બાદશાહે પણ જોયું કે હવે કોઇપણ પ્રકારે અબુ અબ્દુલ્લાહનો સામનો કરી શકાય તેમ નથી, તેથી તે બૈતુલ મુકદ્દસ તરફ નાસી છુટયો અને માર્ગમાં બીમાર પડી જવાથી 'રમલા' મુકામે વફાત પામ્યો. આ નાસભાગના પરિણામે રાજ્યની ઘણી ખરાબ હાલત થઈ પડી.

અઘલબીઓ હાર્યા પછી મિશનરી અબુ અબ્દુલ્લાહ પોતાના વિજયી લશ્કર સાથે ટ્યુનીસ ની રાજધાનીમાં દાખલ થયા. શહેરમાં ચોતરફ લશ્કરી પહેરો ગોઠવી દીધા પછી તેઓએ જે ગામો જીત્યા હતા તેની વ્યવસ્થા કરવા લાગ્યા.

## કિંમતી પુસ્તકો લુંટાયા.

આ વખતે હઝરત ઈમામ મુહમ્મદ મહેદી અ. મિસરમાં વેપારી વેશે વસવાટ કરી રહ્યા હતા. તેઓશ્રીનો ઇરાદો અગેથી દાઇયુલ-કિબાર ઇબ્ને હવશબના આમંત્રણથી યમન તરફ જવાનો હતો, પરંતુ શત્રુઓની સતામણી ઘણી હોવાનાં કારણે તેઓશ્રીએ મઘરિબ (આફ્રિકા) તરફ જવાનો ઇરાદો કર્યો. હઝરત ઈમામે એકાએક આ રીતે પોતાનો ઇરાદો બદલ્યો હોવાની મિશનરી ફિરોઝને જાણ થતાં તેણે હઝરત ઇમામનો સાથ છોડી, બેવફા થઇ યમન તરફ નાસી જઇને વિરૂધ્ધતા કરવાની કોશિશ કરી હતી. જેના પરિણામે તે ઇસ્માઇલી સૈન્યના હાથે માર્યો ગયો.

હઝરત ઇમામે અત્રે મિસરથી વેપારીના એક કાફલા સાથે ત્રિપોલી તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં 'તાહુના' ગામ પાસે એક લુટારૂની ટોળીએ કાફલાને લુંટી લેતાં તેઓશ્રીના માલ અસબાબ સાથે કેટલાક કીંમતી પુસ્તકો પણ લુંટાઇ ગયા. આ પુસ્તકો પણ લુંટાઇ જવાથી તેઓશ્રીને અફસોસ લાગી આવ્યું. (૧.) આ ઝપાઝપીમાં મિશનરી અબુ અબ્દુલ્લાહના ભાઇ અબુલ અબ્બાસ જેઓ ઇમામની સાથે હતા, તેઓના મોઢા પર તલવારનો ઘા લાગવાથી તેઓ ઝખમી થયા હતા. કાફલો ત્રિપોલી પહોંચતાં તેને વિખેરી નાંખી, હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.એ ત્રિપોલીમાં મુકામ કર્યો અને વડા મિશનરી અબુ અબ્દુલ્લાહને ઇમામે પોતાની પધરામણીના સમાચાર આપવા તથા બધી વિગતોની તપાસ કરવા અબુલ અબ્બાસને કેટલાક કતામા તાયફાવાળાઓ સાથે કયરવાન રવાના કર્યા. આ કતામા તાયફાવાળાઓ, મિશનરી અબુ અબ્દુલ્લાહ તરફથી હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને 'મઘરિબ' તરફ પધારવાનું આમંત્રણ આપવા માટે આવ્યા હતા. અબુલ અબ્બાસ કયરવાન પહોંચ્યા ત્યારે અઘલબી બાદશાહ ઇબ્રાહીમનું મરણ થયેલું હોવાથી તેની ગાદીએ તેનો પુત્ર ઝિયાદતુલ્લાહ હતો. તેને અબ્બાસી ખલીફ તરફથી હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને કેદ કરવાની સુચના મળી ગયેલ હોવાથી તેના માણસો આવતા જતા મુસાફરોની બારીકીથી તપાસ કરતા હતા, તેમાં અબુલ અબ્બાસ માટે શંકા આવતાં તેમને કેદ કરી, બાતમી મેળવવા માટે તેમના પર જુલમ ગુજારવામાં આવ્યો, પરંતુ તેમાં તેઓ ફાવી ન શકવાથી તેમને છોડી મુકયા.

## સિજિલમાસામાં પધરામણી.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ત્રિપોલીથી કસ્તીલિય્યા અને તુઝર થઇને સિજિલમાસા પધાર્યા. અબુલ અબ્બાસના કયરવાનમાં કેદ થવાના સમાચાર હઝરત ઇમામને પહેલેજ મળી ગયા હોવાથી, તેઓશ્રીએ 'મઘરિબ' તરફ પરબારા જવાના બદલે અત્રે સિજિલમાસામાં મુકામ કર્યો. 'ઇફ્તિતાહુદ-દાવા'ના ઉલ્લેખ અનુસાર સિજિલમાસામાં હઝરત ઇમામ વેપારી વેશે વસવાટ કરી રહ્યા હતા, પરંતુ ત્યાંના રહેવાસીઓ તેઓશ્રીને જોઇને કહેતા હતા કે "વલ્લાહ, આ કોઇ વેપારી નહિ પણ 'સુલ્તાન' અથવા તો 'બાદશાહ' હોવા જોઇએ."

---

૧. ઇફ્તિતાહુદ દાવા અને સિરતે જાફરના જણાવ્યા પ્રમાણે આ અમુલ્ય ગ્રંથો હઝરત ઈમામ કાયમ અ.એ મિસરની મુસાફરીમાં લુટારાઓ પાસેથી પાછા હાથ કર્યા હતા

## બાગબાનનાં ખુશીના પુકારો.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ના નિવાસસ્થાનમાંના બગીચાનો માળી એક દિવસે એકાએક હર્ષમાં આવીને પુકારવા લાગ્યો "મહેદી પધાર્યા છે." આથી તેને હઝરત ઇમામની હજુરમાં લઇ આવતાં તેણે જણાવ્યું: "અમારા વૃધ્ધ વડવાઓ કહી ગયા છે કે હઝરત ઇમામ મહેદીની પધરામણીથી આ બગીચાના સુકાઈ ગયેલા પાણીનાં ઝરાઓ પુનઃ ખળખળ વહેતા થશે, આજે એ ઝરાઓ વહેતા થયા છે, ખચિત આપ "મહેદી" છો. હઝરત ઇમામે તેને શાંત રહેવા ફરમાવ્યું.

## કયરવાનમાં ઈસ્માઈલીઓની બોલબાલા.

આ દરમ્યાન વડા મિશનરી અબુ અબ્દુલ્લાહ, અઘલબી બાદશાહના પતન પછી ફતેહ પર ફતેહ પ્રાપ્ત કરીને વિજયનો વાવટો ફરકાવતા પાટનગર "કયરવાન" માં પણ દાખલ થયા. કયરવાનથી ત્રણ માઇલના અંતરે "રકાદા" નામનું સુંદર શહેર આવેલું હતું તેમાં મોટી મોટી ઇમારતો, જાહેર બગીચાઓ અને હમામો હતા તેનો પણ અબુ અબદુલ્લાહે કબજો લઇ તેમાં સુધારા વધારા કર્યા.

## મહેદીની ઝહુરાતનો સંદેશો.

જીતેલા દેશની વ્યવસ્થા કરી, પશ્ચિમ આફ્રિકાની આમ પ્રજાને સંદેશો પાઠવતાં, વડા મિશનરી અબુ અબદુલ્લાહે જણાવ્યું: "જે 'મહેદી'ની તમો ઇન્તેઝારી કરો છો તે "મહેદી"ની ઝહુરાતનો સમય ઘણોજ નઝદીક છે. **મારી બાદ ત્રણસો વર્ષે સુર્ય 'મગરિબ' તરફથી ઉગશે.** હઝરત નબી સાહેબની આ મુબારક હદીસ ટાંકીને વધુમાં તેમણે કહ્યું કે, મઘરિબ (આફ્રિકા) આપણે જીત્યું છે. 'મહેદી' અ. તેના માલિક છે, એ 'મહેદી' કોણ છે? હઝરત રસુલે કરીમ સ. ફરમાવ્યું છે કે એ 'મહેદી'નું નામ મારા નામ જેવું હશે અને મારા પિતાશ્રીનાં નામ જેવું 'મહેદી'ના પિતાશ્રીનું નામ હશે. આ હદીસ પ્રમાણે 'મહેદી' તરીકે બિરાજતા આપણા ઇસ્માઇલીઓના પવિત્ર ઇમામનું નામ "મુહમ્મદ" છે અને તેમનાં પિતાશ્રીનું નામ "અબ્દુલ્લાહ" છે, જેની બૈયત કરવા માટે સમસ્ત પ્રજાને હું દઅવત દઈ ઇમામ મુહમ્મદ મહેદી અ. ની દામન પકડવાની ખબર આ સંદેશા દ્વારાં આપું છું. આ સાંપડેલી તકથી જે ગાફિલ રહેશે તે ઝમાનાના ઇમામના સાયાની છત્ર છાંયાથી વિમુખ થશે."

હિજરી સન ૨૯૬ માં સમગ્ર મગરિબ (આફ્રિકા)ની જીત પછી આ સંદેશાથી કયરવાનમાં ઇસમાઇલીઓની બોલબાલા થઇ. લોકોના જુથના જુથ ઇસમાઇલી મઝહબમાં દાખલ થવા લાગ્યા. બની કતામાના એક વડા સરદાર હસન બિન હારૂને આ પ્રચાર કાર્યમાં ભારે સહાયતા કરી અને બરબરીઓના કેટલાક કબીલાઓએ પ્રથમ વિરોધ કર્યો, પરંતુ સત્ય સમજી તેઓ પણ ટોળેટોળા મળી ઇસિમાઇલી મઝહબ અંગીકાર કરવા લાગ્યા. મોટી ધામધુમ અને સંપુર્ણ ફતેહમંદી સાથે વડા મિશનરી અબુ અબ્દુલ્લાહે કયરવાનના શાહી મહેલ ઉપર "મહેદી"નો વાવટો ઉડતો કર્યો, અને તાબાના સઘળા શહેરો અને કસબાઓમાં ઇસમાઇલીઓને ગવર્નર તરીકે મુકરર કર્યા. સઘળે સુલેહશાંતિ પથરાઇ રહી અને ત્રણ માસ પર્યંત રાજ્યની સારામાં સારી વ્યવસ્થા કરવાથી પ્રજાની સ્થિતિ પણ દિવસે દિવસે સુધારા પર આવી.

સિજિલમાસાંમાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને આ ફતેહના ખુશ સમાચાર મળતાં તેઓશ્રીએ કયરવાન તરફ જતા અબુલ કાસિમ ઇબ્ને હસન મુત્તલીબી નામનાં એક મુસાફર સાથે વડા મિશનરી અબુ અબ્દુલ્લાહને અભિનંદન આપતો એક મુબારક સંદેશો મોકલાવ્યો હતો.

સિજિલમાસામાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. વસવાટ કરી રહ્યા હતા તે વખતે ત્યાંનો ગવર્નર અલીસા બિન મિદરાર હતો. તેણે પ્રથમ હઝરત ઇમામની ઘણી ખાતરબરદાસ્ત કરી ઘણુંજ માન આપ્યું, પરંતુ આ સમાચાર બગદાદના ખલીફ મુકતદિરને મળતાં, તેણે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. તથા તેઓશ્રીના સાથીદારોને તુરતજ ગિરફતાર કરવાનું તેના પર ફરમાન કર્યું. આથી ગવર્નર અલીસા બિન મિદરારને ભય લાગતાં તેણે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. અને તેઓશ્રીના શાહઝાદા શાહ કાયમ તથા જાફર અલ-હાજિબ, વફાદાર તૈયબ ઇત્યાદી સાથીદારોને જુદા જુદા સ્થળોએ નજર કેદી તરીકે રાખ્યા, એટલુંજ નહિ પણ ઇમામના સાથીદારો ઉપર જુલ્મ ગુજારવા લાગ્યો.

## સિજિલમાસા ઇસ્માઇલીઓનાં કબજામાં.

જો કે વડા મિશનરી અબુ અબ્દુલ્લાહે સઘળી તૈયારીઓ કરી રાખી હતી, પરંતુ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ને રાજસિંહાસન ઉપર બેસાડવાની ક્રિયા કરવાનું બાકી રહ્યું હોવાથી, હઝરત ઇમામને "આપ નામદાર જલ્દી પધારો લશ્કર તૈયાર છે." લખીને વારંવાર આમંત્રણો મોકલાવ્યા હતા, છતાં વિલંબ થવાથી અબુ અબ્દુલ્લાહે તપાસ કરતાં તેમને હઝરત ઇમામની ગિરફતારીના સમાચાર મળતાં તેઓ ઘણાજ ચિંતાતુર બન્યા અને અન્ય રાજકર્મચારીઓને કારોબાર સોંપી, ઇસ્માઇલીઓનું એક જંગી લશ્કર તૈયાર કરી, પવિત્ર ઇમામ અને તેઓશ્રીના શાહઝાદાને છોડાવવા સિજિલમાસા તરફ કુચ કરી. ગવર્નર ઇબ્ને મિદરાર સાવચેત હતો, તેણે પણ લશ્કરી તૈયારી કરી રાખી હતી, બન્ને લશ્કરો વચ્ચે સિજિલમાસાના મેદાનમાં મુકાબલો થયો, જેમાં ઘણા પ્રાણોની આહુતિ અપાઈ. ઇબ્ને મિદરાર હારની અણી ઉપર હતો, એવામાં સાંજ પડી અને અંધકારનો લાભ લઈ તે નાસી છુટયો. વિશ્રાંતિ ન લેતાં સવારે યુધ્ધ કરવાના આશયથી મિશનરી અબુ અબ્દુલ્લાહ લશ્કરી યોજના કરવામાંજ મશ્ગુલ રહ્યા, પરંતુ પોહ ફાટતાં ઇબ્ને મિદરારના પક્ષકારોના શબો સિવાય કાંઇ નજરે પડયું નહિ. ગવર્નરના નાસી જવાથી તેના સૈનિકો પણ પલાયન કરી ગયા અને ઇસ્માઇલી ફોજ પોતાના સરદાર મિશનરી અબુ અબ્દુલ્લાહની સરદારી તળે વિજય વાવટો ફરકાવતાં શહેરમાં દાખલ થયા.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. અને તેઓશ્રીના શાહઝાદા શાહ કાયમ અ.ને કેદ કરવામાં આવ્યા હતા, ત્યાં અબુ અબ્દુલ્લાહ ખુલ્લે પગે ચાલીને ગયા. ચોકીઆતોને દૂર કરી, ઇમામ અને શાહઝાદા કાયમને સાથે લાવેલા પાણીદાર અશ્વો પર સવાર કરી તેની લગામ પકડી, "મહેદી"ના આગમનની વધાઈ દેતા, ભર બજારમાં પગપાળા માનવમેદની વચ્ચે ફર્યા. એ સમયે અબુ અબ્દુલ્લાહની આંખોમાંથી હર્ષના અશ્રુઓની હારમાળા બંધાઈ રહી હતી. આ નૂરાની દ્રશ્યથી લોકોનું ઇમામ પ્રત્યે અનહદ આકર્ષણ થયું અને લોકોનાં ટોળેટોળાં ઇમામને ચર્ણે રજુ થઈ, ઇસ્માઇલી મઝહબથી મુશર્રફ થવા લાગ્યા. છેવટે ખુશાલીની લાગણી સહિત ઇમામ તથા તેઓશ્રીના શાહઝાદા અને વડા મિશનરી અબુ અબ્દુલ્લાહ, શહેર બહાર ઉભા કરવામાં આવેલ તંબુમાં આવી પહોંચ્યા. હઝરત ઇમામ એક ઉંચા આસન પર બિરાજમાન થઇ, પોતાના ખભા પર સુંદર જબ્બો (ખિલઅત) પહેર્યો અને એજ પ્રમાણે શાહઝાદા કાયમે પણ કર્યું. ઇસ્માઇલીઓએ આ વેળા ગગનભેદી અવાજોથી તેઓશ્રીને વધાવી લીધા. ત્યારપછી સઘળાઓએ હઝરત ઇમામની દસ્તબોશી કરી. હઝરત ઇમામે આ ખુશીના પ્રસંગે વડા મિશનરીને ઘણીજ દુઆઆશીશો ફરમાવી તેમને પોતાના મુબારક હાથે "ખિલઅત" પહેરાવી અને એક પાઘડીની શાલ અને "તલવાર" ભેટ આપી અને એજ પ્રમાણે જાફર અલ-હાજિબ તથા વફાદાર તૈયબ તથા અન્ય સેવાધારીઓને હઝરત ઇમામે બક્ષિશો આપી.

બહાદુર ઇસ્માઇલી સૈનિકોએ અલીસા બિન મિદરારને કેદ પકડી હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ની હુઝુરમાં હાજર કર્યો. તેને કતલ કરવાનો હુકમ થયો હતો, પરંતુ હઝરત ઇમામ શાહ કાયમ અ.ની

ભલામણથી તેને છોડી મુકવામાં આવ્યો. તેણે એ પછી સિજિલમાસામાં પોતાનું બાકીનું જીવન ગાળ્યું, પરંતુ પ્રજાની કડવી દ્રષ્ટિના કારણે અતિ દુઃખી થઇ મરણ પામ્યો.

ત્યારબાદ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ., દાઇ અબુ અબ્દુલ્લાહ, પોતાના સાથીદારો, વફાદાર ઇસમાઇલીઓ અને લશ્કર સાથે ફતેહમંદીથી દબદબા સહિત એક પછી એક મંજલ પસાર કરતાં, 'રકાદા' થઇને કયરવાન નઝદીક આવી પહોંચ્યા. કયરવાનની પ્રજાને ઇમામની મુબારક પધરામણીનાં ખુશ સમાચાર મળતાં, આખું શહેર શણગારીને શોભાયમાન બનાવ્યું, અને શહેરના સઘળા લોકો શહેર બહાર આવી ઇમામનો પ્રેમપૂર્વક ભારે સત્કાર કર્યો. આ વેળા પ્રજાના બાદશાહ અને મોમિનોનાં મહેદી ઘણાં વ્હાલથી સર્વેનો સત્કાર ઝીલતા ચોમેર દ્રષ્ટિ ફેરવતા હતા. આ અનેરા અવસરનાં આનંદથી લોકોના હૃદય છલકાઇ રહ્યા હતાં. હિજરી સન ૨૯૭ નાં રબીઉલ આખિર મહિનામાં કયરવાનમાં ઇમામની પધરામણી થઇ.

## ઇમામ મુહમ્મદ મહેદી અ. ખિલાફતના તખ્ત પર.

બીજે દિવસે કયરવાનના એક આલીશાન મેદાનમાં એક મોટો શામીયાનો ઉભો કરવામાં આવ્યો. તેની મધ્યમાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. માટે એક રત્નજડિત સિંહાસન ગોઠવવામાં આવ્યું. તેની આજુબાજુ સોનેરી રૂપેરી ખુરશીઓની હાર ગોઠવવામાં આવી. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. પધારી સિંહાસન પર બિરાજમાન થયા. તેઓશ્રીના યુવાન શાહજાદા હઝરત ઇમામ શાહ કાયમ અ. જમણી તરફ એક કિંમતી તલવારથી સજ્જ થઇ સિંહાસન પાસે ઉભા હતા. વફાદાર તૈયબ તેમનાથી બે ડગલા દુર ઉભો હતો. ગુલામ મુસ્લિમ ડાબી બાજુ બે કદમ આગળ હતો. પાછળના ભાગમાં બીજા ગુલામો સફ સમારી અદબથી ઉભા હતા. વફાદાર જાફર અલ–હાજિબ શામીયાનાના દ્વારે ખુલ્લી તલવારે પ્હેરો ભરી રહ્યો હતો. દાઇ અબુ અબ્દુલ્લાહ દ્વાર પાસે થોડે દુર ઉભા હતા. તેમની સરદારી હેઠળ ૧૦૦૦ અંગ રક્ષકો–બોડીગાર્ડ બે સફમાં ગોઠવાઇ ગયા હતા. દરબારનો સમારંભ શરૂ થતાં પહેલાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ખલીફ તરીકે જાહેર થયા અને બની ફાતિમી સલ્તનતનો પાયો નાંખ્યો. ત્યારપછી દાઇ અબુ અબ્દુલ્લાહની દેખરેખ હેઠળ દાઇઓ અને સરદારો દસ દસની સંખ્યામાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ની હુઝુર પુરનુરમાં પેશ થઇ, દસ્તબોશી કરી પાછલે પગે પાછા ફરતા હતા. એવી રીતે લાગલગાટ ત્રણ દિવસવેર "દસ્તબોશી" ની ક્રિયા ચાલુ રહી. પ્રજાના સઘળા વર્ગ રાય રંકને ઇમામની મુલાકાતનો એક સરખો લાભ મળતો રહ્યો. દસ્તબોશીનું કાર્ય પુર્ણ થયા બાદ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. શહેરની વ્યવસ્થા કરવામાં અને રાજકારણમાં મશ્ગુલ થયા.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. રાજ્યના સિંહાસને આવતાં પ્રથમ બની કુત્તામા તથા બરબરી કબીલાના ઇસમાઇલીઓને મોટા મોટા હોદ્દાઓ અને જાગીરોની બક્ષિશો આપી, અને ટ્રાબ્લીસ અને સકલીયા=સીસીલી પર ઇસમાઇલી ગવર્નરો મુકરર કર્યા. આ સમય દરમ્યાન સકલીયાનાં સૈન્યે હિજરી સન ૩૧૩ સુધી લડીને કલુરીયા=કેલેબ્રીયાના કેટલાક શહેરો ટોરેન્ટો અને ઓટ્રેન્ટો વિગેરે ફતેહ કરી લીધા અને લોમ્બાર્ડી ઉપર હુમલો કરીને ધયરાન તથા એબ્રોઝા ફાતિમી સત્તા તળે આણ્યા હતા, આવી રીતે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ના સુંદર રાજતંત્રથી રાજ્યની હદ પ્રતિદિન વધતી ગઇ અને ઇસમાઇલીઓની ખ્યાતિ દરેક સ્થળે ફેલાવા લાગી.

## દાઈ અબુ અબ્દુલ્લાનું કાવતરૂં.

મિશનરી અબુ અબ્દુલ્લાહના ભાઇ અબુલ અબ્બાસથી આ જાહોજલાલી જોઇ શકાઇ નહિં અને રાજ્ય ભોગવવાની લાલસા તેના મનમાં જન્મી, જેથી બની કુત્તામાના કેટલાક સરદારોને ભોળવી

તેણે એક કાવતરૂં રચ્યું અને મિશનરી અબુ અબ્દુલ્લાહને આડું અવળું સમજાવી ભારે મહેનતથી તેમને પણ રાજની લાલસા આપી પોતાના પક્ષમાં લીધા અને ઇમામને સિંહાસનેથી ઉઠાડી, તેમને શહીદ કરી, તેમની જગ્યાએ અબુ અબ્દુલ્લાને રાજ્યાસને બેસાડવાની બાજી રચી. આ કાવતરાંની જાણ થતાં, હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ઘણા દિલગીર થયા અને કોઇપણ ભોગે બન્ને ભાઇઓને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એ શુભ હેતુમાં કેટલાક ઇસ્માઇલી સરદારોને પણ સાથે લીધા પરંતુ સમજાવટ અર્થેની ઇમામની નરમ વલણ જોઇ અબુ અબ્દુલ્લાહને ગર્વ ઉત્પન્ન થયો અને 'ઇમામ અમારાથી ડરે છે' એમ પોતાના મનમાં ધારી લીધું. પોતાના કાવાદાવાની પુર્ણાહુતિ માટે કેટલાક બેવફા ગાલત્યુ ગુલામોને અબુલ અબ્બાસે ઇમામને શહીદ કરવા માટે રોકયા. આ હિલચાલનો સણસારો ઇસ્માઇલીઓને કાને જતાં એક હથીયારબંધ ટોળું અબુ અબ્દુલ્લાહના મહેલે ધસી ગયું. બન્ને પક્ષો વચ્ચે ઝપાઝપી થઇ. ઝુબેર બિન તમારુપના ભાલાથી અબુ અબ્દુલ્લાહ અને ગઝરવીયાના હાથે અબુલ અબ્બાસ માર્યા ગયા. આ બનાવ હિજરી સન ૩૦૮ માં બન્યો. એ પછી રાજ્યમાં શાંતિ છવાઇ ગઇ અને નવા ધોરણે વ્યવસ્થિત રીતે રાજ્યનો પ્રબંધ કરવામાં આવ્યો.

## "મહેદીયા" નો પાયો નંખાયો.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. ના અમલ દરમ્યાન રાજ્યની સીમા દિવસે દિવસે હવે વધતી જતી હતી. પૂર્વમાં બરકા અને પશ્ચિમમાંના તાહિરત પણ હઝરત ઇમામ મુહમ્મદ મહેદીની સલતનતમાં આવ્યા હતા. હિજરી સન ૩૦૧ અને ૩૦૭ માં શાહઝાદા શાહ કાયમે મિસર ઉપર હુમલો કરી સિકંદ્રીયા (=એલેકઝાંડ્રિયા) અને મિસરના કેટલાક બીજા ઇલાકાઓ પણ જીતી લીધા; પરંતુ મુકતદીર અબ્બાસીએ ગુલામ મુનિસ સાથે લશ્કર મોકલતાં બન્ને પક્ષો વચ્ચે સખ્ત યુધ્ધ થયું અને ફાતિમી લશ્કરને સમય જોઇ પાછું ફરવું પડ્યું.

હિજરી સન ૩૦૩ થી ૩૦૬ સુધીમાં હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. એ બહારના હુમલાઓમાંથી પ્રજાને સુરક્ષિત રાખવા કયરવાન પાસે એક મજબુત ગઢ બંધાવી તેનું નામ પોતાના નામ પરથી "મહેદીયા" રાખી પોતાનું પાટનગર બનાવ્યું. હિજરી સન ૩૦૫ માં ફાસ=ફેઝનાં ઇદ્રીસી બાદશાહને તાબે કર્યો. કયરવાનના બની ફાતિમી રાજ્ય સાથે હિજરી સન ૩૦૯ માં તેનો મુલક જોડી દેવામાં આવ્યો. સિજિલમાસાનો વિદ્રોહ પણ આ દરમ્યાન શમાવવામાં આવ્યો હતો.

## ઇમામના નામનો ખુત્બો.

મગરિબ આફ્રિકાના મુલ્કોમાં હવે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. નું નામ ખુત્બામાં ભણાવા લાગ્યું અને પ્રજા તેઓશ્રીને બની ફાતિમી ખલીફ તરીકે માનવા લાગી. સ્પેનના બની ઉમૈયા અને બગદાદના અબ્બાસીઓ પણ તેઓશ્રીને ફાતિમી તથા અલ્વીઓ તરીકે પિછાણવા લાગ્યા.

હિજરી સન ૩૧૫ માં મગરિબ ભણીના ઇલાકાઓમાં બની ફાતિમીઓનો અમલ ઢીલો પડતાં અબુલ કાસિમ મહમ્મદે ચઢાઇ કરી બળવાખોર કબીલાઓને જીતી લીધા. "રીફ" ઉપર હુમલો કરીને 'લિકોર' જીત્યું અને "જરાદહ" ના હાકમ હસન બિન અબીલ અયશ ઇદ્રીશીને તાબે કર્યો.

## શેખ વજાહદ્દીન મગરિબીને બશારત.

વજાહદ્દીન મગરિબી નામના ઘણીજ ખ્યાતિ પામેલા એક શેખ દસ વર્ષની ઉમરના હતા ત્યારથી તેમને ઇબાદતનો શોખ ઉત્પન્ન થયો હતો. ત્રીસ વર્ષની ઉમરે શેખે એકાંત સ્થળ ત્યજી આગળ વધવાનો ઇરાદો

કરતાં એક રાત્રે તેમને સ્વપ્નામાં "બશારત" થઈ: "હે શેખ! આ સ્થાન તજીને આગળ જતો નહિ, આજથી એકસો વર્ષ બાદ એક દૈવી પુરૂષ આલે નબી, ઔલાદે અલી અલ હુસેની તારા સ્થળે પધરામણી કરશે. એ જગતના ઇમામ હશે અને સમગ્ર "મઘરીબ" (આફ્રિકા)ના બાદશાહ હશે. એ મહાન પુરૂષનું નામ "મુહમ્મદ" લકબ "મહેદી" અને કુનીયત "અબુલ કાસિમ" હશે. તેઓશ્રીની બયઅત તારા નસીબમાં લખેલી છે."

"બશારત"ને બરાબર એકસો વર્ષે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. શિકાર પર જતાં, તેઓશ્રીને એક વૃક્ષ હેઠળ એક વૃધ્ધ ઇબાદતમાં મશ્ગુલ થયેલો જોવામાં આવ્યો. હઝરત ઇમામ ઘોડા પરથી ઉતરી શેખ મઘરિબી તરફ જતા હતા તેવામાં શેખે આંખ ઉઘાડી ઇમામના દીદાર કર્યા, કદમબોશી કરી અત્યંત પ્રેમ અને તાઝીમ સાથે આસન પર બેઠક આપી.

આ દરમ્યાન જાબીલશાહ નામના એક બુતપરસ્ત બાદશાહને ત્રણ રાત્રીથી લાગલગાટ એકજ પ્રકારનું સ્વપ્નું આવ્યા કરતું હોવાથી તે ગભરાટથી પીરમર્દ શેખ વજહદીન પાસે પોતાના સ્વપ્નાની તાબીર પુછવા માટે આવી ચઢયો. "શહેરના એક મોટા દરવાજામાંથી ત્રણસો ઊંટોની કતાર પસાર થઈ રહી હતી અને ચોમેર અંધારૂ ફેલાઇ ગયું હતું. પરંતુ તેવામાં 'મઘરિબ'માંથી એકાએક સુર્ય ઉગતો દેખાયો." શેખે આ સ્વપ્નાની તાબીર જણાવી કે "હઝરત મુહમ્મદ સ. પછી ચોમેર અજ્ઞાનતા રૂપી અંધારૂ ફેલાઈ રહ્યું છે. જ્યારે હઝરત નબી મુહમ્મદ સ. પછી ત્રણસો વર્ષે હઝરત ઇમામ શાહ ઇસમાઇલની સીધી નસ્લે ઉતરી આવેલા આલે નબી, ઔલાદે અલી "મહેદી" તરીકે મઘરિબના દેશોમાં સુર્યની જેમ રોશન થયા છે, અને તેઓ અહિં પધારેલા છે, અને એમની બરકતથી તારી સઘળી મુસીબતો દુર થશે." આટલું કહી શેખે ઇમામ સાથે બાદશાહની મુલાકાત કરાવી. ત્યારપછી બાદશાહે ઇસ્લામનો સ્વીકાર કરી ઇમામના દસ્ત મુબારક પર બયઅત લીધી અને પોતાના શહેર જાબિલસ્તાન તરફ પધારવાની અરજ કરતાં, ઇમામે તે કબુલ ફરમાવી, શેખ વજહદીન મઘરિબી સાથે જાબિલસ્તાન પધરામણી કરી. જાબિલશાહે પોતાની પ્રજાને હઝરત ઇમામ મહેદીની ઝહુરાતનો સદેશો આપતાં સમસ્ત પ્રજાએ "ઇસ્લામ"નો સ્વીકાર કર્યો. ત્યારપછી સઘળાઓ ઇબાદતખાનામાં ગયા, જ્યાં શેખ વજહદીન મઘરિબીએ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.નો ખુત્બો પઢયા. આ મુલાકાતનું વર્ણન "મહેદીનામા"માં વિસ્તારપુર્વક આપવામાં આવેલ છે.

## રાજ્યમાં બળવા.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના રાજ્યકાળમાં પશ્ચિમ (મઘરિબ) તરફના કેટલાક નાના રાજ્યો અવારનવાર બળવો જગાડવાની કોશિશ કરતા હતા, જે ઇમામના જનરલો સમાવી દેતા હતા. એક સમયે પોતાના શાહઝાદા હઝરત મૌલાના શાહ કાયમ અ.ને ચુનન્દા લશ્કરની સરદારી આપી પશ્ચિમ (મઘરિબ)ના એક શહેરના બળવાખોરોને પાંસરા કરવા રવાના કર્યા. શહેરને ઘેરો નાંખવામાં આવ્યો. ઘેરો લાંબી મુદત ચાલવાથી શહેરમાનું અન્નજળ ખુટી ગયું, જેથી બળવાખોરો કફન પહેરી બાંધેલા હાથમાં તલવાર પકડી જીવતદાન મેળવવા હઝરત મૌલાના શાહ કાયમ અ.ને શરણે આવ્યા, જેઓએ ખંડણી લઈ જીવતદાન બક્ષ્યું. આ સમય દરમ્યાન ઇમામનું રાજ્ય ટ્રીપોલીસ, મસીલા અને મિલાન વિગેરે સુધી વિસ્તાર પામ્યું હતું.

બની ફાતિમીઓનું રાજ્ય આ સમયે મિસરથી લઇને બહરે કુલ્ઝુમ=રાતા સમુદ્ર અને ખાલદાતના ટાપુઓ સુધી અને બહરે રૂમ=ભુમધ્ય સમુદ્રથી લઇને સહેરાએ આઝમ=સહરાના રણ સુધી વિસ્તારેલું હતું.

## ઇતિહાસ અશુધ્ધ કરવાના અબ્બાસીઓનાં પ્રયત્નો.

બની ફાતિમીઓ સત્તા ઉપર આવ્યા પછી પ્રતિદિન એમના રાજ્યનો વિસ્તાર વધતો જતો હતો, પરંતુ બની અબ્બાસીઓ અને બની ઉમૈયાઓ એમને પીછો છોડતા ન્હોતા. તેઓ પ્રસંગ મળતાં બની ફાતિમી વિરૂધ્ધ મુશ્કિલીઓ ઉભી કરવામાં પાછી પાની કરતા નહિં. ૯૨ વર્ષના ગાળા દરમ્યાન બની ઉમૈયાના ૧૪ બાદશાહો થયા. આ વંશના છેલ્લા બાદશાહ મરવાન અલ હમારના સમય સુધી અને તે પછી અબ્બાસીઓનો એકલે હાથે દૌર શરૂ થયો, તેના અંતકાળ પર્યંત બની ફાતિમીઓ તરફ વિરૂધ્ધતા ચાલુ રહી. ઇસ્લામી જન સમુદાયમાં બની ફાતિમીઓની લોકપ્રિયતા વધતી જતી હતી છતાં તેઓને પોતાની મનોભાવના રાજ્યકરણનાં સંજોગોવશ દાબી દેવી પડતી હતી, તો પણ આમ જનતા તેઓની તરફેણમાં એકદમ ઝુકી ન જાય તે માટે બની અબ્બાસીઓએ એક નવીન રાજનીતિ ધારણ કરી અને તેમાં બની ફાતિમીઓની લોકપ્રિયતા ઘટાડવા અને તેમનાં ગૌરવને અટકાવવાનો હેતુ હતો. બની અબ્બાસીઓ એ યુગના વિદ્યા અને સાહિત્યના 'મુરબ્બી' ગણાતા હતા અને એ કારણે અનેક વિદ્વાનો અને ઇતિહાસકારોના તેઓ આશ્રયદાતા હતા, તેથી એ લોકોને હાથમાં લઇ "હઝરત ઇમામ મૌલાના શાહ મુહમ્મદ મહેદી અ. બની ફાતિમી નથી" એવું ઇસ્લામી જનતા સન્મુખ દેખાડવા માટે તેઓની વંશાવળી અનિષ્ઠ સ્વરૂપમાં દેખાડવાનો પ્રયત્ન કર્યો હતો.

બની ફાતિમીઓના વર્ણનમાં સૈયદ અમીર અલી લખે છે કે "ખલીફ કાદિરબિલ્લાહના સમયમાં બગદાદના આલિમોએ ફત્વો આપ્યો હતો કે હઝરત ઇમામ મૌલાના શાહ મુહમ્મદ મહેદી અ. હઝરત અલી મુરતુઝા અને જનાબ ફાતિમાની ઓલાદમાંથી નથી; પરંતુ એ ફત્વો માત્ર દુશ્મનીનું પરિણામ છે. મિકેઝી, ઇબ્ને અસીર, અબુલ ફિદા અને ઇબ્ને ખલીકાન જેવા સઘળા તવારિખનવેશોએ "અબદુલ્લાહ મહેદી"ને ખરા સૈયદ બની ફાતિમી તરીકે હોવાનો ઉલ્લેખ કર્યો છે."

## ઇમામની વંશાવળી.

"આસારે મુહમ્મદી"માં જણાવ્યા મુજબ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ની કીર્તિ અને પ્રભાવ દિવસે દિવસે વધતાં જોઇને અબ્બાસી ખલીફ મુકતદીરે ઉલમાઓ અને ખતીબોને ભારે લાલચો આપી ઇમામનો વધ કરવાનો ફત્વો મેળવ્યો અને તેમાં ન ફાવતાં ઇમામની વંશાવળી ખોટી ઠરાવવાનાં મિથ્યા પ્રયત્ન કર્યાં હતા. તેઓ નામદાર હઝરત ઇમામ ઇસમાઇલ બિન જાફર અસ્સાદિકનાં વંશજ નહિં, પરંતુ અબદુલ્લાહ મયમુન અલકદાહ અથવા અબદુલ્લાહ બિન શામ નુસેરીના વંશજ છે, એવું ઠસાવવા માટે આ લાલચ આપવામાં આવેલી હોઇને ઇમામની વંશાવળી સંબંધમાં ઉલ્ટા સુલ્ટા ગુલબાન ઉડાડવામાં આવ્યા હતા. આથી ઇમામનાં વિરોધીઓને પણ મનગમતો પ્રચાર કરવા માટેની તક સાંપડી. અબ્બાસીઓનાં આ અસત્ય પ્રચારને લીધે મુળ વસ્તુથી બિન માહિતગાર કેટલાક ઇતિહાસકાર ભળતીજ દિશામાં દોરવાઇ ગયા, તેમજ અબ્બાસી રાજસત્તાની લાગવગ તળે દબાયેલા તવારિખનવેશોએ એ પ્રચારને ઉત્તેજન આપ્યું; જેના પરિણામે ઇતિહાસમાં એ વિષયમાં ગડમથલ થયેલી જોવામાં આવે છે: છતાંપણ સત્ય છુપું રહેતું નથી એ સુત્ર અનુસાર મુળ હકીકત ઉપર કેટલાક ઇતિહાસવેત્તાઓએ પ્રકાશ પાડયો છે. જાણીતા તવારિખનવેશ મિકેઝી લખે છે કે, બની ફાતિમીઓને રાજદ્વારી દ્રષ્ટિએ હરાવવા માટે બની અબ્બાસીઓએ ઉલમાઓને લાલચ આપી આમ જનસમુહમાં શંકા ફેલાવવા માટે બની ફાતિમીઓની બનાવટી વંશાવળી ઉપર સહીઓ લઇને તેનો પ્રચાર કર્યો હતો.

જાણીતા ઇતિહાસકાર અબુ તાલિબ બગદાદી 'ઉયુનુત–તવારિખ'માં દર્શાવે છે કે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.નું નસબ આ પ્રમાણે છે:– અબુલ કાસિમ મુહમ્મદ અલ મહેદી ઇબ્ને અબ્દુલ્લાહ અર્‌રઝી ઇબ્ને કાસિમ અત્તકી ઇબ્ને અહેમદ અલ વરી ઇબ્ને મુહમ્મદ અલ વસી ઇબ્નલ ઇસમાઇલ ઇબ્ને જાફર અસ્સાદિક અ. બીજા અનેક સત્તાધારી ઇતિહાસગ્રંથો પરથી પણ ફાતિમી ઇમામોની વંશાવળીનાં પુરાવા મળી આવે છે.

હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના રાજ્યકાળના છેલ્લા ભાગમાં ફાસ=ફેઝ અને મધરિબ તરફના મુલ્કોના ગવર્નરે બળવો ઉઠાવી સ્પેનના બની ઉમૈયાથી મળી જઇને બની ફાતિમીનું નામ ખુત્બામાં ભણાવવાનું બંધ કરી બની ઉમૈયાનું નામ દાખલ કર્યું. આથી હઝરત ઇમામ મહેદી અ.એ પોતાના જનરલ અહેમદ બિન બસલયનને તેનું માથું ભાંગવા રવાના કર્યા. તેઓએ વિદ્રોહી ગવર્નરને હાર આપી નસાડી મુકયો અને "મધરિબુલ અકસા"નો આખો પ્રદેશ જીતી લઈ બની ફાતિમી રાજ્ય સાથે જોડી દીધો. બળવાખોર ગવર્નર જંગલ ભણી નાસી ગયો. "મધરિબુલ અકસા" એ આજનો "મોરક્કો"નો પ્રદેશ છે.

## વફાત.

સ્પેનનો ઉમ્વી ખલીફા ઇમામ પ્રત્યે ભારે શત્રુતાની નજરે નિહાળતો હતો, તેના ઉપર ચઢાઇ લઇ જવાની તૈયારીઓ થઇ રહી હતી, તે દરમ્યાન હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ની તાં. ૧૫મી રબીઉલ અવ્વલ હિજરી સન ૩૨૨માં વફાત થઈ. તેઓશ્રીએ લગભગ ૨૪ વર્ષથી વધુ રાજ્ય કર્યું હતું. તેઓશ્રીના શબનો મહેદીયામાં ભુમિદાહ કરવામાં આવ્યો હતો. તે પછી ઇમામતની મસનદ ઉપર હઝરત ઇમામ શાહ કાયમ અ. બિરાજમાન થયા. સાથે સાથે રાજ્યસિંહાસને પણ તેઓશ્રી બિરાજમાન થયા.

અહલે સુન્નત વલ જમાઅતના ચુસ્ત અનુયાયી ઇતિહાસકાર સિયુતી લખે છે કે, હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના અદલ ઇન્સાફ અને ઉદારતાનાં ગુણોને લઇને તેમની પ્રજા તેમના પ્રત્યે અસીમ પ્રેમ ધરાવતી હતી.

# HAZRAT MOWLANA IMAM SHAM QA'IM.

( A. H. 322—334 )

—:o:—

( ૧૨ )

# હઝરત મૌલાના ઈમામ શાહ કાયમ અ૦

( હિજરી સન ૩૨૨—૩૩૪ )

હઝરત મૌલાના ઇમામ શાહ કાયમ અ.નું પુરૂં નામ અબુલ કાસિમ મુહમ્મદ બિન અબ્દુલ્લાહ અલ–કાયમ બિઅમ્રિલ્લાહ હતું. તેઓશ્રીનો મુબારક જન્મ હિજરી સન ૨૮૦ના મોહર્રમ મહીનામાં સલમીયા ખાતે થયો હતો. તેઓશ્રી તા. ૧૫મી રબીઉલ અવ્વલ, હિજરી સન ૩૨૨માં ઇમામત અને ખિલાફતના તખ્ત ઉપર બિરાજમાન થયા હતા. તેઓશ્રીનું નામ "મુહમ્મદ" હતું, પરંતુ તેઓશ્રી "કાયમ બિઅમ્રિલ્લાહ"ના લકબથી જગપ્રસિધ્ધ થયા છે. તેઓશ્રીને હઝરત ઇમામ શાહ મુહમ્મદ મહેદી અ. પોતાના જીવનકાળ દરમ્યાન પોતાના "વલીઅહદ" જાહેર કરી તેમની બયઅત લેવાનું ફરમાન કર્યું હતું.

## સમકાલીન અબ્બાસી ખલીફાઓ.

બગદાદના અબ્બાસી ખલીફ રઝી બિન મુકતદીર ૩૨૨–૩૨૯, મુતકી બિન મુકતદીર ૩૨૯–૩૩૩ અને મુસ્તકફી બિન મુકતફી ૩૩૩–૩૩૪, હઝરત ઇમામના સમકાલીન હતા.

## બનાવટી મહેદી.

હિજરી સન ૩૨૨માં ઇબ્ને તાલુત નામના એક શખ્સે "મહેદી"ના પુત્ર હોવાનો દાવો કરી અને ત્રિપોલીને ઘેરો નાખ્યો, પરંતુ તેનું પોકળ તુરતજ બહાર પડી જવાથી તેનાજ સાથીદારો તેનાથી અલગ પડી ગયા અને તેનું માથું કાપી હઝરત ઇમામ શાહ કાયમ અ. પાસે મોકલી આપ્યું.

"મધરિબુલ અકસા" તરફ પાછો બળવો ફાટી નીકળ્યો. હિજરી સન ૩૨૩–૨૪માં એ બળવો મોટા વિસ્તારમાં ફેલાઇ ગયો, પરંતુ બની ફાતિમી લશ્કરે પોતાના બળ વડે તેને દાબી દઇ સુલેહશાંતિ સ્થાપી અને "રીફ"ના ઇદ્રિસીઓને તાબે કર્યા.

## પહેલવહેલો ફાતિમી દરિયાઈ કાફલો.

હઝરત મૌલાના શાહ કાયમ અ.ને યુધ્ધકળાનો ઘણોજ અનુભવ હતો. તેઓશ્રીએ પોતાના પિતાશ્રીની હયાતીમાં અનેક યુધ્ધોમાં લશ્કરના જનરલ તરીકે ભાગ લીધો હતો, તેઓ યુધ્ધમાં હમેશાં મોખરે રહેતા હતા. સુપ્રસિધ્ધ ઇતિહાસવેત્તા સૈયદ જસ્ટીસ અમીરઅલીના કથન અનુસાર સૌથી પહેલાં મોટામાં મોટો દરિયાઇ કાફલો તૈયાર કરનાર ફાતિમી ખલીફ હઝરત મૌલાનાશાહ કાયમ અ. હતા. દરિયાઇ જહાઝો

તૈયાર કરવાનું મુખ્ય કારણ એ હતું કે બની ફાતિમીઓનાં મુલકો ઉપર ઇટાલીઅન ચાંચીઆઓ ચડી આવી લુટફાટ કરી નાસી જતા હતા, જેનાં પરિણામે પ્રજાને બહુજ ખમવું પડતું હતું.

## ઇટાલીમાં ફતેહ.

એક વેળા લાયગોરિયા કાંઠાથી "પીસા" અને તેની અતરાફના સ્થળોએ વસ્તા ઇટાલીયન ચાંચીઆઓ બની ફાતિમી બારાઓમાં ચડી આવતાં, હજરત ઇમામ શાહ કાયમ અ.એ, એ ચાંચીઆઓના ઉપદ્રવનો જડમુળથી નાશ કરવા પોતાના અમીરૂલ બહર (એડમીરલ) ને રવાના કર્યા, જે દક્ષિણ ઇટાલીના 'ગ્રેટા' સુધી સઘળું તારાજ કરી "જીનોવા" શહેર સુધી પહોંચી ગયો. "જીનોવા" શહેર ઘણાં લાંબા સમય સુધી બની ફાતિમી ખલીફના તાબામાં રહ્યું હતું. "લોમ્બાર્ડી"નો પણ એક ભાગ તેઓના કબજામાં આવ્યો હતો.

"તારીખુલ ઇસ્લામ"ના કર્તા સૈયદ ઝાકિર હુસેન લખે છે કે, અબુ યઝીદ ખારજી બળવો ન કરતે તો બની ફાતિમીઓ આખોયે ઇટલી દેશ સર કરી લેત, પરંતુ અબુ યઝીદની બળવાખોર ચળવળ અટકાવવામાં તેઓનું દ્રવ્ય અને સૈનિક બળ ખર્ચાયાથી ઇસ્લામની મહાન ફતેહનું કાર્ય રોકાઇ ગયું.

## અબુ યઝીદ "દજ્જાલ."

"મહેદીય્યા" ફાતિમીઓનું પાટનગર બંધાઇ તૈયાર થયું, ત્યારે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.એ કોઇ એક વ્યક્તિને તીર ફેંકવાનો હુકમ કર્યો અને આ તીર જ્યાં પડયું તે સ્થળે હઝરત ઇમામ મુહમમ્મદ મહેદી અ.એ એક મસ્જિદ બંધાવી (મુસલ્લા) ભવિષ્યવાણી ભાંખી કે: "દજ્જાલ અલય લઆનત અહિં આવી પહોંચશે." "ઝહરૂલ મઆની"ના નિર્દેશ અનુસાર અબુ યઝીદ મુખલિદ બિન કયદાદ નામના શખસનો પણ એજ વખતે જન્મ થયો હતો.

'તારિખુલ ઇસ્લામ'ના જણાવ્યા પ્રમાણે અબુ યઝીદનો જન્મ "કસ્તિલિય્યાં"માં થયો હતો. બાળવયથી "ઇબાદી" ખારજીઓના સહવાસમાં રહેવાથી તેણે એ પંથ સ્વીકાર્યો હતો. યુવાવસ્થામાં તેણે મોરક્કો નઝદીક, તાહિર્ત નામના એક ગામમાં શિક્ષક તરીકેનું પણ કાર્ય કર્યું હતું. તે અન્ય સર્વ ધર્મના અનુયાયીઓને કાફર સમજતો હતો, રાજ્ય સામેની લડાઇને જહાદ=ધર્મયુધ્ધ માનતો હતો. પોતાની નેમમાં ફાવવા માટે તેણે લોકોને વ્યાખ્યાનો આપવાનું પણ શરૂ કર્યું હતું. પરિણામે તેના પક્ષમાં અનેક લોકો ભળી ગયા. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના રાજઅમલ દરમ્યાન આ સઘળી તૈયારીઓ કરી લઇ, તેઓશ્રીની વફાત બાદ "જબલ" અને "રાસ" નામના સ્થળોએ તેણે બળવો જગાડયો. લોકો તેને "દજ્જાલ" કહેતા હતા અને તેના સમર્થનમાં એક હદીસ ટાંકતા હતા કે "મહેદીય્યામાં 'મહેદી'ના સામે દજ્જાલ ઉભો થશે" પરંતુ તેણે તો લોકો પર પ્રભાવ નાખવાના ઇરાદાથી "શેખુલ મોમનિન" નો લકબ ધારણ કર્યો અને ભારે પરહેઝગાર હોવાનો દંભ કર્યો હતો. ગધેડા સિવાય અન્ય કોઇ પ્રાણીની અસવારી કરતો નહોતો, જેથી લોકોમાં તે "સાહેબુલ હેમાર" તરીકે જાણીતો થયો હતો. લોકોને દેખાડવા ફકત ઉનનાં વસ્ત્રો પહેરતો હતો; પોતાની હિલચાલ મજબુત બનાવવા તેણે એક બીજી રાજદ્વારી ચાલબાજી ધારણ કરી. બની ફાતિમીઓની સલતનત હાથ કરવાનો તેનો હેતુ હોવાથી, બની ફાતિમીઓ જોડે શત્રુવટ ધરાવતા સ્પેનના ઉમ્વી ખલીફ નાસિર સાથે મિત્રાચારી બાંધવા પોતાના તાબાનાં દેશોમાં ઉમ્વી ખલીફના નામનો ખુત્બો પઢાવવાનું તેણે ચાલુ કર્યું. બરબરી કોમના પણ ઘણા ખરા લોકો તેની સાથે જોડાયા હતા.

ઉપર જણાવ્યા પ્રમાણે ઇટાલીયનોના મુકાબલામાં ગયેલું નૌકાસૈન્ય અબુ યઝીદના બળવાના કારણે જલ્દી પાછું ફર્યું; છતાં માર્ગમાં સારડીનીયા ઉપર હુમલો કરી ફિરંગીઓને ભારે હાર આપી, અને ત્યાંથી સકલીયા=સીસીલીના કાંઠે આવેલા "કીરકીસીયા" બાજુ પ્રયાણ કરી બની અબ્બાસીઓનાં વહાણો સળગાવી દીધા અને પુષ્કળ ધન દૌલત હાથ કરી સૈન્ય "મહેદીયા" પાછું ફર્યું.

## સકલીયાના વતનીઓની વહારે!

"રવઝતુસ્સફા"માં લખવામાં આવ્યું છે કે હઝરત ઇમામ શાહ કાયમ અ. ખિલાફત ઉપર આવ્યા પછી હિજરી સન ૩૨૬ ના વર્ષમાં "સકલીયા"ના લોકોએ બની ફાતિમીઓની તાબેદારી વિરૂધ્ધ માથું ઉંચક્યું. બની ફાતિમી ગવર્નર સાલિમ ઇબ્ને રશીદે રૈયત જોડે વધારે સત્તાશીલ વર્તન ચલાવવાના કારણે પ્રજામાં અશાંતિ જન્મી હતી. ગવર્નરે આ સમાચાર ઇમામની દરબારમાં પુગાડતાં તેઓએ તેની કુમકમાં ખલીલ ઇબ્ને ઇસ્હાક નામના એક જનરલને મુતજંદા કબીલાવાળાના સૈન્ય સાથે મોકલ્યો. સકલીયા પહોંચતાં ખલીલની જાણમાં આવ્યું કે પ્રજાના અસંતોષનું કારણ સાલિમની જોહુકમી છે, અને પ્રજાના દર્દનું કારણ તેણે ઇમામને લખી જણાવતાં સાલિમને પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ એક બીજો ગવર્નર મોકલવામાં આવ્યો.

હિજરી સન ૩૨૩ માં હઝરત મૌલાના ઇમામ શાહ કાયમ અ.ના જનરલ મૈદાને સિકંદ્રીયા—એલેકઝાંડ્રિયા જીતી લીધું. પાછળથી બની ઇખ્શીદના લશ્કરના બળથી ફાતિમી સૈન્યને ત્યાંથી ખસી જવું પડ્યું.

## ફરી બળવો.

સકલીયાની પ્રજાની સતામણી મટી જવા છતાં તેઓએ ફરીથી માથું ઉચક્યું અને વારંવાર હાર ખાવા છતાં હિજરી સન ૩૨૭માં કોન્સ્ટન્ટીનોપલના ખ્રિસ્તી બાદશાહના દરિયાઇ કાફલાને પોતાની કુમકે તેડાવ્યો, પરંતુ સકલીયાના ફાતિમી ગવર્નરે હિજરી સન ૩૨૮ માં અબુ સુર અને બ્લુતના કિલ્લાઓ ફતેહ કરી "જરજન્ટી"ને ઘેરો નાખ્યો અને બની ફાતિમીના નૌકા સૈન્યે ટ્યુનિસ પહોંચી જઇ ખ્રિસ્તી ધર્માવલંબી રૂમીઓના દરિયાઇ કાફલાનો હિજરી સન ૩૨૯ માં નાશ કર્યો. આવી રીતે ફીરંગીઓએ પોતાના પક્ષની કંગાળ હાલત થઇ પડેલી જોઇને "જરજન્ટી" અને તેમની પછી આખાયે સકલીયાનાં વતનીઓએ ફાતિમીઓ પાસે શસ્ત્ર ફેંકી દીધા, જેથી આખાયે ટાપુમાં શાંતી પથરાઇ ગઇ.

## બાદશાહો અને જાણીતા નરવીરો ઇસ્માઇલી મઝહબમાં.

સામાની વંશના બુખારાના રાજ્યકર્તા નસ્ર બિન અહેમદ હઝરત ઇમામ શાહ કાયમ અ.ના સમકાલીન હતા. પ્રોફેસર બ્રાઉને લીટરરી હિસ્ટ્રી ઓફ પરશીયામાં(૧.)નસ્ર બિન અહેમદ ઇસ્માઇલી મઝહબના અનુયાયીઓ હોવાની નોંધ કરી છે. "સિયાસત નામા"ના મુળ ફારસી પુસ્તકના ફ્રેન્ચ વિદ્વાન શેફરે કરેલા ભાષાંતરમાં ઉલ્લેખ કર્યો છે કે પોતાની ધાર્મિક માન્યતા જુદી હોવાના સબબે આ પુસ્તકના કર્તા નિઝામ-ઉલ-મુલ્કે સમ્રાટ નસ્ર બિન અહેમદ સામાનીને ઇસ્માઇલી તરીકે વર્ણવીને તેમની નિંદા કરી છે.

હિજરી સનની ચોથી સદીના આરંભ કાળમાં બની ફાતિમી ખલીફ હઝરત ઇમામ શાહ કાયમ અ.ના હુકમથી ફાતિમી દાઇઓ ખુરાસાનની આસપાસના મુલ્કોમાં પ્રસરી ગયા હતા. તેઓમાંના એકે ઇસ્માઇલી સિધ્ધાંત અનુસાર હુસેન બિન અલી મર્વઝીને બયઅત કરાવી. તેમના ઉત્તરાધિકારી મુહમ્મદ બિન

---

૧. જુઓ ભાગ બીજો પાનુ ૨૦૨.

નખશાબી થયા. તેઓએ ઇસ્માઇલી મઝહબની પ્રવૃતિઓ ટ્રાન્સઓક્ષેનીયામાં ચાલુ કરી તે પછી 'નફ્સ' માંના અમીર ઉમરાવોને ઇસમાઇલી ધર્મના સિધ્ધાંતો સમજાવીને પોતાના પંથમાં ભેળવી લીધા, જેઓ સઘળા જાણીતા હતા અને રાજદરબારમાં માન પામેલા હતા. આ લોકોમાં હાજીબ અયતાસ, અબુ બક્ર બિન અસઅશ, અબુ મન્સુર ચંગાની વગેરેનો પણ સમાવેશ થાય છે.

સમ્રાટ નસ્ર બિન અહેમદે ઇસિમાઇલી મઝહબનો ઉપદેશ કરવા માટે મિશનરી અબુલ હુસેનને બુખારા ખાતે તેડાવી, પોતાને ત્યાં મહેમાન તરીકે રાખી પાછળથી તેમને ખિલઅત અર્પી સાલીયાણું બાંધી આપ્યું. ખુરાસાન પ્રગણામાં રાજ્યના ખજાનામાંથી સાલીયાણું મેળવનારા તેઓ પહેલા 'અર્ઝા' હતા.

મિશનરી હુસેન, સમ્રાટ નસ્ર બિન એહમદ વિરૂધ્ધ ઝંડો ઉંચકવાના કાવતરાંનો ભોગ થઇ પડતાં તેઓનું અવસાન બુખારાનાં કારાગ્રહમાં થયું. આ સમાચાર હઝરત ઇમામ શાહ કાયમ અ.ને મળતાં, બુખારાના બાદશાહ પાસેથી ૧,૧૯,૦૦૦ દીનાર વસુલ કરી બયતુલ માલમાં જમે કરવામાં આવ્યા.

બુખારાના સમ્રાટ નસ્ર બિન અહેમદનો, અબુ અબ્દલ્લાહ જાફર બિન મુહમ્મદ નામનો એક માનિતો કવિ હતો જે "રૂદકી" નામે જગમશહુર છે, અને ફારસી કાવ્યનો જન્મદાતા તેમજ એ સમયના કાવ્ય સાહિત્યનો મુકુટમણી ગણાય છે. કવિ રૂદકી પણ બની ફાતિમીની મહોબત ધરાવતો હતો અને હમેશાં 'ઇમામ'નાં ગુણગાન ગાતો હતો. "સિયાસત નામા"માં વર્ણવ્યા પ્રમાણે કવિ રૂદકી પણ ઇસિમાઇલી હતો.

હઝરત ઇમામ શાહ કાયમ અ.ના શાસનકાળમાં ઘણાં મોટા મોટા રઇસો અને બાદશાહોએ ઇસમાઇલી મઝહબ અંગીકાર કર્યો હતો. જો કે બની ફાતિમીઓથી દુશ્મનાવટ ધરાવનારાઓએ હમેશાં ઇસમાઇલીઓ પર અને ઇમામની સલતનત પર આક્રમણ કરવાનું ચાલુ રાખ્યું હતું. બની ફાતિમીઓ પણ તેનો યોગ્ય જવાબ વાળતા રહ્યા હતા.

## અબુ યઝીદના જુલમો.

અબુ યઝીદે પણ હિજરી સન ૩૩૨માં 'તબસા', 'મરમાજના', 'અરબસ' અને 'સબીબા' કબ્જે કરી લીધા હતા. હઝરત ઇમામે તેને મહાત કરવા લશ્કર મોકલ્યું અને બીજું લશ્કર 'બાજા' તરફ મોકલ્યું. પરંતુ અબુ યઝીદે લશ્કરને હરાવી 'બાજા'માં દાખલ થઇ, માણસો અને બચ્ચાંઓની કતલ ચલાવી. ત્યારબાદ તે ટયુનીસ તરફ આગળ વધ્યો. કયરવાન અને રકાદા, કબ્જે કરી, આફ્રિકામાં લુંટ, આગ અને કત્લેઆમ ચલાવી ઘણો કેર વર્તાવ્યો. હિજરી સન ૩૩૩માં ફાતિમી લશ્કરે મહેદીયા આગળ નાકાબંધી કરીને જબરો હુમલો કર્યો. આ હુમલામાં ૭ વખત તે સખત હાર ખાતો રહ્યો. અંતે હિજરી સન ૩૩૪ની શરૂઆતમાં તેના માણસોમાં મતભેદ પડતાં સઘળા નાસવા લાગ્યા અને ફકત ત્રીસ માણસો તેના સાથે રહ્યા, આથી અબુ યઝીદ પણ નાસી છુટયો. તેના માણસોના વિખરાઇ જવાના સમાચાર ગામડાઓમાં મળતાં, લોકોએ તેના 'આમીલો'ને કતલ કરી નાખ્યા. તારીખે ઇસ્લામના કથન અનુસાર અબુ યઝીદે ફરી પાછા ઘણાં માણસોને એકઠા કરી 'મારો, કાપો, લુંટો, આગ લગાવો'ના હુકમો આપ્યા. તેના લશ્કરે હિજરી સન ૩૩૪ની આખેરીમાં ટયુનીસમાં દાખલ થઇ ગામને લુંટી મસ્જિદો તારાજ કરી નાખી. પાછળથી એજ વર્ષમાં ફાતિમી ફોજે ટયુનીસ કબજે કરી

લીધું. અબુ યઝીદે ફરી પાછો ટયુનીસ પર હુમ્લો કર્યો, પરંતુ તેમાં તેણે હાર ખાધી. આ પછી તેણે ફરી લશ્કર એકઠું કરી "સુસા" પર ઘેરો નાખ્યો. આવી રીતે તે વારંવાર પરાજિત થવા છતાંપણ તે ફરી ફરી લશ્કર એકઠું કરી મુકાબલો કરવા તૈયાર થતો હતો. તાત્પર્ય કે અબુ યઝીદનો બળવો સમાવવામાં હઝરત ઇમામ શાહ કાયમ અ.ના રાજઅમલનો મોટો ભાગ પસાર થવા પામ્યો હતો.

## વફાત.

અબુ યઝીદનો બળવો ચાલુ હતો, તે દરમ્યાન હઝરત ઇમામ શાહ કાયમ અ.ની વફાત થતાં, અબુ યઝીદનો ઉપદ્રવ નિર્મુળ કરવાનું કાર્ય હઝરત ઇમામ મન્સુર અ. પર આવ્યું. તેઓશ્રીએ ઘણી ધીરજ અને બુધ્ધીપુર્વક એ કાર્ય હાથ ધર્યું. હઝરત ઇમામ શાહ કાયમ અ.ની તા. ૧૪મી સવ્વાલ હિજરી સન ૩૩૪માં વફાત થઇ. જે વખતે તેઓશ્રીનું વય આસરે ૫૫ વર્ષનું હતું. ૧૨ વર્ષ અને ૭ માસ તેઓશ્રીનો રાજઅમલ ચાલ્યો. તેઓશ્રીના શબનો મહેદીયા ખાતે ભુમિદાહ કરવામાં આવ્યો. હઝરત ઇમામ અબુ તાહિર મન્સુર અ.એ પોતાના પિતાશ્રીના પછી રાજસિંહાસન પર બિરાજી 'મગ-રિબ'નું રાજ્યતંત્ર પોતાના હાથમાં લીધું અને ઇસમાઇલીઓના ઇમામે બરહક તરીકે ઇમામતની મસનદે પણ બિરાજમાન થયા.

હઝરત ઇમામ શાહ કાયમ અ.ના, હઝરત ઇમામ મન્સુર અ. હઝરત હમ્ઝા અને હઝરત અદનાન ત્રણ ફરજંદો હતા.

# HAZRAT MOWLANA IMAM MANSUR.

( A. H. 334-341 )

(૧૩)

# હઝરત મૌલાના ઈમામ મન્સુર અ૦

(હિજરી સન ૩૩૪-૩૪૧)

હઝરત ઇમામ મન્સુર અ. હિજરી સન ૩૩૪ના વર્ષમાં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા. તેઓશ્રીનું પુરૂ નામ અબુ તાહિર ઇસમાઇલિ મન્સુર બિલ્લાહ અ. હતું. તેઓશ્રીનો જન્મ હિજરી સન ૩૦૨માં કયરવાન ખાતે થયો હતો. તેઓશ્રીના પિતાશ્રી હઝરત ઇમામ શાહ કાયમ અ. વફાત પામ્યા ત્યારે અબુ યઝીદ ખારજી 'કનાઅત' અને 'સુસા' ઉપર ઘેરો નાખી પડયો હતો. અબુ યઝીદના બળવાની આફતમાંથી બની ફાતિમી સલતનતે છુટકારો મેળવ્યો નહિં, ત્યાંસુધી હઝરત ઇમામ શાહ કાયમ અ.ની વફાતના સમાચાર ઇમામે બહાર પાડયા નહિં, તેમજ ખલીફપદ પણ જાહેરમાં ધારણ કર્યું નહિં અને ન તો ખુત્બામાં કે ચલણી સિકકામાં કોઇપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો. જે કાંઇ શાહી ફરમાન કે હુકમનામા બહાર પડતા તેમાં "અમીર ઇસમાઇલ વલીઅહદ" એ પ્રમાણે ઇમામ સહી કરતા હતા.

હઝરત ઇમામ મન્સુર અ.નો જન્મ તેઓશ્રીના દાદાશ્રી હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના શાસનકાળમાં થયો હતો. તેઓશ્રીમાં બાળપણથીજ અલૌકીક ગુણો દેખાવા લાગ્યા હતા. તેઓશ્રીના દાદાશ્રીએ ભવિષ્ય ભાખ્યું હતું કે 'આ બાળક હઝરત નબી મુહમ્મદ સ. અને હઝરત અલી અ.ની નિશાની છે, ફાતિમી વંશના પ્રકાશિત દીપક છે, વિદ્રોહની અગ્નિ તેઓ બુઝાવશે. ઇમામુલ ઇન્સો જીન્ન છે અને ખુદાની ખલ્કતને દજ્જાલના બખેડાથી બચાવશે." ઇતિહાસવેતાઓએ લખ્યું છે કે હઝરત ઇમામ મન્સુર અ. શુરવીર, બુધ્ધિશાળી, શાંત સ્વભાવના, હસમુખા, સુલેખક અને ઉચ્ચ દરજ્જાના કવિ અને ઉમદા ભાષણકાર હતા, અને અગાઉથી તૈયારી કર્યા વિના કલાકો વેર એકધારૂં પ્રવચન કરી શકતા હતા.

## અબુ યઝીદનો "સુસા" પર ઘેરો.

બની ફાતિમી સલતનત આ સમયે અશાંત વાતાવરણમાંથી પસાર થઈ રહી હતી. અબુ યઝીદનો બળવો સંપુર્ણ નિર્મુળ કરવાનો હોઇ ઇમામે પ્રથમ આ કાર્ય હાથ ધર્યું. અબુ યઝીદના 'સુસા' પરના ઘેરાથી બની ફાતિમીઓને અન્ય રીતે પણ ઘણું ખમવું પડયું હતું, એટલુંજ નહિ પરંતુ પ્રસંગ જોઇ મધરિબુલ અકસાના પ્રદેશ ઉપર ઉમ્વી ખલીફ નાસિરે પણ પોતાની સત્તા જમાવી દીધી હતી.

"સુસા" પરનો ચાલુ ઘેરો પ્રજાજનો માટે અસહ્ય થઇ પડયો હોવાથી, "સુસા"ના વતનીઓ પણ તેને નિષ્ફળ કરવાના પ્રયત્નો કરી રહ્યા હતા. હઝરત ઇમામ મન્સુર અ.એ પોતાના પિતાશ્રીની વફાત પછી રાજ્યની લગામ હાથમાં લેતા વેંતજ લડાયક ખમીર ધરાવનાર ઇસમાઇલીઓનું લશ્કર તૈયાર કરી અબુ યઝીદ ખારજી ઉપર ચઢાઇ કરી. 'સુસા'ના વતનીઓનો પહેલેથીજ સહકાર હોઈ બની ફાતિમીઓનું લશ્કરી બળ વધવા પામ્યું. આ અશાંતિના સમયમાં મહેદીયા અને સમુદ્ર કંઠિના

થોડાક કિલ્લાઓ અને ગઢો સિવાય અન્ય કોઈ પ્રદેશ બની ફાતિમીઓના કબ્જામાં રહ્યો ન્હોતો. આવા વિપરિત સંજોગોમાં પણ હિમ્મત હારી ન જતાં પોતાની પ્રજાના રક્ષણ અને રાજ્યની સલામતી અર્થે ઇમામ પોતે પણ લડાઇમાં જાતે બહાર પડયા હતા.

## ફાતિમી ફોજની શુરવીરતા—મનસુરીયા વસાવ્યું.

હઝરત ઇમામ મન્સુર અ.નું સૈન્ય સુસા પાસે આવી લાગતાં, એ શહેરના વતનીઓ સાથે ઉપર જણાવ્યા મુજબ જોડાઇને અબુ યઝીદ સામે રણજંગે ઉતર્યું. બની ફાતિમીઓની ફોજે ઘણી શુરવીરતાથી યુધ્ધ કર્યું, જેથી અબુ યઝીદના સંખ્યાબંધ સૈનિકોનો કચ્ચરઘાણ નિકળી ગયો અને ટકી રહેવાનો કોઇ ઉપાય ન હોવાથી, અબુ યઝીદ સર્વે સરસામાન પડતો મુકી નાસી છુટયો, જેને ફાતિમી લશ્કરે સળગાવી દીધો. નાસેલો અબુ કયરવાન આવી પહોંચતાં લોકોએ તેને દાખલ થવા દીધો નહિં, અને તેણે નીમેલા ગવર્નરને પણ શહેરમાંથી હાંકી કહાડયો. છેવટે હિજરી સન ૩૩૪માં પોતાના સાથીદારો સાથે "કયરવાન"થી બે દિવસના માર્ગ ઉપર આવેલા "સબીબા"માં પનાહ લીધી અને પુનઃ હુમલા માટે તૈયારી કરવા લાગ્યો. તા. ૨૪મી શાબાનના હઝરત ઇમામ મસુન્ર અ.નું કયરવાનમાં આગમન થયું, તેજ દિવસે અબુ યઝીદ હલ્લો લઇ આવ્યો. પહેલે દિવસે ફાતિમી લશ્કરે જીત મેળવી પરંતુ બીજે દિને તેને પાછું હઠવું પડયું, છતાં સુસા તથા મહેદીયામાં આશ્રય લઇને દુશ્મનોનો સામનો કરવાનું ચાલુ રાખ્યું. આવા કટોકટીના સમયમાં હઝરત ઇમામ મન્સુર અ. પોતાની સાથે ફાતિમી ફોજની એક સંખ્યા લઇ જાતે રણભુમિમાં આવી પહોંચ્યા અને વીરતાપુર્વક જંગમાં ઝઝુમી દુશ્મનોની મોટી કતલ ચલાવી. આ ધસારા સામે અબુ યઝીદથી ટકી શકાયું નહિં. તેના છકકા છુટી ગયા અને પોતાના લશ્કરને પડાવ ઉપાડી કુચ કરવાનો હુકમ આપ્યો. નવી લશ્કરી સામગ્રી સાથે વળી પાછા તેણે ૧૫મી મહોર્રમના કયરવાન મુકામે દેખાવ દીધો આ વેળાએ પણ દારૂણ યુધ્ધ થયું; અંતે અબુ યઝીદ હારીને નાસી ગયો. ઇમામે બની ફાતિમીઓના એ વિજય સ્થાન પર એક શહેર વસાવી, તેને "મન્સુરીયા" નામ આપ્યું.

## અબુ યઝીદનો અંત.

હિજરી સન ૩૩૫માં મિશન મંડળને વ્યવસ્થિત કરી જુદી જુદી દિશાઓમાં હઝરત ઇમામ મન્સુર અ.એ મિશનરીઓ રવાના કર્યા. ઠેરઠેર બની ફાતિમીઓનાં થાણા બેસી ગયાં અને પ્રતિદિન ઇસમાઇલી વસ્તી વધવા લાગી. ટોળેબંધ લોકો ઇસમાઇલી મઝહબમાં દાખલ થઇ ઇમામના ચરણોમાં રજુ થવા લાગ્યા.

એ દરમ્યાન પણ અબુ યઝીદ ખારઝીનો ત્રાસ સદંતર નાબુદ થયો ન્હોતો તેથી ઇમામે એ ત્રાસ સદાને માટે દુર કરવા તા. ૨૦મી રબીઉલ અવ્વલના વીર ઇસમાઇલી લડવૈયાનું સૈન્ય સાથે લઇ તેની પુંઠ પકડી અને જંગલ, પહાડો અને બિયાબાનોની દરકાર કર્યા વિના તેની પાછળ વધતા ગયા, એટલે સુધી કે સુદાનના એક એવા ઉજ્જડ સ્થળે આવી પહોંચ્યા કે જ્યાં પાણીની એક પખાલની કિંમત એક દીનાર પડતી હતી. એ દરમ્યાન હઝરત ઇમામ મન્સુર અ. બીમાર પડી જતાં તેઓશ્રીએ ઉમર્ત નામના ગામમાં નિવાસ કર્યો. આ તક જોઇ અબુ યઝીદે "મસીલા"ને ઘેરો નાખ્યો, પણ સાજા થતાં ઇમામ મસીલા પાસે આવી પહોંચ્યા. અબુ યઝીદ ઘેરો ઉંચકી નાસી છુટયો, અને કતામાના એક કિલ્લામાં ભરાઇ બેઠો. હઝરત ઇમામ મન્સુર અ. ત્યાંપણ જઇ પહોંચ્યા. બની ફાતિમી સૈન્ય વીરતાપુર્વક કિલ્લા ઉપર હુમલો કરી અબુ યઝીદને બહાર ઘસડી લાવી ઇમામ પાસે એક બંદીવાન તરીકે હાઝર કર્યો.

"રવઝતુસ્સફા"માં જણાવ્યા મુજબ ખિલાફતના સત્તાવાળાઓ તરફથી તેના સાથીઓ સાથે અબુ

યઝીદને, લોખંડના પાંજરામાં બેસાડી ગામમાં ફેરવવાનો હુકમ થતાં તે મુજબ અમલ કરવામાં આવ્યો; અને તે પછી તેને શૂળીએ ચડાવી મારી નાખવામાં આવ્યો.

"હકામકુલ અખ્બાર" ના કર્તા લખે છે કે અબુ યઝીદ ખારજી નાસ્તિક હતો અને તે તથા તેના સાથીઓએ એવાં અત્યાચારો કીધાં હતાં કે જે સાંભળી રૂંવાટા ઉભા થઇ જાય છે.

## ઇબ્ને ખલીકાનનો એક કાવ્ય પ્રસંગ.

ઇબ્ને ખલીકાન પોતાના ઇતિહાસમાં અબુ જાફર મર્વરૂદીના આધારે હેઠળની ઘટના વર્ણવે છે:-

"અબુ યઝીદ ખારજીને હઝરત ઇમામ મન્સુર અ. એ જે દિને પરાજિત કર્યો તે વેળા હું તેમની સાથે હતો. જેમ જેમ અમો આગળ વધતા જતા હતા તેમ તેમ પોતાના હાથમાંના બે ભાલા એક પછી એક ઇમામ ફેંકતા જતા હતા અને હું તે ભાલા ઝમીન પરથી ઉંચકી, ખંખેરી તેમને આપતો જતો હતો. એક સારા શુકન તરીકે એ ઘટનાને જણાવતાં મેં (અબુ જાફર) એક કાવ્ય ચરણ ટાંક્યું, જેનો ભાવાર્થ એ હતો કે "તેણી પોતાના હાથમાંની લાકડીઓ આમ તેમ નાખતી આગળ વધતી જતી હતી એટલે સુધી કે દુર દુરનો પ્રદેશ તેનું નિવાસભુવન બની ગયું.... અને જો કે એ નિવાસ વિદેશમાં હતો, તો પણ વતન તરફ પાછો ફરતો પ્રવાસી પોતાનું ઘર જોઇ આનંદી થાય છે, તે પ્રમાણે તેણીને લાગ્યું."

મજકુર કાવ્યપદ સાંભળી ઇમામે ફરમાવ્યું:-"અબુ જાફર આજની ઘટનાને એનાં કરતાંયે વધુ સુયોગ અને ઉચ્ચતર વચન હેઠળ મુજબ છે, તે ત્હેં શા માટે ન ટાંક્યાં? હું તને એ યાદ અપાવું છું કે:-

"અને અમોએ મુસા તરફ વહી મોકલી કે તારી લાકડી તું નીચે ફેંક. પછી જે જુઠી વસ્તુઓ તેઓ (જાદુગરો)એ બનાવી હતી, તે સઘળી તે ગળી ગઈ, પછી સત્ય સાબિત થયું ને તે અસત્ય નાબુદ થયું."

આ સાંભળી અબુ જાફરે કહ્યું:-"યા મૌલા! આપ નામવર રસુલિલ્લાહના વસી છો. આપ એકલાજ ઇલાહી ઇલ્મના જ્ઞાન ધરાવનારા છો, આપનું કથન ખરૂં છે."

## મનસુરીયામાં સત્કાર.

અબુ યઝીદ ખારજીનો ફસાદ સમ્યા પછી હિજરી સન ૩૩૬ ના મહોરમની તા. ૨૩ મીએ વિધિસર શિરે મુકુટ ધારી હઝરત ઇમામ મન્સુર રાજ્યસિંહાસને બિરાજમાન થયા, અને દરેક સ્થળે ખિલાફતના સમાચાર રવાના કરવામાં આવ્યા. સફર માસની બીજી તારીખે અમીર ઉમરાવોને સાથે લઇ ઇમામ મન્સુરીયા ભણી રવાના થયા. જે કબીલાવાળાઓ ફરી ગયા હતા, તેઓ માર્ગમાં મળ્યા, અને પોતાની ભુલ માટે તેઓએ પશ્ચાતાપ કરી ઇમામને નમન કરી, નજરાણું ધરી, ક્ષમા યાચી. જેથી ઇમામે ઉદાર દિલે તેઓને માફી બક્ષી. ત્યારપછી તેઓશ્રી "મનસુરીયા" માં આવી પહોંચતાં તેઓશ્રીનાં શાહઝાદા હઝરત ઇમામ મોએઝ અ. એ દબદબાભર્યો તેઓશ્રીનો સત્કાર કર્યો.

## ફાતિમી સલતનતના સિક્કાઓ.

વિજયી બની ફાતિમીઓએ પોતાનો રાજ્યઅમલ શરૂ થયો ત્યારથીજ પોતાના નામના ચલણી સિક્કાઓ શરૂ કર્યાં હતા. જેમાંના કેટલાક સિક્કાઓ પશ્ચિમ દેશના મ્યુઝિયમ-સંગ્રહસ્થાનમાં

તેમજ ખાનગી વ્યક્તિઓ પાસે આજેય મૌજુદ છે. હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. અને હઝરત ઇમામ શાહ કાયમ અ. ના સમયમાં પણ અન્ય સિક્કાઓ ઉપરાંત દીનાર પણ ચાલુ હતા. હઝરત ઇમામ કાયમ અ. ના સમયની સોનાની દીનાર સિજિલમાસાની ટંકશાળમાં પાડવામાં આવી હતી. હઝરત ઇમામ મન્સુર અ. ના સમયની સોનાની બ દીનારના આગલા ભાગમાં પવિત્ર કલમો અને પાછલા ભાગમાં "અલ-મન્સુર બિલ્લાહ અલ-ઇમામ અમીરૂલ મોઅમિનીન" કોતરવામાં આવ્યું છે. આ દીનાર ઇમામના પાટનગર "મનસુરીયા" ની ટંકશાળમાં પાડવામાં આવી હતી તેનો ઉલ્લેખ પણ તેમાં કોતરવામાં આવ્યો છે.

## ફઝલનો અંત.

ત્યારપછી અવરાસના પર્વતોમાં દજ્જાલ અબુ યઝીદ ખારજીના પુત્ર ફઝલે બળવો જગાવ્યો. અને દુશ્મને કસ્તીલા અને કફસા તથા તેની આજુબાજુના બે ગામો પણ જીતી લીધાં તેમજ બરબરીઓ તથા બાકી રહેલા કેટલાક અન્ય બળવાખોરો પણ તેની સાથે જોડાયા. આ સમાચાર હઝરત ઇમામ મન્સુર અ. ને મનસુરીયામાં મળતાં, તેઓશ્રી એક મોટી ફોજ સહિત શાહઝાદા હઝરત ઇમામ મોએઝ અ. ને સાથે લઈ "અકસરે કસીફા" તરફ રવાના થયા અને તા. ૨૮ મી સફરની સાંજે "હસનમાવાસ" નામની જગ્યાએ મુકામ કર્યો. સવાર પડતાં બન્ને લશ્કર વચ્ચે મુકાબલો થયો. આ યુધ્ધમાં શાહઝાદા હઝરત ઇમામ મોએઝ અ. ને સરદારી આપવામાં આવી હતી. એ સમયે તેઓશ્રીની વય માત્ર ૧૭ વર્ષની હતી, અને યુધ્ધભુમિમાં તેઓએ પહેલીજ વાર સરદારી લીધી હતી. શત્રુદળ વચ્ચે શાહઝાદા હઝરત ઇમામ મોએઝ અ. વીરતાપૂર્વક જંગ ખેલવા લાગ્યા. પરિણામે તેઓશ્રીએ "હસનમાવાસ" સર કરી લીધું.

એ પ્રમાણે વિજય મેળવી હઝરત ઇમામ મન્સુર અ. ની હુઝુરમાં શાહઝાદા મોએઝ અ. પધારતાં ઇમામે તેમને પ્રેમથી આલીંગન કરી લલાટે ચુંબનો આપ્યા. હવે ઇમામ જાતે યુધ્ધમાં ઉતર્યા. બન્ને પક્ષો વચ્ચે હવે ખુબ રંગ જામ્યો અને ફઝલની ફોજના પગ ઉપડી જતાં તે નાસવા લાગી. આ નાસભાગમાં ફઝલ કેદ પકડાયો અને તેને કતલ કરવામાં આવ્યો, પરિણામે અબુ યઝીદના ત્રાસનો સમુળગો અંત આવી ગયો.

## ગવર્નર હસન બિન અલી કલ્બી.

અબુ યઝીદના બળવા દરમ્યાન મગરિબુલ અકસાના ગવર્નરે બેવફા થઇને અંદલુસ=એન્દુલુશીયા (દક્ષિણ સ્પેન) ના ઉમ્વી ખલીફ નાસિરના નામનો ખુત્બો પઢાવવાનું ચાલુ કર્યું હતું. તેને તાબે કરવાને ઇમામે લશ્કર મોકલતાં, તે નાસી ગયો. લશ્કરે તાહિર્ત જીતી લીધું. સકલીયા=સીસીલીની પ્રજાનો પણ બળવો દાબી દઇને ખંડણી લેવાની શરતે સુલેહ કરવામાં આવી અને હસન બિન અલી બિન અબીલ હુસેન કલ્બીને ત્યાંનો ગવર્નર બનાવી રવાના કરવામાં આવ્યો. તેઓએ બળવાખોરોને બરાબર ઠેકાણે પાડ્યા. રૂમના વડા ધર્માધ્યક્ષ=શાહિબે પણ ત્રણ વર્ષની ચડેલી ખંડણી ઇમામને ભરપાઇ કરી. પરંતુ ઇસ્તમ્બુલ=કોન્સ્ટન્ટીનોપલના ખ્રિસ્તિ બાદશાહે સમુદ્ર માર્ગે સકલીયા ભણી લશ્કર મોકલ્યું, જે ઓદ્રનિત=ઓરોન્ટો ખાતે ઉતર્યું. હઝરત ઇમામ મન્સુર અ. ના એક ગુલામ ફરખને આ સમાચાર મળતાં, એક બળવાન દરિયાઇ કાફલો લઇને તે ગવર્નર હસન બિન અલી કલ્બીની કુમકે પહોંચી ગયા. પોતાના સૈનિકોને ઇમામના કાફલા સાથે જોડી દઇને કલોરિયા=કેલેબ્રિયા ઉપર ગવર્નર હસને જોશભેર ધસારો કર્યો અને રૂમીઓનો મુકાબલો કરવા લશ્કર પણ એકદમ આગળ ધર્યું. બની ફાતિમી ફોજનો દોરદમામ જોઇને લડયા વિના દુશ્મનો "બારા" ભણી નાસી ગયા.

## કલોરીયાનો વિજય.

શીયાળો આવી લાગતાં હસન પાછા મદીના ખાતે વળી આવ્યા અને ઉનાળાનો આરંભ થતાં

ફરી તેઓએ કલોરીયા ઉપર હલ્લો કર્યો. હિજરી સન ૩૪૦ના—૯મી ઝિલહજના દિને "જરાજા" આગળ રૂમીઓની સખ્ત હાર થતાં, રૂમના બાદશાહ કોન્સ્ટનટાઇનને સુલેહ કરવાની ફરજ પડી. ત્યાંથી રવાના થઈ "રીયુ" નામનું એક શહેર સર કરી હસને એ શહેરના મધ્ય ભાગમાં એક ભવ્ય ઇબાદતગાહ ચણાવી.

કલોરીયાનાં વિજયની ખુશાલીમાં અબુ જાફર મર્વરૂદીએ હઝરત ઇમામ મન્સુર અ.ની હુઝુરમાં એ અવસરની મુબારકી આપનારી કવિતા પેશ કરી હતી. રવઝતુસ્સફાના કર્તા મીર ખોંદે પોતાના પુસ્તકમાં તેમાંના એક કાવ્યપદનો ભાવાર્થ આ પ્રમાણે લખ્યો છેઃ—

"ઉમેદ રાખું છું કે આપની આંખોના નૂર વલીઅહદ હઝરત ઇમામ મોએઝ લેદીનિલ્લાહનું બખ્તાવર નામ મુબારક મકકા અને મદીનાના મિમ્બર ઉપર કોતરાશે અને ઇસ્લામી સલતનતના ખલીફ તરીકે દીનારો અને દિરહમો ઉપર તેઓ નામદારનું નામ લખવામાં આવશે અને "ઇમામત" ના બુર્જમાં તેઓશ્રી મુકુટમણી સમ દીપી નીકળશે."

હસન બિન અલી કલ્બીના કીર્તિભર્યા વિજય પછી બની ફાતીમીઓ તરફથી તેમને સકલીયા અને તેની અતરાફના મુલ્કો સોંપી એક ખંડણીયા સુબા તરીકે નીમવામાં આવ્યા અને હસનના ખાનદાને એ ઓધ્ધો લાંબા કાળ પર્યંત ભોગવ્યો. આ ખાનદાનના છેલ્લા અમીર હસનના સમય દરમ્યાન હિજરી સન ૧૧૫૨માં કાઉન્ટ રોજરે સકલીયા પાછું જીતી લીધું હતું.

સકલીયામાં બની ફાતિમીનો સિકકો બેસેલો હોવા છતાં વારંવાર બળવા થતાં હોવાથી, તેનો લાભ લઈ મોરકકો અને મધરિબ આફ્રિકાના બની ઇદ્રીસના તાબા હેઠળના પ્રદેશ ઉપર સ્પેનના ઉમ્વી રાજ્ય-કર્તા નાસિરે કબ્જો કરી લીધો હતો. જો કે આજે અલજિરીયા તરીકે ઓળખાતો મધરિબનો મધ્ય પ્રાંત બની સન્હાજના હાથમાં હતો, જેઓ બની ફાતિમીઓના અડગ મિત્રો અને વફાદાર અનુયાયીઓ હતા. એ પ્રાંતની હકુમત એ સમયે ઝીરી બિન મિનાદના હાથમાં હતી, જેણે અલજિરીયાની રાજધાની વસાવી હતી.

## વ ફા ત.

ફાતિમી સલતનતને ઉપરના સંજોગોમાં સુવ્યવસ્થિત કરવાની જરૂરત હતી, એવામાં હઝરત ઇમામ મન્સુર અ. ની અબુ યઝીદને કયરવાનમાંથી હાંકી કઢાડયા અર્થે તેની નજદીકના રણમેદાનમાં વિજય મેળવી યાદગાર તરીકે પોતાના નામ પરથી વસાવેલા મન્સુરીયા ખાતે હિજરી સન ૩૪૧માં વફાત થઇ, જ્યાં તેમના શબનો ભુમિદાહ કરવામાં આવ્યો હતો.

Mowlana Imam Mu'izz
" " Aziz
" " Hakim Bi-amri'llah
" " Zahir
" " Mustansir
" " Nizar

# PART IV.

## EGYPT & IMAMAT.

# ભાગ ૪થો.

## મિસર અને ઈમામત.

મૌલાના ઈમામ મોએઝ અ૦
" " અઝીઝ અ૦
" " હાકિમ બિઅમ્રિલ્લાહ અ૦
" " ઝાહિર અ૦
" " મુસ્તનસિર અ૦
" " નિઝાર અ૦

# HAZRAT MOWLANA IMAM MU'IZZ.

( A. H. 341-365 )

(૧૪)

# હઝરત મૌલાના ઇમામ મોએઝ અ૦

( હિજરી સન ૩૪૧–૩૬૫ )

હઝરત ઇમામ મોએઝ અ.નું પુરૂ નામ અબુ તમીમ મઆદ હતું. રાજ્યાસને બિરાજતી વેળાએ ઇમામે "મોએઝ લે દીનિલ્લાહ" લકબ ધારણ કર્યો હતો. તેઓશ્રીનો જન્મ મઘરિબ આફ્રિકાના "મહેદીયા" નામના શહેરમાં હિજરી સન ૩૧૯ના રમઝાન માસની ૧૧મી તારીખે થયો હતો. હિજરી સન ૩૪૧ના સવ્વાલ માસના ચાંદના દિને તેઓશ્રી ઇમામતની મસનદે બિરાજમાન થયા હતા. તેઓશ્રીનો ૨૩ વર્ષ અને ૬ મહિના રાજ્યઅમલ રહ્યો હતો. અબ્બાસી ખલીફાઓમાંથી મુતી'અ બિન મુકતદિર ૩૩૪–૩૬૩ અને તા'ઇ બિન મુતી'અ ૩૬૩–૩૮૧ ઇમામના સમકાલીન હતા.

બની ફાતિમીઓના દારૂલ ખિલાફતને મિસરમાં સ્થાપનાર હઝરત ઇમામ મોએઝ અ.ના કેટલાક જુદા જુદા સિક્કાઓ સચવાયેલા આજે મળી આવે છે, તેમાં હિજરી સન ૩૪૭ના સિક્કામાં પવિત્ર કલમા ઉપરાંત વચલા વર્તુળમાં "વ અલીયુન અફઝલુન વસીયીન વ વઝીરે ખયરૂલ મુરસલીન" એ શબ્દો કોતરેલા છે. બીજા વિભાગમાં "અલ મોએઝ લે દીનીલ્લાહ અમીરૂલ મોમિનીન" અને છેક અંદરના વર્તુળમાં તથા વચલા દાયરામાં "દઆઉલ ઇમામ મઆદ લ તવહિદુલ્લાહદ્દુસ્સમદ" અને હાંસિયામાં "બિસમીલ્લાહ" શબ્દ પછી ટંકશાળના સ્થળ તરીકે મન્સુરીયા અને સિક્કા પાડવાની સાલ ૩૪૭ કોતરેલાં છે. આ સિક્કાનું વજન ૬૨ થી ૬૩ ગ્રેન (ઘઉંભાર) છે.

મિસરની ટંકશાળમાં હિજરી સન ૩૬૩માં પાડેલી દીનારો ફકત ટંકશાળના નામના અપવાદ સિવાય મન્સુરીયાની દીનારો પ્રમાણેનીજ છે. દારૂલ ખિલાફત મિસરમાં છાપવામાં આવેલા સિક્કામાં આ દીનાર સર્વથી પહેલી છે. જેને અંગે મિસરની ચડાઇની, જોહરે ફતેહ કરી તેની અને નવિન શહેર કેરો બાંધવાની યાદગીરી એ દીનાર પુરી પાડે છે. આ પ્રસંગે એ પણ જણાવવાની જરૂરત છે કે ગાઝી જોહર મિસર ફતેહ કરવા મહેદીયાથી રવાના થયા તે પ્રસંગે હિજરી સન ૩૫૮માં પાડેલી સોનાની દીનારો પણ મળી આવે છે.

## ઇમામની ફઝીલત.

"મધ્ય યુગનો ઇતિહાસ"ના કર્તા મી. લેન પુલ લખે છે કે મિસર વિજેતા હઝરત ઇમામ અલ–મોએઝ અ. બની ફાતિમીઓના ઇતિહાસમાં એક નવું પાનું ઉમેરે છે. તેઓ જન્મથીજ રાજદ્વારી પ્રકૃતિવાળા હોઇને સ્ટેટસમેન=રાજનીતિજ્ઞ હતા અને વિજય મેળવવાની તકનો લાભ લેવા કદીયે ચુકતા ન્હોતા. ઇમામનું વિદ્યાજ્ઞાન એટલું તો વિશાળ હતું કે તેઓ અરબી ભાષામાં કાવ્યો લખતા અને સાહિત્યમાં રસ લેતા હતા. તેઓશ્રીએ યુનાની ભાષાનો અભ્યાસ કર્યો હતો. બરબર અને સુદાની ભાષાઓ બોલતા હતા અને

પૂર્વ યુરોપના ગુલામો સાથે વાતચીત કરી શકવા માટે સ્લાવોનીક ભાષાનું પણ તેઓશ્રીએ જ્ઞાન મેળવ્યું હતું. તેઓશ્રીનું વકતૃત્વ એટલું તો ઉચ્ચ પ્રકારનું હતું કે ભલભલેરાઓનાં માથા હલી જતાં હતાં. રાજકૌશલ્યની જોડાજોડ ઈમામના અનેક ગુણોમાં અદલ ઇન્સાફ માટેનો તેઓશ્રીનો અનહદ પ્રેમ સાફ તરી આવતો હતો.

ઇતિહાસકાર ઓલીયરીનાં કથન મુજબ પોતાના વડીલો કરતાં અસાધારણ ગુણો હઝરત ઇમામ મોએઝ અ. ધરાવતા હતા. સર્વ પ્રજાના માર્ગદર્શક રહેબર અને કુશળ રાજ્યકર્તા તરીકે તેઓશ્રી પુરવાર થઇ ચુકયા હતા, એટલુંજ નહિં પણ હિમ્મત, વીરતા, સાહસિકતા, સંસ્કૃતિ, વિદ્યાપ્રેમ, કળા, અને વિદ્યારસિકતાથી ઈમામનો રાજ્યઅમલ દીપી નીકળ્યો હતો.

## દેશનું બંધારણ અને સુવ્યવસ્થા.

તેઓશ્રીના પ્રતાપે મધરિબ આફ્રિકાએ ઘણી પ્રગતિ કરી હતી. પ્રજાની સુખશાંતિના દરેક સાધનોની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેના પરિણામે લોકોનું જીવન સુખમય અને નચિંત બન્યું હતું. દેશની આંતરિક અશાંતિ તેઓશ્રીએ મજબુતીથી દાબી દીધી અને દરેક કાર્ય માટે કાયદા કાનુન મુકરર કર્યા. પ્રાંતોની જાતે મુલાકાત લઇ જીલ્લાવાર વ્હેંચણી કરીને તેના પર અનુભવી, ઠરેલ અને યોગ્ય અમલદારો નિમ્યા. ઉપરાંત તેઓશ્રીએ "નિઝામીયા" અને 'મિલિશીયા' સૈન્ય પણ તૈયાર કર્યું. "નિઝામીયા" સૈન્ય કાયમ માટે રહેતું હતું, જ્યારે 'મિલિશીયા' સૈન્યની યુધ્ધ વખતે ભરતી કરવામાં આવતી હતી. "મિલિશીયા" ફોજમાં લડાયક કોમના લોકો દાખલ થતા હતા. રાજ્યને લશ્કરી ધોરણે મજબુત બનાવવામાં આ બન્ને સૈન્યો ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો. દરિયાઇ કાફલો પણ વ્યવસ્થિત કરવામાં આવ્યો હતો અને વ્યાપાર હુન્નરને ઘણું ઉત્તેજન મળતું હતું.

## ઈમામની ઉદાર માફી.

અબુ યઝીદના ફિતનામાં સંડોવાયેલા બરબરી કબીલાના કેદીઓ અને અન્યોને હઝરત ઇમામ મોએઝ અ.એ. રાજસિંહાસને આવતાં જીવતદાન આપ્યું, અને તેના સૈન્યના બાકી રહેલા સરદારોને ઇમામ સન્મુખ ઉભા કરવામાં આવ્યા પછી માફી બક્ષવામાં આવી. ઇમામનું કૃપા ભરેલું વર્તન જોઇ મુહમ્મદ બિન ખિઝર તથા બીજાઓએ ઇમામની દરબારમાં માથું ઝુકાવ્યું અને દઅવત કબુલ કરી, વફાદારીના સોગંદ લઇને ઈમામના હાથ ઉપર એજ સ્થળે બયઅત કરી સઘળા ઇસ્માઇલી થયા.

હઝરત ઇમામ મોએઝ અ.ની ખિલાફત દરમ્યાન અનેક મહત્વના બનાવોમાં મિસરના વિજય પછી તેના સિપેહસાલાર ગાઝી જોહરે કેરો શહેર વસાવ્યું અને ત્યારપછી ફાતિમી સલતનતના "દારૂલ ખિલાફત" તરીકે એ શહેરને ઈમામે પસંદ કર્યું. આ સ્થાને મિસરની એ યુગની રાજકીય સ્થિતિનું અવલોકન કરવાની જરૂર છે.

## ગુલામ કાફુર અંગરક્ષક.

"એ શોર્ટ હિસ્ટરી ઓફ ધી ફાતિમીડ ખિલાફત"ના કર્તા મી. ઓલીયરી જણાવે છે કે મિસર ખાતે હિજરી સન ૩૩૫માં ઇખ્શીદ મુહમ્મદ બિન તુગ્ઝનું અવસાન થયા પછી તેનો પુત્ર અબુલ કાસિમ ઉન્જુર ગાદી ઉપર આવ્યો. આ સમયે તેની ઉમર ૧૫ વર્ષની હતી. મર્હુમનો હબસી ગુલામ કાફુર દેખાવે બિહામણો, શરીરે ભારી અને પગે કદરૂપો હતો. તેના હોઠ જાડા હતા. તેને ૧૦ વર્ષની ઉમરમાં એક મિસરી અમીરે ખરીદયો હતો, એક વખતે બાદશાહની હુઝુરમાં કાફુરનાં હાથે અમીરે ભેટ મોકલાવતાં તેણે કાફુરને રાખી લીધો, અને એ પછી તે ધીમે ધીમે આગળ વધતો ગયો. પ્રથમ તે ઇખ્શીદીના

હરમમાં સેવા કરતો હતો. પરંતુ પાછળથી રાજદ્વારી કાર્ય તેની પાસેથી લેવામાં આવ્યું. તેણે પોતાના મિલનસાર સ્વભાવથી અને મીઠાં વચનોથી રાજ્યના દરેક કર્મચારી સાથે મિત્રતા સાધી લીધી અને છેવટે ઇખ્શીદીએ પોતાના બે પુત્રોના અંગરક્ષક તરીકે તેની નિમણુંક કરી.

## કાફુરના કાવાદાવા.

મિસરનો અમીર ઇખ્શીદી મરણ પામતાં રાજ્યમાં બળવો ફાટી નીકળ્યો. કાફુરે દુરંદેશી વાપરી બળવો દાબી દેવાથી રાજ્ય અને પ્રજા બન્નેમાં તેની લોકપ્રિયતા વધી ગઇ. રાજ્યમાંની અશાંતિ હજી પુરેપુરી શમી નહોતી, એવામાં ખબર મળ્યા કે હમદાન કબીલાવાળો સૈફુદ્દવલા અલી શામના પાટનગર દમિશ્કનો કબજો કરી રમલા ઉપર ચઢાઇ લઇ આવે છે, એક મોટા લશ્કર સાથે તેનો મુકાબલો કરવા કાફુર જાતે બહાર પડયો. બન્ને પક્ષનો ભેટો થતાં અલી હમદાની પરાજિત થઇ નાસી છુટયો. બીજી તરફ લુંટનો પુષ્કળ માલ હાથ કરી કાફુર મિસરમાં પાછો ફર્યો. આ વિજયે તેની ખ્યાતિમાં ઘણો વધારો કર્યો. જો કે રાજ્યબંધારણ અનુસાર તે કંઇ સત્તા ધરાવતો નહોતો તો પણ કુનેહથી સઘળું કામકાજ તેના હાથમાં આવી પડયું. પ્રજાજનોમાં કાફુર હવે "ઉસ્તાદ"ની સંજ્ઞાથી ઓળખાવા લાગ્યો. સમય જતાં જુમ્આની બંદગીના ખુત્બામાં પણ તેનું નામ લકબ સાથે લેવામાં આવ્યું. સગીર રાજા ઉન્જુર મોટો થતો ગયો તેમ તેમ વાલીપદ ભોગવતા કાફુર અને રાજા વચ્ચે અણબનાવ થતાં, છુપી દુશ્મની વધવા લાગી અને બન્ને અરસપરસ કાવાદાવા કરવા લાગ્યા. અંતે હિજરી સન ૩૪૯માં ઉન્જુર કાવત્રાંઓનો ભોગ થયો અને કાફુરે તેને ઝેર આપેલું હોવાથી તેનું મરણ થયું.

ઇતિહાસકાર મિર્ઝી લખે છે કે કાફુરે સઘળી સત્તા પોતાના હાથમાં રાખી રાજ્યાસને ઉન્જુરના નાના બંધુ અબુલ હસન અલીને બેસાડયો. નામ ખાતરના આ રાજાને તેણે ૪ લાખ દીનારનું વર્ષાસન બાંધી આપ્યું. પણ ખરી રીતે રાજ્યનું આખુંય તંત્ર કાફુરના હાથમાં હતું. નવા રાજાની વય ૨૩ વર્ષની થવા આવી તો પણ તે કોઇની મુલાકાત લઇ શકતો નહોતો; કારણ કે રાજમહેલમા તેને પુરી રાખવામાં આવ્યો હતો. હિજરી સન ૩૫૫માં તેનું પણ અવસાન થયું. તે સમયે કાફુરે ઝેર આપેલું હોવાની શંકા પ્રજાના મનમાં ઉત્પન્ન થઇ હતી.

## ગુલામ કાફુર–મિસરના અમીર તરીકે.

અમીર અબુલ હસન અલીના મરણ પછી થોડા સમય પર્યંત બગદાદના ખલીફની સંમતિવાળા રાજ્યકર્તા વિનાનું મિસર ખાલી રહ્યું; જો કે રાજ્યની સર્વ સત્તા આગળ જણાવ્યા મુજબ કાફુરના તાબામાં હતી. કેટલોક સમય વહી ગયા બાદ મિસરના અમીર તરીકે બગદાદના ખલીફ તરફથી ખિલ્અતનો મળેલો ઝબ્બો તેણે હિજરી સન ૩૫૫ના સફર મહિનાની ૧૦મી તારીખથી જાહેરમાં પહેરવાનું ચાલુ કર્યું.

કાફુર જ્યારે આ રીતે મિસરનો અમીર થયો ત્યારે હઝરત ઇમામ મોઇઝ અ.એ પોતાના કેટલાક દાઇઓ=મિશનરીઓને તેના પાસે મોકલાવ્યા, જેઓનું તેણે પોતાની દરબારમાં સુંદર રીતે સન્માન કરીને માન સહિત મુલાકાત લીધી તથા બની ફાતિમી ખલીફ તરીકે ઇમામ સાથે વફાદાર રહેવા માટે બયઅત કરી, એટલુંજ નહિ બલ્કે પોતાના હજુરીયા અને રાજ્યના મુખ્ય ઓધ્ધેદારો પાસેથી પણ વફાદારીનું વચન લેવરાવ્યું. આ એલચી મંડળની મુલાકાતના પરિણામે બની અબ્બાસીઓનાં વડપણમાંથી નીકળી બની ફાતિમીઓની છત્રછાયા કાફુરે સ્વીકારી.

## કાફુરનાં અંતિમ દિવસો.

કાફુરે કુલ્લે ૨૨ વર્ષ રાજ્ય કર્યું, જેનો અર્ધો ભાગ ઇખ્શીદી મુહમ્મદ બિન તુગ્ઝના બે શાહજાદાના "ઉસ્તાદ" કે વાલી તરીકે અને બાકીનો અર્ધો ભાગ સ્વતંત્ર 'અમીર' તરીકે તેણે ગાળ્યો હતો.

પોતાનાં શાસનકાળનાં અંતિમ સમયે તે પ્રજાજનોમાં અપ્રિય થઇ પડયો હતો, અને એશઆરામમાં પડી ગયેલો હોવાથી રાજકર્મચારી તરીકેની તેની બુદ્ધિ મંદ પડવા લાગી હતી. અગાઉ હમદાનીઓને હાર આપવામાં જે પરાક્રમ કાફુરે દેખાડયું હતું, અને ફાતિમીઓને મિસર પર ચઢાઇ લઇ આવવામાંથી રોકવા માટે જે સફળતાભરી બુદ્ધિ તેણે દેખાડી હતી, તેવી કુશળતા તે પાછળના ઝમાનામાં દેખાડી શકયો નહિ. તેનો પ્રભાવ દિવસે દિવસે ઘટતો જતો હતો. જ્યારે બીજી બાજુ શામમાં કરમતીઓ બળવાન થવા લાગ્યા. મકકા જતા મિસરી યાત્રાળુઓના કાફલા તેઓ લુંટી લેતા હતા. કાફુરે તેઓને કંઇ શિક્ષા કરી નહિ. ન્યુબીયાવાસીઓ પણ મિસરની દક્ષિણે આવેલા મુલ્કોમાં ભારે લુંટફાટ કરતા હતા; તેઓને પણ કાફુર અટકાવી શકતો નહિં.

## મિસરમાં અંધાધુંધી.

"આફતો આવે છે ત્યારે એક સામટી આવે છે," એ સુત્ર અનુસાર નીલ–નાઇલમાં પુર ન આવવાથી મિસરમાં દુકાળ પડયો. પ્રજા અતિશય પીડાવા લાગી. શામમાં કરમતીઓની લુંટફાટ અને ખુના-મરકી વધતી ગઇ. કરમતીઓનાં ઉપદ્રવને સમાવવા ગયેલા તુર્કી અને હુનાની સૈન્યને પગાર બરાબર ન મળતાં તેઓમાં પણ અસંતોષ ફેલાયો. આવી પરિસ્થિતિ દરમ્યાન અધુરામાં પુરું હિજરી સન ૩૫૬ ના જમાદીયુલ અવ્વલમાં કાફુર મરણ પામ્યો.

કાફુરના મરણ પછી મિસરમાં અંધાધુંધી વધી ગઇ. નવા અમીરની નિમણુંક માટે દરબાર ભરવામાં આવી, પણ તેનું પરિણામ શુન્યમાં આવ્યું. ઇખ્શીદ મુહમ્મદ બિન તુગ્ઝના એક પૌત્ર અબુલ ફવારિસ અહેમદની પસંદગી કરવામાં આવી, પરંતુ રાજકારોબાર તો કાફુરના સમયના વડા વઝીર ઇબ્નુલ ફુરાતની સત્તામાં રહ્યો. એવામાં કરમતીઓનાં હાથમાંથી છુટીને હુસેન બિન અબ્દુલ્લાહ બિન–તુગ્ઝ મિસર આવ્યો. તુર્કી લશ્કરે તેનો સત્કાર કરી પોતાના વડા જનરલ તરીકે તેને સ્વીકાર્યો, તરતજ તેણે વડા વઝીર ઇબ્નુલ ફુરાતને કેદ કરી તેની પાસેથી નાણાંની એક મોટી રકમ કઢાવી. તે પછી તે શામ તરફ પાછો ચાલ્યો ગયો.

## મિસરી પ્રજા ઇમામની સહાય માંગે છે.

લશ્કરીઓના પગાર ચઢી ગયેલા હોવાથી તેઓ ખુલ્લો બળવો કરવા તૈયાર હતા. તેઓને કાબુમાં રાખી શકે તેવી કોઇ વ્યકિત મિસરમાં નહોતી. આવી અવ્યવસ્થામાં અધુરામાં પુરું દુકાળ અને મરકીનો ત્રાસ ફેલાવા લાગ્યો જેથી મિસરની ઘણીજ ખરાબ હાલત થઇ પડી અને એ કટોકટી-માંથી ઉગારનાર મિસરમાં કોઇ નહોતું. દુઃખથી મોતને આંગણે આવેલી પ્રજાએ બની ફાતિમીઓને દેશની દુર્દશા ટાળવા અને મિસરના રાજકારોબારની લગામ હાથમાં લેવા માટેનું આમંત્રણ આપ્યું, પરંતુ કેટલાક સત્તાલોભી તાયફાવાળાઓ અને સગીર રાજા અબુલ ફવારીસને નામે તાગડધીન્ના કરવા ઇચ્છતા તેના પક્ષકારોનો સામનો થવાના સ્વભાવિક રીતે સંભવો હોવાથી ચઢાઈ લઇ જવા પહેલાં તે માટેની તૈયારી કરવામાં હઝરત ઇમામ મોએઝ અ. મશ્ગુલ થયા. સૈન્ય સરળતાથી કુચ કરી શકે તે માટે મહેદીયાથી છેક મિસર વેરના માર્ગમાં ઠેરઠેર કુવા ખોદાવ્યા, પડાવ નાખવા માટે નિયમિત અંતરે મંઝિલો કાયમ કરવામાં આવી અને શસ્ત્રાસ્ત્ર તૈયાર કરવાનો હુકમ બહાર પાડવામાં આવ્યો અને પોતાના માનિતા અબુલ હસન જોહરને વડા સેનાપતિ (કમાન્ડર–ઇન–ચીફ) મુકરર કર્યા.

## મહાન વિજેતા ગાઝી જૌહર.

આ સ્થાને ગાઝી જોહરનો પરિચય આપવો રસદાયક થઈ પડશે. ખાસ કરી મિસરવિજેતા તરીકે ઇતિહાસપ્રસિધ્ધ જોહરનો જન્મ ઇટાલીયન રાજ્યના સિસીલીમાં થયો હતો, જેને અરબ પ્રજા

"સકલીયા" ના નામે ઓળખે છે. એમનું પુરૂં નામ અબુલ હસન જૌહર બિન અબ્દુલ્લાહ છે. એમના પિતા આઇઝેન્ટાઇન સામ્રાજ્યના યુનાની કોમના એક માન્યવર પ્રજાજન હતા, અને સામાન્ય રીતે "યુનાની કાતિબ" તરીકે મશહુર હતાં. પિતાના રૂડા સંસ્કારની અસર પુત્ર જૌહર પર પડી હતી. સંજોગવશાત ગાઝી જૌહરનું ગુલામોનાં ટોળાં સાથે કયરવાનમાં આવવાનું થતાં, હઝરત ઇમામ મોએઝ અ. ગુલામ તરીકે તેમને ખરીદયા હતા. પાછળથી પોતાના સુંદર ચારિત્ર અને માલિકની વફાદારી ભરી ખિદમતના પ્રતાપે પ્રગતિ કરતા રહીને બની ફાતિમી સૈન્યના વડા સેનાપતિ (કમાન્ડર-ઇન-ચીફ)નો ઓધ્ધો તેઓ પ્રાપ્ત કરી શકયા હતા.

"રવઝતુસ્સફા" નામના ફારસી ઇતિહાસગ્રંથનું કથન છે કે ઇમામ પોતાના "મમ્લુક" જૌહરને ઉંચી પદવી ઇનાયત કરી એક મોટાં સૈન્ય સહિત મગરિબુલ અકસાના ઇલાકા ભણી રવાના કર્યા. તેઓ એ પ્રદેશ પર વિજય મેળવતા એટલે સુધી પહોંચી ગયા કે એટલાન્ટીક મહાસાગરનાં બંદરો અને ખાલેદાતના ટાપુઓ સુધી ઇમામની આણ ફેલાવી અને સમુદ્રની મશહુર માછલીનો શિકાર કરી, તેનું પેટ ચીરી ગનીમતના માલ સાથે ઇમામને ચરણે ધરવા મોકલી. આ ભેટ મોકલવામાં એવો ગર્ભિત ઇશારો કરવામાં આવ્યો હતો કે માછલીના પેટ પ્રમાણે આ તરફનો પ્રદેશ ચીરીને તેમાં ઘુસી જઇ સર કરવામાં આવ્યો છે, આથી હઝરત ઇમામ મોએઝ અ. એ આ જીતો મેળવવા માટે તેમને આશિર્વાદો મોકલાવ્યા.

## હઝરત હસન અ. ના વંશધરોને ઇમામનો ઉપદેશ.

વિજય મેળવતા રહી હઝરત હસન અ.ના બની ઇદ્રીસી વંશજના પાયતખ્ત ફેઝમાં ગાઝી જૌહર આવી પહોંચ્યાં, જ્યાં ઇબ્ને બકર અને ઇબ્ને વાસિલ નામના બે શખ્શો જેઓ "ઇમામત"નો દાવો કરતા હતા તેઓની સાથે સિજિલમાસાના શીરજોર બનેલા શાહઝાદાઓને લોખંડના પાંજરામાં કેદ કરી ઇમામની હુઝુરમાં મોકલવામાં આવ્યા. ઇમામે એ કેદીઓ ઉપર માયા કરી માન સહિત રાજસભામાં તેમને બેઠક આપીને કહ્યું:—"હે ઇદ્રીસ બિન હસન બિન અલી ઇબ્ને અબુ તાલીબ અ.નાં વંશજ તમારૂં અને અમારૂં ખાનદાન માન અને પ્રતિષ્ઠામાં અળગું નથી, પરંતુ એટલું યાદ રાખજો કે શારિરીક-વંશની તાબેદારી ધર્મી મનુષ્યો માટે વ્યર્થ છે. એ માટે હઝરત નુહ નબીનું દ્રષ્ટાંત મૌજુદ છે. "ઉલિલ અમ્ર"ની તાબેદારી માટે ઇસ્લામમાં કહેવામાં આવ્યું નહોત અને શીધી 'નસલ' બ નસલ ઝુર્રીયતના સીલસીલાને "ઇમામત" મળી નહોત, તો તમોને સમજાવવાની જરૂરત નહોત;પરંતુ ઇમામતની એ મસનદ ઉપર અમારો હક વાજબ છે, એ સબબે અમારી ઇમામતના સ્વીકારથી "અહ્લાદ" અને "ઝીલ કુરબા"ની ઇતાયત થઇ શકે છે, માટે તમારો ખોટો દાવો છોડી દઇ ખલ્કતને ખોટે માર્ગે જતી બચાવો! તમોને હવે પછી ખરી વસ્તુઓ જાણવા માટે વિચાર કરવા છોડી મુકવામાં આવે છે." આ પ્રમાણે શીખામણ આપી એ લોકોને જીવતદાન આપી છોડી મુકવામાં આવ્યા.

## ફાતિમી દરીયાઈ કાફલાના પરાક્રમો.

હિજરી સન ૩૪૪માં સ્પેનના ઉમવી ખલીફ નાસિરે એક મોટું વેપારી-બારકસ તૈયાર કરાવ્યું. આટલુ જંગી જહાજ કોઇપણ રાજ્યે એ યુગમાં બનાવ્યું નહોતું. એ બારકસ ધંધાર્થે બહરે રૂમ-ભુમધ્ય સમુદ્રનાં કાંઠેના શહેરોમાં મોકલવામાં આવ્યું. માર્ગમાં એક અન્ય વહાણ એ બારકસને મળ્યું, જેમાં સકલીયાના ગવર્નરનો કાસિદ રાજ્યના અગત્યના કાગળો લઇ હઝરત ઇમામ મોએઝ અ.ની હુઝુરમાં જઈ રહ્યો હતો: તેનો સઘળો માલ અસ્બાબ અને કાગળો લુંટી ઉમ્વી બારકસ જતું રહ્યું. એતો આપણે જોતાં આવ્યા છીએ કે ખિલાફતના આદિકાળથી બની ઉમૈયાઓ અને આલે રસુલ બની ફાતિમીઓ વચ્ચે આગળથીજ ચકમક ઝરતી આવી છે. તેમાં વળી આ નવી છેડતી કરવામાં આવી. એના સમાચાર મળતાં આ અપમાન માટે હઝરત ઇમામ મોએઝ અ.ને

ઘણું લાગી આવ્યું, અને નાસિર ઉમ્વીનો ગર્વ ઉતારવા એક ગંજાવર કાફલો તૈયાર કરાવી સકલીયાના ગવર્નર હસન બિન અલી કલ્બીના વડપણ હેઠળ સ્પેન ઉપર હુમલો લઇ જવા રવાના કર્યો. મજકુર કાફલાએ માયરાની બંદરમાં ઘુસી જઇને ત્યાંના સઘળા ઉમ્વી બારકસોને આગ લગાડી દીધી અને ફાતિમીઓનાં આયરીયાં લુંટી જનાર અને સિકંદ્રીયાથી માલ અસ્બાબ લઈ પાછા ફરેલા બારકસને પકડી લીધા અને આવી રીતે દુશ્મનોને તેમની દુશ્મનીની મજા ચખાડી ગનીમતનો માલ સાથે લઈ ફાતિમી કાફલો મોટી ફતેહ સહિત પાછો ફર્યો.

હઝરત ઇમામ મોએઝ અ. ના કાફલાએ આવી રીતે સ્પેનના ઉમ્વી ખલીફ નાસિરના બારકસોનો કચ્ચરઘાણ કાઢી નાખવાથી તે બહુ રોષે ભરાયો અને બની ફાતિમીઓ પાસેથી તેનો બદલો લેવા હિજરી સન ૩૪૫ માં તેણે ૭૦ લડાયક બારકસોનો એક કાફલો પોતાના નૌકા સેનાધ્યક્ષ=અમીરૂલ બહર ગાલિબ સાથે રવાના કર્યો, તેણે બની ફાતિમીઓનાં મુલ્કોમાં લુટફાટ કરી. આવી રીતે બની ફાતિમીઓ અને ઉમ્વીઓ વચ્ચે વખતોવખત લડાઇઓ થતી રહેતી હતી.

## ફાતિમીઓએ સર કરેલું મોરક્કો.

મગરિબના દેશોમાં ઉમ્વીઓનો ઝુલમ વધી પડતાં હઝરત ઇમામ મોએઝ અ. ના હુકમથી બની ફાતિમી સિપેહસાલાર ગાઝી જૌહરે તેનો ગર્વ ઉતારવા કુચ કરી, અને "સન્હાજ" ના એક સરદાર બિલકિન ઇબ્ને ઝીરી સાથે જોડાઈ જઇને યુધ્ધ માટેની તૈયારી કરી. આ એકત્ર થયેલા લશ્કરે ઉમ્વી સત્તા હેઠળના મુલ્કો ફાસ અને સિજિલમાસા તરફ આગળ વધી તે સર કર્યા. તક સાધી સ્પેનના ઉમ્વીઓ બળવો કરે તો તેને પુગી વળવા પશ્ચિમ જાણી કુચ કરી છેક સમુદ્રના કાંઠા સુધીનો સઘળો મગરિબ પ્રદેશ જીતી લીધો. બની ફાતિમીઓ પ્રત્યેની દુશ્મનાવટના કારણે સ્પેનના ઉમ્વીઓનું બળ ઘણું જ નબળું પડી ગયું જેથી એ રાજ્યસત્તાનો પ્રાણઘાતક અંત અંતે ખ્રિસ્તી કાસ્ટીલ વંશીના હાથે આવ્યો અને તેથી મુસ્લિમ બળને એક મોટો ફટકો પડવા પામ્યો હતો.

## એટલાન્ટિકના મુલ્કો પર ફરકતો ફાતિમી ઝંડો.

મગરિબ (આફ્રિકા) નો મુલ્ક ઉમ્વી અસરથી મુક્ત કરી ગાઝી જૌહરે એ પ્રદેશમાં શાંતિ સ્થાપી. આ સમય દરમ્યાન બની ફાતિમીઓ વિરૂધ્ધ જઈ યાઅલી બિન મુહમ્મદ યફરનીએ ઉમ્વીઓની ખુલ્લી તરફેણ કરી અને ગવર્નર તરીકેના પોતાના તાબાના શહેરોમાં બની ઉમૈયાનો ખુત્બો પઢાવ્યો. એના સમાચાર ગાઝી જૌહરને મળતાં "મગરિબુલ અવસત" માં પહોંચી જઈ ઉમ્વી ગવર્નરનો વધ કરી હિજરી સન ૩૪૮ માં એટલાન્ટિક મહાસાગરના કિનારા સુધીના સઘળા દેશો જીતી લઈ, બધા ઉમ્વી ગવર્નરોને હાંકી કાઢયા અને એ રીતે બની ફાતિમી ઝંડો એટલાન્ટિક સમુદ્રના આખાય કિનારા ઉપર ફરકતો કરવામાં આવ્યો.

## રૂમીઓ ઉપર મુસ્લિમોનો વિજય.

સ્પેનના ઉમ્વી ખલીફ હકમ બિન હિશામે પોતાની રૈયતના કેટલાક લોકોને સિકંદ્રીયા ખાતે દેશપાર કર્યા હતા. આ દેશપાર થયેલા શખ્સોએ હિજરી સન ૨૧૦ માં પોતાના સરદાર અબુ હફસ બિન ઉમર શુએબ બલોતીની સરદારી તળે ક્રીટનો ટાપુ રૂમીઓ પાસેથી સર કર્યો હતો. હિજરી સન ૩૫૦ સુધી અબુ હફસ વંશ ક્રીટશમાં રાજ્ય કરતો રહ્યો; તે પછી હિજરી સન ૩૫૧ માં રૂમીઓનું મોટું જંગી લશ્કર એ ટાપુ ઉપર હલ્લો કરવા ચઢી આવ્યું. રૂમીઓનો મુકાબલો કરવા પુરતી શકિત ન

હોવાથી મદદ મેળવવા ક્રીટશના રાજ્યકર્તાએ, હઝરત ઈમામ મોએઝ અ.ને યાચના કરી. આથી ઈમામે તેઓની કુમકે પોતાનું લશકર મોકલ્યું અને ક્રીટશની ફોજ સાથે મળી જઈને આ બન્ને લશ્કરે રૂમીઓ સાથે દારૂણ યુધ્ધ કર્યું. જેમાં મુસ્લિમોનો વિજય થયો અને રૂમના ખ્રિસ્તી લડવૈયાઓની મોટી સંખ્યાને કેદી તરીકે પકડવામાં આવી.

## ફાતિમી પ્રતાપે સકયાલીનું ગૌરવ.

થોડા દિવસ પછી બની ફાતિમી સૈન્ય વિદાય થતાં રૂમીઓ ફરી પાછા ચઢી આવ્યા અને તેઓએ ક્રીટશ સર કરી લીધું. આ વેળાએ ક્રીટશના મુસ્લિમોએ અન્ય દિશાએથી એનો બદલો મેળવી લીધો, સકલીયાના જે સઘળા કિલ્લાઓ રૂમીઓના કબ્જામાં હતા, તે સર્વે હિજરી સન ૩૫૧ થી ૩૫૪ સુધીમાં ફતેહ કરી લઈને રૂમીઓની એ બેટ પરની સત્તા જડમુળથી ઉખેડી નાખી અને બની ફાતિમીઓના વડપણ હેઠળ હસન બિન અલી કલ્બીના વંશજોએ એક સદીથી વધારે મુદત સુધી ત્યાં રાજ્ય કર્યું. કલ્બી અમીરોની સત્તા તળે સકલીયા ઉન્નતિની ટોચે આગળ વધતું રહ્યું અને વિદ્યા હુન્નરનો ચોમેર પ્રચાર થયો. બગદાદ અને કોર્ડોવાની યુનીવર્સીટીઓની તુલનામાં પાલેર્મોની વૈદક વિદ્યાપીઠ જરાયે ઉતરતી નહોતી. રાજ્યની સુવ્યવસ્થાથી પ્રજાની આબાદી અને જ્ઞાનવૃધ્ધિના સાધનો વધી ગયા. સારાંશ બની ફાતિમીઓની સરપરસ્તીના પ્રતાપે આ ગૌરવ સકલીયાને પ્રાપ્ત થયું હતું.

ઈટાલીમાંથી મુસ્લિમોને હાંકી કહાડવા રૂમના ખ્રિસ્તી બાદશાહ કોન્સ્ટન્ટાઈનની સહાયતા લઈ ખ્રિસ્તીઓના વડા ધર્મગુરૂ પોપ યુહન્ના દસમાએ લશ્કર એકઠું કરી ચઢાઈ કરી, પરંતુ તે પોતાના એ પ્રયત્નમાં ફળીભુત થયો નહિં, અને તેની નિષ્ફળતા ખાસ કરી બની ફાતિમી લડવૈયાઓની વીરતા અને ફાતિમી સરદારોની કુશળતાને આભારી હતું.

## ઈમામ મોએઝ અ. નો પ્રભાવ–'કરફયુ ઓરડર.'

ઇતિહાસકાર સ્ટેન્લી લેન–પુલ લખે છે કે ગાઝી જોહરે મગરિબ (આફ્રિકા) માં જે ફત્તેહો મેળવી તે ખરી રીતે કહેતાં હઝરત ઇમામ મોએઝ અ. ની રાજકીય કુટનીતિ અને અંગત લાગવગને આભારી લેખાય. બની ફાતિમીઓની કહેવાતી 'ઇલ્હાદી' માન્યતાના કટ્ટર વિરોધી મુલ્લાંઓ અને શેખોથી એ ઝમાનામાં ખુદ પાટનગર કયરવાન ખદબદી રહ્યું હતું. કોઇપણ પ્રકારે બનાનું કાંઈ રાજ્ય સામે બળવો ઝઘાડવા તેઓ રાત દિવસ તક જોતા બેઠા હતા, પરંતુ હઝરત ઇમામ મોએઝ અ. એ વિષયમાં પુરા સાવધ હતા, અને તેથી ટંટા ફિસાદ ઝઘાડવામાં હંમેશના પાવરધા આ મુલ્લાંઓને લગાર ઉભા કરવાનો કોઈપણ પ્રસંગ નહિ આપવા માટે કેટલાક ઉપાય લેવામાં આવ્યા હતા અને સમય અનુસાર 'કરફયુ ઓરડર' રાત્રી ફરમાન કહાડવામાં આવ્યો હતો; અર્થાત સુર્ય આથમતી વખતે દરેક શેરીમાં બ્યુગલ ફુકી લોકોને ચેતવણી આપવામાં આવતી હતી, અને તેને અનુસરી સઘળા લોકો પોતાના ઘરોમાં જતા રહેતા હતા. આ હુકમનો ભંગ કરનાર મોતને શરણે થતો હતો. બળવાખોરો શાંતિ જાળવતા હતા, ત્યાંસુધી તેમની જોડે ન્યાયસર વર્તન કરવામાં આવતું હતું.

## શેખોનું ડેપ્યુટેશન–ઈમામની મુલાકાતથી મળેલી નવી પ્રેરણા.

ઇતિહાસકાર મિક્રિઝી દર્શાવે છે કે, આ અશાંતિના સમય દરમ્યાન શેખોનું એક ડેપ્યુટેશન હઝરત ઇમામ મોએઝ અ. ની મુલાકાતે આવ્યું હતું. ઇમામે આ વખતે તદન સાદો પોશાક ધારણ કર્યો હતો અને ડેપ્યુટેશન સાથે જે ઓરડામાં મુલાકાત થઇ તેમાં પુસ્તકો સિવાય અન્ય કોઈ પ્રકારની ભપકાદાર

સામમોનું નામ નિશાન પણ ન્હોતું. ઇમામ ખાનગીમાં જાહોજલાલી અને મોજમજાભર્યું જીવન ગાળે છે, એવો શેખોને ખ્યાલ હતો; પરંતુ આ સ્થિતિ જોઇને તેમના વિચારોમાં પરિવર્તન થયું. આ મુલાકાત પ્રસંગે થયેલી વાતચીત દરમ્યાન ઇમામે જણાવ્યું, કે "હું એકલો હોઉં છું ત્યારે કેવા કાર્યમાં મશગુલ રહું છું તે તમો જોઇ શકો છો. પૂર્વ અને પશ્ચિમના મુલકોમાંથી જે પત્રો આવે છે, તે હું જાતે વાંચુ છું અને તેના જવાબો પણ મારા હાથેજ લખું છું. દુનિયાની સઘળી મોજમજાહથી હું પર છું અને ફકત તમારી જીંદગીની સલામતી, તમારી આલઔલાદની આબાદી અને તમારા દુશ્મનોના પરાજય માટે હું નિરંતર પ્રયત્ન કરૂં છું. હું તમોને ફરમાવું છું કે, એક પુરૂષ માટે એક પત્નિ પુરતી છે. તેનું તમો ભરણપોષણ કરશો તો ખુદાએ જેમ આપણને મધરિબમાં વિજય આપ્યો છે, તેમ મશરિકમાં પણ આપણો વિજય થશે." તે પછી ડેપ્યુટેશન નવીન પ્રેરણા અને નવીન વિચારથી પ્રભાવિત થઇને છુટું પડ્યું.

## ગાઝી જૌહર મિસરના માર્ગે.

આપણે આગળ જોઇ ગયા છીએ કે મિસરના અમીર કાફુરે બની ફાતિમીનું વડપણ સ્વીકાર્યું હતું અને તે પછી તેનું મરણ થતાં મિસરમાં અંધેર વ્યાપી રહ્યું હતું; પરિણામે ઘણી કપરી સ્થિતિ થઇ પડતાં હઝરત ઇમામ મોઈઝ અ.ને મિસર આવવાનું મિસરી પ્રજાએ આમંત્રણ આપ્યું હતું. એ દરમ્યાન ઇમામના જનરલ જોહર, ઉપર જણાવ્યા પ્રમાણે મધરિબના આખાયે પ્રદેશમાં બની ફાતિમીઓનો ઝંડો ફરકતો કરી મહેદીયાહ પાછા ફરતાં મિસર પર કુચ કરવાનો તેમને હુકમ મળ્યો. મિસરના રાજપ્રકરણમાં લાંબી મુદત સુધી અગત્યનો ભાગ ભજવનાર યાકુબ બિન કિલીસને પણ આ ચડાઇમાં ગાઝી જૌહરની સાથે મોકલવામાં આવ્યો.

હિજરી સન ૩૫૮ના રબીઉલ આખિરની તા. ૧૪મીના ગાઝી જૌહરે મિસર ભણી પ્રયાણ કર્યું. એક લાખ બહાદુર અસ્વારો તેમની સાથે હતા. રાજ્ય તરફથી એક હજાર અને બસો પેટીઓ નગદ નાણાંની આપવામાં આવી હતી. જૌઝ નામના ઇમામનાં એક સાચા આશકે એક લાખ અશરફી અને બાવીસ હજાર દિરહમો ચઢાઇના શુભ પ્રસંગે ગાઝી જૌહરના લડાઇના ધનભંડારમાં વધારો કરવા ઇમામને અર્પણ કર્યા, જે અતિ આનંદ સાથે સ્વીકારી ઇમામે તેને દુઆઆશિષ ફરમાવ્યા.

બની ફાતિમીઓના સમયનો ખાસ ઇતિહાસકાર મિકેઝીના આધારે મી. લેન-પુલ લખે છે કે બે કરોડ ચાલીસ લાખ સોનાની દીનાર મિસરની ચઢાઇ પ્રસંગે છુટે હાથે બક્ષિસ આપવામાં આવી હતી. એક લાખ નખશીખ શસ્ત્રો સજ્જિત અશ્વસેના તથા પુષ્કળ પાયદળની સરદારી આપી ઇમામે જનરલ જૌહરને મિસર ભણી રવાના કર્યો. એક હજાર ઊંટો તથા વાટ ખર્ચના નાણા અને સરસામાન ઉપાડવા અસંખ્ય ભારબરદારી ઘોડાઓ પણ તેમના સાથે હતા.

હઝરત ઇમામ મોઈઝ અ. ગાઝી જૌહરને વિદાય આપવા પોતાના દરબારીઓ સહિત પધાર્યા ત્યારે ગાઝી જૌહર ઇમામના ચરણોમાં પોતાનું માથું નમાવી આજ્ઞા મળવાની ઇન્તેજારીમાં ઉભા હતા. ઇમામ ઘોડા પર અસ્વાર હતા. તેઓશ્રીએ ગાઝી જૌહરને કેટલીક ભલામણો કર્યા બાદ પોતાના ચારે શાહઝાદા અબદુલ્લાહ, નિઝાર, તમીમ અને એકીલને ઘોડા પરથી હેઠળ ઉતરી ગાઝી જૌહરને વિદાય આપવાની આજ્ઞા કરી. એ જોઇને રાજ્યના સઘળા ઉચ્ચ દરજ્જાના સત્તાધારીઓ અને ઉમરાવો પણ પોતાના અશ્વો પરથી ઉતરી પડ્યા અને શાહઝાદા સાથે સઘળાઓએ ગાઝી જૌહરને વિદાયગીરીની સલામી આપી. પોતાના આકા હઝરત ઇમામ મોઈઝ અ.ના દસ્ત મુબારકનું ચુંબન લઇ ગાઝી જૌહરે પોતાનું માથું ઇમામના અશ્વની ખરીઓ પર મુક્યું. ઇમામે પ્રસન્ન થઇ તેમને કુચ

કરવા હુકમ આપતાં વેંતજ વિદાયના બ્યુગલો ફુંકાવા માંડયા અને સઘળાઓનાં વિજયનાદોથી વાતાવરણ ગરજી ઉઠયું. ગાઝી જૌહર પોતાના લશ્કરને લઇ ખુશાલીના પોકારો સાથે માર્ગ કાપવા લાગ્યા.

## ગાઝી જૌહર સમક્ષ મિસરી ડેપ્યુટેશન.

ત્યારપછી હઝરત ઇમામ મોઇઝ અ.એ વિદાય આપતી વખતે સજેલા વસ્ત્રાલંકાર અને બખ્તર વિગેરે ગાઝી જૌહરને એ શુભ પ્રસંગની યાદ તરફે ભેટ મોકલાવ્યા અને ગાઝી જૌહરના સત્કાર માટે અને વફાદારીની બયઅત કરવા માટે, માર્ગમાં આવતા મુલ્કોનાં સઘળા ગવર્નરોને કાસિદો મારફતે કહી મોકલાવ્યું. પરંતુ બરકાના ગવર્નર અફલાએ મોટાઇના વિચારોથી ઇમામના સંદેશાની બિલકુલ પરવા કરી નહિ અને ગાઝી જૌહરને એક લાખ દીનારના બદલામાં ફોસલાવીને બયઅત માટે અખાડા કરવાની ઇચ્છા દર્શાવી. પરંતુ ગાઝી જૌહરના પવિત્ર વિચારો અને ગવર્નરના ગંદા વિચારોમાં ઝમીન આસમાન જેટલો તફાવત હતો. ગાઝી જૌહર તેના ફંદામાં ફસાયા નહિં. અંતે ગવરનર અફલાને બયઅત અને તાબેદારી સ્વીકારવી પડી.

લશ્કર સહિત આગળ વધતાં એલેક્ઝાન્ડ્રીયા પર ગાઝી જૌહરે ચઢાઇ કરી. અંતે ઉદાર શરતોના પરિણામે એ નગર શરણે આવી ગયું. આ પ્રમાણે ઇમામનું સૈન્ય વિજયડંકા વગાડતું આગળ વધી રહ્યું હતું, તેના સમાચારથી "ફુસ્સાત"ના ગવરનર અને અમલદારો એવા નિર્ણય પર આવ્યા કે પ્રજાજનોના જાનમાલની સલામતીની શરતે, વઝીર ઇબ્નુલ ફુરાતે સુલેહ માટે ગાઝી જૌહરને પત્ર લખવો અને આ પત્ર ફાતિમી વંશના માનનિય અમીર અબુ જાફર મુસ્લિમ બિન ઉબૈદુલ્લાહની આગેવાની હેઠળ એક ડેપ્યુટેશનના આકારમાં જઈ હાથોહાથ આપી પ્રજાની ઇચ્છાનો ખુલાસો કરવો. આ બાબત વઝીર ઇબ્નુલ ફુરાતે કબુલ રાખી અને યોગ્ય અરજી લખવાની વ્યવસ્થા કરવામાં આવી.

હિજરી સન ૩૫૮ના રજબની ૧૮મી તારીખે અમીર અબુ જાફર મુસ્લિમ બિન ઉબૈદુલ્લાનાં વડપણ હેઠળ નામાંકિત નરોનું એક ડેપ્યુટેશન મિસરથી રવાના થયું અને તેણે "તારૂજુ" નામના ગામમાં ગાઝી જૌહરની મુલાકાત લીધી. ડેપ્યુટેશને વિસ્તારપૂર્વક પોતાનું નિવેદન તેમની સમક્ષ રજુ કર્યું. ગાઝી જૌહરે શરતો નક્કી કરી કરારનામું લખી આપ્યું, જે કરારનામું લઇ ડેપ્યુટેશન 'ફુસ્તાત' ખાતે પાછું ફર્યું.

## કરારનામાનો ભંગ—ઇખ્શીદીઓનો બળવો.

મિસરનો વઝીર ઇબ્નુલ ફુરાત પ્રજાજનો સહિત ડેપ્યુટેશનનો સત્કાર કરવા શહેર બહાર આવ્યો. ત્યાં આગળ પેલું કરારનામું વાંચી સંભળાવવામા આવ્યું અને લોકોની જાનમાલની સલામતીની મંજુરીવાતવાળા ગાઝી જૌહરના પત્રો તેને સોંપવામાં આવ્યાં. તે પછી કરારનામાની શરતો વિષે હાજર રહેલાઓએ ચર્ચા ચલાવી પરંતુ કોઇપણ ચોકકસ નિર્ણય પર આવી શકાયું નહિ. અમુક શરતોના સંબધમાં મિસરીઓ વચ્ચે મતભેદ પડયો. ઇખ્શીદી અમલદારો ગાઝી જૌહરની કબુલાતનાં વિરોધી હતા અને તેઓએ લડાઇ માટેની તૈયારી કરી. "નેહરીર અશ્શોઇઝાઇ"ને સેનાપતિ બનાવી વિરોધી પક્ષે શસ્ત્રો સજી "ગીઝા" બણી કુચ કરી.

"ફુસ્તાત"થી મિસરીઓ ઇખ્શીદી લશ્કર સહિત હુમલો લઈ આવે છે એવી ખબર ગાઝી જૌહરને મળતાં, તેમનો સામનો કરવા પોતાનો પડાવ ઉપાડી લીધો અને તા. ૧૧મી શાબાનના દિન ગીઝા ખાતે ફાતિમી સૈન્ય આવી પહોંચ્યું. દુશ્મનોના મથકનો કબજો કરવા ફાતિમી સૈનીકો તુટી પડયા. પહેલાજ હુમલામાં સંખ્યાબંધ કેદીઓ પકડાયા. તેઓને કયરવાન બણી પહેરેગીર સાથે મોકલાવી આપી, ગાઝી જૌહરે આગળ વધવા માંડયું.

## મિસરીઓની યાચના—બીજું ડેપ્યુટેશન આવે છે.

આગળ જતાં "મુનીયાતુસ્સયાદીન" નામનું માછીઓનું એક ગામ હતું, જેનો ઘાટ દુશ્મનોના તાબામાં હતો. ફાતિમી સૈન્યે મુનીયાતુસ્લકાત નામનો ઘાટ કબજે કરી લેતાં દુશ્મનોના સૈન્યના એક ભાગે ઘાટની આ પાર આવી ગાઝી જોહરના ચરણોમાં પોતાના શસ્ત્રો મુકયાં. પરાજિત થવા છતાં કેટલાક દુશ્મનો એ ઘાટ ઉપર પહેરેગીરો રાખી વધુ હુમલો લાવવાની તૈયારી કરી, જે જોઇ ગાઝી જોહરે પોતાના વડા જનરલ જાફર ઇબ્ને ફલાહને ઘાટનો કબજો લેવા માટેની આજ્ઞા કરતાં કહ્યું:— "યાદ રાખો કે, તમારી સેવાની હઝરત ઇમામ મોએઝ અ.ને જે દિવસ માટે જરૂરત હતી, તે આજનો દિવસ છે" જાફરે ઘાટ પાર કરી જવાની તૈયારી કરી એટલામાં ખુદ જનરલ જોહરે પોતાનો સઘળો પોશાક શરીરેથી દુર કરી ઘાટમાંથી પેલેપાર જવાનું શરૂ કર્યું અને તેમની પાછળ સૈનિકો પણ પળ-વારમાં આવી પહોંચ્યા, જ્યાં ઇખ્શીદીઓ અને તેમના પક્ષકારો પર હુમલો કરી પુષ્કળ લોકોને કતલ કરી કેટલાક દુશ્મનોને કેદ પકડયા. રાત્રીનો એ સમય હોવાથી કેટલાકો પ્રાણ બચાવવા ઘાટ પરથી નાસી છુટયા અને શહેરોમાં જઇ ઘરોમાં ભરાઇ બેઠા. પોતાના લશ્કરની કફોડી સ્થિતિ જોઇ શહેરના લોકોને ભય લાગવા માંડયો, અને એક ડેપ્યુટેશન લઇ જઇ ગાઝી જોહરની ફરી ક્ષમા માંગવા અને વિનંતી પત્ર લખી તેમના પાસે લઇ જવા અબુ જાફરને તેઓએ અરજ કરી, જે તેણે કબુલ કરી. એક અરજી તૈયાર કરી ફાતિમી સેનાપતિને પહોંચાડવામાં આવી. જનરલ જોહરે પ્રજાજનોની વિનંતિ સ્વીકારી શહેરમાં લુંટ કે અત્યાચાર કરવાની સખ્ત મનાઇ કરનારો હુકમ બહાર પાડયો, જેથી નગર-જનોને શાંતિ મળી અને બજારો ખુલતાં શહેરનો નિયમસરનો કારોબાર ફરી ચાલુ થઇ ગયો.

ગાઝી જોહરના હુકમને અનુસરી દેશના આગેવાનો, સત્તાધારીઓ, અમીરો અને ધનાઢયોનું એક ડેપ્યુટેશન ગીઝા ખાતે ગયું અને તેણે તેમને શહેરનો સૈન્ય સાથે કબજો લેવા માટે પધારવાની વિનંતિ કરી. આ ડેપ્યુટેશનમાં હાજર રહેલાઓમાં વઝીર ઇબ્નુલ ફુરાત અને એલચી અબુ જાફર સિવાય સઘળા ઘોડા પરથી ઉતરીને પ્યાદા ચાલવા લાગ્યા. ગાઝી જોહરની ડાબી બાજુએ ઇબ્નુલ-ફુરાત અને જમણી બાજુએ એલચી અબુ જાફર કુચ કરવા અગાઉ ઉભા રહ્યા અને એવી રીતે સલામીની ક્રિયા પુર્ણ થયા બાદ સઘળા પ્રતિનિધિઓ પ્રથમ શહેર ભણી વિદાય થયા અને વિજયી ફાતિમી સૈન્ય પોતાના શસ્ત્રો સહિત સાંજે ચાર વાગે આકાશમાં લ્હેરાતી ધ્વજાઓ અને બેન્ડના રણકાર વચ્ચે હિજરી સન ૩૫૮ના શાબાન માસની ૧૭મી તારીખે મિસરમાં દાખલ થયું, જે વેળાએ પ્રજાજનોએ તેઓને હાર્દિક આવકાર આપ્યો. ગાઝી જોહરે આ અવસરે પોતાના શરીરે જરીયાનથી ભરપુર રેશમી વસ્ત્રો પોતાના હોદ્દાના ચિન્હ રૂપે પરિધાન કર્યા હતા અને ધોળા રંગના એક પાણીદાર અશ્વ ઉપર સવાર થયેલા હતા.

## અણધારેલો હલ્લો—અબુ યુસુફનો પરાજય.

ઇખ્શીદીઓના મળતીયા અને ફાતિમીઓ સાથેની સંધીની વિરૂધ્ધતા કરનારા કત્તામા કબીલાના કેટલાક અરબો શહેર બહાર ખીણોમાં ભરાઇ બેઠા હતા. ફાતિમી લશ્કર શહેરની ચોતરફ ફરીને મેદાન ભણી આવ્યું, ત્યારે ચેતવણી આપ્યા વિના તેઓએ હુમલો કર્યો. આ અણધારેલી ઘટનાથી ફાતિમી સૈન્ય સાવધ બનીને ભરાઇ બેઠેલા દગલબાજોને કુનેહથી ઘેરી ધીમે ધીમે આગળ વધતાં બાથોબાથ આવી ગયા. આ હાથોહાથની લડાઇમાં દુશ્મનોની મોટી ખુવારી થઇ અને તેમના સરદાર અબુ યુસુફને પકડી હાથે પગે બેડીઓ પહેરાવી ગાઝી જોહર પાસે લઇ જવામાં આવ્યો. ગાઝી જોહર સામે તુમાખી કરતાં અબુ યુસુફે કહ્યું:—"તું એમ નહિં સમજતો કે, હવે મિસર તારા તાબામાં આવી ગયું છે, હું જીવતો છું ત્યાંસુધી તું આ ભુમિનો ધણી થઇ બેસે એવી તારી તાકાત નથી."

આ શબ્દો સાંભળી રોષે નહિં ભરાતાં ગાઝી જોહરે તેની સામે મ્હોં મલકાવ્યું અને અબુ મુસફરને છોડી દેવાનો હુકમ કર્યો. તે પછી તેઓએ અબુ મુસફર ભણી એક તિવ્ર દ્રષ્ટિ ફેંકતા કહ્યું:—"જા, તું હવે છુટો છે અને તારી હોંશ પૂરી કરી લે 'તું બંદીવાન સ્થિતિમાં કાંઇ કરી શકયો નહિં' એમ હવે તને કહેવાનું કારણ નહિ રહે."

ગાઝી જોહરના આ વીરતાભર્યા વચનો સાંભળી તેમની ઉદારતા પર ફિદા થઇ વીર ગાઝીના ચરણોમાં અબુ મુસફર ઝુકી પડ્યો. તે પછી સઘળા કતામાના કબીલાવાળાઓ પણ તેની સાથે જોડાયા. આવી રીતે કુનેહ વાપરવાથી શહેરમાં સુલેહશાંતિ સ્થપાઇ.

## વિજયી ફાતિમી સેના—નવું શહેર વસે છે.

મિસરમાં પ્રવેશ કરવાની સાંજના "ફુસ્તાત" શહેર બહાર ફાતિમી સૈન્યે છાવણી નાખી. છાવણીની હદમાં ગાઝી જોહરે બારસો વાર જમીન ઉપર નિશાની કરી જુદી પાડી. ત્યાં આગળ એક નવું શાહી શહેર—દારૂલ ખિલાફત વસાવી તેમાં હઝરત ઇમામ મોએઝ અ.નો શાહી મહેલ બંધાવવાનો પ્લાન તૈયાર કરાવી ઇમામની હુઝુરમાં રવાના કર્યો. જેને ઇમામ તરફથી બહાલી મળી ગયા પછી ગાઝી જોહરે નવું નગર વસાવવાની યોજના હાથ ધરી. ઈમામના મહેલનો પાયો નાંખવાનું કામ શરૂ કરવા પહેલાં આખા પ્લાનના વિસ્તારોમાં મજુરોને કોદાળી સહિત ફરતા ગોઠવી દીધા જેથી હુકમ મળતાં એકજ વેળાએ એક સામટો ફરતો પાયો ખોદવાનાં કાર્યનો આરંભ કરી શકાય. રાત્રી પહેલાં પાયો નાખવાનું કામ આરંભાઇ ગયું અને જોતજોતામાં ભવ્ય તૈયારીઓ ચાલુ થઇ ગઇ.

બીજે દિવસે સવારના નગરજનો શહેરમાંથી બહાર નીકળી ફાતિમી સૈન્યની છાવણી તરફ આવતાં તેઓની અજાયબી વચ્ચે નવા નગરના પાયા નખાયલા જોયા. એ શહેરનું નામ "અલ—કાહિરા" રાખવામાં આવ્યું જે પાછળથી 'કેરો'ના નામે પ્રસિધ્ધ થયું અને આજેય ઇસ્લામી આલમમાં "ઉમ્મુદ દુનિયા—જગજનની" તરીકે મશહુર છે.

આ સ્થાને ગાઝી જોહરે નવાં વસાવેલાં શહેર અને તેની અંદર પોતાના આકા હઝરત ઇમામ મોઇઝ અ. અને રાજકુટુંબ તથા શાહી સૈન્ય વિગેરે માટે કરેલી વ્યવસ્થાનો ઉલ્લેખ કરવાની આવશ્યકતા છે, કારણ કે એ નવા શાહી શહેરની આબાદી થકીજ મિસરનું નામ જગમશહૂર થયું છે અને ફાતિમીઓની જ્વલંત કારકીર્દીએ અમર નામના મેળવી છે.

## ફાતિમી મિસરનાં નવા રંગરૂપ.

મિસર—અલ—અતિક અથવા પુરાણું ફુસ્તાત હિજરી સન ૨૧માં ઉલમાઓએ મિસર ફતેહ કર્યા પછી વસાવવામાં આવ્યું હતું. હિજરી સન ૧૩૩માં ફુસ્તાતના ઇશાન ખુણામાં "અલ અસ્કર" નામના પરાંનો ઉમેરો કરવામાં આવ્યો હતો. ખરી રીતે નવું શહેર ખાસ છાવણીના વપરાસ માટે હતું. હિજરી સન ૨૫૬માં અલકિતઇ નામની એક બીજી છાવણીનો ઉમેરો કરવામાં આવ્યો, જેનો પાછળથી અબ્બાસી ખલીફાએ થોડેક અંશે અગ્નિથી નાશ કર્યો હતો. પુરાણા ફુસ્તાતનો અગ્નિથી નાશ થયા પછીજ લોકોએ કાહેરામાં આવી વસવાટ કર્યો હતો અને ત્યારથી તે આબાદ થતું ગયું.

હઝરત ઈમામ મોએઝ અ. માટે જે રાજમહેલ બાંધવાનું હતું, તે માટે નગરના ચોકની પુર્વમાંની નવા શહેરને બરોબર બે ભાગમાં વહેંચી નાંખતી જગ્યા પસંદ થઇ હતી. એ જગ્યાના એક ભાગમાં અત્યારે 'ખાન—અલ—ખલીલી' નામની વિદેશી સોદાગરોની 'સરા' તથા બીજા ભાગમાં "મસ્જિદે

હસનન" આવેલા છે, દક્ષિણ બાજુએના બાબુઝ-ઝુવૈલાથી લઇને હઝરત ઇમામ અઝીઝે પાછળથી બાંધેલા રાજભુવન અને આ રાજ્યમહેલ વચ્ચેના "બયનલ-કસરેન" નામના ચોગાન આગળથી થઇ "બાબુલ ફુતુહ" પર્યંત એક રાજમાર્ગ તૈયાર કરવામાં આવ્યો.

ઇમામના મહેલની ઉત્તરમાં વડા વઝીરના દફતરનું મકાન હતું અને દક્ષિણે અલ-અઝહરની જગ્યા ઇબાદતગાહ ચણવામાં આવી, જેનું કામ ગાઝી જૌહરે નવાં શહેરનો પાયો નાખ્યા પછી થોડાકજ વખતમાં હાથ ધર્યું હતું, અને જે હિજરી સન ૩૬૧ના રમઝાન માસની ૭મી તારીખે પુર્ણ થયું હતું. ગાઝી જૌહરે ઇમામના મિસરમાં નિવાસ અર્થે બંધાવેલું આ નવું શહેર એક ઇમારતજ નહિ પણ તેઓશ્રીના પરિવાર તથા સરકારી અમલદારો અને રસાલા માટેના મકાનોની એક હારમાળા હતી. જેની અંદર ત્રીસ હજાર માણસોનો સમાવેશ થઇ શકતો હતો. એને ફરતી એક અનેક દરવાજાવાળી ઉંચી દિવાલ ચોમેર બાંધેલી હોવાથી અંદરના ભાગમાં રાહદારીઓની નજર પડી શકતી નહોતી. તેનો દેખાવ અદભુત હતો.

## લશકરીઓનાં રહેઠાણની વ્યવસ્થા.

રાજમહેલ સાથે સૈનિકો માટે પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. જે માટે જુદી જુદી બરાકો જુદાં જુદાં સૈન્યો માટે બાંધવામાં આવી. ચૌગાનની પશ્ચિમ ભણીના ચાર "હારા"માં એ બરાકો હતી. જે બર્જવાની, અમીરી, જૌહરી અને ઝુવૈલાના નામે ઓળખાતી હતી, ફરહાચ્યાહ, મુર્તહચ્યાહ, અકદી અને મહમુદીય્યાહ નામની ચાર અન્ય બરાકો એની પશ્ચિમે હતી અને આ બન્ને બરાકોની વચ્ચે નીલ નદીની નહેરનું જળ વહેતું હતું. ગાઝી જૌહરની જુદી જુદી ટુકડીઓનાં અથવા તેમના અફસરોના નામ ઉપરથી આ નામો યોજવામાં આવ્યા હતા. રાજ્યના સિપેહસાલારનાં રહેઠાણ માટેની વ્યવસ્થા રાજ્યગારની પુર્વ દિશામાં કરેલી હતી અને એજ તરફ યુનાની લશ્કર માટેની બે બરાકો હતી. જ્યારે દક્ષિણ તરફ દેલમીઓ અને તુર્કી સૈન્યની છાવણી હતી, જેના ઇશાન ખુણામાં ઉલુફ નામના સીદી કેપ્ટનના નામે ઓળખાતી એક બરાક અને તેની પશ્ચિમે બર્કીય્યાહ નામની બીજી છાવણી હતી, એ ઉપરાંત રાજમહેલની દિવાલની બહાર બીજી નાની મોટી લશ્કરી ટુકડીઓની "કેમ્પો" હતી.

ગાઝી જૌહરે બંધાવેલા શાહી શહેર અલ-કાહિરાના વિસ્તાર વર્ણનમાં મિસરના પુરાતત્વ ખાતાના અમલદાર અલી પાશા મુબારકના આધારે પ્રોફેસર ડબલ્યુ. એસ. માર્ગોલીઅથ લખે છે કે એ શહેરની દરેક બાજુએથી લંબાઇ આશરે ૧૨૦૦ મીટર-૦॥। માઇલ હતી અને તેનું ક્ષેત્રફળ ૩૪૦ ફેદાન હતું. જેમાંથી ૭૦ ફેદાન "શરકીય્યાહ" રાજ્યમહેલ માટે, કવાયેદ માટેની બે જગ્યા માટે ૩૫ તથા કાફુરનાં બગીચામાં ૩૫ ફેદાન રોકાયેલા હતા અને બાકીના ૨૦૦ ફેદાનમાં લશ્કરી બરાકો હતી. ઝમાનાના વહનની જોડાજોડ પાછળથી મકાનો બંધાતા ગયા અને તેનો વિસ્તાર વધતો જઇને અસલ "અલ-કાહિરા"થી તે અત્યારે છ ગણું મોટું થવા પામ્યું છે.

## મિસરમાં ફાતિમી ખુત્બો-ઈમામ મોએઝ અ. ખલીફતુલ મુસ્લેમીન.

"તારીખુલ ઇસ્લામ" નામના ઉર્દુ ઇતિહાસીક ગ્રંથ અનુસાર બની ફાતિમી ખલીફાઓના સંપુર્ણ અધિકારમાં આખુ મિસર આવી ગયા પછી હિજરી સન ૩૫૮ ના ઝીલકાદ મહિનાની તારીખ ૮ મીથી નીચે મુજબના શબ્દો ઉમેરી ખુત્બો પઢવાનું શરૂ કરવામાં આવ્યું:

**અલ્લાહુમ્મા સલ્લે અલા મુહમ્મદિલ મુસ્તફા વ અલા અલીયલ મુર્તુઝા વ અલા ફાતિમતિલ બતુલ વ અલલ હસન વલ હુસ્સેન સિબ્બત રસુલિલ લઝીના અઝહબા અન્હોમુ રિજસા વ તહહરહુમ તતહીરા વસલ્લે અલલ અઇમ્મત તાહેરીના આબાએ અમીરૂલ મોઅમેનીન.**

હિજરી સન ૩૫૯ ના રબીઉલ આખિરની ૧૮ મીના જુમ્આને દિને પુરાણા ઇબાદતખાનાં "મસ્જિદે અમ્ર"માં બંદગી વખતે ગાઝી જોહરની હાજરી વચ્ચે ખતીબ અબ્દુસ્સમી બિન ઉમર અબ્બાસીએ "ખલીફતુલ મોઅમનીન ઇમામ શાહ મોઇઝ અ." એ નામોચ્ચાર સહિત પહેલવહેલાં ખુત્બો પઢાવ્યો. મઝકુર ઇબાદતગાહ હિજરી સન ૨૧૨ માં અબ્દુલ્લાહ બિન તાહેરે ફરી ચણાવી હતી અને અત્યારે પણ કેટલાક ફેરફાર સહિત એ બંદગીનું સ્થળ મોજુદ છે.

ખુત્બો પુર્ણ થઇ રહેતાં ખતીબ અબ્દુસ્સમી અબ્બાસીએ વાએઝ કરી હતી, જેમાં "અહેલે-બયત" અર્થાત હઝરત અલી અ. ની સીધી નસલે નસ્વંશજ ઇમામોનો ખાસ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ અવસરે સંખ્યાબંધ સૈનિકો પણ બંદગીમાં શામિલ થયા હતા.

ગાઝી જોહરનું નામ પણ જોડી તેમના માટે દુઆ ગુજારવામાં આવી હતી. પોતાના આકા મૌલાવિલની જોડાજોડ પોતાનું નામ સાંભળી ગાઝી જોહરે તે પ્રત્યે નારાજી દેખાડી જણાવ્યું કેઃ—"હું તો બની ફાતિમીઓનો ગુલામ છું, આકાની સાથે ગુલામનું નામ શોભે નહિ." પાછળથી તેમનું નામ કાઢી નાખવામાં આવ્યું હતું.

ઇબ્ને ખલ્લિકાન મઝકુર પ્રસંગ લખી ઉમેરે છે કે એજ વર્ષ અર્થાત હિજરી સન ૩૫૯ના જમાદીયુલ અવ્વલ માસમાં "હય્યાઅલા ખયરિલઅમલ"શબ્દો અઝાનમાં ઉમેરવામાં આવ્યા હતા. ઇબાદતમાં "બિસ્મિલ્લાહ" બુલંદ અવાજે પઢાવવા લાગી, તેમજ અહેલેબયતના ફઝાયલો—ગુણવર્ણનો સાથે સઘળા ખતીબો બંદગીમાં ખલીફતુલ મુસ્લેમીન અમીરૂલ મોઅમેનીન તરીકે હઝરત ઇમામ મોઇઝ અ.નું નામ લેવા લાગ્યા અને એ મુજબ શહેરમાંની સઘળી ઇબાદતગાહોમાં અમલ થવા લાગ્યો.

## ઇમામનું મરકી અને દુકાળ નિવારણનું કાર્ય.

મિસર પર કબજો કર્યા પછી જે મુશ્કિલમાં મુશ્કિલ સવાલ ગાઝી જોહર સામે હતો તે નીલ નદીમાં ઉપરાસાપરી પુરતા પુર ન આવવાથી પડેલા દુકાળનું નિવારણ કરવાનો હતો. ગાઝી જોહરે મિસર જીતી લેવાની ખબર હઝરત ઇમામ મોઇઝ અ.ને પડતાં અનાજથી ભરેલા વહાણો સાથેનો એક કાફલો ઇમામે મિસર ભણી રવાના કર્યો હતો, તે સદ્ભાગ્યે આવી પહોંચ્યાં પ્રજાજનોને કંઇક રાહત મળી અને તેથી મિસરી પ્રજાને ખાત્રી થઇ ગઇ કે અગાઉના પ્રજાને રંજાડી મોજ-મજાહ ભોગવનારા અમીરો અને ગવર્નરોનો હવે દોર પુરો થયો છે અને તેની જગ્યાએ આપણે એક એવો બાદશાહ મેળવવા ભાગ્યશાળી થયા છીએ કે જેને હૈયે પ્રજાના સુખઃદુખ નિરંતર વસે છે.

ગાઝીજોહરે પ્રજાજનોમાં આ અનાજ વહેંચવા માટે એક કોટવાલની દેખરેખ હેઠળ એક કોઠાર ખોલ્યો અને લોકોને તે વહેંચવાનું કાર્ય તરતજ શરૂ કરી દેવામાં આવ્યું. દુકાળનો લાભ લઇ ભારે નફો ખાવાની લાલચે અનાજ મોંઘું વેચાતું હતું, તે અટકાવવા માટે કાળા બજાર કરીને અનાજ વેચનારાઓને પકડી પકડીને ચાબુકે ફટકારવાનો હુકમ ગાઝી જોહરે આપ્યો અને મિસરી અમલદારોએ પુરતી કાળજીથી તે અમલમાં મુક્યો. આ દુકાળની ભયંકરતાનો ખ્યાલ એટલા પરથીજ આવી શકે છે કે રાહત માટેના પુરેપુરા પગલાં આવી રીતે લેવાયા છતાં હિજરી સન ૩૬૦ ના અંત સુધી દુકાળ જેવી સ્થિતિ ચાલુ રહી હતી. અધુરામાં પુરૂં દુકાળ પછી તરતજ મરકી ફાટી નિકળી હતી. હિજરી સન ૩૬૧ ના શરૂઆતના મહીનાઓ દરમ્યાન આ દુકાળનો અંત આવ્યો. તે પછીજ થોડા મહીનામાં દેશે પુનર્જીવન

પ્રાપ્ત કર્યું અને મરકીનો ઉપદ્રવ પણ થોડા વખત પછી દુર થયો. બની ફાતિમીના કુશળ વહીવટ, પ્રજા વાત્સલ્ય અને ઉદાર કારોબારનું આ સ્પષ્ટ પરિણામ હતું.

ગાઝી જૌહરે મિસરનો કબ્જો લીધા પછી બાશમુર ઇલાકામાં એક ઇખ્શીદી અમલદારે હિજરી સન ૩૬૧માં ઝગાડેલા ફિસાદના અપવાદ સિવાય લોકોએ ઇમામની તાબેદારી રાજી ખુશીથી સ્વીકારી લીધી હતી. બળવાખોરોની પેલેસ્ટાઇન સુધી પુંઠ પકડવામાં આવી અને એ ઇખ્શીદી અમલદારને ફાતિમી લશ્કરે કેદ કર્યો.

## ન્યુબીયા નમ્યું.

ગાઝી જૌહરે હવે મિસરની પ્રતિષ્ઠા વધારવા ભણી લક્ષ આપવા માંડયું. છેક પ્રાચિન કાળથી જગતનાં ધાર્મિક તથા રાજકીય ઇતિહાસમાં મિસરની કીર્તિ સદાયે લોકોને કાને રમતી આવી છે, પરંતુ ઇખ્શીદી ગવર્નરના મૃત્યુ પછી તેની પ્રતિષ્ઠાને ઘણો આંચકો લાગ્યો હતો. ગાઝી જૌહર એ માટે પ્રયત્ન કરવામાં મશગુલ થયા. ફાતિમી રાજ્યઅમલ પૂર્વે હિજરી સન ૩૫૫માં મિસર ઉપર ન્યુબીયનો હલ્લો લાવી, ફાવી ગયા હતા. હવે તેઓનું માથું નમાવવા ગાઝી જૌહરે હિજરી સન ૩૬૨માં ન્યુબીઆ=નુબાના રાજ્યકર્તા જ્યોર્જ પાસે એક એલચીમંડળ મોકલીને તેને દઅવત આપી ખંડણી ભરવાનું કહેવામાં આવ્યું. જેથી ન્યુબીયન રાજકર્તાએ એ એલચી મંડળનું ભારે માન સહિત સ્વાગત કર્યું અને ખંડણી ભરવાનું કબુલ કર્યું.

## કરમતીઓ કોણ હતા?

ગાઝી જૌહરે જો કે મિસર ફતેહ કરી લીધું હતું અને સ્થાનિક સુખશાંતિ માટેના સઘળાં પગલાં લેવામાં આવ્યા હતા, તે છતાં બહારનો ભય તો માથે ઝઝુમતોજ હતો. મિસરમાં ફાતિમી રાજ્યઅમલના આરંભિક વર્ષોમાં કરમતી બળવાખોરોના હુમલાઓથી દેશમાં કાંઇક અશાંતિ રહેતી હતી. જેથી તેના બચાવ માટે કેરો શહેરને ફરતી ભીત બાંધવા ઉપરાંત ખંદકોની એક હારમાળા ખોદવાની પણ જરૂરત ગાઝી જૌહરને જણાઇ હતી, જે મુજબ શહેરને ચારે ગમથી સુરક્ષિત બનાવવામાં આવ્યું.

ઇતિહાસકાર માર્ગોલીઅથ લખે છે કે મૂળ ઉત્પતિમાં કરમતીઓ અને બની ફાતિમીના અનુયાયીઓ એક દેખાય છે અને આરંભ કાળમાં ઇમામતના સિધ્ધાંતની નજરે તેઓ વચ્ચે અંતર જેવું દેખાતું નથી. પરંતુ એક સદી જેટલો સમય વહી જવા દરમ્યાન આ બન્ને પક્ષવાળાઓ વચ્ચેની ભિન્નતા ક્રમેક્રમે વિશાળ બનતી ગઇ હતી. અન્ય દિશાએથી જોતાં સદી જેટલી લાંબી મુદત દરમ્યાન બની ફાતિમીઓ મધરિબમાં આબાદ થતા ગયા હતા ત્યારે અરબ અને અબ્બાસી ખલીફાઓની હકુમતના તાબેનાં પૂર્વ તરફના ઇલાકાઓમાં કરમતીઓ મારફાડ કરી રહ્યા હતા.

આ સ્થળે એ વિષયનો સ્ફોટ કરવાની જરૂર છે કે કરમતીઓ અને ફાતિમી મઝહબવાળાઓ બન્ને અધ્યાત્મની એક પ્રણાલીને અનુસરનારાઓ હતા. બન્નેની માન્યતાનો એક ભાગ હઝરત પયગમ્બર સ.ના પિત્રાઇ તથા જમાઇ હઝરત અલી અ.ના વંશધરોમાં ઇલાહી અંશ હોવાની આસ્થા રાખવાનો અર્થાત ખુદા જેવા ઓછેવત્તે અંશે માનવાનો હતો. પરંતુ રાજનીતિને અનુસરી ફાતિમીઓની એ માન્યતા કંઇક અંશે નરમ પ્રકારની રહી. જ્યારે પૂર્વ તરફના પ્રદેશમાં રહેતા કરમતીઓ સઘળા ધાર્મિક ક્રિયાકાંડોના સખ્ત ઉચ્છેદક હતા અને પૂર્વે ઇસ્લામમાં કદીયે પેદા થયા ન હોય તેવી ઉગ્ર માન્યતાવાળા કરમતીઓ હતા. ગાઝી જૌહરે મિસર ફતેહ કર્યું, તે વેળાએ કરમતીઓનો વડો=કબીર હસન બિન અહેમદ અલ-આઅસમ હતો. જેનું વડું મથક ઇરાની અખાતમાના "અહસા" નામના ગામમાં હતું.

## શામ જીતાયું.

આ પ્રસંગે એ યાદ રાખવાનું છે કે શામ ઇખ્શીદી રાજ્યનો એક હિસ્સો હોઇ શામના રાજ્યદ્વારી પ્રકરણમાં મિસરના સમ્રાટ તરીકે ભાગ લીધા વિના મિસરનું રાજકારણ સ્થિરતા પકડી શકે નહિ, એ ગાઝી જૌહરે જાણી લીધું હતું. મિસરનો આગલો ઇતિહાસ પણ સાફ દેખાઇ આપતો હતો કે શામના સંબંધથી તે કદીપણ અળગું રહ્યું નહોતું. કાફુરના મરણ પછી મિસરમાં વ્યાપેલા અંધેર દરમ્યાન અબુલ ફવારિસના નાયબ અને ગાદીવારસ તરીકે નિમાયેલા હુસેન બિન તુગ્ઝ ઇખ્શીદી પ્રસંગરંગ પરખી લઇને વઝીર ઇબ્નુલ ફુરાતને લુંટી શામમાં પાછો ચાલ્યો આવ્યો હતો અને તે અત્યારે "રમલા"માં પોતાની સત્તા જમાવી બેઠો હતો તેનું બળ તોડી પાડવા ગાઝી જૌહરે પોતાના મદદનીશ સેનાપતિ જનરલ જાફર ઇબ્ને ફલાહને મોકલ્યા.

અબુ અલી જાફર ઇબ્ને ફલાહ અલ કત્તામી હજરત ઇમામ મોઇઝ અ.ના એક જનરલ હતા, અને તેમને કાયેદુલ કવ્વાદ જૌહર સાથે મિસર ફતેહ કરવા ઇમામે મોકલ્યા હતા. જૌહર તરફથી આજ્ઞા મેળવી તેઓ શામ તરફ કુચ કરી ગયા. હિજરી સન ૩૫૮ના ઝીલકાદ મહિનામાં 'હુસેન'નું નિવાસ સ્થળ રમલા લીધું અને તેને કેદ પકડી મિસર મોકલ્યો, જ્યાં આગળ એક બંદીવાન તરીકે તેને જાહેરમાં ફેરવવામાં આવ્યો. મિસર શહેરના નગરજનો આ ઝાલીમનો આવી રીતે ઉપદેશ પુર્ણ અંત આવેલો જોઇ સંતોષની લાગણી અનુભવતા હતા. આ વિગ્રહ દરમ્યાન કરમતીઓના સરદાર અબુ મરવાન અને બીજા કેટલાક વડા અમલદારો માર્યા ગયા, તેમજ કેટલાકો કેદ પકડાયા, જેઓને ગનીમતના કિમ્મતી માલ સાથે મન્સુરીયા તરફ હજરત ઇમામ મોઇઝ અ.ની હુઝુરમાં રવાના કરી દીધાં અને હુસેનને કારાવાસમાં મોકલી દેવામાં આવ્યો, જ્યાં તેનું મૃત્યુ હિજરી સન ૩૬૭માં થયું.

## કરમતીઓનું ઘમસાણ.

હુસેન બિન તુગ્ઝને પરાજિત કર્યા પછી જનરલ જાફર ઉત્તર ભણી આગળ વધ્યો અને દમિશ્કવાસીઓ સાથે થોડાક મુકાબલા પછી હિજરી સન ૩૫૯ના મોહર્રમ મહિનામાં દમિશ્ક શહેર તાબે લીધું ત્યારપછી દમિશ્ક બહાર આવેલી યઝીદ નદીના કાંઠા ઉપરના અદુકકા ગામમાં પડાવ નાખ્યો.

દમિશ્ક ફાતિમીઓના હાથમાં આવી રીતે આવવાના પરિણામે કરમતીઓની અથડામણમાં ફાતિમીઓને આવવું પડ્યું, કારણ કે કરમતી સરદાર હસન બિન અહેમદ અલ-આઅસમને છેલ્લા કેટલાક વખતથી દમિશ્ક ખંડણી આપતું હતું, તે હવે બંધ કરવામાં આવી હતી.

આ સ્થળે કરમતીઓના પુર્વ ઇતિહાસની ઝાંખી આપવી પ્રસંગોપાત થઇ પડશે. હજરત ઇમામ મહેદી અ.ના પ્રકરણમાં કરમતી ફિરકાની જે રૂપરેખા દોરી છે, તે પ્રમાણે એ ફિરકાના મુળ ઉત્પાદક હમદાનના નિવૃત થયા પછી, જુદા જુદા સરદારો હુકુમ રાજસત્તા સામે માથું ઉંચકી દેશભરમાં તેઓએ અશાંતિ ફેલાવી દીધી હતી, તેમના એક સરદાર=કબીર અબુ સઇદે "અહેસા"માં પોતાની સત્તા જમાવી બહારના પાટનગર હજર ઉપર બે વર્ષ પર્યંત ઘેરો નાંખ્યો, જે દરમ્યાન તેના અનુયાયીઓનો સમુહ અતિશય વધી જતાં તે શહેર સર કર્યું. હિજરી સન ૨૮૬માં કબીર તરીકે જાહેરમાં દેખાવ દીધા પછી હિજરી સન ૨૮૭માં બસરા પર સત્તા મેળવવાની તેણે નિષ્ફળ કોશિશ કરી હતી; ત્યારપછી તેણે ઓમાનનો કબજો મેળવવા ફાંફાં માર્યાં. છેવટે હિજરી સન ૩૦૧માં કેટલાક અન્ય કરમતી સરદારો સાથે અબુ સઇદનો વધ કરવામાં આવ્યા પછી તેનો બીજો પુત્ર અબુ તાહેર, જેને કબીર તરીકે નિમવામાં આવ્યો હતો, તે ઉમરે આવે ત્યાં સુધી તાહેરના વડીલ બંધુ અબુલ કાસિમ સઇદે

કામચલાઉ સરદારી લીધી. અબુ તાહિર સુલેમાને "કબીરપદ" ઉપર આવ્યા પછી મક્કા ઉપર હુમલો કર્યો હતો. હિજરી સન ૩૩૨ માં તેના મરણ પછી તેના ત્રીજા પુત્ર અબુ મન્સુરનું પણ એક વર્ષમાં અવસાન થયું, જેથી અબુ સઇદના વડાપુત્ર અબુલ કાસિમે ફરી 'કબીરપદ' હાથમાં લીધું.

## કરમતીઓ જુદી જુદી દોસ્તી બાંધે છે.

એવું જણાય છે કે હિજરી સન ૩૬૦ માં આફ્રિકા અને એશિયાનિવાસી કરમતીઓ વચ્ચે સંપુર્ણ ભંગાણ પડયું, કારણ કે આફ્રિકાવાસીઓ કયરવાનમાંના બની ફાતિમીઓને સાનુકુળ થઇ જવાથી એશિયાવાસી કરમતીઓને ભય લાગવા માંડયો અને હવે બની ફાતિમીઓ વિરૂધ્ધ બગદાદના ખલીફ સાથે સંબંધ જોડવામાં એશિઆઇ કરમતીઓએ સલામતી જોઇ. આ સમયે હસન બિન અહેમદ અલ–આઅસમ કરમતીઓનો વડો હતો, જેણે એક નવી બાજી ગોઠવી, ઉપર જણાવ્યા મુજબ તેના નામનો ઉપયોગ કરી ફાતિમીઓને દમિશ્કમાંથી હાંકી કહાડવા અબ્બાસી ખલીફની સહાય માંગી. હસન જાણતો હતો કે બગદાદના અબ્બાસી ખલીફાઓ અને ફાતિમીઓ વચ્ચે ચાલુ સંઘર્ષણ ચાલ્યા કરતું હોવાથી અબ્બાસી ખલીફ પાસેથી તેને જોઇતી મદદ મળી રહેતાં, તે પોતાના ધારેલા હેતુમાં પાર પડશે; પરંતુ બગદાદના એ સમયના અબ્બાસી ખલીફ મુતીએ હસનને ધિક્કાર સહિત તરછોડી કહાડયો. આ દિશામાંથી નિરાશા મળતાં તેણે બીજી તરફ પાસું નાખ્યું. મિસર ફતેહ થયું, તે ઝમાનામાં હલબ= એલેપ્પોમાં શીયા વંશના સ્વતંત્ર રાજકર્તા હકુમત કરતા હતા. ઇરાકમાં બુવૈયા વંશી રાજકર્તા મોઇઝઉદ્દવલા હતો અને તે કરમતીઓ જોડે સંબંધ ધરાવતો હતો, જેથી હસને એ સંબંધને આગળ વધાર્યો. વળી તેણે ફુરાત નદી ઉપરના બસરા નજીકના રહબા નામના સ્થાનમાં હમદાની વંશના શાહઝાદા જોડે પણ મિત્રાચારી બાંધી. કેટલાક લડાયક કબીલાનાં માત્ર લુંટફાટના શોખીન ભાડુતી અરબ સૈનિકોને પણ તેણે પોતાના પક્ષમાં ભેળવ્યા.

## જનરલ જાફર: એક ફાતિમી વીરનર.

હસન બિન અહેમદ અલ–આઅસમ આ પ્રમાણે સઘળી સામગ્રી એકઠી કરી દમિશ્ક પર ધસી ગયો. ઉપર જણાવ્યા મુજબ અદુકકા ગામમાં જનરલ જાફર છાવણી નાખી પડયા હતા, તે દરમ્યાન હસનના ધસારાના સમાચાર મળતાં પોતે બીમાર હોવા છતાં તેનો મુકાબલો કરવા કુચ કરી. બન્ને લશ્કરનો ભેટો થતાં એક દારૂણ યુધ્ધ થયું જેમાં જનરલ જાફર દુશ્મનોને હાથ કેદ પકડાયા અને તેઓએ તેમને કત્લ કર્યા. મજકુર લડાઇમાં ફાતિમી ફોજને ઘણું ખમવું પડયું. આ બનાવ હિજરી સન ૩૬૦ ના ઝીલકાદ માસની તા. ૬ ઠ્ઠીને ગુરવારના દિને બનવા પામ્યો હતો. જાફર બિન ફલાહના અવસાન પછી તેમના નિવાસભુવનના દ્વારપર એ વીરનરની યાદી જાળવવા હેઠળ મુજબનો લેખ કોતરવામાં આવ્યો હતો:–

"અય મહેલ! તારા નિવાસીને તેં ભાગ્યનાં રમકડાં બનાવ્યાં છે, અને તેઓ કદિયે પાછા ન ફરે તેવી રીતે તેમને તેં વિખેરી નાખ્યા છે. તારી અંદર અમોએ એક વેળાએ જેઓને રહેતા દીઠા હતા અને જેઓના દસ્તોદ્વારા ભાગ્યદેવી ભલા લોકોની વૃધ્ધિ કરતી હતી, તેવા વીરનર આજે ક્યાં છે?"

દમિશ્કના આ વિજયની ઉજવણીમાં શહેરની જામેઅ મસ્જિદમાં હઝરત ઇમામ મોઇઝ અ. સામે હસન કરમતીએ "તબર્રા" (ધાર્મિક નિંદા) શરૂ કરી. કરમતીઓ હવે ધાર્મિક લાગણીમાં પણ બેદરકારી દેખાડવા લાગ્યા હતા, કારણ કે અહલેબયત તરફની મહોબ્બત તેઓએ તજી દીધી હતી.

દમિશ્ક લીધા પછી હસન અલ—આઅસમે દક્ષિણ ભણી કુચ કરી. "જાફા" નગર પર હલ્લો કરવાનું છોડી દઇ 'રમલા' માંથી પસાર થઇને વિજળીક ઝડપે મિસર ઉપર હલ્લો કરવા ધસી આવ્યો. તેણે સુએઝ અને ફરામા પર ધાડ નાખી અને એ પ્રકારે સુએઝની સામુદ્રધુની તેના હાથમાં આવવા પામી. તેનો આ વિજય જોઇને "ટીનીસ" તેની તરફેણમાં જોડાઇ ગયું. ત્યારપછી આગળ વધતાં "અયનુશ્શમ્સ" સુધી આવી ત્યાં છાવણી નાખી અને કેરો શહેર પર ચઢી જવાની તે તૈયારીઓ કરવા લાગ્યો.

## ગાઝી જૌહરની વ્યુહરચના.

ગાઝી જૌહરે મિસર જીતવા માટે જે કુશળતા દાખવી હતી તેથી પણ વિશેષ ચાતુર્ય આ વિપરિત સંજોગોમાં તેમને દાખવવું પડયું હતું. હસન બિન અહેમદ અલ—આઅસમ કરમતીના "અયનુશ્શમ્સ" સુધી આવવાની ખબર ગાઝી જૌહરને મળતાં ઉપર જણાવવામાં આવ્યા મુજબ તેમણે કેરો શહેર આગળ ખાઇઓ ખોદી રક્ષણ માટેની તૈયારીઓ કરી દીધી. મિસરના પુરાણા ઇખ્શીદી અમલદારો રખે દગો કરે તે માટે આગલા મિસરી વઝીર ઇબ્નુલ ફુરાતની ખાનગી હિલચાલ ઉપર દેખરેખ રાખવા એક જાસુસ મુકરર કરવામાં આવ્યો; કારણ કે હસન અલ—અઆસમ કરમતીના લશ્કરના થોડા સૈનિકો મિસરના નગરજનોના પોષાકમાં શહેરમાં દાખલ થઇ જુના ઇખ્શીદી સરદારોને ફાતિમીઓ વિરૂધ્ધ બળવો જગાડવાનું સમજાવતા હતા.

કરમતીઓને પહોંચી વળવા માટે ગાઝી જૌહરે દુશ્મનના સૈન્ય ઉપર વીસ છાપાઓ મારવાની યોજના કરી હતી. આ યોજના અમલમાં મુકવાના બીજા દિવસે હસન કરમતી ખાઇઓ ઉપર ધસારો લઇ આવ્યો. ફાતિમી લશ્કરે તેનો બહાદુરીથી મુકાબલો કર્યો, જેના પરિણામે કરમતીઓને ભારે ખુવારી સાથે સુએઝ ભણી પાછા હટવુ પડયું. આ હારથી દુશ્મનો એટલા બધા તો ગભરાઇ ગયા કે પોતાનો સરસામાન પણ તેઓએ પડતો મુકયો. આ સઘળી સામગ્રી બની ફાતિમી લશ્કરે હાથ કરી લીધી.

"અયનુશ્શમ્સ" પાસે હસન કરમતી છાવણી નાખી પડયો હતો, ત્યારે તેને મદદ કરવા માટે કરમતીઓનો એક દરિયાઇ કાફલો નીલ નદીમાં આવી પહોંચ્યો હતો, તેનો પણ સામનો થતાં પોતાના સાત બારકસો છોડી તેઓને નાસી જવું પડયું, જેથી ફાતિમીઓને મજકુર બારકસો સાથે ૫૦૦ કેદીઓ અને પુષ્કળ માલ અસ્બાબ લુંટમાં મળ્યાં.

અત્રે એક બનાવ નોંધવા જેવો એ છે કે ગાઝી જૌહરના સૈન્યમાં જોડાયલા મિસરી વોલન્ટીયરો તથા ઇખ્શીદી સરદારોએ ભારે બહાદુરી દેખાડી હતી, અને કરમતીઓને પરાજિત કરવામાં તેમનો ફાળો ઓછો ન્હોતો.

## ફાતિમી સૈન્યે વગાડેલો ડંકો.

હઝરત ઇમામ મોએઝ અ.ને મિસર ઉપર કરમતીઓએ કરેલી ચઢાઇના સમાચાર પહોંચાડવામાં આવેલા હોવાથી ઇબ્ને અમ્મારની સરદારી હેઠળ કયરવાનથી કુમકનું લશ્કર આ જીતની સમયે આવી પહોંચ્યું. આવી રીતે વધુ મદદ મળવાથી ભુમિમાર્ગે વિજય મેળવવા ઉપરાંત દરિયા માર્ગે પણ વિજય મેળવવા દુશ્મનોની પુંઠ પકડી ગાઝી જૌહર 'ટીનીસ' પર ચઢી ગયા. ત્યાંના લોકોએ પોતાની ભુલ માટે પસ્તાવો કરવાથી, ગાઝી જૌહરે તેમને ઉદાર શરતો સાથે માફી આપી. હસન અલ—આઅસમ સાથે લુંટફાટના આશયથી જોડાયલા અરબો પણ હવે ફાતિમીઓનાં ભયથી છુટા પડી ગયેલા હોવાથી કરમતીઓનું બળ ઘણું ઘટી ગયું હતું, અને ફાતિમી સૈન્યે આ તકનો ઘણો સારો લાભ લીધો. પાછળ હટતા દુશ્મનોની

પુંઠ પકડી રાખી, ગાઝી જોહરે "જાફા"ની વહારે ચઢી જઈ એક જનરલ તરીકેની પોતાની ઉચ્ચામાં ઉચ્ચી કુશળતા પુરવાર કરી દીધી. હસન કરમતી ત્યાંથી દમિશ્ક ભણી નાઠો, જ્યાં કેટલાક સમય પર્યંત રોકાયા પછી ફરી પગભર થતાં ફાતિમીઓ ઉપર ચઢાઈ લઈ જવાની તે તૈયારી કરવા લાગ્યો.

## કયરવાનના વાઈસરૉય યુસુફ ઝીરી.

બીજી તરફ ગાઝી જોહરને લાગ્યું કે હઝરત ઈમામ મોએઝ અ. મિસર પધારી હકુમત સંભાળી લે એ સમય હવે આવી લાગ્યો છે, જેથી એ મતલબની એક અરજી અદબ અને સલામ સાથે ઇમામની હુઝુરમાં રવાના કરતાં, જે માન્ય રાખી ઇમામે મિસર ભણી પ્રયાણ કરવાનો નિર્ણય કર્યો. તેઓશ્રીએ ઇફ્રિકિયાના પોતાના નાયબ તરીકે યુસુફ બિન ઝીરીની બુધવાર તા. ૨૨ મી ઝીલહજ હિજરી સન ૩૬૧ના નિમણુંક કરી. હિજરી સન ૩૬૨ના આરંભમાં કયરવાનથી મિસર ભણી વિદાય થતી વખતે હઝરત ઇમામ મોએઝે અ. યુસુફ બિલ્કીનને તાબે રહેવાની આજ્ઞા કર્યા પછી કેટલીક મહત્વની સલાહ આપી છેવટમાં ઇમામે ભલામણ કરી કે, "બદુ અરબો ઉપરની જકાત વસુલ કરવાનું કદી પણ બંધ કરવું નહિ; બરબરીઓને તલવારની ધારે રાખવાં; પોતાના સગાંઓ, ભાઈઓ અને પિત્રાઈઓને કદી પણ અધિકારવાળો ઓધ્ધો આપવો નહિ, કારણ કે આ સગાસંબંધીઓ પોતાને સમાએલા અધિકાર કરતાં વધુ અધિકાર માટેનો પોતાનો હક ધારતા હોય છે, અને રૈયત સાથે માયાળુપણે વર્તવું."

ઇબ્ને ઝીરીનું આખું નામ અબુલ ફતુહ બિલ્કીન ઇબ્ને ઝીરી ઇબ્ને મનાદ અલહુમેરી અસ્સન્હાજી છે. તેમને યુસુફ નામે લોકો બોલાવતા હતા. યુસુફે ઇમામનું નાયબપદ અથવા અન્ય શબ્દોમાં કહીએ તો વાઇસરૉયપદ શોભાવ્યું. સમયવદને ઇફ્રિકિયાના સ્વતંત્ર બાદશાહ જેવો તે થઇ પડયો, તો પણ પોતાના રાજ્યમાં બની ફાતિમીનો ખુત્બો પઢાવવાનું ચાલુ રાખ્યું. યુસુફના વંશમાંથી બધા મળી ૮ રાજકર્તાઓ થયા અને ૧૬૨ વર્ષ પર્યંત તેમની હકુમત ચાલી.

## ઈમામનું મિસર માર્ગે પ્રયાણ.

હઝરત ઇમામ મોએઝ અ. કયરવાનથી મિસર ભણી વિદાય થયા ત્યારે યુસુફ લાંબે સુધી વળાવવા સાથે ગયો અને ઇમામના દસ્તમુબારક ચુમી અદબ સાથે સલામી ભરી શહેર ભણી પાછો ફર્યો. શાહી સવારી આગળ વધતાં કાબુસ, ટ્રાબ્લીસ, અજદાબીયા અને બરકા વટાવી વસંત ઋતુમાં સિકંદ્રિયા ખાતે આવી પહોંચ્યા, જ્યાં હઝરત ઇમામ મોએઝ અ.ને દિલોજાન આવકાર આપવા ફુસ્તાતનો કાઝી તથા બીજા રાજ્યધિકારીઓ આવેલા હતા, જેઓને ઇમામે મુલાકાતનું માન આપ્યું. ત્યાંથી કુચ કરી ઉનાળાનાં આરંભમાં ગીઝા મુકામે ઇમામે પડાવ નાખ્યો, અહિં પોતાના પ્યારા ઇમામ અને આકાના દીદાર માટે ગાઝી જોહર દોડી આવ્યા. થોડેક સમય અત્રે વિશ્રાંતિ લઇને દબદબા સહિત પોતાનાં દારૂલ-ખિલાફત ભણી જવાની ઇમામે તૈયારી કરી. પોતાના માલિકના સન્માનના મહિમાભર્યા પ્રસંગે મિસરે સુંદર શણગાર સજ્યો હતો. વાવટા તોરણ અને શણગાર સામગ્રીથી એકેએક ઘરની સજાવટ કરવામાં આવી હતી.

## મિસરમાં શાનદાર પધરામણી.

એક જંગી સરઘસ સાથે વાજતે ગાજતે હઝરત ઇમામ મોએઝ અ. મિસરમાં દાખલ થયા. બન્ને બાજુએ પ્રજાજનો પોતાના કૃપાવંત બાદશાહને જોઇને "અહલન વ સહલન" ના પોકાર કરી વધાવી લેતા હતા. આ સરઘસનાં બન્ને બાજુનાં રસ્તાપર હારબંધ હથિયાર સજેલા સંત્રીઓનો પહેરો

મુકવામાં આવ્યો હતો. આગળ ગાઝી જૌહર ચાલતા હતા. તેમને પ્રજાજનો 'મુબારક મુબારક' કહી વધામણીઓ આપતા હતા. ગાઝી જૌહરના હર્ષની કશી સીમા ન્હોતી. રાજ્યના બીજા અમલદારો, અફસરો અને લશ્કરી વડાઓ ઇમામની સવારી પછવાડે ચાલતા હતા. આ ધામધુમ અને દબદબો જોઇને પ્રજાજનોનાં હૃદય આનંદથી ઉભરાતાં હતાં.

આ અવસરે હઝરત ઇમામ મોએઝ અ. સમક્ષ પ્રજાજનોમાંના દરવેશો અને શરીફોએ દસ્તબસ્તા આવીને અરજ ગુજારી કે, "અમારી જન્મભુમિમાં આપને અમો હૃદયપુર્વક આવકાર આપીએ છીએ, પરંતુ આપ બાદશાહતનો અધિકાર કઇ સનદથી ધરાવો છો, તે અમે જાણવા માગીએ છીએ."

દરવેશો અને શરીફોના આ વેણો સાંભળી ઇમામે પોતાની તરવાર બહાર ખેંચી કહાડતાં કહ્યું કે, "આ છે અમારા અધિકારનો દાવો," અને એક મુઠમાં સોના મહોરો લઇ તેને ઉડાડતાં કહ્યું : "આ છે અમારી સનદ." આવા પ્રભાવશાળી, બહાદુર અને તવંગર બાદશાહ જોતાં મિસરી પ્રજાને સંતોષ થયો.

ઇતિહાસકાર "ઓલીયરી" લખે છે કે, હઝરત ઇમામ મોએઝ અ. આ સરઘસમાં પોતાના ત્રણ પુર્વજ ઇમામના શબના જનાઝા સાથે લાવ્યા હતા, તે મોખરે ચાલતા હતા. તેની સાથે શણગારેલા હાથીઓ હતા. ઇમામની અતરાફમાં તેમના ચાર પુત્રો અને અન્ય સગાસંબંધીઓ ઘોડા પર સવાર હતા. બાબુઝ-ઝુવૈલાના પ્રવેશ દ્વારની એક મહેરાબવાળી બારીમાંથી ઇમામે શહેરમાં મુબારક પધરામણી કરી.

## ધનસંપત્તિની વિપુળતા.

હઝરત ઇમામ મોએઝે અ. કયરવાન છોડી મિસર ભણી પધાર્યા ત્યારે "આસારે મુહમ્મદી" નામના ઇતિહાસગ્રંથના જણાવ્યા અનુસાર પચાસ હજાર ઊંટ અને દસ હજાર ખચ્ચરથી લાદેલા ઝરજવાહિર ઇમામ પોતાની સાથે લાવ્યા હતા. કયરવાનથી રવાના થયા તે દરમ્યાન માર્ગમાં આવતા શહેરોના ગવર્નરો અને અમીર ઉમરાવો ઇમામની મુલાકાત લેતા હતા; તેમની કનેથી પણ ઇમામને પુષ્કળ ભેટ સોગાદો અને નજરાણા મળ્યા હતા. આ સઘળી ઝરજવાહિરાતની અને ધનદોલતથી ભરેલી પેટીઓ ઇમામે રાજ્ય મહેલના આંગણે મુકી અને શહેરમાં ઢંઢેરો ફેરવ્યો કે, "દરરોજ જે મહોતાજો આવે તેણે એક મુઠ્ઠીમાં સમાય તેટલી દૌલત લઇ જવી." આ વાતની સાક્ષી આપતી ખાલી સંદુકો આજે પણ મોજુદ છે. હઝરત ઇમામ મોએઝ અ. રમઝાન માસની પાંચમી તારીખે મિસરમાં પ્રવેશ કર્યો અને તેઓશ્રીએ પોતાનો નિવાસ રાજ્ય મહેલમાં રાખ્યો. રમઝાન પુરો થતાં પુર્ણ થએલી "જામેએ અઝહર"ની ઇબાદતગાહમાં ઇમામે ઈદની બંદગી ભણાવી. આ બંદગીસ્થળ શાહી મહેલ આગળ આવેલું હતું. "જામેએ અઝહર"ની ભવ્ય ઇબાદતગાહ પાછળથી જગતમાં એક મહાન યુનિવર્સિટી=વિદ્યાપીઠ તરીકે વિખ્યાત પામી.

"આસારે મુહમ્મદી"ના જણાવ્યા પ્રમાણે હઝરત ઇમામ મોએઝ અ. એ પોતાના વડીલ હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ. હઝરત ઇમામ કાયમ અ. અને હઝરત ઇમામ મન્સુર અ.નાં શબોને સરઘસના મોખરે ગોઠવ્યાં હતાં, જેને "કસ્ર-અલ-કબીર"ના ચોગાનમાં જમિંદોઝ કરવામાં આવ્યા હતા.

ઇતિહાસકાર સ્ટેન્લી લેન-પુલ કહે છે કે, હઝરત ઇમામ મોએઝ અ. એ મિસરમાં પોતાના રાજ્યમહેલમાં નિવાસ કર્યા પછી ઇમામની દરબારમાં લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં અને ઇમામના ચરણોમાં નજરાણું મુકવા લાગ્યા, આ સઘળા નજરાણામાં ગાઝી જૌહરનું નજરાણું ઘણું સુંદર અને કિંમતી હતું. કસ્તુરીથી મહેકતાં સોનાના રત્નજડિત ઝીન અને લગામો સહિત પાંચસો પાણીદાર અશ્વો, બાકટ્રીયન ઊંટો ઉપર રેશમનાં તંબુઓ, સાંઢણીઓ, ખચ્ચરો, ભારદારી ઊંટો, સોનાચાંદીના વાસણોથી

ABDUL HASAN JAWHAR BIN ABDULLAH:
Fatimi Commander-in-Chief:



ગાઝી જૌહર: બની ફાતિમી સલ્તનતના કમાન્ડર-ઇન-ચીફ. જેમણે મિસર ફતેહ કર્યું હતું.

HAZRAT MOWLANA IMAM AL-MUIZZ, the Fourteenth Ismaili Imam, Whose Successful Reign in Egypt as One of the Fatimids Khalifs, Will Ever remain a Brilliant Record in History.



હઝરત મૌલાના ઇમામ મોઇઝ (અ): પોતાના સિપેહસાલાર જોહર તથા ફિદાઇઓની ફોજ સાથે.
[illegible]

ભરેલા રૂપાની નકશીવાળી સંદુકો, સોને મઢેલી તલવારો, કિમ્મતી જવાહિરાતથી મઢેલી નકશીવાળી ચાંદીની કાસ્કેટો, જવાહિરાત જડિત "અમામો" અને મિસરની બનાવટનાં સઘળા પ્રકારના નમુનાઓથી ભરપુર નવસો પેટીઓ વગેરેનો તેમાં સમાવેશ થતો હતો. આ સઘળો ધનભંડાર એકલા ગાઝી જૌહરેજ ઇમામના ચરણોમાં ધર્યો હતો. એકંદરે આ અર્પણ થયેલી વસ્તુઓનો આથી અનેક ગણો વધારે મોટો બીજો ખજાનો હતો.

## ઈમામ મુસ્લિમ પ્રજાનું વડપણ સ્વીકારે છે.

હઝરત ઇમામ મોએઝ અ.એ ઇદના દિને સઘળી મુસ્લિમ પ્રજાનું વડપણ સ્વીકારી "ઇમામ" તરીકે ઇદની બંદગી ભણાવી અને ત્યારપછી મિમ્બર ઉપર બિરાજમાન થઈ ખુતબો ભણ્યો. ધાર્મિક બોધ આપી ધર્મ ક્રિયાઓની હિદાયત કરી, જેથી પ્રજા ઘણી હર્ષિત થઈ. આ દબદબા ભરી ક્રિયા પુર્ણ થયા પછી ઇમામે પોતાના સૈન્યના મોખરે અશ્વ ઉપર સવાર થઇ રાજભુવન તરફ રવાના થયા. ઇમામના ચારે પુત્રો બખ્તર સજી અંગરક્ષક–બોડીગાર્ડો તરીકે ઈમામને વીંટળાઇને ચાલતા હતા. આ સરઘસના મોખરે સોના તથા રત્નજડિત અંબાડીઓવાળા હાથીઓ ચાલતા, ઇમામના આગમનની ખબર આપતા હતા. રાજભુવનમાં દાખલ થયા પછી ઈમામે નામાંકિત પરોણાઓને ઇદની શાનદાર મિજબાની આપી. હિજરી સન ૩૬૪માં મિસરમાં પહેલીજવાર "ગદીરે ખુમ"ની ઇદ મોટી ધામધુમથી ઉજવવામાં આવી હતી.

## "કસ્ર–અલ–મોએઝ"–ઈમામનું રાજભુવન.

હઝરત ઇમામ મોએઝ અ.નું રાજભુવન ઘણું વિશાળ હતું. જાણે એક નાનકડું શહેર. વર્તમાન કેરો શહેરનું તે એક આકર્ષક કેંદ્ર છે. જુના પાટનગર ફુસ્તાતથી થોડે દુર એ બાંધવામાં આવ્યું હતું, એ આપણે ઉપર વાંચી ગયા છીએ. મિસરી પ્રજાજનો તેને "અલ–મદીના"ના નામે ઓળખતા હતા. તે એક બાદશાહી કિલ્લા સમાન હતું, એમાં બની ફાતિમી ખલીફ અને તેમની માનનીય હરમ, અંગત કુટુંબીઓ, ચોકીખાનો, ચુનંદા સૈનિકો, રાજ્યના મોટા અધિકારીઓ માટે પણ સગવડ કરવામાં આવી હતી. રાજમહેલનો વિશાળ ચોગાન વટેમાર્ગુઓ માટે બંધ હતો. વિદેશી રાજ્યોના એલચીઓ સુધાંને પણ ખલીફની મુલાકાત માટે આવતા કિલ્લાની બહાર સવારી ઉપરથી ઉતરવું પડતું હતું. બાઇઝેન્ટાઇન અને ઉસમાની દરબારો પ્રમાણે એલચીઓને રક્ષકો વચ્ચેથી ઇમામની હુઝુરમાં લઈ જવામાં આવતા હતા. અત્રે એ પણ જણાવવું જોઇએ કે, મશરિકના શહેનશાહે પોતાના એલચીને મિસરના વિજય પછી ગાઝી જૌહર પાસે અને ફાતિમી ખલીફ હઝરત ઇમામ મોએઝ અ. પાસે પણ મોકલ્યો હતો.

ઈમામનું ખાસ નિવાસભુવન "કસ્ર–અલ–કબીર"માં હતું, જેને 'કસ્ર–અલ–મોએઝ' તરીકે પણ ઓળખવામાં આવતું હતું. અત્રે વસતા ઇમામના હરમ, બચ્ચાંઓ, ચોકીખાનો, નોકરચાકરો, ખિજમતગારો, ખ્વાજાસરાઓ મળી સઘળાની સંખ્યા ૧૮ હજારની થવા જતી હતી અને પાછળનાં યુગમાં એ સંખ્યા વધીને ૩૦ હજાર જેટલી થવા પામી હતી.

## "કસ્ર–અલ–સગીર"–ઈમામ અઝીઝની યાદગાર.

પાછળથી હઝરત ઇમામ અઝીઝ અ.એ બંધાવેલું 'કસ્ર–અલ–સગીર' મગરિબ દિશામાં હતું. આ મહેલનો માર્ગ કાફુરના બગીચામાં હતો. અહિં અંગ કસરત માટે એક વ્યાયામશાળા બાંધવામાં

આવી હતી. આ બન્નેને "અપનલ-કસરૈન" નામની જગ્યા જુદી પાડતી હતી. મધ્યભાગમાં આવેલા મેદાનમાં એકી સાથે દશ હજાર સૈનિકો 'પરેડ' કરી શકતા હતા. બન્ને મહેલોને જોડતો એક ભુમિમાર્ગ હતો. જેમાંથી ઇમામ આવજાવ કરતા હતા. તેની નઝદીક એમના વડીલોના મકબરા આવેલા હતા. અલ-અઝહરની ઇબાદતગાહ પણ નિકટમાંજ આવેલી હતી. ઇમામ જાતે દર જુમ્આના દિવસે બપોરે પધારી બંદગી ભણાવતા હતા.

## "કસ્ર-અલ-મોએઝ"ની ભવ્યતા.

"કસ્ર-અલ-કબીરની ભવ્યતાના વર્ણન કરવામાં અરબી ઇતિહાસકારો થાકી ગયા છે. આ મહેલમાં ચાર હજાર ઓરડાઓ હતા, જે મધ્યમાં આવેલા "સુવર્ણ હોલ" ભણી જતા; વચ્ચે સોનાના દ્વારનું એક ભવ્ય મંડપ-પેવેલીયન પણ હતું, જેની અંદર "સુવર્ણ સિંહાસન" ઉપર પોતાના દરબારીઓ વચ્ચે બની ફાતિમી ઇમામો બિરાજતા હતા. તેને સોનાની જાળીવાળા પરદાઓ હતા. જેમાંથી ઇસ્લામી તહેવારોની જે ઉજવણી ભારે ધામધુમથી કરવામા આવતી હતી, તે ઇમામ નિહાળતા હતા. સંગેમરમરના સ્તંભોવાળા "હીલમ-હોલ"ની ઘુમ્મટવાળી એક બારી હતી. "દીવાને-ખાસ"માં ઇમામ પોતે સોમવારે તથા ગુરૂવારે મોટા આસન ઉપર બિરાજી દુઃખીયાઓ તથા પીડીત પ્રજાજનોની દાદ સાંભળી તેનો નિકાલ આણતા હતા.

મજકુર વર્ણન જો કે પાછળના યુગની બની ફાતિમી રાજદરબારનું છે, પરંતુ હઝરત ઇમામ મોએઝ અ.ના વિષે પણ અક્ષરે અક્ષર બંધબેસતું આવે છે. આ સઘળી ઇમારતોની હારમાળાનો "પ્લાન" ઇમામે જાતે યોજ્યો હતો. એની ઝીણી ઝીણી વિગતો ઉપર પુરતું ધ્યાન દેવામાં આવ્યું હતું. ગાઝી જોહરે ત્રણ વર્ષ પર્યંત આ કામ પાર પાડવા માટે સખ્ત મહેનત કરી હતી. ઉપરનું વર્ણન કંઇ "અરેબીયન નાઇટસ"ના કિસ્સા જેવું નથી, પણ શબ્દે શબ્દ સત્ય છે. કારણ કે ઇમામની ધનસંપતિની વિપુળતા અને દરબારની ભવ્યતાનો ખ્યાલ આજે પણ અનેક પુરાવાઓ પરથી મેળવી શકાય છે.

દાખલા તરીકે હઝરત ઇમામ મોએઝ અ. ની એક પુત્રીની વફાત સમયે "હીલમ"ના પાંચ કોથળા, ભાતભાતના ઝવેરાતથી જડેલા ત્રણ હજાર કોતરેલા અને રૂપામંડિત વાસણો, સકલીયાની બનાવટના ઝરીકામના ત્રીસ હજાર રેશમી તાકાઓ, નિર્મળ સ્ફટિકની નેવું ચીલમચી અને કોટલીઓ તેઓ પાછળ મુકી ગયા હતા. તેમના હુજરા અને પેટીઓ ઉપર સીલ મારવા ઇમામે હુકમ કર્યો ત્યારે ચાલીસ રતલ લાખ વપરાઇ હતી.

ઇમામની એક બીજી પુત્રીની વફાત સમયે તેમના રહેવાસ સ્થળમાંથી ૨૭ લાખ સોનાના દીનારની માલમિલ્કત અને બાર હજાર જુદા જુદા વસ્ત્રો નીકળ્યા હતા.

## શિલ્પ અને લલિતકળા.

હઝરત ઇમામ મોએઝ અ. ના એક મહોરદારે "કરાફા" ખાતે એક ઇબાદતગાહ બંધાવી હતી, તેના શણગાર માટે પાણીના પ્રવાહ પ્રમાણે પૈસા ખર્ચવામાં આવ્યા હતા. એક ઇરાની આર્કિટેક્ટ-શાસ્ત્રીએ એ ઇબાદતખાનાની "ડીઝાઇન"-આકૃતિ દોરી હતી. તેની શાલીંગ અને ભીંતને બસરાથી બોલાવેલા કારીગરોએ રંગ લગાડયો હતો. ઇરાનના સુસ્તર ગામના મશહુર રેશમના વણકરો દ્વારા એક તાકો વણવાનો ઇમામે હુકમ આપ્યો હતો, જેમાં કસબી અને રંગબેરંગી ઝરીકામથી દુનિયાનો નકશો ચીતરવામાં આવ્યો હતો, એની કિમ્મત બાવીસ હજાર દીનાર થઇ હતી.

બની ફાતિમીઓ કેળવણી અને સાહિત્યના પ્રેમી હોવા ઉપરાંત વિદ્યાકળાને દરેક પ્રકારે ઉત્તેજન આપતા હતા: લલિતકળાઓ તો બની ફાતિમીઓનાં શાસન દરમ્યાન પુર્ણ કળાએ ખિલી હતી. ચિત્રકળાને નવિન જીવન આપનાર ખરી રીતે કહેતાં બની ફાતિમીઓજ હતા, અને એવી રીતે જીવંત વસ્તુઓના ચિત્રો માટેનો સામાન્ય લોકોનો અણગમો ટાળ્યો હતો. બની ફાતિમી વઝીર અલ-યઝુરીએ ઇરાકના બે ચિત્રકારોને એક બીજા સામે હરીફાઇમાં ઉતાર્યાં. પહેલાં ચિતારા અલ-કાસીરે એક નૃતિકાને ધોળા વસ્ત્રાલંકારોમાં ચિત્રીને તે એક કાળા રંગનાં મહેરાબમાં છુપાતી હોય તેમ દેખાડી હતી. તેના હરીફ ચિતારા ઇબ્ને અઝીઝે ઝગઝગાટ મારતા પીળા મહેરાબમાંથી કિરમજી વસ્ત્ર સજેલી કન્યાનું ચિત્ર આલેખ્યું. બની ફાતિમી હકુમત તળે હુન્નરકળાનીએ ભારે ખીલવણી થઇ હતી. મિસર અને સકલીયામાં તે વિશેષ વૃધ્ધિ પામી હતી. વિખ્યાત "બેયો"ની કાસ્કેટમાં પોપટ અને અન્ય પંખીઓની આકૃતિઓ ચાંદીમાં કોતરેલી હતી. "વિકટોરીયા અને આલબર્ટ મ્યુઝિયમ"માં હિજરી સન ૩૬૦ની સાલ કોતરેલી હાથી દાંતની મંજુષ (પેટી) ફાતિમી કારીગરોના હાથનું પરિણામ છે. વેનીસમાં સેન્ટ માર્કના ખજાનામાંના સ્ફટિકના "કુજા" ઉપર હઝરત ઇમામ શાહ મોએઝ અ. ના પુત્ર હઝરત ઇમામ અલ-અઝીઝનું નામ કોતરેલું છે.

## ફાતિમી ન્યાયખાતું—મહાન ન્યાયમુર્તિ કાઝી નોઅમાન.

મિસર પહોંચ્યા પછી હઝરત ઇમામ મોએઝ અ. મિસરના ન્યાયખાતાને પણ ઉંચી પંકિતએ મુકવા કાળજી લેવા લાગ્યા. ઇબ્ને ખલ્લિકાનના કથન અનુસાર ઇમામ કયરવાન છોડી મિસર જતી વેળા કાઝી નોઅમાનને સાથે લઇ ગયા હતા અને ત્યાં ખાતે વડી અદાલતના ચીફ જસ્ટીસ તરીકે તેમને નિમવામાં આવ્યા હતા, અરબી ભાષામાં વડા જજને "કાઝી-યુલ-કુઝઝાત" કહેવામાં આવે છે.

હઝરત ઇમામ મોએઝ અ. ના સમયમાં કાઝી નોઅમાને કયરવાનમાં અલી બિન સુરીઝના સિધ્ધાંત અને અભિપ્રાયનું ખંડન કર્યું છે. "ઇખ્તિલાફુન ફુકહા" એ વિષયમાં તેમની મહાપુર્ણ કૃતિ છે. અહેલેબયતના અકાયદોનું એમાં સમર્થન કરવામાં આવ્યું છે. તેઓ હંમેશ ઇમામની સેવામાં હાજર રહેતા હતા.

કાઝી નોઅમાનનું પુરૂં નામ અબુ હનીફ સૈયદના કાઝી-યુલ-કુઝઝાત નોઅમાન બિન મુહમ્મદ હતું. શીયા જમાતના તેઓ મહાન ફકીહ અને નિયમશાસ્ત્રી હતા.

અમીર મુખ્તાર લખે છે કે તેઓ નિયમશાસ્ત્રમાં એટલા બધા પ્રવીણ હતા કે તેમનો કોઇ હરીફ ન્હોતો: એમણે ઘણાં પુસ્તકો લખ્યા છે, ઇબ્ને ખલ્લિકાન કહે છે કે, તેઓ પહેલા માલેકી સિધ્ધાંતને અનુસરનારા હતા, પરંતુ પાછળથી શીઆ સિધ્ધાંતોની પયરવી કરનાર થયા. દઆયમુલ-ઇસ્લામ, "ઇફ્તેતાહુ દઆવાત" "અખ્બારુલ-ફકીહ" "ઇકિતસાઅલ-ફિકહ" પણ એમની કૃતિઓ છે.

ઇબ્ને ઝુલાનું કથન છે કે કાઝી નોઅમાન કાવ્ય રચવામાં પણ કુશળ હતા. ભાષાજ્ઞાન ઉપર એમનો સરસ કાબુ હતો. એમની ન્યાય છણવાની બુધ્ધિ પણ વિલક્ષણ હતી.

## ભવ્ય ફાતિમી દરિયાઈ કાફલો.

ઇતિહાસકાર લેનપુલ જણાવે છે કે, હઝરત ઇમામ મોએઝ અ. એશઆરામને જરાપણ ચ્હાનારા ન્હોતા. રાજકાજમાં નિત્ય ઉમંગથી ભાગ લઇ રાજ્યવૃધ્ધિ કરવા અને પોતાનું બળ ટકાવી રાખવા પુરતી ખંત રાખતા હતા. ઇમામને વારસામાં સકલીયાનો કાફલો મળ્યો હતો, જે સ્પેનના કાંઠા ઉપર હિજરી સન ૩૪૪માં ચઢાઇ કરી ગનીમતનું પુષ્કળ દ્રવ્ય અને સંખ્યાબંધ કેદીઓને પકડી લાવ્યો હતો.

સ્પેનના ખલીફે જવાબમાં ટયુનીસ ઉપર પોતાનો કાફલો મોકલ્યો જેણે ટયુનીસના "નાઓના" નજદિકના એક નાના બારાને બાળી નાખ્યો હતો અને અરબરી કીનારા ઉપર લુંટફાટ ચલાવી હતી, જેને લઇ બની ફાતિમી શહેનશાહને વધારે મોટા દરીયાઇ કાફલાની જંગી તૈયારી કરવી પડી. પરિણામે કેરોના બંદર તરીકે હાલના "બુલાક"ના બદલે તે સમયના "મકસ" ખાતે એક ડકકો બાંધવામાં આવ્યો અને છસો લડાયક વહાણો તૈયાર કરવામાં આવ્યા. અરબ લોકોના મિસરપર વિજય થવાની તવારીખમાં સર્વથી મહાન કાફલો મિસરે બાંધ્યો હોય, તો તે બની ફાતિમીઓનો હતો. એ કાફલાની ભવ્યતાનો ખ્યાલ એટલા પરથી આવી શકે છે કે, હકીમ નાસિર ખુસરૂએ, હઝરત ઇમામ મોઇઝ અ.ના શાસનકાળ બાદ પોણી સદી પછી એ બારકસો જોયા હતા, જેનું વર્ણન કરતાં તેઓ લખે છે કે, "એક બારકસ ૧૫૦ કયુબીક ફીટ લાંબુ અને ૬૦ ફીટ પહોળું હતું."

## કરમતીઓનો સત્તામદ.

હઝરત ઇમામ મોઇઝ અ.ની મિસરમાં પધરામણી થઇ ત્યાં સુધી શામના હકુમતનો કોયડો હજી અણઉકેલોજ રહ્યો હતો. કરમતીઓનો ભય હજુ ઝઝુમી રહ્યો હતો. તેઓએ ટીનીસ લેવાનો ફરી પાછો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ સફળ થયા ન્હોતા, તે પછી કાંઇ વધુ હિલચાલ થઇ ન્હોતી. હઝરત ઇમામ મોઇઝે અ.એ તેના સરદાર સાથે પત્રવ્યહવાર કરવા માંડયો, પરંતુ ઇમામના સમાધાનીભર્યા પત્રના જવાબમાં કરમતી સરદાર હસન બિન અહેમદ અલ-આઅસમે લખ્યું કે, "તમારા શબ્દોથી ભરેલો અને બુધ્ધિ વગરનો પત્ર મળ્યો છે, હું મારો જવાબ સાથે લાવીશ."

ત્યારપછી કરમતીઓ વસંતઋતુમાં ફરી "અયનુશ્શમ્સ" ખાતે ચઢી આવ્યા, ભળવાખોર ઇખ્શીદીઓ અને હરીફ અલ્વીઓ સાથે જોડાઇ જઇને ઝડપભેર મિસરના સઘળા ભાગોમાં તેઓ પ્રસરી ગયા. આ સમયે ઇમામ તેમને ઉત્તર વાળવા તૈયાર થયા. પરંતુ બની ફાતિમી લશ્કર પોતાનું રક્ષણ એકસમાન રીતે કરી શકે એમ નહોતું. ઇમામના પુત્ર શાહઝાદા અબદુલ્લાહે ચાર હજાર સૈનિક સાથે નીલના ત્રીવેણી સંગમ પ્રદેશમાંના દુશ્મનોનાં સૈન્યને ફતેહમંદીથી હરાવ્યું હતું. એમાં ફાતિમી લશ્કરની કેટલીક શકિત વપરાઇ ગઇ હતી, તે સબબે કેરો પર ધસી આવતા કરમતી સૈન્યને અટકાવી શકાયું નહિ. દુશ્મનો કેરો પાસે આવી પહોંચતાં ફાતિમી સૈન્યને ખાઇઓમાંથી નીકળી શહેરમાં જવાની ફરજ પડી.

## કરમતી દમિશ્ક પડયું.

તે પછી કરમતીઓના બની ઓકૈલા એક મિત્ર 'બની તય'ના સરદારને બની ફાતિમીઓ તરફથી એક લાખ દીનાર આપવામાં આવ્યા હતા, પરંતુ એ સમયે એટલા સિકકા સિલકમાં નહોતા, જેથી સીસાપર ઢોળ ચઢાવેલા સિકકાઓ ખાસ પડાવીને આપ્યા હતા. આ સબબે એ બદવી સરદારે પોતાના મળતીયા અરબોને યુધ્ધભુમિમાંથી ખસેડી લીધા. જેથી કરમતી સૈન્યમાં ભાગલાં પડતાં ફાતિમી સૈન્ય બહાર આવીને કરમતીઓ ઉપર તુટી પડયું. હસન કરમતી આ આક્રમણના પરિણામે નાસી છુટયો. ફાતિમી સૈન્યે તેની છાવણી કબજે કરીને સઘળો માલ અસબાબ લુંટીને ૧૫૦૦ ભાર બરદારીઓને કતલ કરી નાખ્યા અને તરતજ દશ હજારનું ફાતિમી સૈન્ય શામ ઉપર ચઢી ગયું. અને કરમતીઓના બન્ને સરદારો વચ્ચે વૈમનસ્ય જાગવાથી એક સરદારે બીજા કરમતી સરદારને ફાતિમી સૈન્યનાં હાથમાં સોંપી દીધો. આ સરદાર તથા તેના પુત્રોને લાકડાના લોખંડના સળીયાવાળા પાંજરામાં પુરી મિસર મોકલવામાં આવ્યા. કરમતીઓની લુંટફાટ અને ઉપદ્રવ આથી તુટી પડયા પરંતુ દમિશ્ક કેટલીક ગેરવ્યવસ્થાને અંગે કષ્ટ ભોગવતું રહ્યું.

## ફાતિમી સૈન્યે બેરૂત જીત્યું.

હઝરત ઈમામ મોએઝ અ. માટે ખ્વાજાસરા "રયાને" રૂમીઓ પાસેથી ટ્રાબ્લીસ-ત્રીપોલી જીતી લીધું. ઈમામે તેને દમિશ્ક ઉપર ચઢાઈ કરવા જણાવ્યું, પરંતુ તુર્ક અમીર ઈફ્તગીન સામે તે ટકી શક્યો નહિ, તેથી ઈફ્તગીને શામમાં અબ્બાસી ખલીફાનું નામ ખુત્બામાં ચાલુ કર્યું. એક બીજા ખ્વાજાસરાએ ફાતિમી સૈન્યની કુમકે જઈને "બેરૂત" સર કર્યું. આ બેટને લઈને શામમાંના ખ્રિસ્તીઓનાં રૂમી સરદાર "ઝીમીસીસ" ની વફાદારી ઈફ્તગીને એકદમ સ્વીકારી લીધી અને સુલેહના કરાર કર્યા. બીજી ગમ રયાન ટ્રાબ્લીસમાંથી આગળ વધ્યો અને તેણે રૂમીઓને પરાજિત કરી તેમનો કચ્ચરઘાણ કહાડી નાખ્યો.

હિજરી સન ૩૬૩ માં બની ફાતિમીઓની કુમકે કયરવાનથી દશ હજાર લશ્કરી યોધ્ધાઓ આવી પહોંચ્યા, તેમની મદદથી દુશ્મનો પર ફાતિમી સૈન્યે કિર્તીવંત વિજય મેળવ્યો.

## મક્કા-મદીનામાં ઈમામનો ખુત્બો.

મિસર, હિજાઝ અને શામના પ્રજાજનોએ ઈમામની "બયઅત" કરી. મક્કા મોઅઝમા અને મદીના મુનવ્વરામાં પણ હઝરત ઈમામ મોએઝ અ. નો ખુત્બો ભણવાનું ચાલુ થયું. તે પછી ઈમામે બે વર્ષ પર્યંત કેરોમાં નિવાસ કરી અનેક સુધારાઓ કર્યા. ઈતિહાસકાર લેન-પુલના કથન અનુસાર યાકુબ ઈબ્ને કિલીસ અને અસ્લુગને જમીનના સામાન્ય કારોબારી તરીકે નિમ્યા. "અમીરાત" ની ઓફીસમાં દરરોજ એ બે અમલદારો બેસતા હતા. તેઓ દાણ, જકાત, દશાંદ, માથાવેરો, વકફ અને મેહેસુલની દરેક શાખાપર દેખરેખ રાખતા હતા. તેઓ મહેસુલ વસુલ કરવામાં ઝીણવટથી કામ કરતા હતા, જેમાં લોકોની ફરિયાદ અને માંગણી પ્રત્યે ખાસ ધ્યાન આપવામાં આવતું હતું. આ મહેસુલી અમલદારોનાં કુશળ કારોબારથી મહેસુલમાં મોટો વધારો થયો. સઘળી જકાત ફાતિમી સિક્કાઓમાં વસુલ કરવામાં આવતી. "ફુસ્તાત" માં માત્ર એકજ દિવસનો વેરો પચાસ હજાર દીનાર થતો હતો અને કોઈ કોઈ વાર એક લાખ વીસ હજાર જેટલો પણ થવા જતો હતો. ટીનીસ, દમીયાત અને અશમુનૈન ખાતે એક વેળાએ એક દિવસમાં બે લાખ દીનાર દાણ આવ્યું હતું.

## ઈમામનો પરિવાર.

ઈમામે પોતાની પચરંગી પ્રજાની અનહદ કાળજી રાખતા હતા. પુરાણા પાટનગરનાં રહેવાસીઓને હરકત કરવાની પોતાના આફ્રિકન સૈનિકોને ઈમામે મનાઈ કરી હતી, તેઓને "અયનુશ્શમ્સ"ની ખાડીઓ પાસે વસાવ્યા હતા. સાંજના સમયે એક હલકારો ફુસ્તાતમાં ફરી વળતો હતો, જેથી સૈનિકોને અંધારૂં થવા પહેલાં શહેર છોડી પોતાની બરાકોમાં જવું પડતું હતું.

બની અબ્બાસીઓના તાબામાંના શહેરો મિસર, દયારે સૈલઝમીન, દમિશ્ક, મક્કા, મદીના, સિકંદ્રીયા, વિગેરે ફાતિમીઓએ પોતાના મહાન ભોગ અને બાહુબળથી સર કર્યા હતા. કમાન્ડર-ઈન-ચીફ ગાઝી જૌહરની બહાદુરી તેમાં મુખ્ય હતી અને તે ઈતિહાસના પૃષ્ઠો પર સોનેરી અક્ષરે નોંધાઈ રહી છે.

હઝરત ઈમામ મોએઝ અ. ના હઝરત અબ્દુલ્લાહ, હઝરત નિઝાર (અઝીઝ), હઝરત તમીમ, અને હઝરત અકીલ નામના ચાર શાહઝાદા અને સાત પુત્રીઓ હતી.

## વફાત.

હિજરી સન ૩૬૫ના રબીઉલ આખિરની તા. ૧૫ના હઝરત ઇમામ મોએઝ અ. ની વફાત થઇ. ઇમામે સાડાતેર વર્ષ જાહોજલાલી સાથે રાજ્ય ભોગવ્યું. મહેદીયા પછી ઇમામ મિસરના સિંહાસને ચાર વર્ષ પર્યંત બિરાજમાન રહ્યા હતા. વફાત સમયે ઇમામનું આયુષ્ય ૪૬ વર્ષનું હતું. "નહેસ" નામના સ્થળે તેઓશ્રીનું અવસાન થયું હતું. તેઓશ્રીના શબને કાહેરા (કેરો) માં ભુમિદાહ આપવામાં આવ્યો હતો.

હઝરત ઇમામ મોએઝ અ.ના આગમનથી હવે ઇમામતનું દરખાનું અને "દારુલ ખિલાફત" મિસર થવાથી ઇમામને મિસરનાં પહેલા ખલીફ તરીકે ગણી તે પછીના તેમના વંશજોને મિસરના ખલીફાઓ તરીકે ઇતિહાસકારો ઓળખાવે છે.

# મિસરમા ફાતિમી ખિલાફત

હઝરત ઇમામ મોએઝ અ૦
- અબ્દુલ્લાહ
- અઝીઝ અ૦
  - હાકિમ અ૦
    - ઝાહિર અ૦ (૧૬ વર્ષની વયે ગાદીપર આવતાં તેમના ફોઇ સિત્તુલ મુલ્ક ૪ વર્ષ પર્યંત રાજકારોબાર પર દેખરેખ રાખી હતી.)
      - મુસ્તનસિર અ૦
  - સિત્તુલ મુલ્ક
- તમીમ
- ઓકીલ

## સુવર્ણ યુગ.

હઝરત ઇમામ મોએઝ અ. ના ઉપર દર્શાવેલા ચાર પુત્રો ઉપરાંત સાત પુત્રીઓ પણ હતી. અબ્દુલ્લાહ સૌથી વડા પુત્ર હતા અને હિજરી સન ૩૬૪ એટલે પોતાના પિતાશ્રીથી એક વર્ષ અગાઉ વફાત પામ્યા હતા. બીજા પુત્ર અઝીઝ અ. ઇમામતની ગાદીએ આવ્યા હતા. ત્રીજા પુત્ર તમીમ અરબી ભાષાના એક બાહોશ કવિ હતા. અરબી ઇતિહાસોમાં એમની કવિતાઓ મળી આવે છે. ઓકીલ વિષે ખાસ ઉલ્લેખ થયેલો જણાતો નથી. મિસરમાં બની ફાતિમી સલતનત સ્થપાયા પછી ઘણી પ્રગતિ થઇ હોવાથી ઇસ્માઇલી ઇતિહાસનો આ "સુવર્ણ યુગ" છે.

# HAZRAT MOWLANA IMAM AZIZ
(A. H. 365—386)

—:o:—

(૧૫)

# હઝરત મૌલાના ઈમામ અઝીઝ અ૦
(હિજરી સન ૩૬૫—૩૮૬)

હઝરત ઇમામ અઝીઝ અ. હિજરી સન ૩૬૫ના રબીઉલ આખિરની તા. ૪થીએ ગુરૂવાર ના દિને ફાતિમી ખિલાફત અને ઇમામતની ગાદીએ બિરાજમાન થયા. તાઇ બિન મુતીઅ ૩૬૩–૩૮૧ અને કાદિર બિન મુકતદિર ૩૮૧–૪૨૨ ઇમામના સમકાલીન અબ્બાસી ખલીફ હતા.

ઇમામનું પુરૂ નામ અબુલ મન્સુર નિઝાર અલ–અઝીઝબિલ્લાહ અ. હતું. તેઓશ્રીનો જન્મ "મહેદીયા"માં હિજરી સન ૩૪૪નાં મહોરંમ માસની તા. ૧૪મી ને ગુરૂવારના દિને થયો હતો. ઇમામે ૨૧ વર્ષની યુવાન વયે રાજ્ય અને ધર્મની લગામ પોતાના હાથમાં લીધી હતી.

હઝરત ઇમામ અઝીઝ અ. તખ્ત પર બિરાજતાં ફાતિમી રાજ્યકર્મચારીઓ અને પ્રજાજનોએ તેઓશ્રીના હાથ ઉપર બયઅત લઈ તેમના પ્રત્યે વફાદારી પ્રગટ કરી. એમના અમલમાં રાજકારોબારના દસ્તાવેજો અને ઓફીસોઓ પર ખલીફ તરીકે જે મહોર લગાડવામાં આવતી હતી, તેના પર "યનસરૂલ અઝીઝુલ જબ્બારો નબસરિલ ઇમામિન નિઝાર" કોતરેલું હતું.

"રવઝતુસ્સફા"માં જણાવ્યા પ્રમાણે હઝરત ઇમામ અઝીઝ અ.ની બયઅત લેનારાઓમાં તેઓશ્રીના કાકા હયદર, તેઓશ્રીના પિતાના કાકા અબુલ ફુરાત અને તેઓશ્રીના દાદાના કાકા પણ હતા. અબ્બાસી ખલીફ હારૂન અર્રશિદના અપવાદ સિવાય રાજ્ય વ્યવહારમાં આવો બનાવ કયાં પણ બનવા પામ્યો નહોતો. બયઅતના દિને ઇમામે એક અતિશય સુંદર અને વકતૃત્વપૂર્ણ ખુતબો આપ્યો હતો, જેમાં પ્રજાને ઘણી અમુલી શિખામણો આપવામાં આવી હતી. મિજલસમાં હાજર રહેલાઓ ઉપર જેની ઘણી અસર થઇ હતી.

## ઈમામના રાજ્યઅમલના ફાતિમી ચલણી સિકકાઓ.

ઇતિહાસકાર લેન–પુલ દર્શાવે છે કે હઝરત ઇમામ અઝીઝ અ.ના ચલણી સિકકાઓ મિસર ("ફુસ્તાત") માં હિજરી સન ૩૬૫ થી ૩૮૬ પેલેસ્ટાઇન (રમ્લા) માં હિજરી સન ૩૬૮ થી ૩૮૩, મહેદીયામાં હિજરી સન ૩૭૦ થી ૩૮૪, ઇફ્રીકીયા અને મનસુરીયામાં હિજરી સન ૩૬૭ થી ૩૮૬. સકલીયામાં હિજરી સન ૩૬૬ થી ૩૭૭, શામના ટ્રીપોલીસમાં હિજરી સન ૩૭૪ અને મકકામાં હિજરી સન ૩૬૬માં પાડવામાં આવ્યા હતા.

મિસરની ટંકશાળમાં સિકકા દર વર્ષે પાડવામાં આવતા હતા, ત્યારે અન્ય ટંકશાળમાં જરૂરત અનુસાર સિકકા છપાતા હતા. જે સિકકાઓ યુરોપવાસીઓને મળી આવ્યા છે તે સઘળા સોનાના છે, પરંતુ રૂપા નાણું પણ ઘણા મોટા પ્રમાણમાં ચાલતું હતું.

હઝરત ઇમામ અઝીઝ અ.ની હિજરી સન ૩૬૬ ની સાલની એક સોનાની દીનાર સચવાયલી મળી આવી છે. ઇમામતની મસનદ ઉપર "ઇદુલગ઼દીર" ના દિને ઇમામ બિરાજમાન થયા તેની

નિશાની રૂપ એ દીનાર છે. આગળના બની ફાતિમી સિક્કાઓની સરખામણી કરતાં તેના ઐતિહાસિક લેખમાં ઘણો તફાવત દીઠામાં આવે છે. હઝરત ઇમામ અઝીઝના રાજ્યઅમલમાંના જેટલા સિક્કા મળી આવ્યા છે, તે ઉપરથી ઐતિહાસિક વાકયોનો ઉકેલ કરવો કઠણ છે. મજકુર દીનારનો પ્રથમ વિભાગના પહેલા દાયરામાં "લાઇલાહા ઇલ્લિલ્લાહ, મુહમ્મદુન રસુલિલ્લાહ અલી......અલ્લાહ" એમ લખેલું છે, ટપકાં મુકવામાં આવ્યા છે ત્યાંના અક્ષરો સ્પષ્ટ નથી, જ્યારે બીજા વિભાગના પહેલા કુંડળમાં "અબ્દુલ્લાહ-વ-વલીયેહુ અલ-ઇમામ અલ-અઝીઝબિલ્લાહ, અમીર-અલ-મોમેનીન"એ શબ્દો કોતરેલા છે. હાંસિયામાં બિસ્મિલ્લાહ શબ્દની પાછળ ટંકશાળ સુચક મિસરનું નામ અને હિજરી સન ૩૬૬ દેખાડેલાં છે. આ દીનારનુ વજન ૫૮ ગ્રેન (ઘઉભાર) છે.

## ઇમામ અઝીઝ અ. નો ન્યાયઘંટ.

હઝરત ઇમામ અઝીઝ અ.ના સઘળા ઇતિહાસકારોએ ગુણગાન ગાયાં છે. તેઓ લખે છે કે: હઝરત ઇમામ અઝીઝ અ. ઉમદા સ્વભાવના, દયાભાવ રાખનારા નરવીર, બુધ્ધિશીલ, ધૈર્યમાન, સહનશીલ, સદ્વર્તનવાળી અને ગુનેહગારોને ક્ષમા આપનારા ઉમદા ગુણવાળા એક રાજવી હતા. તેઓ છતાયલા દુશ્મન પર કૃપા કરતા બલ્કે કેટલીક વખતે તેને નવાઝે પણ દેતા હતા. તેઓશ્રીની ન્યાયપ્રણાલી તેઓશ્રીના પિતા જેવી હતી. તેઓશ્રી વિદ્યા અને જ્ઞાનમાં પ્રવીણ હતા. સાહિત્યપ્રેમી અને કવિ પણ હતા. અરબી ઇતિહાસકારોએ એમની કેટલીક કાવ્યપંક્તિઓ પણ આપી છે. દુરાચારીઓ સાથે સખ્તાઇથી કામ લેનારા, નિડર અને અચ્છા શિકારી તરીકે તેઓશ્રીને ઇતિહાસકાર ઓલીયરીએ ઓળખાવ્યા છે, કોઇપણ પ્રજાજન તેમની બેધડક મુલાકાત લઇ શકતો. હઝરત દાઉદ અ.ના મશહૂર થયેલા "ન્યાયઘંટ"વાળી પ્રથા ઇમામે અદાલતમાં દાખલ કરી હતી. (૧) અશ્વ, ઝવેરાત, વિગેરેની પરિક્ષા ઇમામનુ વિશિષ્ટ લક્ષણ હતું, અને એ દિશામાં તેઓશ્રીએ ખાસ પ્રખ્યાતિ મેળવી હતી. હઝરત ઇમામ અઝીઝ અ.નો રંગ ઘઉંવર્ણો, રૂખસાર રક્તવર્ણીય, આંખો મોટી અને જ્યોતિર્મયી. આકૃતિ ભવ્ય કેસરી સિંહનો ભાસ કરાવતી હતી. તેમને પોતાના પિતાશ્રી પ્રમાણે શિકારનો અંધાવવાનો ઘણો શોખ હતો.

## ખ્રિસ્તિ દેવળ બાંધવાની પરવાનગી.

ઇતિહાસકાર ઓલીયરી કહે છે કે, હઝરત ઇમામ અઝીઝ અ. ક્રિશ્ચીઓ અને યહુદીઓ પ્રત્યે ભારે પ્રેમ ધરાવતા હતા. ઇમામના એક મહોરદાર ખ્રિસ્તી હતા, જેઓના બે ભાઇઓને ખ્રિસ્તી ધર્મના "માલકાઇટ" સંપ્રદાયના "પેટ્રીયાર્ક" નિમવામાં આવ્યા હતા. ક્રિશ્ચીઓ "જેકોબાઇટ" ધર્મમંડળના અનુયાયીઓ હતા, છતાં તેમને જુના વિચારના (જુનાની ખ્રિસ્તી સંપ્રદાયના) વડાનું સ્થાન આપવામાં આવ્યું હતું. આમાંના એક સિકંદ્રીયા અને બીજા જેરૂસલામ ખાતે નિમાયા હતા. "ફુસ્તાત"માં "અબુસ્સૈફેન"નું ખંડિયેર થયેલું મંદિર ફરી બાંધવાની ક્રિશ્ચી પેટ્રીયાર્કને પરવાનગી આપવામાં આવી હતી.


## ખ્રિસ્તીઓને છુટાપણું.

ઇતિહાસકાર લેન-પુલ લખે છે કે "ઇમામ"નાં રાજ્ય જેટલું છુટાપણું ખ્રિસ્તિઓએ અગાઉ કદી ભોગવ્યું નહોતું. પોતાની જીજ્ઞાસુ પ્રકૃતિ અનુસાર "અશમુનૈન"ના બીશપ સેવરસને કાઝી અબ્નિ નોઅમાન જેવા વિખ્યાત મુસ્લિમ આલિમ સાથે ધાર્મિક સિધ્ધાંતોના મુદ્દાઓ ઉપર વાદવિવાદ કરવા માટે "ઇમામ" ઉત્તેજન આપતા હતા.

---

૧. આ યાદગાર પ્રથાનું અનુકરણ મોગલ શહેનશાહ જહાંગીરે કર્યું હતું એમ માનવામાં આવે છે.

The world famed University JAMA-E-AZHAR: founded by the Fatimid Caliphs is considered the largest University in world.



હઝરત ઇમામ અઝીઝ અ. ના દરબારમાં બે વર્ષ પર્યંત ઇસા બિન નેસ્ટોરિયસ નામનો ખ્રિસ્તિ વઝીર હતો. સૈન્યમાં તુર્કી અને બરબરીઓ સૈનિકો તરીકે બાહોશ હતા, પરંતુ દીવાની (ઓફિસનું) કામકાજ કુશળતાપૂર્વક તેઓ કદીપણ શીખી શકે એમ ન્હોતું, એટલે એ વિભાગમાં ગેર-મુસ્લિમોને નિમવામાં આવતા હતા. ઇમામના શાસનકાળના અંતિમ ભાગમાં યુનાની સમ્રાટ બેસિલનો સામનો કરવા છસો લડાયક બારકસોનો કાફલો ઇમામે તૈયાર કરાવ્યો હતો; તેમાંથી નીલ નદી પરની "મકસ"ની ગોદીમાં પડેલા સર્વથી મોટા અગ્યાર બારકસોને કોઇએ આગ લગાડી દીધી. વ્હાણના ખલાસીઓ અને અમલદારોને આજુબાજુ વસતા યુનાનીઓ ઉપર શક જતાં એક મોટું હુલ્લડ થયું, જેમાં પુષ્કળ યુનાનીઓ મરણ પામ્યા. તેમના ઘરો લુંટી લેવામાં આવ્યા. આટલું છતાં ખ્રિસ્તીઓ વિરૂધ્ધની એ હિલચાલ ન્હોતી. ઇમામે તુર્કી તથા બરબરી સૈન્યને મોકલી આ રમખાણ તરતજ દાબી દીધું અને ૭ મહિના જેટલી મુદતમાં ઇબ્ને નેસ્ટોરીયસની ખંતથી સર્વ કરતાં સરસ છ નૌકાઓ તૈયાર કરવામાં આવી.

## વડા વઝીર યાકુબ બિન કિલીસ.

આ સ્થળે ઇમામના વડા વઝીર યાકુબ બિન કિલીસનો પરિચય આપવાની જરૂર છે. યાકુબ જન્મથી હઝરત મુસા અ. નો અનુયાયી હતો. તેના પિતાએ તેને પ્રથમ શામ ભણી રવાના કર્યો હતો, અને ત્યાંથી મિસર આવી પહોંચ્યો હતો, જ્યાં તેને અમીર કાફુરના ખાસ હજુરી તરીકેની સેવા મેળવવાનું ભાગ્ય પ્રાપ્ત થયું. પોતાની કુશળતાથી ત્યારપછી તેણે ખજાનચીનો ઓધ્ધો પ્રાપ્ત કર્યો. હિજરી સન ૩૫૬ માં તેણે પવિત્ર ઇસ્લામ ધર્મનો સ્વીકાર કર્યો. અમીર કાફુરનું હિજરી સન ૩૫૬ માં મૃત્યુ થતાં મિસરમાં વ્યાપી રહેલા અંધેર દરમ્યાન વઝીર ઇબ્નુલ ફુરાતે યાકુબની ધનસંપત્તિ લુંટી તેને કેદખાનામાં પુર્યો, જ્યાંથી તે ચોકીઆતોને સમજાવી છટકી જઇ કયરૂવાનમાં હઝરત ઇમામ મોઇઝ અ. ની પનાહમાં આવી રહ્યો હતો અને આગળ જણાવ્યા મુજબ ઇમામે મિસરના વિજય માટે ગાઝી જોહર સાથે તેને મોકલ્યો હતો, ત્યારથી તેની ઉપર ઇમામની અમીદ્રષ્ટિ વધતી ગઇ હતી અને તેમની વફાત સમયે તે વડા પ્રધાનપદે હતો. હઝરત ઇમામ અઝીઝ અ. મસનદનશીન થતાં, તેને વડા પ્રધાન તરીકે નિમ્યો હતો. યાકુબ વિદ્યાજ્ઞાનનો ભારે શોખ ધરાવતો હતો. બીજા પ્રધાનો પણ જ્ઞાન પ્રત્યે ચાહના ધરાવતા હતા, પરંતુ યાકુબનો ચાહ સંઘળાં કરતાં વધી જાય એવો હતો. ધાર્મિક દાવાને અંગે ફાતિમી વંશજો રાજ્યાસને બિરાજ્યા હોવાથી તેમનાં વિરોધીઓનો અને અન્ય વંશના ખલીફાઓને ટેકો આપનારાં સાહિત્યનો પ્રચાર લોકોમાં કરવામાં આવતો હતો, જેમાં કેટલાક જાણીતા વિદ્વાનોની એક લાંબી હારમાળા સંકલિત હતી. આ વિરોધી પ્રચારની સાથે સત્યની તુલના થઇ શકે એવું સાહિત્યમંડળ સ્થાપવા અને તેના નિભાવ માટે રાજ્ય પાસેથી ગ્રાન્ટ મેળવી સત્તાધારી પુસ્તકો બહાર પાડવા, તેનો અભ્યાસ ચાલુ રાખવા અને તેને દરેક ઉત્તેજન આપવાની ગોઠવણ કરવામાં આવે તો બહારથી આવતા વિરૂધ્ધ પક્ષના સાહિત્યના પ્રવાહ સામે તે ઢાલનું કામ આપી શકે, એ ખાસ જરૂરનું હતું. યાકુબ બિન કિલીસે તે માટે જાતે પુસ્તકો લખ્યા અને એ પુસ્તકોમાંના શિક્ષણ અનુસાર વર્તનારા ચારિત્રવાન પુરૂષો તૈયાર કરવા માટે એક યુનિવર્સિટિ (વિદ્યાપીઠ) બનાવવાની તેમણે યોજના તૈયાર કરી.

## જગપ્રસિધ્ધ વિશ્વ વિદ્યાલય જામેઅ અઝહર.

હઝરત ઇમામ અઝીઝ અ. જેઓ મિસરના બીજા બની ફાતિમી ખલીફ હતા, તેઓશ્રીના સમયમાં વઝીર યાકુબ બિન કિલીસે ઇમામના હુકમ મુજબ યુનિવર્સિટિની યોજના તૈયાર કરી. જેના ખર્ચ માટે ઇમામે મંજુરી આપતાં, પ્રથમ ૩૫ વિદ્યાર્થીઓ માટેની વ્યવસ્થા કરવામાં આવી અને તે માટેની ગોઠવણ

ગાઝી જોહરે પાટનગર કેરોની જોડાજોડ બંધાવેલ ઇબાદતગાહ "જામએ અઝહર" માં કરવામાં આવી. આવી રીતે "અલ–અઝહર" યુનિવર્સિટિની શરૂઆત થઇ. આ પાઠશાળાના નામમાં પણ એક વિશેષતા સમાએલી છે. ઇસમાઇલી ઇમામો બની ફાતિમી હોવાના સબબે એ વંશ સુચક નામ આ વિદ્યાપીઠ માટે યોજવામાં આવ્યું. બીબી ફાતિમાનો પ્રસિધ્ધ લકબ "અઝ–ઝોહરા" (તેજસ્વી) છે અને તેમના માનમાં "અઝહર" નામ રાખવામાં આવ્યું; "અઝ–ઝોહરા" ના નારીજાતી સુચક રૂપ છે. આ સંસ્થાની પાછળથી પ્રગતિ થઇ હતી અને તે એક પાઠશાળા પરથી એક ભવ્ય યુનિવર્સિટિમાં ફેરવાઇ ગઇ હતી. આ સંસ્થામાં ૩૧૭ પ્રોફેસરો સહિત કેળવણી પામતા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૭૫૮ ની ગણવામાં આવે છે. આ યુનિવર્સિટિનો લાભ લેવા દુનિયાના પ્રત્યેક ભાગમાંથી દેશ વિદેશના લોકો આવતા હતા. એમાં ધર્મના ભેદભાવ વગર દરેક પ્રકારનું ઇલ્મ શીખવવામાં આવતું હતું. આ યુનિવર્સિટિ આજે પણ ઇસ્લામી આલમ માટે ઇલ્મના કેન્દ્ર તરીકે સુપ્રસિધ્ધ છે.

"લીટરરી હિસ્ટ્રી ઓફ પરશીયા" ના કર્તા પ્રોફેસર ઇ. જી. બ્રાઉન જણાવે છે: "અસંખ્ય પુસ્તકોથી ભરપુર લાયબ્રેરીઓવાળી કેરોની યુનિવર્સિટિઓમાં ઇસમાઇલી મઝહબનું શિક્ષણ ખુલ્લી રીતે આપવામાં આવતું હતું અને નામાંકિત પ્રોફેસરોને સાંભળવા માટે લોકોની ઠઠ જામતી હતી. ઉપરાંત દરેક ધર્મો પ્રત્યે સંપૂર્ણ સહિષ્ણુતા બતાવવામાં આવતી હતી."

જો કે બની ફાતિમા રાજ્યઅમલ પછી અન્ય વંશના મુસ્લિમ રાજ્યકર્તાઓએ તેની સ્થાપનાના હેતુને બદલી નાખીને જુના (ઓર્થોડોક્ષ) વિચારનું એક મહાન કેન્દ્ર બનાવ્યું છે. પોતાની સઘળી હરીફ સંસ્થાઓને ઝાંખી પાડી દેવાવાળા તેનાં કયા સંજોગો હતા, તે એટલા બધા ખુલ્લા નથી, છતાં સ્પેન અને ઇફ્રિકની યુનિવર્સિટિઓથી કેરોનું વિશ્વવિદ્યાલય હજી પણ કેવી રીતે જીવંત છે તે આપણે સમજી શકીએ છીએ. આ દેશોમાં તે સમયે કોઇ નગર કેન્દ્ર તરીકે નહોતું, ત્યારે ઇસ્લામનું "દારૂલ–ખિલાફત" કેરો હતું. ઇમામોએ પણ તેને સર્વોપરીપદ સોંપ્યું હતું. કોન્સટેન્ટીનોપલ ઇસ્લામી નહિ પણ વિદેશી ભાષા બોલનારૂં એક શહેર હતું. "અઝહર" વિશ્વવિદ્યાલયની તે સમયમાં પણ ઘણી હરીફ સંસ્થાઓ હતી. પાછળના યુગમાં અર્થાત મેમ્લુકોના શાસનકાળમાં પોતાનું નામ અમર રાખવા લગભગ દરેક બાદશાહે અનેક વિદ્યાપીઠ બાંધી તેના પાછળ ઉદાર રકમો ખર્ચી હતી. આટલું છતાં "અઝહર" અન્ય સંસ્થાઓથી આગળ વધી હતી, તેનું કારણ એ હતું કે તે સર્વથી પુરાણી કીર્તિવંત અને ચઢિયાતી આદર્શ સંસ્થા હતી અને તેનું નામ આખા ઇસ્લામી આલમમાં જાણીતું થયું હતું. આ સંસ્થા સિવાયના અન્ય વિદ્યાર્થીઓને કીર્તિવંત બનવાની તક ભાગ્યેજ મળતી હતી.

## મસરની જાહોજલાલી.

મિસરમાં બની ફાતિમી સલતનતની સ્થાપના થયા પછી, મિસરની સર્વ પ્રકારે ઘણીજ પ્રગતિ થતાં, તેની જાહોજલાલી બહુ વધવા પામી હતી. ખાસ કરીને હઝરત ઇમામ અઝીઝ અ. ના સમયનું રાજ્ય ફાતિમી વંશમાં, તેઓશ્રીનાં પૂર્વજો કરતાં સૌથી ઉંચામાં ઉંચી કક્ષાએ પહોંચ્યું હતું. હઝરત ઇમામ અઝીઝ અ. મુખ્યત્વે "અન્ય મત માટેની સહિષ્ણુતા" (ટોલરેશન) માટે ઘણાંજ પ્રખ્યાતિ પામ્યા છે.

પરંતુ "અઝહર" યુનિવર્સિટીની સ્થાપના કરીને ફાતિમીઓએ મિસર અને સમસ્ત ઇસ્લામી આલમ ઉપર મહાન અહેસાન કર્યો છે. "અઝહર" યુનિવર્સિટીના પ્રતાપે ઇસ્લામની ભૌતિક અને આધ્યાત્મિક પ્રગતિ સાધવામાં પણ મિસરે ઘણોજ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. દુષ્કાળ અને સિરિયાથી કરમતીઓનાં હુમલાઓ આવ્યા છતાં ફાતિમીઓએ મજબુતીથી કામ લીધું હોવાથી મુખ્ય

સમુદ્રના કિનારાઓના પ્રદેશોની હદ સુધી, અલ્જિરીયાથી સિરિયા અને અરબસ્તાનના પવિત્ર સ્થળોએ પણ ફાતિમીઓની સત્તાનો સ્વીકાર થતો હતો. લોકોના જાનમાલની સલામતી વધવાથી મિસરની વસ્તીમાં વધારો થયો અને વેપાર રોજગારમાં પણ અત્યંત ઘણીજ પ્રગતિ થવા પામી હતી. (૧)

નાણાં વિષય બાબતમાં હઝરત ઇમામ અઝીઝ અ. ઘણાજ સખ્ત સુધારક હતા. તેઓએ લાંચ રૂશ્વતની બદી નાબુદ કરી અને ભેટ સોગાદો લેવાનો રિવાજ સદંતર બંધ કરાવ્યો હતો અને દરેક અમલદાર તથા રાજમહેલના નોકર ચાકરોને નક્કી કરેલો ચોકકસ પગાર આપવાનો રિવાજ દાખલ કર્યો, જે એ લોકો માટે સંતોષકારક રીતે ફાયદાકારક પુરવાર થયો હતો. ઉપરાંત ઇરાની બનાવટના નવી જાતના કસબી અમામાઓ, સોનાજડિત બખતરો અને એવી અન્ય અનેક સામગ્રીઓ હઝરત ઇમામે પોતાના રાજ્યમાં દાખલ કરી હતી.

## ઇમામનો રાજ્ય વિસ્તાર.

હઝરત ઇમામ શાહ અઝીઝ અ.ના શાસનકાળમાં "તારીખે ઇસ્લામ"ના કથન અનુસાર ફાતિમી સામ્રાજ્યનો વિસ્તાર વધ્યો હતો. હેમ્સ (એમીસા), હમાત, સીઝર અને હલબ ફતેહ કરી એ મુલ્કો બની ફાતિમી સલતનત સાથે જોડી દેવામાં આવ્યા હતા. હિજરી સન ૩૮૨માં મોસલના હકિમ મુખ્યલીદ બિન મુસૈયબ અકીલીએ પોતાના સમસ્ત રાજ્યમાં અર્થાત મોસલ, મદયન, કુફા અને અંબાર વિગેરેનો જેમાં સમાવેશ થાય છે, ત્યાં ઇમામના ચલણી સિકકા ચાલુ કરીને ઇમામનું નામ ખુત્બામાં દાખલ કર્યું હતું.

ફાતિમીઓનું સઘળું સૈન્ય બની કુત્તામા લોકોનું હતું. તેઓ ફિદાઇ અને વિશ્વાસુ લડવૈયા હતા. દુશ્મનોનો વખતો વખત સામનો કરવો પડતો હોવાથી તેને સંગઠિત કરી, સારા પાયા ઉપર લાવવા ઇમામે સારી મહેનત લીધી હતી. સાથે સાથે તુર્કી દેલમી અને ઇરાની સૈનિકોનું પણ લશ્કર ઉભું કરવામાં આવ્યું હતું, જેથી બન્ને પક્ષો વચ્ચેનું સમતોલપણું જળવાઇ રહે. કુત્તામી તથા બરબરી લશ્કર "મગારિબા" (પશ્ચિમ દેશના વતનીઓ) અને તુર્કી તથા દેલમીઓ "મશારિકા" (પૂર્વ દેશના વતનીઓ) તરીકે ઓળખાતા હતા.

## અમીર ઇફ્તગીન તક સાધે છે.

અમીર ઇફતગીન શામ ખાતે મોટું લશ્કર લઇ આવવાના સમાચાર ફેલાતાં, દમિસ્કના કેટલાક વિઘ્ન સંતોષી લોકોએ તેના સાથે પત્રવ્યહવાર કરી, ફાતિમીઓને હાંકી કાઢવાની શરતે તેને અમીર તરીકે કબુલ રાખવાનું વચન આપ્યું.

ઇતિહાસકાર ઓલિયરીનું કથન છે કે ફાતિમીઓ તરફ અણગમાની લાગણી ધરાવનાર કેટલાક ધર્મઝનુની દમિસ્કવાસીઓની આ શરતો તરફ લલચાઇને ઇફતગીન તક સાધીને સાનિયતલ-ઉકાબ સુધી આગળ વધી ગયો, ફાતિમીઓ શામમાં યુનાનીઓ ત્રિપોલી પર હુમલો લઇ આવવાના હોવાથી તેઓનો સામનો કરવામાં રોકાયલા હતા, આથી ઇફતગીન કોઇપણ સામના વગર દમિસ્કમાં દાખલ થઇ ગયો.

ઇફતગીને દમિસ્ક શહેરનો કાવાદાવાથી પુરેપુરો કબ્જો મેળવી લીધા બાદ શિષ્ટાચાર અનુસાર બગદાદના અબ્બાસી ખલીફની વડપણ તરીકેની સત્તા તેણે સ્વિકારી હતી છતાં તેને બની ફાતિમીઓની બીક રહેતી હોવાથી, તેણે કરમતીઓ સાથે મિત્રાચારી બાંધી. કરમતીઓએ પણ ઇફતગીનને મદદ આપવા કબુલાત આપી પરિણામે તેઓનું એક મોટું સૈન્ય દમિસ્ક આવી પહોંચ્યું.

(૧) જુઓ ઇન્સાઇકલોપિડિયા ઓફ રિલિજીયન એન્ડ એથીકસ ગ્રંથ ૮ મો પાનું ૬૦૦-૬૦૧

## દમિશ્કના રાજકારણનો કોયડો.

બની ફાતિમીઓએ મિસર પોતાના તાબે કરી લેવાના પરિણામે શામના કોયડાની શરૂઆત થઇ હતી અને તે પ્રથમથીજ મિસરના ફાતિમી રાજ્ય માટે ભારરૂપ થઇ પડયો હતો. હઝરત ઇમામ મોઇઝ્ઝ અ. પોતાની વફાત વખતે વડા વઝીર ઇબ્ને કિલીસને ત્રણ ભલામણો કરી હતી. તેમાંની એક એ હતી કે "જુમ્આના ખુત્બાઓ"માં તથા ચલણી સિક્કાઓમાં ઇમામનું નામ રાખવામાં આવે તો હમદાનીઓ જોડે સુલેહ જાળવી રાખવી અને તે પ્રમાણે યુનાનીઓ જોડે પણ વર્તાવ કરવો. શામને સત્તામાં રાખવાની ઇચ્છા મિસરના રાજકર્તાઓ માટે સદાય મુશ્કિલીરૂપ નિવડી છે, તે માટે ફાતિમી ખલીફની વિધીસરની સાર્વભૌમ સત્તાનો તે સ્વીકાર કરે તો વધુ કંઇ ન મેળવવાની સલાહ આપવામાં ઇમામે ડહાપણ વાપર્યું હતું. જ્યારે અત્યારે પણ સમય વર્તીને ચાલવાનું હતું. કરમતીઓનો ભય પણ મિસરના દ્વાર પર ઝઝુમતો હતો. પોતાની નેમમાં ફાવવા માટે કરમતીઓએ ઇફતગીન સાથે મિત્રાચારી સાંધી હતી. કારણ કે દમિશ્કમાંથી તેને ફાતિમી ગવર્નર માવદને હાંકી કહાડયો હતો.

## ગાઝી જૌહર દમિશ્કના રણસંગ્રામમાં:

હઝરત ઇમામ અઝીઝ અ. શામનો સવાલ ગાઝી જૌહરના હાથમાં મુકયો અને એક મોટું સૈન્ય તેમને સોંપવામાં આવ્યું. ગાઝી જૌહરના આગમનના સમાચાર મળ્યા તે સમયે કરમતીઓ "રમેલા" મુકામે હતા અને "અકકા" સામે ઇફતગીને છાવણી નાખી હતી, ગાઝી જૌહરના આવવાની ખબર સાંભળતાં કરમતીઓના છકકા છુટી ગયા અને તેઓ "રમલા"થી નાસી છુટયા. ગાઝી જૌહરે તેનો કબજો લીધો. કેટલાક કરમતીઓ છેક પોતાના વતન "અલહસા" ભણી કુચ કરી ગયા જ્યારે બાકીના ચારે દિશામાં વિખરાઇ ગયા હતા. પોતાને નિરાધાર અવસ્થામાં આવી પડેલો જોઇ "તાઇબીરીયા" ભણી ઇફતગીન પાછળ હટી ગયો. જ્યાં આગળ કેટલાક વિખરાઇ થયેલા કરમતીઓને પોતાના વાવટા તળે એકઠા કર્યા અને તે પછી પોતાની તુર્કી ફોજની સહાયથી ગાઝી જૌહર સામે યુધ્ધમાં ઉતરવાની તૈયારી કરી. પહેલાં તેણે "હાઉરાન" અને "દમિશ્ક" પાસેના ઇલાકા "બસનીયા"માંથી સહાયક સામગ્રી મેળવી અને શહેરને ઘેરા સામે ટકકર ઝીલવી પડે તો તે માટે અન્નપાણી પણ પુરતાં પ્રમાણમાં સંઘરી લીધાં.

ઝીલકાદ મહિનાના અંત ભાગમાં ગાઝી જૌહર પણ ત્યાં પોતે આવી પહોંચ્યા. તેમણે દમિશ્ક આગળ પોતાની છાવણી નાખી. છાવણીની આજુબાજુ ઉંડી ખંદકો ખોદવામાં આવી અને પોતાના સૈનિકો આવજાવ કરી શકે તે માટે વચ્ચોવચ્ચ માર્ગ મુકવામાં આવ્યો. ઇફતગીને પોતાના સરદાર કાસમ શરૈબને અનિયમિત ધાડાં નાખવા અને સામનો થતાં હુમલો પણ કરવાનું કામ સોંપ્યું અને નિયમિત સૈન્ય શહેરમાં રાખવામાં આવ્યું. એવી રીતે લડાઇ હિજરી સન ૩૬૬ ના રબીઉલ-આખિરની તા. ૧૧મી સુધી ચાલુ રહી, છતાં ધાડાંઓના સબબે ફાતિમીઓને કાંઇપણ લાભકારક અસર દેખાઇ નહિ, જેથી ગાઝી જૌહરનો ઉત્સાહ મંદ પડી ગયો. ઇફતગીન શહેર છોડી નાસી જવાના વિચારમાં હતો, પરંતુ દમિશ્ક છોડવા પહેલાં તેણે સઘળી તરફથી મદદ મેળવવાના પ્રયત્નો કર્યા છેવટે તેને આશાભર્યા સમાચાર મળ્યા કે તેની કુમકે કરમતી સરદાર હસન બિન અહમદ અલ-આસમ આવી રહ્યો છે. ગાઝી જૌહરને કાને આ વાત આવતાં ઇફતગીન સાથે સંધી કરવામાં તેઓએ ડહાપણ જોયું અને ઇફતગીનની ભારે ખુશાલી વચ્ચે ત્યાંથી ચાલી જવાનું ગાઝી જૌહરે કબુલ કર્યું. તે પછી તેઓ "તાઇબીરીયા"માં આવી પહોંચ્યા. આ વાત કરમતીઓને માલમ પડતાં ફાતિમી લશ્કર ની તેણે પુંઠ પકડી અને બન્ને લશ્કર "રમલા" મુકામે સામસામા થઇ જતાં એક નાની લડાઇ થઇ,

જેમાં કરમતી સરદાર હસન બિન અહેમદનું મૃત્યું થયું. જેથી કરમતીઓના "કબીર" નો ઓધો તેના પિત્રાઈ જાફરને સોંપાયો; જ્યારે અબુ સૈયદના ૭ પુત્રોમાંના એકજ હયાત પુત્ર યુસુફની સત્તા તળે કરમતી લશ્કર આવ્યું, એ પછી ૭ "સૈયદો" ના હસ્તમાં પોતાનું લશ્કરી બળ મુકવાનો રીવાજ કરમતીઓમાં પડયો. ખરી રીતે કહેતાં આ ૭ જણાની "ઇસેકટીવ મિલીટરી કાઉન્સીલ" (નિયુકત લશ્કરી મંડળ) બનતી હતી.

## સુલેહના સંદેશા.

કરમતી સરદાર હસન બિન અહેમદના મરણ પછી કરમતીઓ અને ઈફ્તગીનના પક્ષો વચ્ચે ઝઘડો ઉભો થયો. પરિણામે કરમતીઓ તેને મુકીને ચાલ્યા ગયા. છતાં ઇફતગીન હિંમત હાર્યો નહિ અને ગાઝી જૌહર સાથે લડવાનો તેણે નિર્ણય કર્યો. બન્ને પક્ષ વચ્ચે યુધ્ધ થતાં ગાઝી જૌહરને હાર ખમીને "અસ્કેલાન" ભણી ચાલ્યા જવું પડયું. આ ફતેહથી ફુલાઈ જઈને ઈફ્તગીને "અસ્કેલાન" ઉપર ઘેરો નાખ્યો. બીજી તરફથી ઈમામ શાહ અઝીઝ અ. ને પોતાના લશ્કરની હારના સમાચાર મળતાં તેઓશ્રીએ ગાઝી જૌહરની સહાયતા માટે જાતે રવાના થવાની તૈયારી કરી. મિસરમાં સામગ્રી એકઠી કરતાં થોડો વિલંબ થયો. તે દરમ્યાન ઇફતગીન અને ગાઝી જૌહર વચ્ચે સુલેહના સંદેશા ચાલુ થયા. બન્ને પક્ષો વચ્ચે આ બે શરતે સંધી થઇ: ૧ ગાઝી જૌહરે બદલાની અમુક રકમ આપવી. અને ૨ "અસ્કેલાન" શહેરના દ્વાર પર ઇફતગીન પોતાની તલવાર લટકાવે તેની હેઠળથી ગાઝી જૌહરનું લશ્કર શાંતિથી પસાર થાય. ફાતિમી સૈન્ય ઘેરામાં સપડાયલું હોવાથી આ રીતે તેણે છુટકારાનો દમ ભર્યો અને "રમલા" ના માર્ગે મિસર ભણી પંથ કાપવા માંડયો.

## ઈમામ અઝીઝ યુદ્ધમાં—ઈફ્તગીનનો પરાજય.

પરંતુ હઝરત ઇમામ અઝીઝ અ. મોટા લશ્કર સાથે તેમની કુમકે આવતા હતા, માર્ગમાં ગાઝી જૌહર સાથે ભેટો થતાં ઇફતગીન પર હલ્લો લઈ જવા બન્ને લશ્કરે એકત્ર થઇને દમિશ્ક ભણી પાછા ફરી આગળ વધવા માંડયું. આ ખબર ઈફ્તગીનને "તાઈબીરીયા" માં મળી. થોડાજ વખતમાં ફાતિમી સૈન્ય દુશ્મનોની સરહદ ઉપર આવી પહોંચ્યું અને બન્ને પક્ષો વચ્ચે યુધ્ધ શરૂં થયું. દમિશ્ક પડયું. તેના પર બની ફાતિમી વાવટો ફરકતો થયો અને થોડા સમયમાંજ ઇફતગીનની હાર થઇ તેથી તે એકદમ નાસી છુટયો. આ લડાઇ હિજરી સન ૩૬૮ ના મહોરંમ માસની તા. ૨૩ મીને ગુરૂવારના દિને થઇ હતી. કેટલાક ફાતિમી સૈનિકોએ ઇફતગીનને કેદ પકડીને હઝરત ઇમામ અઝીઝ અ. ની સેવામાં હાજર કર્યો. તેને સૈન્ય સાથે બધે ફેરવવામાં આવ્યો. પછી બીજા તુર્કી કેદીઓ સાથે તેને મિસર લઇ જવામાં આવ્યો.

"રવઝતુસ્સફા" ના જણાવ્યા મુજબ ઇફતગીનની નજર હઝરત ઈમામ અ. ના ફરકતા વિજય ધ્વજ ઉપર પડતાંજ તેના મનમાં ભયનો સંચાર થયો હતો. ઇમામના દબદબાથી તે પ્રભાવિત થઇ અદબ સાથે શોકાતુર ચહેરે ધીમા પગલે આગળ વધીને ઇમામના ઘોડાની રિકાબ પકડીને બોસા દેવા લાગ્યો, ઈમામે પણ તરતજ ઉદાર દિલે તેને માફી આપી.

## ઈફ્તગીનનું સન્માન.

કેરો શહેરમાં પહોંચ્યા પછી ઇમામે ઇફતગીનને ઘણી બક્ષિશો અને ખિલઅત આપી અને રહેવા માટે એક ભવ્ય મકાન આપવામાં આવ્યું અને ફાતિમી દરબારમાં એક માનવંત પરોણા તરીકે તે રહેવા લાગ્યો. ઈફ્તગીનની ઇમામ અઝીઝ અ. ના ઉપકારથી એવી સ્થિતિ થઇ પડી હતી કે, તે પોતાને મળવા આવનારાઓને અવારનવાર કહેતો હતો કે, "હઝરત ઈમામ અઝીઝ અ. ની હુઝુરમાં

તેઓશ્રીની સામે મને ઘોડા ઉપર બેસતાં બેઅદબી જેવું લાગે છે. હું તેમની સામે આંખ ઉપાડીને જોઈ શકતો નથી. તેઓશ્રી તરફથી મને જે બક્ષિશોની નવાજિશ થઇ છે તેનો ભાર મને કચડી નાખે છે."

ઇમામ અઝીઝ અ.ના કાને જ્યારે આ વાત આવી તો તેમણે પોતાના કાકાશ્રી હઝરત હૈદરને કહ્યું :–"યા અમ્મી! ખુદાના સોગંદ, લોકોને બક્ષિશોથી દબાયલા અને સોના ચાંદી તથા રત્નોથી ઝગઝગિતપણે આરાસ્તા થવાનું સુભાગ્ય મારા તરફથી તેમને પ્રાપ્ત થયું છે, એ વિચારો મને બહુ ગમે છે." ઈમામના આ ઉદાર વર્તન માટે પ્રજાજનોમાંના કેટલાકો ટીકા કરવા લાગ્યા. ઇમામને તેની જાણ થતાં ઇફતગીનને સુંદર વસ્ત્રાલંકારો પહેરાવી શહેરમાં ફેરવવાની ઈમામે આજ્ઞા કરી. તે પછી તેને એક મોટી રોકડ રકમ ભેટ આપી ને ઇફતગીન તથા બુવૈયા વંશના સરદારોને પોશાકો ભેટ આપ્યા તથા ફાતિમી ઓધ્ધેદારોને તેમને મિજબાની આપવાનો હુકમ કર્યો. આ હુકમ અનુસાર મિજબાનીઓ આપવામાં આવ્યા પછી હઝરત ઇમામ અઝીઝે અ. ઇફતગીનને પુછ્યું :–"તમને એ મિજબાનીઓમાં રસ પડ્યો કે નહિં ?" ઇફતગીને ઘણો ઉપકાર માન્યો. તે પછી લશ્કરી ગુણો ધરાવતા તુર્કીઓનો એક વિભાગ ઉભો કરવાની યોજના કરવામાં આવી, અને તે અનુસાર કેદ ખાતેના તુર્કો અને દેલમી કેદીઓને છુટા કરીને ઇફતગીનની સરદારી તળે મુકવામાં આવ્યા અને આ રીતે ઇમામે પોતાનું સ્વતંત્ર અંગરક્ષક સૈન્ય બનાવ્યું. હિજરી સન ૩૭૨ માં ઇફતગીનનું મૃત્યુ થતાં સુધી ઇમામની તેના પ્રત્યે માયાભરી નજર રહી અને તે પણ એક ગુલામ તરીકે ઇમામની સેવામાં રહ્યો.

## યુસુફ ઝીરીને ટ્રીપોલી ભેટ અપાયું.

"તારીખુલ ઇસ્લામ" ના કર્તા દર્શાવે છે કે, યુસુફ (બિલ્કીન) બિન ઝીરીએ મગરિબના આખા મુલક પર ફરી કબજો જમાવ્યા પછી હઝરત ઇમામ અઝીઝ અ. પાસે ટ્રીપોલી અને તેના વિસ્તારના મુલકો પોતાના તાબામાં સોંપી દેવાની અરજ કરતાં હિજરી સન ૩૬૮ માં "સરત અને 'અજદાબીયા"ના પ્રદેશ સાથે ટ્રીપોલીનો આખો પ્રાંત તેને ભેટ દેવામાં આવ્યો.

યુસુફ (બિલ્કીન) ઝીરીએ મગરિબમાં "ઝન્નાતા"ના કબીલાનો બળવો સમાવ્યો હતો. અબુરા બિન ઉમ્મુલ અન્સારે નબુવ્વતનો દાવો કરતાં તેની સાથે યુધ્ધ કરી તેનો વધ કર્યો હતો. બની ઇદરીસના પાયતખ્ત "ફાસ"=ફેઝ અને "સિજિલમાસા" ઉપર તેણે ફરીથી અધિકાર જમાવ્યો હતો. મગરિબુલ અકસાના કેટલાક ઇલાકા સ્પેનનો ઉમ્વી ખલીફ દબાવી બેઠો હતો, તેની સાથે યુધ્ધ કરી યુસુફે સઘળા ફાતિમી મુલકો પાછા કબજે લીધા. હિજરી સન ૩૭૧ માં બની ઉમૈયાનાં મુળ આ મુલકોમાંથી તદન ઉખેડી નાખવામાં આવ્યા.

યુસુફ ઝીરીનું હિજરી સન ૩૭૩ માં મરણ થતાં તેનો પુત્ર મનસુર ટ્રીપોલી અને ટયુનીસનો રાજકર્તા થયો. તેણે હઝરત ઇમામ અઝીઝ અ. ને દસ લાખ દીનારનું નજરાણું આપ્યું. યુસુફ ઝીરીનાં મરણની તક સાધી બની ઉમૈયા ફરીવાર મગરિબુલ અકસા ભણી ધસી આવ્યા અને ત્યાનો કબજો લીધો.

## સકલીયાનું રાજકારણ.

હિજરી સન ૩૬૮ માં સકલીયાના ફાતિમી ગવર્નરે "કિરતના" અને "કલારિયા"માં "ટારિન્ત" અને "ઉરવાનીયા" સર કરી લીધા હતા. હિજરી સન ૩૭૧ માં ફ્રેન્કસનો બાદશાહ ઓટ્ટો (?) ફ્રેન્ક (ધર્મયુધ્ધ) પર નિકળ્યો હતો. તેણે માલ્ટાનો કિલ્લો તાબે કર્યો. આ કિલ્લો પાછો મેળવવા ફાતિમી ગવર્નરે બાદશાહ ઓટ્ટો (?) સામે ચઢાઇ કરી. હિજરી સન ૩૭૨માં સકલીયાનો ગવર્નર એ લડાઇમાં માર્યો ગયો. સકલીયાવાસીઓએ રણસંગ્રામમાંજ તેના પુત્ર જાબીરને તેના પિતાનું વડપણ આપ્યું. તે પછી ફાતિમી સૈન્યે એવો એક સખ્ત

હુમલો કર્યો કે બાદશાહ ઓકરીલને નાસી જવું પડ્યું અને જાબીર સકલીયા ભણી પાછો ફર્યો. તેનો રાજ્યવહીવટ નિષ્ફળ નિવડવાથી ઇમામે તેને પદભ્રષ્ટ કરી અબુલ કાસિમના ભત્રિજા જાફર બિન મુહમ્મદ બિન હસન કલ્બીને સકલીયાનો ગવર્નર બનાવ્યો. હિજરી સન ૩૭૫ માં તેનું મૃત્યુ થતાં તેના ભાઇ અબ્દુલ્લાહને ગવર્નરપદ આપવામાં આવ્યું. હિજરી સન ૩૭૯ માં તે પણ મરણ પામતાં અબુલ ફુતુહ યુસુફ બિન અબ્દુલ્લાહને આ ઓધ્ધો સોંપાયો.

## દમિશ્કમાં ફરી ફાતિમી વાવટો ફરકયો.

ઇફતગીનના શરણે થયા પછી આપણે દમિશ્કના મામલાને એમજ છોડયો છે: તે ભણી ફરીવાર નજર નાખશું. ઇફતગીનની ગેરહાજરી દરમ્યાન એના વઝીર કુસ્સામે દમિશ્કનો કબજો કરી લીધો હતો, જો કે તેણે ઇમામ અઝીઝ અ.નો ખુત્બો ચાલુ રાખ્યો હતો: આ સબબે ઇમામે તેને બહાલ રાખ્યો. હિજરી સન ૩૭૨ માં મિસર બોલાવીને તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો અને તેના સ્થાને દમિશ્કનો ગવર્નર ખતલજ નિમાયો. પરંતુ, તે પણ યોગ્ય પુરવાર ન થવાથી "બકજુર" નામના શખ્સને આ ઓધ્ધો અપાયો. આગળ જતાં તેની પણ અભિમાનવૃતિ ઉભરવા લાગતાં પ્રજાજનોને તે પણ પીડવા લાગ્યો.

ગવર્નર "બકજુરે" પ્રજાજનો સાથે સારૂં વર્તન નહિં ચલાવતાં હિજરી સન ૩૭૮માં તેની જગ્યાએ હઝરત ઇમામ અઝીઝે પોતાના ગુલામ મુનીરને ગવર્નર જનરલ બનાવ્યો. ગુલામ મુનીર દમિશ્કમાં હરીફામ થયો. રાજ્યમાં તેની સઘળી સત્તા પુર્ણપણે જામી જતાં પોતાની સ્વતંત્ર હકુમત સ્થાપવાની તેને લાલસા થઇ આવી. હિજરી સન ૩૮૬માં તેણે માથું ઉચક્યું. તેની બેઇમાનીથી નારાજ થઈ તેના ગર્વનું ખંડન કરવા "મંજુતગીન" નામના તુર્ક સરદારને હઝરત ઇમામ અઝીઝ અ.એ દમિશ્ક ભણી રવાના કર્યો, જેણે ત્યાં પહોંચતાં વ્હેંતજ દમિશ્ક ઉપર આક્રમણ કર્યું. ગુલામ મુનીરે મદોન્મત થઇ તેનો સામનો કર્યો. પરંતુ "મંજુતગીન"ના સખ્ત હુમલા સામે તે ટકી શકયો નહિં અને અંતે તેને રણભુમિ છોડીને નાસી જવુ પડયું. આ યુધ્ધ પછી ફરીવાર દમિશ્ક તથા તેના તાબાના મુલકો ઉપર બની ફાતિમીઓનો વાવટો ફરકતો થયો.

## પેલેસ્ટાઇનની લુંટફાટ.

હિજરી સન ૩૬૯માં એક એવો બનાવ બન્યો કે, પેલેસ્ટાઇનના સઘળા અરબો અને બની તય નામના લાગવગવાળા કબીલાના સરદાર અમીર મુફર્રજ બિન દગફલ બિનુલ જર્રાહ ઘણો બળવાન થઇ પડતાં, પોતાની સત્તાનો દુરૂપયોગ કરી રમલાના આજુબાજુના પ્રદેશમાં ભારે ત્રાસ ફેલાવીને લુંટફાટ ચલાવી રહ્યો હતો. હઝરત ઇમામ અઝીઝ અ.એ આ વર્ષમાં તુર્ક સરદાર બુલ્તગીનની સરદારી હેઠળ તેનું બળ તોડી પાડવા એક લશ્કર મોકલ્યું. અમીર મુફર્રજ સાથે ફાતિમી સૈન્યનું યુધ્ધ થવાના પરિણામે તે હારી ગયો અને ત્યાંથી નાસી જઇને અન્તાકીયા (એન્ટીઓક)ના ગવર્નરની પનાહમાં છુપાયો. તે પછી સાઅદુલ્લાહ હમદાનીના તાબાના 'હીમ્સ' નગર ભણી તે ચાલ્યો ગયો.

## ગાઝી જોહરનું અવસાન.

ગાઝી જોહરે ઇમામની છેલ્લા દમ સુધી એક વીર ફિદાઇ તરીકે અનહદ સેવા બજાવી હતી. ઇબ્ને ખલિકાનના કથન અનુસાર ગાઝી જોહરે પોતાની આખી જીંદગી સુધી ઉદારતા દાખવી હતી. તેમણે બની ફાતિમી રાજ્યકાળમાં અતિશય ઉચ્ચ કોટીના તેજસ્વી નર તરીકેની લાંબી કારકિર્દી પસાર કરી હતી. આજે પણ ગાઝી જોહરનું નામ ફાતિમી ઇતિહાસના પાનાઓ પર ઉજ્જવળ સ્થાન ધરાવે છે. છેલ્લી લડાઈ શામમાં લડી અને તેમાં સંપૂર્ણ વિજય મેળવ્યા પછી તેમણે ઇમામની સેવામાં રહી નિવૃતિમાં

દિવસો ગુજાર્યા હતા. હિજરી સન ૩૮૧માં ઝીલકાદ માસની તા. ૨૦ મી એ મિસરમાં તેમની વફાત થઈ. હઝરત ઈમામ અઝીઝ અ.એ જાતે તેમના જનાઝામાં પધારીને આ વીર ફાતિમી યોધ્ધાને અંતિમ માન આપ્યું હતું.

## કીર્તિવંત ફાતિમી પ્રધાન.

યાકુબ ઇબ્ને કિલીસે પણ વઝીર તરીકે બની ફાતિમી ખલીફની પંદર વર્ષ સુધી સારી સેવા બજાવી હતી. દેશની આંતરિક શાંતિ અને રાજ્યની આર્થિક સ્થિતિ તેમણે ઘણા મજબુત પાયા પર લાવી મુકી હતી. હિજરી સન ૩૬૮ માં તેમનું અવસાન થયું હતું. યાકુબ ઇબ્ને કિલીસની જાહોજલાલી વિષે પ્રોફેસર મારગોલીઅથ લખે છે કે, એની ધન સંપતિનું આપણને જે વર્ણન મળી આવે છે, તે પરથી તેમની ઝરઝવેરાત વગેરે કેટલી સંપતિ હતી, તેનો ખ્યાલ આવી શકે છે. જે ઝરઝવેરાત, ચલણી સિક્કા, અને બીજી ધનસંપતિ યાકુબ બિન કિલીસ પોતાની પાછળ મુકી ગયા હતા તેની કિંમત આશરે ત્રણ કરોડ રૂપીયા જેટલી થવા જાય છે. પોતાની એક પુત્રીના દેજ માટે તે પંદર લાખ રૂપીયા નક્કી કરી ગયો હતો. આગળના વઝીરો પ્રમાણે યાકુબે પોતાના માટે એક બોડીગાર્ડ—રક્ષક મંડળ રાખ્યું હતું, જે તેમની પહેલાના સઘળા વઝીરોથી વધી જઇને ચાર હજારની સંખ્યા-ઉપર પહોંચ્યું હતું. વઝીર યાકુબ પોતાના અંગરક્ષક મંડળને અંગે નિર્ભય રહી કાર્ય કરી શકતો હતો.

## ઈમામનાં કવિબંધુ તમીમ.

હઝરત ઇમામ અઝીઝ અ.ના ભાઇ હઝરત અબુ અલી તમીમ અતિ ઉચ્ચ બુધ્ધિમતા ધરાવતા હતા. તેઓ એક ઉચ્ચ શ્રેણીના કવિ હતા. તેમના કાવ્યોની એક મોટી સંખ્યા સોઅલબી કૃત 'યતીમ તુદહર'માંથી મળી આવે છે. "દવલુલ મન્કતીયા"ના કર્તા લખે છે કે, તેમનું અવસાન હિજરી સન ૩૭૪ નાં ઝીલકાદ માસમાં મિસર ખાતે થયું હતું. તેમની અંતિમ ક્રિયામાં હઝરત ઇમામ અઝીઝ અ.એ ભાગ લીધો હતો. તેમના પોતાના બગીચામાં તેમને દફન કરવામાં આવ્યા. કાઝી મુહમ્મદ ઇબ્નુલ નોઅમાને તેમને ગુસલ આપ્યું હતું. એમના શબને "ઝુબ્બા" વિંટાળવામાં આવ્યા હતા. "કરાફા" નાં કબ્રસ્તાનની ઈબાદતગાહમાં છેલ્લી બંદગી પડવામાં આવી હતી.

## કાઝી મુહમ્મદનું અવસાન.

કાઝી મુહમ્મદ ઇબ્ને નોઅમાન પણ ઘણાજ વિદ્વાન પુરૂષ હતા, જેઓ ચૌદ વર્ષ પયંત બંદગી કરાવવા માટેના પેશ ઇમામ અને ટંકશાળ તથા તોલ માપના ડાયરેકટર હતા. તેમને વડા જજ=કાઝીયુલ કુઝઝાત પણ નિમવામાં આવ્યા હતા. સિકંદ્રીયા, હરમૈન અને શામના કાઝી તરીકેનો માનભર્યો ઓધ્ધો પણ તેઓ ભોગવતા હતા. તેમના પુત્ર અબ્દુલ અઝીઝના લગ્ન ગાઝી જોહરની પુત્રી વેરે કરવામાં આવ્યા હતાં. ઇમામે તેમના ઉપર ઘણી નવાજિશ કરી હતી. કાઝી મુહમ્મદનું હિજરી સન ૩૮૯માં અવસાન થયું હતું.

## દેશની આબાદી.

હઝરત ઇમામ અઝીઝ અ.ના સમયમાં બાંધકામોને લગતા જે સુધારા વધારા થયાં તેમાં મુખ્ય મોતીચોક, કરાફાનું કબ્રસ્તાન, સુવર્ણ રાજમહેલ, કઅલ સગીર, તેઓશ્રીના માતુશ્રીનો રોઝો, હાકિમના નામે ઓળખાતી ઇબાદતગાહ, કેટલાંક ઉપયોગી પુલો, નહેરો તથા દરિયાઈ ગોદીઓનો પણ સમાવેશ થાય છે. ઇમામના રાજ્યકાળમાં લોકો એટલા બધા સુખી હતા કે દરરોજ દિવસે ઈદ અને રાત્રે શબેબરાત પ્રમાણે ખુશહાલ જીવન ગુજારતા હતા.

## વ ફા ત.

હઝરત ઈમામ અઝીઝ અ. ના રાજ્યઅમલનાં અંતિમ દિવસોમાં રૂમના ખ્રિસ્તીઓ, શામના કેટલાક અની ફાતિમી ઇલાકાઓમાં લુંટફાટ અને ખુનરેજી ચલાવી રહ્યા હતા. તેઓની સાન ઠેકાણે લાવવા ઇમામ પોતે ચઢાઇ લઇ ગયા હતા. હિજરી સન ૩૮૬માં બિલબિસ મુકામે ઇમામ પહોંચ્યા. ત્યાં ખુનખાર યુધ્ધ થયું, તેમાં ઝખમી થતાં તેઓશ્રીની તબીયત લથડી પડી. આથી કાઝીયુલ કુઝઝાત મુહમ્મદ બિન નોઅમાન અને જનરલ અબુ મહમ્મદ અલ હસન ઇબ્ને અમ્મારને પોતાની પાસે તેડાવી હઝરત ઇમામ હાકિમ અ. જેઓ તે વખતે માત્ર અગ્યાર વર્ષની-વયના હતા તેમને પોતાની પાછળ ઈમામ તથા ખલીફ તરીકે રાજ્યાસને બેસાડવાની ભલામણ કરી. તે પછી પોતાના પુત્રના મુખ મુબારક ઉપર ચુંબન કર્યું અને છાતીએ લગાડી ફરમાવ્યું:—"મારા લખ્તે જીગર, આજે હવે છેલ્લી મુલાકાત છે; તમો જાઓ અને રમો." પોતાના પિતાની આજ્ઞાને અનુસરીને હઝરત ઈમામ હાકિમ અ. રમવા ગયા; પરંતુ થોડો સમય નહિ ગયો હોય કે એટલામાં બર્જવાન નામનો ઇમામનો ખાસ ગુલામ તેઓને તેડવા આવ્યો. હઝરત ઈમામ હાકિમ પોતાના પિતા પાસે આવતાં એક રત્નજડિત અમામો તેમના માથે મુકવામાં આવ્યો અને ઇમામ હાકિમ અ.ને ઉદ્દેશીને બર્જવાને કહ્યું:—"ખુદાની કૃપાથી તેના આશિર્વાદથી અમીરૂલ મોઅમેનીન તમો આબાદ રહો." ત્યારપછી હાજર રહેલાઓએ હઝરત ઇમામ હાકિમ અ.ની બયઅત લઇને તેઓશ્રીના હાથ મુબારક પર ચુંબન કર્યું. હિજરી સન ૩૮૬ને રમઝાન માસની તા. ૨૮મીના દિને હઝરત ઇમામ અઝીઝ અ.ની શહાદત થતાં ઇમામતની મસનદ ઉપર અને ખિલાફત પર તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. બિરાજ્યા.

## હઝરત ઈમામ અઝીઝ અ.ની અંતિમ ક્રિયા.

હઝરત ઈમામ અઝીઝ અ.ની વફાતના બીજે દિને હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. પોતાના પિતાના શબને અલ્લમંજલે પહોંચાડવા બિલબિસથી મિસર ભણી પાછા ફર્યા. ઇમામનાં શબને એક સંદુકમાં મુકી તેને ઊંટ પર ગોઠવીને સ્વારીને મોખરે રાખ્યું. આ વખતે ઈમામ હાકિમ અબુ અલી અ.એ ઉનનો એક જામો પહેર્યો હતો, અને તેમાં કાંચના બટનો ટાંકેલા હતા, જે ખુબ ચમકતા હતા. માથે રત્નજડિત અમામો પહેર્યો હતો, જે રાજમુકુટનું એક સત્તાધારી સુચક ચિન્હ હતું. તેઓશ્રીના હાથમાં એક ભાલો હતો અને કમરે તલવાર લટકતી હતી.

ઇતિહાસકાર મિક્રીઝીના જણાવ્યા પ્રમાણે સઘળા ઓધ્ધેદાર અને દરબારીઓ આ અવસરે ગંભીરાઇથી ચાલતા હતા. એટલુંજ નહિ પણ સઘળા વર્ણની પ્રજા ભારે શોકગ્રસ્ત દેખાતી હતી. શહેરમાં દાખલ થઇ મહેલમાં આ શોકજનક સ્વારી આવી પહોંચતાં, કાઝીયુલ કુઝઝાત ઇબ્ને નોઅમાને પોતાના મરહુમ માલિકના શબને ગુસલ આપ્યું અને હઝરત ઇમામ મોએઝ અ.ની મઝારની બાજુમાં રાજમહેલના એક ભાગમાં શબને ભુમિદાહ આપવામાં આવ્યો.

# HAZRAT MOWLANA IMAM HAKIM.

**( A. H. 386–411 )**

(૧૬)

# હઝરત મૌલાના ઇમામ હાકીમ અ૦

**( હિજરી સન ૩૮૬–૪૧૧ )**

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. નો મુબારક જન્મ "કાહિરા મોઇઝિયા" (કેરો) માં હિજરી સન ૩૭૫ના રબીઉલ અવ્વલની તારીખ ૨૩મી ગુરૂવારની રાત્રે થયો હતો. તેઓશ્રીનું પુરૂં નામ અબુ અલી મન્સુર અલ–હાકિમ બેઅમ્રિલ્લાહ અ. હતું. તેઓશ્રી હિજરી સન ૩૮૬ ની તા. ૨૮મી રમઝાનના ઇમામતની મસનદ અને બની ફાતિમી ખિલાફતની ગાદી ઉપર બિરાજમાન થયા. એ વખતે તેઓશ્રીની વય માત્ર અગ્યાર વર્ષની હતી. કાદિર બિન મુકતદિર અબ્બાસી ૩૮૧—૪૨૨, હઝરત ઇમામનો સમકાલીન હતો.

## ઇમામના ગુણદર્શન.

ઇબ્ને કુલાક લખે છે કે, હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. સખી, શુરવીર, ન્યાયી, વિદ્વાન અને 'સાહિબે કરામત' હતા.

'હબીબુસ્સિયર'ના કર્તાએ લખ્યું છે કે, હઝરત ઇમામ હાકિમ અ. ન્યાયી અને ખુદાનો ડર રાખનારા બાદશાહ હતા. ઇસ્લામી સિધ્ધાંત અનુસાર "અમ્ર બિલ મઅ્રૂફઃ ભલાં કાર્યો કરવાની તાકિદ" અને "નિહિ અનિલ મુન્કરઃ ભુંડા કાર્યો કરવાની મનાઇ કરનાર" હતા. તેઓશ્રીએ વિદ્યા પ્રચાર માટે વિદ્યાલયોને ઘણુ ઉત્તેજન આપ્યું હતું અને તેના નિભાવ અર્થે જાગીરો બક્ષિસ કરી હતી અને વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા વિદ્વાનો અને ધર્મશાસ્ત્રીઓને મુકરર કર્યા હતા.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ઉચ્ચ કોટીનું જ્યોતિષ જ્ઞાન ધરાવતા હતા. સામાન્ય રીતે ઇબ્ને યુનુસ તરીકે ઓળખાતા, વિખ્યાત ખગોળશાસ્ત્રીએ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના નામ ઉપર એક ઉત્તમ પ્રકારનું "પંચાંગ" ચાર વિભાગમાં તૈયાર કર્યું, જે "હાકિમી પંચાંગ" તરીકે આજે પણ વિખ્યાત છે.

## ઇમામના રાજ્યનું ચલણ.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના ચલણી સિક્કા મિસર, (ફુસ્તાત), મનસુરીયા, મહેદીયા, ઝવીલા, સકલીયા, દમિશ્ક, અક્કા, અસ્કેલાન, પેલેસ્ટાઇન, ટાઇબીરીયા, ટ્રીપોલી, અલ–કાહિરા, અલ-મહરૂસા મક્કા અને મદીનામાં પાડવામાં આવતા હતા. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના શાસનકાળની મળી આવેલી દીનારોમાંથી બે મહોરોનાં લખાણ કાંઇ વધુ સ્પષ્ટ અને વાંચી શકાય એવા છે. પરંતુ સિક્કાઓની સપાટીમાં હાંસિયામાં લેખ પુરતા છપાયાં નથી. ટંકશાળનું સ્થળ તથા છાપવાનું વર્ષ તો છેજ

# SILENT GLORY OF THE PAST.

Sharia-el-Azhar, Cairo.



"શારીઆ–અલ–અઝહર,"
જામે અઝહરમાં જવાના માર્ગનો દેખાવ.

Door of El-Azhar Mosque.




અલ–અઝહરની
ઇબાદતગાહનો કારીગીરીવાળો, દરવાજો
જેના ઉપર અરબી આયતનું કોતરકામ
પણ જોવામાં આવે છે.

Gate of Zuwaila Cairo.




મીસરના કેરો શહેરનો મશહુર દરવાજો
"બાબુઝ-ઝવિલા."

Another Gate of Babun-Nast.
Cairo.



કેરો–મીસરના વિજયદ્વાર "બાબુન-નસ્ર"
નો દેખાવ.

SEAL AND CURRENCY OF THE FATIMIDES OF EGYPT.



- મીસરના બની ફાતિમી ખલીફાઓના રાજ્ય અમલનાં ચલણી સિક્કાઓ અને શીલ

નહિ. વળી એ સિક્કાઓમાં એક બીજી ભિન્નતા એ જોવામાં આવે છે કે, આ સમયના સિક્કાઓના વર્ણનમાં ઇમામના નામ અને ઇલકાબો અનુક્રમે તથા સર્વથી છેડે સામાન્ય રીતે હોય છે, જ્યારે તેથી ઉલ્ટી રીતે ઇમામ હાકિમ અબુ અલી અ. નો "અલ-મનસુર" નો લકબ આરંભમાં કોતરેલો છે. કદાચ બીબાં પાડનારનો એ એક ક્ષતિ પણ હોય.

હિજરી સન ૩૯૫ માં છપાયલી એક ૦૧ દીનાર મળી આવી છે. તેના પ્રથમ વિભાગમાં મુહમ્મદુન રસુલિલ્લાહ............અને હાંસિયામાં લાઇલાહા ઇલ્લલ્લાહ વાહદહૂ..............મુહમ્મદુ રસુલ-અલ્લાહો-અલી-વલ.........કોતરેલાં દેખાય છે. જ્યારે બીજા વિભાગમાં "અલ-હાકિમ બે અમ્રિલ્લાહ અમીરૂલ મોઅમેનીન" એટલા શબ્દો સાફ નજરે પડે છે. છાપવાનું વર્ષ અને ટંકશાળનું નામ સકલીયા=સિસીલી પણ પુરતી રીતે વાંચી શકાય છે. એ દીનારમાંના ઇતિહાસિક લેખો પુર્વગામી પધ્ધતિ અનુસારના નથી. પ્રથમ વિભાગની વચ્ચોવચ્ચમાંના "લાઇલાહા ઇલ્લલ્લાહ" શબ્દો હાસિયામાં છે. વ્યાકરણ અને નિરીક્ષકની દ્રષ્ટિએ તેમાં બીજી ભિન્નતા દીઠામાં આવે છે.

જ્યારે સોનાની દીનારો હિજરી સન ૪૦૬ માં મિસરની ટંકશાળમાં પાડવામાં આવી હતી. હઝરત ઇમામ અ. ના સોનાં રૂપાનાં નાણાંની અજાયબી પમાડનારી વિગતો ઇતિહાસકાર મિકેઝીએ લખી છે, તે અનુસાર રાજ્યનું ચલણ નિયમિત કરવા અર્થે તેનું વજન પણ ચોકકસ રાખવા માટે કાચના તોલ બનાવવામાં આવ્યા હતા.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના રાજ્યકાળની મળી આવેલી બીજી એક સોનાની ૦૧ દીનારનું વજન આશરે ૧૫ાા અને ૧૫ ગ્રેન (ઘઉં ભાર) જેટલું છે. એના અગ્ર ભાગનો લેખ ૨૫૫૮ વાંચી શકાય છે, જ્યારે વિભાગમાં "અલમન્સુર અબુ અલી અલ-ઇમામ અલ-હાકિમ બેઅમ્રિલ્લાહ અમીરૂલ મોઅમેનીન" શબ્દો ૨૫૫૮ દેખાય છે. હિજરી સન અને ટંકશાળના નામ અર્ધા ભુંસાયલા છે.

હિજરી સન ૪૨૧ માં "મહેદીયા" ખાતે પાડવામાં આવેલ ૦૧ દીનારના સિક્કા અન્ય બની ફાતિમીના સિક્કાઓના પ્રમાણમાં નાના હતા, એટલે તેમાં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. નું પુરૂં નામ આવી શક્યું નથી. પરંતુ બીજા વિભાગમાં અબદુલ્લાહો વ વલીયેહુ અલ ઇમામ અલ-મનસુર-અમીરૂલ મોઅમેનીન તેમજ "બિલ મહેદીયા સન્નત અહદ અશરૂન અરબા મીયાત" એટલા શબ્દો ઉકેલી શકાય છે. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના અન્ય સિક્કાઓ પણ મળી આવેલ છે. જેનો વિસ્તાર ભયે આ સ્થાને ઉલ્લેખ કર્યો નથી.

## ઇમામનો રાજ્યાભિષેક.

હઝરત ઇમામ અઝીઝ અ. ની વફાતના ત્રીજે દિને સવારમાં રાજમહેલમાં દરબાર ભરવામાં આવ્યો. હઝરત ઇમામ અઝીઝ અ.એ રાજ્યાસન માટે એક આલીશાન "મોતી ચોક" ચણાવ્યો હતો, તેના "રવેશ" ની વચ્ચોવચ્ચ સોનાનું રત્નજડિત સિંહાસન ગોઠવવામાં આવ્યું અને સિંહાસન પર ચારે બાજુએ ઝરીકામ ભરેલા ઓશિકા બિછાવવામાં આવ્યા હતાં. દરબારમાં સઘળા રાજ્યકર્મચારીઓ હાજર થઇ પોતપોતાના ઓધ્ધા અનુસાર પોતાની બેઠકો પર ગોઠવાઇ ગયા હતા. રાજ્યાભિષેકની આ વ્યવસ્થા પુર્ણ થયા બાદ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. તેજી ઘોડાં પર સવાર થઇ સર્વ રાજચિન્હો સજી, હીરા લીલમ અને માણેકજડિત બાદશાહી તાજ પહેરી, પોતાના રાજ્યમહેલમાંથી રવાના થયા. વચ્ચે પ્રજાજનોની જંગી ઠઠ જામેલી હતી. તેઓ સઘળા પોતાના બાળરાજાને માનભર્યા નમનથી વધાવી લેતા હતા.

દરબાર હોલ પાસે ઇમામ આવી લાગ્યા કે, પોતાના શહેનશાહને ઉભા થઇ સ્વાગત કરવા રાજ્યના સઘળા ઓધ્ધેદારો સન્મુખ આવ્યા અને તેઓએ અદબથી નમન કરી ઇમામના પગ પાસેની જમીનનું ચુંબન કર્યું. સિંહાસન સુધી શહેનશાહના આવ્યા પછી સન્માને ગયેલા દરબારીઓ પણ સાથે આવી પોતાની જગ્યાએ ઉભા રહ્યા. તે પછી બાળ શહેનશાહ વિધિસર પોતાના પુર્વજોના સિંહાસન પર બિરાજમાન થયા. સઘળા ઉમરાવો અને દરબારી અગ્રેસરો પોતાનાં ઓધ્ધા અનુસાર એક એક પછી આવતા ગયા અને બાળ શહેનશાહ પ્રત્યે વફાદારીના સોગંદ લઇ પોતાની જગ્યા પર પાછલા પગે ફરીને બેઠક લેતા ગયા.

## પ્રજા ઈમામની બયઅત કરે છે.

હઝરત ઇમામ અઝીઝ અ. ના વિશ્વાસુ તુર્કી ગુલામ બર્જવાને પહેલા ઇમામની બૈઅત કરી. તેઓએ પોતાની વફાતના સમયે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના "શિક્ષક" તરીકે તેને નિમ્યો હતો. એનું પુરૂં નામ અબુલ ફતુહ યુસુફ બિન અબદુલ્લાહ બર્જવાન હતું. હિજરી સન ૩૮૮ માં, મિસર, હિજાઝ, શામ અને મધરિબનો "નાઝિમ"=વહીવટી અમલદાર અને ફાતિમીઓના સઘળા એસ્ટેટોનો "સુપરવાઇઝર" બર્જવાન હતો. તે સંગીતનો ભારે શોખીન હતો. મિસરના "બાબ-અલ-ફતુહ" અર્થાત 'વિજયદ્વાર' ની બહાર "રાઇદાનીયા" નામનો તેની માલેકીનો એક બગીચો હતો. કેરોના એક મહોલ્લાનું નામ આજે પણ "બર્જવાન" છે, જે તેના નામની યાદને અત્યારે પણ તાજી કરે છે. હઝરત ઇમામ અઝીઝ અ. ની દરબારમાં તે એક રાજકીય પ્રધાન તરીકે સત્તા ધરાવતો હતો. ઇબ્ને સૈરાફી નામનો ઇતિહાસકાર પોતાના પુસ્તકમાં લખે છે કે, હિજરી સન ૩૮૭ નાં રમઝાન માસમાં રાજ્યના સઘળા કારોબારની લગામ બર્જવાનના હાથમાં હતી.

બર્જવાને બયઅત કર્યા બાદ હાજર રહેલાઓએ બયઅત કરી. બયઅતનું કાર્ય પુર્ણ થતાં હઝરત ઇમામ હાકિમ બેઅમ્રિલ્લાહ અ. ને ઝમાનાના "ઇમામ" અને હાકેમુલ વકત બની ફાતિમી ખલીફ તરીકે જાહેર કરવામાં આવ્યા. "શિક્ષક" બર્જવાન સાથે કાઝી નોઅમાનને અને ઇ. ને અમ્મારને દેખરેખ રાખવા માટે નિમવામાં આવ્યા હતા. તો પણ બાળ શહેનશાહ રાજ્યસત્તા પોતાના હાથમાં લે ત્યાંસુધી બર્જવાનને એક વડા તરીકે કામ કરવાનું હતું.

## ઇબ્ને અમ્માર અમીનુદ-દૌલા.

આ સમયે ઇસા બિન નેસ્ટોરીઅસને કાઢી મુકીને કેરોમાં કતામાં પક્ષનો આગેવાન ઇબ્ને અમ્માર પોતે વડા વઝીરના ઓધ્ધા પર આવ્યો. તેની સાથે રાજ્યના મંત્રીની પદવી પણ જોડાયલી હતી. વળી તેણે અમીનુદ-દૌલા (૧) નો ખિતાબ પણ ધારણ કર્યો.

## બર્જવાન અને ઇબ્ને અમ્માર વચ્ચે ચકમક.

બર્જવાન ધીમે ધીમે પણ સંગીનતાથી પોતાનો વગવસીલો વધારતો જતો હતો. હઝરત ઇમામ અઝીઝ અ. એ પોતાના રાજ્યકાળમાં "કત્તામા" અને અન્ય "બરબરી" કબીલાઓની સાથે સમતોલપણું જાળવવા ખાતર તુર્કી અને ઇરાનીઓ (દેલમીઓ)ને લશ્કરમાં દાખલ કર્યા હતા. એ લોકોએ બર્જવાનને

---

૧ ઈતિહાસકાર ઓલિયરીના મત મુજબ બની ફાતિમી રાજ્યમાં 'દૌલા' શબ્દ પ્રયોગ કરવામાં આવ્યો હોય તો આ પહેલીજવાર છે. ડૉ'સેસીના કથન અનુસાર આ સમયની નવીન ભાવનાનું એ સુચક છે. અત્યાર સુધી બની ફાતિમીના વંશધરો સઘળાથી વડા ધર્મગુરૂ "ઇમામ" કહેવાતા હતા. તેઓ પ્રથમ આફ્રિકામાં અને પછી મિસરમાં રાજ્ય સ્થાપવા શકિતમાન થયા જેથી દુન્યવી હકુમતના અર્થસુચક રૂપે "દૌલા" શબ્દ-પ્રયોગ થયેલો દેખાય છે.

ટેકો આપ્યો છે, એવા સમાચાર ઇબ્ને અમ્મારને મળતાં વેંતજ તેણે શામના તુર્કી ગવર્નર મંજુતગીનને કાબુમાં રાખવા પોતાની કોમના એક બરબરી સરદાર સુલેમાન ઇબ્ને જાફર ફલાહની સરદારી હેઠળ લશ્કર મોકલ્યું. આથી "અસ્કેલાન" અને "રમલા"માં બન્ને પક્ષો વચ્ચે નાની સરખી લડાઇ પણ થઇ, જેમાં તુર્કી લશ્કરની હાર થતાં, મંજુતગીન કેદ પકડાયો અને તેને મિસર મોકલવામાં આવ્યો. કેરોમાં તુર્કી પક્ષ બહુજ બળવાન હોવાથી મંજુતગીનની દિલસોઝી મેળવ્યા વિના પોતે સર્વસત્તાધિશ બની શકે તેમ ન હોવાથી ઇબ્ને અમ્મારે પોતાનો પક્ષ મજબુત બનાવવા મંજુતગીનનું સારામાં સારૂં સન્માન કર્યું.

મંજુતગીન પર વિજય મેળવ્યા બાદ સુલેમાન ઇબ્ને જાફર ફલાહને શામનો ગવર્નર બનાવવામાં આવ્યો અને તે ત્યાંથી ચઢાઇ લઇ જઇને ટાઇબીરીયાસ ભણી આગળ વધ્યો. આ દરમ્યાન તેણે પોતાના ભાઇ અલીને પોતાના નાયબ તરીકે દમિશ્ક મોકલાવ્યો પરંતુ હમેશના તોફાની અને સ્વતંત્રતાનો ફીકો રાખનારા દમિશ્કના પ્રજાજનોએ તેને ગવર્નર તરીકે માન્ય રાખ્યો નહિ અને શહેરમાં પણ દાખલ થવા દીધો નહિ. આ સમય દરમ્યાન સુલેમાનનો એક ધમકી પત્ર દમિશ્કની પ્રજાને મળ્યો, જેથી ગભરાઇ જઇને દમિશ્કવાસીઓએ પોતાનો વિરોધ તજી દીધો અને અલીને શહેરમાં દાખલ થવાની અરજ કરી. પરંતુ તેણે આ સમયે પોતાનો મિજાજ ગુમાવ્યો અને પ્રજાજનોને કતલ કરી નાખ્યા અને શહેરના કેટલાક ભાગો બાળી મુકયા, પછી શહેર બહાર છાવણી નાખી અલી પડયો રહ્યો. થોડા સમયમાં સુલેમાન આવી લાગ્યો. પ્રજાજનોએ તેના પાસેથી માફી માંગી અને વફાદારીના સોગંદ ખાવા લાગ્યા, આથી સુલેમાને તેઓને માફી આપી. શામી ટ્રિપોલીસ દરિયા કાંઠેનું એક અગત્યનું બંદર હતું, તે કત્તામી કબીલાના બરબરી ગવર્નર અર્થાત પોતાના ખુદના સરદાર ઇબ્ને અમ્મારના પક્ષકાર જયશના તાબામાં હતું, તો પણ પોતાના જુદા દૃષ્ટિબિંદુને કારણે સુલેમાને તેને પદભ્રષ્ટ કરી, પોતા ભાઈ અલીને સોંપ્યું. જયશ નારાજ થઇ મિસર પાછો ફર્યો અને બર્જવાનના પક્ષમાં ભળી ગયો.

## ઇબ્ને અમ્મારની હાર.

બર્જવાનના કાવાદાવા કેરોમાં અત્યાર સુધી એટલા બધા સફળ થયા હતા કે, તેની પુઠે તુર્કીઓ અને દેલમીઓનું મજબુત બળ હોવાથી, તેમજ ઇબ્ને અમ્મારના પક્ષનો મોટો ભાગ શામમાં હોવાથી, બર્જવાનની સત્તા નમાવવા હાલ તે અશકત હતો. આ બંને અગ્રેસરોની સાઠમારી અને અંદરો અંદરના કુસંપને અંગે કેરો શહેરમાં ધોળે દિવસે લુંટ, ખુનો અને અમર્યાદાના ગુન્હાઓ વધી પડયા હતા. આવી સ્થિતિ વચ્ચે કેટલાક વહેમીઓ એમાં ઇમામનો હાથ હોવાનું માનીને ઇબ્ને અમ્મારને ઇમામ વિરૂધ્ધ કાવતરાં કરવા માટે ઉશ્કેરવા લાગ્યા. ઇબ્ને અમ્માર આવી ગલીચ સલાહથી થરથરી ઉઠયો. જો કે રાજ્યની સર્વ સત્તા તે હાથ કરવા માંગતો હતો તોપણ આવા દુષ્ટ ઇરાદાથી તેઓને અલગ રહેવાની સલાહ આપી ઘણો ઠપકો આપ્યો.

બર્જવાનની સત્તા એટલી વધી ગઇ હતી કે, અમીર ઉમરાવો અને મોટા મોટા અધિકારીઓમાં તડ પડવા લાગ્યા. "મશારિકા" તરીકે ઓળખાતું તુર્કી અને ઇરાની લશ્કર બર્જવાનના પક્ષમાં ભળી ગયું અને ઇબ્ને અમ્મારના પક્ષમાં "મઘારિબ" સૈન્ય તો હતુંજ, કારણ કે તે જાતે પણ કત્તામી કબીલાનો હતો. આ રીતે બર્જવાન અને ઇબ્ને અમ્માર વચ્ચેની શત્રુતાએ ભયંકર રૂપ પકડયું. શહેર તથા શહેર બહારના પરાંઓમાં બને સૈન્યો વચ્ચે રમખાણ થવા લાગ્યાં જેમાં છેવટે ઇબ્ને અમ્મારના પક્ષની હાર થઇ. રાજદ્વારી ખટપટમાંથી અળગો થઇ ઘેર બેસી રહે તો ઇબ્ને અમ્મારને પેન્શન આપવા અને જાગીર દેવાનું વચન બર્જવાને આપ્યું. ઇબ્ને અમ્મારે આ સઘળું સ્વીકારી

લીધું. બર્જવાનને ઇખ્ષીદી પાસા સરખા પડતા હોવાથી અને રાજકારણમાં તેનો કોઈપણ મજબુત હરીફ રહ્યો ન હોવાથી પોતાની જીત સમજીને એકદમ ફુલાઇ જઇ "ઇમામ"ની સભ્યતા અને સન્માન જાળવવામાં તે પછાત પડવા લાગ્યો.

હિજરી સન ૩૮૭ માં ઇબ્ને અમ્મારની પડતી થયા પછી બર્જવાને "વાસિત" અને "સીફાર"ના ઓધ્ધાઓ પોતે હાથ કરીને રાજ્યનો કર્તાહર્તા બની બેઠો. બર્જવાને તે પછી સર્વથી પહેલાં જે સવાલ હાથમાં લીધો તે દમિશ્કનો હતો. તેણે દમિશ્કની પ્રજાને લખી મોકલાવ્યું કે, "સુલેમાન ઇબ્ને જાફર ફલાહનો વિરોધ કરો, કત્તામા કબીલાની સત્તા પડી ભાંગેલી હોવાથી વડી સરકાર અર્થાત બની ફાતિમી ખલીફ તરફથી તમોને પુરેપુરી કુમક આપવાની ખાત્રી આપવામાં આવે છે."

દમિશ્કના લોકોને આ પ્રકારે ઉત્તેજન મળવાથી તેઓએ સુલેમાનનો સરસામાન લુંટી લીધો અને તેના અંગરક્ષકોને કતલ કરી નાખી તેને શહેરમાંથી હાંકી કઢાડયો. આટલું છતાં એ ખાસ લક્ષમાં રાખવાનું છે કે તુર્કી અથવા કત્તામા એ બંનેમાંથી કોઇપણ પક્ષ અંતિમ હદ સુધી જવા જેટલી સંગીનતા મિસરમાં ધરાવતો ન્હોતો. શામમાંથી બરબરી સૈન્ય પાછું ફરે તેમાં ભય રહેલો હોવાનું બર્જવાન ખુબ સમજતો હતો. તેણે થોડા સમય પર્યંત ઇબ્ને અમ્મારને તેના ખુદનાજ ઘરમાંજ રાજકેદી તરીકે નજર કેદ રાખ્યો હતો. છતાં તેની તેની સઘળી જાગીરો અને આવકના સાધનો કાયમ રહેવામાં આવ્યા હતા અને થોડા દિવસો પછી તેને છુટો મુકવામાં આવ્યો હતો. તે હવે બહાર અને દરબારમાં પણ આવજાવ કરી શકતો હતો.

## જનરલ જયશની ફતેહ.

સુલેમાન જાફર ફલાહની પડતી પછી શામમાં ગેરવ્યવસ્થા થવાથી એક બાજુ બદુઇન સરદાર મુફર્રેજ બિન દગફલ બિન જર્રાહે રમલા અને તેની આજુબાજુના ગામોમાં ધાડાં મારવાનું ચાલુ કર્યું અને બીજી બાજુ "ઓલાકા"ની સરદારી હેઠળ "તાયેરે" બળવો કર્યો અને શહેનશાહ ડયુકસની સરદારી હેઠળ યુનાનીઓએ "એપામીયા" પર ઘેરો નાખ્યો. આ રીતે બે બાજુના વિદ્રોહથી ગભરાઇ ન જતાં બર્જવાને એક વખતના ઇબ્ને અમ્મારના પક્ષકાર જયશની સરદારી હેઠળ શામ ભણી મુફર્રેજને તાબે કરવા લશ્કર મોકલ્યું. જ્યાં પહોંચતાંજ સુલેમાન ઇબ્ને જાફર ફલાહને કેદ કરી મિસર રવાના કરવામાં આવ્યો અને ત્યાં બળવાખોરોને સાથે યુધ્ધ થતાં તેઓની હાર થઇ અને તેઓ શરણે આવ્યા.

ત્યારપછી હુસેન બિન અબ્દુલ્લાહની સરદારી હેઠળ કેટલુંક લશ્કર જયશે "તાયર" ખાતે મોકલ્યું અને પોતે મુફર્રેજ પર ચઢાઇ લઇ ગયો. માર્ગમાં "ઓલાકા" અને મિસરથી આવેલા બની ફાતિમી લશ્કર વચ્ચે કાપાકાપી થઇ. ઓલાકાને યુનાનના બાદશાહની તાત્કાલિક મદદ ન મળવાથી તેની સખત હાર થઇ અને તાયરવાસીઓ બિન શરતે શરણે આવ્યા. ઓલાકાને બંદીવાન કરી મિસર મોકલી આપવામાં આવ્યો, જ્યાં તેને શુળીએ ચઢાવવામાં આવ્યો.

બીજી તરફ જયશ પોતાના મોટા લશ્કર સહિત મુફર્રેજ પર આક્રમણ કરવા આગળ વધી રહ્યો હતો, એ જોઇને મુફર્રજ ડરીને નાઠો. જયશ દમિશ્કમાં દાખલ થયો. જયશ કત્તામા કબીલાનો એક બરબરી હોવાથી પ્રજા ચિંતાતુર બની, જેથી જયશે ખાત્રી આપનારૂં ભાષણ કર્યું. પરિણામે પ્રજાજનો પોતાની જાન માલની સલામતી વિષે નચિંત બની શરણે આવ્યા. દમિશ્કનો ઝઝુમી રહેલો ભય આ રીતે દૂર થવા પામ્યો અને પ્રજા પણ સંતુષ્ટ થઇ.

## એક કુર્દ યુવાનની બહાદુરી.

દમિશ્કની અશાંત સ્થિતિનો લાભ લઇ છેલ્લા કેટલાક વર્ષોથી યુનાનીઓ મુસ્લિમ પ્રજાને પીડી રહ્યા હતા, તેનો ઉત્તર આપવાનો હવે જયશે વિચાર કર્યો. દમિશ્કમાં પૂર્ણ શાંતિ સ્થપાયા પછી પોતાના બહોળા લશ્કરને લઇને "એપામીયા" ભણી તેણે કુચ કરી અને યુનાની બાદશાહ ડયુકસ સાથે છેવટનો નિર્ણય આણવા સામનો કર્યો. બન્ને પક્ષો વચ્ચે દારૂણ યુધ્ધ થયું. બન્ને પક્ષોની એમાં મોટી ખુવારી થઇ. કમનસીબે જયશ આ યુધ્ધમાં હારી જતાં તે પાછળ હઠયો અને પાછળ હઠતા મુસ્લિમોની પુંઠ પકડવાને બદલે દુશ્મનો લુંટફાટ કરવામાં મશગુલ બન્યા. એ દરમ્યાન એહમદ ઇબ્ને અબદુલહક નામનો એક કુર્દ યુવાન પોતાના એક નાના દળ સાથે યુનાનીઓ પર ચઢી આવ્યો. યુનાની બાદશાહ પોતાના અફસરો અને પુત્રો સાથે એક કુંડાળામાં ઘેરાઇને ઉભો હતો. વળી તે જીતથી અભિમાની પણ બન્યો હતો, તેને અંગે એહમદની નાની ટોળી જોઇ દુશ્મનો શરણે આવે છે એમ તેણે માની લીધું.

નજદીક આવતાં વેંતજ યુનાની શહેનશાહ ડયુકસ પર એહમદ તલવાર લઇને તુટી પડયો અને તેના એકજ ઘાથી યુનાની બાદશાહ મરણ પામ્યો. પોતાના બાદશાહના આવા ઓચિંતા અવસાનથી યુનાનીઓ ગભરાટમાં પડયા; એ તક હાથ આવેલી જોઇને મુસ્લિમોએ એકદમ ધસારો કર્યો અને વિજયી નિવડયા. આ પ્રકારે અણધારેલી ફતેહ મળતાં જયશ ત્યાંથી 'અંતાકિયા' પ્રત્યે ચઢાઇ લઇ જવા આગળ વધ્યો. ત્યારપછી તે પાછો દમિશ્ક આવ્યો. યુનાનીઓનો હવે ભય ટળી ગયો હતો, તેથી તેણે સ્થાનિક કબીલાઓના સરદારો જેઓ અવારનવાર દગા ફસાદ કરી આખા શામમાં બળવો જગાડતા હતા, તેઓ બધાઓને યુકિતપ્રયુકિતઓથી કતલ કરી નાખ્યા અને કેટલાકોને કેદ પકડી મિસર રવાના કરી દીધા. જનરલ જયશની આ રાજદ્વારી કુનેહથી શામમાં ફરી શાંતિ અને વ્યવસ્થા સ્થપાઇ.

## જયશે ઇમામને અર્પણ કરેલી મિલકતો.

જયશે પોતાના અવસાન પહેલાં પોતાની સઘળી માલમિલ્કતનું "વીલ"=વસિયતનામું કર્યું હતું, જેમાં લખ્યું હતું કે "આ માલમિલ્કતના માલિક બની ફાતિમી ખલીફ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. છે, એમાં મારા પુત્રો કે કુટુંબીઓનો કંઇપણ હક નથી."

ઇતિહાસકાર ઓલીયરી એ મિલ્કતનો અડસટો ૨,૦૦,૦૦૦ સોના મહોરો હોવાનું જણાવે છે. હિજરી સન ૩૯૦ માં જયશનું મૃત્યુ થતાં તેનો પુત્ર એ "વીલ" લઇ મિસર આવ્યો અને ઇમામના કદમ મુબારકમાં મુકીને અરજ ગુજારી કે "આ સર્વે માલ મિલ્કતનો કબ્જો લેવાની કૃપા કરો."

હઝરત ઇમામ-હાકિમ અબુ અલી અ. એ પ્રસન્ન થઇ ફરમાવ્યું :—"તારા પિતાનું વસિયતનામું અમોએ વાંચ્યું છે, અને ધન દોલત અને મિલ્કતની જે વ્યવસ્થા કરી છે, તેની યાદી પણ જોઈ ગયા છીએ. હવે અમારી ઇચ્છા છે કે આ સઘળી ધનસંપતિ તારા કલ્યાણ અને આબાદી અર્થે તું ભોગવ." આવી ઉદારતાના અનેક દ્રષ્ટાંતો હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ની આખીએ રાજકારકિર્દીમાં મળી આવે છે અને તેને અંગે તેઓ પ્રજામાં ઘણાજ લોકપ્રિય થઈ પડયા હતા.

## બર્જવાનનો ઘમંડ અને સત્તામદ.

"શામ"ની લડાઇ ચાલુ હતી તે દરમ્યાન બર્જવાને 'બરકા' અને 'ટ્રાબલીસ' કબજે કરવા પણ લશ્કર મોકલાવ્યું હતું જે પણ પોતાના આશયમાં ફતેહમંદ થતાં આખાય બની ફાતિમી

સામ્રાજ્યમાંના બળવાખોરોને તાબે કરવામાં આવ્યા. પરિણામે સઘળું ઠરીઠામ થયાં પછી કત્તામાં કબીલાના ફહલ બિન ઇસમાઇલને "તાયર" નો ગવર્નર નિમવામાં આવ્યો. ગુલામ "યનાસ" ના કાબુ તળે 'બરકા' મુકાયું; મમલુક મયસુરને ટ્રાબ્લીસ સોંપવામાં આવ્યું. મમલુક યમનનાં-અધિકારમાં સરહદ ઉપરના થાણા 'ગીઝા' અને 'અસ્કેલાન' રાખવામાં આવ્યા. યુનાનીઓને શાંત રાખવા માટે તેમની જોડે ૧૦ વર્ષ પર્યંતનાં સુલેહના કરારો કરવામાં આવ્યા.

દમિશ્ક અને યુનાનીઓ પરના આ વિજયથી અમીર ઉમરાવો અને પ્રજાજનો ઉપર બર્જવાનનો સારો પ્રભાવ પડયો અને પોતાની સફળ કાર્યવાહીથી ફુલાઇને તે પોતાને સર્વસત્તાધારી માનવા લાગ્યો. સત્તાના મદમાં હવે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ની મંજુરી વગર તે સર્વ કારોબાર કરવા લાગ્યો. ઇમામ તેની સામે વાંધો ઉઠાવતા. બર્જવાન તેની કશી પણ દરકાર કર્યા વિના હાંસી કરીને ઇમામને અપમાનિત શબ્દોથી સંબોધવા લાગતો. પોતાના ઈમામ અને માલિક પ્રત્યેની બર્જવાનની આ વર્તણુંક અસહ્ય હતી. એટલુંજ નહિ પણ એનાથી આગળ વધીને બર્જવાન ઇમામ વિરૂધ્ધ કાવતરાં યોજવા લાગ્યો. પરિણામે હિજરી સન ૩૯૦ માં એક શાહી છત્રધારી અબુલ ફઝલ રયદાને ઉસ્કેરાઇને તેના પેટમાં છરી ઘોંચીને મારી નાખ્યો. ઇતિહાસકાર નુવેરી અને બર હેબ્રોસના કથન અનુસાર બર્જવાનની ઇચ્છા હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ને રાજ્યમહેલમાં ગોંધી રાખવાની હતી. વળી "કત્તામા કબીલાના પક્ષકારો રખે તેમનું ખુન કરે" એ બહાના હેઠળ મહેલ બહાર સ્વારીએ નીકળવાની બર્જવાને કરેલી મનાઇથી પણ ઇમામ નારાજ થયેલા હોવાનું કારણ પણ મજકુર ઇતિહાસકારો જણાવે છે.

## ઇમામ હાકિમ અબુ અલી અ. રાજ્યસત્તા સંભાળે છે.

બર્જવાનના મૃત્યુના લીધે શહેરમાં બળવો ફાટી નીકળ્યો. પોતાની રૈયત સાથે કામ લેવાનો ઇમામનો આ પહેલો પ્રસંગ હતો. બળવાની શરૂઆત થતાંજ મહેલમાંથી બહાર નીકળી શહેરમાં આવીને તેઓએ પોતાની પ્રજા સન્મુખ જાહેર કર્યું કે, "બર્જવાને મારી વિરૂધ્ધ કાવતરૂં રચ્યું હોવાથી તે શાહી "છત્રધારી" ના હાથે માર્યો ગયો છે. તમોને તમારા બાદશાહના આ ખુલાસાથી સંતોષ થશે અને તમો પહેલાંની જેમ સુલેહશાંતિથી રહેશો એવી હું આશા રાખું છું." હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના આ ઉદગારો સાંભળી બળવાખોરો ઠંડા પડી ગયા અને તરતજ શાંતિ પ્રસરી ગઈ.

બર્જવાનના મૃત્યુ પછીથી બીજા યુગનો આરંભ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના (રાજદ્વારી) વિષયનો થાય છે. ઇમામ હવે પોતાના ગુણનો પરિચય પોતાની પ્રજાને કરાવવા લાગ્યા. તેઓએ બર્જવાનના ઓધ્ધા પર ખ્રિસ્તી કોમના એક આગેવાન ફહદ બિન ઇબ્રાહિમની નિમણુંક કરી. ગાઝી જૌહરના પુત્ર હુસેનના "કાયદુલ કવ્વાદ" નો ખિતાબ અર્પણ કરી પોતાનો વડો સેનાપતિ બનાવ્યો. દરબારવાળા સાલેહને "સિકત સિકાતુલ સૈફ વલ કલમ," ઇબ્ને આબ્દુનને "અલ-કાફી," ઈસા ઇબ્ને નેસ્ટોરીયસના પુત્ર ઝુઅાને "અશ્શાફી," અલ-હુસેન બિન તાહેરને "ઝુલ રિયાસતૈન" વગેરે લકબોથી નવાજવામાં આવ્યા. ફહલ બિન તમીમને દમિશ્કનો ગવર્નર બનાવવામાં આવ્યો, પરંતુ ટુંક સમયમાં તેનું મૃત્યુ થતાં તેની જગ્યાએ અલી બિન ફલાહની ઇમામે નિમણુંક કરી.

## ઈમામની ઉમદા રાજનીતિ.

સ્વતંત્રપણે પોતાના હાથમાં રાજતંત્રની લગામ લેવાની સાથેજ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. શહેરની વ્યવસ્થામાં મશગુલ થયા. હિજરી સન ૩૮૯ માં ઇમામ તરફથી ઢંઢેરો બહાર પાડવામાં

આવ્યો કે રાત્રે શહેરના દરવાજા બંધ કરવા નહિ અને સઘળા મકાનો અને દુકાનોના પણ દરવાજા ખુલ્લા રાખવા. શહેરમાં રાતે દિવા તથા મશાલો બળતી મુકવાનો પણ હુકમ કર્યો. રાજ્યની કાઉન્સીલ પણ રાત્રે ભરૂવાનો હુકમ કહાડવામાં આવ્યો. આ સમયથી ઇસમાઇલી મઝહબની ધાર્મિક મિજલસો પણ રાતે મળવા લાગી. ચોર કે લુટારાનો ભય જરાપણ રહ્યો નહિં. ઇમામ પોતે પણ શહેરમાં એક સામાન્ય શહેરી માફક હરતા ફરતા હતા. ચોકીદારો અને પહેરેગીરો ઇમામની આવી રાજનીતિથી ચોંકતા રહેતા હતા અને પોતાનો પહેરો બરાબર સંભાળતા હતા. તે પછી અમુક સંજોગોને અંગે હિજરી સન્ ૩૯૬ માં આ હુકમ રદ કરવામાં આવ્યો હતો.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. પોતાના પૂર્વજોની નીતિ અનુસાર ખ્રિસ્તીઓ અને યાહુદીઓ પ્રત્યે પણ ધાર્મિક સહિષ્ણુતા દાખવતા હતા. અગાઉ જણાવ્યા પ્રમાણે ઇમામના માતુશ્રી ખ્રિસ્તી બાનુ હતા. આ પણ સમભાવનાના પરિણામે એક જોડાણ રૂપ હતું. ઇમામે પોતાનાં અમલદારો પ્રત્યે પણ ઉદાર વર્તાવ રાખ્યો હતો. પ્રજા આથી તેઓશ્રીને ઘણી ચાહતી હતી.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. પોતાના પુર્વજો પ્રમાણે જાહેર બાંધકામમાં પણ ભારે રસ લેતા હતા, અને જ્ઞાનપ્રચાર અર્થેની તેમની કોશિશો આજેય યાદગાર છે. હિજરી સનં ૩૯૩ માં તેઓએ "જામ્એ રાશીદા" નામક એક ઇબાદતગાહ બાંધી, અને શહેરમાં હસ્તી ધરાવતા ઇબાદતખાનાઓના નિભાવ અર્થે મોટી રકમોની ગ્રાંટ બાંધી આપી.

## ઈતિહાસ પ્રસિધ્ધ દારૂલ-હિકમત.

"આસારે મુહમ્મદી"ના ગ્રંથકર્તા જણાવે છે કે હઝરત ઇમામ હાકિમે અબુ અલી અ. એ હિજરી સન ૩૯૫ માં "દારૂલ-હિકમત" નામની એક શિક્ષણ સંસ્થા સ્થાપી હતી, તેને "દારૂલ-ઇલ્મ" પણ કહેવામાં આવે છે. તેમાં લાભ લેતા અભ્યાસીઓ માટે ખાસ "અભ્યાસક્રમ" ચીવટથી તૈયાર કરવામાં આવ્યા બાદ તે પ્રમાણે કેળવણી આપવા માટે ખાસ કવાલીફાઇડ-પ્રવીણ, સુશિક્ષિત અને સુસંસ્કારી અધ્યાપકો=પ્રોફેસરોને રોકવામાં આવતા હતા. અધ્યાપકોની પસંદગી કરવાની હોય ત્યારે પ્રથમ ઉમેદવારોને ઇમામની હુઝુરમાં જવું પડતું, જ્યાં ઇમામ તેની સાથે ધર્મશાસ્ત્ર, વૈદક, ફિલસુફી અને ખગોળશાસ્ત્રના વિષયો પર ચર્ચા કરતા હતા. ચર્ચા પછી લાયક જણાતાં તેને અધ્યાપકની પદવી મળતી હતી. આ શિક્ષણ સંસ્થામાં દીન અને દુનિયાનું ઘણુંજ ઉચ્ચ પ્રકારનું શિક્ષણ આપવામાં આવતું હતું, એટલુંજ નહિ પણ હિકમત અને મુઆરિફતનું જ્ઞાન આપી "રૂહાની" બાબતોમાં પણ અભ્યાસીઓને પારંગત બનાવવામાં આવતા હતા જેથી અભ્યાસીઓ અહર્નિશ તત્વજ્ઞાન અને આધ્યાત્મિક વિષયોનું મંથન કરી ઉપસ્થિત થતી ગુંચવણોનું નિરાકરણ કરતા અને જે વસ્તુનું નિરાકરણ થવું મુશ્કિલ લાગે તેનું નિરાકરણ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ને અદબ સહિત પુછી લેતા. અભ્યાસીઓ માટે શાઇ, કાગળ, કલમ વિગેરે સામગ્રી પણ ઇમામ તરફથી પુરી પાડવામાં આવતી. આ શિક્ષણ સંસ્થા ખાસ લોકો માટે એક આશિર્વાદરૂપ થઇ પડી હતી. જો કે સંચાલકોની હિમ્મતના અભાવે તે પાછળથી બંધ થવા પામી હતી, તોપણ આજેય તેની કિર્તી ઇતિહાસ પ્રસિધ્ધ છે.

## દાઈઉદ્ દુઆત-વડા મિશનરીનો ઓધ્ધો.

બની ફાતિમીઓના શાસનકાળમાં વડા કાઝી અર્થાત ચીફ જસ્ટીસ પછીનો દરજ્જો વડા દાઇ=ચીફ મિશનરીનો રહેતો હતો. બંને એકજ પ્રકારનો સામાન્ય રીતે સફેદ પોશાક ધારણ કરતા

હતા, વડા મિશનરીના હાથ તળે બીજા બાર મદદનીશો રહેતા હતા. વડા મિશનરી, "દાઇઉદ-દુઆત" ના લકબથી ઓળખાતા હતા. ઇસ્માઇલી મઝહબમાં જેઓ દાખલ થતા હતા, તેમને ધાર્મિક વિષયોમાં વાકેફ કરવાનું કામ પણ તેઓ બજાવતા હતા. આ "દાઇઉદ-દુઆત" અને તેના બાર મદદનીશોનું ભથ્થું દરેક ઇસ્માઇલી પાસેથી લેવાતી ચાંદીના સાડા ત્રણ સિક્કાની ફીમાંથી અપાતું હતું. આ કાર્યમાં દાખલ થનારાઓ પૈકીના મોટા ભાગને મઝહબના મિશનરીઓ તરીકે પસંદ કરવામાં આવતા હતા. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના રાજ્યકાળમાં "દાઇઉદ-દુઆત"નો હોદ્દો બની અબ્દુલ કવીના ખાનદાનમાં વંશપરંપરા ઉતરતો આવ્યો હતો.

## ઇમામ હાકિમ અબુ અલી અ.ની યાદગાર ઇમારતો.

હઝરત ઇમામ અઝીઝ અ. બાબ-અલ-ફુતુહ નામના દ્વાર નજીક એક ઇબાદતગાહ ચણાવવાનું કામ હિજરી સન ૩૮૦માં શરૂ કર્યું હતું અને હિજરી સન ૩૮૧ સુધીમાં તેનું ચણતર લોકો બંદગી ગુજારી શકે તેટલું થયું હતું. પરંતુ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના રાજ્યઅમલ દરમ્યાન હિજરી સન ૩૯૪માં એ ઇબાદતખાનાનું બાંધકામ સંપૂર્ણ થયું. એ માટે ઇમામે ચાલીસ હજાર અશરફી ખર્ચી હતી અને તે ઇતિહાસમાં આજેય "જામ્એ-હાકિમ" તરીકે મશહૂર છે. કાળચક્રની અકળ ગતિને લઇને એ ઇબાદતખાનું આજે બિસ્માર હાલતમાં છે, તો પણ તેની એક વેળાની જાહોજલાલી અને ભવ્યતાનો ખ્યાલ આંખે જોનારને આવ્યા વગર રહેતો નથી.

જામે અઝહરનો ઉલ્લેખ હઝરત ઇમામ મોઇઝ અ. તથા હઝરત ઇમામ અઝીઝ અ. ના જીવનવૃતાંતમાં કેટલોક આવી ગયો છે, પણ ખરી રીતે કહેતાં એ વિશ્વવિખ્યાત વિદ્યાલયને લોકપ્રિય બનાવનાર તો હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. જ છે. એ કારણે પ્રોફેસર માર્ગોલીઅથ જામ્એ-અઝહરના બીજા સ્થાપક તરીકે ઇમામ હાકિમ અબુ અલી અ.ને જણાવે છે. તેઓશ્રીએ ત્રણ ઇબાદતગાહો સ્થાપી અને એક મહાન પુસ્તકાલયની સ્થાપના કરી. આ પુસ્તકાલય "કસ્ર-અલ-મશરિક"માં આવેલું હતું. જેનું ભેટ ખત આજે પણ સાંચવી રાખવામાં આવ્યું છે અને તેમાં ઇમામે આપેલા નાણાં અને તેનો કારોબાર કેવી રીતે કરવો તેની વિસ્તારપુર્વક વિગતો આપવામાં આવી છે. આ ખતમાં ઇમામે બાંધેલી ઇબાદતગાહો, અલ-અઝહરનું વિશ્વવિદ્યાલય, સાર્વજનિક પુસ્તકાલય અને મક્તબોને આપેલી ભેટોનું વર્ણન કરેલું છે. અલ-અઝહર પછી બની ફાતિમી વંશધરોએ બંધાવેલા મકાનોમાં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની "જામ્એ-રાશીદા"નું સ્થાન છે. જે કેરો શહેરની પહેલી દીવાલની બહાર અને બીજી દીવાલની અંદરનાં ઘેરાવામાં આવેલી છે. આજે તે ખંડીયેર સ્થિતિમાં પડેલી દેખાય છે. એક લેકચર હોલ પણ ઇમામે બંધાવ્યો હતો. જેના માટે ફિકાહની ચારે વિચાર-પ્રણાલીના પ્રોફેસરોની નિમણુંક કરવામાં આવી હતી.

## દારૂબંધી તથા અનીતિનો અટકાવ.

હિજરી સન ૩૯૨માં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ એક સરકારી વટહુકમ બહાર પાડયો, જેથી સઘળા પ્રકારના શરાબના વાસણો ભાંગી નાખવામાં આવ્યા, કીસમીસ અને દ્રાક્ષના ઢગલાને નીલ નદીમાં હોમી દેવામાં આવ્યા, તેનો રસ તૈયાર બનાવેલો હતો તેને ઢોળી દેવામાં આવ્યો અને જે વસ્તુઓ નશા સાથે સંબંધ રાખતી હોય તે સઘળાની વાવણી બંધ કરાવી દેવામાં આવી. આ હુકમનો એટલી બધી સખ્તાઇથી અમલ કરવામાં આવ્યો કે દ્રાક્ષના ઉગેલા વેલાઓને પણ જડમૂળથી ઉખેડી નાખવામાં આવ્યાં અને તેની જગ્યાએ મોટા મોટા લોખંડના ખીલાઓ ઠોકી દેવામાં આવ્યા.

JAMA - I - HAKIM : A famous Mosque near Babul-Futuh, Cairo-Egypt. It was built in the Reign of Fatimid Caliph, Hazrat Imam Hakim in A. H. 394



**જામ – એ – હાકિમ:** કેરોના "બાબુલ-ફુતુહ" નામના દરવાજા પાસે આવેલું મશહુર ઇબાદતખાનું. જે ફાતિમી ખલીફ હઝરત ઇમામ હાકિમ અ.ના રાજ્ય અમલમાં ચાલીસ હજાર અશરફીઓના ખરચે બાંધવામાં આવ્યું હતું.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના શાસનકાળમાં અનીતિમાન સ્ત્રીઓને ભારે સજા કરવામાં આવતી હતી. વૃધ્ધ વયની જાસુસ સ્ત્રીઓ ઇમામ તરફથી ગુનાહની દેખરેખ રાખતી હતી, અને અનિતીમાન સ્ત્રીઓ અને દુરાચારી પુરૂષો એકઠા મળવાની ખબર મળતાંજ ખાજાસરાને ચોકીઆતો સાથે મોકલી એ પાપીઓને તેજ જગ્યાએ દીવાલ સાથે ચણી લેવામાં આવતા હતા.

## ઇમામની નગરચર્ચા.

સ્ટેનલી લેન–પુલના કથન અનુસાર હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. જાહેરજીવનની સમાગમમાં જેમ જેમ વધુ આવતા ગયા તેમ તેમ તેમનો પરિચય લોકોને થતો ગયો. પ્રજામાં ચુપચુપ ભેળાઇ જવાની તેઓની ટેવ હતી અને એવી રીતે લોકોના સુખદુઃખથી તેઓ સીધી રીતે માહિતગાર રહેતા. તેઓ રાત્રી માટે બહુ ચાહ ધરાવતા હતા. રાત્રે પોતાની દરબાર ભરતા, બજારમાં વેપારીઓનાં તોલમાપ જાતે તપાસતા. આ કાર્યોની સિધ્ધી અર્થે જાતે સફેદ ગધેડા પર સવાર થઇ શહેરની શેરીઓમાં ફરવા નીકળતા હતા.

## યહુદીઓ–ખ્રિસ્તીઓ માટે પ્રજાની ફરિયાદો.

એજ પ્રમાણે યહુદી અને ખ્રિસ્તીઓ માટે પણ ફરમાનો બહાર પાડવામાં આવ્યા કે તેઓ પોતાના પોષાકમાં અન્ય રંગનું થીગડું લગાડે અને કમરે પટો બાંધે જેથી તેઓ મુસલમાન છે કે નહિ તે વિષયમાં શંકા ન રહે. ખ્રિસ્તીઓ અને યહુદીઓએ દશ વર્ષ સુધી જે છુટછાટો ભોગવી હતી, તેનો પણ ઇમામ હાકિમ અબુ અલી અ. ના રાજ્યકાળમાં અંત આવી ગયો હતો. એક પાદરીને બિશપની પદવી આપવાનો ઇન્કાર કરવામાં આવતાં ઇમામ નારાજ થયા હતા. તેમજ ખ્રિસ્તીઓ અને યહુદીઓ પ્રત્યે પ્રજાજનોની પુષ્કળ ફરીયાદો ઇમામ પાસે આવી હતી. વળી મિક્રેઝી જણાવે છે કે ખ્રિસ્તીઓ અને યહુદીઓ બની ફાતિમીઓનાં રાજ્યઅમલ દરમ્યાન સરકારી ઓધ્ધાઓ ધરાવતા હોવાથી લોકો પર જુલ્મ ગુજારી જે ધનસંપતિ તેઓએ એકઠી કરી હતી, તેથી તેઓ મદોન્મત બન્યા હતા, જેથી આ નિરંકુશતા ટાળવા રાજદ્વારી કુનેહવાળી સુઝાઇનો અમલ કરવો પડયો હતો.

## અન્ય શાહી ફરમાનો.

ઉપરાંત ઇમામની આજ્ઞા પ્રમાણે "મલુખીયા" ખાવાની મનાઇ કરવામાં આવી, શરાબ કબજે કરી નીલ નદીમાં વહેવડાવી દેવામાં આવ્યું, "દામ" જેવી રમતોનો પણ નિષેધ કરવામાં આવ્યો અને તેના પાટીયાં અને સોગઠાં બાળી નખાયા. મહોલ્લાઓમાં ફરતા કુતરાંઓને મારી નાખવાના હુકમનો અનાદર કરનારને ચાબુકના પ્રહારોની સજા થતી હતી.

"તારીખુલ ઇસ્લામ" માં જણાવ્યા પ્રમાણે ઇમામના હુકમને અનુસરી કોઇપણ પ્રજાજન શરાબ કે બીજડા વગરની માછલીનો વેપાર કરી શકતો નહોતો. યહુદીઓ અને ખ્રિસ્તીઓ કાળી પાઘડીઓ પહેરતા. યહુદીઓને ગળામાં પાંચ રતલ ભારની "વાછરડી" અને ખ્રિસ્તીઓને ગળામાં એટલાજ વજનનો ક્રાસ=સલીબ પહેરવો પડતો. તેઓ ઊંટ, ઘોડા વિગેરે પ્રાણીઓ પર બેસી શકતા નહિ અને મુસ્લિમ ગુલામો ખરીદવાની તેમને મનાઇ કરવામાં આવી હતી.

ખુદાની ખલકત સન્મુખ જમીન સુધી ઝુકવાનો રિવાજ રૂમીઓની "ખિદમત" હોઇ હિજરી સન ૪૦૨ માં ખલીફના અદબ ખાતર ભુમિને ચુંબવાની અને સલામ કરતી વખતે ચુંબન કરવાનો

રિવાજ હઝરત ઈમામ હાકિમ અબુ અલી અ. એ બંધ કરાવ્યો. આ સાલમાં ગાયનવાદનનો ધંધો કરનારાઓ અને મંજુગીઓને તરીપાર કરવામાં આવ્યા. પ્રજાના સામાન્ય વર્ગ સુધીના લોકોને એકસરખી રીતે ન્યાય મળે તે માટે લોકોની અરજી જાતે ઈમામ સાંભળતા અને તેનો ચુકાદો આપતા.

ઇતિહાસકાર લેન–પુલ લખે છે કે મિસરમાં સઘળા ખ્રિસ્તી દેવળો તોડી પાડવાનો હુકમ કાઢવામાં આવ્યો હતો. આ દેવળ તોડી પાડવાનું કામ લગભગ પાંચ વર્ષ પર્યંત ચાલુ રહ્યું હતું. ગામડામાં વસતા ખ્રિસ્તીઓ આ અકુંશોમાંથી પોતાને ઉગારવા મુસ્લિમ ધર્મનો અંગીકાર કરવા લાગ્યા. અઠવાડિયામાં બે દિવસ ધર્માંતર માટે નક્કી કરવામાં આવ્યા હતા. તે માટે એક ખાસ ઓફીસ ઉઘાડવામાં આવી હતી. આ ઓફીસ પર એટલો બધો દરોડો પડવા લાગ્યો કે ઈસ્માઈલી મઝહબ અંગીકાર કરવા માટે આતુર બનેલા લોકો ધક્કાધક્કીમાં કચડાઈ જતાં કેટલાક તો મરણ પામ્યા. આવા હુકમો એક તરફથી નીકળતા હતા અને બીજી ગમથી ખ્રિસ્તીઓને તેમની ઉંચ પ્રકારની નાણાં વિષયક કાબિલીયતને અંગે રાજ્યનાં મોટા મોટા ઓધ્ધાઓ ઉપર નિમવામાં આવતા હતા. જેરૂસલેમનું વિખ્યાત દેવળ "ચર્ચ ઓફ રિસરેકશન (અલ–કયામાં)" તોડી પાડવાનો હુકમ લખનાર રાજ્યનો વડો વઝીર ઇબ્ને આબદુન એક ખ્રિસ્તી હતો. માજી વૃધ્ધ વઝીર ઇસા ઇબ્ને નેસ્ટોરીયસનો પુત્ર "ઝુ'આ અશ્શાફી" પણ આ સમયમાં વઝીરની પદવી ધરાવતો હતો. આ સ્થિતિ જોતાં ઇતિહાસકારોની કડક ટીકા ટકી શકતી નથી.

## અબુ રકવાનો બળવો—ફઝલની ફતેહ.

હિજરી સન ૩૯૬ માં મગરિબ આફ્રિકા ખાતે એક બળવો ફાટી નીકળ્યો અને થોડા સમયમાં તેણે ભારે ગંભીર રૂપ ધારણ કર્યું. આ બળવાના પરિણામે લોકોને પણ ચિંતા થવા લાગી. એ ફિસાદના મૂળ ઘણા ઊંડા હતા. સ્પેનની ઉમ્વી સત્તા તળેના મુલક જોડે તેને સીધો સંબંધ હતો. આ બળવાનો નેતા અબુ રકવા નામનો એક શખ્સ હતો, જે દરવેશો પ્રમાણે પોતાની સાથે એક છાગળ રાખતો હતો. પ્રથમ તે મિસર ગયો અને ત્યાંથી મક્કા, યમન, શામ, જઈ પહોંચ્યો. દરેક સ્થળે ઉમ્વી વંશને ટેકો આપનારો પક્ષ ઉભો કરવાનો તેનો ખાસ હેતુ હતો. તે પોતાના કુશળ પ્રચાર કાર્યના પરિણામે બની ફાતિમીઓનો વિરોધ કરતા અનુયાયીઓ મેળવી શકયો. તે પછી "રસુલ બે અલ્લિલ્લાહ" અને "મન્સુરે અદુ–અલ્લાહ" ના લકબ ધારણ કરી તેણે પોતાને અમીર તરીકે જાહેર કર્યો. તેના અનુયાયીઓમાં 'ઝનાટા'વાલાઓનું મોટું દળ હતું. હજી લાંબો સમય પસાર થયો નહોતો કે કેટલાક બરબરી કબીલાઓ તથા કેરોના લોકો પણ તેની સાથે જોડાયા, પરંતુ લડાયક તાલિમ વિનાનાં એક મોટા સૈન્યની સરદારી લઈ અબુ રકવા પૂર્વ ભણી આગળ વધ્યો અને 'બરકા' પર આક્રમણ કરી તે તેણે કબજે કર્યું. તેનાં મુકાબલા માટે ઈનાલની સરદારી તળે ગયેલ ફાતિમી લશ્કરની માર્ગમાં પાણીની તંગી અને અન્ય કપરા સંજોગોમાં થયેલી હારના સમાચાર મિસરમાં હઝરત ઈમામ હાકિમ અબુ અલી અ. ને મળતાં ફઝલ બિન સાલેહની સરદારી હેઠળ બીજું લશ્કર મોકલવાની તેઓશ્રીએ આજ્ઞા કરી. દરમ્યાન અબુ રકવા પ્રથમ થયેલી જીતથી ફુલાઈ જઈ મિસર પર ચઢી આવવા આગળ વધવા લાગ્યો. બની ફાતિમી લશ્કરે ગીઝામાં છાવણી નાંખી, દુશ્મનો આવીને છાપો મારે તેના પહેલાં જનરલ ફઝલે તેઓના પર અણધાર્યો હુમલો કર્યો જેથી તેઓ ગભરાઈ ગયા. હઝરત ઈમામે ફઝલની કુમકે બીજું ચાર હઝારનું ઘોડેસ્વાર લશ્કર મોકલાવ્યું. આ ખબર અબુ રકવાને પડતાં તે નાસી છુટયો. ફઝલે તેની લાંબે સુધી પુંઠ પકડી, અબુ રકવા પોતાનો જીવ બચાવવા ન્યુબીયામાં ચોરી છુપીથી ભરાઈ બેઠો અને ન્યુબીયાના બાદશાહ પાસે બની ફાતિમી એલચી તરીકે ઢોંગ કરીને થોડા દિવસ પરોણા તરીકે અમનચમનમાં રહ્યો. અંતે ફઝલને ખબર પડી જતાં તેને

કેદ કરી, ઇમામના ફરમાન મુજબ હિજરી સન ૩૯૭ ના જમાદીઉલ આખિરની તા. ૨૭ મીના દિવસે તેને ઊંટ પર બેસાડી પંદર હાથીઓ સહિત ફાતિમી સૈન્યની વચ્ચોવચ્ચ અણુ રકવાને શહેરમાં દાખલ કરવામાં આવ્યો. લોકોના ટોળેટોળાં તેને જોવા માટે ભેગા થયાં. આખા શહેરમાં ફરી રહેતાં તેને ઇમામના ઝરૂખા પાસે લાવવામાં આવ્યો. તે પછી રયદાનની ઇબાદતગાહ આગળની ઉંચી ટેકરી પર લઇ જઇને તેનું મસ્તક ઉડાવી દેવામાં આવ્યું.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ હિજરી સન ૩૯૮ માં રાજ્યના વડા સેનાપતિ=કમાન્ડર-ઇન-ચીફનો હોદ્દો સાલેહ બિન અલી રૂદબારીને આપ્યો. આ વર્ષના રજબ માસની ૧૬ મી તારીખે કાઝીઉલ-કુઝઝાત અને વડા દાઇ અબ્દુલ અઝીઝ ફારેગ થતાં, તેની જગ્યા માલિક બિન સઇદ અલ-ફર્કીને આપવામાં આવી અને દમિશ્કના ગવર્નર તરીકે અલી બિન ફલાહની નિમણુંક થઇ.

## "તબર્રા" ની મનાઈ—ખલીફાઓનું સન્માન.

ઇબ્ને ખલ્લિકાન લખે છે કે, ઇસ્લામના આરંભકાળના ખલીફાઓના "તબર્રા" (ધાર્મિક નિંદા) માટે ઇમામ તરફથી મનાઇનો હુકમ કઢાડવામાં આવ્યો અને તેમના નામ પાછળ "રઝીઅલ્લાહો અન્હુમ" શબ્દો વાપરવાની છુટ આપવામાં આવી. અન્ય બાજુએ હઝરત અલી અ.ના નામ સાથે "અલયહિસ્સલામ" લખવાની પણ છુટ હતી. દરેક મુસ્લિમ-શીઆ કે સુન્ની-કોઇપણ મઝહબ પાળવાને પુરેપુરો સ્વતંત્ર હતો.

## અર્થસુચક ખુત્બો.

હિજરી સન ૪૦૧ મોસલના રાજા કરવાસ બિન મુકલ્લિદે અબ્બાસી ખલીફની તાબેદારી ત્યજીને પોતાના આખા રાજ્યમાં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.નો ખુત્બો પઢાવ્યો અને "અમીર અલ-મોઅમેનીન" તરીકે માની તેમના સઘળા હુકમો તેણે બજાવ્યા. પરિણામે મોસલ, અંબાર, મદયન અને અન્ય શહેરોમાં પણ ફાતિમીઓનાં નામે નીચે મુજબનાં શબ્દો સાથે લોકો ખુત્બો ભણવા લાગ્યા:—

**એવા મા'અબુદના વખાણ કર કે જેના નૂરથી તાઅસ્સુબ કરનારાઓની આંખ ખુલ્લી ગઇ, અને તેની કુદરતથી અધર્મિપણાની ભીંતો ભાંગી ગઈ તથા તેનાં નૂરનાં વજુદથી 'હક" નો સૂર્ય "મગરિબ" માં પ્રકાશ્યો.**

## એક બીજો બળવો.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના રાજ્યકાળમાં ધર્મઢોંગના ઓઠા હેઠળ એક બીજો પણ બળવો ફાટી નીકળ્યો હતો. તેનો મુખ્ય નાયક હસન બિન અબ્દુલમલેક નામનો એક શખ્સ હતો. તેને પણ સ્પેનના ઉમ્વી રાજ્યકર્તા તરફથી ઉત્તેજન મળતું હતું. લોકોનું ખેંચાણ કરવા અને પોતાનો હેતુ પાર પાડવા પોતાને અબ્બાસી વંશના એક નબીરા તરીકે ઓળખાવી, હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની રાજ્યસત્તા પર પોતાનો ખરો હકક છે એવો દાવો તેણે રજુ કર્યો. તેણે વધુમાં જાહેર કર્યું કે જ્યારે મારી સત્તા તળે મિસર આવશે ત્યારે મને ટેકો આપનારાઓને ધનસંપતિથી આબાદ બનાવીશ, મોટા મોટા હોદ્દાઓ અને જાગીરો ખુલ્લા દિલે નવાઝી દઇશ. તેની આવી મીઠી મીઠી વાતોથી લોકો ભરમાયા અને તેઓએ ફાતિમી સરહદમાં મારફાડ કરવાનું શરૂ કર્યું. આ બળવાખોરોનો નેતા પોતે જાણે ભવિષ્યવેત્તા હોય અને તેના પર "વહી" ઉતરતી હોય તેવા ચેનચાળો

કરી ફાતિમી રાજ્ય નજદિકમાં હાથ કરી લેવાના તરંગી વિચારો બહાર પાડવા લાગ્યો. પ્રજાજનો પ્રત્યેની હસનની કનડગતના સમાચાર ઇમામને કાને પહોંચતાં જનરલ ફઝલની સરદારી હેઠળ તેને પકડવા એક લશ્કર ઇમામે રવાના કર્યું. જનરલ ફઝલ મિસરથી કુચ કરી હસનના નિવાસ સ્થળે આવી પહોંચતાં બન્ને પક્ષો વચ્ચે યુધ્ધ થયું. થોડા સમયની ખુનખાર લડાઇ પછી હસન પકડાઇ ગયો. તેના સાથીદારો નાસી ગયા. જનરલ ફઝલ હસનને બંદીવાન કરી મિસર ભણી રવાના થયો અને તેને ઇમામની હુઝુરમાં ઉભો કર્યો.

હસનને ઇમામના હુકમ અનુસાર ઊંટ પર સ્વાર કરી લાલ ટોપી પહેરાવીને આખા કેરોમાં ફેરવવામાં આવ્યો. હમદુન નામના શખ્સે હસનને સતત મુકકા મારવાનું ચાલુ રાખ્યું. આ મુકકા-પ્રહારના પરિણામે હસન ઊંટની પીઠ પરજ મરણ પામ્યો.

## હસ્સાનનો બળવો.

હિજરી સન ૪૦૧ ના વર્ષમાં સર્વથી ધ્યાન ખેંચનારી બિના હસ્સાન બિન મુફર્રજ બિન બિન દગફલ બિન જર્રાહનો બળવો હતો. હિજરી સન ૩૯૯માં દેશ તજી ગયેલા ત્રણ જણામાંના એક હુસેને હસ્સાનને બળવો કરવા ઉશ્કેર્યો હતો. વઝીર મન્સુર બિન આબદુનની સુચનાથી હુસેનના બે પુત્રો અને બે ભાઇઓને મારી નાખવામાં આવ્યા હતા, આ કારણે હસ્સાનનો આશરો લઇ તેને ઇમામ સામે હથીયાર સજવાને હુસેને ઉશ્કેર્યો હતો. પરિણામે એ બળવાખોરનાં સરદાર સાથે અરબોની એક સંખ્યા જોડાઇ. તે પછી તેની જોડે મકકાના સુલતાન હુસેન બિન જાફરની સરદારી હેઠળ આખા હિજાઝના કબીલાવાળાઓ પણ શામેલ થયા. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ આ બળવાખોર હિલચાલ દબાવી દેવા "યારુખ્તગીન"ની સરદારી તળે એક મોટું લશ્કર હલબ ભણી રવાના કર્યું. સૈન્ય શામમાં આવી લાગતાં ગીઝા અને અસ્કેલાન વચ્ચે "કમીનગાહ" અર્થાત છુપાઇ રહેવાની જગ્યા આગળ ફાતિમી સૈન્યને ફસાવીને લઇ આવવામાં હસ્સાન ફાવી ગયો, અને ત્યાં આગળ બન્ને પક્ષ વચ્ચે થએલી લડાઇમાં જનરલ યારુખ્તગીન માર્યો ગયો. તે પછી બળવાખોરોએ રમલા ઉપર ઘેરો નાખ્યો. લાલચમાં આવી દરરોજ નવા શીખાઉ લડવૈયાનાં ટોળેટોળાં તેમની સાથે જોડાવા લાગ્યાં. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ બળવાખોરોને શાંતિથી સમજાવવા માટે પત્રો લખ્યા, પરંતુ એ પરત્વે તેઓએ કાંઇ લક્ષ ન આપતાં સામયિક જીતથી ફુલાઇને મકકાના સુલતાન હુસેન બિન જાફરને ખિલાફતનો ઓધ્ધો સ્વીકારવાનું આમંત્રણ આપ્યું, જે કબુલ રાખી, મકકામાં પોતાનો એક નાયબ નિમી અને મુફર્રજને આવી મળ્યો, જ્યાં બળવાખોર લશ્કરે તેને અમીરુલ મોઅમેનીન તરીકે વધાવી લીધો.

## હસ્સાનને માફી—મકકામાં ફાતિમી ખુત્બો ને સિકકા.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ ફરીવાર ઉદારતા દર્શાવી હસ્સાન અને મુફર્રજને વધુ એક પત્ર લખી જણાવ્યું કે, "બળવાનું કાર્ય માંડી વાળી મારા શરણે આવો. તમને જાગીરો તથા બીજા ઇનામોથી નવાઝિશ, જેથી તમો લોકોનું જીવન સુખમય બનશે." આ પત્રની બળવાખોરો ઉપર સારી અસર થઇ અને નવા ખલીફ બનેલા મકકાના સુલતાનને તજી તેઓ ઇમામને શરણે આવ્યા. પરિણામે મુફર્રજ અને મકકાના સુલતાનના પક્ષ વચ્ચે ભારે ઝઘડો થયો, અને છેવટે હુસેન મુંઝાઇને પોતાની સાથે લઇને સુલતાન મકકે ચાલ્યો આવ્યો, જો કે હસ્સાને હજુ હથિયાર ફેંકી દીધાં ન્હોતાં.

આ ઘટના પછી થોડા દિવસ બાદ ઇમામે, જાફર બિન ફલાહની સરદારી તળે શામમાં એક સૈન્ય મોકલાવ્યું. તેણે મુફર્રજના પુત્ર હસ્સાન અને તેના સાથીદારોને 'રમલા'માંથી હાંકી કાઢયા. બે વર્ષ પછી પોતાના પિતાની ભલામણથી હસ્સાને ઇમામની માફી મેળવી અને તે જાગીરદાર બની સુખેહશાંતિથી મિસરમાં રહેવા લાગ્યો.

ફાતિમી ખલીફની વિરૂધ્ધ મકકાના સુલતાને હિજરી સન ૪૦૩ સુધી વિરોધી વલણ કાયમ રાખી. તે પછી તેણે પણ ઇમામ પાસે ક્ષમા માગી, મકકામાં ફાતિમી ખુત્બો પઢવાની તથા ફાતિમી સિકકા ચાલુ કરવાની કબુલાત આપી અને તેનો અમલ પણ તરત કરવામાં આવ્યો.

## કાદિરબિલ્લાહ અબ્બાસીનું પ્રચારકાર્ય.

આ સમયે અબ્બાસી પચીસમો બાદશાહ કાદિરબિલ્લાહ સિંહાસન પર હતો. તેનાથી બની ફાતિમીઓની જાહોજલાલી જોઇ શકાઈ નહિ અને તે કારણોને અંગે તેણે પોતાના પ્રમુખપદ હેઠળ ઉલમાઓની એક સભા ભરી, તેમાં શીયા સુન્ની આલિમોને એકઠા કરી એક નાનો સરખો રિસાલો તૈયાર કરાવ્યો, જેમાં બની ફાતિમી ખલીફ ખરા ફાતિમી નથી, એમ સિધ્ધ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આવા સંકુચિત ધર્મવિચારને પરિણામે બગદાદમાં શીઆ અને સુન્નીઓનું હુલ્લડ થયું. જેમાં કેટલાક માણસો માર્યા ગયા.

તારીખુલ-ઇસ્લામના કર્તા જણાવે છે કે અબ્બાસી ખલીફ કાદિરબિલ્લાહે બની ફાતિમી ખલીફ પ્રત્યે વિરૂધ્ધતા દેખાડી હિજરી સન ૪૦૨ માં બની ફાતિમીઓની એક ખોટી વંશાવળી તૈયાર કરાવી, જેમાં તેઓને "મજુસી" અર્થાત અગ્નિપુજક અને "ઝિન્દીક" તથા "મુલહિદ" તરીકે ઓળખવાનો પ્રયાસ કરી તેના ઉપર સુન્ની તથા શીઆ ઉલમાઓની સહીઓ લીધી. અબ્બાસી ખલીફનું આ કામ માત્ર રાજદ્વારી ધારણે અંગે હતું. ઇસ્લામી જગતમાં તેઓ હઝરત બીબી ફાતિમાના તેમજ હઝરત અલી અ૦ના વંશધર હોવાથી ઇમામનું સન્માન કરવામાં આવતું હોવાથી એ સન્માન અબ્બાસી ખલીફાઓ પોતાની રાજસત્તા માટે હાનિકારક સમજતા હતા.

## હઝરત ઇમામ હાકિમ અ. પર ફરિયાદનામું!

અશમુનૈનનો વડો પાદરી સેવેરસ કહે છે કે હિજરી સન ૪૦૨ માં કાયદામાં મનાઇ કરવામાં આવેલા ફળોના એક વેપારીએ પોતાની સઘળી મુડી રોકી ફળોની ખરીદી કરી. પરંતુ રાજ્યના હુકમ અનુસાર આ માલ જપ્ત કરી તેનો નાશ કરવામાં આવ્યો, જેથી તે વેપારીએ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. વિરૂધ્ધ વડા કાઝીની અદાલતમાં રાજ્યવતી રાજ્યના જવાબદાર વડા અધિકારી=ખલીફ તરીકે ફરિયાદી માંડી. ફાતિમી ખલીફે પોતાના ઉપર માંડવામાં આવેલી ફરિયાદીનો જાતે અદાલતમાં પધારીને જવાબ આપવાની મહેરબાની ફરમાવી. મુકદમાની તપાસ શરૂ થતાં વેપારીએ એક હજાર સોના મહોરની નુકશાની બતાવી એ રકમ ભરપાઈ કરવાનો હુકમ કરી આપવાની કાઝી પાસે અરજ ગુજારી. ખલીફે પોતાના બચાવમાં જણાવ્યું : "જપ્ત કરેલા ફળોનો ઉપયોગ કલામે રબ્બાની અનુસાર મના કરેલું પીણું બનાવવા માટે કરવાનો એ વેપારીનો હેતુ હતો કે નહિ એ જોવાનું છે. જો સોગંદ પર એ વાતનો તે ઇન્કાર કરે તો તેની નુકશાની ભરી આપવા અમો તૈયાર છીએ."

વેપારીએ કાઝી સન્મુખ અરજ કરી કે નુકશાનીની રકમ હાજર કરવામાં આવે નહિ ત્યાંસુધી સોગંદ લેવાની મારી મરજી નથી. ઇમામે રકમ હાજર કરી તે પછી વેપારીએ સોગંદ પર

જણાવ્યું કે, આ ફળોનો માત્ર ખાવામાં ઉપયોગ કરવાનો હતો. આ ઉપરથી વેપારીને નુકશાનીના નાણાં ભરી દેવામાં આવ્યા. વેપારીને પાછળથી બીક પેદા થતાં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. એ તેને અમનનામું પણ લખી આપ્યું. દાવાનો નિકાલ થઇ ગયા પછી કાઝીએ ફારેગ થતાં પોતાની ફરજની રૂએ અદબ સાથે ઇમામને સલામી આપી. કાઝીના ન્યાયી વર્તનથી ઇમામે તેના પર પ્રસન્ન થઇને ફરિયાદીને યોગ્ય ફેંસલો આપવા માટે તેને કીંમતી ભેટ સોગાદો આપી.

## ઇમામની દરિયાદિલી.

હિજરી સન ૪૦૩ ના વર્ષમાં એકવાર ફરી દુકાળ પડયો અને મોંઘવારી ચાલી. આ વર્ષનાં આરંભકાળમાં હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. એ નવા નિમાયેલા વઝીર હુસેન બિન તાહિર અલ-વઝઝાનને "અમીરૂલ ઉમરાવ" ના ખિતાબની નવાઝિશ કરી. તેણે રાજ્યની આવકજાવકનું સરવૈયું કાળજીપૂર્વક કાઢીને અભિપ્રાય માટે ઇમામની સેવામાં રજુ કર્યું અને અદબ સાથે અરજ ગુજારી કે, "અનહદ ઉદારતાને બદલે કરકસર કરવા માટે તરત વેળા પગલાં ભરવાની જરૂર છે."

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ની દરિયાદિલીના સંબંધમાં દરૂઝોનું ધાર્મિક પુસ્તક જણાવે છે કે, હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. પ્રજાજનોને માત્ર ઇલકાબો અને માનપત્રથીજ નહિ પરંતુ વર્ષાસનો, જાગીરો, ઇનામો અને બક્ષિશો વિગેરેની નવાઝિશ કરવાની ઉદારતા દર્શાવતા હતા. આ સંજોગો ઉપર વઝીરે આ તકે ખાસ ભાર મુકયો હતો અને સંજોગને પહોંચી વળવા તેણે ઇમામની મહોર સહિતની બક્ષિશો આપવી બંધ કરી અને ઇમામને આજીજીભરી રીતે એ શબ્દો લખ્યા હતા, જેનો ઇમામે માયાળુ વિરોધ કરી પોતાના હુકમો પુરા કરવાની આજ્ઞા કરી. વઝીરે તેનો અમલ કરીને અજાયબી ઉપજાવે તેવી ઉદારતાભરી ચુકવેલી રકમોની આ બક્ષિશોની યાદી ઇમામ પર મોકલી આપી. સઘળા ફાતિમી ખલીફાઓનું સામાન્ય લક્ષણ ઉદારતાથી ભરપુર ખુલ્લો હાથ હતો. પરંતુ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના યુગમાં એ ગુણ અંતિમ હદે પહોંચ્યો હતો. ઇમામની ખાનગી મિલકત અલાહેદી નહોતી. તેમાંથી અને જાહેર મિલકતોનો પણ મોટો ભાગ બક્ષિશોમાં તેઓ આપી દેતા હતાં.

## બગીચાના માલિકનાં આંસું!

કાઝી શાહબુદીન પોતાની "મસલકુલ-અન્સાર" નામક ગ્રંથમાં ઇમામની ઉદારતા વર્ણવતાં લખે છે કે "હઝરત હાકિમ અબુ અલી અ. નગરચર્ચા જોવા માટે શહેરમાં ફરવા નીકળ્યા એ દરમ્યાન એમને પ્યાસ લાગવાથી એક બગીચાના દરવાજા પાસે આવ્યા, જયાં એક માણસ ઉભેલો તેઓશ્રીએ જોયો. તેને તેના ગુલામો ઘેરીને ઉભા હતા. પાણીની માંગણી કરતાં એ શખ્સ દોડતો ગયો અને ઠંડું પાણી ભરી આવી ઇમામના દસ્ત મુબારકમાં અદબ સાથે કટોરો ધર્યો. ઇમામે પાણી પીધા બાદ પેલા શખ્સે અરજ કરી: "મારા બગીચામાં આપના કદમ મુબારક કરીને પાવન કરવા કૃપા કરો." ઇમામે આ માંગણીને અનુસરી ખુશી સાથે બગીચામાં પ્રવેશ કર્યો. તેણે ઇમામ પાસે ઉમદા વાનીઓ રજુ કરીને જમવા વિનંતિ કરી. ઇમામે તેમાંથી થોડુંક લીધું. આ મહેમાની કરનારની મુખમુદ્રા ઉપર નિરાશાભર્યા ચિન્હ દેખાતા હતા. ઇમામે તેની દિલગીરી જાણી શું બાબત છે તે વર્ણવાનું ફરમાવતાં, પેલા શખ્સે કહ્યું: "હું એક અદના ગરીબ માણસ છું. મારી મુશ્કિલીઓનો પાર નથી. મારો મોટો વેપાર છે. ઘણી જાગીરો છે. પરંતુ નાણાની તંગીના સબબે તે બધું હાલહવાલ થઇ રહ્યું છે."

ઇમામને આ સાંભળી તેની હાલત પર દયા આવતાં તેઓશ્રીએ ફરમાવ્યુ: "અમારી પ્રજામાં બધા અમીર હોય તો અમો ઘણા રાજી થઇએ. તમે ચિંતા કરશો નહિ. તમારી મુશ્કિલી દુર થઇ જશે."

આટલી વાતચીત કરી ઇમામ રવાનાં થયા અને બૈતુલ માલમાંથી એક કરોડ સાત લાખ દિરહમ પેલા શખ્સને મોકલી દીધા.

## યહુદીઓ તથા ખ્રિસ્તીઓને દેશાંતર કરવાની પરવાનગી.

ઇતિહાસકાર ડી. સેસી પોતાના પુસ્તકમાં વર્ણવે છે કે, હિજરી સન ૪૦૪ ના આસપાસ ખ્રિસ્તિઓ અને યહુદીઓએ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. સાથે મશવેરો કરવા એક સભા ભરી. દુરૂઝોના ધર્મ પુસ્તકોમાં પણ એ વાતનો ઉલ્લેખ મળી આવે છે.

એક દિવસ ઇમામ "કરાફા" જઇ રહ્યા હતા. ત્યારે ખ્રિસ્તિ તથા યહૂદી પ્રતિનિધિઓ ઇમામની હુઝુરમાં હાજર થયા. તેઓને છુટથી વાત કરવાનો ઇમામે હુકમ આપ્યો. યહુદી અને ખ્રિસ્તિઓની માંગણી અનુસાર ઇસ્લામ અંગીકાર કરતા ન હોય તેઓને મરજી પડે તો યુનાનીઓના મુલકમાં ન્યુબીયા કે હબશમાં દેશાંતર કરવાની પરવાનગી આપવામાં આવી.

## હલબ ખંડણીયું બન્યું.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના શાસનકાળ દરમ્યાન બની ફાતિમીઓના કીર્તિકળશ પૂર્ણ કળાએ ઝળકી ઉઠયાં હતાં. સુવૈદ રાજ્ની સયફુદ-દૌલના પ્રપૌત્ર અબુલહયજા હલબ ઉપર હુમ્લો લઇ આવતાં મન્સુર બિન લુઅ્લુએ ઇમામને યાચના કરતાં તેને સંપૂર્ણ સહાય આપવામાં આવી. પરિણામે એજ વર્ષ હિજરી સન ૪૦૪ ના રમઝાન માસમાં ઇમામે મન્સુરના નામે હલબ અને તેના આજુબાજુના પ્રદેશના ભોગવટાનો "ચારટર" લખી આપ્યો, અને આવી રીતે એ પ્રદેશ બની ફાતિમીઓનો ખંડણીયો ઇલાકો બન્યો.

હિજરી સન ૪૦૮ સુધી શામમાં સબ્કતગીન શમ્સુદ-દૌલાએ દમિશ્કના ગવર્નર તરીકેનો હોદ્દો ભોગવ્યો. તે ઘણો ઝાલીમ હતો. તેણે પોતાની કારકીર્દિ દરમ્યાન દમિશ્કના કિલ્લા નીચે એક "નવો પુલ" બંધાવ્યો અને તેના પર પ્રથમ પોતે પસાર થાય એવી તેણે ધારણા રાખી હતી, પરંતુ તેની તાજુબી વચ્ચે એ પુલ પરથી એક ઘોડેસ્વાર પસાર થતો તેણે જોયો. પેલા ઘોડેસ્વારને પકડી લાવવા સીપાઇઓને હુકમ કર્યો. ગવર્નર પાસે તેને હાજર કરતાં તે મિસરથી આવેલો શાહી કાસિદ જણાયો અને એજ ગવર્નરને ઝુલમોને અંગે તેને પદભ્રષ્ટ કરવાનું ફરમાન તે પોતાની સાથે લાવ્યો હતો.

## હલબના વિજેતાને મુબારક-ઉદ-દૌલાનો ખિતાબ.

હિજરી સન ૪૦૬ માં મુરતઝા અને ફાતેહ કલાઇ વચ્ચે ઝઘડો થયો. એ સમયે ફાતેહ દમિશ્કના કિલ્લાનો ગવર્નર હતો. બળવો ઉઠાડવામાં તેણે સાલેહને ઉત્તેજન આપ્યું હતું, એવી મુરતઝાને શંકા હતી. અંતે ફાતેહે ખુલ્લો બળવો કર્યો અને મુરતઝાને કહી મોકલાવ્યું કે, તારે હલબ છોડી ચાલ્યા જવું, નહિં તો હું સાલેહને કિલ્લો સોંપી દઇશ. આ સંદેશો મળ્યા પછી મુરતઝા હજી તો "બાબુલ જીનાન" નામના શહેરના દ્વાર પાસેના મહેલમાં હતો; ત્યાં તો તેણે ઢોલ, પડઘમ અને બ્યુગલેના અવાજ સાંભળ્યા કે તેણે સહાય માટે "યા હાકમ, યા મનસુર! યા સાલેહ! યા મનસુર!" ના પોકારો કરી મુકયા. અને ધારી લીધું કે, કિલ્લો અરબોના હાથમાં જઇ પડયો છે! આ બનાવથી તે એટલો બધો ગભરાઇ ગયો કે, કાંઇપણ તપાસ કર્યા વિના પોતાના કુટુંબ સહિત 'અંતાકીયા' ભણી નાસી છુટયો, જ્યાં કને તેને યુનાની બાદશાહે રક્ષણ આપ્યું.

મુરતઝાના નાસી જવાના સમાચાર મળતાં વેંત ફાતેહે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની બાદશાહ તરીકે જાહેરાત કરી અને સાલેહના સાથે સુલેહના કરાર કર્યા. ફાતેહે આ સઘળી ઘટના ઇમામની હુઝુરમાં લખી મોકલાવી જેથી ડહાપણથી મામલો કાબુમાં લાવવાની સેવાની કદરશનાસીમાં તેને "મુબારક–ઉદ્દવાલા વસ્સયદા"નો લકબ ઇમામે નવાઝિશ કર્યો. હવે હલબ ઉપર ઇમામની સંપૂર્ણ સત્તા સ્થાપિત થઇ. હિજરી સન ૪૦૭માં હલબની પ્રજા જે કરવેરા ભરતી હતી, તે માફ કરવામાં આવ્યા. મુરતઝાની સઘળી ધનસંપતિ ફાતેહને આપવામાં આવી. અમીર અઝીઝુદ્દવલા નામના મંજુતગીનના એકવારના આર્મીનીયન ગુલામને હલબનો કિલ્લો સોંપીને "તાયર"નું ગવર્નર પદ સેવાનો હુકમ મળતાં તેણે "તાયર"નો કબજો લઇ લીધો.

## બની ફાતિમીઓનો સાહિત્ય પ્રેમ.

બની ફાતિમી ખલીફાઓ સાહિત્ય પ્રત્યે અત્યંત ઘણો ચાહ ધરાવતા હતા એ તો જગપ્રસિધ્ધ વાત છે. જામે–અઝહર અને દારૂલ હિકમતની મહાન લાયબ્રેરીઓ ઉપરાંત ઇતિહાસવેત્તાઓના જણાવ્યા પ્રમાણે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની મહાન લાયબ્રેરીમાં ચાલીશ ખંડ–ઓરડા હતા, જે દરેકમાં અઢાર હઝાર ગ્રંથો હતા. ફક્ત સોનેરી અક્ષરોએ લખાયલા બાર હઝાર તો કુરાને શરીફ હતા.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના રાજ્યકાળમાં અબુ મુસુફ પેઠે હમીદુદીન બિન અહેમદ બિન અબદુલ્લાહ અલ કેરમાનીએ પણ સાહિત્યની વ્હોળી સેવા કરી મોટા ગ્રંથકાર તરીકે કીર્તિ સંપાદન કરી હતી. "મનુષ્ય આત્માની ઉત્પતિ" નામનું તેનું લખેલું પુસ્તક ઘણું વિખ્યાત છે.

અબુ હામિદ અહેમદ ઇબ્ને મુહમ્મદ અલ–અંતાકી પણ ઇમામનો સમકાલીન કવિ હતો. તેનું કાવ્યનામ "અબુ રકામક" હતું. શોઅલબીએ એના જીવન અને કાવ્ય વિષે "યતીમતુદ્દહર"માં ઉલ્લેખ કર્યો છે. સામાન્ય રીતે આ કવિ સુંદર કાવ્યો રચતો હતો. તેણે હઝરત ઇમામ મોએઝ અ. અને હઝરત ઇમામ અઝીઝ અ. અને હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની પ્રશંસામાં કસીદાઓ રચ્યાં છે. "અંતાકી"નો અર્થ "અંતાકીયા"નો રહેવાસી થાય છે અને તે હલબની નિકટમાં આવેલું એક શહેર છે.

## જગપ્રસિદ્ધ "કેરો" શહેરની સુંદર વ્યવસ્થા.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના રાજ્યકાળમાં સારામાં સારા બહાદુર પોલીસોની ફોજ હતી. જે ઘણીજ તાલીમબાજ સખત "ડીસી'લીન"–શિસ્તવાળી હતી. ફ્રેંચ ઇતિહાસકાર ડ્રુ રેટ્રેન્જના જણાવ્યા પ્રમાણે એ વખતે આખી દુનિયામાં કારડોવા, બગદાદ, કેરો અને દમિશ્ક આ ચાર શહેરોજ ફક્ત એવા હતા કે જેમાં પોલીસ ખાતું અને શેરીઓના દિવા ગોઠવવામાં આવેલા હતા. આ ચાર શહેરોમાં છેલ્લાં બે ઇસ્માઇલી શહેરો છે. કેરો એટલું જગપ્રસિધ્ધ શહેર હતું કે તેને "જગત માતા" તરીકે કહેતા અને તેના માટે એવી એક લોકવાયકા પ્રચલિત હતી કે–"જેણે કેરો ન જોયું તેણે કાંઇ ન જોયું."

## દુરૂઝીઓ કોણ હતા ?

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ને ઇસમાઇલીઓ તો બરહક ઇમામ તરીકે માનતા હતાં. આ ઉપરાંત એ સમયમાં એક બીજો ફિરકો 'દુરૂઝી' નામે બહાર આવ્યો હતો. આ નવા ફિરકાના સંબંધમાં અત્રે થોડો ઉલ્લેખ કરવો યોગ્ય થશે.

'દુરૂઝી' સાહિત્યમાં એવી વાત મળે છે કે હિજરી સન ૪૦૭ માં ઇમામે "અકલે ઇલાહિયત" નો દાવો જાહેર રીતે કર્યો હતો. એક વખતે ઇમામ પાસે કેટલાક લોકો સાથે મુહમ્મદ બિન ઇસ્માઇલ દુરૂઝી નામનો એક ઇરાની દાઇ પણ બેઠો હતો. તે "બાતુની માન્યતા" ધરાવતો હતો અને પુનર્જન્મને માનતો હતો. ફાતિમી ખલીફની હુજુરમાં પોતાના "બાતુની" અકીદાને અનુકુળ વાતાવરણ મળતાં તેને આસ્થા આવી ગઈ, અને તેણે એક પુસ્તક પણ લખ્યું છે, જેમાં ઉલ્લેખ કરેલો છે કે, ખુદાતઆલાએ જે "ઇલાહી રૂહ" હઝરત આદમ અ. માં ફૂંક્યું હતું, તે તબકકે તબકકે એક નબીમાંથી થઇ બીજા નબીમાં આવી ઇમામ અલી અ. દ્વારા પસાર થતું રહ્યું હતું અને આજે તે 'રૂહ' ઇમામ હાકિમ અ. માં ઉતર્યું છે.

એક સમયે મુહમ્મદ બિન ઇસમાઇલ દુરૂઝી પોતાના અનુયાયીઓની એક ટુકડી સહિત "પુરાણી મસ્જિદ" માં ગયો અને ત્યાં કને તેણે પોતાના રચેલાં પુસ્તકનાં કેટલાક ભાગો વાંચી સંભળાવ્યો. આથી મસ્જિદમાં ખળભળાટ વ્યાપી ગયો અને લોકો તેના અંગ પર ધસી ગયા. તે પછી તે શામ ભણી લિબનાનના પર્વતોમાં જઇ વસવાટ કરવા લાગ્યો. અત્રે એક મોટી કોમ વસ્તી હતી. તેમાં તેણે "ઇમામની ઇલાહિયત" નો પ્રચાર ચાલુ કર્યો. થોડા વખતમાં આ આખી કોમે તેનો સ્વીકાર કરી લીધો. આ રીતે દુરૂઝી મઝહબનો પાયો પડયો.

હિજરી સન ૪૧૦ માં આ પછી હમઝા બિન અલી બિન અહેમદને ઇમામ હાકિમ અબુ અલી અ. એ પોતાના રાજ્યનો વઝીર બનાવ્યો. આ શખ્સ પણ ઇમામના ઇલાહી વ્યકિતત્વમાં માનતો હતો. તેણે દુરૂઝી માન્યતાના પ્રચાર અર્થે ખાસ પ્રયાસો કર્યા હતા, જેને લીધે એ કોમનો મૂળ સ્થાપક હમઝા મનાય છે.

હમઝા બિન અલી બિન અહેમદ હાદી ઇરાનના "જવઝાન" નામના ગામનો વતની હતો. દુરૂઝીઓ પોતાના વર્ષની ગણતરી હમઝાના યુગથી કરે છે. હમઝાનો ધાર્મિક સમાગમ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. સાથે હિજરી સન ૪૦૫ માં ખાનગીમાં ચાલુ થયો હતો. તેનો નિવાસ "મંતરીઆ" ખાતેની "જામ્એ બીર" નામની ઇબાદતગાહમાં હતો, જે અસલમાં એક "અલ્વી" નો રોઝો હતો. ત્યારપછી તેણે હિજરી સન ૪૦૮ માં દુરૂઝી સિધ્ધાંતનું સમર્થન ખુલ્લી રીતે કરવા માંડયું હતું.

## દુરૂઝીઓના ધર્મમાં.

"હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ખુદા છે" એવી માન્યતાનો પ્રચાર જનસમુહમાં થોડા વખત પછી મૂળ ફરગાના શહેરનો હસન અલ-અખ્રમ નામનો એક ઇરાની કરવા લાગ્યો. તેણે પણ એક પક્ષ ઉભો કર્યો અને પચાસ અનુયાયીઓ સહિત તે "પુરાણી મસ્જિદ" માં ગયો, જ્યાં આગળ કાઝી ન્યાય દણી રહ્યો હતો. તેણે કાઝીને "બિસ્મિ હાકિમુ રેહમાનિ રહીમ" ના શબ્દોનો ઉચ્ચાર કરીને એક સવાલ પુછયો. કાઝી ખળભળી ઉઠયો અને ત્યાં એકઠા થયેલા લોકો એટલા બધા રોષે ભરાયા કે, તેઓ અખ્રમ અને બીજા દુરૂઝીઓ પર તુટી પડયા. અખ્રમ નાસી છુટયો અને તેના કેટલાક સાથીઓ માર્યા ગયા.

છતાં એ તો સર્વમાન્ય છે કે આ સઘળા દાઇઓમાં સર્વથી વિખ્યાત હમઝા હતો. હિજરી સન ૪૧૧ માં ઇમામની વફાત પછી તેણે ઇસમાઇલ બિન મુહમ્મદ તમીમી, મુહમ્મદ બિન દારાબ, અબુ ખયર સંલમી બિન અબદુલ વહાબ અને બહાઉદ્દીન નામના એક વિદ્વાન પુરૂષને દુરૂઝી ધર્મના પ્રચાર માટે નિમ્યા. આ છેલ્લી વ્યકિત તો પોતાના મહાન ગ્રંથોના પ્રતાપે હિંદમાં પણ જાણીતી છે. હિજરી સન ૪૦૫ થી ૪૦૮ સુધીની મુદત દરમ્યાન આ પંથના વિકાસને લગતી વિગતો અસ્પષ્ટતાથી ભરપુર છે.

દુરૂઝી ધર્મપુસ્તકોના આધારે ઓલીયરી જણાવે છે કે, કેટલાક ખ્રિસ્તિઓ અને યહુદીઓએ ઇમામ હાકિમ અબુ અલી અ. પાસે આવી અરજ કરી કે, "રબ્બના=અય અમારા ખુદા! અમો અમારા પુર્વેના ધર્મમાં પાછા જવા માંગીએ છીએ."

ઇમામે કહ્યું :—"તમોને જેમ સારૂં લાગે તેમ કરો."

દુરૂઝીઓની ધર્મની આજ્ઞા અનુસાર કાફરો સાથે યુધ્ધ કરવાની છુટ છે તો પણ યહુદીઓ અને ખ્રિસ્તીઓના સંબંધમાં આ રિવાજ કહાડી નાખવામાં આવ્યો હતો.

હિજરી સન ૪૬૧ દરમ્યાન હમઝાના અનુયાયીઓ પોતાના દુરૂઝી અકીદામાં અંતિમ હદ સુધી ગયા હતા. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ની હુઝુરમાં દાખલ થતી વખતે કેટલાંક દરબારીઓ સલામ કરતાં બોલતા કે: અસ્સલામો અલયકા લાઇલાહા ઇલ્લલ્લાહ. અસ્સલામો અલયકા લા શરીક લકા અને કહેતા કે "અમોને જીવન અને મૃત્યુ આપનારા અને તવંગરી તથા ફકીરીના માલિક તારા પર સલામ!"

ઇતિહાસકારો આ સમયનો ઉલ્લેખ કરતાં દર્શાવે છે કે, ઇસમાઇલી મઝહબના સર્વથી ઉચ્ચતર દરજ્જાના (યાને મઆરિફતના) શિક્ષણના કારણે પ્રજાજનોના આચાર વિચારોમાં ભારે પરિવર્તન થયું હતું. પરિણામે શરીઅતી ધાર્મિક ક્રિયાઓ પ્રત્યે લોકો નિષ્કાળજી દેખાડવા લાગ્યા હતા.

## દુરૂઝીઓના ત્રણ વિભાગ.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ના સમયમાં સ્થપાયલો આ દુરૂઝી ફિરકો પાછળથી ત્રણ વિભાગમાં વિભક્ત થઇ ગયો. આ વિભાગ "સુવેદાની" "ખઝરવી" અને "દુરૂઝી" એ નામથી ઓળખાય છે. આ ત્રણેમાં "દુરૂઝી" વિભાગ સૌથી મ્હોટી સંખ્યાવાળો છે.

વઝીર હમઝા દુરૂઝી ધર્મસાહિત્યનો સત્તાધારી લેખક છે. તેણે એ વિષે ઘણું સાહિત્ય લખ્યું છે. દુરૂઝી ધર્મ પરના તેના ભાષણોનો સંગ્રહ "કિતાબ અદ્દોરઝ" ના નામે પ્રગટ કરવામાં આવ્યો છે. દુરૂઝીઓ પોતાને એકેશ્વરવાદી માને છે. ખુદાની પ્રશંસા મનુષ્યની શકિતથી બહાર છે, તેનું રહેઠાણું કોઇ સ્થળ નથી. તે ભુલતો નથી, તેમાં લાગણીઓનો અવિભાગ નથી. આ જગતમાં ખુદાએ પોતાને જુદા જુદા સ્વરૂપોમાં સિલસિલાવાર પ્રગટ કર્યો છે. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. ગેબમાં ઇસ્લા છે અને દુઃખ, કલેશ અને પાશવિક અવગુણોથી જગત ભરાઇ જશે, ત્યારે તેઓ પાછા પ્રગટ થશે. સર્વથી મોટો દરજ્જો "અકકલે ઇલાહી" છે. "અકકલે ઇલાહી" સિવાય (૧) આત્મા, (૨) શબ્દ, (૩) સીધી બાજુ અને (૪) ડાબી બાજુ, એ પ્રમાણે ચાર સૃષ્ટિ છે. આ ચાર સૃષ્ટિઓએ "અકકલે ઇલાહી" સાથે મળીને અલ્લાહનું આસન સંભાળી રાખ્યું છે. દુન્યા પર મનુષ્યની સંખ્યા ઘટતી કે વધતી નથી, હંમેશા એકજ પ્રમાણમાં રહે છે. પુનર્જન્મ પણ છે. સદાચારી મનુષ્યનો આત્મા મરણ પછી બીજા શરીરમાં પ્રવેશ કરે છે અને દુરાચારીઓનો આત્મા પશુઓ અને બીજા પ્રાણીઓમાં દાખલ થઇ આ જગતમાં જન્મ ધારણ કરે છે. દુરૂઝીઓ વઝીર હમઝાને ઘણું માન આપે છે. સૃષ્ટિજનોમાં તેનો દરજ્જો સૌથી ચઢીઆતો ગણે છે અને તેણે પ્રચલિત કરેલાં સાત નિયમોનું પરિપાલન અવશ્યનું માને છે. આ સાત નિયમો નીચે મુજબ છે :—

(૧) વ્યવહારમાં સભ્યતા રાખવી. (૨) સહબંધુઓનું રક્ષણ કરવું. (૩) અન્ય ધર્મિઓથી અળગા રહેવું, (૪) પાપ કર્મ કરનારાથી દુર રહેવું. (૫) અલ્લાહનું અસ્તિત્વ સદા લક્ષમાં રાખવું, (૬) અલ્લાહની ઇચ્છા ઉપર ભરોસો રાખવો, અને (૭) ખુદાઇ નિયમોનું પાલન કરવું.

## જબલ મુકત્તમ—દુરૂઝીઓની માન્યતા.

હિજરી સન ૪૦૮ થી ૪૧૧ સુધીના વર્ષો મિસરના ઇતિહાસમાં અસાધારણ બનાવોની એક યાદી સમાન છે. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. હમેશ કરતાં વધુ વાર પોતાનાં રાજ્યમહેલથી બહાર હવે ફરવા લાગ્યા હતા. પોતાના માનીતા સફેદ ગધેડા પર અસ્વારી કરી તદન સાદા પોષાકમાં અમામા વિનાની મખમલની નાની ટોપી માથે પહેરી, કશા પણ બાદશાહી ઠાઠમાઠ વગર ઇમામ બહાર આવજાવ કરતા હતા. કોઇ વેળા પાલખીમાં ફરતા તો કોઇ વખતે નીલ નદીમાં નૌકાવિહાર કરતા નજરે પડતા હતા.

"તારીખુલ ઇસલામ"ના ઉલ્લેખ પ્રમાણે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ કેરો પાસે "જબલ મુકત્તમ"ની ટોંચ પર પોતાના માટે એક એકાંતગૃહ બંધાવ્યું હતું. મોટે ભાગે તેઓ રાત્રે ત્યાં જતા અને એકાંત અવસ્થામાં રહેતા હતા.

ઇબ્ને ખલ્લિકાનના કથન અનુસાર હિજરી સને ૪૧૧ ના સવ્વાલની ૨૭મી તારીખની મોડી રાત્રે મહેલમાંથી બહાર નીકળી "મુકત્તમ" નાં પહાડ પર આખી રાત ફરવામાં ગાળી હતી. એલિયરીના કથન અનુસાર પોહ ફાટતાં તેઓ ફુકકાઇનાં રોઝા આગળ નજરે પડયાં જ્યાંથી કેરોની પૂર્વ દિશામાં પાંચ માઇલના અંતરે આવેલા "હલવાન" ભણી પોતાના બે ખાદિમો સાથે જઇ રહ્યા હતા, એવામાં માર્ગમાં અરબોની એક ટોળકી મળી, જેની સંખ્યા નવની હતી. તેઓ એક અરજ ગુજારવા માંગતા હતા. ઇમામે તેઓને રાજ્યદેવડી તરફ જવાની આજ્ઞા કરી એક ખાદિમને તેમની સાથે મોકલ્યો. તે પછી ઇમામ આગળ વધ્યા અને બીજા ખાદિમને પણ પાછો જવાનો હુકમ ફરમાવ્યો અને ઇમામ એકલા "મુકત્તમ"નાં પહાડ પર ચઢી ગયા. તે પછી ઇમામ ત્રણ દીવસ સુધી રાજ્યમહેલમાં પાછા ફર્યા નહિ, જેથી ઇમામનો ખાસ ગુલામ નસીમ અને અન્ય ઓફીસરો સાથે મળી જબલ મુકત્તમ ઉપર તપાસ કરવા ગયા. અંતે દયર—અલ—કુસેર નામનાં મઠ આગળ આવી પહોંચ્યા તો તેની નજીક તેઓશ્રીની અસ્વારીનાં ગધેડાનાં બન્ને આગલા પગો કપાયેલાં જોયાં અને તે મરેલો પશુ હતો અને "ઘા"ના ચિન્હ સહિત બટન ખોલ્યા વગરના લોહીથી ખરડાયલા તેઓશ્રીનાં વસ્ત્રો મળી આવ્યા, પરંતુ ઘણી શોધખોળ કર્યાં છતાં શબનો પત્તો લાગ્યો નહિ. મિક્રેઝી કહે છે કે તેઓશ્રીનાં અદ્દશ્ય થવાની હકીકત કદાપીએ પુરેપુરી જણાઇ નથી. તે તદન ખોટી અને ઉપજાવી કાઢેલી બીના છે. જો કે આગળ આપણે જોઇ ગયા તેમ કોઈ છુપા લોકોનો તેઓશ્રીના ખુનમાં હાથ હતો એમ કહેવામાં આવે છે. તારીખુલ ઇસ્લામના કર્તા દર્શાવે છે કે લિબનાનનાં દરૂઝીઓનો ઇતેકાદ છે કે હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ ગયબત ધારણ કરી છે અને આખર ઝમાનામાં અથવા તેમનું મન ચાહશે ત્યારે તેઓ ઝહુર કરશે. દુરૂઝીઓનાં ધર્મગ્રંથોમાં તેમનું નામ મૌલાના હાકિમ "આઅલલ્લાહો શાનહુ" લખવામાં આવે છે.

### વ ફા ત.

મિક્રેઝીનાં કથન અનુસાર હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની વફાતના સમયે પણ મિસર, શામ, ઇફ્રિકીયા, પેલેસ્ટાઇન અને હિજાઝની ઇબાદતગાહોનાં મિમ્બરો પર હઝરત ઇમામ અલ હાકિમ અબુ અલી અ. ના નામનો ખુત્બો પડાતો હતો. ઇમામની શોધખોળ કરવા ગયેલા ગુલામ નસીમ અને બીજાઓને લોહીથી ખરડાયલી નિશાનીઓ મળી તે લાવીને રાજ્યમહેલમાં ઇમામનાં બહેન શાહઝાદી સિતુલ મુલ્ક પાસે હાજર થયા પછી તરત રાજ્યમાં તેઓશ્રીની વફાત પામવાનો ઢંઢેરો

બહાર પાડી, તેઓશ્રીના શાહઝાદા હઝરત મૌલાના ઝાહિર અલી અ. ને ઇમામ અને બની ફાતિમી ખલીફ તરીકે જાહેર કરવામાં આવ્યા. ત્યારપછી સઘળા દરબારીઓએ તેઓશ્રીની વિધીસર બયઅત કરી વફાદારી દર્શાવી. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ની વફાત સમયે ઉમર છત્રીસ વર્ષને સાત માસની હતી. પચીસ વર્ષ અને ઓગણીસ દિવસ પર્યંત તેઓશ્રીએ ખિલાફત તથા ઇમામત ભોગવી અને હિજરી સન ૪૧૧નાં સવાલ માસની તા. ૨૭મીના રોજે "જબલ મુકત્તમ" માં તેઓશ્રીનું ખુન કરવામાં આવ્યું તેથી વફાત પામ્યા. આ ખુનના સંબંધમાં અમુક લોકો ઉપર શંકા હતી. જેમાંનો એક રાજ્યનો વડો સેનાપતિ અમીર અલ-જ્યુશ યુસુફ બિન દવ્વાસ અદૌલા ધારવામાં આવતો હતો. હઝરત ઇમામ ઝાહિર અલી અ. રાજ્યાસને બિરાજ્ય પછી, તેના પર બારીકાઇથી નજર રાખી અને ખાત્રી થયા બાદ તેને કત્લ કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના રાજ્યકાળમાં હિજરી સન ૪૧૫ માં બની હુસેનના કબીલામાંથી એક શખ્સને પકડી લાવવામાં આવ્યો. જેણે સ્વીકાર્યું કે "હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.નું ખુન મેં મઝહબી શત્રુવટને અંગે કર્યું હતું." તેની ઝડતી લેવાથી કેટલીક વસ્તુઓ પણ હાથ આવી હતી. આ ઇકરાર કર્યા પછી તેણે પોતે પોતાના પેટમાં છરી મારી આપઘાત કર્યો હતો.

# HAZRAT MOWLANA IMAM ZAHIR.

## ( A. H. 411-427 )

(૧૭)

# હઝરત મૌલાના ઈમામ ઝાહિર અ૦

## (હિજરી સન ૪૧૧-૪૨૭)

હઝરત મૌલાના ઇમામ શાહ ઝાહિર અ.નો મુબારક જન્મ હિજરી સન ૩૯૫ ના રમઝાન માસની તા. ૧૦મીને બુધવારના દિવસે કાહિરા મોએઝિયા (કેરો) ખાતે થયો હતો. તેઓશ્રીનું પુરૂં નામ અને લકબ અબદુલ હસન અલી અલ-ઝાહિર લિ-ઇઅઝાઝે દીનિલ્લાહ અ. હતાં. તેઓશ્રી પોતાના બુઝુર્ગ પિતાની વફાત બાદ હિજરી સન ૪૧૧માં, ઇમામતની મસનદે અને બની ફાતિમી ખિલાફતના તખ્ત પર બિરાજમાન થયા હતા. તેઓશ્રીની ગાદીનશીનીનો મુબારક દિવસ "ઈદે કુરબાની" નો હતો.

## ઈમામના વિશિષ્ટ ગુણો.

હઝરત ઇમામ ઝાહિર અ.ના ગુણવર્ણનમાં ઇતિહાસમાં જણાવવામાં આવ્યું છે કે, તેઓશ્રી સુશીલ, પવિત્ર સદ્‌ગુણોથી ભરપુર, રાજ્ય કારોબાર માટેની દક્ષતા અને સંપૂર્ણ અગમબુધ્ધિ ધરાવતા હોવાના લીધે રાજ્યમાંનો સઘળો ફિસાદ તેઓશ્રીએ સમાવી દીધો હતો. "હબીબુસ-સિયર"ના કર્તાએ લખ્યું છે કે હઝરત ઇમામ ઝાહિર અલી અ. રાજ્યકારોબારમાં પ્રવીણ અને ન્યાયી હતા.

## ઈમામના રાજ્યકાળના ફાતિમી ચલણીસિક્કાઓ.

ઇતિહાસકાર લેન-પુલના કથન અનુસાર હઝરત મૌલાના ઝાહિર અલી અ.નાં ચલણી સિક્કા મિસર, મનસુરીયા, મહેદીયા, ઝવિલા, સકલીયા દિલિસ્તીન (રમલા) અને તાયરની ટંકશાળમાં પાડવામાં આવ્યા હતા. હિજરી સન ૪૧૩ના સિક્કા ઉપરથી બની ફાતિમીઓની ટંકશાળોમાંનાં એક સ્થાન તરીકે સિકંદ્રીયાનું નામ પહેલવહેલું આવે છે. વળી એ ઝમાનાના ચલણનાં તોલમાપ તથા તેમાંનાં લખાણો એક સરખા રાખવા જુદી જુદી સાલના કાચના સંખ્યાબંધ વજન પણ સચવાયેલા મળી આવ્યા છે.

હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના રાજ્યઅમલની જે એક સોનાની ૦ા દીનાર મળી આવી છે, તેનો પ્રથમ ભાગ અને હાંસિયો જો કે ઘણાંજ અપૂર્ણ છે તો પણ તે અન્ય ફાતિમી સિક્કાઓ જેવાજ છે; જ્યારે બીજા ભાગમાં "અલ-ઝાહિર લિ ઈઅઝાઝે દીનિલ્લાહ અમીર-અલ-મોઅમેનીન" અને બીજા વર્તુળમાં અલ-ઇમામ અબ્દુલ્લાહ વલીયોહુ અબુલ હસન અલી અને તેજ હાંસિયામાં "બિસ્મિલ્લાહ" "સન્નત ઇશ્રીન અરબા મિયાત" એટલા શબ્દો સાફ વાંચી શકાય છે. આ દીનારનું વજન ૧૫ા ગ્રેન (ઘઉંભાર) છે. ખાસ કરી ઇતિહાસીક વાકયોનું પ્રમાણ જોતાં આ નાનકડા સોનાના

સિક્કા ઉપરનું લખાણુ અસાધારણ છે. આ સમયના સિક્કામાં "લા શરીકલહુ" પહેલીવાર નજરે પડે છે. બીજા ભાગનાં પહેલા વર્તુળમાં 'અલી'ના નામના સંબંધમાં એક ખાસ વિશિષ્ટતા જોવામાં આવે છે અને તે એ છે કે, લખાણનાં ગોળ ચક્રાવાનાં કારણે એ શબ્દો પહેલે કે લખાણનાં અંતે લઇ શકાય છે. એજ લખાણમાં "અલ-ઇમામ" અને "અલ-હસન" શબ્દોમાં "કુફી" દાલને મળતા વધારાના અક્ષરો દેખાય છે પણ લખાણુ સાથે તેનો કાંઇ સંબંધ નથી; બલ્કે કેવળ શોભા ખાતર એ વાપરેલા દેખાય છે.

હિજરી સન ૪૨૩ ની સોનાની મળી આવેલી અન્ય ૦૧ દીનારમાં દાગીના અથવા માદળીયા તરીકે લટકાવવા માટે પાડેલા કાંણાના સબબે કેટલાક શબ્દો કપાઇ ગયા છે. તે અપવાદ બાદ કરતા તેમાં કાંઇ પણ ત્રુટી દેખાતી નથી અને તેના ઉપરનું લખાણુ પણ સહેલાઇ જોઈ શકાય છે, તે પ્રમાણે "રસુલ" શબ્દનો "વાવ" દીનારમાંનો 'રે' અને 'બસકલીયા'માંથી 'બે' અને 'સીન' ઉડી ગયા છે, જે લખાણનાં ઉકેલમાં કંઇ ગંભીર મુશ્કિલી ઉભી કરતા નથી. આ દીનાર "સકલીયા=સિસિલીની ટંકશાળમાં પાડવામાં આવી હતી. તેનું વજન પંદર ગ્રેન (ઘઉભાર) છે.

હિજરી સન ૪૨૫ની સોના મહોર મિસરની ટંકશાળમાં પાડેલી મળી આવી છે. તેનું વજન ૬૩ ગ્રેન છે. આ મહોરમાં ઇતિહાસિક વાકયો સારો 'ટેસ્ટ' દેખાડે છે. એની વિશિષ્ટતામાં "કલમા" ની સાથે સાંકેતિક ચિન્હ એકજ જગાએ સાથે લીધેલું જોવામાં આવે છે અને ત્યારપછી અલ્લાહની ખાસ લાક્ષણિક ઉક્તિઓ "અર્રેહમાન" અને "અર્રેહિમ" હાંસિયામાં આપેલી છે. અર્થાત આખી "બિસ્મિલ્લાહ" લખેલી છે જે દરેક મુસ્લિમ કૃતિઓનાં આરંભમાં મળી આવે છે; વળી "અલી" અને "અલ-ઇમામ" શબ્દો આગળ પાછળ કરેલા છે, જેમાં દ્વીઅર્થ સમાએલો છે:—૧ ઇમામના આદિ પુરૂષ હઝરત અલી અ.નું સુચક હોવાથી જોડાજોડ ૨ મોજુદ ઇમામ "અલી અવતાર"નું પણ એ રૂપક છે.

## ઈમામના ફોઈ શાહઝાદી સિત્તુલ-મુલ્ક અને દેશની પરિસ્થિતિ.

હઝરત ઇમામ ઝાહિર અલી અ. રાજ્યગાદીએ બિરાજમાન થયા તે સમયે તેઓશ્રીના ઉમર સોળ વર્ષની હતી. આથી તેઓશ્રીના ફોઇ વીરાંગના શાહઝાદી સિત્તુલ-મુલ્કે ચાર વર્ષ પર્યંત વિકટ અને જોખમભર્યો રાજ્યકારોબાર સુંદર રીતે અને વ્યવસ્થાપૂર્વક ચલાવ્યો હતો. જાણીતા ઇતિહાસિક ગ્રંથ "રવઝતુસ્સફા" અનુસાર તેમને વડા સેનાપતિ બનાવવામાં આવ્યા હતા. જો કે લશ્કરી નાયકોની આપખુદ સત્તા પર તેમને અમલ ચલાવવાનો હતો.

હઝરત ઈમામ ઝાહિર અલી અ.ના સમયમાં સંજોગવશ સંપૂર્ણ શાંતિનો કંઇક અભાવ હતો. રાજયની અંદરના અને બહારના એવા બે પ્રકારના દુશ્મનોનો રાજ્યને સામનો કરવાનો હતો. એક પ્રકારે તો મિસરનું રાજ્ય પોતાના હસ્તક લેવાની લાલસા ધરાવતી યુનાની-ઈરાની આદિ હકુમતોની દુશ્મની હતી. બીજો પ્રકાર ઇમામતનું વડપણ જોઇ ન શકનારા ઉમ્વીઓ તથા અન્ય રાજવીઓનો હતો. ફાતિમી રાજ્યમાં લગારે નબળાઈ આવે અથવા એવા બીજા કારણો ઉપસ્થિત થાય તો તેને રાજકીય રંગે રંગી સામનો કરવાનો આ સઘળા લાગ શોધતા હતા.

હઝરત ઇમામ મનસુર (અ.)ના રાજકાળમાં અબુ યઝીદના બળવાને દાબી દઇને ફરી સમસ્ત રાજ્ય પોતાના કબજામાં ઇમામે લીધા પછી સંગીન પાયા પર તેની વ્યવસ્થા કરવાની જરૂર હતી અને બંને પ્રકારના દુશ્મનો સામે ટકકર ઝીલવા માટે તેને શકિતમાન બનાવવાનું પણ રાજકીય નજરે ઘણું

અગત્યનું હતું, તેજ પ્રકારે હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના રાજ્યઅમલ સમયે પણ રાજ્યની પુનર્રચના કરવાની જરૂર ઉભી થઇ હતી.

હઝરત ઇમામ ઝાહિર અલી અ. સિંહાસન પર બિરાજતાં, હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના છેલ્લા વડા વઝીર રઇસુર્ર-રઉસા અબુલ હસન બિન અમાર બિન મુહમ્મદે ઇમામના હાથ પર બયઅત કરી અને ઇમામના વડા વઝીર તરીકે તે મુકર્રર થયો અને ઇમામના ફોઇ શાહઝાદી સિત્તુલ મુલ્કને "નાયબ-ઉસ-સલતનત"ની પદવી આપવામાં આવી.

હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.એ પોતાના પિત્રાઇ ભાઇ અબદુર્રહીમને દમિશ્કનો ગવર્નર બનાવ્યો હતો, તે અદ્યાપી એ પદવી ભોગવતો હતો. હઝરત ઇમામ ઝાહિર અલી અ. ગાદી પર બિરાજમાન થયા પછી તેને શાહઝાદી સિત્તુલ મુલ્કે મિસરમાં પાછા આવવા લખી મોકલાવ્યું. પરંતુ અબદુર્રહીમ એ આજ્ઞાને તાબે થયો નહિં અને તેણે દમિશ્કના સ્વતંત્ર રાજ્યકર્તા તરીકે પોતાને જાહેર કર્યો તથા ત્યાં ફાતિમી કાયદાઓ પ્રચલિત હતા તેને રદ કરીને પ્રજા વર્ગમાં લોકપ્રિય થવાનો તે પ્રયાસ કરવા લાગ્યો; પરંતુ તેની એ પ્રજાપ્રિયતા લાંબો વખત ટકી શકી નહિં. પોતાના સ્વાર્થ માટે પ્રજાને નિચોવવાની તેની રાજનીતિએ તેને પ્રજામાં અળખામણો બનાવ્યો. આ તક સાધી શાહઝાદી સિત્તુલ મુલ્કે પોતાને ટેકો આપનારા પક્ષની સહાયતાથી તેને કેદ કરી બેડીઓમાં ઝકડી મિસર તેડાવ્યો. મિસરમાં તેને ચાર વર્ષ પર્યંત કેદ રાખવામાં આવ્યો, જ્યાં તેનાં પર બીમારીએ હુમલો કર્યો; જેથી શાહઝાદી સિત્તુલ મુલ્કની વફાત હિજરી સન ૪૧૫માં થઇ તેની ત્રણ દિવસ અગાઉ તે મરણ પામ્યો.

## નવા ઓહ્દેદારોની નિમણુંક.

"તારીખુલ ઇસ્લામ"ના કર્તા લખે છે કે, શાહઝાદી "સિત્તુલ મુલ્ક"ની વફાત પછી હબશી ખાદિમ માઅઝાદ રાજ્યનો વડો તંત્રી થયો. કાયેદ માઅઝાદ સાથે શરીફ કબીર અજમી વડા પ્રધાને, શેખ નજીબ-ઉદ્દવલા જરજરાઇએ અને શેખ ઉમ્મિદ મોહસિન બિનલ દવ્વાસે ખાનગી કરારનામું કર્યું કે, હઝરત ઇમામ ઝાહિર અલી અ.ની હુઝુરમાં અમો ત્રણ સિવાય અન્ય કોઇ દાખલ થઇ શકે નહિં. કાયેદ માઅઝાદ હસ્તક રાજ્યસત્તાનું આખું તંત્ર હોવાથી આ કરારના પરિણામે ધારેલો રંગ પડી ગયો અને તેથી ફાતિમી સામ્રાજ્યના સઘળા કારોબાર પર તેઓનો કબ્જો જામી ગયો. કાઝીયુલ કુઝઝાત=ચીફ જસ્ટીસ (વડા કાઝી), દાઇયુલ-દુઆત=ચીફ મિશ્નરી, નકીબુલ નુકબા=મુખ્ય નકીબ, (છડીદાર), રાજ્યછત્રધારી, કાતિબો=લહિયા અને અરજદાર સુધ્ધાંતને વીસ દીવસમાં એક વખત ખલીફની સેવામાં હાજર થવાની પરવાનગી મળતી, તેઓ સિવાય અન્ય કોઇપણ ઇમામની હુઝુરમાં જઈ શકતો ન્હોતો.

હિજરી સન ૪૧૮માં અબુલ કાસિમ અલી બિન અહેમદ જરજરાઇને ઇમામે વડો પ્રધાન બનાવ્યો. તેની રાજ્યનીતિ ઉત્તમ પ્રકારની સિધ્ધ થઇ. ઇમામને વફાદાર હોવાના કારણે વડા પ્રધાનનો ઓધ્ધો તે છેવટ સુધી તે ભોગવતો રહ્યો અને વડા પ્રધાન તરીકેની કારકીર્દિથી તેઓ એક કુશળ રાજનીતિજ્ઞ તરીકે સાબિત થયા હતા.

## દેશમાં પુનઃ આબાદી અને સુવ્યવસ્થા.

ઇતિહાસકાર લેન-પુલનાં જણાવ્યા મુજબ હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના સમયમાં પ્રજા પરના કેટલાંક બંધનો હળવા કરવામાં આવ્યાથી લોકોને રાહત મળી હતી છતાં નીલ નદીમાં પાણી

પુરતું નહિં હોવાથી બે વર્ષ પર્યંત-દેશમાં દુકાળ પડયો અને અનાજની ભારે અછત થતાં મોંઘવારી વધી જવા પામી. ખોરાક માટે જાનવરોની કત્લ કરવાની મનાઈ કરવામાં આવી, કારણ કે આ સમયમા ભારદારી જાનવરોની પણ અછત થઈ પડી હતી અને એક ઢોરની કીંમત પચાસ દીનાર આપવી પડતી હતી. આ મોંઘવારીની અસરને આગળ વધતી અટકાવવા કડક કાયદાઓ ઘડવામાં આવ્યા. મિસરીઓનો સામાન્ય ખોરાક ઘેટાં, બકરાં, મરઘાં કે બતકો તો મળતાંજ નહોતાં. લોકો પોતાનો સરસામાન વેચવા તત્પર થયા છતાં તેનો કોઈ ખરીદનાર મળવો મુશ્કિલ હતો. ખોરાકની તંગીને લીધે લોકો બીમાર પડવા લાગ્યા અને કેટલાક બળવાન શહેરીઓ ધાડપાડુઓ બનીને વટેમાર્ગુઓ અને વણજારાને લુટવા લાગ્યા. હાજીઓ સુધ્ધાંને તેઓએ છોડયા નહિ. આ તકનો લાભ લઈ રૂમી બળવાખોરો સરહદના શહેરો પર ચઢી આવ્યા. રાજમહેલ પાસે પ્રજાજનોના ટોળેટોળાં એકઠાં થવા લાગ્યા. તેઓ પોકાર કરતાં હતાં કે "યા અમીરૂલ મોઅમેનિન! તમારા પિતા અને દાદાના સમયમાં અમો ઘણાં સુખી હતા. આજે ભુખે મરીએ છીએ." રાજમહેલમાં પણ "ઈદે કુરબાની"નો સુફરો હજુ બિછાવવામાં આવ્યો નહોતો કે ભુખે મરતા ગુલામો તે સાફ કરી ગયા. પ્રજાની પીડા ટાળવામાં રાજ્યનો સઘળો ખજાનો ખાલી થઈ ગયો હતો. લોકો પરના કરવેરા ચઢી ગયા હતા. આ કપરા સંજોગોનો લાભ લઈ ગુંડાઓ બળવો કરી બેઠા. તેના ત્રાસમાંથી બચવા પ્રજાજનોએ સમિતિઓ બનાવી અને રાજ્ય તરફથી પોતાના રક્ષણ માટે ગુંડાઓને મારી નાંખવાની તેઓને પરવાનગી મળી અને બળવાખોરોને શહેરમાં ઘસી આવતા અટકાવવા મહોલ્લે મહોલ્લે કાંટાળી વાડ ઉભી કરવામાં આવી. આખરે હિજરી સન ૪૬૯માં નીલ નદીમાં પુષ્કળ પાણી આવ્યું અને આબાદીનું પુનઃ આગમન થયું. અવ્યવસ્થા દુર થતાં ફરી લોકોને રાહત મળી અને ધોરણસરનો રાજ્યનો કારોબાર ચાલુ થયો.

## નામદાર શાહઝાદાનો મુબારક જન્મ.

હિજરી સન ૪૨૦માં હઝરત ઈમામ ઝાહિર અલી અ.ના ઘેર શાહઝાદા હઝરત મુસ્તનસિર-બિલ્લાહ અ.નો મુબારક જન્મ થયો. પ્રજાએ એ શાહઝાદાનો જન્મોત્સવ ભારે ધામધુમથી ઉજવ્યો. આખા મિસર શહેરમાં તે દિને તહેવાર પાળવામાં આવ્યો. ઘરેઘર રોશની પ્રગટાવવામાં આવી. સમસ્ત પ્રજાએ શાહઝાદાના જન્મ દિનનો ઉત્સવ મોટી ખુશાલી સાથે ઉજવ્યો.

એજ વરસના અંતમાં રમલામાં ધરતીકંપ થયો. એ દેશમાંના પહાડો પણ તેના સખ્ત આંચકાથી ભુમિભેગા થઈ ગયા. રમલાની ઇમારતો, ઇબાદતગાહો અને તેનાં મિનારાઓ પડી જવાથી ઘણું નુકશાન થયું.

## અબ્બાસી ખલીફ તરફથી હાજીઓની સતામણી.

મિસરમાંથી હજ માટે જતા યાત્રાળુઓનો એક સંઘ ઉપડતાં હઝરત ઇમામ ઝાહિર અલી અ.એ તેમને ઇનામ અકરામો આપ્યા, ખિલઅતો અર્પણ કરી. આ યાત્રાળુઓનો સંઘ હજી બગદાદ પહોંચ્યો હશે કે સુલતાન મહમદ સબકતગીનના એલચીએ અબ્બાસી ખલીફ કાદિરબિલ્લાહનાં કાન ભંભેર્યા કે મિસરના રાજકર્તા "બેદીન" છે, તેની ખિલઅતો યાત્રાળુઓએ કેમ લીધી તે હું સમજી શકતો નથી. આ પરથી ખલીફ કાદિરબિલ્લાહ અબ્બાસીના હુકમ અનુસાર હાજીઓ પાસેથી ખિલઅતો છીનવી લઇને બાળી નાખવામાં આવી.

## ઇસ્માઇલી મઝહબનો પ્રચાર—અન્ય ધર્મીઓને ધર્મની છુટ.

હઝરત ઇમામ ઝાહિર અલી અ.એ હાજીઓને અર્પેલી ખિલઅતો અબ્બાસી ખલીફ કાદિર ખિલ્લાહે બાળી નાખી હતી, તેથી ઇમામને ઘણું માઠું લાગ્યું અને તેટલા માટે મિસરમાંથી માલેકી સંપ્રદાયના ફિકાહશાસ્ત્રના વિદ્વાનોને હાંકી કાઢવામાં આવ્યા અને ઇસમાઇલી મઝહબના પ્રચારને બળવાન બનાવવાના ઇસમાઇલી શિક્ષણને મોટા પાયા પર લાવી વ્યવસ્થિત રીતે ચલાવવા "દઆઇમુલ–ઇસ્લામ" તથા "મુખ્તસર–અલ વઝીર" (૧) નામના ઇસ્માઇલી પુસ્તકોનો અભ્યાસ કરવાની ઇમામ તરફથી આજ્ઞા કરવામાં આવી. આ કામના પ્રચાર માટે વિદ્વાન મિશનરીઓ નિમવામાં આવ્યા. આ ઉપરાંત ઇસમાઇલી મઝહબની ઉન્નતિ અર્થે અન્ય ઉપાયો પણ યોજવામાં આવ્યા. આ પ્રચારકાર્યની ધારેલી અસર થવા પામી અને મિસર તથા બની ફાતિમી સામ્રાજ્યમાંના લોકો ટોળાબંધ ઇસમાઇલી મઝહબમાં ભળવા લાગ્યા. તેમ છતાં ઇતિહાસકાર લેન–પુલ લખે છે કે, સઘળા ફિરકાના મુસ્લિમોને પોતાનો ધર્મ પાળવાની સંપૂર્ણ છુટ હતી. અહેલે સુન્નત ઉપર પોતાની ધાર્મિક ક્રિયાઓ બજાવી લાવવા માટે કોઇપણ પ્રકારનું બંધન મુકવામાં આવ્યું ન્હોતું.

## ઇસ્માઇલી મિશનરીનું બહાદુરીભર્યું કાર્ય.

હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના સમયમાં બીજા પણ ઘણાં રાજકીય અને ધાર્મિક ઉપદ્રવો જાગ્યા હતા, જેથી ફાતિમી રાજ્યને કઠણ સંજોગોમાંથી પસાર થવું પડ્યું હતું. એક સમયે હસન અલ–અજદા નામના "ફરગાના" શહેરમાં રહેતા એક શખસે એક નવો ઉત્પાત જગાડ્યો. હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ. વિષે જે અનિષ્ટ વિચારોનો પ્રચાર કરવા લાગ્યો. તેની વાકચતુરીથી લોકો તેની પ્રપંચજાળમાં આવી ગયા. આ નવા ઉપદ્રવનાં મુળીયાં ઊંડા ઉતરે તે પહેલાં તેને નાબુદ કરવા મિશનરી હમીદુદીનને હઝરત ઇમામ ઝાહિર અ.એ "ફરગાના" મોકલ્યો. આ મિશનરીએ હસન અલ–અજદા સાથે પ્રથમ હથિયાર નહિ ઉંચકતાં ડહાપણનો માર્ગ લઈ સમજાવવાના પ્રયત્ન કર્યા અને પોતાની સાથે વાદવિવાદ કરી, તેની ભુલ ભરેલી માન્યતા સુધારવા તેને તક આપી. પરંતુ હસન અલ–અજદા અને તેના સંગાથીઓએ હઠવાદ છોડ્યો નહિ. તેને ફરીવાર ગંભીર ચેતવણી આપવામાં આવી છતાં તેણે કાંઇપણ દરકાર નહિ કરતાં તુમાખી દેખાડી. અંતે મિશનરી હમીદુદીને હથિયાર ઊંચક્યા અને હસન અલ–અજદા અને તેનાં અનુયાયીઓને ઠેકાણે પાડી ઇમામ વિરૂધ્ધ થતાં જુઠા પ્રચારકાર્યનો અંત આણી "ફરગાના" માં પુનઃ શાંતિ સ્થાપી.

## શામમાં પુનઃ અશાંતિ.

ઇતિહાસકાર લેન પુલે કરેલા નિર્દેષ અનુસાર હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના રાજ્યકાળમાં મિસરની બની ફાતિમી હકુમતની સત્તાની અસર શામમાં ભાગ્યેજ દેખાતી હતી. ફિલિસ્તીન–પેલેસ્ટાઇનમાં હસ્સાન બિન દગફલનાં અગ્રેસરપણા હેઠળ જાગેલા રમખાણ અને દમિશ્કની આસપાસ સિનાને જગાડેલા બળવાંના પરિણામે છેલ્લા ત્રણ વર્ષથી ઇમામના ફોઇ શાહઝાદી સિત્તુલ મુલ્કના હિંદી ગુલામ ફિરોઝની સત્તા તળે મુકાયલું હલબ તેના હાથમાંથી સાલેહ બિન મિરદાસે છીનવી લઇને ફાતિમીઓ સામે વિરૂધ્ધતાનો ઝંડો

---

૧. આ પુસ્તકો હઝરત ઇમામ અઝીઝ અ.ના વડા વઝીર યાકુબ બિન કિલીસનાં રચેલાં હતાં. જેમનું વર્ણન હઝરત ઇમામ અઝીઝ અ.નાં પ્રકરણમાં આવી ગયું છે. જુઓ પાનું ૧૪૯. આ ઉપરાંત કિતાબુલ અદમાન ઇલ્મુલ–અબદાન.નામના તેમના પુસ્તકો પણ સુપ્રસિધ્ધ છે. હઝરત ઇમામની આજ્ઞાનુસાર આ પુસ્તકોનો પણ અભ્યાસ કરાવવામાં આવતો હતો.

ઊંચકયો હતો. એ બળવાખોરોનું બળ તોડી પાડવા અને પ્રજાને અનેક હાડમારીઓમાંથી ઉગારવા ફાતિમી સૈન્યના કુશળ સેનાપતિ અને સીઝારીયા (કયસરીયા)ના ગવર્નર અનુસ્તગીન દીઝબીરીને એક મોટા સૈન્ય સાથે શામ ભણી રવાના કરવામાં આવ્યો. "તાઇબીરીયા" નામના સ્થળ નજદીક "ઉખુવાન" નામના સ્થળ પાસે બન્ને સૈન્યનો સામનો થતાં એક ખુનખાર યુધ્ધ થયું અને તેમાં સાલેહ બિન મિરદાસ માર્યો જતાં તેના પક્ષનો પરાજય થયો. તે પછી તેણે બળવાખોર હસ્સાનની પુંઠ પકડી, જે છેવટે જીવ લઇ નાસી છુટયો અને રૂમીઓના આશ્રય તળે ભરાઈ બેઠો. આ પ્રકારે ઉત્તર પ્રદેશ સિવાયનો શામનો સઘળો મુલક મિસરના બની ફાતિમી ખલીફના તાબામાં આવ્યો. (૧)

## સ્પેનમાં ફાતિમીઓનો ખુત્બો.

હઝરત ઇમામ હાકિમ અબુ અ.ના હાથે ઉમ્વી ખલીફ હાશિમ યુધ્ધમાં સપડાઇ જ્યાં તેને દેહાંતની શિક્ષા કરવામાં આવી હતી, ત્યારથી સ્પેનની ઉમ્વી ખિલાફત બની ફાતિમીઓની હકુમત તળે રહી હતી અને ઉમ્વી વંશના નબીરાઓને ખંડણીયા સુબા તરીકે મુકરર કરવામાં આવતા હતા. હઝરત ઇમામ ઝાહિર અ. ગાદીએ આવ્યા ત્યારે બંદગી પછી બની ફાતિમી ખુત્બો ભણવામાં આવતો હતો તેને બંધ કરવામાં આવ્યો. ઇમામને મિસરમાં આ ખબર મળતાં ઉમ્વીઓને ચેતવણી આપવામાં આવી કે; "જો તમો બની ફાતિમીઓના વડપણ હેઠળ રહેવા તૈયાર ન હો, તો તમારા રાજ્ય ભણી સૈન્ય મોકલી અમોને બળ વાપરવું પડશે." આ ચેતવણીથી ઉમ્વીઓએ ભયભિત થઇ પોતાના રાજ્યમાં ફરીથી બની ફાતિમી ખુત્બો ચાલુ કર્યો અને દરેક ઇબાદતગાહમાં "અમીરૂલ-મોઅમેનીન" તરીકે ઇમામનો સ્વીકાર કરવામાં આવ્યો.

## સિંધમાં બની ફાતિમીઓનો ખુત્બો.

સિંધમાં પણ બની ઉમૈયા અને અબ્બાસીઓની સત્તા પડી ભાંગી ત્યારે "સુમરા"ઓ સિંધના રાજ્યકર્તા થયા હતા. આ સુમરાઓ પ્રથમ સિંધના જાગીરદારો હતા અને પાછળથી તેઓનું સ્વતંત્ર રાજ્ય થયું હતું. "તાલુકાતે અરબો હિન્દ" ના કર્તા લખે છે કે સુમરાઓ "ઇસમાઇલી" બાતિની ફિરકાના મુસલમાન હતા. મૌલવી અબ્દુલ હલીમ શરર લખે છે કે "સુમરાઓ"ને ઇતિહાસકારો એ હિંદુ લખ્યા છે, પરંતુ ખરી રીતે તેઓ 'ઇસમાઇલી' બાતિની ફિરકાના મુસલમાન હતા. "મુન્તખબે ગુલ"નામની તવારિખમાં નોંધ મળી આવે છે કે સુમરા ઇસમાઇલી હતા અને તેઓએ સિંધ અને મુલતાન ઉપર રાજ્ય કર્યું હતું. તેઓ મુલતાનના હાકિમોના તાબામાં હતા. એ સમયે મુલતાન ના હાકિમ બની ફાતિમી ખલીફાઓ તરફથી નિમાતા હતા. સૌથી પહેલાં, જ્યારે બની ફાતિમીઓએ સ્થાપેલું "કેરો" શહેર દુનિયાના અન્ય બંદરો સાથે વેપારી સંબંધ કરવા લાગ્યું ત્યારે સિંધ-હિંદ સાથે સંબધ જોડાતાં, હઝરત ઇમામ અઝીઝ અ.નો એક સિપેહસાલાર સિંધ પર ચડાઈ લાવ્યો હતો અને બની અબ્બાસીઓ પાસેથી સત્તા છીનવી, બની ફાતિમીઓના સુબા મુકરર કર્યા હતા. તેમજ બની ફાતિમીઓનો ખુત્બો અને ચલણ ચાલુ કર્યું હતું. એ સમયથી અર્થાત આશરે હિજરી સન ૩૭૫થી બની ફાતિમીઓનો વાવટો સિંધ પર ફરકતો થયો.

## મુલ્તાન પર બની ફાતિમીઓની હકુમત.

પંજાબ અને સિંધ વચ્ચે આવેલું મુલતાન ઘણું પુરાતન શહેર છે. હિજરી સન પહેલા સૈકાની આખેરીમાં સિંધના રાજકર્તા "દાહિર"ની સત્તા હેઠળ તે હતું, તેને અલમુદ્દીન મુહમ્મદ કાસિમે જીતી અને

(૧) સ્ટેન્લી લેન-પુલ કૃત "એ હીસ્ટ્રી ઓફ ઇજીપ્ત ભાગ ૬, પાનું ૧૫૯

બની ઉમૈયા ખલીફાઓની સત્તા હેઠળ આવ્યું. ત્યારે તેમના તરફના સુબાઓ દેખરેખ રાખતા હતા. ત્યારપછી અબ્બાસીઓનો દૌર ચાલુ થયો. પરંતુ બની ફાતિમીઓના દૌરની શરૂઆત થઈ ત્યારે મુલતાન પર બની અબ્બાસીઓની સત્તા, તેમના હાકિમો અને સુબાઓ વચ્ચેનાં કુસંપને અંગે પડી ભાંગી હતી. બની ફાતિમીઓના સુબાઓએ મુલતાન જીતી લીધાં પછી બની ફાતિમી રાજ્ય અમલની સ્થાપના કરી અને જુમા મસ્જિદમાં બની ફાતિમીઓનો ખુત્બો અને ચલણી સિક્કાઓ ચાલુ કર્યા હતા.

"તારીખે સિંધ" ના ઉલ્લેખ મુજબ, બની ફાતિમીઓના સિપેહસાલાર જલમ બિન સાયબાએ આખું સિંધ અને મુલતાન હિજરી સન ૩૭૫ માં જીતી લઇને બની ફાતિમી ચલણ ચાલુ કર્યું હતું. સાહસિક અરબ બસરી મુકદ્દશી પોતાના પ્રવાસગ્રંથ "કિતાબુલ જબીર" માં લખે છે કે હિજરી સન ૩૭૫ માં જ્યારે હું મુલતાનમાં આવ્યો ત્યારે મુલતાનના મુસલમાનો ખુત્બામાં મિસરના બની ફાતિમી ખલીફાનું નામ લેતા હતા અને બની ફાતિમી ખલીફના હુકમથી મુલતાનના અમીરોની નિમણુંકો થતી હતી અને હદીઓ—નજરાણું બની ફાતિમીઓની દરબારમાં મોકલવામાં આવતું હતું. અહિંનો સઘળો રાજ્ય કારોબાર પણ તેઓના હસ્તક હતો. તેઓના હુકમથી એક રૌનકદાર મસ્જિદ પણ બાંધવામાં આવી હતી.

## મહમુદ ગઝનવીની હિંદુસ્તાન પર ચઢાઈ.

જ્યારે મુલતાન બની ફાતિમીઓની સત્તા હેઠળ હતું ત્યારે ગઝનીના રાજ્યકર્તાઓનું દિવસે દિવસે બળ વધતું જતું હોવાથી તેઓ મુલતાનની અતરાફના દેશો પર અવાર નવાર આક્રમણ કરી લુંટફાટ ચલાવી રહ્યા હતા. અલપ્તગીન પછી સબકતગીન રાજ્યસત્તા પર આવ્યો ત્યાંસુધી ઇસ્માઇલી સુબાઓ અને ગઝનીના અમીરો વચ્ચે મિત્રાચારી ભર્યો સંબંધ હતો. પરંતુ, "તારીખે ફરિશ્તા" ના ઉલ્લેખ અનુસાર મહમુદ ગઝનવી સત્તા પર આવ્યો ત્યારે તેણે પોતાના પિતાની નીતિ વિરૂધ્ધ અમલ કર્યો: પ્રોફેસર બ્રાઉને પણ મહમુદ ગઝનવીને ઇસ્માઇલીઓ પ્રત્યે તાઅસુબ—ધર્માન્ધતા ધરાવનારા અને ઇસ્માઇલીઓના ભયંકર દુશ્મન તરીકે વર્ણવ્યો છે. ઇબ્નુલ અસીરના જણાવ્યા પ્રમાણે હિજરી સન ૪૨૦ માં મહમુદે જ્યારે "રય" નો મુલક પોતાના તાબે કરી મજદુદ—દૌલાને ગાદી પરથી ઉઠાડી દેશપાર કર્યો, તેજ સમયે મહમુદે અમુક સંખ્યાનાં ઇસ્માઇલીઓની કતલ ચલાવી તેઓના ધાર્મિક પુસ્તકોની સાથે ફિલસુફી અને ખગોળશાસ્ત્રના પુસ્તકો પણ બાળી નાખ્યા હતા અને આ ક્રુર કૃત્ય બાદ બાકી રહેલા પુસ્તકો ભરી ભરીને તે ગઝની ઉપાડી ગયો હતો. (૧)

પ્રોફેસર બ્રાઉનના જણાવ્યા પ્રમાણે મહમુદ ગઝનવીએ બાર વખત હિંદુસ્તાન પર સફળતાપૂર્વક ચઢાઇ કરીને, કાશ્મીર અને ઉત્તર—પશ્ચિમ હિંદુસ્તાનનો મોટો ભાગ પોતાના કબ્જે કરી લીધો હતો. મહમુદ ગઝનવીની આ રીતે ફતેહ પર ફતેહ થવાથી તે જોરમાં આવી ગયો. તેનું કારણ એ પણ હતું કે બની અબ્બાસી ખલીફ તરફની તેને મદદ મળતી હતી. એક સમયે અબ્બાસી ખલીફે મહમુદ ગઝનવીને ખિલઅત મોકલી ખુબ પ્રશંસા કરી લખ્યું કે બની ફાતિમીઓના અનુયાયીઓ પ્રત્યે જરાય ચશ્મપોશી કરજો નહિં. આથી તેણે મુલતાન પર આક્રમણ કર્યું. પરંતુ મુલતાનના ઇસ્માઇલી સુબા શેખ હમીદ લોદીનો પૌત્ર અબુલ ફતેહદાદ બિન નાસિરૂદીન બિન શેખ હમીદ લોદીએ ત્રણ હજાર દીનાર ખંડણી તરીકેના આપીને સુલેહ કરી લીધી જેથી મુલતાન પરથી લડાઇના વાદળાં વિખેરાઇ ગયા.

---

૧. જુઓ લિટરરી હિસ્ટ્રી ઓફ પરશીયા ગ્રંથ ૨. પાનું ૧૯૦-૯૧

પરંતુ અબ્બાસીઓની પુન: ઉશ્કેરણીથી પોતે કરેલ સુલેહને તોડી હિજરી સન ૪૦૦ માં સીધો મુલતાન પર પુન: હુમલો લઈ આવ્યો. ઈસ્માઈલીઓએ પુર જોશમાં તેનો સામનો કર્યો, પરંતુ ગઝનીના લશ્કરનું ત્રણ લાખનું સંખ્યાબળ હોવાથી ઈસ્માઈલીઓ માટે મુશ્કિલ થઈ પડયું, અંતે અબુલ ફતેહદાદ લડતાં લડતાં પકડાઈ ગયો. તેને કેદમાં નાખી તેને બની ફાતિમીઓનું વડપણ અને ઈસ્માઈલી ધર્મ તજી દેવા ઘણું સમજાવવામાં આવ્યું. છતાં તેણે મચક ન આપતાં, તેની આંખો ફોડી નાંખી, ઘણાં દુ:ખો આપી રિબાવીને હિજરી સન ૪૦૨ માં ગોરના કિલ્લામાં, ઈમામ અને મઝહબ પ્રત્યે અડગ રહેવાને અંગે તેને મારી નાખવામાં આવ્યો.

## મુલતાન પુનઃ ઈસ્માઈલીઓના કબજામાં.

જો કે મુલતાનનું પતન થયા પછી પણ ઈસ્માઈલીઓ જંપીને બેઠા નહિં. સુલતાન અબ્દુલ રશીદ જ્યારે સત્તા પર આવ્યો ત્યારે સિંધના રાજ્યકર્તા ઈસ્માઈલી સુમરાઓની હાંક પડતી હોવાથી ગઝની રાજવીના કોટવાલ બુઅલીને હરાવી ફરી હિજરી સન ૪૪૦ માં ઈસ્માઈલીઓએ મુલતાન અને સિંધ પર કબજો કરી લીધો. મૌલાના સુલેમાન નદવી લખે છે કે ઈસ્માઈલીઓને ઈસ્ટિર્ન પંજાબ અને અફગાનના ઇતિહાસવેત્તાઓએ "કરમતી" તરીકે સંબોધ્યા છે એ ભુલભરેલું છે. જેઓ પંજાબ, સિંધ અને મુલતાનમાં રાજ્ય કરતા હતા તેઓ "ઈસ્માઈલી" હતા. તેઓને "કરમતી" કહીને બદનામ કર્યા છે, કારણ કે બની અબ્બાસી ખલીફાઓ બની ફાતિમી ખલીફાઓ સાથે દુશ્મની રાખતા હોવાથી તેઓને હલકા પાડવા મુલહિદ, કરમતી, બાતિની હશિશી, ઝિંદીક વગેરે નઠારા નામોથી સંબોધ્યા છે. કરમતીઓ બહરીન સિવાય કયાંય પણ રાજ્યકર્તા થયા નથી, તેઓ બહરીનથી બહાર નિકળ્યા પણ નથી. હિજરી સન ૪૦૦ માં મુલતાન ગઝનીને તાબે થયું, ત્યારપછી હિજરી સન ૪૪૦ માં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના સમયમાં સુલતાન અબ્દુલ રશીદ ગઝની પાસેથી ઇસ્માઈલી સુમરાઓએ મુલતાન પાછું છતી લીધું હતું તે હિજરી સન ૫૭૨ સુધી ઇસ્માઈલીઓના કબજામાં રહ્યું હતું.

## ખ્રિસ્તી રાજ્યમાં ખુત્બો.

હિજરી સન ૪૨૬ માં ફાતિમી રાજ્ય પર રૂમી કયસરનું છ લાખનું સૈન્ય ચઢી આવ્યું, હલબની હદમાં તે આવ્યું તે સમયે ઋતુ ઘણી ગરમાશવાળી બનતાં પાણીની પ્યાસથી રૂમી સૈન્યનો મોટો ભાગ વ્યાકુળ બન્યો. આ સ્થિતિ દરમ્યાન હલબવાસીઓએ તેમના પર છાપો મારવાથી રૂમી લશ્કર છિન્નભિન્ન થઇ ગયું અને ઇસ્માઈલીઓનો વિજય થયો.

આ બનાવ પછી રૂમી કયસર બીજા કોન્સટન્ટાઇને ફાતિમીઓ સાથે કરારનામું કર્યું, આ તહનામા અનુસાર બાઇઝેન્ટાઇનનાં ખ્રિસ્તી રાજ્યની અંદરની દરેક મસ્જિદોમાં હઝરત ઈમામ ઝાહિર અલી અ. નો ખુત્બો પઢાવવાનું મંજુર કરવામાં આવ્યું અને આ કરાર અનુસાર જેરૂસલમના "અલ કિયામાં" અર્થાત 'ચર્ચ ઓફ રિસરેકશન' બાંધવાની પરવાનગીના બદલામાં કોન્સટેન્ટીનોપલની ભાંગી પડેલી ઇબાદતગાહ પુન: બાંધી દેવામાં આવી. આ રીતે બની ફાતિમી અને રૂમીઓ વચ્ચે સંધિ થઇ. આ કરાર ફરીવાર હિજરી સન ૪૨૮ માં કરવામાં આવતાં રૂમી બાદશાહ માઇકલ ચોથાએ પાંચ હજાર મુસ્લિમ કેદીઓને મુકત કર્યા હતા અને એ દેવળ ચણવાની છુટ મળેલી હોવાથી મિસરી શિલ્પશાસ્ત્રીઓ જેરૂસલમ મોકલવામાં આવ્યા.

હિજરી સન ૪૨૫ માં બગદાદ ખાતે તુર્કોએ બળવો કરતાં "તારીખુલ ઇસ્લામ"માં જણાવ્યા મુજબ તેમને શાંત કરવા હઝરત ઈમામ ઝાહિર અ. એ ત્યાં ખાતે ઇસ્માઈલી મિશનરીઓ રવાના કર્યા જેથી મિશનરીઓનો મોટો સમુદ એકઠો થઇ ગયો. પરિણામે ઘણા લોકોએ ઈસ્માઈલી દઅવત સ્વીકારી.

## ઈસ્માઈલી ફિલસુફ હકીમ અબુઅલી સીના.

ઇસ્લામના સુપ્રસિધ્ધ ફિલસુફ હકીમ અબુઅલી સીનાનો જન્મ બુખારા પાસે "સીના" નગરમાં હિજરી સન ૩૭૦ માં થયો હતો. તેમને શેખુર્રઇસ"ની સંજ્ઞાથી તેમજ "તઝકીરતુશ-શોઅરા" ના કર્તા દોલતશાહના કથન અનુસાર લોકો તેમને "હુજ્જતુલ-હકક" તરીકે પણ સંબોધતા હતા. મહાન ઇતિહાસકાર ઇબ્ને ખલિકાનના જણાવ્યા પ્રમાણે હકીમ અબુઅલી સીના ઇસ્માઇલી હતા અને સુફી ઇસ્માઇલી સાથે તેઓએ આધ્યાત્મવાદીઓના ઇલ્મે તસવ્વુફનો અભ્યાસ કર્યો હતો. ત્યારપછી તેમણે અન-નાટિલી નામના પ્રખ્યાત ફિઝીશિયન સાથે પોરફાયરીની જાણીતી વિદ્યાઓ, તર્કશાસ્ત્ર, ભુમિતી ઇત્યાદીનું શિક્ષણ સંપાદન કર્યું. તેઓએ ૧૭ વર્ષની વયે તો એક બાહોશ ફિઝીશિયન (તબીબ) તરીકે નામના મેળવી લીધી. સામાની બાદશાહ નુહ બિન મન્સુર તેમના પિતાના સમયથી જ સુફી હતા. બાદશાહે હકીમ અબુઅલી સીના પાસેથી સારવાર કરાવીને સારો લાભ ઉઠાવ્યો હોવાથી બાદશાહ હકીમ અબુઅલી સીનાના ગાઢ પરિચયમાં આવ્યા હતા. આથી બાદશાહે તેઓને પોતાની અમુલ્ય લાયબ્રેરીનો ઉપયોગ કરવાની પરવાનગી આપી હતી, પરંતુ દુર્ભાગ્યે લાયબ્રેરીને આગ લાગવાથી તે તારાજ થઇ જતાં, હકીમ સીનાના દુશ્મનો કહેવા લાગ્યા કે તેમણે જાણી બુજીને આગ લગાડી છે, જેથી પોતે લાયબ્રેરીમાંના અમુલ્ય પુસ્તકોમાંથી મહેનત કરીને જે ઇલ્મ સંપાદન કર્યું હતું તેના પોતે એકલા જ અમાનતદાર તરીકે રહી શકે. (૧)

પોતાના પિતા અમીર અબ્દુલ્લાહના અવસાન પછી હકીમ અબુઅલી સીનાએ બુખારા છોડી ખારિઝમના પાટનગર "કારક" માં વસવાટ કર્યો. ખારિઝમશાહની દરબારમાં પાંચ ઇસ્લામી નર રત્નો હતા. જગતમાં પંકાયેલા તબીબ અને ફિલસુફ હકીમ અબુઅલી સીના, તત્વજ્ઞાની અબુ સુહેલ મસીહી, વૈદ્ય હસન અબુલ અમ્માર, ઇતિહાસકાર અબુ રયહાન અલ-બીરૂની, ગણિતશાસ્ત્રી અબુ નસ્ર અર્રાક વગેરેની ખ્યાતિ તે સમયે આખી ઇસ્લામી આલમમાં ફેલાયલી હતી.

સુલતાન મહમુદ ગઝનવી એ સમયમાં અતિ બળવાન રાજવી હતો. તેની દરબાર સુધી આ પાંચે નર રત્નોની ખ્યાતિ ફરી વળી હતી. એ વીરલાઓ પોતાની દરબારમાં આવતાં, તેની નામના અમર થાય એવી ઇચ્છાથી સુલતાન મહમુદ ગઝનવીએ આ લોકોને પડાવી લેવાનો પ્રયત્ન કર્યો. તેણે પોતાના એલચી અમીર હુસેન બિન અલી બિન મીકાઇલને ખારિઝમશાહ ઉપર પત્ર લખી મોકલ્યો. ખારિઝમની દરબારમાં પહોંચીને સુલતાનનો તે પત્ર એલચીએ રજુ કર્યો, જેમાં આ પાંચે નરરત્નોને પોતાની દરબારમાં મોકલવાની માંગણી કરવામાં આવી હતી. સુલતાનનો આ પત્ર વાંચીને આ પાંચ રત્નોને પોતાની સમક્ષ તેડાવીને ખારિઝમશાહે કહ્યું, "સુલતાન મહમુદ ગઝનવી બળવાન રાજવી છે. ખુરાસાનથી હિંદ પર્યંત તેની સત્તા પ્રવર્તે છે. તેને ઇરાકે અજમ પર અધિકાર ભોગવવાની પણ લાલસા છે. હું એવા બળવાન બાદશાહ સામે આટલા કારણસર જોખમ ખેડવા તૈયાર નથી, તમે સુલતાન મહમુદની દરબારમાં જવા તૈયાર છો કે નહિં? હું તમારી પોતાની ઇચ્છા જાણવા માંગુ છું."

અલ-બીરૂની, અલ-અમ્માર અને અર્રાક એ ત્રણે જણ સુલતાનની દરબારમાં જવા તૈયાર થઈ ગયા. પરંતુ હકીમ અબુઅલી સીના અને મસીહીની જવાની ઇચ્છા ન હોવાથી તેઓ "કારક" થી નાસી ગયા અને ખારિઝમશાહે પણ તેમની ઇચ્છાં આડે કોઇ અવરોધ મુકયો નહિ.

---

૧ જુઓ ઇ. જી. બ્રાઉન કૃત લિટરરી હિસ્ટ્રી ઓફ પરશીયા ગ્રંથ બીજો પાનું ૧૦૭.

જાણીતો ઇતિહાસકાર ઇબ્નુલ અસીર લખે છે કે, હકીમ અબુઅલી સીના "કારક"થી નીકળ્યા પછી કેટલીક કાળ કષ્ટમય જીવન ભોગવી અંતે બુવૈયા વંશના બાદશાહ અલાઉદ–દૌલા અબુ જાફર બિન કાકુયાના રાજ્યમાં વઝીરની પદવી પર નિયુકત થયા.

હિજરી સન ૪૨૮ ના અંતમાં બાદશાહના ધર્મવિચારમાં પરિવર્તન થયું અને તેણે પણ ઇસમાઇલી મઝહબ અંગીકાર કરી બની ફાતિમી ઇમામની બયઅત કબુલ રાખી. વાતાવરણ અનુકુળ મળી જતાં હકીમ અબુઅલી સીનાએ પણ પોતાના ધર્મવિચારનું ઘણું સાહિત્ય પ્રગટ કરી તેનો પ્રચાર કરવા માંડયો. સામાન્ય રીતે ઇતિહાસકારો ઇસમાઇલીઓને જે સંજ્ઞાથી સંબોધે છે, તે અનુસાર ઇબ્નુલ અસીરે પણ હકીમ અબુ અલી સીનાને સંબોધ્યાં છે. કાઝી નુરૂલ્લાહ શુસતરી પોતાની વિખ્યાત કૃતિ "મજાલીસ–ઉલ–મોમેનીન"માં લખે છે કે, હકીમ અબુઅલી સીના ઇસમાઇલી મેઝહબના એક અનુયાયી હતા અને પોતાના જીવનના અંત સુધી ઇસમાઇલી રહ્યા હતા. તેમને એ કારણે ઘણા દુઃખ વેઠવા પડયા હતા. હકીમ નાસિરે ખુસરૂના લખાણોમાંથી પણ હકીમ અબુ અલી સીનાના ઇસમાઇલી ધર્મના અનુયાયી હોવાનો પુરાવો મળી રહે છે.

પ્રોફેસર નિકલસન દર્શાવે છે કે હકીમ અબુઅલી સીનાની ફિલસુફી એરિસ્ટોટલ અને અને અફલાતુનની એક ફિલસુફી અને ઇરાનના અધ્યાત્મવાદના મિશ્રણરૂપ હોવાથી લોકોની રૂચીને તે તદન અનુકુળ થઈ પડી અને પુર્વના દેશોમાં અત્યારે પણ તે સર્વોપરી સત્તા ધરાવે છે. તેની મુખ્ય કૃતિઓ વૈદકજ્ઞાન, માનસશાસ્ત્રી, અધ્યાત્મ વિદ્યા વગેરેને લગતી હતી. આજનું યુરોપ પુર્વના જે મહાન નરોના નામ સન્માનપુર્વક લે છે તેમાં હકીમ અબુઅલી સીના પણ અગ્રસ્થાન ધરાવે છે અને તેઓ યુરોપીયન જગતમાં એવીસીના (Avicenna) ના નામે વિખ્યાત છે. તેઓ એક અજોડ હકીમ હતા.

હકીમ અબુઅલી સીના, હઝરત ઈમામ અઝીઝ અ. હઝરત ઈમામ હાકિમે અબુ અલી અ. અને હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના સમકાલીન હતા. તેમની વફાત હઝરત ઇમામ ઝાહિર અલી અ.ની વફાત પછી બીજે વર્ષે એટલે હિજરી સન ૪૨૮ને રમઝાન માસમાં થઇ હતી, જ્યાં તેમને બુમિદાદ આપવામાં આવ્યો હતો.

## વફાત.

હિજરી સન ૪૨૪ માં હલબનો કેટલોક ભાગ સાલેહ બિન મિરદાસે હાથ કરી લીધો હતો તે પાછો મેળવવા હઝરત ઇમામ ઝાહિર અલી અ.એ એંસી હજારનું ફાતિમી સૈન્ય કબ્બર ઇબ્ને અબ્દુલ્લાહ ની સરદારી તળે રવાના કર્યું. ઇતિહાસકાર મિકેઝી લખે છે કે, ઇફ્રિકીયા (ટ્રાબ્લીસ અને ટયુનીસ) મિસર, શામ અને હિજાઝ હઝરત ઈમામ ઝાહિર અલી અ.ની હકુમત તળે હતા. ઇમામે પોતાના ગુલામોને યુધ્ધવિદ્યા, રાજકીય જ્ઞાન અને જુદી જુદી કળાઓ જાતે શીખવી હતી.

હિજરી સન ૪૨૭ માં હઝરત ઇમામ ઝાહિર અલી અ.ની તબીયત નરમ પડતાં, કેરો નિકટ મિસરનાં "અયનુશ્શમ્સ" નામક પરાંમાં વફાત પામ્યા. તેઓશ્રીની અવસ્થા આ વખતે ૩૧ વર્ષ ૧૧ મહીના અને ૨૬ દિવસની હતી. નજીબઉદ્દવલાએ તેઓશ્રીના શબને ઘણાંજ સન્માન સહિત "કેરો"માં લાવી ત્યાં ખાતે બુમિદાદ કર્યું. ઇમામે ૧૫ વર્ષ ૧૦ મહીના અને ૩ દિવસ સુધી ઇમામત અને ખિલાફત ભોગવી હતી. તે પછી એમના શાહઝાદા હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ઇમામત અને ખિલાફતની ગાદી પર બિરાજમાન થયા હતા.

# HAZRAT MOWLANA IMAM MUSTANSIR BILLAH.

( A. H. 427—487 )

—:o:—

( ૧૮ )

# હઝરત મૌલાના ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ૦

( હિજરી સન ૪૨૭—૪૮૭ )

હઝરત મૌલાના ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.નો મુબારક જન્મ હિજરી સન ૪૨૦ના જમાદીયુલ–આખિરની તા. ૧૭મીની રળિયામણી પ્રભાતે કાહિરા મોએઝિયા (કેરો) શહેરમાં થયો હતો. તેઓશ્રીનું પુરૂં નામ હઝરત અબુ તમીમ સૈયદ અલ–મઆદ અલ–મુસ્તનસિર બેઅમ્રિલ્લાહ હતું.

ઇતિહાસકાર લેન–પુલના ઉલ્લેખ અનુસાર તેઓશ્રીના પિતા હઝરત ઇમામ શાહ ઝાહિર-અલી અ.એ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ને આઠ માસની વયમાં પોતાના "વલીઅહદ" જાહેર કર્યા હતા. તેઓશ્રીએ હિજરી સન ૪૨૭ના શાબાન માસની ૧૫મી તારીખે ઇમામતની મસનદે તેમજ બની ફાતિમી ખિલાફતની ગાદી ઉપર બિરાજમાન થઇ બયઅત લેવડાવી હતી.

બગદાદના અબ્બાસી ખલીફાઓ, કાયમ બિન કાદિરબિલ્લાહ ૪૨૨–૪૬૭, મુકતદી બિન મુહમ્મદ ૪૬૭–૪૮૭; અને મુસ્તઝહિર બિન મુકતદી ૪૮૭–૫૧૨ હઝરત ઇમામના સમકાલીન હતા.

## મિસરી પ્રજાને ઈમામના પવિત્ર દીદારનો લાભ.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. તખ્તનશીન થયા તે સમયે તેઓશ્રીની વય માત્ર સાત વર્ષ અને અમુક માસની હતી. ઇમામની બાલ્યાવસ્થા દરમ્યાન સઘળો રાજ્યકારોબાર તેઓશ્રીનાં માતુશ્રી હસ્તક હતો, જેમણે ઘણીજ કુનેહપુર્વક આ કાર્ય બજાવ્યું હતું.

"રવઝતુસ્સફા"ના કથન અનુસાર હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. પહેલ વહેલા બાર વર્ષની વયે રાજ્યકર્મચારીઓ અને લશ્કરી અમલદારો સહિત નીલ નદીને કાંઠે વિહાર કરવા સવારીએ નીકળ્યા હતા. ત્યારે તેઓશ્રીએ એવો કિંમતી રત્નજડિત રાજમુકુટ (તાજ) પહેર્યો હતો, જેનો કોઇપણ ઝવેરી મુલ્ય આંકી શકે તેમ નહોતું. આ સમયે મિસરી પ્રજાના ટોળેટોળાં પોતાના પવિત્ર ઇમામ અને ખલીફનાં દીદાર કરી પોતાની આંખો ઠંડી કરી હતી, અને એ દિવસ સમસ્ત મિસરમાં તહેવાર તરીકે પાળવામાં આવ્યો હતો.

## ફાતિમી સિકકાઓની જ્વલંત રૂપરેખા.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના રાજ્ય અમલમાં મિસરની ટંકશાળમાંથી દર વર્ષે હિજરી સન ૪૮૬ સુધી સોનાના સિકકાઓ એકધારા બહાર પડતા રહ્યા હતા. અન્ય ફાતિમી ટંકશાળો જેવી કે સિકંદ્રીયા, બરકા, મનસુરીયા, મહેદીયા, સકલીયા, પેલેસ્ટાઇન, દમિશ્ક, તાઇબીરીયા, અકકા, તાયર, ટ્રિપોલી, હલબ, અને મદીના ખાતે પણ સિકકાઓ છપાયા હતા, અને તે બની ફાતિમીના રાજ્ય વિસ્તારમાં ચાલુ હતા. આ સિકકાનાં તોલમાપ સરખા રાખવા માટેના ઇમામના શાસનકાળના કાચના વજનો ( Glass weights ) પણ ઘણા મળી આવ્યા છે.

બની ફાતિમીના નામવાળા સિકકા મનસુરીયાની ટંકશાળમાં છેલ્લે હિજરી સન ૪૩૮માં છાપવામાં આવ્યા હતા. તેમજ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના નામના કેટલાક સિકકા મહેદીયાની ટંકશાળમાં હિજરી સન ૪૫૪ થી ૪૫૭ સુધી પાડવામાં આવેલા દેખાય છે. બની ઝીરીએ ફરીવાર ઇમામની 'આણ' સ્વીકારેલી હોવાની સાબિતી એ પુરી પાડે છે. સકલીયાના અમીર બની કલબીઓ તો પોતાના રાજ્યઅમલનાં આરંભથીજ બની ફાતિમી ખિલાફતના નામવાળા સિકકા પાડવાનું અને ચલણ તરીકે વાપરવાનું ચાલું રાખ્યું હતું. આ સિકકાઓની છેલ્લામાં છેલ્લી સાલ હિજરી સન ૪૪૬ તથા ૪૪૮ની જણાય છે. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. નામે બગદાદ=મદીનતુ–સ્સલીમમાં હિજરી સન ૪૫૦માં બની ફાતિમી સિકકા છાપેલા હોવાની નોંધ "ફ્રાહને" કરી છે.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયની હિજરી સન ૪૨૮માં મિસર ખાતે છાપેલ જે સોના મહોર મળી આવી છે, તેના બીજા ભાગમાં "અલ–ઇમામ–મઆદ અબુ તમીમ અલ–મુસ્તનસિર બિલ્લાહ અમીરૂલ મો'મેનીન" તથા હાંસિયામાં આખી "બિસ્મલ્લાહ" સાથે ટંકશાળનું નામ અને વર્ષ, તેમજ પ્રથમ ભાગનું સઘળું લખાણ સ્પષ્ટ વાંચી શકાય છે. આ સોના મહોરનું વજન ૬૭ ગ્રેન (ઘઉંભાર) છે. ઇમામની તખ્તનશીની પછી એક વર્ષને અંતરે છાપેલી આ સોના મહોર તેઓશ્રીના પિતા હઝરત ઇમામ ઝાહિર અલી અ.ના હિજરી સન ૪૨૫માં છાપેલા સિકકા જેટલીજ સુંદર છે.

આ સિકકાની કારીગીરી ઉચ્ચ કોટીના કુફી સિકકાઓ ઉપર સરસાઇ લઇ જાય છે. ખરૂં જોતાં આવા સિકકાઓ ઉપરથી ઇતિહાસકારોને ઘણું જાણવાનું મળે છે અને ખાસ કરી ઇતિહાસકારોએ આપેલા રાજ્યાભિષેકના વર્ષો વચ્ચેનો સંબંધ એથી જાણી શકાય છે. હઝરત ઇમામ શાહ ઝાહિર અલી અ.ના રાજ્ય અમલનો છેલ્લામાં છેલ્લો સિકકો હિજરી સન ૪૨૫નો આજે પણ હસ્તી ધરાવે છે. તેઓશ્રીની વફાતનું વર્ષ હિજરી સન ૪૨૭ છે, જ્યારે હઝરત ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.નો વહેલામાં વહેલો હિજરી સન ૪૨૮નો ચલણી સિકકો જણાય છે. આ ઉપરથી અનુમાન બાંધવું કેટલું સરળ છે તે સહેજે સમજી શકાય તેવું છે.

## જુદી જુદી ટંકશાળો–સિકકાઓ પરના લેખો.

હિજરી સન ૪૩૯માં મિસરમાં છાપેલી સોનાની દીનારનું વજન ૬૩॥ ગ્રેન (ઘઉંભાર)છે. તેનું લખાણ પ્રથમ વિભાગમાં ઉપર દર્શાવેલી સોના મહોર જેવું જ છે. છતાં તેમાંના શબ્દોના અનુક્રમમાં હેરફેર જોવામાં આવે છે અને તે દેખાતી રીતે કળાકારની પોતાના વિચાર પ્રમાણેની ગોઠવણી જણાય છે. દાખલા તરીકે બીજા ભાગમાં "મઆદ અબ્દુલ્લાહ વ વલીયેહુ અલ–ઇમામ અબુ તમીમ અલ–મુસ્તનસિર બિલ્લાહ અમીરૂલ

મોઅ્મેનીન લખેલું છે. આ લેખમાં 'મઆદ' શબ્દ જુદો પડી જાય છે, જે ઇમામનો લકબ નહિં, પણ નામ છે, અને એ નામ 'મઆદ' ફાતિમી વંશના મિસરમાં રાજ્ય ભોગવનારા પુજ્ય પહેલા ખલીફાનું પણ હતું. આ સિક્કાના શબ્દોના અળગાપણાથી તેઓ નામદાર માટેનો ભાવ જોઇ શકાય છે. સામેની બાજુએ કોતરેલા 'અલી' અ.ના "કાઉન્ટર પાર્ટ" માટે એમ હોય એ પણ બનવાજોગ છે. એજ વર્ષના છાપેલા અન્ય સિક્કાઓ પણ મળી આવ્યા છે. સિક્કાઓના અભ્યાસી મી. એડલરનાં જણાવ્યા મુજબ 'મઆદ'ને બદલે 'મુહમ્મદ' લખેલું છે. ચિત્રમાળામાં હિજરી સન ૪૩૯ના સિક્કાની એક છાયા આપેલી છે.

હિજરી સન ૪૪૨માં "તાયર"ની ટંકશાળામાં છાપેલા સિક્કાઓમાંથી સચવાયેલી ત્રણ સોનાની દીનારોનું વજન અનુક્રમે ૫૯ા, ૬૦ અને ૬૬ ગ્રેન (ઘઉંભાર) છે. એના પ્રથમ વિભાગમાં પવિત્ર કલમા ઉપરાંત વચલા વર્તુલમાં "વ અલીયુન અફઝલુલ વસિય્યીત વઝીરે ખયરૂલ મુરસલીન" એવો લેખ છે, જે વિશેષતા સુચક છે. તેજ પ્રમાણે બીજા વિભાગના પહેલા વર્તુલમાં "અલ મુસ્તનસિર બિલ્લાહ અમીરૂલ મોઅ્મેનીન" અને વચ્ચેના વર્તુલમાં "દાઅ્આ અલ ઇમામ માઅદન તવહિદુલ્લાહુસ્સમદ" ખાસ ધ્યાન ખેંચનારૂં વાક્ય છે. આ દીનારમાંના ત્રણ ગોળ વિભાગના લખાણો મિસરના વિજેતા પહેલા બની ફાતિમી ખલીફના "મુઇઝીયા" તરીકે મશહુર થયેલા સિક્કાઓને મળતા આવે છે. ધારવા મુજબ ઉપર જણાવેલા સિક્કામાંહેના લખાણોવાળી દીનાર પુરાતન "તાયર" નગરમાં પાડેલા સિક્કામાંથી સચવાયેલી છે. વળી પહેલા ઇમામ હઝરત અલી અ.ને એમાં લગાડવામાં આવેલા ઇલ્કાબો ખાસ ધ્યાન ખેંચનારાજ નહિં પરંતુ, એ સમયે "ઇસમાઇલીઝમ" કેટલી હદ સુધી પ્રચાર પામ્યું હતું, તેનો પણ ખ્યાલ એ ખિતાબોથી મળી આવે છે.

હિજરી સન ૪૬૫ની જે દીનાર કેરોની ટંકશાળમાંથી બહાર પડી છે, તેના પ્રથમ વિભાગના હાંસિયામાંનું લખાણ ચોકખા અક્ષરોમાં છે. આ મહોર સારી રીતે સચવાયલી છે. બીજા વિભાગમાં "મઆદ" અબ્દુલ્લાહો વ વલીયોહુલ ઇમામ અબુ તમીમ અલ–મુસ્તનસિર બિલ્લાહ અમીરૂલ મોઅ્મેનીન અલીયુન" આ શબ્દો જેમ છેડે છે, તેજ પ્રમાણે પ્રથમ વિભાગમાં "અલીયુન લાઇલાહા ઇલ્લલ્લાહ વાહદહુ લા શરીકલહુ મુહમ્મદુન રસુલિલ્લાહ વલીયોહુ" એ શબ્દોમાં શિરોભાગે હઝરત અલી અ.નું નામ ખાસ લક્ષ ખેંચે છે. આ સોના મહોર આગળ કરતાં ચાર ગ્રેન (ઘઉંભાર) વધારે વજનદાર છે.

હિજરી સન૪૨૯માં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નો હલબમાં છાપેલો સિક્કો પેરિસની "બિબ્લિયોથિક નેશનલ" માં છે. વળી હિજરી સન ૪૪૨થી ૪૪૭ પર્યંતના સિક્કાઓ પણ જોવામાં આવે છે.

## હલબ પુનઃ ફાતિમીઓના કબજામાં.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. રાજ્ય સિંહાસને બિરાજ્યા તે વખતે વડા વઝીર તરીકે અબુલ કાસિમ અલી બીન અહમદ જરજરાઇ અને શામના ગવર્નર તરીકે અનુસ્તગીન દિઝિબારી હતા. અનુસ્તગીન ન્યાયપરાયણ, મુત્સદ્દી અને ઠરેલ બુધ્ધિવાળો હતો. તેણે શામમાં પુષ્કળ સુધારા કર્યા હતા. અન્ય બાદશાહો પણ તેને માનની નજરથી જોતા હતા. ખાસ કરીને યુનાનનો બાદશાહ તેનાથી ઘણો ડરતો હતો, કારણ કે હેમાત અને અફામીયા (એપામિયા) વચ્ચે યુનાનીઓનો સામનો કરી ફાતિમીઓએ તેમને સખત હાર આપી અને એવા નિર્બળ બનાવી મુકયા હતા કે લાંબા સમય સુધી તેઓ મુસલમાનોને રંજાડી શકયા નહોતા. યુનાનીઓ ઉપરની આ મોટી જીતથી મળેલા ગંજાવર ગનીમત–માલમાંથી હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ મોટી મોટી બક્ષિશો આપીને લોકોના હૃદય જીતી લીધા હતા.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. શામના આ ગવર્નર અનુશ્તગીન ઉપર ઘણો ચાહ ધરાવતા હોવાથી વડા વઝીર જરજરાઇ ઈર્ષા રાખતો હતો અને તેથી એક વેળા તેના પર રોષે ભરાઇને તેનું કાટલું કઢાવવા તેની ઉપર બળવો કરવાનો આક્ષેપ મુકીને તેના તરફ દમિશ્ક લશ્કર મોકલાવ્યું. અનુશ્તગીન હેમાત ચાલ્યો ગયો અને ત્યાં કેટલુંક લશ્કર એકઠું કરી હલબ પર ચઢાઇ કરી.

"રવઝતુસ્સફા" ના દર્શાવ્યા પ્રમાણે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ પહેલવહેલાં જે મોટું કાર્ય હાથ ધર્યું તે ફાતિમી લશ્કરને હલબ કબ્જે કરવા મોકલાવ્યું તે હતું. ત્યાંના વાલી નસ્ર બિન સાલેહ બિન મિરદાસે બળવો જગાડ્યો હોવાથી તેને કેદ કરી મિસર મોકલાવવામાં આવ્યા. આ રીતે હલબ ફરીવાર ફાતિમી કબજામાં આવ્યું. ફાતિમી ફોજે મગરિબ, દયાર બક્ર અને દયારે રબિયા પર પણ ચઢાઇઓ કરી હતી, આ આક્રમણોમાં પણ ફાતિમી લશ્કર વિજયવંત નિવડ્યું હતું.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના ગવર્નર તરીકે અનુશ્તગીને દમિશ્કમાં સખ્ત હાથે હકુમત ચલાવતાં ત્યાં સુલેહ શાંતિ સ્થાપવાનું શક્ય થઇ પડ્યું હતું, એટલુંજ નહિ, પણ ફુરાતના કાંઠાના પ્રદેશ પર આવેલા હર્રાનના ગવર્નર ઉપર ફાતિમીઓનો પ્રભાવ પડી ગયો હોવાથી તેણે હર્રાન, સરોજ અને રકકાની ઇબાદતગાહોમાં ફાતિમી ખલીફની આણ ફેરવી ખુત્બો ચાલુ કર્યો હતો.

## અસ્સુલૈહી ખાનદાનની અનુપમ સેવા.

અબુલહસન અલી બિન મુહમ્મદ બિન અલી અસ્સુલૈહી યમનના કાઝીનો પુત્ર હતો. તે ઇસ્માઇલી મિશનરી આમીર બિન અબ્દુલ્લાહ અઝઝવ્વારી પાસેથી કુરાને શરીફની તાવીલનું શિક્ષણ સંપાદન કરતો હતો. આ રીતે મિશનરીનાં સહવાસમાં આવતાં તેણે ઇસ્માઇલી ધર્મ અંગીકાર કર્યો. તે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. પ્રત્યે અત્યંત પૂજ્યભાવ દર્શાવતો અને સદા સેવામાં તત્પર રહેતો હતો. મક્કા યાત્રા કરવા જતાં યાત્રાળુઓના ભોમિયા તરીકે અસ્સુલૈહીએ પંદર વર્ષ સુધી કાર્ય કર્યું હતું. એ દુરદરાઝ યાત્રા માર્ગના પ્રદેશમાં તે વખતે "નજાહ" નામનો વડો સરદાર હતો. અસ્સુલૈહીને લાંબી મુદત પછી તક મળતાં તેણે પોતાની દઅવતમાં આવેલા ૬૦ અનુયાયીઓની સરદારી લઇ ત્યાંની હકુમત પર હુમલો કર્યો, જેમાં તેને ફતેહ મળતાં "જબલ મશાર" નો તેણે કબજો લઈ લીધો. હિજરી સન ૪૫૨માં નજાહનું મૃત્યુ થતાં તેનો ભય સદાને માટે નિકળી ગયો. ત્યારપછી ત્રણ વર્ષમાં તો સમગ્ર યમનમાં તેની આણ વર્તાવા માંડી. એ પ્રદેશના વડા મથક તરીકે 'સના'માં તે વસવાટ કરતો હતો. લગભગ વીશ વર્ષ સુધી યમનનાં શહેરો તેમજ અનરાકના થોડાક ભાગોમાં અને હિજાઝના પવિત્ર શહેરોમાં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નું નામ બંદગી પછી ખુત્બામાં ભણવામાં આવતું હતું. હિજરી સન ૪૭૩માં અસ્સુલૈહીએ પોતાના નાયબ તરીકે પોતાના પુત્ર માલિક અલ-મુકર્રમને નિમીને પોતાની પત્નિ અને પોતાના અધિકાર તળેના દેશવાસીઓને સાથે લઇ, યાત્રાએ જતાં માર્ગમાં "અલ-મહજમ" નામના સ્થળો નજદીક છાવણી નાંખી, જ્યાં "નજાહ" સરદારનો પુત્ર અસ્સુલૈહીનાં સૈનિકોના હાથમાંથી છટકી જઇ છુપી રીતે છાવણીમાં દાખલ થઇને તંબુમાં ઘુસી ગયો અને અસ્સુલૈહીનું ખુન કર્યું આથી તે ત્યાંજ મરણ પામ્યો.

## અબ્બાસી પાટનગર બગદાદની મસ્જિદોમાં ઈમામનો ખુત્બો.

ઇતિહાસકાર લેન-પુલના ઉલ્લેખ અનુસાર અરબસ્તાનમાં ઇસ્માઇલી ધર્મ અંગીકાર કરનાર અલી ઇબ્ને સુલૈહીના પ્રયાસોના પરિણામે બની ફાતિમીઓની કિર્તી અરબસ્તાનમાં વધી ગઇ હતી. હિજાઝ અને

યમન પોતાની સત્તા હેઠળ આવ્યા પછી હઝરમૂતથી છેક મક્કાના મિમ્બર પર ફાતિમી ખલીફના "ખુદાઇ હક્ક"ની આણ અલી ઇબ્ને સુલૈહીએ વર્તાવી હતી. આગળ ચાલતાં એજ ઇતિહાસકાર જણાવે છે કે: જે પવિત્ર સ્થળો (મક્કા-મદીના વગેરે) માં ઇસ્લામનો ઉદ્‌ભવ થયો હતો, તેમાંજ માત્ર નહિ પણ અબ્બાસી ખલીફના ખુદ પાટનગર બગદાદની સઘળી મસ્જિદોમાં પણ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. નો બંદગીમાં ખુત્બો ભણવામાં આવતો હતો. આ સમયની યાદગીરીમાં બગદાદની ટંકશાળોમાં બની ફાતિમી ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના મુબારક નામના ચલણી સિક્કાઓ પણ પાડવામાં આવ્યાં હતા. (૧)

## મિસરની આબાદીનો ચીતાર.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના સમયમાં બનેલી મહત્વની અને ઇતિહાસિક બાબતોમાં એક બાબત એ છે કે, લગભગ હિજરી સન ૪૩૯ માં, એક મહાન ફિલસુફ અને પ્રવાસી હકીમ નાસિર ખુસરૂએ મિસરની મુલાકાત લીધી હતી અને તે સમયના કેરો શહેરની અસાધારણ આબાદી, બજારો, વેપારની પરિસ્થિતિ, માર્ગો, શહેરીઓ અને મકાનો, લશ્કરી શિસ્ત (ડીસીપ્લીન), ઉપરાંત બની ફાતિમી રાજ્યનું ગૌરવ, સંસ્કૃતિ અને દરબારની ભવ્યતા વગેરેનું અત્યંત ઉપયોગી અને રસમય વર્ણન પોતાના "સફરનામા=પ્રવાસગ્રંથ" નામના જગવિખ્યાત પુસ્તકમાં ઘણીજ સુંદર રીતે કરી બની ફાતિમી રાજ્યઅમલની જાહોજલાલી અને આબાદીનો સ્પષ્ટ ચિતાર આપ્યો છે, જે આજે પણ એક મહત્વની બાબત તરીકે ઇતિહાસના પાનાઓ પર જળવાઇ રહેલી જોવામાં આવે છે. ઇરાન અને ઇરાકના સમૃધ્ધ દેશોના નાસિર ખુસરૂ પ્રવાસી હોઇ; એ દેશોની સઘળી રાજ્ય દરબારોની જાહોજલાલી કરતાં બની ફાતિમીઓનાં રાજ્ય અમલની જાહોજલાલી ભવ્યતા, સુંદરતા; અને સંસ્કૃતિ નાસિર ખુસરૂને ઉચ્ચ અને અદ્‌ભુત લાગી હતી. એવીજ રીતે બની ફાતિમીઓની કિર્તી ટોચે પહોંચ્યા પછી અમુક વર્ષો બાદ, યુરોપમાંથી ખ્રિસ્તી ક્રુસેડ-ધર્મયુધ્ધમાં ભાગ લેવા આવેલા ક્રુસેડરોના હૃદય પર પણ એવીજ ઉત્તમ છાપ પડી હતી. તેનું કારણ કે એ સમયના દુનિયાના અન્ય શહેરો કરતાં, સુંદરતા, સંસ્કૃતિ અને ભવ્યતામાં બની ફાતિમી સત્તા હેઠળનું પાટનગર, બની ફાતિમીઓની સંસ્કૃતિના કેન્દ્રરૂપ અને ગૌરવરૂપ કેરો શહેર સર્વથી ચઢિયાતું હતું. જો કે પ્રવાસી નાસિર ખુસરૂએ કેરોની મુલાકાત લીધી હતી તે સમયે મિસરનું લશ્કર પક્ષાપક્ષીમાં સંડોવાયેલું હતું, એવા વખતે પણ તેમણે કરેલું લશ્કરનું વર્ણન કાંઇ ઓછું ઉપયોગી અને રસમય નથી.

## મહાન ફિલસુફ કવિવર હકીમ નાસિર ખુસરૂ.

"મજમુઉલ-ફુસહા" નામની કૃતિમાં રિઝા કુલીખાને દર્શાવ્યું છે તે પ્રમાણે, તથા સ્વરચિત "દિવાને નાસિર ખુસરૂ" માં તેઓ પોતે કરેલા નિર્દેશ અનુસાર, હકીમ નાસિર ખુસરૂનો જન્મ ખુરાસાનના પાટનગર બલ્ખ ખાતે, હિજરી સન ૩૯૪ માં થયો હતો. આ સન નાસિર ખુસરૂ કૃત "સફરનામા=પ્રવાસગ્રંથ" ના ફ્રેંચ અનુવાદક ચાર્લ્સ શેફરે પણ સ્વીકાર્યો છે. તેમનું પુરૂં નામ "અબુ મુઇનુદ્દીન નાસિરે ખુસરૂ અલ-કબાદિયા અલ-મરવઝી" હતું. હકીમ નાસિર ખુસરૂ એક ધર્માત્મા પુરૂષ હતા અને પોતાના મઝહબના રાજ્યનગર-દારૂલ-ઇમામત તરીકે કેરોને તથા બની ફાતિમી ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ને સાચા ઇમામ તરીકે સમજતા હતા. પોતાની એ ઇસ્માઇલી ધર્મ આસ્થા તેઓએ પોતાની કૃતિઓમાં છુટથી વર્ણવી છે, કારણ કે તેઓ એક ચુસ્ત ઇસ્માઇલી હતા. પ્રોફેસર બ્રાઉન જણાવે છે કે તેમનો સર્વથી વિખ્યાત "સફરનામા=પ્રવાસગ્રંથ", જો કે આમજનતા માટે

---

(૧) જુઓ સ્ટેન્લી લેન-પુલ કૃત "એ હિસ્ટ્રી ઓફ ઇજીપ્ત વોલ્યુમ ૬ ઠું પાનું ૧૩૮.

લખાયલો છે, તો પણ તેમણે કેટલેક ઠેકાણે કરેલા ઉલ્લેખ પરથી સ્પષ્ટ જણાય છે કે તેઓ બની ફાતિમી પેઢીના ખરૂં હકદારપણા માટે સંપુર્ણ વિશ્વાસ ધરાવતા હતા, અને બની ફાતિમી ખલીફને તેઓ સાચા ઇમામ તરીકે સ્વીકારતા હતા. તેઓએ સફરનામા (પૃષ્ઠ ૨૧૦) માં જણાવ્યું છે કે બની ફાતિમીઓજ કેવળ કાયદેસરના સત્તાધિકારીઓ અને ખુદાઇ બગીચાના બાગબાનો (ઇમામ) છે. તેઓ કુરાને શરીફની "તાવીલ=સ્પષ્ટીકરણ" માં માનતા હોવાથી, તેમણે પોતાની કૃતિઓમાં ધર્મથી નિકટનો સંબંધ ધરાવતા વિષયોનો ઉલ્લેખ કરવામાં પુરતી સાવચેતી રાખી છે.

## જીવન પલ્ટો.

હકીમ નાસિર ખુસરૂ પ્રથમ ખુરાસાનમાં ચગરબેગ સલજુકાની રાજ્ય દરબારમાં રાજમંત્રી અને મહેસુલ ખાતાના એક અધિકારી તરીકેના જોખમભર્યા ઓધ્ધા ધરાવતા હતા. પરંતુ તેમના જીવનમાં એક સાંકેતિક ઘટના બનવાથી તેમને વૈરાગ્ય ઉત્પન્ન થઇ જતાં, સંસારી માયાથી વિમુખ થઈ, પોતાના ઓધ્ધાનું રાજીનામું આપી, તેઓ હિજરી સન ૪૩૭ ના જમાદીયુલ આખિર માસની તા ૬ ઠ્ઠીને ગુરૂવારના દિવસે મક્કે યાત્રા કરવા રવાના થયા. આ વેળા તેમની વય આશરે ૪૩ વર્ષની કહેવાય છે. પહેલાં તેઓ નિશાપુર ખાતે જઇને વિશ્વવિખ્યાત મહાન સુફી અને કવિ ઉમ્મર ખય્યામ અને આલમોતના યોધ્ધા તરીકે પ્રસિધ્ધ થયેલા હુઝતે આઝમ હસન સબ્બાહના શિક્ષાગુરૂ શેખ મૌફિકને મળ્યા અને ત્યાંથી કુમિસ જઇને મહાન સુફી સંત બાયઝીદ બુસ્તામીની સમાધિસ્થળની મુલાકાત લીધી. ત્યારપછી દમગાન માર્ગે સમનાન પહોંચી અબુ અલી સિનાના એક શિષ્ય નિશાઇને મળ્યાં હતા. હિજરી સન ૪૩૮ ના સફર માસની તા. ૨૦ મીના દિવસે તેઓ તબ્રીઝ પહોંચ્યા. હલબ, ત્રિપોલી, બૈરૂત, સિદોન, તાયર, અકકા હાયફા, જેરૂસલમ (બયતુલ મુકદ્દસ) થઇ મક્કે હજ્જ કરી દમિશ્કથી જેરૂસલમ ગયા અને ત્યાંથી દરિયા માર્ગે અનુકુળ ન લાગતાં તેઓ ખુશ્કી માર્ગે મિસર જવાનો ઇરાદો કર્યો. આ પ્રમાણે તેઓ હિજરી સન ૪૩૯ ની સફર માસની તા ૭ મી ને રવિવારના દિવસે કેરો પહોંચ્યા. નાસિર ખુસરૂ જ્યારે મિસર પહોંચ્યા ત્યારે તેઓએ કદી ન જોયેલી શાંતિ અને સુખ સલામતી નિહાળી હતી.

## ફાતિમી પાટનગર કેરોનું ગૌરવભર્યું વર્ણન.

ઇતિહાસકાર લેન-પુલ લખે છે: "હકીમ નાસિર ખુસરૂએ, કેરો અને મિસરનાં અન્ય સ્થળોનું ઘણુંજ રસમય વર્ણન કર્યું છે જે સદભાગ્યે જળવાઇ રહ્યું છે. નાસિર ખુસરૂએ મુલાકાત લીધી ત્યારે "રોયલ સીટી" કેરો શહેર અતિ ઘણું વિશાળ હતું અને તે "અલ-કાહિરા અલ-મોઇઝિયા" તરીકે વિખ્યાત હતું. શહેરના માર્ગો અને શેરીઓ દીવા બતીઓથી રોશન થયેલા હતા. તેમાં પાકી ઇંટોના ચણેલા ઘરો લગભગ ૨૦,૦૦૦ હતાં, તે સઘળાં પાંચથી છ માળના હોવાથી પ્રવાસી નાસિર ખુસરૂને દુરથી કિલ્લા સમાન દેખાતા હતાં. દરેક મકાન એક બીજાથી અલગ અલગ અને પાણી માટે કુવા કે રેંટમાળ સહિત સુંદર બાગ બગીચાથી સુશોભિત થયેલા હતા. દુકાનોની સંખ્યા પણ લગભગ ૨૦,૦૦૦ની હતી. આમાંની કેટલીક દુકાનોમાં કયાંય ન જોયેલી તરેહ તરેહની નકશીદાર દીવા બતીઓ જોઇને નાસિર ખુસરૂ છકક થઇ ગયા હતા. બજારોમાં મેવો અને શાકભાજી પુષ્કળ વેચાતાં હતાં. જુદી જુદી જાતનાં સુંદર વાસણો અને ખાસ કરીને લીલા રંગના પારદર્શક કાચ જોઇને તેઓ ઘણાજ અજાયબી પામ્યા હતા. તેઓ વર્ણવે છે કે "ફુસ્તાત શહેરની બનાવટના વાસણો એટલા તો બારીક હતા કે તેમાંથી તમો તમારા હાથ જોઇ શકો." આ સઘળી દુકાનો અને મકાનોનાં માલિક હઝરત ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ. હતા, જેની વાર્ષિક ઉપજ આશરે ૨૭,૫૦,૦૦૦ દીનાર જેટલી થતી હતી. પરંતુ નાસિર ખુસરૂ વધારે અજબ તો ત્યારે

HAKIM NASIR-E-KHUSRAW. A well known Ismaili Missionary, Philosopher, Poet & Traveller.



દાઈઉદ્દ-દુઆત હકીમ નાસિર ખુસરૂ: એક જાણીતા ઇસમાઇલી ફિલસુફ, કવિ, મિશનરી અને પ્રવાસી.

(જુઓ પાનું ૧૯૩)

થયા હતા કે, જ્યારે તેઓએ સંગીન પત્થરોથી ચણવામાં આવેલ રાજમહેલ જોયો. જો કે નાસિર ખુસરૂએ રાજમહેલના અંદરના ભાગની વિગતો ઘણીજ ઓછી આપી છે, તો પણ ચાંદીના પગથીયા સાથેનો સોનાનો સિંહાસનવાળો વિખ્યાત દરબાર હોલનો તેઓએ નિર્દેશ કર્યો છે. (૧)

## પ્રજાની જાનમાલની સલામતી.

ઇતિહાસકાર પ્રોફેસર બ્રાઉન લખે છે કે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના ૬૦ વર્ષના લાંબા રાજ્યઅમલ વખતે, ઇસમાઇલીઓ અને ઝની ફાતિમી પેઢી, સત્તા અને કિર્તીની ઉંચામાં ઉંચી ટોચે હતી. ઉત્તર આફ્રિકા, મિસર, સિસીલી, માલ્ટા, સિરીયા, અને એશિયા માઇનોર તેમજ રાતા સમુદ્રના કિનારાઓ સુધીના અમુક ભાગો પર હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નું સામ્રાજ્ય હતું. એટલુંજ નહિં પણ વાસિત અને ખુદ બગદાદ, મક્કા અને મદીના સુધી પણ બની ફાતિમી સત્તાનો સ્વીકાર થતો હતો. આ વખતના સુંદર રાજ્યઅમલનો, તેઓશ્રીની પ્રજાની સુખ સલામતી અને આબાદીનો ચિતાર, જેને લોકો "હુજ્જતે ખુરાસાન" તરીકે ઓળખતા હતા તે નામાંકિત કવિવર, પ્રવાસી અને ઇસમાઇલી મિશનરી નાસિર ખુસરૂએ આપણને આપ્યો છે.

હઝરત ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ના રાજ્યઅમલની શ્રેષ્ઠતા, ધન સંપતિ, સુખ-શાંતિ, અને પ્રજાની સલામતી માટે નાસિર ખુસરૂ ઘણીજ શ્રધ્ધા ધરાવતા હતા. તેઓનું કેરોનું વર્ણન, તેની મસ્જિદો (અઝહર સહિત), તેના મુખ્ય દશ લત્તાઓ, તેના બાગ બગીચાઓ, મકાનો અને પરાંઓની વિગતો પ્રશંસનીય છે. બની ફાતિમી રાજ્યઅમલના વહીવટ અને કારભાર માટે તેઓએ આપેલ વિગતો અત્યંત ઉપયોગી છે. ખાસ કરીને 'લશ્કરની ડીસીપ્લીન'ની તેઓના હૃદય ઉપર ઉંડી છાપ પડી હતી.

નાસિર ખુસરૂ કેરો શહેરની, પુષ્કળ ઝર–ઝવેરાત અને માલથી ભરપુર બઝારો જોઇને ઘણીજ અજાયબી પામ્યા હતા. લોકોના જાન માલની એટલી બધી સલામતી હતી કે વેપારીઓને ચોરીના બીકે પોતાની દુકાનો અને ગોડાઉનોને તાળાં મારવાની પણ જરૂરત પડતી નહોતી. પોતાના સફરનામા=પ્રવાસ ગ્રંથમાં એ વિષેનું રસીલું વર્ણન કરતાં તેઓ જણાવે છેઃ—

"જ્યારે હું હિજરી સન ૪૩૯માં ત્યાં હતો ત્યારે બાદશાહ હઝરત ઇમામ મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ને ઘેર પુત્રનો મુબારક જન્મ થયો, જેથી બાદશાહની આજ્ઞાનુસાર પ્રજા ધામ-ધુમ કરી રહી હતી. શહેર અને બઝારો એવી સુશોભિત રીતે શણગારવામાં આવી હતી કે જેનું હું વર્ણન કરીશ તો કદાચ લોકોને માનવામાં નહિં આવે. કાપડના વેપારીઓની દુકાનો અને નાણાં વટાવવાની દુકાનો સોનું, ઝવેરાત, નાણું ભરતકામ, અને રેશમી કાપડોથી એટલી હદ સુધી ભરપુર હતી કે બેસવાની જગ્યા પણ રહેતી નહોતી. સમગ્ર પ્રજા બાદશાહની ન્યાયવૃત્તિથી એટલી બધી નિશ્ચિંત અને નિર્ભય હતી કે કોઇને પણ ચોર લોકો માલ લુંટી જશે એવો ભય પણ રહેતો નહોતો." (૨)

## નીલ નદીના બંધ ખોલવાની ક્રિયાનો મહોત્સવ.

મિસરની આબાદીનો સર્વ આધાર નીલ નદીના પાણીના પુર ઉપર અવલંબિત હોવાથી નીલ નદીમાં પાણી ભરાતાં તેના બંધ ખોલવાની, પ્રાચીન કાળથી ચાલતી આવેલી પ્રથા પ્રમાણેની

૧ એ હીસ્ટ્રી ઓફ ઈજીપ્ત ગ્રંથ ૬, પાનું ૧૩૯–૦

૨. લિટરરી હિસ્ટ્રી ઓફ પર્શીયા ગ્રંથ ૨ પાનું ૨૧૨–૨૩

ક્રિયાનું પણ નાસિર ખુસરૂએ પોતાના સફરનામા=પ્રવાસગ્રંથમાં સુંદર વર્ણન કર્યું છે. તેઓ લખે છે કે વર્ષા ઋતુ પૂર્ણ થયા બાદ નીલ નદીના બાંધેલા બંધને ખોલવા માટે ખલીફ તરફથી જાહેર કરવામાં આવે, તે દિવસ જાહેર તહેવાર તરીકે સમસ્ત પ્રજા પાળતી હતી અને આ નહેર પર બંધ ખોલવા ખલીફ જતાં તે દિને એક હજાર માણસને ખાસ રોકવામાં આવતા. તે પ્રત્યેકના હાથમાં એક અશ્વ પકડેલો રહેતો જેની સો સોની હાર કરવામાં આવતી. તેની પાછળ બ્યુગલો, ઢોલ, શરણાઇઓ, વગાડતા વાજીંત્રવાળાઓ પછી હારબંધ લોકો ચાલતા હતા. તેની પાછલી હરોળમાં સૈનિકોનું એક દળ ઝંડા સહિત ચાલતું. એ પ્રકારે ખલીફના રાજમહેલનાં દ્વાર પાસેથી આખું સરઘસ નહેરના કાંઠા સુધી જઇને પાછું આવતું. આ દમામદાર સરઘસની સામગ્રીઓ સહિત પાછળના ભાગમાં ખલીફ સૈન્ય સાથે ગૌરવથી ચાલતા દેખાતા હતા.

નીલના પાણી ભરાઇ ગયા પછી બંધ (ખલીજ) ખોલવા માટે બની ફાતિમી ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. એક ખચ્ચર પર સ્વારી કરી જતાં હતા ત્યારે હકીમ નાસિર ખુશરૂએ તેઓશ્રીને દીઠા હતા. તેઓ હસતા ચ્હેરાવાળા, ભવ્ય મુખાકૃતિવાળા એક યુવાન હતા. તેમણે શરીરને સફેદ "કફતાન" તથા "અમામા" વડે અતિશય સાદાઇથી શણગાર્યું હતું. એક વડા અફસરે તેઓશ્રીના માથે રાજછત્ર ધરી રાખ્યું હતું. આ છત્ર અમુલ્ય હીરા મોતીઓથી મઢેલું હતું. દેલમના ૩૦૦ ઇરાનીઓ ઇમામની પાછળ હથીયાર સજી પગપાળા ચાલતા હતા. બન્ને બાજુએ અમ્બર તથા અગરના સુવાસિક દ્રવ્યોનો ધુપ કરતા ગુલામો ચાલતા હતા. પ્રજાજનો સિજદો અગર ચી સલવાતો પડતા જોવામાં આવતા હતા.

કાઝિયુલ-કુઝઝાત, દાઇઉદ-દુઆત, હકીમો, તથા અફસરો ઇમામની પછવાડે હારબંધ ગોઠવાયેલા હતા. તેની સાથે સાથે અંગરક્ષક લશ્કરના ૨૦,૦૦૦ બની કતામાના બરબરી સવારો, ૧૦,૦૦૦ બાતીલીઓ, ૨૦ હજાર સુદાનીઓ, ૧૦ હજાર તુર્કીઓ, ૩૦ હજાર ગુલામો, ૧૫ હજાર હિજાઝના બદવીઓ, ૩૦ હજાર સીદી, યુરોપીઅન, 'ખાદિમો' અને 'ઉસ્તાદો', ૧૦ હજાર નોકર ચાકર, ૩૦ હજાર સીધા ખડગધારીઓ, ઉપરાંત ખલીફનાં હજુરીયાઓમાં મઘરિબ, યમન, રૂમ સ્લાવોનીયા, જ્યોર્જીયા, ન્યુબીયા, એબિસીનિયાના રાજવિઓ અને દુર દેશાવરોમાંથી આવેલા તુર્કસ્તાનના તારતરીઓ અને હિંદુસ્તાનના દિલ્હી નરેશના શાહઝાદાઓ પણ એ મહોત્સવમાં શામેલ હતા. નીલ નદીના મુખ પાસે બંધાયેલા "ગૈવેશીયન-અસ્સુકકારા" પાસેથી બની ફાતિમી ખલીફે બંધ (ખલીજ) ખોલતાં લોકો નદીમાં ન્હાવા માટે કુદી પડ્યા. એ ધામધુમ જોવા માટે મોટી મેદની એકઠી મળતી હતી.

## જમીનવેરાની ઝાંખી.

એ સમયની આબાદીનો ખ્યાલ આપવા હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના ઝમાનાના જમીનવેરાની એક યાદી ઇબ્ને કહહાલ દ્વારા હિજરી સન ૪૮૨માં તૈયાર કરવામાં આવી હતી. એ યાદીમાં ૧૨૭૬ ડીસ્ટ્રીક્ટ અને ૮૯૦ ગામડાંઓના ઉત્તરનાં ચૌદ પ્રાંતોની આવક ૨૦,૪૦,૦૪૦ દીનાર અને દક્ષિણનાં આઠ પ્રાંતોની આવક ૧૦,૨૦,૯૫૩ દીનાર કુલ્લે મળીને ૩૦,૬૦,૯૯૩ દીનાર દેખાડેલી છે.

આ આવકના આંકડાઓમાં ખસુસ કરીને ઉત્તર કાંઠેના સિકન્દ્રીયા, દમીયાત, ટીનીસ અને અપર ઇજીપ્તમાંના કુફત, નેકાદા તથા ઇખ્મીમના પ્રાંતો ગણવામાં આવ્યા નથી. સાત વર્ષનો દુકાળનો સમય બાદ કરીએ તો મિસરની આબાદી એટલી બધી વધી ગઇ હતી કે તે પછીના ૨૦ વર્ષ પર્યંત છત સિવાય દુઃખનું નામ પણ શોધ્યું જડતું ન્હોતું. તો પણ આ લાંબા સમય દરમ્યાન શામમાં અવારનવાર યુધ્ધો તો થયાજ કરતા હતા.

## ફાતિમી લશ્કરનું વર્ણન.

ઇમામ નાસિર ખુસરૂએ ફાતિમી લશ્કરની સંખ્યા આશરે ૨,૧૫,૦૦૦ ની લખી છે, જેમાં ઘોડેસ્વારોના સૈન્યમાં ૩૫,૦૦૦ તો ઉત્તર આફ્રિકામાંથી આવેલા બરબર તાયફાના અરબોજ હતા. ૫૦,૦૦૦ હિજાઝવાસી અરબો, ૩૦,૦૦૦ હજાર મિસરી સૈનિકો હતા. પાયદળ લશ્કરમાં પણ જુદી જુદી કોમોનું તત્વ વિશેષ પ્રમાણમાં હતું, જેમાં ૨૦,૦૦૦ શીદીઓ હતા. ૩૦,૦૦૦ યુરોપવાસીઓ ૧૦,૦૦૦ શામીઓ, તુર્કીઓ અને કુર્દો હતા. ૩૦,૦૦૦ જેટલી ગુલામોની સંખ્યા હતી. જેમાં મોટે ભાગે મધ્ય આફ્રિકાના હબસીઓ હતા. રાજ્યમહેલના રક્ષકોની સંખ્યા ૧૦,૦૦૦ સૈનિકોની હતી અને તેમાં આફ્રિકા, ન્યુબીઆ, સુદાન અને યુરોપના જુદા જુદા ભાગોમાંથી આવેલા બહાદુર વિદેશીઓની મોટી સંખ્યા હોવાનું જણાવેલું છે. આ ઉપરાંત રાજમહેલના ૧૨,૦૦૦ ખિજમતગારો સાથે મહેલમાં વસનારાઓની એકંદર સંખ્યા ૩૦,૦૦૦ની હતી. રાતે એક હજાર પાયદળ ને ઘોડેસ્વારો ચોકી પહેરો ભરતા હતા.

## બની ફાતિમી જાહોજલાલીનું એક આછું અવલોકન.

ઇતિહાસકાર લેન-પુલે કરેલા વર્ણન પ્રમાણે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના ખજાનામાં હઝરત ઇમામ મોઇઝ અ. અને હઝરત ઇમામ કાયમ અ.ની તલવારો, હઝરત ઇમામ હુસેન અ.નું છાતીએ પહેરવાનું બખ્તર, હઝરત હમઝા ર.ની ઢાલ, હઝરત અલી અ.ની વિખ્યાત બેધારી ઝુલફિકાર અને હઝરત નબી મુહમ્મદ મુસ્તફા સ.ની વિજયવંતી "સયફ"નો પણ સમાવેશ થતો હતો.

સિકન્દ્રીયા, દમીયાત, અસ્કેલાન, અને અન્ય શામી બંદરો, રાતા સમુદ્રમાંના અઝીયાબના બારામાં બની ફાતિમી ખલીફે નૌકા-સૈન્ય રાખ્યું હતું. આ કાફલામાં ૭૫ લડાયક બારકસો, ૧૦ ટ્રાન્સપોર્ટો, અને ૧૦ ગલીએશીસ હતા, જે એક વડા અમીરૂલ-બહર=નૌકા સેનાધ્યક્ષની સરદારી તળે હતા. રાજ્યકારોબારમાં સુવ્યવસ્થા જાળવવા બની ફાતિમી અમલ દરમ્યાન તેના બે વિભાગ (૧) દિવાની તથા (૨) લશ્કરી પાડવામાં આવ્યા હતા, જેના વડા અધિકારીઓ અર્થાત સત્તાધારી વઝીરને આ બે વિભાગમાં સોંપવામાં આવ્યા હતા: (૧) સાહેબુસ સયફ અને (૨) સાહેબુલ-કલમ એવી તેમની બે સંજ્ઞાઓ હતી. પહેલો ઓધ્ધો લશ્કરી વડાનો અને બીજો શહેરીજનોના રક્ષકનો હતો. અમીરૂલ-બાબ નામનો એક ત્રીજો ઓધ્ધો પણ હતો. આ દરજ્જો વડા વઝીરથી ઉતરતો હતો.

બની ફાતિમી ખલીફની ખાસ જે વીસ નૌકાઓ હતી, તે દરેક નૌકા ૫૦ ગજ લાંબી અને ૨૦ ગજ પહોળી રહેતી હતી. આ નૌકાઓ રોજ રાજ્યમહેલ માટે પાણી લઇ આવતી હતી. આ નૌકાઓ ને સોના ચાંદીની પટીઓ લગાડી જવાહિરાતથી જડવામાં આવી હતી અને રેશમી ગાદીઓ તથા પરદાઓથી ઉત્તમ પ્રકારે શણગારવામાં આવી હતી. આ નૌકાઓને લાંગરવા માટે ખાસ એક જુદું ડક રાખવામાં આવ્યું હતું, જેમાં ચોકી પહેરા હેઠળ નૌકાઓ બાંધી રાખવામાં આવતી હતી.

## ઇસ્માઇલીઓનો "સુવર્ણ યુગ."

મિસર (ફુસ્તાત) અને કેરો વચ્ચે એક માઇલનું અંતર હતું. આ વિસ્તારમાં સુંદર બાગ-બગીચા આવેલા હતા. જ્યારે નીલ નદીમાં પાણી ભરાતાં ત્યારે એ સ્થાન સરોવર જેવું દેખાતું, જે બિરકત-અલહબશના નામે લોકોમાં જાણીતું થઇ પડ્યું હતું. દરરોજ સાંજના આ સોહામણા સ્થળે શહેરીજનો સહેલગાહે આવતા હતા. તેની નિકટમાં હઝરત ઇમામ મોઇઝ અ.ના શાહઝાદાએ વસાવેલી પુષ્પવાટિકા, સેન્ટ જોનનો મઠ અને રાક્ષસી કદના અંજીરી વૃક્ષ તળે પગથીયાવાળું તળાવ હતું. મિસરમાં સાત અને કેરોમાં આઠ ઇબાદતગાહો હતી. "ખાનકાઓ"ની સંખ્યા બસોની ગણવામાં આવતી. આજે

"દુકાનો"માં મળી આવતા "નક્કી ભાવ" યુરોપની એક ખાસ વિશિષ્ટતા મનાય છે, પરંતુ ખરી રીતે કહેતાં એ ફાતિમીઓના રાજ્યઅમલનું એક વધુ અનુસરણ છે. ફરક માત્ર એટલો જ છે કે જે વ્યાપારીઓ ગ્રાહકો પાસેથી વધારે ભાવ લેતા તો તેને ગુનેહગાર તરીકે ઊંટ પર બેસાડી શહેરમાં ફેરવવામાં આવતા હતા અને ઘંટડી વગાડીને તેના ગુનાહની પ્રજાને ખબર કરવામાં આવતી હતી. વેપારી લોકો ગધેડા અને ખચ્ચરોને વાહન તરીકે ઉપયોગમાં લેતા હતા કે જે બજારના ચોકમાં ભાડેથી મળી શકતા હતા, જેની સંખ્યા ૫૦,૦૦૦ ની હતી.

મિસરમાં બની ફાતિમી સલતનતની સ્થાપના થયા પછી મિસરે અનેક રીતે અત્યંત ઘણીજ પ્રગતિ કરી હતી. ઇસ્માઇલીઓના રાજ્યઅમલ દરમ્યાન વેપાર, ઉદ્યોગ અને ખેતી વાડીનો પણ અત્યંત ઘણોજ વિકાસ થવા પામ્યો હતો. એક આખો ઝબ્બો આંગળીની વીંટીમાંથી પસાર થઇ શકે એવું બારીક કાપડનું ઉત્પાદન પણ થતું હતું. (૧) સારાંશ હઝરત ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.નો રાજ્યકાળ મશહૂર ઇતિહાસકાર ઓ'લિયરીના જણાવ્યા પ્રમાણે ઇસ્માઇલીઓનો "સુવર્ણ યુગ" હતો.

## ઇસ્માઇલી ફિલસુફીનો અભ્યાસ.

નાસિર ખુસરૂનો પ્રવાસ, તેઓએ પોતાનું વતન છોડયું અને પાછા હિજરી સન ૪૪૪ના જમાદીલ અવ્વલ મહિનાની તા. ૨૬ મીને શનિવારના પોતાને દેશ પહોંચ્યા ત્યાંસુધી પુરેપુરા સાત વર્ષનો પ્રોફેસર બ્રાઉન લખે છે. જ્યારે રવઝાતુસ્સફા, હબીબુસ-સિયર અને દબિસ્તાનુલ-મઝાહિબમાં લખેલું છે કે હકીમ નાસિર ખુસરૂ સાત વર્ષ સુધી મિસરમાં રથાયી રહ્યા હતા. તેઓએ વિશ્વવિખ્યાત "જામ્એ અઝહર"માં ઇસ્માઇલી ફિલસુફીનો અભ્યાસ કર્યો હતો. "દારૂલ-હિકમત"માં પણ તેઓએ દાખલ થઇ બહોળું વાંચન કરી ઘણું જ્ઞાન મેળવ્યું હતું. દાઇઉદ-દુઆત, ખાજાએ મુઐયિદ સાથે સંપર્ક સાધી તેઓ ઘણીવાર ચર્ચા કરતા હતા; કારણ કે દાઇઉદ-દુઆત ખાજાએ મુઐયિદ હકીમ નાસિર ખુસરૂના ઉસ્તાદ=શિક્ષાગુરૂ હતા. મહાન ઇતિહાસવેત્તા મિકેઝી અને અન્ય ઇતિહાસવેત્તાઓના કથન અનુસાર બની ફાતિમી ખલીફાઓના શાસનકાળમાં ઇસ્માઇલી ધર્મપ્રચાર કાર્યના મુખ્ય વ્યવસ્થાપક પણ ખાજાએ મુઐયિદ હતા. ઇસ્માઇલી ધર્મનો અંગીકાર કરનારા લોકો પાસેથી "અહદ" લેનાર તરીકેની પદવીએ તથા ઇમામે ઝમાનની પવિત્ર હુઝુરમાં નવા મુરીદને પેશ કરવાનું કાર્ય કરનાર પણ તેઓજ હતા. હકીમ નાસિર ખુસરૂએ જેને "મજલિસુલ-હુકમા"નું નામ આપ્યું છે, તે મંડળીના સરનશીન તરીકે પણ તેઓ હતા. એના માટે ઇતિહાસકાર મિકરેઝીએ તેમની પ્રશંસા પણ કરી છે. મિકરેઝીના જણાવ્યા પ્રમાણે એ પદવી માટેનો પોશાક પણ ખાસ ન્યાયાધીશના જેવોજ ઝળાવાળો હતો. ખાજાએ મુઐયિદને નાસિર ખુસરૂએ "દ્વારપાળ" (દરબાન)ની ઉપમાં આપી છે, તેમના હાથ નીચે જ્ઞાની અને અનુભવી બીજા બાર "નકીબો" હતા. મિસર, શામ અને બની ફાતિમીના સઘળાં રાજ્ય વિસ્તારમાંના શહેરોમાં તેમનો એક પ્રતિનિધિ (નાયબ) રહેતો હતો. સારાંશ નાસિર ખુસરૂને ઇસ્માઇલી ફિલસુફીનું ઉંડું જ્ઞાન શિખવનાર એ ખાજાએ મુઐયિદ હતા. પરંતુ નાસિર ખુસરૂને વકતા તરીકે બહાર લાવનાર, હઝરત ઇમામ શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ના એક વઝીર અબુ નસ્ર સદકા ઇબ્ને યુસફ હતા.

## નાસિર ખુસરૂ "દાઇઉદ-દુઆત" મુકર્રર થયા.

હકીમ નાસિર ખુસરૂએ આ રીતે મિસરમાં ઇસ્માઇલી મિશનરીઓ અને નકીબો મારફતે, ઇસ્માઇલી ધર્મની ફિલસુફી અને તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. ઇતિહાસકાર ઓ'લિયરીના દર્શાવ્યા પ્રમાણે

૧. ઈજીપ્સ સ્કેચીઝ, હિસ્ટ્રી, મોન્યુમેન્ટ્સ એન્ડ સોશિયલ લાઇફ (લેન-પૂલ-કૃત) પાનું ૨૪૦.

હકીમ નાસિર ખુસરૂ કૈ..માં બે કે ત્રણ વર્ષ રહ્યા પછી તેમને ઇસ્માઇલી ધર્મની 'ખાસ' મંડળીનાં ઉચ્ચા તબક્કામાં દાખલ કરવામાં આવ્યા હતા. (૧.) પ્રોફેસર બ્રાઉન જણાવે છે કે નાસિર ખુસરૂ મિસરમાં બે કે ત્રણ વર્ષ રહ્યા, એ યાદગાર સમયને, તેઓ પોતાના જીવનકાળના 'સૌથી શ્રેષ્ઠ કાળ' તરીકે ગણ્યો છે, કારણ કે નાસિર ખુસરૂ, બની ફાતિમી ખલીફ઼ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના રાજ્યના સુંદર વહિવટ, ન્યાય અને જાહોજલાલીથી પરિચિત થયા હતા એટલુંજ નહિ પણ તેઓને ઇસ્માઇલી ધર્મનાં ગુહ્યવાદમાં પણ દાખલ કરવામાં આવ્યા હતા. (૨.)

"તારીખુલ ઇસ્લામ" ના કથન અનુસાર હકીમ નાસિર ખુસરૂ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના શાસનકાળમાં સાત વર્ષ મિસરમાં રહ્યા હતા. તેઓ વ્યાપારી પોશાકમાં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની હુઝુરમાં દાખલ થયા હતા અને કેટલીક સમય પસાર થયા પછી હઝરત ઇમામ તરફથી અજમ અને ખુરાસાનના મુલકો માટે "દાઇઉદ-દુઆત" અર્થાત વડા મિશનરી મુકરર થયા. નાસિર ખુસરૂએ, મિસરથી વિદાય લેતાં પહેલાં, પુછા કરતાં, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ તેમને ફરમાવ્યું કે: "અમારા વડા શાહઝાદા નિઝાર અમારા ગાદીવારસ છે."

## ધર્મના પ્રચારકાર્યમાં સંકટો.

હકીમ નાસિર ખુસરૂ ખુરાસાનના મુલકોમાં ઇસ્માઇલી ધર્મનો પ્રચાર કરવા માટેનો અધિકાર મેળવી મિસરથી પાછા ખુરાસાન આવ્યા અને ત્યાં તેઓએ મિસરમાં ખિલાફતની ગાદીએ બિરાજતા ઇમામે ઝમાન હઝરત મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ની દઅવત શરૂ કરી. આ ધર્મપ્રચારના કાર્યથી ત્યાંના વતનીઓ તેમના દુશ્મન બની ગયા અને તેમનો પ્રાણ લેવાનો ઇરાદો કર્યો. નાસિર ખુસરૂને દુશ્મનોના આ દુષ્ટ ઇરાદાની જાણ થતાં, તેઓ પહાડી પ્રદેશોમાં નીકળી ગયા અને ત્યાં જઇને તેઓએ ધર્મપ્રચારનું કાર્ય આગળ ધપાવ્યું. પહાડી પ્રદેશોના પ્રવાસ દરમ્યાન અનેકવાર તેમને અનાજ નહિ મળતાં, તેમને કંદમુળ ખાઇને તેના પર સંતોષ રાખવો પડતો. આ રીતે અનેક સંકટો અને દાડમારીઓ વેઠીને વીશ વર્ષ સુધી તેમણે ખાનગી રીતે ધર્મપ્રચારના કાર્યમાં ગુજાર્યાં. એમના અણથક પ્રયાસોના પરિણામે પહાડી પ્રદેશોમાંના મોટી સંખ્યાના લોકો તેમના હસ્તક ઇસ્માઇલી ધર્મ અંગીકાર કરી પાવન થયા હતા. "ગૌહરે રીઝ" નામના ગ્રંથમાં લખ્યું છે કે હકીમ નાસિર ખુસરૂના સદ્દગુણોથી આકર્ષાઇને મોટી સંખ્યાના બદખશાનવાસીઓએ પણ તેમની દઅવતનો સ્વીકાર કર્યો હતો.

## અબ્બાસીઓનો ગભરાટ.

નાસિર ખુસરૂ, બની ફાતિમી ખલીફ઼ હઝરત ઇમામ મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ની દઅવત અને ઇસમાઇલી ધર્મપ્રચારનું કાર્ય કરી રહ્યા હતા તે ખુરાસાનના અમીરો અને હઠધર્મીઓને ગમ્યું નહિ, એ કારણે તેઓ નાસિર ખુસરૂને હલકા પાડવાનો પ્રયાસ કરી રહ્યા હતા. આ પ્રચારકાર્યની ચકચાર વધી પડતાં ખુરાસાનના રાજ્યનું વડપણ ભોગવતા બની અબ્બાસી વંશના ખલીફા ગભરાવા લાગ્યા અને નાસિર ખુસરૂના આ ધર્મપ્રચાર કાર્યથી મોટો સમુહ ઇસ્માઇલી ધર્મ અંગીકાર કરી લેશે એવા ભયથી તેમને દેશપાર કરવામાં આવ્યા. નાસિર ખુસરૂ એક સ્થળે લખે છે :—

---

૧. હિસ્ટ્રી ઓફ ફાતિમ.ઈડ ખલીફાત. પાનું ૧૯૯.

૨ લિટરરી હિસ્ટ્રી ઓફ પરશીયા, વોલ્યુમ બીજું પાનું ૨૨૭.

"હે નીલવર્ણીય આકાશના સ્વામી! મુજ સેવક તરફથી તારી હજારો પ્રશંસા હોજો. કયામતના દિવસે અબ્બાસના વંશજોથી મારી દાદ સચ્ચાઈથી આપજે, તથા તે ટોળીના લોકો જેઓ આલે રસુલ અને તેની કિતાબને ધાર્મિક ઝઘડા કરવા માટે કામે લગાડી છે, તેઓથી પણ મને ન્યાય આપજે."

## નાસિર ખુસરૂ યમગાનના પહાડોમાં.

ત્યારપછી નાસિર ખુસરૂએ પોતાની ઉતરાવસ્થામાં સૈયદ સોહરાબ નામના ઇસ્માઇલી મિશનરીને પોતાનું કાર્ય સોંપી પોતે યમગાનના પહાડોમાં પંદર વર્ષ સુધી નિવૃત રહી ખુદાની બંદગીમાં તલ્લીન રહેવા લાગ્યા. તેમનાં સદગુણોથી આકર્ષાઈને ઘણા લોકો એક મહાન સુફી તરીકે તેમની મુલાકાત લઈ હિદાયત ગ્રહણ કરી તેમના સહધર્મી બની જતા હતા.

હકીમ નાસિર ખુસરૂએ જુદા જુદા ધર્મશાસ્ત્રો અને કેટલીક ભાષાઓ ઉપરાંત જ્યોતિશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. તેઓ પોતાના સમયની કેવળ એક સુશિક્ષિત વ્યકિત તરીકેજ નહિં પરંતુ એક અસાધારણ બુધ્ધિશાળી અને મહાન વ્યકિત તરીકે પ્રખ્યાત હતા. જગતના મહાન વિદ્વાન સાહિત્યકારો અને ઇતિહાસકારો આજે પણ એમના પ્રત્યે સારૂં માન દર્શાવે છે. જો કે તેમણે પોતે પોતાની કૃતિઓમાં જણાવ્યું છે તે પ્રમાણે તેમણે આટલી કમાલિયત પ્રાપ્ત કરી હોય તો તે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ની ખિજમતના પ્રતાપેજ.

ઇતિહાસકાર હાજી ખલીફાના કાળનિર્ણય અનુસાર હકીમ નાસિર ખુસરૂની વફાત હિજરી સન ૪૮૬ માં "યમગાન" ખાતે થઈ હતી. આ ઉપરથી તેમની વય ૮૭ વર્ષની થઈ હોવાનું જણાય છે.

## વિદ્વાન મિશનરી સૈયદ સોહરાબ.

ખુરાસાનના વડા મિશનરી હકીમ નાસિર ખુસરૂના બહેનના પુત્ર સૈયદ સોહરાબ પણ એક મશહુર ઇસમાઇલી મિશનરી હતા. તેમણે પોતાના મામા નાસિર ખુસરૂના સહવાસમાં રહીને પવિત્ર ઇસ્માઇલી મઝહબનું જ્ઞાન સંપાદન કર્યું હતું. યમગાન પ્રગણામાં હકીમ નાસિર ખુસરૂ ધર્મપ્રચારનું કાર્ય કરતા હતા તે વેળા સૈયદ સોહરાબ તેમના એક સહયોગી હતા. મામાના સમાગમમાં રહેવાથી તેમનાં જ્ઞાન અને બુધ્ધિમાં ભારે વૃધ્ધિ થઇ હતી, એટલુંજ નહિં પણ તેમના સ્નેહભર્યા સદવર્તને સોહરાબના હૃદય પર ઊંડી અસર કરી હતી. બની ફાતિમીઓના કિર્તીસ્થંભ તરીકે સમગ્ર જગતમાં પ્રસિધ્ધ થએલ "જામેએ અઝહર" યુનિવરસિટીમાં મિશનરી સૈયદ સોહરાબે ઉચ્ચ કેળવણી સંપાદન કરી "ગ્રેજ્યુએટ"-પદવીધારી પણ થયા હતા. આ શિક્ષણ મેળવ્યા પછી ત્રણ વર્ષ સુધી તેમણે "મિશન"=ધર્મપ્રચાર કાર્યને લગતું શિક્ષણ મેળવ્યું હતું. ત્યારપછી તેમણે "સહિફતુન નાઝિરીન" નામનું એક પુસ્તક લખવા શરૂ કર્યું. ગુચવણભર્યા પ્રશ્નોનાં ઉકેલ કરવામાં તેમના વિદ્યાગુરૂ હકીમ નાસિર ખુસરૂ તેમને સહાયતા આપતા હતા. યમગાન પ્રગણામાં નાસિર ખુસરૂ, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના "દાઇયુલ-કબીર" અર્થાત વડા મિશનરીનો દરજ્જો ભોગવતા હોવાથી, પોતાના અધિકારની રૂએ તેઓએ ઇમામની કૃપા વડે તેઓને મિશનરી તરીકેની પદવી આપી, ધર્મપ્રચારનું કાર્ય સોંપ્યું હતું. મધ્ય એશિયામાં નાસિર ખુસરૂએ જે ઇસમાઇલી ધર્મપ્રચારનું કાર્ય કરી સંખ્યાબંધ લોકોને ઇસ્માઇલી ધર્મમાં દાખલ કર્યા હતા, તેમાં અમુક અંશે મિશનરી સૈયદ સોહરાબનો પણ ફાળો છે.

સૈયદ સોહરાબને ધર્મપ્રચાર કાર્ય માટે જુદા જુદા સ્થળોએ મુસાફરી કરવી પડતી હોવાથી, તેઓ લાંબા સમય સુધી હકીમ નાસિર ખુસરૂની મુલાકાત લઇ શકતા નહિં. હકીમ નાસિર ખુસરૂની વફાત સમયે, સૈયદ સોહરાબ ધર્મપ્રચાર કાર્ય માટે પ્રવાસ પર ગયેલા હોવાથી તેઓ હકીમ નાસિર ખુસરૂની અંતિમ મુલાકાત પણ લઇ શકયા ન્હોતા. પરંતુ હકીમ પોતાની વફાત પહેલાં પોતાનું જગપ્રસિધ્ધ "વજહેદીન" નામનું પુસ્તક, મિશનરી સૈયદ સોહરાબને "મહોબતની યાદ" તરીકે ભેટ આપવાની વસિયત કરી ગયા હતા.

હકીમ નાસિર ખુસરૂની વફાત બાદ મિશનરી સૈયદ સોહરાબે યમગાનના પ્રગણામાં ધર્મ-પ્રચારનું કાર્ય ચાલુ રાખ્યું હતું. આ દરમ્યાન તેમને અનેક સંકટોનો સામનો પણ કરવો પડતો, એટલુંજ નહિ પણ કેટલીક વખતે પ્રાણનો ભય ઉભો થતાં, જંગલોમાં અને નાના નાના ગામડાઓમાં વસવાટ કરી, જીવન ટકાવવા ખાતર જંગલના ખોરાક ઉપર નિર્વાહ ચલાવવો પડતો હતો. મિશનરી સૈયદ સોહરાબ આ પ્રમાણે અનેક સંકટો વેઠી ત્રીશ વર્ષ સુધી ધર્મપ્રચારનું કાર્ય કર્યા બાદ અવસાન પામતાં, હકીમ નાસિર ખુસરૂની આરામગાહ પાસે તેમના શબનો ભુમિદાહ કરવામાં આવ્યો હતો.

## મધરિબ (આફ્રીકા)ના રાજરંગ.

તારીખુલ ઇસ્લામના લખવા મુજબ ઇફ્રિકિયાના ગવર્નર મોએઝ બિન બાદિસ ઇસ્માઇલીઓ સાથે બહુ સખ્તાઇથી વર્તતો હતો. તેણે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નો ખુત્બો કઢાડી નાખી, અબ્બાસી ખલીફનું નામ ખુત્બામાં ચાલુ કર્યું. વઝીર યાઝુરીની સલાહથી ઇમામે, અરબના બે કબીલા "રોઅબા" અને "રિયાહ" વાળાને હાથમાં લઇ, મોએઝ બિન બાદિસની પાછળ છોડી મુકયા. હિજરી સન ૪૪૩માં એ બે કબીલાવાળા અરબોએ પાછળથી પોતાની સંખ્યા વધારીને ટ્રાબ્લીસ ફતેહ કર્યું અને કયરવાનથી ત્રણ મંજલ પર આવેલા "જરદાન" આગળ તેઓનાં ત્રણ હજારના લશ્કરે મોએઝ ઇબ્ને બાદિસનાં સાઠ હજારની સંખ્યાવાળા લશ્કરને કુશળતાથી સખત હાર આપી, "બાજા" કબજે કર્યું. હિજરી સન ૪૪૭માં કયરવાનમાં એ અરબ કબીલાવાળાઓએ પ્રવેશ કર્યો. મોએઝ ઇબ્ને બાદિસ "મહેદીયા" ભણી નાસી છુટયો અને ત્યાં હિજરી સન ૪૫૬માં મરણ પામ્યો. તેની જગ્યાએ તેનો પુત્ર તમીમ સિંહાસને આવ્યો. તેણે હિજરી સન ૪૭૦માં અરબોને હરાવી કયરવાનમાંથી હાંકી કઢાડયા તેમજ અન્ય કેટલાક ઇલાકા સર કર્યા. હિજરી સન ૪૮૦માં અરબોથી શહેરને મુકત કરી તે સ્વતંત્રપણે હકુમત કરવા લાગ્યો. એના અવસાન પછી એનો પુત્ર યાહ્યા બાદશાહ થયો, જેણે ઇફ્રિકિયામાં ફરી પાછો બની ફાતિમી ખુત્બો ચાલુ કર્યો. સિસિલી=સકલીયાના ખ્રિસ્તિ બાદશાહ "રોજરે" હિજરી સન ૪૫૩માં "મહેદીયા" જીતી લીધુ ત્યાંસુધી બની ઝિરીના રાજવી યાહ્યાએ ચાલુ કરેલો બની ફાતિમી ખુત્બો એકધારો ચાલુ રહ્યો હતો.

## હલબમાં ફરી બળવો–મોએઝુદ–દૌલા શરણે.

હિજરી સન ૪૪૦માં હલબવાસીઓએ બળવો જગાડયો અને હલબ પોતાના તાબે કર્યું. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ને આ બિનાની જાણ થતાં બળવો સમાવવા એક સૈન્ય મોકલાવ્યું. આ સૈન્ય હલબની સરહદ પાસે પહોંચ્યું તે વખતે એટલો બધો ધોધમાર વરસાદ પડયો કે તેની રેલમાં કેટલાક સૈનિકો તણાઇ ગયા અને તેમની લડાયક સામગ્રી પણ બરબાદ થઈ ગઇ જેથી સૈન્ય પાછું મિસર ખાતે આવ્યું અને નવી તૈયારી કરીને ફરીવાર ફાતિમી લશ્કર હલબ પર ચઢાઇ લઈ ગયું, જેથી શહેરનો બની મેર્ડેસો રાજ્યકર્તા હારી જતાં નાસી છુટયો. એ રીતે ફરીથી હલબ બની ફાતિમી

ખલીફના કબજે આવ્યું. હિજરી સન ૪૪૬માં ૩૦ હજાર સૈનિકોનું બનેલું ફાતિમી લશ્કર દમિશ્ક સર કરવા મોકલવામાં આવ્યું, અને તેના પરિણામે મોઅેઝુદ-દૌલા શરણે આવ્યો. તેણે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ને ૪૦ હજાર દીનારનું નજરાણું ધરીને કેરો શહેરમાં પોતાનો નિવાસગૃહ રાખ્યો.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ મોઅેઝુદ-દૌલાને સત્તા પર સ્થિર કર્યા પછી તેણે યુનાની શહેનશાહબાનુ "થિઓડોરા" અને અબ્બાસી ખલીફની દરબારમાંના સુલતાન તુઘરિલ બેગ સલજુકી સાથે પોતાનો પરિચય વધાર્યો. હિજરી સન ૪૪૯માં તેણે હલબના બદલામાં બૈરૂત, અક્કા= એકર અને જુબેલ લીધા અને હલબમાં ફરીથી બની ફાતિમી ગવર્નરો સત્તા પર આવ્યા. કેટલાક વખત પછી મહમુદે પોતાના કાકા સામે જંગ કરી આરબોની સહાયથી હિજરી સન ૪૫૦માં હલબ પાછું સર કર્યું અને સુલતાન અલ્પ અરસલાનનાં નામની પ્રજા પાસેથી બયઅત લીધી. આ ગોઠવણ હલબની પ્રજામાં ઘણી અપ્રિય થઇ પડી. હલબના ઇસમાઇલી પ્રજાજનોને આ પરથી ઘણું લાગી આવ્યું અને તેઓ જાહેરમાં અસંતોષ વ્યક્ત કરતા રહ્યા અને ઇબાદતખાનાઓમાં બંદગી માટે ભેગા થતા લોકોમાં પણ અંટસ વધતો ગયો.

## વઝીર અલ-યાઝુરીની રાજનીતિ.

હિજરી સન ૪૪૨માં એક નાવિકનો પુત્ર અલ-યાઝુરી નામનો શખ્સ બની ફાતિમી ખલીફનો વઝીર નિમાયો. તે જાફાની નિકટમાં આવેલા 'યાઝુર' નામના ગામડાનો રહેવાસી હતો. તેણે આઠ વર્ષ પર્યંત દ્રઢતાથી પ્રધાનપદ ભોગવ્યું. તે ઉમંગી કાર્યકર અને સુધારક વૃત્તિનો હતો. તે પોતાના જ્ઞાનના પ્રમાણમાં નિખાલસપણે ઘણા અખતરા કરતો હતો, તેમાં નિષ્ફળ પણ જતો હતો, છતાં તેની સચ્ચાઇ તેને આંચ આવવા દેતી નહિં. લોકહિતની દિશામાં તેણે પહેલું પગલું એ ભર્યું કે રાજકોઠારમાંનું સઘળું અનાજ ચાલુ ઓછા બજાર ભાવે વેચી નાખ્યું જેથી બજારમાં ભાવ ગગડી ગયા. આ પગલાંથી રાજ્યની મહેસુલમાં ભારે ખોટ આવી અને એથી પણ ગંભીર પરિણામ પાછળથી નીલના પાણી સુકાઇ જતાં દુકાળ પડ્યો તે દરમ્યાન આવ્યું. પ્રજાજનોની થઇ પડેલી વિષમ સ્થિતિને પહોંચી વળવા ગ્રીક બાદશાહ કોન્સટન્ટાઇન મોનોમેકોસ પાસેથી ૨૦ લાખ બુશલ અનાજ મેળવવાની ગોઠવણ કરવામાં આવી, જેથી પરિસ્થિતિમાં તાત્કાલિક સુધારો થયો અને કેટલાક સમય સુધી જરૂર પડતાં મોસમોમાં મદદ મળતી રહી. હિજરી સન ૪૪૭માં કોન્સટન્ટાઇનનું મરણ થતાં સુધી બની ફાતિમી અને ગ્રીકો વચ્ચે સારો ઇખલાસ રહ્યો પરંતુ કવીન થિઓડોરાના અધિકારપદે આવ્યા પછી બની ફાતિમીઓ સાથે કડક વ્યવહાર રાખવાનો તેણે પ્રયત્ન કર્યો, તેથી મિત્રાચારીના કરારનું સ્વરૂપ બદલાઇ ગયું. વળી દરેક વર્ષે મિસરમાં દુકાળ પડે તેવું તો કાંઇ ન્હોતું પણ ગ્રીક રાણીની શરતો અનુસાર કરાર તો હંમેશ માટે બંધનકર્તા થઇ પડે તેમ હતું. આ વિચાર કરી ફાતિમીઓએ થિઓડોરાને કાંઇ મચક આપી નહિં જેથી બહારથી આવતું અનાજ બંધ પડી ગયું, બલ્કે અન્તાકીયાની નિકટમાંની ફાતિમી પ્રજાની સતામણી પણ થવા લાગી.

## ખ્રિસ્તીઓ પ્રત્યેનું વલણ.

બીજા વર્ષે નીલમાં પુરતા પાણી આવવાથી વઝીર યાઝુરીએ છુટથી ખરીદી કરી અને તે પછી પણ જરૂર પડે તો કામ લાગે એવા આશયથી અનાજના કોઠાર ભરી રાખ્યા. તેની સાથે સાથે મુડીદારો ઉભો પાક ન લઇ લે અને બજાર ચડી જવાથી વેપારી સસ્તે ભાવે લઇને કાપણી ન કરે, તેના માટે આવશ્યક પગલાં ભર્યાં, જેથી ભુતકાળમાં ભાવ ખાનારાઓના હાથે ખેડુતોને ઘણું ખમવું પડ્યું હતું, તેમાંથી બચી ગયા. અન્ય હાથ ઉપર ક્રિશ્ચીઓ સાથેનું તેનું વર્તન સખ્ત હતું. પરંતુ મહેસુલ વેરો વસુલ

## DAI-E-AZAM SHEIKH ABDUL MALIK-BIN-ATTASH:
### A Great Ismaili Missionary and Politician.



દાઈ-એ-આ'ઝમ શેખ અબ્દુલ મલિક બિન અત્તાશ: જેઓ આઝરબાઇજાન અને ઇસ્ફહાનના વડા મિશનરી અને કુશળ રાજનીતિજ્ઞ હતા

HASAN BIN SABBAH: One of the greatest Ismailian Missionary & Politician, who founded the Ismaili suzerainty at Almut in Rudbar (Persia) in A. H. 483.



**હુજજતુલ આ'ઝમ હસન બિન સબ્બાહ:** એક મહાન ઇસ્માઇલી મિશનરી અને રાજનીતિજ્ઞ, જેમણે હિજરી સન ૪૮૩ માં ઇરાનના રુદબાર પ્રાંતમાં આવેલા "આલમુત" માં ઇસ્માઇલી સલ્તનતની પુનઃ સ્થાપના કરી હતી.

કરનાઓ પર લોકોની નારાજી ઉતરે એ સ્વભાવિક છે. ખરી રીતે જોતાં, જેમ હઝરત ઇમામ હાકિમ અબુ અલી અ.ના શાસનકાળ દરમ્યાન ખ્રિસ્તીઓ વિરૂધ્ધના કડક કાયદાઓ મળી આવે છે. તેજ પ્રમાણેની યાઝુરીની સખ્તાઈ પણ આ વંશપરંપરાના વેરો વસુલ કરનારાઓ પ્રત્યેની હતી. છતાં એ પણ કબુલ કરવું જોઇએ કે રાજ્યની આમદાની માટેની તેની કાળજી અને લાગણી તેમાં જણાઇ આવે છે; કારણ કે પ્રથમ બની ફાતિમી રાજ્યઅમલ હેઠળ જે સંગીન વ્યવસ્થા મહેસુલના બારામાં દાખલ કરવામાં આવી હતી તે બંધારણ હવે ઢીલું પડી ગયું હતું; જો કે ખુદ યાઝુરીએ પોતાના હોદ્દાની રૂએ મળતા નિયમિત દરમાયાથી એકઠું થઇ શકે તે કરતા પણ અનહદ વધુ દ્રવ્ય ભેગું કર્યું હતું, તો પણ એક રીતે કહેતાં યાઝુરી એક ભલો અને સારો રાજવહીવટ કરનારો ગણાવવો જોઇએ. ખ્રિસ્તીઓ સામેના તેના કડક પગલાઓમાંનું એક પેટ્રીયાર્ક ક્રિસ્ટોડોલસને કેદમાં પુરવાની ઘટના પણ ગણાય, જેનાં પર વઝીરે એવો આક્ષેપ મુકયો હતો કે, ન્યુબીયાના રાજાએ તેની શીખવણીથી ખંડણી આપવાનું બંધ કર્યું છે. આ બનાવ બન્યા પછી તેણે આખી ખ્રિસ્તી કોમ પર ભારે દંડ નાખ્યો, જે લગભગ સિત્તેર હજાર દીનાર જેટલો થવા જતો હતો. દંડ ન ભરવાથી યાઝુરીએ ખ્રિસ્તી દેવળો બંધ કરાવવાનું આરંભ્યું. એ સ્થિતિ એટલી હદે પહોંચી કે તેમનું એકે દેવળ ખુલ્લું રહેવા પામ્યું નહિ. વિશેષમાં દંડની રકમ ભરી દે તે માટે તેમના બિશપોને કેદ કરવામાં આવ્યા. વઝીર યાઝુરીના શબ્દોમાં કહીએ તો જાહેર મહેસુલમાંથી ક્રિસ્તીઓએ હજમ કરેલા નાણાં ફરીથી ઓકાવવા માટેનો આ માર્ગ યોગ્ય હતો. ઇતિહાસકાર ઓલીયરી કહે છે કે એમાં કોમીભેદ કે લાગણી જેવું જરાએ જણાતું નહોતું છતાં આ બિનાને કેટલાક ઇતિહાસકારોએ ધાર્મિક અસહિષ્ણુતા અને અત્યાચાર તરીકે વર્ણવી છે.

હિજરી સન ૪૫૦ માં યાઝુરી મરણ પામ્યો. તેના પર રાજદ્રોહી તરીકેનો આક્ષેપ મુકવામાં આવ્યો કે બગદાદના ખલીફાઓ સાથે તે ખાનગીમાં પત્રવ્યહાર ચલાવે છે. પરંતુ ખરૂં કારણ તો એ હતું કે, રાજ્યના દ્રવ્યમાંથી તેણે ઉચાપત કરી અઢળક સંપતિ એકઠી કરી હતી. અંતે ઝેરના પરિણામે તેનું મૃત્યુ નીપજ્યું હતું.

## રાજનીતિજ્ઞ બસાસીરીની બહાદુરી—અબ્બાસી ખલીફ કેદખાનામાં.

"તારીખુલ ઇસ્લામ"ના ઉલ્લેખ અનુસાર હિજરી સન ૪૫૦માં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના શાસનકાળમાં સૌથી વધારે મહત્વનો એક બનાવ બન્યો હતો જે "બસાસીરી નામના એક તુર્કી ગુલામને આભારી હતો. ઇબ્ને ખલિકાનના કથન પ્રમાણે બસાસીરી બગદાદના તુર્કી સૈન્યનો જનરલ હતો. એહવાઝના બુવૈહી બાદશાહ બહાઉદ-દૌલા ઇબ્ને ઇઝદ-દૌલાનો તે એક ગુલામ હતો અને બગદાદના અબ્બાસી ખલીફની દરબારમાં તેના નાયબ તરીકે રહેતો હતો. ઇબ્ને ખલિકાનના કથન અનુસાર તે બગદાદના તુર્કી સૈન્યનો જનરલ હતો. તેનું પુરૂં નામ અબુલ હારિસ હારિસ અરસલાન ઇબ્નુલ બસાસીરી અતુર્કી હતું.

ઇતિહાસકાર મસઉદી કૃત "મુરૂંવ્વજુઝ-ઝહબ" પરથી જણાય છે કે બસાસીરીને પ્રથમ અબ્બાસી ખલીફ અલમોઅતસિમની નોકરીમાં રાખવામાં આવ્યો હતો. ત્યારપછી બગદાદના ખલીફ કાયમે ૪,૦૦૦ તુર્કી સૈન્યનો તેને જનરલ બનાવી સર્વોપરી સત્તા આપી હતી તથા ઇરાક અને ખુઝીસ્તાનના મુલ્કોમાં ખુત્બામાં તેનું નામ ભણવાની આજ્ઞા કરી હતી. પરંતુ બસાસીરી શીયા હતા અને ખલીફના વઝીર રઇસુર્ રૂઉસા સાથે મતભેદ પડતાં તેને ખલીફના હુકમથી કાઢી મુકવામાં આવ્યો, જેથી તે તેના નિકટના સંબંધી નુરૂદ-દૌલા દુબેશ પાસે "મહિલ્લા"માં આવ્યો. પરંતુ તુગરિલે બસાસીરીને હાંકી કાઢવા માટે દુબેશ પર દબાણ કરતાં ત્યાંથી

તે "રહેબા"માં આવ્યો, કારણ કે એ સાહસિક વીરનરને હવે લાગ્યું કે બની ફાતિમીઓની નવાજિશો મૌજુદ હોવા છતાં અબ્બાસીઓ પર આધાર રાખવા કરતાં બની ફાતિમીઓની શરણમાં રહી સ્વતંત્રપણે કાંઇ કરી બતાવવું જોઇએ. આ વિચારોથી પ્રેરાઇને તેણે પોતાની રાજનીતિ બદલી નાંખી અને ફાતિમી ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની તાબેદારી સ્વીકારી. ટુંક મુદતમાં ઇમામે તેને "રહેબા"નો ગવર્નર બનાવ્યો. હિજરી સન ૪૪૮નાં સવ્વાલ માસમાં બસાસીરી અને દુબેશે મળીને "મોસલ"નાં વાલી કુરેશ બિન બદરાનને "સન્જર" મુકામે પરાજિત કર્યો. હવે કુરેશ પણ આ બન્ને સાથે મળી ગયો. આ ત્રણે રાજદ્વારી શખસોએ બની ફાતિમીનું વડપણ સ્વીકારી "મોસલ"નાં ઇબાદતખાનાઓમાં હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના નામનો ખુત્બો ભણાવ્યો.

હિજરી સન ૪૫૦માં તુઘરિલ બેગે પોતાના ભાઇ ઇબ્રાહિમ નિયાલનો બળવો દબાવી દેવા માટે હમદાન ભણી કુચ કરી. આ દરમ્યાન બસાસીરીએ અબ્બાસી ખલીફ સામે બળવો જગાડી બગદાદ ફતેહ કરી, અબ્બાસી ખલીફ કાયમને કેદ કરીને રઇસુર્ રઉસા (વઝીર)ને ગાયની ખાલમાં સીવીને શૂળીએ લટકાવી દીધો અને અબ્બાસી ખીલાફતના ચિન્હ સમા લેખાતા, જામો અમામો, અને સુવર્ણ સિંહાસન કેરો (૧) મોકલાવી, બગદાદને ફાતિમીઓની સત્તા તળે મુકી, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નો ખુત્બો બગદાદની મસ્જિદોમાં ચાલુ કરી દીધો. ખચીત આ બહાદુર બસાસીરીની બગદાદ પર અજોડ માનભરી ફતેહની ઇતિહાસિક ઘટના છે.

હઝરત ઇમામ અઝીઝ અ.ના પ્રથમ શાહઝાદી "સિતુલ મુલ્ક" માટે બંધાવેલા નાના મહેલને કેદી અબ્બાસી ખલીફ માટે "સોનાનું પાંજરૂ" બનાવવા, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ ૨૦ લાખ દીનારો ખર્ચ કર્યા હતા. નીલ નદીના બાબુલ-હદીદ પાસેની "અર્ઝે તબ્બાલા" તરીકે ઓળખાતી જગ્યા આ મહાન ફતેહની યાદમાં તાત્કાલિક પટો રચી દફ સાથે ઇમામની સામે ગાઇ સંભળાવનારને હઝરત ઇમામે બેટ આપી હતી.

બરાબર એક વર્ષ પછી, હિજરી સન ૪૫૧માં તુઘરિલ બેગ બગદાદ આવી પહોંચતાં બસાસીરી સાથે યુધ્ધ કરી તેને કુફા પાસે હરાવ્યો અને અબ્બાસી ખલીફ કાયમને છોડાવીને ફરીવાર તેને બગદાદના સિંહાસને બેસાડ્યો. તુઘરિલ બેગના સૈનિકોએ હિજરી સન ૪૫૧માં ઝીલહજની તા. ૧૫મીને ગુરૂવારે બસાસીરીનો વધ કર્યો અને તેનું મસ્તક આખા બગદાદમાં ફેરવવામાં આવ્યું, તેમજ તેનું શરીર શૂળી પર ચઢાવી "ન્યુબા"ના દ્વાર પાસે લટકાવવામાં આવ્યું. આવી જબરી સત્તા ધરાવનાર બસાસીરી ઉપર તુઘરિલ બેગ સલજુકીએ આ વિજય મેળવવાથી અબ્બાસી ખલીફે તેને સુલતાનની નામસંજ્ઞા અને રૂકનુદ-દૌલાનો ખિતાબ આપી, જે ઇસ્લામી દેશોમાં અબ્બાસી ખલીફના નામની આણ હતી, તે સઘળા મુલ્કોની સંપૂર્ણ હકુમત તેને સોંપી દીધી. જ્યારે અબ્બાસી ખલીફ કાયમે તુઘરિલની ભત્રીજી અરસલાન ખાતુન બિન્તે દાઉદ સાથે લગ્ન કર્યા, વળી તેણે પોતાની પુત્રી સૈયદાના લગ્ન તુઘરિલ સાથે ખુશી રીતે પણ કરી આપ્યા હતા.

## અબ્બાસીઓએ બનાવેલી ખોટી વંશાવળી—યમનમાં ઇમામનો ખુત્બો.

"રવઝતુસ્સફા"માં નિર્દેશ કરવામાં આવ્યો છે કે હિજરી સન ૪૪૬માં એક સિતારો આકાશ પર એવો ઉગ્યો હતો કે જેનું તેજ ચંદ્રમાં જેવું હતું. તેના તેજસ્વી કિરણોથી ઘણા દેશો

૧. ઇતિહાસકારોના જણાવ્યા પ્રમાણે સુલતાન સલાહુદીને મિસર પર ચઢાઇ કરી ત્યારે આ અમામો, જામો વિગેરે તેણે પાછા બગદાદ મોકલી આપ્યા હતા.

પ્રકાશિત થઈ ગયા અને તેની રોશની ઘણા લાંબા સમય પર્યંત રહેવાથી લોકો ઉપર સંકટ આવી પડ્યું છે એમ કેટલાકો માનવા લાગ્યા. હિજરી સન ૪૬૦ "જમાદીલ–અવ્વલ"ની તા. ૬રમીના દિને મિસર અને તેની અતરાફના મુલ્કોમાં મોટો ધરતીકંપ થયો, જેથી સમુદ્રના તળીએ રહેતી માછલીઓ સુધ્ધાં ઉછળીને બહાર આવી પડી અને ઘણા લોકો અન્નવસ્ત્ર વિનાના થઈ પડયા. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ લોકોને મદદ કરવા ઉદાર દિલે પુષ્કળ ધનદોલતની નવાજિશ કરી. આ આવી પડેલી આફતના સમયમાં આ ઉદારતા પ્રજા માટે બહુ રાહતરૂપ થઈ પડી હતી.

એજ વર્ષમાં રાજદ્વારી હરિફાઈના પરિણામે અબ્બાસી ખલીફની સુચનાથી બની–ફાતિમી ઇમામોની એક વંશાવળી તૈયાર કરવામાં આવી, જેમાં અલવીગો મધરિબ અને મિસરના રાજ્યકર્તા છે, પરંતુ તેઓ બની–ફાતિમી હોવાનો દાવો કરે છે તે જુઠો છે, બલ્કે તેઓનો વંશ, મજુસીઓથી જઈ મળે છે, એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બની અબ્બાસના લાગતાવળગતાઓએ આ લખાણ પર સહીઓ કરી હતી અને તેની નકલો દેશપરદેશ મોકલવામાં આવી.

"આસારે મુહમ્મદી" નામના ઇતિહાસમાં જણાવ્યા પ્રમાણે આ ખોટી વંશાવળી યમનના હાકિમ અલી ઇબ્ને મુહમ્મદને મળતાં તેણે અબ્બાસી ખલીફના આ કાર્ય પ્રત્યે તિરસ્કાર દર્શાવી તેનાં કાગળો ફાડી નાખ્યા અને હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની તાબેદારી કબુલ રાખી, અબ્બાસી ખલીફાઓના નામ યમનની ઈબાદતગાહોના ખુત્બામાંથી કહાડી નાખીને બની–ફાતિમી ઈમામનું નામ દાખલ કર્યું. બની ફાતિમીનો પ્રભાવ એ પ્રકારે દિવસે દિવસે વધતો જતો હતો. હરમ શરીફમાં "ખાનએ કાબા"માંથી કાળા રંગનો અબ્બાસી પરદો કહાડીને બની ફાતિમીના સફેદ રંગનો પરદો પહેરાવવામાં આવ્યો હતો, જેના પર હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નું મુબારક નામ નકશ કરવામાં આવ્યું હતું.

## મિસરમાં સાત વર્ષનો ભયંકર દુષ્કાળ.

હિજરી સન ૪૬૦થી ૪૬૭ સુધી મિસરમાં સાત વર્ષ પર્યંત ચાલુ સખ્ત દુકાળ પડવાથી ઘણા પ્રજાજનો ભુખતરસથી મરી ગયા. કેટલાકો દેશત્યાગ કરી નાસી ગયા. ઉત્તર અને દક્ષિણમાં બળવા-ખોરોનું બળ હોવાથી બહારની દુનિયા સાથેનો મિસરનો સબંધ પણ કપાઈ ગયો. લોઅર મિસરમાં બરબરોએ જાણી બુઝીને કરેલી લુંટફાટથી સ્થિતિ બળતામાં ઘી હોમવા જેવી થઈ- પડી. દેશભરમાં મારફાડ ચાલુ થઈ ગઈ, પુલો અને નેહરોનાં બાંધકામ ભાંગી નાંખવામાં આવ્યા. દુશ્મનો પાટનગર અને આજુબાજુના પ્રદેશ કબજે કરવાની દરેક યુકિત શોધી રહ્યા હતા. એ માટે પ્રજાને ભુખે મારવાનો તેમણે ઇલાજ શોધી કહાડ્યો. પ્રજાનો મોટો ભાગ બેકાર થઈ પડ્યો હતો. ધંધારોજગાર તુટી પડ્યા હતા. મોટા મોટા તવંગરો પણ મહોતાજ થઈ પડયા હતા. રાજમાતાએ પણ પોતાના કુટુંબીઓ અને બાનુઓ સાથે કેરોથી જતા રહીને બગદાદમાં આશરો લીધો હતો. આ આફત ઓછી હતી કે વળી દેશમાં મરકી ફાટી નીકળી, જેથી મરણનું પ્રમાણ ઘણું વધી ગયું. પ્રજાજનોના મરણથી મહોલ્લાના મહોલ્લા ખાલી થઈ ગયા. બીજી તરફ સૈન્યને પગાર ચુકવતાં રાજ્યનો ખજાનો પણ પુરો થઈ ગયો, જેને અંગે મહેલમાં રાખેલી કળાકૃતિઓ અને અમુલ્ય વસ્તુઓ સઘળી વેચી નાખીને જે કાંઈ રકમ ઉપજી તે પ્રજાના બચાવ અર્થે ખર્ચી નાખવામાં આવી. એક સમયે ત્રણ લાખ દીનારની કિમ્મતના લીલમ પાંચ સોમાં એક તુર્કીએ ખરીદ કરી લીધા. ૭ લાખ દીનારના ઝવેરાત દર દાગીનાઓ ફકત વીશ હજાર દીનારમાં વેચાણા. આ પ્રકારે ફકત એકજ પખવાડીઆમાં ત્રણ કરોડ દીનારની ૪૩૮ વસ્તુઓ તુર્કી લશ્કરને પગાર ચુકવવા માટે વેચવી પડી હતી. ખજાઓનો સંગ્રહ આશરે સિત્તેર–એંસી

હજારની કિંમતનો, એક મુર્ખ માણસે દેવતા નાખવાથી સળગી ગયો. આ બધામાં કદી ન પુરી શકાય એવી નુકશાની થઇ હોય તો તે ગંજાવર લાઇબ્રેરીની કહી શકાય. જેમાં જગતની સઘળી વિદ્યાઓ અને ઉત્તમ પ્રકારના સાહિત્ય અને શાસ્ત્રોના આશરે એક લાખ પુસ્તકોનો ભંડોળ હતો. જેમાં નામાંકિત લહીયાઓના લખેલા હસ્તલિખિત ગ્રંથોનો પણ સમાવેશ થાય છે. અરબી લુગાતની ૩૦ નકલો પણ હતી. મહાન ઇતિહાસવેતાઓએ લખેલા પુસ્તકો પણ સાથે હતા. આ સઘળા તુર્કી લશ્કરને પગાર ચુકવવા માટે વેંચી નાખવા પડ્યા હતા અથવા લુંટાઇ ગયા હતા. જો કે ઇતિહાસકાર લેન-પુલના જણાવ્યા પ્રમાણે ઇમામની ખાનગી લાઇબ્રેરીના પુસ્તકો બચી જવા પામ્યા હતા. કેટલાક પુસ્તકો બહાર ગામ પણ મોકલી આપવામાં આવ્યા હતા. બની ફાતિમીઓ સાહિત્ય પ્રત્યે કેટલો ચાહ ધરાવતા હતા તેનો ઉલ્લેખ કરતાં એજ ઇતિહાસવેતા જણાવે છે કે આ ગમનાક તબાહી થઇ છતાં બની ફાતિમીઓએ એટલા બધા પુસ્તકો પુનઃ એકઠાં કરી લીધાં હતા કે એક સદી પછી સુલ્તાન સલાહુદ્દીનને તેઓની લાઇબ્રેરીમાંથી એક લાખ વીશ હજાર પુસ્તકો હાથ લાગ્યા હતા. આ દરમ્યાન નાસિરૂદૌલા કેરો ઉપર હુમલો લઇ આવ્યો, જેનો બચાવ તુર્કી સૈન્યે કર્યો હતો. આ સમયે મિસરનો થોડો ભાગ આગ લાગવાથી બળી ગયો હતો અને વિજય પામેલાં સૈન્યે કોઇ આશા સાથે રાજમહેલમાં ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની સેવામાં આવીને જોયું તો ઇમામ તસ્બીહ=માળા ફેરવતા એક ચટાઇ પર બેઠા હતા. ફેવળ ત્રણ ગુલામો એમની હુઝુરમાં હતા. ઉપરાંત રાજમહેલ સરસામાન વગર ખાલી પડેલું હતું અને ઇમામના રોજીંદા ખોરાક માટે જાણીતા વ્યાકરણશાસ્ત્રી ઇબ્ને બાબશાદની ઉદારદિલ પુત્રીઓ રોજ બે પરોઠા મોકલતી હતી તેના પર ઇમામ ગુજરો કરતા હતા.

## બદ્ર જમાલીના હાથમાં સત્તાના સુત્રો-મિસરમાં પુનઃ વ્યવસ્થા અને આબાદી.

"આસારે મુહમ્મદી"ના નિર્દેશ મુજબ એ પ્રકારે સંજોગો અંતિમ હદે પહોંચ્યા પછી હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ સુરીયાના હાકિમ બદ્ર જમાલી ભણી એક ફરમાન રવાના કરી તેને સત્વર હાજર થવા કહેવામાં આવ્યું. આ હુકમ મળતાં વેંતજ બદ્ર જમાલી ઇમામની તહેનાતમાં આવી પહોંચ્યો. તેનું આગમન ખાનગી રાખવામાં આવ્યું હતું. ઇમામ સાથેની મુલાકાતની વાતચીતમાં બદ્ર જમાલીએ અરજ ગુજારી કે રાજ્યના કારોબારની લગામ સંપૂર્ણ રીતે મારા હાથમાં મુકવામાં આવે તો થોડા વખતમાં રાજકારોબાર સુવ્યવસ્થિત રીતે સારા પાયા પર આવે. આથી ઇમામે સઘળી સત્તા બદ્ર જમાલીને સોંપતાં તે વડા પ્રધાન તરીકે સત્તાના સુત્રો હાથમાં લઇને બહાર પડ્યો. તેણે શામથી પોતાના અંગરક્ષક લશ્કર બોલાવી મંગાવ્યા. ઇતિહાસકાર ઓલીયરીના લખવા મુજબ તેણે સૌથી પહેલું કામ કેરોના તુર્કી ગવર્નર "યલ્દિગુઝ"ને બંદીવાન બનાવવાનું કર્યું. તેને અંગે લશ્કરી જોહાકી પર અંકુશ બેઠો અને બીકને લીધે તુર્ક સૈન્યે બદ્ર જમાલીનો સારો સત્કાર કર્યો. તે પછી તેણે બેવફા તુર્કી આગેવાનોને મંત્રણાના બહાને પોતા પાસે તેડાવ્યા અને તે દરેકનું માથું ઉડાવી દેવાનું કામ પોતાના વિશ્વાસુ અફસરોને સોંપ્યું. અગાઉથી કરેલી ગોઠવણ મુજબ તેનું પરિણામ પણ ધાર્યા મુજબ આવ્યું. પરિસ્થિતિને અનુસરી તેને સખ્ત હાથે કામ લેવું પડ્યું હતું. એ રીતે બદ્ર જમાલીએ લશ્કરી દોર પર પોતાનો અંકુશ બેસાડ્યો. તેની આ કામગીરીથી ઇમામે "વઝીર-ઉસ-સયફ-વલ-કલમ"નો માનવંતો લકબ તેને અર્પણ કર્યો. આ ઉપરાંત "કાઝીયુલ-કુઝઝાત" અને "હાદીઉદ-દુઆત"ની પદવી પણ તેને અર્પણ કરી. આ રીતે થોડા વખતમાં કેરોની રાજ્યવ્યવસ્થા ફરી અસલ સ્થિતિ પર આવવા માંડી.

તે બાદ બદ્ર જમાલી સૈન્ય સહિત લોઅર મિસર ભણી રવાના થયો અને માર્ગમાં જે લુંટમાર અને અંધેર ચાલી રહ્યા હતા તે મિટાવી સિંકદીયા પાસે આવી લાગ્યો, જ્યાં થોડી વિરૂધ્ધતા થઇ;

WORLD FAMOUS SEAT OF ORIENTAL LEARNING: THE JAME-AZHAR UNIVERSITY OF CAIRO FOUNDED BY THE FATIMID RULERS OF EGYPT.



ફાતિમી ખલીફાઓએ સ્થાપેલી કેરોની જામએ-અઝહર વિશ્વવિદ્યાલય.
જે આજે પણ મુસ્લિમ કેળવણીનું એક જગમશહુર કેન્દ્રસ્થાન છે.

તેનો તેને મુકાબલો કરવો પડયો. અંતે એ શહેર પણ ઈમામને શરણે આવ્યું. હિજરી સન ૪૬૭ સુધીમાં કેરોના મોટા ભાગમાં=લોઅર મિસરમાં શાંતિ ફેલાવા પામી. ત્યારપછી હિજરી સન ૪૬૮ માં બદ્ર જમાલીએ અપર મિસર ભણી કુચ કરી અને ત્યાંના સુદાની લશ્કરને વિખેરી નાખવામાં તે ફતેહમંદ નિવડયો. આવી રીતે આ ભાગોમાં પણ શાંતિની સ્થાપના કરવામાં આવી. અંતે બદ્ર જમાલીના પ્રયત્ન વડે મિસર ફરીથી સંગીન અને વ્યવસ્થિત બન્યું. વળી આ દરમ્યાન નીલ નદીમાં બે વર્ષથી પાણીનો પ્રવાહ પણ પુષ્કળ આવતાં દેશમાં સુકાળ થયો અને પ્રજા સુખમય જીવન ગુજારવા લાગી.

## "જામેએ અઝહર"માં સુધારા વધારા–ગંજાવર લાયબ્રેરીની સ્થાપના.

મિસરના ભયંકર દુકાળના સાત વર્ષ પસાર થયા પછી સર્વત્ર સુખ શાંતિ અને આબાદીના ચિન્હો નજરે પડવા લાગ્યા કે તરતજ હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ. એ એક ભવ્ય લાયબ્રેરીની સ્થાપના કરી, બની ફાતિમીઓના સાહિત્ય પ્રેમનો એક સુંદર દાખલો બેસાડયો. આ ગંજાવર લાયબ્રેરી તે વખતે જગતમાં હસ્તી ધરાવતી લાયબ્રેરીઓ કરતાં મોટામાં મોટી ધારવામાં આવતી હતી. જેમાં ઈસ્માઈલીઓના હાથે લખેલાં હજારો ગ્રંથો મૌજુદ હતાં, તેનો લાભ સર્વ લોકો છુટથી લઈ શકતા હતા, પરંતુ ઘેર લઈ જવા માટે ખાસ એક ફોર્મ (જુજ) ભરવો પડતો હતો. આ લાયબ્રેરીના વ્યવસ્થાપક વિદ્વાન અબ્દુલ્લાહ આરિફની નિમણુંક કરવામાં આવી હતી. હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ની કેરો ખાતેની લાયબ્રેરીમાં એક લાખ પુસ્તકો હતા, જેમાં ૬૫૦૬ વૈદક અને જ્યોતિષ વિદ્યા પર લખાયલા હસ્તલિખિત ગ્રંથો હતા. ઉપરાંત "રય" માં પણ ચારસો ઊંટો પર લાદી શકાય તેટલા પુસ્તકોની એક સુંદર લાયબ્રેરી પણ હસ્તી ધરાવતી હતી. "દારૂલ-હિકમત"ની લાયબ્રેરીમાં વીસ લાખ પુસ્તકો હતા. સિરીયાના ત્રિપોલીની લાયબ્રેરીમાં ત્રીશ લાખ પુસ્તકો હતા, જેમાં પચાસથી સાઠ હજાર તો ફક્ત કુરાને શરીફની તફસીરો હતી. (૧) "દારૂલ હિકમત" પાછળ પણ બે લાખ સત્તાવન હજાર દીનારનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

ઇતિહાસકારોના કથન અનુસાર, બની ફાતિમીઓનાં કિર્તીસ્થંભ સમાન "જામેએ અઝહરે" પણ આ સમયે સારી પ્રગતી કરી હતી. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. એ કેળવણીની પધ્ધતિ વગેરેમાં ઘણાજ અદ્‌ભુત સુધારા વધારાઓ દાખલ કર્યા. પરિણામે કોલેજમાં શિક્ષણ સંપાદન કરીને સેંકડો વિદ્યાર્થીઓ આદર્શવાદી અને મહાન પુરૂષ તરીકે બહાર આવવા લાગ્યા. વિદ્વાન અધ્યાપકો અને પ્રોફેસરોના હાથ નીચે ઉત્તીર્ણ=પાસ થઈને ડીગ્રીઓ મેળવનારાઓને ઝબ્બાઓ પણ આપવામાં આવતા હતા, જેને "ખફતા" અને "ખલા" કહેતા. જેવી રીતે દુન્યવી શિક્ષણમાં પાસ થએલાઓને ડીગ્રીઓ આપવામાં આવતી હતી તેમ ધર્મ અને ફિલસુફીનું શિક્ષણ મેળવી પાસ થનારને "ગ્રાન્ડ માસ્ટર" તરફથી ખાસ ઉપાધીઓ (ઇલિકાબ) આપવામાં આવતી હતી. આ મહાન કોલેજમાંથી ઘણા ચારિત્રવાન માણસો બહાર આવ્યા જેની કારકીર્દી ઇસ્લામી ઇતિહાસોના પાના પર સુવર્ણાક્ષરે નોંધાયલી છે.

## બદ્ર જમાલીની આગમચેતી.

ઇતિહાસકાર લેન-પુલના ઉલ્લેખ અનુસાર હિજરી સન ૪૬૭ માં જેરૂસલમમાં સલજુકી ગવર્નર અતસીઝે પ્રવેશ કર્યા પછી તે પાંચ વર્ષ સુધી દર વર્ષે દમિશ્કને ઘેરી લેતો હોવાથી અને આજુબાજુના પ્રદેશના પાકનો નાશ કરતા રહેવાના પરિણામે તેમજ બની ફાતિમીના આંખમીંચામણીના સબબે છેવટે હિજરી સન ૪૭૨માં દમિશ્ક શહેર તેણે મેળવ્યું. એ સમયે બની ફાતિમી કમાન્ડર-ઇન-ચીફ

૧ જુઓ શુશ્તરી કૃત " આઉટલાઇન ઓફ ઇસ્લામીક કલચર " પાનું ૧૯૮.

બદ્ર જમાલી પોતાના માલિકની સેવામાં નીલ નદીની ખિણના પ્રદેશો તાબે કરવામાં રોકાયેલો હતો, તેવામાં "અતસીઝ" નામની સરહદ ઓળંગી કેરોની સરહદ પરના "ગીઝા" અને "અલ–અરીશ" સુધી તે વધી આવ્યો, અને તેને અટકાવવા માટે બદ્ર જમાલીએ તેને રાજી કરવાની કોશિશ કરી; પરંતુ સમજુતી નહિ થતાં લડવું પડ્યું, જેમાં દુશ્મનોની હાર થઇ. તેથી અગાઉ બની ફાતિમી પાયતખ્ત કેરોથી સિકન્દ્રીયા લઇ જવા માટે વહાણો તૈયાર રાખવામાં આવ્યાં હતા, કારણ કે પૂર્વના દેશો તરફથી "અતસીઝ"ને પુરતો ટેકો મળ્યો હોત તો બની ફાતિમી કમાન્ડરની એ ધારતી ખરી પડી હોત અને મિસરમાંથી ઇસ્માઇલી રાજઅમલનું પતન એક સદી પહેલાં થયું હોત. ઇતિહાસમાં જેમ બને છે તે પ્રમાણે મિસરમાં શાંતિની સ્થાપના કરીને ફાતિમી લશ્કર છુટું થતાંજ એકદમ દમિશ્ક પર ઘેરો નાખવામાં આવ્યો; પરંતુ સલજુકી સુલતાન મલેકશાહનો ભાઈ તુતુશ હિજરી સન ૪૭૪ માં આવી પહોંચતાં મિસરીઓને પાછા હઠી જવું પડ્યું. પાછળથી અબ્બાસી સુલતાન તરફથી તુતુશને શામનો વાઇસરોય નિમવામાં આવ્યો હતો.

## બદ્ર જમાલીનું અવસાન—તેનો પુત્ર અફ્ઝલ વઝીરપદે.

ઓલીયરી જણાવે છે કે હિજરી સન ૪૭૮ માં તુતુશે હલબ સર કર્યું, તે પછી તેનો ભત્રીજો બર્કયારૂક તેની સામે યુધ્ધમાં ઉતર્યો, જેની સામે તુતુશને કેટલાક સમય પર્યંત લડાઇઓ કરવી પડી હતી; જેમાં છેવટે બર્કયારૂકના સૈન્યના હાથે હિજરી સન ૪૮૬ માં તુતુશ માર્યો ગયો. આ તકનો લાભ લઇ બની ફાતિમી કમાન્ડરે દમિશ્ક પર હાથ નાખ્યો, જ્યાં મહેનત અનુકુળ નહિં પડતાં બની ફાતિમીઓએ "તાયર" અને "અક્કા" પાછા હાથ કર્યા. આ વિજય પછી બદ્ર જમાલીનું હિજરી સન ૪૮૭ માં અવસાન થયું અને તેની પદવીએ તેનો પુત્ર અમીર અબુલ કાસિમ અલ–અફઝલ આવ્યો.

બની ફાતિમી વડા વઝીર બદ્ર જમાલીએ ભારે કુશળતાપુર્વક ૨૦ વર્ષ પર્યંત પ્રધાનપદ ભોગવ્યું હતું. મિસર શહેરને બહારના દુશ્મનોના આક્રમણથી બચાવવા કેરો શહેરની અગ્નિ દિશાએ "જબલ–અલ–જયુશી" નામનું એક પર્વત હતું, તેના ઉપર લોખંડી બાંધકામવાળો એક કિલ્લો પણ તેમણે બંધાવ્યો હતો. આ કિલ્લામાં લડાઇના સમયમાં ઉપયોગમાં આવે તે માટે દારૂગોળો તથા હથીયારોનો એક મોટો જથ્થો રાખવામાં આવ્યો હતો.

એ ઉપરાંત બદ્ર જમાલીએ કેરો શહેરના મુખ્ય ત્રણ દરવાજા "બાબ–ઉઝ–ઝુવૈલા," "બાબ–ઉન–નસ્ર," અને "બાબ-ઉલ-ફુતુહ"ને ચુનાની કારીગિરીથી શોભાયમાન કરી નાદર નમુના જેવા બનાવ્યા હતા જેની કારીગિરીની અત્યારે પણ પ્રશંસા કરવામાં આવે છે.

## ઈમામની માતુશ્રી રાજકારણમાં.

ઇતિહાસકાર ઓલીયરી દર્શાવે છે કે વળી પાછા આપણે શાહી ખાનદાનની એક બાનુની લાગવગ રાજ્યમાં સર્વોપરી થઇ પડેલી જોઇએ છીએ. કેરોમાં અબુ સા'દ એબ્રાહામ અને તેના ભાઇ અબુ નસ્ર સા'દ અઝ–ઝાહિર નામના યહુદીઓ પાસેથી હઝરત ઇમામ ઝાહિર અલી અ. એ એક શ્યામવર્ણી સુદાની કન્યા મેળવી હતી. એ બાનુ પાછળથી હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના માતુશ્રી થવા પામ્યા હતા. ઇમામના રાજ્યઅમલના આરંભના વર્ષોમાં સઘળી દેખરેખ એમના હસ્તક હતી.

ઇતિહાસકાર લેન–પુલ દર્શાવે છે કે, બની ફાતિમી તવારીખમાં ત્રીજી વખતે રાજકારોબારમાં એક બાનુની સર્વોત્તમ સત્તાનો યુગ સ્થપાયેલો આપણે જોઇએ છીએ: ૧. હઝરત ઇમામ અઝીઝ અ. ના

ખ્રિસ્તી મહોરદાર, ૨. હઝરત ઇમામ હાકિમ અબુઅલી અ.ના બહેન અને ૩. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સુદાની માતા જેઓ ઇમામની સગીર વય દરમ્યાન રાજ્યમાં વડપણ ધરાવતા હતા.

## હસન બિન સબ્બાહ.

હસન બિન સબ્બાહ પણ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયમાં એક મહાન વિર પુરૂષ હતા. એમનો જન્મ હિજરી સન ૪૩૨ માં ઇરાનના "રય" પ્રગણાના "કુમ" નામના ગામડામાં થયો હતો. જ્યાં તેમના પિતાએ કુફાથી આવીને વસવાટ કર્યો હતો. તેમનું પુરૂં નામ અલ-હસન બિન અલી બિન મુહમ્મદ બિન જાફર બિન અલ-હુસેન બિન અસ્સબ્બાહ અલ-હુમેરી હતું. યમનમાં પૂર્વકાળમાં રાજ્ય કરી ગયેલા "હુમેરી" વંશના બાદશાહના ખાનદાનના વંશમાંથી તેઓ ઉતરી આવેલા હોવાનું મનાય છે. તેઓને ટુંકમાં "અલ-હુમેરી"ની સંજ્ઞાથી પણ ઓળખવામાં આવે છે. જો કે તેઓ ઉચ્ચ ખાનદાનીનો ખોટી રીતે જરાય ગર્વ લેતા નહોતા અને તેઓ હમેશાં કહેતા હતા કે, પોતાની ઉચ્ચ ખાનદાનીને યાદ કરીને એક નાલાયક પુત્ર તરીકે ફખ્ર લેવા કરતાં ઈમામના એક વફાદાર ગુલામ તરીકે રહેવાનું હું વધારે પસંદ કરૂં છું. (૧.) તેમની સાત વર્ષની વય હતી ત્યારથી તેઓ વિદ્યાભ્યાસ માટે અત્યંત ઘણો શોખ ધરાવતા હોવાથી તેઓએ નિશાપુરની એક મદ્રેસામાં શેખ મૌફિકના હાથ નીચે ઈલ્મ શિખવાનું શરૂ કર્યું. વિશ્વખ્યાતિ મેળવનાર મહાન સુફી ઉમર ખૈયામ અને ખાજા નિઝામુલ-મુલ્ક પણ તેમના સહાધ્યાયી હતા. સતર વર્ષની વય થઈ ત્યાંસુધીમાં તો તેમણે બહોળું વાંચન કરી ઇબ્નુલ અસીરના જણાવ્યા પ્રમાણે ગણિતશાસ્ત્ર, ભુગોળ વિદ્યા, જ્યોતિશાસ્ત્ર, ફિલસુફી વગેરેનો અભ્યાસ કરી લીધો હતે. તેઓ સ્વભાવે મિલનસાર પરંતુ મક્કમ, હિંમતવાન, દિલેર અને અદ્‌ભુત વ્યકિતત્વ ધરાવનારા ચારિત્રવાન પુરૂષ હતા.

## હસન બિન સબ્બાહ ઈસમાઈલી ધર્મમાં.

હસન બિન સબ્બાહ પ્રથમ તેમના પિતાની માફક ઇશ્નાઅસરી ફિરકાના અનુયાયી હતા. પરંતુ બાહોશ ધર્મપ્રચારક હકીમ નાસિર ખુસરૂની તેમના પર અસર થયા પછી તેઓ "રય" ખાતે અમીર દારાબ નામના એક ફાતિમી મિશનરીના સમાગમમાં આવ્યા, જેમના સાથે તેમણે ઘણી લંબાણ મસ્લહતો અને વાદવિવાદ કર્યો. આથી તેમનું હૃદય ડોલવા લાગ્યું છતાં તેઓ એ વખતે અફરજ રહ્યા. ત્યારપછી તેઓ બચવાની આશા ન હોય એવી સખ્ત માંદગીમાં પટકાઈ પડયા. પરંતુ તેમનું હૃદય ઇસમાઇલી ધર્મની શોધખોળ પ્રત્યે ખેંચાયા કરતું હોવાથી, તેઓ સાજા થયા પછી તરતજ બુનજમે સર્રાજ અને મોમિન નામના ઈસમાઈલી મિશનરીઓ, જેઓ ઈરાનના લોકપ્રિય આગેવાન અબ્દુલ મલિક બિન અતાશના હાથ નીચે મિશનરી તરીકેનો અધિકાર મેળવીને ઈસમાઈલી ધર્મપ્રચારનું કાર્ય કરી રહ્યા હતા, તેઓની શોધ કરી, પરિણામે હસન બિન સબ્બાહે મિશનરી મોમિનના હાથ પર બની ફાતિમી ઇસમાઇલી ઇમામની બયઅત કરી. હિજરી સન ૪૬૪ના રમઝાન માસમાં, ઈબ્ને અતાશ, જેમનો પ્રવૃતિનો ઇલાકો ઇસ્ફહાન અને આઝરબાયજાન હોવાથી રય ખાતે આવ્યા, ત્યારે હસન બિન સબ્બાહે તેમની મુલાકાત લેતાં તેઓએ મુબારકી આપીને હસન બિન સબ્બાહને ધર્મમાં આગળ વધવા અને હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના દીદારથી પવિત્ર થવા મિસરના પાટનગર કેરો જવાની સલાહ આપી.

## હસન બિન સબ્બાહ મિસરમાં.

ઇબ્ને અતાશની સલાહ અનુસાર હસન બિન સબ્બાહ હિજરી સન ૪૬૭માં ઇસ્ફહાન ગયા અને ત્યાં ઇબ્ને અતાશના નાયબ તરીકે બે વર્ષ કાર્ય કર્યું. ત્યારબાદ તેઓ આઝરબાયજાન, મયાફારિકીન

૧. લિટરરી હિસ્ટ્રી ઓફ પર્શીયા ગ્રંથ ૨ જો, પાનું ૨૦૧

મોસિલ, રહબા, દમિશ્ક, સાઇડોન, તાયર અને અકકા માર્ગે થઈ, દરિયા રસ્તે મિસર જવા રવાના થયા અને હિજરી સન ૪૭૯માં કેરો આવ્યા, જ્યાં દાઇઉદ-દુઆત બુન્દાઉદે અને અન્ય નામાંકિત વ્યકિતઓએ તેમનો આદર સત્કાર કર્યો. ઇતિહાસકાર ઓલીયરી લખે છે કે હિજરી સન ૪૭૯માં એક ઇરાની મિશનરી હસન બિન સબ્બાહે મિસરની મુલાકાત લીધી તેની પૂર્વે નાસિર ખુસરૂએ લીધેલી મુલાકાત સાથે એનો નિકટનો સંબંધ છે અને હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની વફાત બાદ તરતજ બનેલા બનાવો સાથે મહત્વ ધરાવે છે.

હસન બિન સબ્બાહ મિસરમાં અઢાર માસ રહ્યા હતા. એ દરમ્યાન તેમણે ઇસમાઇલી ધર્મની ફિલસુફીનો અભ્યાસ કરી હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની કૃપા પ્રાપ્ત કરી હતી. જો કે પ્રોફેસર બ્રાઉનના જણાવ્યા પ્રમાણે તેમને અઢાર માસ પર્યંત હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની મુલાકાત થઇ ન્હોતી. કસોટીના તબક્કામાં પસાર થયા પછી 'મુલાકાત' માટે તેઓ વધુને વધુ આતુર થવાથી હઝરત ઇમામે તેમને પોતાની હુઝુરમાં બોલાવી 'મુલાકાત'નું માન આપી આશિર્વાદો આપ્યા અને 'દાઇ'=મિશનરીનો માનવંતો દરજ્જો અર્પણ કરી લોકોને ઉપદેશ આપવાનો હુકમ ફરમાવ્યો.

## વલીઅહદની જાહેરાત—સબ્બાહની અડગતા.

આ વખતે ઇમામતના હકદારની બાબતમાં બે પક્ષો ઉભા થયા હતા; એક પક્ષ ઇમામના વડા પુત્ર હઝરત ઇમામ નિઝાર અ.નો હતો, જ્યારે બીજો પક્ષ તેમના નાના ભાઈ હઝરત મુસ્તેઅલીની તરફેણ કરી રહ્યો હતો. 'જામેઉત-તવારિખ'ના નિર્દેશ અનુસાર, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ હસન બિન સબ્બાહને એક મુલાકાત દરમ્યાન વડા પુત્ર શાહ નિઝાર અ. પોતાના ગાદીવારસ હોવાનું જણાવ્યું હતું, જે ઉપરથી હસન બિન સબ્બાહે કોહિસ્તાનના કિલ્લાઓમાં પોતાના ધર્મપ્રચારનું કેન્દ્ર સ્થાપી ત્યાં હઝરત ઇમામ શાહ નિઝાર અ.ની દઅવત શરૂ કરી હતી.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ પોતાના જીવનકાળ દરમ્યાન હઝરત શાહ નિઝાર અ.ને પોતાના 'વલીઅહદ' અને પોતાની બાદ બની ફાતિમી સલતનતના માલિક તરીકે વિધિસર જાહેર કરી અને પોતાના રાજ્ય વિસ્તારના પ્રાંતિક ગવર્નરોને રીતસર આ બાબતની ખબર આપી. આથી હસન બિન સબ્બાહ પોતાની સઘળી લાગવગ શાહ નિઝાર માટે એકઠી કરવા લાગ્યા. જ્યારે બીજી બાજુ રાજ્યના વડા વઝીર તથા સિપેહસાલાર બદ્રુલ જમાલીએ, મુસ્તેઅલીનો પક્ષ લઇ હિલચાલ શરૂ કરી દીધી. એક વેળા હસન બિન સબ્બાહે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની હુઝુરમાં, વડા વઝીરની હઝરત શાહ નિઝાર અ.ની વિરૂધ્ધની હિલચાલ બાબતમાં નિવેદન કરતાં, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ તેમને પોતાની સચ્ચાઈ પર કાયમ રહેવા માટે ધન્યવાદ આપી ફરમાવ્યું કે:- "તું હઝરત ઇમામ નિઝાર અ.ની તરફદારીમાં અડગ રહેજે."

## મિસરથી રવાનગી—આલમુત વસાવ્યું.

હસન બિન સબ્બાહની હિલચાલ પરથી બદ્ર અને રાજ્યના અન્ય અધિકારીઓના મનમાં શંકા ઉત્પન્ન થતાં, નડતર રૂપ માની, હસન બિન સબ્બાહને પકડીને દરિયા કિનારે આવેલા 'દુમીયાત'ના એક ખંડિયેર કિલ્લામાં ગુપ્ત રીતે કેદ કર્યો. છતાં હસન બિન સબ્બાહ નાહિંમત ન થયા. 'મુનાજાત' અને આત્મબળના પરિણામે કિલ્લાની દિવાલો ચમત્કારિક રીતે એકાએક તુટી પડતાં, હસન બિન સબ્બાહ અજાયબી

વચ્ચે છુટકારો પામીને, હઝરત શાહ નિઝાર અ.ની અન્ય મુલકોમાં "દઅવત" કરવાનું યોગ્ય ધારી, મિસર છોડી, વહાણમાં બેસીને હિજરી સન ૪૭૨ના રજબ માસમાં સિકન્દ્રીયા તરફ રવાના થયા. ત્યાંથી આગળ વધતા સિરિયાના કિનારે તેમનું વહાણ ખરાબે ચડ્યું, જેથી પગ વાટે હલબ, બગદાદ અને ખુઝીસ્તાન માર્ગે હિજરી સન ૪૭૩ના ઝીલહજ્જ માસની આખરીએ ઇસ્ફહાન પહોંચ્યા. ત્યાર-પછી તેમણે યઝદ, કિરમાન, તબ્રિસ્તાન, દમગાન અને ઇરાનના અન્ય સ્થળોએ જઇ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. અને તેઓશ્રીના વડા પુત્ર અને વલીઅહદ શાહ નિઝાર અ.ની દઅવત કરી, ઇસ્માઇલી ધર્મનો પ્રચાર કર્યો. જેમાં તેમને ઘણી સફળતા મળી. ઇરાક અને આઝરબાયજાનની પ્રજાને મોટી સંખ્યામાં ઇસ્માઇલી નિઝારી મઝહબનું શિક્ષણ આપવામાં તેઓ વિજયી નિવડયા. આખરે તેમણે પોતાની હિંમતના પ્રતાપે હિજરી સન ૪૮૩માં રૂદબાર પરગણામાં આવેલા 'આલમુત' (આલુહ આમુત)ના પર્વત પર સત્તા જમાવી દીધી. જ્યા તેમને એક નરવીર તરીકે હવે પછી ઇતિહાસમાં અમર થયેલા આપણે જોઇશું.

## દાઇએ આ'ઝમ અબ્દુલ મલિક બિન અત્તાશ.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ રાજકારણમાં અને પ્રજાની સુખસલામતીના માટે અનેક સુધારાવધારાઓ કર્યા ઉપરાંત ઇસ્માઇલી ધર્મનો પ્રચાર કરવાની બાબતમાં પણ ઘણી સુંદર વ્યવસ્થાઓ કરી હતી. મિસર એ "દઅવત" ધર્મપ્રચારનું મુખ્ય મથક હતું, અને ત્યાં ઘણાં આગે-વાન વિદ્વાન મિશનરીઓ બિરાજતા હતા. છતાં ઇસ્લામી અને ગેર–ઇસ્લામી રાજ્યના અનેક ભાગોમાં ખાનએ દઆવત=મિશનગૃહો સ્થાપી નાના મોટા ઇસમાઇલી મિશનરીઓ મારફતે ધર્મનો સારી રીતે ફેલાવો કરી અને સામાન્ય પ્રજા પણ ઇસ્માઇલી મઝહબથી પાવન થઇ શકે તેટલા માટે દરેક પ્રકારની બનતી કોશિશો પણ કરી રહ્યા હતા. મિસર પછી અગત્યનું મથક ઇરાન થવાનું હોવાથી, ઇરાનના જુદા જુદા પરગણામાંના લગભગ દરેક સ્થળે મિશનરીઓ ફેલાયલા હતા. હકીમ નાસિર ખુસરૂ ખુરા-સાન પરગણાના મુખ્ય વડા મિશનરી હતા, જ્યારે ઇરાનના લોકપ્રિય વિદ્વાન અને તિક્ષ્ણ અભ્યાસી "દાઇએ આઝમ," મિશનરી અબ્દુલ મલિક બિન અત્તાશ ઇસ્ફહાન અને આઝરબાયજાન પરગણાઓ અથવા ઇરાકે અજમ માટે પ્રચારની સઘળી કાર્યવાહી માટે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. તરફથી વડા મિશનરી તરીકે નિયુક્ત થયેલા હતા. તેઓ હરહમેશાં દઅવતને લગતા સમાચાર ઇમામની હુઝુરપુરનુરમાં મોકલાવતા હતા. ઇરાનમાં તે સમયે સલજુકી વંશનાં તેમજ અન્ય વંશના રાજાઓ રાજ્ય કરતા હોવાથી, રાજકીય દ્રષ્ટિએ બની ફાતિમી ખલીફાઓની સત્તા તેમના પર હતી નહિ, છતાં સાધારણ રીતે, એક શહેરી કે પ્રવાસી તરીકે ઇસમાઇલી મિશનરીઓ તથા નકીબો જુદા જુદા લોકોનાં સમુહમાં ભળી જઇ ધર્મચર્ચા કરતા હતા. એમના પ્રભાવથી લોકોનું મન તેમના પ્રત્યે ખેંચાતું હતું. જેઓ વિશ્વાસ લાવતા હતા, તેઓને તે પછી ધર્મસ્થાનમાં લાવવામાં આવતા હતા અને ત્યાં તેઓને ઇસમાઇલી ધર્મની ફિલસુફીનો અભ્યાસ કરાવવામાં આવતો હતો. આ ઊંડુ જ્ઞાન ધરાવતા નિષ્ણાંત ઇસમાઇલી મિશનરીઓની પરહેઝગારી, નિખાલસતા, વફાદારી, એકનિષ્ઠા–ભક્તિભાવ અને કાર્યદક્ષતાની પ્રોફેસર બ્રાઉન જેવા મહાન ઇતિહાસકારો પણ પ્રશંસા કર્યા વગર રહી શકયા નથી.

## મશહુર કિલ્લા ઇસ્માઇલીઓના કબજામાં.

શેખ અબ્દુલમલિક અત્તાશ કેવળ મિશનરીઓના વડાજ હતા એટલુંજ નહિ બલ્કે રાજ-કારણમાં પણ પાવરધા હતા, તેને અંગે ઇસ્માઇલી રાજકીય અસર પણ તેમનાં હાથે દાખલ થઈ. ઇસ્ફહાનમાં આવેલો "દીઝકુહ" નામનો કિલ્લો મલેકશાહે બંધાવી તેને સ્વર્ગ સમાન બનાવ્યો

હતો અને એ કિલ્લામાં બાદશાહી ખજાનો તથા લડાયક સરસામાનનો મોટો જથ્થો રહેતો હતો. આ પ્રદેશમાં પોતાનું બળ વધારીને અબદુલમલિક અત્તાશે તે સર કર્યો. "દસ્તેગોર" નામના સ્થાનમાં તેઓએ એક ઈસ્માઈલી "ખાનએ દઅવત"=મિશનગૃહ સ્થાપ્યું; જ્યાં સતત મહેનતના પરિણામે તેમનાં હાથે ૩૦,૦૦૦ લોકો ઈસ્માઈલી મઝહબમાં પણ દાખલ થયા.

હિજરી સનની પાંચમી સદીની શરૂઆતમાં ઈરાનમાં ઈસ્માઈલી બળ વૃધ્ધિંગત થવા પામ્યું હતું, તે અરસામાં અબદુલમલિક અત્તાશ "સીરીયા"ના મશહુર કિલ્લાઓ "કાદમોરા" અને "બાન-બાસ" વગેરે કબ્જે કર્યા. એ ઉપરાંત ઈરાનમાં "શાહદીઝ" કે "દીઝકુહ" નામના કિલ્લાની પેઠે શેરકુહ, તાબીસ, ખુરખુસ્ફ, કાઇન, ખાલન્જાના, કુલ્લાતુન્નાઝર નામના ઈરાની હદમાં આવેલા પુષ્કળ મશહુર કિલ્લાઓ પોતાની સત્તા તળે આણ્યા. એ સમયે ફરીથી ઈસ્માઈલીઓના બળમાં વધારો થયો. અબદુલમલિક અત્તાશના પ્રયાસથી ઈરાનમાં અમીર ઉમરાવો ઈસ્માઈલી થયા એટલુંજ નહિ પણ સલજુકી રાજાના કુંવરોના દિલ પર પણ ઈસ્માઈલી મઝહબની અસર થવા પામી હતી એમ ઈતિહાસકારો જણાવ્યા વગર રહી શકયા નથી.

આ "દીઝકુહ"નો કિલ્લો એકવાર હાથમાંથી ખોયા પછી પાછો મેળવવા મલેકશાહ ભારે પ્રયત્નો કરી ઘણી લડાઈઓ લડયો. અંતે લડાઈમાં અબ્દુલમલિક અત્તાશ કેદ થઈ જવાથી તેમને મલેકશાહે ફાંસીની સજા કરી. તેમની પાછળ તેમના પુત્ર અહેમદ અત્તાશ આવ્યા. "દીઝકુહ"નો કિલ્લો ઈસ્માઈલીઓના હાથમાંથી જતો રહ્યો, પરંતુ ઈસ્માઈલી મઝહબની અસરમાં તેથી કાંઈ ઘટાડો થવા પામ્યો નહિ.

## મહાન તત્વજ્ઞ કવિ ઉમર ખૈયામ.

તત્વજ્ઞાની ઉમર ખૈયામ પણ હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયના એક મહાન ઈસ્માઈલી ફિલસુફ અને કવિ હતા. તેઓ નિશાપુરના વતની હતા અને તેમનો જન્મ હિજરી સન ૪૦૮માં નિશાપુરની નઝદીક આવેલા એક ગામડામાં થયો હતો. એમનું પુરૂં નામ ગયાસુદ્દીન અબુલફતેહ ઉમર હતું. (૧) અલ-કિફ્તી કૃત "તારીખુલ-હુકમા" અને નિઝામીએ અરૂઝી સમરકંદી કૃત "ચહાર મકાલા"માં દર્શાવ્યા પ્રમાણે તેમના પિતાશ્રીનું નામ ઈબ્રાહીમ હતું. તેમનું કાવ્યનામ "ખૈયામ" છે, તેના સંબંધમાં કહેવામાં આવે છે કે, તેમના પિતા અને દાદા તંબુ બનાવવાનું કાર્ય કરતા હતા. અરબી ભાષામાં તંબુને "ખયમાહ" કહેવામાં આવે છે. અને ખયમાહ=તંબુઓને બનાવનારને "ખૈયામ" કહેવામાં આવે છે. ખૈયામે પોતાના વડીલોના ધંધા ઉપરથી પોતાનું કાવ્યનામ 'ખૈયામ' રાખેલું હોવાનું મનાય છે. તેઓએ એક સ્થળે પોતાની 'રૂબાઈ'માં "ખૈયામ કે ખયમહાએ હિકમત મી દુખ્ત અર્થાત ખૈયામ હિકમતના તંબુઓ બનાવે છે કિંવા તત્વજ્ઞાનના રહસ્યો ગુંથે છે" લખ્યું હોવાથી 'ખૈયામ' કાવ્યનામ આ ફિલસુફીને અનુસરીને તેમણે રાખ્યું હોય એ વધુ સંભવિત લાગે છે.

ઉમર ખૈયામના વંશ તથા ગૃહજીવન વિષે સામાન્ય રીતે ઘણી ઓછી માહિતી મળે છે, તો પણ ચારિત્રકાર દૌલતશાહ તથા "આતિશકદા"ના કર્તાના જણાવ્યા પ્રમાણે શાહપુર બિન મુહમ્મદ નિશાપુરી 'અશહરી' ખૈયામના વંશમાંથી ઉતરી આવ્યા હતા. આ શાહપુર ઝહીરૂદીન ફારયાબીનો શિષ્ય હતો અને

---

૧ મૌલાના શિબ્લી નોઅમાનીએ પોતાના પ્રસિધ્ધ ગ્રંથ "શેરૂલ અજમ"માં તેમનું નામ "અમરૂ" દર્શાવ્યું છે, પરંતુ તારીખુલ હુકમા, ચહાર મકાલા તથા ઇન્સાઇક્લોપિડિયા બ્રિટાનીકા અને એ સિવાયના સર્વે ગ્રંથોમાં "ઉમર"જ લખ્યું છે

સુલતાન મુહમ્મદ તગલખના શાસનકાળમાં "મન્સબે ઇન્શા" લેખ વિભાગ તેના હસ્તક હોઇ તે સાહિત્ય ખાતાનો પ્રમુખ હતો.

ખુરાસાન પરગણામાં નિશાપુર એક પુરાણું અને વિખ્યાત નગર હતું અને એ સમયે વિદ્યા અને સાહિત્યનું મુખ્ય કેન્દ્ર પણ હતું. ખ્વાજા મૌફિક એ સમયના એક મહાન વિદ્વાન પ્રોફેસર હતા. તેમની જાણીતી મદ્રેસામાં ઉમર ખૈયામે સિધ્ધાંતશાસ્ત્ર, હદીસ, તર્કશાસ્ત્ર, ફિલસુફી, ઇતિહાસ, વિજ્ઞાન, નજુમ, ખગોળ, વગેરેનું ઉચ્ચ શિક્ષણ સંપાદન કર્યું હતું.

ત્યારબાદ તેઓ દુનિયાના રણક્ષેત્રમાં બહાર આવ્યા. પરંતુ તેમને જગતજંજાળો અને દુન્યવી પ્રવૃત્તિઓ તરફ અભાવ થઈ જતાં તેઓ નિવૃત્ત રહેવાનો ઇરાદો કરી, પોતાનો સઘળો વખત એકાંતમાં રહી, સાહિત્ય અને અભ્યાસની રોકાણમાં ગાળતા હતા. તેમણે ઘણાં પુસ્તકો રચ્યાં છે. સઘળામાં અધિકતર વિખ્યાત એમની રૂબાઇઓ છે.

## ખૈયામના ધર્મ વિચારો અને ફિલસુફી.

ઉમર ખૈયામના ધાર્મિક વિચારો વિષે અવલોકન કરતાં સ્પષ્ટ જણાઇ આવે છે કે તેઓ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના ગૌરવભર્યા યુગમાં "હુજ્જતે ખુરાસાન" તરીકે વિખ્યાત થયેલા મહાન મિશનરી હકીમ નાસિર ખુસરૂની મૈત્રી અને સહવાસમાં આવીને ઇસ્માઇલી મઝહબ અંગીકાર કરી, ઇસ્માઇલી રંગે રંગાયલા હતા. તેઓએ પોતાના ઇમામની પ્રશંસામાં એક કાવ્યમાં લખ્યું છેઃ-

"મારા અંતરાત્મામાં (મૌલાના) મુસ્તનસિર બિલ્લાહ અ.ના દિદાર રૂપી જન્નતનું ચિત્ર આત્માને પવિત્ર કરનાર છે."

(મૌલાના) મુસ્તનસિર બિલ્લાહ અ.ની કૃપાની ઉમેદ સિવાય મને અન્ય કોઇપણ વસીલાની જરૂરત નથી, મારો વસીલો મુસ્તનસિર બિલ્લાહ અ.ની ઝાત છે."

"જ્ઞાનચક્ર" નામના સાઇકલોપિડીયાનાં ચોથા વોલ્યુમમાં દર્શાવવામાં આવ્યું છે કે ઉમર ખૈયામ ઇસ્માઇલી ધર્મ પાળતા હતા. તેઓએ મિસરનાં મહાન ફાતિમી ખલીફ હઝરત ઇમામ મુસ્તનસિર-બિલ્લાહ અ.ની પ્રશંસામાં એક કસીદો લખ્યો છે, તેના મક્તા (અંતિમ કાવ્યચરણ)માં નાસિર ખુસરૂ નામના મિશનરીના હસ્તે ઇસ્માઇલી ધર્મ સ્વીકાર્યાનું જણાવ્યું છે. તેમના મનની વલણ રોમન તત્વજ્ઞાન તરફ વધારે હતી. બની ફાતિમીઓની મિસર ખાતેની મહાન "દારૂલ હિકમત"માં પ્લેટો, એરિસ્ટોટલ અને પિથાગોરસના રચેલા ફિલસુફીના પુસ્તકો જે અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલા હતા, તેનું જ્ઞાન ઉમર ખૈયામે ઇમામની મુલાકાત પછી મેળવ્યું હતું. તેમને "ખ્વાજએ હુજ્જતુલ હક્ક"નો માનવંતો ખિતાબ પણ મળ્યો હતો.

ઉમર ખૈયામ પોતાના સમયના એક મહાન પુરૂષ હતા અને તેમની પ્રતિષ્ઠા અને મોભો પણ આલા દરજ્જાનો હતો. અનેક વિદ્વાનો તેમની મિત્રતામાં પોતાનું ગૌરવ સમજતા હતા. અમીરોના હૃદયોમાં પણ તેમનું વિશિષ્ટ સ્થાન હતું. "ચહાર મકાલા"ના કર્તા નિઝામીએ અરૂઝી સમરકંદી જેઓ ખૈયામના સમકાલીન વિદ્વાન હતા, તેઓ તેમને હંમેશા "ખ્વાજએ હુજ્જતુલ હક્ક"ના લકબથી સંબોધતા હતા. ફિલસુફોના જીવનચરિત્રનું પુસ્તક "તારીખુલ હુકમા" નામના અરબી પુસ્તકના કર્તા અલ-કિફ્તીએ ખૈયામને યુનાની ફિલસુફીના "ચેમ્પીઅન" અર્થાત "એક્કા" તરીકે જણાવ્યા છે જ્યારે "નુઝહતુલ-અરવાહ"

ના કર્તા શહરઝુરીએ ઉમર ખૈયામ વિષે અલ-કિફતી કરતાં વધુ સારા પ્રમાણમાં વર્ણન કર્યું છે, તેણે ઉમર ખૈયામને મહાન ઈસ્માઈલી ફિલસુફ હકીમ "અબુ અલી સીના"ના (૧) એક શિષ્ય હોવાનું જણાવ્યું છે. તદુપરાંત તે જણાવે છે, કે તેમની યાદશક્તિ એટલી સરસ હતી કે તેઓ ઇસ્ફહાન ખાતે કોઈપણ પુસ્તક સાત વખત વાંચ્યા બાદ નિશાપુર આવીને એ પુસ્તક શબ્દે શબ્દ લખી શકતા હતા.

## પુનર્જન્મનો સિદ્ધાંત.

"તારીખે અલ્ફી" તથા અન્ય ઘણાં પુસ્તકો પરથી જણાય છે કે સુરી ઉમર ખૈયામ "મસઅલએ તનાસુખ"–Doctrine of Metempsychosis–અર્થાત પુનર્જન્મના સિદ્ધાંતમાં માનતા હતા. એક સમયે નિશાપુરમાં એક પુરાણી મદ્રેસાનું સમારકામ ચાલતું હતું, તે સમયે ગધેડાઓ પર માટી, ઈંટ વગેરે લાદીને લાવવામાં આવતી હતી. એ બાંધકામ ચાલતું હતું તે દરમ્યાન એક સમયે સુરી ઉમર ખૈયામ પોતાના વિદ્યાર્થીઓ સહિત ત્યાંથી પસાર થયા. તેવામાં એક ગધેડો પેલી મદ્રેસાના દરવાજામાં કોઈ રીતે દાખલ થતો ન્હોતો. એ નિહાળી ખૈયામે મંદહાસ્ય કરતાં, ગધેડા પાસે જઈને તાત્કાલિક રૂબાઈ રચી તેમાં કહ્યું:-

> "હે ! તું (આ નાશવંત જગતમાંથી) કુચ કરી ગયો હતો અને પાછો પશુ થઈને આવ્યો છે. તારૂં નામ સુધ્ધાં મનુષ્યત્વમાંથી ગુમ થયું છે. તારા સઘળા નખો એકઠા થઈ તેની ખરીઓ થઈ છે, તારી દાઢી, તારી પીઠ પછવાડેની પુછડી બની છે."


આ રૂબાઈ સાંભળી ગધેડો તરતજ મદ્રેસાની અંદર દાખલ થઈ ગયો. શિષ્યોએ અજાયબી પામીને ખુલાસો પુછતાં ખૈયામે જણાવ્યું કે તે ગધેડો મદ્રેસામાં અગાઉ મુલ્લાંગીરી કરતો હતો અને તે મરણ પામ્યા પછી ગધેડો થઈ અવતર્યો હોવાથી શરમના માર્યે તે અંદર દાખલ થતો ન હતો, પરંતુ મારી રૂબાઈ સાંભળ્યા પછી તે જાણી ગયો લોકો તેને ઓળખી ગયા છે તેથી તે એકદમ અંદર દાખલ થઈ ગયો.

આ પ્રકારની ફિલસુફી અને તત્વજ્ઞાનથી તેમજ "ઇશ્કે હકીકી"થી છલોછલ ભરેલી રૂબાઈઓ ઉમર ખૈયામે રચી અને પોતાની અનુપમ અને અનોખી શૈલીના પોશાક વડે તેને શણગારી છે. પરંતુ કેટલાકો તેનું ખરૂં આંતરિક રહસ્ય ન સમજતા હોવાથી માશુક, સુરાહી, સાકી, શરાબ, જામ ઇત્યાદી રૂપક માર્મિક શબ્દોને "ઇશ્કે મિજાઝી"ની ભાવનામાં લઈને તેનો ગેરઉપયોગ કરે છે. જો કે ખૈયામનું નામ યુરોપના ઓરિએન્ટલ સાહિત્યકારો દ્વારાજ અતિશય મશહુર થયું છે. તેમની રૂબાઈઓ પશ્ચિમના સુધરેલા દેશોમાં પણ ભારે રસ સહિત વાંચવામાં આવે છે. કેટલેક ઠેકાણે તો "ખૈયામ કલબો" પણ સ્થાપવામાં આવેલી છે. તેમજ અન્ય સંસ્થાઓ સાથે પણ ખૈયામનું નામ જોડાયલું જોવામાં આવે છે.

તેમની વફાત વિષે શહરઝુરી કૃત "નુઝહતુલ-અર્વાહ" તેમજ "ફિરદૌસુત-તવારિખ"માં દર્શાવ્યા પ્રમાણે તેઓ ઈસ્માઈલી ફિલસુફ હકીમ અબુ અલી સીનાનું પુસ્તક "શિફા" જેનું તેઓ અવારનવાર અવલોકન કરતા હતા, તેમાંનું વહેદત-એકત્વ અને કસરત-બહુત્વનું પ્રકરણ તેમને હૈડે ચોંટી રહ્યું હોવાથી વારંવાર વાંચન કરી રહ્યા હતા. આ પુસ્તકના બે પાના બાકી રહી ગયા હતા, જેની વચ્ચે પોતાની દાંત કોતરવાની સળી મુકી પોતાના મહેબુબની બંદગીમાં મશ્ગુલ થઇ, છેલ્લી વસિયત કરી સિજ્દામાં ગયા અને ખુદાની પ્રશંસા કરતાં કરતાં એમની રૂહ પરવાઝ કરી ગઈ, તેમના અંતિમ ઉદ્ગારો આ પ્રમાણે

૧. હકીમ અબુ અલી સીનાના વર્ણન માટે જુઓ પાનું ૧૮૭

A view of Dargah of PIR SYED NURUDDIN at Navsari in Gujrat. He was the first Ismaili Missionary that came to India



ગુજરાતમાં નવસારી ખાતે **સૈયદ પીર નુરૂદીન ઉર્ફે સતગુરનુરની** દરગાહનો દેખાવ, જેઓ હિંદમાં આવનારા પહેલા ઇસ્માઇલી નિઝારી મિશનરી હતા.

(જુઓ પાનું ૨૧૫)

હતાઃ- "હે ખુદા! ખચીત મેં મારી શક્તિના પ્રમાણમાં તને ઓળખવાનો પ્રયાસ કર્યો છે, માટે મને ક્ષમા કરજે, કારણ કે જેટલું હું તારા વિષેનું જ્ઞાન ધરાવું છું તે તારી પાસે પહોંચવાનું (ફકત) મારૂં સાધન છે."

ઉમર ખૈયામનું અવસાન હિજરી સન ૫૨૭માં નિશાપુર ખાતે થયું હતું. એ સમયે ઇમામતની મસનદ ઉપર હઝરત ઇમામ શાહ હાદી અ. બિરાજતા હતા. જેમનું મથક આલમુતના કિલ્લામાં હતું. જ્યાં બની ફાતિમી રાજ્ય પીર હસન બિન સબ્બાહે પુનઃ સ્થાપ્યું હતું.

## પીર સૈયદ નુરૂદીન (રહે.)

મહાન વીરનર હસન બિન સબ્બાહના વૃતાંતમાં પ્રથમ આપણે જાણી શકયા છીએ કે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયમાં ઇમામતના હકદારની બાબતમાં બે પક્ષો ઉભા થયા હતા. એટલુંજ નહિ પરંતુ દુશ્મનો હઝરત મૌલાના શાહ નિઝાર અ.ની સખત વિરૂધ્ધતા કરી રહ્યા હતા. આ સંજોગો વચ્ચે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ સૈયદ નુરૂદીન ઉર્ફે પીર સતગુર નુર (રેહ.) ને હઝરત મૌલાના નિઝાર અ.ના પક્ષધર તરીકે અને હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. અને "ઇમામત"ની ગાદીના વારસ હઝરત ઇમામ નિઝાર અ.ની દઅવત કરવા અર્થે હિજરી સન ૪૬૨માં હિંદુસ્તાન ભણી મોકલ્યા હતા. હઝરત સૈયદ નુરદીન (રેહ.) હઝરત ઇમામ જાફર સાદિક અ.ની ઓલાદમાંથી ઉતરી આવેલા બની ફાતિમી ખાનદાનના નબીરા હતા. તેઓ હિંદુસ્તાનમાં આવનારા પહેલા ઇસ્માઇલી નિઝારી મિશનરી હતા."

## પીર સૈયદ નુરૂદીન હિંદુસ્તાનમાં.

હઝરત સૈયદ નુરદીન (રહે.) હિંદુસ્તાનમાં પધાર્યા પછી તેઓએ તરતજ હિંદુઓની માન્યતાઓ, રહેણીકરણી અને તેઓના ધર્મનો બારીકાઇથી અભ્યાસ કરી, વેદ, પુરાણ, ગીતા અને સ્મૃતિઓનાં અહેવાલ જાણી, એ યુગના તત્વની નવીન સ્વરૂપે વ્યાખ્યા કરી, શ્રધ્ધાળુઓના અંતઃકરણોપર અસર કરે એવા, હિદાયતથી ભરપુર "જ્ઞાનો" કિંવા બોધકાવ્યો રચીને "ઇમામે ઝમાન"ની.તેમણે દઅવત શરૂ કરી દીધી.

. સૈયદ નુરદીન શાહ ઉર્ફે પીર સતગુર નુર ગુજરાતમાં ફરતાં ફરતા એક દિવસે પાટણ પધાર્યા જ્યાં એક મંદિરનો પુજારી પ્રેમથી મુર્તિની પુજા કરી રહ્યો હતો. તેમના પર તેમણે પ્રથમ દઅવતનો અખતરો અજમાવ્યો અને આત્મજ્ઞાનના બળે સૈયદ નુરદીને કેટલાક ચમત્કાર દેખાડયા. એ ચમત્કારો જોઇ પુજારી રાજા સિધ્ધરાજ પાસે દોડતો ગયો અને સઘળી હકીકત કહી સંભળાવી; પરિણામે સિધ્ધરાજ પોતાના અબધુત રૂપિ કાનીપા યોગી અને દરબારીઓ સાથે મંદિરમાં આવી પહોંચ્યો. અહિં કાનીપા યોગીએ સૈયદ નુરદીન સામે "ચેલેન્જ" ફેંકી, જે તેઓએ સ્વીકારીને મંદિરની એક મોટી મુર્તિને હુકમ કરતાં પાસેના તળાવમાંથી તે એક છાગળમાં પાણી ભરી લાવી. કાનીપો યોગી આ કરામત જોઇને સ્તબ્ધ થઇ ગયો. સૈયદ નુરદીનનો આ ચમત્કાર જોઇ ક્ષત્રી, વાણીયા, કણબી, બ્રાહ્મણ, વિગેરે અઢારે જ્ઞાતિના લોકો "ઇસમાઇલી" થઇ હઝરત નિઝાર અ.ની દઅવત તેઓએ કબુલ કરી અને રાજાને પણ તેમાં વિશ્વાસ આવ્યો.

નવસારી જીલ્લામાં ધારાનગરી નામના ગામમાં સુરચંદ નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની પાલણદે નામની સૌંદર્યવાન કન્યા હતી. તે મનગમ્યો વર મેળવવા વ્રત પાળતી હતી. પરિણામે કેટલાક અચંબાભર્યા તેમનાં કાર્યો જોતાં પોતાને યોગ્ય વર સૈયદ નુરદીન લાગતાં કુંવરીએ તેમની સાથે 'ઘડીઆ લગ્ન' કર્યાં. જેથી રાજાએ કુંવરીને ઘણું કન્યાદાન આપ્યું.

પીર નુરૂદીન રેહ.ના પ્રથમવારના આગમન સંબંધી કેટલીક મતભેદ જોવામાં આવે છે, પરંતુ ઇતિહાસિક સાબિતિઓ પરથી સિધ્ધ થાય છે કે તેઓશ્રી ગુજરાતમાં પધાર્યા તે સમયે સિધ્ધરાજ જયસિંહનો રાજઅમલ હતો. "તારીખે જોહરે ઓલિયા" નામના પુસ્તકમાં લખ્યું છે કે "સૈયદ નુરમહમદ (નુર સતગુર) મશહૂર સૈયદ સાદાત કે જેઓનો રોઝો નવસારીમાં છે, તેઓ સિધ્ધરાજના સમયમાં હિંદુસ્તાનના પ્રસિધ્ધ શહેર પાટણમાં પધાર્યા હતા અને સિધ્ધરાજને પોતાના પવિત્ર મઝહબથી મુશર્રફ કર્યા હતા. પીર ઘણી બુઝુર્ગીવાળા અને કરામત ધરાવનારા હતા.

"ધિ પ્રિચીંગ ઓફ ઇસ્લામ" નામના પુસ્તકમાં લખ્યું છે કે પીર સતગુર હિન્દુસ્તાનમાં પધાર્યા તે વખતે રજપુત રાજા સિધ્ધરાજ જયસિંહ રાજ કરતો હતો. "તારીખે નવસારી" નામના ગ્રંથમાં પીર નુરૂદીન માટે જણાવવામાં આવે છે કે હિન્દુસ્તાનના સઘળા પીરોમાં મુખ્ય પીર સૈયદ સાદાત છે. એ પીર એક અરબ 'વલી' હતા.

સૈયદ નુરૂદીન ઉર્ફે સતગુર નુરની વફાત દગાના પરિણામે થઇ હતી. એના કારણરૂપ "ચાંચ" હતો. એમની વફાત હિજરી સન ૪૮૭માં નવસારી મુકામે થઇ હતી. એમના હાથે હિંદુસ્તાનમાં અનેક લોકો "ઇસ્માઇલી" બની "ઇમામ"ને ઓળખી સતપંથ ધર્મનો માર્ગ લીધો હતો. હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની વફાત પણ એજ વર્ષમાં થઇ હતી. સૈયદ નુરૂદીન શાહનો રોજો નવસારી ખાતે છે.

પીર સતગુર નુરને, સૈયદ નુરૂદીન રહે. પીર નુર સતાગર સૈયદ સાદાત અને સૈયદ નુરમહમદ વગેરે નામોથી પણ હિન્દુસ્તાનની પ્રજા ઓળખે છે. એમનાં રચેલાં શાસ્રોમાં "પીર સતગુર નુરના પુતળાં," "પરિબ્રહ્મ વરને પુજો" ઉપરાંત બીજા સેંકડો જ્ઞાનો કિંવા બોધકાવ્યો રચેલાં છે, જેમાં મુર્તિપુજા ત્યજી "આત્મ-અભ્યાસ" અર્થાત રૂહાની જ્ઞાન પ્રાપ્ત કરવાની હિદાયત આપેલી છે.

## યમનમાં મુસ્તેઅલવી દઅવત–હુર્રતુલ મલેકા.

યમન, સિંધ અને હિંદ ખાતે હુર્રતુલ મલેકા બની ફાતિમી દઅવતનું કાર્ય કરતા હતા. એ બાનુનું નામ "સૈયદા" અને લકબ 'મલકા' હતું. તેઓ અરસુલૈહી ખાનદાનમાંથી હતા. (૧) એમના ખાનદાનના લોકોએ પોતાના પ્રાણના ભોગે ઇમામે ઝમાનની સેવા બજાવી હતી. હુર્રા મલેકાને દઅવતના કાર્યમાં તેમના પતિ મલેક મુકર્રમ અને પુત્ર અલ–મુકર્રમ–ઉલ–અસગર સહાય આપતા હતા.

મલિક મુકર્રમ હિજરી સન ૪૭૭માં લકવાની બીમારીથી અવસાન પામ્યા. તે પછી તેમના ઉત્તરાધિકારી તરીકે રાજ્યની લગામ તેમના પુત્રના હાથમાં રહી, જ્યારે દઅવતનું કાર્ય હુર્રતુલ મલેકા કરતા રહ્યા. કેટલીક સમય પછી હુર્રા–મલેકાના પુત્ર ગુજરી જવાથી તેઓ એકલા રહી ગયા. એ સમયથી રાજ્ય અને ધર્મ બન્ને વિષયમાં તેઓ કામ કરતા રહ્યા હતા. તેમની વય ૯૨ વર્ષની થઇ, એ સમયમાં ઇમામતના સંબંધમાં બે પક્ષ થતાં હુર્રા મલેકાએ હઝરત મુસ્તેઅલીનો પક્ષ લીધો અને તેઓ એ પક્ષના મોટા પ્રચારક રહ્યા. હિંદમાંના વ્હોરાઓની હસ્તી યમનના દાઇઓની તબ્લીગનું પરિણામ છે. હિંદ ખાતે હઝરત મુસ્તેઅલી પક્ષના અબદુલ્લાહ અને અહેમદ નામના બે દાઇઓ પ્રથમ મોકલવામાં આવ્યા હતા. આ બન્ને દાઇઓ ખંભાતમાં આવી ઉતર્યા હતાં.

૧ અરસુલૈહી ખાનદાનના વર્ણન માટે જુઓ પાનું ૧૯૨.

## પીર માહમુદશાહ.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયમાં હઝરત પીર મહમદશાહનાં ફરઝંદ માહમુદશાહનો જન્મ હિજરી સન ૪૪૩ની શાબાન માસની તા. ૧૨મીને શુક્રવારના દિવસે સબ્જવારમાં થયો હતો. માહમુદશાહની માતુશ્રીનું નામ "બીબી અનવાર" હતું. પીર મહમદશાહની વફાત પછી હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ સૈયદ માહમુદશાહને "પીરાતન" અતા કરી હતી, જેથી ઇસમાઇલી પીરોની તફસીરવાર ગણત્રીમાં તેઓ સોળમાં પીર મનાય છે. "તઝકિરતુલ-નખતુલઅલ નસાએબ"માં વર્ણવેલું છે કે પીર માહમુદશાહ ઘણાં દિલેર, શુરવીર અને યુધ્ધવિદ્યામાં નિષ્ણાત હતાં. ઉપરાંત તેઓ "દારૂલ-હિકમત" ઉપર વડપણ ધરાવતા હતા, કારણકે તેઓ ઘણું ઉંડુ જ્ઞાન ધરાવતા હતા. તેઓ સ્વરૂપવાન હોવાથી "યુસુફે સાની" તરીકે પ્રજા તેને સંબોધતી હતી. બની ફાતિમીઓનાં દુશ્મનો સામે તેઓએ વખતો વખત ચઢાઈ કરી હતી, જેનો ઉલ્લેખ ઇતિહાસોમાં મળી આવે છે. તેઓ ફતેહ કરી પાછા ફરતા હતા તે સમયે માર્ગમાં તેઓ દઅવતનું કાર્ય પણ ચાલું રાખતા હતાં.

## વફાત.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ ૬૦ વર્ષ પર્યંત રાજ્ય ભોગવ્યું હતું. તેઓશ્રીની કીર્તિ અજોડ છે. સંજોગો વચ્ચે દુશ્મનો જોડે લડાઇમાં ઇમામ જાતે ઉતરતા હતા અને મોખરે પણ પણ રહેતા હતા. તેનો પુરાવો સિકંદ્રીયાની લડાઇ પરથી મળી રહે છે. મહાન બાદશાહી અને શહેન-શાહીમાં ઇમામ જેટલા ખુશ રહેતા હતા, તેટલા પ્રતિકુળ સંજોગોમાં વખતને અનુસરી તેઓશ્રીને કશો હમગમ થતો નહી, બલ્કે તેઓશ્રીની મુખમુદ્રા આનંદી જણાતી હતી. વર્ષો સુધી તેઓશ્રીએ બે રોટલી પર સંતોષ માન્યો હતો. એવા સમયમાં કોઇપણ પ્રકારનો અસંતોષ ઇમામે દેખાડયો ન્હોતો, તેમજ જાહોજલાલીના સમયમાં ઇમામ રાજરમત કરતાં ઝવેરાતનો ભુકો કરી પાણીમાં માછલીઓને ગમત દેવા સારૂ નાખતા હતા, એ પ્રકારનું વર્ણન પણ અંગ્રેજ ઇતિહાસકારો કરે છે. ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નાં બાળપણ, યુવાવસ્થા અને બુઝુર્ગ વય એમ ત્રણે તબકકાઓનું જુદું જુદું અવલોકન કરતાં વિસ્મયકારી મનન કરવા યોગ્ય વસ્તુઓ દેખાય છે.

ઇતિહાસકાર લેન-પુલના કથન અનુસાર ૬૧ વર્ષ રાજગાદીએ રહી હિજરી સન ૪૮૭માં ઝિલહજ્જ માસની ૧૮મીએ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. વફાત પામ્યા. એ સમયે તેઓશ્રીની વય ૬૭ વર્ષની હતી. "તારીખુલઇસ્લામ"નાં કર્તાના આલેખન મુજબ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.નો રાજ્યઅમલ ૬૦ વર્ષ ને ચાર મહીના રહ્યો હતો, જ્યારે તેઓશ્રીનું આયુષ્ય ૬૭ વર્ષનું થયું હતું. તેઓશ્રીની વફાત પછી હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા. હઝરત ઇમામ મુસ્તસિર બિલ્લાહ અ.ના હઝરત ઇમામ નિઝાર અ., હઝરત અહેમદ મુસ્તેઅલી, અબ્દુલ્લાહ, મોહસિન, હસન, મુહમ્મદ અને ઇસ્માઇલ નામના ૭ પુત્રો અને ૩ પુત્રીઓ હતાં.

(હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની વંશાવળી માટે જુઓ પાનું ૨૬૮મું)

# હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ૦

- હઝરત ઇમામ નિઝાર અ૦
  - (તેઓશ્રીનાં વંશમાંથી ઇરાનના રૂદબાર પ્રાંતમાં આવેલા આલમુતમાં રાજ્ય-ગાદી સ્થાપી ઇસમાઇલી ઇમામોએ સૈકાઓ પર્યંત રાજ્યકર્તા થઇ ઇસમાઇલી ઇમામત ચલાવી હતી.)
- હઝરત મુસ્તેઅલી (ખલીફ થયા)
  - હઝરત આમિર (ખલીફ થયા)
    - હઝરત તૈયબ (પરદે થયા)

  [મુસ્તેઅલ્વી—વ્હોરાઓના સિલસિલાના છેલ્લા ઇમામ ગણાય છે. તેઓ પરદે થયા તે પછી વ્હોરાઓમાં દાઇઓનો સિલસિલો શરૂ થયો જે અત્યારવેર ચાલુ છે.]
- મુહમ્મદ
  - (તેઓ જાતે ખલીફપદે આવ્યા નહોતા, પણ તેમના પુત્ર હાફિઝ અને તેમના વંશજો હઝરત આમિર પછી ખિલાફતે આવ્યા હતા.)
    - હાફિઝ (ખલીફ થયા)
      - ઝાહિર (ખલીફ થયા)
        - ફાએઝ (ખલીફ થયા)
    - યુસુફ
      - આઝિદ (ખલીફ થયા) (હિજરી સન ૫૬૬માં આઝિદનાં સમયમાં મિસરનું રાજ્ય સુલતાન સલાહુદ્દીનના હાથમાં ગયું.)

# HAZRAT MOWLANA IMAM NIZAR.

(A. H. 487—490)

—:o:—

(१९)

# હઝરત મૌલાના ઈમામ નિઝાર અ०

(હિજરી સન ૪૮૭—૪૯૦)

હઝરત મૌલાના ઇમામ શાહ નિઝાર અ.નો મુબારક જન્મ હિજરી સન ૪૩૭ના રબીઉલ–અવ્વલ મહિનાની તા. ૧૦ મીના 'કેરો' શહેરમાં થયો હતો. તેઓશ્રીનું પુરું નામ હઝરત સઇદ મુસ્તફા અલ–નિઝાર બેઅમ્રિલ્લાહ અ. હતું.

ઇતિહાસકારોના કથન અનુસાર હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ પોતાના જીવનકાળ દરમ્યાન હઝરત ઇમામ શાહ નિઝાર અ.ને પોતાના "વલીઅહદ" નિમી અને પોતાના તાબા હેઠળના સઘળા પ્રાંતોના ગવર્નરોને અને પ્રાંતિક એજન્ટોને વિધીસર જાહેરાત કરી જાણ કરી દીધી હતી. હઝરત ઇમામ શાહ નિઝાર અ.ના બીજા પણ ૭ ભાઇઓ હતા, જેમાં તેઓશ્રી પોતાના પિતાની વફાત બાદ હિજરી સન ૪૮૭માં 'ઇમામત'ની મસનદ પર બિરાજમાન થયા. આ સમયે તેઓશ્રીની વય ૫૧ વર્ષની હતી. જ્યારે વડો વઝીર હઝરત ઇમામ નિઝાર અ.ની વિરૂધ્ધ હોવાથી, તેમજ સઘળો લશ્કરી વહીવટ અને રાજ્યની લગામ તેના હાથમાં હોવાથી, તેણે હઝરત મુસ્તેઅલીની તરફેણ કરી, આથી "રાજકીય ખિલાફત" એમના નાના ભાઈ હઝરત મુસ્તેઅલીના હાથમાં ગઇ.

## વઝીર અલ—અફ્ઝલની ઉધ્ધતાઈ.

બની ફાતિમી વડા વઝીર બદ્ર જમાલીએ ભારે કુશળતાપુર્વક વીશ વર્ષ સુધી પ્રધાનપદ ભોગવ્યા બાદ હિજરી સન ૪૮૭માં તેમનું અવસાન થતાં, તેમની જગ્યાએ વડા વઝીર તરીકે તેમના પુત્ર અમીર અબુલ કાસિમ અલ–અફ્ઝલ આવ્યો હતો. જે ઘણોજ તુંડ મિજાજી અને ઉધ્ધત હતો. "આસારે મુહમ્મદી"ના કર્તા જણાવે છે કે એક સમયે વડો વઝીર અમીરૂલ જુયુશ અલ–અફ્ઝલ, હઝરત ઇમામ નિઝાર અ.ના મહેલ પાસેથી પસાર થતાં તેણે ઘોડા પરથી ઉતરીને ઇમામની હુરમત જાળવી નહિ, એ જોઇને ઇમામે નારાજ થઇને અફ્ઝલને કહ્યું: "અન્ઝુલ, યા અર્મની અલ-જીન્સ અર્થાત હે આર્મિનિયનની ઓલાદ, હેઠો ઉતર." આ ઉપરથી વઝીર અફ્ઝલને રોષ ચડયો અને અપમાન પોતાના દિલમાં રાખી તે છુપી દુશ્મની પોષવા લાગ્યો અને તક આવેથી તેનો બદલો લેવાની વેતરણ કરવા લાગ્યો.

## હઝરત ઈમામ નિઝાર અ૦નો વિરોધ.

ઈબ્ને ખલ્લિકાનના કથન પ્રમાણે હિજરી સન ૪૮૭ના ઝીલહજ માસની તા. ૧૮મી ગુરૂવારે હઝરત મુસ્તેઅલીને ખિલાફતના તખ્તે બેસાડી ખલીફ તરીકે તેમને જાહેર કરવામાં આવ્યા. આ કાર્ય કરવામાં અમીરૂલ જુયુશ-અલ-અફઝલનો મુખ્ય હાથ હતો. આ સમયે હઝરત મુસ્તેઅલીની ઉમર અઢાર વર્ષની હતી અને તેઓ અલ-અફઝલના જમાઈ થતા હતા. ઈતિહાસકારો તેમને 'મામા' તરીકે ઓળખાવે છે, પરંતુ ખરી રીતે તો તેઓ તેમના "સસરા" થતા હતા. ઈતિહાસકાર ઓલિયરી લખે છે કે, હઝરત મુસ્તેઅલી ખિલાફતના તખ્ત પર બેઠા ત્યારે વડા વઝીર અલ-અફઝલે હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના બીજા બધા ફરઝંદોને દરબારમાં હાજર કરવાનો હુકમ કહાડ્યો. શાહઝાદાઓ નિકટમાં હતા, જેથી તરત આવી પહોંચ્યા અને હઝરત ઈમામ નિઝાર અ., અબ્દુલ્લાહ અને ઈસ્માઈલે પ્રવેશ કરતાંજ પોતાના નાના ભાઈને રાજસિંહાસને બેઠેલા જોઈને ત્રણે ભાઈઓને ઘૃણા વછુટી. તે સમયે નવા ખલીફ હઝરત મુસ્તેઅલીની બયઅત લેવા અફઝલે કહેતાં, હઝરત ઈમામ નિઝાર તરતજ બોલી ઉઠ્યા: 'મારા કરતા નાનાની બયઅત કરવા કરતા મારા કટકેકટકા થાય એ હું વધુ પસંદ કરીશ. મારા પિતાજીએ મને પોતાના વારસ નિમ્યા છે અને એ માટેનો તેમના હસ્તાક્ષરવાળો પત્ર પણ મારી પાસે છે." આટલું બોલી હઝરત ઈમામ નિઝાર અ. ત્યાંથી જતા રહ્યા અને પાછા નહિં ફરતાં વઝીરે તેમની પુઠે સિપાહીઓ મોકલ્યા. તેઓએ ખબર આપી કે હઝરત ઈમામ નિઝાર અ. મિસર છોડીને કયાંક રવાના થઈ ગયા છે.

## હઝરત ઈમામ નિઝાર અ૦ સિકંદ્રીયામાં.

"આસારે મુહમ્મદી"ના કર્તા લખે છે કે, મહમુદ ઈબ્ને મસ્સાલ નામના એક ઈસમાઈલી ધર્મના અનુયાયી અને વિશ્વાસપાત્ર માનનીય ઉમરાવ સાથે ઈમામ એક ઝડપી ચાલવાળા ઘોડાપર બેસી માર્ગ કાપતા સિકંદ્રીયા પહોંચ્યા. આ સિકંદ્રીયાનો હાકિમ હઝરત ઈમામ નિઝાર અ.ની ઈમામતમાં માનનારો હતો અને એક સમયે ઈમામનો એક ગુલામ હતો. તે હઝરત ઈમામ મોઈઝ અ.ના તરબીયત પામેલા ગુલામોના વંશમાંથી ઉતરી આવ્યો હતો. તેનું નામ નાસિરૂદ-દૌલા ઈફતકિન હતું. તેણે ઈમામના આગમનને મુબારક ગણી તેમની બયઅત કરી અને સમસ્ત સિકંદ્રીયા અને તેની આસપાસના ગામોનાં લોકોએ પણ ઈમામની તાબેદારી સ્વીકારી અને સર્વ જણ ઈમામના પડખે કમર કસીને ઉભા રહ્યા.

## હઝરત ઈમામ નિઝાર અ૦ની બયઅત.

હઝરત ઈમામ નિઝાર અ.એ સિકંદ્રીયા પહોંચ્યા પછી ખલીફપદે બિરાજમાન થઈ "અલ-મુસ્તફા લે-દિનિલ્લાહ"નો લકબ ધારણ કર્યો અને ત્યાંના શહેરીજનોએ વિધીસર ઈમામની બયઅત કરી. (૧) ત્યારપછી હઝરત ઈમામ નિઝાર અ.એ નાસિરૂદ-દૌલા ઈફતકિનની વઝીર તરીકે નિમણુંક કરી.

ઈતિહાસકાર ઓલિયરી જણાવે છે કે હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની વફાત અગાઉ હઝરત ઈમામ નિઝાર અ.ને એક પક્ષ ટેકો આપવા તૈયાર હતો અને તેમની ઈમામતના દાવાને ફતેહમંદ બનાવવાના ચિન્હો પણ એ સમયે સાફ દેખાતા હતા. આથી આપણે ખાત્રીપુર્વક કહી શકીએ છીએ કે ફાતિમી ઈમામતને ટેકો આપનાર મિસરની ઈસમાઈલી પ્રજા હઝરત ઈમામ નિઝાર અ.ની પડખે હતી. વળી વડા વઝીર અમીરૂલ જુયુશ અલ-અફઝલના રાજકારોબારથી નારાજ થયેલા ઘણા લોકો પણ હતા. એટલુંજ નહિ પણ અગાઉ વઝીરના પિતા બદ્ર જમાલીએ જે લોકોને દબાવી દીધા હતા, તેઓએ પણ આ

1 જુઓ ઓલિયરી કૃત હિસ્ટ્રી ઓફ ધિ ફાતમાઈડ ખલીફાત પાનુ ૨૧૧.

સમયે માથું ઉંચક્યું અને કૈરોમાં વઝીરે નિમેલા સત્તાધીશો વિરૂધ્ધ પોતાનું ભાગ્ય અજમાવા તેઓ તૈયાર થયા: (૧)

## સિકંદ્રીયામાં મુસ્તેઅલવી લશ્કરની હાર.

આ દરમ્યાન હઝરત ઈમામ નિઝાર અ. સિકંદ્રીયામાં પોતાનો નિવાસ રાખી નિઝારી ખિલાફત અને દઅવતનું કેન્દ્ર સ્થાપવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ઈબ્ને ખલ્લિકાન નામનો ઇતિહાસકાર જણાવે છે કે, તે પછી ઇસમાઈલી નિઝારી ફિરકાની કેટલીક સત્તા શામની આસપાસ ફેલાઈ ગઈ હતી. સલજુકી સુલતાન મલેકશાહના બીજા પુત્ર તુતુશનો પુત્ર રિઝવાન પણ નિઝારી મઝહબમાં જોડાયો હતો. આવી સ્થિતિ વચ્ચે મિસરમાં વડા વઝીર અલ-અફઝલને ભય પેઠો અને હિજરી સન ૪૮૮માં મોટું લશ્કર તૈયાર કરી હઝરત ઈમામ નિઝાર અ. ની સામે સિકંદ્રીયા પર તે ચઢાઈ લઈ ગયો. ઓલિયરી જણાવે છે કે આ પ્રયત્નમાં તેની હાર થઈ અને તે સિકંદ્રીયાથી મિસર પાછો ફર્યો. આ હારથી તેને બહુ નાસીપાસ થવું પડ્યું.

સિકંદ્રીયામાં નિઝારી પક્ષની આ જીત ઘણી ઉત્સાહજનક હતી. આ લડાઈમાં સિકંદ્રીયાનો ગવર્નર ઈફતકિન અને ઉમરાવ ઈબ્ને મસ્સાલે અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ બન્ને વ્યક્તિઓએ ઈમામની દઅવતને મજબુત ટેકો આપ્યો હતો. નિઝારીઓ માટે આ ફતેહ બહુ કીર્તિવંત થઈ પડી હતી.

## વઝીર અલ-અફઝલના દાવપેચ.

હઝરત ઈમામ નિઝાર અ. એ સિકંદ્રીયા ખાતે રાજ્ય સ્થાપ્યું, એથી મિસરની સલતનતના વડા વઝીર અમીરલ જુયુશ અલ-અફઝલને ઘણો આઘાત થયો, અને છેલ્લી હાર પછી સિકંદ્રીયાના સબંધમાં કેવાં પગલાં લેવાં તેની વિચારણા ને તૈયારીમાં તેણે એક વર્ષ વિતાવ્યું. આ દરમ્યાન ઘણા કાવતરાં પણ રચવામાં આવ્યા હતાં. "આસારે મુહમ્મદી"ના નિર્દેશ મુજબ લગભગ એક વર્ષ વિતી ગયો હતો-પણ અલ-અફઝલે પોતાનું કાંઈ ચાલતું નથી એમ જાણી કાવતરાંનો માર્ગ ગ્રહણ કર્યો અને મિસરમાંથી હઝરત ઈમામ નિઝાર અ. નાં અનુયાયીઓ પર ધમકીભરેલાં પત્રો લખ્યા અને પહેલી ચઢાઈ કરતાં ઘણું મોટું લશ્કર લઈને સિકંદ્રીયા પર ફરી આક્રમણ કર્યું. તેની વચ્ચે સિકંદ્રીયા ખાતે સર્વથી પહેલાં મહેમુદ ઈબ્ને મસ્સાલે બેવફાઈ ધારણ કરી અને પોતાની માલમિલ્કત વહાણમાં ચઢાવી સિકંદ્રીયા છોડી ચાલ્યો ગયો. જ્યારે બીજાઓ પણ કેટલાક ધમકીથી કે લાલચથી વશ થઈ ફુટી ગયા, આથી ઈમામના પક્ષના બળમાં કાંઈ શિથિલતા આવવા લાગી. અલ-અફઝલ લશ્કર સહિત સિકંદ્રીયામાં આવી કેટલાક દિવસો પર્યંત ઘેરો નાખી પડ્યો રહ્યો. પાછળથી નિઝારી લશ્કરે તેનો મુકાબલો કર્યો. મુસ્તેઅલવી લશ્કરે પણ સામે લડવા માંડ્યું. બન્ને પક્ષો વચ્ચે કેટલાક દિવસો પર્યંત ખુનખાર સંગ્રામ ચાલુ રહ્યો. સિકંદ્રીયાની સરહદની ભુમિ લોહીથી રંગાઈ લાલ બની ગઈ અને સૈનિકોના શબોથી મેદાન ભરાઈ ગયું. અંતે વઝીર અલ-અફઝલ પાસે સુલેહ માટે માગણી કરવામાં આવતાં, જવાબમાં જણાવવામાં આવ્યું કે, મિસર પહોંચ્યા પછી વાટાઘાટ થશે. એવો સધ્ધારો આપી હઝરત ઈમામ નિઝાર અ. અને તેમના ગવર્નર ઈફતકિનને મિસર ખાતે લઈ જવામાં આવ્યા. ત્યાં પહોંચ્યા પછી એક પારકા શખ્સ કરતાં પણ વધુ સખ્તાઈ પોતાની વડીલ બંધુ પર હઝરત મુસ્તેઅલીએ ગુજારીને તેઓશ્રીને કેદમાં પુરવાનો હુકમ આપ્યો અને ગવર્નર ઈફતકિનને શૂળીએ ચઢાવી મારી નાખવામાં આવ્યો.

૧. જુઓ ઓલિયરી કૃત હિસ્ટ્રી ઓફ ધિ ફાતેમાઈડ ખલીફાત પાનું ૨૧૧.

"તારીખે જહાનગુશા" માં અતા મલિક જુવેની કહે છે કે, હઝરત ઈમામ નિઝાર અ. જે સમયે સિકંદ્રીયાથી રવાના થયા ત્યારે તેમની સાથે તેમના બે સાહેબઝાદાઓ હતા, તેમાંના એક "વલીઅહદ" પણ હતા. પાછળથી એ બન્ને સાહેબઝાદાઓને પકડી કેરા ખાતે લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને કેદમાં પુરવામાં આવ્યા હતા.

## હઝરત મુસ્તેઅલી.

"તારીખુલ ઇસ્લામ" ના કર્તા, ઇતિહાસકાર અલ્લામા ઇબ્ને ખલદુનના આધારે જણાવે છે કે વડા વઝીર અમીરલ જુયુશ અલ-અફઝલે હઝરત મુસ્તેઅલી માટે હઝરત ઇમામ નિઝાર અ. ની ફુઇને પોતાની સાથે એક છુપા કરારથી બાંધી લીધા હતા, જેને અંગે તેમણે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના કાઝી અને દાઇ સન્મુખ એવી સાક્ષી આપી કે, હઝરત મુસ્તેઅલીને ઇમામે પોતાના 'વલીઅહદ' બનાવ્યા હતા. આવા અનેક ઉપાયો યોજીને હઝરત મુસ્તેઅલી ખિલાફતની ગાદી પર આવ્યા તે પછી શામનો મુલક મિસ્ત્રિ અને સલજુકીઓ વચ્ચે વ્હેંચાઇ ગયો. તે બાદ "હાયફા," "કયસારીયા" અને "શામ"ના કાંઠાના મુલ્કો પણ હઝરત મુસ્તેઅલીના તાબામાંથી નિકળી ગયા.

"તારીખુલ ઇસ્લામ"ના આલેખન મુજબ હઝરત મુસ્તેઅલીના આખા રાજ્યઅમલ દરમ્યાન, લશ્કરી, દીવાની, મહેસુલી વગેરે સઘળા પ્રકારના કારોબાર ઉપર અમીરલ જુયુશ અલ-અફઝલ સરમુખત્યાર હતો. હઝરત મુસ્તેઅલીની વફાત હિજરી સન ૪૯૫ માં ૨૬ વર્ષની ભરજુવાન વયે થઇ. બાદ તેમના ઉતરાધિકારી તરીકે તેમના પુત્ર હઝરત આમિર મિસરની રાજકીય ખિલાફત ઉપર આવ્યા.

## હઝરત આમિર.

હઝરત આમિર પુખ્ત આવ્યા ત્યાંસુધી વઝીર અલ-અફઝલ રાજ્યની લગામ હાથમાં રાખી હકુમત કરતો હતો. ઇતિહાસકાર ઓલિયરી લખે છે કે વઝીર અલ અફઝલની આ સરમુખત્યારી હઝરત આમિરને પસંદ નહિં પડવાથી રમઝાનના ચાંદના દિવસે હિજરી સન ૫૧૫ માં કેટલાક માણસો મોકલી વઝીર અલ-અફઝલને કતલ કરાવી નાખવામાં આવ્યો. અલ-અફઝલને કતલ કરાવીને ખલીફે એક હુકમ બહાર પાડીને તેનું ઘર પણ લુંટાવ્યું. જે ઘરમાં અનહદ ખજાનો ભરેલો હતો અને તેને લુંટાવામાં ચાલીશ દહાડા લાગ્યા હતા.

## હાફિઝ લેદિનિલ્લાહ—હઝરત તૈયબ.

હિજરી સન ૫૨૪માં હઝરત આમિર સહેલગાહે નીકળ્યા ત્યારે કેટલાક ફિદાઇઓએ તેમનું ખુન કરવાથી તેમની વફાત થઇ. આ સમયે હઝરત આમિરે ફરમાવ્યું કે "મારી ફલાણી બેગમ સગર્ભા છે તેને ઔલાદ થાય તે અગાઉ મારો રાજકારોબાર મારો પિત્રાઇ અબ્દુલહમીદ હાફિઝ સંભાળે અને "નાયબુ-સ્સલતનત" કિંવા "સલતનતનો નાયબ" તરીકે રહે. આ ભલામણ અનુસાર હઝરત આમિરની વફાત પછી "હાફિઝ લેદિનિલ્લાહ"નો લકબ ધારણ કરી હાફિઝ રાજગાદી પર આવ્યા. પરંતુ દરબાર, લશ્કર અને લોકો અમીરલ જુયુશ અલ-અફઝલના પુત્ર વઝીર અબુ અલી એહમદના તાબામાં હોવાથી તેણે ખલીફ હાફિઝને પુરી દઇ સઘળી રાજસત્તા પોતાના હાથમાં લઇ લીધી. ઇબ્ને ખલ્લિકાનનો હવાલો આપતાં ઇતિહાસકાર ઓલિયરી લખે છે કે હાફિઝ વિશ્વાસ દર્શાવતા હતા કે મરહુમ ખલીફ આમિરના બેગમ સગર્ભા છે તેમને પુત્ર જન્મશે, કારણ કે તેમણે ઉમેર્યું કે "આ વંશના કોઇપણ ઇમામ પોતાની પાછળ પોતાના

પુત્રને મુકયા વગર વફાત પામતા નથી કે જે પુત્રને તેઓ ખાસ જાહેરાત કરી "ઇમામત" સોંપે છે." પરંતુ એજ ઇતિહાસકાર જણાવે છે કે હઝરત આમિરના બેગમે પુત્રીનો જન્મ આપ્યો હતો અને એ સઘળા સમય દરમ્યાન, હિજરી સન ૫૨૬ સુધી હાફિઝ કેવળ એક રાજ્યાધિકારી (Regent) તરીકેજ રહ્યા હતા. (૧) જ્યારે મુસ્તેઅલવી ફિરકાનો ઇતેકાદ છે કે "હઝરત આમિરના બેગમ સાહેબાએ પુત્રનો જન્મ આપ્યો તે બાળક બે વર્ષ અને અમુક મહિનાની વયમાંજ પરદે થયા. જેમનું નામ હઝરત તૈયબ હતું." અંતે ખલીફ પોતાના શકમંદ દરજ્જાથી અને વઝીરે તેમના પર મુકેલા અંકુશથી અસંતોષી થયા ત્યારે તેની વિરૂધ્ધ એક કાવતરૂં કર્યું અને હિજરી સન ૫૨૬ ના મહોર્રમની તા. ૧૫ મીએ વઝીર અહમદ ચોગાન (Polo) રમવા જતો હતો, તે વખતે તેનું ખુન કરવામાં આવ્યું અને રાજ્યસત્તા ખલીફે પોતાના હાથમાં લીધી. એમનો આખો રાજકાળ વઝીરોની ખટપટમાંજ પૂર્ણ થયો હતો. હિજરી સન ૫૪૪ના જમાદીલ આખિરની તા. ૫ મીએ એમનું અવસાન થયું.

## ખલીફ ઝાફિર.

ત્યારપછી હિજરી સન ૫૪૪માં હાફિઝના પુત્ર અબુ મનસુર ઝાફિર રાજગાદીએ આવ્યા અને તેઓએ અબુલફતહ ઇબ્ને મસ્સાલને વઝીરપદ આપ્યું. આ નિમણુંકને માત્ર ચાલીસજ દિવસ થયા હતા કે, ઇબ્ને મસ્સાલને હાર આપી ઇબ્ને સાલારે તેને કત્લ કર્યો અને પોતે મિસરની સલતનત માં કર્તાહર્તા થઇ પડયો. આ વખતે પણ ખલીફની સત્તા મહેલની ચાર દીવાલમાં ભરાઇ બેસવા જેટલી રહી. નામને ખાતર પણ તેઓ બહાર નીકળી શકતા નહિ. ઇબ્ને સાલારને તેના ઓરમાન પુત્ર અબ્બાસે હિજરી સન ૫૪૮માં કત્લ કરાવી દીધો. આ સમયે બખેડા અને કાવાદાવા એટલા તો વધી ગયા કે કેરોની જમીનને લડાઇનું મેદાન બનાવી મુકવામાં આવ્યું. તે પછી ખલીફ ઝાફિરના વિષયમાં કાવતરૂં રચાયું. અબ્બાસનો પુત્ર નસ્ર અતિશય ખુબસુરત હતો. તે આખો દીવસ ખલીફના સહવાસમાં રહેતો હતો અને ખલીફ તેના પ્રત્યે પ્રેમ રાખતા હતા. આ બદનામીથી નસ્રનો પિતા અબ્બાસ ઉશ્કેરાયો અને ખોટાં બ્હાના હેઠળ ખલીફને પોતાના ઘેર મિજબાનીનું આમંત્રણ પોતાના પુત્ર નસ્ર દ્વારા મોકલ્યું. ખલીફ નસ્રનું દિલ રાખવા ચ્હાતા હોવાથી તેઓ રાતે પગે ચાલીને મિજબાનીમાં આવ્યા અને જેવા ઘરમાં દાખલ થયા કે અબ્બાસના સાથીદારો તેમની ઉપર તુટી પડયા અને તેમને તેના સાથીઓ સાથે કત્લ કરવામાં આવ્યા. હિજરી સન ૫૪૯ મહોર્રમ માસની તા. ૧૫ મીએ એ રીતે ખલીફનું અવસાન થયું.

## ખલીફ ફાએઝ.

ફાએઝ બેનસ્રલ્લાહ મિસરની ખિલાફત પર આવ્યા, તે વખતે તેમની ઉમર સાડા ૭ વર્ષની હતી, જેથી રાજ્યનો માલેક વઝીર અબ્બાસ બની બેઠો કે જે ખલીફ ઝાફિરનું ખુન કરાવવામાં જોખમદાર હતો. રાજમહેલની બેગમો અને નોકરોને આ વાતની જાણ થતાં તેઓ પોતાનો જીવ બચાવવા અર્થે રાજમહેલ છોડી જતા રહ્યા. અરબ અને સુદાની લશ્કર પણ અબ્બાસના વિરૂધ્ધ થઇ પડયું. રાજમહેલના લોકોએ "અસમુનૈન" અને "બહિન્સા"ના ગવર્નરને આ કાર્યની ખબર આપી ફરિયાદ કરતાં તેણે અબ્બાસને તાબે કરવા પુષ્કળ સિપાહીઓ અને બદુઓને રવાના કર્યા. અબ્બાસને આ સ્થિતિની જાણ થતાં તે પોતાના પુત્ર નસ્ર સાથે શામ ભણી નાસી ગયો; એટલામાં ખલીફ ઝાફિરની બ્હેને અસ્કેલાનના ખ્રિસ્તિઓને પુષ્કળ દોલત આપીને અબ્બાસની ખબર લેવાનું જણાવ્યું. તેઓએ અબ્બાસને ઘેરી લીધો અને તેના પરિણામે તે લડાઇમાં માર્યો ગયો. તેના પુત્ર નસ્રને કેદ

૧ જુઓ ડી. લેસી ઓ'લિયરી કૃત હિસ્ટ્રી ઓફ ધિ ફાતિમાઇડ ખલીફાત પાનું ૨૨૨—૩

તરીકે પકડીને મિસર રવાના કરવામાં આવ્યો અને તેનો વધ કરીને તેના શબનાં કટકેકટકા કરી નાંખવામાં આવ્યા અને તેની લાશના ભાગોને દશમે દિવસે એકઠા કરી બાળી મુકવામાં આવ્યા.

ફાએઝની કારકીર્દિમાં એક એવો બનાવ વર્ણવવામાં આવ્યો છે કે, ફાએઝના કાકાઓને કતલ કરી અબ્બાસ તેમને ખલીફ બનાવવા માટે મહેલમાં લાવતો હતો, ત્યારે ફાએઝની નજર તેમના કાકાઓની લાશો પર પડી અને તેથી તેમને એટલી બધી ધાસ્તી પેસી ગઇ કે, આખી જીંદગી પર્યંત ફિફરાની બીમારીમાં તેઓ ઝકડાયલા રહ્યા અને હિજરી સન ૫૫૫ના રજબ માસની તા. ૧૭ મીએ તેમનું અવસાન થયું. આ સમયે તેમની ઉમર ૧૧ વર્ષની હતી.

## ખલીફ આઝિદ.

ખલીફ ફાએઝનું અવસાન થયા પછી તેમની ગાદીએ આઝિદ લેદીનિલ્લાહ આવ્યા અને તેમણે પોતાની ફોઇના દીકરા રઝીકને વઝીરપદ આપ્યું. તેની વઝીરાતને હજુ તો એકજ વર્ષ પસાર થયું હતું કે પોર્ટ સઇદના ગવર્નર શાવરે ચઢાઇ કરી રઝીકને કતલ કરાવી દીધો અને હિજરી સન ૫૫૮નાં સફર માસમાં તે પોતે વઝીર બની બેઠો. શાવરને પણ વઝીરપદ ભોગવવાને નવજ માસ થયા હતા એટલામાં તેના દારૂપાળ અમીર ઝિરગામે તેને મિસરમાંથી હાંકી કહાડયો. શાવર ત્યાંથી દમિશ્ક ખાતે શામના રાજકર્તા નુરદ્દીન મહમ્મદ ઝંગી પાસે આવી પહોંચ્યો અને કહ્યું: "તમો મુકાબલો કરીને મને વઝીરપદ મેળવી આપો તો હું મિસરી લશ્કરનો પગાર ચુકાવ્યા પછી જે કાંઇ વધારો રહેશે તેમાંથી ત્રીજો ભાગ આપને નજરાણા તરીકે આપતો રહીશ અને આપના સિપેહસાલાર શેરકુહ સાથે આપનું સૈન્ય મિસરમાં રાખીશ."

"શાવરની આ વાત માન્ય રાખી અસદુદ્દીન શેરકુહને અને તેના ભત્રીજા સલાહુદ્દીન યુસુફને લશ્કર આપી શાવર સાથે નુરદીને રવાના કર્યા. હિજરી સન ૫૫૯ના જમાદીલ-આખિર માસમાં તેઓ કેરોમાં દાખલ થઇ ગયા અને ઝિરગામને પકડી તેનો વધ કર્યો.

હિજરી સન ૫૬૪ની સફર માસમાં ફિરંગીઓના જેરૂસલમના બાદશાહ આમરી મિસર પર ચઢી આવ્યો અને 'બિલબેસ' છતી લઇને તેણે લુંટફાંટ કરવા માંડી, તે બાદ તેણે કેરો પર ઘેરો નાંખ્યો. મિસરવાસીઓ આ ઘેરાના ત્રાસથી કંટાળી ગયા. તેઓએ શહેરને બચાવવા તનતોડ મહેનત કરી અને ખલીફ આઝિદે નુરદીનને પત્ર લખીને પોતાની સહાયતાએ તેડાવ્યો. એવામાં શાવરે ફિરંગીઓને વીસ લાખ દીનાર આપીને સુલેહ કરવાને રાજી કર્યા.

## સુલતાન સલાહુદ્દીને અબ્બાસી સત્તા સ્થાપી.

નુરૂદ્દિને ખલીફ આઝિદનો પત્ર મળતાં હિજરી સન ૫૬૪ના રબ્બીઉલ-અવ્વલમાં તેણે સલાહુદ્દીન તથા પુષ્કળ અમીર સહિત આઠ હજારનું સૈન્ય શેરકુહને સોંપી તેને મિસર ભણી રવાના કર્યો. શેરકુહે ફિરંગીઓ ઉપર મારો ચલાવી 'મિસર' ફતેહ કર્યું. હવે ખલીફ આઝિદે શેરકુહને પોતાનો વઝીર બનાવી "મલેકુલ મંસુર અમીરુલ જ્યુશ"નો લકબ અર્પણ કર્યો. તેણે પોતાના લશ્કર માટે જાગીરો નકકી કરાવી લીધી અને પોતાના સહકારીઓને ગવર્નરપદે નિમ્યા. વઝીર શેરકુહ બે મહીના ને પાંચ દિવસ પર્યંત વઝીરપદ ભોગવીને મરણ પામ્યો. ખલીફ આઝિદે તેના ભત્રીજા સલાહુદ્દીન યુસુફને "મલેકુન્નાસિર"નો ખિતાબ આપી વઝીર બનાવ્યો. તેણે લોકોને ભેટ સોગાદો આપી પોતાના પક્ષકાર બનાવ્યા અને ખલીફ આઝિદને દુર્બળ બનાવવાના ઉદ્દેશથી તેમની પાસેથી

મોટી મોટી રકમો વસુલ કરી તેણે ખલીફને એટલે હદ સુધી મુફલિસ બનાવ્યો કે, તેમની પાસે એકનો એક સવારી માટે ઘોડો રહ્યો હતો, તે પણ મંગાવી લીધો. અને એવી સ્થિતિ થઈ પડી કે ખલીફનું માત્ર નામજ ખુત્બામાં રહી ગયું અને સઘળી સત્તા સલાહુદીનના હાથમાં આવી ગઈ.

હિજરી સન ૫૬૬માં "દારૂલ–માઅવા"નો નાશ કરી તેણે "મદ્રસએ શાફિયહ" તેમજ 'દારૂલ–અદલ'ને બંધ કરી "મદ્રસએ માલિકીયાહ" બનાવી. અલવી કાઝીઓને પદભ્રષ્ટ કરી આખા શમાં શાફઈ કાઝીઓની નિમણુંક કરી. ખલીફ આઝિદના "કાઝીયુલ–કુઝઝાત" કામિલને બરતરફ કરી સદરૂદીન અબ્દુલ મલેક બિન દરબાસને આખા મિસરમાં વડો કાઝી બનાવ્યો. આ સમયથી મિસરમાંથી અલવી સત્તા બંધ પડતાં શાફઈ અને માલિકી સંપ્રદાયો બળવાન થવા લાગ્યા. ખલીફ આઝિદ આ સ્થિતિથી કંટાળી જઈ તેમાંથી મુકત થવા ખાજાસરા મોતમિનલ ખિલાફા સાથે એક યોજના ઘડી કાઢી. ખાજાસરાએ મિસરીઓના એક સમુહને મેળવી લઈને સલાહુદીનના મુકાબલામાં ફિરંગીઓની સહાયતા માંગી. આ યોજનાનો ભેદ ફુટી જતાં ખાજાસરાને પકડી સલાહુદીને કતલ કરાવ્યો અને રાજ્યમહેલના સઘળા નોકરોને બરતરફ કરી પોતાના માણસો ગોઠવ્યા. આ ઉપરાંત તેણે હિજરી સન ૫૬૭ના મોહર્રમની તા. ૭મીને શુક્રવારના દિને ખલીફ આઝિદનો ખુત્બો બંધ કરી અબ્બાસી ખલીફ મુસ્તઝીનો ખુત્બો ભણાવ્યો.

## ખલીફ આઝિદનું અવસાન–મિસરની અલવી ખિલાફતનો અંત.

ખલીફ આઝિદને આ પ્રમાણે વાતાવરણ બદલાતું જતું હોવાથી ધ્રાસ્કો પડતાં તેઓ પોતાના મહેલમાં બીમાર પડી ગયા અને એજ સ્થિતિમાં મોહર્રમની તા. ૧૦મીએ અવસાન પામ્યા. ખલીફ આઝિદની વફાત થતાં સલાહુદીને તેમની સઘળી માલમિલકત પર કબજો કર્યો અને તેમના કુટુંબીઓ તથા બાળબચ્ચાંને રાજમહેલનાં એક ખુણામાં કેદ કર્યા. અંતે તેઓ બંદીવાન અવસ્થામાંજ ગુજરી ગયા.

અહિંથી મિસરમાં અલવીઓની બાદશાહી પૂર્ણ થતાં સલાહુદીન સુલતાનના લકબથી મિસરનો રાજ્યકર્તા બન્યો. મિસરની બાદશાહી અલવીઓના હાથમાં ૨૭૦ વર્ષ પર્યંત રહી હતી. તે પછી કુટુંબી કંકાશના અંગે તેમના વચ્ચે તડ પડયાં અને છેવટે તેનો અંત આવ્યો. જ્યારે મિસરની અલવી બાદશાહત દરમ્યાન હિજરી સન ૪૮૩ માં મહાન હસન બિન સબ્બાહ આલમુતના પહાડ પર નિઝારી રાજ્યની સ્થાપના કરી ચુકયા હતા.

## આલમુત પર નિઝારી રાજ્યની સ્થાપના.

બની ફાતિમી ખલીફાઓના સમયથી જ અનેક દેશોના જુદા જુદા ભાગોમાં, ખોરાકની તકલીફો દુશ્મનોનો ભય વગેરે પારાવાર હાડમારીઓ અને મુશ્કિલીઓ વેઠીને સંખ્યાબંધ ઈસ્માઈલી મિશનરીઓએ આત્મત્યાગ અને પરિશ્રમ વડે ઈસ્માઈલી મઝહબનો પ્રચાર કર્યો હતો, જેમાંથી બહુ થોડાજ ચમકતા સિતારાઓ પેઠે ઈતિહાસના પાનાઓ પર આવવા પામ્યા છે. જ્યારે અન્ય કેટલાક મિશનરીઓ પ્રસિધ્ધિમાં આવ્યા નથી છતાં તેઓએ પ્રતિકુળ સંજોગો વચ્ચે પણ ખાનગીમાં દઅવતનું કાર્ય જારી રાખ્યું હતું.

હઝરત ઈમામ નિઝાર અ.ની દઅવતનું કાર્ય પણ એજ રીતે પ્રતિકુળ સંજોગો વચ્ચે ઈરાન, ઈરાક અને આઝરબાયજાનના જુદા જુદા ભાગોમાં, જુદા જુદા મિશનરીઓ, હકીમ નાસિર ખુસરૂ, પીર હસન બિન સબ્બાહ અને સૈયદ નુરૂદીન શાહ રેહ. ઈત્યાદી બીજા ઘણા અપ્રસિધ્ધ વિદ્વાન મિશનરીઓ તરફથી અત્યાર આગમજ આરંભી દેવાયું હતું. જ્યારે પીરનર હસન બિન સબ્બાહ મિસર છોડયા પછી ધર્મનો પ્રચાર કરતાં કરતાં 'આલમુત' આવી પહોંચ્યા. ત્યાં તેમણે

અસંખ્ય લોકોને બોધીને ઇસ્માઇલી ધર્મમાં દાખલ કરી "આલમુત" પર કબજો કરી ઇસ્માઇલી નિઝારી રાજ્યની સ્થાપના કરી.

"તારીખે ગુઝીદા"માં દર્શાવેલું છે કે હઝરત ઇમામ નિઝાર અ.એ હસન બિન સબ્બાહને પોતાનો એક પુત્ર સોંપ્યો હતો, જેને તેમણે ઇરાનમાં તેડી મંગાવ્યો હતો અને તેમની તરબીયત કરી હતી. (૧.)

## સેન્ટપીટર્સબર્ગ (લેનીનગ્રાડ)માં નિઝારી ચલણી સિક્કો.

ઇતિહાસકાર ઓલિયરીના કથન અનુસાર હિજરી સન ૪૮૩માં હસન બિન સબ્બાહે આલમુત ગઢનો કબજો મેળવ્યો હતો. તેઓએ ઇમામની અજોડ સેવા કરી છે. આલમુત ગઢનો કબજો લીધો તેની પુર્વે તેઓએ ઇરાનના જુદા જુદા ભાગોની મુસાફરી કરી આસપાસમાં વસ્તા લાખો મનુષ્યોને ઇસ્માઇલી મઝહબમાં દાખલ કરી હઝરત ઇમામ નિઝાર અ.ની 'દઅવત'નો પ્રચાર કરતાં કરતાં 'આલમુત' સુધી આવી પહોંચ્યા, જ્યાં તેમની સરદારી તળે ઇસ્માઇલીઓએ વગર પૈસે, વગર લશ્કરે અને વગર લોહી રેડે "ઇસ્માઇલી સલતનત" સ્થાપી. નિઝારીઓના એ પરાક્રમોની મિસાલ જગતભરના ઇતિહાસોમાં મળી શકતી નથી.

મહાન હસન બિન સબ્બાહે હિજરી સન ૪૮૩માં રૂદબાર પ્રગણામાં આવેલા આલમુતના પર્વત પર સત્તા જમાવી અને હઝરત ઇમામ નિઝાર અ.ના સિક્કા બહાર પાડયા. ઇતિહાસકાર લેન-પુલ લખે છે કે આમાંનો એક સિક્કો સેન્ટપીટર્સબર્ગ (લેનીનગ્રાડ)નાં મ્યુઝીયમમાં છે, જેમાં ટંકશાળનું સ્થળ "કુરશીએ ઝરીન" દેખાય છે.

## હસન બિન સબ્બાહની આસ્થાનું બળ.

મિસરની ડામાડોળ સ્થિતિ જોતાં મહાન વીરનર હસન બિન સબ્બાહને પ્રેરણા થઈ કે હવે પછી "ઇમામત" માટે કાયમનું સ્થળ બીજે નકકી કરવાનું અવશ્યનું છે. તેમણે આ ઇરાદાને અમલમાં મુકવા મિસર તજી ઇમામની દુઆઆશિષો મેળવી તેમનાથી વિછુટા પડી ઇસ્ફહાન ખાતે પોતાના મિત્ર રઇસ અબુલ ફઝલની મુલાકાત લીધી હતી. અબુલ ફઝલ એક ચુસ્ત ઇસમાઇલી હોવા ઉપરાંત ઇમામની હુઝુરમાં વડપણ ધરાવતા હતા. હસન બિન સબ્બાહે તેમની આગળ પોતાના અંતરની વાત કરતાં કહ્યું:..."જો તું મને સાથ આપે તો આપણે બંને મળી હઝરત ઇમામ નિઝાર અ. માટે સલતનત કાયમ કરીએ. મિસરનો વડો વઝીર એમનાથી વિરૂધ્ધ છે. સઘળો લશ્કરી વહીવટ અને રાજ્યની લગામ તેના હાથમાં છે અને તે હઝરત મુસ્તઅલીની તરફદારી કરે છે, જેથી આપણને "ઇમામ"ની ખિદમત બજાવી લાવવા "વલી અહદ" માટે યોગ્ય કરવું ઘટે."

આ વાત સાંભળતાં રઇસ અબુલ ફઝલને લાગ્યું કે હસન બિન સબ્બાહનું મગજ દુર્બળ પડી જવાથી આવી ગાંડી વાતો કરે છે. તેથી તેણે દયાભાવથી મગજની પુષ્ટિ માટેના ખોરાકનો પ્યાલો ભરી હસન બિન સબ્બાહની સામે ધર્યો. તેમણે રઇસને માઠું ન લાગે તે માટે પી જઇને તેમનાથી છુટા પડી પોતાની કોશિશો ચાલુ રાખી. અંતે તેમણે પોતાના પ્રયત્નો વડે આલમુતમાં ઇસ્માઇલી રાજ્યની સ્થાપના કરી. જ્યાં પાછળથી હઝરત ઇમામ હાદી અ.નો પણ વસવાટ થયો. ઇસમાઇલીઓને આલમુતનું કેન્દ્ર હાથ આવ્યા પછી તેઓ ફરી બળવાન બનવા લાગ્યા અને તેઓની જાહોજલાલી વધવા લાગી.

ઇતિહાસકાર જોન માલકમના કથન અનુસાર ઇસ્ફહાન ખાતેના હસન બિન સબ્બાહના જુના મિત્ર રઇસ અબુલ ફઝલ તેમની મુલાકાતે આલમુત ગઢમાં આવ્યા અને તેમણે "મુસાફો" કરવા હાથ

---

૧. જુઓ ઇતિહાસકાર હમદુલ્લાહ મુસ્તવફીએ કઝવીની કૃત "તારીખે-ગુઝીદા" પાનું ૧૨૭.

લંબાવતા હસન બિન સબ્બાહે તેમનો હાથ પકડીને હસતાં હસતાં કહ્યું: "મારા ભલા મિત્ર, મારી ઘેલછા મટાડવા તમો તમારી સાથે કાંઈ ઔષધિ લાવ્યા છો? હવે તમોને લાગતું હશે કે બેથી ત્રણ માણસો એકત્ર થતાં ચમત્કારિક રીતે કાર્યો કરી શકે છે."

અબુલ ફઝલે જણાવ્યું કે: "હું સદાય તમોને શકિતશાળી પુરૂષ માનતો આવ્યો છું. પરંતુ તમો જે કરી શકયા છો, તે તમો કરી શકશો એવી હું કદી આશા રાખતો નહોતો."

હસન બિન સબ્બાહે કહ્યું:—"અત્યાર પર્યંત ખાસ કરીને મેં મારી રાજકીય કુનેહમાં વિશ્વાસ રાખ્યો હતો, પરંતુ હવે આસ્થા શું કરી શકે છે, તેની અજમાયસ લેનાર છું." (૧)

## વફાત.

ઇતિહાસકાર ઓલિયરી સિકંદ્રીયાના પતનનો ઉલ્લેખ કરતાં લખે છે કે ઈબ્ને મસ્સાલની દગાબાજી હઝરત ઈમામ નિઝાર અ.ના જીવનમાં પરિવર્તન કરનારી નિવડી. ઇબ્ને મસ્સાલ અને તેના સહકારીઓના જતા રહેવાથી તેમનું રાજ્યચક્ર ધીમે ધીમે ફરતું ગયું. અંતે મિસરના ખલીફની સખ્તાઇથી તેમને કેદમાં પુરવામાં આવ્યા. અંતે હિજરી સન ૪૯૦માં તેઓશ્રી કેદખાનામાંજ વફાત પામ્યા.

હઝરત ઇમામ નિઝાર અ.ના બે સાહેબઝાદા પણ કેદમાં હતા, તેમાંથી "તારીખુલ ઇસ્લામ"ના કથન અનુસાર હઝરત ઇમામ હાદી અ. કેદખાનામાંથી છુટા થઇને "અજમ"ના મુલકમાં આવી વસ્યા હતા, જ્યાં આગળ જતાં હઝરત ઇમામ હાદી અ.થી આલમુતમાં ઇસમાઇલી ઇમામોનો વસવાટ શરૂ થયો.

હઝરત ઇમામ નિઝાર અ.ની સાથે ચલાવવામાં આવેલા વર્તનના પરિણામે એક તરફ કેરોના બની અલ્વીઓ અને તેમના દરબારીઓ વચ્ચે અને બીજી તરફ હઝરત ઇમામ નિઝાર અ.ની ઇમામતમાં માનનારા એશિયાવાસી ઇસમાઇલીઓ વચ્ચે ખુલ્લી જુદાઇ પડી ગઈ.

૧. ધિ હિસ્ટ્રી ઓફ પરશિયા પાનું ૩૯૫–૩૯૮

# આલમુતમાં ઈમામત.

હઝરત ઈમામ નિઝાર અ૦ (મિસર)

**આલમુતના ઈસમાઇલી હાકિમો**

હસન બિન સબ્બાહ

|

કિયા બુઝુર્ગ ઉમીદ

|

મુહમ્મદ બિન કિયા બુઝુર્ગ

આલમુતમાં ઇસમાઇલી રાજ્ય સત્તા સ્થપાય પછી ઉપરોક્ત ત્રણ હાકિમો થયા.

નોટ:–મહાન હસન બિન સબ્બાહ અને તેના નાયબ કિયા બુઝર્ગ અને કિયા બુઝુર્ગના પુત્ર મુહમ્મદ હાકિમો થયા હતા.

હાદી અ૦

|

મોહતદી અ૦

|

કાહિર અ૦

|

હસન અલાઝિક્રિયા સલામ અ૦

|

અલા મુહમ્મદ અ૦

|

ખુદ જલાલુદ્દીન હસન અ૦

|

અલાઉદ્દીન મુહમ્મદ અ૦

રૂકનુદ્દીન અ૦

|

શમ્શુદ્દીન અ૦

(આલમુતનું પતન થયા પછી ઇરાનના આઝરબાયજાન પ્રાંતમાં ઇમામોએ વસવાટ કર્યો.)

શમ્શ તબ્રીઝી

(મોલાના જામી કૃત "નફહાતુલ ઉન્સ"માં એમનો ઇસમાઇલી સિલસિલો વર્ણવેલો છે)

## ખુલાસો.'

હઝરત ઇમામ હાદી અ૦ અને હઝરત ઇમામ મોહતદી અ૦એ ફક્ત ઇમામત સંભાળી હતી. જ્યારે હઝરત ઇમામ કાહિર અ૦ 'ઇમામત' અને 'રાજકીય હકુમત' બન્ને સાથે સંભાળી હતી અને ત્યારપછી હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ૦ પર્યંત એ ધોરણ ચાલુ રહ્યું હતું.

Mowlana Imam Hadi
" " Muhtadi
" " Kahir
" " Hassan Ala Zikrihi's-Salaam
" " Ala Muhammad
" " (Khud) Jalal-ud-Din Hassan
" " Ala-ud-Din Muhammad
" " Rukn-ud-Din Khurshah

# PART V.

## ALAMUT & IMAMAT.

# ભાગ ૫ મો.

## આલમુત અને ઈમામત.

મૌલાના ઈમામ હાદી અ૦
" " મોહતદી અ૦
" " કાહિર અ૦
" " અલા ઝિક્રિયા સલામ અ૦
" " અલા મુહમ્મદ અ૦
" " ખુદ જલાલુદ્દીન હસન અ૦
" " અલાઉદ્દીન મુહમ્મદ અ૦.
" " રૂકનુદ્દીન ખુરશાહ અ૦

# HAZRAT MOWLANA IMAM HADI.

( A. H. 490–530 )

(૨૦)

# હઝરત મૌલાના ઈમામ હાદી અ૦

(હિજરી સન ૪૯૦–૫૩૦)

હઝરત ઇમામ શાહ હાદી અ. હિજરી સન ૪૯૦માં, પોતાના પિતાશ્રી હઝરત મૌલાના ઇમામ નિઝાર અ.ની વફાત બાદ ઇમામતની મસનદ પર બિરાજમાન થયા. આ સમયે ઇમામતની ગાદી મિસરમાંથી ફેરબદલી થઇ "આલમુત"ના પહાડ પર રોશન થઇ રહી હતી, કારણ કે મહાન વીર હસન બિન સબ્બાહ "આલમુત" પર ઇસમાઇલી રાજ્યઅમલની સ્થાપના કરી ચુકયા હતા. હસન બિન સબ્બાહે પોતાના ઉત્તમ ચારિત્ર અને આત્મિક બળને અંગે પ્રજાનો ચાહ મેળવી લીધો હોવાથી સંખ્યાબંધ લોકો ઇસમાઇલી મઝહબમાં પણ દાખલ થયા હતા. જેમને હસન બિન સબ્બાહે એવું આલા દરજ્જાનું શિક્ષણ આપ્યું હતું કે તેઓ વીર ફિદાઇ તરીકે, આજ્ઞા થતાંજ દરેક પળે, દરેક સંજોગોમાં, ઇમામની ખિજમત માટે તૈયાર રહેતા હતા. તેઓ વીર હસન બિન સબ્બાહને "શેખુલ-જબલ"ના લાડકા નામે સંબોધતા હતા.

## સમકાલીન રાજ્યોની ટુંકી રૂપરેખા.

ઇતિહાસકાર વૉન હેમરના આલેખન મુજબ સુલતાન મલેકશાહનો રાજ્યઅમલ મધ્યયુગની તવારીખમાં સર્વથી વિશેષ અવ્યવસ્થિત યુગ હતો. એ દરમ્યાન અનેક પુરાણા વંશોનું પતન અને નવા રાજ્યોનો ઉદય થયો હતો. તબ્રિસ્તાન, હલબ, દયારબક્ર, બની ઝિયાદ, બની મિરદાસ અને મરવાનની કોમ અદ્રશ્ય થઇ ગઇ હતી. હિજરી સન ૪૭૧ અને તે પછી એ જગ્યાએ "દાનિશમંદે–બાવંદ" અને 'ઉર્તુક'ના ખાનદાન રૂમ, તબ્રિસ્તાન અને મરાદીનમાં સિંહાસને બેઠા. સલજુકી વંશના સ્થાપક તુઘરિલ બેગના યુગથી ઇરાનમાં સલજુકીઓ રાજ્ય કરતા હતા. તેમની શાખાઓ હિજરી સન ૪૭૭માં શામમાં ફેલાઇ ગઇ હતી. અબ્બાસી ખલીફાઓનું પાટનગર બગદાદ અંદર અંદરની લડાઇથી છિન્નભિન્ન થઇ રહ્યું હતું. જુદા જુદા ફિરકાના મુસલમાનો શહેરની દિવાલોની અંદર ખુનખાર લડાઇ લડી રહ્યા હતા. આ સમયે ઇસમાઇલી મિશનરીઓ તથા ઇસમાઇલી અધિકારીઓ આખા એશિયામાં જળપ્રવાહ પેઠે પ્રસરી ગયા હતા. આ સમય દરમ્યાન હસન બિન સબ્બાહને આલમુતના પહાડ ઉપર એક ફળદ્રુપ જમીન મળી આવી હતી.

## આલમુતની પૂર્વસ્થિતિ.

આલમુત, ઇરાનના 'કઝવીન' શહેરની ઉત્તરે પચાસ માઇલ પર આવેલા 'રૂદબાર' પ્રાંતમાં એક અજીત ગઢ હતો, તેને તથા તેની આસપાસના પ્રદેશને લોકો "તાલકાન"ના નામે ઓળખતા હતા. આ કિલ્લો

THE ROCK OF ALAMUT.



અલમુતનાં ખડકો.

TAKHT-I-SULEIMAN FROM THE SALAMBAR PASS.



આલમુતની વાટ ભણીની સલામબર પાસથી તખ્તે સુલેમાનનો એક દેખાવ.

પર્વતના અંદરના ભાગમાં મોટી ઉંચાઇએ અને ખીચોખીચ ઘાટીઓની મધ્યમાં આવેલો હતો. શરૂઆતમાં આ ઉજ્જડ અને વેરાન પહાડી સ્થળ હતું, તેની રાજકીય અગત્યતા જરાય ન્હોતી, તેમજ તેનો કોઇ પણ પ્રકારનો ઉપયોગ પણ થતો ન્હોતો. જગતના એક સાધારણ પ્રકારના પહાડી સ્થળ તરીકે તે અપ્રસિધ્ધિમાંજ પડ્યું હતું. આ પ્રદેશ દયલમી સુલતાનોના કબજામાં હતો.

દયલમી સુલતાનો પૈકીના એકને શિકાર ખેલવાનો ભારે શોખ હોઇ તે પહાડી પ્રદેશોમાં વારંવાર શિકારે જતો હતો. એક પ્રસંગે, શિકાર કરતાં કરતાં આ કઠીન માર્ગવાળા વિસ્તારમાં તે આવી લાગ્યો. અહિં શિકારની સારી તક હોવાનું માની તેણે પોતાના "બાઝ" પક્ષીને શિકાર પકડવા ઉડતાં મુકયાં. એક "બાઝ" આકાશમાં ઉડતા પક્ષીને પકડી સુલતાન પાસે આવવાને બદલે સંજોગે "આલમુત"ના કિલ્લાવાળી જગ્યાએ જઇને પડ્યું. દયલમી બાદશાહ અને તેના સાથીદારો દોડતાં દોડતાં આ પર્વતપર ચઢયા અને "બાઝ" પાસે આવી લાગ્યા. આ એક આકસ્મિક ઘટના હતી અને આ રીતે સુલતાનને અહિં નિરિક્ષણ કરવાનો અણધાર્યો પ્રસંગ સાંપડતાં રાજકીય દ્રષ્ટિએ તેને તે ઘણું અગત્યનું જણાયું અને અહિંના જેવો મજબુત કિલ્લો બીજે કયાંય બાંધી શકાય એમ નથી એમ તેને ચોકકસપણે લાગ્યું. શિકારથી પાછા ફર્યા પછી ત્યાં કિલ્લો બાંધવાની યોજના ઘડીને તેણે બાંધકામનું કાર્ય ચાલુ કર્યું.

## 'આલમુત'ની વ્યાખ્યા.

આ પ્રમાણે કિલ્લો તૈયાર થઇ રહેતાં સુલતાને તેને "આલુહ–આમુત" નામ આપ્યું. દયલમી ભાષામાં આ એક અર્થસુચક શબ્દ હતો. એ શબ્દ ધ્વનિ કરતાં કરતાં એ શિકારી ટોળી પર્વત પર ગઇ હતી, તેથી એ નામ રાખવામાં આવ્યું, તેનો અર્થ "શિકારી પક્ષીનો માળો" થાય છે. વખતના વહન સાથે તે પોતાના મૂળ સ્વરૂપમાં રહેવા પામ્યું નહિ અને અપભ્રંશ થતાં "અલ્લમુત", "અલામુત" અને છેવટે "આલમુત" બની ગયું. જો કે "આલુહ"નો અર્થ "ગરૂડ" થાય છે. "આમુત" એ "આમુખ્ત"નું ગ્રામ્ય અપભ્રંશ છે, તેનો અર્થ "શિક્ષણ" થાય છે. ઇતિહાસકારક ઇબ્નુલ અસીર તેનો અર્થ "તઆલિમુલ–અકાબ" અર્થાત "ગરૂડનું શિક્ષણ" કરે છે. જો કે તે અમુક અંશે ભાવ દર્શાવે છે, પણ અધિક સ્પષ્ટ રીતે તેને "ગરૂડનો માળો" કહી શકાય. (૧)

## 'આલમુત' કેવી રીતે કબજામાં આવ્યું ?

દયલમી સુલતાનો પછી સલજુકીઓ સત્તા પર આવ્યા. જ્યારે પીરનર હસન બિન સબ્બાહ મિસર છોડી "આલમુત" તરફ આવ્યા ત્યારે એ કિલ્લો, સલજુકી વંશના બાદશાહ સુલતાન મલેકશાહ સલજુકી વતી ગવર્નર 'મહેદી'ની દેખરેખ હેઠળ હતો. જે પણ એક 'અલવી' ખાનદાનનો નબીરો હતો અને હસન બિન સબ્બાહના સમાગમમાં આવ્યો. કેટલીક વાતચીત પછી તેણે ઇસમાઇલી ધર્મનો અંગિકાર કરી બયઅત કરી લીધી. એક દિવસે તેણે હસન બિન સબ્બાહને જમણ કર્યું. જેમાં શહેરની આગેવાન વ્યકિતઓ પણ હાજર હતી. જેમાંનો મોટો ભાગ ઇસમાઇલી થઇ ચુકયો હતો, અને હવે પછી ઇમામની વધારે સારી રીતે ખિજમત કરવાની તેઓની સાથે વાટાઘાટ થતાં "ઇમામ"ની સેવા માટે મજકુર કિલ્લો ઉપયોગી થાય તેવું પુરવાર થવાથી તે માટે ત્રણ હજાર દીના-

---

૧. સર જોન માલકમ જણાવે છે કે 'આલમુત' આવેલું છે તે પ્રાંતની ભાષામાં તેનો અર્થ 'ગરૂડનો માળો' થાય છે એમ મને એક માહિતગાર ઈરાનવાસી તરફથી જાણવા મળ્યું છે. (જુઓ ધી હિસ્ટ્રી ઓફ પરશીયા, વોલ્યુમ પહેલું પાનું ૩૯૭)

રની રકમમાં તેનું સારૂં કર્યું. પરંતુ એ વેળા હસન બિન સબ્બાહ પાસે પૈસા નહિ હોવાની ખબર મહેદીને હોવાથી તેણે સોદો કબુલ કર્યો. હસન બિન સબ્બાહે એક ચીઠ્ઠી "ગિર્દકુહ" અને "દમગાન"ના હાકેમ રઇસ મુઝફ્ફર ઉપર લખી આપી. આ ચીઠ્ઠી તેને મળતાંજ તેણે તરત પૈસા ચુકવી આપ્યા, મજકુર સોદા અનુસાર મહેદીએ આલમુતના કિલ્લાની સત્તા મુકી દીધી અને હસન બિન સબ્બાહે તેનો કબજો લઇ લીધો.

"જામેઉત-તવારિખ"ના આલેખન મુજબ હસન બિન સબ્બાહ આલમુતના કિલ્લા પાસે કરીદ્દામ થયા પછી પોતાનો સમય પરહેઝગારી અને ઇબાદતમાં તેમજ લોકોની દીની તથા દુન્યવી ઉન્નતિના ચિંતનમાં ગાળવા લાગ્યા. પરિણામે ગઢની આસપાસ વસતી પ્રજા મોટા પ્રમાણમાં ઇસ્લામની ધર્મમાં દાખલ થઇ. કિલ્લાનો કોટવાળ પણ હસનના સમાગમમાં આવ્યો. કેટલીક વાતચીત પછી તેણે પણ ઇસ્લામની ધર્મનો અંગીકાર કર્યો હતો.

## એક કલ્પિત દંતકથા.

આલમુત ગઢ હસન બિન સબ્બાહે સલજુકી સુલતાન મલેકશાહને લશ્કરી ગવર્નર મહેદીઅલ્વી પાસેથી કેવી રીતે લીધો તે સંબંધમાં એક એવી દંતકથા પ્રચલિત છે કે ગાયના ચામડામાં સમાય તેટલી જમીન હસન બિન સબ્બાહે મહેદી પાસેથી વેચાતી માંગી અને એટલે માપ ભરતી વેળાયે, તેની ઝીણી દોરીઓ કરીને કિલ્લાહને ઘેરી લેવામાં આવ્યો. આ પરથી આખો કિલ્લો હસન બિન સબ્બાહને મહેદીએ સોંપી દીધો. ત્રણ હજાર દીનાર અને ગાયના ચામડાની વાત શું સુચવે છે? ઇતિહાસકાર જોન માલકમ પોતાની કૃતિ "હિસ્ટરી ઓફ પરશિયા"માં જણાવે છે કે ડાઇડોએ જેવી રીતે કાર્થેજ હાથ કર્યું તેજ પ્રમાણે આલમુત હસન બિન સબ્બાહે મેળવેલું હોવાનું મુસ્લિમ ગ્રંથકર્તાઓ જણાવે છે. "એક ગાયના ચામડામાં સમાય તેટલી જમીન લેવાની પરવાનગી મેળવવી અને તે પછી એવી તો બારીક દોરડીઓ બનાવવી કે આખો કિલ્લો તેમાં વેડાઇ જાય," એ પૂર્વ દેશોની એક સામાન્ય કપોળ કલ્પિત વાત છે. મુલ્લા સાદિક સાથે મુળ ફારસીમાં સર જોન માલકમે આ ફકરો વાંચતા મુલ્લા મુછમાં હસવા લાગ્યો હતો; જેથી એ વિષે વાટાઘાટ થતાં દલીલમાં તે કહેવા લાગ્યો કે, "અંગ્રેજ લોકોએ પણ દિલ્હીના બિચારા શહેનશાહ પાસેથી કલકત્તા શહેર પણ એવીજ રીતે લીધું હતું!" (૧) ખરી રીતે જોઇએ તો આ કપોળ કલ્પિત વાત પર મત નહિં બાંધતા પ્રજાબળના આધારેજ આલમુત હસન બિન સબ્બાહે હાથ કર્યું હતું એ વાત ખરી છે, તેની સાથે ઇમામનાં ભલા આશિર્વાદ પણ હતા.

## શેખુલ-જબલ- "પહાડી ઘરડો પુરૂષ."

મજકુર ઇતિહાસકાર વધુમાં ઉમેરે છે કે સલજુકી વંશના પાછલા યુગમાં બાદશાહની નબળાઇનો લાભ લઇ જે સરદારો અને રાજવીઓએ મુલકો પચાવી પાડ્યા હતા તેમના રાજઅમલના સંબંધમાં, ઇતિહાસોમાં વર્ણન કરવામાં આવ્યું છે. પરંતુ, ઇરાની ઇતિહાસના એ ઝમાનામાં એક એવી વિરલ સત્તાધારી હસ્તી આપણને જડે છે કે જે રાજ્યોની આપણે નોંધ લીધી છે, તેના કરતાં જુદાજ પ્રકારની તે વ્યક્તિ છે. શ્રધ્ધાનાં સબળ સાધન દ્વારા એ વીર વ્યક્તિ અને વિરલ સરદારનાં ઉત્તરાધિકારીઓએ પોતાના હાથ તળેના લોકોનાં મન પર પોતાની સત્તા બેસાડી દીધી હતી; જેથી તેઓ સર્વથી મહાન સત્તાધીશ સમ્રાટોની છાતીમાં એવો ધાક પેદા કરી શકયા હતા કે લગભગ બે સદી પર્યંત જુદા જુદા રાજકર્તાઓના મન ઉપર તેમનો મજબુત પ્રભાવ બેસી રહ્યો હતો. એ મહાન રાજકર્તાને ખરેખર વઢા-

(૧) હિસ્ટરી ઓફ પરશિયા, પાનું ૩૯૬-૯૭

દારોના સરદાર કહી શકાય. એ સરદાર એક ઉંચા પહાડ પર રહેતો હતો, અને ભાગ્યદેવી તેના હાથમાં રમતી હતી. તના હુકમ ઉપરે અમલ કરવામાં એકે કારણ તેના સાથીઓને બાધક નિવડે એમ ન્હોતું અને કોઇપણ જોખમ ઉપાડવા અને કોઇનો પણ મુકાબલો કરવા તેઓ તૈયાર રહેતા હતા. તારતોસા અને ટ્રીપોલીસ વચ્ચેના પહાડોમાં હઝરત ઇમામ ઇસમાઇલ અ.ના ઇસ્માઇલી પંથના એક અનુયાયી અને સરદાર હસન બિન સબ્બાહે એ સ્થાન વસાવેલું હતું. ખ્રિસ્તી ધર્મયુધ્ધ–ક્રુસેડના સમય દરમ્યાન લખાયેલા ઇતિહાસોમાં એ સરદારને "ઓલ્ડ મેન ઓફ ધી માઉન્ટન" અર્થાત "પહાડી ઘરડો પુરૂષ" એ નામે ઓળખવવામાં આવ્યો છે. ઇરાનમાં વસેલા ઇસમાઇલી અનુયાયીઓની શ્રધ્ધા વડે તે સરદાર કાળજું હલાવી નાખે એવો બળવાન થવા પામ્યો હતો અને એ વીરનર અન્ય કોઇ નહિં પણ હસન બિન સબ્બાહ હતો.

## 'અબજદ'ની રૂઢીએ ગણત્રી.

આ સ્થાને એક બીજી અર્થસુચક, આશ્ચર્યકારક અને રસદાયક બાબત જણાવવાની અગત્ય છે કે, આ 'આલમુત'નો ગઢ વીર હસન બિન સબ્બાહના કબજામાં હિજરી સન ૪૮૩માં આવ્યો હતો. હિજરી સન ૪૮૩ના વર્ષના અરબ્બી 'અબજદ'ની રૂઢી અનુસાર જેટલા 'અદદ' થાય છે તેટલાજ "આલુહ–આમુત" અર્થાત આલમુતના થાય છે. 'આલુહ'ના, અલીફ ૧, લામ ૩૦, હે ૫; "આમુત"ના અલીફ ૧, મીમ ૪૦, વાવ ૬, તે ૪૦૦, કુલ્લે મળીને ૪૮૩ થાય છે.

## 'આલમુત'માં સુધારા વધારા.

આલમુત ગઢ તાબે કર્યા પછી હસન બિન સબ્બાહે તેમાં દિવાલો ચણાવી અને કુવાઓની પુરતી સગવડ કરી, પર્વતની તળેટીએથી પાણી ઉપર લાવવા અનેક નહેરો ખોદાવી. અત્રેની વેરાન પડેલી જમીનમાં સુશોભિત બાગ અને બગીચાઓ બનાવ્યા, આથી આલમુતનું ઉજ્જડ સ્થળ એક સ્વર્ગ જેવું રળિયામણું બની ગયું. નહેરની સગવડ થવાથી ખેતીવાડીને પણ ઘણું ઉત્તેજન મળ્યું. આલમુતમાં સ્થાપવામાં આવેલી ઇસમાઇલી રાજ્યસત્તાને સુરક્ષિત બનાવવામાં તેની આજુબાજુ સેખંડી દિવાલો ઉભી કરવામાં આવી. હસન બિન સબ્બાહ આ રીતે સુલતાન મલિકશાહના શાસનકાળમાં વીશ વર્ષ પર્યંત આલમુતમાં પોતાની મજબુતીનો પાયો નાખવામાં ગુંથાયેલા હતા.

## હઝરત ઇમામ હાદી અ૦ની આલમુતમાં પધરામણી.

"આસારે મુહમ્મદી"ના કર્તા જણાવે છે કે, હસન બિન સબ્બાહના જમાનામાં અબુલ હસન સઇદી નામના એક શખ્સ નિઝારીઓના ભરોસાપાત્ર અને પ્રતિષ્ઠિત પુરૂષ હતા. તેમણે હઝરત ઇમામ નિઝાર અ.ના પુત્ર હઝરત ઇમામ હાદી અ.ને મિસરથી લઇ આવીને આલમુતમાં પહોંચાડયા હતા. ઇમામની પધરામણીથી હસન બિન સબ્બાહને અનહદ આનંદ થયો અને આલમુત પાસેના એક કસ્બામાં તેમને રહેવાની ગોઠવણ કરી આપવામાં આવી. એમની સેવાચાકરીની વ્યવસ્થા કિયા બુઝુર્ગ ઉમ્મીદને સોંપવામાં આવી હતી. જેઓ વીર હસન બિન સબ્બાહ પછી "દાઇયુલ કબીર" મુકરર થયા હતા. જેઓ ઇમામની સેવામાં પોતાનો સમય ગાળતા હતા.

ઉપરોક્ત અખબાર પરથી જણાય છે કે હસન સઇદી નામની એક વ્યક્તિ હસન બિન સબ્બાહના મિત્રમંડળમાં હતી. તેઓ હઝરત ઇમામ હાદી અ.ને તેમના માતુશ્રી સાથે આલમુતમાં લઇ આવ્યા હતા. હસન બિન સબ્બાહ મિસરમાં હઝરત ઇમામ નિઝાર અ.નો પક્ષ લઇ તેમની દઅવત કરતા હતા, ત્યારે હસન સૈઇદી તેમના સહાયક હતા.

જ્યારે કેટલાકોની માન્યતા પ્રમાણે, હઝરત નિઝાર અ.ના એક આગેવાન હસન સઈદીના ઘરમાં ઇમામ શાહ હાદી નિવાસ કરી રહ્યા હતા, ત્યાંથી તેઓશ્રીને આલમુત લઈ આવ્યા હતા. આ વખતે ઇસમાઇલી-નિઝારી રાજ્યની સ્થાપના થઇ ચુકી હતી.

ઇતિહાસકાર રશિયન પ્રોફેસર ડબલ્યુ આઇવેનોવનું કથન છે કે, હઝરત ઇમામ નિઝાર અ.ના વડા પુત્ર, જેઓ નાની વયના હતા, તેઓને મિસરમાંથી લાવીને હસન બિન સબ્બાહને સોંપવામાં આવ્યા હતા અને તેઓ આલમુત ગઢની બાજુના એક ગામડામાં વસવાટ કરી રહ્યા હતા. ઇસમાઇલી-નિઝારીઓના પ્રતિપક્ષીઓનાં સાહિત્યમાંથી પણ સ્પષ્ટ થાય છે કે, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ હઝરત ઇમામ નિઝાર અ.ની વલીઅહદ તરીકે નિમણુંક કરી, નસ કરી અને રાજ્યના સઘળા પ્રાંતિક એજન્ટોની મારફતે વિધીસર જાહેરાત કરી હતી.' ઉપરાંત એ પણ સ્પષ્ટ થાય છે કે હસન બિન સબ્બાહના પ્રયાસો વડે, હઝરત નિઝાર અ.ના વડા પુત્ર (શાહ હાદી અ.)ને આલમુતમાં લઇ આવવામાં આવ્યા હતા અને એ હકીકત સર્વત્ર ફેલાયલી હતી.(૧) એજ ઇતિહાસકાર આ હકીકતનું પ્રતિપાદન કરતાં જણાવે છે કે, હઝરત નિઝાર અ.ના વડા પુત્ર ઇરાનમાં વસવાટ કરી રહ્યા હતા એ ખુલ્લી વાત છે, એટલુંજ નહિ પણ આ હકીકત છેક ઇજીપ્ત સુધી સર્વત્ર ફેલાયલી હતી.

## ઇમામનાં પવિત્ર દીદાર.

હઝરત ઇમામ હાદી અ. પોતાની લાંબી મુસાફરી પુરી કરી રૂદબાર પ્રાંતમાં આવી લાગ્યા ત્યારે અતરાફમાં ઇસ્માઇલી મઝહબનો પ્રચાર કરનારા દાઇઓ તેઓશ્રીનાં દીદારથી મુશર્રફ થયા. તે પછી ઇમામે આલમુતનો માર્ગ લીધો અને તેઓ આલમુતમાં આવી પહોંચ્યા પછી ત્યાંના લોકોમાં નવોજ આત્મા ફુંકાઈ ગયો. આ સમયે ઇસમાઇલીઓના બળમાં પણ ઘણો વધારો થયો હતો. હસન સઇદી આલમુતમાં સાત મહીના પર્યંત નિવાસ કર્યા પછી ઇમામની રજા મેળવીને મિસર ખાતે પોતાના બાળબચ્ચાંઓને મળવા રવાના થયા.

હઝરત ઇમામ હાદી અ.એ આલમુત ખાતે વસવાટ કર્યો, ત્યારબાદ તેઓશ્રીએ ફકત ધાર્મિક લગામ પોતાના હાથમાં રાખી હતી અને પોતાના મુરીદો વચ્ચે પધારી તેઓને દીદાર મુબારકથી પાવન કરી હિદાયત કરતા રહેતા હતા. રાજ્યકારોબારનો સઘળો ભાર હસન બિન સબ્બાહ પર મુકીને તેઓશ્રીએ તેમની હાકેમી કાયમ કરી હતી અને એવા પ્રકારનું બંધારણ ઘડી કાઢયું કે જે સઘળા માટે ઘણું અસરકારક અને લાભકારક નિવડયું હતું.

## નામદાર શાહઝાદાનો મુબારક જન્મ.

"દબિસ્તાનુલ-મઝાહિબ"માં એવો નિર્દેશ કરવામાં આવ્યો છે: "સઇયદના હસન બિન સબ્બાહના સમય દરમ્યાન ઇસમાઇલીઓના ભરોસાપાત્ર લોકોમાંના એક અબુલ હસન સઇદી નામનો શખ્સ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની વફાત પછી મિસરમાંથી આલમુત આવ્યો હતો, અને તે હઝરત નિઝાર અ.ના વંશમાંથી એક પુત્ર પોતાની સાથે લઇ આવ્યો હતો, જે ઇમામતને લાયક હતા. સઇયદના હસન બિન સબ્બાહ સિવાય અન્ય કોઇને પણ આ વાત જણાવવામાં આવી ન્હોતી. સઇયદનાએ અબુલ હસન સઇદીને ઘણુંજ માન આપીને તેને કિલ્લાની તળેટીમાં આવેલા એક ગામડામાં

---

૧ જુઓ આસિફ એ. એ ફૈઝીએ એડિટ કરેલું પુસ્તક "હિદાયતુલ-આમિરિયા"નું ઇન્ટ્રોડકશન પાનું ૪ અને ૧૧.

ઇમામ સાથે રહેવાની ગોઠવણ કરી આપી. હઝરત ઈમામ હાદી અ. ઇબાદતમાં રચ્યાપચ્યા રહેતા હતા અને થોડા સમય પછી એક સાદાત બાનુ સાથે ઈમામે લગ્ન કર્યાં અને અને તેમના કુખે એક પુત્ર રત્ન સાંપડ્યું, જેમનો ઇલકાબ "અલા ઝિક્રહિસ્સલામ" અને નામ "મોહતદી" રાખવામાં આવ્યાં. એ શાહઝાદાની સંભાળ પણ કિયા બુઝુર્ગ ઉમીદ રાખતા હતા. તેઓશ્રીએ ભાગ્યબળે એટલી બધી પ્રતિષ્ઠા અને ખ્યાતિ પ્રાપ્ત કરી કે ઇસમાઇલી પ્રજા સિવાય અન્ય પ્રજા પણ તેઓશ્રીને એક મહાન પુરૂષ તરીકે માનવા લાગી. એ જમાતનું માનવું છે કે જે કંઇ કાર્ય અને હિલચાલ ઇમામ તરફથી થાય છે તે પ્રશંસાપાત્ર હોય છે. હઝરત ઇમામ નિઝાર અ.ના શાહઝાદાને અબુલ હસન સઇદી આલમોતમાં લઈ આવ્યા હતા. તેઓશ્રીનો "નસબ" હઝરત ઈમામ મુસ્તનસિર બિલ્લાહ અ. સુધી આ પ્રમાણે જાય છે, મોહતદી ઇબ્નલ હાદી ઇબ્નલ નિઝાર ઈબ્ને મુસ્તનસિર બિલ્લાહ અ., ઈસમાઇલીઓ તેઓશ્રીને ઇમામે બરહક માને છે."

## આલમુતનો કિર્તીવંત ઈસમાઈલી રાજ્યઅમલ.

હુઝતે આઝમ હસન બિન સબ્બાહ કેવળ એક મહાન 'જનરલ' હતા એટલુંજ નહિં પણ તેઓ એક મહાન ફિલસુફ, ગણિતશાસ્ત્રી અને ખગોળશાસ્ત્રી પણ હતા. તેઓએ આલમુત ગઢ પર અમુલ્ય સાધનોવાળી એક ઓબઝરવેટરી (Observatory) વેધશાળા પણ રાખી હતી. આ ઉપરાંત એ પહાડી સ્થળે જ્ઞાનવૃધ્ધિ માટે "દારૂલ-કુતુબ" નામની એક મોટી લાયબ્રેરી પણ સ્થાપી હતી, જેમાં ધર્મ, વિજ્ઞાન, અને ફિલસુફી તેમજ જુદી જુદી અનેક વિદ્યાને લગતા ગ્રંથોનો સારો સંગ્રહ હતો. ઉપરાંત એક વિશાળ સગવડવાળો "ખાને નિઝારીયા" અર્થાત નિઝારીયા હોલ બાંધવામાં આવ્યો હતો. આ હોલમાં દર પખવાડીએ ભાષણો આપવાની ગોઠવણ કરવામાં આવેલી હોવાથી, ઇસમાઇલી વિદ્વાનો જુદા જુદા વિષયો પર વિદ્વતાભર્યા ભાષણો આપતા હતા, તેમાં પ્રસંગોપાત ઇમામ પણ કેટલીક વખતે પધારતા હતા. ઇસમાઇલી ધર્મનું પધ્ધતિસર શિક્ષણ આપવા માટે "મજલિસુલ-હિકમત" નામની એક શિક્ષણ સંસ્થા પણ સ્થાપવામાં આવી હતી, જેમાં સઘળા મળીને ૯ વર્ગ (કલાસો) રાખવામાં આવ્યા હતા. ધર્મનો પ્રચાર કરવા માટે, ધર્મપ્રચારક સંસ્થા Mission House પણ મોજુદ હતું. ગામેગામ મુસાફરી કરી ધર્મનો પ્રચાર કરનારા મિશનરીઓને "દાઇ"ના નામે ઓળખવામાં આવતા હતા. તેઓ સઘળા દાઇઉદ-દુઆત અર્થાત ચીફ મિશનરીના વડપણ હેઠળ હતા, જેમના પર ઇમામની સર્વોપરી સત્તા હતી. રૂદબાર અને અતરાફના અન્ય પ્રાંતોમાં આ મિશનરીઓના પ્રચારના પરિણામે સંખ્યાબંધ લોકો ઇસમાઇલી ધર્મનો અંગીકાર કરી પાવન થયા હતા.

આ ઉપરાંત લશ્કર પણ હતું, જેના પર કમાન્ડર-ઇન-ચીફ નિમવામાં આવતો હતો. રાજ્ય-વહિવટ ચલાવવા જુદા જુદા કિલ્લાના ગર્વનરો, રિવેન્યુ કલેકટરો તથા અન્ય રાજ્યકર્મચારીઓ પણ કાર્ય કરી રહ્યા હતા. વર્ષમાં એકવાર સઘળા કિલ્લાઓના લોકો "આલમુત"માં એકઠા થતાં હતા અને તે દિવસે ઈમામ જાતે મિમ્બર પર ચડી ખુતબો આપતા અને તે દિવસે ઇદના તહેવાર જેવી ધામધુમ થતી હતી.

## હુજ્જતે આ'ઝમ હસન બિન સબ્બાહ.

ઇતિહાસકાર વોન હેમર ઉલ્લેખ કરે છે કે, ફ્રેંન્ચ ક્રાન્તિના પ્રવૃત્તિકારોએ જે ઉપાયો યોજ્યા હતા, તે પ્રમાણેની ક્રાન્તિ સાત સૈકા પહેલા હસન બિન સબ્બાહે આદરી આલમુતનો ગઢ કબજે કર્યો હતો. માનવજાતના લાંબા અનુભવે, વિશાળ જ્ઞાને, રાજનીતિ અને ઇતિહાસના ઉંડા અભ્યાસે હસન

બિન સબ્બાહને શિખવ્યું હતું કે ખાનદાની હકુમતોને આબાદ કરવા કરતાં તેના નાશની પ્રથા અને રાજ્યોને વ્યવસ્થિત રાખવા કરતાં તેમાં ક્રાન્તિ લાવવાની પ્રથા વધુ સફળ થઈ શકે છે. રાજ્યકર્તા માટે કાનુન–કાયદાનો ભંગ હોઈ શકે, પણ પ્રજા માટે તો કદીએ એમ થવા દેવું જોઈએ નહિં. કાયદાની લગામ વિપુલતાને કાબુમાં રાખી શકે છે. પરંતુ નીતિ અને ધર્મ રાષ્ટ્રોની તાબેદારી માટેની તેમજ રાજ્યકર્તાઓની સલામતી અર્થેની ઉત્તમ જામીનગીરી સમાન છે. બની ફાતેમી ખિલાફતના અમલમાં કેરોના લોજ (દારૂલ હિકમત)ના સર્વથી ઉચ્ચ તબકકામાં હસન બિન સબ્બાહ અધિકારી થયેલા હોવાથી એ સંસ્થાના અમર અભિલાષાની ભીતરમાં તેઓ ઉતરેલા હતા, જે અનુસાર અબ્બાસી ખિલાફતના વિનાશ અને તેના ખંડિયેરો ઉપરની નવી રાજગાદીઓની સ્થાપનાનો આશય એ સિવાય અન્ય કંઈપણ લેશમાત્ર ઓછો ન્હોતો.

હસન બિન સબ્બાહને 'સૈયદના' તરીકે સંબોધવામાં આવતા હતા. પશ્ચિમમાં ઇતિહાસકારો તેમને "ગ્રાંડ માસ્તર" તરીકે કહે છે. અરબીમાં તેઓ "શેખુલ–જબ્બલ"ના નામે ઓળખાય છે. આલમુતની રાજ્યસત્તા તળે ઇરાક, કોહિસ્તાન અને શામના પહાડી પ્રદેશમાંના સેંકડો કિલ્લાઓ હતા. હઝરત દાનીયાલના યુગની સંસ્કારી પ્રજા માફક ઇસમાઇલીઓ પણ સફેદ પોષાકધારી હતા. આલમુતના ગઢમાં જે સર્વથી ઉચ્ચ સંસ્કૃત પુરૂષ રહેતો હતો તે સામાન્ય રીતે "બાદશાહ" કે "રાજવી"નો જે અર્થ થાય છે. તે પ્રમાણેના ભાવમાં ન્હોતો. તેઓએ કદાપણ રાજવી, સુલતાન, મલેક અથવા અમીરનો લકબ ધારણ કર્યો નહોતો. કેવળ "શેખ"ના નામેજ તેઓ ઓળખાતા હતા. આજે પણ અરબોના કબીલાના સરદારો, સુફી કે ધાર્મિક મંડળના મોટેરાઓ 'શેખ'નો લકબ ધરાવે છે.

## આલમુતનું ઈસ્માઈલી બંધારણ–જુદી જુદી પાયરીઓ અને તબકકાઓ.

મહાન હસન બિન સબ્બાહ "હુજ્જતે આઝમ" હતા. એમનાથી ઉતરતો દરજ્જો "દાઈ-યુલ–કબીર"ની સંજ્ઞાથી ઓળખાતો, જે તેમના નાયબોનો હતો. કોહિસ્તાન અને શામના ઇલાકાઓમાં ઇસમાઇલીઓની આણ પ્રવર્તતી હતી; ત્યાં તેઓને વ્યવસ્થા માટે નીમવામાં આવતા હતા. એમના હાથ તળેનાં અધિકારી સત્તાધિશો તરીકે દાઈઓ=મિશનરીઓ રહેતા હતા. આ સઘળા મિશનરીઓ હઝરત ઇમામ હાદી અ.ના નામે દઅવત કરતા હતા. ઇસમાઇલી મઝહબનું ખાસ શિક્ષણ લીધા પછી દાઈ=મિશનરીની પદવી પ્રાપ્ત કરી અખ્ત્યાર મેળવવા તેઓ "ઇમામ" પાસે જતા હતા; જ્યારે દાઈપદ માટેની તબકકાવાર શિક્ષણમાં પ્રગતિ કરનારાને "રફીક" કહેવામાં આવતા હતા અને વફાદાર ફિદાઈઓ મઝહબના રક્ષક યોધ્ધાઓ હતા. રાજકીય ક્ષેત્રમાં નવા જોડાયલાઓ "લસીક"ના નામે ઓળખાતા. આ સઘળા દરજ્જામાં પહેલા શેખ, બીજા "દાઇયુલ–કબીર", ત્રીજા દાઈ, ચોથા રફીક, પાંચમાં ફિદાઈ અને છઠ્ઠા "લસીક" હતા. આ સિવાયના સઘળાઓને "અવ્વામ" એટલે સામાન્ય જનસમુહ કહેતાં હતા.

### રૂહાની અધિકારના પણ આ પ્રમાણે સાત તબકકા હતા:—

પહેલા "ઇમામ," બીજા "હુજ્જત કે અસાસ," ત્રીજા 'મુકાસિર,' ચોથા દાઈ, પાંચમા માઝુન, છઠ્ઠા મુકલ્લબ અને સાતમા મોમિન.

હસન બિન સબ્બાહનો ઘણા લાંબા વખતથી અતિશય વફાદાર મિત્ર અને ઇમામનો સાચો અનુયાયી ગિર્દકુહના રઇસ મુઝફફર હતો અને એવોજ એક બીજો પણ સાચો કર્મવીર કાઇનનો

રહેવાસી હુસેન હતો. આ બન્ને જણાઓ મિશનરી તરીકે ઇસમાઇલી મઝહબની દઅવત કરતા હતા. જેમના હાથે લોકોના ટોળે ટોળાં ઇમામને ચરણે આવી મઝહબનો સ્વીકાર કરતા હતા. રઇસ મુઝફ્ફરે "જબલ"ને અને હુસેન કાઇનીએ ઉત્તર ઇરાનમાં આવેલા કોહિસ્તાનના પ્રદેશને પોતાની દઅવતના મુખ્ય મથક બનાવ્યા હતા. અત્યાર વેર ઇસમાઇલીઓમાં ઇમામતની દઅવત કરનાર માત્ર દાઇઓ હતા, પરંતુ આલમુતમાં 'ઇમામ'નો વસવાટ થયા પછી હસન બિન સબ્બાહના હાથે બે ખાસ ટોળાં બહાર આવ્યા. આમાંના એક ટોળાનું નામ "રફીક" અને બીજાનું નામ "ફિદાઇ" હતું.

## આલમુતના યુરોપિયન પ્રવાસીઓનાં વર્ણનો.

"તારીખુલ ઇસ્લામ" ના કર્તા લખે છે કે ઇસ્માઇલીયા કોહિસ્તાનીયા કિંવા નિઝારી ફિરકાના બાદશાહોનું પાટનગર 'આલમુતનો ગઢ' હતું. આ ગઢ કઝવીન અને ગીલાનની વચ્ચે આવેલો હતો. ઇતિહાસકારો મુસ્તેઅલવી ઇસમાઇલીઓને "પશ્ચિમ દેશીય (Western) ઇસ્માઇલીઓ" તરીકે લખે છે, તથા હઝરત ઇમામ નિઝાર અ. ને અને તેમના વંશજોને માનનારાઓને "પુર્વ દેશીય (Eastern) ઇસ્માઇલીઓ" તરીકે ઓળખાવે છે. તેઓએ એ દેશના ઇતિહાસમાં એટલો બધો મહત્વનો ભાગ ભજવ્યો છે અને ખાસ કરીને તેમાં "આલમુત ગઢે" જે અમર નામના પ્રાપ્ત કરી છે, તેનાથી આકર્ષાઇને અનેક પ્રવાસીઓ આજે પણ તેની મુલાકાત લે છે. આજથી એક સદી પુર્વે કરનલ મોન્ટીથ (ઇ. સ. ૧૮૩૩) અને લેફટન્ટ કરનલ જસ્ટીસ શીલે (ઇ. સ. ૧૮૩૭)માં પશ્ચિમનાં લોકોનું પ્રથમ ખાસ લક્ષ ખેંચ્યા પછી એ દેશના અનેક પ્રવાસીઓ લોહચુંબક પેરે આલમુત પ્રત્યે આકર્ષાઇ આવ્યા હતા. તાજેતરના પ્રવાસીઓમાં પ્રોફેસર હર્ઝફેલ્ડ (૧૯૨૭), કેપ્ટન એકલ્સ, મી. જે. પી. હેન્ડરસન, અને લોરેન્સ લોકહાર્ટ (૧૯૨૮)ની ત્રણી પછી એ ગઢની મુલાકાત લેનારાઓમાં જાણીતા રશીયન વિદ્વાન પ્રોફેસર ડબ્લ્યુ. આઇવેનોવ અને અમેરિકન પ્રવાસી મીસ ફ્રેયા સ્ટાર્કના નામો ગણાવી શકાય; ઐતિહાસિક ઘટનાના વર્ણન પહેલાં ઇસ્માઇલીઓનાં કીર્તિકળશસમા એ ગઢનો પરિચય અત્રે આપવો અસ્થાને તો નજ થશે.

આલમુતનો આ કિલ્લો સાંકડી ખીણોની વચ્ચે આવેલો છે. તેની ઉંચાઇ ૧૧૦૦૦ ફીટની છે અને ઉભા ખડકોવાળા પર્વતોની એક હારમાળામાં તે આવેલું છે. ખીણની તળેટીએ ઝડપી વ્હેતા પાણીના ઝરાઓ, સારો વરસાદ પડયા પછી ઘુંઘવાતો જળપ્રવાહ બની જાય છે, જેના પરિણામે તેના કિનારે આવેલી ખેતી કરવા લાયકની જમીનને તે બરબાદી કરી મુકે છે. શિયાળામાં ટેકરીઓ ઉપર બરફ બંધાય છે, ત્યારે તેની સૌન્દર્યતા જોઇ ખુબ આનંદ મળે છે.

આલમુતનો કિલ્લો અલબુર્ઝના પર્વતની હારમાળામાં આવેલો છે. આ હારમાળા એકંદરે ૨૨૪૪ ટેકરીઓની બનેલી છે. એમાં સૌથી મોટી અને છેલ્લી ટેકરી ઘણી જાણીતી છે. આ પર્વતમાંથી ત્રણ નદીઓ વહે છે. એને "કિઝલ" "ઓઝેન" અને "એરેસ" કહે છે. આ પર્વત કાશ્મીરના અગ્નિ ખુણામાં બત્રીસ માઇલને છેટે છે. અત્રે ઇસમાઇલીઓનું મુખ્ય મથક છે, પુર્વ કોહિસ્તાનથી કેનગામ સુધી લાખો ઇસ્માઇલીઓ વસવાટ કરી રહ્યા છે. આ સઘળા ઇસમાઇલીઓ ખેતીવાડી કરે છે. દુનિયામાં એમની પરોણાગત ઉત્તમ પ્રકારની મનાય છે. જે જે પ્રવાસીઓએ તેમની પરોણાગત ચાખી છે, તેઓએ તેમના મુક્ત કંઠે ગુણ ગાયાં છે.

## ઇસમાઇલી વિરૂદ્ધ સલજુકીઓ–સુલતાનનો પરાજય.

આલમોતના પહાડ પર હસન બિન સબ્બાહે ઇસમાઇલી રાજ્ય સ્થાપીને પોતાના બચાવ માટે મજબુત વાતાવરણ રચવા માંડયું. પોતાની પડોશમાં એક સંગઠિત અને બળવાન રાજ્ય આ

પ્રમાણે ઉભું થતું જોઇને આજુબાજુના સુલતાનો અને રાજ્યકર્તાઓ ખળભળી ઉઠયા અને હસન બિન સબ્બાહ કિલ્લામાં દારૂગોળો અને હથીયારની પુરતી સામગ્રી ભરે તે આગમચ રૂદબાર ઇલાકાના રાજ્યકર્તાએ માલ અસબાબના લાવ લઇજાવનો માર્ગ કાપી સઘળી ખરીદી બંધ કરાવી દીધી. હસન બિન સબ્બાહને પોતાની ભાવિ યોજનામાં આવી રીતે અણધારી અડચણ આવી પડતાં કાંઇક દિલગીરી થઇ, પરંતુ તેમનાં પર ભાગ્યદેવી ત્રુઠવાની છે, એવી ખાત્રી તેમને ઇમામે આપી હતી જેથી, તેમનામાં નવી હિંમતનો સંચાર થયો હતો અને તેમાં વિજયી થવાના દિવસથી એ કિલ્લાનું નામ તેમણે "ભાગ્યદેવીનું ભુવન" રાખ્યું હતું.

ઇસમાઇલીઓનાં આ નવિન સંઘનાં પ્રયાસોને પહેલાંથીજ સુલતાન મલેકશાહ તુચ્છકારની નજરથી જોતો હતો અને ઈર્ષાની લાગણીથી મહાન હસન બિન સબ્બાહને "ધાડપાડુ" તરીકે સંબોધતો હતો. પરંતુ કુનેહ અને બળથી જ્યાં ત્યાં ઇસમાઇલીઓનોજ વિજય થતો હોવાથી હસન બિન સબ્બાહનું બળ નિશદિન વધતું જવાની ખબર તેને પડતાં તે જાગૃત થયો અને હિજરી સન ૪૮૫માં હસન બિન સબ્બાહ તેમના પુત્રો અને સઘળા ઇસમાઇલી અનુયાયીઓનો નાશ કરવા પોતાના લશ્કરી વડા અમીર અર્સલાનતાશને હુકમ આપ્યો.

સર જોન માલકમ કૃત ઈરાનના ઇતિહાસમાં દર્શાવ્યા અનુસાર સુલતાન મલેકશાહનું લશ્કર આલમુત પર ચઢી આવ્યું, ત્યારે હસન બિન સબ્બાહની સાથે માત્ર ૭૦ ઇસમાઇલીઓ હતા અને લડતાં લડતાં તેઓ કેદ પકડવાની અણી પર હતા, એવામાં છેલ્લી ઘડીએ "રય"માંથી ત્રણસો લડવૈયાની મદદ દાઈ અબુ અલીએ મોકલી. તેઓ કિલ્લામાંના સૈનિકો સાથે જોડાઇને દુશ્મનો પર તુટી પડયા અને આ ઓચિંતા હુમલાથી સુલતાનના લશ્કરને ઘેરો ઉઠાવી લેવો પડયો. આ ફટકાથી સુલતાન મલેકશાહ ચોંકી ઉઠયો.

## નિઝામુલ-મુલ્કના કાવાદાવા.

ઇતિહાસકાર વોન હેમર પોતાની કૃતિમાં લખે છે કે, સુલતાને તે પછી સર્વથી વધુ વિશ્વાસપાત્ર ઓફીસર કઝિલ ઇબ્ને શારિકને ખુરાસાનના સૈન્ય સાથે ઇસમાઇલી દાઇ હુસેન કાઇની સામે લડવા મોકલ્યો, હુસેન કાઇની કોહિસ્તાનના આખા ઇલાકામાં ઇસ્માઇલી દઅવતનો પ્રચાર કરતો હતો તેથી સુલતાનને ઈર્ષા થઇ આવી હતી. કઝિલ શારિકનું લશ્કર આવી પહોંચતાં તેનો મુકાબલો કરવા માટે હુસેન કાઇનીએ સલામતી ખાતર મોમિનાબાદ આગળ છાવણી નાખવાનું ઉચિત ધાર્યું. એ સમયે એક બાજુ આલમુત પર સુલતાન મલિકશાહનું આક્રમણ ચાલુ હતું, જ્યારે બીજી બાજુ કોહિસ્તાનમાં પણ સુલતાનનું લશ્કર હુસેન કાઇની સામે ઉપર જણાવ્યા મુજબ આવી પહોંચ્યું. આ સ્થિતિ ઇસમાઇલીઓ માટે ઓછી મુશ્કેલ ન્હોતી. આ સંજોગો વચ્ચે હસન બિન સબ્બાહે જોઈ લીધું કે, દારૂગોળો કે શસ્ત્રાસ્ત્ર મેળવવાના સાધન દુશ્મનોની અટકાયતથી બંધ થઈ ગયાં છે. ઉપરાંત સુલતાનનું નવજીવન પામેલું જબરદસ્ત લશ્કર ઇસ્માઇલીઓનો નાશ કરવા ડોળા ઘુરકાવી રહ્યું છે. આવા વિપરિત સંજોગોમાં બળવાન દુશ્મનથી મુક્તિ મેળવવા કાંઇ યોજના ઘડી કાઢવી જોઇએ. સાથે સાથે પોતાની સામે અંગત શત્રુતા ધરાવનાર નિઝામુલ-મુલ્કજ છે અને તેને અંગેજ આ સઘળું થઈ રહ્યું છે એ તેઓ સારી પેઠે જાણતા હતા. નિઝામુલ-મુલ્ક સલજુકી વંસના પહેલા ત્રણ બાદશાહ તુઘરિલ બેગ, અલ્પ અર્સલાન અને મલિકશાહના તંત્ર તળે સલજુકીઓના વઝીર તરીકે રાજ્યનો કર્તાહર્તા થઈ પડયો હતો. આ પ્રસંગે પણ પોતાની દુશ્મનીનો બદલો લેવા આલમુત પર ચઢી જવા બાદશાહને તેણે ભંભેર્યો હતો અને હવે આલમુતના ઇસ્માઇલી રાજ્યને તોડી પાડવા માટે ખુલ્લી રીતે રણજંગમાં ઉતર્યો.

સલજુકી સામ્રાજ્યમાં લડાઈનો પાયો નાખનાર અને ઈસમાઈલી મઝહબનો સર્વથી પહેલો દુશ્મન નિઝામુલ-મુલ્ક હવે પોતાનો પુરાણો કીનો વસુલ કરવા તૈયાર થયેલો હોઈને, કજિયાનાં એ મૂળનેજ મિટાવી દેવાથી બીજા હજારો લડવૈયાઓનાં લોહી રેડાયા વગર મામલો શાંત થાય, એ હેતુસર એક ફિદાઈ નિઝામુલ-મુલ્કને કત્લ કરી આવ્યો અને તે પછી ટુંકમાં મલિકશાહનું મૃત્યુ થયું. જેથી કઝિલ શારિક મોમિનાબાદ ઉપર ઘેરો નાંખી ઈસ્માઈલીઓને તંગીમાં લાવવા કોશિશ કરતો હતો, તે ઘેરો ઉઠાવી લઈ ચાલતો થયો, આથી મલિકશાહના મરણ પછી સલજુકી સામ્રાજ્યમાં જુદા જુદા ભાગલા પડી ગયા. ઈરાનમાં એ પ્રકારે અશાંતિ ફેલાતાં ઈસ્માઈલીઓને બહાર આવવાની તક મળી ગઈ હતી.

## ઈસ્માઈલીઓના કબજામાં અન્ય કિલ્લાઓ.

ઈસ્માઈલીઓ ક્રમશઃ એક પછી એક પ્રવૃતિમાં જોડાવા લાગ્યા અને હસન બિન સબ્બાહના પક્ષકારોના અધિકારમાં ઈરાકના સર્વથી મજબુત ગઢો આવ્યા. સુલતાન મલિકશાહે બંધાવેલો "શાહદુર" નામનો ઈસ્ફહાનનો મજબુત કિલ્લો સુધ્ધાં ઈસમાઈલીઓએ કબ્જે કરી લીધો. કોન્સ્ટેન્ટીનોપલનો રૂમી શહેનશાહનો એલચી અને સુલતાન એક દિવસે શિકારે નિકળ્યા હતા, ત્યારે આ જગ્યા પસંદ કરીને એ ગઢ ખાસ બંધાવ્યો હતો.

હિજરી સન ૪૯૯ માં ઈસ્ફહાન પાસે "દરકુલ" અને તેની પાંચ ફરસંગના અંતરે આવેલા "ખલીન્જાન", અર્જ્હાર પાસેના "વસ્તકુહ"નો ગઢ, ફારસ અને કોહિસ્તાન વચ્ચે "તાન્બુર" અને "ખાલુબાન", કુમીશના ઈલાકામાં "દમગાન" ફિરૂઝકુહ અને ગિર્દકુહ અને છેવટમાં કોહિસ્તાનની અંદરના કિલ્લા તબ્બસ, કાઈન, તુન, અને મોમિનાબાદ અને બીજા ઈલાકામાંના કેટલાક અન્ય કિલ્લાઓ પણ ઈસમાઈલીઓએ હસ્તગત કર્યાં હતા.

હસન બિન સબ્બાહના ભાણેજ અબ્દુલફતાહે "ઈસ્ફહાન", અને કિયા બુઝુર્ગ ઉમીદે "લામસ્તાર"ના દુર્ગો જીતી લીધા હતા. એ બન્ને પીરલા રઈસ મુઝફ્ફર અને હુસેન કાઈની સાથે દાઈ તરીકે ઈસમાઈલી સિધ્ધાંતના પ્રચારક અને હસન બિન સબ્બાહનાં મદદગાર હતા.

આલમુત અને પરતકુહના કિલ્લાઓ ઈસમાઈલીઓના હાથમાં દશ વર્ષ પહેલાં આવ્યા હતા. તે સિવાય બાકીના સઘળા કિલ્લા ક્રુઝેડના ખ્રિસ્તી લડવૈયાઓએ જેરૂસલમ લીધું તે પછીના વર્ષમાં ઈસમાઈલીઓએ મેળવ્યા હતા.

## ખ્રિસ્ત ક્રુઝેડરોમાં ઈસમાઈલીઓની ધાક-હસન બિન સબ્બાહનો ભાણેજ અબુલફતાહ.

આલમુત અને તેના અતરાફના ભુમિવિસ્તારમાં ઈસમાઈલીઓએ ક્રુઝેડરોના સમયમાં રાજ્ય સ્થાપ્યું હતું. ખ્રિસ્તી બારમી સદીના પહેલાં વર્ષમાં હેમ્સના રાજા જનાહુદ-દૌલા કાઉન્ટ સેન્ટ ગાઈલ્સે "હસ્નસ કુર્દ" પર ઘેરો નાખ્યો હતો, એ દરમ્યાન તે નિઝારી ઈસમાઈલીઓનો ભોગ થઈ પડયો. રાજકીય દુશ્મનીના કારણે જનાહુદ-દૌલાનું મૃત્યુ થયેલું મનાય છે. ઈસમાઈલીઓના એક મહાન મિત્ર હલબના બાદશાહ રિઝવાન ઉપર આ કાઉન્ટને મારી નાખવાનો શક લઈ જવામાં આવે છે. ક્રુઝેડરોની

ચાલુ દુશ્મનાવટ અને સતામણીથી હલબનો રાજવી કંટાળી ગયો હતો. તેની કુમકે એક ઇરાની સોનાર અબુતાહેર આવી પુગ્યો હતો. એ પણ ઇસમાઇલી એતેકાદ ધરાવતો હતો. પાછળથી દમિશ્કનો રાજ્યકર્તા "દુકાક" પણ રિઝવાનનો સાથી બન્યો હતો.

હલબની દક્ષિણે એક દિવસના માર્ગના અંતરે આવેલી મજબુત જગ્યા "જરમીન" હસન બિન સબ્બાહના ભાણેજ અબુલફતાહનું નિવાસસ્થાન હતું, જ્યાંથી તેઓ શામમાં દાઇયુલ કબીર તરીકે ઇસ્માઇલી મઝહબનો પ્રચાર કરતા હતા. કોહિસ્તાન, કુમીશ અને ઇરાકના દાઇયુલ કબીર હુસેન કાઇની, રઇસ મુઝફ્ફર અને કિયા બુઝુર્ગ ઉમ્મીદ હતા.

થોડાક વર્ષો પછી હિજરી સન ૫૦૧ માં અફામીયાના વતનીઓએ અફામીયાના મિસરી ગવર્નર ખલફના અત્યાચારમાંથી ઉગરવા "જરમીન"ના લશ્કરી હાકેમ અબુ તાહેરની કુમક માંગતા એ ગવર્નરને મારી નાખીને હલબના રાજ્યકર્તા રિઝવાનના નામે અબુ તાહેરે શહેરનો કબજો લીધો અને કિલ્લાની હકુમત સંભાળી લીધી, પરંતુ પાછળથી તે "ટેનક્રેડ"નો સામનો કરી શકયો નહિ અને તેની સાથે સુલેહ કરીને તેને શરણે જતાં ટેનક્રેડે કરારનો ભંગ કરીને અબુ તાહેરને કેદી તરીકે અંતાકિયા લઇ ગયો અને દંડની એક મોટી રકમ વસુલ કર્યા પછી તેને મુકત કર્યો. ઇતિહાસકાર કમાલુદીન એક હાથ ઉપર ટેનક્રેડને વચન ભંગ કરવા માટે અપરાધી ગણે છે, બીજા હાથ પર "આવા એક અધમ નરને જીંદગી જેવું ઉત્તમ દાન દેવા માટે" ટેનક્રેડને ક્રુઝેડનો નોંધણીકાર "એસેનો આલ્બર્ટ" ધર્મઝનુન અને ઇર્ષાથી ઠપકો આપે છે.

## ઇસ્માઇલીઓના ઉપકાર પર અપકાર.

હિજરી સન ૫૦૭ માં હલબના રાજ્યકર્તા અને ઇસમાઇલીઓના મહાન રક્ષક રિઝવાનનું અવસાન થયું. ઇસમાઇલીઓએ પણ પોતાના આશ્રયદાતાનો ઉપકાર ભુલી ન જતાં તેના રાજ્યની જાળવણી અર્થે જરૂર પડતાં રણાંગણે ઝઝુમી તલવારનો છુટથી ઉપયોગ કર્યો હતો. તેને લીધે રિઝવાનના સોળ વર્ષની વયના પુત્ર અલ્પરસ સાથે ખ્વાજાસરા લુ'લુ' હકુમત ચલાવવા લાગ્યો. થોડો સમય જતાં ઇસમાઇલીઓનો ઉપકાર ભુલી જઇ લુ'લુ'ની ચઢામણીથી ઇસ્માઇલીઓ પર જુલમ ગુજારી તેઓનાં બાળબચ્ચાં અને સ્ત્રી પુરૂષોમાંના કંઇ નહિ તો ત્રણસો જણાને કતલ કરી નાખ્યા અને બસો ઇસમાઇલીઓને કેદમાં પુર્યા, પાછળથી તેઓનો પણ વધ કરી એમના શબોને બાળી નાખવામાં આવ્યા. બાદશાહ રિઝવાનનો આ પુત્ર અબ્બાસી ખલીફના ખાનદાનથી ઉતરી આવેલો હતો, જેઓ ઇસમાઇલીઓ પ્રત્યે હંમેશા દુશ્મનાવટની લાગણી ધરાવતા આવતા હતા. આવી સ્થિતિમાં આવી પડેલા ઇસમાઇલીઓ પોતાના પ્રાણ બચાવવા હથિયારનો ઉપયોગ કરતા હતા, તે માટે ઇર્ષાળુ દુશ્મનોએ તેમની નિંદા કરી છે.

## ઇસમાઇલીઓનો ડંકો—મોટા મોટા રાજ્યોને પડકાર.

હિજરી સન ૫૧૪માં હલબના અમીર ઇલગાઝીને ઇસમાઇલીના વડાનો સંદેશો મળ્યો જેમાં "શરીફ"ના કિલ્લાનો કબજો આપી દેવાની માંગણી કરી હતી. ઇલગાઝીએ ઇસમાઇલીઓના બળથી ભય પામીને કિલ્લો આપી દેવા ઇસમાઇલી એલચી સામે ઢોંગ કર્યો. ઇસમાઇલી એલચી પોતાનાં રાજ્યમાં પાછો ફર્યો કે, હલબવાસીઓએ કિલ્લાની ભીંતોનો નાશ કરી ખાઇઓ પુરી નાખીને શહેર સાથે કિલ્લાને જોડી દેવામાં આવ્યો. આવી રીતે ઇસમાઇલીઓને કિલ્લો નહિ સોંપી તેમનું બળ વધતું અટકાવવાની

વ્યવસ્થા કરનાર ઈબ્ને ખશ્શાબને પોતાના લોહીથી તેની કિંમત આપવી પડી. દમિશ્કનો મશહૂર રાજ્યકર્તા નુરૂદીન મુહમ્મદ બિન અમાદુદીન ઝંગી, જેણે વિખ્યાત સુલતાન સલાહુદીનના કાકા ઇઝુદીન શિરકુહને મિસર ભણી વઝીર શાવરના કહેવાથી મોકલ્યો હતો, તેની પાસેથી પણ ઇસમાઇલીઓએ "બૈતુલ્લાહ" સોંપી દેવાની માંગણી કરી હતી. એ સમયે ઇસમાઇલીઓની એટલી જબરદસ્ત હાક પડતી હતી કે નુરદીન જેવો એ સમયે સમર્થ ગણાતો શામનો હાકમ પણ ઇસમાઇલીઓની માંગણીનો ઇન્કાર કરી શકયો નહિ અને તેણે પણ તેનો ઢોંગથી સ્વીકાર કર્યો, પરંતુ ગામવાસીઓને તેણે ઉશ્કેરી મુકયા અને ઇસમાઇલીઓ તેની હદમાં પગ મુકે તે પહેલાં પ્રજાએ પોતાના કિલ્લાઓનો નાશ કરવાનું આરંભી ખેદાનમેદાન બનાવી મુકયાં.

ઇરાનમાં પણ ઇસમાઇલીઓનો એવીજ રીતે ડંકો ચોમેર વાગી રહ્યો હતો. નિઝામુલ-મુલ્ક પછી પણ સલજુકીઓની દુશ્મનીભરી વલણમાં કશોએ ફેરફાર થવા પામ્યો નહોતો અને તેઓ સતાવવાના વધુ પગલાં લેવા લાગ્યા હતા. નિઝામુલ-મુલ્કના પુત્ર ફખ્રુલ-મુલ્ક અબુલ મુઝફ્ફર અલી, જેણે પોતાના પિતાની માન અને મોટા દરજ્જાવાળી જગ્યા વારસામાં મેળવી હતી, તેણે પણ સુલતાન મહમ્મદ અને સુલતાન સંજર એ બન્ને રાજવીઓના શાસનકાળમાં ઇસમાઇલીઓ પ્રત્યેની પોતાની એવીજ દુશ્મનીભરી રાજનીતિ ચાલુ રાખી. સુલતાન સંજર રાજસિંહાસને હતો ત્યારે સુલતાનનો કુટુંબી તુઘરિલબેગનો ભાઈ ચગરબેગ ઇસમાઇલીઓના હાથે માર્યો ગયો. 'ઇસમાઇલીઓની અદેખાઇ કરી તેઓને નાહક સતાવવા એ લાભપ્રદ નથી' તેની સુલતાન માટે એક ચેતવણીરૂપ એ બનાવ હતો.

## સલજુકી સુલતાન સંજરનું આક્રમણ.

ઇતિહાસકાર જોન માલકમના ઉલ્લેખ પ્રમાણે સુલતાન સંજરના હાથે ઇસમાઇલીઓને સિરે ભારે હાની પહોંચવાનો ભય આવી ઉભો રહ્યો, કારણ કે તે હવે ઇસમાઇલીઓને નિર્મુળ કરવાના ઠરાવ પર આવ્યો અને આલમુતગઢ ભણી પોતાના મોટા લશ્કર સહિત કેટલીક મંજલો પાર કરી આગળ વધવા લાગ્યો. બળવાન દુશ્મન સામે લડાઇમાં ઉતરવું અતિ કઠિન કાર્ય હતું, તેથી વિચાર્યું કે દુશ્મનોનો મુકાબલો કરી ફોકટમાં પ્રાણહાની કરવી તેના કરતાં "સાપ મરે અને લાકડી સલામત રહે"ની નીતિ ધારણ કરવી સલાહકારક ગણી. જર્મન ઇતિહાસકાર વોન હેમરે પોતાના ગ્રંથમાં એ વિષયનો આ પ્રમાણે ઉલ્લેખ કર્યો છે કે સુલતાન સંજર નિંદ્રામાં હતો, ત્યારે તેના માથાની એકદમ નજદીક જમીનમાં ઉભુ ખંજર ખોડવામાં આવ્યું હતું. ઉંઘમાંથી જાગૃત થઇ પોતાની પાસે ધારદાર શસ્ત્ર નિહાળતાં સુલતાનને ધ્રાસ્કો પડ્યો, પરંતુ તેણે બહારથી પોતાની બીક છુપાવી રાખી, થોડા દિવસ પછી શાહી હકુમતના ધોરણે આલમુતના ગ્રાન્ડ માસ્તરે (હસન બિન સબ્બાહે) સુલતાનને લખ્યું છે કે, "સુલતાન પ્રત્યે અમારી ભલી લાગણી ન હોત તો જમીનને બદલે સુલતાનના જીગરમાં એ ખંજર અમો સહેલાઇથી ઉતારી શકતા હતા."

કોહિસ્તાનમાંના ઇસમાઇલી કિલ્લાઓ પર સુલતાન સંજરે કેટલુંક સૈન્ય મોકલ્યું હતું. આ ચેતવણી પછી ત્યાં ઘેરો ચાલુ રાખવામાં સુલતાનને ભય લાગ્યો અને તે ઉપાડી લીધો. બીજી તરફ ઇસમાઇલીઓના આલમુત અને લામસ્તરના બે મજબુત કિલ્લા ઉપર સુલતાન સંજરના ભાઇ મહમ્મદના હુકમથી અતાબેગ અનુસ્તગીન શહરગીરે એક વર્ષ ઘેરો નાખી પડ્યો હતો. કિલ્લાનાં ઘેરાયલા લોકોની સ્થિતિ એકદમ ભયગ્રસ્ત થઇ પડી હતી અને વધુ દુ:ખ સહન થઇ શકે તેવાં સંજોગો નહોતા; એવા અણીના સમયે હિજરી સન ૫૧૧માં મહમ્મદનું અવસાન થયું; જેથી ઇસમાઇલીઓએ છુટકારાનો દમ ખેંચ્યો.

પોતાના ભાઇનું મરણ સુલતાન સંજર માટે શિખામણરૂપ થઇ પડ્યું. તેણે ઇસમાઇલીઓ સાથે સંધી કરી લીધી અને તે અનુસાર હસન બિન સબ્બાહ અને સુલતાન સંજર વચ્ચે સુલેહના કરાર થયા. ત્યારપછી ગીર્દકુહના ઇલાકામાં સઘળી સરકારી જકાત અને વેરામાંથી સુલતાને ઇસિમાઇલીઓને બાકાત રાખ્યા એટલુંજ નહિ પણ ઇસમાઇલી મઝહબવાળાઓને વર્ષાસન તરીકે કુમીસની મહેસુલનો અમુક ભાગ નક્કી કરી આપ્યો. આવી રીતે ઇસમાઇલીઓનું બળ વિરોધી વાતાવરણમાં પણ પ્રતિદિન વધવા લાગ્યું હતું.

## આલમુતમાં ઇસિમાઇલી ધર્મનાં સિધ્ધાંતોનું પાલન.

ઇસિમાઇલીઓ અને સુફીઓના સિધ્ધાંતો વચ્ચે કાંઇ મોટો તફાવત નથી. બલ્કે સિધ્ધાંતની દૃષ્ટિએ બન્ને એકજ છે. 'નફસ'ની લાલસાઓનો 'રિયાઝત' (આત્મદમન) વડે વધ કરી, 'કામિલ ઇન્સાન' કિવા ઇમામની હિદાયત પ્રમાણે 'ઝિક્રે આઝમ'નાં રટણ સાથે એક પછી એક ભુમિકાઓ પસાર કરતાં કરતાં 'મઆરિફતે ઇલાહી'ને પહોંચવાનો ધ્યેય મુખ્ય હોવાથી સુફીઓ પેઠે, ઇસિમાઇલીઓ પણ કર્મકાંડ કે બાહ્યાચાર કરતાં ઇલ્મે રૂહાની—આત્મજ્ઞાન અને આંતરિક ઇબાદત તરફ વધુ પ્રમાણમાં પોતાનું વલણ ધરાવતા હોય છે. આથી તેઓને બાતિનિયા કે 'ગુહ્યરહસ્યવાદીઓ' (Mystics) તરીકે ઇતિહાસમાં સંબોધવામાં આવેલ છે. હુજ્જતે આ'ઝમ હસન બિન સબ્બાહ પણ ઇસિમાઇલી ધર્મના એક મહાન 'મિશનરી' હતા. ઇસમાઇલી ધર્મના સિધ્ધાંતોનું પાલન અને વફાદારીથી ઇમામની સેવા કયા માર્ગે થઇ શકે તેનું શિક્ષણ આલમુતના ઇસમાઇલીઓને તેઓએ અત્યંત સુંદર રીતે આપ્યું હતું.

ઇતિહાસકાર જોન માલકમ જણાવે છે કે, ઇસમાઇલી મઝહબના અનુયાયીઓને જે ધર્મ સિધ્ધાંત હસન બિન સબ્બાહે શીખવ્યા હતા, તે ઇરાની સ્થાપિત ધર્મ માન્યતાથી સંગીન રીતે નિરાળા હતા. ઇસમાઇલી મઝહબનું મુળ 'ઇમામના દરજ્જા માટે ઇમામના સીધી નસલે નર વારસનો હક કાયમ રાખતી શ્રધ્ધા ધરાવવાનું છે. એ સિધ્ધાંત તેમજ સુફીઓ ફિલસુફો કે બ્રહ્મજ્ઞાનીઓની માન્યતાને વધુ અનુકુળ આવે એવા ઇસમાઇલી મઝહબના અનેક મુળતત્વોનો સ્ફોટ હસન બિન સબ્બાહના શિક્ષણમાં સુરેખપણે સમજાવેલાં હતા. તેઓ કુરઆને શરીફને એક પવિત્ર કિતાબ તરીકે માન્ય રાખતા હતા, પરંતુ તેઓ માનતા હતા કે શબ્દશ: નહિ પણ તેના તત્વને અમલમાં મુકવો જોઇએ. બંદગીની રાબેતાની પધ્ધતિ છોડી તેઓ કહેતા હતા કે ખરી ભક્તિ અંતરમાં વસે છે અને પોતાના પરવરદિગાર પ્રત્યે ગુપ્તપણે અંતરનો ભક્તિભાવ સદાયે અર્પવો જોઇએ. (૧.)

હસન બિન સબ્બાહ ઇસમાઇલી પંથવાળાઓમાં દીની કે દુન્યવી કાયદા કાનુનોનો અમલ કડકાઇથી કરાવતા હતા. મિતપાન અને મિતાહાર પાળવાનો ઇસમાઇલીઓને તેમણે સખતહુકમ આપ્યો હતો, કારણ કે 'આમાલ પાક' ઇસિમાઇલી સિધ્ધાંતોનો પાયો છે. કહેવામાં આવે છે કે ઇસમાઇલી ધર્મના નિયમો તરફ બેદરકારી દેખાડનારા તેમના બે પુત્રોને તેમણે ચાબુક (દુર્રા)ના ફટકા મારવાની સજા કરી હતી, જેથી તેઓ મરણ પામ્યા હતા. વળી એમ પણ જણાવવામાં આવે છે કે દુશ્મનો આલમુતગઢને ઘેરો નાખી પડ્યા હતા ત્યારે પોતાની મહેરદાર અને બે પુત્રીઓ સુરક્ષિત રહે એ આશયથી પોતાના મિત્ર રઇસ મુઝફ્ફરને ત્યાં તેઓને મોકલ્યાં અને સાથે રઇસને સુચના આપી હતી કે "મારી મહેરદાર અને બે પુત્રીઓ સુતર કાંતીને પોતાનો નિર્વાહ કરશે અને તેઓ જે કાંઇ મેળવે તે ઉપરાંત તેમને કોઇપણ પ્રકારનો ટેકો આપવો નહિં." જોન માલકમ ઉમેરે છે કે, આ ઉપરથી હસન બિન સબ્બાહ પોતાને કેટલા 'અદના' સમજતા હતા તેનો તોલ આપણે કરી શકીએ છીએ. એક કોમની

૧ જુઓ હિસ્ટ્રી ઓફ પર્શિયા. પાનુ ૩૯૯.

ફતેહમંદી માટે જે મધ્યમતા અને સ્વતંત્રતાના ગુણો જરૂરના છે, તેનો આ ઉપરથી દાખલો રજુ કરીને પોતાના સાથીઓને સાવચેત રહેવાનું તેઓ કહેતા હતા.

## ઇમામનાં ખરા તાબેદાર.

"રવઝતુસ્સફા"ના કર્તાના આલેખન મુજબ એક વખત હસન બિન સબ્બાહના હાથ તળેના કેટલાક માણસોએ એક કાગળ લાવીને તેમના હાથમાં મુકયો, જેમાં લખેલું હતું કે, "હસન બિન અલી બિન નિઝાર બિન મુહમ્મદ સબ્બાહ હુમેરી યમની." હસન બિન સબ્બાહે આ વાંચતા રોષે ભરાઇને કહ્યું કે, "જાઓ! આ કાગળને ધોઈ નાંખો. ઇમામનો ખોટો પુત્ર બનવા કરતાં ઇમામનાં ખરા તાબેદાર બનવામાં જીવનનું સાર્થક સમાયલું છે, એમ મારૂં દૃઢ માનવું છે."

## હસન બિન સબ્બાહે રચેલાં પુસ્તકો.

જો કે આલમુતનાં પતન થવાની સાથેજ હસન બિન સબ્બાહે સ્થાપેલી ગંજાવર–કેટલાકોની માન્યતા પ્રમાણે ચાર લાખ પુસ્તકોનાં સંગ્રહવાળી–લાયબ્રેરી અને તેમનાં હસ્તલિખિત પુસ્તકોનો નાશ કરવામાં આવેલો હોવાથી, હસન બિન સબ્બાહનાં સઘળાં પુસ્તકો મળી શકતાં નથી, છતાં કોઇ સંજોગોને લઇને, જે પુસ્તકો બચી જવા પામ્યા છે, તેમાંના બે–ચાર પુસ્તકો "સરગુઝિશ્તે સૈયદના," "કિતાબુલ અસ્કાલ વલ કરા" અને "ફુસુલઅલ–મુબારિક" ઇત્યાદીની યુરોપિયન અને ઓરિએન્ટલ સાહિત્યકારોએ મહેનત કરી શોધખોળ કરી છે. જાણીતો ઇતિહાસકાર રશીદુદીન ફઝુલુલ્લાહે લખેલા મશહૂર ઇતિહાસગ્રંથ "જામેઉત–તવારિખ" કે જેમાં ઇસમાઇલીઓને લગતી કેટલીક હકિકત મળે છે. તેણે પણ હસન બિન સબ્બાહના જીવન ચરિત્રના અહેવાલમાં લખવામાં આવેલો ઇસમાઇલી ગ્રંથ "સર ગુઝિશ્તે સૈયદના" ઉપરથી તેનો આધાર લીધો છે, જે ગ્રંથ હલાકુખાને આલમુતના કિલ્લાનો કબજો લીધો ત્યારે આલમુતની ઇસમાઇલી લાયબ્રેરીમાંથી મળી આવ્યો હતો. "તારીખે જહાંગુશા" નામના ઇતિહાસગ્રંથમાં મળી આવે છે, જે ગ્રંથ અતા મલિક જુવૈનીએ લખ્યું છે. જુવૈની હલાકુખાનના આલમુતના આક્રમણ વખતે તેની સાથે હતો અને તેણે છેલ્લા હુમલાનો તથા હસન બિન સબ્બાહનો અહેવાલ પણ પોતાના એ ગ્રંથમાં આપ્યો છે. તે પોતે લખે છે તે અનુસાર "સર ગુઝિશ્તે સૈયદના"નો ગ્રંથ આલમુતની લાયબ્રેરીના પુસ્તકોનો કબજો લેતાં તેણે જોયો હતો.

## ઇસમાઇલીઓની નિખાલસતા.

જાણીતા ડચ અભ્યાસીઓ ડોઝી અને ડી. ગીઝે ખાસ કરીને લખેલા આક્ષેપવાળા ભાગનો હવે સ્ફોટ થતો જાય છે. આજે ખરી ઇસમાઇલી કૃતિઓ જાહેર થઈ રહી છે. કોઈપણ ધર્મ અને ખાસ કરીને ઇસમાઇલીઝમ જેવા લાંબા કાળ પર્યંત ટકી રહેલા અને મજબુત જુસ્સાવાળા મઝહબની શરૂઆતમાં દોંગાઇ ચાલી શકે નહિં. ઇસમાઇલીઓ ઉપરના અત્યાચારો હજારો વર્ષનો મુકાબલો કરતાં એ પંથના સ્થાપકો કે તેના અનુયાયીઓની નિખાલસતા નોંધ લેવા યોગ્ય છે. એમના અનન્ય ભક્તિભાવના વિષયમાં અણુમાત્ર શંકા ઉઠાવવાની આપણને લેશ પણ જરૂરત નથી. આ મુદ્દામાં આપણને જે અતિશય વધારે સુયોગ લાગે છે તે માટે એ વિચાર કરવાનું છે કે ઇસ્લામમાં સુધારો (Reformation) કરવાની મહાન કોશિશ ઇસમાઇલીઝમમાં છે કે નહિં? એ દૃષ્ટિએ જોઇએ તો અબ્દુલ્લાહ બિન મયમુન અને ત્યાર પછી હસન બિન સબ્બાહ ઇસ્લામી આલમના મહાન દિનચિંતકોમાં એ દરજ્જા માટેનો પોતાનો હક્ક સ્વીકારવાનો દાવો ખરી રીતે કરી શકે છે.

## હસન બિન સબ્બાહની કૃતિ—ફ્સુલ અલ-મુબારિક.

હસન બિન સબ્બાહનું રચેલું આ પુસ્તક ઘણુંજ પ્રસિધ્ધિ પામ્યું છે. તેમાં સઘળી વાતોને લક્ષમાં રાખીને મિશનરીઓ "દઅવત"નું કાર્ય સુગમતાથી કરી શકે તેના માટે ઇસમાઇલી ધર્મના સિધ્ધાંતો અને ઇસમાઇલી ફિલસુફી ઉપર સારામાં સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. એટલુંજ નહિ પણ મુરશિદની જરૂરિયાત, મોઅલ્લિમે સાદિક (સાચા ગુરૂ) તથા મોઅલ્લિમે કાઝિબ (જુઠા ગુરૂ)નું સ્પષ્ટીકરણ, અયમના સિધ્ધાંતનું ખંડન, ઇમામે મૌજુદ વિષેની સાબિતિઓ, સત્ય અને અસત્ય વચ્ચેનો ભેદ, "વહેદતુલ વુજુદ" (હસ્તીમાં એક એવો અલ્લાહ)ની ઓળખ વગેરે વિષયો પર ઘણાંજ સરસ અને ફિલસુફીભર્યા વિચારો દર્શાવ્યા છે. તેમની બુધ્ધિગ્રાહ્ય દલીલો અને આકર્ષક વર્ણન શૈલીથી કોઇપણ ધર્મના અનુયાયી પર તેની અસર થયા વિના રહેતી નથી. ઉપરાંત ઇમામત, નબુવ્વત, કયામત, તૌહિદ, મિઝાન, પુલે સિરાત વગેરેની વ્યાખ્યા ઇસમાઇલી ધર્મના સિધ્ધાંત અનુસાર સમજાવવામાં આવી છે. એકંદરે એ ફ્સુલ અલ-મુબારિક નામની કૃતિમાં "વહેદતુલ વુજુદ"ની ઓળખ વિષેની ચર્ચાના અંતમાં ઇસમાઇલી અકીદા પ્રમાણે 'મઆરિફ્તે મુરસિલ' અર્થાત ખુદાતઆલાની મઆરિફ્તની પુરેપુરી વ્યાખ્યા તેઓ આ શબ્દોમાં કરે છે:—

"અમારા પંથમાં, પહેલાં મોહકિક (અત્રે મોહકિકને ઇમામના અર્થે વાપરવામાં આવ્યો છે.) સાથે અમો 'હક'ને ઓળખીએ છીએ. ત્યારબાદ અમો 'હક'ને મોહકિક સાથે ઓળખીએ છીએ. ખુદાતાલા અત્યે તેની મઆરિફ્ત મેળવવા જે પ્રયાસ કરવાનો છે, તે મોહકિક (ઇમામ) ઉપર અવલંબિત છે, કારણકે 'હક'ને અમો 'મોહકિક' સાથે ઓળખીએ છીએ અને 'મોહકિક'ને હક સાથે પીછાણીએ છીએ, વહેદતુલ વુજુદ ( હસ્તીમાં એક એવો—અલ્લાહ )ની ઓળખવાની આ રીત છે."

## માર્કો પોલોએ ઉપજાવી કાઢેલું સ્વર્ગ!

મહાન હસન બિન સબ્બાહ પર શદ્દાદનાં બહેશ્ત પ્રમાણેનું ચિત્ર ખેંચવાનું જે તહોમત મુકવામાં આવ્યું છે, તે ખરી રીતે જોતાં ઇર્ષાખોરોનાં મનની અગ્નિ સમાવવા પુરતું છે. કેટલાક ઇતિહાસકારો પણ તેનો ભોગ થઇ પડયા છે અને કેટલાક વાર્તાકારોએ એમાં કલ્પિત રસ પણ રેડયો છે.

હસન બિન સબ્બાહના "બાગે-બહેશ્ત"વાળા પ્રકરણમાં "માર્કો પોલોને જુદા જુદા બિન સત્તાધારી આસામીઓ પાસેથી વિગત મેળવનાર" તરીકે ઇતિહાસકાર જોન રાઇટ સિધ્ધ કરે છે. જોન માલકમ પણ "માર્કો પોલો"નાં બહેશ્તની દલીલોને વિચિત્ર અને અસંભવિત ગણીને વિરોધી ટોળીની આપેલી વિગતો જાહેર કરે છે. ઇસ્લામી લેખકોએ "માર્કો પોલો"ની વિગત પર વજન આપ્યું છે, એટલે તેઓ પણ પરધર્મી ઇતિહાસકારો કરતાં પણ ઘણા ઓછાજ વજનદાર પોતાને ઓળખાવી ગયા છે. પ્રખ્યાત મુસાફર લેફ. કર્નલ જસ્ટસ શીલ ૧૮૩૭માં આલમુતની જાતે મુલાકાત લઇને પોતાની કૃતિમાં જણાવે છે કે "શેખનું સ્વર્ગ આલમુતમાં હતું, એ વિષે ખાસ કાંઇ પુરાવો મળતો નથી."

## હસન બિન સબ્બાહની પરહેઝગારી—વફાત.

હસન બિન સબ્બાહે પોતાના આખા જીવનમાં જે કાંઇ કર્યું હતું, તે ફક્ત 'ઇમામ' માટેજ કર્યું હતું; એમાં એમને કાંઇપણ સ્વાર્થ નહોતો. તેઓના કુટુંબીઓ પણ જાતે મહેનત કરી રળી ખાતાં હતાં. તેમના પોતાના માત્ર બેજ પુત્રો પણ ગુન્હામાં આવી જતાં તેમને સજા કરી પોતાના એ વંશવેલાને તેઓએ મારી નાખ્યો હતો. આલમૂત કબજે કર્યા પછી ૩૫ વર્ષની લાંબી મુદત સુધી તેઓ બહાર નહિં

નીકળતાં, રાત દિવસ ઇમામની સેવા અને પ્રજાનાં ભાવિ ઘડતર માટેના કાર્યમાં રોકાયલા રહેતા હતા. "રવઝતુસ્સફા"ના કર્તા લખે છે કે, આ ૩૫ વર્ષના અમલ દરમ્યાન કેવળ બે વખતજ તેઓ કિલ્લાની અગાસી પર આવ્યા હતા, કારણ કે તેઓ હંમેશા રાજ્યવ્યવસ્થા તથા ધાર્મિક કામકાજમાં સતત રચ્યા પચ્યા રહેતા હતા. જરૂર પડતાં તેઓ પોતાના સલાહકારોને કિલ્લાંમાંના પોતાના રહેઠાણ પરજ બોલાવી સલાહ મસ્લત કરતા, મિશનરીઓના રિપોર્ટો સાંભળીને સુચનાઓ આપતા, અને તેના પર સલાહકારો અને કાર્યવાહકો અમલ કરતા હતા અને સમગ્ર રાજ્યમાં તેનો ફેલાવો કરી દેતા. આ ઉપરાંત તેઓ ધાર્મિક સાહિત્ય લખીને તેના પ્રચાર કાર્યને પણ અત્યંત ઘણું મહત્વનું ગણતા હોવાથી, વિરોધીઓએ ઇસમાઇલી ધર્મ વિરૂધ્ધ લખેલાં પુસ્તકોના જવાબો તથા ધર્મના સિધ્ધાંતો અને ઇસમાઇલી ધર્મની ફિલસુફી પર પ્રકાશ પાડનારા ગ્રંથો રચવામાં પણ પોતાના સમયનો ઘણો ઉપયોગ કરતા હતા. હિજરી સન ૫૧૮ માં તેમની ઉપર છેવટેણુ બીમારીએ હુમ્લો કર્યો અને તેમને ખાત્રી થઈ કે આ દુનિયા નિકટમાંજ છોડી જવાની છે, ત્યારે તેમણે પોતાના વિશ્વાસુ દાઇ કિયા બુઝુર્ગને પોતાની પાસે તેડાવી હકુમતનું વડપણ સોંપતાં કહ્યું:—"હઝરત ઇમામ હાદી અ. રાજ્યલગામ પોતાના હાથમાં ન લે ત્યાંસુધી પવિત્ર ઇમામની સેવા અડગપણે બજાવવાની ભલામણ કરૂં છું અને મારા સ્થાને તમારી નિમણુંક કરૂં છું." ત્યારપછી તેમણે દીદારઅલી અને હસન કસરાંનીને મોટા હોદ્દાઓ પર કાયમ કરીને જમાદીલ-અવ્વલની તા. ૨૬ મીના દિને તેઓ આ ફાની દુનિયા છોડી આલમે બકા તરફ પ્રયાણ કરી ગયા.

## કિયા બુઝુર્ગ ઉમ્મીદનું તંત્ર—શત્રુઓનો મુકાબલો.

હિજરી સન ૫૧૮ થી કિયા બુઝુર્ગ ઉમેદની હાકેમ તરીકે સત્તાવાર નિમણુંક થયા પછી, તેમણે પોતાના જીવન પર્યંત મહાન હસન બિન સબ્બાહની રાજ્યપ્રથાને જરાપણ ફેરફાર કર્યા વિના ચાલુ રાખી. આલમુત અને તેની અતરાફના કિલ્લાઓનું સમારકામ કરાવી વધુ મજબુત કર્યા. જરૂર જોગા નવા કિલ્લાઓ પણ બંધાવ્યા. દરેક કિલ્લાના રક્ષણ માટે વ્યવસ્થિત લશ્કરી છાવણીઓ પણ હંમેશ માટે રાખવામાં આવી. ઇસિમાઇલીઓની સલતનતની હદમાં જે જમીન ઉપર ઘેરણુસરનો કબજો ન્હોતો તેવા બધા વિસ્તારને પોતાના કબજે કરીને તેની ખીલવણી હાથ ધરવામાં આવી.

હિજરી સન ૫૨૦ માં મયમુનદીઝ નામનો ફરીથી નવો સંગીન કિલ્લો બાંધવામાં આવ્યો અને ત્યાંના ગવર્નર તરીકે અબ્દુલમલેકની નિમણુંક કરવામાં આવી. એજ વર્ષના શાબાન માસમાં અતાબેગ શહરગીરનો ભત્રીજો લશ્કર સહિત રૂદબાર પ્રગણામાં ઇસમાઇલીઓ પર ચઢી આવ્યો હતો. તેને મારી હઠાવવા કિયા બુઝુર્ગે બળવાન ફિદાઇઓનું એક લશ્કર રવાના કર્યું. બન્ને પક્ષના લડવૈયાઓનો સામનો થતાં ભારે યુધ્ધ ખેલાયું, જેમાં અતાબેગ શહરગીરની સખ્ત હાર થઇ અને તેઓ સઘળો પોતાનો માલ અસબાબ મુકી નાસી ગયા. આથી ખાધાખોરાકી, ભારબદારી જાનવરો, ઘોડાઓ, દારૂખાનું અને હથીયારોનો એક મોટો જથ્થો ઇસમાઇલીઓના હાથમાં આવ્યો.

હિજરી સન ૫૨૧ માં સુલતાન મહમ્મદ સલજુકીએ ઇસ્ફહાનથી આલમુત ગઢ પર પોતાનું એક મોટું સૈન્ય મોકલ્યું. આ સૈન્ય ઇસમાઇલીઓની સરહદમાં આવી પહોંચે તે આગમચ કિયા બુઝુર્ગને તેના સમાચાર મળી જવાથી પોતાના ફિદાઇ લડવૈયાઓને માર્ગ રોકવા રવાના કર્યા, જેઓ સુલતાનના સૈન્યની વાટ જોતા ઉભા હતા. આ જોતાં સુલતાને ક્રોધમાં આવીને કહ્યું:—"આપણું લશ્કર પહોંચ્યા પહેલાં આલમુતનું લશ્કર આવી પહોંચ્યું છે અને તેઓ મુકાબલા માટે રાહ જોઇ રહ્યા છે." આ કારણે સુલતાનને આલમુતવાસીઓની આવી ફિદાગીરી જોતાં ફાળ પડી.

## ઇસ્માઇલી એલચીનું ખુન—આલમુત જવાબ માંગે છે.

"હિસ્ટરી ઓફ પરશીયા"માં જોન માલકમ લખે છે કે, સુલતાને એક સૈન્ય મોકલ્યું પરંતુ રૂદબાર સર કરવાની તેની કોશિશ સફળ નિવડી નહિ અને સલજુકી જનરલને પાછળ હઠી જવાની ફરજ પડી, જેથી સુલતાને કિયા બુઝુર્ગને થોડા સમય પર્યંત લડાઇ 'તહકુબ' રાખવાની ઇચ્છા દર્શાવી, અને સુલેહ થઈ, જેને અંગે આલમુતના રાજ્ય તરફના એક એલચી ખ્વાજા નાસિર શહેરસ્તાનીને ઇસ્ફહાન ખાતે મોકલવામાં આવ્યો, જેમનો સુલતાનની દરબારમાં ભારે સત્કાર કરવામાં આવ્યો. પરંતુ ઇરાનની રાજધાનીમાંથી આવેલા ઇસમાઇલી સરદારના એક પ્રતિનિધિને જોઇને પોતાના બાદશાહ કરતાં વધુ અધીરી બનેલી પ્રજા એટલી બધી ઉશ્કેરાઇ ગઇ કે પેલા એલચીના નિવાસ સ્થાન ઉપર હલ્લો કરવા પહોંચી ગઇ અને એ એલચીનું ખુન કરી તેનાં કટકે કટકા કરી નાખ્યા. "તારીખે ગુઝિસ્તા"ની એક હસ્તકૃતિમાં લખ્યું છે કે જનસમૂહના ધિક્કારની જ્વાળા મુલ્લાંઓએ ભડકાવી દીધી હતી. ધર્મના અહેકામ પાળવા કરતાં હસન સબ્બાહના પંથવાળાઓનું ખુન કરવું, એ વધારે સારૂ છે, એવો તેઓએ ફતવો આપ્યો હતો. આ ઘટના બન્યા પછી સુલતાન મહમ્મદ સલજુકીએ આ એલચીના ખુનમાં પોતાનો હાથ નથી, એવું જાહેર કરવા તત્કાળ એક ડેપ્યુટેશન કિયા બુઝુર્ગ ઉમેદ પાસે આલમુત તરફ રવાના કર્યું. આ ડેપ્યુટેશન આલમુત પહોંચતાં તેણે સુલતાનનો બચાવ રજુ કર્યો. પરંતુ કિયા બુઝુર્ગ ઉમ્મીદે જણાવ્યું કે, "ગુનોહ કરનારાઓને અમારા હવાલે કરવામાં ન આવે ત્યાંસુધી શાંતિ થશે નહિ. અમારો આ સંદેશો સુલતાનને આપશો."

## ઇસ્માઇલીઓની જીત.

ઉશ્કેરાયેલા પ્રજાજનોનાં ટોળામાંથી અત્યાચારીને શોધી કહાડવાનું કાર્ય સુલતાન માટે મુશ્કિલ થઇ પડ્યું હોવાથી સુલતાન તરફથી વિલંબ થતો જોઇ કિયા બુઝુર્ગે ઇસમાઇલી લડવૈયાની એક ટુકડી હિજરી સન ૫૨૩ માં કઝવીન ખાતે મોકલી. આ ટુકડીએ શહેરમાં દાખલ થઇને હુમલો કર્યો અને પહેલાં મુખ્ય ફતવો આપનાર કાઝીને કત્લ કર્યો; તેની સાથે બીજા પણ ચારસો શખ્સોને મારી નાખવામાં આવ્યા. આ લડાઇમાં ૧૧૫ ઇસમાઇલીઓ માર્યા ગયા હતા.

"તારીખે ગુઝીદા"ના કર્તા જણાવે છે કે, તે પછી ઇસમાઇલીઓ મોટા જથ્થામાં ગનીમતના માલ તરીકે જાનવરો, દારૂગોળો વિગેરે લઈ ગયા. આ સબબે ફરીથી સુલતાન અને કિયા બુઝુર્ગ વચ્ચે વેરનાં બીજ રોપાયાં. આ અથડામણનો અંત સુલતાનના અવસાન પર્યંત ન આવ્યો. સુલતાન મહમદ સલજુકીના મરણ પછી કિયા બુઝુર્ગ ઉમ્મીદે સુલતાનના લશ્કરને હાર આપી "ગીલાન" દેશ પણ ફતેહ કર્યો.

"રવઝતુસ્સફા"માં વર્ણન કરવામાં આવ્યું છે કે, હિજરી સન ૫૨૫ ના મોહર્રમ માસની ૪ થી તારીખે સુલતાનનું ત્રીસ હજારનું લશ્કર ઇરાકથી "લામસ્તર"ના કિલ્લા ઉપર ચઢી આવ્યું. આ સમયે સુલતાન મહમ્મદ સલજુકી પણ મરણ પામવાથી કઝવીની લશ્કર લડાઇ કર્યા વગર પાછું હઠી ગયું. અને કઝવીનમાં ઇસમાઇલીઓએ ૨૫૦ ઘોડા, ૨૦૦ ગાયો, ૧૨૭ ઊંટો, ૪ હજાર બકરા અને ૨૦ હજાર ખચ્ચર મેળવ્યા હતા.

ત્યારપછી પણ ફરી એકવાર ઇસમાઇલીઓનો મુકાબલો કરવા કઝવીનીઓ ચઢી આવ્યા; આથી બન્ને પક્ષો વચ્ચે ખુનખાર યુધ્ધ થયું. અરસપરસ તલવારો અને ભાલાઓ ચાલવા લાગ્યા. જમીન માનવ લોહીથી રંગાઈ ગઈ. આ યુધ્ધ દરમ્યાન કઝવીનીઓનો સેનાપતિ ઇસમાઇલીઓને હાથે માર્યો ગયો. કઝવીનીઓની આ છેલ્લી હાર હતી. તે પછી તેઓએ કદી પણ માથું ઊંચક્યું નહિ.

## ઈમામતનો ખોટો દાવેદાર–અબુ હાશમ અલવીનો અંત.

હિજરી સન પ૨૬માં અબુ હાશમ અલવી નામની એક વ્યક્તિએ ગીલાનમાં 'ઇમામ'નો દાવો કર્યો અને ગીલાનવાસીઓને પોતાની બયઅતમાં આણ્યા. આજુબાજુના દેશોમાં પણ અલવી તરફનો પ્રચાર તેના પ્રચારકો કરવા લાગ્યા અને 'ઇમામનો ઝહુર ગીલાન શહેરમાં થવાના' પત્રો પણ અબુ હાશમ અલવીના સાથીઓએ દેશાવરોમાં લખી મોકલ્યા.

"રવઝતુસ્સફા"ના કથન અનુસાર કિયા બુઝુર્ગ ઉમ્મીદે તેને ખોટો દાવો નહિ કરવા માટે નસિહતનો પત્ર લખતાં, તેણે ધૃષ્ટતાભર્યો જવાબ આપ્યો, એટલુંજ નહિ પણ ગીલાનવાસીઓ ઇસમાઇલી ધર્મ માટે નઠારૂં બોલવા લાગ્યા. આખરે ઇસમાઇલી વીર યોધ્ધાઓ અને અબુ હાશમના નવા મઝહબના અનુયાયીઓનાં સૈન્ય વચ્ચે 'દેલમાન' પાસે દારૂણ સંગ્રામ થતાં, અબુ હાશમ રણભુમિમાંથી રક્ષણ શોધવા પહાડોમાં નાસી ગયો. ઇસમાઇલી ફિદાઇઓ તેને પકડીને 'લામસ્તર'ના કિલ્લામાં કેદી તરીકે લઈ આવ્યા. જ્યાં તેને ત્રણ દિવસ સુધી સમજાવવામાં આવ્યા, છતાં તે ગુમરાહ માર્ગ પર નહિ આવતાં તેને જીવતો બાળી નાંખવામાં આવ્યો.

## સુલતાન ખ્વારઝમશાહનો પરાજય.

સુલતાન મહમ્મદ સલજુકીના મરણ બાદ સુલતાન મસઉદ ઇરાકનો બાદશાહ થયો. તેણે "બરનકીસ"નું સ્થાન ખ્વારઝમશાહને આપ્યું. બરનકીસ નાસી જઇને આલમુતવાસીઓને શરણે આવ્યો. આ બનાવ બન્યા પહેલાં ઇસિમાઇલીઓ જોડે ખ્વારઝમશાહની મિત્રતા હોવાથી તેણે કિયા બુઝુર્ગ ઉમ્મીદને કાસિદ દ્વારા કહી મોકલાવ્યું કે, "બરનકીસ ઇસમાઇલીઓનો કટ્ટો દુશ્મન છે, તેણે ઇસિમાઇલીઓને ઘણાં દુ:ખો દીધાં છે, તે તમો ભુલી ગયા નહિં હશો; જ્યારે હું તમારી સાથે પહેલાંથીજ મિત્રાચારી રાખતો આવ્યો છું. સુલતાન મસઉદે બરનકીસને પહેલાંથીજ મારા તાબામાં મુકયો હતો. હવે તે નાસી જઇને તમારી સરહદમાં આવી ભરાયો છે. તેને તમે જો સોંપી દેશો તો તમારી અને મારી વચ્ચે પ્રથમના જેવી મિત્રતા ચાલુ રહેશે" આ સંદેશો વાંચ્યા પછી કિયા બુઝુર્ગ ઉમ્મીદે તેના જવાબમાં જણાવ્યું કે, "આલમુતવાસીઓ શરણે આવેલાને પાછો સોંપતા નથી." આથી ખ્વારઝમશાહ નિરાશ થયો અને ૪૦ હજારના મોટા સૈન્ય સાથે આલમુત અને લામસ્તરના કિલ્લાઓ પર ચઢાઇ કરી. હજુ ખ્વારઝમશાહનું લશ્કર ઇસમાઇલી સરહદથી દસ ફરસંગ દુર હતું એટલામાં તો ઇસમાઇલીઓ તેના પર તુટી પડયા અને ભારે ખુનેરજી થઇ. આ યુધ્ધમાં બન્ને પક્ષના મળીને ૧૭૮૯ યોધ્ધા માર્યા ગયા, જેમાં ખ્વારઝમશાહના બે પુત્રો અને તેનાં ભાઇના એક પુત્રનો પણ સમાવેશ થતો હતો.

આ રીતે ખ્વારઝમશાહની હાર થતાં લશ્કરમાં નાસભાગ થઇ પડી અને ઇરાકવાસી લડવૈયા બધા વિખરાઇ ગયા. પરિણામે મેદાનમાં ઇસમાઇલીઓને જે કાંઇ અસબાબ હાથ લાગ્યો તે મેળવીને પોતાના કિલ્લાઓ તરફ પાછા ફર્યા.

## હિંદુસ્તાનમાં મહાન ઇસમાઇલી પીરોની દઅવત.

પીર માહમુદશાહને હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.એ પીરાસન ઇનાયત કરી હતી જેનો ઉલ્લેખ આગળ થઇ ગયો છે. પરંતુ મુસ્તેઅલવીઓએ હઝરત નિઝાર અ.ની વિરૂધ્ધતા આદરી તે સમયે પીર માહમુદશાહ (રેહ.)એ મિસરથી પોતાનો સંબંધ તોડી, ગીઝનીના બાદશાહ મસઉદ બિન ઇબ્રાહીમના

લશ્કર સાથે હિંદુસ્તાન તરફ પધાર્યા હતા. "તારીખે ફરિશ્તા"માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે તેઓ પોતાના ફરઝંદો સહિત ઇસ્લામી લશ્કરને મદદ કરવા હિંદુસ્તાન પધાર્યા હતા. તેઓએ પંજાબમાં લાહોરના કેટલાક કિલ્લાઓ પણ સર કર્યા હતા. લશ્કરમાં જોડાઇને હિંદુસ્તાનમાં આવવાનો તેમનો મુખ્ય ધ્યેય "ઇસમાઇલી ધર્મનો પ્રચાર" હતો. આ સમયે હઝરત ઇમામ હાદી અ. ઇમામતની મસનદ પર જલ્વાગર હતા; અને 'આલમુત' પર ઇસમાઇલી સલતનતનો વાવટો ફરકી રહ્યો હતો.

## પીર માહમુદશાહ (રેહ.) પંજાબમાં સેનાપતિ તરીકે.

જ્યારે સુલતાન મશઉદ બિન ઇબ્રાહીમનું મૃત્યુ થયું ત્યારે તેની ગાદીએ અર્સલાન આવ્યો જેથી તેના બહેરામશાહ વિગેરે ભાઇઓએ વિરોધ કરતાં તેણે બહેરામશાહને કેદ કર્યો. બહેરામશાહ છટકીને સુલતાન સંજરના શરણે ગયો. અર્સલાને તેને મેળવવા ઘણા કાવાદાવા કર્યા, પરંતુ તેમાં નહિ ફાવતાં તેણે સુલતાન સંજર સામે ચઢાઇ કરી તેમાં પણ તે હારી ગયો, જેથી બાકી રહેલાં લશ્કર સાથે તે હિંદુસ્તાન નાસી છુટયો. આ વખતે લાહોરનો હાકેમ તકતગીન હતો અને તેના લશ્કરના સિપેહસાલાર તરીકે પીર માહમુદશાહ બિન મહમદશાહ (રેહ.) હતા. અર્સલાન લાહોર પહોંચે તેના પહેલાં તકતગીન પર સુલતાન સંજરનો પત્ર આવી જતાં, અર્સલાનને તકતગીને ગિરફતાર કરવાનો ઇરાદો કર્યો, આથી અર્સલાને લાહોર પર આક્રમણ કર્યું: તેનો પ્રથમ સામનો પણ પીર માહમુદશાહ (રેહ.)એ કર્યો હતો, જેથી પુર દીલેરી સાથે લડતાં લડતાં તેમની વફાત થઇ. તેમના ચાર પુત્રો–સૈયદ ઇબ્રાહીમ, સૈયદ જાફર, સૈયદ હૈદર અને સૈયદ અબુલ હસન પણ આ યુધ્ધમાં વફાત પામ્યા. જ્યારે અર્સલાન ચોરબારીથી નાસી છુટયો અને પુનઃ લશ્કર એકઠું કરી ગીઝની પર ચઢાઇ લઇ ગયો. આ વખતે સુલતાન સંજરે ગીઝની ફતેહ કરી તેની ગાદી પર બહેરામશાહને બેસાડયો હોવાથી તે તેની કુમકે આવતાં, અર્સલાન કેદ થયો, જેથી તેને કતલ કરવામાં આવ્યો. ત્યારપછી બહેરામશાહ હિંદ આવ્યો, અર્સલાનના પક્ષકાર મુલતાનવાસીઓએ તેનો સામનો કર્યો જેમાં બહેરામશાહની ફતેહ થઈ. આ વખતે બહેરામશાહના સિપેહસાલાર તરીકે, 'મલફુઝે કમાલીયા' ના જણાવ્યા મુજબ, પીર માહમુદશાહ (રેહ.) સબ્ઝવારીના પૌત્ર હુસેન બિન ઇબ્રાહીમ અલવી હતા.

પીર માહમુદશાહ (રેહ)નો લીલા રંગનો મકબરો લાહોરના અનારકલીના કિલ્લાના ખુણામાં આવેલો છે, જે "લીલા ગુંબઝવાળી દરગાહ" તરીકે મશહુર છે: જ્યારે તેમના ફરઝંદોની મઝારો, જે કિલ્લામાં તેઓ લડતાં લડતાં શહીદ થયાં હતા ત્યાંજ આવેલી છે.

## પીર મોહિબદીન (રેહ.) ની દઅવત.

હઝરત ઇમામ હાદી અ.એ સોળમાં પીર માહમુદશાહ (રેહ.)ની વફાત બાદ, એમના ફરઝંદ પીર મોહિબદીન (રેહ.)ને "પીરાતન" આપી હતી. પીર મોહિબદીન (રેહ.)નો જન્મ હિજરી સન ૪૬૨માં સબ્ઝવાર ખાતે થયો હતો. પીરના ચાર ભાઇઓ, પંજાબમાં લાહોર ખાતે ઉપર આપણે વાંચી ગયા તેમ અર્સલાન શાહની સાથે લડાઇમાં ઉતરી પુર દિલેરી સાથે લડતાં લડતાં શહાદત પામ્યા હતા. એ વખતે પીર મોહિબદીન (રેહ.) સબ્ઝવારમાં હતા. પીર મોહિબદીન સુલતાન સંજરના સમકાલીન હતા. પીર-શ્રીના અલી ખાલીકદીન, સઇયદ કમાલુદીન, સઇયદ જમાલુદીન, સઇયદ શમ્સુદીન અને સઇયદ ઇમામુદીન નામના પાંચ ફરઝંદો હતા. પીર મોહિબદીન (રેહ.) હિજરી સન ૫૨૨માં સાઠ વર્ષની વયે વફાત પામ્યા હતા. એમની મઝાર સબ્ઝવારમાં છે. એમની વફાત બાદ હઝરત ઇમામ હાદી અ.એ પીર ખાલિકદીન (રેહ.)ને પીરાતન ઇનાયત કરી હતી.

## વફાત.

હઝરત ઇમામ હાદી અ.ની ઇમામત ચાલીસ વર્ષ પર્યંત રહી હતી. રૂદબારમાં આવ્યા પછી "લામસ્તર"ના કિલ્લામાં તેઓ વસવાટ કરી રહ્યા હતા. કિયા બુઝુર્ગ તેમની સેવામાં નિશદિન રહેતા હતા. ઇમામે કોઇપણ વખતે રાજદ્વારી બાબતોમાં તેમજ લડાઇઓ કે બીજા સંજોગમાં કદી પણ ભાગ લીધો ન્હોતો. માત્ર ધાર્મિક અને રૂહાની વિષયોમાં તેઓશ્રી રસ લેતા હતા. તેઓ ઇસમાઇલીઓને હિદાયત કરતા અને મઝહબમાં નવા જોડાતા શખ્સને "લામસ્તર"ના કિલ્લામાં બયઅત કરાવતા હતા.

હઝરત ઇમામ હાદી અ.ની વફાત હિજરી સન ૫૩૦માં "લામસ્તર"નાં કિલ્લામાંજ થઇ હતી અને ત્યાં કનેજ એમના શબનો ભુમિદાહ કરવામાં આવ્યો હતો. ત્યારપછી તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ મોહતદી અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ ઇસ્માઇલી આલમને રોશન કરતા રહી હિદાયતના સ્તંભ બન્યા.

# HAZRAT MOWLANA IMAM MUHTADI.

( A. H. 530—552 )

—:0:—

( ૨૧ )

# હઝરત મૌલાના ઈમામ મોહતદી અ૦

( હિજરી સન ૫૩૦—૫૫૨ )

હઝરત મૌલાના ઇમામ મોહતદી અ.નો મુબારક જન્મ રૂદરબારવાસી એક 'સાદાત' ખાનુ-નના કુખે "લામસ્તર" નામના અજીત કિલ્લામાં થયો હતો. તેઓશ્રીનું પુરૂં નામ હઝરત ઇમામ મોહતદી અલ-મહેદી અલા ઝિક્રહિસ્સલામ હતું. હઝરત મૌલાના ઇમામ મોહતદી અ. પોતાના પિતાશ્રી હઝરત ઇમામ હાદી અ.ની વફાત બાદ, હિજરી સન ૫૩૦માં ઇમામતની મસનદે બિરાજમાન થયા હતા. આ વખતે ઇસમાઇલી રાજ્યના હાકિમ તરિકે સત્તા પર મહાન વીરનર દાઇ કિયા બુઝુર્ગ ઉમ્મીદ હતા. સઘળી રાજ્ય સત્તા તેમના હાથમાં હતી, જ્યારે તેમના ફરઝંદ મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગ ઉમ્મીદ હઝરત મૌલાના ઇમામ મોહતદી અ.ની રાત દિન ખિજમતમાં રહેતા હતા.

"આસારે મુહમ્મદી"ના ઉલ્લેખ અનુસાર મહાન કિયા બુઝુર્ગ ઉમ્મીદે હઝરત મૌલાના ઇમામ મોહતદી અ.ને ઇમામતના તખ્ત પર બેસાડી, તેઓશ્રીના હુકમો દરેક જગ્યાએ પહોંચાડયા હતા.

## કિયા બુઝરગંનું અવસાન—એક ભવિષ્યવાણી.

'આલમુત'ના મહાન ઇસમાઇલી હાકેમ-રાજ્યકર્તા અમલદાર, કિયા બુઝુર્ગંનું અવસાન હિજરી સન ૫૩૨માં આલમુત ખાતે થયું ત્યારે તેમણે પોતાના પુત્ર મુહમ્મદને હઝરત મૌલાના ઇમામ મોહતદી અ.ની મંજુરીથી "દઅવતે-કુબરા"ની પદવી સોંપતાં, ઇસમાઇલી રાજ્ય કારોબાર, ઉત્તમ અને વ્યવસ્થિત રીતે પ્રગતિશીલ બને ત્યારે હઝરત ઇમામને રાજ્યગાદી સોંપી દેવાની ભલામણ કરી હતી. પરંતુ અમુક મુદત બાદ હઝરત મૌલાના ઇમામ મોહતદી અ.એ મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગ ઉમ્મીદને ફરમાવ્યું કે, "હાલમાં રાજકારોબાર તમારેજ સંભાળવાનો છે. પરંતુ અમારી બાદ અમારા ફરઝંદ જેમનું નામ કાહિર હશે તેમને સોંપવાનું છે." હઝરત ઇમામે આ ભવિષ્યવાણી પોતાના ફરઝંદનો જન્મ થયો ન્હોતો તે વેળા ફરમાવી હતી. એ વિષયમાં મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગ ઉમ્મીદને હમેશાં ફિકર રહ્યા કરતી હતી, પરંતુ 'ઇમામ' પરની તેમની આસ્થા અચળ હોવાથી તેઓશ્રીનું ભવિષ્યકથન" અક્ષરે અક્ષર સત્યતાથી ભરપુર છે, અને એ સઘળું સમય જતાં આપમેળે બની રહેશે એવી તેઓ દ્રઢ શ્રધ્ધા ધરાવતા હતા.

## અબ્બાસી ખલીફને જુની દુશ્મની સાંભરી આવી.

બની ફાતિમી અને બની અબ્બાસીઓ વચ્ચે જુના વખતથી અથડામણ ચાલતી આવતી હતી. આ સમયે પણ અબ્બાસીઓએ ઇસ્માઇલીઓનો પીછો છોડયો ન્હોતો અને ઇસ્માઇલીઓના રાજ્યની સરહદમાં તેઓના જાસુસો ઘુસી આવતા અને છુટા છુટા પ્રદેશોમાં પ્રસરીને જાસુસી કરતા હતા. હિજરી સન ૫૨૯ માં બગદાદની રાજ્યગાદી પર અબ્બાસી ખલીફ રશિદબિલ્લાહ હતો, જે હઝરત ઇમામ મોહતદી અ.નો સમકાલીન હતો. ખલીફનો પિતા મરણ પામતાં તેને રાજ્યગાદી પર લાવવા માટે સુલતાન મસઉદ સલજુકીએ મોટો ભાગ ભજવ્યો હતો. પરંતુ, બગદાદની દરબારના અમીરો સાથે અંટસ થવાથી મસઉદને બગદાદમાંથી હાંકી કાઢવામાં આવ્યો જેથી તે રોષે ભરાયો અને એક મોટા લશ્કર સાથે બગદાદ પર ચઢી આવ્યો. બન્ને પક્ષોનો સામનો થતાં સુલતાન મસઉદ અને ખલીફના પક્ષના એક નાના રાજવી દાઉદ ઝંગી વચ્ચે યુધ્ધ ખેલાયું, જેના પરિણામે ખલીફની હાર થતાં મસઉદ સલજુકી બગદાદમાં દાખલ થયો અને ઉલ્માઓ પાસેથી ફતવો મેળવી ખલીફ પર તહોમત મુકી તેને રાજ્યપદ પરથી પદભ્રષ્ઠ કરાવ્યો. આ બનાવ બન્યા પછી ખલીફ રશિદબિલ્લાહ મોસલમાં જઇને વસવાટ કરવા લાગ્યો અને દાઉદ ઝંગી પોતાના પાટનગર "મરાધા" તરફ ચાલી નીકળ્યો.

હિજરી સન ૫૩૨ની તા. ૨૬મી ને જમાદીલ આખિરમાં કિયા બુઝુર્ગ ઉમેદનાં અવસાનના સમાચાર સાંભળી અબ્બાસી ખલીફ રશિદબિલ્લાહના હર્ષનો પાર રહ્યો નહિં અને તે પોતાના પિતાનો બદલો લેવા માટે ઇસ્માઇલીઓ સામે લડવાની તૈયારી માટે લશ્કર એકઠું કરવા લાગ્યો. સઘળો સરંજામ તૈયાર થઇ રહેતાં મજકુર લશ્કરનું પોતે વડપણ લઇ હિજરી સન ૫૩૨માં ખલીફ બહાર પડયો અને ઇસ્ફહાન ભણી પંથ કાપવા લાગ્યો. તે આલમુત આવી પહોંચે તે પહેલાં ચાર ફિદાઇ લશ્કરીઓ ખલીફની છાવણી સુધી પહોંચી જઇને ખલીફને ઠાર કરી આવ્યા. આ બનાવ બનતાં ખલીફના લશ્કરમાં નાસભાગ થઈ પડી અને લડવા આવેલું સૈન્ય થોડા વખતમાંજ વિખરાઇ ગયું. આ જીતની ખુશાલીમાં આલમુતના કિલ્લાઓમાં નોબતો અને શરણાઇના રણકારો થયા અને ૮ દિવસ સુધી અહર્નિશ ધામધુમ સાથે ઉત્સવ ઉજવવામાં આવ્યો.

## બની આસ અને મસીયાફના કિલ્લા કબજામાં.

હસન બિન સબ્બાહે ફુઝેડરોના સમયમાં કેવી રીતે આલમુતમાં રાજ્ય સ્થાપ્યું અને હલબના બાદશાહ રિઝવાન અને જન્ન હુદવલાના મુત્યુની ઘટનાનો ઉલ્લેખ હઝરત ઈમામ હાદી અ.ના જીવન વૃતાંતમાં આવી ગયો છે, તે ઉપરથી વાંચકો જાણી ગયા હશે કે શામમાં નિઝારીયા ઈસમાઇલી પંથનો પ્રચાર હસન બિન સબ્બાહના એક મદદગાર દાઇ—મિશનરી દ્વારા થયો હતો, જેમના માટે રીઝવાને એક ખાસ "દારૂલ ઇલ્મ" બંધાવી આપ્યું હતું. એ મિશનરીના અવસાન પછી તેમના ઉત્તરાધિકારી અબુ તાહેર થયા. એ દરમ્યાન ઇસમાઇલીઓને અનેક ચડતી પડતીમાંથી પસાર થવું પડયું હોવાથી કોઇના આશ્રય તળે રહેવા કરતાં પોતાનું ખુદનું કોઇ સુરક્ષિત સ્થળ મેળવવાની તેઓએ કોશિશ કરી અને છેવટે હિજરી સન ૫૨૦માં તેઓ "બની આસ"ના ગઢનો કબ્જો મેળવવામાં ફતેહમંદ થયા. એ સમયે તેમનો વડો સરદાર બેહરામ નામનો એક શખ્સ હતો. "બની આસ" શામની સરહદ પર આવેલું હતું, અને "ઝમાક" નામે ઓળખાતા પહાડી પ્રદેશની એક ચાવી સમાન એ સ્થળ હતું. આ સમયે એ પ્રદેશની વસ્તી મોટે ભાગે ઇસમાઇલી હતી, જેઓ હઝરત ઈમામ ઇસમાઇલની ઇમામતના સંબંધમાં મતભેદ પડયો તે સમયથીજ હઝરત ઇમામ ઇસમાઇલ તથા તેઓશ્રીના શાહઝાદા મુહમ્મદ બિન ઇસમાઇલ અને તેમના ઇમામતના હકદાર વંશજને સાચા ઇમામ

તરીકે માનતા હતા. જો કે નુસેરીઓની હસ્તી એ પ્રદેશમાં વર્ષો પુર્વે હોવાથી તેમની હાક એ સમયે વાગતી હતી, તો પણ લોકમત ઇસ્માઇલી મઝહબ તરફ ઢળતો જતો હતો. "બની આસ"થીજ ઇસ્માઇલીઓએ સંતોષ માની લીધો નહિં અને બેહેરામે આજુબાજુના કિલ્લાઓ પણ તાબે કર્યા. હિજરી સન ૫૨૬-૭માં કદમોસ અને કહફ વેચાતાં લીધા પછી ૮ વરસ રહીને ઇસમાઇલીઓના કબજામાં મસીયાફનો મહત્વનો ગઢ હાથ આવ્યો, અને ત્યારપછી ધીમે ધીમે અન્ય કિલ્લાઓ પણ તેમના તાબામાં આવ્યા અને એવી રીતે હિજરી સન ૫૫૭ સુધીમાં તો ઇસમાઇલીઓની સત્તા સંપુર્ણપણે શામમાં સ્થપાઇ ગઇ. લગભગ ૩૦ વર્ષ જેટલા લાંબા સમય દરમ્યાન નિઝારી ઇસમાઇલીઓ જુદા જુદા દેશોમાં વિખરાયલા હોવાથી, તેઓ જો કે અનેક સરદારોને તાબે રહેતા હતા, છતાં આલમુતના ઇમામનીજ બયઅત કરેલી હોઈ, તેમને પોતાના બરહક ઈમામ માનતા હતા. તેઓનું બળ ઝમાકના પહાડી પ્રદેશોમાં કેન્દ્રિત થતાં વેંતજ તેઓએ અબુ મહમ્મદ નામના કહફવાસી એક સરદાર (દાઇ)ના હાથ તળે રહેવાનું શરૂ કર્યું, જેમને આલમુતમાં બિરાજતા હઝરત ઇમામ મોહતદીએ અ. શામના "હુજ્જત" અને કેટલાક "મુતવલીઓ"ની મદદથી શામની હકુમત ચલાવવા માટેના એક ગવર્નર પણ નિમ્યા હતા. અબુ મહમ્મદ હિજરી સન ૫૮૬માં આ દેશમાં પ્રથમ એક ઇસમાઇલી મિશનરી તરીકે આવ્યા હતા, અને હલબના ઇસમાઇલીઓનું વડપણ સ્વિકાર્યા પછી તેઓએ ધીમે ધીમે આલમુતના એકજ કેન્દ્ર અને ઇમામની છાયા તળે સઘળા કિલ્લાઓ પોતાની સત્તા હેઠળ આણ્યા હતા, જેઓએ પોતાના શામમાંના પ્રતિનિધિ તરીકે તેમની નિમણુંક કરી.

## મુહમ્મદ બિન કિયા બુઝુર્ગનું તંત્ર.

મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે રાજ્યની લગામ હાથમાં લીધા પછી જે દુર્ગો ઇસ્માઇલીઓની આણ હેઠળ હતા, તે પર તેઓએ પાકો કબજો કરી અને જોઇતું સમારકામ કરાવ્યું, એટલુંજ નહિ પણ અન્ય કેટલાક નવા કિલ્લાઓ પણ બંધાવ્યા તથા ખરીદ કર્યા. આવી રીતે શામમાં તેઓએ કદમોસ, કહફ અને મસીયાફ કિલ્લાઓનો કબજો મેળવ્યો, જેમાંના પહેલા બે સ્થળો ઇબ્ને અમરૂન પાસેથી હિજરી સન. ૫૨૯ અને ૫૩૩માં ઇસ્માઇલીઓએ વેચાતાં લીધાં હતાં જ્યારે સીઝારીયાના હાકમ પાસેથી હિજરી સન ૫૩૫ માં છેલ્લો દુર્ગ ઇસ્માઇલીઓએ સર કર્યો હતો, અને શામમાંના ઇસમાઇલીઓનાં મુખ્ય કેન્દ્ર તરીકે એ કિલ્લાએ ઘણો અગત્યનો ભાગ યુરોપના ઇતિહાસમાં ભજવ્યો છે. એની સનદ મીર ખોંદ અને અબુલ ફિદાની કૃતિઓમાં છે.

મુહમ્મદ ઇબ્ને કિયા બુઝર્ગ ઉમેદને ઇસ્માઇલી મઝહબ પ્રત્યે દુશ્મનાવટ રાખનારાઓ સાથે વખતોવખત નાની નાની લડાઇઓ લડવી પડી હતી. દરેક વખતે ઇસ્માઇલીઓનો અણનમ જુસ્સો, શુરાતન અને એકતાના ઉમદા સદગુણો, ધર્મપ્રિયતા અને એકીકરણ જગતની નજરે એવા તો અજોડ દેખાતા હતા કે તેમની સામે મહાન સલતનતોનાં પગ થરથરતા હતા અને મહાન શુરવીરોની છાતી કંપી ઉઠતી હતી, આ કારણોને લઇને હઝરત ઇમામ મોહતદી અ.ના સમયમાં વધારે ઉથલપાથલ. મુશ્કેલીઓ અથવા મુસીબતો નડી હતી નહિ.

## સુલતાન સંજરનો એલચી આલમુતમાં.

"રવઝતુસ્સફા"ના આલેખન અનુસાર એક સમયે સુલતાન મહમદ સંજર પ્રવાસે નિકળ્યો હતો ત્યારે "રય" માં આવી પહોંચતાં પોતાના એલચીને આલમુત મોકલીને ઇસમાઇલીઓના મઝહબનાં સંબંધમાં પુછપુરછ કરાવી હતી તે સમયે આલમુતની હકુમત પર મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગ હતા. સુલતાનના એલચી જોડે તેમની મુલાકાત થતાં જે સવાલ સુલતાને કર્યા હતા

તેના જવાબમાં કહ્યું કે: "ખુદાતઆલાને ગાલિબ તથા બુઝુર્ગ સમજી તેની તથા તેના રસુલની આજ્ઞા અનુસાર વર્તવું જોઇએ. કયામત, જન્મ, સવાબ અને અઝાબ વિષે ખુદાએ કુરાને શરીફમાં ફરમાવ્યું છે, તેના પર આસ્થા રાખવી યોગ્ય છે. કોઇને તેમાં ફેરફાર કરવાનો અધિકાર નથી." તે ઉપરાંત મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે વધારામાં એટલું પણ એલચી સાથે કહી મોકલાવ્યું કે, જો આ મઝહબ સુલતાનને પસંદ હોય તો ઠીક, નહિ તો એક આલિમને અમારી પાસે મોકલે તો તેની સાથે અમો ચર્ચા કરશું. આ સમાચાર સુલતાન પાસે પહોંચ્યા ત્યારે સુલતાને ઇસમાઇલીઓનો મુકાબલો કરવાનો વિચાર માંડી વાળ્યો.

## શાહઝાદા કાહિરનો મુબારક જન્મ.

"આસારે મુહમ્મદી"ના કર્તા લખે છે કે હઝરત ઇમામ મોહતદી અ. એક વખતે સખ્ત બીમાર પડ્યા ત્યારે મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગને બોલાવીને ફરમાવ્યું કે, અમારી બેગમ સગર્ભા છે તેમને તમારા ઘેર તેડી જાઓ. તેઓની સેવાચાકરી કરવામાં પાછી પાની કરશો નહિં અને તેને પુત્ર થશે, માટે તેમને સારી તરબીયતમાં રાખજો. રાજકુનેહમાં પ્રવિણ બનાવજો અને ઇસમાઇલી સલતનતનું તખ્ત મારી પછવાડે એ મારા પુત્રને સોંપજો. કિયા બુઝર્ગ ઉમેદે આ સઘળી આજ્ઞા શિરોમાન્ય કરી અને થોડા દિવસ બાદ હઝરત કાહિર અલા ઝિક્રહિસ્સલામ અ.એ જમીન પર કદમે મુબારક ધર્યા. હઝરત ઇમામ મોહતદી અ.એ મુહમ્મદ કિયા બુઝુર્ગને ઘેર પધરામણી કરીને પોતાના બાળપુત્રની આંખો પર ચુંબનો દેતાં ફરમાવ્યું કે "એ હુસનો જમાલનો માલેક થશે" ત્યાર પછી હઝરત ઇમામ મોહતદી અ.એ પોતાની પરહેતરને ઇમામતને લગતી કેટલીક સનદો હવાલે કરી જે વડે ઇમામતની મસનદે આવતાં શાહઝાદા કાહિર અલા ઝિક્રહિસ્સલામ અ. લોકોમાં પોતાનો "નસબ" જાહેર કરી શકે. આટલી વસીયત બાદ ઇમામ દરવેશીમાં પોતાનો સમય ગાળવા માટે હમેશાં એકાંતમાં રહેતા હતા.

## પીર સૈયદ ખાલિકદીન (રેહ.)ની દઅવત.

પીર સૈયદ ખાલિકદીન (રેહ.)નો જન્મ, કન્ઝુલ નસબના જણાવ્યા પ્રમાણે હિજરી સન ૪૮૦ના રજબ માસની તા. ૨૨મી ને વાર સોમવારના થયો હતો. એવણ પીર ઘણાંજ નમ્ર સ્વભાવના હતા. ઇમામની તાબેદારી એમનો મુખ્ય ધ્યેય હતો. તેઓ એક સૈનિક તરીકે આલમુતવાસીઓને સેવા આપતા હતા. તેમજ એક દરવેશ તરીકે ગામોગામ ફરીને દઅવતનાં કાર્યમાં મશગુલ રહેતા હતા. તેમના સૈયદ અબ્દુલ મોમનીન અને સૈયદ અબ્દુલ્લાહ નામના બે ફરઝંદો હતા.

પીર સૈયદ ખાલિકદીન (રેહ.)એ પોતાના વડા ફરઝંદ સૈયદ અબ્દુલ મોમનીન સાથે મક્કા અને મદીનાથી, શાહ નજફ અને કરબલા થઇને કુફામાં મુકામ કર્યો, ત્યારે "ઇલ્મે ઝફર"ના માહિતગાર મહમદ બિન તુમરતે સૈયદ અબ્દુલ મોમનીનનું લલાટ જોઇ "તેઓ ભવિષ્યમાં એક મહાન નર થશે." એવી ભવિષ્યવાણી ભાખીને તેમની ખિજમત કરવા અર્થે પીર ખાલિકદીન (રેહ.) પાસે માંગણી કરી. સૈયદ અબ્દુલ મોમનીનની પણ ખ્વાએશ હોવાથી અનુભવ મળે તેટલા માટે પીરે પોતાના નુરચશ્મ, તુમરતને સોંપી પોતે કુફાથી રવાના થઇ ગયા. તુમરત સૈયદ અબ્દુલ મોમનીનને પોતાના સાથે મોરક્કો લઇ ગયા, અને ત્યાં તેમને પોતાના મિત્ર તરીકે ઓળખાવી તેમની ખિજમત કરતા રહ્યા.

પીર ખાલિકદીન (રેહ.)ની વફાત હિજરી સન ૫૪૦માં થઇ હતી. તેમના બાદ આલમુતના હાકિમ હઝરત ઇમામ મોહતદી અ.એ પીરના ફરઝંદ સૈયદ અબ્દુલ મોમનીન (રેહ.)ને "પીરાતન" ઇનાયત કરી હતી.

# પીર અબ્દુલ મોમનીનની મોરક્કોથી સ્પેન સુધી હુકુમત.

પીર અબ્દુલ મોમનીન (રેહ.) પોતાના પિતા બુઝુર્ગવારના જીવનકાળ દરમ્યાન મહમદ બિન તુમરત સાથે મોરક્કો ગયા હતા. તારિખે ફરમાન રવા અરબનું કથન છે કે મહમદ બિન તુમરત જે મોરક્કોનાં સુલતાનનો સિપેહસાલાર હતો તે પોતાના મિત્ર સૈયદ અબ્દુલ મોમનીન અને અન્ય કેટલાક મિસરી સૈયદો આલમુત આવીને ઇમામની બયઅત કરી જુદી જુદી દિશાએ દઅવત કરવા નિકળી ગયા, જેમાંના પીર સૈયદ અબ્દુલ મોમનીન (રેહ.) મોરક્કો આવીને નિઝારી-ઇસ્માઇલી દઅવતનુ કાર્ય કર્યું હતું. મોરક્કોમાં તેઓએ પ્રથમ તુમરતના સઘળા કુટુંબ કબીલાઓ ઉપરાંત મસઉદ અને મોહદીન કબીલાઓનાં લોકોને ઇસમાઇલી ધર્મમાં દાખલ કર્યા હતા.

તારીખે ફરમાનદારાને ઈસ્લામનો મત છે કે તુમરતનું મરણ થતાં એનાં કાયમ મુકામ સૈયદ અબ્દુલ મોમનીન ઇબ્ને પીર ખાલિકદીન (રેહ.) થયા. તેમણે તુમરતની ફોજ અને સરંજામ લઇને હિજરી સન ૫૪૧માં મોરક્કો સાથે અલ્જીરીયાને પણ તાબે કરીને ત્યાં વિજય ધ્વજ ફરકાવ્યો હતો. હિજરી સન ૫૪૨માં સોમાલી આફ્રિકા પર જીત મેળવી, અતરાફના નસરાની શહેરોનો પણ કબજો મેળવ્યો હતો. સ્પેનમાં પણ નસરાની અને મુસ્લિમ પ્રજા પોતપોતામાં લડી રહી હતી. હિજરી સન ૫૪૪માં પીર અબ્દુલ મોમનીન (રેહ.)ના હુકુમતનો વિસ્તાર આફ્રિકાથી લઇને સ્પેન સુધી લંબાયો હતો. સાઇકલોપિડિયાના કથન અનુસાર પીર અબ્દુલ મોમનીન (રેહ.) પહેલા ઇસમાઇલી રાજ્યકર્તા છે, જેમણે સ્પેન તરફ જતાં મોરીસનાં સુલતાને પણ તેમનું મુરબ્બીપણું કબુલ્યું હતું. જ્યારે તેઓ કુઝેડની લડાઇ માટે તૈયારીઓ કરતા હતા તે વેળા હિજરી સન ૫૫૦માં તેમની વફાત થઇ હતી. પીરના ચાર ફરઝંદો હતા જેમાં સૈયદ મહમદ યુસુફ મોરક્કોના સુલતાન થયા, સૈયદ અબુ હફઝ મોરક્કોમાંજ રહ્યા. ત્રીજા સૈયદ જાફર રજ્યુદીન અને ચોથા સૈયદ સલામદીન જેમને હઝરત ઇમામ મોહતદી અ.એ "પીરાતન" ઇનાયત કરી હતી. વિખ્યાત પીર શમ્સ પણ એમના વંશમાંથી હતા.

## વફાત.

હઝરત ઈમામ મોહતદી અ. આલમુતમાં ૨૨ વર્ષ સુધી ઇમામત ભોગવી, હિજરી સન ૫૫૨માં તેઓશ્રીની વફાત થઈ. આખી જીંદગી ઇમામે એકાંતમાં દરવેશી જીવન ગાળ્યું હતું અને પોતાના મુરીદોની રહેબરી કરતા રહ્યા હતા. તેઓશ્રીની બાદ તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ કાહિર અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

# HAZRAT MOWLANA IMAM KAHIR.

( A. H. 552–557 )

(૨૨)

# હઝરત મૌલાના ઇમામ કાહિર અ૦

( હિજરી સન ૫૫૨–૫૫૭ )

હઝરત મૌલાના ઇમામ કાહિર એ. એ પોતાના પિતાશ્રીની વફાત પછી હિજરી સન ૫૫૨ માં ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ આલમુતના રાજ્યનું તંત્ર પોતાના હાથમાં લઈ તેની વ્યવસ્થા કરવાનું કાર્ય આરંભ્યું.

હઝરત ઇમામ કાહિર અ. નો જન્મ આલમુતમાં થયો હતો. ઇમામનું પુરૂં નામ હઝરત ઇમામ અલ કાહિર બેકુવ્વતિલ્લાહ ઇબ્ને મોહતદી ઇબ્ને હાદી ઇબ્ને નિઝાર અ. છે.

હઝરત ઇમામ મોહતદી અ. ની વસિયત પ્રમાણે ઘણી પ્રસન્નતાપુર્વક અને સન્માન સહિત મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગે ઇમામને આલમુતના રાજ્યનું વડપણ સુપ્રત કરી પોતે વડા વઝીર અને 'દાઇયુલ–કબીર' તરીકેની સેવામાં જોડાયલા રહ્યા.

## ઇમામ કાહિર અ. ની મસનદનશીની.

હઝરત ઇમામ કાહિર અ. ના ઇમામતના સમયમાં મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગે એક ભવ્ય સભા ભરી અને સભા વચ્ચે રાખવામાં આવેલા મિમ્બર પર ચઢી આલમુત તથા અતરાફના કિલ્લાઓમાં વસ્તી ઇસમાઇલી પ્રજાને સંબોધીને તેમણે કહ્યું કેઃ–"દોર–ઉસ–સત્ર"નો સમય પૂર્ણ થયો છે અને હવે "દોર–ઉલ–કશ્ફ"નો ઝમાનો પાસે આવતો જાય છે. આલમુતના પહેલા "શેખુલ જબલ" અને નિઝારીઓના 'હુજ્જતે આ'ઝમ" હસન બિન સબ્બાહ પોતાના જીવનકાળ દરમ્યાન ખુલ્લી રીતે કહેતા હતા કે, નઝદિકમાં એક વખત એવો આવવાનો છે કે જે સમયે 'ખિલાફત' અને 'ઇમામત'ની બેઓ મસનદો પર 'ઇમામ' પોતે બિરાજમાન થશે. તેમણે પોતાના અવસાન સમયે મારા પિતાશ્રી કિયા બુઝુર્ગ ઉમ્મીદને "પોતાની પાછળ સઘળા રાજ્યકારોબારની સરદારી સોંપતા, ઇમામને રાજ્યલગામ હાથમાં લેવાની ઇચ્છા થાય ત્યારે તેમને તરત સોંપી દઇ, પોતાની અડગ વફાદારી બજાવતા રહેવાની" વસિયત કરી હતી. આજે એ શુભ દિવસ આવી પહોંચ્યો છે અને સૈયદના હસન બિન સબ્બાહની ભલામણ પૂર્ણ કરવાનો આજનો આ અવસર છે, તે એ કે હઝરત ઇમામ કાહિર અ.ને રાજ્યગાદી સુપ્રત કરતાં હું મારી ફરજ અદા થયેલી માની મને પોતાને ભાગ્યશાળી સમજુ છું."

મુહમ્મદ બિન કિયા બુઝુર્ગના આ વિવેચન પછી સભામાં કાંઇ સંકોચની લાગણી દેખાવા

લાગી. વસ્તુસ્થિતિ સમજી જઈને પોતાની મહોરદાર ખાતુનને હઝરત ઈમામ મોહતદી અ. એ જે સનદો આપી હતી, તે હઝરત ઇમામ કાહિર અ. ના નામે મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે જાહેર કરીને તેઓએ લોકોને ઉદ્દેશીને જણાવ્યું કે, "હવે રાજ્ય ખટપટોનો અંત આવી ગયો છે; આજુબાજુનાં રાજ્યો પણ ઇસ્માઇલીઓને ઓળખી ચુકયા છે, જેથી તે રાજ્યો પણ માથું ઉંચકે એમ નથી, એ જોતાં ઇમામને રાજ્યગાદી ઉપર બિરાજમાન કરવા આપણે ઇસમાઇલીઓ શક્તિમાન થયા છીએ. ઇસમાઇલીઓ પર દુશ્મનીના જે વાદળા ચઢી આવ્યા હતા, તે હવે વિખરાઇ ગયા છે, ઇસમાઇલીઓનો સિતારો હવે જાહેર ચમકતો થયો છે અને ઈમામતના તેજસ્વી કિર્ણોની સહાયે આપણે આજે જાહેરમાં દુનિયાની સપાટી પર પ્રગતિ કરી રહ્યા છીએ. ઇસ્માઇલીઓના આજે અહોભાગ્ય છે."

ત્યારપછી એક પાણીદાર અશ્વ ઉપર હઝરત ઇમામ કાહિર અ. ને સ્વાર કરી, મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે અશ્વની લગામ હાથમાં પકડી પગપાળા ચાલી આલમોતની પ્રજાની મેદની વચ્ચે ઇમામની આણ ફેરવતાં "ઇમામે ઝમાન અને પોતાના બાદશાહ તરીકે હઝરત ઈમામ કાહિર અ. ની ઓળખ આપી" પ્રગટ ઇમામતની જાહેરાત કરી. ઇમામની સવારી આખા શહેરમાં ફરી રહ્યા બાદ શાહી મહેલમાં લઇ જવામાં આવી ત્યાં તેઓશ્રીને રાજસિંહાસને બેસાડી પ્રથમ મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે તેઓશ્રીના હાથ ઉપર ઇસમાઇલી સામ્રાજ્યના રાજવી તરીકેનું સુચક ચુંબન કર્યું.

## ઈમામની બયઅત—ઈસમાઈલી પ્રજા આનંદમાં.

અમીર ઉમરાવો, અધિકારીઓ અને આલમુત તથા દેશ પરદેશની પ્રજાએ તે પછી ઇમામના હાથ ઉપર જાહેરમાં બયઅત કરી. આલમોતવાસીઓએ આ દિવસ ઉત્સવ તરીકે ઉજવ્યો. બયઅતની ક્રિયા અને ઉજવણી સાત દિવસ પર્યંત ચાલી હતી. દબિસ્તાન-ઉલ-મઝાહિબ નામક કૃતિમાં લખવામાં આવ્યું છે કે; અલ-કાહિર એ કુવ્વતિલ્લાહ અ. ને ઇસમાઇલીઓ "ઇમામે હક" સમજે છે. આસારે મુહમ્મદીના કર્તા લખે છે કે ઇમામના કથનની સત્યતા ઇસમાઇલીઓએ જાહેર થયેલી જોઇ અને દીની ઇલમના ઇસરારને નવા ઇમામની ઝાતમાં પ્રગટ થયેલા દીઠા ત્યારે પ્રજામાં આનંદની ભારે લાગણી પ્રગટી નિકળી હતી.

હઝરત ઇમામ કાહિર અ. ગાદી પર આવ્યા પછી ઇસિમાઇલી રાજ્યસત્તા તળેના સઘળા ગવર્નરો અને રાજ્યકર્તા હાકેમોને સંદેશાઓ મોકલવામાં આવ્યા, જેના મુબારકીઓ સાથે જવાબો ફરી વળ્યાં; પરંતુ આજુબાજુમાં આવેલા કેટલાક રાજ્યોમાં અને પ્રજામાં ઇસમાઇલીઓ પ્રત્યે વિરોધી લાગણી હતી, તેઓની સાન ઠેકાણે લાવવા મુહમ્મદ બિન કિયા બુઝુર્ગને ઘણું કરવું પડયું, જેથી ઇમામની સંપૂર્ણ સત્તાની ધોરણસર આમ લોકોમાં જાહેરાત થતાં પાંચ વર્ષ લાગ્યાં, ત્યારપછી સંતોષકારક પરિણામ આવ્યું અને એ પ્રકારે હિજરી સન ૫૫૦ની શરૂઆતમાં સર્વ સ્થળે ઇમામની સ્વતંત્ર સત્તા પ્રસરી ગઇ.

## ઈસ્લામી આલમની રાજકીય પરિસ્થિતિનું અવલોકન.

આ સમયની ઇસ્લામી આલમની રાજકીય પરિસ્થિતિનું એક ઝાંખું અવલોકન કરવાની અગત્ય છે. એશિયાના લગભગ સઘળા નાના મોટા રાજવીઓમાં વંશ વારસાના ઝઘડાને લઇને ભારે પરિવર્તન થઇ રહ્યું હતું. વળી આ સઘળા રાજ્યો મુખ્યત્વે કરી ઇસમાઇલીઓની વિરૂધ્ધતા ધરાવતા હોવાના સબબે પણ તેમની સ્થિતિ પર ઉડતી નજર નાખવી ઉપયોગી થઇ પડશે.

વોન હેમરના કથન અનુસાર ખુરાસાનની સરહદથી લઇને શામના પર્વતો સુધી અને મુસઝોરેમ-સથી લઈને લેબ્નાનની ગગનચુંબી હારમાળામાં, કારપીયન સમુદ્રથી માંડી ભુમધ્ય સમુદ્ર સુધી ઇસમાઇલી સામ્રાજ્યની આણ ફરતી હતી, જેનું કેન્દ્ર રૂદબાર પ્રાંતમાંના આલમુતના અજીત પહાડી દુર્ગમાં આવેલું હોવાથી એ રાજ્યોનાં સંઘર્ષણમાં અનિચ્છાએ પણ ઇસમાઇલીઓને આવવું પડે એ કુદરતી છે.

એક દ્રષ્ટિમાં આ સઘળા ભૌગોલિક વિસ્તારની ઘટના સમજવામાં આવી શકે તે માટે આપણે પ્રથમ ખુરાસાનથી આરંભી શામના વર્ણન પર એની પુર્ણાહુતિ કરીશું. કોહિસ્તાનની છેક પાસેજ ખુરાસાનનો પ્રાંત આવેલો હોઇ આપણે ઉપર જોઇ ગયા છીએ તેમ એ પ્રદેશમાં સલજુકીઓ સાથે આલમુતમાં ઇસમાઇલી રાજ્યની સ્થાપના થઇ ત્યારથીજ ઇસમાઇલીઓ અથડામણમાં આવતા રહ્યા હતા. મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગના સમયમાં એ વંશનો મોઇઝુદીન અબુલ હારિસ સંજર સલજુકીઓનો મહાન રાજવી હતો. તેના પિતા મલેકશાહના મરણ વખતે ખુરાસાનનું વાયસરોય પદ તેને મળ્યું હતું. સલજુકી વંશના વડા તરીકે ઇરાકમાં રાજસત્તા ભોગવતા પોતાના ભાઇ બર્કયારૂક અને મહમદના નામે ૨૦ વર્ષ સુધી તેણે ત્યાં અમલ ચલાવ્યો હતો હિજરી સન ૫૦૧માં મહમ્મદનું અવસાન થતાં મોઇઝુદીન અબુલ હારિસે એ રાજ્યસત્તા પોતાના હાથમાં લીધી. ઇસમાઇલીઓને તે સર્વથી ભયંકર નહિ તો સર્વથી બળવાન દુશ્મન હતો, જેની દુશ્મનીનો પરિચય અત્યાર આગમચ આપણને થઇ ચુકયો છે, એ અત્રે કહેવાની ભાગ્યેજ જરૂર છે.

વળી સલજુકી વંશના એ વિખ્યાત સુલતાન સંજરના અમલની કાંઇ ઝાંખી વાંચકોને રસ-તૃપ્તિ અર્થે પણ અત્રે આપવી જોઇએ. આપણે ઉપર જોઇ ગયા તેમ સંજર પોતાના બંધુઓ મહમ્મદ અને બર્કયારૂક પછી સલજુકીઓનો સાર્વભોમ સત્તા ધરાવનારો બાદશાહ થયો. તેના ભાઇ મહમ્મદ સલજુકીના પુત્ર મહમુદે તેનો અધિકાર સ્વિકારવાનો ઇન્કાર કરતાં તેને પરાજીત કરીને શરણે લાવ્યો. પરંતુ, ઇરાકે અજમના ઇલાકા તેણે તેને સોંપી દીધા. એ સમયથી સલજુકીઓનું એક જુદું રાજ્ય સ્થપાયું.

ગીઝનીના એક વેળાના બળવાન સુલતાનના વંશજ બહેરામશાહ તેનો ખંડણીયો હતો. તેણે તેની ઝુંસરી ફેંકી દેવાનો અફળ પ્રયાસ કર્યો હતો. સમરકંદ, સીસ્તાન, ઝાબુલિસ્તાનમાં પણ તેણે એ પ્રકારે પોતાનો સિક્કો બેસાડયો. પરંતુ કારાખતાઇના બાદશાહ ગોરખાન સામે સંજર ફાવ્યો નહિં અને તેના હજારો અમીરો અને દરબારીઓ આ પ્રવૃતિમાં માર્યા ગયા અને મોટો ખજાનો લુંટાઇ ગયો. સુલતાન સંજરને પોતાનો પ્રાણ બચાવવા ઇરાક ભણી નાસી જવું પડયું.

## સુલતાન સંજર લોખંડી પાંજરામાં.

ત્યારપછી ત્યાંના બાદશાહ મસઉદની સહાયતાથી ગોરી વંશના સુલતાન અલાઉદ્દીન જહાંસોઝને હરાવીને ખંડણીઓ બનાવ્યો. આ સમયમાં બલ્ખમાં 'ગુઝ' કબિલાવાળા તુર્કમાનોએ બળવો કર્યો અને તેમાં તેમને એટલી હદ સુધી વિજય મળ્યો કે, હિજરી સન ૫૪૮માં સુલતાન સંજરને તેના મુકાબલા માટે જાતે જવું પડયું. સુલતાન સંજર તુર્કમાનો સાથે લડાઇમાં ઉતરતાં તેમના હાથે પકડાઇ ગયો અને ચાર વર્ષ પર્યંત તેને કેદી અવસ્થા ભોગવવી પડી. તુર્કમાનો સુલતાનને રાતે લોખંડના પીંજરામાં પુરી રાખતા અને દિવસે તખ્ત પર બેસાડી પોતાની ઇચ્છા મુજબ હુકમો કઢાવીને તેના પર તેની સહી કરાવી લેતા. ગુઝ તુર્કમાનોનું લશ્કર આ રીતે સુલતાનને પોતાની સાથે લઇ પ્રથમ 'મર્વ'માં દાખલ થઇને તે શહેર તેણે લુંટી લીધું. ત્યારપછી નિશાપુરને ભસ્મીભૂત બનાવ્યું અને આખા ખુરાસાન પ્રાંતમાં ખૂનામરકી ફેલાવી.

હિજરી સન ૫૫૨માં સુલતાન સંજરે પોતાના જેલનાં રક્ષકને શિકારે જવાનો ધોકો આપી પોતે નાસી જઇને 'જયહુન' નદીના કાંઠે આવી લાગ્યો. જ્યાં આગળ "તિરમીઝ"ના રાજ્યકર્તા અહમદ કમાજે સુલતાનને ઓળખી લઇ તેને નૌકામાં બેસાડીને "તિરમીઝ" ખાતે રવાના કર્યો. જ્યાં કેટલાક ઉમરાવો સુલતાન સાથે જોડાયા અને તેને મર્વમાં લઇ આવ્યા. સુલતાન સંજર આ સ્થળે આવી પહોંચતાં અને આખા પ્રદેશને તારાજ થયેલો જોતાં તેને આઘાત થયો અને તેના પરિણામે હિજરી સન ૫૫૨માં તેનું અવસાન થયું. એજ સુલતાન સંજરને આલમુતના ઇસમાઇલીઓ સાથે લડાઇમાં ઉતરી તેમની સાથે સંધી કરવી પડી હતી.

## ઇમામતનો એક બીજો ખોટો દાવેદાર.

મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગના એક પુત્ર હસને આ દરમ્યાન પોતે ઈમામતનો દાવો કર્યો હતો. વિખ્યાત ફારસી ઇતિહાસગ્રંથ 'રવઝતુસ્સફા'ના આલેખન અનુસાર આ વાતની જાણ મુહમ્મદ બિન કિયા બુઝુર્ગને થતાં તેમણે સઘળા લોકોને એકઠાં કર્યા અને કહ્યું કે, "હું પોતે ઇમામ નથી. મારો દીકરો હસન પણ ઇમામ નથી. હું તો ઇમામનો એક અદના દાઈ છું. તેમની વિરૂધ્ધ ખિલાફતનો દાવો કરનાર અધર્મી છે." ત્યારપછી તેમણે હસન પર રોષે ભરાઇને તેને ઠપકો આપ્યો અને હસનને માનનારા અઢીસો માણસો એકના બે થતા નહોતા તેઓને કત્લ કર્યા અને એ મતના બીજા અનુયાયીઓને શહેર બહાર કાઢી મુકયા. આ પ્રમાણે પોતાના પિતાનો સખ્ત ક્રોધ જોઇને હસન ગભરાયો અને તેણે પોતાના અનુયાયીઓના વિચારોની સુધારણા કરી; તેમજ પોતાના પિતાની ભલામણ અનુસાર ઈમામની બુઝુર્ગીના વિષય પર કેટલાક પુસ્તકો પણ લખ્યા. મુહમ્મદ બિન કિયા બુઝુર્ગના મનમાં આ બનાવને અંગે જે ચિંતાભરેલું મંથન થઇ રહ્યું હતું તે જતું રહ્યું.

## આલમુતના પાડોશી રાજ્ય-રૂયાન અને રૂસ્તમદારના ઈલાકાઓ અને તેના રાજ્યોની ટુંક રૂપરેખા.

ઇરાકે અજમની ઉતરે અને કાસ્પીયન સમુદ્રના કાંઠે આવેલા દયલમ, તબારીસ્તાન, ગીલાન અને મઝન્દ્રાન નામના ચાર પહાડી ઈલાકાઓ આવેલા છે, તેઓની બીજી તરફ લગભગ મધ્યમાં 'રૂયાન' અને 'રૂસ્તમદાર'નો પ્રદેશ આવેલો છે. આ દેશના મૂળ વતની રાજાઓ આઠસો વર્ષથી ત્યાં રાજ્ય કરતા હતા. ઇસમાઇલીઓના આ પાડોશી રાજ્યનો બાદશાહ ખીલાનના હાકિમના નામરાશિ કયકાઉસ હતો. તેને ઇતિહાસકારો 'ઉસ્તાનદાર' ના લકબથી ઓળખાવે છે. જ્યારે ઉપર જણાવેલા ચાર ઇલાકાઓમાં એક પછી બીજા વંશોની ચડતી પડતી થતી રહેતી હતી. એ સમયે મઝિન્દ્રાનના રાજવીઓ બળવાન ગણાતા હતા. કોહિસ્તાનનો પ્રદેશ તેમના તાબે હતો, આલમુતથી લઇને, ઇસમાઇલી સામ્રાજ્યની હદ આ પ્રદેશ પર્યંત લંબાયલી હતી. જો કે કોહિસ્તાનનો પ્રદેશ પણ પાછળથી ઇસમાઇલીઓએ જીતી લીધો હતો.

## ઈસમાઇલીઓપર અત્યાચાર.

રૂયાનનો આ રાજવી ઉસ્તાનદાર કયકાઉસ, હિજરી સનની ૬ઠ્ઠી સદીના પહેલા અર્ધ સમયમાં રાજ્ય કરતો હતો ત્યારે "કાસ્પીયન આલ્પસ"ની બીજી બાજુએ આલમુતમાં મુહમ્મદ બિન કિયા બુઝુર્ગનો ડંકો વાગતો હતો. જો કે એ વખતે લગભગ સઘળા રાજવીઓ ઇસમાઇલીઓને ઇર્ષાની નજરે નિહાળતા એ તો આપણે જોતા આવીએ છીએ, તેમાં વળી કયકાઉસ અને શાહ ગાઝી રૂસ્તમ વચ્ચેની અંરસપરસની

મિત્રાચારીએ આગમાં તેલની ગરજ સારી. શાહ ગાઝી ઇસમાઇલીઓનો હડહડતો દુશ્મન હતો, જેની ઇસમાઇલીઓ પ્રત્યેની તિરસ્કાર અને કીનાની લાગણી અંગત વેરઝેરથી વધુ ભડકી ઉઠી હતી. સુલતાન સંજરના દરબારમાં એક હજાર ઘોડેસ્વારો સહિત તેણે પોતાના એક ખાસ દુસ્તુરીયા અબુ જાફર બાવંદને મોકલાવતાં "સરખસ" ખાતે કેટલાક ઇસમાઇલીઓએ બાવંદને મારી નાંખ્યો.

આ સમયથી ગાઝી રૂસ્તમે ઇસિમાઇલીઓ પર જુલમ ગુજારવામાં કાંઇ બાકી રાખી નહિં અને તેનો સેનાપતિ શેરકુ દગલબાજીથી રાત્રીના વખતે ઇસમાઇલીઓના મુલકમાં ઘુસી આવ્યો અને તેણે હજારો ઇસિમાઇલીઓની નિર્દયપણે કત્લ ચલાવી. આ રીતે એટલા બધા ઇસમાઇલીઓ માર્યા ગયા કે રૂદબાર ખાતે મરણ પામેલાઓની ખોપરીના પાંચ મિનારાઓ તેણે ચણાવ્યા હતા.

શરૂઆતમાં શાહ ગાઝીએ પોતાના સાળા અને દયલમના બાદશાહ કિયા બુઝુર્ગ ઉમેદ બિન હાદીને ઇસમાઇલીઓ સામે મોકલાવ્યો અને તેના મૃત્યુ પછી રૂયાનના ઉસ્તાનદારને રવાના કર્યો. આવી રીતે આલમુતના કિયા બુઝુર્ગ ઉમેદના પુત્રની સાથે દયલમના એક અન્ય કિયા બુઝુર્ગનું રણજંગ જામ્યું. જેમાં પોતાના ભાણેજ દયલમના કિયા બુઝુર્ગનું મરણ થતાં કયકાઉસે એ ઇલાકાને રૂસ્તમદાર અને રૂયાન સાથે જોડી નાખ્યાં અને દયલમીઓ પાસેથી જે ત્રીસ હજાર દીનારની ખંડણી તબારિસ્તાનનો રાજા શાહ ગાઝી લેતો હતો તે તેણે માફ કરી. પરંતુ એ માટે એવી શરત રાખી કે, કયકાઉસે ઇસમાઇલીઓ સામે ચાલુ યુધ્ધમાં ઉતરી તેમનું નામનિશાન ભુસી નાખવું. આ પ્રમાણે શાહ ગાઝી સાથે થયેલી સમજુતીને અનુસરીને કયકાઉસે ઇસમાઇલીઓ ઉપર કેટલીક ચઢાઇઓ કરી અને પોતાના મુલકની આસપાસ આવેલા ઇસિમાઇલીઓના પ્રદેશમાં લુંટફાટ ચલાવી.

## આલમુતના ઇસિમાઇલીઓ પર એક ઝનુની કાગળ.

આ પછી તેણે મુહમ્મદ બિન કિયા બુઝુર્ગને એક પત્ર લખ્યો હતો. તેનો સાર આ પ્રમાણે છેઃ– "આ પૃથ્વી પરથી તમારૂં નામ નાબુદ થાઓ! સળગતી તલવાર તમારા મસ્તક અને દેશ ઉપર ઝઝુમી રહે! તમો ચોમેરથી ઘેરાઇ ગયેલા હોવાથી હવે ઝાડીમાં છુપાયલા કોહલા (શિયાળ) જેવી તમારી સ્થિતિ થઇ પડી છે. પરંતુ અમે તો કોઇપણ પ્રકારના રક્ષક વિના છડે ચોક બેઠા છીએ. તમારા સર્વથી મોટા દુશ્મન સામે મરદાનગીથી લડવા માટે તમોને હવે કઇ ચીજ અટકાવે છે?"

આલમુતના હાકિમ મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગે પોતાની હમ્મેશની રીત પ્રમાણે આ ઝનુનથી લખાયેલા કાગળનો ટુંકો અને બરછીની ધાર કરતાયે તિક્ષણ જવાબ વાળ્યો :–"કાગળ વાંચ્યો. લખાણ અપમાનજનક છે અને અપમાનનો જવાબ અપમાનથી મળશે, તેની ખાત્રી રાખજો."

કયકાઉસને તેના આ ગેરડહાપણભર્યા સાહસનો બદલો આપવામાં આવે તે અગાઉ તેનું મૃત્યુ થયું અને હવે તેની જગ્યાએ હઝર–અસ્પ બિન શહેરનુંશ આવ્યો. ઇસમાઇલીઓ પ્રત્યેના ચાલુ યુધ્ધથી કંટાળી જઇને તેણે નવી રાજનીતિ ધારણ કરી અને ઇસિમાઇલીઓ સાથે સુલેહના કરાર કરી પોતાના અનેક મજબુત કિલ્લાઓ તેણે તેમને હવાલે કરી દીધાં.

## મુહમ્મદ બિન કિયા બુઝુર્ગનું અવસાન.

હિજરી સન ૫૫૭માં સલજુકીઓની સલતનત તદ્દન નબળી પડી જુદા જુદા ઇલાકાના

ગવર્નરો તદન સ્વતંત્ર થઈ ગયા અને ખુરાસાનનો પ્રાંત સલજુકીઓના હાથમાંથી નીકળી ખ્વારઝમીઓ અને ગોરી વંશના લોકો હસ્તક આવ્યો. આ બન્નેએ સરખે ભાગે પોતાની વચ્ચે એ પ્રાંત વ્હેંચી લીધો. મહાન મુહમ્મદ બિન કિયા બુઝુર્ગનું અવસાન પણ એજ વર્ષમાં થયું હતું. તેઓએ ઈમામ હાદી અ. ઈમામ મોહતદી અ.અને ઈમામ કાહિર અ.ની અડગપણે સેવા બજાવી પોતાનું જીવન સાર્થક કરી ઈમામના કીર્તિવંત સેવાધારીઓમાં પોતાનું નામ ઉજ્જવળ બનાવ્યું હતું.

મુહમ્મદ બિન કિયા બુઝુર્ગના અવસાનથી હઝરત કાહિર અ.ને ઘણું લાગી આવ્યું. આ સમયે એમની તબીયત પણ નાદુરસ્ત હતી. મુહમ્મદ બિન કિયા બુઝુર્ગના મરણનો શોક કોઈ પણ રીતે ઈમામ ભુલી શકતા ન્હોતા.

અંધાધુંધીના આ યુગમાં હિજરી સન ૫૩૭માં ફારસમાં રૂકુએના, હિજરી સન ૫૪૯માં દમિશ્કમાં તુઘતગીનના વંશજોના, હિજરી સન ૫૫૩માં યમનમાં નજ્જાહના અને હિજરી સન ૫૫૫માં ખુરાસાનમાં ગોરી વંશના રાજ્યઅમલનો અંત આવ્યો હતો અને તેના સ્થાને "અર્ઝરૂમ"માં 'ઝંગી' અને હેમ્સમાં 'અય્યુબીઓ' રાજ્યસત્તા ઉપર આવ્યા હતા. સુલતાન સંજરના મરણના ત્રણ વર્ષ અગાઉ આ સઘળાથી બળવાન અને પૂર્વ તથા પશ્ચિમના દેશોના રાક્ષસ સમા જંગીસખાનનો જન્મ થયો, જેણે એકવારનાં ફળદ્રુપ દેશોને જંગલ સમાન વેરાન બનાવ્યા અને જંગલોને લોહીધારાઓથી ભીંજવી દીધા.

## અય્યુબી સત્તાની સ્થાપના—મુસ્તેઅલવી રાજસત્તાનો અંત.

હેમ્સના અય્યુબી રાજકર્તાઓનો મિસરના ફાતિમી ખલીફાઓ સાથે સંબંધ હોવાથી તેનો ઉલ્લેખ કરવો અત્રે ઉપયોગી થઈ પડશે. સલજુકી રાજ્યના કટકેકટકા થયા પછી અતાબેગના ક્રમથી દમિશ્ક, મોસલ, શામ, જઝીરા (વાસિત), વિગેરે સ્થળે જે સ્વતંત્ર રાજ્યો કાયમ થયા તેમાં ઈરાકના અતાબેગ નુરદીન મહમ્મદ ઈમાદુદીન ઝંગી શામમાં હકુમત કરતો હતો. એ ખ્રિસ્તી ક્રુઝેડરોનો સર્વથી બળવાન વિરોધી હતો. "તાબર"નો બિશપ તેના ગુણદોષનું વર્ણન કરતાં લખે છે કે, નુરદીન ડાહ્યો અને સારી સમજ શક્તિવાળો માણસ હતો. તેના લોકોની માન્યતા અનુસાર તે ખુદાથી ડરવાવાળો શખ્સ હતો. તેણે પોતાના બાપદાદાના વારસામાં વૃધ્ધિ કરી હતી. તેના વિજયના ફળરૂપે અંતાકિયાં અને ગઝનીનનો રાજ્યકર્તા રેમન્ડ અને કાઉન્ટ ઓફ ત્રીપોલી પડયા. પરિણામે મોટી ગનીમત સહિત તલ્બસર, અંતબ, અઝાસ, રવદાન, તખાલિદ, કર્સ, કફ્રસૂદ, મરીશ અને નહેરૂલ હુઝ, હિજરી સન ૫૪૨માં આ સઘળા સ્થળો એ વિજેતાના હાથમાં આવ્યા. ખરૂં કહેતાં મોસલ અને હલબનો કબજો નુરદીનના હાથમાં હોવાથી તે ઉત્તરનો શામનો સાર્વભૌમ સ્વામિ હતો, પરંતુ દક્ષિણ શામનો ભાગ તેને ખુંચતો હતો. તેણે બે વાર દમિશ્ક પર ઘેરો નાખ્યો હતો. છેવટે ક્રુઝેડરોના ભયથી શહેરીઓ તેને શરણે આવ્યા અને શામમાં સલજુકીઓના છેલ્લા બાદશાહ મઝહરૂદીને, પોતાની મરજીથી રાજગાદી છોડી નિર્જન થવાની ઈચ્છા દેખાડતાં તેને પ્રથમ "હેમ્સ" અને પછી "બાલીસ" મળ્યા અને અંતે મઝહરૂદીન બગદાદ ચાલ્યો ગયો.

નુરદીને અઠાવીસ વર્ષ દરમ્યાન પચ્ચાસથી વધુ કિલ્લાઓ જીત્યા હતા. પોતાના રાજ્યના દરેક શહેરોમાં ઈબાદતગાહો અને પાઠશાળાઓ બંધાવી હતી. દમિશ્કની "દાર-ઉલ-હદીસ" એમાં સર્વથી વધુ વિખ્યાત છે. ધાર્મિક માન્યતા અને રાજકીય નિતીને કારણે નુરદીને મિસરના ફાતિમી ખલીફાઓ કરતાં

બગદાદના અબ્બાસીઓની તરફેણમાં રહેવાનું વધુ સલાહભર્યું ગણ્યું હતું. આ સમયે મિસરમાં ભારે અંધાધુંધી ચાલી રહી હતી અને પાછલા યુગના ફાતિમી ખલીફ પાસેથી તાજ ખુંચવી લેવાની તક હવે આવી લાગેલી જોઇ નુરૂદીને તેનો પુરેપુરો લાભ લીધો. તેણે પોતાના નાયબ સલાહુદીનને ફાતિમીની કુમકના બ્હાને મિસર રવાના કર્યો. તેણે વડા વઝીર તરીકેનો ઓધ્ધો લીધા પછી સઘળી સત્તા પોતાના હાથમાં લેવાની વેતરણ કરી. ફાતિમી વંશના છેલ્લા બાદશાહ આઝિદ લેદિનીલ્લાહનું બીમારીથી આ દરમ્યાન અવસાન થતાં સલાહુદીને તેનો લાભ લઇ બગદાદના અબ્બાસી ખલીફાઓનું નામ ખુત્બામાં દાખલ કર્યું. સાથે સાથે એ નામ પછી શામના પોતાના બાદશાહ અતાબેગ નુરૂદીનનું નામ લેવાનો હુકમ કર્યો. ખરી રીતે જોતાં આ બધું સલાહુદીને પોતાના લાભ માટે કર્યું હતું. પશ્ચિમના ઇસમાઇલીઓના મુખ્ય મથકની સત્તાનો તેણે આ રીતે અંત આણ્યો.

## આલમુતનું બળવાન ઈસ્માઈલી રાજ્ય-પ્રજાની સુખ સલામતી.

જો કે એક બીજી શાખા આલમુતના કિલ્લામાં પોતાનો પાયો નાંખીને બળવાન બની બેઠી હતી, જેને ઇતિહાસકારો પુર્વના ઇસ્માઇલી તરીકે ઓળખાવે છે. ઇસ્માઇલીઓના ઇતિહાસમાં આ એક અતિશય અગત્યની ઘટના છે કે મિસરની ખિલાફતનાં ખંડિયેરો ઉપર સલાહુદીને અય્યુબી વંશની સ્થાપના કરી પરંતુ તેની સામે પોતાના પગો ઉપર ઉભેલું એક બળવાન અને મહાન હરીફ રાજ્ય આલમુતના પહાડોમાં હસ્તી ધરાવતું હતું.

હઝરત ઇમામ કાહિર અ. ના ઝમાનામાં સંભાળભરી રાજ્ય વ્યવસ્થાના અંગે આર્થિક અને ખેતીવાડીની ખિલવણી થઇ. ઇસ્માઇલી રાજ્યવિસ્તારમાં વસતી પ્રજા સુખથી પોતાનું જીવન નિર્ગમન કરવા લાગી. વળી આલમુત અને લામસ્તર જેવા કિલ્લાની અભેદ દિવાલો અને અજીત બાંધકામોથી દુશ્મનોની વારંવારની ચઢાઇઓથી પણ પ્રજાને રક્ષણ મળ્યું. આ સમયે ઇસમાઇલીઓની હાક વાગતી હોવાથી ઇસ્માઇલીઓ પર ચઢાઇ લાવવાની પણ કોઇની હિંમત ચાલતી ન્હોતી. આવી સુખદ સ્થિતિમાં ઇસ્માઇલીઓ રાજ્યની ભલાઇ અને ઇમામની સેવામાં કુચ કદમ કરી આગળ વધ્યે જતા હતા.

## પીર સૈયદ ઈસ્લામદીન (રેહ.) આલમુતમાં.

પીર સૈયદ ઇસ્લામદીન (રેહ.) નો જન્મ હિજરી સન ૫૨૬ ના ઝીલહજ્જ માસની તા. ૨૬મી એ સબ્ઝવારમાં થયો હતો. તેઓ ઇસ્લામી તવારિખમાં "સૈયદ સલામદીન"ના નામે સુવિખ્યાત છે. હઝરત ઇમામ કાહિર અ. ઇમામતની મસનદ પર જલ્વા અફરોઝ થયા એ સમયે પીર સૈયદ ઇસ્લામદીન (રેહ.) એક કાફલા સાથે આલમુત આવ્યા હતા અને ઇમામની મુલાકાત લઇને દસ્તબોશી કરી હતી. પીર ઇસ્લામદીન (રેહ.) ઘણી લાગવગ ધરાવનારા અને પ્રભાવશાળી પુરૂષ હતા. તેઓએ ઇસ્માઇલી ધર્મનો પ્રચાર પણ બહોળા પ્રમાણમાં કર્યો હતો તેઓ પચીસ વર્ષ સુધી પીરાતન ભોગવીને હિજરી સન ૫૭૫ માં વફાત પામ્યા હતા. તેમના સૈયદ અબ્દુલ હાદી, સૈયદ જલાલુદીન અને સૈયદ સલાહુદીન નામના ત્રણ ફરઝંદો હતા.

### વફાત.

હઝરત ઇમામ કાહિર અ. ને ઇમામત અને ખિલાફતની મસનદ ઉપર આવ્યે પાંચમું વર્ષ પુરૂં થયું હતું અને 'શેખુલ જબલ' મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગને આ ફાની દુનિયા છોડયે અમુક

મહિના પસાર થઇ ગયા હતા. પરંતુ ઇમામે પોતાની વફાતનો સમય નઝદિક આવેલો જોઇ પોતાના પુત્ર હસન અલા ઝિકરીયા સલામ અ. ને તેડાવી ફરમાવ્યું :–"અમોએ તમારા માટે સઘળી સામગ્રી તૈયાર કરી રાખી છે. હવે પછી તમો એકલાજ ઇમામત અને રાજ્યગાદીના માલિક છો. અમારી તબીયત હવે કશું કરતી નથી, જેથી અમોને તરતમાં મુલ્કે બકા તરફ જવાનું થશે."

પોતાના ફરજંદને ભલામણ કર્યા પછી થોડા દિવસ પસાર થયા હતા કે, હિજરી સન ૫૫૭ માં હઝરત ઇમામ કાહિર અ. ની વફાત થઇ. તેઓશ્રીની વફાત પછી હઝરત ઇમામ હસન અલા ઝિકરીયા સલામ અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થતાં રાજ્યની લગામ પણ સંપુર્ણપણે પોતાના હાથમાં લીધી.

# HAZRAT MOWLANA IMAM HASAN ALA ZIKRHIS-SALAM.

(A. H. 557-561)

(૨૩)

# હઝરત મૌલાના ઈમામ હસન અલા ઝિક્રિયા-સલામ અ૦

(હિજરી સન ૫૫૭-૫૬૧)

હઝરત મૌલાના ઇમામ હસન અલા ઝિક્રિયાસલામ અ.નો મુબારક જન્મ "તારીખે જહાંગુશા"ના જણાવ્યાં પ્રમાણે હિજરી સન ૫૦૬માં 'આલમુત' ખાતે થયો હતો. એજ ઇતિહાસમાં દર્શાવવામાં આવ્યું છે કે તેઓશ્રી હઝરત ઇમામ નિઝાર અ.ના વંશમાંથી હતા કે જે તદન સંભવિત છે. હઝરત મૌલાના ઇમામ હસન અ.નો મુબારક લકબ- "અલા ઝિક્રહિસ્સલામ" છે, જેનું અપભ્રંશ "અલા ઝિક્રિયા સલામ" થયું કે જે નામથી તેઓશ્રી ઓળખાય છે.

હઝરત મૌલાના ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. હિજરી સન ૫૫૭માં પોતાના પિતાશ્રીની ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ સમસ્ત 'આલમુત'ના હાકેમ તરીકે પ્રજા સમુદ વચ્ચે રાજ્યની લગામ પોતાના હાથમાં લીધી. "આસારે મુહમ્મદી"ની કૃતિમાં દર્શાવ્યા મુજબ આ સમયે આસપાસના સઘળાં રાજ્યોમાં ઇમામની સત્તાની એવી અસર પડી ગઇ હતી કે કોઇપણ સત્તા ઇમામ સામે માથું ઉંચકી શકતી નહિં, એવું મહાન ગૌરવભર્યું જીવન ઇસમાઇલીઓ જીવી રહ્યા હતા.

જોન માલકમ પોતાની કૃતિ "હિસ્ટરી ઓફ પરશિયા"માં લખે છે કે, "મુહમ્મદ ઇબ્ને કિયા બુઝુર્ગ ઉમ્મીદે સત્તાનો નામ ખાતર સ્વીકાર કર્યો હતો અને એ રાજવીએ પોતાને વઝીર બનાવી સંતોષ માની લીધો હતો, કારણ કે મુખ્ય રાજ્યકર્તાને તેના પદ ઉપર સ્થાપવાથી ધાર્મિક સબબો પરિણમ્યા હતા."

આ ઘટના હઝરત ઇમામ કાહિર અ.ના સમયની છે; જ્યારે હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. તેમના વલીઅહદ હતા અને તેઓશ્રી ઇમામતની મસનદ પર બિરાજમાન થયા તે સમયે મુહમ્મદ બિન કિયા બુઝુર્ગ પણ હિજરી સન ૫૫૭માં આ ફાની દુનિયા છોડી ગયા હતા. એ પ્રકારના સંજોગો વચ્ચે રાજ્ય અને ઇમામતનો સઘળો ભાર હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. પર આવી પડ્યો હતો.

## રાજ્યમાં અસંખ્ય સુધારાવધારા.

હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ.ના સમયમાં એક અગત્યનું પરિવર્તન થયું હતું.

અગાઉ જણાવ્યા પ્રમાણે અત્યાર સુધી આલમુતમાં 'ઇમામત' અને 'હકુમત' જુદી જુદી હતી, પરંતુ હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ.એ ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ આલમુતની રાજ્યસત્તા એટલે "હકુમત" પણ પોતાના હાથમાં લીધી.

મિસરમાં ઇમામોના ગૌરવશાળી રાજ્ય પછી આલમુતમાં ફરીવાર રાજ્ય કારકીર્દીનો આરંભ થયો. તેઓશ્રીએ મસનદનશીન થતાંજ રાજ્યવ્યવસ્થામાં પુષ્કળ સુધારાવધારા કર્યા. ધર્મને લગતી બાબતોમાં પણ નવું ચેતન રેડ્યું અને એ પ્રકારે દરેક સ્થળે અનેરો ઉત્સાહ પ્રગટી નીકળ્યો. તેઓ નામદાર મસનદ પર બિરાજતાં જુદા જુદા કિલ્લાઓમાં વસ્તા મોટા મોટા સરદારો અને અગ્રેસરોને તથા મિશનરીઓ, નકીબો અને ગવર્નરોને આલમુતના કિલ્લામાં એક જશન કરી તેમાં આવવાનું આમંત્રણ આપ્યું અને ઇમામે એ પ્રસંગે પહેલીજવાર રાજ્યકારોબારની તપાસણી પણ કરી હતી.

## ઈમામનું અનેક વિદ્યાઓ પર પ્રભુત્વ.

"રવઝાતુસ્સફા"ના કથન અનુસાર "હઝરત ઇમામ હસન ઝિક્રિયા સલામ અ.એ યુવાવસ્થામાં પગ મુકયો ત્યારે ઇસમાઇલી મઝહબ, દીની ઇલ્મ તથા અકાયદોની ચર્ચામાં પોતાનો સમય તેઓ વ્યતિત કરતા હતા. એ પ્રકારે ઇલ્મની અવસ્થા ગાળ્યા પછી "અકલી" અને મન્તિકી (તર્કશાસ્ત્રીય) મસઅલાઓમાં પોતાનું મન પરોવ્યું અને તે પછી આ સઘળા ઇલ્મને "મકસદ" અને "તાવીલ"નો લિબાસ પહેરાવીને પોતાના અનુયાયીઓની રહેબરી કરવા અને હિદાયત આપવા બહાર આવ્યા. ઇસમાઇલીઓ ઇમામ પ્રત્યે હમેશાં કુરબાન રહેતા હતા. આ પ્રકારે ઇસમાઇલી મઝહબના મુળતત્વોનો બ્હોળો પ્રચાર થવા લાગ્યો અને લોકો આગળ વધીને હકીકત માર્ગની સિધ્ધી અર્થે ઉમંગ દેખાડવા લાગ્યા.

## અબ્બાસીઓનું દુશ્મનીભર્યું પ્રચાર કાર્ય.

"જામેઉત-તવારિખ"ના કર્તા લખે છે કે, "હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. સમજ અને વિવેકની વયે પહોંચ્યા ત્યારે તેઓશ્રીએ ઇસમાઇલી મઝહબનાં અકાયદો પ્રાપ્ત કર્યા પછી "અકલી" અને "નકલી" વિદ્યાઓની જાણકારી મેળવી."

તેઓશ્રી સર્વાંશે સંપૂર્ણતાએ પહોંચ્યા બાદ જાહેર કર્યું કે "હું ઇમામે ઝમાન છુ અને અમારો નસબ હઝરત ઇમામ નિઝાર ઇબ્ને મુસ્તનસિર બિલ્લાહ અ. સાથે જોડાયેલો છે."

હઝરત ઇમામ અલા ઝિક્રિયા સલામ અ.ની રાજ્યકારકિર્દીનું વર્ણન કરવા પહેલા તેઓશ્રીના નસબની હકીકત માટે પ્રથમ લખવાની જરૂરત છે, કારણ કે આગળ આપણે વાંચી ગયા છીએ કે હઝરત ઇમામ મુહમ્મદ મહેદી અ.ના સમયમાં અબ્બાસી ખલીફ મુકતદિર (૧) તેમજ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયમાં અબ્બાસી ખલીફ કાયમ બિન કાદિરબિલ્લાહે ઉલમાઓને લાલચો આપીને, રાજ્યસત્તાના બળે ખોટી વંશાવળીઓ બનાવી ઇમામના નસબને ભળતા સ્વરૂપમાં રજુ કરી, લોકોમાં શંકા ફેલાવવા તથા ઇસમાઇલીઓને ચલાયમાન કરવા અનેક કોશિશો કરી હતી. જો કે આવા વિપરિત સંજોગોમા પણ ઇમામનો પ્રભાવ અને સત્યતા જાહેર થઇ જતાં એવાં સઘળાં કાવત્રાંઓ નિષ્ફળ નિવડયાં હતાં

૧. જુઓ પાનું ૧૦૮

આ સમયે પણ અબ્બાસીઓએ ઇમામનો કેડો મુકયો ન્હોતો, "આસારે મુહમ્મદી"ના કથન પ્રમાણે એ સમયના અબ્બાસી ખલીફના હૃદયમાં હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ.નો અનહદ ભય પેસી ગયેલો હોવાથી લોકોના વિચાર નબળા બનાવવા અર્થે દરેક સ્થળે એવી ખબર તેણે ફેલાવવા માંડી કે, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. સાથે પોતાની નસબ જોડાવાનો દાવો હસન અલા ઝિકરિયા સલામ અ. કરે છે, પરંતુ તે દાવો ખોટો છે. એક બનાવટી વંશાવળી બનાવી અબ્બાસીઓએ પોતાનાં રાજ્યની હદમાં ફેલાવી લોકોને ઇમામથી ગુમરાહ કરવા કોશિશ કરી.

## ઇમામનો ઇતિહાસિક ખુત્બો—વંશનું સ્પષ્ટીકરણ.

હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. હઝરત ઇમામ કાહિર અ.ના શાહઝાદા હતા અને ઇમામે પોતે એ સબંધમાં હિજરી સન ૫૫૯ના તા. ૧૭મી રમઝાનના દિને આપેલા 'ખુત્બા'માં ખુલાસો વટીક કર્યો છે. એ દિવસે, રૂદબાર, કોહિસ્તાન, લામસ્તર, આલમુત, ઇસ્ફહાન, કાઇન, બિરજંદ અને બીજા આસપાસમાં વસતા સઘળા ઇસમાઇલીઓ આલમુતમાં એકઠાં થયાં. પહેલાં ઇમામે એક જંગી દરબાર ભરવા હુકમ આપ્યો હતો. એ માટે તડામાર તૈયારીઓ થવા લાગી. પરિણામે મુકરર કરેલો દિવસ આવવાથી આલમુતગઢની ઇદગાહના ચોગાનમાં કિબલા ભણી એક મિમ્બર ગોઠવવામાં આવ્યો, જેની ચારે તરફ ચારે ખુણે ચાર રંગના વાવટા ઉડતા કરવામાં આવ્યા. મધ્યમાં તખ્ત મુકીને તેની ઉપર ઇમામે ઝમાને બિરાજમાન થઇ સઘળી હાજર રહેલી ખલકતને સંબોધીને ફરમાવ્યું કે, "હું તમારો બરહક ઇમામ છું, અમારા અનુયાયીઓ અમારા કલામો પર ઇમાન આણશે. અમારો નસબ આ પ્રમાણે છેઃ હસન બિન કાહિર બિન મોહતદી બિન હાદી બિન નિઝાર બિન મુસ્તનસિર બિલ્લાહ. 'કિયામત' અમારી જાતથી 'કાયમ' થશે અને અમારા વંશનું આ સ્પષ્ટિકરણ છે. તે વિરૂધ્ધ જનાર ઇસમાઇલી મઝહબથી ગુમરાહ છે."

## આલમુતના ઇસમાઇલીઓનો મહોત્સવ "ઇદુલ કયામ."

ત્યારબાદ ઇમામે કયામતનો સંકેત કરતાં ફરમાવ્યું કે, 'આજ દિને સઘળી શરીયતી તકલીફોથી તમોને હું સ્વતંત્ર કરૂં છું. આજે તમારા માટે રહેમતના દ્વાર ઉઘડી ગયા છે. તમો સઘળાને આ જગતમાં શરીયત અને કયામતના ભેદથી માહિતગાર કર્યા છે, હવે પછી તમારામાંના જે અમોને ન ઓળખતા હોય તેઓને ખુલા શબ્દોમાં જાણ કરીએ છીએ કે, અમો ઝમાનાના ઇમામ છીએ. ઝમાનો અમારી તાબેદારી સ્વીકારવા તૈયાર છે. એવા સમયમાં તમોને વિચાર કરવાનું કારણ રહેતું નથી. આ લડાઇનો અવસર છે, તેમાં કવાયત સંભવે નહિં. જો કવાયતમાં મશગુલ રહેશો તો માર્યા જશો, શરીઅત એ કવાયત અને લડાઇ એ 'આમાલ' છે. "આમાલ" વડેજ તમો કયામતના ભયથી બચી જશો. પાક પરવરદિગારની નઝદિકી આમાલથીજ છે અને ખુદાની નિકટ જઈ પહોંચવાનો અર્થજ "કયામત" થાય છે."

આ વિવેચન પછી "ઇમામે" મિમ્બર પરથી હેઠળ આવી સઘળા હાજર રહેલાઓને મુબારકી આપતાં ફરમાવ્યું કે, "આજ ઇદનો દિવસ છે માટે સઘળાઓ રોઝા ઇફતાર કરીને ખુશાલી મનાવો." આ મુબારક દીનને ઘણીજ ધામધુમ અને દમામદાર રીતે સઘળા ઇસમાઇલીઓએ ઉજવ્યો અને એ દીનને 'ઇદુલ કિયામ'ના નામે ઓળખવા લાગ્યા. દર વર્ષે ઇસમાઇલીઓ આ દીનને ઉજવતા રહ્યા; આ સબબે શરીઅતમાંજ દીનધર્મને સંપુર્ણ સમજતી ઇસ્લામી પ્રજા ખળભળી ઉઠી અને ઇસમાઇલીઓ ઉપર દ્વેષથી ગંદા વિશેષણો લગાડયા, જેની અફસોસનીય નોંધો આજે પણ ઇતિહાસોમાં મળી આવે છે.

"દબિસ્તાન–ઉલ–મઝાહિબ"ની કૃતિમાં ઉપલું વર્ણન કર્યા બાદ જણાવેલું છે કે, હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામે ખિલાફતપદે પોતાનું આસન લીધું ત્યારે પોતાના રાજ્યના અમીર ઉમરાવો અને અફસરોને બલદતુલ ઇકબાલ=આબરવંત ભુમિમાં એકઠા કરીને ફરમાવ્યું કે, "હું ઇમામે ઝમાન છું અને "અમ્રો નહી" (૧) વસ્તુતઃ શરીઅતી રસ્મો અને રિવાજો છે, જેની તકલીફો લોકો ઉપરથી ઉપાડી લઉ છું કારણુ કે આ કયામતનો ઝમાનો છે."

ઘણા ઇતિહાસકારોનો એવો મત છે કે મજકુર 'ઇદુલ કયામ'નો દિવસ ૧૭મી રમઝાનનો હતો, જે દિવસે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ. અબદુર્રહેમાન ઇબ્ને મુલઝીમના હાથે ઝખમી થયા હતા. એટલે કે, 'દુનિયાથી' છુટવુ અને 'ઉકબા'થી જોડાવું. એ પરિપુર્ણતાએ પહોંચેલા આત્માની લિજ્જતનું સાધન છે અને એ સબબે એ દિનને 'ઇદુલ કયામ' નામ પાડી ઇમામે પોતાના દાદા બુઝુર્ગવારની શાનને રોશન કરી.

'રવઝતુસ્સફા'માં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, એક પ્રતિષ્ઠાવાન માણસે મૌલાના યુસુફ શાહ કાતિબ પાસેથી સાંભળ્યું હતું કે, "હું આલમુતમાં ગયો હતો ત્યારે ત્યાં આગળ આ પ્રમાણે એક બયઅત લખેલી મેં જોઇ હતી:–

**બર દાશ્ત ગિલે શરઅ બ તાઇદે ઇઝદી,**
**મખ્દુમ રોઝગાર અલી ઝિક્ર હિસ્સલામ.**

અર્થાત:–ખુદાની મદદથી શરીઅતના તોકને ઝમાનાના મખ્દુમ=માલિક અલા ઝિકરિયા સલામ અ.એ કાઢી નાખ્યો."

## "મોમિનાબાદ"માં "ઇદુલ કયામ"નો મહોત્સવ.

હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ.ની આ જાહેરાત ઇમાનના ખુતબા દ્વારા સાંભળવા પછી પત્ર દ્વારા તેના સારની સઘળા ઇસ્માઇલી સ્થળોએ ઇસમાઇલી વસ્તીને ખબર આપવામાં આવી, જેમાં કોહિસ્તાનના હસન બિન સઅબાદના નાયબ રઇસ મુઝફ્ફરના નામરાશિનો પણ સમાવેશ થાય છે. એમને મોકલવામાં આવેલા પત્રમાં ઇમામ તરફથી જણાવવામાં આવ્યું હતું કે "હું સોગંદ ખાઇને કહું છું કે, જમીનની સપાટી ઉપર હું ખુદાનો ખલીફો છું અને કોહિસ્તાનનો રઇસ અમારો ખલીફો છે, એ દેશની પ્રજાએ અમારો હુકમ બજાવી લાવવાની આવશ્યકતા છે અને રઇસ મુઝફ્ફરનાં વચનને અમારૂં વચન સમજે."

આ કાગળમાંની ભલામણુને અનુસરીને મોમિનાબાદના કિલ્લામાં એક મિમ્બર ઉભો કરવામાં આવ્યો. તેના ઉપર રઇસ મુઝફ્ફરે આસન લઇને ઇમામનો ઇનાયત થયેલો પત્ર વાંચી સંભળાવ્યો જે પરથી ત્યાંની ઇસમાઇલી પ્રજાએ "ઇદુલ કયામ" મનાવી અને એ પ્રમાણે બીજા ઇસમાઇલી ઉમરાવોએ પણ ઇમામના કાગળમાંની ભલામણો અમલમાં મુકી.

## ઇસમાઇલી સિધ્ધાંતોનું રહસ્ય.

"દબિસ્તાન–ઉલ–મઝાહિબ"માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, ઇસમાઇલીઓના અકીદામાં

૧ અમ્રો નહી = વિધીનિષેધો અર્થાત અમુક કરવા અથવા ન કરવા માટેની શાસ્ત્રાજ્ઞાઓ.

ઇમામે હક તરફથી થતી નફસની તપાસણીને "કયામત" કહે છે. તેઓનું માનવું છે કે, લોકો ખુદાની નજદીકમાં પ્હોંચે છે ત્યારે કયામત કાયમ થાય છે અને તે સમયે શરીઅતની તકલીફ દુર થઇ જાય છે. આ "કયામત"નો અર્થ એવો છે કે પોતાના ઇમામતના ઝમાનામાં ખલકત (સર્જન)ને તેના ખાલિક (સર્જનહાર) સાથે ઇમામે વાસિલ (સંયોગ) કરવાથી તેઓના ઉપરથી શરીઅતની રસ્મો ઇમામ ઉપાડી લે છે.

"આસારે મુહમ્મદી"ના કથન પ્રમાણે હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. એ આ લોકનાં જે રહસ્ય સમજાવ્યાં છે, તે પ્રમાણે જગત કદીમ છે. ઝમાનો અનંત છે. કયામત રૂહાની (આત્મિક) છે; બહિસ્ત અને દોઝખ 'મઆનવી' (બાતિની=સુક્ષ્મ) છે. દરેક મનુષ્યની કયામત તેનું મોત છે. 'બાતિન'માં સૃષ્ટિજનોએ ખુદાની સેવામાં રહેવું જોઇએ અને 'ઝાહેર'માં પોતાની ઇચ્છા પ્રમાણેનું જીવન ગાળવું જોઇએ; જેને અંગે બંધનકર્તા બંધનો સૃષ્ટિજનો પરથી ઉઠાવી લેવામાં આવે છે.

હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. પોતાના રાજ્યની સત્તા તળેના સઘળા મુલ્કોના ઇસમાઇલીઓને એકઠા કર્યા તે પછી ઇમામત અને રાજ્યના સિંહાસન પર બિરાજમાન થઇ સઘળી પ્રજા સન્મુખ ઇમામે ફરમાવ્યું: "કાયમ-ઉલ-કયામત" મારાથી છે. એ દિવસે આલમુતના સઘળા ઇસમાઇલીઓએ મહાન ઉત્સવ ઉજવ્યો અને ઇતિહાસમાં એ દિન "ઇદુલ કયામ" તરીકે પ્રસિધ્ધી પામ્યો. 'ગદીરે ખુમ'ના મેદાનમાં પાક પયગમ્બર હઝરત મુહમ્મદ સ. એ હઝરત અલી અ. ને પોતાના "વસી" તરીકે જાહેર કરતાં ઇસમાઇલીઓના ઇમામ તરીકે તેઓ પ્રગટ થયા. વચ્ચે ત્રણ ખલીફાઓ થયા બાદ હઝરત અલી અ. ની સત્તા તળે ખિલાફત અને ઇમામત આવી. આ પ્રમાણે આલમોતની ઉક્ત ઘટના પણ નોંધી લેવા યોગ્ય છે.

## શેખ ઇરાકી કોણ હતો?

હઝરત ઇમામ મોહતદી અ. તરફથી શામની હકુમત ચલાવવા માટે નિમાયેલા ગવર્નર અબુ મુહમ્મદે એક દિવસે સાંભળ્યું કે એક અજાણ્યો માણસ "કહફ"ની બાજુના "અસ્તરસુન" નામના ગામડામાં વસવાટ કરવા આવ્યો છે અને તે પોતાને ઇરાકી અરબી જણાવે છે, પરંતુ તેના સંબંધમાં કોઇને શંકા ઉઠાવવાનું કંઇ કારણ ન્હોતું, કારણ કે એ શખ્સ તેઓનો હમદીન હતો, તેમજ દરેક જણની ઝબાન પર તેનાં ગુણગાન રમી રહ્યાં હતા. તે શખ્સ યમની ઉનના જાડા વસ્ત્રો કાંઇપણ ટાપટીપ વિના ધારણ કરતો હતો અને તે પોતાના હાથે બનાવેલા પગરખાંજ પહેરતો. ગામડામાં તે બાળકોને લખવા વાંચવાનું શિખવતો હતો. કોઇ ગામડીઓ બીમાર પડતો તો તેને આ અજાણ્યા માણસ પાસેથી ઝટ ઉપચાર મળી આવતો હતો; આ દરવેશની ખ્યાતિ તત્કાળ સઘળા દેશોમાં ફેલાઇ ગઇ હતી, જેથી આજુબાજુના બધા લોકો તેની સલાહ લેવા આવતા હતા. ત્યારબાદ તે એક "ઔલિયા" તરીકે ઓળખાવા લાગ્યો. લોકો તેને "હકીમ"ના ઉપનામથી પણ સંબોધતા હતા, તેની રીતભાત પણ વિચિત્ર હતી. બંદગી વેળાએ તે કલાકોના કલાકો સુધી એક ચિત્તે બેસી રહેતો હતો, જાણે કોઇ અદ્રશ્ય શક્તિ સાથે વાતો કરતો હોય તેમ લાગતું હતું, કારણ કે તેના હોઠ કાંઇપણ શબ્દોચ્ચાર કર્યા વિના હાલતા જણાતા હતા. આવો એક અસાધારણ શખ્સ "કહફ"ના હાકિમની કુતુહલતા જગાડે એ સ્વાભાવિક હતું. અબુ મુહમ્મદે તેને કિલ્લામાં બોલાવીને તેના જીવન નિર્વાહ માટે તથા પોતાની નજદીક રહેવા કરવાની સગવડ કરી આપી, જે પેલા શખ્સે માન્ય રાખી અને સાત વર્ષ સુધી તે એવી રીતે કહફમાં રહ્યો, દરમ્યાન જે સદ્‌ગુણો અને ચારિત્ર વડે તેની ઇસમાઇલીઓમાં ખ્યાતિ થવા પામી હતી તેનો વધુ અને વધુ તે વિકાસ કરતો ગયો. લોકો તેનું નામ જાણતા ન્હોતા તેથી તેને શેખ ઇરાકી કહેતા હતા.

## સિનાનનો પ્રથમ પરિચય.

જ્યારે અબુ મુહમ્મદની વય ૮૦ કે ૯૦ વર્ષની થઈ અને તે સખ્ત બીમાર પડ્યો ત્યારે પેલો અજાણ્યો શખ્સ-શેખ ઇરાકી તેના ઓરડામાં દાખલ થઇને, કંઇપણ લાંબી વાતચીતમાં ન ઉતરતાં અબુ મુહમ્મદને જણાવ્યું કે "હવે તમારા જીવનનો અંત નજદીક આવી લાગ્યો છે. તમારૂં અવસાન થાય તે પહેલાં તમારૂં પદ મને ઇમામે અર્પણ કર્યું છે, તમો તેની તપાસ લઇ લો તો બહેતર થશે." આ વાત સાંભળી અબુ મુહમ્મદ ચોંકી ઉઠ્યો. જે અદના શખ્સ સાથે એક સામાન્ય ચાકર જેવો સાત વર્ષ પર્યંત વર્તાવ રાખવામાં આવ્યો હતો, તે સાત વર્ષ પછી ઇમામે પસંદ કરેલો તેનો ઉત્તરાધિકારી! સાથે સાથે અબુ મુહમ્મદે આ હકીમ અથવા શેખ ઇરાકીનું નામ પણ જાણી લીધું જે તેણે "રશીદુદીન સિનાન" જણાવ્યું. એવી રીતે તે લોકોની નજર સન્મુખ સિનાનના નામે અને સલાહુદીનના જગમશહુર હરીફ તરીકે બહાર આવ્યો.

## સિનાન એક લોખંડી પુરૂષ.

આ ઇસમાઇલી સરદાર "સિનાન"નું જીવનચરિત્ર ફ્રેન્ચ ભાષામાં "લર્યાં મેત્ર દેઝ આસાસે" અર્થાત શામના ઇસમાઇલી શેખના નામે લખવામાં આવ્યું છે. તેમા વર્ણવેલુ છે કે જે વ્યકિત શેખ "સિનાન"ના ટુંકા નામથી વિખ્યાત થઇ છે, એનું પુરૂં નામ અબુલ હસન બિન સુલેમાન બિન મુહમ્મદ રશીદુદીન હતું. એનો જન્મ બસરા ખાતે થયો હતો. જર્મન વિદ્વાન "વેસ્ટફિલ્ડ" લખે છે કે "અકોશ સાદાન" નામના ગામમાં તે પારણે ઝુલ્યો હતો, સમજણો થતાં તેણે એવા પરાક્રમો કરી દેખાડયાં છે કે જેવાં તેની પૂર્વે ભાગ્યેજ માનવ કલ્પનામાં આવ્યા હોય. અન્ય કેટલાકોની એવી માન્યતા છે કે, "મવદુદ"ના નામે ખ્યાતિ પામેલો માણસ પણ સિનાનજ છે. હલબનો મહાન ઇતિહાસકાર કમાલુદીન પણ એ પ્રમાણેજ વર્ણવે છે.

## સિનાન આલમુતમાં-શામના વડા મિશનરીના ઓધ્ધાની નવાજિશ.

ઇતિહાસકાર યાકુતી દર્શાવે છે કે, સિનાનના પિતા "અકોશ સાદાન"માં એક સરદાર હતા. આ શહેર નુસેરીઓથી વસાયેલું હતું, જેઓ હઝરત અલી અ. ને અલ્લાહ તરીકે માને છે. સિનાનનો નિવાસ કિલ્લામાંજ હતો, જેનો તેણે પોતાના ભાઇઓમાં અણુબનાવ થતાં પાછળથી ત્યાગ કર્યો હતો. તે ઇસમાઇલી સિધ્ધાંતોમાં માનતો થયો હતો, છતાં તેના શિક્ષણમાં જે નુસેરી અસર છે, તે વિસરી શકાય તેવી નથી. સિનાનના સમયમાં નુસેરીઓની બોલબાલા હતી. તેની સામે ઇસમાઇલીઓનું બળ નરમ પડતું જણાયું હતું. આવા કટોકટીના સમયમાં ઇસમાઇલી મઝહબમાં જોડાવાનો નિશ્ચય કરીને કંઇપણ સાધન અને વાહન વગર પગપાળા સિનાન આલમુત ગઢમાં આવી પહોંચ્યો. મુહમ્મદ બિન કિયા બુઝુર્ગે તેને પોતાના પુત્ર હસન અને હુસેન પ્રમાણે રાખ્યો. મુહમ્મદ બિન કિયા બુઝુર્ગનું અવસાન થતાં હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. એ સિનાનને વડા મિશનરીનો ઓધ્ધો આપીને શામ ખાતે "ફરમાન પત્ર" સાથે રવાના કર્યો અને ઇસમાઇલીઓની સહાયતાથી "કહફ" ખાતે પહોંચી ઇમામની આજ્ઞા અનુસાર ત્યાંના ઇસમાઇલી વડા અબુ મુહમ્મદના અવસાન પર્યંત તેણે વિશ્રાંતિ લીધી.

## ઇમામ વિરૂદ્ધ કાવતરૂં—વફાત.

હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામે અ. પોતાને "કાયમુલ કિયામત" તરીકે જાહેર કરીને શરીઅતની રિવાજી રસમને બંધ કરી, અલ્લાહતઆલાના નામે સરળ રીતે મન જોડી દેવાની

શિખામણ આપી હતી. આ ઉપરથી કેટલાક અધુરા લોકો છંછેડાઇ પડયા હતા; એ કારણે વખતો-વખત મસઅલાઓનો ઉકેલ કરવા માટે દંભી શખ્સોની સલાહ લેવામાં આવતી હતી તે કારોબાર સદંતર બંધ પડી ગયો; જેના અંગે રોષે ભરાઇને તેઓ ઇમામને શહીદ કરવા તક શોધી રહ્યા હતા, પરંતુ એક બાદશાહ સુધી પહોંચવાની વાત સહેલી ન્હોતી, એટલે તેઓએ ઇમામના સાળા હસન ઇબ્ને નામવરને પોતાના પ્રપંચમાં ફસાવી અને સમજાવ્યું કે, તમારો ભાણેજ મહમ્મદ બાદશાહી મસનદ ઉપર બેસશે ત્યારે તમારો પણ દરજ્જો એક બાદશાહ કરતાં ઉતરતો રહેશે નહિં, માટે જેટલી જલદીથી આ કાર્ય કરી નાખશો એટલી ઉતાવળે એ પદવી તમને મળશે. આ કાવતરા-ખોરોની ભંભેરણીમાં હસન આવી ગયો. બીજી તરફ બાદશાહી મહેલમાં દાખલ થવાનું તેને માટે સહજ હોવાથી, હિજરી સન ૫૬૧ના રબીઉલ અવ્વલ માસની તારીખ ૬ઠ્ઠીએ લામસ્તરના કિલ્લામાં હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. પર હસને ખંજર વડે હુમલો કરતાં તેઓશ્રીની વફાત થઇ.

હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ., બુવૈયા ખાનદાનમાંથી ઉતરી આવેલા નામવર નામના સદ્ગૃહસ્થની પુત્રી સાથે પરણ્યા હતા. તેમની કુખેથી શાહઝાદા મુહમ્મદનો જન્મ થયો હતો. જેઓ લામસ્તરના કિલ્લામાં વસવાટ કરી રહ્યા હતા. હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ.ની વફાત પછી તેઓશ્રીના મજકુર શાહઝાદા હઝરત ઇમામ અલા મુહમ્મદે અ. ઇમા-મતની મસનદ પર બિરાજમાન થઇ રાજ્યની લગામ હાથમાં લીધી.

હઝરત ઇમામ મોહતદી અ., હઝરત ઇમામ કાહિર અ. અને હઝરત ઇમામ હસન મળી એ ત્રણે ઇમામોને કેટલાક ઇતિહાસકારો અલા ઝિક્રહિસ્સલામ (અલા ઝિકરિયા સલામ)ના એકજ લકબથી સંબોધ્યા છે.

# HAZRAT MOWLANA IMAM ALA MUHAMMED.

( A. H. 561-607 )

(૨૪)

# હઝરત મૌલાના ઈમામ અલા મુહમ્મદ અ૦

(હિજરી સન ૫૬૧-૬૦૭)

હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.એ હિજરી સન ૫૬૧માં ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ આલમુતના રાજ્યની સત્તા હાથમાં લીધી. હઝરત ઇમામને ટુંકમાં "મુહમ્મદ"ના મુબારક નામથી સંબોધવામાં આવતા હતા. તેઓશ્રીના લકબ સાથેનું પુરૂં નામ હઝરત ઇમામ અલા મુહમ્મદ ઇબ્ને હસન અલા ઝિક્રિહિ સલામ અ. છે. રાજ્યના દફતરોમાં પણ આ નામે નોંધ કરવામાં આવતી હતી.

## ઇમામનું અગાધ ઇલ્મ-જ્ઞાન.

મૌલવી અબ્દુલ હલીમ "શરર"ના આલેખન અનુસાર ઇમામ અત્યંત ઇલ્મ-જ્ઞાન ધરાવતા હતા. પોતાના પિતા હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. કરતા પણ તેઓશ્રીએ વિશેષ વિદ્યાઓ પ્રાપ્ત કરી હતી. તેઓશ્રી ફિલસુફી વિષે વિશાળ દ્રષ્ટિબિંદુ ધરાવતા હતા. ઇલ્મે રૂહાની, ઇલ્મે મઆકુલ, ઇલ્મે મન્કુલ, ઉસુલો તથા ફુરૂઓનું સાહિત્ય ઉપરાંત એ પ્રકારની બીજી અનેક વિદ્યાઓ ઉપર તેઓશ્રીનો અજાયબી પમાડનાર કાબુ હતો.

ઇમામ હસ્તકના ધાર્મિક ખાતાઓમાં એમના વ્યકિતત્વના કારણે ઘણી સારી પ્રગતિ થઇ હતી. આલમુતનાં રાજ્યની સ્થાપનાથી લઇને તેમના બુઝુર્ગ પિતાના સમય સુધી થયેલી પ્રગતિ કરતાં પણ વધુ જ્ઞાન ઇલ્મની ખિલવણી હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ના ઝમાનામાં થવા પામી હતી. આ સમયે આમ ઇસ્લામીઓમાં પણ ફિલસુફીનો બહોળો પ્રચાર થવા પામ્યો હતો; તેમજ તેઓશ્રીની ઉદારતાભરી છુટથી વાદવિવાદ પણ કરવામાં આવતો હતો.

ઇતિહાસકાર વોન હેમર પણ ઇમામનાં જ્ઞાન વિષે લખે છે કે ફિલસુફીના ઊંડા અભ્યાસમાં તેઓશ્રી નિષ્ણાત હતા; તેમજ જ્ઞાનની અન્ય શાખાઓમાં પણ તેઓશ્રી એકલા અને અજોડ હતા. તેઓશ્રીના અનેક ફિલસુફી અને ધાર્મિક નિયમો વિષેનાં પ્રમાણવચનો પણ મળી આવેલા છે. જેમ હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામ અ. ગણીત અને અધ્યાત્મનું ઊંડું જ્ઞાન ધરાવતા એટલું જ નહિ પણ એ સમયના સાહિત્ય અને વિજ્ઞાનનો વિકાસ કરી, તેને લગતા પુસ્તકો અને શાસ્ત્રોનો સંગ્રહ આલમુત ગઢમાં કર્યો હતો, તેમ હઝરત ઇમામ અલા મુહમ્મદે અ. પોતાના પિતા કરતાં પણ વધુ જોરશોરથી ઇસ્માઇલી ધર્મનો પ્રચાર કરી લોકોને હિદાયત

આપતા હતા. પ્રોફેસર બ્રાઉન તેઓશ્રીના ઉંડા જ્ઞાન વિષે પ્રશંસા કરતાં જણાવે છે કે મહાન સુન્ની વિદ્વાન ફખરૂદીન રાઝીને પણ તેઓશ્રીએ "વજનદાર" અને "તિક્ષ્ણ" દલીલોથી ઇસમાઇલી બનાવ્યા હતા. (૧) સારાંશ કે ફિલસુફી અને કાવ્યના કીર્તિકળશ સંપુર્ણ રીતે ઝગઝગી રહ્યા હતા, એવા એ યુગમાં ઇમામ સાહિત્યના ગગનમંડળના સુર્ય સમાન હતા.

## અલ્લામા ફખરૂદીન રાઝી.

અલ્લામા ફખરૂદીન રાઝી સુન્ની-સંપ્રદાયના એક મહાન વિદ્વાન હતા. તેઓ આઝરબાયજાનના માર્ગથી હઝરત ઇમામ અલી મુહમ્મદ અ.ના સમયમાં પોતાના વતન રય (તહેરાન) માં ગયા, જ્યાં તેઓ ઇસમાઇલીઓની પ્રશંસા કરવા લાગ્યા અને તેમની વાદપધ્ધતિ અને સિધ્ધાંતોની સંગીનતા માટે વારંવાર પોતાનો ઉંચો અભિપ્રાય પ્રજા સન્મુખ જણાવતા હતા, જો કે કેટલાકોના મત અનુસાર અલ્લામા ફખરૂદીન ઇસમાઇલી પંથના અનુયાયી નહોતા, પરંતુ ઇસમાઇલીઓના સિધ્ધાંતો તથા વાદપધ્ધતિઓ પોતાના સ્વતંત્ર મતથી વખાણનારા હતા. અલ્લામાના એ પ્રકારના વર્તનથી પ્રજાના આમવર્ગોમાં એવી ગેરસમજુતી ફેલાવા લાગી હતી કે, અલ્લામાએ અંદરખાનેથી ઇસમાઇલી મઝહબ-નો સ્વીકાર કરી લીધો છે અને એક દાઇ તરીકે રાજકીય ધોરણે દઅવતનું કામ તેઓ કરી રહ્યાં છે. આ અફવાનો પ્રચાર બ્હોળો થતાં અલ્લામા ફખરૂદીનના કાને પણ આ વાત પહોંચી, એ સમયે તેઓ એહલે સુન્નત વલ જમાતમાં સારી પ્રતિષ્ઠા ધરાવતા હતા માટે એવી અફવા ફેલાતી અટકાવી પોતાની પ્રતિષ્ઠાને હાની ન પહોંચે એવા ઇરાદાથી તેમના ઉપર અજ્ઞાનતાથી નાખવામાં આવતું તહોમત દુર કરવાના આવેશમાં એક વેળાએ તેઓ જાહેર રીતે મિમ્બર પર ચઢીને ઇસમાઇલીઓની અપકીર્તિ ગાવા માંડી. પરંતુ પોતા પરનું તોહમત દુર કરવાનો જે માર્ગ અલ્લામાએ લીધો હતો, તે ઘણો સંકુચિત ભાવનાવાળો હોવાથી સ્વભાવિક રીતે ઇસમાઇલીઓના દિલને તે આઘાત પહોંચાડનારો નિવડ્યો.

અલ્લામા ફખરૂદીને ઇસમાઇલીઓ વિરૂધ્ધ જાહેર રીતે બોલવા માંડ્યું છે એ સમાચાર આલમુતમાં પહોંચતા ઇસમાઇલીઓના દિલ દુઃખાયા અને ત્યાંનું વાતાવરણ ગરમ બન્યું, જેથી અલ્લામા ફખરૂદીન રાઝીને જેમ બને તેમ ઇસમાઇલી મઝહબ વિરૂધ્ધ બોલતા અટકાવવા માટે પગલાં ભરવામાં આવ્યા અને એક વીર ઇસમાઇલી તેની પુંઠ પકડવા રવાના થયો. તે પછી વિદ્યાર્થી તરીકે અલ્લામાની સેવામાં એ ઇસમાઇલી રહેવા લાગ્યો. એક દિવસ અલ્લામા પોતાના ઓરડામાં એકલા હતા ત્યારે પ્રસંગ લઇ એ વીર ઇસમાઇલીએ અંદર પ્રવેશ કર્યો અને અલ્લામાને ઇસમાઇલી મઝહબનું અપમાન કરવાથી અટકવાની સખ્ત ચેતવણી આપી અને જો તેઓ પોતાની નીતિ નહિં બદલે તો ખંજર વડે તેમનો ઘાત કરવાની ધમકી પણ આપી. આ જોઇને અલ્લામા કંપી ઉઠ્યા અને તેમણે કબુલાત આપી કે, "હવે પછી ઇસમાઇલી મઝહબ માટે કદી પણ હું બુંડું બોલીશ નહિં." આ વચન અનુસાર અલ્લામાએ પોતાના જીવન પર્યંત ઇસમાઇલી મઝહબ માટે અપમાન-જનક એકેય શબ્દ ઉચ્ચાર્યો નહિ. ઇમામે આ વિદ્વાન શખ્સની ડહાપણભરી વલણની કદર કરીને તેને એક મોટી રકમનું સાલીઆણું બાંધી આપ્યું.

## દુશમનો પ્રત્યે ઇસમાઇલીઓનું વલણ.

આ અચંબો પમાડનારી ઘટનાના સંબંધમાં પોતાનો અભિપ્રાય દર્શાવતા ઇતિહાસકાર વોન

૧. લિટરરી હિસ્ટ્રી ઓફ પરશિયા ભાગ ૨ જો પાનું—૪૫૫

હેમર લખે છે કે, જો કે મીર ખોંદ, દવલતશાહ અને ગફારી આદિ કેટલાક ઇરાની ઇતિહાસકારોએ સંજોગ અને સમયને અનુકુળ થોડાક ફેરફાર સહિત એ ઘટના વર્ણવી છે, તો પણ આલમુતના રાજ-સત્તાધારીઓ પોતાના દુશ્મનોનું ખુન કરવું એ એક અસરકારક તદબીર લેખતા નહોતા. પરંતુ "મોતની બીક" કે "ભેટ સોગાદ"નો પ્રયોગ અજમાવવાનું બેહતર સમજતા હતા. વળી ઇસમાઇલી-ઓની એ સમયની ધાર્મિક વડી અદાલત ઇસમાઇલીઓનાં દુશ્મનોનો નાશ કરી નાખવા કરતાં તેમને પોતાના મિત્ર બનાવવાનું વધુ પસંદ કરતી હતી.

## ઇમામ અલા મુહમ્મદ અ.ની ઉદાર રાજનીતિ.

હઝરત ઇમામ અલા મુહમ્મદ અ. તરફથી મળતું સાલીયાણું પાંચ વર્ષ પર્યંત રઇસ મુઝફ્ફર હસ્તક અલ્લામા ફખરૂદીન રાઝી લેતા રહ્યા અને ત્યારપછી તેઓ ઘોરી બાદશાહ ગ્યાસુદીન અને શાહબુદીન પાસે ખ્વારિઝમ ગયા. ત્યારપછી સુલતાન મુહમ્મદ ખ્વારિઝમશાહની દરબારમાં અલ્લામાએ પોતાનું આયુષ્ય ગુજાર્યું. એ દરબારમાં મૌલાના જલાલુદીન રૂમીના પિતા શેખ બહાઉદીન પણ એક માનનીય વ્યકિત હતા. અગેના વસવાટ દરમ્યાન અલ્લામા રાઝી અને મૌલાના રૂમીના પિતા શેખ બહાઉદીન વચ્ચે મતભેદ થતાં શેખે ખ્વારિઝમશાહની દરબાર મુકીને પોતાના વતન કૌનિયા (રૂમ)માં નિવાસ કર્યો. આ સમયે મહાન સુફી કવિવર મૌલાના રૂમી છ વર્ષની બાળવયમાં હતા.

"આસારે મહમ્મદી"ના કર્તા જણાવે છે કે હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ની ઉદાર રાજનીતિના પરિણામે આમ ઇસ્લામી જનતા સાથે ઇસમાઇલીઓનો ઘણો સારો સંબંધ હતો. આ સબબે અન્ય ધર્માવલંબીઓનું ઇસમાઇલીઓ પ્રત્યે મઝહબમાં જે તઆસ્સુબીભર્યું વાતાવરણ હતું તે પણ દુર થઇ ગયું હતું અને એ સમયમાં કોઇપણ શખ્સ ઇસમાઇલી અકીદા વિરૂધ્ધ બોલવાની હિમ્મત કરતો હતો તો તેને પોતાની એ ભુલ માટે પશ્ચાતાપ કરવાનો સમય પણ તરતજ આવી લાગતો હતો.

## સુલતાન સલાહુદીન અને ઇસમાઇલીઓ.

મૌલવી અબદુલ હલીમ 'શરર'ના નિર્દેશ અનુસાર આ યુગમાં ઇરાન મધ્યે ઇસમાઇલીઓની કુવ્વત વધતી જતી હતી, પરંતુ શામના પ્રગણામાં સુલતાન સલાહુદીનના વિજયોને લઇને મિસરમાં ના ઇસમાઇલીઓના બળને ઘણી હાની પહોંચી હતી. આપણે આગળ જોઇ ગયા તેમ ઇસમાઇલીઓના એક વેળાના રાજકેન્દ્ર મિસરને પોતાના તાબામાં લેનાર વ્યકિત એજ સુલતાન સલાહુદીન છે, જેણે મિસર પર પોતાનો અધિકાર જમાવ્યો હતો. તે દરમ્યાન આલમુતમાં આવી વસેલી બની ફાતિમી મુખ્ય શાખા ઇસમાઇલી નિઝારી તરીકે છુટી પડી ગઇ હતી અને તેથી મિસરની સત્તા વિવશ સ્થિતિમાં કંગાળ બનવા પામી હતી. એ સમયે એકજ ઇસમાઇલી મઝહબના અનુયાયીઓની બે શાખાઓ પડી જવાનો આ યુગ પલટો હતો, જેને અંગેજ એક ત્રીજી વ્યકિત એમાં હાથ નાખવા માટે શકિતશાળી બની હતી. આ ભાગલાના પરિણામે સુલતાન સલાહુદીને શામનો કેટલોક ભાગ પણ પોતાના કબજે કરી લઇને આસપાસના નાના નાના ઇસ્લામી રાજ્યોનો હિમાયતી બનીને બેઠો હતો. ઇસિમાઇલીઓથી તો તે હંમેશાં વેરભાવ રાખતો હતો અને ઇસમાઇલીઓ પણ તેને પોતાનો એક બળવાન દુશ્મન સમજતા હતા. પરંતુ જ્યારે તે શામના ઇસમાઇલીઓની સરહદમાં ઘુસી આવવાની પયરવી કરવા લાગ્યો ત્યારે તેને અટકાવવા ચાર ઇસમાઇલીઓ બહાર પડયા અને હલબ શહેરની બહાર તેને નાખેલી છાવણીમાં ઘુસી, તક સાધીને સુલતાન પર તુટી પડયા. સુલતાન આકસ્મિક રીતે બચી ગયો, પરંતુ આ બનાવ પછી તેના દિલમાં ઇસમાઇલીઓની એવી ધાક બેસી ગઇ કે ઇસિમાઇલીઓની સરહદ પરથી તે પાછો હટી ગયો અને 'મસિયાફ'ના ઇસમાઇલી કિલ્લા પરનો ઘેરો પણ તેણે ઉઠાવી લીધો.

AN ISMAILI FORT IN ALLEPPO.



હલબનો એક યાદગાર પુરાણો ઇસમાઇલી કિલ્લો. જેના ગવરનર ઇસમાઇલી સરદાર

જો કે સુલતાન સલાહુદ્દીનની જીંદગીનો મોટો ભાગ યુરોપના ધાર્મિક યુધ્ધના જુસ્સાવાળા ક્રુઝેડરોના હુમલાને રોકવામાં પસાર થયો હતો, તો પણ તે ઇસમાઇલીઓ પર તક મળતાં હુમલા કરવાનું ચુકતો નહિં.

ઇતિહાસકાર વોન હેમર પોતાના ઇતિહાસમાં જણાવે છે કે ક્રુઝેડરો ખ્રિસ્તી ધર્મના હિમાયતી હોવાનો દાવો કરતા હતા અને મુસ્લિમો પાસેથી પવિત્ર સ્થળો પોતાના કબજામાં લેવા પ્રયત્નો કરી રહ્યા હતા, તો પણ શામમાં પહોંચ્યા પહેલા તેઓએ ખ્રિસ્તી ગ્રીક સંપ્રદાય પ્રત્યેનું પોતાનું ભેદભાવભર્યું વલણ પોતાની કારકિર્દીમાં સ્પષ્ટ દેખાડી આપ્યું હતું. અર્થાત પૂર્વ દેશના સઘળા ખ્રિસ્તી સંપ્રદાયો સાથે તેઓ ખુલ્લી દુશ્મની ધરાવતા હતા. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ક્રુઝેડરોના દુશ્મનો કેવળ મુસ્લિમોજ નહોતા. આ ક્રુઝેડરોના સમયમાં અબુલ હસન બિન સુલેમાન બિન મુહમ્મદ રશીદુદ્દીન સિનાન નામનો લોખંડી પુરૂષે પણ બહાર આવીને પોતાના પ્રચંડ બળ વડે ધરતીને ધમધમાવી નાખી.

## સિનાનનું પોલીસ અને જાસુસ ખાતું—સંદેહવાહક કબુતરોનો ઉપયોગ.

સિનાન હિજરી સન ૫૫૭માં શામના અલેદ કિલ્લામાં આવી અને સાત વર્ષ સુધી પોતાની રીતભાતથી લોકોના મન તેણે જીતી લીધા જે આપણે હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા અ.ના વૃતાંતમાં વાંચી ગયા છીએ. શામના ઇસમાઇલી આગેવાન શેખ અબુ મુહમ્મદનું અવસાન થયા પછી તેમની વડી પદવી ખ્વાજા અલી નામનો એક શખ્સ પચાવી પાડવા તૈયાર થયો અને "કહફ" વાસીઓના મોટા ભાગે તેની તરફેણમાં જાહેરાત કરી. જેથી એક નરવીર ઇસમાઇલીએ તેનો વધ કર્યો. આ ખબર આલમુતમાં પહોંચતા હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.એ હિજરી સન ૫૬૪માં સિનાનને અબુ મુહમ્મદની પદવી લેવાનો અધિકાર આપવાનું બ્હાલ રાખ્યું તેમજ ઇમામે પોતાના દસ્ત મુબારકથી એક પત્ર લખીને 'કહફ'ના પ્રદેશમાં ફેલાયેલી અશાંતિમાં ઇસમાઇલીઓનું રક્ષણ કરવાની ભલામણ કરી.

સિનાને પોતાના રક્ષણ અર્થે એક જંગી છુપી પોલીસ ખાતું રાખ્યું હતું, તેથી તેની સામે થતા કાવત્રાનો ભેદ તેને મળી જતાં તે સાવધ બની પોતાની સામેના કાવાદાવાઓને નિષ્ફળ બનાવવા માટેનો આવી રીતે પત્તો મળતાં તાત્કાલિક તેનો ઉપાય કરતો હતો, તે જોઇને કાવતરાંખોરો અજાયબીમાં પડી જતા હતા. સિનાને હલબના કિલ્લાના અંદરના ખાનગી ભાગમાં એક કબુતરખાનું પણ રાખ્યું હતું. એ સઘળાં કબુતર કેળવાયલા અને સંદેશા લાવનારા હતા, જેથી જુદા જુદા દેશોમાંના પોતાના જાસુસોનો પત્રવ્યવહાર અને સમાચારો તેને આ સંદેશવાહક કબુતરો મારફતે મળી જતા હતા. તેના જવાબો પણ તરત એજ રીતે મોકલવામાં આવતા હતા, જેથી એ સમયમાં સિનાન સામે માથું ઉચકવા કે દુશ્મની કરવાની કોઇની હિંમત ભાગ્યેજ ચાલતી હતી. લોકો સિનાનનું નામ સાંભળી કંપી ઉઠતા હતા, કારણ કે એક કાવતરૂં રચાતું કે તેનો તરતજ ઉપાય થઇ જતો હતો.

## સિનાનીઓ અને આલમુતના ઇસમાઈલીઓ.

સિનાન પુર્નજન્મના સિધ્ધાંતમાં માનતો હતો અને માનવ આત્માને ઇમામની પિછાણ થતાં તે પરિપૂર્ણ થાય છે, એવો તેનો અકીદો હતો. એ માન્યતા અનુસાર પવિત્ર થયેલો આત્મા ફરીવાર ધરતી પર શુભ કાર્યો કરે છે. પાપી થઇને મરનાર મનુષ્યનો આત્મા પણ જગતમાં આવે છે પરંતુ, એક જાનવરના રૂપમાં આવીને દુનિયા પર દોજખ ભોગવે છે.

કહેવાય છે કે એક દિવસે સિનાન પોતાના કેટલાક સાથીઓ સાથે માર્ગમાંથી પસાર થઇ રહ્યો હતો, એટલામાં એક સર્પ તેની નજરે પડયો. અમલદારો તે સર્પને મારવા ધસી ગયા. સિનાને તેઓને અટકાવતા કહ્યું:– "એ સર્પ ફહદ વિના અન્ય કોઇ નથી. સર્પ રૂપે શિક્ષા ખમવી એ તેનું દોઝખ છે. તેને મારી નાખીને મુક્ત કરવો યોગ્ય નથી." એ શખ્સે ખ્વાજા અલીનો વધ કર્યો હતો.

સ્પેનના અરબ પ્રવાસી ઇબ્ને જુબેરે હિજરી સન ૫૬૯માં શામનો પ્રવાસ કર્યો હતો તે લખે છે કે, લિબાનની સરહદની પાંખો ઉપર ઇસ્માઇલી મઝહબવાળાઓના કિલ્લાઓ મેં જોયા હતા. ત્યાં સિનાનને અવતારી પુરૂષ માનનારી એક કોમ વસતી હતી. તેઓ તેના હુકમ પર પોતાના પ્રાણ કુરબાન કરવા તૈયાર રહેતા હતા. કદાચ ઉંચા પર્વત પરથી પડતું મુકવાનો હુકમ કરવામાં આવતો, તો તેની બજાવણી કરવામાં તેઓ જરાપણ પાછી પાની કરતા નહિં.

સિનાનને માનનારા ઇસમાઇલીઓ પોતાને "સિનાનીઓ" તરીકે ઓળખાવતા હતા અને આલમુતના પવિત્ર ઇસમાઇલી ઇમામ પર તેઓનું યકીન હતું. પરંતુ પાછળથી તેઓ થોડા સમય સુધી છુટા પડી ગયા હતા, એવું કેટલાક ઇતિહાસકારોનું માનવું છે.

સિનાનની પ્રવૃત્તિઓની સાક્ષી અન્ય મુસ્લિમ ઇતિહાસકારો પણ આપે છે. "ધરબી" નામનો એક ઇતિહાસકાર કહે છે કે, તેણે પોતાના પંથવાળાઓ માટે કિલ્લાઓ બાંધ્યા અને અન્ય કિલ્લાઓનું સમારકામ કરાવ્યું. 'કદમુસ'ની નિકટમાં આવેલા ખ્વાબીના કિલ્લાનું સમારકામ તેણેજ કરાવ્યું હતું.

## શામમાં ઇસમાઇલીઓનાં અભેદ કિલ્લાઓ.

હિજરી સન ૫૬૩માં વિખ્યાત નુરૂદીન જંગી હલબનો બાદશાહ હતો, જેને સિનાનીઓની રાજ્ય હદ અને સત્તાનો આભાસ ભાગ્યેજ થયો હતો, કારણ એ સમયે એ લોકો પોતાના અભેદ કિલ્લાઓમાં પોતાનું સલામતીભર્યું જીવન વ્યતિત કરતા હતા. પરંતુ નુરૂદીને ધર્માંધતાથી પ્રેરાઇને એક સમયે આ અભેદ કિલ્લાવાળા પ્રદેશમાંના 'સમાક' પર્વતમાં પેસવાનો પ્રયાસ કર્યો હતો.

સમાકની એ પહાડી હારમાળા લુમધ્ય સમુદ્રની સમાન રેખામાં આવેલી હોઇ લિબનાનના ગગનચુંબી પર્વતો સાથે જોડાઇ જાય છે. "મસ્યાફ"નો જગવિખ્યાત કિલ્લો એની અંદર આવેલો છે. બીજા ૧૮ ગામો સહિત આ ગામ હમા (એપીફેનીયા)ના પ્રદેશમાં આવેલું છે. ઇસમાઇલીઓના બળની પ્રતિમા રૂપ ૧૦ પહાડી કિલ્લામાંનો એક મુખ્ય દુર્ગ એ સમયમાં 'મસ્યાફ' હતો, જેમાં કુઝેડના સમકાલીન ઇતિહાસકારોના અડસટ્ટા મુજબ ૬૦ હજારથી વધુ માણસોની વસ્તી હતી, કુઝેડના ઇતિહાસના એક મુખ્ય સત્તાધારી નોંધ લેનાર ટાયરના વિલીયમે એ વાતનું સમર્થન કર્યું છે. આ ૧૦ કિલ્લાઓમાંથી ત્રણ મસ્યાફ, કદમોસ અને કહફનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. અન્યના નામો આ પ્રમાણે છે:– અકકાર, કુસ્નસ, કિયાદ, સિફતા, અલીકા, કુસ્નલ, કરનૈન, સેહનીન, ઝરગીનઃ એ શામના ઇસમાઇલીઓના પહેલા સંસ્થાનો છે. આ દુર્ગમ્ય કિલ્લાઓ વડે ઉત્તર શામમાં સિનાનની ભારે ધાક પડતી હતી.

## બોલતો કાગળ.

સિનાન ઇસમાઇલીઓનો સરદાર બન્યો ત્યારે નુરૂદીન જંગીને લાગ્યું કે તેનો એક બળવાન હરીફ બન્યો છે, માટે તેને પરાજિત કરવો જોઇએ. તેણે સિનાન સામે સૈન્યોના સૈન્ય મોકલ્યા. બન્નેના

પક્ષકારો વચ્ચે ઘણી લડાઇઓ થઇ; છેવટે નુરૂદીન જંગીની સઘળી કોશિશો નિષ્ફળ નિવડતાં, હિજરી સન ૬૧૨ માં નુરૂદીન જંગી પોતેજ પોતાના લશ્કર સાથે ચડાઇ લઈ આવ્યો.

એક દિવસ પરોઢીએ બિછાનામાંથી ઉઠી બાદશાહ ઉભો થયો તો પોતાના મસ્તક પાસે જમીનમાં ચીઠ્ઠી સાથે એક ખંજર ચોંટેલું દીઠું જેમાં લખ્યું હતું કે "આજ સાંજ સુધીમાં છાવણી ઉઠાવીને અહિંથી કુચ કરીશ નહિં તો પછી ખંજર તારો પ્રાણ લેશે." આ ઘટના કઝવીનીએ વર્ણવી છે અને તે વધુમાં ઉમેરે છે કે નુરૂદીન જંગી એ ચીઠ્ઠી જોતાંજ છાવણી ઉઠાવી કુચ કરી ગયો.

નુરૂદીન જંગી અને ઇસ્માઇલીઓના શામી સરદાર સિનાન વચ્ચે ચાલેલા અચંબો પમાડનાર પત્રવ્યવહારની અસલ ઉપરથી સુલતાન સલાહુદીનના વઝીર કાઝી અલ ફાઝિલે નકલ ઉતારી લીધી છે અને તે ઇબ્ને ખલ્લિકાને પોતાના જગમશહૂર ઇતિહાસગ્રંથમાં જાળવી રાખી છે. તેમાં નુરૂદીન જંગીની દમદાટીના જવાબમાં ઇસમાઇલી સરદારે તેની મશ્કરી ઉડાવતાં જણાવ્યું હતું કે, "આતો બતકને પાણીના ઝરણાનો ભય દેખાડવા જેવી વાત છે. કબુતર જાણે ગીધનો સામનો કરવા આવે અને કહે કે શું તું મારૂં માથું કાપી લેશે? શું તું એમ કરી મારા કિલ્લાઓ જમીનદોસ્ત કરશે! મિથ્યા આશાઓ! પોકળ હવાઈ કિલ્લા બાંધવા નકામા છે! બહાર ઉપચારથી રોગના મૂળ કારણનો નાશ થતો નથી. તેમજ રોગનો ભોગ આત્મા કદીયે થતો નથી." સારાંશ આ પ્રકારે સિનાન ઉપર ફાવવાના ઘણા પ્રયત્નો કર્યા છતાં નુરૂદીન જંગી સફળ થયો નહિં અને અંતે તેનું અવસાન થયું. હવે તેનો પુત્ર મલિક સાલેહ, કુમાશતગીનની દેખરેખ તળે પોતાનો પિતાના ઉત્તરાધિકારી થયો, દરમ્યાન પોતાના જુના માલિકના પુત્ર માટે હલબ ફરી હાથ કરવાની યોજના સુલતાન સલાહુદીન ગોઠવી રહ્યો હતો.

## ઇસ્માઇલીઓ પર સુલતાન સલાહુદીનનું આક્રમણ—
## નરવીર સિનાનની રાજ્યદ્વારી કુનેહ.

સુલતાન સલાહુદીન ૭ અઠવાડીઆ પછી એટલે હિજરી સન ૫૭૧ માં ઇસમાઇલી મુલકો ઉપર ચઢાઇ લઈ આવ્યો અને આગ લગાડતો અને લેહી રેડતો મસ્યાફના કિલ્લા સુધી આવી કિલ્લાની આસપાસ ઘેરો નાખ્યો. એ સમયે સિનાન કદમોસના ઇલાકાના એક ગામડામાં હતો, જ્યાં સુલતાન સલાહુદીનના કાસિદ સાથે તેને ભેટો થતાં તેની પાસેનું સુલતાનનું ફરમાન જાણી લીધા પછી સિનાન મસ્યાફ બણી રવાના થયો. જ્યાં કિલ્લાને ઘેરાયલો જોઇને તે એક પહાડ પર ચઢી ગયો. તેની સાથે બે ઇસમાઇલીઓ અને એક હજુરીયો હતો. આ ત્રણ પૈકીનો એક સિનાનના હુકમથી સુલતાનના તંબુમાં ધુસી ગયો અને અગાઉ પ્રમાણે ચેતવણી આપી. સુલતાનને તેની સાથે ડહાપણથી કામ લેવાનું વ્યાજબી લાગ્યું, પરંતુ તેણે બહારથી એવો દેખાવ કર્યો નહિ. જ્યારે ઘેરો ઉપાડી લેવાની વાત આવી ત્યારે સિનાને સુલતાનના કાકા શાહબુદીનને પોતાના ભત્રીજા સુલતાનને સમજાવવા કહ્યું અને જણાવ્યું કે જો સુલતાન સમજશે નહિં તો શાહબુદીન, સુલતાન અને તેના અમીર ઉમરાવોને ઇસમાઇલીઓની તલવારનો સ્વાદ ચાખવો પડશે. શાહબુદીને સુલતાન સલાહુદીનને વસ્તુસ્થિતિની સમજ પાડી અને તે અનુસાર સલાહુદીન પોતાના કાકાની સમજાવટથી લશ્કર વિખેરી નાંખી ઇસમાઇલી મુલક ખાલી કરી ગયો અને મિસરના કોઇ ગામમાં જઇ એકાંતમાં રહેવા લાગ્યો.

સિનાનના જાસુસો દરેક રાજ્યકર્તાની છાવણીમાં રહેતા હતા અને જરૂર પડતાં દરેક જગ્યાએ સરકી જતા હતા. સ્વાંગ ધરવામાં તેઓ નિપુણ હતા. પ્રસંગની વાટ જોવામાં ધીરજ કેવી રીતે ધરવી

તે તેઓ સારી રીતે જાણતા હતા. સુલતાન સલાહુદ્દીનની છાવણીમાં થોડા મજાતીયાઓ સાથે ઘુસી આવવું એ લોકવાણી અનુસાર તેમના માટે એક રમત વાત હતી. આ સઘળી બિનાને પરિણામે સુલતાને છુપી રીતે સિનાન સાથે કોલકરાર કર્યાં અને હવે પછી કદી પણ ઇસમાઇલી રાજ્ય ઉપર આક્રમણ ન કરવાનું સુલતાને સ્વીકાર્યું.

## મારકવીસ કોનરેડના ખુનનું કોકડું.

મૌલવી અબ્દુલ હલીમ શરર લખે છે કે, એક સમયે સિનાને એક ઇસ્માઇલી રાજદુતને ખ્રિસ્તી બાદશાહ એમરી પાસે મોકલ્યો, ત્યારે ત્યાંના રાજ્યની ગેરવ્યવસ્થાના પરિણામે ધર્મ ઝનુનીઓના હાથે એ રાજદુત માર્યો ગયો. આથી સિનાનના રોષનો પાર રહ્યો નહિ અને તેણે ખ્રિસ્તી બાદશાહ પાસે ખુનીની માંગણી કરતાં, તેનો પણ અસ્વીકાર કરવામાં આવ્યો. પરિણામે ઇસ્માઇલીઓ અને પેલેસ્ટાઇનના રાજ્ય વચ્ચે રાજપદ્ધારી સંબંધો બગડવા પામ્યા અને ખ્રિસ્તીઓએ ઇસ્માઇલીઓની સહાનુભુતિ ગુમાવી પોતાનાજ હાથે નાહક દુશ્મની વ્હોરી લીધી.

ત્યારપછી મારકવીસ કોનરેડના ખુનવાળી ઘટના બનવા પામી. ક્રુઝેડની ત્રીજી લડાઇના સમયમાં ઇંગ્લંડનો કીંગ રિચર્ડ લાયન હાર્ટેડ અને ફ્રાન્સનો શહેનશાહ ફિલીપ જેરૂસલમ પહોંચ્યા પછી સ્ત્રીઓના સંબંધોને અંગે જન્મતી ઇર્ષાએ આ બન્ને બાદશાહો વચ્ચે અદેખાઇની આગ ભડકી ઉઠી. થોડાક સમય પછી ફ્રાન્સનો શહેનશાહ ફિલીપ સ્વદેશ તરફ જતી વખતે પોતાના ઉતરાધિકારી તરીકે કોનરેડને મુકરર કરતો ગયો. કોનરેડ ઇંગ્લંડના રાજા કીંગ રિચર્ડના કામકાજોની ટીકા કરી, તેને દરેક બાબતમાં દોષિત ઠરાવી, શહેનશાહ ફિલીપનોજ પક્ષ ખેંચતો હતો, જેથી કીંગ રીચર્ડ તેના પર ઉકળતો હતો, અંતે થોડા દિવસો પછી તાયરની ખુલ્લી બજારમાં મારકવીસનું ખુન થયું.

જો કે ઇતિહાસકારો આ વિષે જુદા જુદા મત ધરાવે છે. કેટલાકનું માનવું છે કે આ કીંગ રિચર્ડના છુપા કાવતરાનું પરિણામ હતું. અન્ય મુસ્લિમ ઇતિહાસકારોનું માનવું છે કે, સલાહુદ્દીન અને સિનાન બન્નેનું એ એક ચોકઠું હતું, અને તેના કારણમાં દર્શાવવામાં આવે છે કે, મારકવીસ ઓફ મોન્ટફેરાટે ઇસમાઇલીઓના રાજદુતના ખુનીને નહિં સોંપતા સિનાનને નારાજ થવાનું કારણ આપ્યું હતું, તેમજ સુલતાન સલાહુદ્દીનની આંખો સન્મુખ તાયરના મુસ્લિમ કેદીઓને કત્લ કરવાનો કોનરેડને હુકમ આપ્યો હતો. સુલતાન સલાહુદ્દીન કે સિનાન એ નિર્દય કાર્ય ભુલી શકે નહિ અને તેનો બદલો એ સિવાય બીજી રીતે લેવાનું સર્વથા અશક્ય હોવાનું પણ, માનવામાં આવે છે.

## સિનાન-સલાહુદ્દીન મિત્રાચારી.

ઇતિહાસકાર અબુલ ફિદા લખે છે કે કોનરેડ ડી મોન્ટફેરાટનું ખુન થયા પછી જેરૂસલમ અને તાયરના હાકમોને સુલેહના કરાર માટે સલાહુદ્દીન અને કીંગ રિચર્ડ લાયન હાર્ટેડ મળ્યા ત્યારે સલાહુદ્દીને એવી શરત રજુ કરી કે ઇસ્માઇલીઓના મુલકો એક સ્વતંત્ર દેશ તરીકે રહેવા દેવા અને સિનાનને બદલો વાળી આપવો. વળી એ બન્ને હાકિમોની સત્તા તળેના ગામડાઓમાં ઇસ્માઇલી ધર્મનો પ્રચાર કરવા માટેની છુટ પણ આપવી. આ રીતે સુલતાન સલાહુદ્દીન અને સિનાન વચ્ચે મિત્રાચારીભરી સંધી થઇ.

## સિનાન સલાહુદીનની કુમકે—ઈસમાઈલીઓને "દારૂ-તબ્લીગ" સ્થાપવાની છુટ.

ઇસમાઇલીઓનું એ વિષયમાં કહેવું છે કે, એક ફ્રેન્ચ બાદશાહની સરદારી તળે દરિયાઇ માર્ગે આકા=એકર ઉપર ખ્રિસ્તીઓ હુમલો લઇ આવ્યા હતા; એ બિનાની સિનાનને જાણ થતાં તેણે ધાર્યું કે પોતાનો મિત્ર સલાહુદીન એ ભયથી ભારે મુશ્કિલીમાં આવી પડશે, તેથી તેણે ફ્રેન્ચ ભાષા જાણનારા બે ઇસમાઇલીઓને ફ્રેન્ચ પોશાક ધારણ કરવાનો હુકમ આપ્યો અને ચઢાઇ લઇ આવતા ફ્રેન્ચ બાદશાહને સ્વધામેં પહોંચાડી દેવાનું કામ સોંપ્યું અને બીજી તરફ સિનાન પોતે પણ સલાહુદીનની મદદે જઇ પહોંચ્યો. સુલતાન પોતાના દુશ્મનો ઉપર હલ્લો કરવાનો ઇરાદો કરી રહ્યો હતો, તે દરમ્યાન સિનાનની મદદ મળી જતાં તેમણે દુશ્મનોને એક ઝપાટે નસાડી મુકયા.

ત્યારપછી સુલતાન સલાહુદીને ઇસમાઇલીઓને અનેક ઈલાકાઓની મહેસુલ ભેટ આપી અને કેરો, દમાશ, ઇમીસા, (હેમ્સ) હમાત, હલાતમાં ઇસમાઇલીઓને "દારૂ-તબ્લીગ" સ્થાપવાની સત્તા આપી, જેના પુરાતન અમુલ્ય અવશેષો અત્યારે પણ મૌજુદ છે.

## ઈસમાઈલીઓની અજોડ ફિદાગીરી—કાઉન્ટ શેમ્પેનની અજાયબી.

કોનરેડનું ખુન થયું તેના બે વર્ષ પછી કાઉન્ટ શેમ્પેન યુરોપથી પેલેસ્ટાઇનની ભુમિના પ્રવાસે જતાં માર્ગમાં "મસ્યાફ" નગરમાં સિનાનનો મહેમાન થયો હતો, એ વખતે તેને કિલ્લાઓનું બાંધકામ બુરૂજો તેમજ ખાઈઓ દેખાડવામાં આવી હતી, ત્યારે બુરૂજના દરેક પગથિયાં પર બબ્બે સિપાહીઓ હારબંધ ઉભા હતા. ખાસ કરીને બુરૂજ પર સઘળાથી છેડે ઉભેલા સફેદ પોશાકોવાળા સિપાહીઓમાંથી બેને સિનાને આંગળીથી ઇશારો કરતાં વેંતજ તેઓ ઉંડી ખાઇમાં કુદી પડયા અને મૃત્યુને શરણે થયા. આ દેખાડીને સિનાન બોલ્યો: "કાઉન્ટ, આ બે જણથીજ અમારા વફાદાર સૈનિકોનો અંત આવી જતો નથી પરંતુ આ સફેદ પોશાક પહેરીને જેટલા સિપાહીઓ ઉભા છે, તેઓ સઘળા એજ પ્રકારે મારા હુકમ પર મરી ફીટનાર છે." આ જોઇને ખ્રિસ્તી બાદશાહે કહ્યું:— "આવી પ્રાણ કુરબાન કરનારી રયત કોઇ નસીબદાર મુકુટધારીનેજ પ્રાપ્ત થઇ શકે છે."

## સલાહુદીન તથા સિનાનનું અવસાન—ઈસમાંઈલીઓની સુખદ સ્થિતિ.

મોન્ટફેરાટનું મૃત્યુ થયા પછી પણ સુલતાન સલાહુદીન, કીંગ રિચર્ડ લાયન હાર્ટેડ અને સિનાનની એકસરખી મિત્રાચારી ચાલુ રહી હતી. કુસેડની લડાઇનો અંત આવ્યા પછી સુલતાન સલાહુદીન તેમજ સિનાન વધારે જીવી શકયા નહિ અને બન્નેનું એકજ વર્ષમાં અવસાન થયું. સુલતાન સલાહુદીનનું અવસાન હિજરી સન ૫૮૯ના થયું. તે પછી છ માસ રહીને સિનાન પણ આ નાશવંત જગત છોડી ગયો.

હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ના સમયમાં ઇસમાઇલીઓની સ્થિતિ ઘણી સુખદ હતી. એક ઇસમાઇલી કવિના હેઠળના શબ્દોમાં પ્રજાના સંતુષ્ટ માનસનો આભાસ પડયો પડે છે:—

ગમ રા કુજા વજુદ બિમાનદ? ચિમા બરીન,
નામે ખુશી મુહમ્મદ અલી ઝિક્રતસ્સલામ.

અર્થાત:-જ્યારે હઝરત ઇમામ શાહ અલા મુહમ્મદ અલી બિન ઝિકરિયા સલામતનું ખુશીભર્યું
નામ હૃદયમાં સ્થાન લે છે તો પછી દિલગીરીને તેમાં સ્થાન જ કયાં છે?

## રઈસ હસન આલમુતમાં.

હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ના સમયમાં આલમુત અને અતરાફના પ્રદેશો ઉપરાંત સમસ્ત ઈરાનના ગામડે ગામડે ઇસમાઇલી દઅવતનું કાર્ય જોશભેર થઇ રહ્યું હતું. એ વખતે ખુરાસાનથી રઇસ હસન ઇમામના દીદાર માટે આલમુતમાં આવ્યા હતા.

પ્રસિધ્ધ ઇતિહાસવેતા રશીયન વિદ્વાન ડબલ્યુ. આઇવેનોવ જણાવે છે કે: "હઝરત ઇમામ હસન અલા ઝિક્રિહિસ્સલામ અ.ના ફરઝંદ હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ના સમયમાં થઇ ગયેલા રઇસ હસન નામના 'દાઇ' (મિશનરી)ના કસીદાઓ અથવા કવિતાઓ જુના હસ્તલિખિત લખાણોમાંથી મળી આવ્યા છે, જે કવિવરે આલમુતના બાદશાહ હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ને સંબોધીને તેમની શાન મુબારકમાં લખેલ છે. કવિવર ખુરાશાનના ગામડાના આગળ વધેલા એક ઇસમાઇલી હતા અને ઇમામના દીદાર માટે આલમુતમાં આવ્યા હતા. તેમના કસીદાઓમાંથી પ્રતિત થાય છે કે તેઓ જમાતના અધિકારીઓની સંમતિ વગર ઇમામના દીદાર માટે રવાના થઇને દાઅવતના કાનુનનો સખ્ત ભંગ કરેલો હતો અને તેથી તેમણે મજકુર કસીદામાં ઇમામના ગુણગાન સાથે ક્ષમાની યાચના પણ કરી છે. જો કે આ પ્રમાણે ભંગ કરવાનું કોઈ ગંભીર કારણ હોવાનું પણ જાહેર થાય છે. પરંતુ કમનસીબે તે કારણ શું છે તે તેઓએ તેમાં દર્શાવ્યું નથી." એ ઇતિહાસવેતાએ મજકુર કસીદાઓનું અંગ્રેજી ભાષાંતર કરીને પ્રગટ પણ કર્યું છે.

## હિંદુસ્તાનમાં પીર સલાહુદીન (રેહ.)ની દઅવત.

પીર સૈયદ ઇસ્લામદીન (રેહ.)એ, હઝરત ઇમામ મોહતદી અ., હઝરત ઇમામ કાહિર અ., હઝરત ઇમામ હસન અલા ઝિક્રીહી સલામ અ. તથા હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.ના સમયમાં પચીસ વર્ષ સુધી દઅવતનું કાર્ય કરી હિજરી સન ૫૭૫માં વફાત પામ્યા તેમના સૈયદ અબ્દુલહાદી, સૈયદ જલાલુદીન અને સૈયદ સલાહુદીન નામના ત્રણ ફરઝંદો હતા, જેમાંના મોટા ફરઝંદ સૈયદ સલાહુદીન (રેહ.)ને હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.એ પીરાતન ઇનાયત કરી હતી. તેમનો જન્મ હિજરી સન ૫૩૪ના શાબાન માસની તા. ૧૫મી ને ગુરૂવારના દીને સબ્ઝવારમાં થયો હતો. તેમના માતુશ્રી બીબી મરિયમ સૈયદ જાફર રઝિયુદીનની પુત્રી હતા.

પીર સૈયદ સલાહુદીન (રેહ.) હમેશાં કલંદરી અને દરવેશી લિબાસમાં રહેતા અને દિનરાત ઇમામના ઘરની ખિજમત કરતા હતા. એમણે 'અકુતે ફિકકાહ' નામનુ પુસ્તક લખ્યું છે, જેમાં ઇલ્મે રૂહાની અને અહલેબયતની ફઝીલતનું વર્ણન છે. પીરે ઘણી મુસાફરીઓ કરીને દઅવતનું કાર્ય ઘણુંજ સુંદર રીતે કર્યું હતું. તવારિખે ફરિશ્તા નામક કૃતિમાં વર્ણન છે કે, દવલતે ઇસમાઇલીયામાંથી એક શખ્સ લિબાસે દરવેશીમાં હિંદુસ્તાન આવ્યા હતા. તેમણે હઝરત ઇમામ ઇસમાઇલ અ.ના મઝહબની દઅવત કરી હતી. મલફુઝે કમાલિયા નામક કૃતિમાં ઉલ્લેખ છે કે સલાહુદીન નામના એક શખ્સ જેઓ 'ઇલ્મે ફિકાહ'માં પારંગત હતા તેમણે "મઝહબે ઇસમાઇલીઆ"ની દઅવત ઘણા દેશોમાં કરી હતી તેમણે હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.થી હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ.સુધી પાંચ ઇમામોની ખિજમત કરી હતી. દરિયા માઆબના કિનારા પર સુલતાન જલાલુદીને પોતાના માણસ કોહેનના હાથે તેમનું ખુન કરાવ્યું, જેથી હિજરી સન ૬૬૪માં ૧૩૦ વર્ષની વયે તેમની વફાત થઇ હતી. તેમના સૈયદ અબ્દુલહુસેન સૈયદ અબ્દુલ હાદી અને સૈયદ શમ્સુદીન નામના ત્રણ ફરઝંદો હતા. જેમાંના સૈયદ શમ્સુદીન પીર શમ્સના નામે ઇસમાઇલીઓમાં જાણીતા છે.

## વફાત.

ઇતિહાસકાર જોન માલકમ વર્ણવે છે કે હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.નો રાજ્યઅમલ આબાદ હતો. તેઓશ્રીએ ઈસ્માઈલી રાજ્ય ઉપર ૪૬ વર્ષ જેટલા લાંબા સમય સુધી હકુમત કરી હતી. તેઓશ્રીના સમયમાં જો કે ઘણા બખેડા અને યુધ્ધો થયાં પરંતુ તે બધામાં ઇમામ વિજયી રહ્યા હતાં. તેઓશ્રીને ઝેર આપવાના પરિણામે હિજરી સન ૬૦૭માં વફાત થઈ હતી. ત્યારપછી એમના ફરજંદ હઝરત ઈમામ ખુદ જલાલુદીન હસન અ. (ત્રીજા હસન) ઈમામતની મસનદ પર બિરાજમાન થયા.

# HAZRAT MOWLANA IMAM (KHUD) JALALUDDIN HASAN

**(A. H. 607—618)**

—:o:—

(૨૫)

# હઝરત મૌલાના ઈમામ ખુદ જલાલુદ્દીન હસન અ૦

**(હિજરી સન ૬૦૭—૬૧૮)**

હઝરત ઇમામ હસન અ. નો મુબારક જન્મ, તેઓશ્રીના દાદા હઝરત ઇમામ હસન અલા ઝિક્રિયા સલામ અ. સમયમાં 'આલમુત'માં થયો હતો તેઓશ્રીનો મુબારક 'લકબ 'જલાલુદ્દીન' છે, એટલે તેઓશ્રીનાં લકબ સાથેનું પુરૂં નામ ખુદ જલાલુદીન હસન અ. છે. તેઓશ્રીના દાદાશ્રીએ પોતાના નામ ઉપરથી પૌત્રનું નામ હસન પાડયું હતું. આ નામથી તેઓશ્રી જગતમાં પ્રસિધ્ધ થયા છે. જ્યારે ઇતિહાસકારોએ તેઓશ્રીને 'ત્રીજા હસન' તરીકે ઓળખાવ્યા છે. તેઓશ્રી હિજરી સન ૬૦૭માં ઇમામત ની મસનદ પર અને આલમુતના રાજ્ય સિંહાસને બિરાજમાન થયા હતા.

## નવો અમલ—નવી નીતિ.

હઝરત ઇમામ હસન અલા ઝિકરિયા સલામે અ.એ શરીઅતની તોક કહાડી અલ્લાહની નિકટતા માટે મહાન ઉપદેશ આપ્યો હતો, તેનો અર્થ અજ્ઞાન પ્રજાવર્ગમાંથી કેટલાકોએ નહિં સમજવાથી શોરબકોર કરી મુકયો હતો: તેમજ કેટલાક ઇમાનદારોએ પોતાની રૂહાની ખીલવણી કરવાના બદલે સ્વચ્છંદતા ધારણ કરી દીનની રહેણીકરણીને એકદમ તરછોડી દીધી હતી. આ સંજોગો વચ્ચે ગુંચવાઇ ગયેલા મામલાનો ઉકેલ કરી તેને પાછો યોગ્ય સ્થળે લાવવા હિકમતથી ઇમામને કામ લેવાનું હતું. એ માટે તેઓ નામદારે પુનઃ શરીઅતને કાયમ કરી, અને સર્વ સ્થળોના ઇસ્માઇલીઓ જોગ પોતાના ફરમાનો રવાના કર્યા. આ વલણથી આસપાસના રાજ્યોને એમાં નવિનતા જણાઇ, પરંતુ ઇમામ "Master of the Worlds–જગત જનોના સ્વામી" હોવાના અંગે વાતાવરણ અનુસાર વ્યવસ્થા કરવી તેનો ઇમામની જાતથી સંબંધ પણ છે. અન્ય ઇમામોના ઝમાનામાં જગતજનોના પણ એવા ઉકળાટો થયા છે અને ત્યારબાદ સમી ગયા છે, પરંતુ જાહેરી બાબતો પર કેટલાક લોકો દોરવાઇ જઇને ઇમામનો મુળ હેતુ સમજવામાં અશકત હોવાના સબબે પોતાની માન્યતા મુજબ ગુલબાન ઉડાવવા મંડી પડે છે. હઝરત ઇમામ જલાલુદીન હસન અ.ના સંબંધમાં પણ એમજ બનવા પામ્યું હતું.

મૌલવી અબ્દુલ હલીમ શરરના આલેખન અનુસાર હઝરત ઇમામ જલાલુદીન હસન અ. એ આમ મુસલમાનો સાથે ઇખ્લાસભર્યો સંબંધ વધારી, સમકાલીન મુસ્લિમ બાદશાહોને ત્યાં પોતાના એલચીઓ મોકલ્યા અને પોતાના રાજ્યના સઘળા મથકોમાં ઇબાદતખાના અને મદરેસાઓ કાયમ

કરી મોટા મોટા ઉલમા અને વિદ્વાનોને કિલ્લામાં તેડાવ્યા અને આમ જનતાને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. આ પ્રકારે "ઇદુલ કયામ" મૌકુફ કરી મઝહબનો પહેલો દૌર અમલમાં મુકયો.

## ઇમામના માતુશ્રી અને મહોરદારને ઇસ્લામી જગતમાં અજોડ આવકાર–બગદાદના ખલીફનો સત્કાર.

હઝરત ઇમામ જલાલુદીન હસન અ. રાજસિંહાસન પર આવ્યા પછી બીજે વર્ષે તેઓના માતુશ્રી અને મહોરદારને 'હજ' કરવા જવાની ઇચ્છા થઇ, જેઓને પુષ્કળ સરસામાન આપીને રવાના કરવામાં આવ્યા. રાજમાતા, અને બેગમ સાહેબા જે કોઇપણ મુસ્લિમ બાદશાહની હકુમતમાંથી પસાર થતા હતા, ત્યાં ત્યાં તે દેશના રાજાપ્રજા-તરફથી તેઓને ભારે માનઅકરામ આપવામાં આવતું હતું અને લોકો ઘણા અદબ સાથે એ બન્ને નામવર બાનુઓનો સત્કાર કરતા હતા.

આ બન્ને નામવર બાનુઓ બગદાદની હદમાંથી પસાર થયા તે વખતે રાજ્ય તરફથી તેઓને જે માન આપવામાં આવ્યું તે અજોડ હતું. ખ્વારિઝમશાહના ભવ્ય વાવટાની મોખરે આલમુતનો ઇસ્માઇલી શાહી વાવટો ફરકી રહ્યો હતો. સઘળા રાજ્યોના હાકિમો અને પ્રજાના આગેસરો એ માનવંત બાનુઓને લાંબે સુધી વળાવવા ગયા હતા.

"આસારે મુહમ્મદી" ના કર્તાના આલેખન અનુસાર બગદાદના અબ્બાસી ખલીફા નાસિરે, હઝરત ઇમામ જલાલુદીન હસન અ. ના માતુશ્રીનું સારૂં સન્માન કર્યું હતું. એ વખતે સુલતાનોનાં નિયમ મુજબ શાહી વાવટો અને સૈન્ય ઇમામની સલ્તનતનાં ચિન્હ રૂપે સાથે હતાં, દબદબા સહિત સવારી આગળ વધી રહી હતી. હઝરત ઇમામ ખુદ જલાલુદીન હસન અ.નો વાવટો ખ્વારિઝમશાહના વાવટાથી પણ ઉપર ફરકી રહ્યો હતો. ઇસ્માઇલીઓનાં રાજ્યગૌરવનું આ સુચક ચિન્હ હતું.

## "વલીઅહદ" નો મુબારક જન્મ.

હઝરત ઇમામ જલાલુદીન હસન અ.એ ખીલાનનાં હાકિમ કયકાઉસની બહેન સાથે લગ્ન કર્યાં હતાં. બગદાદના ખલીફાએ આ કાર્યમાં સહમત થતાં જણાવ્યું કે, આલમુતના મહાન રાજ્યના અધિષ્ઠાતાના સાથે એક કુલિન કુટુંબની રાજકુંવરી લગ્નગાંઠથી બંધાય એ એક મોટું માન છે.

## હઝારઅસ્પ ઇસ્માઇલીઓના શરણે.

હઝરત ઇમામ કાહિર અ.ના વૃતાંતમાં આપણે વાંચી ગયા છીએ કે રૂયાનના રાજવી કયકાઉસના મત્યુ બાદ હઝારઅસ્પ બિન શહેરનુશ તેની-જગાએ આવ્યો અને તેણે ઇસ્માઇલીઓ સાથેના ચાલુ યુધ્ધથી કંટાળી ઇસ્માઇલીઓ સાથે સુલેહ કરી લીધી હતી.

હઝારઅસ્પે ગાદીપર બેસતાંજ પોતાના પુત્ર અને ભાઇ બન્નેને મારી નાખવાનો હુકમ કરતાં તેઓ માઝન્દ્રાનના રાજવી અરદેશર પાસે નાસી જઇને તેની વિરૂધ્ધ ફરિયાદ કરી, જેથી અરદેશરે હઝારઅસ્પને સમજાવવા અને ઠપકો દેવા એક માણસ મોકલાવ્યો. પરંતુ તેમાં તે નિષ્ફળ જતાં, જે અમીર ઉમરાવો, હઝારઅસ્પની નવી રાજનીતિની વિરૂધ્ધતા કરીને અરદેશરની દરબારમાં ભરાઇ બેઠા હતા, તેઓને મદદ આપીને તેણે હઝારઅસ્પ પર હુમ્લો કરવા મોકલાવ્યા. હઝારઅસ્પે દરેક બાજુએથી હારી જતાં ઇસમાઇલીઓનું શરણ લીધું. એક વખતે હઝારઅસ્પે ઇસમાઇલીઓની

મદદ મેળવી 'દયલમ' પર ચઢાઇ કરી, જેમાં ત્યાંનો ગવર્નર સૈયદ અબુ રિઝા માર્યો જતાં, અરદેશરે હઝારઅસ્પના લોહીથી ગવર્નરના ખુનનો બદલો ન લે ત્યાં સુધી સુખે નિંદ્રા ન લેવાના આકરા સોગંદ લીધા અને 'દયલમ' પર ચડી આવ્યો. હઝારઅસ્પ નાસીને વસીજમાં છુપાઇ જતાં અરદેશરે 'વસીજ' પર ઘેરો નાખ્યો. લાંબા વખત સુધી પડી રહેવા છતાં અને મુશ્કિલીઓ આવી પડતાં તે ઘેરો ઉપાડી પોતાને દેશ ચાલ્યો ગયો. આથી હઝારઅસ્પ આઝાદ થયો અને ઇરાક થઇ હમદાન ગયો, અને સલજુકી વંશના છેલ્લા ઇરાની બાદશાહ તુગ્રિલબેગનો આશરો લીધો.

તુગ્રિલે, હઝારઅસ્પ માટે અરદેશરને સમજાવવા એલચી મોકલાવતાં તેણે જવાબ આપ્યો કે:—"હઝારઅસ્પ રયાનનું રાજ્યપદ પાછું મેળવવા ઇચ્છતો હોય તો તેણે પોતાની અધર્મતા માટે પશ્ચાતાપ કરી ઇસ્માઇલી સાથેનો પોતાનો સંબંધ તોડી નાખવો જોઇએ. જો તે ઇસમાઇલીઓથી ડરતો હોય તો બાદશાહ તેને કોઇ એવું સ્થળ સોંપશે કે જ્યાં તેને ડરવાનું રહેશેજ નહિ." અરદેશરના આ અભિપ્રાય સાથે તુગ્રિલ સલજુકી પણ સંમત થયો, પરિણામે હઝારઅસ્પને 'રય' તરફ નાસી જવું પડ્યું અને ત્યાંના રાજી સિરાજુદ્દીન કામિલની સહાય મેળવવાની કોશિશ કરી પરંતુ તેમાં તે નિષ્ફળ નિવડતાં, આખરે કંટાળીને અરદેશર પાસે આવ્યો, જેથી તેણે તેને 'વસીજ'ના કિલ્લામાં કેદ કર્યો, પરંતુ કિલ્લાનો ગવર્નર હઝારઅસ્પનો વફાદાર હોઇ તેણે કેદ કરવાની ના પાડતાં રયાનના ગવર્નરે અરદેશરને ખબર આપ્યા વિના હઝારઅસ્પનું ખુન કરી નાખ્યું. આ ઘટના હિજરી સન ૬૧૦માં બનવા પામી હતી.

## ઈમામ જલાલુદ્દીનનો શાંતિકાળ—તાતારીઓની દરબારમાં ઈસ્માઇલી એલચી.

વૉન હેમર લખે છે કે ઇરાક અને "કાસ્પીઅન આલ્પસ"માંના પ્રદેશોની ઘટનાઓનો ઇતિહાસકારોને ઉલ્લેખ કરવો પડે છે, છતાંયે એનો કબુલ કરવું પડશે કે હઝરત ઇમામ જલાલુદ્દીન હસન અ.ના શાસનકાળ ઉપર કોઇપણ પ્રકારનો ડાઘ લાગે તેવો એકેય બનાવ બનવા પામ્યો ન્હોતો.

ઇતિહાસકાર સર જોન માલકમ પણ લખે છે કે, ઇમામ પોતાના રાજ્યઅમલ દરમ્યાન કેવળ ઇરાકના ગવર્નર સાથે યુધ્ધમાં ઉતર્યા હતા અને અત્યાર અગાઉ આલમુતની રાજ્યસત્તા સામે હુમલો લાવનારાઓ જેવુંજ ઇરાકના ગવર્નરનું પણ પરિણામ આવ્યું હતું; એટલે ઇરાક અને આલમુતના સૈન્યના વચ્ચેની લડાઇના પરિણામમાં ઇરાકનો પરાજ્ય થયો હતો. આ સિવાય બીજી એકે લડાઇ ઇમામને લડવી પડી ન્હોતી. સઘળા રાજ્યોએ ઇમામ જોડે સારો સંબંધ રાખ્યો હતો.

આ સમયમાં તાતારી રાક્ષસ ચંગીઝખાનના જુલ્મના પડઘમ વાગી રહ્યા હતા. પોતાના સામ્રાજ્યનો વિસ્તાર તે પ્રતિદિન વધારતો જતો હતો. ઇસ્લામીઓને પણ પોતાની સત્તા તળે લાવવાનો તેણે મનસુબો કર્યો હતો. આ સમયમાં તાતારી દરબારનું બળ ઘણું મોટું હતું. રાજકારણીય સંજોગને અનુસરીને આલમુતના દરબારમાંથી એક ઇસમાઇલી એલચીને સંધી કરવાની શરતો માટે માવરાઉન્નહર (ટ્રાન્સ–એક્ષોનીયા) ખાતે મોકલવામાં આવ્યો હતો.

## ઈમામ જલાલુદ્દીનનો પ્રવાસ—રાજ્યમાં આબાદી.

મૌલવી અબ્દુલ હલીમ શરર જણાવે છે કે, હઝરત ઇમામ હસન અ. પોતાની રાજધાની છોડીને એકવાર પ્રવાસે (ઇરાકની ચડાઇ માટે) નીકળ્યા હતા. આ પ્રવાસ દોઢ વર્ષ પર્યંત લંબાયો હતો, જે દરમ્યાન તેઓશ્રીએ જે જે રાજ્યોની મુલાકાતો લીધી હતી તે મુલ્કના સઘળા રાજવીઓએ તેઓશ્રીનો બારે

દબદબાભર્યો સત્કાર કર્યો હતો. ઇમામની આ સઘળી પ્રવૃતિઓનું સ્વભાવિક રીતે પરિણામ એ આવ્યું કે, સમસ્ત ઇસ્લામી આલમ આલમુતના બાદશાહ સાથે મિત્રાચારીભર્યો સંબંધ ધરાવતી થઇ ગઇ અને જે ગેરસમજુતી અને અદાવતની લાગણી તેઓએ દેખાડી હતી તેનો અંત આવી ગયો હતો.

"જામે ઉત્તવારીખ"ના આલેખન મુજબ હઝરત ઇમામ હસન અ. ના રાજ્યગાદીએ આવ્યા પછી તરતજ પોતાને અનુસરનારાઓ અને રાજ્યના અધિકારીઓને ક્રાંતિભર્યા કામોની મનાઈ કરી અને દરેક કસબામાં ઇબાદતગાહ, હમામ, મુસાફરખાના, કુવાઓ વગેરે બંધાવી દેવામાં આવ્યા. આવજાવની તકલીફમાંથી મુસાફરોને બચાવવા માટે જાહેર માર્ગોને પાકા અને સરીયામ બનાવવામાં આવ્યા હતા.

## આઝરબાયજાનના રાજ્યની કુમકે ઈસ્માઈલીઓ—શાહી પરોણાગત.

આ આબાદીભર્યા યુગમાં ઇસમાઇલીઓ દુનિયાના ઘણા ભાગોમાં પથરાઇ ગયા હતા. આઝરબાયજાન, ગીલાન, માઝન્દ્રાન, કાસ્પીયન સમુદ્રના કાંઠાના પ્રદેશો, ખુઝીસ્તાન, લારિસ્તાન, કેરમાન, કુર્દીસ્તાન, તહેરાન, પામીરની ખીણ, તબ્રીઝ, શિરાઝ, સીરીયા, જેરૂસલમ, બગદાદ, હલબ, ખુરાસાન, મિસર ઉપરાંત અરેબીયાના થોડા ભાગમાં, અફઘાનિસ્તાન અને રશિયાના છુટાછવાયા દેશોમાં તેમજ પહાડો અને ખીણવાળા પ્રદેશોમાં ઇસ્માઇલીઓ વસવાટ કરી રહ્યા હતા.

હઝરત ઈમામ જલાલુદીન હસન અ. સાથે આઝરબાયજાનનો બાદશાહ અતાબેગ મુઝફ્ફરૂદીન અવસબેક સારી મિત્રતા ધરાવતો હતો. ઇરાકના બાદશાહ નાસિરૂદીન મંગલી સાથે તેને અણબનાવ હતો. આ પરથી આઝરબાયજાનના બાદશાહે ઇમામની સહાયતા માગી એટલે આલમુતનું લશ્કર આતબેગની મદદે ગયું. ઇમામનું સૈન્ય આઝરબાયજાનમાં આવી પહોંચતાં બાદશાહે તેની ઉત્તમ પ્રકારની પરોણાગત કરી. દર સાંજના એક હજાર દીનારો "લંગર" (રસોડા)ના ખર્ચ માટે ઇમામના લશ્કરનાં નિવાસસ્થાને મોકલવામાં આવતી હતી.

## ઈમામનું સન્માન—બાદશાહો ઈસ્માઈલી મઝહબમાં.

ઇસમાઇલીઓની મદદ મળ્યા પછી તેણે બગદાદના અબ્બાસી ખલીફને પોતાની મિત્રતાની ગાંઠ જોડાવવાની કાસિદ મારફતે માંગણી કરતાં ઇરાકના હાકિમનો સનામદ ઉતારવાની પણ આદિશ જાહેર કરી. ખલીફે મિત્રતા સ્વીકારીને એક ચુનંદા અમલદારના હાથ તળે અતાબેકની કુમકે અબ્બાસી લશ્કર મોકલાવ્યું. આ ત્રણે લશ્કરો એકઠા થયા પછી હિજરી સન ૬૧૨ માં આલમુતના સેનાપતિની સરદારી હેઠળ ઇરાક પર ચડાઈ કરી, ઇરાકના બાદશાહ નાસિરૂદીન મંગલીના લશ્કરને ભારે હાર આપી. મંગલી પોતે પણ આ લડાઇમાં માર્યો ગયો. ઇમામે અંત્રે દોઢ વર્ષ ગાળ્યું. આ સઘળો સમય આસપાસના મુલકની મુસાફરીમાં ગયો, જે દરમ્યાન ઇમામને દરેક સ્થળે ભારે માન મળ્યું. અત્રેના બે મોટા બાદશાહોએ ઇસમાઇલી મઝહબ અંગીકાર કર્યો હતો. ઇમામ ત્યારપછી આલમુતમાં પધારી પોતાની પ્રજા વચ્ચે વસવાટ કરવા લાગ્યા.

## સલજુકીઓના અંતિમ કાળની ઝાંખી.

આલમુતમાં ઇસમાઇલી રાજ્યની સ્થાપનાની જોડાજોડ સલજુકી બાદશાહ સાથે તેમનો સંબંધ એક અથવા અન્ય રીતે જોડાયેલો રહ્યો છે. એ આપણે બુઝર્ગ આઝમ હસન બિન સબ્બાહ

તથા ત્યારપછીના ઇતિહાસ વર્ણનમાં આગળ જોઇ ગયા છીએ. આ સ્થળે તેમના અંતિમ કાળના ઇતિહાસનું વર્ણન કરવાની એટલા માટે જરૂર છે કે હિજરી સન ૪૮૫ માં મલિકશાહ સલજુકીનું અવસાન થતાંજ એ વંશના ભાગલા પડી જઇ, તેમનું રાજ્ય વેરવિખેર થઇ ગયુ હતું; હિજરી સન ૫૫૨ માં સુલતાન સંજરના મરણ પછી ખુલ્લી રીતે ઠેકઠેકાણે અને ખાસ કરી ઇરાન અને રૂમના જુદા જુદા ભાગોમાં સ્વતંત્ર રાજ્ય સ્થપાયા અને સલજુકીઓના નબળા સમયમાં ખાસ રૂમમાં નોખાં નોખાં જે રાજ્યો સ્થપાયા હતા તેમાં શામના સલજુકીઓ, આરમીનીયાના કુત્બીઓ, દયારબિકના ઉર્તુકો, કેપોડોશીયાના દાનેશમંદીયો, દમિશ્કના અતાબેગો, શામ અને જઝીરાના અતાબેગો, મિસર, શામ વગેરેના વિજેતા સલાહુદ્દીનના વંશના અય્યુબીયો, ઇરાકે અરબ વગેરેના જલાયેરો વગેરેનો સમાવેશ થાય છે. જ્યારે મલિકશાહે એશીયા માઇનરનો પ્રદેશ રૂમેનસના મરણ પછી ખ્રિસ્તીઓ પાસેથી છીનવીને સુલેમાન બિન કત્લમશ બિન ઇસ્રાઇલ બિન સલજુકને હવાલે કર્યો, ત્યારે તેણે પણ ત્યાં સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યું અને તેનો વંશ હિજરી સન ૬૯૯ પર્યંત ચાલ્યો. એજ સમયે કુર્દિસ્તાન અને ઇરાકમાં જે સલજુકી રાજાઓ થઇ ગયા, તેમાંથી કેટલાકોનો ઉલ્લેખ અત્રે આપ્યો છે. આ સ્થળે પ્રથમ મલિકશાહના પૌત્ર મુગીસુદ્દીન મહમ્મદે હિજરી સન ૫૧૧ માં રાજ્ય-સ્થાપ્યું હતું. ત્યારપછી એ વંશના આઠમા બાદશાહ અરસલાને હિજરી સન ૫૫૬ માં માઝન્દરાનના હાકિમ ઉપર હુમલો કર્યો અને કઝવીનની પાસેના કેટલાક ઇસમાઇલી કિલ્લા સર કર્યા. એના રાજઅમલ દરમ્યાન ખારિઝમશાહીઓએ પણ જોર પકડ્યું હતું.

એવીજ રીતે કેરમાનના સલજુકીઓના સમાગમમાં ઇસમાઇલીઓ આવ્યા હતા. હકીમ નાસિર ખુસરૂ એકવાર જેની દરબારમાં રાજમંત્રી તરીકે રહ્યા હતા એ ચગરબેગ સલજુકીના પુત્ર કાદરદીનને તેના કાકા તુગ્રિલબેગે કેરમાનનો ગવર્નર બનાવ્યો હતો. ૩૨ વર્ષ પર્યંત રાજ્ય ભોગવ્યા પછી મલિકશાહે તેને કેદ કરી ઝેર આપવાથી તેનું મરણ થયું. એ રાજ્યના છઠ્ઠા બાદશાહ ઇરાનશાહને નિઝારીયા મઝહબ અંગીકાર કરવા માટે તેના અમીરોએ તેને મારી નાખ્યો.

## વફાત.

સર જોન માલકમના આલેખન મુજબ હઝરત ઇમામ જલાલુદ્દીન હસન અ. પોતાની ઉદારતા અને મમતાળુ સ્વભાવથી ઇરાનના ઇતિહાસમાં વિખ્યાત છે અને ઇતિહાસકારોના જણાવ્યા પ્રમાણે તેઓ સર્વથી સુંદર (ભલા) બાદશાહ મનાતા હતા. હિજરી સન ૬૧૮ માં હઝરત ઇમામ જલાલુદ્દીન હસન અ. ને કેટલાક રાજ્યદ્રોહીઓ તરફથી મિજબાની કરવામાં આવી, જ્યાં ઇમામે હાજરી આપી અને જમણ લીધું. આ મિજબાનીમાં ઇમામ સાથે દગો કરવામાં આવેલો હોઇ ઇમામ બીમાર પડ્યા અને તેજ વર્ષના રમઝાન માસમાં વફાત પામ્યા. એમની મઝાર આલમુતના કિલ્લામાં આવેલી છે. તેઓશ્રીની વફાત સમયે તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. ની ઉમર દશ વર્ષની હતી. તેઓશ્રી તેમની બાદ ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

# HAZRAT MOWLANA IMAM ALAUDDIN MUHAMMED.

( A. H. 618–653 )

( ૨૬ )

# હઝરત મૌલાના ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ૦

( હિજરી સન ૬૧૮–૬૫૩ )

—:o:—

હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.નો મુબારક જન્મ હિજરી સન ૬૦૮માં ખીલાનના હાકિમ કયકાઉસનાં બહેનની કુખેથી થયો હતો. તેઓશ્રી હિજરી સન ૬૧૮માં ઇમામતની મસનદ પર અને રાજસિંહાસને બિરાજમાન થયા. જો કે ઈમામની બાલ્યાવસ્થા હોવાને અંગે રાજકારોબાર તેઓશ્રીના માતુશ્રીના વડપણ હેઠળ રાજ્યના અધિકારીઓ ચલાવતા હતા. હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. બાદશાહ તરીકે આલમુતના "ત્રીજા મુહમ્મદ" ના નામે મશહુર હતા. ઇમામનો સ્વભાવ સહેજ "જલાલી" હોવાથી નાનો સરખો ગુનો કરનાર પણ છટકી જઇ શકતો નહિ અને એક વાર કરેલા ગુનાહની સજા ગુનેહગાર આસામીને ભોગવવીજ પડતી હતી.

હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. સિંહાસને આવ્યા પછી તેઓ નામદાર તરફથી "દબિસ્તાનુલ–મઝાહિબ" નામના પુસ્તકમાં દર્શાવ્યા અનુસાર જે લોકોએ ઇમામના પિતાશ્રીને ઝેર આપ્યું હતું અને મિજબાનીમાં જેઓ ભેગા થયા હતા, તેઓ સઘળાઓને ખુનીના સાથે ગુનેહગાર ગણીને કતલ કરવાનો હુકમ કાઢવામાં આવ્યો હતો.

## બાલ્યાવસ્થા.

ઇસમાઇલી મઝહબને અનુસરનારા, "ઇમામ"ની બાળ, પુખ્ત કે મોટી વય ધાર્મિક નજરે સરખી માને છે. આ ત્રણે અવસ્થામાં ઇમામની ફરમાનબરદારી તેમના માટે બંધનકર્તા હોય છે. "ઇમામ"ની વય નાની કે મોટી એ વિષયમાં ઇસમાઇલીઓ કદીપણ દલીલ કરતા નથી. આ સિધ્ધાંત અનુસાર હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. દશ વર્ષની વયના હોવા છતાં ઇસિમાઇલીઓ કોઈ પણ ભોગે તેઓ નામદારના ફરમાન બજાવી લાવતા હતા. એક વાર, હઝરત ઇમામે 'નિઝારીયા' કાનુનો અને મઝહબી રસમોનો અમલ કરવા પોતાના અનુયાયીઓને હુકમ કરતાં તેનો સમસ્ત ઇસમાઇલી આલમમાં અમલ કરવામાં આવ્યો હતો.

## ઇસ્માઇલી એલચીનું ખુન.

હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ના રાજ્યકાળ દરમ્યાન ખ્વારિઝમના છેલ્લા સુલતાન જલાલુદીન મંગબર અને ઇમામ વચ્ચે પત્ર વ્યવહાર થયેલો હોવાનું એક નજરે જોનાર માને છે. જલાલુદીનને તેના પિતાના તરફથી ગીઝનીનો હાકિમ નિમવામાં આવ્યો હતો. પિતાના મરણ પછી તેણે મોટા સૈન્ય સહિત મોંગલોને એક પછી એક હાર આપી, પરંતુ ચંગીઝખાનના મુકાબલામાં પરાજિત થઇ તે સિંધ ભણી જતો રહ્યો, પણ ત્યાં પણ ચંગીઝે પીછો પકડતાં અનેક ચડતી પડતી પછી તે છેવટે પોતાને વતન પાછો ફરી આવ્યો. ત્યારપછી તેણે અમીર આરખાનને "નિશાપુર"નો ગવર્નર નિમ્યો. ઇસ્માઇલીઓના કેટલાક મુલકો તેની સરહદ પાસે આવેલા હતા. આરખાનના નાયબે તેની ગેરહાજરીમાં ઇસ્માઇલીઓનો મુખ્ય પ્રદેશ કોહિસ્તાનના પાટનગર 'ટીમ' અને 'કાઇન'માં લુંટફાટ અને ખુનામરકી ચલાવી. આ ખુનામરકી અટકાવવાનો સંદેશો લઇને ઇસ્માઇલીઓ તરફથી એલચી તરીકે કમાલુદીન ગયો, પરંતુ આરખાનના નાયબે સરખો જવાબ આપવાને બદલે ધિક્કારભરી રીતે તેની સામે કેટલાક ખંજરો ફેંક્યા, એવું દેખાડવા કે તમારા ખંજરોથી અમો ડરતા નથી, પણ ખંજરનો જવાબ ખંજરથી વાળીશું; જેથી ઇસ્માઇલીઓએ તેની આ ધૃષ્ટતાનો જવાબ વાળવાની મનમાં મજબુત ગાંઠ બાંધી.

## ઇસ્માઇલીઓ ઉપર અણધાર્યો હલ્લો—આલમુત જવાબ માંગે છે.

મૌલવી અબ્દુલ હલીમ શરર આ ઘટનાનો ઉલ્લેખ કરતાં લખે છે કે, કોઇ વાતથી પ્રસન્ન થઇને ખ્વારિઝમના સુલતાને અમીર આરખાનને નિશાપુર અને તેની આસપાસના ઇલાકા બેટ આપ્યા હતા. ત્યાર પછી એક સમયે અમીર આરખાનને રાજ્યના કોઈ અગત્યના કામસર દુરદરાજના મુલક તરફ જવાનું થતાં પોતાની પાછળ એક શખ્સને તે પોતાનો 'નાયબ' નીમી ગયો. આ 'નાયબે' ઇસ્માઇલીઓ ઉપર અણધાર્યો હલ્લો કરી લુંટફાટ કરવા માંડી અને કેટલાક ગામડા તેણે લુંટીને સર પણ કરી લીધા.

આ હલ્લાની ખબર આલમુતમાં પડતાં ઇમામે એક એલચી મંડળ રવાના કર્યું. નિશાપુર આવીને આ ઇસ્માઇલી એલચી મંડળે આ ગેરરીતી માટે જવાબ માંગ્યો. પરંતુ અમીરના 'નાયબે' ધોરણસર જવાબ આપવાને બદલે એલચી મંડળનું અપમાન કર્યું અને તેમના પગ સામે ખંજરો ફેંક્યા. આલમુતવાસીઓના હૃદયમાં અગ્નિજ્વાળા સળગી રહી હતી, તેને ઓલવવાને બદલે નાયબે ઉલ્ટું તેલ હોમ્યું. ઇસ્માઇલી એલચી મંડળે આ સ્થિતિમાં આલમુત ખાતે પાછું ફર્યું; પરિણામમાં શત્રુઓની સાન ઠેકાણે લાવવા માટે અમીર આરખાનની સરહદમાં કેટલાક ઇસ્માઇલી યોધ્ધાઓ કુચકદમ કરી આવી પહોંચ્યા. તેઓએ પ્રથમ અમીરને યમદ્વારે પહોંચાડયો. આ જુસ્સાવાળા યોધ્ધાઓ ઉશ્કેરાયલી સ્થિતિમાંજ શહેરની બજારોમાં નીકળ્યા અને પોતાના બાદશાહ હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ની મોટા સાદે પ્રશંસા ગાતા જતા હતા. ત્યાંથી આગળ વધીને સુલતાન ખ્વારિઝમના વડા વઝીરના મહેલમાં પ્રવેશ કર્યો અને તેને શોધવા લાગ્યા. આ દરમ્યાન મહેલના પહેરેગીર અને પ્રજાજનો એકઠા થઇ ગયા. અને ગડબડ વધી જવાથી ખુલ્લી રીતે આ ઇસ્માઇલી યોધ્ધાઓનો સામનો કરવાની કોઇમાં હિંમત નહિં હોવાથી લોકોએ ટોળે મળીને દુરથી પથ્થરાઓની વર્ષા કરવા માંડી. ચોમેરથી આવતા પથ્થરના પ્રહારોથી લોહીલુહાણ થઇ અતિ વેદના સહિત આ ઇસ્માઇલી વીરલાઓએ પોતાનો દેહ છોડયો.

## ઇસ્માઇલીઓ સાથે સુલેહ—એક અર્થસુચક ઘટના.

બદરૂદીન અહ્મદ નામના આલમુતના એલચીએ આ બનાવના સંબંધમાં સુલતાનના વડા વઝીરની

મુલાકાત માંગી. તે સમયે આરખાનના માર્યા જવાથી અને પોતાની શોધખોળ થતી હોવાથી વઝીર એટલો બધો ગભરાઇ ગયો હતો કે સુલેહ કરવાના હેતુથી આલમુતના એલચીને તરતજ પોતાની પાસે તેડાવ્યો અને તેમની ઘણી પરોણાગત કરી. સુલેહની વાટાઘાટ ચાલે તે પહેલાં તેણે કહ્યું કે: "તમો સુલેહ માટે જે શરતો મુકરર કરશો તે સાંભળ્યા વિના હું આગળથીજ મંજુર કરું છું."

ત્યારપછી સુલેહની શરતો થઇ, જે આ પ્રમાણે હતી: (૧) ખ્વારિઝમ અને આલમુતના ઇસમાઇલીઓ વચ્ચે લડાઇનો અંત લાવી મિત્રાચારીભર્યું વર્તન રાખવું. (૨) દમગાનનો કિલ્લો ઇસમાઇલી રાજ્યકર્તાને વેચાતો આપવો.

/ ઉપલી શરતો ઉપર બન્ને પક્ષોની ધોરણસરની મંજુરી મળ્યા પછી આલમુતનાં એલચીએ ખ્વારિઝમશાહના વઝીરને ત્યાં અમુક દિવસો મહેમાન તરીકે કહાડયા. આ દરમ્યાન એક દિવસે ખાણા ઉપર બેઠા હતા તે વખતે વાત નીકળતાં આલમુતના એલચીએ કહ્યું કે: "એવું કોઇ પણ રાજ્ય, રાજ્યના અધિકારી અથવા ઓધ્ધેદારનું મકાન નથી કે જે અમારા મિત્રો કે સેવકોના વસવાટ વિના ખાલી હોય!"

આ સાંભળીને વઝીર અચંબો પામ્યો અને તેણે પુછયું: "અહિંયા જે લોકો છે તેમાં કયા લોક તમારા છે?" આ શબ્દ વઝીરના મોઢામાંથી નીકળતાંજ આલમુતના એલચી ભણી પોતાનો રૂમાલ ફેંકયો. તેનો અર્થ એવો થતો હતો કે, "એવા લોકો મારા હસ્તક હશે તો પણ હું તમને રક્ષણ આપવાનું વચન આપું છું."

વઝીરનો રૂમાલ એલચી પાસે પડતાંજ રસોડામાં કામ કરતાં પાંચ ઇસમાઇલી "સલામ" કરતાં બહાર નીકળી આવી સામે ઉભા રહ્યા. આ પાંચમાંથી એક હિંદુસ્તાની અને ચાર અજમી હતા. હિંદુસ્તાની ઇસમાઇલીએ પોતાના અન્ય સાથીદારોથી એક કદમ આગળ ભરીને કહ્યું કે, "અમો તમને મારવા આવ્યા નથી, નહિંતર કયારનું અમે અમારું કાર્ય કરી નાખ્યું હોત પરંતુ અમો. આલમુતવાસીઓ વગર કારણે કોઇને તકલીફ દેતાં નથી."

પોતાના ઘરની આવી સ્થિતિ જોતાં વઝીર ખળભળી ઉઠયો અને માફીના શબ્દો ઉચ્ચારી ઇસમાઇલીઓ સાથે હમેશાં મિત્રાચારીથી વર્તવાનું તેણે વચન આપ્યું. તે બાદ તેણે સોગંદ ખાતાં કહ્યું કે: "હું મને પોતાને હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ (અ.)નો ગુલામ સમજીશ." સઘળું કામ સંપૂર્ણ થઇ ગયા પછી આલમૂતનો એલચી બદરૂદીન અહેમદ પોતાના વતને આલમુત ભણી પાછો ફર્યો.

## ઈસમાઈલીઓનું બલિદાન–પચાસ હજાર અશરફીનો દંડ.

આ ઘટનાની ખબર સુલતાન ખ્વારિઝમશાહને પડતાં પોતાના વઝીરની નબળાઇ માટે તેના ઉપર તે ઘણો રોષે ભરાયો અને પહેલાં પાંચ ઇસમાઇલીઓને જીવતા અગ્નિમાં બાળી નાખવાનો તેણે હુકમ કર્યો. વઝીરને સુલતાનની આ આજ્ઞાથી ઘણો ભય લાગ્યો, પરંતુ સુલતાનની આજ્ઞાનો અનાદર થઇ શકે તેમ નહોતું. આ સજાનો અમલ તેને અનિચ્છાએ કરવો પડયો. સુલતાનના હુકમ પ્રમાણે એક ખાડો ખોદીને તેમાં અગ્નિ પ્રકટાવવામાં આવી. આ સમયનું દશ્ય વિલક્ષણ ને અચંબાભર્યું હતું. એક તરફ ઇસમાઇલીઓના ધાકથી વઝીર ધ્રુજી રહ્યો હતો અને પોતાની સુડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ પર શોક કરતો હતો, ત્યારે બીજી તરફ બેઠા પાંચ બંદીવાન ઇસમાઇલીઓ હસતે મુખડે અગ્નિકુંડમાં કુદી પડવા અને પોતાના ઇમામના નામની ફતેહ પુકારીને કહેતા હતા કે; "અમો ખુશ-નશીબ છીએ કે દીન ઉપર મરી ફીટનારાઓની નામાવળીમાં અમારા નામો પણ નોંધાશે અને શહી-

દના માર્ગે જવાનો અમારો પંથ આજે મોકળો થાય છે." આ પ્રકારના ઉમંગ સાથે આ પાંચે ઇસ્માઇલીઓએ પોતાના પ્રાણ કુરબાન કર્યા.

આલમુતમાં એ પાંચ ઇસ્માઇલીઓના બલિદાનની હકીકત જાહેરમાં આવતાં ત્યાંનું વાતાવરણ ઘણું ઉશ્કેરણીભર્યું બની ગયું અને ઘણા ઇસ્માઇલીઓ પોતાના હમદીન બંધુઓના ખુનનો બદલો લેવા તૈયાર થયા; પરંતુ ઇમામે પ્રથમ વાટાઘાટનો માર્ગ ધારણ કર્યો અને ખ્વારિઝમશાહની દરબાર સાથે પત્રવ્યવહાર શરૂ કર્યો, જેનાં પરિણામે પાંચે બલિદાન દેનારના બદલામાં સોનાની દશ હજાર અશરફી લેખે પચાસ હજાર અશરફી દંડ તરીકે સુલતાન ખ્વારિઝમશાહના વઝીરે ભરી દીધી અને 'દમગાન'ના કિલ્લાના વેચાણ તરીકે જે રકમ ઇસ્માઇલીઓએ આપી હતી, તે કિલ્લો પણ ઇસ્માઇલીઓના કબજામાં રહેવા દઇને એ રકમ પાછી આપીને દંડની રકમમાં વધારો કરવામાં આવ્યો. આવી રીતે ખ્વારિઝમશાહ અને આલમુતના બાદશાહ વચ્ચે છેવટે સમજુતી થઇ અને મામલો શાંત પડ્યો.

## ખ્વાજા નસીરૂદીન તુસી.

હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ના સમયમાં થઇ ગયેલા અનેક મહાન નરોમાં બે વીરનર, ખ્વાજા નસીરૂદીન તુસી અને શેખુલ અકબર મોહિયુદીન અરબી મોખરે આવે છે, જેથી તેઓના જીવનનો ટુંક પરિચય અહિં આપવો સ્થાને લેખાશે.

ખ્વાજા નસીરૂદીન તુસીનો જન્મ ખુરાસાનમાં આવેલા "તુસ" નામના શહેરમાં તા. ૧૧મી જમાદીલ અવ્વલ હિજરી સન ૫૯૭માં થયો હતો. તેમનું નામ મુહમ્મદ બિન હસન હતું અને લકબ 'નસીરૂદીન'. ખ્વાજા નસીરૂદીન તુસી જન્મથી શીઆ સંપ્રદાયના અનુયાયી હતા. (૧) તેઓ પોતાના સમયના એક સર્વોત્કૃષ્ટ વિદ્વાન હતા, તેમની એ યોગ્યતાનો તેમના સમકાલીન વિદ્વાન મંડળે સ્વીકાર કર્યો હતો, કારણ કે તેઓએ યુવાવસ્થામાંજ વિદ્યાજ્ઞાનને લગતી દરેક શાખાઓનું ઉચ્ચ શિક્ષણ સંપાદન કર્યું હોવાથી સારી રીતે પ્રકાશમાં આવ્યા હતા. તેમણે પોતાના જીવનકાળ દરમ્યાન પુષ્કળ ગ્રંથો લખ્યા છે, જેમાંના કેટલાક હાલ પણ મળી શકે છે.

## ખ્વાજા નસીરૂદીનની કૃતિઓ.

ખ્વાજા નસીરૂદીનની કેટલીક કૃતિઓ ફારસી ભાષાના અભ્યાસક્રમમાં વિદ્યાપીઠોના પાઠ્ય પુસ્તકો તરીકે પૂર્વ અને પશ્ચિમના વિદ્યાર્થીઓને શીખવવામાં આવે છે. આ ઉપરથી સાધારણ રીતે સમજી શકાય છે કે યુનિવર્સિટીઓમાં જે લેખકોના પુસ્તકો ચાલે છે, તેઓ કેવી કોટીના હોય છે અને એ ગણત્રીએ ખ્વાજા નસિરૂદીન કેટલા વિદ્વાન અને માનને પાત્ર હોવા જોઇએ? તેઓ પોતાના સમયની પ્રચલિત ફારસી, અરબી ભાષાના "સ્કોલર" તો હતાજ, પરંતુ યુરોપીઅન "ગ્રીક" ભાષામાં એમની ઉંડી ગતિ હતી. ગ્રીક ભાષામાં લખાયલા પ્રસિધ્ધ ગ્રંથ "યુકલીડ"-ભુમિતિનો તેમણે અરબી ભાષામાં અનુવાદ કર્યો હતો તેમજ 'અલમાજિસ્ટ'નો પણ તરજુમો કર્યો હતો. ઉસ્તુરલાબ (Astrolabe) યાને વિગેરે આકાશીય પદાર્થોની ગતિ, સમય, ઉંચાઇ વિગેરે માપવાનું યંત્ર (નક્ષત્ર યંત્ર) કેવી રીતે વાપરવું તેની સમજ આપનાર નિબંધ, "બિસ્ત બાબ" દર મઆરિફતે ઉસ્તુરલાબ (સુર્ય ગતિ વિસ્તારણ વિષે), "સી ફસલ" (ખગોળ વિદ્યાને લગતું પંચાંગ) અને રત્નો અને ખનીજ પદાર્થ (Minerology and Precious stones)ને લગતા "તનસુકનામાએ ઇલ્ખાની" અને "અખલાકુલ અશરાફ" તેમજ સુરીઝમ અને

---

૧. જુઓ ઑક્સફર્ડ હસ્તની ખ્યામ શીબલ ડિક્શનરી તથા અલ્લામા અબુલ ફઝલ ચૈહરજાદુલ્લાહ. અબ્બાસી કૃત "હુકમાએ યુનાન" મુસ્લીમ તત્વજ્ઞાનીઓના વિભાગમાં.

તત્વજ્ઞાનને લગતા "બહરૂલ મઆની" ઇત્યાદી ગ્રંથો પણ તેમણે લખ્યા હતા. આ ઉપરાંત તેમની અરબી ભાષાઓની કૃતિઓમાં ધાર્મિક વિષય પર લખાયેલ "તજરીદુલ અકાયદ" સર્વથી વિશેષ પ્રસિધ્ધિ પામ્યું છે.

આ ઉપરાંત ખ્વાજા નસીરૂદીન તુસીનું 'અખલાકે નાસિરી' કિંવા નિતિશાસ્ત્ર અત્યંત પસંદગી પામ્યું છે. આ પુસ્તક આલમુત ગઢના તાબેના કોહિસ્તાન પ્રદેશના ઇસમાઇલી ગવર્નર નાસીરૂદીન અબ્દુર્રેહમાન બિન અબી મન્સુરને અર્પણ કરવામાં આવ્યું છે અને તેમની સંજ્ઞા અનુસાર "નાસિર" નામ પર પુસ્તકની યોજના કરવામાં આવી છે. એ ગ્રંથ કોહિસ્તાનમાં આવેલા "મોમિનાબાદ"ના કિલ્લામાં લખવામાં આવ્યું હતું. આજે પણ બદખશાનના ઇસમાઇલીઓ તેને એક માનનીય પુસ્તક તરીકે લેખે છે, એટલુંજ નહિ પણ સમસ્ત ઇસ્લામી આલમ પણ આ પુસ્તકનો પ્રેમપૂર્વક અભ્યાસ કરે છે. "ફાતહે તકવીમ" નામના પુસ્તકમાં ખ્વાજા નસીરૂદીને આલમુતના પુજ્ય ઇમામો અને હાકિમોનો ઇતિહાસ લખ્યો છે. ઇમામતના વિષય પર ફિલસુફીની દ્રષ્ટિએ પણ એક પુસ્તક લખ્યું છે જેનું નામ "રવઝતુ'ત-તસલીમ" (૧) છે. પ્રો૦ બ્રાઉનના જણાવ્યા પ્રમાણે રશિયન સાહિત્યકાર ઝુકોવસ્કીએ પોતાના સંશોધન પરથી જણાવ્યું છે કે ઉમર ખયામની રૂબાઇઓમાં ઇરાનના અન્ય જાણીતા કવિઓની રૂબાઇઓની માફક ખ્વાજા નસીરૂદીનની કેટલીક રૂબાઇઓ પણ ભળી ગયેલી છે.

## અબ્બાસીઓ સાથે અણબનાવ.

ઇસમાઇલીઓના સમાગમમાં આવ્યા પહેલાં ખ્વાજા નસીરૂદીને બગદાદના રાજ્યકર્તા અબ્બાસી ખલીફ મોઅતસિમબિલ્લાહના વડા વઝીર ઇબ્નુલ અલકમી સાથે પત્રવ્યવહાર ચાલુ કર્યો હતો, પરિણામે તેમને અબ્બાસી ખલીફની દરબારમાં એક નોકરી મળી હતી. તેઓ બાળપણથીજ ચંચળ સ્વભાવના હોવાથી રાજ્યદ્વારી વિષયોમાં રસ લેવાનું શરૂ કર્યું. અબ્બાસી દરબારના વડા વઝીર ઇબ્નુલ અલકમીને એ ગમ્યું નહિં અને ખેંચતાણ દરમ્યાન તક સાધીને ખલીફ પાસે ખ્વાજાની વિરૂધ્ધ તેણે ભંભેરણી કરી. પરિણામે ખલીફે ખ્વાજા નસીરૂદીન તુસીનું હડહડતું અપમાન કરીને દરબારમાંથી તેમને હાંકી કહાડયા અને તેમના લખેલા પુસ્તકો ઇબ્ને હાજીબના હાથે દજલા નદીમાં ફેંકી દીધા. આથી ખ્વાજાનો શોકનો પાર રહ્યો નહિ અને તેમણે મનમાં એવી ગાંઠ વાળી કે હવે પછી તક મળતાં કોઇપણ ભોગે બગદાદના ખલીફનું શાસન ઉથલાવી નાખ્યા વિના ચેનથી બેસવું નહિ. તેમણે અનહદ મહેનતે લખેલા પુસ્તકનો નાશ તેઓ એક પળવાર પણ વિસરતા નહિ. અંતે આવી દુઃખદ સ્થિતિમાં તેઓ બગદાદથી ઇરાન ભણી રવાના થઇ ગયા.

## કોહિસ્તાનના ખંડિયરોમાં.

વઝીર ઇબ્નુલ અલકમીને ખ્વાજા નસીરૂદીનનાં બગદાદ છોડી જવાની ખબર પડતાં તેણે ખલીફને ઉશ્કેરવાથી ખ્વાજા નસીરૂદીનને પકડી કેદ કરવાનો ખલીફે હુકમ કર્યો. ખ્વાજા નસીરૂદીનના હિતચિંતકોના કાને આ વાત પહોંચતા તેમણે ખબર આપી દીધી, જેથી બગદાદના ખલીફના ભયથી બચવા માટે ખ્વાજા નસીરૂદીન કોહિસ્તાનના ખંડીયરોમાં નીકળી ગયા. જ્યાં કોઇ મિત્ર, સ્નેહી કે આશ્રય વિના નિરાધાર સ્થિતિમાં આવી પડયા હતા. કોહિસ્તાનની પર્વતમાળાઓમાં રઝળવાથી અને દુઃખથી તેમનું રંગરૂપ પણ બદલાઇ ગયું હતું.

---

૧. 'તસવ્વુરાત' નામે આ પુસ્તક મશહુર છે જેનો અંગ્રેજી તરજુમો, તેની અસલ ફારસી ઇબારત સહિત પ્રોફેસર ઇવેનોવે 'ઇસમાઇલી સોસાયટી' દ્વારા તાજેતરમાં પ્રગટ કરેલ છે.

ખ્વાજા નસીરૂદીન તુસી કોહિસ્તાનના ઇલાકામાં આવી નિરાધાર હાલતમાં ભટકી રહ્યા હતા, એટલામાં એક દિવસે કોહિસ્તાની પાસબાનોની નજરે ચડતાં તેઓને કોઇ ભટકતા જાસુસ હોવાની શંકા પડતાં તેમને પકડીને ગવર્નર નાસીરૂદીન અબ્દુર્રેહમાન બીન અબી મનસુરની હાજરીમાં ઉભા કર્યા, જ્યાં તેમની ઝડતી લેવામાં આવતાં અબ્બાસી વઝીર ઇબ્નુલ અલકમી સાથેનો પત્રવ્યવહાર મળી આવ્યો, જેથી તેમને જાસુસ સમજીને મોમિનાબાદના કિલ્લામાં કેદ કરવામાં આવ્યા.

## ખ્વાજા નસીરૂદીન ઈમામની દરબારમાં–તેમના ઈસમાઈલી સંબંધ પર પ્રકાશ.

ત્યારપછી આલમુતના ખબર આપનારા ખાતા તરફથી ખબર મળી કે, અબ્બાસી દરબારમાંથી એ અપમાનિત થયેલો શખ્સ છે. તેની ખાત્રી કર્યા પછી ગવર્નર નાસિરૂદીને ખ્વાજા નસીરૂદીન તુસીને પોતાની પાસે રાખ્યો. આગળ જતાં ખ્વાજાએ ગવર્નરનો વિશ્વાસ જીતી લીધો.

એક સમયે હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ની દરબારમાં ગવર્નર નાસિરૂદીન અબ્દુર્રેહમાન તેમને પોતાની સાથે તેડી લાવ્યા, જ્યાં ઇમામને રાજસિંહાસને બેઠેલા જોતાં ખ્વાજા નસીરૂદીન પુન્યભાવે સલામી બજાવી લાવ્યા. પૂર્વના મહાન નરોના જીવનમાં અવારનવાર બનતું આવે છે તેમ ખ્વાજા નસીરૂદીન માટે પણ બનવા પામ્યું હતું. દરબારની હાજરીના સમયે ઇમામનો જલાલ જોઇને તેઓ આકર્ષાઇ ચુકયા હતા અને જ્ઞાની હોવાથી તેમના અંતરચક્ષુઓ પણ ખુલવા લાગ્યા હતા. આગળ જતાં તેઓ હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ને પોતાના બરહક ઈમામ તરીકે સ્વીકારીને રાજ્યની સેવામાં જોડાયા.

પ્રોફેસર ડબલ્યુ. ઇવેનોવ પોતાની એક કૃતિમાં લખે છે કે, ખ્વાજા નસીરૂદીન તુસીનો ઇસમાઇલી ખુદાવંદો સાથેનો સંબંધ કયા પ્રકારનો હતો, એ એક સવાલ છે. શું ઇસમાઇલી રાજ્યના તેઓ માત્ર સેવક હતા કે ઇસમાઇલીઝમનો તેમણે સ્વીકાર કર્યો હતો? જો ઇસમાઇલીઓને તેમની ચાકરીની આવશ્યકતા હોત તો ઇસમાઇલીઓ તેને સારો દરમાયો આપવાને સામર્થ્યવાન હતા, પરંતુ જે સત્ય ઘટના બહાર આવી છે તે ખરી છે, જુના ઝમાનામાં જે તકીયાનો રિવાજ હતો તેની એ વિષયમાંથી કાંઇ ગંધ આવે છે.

કાઝી નુરૂલ્લાહ શુસ્તરી પોતાની કૃતિ "મજાલીસુલ મોઅમનીન"માં લખે છે કે, જેઓ તાસુબીવાળા શીયાઓ છે, તેઓ ખ્વાજા નસિરૂદીન તુસીના જીવનચરિત્રમાં ઇસમાઇલીઓના વિષે ઉલ્લેખ કરે છે કે, મંગોલ આક્રમણ પછી ઇસમાઇલીઓની રાજ્યસત્તા પડી ભાંગી અને ગરીબ ઇસમાઇલીઓ ઉપર શીઆઇઝમની લાગવગે છાપો નાખી તેને દબાવી નાખવાની કોશિશ થવાથી અધિકાંશે શીઆઇઝમ બહાર આવવા પામ્યું હતું. ખ્વાજા નસિરૂદીન તુસીના ધર્મ વિષે ખુલ્લા અક્ષરમાં નોંધાયલી બીનાઓ હોવા છતાં દુશ્મનોના બળે ઇસમાઇલી સાહિત્ય અદ્રશ્ય થયું અને સત્તાના કારણે વિરોધીઓનું સાહિત્ય ઉભરાઇ ગયું, એ વાત ખ્વાજા નસીરૂદીન તુસીના સંબધમાં બે મત થવાના કારણભુત છે.

## ખ્વાજા નસીરૂદીન વઝીરપદે.

ખ્વાજા નસિરૂદીન તુસી ઇસમાઇલી તરીકે બહાર આવ્યા પછી આલમુતની દરબારમાં તેમનો સંબંધ વધતો ચાલ્યો અને તેમના કાર્યથી પણ રાજ્યને ઘણો સંતોષ થયો. પરિણામે તેઓ નાની પદવી ઉપરથી મોટી પદવીએ આવ્યા હતા. છેવટે આલમુતના દરબારમાં હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ.ના રાજ્યકાળમાં વડા વઝીરના પદે આવ્યા, એ જોઇને નાસિરૂદીને અબ્દુર્રેહમાન અનહદ હર્ષિત થતા હતા.

ખ્વાજા નસીરૂદ્દીન તુસી આલમુત ગઢના બાદશાહ હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. અને ત્યારપછી હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. ના સમયમાં પણ વડા વઝીર પદે હોવાથી તેમનું બાકીનું વૃતાંત આગળ આવશે.

## માર્કો પોલો અને તેનું બનાવટી વર્ણન.

જાણીતા વેનેશિયન મુસાફર માર્કો પોલોએ હિંદ, ચીન તથા પૂર્વના બીજા દેશોમાં ૨૪ વર્ષ પ્રવાસ કરી પોતાની મુસાફરીનો જે અહેવાલ પ્રગટ કર્યો છે, તેને તેનાજ સમકાલીન મુસાફરો ભરોસાપાત્ર જણાવતા નહોતા બલ્કે હવે તેમાંનું કેટલુંક વર્ણન કેટલેક અંશે ન માની શકાય તેવું લેખવામાં આવે છે.

હિજરી સન ૬૭૨ માં માર્કો પોલોએ ચીન દેશની મુલાકાત કરી તે વેળાએ મંગોલ સુલતાન કુબલાઇ ખાન ઉપર તે સમયના ખ્રિસ્તી પોપ ગ્રેગરી દશમાંનો ભલામણ પત્ર લઇને તે આવ્યો હતો. તે પછી માર્કો પોલોએ એજ દેશમાં ચોવીસ વર્ષ ગાળ્યા હતા. એ દરમ્યાન ત્રણ વર્ષ સુધી "યાંગશો" નગરના ગવર્નર તરીકે પણ તેને નિયુક્ત કરવામાં આવ્યો હતો. આ ઝમાનાની પૂર્વ દેશોની દરબારની જે જાહોજલાલી તેણે નિહાળી હતી, તેવી યુરોપવાસીઓને સ્વપ્ને પણ નિહાળવાનું લક્ષ્ય નહોતું.

ચીન ભણીના એ પ્રવાસ દરમ્યાન માર્કો પોલો આલમુત ગઢથી દુરના ઇરાની પ્રદેશમાંથી પસાર થયો, ત્યારે તેણે નજરે જોયેલ અહેવાલ કરતાં લોકો પાસેથી સાંભળેલા અહેવાલનો પોતાના પ્રવાસ ગ્રંથમાં વિશેષ ભાગ લખ્યો છે અને આલમુતની રાજ્યસત્તાના કલ્પિત અહેવાલો પણ લોકોના મોઢે સાંભળી તેને સાચા માનીને પોતાના ગ્રંથમાં તેનો ઉલ્લેખ કર્યો છે. માર્કો પોલોએ જાતે પણ પોતાની કૃતિમાં હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. ના સમયનું વર્ણન કરતાં આરંભમાંજ આ વાતનો સ્વીકાર કર્યો છે. વળી તાતારીઓના ઓશિયાળે આવેલો શખ્સ મુસ્લિમ જગતને સારી દ્રષ્ટિથી જુએ એ શંકાસ્પદ છે, તેમજ ઇસમાઇલીઓની વિરૂધ્ધતાથી જ્યાંનું વાતાવરણ ઝેરી બનેલું હોય તેવા "સ્થળના લોકો"ના મોઢાની વિગતો મેળવી માર્કો પોલો પોતાના પ્રવાસ ગ્રંથમાં નોંધી લે તેના ઉપર કેટલું વજન મુકી શકાય, એ સરળતાથી સમજી શકાય તેવી હકીકત છે; છતાં આજના કેટલાક વિધ્નસંતોષીઓ એનો આધાર લઇને "ન ભુતો ન ભવિષ્યતી" જેવી ખોટી બનાવટો કરી ઇસમાઇલીઓને વગોવવા માટે ફાંફાં મારે છે, પરતુ છેવટે સત્ય તરી આવ્યા વિના રહેતું નથી અને આધુનિક યુગના કેટલાક સુધરેલા ઇતિહાસકારોએ આ "પુરાણા પોકળ"નો ભેદ પણ ખુલ્લો કરી દીધો છે.

## શેખુલ-અકબર ઇબ્નુલ અરબી.

મુસ્લિમ જગતે પેદા કરેલા અનેક ફિલસુફોમાં શેખુલ-અકબર મોહિય્યુદીન ઇબ્નુલ અરબી પણ દુનિયામાં પ્રશંસા પામેલી એક મહાન વ્યક્તિ છે. એમનો જન્મ સ્પેન મધ્યેના "મુરસિયા" (Murcia) ગામમાં હિજરી સન ૫૬૦ માં રમઝાન માસની તા. ૧૭ મીએ થયો હતો.

ઇબ્નુલ અરબીનું પુરૂં નામ મોહિય્યુદીન મુહમ્મદ ઇબ્ને અલી બિન મુહમ્મદ અલ અરબી છે, અને એમનું લકબ "હાતમી" છે. તેઓ મહાન સખાવતી નર "હાતમતાઇ"ના "તય" કબીલામાંથી ઉતરી આવેલા છે. અરબોએ સ્પેન ફતેહ કર્યા પછી તેમના વડવાઓ સ્પેનમાં વસવાટ કરતા હતા. ઇબ્નુલ અબ્બાસના કથન અનુસાર તેમના પિતા અલી સુનારનું કામ કરતા હતા. જો કે ઇતિહાસકારોનું માનવું છે કે અલી સાધનસંપન્ન હોઇ, પોતાના એકના એક લાડકા પુત્રને ઉંચામાં ઉંચી કેળવણી માટેની

જોગવાઈ તેઓએ કરી આપી હતી. હજુ અભ્યાસી જીવન ગાળતા હતા તે દરમ્યાન ઇબ્નુલ અરબીની ખ્યાતી એટલી તો ફેલાઇ ગઇ કે દુર દેશાવરોના લોકો તેમની મુલાકાતનો લાભ લેવા આવતા હતા. મુખ્યત્વે મોહિયુદીન પોતાનો સમય સુફીઓ અને એહલુલ હકના સમાગમમાં ગાળતા હતા.

## ઇબ્નુલ અરબીની કૃતિઓ.

હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ. ના સમયમાં શેખ મોહિયુદીન ઇબ્નુલ અરબી એક ફિલસુફ તરીકે દુનિયામાં વિશેષ ખ્યાતિ મેળવી શકયા હતા. કેળવણી મેળવ્યા પછી ઇસ્લામી આલમની મુસાફરીએ તેઓ નીકળ્યા હતા. જેમાં મિસર, હિજાઝ, મોસલ અને એશિયા માઇનરની મુલાકાત લીધા પછી દમિશ્કમાં તેઓએ પોતાનો નાયુકનો નિવાસ રાખ્યો હતો.

ઇબ્નુલ અરબીને બ્રોકલમેને "દિવ્ય ફળદ્રુપ ભેજાવાળા" તરીકે વર્ણવ્યા છે. પ્રોફેસર બ્રાઉને તેમના લખેલા સઘળા પુસ્તકોમાંથી દોઢસો ગ્રંથો વિદ્યમાન હોવાનો ઉલ્લેખ કર્યો છે. તેમની પવિત્ર કુરાને શરીફની તફસીર ઘણીજ જગવિખ્યાત છે. હિજરી સન ૬૨૧ સુધી પોતે રચેલા પુસ્તકોની ૨૮૯ ની સંખ્યા ખુદ ઇબ્નુલ અરબીએ ગણાવી છે. મૌલાના જામી પોતાની કૃતિ "નફહાતુલ ઉન્સ"માં ઇબ્નુલ અરબીના લખેલા પાંચસો કરતાં વધુ પુસ્તકો હોવાની ગણત્રી કરે છે. આ સઘળામાંથી "ફુસુસુલ હકમ" અને "ફુતુહાતુલ મકકીય્યા" ઘણા મશહુર અને ઉચ્ચ શ્રેણીના હોવાનો અભિપ્રાય આપવામાં આવે છે. પહેલું પુસ્તક દમિશ્કમાં છપાયું છે, જેના જુદી જુદી લીપીમાં ભાષાંતરો થયા છે. બીજું પુસ્તક મિસરમાં છપાયું છે. એ ગ્રંથ ઘણો વિશાળ છે. જેમાં ફિલસુફી, ધર્મસિધ્ધાંત, નમાઝ, હજ તથા રોઝાની તાઅવીલ, ઇન્સાન, હિદાયત, ખુદાવંદી નુર અઝલી-અબદી ઇત્યાદી વિષયો પર સારો સ્ફોટ કરવામાં આવ્યો છે. એ પુસ્તકની હકીકતને કલામુલ્લાહ (ઇલાહી વાણી)ની આયતોથી ટેકો આપવામાં આવ્યો છે, પરંતુ ઓછી સમજના લોકો આ ઉપરથી ઉશ્કેરાઇ જઇને ઇબ્નુલ અરબીનું ખુન કરવાની કોશિશ કરવા લાગ્યા, છતાં પણ તેઓના પ્રશંસકોનો સમુહ મોટો હોવાથી એ વાત બહાર આવી અને એ રીતે તેમનો બચાવ થઈ ગયો.

## ઇબ્નુલ અરબીના ઉચ્ચ વિચારો.

ઇબ્નુલ અરબીના ધાર્મિક વિચારોમાં પરિવર્તન થયા પછી તેમણે 'રાહે હકીકત' ઉપર જે પરદો લીધો, તે સમયના વિચારો ખાસ એક વ્યકિતને સંબોધીને તેનો ખુલ્લો સંકેત કરતાં લખે છે કે:—

> "ખુદા તઆલાએ ફરમાવ્યું કે અલ્લાહતઆલા નૂર છે, જમીન અને આકાશમાં અને તેની પુરવણી સમયે કહ્યું, અને તે એવું નૂર છે કે જેના વડે તે લોકોમાં ચાલે છે. તે પોતાની જાત વિના ચાલતો નથી અને તેની જાતની આંખ તેના નૂરની આંખ બરાબર છે. તેનુ વજુદ નથી પરંતુ, તે ખુદાનું વુજુદ છે અને તે લોકોમાં હાલેચાલે છે, પરંતુ લોકો તે જાણતા નથી."

મોહિયુદીન ઇબ્નુલ અરબીની કૃતિના એક ઇસમાઇલી ભાષ્યકારનું કથન છે કે ઇબ્નુલ અરબીનો ઇમામે ઝમાન ભણી એ સંકેત છે અને હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ. ની ઇમામતના સમયમાં ઇબ્નુલ અરબીએ એશિયા માઇનરની મુસાફરી પ્રસંગે ઇસમાઇલી ધર્મસ્થળમાં "લામસ્તર"ના કિલ્લાની મુલાકાત લીધી હતી.

## જુના વિચારના લોકોની કનડગત.

ઇબ્નુલ અરબી અધ્યાત્મવાદમાં પુર્ણતા પામેલા હોવાથી "શરીઅત"ની પાબંદી તેઓએ છોડી દીધી હતી, જેથી શરીઅતપનાહો રોષે ભરાયા અને ઇબ્નુલ અરબી પર "ઇલહાદ" અને "કુફ્ર"ના આક્ષેપો કરી તેમને બદનામ કરવા લાગ્યા. શેખ ફરીદુદ્દીન અત્તારે 'મઝહરુલ–અજાયબ' નામના પોતાના પુસ્તકમાં ઇલાહી મર્મ વિષે લખીને જુના વિચારના લોકોનો રોષ વ્હોરી લીધો તેમ ઇબ્નુલ અરબી માટે પણ બનવા પામ્યું હતું. પરંતુ તેઓ નિડર અને સ્વતંત્ર મતવાદી હતા, જેથી તેઓએ પોતાને માટે લોકમત નબળો બનશે એવી બીતિ રાખી ન્હોતી.

## કિમીયા અને ઇસ્મે આઝમના જાણકાર.

તેમના જીવન ચરિત્રનો પુરેપુરો અહેવાલ અલ–મક્કરી કૃત નફહુત–તીબમાં તેમજ જામી કૃત "નફહાતુલ ઉન્સ"માં આપવામાં આવ્યો છે. તેઓ અન્ય સુફીઓ પેઠે કવિ પણ હતા. તેમના સેંકડો કવનો નફહુત–તીબમાં પણ આપવામાં આવ્યા છે. પ્રો૦ બ્રાઉનનાં જણાવ્યા અનુસાર તેમણે સ્વપ્નામાં હઝરત નબી સાહેબના દર્શન કર્યા હતા અને હઝરત ખિઝર અ. પાસેથી દરવીશીનો ઝબ્બો 'ખિર્કહ' પ્રાપ્ત કર્યો હતો (૧.) તેઓ 'કીમીયા' તથા 'ઇસ્મે આ'ઝમ'ના જાણકાર હતા. વળી સ્વપ્નાની મહત્વતામાં પોતાના મનોબળથી તે સત્ય કરવાની મનુષ્યમાં શકિત હોવાનું તેઓ માનતા હતા.

## ઇબ્નુલ અરબીનું "આધ્યાત્મિક જગત."

ઇબ્નુલ અરબી આલમુતવાસીઓના દાઇ=મિશનરી તરીકે 'તકિયો' રાખી સેવા કરતા હતા. એમની લેખન શૈલીમાંથી એ ભાવનાનું દર્શન થઇ શકે છે. ઇશ્ક (પ્રેમ), આશક (પ્રેમી), માશુક (પ્રેમપાત્ર), શરાબ, સાકી, ગાલપર તલ, આદી સુફીઝમના વિશેષણો એમનાં લખાણમાં તરવરી રહ્યા છે. આ સઘળાની કામિલ મુરશીદની ખુદાઇ સાથે તેને હકકાની લિબાસ પહેરાવ્યો છે. તેઓ કહે છે કે 'તમારા માટે આવશ્યક છે કે "શેખ" અર્થાત "મુરશીદ"ની શોધ કરો. "શુધ્ધતા" અને 'સત્યતા' એ મુરીદના લક્ષણ હોવાં જોઇએ, કારણ કે જ્યારે મુરીદ અલ્લાહતઆલા જોડે સત્યતા અને શુધ્ધતાથી સિધ્ધી સાધે છે તો અલ્લાહતઆલા તેના માટે 'દસ્તગીર'=હાથ પકડનારો થાય છે અને જ્યાં તે પહેલાં શયતાનના ગળાનો હાર બનેલો હતો તેજ, મુરશીદના પ્રતાપે હવે ફરિસ્તો બની જાય છે; કારણ કે સત્યતા જે વસ્તુ ઉપર પડે છે, તેની કાયા પલટાઇ જાય છે. આ એક એવો સવાલ છે, જેની તલાશ કરવાની સખ્ત જરૂરત છે.

પ્રોફેસર નિકલસન વર્ણવે છે કે, 'સત્ય ખ્યાલ'ના જગતમાં હઝરત મુહમ્મદ સ.ને ફરિસ્તાઓ, નબીઓ અને ઔલીયાઓની વચ્ચે તખ્ત ઉપર બિરાજમાન થયેલા ઇબ્નુલ અરબીએ જોયા અને ખુદાઇ ભેદની વિગતો બહાર લાવવાની તેમની કનેથી ઇબ્નુલ અરબીને આજ્ઞા મળી. એક પ્રસંગે ઇબ્નુલ અરબી કા'બા શરીફની પ્રદક્ષિણા કરી રહ્યા હતા. એકાએક 'યુવાન' સ્વરૂપમાં આકાશી રૂહ સાથે તેમની મુલાકાત થઇ. બહારના સ્વરૂપમાં જે નિર્જીવ કા'બા છે તેના સિધ્ધાંતમાં જે જીવંત બાતુની 'કા'બા' છુપાયલો છે, તે ઇબ્નુલ અરબીને તેણે દેખાડયો. એ જોઇને તેઓ બેહોશ થઇ ગયા અને શુધ્ધિમાં આવતાં તેમણે જાહેર

૧. ઇ. જી. બ્રાઉન કૃત ધિ લિટરરી હિસ્ટ્રી ઓફ પરશીઆ વોલ્યુમ ૨, પાનું ૪૯૯.

સ્વરૂપનું ચિંતન કર્યું. ત્યારપછી ઇબ્નુલ અરબી સાથે પેલા યુવાને 'કાબા'માં પ્રવેશ કર્યો અને પાછું રૂહાની સ્વરૂપ ધારણ કરી ત્રણ પગ ઉપર ટેકેલા ઘોડા પર સ્વાર થયેલ તેમને પ્રત્યક્ષ જોવામાં આવ્યા. એ યુવાને ઇબ્નુલ અરબીના સીનામાં સર્વ વસ્તુઓનો જ્ઞાનમંત્ર ફુંક્યો અને ખુદાઇ આકારમાં જે ભેદો ભરેલા છે, તેનું વર્ણન ફરીથી વધુ એકવાર કરવા માટે આજ્ઞા કરી. ઇબ્નુલ અરબી પોતાની ભકિતમાં 'ઝાહેરી' હતા અને પોતાની શ્રધ્ધામાં 'બાતુની' હતા. તેઓએ સઘળી 'તકલીદો' (બાહ્યાચારો)ને ફેંકી દીધી હતી.

કૌનિયાવાસી શેખ સદરૂદીનનું કહેવું છે કે ઇબ્નુલ અરબી ભુતકાળમાં થઇ ગયેલા નબી કે ઓલીયાઓ માંહેના કોઇપણ રૂહ સાથે પોતાને ગમે રીતે એકત્ર કરવાની શકિત ધરાવતા હતા. જો નબીઓની ઇચ્છા થતી તો તેઓ આ દુનિયામાં પવિત્ર પુરૂષોની રૂહાનીઓને હેઠળ લાવી શકતા હતા અને ચૈતન્ય અથવા સ્થુળ સ્વરૂપમાં તેમનો મેળાપ કરી શકતા હતા. જો ખુદાની ઇચ્છા થતી તો પોતાની નિંદ્રામાં તેમને પોતાની સન્મુખ જોઇ શકતા અથવા તેઓ પોતાના સ્થુળ શરીરનો ત્યાગ કરીને ખુદાની જોડે જોડાઇ જતા હતા.

ખુદાઇ ઇશ્કમાં મસ્ત થઇ ઇબ્નુલ અરબી પ્રેમપાત્રની પ્રશસ્તી ગાવામાં એટલા તો લીન થઇ જતા હતા કે તેમને કંઇ સુધબુધ રહેતી નહિ અને જાણે શરાબનો કેફ ચડયો હોય, તેવી તેમની સ્થિતિ થઇ પડતી હતી.

## ઇબ્નુલ અરબીના અજોડ કથનો.

ઇબ્નુલ અરબીના ઉદ્દગારોમાંથી પ્રોફેસર નિકલસન કેટલાક પ્રસંગ આ પ્રમાણેનાં ટાંકે છે: "દુઆ બંદગીનું તત્વ છે; જેવી રીતે અવયવોને તાત્વિક પદાર્થ બળ આપે છે, તેવી રીતે દુઆ બંદગીને બળ આપે છે, ખુદાઇ મોતી એ એક સફેદ મોતી સમાન છે, જેને અંધકારમય ફનાના છીપમાં નિવાસ કરવો પડે છે. મારૂં દરેક સ્વરૂપ શકિતમાન છે. જેમ 'સન્યાસી' માટે 'હુજરો', 'મુર્તિ માટે મંદિર', અને મૃગો માટે 'ચારાગૃહ' હોય છે, તેમ 'પુજારી' માટે દિલનો 'કાબા' તૌરાત અને કુરઆનની 'લોહ' ઇશ્કનો મઝહબ છે, જે મઝહબ હું ધરાવું છું. ગમે તે બાજુ ઉંટનું મોં કરો તે બાજુ ઇશ્કનો મઝહબ છે અને ઇશ્ક મારો મઝહબ અને ઇમાન છે."

"ફુસુસુલ હકમ" ના પહેલા પ્રકરણમાં ઇબ્નુલ અરબી કહે છે કે જ્યારે ખુદાએ ઇચ્છયું કે તેની સિફાતોનો ઝહુર થાય ત્યારે ખુદાએ એક "કૌને જામી"=સુક્ષ્મ સ્વરૂપ અર્થાત "ઇન્સાનુલ કામિલ" સર્જ્યું, જેની દ્વારા ખુદાનો "ઇસરાર" પોતે ઝહુર થાય. ઇબ્નુલ અરબીના આ વચનથી પ્રેરાઇ અબ્દુલ કરીમ ઇબ્ને ઇબ્રાહીમ 'જીલ્લી'એ 'ઇન્સાનુલ કામિલ ફી માઅરેફતિલ અવાખિર વલ અવાયિલ' નામનો ગ્રંથ તેની શરેહમાં લખ્યો હતો. એ ગ્રંથમાં લેખકે 'સાઇસાદા ઇલિલ્લાહ'ને 'જમાલો દુસ્નદું'નાં રૂપક પદમાં આપ્યું છે.

પ્રોફેસર બ્રાઉનના કથન અનુસાર ઇસમાઇલીઓ ઇબ્નુલ અરબી પ્રત્યે અસીમ પ્રેમ ધરાવે છે. શામ અને ઇરાનના ઇસમાઇલીઓ તેમના પુસ્તકોને પોતાની ધર્મભાવનાના ગ્રંથો જાણી તેનો લાભ લે છે.

ઇબ્ને ખલદુન લખે છે કે ઇબ્નુલ અરબીની ધર્મમાન્યતા 'ઇસમાઇલીયા' અને 'બાતિનીયા' ફિરકાના વિચારોથી જોડાયલી છે કે જેની સાથે 'સબઇન' (સબાઇયા)ને પણ જોડવામાં આવે છે.

અલ્લામા તયમીયાએ બન્ને બુઝુર્ગોને સ્પષ્ટ બાતિનીયા અને ઇસમાઇલી કહ્યા છે. એ બીના તેમની રચેલી કૃતિ 'અર્રદ અલલ મન્તિક'માં મળી આવે છે. ઇબ્નુલ અરબીના શાગિર્દો ઇબ્ને અરીફ, ઇબ્ને કાસિ અને નજમે એ બન્ને બુઝુર્ગોનું અનુકરણ કરી ઇમામની 'ખુદાઇ' તથા 'મુન્તકલ'ના સિધ્ધાંતો માન્યા છે.

## ઇબ્નુલ અરબી "હુજ્જતે આઝમ" તરીકે.

ઇબ્નુલ અરબી જન્મે ઇસ્માઇલી ન્હોતા પણ પાછળથી તેઓએ ઇસ્માઇલી ધર્મનો અંગીકાર કર્યો હતો, પરંતુ "બાતિનીયા" તરીકે તેમને સંબોધીને ઇતિહાસકારોએ ભેળસેળ કરી છે. તેમને મૌજુદ ઇમામે "હુજ્જતે આઝમ"નો ઇલકાબ અર્પણ કર્યો હતો. તેઓને તેમની વિદ્વતાને અંગે લોકો "શેખુલ અકબર" તરીકે સંબોધતા હતા. વળી હુજ્જતુલ્લાહહિલ ઝાહિર=ખુદાની ઝાહેર હુજ્જત અને આયતુલ્લાહો બાહિરા=ખુદાની કરામતી નિશાનીને નામે પણ વિખ્યાતી પામ્યા હતા. ધનસંપતિની ઇબ્નુલ અરબીને બિલકુલ પરવાહ નહોતી, જો કે તેઓ તેની વિરૂધ્ધતા કરતા નહોતા; બલ્કે ખુદાની પ્રીતિ મેળવવાના એક સાધન સમ તેને લેખતા હતા, પરંતુ અંગત રીતે તેમને એ માટેની તમા ન્હોતી. દમિશ્કમાં હરીહામ થયા પછી હેમ્સનો ગવર્નર તેમને રોજના ૧૦૦ દીરહમ અને ઇબ્નલ અઝરી ૮૦ દીરહમ આપતા હતા, તેમાંથી પોતાના ખપ જોગું રાખી બાકી તેઓ દાનમાં ખર્ચતા હતા.

હિજરી સન ૬૩૮ ના શુક્રવાર તા. ૨૮ મી રબીઉલ આખરમાં ૭૮ વર્ષની વયે તેમનું અવસાન થયું. "કાસીયુલ" (હાવનું સાલહ) પર્વતની તળેટીમાં તેમની મઝાર આવેલી છે.

હિજરી સન ૬૧૮ ના રમઝાન માસમાં ઇબ્નુલ અરબીના માલ્ટાના નિવાસ દરમ્યાન તેમને એક પુત્ર રત્ન સાંપડ્યો. પિતાનું નામ પુત્રે ઓર દિપાવ્યું. તેઓ એક સારા શાયર હતા અને તેમની રચેલી દીવાન મૌજુદ છે. હલાકુખાને બગદાદમાં પગ મુકયો તેજ વર્ષમાં અર્થાત હિજરી સન ૬૫૬ માં તેમનું અવસાન થયું અને તેમના મહાન પિતા પાસે તેમના શબનો જુમિદાહ કરવામાં આવ્યો.

## સંત જમાલુદીનને ઇસમાઇલી માન.

આલમુત અને કઝવીનવાસીઓનો કેવો સંબંધ હતો તે આપણે આગળ જોઇ ગયા છીએ. આલમુતના ઇસમાઇલી રાજ્યની પ્રતિદિન વધતી જતી કીર્તિ કઝવીનવાસીઓથી જોઇ શકાતી નહોતી. કઝવીનના એક સંત શેખ જમાલુદીનને "આરિફબિલ્લાહ" અર્થાત અધ્યાત્મજ્ઞાની તરીકે આલમુતના અધિકારી ઇમામ તેમના પ્રત્યે પ્રેમભાવ રાખતા હતા, તેથી એ દરવેશ પ્રત્યે પણ કઝવીનવાસીએ ખીજાતા હતા. કઝવીનવાસીઓની આટલી બધી દુશ્મની ભરેલી વલણ છતાં શેખ જમાલુદીનની મહોબ્બતને લઇને આલમુતના ઇસમાઇલીઓ કઝવીન પર આક્રમણ કરતા નહોતા; છતાં પણ કઝવીનવાસીઓ પોતાની બુંડી વલણ છોડતા નહોતા. એક દિવસે ઇમામે નારાજ થઇને જણાવ્યું કે: "જો શેખ જમાલુદીનનું નિવાસસ્થાન કઝવીનમાં ન હોત, તો હું તેની માટી પણ સલામત રહેવા આપત નહિ."

"દબિસ્તાનુલ મઝાહિબ"ના નિર્દેશ અનુસાર આ સમયના દરવેશોમાં એક શેખ જમાલુદીન કંબલી હતા, જેઓ કઝવીનમાં લોકોને ઉપદેશ આપતા હતા, તેમણે છુપી રીતે ઇસમાઇલી દઅવત સ્વીકારી લીધી હતી.

## વફાત.

હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ. ના સમયમાં અનેક નામાંકિત ઇસમાઇલી બુઝુર્ગો થતા પામ્યા છે, જેમાંના ઘણુનો ઉલ્લેખ ઉપર કરવામાં આવ્યો છે. હિજરી સન ૬૫૩ ના વર્ષના સંજોગોવસાત સુલતાન અહેમદ ઇબ્ને મલિકશાહ સલજુકી, જે અગાઉ આલમુતના નિઝારીઓ સાથે

મિત્રતા રાખતો હતો, તેણે પોતાનું વલણ બદલ્યું અને ખ્વારિઝમશાહના હુકમથી હસન માઝન્દ્રાની નામના એક શખ્સને ઉભો કરી ઇમામને ખાનગીમાં શહીદ કરી નાખવાનું કાવતરૂં રચ્યું. હઝરત ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. પોતાના શયનગૃહમાં આરામ લઇ રહ્યા હતા, ત્યાં કને ઘુસી જઇને જાણ વગર એકાએક હિજરી સન ૬૫૩ ના શવ્વાલ માસમાં શહીદ કરી હસન ભાગી છુટયો. ઇમામની વફાત થયા પછી તેઓશ્રીના શબનો 'શીરકુહ'ના કિલ્લામાં ભુમિદાહ કરવામાં આવ્યો.

હઝરત ઇમામ અલાઉદીન અ. ના શાહઝાદા હઝરત ઇમામ શાહ રૂકનુદીન ખુરશાહ અ. ઇમામતની મસનદ ઉપર બિરાજમાન થતાં આલમુતના બાદશાહ તરીકે પ્રજાએ તેમની બયઅત કરી.

# HAZRAT MOWLANA IMAM RUKNUDDIN KHURSHAH.

( A. H. 653 654 )

(૨૭)

# હઝરત મૌલાના ઈમામ રૂકનુદ્દીન ખુરશાહ અ૰

(હિજરી સન ૬૫૩–૬૫૪)

હઝરત મૌલાના ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ.એ પોતાના પિતા બુઝુર્ગવારની વફાત પછી હિજરી સન ૬૫૩માં ઇમામતની મસનદ પર જલવા અફરોઝ થઇ આલમુતની રાજ્ય લગામ પોતાના હાથમાં લીધી. હિસ્ટ્રી ઓફ પરશિયામાં સર જોન માલકમ જણાવે છે કે હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. કાહિરશાહના નામે વધુ સારી રીતે મશહુર છે.

"આસારે મુહમ્મદી"ના કર્તાના કથન અનુસાર હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. મસનદનશીન થયા પછી ઇમામે પોતાના હાથમાં પહેલવહેલું જે કાર્ય હાથ ધર્યું તે પોતાના પિતાશ્રીના કાતિલ હસન માઝન્દ્રાનીને દેહાંત દંડની શિક્ષા કરવાનું હતું. સુલતાન ખારિઝમશાહની ઉશ્કેરણીથી હસન માઝન્દ્રાનીએ ઇમામને શહીદ કર્યા હતા અને તેની ખાત્રી કર્યા પછી ખુનીને મોતની સજા કરવામાં આવી.

## કઝવીનવાસીઓનું કાવતરૂં.

ખ્વાજા નસીરૂદ્દીન તુસી હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ.ના સમયમાં પણ વડા વઝીર હતા, તેથી અબ્બાસીઓને આલમુતની સત્તા વધુ મજબુત થવાની ચિંતા રહ્યા કરતી હતી. કઝવીનવાસીઓ પણ આલમુતના રાજ્યની સ્થાપનાથીજ ઇમામની સામે ખરાબ વર્તન ચલાવતા હતા અને તેમની રાજ્યસત્તાને નરમ પાડવા તેઓએ પ્રયોગો પણ અજમાવ્યા હતા; પરંતુ વડા વઝીર ખ્વાજા નસીરૂદ્દીન તુસી ઘણા બુધ્ધિશાળી હોઇ તેમની માઠી નજરથી બચી જતા હતા; એવી રીતે કઝવીનવાસીઓની બાજી જેમ જેમ અફળ જતી હતી તેમ તેમ તેઓ વધુ રોષે ભરાતા હતા. અંતે એ લોકોએ ચાલ બદલીને તાતારીઓ (મંગોલો) ભણી દ્રષ્ટિ કરી અને તેમની મદદ મેળવવા એક કાવતરૂં ઉભું કર્યું.

બીજી તરફ અબ્બાસી ખલીફ મોસતાસિમબિલ્લાહ અને કઝવીનવાસીઓ વારંવાર તાતારી ખાન પાસે ઇસમાઇલીઓનું બળ તોડી પાડી આલમુતની રાજ્યસત્તાનો નાશ કરવાની માગણી કરી રહ્યા હતા અને એ વિષયે તેમણે પુષ્કળ કાગળો પણ લખ્યા હતા; પરંતુ તાતારીઓ તરફથી અદ્યાપી પર્યંત કાંઇ ફાવતો પ્રત્યુત્તર મળ્યો નહોતો. છેવટે તાતારી શહેનશાહ ચંગીઝખાનના મરણ બાદ તેના ચાર પુત્રો વચ્ચે રાજ્યની વહેંચણી કરી દેવામાં આવી ત્યારપછી દુશ્મનોએ સમય અનુકુળ આવેલો જોયો. હિજરી સનની છઠ્ઠી સદીની આખરીમાં ચંગીઝખાનની સરદારી હેઠળ તાતારી સૈન્યની ખરી-

એથી ધરા ધ્રુજી ઉઠી અને પાછળથી આખુયે એશીયા એ વટોળીયામાં ઘેરાઇ ગયું. મંગોલરૂપી એ ભુકંપનો આંચકો એટલો તો સખ્ત હતો કે તેણે છેક યુરોપ ખંડના મુલ્કોમાં પણ ખાનાખરાબી કરી. ચંગીઝખાનના મૃત્યુ પછી તેના ત્રીજા ઉતરાધિકારી મનકુખાનના રાજ્યઅમલ દરમ્યાન તેના ભાઇઓ કુબ્લાઈખાન અને હલાકુખાને ચીન અને ઇરાન પર વિજય મેળવ્યો. હલાકુખાનની ઇરાનની ચઢાઇ સમયે આલમુતમાં હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ.નો શાસનકાળ હતો. એ આક્રમણ કેવા સંજોગમાં થયું, પ્રથમ તે આપણે જોઇશું.

## કઝવીનના કાઝીની ઉશ્કેરણી.

અબ્બાસી ખલીફ મોસતસિમબિલ્લાહ તથા કઝવીનના સત્તાધીશોએ તાતારી શહેનશાહ પર તેની રાજધાની કારાકોરમ ખાતે એક એલચી મંડળ દ્વારા એક પત્ર મોકલાવ્યો, જેમાં લખેલું હતું કે ઇસમાઇલીઓ સમસ્ત એશિયાના રાજ્યોને કનડી રહ્યા છે, માટે તેમનું વધતું જતું બળ તોડી પાડવાનું કામ અમારી શકિત બહારની વાત છે, જેથી આ કાર્ય માટે તમોને વિનંતી કરીએ છીએ. એ પત્ર મનકુખાનના એક સરદાર અમીર તાબજ્યુઆને મજકુર એલચી મંડળ સહિત પોતાના બાદશાહની દરબારમાં રજુ કર્યો. વધુમાં પોતાની તરફથી બીજી હકીકત રજુ કરતાં આલમુતવાસી ઇસમાઇલીઓના હાથે જે નાસીપાસી તેને મળી હતી તેનું અતિશ્યોકિતભર્યું વર્ણન કરી બાદશાહને ઉશ્કેરવાની પયરવી કરી.

તાતારી ખાન મનકુખાને અમીર તાબજ્યુઆનને લશ્કર સહિત ઇરાન મોકલી, ઇસમાઇલીઓ અને અબ્બાસીઓના પ્રશ્ન વિષે શું પગલાં લેવા તે માટે રિપોર્ટ કરવા જણાવ્યું હતું, પરંતુ તે આલમુત અને બગદાદ ગયો છતાં કાંઇ ખાસ માહિતી મેળવી શકયો નહોતો અને ધીલે મોઢે પાછા ફરવાનો સમય આવી લાગતાં તે ઇરાનની સરહદ પર પડ્યો હતો. એ સંબંધમાં તેને ઘણું સાલતું હતું તે આગ ઠંડી કરવા આ ઉપાય તેણે યોજ્યો.

તાતારી ખાનની દરબારમાં આવેલા એલચી મંડળ સાથે કઝવીનનો કાઝી ઢોંગ કરી બખ્તર પહેરી આવ્યો હતો અને રડતું મ્હોં બનાવી તે કહેવા લાગ્યો કે: "અમારી સ્થિતિ ઘણી દુઃખભરી થઇ પડી છે. ઇસમાઇલીઓના ડરથી અમને બખ્તર પહેરીને ફરવું પડે છે. આઝાદીથી અમે કયાંયે આવજાવ કરી શકતા નથી. અમારૂં તમે કોઇપણ રીતે રક્ષણ કરો. નહિતર અમારૂં જીવન સાવ અકારૂં થઇ પડશે." આટલું કહ્યા પછી તેણે પોતાના શરીર પરના કપડા ખસેડ્યાં, એટલે કાઝીએ અંદર બખ્તર પહેર્યું હતું, તે દેખાયું. આ જોઇને તાતારી ખાને વિસ્મય પામીને પુછ્યું:—"આનું કારણ શું?"

"નામદાર!" કાઝીએ ધીલે મોઢે અને આંખમાંથી આંસુ કાઢીને કહેવાનું શરૂ કર્યું:—"અમારા દુઃખની કહાણી ઘણી દર્દનાક છે."

બાદશાહ લાગણીવશ થઇને કહેવા લાગ્યો:—"મને તો ખબર પડવી જોઇએ કે તમારા દુઃખની હકીકત શું છે? સ્પષ્ટપણે કહો તો કાંઇ સમજી શકાય."

કાઝીએ કહ્યું:—"નામદાર! અમારા અમીર ઉમરાવ તથા રાજ્યના બીજા ઓધ્ધેદારોના પ્રાણ હમેશાં જોખમમાં રહે છે. આલમુતના ઇસમાઇલીયો અમોને એટલો બધો ત્રાસ આપે છે કે, અમો બહાર પણ નીકળી શકતા નથી અને અમારા દુઃખનું નિવારણ કરી શકે એવું તમારા સિવાય અન્ય કોઇ નથી."

## તાતારી રાજધાનીથી હલાકુખાનની આલમુત ભણી કુચ.

કઝવીનના કાઝીના નિવેદન સાથે અમીર તાગજુખાનને પણ નિરાશા સાથે પાછું ફરવું પડ્યું હતું, તેની પણ બાદશાહને યાદ આવતાં ચચરાટ થયેજ હતો. તેમાં વળી કાઝીએ અગ્નિમાં તેલ હોમવાનું કાર્ય કરતાં, વેર વાળવાની જ્વાળા એકદમ ભડકી ઉઠી. તરત ખાને લશ્કર તૈયાર કરી આલમુત ભણી કુચ કરવાનો હુકમ કર્યો અને હલાકુખાનને જંગી ફોજ સાથે આલમુત પર ચઢાઈ લઈ જવાની આજ્ઞા કરી.

હલાકુખાન પોતાનું સૈન્ય વ્યવસ્થિત બનાવી તેમાં ત્રણ હજાર દારૂગોળા બનાવનારા ચીનાઓનો ઉમેરો કરી તેને વધુ બળવાન બનાવ્યું. આ ચીનાઓ કિલ્લા ઉપર ઘેરો નાખવાના યંત્રો ચલાવતા અને પાછળથી "ગ્રીક ફાયર" તરીકે જાણીતા થયેલા ગોળા અર્થાત પાણી તળે પણ સળગી ઉઠે તેવા ગોળા ફેંકવાનું કાર્ય કરતા હતા. હિજરી સન ૬૫૨ ના રમઝાન માસમાં તેણે છાવણી ઉંચકી અને માર્ગમાં અન્ય સૈનિકો લુંટની આશાએ હલાકુખાનના લશ્કર સાથે જોડાતા ગયા. કુચ દરમ્યાન પ્રથમ સમરકંદમાં અને ત્યાર પછી કાશમાં તેણે એક મહિના પર્યંત વિસામો લીધો.

વોન હેમરના દર્શાવ્યા મુજબ આ સ્થળે ખુરાસાનથી મલિક શમ્સુદીન કુર્ત અને અમીર અરઘુન શરણે આવી હલાકુખાન સાથે જોડાયા. વળી તેણે આજુબાજુના દેશોમાં આ સંદેશા સહિત પોતાના એલચીઓ મોકલાવ્યા કે: "બાદશાહ મનકુખાનની આજ્ઞાથી હું ઈસ્માઈલીઓ સામે તેમનો અને તેના વંશવેલાનો નાશ કરવા ચઢાઈ લઈ જાઉં છું. મારા આ સાહસમાં તમો મને સહાય કરશો તો તમારી મહેનતનો બદલો વાળી આપીશ અને તમારો દેશ રક્ષિત રહેશે." હલાકુખાનના જંગી સૈન્યના આ સમાચાર ફેલાતાં વેંતજ લોકો તેના દાબમાં આવી ગયા અને રૂમ, ફાર્સના સલજુક રાજવીઓ સુલતાનોના એલચીઓ પોતાના માલિક વતી તાબેદારીના સંદેશા લઈ આવ્યા.

## હલાકુખાન કાર્ય આરંભે છે.

હિજરી સન ૬૫૩ ના ઝીલહજ મહિનાના આરંભમાં હલાકુખાને એક કામચલાઉ પુલથી જયહુન (ઓક્ષસ) નદી ઓળંગી તેની પેલે પાર છાવણી નાખી અને સિંહના શિકારમાં વખત ગાળતાં શીયાળો આવી લાગ્યો જેથી ઠંડી એટલી તો સખ્ત પડી કે સૈન્યના લગભગ સઘળા અશ્વો ઠરી ગયા. પરિણામે આ સ્થળે તેને વસંતઋતુ સુધી થોભવું પડ્યું, જે સમયે અરઘુનખાન એક જંગી ફોજ સહિત તેની સેવામાં હાજર થયો. હવે હલાકુખાન શીરઘાનથી રવાના થઈ ખ્વાફમાં આવી પહોંચતાં બીમાર પડી ગયો, જેથી તેણે પોતાના એક જનરલ કાયુ કનીઆનને કોહિસ્તાન સર કરવા મોકલ્યો અને પોતે હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહના વડા વઝીર નસિરૂદીન તુસીની જન્મભુમિ તુસમાં મુકામ કર્યો. ત્યાંથી તે મન્સુરીયા પહોંચ્યો જ્યાં અરઘુનખાનની પત્નિઓ તથા તેના નાયબ ઇઝઝુદીન તાહિરે તેની ખુબ આગતાસ્વાગતા કરી. આ સ્થળેથી તેણે મલિક શમ્સુદીન કુર્તને સરખસ્તના હાકિમ નાસિરૂદીન અબ્દુલરહેમાન પાસે મોકલ્યો અને તેમને ભારે માન ઇકામથી નવાજી મુકયા.

## ઈસ્માઈલી ગવર્નર નાસિરૂદીનનો વીરતાભર્યો જવાબ.

"રવઝતુસ્સફા"ના કથન અનુસાર હિજરી સન ૬૫૪ માં તાતારી લશ્કર આલમુતની સરહદમાં આવી પહોંચ્યું. આલમુતના લશ્કર સાથે એક પહાડ પરની ચઢાણવાળી જગ્યાએ તાતારી લશ્કરનો

મુકાબલો થયો. તાતારીઓને અત્રેથી માર ખાઇને પાછું હઠવું પડયું. પરંતુ તાતારી લશ્કરે આ હારથી ચીડાઇને સંખ્યાબંધ ખેતરો બાળી નાખીને પોતાનું વેર વાળ્યું. ત્યાર પછી તાતારીઓએ દિશા બદલી, જનરલ હલાકુખાનને લઇને ખાનગી રીતે આગળ વધ્યા અને અનરાફના રાજ્યાધિકારીઓને લાલચ આપીને ફોડવાની શરૂઆત કરી; એ દિશામાં કેટલેક અંશે તેને સફળતા મળી. ત્યારપછી તેણે પોતાના એક વિશ્વાસુ સરદાર મલિક શમ્સુદીન કુર્તને કોહિસ્તાનના ઇસ્માઇલી ગવર્નર નાસિરૂદીન અબ્દુલરહેમાનને પોતાની પાસે તેડી લાવવા મોકલાવ્યો. એ વખતે "સરખસ્ત" નામનાં કિલ્લામાં તેમનો નિવાસ હતો. તેઓ પાકટ અને વયોવૃધ્ધ હોવાથી સમય વર્તી શમ્સુદીન સાથે તાતારી સરદાર પાસે આવ્યા. તેણે ગવર્નર નાસિરૂદીનને ઘણા માન સાથે પોતાની પાસે બેસાડીને વાતચીતનો આરંભ કરતાં તાતારી સરદાર હલાકુખાને જાળ પાથરતાં કહ્યું કે: "આલમુત ગઢની પ્રજા જુલ્મી છે અને લોકો પર અનહદ અત્યાચાર કરે છે. તેની સત્તા તોડી પાડવી જોઇએ. તમો રૂદબાર પ્રાંતના બુઝુર્ગ પુરૂષ છો માટે એ કાર્ય અર્થે તમોને અમારો સાથ આપવો પડશે. વિશેષમાં અમો ઇચ્છીએ છીએ કે તમારા ઉપર ઝઝુમતો ભવિષ્યનો જુલ્મ આજે ટાળી દઇએ જેથી હવે પછી તમો સુખે રાજ્ય ભોગવી શકો."

આ સાંભળી અમીર નાસીરૂદીને કહ્યું:—"સરદાર! તમારા આક્ષેપો મારાથી સાંભળી શકાતા નથી. મને કયાં વધારે જીવવું છે કે થોડી જીંદગી માટે હું તમારા કાળા ધોળામાં સાથ આપું!"

હલાકુખાને પોતાના કહેવાની ઉલટી અસર થતી જોઇ વલણ બદલીને કહ્યું:–"ગવર્નર સાહેબ, તમો અત્રે મારી પાસે એકલા આવ્યા છો! કિલ્લામાંના બીજા ઇસ્માઇલીઓ તમારી સાથે કેમ આવ્યા નથી?"

ગવર્નરે કહ્યું:—"એ તો પ્રજાના માલિક હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. જાણે; એ વિષે હું કાંઇ કહી શકું નહિ." આટલું કહી તેઓ પોતાના કિલ્લા ભણી રવાના થયા. હલાકુખાન તેમના વફાદારીભર્યા વેણોથી આભો બની ગયો અને અત્રેથી પોતાની છાવણી ઉપાડીને આલમુત ભણી પ્રયાણ કરવાનો તેણે ઠરાવ કર્યો.

## ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. ને તાતારી સંદેશ.

મૌલવી અબ્દુલ હલીમ શરર પોતાની કૃતિમાં જણાવે છે કે તાતારી તીડોનું દળ પુર્વના દેશોમાં એક પ્રચંડ તુફાનની પેઠે ઉભરી નીકળ્યું અને ઇરાનના ઇલાકાઓને ફનેહ કરતું કરતું તે આગળ વધ્યું. જે રાજવીઓ તેની સાથે મળતા હતા, તેને પોતાના પક્ષમાં લેતા હતા અને જેઓ વિરૂધ્ધ જતા તેમનો તેઓ વિનાશ કરતા હતા. હલાકુખાનને મુસ્લિમ મુલકો ભણી આક્રમણ કરવા વિદાય આપતી વખતે તાતારી બાદશાહ મનકુખાને હલાકુખાનને ભલામણ કરી હતી કે: "આ સવારી દરમ્યાન ચંગીઝખાની રિતરિવાજને અનુસરજે. મંગોલીયન સત્તાને જયહુન નદીથી વધારીને નાઇલ નદીની પેલીમેર સુધી વિસ્તારજે." તે પ્રમાણેજ તેણે પગલાં લીધાં હતાં.

હલાકુખાને પોતાના બાદશાહના આ સખુનો અંતરમાં કોતરી રાખ્યા હતા અને તેને કબુલ નહિ રાખનાર પુરૂષને તેના સ્ત્રી કે બચ્ચાંઓ સહિત તે કત્લ કરતો હતો. આ સાદી તરસ્યા તાતારીઓ સામે નહિ થતાં ખુરાસાનથી મલિક શમ્સુદીન કુર્ત અને અમીર અરઘુન, ફારિસ્તાનથી અતાબેક સાઅદ, રૂમથી સુલતાન રૂકનુદીન અને એ પ્રમાણે ઇરાક, આઝરબાયજાન, શિરવાન, ગુરજીસ્તાનના બાદશાહોએ પણ તેનું વડપણ સ્વિકાર્યું. આ સઘળા રક્ષિત રાજવીઓનું લશ્કર પણ હલાકુખાનના સૈન્ય સાથે ભળવાથી લાખોનું લશ્કર એકઠું થયું. તે "ઝાદએ ખ્વાફ"થી થઇ "કાઇન"ના માર્ગે આગળ વધ્યું. હલાકુખાન જુનુશાન પાસે આવી પહોંચતાં મંગોલોએ પુર્વેની ચઢાઇ વેળાએ જે સ્થળના કિલ્લાઓ જમીનદોસ્ત કર્યા હતા, તે આમ પ્રજાના

ખર્ચે ફરી બાંધવાનો હુકમ કરી, પોતે ખિરકાન ભણી ચગી આવ્યો, જ્યાંથી તેણે હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. પાસે પોતાનો એલચી મોકલી કહેવરાવી મોકલ્યું કે "અમારા બાદશાહ મનકુખાન પાસે ઇસમાઇલી વિરૂધ્ધ ઘણી ફરીઆદો આવી છે અને એ સબબે મારે આલમુતના રાજ્ય ઉપર ચઢાઇ લાવવી પડી છે. જો તમો સલાહ ચાહતા હો તો તમોને મારી પાસે જાતે આવવું. જો એ પ્રમાણે અમલ કરવામાં નહિ આવશે, તો મને લડાઇ જાહેર કરવી પડશે. હું મારી સાથે અગણિત લશ્કર અને ઘણોજ લડાયક અસબાબ લાવ્યો છું જેથી આલમુત સર કરવામાં મને વાર લાગશે નહિં."

## ઇમામની સુલેહ પ્રિયતા–તાતારીઓ પોતાની મનોદશા પ્રગટ કરે છે.

હલાકુખાનનો એક સેનાપતિ બાયજુર ન્યુઆન બીજી તરફ હમદાન સુધી આવી પહોંચ્યો હતો. ઇમામને સંદેશો મળતાં તેઓએ પ્રથમ બાયજુર ન્યુઆન સાથે પત્ર વ્યવહાર કર્યો, પરંતુ તેનો સંતોષકારક ખુલાસો ન થતાં પોતાના બંધુ શાહિનશાહને હલાકુખાન પાસે મોકલવાનો ઠરાવ કર્યો, જે અનુસાર બાયજુરના પુત્ર સહિત હલાકુખાન પાસે જવા શાહિનશાહ રવાના થયા. આ વાટાઘાટ દરમ્યાન હિજરી સન ૬૫૪ના જમાદીયુલ અવ્વલની ૧૦મી તારીખે પોતાના સૈન્ય સહિત બાયજુર પણ આલમુતની સરહદમાં દાખલ થઇ ગયો અને તેણે ઇસમાઇલી કિલ્લાઓ ઉપર આક્રમણ શરૂ કર્યું, પરંતુ તેમાં ન ફાવતાં ગામમાં લુંટફાટ કરવા લાગ્યો.

વોન હેમરના કથન અનુસાર પોતાના બંધુ શાહિનશાહની હલાકુખાન સાથેની મુલાકાત પછી સંધી કરવા ખાતર હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહે કેટલાક કિલ્લાઓ તોડી પડાવ્યા અને એ વિષેની ખબર પોતાના રાજ્યના એક અતિ માનવંતા સરદાર સદરૂદ્દીન ઝંગી દ્વારા હલાકુખાનને પહોંચાડી, પણ એટલું પુરતું ન માની લેતાં હલાકુએ સદરૂદ્દીનને વધારે કડક હુકમો સહિત ઇમામની દરબારમાં પાછો ફેરવ્યો અને ઇમામ પર એક પત્ર પણ લખીને જણાવ્યું કે, "તમારા ભાઇ શાહિનશાહ મારી પાસે આવી ગયા છે અને તેમણે તમારી તરફથી મિત્રાચારીભરી લાગણી જાહેર કરી છે, જે અમો સ્વિકારીએ છીએ; પરંતુ અમારા ચંગીઝી રિતરીવાજ અનુસાર તમારા સઘળા કિલ્લાઓનો તમારા હાથેજ નાશ કરીને તમો બધાએ અમારી તાતારી દરબારમાં હાજર થવું જોઇએ."

'આસારે મુહમ્મદી'માં જણાવ્યા અનુસાર ઇમામે આલમુતના કિલ્લાના કેટલાક બુર્જો તોડાવી પાડ્યા અને પોતાના કાકાના પુત્ર સુલતાન મલિક સૈફુદ્દીનને પોતાના વઝીર શમ્સુદ્દીન કઝ્વીની સાથે મોકલ્યો. હલાકુખાને ઇમામના વઝીર શમ્સુદ્દીન કઝ્વીનીને ગિર્દકુહના કિલ્લા ભણી રવાના કર્યો, જેથી એ કિલ્લાનો રક્ષક સામનો નહિં કરતાં તાતારીઓને તે તરફનો મુલ્ક સરળતાથી સોંપી દીયે. જ્યારે બીજી તરફ ઇમામ પાસે સૈફુદ્દીનને મોકલાવીને હલાકુએ કહેવરાવ્યું કેઃ– "તમો જાતે હાજર થઇ શકતા ન હો તો તમારા પુત્રને તમારા ભાઇ સાથે મોકલવા તસ્દી લેશો."

વોન હેમરે એ વિષેનો ઉલ્લેખ કરતાં વધુમાં ઉમેર્યું છે કે ઇમામે સુલેહ જાળવી રાખવાના આશયથી શમ્સુદ્દીન કઝ્વીની વિગેરેને હલાકુખાન સાથે મોકલવા ઉપરાંત કોહિસ્તાન તથા ગિર્દકુહના હાકિમ તથા સેનાપતિઓને મંગોલ છાવણીમાં પહોંચી જવાની આજ્ઞા પણ આપી દીધી હતી. એ દરમ્યાન ઇસમાઇલીઓથી વસાવેલી પહાડી હારમાળાની તજેરી પાસેના દમાવંદમાં હલાકુખાને આવી પહોંચતા પોતાની મતલબ બર લાવવા તેણે ચાલબાજી કરી કઝ્વીનીને ગિર્દકુહ ભણી જેમ રવાના કર્યો હતો તેવી રીતે ઇમામના પિત્રાઇ સૈફુદ્દીનને એજ આશયથી કોહિસ્તાન ભણી પોતાના એક એલચી સાથે મોકલ્યા, જેઓ રમઝાન માસની શરૂઆતમાં મયમુનદિઝ ખાતે આવી પહોંચ્યા. તેઓએ હલાકુખાનના આગમનની

ખબર સાથે તેણે મોકલેલો સંદેશો પણ ઇમામને જણાવ્યો કે, પોતાના પુત્રને ઇમામ હલાકુ પાસે મોકલશે નહિં, ત્યાં સુધી શાહિનશાહને છાવણીમાંથી જવા દેવામાં આવશે નહિં. એ દરમ્યાન ગિર્દકુહનો ગવર્નર આવી લાગતાં હલાકુએ ઉપર મુજબની માંગણી સહિત શાહિનશાહને પણ ઇમામ પાસે જવા દીધો.

## ઈમામના "વલી અહદ" આઝરબાયજાનને માર્ગે.

હલાકુખાનની આ માંગણીનો ઇમામે સ્વિકાર રાજ્યકીય દ્રષ્ટિએ કરતાં કોઇ બીજા છોકરાને મોકલી પોતાના પુત્ર વલીઅહદ હઝરત શમ્સુદીન મુહમ્મદ અ.ને પોતાના કુટુંબ સહિત ભાઈ ઇરાનશાહ સાથે આઝરબાયજાનના ઇલાકા ભણી વિદાય કર્યા; એમાં ઇમામનો હેતુ મસનદે ઇમામત વંશપરંપરા સુરક્ષિત રાખવાનો હતો.

## મયમુનદિઝનું પતન.

હલાકુખાનને એ ખબર મળતાં તેણે આલમુતને ઘેરો નાખવાનો હુકમ કર્યો. બીજી તરફ વડા વઝીર ખ્વાજા નશીરૂદીન તુસીએ અનાજ તથા પાણીનો જથ્થો જીવન ટકાવી રાખવા માટે સંભાળીને પ્રજાને વાપરવાની ચેતવણી આપી, કારણ કે હલાકુખાનના ઘેરાના પરિણામે બહારથી આલમુતમાં એ સામગ્રી હવે આવી શકે એમ ન્હોતું. આલમુતવાસીઓ પાસે અનાજ તથા પાણીનો જે જથ્થો હતો તે સામાન્ય ખપજોગાં વપરાસથી કાંઇ વિશેષ ન્હોતો. વળી હલાકુખાને ઇરાનના ઘણા ઇલાકાઓમાંના અનાજપાણીના જથ્થાનો નાશ પણ કર્યો હતો, જેથી ઇરાન પ્રદેશમાં પણ અનાજની ખેંચ હતી. આલમુતનો ઘેરો લાંબા સમય પર્યંત રહ્યો. એ દરમ્યાન આલમુતવાસીઓએ અનાજપાણીના જથ્થાને બની શકતી દરેક સંભાળથી વાપર્યો હતો, તો પણ સમય જતાં ખુટી ગયો અને તાતારીઓ પણ આખા ઇરાનને ખુંદી વળ્યા પછી આલમુતના રાજ્યના પાયા ઉખેડી નાખવા તેઓ નિરાંતે અત્રે પડયા હતા.

અંતે પ્રજા ભુખતરસથી પીડાવા લાગી. એ પ્રજાનું દુઃખ ઇમામે જોઈ ન શકવાથી એનો કાંઇ તોડ કઢાવવા તાતારીઓ સાથે સંધી થાય તેવા દરેક પ્રયાસો કરવાનું ચાલુ રાખ્યું, પરંતુ તેનું કાંઇપણ ધારેલું પરિણામ આવ્યું નહિં. છેલ્લે આલમુતના વઝીર શમ્સુદીન, ગિર્દકુહના વઝીર તાજુદીન તથા ગિર્દકુહના ગવર્નર મરદાનશાહે હિજરી સન ૬૫૪ના સવ્વાલ માસની તા. ૯મીએ ઇમામના હુકમ અનુસાર 'મયમુનદિઝ' ના કલ્લાને વેરાન કરી તા. ૧૭મી સવ્વાલના ઇમામના ભાઇ શાહિનશાહ સાથે હલાકુખાન પાસે હાજર થઇને 'મયમુનદિઝ' તેના હવાલે કર્યું. તાતારી સરદારને આટલું છતાંએ સંતોષ થયો નહિં. તેણે વધારે નાશકારક માગણીઓ કરતાં રહી આલમુત પરનો ઘેરો ઉઠાવી લેવાની સદંતર ના પાડી; છતાં પણ ઇસ્માઇલીઓએ સુલેહ જાળવવા અર્થે દરેક ભોગ આપ્યા. તેમના આટઆટલા બલિદાનથી હલાકુખાનને તેમની સુલેહપ્રિયતાની ખાત્રી થશે એવું તેઓ ધારતા હતા પરંતુ 'મયમુનદિઝ' જેવા મજબુત કિલ્લાને ઉજ્જડ બનાવ્યા છતાં પણ હલાકુખાનને સંતોષ ન થયો જેથી ઇસમાઇલીઓ તેની આંતરિક ઇચ્છાઓ સમજી ગયા, અને તેઓને જુસ્સો આવી જતાં આખુ પર ખેલી લેવાનો તેઓએ નિર્ણય કર્યો. તા. ૨૫મી સવ્વાલના કેસરીયા કરવાનો ઇરાદો કરી તેઓ કિલ્લા બહાર આવ્યા. તાતારીઓ સાથે અત્રે ખુનખાર યુધ્ધ થયું. ઇસમાઇલી સૈનિકોની સંખ્યા તાતારીઓ જોડે સરખાવતાં કોઇ ગણત્રીમાં ન્હોતી છતાં ઇસમાઇલી સૈનિકો વીરતાપુર્વક લડયા. આ યુધ્ધનું પરિણામ તો પહેલાંથીજ નક્કી થઇ ગયેલું હતું, અને છેવટે તેમજ બન્યું. આ અગમચેતીનો લાભ લઈ ખ્વાજા નસીરૂદીને આલમુત ગઢની શાનદાર ઇમારતો અને કિલ્લાઓનો નાશ કરીને ખંડીયેર કરી મુકયાં, એટલા માટે કે દુશ્મનો તેનો લાભ ઉપાડી શકે નહિં.

## તાતારી યુવતી સાથે લગ્ન.

આ યુધ્ધમાં ઝીલકાદ માસની પહેલી તારીખ સુધીમાં બાર હજાર ઇસમાઇલી સૈનિકો માર્યા ગયા હતા. તાતારીઓનો પણ મોટો કચ્ચરઘાણ નીકળ્યો હતો પરંતુ, સંખ્યાબળને અંગે તાતારીઓનો વિજય થયો હતો. 'આસારે મુહમ્મદી'ના કર્તા દર્શાવે છે કે, હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. પોતાના વડા વઝીર ખ્વાજા નસીરૂદ્દીન તુસી, પોતાના બીજા પુત્ર મુઝફ્ફરૂદ્દીન અહેમદ, ભાઇ શાહિન-શાહ અને કાકાના પુત્ર સૈફુદ્દીન સહિત હલાકુખાન પાસે ગયા અને તેના મનની તૃપ્તિ અર્થે પુષ્કળ ઝરઝવેરાત તેની પાસે રજુ કરવામાં આવ્યું. હલાકુખાન કાંઇ ખુશ થયેલો દેખાયો અને આલમુતનું રાજ્ય, જે કાસ્પિયન સમુદ્રનાં કાંઠાથી ભુમધ્ય સમુદ્ર સુધી લંબાયેલી શસ્ત્રસજ્જીત અને દારૂગોળાથી ભરપુર કિલ્લાની હારમાળાનું બનેલું હતું. તે સંપુર્ણ રીતે પોતાના કબ્જામાં આવે, તે માટેની ગોઠવણ કરવા હલાકુખાન હમદાન ભણી પાછો આવ્યો, જ્યાં એક મંગોલીયન યુવતીથી ઇમામના લગ્ન શાહી દોરદમામથી કરવામાં આવ્યા. તે પછી ઇમામને એક દિવસે તાતારી ખાનને મળવાની ઇચ્છા થઇ. આ વાત હલાકુખાનના કાન ઉપર આવતાં તે ચોંકી ઉઠ્યો. અને તેને લાગ્યું કે હઝરત ઇમામ રૂકનુદ્દીન ખુરશાહ અ. મનકુખાન સુધી પહોંચી જશે તો વખતે તે ઇમામને વંશપરંપરાની હકુમત પાછી આપી દેશે. આ તરફ મંગોલીયન કુમારીકા જોડે ઇમામના લગ્ન થયેલા હોવાથી કેટલાક મંગોલીયન ઇર્ષાળુઓ પણ ઇમામ વિરૂધ્ધ ઉશ્કેરાયા હતા. તેઓએ આ તકનો લાભ લઇ હલાકુખાનને ભંભેરી મુક્યો. તેથી તેઓ હવે ઇમામની પ્રાણહત્યા કરવાની યોજનામાં ગુંથાયાં. એક દિવસ ઇમામ નદી કિનારે ફરી રહ્યા હતા, એવામાં અચાનક દુશ્મનોનું એક ટોળું ધસી આવ્યું અને ઇમામને ઉંડા જળમાં ડુબાડી દીધા. આવી રીતે તેઓશ્રીની વફાત દગાબાઝીથી થયાની ખબર પડતાં તાતારી બાદશાહ મનકુખાને આ ગુનાહની શિક્ષા તરીકે ગુનેહગારોનાં શિરોચ્છેદનો હુકમ કર્યો.

## સલામત રહેલા કિલ્લાઓ અને ઇસમાઇલીઓ.

હલાકુખાને, છ છ માસના માસુમ બાળુડાંઓને પારણામાંથી ખેંચી ખેંચીને કરેલી જબર-દસ્ત સામુદાયિક કતલ, લુંટફાટ અને આગના અધમ અત્યાચારો અને જુલ્માટના વર્ણનોથી ઇતિહાસના પાનાઓના પાના ભરેલા છે. આથી સામાન્ય રીતે એવી માન્યતા આમ લોકોમાં ઘર કરેલી જોવામાં આવતી કે આલમુતના પતન પછી ઇસમાઇલીઓનું નામ નિશાન રહેવા પામ્યું નથી. પરંતુ તડકો છાંયો જોઇ ચુકેલી ઇસમાઇલી પ્રજા કુદરતની લીલા બળે આલમુત ગઢના પતન બાદ જો કે વેર વિખેર થઇ પડી છતાં જુલ્માટ અને શસ્ત્રબળોએ તેમનો ધાર્મિક જુસ્સો અને ઇમામ પ્રત્યેનો પ્રેમ દબાવી શકાયો નહિં. પરિણામે આજ સુધી વિના ખંડને ઇસમાઇલીઓ પોતાના ભુતકાળના જેવાજ ધાર્મિક જુસ્સા સહિત જગતના અનેક ભાગોમાં વસવાટ કરી રહ્યા છે, એટલુંજ નહિં પણ ઇરાનના પહાડી મુલકો અને કોહિસ્તાનમાં ખાસ કરીને આલમુત ગઢના ખંડિયેરોની બાજુમાં પણ ક્રુર હલાકુખાનની ખુનખાર સામુદાયિક કતલમાંથી બચી ગયેલા ઇસમાઇલીઓના વંશજો અત્યાર સુધી મૌજુદ છે અને પોતાના ઇમામને હઝરત ઇમામ જાફર સાદિક અ.ના વંશજ માને છે. (૧)

'રવઝતુસ્સફા'ના ઉલ્લેખ પ્રમાણે આલમુતગઢ પડયા પછી પણ કેટલાક અજીત કિલ્લાઓ ઇસમાઇલીઓના હાથમાં રહી ગયા હતા, જેમાં ઇસમાઇલીઓનો નિવાસ આલમુતના પતન પછી પણ ચાલુ હતો. બાદશાહ તૈમુરલંગ હિંદુસ્તાનમાં આવ્યો ત્યાં સુધી ઇસમાઇલીઓ આલમુતનાં વિસ્તાર પાસેના અન્ય સલામત રહી ગયેલા કિલ્લાઓમાં રાજ્ય કરતા હતા.

૧. જુઓ ટોપોગ્રાફિકલ હિસ્ટ્રી ઓફ પરશિયા.

મોલવી અબ્દુલહલીમ શરર પોતાની કૃતિ "હસન બિન સબ્બાહ"માં લખે છે કે તૈમુરલંગ ઈરાનમાં વિજય મેળવતો માઝન્દ્રાનના પ્રગણામાં દાખલ થયો તો ત્યાં પણ તેને ઈસમાઈલીઓ મળી આવ્યા હતા, જેઓ હલાકુખાનની લોહી તરસી તલવારથી બચી ગયા હતા. તેમજ ઉસમાની (તુર્ક) ખાનદાનના તાજધારીઓએ અરબસ્તાનનો દક્ષિણ પ્રદેશ ફતેહ કર્યો ત્યારે ત્યાં પણ વિપુળ સંખ્યામાં ઈસમાઈલીઓ વસતા નજરે પડયા હતા. અરબસ્તાનનાં કાંઠાના મુલકો એટલે હઝરમોત, ઉમાન અને બેહરેનના ટાપુઓમાં ઈસમાઈલીઓની વસ્તી ઘણા વખત અગાઉથીજ આબાદ હતી. બગદાદના અબ્બાસી ખલીફના સામા પક્ષના ઘણા લોકોએ એ સબબે એવા સ્થળોમાં રક્ષણ શોધ્યું હતું. ઈસમાઈલીઓને અહિંયા પણ પનાહ મળવાનું બંધ થતાં તેઓ વહાણોમાં સવાર થઈ સિંધના પ્રદેશોમાં જઈ વસવાટ કરવા લાગ્યા.

## સિંધ અને મુલતાનમાં ઈસમાઈલીઓનો વસવાટ.

હિંદુસ્તાનનો સિંધનો મુલક પણ અબ્બાસી ખલીફના સામ્રાજ્યમાં હતો, જેનો મઝહબ ઇસ્લામી દુનિયાની બહુમતીનો મઝહબ હતો. આગળ જતાં અબ્બાસી ખલીફાઓ પોતાના બહોળા વિસ્તારવાળા સામ્રાજ્ય પર દેખરેખ રાખી નહિ શકવાથી તેમના હાથ નીચેના સુબાઓ સ્વતંત્ર થવા લાગ્યા. સમય જતાં સિંધની પણ એજ સ્થિતિ થઇ. ઉમાન અને બેહરિનમાં વસવાટ કરતા ઈસમાઈલીઓની અત્રે ઘણી આવજાવ થવા લાગી અને પ્રતિદિન ઇસમાઈલી મઝહબનો આમ રીતે પ્રચાર થવા લાગ્યો. મસ્ઉદિ ઇબ્ને ખરદાઝિબા, ઇબ્ને હવકલ અબુ ઇસ્હાક ઇસ્તખરી અને અલ્લામા બસારીના 'પ્રવાસ ગ્રંથ'ને ક્રમવાર દ્રષ્ટિ સન્મુખ રાખવામાં આવે તો સ્પષ્ટ રીતે જણાશે કે ઇસમાઇલી મઝહબ ધીરે ધીરે આગળ વધતાં કેવી રીતે સિંધના સઘળા મુસ્લિમોનો સામાન્ય મઝહબ બની ગયો હતો. હિંદમાં બહાર આવેલા ઇસમાઇલીઓના બે કેન્દ્રસ્થાન હતાં. તેને અંગે બે ઇસમાઇલી રાજ્ય કાયમ થયા હતા. એક "મુલતાન" અને બીજી સલતનતનું પાટનગર "નોસેરા" હતું. આ હકીકત એ પ્રવાસીઓનાં ગ્રંથમાંથી મળી આવે છે. મુલતાન તો પ્રથમથીજ ઇસમાઇલી મઝહબને અનુસરનારૂં બની ગયું હતું, જે સતરમાં ઇમામ હઝરત ઇમામ મોલાના શાહ મુઈઝ અ.ના વૃત્તાંતમાં આપણે વાંચી ગયા છીએ, જ્યારે અમુક મુદત પછી "નોસેરા"એ પણ બગદાદના અબ્બાસીઓનો મઝહબ ત્યાગી દીધો હતો. એ બન્ને રાજ્યોની ઇબાદતગાહમાં બની ફાતિમી ઇમામનો ખુત્બો પડવામાં આવતો હતો. આ રાજ્યોની એટલી બધી ઉન્નતિ થઈ કે ત્યાં બની ફાતિમીનાણાનું ચલણ પણ ચાલુ થયું હતું.

## બગદાદનું પતન—અબ્બાસી રાજ્યસત્તાનો અંત.

આલમુતની છત પછી તાતારી સરદાર હલાકુખાનનો રાજ્યલોભ વધનો ગયો અને તે કુલાઇને કહેવા લાગ્યો કે મારા અતરાફની ભુમિ ઉપર હું એક પણ મુસલમાનને છવતો રહેવા દઇશ નહિં. પોતાના આ ઇરાદાને વ્યવહારમાં મુકવા બગદાદના અબ્બાસી સામ્રાજ્ય ભણી તે રવાના થયો આ સમયે ખ્વાજા નસીરૂદ્દીન તુસીએ રાજનૈતિક કારણે તાતારીનો વિશ્વાસ છતી લીધો હતો. તેમની સાથે મયમુનદિઝના છવતદાન પામેલા બીજા ઇસમાઇલીઓને પણ હલાકુએ સાથે લીધા. આ સમયે બગદાદની ગાદીએ ખલીફ મુસ્તસિમ બિલ્લાહ હતો. તેનો વઝીર ઇબ્નુલ અલકમી હતો. આ બન્ને ઇસમાઇલીઓથી વિરૂધ્ધતાભરી વલણ ધરાવતા હતા અને પોતાની હકુમતના વિસ્તારમાં રહેતા ઇસમાઇલીઓના ઘરબાર લુંટી લઇને તેમને દુ:ખ દેતાં હતા. આ બાબત ખ્વાજા નસીરૂદ્દીનને સાલ્યા કરતી હતી. વળી બગદાદની દરબારના અન્યાયનો ભોગ થઇ પડવાથી કોહિસ્તાનના પર્વતોમાં રખડતી છંદગી ગાળવાની તેમને ફરજ પડેલી હોવાથી પોતાનો ઉદ્દેશ પાર પાડવા હલાકુખાનનો સાથ અગત્યનો જણાતા તેને સાથ આપ્યો હતો.

બગદાદની સત્તા સામે આક્રમણ કરવા હલાકુખાન સરહદ ઉપર આવી લાગ્યો ત્યારે સામસામાં કાસિદો આવવા જવા લાગ્યા. કારણ કે વઝીર અલકમીની દુશ્મનાવટ અને કાવતરાનો અંત આણવાના નિર્ણય પર ખ્વાજા નસીરૂદીન આવ્યા હતા. ઇબ્નલ અલકમી પણ પોતાનું સઘળું બળ અજમાવવાં માગતો હોવાથી અંતે બન્ને પક્ષો વચ્ચે સમજુતી નહિ થતાં યુધ્ધની તૈયારીઓ થવા લાગી.

હલાકુખાન પણ અનુકુળ રાજદ્વારી સંજોગો જોતો હતો, કારણ કે ખલીફ તથા વઝીરો વચ્ચેની આંતરિક ફાટફુટ પણ તેના લક્ષમાં હતી. ખ્વાજા નસીરૂદીન તુસીની સલાહ અનુસાર હલાકુખાને પોતાના લશ્કરને દજલા નદીને પેલે પાર લઇ જઇને પોતે "બુર્જે અજમી" પાસે છાવણી નાખી. હિજરી સન ૬૫૬ ના સફર માસની ૪ થી તારીખે ઘણી ઝપાઝપી થયા પછી અબ્બાસી ખલીફ, પોતાના પુત્રો તથા અમીર ઉમરાવો સાથે શહેર બહાર આવી હલાકુખાનને શરણે થયો. આ સઘળાને કેદ કરીને હલાકુએ બગદાદમાં કત્લેઆમ ચલાવી લુંટફાટ કરી. છેવટે તા. ૯ મીએ ખલીફને બોલાવી તેની પાસે જે ખજાનો હોય તે નજરાણું તરીકે રજુ કરવા કહ્યું. એવી રીતે ખલીફ પાસેથી સઘળો ધનમાલ લીધા પછી પણ ખલીફ તથા વઝીરને મારી નાખવામાં આવ્યા. એ પ્રકારે બગદાદની રાજ્યસત્તાનો અંત આવ્યો. પ્રોફેસર બ્રાઉનના જણાવ્યા પ્રમાણે બગદાદની આ કતલમાં આઠ લાખ બગદાદવાસી માર્યા ગયા હતા.

## ખ્વાજા નસીરૂદીન તુસીની વફાત.

બગદાદનું પતન થયા પછી પણ અરબોના ભયથી તાતારીઓ ચેનથી રાજ્ય કરી શક્યા નહિ અને છેવટે તેમને મુસ્લિમ થવું પડ્યું. ખ્વાજા નસીરૂદીન તુસીને એ જોઇને ખુશાલી ઉત્પન્ન થઇ અને પોતાના સઘળા દુ:ખ તેઓ ભુલી ગયા. એમનું અવસાન બગદાદ ખાતે હિજરી સન ૬૭૨ માં ઝિલહજ માસની ૧૮ મી તારીખે થયું હતું. તેમને કુરેશીઓના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવ્યા છે.

## દુશ્મનના હાથે ઇસ્માઇલી ઇતિહાસની રચના—અતામલિક જુવેની.

"તારીખે ગુઝિદા"ના કર્તા મુસ્તવફી કઝવીનીએ પોતાની કૃતિમાં ઇરાનના ઇસમાઇલીઓનું વૃતાંત આપેલ છે. ઈ. સ. ૧૮૪૯ માં જનરલ ડફ્રીમરીએ તેનું ફ્રેન્ચ ભાષાંતર કર્યું છે; જેમાં હલાકુખાને જે ઇસમાઇલી કિલ્લાઓ નાશ કર્યા હતા તેનું લીસ્ટ આપેલું છે, તેમાં નાશ કરેલા કિલ્લાઓમાં "ગિર્દકુહ" અને "લામસ્તર" છેલ્લા હતા. લામસ્તરના કિલ્લાનો પુર્વથી પશ્ચિમ ૬૦૦ ફીટ અને ઉત્તર દક્ષિણ ૧૫૦૦ ફીટ જેટલો વિસ્તાર હતો. મજકુર કિલ્લાઓને તાબે કરવામાં તાતારી હલાકુખાનના નાકમાં દમ આવ્યો હતો. કિલ્લા સર કર્યા પછી ઇસમાઇલીઓની જગવિખ્યાત લાયબ્રેરી હલાકુખાનના એક વઝીર અતામલિક જુવેનીને જોવાની ઇચ્છા થઇ. ઉપર જણાવ્યા મુજબ હલાકુખાન જયહુન નદીની પેલી પાર છાવણી નાખી પડ્યો હતો તે સમયે હલાકુના હુકમથી તેની તાબેદારી સ્વિકારનાર અરઘુનખાન તેની સેવામાં હાજર થતાં પોતાના વઝીર મજકુર ખ્વાજા અતામલિક જુવેનીને તેડી લાવ્યો હતો, જેણે હલાકુની વઝીરાત પાછળથી સ્વિકારી લીધી હતી અને તેણે તાતારીઓનો મશહુર ઇતિહાસ "જહાંગુશા" નામે લખ્યો છે, તેમાં તેણે હલાકુખાનની આલમુતની ચઢાઇ તથા આલમુતના ઇસમાઇલીઓનું આરંભથી વર્ણન કર્યું છે. તેણે આલમુતની લાયબ્રેરી જોઇને તેમાંનાં ઘણાં અમુલ્ય પુસ્તકો પોતાની પાસે રાખી લીધાં. બાકીના લાખો પુસ્તકોનો હલાકુખાને નાશ કર્યો હતો. સુભાગ્યે જે પુસ્તકો જુવેની પાસે રહી ગયા તેમાંથી કેટલાકોનો તેણે પોતાના ઇતિહાસમાં ઉપયોગ કર્યો

છે અને તે ઉપરથી અન્ય ઇતિહાસકારોને તેમજ વર્તમાનકાળના ઇતિહાસવેત્તાઓને ઇસમાઇલીઓના સંબંધમાં ઘણું જાણવાનું મળ્યું છે. વોન હેમરના આલેખન મુજબ, રૂદબાર, કોહિસ્તાન, કાઇન, તુન લામસ્તર, અને આલમુતના બીજા કિલ્લા મહામુસીબતે હલાકુખાનના હાથમાં આવ્યા હતા પરંતુ ગિર્દકુહનો કિલ્લો હજુ ઇસમાઇલીઓના નામે ઉભો હતો. મનસુરાબાદ નજીક દમગાનના ઇલાકામાં એક ઉંચા પહાડની શીખરે એ કિલ્લો બાંધેલો છે. માઝાન્દ્રાના રાજવી શમ્સુલ મુલક અરદેસર અને રૂયાનના રાજા આસ્તાનદાર શેહરજીમે તાતારીઓની તાબેદારી સ્વિકારી લીધેલી હોવાથી, અને હલાકુખાન બગદાદ સર કરવા જવાનો હોવાથી ગિર્દકુહ પર ઘેરો નાખવાનો તેઓને હુકમ કર્યો હતો.

## આલમુત શાહી કેદખાનું બન્યું—વફાત.

વળી શાહ સુલેમાન સફવીના વખતમાં શાહી કેદખાના તરીકે આલમુત ગઢનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આજે પણ આલમુતનાં કિલ્લા પર પત્થર તથા માટીનું ચણેલું લાકડાના દરવાજા સાથનું એક મકાન છે, એમાં કોઇ "ઇમામઝાદા"ની કબર હોવાનું એ વિસ્તારમાં વસનારાઓ માને છે.

હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. એ એક વર્ષ પર્યંત આલમુતની બાદશાહી અને ઇમામત ભોગવી હતી. હિજરી સન ૬૫૪ માં દગાબાઝીથી ઇમામની વફાત થવાની ખબર તાતારી બાદશાહને પડતાં તેણે આ ગુનાહની શિક્ષા તરીકે ગુનેહગારોના શિરોચ્છેદનો હુકમ કર્યો હતો. આ સમયથી ઇરાનના બીજા ભાગમાં ઇમામોનો વસવાટ ચાલુ થયો.

હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. ઇરાનમાં આવેલા આલમુત રાજ્યના છેલ્લા બાદશાહ હતા. આ રાજ્યના મહાન સ્થાપક હુજ્જતે આ'ઝમ પીર હસન બિન સબ્બાહ કે જેઓ ઇમામના ઘરની ગુલામી કરવામાં હંમેશાં ગર્વ લેતા હતા, તેમણે હિજરી સન ૪૮૩ માં આલમુત હસ્તગત કર્યું હતું. ત્યારપછી ઇસમાઇલી નિઝારી ઇમામોના હાથમાં તેની હકુમત હિજરી સન ૬૫૪ સુધી રહી હતી. આ પ્રકારે ૧૭૧ વર્ષ પર્યંત આલમુત ઉપર ઇસમાઇલી નિઝારીયા વાવટો ફરકતો રહ્યો હતો.

Imam Shamsu-Din Muhammed
" Kassam Shah
" Islam Shah
" Muhammed bin Islam Shah
" Mustansir Billah II
" Abdus-Salaam Shah
" Gharib Mirza
" Abu-zar Ali

Imam Murad Mirza
" Zulfiqar Ali
" Nurdin Ali
" Khalil-ullah Ali
" Nizar II
" Sayyid Ali
" Hassan Ali
" Kassam Ali
" Abul Hassan Ali
" Khalil-ullah Ali II

# PART VI.

## PERSIA & IMAMAT.

# ભાગ છઠો.

## ઈરાન અને ઈમામત.

મૌલાના ઈમામ શમ્સુદીન મુહમ્મદ
" " કાસમ શાહ
" " ઇસ્લામ શાહ
" " મુહમ્મદ બિન ઇસ્લામશાહ
" " મુસ્તનસિર બિલ્લાહ (બીજા)
" " અબ્દુસ્સલામ
" " ગરીબ મીરઝા
" " અબુઝર અલી

મૌલાના ઇમામ મુરાદ મિરઝા
" " ઝુલફીકાર અલી
" " નુરદીન અલી
" " સૈયદ ખલિલુલ્લાહ અલી
" " નિઝાર (બીજા)
" " સૈયદ અલી
" " હસન અલી
" " કાસમ અલી
" " અબુલ હસન અલી
" " ખલિલુલ્લાહ અલી (બીજા)

# HAZRAT MOWLANA IMAM SHAMSHUDDIN MUHAMMED

**( A. H. 654—710 )**

—:o:—

( ૨૮ )

# હઝરત મૌલાના ઈમામ શમ્સુદીન મુહમ્મદ અ૦

**( હિજરી સન ૬૫૪—૭૧૦ )**

હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. હિજરી સન ૬૫૪માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા એ સમયે ઈમામના હાથમાં બાદશાહી ન હોવાથી તેઓ ઇરાનમાં આવેલા આઝરબાયજાન નામના ઇલાકામાં પોતાના કુટુંબીઓ સાથે એક શહેરી તરીકે વસવાટ કરી રહ્યા હતા.

સૈયદના ઇદ્રીસ કૃત 'ઉયુનુલ અખબાર' નાં કથન અનુસાર હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ.ના પુત્ર શમ્સુદીન મુહમ્મદ ઇમામતની ગાદીએ આવ્યા, જેઓનું નામ 'મુહમ્મદ' હતું. મંગોલીયનો સાથે યુધ્ધ થયું ત્યારે તેમના પિતા હઝરત ઈમામ રૂકનુદીન ખુરશાહ અ.એ કોઇ છુપી જગ્યાએ તેમને મોકલી દીધા હતા; ત્યારપછી તેઓનો વસવાટ આઝરબાયજાનમાં થયો.

## આઝરબાયજાનમાં ઈમામનો નિવાસ.

"આસારે મુહમ્મદી"ના ઉલ્લેખ અનુસાર હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ.ની વફાત પછી તેઓના પુત્ર શમ્સુદીન મુહમ્મદ પોતાના કાકા સાથે આઝરબાયજાનમાં રહેતા હતા અને ખાનગીમાં રહેવાની ખાતર ઝરદોઝીનું કામ કરતા હતા. એમની નામસંના મુહમ્મદ છે પરંતુ તેઓશ્રી અત્યંત સૌંદર્યશાળી હોઇને 'શમ્સ' ના લકબથી ઓળખાય છે. હિંદ અને સિંધમાં 'શમ્સ' નામે જે સાદાતો જાણીતા થયા છે, તેઓનો નસબ હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. પર્યંત જાય છે અને હઝરત શમ્સ તબ્રીઝી જેઓ મૌલવી જલાલુદીન રૂમીના મુરશીદ તરીકે મશહુર થયા છે તેઓ હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ.થી જુદા છે; જો કે આ સિલસિલો મુળ ઇસમાઇલી ઇમામના ખાનદાનથી જુદો નથી અને જે સાદાતો બદખશાનમાં છે તે તેઓમાંથી છે.

"ઉયુનુલ અખબાર"ના આલેખન મુજબ 'નિઝારી કોહિસ્તાની' નામનો એક ઇસમાઇલી કવિ થયો છે. તેણે હઝરત ઈમામ શમ્સુદીન મુહમ્મદ અ.ને પોતાના 'મમદુહ' ગણ્યા છે અને કવિએ પોતાના કાવ્યોમાં તેમને પોતાના ઝમાનાના ઇમામ તરીકે સંબોધ્યાં છે. (૧)

---

૧. કવિ નિઝારીનાં જીવનચરિત્ર માટે જુઓ ૨૯માં ઈમામ હઝરત ઇમામ કાસમ શાહનું વૃત્તાંત.

તાતારી સિપેહસાલાર હલાકુખાને જ્યારે આલમુત પર ચડાઈ કરી ત્યારે ઇરાનનાં અતરાફના સઘળા બાદશાહોને પોતાની સાથે ભળી જવા જે આમંત્રણો તેણે કહાડયા હતા; તેમાં આઝરબાયજાનનું પણ એક રાજ્ય હતું; જેઓ અગાઉથીજ આલમુતના બાદશાહો સાથે મિત્રાચારી રાખતા હતા. આગળ જણાવ્યા મુજબ આઝરબાયજાનના બાદશાહ અતાબેક મુઝફ્ફરદીન અવસબેકનો એક દુશ્મન નાસિરૂદીન મંગલી હતો, તેને ઇસમાઇલીઓએ પરાજિત કરેલ હોવાથી આઝરબાયજાન સાથેનો સંબંધ વધુ મજબુત થવા પામ્યો હતો.

## 'ઝરદોઝી'નું કાર્ય—ઇસમાઇલી મિશનનો પ્રચાર.

આલમુતનાં પતન પછી દુશ્મનોનાં હાથથી બચી હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. દરવેશી જીવન ગાળતા હતા. તેની જાણ ફક્ત ઇમામના કુટુંબીઓ, દાઇઓ અને ફિદાઇઓને હતી, જ્યારે જાહેરીમાં ઇમામ એક "ઝરદોઝ" તરીકે ઓળખાતા હતા, અને જે જરીકામ ઇમામના કુટુંબની બાનુઓ તૈયાર કરીને હવાલે કરતા હતા, તે માલ ઇમામ વેચી લાવતા હતાં.

એક દરવેશ તરીકે ઇમામની પ્રતિદિન ખ્યાતિ વધતી જતી હતી તેમજ ઇસમાઇલીઓનું આઝરબાયજાનનાં રાજ્ય સાથે સારૂં હોવાના લીધે ઇમામે પોતાના કેટલાક કુટુંબીઓ અને ખાસ મુરીદોને 'દઅવત'નું કામ સોંપ્યું હતું, જેઓ પોતાની યથાશકિત કાર્ય કર્યા જતા હતા. આવી રીતે ફરીથી તબ્રીઝ પ્રગણામાં અને ઇરાનની અતરાફમાં ઇમામતની રોશનીનાં કિરણો પ્રગટ થવા માંડયા અને ટોળાબંધ લોકો હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ.ની 'બયઅત' લેવા માટે આઝરબાયજાનમાં આવવા લાગ્યા હતા.

આઝરબાયજાન ખાતે હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ.ના શાહઝાદા હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદના વસવાટ પહેલાં તેમના પીત્રાઈ હઝરત શમ્સુદીન ઇબ્ને ઇમામ અલાઉદીન મુહમ્મદ અ. ઉર્ફે હઝરત શમ્સ તબ્રીઝી આલમુતનાં પહાડ પરનો નિવાસ છોડીને ઇરાનમાં વસવાટ કરી રહ્યા હતા, તેઓ પણ 'ઇમામઝાદા' હોવા ઉપરાંત ઇલ્મે રૂહાનીમાં અને સુરીઝમમાં પ્રવીણ હતા.

## મહાન સંત હઝરત શમ્સ તબ્રીઝી.

હઝરત શમ્સ તબ્રીઝી બિન હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ.ના જન્મ સન કે માસ વિષે ઇતિહાસકારો સહમત નથી. "નફહાતુલઉન્સ" અને "મનાકિબુલ આરિફીન"માં પણ તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. તેમના પિતાશ્રી હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ. આલમુત ગઢના બાદશાહ હતા. હઝરત શમ્સ તબ્રીઝીને બાળપણથીજ સિધ્ધી પ્રાપ્ત થઇ હતી. તેઓ વખતો વખત ફિરસ્તાઓથી વાતો કરતા હતા. જમીન આસમાનની સહેલ પણ તેઓને ઇચ્છા થતી ત્યારે કરી શકતા હતા. એકજ જગ્યાએ બેસવું તેઓ બિલકુલ પસંદ કરતા ન્હોતા, તેઓ મકતબમાં હતા ત્યારે હઝરત મુહમ્મદ મુસ્તફા સ.ના પવિત્ર જીવન ચરિત્રનું વાંચન કરતાં તેઓના હૃદય પર એટલી બધી અસર થઇ કે, પોતાના જીવનનો બોધપાઠ જાણી અને ખાવાપીવાની ઇચ્છા ઘટાડી નાંખી.

## અલ્લાહના 'વાજીંત્ર' અને 'ઝબાન'–'નફ્સ'નું દમન.

તઝકિરે દૌલતશાહીની કૃતિમાં તથા સ્વાનેહ ઉમ્રીએ શમ્સ તબ્રીઝીનાં લેખક જનાબ 'ફૌક' આલમુતનાં બાદશાહ હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ.ના પુત્ર તરીકે હઝરત શમ્સ તબ્રીઝી વર્ણવેલ છે. હઝરત શમ્સ તબ્રીઝીની 'પરિન્દા' અર્થાત ઉડતા પક્ષીની સંજ્ઞા વિષેનો ઉલ્લેખ કરતાં પ્રોફેસર નિકલસન વર્ણવે છે કે એક પળે જમીનની સપાટી પર અને અન્ય પળે કયાં ઉડી અદ્રશ્ય

થઈ જાય તેવાં ચમત્કારીક અને "ભેદી પુરૂષ" હઝરત શમ્સ તબ્રીઝી હતા વધુમાં નિકલસન જણાવે છે કે હઝરત શમ્સ તબ્રીઝી અક્ષરજ્ઞાને અભણ હતા, છતાં તેઓ ખુદાના પસંદ કરાએલા "વાજીંત્ર" અને "ઝબાન" હતા. એમણે સિધ્ધાંતોનાં અપુર્ણ મંતવ્યોને ફળાનું વસ્ત્ર પહેરાવ્યું હતું અને પ્રેમના મુલ્ય તરીકે અંતરને અજવાળવાની આવશ્યકતા દેખાડી હતી. (૧)

હઝરત શમ્સ તબ્રીઝી યુવાવસ્થામાંજ 'નફસ'નું દમન કરવા રોટલીને પાણીમાં ભીંજવીને તેનો આહાર કરતા હતા. એક દિવસે દુકાનદારે દરવીશીની લાગણીને વશ થઇને ઘી ચોપડીને રોટલી આપી; જે ખાવા માટે તેઓ નારાજ થયા અને પેલી દુકાન પરથી રોટલી લેવાનું બંધ કર્યું. તેઓ વખતોવખત ખાધા પીધા વિના કેટલીક વખતે દિવસો પર્યંત 'ઉપવાસ' પણ કરતા હતા. જે લોકો તેમના ચિતાકર્ષક અને ચમત્કારિક વર્તુળમાં પ્રવેશ કરતા તેઓનાં હૃદય પરજ કેવળ નહિ, પરંતુ અકકલમંદ ઇન્સાનોના હૃદય પર પણ મહાન આત્મિક બળ વડે તેમની અદભુત અસર પડયા વિના રહેતી નહિ. તેમની આવી કમાલીયતનાં વર્ણનો જુદી જુદી ઘણી કૃતિઓમાંથી મળી આવે છે.

## ચારિત્ર તેજ.

હઝરત શમ્સ તબ્રીઝીની ઉમર વીશ વર્ષની હતી તે સમયે તેઓ એક વેળા એક ક્રિશ્ચીયન દેવળ પાસેથી પસાર થઈ રહ્યા હતા, જ્યાં એક પાદરી દરવીશી લિબાસમાં ઉભો હતો; તેણે ઢોંગથી નમન કર્યું. એ જોતાં હઝરત શમ્સ તબ્રીઝીએ તેને પ્રશ્ન કર્યો કે:- "પહેલા તમો જન્મ્યા કે તમારી દાઢી?" પાદરીએ પ્રત્યુત્તર આપ્યો: "પહેલાં હું જન્મ્યો અને તે પછી અઢાર વર્ષે દાઢી જન્મી."

હઝરત શમ્સ તબ્રીઝીએ ફરમાવ્યું કે, "મને કહેતાં બહુ ખેદ થાય છે કે તમારી પાછળ જન્મેલી દાઢીએ 'કાળાશ' મુકીને 'સફેદી' ધારણ કરી છે પરંતુ તમો આગળ જન્મેલાં હોવા છતાં તમારા અંતરની કાળાશ ગઇ નથી." એ સાંભળતાં પાદરી દીગમુઢ બની ગયો અને આવી ઉત્તમ દલીલની અસર થતાં તરત હઝરત શમ્સ તબ્રીઝીનાં ચરણોમાં પડીને માફી માંગી ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો.

હઝરત શમ્સ તબ્રીઝી કદી કોઇપર નારાજ થતાં હતા તો તેની લાંબી આવરદા અને પુષ્કળ દોલત માટે દુઆ ગુજારતા હતા; જેનો ભાવાર્થ એ થાય છે કે કોઇ માનવી લાંબુ આયુષ્ય ભોગવે તો તેને જીવનના સ્વભાવિક સંતાપો સહન કરવા પડે અને ધનદૌલત મળતાં તવંગરીની ખુમારીમાં તે ખુદાથી ગાફિલ રહે; એટલે નારાજીનો નતીજો તેને પોતાનાં કર્મો વડેજ આપોઆપ મળી જાય.

## એક આશ્ચર્યકારક બનાવ.

હઝરત શમ્સ તબ્રીઝી ખુદાની ખાસ પસંદ કરેલી વ્યકિતમાંના એક હતા. તેમની કમાલીયતના વર્ણનો જુદી જુદી કૃતિમાંથી મળી આવે છે જેમાંનું એક નમુના તરીકે અત્રે વર્ણવું યોગ્ય થઇ પડશે. એક દિવસે એક શખ્સ અમીરી ઠાઠમાઠ સાથે ઘોડા પર સ્વાર થઇ હઝરત શમ્સ તબ્રીઝી પાસે આવ્યો અને એમની સામે ઉભો રહીને અનહદ રડવા લાગ્યો. પછી કાંઇપણ વાતચીત કર્યા વગર તે પોતાના અશ્વને પુરપાટ દોડાવી ચાલ્યો ગયો. આ હકીકત જોતાં હઝરતની સાથે મિજલસમાં બેઠેલા તબ્રીઝવાસીઓએ હેરતમાં પડી જઇ એ ભેદ ખુલ્લો કરવા માટેની આતુરતા દેખાડી. પ્રત્યુત્તરમાં હઝરતે ફરમાવ્યું: આ અમીરી

૧. જુઓ હઝરત શમ્સ તબ્રીઝીના ચુંટી કાઢેલા કાવ્યોનું ઇન્ટ્રોડકશન પાનું ૨૦.

પોષાક અને ઠાઠમાઠમાં રહેલો શખ્સ એક દરવીશ છે. તેમજ પાક ખુદાની હઝુરમાં સ્વિકારાયલો એક નેક શખ્સ છે પરંતુ તેણે સંસારનો દોરદમામ રાખેલો છે, એ કારણે જગતજનો પોતાની મતલબસર તેને ફુરસદ આપતા નથી. એટલે તે એકાંતમાં બેસી "તસ્બીહ" કે "ઝિક્ર" કરી શકતો નથી; આવી સ્થિતિ વચ્ચે તેનું મન ભરાઇ આવ્યાથી તે મને જોઇને રડવા લાગ્યો જેથી એનું મન ખાલી થતાં તેણે સંકેતમાં અમીરી ઠાઠમાઠ તજી ફકીરી પોષાક ધારણ કરવાની મરજી દેખાડી; પરંતુ ખુદાને તે પસંદ નથી અને જે હાલતમાં એ દરવીશી જીવન ગુજારે છે તેમાંજ ખુદા રાજી છે. "લા રોહબાનીયત ફિદીન=ધર્મમાં મઠવાસીપણું નથી." તેની તેને જાણ થતાં સંતોષ સાથે તેજ પળે તે પાછો ફરી ગયો. એ વિષયમાં વધુ સ્ફોટ કરતાં હઝરત શમ્સ તબ્રીઝીએ જણાવ્યું કે જો એ દરવીશ ઠાઠમાઠથી સંસારમાં જીવન ગુજારતો રહે તો દુનિયાદારો સાથે ઘણી ભલાઇ કરી શકે છે અને ફકીરીમાં દહાડા વિતાવે તો સંસારીજનોની ભલાઇ તેના હાથમાંથી જતી રહે અને ફક્ત દીનદારીજ તેનાં સાથમાં આવે; તેથી બહેતર તો એ છે કે સંસારમાં રહી એ તવંગર દરવીશ દીન અને દુનિયા બન્નેની રાહનુમાઇ કરે.

## મુરશીદની જરૂરીયાત.

હઝરત શમ્સ તબ્રીઝી ઇબ્ને મૌલાના ઇમામ અલાઉદ્દીન મુહમ્મદ અ. ના સંબંધમાં જનાબ મહમ્મદુદ્દીન ફોક પોતાની ઉર્દુ કૃતિમાં એક બીજો બનાવ ટાંકતાં દર્શાવે છે કે, એક મિજલસમાં કેટલાક આલિમો બેઠા હતા, જેમાંના એક શેખ હરીરે હઝરત શમ્સ તબ્રીઝીને પુછ્યું:—"તમારા મુરીદો નમાઝ પડતા નથી, રોઝા રાખતા નથી તેમજ કેટલાક કામો શરાઅ વિરૂદ્ધ કરે છે તેઓને તમો કશો પણ ઠપકો આપતા નથી?"

તેના જવાબમાં હઝરત શમ્સે જણાવ્યું કે "મારા મુરીદોની વાત જવા દો, હું પોતે પણ તેજ પંક્તિનો છું." ત્યાર પછી હસીને કહ્યું:—"જો તેઓ નમાઝ પડે, રોઝા રાખે અને શરીઅતના સઘળા અહેકામો બજાવી લાવે તો તે વડે તેઓની મુક્તિ થઇ જાય તો પછી મુરશીદની જરૂરત શી રહી? પરંતુ મુરીદોએ મારી દામન એટલા માટે પકડી છે કે તેઓ પ્રત્યેક સંજોગો દરમ્યાન અમનોઅમાનમાં રહી શકે અને હું તેઓની દસ્તગીરી કરૂં. જો તેઓ પોતાના તરીકા પ્રમાણે સેવા બજાવી લાવશે તો તેઓ પોતાનું હિત સાધી શકશે, સાથે સાથે મને પણ ઘણો આનંદ થશે."

## રૂમ તરફ પ્રયાણ.

સિપેહસાલાર નામના જીવનચરિત્રકારના નિર્દેશ અનુસાર હઝરત શમ્સ તબ્રીઝીએ વ્યવહારિક તેમજ આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી લીધા પછી નિવૃત થઇને પર્યટન કરવાનું આરંભ્યુ હતું. તેઓ સામાન્ય દરવીશો કે ફકીરોની માફક ભિક્ષાવૃતિથી પોતાનો નિર્વાહ કરતા નહોતા, પરંતુ સૌદાગર પેઠે નગરો નગર ફર્યા કરતા હતા. તેઓ ધર્મશાળાઓમાં ઉતારો રાખતા હતા અને રાત્રે ઘણો ખરો સમય પોતાના ખંડમાં ધ્યાનમગ્ન રહેતા હતા. એક સમયે તેમણે જગતનિયંતા પાસે પ્રાર્થના કરી કે: "હે ખુદા એવો કોઇ ખાસ માનવી મને મળી જાય કે જે પરમાર્થ માર્ગનો અભિલાષી હોય અને સોહબતનો વિચાર રાખતો હોય" સત્વર અદ્રશ્ય જગતમાંથી સુચન થયું કે "રૂમ જાઓ." એજ વેળા હઝરત શમ્સે રૂમ ભણી પ્રયાણ કર્યું. તેઓ કૌનિયા નગરમાં પહોંચ્યા અને બિરંજફરોશીઓની સરાઇમાં ઉતારો રાખ્યો.

## મૌલાના જલાલુદીન રૂમી સાથે મુલાકાત.

મૌલાના જલાલુદીન રૂમી સંજોગોવસાત કૌનિયા નગરમાં આવી ચડ્યા. હઝરત શમ્સ ઓટલા પર બેઠા હતા અને તેમની આસપાસ એ અજાણ્યા પુરૂષને જોવાની જિજ્ઞાસા સંતોષવા લોકોનું ટોળું એકઠું થયેલું હતું. આ ભીડ જોઈને મૌલાના જલાલુદીન પણ હઝરત શમ્સ ભણી આવ્યા. જુએ છે તો એક કાંતિવાન પુરૂષ બેપરવાહી સાથે બેઠા છે, તેનો નુરાની ચહેરો જોઈ પોતે દમિશ્કમાં જોયેલો દિવ્ય પુરૂષ યાદ આવ્યો. તેમના મુખનું મળતાપણું જોઇ આશ્ચર્ય પામ્યા, પરંતુ પોષાક જુદા પ્રકારનો હોવાથી આ એજ દિવ્ય પુરૂષ હશે કે કેમ એની વિમાસણમાં પડી ગયા, પરંતુ એટલામા તો હઝરત શમ્સે મૌલાના તરફ દ્રષ્ટિ ફેરવી, બંનેની આંખો મળી, હઝરત શમ્સનું આત્મિક ઓજસ મૌલાનાની આંખ વાટે અંતરમાં ઉતરી ગયું. કેટલીકવાર સુધી બન્નેની આંખો ગુપ્તજ્ઞાનની વાતો અરસપરસ કરતી રહી, "આંખોની ભાષા" બંધ કરતાં હઝરત શમ્સે મૌલાનાને મહાન સુફી બાયઝીદ બુસ્તામી વિષે કેટલાક માર્મિક અને કસોટીરૂપ પ્રશ્નો પુછ્યા. જેના યોગ્ય જવાબો મળતાં હર્ષના ઉમળકાથી હઝરત શમ્સ મૌલાનાને ખુબ ભેટ્યા.

## મહાન સુફી મૌલાના જલાલુદીન રૂમી.

વિશ્વવિખ્યાત "મસનવી" નામક ગુહ્ય, આધ્યાત્મવાદ અને ભક્તિરસભર્યા બૃહદ કાવ્ય ગ્રંથના રચનાર મહાન સુફી સંત મૌલાના જલાલુદીન રૂમી સાથે હઝરત શમ્સ તબ્રીઝીના જીવનનો કેટલોક ભાગ જોડાયલો હોવાથી તેમનું ટૂંક વૃતાંત અત્રે આપવું ઠીક થઈ પડશે.

તેમનું મુળ નામ મુહમ્મદ, લકબ જલાલુદીન, ઉપનામ "રૂમી" હતું. તેમના પિતા બહાઉદીન બલ્ખ શહેરના મુળ વતની હતા. હિજરી સન ૬૦૪ માં રબીઉલ અવ્વલ માસની ૬ ઠી તારીખે મૌલાના રૂમીનો જન્મ બલ્ખ નગરમાં થયો હતો. મૌલાના રૂમીના વડવા હુસેન બીન એહમદ એક જાણીતા સુફી હતા. મૌલાનાના પિતા બહાઉદીનના લગ્ન ખુરાસાનના રાજ્યકર્તા જલાલુદીન મુહમ્મદ ખારિઝમશાહની પુત્રી વેરે થયા હતા. એમનો સિલસિલો જાણીતા સુફી ઇબ્રાહીમ અદહમથી મળે છે. સુલતાન ઇબ્રાહીમ અદહમ બલ્ખના બાદશાહ હતા; પાછળથી તેમણે સુફી પંથ ધારણ કરી રાજપાટ તજી વૈરાગી તરીકેનું જીવન ગાળવા માડ્યું હતું.

મૌલાના જલાલુદીન રૂમીની વય વીશ વર્ષની થતાં તેમના લગ્ન હિજરી સન ૬૨૩માં સમરકંદવાળા લાલા શરફુદીનની પુત્રી ગૌહરખાતુન વેરે લારન્દા શહેરમાં કરવામાં આવ્યા હતા. કેટલાક એમનું નામ જૌહર ખાતુન પણ કહે છે. તેમના પેટે બે ફરજંદો એક અલાઉદીન અને બીજા સુલતાન વલદનો જન્મ થયો હતો. ગૌહર ખાતુન યુવાવસ્થામાં મરણ પામતાં મૌલાનાના બીજા લગ્ન "કિરા ખાતુન" વેરે થયા. તેમના પેટે એક પુત્રી તથા એક પુત્ર થયા હતા.

## શેખ અત્તારનું ભવિષ્ય કથન.

મૌલાના જલાલુદીન રૂમીના પિતા પ્રત્યે સુલતાન મુહમ્મદ ખારિઝમશાહ ઘણો ભક્તિભાવ ધરાવતો હતો. તેઓ મૌલાના ઇમામ ખુદ જલાલુદીન હસન અ. ના સમકાલીન હતા. અલ્લામા ફખ્રુદીન રાઝીથી તેમને મનભેદ થતાં તેઓ ખારઝમ છોડી નિશાપુર ગયા હતા. ત્યાં આગળ જાણીતા સુફી શેખ ફરીદુદીન અત્તાર જોડે તેમની મુલાકાત થઇ. આ વેળા બાળ જલાલુદીનની વય માત્ર ૭ વર્ષની હતી. શેખ અત્તારે તેમનું ઝળકતું ભવ્ય લલાટ અને બુદ્ધિપ્રભા નિહાળી સ્વરચિત "અસરાર નામા=રહસ્ય ગ્રંથ" નામક પુસ્તક

તેમને ભેટ આપ્યું હતું અને એવુ ભવિષ્ય ભાખ્યું હતું કે: 'આપના પુત્ર આધ્યાત્મિક શિખરની ઉંચામાં ઉંચી ટોચે પહોંચશે, આ કાબિલ રત્નની ઉપેક્ષા ન કરજો, તેને પુરેપુરી કેળવણી આપજો."

હિજરી સન ૬૧૦માં નિશાપુર ખાતે મૌલાના રૂમી અને તેમના પિતા આવ્યા હતા. અત્રેના રાજ્ય કર્તા મૌલાના જલાલુદીનના માતામહનાના થતા હોવાથી પિતા પુત્રને ઘણો આવકાર આપ્યો. આ બાદશાહે હઝરત ઇમામ અલાઉદીન મુહમ્મદ અ.ના રાજ્યકાળમાં પાંચ ઇસમાઇલીઓને જીવતા બાળી મુકયા હતા. ઇસમાઇલીઓ એ સબબે આ બાદશાહથી નારાજ હતા. મૌલાના જલાલુદીન રૂમી અત્રે આઠ વર્ષ પર્યંત રહ્યા. જ્યાં તાતારીઓના હાથે બાદશાહ માર્યો ગયો હતો. તાતારીઓની આ ત્રીજી જીત હતી. ત્યાર પછી પિતા પુત્ર બન્ને કૌનિયા જઇ વસ્યા. કૌનિયાનો બાદશાહ આ વખતે ઇઝઝુદીન કૈકોબાદ સલજુકી હતો. તાતારી સેનાપતિ ચેંકુએ કૌનિયા પર આક્રમણ કરતાં તે નાસી છુટયો અને કૌનિયાની પ્રજાએ તાતારી સત્તા સ્વિકારી ત્યારપછી તાતારી સરદાર ચેંકુએ ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો. આ સઘળી ઘટના હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ બિન રૂકનુદીન ખુરશાહ અ.ના સમયમાં બની હતી.

મૌલાના જલાલુદીન કૌનિયા ખાતે ખ્યાતિ પામતા ગયા. સૈયદ બુરહાનુદીન તિરમઝીના સમાગમમાં આવી ઘણી વિદ્યાઓનું શિક્ષણ મેળવ્યું અને તેઓ સામાન્ય રીતે પ્રચાર પામેલા સુફીઓની હરોળમાં આવી ગયા. એ સમયના લોકો, રાજ્યકર્તાઓ અને વિદ્વાનો એમનું સન્માન કરતા અને મુલાકાતે પણ આવવા જવા લાગ્યા હતા. હિજરી સન ૬૨૮માં તેમના પિતા મરણ પામતાં મૌલાના જલાલુદીન તેમની પદવીએ આવ્યા. અફલાકી લખે છે કે મૌલાના જલાલુદીન રૂમી સૈયદ બુરહાનુદીનની પહેલાં પણ હલબ અને શામની મુલાકાતો લઇ ત્યાં ખાતે પણ કેટલીક વિદ્યાઓ શીખ્યા હતા.

## મૌલાના રૂમીનો જીવન પલટો.

હઝરત શમ્સ તબ્રીઝી સાથેના મૌલાના રૂમીના 'પ્રથમ મિલન' વિષે કેટલીક જુદી જુદી વાતો પ્રચલિત છે. સારાંશ 'પ્રથમ મિલન' પછી એમનો પરિચય પ્રતિદિન વધતો ગયો, એટલે સુધી કે હઝરત શમ્સ અને મૌલાના રૂમી બન્નેએ, શેખ સલાહુદીન ઝરકોબના ઓરડામાં ૭ માસ એકાંતવાસમાં ગાળ્યા, જ્યાં શેખ સલાહુદીન સિવાય એમને મળવા કોઇ પણ જઇ શકતું નહિ. આ ૭ માસના સહવાસના પરિણામે મૌલાનાનો જીવન પલટો થઇ ગયો. ફિકાહ અને દીની મસઅલાઓના પુસ્તકો પરથી તેમનું મન ઉઠી ગયું. તે એટલે સુધી કે શિષ્યોને શિક્ષણ આપવાનું, વાયેઝો નસિહત કરવાનું છોડી દઈ હઝરત શમ્સ સાથે એકાંત સ્થળોએ વસવાટ કરવા લાગ્યા અને હઝરત શમ્સના સહવાસમાં રહી અન્ન પાણીની પરવા કર્યા વિના દિવસોના દિવસો આધ્યાત્મજ્ઞાનના ઉંડા અને ગુપ્ત રહસ્યોનો અભ્યાસ કરવામાં મશગુલ રહેવા લાગ્યા.

મૌલાના રૂમીના આવી જાતના જીવનપલ્ટાનો ખરો મર્મ ન સમજી શકનારા તેમના શિષ્યોમાં એક જાતની ગેરસમજ ફેલાવા પામી, પરિણામે કેટલાક ઇર્ષાળુઓએ એમની આવી સ્થિતિનો ગેરલાભ લઇ એવી વાતો ફેલાવા માંડી કે એક વિચિત્ર દીવાના જેવા શખ્સે મૌલાના રૂમી પર એવું જાદુ કર્યું છે કે તેઓ પોતાની બધી સુધબુધ ભુલી ગયા છે, એટલુંજ નહિ પણ દીની અહેકામો (ક્રીયાકાંડો, નમાઝ, રોઝા)ની તેમને પરવા રહી નથી અને કાબા કે કિબ્લાનું પણ ભાન રહ્યું નથી.

## હઝરત શમ્સ તબ્રીઝીની કૈનિયાથી વિદાય.

દિવસે દિવસે લોકોમાં આ રીતનો પ્રચાર વધતો ગયો. અજ્ઞાન જનસમુહ આંતરિક રહસ્યની વાતો સમજી શકે તેમ નહિ હોવાથી, તેમજ ઉશ્કેરણી વધીને હદથી બહાર જવાના સંજોગો ઉપસ્થિત થવાના ચિન્હો જણાવવાથી, હ૦ શમ્સ, મૌલાના રૂમીની જાણ વગર અને ખાનગી રીતે એકાએક કૈનિયા છોડી, દમિશ્ક તરફ રવાના થઈ ગયા.

હઝરત શમ્સ તબ્રીઝીની આમ અચાનક વિદાયથી મૌલાનાના દિલને ઘણોજ આઘાત પહોંચ્યો હતો. એટલે સુધી કે તેમના વિયોગની અસરથી મૌલાના રૂમની સ્થિતિ હતી તેથી વધુ વિચિત્ર બની ગઈ, પરિણામે તેમણે સર્વથી સંબંધ તોડી એકાંતવાસ ધારણ કરી લીધો અને પોતાનો સમય અત્યંત શોકમાં ગુજારવા લાગ્યા. કહેવાય છે કે આ બે વર્ષના અસહ્ય વિયોગાવસ્થાના સમય દરમ્યાન મૌલાનાને ઘણાજ દર્દભર્યા અને અસર કરનારા શએરો-કાવ્યો સ્ફુર્યા હતા. (૧.)

## હઝરત શમ્સ પાછા કૈનિયામાં.

થોડા દિવસ પછી મૌલાનાના ફરઝંદ સુલતાન વલદ તેમને સમજાવી ઘણા માનથી કૈનિયા ખાતે તેડી લાવ્યા. મૌલાના જલાલુદીન ફરી પોતાના મુરશિદની સેવામાં તલ્લીન રહેવા લાગ્યા. તેઓ ફરી કૈનિયા છોડી જતા ન રહે તે માટે કીમીયાખાતુન નામની પોતાને ત્યાં પોષણ પામેલી બાળા સાથે તેમના લગ્ન કરી આપ્યા અને પોતાની જોડમાં રહેવા માટે જગ્યા પણ કરી આપી.

એક દિવસે હઝરત શમ્સ તબ્રીઝીથી કીમીયા ખાતુન નારાજ થઈ ઘરમાંથી જતી રહી. મૌલાના જલાલુદીનને તેની ખબર પડતાં તેમને ખેદ થયો અને કેટલીક બાનુઓને બોલાવી કીમીયા-ખાતુનને તેડી લાવવા મોકલી, પરંતુ તેઓ પાછા ફરતાં હઝરત શમ્સના ઓરડા પાસેથી મૌલાના રૂમનું જવાનું થતાં તેઓના કાને મૌલાના શમ્સ સાથે કીમીયા ખાતુન વાતો કરતા હોય તેવો અવાજ આવ્યો, એટલે તેઓ ત્યાંજ થોભી ગયા. હઝરત શમ્સની દ્રષ્ટિ મૌલાના જલાલુદીન ઉપર પડતાં તેમને પોતાના ઘરમાં બોલાવ્યા. ઘરમાં હઝરત શમ્સ તબ્રીઝીને એકલાં જોતાં તેમણે પૂછ્યું:—"કીમીયાખાતુન ક્યાં છે?" તેમણે જવાબ આપ્યો કે "તે તો રીસાઈને ચાલી ગઈ છે." મૌલાના જલાલુદીને આશ્ચર્યથી પુછ્યું:- "હમણા તો તમે કીમીયા ખાતુન સાથે વાતો કરતા હતા, કૃપા કરી એમાં શું 'રાઝ' છે, તેનો ખુલાસો કરશો." (૨.) જવાબમાં હઝરત શમ્સ તબ્રીઝીએ કહ્યું કે, "અલ્લાહતઆલા મારાથી એટલી હદે રાજી છે કે જે સ્વરૂપમાં હું તેને જોવાની ઈચ્છા કરૂં છું તેજ સ્વરૂપમાં તે પોતાનો 'જલાલ' મને દેખાડે છે."

આ વાતચીત પુર્ણ થઈ રહ્યા પછી કીમીયાખાતુન ઘરમાં પાછા ફર્યા. હઝરત શમ્સની નારાજીભરી દ્રષ્ટિ પડતાં ખાતુન બિમાર પડી ગયા અને ત્રીજે દિવસે તેમની વફાત થઇ. ત્યારપછી હઝરત શમ્સ તબ્રીઝી ૪૦ દિવસ રહીને હિજરી સન ૬૪૪માં શાબાન માસમાં હિજરત કરી હંમેશ માટે કૈનિયા છોડી ગયા.

## કૈનિયામાં પુનઃ ઉશ્કેરણી—વફાત.

જ્યારે સિપેહસાલારના જણાવ્યા પ્રમાણે, હઝરત શમ્સ તબ્રીઝી અને મૌલાના રૂમી વચ્ચેની મુલાકાતો અમુક

---

૧. દૌલતશાહ અને કેટલાક અન્ય ઇતિહાસકારો, હઝરત શમ્સની યાદગીરી તરીકે 'દીવાને શમ્સ તબ્રીઝી'ની રચના મૌલાનાએ આ મુદત દરમ્યાન કરી હોવાનું માને છે, જ્યારે કેટલાક તેનો મોટો ભાગ પાછળથી રચાયો હોવાનું માને છે

૨. અફલાકી કૃત "મનાકિબુલ આરિફીન."

સમય સુધી ઘણાજ ઉત્સાહ અને આનંદ સહિત ચાલુ રહ્યા બાદ, ઇર્ષાળુઓએ પુનઃ ઉશ્કેરણી અને ચર્ચાઓ શરૂ કરી. આ વખતે ચર્ચાખોરોનો આગેવાન ખુદ મૌલાના રૂમીનો બીજો પુત્ર અલાઉદ્દીન હતો. આથી હઝરત શમ્સને ઘણુંજ દુઃખ થયું. છેવટે તેઓએ કૌનિયા નગરનો હમેશ માટે ત્યાગ કરી જવાનો નિશ્ચય કર્યો અને એક દિવસે એકાએક તેઓ અલોપ થઇ ગયા અને તલાશ કરતાં તેમનો ક્યાંય પત્તો લાગ્યો નહિ. કેટલાક વૃતાંતકારો જણાવે છે કે મૌલાના રૂમીના કોઇ શિષ્યે ઇર્ષાના આવેશમાં આવી જઇને તેમને શહીદ કર્યા છે. જ્યારે સિપેહસાલાર કે જે ૪૦ વર્ષ મૌલાનાની ખિજમતમાં રહ્યા હતા તેણે ફકત એટલુંજ લખ્યું છે કે, હઝરત શમ્સ નારાજ થઇને ક્યાંક ચાલ્યા ગયા હતા અને ત્યારબાદ તેમનો પતોજ ન લાગ્યો.

"નફહાતુલ ઉન્સ"ના કર્તા જામીના કથન અનુસાર હઝરત શમ્સ તબ્રીઝીને ઓરડામાંથી બહાર બોલાવીને સાત કાવતરાંખોરોએ તેમના પર હુમલો કર્યો હતો, પરંતુ હઝરત શમ્સે પ્રચંડ ગર્જના કરી જેથી કાંવતરાંખોરો બેભાન બની પડી ગયા. આ લોકોમાં મૌલાના રૂમીનો બીજો પુત્ર અલાઉદ્દીન પણ હતો. જ્યારે તેઓ ભાનમાં આવ્યા ત્યારે તેઓને પોતાની અજાયબી વચ્ચે જમીન પર પડેલાં થોડાક લોહીના ટીપાં સિવાય અન્ય કંઇ દેખાયું નહિ. એ દિવસથી આજસુધી હઝરત શમ્સ તબ્રીઝીની કોઇ નિશાની ક્યાંય જોવામાં આવી નહિ. કેટલાકો કહે છે કે આ દુષ્કૃત્યખોરોએ તેમની લાશ કુવામાં ફેંકી દીધી હતી. એક રાત્રે મૌલાના રૂમીના પુત્ર સુલતાન વલદને સ્વપ્નું આવ્યું, જેમાં હઝરત શમ્સે તેમને કહ્યું કે પોતે આ કુવાની અંદર સુતેલા છે. આ ઉપરથી સુલતાન વલદે, મધ્ય રાત્રિએ પોતાના ખાસ મિત્રોને એકઠા કરી, તેમની લાશને બહાર કાઢી અને મૌલાનાની મદરેસા પાસે તેમને દફન કર્યા હતા. હઝરત શમ્સ અને મૌલાની રૂમી વચ્ચેનો ગાઢ સહવાસ બેથી અઢી વર્ષ સુધી ચાલુ રહ્યો હતો. આ ઘટના હિજરી સન ૬૪૫માં બનેલી કહેવાય છે. (૧)

## મુરશિદનો વિયોગ.

આ ઘટનાને અંગે મૌલાના રૂમીના હૃદયને ઉંડો ઝખમ લાગ્યો હતો અને હઝરત શમ્સના વિયોગની અસહ્ય વેદનાથી તેમનું જીગર ચીરાઇ જતું હતું. તેઓ હમેશાં પોતાના મુરશીદ સાથેની પ્રેમાળ મુલાકાતોના દિવ્ય પ્રસંગોનું સ્મરણ કર્યા કરતા હતા તથા હમેશાં ઇબાદત અને પરહેઝગારીની અવસ્થામાં રહેતા હતા. બિછાનું અને ઓશીકાનો તો ઉપયોગ બિલકુલ નહોતા કરતા, નિંદ્રા લેવા માટે તેઓ શરીર ઢાળીને સુતા પણ નહિ, પરંતુ બેઠે બેઠે ઉંઘ લઇ લેતા, જ્યારે માલિકની આરાધનાનો સમય થતો ત્યારે પોતે ગમે તે હાલતમાં હોય તો પણ તરતજ બંદગીમાં લીન થઇ જતા અને તે વખતે તેમના ચહેરાનો રંગ પણ બદલી જતો. તેઓ ઇબાદતમાં અત્યંત તલ્લીન થઇ જતા હતા. કેટલીક વેળા આખી આખી રાત સવારો સવાર સુધી ઇબાદતમાં મશગુલ રહેતા હતા.

હઝરત શમ્સ તબ્રીઝી પછી શેખ સલાહુદ્દીન ઝરકોબ, મૌલાના રૂમીના, બહ્રહાનની જવાબો તેમજ વિયોગથી બળતા હૃદયની શાન્તિરૂપ હતા. શેખ સલાહુદ્દીન પણ એક આધ્યાત્મવાદી હતા અને જરીના તાર બનાવવાનો ધંધો કરતા હતા. ઇતિહાસવેત્તાઓએ તેમના સાથેનો મૌલાના રૂમીનો સંબંધ દશ વર્ષનો લખ્યો છે.

1. જુઓ નિકલસન કૃત 'હઝરત શમ્સ તબ્રીઝીના ચુંટી કઢાડેલા કાવ્યો.'ની પ્રસ્તાવના.

## બૃહદ કાવ્યગ્રંથ મસનવીની રચના.

શેખ સલાહુદીન ઝરકોબના અવસાન પછી મૌલાનાને હિસામુદીન ચિલ્પી નામના એક શિષ્ય મળી આવ્યા, જેઓ તેમને આશ્વાસન આપવા તેમની ખિદમતમાં પડયા રહેતા. મૌલાના રૂમી તેમના પ્રત્યે અસીમ પ્રેમભાવ ધરાવતા હતા. જગવિખ્યાત "મસનવી"ની રચના માટેના મુખ્ય પ્રેરક પણ હિસામુદીન ચિલ્પીને માનવામાં આવે છે. સુફીઝમના ઉંડા અન્વેષણનો પોતે જેવો લાભ લીધો હતો, તેવો લાભ જગતના માનવીઓને મળે એવી શુભ નિષ્ઠાથી એક દિવસે ચિલ્પીએ મૌલાના પાસે અરજ ગુજારી કે "શેખ અત્તારનાં પુસ્તક "મન્તિકુતૈયર" (પંછીનામા)ની તર્ઝ પર બ્રહ્મજ્ઞાનને લગતી "મસનવી" લખવામાં આવે તો સારૂં." મૌલાનાએ કહ્યું: "મને પણ રાત્રે એજ વિચાર આવ્યો હતો અને એજ વેળા થોડાક પદો "બિસ્નવ અય નય...થી પસ સુખુન કોતાહ બાયદ, વસ્સલામ" સુધી રચાઇ પણ ગયા છે. મસનવીની રચનામાં હિસામુદીને સારો ભાગ લીધો હતો, તેથી મસનવીમાં ઘણે ઠેકાણે હિસામુદીનનાં નામનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## રૂમીનો મુરશીદ પ્રેમ.

હઝરત શમ્સ તબ્રીઝીનો સંબંધ હમેશ માટે બંધ થયા પછી મૌલાના જલાલુદીન રૂમીને તેમની જુદાઇથી ઘણું લાગતું હતું. તેઓ પોતાના મુરશીદને ઘણું ચાહતા હતા તેઓ મુરશીદની મહત્વતા વિષે લખે છે કે:—

> "તે બાદશાહે મજબુતીથી દરવાજા બંધ રાખ્યા હતા, તે આજે દરવાજા ઉપર આદમનો પોષાક પહેરીને (અર્થાત મનુષ્ય સ્વરૂપમાં) આવ્યો છે. તું જાણી લે કે મુરશીદ સર્વાંશે હક્કની સિફત છે, પછી ભલે તે મનુષ્ય સ્વરૂપમાં દેખાતો હોય."

હઝરત શમ્સ તબ્રીઝીની મુલાકાત પહેલાં મૌલાના જલાલુદીન "સાહેબે શરીઅત" હતા પરંતુ, તેમનો સમાગમ સેવ્યા પછી "સાહેબે તરીકત" બન્યા હતા. તેમના જીવનના પુર્વકાળમાં તેઓ ધર્મશાસ્ત્રના પંડિત ગણાતા હોવાથી તેમની પાસે ફતવાઓ માંગવામાં આવતા હતા, જેના શરીયતના નિયમને અનુસરી તેઓ નિર્ણયો આપતા હતા. તેઓ એટલા બધા સત્તાધારી મનાતા કે તેમનો અભિપ્રાય છેવટનો ગણવામાં આવતો હતો; પરંતુ હઝરત શમ્સ તબ્રીઝીની સમાગમમાં આવ્યા પછી તેમનું માનસ બદલાતાં તેમના મઝહબી વિચારોમાં ભારે પરિવર્તન થયેલું જણાતું હતું અને મુરશીદને ભેટયા પછી ફિકાહ અને હદીસના પુસ્તકો પરથી તેમનું મન ઉતરી ગયું હતું અને લોકોને ઉપદેશ આપવા કે વાએઝ સંભળાવવાનું પણ બંધ કરી મુરશીદની મસ્તીમાં હમેશ મસ્ત રહી પવિત્ર ઇમામની મહોબ્બતનો દમ ભરી તેઓ કહેતા હતા:—

> "એહલે સફાના હરમના સુર્ય તે ઝાહિર ઇમામ અને ખુદાના દોસ્ત તે ઇમામ કે જેની સાથે આ દુનિયા, ઝમાનો, ઝમીન અને આસમાન કાયમ છે, તેની ઝાત પુજનીય છે અને મરતબાવાળી છે. એ ઇમામ પવિત્ર છે, શિર્ક, કુફ્ર, કે દંભથી પર તેમનો નિવાસ વહેદાનિયતની સૃષ્ટિમાં છે અને આ જે કાંઇ (જગત) છે, તેથી તે નિર્લેપ છે."

ઇરાનમાં આવેલા આઝરબાયજાનમાં એ સમયે ઇમામતની મસનદ પર હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ ઇબ્ને હઝરત ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. બિરાજમાન હતા.

મૌલાના જલાલુદીન રૂમીની વફાત કૌનિયા મધે હિજરી સન ૬૭૨ના જમાદીઉસ્સાનીની તા.૫મીએ મુરશીદનાં વિયોગમાં થઇ હતી. એમની મઝાર કૌનિયામાં છે.

## મોમિનશાહ અને નિઝારી દઅવત.

હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. આઝરબાયજાનમાં વસવાટ કરી રહ્યા પછી ક્રમે ક્રમે નિઝારીયા પંથના પ્રચારનું કાર્ય હાથ ધરી પોતાના કુટુંબીઓ અને ઇસમાઇલી મિશનરીઓને જુદા જુદા શહેરોમાં ઉપદેશ કરવા મોકલ્યા હતા. તેઓ ઘણીજ સાવધાનીથી પ્રચારકાર્ય કરતા હતા, તેમના પ્રયાસોથી ફરી ઇસ્માઇલી મઝહબની રોશની ચોતરફ ફેલાવા લાગી અને ઇમામના અનુયાયીઓની સંખ્યામાં વધારો થવા લાગ્યો.

હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ.ના ત્રણ પુત્રો હતા, જેમાંના એક હઝરત ઇમામ કાસમશાહ અ. જેઓ પોતાના પિતાની વફાત પછી ઇમામતની મસનદ ઉપર બિરાજ્યા હતા, જ્યારે બીજા ફરઝંદો મૌલા મોમિનશાહ અને કિયાશાહ જેઓ ઇસમાઇલી દઅવત કરવા બહાર પડયા અને ધોરણસરની મિશન પધ્ધતિ કાયમ કરી તેને વ્યવહારૂ સ્વરૂપ આપવા ગીલાનની સરહદ ભણી તેઓએ પ્રયાણ કર્યું. ગીલાનની સરહદની પેલીમેર આલમુતનો કિલ્લો આવેલો હતો, જેનો તાતારી સરદાર હલાકુના હાથે વિનાશ કરવામાં આવ્યો હતો. મોમિનશાહે એ સ્થળ નજદિક આવેલા 'માબાના' નામના ગામમાં પોતાનું રહેઠાણ રાખ્યું, ત્યાંથી અતરાફના ગામમાં ઇસમાઇલી મિશનરીઓને રવાના કરવામાં આવતા હતા. હઝરત મૌલા મોમિનશાહ પોતે દરવીશી પોષાકમાં રહેતા હતા. પાછળથી મોમિનશાહની અવલાદ 'સાદાતે બોનદીયા' તરીકે મશહુર થઈ હતી. અતરાફના રાજ્યકર્તા બાદશાહો અને સુલતાનમાં તેમનો માન મરતબો વધવા પામ્યો હતો. એમના પ્રભાવથી નામચીન જમીનદારો પણ ઇસમાઇલી મઝહબનો અંગીકાર કરીને પવિત્ર ઇમામની બયઅતથી મુશર્રફ થતા હતા, છતાં પણ ઇસમાઇલીઓ વિરૂધ્ધની દુશ્મની મોટા વિસ્તારમાં ઇર્ષાના લીધે પ્રસરી રહી હતી તેને અંગે હઝરત મૌલા મોમિનશાહને અનેક જગ્યાએ 'તકીઓ' ગ્રહણ કરવો પડતો હતો, જો કે વાસ્તવિક રીતે તો તેઓ ઇસમાઇલી હતા. હઝરત મૌલા મોમિનશાહની વફાત પછી તેમના ફરઝંદ મોમિનશાહ (બીજા) અને તેમના પુત્ર રઝીયુદીનશાહે પોતાના પિતાને પગલે ચાલીને દઅવતનું કામ ચાલુ રાખ્યું અને ત્યારપછી તેમના વંશજ સૈયદ મુહમ્મદ તાહિર અલ-હુસેનીને નામે વિખ્યાતી પામ્યા. જેમનો અહેવાલ આગળ જતાં આવશે.

### વફાત.

હઝરત શમ્સુદીન મુહમ્મદ અ.ને 'ગુલઝારે શમ્સ'ની કૃતિમાં મખદુમ શાહને નામે પણ ઓળખવામાં આવ્યા છે. તેઓ ઘણા સૌંદર્યવાન હોવાથી તેમને 'શમ્સ' પણ કહેતા હતા. 'આસારે મુહમ્મદી'માં જણાવવામાં આવ્યું છે કે હઝરત મૌલાના ઇમામ રૂકનુદીન ખુરશાહ અ. પછી એક નાની પુસ્તીકામાં ઇમામે પોતાના નામ તથા ટુંક વર્ણન લખ્યાં છે. આ પુસ્તીકા બજુર્ગીઓના બાળવા વખતે 'જરકા'માં બચી ગઇ હતી. આ ઉપરથી સિધ્ધ થાય છે કે, મૌલાના ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. પોતાના કાકા શાહિનશાહ સહિત ખાનગી રીતે તબ્રીઝમાં રહેતા હતા અને ઝરદોઝનું કામ કરતા હતા. ઇમામના મોટા કુટુંબ સાથે તેમના ભાઈ મૌલા મોમિનશાહ તથા કીયાશાહ પણ રહેતા હતા, જેઓ ઇમામને દઅવતનાં કામમાં સહકાર આપતા હતા.

હઝરત મૌલાના ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. હંમેશા આઝરબાયજાનમાં રહ્યા હતા. તેઓ ૫૬ વર્ષ જેટલા લાંબા સમય સુધી ઇમામતની મસનદ પર બિરાજમાન રહ્યા હતા અને હિજરી સન ૭૧૦માં આઝરબાયજાન ખાતે વફાત પામ્યા હતા. તેઓશ્રીની મઝાર ત્યાં આવેલી છે. તેઓશ્રીની વફાત પછી એમના ફરઝંદ હઝરત મૌલાના ઇમામ કાસમશાહ અ. ઇમામતની મસનદ પર બિરાજી ઇસમાઇલીઓના ઇમામ તરીકે રોશન થયા.

# હઝરત ઈમામ શમ્સુદ્દીન મુહમ્મદ અ૦

- કિયાશાહ
- મૌલા મોમિનશાહ
  - મોમિનશાહ
    - રઝીયુદ્દીન
      (એમના વંશજો 'સાદાતે ઓન્દીયા' તરીકે મશહુર થયા.)
      - શાહ તાહિર
        - જેઓ રઝીયુદ્દીનથી છે, તેઓ એક મહાન સુફી તરીકે મશહુર હતા અને ઇરાન તેમજ હિંદના રાજા પ્રજા બન્ને તેઓને માન આપતા હતા.
    - શરફ ખાતુન
      - મુહમ્મદશાહ
    - દોલત સિફત
- ઈમામ કાસમશાહ— (વડા પુત્ર) પીર શમ્સને હિંદુસ્તાન ખાતે દાઇ તરીકે એવણ ઇમામે મોકલાવ્યા.
  - ઈમામ ઇસ્લામશાહ—પીર સદરદીન અને પીર હસન કબીરદીનને એવણ ઇમામે પોતાની નવાજિશ કરી.
    - ઈમામ મુહમ્મદ બિન ઈસ્લામશાહ—પીર તાજદીને એવણ ઈમામની દઅવત કરી.
      - ઈમામ મુસ્તનસિરબિલ્લાહ—પીર તાજદીનની યાદીમાં "પંદીઆતે જવાંમરદી" લખી.
        - ઇમામ અબ્દુસ્સલામ—"પંદીઆતે જવાંમરદી" પીર તરીકે એવણ ઇમામના સમયમાં ચાલુ કરવામાં આવી.

# HAZRAT MOWLANA IMAM KASSAM SHAH.

( A. H. 710-771 )

(૨૯)

# હઝરત મૌલાના ઇમામ કાસમ શાહ અ૦

( હિજરી સન ૭૧૦–૭૭૧ )

હઝરત મૌલાના ઇમામ કાસમશાહ અ. હિજરી સન ૭૧૦ માં પોતાના પિતા હઝરત મૌલાના ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. પછી ઇમામતની મસનદ પર બિરાજ્યા હતા. તેઓ ઇસમાઇલી નિઝારીઓના ૨૯ માં ઇમામ છે. એમનો નિવાસ પણ ઇરાનના આઝરબાયજાન પ્રગણામાં હતો. તેઓશ્રીને "નર કાસમશાહ" તરીકે પણ ઓળખવામાં આવ્યા છે.

હઝરત ઇમામ કાસમશાહ ગાદીએ આવ્યા એ સમયે તેઓશ્રીના નાના ભાઇઓ હઝરત મોમિનશાહ તથા હઝરત કિયાશાહ ઇસમાઇલી મઝહબના દઅવતના કાર્યને અંગે મુસાફરીમાં રોકાયલા હતા. તેઓ 'ગીલાન' પ્રગણાથી આઝરબાયજાન તરફ આવવા નીકળ્યા એ દરમ્યાન હઝરત ઇમામ મૌલાના શમ્સુદીન મુહમ્મદ અ. ની વફાત થઇ અને હઝરત ઇમામ કાસમશાહ ઇમામતની મસનદ પર જલ્વાગર થયા. હઝરત મોમિનશાહ અને હઝરત કિયાશાહને સંદેશો મળતાં તેઓ તબ્રીઝ ભણી નહિ આવતાં પાછી મુસાફરી શરૂ કરી અને જ્યાં જ્યાં ઇસમાઇલી મિશનરીઓ દઅવતનું કાર્ય કરી રહ્યા હતા, ત્યાં ત્યાં તેમને ઇમામ કાસમશાહના નામે દઅવત કરવા અને બયઅત લેવાની આજ્ઞાઓ પહોંચાડી. પીર સદરદીન સાહેબે હઝરત ઇમામ કાસમશાહ અ. ને ઇરાકી એટલે ઇરાકે અજમના નિવાસી તરીકે પણ પોતાના કથનમાં ઓળખાવેલ છે. વળી "સુરી શીયા" તરીકે પણ નિર્દેશ કરવામાં આવ્યો છે.

## તાતારી બાદશાહ ઇસ્લામ ધર્મ અંગીકાર કરે છે.

આ સમયે ઇરાનમાં તાતારી બાદશાહ ગઝનખાન રાજ્ય કરતો હતો. તે મુસલમાન થયા પછી મુલ્લાંઓના સમાગમમાં આવ્યાથી ધર્મને બહાને ઇસમાઇલીઓ વિરૂધ્ધ તેને બહેકાવવામાં આવતાં આ નવ મુસ્લિમ બાદશાહ કેટલાક ઇસ્માઇલી કાર્યકર્તાઓને બારીક નજરથી નિહાળવા લાગ્યો.અને તેમના કાર્યને અટકાવવાના ઇરાદાથી અમુક ઇસમાઇલી મિશનરીઓને કત્લ કરવા હથિયાર ઉપાડયા. આ પરિસ્થિતિ જોતાં ઇમામે દઅવતનું સ્વરૂપ બદલી તકીયાથી કામ કરવાની આજ્ઞા ફરમાવી.

ઇમામના સમકાલીન તાતારી રાજ્યકર્તાઓની થોડી હકીકત અત્રે આપવાનું રસભર્યું થઇ પડશે. નિઝારીઓનું રાજ્ય તાતારીઓના આક્રમણથી પડી ભાંગ્યા પછી તાતારી ખાકાન મનકુખાને

ઇરાનનું રાજ્ય પોતાના ભાઇ હલાકુખાનને સોંપ્યું. હલાકુખાનનું મુળ તાતારી નામ "ઇલખાન" હતું, જે ઉપરથી તેના વંશના રાજ્યકર્તાઓ "ઇલખાની" બાદશાહો તરીકે ઇતિહાસમાં ઓળખાયા. હિજરી સન ૬૬૩ના મરાઘા ખાતે હલાકુખાન મરણ પામ્યો. એ સમયે તેણે એકલાએ ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો હતો, જ્યારે તેના કુટુંબીઓ તાતારીઓનો પ્રચલિત ધર્મ પાળતા હતા. હલાકુખાનના મરણ પછી તેજ વર્ષમાં તેનો પુત્ર અબાકાખાન ગાદીએ આવ્યો. તે પછી નિકોદાર, (એહમદ) અરઘુનખાન, કયખાતુ, બાઇદુખાન ક્રમવાર ગાદીએ આવ્યા. પછી અરઘુનખાનના દીકરા ગઝનખાને બાઇદુખાનને મરાવી નાખ્યો. ત્યારપછી તાતારી ઉમરાવોની એક રાજ્યસભા બોલાવી. સભાને ગઝનખાને ભાષણથી આકર્ષીને તેણે તેઓનો સહકાર મેળવ્યો. ઉમરાવોએ તેને રાજા તરીકે ચુંટી કહાડયો. આ ગઝનખાન તાતારી સરદાર હલાકુખાનનો પરપૌત્ર થતો હતો. તેણે હવે રાજ્ય લગામ પોતાના હાથમાં લીધી. તેનો વઝીર અમીર નવરોઝ મુસલમાન થઇ ગયો હતો. દરમ્યાન બાઇદુખાન વિરૂધ્ધ ગઝનખાન લડી રહ્યો હતો અને યુધ્ધ લંબાતું જતું હતું. એ જોતાં અમીર નવરોઝે પોતાના બાદશાહને સમજાવ્યું કે જો તું મુસલમાન બની જાય તો તને વિજય મળે. ગઝનખાને આ વાત સ્વિકારી. તેનો વિજય થયા પછી તેણે પોતાનું વચન પાળ્યું અને દસ હજાર તાતારી મંગોલો સાથે શેખ સદરૂદીન ઇબ્રાહીમ નામના એક સુફીના હાથે પવિત્ર ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો. ઇતિહાસકાર જોન માલકમ અને પ્રોફેસર બ્રાઉન બન્નેએ પોતાની કૃતિઓમાં આ વિગેનો ઉલ્લેખ કર્યો છે.

ગઝનખાન મુસલમાન થયાને ચાર મહીના થયા બાદ પોતાના વઝીર અમીર નવરોઝને તબ્રીઝમાં આવેલા સઘળા ખ્રિસ્તિઓના દેવળો, યહુદીઓના સિનેગોગ અને મુર્તિપુજકોના મંદિરો તોડી પાડવાનો હુકમ કર્યો અને પોતાના રાજ્યના સિક્કા મુસ્લિમ-ઢબના પડાવ્યા. પોતાનો મંગોલ પહેરવાસ બંધ કરીને ઇરાની ઢબનો મુસ્લિમ પહેરવાસ ચાલુ કર્યો. ગઝનખાન હિજરી સન ૭૦૩ માં મરણ પામ્યો.

## મહમ્મદ ખુદાબંદા રાજસિંહાસને.

ત્યાર પછી તેનો ભાઇ અલજયતુ ગાદીએ આવ્યો તેણે 'મહમ્મદ ખુદાબંદા' નામ ધારણ કર્યું એ સમયે તેની વય ૨૯ વર્ષની હતી. તે નાનો બાળક હતો ત્યારે તેની માતા ઉરૂક ખાતુને તેનું નામ "નિકોલસ" રાખીને તેને, બેપ્ટીઝમ (ખ્રિસ્તી ધર્મની દિક્ષા) અપાવ્યું હતું પણ પાછળથી તેની પત્નિએ પોતાના પતિ પાસે ઇસ્લામ ધર્મ સ્વિકારાવ્યો હતો. નાનપણમાં ખુદાબંદાનું નામ "ખરબંદા" (ગદર્ભદાસ) હતું, અને ઇસ્લામ ધર્મમાં દાખલ થયા પછી એ નામ "ખુદાબંદા"માં ફેરવાઇ ગયું હતું. દૌલતશાહ પોતાની કૃતિ "તઝકરતુશ્શોઅરા" માં લખે છે કે "ખુદાબંદા"નો બાપ ગઝનખાન બાદશાહ થયો ત્યારે તે નાસી જઇને કિરમાન ખાતે ગધેડા ચારવાનું કામ કરતો હતો, તેને અંગે તેનું નામ "ખરબંદા" પડયું હતું. હી. સ. ૭૧૬ માં સંધીવાની બીમારીથી તેનું મરણ નીપજ્યું હતુ. તે પછી તેનો પુત્ર અબુ સઇદ હિજરી સન ૭૧૭ માં રાજ્યગાદીએ આવ્યો, એ હઝરત ઇમામ કાસમશાહ અ. નો સમકાલીન હતો.

## હલાકુખાનના રાજવંશનો અંત.

મિસરના સુલતાન અને અબુ સઇદ વચ્ચે અણબનાવ થતાં સુલતાન નાસિરે મંગોલો વિરૂધ્ધ સિરીયાના ઇસમાઇલીઓની મદદ મેળવી. ત્રીસ ઇસમાઇલી સિરીયનો અબુ સઇદના રાજ્યમાં આવી પહોંચતાં એ ચોંકી ઉઠયો. પરિણામે અબુ સઇદે સુલતાન નાસિર સાથે સંધી કરી પોતાના ખાનદાનની એક

શાહઝાદી સાથે તેનાં લગ્ન કરી આપ્યા. હિજરી સન ૭૩૬માં બાદશાહ અબુ સઇદ મરણ પામ્યો. પ્રોફેસર બ્રાઉને 'ઇરાનના સાહિત્ય ઇતિહાસ'માં આ બનાવનો ઉલ્લેખ કર્યો છે.

તાતારી હલાકુખાનના વંશનો એ છેલ્લો સત્તાધારી બાદશાહ હતો ત્યારપછી અબુ સંઇદે પોતાના ગાદીવારસ તરીકે અરપાખાનને નિમ્યો હતો, પરંતુ તેને થોડા સમયમાંજ મારી નાખવામાં આવ્યો. ઇ. સ. ૧૩૩૬માં તેની જગ્યાએ હસન બુઝુર્ગે આવીને નવો રાજવંશ સ્થાપ્યો. ત્યારપછી પુર્વ વિભાગના તાતારી ખાકાનોઓ એક પછી એક ઇસ્લામ ધર્મ સ્વિકારતા ગયા હતા.

આ પછી કેટલાક તાતારી શાહઝાદાઓ રાજ્યકર્તા હતા, પરંતુ તેઓ સઘળા નામના રાજાઓ હતા. અંધેરના જમાનામાં ચૌબાનખાનના પુત્રો હુસેન કુચક સાથે અશરફ રાજગાદીના દાવેદાર તરીકે બહાર આવ્યો, પરંતુ હુસેન કુચકની પત્નિએ પોતાના આશકને કેદમાં પુરવા માટે પોતાના પતિનું ખુન કર્યું. જ્યારે કુચકનો ભાઇ અશરફ આઝરબાયજાન પ્રાંતમાં આવેલા કુઇ નામના સ્થળે કપચાકના રાજ્યકર્તા જોનીબેગખાન સાથે લડતાં મરણ પામ્યો. જોનીબેગખાને ઇરાનના પ્રગણામાં મોટો ઘેરો ઘાલ્યો હતો અને તાતારી શાહઝાદાઓની ક્રુરતાથી તેણે કતલ ચલાવી હતી. કેટલાક શાહઝાદાઓ ત્રાસથી ભય પામી પોતાની સલામતી અર્થે નાસી છુટ્યા હતા. જેમાં અરધુનખાનનો એક શાહઝાદો બગદાદ ભણી ગયો અને ત્યાં જઇને તેણે એક નાનું રાજ્ય સ્થાપ્યું અને ત્યારપછી તેણે બગદાદમાં પોતાનું રાજ્ય સ્થાપવા જીવન પર્યંત કોશિશો કરી, પરંતુ તેમાં તેને ફતેહ નહિ મળતાં, હિજરી સન ૫૫૭માં મરણ પામ્યો.

## મુઝફ્ફરી વંશની સ્થાપના.

ત્યારપછી તેના ઉતરાધિકારી ઓવયસે બગદાદ તો જીત્યું નહિ, પરંતુ આઝરબાયજાન અને ખુરાસાનના કેટલાક સ્થળો પોતાના કબજામાં લીધા. હિજરી સન ૭૭૬માં તેનું મરણ થતાં તેના પુત્ર જલાલુદીને પોતાના હાથમાં સત્તા લીધી; પરંતુ કેટલાક અમીરોએ તેનો વધ કર્યો. તેના ભાઇ અહેમદને કારા યુસુફ નામના તુર્ક સરદારે મારી નાખતાં છુટી છવાઇ રીતે તાતારી વંશ જે સત્તા ભોગવતો હતો તેનો સદંતર નાસ થતાં ઇરાનમાં મુઝફ્ફરી વંશના રાજ્યની સ્થાપના થઇ. તેમણે પોતાના પાટનગર તરીકે શિરાઝને પસંદ કર્યું. આ જમાનામાં મહાન સુફી કવિ હાફિઝ શિરાઝી વિદ્યમાન હતા.

મુઝફ્ફરી વંશનો સ્થાપક મુબારિઝુદીન હતો. તેણે અલ-મુઝફ્ફરનો લકબ ધારણ કરવાથી મુઝફ્ફરી વંશ તરીકે એ ખાનદાનના રાજ્યકર્તાઓ વિખ્યાત થયા હતા. મુબારિઝુદીને ઇરાનમાં ચાલતી અંધાધુંધી ઓછી કરીને તેને આબાદ બનાવવા ઘણું મંથન કર્યું અને આ હેતુ પુર્ણ કરવા અર્થે તેને ઘણી નાની મોટી લડાઇઓ લડવી પડી હતી. તેના રાજ્યની સ્થાપના હિજરી સન ૭૪૨માં થઇ હતી. એણે રાજ્યનું પાટનગર તબ્રીઝ બનાવવાથી આઝરબાયજાનમાં જે રાજ્યાધિકારીઓની દોડધામ થઇ હતી તે નરમ પડતાં ઇસમાઇલીઓને પણ સતામણીમાંથી કાંઇ રાહત મળી હતી. આવી પરિસ્થિતિ વચ્ચે હઝરત ઇમામ કાસમશાહ અ.એ દઅવત કાર્ય પર વધુ લક્ષ આપીને ખુરાસાન, કિરમાન, તબ્રીસ્તાન, કોહિસ્તાન, આલમુત, રય, દેલમ, આઝરબાયજાન, ગીલાન અને કેગ્મત (કહેક) વિગેરે સ્થળે ફરીથી ઇસમાઇલી મિશન કાર્ય સજીવન કરીને સંભાળપુર્વક કામ આગળ ધપાવવા માંડ્યું અને હિંદુસ્તાનમાં પણ મિશનરીઓ મોકલવાની ગોઠવણ હાથ ધરી.

## મહાન ઇસમાઇલી કવિ નિઝારી.

હઝરત ઇમામ કાસમશાહ અ.ના વખતમાં જાણીતા ઇસમાઇલી કવિ નિઝારી થયા છે, જેમનું વર્ણન અત્રે આપવું રસદાયક થઇ પડશે.

કવિવર નિઝારી કોહિસ્તાનીનો જન્મ હિજરી સન ૬૪૫માં ઇરાન દેશના કાઇન શહેરની દક્ષિણે આવેલા પુર્વ ઈરાન મધેના બિર્જંદ નામના ગામમાં થયો હતો. એમનું પુરૂં નામ નાયમુદીન બિન જલાલુદીન છે. એ કવિએ હઝરત મૌલાના ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. તથા હઝરત ઇમામ મૌલાના કાસમશાહ અ.ની ઘણી વફાદારીથી સેવા કરી છે. મિસરમાં બની ફાતિમી રાજ્યનું પતન થયા પછી ઇમામત માટે ઇસ્માઇલીઓ વચ્ચે બે વિભાગો પડયા હતા, જેમાં હઝરત ઇમામ શાહ નિઝાર અ.ના અનુયાયીઓવાળો વિભાગ મુખ્ય હતો. કવિવરે પોતાના કાવ્ય નામ સાથે એમનું પવિત્ર નામ જોડી દઇને ધર્માભિમાન સુચવતું કાવ્યનામ 'નિઝારી' રાખ્યું. કવિવર નિઝારી એક પ્રખર વિદ્વાન હતા અને ભુતકાળમાં થઇ ગયેલા ઇસમાઇલી કવિમંડળમાં હકીમ નાસિર ખુસરૂ, ઇમામ કુલી, ખાકી ખુરાસાની અને ઇબ્ને હાનીની હરોળમાં કવિવર નિઝારીનું પણ સ્થાન આવે છે, આટલું છતાં ઇરાની કવિઓના જીવનચરિત્ર આલેખનારા અને ગ્રંથકારોએ ઇસ્વી સનની તેરમી સદીના અંતમાં કે ચૌદમી સદીના આરંભકાળમાં થઇ ગયેલા જાણીતા નરોની નામાવલીમાં કવિવર નિઝારીનો જવલ્લેજ ઉલ્લેખ કર્યો છે.

કવિવર નિઝારીના જીવન વિષે રશિયન મુસાફર મી. ઇવેનોવ જણાવે છે કે મંગોલોની ચઢાઇ પછી ઇરાની સંસ્કૃતિને પુનઃસજીવન થવાના ચિન્હો દેખાવા લાગ્યા. જેને આગલા વિનાશકારી બનાવોએ છિન્નભિન્ન કરી નાખી હતી. આ સંસ્કૃતિને સમૃધ્ધ બનાવવા અર્થે એ સદીમાં આપણને પહેલું યોગ્ય નામ મળી આવે છે, તે બિર્જંદવાસી કવિવર નિઝારી નાયમુદીન બિન જલાલુદીનનું છે. તેઓ એક અગ્રપદ ધરાવનારા કવિ હતા અને ઇસમાઇલી ધર્મના અનુયાયી હતા. આપણી પાસે તેને લગતી સ્પષ્ટ સાબિતિઓ છે. પોતાના સાચા મઝહબનો ખુલ્લો સ્વિકાર તે વખતની પરિસ્થિતિને અંગે તેઓ માટે અશક્ય હતો. આ સબબોસર તેમને ઘણી સાવચેતીભરી રીતે લખવું પડયું હતું. પરંતુ ઇસમાઇલી સિધ્ધાંતનું જેમને થોડું ઘણું એ જ્ઞાન હશે, તેઓને એમના કાવ્યમાંથી પુષ્કળ ઇસમાઇલી ધર્મના તત્વો મળી આવશે.

## કવિવર નિઝારીની કૃતિઓ.

કવિવર નિઝારીના ઝમાનામાં ફારસી અરબી વિદ્યાકળાની સારી પ્રગતી થઇ હતી. અરબ તથા અજમીઓમાં સાહિત્યનો શોખ પણ સારી પેઠે વિકાસ પામ્યો હતો. કવિવર નિઝારી સુસંસ્કારી અને સુશિક્ષિત હતા, કારણ કે તેમણે પોતાનાં ઝમાનાની વિદ્યાકળાનું સારી રીતે શિક્ષણ સંપાદન કર્યું હતું. તેમનું ચારિત્ર પણ ઉજ્જવળ હતું અને તેથી લોકો તેમને 'મુવહિદ' અને કેટલાકો 'આરિફ' તરીકે સમજતા હતા, પરંતુ ખરી રીતે તો તેઓ ઇસમાઇલી ફિરકાના એક ફિલસુફ અને વિદ્વાન કવિ હતા. એમની કૃતિઓમાં હકીકી ઇશ્કની મસ્તી, સુફી તત્વોનાં મિશ્રણ સહિત તરી આવે છે. તેઓ મઆરિફતી હતા. તેમની ગઝલોમાં 'મુજસિમ મુરશીદ'ની મસ્તીમાં 'વાજિબુલ વુજુદ' ખુદાને માન્યો છે અને તે અઝલી (અનાદી) અબદી (અનંત) એક વુજુદમાં કાયમ દાયમ હમેશાં જલ્વાગર છે અને તે ઝમાનાનો સાહેબ દરેક ઝમાનામાં જુદા જુદા પોષાકમાં હોવા છતાં એકજ હોય છે.

કવિવર નિઝારીની સઘળી કાવ્ય કૃતિઓનો "કુલીયાત"માં સંપુર્ણ સંગ્રહ કરવામાં આવ્યો છે. 'કુલીયાત'નું આ સુંદર પુસ્તક રશિયાના પુરાણા પાટનગર પીટર્સબર્ગ (લેનીનગ્રાડ)ની ઇમ્પીરીઅલ પબ્લીક લાઇબ્રેરીમાં જાળવી રાખવામાં આવી છે. ઇ. બર્ટેલ્સ નામના રશિયન અભ્યાસીને પ્રોફેસર સેલમેનની સાહિત્ય સામગ્રીમાંથી કવિવર નિઝારીનું 'દસ્તુરનામા' નામનું ફારસી ભાષામાં લખેલું વિસ્તૃત કાવ્ય પુસ્તક (મસનવી) અનુવાદ સહિત હાથ લાગ્યું છે. આ મસનવીમાં ૫૭૬ બએત છે. (૧)

૧. જુઓ ડબલ્યુ ઇવેનોવ કૃત "એ ગાઇડ ટુ ઇસમાઇલી લિટરેચર". પાનુ ૧૦૫-૬.

જાણીતા વિદ્વાન સર્ગાંગર "દસ્તુરનામા"ને સુંદર ભાષામાં લખાયેલું જણાવે છે. એમની કાવ્યશૈલી અને ભાષા તેજે ભરેલાં છે. એમણે સુફીઓની પરિભાષામાં સામાન્ય અર્થોને એટલા બધાં રહસ્યપૂર્ણ બનાવ્યા છે કે તેનાં ઉંડાણમાં ઉતરવાથી તેમનો મુળ આશય સમજવામાં આવી શકે છે.

કવિવર નિઝારીએ "દસ્તુરનામા" ઉપરાંત "અદબનામા," "સફરનામા" "મઝહરો મઝહર," રૂબાઇયાત અને કેટલાક અન્ય ગ્રંથો પણ લખેલા છે. એમનાં ગઝલોની મોટી 'દીવાન' જવલ્લેજ મળી આવતું એક ગ્રંથ છે. ઉપરાંત તેમની કેટલીક હસ્તલિખિત કૃતિઓની નકલો પણ મળી આવી છે, જેમાં ગઝલો અને કસીદાઓ છે. એમના કાવ્યોમાં સર્વથી વધુ રસભર્યું "આઝરબાયજાન" ભણીની તેમની મુસાફરીનું વર્ણન આપતું "સફરનામું=પ્રવાસ ગ્રંથ" છે. આલમુત ગઢ છોડયા પછી ઇસ-માઇલી ઈમામોએ મઝહબનો પ્રચાર "કોકેસસ" અને "આરમીનીયા"માં મોટે ભાગે કરેલો જણાય છે. એ બાબતને જાણીતા ઇતિહાસકારો ટેકો આપે છે. કવિવરના 'સફરનામા' પરથી જણાય છે કે તેમણે બિરજંદથી કોકેસસ અને આરમીનીયાની પણ મુસાફરી કરી હતી. આઝરબાયજાનમાં એ વખતે ઇસ-માઇલી પવિત્ર ઈમામો વસવાટ કરી રહ્યા હતા. એ ઝમાનાના ઇમામ હઝરત મૌલાના શાહ શમ્સુદ્દીન મુહમ્મદ અ.નો ઉલ્લેખ કરતાં કવિ નિઝારી લખે છે કે:-

"તેઓશ્રી દીનના તાજ અને જગતના શહેનશાહ છે. જગત સમ્રાટની આંખોના તેજ અલીના પુત્ર (શમ્સુદ્દીન) મુહમ્મદ આત્મિકતાના પિતા અને અવિનાશી કિરતારના બાગના મીઠા મેવા છે.

જ્યારે આ હદ પર્યંત મારી નજર દોડાવી તો મારો બીજનો ચાંદ વિશાળ પુનમનો ચાંદ થયેલો દેખાયો. એકંદરે એ જરૂરીયાતને અંગે પૈગામની માફક મારી હથેલીમાં મધુરી મદીરા લીધી.

મેં મદીરાગૃહ ભણી મોઢું ફેરવ્યું, ત્યારે મને "મુલહિદ"ના શેખનો ઇલકાબ આપવામાં આવ્યો. હા, હું એવો શેખ છું, પણ સલામતીભર્યા અંતઃકરણવાળો છું, કોઇ ધર્મ ઢોંગીઓ જેવો દ્વિમુખી નથી."

## ઈસ્માઇલી ઈમામ નિઝાર અ.ના નામ પરથી 'નિઝારી' તખલ્લુસ.

દૌલતશાહ સમરકંદી તઝકરતુશ્શોઅરા નામના પોતાના પુસ્તકમાં લખે છે કે કવિ નિઝારી ઇસમાઇલી ખલીફાઓના અનુયાયીઓમાંથી હતા, તેને અંગેજ પોતાનું નામ બની ફાતિમી ખલીફ શાહ નિઝાર અ.ને અનુલક્ષીને "નિઝારી" તખલ્લુસ રાખ્યું હતું. તેમના કથનો પણ તેમના ઇસમાઇલી હોવાની સાક્ષી પુરે છે.

પ્રોફેસર બ્રાઉન પોતાના "ઇરાની સાહિત્ય ઇતિહાસ"માં કવિવર 'નિઝારી' માટે લખતા જણાવે છે કે તેમની કૃતિમાંના કાવ્ય જોતાં નાસિર ખુસરૂ નામે વિખ્યાત થયેલા મહાન ઇસમાઇલી કવિની તુલનામાં તેમની બુધ્ધિમતા મળતી આવવાની મને ખાત્રી છે. એ કવિના જન્મ સ્થળ અને તખલ્લુસ (કાવ્યનામ) પરથી તેઓ ઇસમાઇલી પંથના હતા, એવો માત્ર દાવો કરવામાં આવતો નહોતો, પણ તેમનું જીવન ચરિત્ર લખનારા પુષ્કળ લોકોએ એ વિષે ઇશારો કરીને કહ્યું છે કે તેમણે પોતાના પૂર્વે થઈ ગયેલા ઇમામ નિઝાર અ.ના નામ પરથી પોતાનું તખલ્લુસ 'નિઝારી' રાખ્યું હતું. અરાજકતા અને અંધાધુંધીમાંથી રક્ષણ મેળવવા એ સમયે ઇસમાઇલીઓ માટે "કોહિસ્તાન" મજબુત કિલ્લા સમાન હોવાથી કવિ નિઝારી ત્યાં નિવાસ કરી રહ્યા હતા.

ઓરિયન્ટલ બાયોગ્રાફિકલ ડિક્ષનરીના કર્તા લખે છે કે કવિવર નિઝારીએ બહોળું દેશાટન કર્યું હતું. શિરાઝના મશહુર કવિ, ગુલીસ્તાન અને બોસ્તાનના કર્તા શેખ સા'દી અને એવા અન્ય નામાંકિત કવિઓ એમનાં સમાગમમાં આવ્યા હતા.

કવિવર નિઝારી પોતાના જીવનના છેલ્લા તબક્કામાં 'ઓરિયન્ટલ બાયોગ્રાફિકલ ડિક્ષનરી'ના કર્તાના દર્શાવવા મુજબ જગતથી નિવૃત થઇ ખેતીવાડી કરી, એકાંત જીવન ગુજારી, ઇમામે ઝમાનની મસ્તીમાં હંમેશ ચકચુર રહેતા હતા. એમનું અવસાન હિજરી સન ૭૨૦માં થયું હતું. કવિવર નિઝારીના મરણ સમયે ઇમામતની મસનદ પર હઝરત ઇમામ કાસમશાહ અ. બિરાજમાન હતા.

## ઈસ્માઇલી મિશનરી પીર શમ્સુદીન સબ્ઝવારી.

હિંદુસ્તાનમાં આવેલા ઇસમાઇલી દાઇ હઝરત શમ્સ તબ્રીઝીને નામે સામાન્ય રીતે જેમને ઓળખવામાં આવે છે એ પીર શમ્સની વંશાવળી આ પ્રમાણે છે:—હઝરત શમ્સુદીન બિન સલાહુદીન બિન સાલેહદીન બિન ઇસ્લામદીન બિન અબદુલ મોમિન બિન ખાલિકદીન બિન મોહિબદીન બિન મહમુદશાહ બિન મહમ્મદશાહ બિન હાશમશાહ બિન અહમદ હાદી બિન મુસ્તનસિર બિલ્લાહ બિન ગાલિબદિન બિન મુહમ્મદ મનસુર બિન સૈયદ ઇસમાઇલ સાની બિન મુહમ્મદ મુસ્તનસિર બિલ્લાહ બિન સૈયદ નુરૂદીન મુહમ્મદ બિન હઝરત ઇમામ ઇસમાઇલ અ. બિન ઇમામ જાફર સાદિક અ. આ પ્રમાણેની વંશાવળી "ગુલઝારે શમ્સ" નામની કૃતિમાં આપવામાં આવી છે. પીર શમ્સના પિતા સૈયદ સલાહુદીન મુહમ્મદ નુરબક્ષ હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. ઝરદોઝના મુરીદ હતા. તેઓ પણ ઈસિમાઈલી ધર્મના પ્રચારક હતા. પીર સૈયદ સલાહુદીન (રેહ.)એ, હઝરત ઇમામ અલા મુહમ્મદ અ.થી હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. સુધી પાંચ ઇમામોની ખિજમત કરી, હિજરી સન ૬૬૪માં વફાત પામ્યા હતા.

## પીર શમ્સને પિરાતનની નવાજીશ.

હઝરત ઇમામ શાહ ઇસિમાઇલ અ.ના વંશથી ઉતરી આવેલા સૈયદ હાશમઅલી બિન સૈયદ અહેમદ હાદીની વફાત હિજરી સન ૪૭૪માં 'યમન' ખાતે થઇ હતી. સૈયદ હાશિમ યમનથી 'કાહેરા' (કેરો) એટલે મિસર ગયા. તેમની માતાજીનું નામ ખયરૂન્નિસા હતું, જેઓ સૈયદ ઇબ્રાહિમના પુત્રી હતા. તેઓ 'આરિફ' અને 'કામિલ' હતા. એમની વંશ સંકલના હઝરત ઇમામ જાફર સાદિક અ. સુધી પહોંચે છે. એ સઘળા ઇસમાઇલીઓ એક બીજા સાથે જોડાયેલા હતા. તેઓએ કાહિરાથી ઇરાન આવીને સબ્ઝવારમાં નિવાસ કર્યો હતો. 'ગુલઝારે શમ્સ તબ્રેઝી'ની કૃતિ પરથી જણાય છે કે, સૈયદ હાશમઅલી કાહેરાથી હઝરત ઇમામ શાહ નિઝાર અ.ના શાહઝાદા હઝરત ઇમામ શાહ હાદી અ. સાથે આલમુતમાં આવ્યા હતા. એમના વંશમાંથી હઝરત પીર શમ્સ (રેહ.) ઉતરી આવેલા છે.

હઝરત ઇમામ શાહ કાસમશાહ અ.એ હઝરત પીર શમ્સને પોતાની હુઝુરપુરનુરમાં બોલાવી પોતાના વકીલ તરીકે નિમણુંક કરીને "પીર"નો લકબ અર્પણ કર્યો હતો અને ઇરાનની બહાર અન્ય દેશોમાં દઅવત કરવા હુકમ ફરમાવતાં તેઓ તૈયારી કરવા લાગ્યા. વિદાયના દિને ઇમામની દસ્તબોશી કરી, ભલી આશિષો લઇ હઝરત પીર શમ્સે પ્રયાણ કર્યું અને 'ચરકસ'ના માર્ગે પ્રથમ બદખશાન આવી પહોંચ્યા, જ્યાં તેઓની સેવામાં લોકોના ટોળેટોળાં એકઠા થવા લાગ્યા. પરિણામે ઝમાનાના ઇમામ હઝરત ઇમામ કાસમશાહની મોટી સંખ્યામાં લોકોએ બયઅત કરીને ઇસમાઇલી ધર્મ અંગીકાર કર્યો.

HAZRAT SHAMS-I-TABRIZ



હઝરત શમ્સ તબ્રીઝી (રેહ.)

PIR SHAMS BIN SALAHUDDIN SABZWARI



પીર શમ્સ બિન સલાહુદ્દીન સબ્ઝવારી

## પીર શમ્સ રેહ. ની દઅવત.

ત્યારપછી "બદંખશાન"થી "તિબ્બતે કુચક" ભણી રવાના થયા, ત્યાં પણ થોડા દિવસ નિવાસ રાખી દઅવતનું કાર્ય કર્યું. એ પ્રકારે ગિઝની, ચીનઝ વિગેરે ગામોથી પસાર થઈ હિંદુકુશના માર્ગે પામીરની ખીણોનો વિકટ માર્ગ પાસ કરી હિંદ મધ્યે કાશ્મીરમાં આવી પહોંચ્યા. આ પ્રવાસ દરમ્યાન પણ હઝરત પીર શમ્સે મિશન કાર્ય ચાલુ રાખ્યું હતું. તેમને મુસાફરીમાં કોઇવાર અનાજ મળતું, તો કોઇ વેળા લાંઘણો પણ કરવી પડતી. ઘણે સ્થળોએ પાણી ન મળવાથી બહુ શરીરકષ્ટ પણ ભોગવવું પડતું હતું. આ સઘળા દુઃખો સહન કરતાં કરતાં તેઓ પોતાની "મન્ઝિલે મકસુદ" પર આવી પહોંચ્યા અને ત્યાં સ્થાયી નિવાસ કરી મિશન કાર્યની પધ્ધતિ અર્થે ચોકકસ ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી હિંદીઓને ઉપદેશ કરવાનું કાર્ય આરંભ્યું.

## પીર શમ્સ રેહ. ની ગરબીઓ.

એક દિવસ હઝરત પીર શમ્સ રેહ. ફરતાં ફરતાં અનલ ગામમાં આવી પહોંચ્યા, તે સમયે દશેરાના તહેવાર હોઇ હિન્દુઓ એક સ્થળે ગરબા રાસ રમી રહ્યા હતા, તેઓની સાથે ભળીને હઝરત પીર શમ્સ પણ ગરબા મંડળમાં ગરબીના રાગમાં ગાવાનું શરૂ કર્યું. સઘળી મળી ૨૮ ગરબીઓ પીરે ગાઇ સંભળાવી, જેમાં ઇસ્લામની ઇમામતની રૂહ ફુંકવામાં આવી છે. આ ગરબીઓમાં ઝમાનાના ઇમામ હઝરત ઇમામ કાસમશાહ અ. ની દઅવત કરતાં તેઓ કહે છે:—

તમે સમરણ તેની કરજો સાર, કે મૌલા અલી માનજોરે લોલ.
જેનો હાજર જોમો કહિએ નામ, કે શાહ નિઝારીયારે લોલ.
આનો કાસમશાહ નુરને રે ગાફુલો, આલ ઇમામ કલ માંહે.
તેની કૃપાથી અમે આવ્યા રે ગાફુલો, અમે પીર શમ્સ સોહી.
ગરબી છે કાંઇ જુદો દેવ.
ભવાની છે ક્યાં રે લોલ?

આની રીતે પીર શમ્સે અઠાવીસ ગરબીઓ દસ દિવસ પર્યંત ગાઇ. તે સમયે ત્યાં જે પંડિતો હાજર હતા, તેઓ તે લખતા ગયા. અંતે ગરબીમાં શામેલ થયેલા સંખ્યાબંધ લોકો આ ઉપદેશથી પોતાની જનોઇઓ ઉતારી નાખી, પાક દીન ઇસ્લામથી મુશર્રફ થઇને પીર શમ્સ રેહ. ના હાથે ઝમાનાના ઇમામ હઝરત ઇમામ કાસમશાહની બયઅત કરી. આ વખતે ઉતારેલી જનોઇનો એક મોટો ઢગ થયો હતો.

એ શહેરમાં એક સદાચારી બાઈ એમણાબાઇ રહેતી હતી, તેણે હઝરત પીર શમ્સ રેહ. ને પોતાને ત્યાં નોતર્યા. પીરે તે બાઇને ઘરે જઇને કસોટી કરવા એક અજમાયશ કરી: બાઇએ અતિશય આદરભાવથી ઉતમ પકવાનો પકાવીને પીરની સેવામાં મુકયા, તે જોઇને હઝરત પીર શમ્સે કહ્યું:— "અમોને આ રસોઇ ન ચાલે. તમે કાચા ઘડામાં કાચા સુતરના તાંતણા વડે કુવેથી જઇને તાજું પાણી ભરી લાવો અને તે પાણીથી અમોને રસોઈ પકાવી આપો તો અમો આરોગશું." એમણાબાઇ સત્યવાદી હતા. પોતાના તપોબળ વડે ઉપર પ્રમાણે પાણી ભરી લાવવા સામર્થ્યવાન થયા. પીર શમ્સ એમણાબાઇ પર આ કાર્યથી પ્રસન્ન થઇ ભલી દુઆઓ આપી જમણ લઇને વિદાય થયા.

## કાશ્મીર અને તિબેટમાં દઅવતનું કાર્ય.

કાશ્મીરનો પ્રદેશ, કુદરતી આબોહવા, ફળફળાદી, નદીઓ, સરોવરો ઇત્યાદીથી ભરપુર હોવાને કારણે દુનિયા પર સ્વર્ગ સમાન ગણાય છે. ઇસ્લામના ઉદયકાળ પુર્વે ત્યાં હિંદુ રાજાઓ રાજ્ય કરતા

હતા અને ત્યાંની વસ્તી મુખ્યત્વે બ્રાહ્મણ, લુહાણા, જાટ, માકરી, ચકક અને ચંગડ જાતિઓની હતી. "તારીખે કાશ્મીર"ના નિર્દેશ અનુસાર પીર શમ્સ ઇબ્ને પીર સલાહુદીન, હઝરત ઇમામ કાશમ શાહ બિન ઇમામ શમ્શુદીન મુહમ્મદ અ. તરફથી દઅવતનું કાર્ય કરવા હિજરી સન ૭૨૫ માં કાશ્મીર દેશમાં પધાર્યા હતા.

પ્રોફેસર આરનોલ્ડના (૧.) કથન અનુસાર તિબેટ અને કાશ્મીર પ્રાંતોમાં આલમુતના બુર્જ પરથી ઇસ્માઇલી મિશનરીઓએ આવીને ધર્મનો ફેલાવો કર્યો હતો, જેનો તિબેટવાસી પ્રજા પર ઘણોજ ઊંડો પ્રભાવ પડયો હતો. ઇસ્માઇલી સોદાગરો આલમુતથી હિંદ આવીને તિબેટ તેથા કાશ્મીર સાથે વેપાર કરતા હતા. તિબેટમાં પ્રથમ "દઅવતે ઇસ્લામ" આલમુતથી ઇસ્માઇલી મિશનરીઓએ દરવીશી લિબાશમાં આવીને કરી. તેઓની અનહદ કોશિશોના પરિણામે ઇસ્લામ બહોળા પ્રમાણમાં ફેલાવા પામ્યો હતો.

"ગુલઝારે શમ્સ"માં દર્શાવ્યું છે કે, પીર શમ્સ (રેહ.) પોતાના કાફલા સાથે કાશ્મીર ભણી આવી રહ્યા હતા ત્યારે "ચંગડ" કોમના નામે જાણીતા થયેલા એક જંગલી ટોળાએ પીર શમ્સ (રેહ.) અને તેમના કાફલાને ઘેરી લીધા. આ વિકટ સ્થિતિ વચ્ચે પીર શમ્સે નમ્રતા સાથે પરવરદિગારની હુઝુરમાં દુઆ ગુજારી કે તરત સઘળા ચમત્કારિક રીતે તેમની શરણે થયા. પંજાબમાં એ "ચંગડ" કોમ બે લાખ જેટલી સંખ્યામાં વસે છે. તેઓ હઝરત પીર શમ્સ (રેહ.)ના મુરીદો છે. પીર શમ્સ (રેહ.) કાશ્મીર આવ્યા પછી કાશ્મીરવાસીઓ મોટી સંખ્યામાં તેમના મુરીદ થયા. અને ત્યાંના રાજ્યકર્તાઓ પણ તેમના અનુયાયી મંડળમાં ભળ્યા હતા. સમસ્ત પહાડી ઇલાકા, તિબેટ, કાશ્મીર, ગીલાન, યારકંદ, અસકર્દ, પંજાબ, મુલતાન વિગેરેમાં દઅવતનું કાર્ય ચાલુ હતું, આ સમયે પીર શમ્સે કેટલાંક ખાસ લોકોને "ખુદાવંદી રાઝ"ની હિદાયત પણ કરી હતી.

હઝરત પીર શમ્સ (રેહ.)ની મુરીદીમાં દાખલ થયેલા કોણ હતા, એની કેટલીક વિગત "તવારીખે ફિરિશ્તા" પરથી જાણી શકાય છે. એ ઇતિહાસ ગ્રંથમાં એવું લખવામાં આવ્યું છે કે મુરીદ થયેલા સઘળા હિન્દુઓ હતા, જેમાં પણ વિશેષ સંખ્યા ચકક લોકોની હતી. વળી લાહોરના અને સિંધના લુહાણાઓ પણ હતા. આ જમાનામાં હઝરત ઇમામ કાસમશાહ અ. બિન હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. તરફથી "નુરબક્ષ" ટોળાના મુરીદોમાંથી પીર શમ્સ નામનો એક શખ્સ ઇરાક દેશમાંથી કાશ્મીરમાં આવ્યો તેણે ઘણા લોકોને પોતાના મુરીદ બનાવ્યા. તેઓએ સઘળી ધર્માદા મિલકતો, જમિનની જગ્યાઓ અને દેવળો પીર શમ્સને સોંપી દીધાં. પીર શમ્સ (રેહ.)ના જે મુરીદો સુન્નીમતના હતા, તેઓએ બુતખાના તોડી પાડવાનું ચાલુ કર્યું. તેઓને કોઇ અટકાવી શકયું નહિ. આ લોકોમાં "ચકક" ટોળાઓનો મોટો ભાગ હતો. તેઓએ સુન્ની શીયા મઝહબ સ્વિકાર્યો હતો. પરંતુ તે વખતે કેટલાક લોકો પીર શમ્સ (રેહ.)ની હિદાયતની બારીકી સમજતા ન્હોતા, તેઓ તેમની વફાત પછી બેદીન થઇ ગયા હતા.

## કાશ્મીરના ચકક લોકોની જાહોજલાલી અને શુરવિરતા.

"તવારીખે ફિરિશ્તા" પરથી જણાય છે કે હઝરત પીર શમ્સ (રેહ.)ની દઅવતથી ઇસ્માઇલી ધર્મનો અંગીકાર કરનારાઓનો મોટો ભાગ "ચકક" લોકોનો હતો. જેઓ પ્રથમ હિંદુ હતા, પરંતુ મુસ્લિમ થયા પછી ચકક લોકોની શુરવિરતા અને જાહોજલાલી ઘણી વધવા પામી હતી. એટલુંજ નહિ પણ તેઓ કાશ્મીરના રાજ્યકર્તાઓ પણ થયા હતા, જેની નોંધ ઇતિહાસના પાનાઓ પર જળવાઇ રહેલી જોવામાં આવે છે.

૧. જુઓ "ધી પ્રિચીંગ ઓફ ઇસ્લામ" પૃષ્ઠ ૨૯૧-૨૯૨.

હિજરી સન ૭૧૫થી ૯૯૫ સુધી લગભગ ૨૮૦ વર્ષ પર્યંત "ચકક" અને "માકરી" સરદારોએ કાશ્મીર–પંજાબમાં રાજસત્તા ભોગવી હતી. જો કે અંદરોઅંદરના ઝગડાઓથી તેઓ કમજોર થઇ પડયા હોવાથી હિજરી સન ૯૭૭માં તેઓની પડતી થઇ ચુકી હતી, પરંતુ તેઓ શીઆ ઇમામી ઇસ્માઇલી પંથના હોવાથી દિલ્હીપતિ સુલતાનોને ઓછું ગમતું હતું; તેથી તેઓએ પોતાના મુફતીઓ અને મૌલવીઓને કાશ્મીરમાં મોકલી ચકક લોકોને પોતાનો ધર્મ બદલાવવા માટે ઉપદેશ કરતા હતા. કાશ્મીરના ૨૮માં બાદશાહ અલીશાહ ચકકના સમયમાં અકબરશાહ તરફથી કેટલાક મુફતીઓ કાશ્મીર આવ્યા, તેઓને મઝહબી ભેદભાવને અંગે ફતેહશાહ ચકે મિરઝા મુકદુમની ઉશ્કેરણીથી કતલ કર્યા. જેથી મિરઝા જ્યારે દિલ્હી ગયો ત્યારે અકબર શાહે તેને કતલ કર્યો.

અકબરશાહે અંતે સૈયદ યુસુફખાન મસહુદીનને મોટું લશ્કર આપી કાશ્મીર પર ચઢાઇ લઇ જવાનો હુકમ આપતાં તેણે ચઢાઇ કરી, જેમાં ચકક લોકોની હાર થઇ, અને કાશ્મીરનો છેલ્લો ૨૯મો બાદશાહ યુસુફ શાહ ચકક ગિરફતાર થયો. કાશ્મીર કબજામાં આવતાં અકબરશાહે મિરઝા હઇદરને સુબા તરીકે કાશ્મીર મોકલ્યો. જ્યારે તે કાશ્મીરમાં દાખલ થયો ત્યારે તેણે જોયું તો સમસ્ત પ્રજા ઇસમાઇલી ધર્મ પાળે છે. અંતે બાદશાહે ઇસુફશાહ ચકને જાગીરો આપી, તેના પુત્ર યાકુબશાહને દરબારમાં નોકરીએ રાખ્યો અને આ રીતે સુમેળ સાધ્યો. ચકના એક રાજાના ભાઇની પુત્રી સાથે અકબર બાદશાહનાં પુત્ર સલીમની શાદી પણ કરાવી આપી અને એ રીતે સંબંધ જોડાવાથી ધીમે ધીમે ચક પ્રજાના વિચારોમાં પરિવર્તન થવા લાગ્યું, પરિણામે તેઓમાંથી કેટલાકો શીઆ ઇસ્નાઅશરી અને કેટલાક સુન્ની મઝહબમાં દાખલ થઇ ગયા.

## 'અહુતે ફિકકાહ.'

જ્યારે "તવારિખે ફરિસ્તા" પરથી જણાય છે કે હિજરી સન ૯૯૫માં કાશ્મીર સમ્રાટ અકબરના કબજામાં આવતાં, તેણે મિરઝા હઇદરને તેના હાકિમ તરીકે નિમ્યો. મિરઝા હઇદરે જ્યારે સમસ્ત કાશ્મીરની પ્રજાને શીઆ–શમ્સી ઇસમાઇલી ધર્મ પાળતાં જોઇ, તેમજ તેઓની કિતાબ "અહુતે ફિકકાહ"(૧) તેના હાથમાં આવતાં, સઘળી કિતાબો પોતાને હવાલે સોંપી દેવાનો હુકમ બહાર પાડયો, કારણ કે એ પુસ્તકમાં અહલેબયઅતની ફઝીલત લખેલી હતી. ત્યારપછી તેણે એક પુસ્તક દિલ્હી અને બીજા પુસ્તકો આલિમોના મત લેવા માટે મોકલી આપ્યા. આ ઉપરથી હિંદના ઉલમાઓએ એ કિતાબ માટે કુફ્રનો ફતવો લખી આપી જણાવ્યું કે આ કિતાબને માનનારા શખ્સોને મારી નાખવામાં આવે અને પુસ્તકોનો નાશ કરવો. આને અનુસરીને મિરઝા હઇદરે સઘળાં પુસ્તકો બાળી નાંખી અને તેને માનનારાઓને કતલ કર્યા હતા, જેથી ભયને અંગે કેટલાક હનીફી થઈ ગયા અને કેટલાક ઇલ્મે મઆરિફતના જાણકાર હોવાથી, દરવીશી ધારણ કરી રાજ્યની હદ છોડી ચાલ્યા ગયા. છતાં આજે પંજાબમાં શમ્સી ઇસમાઇલીઓની સારી સંખ્યા હસ્તીમાં છે. જેઓ ખુલ્લી રીતે ઇસમાઇલી ધર્મ પાળે છે. રાજ્ય ગયું છતાં ચક લોકોની શુરવિરતા અને બહાદુરી પંજાબ, કાશ્મીર અને તિબેટની પ્રજા હજુ વિસરી નથી.

ત્યારબાદ પીર શમ્સનો ઇસમાઇલી તરીકો પડી ભાંગ્યો અને શમ્સીયા ખાનદાનમાં સીનાબસીનાનો માર્ગ છુપો રહ્યો. પીર શમ્સે બોધેલા આ તરીકાને હિંદુઓ "શમ્સી મત" કહે છે. એ મઝહબવાળાઓ હઝરત્ અલી અ.ને મઝહરે ઝાતે ખુદા તરીકે માને છે.

---

૧. આ પુસ્તક હઝરત પીર શમ્સના પિતાશ્રી પીર સૈયદ સલાહુદીને લખ્યું હતું. વિગત માટે જુઓ પાનું ૨૭૮.

'ગુલઝારે શમ્સ'ના કથન અનુસાર હઝરત પીર શમ્સ (રેહ.) લોકોને હિદાયત કરતા કરતા કરાચી ખાતે પધાર્યા. અત્રે તેમને મળવા હજારો લોકો આવવા લાગ્યા. પીર શમ્સ (રેહ.) લોકો વચ્ચે બેસીને ઉપદેશ કરતા, અને જમાનાના સાહેબ હઝરત ઇમામ કાસમશાહ અ. હોઇ તે ભણી લોકોને દઅવત આપતા હતા. એ પ્રકારે પ્રચાર કરતો પીર શમ્સ (રેહ.)નો કાફલો મુલતાન જઇ પહોંચ્યો.

## મુલતાનની મસ્જીદમાં પીર શમ્સ (રેહ.).

મુલતાનમાં હઝરત પીર શમ્સ (રેહ.)એ એક જુની મસજીદમાં ઉતારો લીધો. ત્યાં બંદગી માટે લોક એકઠા થયા હતા. જમાત સફ સમારી ઉભી થઇ અને પેશ નમાઝે બંદગીની શરૂઆત કરી. હઝરત પીર શમ્સ (રેહ.) પણ સફમાં ઉભા રહ્યા પરંતુ બંદગી વચ્ચે પેશ ઇમામના વિચારો ભમતા હોવાથી તેઓ બંદગી વચ્ચે બેસી ગયા.

બંદગીથી ફારેગ થયા પછી લોકો પીર શમ્સ (રેહ.)ના અંગ ઉપર ધસી ગયા. પીરે તેઓને થોડો વખત થોભી જવાને સંકેત કરીને કહ્યું: "પેશ નમાઝ અલ્લાહની યાદમાં હતો ત્યાં સુધી અમો તેની સાથે હતા. પરંતુ તેનું ચિત્ત ભટકવા લાગતા અમો બંદગીમાંથી ફારેગ થઇને બેસી ગયા." આ સાંભળી સઘળા અજાયબીમાં ગરકાવ થઇ ગયા અને એવી રીતે બે પરવાહીથી બોલનાર "ચમત્કારી પુરૂષ" હશે, એવો તેમને ભાસ થવા લાગ્યો. લોકોએ તેમના વિચારથી મળતાં થઇને અરજ કરી કે, આપ પેશ નમાઝ થઈ ઉભા રહો અને અમો તમારી પાછળ બંદગી ગુજારીએ. પીરે અરજ કબુલ કરવાથી સઘળા વઝુ કરવા લાગ્યા. હઝરત શમ્સ વઝુ કરવાને બદલે ખોબે ખોબે પાણી ભરી પીવા લાગ્યા. લોકોને આ જોઇ ક્રોધ ચઢ્યો અને તેઓ પીરને કાંઇ કહેવા જાય તે પહેલાં તેઓએ પોતાનું શરીર હલાવીને બધું પાણી ઓકી કાઢી નાંખ્યું. તે પછી હાથ પગ ધોઇને કિબ્લા સામે દસ્તબસ્તા ઉભા રહ્યા. લોકો એમની પુઠે હારબંધ ગોઠવાયા. બંદગીની શરૂઆત કરતાં બધાના દિલમાં ઝણઝણાટી પેદા થઇ અને લોકો જેવા સિજદામાં ગયા કે મસજીદના તમામ કાંગરાં પણ ઝુકીને સિજદો કરવા લાગ્યા. આ જોતાં લોકો ડરીને બંદગીની અધવચે મસજીદમાંથી બહાર નીકળી પડ્યા. પીર શમ્સ (રેહ.) બંદગીથી ફારેગ થઇ બહાર આવી લોકો સમક્ષ ઉભા રહ્યા. આ ચમત્કાર જોઇને લોકોએ આજીજીભરી વિનંતી કરી કે "આ ભિના શું છે?" પીર શમ્સે ઉત્તર આપતાં કહ્યું:—

**મન મેરા મુસલ્લા, અલ્લાહ મેરા કાઝી, કાયા હમારી મસીતા**
**અંદર બૈઠ મેં નમાઝ ગુજારૂં, મુર્ખ કયા જાને તાઅત હમારી?**

ઉપરોકત સુરી વચનો સાંભળી હઝરત પીર શમ્સ (રેહ.) પ્રત્યે તેઓને ઘણું માન ઉત્પન્ન થયું અને ત્યારપછી લોકો પીરના વધારે ને વધારે સમાગમમાં આવવા લાગ્યા.

## બહાઉદ્દીન ઝકરિયા દરવીશ—કાગળની કિશ્તી.

હઝરત પીર શમ્સ (રેહ.)ની ખ્યાતિ વધવાથી બહાઉદ્દીન ઝકરિયા નામના એક દરવીશને પોતાની કીર્તિ માટે ભય લાગવા માંડયો. 'ગુલઝારે શમ્સ'ના આલેખન મુજબ તેણે પોતાના ખાસ મુરીદ ખાન મુહમ્મદ સૈયદ હાકીમ શહીદને હુકમ કર્યો કે, પીર શમ્સ (રેહ.) મુલતાન શહેર વચ્ચે આવશે તો અમારે પણ તેની આજ્ઞા ઉઠાવવી પડશે, માટે સઘળી કિશ્તીઓને શહેરમાં ખેંચી લાવો, જેથી એ સૈયદ શહેરમાં આવી શકે નહિં. બહાઉદ્દીન ઝકરિયાના મુરીદે આ હુકમનો અમલ કર્યો. હઝરત પીર શમ્સે કિનારા પર

આવીને જોયું તો એક પણ કિસ્તી મળી નહિ. આ જોઇ તેઓ ખિન્ન થઇ કાગળની એક કિસ્તી બનાવી અને તેમાં પોતે બેસી ગયા અને પોતાના સાથીદારોને પોતાની આંગળી પકડવાનું કહ્યું. સઘળાએ તેમ કર્યું. કિસ્તી તરતજ ચાલુ થઇ પરંતુ ડોલવા લાગી. આ સમયે હઝરત પીર શમ્સે ફરમાવ્યું:— "કોઇની સાથે દુનિયાનો માલ છે?"

શાહઝાદા મહમદને તેની માતાએ સફરમાં કામ આવે તે માટે કેટલુંક ઝવેરાત આપ્યું હતું તે તેણે પીર પાસે રજુ કર્યું. પીરે તે ઝવેરાતને દરિયામાં નખાવી દીધું કે તરત કિસ્તી સરળતાથી ચાલવા લાગી. કિસ્તી સાગર વચ્ચે આવતાં બહાઉદીનની નજર તેના ઉપર પડી. તેણે ઇર્ષાભરી દુઆ માંગી, એટલે પેલી કાગળની કિસ્તી ત્યાંજ અટકી પડી, જેથી પીરે ચોમેર જોતાં બહાઉદીન ઝરૂખામાં બેઠેલો દેખાયો. પોતાને અટકાવનાર શખ્સ એ છે એમ જાણવામાં આવતાં પીરે તેના ભણી નજર ફેંકી કે બહાઉદીનના માથામાં બે શિંગડા ફુટી નીકળ્યા અને તેનું માથું ઝરૂખામાં અટકી પડ્યું. પોતાની આવી સ્થિતિ જોઇ તે ઘણો વ્યાકુળ થયો અને પોતાના પુત્ર સદર અને શેખદીનને માફી મેળવવા હઝરત પીર શમ્સ (રેહ.)ની સેવામાં દોડાવ્યા. હઝરત પીર શમ્સ (રેહ.) તે અગાઉ જુની મસજીદમાં જઈ પહોંચ્યા હતા. ત્યાં કને બહાઉદીનના પુત્રો સાથે પીરનો ભેટો થયો. તેઓએ પોતાના પિતા ઉપર ગુજરેલી મુસીબતોનું વર્ણન કરીને ક્ષમાની યાચના કરી. પીરે તેના હકમાં દુઆ ગુજારી એટલે બહાઉદીન મુક્ત થયો, પરંતુ આજ સુધી આ બન્ને શિંગડાની નિશાની તેના નર વંશજોમાં રહી જવા પામી છે અને જે ઝરૂખામાં બહાઉદીન બેઠો હતો તે બારી પણ હજી હસ્તી ધરાવે છે. મુલતાનની મુલાકાત લેનારા એ વસ્તુઓ જોઇ શકે છે.

## બાદશાહના પુત્રની વફાત.

હઝરત પીર શમ્સ (રેહ.)નો નિવાસ મુલતાનમાં હતો, તે દરમ્યાન રાજાનો દીકરો મરણ પામ્યો. મરનાર રાજાનો એકજ પુત્ર હોવાથી શહેરના સઘળા ફકીરો, સુફીઓ, આલિમોને રાજાએ જણાવ્યું કે તમોએ ખુદાવંદની નઝદીકી મેળવી છે, એવો તમારો દાવો છે અને એ સબબે હું તમોને હંમેશા મોટી રકમની ઉદારતાભરી નવાજિશો અને બક્ષીશો આપતો રહું છું. આજે તમો કોઈ પણ ભોગે કે બદલા તરીકે મારા પુત્રને જીવતદાન આપો અને જો તમો ખુદા પ્રત્યે સાચા હશો તો તમો તેમ કરી શકશો, એવી મારી ખાત્રી છે અને જો એ કાર્યમાં નિષ્ફળ જશો તો સઘળાને ઘાણીમાં પીલી નાખીશ, એટલે મારા પુત્ર સાથે તમારી પણ જીવનલીલા પુર્ણ થઇ જશે.

## કુમ બેઇઝનિલ્લાહ કે કુમ બેઇઝની?—સુર્ય પૃથ્વી પર ઉતાર્યો.

આ સાંભળીને સઘળા ગભરાયા અને પોતાની જીંદગીની સલામતી અર્થે બારી શોધતાં તેઓની નજર હઝરત પીર શમ્સ (રેહ.) તરફ ફરી અને મસલેહત કરી વિચારવા લાગ્યા કે, તેઓ ચમત્કારી પુરૂષ છે, માટે એમની પાસે ચાલીને અરજ ગુજારીએ. આ નિર્ણય કરી બધાઓએ પીર શમ્સ પાસે આવીને અરજ કરી કે, "અમારા ઉપર મૃત્યુ ઝઝુમે છે, માટે કૃપા કરીને અમોને બચાવો. અને રાજાના પુત્રને તમારી કરામત વડે જીવતો કરો."

હઝરત પીર શમ્સે તેઓની માગણી કબુલ કરીને મરણ પામેલા રાજકુંવર ભણી ચાલ્યા. ત્યાં પહોંચતાં રાજકુંવરના શબ ઉપર દ્રષ્ટિ કરી ફરમાવ્યું કે "કુમ બેઇઝનિલ્લાહ" અર્થાત "ખુદાના હુકમથી ઉઠ" પરંતુ રાજકુંવર ઉઠ્યો નહિ. ફરીથી પીર શમ્સે કહ્યું:—"કુમ બેઇઝની" અર્થાત "મારા હુકમથી ઉઠ" તરતજ તે રાજકુંવર આળસ મરડીને બેઠો થયો. કુંવરને જીવતો થયેલો જોઈ બાદશાહ

ઘણો ખુશ થયો પરંતુ, પીર શમ્સનો ઉપકાર માનવાને બદલે મોતના ડાચામાં આવી પડેલા એ લોકો બેવફા થયા અને પીર ઉપર આરોપ મુકવા લાગ્યા કે, પોતાના હુકમ વડે રાજકુંવરને જીવતો કરવા બદલ શરાઅ લાગુ પડે છે, તે માટે એમની જીવતી ચામડી ઉતારવી જોઇએ છે એ ધાર્મિક કાનુન છે. એ પ્રમાણે પીરે બધાને પોતાની વિરૂધ્ધ જોયા પછી તેઓએ પોતાના અંગ ઉપર એક કાળી કામળી ઓઢી માથા પરની ચોટીને હાથમાં પકડી આખા શરીરની ચામડી ઉતારી ખેંચી કાઢી અને તે ચામડું આલિમો સામે ફેંકી દીધું. આ જોઇને સઘળા વિસ્મય પામ્યા. તેઓ આ દ્રશ્ય જોઇને કંપી ઉઠયા પરંતુ, એકવાર એ પ્રકારે ગુનેહગાર ગણેલા મનુષ્ય સાથે સહકાર કરવા મઝહબ ના પાડે છે એમ માનીને નિરૂપાય બની, પ્રજાએ કોઇપણ જાતનો વ્યવહાર પીરથી રાખ્યો નહિં. આવી સ્થિતિમાં ઘણો સમય વીતી ગયો, ત્યારે પીરને ભુખ લાગતાં પ્રજામાં પોતાના ખોરાક પુરતું માંગવા લાગ્યા, પરંતુ કોઇએ કશું પણ આપ્યું નહિં. એ નિરાસા વચ્ચે એક કસાઇને દયા આવવાથી છુપી રીતે માંસનો એક ટુકડો પીરને આપ્યો, પણ તેને પકાવવા માટે ચિંતા થઇ પડી. એ સ્થિતિ વચ્ચે પીર શમ્સ (રેહ.) મુલતાન શહેર બહાર નિકળી ગયા અને સુર્ય ભણી જોઇ કહેવા લાગ્યા:—

"હે સુર્ય! હે સુર્ય! તેજી ન કર, તેજી ન કર!
તુ સ્વયં એક પળ માટે થંભી જા; હું જુના યુગથી પ્રેમીજન છું.
હે ઝડપી ચાલવાળા સુર્ય! તેજી ન કર, તેજી ન કર!
મંદ ન થતો! ધીરે ચાલ! હું જુના યુગથી પ્રેમીજન છું."


ગુલઝારે શમ્સની કૃતિમાં જણાવ્યા પ્રમાણે હઝરત પીર શમ્સ (રેહ.) એટલે સુધી બોલી રહ્યા કે, સુર્ય નીચે ઉતરી આવ્યો અને આખું મુલતાન શહેર ગરમીથી તરફડવા લાગ્યું. કેટલાક દોડી આવીને હઝરત શમ્સ (રેહ.)ના પગે પડીને માફી ચાહવા લાગ્યા. દરમ્યાન એક પળમાં માંસ પાકી જવાથી સુર્ય તરત પોતાની જગ્યાએ ગયો; જે જગ્યાએ સુર્ય ઉતર્યો હતો તે સ્થાન સ્ટેશનની નિકટમાં આવેલું છે. પ્રતિ વર્ષે ત્યાં મેળો ભરાય છે, આ સ્થળ "સુર્યકુંડ"ના નામથી મશહુર છે.

## શમ્સી સંપ્રદાય.

ઇતિહાસકારો જણાવે છે કે, હઝરત પીર શમ્સ (રેહ.) કાશ્મીરમાં આવ્યા ત્યારે ત્યાં આગળ સુર્યપુજા કરનારાઓનો એક સંપ્રદાય હસ્તી ધરાવતો હતો. તેઓ સુર્યના અજવાળાના સમયમાં ડરીને ચાલતા હતા અને પ્રાર્થના ઇત્યાદી કર્મો કરવામાં પોતાનો સમય ગાળતા હતા અને સુર્યાસ્ત થતાં પૃથ્વી ઉપર અંધકાર છવાઇ ગયા પછી તેઓ પાપકર્મો કરવામાં ડરતા ન્હોતા. તેમની એવી માન્યતા હતી કે અંધકારમાં સુર્ય દેવતા ઉંઘેલો હોવાથી તે મનુષ્યના પાપાચાર જોઇ શકતો નથી એટલે અંધકારમાં કરેલા પાપોની ગણના પાપ તરીકે થતી નથી. આ અજ્ઞાન સંપ્રદાયને હઝરત પીર શમ્સ (રેહ.)એ હિદાયત કરી મુસ્લિમ બનાવીને ઇસમાઇલી ફિરકામાં દાખલ કર્યા હતા. આ ટોળું પાછળથી "શમ્સી" નામસંજ્ઞાથી ઓળખાવા લાગ્યું, જેમના વંશજો આજપર્યંત પંજાબમાં હસ્તી ધરાવે છે.

ગુજરાતના "નિઝારી પંથ" અને પંજાબના "શમ્સી પંથ"નો સંબંધ ઇસમાઇલીઓ સાથે જોડાયેલો છે. આગળ જતાં હઝરત પીર શમ્સના હાથે ઇસમાઇલી મઝહબમાં દાખલ થયેલા કેટલાક અનુયાયીઓ પોતાના સમયના રાજ્યકર્તાઓના જુલમથી કે પ્રજાની બહુમતીના બળથી ઇસ્નાઅશરી થઇ ગયા હતા, જ્યારે તેઓનો મોટો ભાગ અહલે સુન્નત જમાતમાં ભળી ગયો હતો.

A view of the Mausoleum of PIR SHAMSUDDIN. (Multan-Punjab)



પીર શમસુદીન ( રેહ ) નો રોઝો ( મુલતાન-પંજાબ )

## પીર શમ્સુદીન સબ્ઝવારી મુલતાની—વફાત.

હઝરત પીર શમ્સ (રેહ.)નો જન્મ ઈરાનના સબ્ઝવાર નામના ગામમાં થયો હતો. એ સમયે સબ્ઝવારનો રાજ્યકર્તા મિરઝા મહમ્મદ બાદશાહ હતો. હઝરત પીર શમ્સુદીનના માતુશ્રી ફાતિમા બિન્તે સૈયદ અબદુલ હાદીના નામથી જાણીતા હતા. પીર શમ્સુદીનના લગ્ન પોતાના મામા સૈયદ જલાલુદીનની પુત્રી બીબી હાફિઝા જમાલ સાથે થયા હતા. બે વર્ષ પછી તેમને ત્યાં પુત્રનો જન્મ થયો હતો, જેમનું નામ હઝરત નસીરૂદીન રાખવામાં આવ્યું હતું. ત્યારપછી બીજો પુત્ર જનમ્યો, જેઓ સૈયદ અહમદ ઝિન્દાપીર તરીકે ઓળખાય છે.

હઝરત પીર શમ્સ, હઝરત ઈમામ કાસમશાહ અ.ની સેવામાં ઘણા વખત સુધી તબ્રીઝમાં રહ્યા હતા, જેને અંગે તેમને લોકો 'શમ્સુદીન તબ્રીઝી' પણ કહે છે. વળી તેમનો જન્મ સબ્ઝવારમાં થયેલો હોવાથી તેમને હઝરત શમ્સુદીન સબ્ઝવારી પણ કહે છે. શામ તથા મિસરની પ્રજા એમને શમ્સ મગરિબી અને કાશ્મીરમાં નિવાસ કર્યા પછી શમ્સુદીન ઈરાકીના નામે પણ તેઓ પ્રસિધ્ધ થયા હતા.

હઝરત પીર શમ્સુદીનની વફાત હિજરી સન ૭૫૭માં મુલતાન ખાતે થઈ હતી. એમની વફાતની તારીખ એક ફારસી કાવ્યપંક્તિમાંથી અબજદની ગણના અનુસાર નિકળે છે:—

**હિજરત હફત સદો પંજા વ અઝ હફત,**
**હિસાબે હાસિબાં તારીખ દર વકત.**

હઝરત પીર શમ્સુદીનની મઝાર મુલતાનમાં આવેલી છે. તેના ઉપર એક ભવ્ય મકબરો બાંધવામાં આવ્યો છે. મુલતાનની સઘળી પ્રજા એમની દરગાહને માનભરી દ્રષ્ટિએ નિહાળે છે. મુસ્લિમોનો મોટો ભાગ પોતાની માનતાઓ પણ ત્યાં ઉતારે છે.

"ગુલઝારે શમ્સ"ના કર્તા લખે છે કે, હઝરત પીર શમ્સુદીન (રેહ.)નો રોઝો પીર સદરૂદીન (રેહ.)એ તથા હઝરત પીર શમ્સનાં બે ફરઝંદોએ મળીને પોતાના શુભ હસ્તે બંધાવ્યો હતો, જે આજે પણ કાયમ છે. ઈસમાઈલી ખાનદાનના સાદાતો ઈરાનના મુખ્ય ગામોમાં વસવાટ કરી રહ્યા હતા, જેમાંથી કેટલાક મહેમુદાબાદ, ઈસ્ફહાન, ખુરાસાન, આઝરબાયજાન, અર્દબેલ, સબ્ઝવાર, તબ્રીઝ, જુરજાન અને મર્વમાં પણ હતા.

'તવારિખે ફિરિસ્તા'ના નિર્દેશ પરથી જણાય છે કે, શાહ કાસમશાહ અન્વાર જેઓના મુરીદો તેમને ઝમાનાના ઈમામ ગણતા હતા, તેઓના પીર શમ્સ મુલતાનવાળા મુરીદ હતા. ગુલઝારે શમ્સની કૃતિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, સૈયદ મુહમ્મદ ઝરદોઝ (લકબ શમ્સ તબ્રીઝી) બિન સૈયદ રૂકનુદીન ખુરશાહના પુત્ર સૈયદ કાસમશાહ આઝરબાયજાનમાં રહેતા હતા. એમની વફાત પણ ત્યાંજ થઈ હતી. એમને એજ સ્થળે સુપ્રિદાહ કરવામાં આવ્યા હતા.

## ઈમામના નામ પરથી કાસમાબાદ વસાવ્યું.

હઝરત ઈમામ કાસમશાહ અ.એ પોતાની આખી જીંદગી આઝરબાયજાનમાં એક દરવીશ તરીકે ગાળી હતી. તેમના વડપણ તળે ઈસમાઈલી મિશન ઈશાઅતનું કાર્ય કરી રહ્યું હતું. ઈસમાઈલી મઝહબના અનુયાયીઓની એક સારી સંખ્યાએ ખ્યાતિ મેળવીને "કાસમાબાદ" નામે એક ગામ વસાવ્યું હતું, જેમાં સઘળા ઈસમાઈલીઓ રહેતા હતા. આ શહેરનું નામ ઈમામના મુબારક નામ પરથી રાખવામાં આવ્યું હતું.

હઝરત ઈમામ શાહ કાસમશાહ અ.ની વફાત હિજરી સન ૭૭૧માં થઈ હતી. એમણે ૬૧ વર્ષ પર્યંત ઈમામત ભોગવી હતી. એમના ફરઝંદોમાંથી હઝરત ઈમામ ઈસ્લામશાહ અ. પોતાના પિતાની વફાત બાદ ઈમામતની મસનદ ઉપર આવ્યા હતા.

# HAZRAT MOWLANA IMAM ISLAM SHAH

**( A. H. 771—827 )**

—:o:—

( ૩૦ )

# હઝરત મૌલાના ઈમામ ઈસ્લામશાહ અ૦

**( હિજરી સન ૭૭૧—૮૨૭ )**

હઝરત ઈમામ ઇસ્લામશાહ અ. હિજરી સન ૭૭૧માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા. એમનું પુરૂં નામ સૈયદ અહેમદ ઇસ્લામશાહ હતું. પીર સદરૂદીન (રહે.) અને પીર હસન કબીરદીન (રહે.)એ તેઓશ્રીને 'શ્રી સલામશાહ' તરીકે પણ ઓળખાવેલ છે: એમના માતુશ્રીનું નામ 'ખલીફા બીબી' હતું. 'ગુલઝારે શમ્સ' નામક કૃતિમાં દર્શાવવામાં આવ્યું છે કે હઝરત ઇમામ અહેમદ ઇસ્લામશાહ અ.ના પીર સદરૂદીન (રહે.) ખલીફા અને પીર હતા, જેઓએ હિંદુસ્તાનમાં ઇસમાઇલી દઅવત કરી સિંધ અને પંજાબ પ્રાંતના સંખ્યાબંધ હિંદુઓ અને મુખ્યત્વે કરી લોહાણા જ્ઞાતિના લોકોને ઇસ્લામમાં દાખલ કર્યા હતા. એ સમયે સઘળી ઇસમાઇલી જમાતોને એકત્ર કરીને એકજ નામે ઓળખાય તેવી કોશિશ હઝરત પીર સદરૂદીન (રહે.)એ ઘણીજ ઝહેમતભરી રીતે ચાલુ કરી હતી.

હઝરત ઇમામ ઇસ્લામશાહ ઇરાનના 'શહર બાબક' અને 'કેહ્ફ્ત' પ્રગણામાં નિવાસ કરતા હતા. 'કેહ્ફ્ત'નો 'કેક' નગરી અથવા 'વીરચા' શહેર તરીકે પીરોના કથનોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

## ઈમામ ઈસ્લામશાહ અ૦ ના સમયનું ઈરાન.

હઝરત ઇમામ ઇસ્લામશાહ અ. ઇરાનમાં જે સમયે વસવાટ કરી રહ્યા હતા, તે સમયે રાજપ્રકરણમાં અંધાધુંધી ચાલી રહી હતી. દિન ઉગે નવા નવા રાજાઓ ફુટી નીકળતા હતા. ઇમામના લાંબા જીવનકાળ દરમ્યાન ઇરાનના રાજકીય પ્રકરણમાં અનેક પરિવર્તનો થયા હતા.

હઝરત ઇમામ ઇસ્લામશાહ ઇમામતની મસનદ ઉપર આવ્યા, ત્યારે કુર્તવંશના ઇરાની રાજાઓ હેરાતમાં રાજ્ય કરતા હતા. આ વંશનો રાજ્યાધિકાર ખુરાસાન પ્રાંત પર ચાલતો હતો. આ સમયમાં કુર્તવંશનો છેલ્લો બાદશાહ સુલતાન ગિયાસુદીન પીર અલી બિન મોઇઝ હુસેન હિજરી સન ૭૭૧માં રાજ્યગાદીએ આવ્યો હતો. ઇમામ પોતે પણ ઇમામતની મસનદ પર એજ વર્ષમાં બિરાજ્યા હતા. એ સમયે કુર્ત રાજ્યકર્તાનો ભાઇ મુહમ્મદ સરખસમાં અને તેનો પુત્ર પીર મુહમ્મદ "સીસ્તાન"માં ગવર્નર તરીકે હતા.

હિ. સ. ૭૭૮માં તૈમુરલંગે કુર્તવંશના રાજવી પીર મુહમ્મદના પોતાના પુત્રી જોડે લગ્ન કરાવ્યા. પાછળથી હિ. સ. ૭૮૩માં તૈમુરલંગે હેરાત જીતી લીધું અને ગિયાસુદીનના કાકાના પુત્ર મલિક મુહમ્મદ ઘોરીને હેરાતના ગવર્નર તરીકે નિમણુંક કરી. હિ. સ. ૭૮૪માં મલિક મુહમ્મદ ઘોરીએ એક મોટું તોફાન જગાડીને સુલતાન ગિયાસુદીન અને તેના પુત્ર પીર મુહમ્મદને તૈમુરલંગની આજ્ઞાથી કેદ કરી સમરકંદ મોકલાવી દઇને ત્યાં તેઓને મરાવી નાખ્યા. ઇતિહાસકાર લેન પુલના લખ્યા પ્રમાણે એ બનાવ હિ. સ. ૭૯૧ માં બન્યો હતો.

## મુઝફ્ફરી વંશ તથા અન્ય ઈરાની વંશોનો અંત.

હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના જીવનકાળમાં મુઝફ્ફરી વંશના રાજ્યકર્તાઓ ફારસ, કેરમાન અને કુર્દિસ્તાન પર રાજ્ય કરતા હતા. સુલતાન જલાલુદીન અને સુલતાન મન્સુર એ વંશના છેલ્લા રાજ્યકર્તાઓ હતા. હિ. સ. ૭૯૫ માં તૈમુરલંગે શિરાઝ ફતેહ કરીને મુઝફ્ફરી વંશના છેલ્લા બાદશાહનો વધ કરાવ્યો અને તેમના કુટુંબના કેટલાક આસામીઓને મરાવી નાખ્યા. ત્યારપછી ફારસ વિભાગ તૈમુરલંગે પોતાના પુત્ર ઉમરને અને કિરમાનની હકુમત પોતાના અમીર શેખ મિરઝાને સોંપી દીધી.

હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના સમયમાં એક બીજો પણ ઇરાની રાજવંશ રાજ્ય કરતો હતો. આ રાજ્યનો સ્થાપક ફઝલુલ્લાહ નામનો આસામી હતો, જે સુલતાન અબુ સઇદ ઇલખાનની દરબારમાં સરબદારીના ઓધ્ધા પર હતો, તે પરથી તેનો વંશ ઇરાનના ઇતિહાસમાં "સરબદરાન" તરીકે વિખ્યાત છે. એ વંશનો છેલ્લો રાજ્યકર્તા ખ્વાજાઅલી મુવૈયદ હતો. ખુરાસાનમાં તૈમુરલંગ આવી પહોંચતાં તેણે તેની આણ સ્વિકારી. તૈમુરલંગે તેને પોતાનો અમીર બનાવી તેનો ઇલાકો પોતાની હકુમતમાં જોડી દીધો. ત્યારપછી અમીર ખ્વાજાઅલી મુવૈયદને કુર્દિસ્તાન ભણી પોતાના તરફથી લડવા મોકલ્યો. હિ. સ. ૭૮૩માં તે મરણ પામતાં તેના વંશનો પણ અંત આવી ગયો.

## તૈમુર રાજ્યમાં ગેરવ્યવસ્થા.

તૈમુરલંગે હિજરી સન ૭૮૩થી ૭૯૫ સુધીમાં ઇરાનના સઘળા રાજ્યવિભાગો જીતી લીધા હતા અને જે નાના નાના રાજ્યો સ્થપાયા હતા, તેઓનો અંત લાવીને ઇરાનને એકજ હકુમતના છત્રતળે મુકવાને તે સામર્થ્યવાન થયો હતો, પરંતુ પોતાના સ્થાપેલા ઇરાની સામ્રાજ્યના ભિન્ન ભિન્ન વિભાગો કરીને પોતાના વંશધરોને સોંપવાથી સામ્રાજ્યની શકિત વિખરાઇ જવા પામી હતી, અને તેનો લાભ તૈમુરલંગના મરણ પછી આકકુ નીલુ અને કરાકો નીલુ નામના તુર્કમાનોએ લીધો હતો. આ બન્ને તુર્કમાન જાતીઓએ તૈમુર વંશીય રાજ્યકર્તાઓ ઉપર આક્રમણ કરીને તેમની પાસેથી એ વિભાગો છીનવીલીધા હતા. આ પ્રકારે તૈમુરલંગે ઇરાનને એક છત્ર તળે લાવવાનો જે મહા પ્રયત્ન કર્યો હતો, તે નિષ્ફળ ગયો હતો. તૈમુરનું સામ્રાજ્ય આ રીતે ખંડિત થતાં ફરી ગેરવ્યવસ્થા ઉભી થઇ અને ઇરાનમાં ઇસમાઇલી સફવીએ એક છત્રધારી રાજ્યગાદીની પુનઃ સ્થાપના કરી, ત્યાંસુધી એ પ્રમાણેનું અંધેર વ્યાપી રહ્યું હતું. ઇરાનના આ વિખરાયેલા રાજપ્રકરણમાં હઝરત ઇમામ ઇસ્લામશાહ અ. કંઇપણ દખલ નહિ કરતાં ઇસમાઇલી મઝહબની દઅવતનેજ દ્રષ્ટિમર્યાદામાં રાખી શાંતિ સાથે પોતાનુ જીવન નિર્ગમન કરતા હતા.

## મહાન પીર સદરૂદીન (રેહ).

હઝરત ઈમામ ઈસ્લામશાહ અ.ના સમયમાં દઅવતના મુખ્ય પ્રચારક હઝરત પીર સદરૂદીન સાહેબ (રેહ.) હતા. એ મહાન પીરનો જન્મ હિજરી સન ૭૦૦માં રબ્બીઉલ-અવ્વલની તા. ૨૭ ને વાર સોમવારે ઈરાનના સબ્ઝવાર ગામમાં થયો હતો. એમના માતુશ્રીનું નામ નુર ફાતિમા બિન્તે સૈયદ ઈબ્રાહીમ સબ્ઝવારી હતું. મહાન પીર સદરૂદીન (રેહ.)ની વંશાવળી, 'ગુલઝારે શમ્સ' નામની કૃતિમાં નિર્દેશ કરવામાં આવ્યા અનુસાર આ પ્રમાણે છે:-

પીર હાજી સદરૂદીન કાતેલુલ કુફ્ફાર વલ મુશરેકીન ઈબ્ને પીર શાહબુદીન ઈબ્ને સૈયદ નસિરૂદીન મુહમ્મદ (૧) ઈબ્ને સૈયદ હુસાદાન આલી હરજન્નત, કાતેલુલ કુફ્ફાર વલ મુશરેકીન સૈયદ શમ્સુદીન ઈરાકી મુલતાની સબ્ઝવારી નથીઝી સલાહુદીન ઈબ્ને નુરબક્ષ ઈમામદીન ઈબ્ને સૈયદ અબ્દુલ મોમિનશાહ બાદશાહ મગરિબ ઈબ્ને સૈયદઅલી ઉર્ફે ખાલિકદીન ઈબ્ને સૈયદ મુહમ્મદ મોહિબદીન ઈબ્ને સુલતાન શહીદ અમીરૂલ ઉમેરા શમ્શીરઝન કાફિર શિકન ખાસગાને આરી સૈયદ મુહમ્મદ સબ્ઝવારી, (૨) ઈબ્ને સૈયદ મુહમ્મદ ઈબ્ને સૈયદ હાશિમ ઈબ્ને સૈયદ અહમદ હાદી ઈબ્ને મુસ્તનસિર બિલ્લાહ ઈબ્ને અબ્દુલ મજીદ ઈબ્ને સૈયદ ગાલિબદીન ઈબ્ને સૈયદ મુહમ્મદ મનસુર ખાકાની ઈબ્ને ઈસમાઈલ સાની અલમુલક્કબ ઈમામુદીન ઈબ્ને સૈયદ મુહમ્મદ અરીઝી ઈબ્ને સૈયદ ઈસમાઈલ અરીઝી અકબર ઈબ્ને હઝરત ઈમામ જાફર સાદિક અ.

## દઅવત કાર્ય માટે શાસ્ત્રોનો અભ્યાસ.

મહાન પીર સદરૂદીન (રેહ.) ખુરાસાનથી હિંદુસ્તાન આવ્યા હતા. તેઓ હઝરત પીર શમ્સ (રેહ.) સાથે રહીને ઈસમાઈલી ધર્મની તાલીમ, સિંધ, પંજાબ અને કાશ્મીરમાં ફરીને લીધી હતી. તેઓએ દઅવતનું કાર્ય આરંભ્યા પહેલા હિંદુ ધર્મ શાસ્ત્રોનો સારામાં સારો અભ્યાસ કર્યો અને તેમાંથી મઆરિફત કિંવા આત્મજ્ઞાનની તારવણી કરી ઈલ્લાહી ફિલસુફીનાં સિધ્ધાંત, અને અલ્લાહના કલામો અનુસાર હિકમતથી દઅવત કાર્ય હાથમાં લીધું હતું. નવ અવતાર પછી દશમાં નિષ્કલંક અર્થાત માસુમ અવતાર તરીકે હઝરત મૌલા મુર્તઝાઅલી અ.ને દેખાડયા છે, જેમની વંશાવળી પૃથ્વીની ઉત્પતિથી એકધારી ચાલતી આવે છે. જ્યારે ત્રણ યુગના ત્રણ ગુરૂ પછી કલિયુગના જગત ગુરૂ તરીકે મહાન નબી હઝરત મુહમ્મદ મુસ્તફા રસુલ સ.ને દેખાડયા છે, જેની વેદો અને પુરાણો ગવાહી આપે છે; આ મુદ્દાસરની અને સત્ય હિદાયતથી તેઓએ સત્યપંથ ધર્મ કિંવા "રાહે રાસ્ત" કાયમ કરી સેંકડો નાનો કરીને અલ્લાહ, નબી અને ઈમામની ઓળખાણ કરાવી છે.


## પીર સદરૂદીન (રહે.)ની દઅવત—ખોજા કોમ હસ્તીમાં આવી.

મહાન પીર સદરૂદીન (રેહ.)ની આ પ્રમાણેની હિકમત ભરી હિદાયતથી ધાર્મિક વૃત્તિવાળા અને શ્રધ્ધાળુ લોકોનાં ટોળેટોળાં અને કબીલાઓનાં કબીલા કોઈપણ જાતના દબાણ કે બળજબરી વિના ઈસમાઈલી ધર્મ અંગીકાર કરવા લાગ્યા અને આ પ્રકારે મુસ્લિમ બનેલા લોકોની કોમને તેમણે ખોજાનો માનવંતો લકબ આપ્યો. "ખોજા" શબ્દ મુળમાં "ખ્વાજહ" હતો, તે અપભ્રંશ થઈને "ખોજા" બન્યો, જેનો અર્થ "વેપારી", "આબરૂદાર" અથવા "ગૃહસ્થ" થાય છે. હાલમાં એ કોમ સમસ્ત જગતમાં "ખોજા" નામે ઓળખાય છે.

---

૧. ૨. જેઓ લાહોરમાં શુમીદાહ થયા હતા.

A view of the Mausoleum of Pir Sadruddin. (Uchh-Punjab)



હઝરત પીર સદરૂદીન (રેહ.) નો મકબરો (ઉચ્ચ શરીફ-પંજાબ) જેમની હિમ્મતભરી હિદાયતના પરિણામે "ખોજા" કોમ દરતીમાં આવી.
( જુઓ પાનું ૩૩૪ )

ખોજા જાતિમાં મોટે ભાગે લુહાણા અને ભાટીયા ભળ્યા છે, જે આજે કોઇપણ જાતના ભેદભાવ વગર એક જમાત બની રહી છે. ખોજાઓ સાંજે, રાતના પહેલા પહોરે અને પરોઢીએ દુઆ ભણે છે, તેને કાયમ કરવાવાળા પણ મહાન પીર સદરૂદીન (રેહ.) છે, એમ ઇતિહાસ પરથી જણાય આવે છે. પીર સદરૂદીન (રેહ.) ઇસમાઇલીઓનાં ૨૬ માં પીર છે.

"આસારે મુહમ્મદી" નામના ઇતિહાસિક ગ્રંથમાં જણાવવામાં આવ્યું છે કે હઝરત ઇમામ શમ્સુદીન મુહમ્મદ અ. પછી હઝરત ઇમામ ઇસ્લામશાહ કાયમ મુકામ થયા. એમણે ઇમામનાં ઝમાનામાં સૈયદ સદરૂદીન (રેહ.)ને હિદાયતની મસનદ પર મુકરર કરીને હિંદુસ્તાન તરફ સિંધ ખાતે દઅવત કાર્ય માટે રવાના કરવામાં આવ્યા. સૈયદ સદરૂદીન (રેહ.)ની સંજ્ઞા "વસીમુહમ્મદ" પણ છે.

## ધર્મપ્રચારકાર્યમાં સંકટો.

ટી. ડબલ્યુ. આરનોલ્ડે, પોતાની કૃતિ "ધી પ્રિચીંગ ઓફ ઇસ્લામ"માં મહાન પીર સદરૂદીન (રેહ.) એ હિંદુ ધર્મના સિધ્ધાંતો સાથે ઇસ્લામી ફિલસુફીને ભેળવી હિકમત સાથે દઅવતનું કાર્ય કેવી રીતે કર્યું તેનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે, પીર સદરૂદીન (રેહ.)એ પ્રથમ સિંધના ગામડાંઓમાં દઅવતનું કાર્ય શરૂ કર્યું હતું; ત્યારપછી કચ્છ અને પછી ગુજરાત થઇને મુંબઇ તરફ આ સિધ્ધાંતોનો પ્રચાર કર્યો હતો. હાલમાં પણ એ કોમ "ખોજા"ના નામે, પશ્ચિમ હિંદુસ્તાનનાં અને હિંદી સમુદ્રના કાંઠાના ગામોમાં જોવામાં આવે છે. જો કે પીર સદરૂદીન (રેહ.) હિંદુસ્તાનમાં આવનાર પહેલા ઇસમાઇલી મિશનરી નહોતા પરંતુ અલમુતનાં ઇસમાઇલી બાદશાહો તરફથી પ્રથમ આવનાર ઇસમાઇલી મિશનરી હઝરત નુરૂદીન (રેહ.) હતા. જેઓએ નુર સતાગર (સતગુર નુર)નું હિંદુ નામ ધારણ કર્યું હોવાથી સામાન્ય રીતે તેઓ એ નામથી ઓળખાય છે. તેઓ સિધ્ધરાજ નામના હિંદુ બાદશાહના રાજ્યઅમલમાં ગુજરાતમાં આવ્યા હતા અને તેમણે કણબી, ખારવા અને કોળી નામની જાતિઓના લોકોને ઇસ્લામ ધર્મમાં દાખલ કર્યા હતા.

પીર સદરૂદીન (રેહ.)ના ઝમાનામાં દઅવતનું કાર્ય ઘણુંજ સખત હતું, જેથી તેમને ધર્મ પ્રચાર કાર્યમાં સંકડો મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. તેઓ દઅવત કાર્ય માટે પગપાળા મુસાફરીઓ કરતા હતા. બયાબાન જંગલો અને ડુંગરાઓ, અને ટેકરાઓવાળા પ્રદેશોમાં પણ તેઓ એકધારી રીતે પગપાળા મુસાફરીઓ કરતા હતા અને જ્યાં પણ માણસોનો સમુહ નજરે પડતો ત્યાં જઇને દઅવતનું કાર્ય કરતા હતા. કોઇને મહેમાનદારીની તકલીફમાં ન નાખવા માટે હમેશા પોતાના પેટે લાકડાના રોટલા બાંધીને ફરતા હતા, કે જેથી લોકોને તેમને આગ્રહ કરી વધુ સમય રોકી ન શકે. ગરમી, ઠંડી કે વરસાદની પણ તેઓ પરવાહ કરતા નહોતા. ઘણીવાર તેમના પગમાં ફોલ્લાઓ પડી જતા હતા અને થાકથી લોથપોથ પણ થઇ જતા હતા, છતાં તેઓ દઅવતનું કાર્ય મુકીને કદીપણ વિસામો લેતા નહિ.

## ઇમામના દીદાર માટે ઇરાન ભણી પ્રયાણ—હજ્જ બિન્ત આડે આવી.

હઝરત પીર સદરૂદીન (રેહ.) સિંધમાં ઇસમાઇલી ધર્મનો પ્રચાર કરી રહ્યા હતા, એ દરમ્યાન તેઓને ઇમામના દીદારની ઇચ્છા થતાં, તેમજ "માલે વાજેબાત" પહોંચતી કરવા માટે તેઓ મુસાફરીએ નિકળ્યા અને ઇરાન ભણી પ્રયાણ કર્યું. આ સમયે તેમના ફરજંદ પીર હસન કબીરદીનની વય નાની હતી, છતાં પવિત્ર ઇમામની હુઝુરમાં સાથે જવા માટે પોતાના પિતાશ્રીને કાકલુદીભરી વિનંતી કરી. પરંતુ પીર સદરૂદીન (રેહ.)એ એમની નાની વય જોતાં તેમજ માર્ગમાં વિકાળ અને ફાડી ખાનારા

પ્રાણીઓનાં ભયથી વિકટ જંગલોની મુસાફરીમાં સાથે લેવાનું તેમને ઠીક ન લાગ્યું, તેથી તેમણે પોતાના ફરઝંદને સાથે ચાલવા મનાઈ કરી, જેથી પીર હસન કબીરદીનને ઘણોજ આઘાત લાગ્યો. પરિણામે પીરે સ્વરચિત ગ્નાનોમાં ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે તેમને મુસાફરીમાં "વજ્રની દિવાલ" આડી આવી ગઇ, જેથી તેઓ આગળ જતાં અટકી પડયા. આથી પીરે "ઝિક્ર"ના રટણ સાથે અતિ કાકલુદી અને કાલાવાલા સાથે ગીરીયાઝારી કરી. પરિણામે ૭ માસ અને ૭ દિવસ બાદ મજકુર દિવાલ ગળી જતાં તેઓએ પોતાની મુસાફરી આગળ વધારી.

## પહાડી પ્રદેશમાં ઈમામની મુલાકાત.

હઝરત પીર સદરદીન (રેહ.), આવી રીતે મંજલ બ મંજલ પંથ કાપતાં કાપતાં, મહિનાઓની મુસાફરી બાદ તેઓ ઈસ્ફહાન નગર પાસે આવી પહોંચ્યા, જ્યાં "બાબા કુહી" નામના ડુંગરના વિસ્તારમાં કેટલાક દરવીશો સાથે તેમની મુલાકાત થઇ. દરવીશોએ પીરને પુછ્યું:– "તમે કયાંથી આવો છો અને શી ઇચ્છા રાખો છો?"

પીરે ઉત્તર આપતાં કહ્યું:– "અમે હિંદુસ્તાનથી આવીએ છીએ અને ઝમાનાના ઇમામ હઝરત ઇમામ ઇસ્લામ શાહ અ.ને ભેટવાની ઇચ્છા રાખીએ છીએ," પરંતુ દરવીશોએ પીરને ભેદ આપ્યો નહિં; આટલું છતાં પીર સદરૂદીન (રેહ.)એ દરવીશોનો પીછો છોડયો નહિ. એ દરવીશોના ટોળામાંથી એક શખ્સ થોડા શિષ્યો લઇ ઇમામ તરફ જવા નીકળ્યો. આ વખતે પીર સદરૂદીન (રેહ.)ની આગ્રહભરેલી ભક્તિ જોતાં દરવીશોને વિશ્વાસ બેઠો અને વડા દરવીશે પોતાના ભત્રીજા શેખ મુહમ્મદ જોડે પીર સદરદીન (રેહ.)ને રવાના કર્યા. તેઓએ ત્રણ દિવસ પર્યંત વિકટ જંગલોની મુસાફરી પછી એક સ્થળે વિસામો લેવા ઉતારો કર્યો અને રસોઇ પકાવવા લાગ્યા. આ દરમ્યાન હઝરત ઇમામ ઇસ્લામશાહ અ. પહાડી પ્રદેશમાં શિકાર કરી રહ્યા હતા. અચાનક ઇમામ સાથે પીર સદરૂદીન (રેહ.)નો ભેટો થતાં તેમણે ઈમામના પવિત્ર દિદાર કરી દસ્તબોશી કરી. ત્યારપછી તૈયાર થયેલી રસોઇ હઝરત ઈમામ ઇસ્લામશાહ અ. પીર સદરૂદીન (રેહ.) અને શેખ મુહમ્મદ સાથે બેસીને જમ્યા. આ દરમ્યાન ઇમામે હિંદુસ્તાનના મુરીદોની ખબર અંતર પુછી ઘોરણસરના જમાતખાનાઓ અને મુખી કામડીઆઓ કાયમ કરવાની આજ્ઞા ફરમાવી. ત્યારબાદ હઝરત પીર સદરૂદીન (રેહ.) હિંદુસ્તાન પાછા આવીને સ્વતંત્રપણે ઇસમાઇલી ધર્મની જોશભેર દઅવત કરવા માંડી અને ઇમામની આજ્ઞાનુસાર કાર્યમાં ગુંથાયા. 'ગુલઝારે શમ્સ'માં જણાવ્યા પ્રમાણે હઝરત પીર સદરૂદીન (રેહ.) ઇરાન ગયા અને ઇમામના દીદાર કરીને હિંદુસ્તાન પાછા ફરતાં એમને એક વર્ષને પાંચ માસ લાગ્યા હતા.

## જમાતખાનાઓ સ્થપાયા.

હઝરત પીર સદરૂદીન (રેહ.)એ પંજુલવહોનું સિંધના કોટડા ગામે જમાતખાનું કાયમ કર્યું, અને ત્યાંની જમાતના મુખી તરીકે મુખી ત્રિકમની નિમણુંક કરી. પંજાબ જમાતના મુખી શેઠ શામદાસ લાહોરી, અને કાશ્મીરની જમાતના મુખી શેઠ તુલસીદાસની પણ નિમણુંક કરી. આ પ્રમાણે ત્રણ પ્રાંતોમાં ત્રણ જમાતો કાયમ કરી. ત્યારબાદ પીર સદરૂદીન (રેહ.)એ ઇમામે ઝમાનના હકની ઝોળી અર્થાત માલેવાજબાત સઘળી જમાતોમાંથી વસુલ કરી, ઇમામની હુઝુરમાં પહોંચાડવા માટે ફરીથી તેઓ ઇરાન તરફ રવાના થયા. એ સમયે ઇમામનું નિવાસસ્થાન ઇરાનમાં આવેલી 'શહર બાબક' અને 'કહ્ન' નગરમાં હતું. આ રીતે તેઓની જીવન કારકીર્દીમાં તેઓને હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ની મુલાકાત જાહેર રીતે બે વખત થઇ હતી, એ ઇતિહાસ પરથી સિધ્ધ થાય છે.

## પીર સદરૂદીન (રેહ.)ના પરિવાર અને ભાયાતો.

હઝરત પીર નુરૂદીન ઉર્ફે સતગુરનુર તથા હઝરત પીર શમ્સુદીન સબ્ઝવારી (રહે.)એ ધર્મનો પ્રચાર કરીને જે ઇસ્લામી બીજ રોપ્યું હતું, તેને પીર સદરૂદીન (રહે.)એ કલ્પદ્રુપ બનાવવામાં અનહદ મહેનત લીધી હતી. તેમના પ્રયાસો વડે ઇસમાઇલીઓની એક જીવંત કોમ હસ્તીમાં આવી હતી.

પીર સદરૂદીન (રહે.)ના પાંચ પુત્રો હતા. (૧) સૈયદ ઝાહેરદીન, એમની મઝાર જોનપુરમાં છે. (૨) સૈયદ સલાહુદીન, એમની મઝાર ગિઝનીમાં છે. (૩) પીર તાજદીન એમની મઝાર સિંધના લાડ પ્રગણામાં છે, તેને સિંધી ખોજાઓ 'શાહ તુરેલ'ને નામે ઓળખે છે. (૪) સૈયદ જમાલુદીન એમની મઝાર દિલ્હીમાં છે, (૫) પીર હસન કબીરદીન એમની મઝાર 'ઉચ્છ'માં છે.

હઝરત પીર સદરૂદીન (રેહ.)ના બધા મળીને છ ભાઇઓ હતા. એક સૈયદ રૂકનુદીન, બીજા સૈયદ બદરૂદીન, ત્રીજા સૈયદ શમ્સુદીન (સાની), ચોથા નસીરૂદીન, પાંચમાં સૈયદ ગિયાસુદીન અને છઠ્ઠા સૈયદ 'નાસિરૂદીન કલંદરશાહ' હતા, જેમાંના છેલ્લા હિજરી સન ૬૬૫માં સબ્ઝવાર છોડીને મુલતાનમાં આવી હઝરત પીર શમ્સ (રહે.)ની સેવામાં રહ્યા, જેઓએ એમને ઇસમાઇલી દીનની દઅવત કરવાનો હુકમ આપતાં, તેઓ હિમાલય પર્વતના વિસ્તારમાં સરહદના મુલકોમાં નીકળી જઇને ત્યાં નિવાસ કરીને ઇશાઅતનું કામ હાથ ધર્યું અને પીર નસીરૂદીનના ફરઝંદ સૈયદ કમાલુદીન સબ્ઝવારીએ સિંધમાંના નગરઠઠ્ઠામાં પોતાના પાંચ દીકરાઓ સાથે વસવાટ કર્યો હતો અને ત્યાંના આસપાસના સ્થળોમાં દઅવત કરી હતી. સૈયદ કમાલુદીન સબ્ઝવારીની વફાત થતાં તેમને દેવલપુરમાં દફન કરવામાં આવ્યા છે, જ્યાં એમની મઝાર આવેલી છે.

હઝરત પીર શહાબુદીન જેમને પીર સાહેબદીન પણ કહેવામાં આવે છે, તેમના બધા મળી સાત પુત્રો હતા. એમાંના પીર સદરૂદીન (રહે.) ઇસ્માઇલીઓના મુખ્ય પીર થવા પામ્યા, ત્યારે બીજા પુત્રોએ ઇસ્માઇલી દઅવત પીર શમ્સની દેખરેખમાં રહીને કરી, જેનું વર્ણન ઉપર આવી ગયું છે. પીર સાહેબદીનની બે બીબીઓ હતી, જેમાંના એક જનાબ નુરફાતિમા પીર સદરૂદીનના માતુશ્રી હતા; બીજા જનાબ ખદીજા બિન્તે સૈયદ કાસમ હતા.

## પીર સદરૂદીન (રેહ.)ના લકબો—વફાત.

હઝરત પીર સદરૂદીન (રેહ.) હિંદુસ્તાનના ઔલિયાઓમાં "સૈયદ સદરૂદીન અલ-હુસેની"નાં નામે ઓળખાય છે. તેઓએ બાર કરોડ (કુળ) જીવોને ધર્મ સમજાવીને ઝમાનાના ઇમામની ઓળખ કરાવી હોવાથી એમને 'બારગુર' પણ કહેવામાં આવે છે. હિંદુ ધર્મના વેદ પુરાણો આદિ શાસ્ત્રોના તેઓ બહોળા અભ્યાસી અને અનુભવી હોવાને લીધે 'હરિશ્ચંદ્ર' અર્થાત 'ખુદાઇ' મહતાબ અથવા સોહોદેવ કિંવા મહાન દરવીશના નામે પણ સુપ્રસિધ્ધ છે.

હઝરત પીર સદરૂદીન (રહે.)એ સિંધ ઉપરાંત મુલતાન, પંજાબ, કાશ્મીર, ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડ તરફ પણ દઅવતનું કાર્ય કર્યું હતું. ઇસમાઇલી ધર્મ અંગીકાર કરનારાઓમાંના કેટલાક બાહોશ અને જ્ઞાની પુરૂષોને પણ તેઓ દઅવત કાર્યમાં સહાયરૂપ થાય એટલા માટે પોતાની સાથે ફેરવતા હતા.

હઝરત પીર સદરૂદીન (રહે.)એ પોતાની દઅવતનું મુખ્ય મથક સિંધમાં આવેલું કોટડા ગામમાં રાખ્યું હતું. આ પ્રમાણે ઇમામના ઘરની એકધારી સેવા કરીને તેઓ હિજરી સન ૮૧૯માં રજબ મહિનાની તા. ૧૨મીના દિવસે પંજાબમાં ભાવલપુર રિયાસત તાબે આવેલ 'ઉચ્છ શરીફ' નામના ગામમાં વફાત પામ્યા હતા. જ્યાં તેમની મઝાર પણ છે, જેના પર સિંધના ઇસમાઇલીઓએ ભવ્ય રોઝો ચણાવ્યો છે.

## પીર હસન કબીરદીન (રેહ.)ની દઅવત.

હઝરત સૈયદુસ્સાદાત પીર હસન કબીરદીન (રહે.)નો જન્મ હિજરી સન ૭૪૨માં શાબાન માસની તારીખ ૨૨મીને બુધવારના દિવસે ભાવલપુર સ્ટેટમાં આવેલા 'ઉચ્છ શરીફ' નામના ગામમાં થયો હતો. એમને પણ હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.એ 'પીરાતન'ની નવાજિશ ફરમાવી હતી. તેઓ એક મહાન ફિલસુફ હતા. તેમનો બોધ અતિ નમ્ર અને ભાવનાપુર્ણ છે.

"ગુલઝારે શમ્સ" નામની કૃતિમાં વર્ણન કરવામાં આવ્યું છે કે સૈયદુસ્સાદાત હસન દરીયા સમજણા થયા ત્યારથી તેમને બંદગી કરવાની તાલિમ એમના પિતાશ્રી હઝરત પીર સદરૂદીન (રહે.)એ આપી હતી, જેથી તેઓ રાત દિવસ ઇબાદતમાં મશ્ગુલ રહેતા હતા, એટલુંજ નહિ પણ એમણે ચાલીસ વર્ષ પર્યંત એક પગે ઉભા રહી બંદગી કરી હતી. એમની કરામતોમાં મુખ્ય કરામત એ હતી કે ભાવલપુરની પ્રજાનો એક સંઘ ગંગાસ્નાન કરવા જવાનો હતો, તેમને 'ઉચ્છ. શરીફ'માં ગંગાનું જળ મંગાવીને સ્નાન કરાવ્યું હતું, પરિણામે સેંકડો માણસોએ ઇસ્લામનો અંગીકાર કરીને ઇસમાઇલી ફિરકામાં દાખલ થયા.

મજકુર કૃતિમાં આગળ જતાં જણાવવામાં આવ્યું છે કે હઝરત પીર હસન કબીરદીન (રહે.)એ એક મરી ગયેલ બલોચને પણ જીવતો કર્યો હતો. એ સમયનો મુલતાનનો બાદશાહ સુલતાન મુહમ્મદ વખતો વખત પીરની મુલાકાત લેવા ઉચ્છ શરીફ આવતો હતો કારણ કે તે એમની વાણી સાંભળવા ઘણીજ ઉત્સુકતા ધરાવતો હતો. એ બાદશાહની વફાત બાદ તેની વસિયત પ્રમાણે તેનો "ઉચ્છ શરીફ"માં ભુમિદાહ કરવામાં આવ્યો હતો.

## દીદારની તમન્ના—"નવ છુગા"ની પાઘડી.

હઝરત પીર હસન કબીરદીન (રહે.)ના પિતાશ્રી પીર સદરૂદીન (રહે.) ઇમામના દીદાર અર્થે ઇરાન તરફ જવાની તૈયારી કરી રહ્યા હતા, ત્યારે પીર હસન કબીરદીન (રહે.)ની ઉમર નાની હતી, પરંતુ પોતાના પિતાશ્રીને ઇમામની હુઝુરમાં તેડી જવાની અદબ સહિત વિનંતી કરતાં, પીર સદરૂદીન (રહે.)એ જવાબ આપ્યો કે 'તમો હજુ નાના છો' પિતાના આ વચનો સાંભળી તેઓ ઘણાજ દિલગીર થઇ ખામોશી સાથે બેસી રહ્યા, પરંતુ હઝરત પીર સદરૂદીન (રહે.)ના સિધાવ્યા પછી તેમના અંતરમાં ઇમામના દીદારની તમન્ના જાગૃત થતાં તેઓએ પવિત્ર ઇમામની હુઝુરમાં બહુજ આજીજી અને કાકલુદીભરી વિનંતી સ્રી સ્વરૂપે કાવ્યમાં રચીને ઇમામની હુઝુરમાં મુકવા માટે, આકડાના ફળ એકઠા કરી તેમાંથી કપાસ કાઢી, તેને વણીને તેના પર વિનંતી અને આજીજીભરી વિનંતીની ઇબારત લખી અને એક 'નવ છુગા'ની પાઘડી તૈયાર કરી(૧). આ પાઘડી બનાવવામાં ૭ માસ અને ૭ દિવસ પસાર થયા હતા.

૧ આ વિનંતીના જ્ઞાનને "નવ છુગા" તરીકે ઓળખવામાં આવે છે, જે આજ પર્યંત ઇસમાઇલીઓમાં વંચાય છે.

## ઈમામની મુલાકાત—પીરાતનની નવાજિશ.

ત્યારબાદ પીર હસન કબીરદીન (રેહ.)એ પોતાના પિતાશ્રીની રજા મેળવી હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ની હુઝુરમાં જવા ઇરાન ભણી પ્રયાણ કર્યું. "કહેક" નગરીમાં પહોંચતાં તેમને ઇમામની મુલાકાતનું માન મળ્યું. ઇમામ એક તખ્ત ઉપર ઉઘાડે માથે બિરાજમાન હતા. પીર હસન કબીરદીન (રેહ.)એ ઈમામના ચરણોમાં સિરપેચ ધરતાં, પવિત્ર ઇમામે પોતાના મુબારક હાથોથી તે ઉપાડીને આનંદ સહિત પોતાના મુબારક માથા પર બાંધી કબુલ ફરમાવી. આ પ્રસંગનો પીર હસન કબીરદીન (રેહ.)એ સ્વરચિત પવિત્ર જ્ઞાન શરીફમાં પણ ઉલ્લેખ કર્યો છે :—

> આશાજી શ્રી ઇસ્લામશાહ તખ્તેજ બેઠા, તારે દીન હુવા રહેમાનજી,
> સિરબંધ લઈ ગુરૂએ મસ્તકે દીધા, તારે સિર ઉઘાડો કરી નર બેઠા.

આ પછી હઝરત ઈમામ ઇસ્લામશાહ અ.એ પીર હસન કબીરદીન (રેહ.)ને "પીરાતન"ની નવાજિશ કરી. ત્યારપછી પીર હસન કબીરદીન (રેહ.)એ હિંદુસ્તાન પધારીને એક સત્તાધારી પીર તરીકે દઅવત કરવાનું કાર્ય શરૂ કર્યું. જેમાં તેમને ઘણીજ ફતેહ મળી.

## પ્રચારકાર્યમાં સંકટો—અદ્‌ભુત પ્રભાવ.

પીર હસન કબીરદીન (રેહ.)ની આ રીતની સફળતા ઈર્ષાળુઓને ગમી નહિ, જેથી પીરને મુંઝવી નાખવા સંખ્યાબંધ સ્થળોએ પીરની સામે પત્થરા, કચરા અને ધુળ ઉડાડવામાં આવી હતી. એટલુંજ નહિ પણ પીરના પ્રાણ લેવા માટે કેટલાક હિત શત્રુઓએ ચોકઠાં પણ ગોઠવ્યા, પરંતુ પીર જ્યારે તેઓની સામે આવતાં તો તે લોકોના અંતરમાં વેરને બદલે પ્રેમ પ્રગટ થઇ જતાં, પીરને આધિન બની જતા હતાં. આ જોઇને કેટલાકો પીરને જાદુગર કહેતા હતા. પ્રોફેસર ટી. ડબલ્યુ. આર્નોલ્ડનું(૧) કથન છે કે "સૈયદ સદરૂદીનના ફરઝંદ હસન કબીરદીન (રેહ.)ની મઝાર "ઉચ"માં આવેલી છે. પિતા અને પુત્ર બન્નેએ સેંકડો લોકોને ઇસ્લામ ધર્મમાં દાખલ કર્યા હતા. પીર હસન કબીરદીન (રેહ.) માટે તો એવું કહેવામાં આવે છે કે કોઇપણ શખ્સ પર તેમની નજર પડતી તો સત્વરે તે ઇસ્લામ ધર્મનો અંગીકાર કરી લેતો, એવો અજબ તેમનો પ્રભાવ પડતો હતો.

## સહનશીલતા અને ધીરજની વ્યાખ્યા.

એક દિવસે એક શખ્સે પીર હસન કબીરદીન (રેહ.)ની પાસે અરજ ગુજારી કે આપ મુસાફરીઓ કરી કરીને લોથપોથ થઇ જાઓ છો. સુર્યથી તપેલી રેતીથી આપના પગોમાં છાલા પડી જાય છે, શિયાળાની ઠંડીથી આપના શરીરની ચામડી ફાટી જાય છે. આવું આવું કષ્ટ વેઠતાં શું આપને વેદના થતી નથી? પીરે જવાબ આપ્યો કે ઇમામની કૃપા વડે મારા શરીરની હું સુધબુધ ખોઇ બેઠો છું. જેથી મારૂં શરીર શબ સમાન થઈ ગયું છે, એથી મારા દિલને વેદના અસર કરતી નથી.

એક દિવસે એક શખ્સે પીર હસન કબીરદીન (રેહ.)ને સવાલ પુછ્યો કે : "ધીરજ એટલે શું?" પીરે જવાબ આપ્યો કે: "તમારા હાથ, પગ કાપી નાખવામાં આવે, જાતજાતના દુ:ખો તમારા પર વરસાવવામાં આવે, તમારા રૂવેરૂવામાં કીડા પડે તો પણ તમારા મોઢેથી ફરીયાદનો એક શબ્દ ન નીકળે એનું નામ ધીરજ."

---

૧. ધી પ્રિચીંગ ઓફ ઈસ્લામ પાનું—૨૮૨.

## વફાત.

પીર હસન કબીરદીન (રહે.)એ ઘણા ઉત્તમ બોધદાયક ગ્નાનો (બોધ કાવ્યો) રચીને ઉપદેશ આપ્યો છે, જેમાં હઝરત ઇમામ ઇસ્લામશાહ અ. અને તેમની ગાદીએ આવનાર ઈમામોની તાબેદારી કરવાની હિદાયત કરી છે. પવિત્ર ગ્નાનશાસ્ત્રમાં એક સ્થળે એવું દર્શાવેલું છે કે:—

આશાજી સતીપાના સત શ્રી ઇસ્લામશાહ રાખે, એવા સોહી નજી.
એણે ઠામે જે નર બેસે, તેને ધ્યાવો ગતીઉં લોકા.

હઝરત પીર હસન કબીરદીન (રહે.)ની વફાત હિજરી સન ૮૫૩ના સફર માસમાં 'ઉચ્છ' ખાતે થઇ હતી. એ સમયે મુલતાનમાં સુલતાન હુસેન લંધા રાજ્ય કરતો હતો. એમની મઝાર 'ઉચ્છ શરીફ'માં આવેલી છે.

## પીર હસન કબીરદીન (રેહ.)નો પરિવાર.

પીર હસન કબીરદીન (રહે.)ની કુલે સાત બીબીઓ હતી. જેઓના કુખે અઢાર પુત્રો અને એક પુત્રી અવતર્યા હતા. પહેલા બીબી જેવલબાઇ બિન્તે સૈયદ રૂકનુદીનના કુખે ચાર પુત્રો અને એક પુત્રી થઇ, (૧) સૈયદ ઔલિયાઅલી, (૨) સૈયદ કરીરૂદીન, (૩) સૈયદ અલી ગૌહર નુર, (૪) સૈયદ આલમશાહ, (૫) બાઇ બુઢાઇ.

બીબી નુરબીબી સકીના બિન્તે સૈયદ બદરૂદીનથી ઔલાદ (૬) સૈયદ રહેમતુલ્લાશાહ, (૭) સૈયદ આદિલશાહ, (૮) સૈયદ જાફરશાહ થયા.

બીબી ઇઝઝત ખાતુન બિન્તે સૈયદ શમ્સુદીન સાનીનાં કુખે (૯) સૈયદ ઇસરાઇલ તૈયાર ગાઝી, (૧૦) શાહબાઝ ગાઝી, (૧૧) સબ્ઝાઅલી જનમ્યા.

બીબી હુરમત ખાતુન બિન્તે સૈયદ અલાઉદીન ઇબ્ને સૈયદ કમાલુદીનથી ઔલાદ (૧૨) સૈયદ ઇસ્લામશાહ, (૧૩) સૈયદ ઇમામશાહ, (૧૪) સૈયદ ફરમાનશાહ થયા.

બીબી ઝહરી બિન્તે સૈયદ જલાલુદીન ઇબ્ને સૈયદ કમલુદીનના કુખે (૧૫) સૈયદ ઇસમાઇલ અને (૧૬) સૈયદ નુરમુહમ્મદે જન્મ લીધો.

બીબી હુરબીબી બિન્તે સૈયદ ઝેનુલ આબેદીન ઇબ્ને કમાલુદીનના પેટે (૧૭) સૈયદ દુરવેશઅલી (૧૮) સૈયદ લાલશાહ કલન્દરઅલી જનમ્યા.


બીબી રહેમત ખાતુન બિન્તે સૈયદ જલાલુદીન બિન સૈયદ કમાલુદીનના પેટે (૧૯) સૈયદ બાલાશાહ બુલન્દઅલી જનમ્યા હતા.

## પીર હસન કબીરદીન (રેહ.)ના વંશધરો.

હઝરત પીર હસન કબીરદીન રહે.ની ઔલાદની વિસ્તારપૂર્વક વિગત "ગુલઝારે શમ્સ"ની કૃતિમાં આ પ્રમાણે મળી આવે છે:—

સૈયદ ઔલિયા અલીનો જન્મ 'ઉચ્છ' મુકામે થયો હતો. એમણે ૧૦૨ વર્ષની વય ભોગવી હતી. એમનો રોઝો આગ્રા ખાતે ચોડી મસજીદ પાસે છે. આ જમાનામાં મુહમ્મદ તઘલકના સુબા ક્વામુલ મુલ્ક એ પ્રદેશ પર રાજ્ય કરતો હતો.

A view of the Mausoleum of Pir Hasan Kabiruddin.



હઝરત પીર હસન કબીરદીન (રેહ.)નો મકબરો: (ઉચ્છ શરીફ) હિન્દુસ્તાનની ઈસ્માઈલી દઅવતકાર્યમાં એમનો ઘણો મોટો હિસ્સો છે.
(જુઓ પાનું ૩૪૦)

સૈયદ કસીરૂદીન ઇબ્ને પીર હસન કબીરદીનની ૯૨ વર્ષની વય થઇ હતી. એમની મઝાર "ઉચ્છ"માં છે.

સૈયદઅલી ગૌહરનુર સાબિત ઇબ્ને પીર હસન કબીરદીન રહે. એમને "નર નાસિર કલન્દર" તરીકે પણ ઓળખવામાં આવે છે. "ઇલ્મે ઝાહિર"માં પરિપુર્ણ થયા પછી પોતાના પિતા પાસેથી "ઇલ્મે મઆરિફત" મેળવી તેમની રજાથી દઅવત કરવા પંજાબના શહેર લાહોરમાં આવ્યા. ત્યાંથી જમ્મુ થઇ કાશ્મીર ભણી રવાના થયા, જ્યાંથી પાછા ફરતાં "મહામદ બુટી" નામક સ્થળે લાહોર પાસે વફાત પામ્યા. મજકુર સ્થળે એમનો રોઝો આવેલો છે.

સૈયદ પીર આલમશાહ બિન પીર હસન કબીરદીન પણ "સિધ્ધ પુરૂષ" હતા. તેમની એ "સિધ્ધિ"ના સબબે એમના દાદાશ્રી હઝરત પીર શમ્સના રોઝામાં તેમને જગ્યા મળી અને મુલાકાત લેનારા પહેલાં આવીને સૈયદ આલમશાહને સલામ ભરે છે. તેઓ પણ પોતાના પિતાની આજ્ઞાનુસાર ચાલવાથી મોટે દરજ્જે પહોંચ્યા હતા. આ સમયે મુલતાનમાં સારંગખાન બાદશાહનો રાજ્ય અમલ ચાલતો હતો.

સૈયદ રહેમતુલ્લાહશાહ ઇબ્ને પીર હસન કબીરદીન પોતાના પિતાશ્રીની ઘણી અદબ રાખતા હતા. "ઇલ્મે ઝાહિરી" અને ઇલ્મે બાતિનમાં પુરા જ્ઞાતા હતા. તેઓ ઘણાજ સુલેહપ્રિય નરવીર હતા. એમના જીવનકાળમાં છેલ્લા તબકકામાં તેઓ ગુજરાત "કડી"માં રહેતા હતા. તેમનું કુટુંબ મોટું હતું.

સૈયદ આદિલશાહ ઇબ્ને પીર હસન કબીરદીનની મઝાર ડેરા ગાઝીખાનમાં આવેલી છે.

સૈયદ જાફરશાહ ઇબ્ને પીર હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ"માં થયો હતો. તેઓ પોતાના પિતાની આજ્ઞાનુસાર દક્ષિણ, કાઠિયાવાડ તરફ દઅવત અર્થે ગયા હતા. તેઓની મઝાર કાઠિયાવાડ ગણોદમાં છે.

સૈયદ ઇસરાઇલ ગાઝી ઇબ્ને પીર હસન કબીરદીન રહે. નો જન્મ "ઉચ્છ"માં થયો હતો. તેઓ શુરવીર અને ઉદાર હતા. નસીરખાન બલોચ સાથે એમની સારી મિત્રાચારી હતી. દિલ્હીના બાદશાહ સાથે યુધ્ધ થતાં એ બલોચની સહાય અર્થે પોતાના પિતાના હુકમથી તેની સાથે રહ્યા હતા. આ યુધ્ધ દરમ્યાન તેઓ શહીદ થયા હતા. એમનો રોઝો બાગનાડી, જીલ્લો સિબી સિંધના ઉત્તરે પાંચ માઇલ ઉપર આવેલો છે.

સૈયદ શાહબાઝ અલી ઇબ્ને પીર હસન કબીરદીનનો જન્મ 'ઉચ્છ'માં થયો હતો. એમની મઝાર ભાવલપુર મધે એમના દાદાશ્રીની બાજુમાં આવેલી છે. આ સમયે દિલ્હીના સિંહાસને નસિરૂદીન મુહમ્મદ તઘલક રાજ્ય કરતો હતો.

સૈયદ સબ્ઝઅલી ઇબ્ને પીર હસન કબીરદીન ઘણા કરામતી પુરૂષ હતા. આ સમયે મુલતાનના તખ્તપદે કયામુલ મુલ્ક હતા. એ પીરશ્રીનો રોઝો મોન્ટગોમરી જીલ્લાના "મસ્તાબાદ"માં આવેલો છે.

સૈયદ ઇસ્લામશાહ ઇબ્ને હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ"માં થયો હતો અને કન્દહાર ખાતે ૧૦૩ વર્ષની ઉમરે વફાત થઇ હતી, જ્યાં તેમની મઝાર આવેલી છે. તેઓ ઝાહેરી તથા બાતુની ઇલ્મમાં પરિપુર્ણ હતા, એમનું કુટુંબ પણ બહુ મોટું હતું. અફઘાન પ્રજામાં તેઓ ઘણા માનનીય હતા.

સૈયદ ઇમામશાહ ઇબ્ને પીર હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ"માં થયો હતો અને તેમની વફાત હિજરી સન ૯૧૯ મોહર્રમ માસની તા. ૯ મી ને શુક્રવારના દિને થઇ હતી; એમની મઝાર અમદાવાદમાં આવેલા "પીરાણા" માં છે.

સૈયદ ફરમાનશાહ બિન પીર હસન કબીરદીન "ઉચ્છ"માં જનમ્યા હતા. ૯૯ વર્ષની વયે વફાત પામ્યા. એમની મઝાર તેઓના પિતાના રોઝામાં આવેલી છે. એમને ઘણા સંતાનો હતા.

સૈયદ ઇસમાઇલ બિન પીર હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ"માં થયો હતો અને તેઓ ૭૨ વર્ષની વય ભોગવી વફાત પામ્યા હતા. એમની મઝાર વડોદરા પાસે "લખે જંગલ" ખાતે આવેલી છે.

સૈયદ નુરમુહમ્મદ નુરૂલ હક્ક બિન પીર હસન કબીરદીન "ઉચ્છ"માં જનમ્યા હતા. એમની વફાત ૧૦૧ વર્ષની વયે થઇ હતી. એમની મઝાર નવસારીમાં છે. એમણે પોતાની પાછળ મોટો પરિવાર છોડયો હતો.

સૈયદ દુરવેશઅલી બિન પીર હસન કબીરદીનનો ઉચ્છ મુકામે જન્મ થયો હતો, જે સમયે દિલ્હીના બાદશાહ મુહમ્મદ તઘલક તરફથી "ઉચ્છ"નો સુબો કવામુલ મુલ્ક હતો. એમની વફાત સમયે મુલતાનનો બાદશાહ હુસેન લંઘો હતો. એમનો રોઝો એમના દાદાશ્રી પીર સદરૂદીન રેહ. ના રોઝામાં આવેલો છે.

સૈયદ લાલશાહ કલન્દર બિન પીર હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ" મુકામે થયો હતો. એમણે ઘણી "કમાલીયત" પ્રાપ્ત કરી એક મોટા સમુહના પેશવા થવા પામ્યા હતા. તેઓ પોતાના પિતાશ્રીનાં ફરમાનને અનુસરી દઅવત માટે દખ્ખણના પ્રદેશમાં ગયા હતા અને ત્યાં એક દેવીને ગર્ક કરી નાખી હતી, તેનું માથું આજવેર જમીનની બહાર છે, ત્યાં મોટો મેળો ભરવામાં આવે છે.

સૈયદ બાલાશાહ બુલંદઅલી બિન પીર હસન કબીરદીનનો જન્મ "ઉચ્છ"માં થયો હતો. તેઓ મોટા દરજ્જાના વલી અને આલિમ હતા. તેઓએ "દઅવત" અર્થે ઘણી મુસાફરીઓ કરી હતી. એમની વફાત ડેરા ગાઝીખાન પાસે આવેલા "ચોટા" મુકામે થઇ હતી. એમનો રોઝો ત્યાં આવેલો છે.

"ગુલઝારે શમ્સ"માં લખવામાં આવ્યું છે કે પીર હસન કબીરદીન રેહ. ની વફાત બાદ પણ તેમની બુઝુર્ગ ઓલાદ, હિજરી સન ૧૦૯૭ સુધી એટલે લગભગ અઢીસો વર્ષ પર્યંત દઅવતનું કામ કરતી રહી હતી. અન્ય ઇતિહાસકારોનું પણ કથન છે કે હિંદુસ્તાનમાં દઅવતનું કાર્ય કરનારાઓ મુખ્યત્વે એની ફાતિમીઓ હતા અને પ્રજાના મોટા ભાગે તેઓનાંજ હાથે ઇસ્લામ ધર્મ અંગીકાર કર્યો હતો.

## તૈમુરલંગની આણ.

હિન્દુસ્તાનના પ્રદેશમાં આવી રીતે ઇસ્માઇલી મઝહબનો પ્રચાર થઇ રહ્યો હતો, તે સમયે હઝરત ઈમામ ઇસ્લામશાહ અ. ઇરાનનાં "કેહ્ક"માં વસવાટ કરી ત્યાંથી દઅવતનું કાર્ય કરી રહ્યા હતા. એ સમયમાં તૈમુરલંગ તાતારીએ ઇરાન પર પહેલવહેલું આક્રમણ કર્યું હતું. એ હુમલામાં તેણે આઝરબાઇજાન સીસ્તાન અને ખુરાસાનને પોતાના અધિકાર તળે આણ્યા હતા. ત્યારપછી હિજરી સન ૭૮૯ માં બીજો હુમલો કર્યો, તે સમયે તૈમુરલંગે આઝરબાઇજાનથી આગળ વધીને ઇરાકે અજમ અને જ્યોર્જીયા પણ હાથ કર્યા હતા. શિરાઝનો કબજો આ બીજા હુમલામાં તેણે લીધો હતો. એ સમયના ઇરાક તરીકે ઓળખાતા ઇમામના નિવાસવાળાં ઇલાકાનાં મુખ્ય નગર ઇસ્ફેહાનમાં તેણે સિત્તેર હજાર લોકોને કતલ કર્યાં હતાં. તૈમુરનો ત્રીજો ને છેલ્લો હુમલો હિજરી સન ૭૯૫ માં થયો હતો, જેમાં તેણે ફારસ જીત્યું હતું. તેનાં દસ્તે મુઝફ્ફરી વંશનો અંત આવ્યો હતો. તેની સાથે સાથે સબ્ઝવારનાં સરબદાર રાજ્યકર્તા અને હેરાતના કુર્તવંશી રાજ્યનો પણ તૈમુરલંગના હાથે આ દરમ્યાન નાશ થયો હતો. એ પ્રકારે સધળા નાના નાના રાજ્યો નાબુદ થઇ ગયા હતા. ૪૫ વર્ષની તૈમુરલંગની કારકીર્દીમાં ઇરાનમાં આ સઘળું બની ગયું હતું.

## ઇસ્માઇલીઓ પર તૈમુરલંગના અત્યાચાર.

સર જોન માલકમ પોતાના હિસ્ટરી ઓફ પરશિયામાં એવો નિર્દેશ કરે છે કે હિજરી, સન ૭૯૫માં તૈમુરલંગે ઇરાન પર ત્રીજો હુમલો કર્યો તે દરમ્યાન માઝન્દ્રાનના માર્ગે આવીને તે આગળ વધ્યો હતો. જ્યાં આગળ રૂદબારની ગીલાનની સરહદ ઉપર આલમુતના પતન પછી હલાકુખાનની કતલમાંથી બચેલા ઇસમાઇલીઓની વસ્તીનો એક ભાગ નિવાસ કરી રહ્યો હતો તેમની તેણે ફરીવાર કતલ ચલાવી હતી. સામાન્ય રીતે આ ઘટના પછી ઇસમાઇલીઓનું સંપૂર્ણ નિકંદન કહાડવામાં આવ્યું હતું એમ ઇતિહાસકારો આ બનાવ ઉપરથી કહે છે, પરંતુ ખરી રીતે તો આ રૂદબાર-ગીલાન સરહદના ભોગ બનેલા ઇસમાઇલીઓ સિવાય ખુરાસાન અને કેરમાનના સંખ્યાબંધ ઇસમાઇલીઓ બચી ગયા હતા, જેઓ આજે પણ ઇરાનમાં જીવન ગુજારે છે. આ ઉપરાંત હકીમ દાઇ નાસિર ખુસરૂની દઅવતમાં આવેલા બદખશાની ઇસમાઇલીઓ પણ સુરક્ષિત રહ્યા હતા. તૈમુરલંગે ગીલાનના ઇસમાઇલીઓની ચલાવેલી કતલ હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના ઇમામતના સમયમા થઇ હતી, જ્યારે તેઓશ્રીની ઇમામતનું ૨૪મું વર્ષ ચાલતું હતું.

## તૈમુરલંગનું મૃત્યુ.

ઉપર જણાવેલી સર્વ ઘટનાઓની ઇતિહાસિક સંકલના પ્રમાણે મુઝફ્ફરી વંશની સ્થાપના હિજરી સન ૭૪૨થી ગણીએ તો ઇમામતની ગાદીએ હઝરત ઇમામ કાસમશાહ અ. આવ્યા પછી ત્રીસ વર્ષ રહીને મુઝફ્ફરી વંશ સ્થપાયો. હિજરી સન ૭૭૧માં હઝરત ઇમામ કાસમશાહ અ.ની વફાત થઇ એ સમયે પણ ઇરાનના અમુક વિભાગમાં મંઝુર વંશ રાજ્ય કરતો હતો. મંગોલના ઇલખાની વંશની એક નાની શાખા હસ્તક ઇમામનું મુખ્ય મથક આઝરબાયજાન હતું. હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના સમયમાં પણ મુઝફ્ફરી વંશનો અમલ ચાલતો હતો. પરંતુ પાછળથી એવણુ ઇમામના સમયમાંજ તેનો અંત આવ્યો હતો. હિજરી સન ૭૯૧માં કુર્તવંશનો નાશ થઇ ચુકયો હતો. એ સમયે પણ હઝરત ઇમામ ઇસ્લામશાહ અ. ઇમામત પર હતા. તૈમુરનું મૃત્યુ પણ હિજરી સન ૭૯૫માં એવણુ ઇમામના અમલમાંજ નીપજ્યું હતું.

## વફાત.

હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના સમયમાં હિંદમાં દઅવતનો ઘણો પ્રચાર થઇ રહ્યો હતો અને પંજાબ, કાશ્મીર, સિંધ, ગુજરાત, દખ્ખણ, કાઠિયાવાડ અને કચ્છ સુધી ઇસમાઇલી મિશનરીઓ જઇ પહોંચ્યા હતા. આ ઝમાનો હિંદુસ્તાનમાં ઇસમાઇલીઓની ચઢતી કળાનો હતો. ઠેરઠેર ઇસમાઇલી સાદાતો ઇમામના ઘરથી ખિદમત કરી ઇસ્લામની તરક્કી કરી રહ્યા હતા.

હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ની વફાત હિજરી સન ૮૨૭માં થઇ હતી. ત્યારપછી ઇમામના શાહઝાદા હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા.

# HAZRAT MOWLANA IMAM MUHAMMED BIN ISLAN SHAH.

(A. H. 827-868)

(૩૧)

# હઝરત મૌલાના ઈમામ મુહમ્મદ બિન ઈસ્લામશાહ અ૦

(હિજરી સન ૮૨૭-૮૬૮)

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. પોતાના પિતા હઝરત ઈમામ ઇસ્લામશાહ અ.ની વફાત બાદ હિજરી સન ૮૨૭ અર્થાત ઇ. સ. ૧૪૨૪માં ઇમામતની મસનદ પર બિરાજ્યા હતા. 'ગુલઝારે શમ્સ'ની કૃતિમાં દર્શાવવામાં આવ્યું છે કે સૈયદ શાહ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. ઇરાનના 'શહરબાબક' શહેરમાં નિવાસ કરતા હતા, જેઓએ પીર સદરૂદીન (રેહ.)ના પુત્રને પોતાના 'ખલીફા' અર્થાત 'પીરાતન'ની નવાઝિશ કરી હતી.

## હિંદુસ્તાનની જમાતો પર ઇમામના મુબારક તાલિકાઓ-રૂક્કા.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. પોતાના નિવાસસ્થાન 'શહર બાબક'થી હિંદુસ્તાન ખાતે "તાલિકાઓ" મોકલી જમાતોને ખબર અંતર પુછાવી પોતાના ભલા દુઆઆશિશો 'પીર' મારફત મોકલાવતા હતા, અને 'પીર' તથા તેમના હાથ તળે કામ કરનારા 'વકીલો' દઅવતનું કામ પુર જોશથી ચલાવતા હતા, તેની સાથે સાથે ઇસમાઇલી મુરીદો પાસેથી માલેવાજબાત અર્થાત ઇમામનો હક વસુલ કરીને પીર આ સઘળી કારસાઝી ઈમામની હુઝુરમાં ઈરાન ખાતે મોકલી આપતા હતા. આ સમયમાં હિંદુસ્તાનના ઘણા મુરીદો ઈમામના દીદાર અર્થે 'શહરબાબક' જતા હતા. તેઓને ઇમામ નવાઝિશ કરી પોતાના હાથ મુબારકના 'રૂક્કા' (તાલિકા) બક્ષિસ કરતા હતા. ઈરાન જવાનું આ ઝમાનામાં બહુ વિકટ હતું. દરિયા માર્ગે પ્રવાસ થતો હોઇ ૭ મહીના જેટલો સમય તો માર્ગમાંજ લાગી જતો હતો. સામાન્ય રીતે ઇમામના દીદાર કરીને જે મુરીદ એ સમયે હિંદુસ્તાન ખાતેના પોતાના વતને પાછો ફરતો હતો તેને 'દરસ' યાને 'ધરસ'ના મોટા લકબથી વધાવી લેવામાં આવતો હતો.

## મુરીદોની દસ્તબોશી.

અંગ્રેજ ઇતિહાસકાર મેકડોનેલ ફ્રીનીયરની કૃતિમાં લખેલું છે કે આલમુત પડયા પછી બિસ્માર થઇ પડેલા એ શહેર આગળ કેટલાક ઇસમાઇલીઓ વસે છે અને તેઓ હુસેનીને નામે ઓળખાય છે. ઇરાનના ઇસમાઇલીઓ 'કુમ્ત' આગળ રહેતા એક પીર મર્દને પોતાના 'ઇમામ' તરીકે માને છે જેઓ હઝરત ઇમામ

જાફર સાદિક અ.ના પુત્ર હઝરત ઇમામ ઇસમાઇલ અ.ની ઓલાદથી સીધા ઉતરી આવેલા છે. પવિત્ર ગંગા અને સિંધુ નદીના કાંઠા પર વસી રહેલા ઇસમાઇલી મુરીદો હિંદુસ્તાનથી ઇરાનવેર પોતાના ઇમામના હાથનું 'ચુંબન' અર્થાત દસ્તબોસી કરવા આવે છે.

## હઝરત પીર તાજદીન (રેહ.)—પીરાતનની નવાજિશ.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ના સમયમાં હઝરત પીર તાજદીન અથવા પીર તાજુદીન ઇબ્ને પીર સદરૂદીન ઇબ્ને પીર સાહેબદીન ઇબ્ને પીર નસીરૂદીન ઇબ્ને પીર શમ્સુદીન સબ્ઝવારી હયાત હતા. ઇતિહાસો પરથી જણાય છે કે તેઓ ઇમામની મુલાકાતે ઇરાનમાં અમુક વખત ગયા હતા. પીર હસન કબીરદીન (રહે.)ના પુત્ર સૈયદ ઇમામશાહને ઇમામ તરફથી 'પીરાતન' નહિ મળતાં, પીર તાજદીનને 'પીરાતન' મળી હતી. હઝરત પીર તાજદીન (રહે.) હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ની દઅવત કરતા હતા અને ઇમામનો હક મુરીદો પાસેથી વસુલ કરી ઇમામની હુઝુરમાં પહોંચાડતા હતા. તેમણે ઇમામના ઘરની ઘણી વફાદારીપુર્વક ખિજમત કરી હતી. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. ઇમામતની મસનદ પર બિરાજ્યા, ત્યારે હઝરત પીર તાજદીન (રહે.) ૩૩ વર્ષની ભર યુવાનીમાં હતા અને ઇમામની હુઝુરમાંથી 'પીરાતન' મેળવી પાછા હિંદુસ્તાન આવ્યા હતા.

## સાદાતો પર પીર તાજદીન (રેહ.)નું વડપણ.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ના સમયમાં તૈમુરલંગના વંશધરો પુર્વ તથા પશ્ચિમ ઇરાનમાં રાજ્ય કરી રહ્યા હતા. આકકુ નીલુ તથા કરાકુ નીલુ નામના તુર્કમાનોની કોમે ઇરાનમાં વર્તાવેલી ગેરવ્યવસ્થા પણ ચાલુ હતી, જ્યાં ત્યાં અંધેરતોફાન ભાસ થતો હતો, એ અંધેર નવમી સદીની શરૂઆત સુધી ચાલુ રહ્યો હતો. ત્યારપછી સફવી વંશનો ઇરાન પર એક છત્રધારી અમલનો આરંભ થયો હતો.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ના સમયમાં સમસ્ત હિંદુસ્તાનમાં મોટી સંખ્યાના ઇસમાઇલી સાદાતો દરેક સ્થળોએ ફરી જોશભેર દઅવતનું કાર્ય કરી રહ્યા હતા. સઘળા સાદાતોનું મુખ્ય મથક લાહોર–પંજાબમાં હતું, જ્યાં પીર તાજદીન (રહે.) વસવાટ કરી રહ્યા હતા. ઇરાનમાં પણ મોટી સંખ્યામાં ઇસમાઇલી સાદાતો વસતા હતા, તેમજ જંગલો અને જુદા જુદા પ્રદેશોમાં પથરાઇ ગયેલા હતા. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ના સમયમાં સઘળા દઅવત કરનારા ઇસમાઇલી સાદાતો પર હઝરત પીર તાજદીન (રહે.) વડપણ ધરાવતા હતા.

## સૈયદ ઇમામશાહ.

સૈયદ ઇમામશાહ ઇબ્ને પીર હસન કબીરદીન (રહે.)નો જન્મ "ઉચ્છ શરીફ"માં થયો હતો. તેમના પિતાશ્રીની વફાત સમયે તેમની વય ૧૯ અથવા ૧૫ વર્ષની હોવાનું મનાય છે. તેમના પિતાશ્રી હઝરત પીર હસન કબીરદીન (રહે.)ની વફાત સમયે તેમની સઘળી ઓલાદ તેમની સેવામાં હાજર હતી, પણ ફક્ત સૈયદ ઇમામશાહ હાજર ન્હોતા, એ સબબે પોતાના પિતા સાથે તેમની છેલ્લી મુલાકાત થઇ શકી ન્હોતી.

## જનાઝો અટકાવ્યો—સાકર અને તસ્બીહ મળ્યાં.

હઝરત પીર હસન કબીરદીન (રહે.)નો જનાઝો અવ્વલ મંજલે લઇ જવામાં આવતો હતો, તે સમયે સૈયદ ઇમામશાહને પોતાના પિતાશ્રીની વફાતની અજબ રીતે જાણ થઇ જતાં, તેઓ એકાએક ઉચ્છ શરીફ આવી લાગ્યા અને માર્ગમાંજ જનાઝાને અટકાવ્યો અને જનાઝા તરફ મુખ કરીને, પોતાના પિતાને સંબોધીને પોતાનો 'હિસ્સો' માંગવા લાગ્યા, આ સાંભળીને જનાઝામાં ભાગ લેનારા લોકો હસવા લાગ્યા, કેટલાકો તેમને સમજાવવા લાગ્યા, અંતે રકઝકમાં ત્રણ કલાક પસાર થઇ જતાં, સૈયદ ઇમામશાહે ફરીવાર વિનંતી કરી, પરિણામે જનાઝામાંથી હાથ બહાર આવ્યો અને સૈયદ ઇમામશાહને 'તસ્બીહ' અને 'સાકર' મળ્યાં.

## ઇરાન ભણી પ્રયાણ.

હઝરત પીર હસન કબીરદીન (રહે.)ની વફાતને ચાલીસ દિવસ પસાર થયા પછી, સૈયદ ઇમામશાહ સિંધ ભણી 'જુણ' નામના ગામમાં જઇ 'ખાના'માં ઉતારો કર્યો. ત્યાંની જમાતે તેમને 'પીર' તરીકે માન્ય રાખવા માટે ઇન્કાર કરવાથી, તેમને અપમાન લાગ્યું અને ત્રણ દિવસના અપવાસ પછી પ્રેમજી નામના એક ખોજા ગૃહસ્થે સૈયદ ઇમામશાહને પોતાને ઘેર લઇ જઇ જમાડયા.

ત્યારપછી સૈયદ ઇમામશાહે ઇરાન ભણી જવા માટે પ્રયાણ કર્યું. અમુક દિવસોની મુસાફરી બાદ તેઓ હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. જ્યાં નિવાસ કરી રહ્યા હતા, એ 'કહેક' નગરીમાં આવી લાગ્યા અને બાવા ગુલામ મુહમ્મદ મારફતે ઇમામની હુઝુરમાં પહોંચી ઇમામની મુલાકાત લીધી. પરંતુ તેમને 'પીરાતન' મળી નહિ. હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.એ હઝરત પીર તાજદીન (રહે.)ને 'પીરાતન' નવાજિશ કરી હતી. ત્યારપછી સૈયદ ઇમામશાહ હિંદુસ્તાન પાછા ફર્યા, અને ગુજરાત જીલ્લામાં આવેલા 'અહુણા' નામના ગામમાં આવીને ઇબાદતખાનામાં નિવાસ રાખ્યો.

## ઇમામશાહી પંથની સ્થાપના.

કેટલાકોની માન્યતા પ્રમાણે સૈયદ ઇમામશાહે ગુસ્સાભરી લાગણીને વશ થઇને ઇસમાઇલી ઇમામોની સેવાનો ઇન્કાર કરી, પોતાનો એક જુદો "ઇમામશાહી" નામનો પંથ સ્થાપ્યો હતો. જ્યારે કેટલાક ઇતિહાસકારોના કથન અનુસાર (૧) સૈયદ ઇમામશાહ ઇરાન ગયા હતા ત્યારે હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. તરફથી તેમને ગુજરાત તરફ ઇસમાઇલી દઅવતનું કાર્ય કરવા માટે આજ્ઞા આપવામાં આવી હતી, જેથી તેઓએ હિંદુસ્તાન પાછા આવીને દઅવતનું કાર્ય જોશભેર આરંભ્યું હતું, જેમાં તેમને ઘણી સફળતા પ્રાપ્ત થઇ હતી, પરંતુ સૈયદ ઇમામશાહની વફાત બાદ તેમના પુત્ર મુહમ્મદશાહના સમયમાં ફાટફુટ પડી હતી અને 'ઇમામશાહી' નામનો એક પંથ ચાલુ થયો હતો.

"બી સેક્ટ ઓફ ઇમામશાહ ઇન ગુજરાત"માં રશીયન પ્રોફેસર ઇવેનોવ એ વિષે ઉલ્લેખ કરતાં જણાવે છે કે ફાટફુટ વિષે એટલું જાણવા મળે છે કે ખેતા નામનો અમુક એક શખ્સ ૧૮૦૦ બોધેલા માણસોનો ઉપરી હતો અને ઉશ્ર અર્થાત દશોંદ માલિવાજેબાત વસુલ કરી ઇમામની હુઝુરમાં પહોંચાડતો હતો. નરમુહમદ શાહે તેને એ માલેવાજેબાત પોતાનેજ સોંપી દેવાનો હુકમ કર્યો, જેનો ખેતાએ ખુલ્લો ઇન્કાર કરતાં ઝઘડો થયો, નાતબહારનું પરિણામ આવ્યું અને આ રીતે ફાટફુટનો આરંભ થયો.

---

૧ જુઓ ૮૪૯૫. ઇવેનોવ કૃત "ગુજરાતમાં ઇમામશાહી સંપ્રદાય" પાનું ૪૨.

સૈયદ ઇમામશાહના પુત્ર મુહમ્મદશાહે, ઇસમાઇલી ઇમામોની સેવાનો ઇન્કાર કરી, પોતાને "નર મુહમ્મદશાહ" તરીકે ઓળખાવી "નર" તરીકેનો મરતબો જાહેર કર્યો અને પોતાનો એક જુદો પંથ સ્થાપ્યો. ત્યારપછી એ નવિન શિક્ષણ પ્રમાણે ચાલનારા "ઇમામશાહી" કહેવાયા અને 'ઝમાનાના ઇમામ'ને બદલે સૈયદ ઇમામશાહના પુત્ર સૈયદ મુહમ્મદશાહને તેઓ "નરમુહમ્મદ શાહ" માનવા લાગ્યા. આ કારણે "ઇમામશાહી" મુરીદોનો સંબંધ ઇરાનમાં બિરાજતા પવિત્ર ઇમામોથી તુટી જવા પામ્યો.

## સૈયદ ઇમામશાહ દિલ્હીમાં.

'ગુલઝારે શમ્સ'નાં આલેખન મુજબ સૈયદ ઇમામશાહ એક સમયે દિલ્હી ગયા અને ત્યાંના કાઝીવાડામાં ઉતારો કર્યો. એ સમયે રમઝાન મહિનો ચાલતો હોવા છતાં તેઓ રોઝા રાખતા નહોતા; એ જોઇને લોકોએ બાદશાહ શેહશાહ અફઘાન પાસે જઇને ફરિયાદ કરી કે, સૈયદ ઇમામશાહ પોતાના ખિદમતગારો સહિત દિલ્હી આવેલા છે, પરંતુ નમાઝ કે રોઝાની બિલકુલ પરવા કરતા નથી. બાદશાહે તેમને પોતાની હુઝુરમાં હાજર કરવાનો હુકમ કર્યો. મોતેબર ઉલમા અને એવા ખાસ માણસો સૈયદ ઇમામશાહને કહેવા ગયા, પરંતુ બાદશાહનો સંદેશો સૈયદ ઇમામશાહને રૂબરૂ આપવાની કોઇની હિંમત ચાલી નહિ. છેવટે બાદશાહ પોતે તેમની પાસે ચાલી આવ્યો અને અરજ કરી કે "મારા સાંભળવામાં આવ્યું છે કે તમો નમાઝ કે રોઝાનું પાલન કરતા નથી." ઇમામશાહે આ સાંભળીને તરતજ કહ્યું:— "એ વાતમાં સત્ય નથી." અસરની નમાઝનો આ સમય હતો. મસ્જિદ પણ પાસે હતી. સૈયદ ઇમામશાહ બાદશાહ સાથે ત્યાં ગયા અને વઝુ કરીને તેઓએ નમાઝ પઢવાનું શરૂ કર્યું. જ્યારે પહેલા સિજદામાં ગયા કે મસ્જિદ તેમજ મિનારા પણ સિજદો કરવા લાગ્યા. એ જોઇ સઘળા નમાઝ પઢનારાઓએ ભય પામી મસ્જિદમાંથી નાસવા માંડ્યું. પરંતુ બાદશાહ આ ચમત્કાર જોઇને સૈયદ ઇમામશાહનો અનુયાયી બની ગયો અને પાંચ માઇલ ઘેરાવાવાળી જમીન સૈયદ ઇમામશાહને બક્ષિસ આપી. જેનો સઘળો ભોગવટાનો હક સૈયદ ઇમામશાહને આપ્યો. પીરાણાની ચારેગમ એ બક્ષિસ આપેલી જમીન છે, જેનો ભોગવટો ઇમામશાહીઓ કરે છે. એની આવકમાંથી સદાવ્રત ચાલુ છે. કહેવાતા ઇમામશાહી તરીકે ઓળખાતા સાદાતો તેનો લાભ લે છે.

સૈયદ ઇમામશાહ ઘણી બુઝુર્ગ વયે પહોંચી હિજરી સન ૯૨૬ના મોહર્રમ માસની તા. ૬મીના દિને વફાત પામ્યા હતા.

## ઇમામશાહનો પરિવાર—સૈયદ નુરમહમદશાહ.

સૈયદ ઇમામશાહના લગ્ન આલમશાહ બાદશાહના વંશજ શાહ મુહમ્મદ બુખારીની પુત્રી ખતીજાં બીબી વેરે થયા હતા. એ પહેલાં તેમને ત્યાં સૈયદ આલમશાહ નામનો એક પુત્ર થયો હતો. ત્યારપછી સૈયદ અલીશાહ, સૈયદ બાકરશાહ અને સૈયદ મુહમ્મદશાહ અને શમ્સખાતુન નામની એક પુત્રી થઇ. એ પુત્રોમાંથી સૈયદ મુહમ્મદશાહ સિવાય ત્રણે પુત્રો તેમજ પુત્રી શમ્સખાતુન બાળવયમાં ગુજરી જવાથી સૈયદ મુહમ્મદશાહ સિવાય બીજી કોઇ ઔલાદ રહી નહોતી. સૈયદ આલમશાહ ઉર્ફે ખાલિકશાહનો રોઝો ગુજરાતના "કડી" ગામમાં આવેલો છે. સૈયદ બાકરશાહનો રોઝો અમદાવાદના ચારતોડાના કબ્રસ્તાન પાસે છે; તેમાં એક મુસાફરખાનું પણ છે. સૈયદ બાલાશાહની મઝાર ખંભાતના "રંગસર" તળાવ પાસે છે. તેની બાજુમાં તેમનાં બહેન શમ્સખાતુનની મઝાર આવેલી છે. એ સઘળી મઝારોની માન્યતા ધરાવનારાના રોઝા જુદા જુદા છે અને તેની સઘળી પેદાશ ગુજરાતમાં રહેતા સાદાતો વપરાશમાં લે છે.

સૈયદ મુહમ્મદશાહને નુરમુહમ્મદશાહ કે નર મુહમ્મદશાહ તરીકે ઓળખવામાં આવે છે, જેઓનાં લગ્ન બાદશાહ મુહમ્મદ બેગડાની પુત્રી બુઝુર્ગખાતુન સાથે થયાં હતાં. તેમના કુખે બે પુત્ર (૧) સૈયદ મુસ્તફા તથા (૨) સૈયદ શહાબુદીન થયા. એમની જે ઔલાદ થઇ તે "ઇમામશાહી" સૈયદોના નામે ઓળખાય છે. સૈયદ મુહમ્મદશાહની મઝાર એમના પિતા સૈયદ ઇમામશાહ સાથે પીરાણાના રોઝામાં છે.

## સૈયદ રહેમતુલ્લાશાહની દઅવત.

સૈયદ ઇમામશાહની વફાત પછી, સૈયદ ઇમામશાહની ધર્મપત્નિએ મુખી ખેતાને 'ઉચ્છ' ગામ ભણી મોકલી સૈયદ રહેમતુલ્લાહશાહ ઇબ્ને પીર હસન કબીરદીનને બોલાવી મંગાવી પોતાના વંશની શાહઝાદી વેરે સૈયદ રહેમતુલ્લાહશાહના લગ્ન કરી આપ્યા અને તેમને દહેજમાં મુખી ખેતા સાથે બસો જણાની જમાત આપી. તે લઇને સૈયદ રહેમતુલ્લાહશાહ અમદાવાદથી વીશ કોશ પર આવેલા 'કડી' ગામમાં વસવાટ કરવા લાગ્યા. અત્રેથી સૈયદ રહેમતુલ્લાહશાહ ઇબ્ને પીર હસન કબીરદીનની ઔલાદ "કડીવાલા" સૈયદ તરીકે ઓળખાવા લાગી. સૈયદ ઇમામશાહની બીબીની ઇચ્છા એવી હતી કે ઇમામશાહી ધર્મપ્રથા સૈયદ રહેમતુલ્લાહશાહ ચાલુ રાખે, પરંતુ તેમ નહિ કરતાં સૈયદ રહેમતુલ્લાહશાહ ઇરાનમાં 'કેહ્ક' મધે નિવાસ કરી રહેલા ઝમાનાના ઇમામ સાથેનો સંબંધ જાળવીને પોતાના વંશજો અને મુરીદોને પણ ઇમામની સેવા કરવાને સંબોધી માલેવાજબાત અર્થાત ઇમામનો હક જમાતોમાંથી વસુલ કરી ઇરાનમાં ઇમામની હુઝુરમાં પહોંચાડતા હતા. એમના પુત્રો પણ એમનાં પગલે ચાલી, ગુજરાતમાં ઇસમાઇલી દઅવત કરતા હતા. આ કાર્યથી 'ઇમામશાહી' પક્ષને મોટો ફટકો લાગ્યો હતો.

## વફાત.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. ખેતીવાડી કરી એકાંત જીવન પસાર કરતા હતા. પરંતુ ઇમામના ફરઝંદો તેમજ મિશનરીઓ સમસ્ત ઇરાનમાં ધીમી પરંતુ ખાત્રીપુર્વકની 'દઅવત' કરી રહ્યા હોવાથી, ઇમામના નિવાસસ્થાન "શહર બાબક" તરફ ઇમામના પવિત્ર દિદાર અને દસ્તબોશી અર્થે સંખ્યાબંધ લોકો આવતા હતા, તેઓને હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. દીદાર આપી દસ્તબોશી કરાવતા હતા. તેઓશ્રીની વફાત હિજરી સન ૯૬૮માં થઇ હતી. ત્યાર પછી તેમના શાહઝાદા હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ (બીજા) ઇમામતની મસનદ પર બિરાજમાન થઇ ઇસમાઇલીઓની રહેબરી હાથ ધરી હતી.

# HAZRAT MOWLANA IMAM MUSTANSIR-BILLAH II.

( A. H. 868–880 )

( ૩૨ )

# હઝરત મૌલાના ઇમામ મુસ્તનસિરબિલ્લાહ અ૦ (બીજા)

( હિજરી સન ૮૬૮–૮૮૦ )

હઝરત મૌલાના ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. બીજા, હિજરી સન ૮૬૮માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. મી. જાફર રહેમતુલ્લાહ બેરીસ્ટર કૃત "ખોજા કોમનો ઇતિહાસ"માં લખેલું છે કે, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. "શહરબાબક"માં વસતા હતા. તેઓશ્રીનું મુળ નામ "અલીશાહ" હતું, એવો સંકેત "આસારે મુહમ્મદી"ના પુસ્તકમાંથી નીકળે છે.

"આસારે મુહમ્મદી"ના કર્તા લખે છે કે, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. પર અસંખ્ય લોકો ચાહ ધરાવતા હતા. તેઓશ્રી ઘણી જાહોજલાલીથી રહેતા હતા; તેઓશ્રીની પાસે અખુટ સાધન સામગ્રી, સંપત્તિ ઉપરાંત નોકરો, ચાકરો અને ખિજમતદારોનો મોટો સમુદાય હતો. તેઓશ્રીની ઇચ્છા થતાં, પોતાના પુર્વજોની પેઠે, ઇરાનમાં પણ ઇસ્માઇલી રાજ્યઅમલ સ્થાપી શકવાની તેઓશ્રી સત્તા અને શક્તિ ધરાવતા હતા, પરંતુ તેઓશ્રીના વડા શાહઝાદા હઝરત મુહમ્મદશાહ એ વાતને નાપસંદ કરતા હોવાથી, તેમજ આજુબાજુના સંજોગો પણ અનુકુળ ન હોવાથી ઇમામ એવી ઇચ્છા પડતી મુકતા હતા. પરંતુ, પોતાના વડા શાહઝાદાએ આ વિષેની સલાહ-મસ્લેહત કરવામાં પોતાના ઉત્તમ વિચારો રજુ કર્યા હોવાથી, ઇમામે તેમના ઉપર પ્રસન્ન થઇ તેમને "અબ્દુસ્સલામ"ના માનવંતા ઇલ્કાબની નવાજિશ કરી હતી.

## પીર મીઠાની દઅવત.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ના ઝમાનામાં, હઝરત પીર હસન કબીરદીનના પુત્ર સૈયદ ઔલિયા અલીના પુત્ર સૈયદ મુહમ્મદ નુરબક્ષ (બીજા) પોતાના બાળબચ્ચાંઓ સહિત દઅવત કાર્ય માટે અને માલેવાજેબાત અર્થાત ઇમામના હકની વસુલાત કરવા "ઉચ્છ"થી કાશમીર અને જમ્મુમાં આવ્યા હતા. એમને "પીર મીઠા" પણ કહેવામાં આવે છે. એ સમયે કાશ્મીરનો રાજ્યકર્તા અજબદેવ હતો. આ શહેરમાં જે સ્થળે હાલ એમનો પોતાનો તથા એમના પુત્ર ઇસમાઇલી સાદાત સૈયદ શમ્સુદ્દીન સાનીનો રોઝો આવેલો છે, ત્યાં પૃથ્વીનાથ નામનો યોગી રહેતો હતો. તે જાદુ વિદ્યામાં નિષ્ણાત હોઇ શહેરની સઘળી પ્રજા અને રાજા સુધ્ધાં તેના સેવક હતા. એ યોગીએ સૈયદ નુરબક્ષને જોતાં તેના મનમાં દુશ્મનાવટની લાગણી ઉદભવી અને તે પોતાના હરીફને આવેલો જોઇ તેમનો મુકાબલો કરવા

તેમની કને આવ્યો અને પોતાની કરામત દેખાડવા તે જાદુના જોરે આકાશમાં ઉડી ગયો; જે જોઇને સૈયદે પોતાના પગરખાંને હુકમ કરતાં તે પણ ઉડયા, અને યોગીને ટપલાં મારતાં મારતાં તેને હેઠળ લઇ આવ્યાં. આ કરામત જોઇને યોગીએ પશ્ચાતાપ કરી સૈયદ નુરબક્ષ (બીજા)ની દુશ્મનાવટ મુકી દીધી. ત્યારપછી સૈયદ નુરબક્ષ પોતાના ફરજંદો અને કાકા સૈયદ અલી ગૌહર નુર સાબિર બિન હસન કબીરદીન સાથે કાશ્મીરમાં આવ્યા. એમની કને "આહુતે ફિકકાહ" નામક પુસ્તક હતું. તેના સિધ્ધાંતો અનુસાર તેઓ ધર્મનો પ્રચાર કાશ્મીર ખાતે કરતા હતા.

સૈયદ નુરબક્ષ (બીજા)ના બે પુત્રો હતા. (૧) સૈયદ મીર શમ્સુદીન સાની (બીજા) અને (૨) સૈયદ ઇસમાઇલ. એમની મઝારો એમના પિતા સૈયદ નુરબક્ષ ઉર્ફે પીર મીઠાની દરગાહમાં આવેલી છે. પીર મીઠા ઘણા ચમત્કારી પુરૂષ હતા. આખું કોહિસ્તાન, કાશ્મીર, તિબેટ નાનું, બદખશાન, ગીલગીટ, યારકંદ, વિગેરેમાં જે ઇસમાઇલી શીઆ અનુયાયીઓ અત્યારવેર મૌજુદ છે, તે તેમના પ્રતાપે છે. ત્યારપછી સૈયદ મીર શમ્સુદીન સાની સાથે "શમ્સીયા" કાફલાઓએ આવીને ઉચ્છમાં નિવાસ કર્યો અને ત્યાંના આસપાસના મુલકોમાં ઘણી ઉત્તમ રીતે "દઅવત"-મિશન કાર્ય ચાલુ રાખ્યું હતું, તેથી અસંખ્ય લોકો ભેગા મળીને ઇસ્લામથી મુશર્રફ થઇને ઝમાનાના ઇમામની બયઅત કરતા હતા.

## "નુરબક્ષિયા" પંથ.


સૈયદ શમ્સુદીન સાનીની વફાત હિજરી સન ૮૯૭ માં થઇ હતી. તેમણે ૧૧૫ વર્ષની વય ભોગવી હતી. એ સમયમાં ઇમામતની મસનદ પર હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ઇરાનના "શહર બાબક"માં બિરાજમાન હતા.

"તવારીખે ફિરિશ્તા"માં લખે છે કે, બાદશાહ ફતેહખાન બિન આદમખાનના ઝમાનામાં સૈયદ મીર શમ્સુદીન સાની ધર્મનો પ્રચાર કરવા કાશ્મીર ખાતે આવ્યા હતા. ત્યાં પુષ્કળ લોકો એમના મતમાં ભળ્યા હતા. "ગુલઝારે શમ્સ" પરથી જણાય છે કે, આ લોકો ખાન્દાને ઇસમાઇલીયાના હકના માર્ગ તરફના મિશનરી હતા અને પોતાને નાયબે ઇમામ અર્થાત પીર કહેવરાવતા હતા. તેમની માન્યતા "ઇમામ સદા કાયમ અને મૌજુદ" હોવાની હતી. સૈયદ મીર શમ્સુદીન સાની કાશ્મીર, હિંદુકુશ તથા કોહિસ્તાનમાં સૈયદ કમાલુદીન સાની (બીજા) મૌજુદ દરિયા તથા સૈયદ શાહબુદીન શાની (બીજા) મસ્તંદરિયા સાથે મળીને "નુરબક્ષિયા" તરીકો ચલાવ્યો. એના અનુયાયીઓ ઇસમાઇલી તરીકાથી સંબંધ રાખતા હતા. જેહલમ જીલ્લામાં પંજાબની ચીનાબ નદીના કાંઠે "રામસર" નામના ગામમાં તેમને ઝેર આપીને શહીદ કરવામાં આવ્યા હતા."

## પીર તાજદીન (રેહ.) ઇરાનમાં—ઇમામની મુલાકાત—વફાત.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ. એ હઝરત પીર તાજદીન (રેહ.)ને પીરાતનની નવાજિશ કરી હતી એ અગાઉ આપણે વાંચી ગયા છીએ. હઝરત પીર તાજદીન (રેહ.), હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ની વફાત પછી પણ, એટલે હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ના સમયમાં આઠ વર્ષ હયાત હતા. તેઓએ માલેવાજેબાતની ઝોળી લઇને ઇરાન તરફ હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ની હુઝુરમાં હાજર થઇ ઇમામની મુલાકાત લીધી હતી. આ વખતે હઝરત પીર તાજદીન (રેહ.)એ ઇમામની હુઝુરમાં માલેવાજેબાત સાથે હિંદુસ્તાનના અનુયાયીઓએ ઇમામની હુઝુરમાં રજુ કરવા માટે આપેલું હિંદની બનાવટનું ઉમદા કાપડ પણ રાખ્યું હતું, પરંતુ ઇમામે પીર તાજદીન (રેહ.) ઉપર પ્રસન્ન થઇને મજકુર કાપડનો તાકો તેમને બક્ષિશ આપ્યો. જેનો ખિલઅત સિવડાવી પીર પોતે પહેરવા લાગ્યા અને


The Mausoleum of IMAM SHAH MUSTANSIR-BILLAH II (A. H. 868-880), the 32nd Ismaili Imam at Anjudan (Iran.) The Imam is the author of "Pandiyate-Jawan mardi."



ઇસ્માઇલી ૩૨ મા ઇમામ મૌલાના શાહ મુસ્તન-સિર બિલ્લાહ (અ૦) બીજા (હિ સ. ૮૬૮–૮૮૦) નો અન્જુદાન (ઇરાન) ખાતે આવેલો રોઝો. જેવણ ઇમામે "પંદીયાતે જવાંમર્દી" નામનું પુસ્તક લખ્યું હતું.

(જુઓ પાનું ૩૫૧)

MAHALLAT, a large village in the District of the same name plays an important part in the Ismaili History being connected with the Imams, Shah Abul Hasanali, Khalilullah Ali and Aga Shah Hasanali, The Aga Khan I, during the XIXth century. An imposing view from outside of the main-gate of the Imam's residence.



ઇરાનના ઇસમાઇલી ઇતિહાસમાં "મહેલ્લાત" નગરી ઘણીજ વિખ્યાત છે. આ નગરીમાં ઇમામોની મોટી જાગીરો છે, જેમાં ઇમામોનો નિવાસ રહ્યો હતો. આ નગરમાં આગા શાહ હસનઅલી શાહે પોતાનાં જીવનનો મોટો ભાગ ગાળ્યો હતો અને હિન્દ આવ્યા પહેલાં "મહેલ્લાત" તેમનું સુંદર નિવાસસ્થાન હતું. આ ચિત્રમાં મહેલ્લાતમાનાં આગા શાહ હસનઅલી શાહ (અ.)નાં ભવ્ય નિવાસસ્થાનનાં પ્રવેશદ્વારનું દૃશ્ય છે.

(જુઓ પાનું ૨૦૬)

ઇમામની હુઝુરમાંથી પાછા હિંદુસ્તાન આવી પહોંચતાં, જે કાપડ ઇમામની હુઝુરમાં મુકવા આપેલ તેજ પીરે પોતાના ઉપયોગમાં લીધેલું જોઇ, જમાતને શક આવ્યો, અને પીર તાજદીન પર આક્ષેપો કરવા માંડ્યા. એટલુંજ નહિ પણ પીરને માર પણ માર્યો, જેથી પીર નારાજ થઇને રોષભરી લાગણી સહીત વફાત પામ્યા.

## પંદીયાતે જવાંમરદી.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ.ને આ દુઃખભર્યા સમાચાર મળતાં, તેઓશ્રી અત્યંત નારાજ થયા અને જમાતને ઠપકો મોકલાવ્યો, સાથે સાથે હઝરત પીર તાજદીન (રેહ.) પ્રત્યે દિલસોઝી દર્શાવવા, તેમજ સર્વે ઇસમાઇલીઓ પુરતી હિદાયત મેળવી શકે એવું એક યાદગાર પુસ્તક "પંદીયાતે જવાંમરદી" પોતાના મુબારક હાથે લખવા શરૂ કર્યું. એટલુંજ નહિં પણ તેઓ પર દાખલો બેસાડવા ખાતર મજકુર પુસ્તક તૈયાર થયે "ગિન્નાન" તરીકે દાખલ કરવા ઇમામે આજ્ઞા કરી.

ઇસમાઇલીઓ ઇમામની એ આજ્ઞાનું દિલોજાન પાલન કરે એ તો નિઃશંક હતું, પરંતુ એક જિંદા અને હયાત પીર પોતાની વચ્ચે બેસીને બોધ કરે તેવી તેઓને મઝા નહિ પડે, એવું તેઓને ભાન થતાં તેઓ આ બનાવને "ભુલની સઝા" માની પશ્ચાતાપ કરવા લાગ્યા. આ બાબત ભવિષ્ય માટે પણ 'ચેતવણી' રૂપે ઉપયોગી થઇ પડી અને પીરો પ્રત્યે વિવેકશીલ વર્તન રાખવાનો તેઓને બોધપાઠ મળ્યો.

સૈયદ મુહમ્મદ શાહ ઇબ્ને સૈયદ ઇમામશાહ "સતવેણીની વેલ"માં એ વિષેનો ઉલ્લેખ કરતાં જણાવે છે કે:

**મુસ્તનસિર બિલ્લાહ ફીર હુવા ઇમામ, ઉસને બહોત કીયે જુગમેં કામ.**
**કથીયા ફંદીયાત અજમી માહે, ઔર જવાંમરદીથી બી કથીઆ તાંહે.**

## પેરાજ પૌત્રા.

હઝરત પીર તાજદીન (રેહ.)નું હિંદુશાહી નામ પ્રલ્હાદ હતું, તેથી તેમના વંશજો પ્રલ્હાદ (પેરાજ) પૌત્રા કહેવાય છે. તેઓ સોઢા લોકો સાથે વસે છે. એ લોકોનું કહેવું છે કે પીર તાજદીન (રેહ.) સોઢી રાણી સાથે પરણ્યા હતા, તેના વંશમાંથી સોઢાઓ ઉતરી આવ્યા છે. અન્ય હાથ ઉપર ખોજાઓનું કહેવું છે કે સોઢી રાણી પીર ઉપર મોહિત થઇ હતી. પીર તાજદીન (રેહ.)ની દરગાહ ઉપર પ્રલ્હાદ પૌત્રા બેસતા, અને 'ચાંદ'ની પેદાશ લેતા હતા; એ પેદાશમાં વધારો થતાં પીરની દરગાહમાં ખાનું બંધાવ્યું હતું, ખાલકંદના અવસાન પછી એ દરગાહ ઉપર કોઇ પ્રલ્હાદ પૌત્રો જણાતો નથી.

## વર્તમાન સમયમાં ઈરાનમાં વસ્તા ઈસમાઈલીઓ.

"ઇસમાઇલીટીકા" નામક અંગ્રેજી રિસાલામાં લખવામાં આવ્યું છે કે, ઇરાનમાં જે ઇસમાઇલીઓ મોટી સંખ્યામાં વસે છે તેઓને અન્ય ધર્મીઓનો ત્રાસ ભોગવવો ન પડે તે માટે તેઓ પોતાની માન્યતા બહારના લોકોની જાણમાં આવવા દેતા નથી. આજના ઇરાનમાં ઇસમાઇલીઓ કેરમાન, સીસ્તાન અને જબલ બરીઝાના વિસ્તારમાં વસે છે, જ્યાં તેઓ ખુરાસાનીઓ તરીકે ઓળખાય

છે, તેઓ ફારસી ભાષા બોલે છે. હેરાત અને નિશાપુર પ્રાંતમાં વસતા લોકોના વંશમાંથી ઉતરી આવેલા હોવાનો તેઓ દાવો કરે છે. નિશાપુરમાં આજે પણ ઇસમાઇલીઓની મોટી સંખ્યા છે. તેઓ મુળ અફઘાનિસ્તાનથી આવીને વસેલા છે. સઘળા ખુરાસાનીઓ એકજ જાતના છે છતાં તેઓ સામાન્ય રીતે જુદી જુદી જાતોમાં વહેંચાયેલા છે. એ સઘળાનું જીવનધોરણ અન્યોઅન્ય બહુ જુદા પ્રકારનું નથી. આ સઘળા ઇસમાઇલીઓની ૧૪ મુખ્ય જાતો છે, જેમાં બાવરદી, હારીફ, મીરઝાદા, મીરશાહી, જલાલી, સુર્ખબુઝી, જમશીદી, યાકુબી, શીકારી, તાહિરી, માસુમદીહી, સિયાયકોહી, ગીલમલીકી અને સીયાઇ છે. તેઓ મોટે ભાગે ખેડુતવર્ગના છે. સુલતાનાબાદ પ્રાંતમાં પણ એ પ્રકારની રીતભાત ધરાવનારા લોકો મળી આવે છે, તેઓ "નોમેડ" (સર્વત્ર) ફરતી જાતીના છે અને લુરી લોકોની વચ્ચે રહે છે. ઇસમાઇલીઓની જુનામાં જુની વસ્તી ઇરાનના કાઇન અને બિર્જંદ જીલ્લાઓમાં વસે છે. ઇરાનનો આ વિસ્તાર વ્યાપારી માર્ગ ઉપર આવેલો છે છતાં ત્યાંના લોકોમાં જુના ઝમાનાનું જીવનધોરણ પ્રચલિત છે, જો કે છેલ્લા મહાન યુધ્ધ પછી તેઓમાં ઘણું પરિવર્તન થયું છે.

## દઅવતનો સર્વત્ર પ્રચાર—વફાત.

'ગુલઝારે શમ્સ'ની કૃતિમાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. ઇરાન ખાતે 'શહરબાબક' શહેરના નિવાસી હતા અને તે મુકામેજ વફાત પામ્યા હતા.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. શહરબાબકમાં રહીને ઇસમાઇલી દઅવત કાર્ય પર દેખરેખ રાખતા હતા. એ સમયમાં પણ પીર શમ્સ, પીર સદરૂદીન અને પીર હસન કબીરદીનના વંશજો ઇરાન, અફઘાનિસ્તાન તેમજ હિંદુસ્તાનમાં ઘણા ઉમંગથી દઅવતનું કાર્ય કરી રહ્યા હતા અને વખતોવખત ઇમામની હુઝુરમાં ઇરાન જઇને ઇમામનો માલેવાજબાતનો હક પહોંચાડી ઇમામના દીદાર તથા દસ્તબોશીથી મુશર્રફ થતા હતા અને ઇમામ તરફના હુકમો લઇ ઇસમાઇલી આલમમાં સાદર કરતા હતા.

હઝરત ઇમામ મુસ્તનસિર બિલ્લાહ અ. હિજરી સન ૮૮૦માં ૧૨ વર્ષ ઇમામત ભોગવીને વફાત પામ્યા હતા. ત્યારપછી હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ. ઇમામતની મસનદ ઉપર આવ્યા હતા.

# HAZRAT MOWLANA IMAM ABDUSSALAAM SHAH.

**(A. H. 880–899)**

( ૩૩ )

# હઝરત મૌલાના ઈમામ અબ્દુસ્સલામશાહ અ૦

**( હિજરી સન ૮૮૦-૮૯૯ )**

—:o:—

હઝરત ઈમામ અબ્દુસ્સલામશાહ અ. હિજરી સન ૮૮૦ માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા. "આસારે મુહમ્મદી"ની કૃતિમાં દર્શાવેલું છે કે હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ.નું બીજું નામ "મહેમુદશાહ" હતું. તેઓશ્રી ઇમામતની મસનદ પર બિરાજમાન થયા પછી પોતાના વડીલના પગલે ચાલી હિદાયતના કાર્યમાં મશગુલ થયા. ખોજા જમાતો તોહફા, હદીયા, દશોંદ અને નઝરાના છેક ઇરાન વેર પહોંચાડી આવતા હતા અને તેના જવાબમાં વારસ અથવા રાઇ તરીકે મુરીદોને ઇલકાબોની નવાજિશ કરી તેઓથી દુઆ આશિષો સાથે હિંદની જમાતો માટે સંદેશા અતા ફરમાવતા હતા.

ખાકી ખુરાસાની નામના એક ઇસમાઇલી કવિવર પોતાના રિસાલામાં હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ. ને "શાહે સલામુલ્લાહ" નામે ઓળખાવતાં ઉલ્લેખ કરે છે કે તેવણ ઈમામ 'અલી' છે જેમનું બીજુ નામ અબ્દુસ્સલામ છે. રશિયન અભ્યાસી મી. ઇવેનોવ જણાવે છે કે, હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ. કેરમાન પ્રગણાના "શહરબાબક" ગામમાં રહેતા હતા.

## દઅવત કાર્ય.

હઝરત ઇમામ મુસ્તનસિરબિલ્લાહ અ. (બીજા)ના મુબારક હાથથી "પંદીયાતે જવાંમર્દી" લખાઈ રહ્યા બાદ ઇસમાઇલીઓમાં હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ. એ પ્રચલિત કરી. આ સમયમાં પીર તાજદીનનું અપમાન થવાથી તેઓ દુનિયા તજી પરલોકવાસી થયા હતા. ત્યારપછી સાદાતો તરીકે ઓળખવામાં આવતા પીરોના વંશજો સાધારણ દાઈ તરીકે જમાતોમાં ઇમામના હુકમ અનુસાર દઅવતનું કાર્ય કરી રહ્યા હતા.

## રાજકીય પરિવર્તન.

હઝરત ઇમામ અબ્દુસ્સલામશાહ અ.ના સમયમાં દીઝબાદ અને કાસિમાબાદમાં પણ ઇસમાઇલીઓ ઘણા જુના વખતથી રહેતા હતા. તેઓ ઘણા સુલેહશાંતિથી રહેનારા અને પાડોશીધર્મ પાળનારા હતા. તેઓ કદીપણ ધાર્મિક ઝઘડાઓમાં પડતા નહોતા અને મોટે ભાગે પોલીસ અને લશ્કરમાં તેઓ જોડાયેલા હતા. સુલતાન ઉઝનહસને પોતાને ઇરાનના એકલા રાજા તરીકે જાહેર કર્યા પછી તુર્કી જાણી તેણે

આક્રમણ કર્યું અને તુર્કી સુલતાન મુહમ્મદ બીજાના હાથે તેની હાર થતાં તેની સઘળી આશાઓ પડી ભાંગી. ૧૨ વર્ષ રાજ્યઅમલ ભોગવી ૭૦ વર્ષની વયે તેનું અવસાન થયું. સુલતાન ઉઝનહુસેનના મરણથી ઇસમાઇલ સફવીએ પોતાના વંશનું રાજ્ય સ્થાપ્યું. તે ગાળા વચ્ચે એવા થોડાકજ બનાવો બનવા પામ્યા હતા કે જે ઇતિહાસમાં નોંધવા લાયક હોય. સુલતાન ઉઝનહુસેન પછી તેના પુત્ર, પૌત્રાઓ અને ભત્રીજાઓ વચ્ચે જાગેલી રાજ્ય મેળવવાની હરિફાઇએ તેઓ સઘળાનો નાશ કર્યો હતો અને બીજા વંશોને રાજ્ય મેળવવાની તકો ઉભી કરી આપી હતી.

## હઝરત ઈમામ રૂકનુદીન ખુરશાહ અ. પછીના વંશજો.

ગુલામઅલી બિન મુહમ્મદ બિન આહમદ દખનીએ "લમઆતુ તવારીખ" નામનું એક પુસ્તક લખ્યું છે, જે દિલ્હીના બાદશાહ ઔરંગઝેબને અર્પણ કરવામાં આવ્યું છે. આ પુસ્તક સુરીવાદ અને શીઆ સિધ્ધાંતની લાગણીથી પ્રેરાઇને લખવામાં આવ્યું છે. તેની પુરવણીમાં કર્તાએ પોતાના મુરશિદ સૈયદ શાહ પીર મુહમ્મદ મુશર્રફની વંશાવળી આપી છે, જેમાં તેમના પુર્વજોમાં ઇસમાઇલી ઇમામોના નામો ગણાવ્યા છે. આ નામોમાં કાંઇ ફરક જોવામાં આવે છે, પરંતુ શાહ રૂકનુદીન ખુરશાહ અ. પછી પણ ઇસમાઇલી ઇમામનો વંશજ ચાલુ રહ્યો હતો, તેની આ આલેખન ઉપરથી સાબિતી મળે છે. આ બિનાનો નિર્દેશ ડો. ઇવેનોવે કરેલ છે.

## પંદીઆતે જવાંમરદીની ફારસી વાણી.

હઝરત ઇમામ અબ્દુસ્સલામ અ. ના સમય સુધીમાં પીર સદરૂદીન (રેહ.)ના વંશમાં જે પીરાતન ચાલતી આવતી હતી, તેનો છેડો આવ્યો હતો અને પીર તાજદીન (રેહ.)ની વફાત પછી કપુરા ખોજા જોડે થોડાક સિંધી ખોજાઓ ઇમામનો હકક "ઉશ્ર" અર્થાત દશોંદની ઝોળી લઇને ઇમામની હુઝુરમાં ઇરાન તરફ જવા રવાના થયા હતા. ઇમામની દરબારમાં પહોંચ્યા પછી હઝરત ઇમામ અબ્દુસ્સલામ શાહ અ. પાસે હિંદુસ્તાનના મુરીદોની સઘળી હકીકત જાહેર કરતાં પીર માટે અરજ કરી, તે ઉપરથી હઝરત ઇમામ મુસ્તનસિરબિલ્લાહ અ. (બીજા)એ "પંદીયાતે જવામરદી" નામની શિખામણભરી જે કિતાબ લખી હતી, તે તેમણે મુરીદોને બક્ષિશ કરતાં ફરમાવ્યું કે, "હવે પછી તમો આ કિતાબને પીર તરીકેનું માન આપજો અને તેનો પાઠ કરતા રહેજો."

આ કિતાબ મુળ ફારસી ભાષામાં છે. તેના નમુના તરીકે થોડા ફકરા અત્રે આપવાનું યોગ્ય થઇ પડશે.

**મોમિન આન હસ્ત કે સુખનશ યકી બાશદ.**
**મોમિન આન હસ્ત કે ઝબાનશ હક બાશદ. વ ફુહુશ ન ગુયદ વ ખિલાફ ન ગુયદ.**

અર્થ :—મોમિન તે છે કે, જેનું વચન એક હોય.
મોમિન તે છે કે જેની જીભ સત્યવાણી ઉચ્ચારતી હોય, તે બિભત્સ શબ્દોચ્ચાર ન કરે, અને અસત્ય વદે નહિં.

**મોમિન આન હસ્ત કે જવાંમર્દ બાશદ, દર હર બાબ કે હસ્ત**
**મોમિન આન હસ્ત કે હક વ નાહકરા બશનાશદ,**

અર્થ :—મોમિન તે છે કે બહાદુર પુરૂષ હોય અને દરેક વિષયમાં તે તેવાજ પ્રકારે વર્તતો હોય. મોમિન તે છે કે જે હક અને નાહકને ઓળખે છે.

મોમિન ઉન હસ્ત કે હઝરત ઇમામે ઝમાન હાદિયુલ મહેદી, સાહિબે ઝમાન ખલીફતુર રહેમાન શરિકતુલ-કુરાન-રા બેશનાસદ ચું હઝરત ઈમામ સાહિબુલ અમ્ર સાહિબે ઝમાન દર દુનિયા ઝાહિર હસ્ત.

અર્થ :—મોમિન તે છે કે જે "હઝરતે ઇમામે ઝમાન," "હાદિયુલ મહેદી," "સાહેબે ઝમાન," "ખલીફતુર-રહેમાન," "શરિકતુલ-કુરાન"ને ઓળખે, કારણ કે હાઝર ઇમામ, સાહિબુલ અમ્ર, સાહેબે ઝમાન દુનિયામાં જાહેર છે.

(પંદીયાતે જવાંમર્દી પાનું ૧૩.)

## "પંદીઆતે જવાંમરદી" નો હિંદુસ્તાનમાં પ્રચાર.

ઉપર ટાંકવામાં આવેલા ફકરાઓ પ્રમાણે 'પંદીઆતે જવાંમર્દી' અનેક પ્રકારની શિખામણોથી ભરપુર છે. આ કિતાબ ઇમામની હુઝુરમાંથી કપુરા અને ઇરાન ગયેલા સિંધી ખોજાઓએ હિંદુસ્તાનમાં આણીને દરેક જમાતોમાં ફેલાવી હતી. તે સાથે હઝરત ઇમામ અબ્દુસ્સલામ શાહ અ.નું ફરમાન મુબારક પણ જમાતોમાં જાહેર કરવામાં આવ્યું, જેને દરેક ઇસમાઇલી જમાતે આંખો પર ચડાવીને માન્ય રાખ્યું. ત્યારપછી ઇસમાઇલી સાદાતો અને મિશનરીઓ પણ 'પંદીઆતે જવાંમર્દી'નું વાંચન કરી તેના પર શરેહ કરીને હિદાયત કરતા હતા.

"પંદીઆતે જવાંમર્દી"નો અર્થ 'વીરતાભરી શિખામણ' થાય છે. બીજી ભાષામાં તેના તરજુમા પણ થયા છે. આ કિતાબનું સઘળા ઇસમાઇલીઓ માન સહિત વાંચન કરે છે.

## હિંદના ઈસ્માઈલી મુરીદો ઈરાનમાં—વફાત.

હઝરત ઇમામ અબ્દુસ્સલામ શાહ અ.ના ઝમાનામાં હિંદુસ્તાનના ઇસમાઇલી મુરીદોનો સંબંધ ઇમામ સાથે વધુ ગાઢ બન્યો હતો અને તેઓશ્રીની હુઝુરમાં આવવા જવાનો માર્ગ પણ વધુ પ્રમાણમાં મોકળો થયો હતો.

હઝરત ઇમામ અબ્દુસ્સલામ શાહ અ.ની વફાત હિજરી સન ૮૯૯માં થતાં તેઓશ્રીનાં શાહઝાદા હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. તેઓશ્રીની મઝાર 'શહરબાબક'માં આવેલી છે.

# HAZRAT MOWLANA IMAM GHARIB MIRZA

**( A. H. 899—902 )**

—:o:—

( ૩૪ )

# હઝરત મૌલાના ઈમામ ગરીબ મિરઝા અ૦

**( હિજરી સન ૮૯૯—૯૦૨ )**

હઝરત ઈમામ શાહ ગરીબ મિરઝા અ. હિજરી સન ૮૯૯માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. "ગુલઝારે શમ્સ" ના કર્તા લખે છે કે હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.નું બીજું નામ હઝરત 'અબ્બાસ' હતું અને એમને ગરીબશાહ તરીકે પણ ઓળખવામાં આવતા હતા. હઝરત ઇમામે પોતાના પિતા હઝરત ઇમામ અબ્દુસ્સલામ શાહ અ.નું રહેઠાણ 'શહરબાબક' ખાતે હતું, તેને બદલીને ઇરાનના કાશાન પ્રગણાના ગામ 'અન્જુદાન' ખાતે રાખ્યું હતું. 'અન્જુદાન' પર્વતવાળા પ્રદેશમાં હોઇને 'મહેલાત'થી ૩૪ માઇલના અંતરે આવેલું છે, અને તે મુખ્યત્વે કરીને ખેડુતોનું ગામડું છે. ત્યાં ખાતે વસતા ઇસ્માઇલીઓ પણ ખેડ કરી પોતાનો જીવનનિર્વાહ ચલાવે છે. આ સ્થળ આગળ જતાં ઇસ્માઇલીઓ માટે માનનીય સ્થાન થઇ પડ્યું હતું.

## ઇસ્માઇલ સફવીનો ગભરાટ—અન્જુદાનમાં ઇમામનો વસવાટ.

હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ના સમયમાં ઇસ્માઇલ સફવી પોતાની સલતનતનો પાયો નાખવાનો પ્રચાર કરી રહ્યો હતો. ઇરાનની પ્રજા ઇસ્માઇલ સફવીને એક સુફી સંત તરીકે ઓળખતી હતી. તેના લાખો મુરીદો હતા, જેના બળ ઉપર ઇસ્માઇલ સફવીને ઘણો વિશ્વાસ હતો. પ્રતિદિન તેની સત્તા વધતી જતી હતી, પરંતુ ખાનગી રીતે તેને ભય લાગતો હતો કે રાજ્ય મેળવવામાં રખેને હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ. તેની આડે આવે. આ વાત ઇમામના કાને પડવાથી ઇસ્માઇલ સફવીનો માર્ગ મોકળો કરી આપવા અને ઇસ્માઇલીઓ પર કોઇ આપત્તિ આવી પડે નહિં તે માટે 'અન્જુદાન' જેવા રક્ષણભર્યા સ્થાનમાં આવેલા 'મહેલાત'માં તેઓશ્રીએ વસવાટ કરવાનું પસંદ કર્યું હતું. 'ગુલઝારે શમ્સ' નામની કૃતિમાં જણાવવામાં આવ્યું છે કે હઝરત ઇમામ ગરીબ મિરઝા અ. કાશાનના શહેર 'અન્જુદાન'માં જઇને આબાદ થયા હતા અને 'શહરબાબક' ખાતેનો પોતાનો નિવાસ છોડી ગયા હતા.

"ઔજન કોમના ઇતિહાસ' નામના પુસ્તકમાં પણ લખેલું છે કે હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ. કાશાન પ્રાંતના "અન્જુદાન" ગામમાં જઇ ,વસ્યા હતા.

## અબ્બાસશાહી ખાનકાહ—નુરાબાદ વસાવ્યું.

'આસારે મુહમ્મદી'ના કર્તા જણાવે છે કે હઝરત ઇમામ અબ્દુસ્સલામ અ.ના ભલા પુત્ર હઝરત અબ્બાસ શાહે ઇમામતની શતરંજી પર પોતાના કદમ મુબારક કર્યા અને તેમના ઇકબાલ અને જલાલના સમય દરમ્યાન ઇમામના યુવાન બંધુ નુરદીને એક નવું નગર વસાવ્યું અને એ નગરમાં કેટલાક કિલ્લાઓ અને ઇમારતો બાંધી તેને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. આ સ્થળને "નુરાબાદ" કહેવામાં આવે છે. 'અન્જુદાન'ના ખેતીવાડીવાળા વિસ્તાર પાસે ઇમારતોવાળું 'નુરાબાદ' નામનું એક ગામ આવેલું છે. ત્યાં "અબ્બાસશાહી ખાનકાહ" એટલે દરવીશોનું નિવાસસ્થાન પણ છે, અને એ સ્થળે દરવીશો એકાંતમાં રહી બંદગીમાં મશગુલ બની શાંતિથી પોતાનું જીવન ગાળતા હતા.

## ઇમામની સાદાઈ—'શાહ ગરીબ મિરઝા'નો લકબ.

હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ. પોતે પણ દુન્યવી કારોબારમાં ઘણું થોડું લક્ષ આપતા હોવાથી અને ગરીબો પ્રત્યે વધુ લક્ષ આપતા હોવાથી તેમને "શાહ ગરીબ મિરઝા" કહેતા હતા. એ નામથી તેઓશ્રી ઘણા પ્રસન્ન રહેતા હતા. સામાન્ય દરજ્જાનો એક નોકર પણ તેઓશ્રીની મીઠી જબાનથી પ્રાણ ઓવારવા તૈયાર રહેતો.

હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ને "ગરીબુલ્લાહ" પણ કહેતા હતા. આ સઘળા લકબ ઉપરથી ઇમામની સાદાઇ અને દરવીશી જીવન જણાઇ આવે છે અને એજ કારણ છે કે 'અન્જુદાન'ની જનતા ઇમામને જુદા જુદા અર્થસુચક લકબથી સંબોધતી હતી. તે સમયે આખા પ્રગણામાં ઇમામ ઘણા પ્રિય થઇ પડયા હતા.

હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.નો ઉલ્લેખ કરતાં સૈયદ મુહમ્મદશાહ બિન સૈયદ ઇમામશાહ પોતાની 'સતવેણીની વેલ'માં વર્ણન કરે છે કે:—

**ઉસકા ગરીબ મિરઝા હુવા નિરધાર, સો નર ધ્યાવતે માંહે સંસાર;**
**તીન બરસ રહા નર અવતાર. આખર સ્વર્ગે પોતા નિરધાર.**

## અન્જુદાનમાં ઇસમાઇલીઓ.

ઇસમાઇલ સફવીના આશયથી ચેતી જઇને હઝરત ઇમામ ગરીબ મિરઝા અ.એ 'શહર બાબક' મુકીને 'અન્જુદાન'માં વસવાટ કર્યો હતો અને રાજ્યભયથી સુરક્ષિત રહ્યા હતા. એવીજ રીતે જે ઇસમાઇલી પ્રજા કાશાન ઇલાકાના "શહરબાબક"માં વસી હતી તેને બાદશાહ તરફથી બહુ કષ્ટ વેઠવું પડયું હતું, જ્યારે 'અન્જુદાન' કંઇક અપરિચિત સ્થળ હોઇ ત્યાં ઇસમાઇલીઓ સુરક્ષિત જીવન ગાળી રહ્યા હતા, જો કે 'અન્જુદાન' પણ કાશાન પ્રગણામાં આવેલું હોવા છતાં ત્યાંનું વાતાવરણ ઘણું શાંત હતું.

## ઇરાનમાં પુનઃ અવ્યવસ્થા.

"હિસ્ટરી ઓફ પરશિયા"માં સર જ્હોન માલકમના લખ્યા મુજબ નવમી સદીના અંતમાં એટલે જે સદીમાં હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ. વિદ્યમાન હતા, તે સમયમાં ફરીવાર ઇરા-

નમાં અવ્યવસ્થા પ્રસરી રહી હતી; તુર્ક સરદારોમાં 'કુલુન વંશ'ના દાવેદારો પશ્ચિમ વિભાગમાં લડી રહ્યા હતા અને પુર્વ તુર્કસ્તાનના જંગલોમાંથી ઉઝબેકોએ માથું ઉંચકી રહેલા તૈમુરના વંશધરોને ખુરાસાનમાંથી હાંકી કહાડયા હતા.

## અન્જુદાનનું દરબારનું.

હઝરત ઈમામ શાહ ગરીબ મિરઝા અ.ના સમયમાં હિંદુસ્તાનમાંથી ઘણા ઇસમાઇલી મુરીદો ઇમામના દીદાર અર્થે 'અન્જુદાન' તરફ જતા હતા. તેઓને ખાસ "દરગાહી" તરીકેના ઈમામની મહોર સાથના રૂક્કાઓની નવાઝિશ કરવામાં આવતી હતી. આ પ્રસંગે ઇરાન અને હિંદુસ્તાનના ઇસમાઇલીઓ વચ્ચે ચાલુ સંબંધ બંધાઇ ગયો હતો, અને ઈમામના દીદાર કરી પાછા વળતી વખતે તેઓ ઈમામ તરફથી કારસાઝની પહોંચના કે હિદાયતના ફરમાનના તાલિકા જમાતો પર લઇ જતા હતી, તેનાં વાંચન સમયે હિંદુસ્તાનની જમાતોમાં ઇદ જેવી ખુશાલી કરવામાં આવતી હતી અને તાલિકાની મુબારકીઓની અરસપરસમાં આપલે થતી હતી.

## વફાત.

હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ના હિજરી સન ૯૦૨ માં ત્રણ વર્ષ ઇમામત ભોગવીને 'અન્જુદાન'માં વફાત પામ્યા. તેઓશ્રીનો રોઝો એ ગામમાં આવેલો છે. જ્યાં આજે પણ ઇસમાઈલીઓ વસવાટ કરે છે. હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ની વફાત પછી તેમના શાહ-ઝાદા હઝરત બુઝરઅલી અ. (શાહ બુદરઅલી) ઇમામતની મસનદ પર બિરાજમાન થયા,

---:o:---

# HAZRAT MOWLANA IMAM ABU-ZAR-ALI.

**(A. H. 902-915)**

(૩૫)

# હઝરત મૌલાના ઈમામ બુઝર અલી અ૰

**(હિજરી સન ૯૦૨-૯૧૫)**

હઝરત ઇમામ બુઝર અલી અ. હિજરી સન ૯૦૨માં ઇમામતની મસનદે બિરાજ્યા હતા, જે સમયે ઇરાનમાં મોટું પરિવર્તન થઇ રહ્યું હતું. ખરી રીતે કહેતાં ઇરાન નવા યુગમાં પગલાં માંડી રહ્યું હતું.

"આસારે મુહમ્મદી"ના કથન અનુસાર હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ના વડા શાહઝાદા મુહમ્મદ અબુઝર શાહ પોતાના પિતાના સ્થાને ઇમામત પર આવ્યા. તેઓ ઇમામ અતિ ઉચ્ચતમ દરવેશી જીવન ગાળતા હતા, એ કારણે તેઓનો લકબ 'અબુ ઝર' પડયો હતો.

ખાકી ખુરાસાની ઇમામ કુલી અર્થાત ઇમામના ગુલામ નામના એક ઇસમાઇલી કવિવર પોતાના કસીદામાં જણાવે છે કે, "હઝરત ઇમામ બુઝર અલી અ.નું બીજું નામ હઝરત નુરદીન પણ છે, જેઓ હઝરત ઇમામ ગરીબ મિરઝા અ.ની ઝુરીયત એટલે વંશથી પુત્ર છે." મઝકુર કવિવરનો પરિચય આગળ જતાં હઝરત ઇમામ શાહ નુરદીન અલી તથા શાહ ખલિલુલ્લાહ અ.ના જીવનવૃતાંતમાં આવશે.

હઝરત ઇમામ બુઝર અલી અ.નું નામ અપભ્રંશ રીતે બુદરઅલી અ. લખવામાં આવે છે; ખરી રીતે તો અબુઝર અલીનાં નામનું એ અપભ્રંશ હિંદુસ્તાનમાંજ થવા પામેલું છે.

## રાજકીય પરિવર્તન.

હઝરત ઇમામ મુહમ્મદ બિન ઇસ્લામશાહ અ.ના ઝમાનાથી ઇરાનમાં જે રાજકીય અવ્યવસ્થા તૈમુરલંગના મરણ પછી પ્રવર્તી રહી હતી, તે હઝરત ઇમામ શાહ ગરીબ મિરઝા અ.ના જીવનકાળ સુધી આગળ વધી હતી અને હઝરત ઇમામ બુઝર અલી અ. ઇમામતની ગાદીએ આવ્યા પછીજ ઇરાનની રાજકીય પરિસ્થિતી બદલાઇ ગઇ, હિજરી સન ૯૦૭માં સફવી ખાનદાને પોતાની બાદશાહીનો પાયો નાખ્યો હતો તથા ઇરાનના એક છત્રધારી બાદશાહ તરીકે ઇસમાઇલ સફવી તખ્તે બેઠો. તે સમયે હઝરત ઇમામ બુઝર અલી અ.ને ઇમામતની ગાદીએ આવ્યાને પાંચ વર્ષ પસાર થઇ ચુકયા હતા.

ઇસમાઇલ સફવી રાજ્યાસને બેઠા પછી થોડાજ વર્ષોમાં પોતાના રાજ્યનો વિસ્તાર 'જયહુન' નદીથી ઇરાની અખાત સુધી વધારી દીધો હતો, અને અફઘાનિસ્તાનથી ફુરાત પર્યંત પોતાની સત્તા બેસાડી દીધી હતી. બગદાદ પણ તેણે સર કર્યું હતું અને આઝરબાયજાન જીતી લઇ તબ્રીઝને પોતાનું પાટનગર બનાવ્યું હતું.

## સફવી વંશનું પુર્વ વૃતાંત.

સફવી વંશનું મુળ (૧) હઝરત મુસા કાઝિમ ઇબ્ને હઝરત ઇમામ જાફર સાદિક અ.થી છે. એ વંશના લોકો 'અર્દબીલ' નામના સ્થળે લાંબા સમયથી આવી વસ્યા હતા. ઇરાનીઓમાં આ સફવી કુટુંબ માનીતું હતું. એ વંશના આદિ પુરૂષ તરીકે સફીઉદ્દીન નામના શખ્સને માનવામાં આવે છે, જેના નામ ઉપરથી એ વંશના રાજ્યનું નામ પાડવામાં આવ્યું છે. સફીઉદ્દીનના પુત્ર સદરૂદ્દીનનો પ્રભાવ પણ સારો હતો. અમીર તૈમુરલંગે દયારે બક્રમાંથી પકડેલા એક લાખ તુર્કી કેદીઓને છોડી મુકવાની અરજ સદરૂદ્દીન સફવીએ ગુજારતાં તૈમુરલંગે તેમ કર્યું હતું. પાછળથી એ સઘળા કેદીઓ સદરૂદ્દીનના મુરીદ થયા હતા, જેઓ આઝાદ થયા પછી ગીલાનમાં વસતા હતા અને આગળ જતાં તેમની ઔલાદે સફવી વંશની સત્તા સ્થાપવામાં ઘણી મદદ કરી હતી. સદરૂદ્દીન પછી સફવી વંશના વડા ખ્વાજા અલીએ ઘણા રાજ્યકર્તાઓ જોડે પોતાનો સંબંધ બાંધ્યો હતો. તેનો પુત્ર હૈદર સફવી હતો. તેનાં પછી સુલતાનઅલી એ વંશનો વડો થયો હતો. સુલતાનઅલી સફવી પછી તેનો બીજો ભાઇ ઇબ્રાહીમ મિરઝા મરણ પામતાં હૈદર સફવીનો ત્રીજો પુત્ર ઇસમાઇલ સફવી રહેવા પામ્યો હતો, જેનો ગીલાનમાં ઘણો સારો પ્રભાવ હતો. આ સ્થળે તેણે એક નાનકડું લશ્કર એકઠું કરી શિરમાન પ્રગણાના 'બાકુ' અને 'શામખા' નામના સ્થળો ફતેહ કર્યા. આ જીત પછી ૧૬૦૦૦ માણસનું લશ્કર તેણે એકઠું કર્યું અને અલવંદના રાજ્યકર્તા તાતારી આકકુ નીલુનો અંત આણ્યો. ત્યારપછી તેણે તબ્રીઝ સર કરી પોતાને બાદશાહ તરીકે જાહેર કર્યો. (૨.)

## સફવી વંશની સ્થાપના.

ત્યારપછી ઇસમાઇલ સફવી "ગીલાન" આવી પોતાના વંશનું રાજ્ય સ્થાપવાના ઉદ્દેશથી એક પછી એક દેશો જીતવા લાગ્યો હતો. તેણે તુર્કમાન અને તૈમુરના વંશધરોને કચડી નાખી હિજરી સન ૯૦૭માં સમસ્ત ઇરાનમાં અને ખુરાસાનમાં સફવી વંશની સ્થાપના કરી.

ઇસમાઇલ સફવીનો લકબ 'શાહે શીઆન'(૩) હતો. તે ઇસ્નાઅશરી મઝહબ પાળતો હતો. તે ઇરાનની ગાદી પર આવ્યો ત્યારપછી સુન્ની પ્રજાનું બળ દબાઇ ગયું હતું. કારણ કે તેણે ઇસ્નાઅશરી મઝહબને રાજધર્મનું સ્વરૂપ આપ્યું હતું. (૪) તેનું બળ વધવાથી ઇરાનમાં વસતા અન્ય સંપ્રદાયોના અનુયાયીઓને "તકીયો" ગ્રહણ કરવાની ફરજ પડી હતી, જેમાં ઇસમાઇલી મઝહબ પણ અપવાદરૂપ રહી શક્યો નહોતો.

## સૈયદ મુહમ્મદ તાહિર અલ-હુસેની.

હઝરત ઇમામ શમ્સુદ્દીન મુહમ્મદ અ.ના વૃતાંતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે પ્રમાણે હઝરત ઇમામ શમ્સુદ્દીન મુહમ્મદ અ.ના ફરઝંદ "મૌલા મોમિનશાહ"ના વંશમાંથી ઉતરી આવેલા સૈયદ તાહિરશાહની વંશાવળી "તવારીખે ફરિશ્તા" નામના ઇતિહાસિક ગ્રંથમાં આ પ્રમાણે આપવામાં આવી છે :— શાહ તાહિર બિન શાહ રઝીયુદ્દીન બિન અલ મવલા મોમિનશાહ, બિન મોમિનશાહ બિન મુહમ્મદ ઝરદોઝ શમ્સ તબ્રીઝી બિન ખુરશાહ, પછી અબ્દુલ્લાહ મહેદી અને હઝરત ઇમામ નિઝારથી લઇ હઝરત

---

૧. જુઓ લેફ્ટનંટ કરનલ સાઇકસ કૃત "હિસ્ટરી ઓફ પરશિયા."
૨. જુઓ પ્રોફેસર બ્રાઉન કૃત "લિટરરી હિસ્ટરી ઓફ પરશિયા" પાનું ૩૭૯.
૩. જુઓ સર જોન માલકમ કૃત ઇરાનનો ઇતિહાસ.
૪. જુઓ લિટરરી હિસ્ટરી ઓફ પરશિયા પાનું ૩૧૫.

ઇમામ જાફર સાદિક સુધી આ સીલસીલો સીધો જાય છે. એવણ દરવીશ અને સાદાત તરીકે જાણીતા ઇસ્માઇલી વંશના નબીરાઓએ હિજરી સન ૫૦૭ પછી ગીલાનની સરહદમાં આવેલા કઝવીન પાસેના ખોન્દ નામના ગામમાં રહેવાસ કર્યો. તેમના વંશમાંથી અહીંયા જે લોકો થયા તે સાદાતે ખોન્દીયા નામે મશહૂર થયા. એ પણ જાણવું જોઇએ કે આલમુતનો કિલ્લો રૂદબાર પ્રાંતમાં હતો તેની બાજુમાં કઝવીન આવેલું છે. ૨૦૦ વર્ષ સુધી આ સાદાતે ખોન્દીયાનો શીલશીલો ત્યાં જારી રહ્યો. આ સમય દરમ્યાન એ દેશના રાજ્યકર્તાઓ અને સુલતાનોમાં તેઓ ઘણા માનનીય ગણાતા હતા. આ વંશની સત્તા પર જ્યારે શાહ મુહમ્મદ તાહિર અલ-હુસેની આવ્યા અને તેમના જ્ઞાનધ્યાન વિગેરે પોતાના બાપદાદાથી પણ વિશેષ હોવાની લોકોમાં પ્રસિધ્ધી થઇ, તો મિસર, બુખારા, સમરકંદ, કઝવીન વિગેરેના શીઆ તેમની મુરીદીમાં દાખલ થયા. શાહ તાહિર આથી ઘણા મશહૂર થયા.

"તવારિખે ફિરિશ્તા"ના બીજા ભાગમાં બુરહાન નિઝામશાહના અહેવાલમાં શાહ તાહિરના સંબંધમાં લખે છે કે શાહ તાહિર મિસર અને ઇફ્રીકીઆ (મગરિબ આફ્રિકા)ના ઇસમાઇલી રાજકર્તાઓના વંશમાંથી હતા, જેને "અલવીયા" પણ કહે છે. દબીસ્તુલમિઝાહિબમાં લખવામાં આવ્યું છે કે "ઇસમાઇલીઓએ મગરિબના પ્રદેશ અને મિસરમાં ઘણા ગૌરવ સહિત રાજ્ય કર્યું હતું. ઉપર જણાવ્યા પ્રમાણે ૨૬૬ વર્ષ પર્યંત આ રાજ્ય અમલ લંબાયો હતો. આ વંશના જે પહેલા શખ્સે રાજ્ય લગામ પોતાના હાથમાં ધરી હતી તેમને અબુલ કાસમ મુહમ્મદ બિન અબદુલ્લાહ "અલ-મહેદી" કહેતા હતા, અને એ 'મહેદી' ઘણાઓના જણાવ્યા પ્રમાણે ઇસમાઇલ બિન જાફર સાદિક અ. ના વંશજ હતા."

## સૈયદ શાહ મુહમ્મદ તાહિર અલ-હુસેનીની દઅવત.

શાહ તાહિર ધર્મજ્ઞાન અને ફિલસુફીમાં ઘણા પ્રવીણ હતા. તેમની તિક્ષણ બુધ્ધિ અને પ્રતિભાશાળી વ્યક્તિત્વને અંગે લોકો તેમના તરફ આકર્ષાઇ આવતા હતા. એમના સમયમાં મિસર, સમરકંદ ને બુખારા તેમજ કઝવીન વિગેરે સ્થળોએ ઇસમાઇલી ધર્મનો ધીમે ધીમે સારા પ્રમાણમાં પ્રચાર થવા પામ્યો હતો. એમના ખંતીલા પ્રયાસોથી ઇસમાઇલી "દઅવત" કાર્યને ઘણીજ પુષ્ટિ મળી હતી. આ વખતે ઇરાનની ગાદીએ ઇસમાઇલ સફવી હતો. તેના વઝીર મિરઝાશાહ હુસેન ઇસ્ફહાનીએ ઇસ્માઇલી ધર્મ અંગીકાર કર્યા પછી શાહ તાહિર તેમની માંગણી સ્વિકારી "કાશાન" બણી આવ્યા, જ્યાં ઇસમાઇલીઓ સારી સંખ્યામાં હતા. ઉપરાંત શાહ તાહિરના આગમનના સમાચાર સાંભળી તેમની મુલાકાત માટે આજુબાજુમાં વસવાટ કરી રહેલા ઇસમાઇલીઓ પણ મોટી સંખ્યામાં "કાશાન" આવી પહોંચ્યા. શાહ તાહિર અનશફના-રાજ્ય અને પ્રજાજનોની ભલાઈ અર્થે 'દઅવત'નું કાર્ય ખાનગીમાં કરવાના યત્ન કરતા હતા તેમજ સઘળા મિશનરીઓને પણ સંજોગોને અનુલક્ષી શાંતપણે "દઅવત" કરવાની ભલામણ કરી હતી. તેમ છતાં "કાશાન"ના અમીર ઉમરાવોને આ પ્રચારકાર્યની ખબર પડી જતાં તેઓ ગભરાવા લાગ્યા અને ડેપ્યુટેશનના રૂપમાં ઇરાનના શાહ પાસે જઇને શાહ તાહિરના ધર્મપ્રચાર કાર્યની વિરૂધ્ધ વિગતો રજુ કરી જણાવ્યું કે "ઇસમાઇલી શાહજાદા શાહ તાહિર પોતાની દઅવતના કાર્યમાં ફાવતા જાય છે, અને જો તેનો અત્યારથીજ અટકાવ કરવામાં નહિ આવે તો એકવાર પડી ભાંગેલી આલમુતની રાજસત્તા ફરી સ્થપાય, એવો દરેક સંભવ રહે છે. તમો ઇરાનના એક છત્રધારી રાજવી છો. આવતી કાલના ભયમાંથી ઇરાની પ્રજાને બચાવવી ઘટે; અમો પ્રજાની આ માંગણી આપની સન્મુખ લાવ્યા છીએ."

## સૈયદ શાહ તાહિરની ઇરાનથી હિજરત.

ઇસમાઇલ સફવી પોતે ઇશનાઅશરી મઝહબનો અનુયાયી હતો અને તે અન્ય સંપ્રદાયોને ટકવા ન દે એ સ્વભાવિક હોવાથી, ડેપ્યુટેશનની માંગણી લક્ષમાં લઇને તેણે શાહ તાહિરને પકડી લાવવા અને ઇસ્માઇલીઓની કત્લ ચલાવવાનો ખાનગીમાં હુકમ કહાડી તેનો અમલ કરવા માટે તે વઝીર મિરઝા હુસેન ઇસ્ફહાનીને પહોંચાડવામાં આવ્યો. મિરઝા ઇસ્ફહાની શાહ તાહિરના દસ્તક ઇસ્માઇલી

મઝહબ સ્વીકારી ચુકયો હોવાથી તેણે બાદશાહના હુકમની શાહ તાહિરને જાણ કરી દીધી. શાહ તાહિર આ વાત જાણી પોતાના કુટુંબીઓ સહિત ઇરાન છોડી જવા "જરદન" બંદરથી કુચ કરી. સારા નસીબે આ સમયે એક વહાણ હિંદુસ્તાન તરફ જઈ રહ્યું હતું. આ વહાણમા તેઓ બેસી ગયા, જેથી તેઓના ઇરાદામાં કોઇપણ પ્રકારનું વિધ્ન નડયું નહિં અને આઠમે દિવસે "ગોઆ" બંદર ઉપર આવી પહોંચ્યાં, જે તે વેળાએ હિંદુસ્તાનનું એક બંદર હતું. શાહ તાહિર પોતાના કુટુંબ સાથે કિનારા પર ઉતરીને ત્યાંથી તેઓ બીજાપુર ભણી ગયા. તેઓ જ્યારે ઉમાનના બંદરમાં હતા, ત્યારે તેમની શાહ કુદરતુલ્લાહ નામના શખ્સ સાથે મુલાકાત થઇ. તે શાહ તાહિરના ઉપદેશથી ઇસ્માઇલી મઝહબમાં દાખલ થઇ મુરીદ થયો.

## સૈયદ શાહ તાહિર હિંદુસ્તાનમાં.

શાહ તાહિર ઇરાનની હદ છોડી ગયા છે એવી ખબર શાહ ઇસ્માઇલ સફવીને મળતાં, તેમને પકડવા માટે તેમની પાછળ જાસુસો છોડી મુકયા. શાહ તાહિર હિંદ ભણી નીકળી ગયેલા હોઈ શાહના જાસુસો નિરાશ થઇને પાછા ફર્યા. "ઇબ્તિ અફઝા" નામની ફારસી કૃતિમાં એવો ઉલ્લેખ કરેલો જોવામાં આવે છે કે શાહ તાહિરના "તકીયા"ના પરિણામે ઇસ્માઇલીઓના મોટા ભાગની કતલ થતી બચી જવા પામી હતી.

શાહ તાહિર હિંદુસ્તાનમાં આવી રહ્યા પછી તેમણે હમેશ માટે હિંદમાં રહેવાનું પસંદ કર્યું. હિંદના એક ઉમરાવ ખ્વાજા સુબ્હાન દખનીને શાહ તાહિર વિષેની ખબર પડતાં, તેમની મુલાકાત લેવા આવ્યા. ત્યારપછી શાહ તાહિર તેમને ત્યાં રહેવા લાગ્યા. તેમની દરરોજની જ્ઞાનચર્ચાના પરિણામે સ્થાનિક જનતામાં તેમની ખ્યાતિ દિન પ્રતિદિન વધવા લાગી. એ પરથી દખણના એક મુસ્લિમ બાદશાહ બુરહાન નિઝામશાહે પોતાના ઉસ્તાદ મુહમ્મદ શિરવાનીને પોતાના વકીલ તરીકે ખ્વાજા દખની પાસે રવાના કર્યા અને ત્યાં કને મુહમ્મદ શિરવાનીએ શાહ તાહિરની મુલાકાત લીધી. બે દિવસ પર્યંત રોકાઇને મુહમ્મદ શિરવાની અહમદનગર ખાતે પાછા આવ્યા. બાદશાહ બુરહાનશાહે તેમને પુછતાં તેમણે જણાવ્યું કે "શાહ તાહિર સઘળી જાહેર અને બાતિન વિદ્યામાં માહિતગાર છે, તેમના જેવો વિદ્વાન મેં મારી જીંદગીમાં જોયો કે જાણ્યો નથી."

ખ્વાજા મુહમ્મદ શિરવાનીએ આપેલા પરિચયથી ઉત્તેજીત થઇને બાદશાહ બુરહાનશાહે શાહ તાહિરને અહમદનગર તેડી લાવવા ખ્વાજા સુબ્હાન દખનીને આમંત્રણ મોકલ્યું. શાહ તાહિર તેનો સ્વીકાર કરી અહમદનગરમાં આવી પહોંચ્યાં, જ્યાં અમીર ઉમરાવો સાથે સુલતાને તેમનું દબદબાભર્યું સ્વાગત કર્યું.

## અહમદનગરની નિઝામશાહી—બુરહાનશાહને શાહ તાહિર શીઆ બનાવે છે.

અહમદનગરના એ બાદશાહનું પુરૂં નામ બુરહાન નિઝામશાહ બિન અહમદશાહ બહેરી હતું. તેમના રાજ્ય સાથે ઔરંગાબાદ, પશ્ચિમ બરાડ, મુંબઇ ઇલાકો તથા કોકણ પ્રાંત જોડાયેલા હતાં. અહમદનગરની નિઝામશાહી રાજ્યનો પાયો બુરહાનશાહના પિતા અહમદ નિઝામે નાખ્યો હતો. પોતાના નામ "અહમદ" ઉપરથી "અહમદનગર" શહેરનું નામ આપ્યું અને તેના નામના બીજા ભાગ "નિઝામ" પરથી નિઝામશાહી રાજ્યનામ પડયું. હિજરી સન ૯૧૪ માં તે મરણ પામતાં તેનો પુત્ર બુરહાનશાહ પહેલાના નામથી ગાદીએ આવ્યો હતો. બુરહાનશાહ ઇસ્નાઅશરી મઝહબ પાળતો હતો. બુરહાનશાહ પહેલાનો રાજ્યઅમલ હિજરી સન ૯૧૯ થી ૯૬૧ અર્થાત ઇ. સ. ૧૫૦૮ થી ૧૫૫૩ સુધી લંબાયો હતો. શાહ તાહિર અહમદનગર આવ્યા પછી બાદશાહ બુરહાનશાહ તેમનું ઘણું માન અને મરતબો રાખતા હતા. તેઓ અહલેબૈતની મહોબ્બતના વિષયમાં ઘણો સારો રસ લેતા હતા, પરંતુ ઇસ્માઇલી મઝહબ માટે "તકીયો" રાખતા હતા.

## સૈયદ શાહ તાહિરની વફાત.

અહિં પણ ઇરાન જેવી પરિસ્થિતિ ઉભી ન થાય તે માટે શાહ તાહિર ઘણી સાવચેતી રાખતા હતા. ઇતિહાસકાર ઝાકિરહુસેન પોતાના "તારીખે ઇસ્લામ" નામના ગ્રંથમાં અહમદનગરનાં નિઝામશાહીના ઇતિહાસમાં લખે છે કે, 'શાહ તાહિર' યઝદી ઇસમાઇલીએ ઇરાનથી આવીને શાહને શીઆ બનાવ્યા હતા. શાહ તાહિર ઇરાનથી આવ્યા હતા અને બાદશાહની સેવામાં "તકીયો" રાખતા હતા. બુરહાનશાહ ત્યારપછી પાંચ વર્ષ રહીને મરણ પામ્યા હતા. અહમદનગરની નિઝામશાહીમાં સઘળા મળી બાર બાદશાહો થયા પછી હિજરી સન ૧૦૧૬ અર્થાત ઇસ્વી સન ૧૬૦૭માં નિઝામશાહીનો અંત આવ્યો હતો.

શાહ તાહિર હિજરી સન ૯૫૬માં વફાત પામ્યા અને તેમને અહમદનગરમાં બુમિદાક કરવામાં આવ્યા છે.

## સફ્વી રાજ્યમાં ઇસમાઇલીઓ.

"હિસ્ટરી ઓફ પરશિયા"માં સર જોન માલકમ લખે છે કે, સફીઉદીનના વંશજો ઇરાનમાં મુર્શીઓ તરીકે ઘણાખરા જાણીતા થયા હતા. બાદશાહ ઇસમાઇલ સફ્વીએ ઇસ્નાઅશરી મઝહબને રાજ્યધર્મ તરીકે પ્રચલિત કરવાથી, હઝરત ઇમામ બુઝર અલી અ.એ ઇસમાઇલીઓને સાવચેત રહેવાની ભલામણ કરી હતી. જો કે સંજોગોવસાત ઇસમાઇલીઓને સહન કરવું પડતું હતું, છતાં એકંદરે સઘળી વસ્તુસ્થિતિ જોતાં આગળના રાજકર્તાઓ કરતાં, સફ્વી રાજ્યઅમલની સરખામણીમાં એક હકુમત તરીકે તેનું રાજ્ય સુધારા પર હતું અને આગળની પ્રજાની તુલનામાં મુશ્કેલીઓ કંઇક અંશે ઓછી થવા પામી હતી, જો કે ઉલમાઓમાં ધર્મચર્ચા તો કાયમજ રહી હતી અને ઇસમાઇલીઓને આ સમયે ઘણી સંભાળપુર્વક વર્તવું પડતું હતું.

## ઇરાનના શાહથી ઇમામનો સંબંધ.

હઝરત ઇમામ બુઝર અલી અ.ના સમયમાં રાજ્ય પરિવર્તન થવાથી ઇમામે તેમાં રસ લેવાનું શરૂ કર્યું. ઇમામનો મુખ્ય હેતુ આ રીતે મુરીદોને રાહત આપવાનો હતો. કારણ કે, ઇસમાઇલ સફ્વીની કારકીર્દીની શરૂઆતમાં ઇસમાઇલીઓને ધર્માંધ મુલ્લાંઓની ઇર્ષાને અંગે બાદશાહ તરફથી દુઃખ વેઠવું પડ્યું હતું. પરિણામે હઝરત ઇમામ બુઝર અલી અ.એ બાદશાહથી સીધો સંબંધ કાયમ કર્યો. જે પરથી ઇમામનાં ડહાપણ, દિલેરી અને નેકદિલીથી આકર્ષાઇને સફ્વી બાદશાહે તેમને પોતાની એક રાજ્યકન્યા સાથે લગ્નગાંઠથી જોડી દીધા હતા અને એ પ્રકારે સફ્વી બાદશાહ અને ઇમામ વચ્ચે સગપણનાં સંબંધની શરૂઆત થઇ હતી. આ સમયે ઇમામના નિવાસસ્થાન અન્જુદાનમાં ઇસમાઇલીઓ ઉભરાઇ જતા હતા, તો પણ મઝહબી દુશ્મનાવટ ધરાવનારા પ્રજાની બહુમતીને અંગે સાવચેતી રાખવાનું ચાલુ રહ્યું હતું. આ સંજોગો વચ્ચે ઇસમાઇલીઓ સુલેહશાંતિમાં રહેવા પામ્યા હતા અને ઇમામના હુકમ અનુસાર શાંતપણે અન્જુદાનના અતરાફના પહાડી મુલકોમાં દઅવતનું કાર્ય જારી રાખવામાં આવ્યું હતું. એ ઉપરાંત હિંદી મુરીદોનો સંબંધ પણ ઇમામ સાથે દિવસે દિવસે વધતો જતો હતો અને ઇમામની હુઝુરમાં તેઓની સારી આવજાવ થતી રહેતી હતી.

## વફાત.

હઝરત ઇમામ શાહ બુઝર અલી અ.ની વફાત હિજરી સન ૯૨૫માં 'અન્જુદાન'માં થઇ હતી, જ્યાં તેઓ નામદારનો રોઝો આવેલો છે. તેઓની પછી હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ. ઇમામતની મસનદે બિરાજી, ઇસમાઇલીઓની રહેબરીની લગામ હાથમાં લીધી.

# HAZRAT MOWLANA IMAM MURAD MIRZA.

**( A. H. 915—920 )**

**( ૩૬ )**

# હઝરત મૌલાના ઈમામ મુરાદ મિરઝા અ૦

**( હિજરી સન ૯૧૫—૯૨૦ )**

હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ. હિજરી સન ૯૧૫માં ઇમામતની મસનદ ઉપર બિરાજીને 'ઇમામ' તરીકે રોશન થયા હતા. હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ. "અન્જુદાન"માં રહેતા હતા અને ત્યાંથી આસપાસમાં ઇસમાઇલી દઅવતનો પ્રચાર કરી રહ્યા હતા. ઇરાનના સફવી બાદશાહ સાથે ઇમામોનો પરિચય એમના પિતા હઝરત ઇમામ શાહ ખુઝર અલી અ.થી જોડાવા પામ્યો હતો, એ સબબે રાજકાજમાં પણ ઇમામની લાગવગ વધવા લાગી હતી.

## ઈમામના રાજવંશી માતુશ્રી–અમીરૂલ ઉમરાનો ખિતાબ.

"આસારે મુહમ્મદી"ના કથન અનુસાર હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ.ના માન્યવર માતુશ્રી સફવી સુલતાન તહેમાસ્પની નામવર પુત્રીઓમાંના એક હતાં. હઝરત ઇમામ શાહ ખુઝર અલી અ.ને સફવી સુલતાન તરફથી "અમીરૂલ ઉમરા" નો મહાન ખિતાબ મળ્યો હતો, જે વિષેનો લેખ તેઓ નામદારની મઝાર પરની આરસપહાણની તખ્તી ઉપર હજી સુધી સચવાયેલો જોવામાં આવે છે. ઇમામના પૂજનીય પિતા અને મરહૂમા માતા સબીરા ખાતૂને ઇમામનું નામ 'અલીશાહ' રાખ્યું હતું. આ ઉપરાંત તેઓ નામદાર 'શાહ મુરાદ' અને 'મુરાદઅલી' ના નામે પણ ઓળખાય છે.

ખાકી ખુરાસાની પોતાની કસીદએ સુરૈયા (ઇમામોના વંશજોના સ્તવન)માં લખે છેઃ—

**અલી દર જામએ મૌલા મુરાદસ્ત, ખુદાવંદે ઝમીનો અર્શો અસ્માં.**

અર્થાત :—ઝમીન અને આસમાનના સ્વામી હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ. એટલે મુરાદના "જામા" (જામા)માં અલી છે.

## સફવી વંશનું વધતું જતું રાજ્ય.

હઝરત ઇમામ મુરાદ મિરઝા અ. ઇમામતની ગાદીએ આવ્યા ત્યારે બાદશાહ ઇસમાઇલ સફવીનો રાજ્યઅમલ હતો. હિજરી સન ૯૧૭માં માવરાઉન્નહરના સુલતાન મુહમ્મદ બિન શયબાની(૧)

૧. જુઓ સર જોન માલકમ કૃત હિસ્ટરી ઓફ પરશિયા.

ખુરાસાન પર મોટા લશ્કર સહિત ચઢી આવ્યો. ઇસમાઇલ સફવીએ તેના ઉપર હુમલો કરતાં તે નાસી જઇને ૭ મહિના સુધી ઘેરામાં રહ્યો. તેના પુષ્કળ ઉઝબેક સિપાઇઓ માર્યા ગયા અને અંતે તે પોતે પણ કત્લ થયો. તેના પછી ખુરાસાન, તુર્કસ્તાન અને તિબ્બિસ્તાનમાં ઇસમાઇલે સફવી વંશનું રાજ્ય સ્થાપ્યું. આ વિજય પછી અફઘાનિસ્તાન અને બદખશાનના રાજકર્તાઓએ તેના સાથે મિત્રાચારી રાખી. એ સમયમાં બદખશાનના રાજકર્તા ઓવેસ અને કાબુલના રાજકર્તા "બાબર" હતા. તેઓએ પોતાના એલચીઓને ઇસમાઇલ સફવીના દરબારમાં મોકલાવ્યા હતા.

## ઇસમાઇલીઓ રાજ્યના લશ્કરમાં.

ઉઝબેક લશ્કરે ખુરાસાનમાં ફરી માથું ઉચક્યું, પરંતુ ઇસમાઇલ સફવીએ તેમને ફરીવાર દાબી દીધા હતા. હઝરત ઇમામ મુરાદ મિરઝાના હુકમથી એ સમયે મોટી સંખ્યામાં ઇસમાઇલીઓ ઇરાની લશ્કરમાં જોડાયા હતા અને તેઓ પોતાના બાદશાહની કુમકે રહીને જાન ફિશાનીથી અને વફાદારી સાથે દુશ્મનો સામે મોરચા માંડવામાં મોખરે આવતા હતા. આ વફાદારીને અંગે કેટલાક ઇસમાઇલી સિપાઇઓને બાદશાહે મોટા મોટા ઓહ્દાઓ પણ આપ્યા હતા.

## ઉશ્રની ઝોળી–'શાહ'નો ખિતાબ.

હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ.નો સમય જાહોજલાલીભર્યો હતો. હઝરત ઇમામની પાંચ વર્ષની ઇમામત ઇસમાઇલીઓ માટે કીર્તિવંત નિવડી હતી. હિંદુસ્તાન ખાતે કચ્છ, કાઠિયાવાડ પંજાબ, ગુજરાત, સિંધ અને મુલતાનમાં એ ઝમાનામાં ઇમામ તરફથી નિમાયેલા વકીલ દઅવતનું કામ કરી રહ્યા હતા અને તેમનો સિધો સંબંધ "અન્જુદાન" ઇમામ સાથે હતો. હિંદુસ્તાનમાં ખોજા ઇસમાઇલી મુરીદો વખતોવખત ઇમામની હુઝુરમાં "ઉશ્ર" અર્થાત દશોંદની ઝોળી લઇને ઇરાન જતા હતા અને ઇમામની હુઝુરમાં પહોંચી ઇમામના દીદારથી મુશર્રફ થઇ દુઆ આશિષો મેળવવા ભાગ્યશાળી થતા હતા અને ઇમામ પાસેથી ફારસાઇની પહોંચ તથા તાલિકા લાવી હિંદની જમાતોમાં વાંચન કરતાં હતા, જે ઇસમાઇલીઓ અદબથી સાંભળતા હતા. એ સમયે ઇમામ તરફથી "શાહ"નો માનવંત ખિતાબ પણ કેટલાક મુરીદોને નવાજિશ કરવામાં આવ્યો હતો.

## વફાત.

હઝરત ઇમામ શાહ મુરાદ મિરઝા અ.ની વફાત હિજરી સન ૯૨૮માં "અન્જુદાન" ખાતે થઇ હતી. તેઓશ્રીનો રોઝો પણ ત્યાં ખાતે તેઓશ્રીના પિતાશ્રીની જોડે આવેલો છે, જ્યાં વફાત પામેલા અન્ય ઇમામોની આરામગાહ પણ હસ્તી ધરાવે છે, જેના ઉપર આજ પર્યંત ઇસમાઇલી સાદાતોનું રખપણું છે. "અન્જુદાન"નો એ મકબરો આખા ઇરાનમાં મશહુર છે, અને મુસાફરો તેની ખાસ મુલાકાત લેવા આવે છે.

# HAZRAT MOWLANA IMAM ZULFIQAR ALI.

(A. H. 920—922)

(૩૭)

# હઝરત મૌલાના ઈમામ ઝુલફીકાર અલી અ૦

(હિજરી સન ૯૨૦—૯૨૨)

હઝરત ઇમામ શાહ ઝુલફિકાર અલી અ. હિજરી સન ૯૨૦માં ઇમામતની મસનદ પર જલ્વાગર થયા હતા. હઝરત ઇમામે કેવળ બે વર્ષ પર્યંત ઇમામત ભોગવી છે, એમનું નિવાસગૃહ પણ 'અન્જુદાન'માં હતું. આ ઝમાનામાં "અન્જુદાન" સમસ્ત દુનિયાના ઇસમાઇલીઓનું એક મુખ્ય મથક થઇ પડ્યું હતું. જ્યાં હજારો ઇસમાઇલી મુરીદો ઇમામના દીદાર અર્થે આવ્યા કરતા હતા. તેઓના ઉતારા અને ખાધખોરાકી માટે સઘળી વ્યવસ્થા ત્યાં ખાતે ઇમામ તરફથી કરવામાં આવતી હતી.

'આસારે મુહમ્મદી'ના કથન અનુસાર હઝરત ઇમામ મુરાદ મિરઝા અ. પછી ઇમામ શાહ ઝુલફિકાર અલી અ. થયા હતા અને બે વર્ષ પછી તેઓશ્રીની વફાત થઇ હતી.

## ઇસ્માઇલી કવિ ખાકી ખુરાસાની.

ઇમામોની ઝુર્રિયતનો ઉલ્લેખ કરતાં, ખાકી ખુરાસાની નામના ઇસમાઇલી કવિના "કસીદએ ઝુર્રિયાહ"માંની કેટલીક કાવ્યપંક્તિઓ પ્રથમ આપણે ટાંકેલી હોવાથી, એ કવિવરનો ટુંક પરિચય અત્રે આપવો રસમય થઇ પડશે.

વર્તમાન જગતના પૂર્વ અને પશ્ચિમના સાહિત્ય અભ્યાસીઓ તરફથી, મહાન ઇસમાઇલી કવિ તરીકે સ્વીકારાએલા, પ્રવાસી અને ધર્મગ્રંથકર્તા, હકીમ દાઇ નાસિર ખુસરૂ અને ફિલસુફ કવિ નિઝારી કોહિસ્તાની પછી ઇસમાઇલી કવિ ખાકી ખુરાસાનીનું નામ આવે છે. જો કે એમના જીવન વિષે બહુજ ઓછી વિગતો બહાર આવવા પામી છે. (૧) તેનું કારણ એ છે કે ઇરાનમાં ઇસમાઇલી તરીકે ખુલ્લી રીતે પ્રસિધ્ધ થતી વિદ્વાન વ્યક્તિઓને રંજાડવામાં આવતી હોવાથી, તેઓને પોતાનું સાહિત્ય ગુપ્ત રાખવાની ફરજ પડતી

---

૧. 'ઈસ્લામિક રિસર્ચ એસોસીએશન' તરફથી રશીયન અભ્યાસી ડબલ્યુ ઇવેનોવની શોધખોળના પરિણામે "દિવાને ખાકી ખુરાસાની" નામની કૃતિ બહાર પાડી છે. તેમાં કવિના જીવનનો ટુંક પરિચય અને ઉપયોગી વિગતો પણ આપવામાં આવી છે.

હતી. એ કારણે કવિવર ખાકી ખુરાસાનીને મધ્ય એશિયા, અફઘાનિસ્તાન કે ઈરાનના દક્ષિણ ભાગમાં વધુ ખ્યાતિ મળવા પામી નથી. આવી વસ્તુસ્થિતિ હોવાથી તેમણે રચેલાં કાવ્યો તથા તેમના જીવન વિષેની હકીકતો માટે ઈરાનના સહધર્મીઓ તેમજ અન્યધર્મીઓની વિગતો પર આધાર રાખવો પડે છે. જો કે કવિવરની સુપ્રસિધ્ધ કૃતિ 'દીવાને ખાકી ખુરાસાની' તેમજ તેમની અન્ય કૃતિઓ પરથી સ્પષ્ટ થાય છે કે કવિવર નિઝારી ઇસમાઇલી શાખાના એક ચુસ્ત અનુયાયી હતા અને તેઓ, હઝરત ઇમામ શાહ ઝુલફિકાર અલી અ., હઝરત ઇમામ શાહ નુરદીન અલી અ. અને હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. (પહેલા,) એમ ત્રણ ઇમામોનો ઝમાનો જોવા ભાગ્યશાળી થયા હતા.

## કવિ ખાકી ખુરાસાનીની કૃતિઓ.

કવિવર ખાકી ખુરાસાનીએ ઇમામની મુબારક શાનમાં સખ્યાબંધ ગઝલો લખી છે, જેનો સંગ્રહ એક "દીવાન" રૂપે કરવામાં આવ્યો છે, કે જે કૃતિ 'દીવાને ખાકી ખુરાસાની' તરીકે સૌથી ઉત્તમ અને સુપ્રસિધ્ધ છે. તેમાં વિષયો સંક્ષિપ્તમાં આપવામાં આવ્યા છે. એમની શ્રધ્ધાનું જ્વલંત દર્શન પણ એમાંજ થાય છે. તેમની બીજી કૃતિ 'તુલુઉશ–શમ્સ' અથવા 'તવાલિઉશ–શમ્સ' અર્થાત 'સુર્યના ઉદયો' નામની એક અત્યંત લાંબી 'મસનવી' છે, જેમાં આશરે ૧૩૦૦ પંક્તિઓ છે, અને તેને સાત ભાગમાં વહેંચી નાખવામાં આવી છે. મુખ્યત્વે તેમાં 'ઇમામત'ના વિષયની ચર્ચા કરવામાં આવી છે. કવિવરની ત્રીજી કૃતિ 'નિગારીસ્તાન' છે, જેમાં સુફી ઢબના લાંબા કસીદાઓની હારમાળા છે. કવિવરે તેમાં પણ 'ઇમામત,' 'તાવિલ' ઇત્યાદી વિષયોનો ઉલ્લેખ કર્યો છે. એમણે 'બહારીસ્તાન' નામની કૃતિ પણ લખી છે, જેમાં ધર્મભક્તિ અને આત્માની પવિત્રતાની તેમણે ચર્ચા કરી છે. (૧.)

કવિવર ખાકી ખુરાસાની જણાવે છે કે, હઝરત ઇમામ ઝુલફિકાર અલી અ.નું મુળ નામ ખલીલ અર્થાત ખલીલુલ્લાહ અ. પણ હતું એ વિષે સંકેત કરતાં કહે છે કે:—

> " તેં સાંભળ્યું છે કે ઝુલફિકાર શાહ અ. મુખ્ય બે રહસ્યો ધરાવતા હતા અને તેમાંનુ (૧) પોતાની ઝાતમાં કાર્ય કરવાની અખુટ શક્તિ ધરાવતા હતા અને (૨) ઇલ્મ તેઓની ઝબાનમાં હતું. કાર્યની શક્તિ તેમજ દોઝખનું દુઃખ તેઓના હાથમાં છે, તેઓના ઇલ્મ–હુજ્જત અને કૃપા, બહેસ્તમાં લઈ જનાર છે. નુરૂદ્દહરશાહ બિન ખલીલ અર્થાત હઝરત ઇમામ ઝુલફિકાર અલી અ.નો અનુયાયી ખાકી છે, તે કેવી રીતે મુર્ખજનો જેવી શ્રધ્ધા ધરાવી શકે?"

કવિવર એક બીજે સ્થળે પોતાના કસીદામાં કહે છે :—

**અલી દર જામાએ ઝુલફિકારસ્ત, ખુદાવંદે દુ આલમ આશકાર.**

અર્થાત :—હઝરત અલી અ. હઝરત ઇમામ ઝુલફિકાર અલી અ.ના જામામાં છે, બન્ને જહાંનનો સ્વામી જગમશહૂર છે.

આવા ઘણા સંકેતો કવિવરના દીવાનમાંથી મળી આવે છે. એ કવિનું વિશેષ વર્ણન ઈમામ શાહ નુરદીન અલી અ.ના પ્રકરણમાં આગળ જતાં જોઈશું.

---

૧. આ કૃતિઓની વિગતો ડબલ્યુ ઇવેનોવ કૃત "ગાઇડ ટુ ઈસમાઈલી લિટરેચર"માં આપવામાં આવી છે.

## "નર" અને "ગુર" નો સંકેત.

સૈયદ મુહમ્મદ શાહ ઇમ્ને સૈયદ ઇમામશાહ, હઝરત ઇમામ ઝુલફિકાર અલી અ.ની ઇમામતના સમયમાં વિદ્યમાન હતા. તેમણે રચેલી 'સતવેણી' અને 'સતવેણીની વેલ'માં 'નર મુહમ્મદ શાહ' તરીકે પોતાને દર્શાવેલ છે. પરંતુ ઇસમાઇલી મઝહબના નિયમ અનુસાર ઇમામને 'નર' કહેવામાં આવે છે, જ્યારે 'પીર,' ગુર (ગુરૂ)ને કહેવાય છે. આ બન્નેમાંથી એક પણ લકબ ઝમાનાના ઇમામો તરફથી સૈયદ ઇમામશાહ કે તેમના વંશજો ધરાવતા ન્હોતા.

તેમ છતાં સૈયદ ઇમામશાહે ઘણે ઠેકાણે 'પીર'નો દાવો કર્યો હતો. જુના હસ્ત લિખિત દસ્તાવેજોમાંથી મળી આવેલી વિગતોમાંથી સ્પષ્ટ થાય છે (૧.) કે સિંધમાં આવેલા 'જુણ' નામના ગામમાં પણ સૈયદ ઇમામશાહે ઇસમાઇલીઓના પીર હોવાનો દાવો કર્યો હતો. જમાતે તેનો અસ્વીકાર કરતાં, તેમણે એવી દલીલ રજુ કરી હતી કે, તેમણે પોતાના મરહુમ પિતા હઝરત પીર હસન કબીરદીન (રહે.)નો જનાઝો અટકાવ્યો હતો અને તેમની પાસેથી 'તસ્બીહ' અને 'સાકર' મેળવ્યા હતાં. તેઓ આનો અર્થ એવો કરતા હતા કે તેમને "પીરાતન" મળી હતી.

પરંતુ જમાતે એ વાતનો અર્થ તેમને સમજાવ્યો કે 'તસ્બીહ' માત્ર બંદગી કરવા અર્થે અને 'સાકર' જ્ઞાનપ્રચાર અર્થે તેમને મળી હતી. 'પીરાતન' તો પીર તાજદીન (રહે.)ને ઇનાયત કરવામાં આવી હતી. આ સાંભળી સૈયદ ઇમામશાહ ઉશ્કેરાઇ ગયા હતા અને અઘટિત વેણ ઉચ્ચાર્યા હતા. પરિણામે તેમને શારિરિક હાની સહન કરવી પડી હતી, જેનો ઉલ્લેખ ઇમામ બાવાએ પોતાના જ્ઞાનોમાં કર્યો છે.

વળી સૈયદ મુહમ્મદશાહે પણ ઇસમાઇલી મઝહબથી વિરૂધ્ધ પોતાની તરફેણમાં લોકોને લેવા માટે પોતાને માનવાનો ઉપદેશ કર્યો છે અને લોકોને એ માર્ગે દોરી જવા માટે એ પ્રમાણેના સાહિત્યની ભેટ સૈયદ મુહમ્મદશાહે સિંધના ઇસમાઇલીઓને મોકલી. ઇસમાઇલીઓએ આ વિગત ઇમામની હુઝુરમાં રજુ કરતાં 'અન્જુદાન'થી ઇમામે તાલિકા મોકલી સૈયદ મુહમ્મદશાહને નાતબહાર મુકવાનો અને તેને નહિ અનુસરવાનો હુકમ ફરમાવ્યો હતો. આ સમયથી ઇસમાઇલીઓ અને 'ઇમામશાહી'ઓ જુદા પડયા છે.

## વફાત.

હઝરત ઇમામ ઝુલફિકાર અલી અ. ઇસમાઇલ સફવીના રાજ્યકાળમાં ઇમામતની ગાદીએ આવ્યા હતા. સર જોન માલકમ લખે છે કે, આ સમયમાં ઇસમાઇલ સફવી પર તુર્ક સુલતાન સલીમે બે લાખ સવારોના લશ્કરી બળ સહિત આઝરબાયજાન પ્રાંતની રાજધાની તબ્રીઝ પર હિજરી સન ૯૨૦માં ચઢાઇ કરી હતી. તે સમયે શાહ ઇસમાઇલ સફવી તુર્કોના મજબુત બળ આગળ ટકી નહિ શકવાથી ઇરાનના અંદરના ભાગોમાં નાસી છુટયો હતો. સુલતાન સલીમ થોડો વખત આઝરબાયજાન રહ્યા પછી પાછો કુસ્તુનતુનિયા જતો રહ્યો.

"ગુલઝારે શમ્સ"ની કૃતિમાં લખવામાં આવ્યું છે કે સૈયદ શાહ ઝુલફિકાર અલી અ. 'અન્જુદાન' માં નિવાસ કરતા હતા અને તેઓશ્રીની વફાત પણ ત્યાં ખાતે થઇ હતી.

હઝરત ઇમામ શાહ ઝુલફિકાર અલી અ. હિજરી સન ૯૨૨માં 'અન્જુદાન' ખાતે વફાત પામ્યા હતા. તેમના શબને ત્યાં ખાતે સુપ્રિદાહ કરવામાં આવ્યો હતો અને તેઓશ્રીની મઝાર પણ તેઓશ્રીના પિતાના રોઝામાં આવેલી છે.

---

૧. જુઓ: "જુણ ગામનો જવલંત ઇસમાઇલી ઇતિહાસ" 'નિઝારી' વર્ષ ૧૦મું અંક ૪થો પાનું ૧૭.

# HAZRAT MOWLANA IMAM NUR-DIN ALI.

( A. H. 922-957 )

( ૩૮ )

# હઝરત મૌલાના ઇમામ નુરદ્દીન અલી અ૦

( હિજરી સન ૯૨૨-૯૫૭ )

હઝરત ઇમામ શાહ નુરદ્દીન અલી અ. હિજરી સન ૯૨૨માં પોતાના પિતાશ્રીની વફાત બાદ ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. તેઓ નામદારને "નુરૂદ્દહર" પણ કહેવામાં આવે છે. "ફર્દે હક્ક" તથા "મર્દે હક્ક" "શાહે ઝમન વઝ ઝમાન" તરીકે પણ તેઓશ્રીને સંબોધવામાં આવ્યા છે.

'ગુલઝારે શમ્સ'ની કૃતિમાં લખેલું છે કે સૈયદ શાહ નુરદ્દીન અ. 'અન્જુદાન'માં રહેતા હતા અને ત્યાં ખાતે તેઓશ્રી રહેલત કરી ગયા હતા. એમનો રોઝો પણ અન્જુદાનમાં આવેલો છે.

કવિવર ખાકીના કસીદએ ઝુર્દીયામાં લખેલું છે કે:—

**અલી મૌલાએ નુરદ્દહર બાશદ, ઝ નૂરશ જુમ્લેહ આશિયાસ્ત બરમા.**

"અલી મૌલા શાહ નુરદ્દીન અ. છે. તેઓનાં નૂરથી સર્વ વસ્તુઓ ઘેરાયેલી છે."

હઝરત ઇમામ શાહ નુરદ્દીન અલી અ.નો કવિવર ખાકી એક બીજે સ્થળે પોતાના કસીદામાં ઉલ્લેખ કરતાં જણાવે છે:—

"શાહનો શાહ કોણ છે? એ મને કહે! શાહે મરદાન હઝરત અલી અ. વિના અન્ય કોઇને એવો બાદશાહ ગણતો ના. હઝરત મૌલા અલી અ. પૂજનીય છે અને તેની કૃપા અને અવકૃપાના ફળરૂપે સ્વર્ગ અને નર્ક છે. શાહ નુરૂદ-દહર ઇબ્ને ઝુલફિકાર અ. ગરીબોના મૌલા છે અને "ખાકી" નિખાલસ દિલનો, સત્યનો મર્મ સમજી એ માશુકનાં માર્ગમાં પ્રાણ પાથરનારો છે."

## રાજ્યાધિકારીઓ તરફની કવિવર ખાકીની સતામણી.

ઇરાનની રાજ્યસત્તા જ્યારે સફવી વંશના બાદશાહોના હાથમાં હતી, અને તેઓ સુફી સંતની ઔલાદના હોઇ, લોકોનો પૂજ્યભાવ છતી લેવા કોશિશ કરતા હતા, એવા સમયમાં એક ઇસ્માઇલીએ કેટલી સાવચેતી રાખવાની જરૂર પડતી હતી, તેનો ખ્યાલ કવિવર ખાકીના જીવનવૃત્તાંત ઉપરથી આવી શકતો હોવાથી તેમનાં જીવન વિષેની વધુ માહિતી અત્રે આપીશું.

"દીવાને ખાકી ખુરાસાની"ની કૃતિના આગલા ભાગમાં તેના કર્તા એમનાં જીવન વિષે ઉલ્લેખ કરતાં આગળ જણાવ્યા મુજબ લખે છે કે એમનું નામ "ઇમામ કુલી" હતું. "કુલી" શબ્દ તુર્કી ભાષાનો છે, છતાં ઇરાનમાં સફવી વંશના રાજ્યઅમલમાં તે ચાલુ વપરાશમાં દાખલ થયો હતો

અને તે પછી ઇરાનીઓના નામ સાથે ભળી ગયો હતો. તુર્કો સાથે ઇરાનના સમાગમની આ એક અસર હતી. "ઇમામ કુલી"નો અર્થ "ઇમામનો ગુલામ" થાય છે. કવિવરનું તખલ્લુસ-કાવ્યનામ "ખાકી" હતું. એ વખતે ઇરાનમાં સફવી વંશનો બાદશાહ શાહ અબ્બાસનો રાજ્યઅમલ હતો. એ રાજ્યના અમલદારો તરફથી કવિવરની ઘણીવાર સતામણી અને કનડગતો કરવામાં આવતી હતી. જેથી તેઓ એક દરવીશ જેવું જીવન ગાળતા હતા. આ રીતની કનડગતો માટે તેમણે શાહ અબ્બાસને એક અરજી પણ મોકલી આપી હતી. આ અરજી એમણે સ્થાનિક ભાષામાં અને પ્રાસયુક્ત ગદ્યમાં લખી હતી. પરંતુ એ અરજીનું પરિણામ શૂન્યમાં આવ્યું હતું.

## કવિવર ખાકીનો કારાવાસ.

કવિવર ખાકી પોતાના સમયના શાહ અબ્બાસનું વર્ણન કરે છે પરંતુ, સફવી વંશના અબ્બાસ નામના બે બાદશાહો થયા છે. સફવી વંશના શાહો તરફથી કવિવર ખાકીને ખમવું પડ્યું હતું શાહ અબ્બાસ બીજાના રાજ્યકાળમાં તેઓ કેદમાં મરણ પામ્યા હતા. એ બાદશાહે મઝહબી ઇર્ષાને અંગે તેઓને કેદમાં પુર્યા હતા. કવિવરની આયુષ્યનો મોટો ભાગ જેલમાંજ પસાર થયો હતો.. એક સ્થળે પોતાના કાવ્યમાં ઇમામની આરઝુ સેવી રહેલા સાચા મુરીદનાં મનની ખરી સ્થિતિ વિષેના ઉદ્ગારો કહાડતાં તેઓ લખે છે કે:—

> "ઝમાનાના સાહેબની ખબર મેળવવા ચાહતો હોય તો મેં તેને કહ્યું કે:- "જા અને તેમના નાયબો અર્થાત ઇમામના પીર, વલીઓ કે દાઇઓને એ વિષે પુછપરછ કર. ઇમામની નિશાનીની ખોજ કરવા માંગતો હોય તો તત્વજ્ઞાનીઓ અર્થાત મઆરિફતવાળા દરવીશોને એ વિષે પુછ!
>
> જો તું સાચો છે અને જુઠો નથી, તો દીનના શાહને "અન્જુદાન"માં જઇને શોધી કાઢ!
>
> -હે ખાકી! તું દીનના સાહેબની તલાશમાં છે, તો અવ ઘરઘર શોધનાર, જા અને જેઓ એ ભેદ જાણે છે, તેમની પાસેથી પત્તો મેળવ!"

## કવિ પુત્ર 'રકકામી'.

કવિવર ખાકી ખુરાસાની કેદમાં મરણ પામ્યા પછી પોતાની પાછળ અલી કુલી નામનો એક પુત્ર મુકી ગયા હતા, તે પણ પોતાના પિતા પ્રમાણે કવિ હતા અને તેમનું કાવ્યનામ "રકકામી" હતું.

કવિવર ખાકીના કાવ્યોમાં ઇસમાઇલી સુફી વિચારો અનેક સ્થળે મળી આવે છે. કવિવર ખાકી પોતાના કાવ્યમાં પહેલીવાર ઇમામના નિવાસસ્થળનું નામ "અન્જુદાન" લખે છે, જે મહેલાત જીલ્લામાં આવેલું છે અને આપણે જોઇ ગયા તે પ્રમાણે હઝરત ઇમામ શાહ નુરદીન અલી અ. સફવી વંશના રાજ્યઅમલ દરમ્યાન "અન્જુદાન"માં રહેતા હતા.

## અંતિમ આરામગાહ—દીઝબાદ.

કવિવર ખાકી ખુરાસાનીનું મૂળ વતન ખુરાસાન પ્રાંતમાં આવેલું "દીઝબાદ" હતું, જે મશહદ અને નિશાપુરની વચ્ચે આવેલા પહાડ ઉપરનું એક ગામ છે. તે ઉંચાણમાં હોવાથી ત્યાં ઘણી ઠંડી પડતી હોવાને અંગે તેની જમીન અને ટેકરીઓ બરફથી ઢંકાએલી રહે છે. કવિવરની અંતિમ આરામગાહ પણ દીઝબાદના એક બગીચામાં આવેલી છે. તેની ઉપર એક મોટી પત્થરશિલા રાખવામાં આવી છે, જેના પરના કોતરેલા અક્ષરો ઝાંખા પડી ગયા છે. ઘણા ઇસમાઇલીઓ અને પ્રવાસીઓ આ સ્થળની મુલાકાત લે છે.

## ઇસ્માઇલિ સફવીનું અવસાન—શાહ તંહેમાસ્પ રાજ્ય સિંહાસને.

સર જોન માલકમ હિસ્ટરી ઓફ પરશિયા નામક પોતાના ઇતિહાસગ્રંથમાં લખે છે કે, ઇસ-માઇલ સફવીએ પોતાનો સઘળો વખત પોતાના રાજ્યને મજબુત બનાવવામાં અને રાજ્ય પર આવતા હુમલાઓ ટાળવામાં ગાળ્યો હતો. હઝરત ઇમામ શાહ નુરદીન અલી અ.ના જીવનકાળમાં ઇસમાઇલ સફવી હિજરી સન ૯૩૦માં ૨૪ વર્ષ પર્યંત રાજ્ય ભોગવી મરણ પામ્યો હતો. એના અવસાન સમયે હઝરત ઇમામની ઇમામતનું આઠમું વર્ષ ચાલતું હતું.

ત્યારપછી સફવી વંશનો બીજો બાદશાહ શાહ તહેમાસ્પ ૧૧ વર્ષની ઉમરે રાજગાદી પર આવ્યો હતો. તેની વય નાની હોવાથી બાદશાહ પોતાના વઝીરોના હાથમાં રમકડું થઇ પડ્યો હતો. એ સમયે બાદશાહની નાની વયનો લાભ લઇને ઓબેદુલ્લાહખાન ચઢી આવ્યો હતો, પરંતુ તે કંઇ કરી શક્યો નહિ. શાહ તહેમાસ્પ સફવી જુવાનીમાં આવ્યા પછી આઝરબાયજાન પ્રાંતના તબ્રીઝ શહે-રને પાટનગર તરીકે બદલી કઝવીનને રાજનગર બનાવ્યું હતું. તેની નાની વયને લઇને રાજ્યમાં અવ્યવસ્થા પ્રસરી રહી હતી, તે તેણે બંધ કરી જુસ્તામ મુકામે તેણે ઓબેદુલ્લાહ ઉઝબેકને હાર આપી; તે પછી ઓબેદુલ્લાહે તુર્કસ્તાન અને અફઘાનિસ્તાનના રાજ્યકર્તાની સહાયતા મેળવી ફરી હેરાત પર ચઢાઇ કરી પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિં. ત્રીજી વાર પણ તે ચઢાઇ લઇ આવ્યો પરંતુ આ વખતે પણ તેની હાર થઇ. ઇસ્તમ્બુલના તુર્ક સુલતાન સુલેમાન રૂમીએ પણ શાહ તહે-માસ્પ સફવી પર ચઢાઇ કરી હતી, તેને પણ પાછું જવું પડ્યું હતું.

શાહે તહેમાસ્પે ત્યારપછી અફઘાન પાસેથી કંદહાર જીતી કાચાર વંશના એક સરદારને ગવર્નર બનાવ્યો. ઓબેદુલ્લાહ ઉઝબેકે તે પછી સુલેહ કરી લીધી. આ વેળાએ સુલેમાને પણ ઇરાન પર બીજી ચઢાઇ કરી, પણ તેમાં ન ફાવતાં તેને પાછું જવું પડ્યું. શાહ તહેમાસ્પની રાજ્ય વ્યવસ્થા આ વિજયથી મજબુત બનવા પામી. હિજરી સન ૯૫૦માં હિંદુસ્તાનના મોગલ બાદશાહ હુમાયુન પર શેરશાહ સુરે આક્રમણ કર્યું પણ નસીબે યારી ન આપતાં હુમાયુને ઇરાન નાસી આવીને શાહ તહેમા-સ્પનું શરણુ માંગતાં તેણે તેને દસ હજાર લડવૈયાઓનું લશ્કર આપ્યું જેની મદદ વડે ફરીવાર હિંદ જીતી હુમાયુને શેરશાહનો પરાજય કર્યો અને ફરીવાર હિંદના સમ્રાટ તરીકે તે ગાદીએ બેઠો.

## ઇમામના રાજવંશી મહોરદાર—વફાત.

હઝરત ઇમામ શાહ નુરદીન અલી અ.ના સફવી વંશની રાજપુત્રીના સંબંધને લઇને સફવી ખાનદાન સાથે સગપણે જોડાયેલા હોવા છતાં તેઓશ્રી રાજદ્વારી બાબતોથી અલગ રહીને પોતાના મુરીદોની સંભાળ અને દઅવત કાર્યની વ્યવસ્થામાં પોતાનો સમય વ્યતિત કરતા હતા.

હઝરત ઇમામ શાહ નુરદીન અલી અ.ની વફાત હિજરી સન ૯૫૭માં 'અન્જુદાન' ખાતે થઇ હતી અને તેમના શબને તેઓના દાદાશ્રી ઇમામ શાહ મુરાદ મિરઝા અ.ના રોઝામાં જુમિદાહ કરવામાં આવેલ છે. જ્યાં સફવી શાહઝાદીને પણ દફનાવવામાં આવેલ છે. તેઓશ્રીની વફાત પછી તેઓ નામદારના પુત્ર હઝરત ઇમામ સૈયદ ખલીલુલ્લાહ અ. (પહેલા) ઇમામતની મસનદ ઉપર જલ્વાગર થયા.

# HAZRAT MOWLANA IMAM KHALIL-ULLAH ALI I.

(A. H. 957-993)

(૩૯)

# હઝરત મૌલાના ઈમામ ખલીલુલ્લાહ અલી અ૦ (પહેલા)

(હિજરી સન ૯૫૭-૯૯૩)

—:o:—

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. હિજરી સન ૯૫૭માં ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. હિંદુસ્તાનથી ખોજા ઇસમાઇલી મુરીદોની મોટી સંખ્યા તેઓશ્રીના દીદારનો લાભ લેવા આવતી હતી. તેઓશ્રીનો નિવાસ અન્જુદાનમાં હતો.

'ગુલઝારે શમ્સ'ની કૃતિમા લખવામાં આવ્યું છે કે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. અન્જુદાનમાં રહેતા હતા અને તેઓની અંતિમ આરામગાહ પણ એજ સ્થળે છે.

## ઇમામની શાનમાં ખાકીશાહનું પ્રશંસા કાવ્ય.

ઇસમાઇલી કવિવર ખાકી ખુરાસાની અથવા "ખાકીશાહ" પણ પોતાના કસીદામાં હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. વિષે જણાવે છે કે:—

"અલી જાતે શાહ ખલીલુલ્લાહ અલી અ. છે,
અગર તેમને ખુદાવંદ કહેવામાં આવે તો બહેતર છે."

કવિવર ખાકી ખુરાસાની હઝરત ઇમામ ખલીલુલાહ અલી અ.ના સમયમાં પણ વિદ્યમાન હતા. તેઓ હઝરત ઇમામના સંબંધમાં ભક્તિદર્શક સંકેત, કરતાં કહે છે કે:—

"યા મૌલા! તું બાદશાહ છે અને આખું જગત તારા "આસ્તાના"નો ફકીર છે. દરેક વસ્તુ ઉપર તારી 'હિકમત' પથરાયેલી છે. તું અમીર છે, શાહ છે અને બાદશાહોનો બાદશાહ છે.

તારી સાથેના 'વિસાલ'નું સ્થળ હું 'લા મકાન' (સ્થળવિહોણું અર્થાત સર્વવ્યાપી) સમજુ છું, પરંતુ ઝાહિર અને બાતિન દ્રષ્ટિએ જોતાં બાતિનમાં તું દરેક સ્થળે હાજર છે, અને ઝાહિરમાં તું ઇરાનમાં વસે છે.

અય શાહ! તું જો કે ઇરાકમાં મકાન ધરાવે છે અને જાહેરમાં તું ઇરાકમાં વસે છે, પરંતુ બાતિનમાં તું ખુરાસાનમાં પણ છે."

ઈમામોના જુદા જુદા નિવાસસ્થળોનું વર્ણન આપતાં એક મુસાફરને કયા કયા સ્થાનોમાં જવાનું છે, તે પોતાના વતનમાં મશહદ (તુસ)થી શરૂ કરતાં સંકેત દર્શક શબ્દોમાં કેટલી ખુબીથી માર્ગ દર્શાવતાં કવિવર કહે છે કે:—

"મૌલા મુર્તઝા શાહે મરદાનની આશા સિરે ધર અને તારા અહંભાવ તથા જહાલતથી શા માટે દરેક સ્થળે આથડી રહ્યો છે?

જ્યારે તું (મશહદ નગર)થી બહાર નીકળે તો પછી એક મન્ઝિલના ફાસલાપર "નિશાપુર" આવેલું છે; અને તેના પછી "સબ્ઝવાર" અને "મઝીનીયાં"નું મઝનીયા ગામ છે.

"મઝનીયાં"થી વિદાય લીધા પછી ત્હારી મન્ઝિલ "મિયાંદસ્ત" નામનું સ્થળ બનાવ, અને એ સ્થળેથી ત્હારો પ્રવાસમાર્ગ "બુસ્તામ" અને "બિરકાન"માંથી થઈને જાય છે.

ત્યારપછી "રય" પ્રતિ તું રૂખ કરે, તો ત્હારે અંદેશો ન કરવો જોઈએ; તેમજ ન તો "દમગાન"ના પ્રદેશને એ પ્રવાસ માર્ગ સર્વાંશે બનાવી દેતો.

તું એ સ્થળે પહોંચી જાય ત્યારે "કુમ"માં નિવાસ કરી સ્થાયી થા. "કુમ" અને "કાશાન"માં તું છે પરંતુ એમ ખુલ્લી રીતે કહેવું ભુલભરેલું છે."

આ પ્રમાણે ખાકી ખુરાસાનીને ઈમામે ઝમાનના સંકેત સુચક સુરી કાવ્યો રચવાના સબબે ઘણું ખમવું પડ્યું હતું. જેનું વર્ણન આગળ આવી ગયું છે.

## તહેમાસ્પ સફવીનો રાજ્યઅમલ.

હઝરત ઈમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ના સમયમાં શાહ તહેમાસ્પ સફવીનો રાજ્યકાળ હતો. તે ઈમામના સગપણે માતામહ (નાના) થતા હતા. 'હિસ્ટરી ઓફ પરશીયા"માં સર જોન માલકમ લખે છે કે, તુર્કી સુલતાન સુલેમાન સામે ઈરાનનો શાહ તહેમાસ્પ યુધ્ધમાં ઉતર્યો હતો, અને તેના પરિણામે જ્યોર્જીયા અને એશિયા માઈનરના કેટલાક મથકો જીતી લીધા હતાં. એરેક્સ નદીના પ્રદેશ બાજુ તુર્ક સુલતાને ધસારો કરતાં શાહ તહેમાસ્પને પાછું હઠવું પડ્યું હતું, એવામાં તુર્ક સામ્રાજ્યમાં આ સમયે અવ્યવસ્થા ફેલાઈ ગઈ અને એ વેળાએ શાહ તહેમાસ્પ પોતાના પાટનગર કઝવીનમાં પાછો ફરી ચુક્યો હતો. શાહ તહેમાસ્પ પાસે તુર્કી સુલતાન-સુલેમાનનો પુત્ર બાયઝીદ પોતાના પિતા પાસેથી નાસી જઈ ઈરાનમાં પનાહ લેવા આવતાં પહેલાં તો શાહે તેની જોડે સારૂં વર્તન રાખ્યું પરંતુ, પાછળથી બાયઝીદની ચાલચલણ ઠીક નહિં જણાતાં શાહે તેને સુલતાન સુલેમાનને સોંપી દીધો.

## તહેમાસ્પ સફવીના પુત્રોમાં વેરઝેર.

શાહ તહેમાસ્પને ઘણા પુત્રો હતા, જેમાંથી પાંચમાં પુત્ર હૈદર મિરઝાને તે ઘણો ચાહતો હતો અને તેને પોતાની નઝદીક દરબારમાં રાખતો હતો, જ્યારે બીજા ચાર પુત્રો રાજ્યના દુર દુરના ભાગોમાં વસતા હતા. શાહ તહેમાસ્પ હિજરી સન ૯૮૪ માં મરણ પામતાં અનુકુળ સંજોગોનો લાભ લઈ હૈદર મિરઝાએ પોતાને ઈરાનના શાહ તરીકે જાહેર કર્યા. પણ શાહ તહેમાસ્પના ચોથા પુત્ર ઈસમાઈલ મિરઝાએ તેનો વિરોધ કર્યો. આ દરમ્યાન હૈદર મિરઝાનો વધ થતાં ઈસમાઈલ મિરઝા હિજરી સન ૯૮૪ માં ઈરાનનો શાહ બન્યો અને તેણે પોતાના કુટુંબી શાહઝાદાઓને કતલ કરાવ્યા.

આ કતલમાંથી અલી મિરઝા નામનો શાહઝાદો બચી ગયો પણ તેને શાહ તરફથી આંધળો બનાવવામાં આવ્યો. આટલું છતાં પણ શાહને કાંઇક બીક રહેતી, જેથી પોતાના વડા ભાઇ મુહમ્મદ મિરઝાને તેના કુટુંબ સાથે કતલ કરવાનો હુકમ કર્યો. અબ્બાસ બિન મુહમ્મદ મિરઝાને પણ મારી નાખવાની તજવીજ કરવામાં આવી. પરંતુ આ હુકમોની બજાવણી થાય તે પહેલાં શાહ ઇસમાઇલ મિરઝા મરણ પામ્યો, એટલે મુહમ્મદ મિરઝા અને તેનું કુટુંબ એવા કટોકટીના સંજોગોમાંથી બચી ગયું. આ તકનો લાભ લઇ મુહમ્મદ મિરઝાએ શાહપદ ધારણ કર્યું.

## ઇરાનમાં અવ્યવસ્થા–તુર્કોના હુમલા.

હિજરી સન ૯૮૯ માં આખા દેશમાં દુકાળ પડ્યો અને અર્દબીલમાં એક લાખ ત્રીસ હજાર માણસો માર્યા ગયા હતા. એજ રાજ્યઅમલમાં તુર્ક ઉઝબેક અને કપચાકના તાતારીઓએ ઇરાન પર હુમલાઓ કર્યા હતા, પરંતુ વઝીરની કુશળતાથી દેશનું રક્ષણ થયું હતું. આ સમયે આઝરબાયજાન પરના તુર્ક હુમલામાં તેમના ઘણા શુરવીર સરદારો માર્યા ગયા હતા. શાહની દ્રષ્ટિ ઝાંખી હોઇ, શાહ પોતાની આ અશક્તિ સમજતો હતો અને એ સબબે તેણે સઘળો કારોબાર પોતાના વઝીર મિરઝા સુલેમાનને સોંપ્યો હતો. શાહ મુહમ્મદ મિરઝાના રાજ્યકારોબાર અને તેની સ્થિતિથી ખુરાસાનના સફવી ઉમરાવો સંતુષ્ટ ન્હોતા. તેઓ તેના પુત્ર અબ્બાસ મિરઝાના હાથમાં રાજતંત્ર સોંપવા ચાહતા હતા. આ હેતુસર તેઓએ બળવો ઉઠાવ્યો અને તે સફળ થતાં રાજા તરીકે અબ્બાસ મિરઝાને જાહેર કર્યો. આ ઘટના હિજરી સન ૯૯૦ માં બની હતી. આ ઉપરથી વઝીર સુલેમાને શાહ મુહમ્મદ મિરઝાનું રક્ષણ માગ્યું, પરંતુ તેને તરછોડી કહાડવામાં આવ્યો. રાજ્યની આંતરિક અને વ્યવહારની અવ્યવસ્થા પર કાબુ નહિ રાખી શકવાથી શાહ મુહમ્મદ મિરઝાએ રાજ્યપરથી હાથ ઉઠાવી લીધો અને તુર્કોએ પણ ફરીથી ઇરાન પર હુમલાઓ લાવવા માંડયા.

## સૈયદ દાદુ પીરની "વકીલાત".

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ના સમયમાં સૈયદ દાદુ પીર થઇ ગયા છે. તેમને "પીર"નું સંબોધન માત્ર એક માન તરીકે લગાડવામાં આવે છે જો કે ઇમામ તરફથી તેમને "પીરાતન" મળી નહોતી. સૈયદ દાદુએ હિજરી સન ૯૯૨ માં ઇરાનના "અન્જુદાન" ગામમાં જઇને ઇમામની મુલાકાત લીધી હતી, અને ઇમામે તેમને "વકીલ તરીકે નિમણુંક કરીને માલેવાજબાત વસુલ કરવા આજ્ઞા આપી હતી. તેઓ પ્રસંગોપાત જમાતોમાં ઉપદેશ પણ કરતા હતા.

"કાબા તીમિર ભાસ્કર" નામની કૃતિમાં લખેલું છે કે, સિંધમાં સૈયદ દાદુપીર "પીરદાદ"ના નામે ઓળખાતા હતા. તેઓ ઘણા હુશિયાર હતા. તેઓ દરબાનેથી "વકીલ"ની પાઘડી બાંધી આવ્યા હતા. તેમના પર ઇસમાઇલી મુરીદોનો બહુ ભાવ હતો તેમણે કેટલાક મુરીદો પણ વધાર્યા હતા. "ભલો" નામનો એક શખ્સ લોહાણામાંથી ખોજો થયો હતો, તેને ઘેર ઔલાદ ન્હોતી. તે ફતેહબાગ ગુલામ હૈદરના ટન્ડા પાસે રહેતો હતો. સૈયદ દાદુ પીર પણ ત્યાંના વતની હતા. ભલા લુહાણાએ સૈયદ દાદુ પીર પાસેથી ઔલાદની માંગણી કરી. તેઓએ કહ્યું:–"જો તમો ખોજા થાવ તો અમો દુઆ કરીએ!" તેણે હા પાડી. સૈયદ દાદુ પીરે દુઆ ગુજારી અને ભલાને ત્યાં પુત્ર થયો. તેનું નામ લાખો રાખ્યું અને ભલા લોહાણાએ ખોજા ઇસમાઇલી મઝહબનો અંગીકાર કર્યો.

સિંધનો રાજ્યકર્તા મહમદ સુમરો સૈયદ દાદુ પીર સાથે ઘણી અદાવત રાખતો હતો, કારણ કે કહેવાતી "સુમરા" કોમ પ્રથમ ઇસમાઇલી હતી, પરંતુ પાછળથી તેઓ સુન્ની થયા હતા. આ સબબે સૈયદ દાદુ પીરને ત્યાં રહેવાનું મુશ્કેલ થઇ પડયું હતું.

## સૈયદ દાદુ પીરનો કચ્છનિવાસ.

આ સમયે કચ્છ ખાતે ભુજમાં મહારાવ શ્રી ભારમલજી રાજ્ય કરતા હતા તેઓને સૈયદ દાદુ પીરે એક કાગળ લખી કચ્છ આવવા પોતાની ઇચ્છા દર્શાવી; દરબારે તેમને પોતાના મુરીદો સાથે આવવાની ખુશીથી રજા આપી અને કચ્છમાં રહેવાને માટે જગ્યા આપવાનું પણ જણાવ્યું. આ પરવાનગી અનુસાર સૈયદ દાદુ પીર ચાલીસ કુટુંબો સહિત કચ્છ ભુજ તરફ રવાના થયા. જેમાં 'ભલો' અને તેનો પુત્ર 'લાખો' પણ હતો. દરબારે આ સવ્વાળાનો ઘણો સત્કાર કર્યો અને રહેવા માટેની જગ્યા ભેટ આપી.

સૈયદ દાદુ પીર બાવા હાશમના વંશમાંથી ઉતરી આવ્યા હતા, બાવા હાશમનું હિંદુશાહી નામ હરીચંદ હતું. બાવા હાશમના ગુલમહમદ થયા અને તેમના પુત્ર મહેરદીન થયા. એમને બોરીવાબના હિંદુ નામે પણ બોલાવતા હતા. તેમના પુત્ર ખયરદીન થયા. એમનું હિંદુ નામ ખેરાજ હતું. તેના પુત્ર આસર થયા. જેનું હિંદુ નામ 'જેસર' રખાયું. આસરને ત્રણ પુત્ર થયા; એક આસદીન બીજા જમરૂદીન અને ત્રીજા દાઉદ. આ ત્રીજા પુત્રનું નામ દાઉદ પરથી દાદુ થયું અને પાછળથી તેઓ સૈયદ દાદુ પીરના નામથી જાણીતા થયા.

## ઇમામ ખલીલુલ્લાહ (અ.)થી ઇમામ નિઝાર (અ.) સુધી સેવા.

સૈયદ દાદુ પીરના પુર્વજોનો સંબંધ હઝરત ઇમામ ઇસ્લામશાહ અ.ના વખતથી નિઝારી ઇમામોથી જોડાયેલો જણાય છે. સૈયદ ઇમામશાહના કથનમાં એક ઉલ્લેખ મળી આવે છે કે, હઝરત ઇમામ નુરશાહ અ. જેમનું બીજું નામ ઇમામ ઇસ્લામશાહ અ. હતું, તેઓ સાથે સૈયદ દાદુ પીરના પુર્વજ બાવા ગુલમુહમ્મદે સૈયદ ઇમામશાહની મુલાકાત કરાવી હતી. સૈયદ દાદુ પીરના ભાઈ આસદીન તથા જમરૂદીનને સિંધ ખાતે 'ફતેહબાગ'માં સુમરાઓએ મારી નાખ્યા. તેઓ બન્નેને ત્યાં ખાતે દફનાવીને તેના ઉપર રોઝો બાંધવામાં આવ્યો છે. આ રોઝો ખોજાઓએ બંધાવ્યો છે.

સૈયદ દાદુ પીરની વફાત ભુજ ખાતે હિજરી સન ૧૦૦૫માં થઇ ત્યારે હઝરત ઇમામ ખલીલુલ્લાહ અલી અ.ના પુત્ર હઝરત ઇમામ શાહ નિઝાર અ. બીજાની ઇમામતનું ૧૨મું વર્ષ ચાલતું હતું. સૈયદ દાદુ પીરનો રોઝો કચ્છ ભુજ ખાતે કિલ્લા બહાર ઉત્તર દિશાએ આવેલો છે. જ્યાં દર વર્ષે મેળો ભરાય છે અને કચ્છના દરબાર છડી સવારીએ સલામ ભરવા આવે છે. આ રોઝો ઘણો ભવ્ય અને દીપાયમાન છે. નવાનગર નિવાસી ધરમસી નામના ખોજાએ તે બંધાવ્યો હતો.

## મુરીદોની સ્થિતિ—અન્જુદાનમાં શાહ ખલીલુલ્લાહ અલી (અ.)ની વફાત.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના સમયમાં ઇસમાઇલી મઝહબનો પ્રચાર ઘણો થયો હતો. આ સમયમાં રાજ્યકર્તાઓના દબાણથી કેટલાક "ખ્વાજા" તરીકે ઓળખાતા પંજાબી ઇસમાઇલીઓ એટલે સુન્નત વલ જમાતમાં ભળી ગયા હતા, જ્યારે કેટલાક શીઆ ઇસ્નાઅશરી બન્યા હતા. તેનું મુખ્ય કારણ એ હતુ કે, પંજાબ તથા મુલતાનમાં એ સમયે દઅવતનો પ્રચાર જરા મંદ પડી ગયો હતો.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. હિજરી સન ૯૯૩માં વફાત પામ્યા હતા. તેઓશ્રીની અંતિમ આરામગાહ 'અન્જુદાન'માં આવેલી છે. તેઓશ્રીની વફાત બાદ તેઓ નામદારના પુત્ર હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઇમામતની મસનદ પર બિરાજ્યા.

# HAZRAT MOWLANA IMAM NIZAR II

( A. H. 993—1038 )

—:o:—

( ૪૦ )

# હઝરત મૌલાના ઈમામ નિઝાર અ° (બીજા)

( હિજરી સન ૯૯૩—૧૦૩૮ )

હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઇમામતની મસનદ પર હિજરી સન ૯૯૩માં બિરાજમાન થયા હતા. તેઓશ્રી ઇમામતની મસનદ પર આવ્યા પછી ઇસમાઇલીઓ ઘણા પ્રસિધ્ધિમાં આવ્યા હતા અને ઇમામે પણ ઘણી ઝહુરાત કરી હતી. તેઓશ્રી ઇરાનના બાદશાહોના સમાગમમાં પણ આવવા પામ્યા હતા.

"ગુલઝારે શમ્સ"માં લખે છે કે ઇમામ શાહ નિઝાર અ.ને "અતાઉલ્લાહ" પણ કહે છે. તેઓશ્રીએ કોહબંદી પાસે એક ગામ વસાવ્યું હતું, જે 'કોહકે શાહ નિઝાર'ના નામે જાણીતું છે. એ સ્થળે હિંદુસ્તાનના ખોજા ઇસમાઇલી મુરીદો ઇમામની મુલાકાત અર્થે આવતા હતા, એ સમયે એ સ્થાન 'દરખાનું' કહેવાતું હતું. કેટલાક હિંદુસ્તાની ઇસમાઇલી ખોજાઓ અને ગુર્જીસ્તાનના કેટલાક ઇસમાઇલીઓ ત્યાં ખાતે વસવાટ કરી રહ્યા હતા, જેઓ 'અતાઇલાહી'ના નામે ઓળખાય છે. હઝરત ઇમામ શાહ નિઝાર અ.ની 'કહેક'માં વફાત થઇ હતી.

## "કહેક" નગરી—"બાગે તખ્ત."

"આસારે મુહમ્મદી"ની કૃતિમાં દર્શાવવામાં આવ્યું છે કે હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા પછી 'કુહબંદી' પાસે જે ગામ વસાવ્યું હતું, તેમાં આરસપહાણની ખાણો આવેલી હતી. આ ગામમાં એક નવું ખેતીવાડીનું કેન્દ્ર આબાદ થયું હતું જે ગામ 'કુહકે આગા નિઝાર'ના નામથી જાણીતું છે. આ ગામમાં એક સુંદર બગીચો બનાવવામાં આવ્યો હતો. હાલમાં પણ તે હસ્તી ધરાવે છે અને તેનું નામ "બાગે તખ્ત" રાખવામાં આવ્યું છે. આ બગીચામાં આરસપહાણના એકજ પથ્થરનું તખ્ત બનાવવામાં આવેલું હોઇ બાગ સાથે તેનો સંબંધ દર્શાવનારૂં ઉપરનું નામ અપાયું છે. એ પ્રકારની બીજી પણ કેટલીક યાદગીરીઓ ત્યાં ખાતે જળવાઇ રહી છે અને જે જગ્યામાં ખેડુતો ખેતીનું કામ કરે છે, તેને "નિઝારાબાદ" કહેવામાં આવે છે. મોટે ભાગે તે ખંડીયેર થઇ પડ્યું હતું, તેને ખેડૂતોએ ફરીથી વસાવ્યું છે.

HAZART IMAM SHAH NIZAR II: The 40th Imam of Ismailis,



હઝરત ઇમામ શાહ નિઝાર (બીજા) : ઇસ્માઇલીઓના ૪૦ મા ઇમામ

## કહેકના ભવ્ય રોઝાનો ચમત્કાર.

"કહેક"માં એક ભવ્ય રોઝો બંધાવવામાં આવ્યો છે, જે વફાત પામેલા ઇમામોનું આખરી વિશ્રામ સ્થળ છે અને તેમાં ઇમામોના બાળબચ્ચાંઓની કબરો પણ આવેલી છે. આ રોઝામાં ઘેટીઓના ઘીનો દીવો બાળવાનો રિવાજ છે. બીજા કોઇપણ પ્રકારનું તેલ ભરી દીવો બાળતાં બળી શકતો નથી. આ વાત કાંઇ છુપાએલી નથી; જેઓ એ બિના સ્વીકારવા તૈયાર ન હોય તેઓ ત્યાં જઇને પોતાની આંખે એ ચમત્કાર જોઇ શકે છે. હઝરત ઇમામ શાહ નિઝારે કેટલાક હબસી ગુલામોને ખેતીવાડી અર્થે રાખી પોતે પણ ત્યાં વસતા હતા. આ ઇસ્માઇલી મુરીદો અર્થાત "અતાઇલાહીઓ" (અતાશાહીઓ) પોતાના આકાની સેવામાં નિત્ય રચ્યા પચ્યા રહેતા હતા અને જાનમાલ કુરબાન કરવામાં પોતાની ખરી ફરજ સમજતા હતા. સઘળા અતાઇલાહીઓ શુરવીર અને લડવૈયા હતા.

## કુહબંદીમાં દરખાનું.

રશિયન મુસાફર ડૉ. ઇવેનોવ જણાવે છે કે, હઝરત ઇમામ શાહ નિઝાર અ. (બીજા) હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. (પહેલા)ના પુત્ર હતા. ઇમામને તેમની છુટા હાથની વિપુળ બક્ષિસોને કારણે "અતાશાહ" પણ કહેતા હતા. સફવી વંશના રાજ્યના અંત સુધી તેઓ વિદ્યમાન હતા. સુરી-જગતમાં તેઓ અગત્યનું સ્થાન ધરાવતા હતા, ઉત્તર ઇરાનમાં સીરજાન જીલ્લા અને કેરમાન શહેરથી તેમનો સંબંધ હતો. દક્ષિણ ઇરાનમાં આવેલા ખુરાશાન પ્રાંતમાંના ચારાપાણીની શોધમાં ફરતાં (નોમેડ) લોકો એ જીલ્લામાં આવીને વસ્યા હતા અને તેઓ હજુ પણ ત્યાં વસે છે. હઝરત ઇમામ શાહ નિઝાર અ. એ પોતાના મુરીદોના માટે "કુહબંદી" પાસે એક ગામ વસાવ્યું હતું, જ્યાં જુદા જુદા ભાગોમાંથી આવેલા ઇસમાઇલી મુરીદો વસ્યા હતા, અને "દરખાનું" પણ ત્યાં સ્થાપવામાં આવ્યું હતું. એમના મુરીદો એ વિભાગમાં "અતાશાહી"ના નામે પણ ઓળખાય છે.

## શાહ અબ્બાસ સફવી રાજ્યગાદીએ.

સફવી વંશમાં પરસ્પરના કુટુંબી કલહના ઝમાના દરમ્યાન હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઇમામતની મસનદ ઉપર આવ્યા હતા. પોતાના પિતાશ્રીનું "અન્જુદાન"માંનું નિવાસસ્થાન બદલીને "કેક" "કુહક" અથવા "કેખ્ત"માં તેઓશ્રી આવી રહ્યા હતા. તેઓના સમયમાં ખુરાસાનમાં સફવી વંશના ઉમરાવોનું બળ વધતા અબ્બાસ મિરઝાનો પક્ષ બળવાન બન્યો હતો. વસ્તુસ્થિતિ સમજી જઇને બાદશાહ મુહમ્મદ મિરઝાએ રાજ્ય પરથી હાથ ઉઠાવીને પોતાના પુત્ર અબ્બાસ મિરઝાને હિજરી સન ૯૯૬ માં રાજ્યપદ સોંપી પોતે એકાંતવાસ ધારણ કર્યો અને હિજરી સન ૧૦૦૪ માં તે મરણ પામ્યો.

## હેરાત પર ઉઝબેકોનો ઘેરો—અબ્બાસ સફવીનું મૃત્યુ.

શાહ અબ્બાસ પહેલાના સમયમાં અબદુલ્લાહ ઉઝબેક ફરી હેરાત ઉપર હુમલો લઇ આવ્યો અને તેણે ઘણા શુરવીર સિપાઇઓને મારી નાખ્યા. હેરાતનો સફવી ગવર્નર અલીકુલીખાન પણ તેમાં માર્યો ગયો. ઉઝબેકોએ ચાલીસ દિવસ પર્યંત ઘેરો ઘાલીને હેરાત છતી સઘળા શીઆ ઇસ્નાઅશરીઓની કતલ ચલાવી; ત્યારપછી શાહ અબ્બાસે મોટા લશ્કર સાથે વળતો હુમલો કરતાં ઉઝબેકો તેની સામે ટકી શકયા નહિ અને અંતે તેઓને નાસી જવું પડયું. શાહ અબ્બાસ મશહદના મોરચા પર યુધ્ધમાં

રોકાયેલો હતો, તે દરમ્યાન બીજી તરફથી તુર્કીઓએ કરાબાગ, હમદાન અને નિહાવંદ પર પોતાનો અધિકાર સ્થાપ્યો. મશહદનું યુધ્ધ પુરું થયા પછી પોતાના પાટનગર કઝવીનમાં શાહ અબ્બાસ પાછો આવતાં હિજરી સન ૯૯૯ માં સુલતાન સલીમ સાથે સુલેહના કરાર થયા, જેની રૂએ તુર્કોએ જીતેલા ઈલાકા શાહ અબ્બાસે પાછા મેળવ્યા પછી ઇસ્ફહાનને પોતાની રાજધાની બનાવી.

હિજરી સન ૧૦૦૪ માં અબદુલ મોમિન બિન અબદુલ્લાહે ખુરાસાનમાં આવીને સબ્ઝવારમાં લુંટ ચલાવી. બાદશાહી લશ્કર મુકાબલા માટે આવતાં તે નાસી છુટયો. હિજરી સન ૧૦૦૬ માં અબદુલ્લાહ ઉઝબેક બુખારા ખાતે મરણ પામ્યો અને તેનો પુત્ર અબદુલ મોમિન પણ લડાઇમાં માર્યો ગયો. શાહ અબ્બાસને પોતાની જીવન કારકીર્દિમાં ઘણા યુધ્ધોમાં રોકાવું પડયું હતું છતાં રાજ્યની આબાદાની વધારી હિજરી સન ૧૦૩૮ માં તે મરણ પામ્યો.

## ઇસ્માઇલી કવિ કાસિમ અન્રી શિરાઝી.

હઝરત ઇમામ શાહ નિઝાર અ. ના સમયમાં કાસિમ અન્રી શિરાઝી નામના એક ઇસમાઇલી કવિ હયાત હતા, જેઓએ ઇમામત અને ઇસમાઇલી ફિલસુફી પર કાવ્ય લખ્યા છે. કવિ ઉપર મુલ્હિદ અને નાસ્તિકતાનો આરોપ મુકી હિજરી સન ૯૯૯ માં તેમને શિરાઝ ખાતે ફાંસી દઇને મારી નાખવામાં આવ્યા હતા. એ કવિના આજે પણ કાવ્યો મળી આવે છે. કવિવર નાસીર ખુશ્રો પછી ખુરાસાનીથી એમની કાવ્ય પધ્ધતિ ઘણી સાવધાનીભરી અને સરળ છે.

## મિશનરી સૈયદ અબદુલ નબી.

હઝરત ઇમામ શાહ નિઝાર અ. ના ઝમાનામાં સૈયદ અબદુલ નબી નામના એક મિશનરી હતા, જેઓ ઇસ્માઇલી જમાતોમાં હિદાયત કરવા અર્થે ગ્નાનો રચી, બોધરૂપે સંભળાવતા હતા અને વાએઝ પણ કરતા હતા. સૈયદ અબદુલ નબી પોતાના એક ગ્નાન (બોધ કાવ્યો)માં કહે છે કેઃ—


**એજી કાયમ સ્વામી કેકમાં બેઠા, ને અલી રૂપે અવતારજી.**
**પાત્ર સિતોતેર ઇમામ ચાલીસ, પરતક શાહ નિઝારજી.**

ભાવાર્થ:—કાયમ ઇમામ "કેક"માં બેઠા છે, જેઓ અલી સ્વરૂપે છે. હઝરત પીર સદરૂદીનની ઉપદેશ શ્રેણી અનુસાર સિતોતેર પાત્ર થયા છે જ્યારે આજે ચાલીસમાં ઇમામ પ્રગટ અને મૌજુદ છે, જે ઇમામ શાહ નિઝાર અ. છે.

## નિઆમતુલ્લાશાહી સુફી સંપ્રદાયના વડા-ઇમામ શાહ નિઝાર અ૦

પ્રોફેસર બ્રાઉનની કૃતિ લિટરરી હિસ્ટરી ઓફ પરશિયા તથા લેફટેનન્ટ કર્નલ સાઇકસના ગ્રંથ "ઇરાનમાં આઠ માસ"ના આધારે જણાય છે કે હઝરત ઇમામ શાહ નિઝાર અ. સફવી વંશના રાજ્ય અમલના છેવટના ભાગ સુધી હયાત હતા. તેઓશ્રી નિઆમતુલ્લાહ શાહના સુફી સંપ્રદાયના એક વડા અધિકારી હતા, અને અતાઉલ્લાહશાહના નામે ઓળખાતા હતા. હઝરત ઇમામ શાહ નિઝાર અ. ના અનુયાયીઓ પહેલાં ખુરાસાન પ્રાંતમાં વસતા હતા. તેઓ સઘળા હઝરત ઇમામના સમયમાં કેરમાન પ્રાંતમાં આવી રહ્યા હતા. "કુહકે નિઝાર" નામનું ગામ એમના માટે વસાવવામાં આવ્યું હતું, જ્યાં "અતાઇલ્લાહીઓ" આવી આબાદ થયા હતા. હવે નિઆમતુલ્લાહશાહ સુફી કોણ હતા તે આપણે જોઇશુ.

THE MARBLE PULPIT OF IMAM SHAH NIZAR II
At Kahk From Which The Imam Preached To His Followers.



આગે તખત
(જુઓ પાનું ૩૭૬)

# ઈરાનના કવિ સંત નિઆમતુલ્લાહશાહ સુફી.

ઇરાનમાં નિઆમતુલ્લાહશાહ સુફી એક મહાન કવિ, સંત અને ગુહ્યવાદી હતા. તેમના જીવનનું ટુંક વૃત્તાંત મી૦ રિયુએ "પરશિયન કેટલોગ"માં આપેલું છે. (૧) તેમનું પુરૂં નામ અમીર નુરૂદીન નિઆમતુલ્લાહશાહ કેરમાની અને તેમના પિતાનું નામ મીર અબ્દુલ્લાહ છે. તેઓ હઝરત ઇમામ મુહમ્મદ બાકિર અ.ના વંશથી ઉતરી આવેલા હોવાનો દાવો કરતા હતા. તેઓની અટક સૈયદ છે અને તેઓ સુફી શેખ હોવાથી "શાહ"ના નામે પણ ઓળખાય છે.

સુફી નિઆમતુલ્લાહશાહનો જન્મ હિજરી સન ૭૩૦માં હલબ ખાતે થયો હતો. તેમણે પોતાની યુવાવસ્થાનો ઘણોખરો સમય ઇરાકમાં પસાર કર્યો હતો. ચોવીશ વર્ષની વયે તેમણે મકકા શરીફની મુસાફરી કરી સાત વર્ષ પર્યંત ત્યાં રહ્યા હતા. જ્યાં તેઓ શેખ અબ્દુલ્લાહ યાફ્ઇ નામના એક વિખ્યાત સુફી કવિ અને ઇતિહાસવેત્તાના મુખ્ય શિષ્ય થવા પામ્યા હતા. ત્યારપછી એમણે પોતાનું જીવન સમરકંદ, હેરાત અને યઝદમાં પસાર કર્યું હતું. અને જીવનનાં છેલ્લા પચીસ વર્ષ કેરમાન નજદીકના "માહાન" નામના ગામડામાં પસાર કર્યા હતા.

"પરશિયન કેટલોગ"માં મી. રિયુના જણાવ્યા અનુસાર સુફી નિઆમતુલ્લાહશાહે પાંચસોથી વધારે રિસાલા લખ્યા છે, જો કે તેમની મુખ્ય કૃતિ ગઝલોનું 'દિવાન' છે. એમના કાવ્યો કવિવર મધરિબી અને શમ્સ તબ્રીઝીના કાવ્યોનાં ઢબનાં છે. તેમની કવિતાઓનો મોટો ભાગ સુફીવાદના "વહેદતુલ વુજુદ"નો સિદ્ધાંત દર્શાવે છે. તેઓએ પોતાના જીવનનાં અંત સુધી કવિતાઓ રચવાનું ચાલુ રાખ્યું હતું. તેઓ એક કવિ કરતાં ગુહ્યવાદી–સુફી તરીકે વધારે ખ્યાતિ પામ્યા છે. તેઓ દરવીશોના મોટા શેખ હતા, તેથી તેમના નામની પાછળ "શાહ"નો શબ્દ વાપરવામાં આવે છે.

*સુફી નિઆમતુલ્લાહશાહ કેરમાનીની વફાત હિજરી સન ૮૩૪ના રજબ માસની તા. ૨૨મીએ કેરમાન નજદીકના "માહાન" નામના એક સુંદર ગામડામાં થઇ હતી, જ્યાં તેમનો દુમિદાહ કરવામાં આવ્યો હતો. તેમની મઝાર પાસે એક સુશોભિત "મઠ" બાંધવામાં આવેલો છે, જેમાં સુફી નિઆમતુલ્લાહશાહે સ્થાપેલ "સુફીઓના સંઘ"ના દરવીશોનું નિવાસસ્થાન છે.

## વફાત.

હઝરત ઇમામ શાહ નિઝાર અ. ઘણાજ ગૌરવ સાથે લગભગ ૪૫ વર્ષ ઇમામત ભોગવી હિજરી સન ૧૦૩૮માં વફાત પામ્યા હતા. તેઓશ્રીની મઝાર "કહેક" નગરીમાં આવેલી છે, જેના ઉપર એક ભવ્ય રોઝો બાંધવામાં આવ્યો છે. એક વખતે ઇસમાઈલીઓનું આ મુખ્ય ધામ હતું. તેઓ નામદાર પછી તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ સૈયદઅલી અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

૧. જુઓ "હિસ્ટ્રી ઓફ પરશિયન લિટરેચર અન્ડર ટાર્ટર ડુમીનીયન પાનું ૪૬૪.

# HAZRAT MOWLANA IMAM SAYYID ALI.

( A. H. 1038-1071 )

(૪૧)

# હઝરત મૌલાના ઈમામ સૈયદઅલી અ૦

(હિજરી સન ૧૦૩૮-૧૦૭૧)

હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ. હિજરી સન ૧૦૩૮માં ઇમામતની મસનદ ઉપર બિરાજમાન થયા હતા. એ સમયે ઇમામોનો સંબંધ રાજ્ય સાથે જોડાતાં ઇમામોએ રાજકારણમાં ભાગ લેવાની શરૂઆત કરી હતી અને સામાન્ય રીતે એ યુગમાં અતાઇલાહીઓ તરીકે ઓળખાતા તેમના મુરીદો લશ્કર તથા પોલીસમાં જોડાવા લાગ્યા હતા.

## ઇસ્માઇલી ઇમામ કેરમાનના હાકિમ—રાજ્યમાં અસંખ્ય સુધારાવધારા.

'ગુલઝારે શમ્સ'માં જણાવવામાં આવ્યું છે કે હઝરત ઇમામ શાહ નિઝાર અ.ના પુત્ર ઇમામ સૈયદઅલી અ.ને સફવી વંશના શાહ તરફથી કેરમાનના હાકિમ મુકરર કરવામાં આવ્યા હતા, અને તેમની વફાત પણ કેરમાનમાં થઇ હતી.

'આસારે મુહમ્મદી'માં જણાવવામાં આવ્યું છે કે, હઝરત ઇમામ શાહ નિઝાર અલી અ.ના પુત્ર ઇસમાઇલ આગા હસન શાહ સૈયદ અબુલ હસન બેગ જેઓ હઝરત ઇમામ શાહ સૈયદઅલીના નામે ઓળખાય છે, તેઓ ઇમામતની મસનદ ઉપર આવી પોતાના મુરીદોની રહેબરી કરવા લાગ્યા. તેઓશ્રીએ બાબક તથા કેરમાનમાં પોતાનું રહેઠાણ રાખ્યું હતું અને સફવી રાજ્ય તરફથી કેરમાનના હાકિમપદે આવ્યા પછી કેરમાન ઘણું આગળ વધવા પામ્યું હતું અને કોમ કોમ વચ્ચે જે અંટસ ચાલતો હતો તેને પણ ભુંસી નાખવા ઇસ્માઇલીઓ તરફથી કોશિશ કરવામાં આવતી હતી. પરિણામે ઇસ્માઇલીઓનો કેરમાન ખાતેનો વસવાટ સઘળી પ્રજા માટે ધ્યાન ખેંચનારો થઇ પડયો હતો. તે સમયે ઇમામના હાકિમપદના સંબંધમાં અનેક તર્કો બંધાતા હતા અને બિન ઇસમાઇલી પ્રજામાં આ બનાવથી સનસનાટી ફેલાઈ ગઇ હતી.

## શાહ સફી અને શાહ અબ્બાસ બીજો—રાજ્યમાં દારૂબંધી.

હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ. ઇમામતની મસનદે આવ્યા ત્યારે શાહ અબ્બાસ મૃત્યુના બિછાના પર પડયા હતા. તેને તેના જાંનશીન માટે પુછવામાં આવતાં તેણે પોતાના પુત્ર શાહ મિરઝાને રાજ્યપદ આપવાની ભલામણ કરી હતી. શાહ અબ્બાસના પુત્ર સફી મિરઝાનું ખુન આ પહેલાં થઇ ગયું હતું.

જેથી હિજરી સન ૧૦૩૮માં શાહ મિરઝા ગાદીએ આવ્યો અને તેણે શાહ સફીનું નામ ધારણ કર્યું. શાહ સફી ઘણો ઘાતકી સ્વભાવનો હતો અને નશામાં ચકચુર રહેતો હતો, તેના પરિણામે દેશમાં ઘણા બળવાઓ જાગ્યા હતા. નશાની ધુનમાં તેણે ઘણા નિર્દોષ મનુષ્યોને કતલ કરાવ્યા હતા. શાહ અબ્બાસે પોતાના જીવનમાં બગદાદ જીત્યું હતું, તે પાછું તુર્કી સુલતાન મુરાદે તેની પાસેથી છીનવી લીધું અને કન્દહારના સફવી ગવર્નરે હિંદના સમ્રાટ શાહજહાન સાથે મળીને કન્દહાર તેને સોંપી દીધું. હિજરી સન ૧૦૫૨માં શાહ સફી મરણ પામતાં શાહ અબ્બાસ બીજો ગાદી પર આવ્યો. આ સમયે હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ.ને ઇમામત પર બિરાજવાને ચૌદમું વર્ષ ચાલતું હતું. એજ મુદત દરમ્યાન કંદહાર પાછું જીતી લેવામાં આવ્યું. સમ્રાટ શાહ જહાનના શાહઝાદા દારા શિકોહ અને ઔરંગઝેબના સામા હુમલાઓ છતાં તેઓનું કાંઇ ચાલ્યું નહિ. આ શાહ અબ્બાસે પોતાના રાજ્યમાં શરાબની બંધી કરી હતી અને શરાબીને મોત સુધીની સજા કરવામાં તે પાછી પાની કરતો નહોતો. તેણે તુર્કસ્તાન અને અફઘાનિસ્તાન દ્વારા ઇરાન પર હુમલાઓ ન થાય તે માટે પણ ઘણા સાવચેતીભર્યા પગલા લીધા હતા.

## અતાઇલ્લાહી ઇસ્માઇલીઓની રાજ્યને ઉપયોગી સહાયતા.

હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ. હાકિમનો દરજ્જો ધરાવતા હોવાથી તેઓ નામદારે પણ પોતાના મુરીદો મારફત રાજ્યને ઘણી સહાયતા કરી હતી. તેઓ નામદારની રાહબરી તળે રાજ્યકારોબાર સુધારા પર હોઇ દરેક જાતના નશાને રાજ્યમાંથી નાબુદ કરવાનો કાયદો ઘડવામાં આવ્યો હતો. જો કે રાજ્યસત્તા શીઆ ઇસ્નાઅશરી ધર્મ પાળતા શાહ હસ્તક કહેવાતી હતી, પરંતુ મોટા શહેરોમાં જ્યાં કેળવાયેલા સજ્જનો રહેતા હતા તેઓમાં કોઇપણ જાતનો પક્ષપાત નહોતો અને ઇરાન પર ચોમેરથી આક્રમણ આવવાનો સદા ભય રહેતો હોવાથી ઇસ્માઇલી 'અતાશાહી' (અતાઇલ્લાહી) તથા 'નોમેડ'ની મદદ રાજ્યને ઘણી ઉપયોગી થઇ પડી હતી.

## વફાત.

સફવી શાહે લાંબી દ્રષ્ટિએ હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ.ને હાકિમની પદવી અર્પણ કરી હતી, છતાં પણ જ્યાં અંધશ્રધ્ધાળુ ઇસ્નાઅશરીઓ વસવાટ કરી રહ્યા હતા અને જ્યાં બિનકેળવાયેલા અને ધર્માંધ મુલ્લાઓનું જોર હતું, એવા ખેડામાં ઇસમાઇલીઓને પોતાની નાની સંખ્યાને લીધે ખમવું પડયું હતું. તો પણ એકંદરે હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ.ના સમયમાં ઇસમાઇલીઓ અમુક અંશે આઝાદી મેળવી શક્યા હતા. વળી હિંદુસ્તાનથી પણ ઇસમાઇલીઓના ટોળેટોળાં કેરમાન તથા બાબકમાં ઉતરી પડતા હતા, તેની પણ રાજ્યને પેદાશ હતી. એ સંજોગો વચ્ચે ઇમામતનો એ ઝળકતો ઝમાનો હતો. હઝરત ઇમામ શાહ સૈયદઅલી અ. ૩૩ વર્ષ પર્યંત જાહોજલાલી સાથે ઇમામત ભોગવી હિજરી સન ૧૦૭૧માં વફાત પામ્યા હતા. તેમના શબનો કેરમાન ખાતે ભુમિદાહ કરવામાં આવ્યો હતો. તેઓ નામદાર પછી તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ શાહ હસનઅલીશાહ અ. (પહેલા) ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

# HAZRAT MOWLANA IMAM HASSAN ALI SHAH I.

(A. H. 1071—1106)

(૪૨)

# હઝરત મૌલાના ઈમામ હસનઅલી શાહ અ૰ (પહેલા)

(હિજરી સન ૧૦૭૧—૧૧૦૬)

હઝરત ઇમામ હસનઅલી શાહ અ. (પહેલા) હિજરી સન ૧૦૭૧માં ઈમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. તેઓશ્રીનો મુબારક જન્મ કહેકમાં થયો હતો. તેઓ નામદાર રાજકારણ અને તબ્લીગ માટે ઘણો ચાહ ધરાવતા હતા. તેઓશ્રીના સમયમાં ઇસમાઇલી મુરીદોની સંખ્યામાં ઘણો વધારો થવા પામ્યો હતો. ઇમામના કુટુંબીઓ તથા ગુલામો પણ ઇમામની આજ્ઞાનુસાર દઅવતં કાર્યને અંગે અતરાફના દેશોમાં ફરી વળ્યા હતા. હિંદુસ્તાનથી આવેલા મિશનરીઓ પણ ઇરાનના જુદા જુદા પ્રગણામાં દઅવતનું કામ કરી રહ્યા હતા.

"ગુલઝારે શમ્સ"માં લખે છે કે હઝરત ઇમામ હસનઅલી શાહ અ.નું રહેઠાણ 'કહેક'માં હતું. તેમની વફાત પણ ત્યાં ખાતે થઇ હતી. તેઓ નામદારના શબનો શાહ નજફ લઇ જઇ ત્યાં ખાતે ભુમિદાહ કરવામાં આવ્યો હતો.

## "પીરોની પુઠીયું" પર પ્રકાશ—વકીલાતનો યુગ.

"આંસારે મુહમ્મદી"માં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, "અતાઉલ્લાહ" અર્થાત હઝરત ઇમામ શાહ નિઝાર અ. કેરમાન પ્રગણામાં વસવાટ કરી રહ્યા હતા, પરંતુ તેઓશ્રીના પૌત્ર શાહ હસન અલી અ. જેમને હઝરત બાકિરશાહ પણ કહે છે, તેઓશ્રીના સમયમાં કેરમાનનો સંબંધ જુદો પડી ગયો હતો, અને તેઓએ પોતાના છેલ્લા દિવસો મહેલાતમાં ગુજાર્યા હતા. હઝરત ઇમામ હસનઅલી શાહ અ.ના સમયથી 'પીરોની 'પુઠીયું' અર્થાત દાઇઓનો સિલસિલો જોતાં પીર મહેરાબ બેગ, પીર અલી અસગર બેગ, પીર અલી અકબર બેગના નામો મળી આવે છે. આ સઘળા નામો તુર્કી પધ્ધતિના છે. આ ઉપરથી જણાય છે કે એ ત્રણે પીરોના સમયમાં ઇમામતનો નિવાસ ઇરાનના વાયવ્ય દિશામાંના પ્રદેશમાં હતો કે જ્યાંના લોકોમાં તુર્કી સંસ્કારની અસર વધારે પ્રમાણમાં જણાતી હતી. વળી પીર મિરઝાનો લકબ "હાજીબ" તરીકે દેખાય છે. "હાજીબ"નો સામાન્ય અર્થ શાહનો હઝુરીયો થાય છે. આ લકબ બીજા પીરોએ વપરાસમાં લીધેલો હોય એવું જોવામાં આવતું નથી. આ ઉપરથી જાણી શકાય છે કે, હઝરત પીર શમ્સથી હિંદમાં શરૂ થયેલો દઅવતનો સિલસિલો પીર તાજદીન સુધી પ્રબળ રહ્યો હતો અને તે પછી હિંદુસ્તાનમાં 'સાદાત' અને 'વકીલો'એ દઅવતનું કામ ઉપાડી લીધું હતુ.

ત્યારપછીના જે પીરો ઇમામ તરફથી મુકરર કરવામાં આવ્યા હતા. તેઓ મોટે ભાગે ઇરાન અને ઇરાનના તુર્કસ્તાનવાળા ભાગમાં દઅવત કરતા હતા. સત્તાધારી પીર તરીકે પીર તાજદીન (રેહ.) પછી હિંદમાં દઅવતનું કાર્ય આગળ વધારવામાં વચ્ચે ગાળો પડ્યો હતો.

## શાહ સુલેમાન સફવીનો રાજ્યકાળ—આલમુત એક કેદખાનું !

હઝરત ઇમામ હસનઅલી શાહ અ. નો ઇરાનનો રાજ્યકર્તા શાહ અબ્બાસ સફવી (બીજો) સમકાલીન હતો. હિજરી સન ૧૦૭૭ માં તે મરણ પામતાં શાહ સુલેમાન સફવી (પહેલો) ગાદીએ આવ્યો હતો. પરંતુ તે અચાનક બીમારીનો ભોગ થઇ પડતાં તેની તાજપોશી મુલતવી રહી હતી. બીમારીમાંથી સાજો થયા પછી તાજપોશી કરવામાં આવી હતી. આ શાહ ઘણા નબળા વિચારનો અને વિલાસી હતો. તેના રાજ્ય અમલનો ભાગ્યેજ કોઇ એવો દિવસ ગયો હશે જેમાં કોઇ દરબારી કે ખિજમતગારને દુઃખ પહોંચાડવામાં આવ્યું ન હોય ! તેના સમયમાં ઉઝબેકોએ ખુરાસાન ભણી ફરીથી ધાડો પાડવાનું શરૂ કર્યું હતું અને વલંદાઓએ ઇરાનના "કિશ્મ"ના ટાપુ પર કબજો કર્યો હતો. રશિયનો પણ ગીલાન અને માઝન્દ્રાનમાં ઘુસી આવ્યા હતા.

શાહ સુલેમાન સફવીના સમયમાં ઇસમાઇલીઓના પડી ભાંગેલા "આલમુત"ના કિલ્લાને રાજદ્વારી કેદખાના તરીકે ઉપયોગમાં લેવામાં આવ્યો હતો. તાતારી હલાકુખાને અને શાહ તૈમુરે આલમુતમાં કે તેના આજુબાજુના વિસ્તારમાં વસતા ઇસમાઇલીઓનો સર્વાંશે નામો નિશાન મિટાવી દેવાની બિનામાં કેટલું સત્ય છે તે આ બિના ઉપરથી જાણી શકાય છે.

## હલાકુખાન અને તૈમુરના અત્યાચારો પછી–વિપરિત સંજોગોમાં પણ ઇસમાઇલીઓની

રશિયન અભ્યાસી પ્રોફેસર ડબલ્યુ ઇવેનોવનું કથન છે કે, "તાતારી સરદાર હલાકુખાને ઇસ્માઇલીઓની ભયંકર કતલ ચલાવ્યા પછી ઇસમાઇલી પંથનો અંત આવ્યો, એવી માન્યતા આમ જનતા તો શું પણ કેટલાક ઇતિહાસકારોમાં પણ ફેલાયેલી જોવામાં આવે છે, પરંતુ ખરી હકીકત એ માન્યતાને જુઠી સાબિત કરી આપે છે."

સદીઓ પર્યંત ઇસમાઇલીઓ પર દુશ્મન-રાજ્યો તરફથી ચાલુ જોર જુલ્મ ગુજારવામાં આવતો હોવાથી ઘણી વખતે પોતે ઇસમાઇલી હોવાની બિના ગુપ્ત રાખવાની તેઓને ફરજ પડતી હતી, ખાસ કરીને આલમુત ઇસમાઇલીઓના હાથમાંથી જવા પછી ઇસમાઇલીઓ અને તેના દીન અને દુનિયાના સરદારોને કોઇપણ પ્રકારની તકલીફ ન થાય એવા આશયથી ઇસમાઇલીઓ ભારે સાવધાનીથી કામ લેતા હતા, આટલું છતાં તેઓ અત્યંત ગુપ્તપણે તથા સાવચેતીપૂર્વક પોતાના મઝહબનો પ્રચાર કરતા રહ્યા હતા. ઇતિહાસિક પુરાણી-નોંધો પરથી જણાઇ આવે છે કે સંજોગો વિપરિત હોવા છતાં ઇસમાઇલી મઝહબની દિન પ્રતિદિન પ્રગતિ થતી રહી અને જાણે કંઇએ આવરણ આડે ન હોય તેમ તેનો વિકાસ પણ થતો રહ્યો હતો.

## સતત ફાલતું ફુલતું રહેલું ઇસમાઇલી વૃક્ષ—તકિયાની જરૂરીયાત.

પરંતુ જ્યારે સેંકડો વર્ષ પૂર્વે પહેલવહેલાં ઇસમાઇલી મઝહબનો પ્રચાર કરવામાં આવ્યો ત્યારે માત્ર આમજનતાજ નહિ પરંતુ કેટલાક દાખલામાં તો રાજ્યકર્તાઓ સુધ્ધાં આ મઝહબ પાળતા"

થયાં હતા. ઇસ્લામી દેશો પરના મંગોલોના ભયંકર આક્રમણ પૂર્વે અનેક અગત્યના પ્રગણાઓ ઇસમાઇલી સરદારોની છત્રછાયાં હેઠળ સ્વતંત્ર હતા અને સંજોગો ઉપરથી જણાય છે કે, ઘણા લાંબા સમય પર્યંત એ નાના સ્વતંત્ર રાજ્યોને વારંવાર પોતાનું કોડી લેવા માટે પકડા-મુકવામાં આવ્યા હતા. પરંતુ જુદા જુદા રાજ્યકર્તાઓ અને ગવર્નરો–સુબાઓએ જોઇ લીધું હતું કે ઇસમાઇલી કોમ પ્રતિદિન આબાદ થતી જાય છે અને તેથી એકાદ નાનું સરખું બહાનું મળી આવતાં તેઓ અવારનવાર ઇસમાઇલીઓ પર અત્યાચારો ગુજારતા. કેટલાક પરગણાઓના કહેવાતા "આબિદો" પોતાની "પરહેઝગારી"ની જાહેરાત કરવાના તથા પોતે કરેલાં સવાબના કાર્યોનાં બદલામાં જન્નતમાં જગ્યા મેળવવાના આશયથી ઇસમાઇલી પુરૂષ, સ્ત્રી કે બાળબચ્ચાંઓને રહેંસી નાખતા હતા.

આવા પાશવિક કૃત્યોથી ઇસમાઇલીઓને ભારે નુકસાન પહોંચતું રહ્યું, તો પણ ઇસમાઇલી કોમ રૂપી વૃક્ષ સતત ફાલતું ફુલતું રહ્યું. જો કે ધર્મ અને પ્રાણની રક્ષા અર્થે તેમને સખ્ત "તકિયા"માં રહેવાની ફરજ પડી અને ઇસ્લામના જુદા જુદા પંથાવલંબીઓમાં ભળી જઇને પોતાના હમદીનોથી અળગા થઇ વસવાટ કરવાની જરૂરીઆત ઉભી થઇ, પરંતુ ઇરાનનું રાજ્યતંત્ર શીઆ પંથના અનુયાયી સફવીની સત્તા તળે આવ્યું ત્યારે ઇસમાઇલીઓને કંઇક રાહત મળી હતી.(૧)

## ઇરાનમાં મુલ્લાંવાદનું જોર.

"આસારે મુહમ્મદી"ના કથન અનુસાર હિજરી સન ૧૧૦૫ માં હુસેન બિન સુલેમાન રાજ્યગાદી પર આવતાં આરંભકાળમાં ઇર્ષાખોર મુલ્લાંઓના લખાણથી સુફીઓ પર તે સખ્ત જુલમ ગુજારવા લાગ્યા હતા. આટલું છતાં ઇસમાઇલીઓની ભરતી લશ્કર તથા પોલીસમાં હોવાથી તેઓ સાથે પોતાનો સંબંધ સારો રાખવાના તે પ્રયત્ન કરતો હતો. તેણે ઇમામ શાહ હસનઅલી અ. ને કેરમાન પરગણાનું હાકિમપદ અર્પણ કર્યું હતું, ત્યારપછી હઝરત ઇમામે રાજકારણમાં પોતાના પગલા માંડયા હતાં. આ હાકિમપદ એક વર્ષ ભોગવી હઝરત ઇમામ હસનઅલી શાહ અ. હિજરી સન ૧૧૦૬ માં વફાત પામ્યા. તેઓશ્રીના શબનો "શાહ નજફ" ખાતે ભુમિદાહ કરવામાં આવ્યો હતો. તેઓ નામદાર પછી તેઓશ્રીના શાહઝાદા હઝરત કાસમઅલી અ. ઇમામતની મસનદ પર જલ્વાગર થયા.

---

૧. જુઓ ડબલ્યુ. ઇવેનોવનું "શામ અને ખુરાસાનમાં ઇસમાઇલી" નિઝારી વોલ્યુમ ૮ નંબર ૯."

# HAZRAT MOWLANA IMAM SHAH KASSAM ALI.

( A. H. 1106 - 1143 )

( ૪૩ )

## હઝરત મૌલાના ઈમામ શાહ કાસમઅલી અ૦

( હિજરી સન ૧૧૦૬—૧૧૪૩ )

હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.એ હિજરી સન ૧૧૦૬માં ઇમામતની મસનદે બિરાજ્યા પછી મુરીદોના હિત અને દીની બહેતરી કરવાના આશયથી તેઓશ્રી રાજ્યદ્વારી વિષયોમાં ઘણો રસ લેતા હતા. ઈરાનના સમ્રાટ પર તેઓશ્રીનો સારો પ્રભાવ પડતો હતો. ઘણીવાર ઇરાનનો સમ્રાટ રાજ્યના મહત્વના કાર્યોમાં ઇમામ જોડે મંત્રણા કરવાનું અવશ્યનું માનતો હતો. ઇસમાઇલીઓ માટે આ યુગ સુખશાંતિનો હતો.

"આસારે મુહમ્મદી"માં દર્શાવેલું છે કે, પોતાના પિતાની વફાત પછી તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ શાહ કાસમઅલી અ. તેઓશ્રીના કાયમ મુકામ થયા. હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.નો પુત્ર પુત્રાદિનો બહોળો પરિવાર હતો. શાહી ખાનદાન સાથે પણ તેઓ નામદારનો સગાઇ સંબંધ નિકટનો થઈ પડ્યો હતો. એટલે કે સફવી સાદાતો સાથે એમના કુટુંબીઓનું જોડાણ થયું હતું.

'ગુલઝારે શમ્સ'માં જણાવવામાં આવ્યું છે કે, સૈયદ શાહ કાસમશાહ અ. પોતાના પિતાશ્રી પછી કેરમાન પરગણાના હાકિમપદ પર આવ્યા હતા. હઝરત ઇમામનો જન્મ કહેકમાં થયો હતો અને કેરમાન ખાતે તેઓશ્રીની વફાત થઇ હતી. તેઓશ્રીનો ભુમિદાહ પણ એ શહેરમાં કરવામાં આવ્યો હતો. સૈયદ જાફરઅલીશાહ તરીકે પણ હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.ને જણાવવામાં આવ્યા છે.

## વિદ્યાપ્રેમી શાહ હુસેન સફવી—ઈમામ કેરમાનના હાકિમપદે.

"આસારે મુહમ્મદી"ના કથન અનુસાર હઝરત આગા જાફર શાહ અર્થાત હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.ની માતાજીનું નસબ સુફી નિઆમતુલ્લાહશાહ સુધી પહોંચે છે. જેઓ એમના વંશમાંથી ઉતરી આવેલા બાનુ હતા. હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.ના ઝમાનામાં સફવી સુલતાન શાહ હુસેન બિન સુલેમાન હિજરી સન ૧૧૦૫માં ઇરાનના સિંહાસન પર બેઠો. સફવી સમ્રાટ વિદ્યાપ્રેમી હોઇ, એ વિષયમાં તે ઘણો રસ લેતો હતો. એણે બંધાવેલી વિદ્યાપીઠ (કોલેજ) આજેય એ વિદ્યા વિલાસી બાદશાહની કાયમી યાદ આપે છે. વળી વિદ્યારસિક બાદશાહનો પ્રેમ વિદ્યા—ધર્મના મુળ ઉત્પાદક ઇમામે ઝમાન પ્રત્યે હોય એ પણ કુદરતી છે, અને તેથી તેઓશ્રી સાથે તેમનો સારો સંબંધ હતો.

જગવિખ્યાત લુટારૂ નાદિર કુલી અફશારીનો ઉલ્લેખ આગળ જતાં હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ.ના જીવનવૃતાંતમાં આવતો હોવાથી સફવી વંશની પડતીના સમયમાં એણે કેવો મહત્વનો પાઠ ભજવ્યો હતો, તે જાણવું અવશ્યનું હોઇ, આ સ્થળે સફવી વંશના ઇતિહાસ ઉપર એક ઉડતી નજર નાંખવી જરૂરની છે, કારણ કે એ સમયે ઇમામ મહેલાતમાં રહેતા હતા અને કેરમાન પરગણાના હાકિમ હતા.

## શાહ હુસેન સફવી કેદમાં—મૃત્યુ.

હિજરી સન ૧૧૨૩માં મીર ઓવયસખાન ગિલઝાઇએ કન્દહારના કિલ્લેદાર શાહ નવાઝખાનને મારી નાખી કિલ્લો પોતાના કબજામાં લીધો. તેના મરણ પછી તેના પુત્ર મહમુદ ગિલઝાઇએ હેરાત ઉપર અધિકાર જમાવ્યો અને તે સિસ્તાનનો રાજ્યકર્તા થઈ પડયો. શાહ હુસેન સફવીએ તેનો બહાદુરીથી મુકાબલો કર્યો અને હિજરી સન ૧૧૩૫માં કેરમાનનું પરગણું તેણે જીતી લીધું. હુસેન સફવી તેની સામે લડતાં કેદ પકડાયો. ત્યારપછી મહમુદ ગિલઝાઇએ ઇસ્ફહાન પર પોતાની આણ વર્તાવી, પરંતુ શાહ હુસેન સફવીના પુત્ર શાહ તહેમાસ્પ સફવી બીજાએ માઝન્દ્રાનના પ્રાંતનું રાજ્ય પોતાના દસ્તક સંભાળી રાખ્યું. આ અવસરે મહમુદ ગિલઝાઇએ મલેક મુહમ્મદ શયબાનીને સિસ્તાનનો ગવર્નર બનાવ્યો અને નાદિર કુલીની સહાયતાથી ખુરાશાનના કેટલાક પરગણા જીતી લીધા. ત્યારપછી ગિલઝાઇઓથી કોઇ કારણસર નારાજ થઇને શાહ હુસેન સફવીના પુત્ર તહેમાસ્પ સાથે નાદિર કુલી મળી ગયો અને મલેક મુહમ્મદ શયબાનીને પકડી તેની સત્તાનો અંત આણ્યો. નાદિર કુલીની આ દેખીતી મિત્રાચારીભરી લાગણીથી ખુરાસાન તથા સિસ્તાનમાં ફરી તહેમાસ્પ સફવીનું રાજ્ય સ્થપાયું.

નાદિર કુલીના આટલા પ્રયત્ન છતાં મહમુદ ગિલઝાઇની સત્તા પશ્ચિમ ઇરાનમાં ચાલતી હતી. તેણે દુશ્મનીને અંગે સફવી વંશના ઘણા શાહઝાદાઓને મારી નાખ્યા હતા અને અંતે હિજરી સન ૧૧૪૨માં તે પોતે દીવાનો થઇ જઇ પાછળથી મરણ પામ્યો હતો. તેના સ્થાને અશરફખાન ગિલઝાઇ આવ્યો. શાહ હુસેન સફવીના છુટકારા માટે એ સમયનો તુર્કી સુલતાન અશરફખાન પર ચઢાઈ લઇ ગયો, પરંતુ અશરફખાને છેલ્લી ઘડીએ શાહ હુસેન સફવીનો વધ કર્યો અને તુર્કી સુલતાન સાથે સુલેહ કરી લીધી.

## સફવી શાહ તહેમાસ્પ (બીજો).

હિજરી સન ૧૧૩૬માં ઇરાનના રાજ્ય પર ચોમેરથી કાળાં વાદળા છવાઇ ગયા હતા. જે અંતે સફવી વંશની પડતીના કારણરૂપ બન્યા. હેરાત ખાતેના સાદોઝાઈ નામના અફઘાન તાયફાવાળાઓએ બળવો જગાડ્યો અને પોતાને સ્વતંત્ર જાહેર કર્યા. હમદાનની આસપાસના પ્રદેશમાં કુર્દ લોકો ફરી ધસી આવ્યા. ઉઝબેક લોકોએ ખુરાસાન તારાજ કર્યું અને મસ્કતના આરબો બહરૈનનો ટાપુ જીતી લઇને "બંદર અબ્બાસ" પર ચઢાઇ લઇ જવાની ધમકી આપવા લાગ્યા, આ રીતે ચારે ગમથી દુશ્મનોની નાગચુડમાં ઘેરાયેલો સફવી શાહ તહેમાસ્પ ચિંતાતુર બન્યો. તેણે ઇરાની અખાતમાંનો મુલ્ક પોતાના કબજામાં લેવા પ્રયત્ન કર્યો પરંતુ તેમાં તેને નિષ્ફળતા મળી. પોર્ટુગીઝ કાફલાએ બહરૈન ખાતે લશ્કર લઇ જઇને શાહ તહેમાસ્પની મદદ કરવાની કબુલાત આપી હતી, પરંતુ પોર્ટુગીઝોને મસ્કતના રાજ્યકર્તાએ હાર આપવાથી તેઓને હિંદ ખાતે ગોવા ભણી પાછા ફરવાની ફરજ પડી.

હિજરી સન ૧૧૩૭માં રશિયન શહેનશાહ પીટરે શાહ તહેમાસ્પથી કરાર કરી અફઘાનોને ઇરાનમાંથી હાંકી કહાડવા સ્વીકાર્યું, પરંતુ તેના બદલામાં દરબન્દ, બાકુ, ગીલાન, માઝન્દ્રાન અને અસ્તરાબાદ રશિયાને કાયમ માટે સોંપી દેવાની માંગણી કરી હતી. આ કરાર અમલમાં આવે તે પહેલાં સફવી વંશના શાહી

ખાનદાનના ઘણા સભ્યોનો નાશ કરવામાં આવ્યો, આટલું છતાં તુર્કના સુલતાન સાથે એક નાની લડાઇ થયા પછી તુર્ક સુલતાન જોડે સંધિ થઇ જેથી સઘળા મુસ્લિમોના વડા તરીકે તુર્કોનું વડપણ સ્વીકારવામાં આવ્યું હતું.

## નાદિરખાન કુલીનો ઉદય–અફ્શાર વંશનું રાજ્ય સ્થાપવાની મુરાદ.

શાહે તહેમાસ્પ સફવી (બીજો) આ સઘળી વિટંબણાઓ ઝીલ્યા છતાં હજી જીવતો હતો. દુઃખના ઘોર વાદળાં કાંઇ વિખરાવા લાગ્યા હતા. તેના ભાગ્યનો અસ્ત થતો સિતારો ફરી ચમકવા લાગ્યો હતો. તેણે માઝન્દરાનમાં એક લશ્કર એકઠું કર્યું. કાચાર વંશના એક બળવાન સરદાર ફતેહઅલીખાનનો તેણે ટેકો મેળવ્યો. ઇરાની લુંટારાઓનો સરદાર નાદિર કુલી પણ સફવી શાહ તહેમાસ્પ સાથે જોડાયો. તેના હૃદયમાં ઇરાનમાં પોતાના વંશનું સામ્રાજ્ય સ્થાપવાની મુરાદ જાગી હતી, તેમાં કદાચ કાચારવંશ આડખીલીરૂપ થઇ પડે તે માટે તેણે ફતેહઅલીખાન કાચારનું ખુન કર્યું. શાહ તહેમાસ્પની મિત્રાચારીમાં જોડાયેલા આ કાચારવંશી સરદારનું ખુન શાહના લાભમાં હોવાનું જણાવીને નાદિર કુલીએ શાહના મનનું સમાધાન કરીને શાહી લશ્કરનો તે વડો સેનાપતિ બન્યો. મહમુદ ગિલઝાઇના બળને સમાવવામાં શાહ તહેમાસ્પને નાદિર કુલી ઉપયોગી થઇ પડેલો હોવાથી શાહ તેના ઉપર પ્રસન્ન હતો.

## સફવી વંશનો અંત–નાદિરશાહ ઇરાનની ગાદીએ.

ઇરાની લશ્કરને નાદિર કુલીના વડપણ તળે મુકતાં તુર્કોના કેન્દ્રસ્થાન સરખું બગદાદ શહેર તેણે જીતી લીધું અને ફારસના ગવર્નર મહમદખાન બલોચને શિક્ષા કરી. 'તારીખે ઇસ્લામ'ના કર્તાના જણાવ્યા પ્રમાણે બગદાદના વિજય પછી નાદિર કુલીની સુચનાથી શાહ તહેમાસ્પ સફવીને નાદિરના પુત્ર રઝા કુલીએ મરાવી નાખ્યો. હિજરી સન ૧૧૪૧માં અબ્બાસ સફવી (ત્રીજો) પણ મરણ પામ્યો અને ઇરાનના ઉમરાવોની પસંદગીથી નાદિર કુલી નાદિરશાહનું નામ ધારણ કરી ઇરાનના સિંહાસને બેઠો. હિંદુસ્તાનમાં મહમદશાહ રંગીલાના રાજ્યકાળમાં કત્લે આમ ચલાવનાર નાદિરશાહ ઇરાની, ભાગ્યબળે શાહ બનનાર આ નાદિર કુલી હતો.

## કાચારીઓ રાજકારણમાં.

હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.ના જીવનકાળમાં સત્તાનશીન સફવી રાજવીઓનો મુગટ ડગમગી રહ્યો હતો અને રાજ્યસત્તા સર કરવા મથતા કાચારીઓ અને નાદિરી પક્ષો બહાર આવ્યા હતા. આ સમયમાં ઇમામ સઘળા પક્ષોનાં ગાઢ પરિચયમાં આવવા પામ્યા હતા. ઇમામ શાહ કાસમઅલી અ.ના યુગમાં સફવી વંશનો વાસ્તવિક રીતે અંત આવ્યો હતો. ગિલઝાઇઓએ સફવી વંશને દબાવીને થોડો વખત ઇરાનમાં પોતાની આણ વર્તાવી હતી, પરંતુ તેમનો પણ લગભગ અંત આવી લાગ્યો હતો અને નાદિરશાહનું બળ વધતું જતું હોવાથી તેના હાથમાં ઇરાનની મધ્યસ્થ સત્તા આવી રહી હતી. હઝરત ઇમામ શાહ કાસમઅલી અ. મહેલાતમાં વસવાટ કરતા હતા, ત્યારે બીજી ગમ ઇરાનનું રાજકારણ ફરીવાર ડોહળાવવા લાગ્યું હતું.

## વફાત.

હઝરત ઇમામ શાહ કાસમઅલી અ.ની હિજરી સન ૧૧૪૩માં વફાત થઇ. તેમના શબનો મહેલાત ખાતેજ સુપ્રિદાદ કરવામાં આવ્યો હતો. તેઓ નામદાર પછી હઝરત ઇમામના શાહજાદા હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ.એ ઇમામતની મસનદે બિરાજી પોતાના મુરીદોની દોરવણીની લગામ હાથ ધરી.

# HAZRAT MOWLANA IMAM ABUL HASSAN ALI.

(A. H. 1143–1194)

(૪૪)

# હઝરત મૌલાના ઇમામ અબુલ હસનઅલી અ૦

(હિજરી સન ૧૧૪૩-૧૧૯૪)

હઝરત ઇમામે શાહ અબુલ હસનઅલી અ. હિજરી સન ૧૧૪૩માં ઇમામતની મસનદ પર બિરાજ્યા હતા. હઝરતે ઇમામે રાજ્યદ્વારી વિષયમાં આગળ પડતો ભાગ લીધો હતો. ઇરાનમાં આ સમયે સફવી વંશના રાજ્યનો અંત આવી ગયો હતો અને નાદિર શાહે ઇરાનની રાજ્યલગામ પોતાના હાથમાં લીધી હતી.

"ગુલઝારે શમ્સ"ના કથન અનુસાર હઝરતે ઇમામે શાહ અબુલ હસનઅલી અ.નો જન્મ "બાબક" શહેરમાં થયો હતો. તેઓશ્રી સૈયદ શાહ મુહમ્મદ હસનશાહ હસનબેગ અથવા અબુલ હસનઅલી શાહને નામે પણ જાણીતા થયા છે. તેઓ રૂગાન અને જીન્જાન વચ્ચે આવેલા 'કિયાબ' શહેરમાં રહેતા હતા અને ત્યાંથી નાદિરશાહ સાથે હિંદુસ્તાન આવ્યા હતા. તેઓશ્રીને નાદિરશાહ તરફથી કેરમાનના હાકિમ મુકરર કરવામાં આવ્યા હતા.

સૈયદ ફતેહઅલી શાહ એક બોધકાવ્યમાં હઝરત ઇમામ વિષે ઉલ્લેખ કરે છે કે :—

**શાહ બેઠા પંચમ દેશ અજમી રૂપેજી, શાહ બોલે છે ફારસી વાણી સેંતર દીપેજી.**
**તેનું શહેર બાબકમાં ઠામ પરતક રૂપેજી, તેનું શાહ અબુલ હસનઅલી નામ સુંદર રૂપેજી.**

હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ.ના સમયમાં ઇરાનથી હિંદુસ્તાન ખાતે દઅવત કરવા ઉક્ત ગ્નાન (બોધકાવ્ય)ના રચનાર સૈયદ ફતેહઅલીશાહ આવ્યા હતા અને મુરીદોમાંથી ઇમામનો હક માલેવાજેબાત ઉઘરાવી 'ઝોળી' ઇમામની હુઝુરમાં પહોંચાડતા હતા. તેમણે ઉપરોક્ત ચાર કડીઓમાં ઇમામની પુરેપુરી ઓળખ આપી છે.

## નાદિરશાહના અમલમાં ઇમામનું સન્માન—કેરમાનના ગવર્નર.

"મઝાહિબુલ ઇસ્લામ"ની કૃતિમાં લખેલું છે કે, પાછળથી "આગાખાન લકબ ધરાવનાર વ્યક્તિઓ આલમુતના ઇમામોના 'કાયમ મુકામ' અર્થાત ગાદીવારસ હતા. તેઓએ ઇરાનમાં વસવાટ કર્યા પછી લાંબી મુદતે મિરઝા અબુલ હસનખાન 'કુલી નામે વિખ્યાત થયા. ઝંદ વંશના બાદશાહના સમયથી આગા મુહમ્મદ કાચારે ઇરાનનું રાજ્ય મેળવ્યું. ત્યાંસુધી નામદાર "આગાખાન સાહેબના એક વડવા કેરમાનના ગવર્નર તરીકે રહ્યા હતા.

જ્યારે "ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સ" નામની કૃતિમાં જણાવ્યા પ્રમાણે નાદિરશાહના જમાનામાં, હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. શાણપણ અને શુરવીરતા માટે સુવિખ્યાત હતા. તેઓશ્રી કિયાબના 'ગવર્નર' તરીકે નિમાયા હતા અને પાછળથી તેઓ કેરમાનના 'વાઇસરોય' નિયુક્ત થયા હતા.

"આસારે મુહમ્મદી"માં દર્શાવેલું છે કે, હસન બેગ તરીકે આગા મુહમ્મદ હસનશાહ જાણીતા હતા. તેઓ એક મુદ્દત પર્યંત કેરમાનના હાકિમ રહ્યા હતા. એમની મઝાર અને મહેલ આજે પણ ત્યાં આવેલા છે. ઇરાન ઉપર અફઘાનોનું ભયંકર આક્રમણ ચાલી રહ્યું હતું, તે સમયે 'રૂગાન' અને 'જીન્નન' વચ્ચે વહેતી 'દિબાલા' અને 'દેપાઇન' નામની ઓળખાતી નદીના કાંઠા ઉપર એક મજબુત કિલ્લાની ઇમારતનો પાયો તેઓશ્રીએ નાખ્યો હતો. આ ઇમારત તૈયાર થઇ રહેતાં હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. એ ત્યાં ખાતે પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. અફસારી વંશનો ઇરાનમાં પાયો નાખનાર નાદિરશાહ કોઇ રાજ્ય પર ચડાઇ લઇ જતો, ત્યારે તે હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. ને પોતાની સાથે રાખતો હતો, કારણ કે ઇમામનાં અનુયાયીઓનાં ઇરાનના જુદા જુદા તાયફાઓ, જમાતો અને લોકોની મોટી સંખ્યા હતી, જેઓની જાહોજલાલીની લોકોના મન ઉપર ઊંડી છાપ પડતી હતી, તેથી નાદિરશાહના મનમાં ભય રહેતો કે ઇમામ સાથે જાણે અજાણે અથડામણ થતાં ઇમામને બદલો વાળી આપવાનું ભારે પડી જશે અને તેથી તે હંમેશાં સાવચેત રહેતો હતો.

## કિરમઝી રંગની અર્થસુચક ઘટના.

નાદિરશાહ એક સમયે દરબાર ભરી બેઠો હતો ત્યાં મિત્રચારીભરી વાતચિત ચાલી રહી હતી. તે દરમ્યાન હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. એ જણાવ્યું કે, "કય"ની આસપાસના પ્રદેશોમાં પાણી સ્થિર રહે છે, તેની પાસે "પંજ્યાલ"નામક પર્વત પણ છે. આ પર્વતના વિસ્તારમાં આવેલ વૃક્ષો ઉપર કિરમઝી રંગના ફુલો થાય છે, ત્યારે પહાડ પરનું પાણી બરફ જેમ જામી જાય છે. અંત્રેનો દેખાવ ઘણો રળિયામણો હોય છે. નાદિરશાહે તેના ઉપર વધુ લક્ષ ન આપતાં જણાવ્યું કે: "આ તો કેવળ વાતો છે."

થોડી મુદ્દત વિત્યા પછી નાદિરી કાફલો પાટનગર ઇસ્ફહાન ભણી પ્રવાસે નિકળ્યો ત્યારે હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. એ વ્યવસ્થા સહિત "કિયાબ"માં નાદિરશાહ તથા બીજાઓને મિજબાની પર નોતર્યા અને ત્યાંથી થઇને ઇસ્ફહાન જવા કહેણ મોકલાવ્યું.

## રાજવ્યવસ્થા ઇમામના હાથમાં.

હઝરત ઇમામ શાહ અબુ હસનઅલી અ. જે દિવસે "મવઅદ"માં પુર આવ્યું હતું, તે સમયે પોતાના ગુલામોને હુકમ કર્યો કે, સંખ્યાબંધ શીશાઓમાં આ ગુલાબજળ ભરીને પર્વત પર લઇ જવું, અને આબુઆબુની મોસમ હોવાથી તેઓ કિરમઝી દેખાતા હતા. અગાઉથી કરવામાં આવેલી ગોઠવણ અનુસાર ઝિયાફત દરમ્યાન સઘળા શીશાઓ ફોડી નાખી શીશાઓમાંનું પાણી જામી ગયું હતું તે શરબત અને દહીના પ્યાલામાં નાખવામાં આવ્યું. નાદિરશાહ આ બરફ જોઇને સમજી ગયો કે આ પરોણાગત હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. એ ફક્ત પોતાની વાતની ખાત્રી કરાવી આપવા કરી છે. નાદિરશાહે કહ્યું:—"તમોએ મિજબાનીમાં અમોને આમંત્રણ આપીને પોતાના શબ્દો ખરા કરી દેખાડયા છે; આવા શબ્દો મારા જેવાં પાસે ઉચ્ચારવા જોઇતા ન્હોતા કે જે માટે તમોને આટલી બધી તકલીફ લેવી પડી છે."

ત્યારપછી નાદિરશાહ ઇસ્ફહાન ભણી રવાના થયો અને ત્યાં પહોંચ્યા પછી રાજ્યની વ્યવસ્થા હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. ને સોંપી તે પાછો ફર્યો.

"ગુલઝારે શમ્સ"માં વર્ણવેલું છે કે, હઝરત ઇમામ અબુલ હસનઅલી અ. નાદિરશાહ તરફથી હિંદુસ્તાન આવ્યા હતા અને જે રાજવીઓ તેઓશ્રીના સાથે હતા, તેઓની સરદારી ઇમામને આપવામાં આવી હતી.

## નાદિરશાહની જીવન કારકિર્દી—હિંદ ઉપર ચઢાઈ.

સફવી વંશના અંધાધુંધીના રાજકાળ દરમ્યાન નાદિરશાહે કેવી રીતે પોતાની પ્રગતિ સાધી તેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે, પરંતુ એ અરાજકતાનો લાભ લઇ તેણે કેવી રીતે અફશારી વંશની સ્થાપના કરી, તેનું વર્ણન બાકી હોવાથી નાદિરશાહની ટુંક જીવનરેખા સાથે એ સમયની ઇરાનની સ્થિતિનું આ સ્થળે આપણે અવલોકન કરીશું.

નાદિરશાહ તુર્કમાનોની એક અફશારી નામની કોમમાંથી ઉતરી આવેલો હતો. એના વડવા પ્રથમ તુર્કસ્તાનમાં રહેતા હતા. મંગોલીયનોના સમયમાં આઝરબાયજાનમાં તેઓ આવ્યા હતા અને મશહદ (તુશ)ની ઉત્તરે "વુર્દ" નામક સ્થળે સ્થાયી થયા હતા.

હિજરી સન ૧૧૦૧ માં નાદિર કુલી બેગ ઉર્ફે નાદિરશાહનો જન્મ થયો. પ્રથમ તેણે ધાડપાડુ તરીકે લુટફાટ આરંભી બહારવટીયાની એક ટોળી ઉભી કરી. સંપતિ અને બળ સંપાદન કર્યા પછી સફવી વંશની રાજ્યસત્તા ગિલઝાઇ અફઘાનોના ઉપદ્રવમાં ફસાતાં તેણે સુલતાન હુસેન સફવી, શાહ તહેમાસ્પ (બીજા) અને શાહ અબ્બાસ (ત્રીજા)ને સહાયતા કરી પોતાની લાગવગ વધારી દીધી અને અનુકુળતા મળી જતાં તે સફવી રાજ્યમાં સત્તાધિકારી થઇ પડયો. પાછળથી સંજોગ જોઇ સફવી શાહને પદભ્રષ્ટ કરી, હિજરી સન ૧૧૪૮ માં ઇરાનના સિંહાસને બેઠો. તેણે પ્રથમ કન્દહાર ફતેહ કરી મુહમદ ગિલઝાઇના ભાઇ હુસેનશાહને કેદ કર્યો.

## જગમશહુર "તખ્તે તાઉસ"=મયુરાસન ઇરાનમાં.

ત્યારપછી નાદિરશાહે દિલ્હીના બાદશાહ મુહમ્મદશાહ રંગીલાના સુબેદાર પાસેથી કાબુલ છીનવી લીધું અને હિંદ ઉપર ચઢાઇ કરી. કરનાલ આગળ મુહમ્મદશાહને પરાજિત કરી તેણે દિલ્હીના કિલ્લામાં પ્રવેશ કર્યો અને દિલ્હીમાં કત્લેઆમ ચલાવી. ત્યારબાદ મોગલ સમ્રાટને ફરી સિંહાસન પર બેસાડી હિંદુસ્તાનની વિપુળ ધનસંપતિ લઇ તે ઇરાન પાછો ફર્યો, જેમાં મોગલ સમ્રાટોનું સિંહાસન "તખ્તે તાઉસ" (મયુરાસન) પણ હતું, અને ત્યારથી ઇરાનના શહેનશાહો મજકુર સિંહાસને બિરાજતા રહ્યા હતા. ઇરાન જઇને તેણે "મશહદ"ને પોતાનું પાટનગર બનાવ્યું. રશિયનો અને તુર્કીઓ પાસેથી સરહદ ઉપરાંત ઇરાનના અન્ય ઇલાકાઓ કબજે કર્યા. અફઘાનિસ્તાન ઉપર પણ પોતાની સત્તા જમાવી. ખ્વારિઝમ, બુખારા અને દાગિસ્તાન પણ તેણે જીતી લીધાં. નાદિરશાહ અત્યંત ઘણો ગર્વિષ્ટ અને ઝુલ્મી થવાથી તેની ક્રુરતાને લઇને માનવજાતનું પુષ્કળ લોહી રેડાયું હતું. તેથી લોકોના અસંતોષનો લાભ લઈ હેરાતના હાકિમ અને નાદિરશાહના ભત્રીજા અલી કુલીખાને ઉમરાવોની સંમતિથી તેનું ખુન કર્યું. હિજરી સન ૧૧૬૦ માં મશહદ નઝદિક પોતાના તંબુમાં તે માર્યો ગયો હતો.

## નાદિરશાહના મરણ પછીનું ઇરાન.

નાદિરશાહના મરણ પછી અફઘાન અને તુર્કમાન સૈન્યમાં તેની ધનસંપત્તિ સંબંધી યુધ્ધ જામ્યું. એ યુધ્ધમાં અહમદશાહ અબ્દાલી નામનો તેનો એક માનીતો અફઘાન સરદાર વિજયી થયો. તેણે સઘળી ધનદોલત હાથ કરી કન્દહારનો માર્ગ લીધો અને ત્યાં પહોંચ્યા પછી તેણે ખુરાસાન અને ઇરાનમાં જુદું

રાજ્ય સ્થાપ્યું. આ ઘટના બન્યા પછી આઝાદ નામના એક અફઘાને આઝરબાયજાનમાં, અલી મર્દાનખાન બખ્તયારીએ ઇસ્ફિહાનમાં અને ઇરાની સરદાર મુહમ્મદ હસનખાન કાચારે કાસ્પિયનના પુર્વ કિનારા પર પોતાની સત્તા સ્થાપી. "અલીશાહ" નામથી થોડાક માસ પર્યંત નાદિરશાહનો ભત્રીજો અલી કુલી ઇરાનના શાહ તરીકે રહ્યો. ત્યારપછી તેનો ભાઇ ઇબ્રાહિમ શાહ થયો, જેણે પણ થોડા મહિના રાજ્ય ભોગવ્યું. આ દરમ્યાન કેદખાનામાં પડેલા નાદિરશાહના પુત્ર શાહરૂખે નાસી જઇને ઇબ્રાહિમ શાહ પર ચઢાઇ કરી. ઇબ્રાહિમનું આખું લશ્કર પોતાના બાદશાહથી ફરી ગયું અને તે માર્યો ગયો. પાછળથી અલીશાહનો પણ વધ કરવામાં આવ્યો. અફશારી વંશના ઉકત શાહો પછી શાહરૂખ ગાદીએ આવ્યો, પરંતુ તેનું રાજ્ય પણ ત્રણ ચાર માસથી વધુ લંબાયું નહિ અને ખુરાસાનના સરદારોએ તેને પકડીને આંધળો કરી નાખ્યો.

શાહ હુસેન સફવીના જમાઇ મિરઝા મુહમ્મદ શાહને ઉમરાવોએ ત્યારપછી શાહ બનાવ્યો. પાછળથી તેની પણ આંખો ફોડી નાખવામાં આવી અને ફરીથી શાહરૂખ અફશારીને ગાદી સોંપાઇ. નાદિરશાહના મરણ પછી માત્ર બે વર્ષના ટુંકા અરસામાં આટલી બધી ઉથલપાથલ થઇ ગઇ હતી. શાહરૂખ અફશારીએ હિજરી સન ૧૨૧૦ સુધી રાજ્ય કર્યું. નાદિરશાહના મરણ પછી ઇરાની કેન્દ્રસ્થાન હકુમત નબળી પડતાં ઇરાનમાં પ્રાંતવારી રાજ્યો ફરી ઉભા થયા.

## કરીમખાન ઝંદનો ઉદય—ઝંદ વંશની સ્થાપના.

આ ઝમાનો પણ હઝરત ઇમામ અબુલ હસનઅલી અ.નો હતો. તેઓ આ વખતે "શહરે બાબક"માં વસવાટ કરી રહ્યા હતા. આ અરાજકતાના જમાનામાં મુહમ્મદ હસન કાચારે અસ્તરાબાદથી આઝરબાયજાન સુધીના આખા ઉત્તર ઇરાન પર પોતાની આણ વર્તાવી; દક્ષિણ ઇરાન કરીમખાન ઝંદે પોતાના હસ્તગત કર્યું. હવે માત્ર ખુરાસાન પ્રાંતજ અફશારીઓ અર્થાત નાદિરીઓના હાથમાં રહી ગયો. હિજરી સન ૧૧૭૨માં મુહમ્મદ હસન કાચાર માર્યો જતાં કરીમખાન ઝંદે આખા ઇરાનનો અધિકાર પોતાના હાથમાં લીધો. આ વિજયથી ઇરાનમાં ઝંદ વંશનું રાજ્ય સ્થપાયું. ઝંદ લોકોની ઉત્પત્તિ આ પ્રમાણે કહેવાય છે.

ઇરાની નસલના સંખ્યાબંધ બળવાન કબીલાઓ લુરીસ્તાન અને ખુઝીસ્તાન પ્રાંતમાં વસતા હતા, તેમાંના "બખ્તીયારી" નામક કોમના બે લાખ જેટલા લોકો કેરમાનથી લઇને શિરાઝ સુધી જે પર્વતમાળા પથરાયેલ છે, ત્યાં આ સમયે આઝાદ જીવન ગુજારતા હતા. મહાન સિકંદર ઝુલકરનેનનો જે પહાડી લોકોએ ભયંકર સામનો કર્યો હતો તેઓની નસલથી તેઓ ઉતરી આવેલા છે, અને ઇરાનમાં બખ્તયારી કોમ તરીકે તેઓ મશહુર છે. રૂસ્તમ અને ઝાલની ઔલાદના હોવાનો તેઓ દાવો કરે છે અને તેઓ અજીત "સફેદ કિલ્લા"ના માલિક હતા; આ કબીલાઓમાં ઝંદનો પણ એક કબીલો હતો, જેનો કરીમખાન નામનો એક શખ્સ લોકોમાં પાછળથી સરદાર તરીકે માનીતો થઇ પડ્યો હતો અને એક દુરંદેશી નરવીર તરીકે અત્યાર પહેલાં તેની પ્રસિદ્ધિ થઇ ચુકી હતી. કરીમખાન ગાદીએ આવતાં તેણે ઇસ્ફહાનીઓને અન્યાયમાંથી રક્ષણ આપ્યું. હિજરી સન ૧૧૬૪માં ફારસની હકુમતનો ભાર પણ કરીમખાન પર આવી પડ્યો. એ સમયે તેના બે મોટા દુશ્મન હતા; એક આઝરબાયજાનનો અફઘાન ગર્વનર અઝાદખાન અને બીજો કાચારી સરદાર મહમદ હુસેનખાન હતો.

## કરીમખાન "ઈમામના વકીલ" તરીકે.

કરીમખાન ઝંદે એક મોટા સૈન્યની સરદારી લઈ ઈરાક અને ફારસમાંથી પસાર થઈ હિજરી સન ૧૧૭૦માં શિરાઝ પર ઘેરો નાખ્યો, પરંતુ ત્યાં આંદોલન ઉભી થતાં ઝંદ સૈનિકો અને બહાદુર ઘોડેસ્વારોને આખું ઈરાન ચીરીને છેક માઝન્દ્રાન સુધી હટવું પડ્યું. કરીમખાન ઝંદ પણ તેની સાથે હતો. ઈસ્ફહાનમાં આવી પહોંચતા પ્રજાએ તેને દરબાર આવકાર આપ્યો. આ દરમ્યાન તેના સાથીયા અલીમરદાનખાને ઉત્તર ભણી આગળ વધીને કાચારોને હાર આપી તેના સરદાર મુહમ્મદ હુસેન કાચારને કતલ કર્યો અને તેનો પુત્ર આગા મુહમ્મદખાન કેદ પકડાયો; પરંતુ ઉદાર દિલના કરીમખાને તેના પ્રત્યે માયા દેખાડી પોતાના મહેલમાં નજરકેદ રાખ્યો.

હઝરત ઈમામ અબુલ હસનઅલી અ. તથા તેમના ભાઈ પીર મિરઝા મુહમ્મદ બાકિર સાથે કરીમખાન ઝંદને ઘણી મિત્રાચારી હતી અને ઈસ્માઈલીઓ પણ કરીમખાન ઝંદનો પક્ષ કરી રહ્યા હતા. ઝંદ રાજ્યમાં ઈસ્માઈલીઓનો ડંકો વાગતો હતો. ઈસ્માઈલી સૈનિકો પોતાના ઝંદ બાદશાહ પર પ્રાણ ઓવારતા હતા.

હિજરી સન ૧૧૭૪માં કરીમખાન ઝંદ ઈરાનનો બિન હરીફ રાજ્યકર્તા થયો હતો. ત્યારબાદ પ્રજાની પ્રગતિ પ્રત્યે તેણે ધ્યાન આપવા માંડ્યું. "તારીખે ઈસ્લામ"ના કર્તા ઝાકિર હુસેન લખે છે કે, "કરીમખાન ઝંદ પોતાને કદી બાદશાહ તરીકે નહિ બલ્કે "વકીલે ઈમામુલ અસ્ર તરીકે" એટલે "ઝમાનાના ઈમામના વકીલ" તરીકે ઓળખાવતો હતો. રાજ્યની જવાબદારી બહુ ડહાપણથી સંભાળી સઘળા વર્ગોમાં કરીમખાન ઝંદ પ્રિય થઈ પડ્યો હતો.

કરીમખાને રાજ્યમાં ઘણા સુધારાવધારા કરી ઈરાનની ખીલવણી કરી હતી. હિજરી સન ૧૧૯૩માં તેનું મરણ થયું. ત્યારપછી એક વર્ષે હઝરત ઈમામ શાહ અબુલ હસનઅલી અ.ની વફાત થઈ હતી.

## "હસન પીર."

હઝરત ઈમામ શાહ અબુલ હસનઅલી અ.ની ઈમામતના ઝમાનામાં સૈયદ "હસન પીર" થઈ ગયા છે. તેમનું મૂળનામ સૈયદ હસનશાહ છે. તેઓ પીર તરીકે સામાન્ય રીતે ઓળખાય છે, પરંતુ ઈમામે તરફથી તેમને સત્તાવાર "પીરાનત" મળી નહોતી અને તેમણે ઈમામની સેવા "વકીલ" તરીકે જીવન પર્યંત ચાલુ રાખી હતી. ઈમામ તરફથી તાલીકા અર્થાત સંદેશાઓ આવતા તે અનુસાર તેઓ દઅવતનું કામ કરતા હતા. સૈયદ હસન પીરે ગુજરાતમાં વસતાં ઈસ્માઈલીઓને ગુજરાતથી બહાર કાઢી જુનાગઢ તાબાના થાણા પીપળીયા ગામમાં આણ્યા હતા. એ ઈસ્માઈલીઓનો પહેરવેશ મોમિનો જેવો હતો. તેઓ સૈયદ હસન પીરના ઉપદેશથી હઝરત ઈમામ શાહ અબુલ હસનઅલી અ.ને ઝમાનાના ઈમામ માનતા હતા. હઝરત પીર હસન કબીરદીનના પુત્ર સૈયદ રહેમતુલ્લાહ શાહ, જેઓ કડીવાલ સૈયદ કહેવાય છે, તેમના વંશથી સૈયદ હસન પીર અને સૈયદ મશાએખશાહ થયા છે, પરંતુ સૈયદ હસન પીર અને સૈયદ મશાએખશાહ બન્ને જુદા મતના હોવાથી સૈયદ મશાએખશાહને માનનારા અહેલે સુન્નત વલ જમાતમાં શામિલ થઈ ગયા, જ્યારે સૈયદ હસન પીરની હિદાયત પર ચાલનારા ઈસ્માઈલી રહ્યા, જેઓ પાસેથી ઈમામના માલેવાજેબાતની રકમ ઉઘરાવી સૈયદ હસન પીર ઈમામની દરબારમાં પહોંચતી કરતા હતા.

એક સમયે જુનાગઢ તળપદના ગણોદ ગામ પાસે 'ભાદર' નદીમાં તંબુ ખોડીને સૈયદ હસન પીરે પડાવ નાખ્યો હતો. ત્યાં એકાએક પુર આવ્યું જેમાં હસન પીર રસાલા સહિત તણાઇ ગયા. તેમની લાશ 'રબારી' અને 'ઘેડીઆ' લોકોને ભાદરમાંથી મળી તેને ગણોદની પશ્ચિમ દિશાએ ભુમિદાહ કરી, ખોજાઓએ તેના ઉપર હિજરી સન ૧૧૯૦માં રોઝો બંધાવ્યો, જ્યાં દર વર્ષે મેળો ભરાય છે. રોશની વિગેરેનો ખર્ચ પહેલે દિવસે રબારી લોકો, બીજે દિવસે મોમિનો અને તે પછી ખોજાઓ આપે છે. કચ્છ-મુન્દ્રામાં પણ સૈયદ હસન પીરનો 'આસ્તાનો' છે, જ્યાં પણ દર વર્ષે મેળો ભરાય છે. કચ્છ બિદડા, નાગલપુર, વિંઝાણ, રેહા તથા માહિમમાં પણ એમના 'આસ્તાના' છે. સૈયદ હસન પીર ઇમામની સેવા કરનાર હોવાથી ઇસમાઇલીઓ તેઓને માનભરી નજરે નિહાળે છે.

## પીર દાદુનો વંશ—બાવા યુગ.

સૈયદ દાદુ પીરના પુત્ર સૈયદ સાદિકજી પણ હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ.ના ઝમાનામાં વિદ્યમાન હતા. તેઓ ઇમામના દીદાર અર્થે દરખાને ગયા હતા. એ પ્રસંગે વકીલાતનો વારસો ઇમામે સૈયદ સાદિકજીને ઇનાયત કર્યો હતો અને તેમના પછી પણ દાદુ પીરના વંશમાં તે રહ્યો હતો.

સૈયદ દાદુ પીરના વંશજ બાવા સાદિકજીના પૌત્ર બાવા સાહેબદીન તથા બાવા સલામદીન જોડીયા અવતર્યા હતા. એ બન્ને ભાઇઓના વંશધરોમાં ગેરસમજુતી ઉભી થઇ; પરિણામે બાવા સાહેબદીનના વંશજ હાલાર તરફ જતા રહ્યા અને બાવા સલામદીનનો વંશ કચ્છમાંજ રહ્યો, જેનાં વંશથી બાવા ઉમેદઅલી ઉતરી આવેલ છે.

જુના હસ્તલિખિત દસ્તાવેજોમાંથી મળી આવેલી વિગતો પરથી સમજાય છે કે બાવા ઉમેદઅલીએ કચ્છમાં 'પીર'નો દાવો કર્યો હતો, પરંતુ કચ્છના ધર્મપ્રેમી ઇસમાઇલી અનુયાયીઓએ ઘરબાર, માલમિલકત અને જીવનનો ભોગ આપવા છતાં પણ ઇમામ સિવાય કોઇના હાથમાં હાથ આપવાનું સ્વીકાર્યું નહિ. (૧.)

સૈયદ દાદુ પીરના મારફતે ઇસમાઇલી થયેલ "ભલા" લુહાણાના વંશજ જીવા ખોજાએ દરબારની નવાઝિશની વાત એક સમયે બાવા સલામદીન પાસે કરીને કહ્યું:—"રાજ કંઈ વસ્તુ આપવા ચાહે છે માટે માગણી કેવા પ્રકારની કરવી જોઇએ?" બાવા સલામદીને એવી સલાહ આપી કે તમને પૈસા કે જાગીરની પરવા નથી માટે આખી જમાતને લાભ થાય તેવી વસ્તુ માગવી જોઇએ અને મારા વિચાર પ્રમાણે "પાવીયા" અને "મુંડાઓ"નો કર ઉતરાવી નાખવો જોઇએ; બીજું કોમના લાવારસ મરનારની મિલકત જમાતને અપાવવી.

આ બન્ને બાબતો નકી કરી પોતાના પિતા વકીલ ભાણનું "દશમું" કરી, ખોજો જીવો દરબાર પાસે ગયો. મર્હુમ રાજાએ ભાણા ખોજાની વફાદારીથી રાજી થઇને જીવા ખોજાની માંગણી સ્વીકારી. નાવારસોની મિલકત રાજ્યે ન્યાતને બક્ષી આપી અને તેનો ન્યાતને નામે પરવાનો લખી આપ્યો. વેરાઓ પણ માફ કરવામાં આવ્યા. આ સમયે કચ્છ દરબાર મહારાજ શ્રી પહેલા ગોણજી ગાદી પર હતા.

### વફાત.

હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. લગભગ ૫૧ વર્ષ પર્યંત ઇમામતની મસનદ ઉપર રહીને હિજરી સન ૧૧૯૪માં વફાત પામ્યા. તેઓશ્રીનું શબ 'શાહ નજફ' ખાતે મોકલવામાં આવ્યું હતું જ્યાં 'વાદીઉસ્સલામ'માં ભુમિદાહ કરવામાં આવ્યું છે. ત્યારપછી તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ઇમામતની મસનદ પર બિરાજમાન થયા.

૧. જુઓ "જુના ગામનો જવલંત ઈતિહાસ" 'નિઝારી' વર્ષ ૧૦મું અંક ૪ થો પાનું ૧૮

# HAZRAT MOWLANA IMAM KHALILULLAH ALI. II

**(A. H. 1194–1233)**

**(૪૫)**

# હઝરત મૌલાના ઈમામ ખલીલુલ્લાહ અલી અ૦ (બીજા)

**( હિજરી સન ૧૧૯૪–૧૨૩૩ )**

હઝરત મૌલાના ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી (બીજા)નો મુબારક જન્મ હિજરી સન ૧૧૫૩માં ઇરાનમાં કેરમાન ખાતે થયો હતો. તેઓશ્રી બે વર્ષ બાદ અર્થાત ૧૧૫૫માં પોતાના પિતાશ્રી હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ. સાથે 'મહેલાત' ખાતે રહેવા ગયા હતા અને હિજરી સન ૧૧૯૪માં હઝરત ઇમામ શાહ અબુલ હસનઅલી અ.ની વફાત થતાં, તેઓ ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હતા. બે વર્ષ બાદ અર્થાત ૧૧૫૭માં તેઓશ્રીના કાકા, હઝરત પીર મિરઝા મુહમ્મદ બાકિર અ.ના પુત્રી, પીર બીબી સરકાર માતા સલામતનો "મહેલાત" ખાતે મુબારક જન્મ થયો હતો. પાછળથી એમની સાથે ઇમામના લગ્ન થયા હતા.

## ઈમામની અજોડ ઉદારતા.

"આસારે મુહમ્મદી"ના ઉલ્લેખ અનુસાર હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. અજોડ પ્રતાપી વીરનર હતાં અને તેઓની ઉદારતા જગમશહુર હતી. એકવાર એક દરવીશે ઇમામની સવારીના ઘોડાની લગામ પકડી માંગણી કરતાં તેઓશ્રીએ પેલા દરવીશને ઘોડો આપી દીધો.

"મઆહિબુલ ઇસ્લામ" નામના પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું છે કે, હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ., હઝરત ઇમામ ઇસમાઇલ બિન જાફર સાદિક અ.ના વંશ હોવાના સબબે ઇસ્માઇલી ફિરકાના લોકો તેઓ નામદારને પૂજનીય ઇમામ માનતા હતા.

## ઈમામના સમયની ઝંદ હકુમત—ઈરાનમાં પુનઃ અંધાધુંધી.

ઝંદ વંશના સ્થાપક કરીમખાનના મરણ પછી એક વર્ષ રહીને હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ઇમામતની મસનદ ઉપર આવ્યા હતા. આ સમયે કરીમખાનના ભાઇ ઝકીખાને હકુમતની લગામ હાથમાં લઇને શાહઝાદા અબુલ ફતેહખાન બિન કરીમખાન ઝંદને શાહ તરીકે જાહેર કર્યાનો ઢંઢેરો ફેરવ્યો. આ યુગમા ફરી ઇરાનમાં અંધાધુંધી શરૂ ગઈ, તેથી ઝંદ રાજમહેલમાં કેદ થયેલો આગા મુહમ્મદખાન

SHAH TEHMASP SAFAVI.



શાહ તેહમાસ્પ સફવી: જેમની નામવર
પુત્રીઓમાંના એક પુત્રી ઇમામ મુરાદ
મિરઝા (અ.) ના માતુશ્રી હતા.
(જુઓ પાનું ૩૬૪)

AMIR LUTFALI KHAN ZEND



અમીર લુત્ફઅલી ખાન ઝન્દ
(જુઓ પાનું ૨૯૫)

કાચાર નાસી જવામાં ફતેહ પામ્યો. પોતાના વંશના મુખ્ય મથક માઝન્દરાનમાં તે પહોંચી ગયો અને અસ્રાબાદમાં રહેતા પોતાના બળવાન કબીલાનું વડપણ લઇને ઇરાની તાજના હરીફ તરીકે હિજરી સન ૧૧૯૩ માં તેણે પોતાને જાહેર કર્યો.

ઝકીખાન ઝંદે પોતાના ભત્રીજા અલી મુરાદખાનને કાચારીઓ સામે લડવા મોકલ્યો. કાચારીઓનો મુકાબલો કરવાને બદલે તેણે બળવો ઉઠાવી ઇસ્ફહાન હાથ કર્યું; તેને પાંસરો કરવા મોટા લશ્કર સાથે ઝકીખાને ઇસ્ફહાન પર ચઢી આવી તે સર કર્યું અને શહેરના આગેવાનો ઉપર તેણે મોટો દંડ નાખ્યો. લોકો એ દંડ નહિં ભરી શકવાથી અઢાર જણને બારીમાંથી એક ઉંડી ખીણમાં ફેંકી દઇ નિર્દયપણે મારી નાખવામાં આવ્યા. આવા ઉશ્કેરણીભર્યા પ્રસંગને અંગે બળવો વધવા માંડ્યો, જેમાં ઝકીખાન માર્યો જતાં ઇસ્ફહાનવાસીઓ શાંત થયા.

ઝકીખાનના મરણના સમાચાર સાંભળી તેનો ભાઇ સાદિકખાન ઝંદ એકદમ શિરાઝમાં આવી લાગ્યો અને અબુલ ફતેહની આંખો ફોડી નાખી રાજલગામ હસ્તગત કરવાની તૈયારી કરી. આ સમય દરમ્યાન અલી મુરાદે શિરાઝ પર ધસી જઇને તે શહેર તેણે કબજે કર્યું અને સાદિકખાનને મરાવી નાખ્યો.

## લુત્ફઅલીખાનની વીરતા—ઝંદ વંશનો રણઘેલો રાજવી.

ત્યારપછી સાદિકખાનનો પુત્ર જાફરખાન સત્તા ઉપર આવ્યો. તેણે પણ આગા મુહમ્મદખાન કાચાર પર જીતો મેળવી, જેના પુત્ર લુત્ફઅલીખાન ઝંદને પિતાની હયાતી દરમ્યાન "લાર" પરગણું જીતવાનું કામ સોંપવામાં આવ્યું હતું. લુત્ફઅલી જો કે વયે નાનો હતો, પરંતુ તે એક વીરનર હતો અને સિપાહી ખમીર ધરાવતો હતો. હિજરી સન ૧૧૯૪ માં સૈયદ મુરાદ અને કાઝરૂનના ગવર્નર હાજી અલીએ કાવતરું રચી જાફરખાન ઝંદને ઝેર દઇને મારી નાખ્યો અને તેનું મસ્તક કાપી લઇ ઝંદ વંશીય અમીરોના પાટનગર શિરાઝના રાજમહેલના ચોગાનમાં ફેંકાવી દીધું. આ તકનો લાભ લઇ અલી મુરાદે પોતાને બાદશાહ તરીકે જાહેર કર્યો, પરંતુ હાજી ઇબ્રાહીમે લોકોની વફાદારી પોતાના ભણી ખેંચી લઇને તેને મારી નાખ્યો.

અલી મુરાદે હિજરી સન ૧૧૯૯ લગી ઇરાન પર રાજ્ય ભોગવ્યું. તેણે આગા મુહમ્મદખાન કાચારને માઝન્દરાનમાં ઘણી વાર હાર આપી અને તેનું મુખ્ય મથક તહેરાન પણ કબજે કર્યું હતું.

ત્યારપછી યુવાન લુત્ફઅલીખાન ઝંદ પોતાના પિતાના મરણના સમાચાર સાંભળી શિરાઝમાં દોડી આવ્યો, જ્યાં પ્રજાએ તેને વધાવી લીધો. હાજી ઇબ્રાહિમ તેનો મુખ્ય સલાહકાર બન્યો અને શિરાઝના મિરઝા હુસેન નામના એક મૂળ વતનીને વઝીરની પદવી પર કાયમ કરવામાં આવ્યો.

હિજરી સન ૧૨૦૫ માં લુત્ફઅલીખાન ઝંદ પોતાનું લશ્કર એકઠું કરીને ઇસ્ફહાન ભણી કાચારીઓ પર ચઢાઇ લઇ જવા બહાર પડ્યો, પરંતુ હાજી ઇબ્રાહિમ ઉપર તેણે સલાહકાર તરીકે જેટલો વિશ્વાસ રાખ્યો હતો, તેટલોજ તે કાળા દિલનો પુરવાર થયો અને કાવા દાવા રચવા લાગ્યો; પરિણામે તે આગા મુહમ્મદખાન કાચાર સાથે મળી ગયો.

## લુત્ફઅલીખાન સાથે દગાબાજી–ઝંદ વંશનું પતન–કાચારીઓનો ઉદય.

લુત્ફઅલીખાન ઝંદ સાથે દગો રમાતાં તેનું આખું લશ્કર ફરી ગયું; કેવળ તેની સેવામાં ૭૦ વફાદાર સૈનિકો રહી ગયા અને તે પોતાના પાટનગર શિરાઝમાં પાછો આવ્યો, ત્યારે હાજી ઈબ્રાહિમે તેના માટે શહેરના દરવાજા બંધ કરાવ્યા, કારણ કે આગા મુહમ્મદ કાચાર માટે તે આ શહેરનો કબજો કરી બેઠો હતો. આ સ્થિતિ જોઈ લુત્ફઅલીખાન ઝંદ બુશહેર તરફ ગયો પણ એ શહેરના શેખે પણ તેનો સામનો કર્યો, ત્યારે લુત્ફઅલીએ પોતાના નાના રસાલા સહિત શહેર પર ધસારો કરી કબ્જો કર્યો. તેની સુંદર રીતભાતથી પ્રજાએ તેને આવકાર આપ્યો. ત્યારપછી તેણે શિરાઝને ઘેરો નાખ્યો અને હિજરી સન ૧૨૦૬ માં કાચારી લશ્કરને પરાજિત કર્યું. હવે આગા મુહમ્મદ કાચાર જાતે લડવા નિકળ્યો અને શિરાઝ નઝદિક "મરદશ્ત"ના મેદાનમાં ૩૦ હજારના લશ્કર સહિત તેણે છાવણી નાખી. લુત્ફઅલીખાન ઝંદ પોતાના નાના લશ્કર સહિત મધરાતે કાચારી છાવણી પર તુટી પડયો. આ અચાનક હુમલાથી કાચારીઓ ગભરાઈને નાઠા પણ આગા મુહમ્મદ કાચાર તંબુમાં સાહસ કરી ભરાઈ બેઠો અને સવારે બંદગી વખતે નિયમિત ધોરણે 'અઝાન' આપવાનો હુકમ કર્યો. મુફીબર ઝંદ સવારોએ આ પરથી ધાર્યું કે કાચારી લશ્કર ફરી એકઠું થઈ ગયું છે, આથી તેઓ રણભુમિ છોડી નાસી ગયા. આગા મુહમ્મદ કાચાર તે પછી શિરાઝમાં દાખલ થયો અને તેણે દગાબાજ હાજી ઈબ્રાહિમને પોતાનો વઝીર બનાવ્યો.

ઝંદ વંશની રાજ્યસત્તા આ પ્રકારે પડી ભાંગ્યા પછી આગા મુહમ્મદખાન કાચાર ગાદીએ આવ્યો. તેના રાજ્યારોહણ પછી કાચાર વંશનું રાજ્ય ઈરાનમાં સ્થપાયું.

શિરાઝનું પતન થયા પછી ખુરાસાનનાં દક્ષિણ ભાગમાં આવેલા તબ્બસનાં પરોણાગત માટે વિખ્યાત થયેલા સરદારને ત્યાં લુત્ફઅલીખાન ઝંદે રક્ષણ લીધું. થોડા વખત સુધીના તબ્બસના નિવાસ દરમ્યાન લશ્કર એકઠું કરી તે ફારસ ભણી આગળ વધ્યો પણ અત્રે ફરીવાર વીરતાપુર્વક લડવા છતાં હાર ખમીને કન્દહારમાં રક્ષણ લેવાની તેને ફરજ પડી. હિજરી સન ૧૨૦૯ માં લુત્ફઅલીએ ફરી ઈરાન ભણી કુચ કરી કેરમાન શહેરનો કબ્જો લીધો. આ સમયે ગોમ્બ્રુન અને ઓર્મુઝ ઈરાનના મુખ્ય બંદર હતા. કેરમાન પણ એ સમયે એક આબાદ બંદર હતું.

## લુત્ફઅલીખાન ઝંદને ઈસમાઈલી રક્ષણ—કેરમાનથી પલાયન.

આસારે મુહમ્મદીના જણાવ્યા અનુસાર હઝરત ઈમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. નાં કાકા અને સસરા પીર મિરઝા મુહમ્મદ બાકિર કેરમાન શહેરમાં રહેતા હતા. તેમણે આગા મુહમ્મદખાન કાચારની કશી પણ દરકાર કર્યા વિના ઝંદ વંશના શાહઝાદા લુત્ફઅલીને કેરમાનના કિલ્લામાં પનાહ આપી અને પોતાના અતાઈલાહી ઈસમાઈલી સૈનિકોને કેરમાનના કિલ્લાની રખેવાળી સોંપી. લુત્ફઅલીનાં કેરમાનના કિલ્લામાં ભરાવાની માહિતી આગા મુહમ્મદ કાચારને મળતાં એક મોટું લશ્કર લઈ તેણે કેરમાનના કિલ્લા ઉપર ઘેરો નાખ્યો. ૭ મહિના સુધી આ ઘેરો રહ્યો છતાં તે કાંઈ કરી શક્યો નહિ.

હિજરી સન ૧૨૧૦ માં કાંઈ દગો ફટકો થતાં શહેરના દ્વાર ખોલી નાખવામાં આવ્યા. કાચારી લશ્કરનો હિંમત સાથે અતાઈલાહી ઈસમાઈલીઓએ મુકાબલો કર્યો. ત્રણ કલાકવેર યુવાન શાહઝાદો લુત્ફઅલી પણ વીરતાથી યુધ્ધ કરતો રહ્યો, પરંતુ કાચારી સૈન્ય મોટી સંખ્યામાં હોવાથી પોતાના બચાવનો કોઈ માર્ગ નહિ રહેતાં ફકત ત્રણ સૈનિકો સાથે કાચારી સૈન્ય ચીરતો જઈ તે બહાર નિકળી ગયો. પોતાનો હરીફ છટકી

જવાથી આગા મુહમ્મદખાન કાચારે ક્રોધે ભરાઇને કત્લે આમ ચલાવી, તેમાં કાઢી લીધેલી ૭૦ હજાર આંખો એક થાળમાં ભરી તેની સન્મુખ લાવવામાં આવી. તેણે ખંજરથી ગણત્રી કરીને હાજી ઇબ્રાહિમ વઝીર ભણી જોઇને કહ્યું: "આમાંથી એક પણ આંખ ઓછી નિકળી હોત તો તારી આંખોથી એ સંખ્યા પુરી કરવામાં આવત."

## પીર મિરઝા મુહમ્મદ બાકિરખાન મસકતમાં.

ત્રણ દિવસ કત્લેઆમ ચાલ્યા પછી લુત્ફઅલીખાન ઝંદના પક્ષકારોને કેદ કરી આગા મુહમ્મદખાન કાચાર સમક્ષ લઈ જવામાં આવ્યા જેમાં પીર મિરઝા મુહમ્મદ બાકિર પણ હતા.

'ગુલઝારે શમ્સ'મા જણાવવામાં આવ્યું છે કે, પીર મિરઝા મુહમ્મદ બાકિર કેરમાનના ગવર્નર હતા. તેઓ બાબક, મહેલાત અને કેરમાનમાં રહેતા હતા. કેરમાન આગા મુહમ્મદ બાકિરના કબજામાં આવ્યા પછી લુત્ફઅલીખાન ઝંદને મદદ કરવા અને તેને રક્ષણ આપવા બદલ તેમની પણ આંખો કાઢી લેવામાં આવી; ત્યારપછી પીર મિરઝા મુહમ્મદ બાકિર પોતાના કુટુંબીઓ સાથે કેરમાન છોડી "મહેલાત" ખાતે જઇ વસ્યા હતા.

"ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસટર્સ"માં જણાવ્યા અનુસાર "મહેલાત"થી તેઓ ઇસમાઇલી મુરીદોની મુલાકાત લેવા માટે "મસકત" સિધાવ્યા હતા. જ્યાં તેઓશ્રીની વફાત થતાં, તેમને "શાહ નજફ" ખાતે જુમિદાદ આપવામાં આવ્યો હતો.

## સિર સાટે અંતિમ યુધ્ધ—લુત્ફઅલીખાનનું મૃત્યુ.

કેરમાનથી નાસી જવા પછી લુત્ફઅલીખાન ઝંદે બમ શહેરમાં આશરો લીધો, પરંતુ અત્રેના ગવર્નરે આગા મુહમ્મદ કાચારની કૃપા મેળવવા દગો કરીને તેને ઘેરી લીધો. વીર લુત્ફઅલીએ સિર સાટે તેની સાથે પણ બીષણ યુધ્ધ કર્યું; બમના કિલ્લેદારના લશ્કરની સંખ્યાં મોટી હોઇ અંતે લુત્ફઅલીખાન જખમી થઇને કેદ પકડાયો. ત્યારપછી તેને કાચારી છાવણીમાં મોકલવામાં આવ્યો. આગા મુહમ્મદખાન કાચારે ઘાતકી રીતે તેને રીબાવ્યા પછી તહેરાન મોકલવામાં આવ્યો, જ્યાં તેનું ખુન કરવામાં આવ્યું. મરણ વખતે લુત્ફઅલીખાન ઝંદની વય માત્ર ૨૬ વર્ષની હતી. આ અંતિમ જીત પછી આગા મુહમ્મદ કાચારે ઝંદ કુટુંબના એકેક જણને વીણી વીણીને મારી નાખ્યા.

આગા મુહમ્મદ કાચારે ૧૯ વર્ષ લગી રાજ્ય ભોગવ્યા પછી રશિયા પાસે જ્યોર્જીયાનો મુલક મેળવવા યુધ્ધમાં રોકાયો હતો, તે દરમ્યાન તેને હિજરી સન ૧૨૧૩માં કેટલાક ગુલામોએ તંબુમાં મારી નાખ્યો. તેના પછી કાચાર વંશનો બીજો બાદશાહ ફતેહઅલીશાહ ગાદીએ આવ્યો.

## ઈમામના દીદાર અર્થે હિંદના મુરીદો ઇરાનમાં–ધોરસાઇના રૂકકા.

એક તરફ ઇરાનમાં આ પ્રમાણે અંધાધુંધી વ્યાપી રહી હતી, ત્યારે બીજી તરફ હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ની હુઝુરમાં આ વખતે હિંદુસ્તાનના ઘણા ઇસમાઇલી ખોજા મુરીદો પોતાના ઇમામના પવિત્ર દીદાર અર્થે ભારે ઝહેમત અને જોખમ ખેડી ઇરાન ભણી જતા હતા અને ઇમામ તરફથી સીલ સિકકા સાથના રૂકકા=મુબારક તાલિકા મેળવી પોતાને વતને પાછા ફરતા હતા.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ., પવિત્ર દીદાર માટે ઇરાન આવતા પોતાના મુરીદોને "ધારસાઇના રકકા" નવાઝિશ કરતા હતા. એ રકકાઓમાંનો એક રકકો જે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.એ ઘણું ઉંડું પ્રેમથી પંજુઆણી અને તેમના ધર્મપત્નિ બાઇ મુલીબાઇને હિજરી સન ૧૨૭૨માં નવાઝિશ ફરમાવ્યો હતો, તે આજ સુધી સચવાઇ રહેલો છે.

આ પ્રમાણે એવા અનેક ખોજા કુટુંબો ઇરાન જઇને ઇમામના દીદારથી મુશર્રફ થઇ આવતા હતા, જેઓને 'દરસ'નો માનનીય લકબ આપવામાં આવતો હતો. તેઓ પોતાને વતને પાછા ફરતા હતા ત્યારે સઘળી જમાત તેઓને શહેરના પાદર સુધી આવકાર આપવા આવતી હતી અને પછી એ ભાગ્યશાળી 'દરસ'ને મિજબાનીઓ આપવાનું લગભગ આખા વર્ષ પર્યંત ચાલુ રહેતું હતું.

## નજરાણું દરિયામાં.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ની હુઝુરમાં ઇરાન, તુરાન અને હિંદુસ્તાન ખાતેના ઇસમાઇલી મઝહબના અનુયાયીઓ તેઓશ્રીની મુલાકાતે આવતા હતા અને દશોંદની ઝોળી સાથે લાવતા હતા તેનો ઉલ્લેખ કરતાં, 'નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ' નામની કૃતિમાં જણાવવામાં આવ્યું છે કે, "હિંદુસ્તાન અને તુર્કસ્તાન વેરથી પોતાના પવિત્ર ઇમામના અખ્તાવર દીદાર કરવા ઇસમાઇલીઓ અને ખોજાઓ નઝરાણું લઇને ઇરાનવેર જતા હતા. એક ઉડાઉ અને ખર્ચાળ માણસ હોય છે, તેને વિષે આપણે કહીએ છીએ કે તે પોતાના પૈસા પાણીમાં ફેંકી દીએ છે, પણ ધર્મચુસ્ત ઇસમાઇલીઓ જેઓ પોતાના ઇમામના પાયતખ્ત "દરખાના" સુધી જવાને અને નઝરાણું પહોંચાડી આવવાને અશકત હતા, તેઓને પોતાના ઇમામના સાબિત યકીનના દ્રષ્ટાંત તરીકે તે "નઝરાણું" દરિયામાં જઇને ફેંકી આવતા હતા, તે એ આશાએ કે ખુદાઇ તદબીર અથવા તો ચમત્કારથી તે માલેવાજેબાત તેઓના ઇમામને પહોંચી જાય."

## સૈયદ ગુલામઅલીશાહ અને તેમના વંશધરો.


સૈયદ ગુલામઅલી (ગુલમાલી) શાહ "કડીવાલ" સૈયદોમાંથી હતા. કચ્છમાં આવેલું કેરા નામનું ગામ તેઓને પ્રિય હોવાથી ત્યાંજ તેઓ નિવાસ કરતા હતા. તેઓ ભગવા વસ્ત્ર પહેરી એક દરવીશ તરીકે જીવન ગાળતા હતા. હિંદુઓ પણ તેમને બહુ માન આપતા હતા. સૈયદ ગુલામઅલી શાહ જેમને કેટલાક 'પીર ગુલમાલીશાહ' પણ કહે છે. તેઓ સઘળી ઇસમાઇલી જમાતોમાં ફરીને ઇમામના હકની દશોંદ એટલે ઉશ્ર એકઠી કરી ઇમામની હુઝુરમાં ઇરાન ખાતે મોકલી દેતા હતા. સૈયદ ગુલામઅલીશાહે ઘણા જ્ઞાનો (બોધ કાવ્યો) રચ્યાં છે.

સૈયદ ગુલામઅલીશાહનાં ધર્મપત્નિ અઝનબીબી પણ ભગવાં વસ્ત્ર પહેરતાં હતા. તેઓ પણ હિંદુ પ્રજામાં લોકપ્રિય હતા. ઇમામ તરફથી તેઓ પણ દઅવતનું કામ કરતાં હતા. તેમના હાથે પણ અનેક શખ્સો પવિત્ર દીન ઇસમાઇલીથી પાવન થયા હતા.

## કચ્છ કેરામાં અંતિમ આરામગાહ.

સૈયદ ગુલામઅલીશાહની વફાત હિજરી સન ૧૨૭૭મા થઇ હતી, જે સમયે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ઇરાન મધ્યે "મહેલાત"માં વસવાટ કરતા હતા. તેઓ નામદાર જોડે સૈયદ ગુલામઅલી શાહનોસીધો સંબંધ હતો. એ સૈયદ ગુલામઅલીશાહ સિંધમાં કરાચી ખાતે ગુજરી ગયા હતા.

A facsimile of an usual letter-patent for "Dharas," presented by MOWLANA SHAH KHALILULLAH ALI 45th IMAM and great grandfather of MOWLANA HAZAR IMAM to Dhammu (Dharamshi) Panjuani and his wife, Mulibai, who had undertaken a long arduous journey to Iran from Cutch (India) with the object of paying homage to the Imam.



પવિત્ર ઇમામનો એકસો ત્રીશ વરસ પહેલાંનો જળવાઈ રહેલો ધારસાઇનો રૂકકો (વિગત માટે જુઓ પાનું ૩૯૭)

પરંતુ કચ્છ કેરા મધે પસંદ કરેલા એક ટેકરા ઉપર તેમને ભુમિદાહ આપી તેના ઉપર અન્ય રોઝો બાંધવામાં આવેલ છે. સૈયદ ગુલામઅલીશાહના ફરઝંદ "અકબરશાહ" હતા; તેમની વફાત દરિયામાં થયેલી મનાય છે. એમની મઝાર પણ કેરામાં સૈયદ ગુલામઅલીશાહની આરામગાહની દક્ષિણ બાજુના પડથાર પર આવેલી છે. તેમના એક પુત્રી બીબી સાહેબા હતા. તેમની વફાત સિંધના "જોલ ગામ"માં થવાથી પીર તાજદીન (રહે.)ના "રોઝા"માં સ્ત્રીવર્ગની કબરો પાસે તેમને દફનાવવામાં આવ્યા છે.

## સૈયદ પીર મુહમ્મદશાહ દુલા.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.એ સૈયદ મુહમ્મદશાહને ત્યારપછી "વકીલાત"ની નવાજિશ કરી હતી. તેઓ પણ ઇમામની ઝોળી લઇ જમાતોમાંથી દશોંદ વસુલ કરી ઈરાન પહોંચાડતા હતા.

સૈયદ મુહમ્મદશાહને કેટલાકો "પીર મુહમ્મદશાહ" પણ કહે છે. તેઓ મુસાફરીએ નિકળતા હતા, ત્યારે મોટો રસાલો સાથે લેતા હતા. રસાલામાં ઘોડા, ઊંટ, વહેલ, ડંકા નિશાન સાથે સવારી કાઢતા હતા. નોકરચાકરોનો પણ એક સમુદ સાથે રહેતો હતો. એકંદરે અમીરી ઠાઠમાઠથી તેઓ રહેતા હતા.

## સૈયદ મુહમ્મદશાહનો ઉપદેશ—ઝમાનાના ઇમામની ઓળખાણ.

જમાદાર ફતેહમહમદે કેરા ગામે એક મોટા સૈન્ય સાથ આવી ઇદગાહના ટેકરા પર મોરચા માંડયા ત્યારે કેરાના "જાડેજા" અને "જમાદાર" વચ્ચે સંધી કરાવનાર સૈયદ મુહમ્મદશાહ હતા. સૈયદ મુહમ્મદશાહનો મત સતપંથ પર મજબુત હોઈ રૂહાની ક્રિયાઓ ઉપર તેઓ વધુ ભાર આપતા હતા. હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના પોતે ખિદમતગાર હોઇ જમાતોને ઇમામના ફરમાનબરદાર થવા ઉપદેશ આપતા હતા. એમના ઉપદેશથી ઇસમાઇલી મઝહબમાં દાખલ થઇ ઘણા લોકો ઇમામની "શનાખતં" મેળવી ઇસ્લામના માર્ગે ચાલવા સદ્‌ભાગી બન્યા હતા.

એક વાર સૈયદ મુહમ્મદશાહને એક ઇસમાઇલીએ આવીને કહ્યું કે: "હું વ્હેલી સવારે દુધ લેવા જાઉં છું ત્યારે મને માર્ગમાં ભુત નડે છે."

તેમણે ઉત્તર આપ્યો કે, "હવે તું એ માર્ગે જાય ત્યારે હાથે કાળી મેસ લગાડીને જજે અને ભુત સામે આવે એટલે તેને મોઢે લગાડી દેજે!" તેણે તેજ પ્રમાણે કર્યું પરંતુ, ઘરે આવીને પોતાનું મ્હોં આરસીમાં જોતાં મેસ પોતાના મોઢે લાગેલી દેખાઇ, અને પોતાનું મોઢું કાળું થયું હતું. તે પરથી સૈયદ મુહમ્મદશાહે તેને સમજાવ્યું કે, "મનુષ્યની ભ્રમણાજ ભુત છે. વાસ્તવિક રીતે જોતાં ભુતાવળ જેવું કંઇ નથી."

સૈયદ મુહમ્મદશાહે ઘણા 'ગ્નાનો'–બોધ કાવ્યો રચ્યા છે તેમાં 'હાઝર જોમાં' અર્થાત ઝમાનાના હાઝર ઇમામની ઓળખાણ આપી છે. સૈયદ મુહમ્મદશાહે મોમિન જમાતોમાં ઘણું કામ કર્યું હતું. અહેલે સુન્નત વલ જમાતવાળા કોકણીઓ પણ સૈયદ મુહમ્મદશાહને પોતાના પીર માની મોટું માન આપતા હતા.

## સૈયદ પીર મુહમ્મદશાહની દરગાહ.

"ગુલઝારે શમ્સ"ના કર્તાના કથન અનુસાર સૈયદ પીર મુહમ્મદ ઇબ્ને ઇસા ઇબ્ને સૈયદ નુરશાહ ઇબ્ને સૈયદ સુલતાન અહમદનાં માતાજી અઝમતખાતુન બિન્તે સૈયદ ચિરાગશાહ હતા. સૈયદ મુહમ્મદશાહની દરગાહ મુંબઇમાં બીંડી બજાર નજદીક આવેલ છે. તેઓ ઇસમાઇલી તરીકાના પ્રચારક હતા.

સૈયદ મુહમ્મદશાહની વફાત હિજરી સન ૧૨૨૮માં થઇ હતી, જેઓનો દરગાહ મહોલ્લામાં મુમિદાહ કરવામાં આવ્યો છે. તેના પર એક આલીશાન રોઝો ચણવામાં આવ્યો છે.

## મહેરઅલી અને સાંઇયા—ઇમામશાહી ભગતો.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના સમયમાં "મહેરઅલી" અને "સાંઇયા" નામના બે ખોજાઓએ પોતાને ભગત તરીકે જાહેર કર્યા. તેઓ કચ્છ મુન્દ્રાથી કંડી ખાતે ગયા જ્યાં પોતાને ચંદ્રભાણ અને સુરભાણના અવતાર તરીકે ઓળખાવવા લાગ્યા; જેઓ હઝરત પીર શમ્સ તબ્રીઝ સબ્ઝવારીના ચેલાંમાંથી હતા.

ભગત મહેરઅલી અને સાંઇયાનો હેતુ સૈયદ ઇમામશાહની તરફેણમાં ખોજાઓને ભોળવવાનો હતો, અને કેટલાક ઇસમાઇલીઓને ભોળવી ઇમામશાહી બનાવવામાં તેઓ ફતેહમંદ પણ થયા હતા.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.એ આ વિષેના સમાચાર સાંભળતાં તેઓ બન્નેને ઇરાનમાં તેડાવી હિદાયત કરી, છતાં તેઓએ હિંદમાં આવીને ઉલ્ટી રીતે એક નવું તુત ઉભું કર્યું કે ઇરાનમાં ઇમામે અમારી જીભ કપાવી નાખી છે; અને પોતાના કથનને સિધ્ધ કરવા તેઓએ થોડા વખત સુધી ઢોંગ કરી "મુંગા" હોવાના ચાળા કર્યા અને પાછળથી જાણે વાચા આવી હોય તેમ બોલવા માંડયું. સૈયદ ઇમામશાહે તેમને જીભ આપી આ ચમત્કાર કર્યો છે, એવું લોકો પર આ પ્રમાણે ઠસાવી કેટલાક ખોજાઓને પોતાની માન્યતામાં ભેળવી લેવા સાથે પુષ્કળ પૈસા પણ તેઓએ એકઠા કર્યા, જેમાંથી કચ્છ મુંદ્રા ખાતે ઇમામશાહની દરગાહ બંધાવી. હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ને આ બિનાની જાણ થતાં આ બન્ને ઢાંભિકોને નાતબહાર કરવાનો હુકમ કર્યો, જેની ઉપર જમાતોએ અમલ કર્યો. આ બન્ને જણ છેવટ સુધી ઇમામશાહી રહ્યા. તેઓને નાતબહાર મુકવામાં આવ્યા પછી તેમના હાથે ઇમામશાહી થયેલા ખોજાઓ પાછા ઇસમાઇલી થઇ ગયા. મહેરઅલી અને સાંઇયાની કબરો મુંદ્રામાં ભુજવાળા નાકા બહાર સવાલીના તળાવના પુર્વ કિનારા તરફ આવેલી છે.

## ઇમામ ખલીલુલ્લાહ અલી અ.—ગરીબોના સાચા ખેરખાહ.

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ"માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે; "હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. કેરમાનની હાકિમી ભોગવતા હતા. તેઓ નેકીનાં કામો કરવા માટે પ્રખ્યાત હતા, અને તે કારણને અંગે તે ઇસમાઇલીઓના માનવંત સરદારને ઇરાનના શાહ ફતેહઅલીશાહ માનની નજરથી જોતા અને એક વિખ્યાત ધર્મગુરૂ તરીકેનો તેઓશ્રીનો હક સ્વીકારતા હતા. ઇ. સ. ૧૮૧૭ અથવા હિજરી સન ૧૨૩૩માં તેઓશ્રી યઝદ શહેરમાં જઇ વસવાટ કરવા લાગ્યા. હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. સૌથી ઘણાં લોકપ્રિય થયા હતા. દુન્યવી દૌલત ઉપર અને દુન્યવી સ્વાર્થ તરફ તેઓશ્રી ધિક્કારની નજરથી જોતા હતા. તેઓ નામદાર ગરીબોના એક ખરા ખેરખાહ હતા અને લાચાર માણસો માટે તેઓશ્રી બધું કરી છુટતા હતા."

## યઝદમાં નિવાસ.

"ગુલઝારે શમ્સ"ના કર્તાના જણાવ્યા પ્રમાણે સૈયદ શાહ ખલીલુલ્લાહ અલી અ. મહેલાતના હાકિમ હતા. પ્રથમ તેઓએ પોતાના કાકાની દીકરી સાથે લગ્ન કર્યા હતા, પાછળથી આગા ઇમાનીખાનની બહેન વેરે પરણ્યા હતા. તેઓશ્રીએ હિજરી સન ૧૨૩૩માં યઝદ ખાતે જઇને સ્થાપી નિવાસ રાખ્યો હતો.

SYED PIR MUHAMMAD SHAH DULA



સૈયદ પીર મુહમ્મદ શાહ દુલા

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. યઝદમાં નિવાસ કરી રહ્યા હતા એ સમયે ધર્માંધતાનું વાતાવરણ અત્યંત જોરમાં ફેલાયલું હતું અને મુલ્લાં મૌલવીઓનુંજ રાજ્ય પ્રવર્તિ રહ્યું હતું. આથી ઇસમાઇલીઓનો વસવાટ જોઇ તેઓ ગભરાટમાં પડયા અને તેઓને ભય ઉત્પન્ન થયો કે જો અત્રે આ લોકોનો વસવાટ થશે, તો મુલ્લાંશાહી રાજ્યનો અંત આવી જશે. આથી તેઓ પોતાનો માર્ગ મોકળો કરવા બહાના ઉભા કરી અવારનવાર વસ્તુસ્થિતિ ગરમ કરી મુકતા હતા.

આવા વાતાવરણ દરમ્યાન હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના માણસો અને કાર્યકર્તાઓ સાથે કોઇ એક દુકાનદારની તકરાર થતાં, દુકાનદારે એ વિષેની ફરિયાદ સદરહુ પ્રમાણિક નવાબ મિરઝા સૈયદ જાફર પાસે કરી. નવાબે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના માણસોને શિક્ષા માટે તેડાવ્યા, પરંતુ તેઓ સઘળા પોતાના રક્ષણ અર્થે ઇમામની સત્તા તળેના "મહેલ"માં પનાહ મેળવવા માટે છુપાઇ ગયા. નવાબ મિરઝા જાફરને આ વાતની ખબર પડતાં તેઓને પકડવા માટે દબાણ કર્યું, પરંતુ હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.એ પોતાના નોકરોને સોંપવાની ના પાડી જણાવ્યું કે તેઓ મારા આશ્રય તળે છે, તેથી હું તેમને મારી છાયામાંથી બહાર કાઢી શકતો નથી.

## યઝદમાં હુલ્લડ–શાહ ખલીલુલ્લાહ અ.ની શહાદત.

મુલ્લાં હુસેન યઝદી નામનો નવાબનો એક હજુરીયો હતો, જે ઘણો ધર્મઝનુની હતો. તે સરકારી સિપાહીઓ અને ઝનુની લોકોનું ટોળું લઇને હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના નિવાસસ્થાન ઉપર ધસી આવ્યો. આ મામલો જોઇ ઇમામના માણસોએ મહેલનાં દ્વાર બંધ કર્યાં. આથી તેઓએ ઇમામના મકાનની દિવાલો તોડી નાખી અને ઝનુને ચઢેલાં લોકોનાં ટોળા સાથે મુલ્લાં હુસેને મહેલની અંદર પ્રવેશ કર્યો; પરિણામે હાથોહાથની ઝપાઝપી થઇ જેમાં ઘણા જણ માર્યા ગયા, અને હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. પણ શહાદત પામ્યા.

આ બનાવ બન્યા પછી યઝદના ગવર્નર હાજી ઝમનખાને બંડખોરોને કેદ કરી આ બાબતને લગતી સઘળી હકીકતનો અહેવાલ ઇરાનના એ સમયના સમ્રાટ ફતેહઅલીશાહની હજુરમાં રજુ કર્યો.

## ઝનુની મુલ્લાં અને તેના સાથીદારોને ફાંસીની સજા.

યઝદમાં ભયંકર ખુના મરકી થતાં, ઝનુનીઓના હાથે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ની શહાદત થઈ એ સમાચાર ઇરાનમાં વિજળી વેગે પ્રસરી જતાં ઇસ્માઇલીઓમાં આ માઠા બનાવથી ભારે ઉશ્કેરણી ફેલાણી અને પોતાના પવિત્ર ઇમામનું ખુન થવાથી કોપની જવાળા તેઓમાં પ્રગટી નીકળી, ખુનનો બદલો લેવા બહાદુર ઇસમાઇલીઓ હથીયાર સજી બહાર પડવાની તૈયારી કરવા લાગ્યા. ઠેકઠેકાણે લડાઇના નાના નાના છમકલા પણ થવા લાગ્યા. ભુમિ ધરતીકંપ પેઠે કંપવા લાગી. ઇરાનના શાહ ફતેહઅલીશાહને ખબર પડતાં, તેની મુંઝવણનો પાર રહ્યો નહિ. શાહે તરતજ ખુન કરનાર મુલ્લાં હુસેન યઝદી અને તેના સાથીદારોને પકડી મંગાવ્યા અને મુલ્લાં હુસેનને, શાહ ખલીલુલ્લાહ અલી અ.ના શાહઝાદા હઝરત ઇમામ શાહ હસનઅલીશાહ અ. પાસે. તેઓશ્રીને મરજી પડે તે પ્રમાણે સજા કરવા મોકલી આપ્યો. પરંતુ તેઓ નામદારે એ ખુનીને બે ચાર લાકડીઓ મારીને છોડી મુકયો. આ છે પવિત્ર ઇમામની મોટાઈ, ધીરજ અને સહનશીલતા!

પરંતુ સમ્રાટ ફતેહઅલીશાહે એ મુલ્લાંને રીબાવી રીબાવીને મારી નાંખવાનો હુકમ બહાર પાડયો જેથી તેને નવસ્ત્રો કરી બરફથી બંધાઇ ગયેલા કુંડમાં નાખવામાં આવ્યો અને તેનો જીવ નીકળ્યો ત્યાંસુધી કાંટાઓ અને ખીલાની લાકડીઓથી તેને માર મારવામાં આવ્યો. આ પ્રકારે તેને રીબાવી રીબાવીને મારી નાખવામાં આવ્યો. નવાબ મિરઝા જાફરને પણ શાહે પોતાના દરબારમાં તેડાવ્યો પરંતુ તે બહુ મોટી લાગવગ ધરાવતો હોવાથી ભારે દંડ ભરીને છુટી ગયો.

વોટસનના ઈરાનના ઇતિહાસ પરથી જણાય છે કે શાહ ફતેહઅલીશાહે ખુની મુલ્લાંને સજા કરી એટલુંજ નહિ પણ તેના એકે એક ગોઠીયાઓને પકડી મંગાવી તેમનાં પાપી કર્મ માટે ફાંસીની સજા ફરમાવી હતી.

## આગાખાનનો માનનીય લકબ.

તેમ છતાં ઇસમાઇલીઓનો ક્રોધ શાંત ન થયો. આથી શાહ ફતેહઅલીશાહને બળવો જાગવાનો ભય લાગ્યો. તેથી તેણે હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના શાહઝાદા હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ., જેઓની વય એ સમયે ૧૩ વર્ષની હતી, તેમને પોતાની દરબારમાં આવવાનું આમંત્રણ આપી, ભારે માનથી નવાજી અને ઇસમાઇલીઓના ઇમામ તરીકે બાદશાહી દરબારમાં તેઓશ્રીનો મરતબો વધાર્યો, તેમજ તેઓશ્રીને "આગાખાન"નો માનવંતો લકબ આપ્યો; ઉપરાંત ઘણોજ પ્રેમભાવ દર્શાવી દરબારના ઉંચ્ચા ઓધ્ધા પર કાયમ કર્યા, તેમજ "કુમ" અને "મહેલાત"ના ગવર્નર તરીકે પણ તેઓશ્રીની નિમણુંક કરી. આ પ્રકારે શાહની શુભ નિષ્ઠાની ખાત્રી થઇ. ત્યારપછી શાહે તેઓશ્રીને શાંતિ સ્થાપવા અરજ કરતાં, ઇમામ સુલેહપ્રિય હોઇ સઘળા મુરીદોને ગુસ્સો ખાઇ જવા અને શાંત રહેવા ભલામણ કરી જેથી મામલો કાંઇક શાંત પડયો.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અ.ની શહાદત હિજરી સન ૧૨૩૩ માં થઇ હતી. તેઓશ્રીના શબને "શાહ નજફ" ખાતે ભુમિદાહ આપવામાં આવ્યો હતો.

## ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.નો પરિવાર.

હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના ચાર પુત્રો અને બે પુત્રીઓ હતી. (૧) આકા શાહ હસનઅલીશાહ, જેઓ પાછળથી પિતાની ઇમામતની મસનદ પર આવ્યા હતા, (૨) મુહમ્મદ તકીખાન, (૩) સરદાર અબલ હસનખાન, (૪) સરદાર મુહમ્મદ બાકિરખાન અને બે પુત્રીઓ (૫) શાહ બીબી, (૬) ગૌહર તાજ બેગમ હતા, જેઓની ઔલાદ પણ પુષ્કળ થવા પામી હતી.

( વંશાવળી માટે જુઓ પાનું—૪૦૩ )

# હઝરત ઈમામ આકા શાહ ખલીલુલ્લાહ અલી અ૦ (બીજા)

વફાત હિજરી સન ૧૨૩૩

| | | | | | |
|---|---|---|---|---|---|
| મુહમ્મદ તકીખાન<br>વફાત હિ. સ. ૧૨૪૨ | * શાહ હસનઅલી<br>ઉર્ફે મુહમ્મદ હુસેન<br>અલ-હુસેની<br>વફાત હિ. સ. ૧૨૯૮ | સરદાર અબ્બાસ<br>હસનખાન<br>વફાત હિ. સ. ૧૨૯૭ | સરદાર મુહમ્મદ<br>બાકિરખાન<br>વફાત હિ. સ. ૧૨૯૬ | શાહ બીબી | ગોહરતાજ બેગમ |

પત્નીઓ :—

(૧) સર્વ જહાં ખાનમ, ઈરાનના શાહની પુત્રી વફાત હિ. સ. ૧૨૯૫
(૧) પુત્ર આકા અલીશાહ અ૦ વફાત હિ. સ. ૧૩૦૨ (૨) બીબી હોમા (૩) બીબી તાજમાહા (૪) બીબી મલેકા
(૨) ખાતુન કરમઆરા વફાત હિ. સ. ૧૨૮૨
(૧) બીબી ગૌહર
(૩) મરીયમ ખાનમ (ખાનુભાઇ) વફાત હિ. સ. ૧૩૧૨
(૧) આગા જંગીશાહ વફાત હિ. સ. ૧૩૧૪ (૨) બીબી સાહેબા
(૪) હાજી બેગમ (મહેબાજી) વફાત હિ. સ. ૧૩૧૩
(૧) પુત્ર આગા જલાલ શાહ વફાત હિ. સ. ૧૨૮૮ (૨) પુત્ર અકબર શાહ વફાત હિ. સ. ૧૩૨૨
(૫) કંદહારી ખાતુન
(૧) પુત્ર શાહ શુજાઅ વફાત હિ. સ. ૧૨૭૩
(૬) ખાતુન પરીજાન
(૭) બીબી સુલતાન

* સાત મહેરદારોમાંથી પાંચ પુત્રો અને પાંચ પુત્રીઓ થઇ હતી.

Mowlana Imam Aqa Shah Hassan Ali Shah,
Aga Khan I

Mowlana Imam Aqa Ali Shah, Aga Khan II

Mowlana Hazar Imam, Lord of the Age
Sir Sultan Muhammed Shah,
His Royal Highness The Prince Aga Khan

# PART VII.

## INDIA & IMAMAT.

# ભાગ ૭મો.

## હિંદુસ્તાન અને ઈમામત.

મોલાના ઇમામ આકા શાહ હસનઅલીશાહ, નામદાર આગાખાન (પહેલા)
મોલાના ઇમામ આકા અલીશાહ, નામદાર આગાખાન (બીજા)

મૌલાના હાઝર ઇમામ, સાહેબુઝ ઝમાન, આકા સુલતાન મુહમ્મદશાહ,
હાઝર ઇમામ, હિઝ રોયલ હાઇનેસ ધી પ્રિન્સ આગાખાન

# HAZRAT MOWLANA IMAM AQA SHAH HASSAN ALI SHAH.

## *Aga Khan I.*

( A. H. 1233–1298 )

(૪૬)

# હઝરત મૌલાના ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ૦ આગાખાન પહેલા.

( હિજરી સન ૧૨૩૩–૧૨૯૮ )

હઝરત મૌલાના ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ., મુહમ્મદ હુસેન અલ–હુસેની "મહેલાતી" તરીકે ઇતિહાસમાં વિખ્યાત છે. તેઓ નામદારનો મુબારક જન્મ હિજરી સન ૧૨૧૯ માં ઇરાનમાં આવેલા મહેલાત નામના ગામમાં થયો હતો. તેઓશ્રીનો લકબ "આગાખાન" હતો, જે નામે તેઓશ્રીના ગાદીવારસો અત્યારે ઓળખાય છે. તેઓ નામદાર હિજરી સન ૧૨૩૩માં ઇમામતની મસનદ પર બિરાજ્યા હતા.

"ગુલઝારે શમ્સ"માં લખેલું છે કે સૈયદ શાહ મુહમ્મદ હસનશાહ એટલે હુસેન અલ–હુસેની શાહ "આગાખાન"ના નામથી મશહુર છે. તેઓશ્રી કેરમાનના હાકિમ હતા, મહેલાતના માલિક હતા. તેઓશ્રીનો જન્મ પણ મહેલાત ખાતે થયો હતો.

મુંબઇના એક વેળાના આગેવાન પત્ર "અખબારે સોદાગર"માં હિજરી સન ૧૩૧૩માં પ્રગટ થયેલા એક લેખમાં દર્શાવવામાં આવ્યું છે તેમ "આલમુત"ની પડી ભાંગેલી જગ્યાએ "હુસેની" લોકો રહે છે. તેઓ નામદાર આગાખાન સાહેબને પોતાના ઇમામ તરીકે માને છે અને તેમના ઇલકાબ સહિત તેમનું નામ "મુહમ્મદ હુસેન અલ–હુસેની" છે. હિંદુસ્તાનથી ઇરાન ખાતે "કેક"ની પાડોશમાં ઇસ્માઇલીઓ તેઓ નામદારની દુઆઆશિષો મેળવવા આવતા હતા, જેઓ સઘળા "ખોજા પંથ"ના હતા.

## કેરમાનના ગવર્નર—મહેલાતમાં વસવાટથી "મહેલાતી" તરીકે.

હઝરત ઇમામ મુહમ્મદ હુસેન અલ–હુસેની ઉર્ફે આગાખાન તેમજ મુંબઇ સરકારના દસ્તાવેજોમાં લખવામાં આવ્યું છે તેમ "હિઝ હાઇનેસ આગાખાન મહેલાતી" ઇસ્માઇલીઓના જાહેરાત પામેલા ઇમામ અને પેઢી દર પેઢી ઉતરી આવેલા (રૂહાની) સરદાર છે. ઇસ્માઇલીઓના હાલના મસનદનશીન, ખુદાના મોકલેલા ઇમામ હઝરત અલી અ.થી છેલ્લા જાહેરાત પામેલા હઝરત ઇમામ જાફર સાદિક અ.ના પુત્ર, હઝરત ઇમામ

## HIS HIGHNESS IMAM AQA HASSANALI SHAH AL-HUSAINI, AGA KHAN I



ઇમામ આગા શાહ હસનઅલી શાહ (અ.) આગાખાન પહેલા.

ઇસમાઇલ અ. ની ઔલાદનો હક ધરાવનાર, હાલના નામદાર આગાખાન ઘણાં હિંમતવાન અને દિલાવર માલુમ પડે છે. તેમના દાદાશ્રી હઝરત ઇમામ અબુલ હસનઅલી શાહ અ. કેરમાન જેવાં વખણાયેલાં શહેરના ઝંદ શાહોના સમયમાં હાકિમ હતા અને એ હાકિમી છોડયા પછી મહેલાત પરગણામાં જઈ વસ્યા હતા. ત્યાર પછી તેઓશ્રીના વંશજો મહેલાત ખાતે મોટી જાગીર વધારીને લાંબી મુદત સુધી તેનો ભોગવટો કરતા રહ્યાથી તેઓ "મહેલાતી" તરીકે ઓળખાય છે."

## ઈમામનાં ગુણ દર્શન.

"નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" એ નામની કૃતિમાં જણાવવામાં આવ્યું છે કે: "હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પહેલા આગાખાન, તે ઇરાનના મહેલાતી પરગણાના માલિક, નામવર હઝરત આગા હુસેઇન, એક નિડર, હિમ્મતવાન અને પરહેઝગાર તથા સખત 'ડીસીપ્લીન' પળાવવાના આચાર વિચારવાળા હતા. તેઓશ્રીમાં 'ભલમનસાઇ' અને 'મોટાઇ'ના ગુણોનો એકી સાથે સમાવેશ થયેલો હતો. તેઓશ્રી બાદશાહી દિલગુર્દો ધરાવતા હતા અને સખાવતોમાં હાતિમતાઇ જેવું દિલ ધરાવતા હતા. તેઓશ્રીની હુઝુરમાંથી કોઇપણ હાજતમંદ નાઉમેદ બની પાછો જતો નહિ. તેઓશ્રી સેંકડો હાજતમંદ કબીલાઓનું પાલણપોષણ કરતા હતા. અસંખ્ય લોકોને તેઓશ્રી આશરો આપતા હતા. તેઓશ્રીના દરવાજા આગળ દરરોજ એકઠા થતાં સંખ્યાબંધ મોહતાજોને તેઓશ્રી અન્નવસ્ત્રો પુરા પાડતા હતા. તેઓશ્રી એક ઉમદા નિશાનબાજ હતા, તેમજ સદા સાદાઇમાં રહેતા હતા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના પુજ્ય વડવાઓએ પણ ઇરાનના ઇતિહાસમાં એક મનોવેધક પ્રકરણ ઉમેર્યું છે, જે જુદી જુદી આકર્ષક ઘટનાઓના, હિંમત અને સાહસથી ભરપુર કાર્યો, યુધ્ધ પરાક્રમો અને અદભુત સામગ્રીઓ અને દ્રષ્ટાંતોથી ભરપુર છે. તેઓશ્રીનાં જીવનની અદભુત કારકિર્દી ઇન્સાન જાતને પ્રતિકુળ સંજોગોમાં પણ આશાવાદી બનવા માટે અને નિરાશા આક્રમણ કરે ત્યારે પણ હૃદયને દિલાસો આપવા માટેનું ઉમદા શિક્ષણ આપે છે, કારણ કે તેઓશ્રીનું શુશાતન અને અડગ હિમ્મત પ્રતિકુળ સંજોગોમાં પણ ખીલી ઉઠતાં હતા. મુશ્કિલીઓ અને ભયના સમયે તો તેઓની દિલેરી અને પરાક્રમ ચમત્કારીક રીતે પ્રગટી નીકળતાં હતા. તેઓના જવાંમરદીના કાર્યોથી તેમના સાથીદારો તેમજ દુશ્મનો દિગમુઢ બની જતા હતા. ગમે તેવા સંજોગોમાં તેઓ ગરીબોને સહાયતા આપવાનું હરગીઝ ભુલતા ન્હોતા.

## મુહમ્મદખાન કાચારનું મૃત્યુ—ફતેહઅલીશાહ ઈરાનના રાજ્યાસને.

'હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના સમયમાં ઝંદ રાજ્યકર્તાઓની સત્તાનો અંત આવી ગયો હતો અને આગા મુહમ્મદખાન કાચાર એકલો સમસ્ત ઈરાનમાં રાજ્યકર્તા બની બેઠો હતો. ત્યારપછી લુત્ફઅલીખાન ઝંદના પુત્ર ખુશરૂની આંખો ફોડી તેને કેદમાં પુરવામાં આવ્યો.

હિજરી સન ૧૨૧૦ માં આગા મુહમ્મદ કાચારે ઇરાન પર સંપૂર્ણપણે કબજો મેળવ્યા પછી રશિયનો પાસેથી જ્યોર્જીયા પાછું લેવા તે રણે ચડયો હતો, તે દરમ્યાન પોતાની છાવણીમાં નિંદ્રાવશ હતો ત્યારે તેના કેટલાક ગુલામોએ હૂમલો કરીને તેને મારી નાખ્યો. આ સમયે ઇરાનનું પાટનગર તહેરાન હતું.

ત્યારપછી હિજરી સન ૧૨૧૧ માં ફતેહઅલીશાહ બિન હસન કુલીખાન બિન મુહમ્મદ હસનખાન કાચાર ઈરાનની રાજ્યગાદીએ આવ્યા. તેઓએ મુહમ્મદખાન કાચારના ખુનીઓને દેહાંત દંડની શિક્ષા કરી. તેમના રાજ્યઅમલના આરંભકાળમાં નાદિરશાહનો પૌત્ર મિરઝા નાદિર બિન

શાહરૂખે ખુરાસાનમાં બળવો જગાડયો, પરંતુ તે પકડાતાં તેનો વધ કરવામાં આવ્યો. બીજી તરફ મુહમ્મદ બિન ઝકીખાન ઝંદે શિરાઝમાં અશાંતિ જગાડી, પરંતુ પાછળથી તે પણ પકડાઇ ગયો. આગા મુહમ્મદખાન કાચાર સાથે ઝંદ શાહ લુત્ફઅલીખાનનો દગાખોર વઝીર હાજી ઇબ્રાહીમ મળી જવાથી આગા મુહમ્મદે રાજ્ય જીત્યા પછી તેને પોતાનો વઝીર બનાવ્યો હતો, તે પાછળથી ઉધ્ધત બની રાજ્ય સામે ધૃષ્ટતા કરવા લાગતાં તેને પણ કત્લ કરવામાં આવ્યો હતો.

## નેપોલીયનનો એલચી ઇરાનમાં—રશિયનો સામે જહાદ.

હિજરી સન ૧૨૨૮ માં રશિયનોએ "તિફલીસ" કાબુમાં આણી "ગન્જ" પર ઘેરો નાખ્યો. ફતેહઅલી શાહે મુકાબલા માટે લશ્કર મોકલ્યું. આ યુધ્ધમાં રશિયનોની એવી ભયંકર કતલ ચલાવવામાં આવી કે પાછળથી તેમની ખોપરીઓનો મિનારો ચણવામાં આવ્યો. હિજરી સન ૧૨૩૨ મ હેરાતના વાલી હાજી ફિરોઝે મશહદ પર હલ્લો કર્યો પણ તેમાં તેની હાર થતાં કાચારીઓએ બે વર્ષ લગી તેની ખંડણી વસુલ કર્યા પછી હાજી ફિરોઝને છોડી દેવામાં આવ્યો.

આ વર્ષમાં ફ્રેન્ચ સમ્રાટ નેપોલિયનનો એલચી ઇરાનમાં આવ્યો. તેણે ફતેહઅલી શાહ સાથે એવી સમજુતી કરી કે પ્રથમ ઇરાની ફ્રેન્ચ લશ્કર બન્ને સાથે મળી રશિયનોને હાંકી કાઢે, ત્યારપછી સંયુકત બળથી હિંદુસ્તાન ઉપર આક્રમણ લઇ જવામાં આવે. આ દરમ્યાન હિજરી સન ૧૨૩૩ માં ઇરાન અને રશિયા વચ્ચે સંધિ થઇ જેથી નેપોલિયનની ગોઠવણ ભાંગી પડી. આ વર્ષમાં બ્રિટીશ એલચીએ બ્રિટીશ શહેનશાહ તરફથી એક "મોટો હીરો" ઇરાનના શાહને નજરાણા તરીકે ભેટ કર્યો અને મિત્રાચારીનો સંબંધ બાંધવા એક કરારનામું કર્યું. હિજરી સન ૧૨૩૮ માં તુર્કી (રૂમ) અને ઇરાન વચ્ચે સંધિ થઈ. આ વર્ષમાંજ ઇસ્નાઅશરી ઉલમાઓની ઉશ્કેરણીથી રશિયનો સામે જહાદ (ધર્મયુધ્ધ) જાહેર કરવામાં આવ્યું. હિજરી સન ૧૨૪૩ માં બન્ને પક્ષો વચ્ચે ફરી સુલેહશાંતિ સ્થપાઇ.

## પાંચ હજાર કરબલાઇઓની કતલ—વહાબીઓનો પરાજય.

ફતેહઅલી શાહના રાજ્યઅમલ દરમ્યાન સઉદ બિન અબદુલ અઝીઝ વહાબીએ કરબલાનો નાશ કર્યો અને હઝરત ઇમામ હુસેન અ. નો રોઝો તોડી નાખી પાંચ હજાર કરબલાઇઓને કત્લ કર્યા બાદ પુષ્કળ લુંટ ચલાવી તે ચાલ્યો ગયો. ફતેહઅલીશાહે વહાબીઓને શિક્ષા કરવા અને લુંટાયેલો માલ પાછો મેળવવા બગદાદ ખાતે લખ્યું પરંતુ બગદાદનો વાલી સુલેમાન પાશા મરણ પામતાં ઇરાની લશ્કરે વહાબીઓને "મસકત" અને "નજદ"માં હાર આપીને સંખ્યાબંધ નજદીઓને કત્લ કર્યા.

## ઇમામની બાલ્યાવસ્થા—યઝદમાં વસવાટ—ચાલુ રહેલી સતામણી.

હઝરત ઇમામ આગા શાહ હસનઅલીશાહ અ. ૭ વર્ષની બાળવયમાં હતા ત્યારે નિશાળે બેસાડવામાં આવ્યા. તેમને મુલ્લાં અલીમહમદ શિક્ષણ આપતો હતો. એ નિશાળના ફારસી ભાષાના અભ્યાસક્રમમાં કેટલાક સુફી કવિઓના કાવ્યો પણ ચાલતા હતા. એક સમયે એક કાવ્યનો ખુલાસો ઇમામે મુલ્લાંને પુછતાં તેણે જણાવ્યું કે "એ પદનો ખુલ્લો અર્થ કરવાથી દીનની તબાહી અને શરીઅતમાં ગુમરાહી ઉત્પન્ન થવાનો ભય છે માટે એ વાત મુકી આપો."

FATEH ALI SHAH QAJAR: Emperor of Persia. The father-in-Law of AQA SHAH HASAN-ALI SHAH (The first Aga Khan)



ઇરાન સમ્રાટ ફતેહઅલીશાહ કાચાર:
આકા શાહ હસનઅલી શાહ (અ.) ના સસરા.
(જુઓ પાનું ૪૦૯)

KARIM KHAN ZEND: The founder of Zend Dynesty.



કરીમખાન ઝન્દ: ઝન્દ વંશના સ્થાપક.
(જુઓ પાનું ૩૯૨)

ઇમામની ઉંમર સાત વર્ષની થતાં તેઓ પોતાના પિતાશ્રી હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. સાથે યઝદ ખાતે આવી રહ્યા. ઇરાન ! શાહ આગા મુહમ્મદ કાચારે કેરમાન શહેર છોડીને યઝદમાં જઈ વસવાટ કરવાની હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ. ને એક્તેમાસ કરી હતી અને ઇમામની માલિકીની કેરમાનમાંની જાગીરીના બદલામાં યઝદમાં જાગીરો આપી હતી. ઇમામ અને તેમના કુટુંબીઓ એ સબબે યઝદમાં જઇ વસ્યા હતા.

આ વિભાગમાં એ સમયે ઇમાનીખાન ફરહાની રાજ્યનો નાયબ હતો અને મહેલાત પરગણામાં મુહમ્મદઅલી નામનો એક શખ્સ રાજ્ય તરફનો અધિકારી હતો, જે ઇમાનીખાનની દરકાર કરતો નહોતો. બીજી તરફ ઇમાનીખાને પણ મુહમ્મદઅલીને તોડી પાડવા હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ના મહેરદાર અર્થાત પીર સરકાર માતા સલામતને એક રૂકકો લખી તેમને પોતાની પાસે આવવા જણાવ્યું. આ પરથી મુહમ્મદઅલી માટે સલામતીની ખાત્રી મળવા પછી ઇમાનીખાનને ત્યાં રવાના કરવામાં આવ્યો. તેણે વચનનો ભંગ કરી મુહમ્મદઅલીને કેદ કર્યો અને પોતાના સિપાહીઓ મોકલી તેના ઘરબાર લુંટી લીધાં. આ ખબર સાંભળી પીર સરકાર માતા સલામત મુહમ્મદઅલીની કુમકે ફરહાન ખાતે આવીને રહ્યા. ઇમાનીખાનને આ વાતની જાણ થતાં તે પોતાનું નિવાસસ્થાન મુશ્કાબાદ છોડી બીજે કયાંક ચાલ્યો ગયો. એ સબબે પીર સરકાર માતા સલામત મહેલાતનું વતન છોડી કુમ ખાતે પોતાના કુટુંબ સહિત આવી રહ્યા.

આ સમયે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની વય આઠ વર્ષની હતી. કુમમાં પણ દુશ્મનોની સંખ્યા વધી પડવાથી તેમને વિશ્રાંતિ મળી નહિ અને હઝરત ઇમામ હસનઅલીશાહ અ.ની વય તેર વર્ષની થઇ તેવામાં દુશ્મનોએ તેઓ નામદારના પિતાશ્રીનું ખુન કર્યું. આટલેથી સંતોષ નહિ પામતાં સતામણી ચાલુ રહી. ઈર્ષાખોર મુલ્લાંઓની ચડામણીથી કેટલાક રાજ્યકર્મચારીઓનાં ભેજાંઓ પણ એ વિષયમાં ગંદુ કાર્ય કરી રહ્યા હતા. આવી પરિસ્થિતિ વચ્ચે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના માતુશ્રી પીર સરકાર માતા સલામત કાચાર વંશના પાયતખ્ત તહેરાન ભણી રવાના થયા, અને ત્યાં હરમમાં રાજકુટુંબની બાનુઓએ તેમનો ઘણા માનથી સત્કાર કર્યો, ત્યારપછી આ સઘળી હકીકત ફતેહઅલીશાહના કાને પડી.

## ઝિલુસ્સુલતાનના કાવાદાવા.

શાહના શાહઝાદા ઝિલુસ્સુલતાનના આ સઘળાં છુપાં કાવતરાં હતાં, એ સાંભળીને શાહ કંપી ઉઠયા અને ક્રોધાયમાન થઇ પોતાની કમરમાંથી ખંજર ખેંચી કાઢી, ઝિલુસ્સુલતાન પર ધસી જઇને ભારે અવાજે કહ્યું:—"આગા મુહમ્મદખાન કાચારે કેરમાનની મિલ્કત પેટે ચાર પાંચ ગામડાઓ હઝરત ઇમામ શાહ ખલીલુલ્લાહ અલી અ.ને આપ્યા છે, તેમાં કઇ સત્તાના આધારે તેં દખલ કરી છે?" ગરમ વાતાવરણ જોઇને પીર બીબી સરકાર માતા સલામતે વચ્ચે પડી આ કાર્ય માટે ઝિલ્લુસ્સુલતાનને માફી આપવાની માંગણી કરી જેના પરિણામે શાહઝાદા ઝિલ્લુસ્સુલતાન મોતના મોઢામાંથી બચી જવા પામ્યો.

## ઇરાન સમ્રાટની શાહઝાદી સાથે ઇમામના લગ્ન.

ફતેહઅલીશાહે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને તેમની મિલકતો પાછી આપી અને તેમના કુટુંબને જે કંઇ ખમવું પડયું હતું તેની બધી ગુજરી ભુલી જવામાં આવે એ હેતુથી પોતાની શાહઝાદી સર્વજહાંખાનમના લગ્ન ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. સાથે કરી આપવાની ઇચ્છા દર્શાવી. પીર બીબી સરકારે પોતાની નામરજી દેખાડી, પરંતુ ઇરાન સમ્રાટ ફતેહઅલીશાહના આગ્રહથી તેમને આ વાત સ્વીકારવી પડી.

ફતેહઅલીશાહે ત્યારપછી શાહઝાદીના લગ્નની તૈયારી કરવા માંડી અને થોડા વખતમાં ભારે ધામધુમ સાથે પોતાની શાહઝાદીના લગ્ન હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. વેરે કરાવી આપ્યા. શાહઝાદીને ફતેહઅલીશાહે દહેજમાં રાજ્યના ખજાનામાંથી એક લાખ ને પંદર હજાર રૂપીયાની રોકડ રકમ આપી. આ ઉપરાંત બીજું જરઝવેરાત પણ ઘણું આપ્યું. લગ્નથી જોડાયા પછી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને ફતેહઅલીશાહ રાજ્યવંશના સઘળા શાહઝાદાઓ કરતાં વધુ માન આપતા હતા અને આલે રસુલના ખાનદાનથી પોતાનો સગપણ સંબંધ જોડાવા માટે ગર્વ લેતા હતા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પણ પોતાની જાતી ચંચળતા અને ખુબસુરતીથી એટલા તો માનીતા થઇ પડયા કે દરેક જણ તેઓશ્રીને "આગાખાન" ના લાડકવાયા નામની સંબોધવા લાગ્યા. ફતેહઅલીશાહ શિકારનો અને રમત ગમતનો બહુજ શોખ ધરાવતા હોવાથી હઝરત ઇમામ હસનઅલીશાહ અ.ની બહાદુરી જોઇને તેઓશ્રીને હમેશાં શિકારગાહે પોતાના સાથે લઈ જતા હતા અને હમેશાં તેઓશ્રીનો માન મરતબો કેમ વધે એવી કોશિશો કરતા હતા.

## "આગાખાન" લકબની એક યાદ.

રશિયન પ્રોફેસર ઇવેનોવ જણાવે છે કે, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની ઉમર દશ વર્ષની હતી, ત્યારે ફતેહઅલીશાહ કાચાર રાજ્યગાદી પર આવ્યા હતા. એ શાહે ઇમામનું ઘણું સન્માન કર્યું અને પોતાની શાહઝાદી વેરે તેમના લગ્ન કરી આપીને "આગાખાન"નો માનનીય લકબ આપ્યો તેમજ કન્યાદાનમાં એક જાગીર પણ આપીને તેમને કેરમાનના હાકિમ બનાવ્યા હતા, પરંતુ કેટલાક રાજદ્વારી કારણોને લઇને તેઓ આ ઓધ્ધો વધારે વખત ભોગવી શકયા નહોતા. દરમ્યાન ફતેહઅલીશાહનું અવસાન થયું. પાછળથી મુહમ્મદશાહ કાચાર રાજ્યગાદી પર આવ્યો. આ સમયમાં ઇમામને પોતાની મહેલાતની જાગીરમાં રહેવા માટે જવું પડયું અને ત્યાંથી મક્કાના પ્રવાસે ગયા. પાછા ઇરાન આવતાં ઇરાનના રાજકારણને ફરી કાળના ચકરાવામાં પડેલું ઇમામે જોયું. આ સમયે ફતેહઅલીશાહના એક પુત્ર ઝિલ્લુસ્સુલતાનના પક્ષકારોએ શાહના ગાદીવારસ મુહમ્મદશાહ કાચાર સામે હથીયારબંધ બળવો ઉઠાવ્યો હતો.

## પીર સરકાર માતા સલામત મુંબઈ અને મસ્કતની મુલાકાતે.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હિજરી સન ૧૨૩૭ એટલે ઇસ્વી સન ૧૮૨૯માં ઇરાનમાં વસતા હતા ત્યારે મુંબઇમાં ઇમામનો દશોંદનો હક આપવા હબીબ ઇબ્રાહીમે ઇન્કાર કરી અને પોતાના વિચારના કેટલાક બીજા લોકોને ભેળવી પૈસાના બળે એક નાનું ટોળું ઉભું કર્યું હતું. આ બિના ઇસમાઇલી મઝહબ વિરૂધ્ધ હોઇ ઇમામે ઇરાનથી પીર સરકાર માતા સલામત મરીયમ ખાતુનને, મિરઝા અબુલ કાસિમ સાથે હિંદુસ્તાન મોકલ્યા. ઇરાનથી તેઓ હિંદ ખાતે પધાર્યા ત્યારે પહેલવહેલા "કચ્છ"માં પધાર્યાં હતા.

ત્યાંથી પીર માતા સલામત મુંબઇમાં આવી પહોંચ્યા પછી જમાતખાનામાં જમાતને હિદાયત આપવા વાયેઝો કરી જમાતને વધારે વસવસામાંથી બચાવી લીધી. ત્યારપછી પીર સરકાર માતા સલામતે મસ્કત અને બીજા ઇસમાઇલીઓની વસ્તીવાળા શહેરોની મુલાકાત લઇ જમાતખાનાઓમાં વાયેઝોનો જમાતને લાભ આપ્યો હતો.

## સર જોન માલકમ—ઈરાનના સમ્રાટ ફતેહઅલીશાહનું અવસાન.

ઈરાનના ઈતિહાસમાં ફતેહઅલીશાહ ઘણીજ પ્રખ્યાતી પામ્યા હતા. તેઓ અંત્યત નિખાલસવૃતિવાળા, માયાળુ અને લાંબી સમજ ધરાવનારા હતા. કેટલાક સંજોગોને લઈને તેઓ યુરોપના રાજ્યો તરફ સ્વભાવિક રીતે સખત અણગમો ધરાવતા હતા. ફતેહઅલીશાહના સમયમાં, નેપોલીયનની ઈરાન માર્ગે હિંદ પર ચઢાઈની અફવા ફેલાવાથી, હિંદના વાયસરોય લોર્ડ વેલેસ્લીએ, ફ્રેન્ચોને શિકસ્ત આપવા માટેની વાટાઘાટો કરવા પ્રસિધ્ધ ઈતિહાસવેતા "હિસ્ટ્રી ઓફ પરશિયા" નામના ઈતિહાસિક ગ્રંથના કર્તા સર જોન માલકમને ઈરાનના દરબારમાં એલચી તરીકે મોકલાવ્યો હતો.

ફતેહઅલીશાહ હિજરી સન ૧૨૫૦ માં "ઝાતલ જુનુબ"ની બીમારીથી મરણ પામ્યા હતા. શાહના મૃત્યુથી હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને ઘણોજ આઘાત લાગ્યો હતો, કારણ કે મરહુમ શાહ તેઓશ્રીના સસરા થતા હતા.

## મુહમ્મદશાહ ગાદીએ—રાજ્યમાં અવ્યવસ્થા.

ફતેહઅલીશાહના અવસાન પછી રાજ્યમાં ફરી પાછી અવ્યવસ્થા પ્રસરી નિકળી. કેટલાકોએ લુંટફાટ અને ખુનામરકી પણ ચલાવી. રાજ્યગાદી પર કોને લાવવો એ સવાલ પ્રજાને મુંઝવવા લાગ્યો. અંતે ઈરાન સમ્રાટ ફતેહઅલીશાહે પોતાની હયાતી દરમ્યાન નિમેલા ગાદીવારસ શાહ અબ્બાસનું મરણ થયેલું હોવાથી મર્હુમ બાદશાહની ઈચ્છા અનુસાર શાહ અબ્બાસના પુત્ર મુહમ્મદશાહ હિજરી સન ૧૨૫૦ માં ઈરાનની ગાદીએ આવ્યો, જેના માટે હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ કોશિસ કરતાં શાહના શાહઝાદા ઝિલ્લુસ્સુલતાન અને બીજા સઘળાં વિરોધીઓના હાથ હેઠા પડયા હતા. રાજ્યના સેનાપતિ ગુલામહુસેન સાથે હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. તાજપોશીની ક્રિયા અર્થે દરબારમાં આવી પહોચ્યા જે દબદબાથી થઈ અને શાહે ધોરણસર રાજ્યની લગામ હાથમાં લીધી. ત્યારપછી જે લોકોએ લુંટફાટ ચલાવી ખુનો કર્યાં હતા તે સઘળા ગુન્હેગારોને પકડીને સજા કરવામાં આવી. અશાંતિના સમયમાં પ્રજાનો કેટલોક ભાગ "મહેલાત"માં જઈ, હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના આશ્રયે આવી રહ્યો હતો, તે પણ પોતપોતાના સ્થળે પાછો ફર્યો હતો.

મુહમ્મદશાહ ગાદીએ આવ્યા પછી હિજરી સન ૧૨૫૩ માં તેણે "જોરીયા" ફતેહ કરી "હેરાત" પર ઘેરો નાખ્યો હતો, પણ બ્રિટીશોની લાગવગથી તે ઘેરો ઉપાડી લેવો પડ્યો. એ બાદશાહ ૧૪ વર્ષ પર્યંત રાજ્ય ભોગવી મૃત્યુ પામ્યો હતો. મુહમ્મદશાહના રાજ્યઅમલના અંતિમ ભાગમાં ફરીથી પ્રજા અને રાજ્યના કર્મચારીઓમાં ફાટફુટ પડવા લાગી.

## ઈમામ હસનઅલીશાહ અ.–કેરમાનના વિજયની તૈયારી.

બાદશાહે ગાદી પર આવ્યાં પછી હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. પર ઘણા ખુશ થઈ તેઓશ્રીને દરબારમાં આવવાનું આમંત્રણ આપ્યું. તેઓ નામદાર ત્યાં જતાં ઈરાન સમ્રાટ અને વઝીર મિરઝા અબુલ કાસિમ રહેમતુલ્લાહ આકાશી બન્નેએ એકમત થઈ બલુચીઓ અને અફઘાનોના તાબામાં આવી પડેલા કેરમાન પરગણાને રાજ્ય હસ્તક આણવાનું કામ હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને સોંપતાં, શાહે તેઓશ્રીને કહ્યું:—"કેરમાનની હકુમતથી તમારા બાપદાદાઓનો જેવો સંબંધ હતો, તેવો હાલ પણ તમારી જોડે છે; માટે તમો લશ્કર અને યુધ્ધ સામગ્રી સાથે કુચ કરી કેરમાન જીતવાની તૈયારી કરો, એવો અમારો ઈરાદો છે."

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ ઉત્તર આપ્યો કે, "લુત્ફઅલીખાન ઝંદ કેરમાનમાં અમારા આશ્રયમાં હતા ત્યારે મોટું લશ્કર અને પુષ્કળ ખર્ચ કર્યા બાદ મહીનાઓ પછી આગા મુહમ્મદખાન કાચાર એ શહેર જીતી શક્યો હતો. આ કામ અમોને આજે સોંપવામાં આવ્યું છે, તેના બદલામાં અમો એક દીનાર પણ લેવા ચાહતા નથી. અમે પોતે યુધ્ધ લડી દુશ્મનોને પરાજિત કરી કેરમાન જીતીને રાજ્યને હવાલે કરીશું પછી આપને યોગ્ય લાગે તે પ્રમાણે કરશો."

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ત્યારપછી મહેલાત ભણી રવાના થયા અને ત્યાં પહોંચ્યા પછી યુધ્ધસામગ્રી એકઠી કરવામાં રોકાયા. સઘળી તૈયારીઓ થઇ જતાં કેરમાન ભણી તેઓએ કુચ કરી. દુશ્મનોને સમાચાર મળતાંજ તેઓ કેરમાન ખાલી કરી સુરક્ષિત રીતે મુકાબલો કરવાના વિચારથી "બમ" અને "નરમાશીર"ના કિલ્લામાં ભરાઇ બેઠા. દુશ્મનોની વ્યુહરચના તરત કળી જઇને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાના ભાઇ સરદાર અબુલ હસનખાનને ખુરાસાનીઓ અને અતાઉલ્લાહીઓના લશ્કરનું વડપણ આપી દુશ્મનો પર ચઢાઇ લઇ જવા હુકમ આપ્યો. ત્યારપછી ઇસમાઇલી લશ્કરે બમ-નરમાશીર ભણી પ્રયાણ કર્યું. તેની બાતમી સામેની છાવણીમાં મળી જતાં બમ અને નરમાશીર અફઘાન અને બલુચીઓને સોંપી "શુજાઉસ-સલતનત"ના શાહઝાદાઓ નાસી છુટયા.

## મહાન ફતેહ-શત્રુઓનો પરાજય.

ફતેહઅલીશાહના રાજ્યઅમલમાં અગિયાર વર્ષથી અફઘાનો અને બલુચીઓ કેરમાન પરગણાની પેદાશ ખાઇ જતા હતા અને વારંવાર બળવો ઉઠાવતા હતા. તેઓને હાંકી કહાડવા રાજ્યને ચાલીશ હજાર તુમાનનું ખર્ચ થઇ ચુક્યું હતું. રાજ્યના ઘણા લશ્કરીઓ માર્યા ગયા હતા, છતાં દુશ્મનો કેરમાન છોડી જતા નહોતા. આ સઘળી બિના લક્ષમાં લઇને પુરતી યુધ્ધસામગ્રી સહિત સરદાર અબુલ હસનખાન ચઢાઇ લઇ ગયા. બમ-નરમાશીરના વિસ્તારમાં આવી પહોંચ્યાં પછી બન્ને પક્ષો વચ્ચે ભારે ખુનખાર યુધ્ધ થયું. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પણ કેરમાન શહેરને વ્યવસ્થિત કરી પોતાના ભાઇ સરદાર અબુલ હસનખાનની કુમકે બમ તરફ રવાના થયા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ ઘણીજ બહાદુરીથી યુધ્ધ લડી અફઘાનો અને બલુચીઓને સખત હાર આપી. જો કે તેઓનાં કિલ્લાઓ પુષ્કળ લડાયક સામગ્રી, ખોરાકી અને લશ્કરથી સજ્જ અને મજબુત હતા, છતાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાના થોડાંકજ લશ્કર સાથે ભયંકર દુકાળના વર્ષમાં દુશ્મનોને પરાજિત કરી ખરેખર એક ચમત્કારજ કરી બતાવ્યો હતો. તેઓશ્રીએ એક વર્ષ સુધી આરામ અને સુખચેનને હરામ કરી, દેશાવરથી મોંઘામાં મોંઘું અનાજ મંગાવીને લશ્કરને પુરૂં પાડયું હતું. આવા પ્રતિકુળ સંજોગો ઉપરાંત અફઘાન અને બલુચીઓની મોટી સંખ્યા હોવા છતાં ઇસ્માઇલી લશ્કરના હાથે તેઓનો મોટો ભાગ માર્યો ગયો, અને બાકીનાઓ પકડાઇ ગયા. જો કે પાછળથી તેઓને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ રહેમદિલીથી છોડી મુકયા હતા અને કેટલાકોને દેશનિકાલ કર્યા હતા.

## એક દરવીશનો પત્ર.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ આ પ્રમાણે બમ તથા નરમાશીર છતી અને સઘળું વ્યવસ્થિત કર્યા પછી શાહી પેદાશ તથા યુધ્ધની સઘળી વિગતો શાહના દરબારમાં રજુ કરવા મિરઝા અલી રઝાને તહેરાન મોકલાવ્યો. તહેરાનમાં પહોંચીને તેણે શાહ સન્મુખ અહેવાલ રજુ કર્યો. બીજી

તરફ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. શાહના જવાબની રાહ જોઇ રહ્યા હતા, એટલામાં કોઇ એક દરવીશનો પત્ર તેઓશ્રીને મળ્યો, જેમાં લખેલું હતું કે "ઇરાની રાજ્યના રંગઢંગ કેવા હોય છે તે આપ સારી રીતે જાણો છો. એક વઝીરના સમયમાં જે કામકાજ થયું હોય તે બીજા વઝીરના વખતમાં ઉલ્ટી જાય છે. આપના વિષયમાં પણ એમ બને તો કાંઇ અજાયબ થવા જેવું નથી. રાજ્યની ઉપર આપનો મોટો ઉપકાર છે; તેનો બદલો પણ સાધારણ રીતે વાળી શકાય એમ નથી, એટલે તેને ટાળી દેવા માટે બહાના શોધવામાં આવે છે." આ કાગળના અંતમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે વધુ વિગત કાસિદ દ્વારા જાણી શકાશે.

## હાજી ઝૈનુલઆબેદીન નિયામતુલ્લાહશાહી શિરવાનીનું જુઠાણું.

ફતેહઅલીશાહના જીવનકાળમાં ઇરાનમાં નિયામતુલ્લાહશાહી ફિરકાનો પ્રચાર કરનાર હાજી ઝૈનુલઆબદીન શિરવાની પોતે મુરશિદ હોવાનો દાવો કરતો હતો. તેણે રાજગાદી મળશે એવી ભવિષ્યવાણી ઘણા શાહઝાદાઓના સંબંધમાં ભાખી હતી. એ સમયના ઇરાની સમ્રાટ મુહમ્મદશાહ કાચારનું ભાવી પણ તેણે એ પ્રમાણે ભાખેલું હોવાથી, શાહ પોતે પણ વિશ્વાસ લાવી તેનો મુરીદ બન્યો હતો. શાહનો વઝીર હાજી મિરઝા આકાશી પણ નિયામતુલ્લાહશાહી હતો, જેને લઇ હાજી ઝૈનુલઆબેદીન શિરવાનીના શિખવેલા કેટલાક વઝીફા શાહ પડતો હતો. આવી રીતે હાજી ઝૈનુલઆબેદીન શિરવાનીની લાગવગ વધતાં મુહમ્મદશાહના દરબારમાં તે આવજાવ કરવા લાગ્યો અને પાછળથી તો તે ઘણો પ્રબળ પ્રભાવશાળી આસામી થઇ પડયો. મુહમ્મદશાહના પિતા ફતેહઅલીશાહના ઝમાનામાં અવ્યવસ્થા પ્રસરી રહી હતી, ત્યારે શિરવાનીએ પોતાના જાનમાલના રક્ષણ અર્થે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નું શરણ માંગતાં ઇમામે પોતાના વસાવેલા દૌલતાબાદ નામના ગામમાં તેને પનાહ આપી હતી અને કેટલાક વર્ષ પછી સઘળું વ્યવસ્થિત થતાં તે તહેરાન ખાતે પાછો ફર્યો હતો. ત્યારપછી તે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો મિત્ર થઇ પડયો હતો.

એક સમયે શાહી સવારી જુરજાનની સરહદ પર આવતાં ઇરાન સમ્રાટે હાજી ઝૈનુલઆબેદીન શિરવાનીને ત્યાં મુકામ કર્યો. આ દરમ્યાન એકાંત મળતાં તેણે શાહને કહ્યું: "હું આગાખાન જેવો મુરીદ ધરાવું છું કે જેના મુરીદ ઘણા મુલકોમાં છે." હાજી ઝૈનુલઆબદીન આ વસ્તુ શાહના મન પર ઠસાવીને પોતાનો પ્રભાવ જમાવવા માંગતો હતો, પરંતુ ખરી બીના જુદીજ હતી.

## શિરવાનીના કાવતરાં ખુલ્લાં પડયાં.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ઇરાન સમ્રાટના દસ્તરખાન પર પાંચસો તુમાન અને વઝીર મિરઝા આકાશીના દસ્તરખાન પર એકસો તુમાન માસિક નવાજિશ કરતા હતા. એક વેળા ૭ માસની રકમ તેઓશ્રીએ શાહરૂખખાન નામના પોતાના હજુરીયા સહિત જુરજાનમાં હાજી ઝૈનુલઆબેદીન મારફતે મોકલી અને શાહ તથા વઝીરને પહોંચાડવા ભલામણ કરી. આ સમયે રાજખટપટમાં તે પડી ગયેલો હોવાથી તેણે એ રકમ અટકાવીને પોતાની પાસે રાખી લીધી. વઝીર મિરઝા આકાશીને પોતાનું શસ્ત્ર બનાવી પોતાની ધારણા પાર પાડવા તેનો ઉપયોગ કરવાની વેતરણ કરી અને તે અનુસાર વઝીર તથા ઉમરાવો સાથે મળી જઇ એક દસ્તાવેજ હાજી ઝનુલઆબદીને તૈયાર કરાવી વઝીર મારફતે શાહી હુઝુરમાં પહોંચાડવામાં આવ્યો, જે વાંચી ઇરાનના સમ્રાટે હાજી ઝૈનુલઆબેદીનને પાછો આપવા વઝીરને સોંપ્યો, જેણે વિદેશ ખાતાના વઝીર મિરઝા મસઉદ સાથે ઝિયા સલતનતનાં કરી આપેલાં લગ્નનો ઉલ્લેખ ન હોવા માટેનો કટાક્ષ કર્યો અને હાજી ઝૈનુલઆબેદીનના કાવતરાંઓ ખુલ્લાં પડી જતાં તેને દરબારમાંથી હાંકી કઢાડવામાં આવ્યો. જેની સવારી માટે રાજ્યે એકસો ઘોડા આપ્યા હતા, પરંતુ આ વખતે તો કાંઇપણ સામગ્રી વગર તે જંગલમાં ભટકવા લાગ્યો હતો.

## ઈરાનના શાહ પ્રત્યે ઈમામની ભલી લાગણી.

હાજી ઝૈનુલઆબદીન નિયામતુલ્લાહશાહીના મુરીદ હઝરત ઇમામ હસનઅલીશાહ અ. છે, એ બનાવટી વાત વઝીર મિરઝા આકાશીએ સાચી માની; કારણ કે તેણે સુફરાના પૈસા મોકલ્યા નહોતા, એ વઝીરની ખાત્રી માટે પુરતું હતું, એટલે તેના દિલમાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. વિરૂધ્ધ દુશ્મનાઇ પેદા થઇ.

એક પ્રસંગે મુહમ્મદશાહ કાચાર જુરજાનથી હેરાત ઉપર હુમલો લઈ જવા તૈયારી કરી રહ્યો હતો, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને તેની ખબર પડતાં શાહ પ્રત્યે સંપુર્ણ લાગણી અને મહોબ્બત દર્શાવવા ખાતર પત્ર લખી જણાવ્યું કે, "તમો પગની ગંભીર બીમારી ભોગવી રહ્યા છો. માટે તમને મુસાફરીમાં તકલીફ ઉઠાવવી પડશે. જો હેરાત જીતવાને મને પાંચ રેજીમેન્ટ સોંપો, તો હું એ પરગણું જીતીને તમારે હવાલે કરીશ."

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો આવો શુભ ઇરાદો જાણી ઇરાન સમ્રાટ મુહમ્મદશાહ ખુશ થયો. એક વખતે દરબારમાં જાહેર સલામી ચાલતી હતી તેની વચ્ચે બાદશાહે ખુલ્લું જણાવ્યું કે, "જો આગાખાન જેવો હું એક ભાઇ ધરાવત તો શાંતિથી વિજયધ્વજ ફરકાવત અને સુખચેનમાં જીવન ગુજારત."

## વઝીર મિરઝા આકાશીની શત્રુતા—સોહરાબખાનની ચઢાઇ.

આ બનાવ પછી વઝીર મિરઝા આકાશીને પોતાની વઝીરાત ચાલી જવાનો ભય પેઠો તેથી તે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો કાંટો કાઢી નાખવાની તક શોધવા લાગ્યો. ઇમામ પ્રત્યે શાહનો પ્રેમ અનહદ હોવાથી કોઇ સંગીન આધાર વગર વઝીર કાંઇ કરી શકે એમ નહોતું. તેણે પોતાની યોજના પાર પાડવા હવે ચોકઠાં ગોઠવવા શરૂ કર્યાં. હઝરત ઇમામ આકા શાહ હસન-અલીશાહ અ. તરફથી શાહના દરબારમાં મોકલાવેલા મિરઝા અલી રઝાને વઝીરે હાથ કરીને તેને હથિયાર બનાવી શાહની કાનભંભેરણી કરવામાં તે ફાવી ગયો. તેણે શાહને એવું ઠસાવ્યું કે, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને કેરમાનની ફક્ત હકુમતજ જોઇતી નથી, બલ્કે ઇરાન અને તુરાનનું રાજ્ય પણ તેઓ પોતાના અધિકારમાં આણવા ચાહે છે. કાચા કાનના શાહે આ ઉપજાવી કાઢેલી વાતને ખરી માનીને સોહરાબખાનની સરદારી તળે કેરમાન પર લશ્કર મોકલ્યું. તેની ખબર હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને બમમાં મળી, પરંતુ બલુચીઓ દેશની ખાનાખરાબી કરશે એ વિચારીને તેઓ સોહરાબખાનને કેરમાન ખાતે જઇને મળી શક્યા નહિ અને કાસિદો માર-ફતે તેનો ખુલાસો કરવા પત્રો લખ્યા, પરંતુ તેનું કશું પરિણામ આવ્યું નહિ.

જો વઝીર મિરઝા આકાશી અદેખાઇ કરીને ઇરાનના શાહની કાનભંભેરણી કરવામાં ફાવ્યો ન હોત, અને "નામદાર આગાખાનનો ઇતિહાસ"ના કર્તાના જણાવ્યા અનુસાર હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને હેરાત પર ચઢાઇ કરવાનું કાર્ય, શાહની ઇચ્છાને માન આપીને, સોંપવામાં આવ્યું હોત તો હેરાત તેમજ બલુચીસ્તાન, સીસ્તાન ઉપરાંત અન્ય મુલકો પણ ઇરાનની હકુમત તળે આવી જાત.

## ઈમામના ભાઇ અને ભત્રીજા કેદખાનામાં—ઈમામ બમના કિલ્લામાં.

ત્યારપછી સોહરાબખાન બમ પર ચઢી આવવાના ભણકારા થવા માંડયા. ત્યારે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ પોતાના ભાઇ સરદાર અબુલ હસનખાનને બલુચીસ્તાનથી અને બીજા ભાઇ

સરદાર મુહમ્મદ બાકર ખાનને "શવર" તેડાવી લીધા. જો કે તેમનો લડવાનો ઇરાદો નહોતો, પરંતુ સરદાર મુહમ્મદ બાકર ખાનને શાહી લશ્કરે માર્ગમાં ઘેરી અને તેમને કેદ કર્યા. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના ભત્રીજા મુહમ્મદ જાફરખાન જેમને કેરમાનના નાયબ નિમવામાં આવ્યા હતા, તેમને પણ કેદ કરવામાં આવ્યા, ત્યારપછી સોહરાબખાને શાહી લશ્કર સહિત બમ ઉપર ઘેરો ઘાલ્યો. દુશ્મનોના આવા ગંદા ઇરાદાથી માહિતગાર થઇને ઇમામે પોતાના રક્ષણ માટે બમના કિલ્લાના દરવાજા બંધ કર્યા. ઘેરાને ચૌદ મહીના વીતી ગયા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની ઇચ્છા પોતાના ઉપરનો આરોપ દુર કરવાનો હોવાથી વખતોવખત શાહના દરબારમાં જવા દેવા અથવા ઇરાનની સરહદ છોડી બીજે ક્યાં નિકળી જવાની માંગણી કરી, પરંતુ સોહરાબખાને કોઇપણ માંગણી સ્વીકારવાની ના પાડી અને પ્રતિદિન ઘેરો મજબુત કરવા લાગ્યો. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ચાહત તો સોહરાબખાનના લશ્કરને છિન્નભિન્ન કરી નાખત, પરંતુ શાહની મહોબ્બત તેમને તેમ કરતાં અટકાવતી હતી, તેમજ આક્ષેપ મુકનારા પોતાનું ધાર્યું કરી ન જાય તે માટે પણ તેઓએ ધીરજ રાખી હતી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ આ મામલો સુધારવા અર્થે શિરાઝના ગવર્નર જનરલ નવાબ ફરીદુન મિરઝા પાસે સરદારને મોકલી જણાવ્યું કે, "અમને ફારસ ભણી જવા દેવાની સવળતા કરી આપવામાં આવે તો અમો શાહ પાસે અમારો કેસ રજુ કરી શકીએ."

## પોતાની અન્યાયી વલણ માટે વઝીર આકાશીનો પશ્ચાતાપ.

શિરાઝના ગવર્નરે ઇરાન સમ્રાટના ભત્રીજા મુહમ્મદ સાદિકખાનને મોકલ્યો. સાદિકખાને બમ પાસે આવીને અબ્બાસ કુલીખાન જોડે મસલત કરી કિલ્લામાં દાખલ થયો અને હઝરત ઇમામ હસનઅલીશાહ અ.ની મુલાકાત લીધા પછી ઇમામ પોતાના પરિવાર સાથે ઇરાન છોડી જાય તો તેઓને કાંઇપણ હરકત કરવામાં નહિ આવશે, એવો નિર્ણય કરવામાં આવ્યો.

આ ઉપરથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ કિલ્લો ખાલી કરવાની તૈયારી કરી. ઇસમાઇલી સૈનિકો બહાર નીકળવા લાગ્યા, એવામાં શાહી અમલદારોએ વચન ભંગ કરી, ઇસમાઇલી સૈનિકોને પકડી લઇ તેઓનો માલ અસબાબ લુંટી લીધો. ત્યારપછી રાત્રીના સમય દરમ્યાન સઘળાને કેરમાન લઇ જવામાં આવ્યા. આ ખબર હેરાતમાં મળતાં હાજી ઝેનુલઆબદીન નિયામતુલ્લાશાહીના સહકારી નવાબ મુહમ્મદ રિઝા મિરઝાએ શાહના વડા વઝીર મિરઝા આકાશીને દસ્તરખાનની રકમની ખરી હકીકત કહી સંભળાવી. આ સાંભળીને વઝીરે ધારણ કરેલી પોતાની અન્યાયી વલણ માટે તેને પશ્ચાતાપ થયો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પોતાના સાથીદારો સહિત આઠ માસ પર્યંત શાહી લશ્કરની દેખરેખ હેઠળ રહ્યા. આ દરમ્યાન શાહની સવારી હેરાતથી તહેરાન આવી પહોંચતાં ગવર્નર જનરલ મુહમ્મદ મિરઝાએ તેમને સઘળી વાત કહી; જે ઉપરથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને તેડાવી લેવામાં આવ્યા. વડો વઝીર મિરઝા આકાશી પણ હવે ઇમામને નિર્દોષ માની રહ્યો હતો. તહેરાનમાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. આવી પહોંચતા તેઓ પ્રત્યે માનભર્યું વર્તન રાખ્યું; આટલું છતાં કેરમાનમાં તેમના પ્રત્યે અણછાજતું વર્તન ચલાવવામાં આવ્યું હતું અને કેરમાનને લગતા જે કરારો થયા હતા તે સંબંધે કાંઇપણ ઉલ્લેખ કર્યા વિના તેઓશ્રીને માનભરી વિદાય આપવામાં આવી.

## હાજી અબદુલ મુહમ્મદ મહેલાતીની ભંભેરણી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. તહેરાનથી રવાના થયા બાદ હવા બદલ માટે થોડા દિવસ કુમ ખાતે રહ્યા પછી પોતાના વતન મહેલાતમાં નિવાસ કર્યો. પોતાના એ વસવાટ દરમ્યાન ઇમામે પોતાના એક નોકર હાજી અબદુલ મુહમ્મદ મહેલાતીની વડા વઝીર સાથે મુલાકાત કરાવતાં તે વઝીરના પરિચયમાં આવ્યો અને થોડા વખતમાં તો તે તેનો માનીતો બની ગયો. વઝીરના સંબંધને અંગે મુહમ્મદશાહ કાચાર પણ તેના ઉપર ભરોસો રાખવા લાગ્યો જેથી તે રાજદરબારની એક જાણીતી વ્યકિત બની ગઇ, પરંતુ અંદરખાનેથી તેની ચાલચલગત સારી નહોતી. ત્યારપછી તહેરાનથી તે મહેલાત ખાતે થોડો સમય રહેવા માટે આવ્યો, કારણ કે તેનો ઇરાદો હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના પરિવાર જોડે સગપણમાં આવવાનો હતો, પરંતુ તે ઉતરતા દરજ્જાનો હોવાથી તેની ઉમેદ બર ન આવતાં તે નિરાશ થઇને તહેરાન ભણી જતો રહ્યો, એ કારણે તેણે પોતાના મનમાં દુશ્મનીની ગાંઠ વાળી લીધી હતી અને પ્રસંગ મળી જતાં ઇરાન સમ્રાટ મુહમ્મદશાહ કાચારને કાને વાત નાખી કે "નામદાર આગાખાન લશ્કર એકઠું કરે છે અને તે હું હાલમાં મારી સગી આંખે જોઇ આવ્યો છું." થોડા વખતમાં એ અફવા આખા ઇરાનમાં પ્રસરી ગઇ.

## ઇમામની ઇરાનથી હિજરત—રાજ્ય તરફની ખુલ્લી દુશ્મની.

આ ઉપરથી ઇરાન સમ્રાટ મુહમ્મદશાહ કાચાર જાતે ખરી હકીકતની તપાસ કરવા તહેરાનથી મહેલાત ભણી રવાના થયો. પાંચ ફરસંગ જેટલે અંતરે "દિલીજાન"માં છાવણી નાખી અને ત્યાંથી છડી સવારીએ મહેલાતથી એક ફરસંગ ઉપર આવેલા 'આબગર્મ' નામના સ્થળે બાદશાહ ખોટી રહ્યો, પરંતુ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. આ સમયે શિકારે ગયેલા હોવાથી ત્યાં ત્રણ દિવસ રોકાઇને બાદશાહ પાછો "દિલીજાન" રવાના થયો. શિકારથી ફરી આવ્યા પછી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ વડા વઝીર આકાશીને તહેરાન ખાતે એક કાગળ લખી જણાવ્યું કે, "જો અમોને ઇરાનમાં રહેવા દેવા ન હોય તો તેની સરહદ છોડી જવા આપો" જેના ઉત્તરમાં વઝીરે જણાવ્યું કે, "તમો કેટલું લશ્કર ધરાવો છો અને શું ઇરાદો રાખો છો એ હું જાણું છું, પરંતુ તમારે જ્યાં જવાનો ઇરાદો હોય ત્યાં જઈ શકો છો." આથી હિજરી સન ૧૨૫૬માં રજબ માસની ૪થી તારીખે ઇમામે પોતાના કુટુંબ પરિવાર અને ભાઇઓ અને ભત્રીજાઓ સાથે "મક્કા" જવાની તૈયારી કરી. આ ઉપરથી તેમને માર્ગમાં અનાજ પાણી પુરા ન પાડવા માટે ખાનગી હુકમ રાજ્યે કાઢયા હોવાથી રાજ્યની ખુલ્લી દુશ્મનાવટ ઇમામ પામી ગયા.

## શાહી લશ્કરનો ઓચિંતો હુમલો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. જેવા કેરમાન છોડી રાતે યઝદની સરહદ પર આવી પડાવ નાખ્યો, ત્યાં એકાએક શાહી લશ્કરે છાપો માર્યો અને બંદુકોના બાર થવા લાગ્યા. લડવાના બદલે સુલેહ જાળવવાના શુભ ઇરાદાથી ઇમામે કુચ કરી. યઝદના "મહેરીઝ" ગામની પાદરે આવી, શહેરમાં પ્રવેશ ન કરતાં બહાર પડાવ નાખ્યો. ત્યાં પણ ઇમામના આવી પહોંચવાના સમાચાર જાણી તેમને બંદીવાન કરવાનો વિચાર કરી સ્થાનિક કાચારી ગવર્નર બહમન મિરઝાએ બે હજાર પાયદળ અને એક હજાર ઘોડેસ્વાર લશ્કર લઇને યઝદમાં પ્રવેશ કર્યો, પરંતુ તેની મતલબ પુરી થઇ નહિ.

## ઇમામની હાતિમદિલી.

ત્યારબાદ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાની મુસાફરી આગળ વધારી. આ રાત્રિની મુસાફરી દરમ્યાન, માર્ગમાં એક શહેરના લશ્કરે તેઓશ્રીના ઉપર બંદુકની ગોળીઓ છોડી, પરંતુ જ્યારે બેશરમીની હદ ઉપર જઇને દુશ્મનોએ વધુ સતામણીઓ કરી, ત્યારે નિરૂપાયે ઇમામે પોતાના માણસોને તેઓનો સામનો કરવાનો હુકમ આપ્યો. એ ઝપાઝપી અર્ધોએક કલાક ચાલી હશે, તેટલામાં તો દુશ્મનોએ જબરી હાર ખાધી અને શહેરનો કિલ્લો પણ ઇમામના હાથમાં આવી ગયો. કેટલાક શાહી લડવૈયાઓ પણ પકડાઇ ગયા, જેઓને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની હુઝુરમાં લઇ આવતાં, તેઓના હાથે ખમવી પડેલી હેરાનગતિનો કાંઇ પણ ખિયાલ મનમાં લાવ્યા વગર, પોતાના ખાનદાની ખાસિયત પ્રમાણે હાતિમદિલીથી તેઓને મુકત કરવાનો ઇમામે હુકમ આપ્યો.

જો કે એ શહેર પણ કિલ્લા સહિત ઇમામના કબજામાં આવી ગયું હતું, છતાં કોઇપણ સામગ્રીને અડકયા વગર, પ્રમાણિકતાથી સઘળું ત્યાંને ત્યાંજ પડતું મુકીને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાની મુસાફરી આગળ વધારી, "બામદાદ" થઇને "કાલબંદ" જઇ પહોંચ્યા. "કાલબંદ" નિચાણવાળા ભાગમાં આવેલો હોઇ, તેમજ બે વેરાન બગીચાઓ સિવાય અન્ય કંઇપણ ત્યાં નહિ હોવાથી જરૂરીયાતની કે ખાધાખોરાકીની સામગ્રી મળી શકે તેમ નહોતું. ઇમામના માણસો ચિંતામાં ગરકાવ થયા, તેટલામાં તો અજાયબી રીતે એક કાફલો આવી પહોંચ્યો, જેના પાસેથી ઇમામે મોટી કિંમતે ખોરાક સામગ્રી ખરીદ કરી લીધી.

## શાહી લશ્કરની દુર્દશા—ઇમામની રહેમદિલી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ઢોળાણવાળા ભાગમાં હોઇ સામે ઉંચાણવાળા ભાગમાં આવેલું આખું જંગલ શાહી લશ્કરથી ભરેલું જોયું તેથી સરદાર મુહમ્મદ બાકરખાન તપાસ કરવા ગયા અને તેઓ શાહી લશ્કરના સરદારને મળે તે પહેલાં તો લશ્કરે તોપો અને બંદુકોનો મારો ચાલુ કર્યો. મામલો વિફરી ગયેલો જોઇ ઇમામના અન્ય બંધુ સરદાર અબુલ હસનખાનની સરદારી તળે શાહી લશ્કરનો મુકાબલો કરવામાં આવ્યો: શાહી લશ્કર ચાર હજાર સૈનિકોનું હતું; તેની ઉપર સરદાર અબુલ હસનખાને વીરતાથી હુમલો કર્યો. શાહી લશ્કર નાસભાગમાં પડયું. આ હુમલામાં પાંચસો સૈનિકોને સરદારે કેદ કર્યા; બસો જેટલા ઘોડા અને ઊંટ હાથ આવ્યા. રણભુમિમાં આ સિવાય જે થોડા સૈનિકો રહ્યા હતા, તેઓને ઘેરી લેવામાં આવ્યા અને સાંજ પડતાં સુધી હાથોહાથની લડાઇ ચાલુ રહી અને છેવટે સઘળું શાહી સૈન્ય શરણે આવ્યું. જખમી થયેલા શાહી પક્ષના સૈનિકો, તરસથી હેરાન થઇ રહ્યા હોવાથી, તેઓ પાણી માટે પુકાર કરવા લાગ્યા, જે જોઇને ઇમામને ઘણીજ દયા આવતાં, તે કેદીઓને તેમના માલ અસબાબ સહિત છોડી મુકવાનો હુકમ આપ્યો. એટલામાં તો વઝીર આકાશીનો ભત્રીજો અને "દસ્તાબ"નો ગવર્નર અલીમુહમ્મદખાન મિરઝા હુસેન ત્યાં આવી પહોંચ્યો. શાહી લશ્કરની આવી ખરાબ હાલત જોઇ તે ઘણોજ દિલગીર થયો. આ સમયે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ જીતેલું લશ્કર તેને પાછું સોંપી દેતાં તેને પણ ઇમામની હાતિમદિલી માટે માન ઉત્પન્ન થયું:

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ધારતે તો પોતાની ફતેહનો પુરેપુરો લાભ ઉઠાવતે, પરંતુ આ વખતે પણ તેઓશ્રીએ પોતાની નેકી જારી રાખી. આ લડાઇમાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના લશ્કરમાંથી માત્ર ચાર ગુલામો માર્યા ગયા હતા.

## શાહી લશ્કરે ખોરાક સામગ્રી લુંટી લીધા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ત્યારપછી ત્યાંથી રવાના થયા. સવાર પડતાં એક કુવા પાસે ઉતારો કર્યો, અને માર્ગમાં ખોરાક સામગ્રી વિના અટકી રહેવું ન પડે તે માટે દુરંદેશી વાપરી પોતાના એક હજુરીયા અબ્દુલગનીને કેટલાક સવારો સાથે "અનાર" નામના ગામમાંથી ખોરાકી ખરીદવા મોકલાવ્યો, જ્યારે તેઓશ્રીએ પોતાની મુસાફરી આગળ વધારી.

પરંતુ ચાર દિવસ પછી, "અનાર" ગામ તરફ ગયેલો અબ્દુલગની હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને માર્ગમાં આવીને કહેવા લાગ્યો: "અમોએ અનાજ વિગેરે સામગ્રી ખરીદ કરી, તેની બીજીજ રાત્રિએ શાહી લશ્કરની એક ટોળકીએ અમારા ઉપર હુમલો કરીને અમોને લુંટી લીધાં. હું એકલો તેમાંથી છટકીને આવ્યો છું, જ્યારે સઘળા માર્યા ગયા છે."

## બાબક ભણી પ્રયાણ—કિલ્લા પર ઘેરો—અફઘાન સરદારો કંટાળ્યા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને વિરોધીઓના આવા દુષ્ટ અને ધિક્કારા કાર્ય પ્રત્યે અત્યંત તિરસ્કાર છુટયો. આ ઉપરથી તેઓશ્રીને લાગ્યું કે વિરોધીઓ તેમને ક્યાંય સુખે રહેવા દેશે નહિં, તેથી તેઓશ્રી પોતાની મુસાફરીનો માર્ગ બદલી પોતાના વડીલોએ વસાવેલા "શહરબાબક" શહેર ભણી કુચ કરી. શહરબાબક નઝદીક આવી લાગતાં કંદહારી સરદારો કુંદલખાન, ખુદારહેમખાન અને મેહેરદિલખાન, જેઓ બાબક શહેરના કિલ્લામાં અને ઇમામની પોતાની માલિકીનાજ ઘરોમાં રહેતા હતા, તેઓએ કિલ્લાના દરવાજા ઇમામને દેખતાંજ બંધ કરી દીધા, એટલુંજ નહિ પણ કિલ્લાના બુરજો અને અગાશીઓ પરથી બંદુકોનો મારો શરૂ કર્યો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ આ સ્થિતિ જોઇ ત્યારે એ કિલ્લાને ઘેરી લેવાનો હુકમ કર્યો. આથી ત્રણ દિવસમાં તો કંદહારી સરદારો કંટાળી ગયા અને સરદાર કુંદલખાને કહી મોકલાવ્યું કે: "હું ઇસમાઇલીઓ સાથે લડવા માંગતો નથી. શાહી દરબારના ઉમરાવોએ મને તથા મારા પુત્ર ઉમરખાનને આપનો માર્ગ રોકવા હુકમ કર્યો હતો, તેથી મને આ કડવી ફરજ બજાવવી પડી છે. શહેર અને ઘરબાર આપના છે. અમોને મહેમાન તરીકે રહેવા આપશો અને ઘેરો ઉઠાવી તમે ચાલ્યા જશો તો મોટો ઉપકાર થશે."

## સિરજાનનું યુદ્ધ—ઇસમાઇલીઓની શુરવીરતા.

આ પરથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ તેઓની અરજ માન્ય રાખી ઘેરો તરતજ ઉઠાવી લેવા માટે હુકમ આપ્યો. ત્યારપછી સરદાર મુહમ્મદ બાકિરખાન સાથે મિરઝા ફારસદાર, આગા મુહમ્મદ બાકિર અનારી, ખાનબાબા ખાન, અબ્બાસ કુલીખાન તથા બીજા કેટલાક સવારોને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ સિરજાન ભણી મુસાફરીનો સરસામાન ખરીદવા મોકલ્યા અને પોતે પોતાના પરિવાર સાથે રૂમનીનો માર્ગ લીધો. ચાર દહાડા પછી સરદાર મુહમ્મદ બાકિરખાન તરફથી સંદેશો આવ્યો કે, "કાચારી સરદાર ફઝલેઅલીએ પાંચ રેજીમેન્ટ પાયદળ અને તોપખાનાના પાંચ રસાલા સહિત અમોને ઘેરી લીધા છે, માટે ઉતાવળે મદદ મોકલો."

આ સંદેશો મળતાં, હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. પોતાના કુટુંબીઓને માર્ગમાં મુકી દઈ, સરદારો અને સૈનિકો સહિત સરદાર મુહમ્મદ બાકિરખાનની કુમકે રવાના થયા અને સવાર પડતાં સિરજાનના 'ઝિંદાબાદ' કિલ્લા પાસે શાહી લશ્કર સામે આવી ઉભા રહ્યા. બન્ને પક્ષો વચ્ચે લડાઈ શરૂ થઈ. લાંબી મુસાફરીનો થાક ચડેલો હોવા છતાં, ઇસમાઈલી લશ્કરે શુરવીરતાથી યુધ્ધ કરી શાહી સૈન્યને હાર આપી. એ તક સાધીને સરદાર મુહમ્મદ બાકિરખાન પણ કિલ્લા બહાર નીકળી આવીને ઇસમાઇલી લશ્કર સાથે ભળી ગયા. આ યુધ્ધમાં ઇમામના ભત્રીજા મુહમ્મદ જાફરખાન તથા બીજા કેટલાક સૈનિકો સખત જખમી થઇ ગયા હતા, પરંતુ ઇસમાઇલીઓને ઘેરામાંથી બહાર લાવવાનો હેતુ પુર્ણ થયેલો હોઇ, ઇમામનું લશ્કર આગળ કુચ કરવા લાગ્યું. શાહી લશ્કરે કેટલાક સમય પર્યંત તેની પુંઠ પકડી રાખી, પણ પોતાના હેતુમાં નિરાશ થઇ તે પાછું ફર્યું.

## ફઝલેઅલીખાન ગીશગુઈની પરોણાગત.

માર્ગમાં એક કિલ્લો આવતાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ ત્યાં આગળ પડાવ નાખ્યો. ખાધખોરાકી અને બીજી જોઇતી વસ્તુઓ ખરીદવા પોતાના માણસો કિલ્લા ભણી મોકલાવ્યા, પરંતુ કિલ્લાવાળાઓએ કિલ્લાના દ્વાર બંધ કર્યા. "પૈસા આપી માલ ખરીદવા માટે માત્ર પોતે આવ્યા છે" એમ સમજાવ્યા છતાં તેઓ માન્યા નહિ. અંતે ઇસમાઇલીઓએ લડીને કિલ્લો કબજે કર્યો અને જરૂરી ચીજો કીંમત આપીને ખરીદ કરી લીધી. આ ઝપાઝપીમાં જખમી થયેલાઓને આરામ મળે તે માટે માર્ગ બદલી ફારસ ભણી ઇસમાઇલી સૈનિકોએ કુચ કરી. અત્રે હાજી ફઝલેઅલી ગીશગુઇ ઇમામને ભાવભીનો આવકાર આપીને પોતાના કિલ્લામાં લઇ ગયો. થોડા દિવસ ત્યાં રહીને ઇસમાઇલીઓએ થાક ઉતાર્યો અને જખમીઓને સારવાર અર્થે બંદર અબ્બાસ ખાતે મોકલાવ્યા.

## સોગાનમાં નિવાસ.

અહિંથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ "સોગાન" ભણી પ્રયાણ કર્યું. સોગાનની સરહદ ઉપર પહોંચતાં, તેઓશ્રીને સમાચાર મળ્યા કે કિલ્લેદાર હૈદરખાન કેટલાક બંદુકધારીઓને લઇને કિલ્લાના નાકા બંધ કરી અને માર્ગ રોકી બેઠો છે, તેથી તેઓશ્રીએ નિરૂપાયે કિલ્લાનો કબજો લઈ લેવાનો હુકમ કર્યો. કિલ્લો જીતી લીધા પછી હૈદરખાન તથા તેના માણસોને ઈમામે ઉદાર દિલે માફી બક્ષી અને મહોબત વડે ખુશ કર્યા.

હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને મુલકમાં ન રહેવા દેવા માટે તેમજ અનાજ પાણી અને કોઈપણ વસ્તુ ન આપવાનો વિરોધીઓનો હુકમ હતો, છતાં દરેક સ્થળે તેઓશ્રીને જોઇતી વસ્તુઓ પહોંચતી રહેતી હતી, એ પ્રમાણે અહિં પણ જરૂરીયાતની વસ્તુઓ મળી ગઈ.

ઉપરાંત ફઝલેઅલી સવારો અને પાયદળ લશ્કર લઇને બે ફરસંગ ઉપર સામનો કરવા માટે તૈયાર ઉભો હતો. છતાં અહિં પણ ઈસમાઇલીઓને સહાયતા મળી અને સોગાનથી પોતાનો પડાવ ઉઠાવ્યા પહેલાં સરદાર સફેદખાન બલુચી રૂદબારી તરફથી કેટલાક સવારોએ આવીને પોતાના મુલક સુધી સથવારો આપવાની ઈચ્છા પ્રદર્શિત કરી. ઈમામે પણ ત્યાંથી કુચ કરી જવાનું મુનાસિબ સમજી સોગાનથી રવાના થયા અને ગનુ, નીચરત બલુક અને નોસારીની મંઝીલોની ત્રણ મહિના સુધી મુસાફરી ચાલુ રાખી.

## ઈમામના કુટુંબીઓ રૂમનીમાં.

પરંતુ હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો માલ અસબાબ અને સંદુકખાનું તેઓશ્રીના કુટુંબ સાથે રૂમનીમાં રહી ગયા હતા. ઈમામના કુટુંબના માણસો રૂમનીનાજ જંગલમાં પડી રહીને ગુજરો કરતા હતા. તેઓનો માલ અસબાબ પણ ફઝલેઅલીખાને લુંટી લીધો હતો, પરંતુ ઈમામના લખવા ઉપરથી થોડા મહિનામાંજ સર્વે જરૂરીયાતનો માલ અસબાબ મસકત અને બીજા બંદરોથી આવી પહોંચ્યો હતો. આ વખતે હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ "નરગીસ બાગ" જે ફારસના મુલકની સરહદ ઉપર રૂદબાર સાથે મળેલો છે, ત્યાં સર્વે કુટુંબીઓને પોતપોતાના માટે, લાકડાના મકાનો બાંધીને તૈયાર કરવાનો હુકમ આપ્યો.

હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. ત્યારપછી "રૂદાન" તરફ રવાના થયા અને કેટલાક દિવસો ત્યાં ખાતે રહીને પુનઃ 'નરગીસબાગ' આવ્યા. પરંતુ ઈમામના ખાનદાનમાં કદીમી સમયથી એક એવો રિવાજ છે કે, જ્યાં પણ તેઓશ્રી વસવાટ કરતા હોય ત્યાં દરેક મુલકોમાંથી હાજતમંદો આવ્યા કરે છે અને તેઓની હાજત પુરી થયા પછીજ તેઓ રવાના થાય છે. આ પ્રમાણે અહિં હાજતમંદોની સંખ્યા વધી પડવાથી તેમજ વિરોધીઓએ પણ ચારે બાજુએથી ઘેરી લીધેલ હોવાથી ત્યાં પણ રહેવાનું મુશ્કિલ થતાં ઈમામે પોતાના કુટુંબ કબીલાને રૂમનીના પહાડી પ્રદેશ તરફ રવાના કરી દીધા.

## શાહી લશ્કર સાથે યુદ્ધ—શાહી લશ્કરની નાસભાગ—ઈસમાઈલીઓનો વિજય દસ્તાબ ભણી પ્રયાણ.

ત્યારપછી હિજરી સન ૧૨૫૭માં તોપના બે રસાલા મેળવી, હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. દુશ્મનો વચ્ચેથી પસાર થવાની તૈયારી કરવા લાગ્યા, એટલામાં કેરમાનના બેગલર-બેગ (ગવર્નર) ફઝલેઅલીખાનની મદદે અલીખાન લારી કેરમાનમાં આવી પહોંચ્યો છે, એવી બાતમી મળતાં જરા સંકોચ થયો; તો પણ દસ્તાબ ફતેહ કરવા સરદાર અબુલ હસનખાનને ૧૦૦ સવારોની એક ટુકડી આપી ઈમામે રવાના કર્યા. દસ્તાબ જીતી લેવાના સમાચાર મળતાં, હઝરત ઈમામ "અસ-ફંદકા" ભણી રવાના થયા, જેની ખબર સાંભળી ફતેહઅલીખાન નાસી છુટયો. ત્યાં હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. કિલ્લા પાસેના એક બાગમાં મુકામ કરી, ફતેહઅલીખાનને સમજાવી પોતાની પાસે તેડી લાવવા માણસને મોકલ્યો. એટલામાં ફતેહઅલીનો ભાઈ અસફંદયારખાન ૪૦૦૦ સવાર અને પાયદળ લશ્કર સહિત દસ્તાબ પર હલ્લો લાવે છે, એ વાત જાણી ઈમામ પોતાના બંધુની વ્હારે ધાવા રવના થયા.

એ સમયે અસફંદીયારે દરબંદ નામના પહાડી વિસ્તારમાં પડાવ નાખ્યો હતો; એ સ્થળેથી જવાનો માર્ગ ન હોવા છતાં ઈસમાઈલી ટુકડીએ મરદાનગીથી શાહી લશ્કર પર ઉપરાઉપર પાંચવાર હુમલાઓ કરી, વીરતાથી લડતા હતા, પણ લડાઈવાળો માર્ગ ઉંચાણમાં આવેલો હોઈ નસરૂલ્લાહ અતાઈલાહી, ઈમામ કુલીખાન કાચારી તથા બીજા ૭ સવારો મળી કુલ્લે આઠ જણા માર્યા ગયા. સરદાર મુહમ્મદ બાકિરખાન સખ્ત જખ્મી થયા. આટલી ખુવારી ખમ્યા પછી ઈસમાઈલી લશ્કર પહાડ પર ચઢી ગયું. તેઓ માત્ર બત્રીસ જણા હતા. જ્યારે શત્રુ સૈન્યની સંખ્યા ઘણી મોટી હતી. લડાઈ દરમ્યાન શાહી સૈન્યના સરદાર અસફંદીયારખાનને યુદ્ધમાં ગોળી લાગતાં ઘોડા પરથી તે પડી ગયો એ જોતાં પહાડ પરનું શાહી લશ્કર થાણા ભણી નાસી જઈને ત્યાં ભરાઈ બેઠું અને ઈસમાઈલીઓના હાથમાં ઉંચાણવાળો ભાગ આવ્યો, એટલે તેઓ બરાબર

મોરચો તૈયાર કરી બેઠા. થોડા સમય પછી તોપખાનું તથા બીજી સામગ્રી સહિત બાકીનું ઇસમાઇલી લશ્કર પણ આવી પહોંચ્યું. મધરાતે ઇસમાઇલી લશ્કરે તોપોના ગોળા છોડવા માંડયા. આ ગોળાઓની વર્ષાથી શાહી લશ્કર જખ્મી થયેલા સરદાર અસફંદીયારખાનને લઇને નાસી છુટયું. આ નાસભાગમાં કેટલાક શાહી સરદારોને પકડી લઇ પાછળથી એ સઘળાને "દસ્તાબ" લઇ જવામાં આવ્યા. તે દહાડો નવરોઝનો હોવાથી આ સરદારોને માન અકરામ સાથે ઇનામ આપી હઝરત ઇમામ હસનઅલીશાહ અ. એ ખુશ કર્યાં.

## બજનજાન ભણી આગેકુચ—ઇમામ મશીઝમાં.

થોડો સમય રહીને ફારસના લશ્કર સહિત અલીખાન લારી "દસ્તાબ" ભણી આવવાના સમાચાર મળ્યા. "બજનજાન"માં કાચારી સરદાર અબદુલ્લાહખાન પડાવ નાખી પડયો હતો. તે અલીખાન લારીના લશ્કરને આવીને મળે તે પહેલાં સરદાર મુહમ્મદ બાકિરખાનનું રક્ષણ કરવા મિરઝા હુસેનખાન અને મુહમ્મદ સલીમખાનને પચાસ સવારો આપી, એ સ્થળે રોકી રાખી, ઇસમાઇલી સૈનિકોએ કેદીઓ સાથે લઇ, "બજનજાન" ભણી કુચ કરી અને કિલ્લાના વિસ્તારમાં દાખલ થઇ, પકડાયેલા શાહી લશ્કરના સરદારોને ઇસિમાઇલીઓએ પોતાના લશ્કરની સરદારી આપી, પહાડના જુદા જુદા સ્થળે મોરચા માંડયા. જુના દુશ્મનોની નવી મિત્રાચારી ઉપર ભરોસો રાખવો એ સરાસર જોખમભર્યું હોવાથી યુધ્ધનો હુકમ ન મળે ત્યાં સુધી દરેક સરદારને મોરચો સંભાળી રાખવાનો હુકમ આપવામાં આવ્યો હતો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ બીજા સૈનિકો સાથે કિલ્લા સામે મુકામ કર્યો અને ઘોડેસ્વાર તથા પાયદળ સૈનિકોના ત્રણ વિભાગ પાડી કિલ્લાને ત્રણ બાજુથી ધસારો લઇ જવા હુકમ આપ્યો. અબદુલ્લાહખાન પણ તેમની સામે લડાઇના મેદાનમાં બહાર પડયો. બન્ને પક્ષો વચ્ચે ખુનખાર યુધ્ધ થયું. શાહી લશ્કર બંદુક અને તોપોના ગોળાની વર્ષા કરી રહ્યું હતું. પહાડ પરના ઇસમાઇલી લશ્કરને હુકમ મળતાં તેણે શાહી લશ્કરની પાંખ પર મારો ચલાવ્યો. આ અચાનક હુમલાથી તેઓની મોટી ખુવારી થઇ. ઘણા શાહી સૈનિકો કેદી તરીકે પકડાયા. કેટલાક કિલ્લામાં નાસીને ભરાઇ ગયા.

બીજે દિને સવારમાં શાહી લશ્કરના સરદાર અબદુલ્લાહખાને, હઝરત ઇમામ હસનઅલીશાહ અ. ને કહેણ મોકલાવ્યું કે, લડાઇ બંધ કરવામાં આવે તો શાહ અને આપ નામદારના પક્ષો વચ્ચે લાભકારક સંધિ કરાવી આપવા માટે તે પોતાની લાગવગ વાપરશે.

## કુરાને શરીફના પાના પર સુલેહનું લખાણ—અલીખાન લારીની યાચના.

ત્યારપછી એક દિવસ રહીને મુહમ્મદઅલી બેગ ફરગાનીને "દસ્તાબ"થી એક કાસિદ તરીકે મિરઝા અલીખાન લારીએ મોકલાવ્યો. તેની સાથે કુરઆન શરીફની એક નકલ હતી, જેના પ્રથમ પૃષ્ઠ પર મિરઝા અલીખાનની સહીવાળી મહોર હતી. જેમાં લખેલું હતું કે, "મારો બાપ પોતાનું વતન છોડીને પોતાના કુટુંબ સહિત આપને શરણે આવ્યો હતો, તે સમયે આપ નામદારે પાંચ વર્ષ સુધી ખર્ચ કરીને અમારૂં પોષણ કર્યું હતું. હું તથા મારો ભાઇ નસીરખાન આપના ઘરમાં જન્મયા હતા. અમોએ આપનું નમક ખાધું છે. આપના આ સઘળા ઉપકારોનો બદલો વાળવાનો કોઇ યોગ્ય પ્રસંગ આવે તેની હું વાટ જોઇ રહ્યો હતો અને એ તક આજે મને હાથ આવી છે. તમો નામદાર "મશીઝ" આવી સુખચેનથી રહો. આપના ઉપર રાજ્યે જે આક્ષેપ મુકયા છે તે દૂર કરાવવાના કાર્યમાં મારાથી

બની શકતી દરેક સહાયતા આપવા હું પાછી પાની કરીશ નહિ. પહેલા હતું તેમ કેરમાનની હકુમત શાહી હુકમથી આપ નામદારના અધિકારમાં સોંપવામાં આવશે. આ બિનામાં તમારી અને મારી વચ્ચે અલ્લાહતઆલા સાક્ષી છે."

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ બીજે દિને મિરઝા અહમદને મિરઝા અલીખાન લારી પાસે મોકલ્યો અને તેના સાથે મુહમ્મદઅલી બેગને "દસ્તાબ" ભણી રવાના કર્યા, જે જાતે ત્યાં જઇને ઇમામના ભત્રીજા સૈયદ હુસેનખાનને સાથે લઇને, આ વિષે મિરઝા અલીખાન લારી સાથે રૂબરૂમાં વાટાઘાટ કરે. બીજી તરફ અબદુલ્લાહખાન સાથેની વ્યવસ્થા અનુસાર ઇમામ "મશીઝ" ભણી રવાના થયા.

## અલીખાન લારીની દગાબાજી—એક નવી વ્યુહરચના.

એ દરમ્યાન અલીખાન લારી પાસે સૈયદ હુસેનખાન અને મિરઝા અહમદ પહોંચી ગયા. બીજે દિને સવારમાં શાહી લશ્કરમાં કુચનું પડઘમ સાંભળી, મિરઝા અહમદે કવખતની આ લશ્કરી તૈયારીનું કારણ અલીખાન લારીને પુછતાં તેણે જણાવ્યું કે, "લશ્કર કુચ કરી રહ્યું છે." મિરઝા અહમદે ફરી પુછયું: "કઈ તરફ કુચ છે?" તેણે કહ્યું:–"દસ્તાબ ભણી." મિરઝા અહમદે કહ્યું:– "દસ્તાબમાં સરદાર મુહમ્મદ બાકિરખાને એક મોટા ઇસમાઇલી લશ્કર સાથે છાવણી નાખી છે અને તેમના શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી તેઓ તમને માર્ગ આપશે નહિ. હારજીત તો કયા પક્ષની થશે તે અત્યારે કહી શકાય નહિ, પરંતુ તમારા કોલ–કરાર અને અલ્લાહ તથા કલામુલ્લાહના સોગંદ પરના ભરોસાનું શું?" અલીખાને જણાવ્યું:–"એ વિષે હું કંઇ કરી શકું એમ નથી! અહમદબેગ સુઝબાશી તેનો અધિકારી છે."

આ વાર્તાલાપથી મિરઝા અહમદ તેનો પ્રપંચ સમજી ગયા. અલીખાન પાસે છ હજાર અને અહમદબેગ સુઝબાશી પાસે છ હજાર મળી બાર હજારનું શાહી લશ્કર હતું. તોપખાનું પણ સાથે હતું. જ્યારે "દસ્તાબ"માં સરદાર મુહમ્મદ બાકિરખાનની સરદારી તળે કેવળ પચાસજ ઇસમાઇલી સૈનિકો હતા.

અલીખાન લારીએ મિરઝા અહમદબેગ ફરગાનીને એક હજાર સૈનિકોનું લશ્કર આપી આગળથી "દસ્તાબ" ખાલી કરાવવા મોકલ્યો. અત્રે આવી લાગતાં તેને ખબર પડી કે, સરદાર મુહમ્મદ બાકિરખાન નરમ તબીયતને લીધે પથારીવશ હોવાથી ઇસમાઇલીઓ મુકાબલો કરી શકે એમ નહોતું; એટલે "દસ્તાબ" ખાલી કરી તેઓ "મશીઝ" ભણી રવાના થયા અને દશ દિવસની મુસાફરી પછી સરદાર મુહમ્મદ બાકિરખાન અને તેમના સહકારીઓ "મશીઝ" આવી પહોંચ્યા. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ તેઓને "દસ્તાબ" ખાલી કરવા માટે ઠપકો આપ્યો. મિરઝા અહમદે જણાવ્યું કે, અલીખાનના મનમાં દગો હોવાથી એમ કરવું પડ્યું હતું અને પાછળથી એ કારણ ખરૂં પુરવાર થયું. બમની લડાઈમાં તોપના ગોળાથી એક પગ ગુમાવી બેઠેલાં લુત્ફઅલીએ માર્ગમાં બે શાહી સવારોની જડતી લેતાં, તેમની પાસેથી કાગળો નીકળ્યા. આ બન્નેને તેણે ઇમામની હુઝુરમાં ઉભા કર્યા. આ કાગળ વાંચતાં જણાયું કે, અહમદબેગ સુઝબાશી તથા અલીખાન લારીએ જનરલ ફઝલઅલીખાનને ખબર આપી હતી કે, "હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. અને તેમના સૈન્યને અમોએ "મશીઝ"માં રોકી રાખ્યા છે. અબદુલ્લાહખાન અને કંદહારના સરદારો લશ્કર સાથે ત્યાં એકઠા થાય, એવી તજવીજ રાખજો. અમો "મશીઝ"થી બે ફરસંગ ઉપર લશ્કર સહિત પડાવ નાખીશું. ત્યારપછી ત્રણે બાજુથી એકત્ર હલ્લો કરી ઇસમાઇલી સૈનિકોને ઘેરી લઇશું."

## પાછા બમના કિલ્લામાં.

આ પ્રમાણેની બાતમી વખતસર મળી જવાથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ રાતનું ખાણું લીધા બાદ પોતાના સૈનિકોને કુચ કરવાનો હુકમ આપ્યો. બમ પહોંચીને ત્યાં મજબુત કિલ્લેબંદી કરવાનો ઇરાદો હતો. બમનો કિલ્લો બે ફરસંગ દુર રહેતા સરદાર અબુલ હસનખાને પચાસ સવારો સહિત આગળ જઇ કિલ્લો સર કર્યો.

બમ–નરમાશીરનો ઇલાકો ૮૦ માઇલ લાંબો અને ૪૦ માઇલ પહોળો છે. તેની દક્ષિણે પર્વતોની હારમાળા આવેલી છે, તેના શિખરો બરફથી ઢંકાયલા રહે છે. એ ઇલાકાની જમીન ઘણી ફળદ્રુપ છે. પર્વતમાંથી વહેતા ઝરણાઓ એ પ્રદેશને સારી રીતે પાણી પુરૂં પાડે છે. એ ઇલાકાના પાટનગર "બમ" ઉપરાંત કુરૂક, રીગાન અને અન્ય નાના શહેરો પણ તેમાં આવેલા છે, નગરની ચોમેર ગારાની ભીંતો બાંધેલી છે. બલુચીઓની લુંટફાટના ભયથી ગામના ઢોરોને રાતે પાછા વાળી લેવામાં આવતા હતા.

બમના કિલ્લાની દિવાલો ઉંચી છે અને તેની આજુબાજુએ કોઠા બાંધવામાં આવ્યા છે. કિલ્લાને ફરતી ઉંડી ખાઇ ખોદવામાં આવી છે. તેનો માત્ર એકજ દરવાજો છે. કિલ્લાની દિવાલ બહાર બજાર આવેલી છે. જ્યાં દુધ, ખજુર અને અન્ય પ્રકારનો મેવો મળી શકે છે. નરમાશીરનો એ ભાગ ઘણો ફળદ્રુપ હોઇ, ખેડુતો તેની ખેડ ઘણા ઉમંગથી કરે છે. તેની ચારે બાજુ ઉજ્જડ જંગલો અને પર્વતો આવેલા છે.

## "રાયગાન"નો કિલ્લો જીતાયો.

સરદાર અબુલ હસનખાને બમનો કિલ્લો સર કર્યા પછી સઘળી વ્યવસ્થા કરી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પણ કિલ્લામાં આવી પહોંચ્યા. બમના કિલ્લાના પહાડનો મોખરો અરબ અને ઇરાની તોપચીઓના હાથમાં હોઇ, મજબુતી હતી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. બાવીસ દિવસ "બમ" ખાતે રહ્યા. આ દરમ્યાન તેઓશ્રીને ખબર મળી કે બે ફરસંગ ઉપર ચોવીસ હજારની સંખ્યા ધરાવતું શાહી લશ્કર છાવણી નાખી પડ્યું છે. એ જોતાં ઇસમાઇલી સૈનિકોની સંખ્યા ઘણી નાની હોઇ, નરમાશીર ભણી કુચ કરવામાં આવી. નરમાશીરમાં પણ ઘણા કિલ્લાઓ આવેલા છે, જે સઘળામાં "રાયગાન"નો કિલ્લો મોટો છે. આ કિલ્લામાં પણ ઘણું શાહી લશ્કર ભરાઇ બેઠેલું હોઇ, ઇસમાઇલી લશ્કર તેમાં દાખલ થઇ શક્યું નહિ, એટલે બહાર છાવણી નાખી હુમલો લઇ જવાની તૈયારી કરવા માંડી અને બપોર પછી હલ્લો કરી કિલ્લો સર કર્યો. આ હુમલામાં ૭ ઇસિમાઇલી સૈનિકો માર્યા ગયા અને કેટલાક જખમી થયા. આ ઘટના બન્યા પછી સરદાર મુહમ્મદ બાકિરખાનને બલોચ આઝાદખાન પાસે રવાના કરવામાં આવ્યો.

## "જંગે ગુરીઝ"–ગેરીલા યુદ્ધ.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો મુકાબલો કરવા શાહી લશ્કર ચૌદ દિવસ પછી આવી પહોંચ્યું. અર્ધા ફરસંગ જેટલા વિસ્તાર સુધી આગળ આવી ઇસમાઇલી સૈનિકોએ સામનો કર્યો. એટલે એક તીર પહોંચી શકે તેટલા અંતરે બન્ને લશ્કર આવી જતાં ઝપાઝપી શરૂ થઇ. યુધ્ધ ઘણું ખુનખાર થયું. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના ઘોડાને ગોળી વાગવાથી તે પડી ગયો અને ઇસમાઇલી સૈન્યના સેનાપતિ સરદાર અબુલ હસનખાન યુધ્ધમાં જુદા પડી ગયા. ઇસમાઇલી

સૈનિકો પણ ઘણા માર્યા ગયા. માત્ર સાત જણ ઇમામની સાથે રહ્યા. ઇમામ સાત જણ સહિત ચોવીસ હજારના શાહી લશ્કર સાથે લડી શકે એ સ્વભાવિક નહોતું તેથી એક સ્થળે મોરચો બાંધી લડવાને બદલે તક મળતાં હુમલો કરવાની 'જંગે ગુરીઝ' અથવા 'ગેરીલા' (Guerilla) યુધ્ધની પધ્ધતિ ધારણ કરવામાં આવી અને શાહી લશ્કરની સફો ચીરી.

સાંજ પડતાં એક ટેકરા પર ઇમામ આવી પહોંચ્યા જ્યાં સરદાર અબુલ હસનખાન તથા બીજા સવારો છાવણી નાખી પડ્યા હતા, ત્યાં ઇસ્માઇલી સવારોએ ઘોડા બદલાવ્યા પછી બે ડુંગરો વચ્ચેનો સાંકડો માર્ગ ઇસ્માઇલી સૈનિકોએ હાથ કર્યો જેથી શાહી લશ્કર તેમની પુંઠ પકડી શક્યું નહિ અને તેઓએ પણ બે ફરસંગ ઉપર છાવણી નાખી. રાતના ઘણો વરસાદ પડવાથી ઇસ્માઇલી સૈનિકો પોતાના રક્ષણ અર્થે વિખરાઇ ગયા સવારમાં નાસ્તા વખતે ફરી સઘળા એકઠા મળ્યા અને એક ઉંચા તથા વિશાળ કિલ્લાના આશ્રય હેઠળ આવી પહોંચ્યા, ત્યારે દુશ્મનોનું લશ્કર તેમની પાછળ આવતું હતું.

## "તંગે શમીલ"ની ઘાટીમાં—ફકીર નુરીએ સામગ્રી પહોંચાડી.

ઇસમાઇલી લશ્કર આગળ વધતાં 'તંગે શમીલ'ના માર્ગે આવી પહોંચ્યું, ત્યારે તેમણે ધાર્યું કે નાની નાની છુટીછવાઇ લડાઇઓથી કંઇ પણ નિશ્ચિત પરિણામ આવવાનું નથી. જેથી બંદર અબ્બાસના માર્ગે હિંદુસ્તાન ભણીનો માર્ગ લેવા ઇમામે ઇરાદો કર્યો. શાહી લશ્કર તંગે શમીલની બહાર પડ્યું હતું. જ્યારે ઇસ્માઇલી લશ્કર તેમાં દાખલ થઇ ચુક્યું હતું. 'તંગે શમીલ'ની ઘાટીની લંબાઇ છ ફરસંગ જેટલી લાંબી હતી. તેના બન્ને છેડે શાહી લશ્કર ગોઠવાઇ ગયું હતું. આવી સ્થિતિ વચ્ચે ઇસ્માઇલી લશ્કર માટે સંકડામણ ઉભી થઇ પડી. બીજી તરફ શાહી સંત્રીઓએ "મીનાબ" અને "બંદર અબ્બાસ" ના માર્ગો પણ રોકી રાખ્યા હતા. છેવટે "તંગે શમીલ"ની ઘાટીમાં ઘેરાઇ ગયેલા ઇસમાઇલીઓ માટે ખાધખોરાકીની સામગ્રી પણ ઓછી થવા લાગી. સાંજ પડવાને થોડો સમય હતો કે ફકીર નુરી નામના એક આસામીએ આવીને ઇમામની હુઝુરમાં અરજ ગુજારી કે, "આપને જે કાંઇ વસ્તુની જરૂર હોય તે મને કહો, એટલે લાવી આપું." આ પરથી જોઇતી ખોરાકી સામગ્રીની ટીપ તૈયાર કરી તેમને આપવામાં આવી. અર્ધા પોણા કલાકમાં તો ફકીર નુરીએ સઘળી સામગ્રી ખચ્ચરો ઉપર લાવીને હાજર કરી. ઇસમાઇલીઓ આ ઘાટીમાં રહ્યા ત્યાંસુધી ફકીર નુરી ખાધખોરાકીનો સામાન પુરો પાડતો રહ્યો.

## ઇમામની આશ્ચર્યકારક ભવિષ્યવાણી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના ભાઈ સરદાર અબુલ હસનખાન ઘાટીના નિવાસથી કંટાળી ગયા હતા. તેમણે અરજ કરી કે: "કાં તો શાહી લશ્કરનો છેવ પર આવીને મુકાબલો કરવો અને કાંતો આપણે પહાડોમાં વિખરાઇ જવું જોઇએ. આ સિવાય ત્રીજો કોઇ ઉપાય નથી; માટે નમો નામદાર જે હુકમ ફરમાવો તે પ્રમાણે અમલ કરીએ."

ઇમામે ફરમાવ્યું કે: "આ બન્ને વાતો લાભકારી નથી. જો મોરચાઓ તોડવાનો હુકમ આપું તો તમારામાંથી ઘણા જણ માર્યા જશે અને પહાડોમાં વિખરાઇ જવા હુકમ આપીશ તો તમો નાહક હલાક થશો માટે તમો ધીરજ ધરો. પરમ દહાડે દોઢ ઘડી બાકી રહેશે ત્યારે બે સવારો કાગળ લઇ આવશે. તેઓ આવ્યા પછીજ આપણે બહાર નીકળશું." આ વાત એક ભવિષ્યવાણી જેવી હતી. જે સાંભળીને સરદાર અબુલ હસનખાન પોતાના તંબુ ભણી વિદાય થયા.

બે દહાડા વિત્યા બાદ સરદાર અબુલ હસનખાન પોતાના ઘોડાની લગામ હાથમાં પકડી ઇમામ પાસે આવ્યા. આ જોઇને ઇમામે પોતાના ભાઇને મીઠી ટકોર કરતાં કહ્યું: "તમો બરાબર આપેલા વખતસર આવ્યા છો." ત્યારપછી તેઓશ્રીએ અલીબેગને જણાવ્યું કે, "જરા ઉંચાણ પર ચઢીને જુઓ તો કોઇ સવારો આવતા દેખાય છે?" થોડી પળો વિતી ન હશે કે બે સવારો આવી ઉભા રહ્યા; તેઓ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને કેટલાક પત્રો આપ્યા, જેમાં કેરમાનના સરદારો તથા અન્ય નામાંકિત આગેવાનોએ લખેલું હતું કે: "અમો સઘળા એક દિલ થઇને આપની ખિજમતમાં કમર બાંધી છે, માટે આપનાથી બને તેટલું જલદી આ તરફ આવો કે જેથી અમો આપની સાથે મળીને ફઝલેઅલીખાન અને અલીખાન લારીના લશ્કર ઉપર ચઢાઇ કરીએ." પરંતુ ઇમામે કેરમાનના સરદારોની વાત પર ભરોસો નહિ કરતા, ખુરાસાન તરફ જવાનું નક્કી કર્યું. જો કે મજકુર બાબત ઇમામે કોઇ પાસે જાહેર કરી નહિ.

## કોબનાનમાં પડાવ.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. સાતમે દિવસે ઘાટી છોડીને 'જરમજ' જઇ પહોંચ્યા; ત્યાં કેટલાક દહાડા રહ્યા પછી "રાવલ" ભણી ગયા. અલીરઝાખાન રાવલીએ ઇસમાઇલી સૈનિકોને "કોબનાન"માં પડાવ નાખવાની સલાહ આપી. ત્યારપછી સઘળાઓએ "કોબનાન"માં જઇને "થાણા" નાખ્યા. આ દરમ્યાન શાહી લશ્કર તોપખાના સહિત તહેરાનથી ફઝલેઅલીખાનની કુમકે યઝદ ખાતે આવી પહોંચ્યું હોવાથી અલીરઝાખાન અન્ય સરદારો પેઠે ધ્રુજી રહ્યો હતો. આથી અલીરઝાખાન રાવલીએ રાવલના રક્ષણાર્થે રાખવામાં આવેલા ત્રણ હજાર સૈનિકો "કોબનાન" તરફ મોકલાવ્યા.

## ઇમામથી છુટા પડેલાઓ પાછા આવ્યા.

ત્યારપછી દરરોજ થોડા થોડા શાહી સૈનિકો 'કોબનાન' ખાતે આવવા લાગ્યા. આ જોઇને સરદાર અબુલ હસનખાને કહ્યું કે: "આ વાતમાં પ્રપંચ રચાઇ રહેલું મને લાગે છે." પાછળથી આ શક મજબુત થતાં ઇસમાઇલી લશ્કરે આગળ કુચ કરી. બીજે દિને સાંજે યઝદની સરહદમાં આવી પહોંચ્યા. માર્ગમાં અલીરઝાખાન રાવલીનો કાસિદ મુલ્લાં હુસેન દોડતે ઘોડે આવી તેમના જતા રહેવા માટે દિલગીરી જાહેર કરવા લાગ્યો. તેની વાત ઉપર ભરોસો આવતાં ઇમામે પાછા 'કોબનાન' જવા ઇચ્છા દર્શાવી. અત્રે મતભેદ પડતાં, ઇમામે ફરમાવ્યું કે: "જેની ઇચ્છા હોય તે મારી સાથે આવે અને જેઓને ત્યાં આવવા માટે ડર લાગતો હોય તેઓ ગમે ત્યાં ચાલ્યા જાય." આ ઉપરથી સઘળા ઇસમાઇલીઓ ઇમામના સાથે રહ્યા, પરંતુ ઇમામના ભાઇ સરદાર અબુલ હસનખાન અને કેટલાક અન્ય માણસો જુદા પડી ગયા. તેઓ ચાલ્યા ગયા બાદ ઇમામે ફરમાવ્યું કે, "આ જનારાઓમાં કેટલાક પકડાઇ જશે અને કેટલાક જખમી થઇને દશ દિવસમાં પાછા આવી જશે."

ત્યારપછી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ 'કોબનાન' ભણી કુચ કરી, જ્યાં એક રાત રહી બીજી સવારે "રાવલ"ના કિલ્લામાં પહોંચ્યા, અને એ સ્થળે અલીરઝાખાન રાવલીના આમંત્રણથી તેના પિતા મિરઝા શરીખાનનો નવો બાગ જે "રાવલ"ના કિલ્લાની નજદીકમાંજ છે, ત્યાં જઇ રહ્યા. રાવલીએ ઇમામની ઘણીજ સુંદર આગતાસ્વાગતા કરી. અહિં ઇમામે ઇસમાઇલીઓ સાથે ઘણા દિવસો આરામમાં ગાળ્યા. બરાબર દશ દિવસો વિત્યા પછી ઇમામથી છુટા

પડેલા સરદાર અબુલ હસનખાન ફક્ત ચાર સાથીદારો સહિત પાછા આવ્યા, બાકીનાઓ જખમી થઇને શાહી લશ્કરના હાથમાં કેદ પકડાઇ ગયા. તેઓને છોડી દઈ, તેમને પાછા ફરી આવવાની ફરજ પડી.

## બિયાબાન રણની મુસાફરી.

ત્યારપછી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ 'કાબનાન'થી 'લુત' નામના બિયાબાન રણ તરફ કુચ કરી. આ રણ ઇરાન અને ખુરાસાન વચ્ચે આવેલું છે. તેની જમીન ખારી હોવાથી ત્યાં મીઠું પાણી મળી શકતું નથી. તબસના સરદારો નાદિરશાહને આ રણના માર્ગે લઇ ગયા હતા, ત્યારે નાદિરશાહના લશ્કરનો બેતૃતિયાંશ જેટલો ભાગ પાણી ન મળી શકવાથી પિયાસને લીધે મરણ પામ્યો હતો. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ પોતાના મુરીદોથી સઘળાઓને વાકેફ કરીને, પોતાની સાથે ચાલવા કે પોતાના વતન તરફ પાછા ફરવાની સંપૂર્ણ છુટ આપી હતી. આથી કેટલાક સાથીદારો ચાલ્યા ગયા. બીજે દિવસે સવારના હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ રણમાં પ્રવેશ કર્યો. કેટલાક ભોમિયાઓ પણ કાફલા સાથે હતા. કાફલો ઝડપથી રસ્તો કાપવા લાગ્યો, પરંતુ રણની મુસાફરી દરમ્યાન મીઠું પાણી ન મળી શકવાથી કેટલાક જાનવરો મરણ પામવા લાગ્યા અને માણસો પણ પિયાસથી હેરાન થવા લાગ્યા. સાંજ પહેલા તો કાફલો રણ વટાવી જતાં "નાયબદાન"થી મોકલવામાં આવેલી પાણીની મશકો આવી પહોંચી. લશ્કરને વખતસર પાણી મળતાં લશ્કર બચી જવા પામ્યું. એટલુંજ નહિ, પણ તેઓમાં નવું જીવન આવ્યું.

## અફઘાનિસ્તાનની સરહદમાં પ્રવેશ—માતૃભુમિ ઇરાન છોડયું.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ અબદુલ્લાહખાન કાઇનીને ત્યાં ઉતરવા વિચાર કર્યો, પરંતુ અબદુલ્લાહખાનને શાહી લશ્કરનો ડર હોઈ, કાઇનનો માર્ગ બદલી તેઓશ્રી "સરખીશ" તરફ રવાના થયા. ત્યાં અમીર અબદુલ્લાહખાન કાઇનીની ફોઇએ ઇમામની અને ઇસમાઇલી કાફલાની ઘણી સારી સરભરા કરી. અત્રે થોડા દહાડા રહીને ઇમામે ખુરાસાન તરફ જવાનો વિચાર બદલીને અફઘાનિસ્તાન જવાનો ઇરાદો કર્યો. અફઘાન સરહદ પાસે આવતાં આ મુલકના હાકીમ સરદાર પસંદખાનને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ કાફલા સાથે પોતાના આવવાના સમાચાર મોકલાવ્યા. તેણે જણાવ્યું કે તમો બાર કોશ દુર હશો ત્યારે ત્યાં તમારી મુલાકાત કરશું. આ વાત કાંઇ શંકાસ્પદ હતી, પરંતુ ઇમામે કંઇપણ ડર રાખ્યા વગર સરદાર પસંદખાનના જણાવ્યા પ્રમાણે બાર ફરસંગ પર આવેલા એની માલિકીના મકાનમાં મુકામ કર્યો. આ ઘણું સુંદર મકાન હતું. સઘળા પ્રકારની સામગ્રીઓ તેમાં તૈયાર રાખવામાં આવી હતી.

## ઈમામની કંદહારમાં પધરામણી—કંદહારના અમીરો અને સરદારો તરફનું સ્વાગત.

બીજે દિવસે સરદાર પસંદખાને પોતાના સગાંવહાલાઓ સાથે દબદબાથી આવી ઘણા માન અને અદબ સહિત ઇમામની મુલાકાત કરી. પહાડ પર આવેલા કિલ્લામાં પોતાના રહેવાના બંગલામાં ઉતરવાનો આગ્રહ કરતાં, ઈમામે ઇસમાઇલીઓ સાથે કિલ્લામાં જઇ નિવાસ કર્યો. બાર દિવસ પર્યંત મહેમાનોની પરોણાગત કરી "જુવીન" સુધી સરદાર પસંદખાન વળાવવા આવ્યો અને ઇમામની હુઝુરમાં નઝરાણા રાખી.

માનસહિત વિદાય કર્યાં અને પોતાના એક સરકારી અબદુલ કાદરખાનને થોડે દુર સુધી વળાવવા સાથે મોકલ્યો. ઇસમાઇલી કાફલો "કરશક" આવી લાગતાં શાહઝાદા મુહમ્મદ તૈમુર અને કંદહારના કલેક્ટર મેજર રોલિનસનને હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાના આગમનના સમાચાર આપ્યા. શહેરના ચાર ફરસંગ ઉપર કંદહારના અમીરો અને સરદારોએ મોટી સવારી સાથે તેઓશ્રીનું ભારે માન સહિત સ્વાગત કર્યું. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ પોતાના કાફલા જોડે હિજરી સન ૧૨૫૭ ના જીલકાદ માસની તા. ૧૭ મીના દિવસે કંદહારમાં પધરામણી કરી હતી. અત્રે ઉતારાની ઉત્તમ ગોઠવણ કરવામાં આવી હતી. સ્થાનિક રાજ્ય તરફથી કલન્દરખાનને પરોણાગતના વડા તરીકે નિમવામાં આવ્યા હતા. તેની દેખરેખ તળે ત્રણ દહાડા સુધી મિજબાનીઓ ચાલુ રહી હતી.

## અફઘાનિસ્તાનનું રાજકારણ—કાબુલમાં બળવો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ ઇરાનમાં બનેલી સઘળી બિના શાહઝાદા તૈમુરને કહી સંભળાવતાં તેમણે લોર્ડ મેકનોટન અને કાબુલના અમીર શાહ શુજાને લખીને સર્વ વાતની જાણ કરી. ઈમામે પણ એક પત્ર લખ્યો. આ કાગળનો પ્રત્યુત્તર ઘણો મિત્રાચારીભર્યો ફરી વળ્યો. ત્યારપછી એવી ગોઠવણ કરવામાં આવી કે, બ્રિટીશ સૈન્યની સહાયતાથી હેરાતનો કિલ્લો ઇસમાઇલીઓએ જીતી લેવો. આ યોજના તો હજુ આરંભિક તબક્કામાંથી પસાર થતી હતી એટલામાં કાબુલમાં બળવો ફાટી નીકળ્યો અને કંદહારના સરદારો પણ બ્રિટીશોથી બદલી ગયા. આ અવસરે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ અને ઇસમાઇલી લશ્કરે બ્રિટીશોને મદદ કરી હતી.

આ ઘટનાને થોડા દિવસ વિત્યા પછી સફદરજંગ તથા મુહમ્મદ ઉમરખાન પણ બ્રિટીશોથી બદલી ગયા અને અમીરો તથા સરદારોની સહી સાથનું એક નિવેદન પત્ર હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પર મોકલીને પોતાની સાથે બળવામાં જોડાવાની તેમાં માંગણી કરવામાં આવી હતી, પણ ઈમામે બળવાખોરોને કાંઇ પણ મચક આપી નહિ.

આ બળવાના પરિણામે કાબુલના અમીર શાહ શુજા બળવાખોરોને હાથે માર્યો જતાં બ્રિટીશ સેનાપતિએ કંદહાર ખાલી કરવાનો નિર્ણય કર્યો અને સરસમાન તથા દારૂગોળો સળગાવી દઇ શાહઝાદા સફદરજંગને કંદહાર સોંપી બ્રિટીશ કાફલો શહેર બહાર નીકળી ગયો. ત્યારપછી શાહઝાદાને સલાહ આપવા બ્રિટીશો બહાર છાવણી નાંખીને પડયા હતા. થોડા દિવસ પછી બ્રિટીશ સેનાપતિ કાબુલ જઇ રહ્યો. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. કંદહારમાં શેરદિલખાનને ત્યાં રહેવા લાગ્યા. અત્રે શાહઝાદા સફદરજંગ અને બીજા સરદારો ઇમામની દરરોજ મુલાકાતે આવતા હતા. સરહદનાં ઇસમાઇલી મુરીદો પણ અત્રે ઇમામની હુઝુરમાં આવતા હતા.

## ઇસ્લામની અજોડ સેવા.

"ધી આગાખાન એન્ડ હીઝ એનસેસ્ટર્સ"ના કર્તા લખે છે કે, "હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની ઇરાનની હિજરતથી ઇરાનને નુકશાન થયું, જ્યારે ઇરાનનું નુકશાન બ્રિટીશ સામ્રાજ્ય માટે ફાયદાકારક નિવડયું. તેઓશ્રીએ બ્રિટીશો સાથે એક મિત્રરાજ્યની જેમ અફઘાનિસ્તાનના ખતરનાક બળવામાં, જીવના જોખમે જે ભાગ ભજવ્યો હતો, તે ખરેખર ઇસ્લામના ખાતર ભોગ આપનાર મહાન નરોને શોભે એવું એક મહાન બહાદુરીભર્યું કાર્ય હતું.

"હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. જ્યારે ઈરાનની હિજરત કરીને અફઘાનિસ્તાન પધાર્યા ત્યારે ઈરાનનો શાહ રશિયા સાથે જોડાઈને રશિયાની લાગવગ અફઘાનિસ્તાન અને ખુરાસાનમાં વધવા પામે તેના માટે સહાયતા આપી રહ્યો હતો. ઉપરાંત ઈરાનની સરકાર સાથે હેરાતની બાબતમાં બ્રિટીશોનો મતભેદ પણ પડ્યો હતો. "ઇન્ડીઆ ઓફિસ"ના જુના દસ્તાવેજોમાંથી, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ., નામદાર આગાખાન (પહેલા)ના મળી આવેલા પત્રવ્યવહાર પરથી હવે એ સ્પષ્ટ થાય છે કે, બ્રિટીશ એલચી સર જોહન મેકનોટને, હઝરત ઈમામ આકા શાહ હસનઅલીશાહ અ. સાથે વાટાઘાટ કરી, સેન્ટ્રલ એશિયામાં રશિયાના કારસ્તાનોને નિષ્ફળ બનાવવા માટે તેઓશ્રીની સેવા મેળવી લીધી હતી. પરિણામે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને આ કાર્યમાં સંપૂર્ણ ફતેહમંદી પ્રાપ્ત થઇ.

"હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ સૌથી પહેલાં, હિંદુસ્તાનની સરહદમાં ઘુસી આવનાર રશિયાની શતરંજના પ્યાદા બની રહેલા મુસ્લિમ રાજ્યોને બ્રિટીશોના સહવાસમાં લાવીને એક ભારે કિંમતી અને અજોડ મહાન સેવા બજાવી હતી. તેઓશ્રીએ રશિયાના હેતુને નિષ્ફળ બનાવી, બ્રિટીશોના કાર્યને આગળ ધપાવવા માટે કેવી રીતે પોતાની સર્વશક્તિ અને લાગવગ વાપરી હતી અને તેઓશ્રી કેટલી હદ સુધી સફળ થયા હતા તે પરિણામ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય છે."

## ઈમામની સિંધમાં પધરામણી—સર ચાર્લ્સ નેપિયર.

ત્યારપછી કેટલાક સંજોગોને અનુસરી સરદાર અબુલ હસનખાનને કંદહારના શાહઝાદા પાસે રાખી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પોતે કંદહાર છોડી ગયા. માર્ગમાં તેઓશ્રી અફઘાન સરદાર સાલુખાનના મહેમાન તરીકે રહ્યા. ત્રીજે દિને સિયાલકોટ જઈ પહોંચ્યા. જે નસીરખાન કલાતીનો મુલક હતો. તેના નાયબ મુહમ્મદ હુસેનખાન અને બીજા મોટા સરદારો ઇમામને આવકાર આપવા આવ્યા અને ઘણા સન્માન સાથે શહેરમાં તેડી ગયા, જ્યાં ઘણી સરસ પરોણાગત કરવામાં આવી. ત્યાંથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ બલેલુના માર્ગે સિંધ ભણી ઇસમાઇલી કાફલા સહિત પંથ કાપવા માંડ્યો. આ સમયમાં સર ચાર્લ્સ નેપિયર અને મેજર આઉટ્રામ સિંધમાં હતા.

## ઈમામ સુલેહના સંદેશક—બલુચીઓનો બળવો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ઇસ્વી સન ૧૮૪૨ ની આખરીમાં સિંધના મુલકમાં પધાર્યા ત્યારે તેઓશ્રીની મીર નસીરખાને ઘણી સુંદર પરોણાગત કરી. મીર અને અંગ્રેજો વચ્ચે આ સમયમાં વાટા ઘાટ ચાલતી હતી. અંગ્રેજો કરાચી માંગતા હતા, પરંતુ મીર નસીરખાને આ વાત માન્ય રાખી નહિ. એ દરમ્યાન જનરલ ચાર્લ્સ નેપિયરે મીર અલીમુરાદ ખૈરપુરી સાથે ખાનગી ગોઠવણ કરેલી હોવાથી એ વાત બહાર આવતાં મામલો ગંભીર બન્યો. હઝરત ઇમામ આકા શાહ હસનઅલી શાહ અ. એ બે પક્ષો વચ્ચે સમાધાન થાય એ માટે એવી સુચના કરી કે, "મીર નસીરખાન અંગ્રેજોને કરાંચી સોંપે, પરંતુ કરાચીની બધી મહેસુલ મીરોને મળે." આ સુચના ઉપર વાટઘાટ ચાલી પણ કાંઇ પરિણામ આવ્યું નહિ: મીર નસીરખાને અંગ્રેજો સાથે લડવા હૈદરાબાદમાં છાવણી નાખી તૈયારી કરી ત્યાંસુધી સુલેહના સંદેશા ચાલુ હતા.

અંતે મીર નસીરખાને અંગ્રેજોને છેલ્લો તુંડમીજાજી જવાબ દીધો કે, "આવતી કાલે અંગ્રેજો તાલપુરીઓની તલવારોનો રંગ જોશે." આથી સુલેહના સર્વે સંદેશાઓ પડી ભાંગ્યા. આ વખતે હઝરત ઇમામ આકા

શાહ હસનઅલીશાહ અ.એ મીર નસીરખાનને પોતાના તરફની બનતી સહાયતા આપવા માટે જણાવ્યું કે, "જો હું અને મારા માણસો સહાયતા નહિ કરીએ તો તે ઇસ્લામના કાનુનથી વિરૂધ્ધ ગણાશે." પરંતુ મીર નસીરખાને એ વાત માન્ય રાખી નહિ.

બીજે દિને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હૈદરાબાદથી 'જીરક' ભણી રવાના થયા. થોડા દહાડા વિત્યા પછી અંગ્રેજોએ હૈદરાબાદ કબજે કર્યું. આ બનાવથી બલોચ સરદારોએ બળવો ઉઠાવ્યો. એ બળવાખોરોનો સરદાર શેરમહમ્મદ ખાન હતો. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ મીર તથા અંગ્રેજોની વચ્ચે સલાહ કરાવવા એક તટસ્થ આસામી તરીકે ભારે કોશિશ કરી. છેવટે હઝરત આકા શાહ હસનઅલીશાહ અ.એ મીર શેરમહમ્મદખાન પાસે સમાધાની અર્થે એક ડેપ્યુટેશન મોકલ્યું, પરંતુ ડેપ્યુટેશનના બધા સભ્યોને બળવાખોરોએ મારી નાખ્યા, તેમજ અંગ્રેજો ઉપર આક્રમણ કર્યું. જનરલ સર ચાર્લ્સ નેપિયરે તેમનો મુકાબલો કર્યો. ઇમામના બંધુ સરદાર મુહમ્મદ બાકરખાનને પણ એક નાના કાફલા સહિત તેઓ પોતાની સાથે લઇ ગયા. આ દરમ્યાન કરાચીથી જીરક સુધીના વિસ્તારને બળવાથી મુકત રાખવા અર્થે તેમજ પ્રજાની સલામતી ખાતર તેની દેખરેખ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને સોંપવામા આવી. એ સમયે ઇમામ વીસ સૈનિકો સાથે જીરકમાં રહ્યા. તે વખતે ઇસમાઇલી જમાતના બે હજાર આસામીઓ પણ જીરકમાં આવ્યા હતા.

## સીત્તેર ઈસ્માઈલીઓ શહીદ થયા.

મીર શેરમહમ્મદખાને બળવાનો ઝંડો ઉંચકેલો હોવા, સિંધ અને બલુચીસ્તાનના સરદારો ચોમેરથી તેની સહાયતા અર્થે આવી ચડયા. મોટે ભાગે સઘળા મીર શેરમહમ્મદખાનના પક્ષમાં ભળી ગયા.

સઘળી સામગ્રી પૂર્ણ થયા પછી મીર શેરમહમ્મદખાને જીરક ઉપર છાપો માર્યો. બીજી તરફ મહમ્મદખાન ખુર્કે બે હજાર લશ્કર સાથે નગરઠઠ્ઠા પર હલ્લો કર્યો. નગરઠઠ્ઠા ખાતેની ઝપાઝપીમાં દશ ઇસમાઇલી સૈનિકો માર્યા ગયા. જ્યારે જીરકમાં પણ સીત્તેર ઇસમાઇલીઓને બળવાખોરોએ કતલ કર્યા, જે સમયે ઇમામ આરામમાં હતા, પરંતુ ગડબડ થવાથી ચોંકી ઉઠયા અને એકાએક ઘોડા પર સવાર થઇને દુશ્મનો પર ધસી ગયા. આ વખતે ઇમામના અંગ ઉપર સુતી વખતના એક પહેરણ સિવાય કશુંએ નહોતું. એવી સ્થિતિ વચ્ચે બહાદુરી સાથે પોતાના સહકારીઓ સાથે સામા પક્ષનો મુકાબલો કર્યો. તે જોતાં દુશ્મનો કિલ્લા ભણી નાઠા, તેની પુઠે તેઓશ્રી કિલ્લા ઉપર ધસારો લઇ જતા હતા, એટલામાં તેમનો ઘોડો લથડતાં જમીન ઉપર આવી પડયો અને પડવા સાથે પાછો આળોટતાં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના મોઢા પર તેનું દબાણ થયું, જેથી તેઓશ્રીના ચાર દાંત શહીદ થયા. આથી તેઓ એકદમ બેહોશ થઇ ગયા; આ વખતે ઇસમાઇલી મુરીદો પણ સામા પક્ષ સાથે તલવારો ચલાવી રહ્યા હતા, તેમને ખબર પડતાં પોતાના સરદાર પાસે દોડી આવ્યા અને સંભાળભરી રીતે ઉંચકીને "જીરક"થી હૈદરાબાદ લઇ આવ્યા. આવા સંજોગો વચ્ચે વિરૂધ્ધ પક્ષવાળાઓનો મુકાબલો કરવાનું તેઓએ છોડી દીધું. આ દરમ્યાન બલોચ બળવાખોરો હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.નો ચોવીશ લાખનો અસબાબ લુંટી ગયા. ઇસમાઇલી મુરીદો તથા જીરકના વતનીઓને પણ એટલી રકમનું નુકશાન થયું.

આ સઘળું થયું છતાં છેવટે બળવાખોરો ફાવી શક્યા નહિ અને અંગ્રેજ લશ્કરના ધસારા સામે પાછળ હઠી ગયા અને મીર શેરમહમ્મદખાન હાર ખાઇને નાસવાનો પ્રયાસ કરવા લાગ્યો. ત્યારપછી લુંટનો સઘળો માલ પોતાના વિશ્વાસુ સરદારોને સોંપી તે નાસી છુટયો. તેજ રાત્રે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હૈદરાબાદની છાવણીમાં જઇ પહોંચ્યા અને ત્યાં કેટલાક દિવસ સુધી સામગ્રી તૈયાર કરવા રોકાયા; એટલામાં સર ચાર્લ્સ નેપિયર પણ યુધ્ધથી પરવારી પાછો ફર્યો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ પોતાના ભત્રીજા મુહમ્મદ જાફરખાન, મિરઝા અહમદ તથા બીજા કેટલાક સૈનિકોને જીરક ખાતે મોકલી ત્યાંની જમાત અને જખમીઓને હૈદરાબાદ લઇ આવ્યા. તેઓ સઘળાની ત્યાં સારવાર કરવામાં આવી. જનરલ સર ચાર્લ્સ નેપિયરે સઘળા લુંટાયલા માલઅસબાબની યાદી માંગી, જે તેને સોંપવામાં આવી. સર ચાર્લ્સ નેપિયરનો વિચાર હતો કે લુંટાયેલી મતા બલોચીઓ પાસેથી વસુલ કરવી, પરંતુ પાછળથી એવું ઠર્યું કે બલોચીઓ બ્રિટીશ સરકાર જોડે મિત્રાચારીભર્યો સંબંધ રાખે એવી શરતે એ રકમ માફ કરી દેવામાં આવે અને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને કંપની સરકાર પાસેથી તે રકમ અપાવી દેવી; અને એ પ્રમાણે સુલેહ નક્કી થતાં સિંધ અને બલુચીસ્તાનમાં શાંતિ પ્રસરી. પરંતુ શાંતિ થતાં અંગ્રેજ સરકારે મજકુર રકમ આપવા માટે ઇન્કાર કર્યો.

## પ્રથમ દરખાનું ધરાવનાર ઇતિહાસ પ્રસિદ્ધ "જીરક".

સિંધમાં સૌથી પ્રથમ દરખાનું ધરાવનાર, સિંધનું ઇતિહાસ પ્રસિધ્ધ "જીરક", હઝરત મૌલાના ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ ઇરાનથી આવીને વસાવ્યું હતું. તેઓશ્રી સિંધ પધાર્યા ત્યારે 'જીરક'માં ફક્ત ત્રણસો માણસોની વસ્તી હતી. આ રળિયામણું ગામ સિંધુ નદીને કિનારે ડુંગર પર આવેલું છે. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના રહેવાસ સ્થાન અને અન્ય ઇસમાઇલી યાદગારો આ ગામમાં હજુ પણ મૌજુદ છે. ઇસમાઇલી ઇતિહાસમાં આ 'જીરક' અગત્યનું સ્થાન ધરાવે છે, કારણ કે સિંધમાં પહેલવહેલું "દરખાનું" આ "જીરક" ગામમાં સ્થપાયું હતું. "જીરક"માં "મહેલાત" નામની ઇમામના નિવાસસ્થાનની જગ્યા તેની યાદગીરી આપી રહી છે. આ ઇમારત ઉચ્ચ પ્રકારની ઇરાની કારીગીરીવાળી છે. એ સમયમાં ગામની સઘળી ઇમારતોથી એ ઉત્તમ હતી. અગાઉ આ "મહેલાત"ને અડીને વહેતી સિંધુ નદી હાલમાં ચારપાંચ ફરલાંગ જેટલી દુર વહે છે. જીરકની આબોહવા સારી હોવાથી ક્ષય રોગના દર્દીઓ માટે અહિં હાલમાં સારામાં સારી હોસ્પીટલ બંધાઇ છે.

## વિખ્યાત "ગંજે શહીદાન".

જ્યારે બલુચીઓએ ઇસમાઇલીઓ ઉપર હુમલો કર્યો ત્યારે મુખી પીસાભાઇની સરદારી તળે બહાદુરીથી દુશ્મનોનો મુકાબલો કરનાર અને શહીદનો મરતબો પ્રાપ્ત કરનાર સીત્તેર ઇસમાઇલી નવજવાનોને આ ભુમિએ સમાવી રાખ્યા છે. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના હુકમથી તેઓને ગુસલ કફન વગર, પહેરેલે કપડે એકજ સ્થળે દફન કરવામાં આવ્યા છે. એ જગ્યાનું નામ "ગંજે શહીદાન" તરીકે આજે પણ વિખ્યાત છે.

સિંધુ નદીના વેગવાન પ્રવાહમાં, જે સ્થળેથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ૦એ પોતાના ઘોડાને ચલાવ્યો હતો, એ સ્થળ પણ આજે મૌજુદ છે. તેઓશ્રીના ચારપાંચ ફિદાઈ મુરીદોએ પણ તેમની પાછળ પોતાના ઘોડા એ સિંધુ નદીના પ્રવાહમાં ઝુકાવ્યા હતા. જાણે સુકી જમીન પર ચાલ્યા જતા હોય તેમ તેઓશ્રીની સાથે એ પાંચ ફિદાઇઓ સામે પાર સહીસલામત પહોંચ્યા હતા. આ અદ્દભુત ઘટના જોઈ બલુચીઓના હૃદય ધડકી ઉઠયા હતા અને તેથી તેઓએ વધુ ઇસ્માઇલીઓની કતલથી પોતાને રોકી લીધા.

## છીરકના આખુંદો—ઉલમાઓનો ધર્મજ્ઞાન પ્રચાર.

આ ઇતિહાસ પ્રસિધ્ધ "છીરક"ના ઉલમા-વિદ્વાનો, સિંધ, કચ્છ, કાઠીયાવાડ અને પંજાબમાં મુસાફરીઓ કરીને ઇસ્માઇલી ધર્મજ્ઞાનનો પ્રચાર કરતા હતા, ઉપરાંત તેઓ હસ્તલિખિત સાહિત્ય દ્વારા પણ ઇલ્મજ્ઞાનનો ફેલાવો કરતા હતા. તેઓ પરહેઝગાર અને ધર્મક્રિયામાં પુરા હોવાથી દરેક સ્થળે વાએઝ નસિહતો કરતા, જેની જમાતો પર સારી અસર પડતી હતી. એ ધર્મપ્રચારક ઉલમાઓના ખાનદાનને "આખુંદ" તરીકે ઇસ્માઇલીઓ ઓળખે છે.

## આકા શાહ હસનઅલીશાહ અ૦ની સિંધ માટે ઉપયોગી સહાયતા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલી શાહ અ.એ કંદહાર—અફઘાનિસ્તાન ખાતે બ્રિટીશોને આપેલી સહાયતા કરતાં, સિંધના પોતાના વસવાટ દરમ્યાન તેઓશ્રીએ બ્રિટીશોને આપેલી સહાયતા ઓછી ઉપયોગી નહોતી, કારણ કે સિંધ "ગેટવે ઓફ ઇન્ડીયા" કિંવા "હિંદુસ્તાનનો દરવાજો" ગણવામાં આવે છે કે જેમાંથી પરદેશી વિજેતાઓ અસલથીજ પગપેસારો કરતા આવ્યા છે. જેમકે મર્હુમ સર વિલીયમ લિ-વોર્નરે પોતાની કૃતિમાં એક સ્થળે સંકેત કર્યો છે કે "જો સિંધ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના હાથમાં આવ્યું ન હોત તો અફઘાનિસ્તાને પોતાના દેશ સાથે તેને શામિલ કરી લીધું હોત અથવા તો લાહોરના રણજિતસિંહે તેને છીનવી લઇ પોતાના રાજ્ય સાથે જોડી દીધું હોત." (૧)

## સરદાર મુહમ્મદ બાકિરખાન બમના કિલ્લા ભણી.

સિંધ-બલુચિસ્તાનનો વિસ્તાર બ્રિટીશોની સત્તામાં આવ્યા પછી બમવાળો મુહમ્મદઅલીખાન બલોચનો નાયબ ફકીરમુહમ્મદ, ચાર્લ્સ નેપિયર અને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ઉપર લખેલા પત્રો લઈ આવ્યો. જેમાં લખેલું હતું કે, અત્રેના બલોચ સરદારો મારી સાથે દુશ્મનાવટ રાખે છે માટે નામદાર આગાખાનના કોઇ ભાઇને મોકલવામાં આવે તો તેને બમનો કિલ્લો સ્વાધીન કરી આપું. આ કાગળ લાવનાર મુહમ્મદઅલીખાનના બાપની હકુમત તળે બમનો કિલ્લો હતો. તેના મરણ બાદ મુહમ્મદઅલીખાન તેનો હાકિમ થયો હતો. તેણે ઇરાનની સરકારની કાંઇપણ સેવા કરી નહોતી. એટલે મુહમ્મદઅલીખાન બલુચની માંગણી સ્વીકારી કિલ્લાનો કબજો લેવા સરદાર અબુલ હસનખાનને મોકલવામાં આવ્યા. ઇરાની સરકારનું આ બિનાથી કાંઇ નુકશાન જાય એમ નહોતું, બલ્કે ઇરાનના શાહ વચ્ચે મિત્રાચારી થશે, એ વિચારથી પ્રેરાઇને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ હિજરી સન ૧૨૬૦માં સરદાર મુહમ્મદ બાકિરખાનને યુદ્ધની સામગ્રી સહિત રવાના

૧. "નામદાર આગાખાન અને તેમના વડવાઓ" પાનું ૩૮

કર્યા. ત્યાં ખાતે સરદાર મુહમ્મદ બાકિરખાનની મુલાકાત મીર મુહમ્મદઅલીખાન સાથે થતાં તેણે કહ્યું:—"પહેલે મારા દુશ્મનોને પકડી મારા સ્વાધીન કરો તે પછી તમોને બમપુરનો કિલ્લો સોંપું." તેના અંતરની મુરાદ આ પરથી જણાઇ આવતાં સરદાર મુહમ્મદ બાકિરખાન બમપુરથી પાછા ફર્યા.

આ પ્રસંગે સાલારે મુલક અને મીર અહમદખાન બલોચે, સરદાર મુહમ્મદ બાકિરખાનની તાબેદારી સ્વીકારીને "પીપ"નો કિલ્લો તેમને સોંપ્યો. આ સઘળી હકીકત હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને લખવામાં આવી; તે ઉપરથી તેઓ નામદારે પોતાની સાથે મિત્રાચારી રાખનારા સરદારોને ભેટ સોગાદો આપી પગારો મુકરર કરી આપ્યા. વળી પોતાના બે મુરીદોને પસંદ કરી એકને કરાચી અને બીજાને 'પીપ' ભણી રવાના કર્યા. 'પીપ'ના કિલ્લા ભણી જે ઇસ્માઇલી મુરીદને મોકલવામાં આવ્યો હતો, તેના સાથે ઇમામે સરદાર મુહમ્મદ બાકિરખાનને કહી મોકલાવ્યું કે: "દશ લાખ રૂપીઆ સુધી ખર્ચ થતાં બમપુરનો કિલ્લો જીતાતો હોય તો પણ અચકાવું નહિ."

## સરદાર અબુલ હસનખાનની શુરવીરતા અને મુત્સદ્દગીરી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના ભાઇ અબુલ હસનખાન મકરાનના માર્ગે થઇને ચોબાર આવ્યા. તેઓનો ત્યાં ખાતે ભારે સત્કાર કરવામાં આવ્યો. મુત્સદ્દગીરીના પ્રતાપે તેમણે "બમપુર"નો કિલ્લો જીત્યો. હિજરી સન ૧૨૬૧માં ઇરાની શાહી લશ્કરે બમ ઉપર ઘેરો નાખ્યો. પોતાના મુઠીભર સવારો સહિત સરદાર અબુલહસને શાહી લશ્કર ઉપર રાત્રિની વેળાએ છાપો માર્યો, જેથી કેટલાક શાહી તોપચીઓ માર્યા ગયા અને કેટલાક જખમી પણ થયા. તેઓ જીત મેળવ્યા પછી કિલ્લામાં આવ્યા ત્યારે ઘણો શોરબકોર સાંભળવામાં આવ્યો, જેથી ફરી શાહી લશ્કર કિલ્લામાં પેસી ગયું છે, એમ ધારી સરદાર અબુલ હસનખાન પોતાના ખિદમતગારો સહિત દક્ષિણ ભણી પ્રયાણ કરી ગયા. પાછળથી તેમને માર્ગમાં ખિદમતગારો પણ તજી ગયા. એવી સ્થિતિમાં સરદાર અબુલ હસનખાનને એક નાના ઇરાની લશ્કરે પકડી લઇને તહેરાનની દરબારમાં રજુ કર્યા. શાહે તેમની જોડે માનભર્યો વર્તાવ કર્યો. પાછળથી તેઓ શહરબાબક જઇ રહ્યા. પોતાના જીવનનો બાકીનો ભાગ તેમણે ત્યાંજ ગાળ્યો. આજે પણ ઇરાની પ્રજા તેમને એક વીર સૈનિક તરીકે યાદ કરે છે. તેઓ ગમે તેવી રૂતુ કે મુશ્કિલીથી કદીપણ ગભરાતા નહોતા અને પ્રતિકુળ સંજોગોમાં પણ હિંમતથી કામ કરતા હતા.

## અફઘાન-બલુચિ ઘટના પછી.

લેફ્ટેનન્ટ કર્નલ સાઇકસ પોતાની કૃતિ "ઇરાનમાં આઠ હજાર માઇલની મુસાફરી"માં જણાવે છે કે: "કંદહાર અને બલુચિસ્તાનનતું પ્રકરણ પુરૂં થયા પછી સરદાર અબુલ હસનખાન પોતાના વતન પાછા ફર્યા. આ વખતે "શહરબાબક" શહેરમાં ઇસમાઇલીઓ તરફથી મોટી ખુશાલી કરવામાં આવી. નામદાર આગાખાન સાહેબના પૂર્વજોનું "શહરબાબક" માનીતું મથક હતું. ત્યાં રહેનાર અતાઇલાહી તથા "નેમેટ" ઇસમાઇલીઓ હજી પણ "ઉશ્ર" અર્થાત દશોંદ આપે છે. એ કૃતિમાં એક અન્ય સ્થળે લખવામાં આવ્યું છે કે શાહ અબુલ હસનઅલી મહેલાતી આલમુતના રાજ્યકર્તાઓના વંશમાંથી ઉતરી આવ્યા હતા. તેઓ કેટલાક વર્ષો પર્યંત કેરમાન પ્રાંતમાં હાકિમી ભોગવતા હતા અને ત્યાં ખાતે એક આલીશાન મહેલ બાંધીને વસવાટ કરી રહ્યા હતા. જે પાછળથી એલચીખાતાનું મથક થઇ પડ્યું હતું."

લેફટનન્ટ કર્નલ સાઇકસ આગળ ચાલતાં લખે છે કે "નામદાર આગાખાન સાહેબ બલુચિસ્તાનનાં માર્ગે હિન્દુસ્તાન આવ્યા, તે દરમ્યાન બ્રિટીશોને તેમણે સારો સાથ આપ્યો હોવાથી બ્રિટીશોએ તેઓશ્રીને "હિઝ હાઇનેસ"નો માનભર્યો પેઢી દર પેઢીનો ઇલકાબ આપ્યો અને વંશપરંપરા સારૂં પેન્શન પણ બાંધી આપવામાં આવ્યું."

## ઇમામની કચ્છ—કાઠીયાવાડ ખાતે પધરામણી—મુંબઈમાં નિવાસ.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હૈદરાબાદ સિંધથી કરાંચી આવ્યા અને હિજરી સન ૧૨૬૦ માં રમઝાન માસની તા. ૨૬ મી અને ગુરૂવારના દિને દરિયા માર્ગે કરાંચીથી કચ્છ ભણી રવાના થયા. કચ્છ માંડવી ખાતે ઉતર્યા પછી જમાતની મુલાકાતે ગયા. આ સમયે કચ્છના રાજ્યકર્તા મહારાવશ્રી દેશળજી હતા. તેઓ ઘણાં બુધ્ધિમાન અને વીર યુવાન હતા. પ્રથમ માંડવી આવીને તેમણે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની મુલાકાત લીધી અને તે પછી પોતાના પાટનગર ભુજ ખાતે તેડી ગયાં. માર્ગમાં જ્યાં જ્યાં દીદાર અર્થે જમાત આવતી હતી, તેઓને મુલાકાત આપી દુઆઆશિષો ફરમાવતા, આગળ વધતાં, ઇમામ ભુજ ખાતે પધાર્યા. અત્રે પણ તેઓશ્રીનો ભારે સત્કાર કરવામાં આવ્યો. રાજ્યે એક સામગ્રીપૂર્ણ બંગલામાં ઉતારો આપ્યો અને ઘણી સારી પરોણાગત કરી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એક માસ પર્યંત ત્યાં રોકાયા અને કચ્છની સઘળી જમાતોને મુલાકાતનો લાભ આપી તેઓના કામકાજ ઉકલાવ્યા, ત્યાંથી અંજાર ખાતે પધાર્યા, અહીં પણ મોટી સંખ્યામાં જમાતો એકઠી થઇ હતી. તેઓના જમાતી કામકાજ ઉકલાવ્યા પછી તેઓશ્રી હાલાર કાઠીયાવાડ ભણી સિધાવ્યા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હિજરી સન ૧૨૬૧ માં જામનગર ખાતે પધાર્યા. ત્યાં ખાતે નામદાર જામસાહેબ શ્રી રણમલજી પોતાના રાજકુંવરો, વઝીરો તથા સરદારો સાથે "ધુમામ" ગામ સુધી આવકારનું સામૈયું લાવ્યા. આ પ્રકારે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ મોટી ધામધુમ સાથે જામનગરમાં પ્રવેશ કર્યો, તે સમયે તોપોની સલામીનું માન પણ આપવામાં આવ્યું.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ એક વર્ષ પર્યંત હાલાર તથા કાઠીયાવાડની જમાતોની મુલાકાતો લીધી અને તેઓના કામકાજો ઉકલાવ્યા, ત્યાંથી હિજરી સન ૧૨૬૨ માં સુરત આવી દમણ ભણી સિધાવ્યા. એ સમયે રેલ્વે ગાડીઓ નહિ હોવાથી ઇમામ દરિયામાર્ગે આવ્યા હતા. ત્યારપછી મુંબઇ રહેઠાણ કર્યું અને સઘળી ઇસમાઇલી જમાતોની મુલાકાતો લીધી.

## ઇમામનો મુંબઈમાં નિવાસ—મુંબઈમાં દરખાનું સ્થપાયું.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. મુહમ્મદશાહ કાચારની તરફેણમાં હોવા છતાં તેઓશ્રી કાવતરાંખોરોના ભોગ બનીને ઇરાન છોડી હિંદ ખાતે વસવાટ કરી રહેવા લાગ્યા. તેઓશ્રીનો નિવાસ હવે હિંદમાં મુંબઈ ખાતે થવાના કારણે ઇમામનું નિવાસસ્થાન હંમેશાં "દરખાના" તરીકે ઓળખાય છે, તે પ્રમાણે હવે મુંબઇ "દરખાનું" થયું.

મુંબઇ ખાતે તેઓ નામદારે સ્થાયી નિવાસ કર્યા પછી જમાતખાનામાં શનિવારે તેમજ ત્હેવારના દિવસોએ પધરામણી કરી જમાતોને દીદાર આપી હિદાયત ફરમાવતા અને દસ્તબોશી કરાવતા હતા.

મુંબઈ ખાતે સ્થાયી નિવાસ કર્યા પહેલાં, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ ઇરાનની સરહદની નઝદીક આવેલા "બનપોર" જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ ઇરાનના શાહને તેનો ભય લાગતાં, બ્રિટીશોની સમજાવટથી શાહનો એ ભય દુર કરવા, ઇસ્વી સન ૧૮૪૫ માં તેઓશ્રી થોડો વખત કલકત્તા ખાતે પણ રહ્યા હતા.

## ઇમામ કલકત્તામાં.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને સર્વે ઇરાનીઓ તરફથી ઇરાન પધારવા તેમજ જીતવા આમંત્રણોના પત્રો આવતા હતા, જેમાંના મુખ્ય અધિકારીઓ અને મુલ્લાંઓના પત્રો ઇમામે મેકનેગટન અને મેજર રોલીનસનને બતાવ્યા પણ હતા. આથી ઇમામે ઇરાન જઇ પોતાની માલિકીની જાગીરો અને મિલકત પાછી મેળવવાના ઇરાદાથી કેટલીક સગવડો માટે તેઓશ્રીએ તૈયારીઓ શરૂ કરી, પરંતુ પાછળથી તેઓશ્રીએ ઇરાન પાછા જવાનો ઇરાદો પડતો મુકયો હતો. જો કે સમાધાન થતાં ખુદ ઇરાનના શાહે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને ઇરાન પાછા આવવાનું આમંત્રણ મોકલાવી, તેઓશ્રીના પૂર્વજોની જાગીરો અને માલમિલકત પાછી સોંપવાની ખાત્રી આપી હતી, પરંતુ ઇમામને એ વાતમાં કશું વજુદ જણાયું નહિ.

તેમ છતાં જ્યારે ઇરાની સરકાર અને બ્રિટીશો વચ્ચે સંધિ થઇ ત્યારે શાહે એ સંધિનો ગેરલાભ ઉઠાવ્યો અને ઇમામના સિંધ ખાતેના વસવાટથી ભય પામીને બ્રિટીશો સાથે સંદેશાઓ ચલાવ્યા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ ગવર્નર-જનરલ પર લખેલા એક પત્ર પરથી સ્પષ્ટ થાય છે કે, આકા શાહ હસનઅલીશાહ અ. બ્રિટીશ સરકારની સાથે હોવાથી, ઇરાનના શાહ માટે બ્રિટીશોની દુશ્મની કરવાનું તેમજ હેરાત પર હુમલો લઇ જવાનું તદ્દન અસંભવિત હતું. તેથી શાહે ઇમામ માટે વિરૂધ્ધતા કરી અને ઇમામ જો સિંધ છોડી જાય તો તે પોતાને ફાવે તેમ કરી શકે, એટલા માટે તેણે ઇમામ અને બ્રિટીશો વચ્ચેની ગાઢ મિત્રાચારીમાં વિક્ષેપ નાખવાનો ઇરાદો કર્યો. પરિણામે બ્રિટીશ સરકારે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. સાથે સુલેહના સંદેશાઓ ચલાવતાં, ઇરાનના શાહ મુહમ્મદશાહના અવસાન પર્યંત ઇમામે કલકત્તા ખાતે પોતાનો નિવાસ રાખ્યો હતો.

## મુંબઈના નિવાસ દરમ્યાન સરકારને ઉપયોગી સહાયતા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ બ્રિટીશ સામ્રાજ્યને અફઘાનિસ્તાનમાં તેમજ સિંધમાં ઉપયોગી સહાયતા આપી હતી. એજ પ્રમાણે "ધી આગાખાન એન્ડ હિઝ એન્સેસ્ટર્સ" નામની કૃતિમાં જણાવ્યા પ્રમાણે "હઝરત ઇમામ આકા શાહ હસનઅલી શાહ અ. એ પોતાના મુંબઈ ખાતેના વસવાટ દરમ્યાન પણ સરકારને ઘણીજ ઉપયોગી સહાયતાઓ આપી હતી. જ્યારે સરહદના વિસ્તારોમાં અશાંતિ ફેલાતી હતી ત્યારે તેઓશ્રી પોતાની વિશાળ અને અજોડ લાગવગ વડે કન્ટીયરના નાયકાવાળાઓના જુસ્સાને શાંત કરવાં માટે સહાયતા આપતા હતા. ખાસ કરીને બળવા અને ફસાદ વખતે તો તેઓશ્રી સરકારના એક "સ્થંભ" સમાન હતા. તેઓશ્રીનું ફરમાન એજ તેઓશ્રીના મુરીદોના માટે કાયદો હતો. મુંબઇ અને અન્ય સ્થળોએ કોમી હુલ્લડો ફાટી નીકળતાં તે વખતે તેઓશ્રી હંમેશાં સુલેહ અને શાંતિ માટે પોતાની લાગવગ વાપરતા હતા.

## બ્રિટીશ યારકન્દ મીશનની ખાત્રી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. મુંબઇ પધાર્યાં ત્યારે તેઓશ્રીનો વગવસીલો અત્યંત બહોળા વિસ્તારમાં ફેલાયેલો જણાયો હતો. મર્હુમ વાઇસરોય લોર્ડ મેયોએ યારકંદ (૧) ખાતે મોકલાવેલા સર ડગલાસ ફોરસીથવાળા મીશને એ વાતની ખાત્રી કરી હતી કે, "હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ., નામદાર આગાખાનને, મોટી સંખ્યાની શીઆ કોમો, પોતાના ફીરકાની સરદાર તરીકે સ્વીકારે છે અને શ્રીનગર તથા ઉત્તર હિંદના અન્ય ગામોના એજન્ટો મારફતે ધાર્મિક હકક માલેવાજેબાત નિયમિત મોકલાવતા રહે છે, જેઓ હજુ પણ સુન્નીઓની વસ્તીવાળા અફઘાનિસ્તાન અને તુર્કસ્તાનના મુલકોમાં વસવાટ કરી રહ્યા છે."

"આ શીઆ ઇમામી ઇસમાઇલીઓ બદખશાન અને કાફિરીસ્તાનની દુર દુર ખીણોમાં, ગીલગીટ, ચિત્રાલ અને "ઓક્સસ" નદીના કિનારેથી લઇને છેક "બામે દુનિયા" કિંવા "દુનિયાનું છાપરું" તરીકે જગમશહુર થયેલ "પામિર" સુધીની ખીણોમાં પથરાયેલા નજરે પડે છે."

"જ્યારે ઇરાન, ખુરાસાન અને પશ્ચિમ અફઘાનિસ્તાન અને સિરીયામાં તેઓશ્રીનાં અનુયાયીઓ મોટી સંખ્યામાં જોવામાં આવે છે. ઉપરાંત ઇરાનના અખાતમાં, અરબસ્તાનના પુર્વ શહેરોમાં ખાસ કરીને ઓમાનમાં તેમજ આફ્રિકાનાં કાંઠા ઉપર દક્ષિણે છેક મોઝામ્બીક સુધી પણ તેઓશ્રીનાં મુરીદો નજરે પડે છે. આફ્રિકાના મધ્યમાં આવેલા સરવરો અથવા તો મધ્ય એશિયાના, લાલ અને યાકુતની ખાણોની મુલાકાત લેનાર પ્રવાસી, તેઓ નામદારનો એકજ ભલામણ પત્ર તેમના મુરીદો પર મેળવી શકે તો તે ઘણીજ સહેલાઇથી પોતાનો પ્રવાસ ખેડી શકે."

## આગા જાફરખાન સુલેહ કરાવવા મસ્કતમાં.

હિજરી સન ૧૨૬૫માં મસ્કતના ખોજાઓમાં વાંધો પડયો અને બે પક્ષો પડયા. જાગણુ કાઇઆણીનો પક્ષ જમાતની વિરૂધ્ધ પડી જમાતખાનામાંની જમાતના ઉપયોગમાં આવતી કેટલીક વસ્તુઓ ઉંચકી દરિયામાં ચોરી છુપીથી ફેંકી દીધી. આ બન્ને પક્ષો વચ્ચે સુલેહ કરાવવા હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ આગા જાફરખાનને મસ્કત ખાતે મોકલ્યા. પરંતુ વિરોધીઓ સમજુતી ઉપર આવ્યા નહિ અને સામે હથિયારો ઉંચકયા જેથી તેઓને કેદ કરવામાં આવ્યા, અને તેઓને દંડની સજા થઇ, છતાં તેઓએ પોતાની હઠ ન છોડી અને જમાતખાનાનો સંબંધ છોડી ઇસ્નાઅશરી બન્યા જેમાંથી કેટલાક સુન્ની પણ થઇ ગયા હતા.

## કચ્છમાં બાવા ઉમેદઅલી—વકીલાત છીનવી લેવાઇ.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના સમયમાં સૈયદ પીર હાશમશાહના વંશમાંથી ઉતરી આવેલા શખ્સો કચ્છ કાઠીયાવાડમાં "બાવા"ના નામથી ઓળખાતા હતા. તેઓને ઇમામ તરફથી અમુક પ્રકારનું વડપણ મળેલું હોઇ ખોજા મુરીદોને વ્યવસ્થિત રાખવા તેઓ દેશી રાજ્યોમાં લાગવગ ધરાવતા હતા.

૧. "ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસટર્સ" પાનું ૫૬.

હિજરી સન ૧૨૪૬માં કચ્છ દેશ ઊપર ઇસ્ટ ઇન્ડીયા કુંપનીનો અમલ હતો. એ સમયે મહારાવશ્રી બીજા ભારમલજી "ટીલે" હતા. એમના રાજ્યઅમલમાં ખોજા જ્ઞાતિમાં ઝઘડો થતાં ઇમામ તરફથી "વકીલ"નો દાવો કરનાર બાવા ખીઝરખાનથી ખોજાઓ જુદા પડી ગયા, છતાં પણ બાવા સાથે ભુજ લોકો રહી ગયા, તેમાં જમાતના કામડીયા માણેક પણ હતા, એટલે જમાતે તેમની પણ વિરૂધ્ધતા કરી. અને જમાતથી વિરૂધ્ધ પડેલા ટોળાંએ સુન્ની મુસ્લિમોના કબ્રસ્તાનમાં સૈયદ દાદુ પીરની જમીન દાખલ કરવાની વેતરણ કરી અને સુન્ની મુસ્લિમોએ પણ પોતાના કબજામાં લેવા પ્રયત્ન કરવા માંડયો. એ સમયે બાવા ઉમેદઅલીએ બ્રિટીશ એજન્સીમાં દસ્તાવેજ દાખલ કર્યા અને સૈયદ દાદુ પીરની હદની જમીન પાછી કબજે લીધી.

હિજરી સન ૧૨૫૦માં જ્યારે ઇસ્ટ ઇન્ડીયા કુંપનીએ પોતાની એજન્સી ઉપાડીને મહારાવશ્રી દેશળજીને રાજ્ય સોંપ્યું, ત્યારે બાવા ઉમેદઅલી દરબારમાં ખાસ કારોબારી નિમાણા હતા. તેમણે દરબારી બળથી સમસ્ત કચ્છની ખોજા જમાતો પર પોતાની સત્તા જમાવી જુલ્મ કરવા માંડયો. આ વાતની ખબર હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને પડતાં પોતાના ભત્રીજા આગા મુહમ્મદ જાફરખાનને કચ્છ ખાતે મોકલ્યા. તેમની સાથે બાવા ઉમેદઅલીએ સારી વર્તણુંક રાખી નહિ અને રાજ્ય અધિકારી તરીકેની પોતાની સત્તા દેખાડવા માંડી. આવી સ્થિતિ જોઇને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ કલકત્તા ખાતે રીપોર્ટ કરતાં નામદાર એલનબરોએ કચ્છના પોલિટીકલ એજન્ટ પર પત્ર આપ્યો. આ હુકમને અનુસરી બાવા ઉમેદઅલી પાસે જમાતી હિસાબ કિતાબના ચોપડાઓ હતા, તે સઘળાનો કબ્જો લેવામાં આવ્યો અને બાવા સાથેનો સઘળો જમાતી વ્યવહાર બંધ કરવામાં આવ્યો અને ઇમામ તરફની વકીલાત બાવા પાસે હતી, તે પણ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ રદ કરી.

## ઈમામની કચ્છ ખાતે પુનઃ પધરામણી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ હિજરી સન ૧૨૭૦ માં બીજી વખત કચ્છ ખાતે, ભુજમાં કેશ વિરૂધ્ધ ચાલતા કેસની તપાસ અર્થે પધારતાં, નામદાર મહારાજાશ્રી દેશળજી સાથે રત્નજડીત ખુરશી પર આસન લીધું હતું.

## ઈમામની પ્રશંસા કરતા પત્રો.

આ સમયે હિંદના ગવર્નર જનરલ લોર્ડ એલનબરો હતા. તેમની પાસે જનરલ સર ચાર્લ્સ નેપિયરે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની ભારે પ્રશંસા કરી હતી. સિંધની લડાઇ પછી સર ચાર્લ્સ નેપીયરે પોતાના વડીલ બંધુ સર હેનરી નેપિયર ઉપર તા. ૪ થી ઓગસ્ટ ૧૮૪૪ના રોજે એક પત્ર લખ્યો હતો તેમાં તેમણે જણાવ્યું હતું કે, "પેલા ઇરાની રાજવંશી નામદાર આગાખાન મારા મોટા મિત્ર થઇ પડયા છે. તેઓ મારી કશી પણ સંભાળ કે રક્ષણ હેઠળ રહેતા નથી. હું તેમને દર વર્ષે બે હજાર પૌંડ આપું છું. તેઓ તો જાણે એક દેવતાઇ ફિરિશ્તા છે. તેમની આવક બેહદ છે. તેઓ ઘણા ચાલાક અને બહાદુર માણસ છે. હું આ સઘળી સાચી વાત કહું છુ અને તમો ખુદાના બંદા હો તો માનજો કે તેમના મુરીદો તેઓ જે કાંઇ માંગે તેની ના પાડવાની હિંમત કરી શકતાજ નથી. તેઓ ચાહે તો મારો જાન પણ લઈ શકે છે. કેવળ તેમનાં મ્હોંમાંથી સણસારો નીકળતાંજ તેમનો કોઈ પણ મુરીદ આંખના એક પલકારામાં તે કામ બજાવી આપે છે."

## 'હિઝ હાઇનેસ'નો ખિતાબ.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. વિષે આગળ ચાલતાં જનરલ નેપિયર લખે છે કે, હિંદુસ્તાનમાં આવ્યા પછી નામદાર આગાખાન સાહેબને સિંધમાં નાણાં સંબંધી જરા પણ ભીડ ખમવી પડી નહોતી. એ કસાયેલા અનુભવી સિપાહ બચ્ચાને સિંધમાં તેમના મુરીદો અને હિંદુસ્તાનના જુદા જુદા ભાગમાં વસતા મુરીદો અને પૂર્વ ભણી તેમના મુરીદો બહોળા સાધનો પુરા પાડતા રહ્યા છે. આવા સઘળા સાધનો તેમના હાથમાં હોવાથી તેઓ નામદાર "લાઇટ હોર્સ" (સાદા હથિયારથી સજ્જિત ઘોડેસ્વાર) પલટણની એક ટુકડી ઉભી કરવા તથા તેને નભાવવા શક્તિમાન છે. જે અફઘાન લડાઇ દરમ્યાન કંદહારમાં જનરલ નોટની સરદારી તળે સોંપાઈ હતી અને જેને પાછળથી કર્નલ રોલિનસને હકસાઇ આપી હતી. કર્નલ રોલિનસને પણ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની, હિંદ સરકારના લશ્કરી સેક્રેટરી ઉપર તા. ૬ઠી નવેમ્બર ૧૮૪૪ના રોજે લખેલા એક પત્રમાં ઘણા સારા શબ્દોમાં પ્રશંસા કરી છે.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની પ્રશંસા કરતો એક પત્ર જનરલ નોટે પાર્લામેંટના અધિકારીઓને લખ્યો હતો, તે પરથી તેઓ નામદારની ભારે સેવાઓ બદલ બ્રિટીશ સરકારે 'હિઝ હાઇનેસ'ના બાદશાહી ઇલ્કાબ સાથે માસિક ત્રણ હજાર રૂપિયાનું પેન્શન વંશપરંપરા બાંધી આપવા હિંદના વાઇસરોયને હુકમ આપ્યો હતો.

## શહેનશાહ સાતમા એડવર્ડ ઇમામની મુલાકાતે—કીંગ રિચર્ડ લાયન હાર્ટેડ—ઇતિહાસિક ઘટનાનો ઉલ્લેખ.

મરહુમ મહારાણી વિકટોરીઆના સમયમાં શહેનશાહ સાતમાં એડવર્ડ, "પ્રિન્સ ઓફ વેલ્સ" તરીકે લોર્ડ એલિનબરોની સાથે હિંદુસ્તાનની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેઓએ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ને બંગલે પધારી તેઓશ્રીને મુલાકાતનું માન આપ્યું હતું. એ વખતે એ બન્ને શાહી કુટુંબના સભ્યો ઇમામના બંગલામાં, ઇમામના સસરા, ઇરાન સમ્રાટ ફતેહઅલીશાહની એક મોટી તસવીર સામે બેઠક લઇને હિંદના "ટર્ફ" પર ઇમામે જીતેલા "રેસ-કપ"નું અને તેઓશ્રીના શાહઝાદાએ જીતેલા હિંદના શિકારોની 'ટ્રોફિઝ'નું નિરિક્ષણ કર્યું હતું. ત્યારપછી સાત સદી પહેલાં, આસ્ટ્રીયાના ડયુક લીઓપોલ્ડના હાથે કેદ પકડાયેલા, ઇંગ્લાંડના કીંગ રિચર્ડ લાયન હાર્ટેડના છુટકારા માટે પત્ર લખી આગ્રહ કરનાર હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના વડવા, ઇસમાઇલીઓના ઇમામ, જેવીજ પોતાના જીવનની કેટલીક વિધવિધ અને સાહસિક ઘટનાઓનો ઇમામે ઉલ્લેખ કર્યો હતો, જે સાંભળી મહારાણી વિકટોરીઆના બન્ને શાહઝાદાઓ અત્યંત હર્ષ પામ્યા હતા. (૧)

ઉપર દર્શાવેલા પત્રના સંબંધે, "નામદાર આગાખાનનો ટુંક ઇતિહાસ" નામની કૃતિમાં જણાવવામાં આવ્યું છે કે રૂહાઇમરની કિતાબમાંથી એક પત્રની નકલ મળી આવી છે કે જે પત્ર એક ઇસમાઇલી ઇમામે ઇ. સ. ૧૧૯૨માં આસ્ટ્રીયાના ડયુક લીઓપોલ્ડ ઉપર તાયરના લોર્ડ અને મોંટ ફેરાટના માર્કવિસ કોનરેડના ખુનમાં, ઇંગ્લાંડના બાદશાહ કીંગ રિચર્ડ લાયન હાર્ટેડનો કાંઇપણ હાથ નહોતો એવું દર્શાવી તેને નિર્દોષ ઠરાવી તેના છુટકારા માટે લખેલો છે, કારણ કે કીંગ રિચર્ડ,

૧ "ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટરસ" પાનું ૫૫

લીઓપોલ્ડના હાથે કેદ પકડાયો હતો. આ ઘટના આરબો અને ખ્રિસ્તીઓ વચ્ચેના ધર્મયુદ્ધ (ક્રુસેડ)ના સમયમાં બની હતી. આ બનાવ પરથી એ સ્પષ્ટ થાય છે કે, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની જેમ અંગ્રેજ સરકાર સાથે મિત્રાચારી હતી, તેમ તેઓશ્રીના પૂર્વજો પણ અંગ્રેજો સાથે પણ ઘણી સારી મિત્રાચારી ધરાવતા હતા.

## ઇમામ તરફથી બહાર પડેલું સરક્યુલર.

હિજરી સન ૧૨૭૨માં જમાતોમાં એક સડો પેદા થયો, તે પરથી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ એક "સરક્યુલર" બહાર પાડ્યો, તેમાં એવું દર્શાવવામાં આવ્યું હતું કે ખોજા લોકો અમારા શીઆ ઇમામી ઇસમાઇલી મુરીદો હોઇ શાદી ગમીની સઘળી ક્રિયાઓ પણ પોતાના મઝહબના ધોરણે અને ધર્મબંધુઓ હસ્તક કરાવવી જોઇએ. આ "સરક્યુલર"ની આજ્ઞાનો સઘળા મુરીદોએ સ્વીકાર કર્યો પરંતુ કેટલાક કહેવાતા શેઠીઆઓએ તેની વિરૂધ્ધતા કરી કહ્યું:—"ખોજાઓ અસલ સુન્ની છે, માટે તેમની શાદી ગમીની ક્રિયા સુન્ની મુલ્લાંઓને હાથે એટલે સુન્નતના રિવાજ પ્રમાણે કરાવવી જોઇએ." આ ઉપરથી શીઆ ઇમામી ઇસમાઇલી સ્થળોમાં તેમને પ્રવેશ કરવાની મનાઇ કરવામાં આવી હતી.

કચ્છ ખાતે પણ મજકુર 'સરક્યુલર' ફેરવવામાં આવ્યો, ત્યારે કચ્છની સઘળી ખોજા જમાતોએ ઇમામના હુકમને શિરોમાન્ય કર્યો; માત્ર કચ્છ કેરાના ખોજાઓએ વિરોધી વલણ ધારણ કરતાં, હિજરી સન ૧૨૭૪માં હઝરત ઇમામ આકા અલીશાહ અ. પોતાના પિતાની આજ્ઞાથી આ મતભેદ દુર કરી સમજુતી કરાવવા અર્થે કચ્છ પધાર્યા. પરંતુ કેરાવાળાઓનો પક્ષ બળવાન હોઇ તેઓએ ઇર્ષાના અંગે દોરવાઇ જઇને સમજુતી પર નહિ આવતાં પજરણુ ચાલુ રાખ્યું. હિજરી સન ૧૨૯૧માં હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની હુઝુરમાં અંતે સલાહ થઇ.

મજકુર 'સરક્યુલર' કાઠીયાવાડમાં પણ ફેરવવામાં આવ્યો હતો; ત્યાંના સઘળા ઇસમાઇલી મુરીદોએ આ વાત માન્ય રાખી; માત્ર મહુવાના ૨૦ ખોજા કુટુંબો તેની વિરૂદ્ધ ગયા, કારણ કે મુંબઇના બારભાયા ખોજાઓ સાથે તેમનો વ્યાપારી સંબંધ હોવાને અંગે તેઓ ઇમામની ઇચ્છાને અનુસર્યા નહિ અને તેમણે એવો જવાબ આપ્યો કે "અમો શીયા તો છીએ પરંતુ લગ્નની ક્રિયાઓ સુન્ની રૂઢી પ્રમાણે કરીશું."

## બારભાયાઓ નાતબહાર—૧૮૬૬નો "આગાખાન કેસ."

હિજરી સન ૧૨૭૯ અર્થાત ઇસ્વી સન ૧૮૬૨ના ઓગસ્ટ માસની તા. ૧૬મીએ મુખી અલારખિયાભાઇ સુમાર તથા કામડીયા ખાકીબાઇ પદમશીના વડપણ હેઠળ મુંબઇના જમાતખાનામાં જમાતની એક સભા બોલાવવામાં આવી. તેમાં હબીબભાઇ ઇબ્રાહીમના પુત્ર આહમદભાઇ તથા જમાતથી વિરૂધ્ધ ગયેલા બીજા આસામીઓને બોલાવવામાં આવ્યા હતા, પરંતુ તેઓ હાજર ન થવાથી આહમદભાઇ હબીબ તથા બીજાઓ ઉપર નોટીસ મોકલીને જણાવવામાં આવ્યું હતું કે, "જમાતના નિયમો અનુસાર ચાલશો તો તમને જમાતમાં રાખવામાં આવશે અને તે માટે ૨૧ દિવસની મુદત આપવામાં આવે છે." તે મુદત પછી જમાતની સભા ફરી બોલાવવામાં આવી, છતાં પણ તેઓ નહિ આવવાથી આહમદભાઇ હબીબ તથા તેમના બીજા સાથીદારોને નાતબહાર મુકવામાં આવ્યા. આ પરિસ્થિતિ વચ્ચે કચ્છમાં કેરા, કાઠીયાવાડમાં મહુવા અને મસ્કતની જમાતોમાં અમુક ખોજાઓએ હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની નારાજી વ્હોરી લીધી. જે ઉપરથી ખોજા ઇસમાઇલી જમાતોને ઘણો આઘાત લાગ્યો જે આજ દિન પર્યંત વિસરાયો નથી.

મુંબઇની હાઇકોર્ટમાં સર જોસફ આર્નોલ્ડ સમક્ષ "આગાખાન કેસ"ના નામે જાણીતો થયેલો એક મુકદમો કેટલાક ખોજાઓએ હિજરી સન ૧૨૮૩ અર્થાત ઇ. સ. ૧૮૬૬ માં દાખલ કર્યો. આ મુકદમો દાખલ કરનારાઓ ડાયા અહમદ, મહમદ સાંચા, પીરમામદ કાસમ અને ફાજલ ગુલામહુસેન નામના આસામીઓ હતા. એમનો દાવો હતો કે નામદાર આગાખાન આકા શાહ હસનઅલીશાહ અ. સાથે અમારે કાંઇ લાગતું વળગતું નથી અને જમાતની મિલકતો ઉપર નામદાર આગાખાન સાહેબનો કાંઇ હક નથી. જમાતની જે મિલકતો અને આવક છે તેમાંથી નામદાર આગાખાન સાહેબને કાંઇ આપવું જોઇએ નહિ. મુખી કામડીઆઓએ જમાતને પૈસાનો હિસાબ આપવો અને તેની વચ્ચે નામદાર આગાખાન સાહેબ આવે તો તેઓને અટકાવવા. હઝરત પીર સદરૂદીન (રેહ.) અમોને હિંદુમાંથી મુસલમાની ધર્મમાંથી વટલાવ્યા હતા. તેઓ પોતે સુન્ની હતા અને અમો પણ સુન્ની તરીકે ઇસ્લામમાં વટલાયા છીએ; માટે અમો સુન્ની નથી એમ કહેનારા ખોજાઓને ખોજા જમાતમાં રહેવાનો કાંઈ હક નથી અને ખોજા જમાતની સાથે તેમને કાંઇ લાગતુંવળગતું નથી.

બીજી તરફ જવાબદારોનું કહેવું એવું હતું કે, પીર સદરૂદીન (રેહ.) સુન્ની નહોતા, પણ શીઆ ઇમામી ઇસ્માઇલી ધર્મના અનુયાયી હતા અને તેઓ નામદાર આગાખાન સાહેબના વડવાના એક દાઇ હતા. ખોજા જમાત હંમેશાં ઇમામી ઇસ્માઇલી હતી અને હાલ પણ છે. વળી ખોજા જમાત નામદાર આગાખાન સાહેબના વડીલોને ધર્મગુરૂ તરીકે માનતી આવી છે અને તેઓને પોતાના મુરશીદ ગણે છે.

## સર જોસફ આર્નોલ્ડનો ચુકાદો—આકા હસનઅલીશાહની તરફેણમાં ફેંસલો.

બન્ને પક્ષોના દાવાઓની સુનાવણી લાંબી મુદત સુધી ચાલી હતી. અંતે વિદ્વાન જજ સર જોસફ આર્નોલ્ડે નામદાર આગાખાન સાહેબની તરફેણમાં ફેંસલો આપ્યો હતો. તેઓ નામદારે પોતાના ફેંસલામાં જણાવ્યું હતું કે: "ખોજા જમાતના લોકોએ પોતાના ધર્મગુરૂના ફરમાનની સત્તાથી બીજી વધારે સત્તાનો ઉપયોગ કોઇ વખતે કર્યો નથી એવી સાક્ષીઓ પડી છે, તે ઉપરથી દાવેદારોએ માંગેલો હુકમ આપવાને હું ના પાડું છું, અર્થાત જે પ્રમાણે ફરીયાદીઓએ અરજ કરી છે તે મુજબનો હુકમ આપવાને કોઇપણ પ્રકારનું કારણ મને જણાતું નથી.

"આ મુકદમાં વિષે કોર્ટે કેવું હુકમનામું કરવું એ તદન ખુલ્લું છે અને તે એ છે કે, પહેલા પ્રતિવાદી નામદાર આગાખાન, મુખી અલારખિયા સુમાર અને તેમની સાથના જવાબદાર પ્રતિવાદી આસુ ગાંગજી ઉપરનો ખર્ચ સામી બાજુ ઉપર નાખીને આ મુકદમો કાઢી નાખું છું. જ્યારે બીજા પ્રતિવાદીઓ ઉપરથી પણ આ કેસ વગર ખર્ચ આપતાં કાઢી નાખું છું."

આ પ્રકારે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની તરફેણમાં સંપૂર્ણ રીતે ફેંસલો આપવામાં આવ્યો હતો. આ યાદગાર કેસના આખરી પરિણામમાં તેઓ નામદારને ઇમામતની ગાદીના હકદાર તરીકે કોર્ટે જાહેર કર્યા અને તેઓ નામદાર ઇસ્માઇલી ખોજા કોમના રૂહાની સરદાર હોવાને અંગે તેઓ નામદારને આપવામાં આવતાં, સઘળા ધાર્મિક હકો—માલેવાજેબાત વિગેરે ઉપર તેઓશ્રીને એકલાનેજ અધિકારી ઠરાવી તેઓ નામદારના હકો કાયમ કરવામાં આવ્યા હતા. આ કેસમાં હારી ગયેલા ખોજાઓએ "બારભાયા" નામે બહાર આવીને પોતાની જુદી જમાત બાંધી લીધી.

## "બારભાયા" કેસમાં પંજેભાઈઓની મહાન સેવા.

બારભાયા કેસમાં ફિદાઇ પંજેભાઇ ઇસમાઇલ ગેરાજ તથા મહાન પંજેભાઇ શરીફ ગાંગજી તેમજ અન્ય પંજેભાઇઓની ઇમામ પ્રત્યેની સેવાઓ મહાન હતી. કારણ કે વિરૂધ્ધ પક્ષ માલદાર હોવાનો દાવો ધરાવતી હોવાથી પૈસાના બળે વખતોવખત તેઓ જમાતોમાં ઝઘડા ઉભા કરતા હતા, તેમજ મુકદમામાં ભાગ લેનારને ધમકાવવા કે લાલચો આપવામાં પણ આવતી હતી. એ પ્રસંગે

પંજેભાઈઓએ ઇસમાઈલી સૈનિકો તરીકે પોતાની ખરેખરી ફરજ અદા કરી માનભરી રીતે મુકદ્દમાનું પરિણામ લાવવા પોતાથી બનતું સઘળું કરી છૂટયા હતા.

## મુખી અલારખિયા સુમાર—કામડીઆ ખાકી પદમશી.

મુખી અલારખિયા સુમાર સિંધના વતની હતા. હઝરત મૌલાના આકા શાહ હસનઅલીશાહ અ. ના સમયમાં ઇ. સ. ૧૮૫૪ માં તેઓ મુખીની પદવીએ આવ્યા હતા. તેમનો કાપડ અને સાકરનો મોટો વેપાર હતો. ઇ. સ. ૧૮૬૬ માં મુંબઇ હાઇકોર્ટમાં ચીફ જસ્ટીસ સમક્ષ "આગખાન" કેસ ચાલ્યો હતો, તેમાં તેમણે મુખ્ય ભાગ લીધો હતો.

કામડીઆ ખાકી પદમશી કચ્છ–મુંદ્રાના વતની હતા. તેઓ મુંબઇ ખાતે ફરનીચર અને ગ્લાસવેરનો મોટો વેપાર કરતા હતા અને મોટી પાર્ટીઓ અને લગ્નોમાં ભાડે પણ મોકલતા હતા. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ની ઇમામતના સમયમાં તેઓ કામડીઆ પદે આવ્યા હતા. ઇ. સ. ૧૮૭૫ ના હિરબાઇ–ગોરબાઈ કેસમાં તેઓ જમાત વતી એક અગત્યના સાક્ષી હતા. તેઓ ૨૨ વર્ષ પર્યંત કામડીઆ તરીકેની પદવી ભોગવી ઇ. સ. ૧૮૭૭ માં અવસાન પામ્યા હતા.

## કિર્તીવંત મુખી લાડક હાજી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એ મુખી લાડકભાઇ હાજીને મુંબઇના દરખાના જમાતના મુખી તરીકેનો માનવંતો ખિતાબ આપ્યો હતો. ઇસ્વી સન ૧૮૭૮ માં ખડક ઉપરના જમાતખાનામાં જમાત સન્મુખ તેમને મુખી તરીકેની પદવીની નવાજિશ કરવામાં આવી હતી. તેમની અગાઉ મુખી હસનભાઇ જમાતના મુખી પદે બિરાજમાન હતા. તેમનું કોઇ ઝનુનીએ ખુન કર્યું હતું.

મુખી લાડકભાઇ હાજી કચ્છ–કેરાના રહેવાસી હતા. ગરીબ હાલતમાં કચ્છથી મુંબઇ આવ્યા હતા અને ટુંક અરસામાં પોતાના બુધ્ધિબળે પૈસો સારી પેઠે ભેગો કરી શક્યા હતા. મુંબઇ આસપાસના કોસ્ટા અને અલીબાગના જંગલોમાં લાકડાઓ સરકાર પાસેથી વેચાણ લઇ મુંબઇનો લાકડાનો વેપાર તેમણે હાથ કરી લીધો હતો.


મુખી લાડકભાઇ હાજીએ હસનાબાદ માટે સોળ હજાર વાર જમીન ઇમામને અર્પણ કરી હતી. તેઓએ પોતાની જીંદગીના છેલ્લા દમ સુધી જમાતના મુખી તરીકે રહી ઇમામની અનહદ સેવા કરી, જમાતની પ્રીતિ મેળવી હતી. હિજરી સન ૧૩૨૫ એટલે ઇ. સ. ૧૯૦૭માં તેઓ બહેસ્તનશીન થયા; એ સમયે એમની અવસ્થા ૮૦ વર્ષની હતી.

## જુનાગઢના મહાન વઝીર ઇસ્માઇલ ગાંગજી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ના સમયમાં કાઠિયાવાડ સોરઠ પ્રાંતની રાજધાની જુનાગઢમાં વારસ ઇસમાઇલભાઇ ગાંગજી રાજ્યમાં જમાદારખાના તથા ટંકશાળ ખાતાના ઉપરી હતા. ઇસમાઇલી જમાતમાં પણ તેઓ ઘણો સરસ મોભો ધરાવતા હોઇ સમસ્ત કાઠિયાવાડની જમાતો પર એમનું વડપણ હતું. આ સમયે જમાતો ધર્મના કાચા સુતરના તાંતણે બંધાયેલી અને અતિ શ્રધ્ધાવાન હોઇ જમાતો ઉપર વારસ સાહેબની હકુમત પણ હતી. તેઓ મઝહબની સેવામાં મહોબ્બતથી લીન રહેતા હતા, રાજ્યમાં વગ હોવાનો તેમને કદીપણ ગર્વ નહોતો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ઇરાન છોડી આવ્યા પછી હિજરી સન ૧૨૫૮ની સાલમાં પ્રથમ કાઠિયાવાડ પધાર્યા હતા, તે સમયે જુનાગઢ પધારી ઇસમાઇલભાઇ ગાંગજીને પોતાના વઝીરની માનવંતી પદવી ઇનાયત કરી હતી. તેમના હાથ નીચે "ઉથ" યાને દશોંદ એકઠી


IMAM AQA SHAH HASANALI SHAH: with Mukhi Alarakhia Sumar and Kamadia Khaki Padamsi of Bombay Ismaili Jamat.



[illegible] મુંબઈ ઈસ્માઈલી જમાતના મુખી અલારખીયા સુમાર અને

# HASANABAD AT MAZAGON-BOMBAY.

A famous Mausoleum of Imam Aqa Shah Hasanali Shah.



મઝગામ (મુંબઇ) પરનું **હસનાબાદ.** ઇમામ હસનઅલી શાહનો વિખ્યાત રોઝો.

કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેઓના હાથ નીચે કામડીઆ નજરઅલી કામ કરતા હતા, જેઓ ઘણી જમાતોની વિગતોથી વાકેફગાર હતા. મુંબઈ મધ્યે સર જોસફ આર્નોલ્ડ સન્મુખ ચાલેલા "આરખાના કેસ" તરીકેના મશહૂર મુકદમામાં કામડીયા સબજાઅલી દામાણીએ ઇમામ તરફના એક મુખ્ય સાક્ષી તરીકે જુબાની આપી કોર્ટમાં કાઠીયાવાડની જમાતોનાં દફતર રજુ કર્યા હતા. એમનાં ઉપર દેખરેખ વઝીર સાહેબની હતી. તે ઉપરાંત વઝીર ઇસમાઇલભાઇ ગાંગજી પોતે દરરોજ જમાતખાને પધારી જમાતને ઈસ્માઇલી મઝહબની ખુબીઓ સમજાવી ઉપદેશ કરતા હતા. તેઓ રાજ્યમાં મોટા ઓફીસર હોવાથી અમીરી દરજ્જો ધરાવતાં હોવા છતાં ઈમામને આધીન થઇને પોતાને એક "નાચીઝ" અને "અદના" સમજી જમાતખાને નિયમિત આવતા હતા. જમાતના દરેક નાના મોટા પ્રત્યે પોતાની ઘણી માયા દેખાડી જમાતના દરેક માણસને પોતાના કુટુંબી તરીકે માનતા હતા. એ સમયે કાઠીયાવાડની મુલાકાત લઇને હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ કાઠીયાવાડની જમાતો પર ઘણા ખુશ થઇને દુઆ આશિષો ફરમાવી હતી. હિજરી સન ૧૩૦૦ની સવાલ અર્થાત ઇ. સ. ૧૮૮૩ના આગસ્ટ માસમાં તેઓ આ ફાની દુનિયા છોડી ગયા હતા.

## ધર્મપ્રેમી વીર મહામદભાઈ રવજી.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના ઈમામતના ઝમાનામાં મહામદભાઈ રવજી જે. પી. એક ધર્માભિમાની પુરૂષ હતા. જમાતના કામોમાં તેઓ ઉલટભર્યો ભાગ લેતા હતા. તેમનો જન્મ મુંબઇ ખાતે ઈ. સ. ૧૮૩૦માં થયો હતો. તેઓ ચીન ખાતે વેપાર કરતા હતા, જેમાં તેમને ઘણી સારી પેદાશ થઇ હતી. ઈ. સ. ૧૮૮૩માં તેમણે ઘણા જાહેર કોમી ખાતાં ખોલ્યાં હતાં, જેમાંનું એક પોતાના ગરીબ જાતભાઇઓને વગર ભાડે રહેવા માટેનું મકાન હતું. આ મકાનમાં ૫૦ કુટુંબોને રહેવાની સગવડ હતી. ઇ. સ. ૧૮૯૦માં તેમણે ખોજા અનાથાશ્રમ સ્થાપ્યું હતું. ઈ. સ. ૧૮૯૬માં પુના ખાતે જ્ઞાતિબંધુઓને હવા બદલ માટે સેનેટોરીયમ બંધાવી હતી. એ માટે સમસ્ત જમાત તરફથી તેમને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. એ પ્રસંગે ઇમામે તેમને "ખિલઅત"નો ઝબ્બો અર્પણ કર્યો હતો. તેઓ ઇ. સ. ૧૮૯૮માં મે માસની તારીખ ૧લીના દિને આ ફાની દુનિયા છોડી ગયા હતા.

## વઝીર સર થારીઆ ટોપણ—એક જાણીતા ઇસ્માઇલી અમીર.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. હિંદ આવ્યા પછી જમાતના બનાવોમાં મુખ્ય સ્થાન બારખાના કેસ ધરાવે છે. ઈસ્માઇલી જમાતને આ કેસમાં સહન કરવું પડ્યું હતું. આ સમયે જમાતની સેવા બજાવવા ઘણા આગેવાનોએ ઇમામની હુઝુરમાં હાજર રહી ઘણો અગત્યનો ભાગ બજાવ્યો હતો, જેમાં સર થારીઆ ટોપણનો પણ સારો હિસ્સો હતો. તેઓ સરકાર દરબારમાં પણ માન પામેલા હતા. સરકારે તેમને "સર નાઈટ"નો ખિતાબ આપ્યો હતો. ઇમામની દરબારમાં પણ તેમની સેવા સારી હોવાથી "વઝીર"નો માનવંતો લકબ મળ્યો હતો. તેઓ લાંબા સમય સુધી આફ્રિકા ખાતે વ્યાપાર ખેડી ઘણાજ ધીમંત બન્યા હતા. પાછળથી તેઓ મુંબઇ આવી રહ્યા હતા. જમાતના કોઇપણ કાર્ય પ્રસંગે અથવા ઇમામની કોઇપણ જાતની ખિજમતમાં આગળ પડતો ભાગ લેતા રહ્યા હતા.

### વફાત.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.એ દરેક જમાતોમાં રીતસર વ્યવસ્થા કરીને પોતાના મુરીદોની જમાતો વચ્ચે અતિ વહાલભરી રીતે રહેતા હતા અને તેઓ નામદાર હમેશાં

જમાતો વચ્ચે દરબાર ભરી બેસતા હતા અને હિદાયત ઉપદેશ પણ કરતા રહેતા હતા. બ્રિટીશ રાજ્યમાં તેઓશ્રીની બહોળી લાગવગ હોવાથી પોતાના મુરીદોને સરકાર દરબારમાં આગળ વધારવામાં ઘણો રસ લેતા હતા, આથી હિંદમાં તેઓશ્રીના કદમ થયા પછી ખોજા કોમ કુદકે ને ભુસકે આગળ વધવા માંડી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. પોતાની બુઝુર્ગ વયને લીધે ઉત્તરાવસ્થામાં આરામ લેવા લાગ્યા હતા અને પોતાનું જીવન નિવૃતિમાં ગાળતા હતા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના જીવનના પાછલા દશથી બાર વર્ષનો સમય વિશ્રાંતિમાં ગયો હતો. બારભાયા છુટા પડયા પછી જમાતમાં જે કાંઇ નજીવા મતભેદ હતા તે પણ દુર થવા પામ્યા હતા. જમાત એકત્ર રીતે રહી એકબીજાની દાઝ દીલે ધરી ઇમામની છત્રછાયા હેઠળ સુખી અને આબાદીભર્યું જીવન ગાળવા લાગી હતી. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. એપ્રીલ માસની તા. ૧૨ ઇસ્વી સન ૧૮૮૧, હિજરી સન ૧૨૯૮ના રાતે પોણા દશ કલાકે વફાત પામ્યા હતા.

## "હસનાબાદ"—આકા શાહ હસનઅલીશાહનો ભવ્ય રોઝો.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના શબને પ્રથમ કરબલા મોકલવાનું ઠરાવ્યું હતું, પરંતુ કેટલાક મુરીદોની લાગણીને અંગે મુંબઇ ખાતેજ બુમિદાહ કરવાનું નક્કી કરવામાં આવતાં, "ઇડન હોલ" નામની મઝગામમાં આવેલી જગ્યા ખરીદવામાં આવી. જેની કિંમત ચુકવવા વિષે વિચાર ચલાવવા જમાતની એક જંગી સભા મળી, જેમાં એક લાખ પચીસ હજારનું ફંડ એકઠું કરવામાં આવ્યું. એક લાખ રૂપીઆ હઝરત ઇમામ આકા શાહ અલીશાહ અ.એ આપ્યા. ત્યારપછી "ઇડન હોલ"ની જગ્યામાં "તાજ મહાલ" આકારનો રોઝો બાંધવાની ગોઠવણ કરવામાં આવી. આ કામની દેખરેખમાં જમાતના અમલદારોએ ઘણો ઉમંગ દેખાડયો હતો. આ રોઝાનું ઘણુંખરું કામ સંગેમરમરનું અને આર્ટિસ્ટીક કરવામાં આવ્યું છે. તેના મિનારાની ઉંચાઇ ૯૦ ફીટ છે. આ રોઝાને તૈયાર થતાં લગભગ ત્રણ વર્ષ લાગ્યા હતા અને આશરે ત્રણ લાખ રૂપીયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો. તા. ૧લી જુલાઇના દિને ૭ હજાર માણસની મેદનીવાળા સરઘસ સહિત જમાતખાનામાંથી સંદુક આ જગ્યાએ લઇ જવામાં આવી હતી. પાછળથી એ રોઝાનું નામ "હસનાબાદ" રાખવામાં આવ્યું. હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ના શબને છેવટનું માન આપવા ઇરાની અને તુર્કી એલચીઓ ઉપરાંત યુરોપીયન, પારસી, મુસ્લિમ અને અન્ય ભાઇબંધ કોમના બંધુઓએ પણ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

તેઓશ્રીના પછી ઇમામતની મસનદ ઉપર તેઓશ્રીના શાહઝાદા હઝરત ઇમામ આકા અલીશાહ અ. બિરાજમાન થયા.

હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની વફાત પછી એક વર્ષ બાદ એટલે ઇ. સ. ૧૮૮૨ હિજરી સન ૧૨૯૯માં તેઓશ્રીના મહેરદાર અને ઇરાન સમ્રાટ ફતેહઅલીશાહ કાચારના પુત્રી સર્વજહાં બેગમ મુંબઇ ખાતે અવસાન પામ્યા હતા. ઇમામ પોતા પાછળ બીજા બે પુત્રો આગા જહાંગીરશાહ અને આગા અકબરશાહ તથા બહોળો પરિવાર છોડી ગયા હતા.

(વંશાવળી માટે જુઓ પાનું ૪૯૩)

# હઝરત ઈમામ આકા શાહ હુસનઅલીશાહ અ૦

વફાત હિજરી સન ૧૨૯૮

- ઈમામ આકા અલીશાહ — વફાત હિ. સ. ૧૩૦૨
  - પીર શાહાબુદ્દીન શાહ
  - નુરશાહ
  - આકા સુલતાન મુહમ્મદશાહ
- જંગીશાહ — વફાત હિ. સ. ૧૩૧૪
  - ઝેનુલ-આબેદીન શાહ
  - શમ્સુદીન શાહ
  - શાહ અબ્બાસ
  - હાજી બીબી
  - શાહઝાદી બેગમ
- જલાલશાહ — વફાત હિ. સ. ૧૨૮૮
  - મુઘુલશાહ
  - કુચુકશાહ
  - શાહ બીબી
  - મલેકતાજ બેગમ
- અકબરશાહ — વફાત હિ. સ. ૧૩૨૨
  - શાહ રૂખશાહ
  - ફર્રૂખ શાહ
- બીબી સાહેબા
- બીબી હોમા
- બીબી ગૌહર
- બીબી તાજમાહ
- બીબી મલેકા
- શાહ શુજાઅ

રચના :— મુંબઈ

# HAZRAT MOWLANA IMAM AQA ALISHAH DATAR.

## *Aga Khan II.*

( A. H. 1298-1302 )

(૪૭)

# હઝરત મૌલાના ઈમામ આકા અલીશાહ દાતાર અ૦ આગાખાન બીજા.

( હિજરી સન ૧૨૯૮-૧૩૦૨ )

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ.એ ઇમામતની મસનદ ઉપર હિજરી સન ૧૨૯૮માં બિરાજી ઇસમાઈલીઓના ઇમામ તરીકે ઈમામતની લગામ હાથમાં લીધી. તેઓશ્રી "હીઝ હાઇનેસ નામદાર આગાખાન બીજા"ના નામે ઓળખાય છે.

'ગુલઝારે શમ્સ'ના ઉલ્લેખ અનુસાર હઝરત ઇમામ આકા અલીશાહ અ.નો મુબારક જન્મ હિજરી સન ૧૨૪૬માં ઇરાન મધે આવેલા "મહેલાત" ખાતે થયો હતો. તેઓશ્રીના માતાજીનું નામ સર્વજહાંખાનમ હતું. જેઓ ઇરાન સમ્રાટ ફતેહઅલીશાહ કાચારના શાહઝાદી થતા હતા.

"આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સ"માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે: "હઝરત આકા શાહ હસનઅલીશાહ અ.ની વફાત થતાં, ઇરાનના રાજવી શાહ નસરૂદીને, હઝરત ઇમામ આકા અલીશાહ અ. પર દિલસોઝીનો સંદેશો પાઠવ્યો હતો અને ઇરાની રિતરસમ અનુસાર ધાર્મિક વિધિઓ પણ કરવામાં આવી હતી; ઉપરાંત નામદાર આગાખાનનાં કુટુંબ સાથેના પોતાના સગપણના અને "ઇસમાઇલીઓનાં ઇમામ"ના સ્વીકારનાં ચિન્હ તરીકે "ખિલઅત" અને એક "રત્નજડિત ઇરાની તાજ" પણ શાહે તરફથી હઝરત ઇમામ આકા અલીશાહ અ.ને મોકલવામાં આવ્યા હતા. એજ પ્રમાણે હાલના નામદાર આગાખાન સાહેબ જ્યારે પોતાના પિતાશ્રી હઝરત ઈમામ આકા અલીશાહ અ. પછી ઇમામતની મસનદ પર આવ્યા ત્યારે તેઓશ્રીને પણ ઇરાનના રાજવીએ માન અકરામની એવીજ નિશાનીઓ પુન: મોકલાવીને, ઇરાનનાં રાજવંશી કુટુંબના "પ્રિન્સ" તરીકેનો તેઓ નામદારનો મરતબો સ્વીકાર્યો હતો.

## શિકારનો શોખ—ઈરાકમાં પ્રથમ લગ્ન.

રોયલ એશિયાટીક ક્વાર્ટર્લી રિવ્યુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે અનુસાર ઇરાન સમ્રાટ મુહમ્મદશાહ કાચાર રાજકીય કાવતરાંથી ભંભેરાઇ, હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની વિરૂધ્ધ જતાં સ્વરક્ષણ માટે તેમજ શાહના મનમાંનો વ્હેમ દુર કરવા અર્થે, ઇમામ કાવાદાવાના મુકાબલામાં બીજીવાર બહાર પડ્યા, ત્યારે હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. પોતાના માતાજી સાથે ઇરાક બાજુ સિધાવી ગયા હતા. તેઓ નામદારને શિકારનો ઘણો શોખ હોઇ, ઇરાનના

HIS HIGHNESS IMAM AQA ALI SHAH AL-HUSAINI,
AGA KHAN II.



ઇમામ આકા અલીશાહ દાતાર (અ.) આગાખાન બીજા.

રાજ્ય સિંહાસન પર ચાલીસ દિવસ રાજ્ય કરનાર ઝિલ્લુસ્સુલતાન તથા બીજા દેશપાર થયેલા ઈરાની શાહઝાદાઓ સાથે કરબલાથી લઈ બગદાદ સુધીના પ્રદેશમાં પોતાનો ફુરસદનો સમય શિકાર રમવામાં ગુજારતા હતા.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ.ના પહેલા લગ્ન ઇરાક ખાતેના એક ખાનદાન કબીલાના પુત્રી સાથે તેમના માતાજીએ કરાવ્યા હતા, જે બાનુનું નામ 'મરિયમ સુલતાના' હતું. તેમની કુખે બે ફરઝંદો થયા હતા, જેઓને સાથે લઇને હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. હિંદ ખાતે પધાર્યા હતા અને પોતાના પિતાજી સાથે મઝગામ ખાતે આવી રહ્યા હતા.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. અચ્છા નિશાનબાઝ હોવા ઉપરાંત શિકાર કરવામાં પણ ઘણાજ નિષ્ણાત હતા. તેઓશ્રીએ ૪૦થી વધુ વાઘોનો શિકાર કર્યો હતો અને એ સઘળા શિકારો માંચડો બાંધ્યા વગર એ વિકાળ પ્રાણીઓ સામે ઉભા રહીને કર્યા હતા.

## ઈમામના વલીઅહદ તરીકે.

હિંદુસ્તાન ખાતે ઈમામે વસવાટ કર્યા બાદ કેટલીક જગ્યાએ જમાતોમાં નાના મોટા મતભેદ ઉભા થયા હતા. જેથી તેઓશ્રી પોતાના પિતા હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ.ની આજ્ઞાથી કચ્છ, કાઠિયાવાડ અને સિંધની જમાતોને મુલાકાતો આપી ઇમામના 'વલીઅહદ' તરીકે હિદાયત–નસિહત કરી માર્ગદર્શન કરતા હતા. તેમની પ્રભાવશીલ વાણી અને ઉંડી સમજદારીના પરિણામે જમાતોમાં એકસંપી અને એકદિલીની ભાવના પ્રસરી જતી હતી. તેઓશ્રી મુંબઇના જમાતખાનામાં પણ પોતાના પિતાશ્રી હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. સાથે પધારીને જમાતોને મુલાકાતનો લાભ આપતા રહેતા હતા.

## વંશ પરિવાર.

ઇરાકથી આવેલા તેમના મહોરદાર મરિયમ સુલતાનની વફાત થયા પછી હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ.ના લગ્ન મુંબઇમાં રહેતા શીરાઝી ખાનદાનની કુમારિકા વેરે બીજીવાર થયા હતા. તેઓ પણ થોડા સમયને અંતરે વફાત પામ્યા હતા. ત્યારપછી મિરઝા અલીમહમ્મદખાન નિઝામુદ-દૌલા બિન અબદુલ્લાહખાન અમીનુદવલા વલદ હાજી મુહમ્મદ હુસેનખાન ઇસ્ફહાની જેઓ ઈરાન સમ્રાટ ફતેહઅલીશાહના વડા પ્રધાન હતા, તેમની સુપુત્રી નવ્વાબા આલીયા શમ્સુલ મુલ્ક જોડે ત્રીજીવાર પરણ્યા હતા. નવ્વાબા સાહેબા શમ્સુલ મુલ્ક આલી દરજ્જાત ખુરશીદ કુલાહની પુત્રી હતા, જેમના માતુશ્રીનું નામ તાજુદ-દૌલા ઈસ્ફહાની હતું અને જેઓએ અબદુલ વહાબખાન નિશાત ઇસ્ફહાની મોઅતમિદવલાના હાથ તળે કેળવણી લીધી હતી અને બાદશાહ ફતેહઅલીશાહની બાનુઓમાંના એક હતા. નવ્વાબા આલીયા શમ્સુલ મુલ્કને ઉદરે એક પુત્ર રત્ન હાલના હિઝ હાઇનેસ સર સુલતાન મુહમ્મદશાહ નામદાર આગાખાન (ત્રીજા)નો જન્મ થયો. હઝરત ઈમામ અલીશાહ અ.ની બધી મળી પાંચ મહોરદાર હતી, અને સઘળા મળીને ત્રણ પુત્રો થયા હતા. પીર શહાબુદીનશાહ ઉર્ફે પીર ખલીલુલ્લાહ શાહ, આગા નુરશાહ અને મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ.

## પીર શાહબુદીનશાહ અલ—હુસેની.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ.ના સર્વથી વડીલ શાહઝાદા હઝરત પીર શાહબુદીનશાહ (રેહ.) હતા. જેમને હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. તરફથી "પીરાતન" ઇનાયત કરવામાં આવી હતી. તેઓ ઘણા વિદ્વાન અને મહાન ફિલસુફ હતા. તેઓએ ઘણાં પુસ્તકો લખ્યા

છે, જેમાં "રિસાલા દર હકીકતે દીન" નામનું પુસ્તક અત્યંત ઘણું મહિમાવાન અને ઉત્તમ દરજ્જાનું છે. આજ પર્યંત ઇસ્માઇલીઓ તેનું માનસહિત વાંચન કરે છે.(૧)

હઝરત પીર શાહબુદીનશાહ (રેહ.) એ ઇમામની આજ્ઞાનુસાર ઇસ્માઇલી જમાતોમાં પઢવામાં આવતી ત્રણ વખતની દુઆ-બંદગીમાં, શુધ્ધ ઉચ્ચારોની ગોઠવણ કરી સુધારો પણ કર્યો હતો. આ દુઆ-બંદગી અસલ હઝરત પીર સદરૂદીન (રેહ.) ની રચેલી છે અને તે આજ દિન પર્યંત સમસ્ત ઇસ્માઇલીઓમાં પઢાય છે. મુંબઇના વસવાટ દરમ્યાન હઝરત પીર શાહબુદીન શાહની વખતોવખત મોટા મોટા આલિમો મુલાકાત લેતા હતા. કેટલાક મુસ્લિમ બંધુઓ પણ તેમના કનેથી જ્ઞાનનો લાભ મેળવતા હતા. તેઓ ૩૩ વર્ષની યુવાન વયમાં હિજરી સન ૧૩૦૨ ના રજબ માસ અર્થાત્ ઇસ્વી સન ૧૮૮૫ ના મે માસમાં પુના ખાતે વફાત પામ્યા હતા. આ પછી ત્રણ માસ રહીને તેમના પિતા હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. વફાત પામ્યા હતા. પીર શાહબુદીન શાહનાં શબને પુનાથી મુંબઇ ખાતે લાવવામાં આવ્યા પછી થોડા દિવસ સુધી હસનાબાદમાં રાખી કરબલા ભણી રવાના કરવામાં આવ્યું હતું અને ત્યાંજ ભુમિદાહ આપવામાં આવ્યો હતો.

## આગા નુરશાહનું અવસાન.

આગા નુરશાહ હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. ના બીજા પુત્ર હતા. તેઓ હઝરત પીર શાહબુદીન શાહથી ઉમરમાં આશરે ત્રણ વર્ષ નાના હતા. તેઓ ઘણા ચતુર અને પોતાના પિતાશ્રીની પેઠે મહાન શિકારી હતા. એક સમયે તેઓ ઘોડા પર સ્વાર થઇ બહાર ગયા હતા, જ્યાં અકસ્માત નડતાં ગંભીર ઇજા થવાથી તેમની વફાત થઇ હતી. પીર શાહબુદીનશાહની વફાતથી ત્રણ માસ પહેલાં ત્રીસ વર્ષની ભરજુવાન વયે એમનું અવસાન થયું હતું. આ બન્ને પુત્રોની નજદિકમાંજ વફાત થવાથી હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. ને ઘણું લાગી આવ્યું હતું.

## રાજદરબારમાં ઇમામનું સન્માન.

હઝરત ઇમામ આકા અલીશાહ અ. મુંબઇના નામદાર ગવર્નર રાઇટ ઓનરેબલ સર જેમ્સ ફરગ્યુશન (ઇ સ. ૧૮૮૦-૮૫) ના સમયમાં હિંદના કારોબારમાં સલાહ માટે નવિન સ્થપાયલી ઇમ્પીરીયલ કાઉન્સીલ નામની રાજસભાના એક માનવંત સભાસદ તરીકે બિરાજતા હતા. તેઓ નામદાર પોતાના ઉમદા ગુણોને લઇને કાઉન્સીલના એક અચ્છા સભાસદ થઇ પડયા હતા. મુંબઇની મહોમેડન નેશનલ એસોસીએશન (મુસ્લિમ રાષ્ટ્રિય સભા) ના તેઓ સરનશીન પણ હતા અને પોતાની જીંદગી પર્યંત આ ઓધ્ધા ઉપર રહી મુંબઇના મુસ્લિમ સમાજની તેઓ નામદારે દોરવણી કરી હતી.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. પોતે પશ્ચિમની કેળવણી પુરતી લેવા પામ્યા ન્હોતા, તો પણ તેઓશ્રી કેળવણી વિષે ઘણો રસ લેતા હતા અને સંજોગ અનુસાર છુટે હાથે મદદ પણ આપતા હતા.

## મુરીદોના હિતમાં રસ—પહેલીવહેલી સ્કુલની સ્થાપના.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. પોતાના ઇસ્માઇલી ધર્મ પાળતા અનુયાયીઓની કેળવણી અને સામાજિક જીવનની પ્રગતિ અર્થે ઘણી ઉલટ ધરાવતા હતા. એવણ ઇમામના ઝમાનામાં

૧. આ પુસ્તક અસલ ફારસી ભાષામાં છે. તેનો અંગ્રેજી તરજુમો, ફારસી ઇબારત સાથે, ઈસ્લામીક રિસર્ચ એસોસીએશન હસ્તક, રશિયન પ્રોફેસર ડબલ્યુ ઈવેનોવે પ્રગટ કર્યો છે અને તેનો ગુજરાતી અનુવાદ પણ ઈસ્માઈલી રોાસાયટી વતી મી. વી. એન. હુદાએ બહાર પાડયો છે.

PIR SHIHABUDDIN SHAH AL-HUSAINI



**પીર શહાબુદ્દીન શાહ અલ-હુસેની** ઉર્ફે પીર ખલીલુલ્લાહ જેઓ હઝરત ઇમામ
આકા અલીશાહ (અ.) ની ઇમામતના સમયમાં ઇસ્માઇલીઓના પીર હતા.

ખોજા ઇસમાઇલી બાળકોને કેળવણી આપવા અર્થે પહેલવહેલી સ્કુલ સ્થાપવામાં આવી હતી. હાજતમંદ મુરીદોને તેઓશ્રી છુટથી મદદ કરતા હતા. તેઓશ્રીના કેટલાક અનુયાયીઓ પુનર્જન્મના સિધ્ધાંતમાં માનતા હતા, તેનો તેઓશ્રીએ દુનિયાને પહેલીવાર ખ્યાલ આપ્યો હતો. હિંદુકુશના મૌલાઇઓના સબંધમાં તેઓ નામદારની અનહદ કોશિશથી, જે શોધખોળ તેઓશ્રીનાં જીવન દરમ્યાન થઇ રહી હતી, તેના પરિણામે મૌલાઇઓ ઇમામનાં દીદારથી કૃતાર્થ થવા પામ્યા હતા.

હઝરત ઇમામ આકા અલીશાહ દાતાર અ. ના ખોજા અને ઇરાની મુરીદો ઉપરાંત મધ્ય એશિયા અને અફઘાનિસ્તાનમાં પણ બહોળી સંખ્યામાં મુરીદો રહેતા હતા, એનો પરિચય જગતને આપી, હલાકુખાનની કતલથી સઘળા ઇસમાઇલીઓ ધરતી પરથી મટી ગયા હતા, એવો વિદ્વાનો સુધ્ધાંમાં જે ભ્રમ દાખલ થયો હતો, તે તેમણે પહેલી વાર દુર કરવાની તક હાથ ધરી હતી.

## વફાત—આકા અલીશાહ દાતાર અ. ની અંતિમ ક્રિયા.

હઝરત ઇમામ આકા અલીશાહ અ. એ ચાર વર્ષ જેટલા ટુંક સમય પર્યંતજ ઇમામત ભોગવી હતી, છતાં મુરીદોની પ્રગતિ અર્થે તેઓ નામદારે ઘણું કર્યું હતું. મુંબઇના મુસ્લિમોમાં તેમજ રાજદરબારમાં અને જાહેર જીવનમાં પણ પોતાની કારકિર્દી ઝળકતી બનાવી હતી. ઇ. સ. ૧૮૮૫ માં તેઓ નામદાર પુના ખાતે વસ્તા હતા. જ્યાં તેઓશ્રીની તબીયત એકાએક બગડી જવાના સમાચાર મુંબઇમાં ફરી વળતા ઘણા ઇસમાઇલી ખોજા અમલદારો પુને ગયા હતા, અને તેઓશ્રીના છેલ્લા દીદાર કરી પોતાની આંખો ભીની કરી હતી. હિજરી સન ૧૩૦૨ અર્થાત ઇસ્વી સન ૧૮૮૫ ના આગસ્ટ માસની ૧૭ મી તારીખ ને સોમવારના દિને સાંજના ૫–૩૦ કલાકે પુના ખાતેના પોતાના બંગલામાં તેઓશ્રી વફાત પામ્યા હતા.

તેઓ નામદારના શબને તા. ૨૮ મીએ મંગળવારના દિને સ્પેશિયલ ટ્રેન મારફતે મુંબઈ લાવવામાં આવ્યું હતું. હસનાબાદ ખાતે "સંદુક" ૧૪ દિવસ રાખ્યા પછી કરબલા ભણી પરશિયન સ્ટીમ નેવિગેશન કુંપનીની સ્ટીમર "બોબેલો"ને ચાર્ટર કરી તા. ૨૫ મી ઓકટોબરના દિને પાછલા પહોરે ભારે દબદબાભર્યા સરઘસ સાથે રવાના કરવામાં આવી હતી. શબને અંતિમ માન આપવા મુખી લાડકભાઈ હાજી, કામડીયા મહમદભાઈ ચોથ, ખંભાતના નામદાર નવાબ, મેજર જનરલ હ્યુવેટ, શેઠ માણેકજી ખરશેદજી શરાફ, સર થારીયા ટોપન, સર કરીમભાઇ ઇબ્રાહીમ, મી. હાજીભાઇ લાલજી, મી. વિસરામભાઇ ઇબ્રાહીમ, શેઠ જેરાજભાઇ પીરભાઇ, શેઠ શરીફભાઈ ગાંગજી, શેઠ ઇસમાઇલભાઇ ખેરાજ વિગેરે હાજર રહ્યા હતા. સમસ્ત ઇસમાઇલી ખોજા જમાતે આ દિને પોતાનો ધંધોરોજગાર બંધ રાખ્યો હતો. તેમનું શબ કરબલા પ્હોંચ્યા પછી ત્યાં ખાતે તેને ભુમિદાહ આપવામાં આવ્યો હતો.

તેઓ નામદાર પોતાની પાછળ પોતાના મહોરદાર નવ્વાબા આલીયા શમ્સુલ મુલ્ક માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ અને લગભગ આઠ વર્ષની વયના એક શાહઝાદા સુલતાન મુહમ્મદશાહ છોડી ગયા હતા, જેઓ તેઓશ્રી પછી ઇમામતની મસનદ પર બિરાજી સમસ્ત ઇસમાઇલી આલમના ઇમામ થવા પામ્યા છે.

# * હઝરત ઇમામ આકા અલીશાહ અ૦

( વફાત હિજરી સન ૧૩૦૨ )

- પીર શહાબુદીન શાહ ઉર્ફે પીર ખલીલુલ્લાહશાહ
  હિજરી સન ૧૩૦૨માં વફાત
  - ૭ પુત્રીઓ થઈ
  - પીર અબુલ હસન
    ૭ માસની ઉંમરે
    ૧૩૦૨માં વફાત
- આગા નુરશાહ
  હિ. સ. ૧૩૦૨માં વફાત
  - હાસમશાહ
  - કાસમશાહ
  - શાહ સુલતાન બેગમ
  - મલેક સુલતાન બેગમ
- * મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ૦
  - પ્રિન્સ શાહઝાદા
    જેઓ બાળવયમાં
    વફાત પામ્યા હતા.
  - શાહઝાદા અલીખાન
    (બીજા મહોરદારથી)
    (નાઠ વલીઅહદ)
    - શાહઝાદા કરીમ આગાખાન
      (ભવિષ્યના ગાદીવારસ)
    - શાહઝાદા અમીન મુહમ્મદ
  - પ્રિન્સ સદરૂદ્દીન
    (ત્રીજા મહોરદારથી)

* પરણેતરો :—

(૧) મરીયમ સુલતાન
પીર શહાબુદીનશાહ અને
આગા નુરશાહના માતુશ્રી

(૨) શમ્સુલ મુલ્ક
મૌલાના હાઝર ઇમામ
આકા સુલતાન મુહમ્મદ
શાહ અ૦ ના માતુશ્રી.

(૩) સારાહ ખાનમ

(૪) ગૌહરજાન

(૫) ખાન કાજી

* પરણેતરો :—

(૧) શાહઝાદી બેગમ
લગ્ન પુના ૧૮૯૭

(૨) પ્રિન્સેસ થેરેસા
લગ્ન મિસર ૧૯૦૮

(૩) એન્ડ્રી જોસેફાઈન
કેરોન લગ્ન ફ્રાંસ
ઈ. સ. ૧૯૩૦

(૪) ઉમ્મે હબીબા માતા
સલામત લગ્ન ફ્રાંસ
૧૯૪૪

HER HIGHNESS LADY ALI SHAH, C. I.
MOTHER OF H. R. H. THE PRINCE AGA KHAN



મૌલાના હાઝર ઈમામનાં માતુશ્રી નામદાર માતા સલામત
હર હાઈનેસ લેડી અલીશાહ સા. આ.
(જુઓ પાનું [illegible])

# હર હાઈનેસ લેડી અલીશાહ નામદાર "માતા સલામત."

હઝરત ઇમામ આકા અલીશાહ અ. ના મહોરદાર નવ્વાબા સાહેબા, શમશુલ મુલ્ક, હર હાઇનેસ નામદાર લેડી અલીશાહ, ઇરાનના શાહ ફતેહઅલીશાહના દોહિત્રી અને એકાંતવાસ ધારણ કરી. દરવીશી જીવન ગાળનાર પ્રખ્યાત સુફી અને ફતેહઅલીશાહના વડા પ્રધાન નિઝામુદ-દૌલાના સુપુત્રી થતા હતા, કે જેમણે હઝરત ઇમામ આકા શાહ હસનઅલીશાહ અ. ને ઇરાનની દરબારમાં સુંદર સહકાર આપ્યો હતો.

નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ પ્રતાપી ગુણગળોવાળા અને અત્યંત ઘણા દિલસોઝ બાનુ હતા. તેમની ભલમનસાઇ જગવિખ્યાત છે. તેઓ ઘણી ઉંડી બુધ્ધિમતા ધરાવતા હતા. તેઓ પોતાના અભિપ્રાયની દ્રઢતામાં હમેશાં વિશ્વાસ ધરાવતા હતા અને તેથી હિંદુસ્તાનની અનેક મહારાણીઓને મુશ્કિલીના સમયમાં તેઓશ્રી સલાહ સુચના આપતા હતા. ભોપાલના બેગમ સાહેબા સાથે તેઓને ઘણો ગાઢ સંબંધ હતો. તેઓ સમસ્ત ઇસમાઇલી આલમમાં ઘણાજ જાણીતા હતા.

નામદાર લેડી અલીશાહ હઝરત ઇમામ આકા અલીશાહ અ. સાથે લગ્નથી જોડાયા પછી, કેટલોક વખત બગદાદ ખાતે રહ્યા હતા. ત્યારબાદ તેઓ નામદાર કરાચી ખાતે પધાર્યા હતા, જ્યાં તેઓની કુખે શાહઝાદા સુલતાન મુહમ્મદશાહ અ. નો મુબારક જન્મ થયો હતો. મુંબઇ ખાતે ૧૯૦૮ માં હાજીબીબીવાળા "આગાખાન કેસ"માં નામદાર માતા સલામતે પોતાની અસાધારણ યાદગીરીના પ્રતાપે એવી સરસ જુબાની આપી હતી કે જસ્ટીસ રસલ પણ અચંબો પામ્યા હતા.

## યુધ્ધ દરમ્યાન સેવા.

વિશ્વ યુધ્ધ વખતે, નામદાર લેડી અલીશાહે, લોર્ડ અને લેડી વીલીંગ્ડનને પોતાની સેવા આપવા માટે ખુશી બતાવી હતી. તેઓની દોરવણી હેઠળ ખોજા બાનુઓએ મેસોપોટેમીઆ અને અન્ય યુધ્ધ મોરચેથી આવતા જખમી સૈનિકો માટે મહાન સેવાઓ અર્પી હતી. એ ઉપરાંત તેઓ નામદારે જરૂરીયાતની સામગ્રીઓ ખરીદવા માટે મોટી રકમનું ફંડ પણ એકઠું કર્યું હતું.

નામદાર માતા સલામત, હર હાઇનેસ લેડી અલીશાહે, નામદાર શહેનશાહની સરકારને સહાયતા આપવા માટે ફકત મુસ્લિમોનેજ નહિ પણ સમસ્ત મુંબઇની મહિલાઓની એક ગંજાવર સભા પોતાને બંગલે બોલાવી, ધર્મનું છુટાપણું આપનાર, નામદાર શહેનશાહની સરકાર માટે ફંડ એકઠું કરવા જોરદાર અપીલ કરી હતી. આ સમયે સમસ્ત ઇસમાઇલી આલમે મૌલાના હાઝર ઇમામની આજ્ઞાનુસાર બ્રિટીશની જીત માટે જમાતખાનાઓમાં બંદગી ગુજારી હતી.

નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ હુન્ઝા અને ગીલગીટના રાજવીઓ પ્રત્યે લાગણી ધરાવતા હોવાથી, ત્યાં ખાતેના મૌલાના હાઝર ઇમામના અનુયાયીઓ અને મોટી લાગવગ ધરાવનારા ઇરાનવાસીઓને બ્રિટીશ સરકારને સહાયતા આપવા સલાહો આપી હતી. એટલુંજ નહિ પણ તેઓના સગાસંબંધીઓએ મિત્ર રાજ્યની તરફેણમાં મેસોપોટેમીઆ ખાતે કિંમતી સેવાઓ આપી હતી.

## લેડી વિલીંગડનને માનપત્ર.

ઇ. સ. ૧૯૧૭ માં લેડી વિલીંગડનને "ક્રાઉન ઓફ ઇન્ડીઆ"નો ખિતાબ મળ્યો, એ પ્રસંગે નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહે, શહેનશાહ સાતમા એડવર્ડે હજરત ઇમામ આગાશાહ હસનઅલી શાહ અ. ની મુલાકાત લીધી હતી એ નેપીઅન્સી રોડવાળા આલીશાન બંગલામાં લેડી વિલીંગડનના માનમાં એક વગદાર પાર્ટી આપી માનપત્ર અર્પણ કર્યું હતું. આ પ્રસંગે સમસ્ત મુસ્લિમ કોમની મહિલાઓ હાજર રહી હતી અને માતા સલામતે ફારસી ભાષામાં માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

## ઈરાનના પ્રવાસ દરમ્યાન બાદશાહી સ્વાગત.

નામદાર લેડી અલીશાહ, માતા સલામતે યુરોપ, અરબસ્તાન, સીરીયા વિગેરે દેશોની ઘણી મુસાફરીઓ કરી હતી. એક વેળા જ્યારે તેઓ નામદાર સીરીયાના પ્રવાસે ગયા હતા, ત્યારે શાહજાદા અલીખાન સાહેબ પણ સાથે હતા. તેઓ નામદાર જ્યારે ઇરાનની મુસાફરીએ ગયા હતા ત્યારે રિઝાશાહ પહેલવી કમાન્ડર ઇન ચીફ અને વઝીર પદે હતા. તેમના હુકમ અનુસાર ઈરાન સમ્રાટ ફતેહઅલીશાહની દોહિત્રીને લાયક આવે એવું બગદાદથી તહેરાન સુધી ભવ્ય બાદશાહી માન આપવામાં આવ્યું હતું.

હર હાઇનેસ લેડી અલીશાહ નામદાર માતા સલામત ઇ. સ. ૧૯૩૦ના એપ્રીલ મહિનામાં પોતાની તંદુરસ્તી અર્થે લેબેનોન ખાતે પણ ગયા હતા. એ સમયે સીરીયન (શામી) અરબોએ તેઓ નામદારની મુલાકાતનું માન મેળવ્યું હતું. નામદાર લેડી અલીશાહ બયતુલ મુકદ્દસ, દમિશ્ક, આદિ સ્થળોએ ફરી બૈરૂત બંદરથી થોડા માઇલ અંતરે આવેલા "સોફાર" નામના મથકની ટેકરી પરના એક બંગલામાં ઉતર્યા હતા. લેબેનોનના નામાંકિત અમેસરો, "સોફાર" શહેરના કુલીન અરબો અને જાણીતા સરદારોએ તેઓ નામદારને દબદબાભર્યો આવકાર આપ્યો હતો.

તેઓ નામદાર તા. ૩ જી ઓકટોબર ૧૯૩૦ ના રોજે મુંબઇ ખાતે પાછા આવતાં, "મોલ" પર ઇસમાઇલી આગેવાનોએ તેઓનો ભાવભીનો સત્કાર કર્યો હતો. તા ૩૦ મી નવેમ્બરના રોજે તેઓ નામદારે પુના ખાતે મુંબઈ ઇલાકા તથા સિંધની મુસ્લિમ બાનુઓની, લેડી ગુલામહુસેન હિદાયતુલ્લાના પ્રમુખપદે મળેલી કોન્ફરન્સની બેઠક ખુલ્લી મુકી હતી.

ઇ. સ. ૧૯૩૧ ના એપ્રીલ માસમાં હિંદના વાયસરોય લોર્ડ અને લેડી વિલીંગડને મલબાર હિલ પરના બંગલામાં તેઓ નામદારની મુલાકાત લીધી હતી. મુંબઇના ગવર્નર સર ફ્રેડરીક સાઇક્સે પણ પોતાના મહેરદાર સાથે મુલાકાત લીધી હતી.

## નામદાર લેડી અલીશાહ યુરોપ ભણી–શહેનશાહ પંચમ જ્યોર્જની મુલાકાત.

ઇ. સ. ૧૯૩૨ માં હર હાઇનેસ લેડી અલીશાહ નામદાર માતા સલામત યુરોપની મુસાફરીએ ગયા હતા, એ વખતે શહેનશાહ પંચમ જ્યોર્જ, શહેનશાહ બાનુ અને અન્ય શાહી કુટુંબના સભ્યોની મુલાકાતનું માન તેઓ નામદારને મળ્યું હતું, ઉપરાંત સેક્રેટરી ઓફ સ્ટેટ, સર સેમ્યુઅલ હોરે પણ તેઓ નામદારનું સ્વાગત કર્યું હતું.

## "ક્રાઉન ઓફ ઇન્ડીઆ"નો ખિતાબ.

આ વર્ષ દરમ્યાન નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહને લંડન ખાતે નામદાર શહેનશાહે એક દરબાર ભરી તેની સન્મુખ પોતાના હાથે "ક્રાઉન ઓફ ઇન્ડીઆ"નો માનવંતો ખિતાબ

અર્પણ કર્યો હતો. આ લકબને સંપૂર્ણ રીતે "ઇમ્પીરીયલ ઓર્ડર ઓફ ધી ક્રાઉન ઓફ ઇન્ડીઆ" તરીકે કહેવામાં આવે છે. લંડન ખાતેથી તેઓ નામદાર પાછા ફર્યાં ત્યારે મુંબઇ અને અન્ય સ્થળોની જમાતોએ ખિતાબની નવાજિશ માટે મુબારકબાદીઓ દર્શાવી માનપત્ર ઇનાયત કર્યું હતું.

## નામદાર લેડી અલીશાહ બગદાદ ભણી.

ઇ. સ. ૧૯૩૪ માં લોર્ડ અને લેડી વિલીંગ્ડનની કરાચી ખાતે મુલાકાત લઇને તેઓ નામદારનો ઇરાદો ફરીવાર ઇરાન જવાનો હતો, પરંતુ તેઓ એકાએક બીમાર પડી જવાથી ડોકટરોની સલાહ અનુસાર બીજીવાર યુરોપની મુસાફરીએ રવાના થયા હતા.

## "ગોલ્ડન જ્યુબીલી કમીટી"ની બેઠક ખુલ્લી મુકવાની ક્રિયા.

હજરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની મુબારક ગોલ્ડન જ્યુબીલીની ઉજવણી માટે વગદાર ઇસમાઇલી સ્ત્રી અને પુરુષોની "ઓલ ઇન્ડીઆ ગોલ્ડન જ્યુબીલી કમીટી" નિમવામાં આવી હતી. તેની બેઠક ખુલ્લી મુકવાની ક્રિયા તા. ૧૬-૧૦-૩૫ ના નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહે કરી હતી. મજકુર પ્રસંગ માટે તેઓ નામદાર ખાસ પુનાથી પધાર્યા હતા. આ બેઠકમાં બર્મા, સી. પી., સિંધ, પંજાબ, બંગાલ, મદ્રાસ, દખ્ખણ, કાઠીયાવાડ અને કચ્છના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. નામદાર માતા સલામતે મૌલાના હાજર ઇમામની મુબારક ગોલ્ડન જ્યુબીલીની ઉજવણીમાં પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

ઇ. સ. ૧૯૩૭ ના નવેમ્બર માસમાં નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ ગંભીર બીમારીમાં પટકાઇ પડયા હતા. જેથી મૌલાના હાજર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. તુરતજ એરોપ્લેન મારફતે હિંદ આવી પહોંચ્યા હતા. ત્યારપછી નામદાર માતા સલામત ઇ. સ. ૧૯૩૮ ના જાન્યુઆરી માસમાં બગદાદ-ઇરાક તરફ રવાના થયા. તેઓ નામદાર સાથે અનુભવી ડોકટરો, નર્સો અને દશ ખિજમતગારોનો સ્ટાફ પણ હતો. હિંદુસ્તાન છોડતી વખતે તેઓશ્રીએ ખાનબહાદુર કામડીઆ કાસમઅલી મારફતે આંસુઓ સહિત લાગણીભર્યો અંતિમ સંદેશો જમાતોને કહી મોકલાવ્યો હતો. મૌલાના હાજર ઇમામ નામદાર આગાખાન સાહેબની અજ્ઞાનુસાર ખાનબહાદુર કામડીઆ કાસમઅલીના ચિરંજીવી ઇતમાદી હુસેનઅલી પણ એરોપ્લેનમાં કરાંચીથી બસરા સાથે ગયા હતા.

## નામદાર લેડી અલીશાહનું અવસાન—મૌલાના હાજર ઇમામ બગદાદમાં.

નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ તા. ૪ થી ફેબ્રુઆરીના એક વાગે બગદાદ પહોંચ્યા. જ્યારે મૌલાના હાજર ઇમામ તા. ૫ મી ફેબ્રુઆરીના દિને ૩ વાગે બગદાદ પહોંચ્યા અને નામદાર માતા સલામત એજ દિવસે, તા. ૫ મી ફેબ્રુઆરીના દિને તા. ૫-૧૫ કલાકે વફાત પામ્યા. તેઓ નામદારના શબને નજફ ખાતે, નામદાર આકા અલીશાહ અ. ની બાજુની જગામાં સુપુર્દ-એ-ખાક કરવામાં આવ્યો હતો. તેઓ નામદારની પાયદસ્તની ક્રિયામાં હજારો મુસ્લિમોએ હાજર રહી તેઓને અંતિમ માન આપ્યું હતું.

નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહની વફાતથી મૌલાના હાજર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને સખ્ત આઘાત લાગ્યો હતો અને સમસ્ત ઇસ્લામી આલમમાં શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. ઇસમાઇલીઓએ સંસ્થાઓના કામકાજને અને ધંધા-રોજગાર એ દિને બંધ રાખ્યા હતા. મુંબઇની મ્યુનીસીપલ કોરપોરેશને તા. ૭ મી ફેબ્રુઆરીના રોજે સભા મુલત્વી રાખી શોક-સહાનુભુતિનો ઠરાવ પસાર કર્યો હતો.

**MOWLANA HAZAR IMAM**
**LORD OF THE AGE**
**HIS ROYAL HIGHNESS THE RT. HON'BLE**

# SIR SULTAN MUHAMMED SHAH.

# *The Prince Aga Khan.*



## મૌલાના હાઝર ઇમામ, સાહેબુઝઝમાન
## હિઝ રૅાયલ હાઇનેસ, ધિ રાઇટ ઓનરેબલ
# સર સુલતાન મુહમ્મદશાહ અ૦
# નામદાર આગાખાન ત્રીજા.


હિઝ રૅાયલ હાઇનેસ ધિ રાઇટ ઓનરેબલ, મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ૦નો મુબારક જન્મ હિજરી સન ૧૨૯૪ના સવ્વાલ માસની તા. ૨૫ ગી, ઈસ્વી સન ૧૮૭૭ના નવેમ્બર માસની તા. ૨૭ ને શુક્રવારના દિને સિંધના પાટનગર કરાંચી શહેરમાં, "મુહમ્મદ ટેકરી" અથવા "સુલતાન ટેકરી"ના નામે વિખ્યાત પામેલ સ્થળે થયો હતો. આ જન્મસ્થળને "હનીમુન લોજ" તરીકે પણ ઓળખવામાં આવે છે અને આ સ્થળની મુલાકાત પ્રવાસીઓ આજ સુધી લઈ રહ્યા હોવાથી એ સ્થળ ઐતિહાસિક થઈ પડયું છે.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. હિજરી સંન ૧૩૦૨ ઝિલકાદ માસની તા. ૬ઠ્ઠીએ અર્થાત ઈસ્વી સન ૧૮૮૫ના ઓગસ્ટ મહિનાની તા. ૧૭મીને સોમવારના દિને ઈમામતપદે બિરાજી સમસ્ત ઈસમાઈલી આલમના ઈમામ થવા પામ્યા. આ સમયે તેઓ નામદારનું વય માત્ર સાત વર્ષ, નવ માસ અને સોળ દિવસનું હતું. તેઓશ્રી **'નામદાર આગાખાન સાહેબ'** (ત્રીજા) તરીકે જગમશહૂર છે. ઇસમાઇલીઓ તેઓ નામદારને "ઈમામે ઝમાન", "મૌલાના હાઝર ઈમામ", "સાહેબુલ અમ્ર", "સાહેબુઝ–ઝમાન", "હાદિયુલ મહેદી", "ધણી સલામત દાતાર", "હાઝર જેમાનો ધણી", "ઈમામુલ અસ્ર", "ઈમામિમ્મુબિન", "કાયમુલ મુકામ" વિગેરે સંજ્ઞાઓથી યાદ કરે છે.

## આકા શાહ હસનઅલી શાહ દાતારની અદભુત ભવિષ્યવાણી.

જુના હસ્તલિખિત દસ્તાવેજોમાંથી મળી આવેલી વિગતો પરથી જણાય છે કે હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ.નો, ઈ. સ. ૧૮૭૭ના નવેમ્બર મહિનાની તા. ૨૭

MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN—
FROM CHILDHOOD'S PROMISE TO GLORIOUS YOUTH.



મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની
બાલ્યાવસ્થા અને યુવાવસ્થા.

અર્થાત હિજરી સન ૧૨૯૪ના સવ્વાલ માસની તા. ૨૫ ને વાર શુક્રવારના શુભ દિને સાંજના ૫ાા કલાકે કરાંચીમાં મુબારક જન્મ થયો ત્યારે નામદાર આકાશાહ હસનઅલી શાહ દાતાર મુંબઇ ખાતે વસવાટ કરી રહેલા હોવાથી તેઓ નામદારને હઝરત મૌલાના આકા અલીશાહ દાતાર અ.એ કરાચીથી આ મુબારક શુભ સમાચાર તાર મારફતે મોકલાવ્યા હતા, જેના વળતા જવાબમાં, નામદાર આકા શાહ હસનઅલી શાહ દાતારે નીચે મુજબ તાર કરીને એક મહાન અદ્દભુત ભવિષ્યવાણી ફરમાવી હતી.

"એનું નામ "મુહમ્મદ સુલતાન" રાખો. દુનીયામાં એ સુલતાન થશે અને એના ઝમાનામાં અજાયબ ચમત્કારિક બનાવો બનશે અને તે સમસ્ત આલમમાં મશહુર થશે."

## બાળવયની રમતગમત.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની બે વર્ષની વય થતાંજ ઘણા ઉમંગથીજ જુદી જુદી રમતગમતોમાં ભાગ લેતા હતા. તેઓ નામદાર બાળવયથી ઘોડા પ્રત્યે ઘણો ચાહ ધરાવતા હતા, અને લાકડાના ઘોડા પર સ્વારી કરી ઘણા ખુશ થતા હતા. તેઓ નામદાર નાનપણથીજ ચંચળ બુધ્ધિના હતા. પ્રાણીઓ તરફ ઘણો માયાભાવ રાખતા હતા. તેઓશ્રી હરણી, સાબર, ટટ્ટુ અને એવા બીજા પ્રાણીઓને ઘાસચારો આપી તેમને ગળામાં દોરડી પરોવી તેમને માયાથી હંકારતા હતા. પોતાના બાળ સંગાથીઓનો સમાગમ પણ તેઓશ્રીને ગમતો હતો. વખતોવખત બાળકોને એકઠા કરી જાતે તેઓના સરદાર બનતા અને જાત જાતની બાળરમત ગોઠવતા. તેઓ નામદાર પોતાની પાસે નાનકડી પિસ્તોલ, બંદુક કે તલવાર વિગેરે બાંધે રાખી કે કમરે બાંધીને શૌર્યશાળી પુરૂષ પોતાના દાદા હઝરત અલી અ. ને સુયોગ દાદની ઝાંખી કરાવતા હતા. તે પ્રસંગે તેઓ નામદારના માતુશ્રી હર હાઇનેસ લેડી અલીશાહ (સી. આઇ.) તેઓશ્રીના બાળપણના દરેક કોડ હોંશથી પુરા પાડતા. આ રમતગમતને અંગે એકઠાં થતાં બાળસંગાથીઓને ખાવાપીવા કે પૈસા મેળવવાની પણ તક મળતી હતી, તેથી તેઓ નામદારના અતરાફમાં બાળકો હમેશા ફરી વળેલા રહેતા હતા.

## બાળવયમાં તખ્તનશીનીની ક્રિયા—પ્રથમ દસ્તબોશી.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ઇમામત પર આવ્યા પછી હિજરી સન ૧૩૦૩ ઝિલકાદ મહિનાની તા. ૧૯ મી અર્થાત ઇસ્વી સન ૧૮૮૬ ના સપ્ટેમ્બર માસની તા. ૧૮ મીને વાર શનિવારના દિને તેઓશ્રીની જમાતો વચ્ચે તખ્તનશીનીની મુબારક જાહેરી ક્રિયા કરવામાં આવી હતી. આ પવિત્ર ક્રિયા નેસ્બીટ રોડ–મઝગામ પર આવેલ "શ્રી વાડી" તરીકે પ્રસિધ્ધિ પામેલ "આગા હોલ"માં થઇ હતી અને મુંબઇ દરખાના જમાતના મુખી, કામડીઆ, અમલદારીઓ અને પંજેભાઇઓના આગેવાનોએ ઇમામના દસ્ત મુબારકની "પ્રથમ દસ્તબોશી" કરી હતી. એ દિવસે સમસ્ત ઇસ્માઇલી આલમે "ઈદ" માફક ધામધુમ અને ખુશાલી ઉજવી હતી, રોશનાઈ કરી હતી અને મિષ્ટાનની લહાણીઓ કરી હતી.

## દરખાના જમાતખાને ઈમામની પ્રથમ પધરામણી.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની બાળવયમાં જાહેર રીતે તખ્તનશીનીની મુબારક પવિત્ર ક્રિયા થયા પછી હિજરી સન ૧૩૦૩ ના ઝિલહજ મહિનાની તા. ૪ થીને વાર શનિવારના દિને તેઓશ્રીએ પહેલીવાર એકલા શ્રી મુંબઇ દરખાના જમાતખાને મુબારક પધરામણી કરી, તખ્ત પર બિરાજી સમસ્ત જમાતને પવિત્ર દિદાર આપી મુબારક ફરમાનો કર્યાં હતા. તેઓ નામદારે સમસ્ત જમાતને સંબોધીને ફરમાવ્યું :

## "હું આલે રસુલ છું."

"હે જમાતો, તમે અમને નાનો નહિ સમજજો, અમે આલે રસુલ છીએ અને અમારા દાદા હઝરત અમીરૂલ મોઅમનિન છે, અને અમારી દાદી ખાતુને જન્નત હઝરત બીબી ફાતિમા છે. અમે અલી અને નબી બન્નેના નૂર છીએ. ઉમરમાં જો કે નાના તો છીએ પણ મોટા છીએ. હઝરત મૌલા મુર્તઝાઅલી નાના હતા, પરંતુ પોતાની યુવાન વયે ખયબરનો કિલ્લો ફતેહ કર્યો હતો. જાહેરીમાં તો તેઓ જવની રોટલીઓ ખાતા હતા, પરંતુ પહાડોને ચીરી ટુકડે ટુકડા કરી નાખતા હતા અને એક પલકમાં આખી દુનિયાને છેડે જઈ પહોંચતા હતા. જે કોઈ તેઓ સાહેબ પાસે તલબ કરતો તેની ઉમેદો પુરી કરી મુશ્કિલ આસાન કરતા હતા. અમે તે મુર્તઝાઅલીની ઔલાદ છીએ. અમારા ફરમાન તમે પોતાના દિલમાં રાખજો."

"હઝરત ઝયનુલઆબેદીન પણ ઉમરમાં નાના હતા, પરંતુ કુવ્વત અને ઇલ્મમાં મુર્તઝાઅલી જેવા હતા. અમારૂં નૂર પણ તેઓથી ચાલતું આવે છે અને અલીનું નૂર હમેશાં દુનિયામાં કાયમ રહે છે.

"જાહેરીમાં અમે દરવીશી અખત્યાર કરી બેઠા છીએ પણ ખુદાની દરગાહમાં બુઝુર્ગી પામેલા છીએ; સબબ કે અમે પયગમ્બરની આલ છીએ. અમારી ઘરની તારીફો અને કુદરતો જેઓ ઇલ્મમાં વાકિફગાર હશે તેઓ સમજશે."

આ પ્રમાણે તેઓ નામદારે લગભગ બે કલાક સુધી ઉશ્ર, ઝકાત, ઇમામત ઈત્યાદી બાબતો પર પોતાના મુખ મુબારકથી ફરમાનો કર્યા હતા. આ સમયે તેઓશ્રીની વય માત્ર નવ વર્ષની આશરે હતી. તેઓ નામદારની અદભુત શકિતનો આ એક અનેરો પુરાવો છે.

## એકજ સમયે ગમગીની અને ખુશાલી.


ત્યારપછી સમસ્ત જમાતે દસ્તબોશી કરી હતી. ઘણા માણસો બહારગામથી આવ્યા હતા, તેઓએ પણ દસ્તબોશી કરી. આ પ્રસંગે કેટલાક માણસોની આંખમાંથી હર્ષના આંસુ સરતા હતા, જ્યારે બીજી તરફ હઝરત આકા અલીશાહ અ. ની યાદ સંભારતા કેટલાકો દિલગીર થયેલા પણ દેખાતા હતા. આ જોઇને હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ ફરમાવ્યું:—

"તમો જમાતને દિલગીર થવાનું કોઇ કારણ નથી. તમો જમાતનો ઇમામ તમારી વચ્ચે બેસીને તમારા કામ કરી રહેલ છે. આ દુનિયામાં અમો "જામો" પહેરીએ છીએ અને ઉતારીએ છીએ. આકા અલીશાહ દાતાર અને અમારા દાદા તથા વડવાઓમાં એકજ અલીનું નૂર હતું અને મારામાં પણ એજ નૂર ઉતરી આવેલુ છે."

બાળવયમાં પવિત્ર ઈમામના આવા ઉત્તમ અને બુઝર્ગીભર્યા વેણો સાંભળી સમસ્ત જમાત ઘણી ખુશ થઇ અને પોતાનો શોક વિસરી ગઇ હતી.

મહાન ઇસમાઇલી દાઇ હકીમ નાસિર ખુસરનું કથન છે કે દુન્યાની સપાટી ઉપર એવી એકજ કોમ વસે છે, જેની સામે એકજ સમયે ગમગીની અને ખુશાલી હોય છે. એક ઈમામ "લિબાસ" બદલાવે તેની ગમગીની અને તેજ પળે બીજી વ્યકિત ઇમામનો "જામો" પહેરી મુરીદો વચ્ચે આવે તેની ખુશાલી થાય છે. આ મનુષ્ય લાગણીનું કુદરતે કરેલું એક અનેરૂં નિર્માણ છે.

PUBLIC ACCESSION OF MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN ON THE MASNAD OF IMAMAT; AT "AGA HALL" MAZAGAON-BOMBAY.



મૌલાના હાઝર ઇમામનો મઝગામની વાડી "આગા હોલ"માં ઇમામતની મસનદ ઉપર
જાહેર રીતે અભિષેક થયો તેનું દ્રશ્ય.

## "તારો પ્રકાશ તારા દિવસો પ્રમાણે વધશે"—એક મહાન ભવિષ્યવાણી.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. પોતાની બાળવયમાં પણ જમાતોને યાદ કરતા હતા, અને લગભગ દર શનિવારના દિને જમાતખાને મુબારક પધરામણી કરી જમાતની જામેલી ઠઠ વચ્ચે ફરમાનો કરતા હતા. જમાતોને "દસ્તબોશી" કરાવતા અને ઈમામ તરીકે બીજા અનેક કાર્યો ઉપર પણ લક્ષ આપતા હતા. પોતાના કુટુંબીઓમાં પણ એ નામદારનું પુરેપુરું વડપણ હોવાથી સઘળા નાના મોટા તેઓ નામદારની મીઠી નજર હેઠળ પોતાનું જીવન ગાળતા હતા.

ઈમામની આ કિશોરવયમાં, તેઓ નામદારના મુબારક હસ્તે મોટા અને બુઝુર્ગીભર્યા ધાર્મિક કાર્યો પણ થતા હતા. એટલુંજ નહિ પણ હઝરત ઈમામ આકા અલીશાહ અ. પોતાની વફાત પહેલાં જમાત વચ્ચે પધારીને પોતાની રૂબરૂમાં કેટલીક ઇમામી ક્રિયાઓ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને મુબારક હાથે કરાવીને ફરમાવ્યું કે: "તારો પ્રકાશ તારા દિવસો પ્રમાણે વધશે." આ આગાહીએ તે સમયની જમાતોમાં અમીજીવન રેડ્યું અને દિવસે દિવસે તે પ્રકાશ વધુને વધુ ઝળકવા લાગ્યો.

## શિક્ષણ–યુરોપિયન ભાષાઓનું જ્ઞાન.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની પાંચ વર્ષની વય પણ થઈ નહોતી કે તેઓશ્રીના દાદા હઝરત ઇમામ હસનઅલીશાહ અ. વફાત પામ્યા હતા અને હજુ આઠ વર્ષની ઉમર નહોતી થઇ કે, એટલામાં હઝરત ઇમામ અલીશાહ અ.ની વફાત થવા પામી હતી. આ સમયે તેઓ નામદારના પડખે નહોતો કોઇ ભાઇ કે નહોતા કોઇ બહેન! તેઓશ્રીના નિકટના સગામાં માત્ર તેઓ નામદારના માતુશ્રી હતા. જેઓ પોતાના પુત્ર પ્રત્યે અસીમ વહાલ ધરાવતા હતા અને નામદારની સુખ સાહેબી એજ માતા સલામતનું લક્ષ્ય હતું, કારણ કે તેઓ નામદાર જાતે કેળવાયેલા હોઇ, પોતાના વહાલા પુત્રની અરબી, ફારસી તેમજ અંગ્રેજી કેળવણીની ખાસ ગોઠવણો કરી હતી.

ઉર્દુ, ફારસી, અરબીનું શિક્ષણ પૂર્ણ થયા પછી ઇટાલીયન અને ફ્રેન્ચ જેવી પરદેશી ભાષાઓ પણ તેઓ નામદારના કંઠે રમી રહી છે. આ ઉપરાંત અન્ય યુરોપિયન ભાષાઓ પણ તેઓ નામદાર સારી રીતે જાણે છે. જો કે તેઓશ્રી પોતાની બાળવયમાં ન તો સ્કુલમાં ગયા છે અને નતો ભણતરમાં કોઇ દિવસ રોકાયેલા જોવામાં આવ્યા છે. આ તેઓ નામદારની મહાન શકિતનો એક અનેરો પુરાવો છે.

## અદભુત યાદશકિત—હિઝ હાઇનેસનો ખિતાબ.

પરંતુ તેઓ નામદાર ઝડપથી શિક્ષણ પ્રાપ્ત કરી શકયા તેનું કારણ છે તેઓ નામદારની અદભુત યાદશકિત. તેઓશ્રીની બાલ્યાવસ્થામાં બનેલા બનાવો જાણે ગઈ કાલેજ બન્યા હોય એવી રીતે તેઓશ્રી અત્યારે પણ યાદ કરે છે. તેઓ નામદાર પોતાના પિતાશ્રી નામદાર આકા અલીશાહ અ. સાથે કચ્છ, કાઠીયાવાડ અને સિંધની મુસાફરીઓ કરી હતી, તેનું પુરેપુરું વર્ણન પણ તેઓ નામદાર અત્યાર પર્યંત યાદ કરે છે.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને "હિઝ હાઇનેસ"નો માનવંતો ખિતાબ બ્રિટીશ સરકાર તરફથી અર્પણ કરવામાં આવ્યો. એ વખતે તેઓ નામદારની વય માત્ર નવ વર્ષની હતી. આટલી બાળવયમાં આવો માનનીય ખિતાબ અર્પણ થવાનો બનાવ ઇતિહાસમાં અજોડ છે.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ., ખોટાને સાચાથી પારખી કાઢવા માટેનું "તલેમાસ્તી –જાદુઇ" જ્ઞાન ધરાવે છે. તેને અંગે તેઓ નામદારની ચોકર દ્દષ્ટિ પૃથ્વી ઉપર ફર્યા કરે છે. એમની વિશાળ દ્દષ્ટિમાંથી કોઈપણ છટકવા પામતો નથી.

## સ્પોર્ટિંગનો શોખ—નિર્દોષ રમતોની ખીલવણી માટે યત્નો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને શુરવીરતાભરી રમતગમતો પણી ગમે છે. ઘોડેસ્વારી તેઓશ્રી બહુ મહત્વની ગણે છે. તેઓશ્રી પોતે કહે છે કે, "મારા દાદાને સ્વારી માટેનો જે શોખ હતો તે મને વારસામાં મળ્યો છે." એટલુંજ નહિ પણ સ્પોર્ટસમાં તેઓશ્રી બહુ રસ લે છે. મુંબઇના મશહુર એ સમયના ગવર્નર લોર્ડ હેરીસ પોતે એક અચ્છા ખેલાડી હોઇ, મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને એક સ્પોર્ટસમેન તરીકે તેણે વધાવી લીધા હતા, અને હંમેશા તેઓશ્રીને ઘણું ચાહતા હતા. તેઓ નામદાર "ગોલ્ફ" અને "હોકી"માં ઘણા પ્રવીણ છે. હિંદુસ્તાનના લોકોમાં આ રમત પ્રત્યેનો રસ ઉત્પન્ન કરાવવા દર વર્ષે ખેલાડીઓને બે "કપ" તેઓ નામદાર તરફથી ભેટ અપાય છે. એક કપ વિદ્યાર્થીઓને અને બીજો કપ સિવિલ–મીલીટરીને આપવામાં આવે છે. આ જોતાં હિંદુસ્તાનમાં જે નિર્દોષ રમતોની વધારે ખીલવણી થવા પામી છે, તે તેઓ નામદારને આભારી છે.

## સાહિત્ય પ્રેમ—સર્વદેશીય સાહિત્યનું ઊંડુ જ્ઞાન.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. મુસાફરીનો ઘણો શોખ ધરાવે છે. કોઇપણ વખતે આળસુ થઇ બેસી નહિ રહેતાં, હંમેશાં તેઓશ્રીએ સતત પ્રવાસો કર્યા છે. દુનિયાની પુરાણી વસ્તુઓ જોવા અને હાલના આગળ વધતા યુગ જોડે આગળ કુચ કદમ કરવા સાહિત્યનું વાંચન તેઓ નામદારને અતિ પ્રિય છે. ખાસ કરીને ઇતિહાસ અને મહાન પુરૂષોના જીવનચરિત્રો વિષે તેઓશ્રી ઘણો શોખ ધરાવે છે. તેઓ નામદાર ફિલસુફી, બ્રહ્મવિદ્યા અને સાયન્સનું ઘણું ઊંડુ જ્ઞાન ધરાવે છે.

તેઓ નામદાર ઇંગ્લેંડના નામાંકિત કવિઓ, શેકસપીઅર, મિલ્ટન, મેકાલે, સ્કોટ અને એવાજ અન્ય જાણીતા લેખકોનું સાહિત્ય તેઓ નામદાર ચાલુ વાંચતા રહે છે. શેખ શાદી, ફિરદોશી, ઉમર ખૈય્યામ, હાફિઝ, મૌલાના રૂમી અને એવા અન્ય ઇરાની કવિઓની કૃતિઓનું પણ તેઓશ્રી વાંચન કરે છે. રાજકારણ પણ તેઓ નામદારનો પ્રિય વિષય હોઇ એ વિષેનું પુષ્કળ સાહિત્ય તેઓશ્રી વાંચતા રહે છે. તેઓ નામદારની ઉમદા લાયબ્રેરીઓ પણ નામાંકિત વ્યકિતઓનાં જીવનચરિત્રો અને ફિલસુફીનાં પુસ્તકોથી ભરેલી છે. તેઓશ્રી પુરાણા સાહિત્ય અને વિદ્યાના શોધક પણ છે.

## સાદું ખાનપાન—સાદું જીવન.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ખોરાક લેવામાં અને ખાવાપીવામાં ઘણા નિયમિત અને અલ્પહારી છે, જયારે બીજા શ્રીમંતાઇના ફાંકામાં સ્વાદિષ્ટ અને પુષ્ટિકારક જમણો તૈયાર કરાવી ખાધરા બની પેટપુર જમે છે. એવી વ્યકિતઓ પર તેઓ નામદાર દયા ખાય છે. તેઓશ્રીને તાજી માછલી તથા લીલો મેવો બહુ ગમે છે. આઇસ્ક્રીમ પીવાનો શોખ પણ તેઓશ્રી ધરાવે છે. એ પ્રમાણે અતિ સાદું જીવન તેઓ ગુજારે છે. તેઓશ્રી વહેલી સવારે ઉઠે છે. ફ્રાંસના જાણીતા મથક એક્ષ-લ-બેન્સમાં કે ડોવીલના દરિયા કિનારે આમ લોકો સાથે ભેળાઇને લટાર મારતા તેઓ નામદાર દેખાય છે. શહેરીજનો નાસ્તામાં રોકાયેલા હોય છે તે સમયે તેઓ નામદાર ગોલ્ફના મેદાનમાં દેખાય છે. તેમજ ડોવીલના એક હોટલમાં "ટવીડ"ના સાદા પોશાકમાં ખાણું લેવા જતાં પણ તેઓ નજરે પડે છે. તેઓશ્રી સાદો પોશાક વધુ પસંદ કરે છે.

MOWLANA HAZAR IMAM As the Head of the Family



મૌલાના હાઝર ઇમામ કુટુંબના વડીલ તરીકે.

## સાચી મોટાઇનું એક વિશિષ્ટ લક્ષણુ—નિર્મળ સાદાઈ.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના ઇતિહાસિક જીવનચરિત્ર–"નામદાર આગાખાન અને તેમના વડવાઓ"ની પ્રસ્તાવનામાં બિકાનેરના નાં૦ મહારાજાએ દર્શાવ્યું છે કે :—

"આજે એ વાતનો આમ રીતે સ્વીકાર કરવામાં આવે છે કે, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબનું વ્યક્તિત્વ, અનુભવ અને બુધ્ધિમતા હિંદ અને શહેનશાહના લાભ માટે અગણિત મુલ્યની અસકયામત સમાન છે. તેઓ નામદાર સાથેની મારી મિત્રાચારી કેટલાક દશકાઓથી છે. એમના અને મારી વચ્ચેના ઓળખાણના અને તેઓશ્રીની અણમોલ મિત્રાચારીના આટલા બધા વર્ષો દરમ્યાન તેઓશ્રીના અનેક સદ્દગુણો, મુગ્ધ પમાડનાર વર્તન, રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય રાજકારણમાં તેઓશ્રીની ઊંડી દ્રષ્ટિ, તેઓશ્રીનું વિશ્વવ્યાપી દ્રષ્ટિબિન્દુ, ધર્મ કે કોમના બંધનોથી પર તેઓશ્રીની વિશાળ માનવતા અને મિત્રાચારી માટેના અજોડ ગુણો પ્રશંસાપુર્વક અનુભવવાના સંજોગ મને સાંપડયા છે, પરંતુ જેમનું જીવન આટલું બધું ઉત્તમ અને અનેક વિજયોથી ભરપુર છે, એવા નામદાર આગાખાન સાહેબ જેવા એક નરવીરમાં જે એક વસ્તુએ મારૂં સર્વથી વધારે ધ્યાન ખેંચ્યું છે, એ તેઓ નામદારની "નિર્મળ સાદાઇ" છે, જે ખરેખર તેઓશ્રીની ખરી મોટાઇનું એક ખાસ લક્ષણુ છે."

## કસરત પ્રત્યે ચાહના.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. કસરતના પણુ શોખીન છે. પોતાના મુરીદોની શારીરિક તંદુરસ્તીના વિષયમાં તેઓ નામદાર આતુર રહે છે. શરીરસંપતિ અને કસરતને તેઓશ્રી પ્રથમ પસંદગી આપે છે. મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબના પરિચયમાં આવનારાઓનો અનુભવ છે કે, "ફ્રાંસના પાટનગર પેરિસની રીઝ હોટલના કમ્પાઉન્ડમાં એક માણુસને (દરરોજ) નિયમિત કસરત કરતાં જોઇને એ હોટલમાં રહેતા સુસ્ત આદતોવાળા માણુસોને પોતાની આળસ માટે શરમ ઉપજે છે. કોઇ કોઇ પ્રસંગે એક ફ્રેન્ચ તાલીમબાજ સાથે હળવાં વજનવાળી લાકડી સાથે લાંબો પંથ કાપી પોતાનું સવારનું કામ પુરૂં કરતાં લોકો તેઓ નામદારને જુએ છે. આ ઉમંગી પુરૂષ નામદાર આગાખાન સાહેબ છે. જેઓ ઇસમાઇલી મુસલમાનોના વિખ્યાત મુરબ્બી છે." યુરોપના પત્રકારોમાં મજકુર બિનાની ગવાહી આપતાં આવા અસંખ્ય લખાણો મળી આવે છે. આ ઉપરથી તેઓ નામદારનો કસરત પ્રત્યે કેટલો બધો ચાહ છે, એ સાફ જણાઇ આવે છે.

## જંગબારની હિંદી પ્રજામાં કસરત અને રમતગમતોને ઉત્તેજન.

આફ્રિકાની પહેલી મુસાફરી પ્રસંગે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને જંગબારની પ્રજા ઘણી નબળી અને નંખાઇ ગયેલી દેખાઇ અને તેમાં પણુ હિંદીઓને તો ત્યાંની આબોહવા બાળી નાખતી હોય તેમ તેઓના શરીરો ઘણુંજ કમજોર દેખાયા; ઉપરાંત હિંદીઓ નાની વયે પરણુતા અને એક સ્થળે બેસી જીવન ગુજારતા હોઇ તેઓના ચહેરા ફિક્કા પડેલા નજરે પડતા હતા, તે જોતાં ક્ષય જેવા-દર્દના ચિન્હો પણુ તેઓના ચહેરા પર માલમ પડતા હતા. તેથી તેઓને ચોકખી હવા મળે અને રમતગમત માટે વિશાળ સ્થળની સગવડ થાય અને તેઓ જીવલેણુ બિમારીઓથી બચી રહે તે અર્થે તેઓ નામદારે પોતાની સુંદર વાડી સાથેની એક ઇમારત તત્કાળ જંગબારની પ્રજાના વપરાશ માટે આપવાની કૃપા ફરમાવી અને એ પ્રકારે તેઓ નામદારે કસરત માટે તેઓમાં શોખ ઉત્પન્ન કર્યો હતો.

## ક્રિકેટ ટીમને ટેકો—મોટર ઉદ્યોગની ખિલવણીને ઉત્તેજન.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ સિલોનની મુલાકાત લીધી હતી ત્યારે "ગ્રેલફિસ હોટલ"માં "કોલંબો ઓબઝરવર"ના પ્રતિનિધિની મુલાકાતમાં ઇંગ્લાંડ જનારી ક્રિકેટ ટીમને ટેકો આપતાં જામિનગીરી ફંડમાં ત્રણસો અને ત્રીસ પૌંડ ભરી આપવા પોતાની ખુશાલી પ્રગટ કરી, તેમજ મુંબઇની મોટરીસ્ટોની રેસ હરિફાઇમાં જીતનારને એક "કપ" આપવા પોતાના તરફથી ઇચ્છા પ્રગટ કરતાં કહ્યું: "હિંદુસ્તાનમાં મોટર એ તદન્ નવી વસ્તુ છે. તેની ખીલવણી માટે ઇનામ જાહેર કરવાથી લોકોમાં તે પ્રત્યે ઉત્સાહ પ્રેરાશે અને તેને અંગે દેશમાં એક નવા ઉદ્યોગનો પાયો પડશે."

## બંદગી વડે રૂહાની શકિતની ખિલવણી.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ ફ્રાંસમાં ડોવિલ ખાતે નોરમંડી હોટલના ગાર્ડનમાં બોક્ષિંગ રમનારાઓ સાથે રમત ચલાવી હતી. એ સઘળા ખેલાડીઓમાં તેઓશ્રીની રમત અસાધારણ હતી. તેઓશ્રી હમેશાં કહેતા આવ્યા છે કે:—

> "અંગ કસરતના પ્રયોગો વડે શરીરને બળવાન બનાવો. બહોળા વાંચન વડે મગજની ખીલવણી કરો; તેમજ બંદગી અને સત્યતા વડે "રૂહાની શકિત"ને ઉંચે લઇ જાઓ."

## "પયગમ્બર સાહેબનું લોહી મારી રગોમાં વહે છે."

શરતના મેદાનમા કે રાજકીય ક્ષેત્રમાં નહિ પણ જુમાને દિવસે એક પળ બંદગીમાં ગુજારતી વખતે પોતાના "જીવનની ધન્ય ઘડી" હોય છે, એ વિષે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ પોતાના રહસ્યપૂર્ણ વિચારો દર્શાવીને જણાવ્યું હતું કે:—

> "ઇસ્લામના પયગમ્બર સાહેબનો હું સીધો વંશજ છું. બે કરોડ ઇસ્માઇલીઓ મને ઇમામ તરીકે માન્ય રાખે છે તેઓ મને પૂંજે છે અને ભેટ સોગાદો પણ આપે છે, કારણ કે પયગમ્બર સાહેબનું લોહી મારી રગોમાં વહે છે. ભેટ સોગાદ લેવા બદલ હું દુઆ ગુજારૂં છું. દરેક જુમાના દિવસે એ પળ આવી પહોંચે છે."

તેઓ નામદાર કિશોર વયથીજ એકાંતવાસ પસંદ કરે છે. તેઓશ્રી કલાકો સુધી અવળા સુઇ બે પગો વચ્ચે એક નાનકડી લાકડી રાખીને એવી રીતે ફેરવતા હોય છે કે, કોઇને એ પ્રમાણે હાથે પણ ફેરવવી મુશ્કિલ થઇ પડે; આ દરમ્યાન તેઓશ્રી વાંચનમાં પણ મશગુલ હોય છે અથવા એકાગ્રચિતે વિચારમાં રોકાયેલા હોય છે.

## ઇસ્લામી સંસ્કૃતિ—ઇમામ અને ઇતિરત.

ઇસ્લામી ભાવના પ્રગટ કરતાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ગંભીર અવાજે એક પ્રસંગે ફરમાવ્યું હતું કે:

"ગમે તેટલો બીજાઓ ઉપર આધાર રાખો પરંતુ તે ઇસ્લામને મદદગાર થશે નહિ. આપણે આપણા પોતાના પગ ઉપર ઉભા રહેવું જોઇએ. આપણે હમેશ યાદ રાખવું જોઇએ કે આપણી

MOWLANA HAZAR IMAM, H. R. H. THE PRINCE AGA KHAN IN CHILDHOOD.



મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ બાલ્યાવસ્થામાં.

પુરે આપણી પોતાની સંસ્કૃતિ છે. ફુલોના ઝુમખાં પર નજર કરો." કુંડીમાં મુકેલા ગુલાબના તાજા ફુલો તરફ સંકેત કરતાં તેઓશ્રીએ ઉમેર્યું "તેની ઉપર નજર નાખો તો આ ફુલો ખુબસુરતી જીવ અને લાગણી સુધ્ધાં ધરાવે છે, પરંતુ એ કુમળા મરી જાય છે. આ ફુલોના અંતિમ અંતના અપવાદ સિવાયની ઈસ્લામની ભાવનામાં તે ઘણાં મળતાં આવે છે. આ ફુલો મરી જાય છે, પરંતુ ઇસ્લામ અને તેની સંસ્કૃતિ કદી મરશે નહિ અને જેઓ એમ માને છે કે ઇસ્લામી સંસ્કૃતિ મરે છે, તેઓ ઇસ્લામી પ્રગતિનો ઇતિહાસ અને પ્રાચિન વિગતો તથા મઝહબના મુળ ઝરણાથી અજ્ઞાત છે." એનાં ઝરણા તરીકે દુનિયાની સપાટી ઉપર વસતા તમામ ઇસમાઇલી મુરીદો "ઇમામ" અને તેની "ઇતરત"થી મુરાદ લે છે."

## આઝાદીની ભાવના—બુલબુલોનો સંકેતપૂર્ણ પ્રસંગ.

આઝાદીના વિષયમાં મૌલાના હાઝર ઇમામ આગા સુલતાન મુહમ્મદશાહ અ. ને તેમના એક મિત્રે ગીત ગાતા બુલબુલની એક સુંદર જોડ ભેટ તરીકે મોકલી હતી. એ મહોબ્બતભરી ભેટ તેઓ નામદારે સ્વીકારીને તેનો આભાર માન્યો. એક અન્ય પ્રસંગે એજ મિત્ર તેઓ નામદારને મળવા આવ્યો અને બુલબુલોની યાદ આપતાં તેઓશ્રીએ પોતે જે ખંડમાં હતા તેની બારી ખોલી નાંખી, બહાર નજર કરી; બગીચામાંના ઉમદા તાડ વૃક્ષો માથું ઝુલાવી રહ્યા હતા. બીજી બાજુ રેતાળ જમીન ઉપર મોટો દરિયો ઘુઘવાટા કરી રહ્યો હતો. એ મીઠી લ્હેરીનો લાભ લેતાં તેઓ નામદારે પોતાના મિત્રને કહ્યું: "તમો જાણો છો કે આ બુલબુલો કવિવર હાફિઝની મને યાદી અપાવે છે." આટલું કહી ઇરાની ઢબે તેઓશ્રી એક શેર બોલ્યા. એ શેર બોલતી વેળાએ તેઓ નામદારે પીંજરામાનું એક બુલબુલ હાથમાં ધરી રાખ્યું હતું. શએરની એક પંકિત પુરી થતાં તેઓ નામદારે પોતાની મુઠ્ઠીની આંગળીઓ ઢીલી કરી અને બુલબુલ ઉડી ગયું. પેલા મિત્રે એ જોઇને કહ્યું: "નામદાર આ પક્ષી આપના હાથમાંથી કેમ ઉડી ગયું?" તેઓ નામદારે બીજા બુલબુલને હાથમાં લઇને પોતાની આંગળીઓ ઢીલી કરી એટલે તે પણ ઉડી ગયું. તેઓશ્રીએ જવાબ આપતા કહ્યું:—"આમ ઉડી ગયું!" આ સંકેત કવિવર હાફિઝના પદ ઉપરની ઘટના રૂપ હતું. એ કવિવરે એક પંખીની પુંઠે ઉડતાં હોવાનું અને પોતાના મુકિતદાતાના ગુણગાન ગાવાના અર્થસુચક તેનો પૃથ્થકરણમાં પ્રયોગ કરી તેઓ નામદારે અસરકારક રીતે કહ્યું: "કંઇ નહિ તો પંખીઓનો આભાર તો આપણને જીતી લેવા દો." આ રહી તેઓ નામદારની પક્ષીઓ પ્રત્યે આઝાદીની ભાવના! ત્યારે મનુષ્ય આઝાદી તો એમનું જીવન ધ્યેયજ છે.

## પારસી કોમને દિલસોઝીપૂર્વકની સહાયતા.

ઇરાનમાં જ્યારે મોલ્વી મુલ્લાંઓનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું, ત્યારે તેઓ પોતાના ફિરકા સિવાયના અન્ય સર્વ ઇસ્લામી કે બીન ઇસ્લામી ફિરકાઓ તરફ હલકી દ્રષ્ટિથી જોતા હતા. ઇરાનના મુળ વતની પારસી–જરથોસ્તીઓને કાફર સમજી કતલ કરી નાખતા હતા, તેઓના ધર્મ, માલ મિલકત પર પણ જબરદસ્તી કરવામાં આવતી હતી, મુલ્લાંઓએ પોતાના લાભ અર્થે પાંચમા ભાગ જેટલો કર અને જઝીયાવેરો પણ તેઓના પર નાખ્યો હતો. ઉપરાંત તેઓને ઘોડેસ્વારી કરવાની, સ્વચ્છ વસ્ત્રો પહેરવાની અને નવા મકાનો બાંધવાની પણ મનાઇ કરવામાં આવી હતી.(૧.) સારાંશ ઇસ્નાઅશરી સિવાય અન્યોને જીવવાનું ભારી થઇ પડયું હતું.

---

૧. કુમારસ્વામી કૃત "આગાખાન" પાનું ૨૦૧–૨૦૧.

હઝરત મૌલાના આકા શાહ હસનઅલીશાહ અ.એ પણ હિંદ ખાતે વસવાટ કર્યો ત્યારે પણ પારસી કોમ ઉપર થતા અત્યાચારો તેઓશ્રી ભૂલી ગયા નહોતા. એ માટે તેઓ નામદારે પોતાના ભત્રીજા ઉપર પત્ર લખી શાહને સઘળા જુલ્મોથી વાકિફગાર કરી પારસી કોમ ઉપરથી જઝીયાવેરો કાઢી નાખવા જણાવ્યું હતુ. શાહ સમક્ષ હકીકત રજુ કરવામાં આવતાં પારસીઓ પરથી જઝીયાવેરો કાઢી નાંખવામાં આવ્યો હતો.

## લંડનમાં ઈરાનના શાહ સાથે મુલાકાત.

પારસીઓ જઝીયાવેરામાંથી મુકત થયા પછી પણ ઉપર જણાવ્યા પ્રમાણે તેઓ પર બીજા અનેક અત્યાચારો ગુજારવામાં આવતા હોવાથી મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની લંડન ખાતે ઇરાનના શાહ એહમદશાહ સાથે મુલાકાત થતાં, શાહને તેઓ નામદારે કહ્યું: "તમારા રાજ્યમાં તમારી પ્રજાનો એક મોટો ભાગ છે તેને અન્યાય થાય છે, એ રાજધર્મ કહેવાય નહિ." શાહે કહ્યું એ કઇ પ્રજા છે? તેઓ નામદારે કહ્યું: "એ પારસી–જરથોસ્તી પ્રજા છે અને તેની ઇરાનમાં ઘણી દયાજનક સ્થિતિ છે." આમ કહી તેઓશ્રીએ શાહને ખુદા અને રસુલ સ.ના હુકમો યાદ દેવડાવી સમજાવ્યા હતા.

ઇરાનના શાહે એ વિષે પોતાની અજાણતા દેખાડી, ઇરાન પહોંચી આ બાબતની સખતી નાબુદ કરવા મૌલાના હાઝર ઇમામને વચન આપ્યું. શાહ ઇરાન પાછા ગયા ત્યારે સર્વ હકીકતની બારીકાઇથી તપાસ કરી પારસી કોમની સ્થિતિ સુધારવા અને તેઓ સાથે સુલેહસંપથી ચાલવા શાહે હુકમો બહાર પાડયા.

આ ઉપરથી ઈરાની જરથોસ્તીઓની હાલત સુધારનાર મંડળના સરનશીન સર દિનશાહ માણેકજી પીટીટે નીચે મુજબનો આભાર દર્શાવનારો મૌલાના હાઝર ઈમામને એક પત્ર લખ્યો હતો. મૌલાના હાઝર ઇમામ આકા સર સુલતાન મુહમ્મદ શાહ અ.એ જરથોસ્તી કોમ માટે કેટલીક શાળાઓ સ્થાપી અને પોતાના ખર્ચે તેનો નભાવ કર્યો હતો.

પીટીટ હોલ, મલબાર હીલ,
મુંબઇ તા. ૨૮મી સપ્ટેમ્બર ૧૯૦૦


નામદાર આગાખાન, કે. સી. આઇ. ઇ.
શમ્મુસ હુમાયુન જોગ, લંડન.

નામદાર સાહેબ,

લંડન ખાતે અમારા હમદીનો તરફથી અમોને ખબર મળી છે કે ઇરાન તથા હિંદુસ્તાન તરફથી મળેલા માનપત્રો ઇરાનના નામદાર શાહ આગળ રજુ કરતાં આપ નામદારે તેઓની મુલાકાત આલા હઝરત હુમાયુન સાથ કરાવી આપવામાં આટલી બધી મહેરબાની અને મમતાભરી મદદ આપી હતી અને ખુદ તે મુલાકાત દરમ્યાન બન્ને બાજુના વિચારો પરસ્પર ખુલાસાથી રજુ કરવામાં આપે આપેલી મદદ બેહદ કિંમતી થઇ પડી હતી. તેટલા માટે આપ હઝરતે અમો તરફથી ઉઠાવેલી આ ઝહેમત બાબે અમો આપ નામદારના ભારે અહેસાનમંદ થયા છીએ અને અમારા જીગરથી આપનો આભાર માનીએ છીએ.

હું છું
આપ નામદારનો અતિ તાબેદાર
સેવક
(સહી) દીનશાહ માણેકજી પીટીટ

YEROWDA PALACE (Poona.)



મૌલાના હાઝર ઈમામનો યરોવડા (પુના) ખાતેનો ભવ્ય મહેલ.

(જુઓ પાનું ૪૬૩)

"આગાખાન" નામની કૃતિમાં જણાવવામાં આવ્યું છે કે: "મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે ઇરાનમાં કચડાઇ ગએલા પારસીઓ તરફથી રજુ કરેલી એકજ દલીલ ઉપરથી તેઓશ્રીના દીલગુરદાની અને સ્વતંત્ર હિંમતની સાબિતી મળી આવે છે, એટલુંજ નહિ પણ તે નામદારના મનની વલણ કેવી ઉદાર અને અપક્ષપાત છે તે સાફ સાફ દેખાઇ આવે છે. ઇરાનના અહેસાન મંદ જરથોસ્તીઓ પ્રત્યે તેઓ નામદારે દેખાડેલી મહેરબાની તેઓ ભુલ્યા નથી.

## અનુયાયીઓની ઉન્નતિ માટે સતત પ્રયાસો.

"આગાખાન" નામની કૃતિ કે જે મદ્રાસવાળા નેટેસન કંપની તરફથી પ્રસિદ્ધ થયેલ છે, તેમાં જણાવવામાં આવ્યું છે કે: "નામદાર આગાખાન સર સુલતાન મુહમ્મદ શાહ અ. પોતાની નાની વયથીજ પોતાના અનુયાયીઓ એટલે ખોજાઓની ઉન્નતિ કરવામાં તીવ્ર આનંદ લેવા લાગ્યા હતા. આ લોકોએ અગાઉ ઇસ્લામ કબુલ કર્યો હતો, તેઓ શીઆ ધર્મના ઇસમાઇલી ફિરકાના અનુયાયીઓ છે અને આ ફિરકાના ધર્મગુરૂની પદવી માટે નામદાર આગાખાન સાહેબ વંશપરંપરાનો હકક ધરાવે છે. જેવી રીતે રોમન કેથોલીકમાં પોપ મનાય છે, તેવીજ રીતે તેઓશ્રીને માન આપવામાં આવે છે. આ અનુયાયીઓમાં કેટલાક લોકો તો આથી પણ વધારે માન આપે છે અને નામદાર આગાખાન સાહેબને સાક્ષાત ઇશ્વર માને છે. આ લોકો પોતાની ઉપજનો અમુક ભાગ કે જેને ઝકાત કહેવામાં આવે છે તે તેઓ નામદારને ચરણે ભેટ મુકે છે અને તેઓ નામદાર પોતાના અનુયાયીઓના ભલા માટે ઘણી કોશિશો કરે છે.

"એવું કહેવાય છે કે તેઓશ્રી પોતાના અનુયાયીઓની કેળવણી અને બીજી ચીજોની જરૂરીયાતો પુરી પાડવામાં પોતાની આવકનો મોટો ભાગ ખર્ચે છે. તેઓની ધાર્મિક સત્તા અને સંભાળ ફકત ખોજાઓ પ્રત્યે છે, એટલુંજ નહિ પણ બીજા ઇસમાઇલીઓ પર પણ છે, કે જેઓ એશિયા અને આફ્રિકાના જુદા જુદા ભાગોમાં વસે છે. પોતાના અનુયાયીઓની ઉદ્યોગિક અને વ્યાપારિક ઉન્નતિ માટે પણ સતત કોશિશો કરવા પ્રયત્નો કરે છે. તેઓશ્રીના મુરીદો બચપણથીજ તેમને ચાહતા આવ્યા છે. તેઓ હાલના હુકમો જેટલી ખુશી અને ઉત્સાહથી બજાવી લાવે છે, તેટલીજ ખુશી અને ઉત્સાહથી તેઓ નામદારની યુવાની વખતના હુકમો પણ આ લોકો બજાવી લાવતા હતા.

"આફ્રિકામાં જર્મનો સામે આરબોએ બળવો કર્યો, ત્યારે ખોજા ઇસમાઇલી મુરીદો પણ આ કાર્યમાં સંડોવાયેલા હશે, એવો જર્મન સત્તાધિશોને શક પડતાં, તેઓ ઇસમાઇલીઓ પર કડવી નજર રાખવા લાગ્યા, જેથી તેઓ નામદારે, જર્મન કયઝરની મુલાકાત વખતે ઇસમાઇલીઓ પ્રત્યેની એ શંકા તેઓના મનમાંથી દુર કરાવી, એટલુંજ નહિ પણ ઘણી છુટછાટો મેળવી આપી અને "ઉજીજી" નદી પરના ફળદ્રુપ કાંઠાના પ્રદેશમાં ચોખાનો પાક ઉતારવાની પરવાનગી મેળવવાની ઇસમાઇલીઓની ઇચ્છા હતી તે તેઓશ્રીએ એ એકજ મુલાકાતમાં મેળવી આપી હતી."

## 'ખુદાની હસ્તી'—ઇસ્લામની મુખ્ય માન્યતા.

રશિયનોના હાલના અધાર્મિક વર્ગને વિષે સંકેત કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે: "ઇસ્લામના સઘળા વિચારોની ધરી ખુદાની હસ્તી હોવાની મુખ્ય માન્યતા છે." આ વિષે રશિયનોની દયા ખાતા તેઓશ્રી કહે છે કે "ખુદાને "દેશવટો" આપવા માટે આજના યુગમાં રશિયા ઉપર આપણે અફસોસ કરવો જોઇએ, જેઓ પોતાના મનની કઢંગી કલ્પના મુર્તિઓના ભ્રમમાં પડી પોતાને છેતરે છે, એ વાતો ઉછરતી વખતે મહાન દીન ઇસ્લામના પારણામાં એકતા જેવું મુસ્લિમોમાં ભળી આવશે એવી આશા રાખવી વધુ પડતી નથી."

## જમાતના તંત્ર પર દેખરેખ—કામડીયા ઇસમાઇલ કાસમાણીની નિમણુંક.

ઇસ્વી સન ૧૮૯૨=હિજરી સન ૧૩૧૦ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની વય માત્ર પંદર વર્ષ આશરેની હતી, તે સમયથીજ નાની મોટી જમાતોમાં પોતાની સંપૂર્ણ સત્તા વડે સઘળા કામો ઉપર દેખરેખ રાખવા ઉપરાંત જમાતના ઓધ્ધેદારોની નિમણુંક પણ પોતાની ઇચ્છા અનુસાર કરતા હતા. એ સમયે મુંબઇ દરખાનાના જમાતના વડા કામડીયા મામદભાઇ ચોથ ખુદાની રહેમતે પહોંચ્યા હોવાથી તેની જગ્યાએ મઝગામના હસનાબાદ ખાતે જમાતના ભવ્ય મેળાવડા સમક્ષ નવા કામડીયા તરીકે શેઠ ઇસમાઇલભાઇ કાસમ જે. પી. ની નિમણુંક કરી અને કામડીયાપદનો કુલ અખત્યાર તેમને સોંપ્યો હતો.

## મુંબઈમાં હુલ્લડ અને દુકાળ વખતે સેવા.


મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ જમાતની તથા ધાર્મિક કાર્યોની લગામ હાથમાં લીધા પછી તેઓ નામદારે જાહેર જીવનમાં પણ પ્રવેશ કર્યો. અલ્પ સમયમાં તેઓશ્રી એક અગ્રગણ્ય વ્યકિત તરીકે જાણીતા થવા પામ્યા. તેઓશ્રી શહેરી જીવનનાં હિતમાં ભાગ લઇ રહ્યા હતા, એટલામાં ઈ. સ ૧૮૯૩ ના ઓગસ્ટ માસની તા. ૧૧ મીએ કમનસીબે હિંદની બે આંખો સમાન ગણાતી હિંદુ–મુસ્લિમ પ્રજા વચ્ચે હુલ્લડ ફાટી નીકળ્યું. આ હુલ્લડની નાપસંદ કરવા જોગ ચિણગારીઓને આગળ વધતી અટકાવવા તથા બન્ને કોમો વચ્ચે શાંતિનું વાતાવરણ પુનઃ સ્થાપવા તેઓ નામદારે મોટી સહાયતા આપી હતી. આ ઉશ્કેરણીભર્યા સમયે પોતાના મુરીદોને તેનાથી અલગ રહી સુલેહશાંતિ કાયમ રાખવા તેઓશ્રીએ ફરમાન કર્યું હતું. જેના પરિણામે તેઓશ્રીના ખોજા ઇસમાઇલી મુરીદોએ સેવા બજાવી સુલેહના રક્ષકોને ખરા દિલથી સહકાર આપ્યો હતો, તેમજ ઘણાં હિંદુ–મુસ્લિમ ભાઇઓને આશ્રય આપી તેઓના જીવ બચાવ્યા હતા. આ સમયે તેઓ નામદારની વય આશરે સોળ વર્ષની હતી.

ઇસ્વી સન ૧૮૯૭–હિજરી સન ૧૩૧૫ માં દુકાળનું વાદળ ફરી વળતાં લોકો ઘણાંજ સંકટમાં સપડાઇ ગયા. તે વખતે દુષ્કાળ પિડીત લોકોને અનાજ અને વસ્ત્રો નાતજાતના ભેદભાવ વગર તેઓ નામદારે પુરા પાડયા હતા. સંકટગ્રસ્ત ખેડુતોને બીંયાં, ઢોર, ખેતી માટેના ઓજારો વિગેરે પોતાના ખર્ચે અપાવ્યા હતા. મુંબઇના હસનાબાદ તથા પુનામાં તેઓ નામદાર તરફથી મહિનાઓ વેર સદાવ્રત ચાલુ રહ્યાં હતાં. શહેરના દુષ્કાળ ફંડમાં પણ તેઓશ્રીએ મોટી રકમ ભરી હતી. એ ઉપરાંત પુના ખાતેના યરોડાના વિશાળ વિસ્તારવાળા ભવ્ય "યરોડા પેલેસ"નું બાંધકામ દુકાળિયાઓને સહાયતા આપવા માટે ખાસ હાથ ધરવામાં આવ્યું હતું, જેથી સેંકડો સ્ત્રી પુરૂષો અને બચ્ચાંઓનું પોષણ એ રીતે થવા પામ્યું હતું. એ 'યરોડા પેલેસ' તેઓ નામદારનું હિંદમાનું ખાસ મથક કહેવાય છે. તેને જોવા માટે દેશ પરદેશથી અનેક લોકો વખતોવખત આવે છે અને પોતાની ખુશાલી પ્રગટ કરે છે.

## પ્લેગનો ઉપદ્રવ—પ્રો. હાફકીનને સહાય.

દુષ્કાળ પછી, પ્રથમ મુંબઇમાં અને ત્યારપછી હિંદના અન્ય ભાગોમાં પ્લેગનો ઉપદ્રવ થયો. આ આપત્તિના સમયે મશહુર જંતુશાસ્ત્રી પ્રોફેસર હાફકીનને હિંદી સરકારે મુંબઇ મોકલાવ્યા. તેમણે પ્લેગની રસીઓ તૈયાર કરી પરંતુ લોકો ભય પામીને અચકાવા લાગ્યા, એટલુંજ નહિ પણ એ રસી મરણ નિપજાવનારી છે એવા વહેમને અંગે તેના સામે વિરોધ પણ ઉઠાવ્યો. ઇસમાઇલી કોમમાં પણ એ શંકાની અસર થતાં, મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ પોતાના મુરીદોની એક સભા બોલાવી તેઓને રસી મુકાવવાના ફાયદાઓ સમજાવ્યા અને તેઓની સમક્ષ પોતે પણ રસી

MOWLANA HAZAR IMAM IN THE BERLIN MOSQUE, with Mr. Sadruddin the constructor



મૌલાના હાઝર ઈમામ જર્મનીના પાયતખ્ત બર્લીનની મસ્જીદમાં, તેનાં બાંધનાર મી. સદરૂદીન સાથે આ ચિત્રમાં બેઠેલા દેખાય છે.

મુકાવી ઉત્તેજન આપ્યું, જે જોઇને તેઓ નામદારના મુરીદો ઉપરાંત આમ પ્રજાવર્ગના લોકોનો પણ ધસારો થવા માંડયો અને તેને પ્હોંચી વળવા માટે આગા હોલ-વાડીની બાજુમાં આવેલા "ખુશરૂ લોજ" નામનો પોતાની માલિકીનો બંગલો પ્રોફેસર હાફકીનને તેઓશ્રીએ વ્યવસ્થા કરવા માટે આપ્યો, જેમાં પ્રોફેસરે પોતાની પ્રયોગશાળા પણ સ્થાપી હતી.

આ રીતે તેઓ નામદારે સત્તાવાળાઓને સહકાર અને સહાય આપી પ્રજામાંથી ગેરસમજુતિ અને ખોટો વહેમ દુર કરીને હજારો માનવીઓના જીવ બચાવ્યા અને સાયન્સ તથા મનુષ્યજાતિની મહાન સેવા બજાવી પોતાના મુરીદો અને મુંબઇની પ્રજા પર સુંદર દાખલો બેસાડયો હતો. ડૉ. હાફકીને મૌલાના હાઝર ઇમામનો આભાર માની ઘણી સાલસાઇ દેખાડી. સત્તાવાળાઓને પણ આ સહાયતા અમુલ્ય લાગતાં, ઇંગ્લેંડની બ્રિટીશ સરકારે પણ તેઓ નામદારની મનુષ્ય જાત પ્રત્યેની ઉદાર લાગણીની પ્રશંસા કરી હતી.

## ડૉ. વેનલેસને આર્થિક મદદ.

મીરજની સુપ્રસિધ્ધ હોસ્પીટાલ સ્થાપી હિંદી જનતાની નિઃસ્વાર્થ સેવા બજાવનાર ડૉ. વિલીયમ વેનલેસના સારવારના પરમાર્થી કાર્યમાં પણ તેઓ નામદારે આર્થિક સહાયતા આપી હતી.

તેઓ નામદારની આ પ્રકારની ઉત્તમ સેવાઓને નજર સમક્ષ રાખીને મુંબઇની જનતા તરફથી તેઓશ્રીના માનમાં એક જાહેર "ડીનર પાર્ટી" યોજવા માટે નિર્ણય કરવામાં આવ્યો અને એ બાબતની તેઓ નામદારને જાણ કરવામાં આવી ત્યારે તેઓશ્રીએ સ્વાગત સમિતીના સેક્રેટરીને લખી જણાવ્યું કેઃ—

"જ્યારે હઝારો માણસો ભુખમરાથી પીડાય છે, એવા સમયે હું તમારૂં આમંત્રણ સ્વિકારી શકું તેમ નથી. ભભકાદાર ભોજન સમારંભો અને મિજબાનીઓ પર નાણાં ખર્ચવા સારૂં નથી. પરંતુ બચાવી શકાય એવો એક પણ રૂપીયો દુકાળની આફતમાં સપડાયેલાઓની મદદ માટે ખર્ચવો જોઇએ." (૧.)

## મહારાણી વિકટોરીયાની ડાયમંડ જ્યુબિલી—મુઝફ્ફરાબાદ હોલમાં ભવ્ય સભા.

ઇસ્વી સન ૧૮૯૭=હિજરી સન ૧૩૧૫ માં મહારાણી વિકટોરીયાની ડાયમંડ જ્યુબિલી થઇ હતી એ પ્રસંગે એ કાર્યને પાર પાડવા મુંબઇના શહેરીઓએ પોતાના "લીડર" તરીકે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને પસંદ કર્યા હતા અને તેઓશ્રીના પ્રમુખપદે મુંબઇના "મુઝફ્ફરાબાદ" નામના હોલમાં મુંબઇના શહેરીઓની એક ભવ્ય સભા ભરાઈ હતી તે સમયે તેઓશ્રીના ભાષણની અસરથી એક મોટી રકમ એકઠી થઇ હતી અને તેઓશ્રીએ જાતે પણ એક મોટી રકમ આપવાનું જાહેર કર્યું હતું. સભામાં મહારાણી વિકટોરીયા ઉપર એક માનપત્ર મોકલવાનો ઠરાવ કરવામાં આવ્યો હતો. તે વેળાએ હિંદના નામદાર વાઇસરોય લોર્ડ એલગીનને તે સુપરત કરવા માટે પણ તેઓ નામદારને જનતાના પ્રતિનિધિ તરીકે ચુંટી કહાડવામાં આવ્યા હોવાથી, માનપત્ર પહોંચાડવા તેઓશ્રી સીમલા ગયા હતા, જે અર્પણ કર્યા પછી તેઓશ્રી વાયસરોયના માનવંત પરોણા તરીકે રહ્યા હતા. એ સમયે મૌલાના હાઝર ઇમામની વય માત્ર ૧૯ વર્ષની હતી.

---

૧. ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સ પાનું ૮૭.

આ પ્રસંગે, એક બીજું માનપત્ર, મહાન ઇસ્માઇલી કોમ તરફથી, તેના રૂહાની સરદાર તરીકે, હાથીના આકારની સુંદર કારીગીરીવાળી સોનાની કાસકેટમાં નાખીને તેઓશ્રીએ મહારાણી વિક્ટોરીઆને અર્પણ કર્યું હતું. માનપત્રમાં તેમના પ્રતાપી રાજ્યને ઇરાનના જગપ્રસિધ્ધ નૌશિરવાન આદિલના રાજ્ય સાથે સરખામણી કરવામાં આવી હતી. પોતાના દાદાશ્રીએ અફઘાનિસ્તાન અને સિંધમાં આપેલી સેવાઓ અને સહાયતાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. આ બન્ને માનપત્રો માટે મહારાણી વિક્ટોરીયાએ તેઓ નામદારનો આભાર માન્યો હતો.

## પ્રથમ લગ્ન.

ઇ. સ. ૧૮૯૭ના જાન્યુઆરી માસની તા. ૧૬થી ૨૧મી સુધી અર્થાત હિજરી સન ૧૩૧૪ના શાબાન માસની તા. ૧૨ થી ૧૭ મી સુધી, પાંચ દિવસ પર્યંત લગ્ન સમારંભ રહેવાના ઉલ્લેખ સાથે દરખાનાના મુખી કામડીઆ તથા જમાત તરફથી મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના વિવાહની કંકોત્રીઓ નીકળી હતી. લગ્નમંડપની શોભાવૃધ્ધિ કરવા એશિયા માઇનર, આફ્રિકા, બરમા અને હિંદુસ્તાનમાંના સઘળા દેશાવરોની જમાતોનો મોટો ભાગ પુના ખાતે ઉતરી પડ્યો હતો. પુના ખાતે લગ્ન નિરધારવામાં આવેલા હોઇ ત્યાં ખાતે આશરે ૩૦ હજારની માનવમેદની એકઠી થઇ હતી. લગ્નની શરૂઆત થતાં જમાતોમાં અનહદ ખુશાલી પ્રગટી નીકળી હતી. બહેનો રાસ લઇ ઇમામની પ્રશંસા ગાતી હતી અને પુરૂષો દાંડીયા રાસ અને બીજી રમતો રમી લગ્નપ્રસંગનો ઉમંગ જાહેર કરતા હતા. ખાણીપીણીમાં પણ કાંઇ કચાશ રાખવામાં આવી ન્હોતી. મૌલાના હાઝર ઇમામના પહેલીવારનાં લગ્ન તેઓ નામદારના કાકા આગા જંગીશાહની પુત્રી શાહઝાદી બેગમ સાથે થયા હતા.

## યુરોપની પહેલી મુસાફરી—મહારાણી વિક્ટોરીયાના માનીતા મહેમાન.

ઇસ્વી સન ૧૮૯૮=હિજરી સન ૧૩૧૫ માં હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. યુરોપની પહેલી મુસાફરીએ સિધાવ્યા હતા. તેઓશ્રી યુરોપના જે ભાગોમાં ગયા હતા ત્યાં ઇઝ્ઝત અને માન સહિત તેઓ નામદારને વધાવી લેવામાં આવ્યા હતા. લંડનમાં પણ વિદ્વાન અને રાજપુરૂષોના મંડળોમાં પોતાના ઊંડા જ્ઞાન તથા ઉમદા ગુણોને અંગે તેઓશ્રીએ મહત્વનું સ્થાન સંપાદન કરી લીધું હતું. મહારાણી વિક્ટોરિયાએ તેઓશ્રીને પોતાના "વિન્ડસર કેસલ" નામના રાજમહેલમાં અનેક વખતે પરોણા તરીકે નોતર્યા હતા, એટલું જ નહિ પણ આમ દરબારમાં આમંત્રણ આપી, પોતાની જમણી બાજુની ખુરશી કે જે એક માનનીય બેઠક છે, તેના પર આસન આપી, સનમાન કરી તેઓશ્રીનાં ઉચ્ચ પદની પ્રશંસા કરી હતી.

ત્યારપછી મહારાણી વિક્ટોરિયાએ તેઓ નામદારને પોતાની સાથે ખાણું લેવા અને "વિન્ડસર કેસલ" ના રાજમહેલમાં એક દિવસ રહેવા માટે આમંત્રણ આપ્યું હતું. આ સમયે તેઓ નામદારની વય વીશ વર્ષની હતી, અને મહારાણી વિક્ટોરિયાની વય ૮૦ વર્ષની હતી. આટલી તરૂણાવસ્થામાં પણ જગતના મહાન અને બળવાન રાજ્યના મહારાણીના મન ઉપર પોતાની દાનાઇથી ઉમદા છાપ પાડવા તેઓશ્રી ફતેહમંદ નિવડ્યા હતા. આ બિના ઇતિહાસમાં સોનેરી અક્ષરોએ નોંધાઈ રહી છે.

## કે. સી. આઈ. ઈ. નો ખિતાબ.

ઉપરાંત મહારાણી વિકટોરીયાએ તેઓ નામદારને, તેઓશ્રીએ દુસ્કાળ, દુકાળ અને પ્લેગ વેળાએ આપેલી કિંમતી સેવાઓની પ્રશંસા કરી, કે. સી. આઇ. ઇ. (નાઇટ કમાન્ડર ઓફ ઇન્ડીયન એમ્પાયર) નો માનવંત ખિતાબ અર્પણ કર્યો હતો. પોતાના રૂહાની સરદારને યુવાન અવસ્થામાં મળેલ આવા ઉત્તમ માનથી ઇસમાઇલી ખોજા મુરીદોમાં ખુશી પ્રગટી નીકળી હતી.

આ અવસરે ઇંગ્લાંડના વડા વઝીર લોર્ડ સેલિસબરી, હિંદી વઝીર લોર્ડ જ્યોર્જ હેમીલટન અને નામદાર શાહઝાદા ડયુક ઓફ કોનાટે તેઓ નામદારને દિલોજાન આવકાર આપ્યો હતો. તેઓ નામદાર તે સમયે રાજકીય મંડળોના નામાંકિત પરોણા થઇ પડયા હતા અને ઇંગ્લાંડની પ્રજામાં એક ગૌરવશાળી વ્યકિત તરીકે પ્રસિધ્ધ થયા હતા. આ ઘટના પછી તેઓ નામદાર તથા બ્રિટીશ ગવર્નમેન્ટ વચ્ચેનો સંબંધ વધુ ગાઢ બનવા પામ્યો હતો.

## આફ્રિકાની પહેલી મુસાફરી.

ઇ. સ. ૧૮૯૯=હિ. સ. ૧૩૧૭ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. આફ્રિકા ભણી રવાના થયા, અને ઝંગબાર, બાગામોયા, દારેસલામ વિગેરે ગામોમાં વસતા મુરીદોની મુલાકાત લીધી હતી તેમજ બીજી પ્રજાના સમાગમમાં પણ આવવા પામ્યા હતા. કેટલાક શહેરીઓ તરફથી તેઓશ્રીને માનપત્રો પણ અર્પણ કરવામાં આવ્યા હતા. દારેસલામમાં જમાતખાને પધારી તખ્ત ઉપર બિરાજી જમાતને ઉદ્દેશીને તેઓશ્રીએ મઝહબની ખરી ખુબી સમજાવતાં ફરમાવ્યું કે "જેઓ સુરી નથી તેઓની ઉમેદ સારી નથી. તેઓની એવી ઇચ્છા છે કે બહેસ્તમાં જઇશું, સારૂં ખાશું, સારા લુગડાં અને ઝાઝી સ્ત્રીઓ મળશે; એ ખ્યાલ શરીયતી છે. એટલે બહેસ્ત એ પણ દુનિયા જેવી છે. રૂહની અસલ ઉમેદ છે તે બીજું જવાહીર છે. મૌલાના રૂમીએ કહ્યું છે કે હું પથ્થર હતો, તેમાંથી ઝાડમાં પેદા થયો; તેમાંથી બદલીને કીડીઓમાં પેદા થયો ત્યારબાદ જાનવરોમાં પહોંચ્યો, ત્યાંથી વાંદરામાં આવ્યો, તેમાંથી મટીને ઇન્સાન થયો છું. ઇન્સાનમાંથી મલાએક બની ત્યાંથી પણ ઉંચે જઇશ. તમો વિચાર કરો, ફના થવા જે કોઈ ચાહે અને કોશિશ કરે તે ત્યાં પહોંચી શકે છે, પણ તમારા ગુન્હા તમોને પહોંચવા આપતા નથી, તે વડે તમો કેદખાનામાં પડેલાં છો. કેદમાં તમોને ખોટું બોલવાની આદત બંધાઇ ગઇ છે. તમારી ઉમેદો બહેસ્ત, હુરાંઓ, સારા મેવા વિગેરેની છે એ સરવે આશાએ તમોને કેદ કરેલા છે, પણ "રૂહ" કેદખાનામાં કોઇ વખત ખુશી નથી. જુઓ વિચાર કરો, કોઈ બુલબુલ અથવા બીજા પક્ષીને પકડીને પિંજરામાં પુરી દેવામાં આવે અને તેને પાણી તથા સારી સારી ચીજો ખાવા માટે આપવામાં આવે તો પણ પક્ષી પાંજરામાં રહેવા ખુશી દેખાડશે નહિ. તે હવામાં ઉડી જવા વધારે રાજી હોય છે." રૂહાનીયત વિષે તેઓ નામદારની આ અમુલ્ય શિખામણ છે.

## મહાન રાજ્યકર્તાઓની મુલાકાતે—શહેનશાહ સાતમા એડવર્ડ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ દુનિયા પરના મહાન રાજ્યકર્તાઓની મુલાકાતો લીધી હતી. આટલી યુવાવસ્થામાં તેઓ નામદારને મોટા મોટા માન અકરામો અને ખિતાબો જુદા જુદા રાજ્યકર્તાઓએ અર્પણ કર્યા હતા, જે ઇતિહાસમાં સોનેરી અક્ષરે સદાના માટે નોંધાઇ રહેલી અગત્યની બિના છે.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની નામદાર શહેનશાહ સાતમા એડવર્ડ સાથેની પ્રથમ મુલાકાત ઇસ્વી સન ૧૮૯૮માં "એપસમ"ની ઘોડદોડની શરત વેળાએ થઇ હતી. એ પ્રસંગે નામદાર શહેનશાહની ઇચ્છા અનુસાર તેઓશ્રી "માર્લબર્ગ કલબ"ના એક સભ્ય તરીકે દાખલ થયા હતા, કે જેમાં એ વખતે ફક્ત શહેનશાહની પસંદગી પામેલાઓ અને શહેનશાહના નિકટના સંબંધીઓનેજ દાખલ થવા દેવામાં આવતા હતા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના ઇંગ્લેંડના વસવાટ દરમ્યાન ના. શહેનશાહ સાતમા એડવર્ડ તેઓ નામદારને શહેનશાહના "બકીંગહામ પેલેસ"માં ઘણીવાર ખાનગી સલાહ મસ્લેહતો કરવા આમંત્રણો આપતા હતા. નામદાર શહેનશાહ સાતમા એડવર્ડની વય એ સમયે ૬૭ કે ૬૮ વર્ષની હતી, જ્યારે તેઓ નામદારની વય ૩૦ અને ૩૮ વચ્ચે હતી. નામદાર શહેનશાહના સઘળા પ્રશ્નોના તેઓશ્રી નિખાલસપણે અને સરસ રીતે ખુલાસાઓ આપતા હતા.

## આર્કડયુક-મિકાડો-રશિયાના ઝાર.

યુરોપની મુસાફરી દરમ્યાન તેઓ નામદારની, આર્કડયુક ફ્રાન્સીસ ફર્ડીનન્ડની "રીવીએરા" ખાતે મુલાકાત થઇ હતી. જાપાનની મુલાકાત વખતે તેઓ નામદાર જાપાનના માજી શહેનશાહ મિકાડોને પણ મળ્યા હતા. રોબર્ટ એલ. બેકર પોતાની 'આર્ટીકલ'માં જણાવે છે કે "નામદાર આગાખાન સાહેબે આટલાન્ટીક મહાસાગર ઓળંગી, અમેરિકાના પ્રેસિડેન્ટ થિઓડોર રૂઝવેલ્ટની મુલાકાત લઇને, ચીનાઇ સમુદ્ર પાસે ફિલીપાઇન ટાપુઓમાં વસતા મુસ્લિમોના પ્રશ્ન માટે સલાહ આપી હતી."

ઇસ્વી સન ૧૯૧૨માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ રશિયાની મુસાફરી કરી ત્યારે રશિયાના ઝાર અને ઝારીનાના મોસ્કો ખાતેના શાહી મહેલમાં શાહી પરોણા તરીકે રહ્યા હતા. અત્રેથી તેઓ નામદારે નિરાધાર તુર્કીઓને "બ્રિટીશ રેડ ક્રેસંટ સોસાયટી" મારફતે રૂા. ૩૦,૦૦૦ મોકલાવ્યા હતા અને હિંદ ખાતેના મુસ્લિમોને પોતાના સહધર્મીઓને મદદ કરવા માટે અપીલ કરી હતી.

## જંગબારના સુલતાન.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. આફ્રિકાની મુસાફરીમાં હતા, ત્યારે ત્યાંના મોટા ભાગની પ્રજાની મુલાકાત લીધી હતી, તેમજ જંગબારના નામદાર સુલતાનની મેહમાનદારી દરમ્યાન સુલતાને તેઓ નામદારને "બ્રીલીયન્ટ સ્ટાર ઓફ ઝાંઝીબાર"નો ખિતાબ આપ્યો હતો.

## ઇરાનના શાહ.

નામદાર ઇરાનના શાહની મુલાકાતમાં તેઓ નામદારે ઇરાનમાંના જરથોસ્તીઓની મુશ્કિલીઓ રજુ કરેલ હોવાથી, ઇરાનના શાહ તરફથી તે દુર કરવામાં આવી હતી અને તેના માટે મુંબઇના પારસીઓએ મૌલાના હાઝર ઇમામનો લેખિત ઉપકાર માન્યો હતો, જેનો ઉલ્લેખ થઇ ગયો છે. ઇરાનના નામદાર શાહ તરફથી પણ 'શમ્સુલ હુમાયુન' અર્થાત 'સ્ટાર ઓફ પરશિયા'નો માનવંતો ખિતાબ મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને મળ્યો હતો.

## તુર્કીના સુલતાન.

નામદાર તુર્કી સુલતાન અબ્દુલ હમીદની મુલાકાત મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહે તુર્કી પાયતખ્ત કોન્સટેન્ટીનોપલમાં લીધી હતી. નામદાર સુલતાને તેમને ભારે આવકાર આપ્યો હતો. લાંબા વખત સુધી આ બન્ને મહાન વ્યકિતઓએ વાતચીત કરી હતી. ઇસ્લામી આલમમાં આ મુલાકાત વિસ્મય પમાડનારી થઇ પડી હતી. કેન્ટબરીના આર્કબિશપ રોમના પોપની વિધીસર મુલાકાત લે એવી આ મુલાકાત હોઇ, લોકોને કાંઇ નવાઇ ઉપજી હતી; કારણ કે નામદાર સુલતાન અહલે સુન્નતના ખલીફા, જ્યારે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. શીયાઓના વંશપરંપરાના ઇમામ. આ મુલાકાતને ઇસ્લામી જગતે અર્થસુચક માની હતી. તુર્કીના આ પ્રવાસ દરમ્યાન નામદાર સુલતાને, મૌલાના હાઝર ઇમામને 'સ્ટાર ઓફ ટર્કી'નો માનવંતો ખિતાબ અર્પણ કર્યો હતો.

## જર્મન શહેનશાહ વિલીયમ કયસર.

ઇસ્વી સન ૧૯૦૦ની શિયાળાની ઋતુમાં પોસ્ટડામ ખાતેના 'ન્યુ પેલેસ'માં તેઓશ્રીએ જર્મન શહેનશાહ વિલીયમ કયસરની પણ મુલાકાત લીધી હતી. આ વેળા તેઓ નામદારનું ઘણું સન્માન કરવામાં આવ્યું હતું. રોબર્ટ એલ. બેકરે પોતાની 'આર્ટીકલ'માં જણાવ્યા પ્રમાણે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને જર્મનીના નિવાસ દરમ્યાન "ફર્સ્ટ કલાસ પ્રુશિયન ઓર્ડર ઓફ ધી રોયલ ક્રાઉન"નો પહેલા દરજ્જાનો ખિતાબ ઇનાયત કરવામાં આવ્યો હતો. આ ખિતાબ જર્મન રાજકુટુંબીઓને અપાતા ટાઇટલોમાંનો એક છે કે જે વિલીયમ કયસરે તેઓ નામદારને અર્પણ કર્યો હતો. જર્મન રાજ્ય તરફથી એશિયાના કોઇપણ વતનીને આવું માન મળ્યું હોય તો તે મૌલાના હાઝર ઇમામ પહેલાજ છે.

## ઈરાનમાં ઈસમાઈલી મુરીદોનું સંસ્થાન.

૧૮૯૩ થી ૧૯૦૧ સુધી ઇરાનમાં મુસાફરી કરનાર મેજર સાઇક્સ પોતાની કૃતિમાં જણાવે છે કે, ઇરાનના દક્ષિણ ભાગના પહાડી પ્રદેશોમાં આવેલા 'કાઇન' અને 'બીર્જંદ' વચ્ચેના અર્ધે રસ્તે 'દેહ' નામનું ગામડું આવેલું છે. ત્યાં નામદાર આગાખાન સાહેબના મુરીદોનું એક સંસ્થાન વસેલું તેમણે જોયું હતું. ત્યાંની ઇસમાઇલી જમાતના મુખી મુરાદ મિરઝા એક સૌંદર્યશાળી અને દેખાવડા યુવાન હતા. આ વિસ્તારમાં એક હજાર ઇસમાઇલી કુટુંબો રહેતા હતા. તેઓ પોતાની કમાણીનો દશમો ભાગ અર્થાત 'ઉશ્ર' નામદાર ત્રીજા આગાખાનને મોકલી આપતા હતા.

## પંજેભાઈ કલબની સ્થાપના—સિંધ, કાઠિયાવાડનો પ્રવાસ.

ઇસ્વી સન ૧૯૦૦ના મે માસની તા. ૨૮મીના દિને હિજરી સન ૧૩૧૮માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની પેટ્રોનેજ હેઠળ દીનભાઇઓમાં ભાતૃભાવ અને ઐકયતાનો વધારો કરવા, હરવા ફરવા અને નિર્દોષ રમત ગમતો રમવાના હેતુસર એક 'કલબ'ની સ્થાપના કરવામાં આવી હતી. જેનું નામ "પંજેભાઇ કલબ" રાખવામાં આવ્યું હતું અને તેના ખર્ચને પહોંચી વળવા તેઓ નામદારે વાર્ષિક રૂા. ૩૬૦૦ની બાદશાહી રકમ કૃપાદષ્ટિ કરી બક્ષિસ ફરમાવી હતી. હાલમાં એ કલબને "આગાખાન જીમખાના" સાથે જોડી દેવામાં આવી છે.

આજ પ્રકારની કલબો, કરાચી, અમદાવાદ તેમજ જંગબાર, દારેસલામ, મોમ્બાસા, નઇરોબી, કિસુમુ અને કમ્પાલા વિગેરે આફ્રિકાના અન્ય મુખ્ય ગામોમાં પણ હસ્તીમાં આવેલી છે, જે સર્વે "આગાખાન કલબ" ના નામે ઓળખાય છે.

એજ વર્ષના ફેબ્રુઆરી મહિનામાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. સિંધની મુસાફરીએ સિધાવ્યા હતા. વળતા એપ્રિલ મહિનામાં કાઠિયાવાડ ખાતે જામનગરમાં જામ સાહેબના માનનીય પરોણા તરીકે રહ્યા હતા અને પોતાના મુરીદોને મુલાકાતો આપી ધાર્મિક કામકાજે ઊકેલ્યા હતા.

## મહારાણી વિક્ટોરીયાનું અવસાન.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. જર્મનીમાં હતા, એ દરમ્યાન ઇસ્વી સન ૧૯૦૧ ના જાન્યુઆરી માસની તા. ૨૨ મીએ=હિજરી સન ૧૩૧૮માં નામદાર મહારાણી વિક્ટોરીયાનું અવસાન થયું હતું. આ દિલગીરીભર્યા સમચાર મળતાં, તેઓ નામદાર તરતજ લંડન દોડી ગયા હતા. નામદાર મહારાણીની પાયદસ્તની ક્રિયા તા ૨ જી ફેબ્રુઆરીના દિને કરવામાં આવી હતી. તેઓશ્રીએ એ ક્રિયામાં શામિલ થઇ મહારાણીની કોફિન પર એક સુંદર તુર્રો અર્પણ કર્યો હતો, જે સઘળા તુર્રાઓથી ભવ્ય હતો. હિંદુસ્તાનની ઇસમાઇલી જમાતોને ત્રણ દિવસ સુધી શોક પાળવા પણ તેઓ નામદારે હુકમ કર્યો હતો.

## ઇસ્નાઅશરી ખોજા જુદા પડયા.

ખોજા જમાતોમાં એ સમયે ઇસ્નાઅશરી મુલ્લાં, કરબલાઇઓ અને અન્ય મોલવીઓનો પગદંડો મજબુત થતાં, ઇસ્માઇલી ધર્મ વિરૂધ્ધ દોરવણી થવા લાગી, જેથી કેટલીક બેદીલી પ્રસરી; પરિણામે ઈ. સ ૧૯૦૧=હિજરી સન ૧૩૧૯ માં કેટલાક ખોજા કુટુંબો જુદા પડી ઇસ્નાઅશરી નવી જમાત ઉભી કરી, મૂળ ઇસ્માઇલી જમાત સાથેનો વહેવાર તોડી નાખ્યો હતો. બારભાયા જમાત હસ્તીમાં આવ્યા પછી આશરે ત્રીસ વર્ષે આ બીજો ફાંટો પડયો હતો.

## શહેનશાહની તાજપોષી.

નામદાર શહેનશાહ એડવર્ડ સાતમા ગાદી પર આવે તે અગાઉ બીમારીથી પટકાઇ પડયા હોવાથી તા. ૨૬ જુન ઈ. સ. ૧૯૦૨ ના નિરધારેલી તેમની તાજપોષીની ક્રિયા મુલત્વી રાખવામાં આવી. નામદાર શહેનશાહ ઉપર વાઢકાપ કરવામાં આવી તે વેળાએ મુખ્ય સલાહકાર મૌલાના હાઝર ઇમામ હતા અને વાઢકાપ સમયે પણ તેઓ નામદાર છેવટ સુધી એક કુટુંબીજન હોય તે પ્રમાણે હાજર રહ્યા હતા. નામદાર એડવર્ડ આ બીમારીમાંથી સાજા થયા પછી ઇ. સ. ૧૯૦૨ ના આગસ્ટની ૨ જી તારીખે તેમની તાજપોષીની ક્રિયા થઇ હતી, તેમાં પણ તેઓ નામદાર ખાસ પરોણા હતા.

મહાન બ્રિટીશ શહેનશાહ એડવર્ડ સાતમાના રાજ્યાભિષેક સમયે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહે ઇંગ્લાંડની ત્રીજી વાર મુલાકાત લીધી હતી. તે સમયે તાજપોષીની ક્રિયામાં ભાગ લેવા માટે તેઓ નામદારને શહેનશાહનું ખાસ આમંત્રણ હતું. એ પ્રસંગે મૌલાના હાઝર ઇમામ પોતાના દુનિયા પર વસતા જુદા જુદા ભાગના મુરીદો તરફથી કેટલાક માનપત્રો સાથે લેતા ગયા હતા. જે સઘળા માનપત્રો પંદર હજાર રૂપીયાના ખર્ચે બનાવેલી ખાસ એક સુંદર કાસકેટમાં મુકીને નામદાર શહેનશાહને અર્પણ કરવામાં આવ્યા હતા.

તાજપોશીના દિવસની આગલી સાંજે શહેનશાહના બકીંગહેમ પેલેસમાં અપાયેલી શાહી પાર્ટીમાં હાજર રહેવા નામદાર શહેનશાહે તેઓશ્રીને નોતર્યા હતા. પરોણાંઓમાં નામદાર ડયુક ઓફ ગ્રોનાટ, પ્રિન્સ ક્રિશ્ચીયન ઓફ સેલ્સવીગ હોલસ્ટીન તથા પ્રાઈમ મીનીસ્ટર અને સંસ્થાન ખાતાના વડા પ્રધાન વિગેરે હતા, જેઓએ તેઓ નામદારને આગલે દિને મુલાકાતનું માન આપ્યું હતું. આ પ્રસંગે નામદાર શહેનશાહ તથા શહેનશાહબાનુ સાથે તેઓ નામદારે જમણુ લીધું હતું.

## જી. સી. આઇ ઈ. નો ખિતાબ.

તા. ૧૩ મી જુને લંડનમાં અપાયલા સીવીલ સરવીસના ખાણા ઉપર તેઓ નામદારે ભાષણ કરતાં જણાવ્યુ હતું કે, હિન્દ ખાતે વાયસરોય રોયલ ફેમીલીમાંથી આવવો જોઇએ કે જે લાંબો સમય પ્રજામાં રહીને ઇંગ્લાંડ-ઇન્ડીઆની એકયતા સાધી શકે. મજકુર ભાષણ પહેલેથી છેલ્લે સુધી ભારે પ્રશંસા પામ્યું હતું. બીજે દિવસે નામદાર પ્રિન્સ ઓફ વેલ્સે લીધેલી લશ્કરી કવાયદની તપાસ લેવા પોતા સાથે આવવા તેઓ નામદારને આમંત્રણ આપ્યું હતું.

એ પ્રસંગે ઘણા રાજારજવાડાઓની હાજરી હતી, તેમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની પધરામણી મુખ્ય ધ્યાન ખેંચનારી થઇ પડવા સાથે મોટા મોટા રાજ્યના ઓધ્ધેદારો તેઓ નામદારની ખાસ મુલાકાત લઇ કેટલીક રાજદ્વારી ખબરો મેળવવા પડાપડી કરી રહ્યા હતા, જેથી તેઓ નામદારને જરા પણ અવકાશ નહિ મળતાં ઘણા રોકાયેલા રહેતા હતા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને બ્રિટીશ ગવર્નમેન્ટ તરફથી ઇ. સ. ૧૯૦૨ના જુન માસની તા. ૨૬ મીના દિને=હિજરી સન ૧૩૨૦ ગ્રાન્ડ ક્રોસ ઓફ ધી ઇન્ડીયન એમ્પાયર (જી. સી. આઇ. ઈ.) નો માનવંતો ખિતાબ અર્પણ કરવામાં આવ્યો હતો.

## નવાબ મુહસિનુલ મુલ્ક અને અલીગઢ કોલેજની પૂર્વસ્થિતિ.

મહાન કેળવણીકાર સર સૈયદ એહમદ ઉચ્ચ કેળવણીનો મુસ્લિમોમાં ફેલાવો થાય તેના માટે સખ્ત પરિશ્રમ ઉઠાવતા હતા. ઉત્તર હિંદુસ્તાનમાં આ હેતુસર, તેમના જીવન દરમ્યાન એક વગદાર કમીટી બનાવવામાં આવી હતી. કહેવાય છે કે અંગ્રેજી શિક્ષણની અસરથી ઇમાન જતું રહે છે એવો ખોટો વહેમ લોકોમાં ઘુસી જવાથી પ્રથમ તેઓની ઘણીજ વિરૂધ્ધતા થઈ, પરંતુ અંતે તેઓની મક્કમતા અને ધીરજના પરિણામે ઈ. સ. ૧૮૭૫ માં "અલીગઢ કોલેજ" હસ્તીમાં આવી.

પરંતુ જ્યારે સર સૈયદ એહેમદની જગ્યાએ મુહસિનુલ મુલ્ક આવ્યા ત્યારે અલીગઢ કોલેજની આર્થિક સ્થિતિ કટોકટીભરેલી હતી. નવાબ મુહસાનલ મુલ્ક ઘણાજ વિદ્વાન અને ડાહ્યા પુરૂષ હતા, પરંતુ જે ઉદ્દેશો ખાતર અલીગઢ કોલેજની સ્થાપના થઇ હતી તે ઉદ્દેશો જોખમમાં આવી પડયા હોવાથી, નવાબ મુહસિનુલ મુલ્ક પોતાથી બનતા સઘળા ઇલાજો વડે અલીગઢ કોલેજને નવા બંધારણ પર મુકવા સતત પ્રયાસે કરી રહ્યા હતા. મુસ્લિમ એજ્યુકેશનલ કોન્ફરન્સ તેમને ઘણી સહાયક થઇ પડી અને ઘણા જરૂરી પ્રસંગો વખતે, આ કોન્ફરન્સ તેમને મદદ કરતી હતી. પરંતુ જ્યારે આ કોન્ફરન્સ રાજધાનીના શહેર દિલ્હીમાં ઇ. સ. ૧૯૦૩ના રાજ્યાભિષેકના દરબાર વખતે મળવાની હતી, ત્યારે નવાબ મુહસિનુલ મુલ્કની નજર મૌલાના હાઝર

ઇમામ નામદાર આગાખાન સાહેબ તરફ ગઇ અને તેમણે તેઓ નામદારને પ્રમુખસ્થાન સ્વીકારવા માટેનું આમંત્રણ આપ્યું.

આ એક એવો વખત હતો કે જે વેળા રૂઢીચુસ્ત લોકોનું બળ બહુ જોર પર હતું, છતાં એ વખતના મુસ્લિમોના મુખ્ય આગેવાનો, નવાબ વિકારૂલ-મુલ્ક અને મોહસિનુલ-મુલ્કે હિમ્મત કરી, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ જેવા બુલંદબખ્તવાળા અને ભાવિની ઝળકતી આશા આપનારા એક યુવકની અન્ય પાકટ વયના અને અનુભવી લોકો પર પસંદગી આપી હતી અને તેઓએ રાખેલ ઉમેદ પણ પુરી થઇ હતી, તે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે મજકુર કોન્ફરન્સમાં પ્રમુખ તરીકે નિડરતાથી ઉચ્ચારેલા ઉદગારો પરની સિધ્ધ થઇ જાય છે. એવાજ આશયની ભાવના માટે સર સૈયદ એહમદ વિરૂધ્ધ ફતવાઓ કહાડવામાં આવ્યા હતા, તે અત્રે ભુલી જવું જોઇતું નથી.

## સર સૈયદ એહમદના આત્મોદગાર.

અલીગઢ કોલેજના સ્થાપક સર સૈયદ એહમદ હમેશાં કહેતા હતા કે એક વીર પુરૂષ ગયબમાંથી આવશે તે કાર્ય સંપૂર્ણ કરશે. એ અર્થસુચક શએર આ પ્રમાણે છે:—

મર્દી અઝ ગયબ બીરૂન આયદ વ કારી કુનદ.

## અખિલ હિંદ મુસ્લિમ કેળવણી પરિષદ—મૌલાના હાઝર ઇમામ પ્રમુખસ્થાને.

આ વર્ષની ઓલ ઇન્ડીઆ મુસ્લિમ એજ્યુકેશનલ કોનફરન્સ-અખિલ હિંદ કેળવણી પરિષદની બેઠક એક ઘણાજ સુભ પ્રસંગે ભરવામાં આવી હતી, કારણ કે એ સમયે "દિલ્હી દરબાર" ભરવાનો હોવાથી એક માનનીય પરોણા તરીકે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ તથા સમગ્ર હિંદુસ્તાનના ઘણા ખરા નવાબો તથા નામાંકિત પુરૂષોની એ સમયે હાજરી હતી, જેઓ સઘળા મજકુર પરિષદમાં ભાગ લેવા શકિતમાન થયા હતા. આ પરિષદમાં એ સમયના હિંદ સેનાપતિ મર્હુમ લોર્ડ કિચનર અને મુંબઇના એ વખતના ના૦ ગવર્નર લોર્ડ નોર્થકોટ અને અર્લ ઓફ પ્રેમબ્રોક, સયુંક્ત પ્રાંતના લેફટેનન્ટ ગવર્નર સર જેમ્સ લાટુશ, સર ડોનાલ્ડ રોબર્ટસ, સર ડેવિડ, સર મનચેરજી ભાવનગરી વિગેરે હતા. બીજા ખાસ અંગ્રેજ અધિકારીઓ ઉપરાંત ઇસ્લામી શાએર મૌલવી અલતાફ હુસેન તથા મશહુર ઇતિહાસકાર શમ્સુલ ઉલ્મા મૌલવી શિબલી નોઅમાની તથા ઘણા મોટા મોટા અને નામાંકિત મુસ્લિમો ખાસ હાજર રહ્યા હતા.

આ પરિષદનું પ્રમુખસ્થાન સ્વીકારી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે મુસ્લિમ યુનિવર્સિટીની હિલચાલને સફળ બનાવવા અને તેને વ્હેવારૂ સ્વરૂપ આપવા અનહદ પ્રયાસો કર્યા હતા. તેઓ નામદારે એ પ્રસંગે પ્રમુખ તરીકે ઘણુંજ સરસ અને મનનીય ભાષણ કર્યું હતું.

## યુનિવર્સિટિ સ્થાપવાનો હેતુ પાર પાડવા મૌલાના હાઝર ઇમામની તાકીદ.

તેઓ નામદાર યુવકે પ્રમુખસ્થાનેથી અત્યંત છટાદાર ભાષણમાં મુસ્લિમો કેવી સ્થિતિમાં આવી પડેલા છે તે તરફ લોકોનું લક્ષ ખેંચતા જણાવ્યું કે :—

"જે લોકોએ યુરોપના મધ્યભાગમાં કેળવણીનો દીપક પ્રગટાવ્યો હતો અને કાર્ડોવા તથા બગદાદમાં ઉચ્ચ કેળવણીનો પાયો નાખ્યો હતો તેજ લોકોના વંશજો આજે અજ્ઞાનતાના અંધકારમાં ડુબેલા પડયા છે." એ સુસ્તી અને બેદરકારીમાંથી જાગૃત થઇને સત્વર એક જુદીજ યુનિવર્સિટી સ્થાપવાનો આદર્શ જલ્દી પાર પાડવાની જરૂરિયાત દર્શાવી, તેઓ નામદારે અલીગઢના મોટેરાઓને પોતાના ભાષણમાં તાકીદ કરી હતી.

## મુસ્લિમ યુનિવર્સિટીના આદર્શની રૂપરેખા.

વધુમાં તેઓ નામદારે, પરદાની હાનીકારક રૂઢીને વખોડી કાઢી, કેટલાક ધર્મયુધ્ધોમાં ઇસ્લામી સ્ત્રીઓએ ઘવાયેલાઓની સારવાર કરવા માટે જાહેર ભાગ લીધો હતો તેની યાદ પોતાના ભાષણમાં અપાવી હતી. શહીદોના સ્મારકો જાળવવા માટે અને હજ પાછળ રોકવામાં આવતા નાણા અને સમયમાંથી બચાવ કરી યુવાન મુસ્લિમોની કેળવણીના કાર્યમાં ખર્ચવા, તેમજ સાચા મુસ્લિમોનું પહેલું કર્તવ્ય, ફકત એકાંતવાસમાં જીંદગી ગુજારવામાં નહિ પણ પોતાના દેશની સેવા બજાવવામાં સમાયેલું છે, એ હઝરત પયગમ્બર સ૦, ખલીફ હઝરત અબુબકર, હઝરત ઉમર અને હઝરત અલીના દ્રષ્ટાંતો તરફ ઇશારો કરી ખાત્રી કરાવી હતી.

ત્યારપછી તેઓ નામદારે ઇસ્લામની બુધ્ધિવિષયક અને નૈતિક પડતીના કારણો દર્શાવીને, મુસ્લિમોની વધતી જતી અધોગતિ અટકાવવા અને ઇસ્લામનો જીર્ણોધ્ધાર કરવાના સાધન માટે એક કરોડ રૂપીયાની જરૂરિયાત દર્શાવી હતી કે જે વડે એક નમુનેદાર યુનિવર્સિટિ સ્થાપી આ સઘળી ખામીઓ દુર કરી શકાય.

છેવટે તેઓ નામદારે ટીકા કરતાં કહ્યું: "જો આપણો એ આદર્શ પુરો ન પડે તો તેમ થવાનું પહેલું કારણ આપણી અંદર રહેલો સ્વાર્થરૂપી શયતાન પરમાર્થરૂપી ફિરસ્તાને હજમ કરી ગયો છે અને બીજું આપણા ધર્મ અને પ્યારા નબી માટે પૂજ્યભાવ આપણે ધરાવીએ છીએ તે માત્ર આપણી જીભનીજ વફાદારી છે. શું આપણા નામાંકિત ઇસ્લામ ધર્મને ગઇ જાહોજલાલીવાળી સ્થિતિમાં પાછો લાવવા માટે આવો નાનો સરખો પણ ભોગ આપણે ન આપી શકીએ?"

## મુસ્લિમ યુનિવર્સિટિજ મુસ્લિમ આદર્શો ઘડી શકે.

આ ઇસ્લામી વિદ્યાલયની સ્વતંત્ર હિલચાલથી અલગ રહેવાનું પરિણામ હાનિકર્તા નિવડશે એવો ભય બતાવી હિંદુ બંધુઓ સામે પડયા હતા, તેમને મુસ્લિમ પ્રતિનિધિ તરીકે ઇ. સ. ૧૯૦૩= વિ. સ. ૧૩૨૧ માં મુંબઇ ખાતે ડિસેમ્બરમાં મળેલી ઓલ ઇન્ડીઆ મહોમેડન એજ્યુકેશનલ કોનફરન્સની રિસેપશન કમિટી (સ્વાગત સમિતી)ના સરનશીન તરીકે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ પોતાના ભાષણમાં અસરકારક દલીલો સહિત સચોટ જવાબ આપ્યો હતો, અને જણાવ્યું કે: "એ તો સ્પષ્ટ છે કે ઘણા મુસ્લિમો બનારસ હિંદુ યુનિવરસિટિને વધાવી લેશે પણ હિંદુ વાતાવરણવાળી યુનિવર્સિટિની ખાએશ તેઓને જરાપણ ન હોય, એથી મુસ્લિમ યુનિવર્સિટી સ્થાપવાની ના પાડવી એ તો બેહુદી વાત છે."

બીજું કારણ તેઓ નામદારે એ પણ દર્શાવ્યું હતું કે: "ઇસ્લામનો ઇતિહાસ એવો ગૌરવભર્યો છે કે તેમાં ઉદાર સ્વભાવવાળા પાત્રો ઘણા છે અને ભૂતકાળની જાહોજલાલી શુરવીરતાના

ચિત્રોથી એટલી બધી ભરપુર છે કે જેનાથી મુસ્લિમ બાળકોને સ્વાર્થત્યાગ, આત્મપરાયણતા અને ચારિત્રની સ્વતંત્રતાની જરૂરી સમજણ નાનપણથીજ મળવા પામશે અને એવી સમજણ વિનાની કેળવણી અને જ્ઞાન કોઇ પણ પ્રજા માટે નકામા છે."

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું કે:—"આપણા લોકોને નુકશાન કરનારા રિવાજો ધાર્મિક ક્રિયાઓ સાથે સેંકડો વર્ષથી એવા તો મળી ગયા છે કે ઘણાં કેળવાયેલા મુસલમાનો પણ હઝરત મુહમ્મદ સ.ના હુકમો અને દુન્યવી રિવાજોમાં કાંઇ ભેદ સમજી શકતા નથી અને તેને અંગે ઇસ્લામને એ રિવાજો માટે ખોટી રીતે જવાબદાર ઠેરાવવામાં આવ્યો છે."

હિંદુ-મુસ્લિમ એકતાના નમુના તરીકે તેઓ નામદારે બનારસની હિંદુ યુનિવર્સિટિને રૂપીયા ૫,૦૦૦ની એક નાદર રકમ દરભંગાના મહારાજા હસ્તક ભેટ કરી હતી. તે પછી રૂપીયા ૫,૦૦૦ની બીજી રકમ મુંબઇ ખાતે માધવબાગની સભામાં પધારીને જાહેર કરી હતી.

## અલીગઢ યુનિવર્સિટિ માટે આર્થિક મદદ

ઇ. સ. ૧૯૧૧માં અલીગઢ કોલેજને મુસ્લિમ યુનિવર્સિટીમાં ફેરવી નાંખવાની હિલચાલ વખતે તેના ફંડની શરૂઆતમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે રૂા. ૧,૨૫,૦૦૦ (સવાલાખ રૂપીયા)ની બાદશાહી રકમ આપી હતી. એટલુંજ નહિ પણ ઇસ્લામના હિમાયતી તરીકે હિંદુસ્તાનના એક ખુણાથી બીજા ખુણા સુધી ઘેર ઘેર એક દરવીશ તરીકે "સાદ" નાંખી રૂા. ૩૦,૦૦,૦૦૦ (ત્રીસ લાખ રૂપીઆ)ની ગંજાવર રકમ મેળવી આપી હતી.

## અલીગઢ કોલેજને ગ્રાંટ—વધુ સહાયતા.

અલીગઢ કોલેજમાં ભવિષ્યમાં મહાન નરો પેદા થશે એવા આશયથી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે તેને વાર્ષિક ૬,૦૦૦ની ગ્રાંટ આપતા હતા, તે વધારીને ૧૨,૦૦૦ની કરી આપી હતી અને પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે શહેનશાહ જ્યોર્જ પંચમ હિંદમાં પધાર્યા ત્યારે તેઓ નામદારે "પ્રિન્સ ઓફ વેલ્સ સ્કુલ ઓફ સાયન્સ"નો પાયો નાખીને રૂા. ૩૫,૦૦૦ની નાદર રકમ બક્ષિસ કરી હતી. આ ઉપરાંત પોતાના મુરીદો પાસેથી પણ લાખો રૂપીયા મેળવી આપ્યા હતા. વળી આ સંસ્થામાંથી ઉચ્ચ કેળવણી લેવા જે વિદ્યાર્થીઓ યુરોપ જાય તેને સહાયતા આપવા અર્થે વાર્ષિક રૂપીયા ૩,૦૦૦ (ત્રણ હજાર)નું વર્ષાસન પણ બાંધી આપ્યું હતું. જેમાંથી પહેલવહેલી સહાયતા હિંદની વડી ધારાસભાના એક વખતના મુસ્લિમ સભાસદ ડૉ. ઝિયાઉદીન એહમદે મેળવી હતી.

## ગુજરાત-કચ્છ-કાઠિયાવાડની જમાતોની મુલાકાતે.


ઇ. સ. ૧૯૦૩=હિજરી સન ૧૩૨૧માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. પોતાના મુરીદોની મુલાકાત લેવા મુસાફરીએ રવાના થયા હતા. તેઓશ્રી સુરત, અમદાવાદ, વઢવાણ, સિધ્ધપુર, રાજકોટ, મંજેવડી, જામનગર, અને ત્યાંથી કચ્છ ખાતે સિધાવ્યા. કચ્છ, મુંદ્રા, ભદ્રેસર, નાગલપુર, કેરા વિગેરેની મુસાફરી અકટોબર માસથી શરૂ કરીને ડીસેમ્બર માસમાં પૂર્ણ કરી હતી. આ પ્રસંગે રાજારજવાડાઓએ તેઓશ્રીને ઘણું માન આપી દિલોજાનથી સત્કાર કર્યો હતો.

MOWLANA HAZAR IMAM with the Office-bearers and Members of the Karachi Imami Ismailia Council who were nominated nearly 40 years ago.



કરાચી ઇમામી ઇસ્માઇલી કાઉન્સીલની ૪૦ વર્ષ પહેલાં સ્થાપના થઇ તે સમયે **મૌલાના હાઝર ઇમામ**નો તેના ઓધ્ધેદારો અને સભ્યો સાથેનો ગ્રુપ ફોટો ઇ. સ. ૧૯૩૨ માં કાઉન્સીલે પોતાની સિલ્વર જ્યુબિલી ઉજવી હતી.

"HIGHLAND" KARACHI: THE BIRTH PLACE OF MOWLANA HAZAR IMAM.



"મુહમ્મદ ટેકરી" કરાચી: મોલાના હાઝર ઇમામનું જન્મસ્થળ.
(જુઓ પાનું ૪૫૩)

## ઇમ્પીરીયલ લેજીસ્લેટીવ કાઉન્સીલમાં નિમણુંક—નિમક પરના કર માટે લડત નિરક્ષરતા નાબુદ કરવા અને ભણતર પ્રથા માટે ઝુંબેશ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ.ની ઈ. સ. ૧૯૦૩માં ઇમ્પીરીયલ લેજીસ્લેટીવ કાઉન્સીલના મેમ્બર તરીકે નિમણુંક કરવામાં આવી હતી અને એ વોયસરોયની કાઉન્સીલમાં સૌથી યુવાન સભ્ય તેઓ નામદાર હતા. તેઓ નામદારે રજવાડાઓમાં રોકાયલા ઇમ્પીરીયલ સરવીસના સૈનિકોને સરખા હક આપવાની યોજના ધારાસભામાં રજુ કરી હતી. નિમક પરના કર માટે લડત ચલાવી તેમાં ઘટાડો કરાવ્યો હતો અને ભવિષ્યમાં એ કર તદન કહાડી નાખવા માટેની હિમાયત કરી હતી. ઇન્કમટેક્ષ (આવક વેરા)ની લડતમાં તેઓ નામદારે મધ્યમ વર્ગને રૂપીઆ હજારની આવક પર વેરો કાયમ રાખવાથી સહન કરવું પડશે. તે માટે તેનાથી વધારે આવક પર કર નાખવા માટે ભાર મુકયો હતો. તેઓ નામદારે 'ફરજિયાત કેળવણી' અને 'હાલની ભણતરની પ્રથા નાબુદ કરવા' માટે ઝુંબેશ ચલાવી હતી અને એ વિષે કાઉન્સીલમાં તેઓ નામદારે ભાષણ પણ કર્યું હતું. જે નિખાલસ ઉદ્‌ગારોવાળું હતું, જેમાં વિચારોની ગંભીરતા અને મધ્યમતા એ બે ખાસ ચિન્હ હોવાથી સરકાર અને જનતામાં અતિ ઘણું પ્રશંસા પામ્યું હતું. "ટાઇમ્સ ઓફ ઇન્ડીયા"એ તેઓ નામદારના એ ઉમદા ભાષણ માટે પ્રશંસાના શબ્દો લખ્યા હતા અને એ વખતના વાયસરોયે તેઓશ્રીને મુબારકબાદી આપી હતી, કારણ કે એ ભાષણ સદંતર મૌલિક હતું અને તેમાં તેઓ નામદારનો સ્વદેશાભિમાનનો જુસ્સો દેખાઇ આવ્યો હતો.

## આફ્રિકાના મુરીદો માટે લડત.

આફ્રિકામાંના એક ફ્રેન્ચ સંસ્થાન માડાગાસ્કરમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના મુરીદો મોટી સંખ્યામાં વસે છે. ઇ. સ. ૧૯૦૫માં ત્યાંની ન્યાયની અદાલતમાં ખોજા આસામીઓનો દાવો ચાલતાં મુંબઇની હાઇકોર્ટ (વરિષ્ઠ અદાલત)ના પહેલા મુસ્લિમ ન્યાયાધિશ ઓન. મી. જસ્ટીસ બદરૂદીન તૈયબજીએ મુંબઇના ફ્રેન્ચ કોનસલ ઉપર એક પ્રમાણપત્ર લખી આપી ઇસમાઇલી ખોજાઓના સંબંધમાં ત્યાં ખાતે ફેલાયેલી ગેરસમજુતી દુર કરી હતી.

સમરસેટ હાઉસ,  
ખંબાલા હીલ, મુંબઇ, તા. ૫મી માર્ચ ૧૯૦૫.

**મોનસ્યોં લુઇ પીયેર વોશોંઇ, ફ્રેંચ કોનસલ, મુંબઇ.**

વહાલા સાહેબ,

હીઝ હાઇનેસ સર સુલતાન મુહમ્મદ શાહ આગાખાનના પક્ષને લગતા ખોજાઓના ધર્મ સંબંધી એક અગત્યનો સવાલ માડાગાસ્કરમાં ઉભો થયો છે એમ મારા જાણવામાં આવ્યું છે. મને થોડી એવી પણ ખબર આપવામાં આવી છે કે મજકુર લોકો મુસલમાન નથી પણ હિંદુ અથવા બૌદ્ધ મતના છે એમ કેટલીક જગ્યાએ ચોકસ રીતે જાહેર કરવામાં આવ્યું છે; જેથી કરીને ઘણી ખુશીની સાથે હું સર્ટીફીકેટ આપુ છું કે, મજકુર ખોજાઓ હિંદુ પણ નથી, તેમ બૌધ્ધ મતના પણ નથી, પણ તેઓ શીઆ ઇસમાઇલીયા સંપ્રદાયના ખરા મુસલમાન છે, અને નામદાર સુલતાન મુહમ્મદ આગાખાન જે આ સંપ્રદાયના ઉપરી છે, તે નબી મુહમ્મદ મુસ્તફાના જમાઇ અને ખલીફ હઝરત અલીના વંશમાંથી સીધી નસલે ઉતરી આવેલા છે.

એટલું તો ખરૂં છે કે ખોજાઓ કેટલાક સેંકડો વર્ષ પહેલાં ઇસ્લામ ધર્મમાં આવ્યા તે અગાઉના રીત રિવાજોમાંના કેટલાક રીત રિવાજો તેઓના ઇસ્લામ ધર્મમાં આવ્યા પછી પણ તેઓમાં ચાલુ હતા, પણ આ રીત રિવાજ અને ખાસ કરીને વારસાહીસ્સાને લગતા રિવાજો સિવાય તેઓ દરેક રીતે ઇસ્લામ ધર્મને ખરી રીતે માનનારાઓ છે.

લી૦ હું છું,
આપનો આજ્ઞાંકિત
(સહી) બદ્રૂદીન તૈયબજી.

## પરશિયન ગલ્ફની મુસાફરી.

ઇ. સ. ૧૯૦૫=હિ. સ. ૧૩૨૩ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. પરશિયન ગલ્ફની મુસાફરીએ સિધાવ્યા હતા. એ સમયે ગ્વાદરની જમાતની મુલાકાત લઇ તેઓને બોધ આપતાં ફરમાવ્યું હતું કે "તમો પોતાની ઇબાદત બરાબર કરતા રહો; કદાચ તમો બીમારીના બિછાના ઉપર પડ્યા હો તો પણ બંદગી છોડતા નહિ."

## પ્રિન્સ ઓફ વેલ્સ અલીગઢ કોલેજની મુલાકાતે.

હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સ, જેવણ ઈ. સ. ૧૯૧૦ માં પાંચમા જ્યોર્જ તરીકે ગાદી પર આવ્યા હતા, તેઓ ઇ. સ. ૧૯૦૫-૬ ના શિયાળામાં હિંદુસ્તાનના પ્રવાસે નીકળ્યા હતા અને મૌલાના હાઝર ઇમામની લાગવગ વડે તા. ૮ મી માર્ચ ૧૯૦૬ ના અલીગઢ કોલેજ જોવા પધાર્યા હતા. તેઓ નામદારોની અલીગઢ કોલેજની મુલાકાત મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને આભારી હતી, કારણ કે તેઓશ્રીએ તેઓ બન્ને નામદારોને આમંત્રણ આપ્યું હતું. નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઓફ વેલ્સના "ઓફિશીયલ પ્રોગ્રામ" માં અલીગઢની મુલાકાતનો સમાવેશ થયેલ નહોતો, પરંતુ મૌલાના હાઝર ઇમામે તેઓ નામદારોને પરબારો એક પત્ર લખ્યો, જેથી તેઓ નામદારોએ ઘણીજ ખુશીથી આમંત્રણ સ્વીકારી કવેટા તરફનો પોતાનો મુસાફરીનો માર્ગ બદલીને ખાસ અલીગઢ પધાર્યાં. (૧.) કોલેજના મિત્રો, શુભેચ્છકો અને જુના વિદ્યાર્થીઓની મોટી સંખ્યા આ પ્રસંગે એકઠી થઇ હતી. નામદાર પ્રિન્સ ઓફ વેલ્સનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. તેઓ નામદારે સઘળે ફરીને જોયું, ખાણું લીધું અને ત્યારપછી રવાના થયા હતા.


## નવાબ મુહસિનુલ મુલ્કનું ભાષણ–મૌલાના હાઝર ઇમામની સેવાઓનો ઉલ્લેખ.

રાત્રે ડીનર પછી નવાબ મુહસિનુલ મુલ્કે જે ભાષણ કર્યું હતું તેનો એકેએક શબ્દ નોંધવા લાયક હતો. સર સૈયદના ગૌરવનું એમણે વર્ણન કર્યું. સર સૈયદના અવસાન પછી અલીગઢ કોલેજને યુનિવર્સિટિના દરજ્જે પહોંચાડવાનો જે ઉલ્હાસ દેશનાં ખુણેખુણામાં વ્યાપ્યો હતો તેને ગર્વથી ઉલ્લેખ કર્યા પછી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે તન, મન અને ધનથી જે સેવાઓ આપી હતી તેનું તેમણે સુંદર ચિત્ર દોર્યું હતું. મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ આ પ્રસંગે હાજર હતા અને મોહસિનુલ મુલ્કના જમણા હાથ તરફ બિરાજમાન થયા હતા. નવાબ મુહસિનુલ મુલ્કે વધુમાં ઉમેર્યું કે: "મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની મદદ વગર આ કોલેજની આર્થિક સ્થિતિ કદી પણ એવી બની શકતે નહિ કે તે યુનિવર્સિટિના દરજ્જે પહોંચે."

---

૧ જુઓ આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સ પાનું ૧૯૩

A Picture reminiscent of MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN'S visit in 1906 to Aligarh College as the President. His Royal Highness is seated in the centre with Nawab Vikarul Mulk on the right and other office bearers and leading persons of the College.



**મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે** પ્રમુખ તરીકે અલીગઢ કોલેજની ૧૯૦૬માં લીધેલી મુલાકાતનું યાદ અપાવતુ એક ચિત્ર. ગ્રુપની વચ્ચોવચ્ચ તેઓશ્રી બિરાજેલા છે. જમણી બાજુએ નવાબ વિકારૂલ મુલ્ક તેમજ યુનિવર્સિટીના અન્ય ઓધ્ધેદારો તથા આગેવાનો નજરે પડે છે

## "યાર અઝ મન—માશુક મારા કારણે છે."

નવાબ મોહસિનુલ મુલ્ક જેવાની જાદુભરી વાણીએ એવું ચિત્ર દોર્યું હતું કે જેઓ એ પ્રસંગે હાજર હતા તેઓ એને જીંદગી સુધી ભુલી શકશે નહિ. ભાષણ વચ્ચે તાળીઓના એવા તો ગગડાટ થતા હતા કે મોહસિનુલ મુલ્કને કેટલીકવાર ચુપ રહેવું પડતું હતું. એવણે પોતાના વિવેચનમાં આટલુંજ કહ્યું અને મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને ઉદ્દેશીને આ કાવ્યપંકિત રજુ કરીને બેસી ગયા:—

**નમી ગુયમ દર ઈન ગુલશન, ગુલે બાગો બહાર અઝ મન;**
**બહાર અઝ યારો, બાગ અઝ યારો, ગુલ અઝ યારો, યાર અઝ મન.**

અર્થાત:—હું એમ નથી કહેતો કે આ બગીચો, બગીચાના પુષ્પ અને વસંત મારા કારણે છે; વસંત માશુકના કારણે છે, બગીચો માશુકના કારણે છે, પુષ્પ માશુકના કારણે છે. પરંતુ માશુક મારા કારણે છે.

"યાર" નો શબ્દ આવતો હતો, ત્યાં ત્યાં તે રજુ કરતાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ તરફ તેઓ હાથ વડે સંકેત કરતા હતા અને 'યાર અઝ મન' ઉચ્ચાર્યું, ત્યારે તેમણે પોતાની છાતીએ હાથ રાખ્યો હતો. (૧.)

## મુસ્લિમોને રાજકારણમાં ભાગ લેવા મૌલાના હાઝર ઈમામનો અનુરોધ.

ઇ. સ. ૧૯૦૬=હિ. સન ૧૩૨૪ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ હિંદી મુસ્લિમોમાં પહેલવહેલા રાજદ્વારી પ્રવૃતિમાં જોડાઇને રાજકારણ્ય જીવનના બીજ વાવ્યા હતાં તે અગાઉ સર સૈયદ અહમદે રાજદ્વારી બાબતોમાં ન પડવાજ કરેલી સુચનાઓ ઇસ્લામીઓને રોકી રહી હતી; પરંતુ હિંદી રાજદ્વારી વાતાવરણ આગળ વધતુ જતું હતું, એ સમયે તેઓ નામદાર ઝમાનાની તાસીરને બરાબર સમજતા હતા.

"ધી આગાખાન એન્ડ હિઝ એન્સેસ્ટર્સ"માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, મોગલ સામ્રાજ્યનું પતન થયું ત્યારથીજ મુસ્લિમો અંગ્રેજી અભ્યાસ અને રાજકારણમાં ભાગ લેવાથી પોતાને વંચિત રાખતા આવ્યા હતા. ઇ. સ. ૧૮૮૫ થી ૧૯૦૬ ના સમય દરમ્યાન હિંદુસ્તાનની અન્ય કોમો સામાજિક અને રાજકીય ક્ષેત્રોમાં ઝડપભેર આગળ વધી રહી હતી. જ્યારે મુસ્લિમો આ વિષયમાં પછાત રહી જવા પામ્યા હતા. મુસ્લિમોની મનોદશાજ એવી થઇ જવા પામી હતી કે તેઓ તેમના ભુતકાળ પર નાઝ કરવા સિવાય અન્ય કશું કરતા નહિ. દેશ આગળ વધતો જતો હતો, સમય અને સંજોગ પલટાયા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે જોયું કે મુસલમાનો જો પલટાયેલાં સમય અને સંજોગોમાં દેશની આગેકુચ સાથે સુમેળ નહિ સાધે તો ખુદ મુસ્લિમોને ભયંકર નુકશાન થશે. તેઓ નામદારે મુસ્લિમોને હિંદુસ્તાનની બાબતોમાં રચનાત્મક ભાગ લેવાનો અનુરોધ કર્યો અને મુસ્લિમોને રાજકીય પ્રગતિ માટે અખિલ હિંદ મુસ્લિમ લીગની સ્થાપના કરવા માટે અન્ય મુસ્લિમ નેતાઓનો સહકાર અને સાથ મેળવ્યો.

---

૧. સર રઝાઅલીની ઉર્દુ કૃતિ "આમાલ નામા" પાનું ૨૨૨.

## મુસ્લિમ લીગની સ્થાપના.

અંતે ઇ. સ. ૧૯૦૬માં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબના શુભ હસ્તે ઓલ ઇન્ડીયા મુસ્લિમ લીગ (અખીલ હિંદ મુસ્લિમ સંઘ) નામનું એક રાજદ્વારી મંડળ સ્થાપવામાં આવ્યું, જે મંડળે મુસ્લિમોને જાગૃત કરવામાં ઘણોજ અગત્યનો ભાગ ભજવ્યો છે. મુસ્લિમ લીગની સ્થાપના એવી રીતે થવા પામી કે, ઈ. સ. ૧૯૦૬માં તેઓ નામદારે અલીગઢની મુલાકાત લીધી ત્યારે દેશના રાજકારણમાં મુસ્લિમ અવાજ રજુ કરવાના આશયથી એક મુસ્લિમ રાજદ્વારી મંડળ સ્થાપવાની અગત્યતા તેમને લાગી. અલીગઢ ખાતે નવાબ મોહસિનુલ મુલ્કને પોતાનો એ વિચાર તેઓશ્રીએ જણાવ્યો. નવાબ મોહસિનુલ મુલ્ક સર સૈયદની હિલચાલના મોટા સમર્થક હતા અને તેમના મરણ પછી અલીગઢ કોલેજની અને તેને અંગેની સર્વે પ્રવૃતિના સંચાલક બન્યા હતા. નવાબ મોહસિનુલ મુલ્કને આ વિચાર પસંદ પડવાથી તેને પાર પાડવાનો પ્રયાસ શરૂ કર્યો. આ દરમ્યાન હિંદના વાઇસરોય લોર્ડ મિન્ટો પાસે મુસ્લિમ રાજદ્વારી માંગણીઓ રજુ કરવા એક ડેપ્યુટેશન મૌલાના હાઝર ઇમામના વડપણ તળે ગયું. લોર્ડ મિન્ટો ઉપર તેની રૂડી અસર થતાં લઘુમતિ ધરાવતી મુસ્લિમ કોમની રાજ્ય વહિવટમાંની તેમની લાગવગ તેમણે સ્વીકારી. આ ઝમાનો મોર્લી–મિન્ટો સુધારાનો હતો. હિંદને રાજકીય સુધારા મળવાનો આરંભિક યુગ હતો. અંતે લીગ હસ્તીમાં આવી અને કરાચી ખાતે તેની બેઠક મળી ત્યારે આ યોજના સ્વીકારવામાં આવી અને તેના પ્રમુખ તરીકે તેઓ નામદારને ચુંટવામાં આવ્યા. આ સમયથી હિંદની ધારાસભામાં મુસ્લિમો માટેનું ખાસ પ્રતિનિધિત્વ સ્વીકારવામાં આવ્યું. આ પ્રમાણે મુસ્લિમોએ રાજકારણમાં વ્યવસ્થિત પ્રવેશ કર્યો.

બીજે વર્ષે લીગનું બંધારણ પણ ઘડવામાં આવ્યું. શરૂઆતમાં એ વિષયમાં સંકેત કરીને કેટલાક અણસમજુ લોકો તેની હિલચાલ માટે હસતા હતા અને મશ્કરીમાં કહેતા હતા કે "મુસ્લિમો હવે રાજા બની જશે." આ શબ્દોની કાંઇપણ દરકાર રાખ્યા વગર તેઓશ્રી લીગનું મહત્વ સમજતા હોવાને અંગે તેઓ નામદાર પોતાનું કાર્ય કરે જતા હતા અને મુસ્લિમોને આગળ વધારતા જતા હતા.

## ઈસ્માઈલી કાઉન્સીલની સ્થાપના—શેઠ ઈબ્રાહીમભાઈ મામદ રવજી પહેલા પ્રેસીડેન્ટ.

મુંબઇ દરખાના જમાતના મુખી લાડકભાઇ હાજીના અવસાન પછી મુખી કામડીઆ દર રવિવારે જમાત એકઠી કરી જમાતનું કામકાજ કે જમાતને લગતા કજીયાનો નિવેડો લાવવા "જુરતી" ભરતા હતા. મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ "જુરતીઓ" બરખાસ્ત કરીને ઇ. સ. ૧૯૦૬=હિજરી સન ૧૩૨૪માં "શીઆ ઇમામી ઇસ્માઇલી કાઉન્સીલ"ની સ્થાપના કરી, જેમાં જમાતના મુખી કામડીઆ ઉપરાંત જમાતના ૨૦ કાર્યકર્તા આગેવાનોને મેમ્બરો તરીકે નિમ્યા, જેઓ જમાતનું કામકાજ કે ઘરસંસારી કજીયાઓનો બહુમતી વડે અત્યારપર્યંત નિકાલ આપતા રહે છે. ઇ. સ. ૧૯૧૦ના જાન્યુઆરી માસમાં=હિજરી સન ૧૩૨૭માં તેનું બંધારણ કર્યા પછી તેના પહેલા પ્રમુખ તરીકે શેઠ ઇબ્રાહીમભાઇ માહમદ રવજી, જે. પી.ની નિમણુંક કરી હતી. જ્યારે તેના સેક્રેટરીના ઓધ્ધા માટે ચુંટણી કરવામાં આવી હતી. આ પ્રમાણેની કાઉન્સીલની સ્થાપના થવાથી ન્યાયની આમ અદાલત પ્રમાણે ધોરણસર કામ લેવાની શરૂઆત ઇસમાઇલી કોમમાં થઇ હતી.

## હાજી બીબી કેસ.

ઇ. સ. ૧૯૦૮=હિજરી સન ૧૩૨૬માં આગા મુસુલશાહના વિધવા હાજીબીબીએ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને બીજા ૧૩ જણા ઉપર મુંબઇની હાઇકોર્ટમાં વારસાહિસ્સા વિષે મુકદમો માંડયો. નામદાર જસ્ટીસ રસલની કોર્ટમાં તા. ૪થી ફેબ્રુઆરી ૧૯૦૮ એટલે હિજરી સન ૧૩૨૬ના તા. ૧લી મોહર્રમના દિને આ મુકદમો નીકળ્યો હતો. હાજી બીબીનો એવો દાવો હતો કે, નામદાર પહેલા આગાખાન સાહેબની વફાત પછી તેમના વંશવારસો એકત્ર કુટુંબના સભાસદો છે અને વારસાહિસ્સાના કાયદા મુજબ માલમિલ્કતમાં વ્હેંચાયલા નથી અને તેમાંના કોઇપણ વારસે વારસ તરીકે કાંઇપણ જુદી મિલકત મેળવી નથી. ઘટતું જણાય ત્યાંસુધી મજકુર મિલકતનો વહિવટ આ ઓનરેબલ કોર્ટે કરવો અને દાવામાં જે દાવેદારો છે, તેમના ભાગો અને હકકો નકકી કરવા અને તેનો તેમને કબજો અપાવવો; ત્યાંસુધી વચગાળાની મુદતમાં નામદાર આગાખાન સાહેબને ફરમાવવું કે તેણીને માસિક લવાજમ, નોકરોના પગાર, ખોરાક, ફરનીચર, રહેવાનું મકાન, ગાડીઓ વિગેરે આપવાનું ચાલુ રાખવું અને દર વર્ષે ૭ ટકાના હિસાબે રૂા. ૯,૦૧૦ની રકમ આપવી અને આ દાવાના ખર્ચની ગોઠવણ કરવી.

## ફરિયાદી દ્વેષભાવથી માંડી છે.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ દાવાની વિરૂદ્ધમાં જણાવ્યું હતું કે ફરિયાદ દ્વેષભાવથી કરવામાં આવી છે. ફરિયાદનામામાં જે કારણો દેખાડેલા છે તે એક બીજાથી ઉલટી વિગતો રજુ કરનારા છે. તેઓ અરજ કરે છે કે ફરિયાદીને આગા જંગીશાહના વારસ તરીકે ફરિયાદ લાવવાનો હક નથી, કેમકે જંગીશાહની મિલકત એડમિનીસ્ટ્રેટરના હાથમાં છે. નામદાર પહેલા આગાખાન ઇમામ તરીકે સીધા વારસ અને કુટુંબના વડવા છે. તેઓ એક મુસલમાન પિતાના સઘળા હકકો ભોગવતા હતા. "ટીટયુલર હેડ" તરીકે તેમને જણાવવામાં શો મતલબ છે તે તેઓ સમજી શકતા નથી.

નામદાર પહેલા આગાખાન સાહેબને તેમના મુરીદો તરફથી રાજીખુશીથી ભેટ સોગાદો મળતી હતી અને નામદાર હિંદી સરકાર તરફથી પહેલાં ત્રણ હજાર અને પાછળથી એક હજાર રૂપીયા અંગત લવાજમ તરીકે અપાતા હતા. આ રકમોની આવક કુટુંબી મિલકતનો એક ભાગ છે, એ કબુલવા હું ના પાડું છું અને તે ઉપર ફરિયાદીને કાંઇપણ હકક નથી.

## ફરિયાદીનો કાંઇપણ હકક નથી.

હું જે મિલકત ધરાવું છું તેનો મોટો ભાગ મારા મુરીદોની ભેટોનો બનેલો છે. નામદાર બ્રિટીશ સરકાર તરફથી મને પેન્શન પણ મળે છે. મારા પિતા નામદાર અલીશાહ પોતાની મિલકત ધરાવતા હતા. પહેલા આગાખાન સાહેબની હૈયાતી દરમ્યાન તેઓ ૨૯ વર્ષ સુધી ખોજાઓના "પીર" હતા અને ખોજાઓ તરફથી તેમને ભેટ મળતી હતી. મારા તથા મારા પિતાની મિલકતમાં ફરિયાદીનો કાંઇ પણ લાભ નથી.

તેઓ નામદારે આગળ ચાલતાં જણાવ્યું કે અમારા કુટુંબની ટુંક તવારીખ અત્રે આપવાની જરૂર છે જેથી આ મુકદમાની સમજણ બરાબર પડશે. મુસલમાનો બે કોમમાં વ્હેંચાયેલાં છેઃ એક શીયા અને બીજા સુન્ની. શીયા લોકોમાં પણ જુદા જુદા તડ છે; જેમાં એક ઇસમાઇલી અને બીજા ઇસ્નાઅશરી. તેઓ વચ્ચે કેટલાક ધાર્મિક મતફેર છે. ચારસો વર્ષની વાત ઉપર મારા એક વડવા ઇમામ ઇસ્લામશાહે પીર

સદરૂદીનને હિંદુસ્તાન ખાતે મિશનરી તરીકે મોકલ્યા અને તેમણે હિંદુઓમાંથી ખોજાઓને ઇસ્લામ ધર્મમાં વટલાવ્યા હતા. ખોજાઓને પહેલા સિંધમા વટલાવવામાં આવ્યા હતા, તે પછી કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત અને મુંબઇ ખાતે વટલાવવાનું કામ આગળ ચાલ્યું હતું. ખોજાઓને વટલાવ્યા પછી તેઓ ઇરાનના જુદા જુદા ભાગોમાં યાત્રાએ જતા હતા, જ્યાં મારા વડવા ઇમામ હતા, જેઓ ત્યાં રહેતા હતા. શરૂઆતથીજ એ ખોજાઓ મારા વડવાઓને નાણાની બક્ષિશો કરતા હતા. ત્યાં તેમના ઉપર ખોજાઓ તરફથી સોગાદોના નાણા ચામડાની કોથળીમાં ખાસ પેગામચીઓ દ્વારા મોકલવામાં આવતા હતા. પાછળથી હુંડી રૂપે પણ નાણું મોકલવામાં આવતું હતું અને તે તેમની પોતાની મિલકત ગણાતી હતી.

છેવટમાં મૌલાના હાઝર ઇમામે પોતાની એફીડેવીટમાં કેટલીક વધુ વિગતો જણાવી વાદીનો દાવો ખર્ચ શીખે કાઢી નાખવાની અરજ કરી હતી.

## નામદાર આગાખાન સાહેબ એકલાજ હકકદાર છે.

નામદાર જજ રસલ શનીવાર તા. ૧૧ મી એપ્રિલ ૧૯૦૮ (હિજરી સન ૧૩૨૬)ના દિને જણાવ્યું કે, મુકદમાની તપાસ ટુંકી કરવાની મતલબથી હું એવી સુચના કરું છું કે કમિશનથી લેવામાં આવેલી જુબાની તથા કોર્ટમાં પડેલી જુબાનીનો ભાગ મેં બે વાર ધ્યાનથી વાંચ્યો છે અને બીજા સવાલો બાજુ ઉપર મુકતા હું તેના સંબંધમાં એવા અભિપ્રાય ઉપર આવવા તૈયાર છું કે જે ભેટ સોગાદો કરવામાં આવતી હતી તે ફકત નામદાર આગાખાન સાહેબના લાભ માટે કરવામાં આવતી હતી; તે કુટુંબના લાભ માટે કરવામાં ન્હોતી આવતી.

નામદાર આગાખાન સાહેબના ધારાશાસ્ત્રી મી. ઇનવેરારીટીએ જણાવ્યું કે, હું એ સવાલનો એકવાર છેવટનો નિર્ણય કરવા માંગું છું અને તે માટે હું એ વિષે જુબાનીનો બધો નહિ તો સારો જેવો જથ્થો રજુ કરવાની ખાહેશ ધરાવું છું.

## જસ્ટીસ રસલનો યાદગાર ચુકાદો.

આ મુકદમો લાંબી મુદત સુધી ચાલ્યો હતો અને બન્ને પક્ષોના મોટી સંખ્યામાં સાક્ષિઓએ જુબાનીઓ આપી હતી. તે દરમ્યાન હાજીબીબીના ધારાશાસ્ત્રી મી. બહાદુરજી કોર્ટ છોડી ચાલ્યા ગયા હતા. ત્યારપછી જસ્ટીસ રસલે એક્ષપાર્ટી મુકદમો ચલાવી ફેંસલો કર્યો હતો. તેનો ચુકાદો તા ૩ જી સપ્ટેમ્બર ૧૯૦૮=હિજરી સન ૧૩૨૬ ગુરૂવાર તા. ૬ ઠ્ઠી શાબાનના દિને આપ્યો હતો.

આ સંબંધે ફરિયાદીની જુબાની અને તેના વિરૂધ્ધ નામદાર આગાખાન તરફથી રજુ કરવામાં આવેલા મજબુત દસ્તાવેજી પુરાવા ઉપરથી નામદાર જજે જણાવ્યું કે: એ ઉપરથી હું આ નિર્ણય ઉપર આવ્યા વગર રહી શકતો નથી કે અમુક વખતમાં નામદાર આગાખાનને તેમના મુરીદો તરફથી જે નઝરો આપવામાં આવતી હતી તે તેમના પોતાના ઉપયોગ અને લાભ માટેજ હતી અને એ નઝરો તેમના તરફથી મોટી પૂજ્યભાવની લાગણી અને માનને ખાતર આપવામાં આવે છે અને તે નઝરો આપવામાં તેમનો હેતુ એ છે કે જે નઝરો તેઓ લે તેના બદલામાં તેઓને "રૂહાની" અથવા દુન્યવી સુખ મળે. જો હું એથી ઉલટાજ નિર્ણય ઉપર આવું તો આખા પૂર્વમાં પથરાઇ ગયેલી એક મોટી કોમના ધર્મને ફટકો મારવાનું કામ કરેલું ગણાશે અને તેનું પરિણામ કલ્પી નહિ શકાય એવું આવશે; જો કે તે સંબંધમાં તેવો નિર્ણય આપવા માટે પુરતી જુબાની પણ નથી.

MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN & PRINCESS THERESA:
with their first son who died in infancy.



મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ અને પ્રિન્સેસ થેરેસા: પોતાના પહેલા ફરઝંદ સાથે-જેઓ બાળવયમાંજ અવસાન પામ્યા હતા. (જુઓ પાનું ૪૭૮)

ચુકાદાને અંતે નામદાર જજે જણાવ્યું કે: આ મુકદમો હું ખર્ચ સહિત રદ કરૂં છું અને મુકદમાનો સઘળો ખર્ચ ફરિયાદી હાજીબીબી, કુચુકશાહ અને શાહાબીબી ઉપર નાખું છું: આ ખર્ચમાં જુદા જુદા કમિશન દરમ્યાન થયેલો ખર્ચ અને મી. મુસના ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવે છે.

## પ્રિન્સેસ થેરેસા સાથે લગ્ન.

ઇ. સ. ૧૯૦૮=હિજરી સન ૧૩૨૬ માં મિસરમાં હાઇ કમિશનરનો ઓધ્ધો લોર્ડ કિચનર ભોગવતા હતા તે સમયે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના લગ્ન પ્રિન્સેસ થેરેસા સાથે ત્યાં ખાતેજ થયા હતા. આ પવિત્ર લગ્ન કશીપણ ધામધુમ વગર તદન સાદાઇથી અને મુસ્લિમ વિધિ અનુસાર કરવામાં આવ્યા હતા. પ્રિન્સેસ થેરેસા શિલ્પકળામાં અત્યંત કુશળતા ધરાવતા હતા. તેઓશ્રીએ તૈયાર કરેલા કળાના નમુનાઓ પેરીસ, બેલ્જીયમ, અને ઇટલી અને લંડનની રોયલ એકેડેમિના પ્રદર્શનમાં રાખવામાં આવ્યા હતા. આ સમયે તેઓ નામદારની વય ૩૨ વર્ષની હતી. આ લગ્ન ઘણા સુખી નિવડયા હતા.

## શહેનશાહ એડવર્ડની સાલગ્રેહની ઉજવણી.

ઇ. સ. ૧૯૦૯ ના જુન માસની ૫ મી તારીખ=તા. ૧૬ મી જમાદીલ અવ્વલ હિજરી સન ૧૩૨૭ ના મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને નામદાર પ્રિન્સ ઓફ વેલ્સે ખાણા ઉપર નોતર્યા હતા. તા. ૨૫ મી જુનના મહાન શહેનશાહ એડવર્ડની સાલગ્રેહ ઉજવવા લેડી લેન્સડાઉને એક ભવ્ય મેળાવડો કર્યો હતો, તેમાં તેઓ નામદાર એક ધ્યાન ખેંચનારા પરોણા થઇ પડયા હતા.

એજ વર્ષમાં તેઓ નામદારે ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગના ફંડમાં રૂપીયા ૧૫૦૦ ભર્યા હતા. મુંબઇના 'ડીપ્રેસડ કલાસીઝ=દલિત વર્ગ'ના મિશનના લાભાર્થે મિસ કલાર્કે એક કોન્સર્ટ કર્યો હતો, તેમાં તેઓ નામદારે રૂપીયા ૫૦૦ આપ્યા હતા.

## વેસ્ટ મિનિસ્ટરના કેક્ષટન હોલમાં જંગી સભાના પ્રમુખસ્થાને.

લંડન ખાતેની ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગની વાર્ષિક સભા તા. ૨૪ મી જુનના દિને 'કેસલ હોલ'માં ભેગી મળી હતી. તેના પ્રમુખપદે બિરાજી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે અસરકારક વિવેચન કર્યું હતું. ત્યારપછી ઓ. જસ્ટીસ અમીરઅલીએ તેઓ નામદારની પ્રશંસા કરી ઉપકાર માન્યો હતો. એજ વર્ષમાં ૬ ઠી જુલાઇના દિને વેસ્ટ મિનિસ્ટરના કેક્ષટન હોલમાં સર કરઝન વાયલી અને ડૉ. લાલકાકાના ખુનીઓ પ્રત્યે તિરસ્કાર જાહેર કરવા જંગી સભા મળી હતી, તેના પ્રમુખપદે પણ તેઓ નામદાર બિરાજ્યા હતા.

## હિંદમાં પધરામણી—મુસ્લિમો તરફથી આવકાર-દરખાના જમાતના નવા મુખી કામડીયાની નિમણુંક.

ઈ. સ. ૧૯૦૯ ના ડિસેમ્બર માસની તા. ૩૧ મીના=હિજરી સન ૧૩૨૭ ઝિલહજ તા. ૧૭ મી દિને યુરોપ ખાતેથી હિંદ આવી પહોંચતાં, તેઓ નામદારને મોલ ઉપર આવકાર આપવા ઇસ્માઇલી આગેવાનો ઉપરાંત અલીગઢ કોલેજના અને અન્જુમને ઇસ્લામના ડેપ્યુટેશનો હાજર રહ્યા હતા. તેઓ તરફથી એક સરકયુલર બહાર પાડવામાં આવ્યું હતું કે, "આપણી સંસ્થાના પેટ્રન યુરોપ ખાતેથી આવી રહ્યા છે. તેઓ નામદાર મુસ્લિમ કોમ માટે રિફોર્મ્સ સ્કીમ વિષે મોટી લડત ચલાવી

રહ્યા છે, તેમને આવકાર આપવા દરેક સભ્યે મોલ ઉપર સમયસર હાજર થઇ જવું." આ સમયે તેઓ નામદારે ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગના ફંડમાં રૂપીઆ ૪,૦૦૦ આપ્યા હતા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઇ. સ. ૧૯૧૦ના જાન્યુઆરી માસની પહેલી તારીખે=હિજરી સન ૧૩૨૭ના દરખાના જમાતખાને પધારી "ગદીરે ખુમ"ની ઇદની સઘળી જમાતને મુબારકી આપી દુઆઆશિષ ફરમાવી દરખાના જમાતના નવા મુખી તરીકે શેઠ પીરભાઇ રહીમ પેનવાળા તથા કામડીઆ તરીકે શેઠ જાફરભાઇ પ્રધાન જે. પી.ની નિમણુંક કરી હતી અને મરહુમ મુખી કામડીઆના રૂહના સવાબ અર્થે ભલી દુઆ ગુજારી હતી.

## પુના મિજલસ—અલીગઢ કોલેજના ટ્રસ્ટીઓ તરફથી માનપત્ર.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. તા. ૭મીનાં પુના ખાતે મોટી મિજલસ પ્રસંગે પધાર્યા હતા. જ્યાં નાના મોટા મળી આશરે ૭ હજાર જેટલાં ઇસમાઇલી મુરીદોની સંખ્યા એકઠી થઇ હતી. મૌલાના હાઝર ઇમામે મોટા તખ્ત ઉપર બિરાજી જમાતોને હિદાયત રૂપે ફરમાનો કર્યા હતા. ત્યારપછી તા. ૨૩મીએ તેઓશ્રી પંજાબ મેલ મારફત અલીગઢ રવાના થયા હતા; આ પ્રસંગે અલીગઢ કોલેજના ટ્રસ્ટીઓએ તેઓ નામદારને એક માનપત્ર ઇનાયત કર્યું હતું. તેઓ નામદારે કોલેજની વાર્ષિક ગ્રાન્ટ વધારીને રૂપીયા દશ હજાર જાહેર કર્યા હતા. આથી ટ્રસ્ટીઓએ મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબનો ઉપકાર માન્યો હતો. ત્યારપછી તેઓશ્રીએ તા. ૨૭મીના દિને દિલ્હી ખાતે ઓલ ઇન્ડીયા મુસ્લિમ લીગની વાર્ષિક સભા ખુલ્લી મુકી હતી.

## હબીબભાઈ કાસમ વઝીરપદે.

કાઠિયાવાડના જુનાગઢ ખાતે વારસ કાસમભાઇ વારસ ઇસમાઇલનું અવસાન થતાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ તેમના પુત્ર હબીબભાઇ કાસમને કાઠિયાવાડના રાજકોટ મુકામે વઝીરપદની નવાઝિશ કરી હતી.

## અન્જુમને ઇસ્લામનું માનપત્ર.

ઇસ્વી સન ૧૯૧૦ના જાન્યુઆરી માસની ૧૦મી તારીખે=હિજરી સન ૧૩૨૭ના મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને એક વગદાર મેળાવડા સમક્ષ મુંબઇની અન્જુમને ઇસ્લામના હોલમાં એક માનપત્ર ઇનાયત કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અન્જુમને ઇસ્લામનો હોલ વગદાર અને ઉત્સુક મુસ્લિમોથી ચિકાર ભરાઇ ગયો હતો. તેઓ નામદારને, દેશની બજાવેલી મહાન સેવાઓની યાદી તરીકે, પોતાના આગેવાન લીડર તરીકે ઉદ્દેશીને શીઆ અને સુન્ની બન્ને કોમોના નામે, અર્પણ કરવામાં આવેલ પ્રશંસા કરતું માનપત્ર, સર કરીમભાઈ ઇબ્રાહિમ બેરોનેટે વાંચી સંભળાવ્યું હતું. તેમાં અન્ય બાબતો ઉપરાંત "તેઓ નામદારની વિદ્વતા અને લાયકાત અને કોમના કલ્યાણ માટે તેઓશ્રી જે ઊંડો અને અખુટ રસ લઇ રહ્યા છે, કે જેને અંગે હિંદના એકેએક મુસ્લિમના હૃદયમાં તેઓશ્રી પ્રિય થઇ પડયા છે," તેનો ઉલ્લેખ કરીને દર્શાવ્યું હતું કે: "આવા એક આગેવાન લીડર ધરાવવા માટે અમે ખરેખર મગરૂર છીએ." (૧)

૧. ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સ પાનું ૧૭.

મુસ્લિમોનીજ ફક્ત ઉન્નતિ માટે નહિ પરંતુ તેઓ નામદારે હિંદીઓનો દરજ્જો વધારવા માટે પણ જે કાર્યો કર્યાં છે તેના સમર્થનમાં દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની તકલીફો દુર કરવા માટે તેઓ નામદારે જે ઉત્સુકતાપુર્વક ભાગ લીધો હતો, તેનો તથા તેઓ નામદારની ઉદારતાનો ઉલ્લેખ કરીને અંતમાં દર્શાવ્યું હતું કે: "પયગમ્બર સાહેબ "ઇલ્મના શહેર" હોવાથી અને પોતાના જમાઇ હઝરત અલી અ૦ને "તેના દરવાજા" તરીકે સંબોધીને ફરમાવ્યા કરતા હતા. "ઇલ્મ ગ્રહણ કરો" અને ખુદાના માર્ગે જેઓ તે ગ્રહણ કરે છે તે જાણે પુણ્ય કરે છે." ઇલ્મ ગ્રહણ કરવા માટે આપણા પયગમ્બર સાહેબે મુસ્લિમોને આવા ઘણાં બોધવચનો ફરમાવ્યા છે, એ ઇલ્મનો ચાહ આપ નામદારનો વારસો હોઇ, આપે તેને બાળપણથીજ ઉત્તેજન આપ્યું છે." ત્યારબાદ તેઓ નામદારે હિંદના મુસ્લિમોની મહાન સંસ્થા 'અલીગઢ કોલેજ'ને આપેલ ઉદાર રકમોની બક્ષિસો અને અન્જુમને ઇસ્લામની ગ્રાંટ માટે આભાર દર્શાવવામાં આવ્યો હતો.

## 'ઇસ્લામ કેળવણીની વિરૂધ્ધ નથી.'

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ માનપત્રનો જવાબ આપતાં જણાવ્યું કે, "અલીગઢ કોલેજને મુસ્લિમ યુનિવર્સિટિના રૂપમાં ફેરવી નાંખવી જોઇએ. હમણાં લેફટેનન્ટ ગવર્નરે તમોને જે સલાહ આપી છે તે ઘણી કિમતી છે. મુસ્લિમોએ અંગ્રેજી, અરબી, ઉપરાંત સંસ્કૃતનો અભ્યાસ કરવાની જરૂરત છે. ઇસ્લામ કેળવણી વિરૂધ્ધ નથી. આપણા પયગમ્બર સાહેબે પોતાના અનુયાયીઓને અરબસ્તાનમાંથી રોમ, ચીન જેવા દુરદરાજના મુલ્કોમાંની રાહરસમ જાણવા અને તે સંબંધી જ્ઞાન મેળવવા મોકલ્યા હતા.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે: "ફક્ત ઇંગ્લાંડજ નહિ પણ પ્રકૃતિવાદી ફ્રાન્સ અને વિશાળ જર્મનીમાં પણ જાતિ ભોગ આપનારા ઘણા છે. એ ભોગ આપવાનું બળ કેવળ ખ્રિસ્તીઓ કે યહુદીઓમાં છે એમ નથી, ઇસ્લામીઓમાં પણ એ ગુણનો ભંડાર ભર્યો છે; પરંતુ, જો જુસ્સાને જાગૃત કરવામાં આવે તો આજ ઇસ્લામીઓ જે કાંઇ સ્થિતિ ભોગવે છે તે કરતાં જુદીજ સ્થિતિ થવા પામે." ત્યારપછી મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. યુરોપની મુસાફરીએ સિધાવ્યા હતા.

## શહેનશાહ સાતમા એડવર્ડનું અવસાન.

ઇ. સ. ૧૯૧૦ના મે માસની ૭મી=રબીઉલ આખર તા. ૨૬ હિજરી સન ૧૩૨૮ના રોજે સવારના ૧૧II વાગે શહેનશાહ સાતમાં એડવર્ડ અવસાન પામ્યા. તે પ્રત્યેનો દિલગીરીભર્યો ટેલિગ્રામ પારિસથી તેઓ નામદારે મુંબઇ જમાતને મોકલી સઘળી જમાતોને એ શોકક્રિયામાં સહાનુભુતિ દર્શાવવા ધંધોરોજગાર બંધ રાખી, ધાર્મિક ક્રિયા કરવા અને નવા શહેનશાહ જ્યોર્જને આશિર્વાદ મળે તેવી દુઆ ગુજારવા હુકમ ફરમાવ્યો હતો. મરહુમ સાતમાં એડવર્ડની પાયદસ્તની ક્રિયામાં તેઓ નામદારે જાતે ભાગ લીધો હતો.

## સર કરીમભાઇ—પહેલા મુસ્લિમ બેરોનેટ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ.ના ભલા મુરીદ અને જાણીતા મીલ માલેક સર કરીમભાઇ ઇબ્રાહિમને બ્રિટીશ સરકાર તરફથી "બેરોનેટ"નો માનભર્યો ઇલકાબ ઇ. સ. ૧૯૧૦ જુન માસની તા. ૨૪=હિજરી સન ૧૩૨૮ તા. ૨ જમાદિલ આખરના મળ્યો હતો ...દુસ્તાનની કરોડોની મુસ્લિમ પ્રજામાં આ માન મેળવનાર સર કરીમભાઇ પહેલાજ મુસ્લિમ છે.

મૌલાના હાઝર ઇમામે યુરોપથી તેમને મુબારકબીનો સંદેશો મોકલીને પોતાની અનહદ ખુશાલી દર્શાવી હતી.

## મોર્લિ-મિન્ટો સુધારા.

મોર્લિ–મિન્ટો સુધારાની ચર્ચા ચાલતી હતી એ સમયે હિંદુસ્તાનથી એક મુસ્લિમ ડેપ્યુટેશન હિંદી વઝીરની મુલાકાતે લંડન ગયું હતું. પરંતુ ડેપ્યુટેશનની મુલાકાત લેવાનો વખત લંબાતો ગયો અને હિંદી વઝીર તરફથી મુલાકાતનો "ટાઇમ" મળી શકયો નહિ. વખત વધુ જવાથી ડેપ્યુટેશને અકળામણમાં આવીને મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની મુલાકાત લીધી. આ સમયે તેઓ નામદારને તાવની શીકાયત હતી પરંતુ, ડેપ્યુટેશનની સઘળી વિગત સાંભળી એકદમ ઉભા થઇ જઇને ઓવરકોટ પહેરી બહાર નીકળવાની તૈયારી કરી. ડોકટરે બહાર નીકળતા શરીરના હુમલાનો ભય દેખાડયો, "આ મારા ધર્મનું કામ છે. તેની સામે હું છંદગીની દરકાર કરતો નથી." એટલું કહીને ડેપ્યુટેશન સાથે રવાના થયા. હિંદી પ્રધાન લોર્ડ મોર્લિ સાથે ડેપ્યુટેશનની મુલાકાત કરાવી કહ્યું:– "તમો કૃપા કરી એમનું સાંભળજો. મારી તબીઅત સારી નથી માટે હું રૂખસદ લઉં છું." કહીને ત્યાંથી સિધાવી ગયા.

## મુસ્લિમોને ચેતવણી.

આગળ આપણે વાંચી ગયા છીએ કે "મોર્લિ–મિન્ટો સુધારા"ની ચર્ચા દેશભરમાં ચાલી રહી હતી ત્યારે મુસ્લિમ ડેપ્યુટેશનના આગેવાન તરીકે, તે સમયના વાવસરોય લોર્ડ મિન્ટોની મુલાકાત લઇ, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ મુસ્લિમોના હકકોની હિમાયત કરી હતી અને તેઓના એકત્ર પ્રયાસોના પરિણામે સુધારામાં મુસ્લિમોને ઘટતા રાજ્યદ્વારી હકકો અને ધારાસભામાં અને લોકલ કાઉન્સીલોમાં પ્રતિનિધિત્વ મળવા પામ્યું હતું. આથી કેટલીક ચર્ચાઓ થતાં, ઇસ્વી સન ૧૯૧૦ માં દિલ્હી ખાતે મુસ્લિમ લીગની બેઠક ભરવામાં આવી, ત્યારે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ સુધારાની યોજના વિષે પોતાના શુધ્ધ હૃદયના વિચારો દર્શાવ્યા હતા અને એ બાબતમાં ધોંટાળામાં ન પડતાં હુશિયાર રહેવાની ચેતવણી આપતાં દર્શાવ્યું હતું કે, "મને ચોકખું કહેવા દો કે જેમ કેટલીક જગ્યાઓએ કહેવાય છે તેમ આપણે મુસ્લિમોને કંઇ અયોગ્ય લાભ મળ્યા નથી, પરંતુ ખરી રીતે આપણને વચન આપેલું તેમજ માંગેલું હતું તેટલું મળ્યું પણ નથી છતાં એ બધાને પરિણામે જે સુધારો થયો છે તેને આપણે ઉપકાર સહિત સ્વીકારીએ છીએ. આપણી યોગ્ય માંગણી કબુલ કરવામાં આવી છે અને હવે સુધારાની યોજના પરિપૂર્ણ રૂપમાં મુકાઇ છે અને તે પ્રમાણે પગલાં લેવાની તૈયારીઓ થાય છે, ત્યારે આપણે અંતરથી તેનો સ્વીકાર કરવો જોઇએ.

"શહેનશાહની વફાદાર પ્રજા અને હિંદના વતનીઓ તરીકે આ યોજનાનું સર્વોત્તમ પરિણામ લાવવા પ્રયત્નો કરવા જોઇએ. મને ખાત્રીપૂર્વક કહેવા દો કે થયેલા સુધારાને શુધ્ધ અંતઃકરણથી સ્વીકારવા એ હિંદુ, પારસી, મુસ્લિમ, ખ્રિસ્તિ અને એકંદરે સઘળા હિંદીઓનું શુભ કાર્ય છે. સુજ્ઞ શહેરીઓ તરીકે સરકાર તથા કાઉન્સીલમાં આપણા પ્રતિનિધિઓ સાથે મળીને હિંદના શુભ કાર્ય અર્થે કામ કરવું એ આપણું કર્તવ્ય હોવું જોઇએ. આ તકનો સારો લાભ લઇશું તો ભવિષ્યમાં સ્વરાજ્ય માટેના આપણને વધારે હકકો મળી શકશે. સ્વરાજ આપણી પાસે આવતું જાય છે. સઘળા દેશોમાં પ્રજાકિય ઉન્નતિ અર્થે જે મહત્વના વિષયો "કોન્ઝરવેશન" રક્ષણ અને "ડેવલપમેન્ટ"–સુધારાની બહોળી સત્તા આપણા હાથમાં મુકવામાં આવી છે. તેનો ઉપયોગ કર્યા સિવાય હાલ કરેલા સુધારાને આપણી એકતા

HER HIGHNESS THE LATE PRINCESS THERESSE
WITH PRINCE ALI SHAH IN CHILDHOOD.




મૌલાના હાઝર ઇમામના મહોરદાર પ્રિન્સેસ થેરેસા અને
ના. પ્રિન્સ અલીખાન બાળવયમાં.

( જુઓ પાનું ૪૮૩ )

માટે બાધકારક ગણીશું તો જેમ દિવસ પછી રાત આવે છે તેમ નિઃસંદેહ આપણો ઉચ્ચ ઉદેશ પૂર્ણ કરવા તરફ ધસડી જનાર પવનને બીજી ઉલ્ટી દિશામાં ફેરવીશું."

## ઉચ્ચ આદર્શ અને યોગ્ય ધીરજની આવશ્યકતા.

આગળ ચાલતાં તેઓ નામદારે કહ્યું હતું કે, "આપણે ધાર્મિક, સામાજિક અને નૈતિક આદર્શોને વળગી રહ્યા છીએ તેમજ જુદું બંધારણ અને જુદું પ્રતિનિધિપણું ઇચ્છીએ છીએ કે જે બે બાબતો આપણી કોમને જાળવી રાખવાને અર્થે રાજ્યકર્તાઓ તરફથી પણ આપણને યોગ્ય માન અપાવવા માટે ખાસ જરૂરની છે. આ બન્ને બાબતોને નિશ્ચયપુર્વક અહી આપણે જાળવી રાખીએ ત્યાંસુધી આપણા કરતાં પણ વિશેષ રાજ્યકર્તાઓની એ ઇચ્છા હોવી જોઇએ કે આ આદર્શો પ્રમાણે તેણે વર્તવું અને હાલની રાજ્યનીતિનો જે મુખ્ય સિધ્ધાંત બ્રિટીશ સલતનત નીચે વ્યવસ્થિત સુધારો કરવાનો છે, તે સિધ્ધાંત સ્વીકારતી હિંદની તમામ કોમોને સહચારીપણા સહિત ઉન્નતિના કાર્યક્રમને પૂર્ણ કરવો; જેથી દેશની સામાજિક અને આર્થિક ઉન્નતિ કરવામાં સહચાર માટેની પ્રસંગોપાત ઉભી થતી યોગ્ય મુશ્કેલીઓ અને જ્ઞાતિ બંધનની થતી કેટલીક અડચણો દુર થશે. હિંદની પ્રજાના બંધારણનો પાયો ઉપલી અડચણોથી ખોદાય છે, જે એક લાંબા કાળ પછી યુરોપ અને અમેરિકા પ્રમાણે નિર્માલ્ય વિષય ગણાશે અથવા તો એક બીજાના કામમાં અને ભલા અર્થે આપણે શુધ્ધ અંતઃકરણથી સહચારી થઇશું, ઉંચ્ચ આદર્શ રાખશું અને યોગ્ય ધીરજથી કામ કરશું તો હિંદના ભવિષ્ય માટે મને કાંઇ ચિંતા રહેતી નથી."

## મૌલાના હાઝર ઇમામની સખાવતો.

ઇ. સ. ૧૯૧૦=હિજરી સન ૧૩૨૮ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ જસ્ટીસ સૈયદ અમીરઅલીના નામે અલીગઢ કોલેજમાં ઇકોનોમિક તથા સાયન્સના વર્ગના વિદ્યાર્થીઓ માટેના સ્કોલરશિપ ફંડમાં રૂપિયા ૧૦,૦૦૦ ની નાદર રકમ ભેટ કરી હતી. એજ વર્ષમાં દેશભકત ગોખલે મારફત ટ્રાન્સવાલ ફંડમાં રૂપીયા ૪૦૦૦ મોકલ્યા હતા. બોમ્બે પ્રેસિડન્સી મુસ્લિમ લીગના ફંડમાં રૂપીયા ૧૫૦૦, નુદવતુલ ઉલમાના ફંડમાં રૂપીયા ૫૦૦, હિંદથી ઇંગ્લેંડ રમવા જતી ઇન્ડીયન ક્રિકેટ ટીમના ખર્ચ માટે રૂપીયા ૧૦૦૦ બક્ષિશ કર્યા હતા. આ પ્રમાણે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની સખાવતનો ઝરો પાણીના ધોધમાર પ્રવાહ પેઠે વ્હેતો રહેલો છે. તેઓ નામદારની સખાવત હંમેશા બની ફાતિમી ખલીફાઓની ઝળકતી જાહોજલાલીની યાદ તાજી કરે છે. ભુતકાળનો એ સમય તેઓશ્રીની રાજસત્તાનો હતો, જ્યારે હાલમાં તેઓ નામદાર આમ જનતાની નઝરે એક પ્રજાજન છે.

## નામદાર પ્રિન્સ અલીખાનનો મુબારક જન્મ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના મહોરદાર પ્રિન્સેસ થેરેસાએ ઇ. સ. ૧૯૧૦ ના જુન માસની તા. ૧૩મી સોમવાર=હિજરી સન ૧૩૨૮ના જમાદીલ આખરની તા. ૫ મીના દિને ઇટાલીમાં આવેલા "ટુરીન" ગામમાં એક પુત્રરત્નનો જન્મ આપ્યો. જેમનું લાડનું નામ "અલી" રાખવામાં આવ્યું. નામદાર શાહઝાદાનું પુરૂં નામ પ્રિન્સ અલી સલમાનખાન છે.

## જર્મન પ્રિન્સને રોકડો જવાબ—વધુ સખાવતો—જી.સી.એસ.આઈ.નો ખિતાબ.

ઇ. સ. ૧૯૧૧ અર્થાત હિજરી સન ૧૩૨૯માં જર્મન ક્રાઉન પ્રિન્સ વિલ્હેલ્મનાં હિંદ ખાતેના આગમન દરમ્યાન મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ સાથે બિલિયર્ડની રમત કરતાં એક સમયે જર્મન પ્રિન્સે મશ્કરીથી તેઓ નામદારને કહ્યું:- "અમે બ્રિટીશ સાથે લડીશું ત્યારે તમે અને હિંદી રજવાડાઓ શું કરશો?" તેઓ નામદારે તરતજ જર્મન પ્રિન્સની ઝાટકણી કહાડતા કહ્યું: "અમે તમારી સાથે લડીશું. સાહેબ! અને અમારા લશ્કર સાથે તમારા દેશમાં દાખલ થઇશું." જર્મન શાહઝાદો આ જવાબ સાભળી ચુપ થઇ ગયો.

મરહુમ શહેનશાહ સાતમા એડવર્ડની યાદગીરીમાં લંડનમાં બંધાતી મસ્જિદના ફંડમાં રૂપીયા ૭૫,૦૦૦ મૌલાના હાઝર ઇમામે બક્ષિસ કર્યા હતા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહે આફ્રિકામાં જંગબાર માટે ઇ. સ. ૧૯૧૧=હિજરી સન ૧૩૨૯માં નામદાર શહેનશાહ પાચમાં જ્યોર્જના રાજ્યાભિષેકની યાદગીરી જાળવવાના આશયથી રૂપીયા ૩,૦૦૦ની બક્ષિશ કરી હતી. એજ વર્ષમાં ટ્રિપોલીમાંના રેડ ક્રેસન્ટ ફંડમાં મુસ્લિમ લીગ મારફત રૂપીઆ ૬,૦૦૦ની નવાઝિશ કરી હતી અને મુંબઇ રેડ ક્રેસન્ટ સોસાઇટી મારફત તુર્કી રેડ ક્રેસન્ટ ફંડમાં રૂપીયા ૧૦,૦૦૦ તેઓ નામદારે ભર્યા હતા.

ઇ. સ. ૧૯૧૧=હિજરી સન ૧૩૩૦માં નામદાર શહેનશાહની સરકાર તરફથી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને તેઓશ્રીની સેવાની યાદમાં જી. સી. એસ. આઇ.નો માનભર્યો ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

## હિંદુ—મુસ્લિમ ઐકયના અંતીલા હિમાયતી.

'ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસટર્સ'ની પ્રસ્તાવનામાં બિકાનેરના મહારાજાએ દર્શાવ્યું છે કે "મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ હિંદના મુસ્લિમોના એક સ્વીકારાયેલા લીડર છે. જેમના સહધર્મીઓ વખતો વખત તેઓશ્રીના પ્રત્યે રહેબરી અને પ્રેરણા માટે આશાભરી મીટ માંડતા આવ્યા છે. તેની સાથે સાથે હિંદુ-મુસ્લિમ ઐકયના પણ તેઓશ્રી એક ખંતિલા હિમાયતી છે. સહનશીલતા માટેનો તેઓ નામદારનો ઉંડો જુસ્સો, નીતિના સિધ્ધાંતો માટેની ચીવટાઇ તથા કોમી કે ધાર્મિક ટુંકી ભાવનાઓથી તેઓ નામદારનું અલિપ્તપણું, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને તેનો સુયોગ ઐકય સાધી શકે તેવા, હિંદમાં હસ્તી ધરાવતા થોડાક સજ્જનોમાંના એક તરીકે અળગા પાડી દે છે."

## અલ્લાહબાદ હિંદુ—મુસ્લિમ કોન્ફરન્સ.

ઇ. સ. ૧૯૧૧-હિજરી સન ૧૩૨૯માં અલ્લાહબાદ ખાતે મળેલી હિંદુ-મુસ્લિમ કોન્ફરન્સ પણ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના શુભ પ્રયાસોના પરિણામ રૂપજ હતી. મૌલાના હાઝર ઇમામ નાગપુર મુસ્લિમ એજ્યુકેશનલ કોન્ફરન્સનું કાર્ય ઉકેલી પોતાના ખર્ચે એક સ્પેશીયલ ટ્રેનનો બંદોબસ્ત કરી, હિંદના જુદા જુદા ભાગોમાંથી મુસ્લિમ આગેવાનોને સાથે લઇ અલ્લાહબાદ પધાર્યા હતા.-આ કોન્ફરન્સમાં સર વિલિયમ વેડરબર્ન કે જેઓ ઇન્ડીયન નેશનલ કોંગ્રેસની સેશનનું પ્રમુખસ્થાન લેવા હિંદ આવ્યા હતા અને જેમણે ઐકયતા પર ખાસ ભાર મુકયો હતો, તેના

H. S. H. PRINCE ALY KHAN IN CHILDHOOD.



શાહઝાદા પ્રિન્સ અલીખાન બાલ્યાવસ્થામાં

ઉપરાંત હિંદુ–મુસ્લિમ એકયતા ઉપર વિચાર ચલાવવા હિંદુ–મુસ્લિમ નેતાઓ એકઠા મળ્યા હતા. મી. સુરેન્દ્રનાથ બેનરજી, પંડિત મદનમોહન માલવિયા, સર ઇબ્રાહીમ રેમતુલ્લાહ, નવાબ વિકારૂલ મુલ્ક, સૈયદ હસન ઇમામ, મી. મઝહરૂલહક્ક અને જનાબ મુહમ્મદઅલી ઝીણા ભાગ લેનારાઓમાં મુખ્ય હતા. ઘણી ચર્ચાઓ ચાલ્યા પછી એકયતાના સવાલનો તોડ આણવા એક કમીટી નીમવામાં આવી હતી.

હિંદુ–મુસ્લિમ કોકડાનો ઉકેલ કરવામાં મૌલાના હાઝર ઇમામે સઘળાથી વધુ ઉદારતા અને દિર્ઘદ્રષ્ટિથી કામ લીધું હતું. એ વિષે ઉલ્લેખ કરતાં સર રઝાઅલી લખે છે કે, હિંદુ–મુસ્લિમો વચ્ચે કોઇ પણ રીતે એકયતા સ્થપાય એવી ચિંતામાં નામદાર આગાખાન સાહેબ રહેતા હતા અને લાંબા સમય સુધી પોતાની એ કોશિશો ચાલુ રાખી, દરરોજની ભાંજગડ દુર થાય તેના માટે નામદાર આગાખાન સાહેબે મુસ્લિમોની એક સ્પેશીયલ ટ્રેન ભરીને નાગપુરથી અલ્લાહબાદ આવ્યા અને તા. ૧–૧–૧૯૧૧ના અલ્લાહબાદમાં હિંદુ–મુસ્લિમ લીડરોની કોન્ફરન્સ ભરી. જો આ કોન્ફરન્સનો હેતુ પાર પડયો હોત તો આવતી કાલના ઇતિહાસકારો હિંદુ–મુસ્લિમ સંબંધોનું એક સોનેરી પ્રકરણ લખી શકતે. (૧)

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ખાત્રીથી એમ માને છે કે વહેલા મોડે સખત જરૂરિયાતને અંગે હિંદુ–મુસ્લિમોને પોતાના મતભેદોને વિસર્જન કરવા પડશે અને બન્નેનાં લાભો માટે તેઓને હળીમળીને કામ કરવું પડશે. બન્ને કોમો એક વહાણમાં મુસાફરી કરે છે. તેઓ બન્નેને સાથે તરવું પડશે યા ડુબવું પડશે. એ સિવાય બીજો ઉપાય નથી.

## એકતા માટે સોનેરી સલાહ.

તેઓ નામદારે હિંદુ ભાઇઓના શું ઉદ્દેશો છે તે સમજવાને, પોતાના હિંદના સહધર્મીઓને વારંવાર સુચના કરેલી છે. મુસ્લિમ યુનિવર્સિટિની યોજના બાબતમાં તેઓ નામદારે હિમાયત કરતાં જણાવ્યું હતું કે:–

"હિંદુઓની પ્રાચિન સભ્યતામાં ઉત્તમ વસ્તુ શું છે તે જાણવાને, હિંદુ ધર્મ અને વિચારોનું મુળ અને સ્વરૂપ સમજવાને આપણા દેશબંધુ તરીકે તેમના પ્રત્યે માન અને પ્રેમ આપણામાં ખિલવવા માટે તથા તેમના રીતરિવાજો વિષે વિચાર કરવા માટે આપણા અભ્યાસક્રમમાં સંસ્કૃત અને પૂર્વની બીજી ભાષાઓનો પણ સમાવેશ કરવો જોઇએ." હિંદુ–મુસ્લિમ એકતાના તેઓ નામદાર હિમાયતી હોવાના સબબે કોમ કોમ વચ્ચેનો વેરઝેર દુર કરવાનો તેઓશ્રીએ આ ઉપાય સુચવ્યો છે. આ પ્રમાણેની તેઓ નામદારની સોનેરી સલાહ ખરેખર એકયતાના માર્ગમાં જીવન પુરનારી જાદુઇ ગુટીકા કહી શકાય.

## બંગાળના ભાગલા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહે મુસ્લિમોના જુદા મતાધિકાર માટે ખાસ જરૂર જણાવી હોવાથી હિંદુ નેતાઓની તેઓ નામદારે ઇતરાજી વ્હોરી લીધી હતી અને મુસ્લિમ જરૂરીયાતના સવાલ પર તેઓ નામદાર જ્યારે બોલતા હતા ત્યારે સદ્દગત મી. ગોખલે જેવા બાહોશ રાજદારી પણ મુંઝવણમાં પડી જતા અને માથું ખંજવાળતા હતા. પરંતુ વસ્તુનો મર્મ જાણતા આંખો ચોળી બંધ

૧. સર રઝાઅલીની કદું કૃતિ 'આમાલ નામા' પાનું ૨૯૭.

હાસ્ય કરવા માંડતા. નામદાર આગાખાન સાહેબ રાજદારી મામલામાં કદી પણ હઠાગ્રહી જણાયા નથી, બલ્કે પોતાના સિધ્ધાંતની જાહેરાત કરતા જણાવતા રહ્યા છે કે પોતાના દેશબંધુની લાગણી અને મન ગંભીર રીતે દુઃભાય એવું કોઇ કાર્ય કદીપણ કરવું જોઇએ નહિં.

લોર્ડ કરઝને બંગાલના ભાગલા પાડવાની રાજનીતિ ધારણ કરી; તેનો એવો ઉદ્દેશ હતો કે પૂર્વ બંગાળની મુસ્લિમ પ્રજાને બંગાળના રાજવહિવટમાં યોગ્ય મહત્વતા આપવી, પરંતુ બંગાળી હિંદુઓ રોષે ભરાઇ એવી દલીલ કરવા લાગ્યા કે, લોર્ડ કરઝનના આ પગલાથી બંગાળની હિંદુ પ્રજાનું મન ઘણું દુભાયું છે; તે પરથી બંગાળના હિંદુઓમાં મોટે પાયે ઉશ્કેરણીની શરૂઆત થઇ હતી. પરિણામે લોર્ડ મોર્લિને ખાત્રીને બદલે તેની દરેક હકીકત શંકારૂપ દેખાવા લાગી હતી.

ઈ. સ. ૧૯૧૨=હિજરી સન ૧૩૩૧ માં બંગાળના ભાગલાની નીતિ રદ કરવામાં આવી ત્યારે મુસ્લિમ લાગણી તિવ્ર બની હતી. તે સમયે તેઓ નામદારે ઉદારતાભરી સહનશીલતાથી આ નવી નીતિને સ્વીકારવા મુસ્લિમોને સમજાવ્યા હતા. તેમને સલાહ આપતાં જણાવ્યું કે ભાગલાઓ રદ થવાથી બંગાળીઓને સંતોષ મળ્યો છે એટલુંજ નહિં, પરંતુ સઘળા હિંદીવાનો માટે આ એક ખુશાલીનો પ્રસંગ હોવો જોઇએ અને મારા ધારવા પ્રમાણે રાજ્યકર્તા તરીકેના આ મહાન કાર્ય માટે લોર્ડ હાર્ડિંજનો ઉપકાર માનવો જોઇએ કારણ કે તેમની કોશિશથી નામદાર શહેનશાહની હિંદી પ્રજાના મોટા ભાગની અડચણ દુર થઇ છે.

## માધવબાગમાં જંગી સભા—બનારસની હિંદુ યુનિવર્સિટિને સહાય.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહે હિંદુ-મુસ્લિમોમાં સુલેહસંપ સ્થાપવામાં સતત પરિશ્રમ ઉઠાવેલ છે, એટલુંજ નહિ પરંતુ હિંદુ કોમના હિતમાં સારામાં સારો રસ લઇ તેઓશ્રી કેટલી લાગણી ધરાવે છે તે વ્યવહારૂ રીતે પણ તેઓશ્રીએ સાબિત કરી બતાવ્યું છે. તેઓ નામદાર કોઇપણ જાતના ભેદભાવ વગર ઘણી હિંદુ સંસ્થાઓને ચાલુ બક્ષિશો આપતા રહ્યા છે. આવી સહાયતા મેળવનારાઓમાં દ્રષ્ટાંત રૂપે ડકકન એજ્યુકેશનલ સોસાંઇટી—દખ્ખણ કેળવણી સંસ્થાનો પણ સમાવેશ થાય છે.

ઇ સ. ૧૯૧૩ ના ફેબ્રુઆરી માસની તા. ૧૩ મીના મુંબઇના માધવબાગમાં એક જંગી સભા મળી હતી. આ પ્રસંગે હિંદુ યુનિવર્સિટિ ડેપ્યુટેશનમાં આવેલા દરભંગાના મહારાજા સર રામેશ્વરસિંહજી બહાદુર અને પંડિત મદનમોહના માલવિયાએ મજકુર સભામાં નાણાં ભરવા અપીલ કરી હતી. મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે આ સભામાં ખાસ હાજરી આપીને હિંદુ યુનિવર્સિટિમાં રૂા. ૫૦૦૦, પુના ફરગ્યુસન કોલેજને રૂા. ૫,૦૦૦ તથા સિડેનહામ કોલેજને રૂા. ૧૦,૦૦૦ ભેટ આપવાનું જાહેર કર્યું હતું.

## સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે સ્કોલરશીપ.

હિંદુ સાહિત્ય, સંસ્કૃત ભાષા તથા હિંદુ સંસ્કૃતિથી મુસ્લિમો જાણીતા થાય અને દેશમાં એ બન્નેનો એકતાભર્યો સંબંધ સારા પાયા પર રચાય તે માટે તેઓ નામદારે એક સ્કોલરશીપ સ્થાપી હતી. જેનો લાભ યુનિવર્સિટિમાં સંસ્કૃત ભાષા શિખવા ઇચ્છનાર મુસ્લિમ વિદ્યાર્થીઓ ઉઠાવે છે.

## નામદાર શહેનશાહની મનવાર પર મુલાકાત.

નામદાર શહેનશાહ જ્યોર્જ ઇ. સ. ૧૯૧૧-૧૯૧૨ માં હિંદ ખાતે પધાર્યા તે સમયે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ કરાચી (સિંધ) ખાતે હતા અને નામદાર શહેનશાહની રવાનગી વખતે તેઓ નામદારને કરાંચી સંદેશો મોકલવામાં આવ્યો હતો; તે સમયે તેઓ નામદારની આંગળીમાં દર્દ થતું હતું, તો પણ તેઓશ્રી નામદાર શહેનશાહની મુલાકાતે મુંબઇ ખાતે આવી લાગ્યા હતા, અને કિનારે નહિ ઉતરતાં સીધા શાહી "મનવાર" પર સીધાવી ગયા હતા, જ્યાં નામદાર શહેનશાહ હાજર ન્હોતા પરંતુ ગવર્નમેન્ટ હાઉસમાં ખાણા પર ગયા હતા. નામદાર શહેનશાહ આવી પહોંચતાં તેઓ નામદારની મુલાકાત લઇ થોડા વખત સુધી વાતચીત કરીને છુટા પડયા હતા. ત્યારપછી જમાતોના બાકી રહેલા કામકાજ ઉકેલવા પાછા કરાચી સિધાવી ગયા હતા.

## મૌલાના હાઝર ઈમામ યુરોપમાં.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ ઇ. સ. ૧૯૧૨-હિજરી સન ૧૩૩૦ માં યુરોપની મુસાફરીમાં હતા, તે સમયે લંડનમાં કેટલાક અગત્યના મેળાવડાઓમાં માનનીય પરોણા તરીકે બિરાજી, ઓગસ્ટ માસની તા. ૨૧ મીના ફ્રાંસના એક્ષ-લે-બેન ખાતે સિધાવી ગયા હતા.

## હિંદમાં મુબારક પધરામણી—વધુ સખાવતોની હારમાળા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ઇ. સ. ૧૯૧૨ના ડિસેમ્બર માસની તા. ૨૦ મી અર્થાત હિજરી સન ૧૩૩૧માં મુંબઇ આવી પહોંચ્યા હતા. તે પછી તા. ૨૬ મીએ મુસ્લિમ લીગના પ્રમુખ તરીકે લખનઉ સિધાવ્યા હતા અને ઓલ ઇન્ડીયા મુસ્લિમ લીગ કોનફરંસમાં તેઓશ્રીએ ભાગ લીધો હતો. મુસ્લિમ યુનિવર્સિટિના સવાલના સંબંધમાં નામદાર વાઇસરોયની મુલાકાત માટે મુસ્લિમ ડેપ્યુટેશન ગયું હતું, જેના વકા તરીકે તેઓ નામદાર હતા. એજ વર્ષમાં લેડી હાર્ડિંજ જનરલ હોસ્પીટાલ ચેરીટેબલ ફંડમાં રૂપીયા ૪,૦૦૦ ની નાદર રકમ તેઓ નામદારે ભરી હતી. લંડન રેડ ક્રેસંટ સોસાઇટી મારફત રૂપીયા ૧,૦૦૦ ટ્રીપોલીમાં ઘાયલ થયેલા સિપાહીઓના ફંડમાં તેઓશ્રીએ ભર્યા હતા. પુના ખાતેની ફરગ્યુસન કોલેજની અમ્ફી થીએટર બિલ્ડીંગ ફંડમાં પણ તેઓ નામદારે રૂપીયા ૫,૦૦૦ ભર્યા હતા.

## પછાત વર્ગના ઉધ્ધાર માટે સલાહ.

તેઓ નામદારે ઇ. સ. ૧૯૧૩=હિજરી સન ૧૩૩૧માં ઇસમાઇલી ધાર્મિક ફ્રી લાયબ્રેરીની મુલાકાત લેતી વખતે સંસ્થાના પ્રમુખ ડોકટર અલીમહમદ નાસર કરમસીએ આવકાર આપ્યો હતો. તે પછી લાયબ્રેરી હોલમાં આસને બિરાજી તેઓ નામદારે ફરમાવ્યું કે "પછાત પડી ગયેલા ડિપ્રેસ્ડ ક્લાસને હિંદુ સમાજ અડકતી નથી. તેમના પ્રત્યે મનુષ્ય ધર્મ દાખવીને તેઓનો હાથ પકડી તેમને ઉભા કરવાની ભલામણ કરૂં છું." આ નવીન વાત સાંભળીને હાજરીનોમાં ચુપકીદી ફેલાઈ ગઈ હતી પરંતુ, પાછળથી તેનો અમલ થવા માંડયો હતો. ત્યારપછી ખ્રિસ્તિઓ, હિંદુઓ અને મુસ્લિમોમાં આ વિષય ચર્ચાતો થઇ પડયો હતો અને ઘેર ઘેર અછુતોના ઉધ્ધારની વાતો થવા લાગી હતી.

## સુરતમાં સત્કાર.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઈ. સ. ૧૯૧૩ના જાન્યુઆરી માસમાં અર્થાત હિજરી સન ૧૩૩૧માં જમાતોની મુલાકાતે સુરત ભણી રવાના થઇ બપોરે પહોંચ્યા હતા. ત્યાં સ્ટેશને સચીનના નામદાર નવાબ તરફથી શાહી ગાડી અને ઘોડેસ્વારો મોકલવામાં આવ્યા હતા, જેમાં બેસી તેઓ નામદાર રવાના થઇ જમાતોની મુલાકાત લીધી હતી. સાંજે ઓન. સરદાર સૈયદ અલી એદરૂસે એટ–હોમનો મેળાવડો કર્યો હતો, જેમાં અર્પવામાં આવેલ માનપત્રમાં "બાલકનમાં જખમી ગાઝીઓ, તેમના યતીમ બચ્ચાંઓ અને તેમની વિધવાઓ પ્રત્યેની તેઓ નામદારની દિલસોઝી" નો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. વળી તેઓ શાહી ખાનદાનના વંશજ તેમજ મુસ્લિમ હકોની હિમાયત કરનારા એક મહાન નર છે એ વિષે પણ પ્રસંગોપાત નિર્દેશ તેમાં કરેલો હતો. આ માનપત્ર સુંદર કાસ્કેટમાં નાખીને તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું.

## લિંબડીમાં રાજ્યના પરોણા—ગુજરાત—કાઠીયાવાડમાં સત્કાર.

તેઓશ્રી સુરતથી રવાના થઇ સિધ્ધપુર પધાર્યા હતા, જ્યાં બે દિવસ રોકાઈ લિંબડી તરફ સિધાવ્યા હતા. લિંબડી સ્ટેશને નામદાર ઠાકોર સાહેબ, રાજકુમારો, દીવાન સાહેબ અને બીજા રાજ્યકર્મચારીઓએ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને આવકાર આપ્યો હતો અને નામદાર ઠાકોર સાહેબ પ્રતાપસિંહજીના રાજ્યમહેલમાં મહેમાન તરીકે રહ્યા હતા. બીજે દિને લિંબડી મ્યુનિસિપાલિટી તરફથી તેઓ નામદારને માનપત્ર અર્પવામાં આવ્યું હતું. લિંબડીના નામદાર ઠાકોર સાહેબે આ પ્રસંગે વિવેચન કરતાં જણાવ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબ માત્ર ખોજા અથવા મુસલમાનોનાજ આગેવાન તરીકે નહિ પરતુ સમસ્ત હિંદુસ્તાનના એક બાહોશ આગેવાન છે એમ હું માનું છું." તેઓ નામદારની મુબારક પધરામણીની યાદગીરીમાં નામદાર ઠાકોર સાહેબે હિંદુ અને મુસ્લિમ યુનિવર્સિટિના લાયક વિદ્યાર્થીઓ માટે રૂપીયા ૫૦૦૦ની સ્કોલરશીપની જાહેરાત કરી હતી.

લિંબડીથી તા. ૨૧મી જાન્યુઆરીએ તેઓ નામદાર વીરપુર આવ્યા, જ્યાં નામદાર ઠાકોર સાહેબ સુરસિંહજી, પાટવી કુમાર હમીરસિંહજી તથા બીજા કુમારો ઉપરાંત દીવાન સાહેબ અને રાજ્યનો સ્ટાફ તેઓ નામદારને આવકાર આપવા સ્ટેશન પર હાજર રહ્યા હતા. ત્યારપછી ઠળીયાના દરબાર મુળુવાળાએ મૌલાના હાઝર ઇમામને પોતાના સ્ટેટમાં પધારવા અરજ કરી હતી જે સ્વીકારી તેઓશ્રી ત્યાં પધારતાં દરબારે હારતુરા ઇનાયત કરી પોતાની ઘણી ખુશાલી દર્શાવી હતી. ત્યાંથી જામજોધપુર રવાના થયા હતા. સ્ટેશન ઉપર જુનાગઢ સ્ટેટની સુશોભિત ગાડી તેઓ નામદારને લેવા આવી હતી. પોરબંદર સ્ટેટના બેન્ડે સલામી આપી હતી. સ્ટેશને તેઓશ્રીનું જમાતે હર્ષભેર સન્માન કર્યું હતું. તેઓશ્રીએ મિજલસ હોલની મુલાકાત લીધી હતી. ત્યાંથી ધોરાજી તેમજ સુપેડી સ્ટેશને આવી પહોંચતાં, જમાતોને મુલાકાત આપી હતી.

## અમદાવાદમાં માનપત્રો—વડોદરામાં ભવ્ય માન.

ત્યાંથી તેઓ નામદાર વિરમગામ તરફ વિદાય થઇને તા. ૧લી ફેબ્રુઆરીના દિને અમદાવાદ પધાર્યા હતા, જ્યાં "પ્રેમાભાઇ હોલ"માં સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટના પ્રમુખપદે એક જંગી સભા મળી હતી, જેમાં અન્જુમને ઇસ્લામ અને યંગમેન્સ મહોમેડન એસોસિએશન તરફથી માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. ત્યારપછી વડોદરા ખાતે પધારતાં તેઓ નામદારને સ્ટેટ બેન્ડે આવકાર આપ્યો હતો અને રાજ્ય તરફથી છડી સવારી કઢાડવાના ઉદેશથી હાથી, ઘોડા, ડંકા, નિશાન, લશ્કર

વિગેરે સ્ટેશન ઉપર હાજર રાખવામાં આવ્યા હતા. પરંતુ આ જાહેર ધામધુમ તેઓશ્રીને પસંદ ન હોવાથી મોટરમાં બિરાજીને ઉતારે સિધાવી ગયા હતા. બીજે દિને રાજમહેલનાં બગીચામાં ભવ્ય ગાર્ડન પાર્ટી હતી, તેમાં તેઓ નામદાર વહેલા પધાર્યા હતા. નામદાર મહારાજા ગાયકવાડ આવતા, મિત્રાચારીનો મીઠો લાભ મળી શકયો હતો. આ મુસાફરીમાં દરેક જમાતોની મુલાકાત લઈને તેઓના જમાતી કામકાજ ઉકેલ્યા હતા.

ઈ. સ. ૧૯૧૩ના માર્ચ માસની તા. ૮મી અર્થાત હિજરી સન ૧૩૩૧ તા. ૨૯મી રબીઉલ અવ્વલને શનિવારે મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એપોલો બંદર પરથી સ્ટીમર "પરશિયા" મારફતે યુરોપ તરફ સિધાવી ગયા હતા.

## દક્ષિણ આફ્રિકાના હીંદીઓનો પ્રશ્ન—ટાઉન હોલમાં જંગી સભા.

પોતાના સ્વદેશ બંધુઓનું હિત કરવાની તેઓ નામદારની કોશિશો ફકત હિંદમાંજ મર્યાદિત થતી નથી, પરંતુ દક્ષિણ અને પૂર્વ આફ્રિકા, અને અન્ય સંસ્થાનો અને દરિયાપાર વસતા હિંદીઓ માટે પણ તેઓશ્રીએ અંતઃકરણપૂર્વક જે પ્રયાસો કર્યા છે તે સૌને સુવિદિત છે.

મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ.એ યુરોપની લાંબી મુસાફરી કરી ઇ. સ. ૧૯૧૩ના ડીસેમ્બર માસની તા. ૫મીના દિને મુંબઇના કિનારે કદમ મુબારક કર્યા પછી તા. ૧૦મીના મુંબઇના "ટાઉન હોલ"માં દક્ષિણ આફ્રિકાના સવાલ વિષે ભરાયેલી સભાના પ્રમુખપદે બિરાજ્યા હતા. આ જંગી સભામાં ઓન. સર ફિરોઝશાહ મહેતા, સર જમશેદજી જીજીભાઇ બેરોનેટ, સર દોરાબ અને લેડી તાતા, સર દીનશાહ પીટીટ, સર કાવસજી, સર એન. જી. ચંદાવરકર, ઓન. સર ઇબ્રાહીમ રહેમતુલ્લા, સર પી. ડી. ઠાકરસી, સર સ્ટેનલી રીડ અને મી. દીનશાહ વાચ્છા, રેવરંડ ડા. સ્કોટ, ઓ. વિઠ્ઠલભાઇ પટેલ, ઓન. સર લલ્લુભાઇ શામળદાસ, શેઠ મનમોહનદાસ રામજી, શેઠ હાજી યુસુફ ઈસમાઇલ અને બીજાઓએ પણ ભાગ લીધો હતો. હોલ શ્રોતાજનોથી ખીચોખીચ ભરાઈ ગયો હતો.

સભાની શરૂઆતમાં નામદાર ગાયકવાડ, સર કરીમભાઇ ઇબ્રાહિમ (પહેલા) બેરોનેટ, સર ચીનુભાઈ માધવલાલ બેરોનેટ, મહારાજાઓ કુચબિહાર, વાંસદાના ઠાકોર સાહેબ, પન્નાના રાણી સાહેબા વિગેરેના સંદેશા ઓન. સર પીટીટે વાંચી સંભળાવ્યા હતા. બાદ મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ જાહેર કર્યું હતું કે: નામદાર ગાયકવાડે દક્ષિણ આફ્રિકાના હિંદીઓ માટેના ફંડમાં રૂપીઆ ૫,૦૦૦ ભર્યા છે. અત્રે સર ફિરોઝશાહ મહેતાએ સભાના પ્રમુખ નામદાર આગાખાન સાહેબે મજકુર ફંડમાં રૂપીયા ૧૦,૦૦૦ની નવાજિશ કરેલી હોવાનું જાહેર કર્યું હતું. કુચબિહારના નામદાર મહારાજા અને ભાવનગરનાં નામદાર મહારાજા દરેકે રૂપીયા ૧૦૦૦ ફંડમાં ભરવાનું જાહેર કર્યું હતું, અને વાંસદાના નામદાર ઠાકોર સાહેબે રૂપીયા ૫,૦૦૦નો ફાળો આપ્યો હતો.

## પ્રમુખસ્થાનેથી મૌલાના હાઝર ઇમામનું ભાષણ.

ત્યારબાદ તેઓ નામદારે પ્રમુખપદેથી ભાષણ આપતાં જણાવ્યું કે દક્ષિણ આફ્રિકામાં જે આફતો હિંદીઓ પર વરસી રહી છે તેને અંગે શહેનશાહતના એક ખુણાથી બીજા ખુણા સુધી લોકોમાં અસંતોષની લાગણી

જન્મી છે, તેનો પડઘો પાડવાનું કામ આ જાહેર સભાના પ્રમુખ તરીકે મારે ફાળે આવ્યું છે. દક્ષિણ આફ્રિકામાં બનેલા દુ:ખદાયક બનાવોથી હિંદીઓની જેટલી લાગણી ઉશ્કેરાઇ છે તેનું પ્રમાણ વર્તમાન તવારીખમાં મળી આવવું મુશ્કેલ છે, એમ કહેવામાં જરાએ અતિશ્યોકિત નથી. આ સર્વથી કઠણ અને ખેદજનક સવાલના વિષયમાં જાહેર મતની જે સંગીનતા આપણે જોઇએ છીએ, તે ખચિત ધ્યાન ખેંચનારી બિના છે. આ સભા બોલાવવા માટે મુંબઇના શેરીફે કરેલી અરજ ઉપર સઘળી કોમના પ્રતિનિધિઓએ સહી કરી છે. એ હકીકત દક્ષિણ આફ્રિકામાં આપણા દેશબંધુઓ સાથે જે અન્યાયી અને સખ્ત વર્તન ચલાવવામાં આવ્યું છે, તે વિષે હિંદમાં સંપૂર્ણ એકમતી છે, તેની સુંદર સાક્ષી પુરે છે.

"કોઇ અંગ્રેજ સાથે એવી ચાલ ચલાવવામાં આવે તો તે લડાઇના એક કારણ તરીકે ગણવામાં આવત. ડિઝરાઇલી, ગ્લેડસ્ટન, પામરસ્ટન કે બ્રાઇટન આજે હૈયાત હોત તો ન્યાય માટે વખણાયલા ઈંગ્લાંડના સુંદર નામને કલંક ન લાગે તે માટે આગ્રહભરી લડતથી આખા ઇગ્લાંડને હચમચાવી નાખત. વફાદાર, ધીરજવાન અને મુંગે મ્હોડે વહીતરૂં કરતા હિંદીઓ આશા રાખે છે કે, નામદાર શહેનશાહની તેઓ રૈયત છે, એ વાતજ કોઇપણ બ્રિટીશ સંસ્થાનમાંના શહેરી તરીકેના તેઓનાં હકકોના રક્ષણ માટે પુરતીજ છે. દક્ષિણ આફ્રિકાની અને શહેનશાહની સરકાર વચ્ચેના સંબંધની નાજુકતા સ્વીકારવા દક્ષિણ આફ્રિકામાંના હિંદી આગેવાનો તૈયાર છે, છતાં મનુષ્ય તરીકે ન્યાય આપવામાં આવે એ માર્ગમાં મુશ્કિલીનો કોઇપણ સવાલ આડે આવવો જોઇતો નથી. આ વિષયમાં શહેનશાહની સરકાર નિરાધાર છે એમ કહેવામાં આવે છે, તે હિંદનો જાહેર મત માની શકતો નથી."

## લાહોરમાં ભવ્ય સત્કાર—મુસ્લિમ લીગમાં શુભાગમન.

ઈ. સ. ૧૯૧૪-હિજરી સન ૧૩૩૨માં તેઓ નામદારને, પંજાબ ખાતે મુસ્લિમ લીગમાં ભાગ લેવા પધારતાં અનહદ માન આપવામાં આવ્યું હતું અને લાહોરમાં તેઓ નામદારની ગાડીના ઘોડા છોડીને પ્રજાજનો ગાડી ખેંચીને પેન્ડોલ સુધી લઈ ગયા હતા. તેઓ નામદારને જોવા માર્ગ ઉપર ભારે મેદની જામી હતી. માર્ગોને શણગારવામાં આવ્યા હતા અને નાકે નાકે ભવ્ય આર્કોના દરવાજા ઉભા કરવામાં આવ્યા હતા, જેમાં તેઓ નામદારની પ્રશંસાવાળા ગંજાવર બોર્ડો લટકાવવામાં આવ્યા હતા. તે સમયે બહારની પ્રજા પણ લાહોરમાં ઉલટી પડી હતી. એકંદરે એક તહેવાર જેવો સર્વત્ર દેખાવ લાગતો હતો.

ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબના શુભાગમન માટે હર્ષ દર્શાવતાં, આ પ્રમાણે પ્રશંસા કરવામાં આવી હતી :—

> "ભલે પધારો, અમારા દિલોને જીતી લેનાર, ઓ દબદબાવાળા સરદાર! તમો આ સૃષ્ટિની ભુમિ ઉપર સુર્યસમાન પ્રકાશિત રહ્યા છો! ઇસ્લામીઓના રક્ષણહાર, નામાંકિત નરોના આગેવાન, દીનદારોના રહેબર, ઇમાનદારોની આશા, તમારી સહાયતા અને રહેનુમાઇ માટે ઇસ્લામી ટોળા તમારે દરવાજે આશ્રયસ્થાન કરી રહ્યા છે. મહાન શાહઝાદા તમારી હસ્તીથી ઇસ્લામને મગરૂરી છે. દેશની કીર્તિ વધારનાર ઓ બુઝુર્ગ! જુના સંકટો અને મુસીબતોનો ઉપાય કરનાર, માનનીય ઉચ્ચ ખાનદાન અને ઉંચી નસલના ભલા શાહઝાદા, તમારા પર હિંદ માતા કુરબાન થઇ રહી છે. તમારા પગની ખાકના સુરમામાંથી દેખતાની આંખોને તેજસ્વી બનાવનાર, ભલે

પધારો, શુભ કાર્યોનું માર્ગદર્શન કરનાર, ધર્મના ફિરકાઓ વચ્ચેના મતફેરને ઉખેડી નાખનાર, ભલે પધારો. તમારૂં દિલ મહોબ્બત અને એકદિલીની આરસી છે. એકતાના માર્ગ ભણી દોરવનાર તમો અમારા ભોમિયા છો. અજ્ઞાનતા અને દુઃખનું અંધારૂં હાંકી કહાડી યુનિવર્સિટિને આદર્શમય બનાવવામાં તમો ફતેહ મેળવશો. આકાશ પરથી ભલે પધાર્યાના અવાજો સંભળાઈ રહ્યા છે. આખું હિંદુસ્તાન તમારા ઉપકાર તળે છે. તમારૂં નામ કયામત સુધી અમર રહેશે. તમારી પનાહ દુનિયામાં કદીપણ ઓછી થનાર નથી. આગાખાન, તું સદાકાળ જીવતો રહેજે."

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહે આ વર્ષમાં લંડનના મુસ્લિમ કબ્રસ્તાન માટે ૬૦૦ પૌંડ ભર્યા હતા અને કન્ડીગલ શહેરની મુસ્લિમ ઓર્ફનેજને રૂપીઆ ૨,૦૦૦ની નવાઝિશ કરી હતી. રંગુન અને બરમા ઇન્ટર ઇસ્લામિક ફંડ માટે રૂપીઆ ૫,૦૦૦ની રકમ જાહેર કરી હતી.

## ઈસ્વી સન ૧૯૧૪નું વિશ્વયુદ્ધ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ ઇ. સ. ૧૯૧૧માં "નેશનલ રિવ્યુ" નામના પત્રમાં એક લેખ લખીને આગાહી કરી હતી. તે મુજબ બરાબર ત્રણ વર્ષે ઇ. સ. ૧૯૧૪ના ઓગસ્ટ માસની એક રાત્રીએ મહાન વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું. આ વખતે તેઓ નામદાર પૂર્વ આફ્રિકામાં જંગબાર ખાતે હતા કે જ્યાં તેઓશ્રીના અનુયાયીઓએ ઘણા વર્ષોથી કોલોની આબાદ કરી છે. યુધ્ધના સમાચાર મળતાંજ જર્મનીના ખિતાબ અને માનચાંદ તેઓશ્રીએ પાછા વાળ્યા હતા અને બ્રિટીશ સામ્રાજ્યમાં વસ્તા પોતાના મુરીદોને બ્રિટીશ સત્તાવાળાઓને બનતી સહાય આપવા માટે અને વફાદાર રહેવા માટે તાર મારફતે આજ્ઞા કરી હતી.

આ વિશ્વયુધ્ધ ફાટી નીકળતાં, ઇંગ્લેંડ ખાતેથી તેઓ નામદારને સેંકડો સંદેશાઓ મળતાં, બ્રિટીશ શહેનશાહતની મદદે દોડી ગયા હતા અને જંગબારથી સાઉથ આફ્રિકાના માર્ગે સપ્ટેમ્બરની અધવચમાં ઇંગ્લેંડ જઇ પહોંચ્યા હતા અને એ વખતના સેક્રેટરી ઓફ ઇન્ડીઆ, લોર્ડ ક્રીવને પોતાની સેવા આપવા માટે લખી જણાવ્યું હતું.

## વિશ્વયુદ્ધ દરમ્યાન અજોડ સેવા.

ત્યારપછી તેઓ નામદારે પોતાની સેવા આપવા માટેની ઉત્સુકતા દર્શાવતાં રોયટરના પ્રતિનિધિને જણાવ્યું હતું કે "દિલગીર છું કે લડાઇની તાલીમ મને બિલકુલ મળી નથી, પણ વોર ઓફિસ (યુધ્ધ સંચાલકો) મારી સેવા કબુલ રાખે તો ઘણી ખુશી સાથે લડાઇ પર જવા તૈયાર છું. હું ક્યાં પણ જવા અને કોઇપણ કામ કરવા ખુશી થઇશ. જો તેઓ મને કોઇપણ તક આપે તો બ્રિટીશ સામ્રાજ્ય માટે મારા લોહીનું છેલ્લામાં છેલ્લું ટીપું રેડીશ."

ઇંગ્લેંડના 'ડેલી સીટીઝન' નામના છાપામાં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે નામદાર આગાખાન સાહેબ લડાઇના મોખરે જઇને પોતાની સેવા આપવા માટે એટલી બધી તીવ્ર ઇચ્છા ધરાવે છે કે જ્યારે સારવાર કરનાર એક હિંદી ટુકડી લડાઇમાં જતી હતી, તેના એક દિવ પહેલાં ઇંગ્લેંડમાં તેઓશ્રીએ તેઓને જણાવ્યું હતું કે:—

"મારો એક નાનો સરખો અને દીનતાભર્યો ખુલાસો સાંભળો. તમારા જેવો મારો સ્વભાવ ઘણો લડાયક નથી. તો પણ "ઇન્ટર પ્રીટર" (દુભાષિયા) તરીકે તમારી સાથે બનશે તો આવીશ. હું અંગ્રેજી, ફ્રેંચ, જર્મન અને હિંદુસ્તાની ભાષાઓ જાણું છું અને હું નથી ધારતો કે, તમોને આ વિષયમાં બીજો વધારે ઉપયોગી માણસ મળી આવે. જુદી જુદી ભાષાઓ બોલનાર વચ્ચે રહીને દુભાષિયા તરીકે કામ કરીશ અને જાતે કમાવીને મારૂં ગુજરાન ચલાવીશ. જો તમારી સાથે ન આવું તો તે બહારના દબાણને લીધે છે, મારી કોઇ ખામીના લીધે નથી."

લડાઇના સમય દરમ્યાન તેઓ નામદાર સામ્રાજ્યમાં લશ્કરીઓને પ્રોત્સાહન આપીને આગળ ધપવા પ્રેરણા આપતા હતા અને આ સિવાય પોતાથી બનતું સઘળું કરી છુટતા હતા. અંતે અતિશય શ્રમ લેવાથી તેઓ નામદારની તબીઅત ઉપર ગંભીર અસર થવા લાગી હતી, જેથી તબીબોએ તેઓશ્રીને આરામએશની ભલામણ કરી.

## યુરોપના પત્રોમાં પ્રશંસાની પુષ્પવર્ષા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ યુધ્ધ વખતે મિત્ર રાજ્યોને અજોડ સહાયતા આપી હોવાથી યુરોપના છાપાઓમાં તેઓ નામદાર માટે જે તારીફ લાયક શબ્દો લખી પ્રશંસા કરવામાં આવી હતી તેમાંના "ડેલી મેઇલ" અને "વિંડસર મેગેઝીન"માં નોંધવા લાયક ઉલ્લેખો કરવામાં આવ્યા હતા જે આ પ્રમાણે છે:—

"લંડન મેઇલ" નામના અંગ્રેજી વર્તમાનપત્રે લખ્યું હતું કે, "તેઓ નામદાર બ્રિટીશ રાજ્યને અત્યંત વફાદાર છે. જે વ્યકિત આંખના એક ઇશારામાં બે કરોડની જન સંખ્યાને તાબામાં રાખી શકે છે, એ વાત ધ્યાનમાં લેતાં એવી વ્યકિતની વફાદારીનું વજન પડી શકે છે. તેઓ હઝરત મુહમ્મદ પયગમ્બર (સ.) થી પેઢી દર પેઢીએ સીધા વંશજ તરીકે ઉતરી આવેલા છે. હિંદ તથા પૂર્વ આફ્રિકામાં એક દેવ તરીકે તેઓ નામદાર પુજાય છે."

"લંડન ડેલી મેઇલે" એવો અભિપ્રાય ઉચાર્યો હતો કે: "તુર્કીએ જાહેર કરેલી લડાઈ વિરૂધ્ધ-તેઓ (શ્રી)ની ઝુંબેશથી સઘળા ઇસ્લામ ધર્મ માનનારા મુસલમાનો મિત્રરાજ્યોનાં પક્ષમાં ખેંચાયા હતા."

## છ કરોડ મુસ્લિમોના નેતા.

"લંડન લોઇડઝ"માં એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે: "છ કરોડ આત્માઓના રૂહાની નેતા નામદાર આગાખાન સાહેબ બ્રિટીશ લશ્કરની હરોળમાં એક ખાનગી આસામી તરીકે ખુશીથી સપવાને આતુર હતા. તેઓશ્રીએ પ્રિન્સ (રાજવંશી), ગુરૂ અને ભવિષ્યવેત્તા એમ ત્રણ પદવીધારી તરીકે બ્રિટનને ઘણી સારી મદદ કરી હતી. ઇસમાઇલી મુસ્લિમોના નેતારૂપે તેઓ નામદારની આજ્ઞાથી તેઓશ્રીના લાખો મુરીદો એશિયા તથા આફ્રિકામાં આપણા સહાયક થઇ પડયા હતા."

"વિન્ડસર મેગેઝીને" લખ્યું હતું કે: "પૂર્વ અને પશ્ચિમ વચ્ચે જે અંતર છે-તેને પુરી દેવા સમર્થ વ્યકિત નામદાર આગખાન સાહેબ એકલાજ છે. આપણને તેઓ નામદાર તરફથી અણધારી અને અસાધારણ

મદદ મળી છે. આ મશહુર હિંદી રાજદ્વારી અને દેશભકત લડાઇની શરૂઆતમાં ઇંગ્લેંડ આવ્યા અને તે વેળાએ તરતજ પોતાની રણક્ષેત્ર પર જવા માટે ઇચ્છા દર્શાવી હતી. તે પણ એક સાધારણ સિપાઇ તરીકે, પણ એક આખી લશ્કરી ટુકડી કરતાં પણ તેઓ નામદારનો વગવસીલો અતિ ઘણો વધારે છે. તેઓશ્રી ઇરાનના રાજકુટુંબને લગતા છે. તેઓશ્રી શીઆ મુસ્લિમોની ખોજા જમાતના ધાર્મિક વડા છે, જેઓની ગણત્રી ઇસ્લામની વસ્તીમાં કરોડોની સંખ્યામાં ગણાય છે. નામદાર આગાખાન સાહેબે લડાઇની શરૂઆતમાંજ તમામ મુસ્લિમ આલમને લાગણીવાળી ભાષામાં એક જાહેરનામાથી ગ્રેટ બ્રિટન અને તેના મદદગાર મિત્રરાજ્યો તરફ વફાદાર રહેવા માટે જણાવ્યું હતું અને તેમ કરતાં તુર્કીને સડોવી અને જરમનીએ કરેલી બેવફાઈ કંઈપણ ભેદભાવ રાખ્યા વગર ખુલ્લી કરી બતાવી હતી. તમામ ઇસ્લામમાં એમના શબ્દોની અસર થઈ હતી અને તેઓશ્રીના શબ્દો બહુ સત્તાધારી અને વજનદાર ગણાય છે. આમ થવાથી ખ્રિસ્તિઓ સામે જહાદ=ધર્મયુધ્ધ જગાડવાની કયસરની મેલી મુરાદ ઉંધી વળી ગઈ હતી. તેઓ બ્રિટીશ સામ્રાજ્યના પડખે ઊભા રહેવાથી દુશ્મનોના કાળજાં કંપી ઉઠયા છે. ઇસ્વી સન ૧૯૧૫=હિ. સ. ૧૩૩૩ માં સ્વીટઝરલેન્ડમાં બનેલા કાળાં કાવતરાંની બિના દરેક ઇસ્લામીએ ધ્રુજતાં દિલે વાંચી છે. તેઓ નામદારનો જાન લેવાનું આ કાવતરૂં હતું, છતાં તેઓશ્રી બ્રિટીશ સરકારની તરફેણમાં અડગ રહ્યા હતા."

## સ્વીટઝરલેન્ડમાં કાવતરાં.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. બ્રિટીશ સામ્રાજ્યને સહાયતા આપી રહ્યા હતા, તેથી જર્મન રાજપુરૂષો ખિજવાયા હતા. મૌલાના હાઝર ઇમામ સ્વીટઝરલેન્ડમાં પોતાના મહોરદાર અને શાહઝાદા સાથે ઝુરીચમાં જે મકાનમાં નિવાસ કરી રહ્યા હતા તેને બોમ્બીંગ માટે યોજવામાં આવેલ કાવતરાં માટે "સીક્રેટ સરવીસ ડિપાર્ટમેન્ટ" તરફથી સમયસર જાણ કરી દેવામાં આવતાં એ કાવતરૂં સદંતર નિષ્ફળ નિવડ્યું હતું. સ્વીઝરલેન્ડની સરકારે કાવતરાંખોરોને એ હિચકારા કૃત્ય માટે પકડીને તપાસ ચલાવી તેઓને લાંબા સમયની કેદની સજા કરી હતી.

આ કાવતરાંની તપાસ દરમ્યાન તેઓ નામદારને ઇ. સ. ૧૯૧૫=હિ. સ. ૧૩૩૩ માં લ્યુસર્ન ખાતે સ્વીઝરહોફ નામની હોટલમાં રહેતા હતા ત્યારે ડૉ. હાફિઝની હિંદી બળવાખોર ટોળી તરફથી ખાણામાં ઝેર ભેળવી પ્રાણ હરવાની બાજી રચવામાં આવેલ હતી તે પણ પોલીસે શોધી કાઢ્યું હતું. પાછળથી બરોટીની નામના શખ્સ મારફતે ડૉ. હાફિઝે એક પત્ર મોકલ્યો હતો, જેમાં નામદાર આગાખાન સાહેબને એવી ધમકી આપવામાં આવી હતી કે, જો તમો ઇંગ્લાંડને વફાદાર રહેશો તો તમારો જાન લેવામાં આવશે.

ઇટાલીમાં જર્મનીનો ભય દાખલ કરવાના હેતુવાળાઓની ટુકડી તરફથી પુરા પાડવામાં આવેલા સાહિત્યથી કામ કરતા બરટોની અને બીજા ફિતુરીઓ જર્મન કાવાદાવાના ભોગ થઈ પડેલા જણાતા હતા અને બન્ને હિન્દી ફિતુરી ડૉ. હાફિઝ અને ચટ્ટોપાધ્યાય જર્મન આડતીયા હોવાનું ખાત્રીપૂર્વક જણાયાથી તેમને અનુક્રમે ચાર વર્ષની સખ્ત કેદ અને ૮૦ પૌંડ દંડ અને બીજાને સવા બે વર્ષની કેદ અને ૪૦ પૌંડ દંડની સજા કરવામાં આવી હતી. એ કેદીઓને સ્વીઝરલેન્ડથી દેશપાર કરવામાં આવ્યા હતા. તેમની સાથે બેગેમોરીનોને પણ અઢાર માસની સજા થઇ હતી. એનો નિકાલ ઝુરીચ ખાતે બોમ્બ કાવતરાં કેસની તપાસમાં આવ્યો હતો. આ કેસમાં સાબિત થયું હતું કે જર્મન જનરલનો સ્ટાફ ફિતુરીઓ સાથે સંબંધ ધરાવતો હતો અને બળવાખોરોને કામે લગાડવામાં આવ્યા હતા અને જર્મન દોર જમાવવા ફાટી ઉઠે તેવા પદાર્થો અને વસ્તુઓ સ્વીઝરલેન્ડમાંના જર્મન એલચી ખાતાને ખેપીયા મારફત પહોંચાડવામાં આવતા હતા.

જર્મની તરફથી લડાઇ શરૂ કરવામાં આવી ત્યારે ઇટલી મોખરા પર બળવો જગાડવાના હેતુથી આ ગોઠવણ કરવામાં આવી હતી અને ફ્રાંસમાં પણ બળવાખોર વલણવાળું સાહિત્ય એ ટોળી દાખલ કરી શકી હતી.

આવા કાવતરાંખોરો વચ્ચે પણ મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. પોતાનો મિત્રાચારીભર્યો સંબંધ બ્રિટીશોથી જાળવી અડગ રહ્યા હતા. આ સંબંધે ઇશારો કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "હું મારા દાદા તથા પિતા પાસેથી વફાદાર રહેવા શીખ્યો છું. તેઓ બન્ને પણ સરકારની તરફેણમાં પોતાની સત્તા વાપરતા હતા. આ પ્રકારે બંધાયેલી રૂઢી પ્રમાણે ચાલવા હું મારાથી બનતો પ્રયાસ કરૂં છું; પણ તેનો અર્થ એમ થતો નથી કે, આ મારા ઘરની રૂઢી છે તેથી તેમજ કરવું જોઇએ, પરંતુ દુરદેશાવરોના જાતજાતના અનુભવો અને ઘણા પુસ્તકો વાંચીને બંધાયલા રાજ્યદ્વારી વિચારના પરિણામ રૂપેજ મારો આ નિર્ણય છે."

## અગ્યાર તોપોની સલામીનું માન.

ઇસ્વી સન ૧૯૧૬ ના એપ્રીલ મહિનામાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને, વિશ્વયુધ્ધ વખતે બજાવેલી અગત્યની સેવાઓ માટે ફર્સ્ટ કલાસ પ્રિન્સ ઓફ ધી બોમ્બે પ્રેસીડેન્સીનો અને હિંદમાં હકુમત કરતા સુલતાનો અને રાજવીઓ જેવો દરજ્જો અને પદવી ઇનાયત કરવાની સાથે અગ્યાર તોપોની સલામીનું માન નામદાર શહેનશાહે ઇનાયત કર્યું, જેની જાહેરાત કરવામાં આવી હતી. આવું માન મેળવનાર બ્રિટીશ શહેનશાહતમાં તેઓ નામદાર એકલા જ છે.

## યુધ્ધ પુરૂં થતાં રાજ-પ્રજા વચ્ચેની ગેરસમજુતિ દુર કરવાની સલાહ.

ઇ. સ. ૧૯૧૬=હિજરી સન ૧૩૩૪ માં તેઓ નામદારે સામ્રાજ્ય અને હિંદી પ્રજાના સંબંધ માટે અગાઉથી ચેતવણી આપી હતી કે, "આ લડાઇ પૂર્ણ થવા સાથે રાજ્ય અને પ્રજા વચ્ચેની ગેરસમજુતી પણ પૂર્ણ થાય તો સારૂં. આપણો હિસાબ આપણે ફરીથી એક કોરી સ્લેટ ઉપર ગણીએ તો ઘણું ઉત્તમ ગણાશે. હવે રાજા અને પ્રજામાં વધારે વખત ગેરસમજુતી ન રહે તો ઠીક છે, કારણ કે લડાઇને અંગે ગમે તે થાય અને તેમાં આ દેશને જે નુકશાન થશે તો હિંદની ઉમેદો અને હિંદનું ભવિષ્ય બરબાદ થશે. વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે બ્રિટીશ સામ્રાજ્ય માટે સૈનિકો સાથે ધન અને બીજી સામગ્રી પુરી પાડવા હિંદમાં સર્વ વસ્તુઓ માટેનો અખુટ ભંડાર મૌજુદ છે.

## સુલતાનના રાજ્યાભિષેક પ્રસંગે મિસર ભણી પ્રયાણ.

દરિયામાં ટારપીડો અને સબ-મરીનોનો ત્રાસ ફેલાઈ રહ્યો હતો, રાતે સ્ટીમરો કે "કાર્ગો બોટ"ને પણ અંધારામાં મુસાફરી કરવી પડતી હતી, એવા ધાસ્તીભર્યા સમયમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. મી. અબ્બાસ અલી બેગને લઇને મિસર ભણી રવાના થયા. એ સમયે મિસરના હાકિમ ખેદિવ અબ્બાસ હિલ્મી પાસા પદભ્રષ્ટ થતાં, તેઓ તુર્કસ્તાન ચાલ્યા ગયા હતા. જે પછી પ્રિન્સ હુસેન કમાલ પાશાને મિસરના સુલતાન મુકરર કરવામાં આવ્યા. તેમની ગાદીનશીનીની ક્રિયા કરવા માટે તેઓ નામદારે હાજરી આપી હતી, જ્યાંથી પાછા વળતાં 'ઇસમાઇલીયા' શહેરમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ લશ્કરની કવાયદ જોઇ હતી અને સુએઝ કેનાલ પર બ્રિટીશ હિંદી લશ્કર ટ્રેન્ચીસ (ખંદકો) માં તકેદારી રાખી રહ્યું હતું તેની ખાઇીમાં

ઉતરી તેઓશ્રીએ મુલાકાતો લીધી હતી. એક પ્રભાવશાળી હિંદી વ્યક્તિને હિંદી લશ્કરે જોતાં હર્ષનાદો વચ્ચે તેઓશ્રીને વધાવી લીધા હતા, અને તેઓ નામદારે પણ તેઓને વફાદાર રહેવા માટેનો ઉત્સાહ પુર્યો હતો.

## પયગમ્બર સાહેબ માટે લોઇડ જ્યોર્જની ટીકાનો વિરોધ—વધુ સખાવતો.

એક દિને મી. લોઇડ જ્યોર્જ બ્રિટીશ લડવૈયાઓને શુર ચઢાવવા ભાષણ કરી રહ્યા હતા. એ દરમ્યાન હઝરત મુહમ્મદ (સ.) માટે ટીકા કરતાં જરા વધારે પડતું બોલી જતાં તેમના આ શબ્દોથી ઇસ્લામી આલમ ખળભળી ઉઠી હતી. આ પ્રસંગને ઉદ્દેશીને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ એક સભામાં પોતાનો મનોભાવ નિડરતાથી જાહેર કર્યો હતો કે: "જોખમદાર બ્રિટીશ વ્યક્તિએ બહુ સંભાળીને બોલવું અને કટોકટીના વખતમાં દુશ્મનોના હથિયાર થઇ પડવાથી બહુ સાવચેત રહેવું જોઇએ. હઝરત મુહમ્મદ સ. વિષે જે ટીકા કરવામાં આવી છે તે અણુછાજતી છે. સઘળા મુસ્લિમો હઝરત મુહમ્મદ સ. ને પોતાના પયગમ્બર માને છે. તેઓની લાગણી સમાવવા માટે મી. જ્યોર્જે પોતાના શબ્દો પાછા ખેંચી લઇ દિલગીરી જાહેર કરવી જોઇએ." થોડા વખત પછી આ ભાષણની અસર થઇ અને વડા પ્રધાન મી. એસ્કવીથના વડપણ તળે એમજ કરવામાં આવ્યું. તેઓ નામદારની આ સેવા જોઇને ઇસ્લામી આલમ પર ઊંડી અસર થઇ હતી.

એજ વર્ષમાં તેઓ નામદારે લંડન ખાતે પ્રિન્સ ઓફ વેલ્સ રિલીફ ફંડમાં રૂપીયા ૧૫,૦૦૦, કવિન્સ ફંડમાં રૂપીયા ૭,૫૦૦ અને ધી ઇન્ડીઅન ફિલ્ડ એમ્બ્યુલન્સ કોરના ફંડમાં રૂપીયા ૩,૦૦૦ બક્ષિશ કર્યા હતા.

## મુંબઇનું નવું જમાતખાનું–ઉદ્દઘાટન ક્રીયા.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ઇ. સ. ૧૯૧૫ ના જાન્યુઆરી માસની શુક્રવાર તા. ૨૨ મી=હિજરી સન ૧૩૩૩ ના સફરની તા. ૫ મીના દિને યુરોપથી હિંદ ખાતે પધારતાં મુબંઇમાં કદમ મુબારક કર્યા હતા. આ દરમ્યાન મોટા જમાતખાનાનો કેટલોક નવો ભાગ બંધાવીને એક આલીશાન બિલ્ડીંગ બનાવવામાં આવી હતી. આ કામ મરહુમ વઝીર મુખી મેઘજીભાઇ મુરજીની દેખરેખ તળે તૈયાર થયું હતું. જમાતના એક જંગી દબદબાભર્યા મેળાવડા સન્મુખ મૌલાના હાઝર ઇમામે તેની ઉદઘાટન ક્રિયા કરી હતી. મુંબઇની જમાતને દુઆઆશિષ ફરમાવી અને મુખી મેઘજીભાઇને શાબાશી આપી હતી.

## સદ્દગત ગોખલે પ્રત્યે સ્નેહ—સર ફીરોઝશાહ મહેતાને અંજલિ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ એજ વર્ષમાં જી. કે. ગોખલે મેમોરિયલ ફંડમાં રૂપીયા ૮,૦૦૦ અને ઓલ ઇન્ડીઆ મેમોરિયલ ફંડમાં રૂપીયા ૩,૦૦૦ ભર્યા હતા. રાજદારી બાબતોમાં તેઓશ્રીની ઉદારતા સ્તુતિપાત્ર છે. તેમજ સમગ્ર હિંદની આબાદીને લગતા સવાલો અને અન્ય મહત્વની રાજદ્દારી બાબતો વિષે તેઓશ્રીના વિચારો હંમેશાં મધ્યમ (મોડરેટ) હોય છે. દેશભક્ત ગોખલે અને સર ફિરોઝશાહ મહેતા કે જે બન્ને માટે તેઓશ્રીને ઘણું માન અને લાગણી હતી તેઓ પણ તેઓ નામદારના મત પ્રમાણેજ મત ધરાવતા હતા.

સર ફિરોઝશાહ મહેતાની યાદગીરીમાં ભરાયલી લંડનની એક સભામાં તેમને મૌલાના હાઝર ઇમામે અંજલિ આપી હતી. તેઓ નામદારે હિંદી યુવકો જ્યારે ઇંગ્લેંડથી પોતાની માતૃભૂમી તરફ પાછા જાય છે ત્યારે તેઓના મનમાં રાજદ્વારી વિષયોમાં ભાગ લેવાની, ધારાસભામાં માન મેળવવાની તથા દેશના આગેવાન થવાની મહત્વાકાંક્ષાઓ હોય છે તે કેવી રીતે નિષ્ફળ જાય છે તે પ્રત્યે પોતાના ભાષણમાં ઇશારો કરતા જણાવ્યું હતું કે અંગ્રેજ પ્રજાના જીવનને જે લોકો બારીકાઇથી જુએ છે તેઓને જણાઇ આવે છે કે તેઓ દેશસેવાની પ્રવૃતિ મફત કરે છે. આ રીતે મફત દેશ સેવા કરવાનો બોધપાઠ મી. ગોખલે અને સર ફિરોઝશાહ મહેતાના જીવન વૃતાંતમાં મોટે અક્ષરે લખાયેલા છે, કારણ કે આપણને સુવિદિત છે કે મી. ગોખલેએ ફરગ્યુસન કોલેજમાં પ્રોફેસર તરીકે, માત્ર નામનોજ પગાર લઇને, ઘણા વર્ષો સુધી પોતાના ધંધાની વેઠ ઉપાડી હતી, અને પુનાની મ્યુનિસિપાલીટિના સભ્ય થવા કરતાં પણ આ કામમાં ઘણું માન સમજતા હતા. સર ફિરોઝશાહ મહેતાએ પોતાની જીંદગી સુધી પ્લેટફોર્મ સાચવીને પ્રજા-રાજ્યને ઉપયોગી સિંહ ગર્જના કરતા રહ્યા હતા.

## ઇન્ડીઆ-ઇન-ટ્રાન્ઝીશન—'બદલાતું હિંદ.'

ઇસ્વી સન ૧૯૧૮=હિજરી સન ૧૩૩૬માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની તબીઅત વધારે નરમ થઇ જવાથી, હિંદ જવાને બદલે યુરોપમાં રહીને આરામ કરવાની તબીબોની સલાહ મુજબ, તેઓ નામદાર શહેનશાહના રાજમહેલ "બકીંગહામ પેલેસ"માં રહ્યા હતા. થોડા વખત પછી સ્પેશિયાલિસ્ટોની સલાહ મેળવીને લખવા વાંચવાની છુટ મળતાં, લાંબા સમયથી "પરિવર્તનકાળમાં હિંદ" એ વિષે એક પુસ્તક લખવાની તેઓશ્રીની જે ઇચ્છા હતી તેનું કામકાજ અત્રે અવકાશ મળતાં તેઓ નામદારે શરૂ કર્યું હતું. આજે પણ એ પુસ્તક "ઇન્ડીયા ઇન ટ્રાન્ઝીશન" (પરિવર્તનકાળમાં હિંદ) નામે જગમશહુર છે અને તેની પ્રથમ આવૃતિ તા. ૨૪મી જુનના દિને બહાર પડી હતી. આ પુસ્તક એટલું બધું લોકપ્રિય થઇ પડયું હતું કે પુસ્તક વેચનારાઓની દુકાનો પર પડેલા દરોડાથી ટુંક સમયમાંજ તેની સઘળી નકલો ખપી ગઇ હતી, કારણ કે, આ પુસ્તક વિદ્વતાપૂર્વક લખાયેલ હોઇ, અત્યંત મનનીય છે. જેમાં તેઓ નામદારે દેશના ભાવિ રાજતંત્ર માટે સ્ટેટોના કોન્ફીડરેશનની યોજના આલેખી છે. આ પુસ્તકે હિંદના બંધારણના પ્રશ્ન પર રચનાત્મક વિચારોનો ફાળો આપ્યો છે અને મૌલાના હાઝર ઇમામની રાજદ્વારી કુનેહ અને મુત્સદ્દીગીરીની એ પુસ્તક પ્રત્યક્ષ સાબિતિ છે.

આ પુસ્તકમાં રાજકારણના જુદા જુદા વિષયો પર એકત્રીશ પ્રકરણો લખવામાં આવ્યા છે, જેમાં જુદા જુદા રાજ્યોના બંધારણો અને હિંદની અનુકુળતાની કરેલી સચોટ ચર્ચાએ યુરોપ અને ઇન્ડીઆમાં ખ્યાતિ મેળવી લીધી હતી. રાજ-પ્રજા બન્નેને અનુકુળ આવે એવા નિર્ણયો આણવાની મુખ્ય કુંચીરૂપ આ પુસ્તક માની શકાય. હિંદના રાજદ્વારી, સામાજિક, આર્થિક અને સામાન્ય હિતના સવાલોની હિમાયત કરતાં આ દળદાર પુસ્તકમાં હિંદની અછુત, પછાત અને અત્યંજ ગણાતી બહુમતીના પગ તળે ચગદાતિ જાતિઓનો ઉધ્ધાર કરવાની ચર્ચા કરી દલીલોસર તેઓના મનુષ્ય તરીકેના અધિકારો માટે પણ સુંદર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પુસ્તક આજે પણ અગાઉ જેટલુંજ લોકપ્રિય છે, એટલુંજ નહિં પણ રાજદ્વારી સાહિત્યમાં એક અજોડ અને અપૂર્વ સ્થાન ધરાવે છે. હિંદ, યુરોપ અને અમેરીકાના મહાન મુત્સદ્દીઓ અને રાજ્યદ્વારીઓએ પણ તેની મુક્તકંઠે પ્રશંસા કરી છે.

એજ વર્ષમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહને ઓક્ષફોર્ડ યુનિવર્સિટિ તરફથી એલ. એલ. ડી.ની ઓનરરી ડીગ્રી અર્પણ કરવામાં આવી હતી.

HIS ROYAL HIGHNESS THE RT. HON'BLE SIR SULTAN MUHAMMED SHAH AGA KHAN AT A YOUNG AGE.



મૌલાના હાઝર ઈમામ યુવાવસ્થામાં

## સ્ત્રી મતાધિકારની હિમાયત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે ભલામણ કરી હતી કે મ્યુનિસિપાલીટી અને બીજી બાબતમાં હાલની હિંદી સ્ત્રીઓ જેવા હક ધરાવે છે તેનો સદુપયોગ પરદા બાનુઓ પણ કરી શકે છે, તેવા ઇ. સ. ૧૯૧૯–હિજરી સન ૧૩૩૭ના નવા સુધારાના બીલમાં હિંદી સ્ત્રીઓને ચુંટણીનાં હકકો મળવા જોઇએ. વધુમાં તેઓશ્રીએ ટીકા કરી હતી કે લોર્ડ સાઉથબરો જેવા છુટાપણાને ચાહનારા ઉમરાવ અને સર જેમ્સ મેસ્ટન જેવા સુધરેલા વિચારના સિવિલિયનનું એમ કહેવું છે કે હિંદી સ્ત્રીઓ કાઉન્સિલના હક ભોગવવા હજી લાયક નથી, એ અજાયબીભર્યું છે અને એ હિંદી સ્ત્રીઓના હક ખુંચવી લેવા સમાન છે.

## ૧૯૧૯ના સુધારા.

ઇ. સ. ૧૯૧૯ના હિન્દને અપાયલા સુધારા ઉપર મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મુસ્લિમ સ્ટુડન્ટસ યુનિયના પ્રમુખપદેથી બોલતાં જણાવ્યું કે: "હવે સુધારાની હદ આવી ગઇ છે અને તે હિંદને કાંઇ વધુ પ્રગતિમાન બનાવી શકે તેમ નથી. આ સુધારા મારફતે આગેવાનોને આમ વર્ગ સમક્ષ જઇ પહોંચવાની તક મી. મોન્ટેગ્યુએ આપી છે. અગાઉના વખતમાં મી. દાદાભાઇ નવરોઝજી, મી. ગોખલે, જસ્ટીસ રાનડે, સર ફિરોઝશાહ મહેતા, સર સૈયદ એહમદ, ઓન. જસ્ટીસ મી. અમીરઅલી, ઓન. જસ્ટીસ મી. બદરૂદીન તૈયબજી અને મારા જેવા આગેવાનોએ નિમાયલા નેતા તરીકે દેશ માટે કામ કર્યું છે, પણ હાલ મામલો ફેરવાયો છે, અને નેતાઓને બદલે હિંદની રાજકીય પ્રગતિનો બોજો હવે લોક મતદારસંઘ પોતાના સિરે ઉઠાવવાને તત્પર થયો છે."

## હિંદના હકની હીમાયત.

ઇ. સ. ૧૯૨૦–હિજરી સન ૧૩૩૯માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. તુર્કીની સુલેહની શરતો પર પોતાનો સઘળો વખત રોકી મહાન કાર્ય કરી રહ્યા હતા; જે જોઇને દુનિયા ચકિત બની ગઇ હતી. એશિયા માઇનર મધેની બ્રિટીશ રાજનીતિના સંબંધમાં પોતાના વિચાર રજુ કરતાં "ઇશર રિપોર્ટ" વિષે તેઓ નામદારે જણાવ્યું કે "અખત્યાર કરવામાં આવેલો હાલનો માર્ગ હિંદને અંતે સંસ્થાનના જેવા હકકો આપશે અને બ્રિટને તેને જે વચન આપ્યું છે તેથી હિંદમાં વિશ્વાસ પેદા થશે. મેસોપોટેમીયાના સંબંધમાં બ્રિટને તટસ્થ રહેવું જોઇએ અને તે મુલ્કોનો બ્રિટીશ અને હિંદી લશ્કરે કબજો લીધો છે તેમાંથી તેને મુકિત આપવી જોઇએ. ઇરાનના સંબંધમાં પણ બ્રિટીશ હિંદી લશ્કરની મદદ સાથે વચમાં પડે છે, તેમ બિલ્કુલ બનવું જોઇએ નહિ."

## યુરોપ ભણી પ્રયાણ—વર્તમાનપત્રોના અભિપ્રાય.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. હિંદથી રવાના થઇ યુરોપ જઇ પહોંચતા, ઇંગ્લૅંડના પ્રસિધ્ધ પત્રકારોએ પોતાના વિચાર રજુ કર્યા હતા. તેમાંના થોડાક આ પ્રમાણે છે:—

ઇ. સ. ૧૯૨૧ના માર્ચની તા. ૧૦મી–હિજરી સન ૧૩૩૯ના જમાદીલઆખરની તા. ૨૯મીના "લીડઝ મરકયુરી"એ પોતાના અંકમાં લખ્યું હતું કે, "પૂર્વના દેશોને લગતા પ્રશ્નો વિષે

મિત્રરાજ્યોના સલાહકાર તરીકે નામદાર આગાખાન સાહેબ યુરોપ ખાતે આવી પહોંચ્યા છે. તેઓ ઘણા મુલ્કોમાં બહુ પ્રભાવશાળી છે. હિંદના મુસ્લિમોના તેઓ નામદાર નેતા છે. મહાન યુધ્ધ ફાટી નિકળ્યું ત્યારે પોતાના અનુયાયીઓને તેઓશ્રીએ મિત્રરાજ્યોને વફાદાર રહેવા ફરમાવ્યું હતું."

"નોટી એક્ષપ્રેસે" પોતાના તા. ૧૧-૩-૨૧ ના અંકમાં ઉલ્લેખ કર્યો હતો કે, તેઓ નામદાર મેસોપોટેમીયામાં હિંદી લશ્કરના વસવાટ વિરૂધ્ધ છે. તેઓ ઇંગ્લાંડ અને ઇરાન વચ્ચે રાજદ્વારી અને વ્યાપારી સંબંધ જોડાય તેની તરફેણમાં છે. લાંબી મુસાફરીઓથી મેળવેલા બહોળા અનુભવવાળા હિંદુ-મુસ્લિમોના ૪૫ વર્ષની વયના નેતા અત્રે શહેનશાહના આમંત્રણથી પધાર્યા છે. તેઓ નામદાર તુર્કી સાથના કોલકરાર વિષે ફરીથી વિચાર ચલાવવાના કામમાં સલાહકાર તરીકે કામ કરશે."

"ડેલી એક્ષપ્રેસે" જણાવ્યું હતું-કે "નામદાર આગાખાન સાહેબ સમસ્ત સામ્રાજ્યના આગેવાન પુરૂષોમાંના એક છે. લાખો ઇસ્માઇલીઓ તેઓ નામદારને પોતાના "પોપ" માને છે. તેઓશ્રી એક એવા રાજ્યકર્તા છે કે જેમની તાજ પ્રત્યેની વફાદારી અચલિત રહી છે. લાખો મુસ્લિમોનું હિત જેમાં સમાયલું છે એવી કોઇ કોનફરન્સમાં આવા મહાન પુરૂષની હાજરીથી ઉત્તમ પરિણામ આવે એ બિના નિઃસંશય છે."

## લોર્ડ રિડીંગને અંજલિ.

તા. ૧૨ મી માર્ચ ૧૯૨૧=હિજરી સન ૧૩૩૯ ના રજબ માસની તા. ૧ લીના લોર્ડ રિડીંગ અને લેડી રિડીંગને સેવોય હોટલમાં હિંદીઓ તરફથી વિદાયગીરીનું માન આપવામાં આવ્યું હતું, જેમાં ઘણા નામાંકિત પરોણા પણ પધાર્યા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ મેળાવડાના પ્રમુખ તરીકે હિંદના કારોબારનું મુશ્કિલ કામ માથે ઉઠાવવામાં લોર્ડ રિડીંગે દેખાડેલી હિંમત અને દેશહિતકારીપણાના વખાણ કર્યા હતા. નામદાર ડયુક ઓફ કોનાટે પંજાબ ખાતેના કમનસીબ બનાવો ભુલી જઇ માફી કરવાની જે અપીલ કરી હતી તે વિષે ઇશારો કરતાં તેઓ નામદારે જણાવ્યું કે, "આ બનાવ ભુલી જવાય અને માફ કરાય તે માટે બ્રિટીશ શહેનશાહત અને બધા શહેરીઓ એકસરખા છે, એ વાતનો સ્વીકાર થવાની જરૂરત છે. લડાઇ પછીના ઝમાનામાં હિંદમાંના શહેરીઓને પહેલા અને બીજા વર્ગમાં ભાગલા કરી વ્હેંચી શકાય નહિં. હિંદને બ્રિટીશ શહેનશાહતમાં સંપૂર્ણ ભાગીદાર તરીકે ગણવામાં આવે છે કે કેમ તેની કસોટી તુર્કી સાથે ઇંગ્લાંડ કેવી રીતની વલણ અખત્યાર કરે છે તે ઉપરથી થશે. હિંદીઓએ એકત્ર થઇને "સેવર્સ"ના કોલકરારમાં સંપૂર્ણ ફેરફારો કરવાની માંગણી કરી છે."

## ડેલી એબર્ડીન ફ્રી પ્રેસના વિચારો.

"એબર્ડીન ફ્રી પ્રેસે" તા. ૧૪-૩-૨૧ માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના બારામાં લખ્યું હતું કે તેઓ નામદાર કોઇ ધારાશાસ્ત્રી નથી, પરંતુ પૂર્વ આફ્રિકા, મધ્ય એશિયા અને હિંદમાં મોટી સંખ્યાના ઇસમાઇલી મુસલમાનોના વડા છે. તેઓ નામદારે અત્યાર આગમચ ભાર દઇને જણાવી દીધું છે કે સ્વરાજ એજ હિંદી પ્રજાનો તેમજ બ્રિટીશ સામ્રાજ્યનો સર્વમાન્ય અંતિમ ઉદ્દેશ છે. લડાઇ દરમ્યાન નામદાર આગાખાન સાહેબે મિત્રરાજ્યોની અતિ ઉત્તમ ઉપયોગી સેવા બજાવી હતી એટલે તેમના વિચારપુર્વક ઉચ્ચારાયેલા વેણો પ્રમાણભૂત ગણી શકાય. અતિશય દિર્ઘદ્રષ્ટિ વડે સમસ્ત દુનિયાના સંબંધમાં તેઓ નામદાર વાસ્તવિક સ્થિતિનો વિચાર કરતા હોઈ તેઓશ્રીના વચનો વિશ્વાસપાત્ર ગણી શકાય.

## આઝાદી માટે લડત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ હિંદના લાભોને અસર કરનારા રાજકારણમાં પુરતી સંભાળ લે છે અને હિંદી હકકોના સરંક્ષણ માટે મધ્યમતા જાળવી પ્રમાણુસર હિમાયત કરતા આવ્યા છે. હિંદની આઝાદી માટે તેઓશ્રીએ એટલી નિડરતાથી લડત ચલાવી હતી કે રાજ્યકર્તાંઓની હિંદ પ્રત્યેની રાજનીતિના સંબંધમાં ખુલ્લા શબ્દોમાં ચોમકી લગાડવામાં જરાયે પાછીપાની કરી નથી. ૧૯૨૦ નું વર્ષ હિંદના રાજકીય સુધારાનું યાદગાર વર્ષ છે એ ભાગ્યેજ કહેવાની આવશ્યકતા છે. બે વર્ષની લડત પછી હિંદની પરિસ્થિતિનું જાતે અવલોકન કરી તેઓ નામદાર જ્યારે યુરોપ પહોંચ્યાં, ત્યારે ઇસ્વી સન ૧૯૨૧ ના મે માસની તા. ૬ ઠ્ઠી અર્થાત હિજરી સન ૧૩૩૯ ના શાબાન મહિનાની તા. ૨૭ મીના દિવસે ફ્રાંસમાં "ડેલી એક્ષપ્રેસ"ના પ્રતિનિધિને આપેલી મુલાકાતમાં તેઓ નામદારે હિંદુસ્તાનમાં બ્રિટીશ રાજનીતિના સંબધમાં જે વિચારો દર્શાવ્યા હતા તે હિંદની આઝાદીના ઇતિહાસમાં સુવર્ણાક્ષિરે નોંધાયેલા રહેશે.

તેઓ નામદારે જણાવ્યું હતું કે, નોર્થ સીમાં આવેલો એક નાનકડો ટાપુ (બ્રિટન) સાત હજાર માઇલ ઉપર આવેલા બત્રીસ કરોડની વસ્તીવાળા દેશ પર સામ્રાજ્ય ભોગવે છે એજ દેખાડી આપે છે કે બ્રિટીશોએ હિંદ સાથે મિત્રાચારી રાખવી જોઇએ. હિંદમાં મુસ્લિમ વસ્તી સાત કરોડની છે, તેઓ રાજ્યના ખાસ મિત્ર છે. હિંદમાં તેઓ લઘુમતિમાં છે એ ખરૂં છે, પરંતુ હિંદમાં તેઓ બ્રિટીશ રાજ્યના સ્થંભરૂપ છે; પણ હવે બ્રિટીશની રાજ્યનીતિના કારણે જુદા પડી ગયા છે. હિંદની ઇચ્છા હોય ત્યાં સુધીજ તમો (અંગ્રેજો) ત્યાં રહી શકો છો પણ એકને ઇલકાબ આપીને અને બીજાને જેલમાં પુરીને હિંદમાં રાજ્ય ચલાવી શકવાના નથી. ઇંગ્લાંડમાં સરકાર જો તમારી વિરૂધ્ધ જાય તો તેને તમો હાંકી કાઢી શકો છો, જ્યારે હિંદમાં અપ્રિય સરકારને દુર કરવાનો ઉપાય માત્ર બળવોજ છે."

તુર્કી બાબત પર બોલતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "તુર્કી અને ગ્રિક સવાલનો ફડચો તુર્કીને એડ્રિયાનોપલ આપ્યાથીજ થઇ શકશે."

## ખિલાફત કમિટીના પ્રમુખને સંદેશો.

હિંદની ખિલાફત કમિટીના પ્રમુખ ઉપર તા. ૨૦ મી સપ્ટેમ્બર ૧૯૨૧=મોહર્રમ તા. ૧૭ મી હિજરી સન ૧૩૪૦ ના દિને લંડનથી મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ કમિટીના પ્રમુખ મિયાં હાજી જાનમામદ છોટાણીને એક સંદેશો રવાના કર્યો હતો; જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "તમો અત્રેથી ગયા પછી મામલો ફેરવાઇ ગયો છે. તે વખતે આપણે હાર પામતાં લોકોની વિધવા અને યતીમો માટે નાણાંની મોટી જરૂર માનતા હતા પણ તે પછી બીજી એક ફતેહ આપણી હમકોમને મળી છે. ગ્રીકો એકદમ પાછળ હટે છે. તેઓ મિત્રરાજ્યો કે લીગ ઓફ નેશન્સ મારફત સુલેહની માંગણી કરશે. મોરયો ગુનારિસ લંડન આવવા વકી છે. અત્રે શેર બજાર તથા નાણાં બજારમાં પણ સુલેહની વકી રખાય છે. મારી આખી જીંદગી દરમ્યાન મેં જે બાબતનો અભ્યાસ રાખ્યો છે તે ઉપરથી હું એક ઇસ્લામી તરીકે મારા કોમી બંધુઓને સહકારી કે અસહકારી હોય, તેમજ આપણા સઘળા શુભેચ્છક હિંદુઓને પણ અરજ કરીશ કે તેઓએ પોતાની સઘળી લાગવગ અને દબાણ હિંદી સરકાર પર લાવે કે લીગમાં અથવા મિત્રરાજ્યોની કાઉન્સીલમાં આ સુલેહ માટેના ફેંસલા વખતે ઓછામાં ઓછો એક હિંદુ અને એક મુસલમાન કાયમ રાખવા. આપણે છેલ્લી મોટી લડાઇમાં જે ભોગ આપ્યો છે તે જોતાં આટલું તો આપણને મળવું જોઇએ. આ વિષે તરત લાંબી દ્રષ્ટિથી પગલાં ભરવા જોઇએ."

## હિંદના સાત કરોડ મુસ્લિમોના હિત માટે સેવા—મોન્ટેગુ-ચેમ્સફર્ડ સુધારા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ ખિલાફત માટે લડત ઉપાડી હતી અને મોન્ટેગુચેમ્સફર્ડ સુધારા માટે પણ ઘણોજ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ નામદાર યુરોપથી મુંબઈ પધારતાં "ક્રોનીકલ" પત્રના પ્રતિનિધિને ઇન્ટરવ્યુ આપ્યો હતો, તેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે:

"વિલાયતમાં અમો તુર્ક રાષ્ટ્રવાદીઓની લાગણીના સંબંધમાં વિચાર કરવામાં વખત ગાળ્યો છે, તેથી મારૂં ધ્યાન ફકત એકજ બાબતમાં રોકાયેલું છે અને તે ખિલાફતનો પ્રશ્ન છે. હિંદના બીજા સવાલો મહત્વના તો છે પણ આજે જે સવાલ હિંદના સાત કરોડ મુસલમાનોના કલ્યાણને લગતો છે, તે તેમની ધર્મભાવના સાથે સંબંધ રાખે છે. તેની સેવામાં મારે રોકાવું જોઇએ. વળી મેં એ સવાલનો અભ્યાસ પણ કર્યો છે. હાલ મારી સ્થિતિ એક મહાન સરોવરની અધવચ્ચે તરનારા અને સામે કિનારે પહોંચવાનો પ્રયાસ કરનારા જેવી છે. હું નથી કહી શકતો કે આપણે ખાત્રીથી સામે કિનારે પહોંચીશું, તેજ પ્રમાણે હું નાસીપાસ થવાનું પણ નહિ કહું. માત્ર એટલુંજ કહીશ કે મંડ્યા રહો પણ તમો ધીરજ છોડશો નહિ અને તમારી ભાવના વચ્ચે કોમી વેરને આવવા દેશો નહિ; શ્રધ્ધા રાખીને કોમ કરતા રહેશો."

"મી૦ મોન્ટેગ્યુ વિષે હું કહીશ કે, તેણે આ કામમાં જેટલી મદદ કરી છે તેટલી બીજા કોઇથી થઇ શકતે નહિ. આ સ્થાને ગાંધી હોત તો તેઓ પણ એટલું કરી શકત નહિ. લોર્ડ ચેમ્સફર્ડે પણ ઘણી મહેનત કરી છે; પણ તેમના પ્રયત્નો બધા સફળ થયાં નથી તેમ નિષ્ફળ પણ ગયા નથી. ઇંગ્લાંડના પ્રજામતમાં ભાગલા પડી ગયા છે અને ઘણેભાગે બધા પક્ષો આપણા પ્રત્યે દિલસોઝી ધરાવતા થઈ ગયા છે. ફ્રાંસમાં પણ તુર્કસ્તાનનો સવાલ ખુબ પગભર થઈ ગયો છે. ત્યાં પણ વિરોધીઓ હશે છતાં ત્યાંનો પ્રજામત મોટે ભાગે તુર્કીની તરફેણમાં છે જેની આગળ વિરોધ ડુબી જાય છે. આ વખતે હું હિંદમાં કામ માટે આવ્યો છું; પણ મને લાગે છે કે બધું રંધાઇ જવા પહેલાં હું પાછો જઇશ, કદાચ હું એકલો પડી જાઉં તો પણ મારે ત્યાં હાજર રહેવાની જરૂર છે."

## તુર્કીઓનો આદર્શ—રાષ્ટ્રીય આઝાદીની ભાવના.

વધુમાં તેઓ નામદારે પોતાના ઈન્ટરવ્યુમાં જણાવ્યુ કેઃ– "ઇ. સ. ૧૯૨૨ ની આખેરીમાં તુર્કસ્તાનમાં સલાહ થઈ આબાદી ફેલાશે, કારણ તુર્ક દેશભકતોનો આદર્શ સાદો અને સરળ છે, એમાં શાહીવાદ નથી, પણ રાષ્ટ્રિય આઝાદીની ભાવના સમાયેલી છે. તુર્કી કોઇ પણ ભોગે પરવશ તો નહિંજ થશે; કારણ કે તે પોતાની હકુમત બીજા પર ચલાવવા માગતું નથી. સ્પેન અને સ્વીડન જેવી તેને સ્વતંત્રતા જોઇએ છે. જો તુર્કસ્તાનને ૨૦ વર્ષની આબાદી મળી રહે તો તે એશિયા અને યુરોપની સંસ્કૃતિને પણ મદદ કરનારૂં રાજ્ય બને અને પૂર્વ પશ્ચિમના ગોળાર્ધોને સાંધનારા પુલ જેવું થાય. અફઘાનિસ્તાન, ઇરાન વિગેરે દેશોને પણ તેની અસર થયા વિના રહે નહિં. આ સમાધાની લાવવામાં અમોએ ઘણી મહેનત કરી છે એવો હું દાવો કરૂં છું."

## મી. મોન્ટેગ્યુ ઉપર લાગવગ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અં. એ હિંદી મુસ્લિમોની જે સેવા કરી છે તેની ઇતિહાસમાં થયેલી નોંધ અજોડ છે. હિંદને ઉદાર સુધારા આપવામાં મી. મોર્લિના મન ઉપર

અસર કરવામાં મી. ગોખલે મુખ્યત્વે કરી કારણભૂત હતા, પરંતુ મી. મોન્ટેગ્યુ ઉપર મૌલાના હાઝર ઇમામની લાગવગ અધિક ઉંડી અને વધારે બળવાળી હતી. તુર્કી સવાલ વિષેના નિર્ણયમાં મી. મોન્ટેગ્યુએ કરેલાં સમર્થનમાં તેઓશ્રીની વગનો આભાસ મળી આવે છે કે જે સમર્થનના પરિણામે હિંદના એ મહાન મિત્રની કમનસીબે પડતી થઈ હતી. લોર્ડ હાર્ડિંજ, લોર્ડ વિલીંગડન અને મી. મોન્ટેગ્યુને મૌલાના હાઝર ઇમામે જે પત્રો લખ્યા હતા, તે અમુલ્ય દસ્તાવેજ તરીકે પંકાશે. હિંદી બંધારણ વિષે જ્યારે તેઓ વિલાયતમાં હતા ત્યારે ગોખલેએ ઘડી કહાડેલા રાજકીય કરારની સાથેજ તેઓ નામદારનો દસ્તાવેજ હતો, જે પ્રગટ કરવામાં નહિ આવે ત્યાંસુધી તેઓશ્રીના જ્ઞાન અને નિખાલસતાના મુલ્ય જનતા જાણી શકશે નહિ.

## અલીગઢ યુનિવર્સિટીના પહેલા ચાન્સેલર—બરમાના મુસ્લિમોનું માનપત્ર.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને ઇ. સ. ૧૯૨૧ ના એપ્રીલ અર્થાત હિજરી સન ૧૩૩૯ ના રજબ માસમાં અલીગઢ યુનિવર્સિટીના પહેલા વાઇસ ચાન્સેલર નિમવામાં આવ્યા હતા.

મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ.એ ઇ. સ. ૧૯૨૨ ના ડિસેમ્બર માસની ૧૨મી તારીખે=હિજરી સન ૧૩૪૧ રબીઉલ આખિરની તા. ૨૭ના રોજ કલકત્તા ખાતે પધરામણી કરી હતી. જમાતોની મુલાકાતો લીધા પછી તા. ૨૪ મીએ રંગુન ખાતે સિધાવી જમાતોના કામકાજ ઉકલાવ્યા હતા. આ દરમ્યાન સમસ્ત બરમાના મુસ્લિમો તરફથી એક જંગી સભા સન્મુખ માનપત્ર આપવામાં આવ્યું હતું, જેમાં તેઓ નામદારની ભારે પ્રશંસા કરતાં જણાવવામાં આવ્યું હતું કે, "બ્રિટીશ રાજસભામાં આપ હિંદીઓના એલચી છો."

## લોનાવલા સેનેટોરિયમ.

ઇ. સ. ૧૯૨૨ના માર્ચ માસમાં=હિજરી સન ૧૩૪૦ના "લોનાવલા" (લાનોલી) ખાતે પધારી મુખી મેઘજી મુરજીના ધર્મપત્નિ અજબાઇના નામની સેનેટોરિયમને ખુલ્લી મુકવાની ક્રિયા કરી, ત્યાંથી દખ્ખણ હૈદરાબાદ સિધાવી ગયા હતા. પાછા ફરતા અહમદનગર અને પુનાની જમાતોની મુલાકાત લઇને ૯ મી માર્ચના દિને મુંબઇ પધાર્યા હતા અને તા. ૧૫ મીએ સ્ટીમર "લાસા" મારફતે સિંધ તરફ સિધાવી ગયા; ત્યાં કરાચી ખાતે સઘળી જમાતોને મુલાકાતો આપી કામકાજો ઉકેલ્યા હતા અને મુંબઇ પાછા આવ્યા હતા.

## પ્રિન્સેસ થેરેસા હિંદમાં—વ્હોરા માન.

ઇ. સ. ૧૯૨૩=હિજરી સન ૧૩૪૧ ની શરૂઆતમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની હિંદમાં પધરામણી દરમ્યાન તેઓ નામદારના મહેરદાર પ્રિન્સેસ થેરેસા તથા હિઝ સીરીન હાઇનેસ પ્રિન્સ અલી સલમાન ખાન જાન્યુઆરી માસમાં મુંબઇ ખાતે પધાર્યા હતા અને એક પખવાડીયા સુધી મુંબઇ તથા પુનામાં વસવાટ કરી પ્રિન્સેસ થેરેસા અને પ્રિન્સ અલીખાન ફેબ્રુઆરી માસની ૨ જી તારીખે યુરોપ સિધાવી ગયા હતા.

તા. ૪ થી ફેબ્રુઆરીના મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની સુરત ખાતે પધરામણી થતાં શેઠ હાતિમભાઇ ગુલામહુસેન નામના વ્હોરા ગૃહસ્થના "શેખ અલી પેલેસ" માં ઉતર્યા હતા. શેખ હાતિમભાઇ તરફથી તેઓ નામદારને એક પાર્ટી આપવામાં આવી હતી, જેમાં રાજ્યના કર્મચારીઓ અને શહેરી આગેવાનોને પણ નોતરવામાં આવ્યા હતા.

## આણંદનાં મુસ્લિમોનું સ્વાગત.

તા. ૫ મી ફેબ્રુઆરીના દિને મૌલાના હાઝર ઇમામે આણંદ આશ્રમમાંના પોતાના નવા મુરીદોની જમાતોની મુલાકાત લીધી હતી. તે સમયે ખેડા જીલ્લાનાં સમસ્ત મુસ્લિમો તરફથી તેઓશ્રીને માનપત્ર આપવામાં આવ્યું હતું. એ સમયે લગભગ એક હજારથી વધારે મુસ્લિમોએ એકઠા થઈ "અલ્લાહો અકબર" ના ગગનભેદી નારા (પોકારો)થી વાતાવરણ ગજવી મુકયું હતું. માનપત્રના જવાબમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, જઝીરતુલ અરબ માટે હજુ ઘણું કરવાનું છે તથા અછુત વર્ગના બાળકોને કેળવણીની જરૂરત જણાવી હતી. આ કાર્ય હરીફાઇથી નહિં પણ સહકારથી કરવાની અગત્યતા દેખાડી હતી. આ પરમાર્થી કાર્યમાં દુશ્મનાવટને સ્થાન નહિ આપવાની પણ ભલામણ કરી હતી. ત્યારપછી ખેડા જીલ્લાના મુસ્લિમ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૫, ૧૦, ૭ અને ૫ ની માસિક ચાર સ્કોલરશિપો આપવા તેઓ નામદારે ઇચ્છા દેખાડી હતી.

## રાજકોટનો મેળો.

તા. ૬ ઠ્ઠી ફેબ્રુઆરીના દિને મૌલાના હાઝર ઇમામ-આકા સુલતાન મુહમ્મદશાહ અ. રાજકોટ પધાર્યા હતા જ્યાં જમાતોનો મોટો મેળો ભરાયો હતો, અને જેમાં ૩૦,૦૦૦ મુરીદોએ હાજરી આપી હતી. આ મેળા દરમ્યાન કાઠિયાવાડની નામદાર સુપ્રીમ કાઉન્સીલ અને ડિસ્ટ્રીકટ લોકલ કાઉન્સીલોને બોલાવી તેમની સાથે મસલત ચલાવી તેઓશ્રીએ કાઉન્સીલમાંના કામકાજમાં સગવડ પડે તે માટે સુધારા વધારા કરી આપ્યા હતા. રાજકોટ ખાતે મુસ્લિમ યતીમખાનાની મુલાકાત લઇ રૂા. ૨૦૦૦ ની બક્ષિસ કરી હતી. ત્યાંથી તેઓશ્રી ઉપલેટા પધાર્યા હતા, જ્યાં મુસ્લિમ બધુંઓ તરફથી મુસ્લિમ મદરેસામાં એક માનપત્ર અર્પણ કરવામા આવ્યું હતું. ભાયાવદર અને જામજોધપુરની જમાતોને મુલાકાતનો લાભ સ્ટેશન પર અર્પી મોટી પાનેલી જમાતખાને જમાતને મુલાકાતનો લાભ આપ્યો હતો; ત્યાંથી પોરબંદર પધારતાં પોરબંદરના નામદાર મહારાણા સાહેબ પોતાના સ્ટાફ સાથે અને મુસ્લિમ લીડરો તથા બીજી પ્રજાઓના આગેવાનો તેઓ નામદારને માન આપવા સ્ટેશન પર હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની ટ્રેન આવી પહોંચતાં રાજ્ય તરફથી તોપોની સલામી આપવામાં આવી હતી. ત્યારપછી નામદાર રાણા સાહેબ સાથે સિધાવી ગયા હતા. ત્યાં ખાતે રાજ્ય તરફથી એક શાનદાર પાર્ટી આપવામાં આવી હતી. અત્રે તેઓ નામદાર રાજ્યના મહેમાન તરીકે રહ્યા હતા. કેટલાક મહાજનોની અરજને માન આપી તેઓ નામદારે પાંજરાપોળની મુલાકાત લઇ જીવદયા મંડળીને રૂપીયા ૫૦૦ ભેટ આપ્યા હતા.

## લિંબડીમાં પરોણાગત.

તા. ૨૧ મી ફેબ્રુઆરીના દિને તેઓ નામદાર લિંબડી પધારતાં ઠાકોર સાહેબે તેઓ નામદારનો સત્કાર કર્યો હતો અને તોપોની સલામી આપી હતી. ત્યારપછી રાજકુમાર અને રાજ્યના બીજા અધિકારીઓ સાથે તેઓ નામદાર રવાના થઇ ઠાકોર સાહેબના મહેલમાં રાજ્યના મહેમાન તરીકે રહ્યા હતા. અત્રે પણ મુરીદોની પાંચ હજાર જેટલી સંખ્યા એકઠી મળી હતી. જમાતોના કામકાજ ઉકલાવી તેઓશ્રી તા. ૨૬ મી ફેબ્રુઆરીના દિને મુંબઇ પધાર્યા હતા.

## મદ્રાસમાં પધરામણી—ખલીલાબાદમાં માનપત્ર.

ઇ. સ. ૧૯૨૩ ના માર્ચની તા. ૩ જી=હિજરી સન ૧૩૪૧ ના રજબની તા. ૧૪ મીના મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. મદ્રાસ ખાતે પધાર્યા હતા. સ્થાનિક શહેરીઓ તરફથી એક માનપત્ર ખલીલ શિરાઝીના "ખલીલાબાદ" માં આપવામાં આવ્યું હતું. બીજુ માનપત્ર ઇરાની પ્રજા તરફથી અપાયું હતું, જે મી. ઇસ્ફહાનીએ વાંચ્યું હતું. આ માનપત્રમાં તુર્કી રાજ્યની સલામતીનો સવાલ તથા બ્રિટીશ સામ્રાજ્યને લડાઇ સમયે તેઓશ્રીએ કરેલી કિંમતી મદદનો ઉલ્લેખ કરેલો હતો. યુરોપના પત્રકારોએ તેઓ નામદારની કોશિશથી તુર્કીની કરેલી તરફદારીનું વખાણવા લાયક વર્ણન કર્યું હતું. ત્યારપછી ઇસમાઇલી જમાત તથા અતરાફના મુરીદોને મુલાકાત આપી હતી.

## ખલીફના દરજ્જા માટે લડત—ગાઝી કમાલપાશાને પત્ર.

લંડનથી મરહુમ અબ્બાસ અલી બેગે લખેલા એક પત્રમાં નામદાર આગાખાન સાહેબ અને જસ્ટીસ અમીરઅલી તુર્કી સરકારના સાચા મિત્ર હોઇ તેમની સામે અંગોરા સરકારના ગેરવ્યાજબી પગલાં તરફ દિલગીરી દર્શાવતાં જણાવ્યું હતું કે: "આવા પગલાંથી તુર્કી પ્રત્યેની દિલસોઝીનો અંત આવશે અને ઇસ્લામી આલમના સઘળા ભાગોમાંથી વખતોવખત તુર્કીને જે અસરકારક નૈતિક ટેકો મળતો રહ્યો છે, તે ઓછો થઇ જશે. ઇસ્લામી ધર્મના સિધ્ધાંત અને પરાપૂર્વના રિવાજને અનુકુળ આવે એવો ખલીફનો દરજ્જો ઠરાવવો જોઇએ છે."

તુર્કસ્તાનમાં જે ખળભળાટ થયો હતો, તે સમાવવા મૌલાના હાઝર ઇમામ અને જસ્ટીસ અમીરઅલીએ તુર્કસ્તાનના વડા પ્રધાન ગાઝી કમાલપાશા ઉપર એક પત્ર મોકલાવ્યો હતો, જેનું ભાષાંતર આ પ્રમાણે છે:

તુર્કીના સાચા મિત્ર અને તેના ઉપર અતિશય પ્રસન્નતાથી પ્રાણ અર્પનાર રાષ્ટ્રિય રાજસભાના સભાસદો અને પ્રજાસત્તાક રાજ્યના પ્રમુખ જોગ.

"ઘણી સભ્યતાથી અમારી અરજ ભણી ધ્યાન આપવાની અરજ કરીએ છીએ. અમો એ વાતની સંપૂર્ણ પિછાણ કરીએ છીએ કે, તુર્કી તરફથી ખિલાફતનો હક કાઢી નાખવાથી ઇસ્લામને ઘણું મોટું ધાર્મિક નુકશાન થશે. અમો કેટલાક કારણસર અહીં તેના દાખલાઓ આપવા માંગતા નથી, પરંતુ આ માત્ર કલ્પનાજ નથી બલ્કે નક્કર હકીકત છે."

આ પત્ર છાપવા માટે પાંચ તુર્કી પત્રકારોને તુર્કસ્તાનમાં કેદની સજા કરવામાં આવી હતી.

## ખિલાફતની હિમાયત વિષે વધુ સ્પષ્ટીકરણ.

આ પત્રના વિષયમાં વધુ સ્ફોટ કરતાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ જણાવ્યું હતું કે: "ઇસ્તમબુલમાંના અચોક્કસ મામલાના સબબથી કેટલાક વધુ પડતા ઉમંગી આસામીઓ ખિલાફત ઉપર નવા દાવેદારોને બેસાડવા માંગે છે, એવી વાતો અમારા સાંભળવામાં આવી છે અને તે વાતને ખરી માની અમોએ અસમત પાશાને એક પત્ર લખ્યો હતો, એક મુસલમાન તરીકે તો અમારો

ઇતેકાદ એવોજ છે કે તુર્કીમાં એક મજબુત ખિલાફત સમસ્ત દુનિયાના હિત માટે જરૂરી છે. આ પદ માટે કોઇપણ અમુક વ્યકિતનું નામ દર્શાવવાની મારી પોતાની તેમજ અમીરઅલીની ઇચ્છા છેજ નહિ; વળી અમો સુન્ની નહિ હોવાથી કોઇપણ સ્વતંત્ર સુચના કરી શકીએ નહિ; તે છતાં તુર્કીના જુના અને સાચા મિત્રો તરીકે તો એક મજબુત ખિલાફતની હિમાયત કરવાની અમારી ફરજ છે. ઇટાલીયન પોપનો સવાલ ઇટાલીયનો પોતેજ ઠેરવી લે છે, તેમ ખિલાફતની રચના સાથે મુખ્યત્વે તુર્કી નેશનલ એસેમ્બલીને લાગેવળગે છે. એ પત્ર તુર્કી છાપાઓમાં પ્રગટ થયો હતો, કારણ કે અમારા સઘળા પત્રો સામાન્ય નિયમ પ્રમાણે છાપા ઉપર મોકલવામાં આવે છે. આ પત્ર રવાના થયો તે વખતે હું લંડનમાં ગેરહાજર હોવાથી તેને બ્રિટીશ શીખવણીનું રૂપ મળવા પામ્યું હતું. અમારો મુખ્ય હેતુ ત્રણ શબ્દોમાંજ સમાઇ જાય છે કે "તુર્કોને સાવચેત કરવા."

## ખિલાફત કમિટી તરફથી માનપત્ર.

આ રીતે તેઓ નામદારે ખિલાફતનો દરજ્જો કાયમ રહે તેના માટે ઘણી કોશિશો કરી હતી. છેવટે હિંદની "જમીયતુલ ઉલમા"એ પણ અંતિમ પ્રયાસો આદર્યા, પરંતુ મુસ્તફા કમાલપાશાએ ઈ. સ. ૧૯૨૩ માં તેનો અંત આણ્યો હતો. ખિલાફત પ્રકરણ માટે મુસ્લિમોની તેઓ નામદારે કરેલી રહેબરીની પિછાણમાં મુંબઇમાં "સેન્ટ્રલ ખિલાફત કમિટી ઓફ ઇન્ડીઆ" તરફથી તેઓ નામદારને માનપત્ર આપવામાં આવ્યું હતું, જે વખતે હઝારો મુસ્લિમોની લોકમેદની હાજર રહી હતી.

## હિંદુ-મુસ્લિમ એકતા વિષે આગેવાનોને સલાહ—જી. સી. વી. ઓ. નો ખિતાબ.

ઇ. સ. ૧૯૨૩ ની એપ્રીલ માસની તા. ૭ મીએ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. યુરોપ તરફ સ્ટીમર "માલ્ટા" મારફત રવાના થતી વખતે ઇન્ટરવ્યુ આપતાં જણાવ્યું હતુ કે, મેકસિકો બલગેરીયા, બ્રાઝીલ અને અફઘાનીસ્તાન પ્રમાણે તુર્કી પણ એક સ્વતંત્ર દેશ છે. સદભાગ્યે બ્રિટીશોની આંખ ઉઘાડવામાં આવી છે અને આપણા નામદાર વાઇસરોયે કેસ બરાબર રજુ કર્યો છે. હિંદુ-મુસ્લિમ એકતા વિષે તેઓશ્રીએ ઉમેર્યું હતું કે, મારી હિંદુ આગેવાનોને સલાહ છે કે તેઓ મુસ્લિમ સવાલને મી. ગોખલે અને મી. ગાંધીની માફક જુએ; ત્યારે મુસ્લિમો હિંદુસ્તાનને જસ્ટીસ બદરૂદીન તૈયબજીની માફક જુએ તો બન્ને કોમો વચ્ચે ઝઘડાનું કારણ રહેશે નહિં.

ઇ. સ. ૧૯૨૩ ની તા. ૩૧ મી મે=હિજરી સન ૧૩૪૧ ના ૧૪ મી સવ્વાલના દિને મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ લંડનમાં નામદાર શહેનશાહ અને શહેનશાહબાનુની મુલાકાત લીધી હતી. તેઓ નામદારને શહેનશાહની જન્મ દિવસની ખુશાલી પ્રસંગે જી. સી. વી. ઓ. ("નાઇટ ગ્રાંડ ક્રોસ ઓફ ધી વિકટોરીયન ઓર્ડર")નો માનવંતો લકબ અર્પવામાં આવ્યો હતો.

## "તલવાર લઇને જઇશ અને ગ્રીકોને હાંકી કહાડીશ"—વડા પ્રધાન લોઇડ જ્યોર્જને જવાબ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ઇસ્લામી દેશો માટે કેવી ધગશ ધરાવે છે તેના વિષે શેખ મુશીર હુસેન કીડવાઇએ નીચે મુજબના બે દ્રષ્ટાંતો ટાંકી જણાવ્યું છે કે:—

"નામદાર આગાખાન સાહેબ ઇસ્લામ પ્રત્યે કેવી મહાન હમદરદી ધરાવે છે એ જોવાની મને ઘણા પ્રસંગોએ તક સાંપડી છે, પરંતુ આ પ્રસંગે હું ફક્ત બે ઇતિહાસિક ઘટનાઓનો ઉલ્લેખ કરીશ.

"સ્મીરના અને થ્રેસ તુર્કીને પાછા સોંપવા માટે બ્રિટીશ કેબીનેટ સાથે વાટાઘાટો કરવા એક મુસ્લિમ ડેપ્યુટેશન માટે, હિંદની સરકાર તરફથી નામદાર આગાખાન સાહેબ, મી. છોટાણી, સૈયદ હસન ઇમામ અને ડો. અન્સારીની પસંદગી કરવામાં આવી હતી, પાછળથી મી. મોન્ટેગુએ મારી નિમણુંક કરી હોવાથી અમો સઘળાએ વડા પ્રધાન લોઇડ જ્યોર્જની લંડનમાં મુલાકાત લીધી. અમો અમારો કેસ રજુ કરતા હતા તે દરમ્યાન મી. લોઇડ જ્યોર્જ બરાબર તક સાધી બોલી ઉઠયા; "હવે તો ગ્રીકો થ્રેસનો લશ્કરી બળ વડે કબજો ધરાવે છે, તેને થ્રેસમાંથી કોણ કાઢી શકે એમ છે?" અમારામાંથી આ વખતે કોઈ પણ બોલી શકયું નહિ, પરંતુ તેઓ નામદારે જોશમાં ઉભા થઈ, પોતાની આંગળી ઉંચી કરી કહ્યું, "વારૂ, મી. પ્રાઇમ મીનીસ્ટર ગ્રીકોને અમારા ઉપર છોડી દો, જો કે હું વયોવૃધ્ધ છું, પરંતુ તલવાર લઇને જઇશ અને ગ્રીકોને હાંકી કહાડીશ. અમો પોતે અમારા વહાણોની વ્યવસ્થા કરી લેશું." આ જવાબ સાંભળી મી. લોઇડ જ્યોર્જ સ્તબ્ધ બની ગયા.

"તેઓ નામદારના આ શબ્દો મારા હૃદયમાં ઉંડા ઉતરી ગયા. અત્યાર પર્યંત હું એ પ્રત્યેક શબ્દ યાદ કરૂં છું. મને એમ થાય છે કે આવા શબ્દો મારા મોઢેથી નીકળ્યા હોત તો. પરંતુ એ શબ્દો તેઓ નામદારના હૃદયમાં ઉછળી રહેલો ઇસ્લામ પ્રત્યેનો નિખાલસ, શુધ્ધ અને પ્રબળ પ્રેમ જાહેર કરે છે. આ શબ્દો બોલાવનાર તેઓ નામદારની રગોમાં વહી રહેલું હઝરત નબી સાહેબનું લોહી છે. હું ફરીવાર કહું છું કે ખરેખર એ શબ્દો અદ્‌ભુત હતા. હું તો દિગમુદ જ બની ગયો હતો. એ સમયથી મારૂં હૃદય તેમનું જ છે.

## "હું ઇસ્લામના ગૌરવશાળી બંધુત્વ માટે મગરૂર છું."

"બીજા એ પ્રસંગે હું છક્ક થઇ ગયો હતો કે, જ્યારે ૧૯૩૫ માં અફઘાનિસ્તાન પ્રજાસંઘમાં દાખલ થયું. આ વખતે તેઓ નામદાર હિંદથી જીનીવા ગયેલ ડેલીગેશનના વડા હતા. આ વખતે તેઓ નામદારે જણાવ્યું કે:

"હિંદ પોતાની સંસ્કૃતિ, પ્રણાલિકા, ભાષા અને સુધારણા માટે મગરૂર છે અને અફઘાનિસ્તાન સાથે હિંદના આઠ કરોડ મુસ્લિમો મગરૂર છે કે જેમ હું પોતે પણ ઇસ્લામના ગૌરવશાળી બંધુત્વ માટે મગરૂર છું.

"નસીબજોગે હું પોતે આ પ્રસંગે હાજર હતો. જુદા જુદા ધર્મો પાળતા, જુદા જુદા રાષ્ટ્રોના લોકોથી હોલ ચિક્કાર ભરાઇ ગયેલો હતો. જુદા જુદા રાષ્ટ્રોના લગભગ પચાસથી પણ વધારે તો સંઘના સભ્યો હતા તેઓ બધા, પોતાની સરકાર વતી સુશિક્ષિત, સંસ્કારી અને બુધ્ધિમાન સભ્યો હતા. એવા લોકોની વચ્ચે તેઓ નામદારે આ શબ્દો ઉચ્ચારીને, ઇસ્લામ માટે ખોટા વિચારોથી દોરવાઇ ગયેલાઓમાં ઇસ્લામનું ગૌરવ અને પ્રતિષ્ઠા વધારી છે.

## ઇસ્લામી ઇતિહાસમાં પ્રવિણતા—સહીહ બુખારી મોઢે.

અમારા કેટલાક મુસ્લિમ ભાઇઓએ ઇસ્લામ કે જેણે યુરોપને સુધારા–સંસ્કૃતિ આપ્યા છે અને જેણે સમસ્ત જગતને બંધુત્વ–ભાઇચારાનો ઉમદા પાઠ શિખાવ્યો છે તેનું નામ લેતા શરમાય છે.

તેઓના મોઢા પર આ એક લપડાક છે. હું તો આ શબ્દો સાંભળી આનંદમાં ગરકાવ થઇ ગયો. હું એવો શખ્સ છું કે ભાગ્યેજ કોઇની આગળ નમન કરૂં છું—અરે બાદશાહ આગળ પણ નહિ. હા, પરંતુ જે વ્યક્તિએ પોતાના અંતઃકરણમાંથી આવા અદ્ભુત શબ્દો ઉચ્ચાર્યા છે તેની આગળ હું ખુશી સાથે નમન કરવા તૈયાર છું.

"તેઓ નામદાર ઇસ્લામી સાહિત્યમાં સારી રીતે માહિતગાર છે. તેઓશ્રી આલિમ છે. તેઓશ્રીને બુખારી (૧) મોઢે છે. તેઓ નામદાર ભૂત અને વર્તમાન સમયના ઇતિહાસમાં જેટલા પ્રવીણ છે તેટલો કોઇ પ્રવીણ હોય એ મારી જાણમાં નથી."

## ઇસ્લામી દેશોની આઝાદી અને હકો માટેની લડત—લોઝેનના કરારો.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ, તુર્કીને યુરોપીય પંજાનું ભોગ બનતું અટકાવી, તેને સ્વતંત્ર મુસ્લિમ રાજ્ય તરીકે જીવતું રાખવા અને તેના સાથેનું બીજું યુધ્ધ નિવારવા અને લોઝેનના કરારો વખતે પશ્ચિમની સત્તાઓ અને ઇસ્લામી દેશો વચ્ચે સુલેહસંપ સ્થાપવા જે અથાક પ્રયાસો કરી ઇસ્લામી દેશોની મહાન સેવાઓ બજાવી છે તે ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધાઇ રહેલી અગત્યની બીના છે. ઇ. સ. ૧૯૨૫ માં જ્યારે લોઝેનના કરારો પર સહીઓ થઇ ત્યારે તેઓ નામદારે ઇસ્લામી આલમ જોગો નીચે મુજબનો એક અગત્યનો સાંત્વનકારી યાદગાર સંદેશો પાઠવ્યો હતો, જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું :

## જગતના ઇસ્લામીઓને યાદગાર સંદેશો.

"હું લોઝેનથી આ સંદેશો પાઠવી રહ્યો છું કે જ્યાં હાલના ઇતિહાસમાં, પહેલીજવાર, પશ્ચિમની મહાન સત્તાઓ સાથે સમાન શરતોએ ઇસ્લામી રાષ્ટ્રોએ કરારો પર સહીઓ કરી છે. આ કરારો કમાલ પાશા અને ઇસ્મત પાશાની અડગ નેતાગીરીને ફાળે જાય છે. આ ઉપરથી એ પણ જાહેર થાય છે કે, ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ અને પશ્ચિમની અન્ય સત્તાઓ તુર્કી અને ઇસ્લામના મિત્રો તરીકે રહેવા ઇચ્છા ધરાવે છે. આ ઉમદા કરારોથી બસો વર્ષ દરમ્યાન પહેલીજવાર તુર્કી એક આઝાદ અને મજબુત અજતકાય રાજ્ય બનવા પામ્યું છે. વિદેશી લશ્કર તેની ભુમિ પર રહેવા પામશે નહિ અને તેની આઝાદી સંપૂર્ણ છે. તુર્કીઓ ઇસ્તમબુલ, એડ્રીયાનોપલ અને થ્રેસનો કબજો પાછો મેળવે છે. આ સંતોષકારક સમાધાની, તુર્કીઓની હિંમત, શુરવીરતા અને જુસ્સાભરી અને મહાન કુરબાનીઓને, તેમજ ગ્રેટ બ્રિટન, ફ્રાન્સ અને ઇટલીના લોક સમુદાયની ભલી લાગણી અને પ્રમાણિક સાંત્વનકારક ઇચ્છાઓને આભારી છે. સાથે સાથે આપણે હિંદના વાઇસરોય (લોર્ડ રીડીંગ)ના તેમની સતત સહાયતા માટે પણ આભારી છીએ. ભૂતકાળના ઝઘડાઓનો અંત આવ્યો છે અને ભુલાઇ ગયા છે' એમ આ સુલેહ દર્શાવે છે."

આ સંદેશાના અંતમાં, તુર્કી ઇસ્લામના એક ગૌરવભર્યા માણેક અને મુકટ સમાન બની રહે તેટલા માટે તેને પુરેપુરી સહાયતા આપવા માટે તેઓ નામદારે હિંદના મુસ્લિમોને અંતઃકરણપૂર્વકની અપીલ કરી હતી અને લોઝેન ખાતે આવેલા તુર્ક ડેલીગેટોની મારફતે પોતાના તરફથી એક હજાર

---

"સહીહ બુખારી" હઝરત નબી સાહેબના મુખવચનો-હદીસોનું ઇસ્લામી આલમમાં વિખ્યાતિ પામેલું માનનીય પુસ્તક છે.

પાઉંડ તુર્ક નિરાધારો માટે મોકલી આપ્યા હતા. "આગાખાન એન્ડ હિઝ એન્સેસટર્સ" નામની કૃતિમાં "ઇસ્લામના ચેમ્પીયન" નામના પ્રકરણમાં તેના કર્તા મી. ડુમસ્યા ઉપર્યુક્ત વિગતો લખી, તેનો સુંદર ચિતાર આપી જણાવે છે: "જો કે એનો સંપૂર્ણ રીતે સિધ્ધ થઇ ગયું છે, તો પણ આ સંદેશા ઉપરથી તેઓ નામદારનો ઇસ્લામ પ્રત્યેનો ચાહ, તુર્કીઓની શુરવીરતા માટેનું માન અને આઝાદ તથા શક્તિશાળી તુર્કી માટેની આશા સ્પષ્ટ જણાઇ આવે છે."

## "મુસ્લિમ નવી દુનિયા" પર વિચારો.

તા. ૧૨ મી સપ્ટેમ્બરના "એડીનબરો રીવ્યુ"માં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ "મુસ્લિમ નવી દુનિયા"ના મથાળા હેઠળ એક લેખ લખી જણાવ્યું હતુ કે, લોઝેનના કરારોથી મુસ્લિમોને સંતોષ થયો છે. બીજા પરદેશી રાજ્યો કરતાં બ્રિટન પર તુર્કી વધારે ભરોસો મુકે છે. સાધારણ સુધારાની ગાંઠથી તુર્કી અફઘાનિસ્તાન અને ઇરાન, ઇજીપ્ત અને અરેબીયા જોડાયલાં છે. જો તેમની સત્તા વચ્ચે યુરોપિયનો આવશે નહિ તો કોઇપણ રાજ્ય સામે વિરૂધ્ધતા રહેશે નહિ. બ્રિટને એક મજબુત અરેબીયા બનાવવું જોઇએ. "મકકા" અને "મદીના"ને કેળવણીના મુખ્ય ધામ બનાવી, તેની સાથે સીરીયા અને પેલેસ્ટાઇનને જોડી દેવા જોઇએ. તે વડે ઇન્સાફની નેમ જળવાશે અને શાંતિ પ્રસરશે. અરેબીયા બીજા મુસ્લિમ રાજ્યો સાથે મિત્રરાજ્યો તરફથી નહિ પણ પ્રજાસંઘના સભાસદો તરીકે જોડાશે. અરેબીયાનો આ પ્રકારે નિકાલ લાવવાથી બ્રિટન તથા ફ્રાંસ વચ્ચે અને બ્રિટન તથા મુસ્લિમ પ્રજાઓ વચ્ચે અંટસ પડવાનો સંભવ રહેશે નહિ.

## આરબોની વહારે.

એજ પ્રમાણે તેઓ નામદાર આરબોની આઝાદી માટે પણ એક મહાન "ચેમ્પીયન" છે. તેઓશ્રી આરબોના હકકોના મહાન હિમાયતી હોવાને અંગે આરબોના દાવાઓ માટે યુરોપના પત્રોમાં જોરદાર હિમાયત કરી હતી. ઇ. સ. ૧૯૨૩ ના ઓકટોબર માસમાં "એડીનબરો રિવ્યુ" નામના છાપામાં તેઓ નામદારે એક યાદગાર લેખ લખીને પશ્ચિમની સત્તાઓ અને મુસ્લિમ દેશો વચ્ચે વધુ સ્નેહભર્યા સંબંધ માટે અને વધુ સારી સમજુતિ પર આવવા યુરોપિયન વાંચકોને આગ્રહ કર્યો હતો.

## તુર્ક નિરાધારોને સહાયતા માટે આભાર.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને તુર્કસ્તાનના એમ. ફુઆદ નામના એક દેશસેવકે તેઓશ્રી તરફથી મળેલી ગેબી મદદના જવાબમાં લખી જણાવ્યું હતું કે, "તુર્કસ્તાનના બાળકોનું ભવિષ્ય સુધારક સંસ્થા નામનું એક મંડળ સ્થાપવામાં આવ્યું છે, જેનો હેતુ બાળકોના વાલીઓ લડાઇમાં મરણ પામ્યા હશે તેને સહાય કરવાનો છે. આ સંસ્થામાં આપ નામદારને દાખલ કરતાં અતિ આનંદ થાય છે. ડોકટર નાદિદ રસુલ બે, જેઓ લોઝેનમાંથી પાછા ફર્યા છે, તેમણે સંસ્થાને ૧,૦૦૦ પૌંડ આપ નામદાર તરફથી આપેલ છે. અમો આપ નામદારનો અત્યંત આભાર માનીએ છીએ. આ તકે અમો જણાવવાની રજા લઇએ છીએ કે બે લાખ નિરાધાર થઇ પડેલા બાળકો આ સંસ્થાનો લાભ લે છે. તેઓનું ભવિષ્ય મુસ્લિમોની સહાયતા ઉપર રહેલું છે. આપ નામદાર તરફથી મળેલી મહાન ઉદાર સખાવતને લીધે અમો આ બાળકોની મદદમાં વધારો કરી શકીશું."

ઇ. સ. ૧૯૨૩ હિજરી સન ૧૩૪૧ માં તેઓ નામદારે સીમલાની લેડી રિડીંગ હોસ્પીટલ ફંડમાં રૂા. ૫,૦૦૦ ભેટ આપ્યા હતા.

## કોમના માનીતા અખબારો—મુખપત્ર ઇસમાઈલી.

મૌલાના હાજર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના અનુયાયીઓ સામાજિક, આર્થિક, ધાર્મિક અને કેળવણીના વિષયોમાં આગેકુચ કરી જે પ્રગતિ કરી રહ્યા છે, એ તેઓ નામદારની સુંદર દોરવણીના પ્રતાપ છે. તેઓ નામદારે પોતાના અનુયાયીઓમાં "અખબાર" અને "સહિત્ય" પ્રત્યે શોખ ઉત્પન્ન થાય તેટલા માટે પણ દોરવણી આપી જણાવ્યું છે કે: "અખબાર છે તે ઝબાન છે."

આ દોરવણીને અનુલક્ષીને ઇસ્વી સન ૧૯૨૩ ના ઓકટોબર માસમાં, ધી રિક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટના આશરા હેઠળ શ્રીયુત એ. જે. સુનારાના આધિપત્ય હેઠળ કોમનું માનીતું અને સુપ્રસિધ્ધ મુખપત્ર "ઇસમાઇલી" અઠવાડીક તેઓ નામદારના મુરીદોની ધાર્મિક, આર્થિક, અને સાંસ્કૃતિક પ્રગતિને વેગ આપવાના શુભ હેતુસર ચાલુ થયું હતું, જે દેશપરદેશના ઇસમાઇલીઓમાં અત્યંત માનીતું થઇ પડયું હોવાથી આજ પર્યંત આતુરતાપૂર્વક વંચાય છે.

જો કે એજ મુજબ ઇસ્વી સન ૧૯૧૦માં "ખોજા મિત્ર" પખવાડીક, "ખોજા હિતવર્ધક" અને "ઇસમાઇલી સિતારો" નામનું માસિક અને ઇસ્વી સન ૧૯૧૫ માં હજુરમુખી વી. એન. હુદાના આધિપત્ય હેઠળ "ઇસમાઇલી સત્યપંથ પ્રકાશ" નામનું માસિક પ્રગટ થયું હતું, જેના પ્રકાશક મુખી લાલજીભાઇ દેવરાજ હતા. ઇ. સ. ૧૯૨૬ માં "નિઝારી" નામનું માસિક પણ પ્રગટ થયું હતું અને ધોરાજી પ્રગતિ મંડળ હસ્તક આલીજાહ એન. એમ. બુધવાણીના તંત્રીપદેથી "ઇસમાઇલી આફતાબ" સને ૧૯૧૮ માં બહાર પડયું હતું. ઈ. સ. ૧૯૩૦ માં બુઝુર્ગ મુખી મેઘજીભાઈ મુળજીના શુભ હસ્તે કાન્ડી મોહલ્લા; સ્ટુડન્ટસ લાયબ્રેરી હસ્તકના "હિદાઇ પ્રિન્ટીંગ પ્રેસ"ની ઉદ્દ્ઘાટન ક્રિયા કરવામાં આવી હતી. આ સંસ્થાના આશરા હેઠળ રાઇ ગુલામહુસેનભાઈ શકુર થાવરભાઇના આધિપત્ય હેઠળ "હિદાઇ" ત્રિમાસિક પણ આધુનિક ઢબે ઇસ્વી સન ૧૯૨૬ માં પ્રગટ કરવામાં આવ્યું હતું. આ સઘળા માસિકો ઘણાં વર્ષો સુધી કોમમાં માનીતા થઇ પડયા હતા, પરંતુ સંજોગવશાત તે બંધ પડી ગયા હતા.

## સાહિત્યપ્રેમી મુખી લાલજીભાઈ દેવરાજ—સિંધી પ્રેસની સ્થાપના.

સમાજ અને ધર્મના નિઃસ્વાર્થ સેવક મુખી લાલજીભાઇ દેવરાજ પણ એક સાહિત્યપ્રેમી અને કેળવણીકાર હતા. તેમણે "સિંધી પ્રેસ" સ્થાપી, ખાસ "સિંધી ખોજકી" ટાઇપ બનાવી, સિંધી ખોજકી અને ગુજરાતી લિપીમાં ઇસમાઇલી ધોરિના પવિત્ર જ્ઞાનો—બોધશાસ્ત્રો, મઝહબી હકીકતો અને ઇસમાઇલી સાહિત્યના પુસ્તકો પ્રગટ કર્યાં હતા. મૌલાના હાજર ઇમામના મુબારક ફરમાનો સિંધી ખોજકી લિપીમાં અને ગુજરાતી ભાષામાં પ્રગટ કરવાની પણ તેમણે શરૂઆત કરી હતી. અગાઉ સાધનોના અભાવે જમાતોને ફરમાનો અને જ્ઞાનશાસ્ત્રો વાંચવાનો પુરેપુરો લાભ મળી શકતો નહોતો, કારણ કે હસ્તલિખિત ધાર્મિક સાહિત્ય બહુ મોંઘી કિંમતે અને ઘણીજ મુશ્કિલીએ અને જુજ અંશે મેળવી શકાતું હતું. આ ખોટ સિંધી પ્રેસની સ્થાપના પછી પુરાઇ ગઇ હતી. એટલુંજ નહિ પણ મુખી લાલજીભાઇ દેવરાજના અથાક પ્રયાસોના પરિણામે આ મહત્વનો લાભ દેશપરદેશની ઇસમાઇલી કોમને મળી શકયો હતો.

આ રીતે ઇસમાઇલી કોમના ધાર્મિક સાહિત્યનો ઘરોઘર પ્રચાર કરવા માટેની મુખી લાલજીભાઇ દેવરાજની સેવાઓ અજોડ છે. નાના મોટા લગભગ ૧૦૦ પુસ્તકો તેમણે પ્રગટ થયા હતા. અન્ય ધાર્મિક અને સામાજિક ક્ષેત્રોમાં પણ તેમણે સુંદર સેવાઓ આપી હતી. મૌલાના હાજર ઇમામે તેમના કાર્યથી ખુશી થઇને પુના ખાતે તેમને ફરમાવ્યું હતું કે: "તમે દીનને કુવ્વત આપો છો અને જનરલ-કરનલ માફક કાર્ય કરો છો" મુખી લાલજીભાઇ દેવરાજે ચીન પર્યંત મુસાફરીઓ કરી, મોટા વેપારી સાહસો પણ ખેડયા હતા અને જાતમહેનત તથા સ્વભાવિક કુશળતાથી સારી જેવી સંપતિ એકઠી કરી હતી. તેમનું અવસાન ઇસ્વી સન ૧૯૩૦ના ઓકટોબરમાં થયું હતું.

## સુલેહનું નોબલ પ્રાઈઝ.

"ધી આગાખાન એન્ડ હિઝ એન્સેસ્ટર્સ" માં દર્શાવવામાં આવ્યું છે કે, મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના, તુર્કો સાથેની બીજી લડાઈ અટકાવવાના ભગીરથ અને સતત પ્રયાસોને દ્રષ્ટિ સમક્ષ રાખીને તેઓ નામદારની એ અજોડ સેવાની ખરેખરી પિછાણ થાય, એવી હિંદભરમાં સર્વત્ર લાગણી ફેલાયલી જોવામાં આવતી હતી.

ઇસ્વી સન ૧૯૨૪ના ફેબ્રુઆરી મહિનાની તા. ૫ મીના દિને હિંદની રાજસભામાં આવી મતલબનો એક ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો, જે સર્વાનુમતે પસાર થયો હતો. જેમાં હિંદી સરકારને અરજ કરવામાં આવી હતી કે: "તુર્કો અને પશ્ચિમની સત્તાઓ વચ્ચે, છેલ્લા યુધ્ધ વિશ્રામ પછી સુલેહ શાંતિ સ્થાપવા માટે હિઝ હાઇનેસ સર સુલતાન મુહમ્મદ શાહ આગાખાન જી. સી. એસ. આઇ. જી. સી. વી. ઓ., એલ. એલ. ડી., એ જે મહાન, ભગીરથ અને સફળ પ્રયાસો કર્યા છે, એ દ્રષ્ટિએ આ વર્ષનું "સુલેહનું નોબલ પ્રાઇઝ" મેળવવા તેઓ નામદાર ખરેખરા હકકદાર છે." એવી રીતનું આ સભાનું દ્રષ્ટિબિંદુ નોરવેની પાર્લામેન્ટ સમક્ષ તે રજુ કરે.

આ ઠરાવ ખાસ નોંધવા લાયક હતો. હિંદની ધારાસભાના અપર હાઉસ તરફથી તેઓ નામદાર માટે અંજલિ રૂપે હતો, એટલુંજ નહિ પણ "નોબલ પ્રાઇઝ"ની સ્થાપના થઇ ત્યારપછી ધારાસભામાં આવી રીતનો ઠરાવ તેઓ નામદાર માટે ખાસ પહેલીજવાર સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. જો કે સૌથી પહેલાં નોરવે અને સ્વીઝ ખાતેના વર્તમાનપત્રોમાં આ જાતનું સુચન કરવામાં આવ્યું હતું અને "નોબલ પ્રાઇઝ" માટે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબજ ખરેખરા હકકદાર છે, એવી હિમાયત કરવામાં આવી હતી. આ સમાચાર હિંદમાં ફેલાતાંજ તેને સર પુરષોતમદાસ ઠાકુરદાસ, શ્રી વી. જે. પટેલ અને અન્ય ઘણાએક કોંગ્રેસીઓ તરફથી ઉત્સાહપૂર્વકનો ટેકો મળવા પામ્યો હતો. કોઇપણ એશિયાવાસીને "સુલેહનું નોબલ પ્રાઇઝ" મળવા પામ્યું નહોતું, જો કે આધુનિક ઝમાનાના મહાન હિંદી કવિવર રવિન્દ્રનાથ ઠાકુરને "સાહિત્યનું નોબલ પ્રાઇઝ" મળ્યું હતું.

હિંદની ધારાસભાના અપર હાઉસમાં, સેન્ટ્રલ હિંદના ઉદ્યોગપતિ—જેઓ પછીથી ધારાસભાની પ્રેસીડેન્ટ થયા હતા—ઓન. સર માણેકજી દાદાભાઇએ ઠરાવ રજુ કરતાં જણાવ્યું હતું કે, "હું તો જગતના બીજા ભાગોમાં જે સુચન કરવામાં આવ્યું છે તેનો આ સભામાં પુનઃ પડઘો પાડી રહ્યો છું. નામદાર આગાખાન સાહેબ હિંદના સામાજિક અને રાજદ્વારી જીવનમાં અગત્યનું સ્થાન ધરાવે છે. તેઓશ્રીએ આંતરરાષ્ટ્રિય ખ્યાતિ અને પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કર્યા છે અને એક પ્રખ્યાત શહેરીજન તરીકે તેઓશ્રીનું નામ હિંદભરમાં ઘરગથ્થુ થઈ

પડયું છે કે જેઓને હિંદના હિતાર્થે નિખાલસ ભાવે સેવા બજાવી છે." ત્યારપછી સર માણેકજીએ છેલ્લા મહાયુધ્ધ વિરામ પછી સુલેહશાંતિ માટેની પ્રગતિ માટે તેઓ નામદારની પ્રવૃત્તિઓ, અંગોરામાં કેદ પકડાયલા બ્રિટીશ કેદીઓને મુક્ત કરાવવાના સફળ પ્રયાસો અને લોઝેન કોન્ફરન્સમાં તેઓ નામદારે જે ભાગ ભજવ્યો હતો તેનું વર્ણન કર્યું હતું.

ત્યારપછી ઓન. સર ઝુલફિકારઅલીખાને જણાવ્યું હતું કે: "નામદાર આગાખાન સાહેબે મુસ્લિમ જગતના ઇતિહાસમાં સઘળી કટોકટીની વેળાએ આગળ આવીને, પોતાના અંગત પ્રયાસો વડે, અંગત લાગવગ વડે અને ગાંઠના નાણાં પણ ખર્ચીને સુલેહશાંતિ સ્થાપી છે અને ખાસ કરીને ઇસ્લામી રાષ્ટ્રો અને બ્રિટીશ સરકાર વચ્ચે સારી સમજુતિમાં વધારો કર્યો છે." ત્યારપછી પારસી કોમના એક નામાંકિત આગેવાન ઓન. સર ફિરોઝ સી. શેઠનાએ પણ પ્રવચન કર્યું હતું અને જણાવ્યું હતું કે:– "સુલેહનું નોબલ પ્રાઇઝ" મેળવવા બીજી કોઇ વ્યકિત નામદાર આગાખાન સાહેબ જેટલી વધારે હકકદાર નથી."

## નવાનગર સ્કુલને સ્કોલરશિપો–સિધ્ધપુરમાં પધરામણી–વહોરા ગૃહસ્થ તરફથી ભવ્ય પાર્ટી.

એજ વર્ષમાં નવાનગર સ્કુલના મેળાવડાના પ્રમુખપદે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહે બિરાજી આ મેળાવડામાં વાર્ષિક રૂા. ૧૦૦૦ની સ્કોલરશિપોની જાહેરાત કરી હતી. આ અવસરે નામદાર જામ સાહેબ, લિંબડીના નામદાર યુવરાજ, અને સર આર્થર પ્રિસ્ટલી પણ હાજર રહ્યા હતા. તેઓશ્રીનો જામ સાહેબે ઉપકાર માન્યો હતો.

ઇ. સ. ૧૯૨૪ના ફેબ્રુઆરી માસની તા. ૬ ઠીએ તેઓ નામદારે સિધ્ધપુર પધરામણી કરી મોમીન જમાતોને મુલાકાત આપી હતી. સિધ્ધપુર ખાતે વસ્તા વહોરા ગૃહસ્થ મુલ્લાં મહમદઅલી શેખ શરફઅલી હરરવાળાએ તેઓશ્રીના માનમાં એક દબદબાભરી પાર્ટી આપી હતી જેમાં સઘળી કોમના પ્રતિષ્ઠિત ગૃહસ્થો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## મૌલાના હાઝર ઈમામ કચ્છ ભુજમાં—વારસ મોલેદીના મેઘજી.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. કચ્છની મુસાફરીએ સિધાવ્યા હતા. ભુજ ખાતે કેમ્પમાં જમાતોને ઉતારો આપવામાં આવ્યો હતો. ચાર હજાર ઇસમાઇલીઓ ભેગા થયા હતા. મૌલાના હાઝર ઇમામ રાજ્યના બંગલામાં પરોણા તરીકે રહ્યા હતા. રોજ સવારે તથા સાંજે જમાતની મુલાકાતે પધારી જમાતોના કામકાજ ઉકેલતા હતા. એક દિને નામદાર રાવ સાહેબ ખેંગારજીએ પણ તેઓ નામદારની સાથે પધારી જમાતોની અગવડ સગવડ માટે પુછપરછ કરતાં વારસ મોલેદીના મેઘજીએ ઘણો સંતોષ દર્શાવ્યો હતો. મૌલાના હાઝર ઇમામ સાથે તેઓ શિકાર માટે પણ બે વાર ગયા હતા. ચાર દિવસ કચ્છ ખાતે રોકાઇને મૌલાના હાઝર ઇમામ પાછા મુંબઈ પધાર્યા હતા.

## જેરૂસ્સલેમની મસ્જિદુલ–અકસા માટેનું ડેપ્યુટેશન.

ઇ. સ. ૧૯૨૪ માર્ચ ૨૭ હિજરી સન ૧૩૪૨ના રજબની તા. ૨૫ મીના દિને પેલેસ્ટાઇનનું પવિત્ર સ્થળ જેરૂસલેમ=બયતુલ મુકદસની મસ્જિદુલ અકસાના સમારકામ અર્થે ઇરાકથી એક ડેપ્યુટેશન

આવ્યું હતું. તેને તેઓ નામદારે પોતાને બંગલે મુલાકાત આપી હતી. અંજુમને ઇસ્લામ હોલમાં આ બાબત માટે એક જંગી સભા મળી, ત્યારે તેના પ્રમુખપદે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. બિરાજ્યા હતા. આ પ્રસંગે તેઓ નામદારે પોતાના તરફથી રૂા. ૪૦,૦૦૦ની નાદર રકમ આપવાની જાહેરાત કરી હતી.

## રિક્રીએશન કલબની મુલાકાતે—"વર્ક નો વર્ડઝ."

૧૯૨૪. હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ એજ વર્ષમાં તા. ૧૨મી માર્ચના દિવસે ધી રિક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેઓ નામદારે ફરમાવ્યું કે: "ગયા વર્ષે અમોએ તમોને ફારસીમાં એક મુદ્રાલેખ આપ્યો હતો, આજે અમો તમોને બીજો એક નાનકડો મુદ્રાલેખ આપીએ છીએ તે એ છે કે 'Work No Words' અર્થાત "વાતો નહિ પણ કાર્ય કરો." બીજાઓનાં ભલાર્થે પ્રયત્ન કરવો એજ આત્મોન્નતિનો માર્ગ છે, કારણ કે તેના પરિણામો ચોક્કસ અને ખાત્રીપૂર્ણ છે. જો તમો તમારા પોતાના સ્વાર્થ માટે કાર્ય કરશો તો તમોને કદીપણ સુખ મળશેજ નહિ. આ કંઇ નવીન વિચારો નથી, પરંતુ તે હજારો વર્ષોના ઇતિહાસિક અનુભવથી બહાર આવેલા છે."

## બાળાઓની કેળવણી માટે ભલામણ.

એજ મહિનામાં આગાખાન સેન્ટ્રલ ફ્રી સ્કુલની મુલાકાત લેતાં તેઓ નામદારે ફરમાવ્યું હતું કે:– "અમોને ત્યારેજ સંતોષ થશે કે જ્યારે બધી ઈસમાઇલી બાળાઓ મહેનત કરીને પોતાના ગુજરાન પુરતું કમાવી શકે તેટલી કેળવણી સંપાદન કરે. છોકરા તો ધંધાર્થે બહાર જશે, પણ છોકરીઓને ઘરમાંજ રહેવાનું હોય છે એટલે તમો છોકરીઓને બરાબર કેળવણી નહિ આપો તો ભવિષ્યમાં તેમને અગવડો ભોગવવી પડશે, કારણ કે ઉમરમાં આવ્યા પછી તેમને શીખવાની તક મળશે નહિ. છોકરીઓને આ સંસ્થામાં નરસીંગ અને ફર્સ્ટએડની તાલીમ મળે છે તે હું પસંદ કરૂં છું; જેથી વિપરિત સંજોગોમાં તે પોતાનું અને પોતાના બચ્ચાંઓની સારી રીતે સંભાળ લઈ શકશે." આ સ્કુલને તેઓ નામદાર દર વર્ષે ૪૨,૦૦૦ રૂપીયાની ગ્રાંટ ચાલુ આપે છે. આ સ્કુલ માટે, સેન્ડહર્સ્ટ રોડ ઉપર, આશરે રૂા. દોઢ લાખના ખર્ચે ત્રણ માળનું એક ભવ્ય સુંદર મકાન બાંધવામાં આવ્યું છે, જેને ખુલ્લું મુકવાની ક્રિયા મુંબઈના ના. ગવર્નર સર લેસ્લી વિલ્સને ઈ. સ. ૧૯૨૫ના માર્ચ મહિનામાં કરી હતી.

## મૌલાના હાઝર ઈમામ જંગબારમાં.

મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. આફ્રિકા તરફ ફ્રેન્ચ સ્ટીમર "દંબીયા" મારફતે રવાના થયા હતા અને ઈ. સ. ૧૯૨૫ના ફેબ્રુઆરી માસની તા. ૯મી હિજરી સન ૧૩૪૩ ના રજબની તા. ૧૪મીના દિને સવારમાં ૬–૩૦ કલાકે જંગબાર ખાતે પધરામણી કરી હતી. બંદરપર એક ભવ્ય શાનદાર શામિયાનો ઉભો કરવામાં આવ્યો હતો. જ્યાં આગળ જંગબારના નામદાર સુલતાન, નામદાર રેસિડેન્ટ અને તેમના પ્રાઇવેટ સેક્રેટરી, ઉપરાંત જંગબારના પ્રતિષ્ઠિત નેતાઓ અને જમાતના આગેવાનોએ તેઓશ્રીનો ભારે સત્કાર કર્યો હતો. તેઓશ્રી કિનારે કદમ મુબારક કરતાં સઘળાઓએ ખુશાલીના પોકારોથી તેઓ નામદારને વધાવી લીધા હતા.

જંગબાર ખાતે તેઓ નામદાર બે અઠવાડિયાં રોકાયા હતા. એ દરમ્યાન જમાતખાને દરરોજ પધારીને જમાતોના કામકાજ ઉકલાવતા હતા. પંજેભાઇ કલબમાં યુવાનોએ રમતગમતના મેળાવડા યોજ્યા હતા, જે વખતે તેઓશ્રીએ પધરામણી કરી ઉત્તેજન આપ્યું હતું. તા. ૧૯મીના જંગબારના નામદાર સુલતાનના પ્રમુખપદે

જંગબારના હિંદીઓની સંસ્થા ઈન્ડીઅન એસોસીએશન તરફથી મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. હિંદીઓ, નેટીવો, યુરોપિયનો અને સરકારી અમલદારો એકજ વખતે ભેગા મળ્યા હોય તેવો આ પહેલવહેલો પ્રસંગ હતો. જંગબારના નામદાર સુલતાને તા. ૨૦ મીના તેઓ નામદારને "ડીનર પાર્ટી" આપી હતી, જેમાં ખાસ સરકારી ઓફિસરો, અરબ ઓધ્ધેદારો, કેટલાક જાણીતા ઇસ્માઇલીઓ તથા હિંદીઓએ પણ ભાગ લીધો હતો. નામદાર સુલતાને તેઓશ્રીનું પ્રવેશદ્વારે ઇસ્તેકબાલ માટે આવીને સન્માન કર્યું હતું. જંગબારમાં બ્રિટીશ હાઇ કમિશ્નરે પણ તેઓ નામદારને એક ડીનર પાર્ટી આપી હતી.

## માડાગાસ્કર ભણી પ્રયાણ—દારેસલામમાં માનપત્ર અને શાનદાર પાર્ટીઓ.

તા. ૨૩ મી ફેબ્રુઆરીના તેઓ નામદાર "ચેમ્બોર્ડ" નામની સ્ટીમર મારફતે માડાગાસ્કર સિધાવ્યા હતા. ચાર દિવસ માડાગાસ્કરની જમાતો વચ્ચે રહી પાછા દારેસ્સલામ પધાર્યા હતા. તા. ૨૦ મી માર્ચના દિને ઇન્ડીઅન એસોસિએશન તરફથી તેઓશ્રીને એક માનપત્ર અપાયું હતું. ટાંગાનિકા ટેરીટરીના ગવર્નરે દારેસ્લામ ખાતે તેઓ નામદારને શાનદાર ડીનર પાર્ટી આપી હતી. બીજે દિને તેઓ નામદારે સરકારી અમલદારો અને શહેરીઓને "કેસીનો"માં એટ-હોમ આપ્યો હતો. નામદાર ગવર્નર ઉપરાંત યુરોપિયનો, હિંદીઓ અરબો અને દેશીઓ મળી આશરે ૩૦૦ પરોણા હાજર રહ્યા હતા. દારેસ્સલામ તથા તેના અતરાફમાં રહેતા નેટિવોને તેઓ નામદારે જમણ આપ્યું હતું. એટ-હોમના દિવસે શહેરમાં તહેવાર પાળવામાં આવ્યો હતો.

## યુરોપ ભણી રવાનગી—પત્રકારોને ઇન્ટરવ્યુ: "સાતસો વર્ષથી મારા મુરીદો માડાગાસ્કરમાં વસે છે."

દારેસ્સલામથી તેઓશ્રી ડોડોમા સિધાવ્યા હતા. માર્ગમાં આવતા સ્ટેશનો પર જમાતો તથા શહેરી હિંદી આગેવાનોને મુલાકાતો આપતા રહ્યા હતા. ત્યાંથી ફ્રેન્ચ મેલ "દંબીયા"માં રવાના થયા હતા. તેઓ નામદાર મોમ્બાસા ઉતરવાના હતા પણ તાવ આવી જવાથી યુરોપ ભણી વિદાય થયા હતા. આ મુસાફરી દરમ્યાન જમાતી કાયદા કાનુનોમાં સુધારા વધારા કરવાના હોવાથી વારસ રહીમભાઇ બસરીયા, મિશનરી હુસેનીભાઈ પીરમામદ તથા આફ્રિકા જમાતના અમલદારોને સાથે લીધા હતા. તેઓશ્રીની તબિયત નરમ હોવા છતાં રસ્તામાં પણ જમાતી કામકાજોમાં ઉમંગથી રોકાયલા રહેતા હતા.

મારસેલ્સ ખાતે પહોંચ્યા પછી તેઓ નામદારે છાપાવાળાને એક ઇન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે, "ફ્રેન્ચ સંસ્થાન માડાગાસ્કરમાં મારા મુરીદો સાતસો વર્ષથી વસે છે. ફ્રેન્ચ સરકાર હિંદી વસાહતીઓનો સત્કાર કરવા આતુર છે, એ ઘણું ખુશી થવા જેવું છે. લોકો અત્રે આવી વસે તો શ્રીમંત બની શકે છે પરંતુ, હુંડિયામણ સ્થિર નહિ થાય ત્યાંસુધી વધુ પ્રમાણમાં દેશાંતર થવાનો સંભવ બહુ ઓછો જણાય છે." તા. ૩ જી મેના દિને અત્રેથી તેઓશ્રી "નીસ" તરફ સિધાવ્યા હતા.

## વઝીર રહીમભાઈ બસરીયા—એક લક્ષાધિપતિ ફિદાઈ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના મહાન વઝીર રહીમભાઈ વઝીર બસરીયા ફદુ એક જાણીતા લક્ષાધિપતિ ફિદાઇ હતા. તેમને પોતાની દૌલતનું જરાય અભિમાન

નહોતું. તેઓ હમેશાં સાદાઇને ચાહનારા હતા. ઇમામનીખિજમત એજ એમનાં જીવનનું ધ્યેય હતું. સેવાની ધુનમાં રાત દિન શરદી, ગરમી કે દેશપરદેશ એમના માટે એકસરખા હતા. પવિત્ર ઇમામની પ્રસન્નતા એમના પર અનહદ હતી. પોતાની બહોળી સંપતિની પરવા ન કરતાં, મૌલાના હાઝર ઇમામની સેવા અર્થે સ્વજીવન અર્પણ કર્યું હતું અને તેઓ નામદારના નાણાંખાતાના ઉપરી તથા પ્રાઇવેટ સેક્રેટરી હોવાથી, તેની સુવ્યવસ્થા અર્થે પોતાની જન્મભુમિ કરાંચી ત્યજી કેટલાક વર્ષો સુધી મુંબઇમાં વસવાટ રાખ્યો હતો.

તેમનો ધર્મપ્રેમ અપૂર્વ હતો. તેઓ કરાંચીના ફર્સ્ટ ક્લાસ ઓનરરી પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ હતા. તેઓ અત્યંત મિલનસાર હોઇ, તેમના સંસર્ગમાં આવતા સર્વ વર્ગના નાના મોટાનુ મન જીતી લેતા હતા. પોતાના પિતાશ્રીના નામે કરાંચીમાં મુસાફરખાનું બંધાવ્યું હતું. મુહમ્મદ ટેકરી પરના બંગલામાં તેઓએ પોતાના ખર્ચે સુધારાવધારા કરીને મૌલાના હાઝર ઇમામને અર્પણ કર્યો હતો. મૌલાના હાઝર ઈમામે તેમની તથા તેમના પિતાશ્રીની "મહોબ્બતની યાદગીરી" તરીકે કરાંચી ખાતે એક આલીશાન બોર્ડીંગ અને ઓર્ફનેજ સ્થાપી છે જે અત્યારપર્યંત ચાલુ છે. તેમની વફાત ઇ. સ ૧૯૨૭ ના ફેબ્રુઆરી માસમાં મુંબઈ ખાતે થઇ હતી.

## મૌલાના હાઝર ઈમામનું દ્રષ્ટિબિંદુ—ટાઇમ્સના રિપોર્ટરનો અભિપ્રાય.

"ટાઇમ્સ"ના એક વેળાના જગમશહૂર વિદેશ ખાતાનાં રિપોર્ટર સર વેલેન્ટાઇન શિરોલે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ.ના સંબંધમાં એક વેળાએ ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે:—"નામદાર આગાખાન સાહેબે હિંદની ગુંચવણનો છેલ્લો ઉકેલ સુચવ્યો છે કે ગોરી જાતિનું વડપણ અથવા પશ્ચિમની સંસ્કૃતિનું મહત્વ હિંદ હવે સ્વીકારનાર નથી. થોડો વખત હિંદીઓ આ વડપણ નભાવી શકશે પણ હંમેશ માટે તો નહિંજ; તેઓ નામદારનું દ્રષ્ટિબિંદુ માત્ર હિંદ માટેજ નહિ પણ મોરક્કોની ટેકરીઓથી માંડીને ઠેઠ પૂર્વના પાસિફિક મહાસાગર સુધી આવેલી આખી પૂર્વની દુનિયા વિષે છે."

## આફ્રિકાના ઇસ્માઇલી શહીદો.

ઇસ્વી સન ૧૯૨૫ ના ડિસેમ્બર મહિનાની તા. ૧૦ મીના દિને અમલદાર કરમાલી ડાયા, મિશનરી ખુદાબક્ષ તાલિબ ગુવાદરી અને લાલજીભાઇ લધાની એક ત્રિપુટી પોતાની ધાર્મિક ફરજ બજાવવા, કિલોસાથી ઇરીંગા જતાં માર્ગમાં મોટરકારના અકસ્માતના પરિણામે ખુદાની રહેમતે પહોંચ્યા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ, મઝહબ અને માલિક માટે અમુલ્ય પ્રાણની કુરબાની કરનાર એ ત્રણે વીરનરોને "શહીદ" નો ખિતાબ આપી તેમની રૂહાનીઓને આશિર્વાદો ફરમાવ્યા હતા. આ શહીદોની યાદ જાળવવા માટે આફ્રિકાના દારેસ્સલામ ખાતેના કબ્રસ્તાનમાં કિર્તીસ્થંભ ચણવામાં આવ્યો છે.

## જાપાનની ઉદ્યોગનીતિ વિષે અભિપ્રાય—હીજાઝ બાબતમાં સંતોષ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ ઇસ્વી સન ૧૯૨૫ ના ડિસેમ્બર મહિનાની તા. ૩૦મીના, એટલે હિજરી સન ૧૩૪૪ ઇંગ્લેંડના વડા પ્રધાન મી. રામ્સે મેકડોનેલ્ડ સાથે મિસરના મશહુર શહેર "ઇસમાઇલીઆ"ની મુલાકાત લીધી હતી. ત્યાંથી તેઓશ્રી ઇસ્વી સન ૧૯૨૬ ના જાન્યુઆરી માસની તા. ૮ મીને શુક્રવારના દિવસે મુંબઇ ખાતે આવી પહોંચ્યા હતા. એક પત્રકારની મુલાકાતમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, "જાપાનના ધંધાની સ્થિતિ ઘણીજ જુદીજ છે, જે વડે તે માલભરણી કરીને હિંદના ઉદ્યોગને તોડી શકે છે. અઢારમાં સૈકામાં જે સ્થાન હિંદ

ભોગવતું હતું, ત્યાં તે તેને નાંખી દેશે અને એક સદીનું કામ ઉખેડી નાખશે."

એક બીજા પત્રકારે હિજાઝ સંબંધી પ્રશ્ન કરતાં તેઓ નામદાર તરતજ બોલી ઉઠયા કે: "નજદનો સુલતાન ઇબ્ને સઉદ મહાન મુત્સદી છે અને વીરનર પણ છે. હું તો માનું છું કે તેના અમલ તળે હિજાઝની હાલત સુધરશે. હાજીઓને શેરીફીવનના સમયમાં જે મુશ્કિલીઓ વેઠવી પડતી હતી, તે ઇબ્ને સઉદના અમલમાં વેઠવી નહિ પડે અને એ પ્રદેશ નજદના સુલતાનની દેખરેખ હેઠળ આવશે."

## ઇરાનના રિઝાશાહને મુબારકીનો સંદેશ.


ઇરાનના નામદાર રિઝાશાહ પહેલવી રાજ્ય સિંહાસને આવ્યા ત્યારે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ મુબારકીનો સંદેશો પાઠવ્યો હતો કે: "કરીમખાન ઝંદ પ્રમાણે પ્રજાનો પ્રેમ જીતવા અને મહાન અભ્યાસ માફક રાજ્યકુનેહથી ઇરાનનું રાજ્ય ચલાવવા તમે શકિતમાન થાઓ." આ સંબંધમાં એક પત્રકારે તેઓ નામદારની મુલાકાત લેતાં તેઓશ્રીએ તેને જણાવ્યું કે "ઇરાનમાં અત્યારે નવો યુગ બેઠો છે. રિઝાશાહ જેવા બહાદુર સૈનિક અને કુશળ મુત્સદ્દીના અમલમાં ઇરાન ઘણું પ્રગતિમાન બનશે, એમ મને લાગે છે. મારા માતાજી તરફથી હું પોતે ઇરાનના શાહીવંશનો હોઈ ઇરાનનાં હિતના સવાલોમાં ઘણો રસ લઉં છું."

## દક્ષિણ આફ્રિકાનો પ્રશ્ન—એક્ષેલસીયર થીએટરમાં જંગી સભા—મૌલાના હાઝર ઇમામ પ્રમુખપદે.

ઇ. સ. ૧૯૨૬ના જાન્યુઆરી માસની ૧૫મી તારીખે=હિજરી સન ૧૩૪૪ જમાદીલ આખર તા. ૨૯મીના શુક્રવારના સાંજે ૬ કલાકે ઇમ્પીરીયલ ઇન્ડીઅન સિટીઝનશીપ એસોસિએશન, ધી ઇન્ડીઅન મરચન્ટસ ચેમ્બર એન્ડ બ્યુરો, બોમ્બે પ્રોવિન્શીયલ કોંગ્રેસ કમિટી, સેન્ટ્રલ ખિલાફત કમિટી, સ્વરાજ્ય પાર્ટી, બોમ્બે મુસ્લિમ લીગ, ધી મ્યુનીસીપલ નેશનાલિસ્ટ પાર્ટી, રાષ્ટ્રિય સભા, હોમરૂલ લીગ, પારસી રાજકીય સભા, નેશનલ હોમરૂલ લીગ, બ્રિટીશ ઇન્ડીયન કોલોનિયલ મરચન્ટસ એસોસિએશન, ધી બોમ્બે પ્રોગ્રેસીવ એસોસિએશન અને બીજા મંડળો મારફત એક્ષેલસીયર થીએટરમાં એક જંગી સભા દક્ષિણ આફ્રિકામાં હિંદીઓ ઉપર નખાતાં અંકુશ સામે વિરોધ દર્શાવવા મળી હતી. તેના પ્રમુખપદે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. બિરાજ્યા હતા.

આ સભામાં એરીયાઝ રિઝરવેશન, ઇમીગ્રેશન અને રજીસ્ટ્રેશન બીલ, જે સ્વદેશ ખાતાના પ્રધાન ડો. મિલાને જાહેર કર્યું હતું; તે પ્રમાણે ૧૯૧૯માં થયેલી સમજુતીનો ભંગ કરનારા અને જેનો હેતુ હિંદીઓને ફરજીયાત જુદા રાખી, તેમના વેપાર ધંધા તથા જમીન માલેકીના હકો ખુંચવી લેવાનો હતો, તે તરફ હિન્દની સમસ્ત પ્રજા ગંભીર ધાસ્તીભરી નજરે જુએ છે એવી મતલબના ઠરાવ સભામાં પસાર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે હિંદીઓના દાવાઓનું સમર્થન કર્યું અને હિંદુ-મુસ્લિમ એકતા માટે ઇશારો કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "ઇતિહાસકારો આપણને કહે છે કે અરબ અમલ નાશ પામ્યો તેનું કારણ એ હતું કે તેઓ અરણ્યમાં રહેતા કુટુંબી ઝઘડાઓ પીરીનીઝની પેલે પાર છેક ચીનની મોટી દિવાલ સુધી લઇ ગયા હતા. તેજ પ્રમાણે શું હિંદીઓ પોતાની હિંદુ-મુસ્લિમ ખટપટો, પોતાની ન્યાત અને કોમની ખેંચાખેંચી સાઉથ આફ્રિકા ખાતે લઇ ગયા છે." (હસાહસ)

MOWLANA HAZAR IMAM presided over a monster meeting called by the citizens of Bombay at Excellsior Theatre as a protest against the class areas Bill in South Africa. The picture shows His Royal Highness delivering his Presidential speech.



દક્ષિણ આફ્રિકામાંથી હિન્દીઓને હાંકી કાઢનારા આપખુદ કાયદા વિરુધ્ધ **મૌલાના હાઝર ઇમામ**ના પ્રમુખપણા હેઠળ એક્ષેલસીયર થીએટરમાં મુંબઇના શહેરીઓ તરફથી મળેલી જંગી સભા. તેઓ નામદાર પ્રમુખ તરીકેનું ભાષણ વાંચતા નજરે પડે છે.

(જુઓ પાનું ૫૧૪)

## નઈરોબીની ભવ્ય મસ્જિદ.

ઈ. સ. ૧૯૨૬ના માર્ચ માસ=હિજરી સન ૧૩૪૪માં મૌલાના હાઝર ઈમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. આફ્રિકાની મુલાકાતે પધાર્યા તે પ્રસંગે તેઓશ્રીએ નઇરોબીમાં એક ભવ્ય મસ્જિદનો પાયો નાખ્યો હતો અને તેના ફંડમાં શીલીંગ ૩૦,૦૦૦ નવાજિશ કર્યા હતા. મસ્જિદનો પાયો નાખવાની ક્રિયા પ્રસંગે નઇરોબી તથા અતરાફના મુસ્લિમ આગેવાનો મોટી સંખ્યામાં હાજરી આપી હતી. તેઓ સઘળાઓએ નામદારનો આભાર માન્યો હતો. ત્યારબાદ ઇ. સ. ૧૯૩૦ના ઓગસ્ટ માસની તા. ૧લીના તારના સંદેશા મારફત બીજા શ. ૫,૦૦૦ આપવાનું પણ જાહેર કર્યું હતું.

## રાણીમાતા પ્રિન્સેસ થેરેસાની વફાત.

મૌલાના હાઝર ઇમામના મહેરદાર હર હાઇનેસ પ્રિન્સેસ થેરેસાની તબીયત નાદુરસ્ત હોવાના અંગે ફ્રાન્સ નીયાના નરસિંગ હોમમાં તેમને વ્હાડકાપ અર્થે રાખવામાં આવ્યા હતા, જ્યાં એકાએક તેઓ વફાત પામતાં સર્વત્ર દિલગીરી ફેલાઇ ગઇ હતી. ઇ. સ. ૧૯૨૬ની તા. ૨૭ ડીસેમ્બર અર્થાત હિજરી સન ૧૩૪૫ના જમાદીલ અવ્વલની તા. ૨૫મીએ આ દિલગીરીભર્યો બનાવ બન્યો હતો. મરહુમાના શબને ભુમિદાહ માટે મોનેકો ખાતે લઇ જવામાં આવતાં "જાર્ડીન ડૈસ પ્લાન્ટરો"ની સામેની મુસ્લિમ મસ્જિદમાં ધાર્મિક ક્રિયા શાંતિપુર્વક કરવામાં આવી હતી, જેમાં મુસ્લિમો સિવાય અન્ય ધર્મના લોકો જોડાયા નહોતા. મરહુમાના જનાઝાને છેવટનું માન આપવા મૌલાના હાઝર ઇમામ સાથે પ્રરાનના એલચી પણ શામિલ થયા હતા. શબ શોકસજ્જિત ચિન્હો સાથે બ્લુ રેલ્વે ટ્રેનમાં લઇ જવામાં આવ્યું હતું અને અંતિમ ક્રિયા પછી પૂર્ણ ગંભિરતાથી ભુમિદાહ કરવામાં આવ્યો હતો. ઇસમાઇલીઓમાં સર્વત્ર શોકની લાગણી ફેલાઇ ગઇ હતી અને તેઓએ ધંધારોજગાર બંધ રાખ્યા હતા.

## મુસ્લિમ લીગને રાજદ્વારી સંદેશો.

ઇ. સ. ૧૯૨૭ના નવેમ્બર માસ=હિજરી સન ૧૩૪૬ના જમાદીલ અવ્વલમાં મુસ્લિમ લીગની કાઉન્સીલના સભાસદોની પસંદગીના સંબંધમાં વિચાર ચલાવવા જે પત્રવ્યવહાર મૌલાના હાઝર ઇમામ જોડે ચાલ્યો હતો તેના જવાબો તેઓશ્રીએ તા. ૮મી તથા ૯મીના પત્રમાં લખ્યા હતા. જે પ્રગટ કરવાનું જ. મુહમ્મદઅલી ઝીણાએ યોગ્ય માન્યું હતું. આ પરથી તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "હુ નવેમ્બર તા. ૨૫મીના હિંદ આવવા રવાના થનાર છું. અલબત હું લીગમાં આવીશ. મારા પોતાના દૃષ્ટિબિંદુએથી લીગનું પ્રમુખપદ લેવાને મને આનંદ થશે, પરંતુ સાત કરોડની સમસ્ત પ્રજાને આગળથી બાંધી લેવા પૂર્વે આપણી એકત્ર પ્રજાકિય રાજનીતિ છે કે નહિ અને પ્રમુખસ્થાનેથી એ રાજનીતિનું સમર્થન કરી શકાય તેમ છે કે નહિ એ મારે જાણવું જોઇએ. હિંદમાં મારૂં આગમન થાય ત્યાંસુધી કાંઇપણ મત એ બાબે જાહેર કરી શકાય નહિં અને સાત કરોડના હિત માટે પ્રમુખપદ કબુલ રાખ્યા અગાઉ લીગની પોલીસી (રાજનીતિ)ના વિષયમાં મારે ખાત્રીપૂર્વક થવું જોઇએ."

## હિંદમા મુબારક પધરામણી–દબાદબાભર્યું સ્વાગત.

ઇ. સ. ૧૯૨૭ના ડિસેમ્બર માસની તા. ૯ એટલે હિજરી સન ૧૩૪૬ના જમાદીલ આખિરની તા. ૧૪મીના મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. યુરોપથી બે વર્ષ પછી મુંબઇ પધરામણી કરવાના હોઇ તેઓ નામદારનું ભવ્ય સ્વાગત કરવા અને દિલોજાન આવકાર આપવા બેલાર્ડ પીઅરના

"મોલ" પર એક ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો હતો, જેને વાવટા અને તોરણોથી સુંદર રીતે શણગારી મધ્યમાં એક સ્ટેજ પર સોનેરી તખત ગોઠવવામાં આવ્યો હતો. મંડપની આજુબાજુ સંકેતપૂર્ણ ઇમામની પ્રશંસા કરતા બોર્ડ પર લખાણો નઝરે પડતા હતા. વોલન્ટીયરો અને સ્કાઉટોએ પ્રશંસનીય વ્યવસ્થા જાળવી હતી, સ્કાઉટ બેન્ડ પણ હાજર રહ્યું હતું. વોલન્ટીઅરના માથા પરની "આબમુત કેપ" ઇસમાઇલી ભાવનાનું જીવંતતાનું એક પ્રમાણ રજુ કરતી હતી. એકંદરે "મોલ" ખુશી અને ધમાલથી ગાજી રહ્યું હતું. મુંબઇ ઉપરાંત દેશપરદેશના ઇસમાઇલીઓ હઝારોની સંખ્યામાં હાજર રહ્યા હતા. ઇસમાઇલી આગવાનો ઉપરાંત અન્ય ભાઇબંધ કોમના આગેવાનો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા, આથી મંડપ ખીચોખેચ ભરાઇ ગયો હતો.

બરાબર ૧૨–૩૦ કલાકે સ્ટીમર "રાજપુતાના" આવી પહોંચતાજ મૌલાના હાઝર ઇમામે મુંબઇની ભુમિપર પોતાના પવિત્ર કદમ મુબારક મુકયાં હતાં, આ પ્રસંગે અગ્રેસરોએ તેઓ નામદારને હરખભર્યો દિલોજાન આવકાર આપી, હારતુરા અર્પણ કર્યા હતા, જે સ્વીકારી તેઓ નામદારે મંડપમાં પધારીને આતુરતાથી મીટ માંડી બેઠેલા પોતાના મુરીદોને પવિત્ર દીદાર આપી દુઆ આશિશો ફરમાવ્યા હતા. ત્યારપછી તેઓશ્રીએ રંગુન, માડાગાસ્કર, આફ્રિકા, કરાચી અને કાઠિયાવાડ વિગેરે દેશોના આવેલા ડેપ્યુટેશનો અને જાણીતી વ્યકિતઓની મુલાકાત લઇ પોતાને બંગલે સિધાવી ગયા હતા.

## સેન્ટ્રલ ફ્રી સ્કુલની મુલાકાતે—ધાર્મિક કેળવણીની અગત્યતા.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ડિસેમ્બરની તા. ૧૫ મીને રવિવારે સેન્ટ્રલ બોર્ડ ઓફ એજ્યુકેશન તરફથી યોજવામાં આવેલ એક શાનદાર મેળાવડામાં પધાર્યા હતા. જે પ્રસંગે તેઓ નામદારને માનપત્ર ઇનાયત કરવામાં આવ્યું હતું, જેના જવાબમાં તેઓશ્રીએ સ્કુલની પ્રગતિ વિષે સંતોષ જાહેર કરી, ધાર્મિક શિક્ષણની અગત્યતા પર ભાર મુકી ફરમાવ્યું હતું કે:


"શાળામાં મેળવેલી ધર્મભાવના એ ચારિત્રના ઘડતરમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. યુવાન અને વૃધ્ધ બન્નેનાં રૂહાની જીવનનાં મુલ્ય કદીયે આંકી શકાતા નથી" ત્યારપછી તેઓ નામદારે બાળાઓ આર્થિક રીતે સ્વતંત્ર બની શકે એવી કેળવણી તેઓને આપવા વિષે ભારપૂર્વક ભલામણ કરી હતી.

## સૈયદ ગુલામ ભીક નયરંગ–નામદારના ઉંચા કુળ વિષે માન.

સૈયદ ગુલામ ભીક નયરંગ બી. એ., એડવોકેટ, પોતાના એક લેખમાં જણાવે છે કે: "નબીઓમાં અંતિમ અને અરબસ્તાનના મહાન પયગમ્બરની વ્હાલી અને માનીતી પુત્રીના કુળમાંથી ઉતરેલા હોઇ, નામદાર આગાખાન સાહેબ એક ઐતિહાસિક મહાન કુળના વારસ છે. હઝરત અલી અ.ના પુત્ર હઝરત ઇમામ હુસેન અ. ઇરાનના પુરાતન શાહોની વંશજ એક રાજકુંવરીને પરણેલા હોઈ, નામદાર આગખાન સાહેબે પુરાતન વંશની હારમાળા ચાલુ રાખી છે. ઇમામના વંશજોમાં વિખ્યાત હઝરત ઇમામ જાફર સાદિક અ. ના પુત્ર હઝરત ઇમામ ઇસમાઇલ અ. ના ખાનદાનમાં જન્મેલા મિસરના ફાતિમી ખલીફાઓના વંશજ હોવાનો નામદાર આગાખાન સાહેબમાં વિશિષ્ટ ગુણ છે. આ પ્રમાણે તેઓ નામદારની રગોમાં અલી તથા ફાતિમાનાં ઘરાણાનું પવિત્ર લોહી, ઇરાનનું શાહી લોહી, તથા ફાતિમી ખલીફાઓનું રાજ્યવંશી લોહી વહન કરે છે."

અફઘાનિસ્તાનના અમીર અમાનુલ્લાહખાનને નામદાર વાઇસરોયે ગાર્ડન પાર્ટી આપી હતી એ પ્રસંગે શાહી ગ્રુપના પરોણા તરીકે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ હાજરી આપી હતી.

MOWLANA HAZAR IMAM H. R. H. THE RT. HON'BLE SIR SULTAN MUHAMMED SHAH, THE PRINCE AGA KHAN, dressed in Indian Style, when he received King George V (then Prince of wales) at Karechi.



નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ (પાછળથી શહેનશાહ જ્યોર્જ પાંચમા)ની મુલાકાતે, મૌલાના હાઝર ઇમામ હિંદી લીબાસમાં કરાચી ખાતે.

## પ્રિન્સ ઓફ વેલ્સનું બાવલું—મુંબઈના નાગરિકોને ભેટ.

ઇ. સ. ૧૯૨૭ના ડિસેમ્બર માસની તા. ૨૦=હિજરી સન ૧૩૪૬ જમાદીલ આખરની તા. ૨૫મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ.એ પોતાના ખર્ચે પ્રિન્સ ઓફ વેલ્સનું બાવલું તૈયાર કરાવીને, મુંબઇના નાગરિકોને ભેટ કર્યું હતું, તેને ખુલ્લું મુકવાની ક્રિયા મુંબઇના નામદાર ગવર્નર સર લેસ્લી વિલ્સને એન્ડસ્ટેન્ડ પાસે, કુપરેજના મેદાનમાં કરી હતી. નામદાર ગવર્નર અને તેમના મહેરદાર અને નવ-મુસ્લિમ લોર્ડ હેડલી આવી પહોંચતા તેઓને મૌલાના હાઝર ઇમામે આવકાર આપ્યો હતો. ત્યારપછી બાવલું ખુલ્લું મુકવાની ક્રિયા કરતાં નામદાર ગવર્નરે પોતાના વિવેચનમાં જણાવ્યું હતું કે:-"નામદાર આગાખાન સાહેબ બ્રિટીશ તાજ તરફ વફાદારી ધરાવે છે અને નામદાર શહેનશાહ અને તેમના પાટવી કુંવર સાથે જે અંગત મિત્રાચારી રાખે છે, તે તમારામાંના ઘણાને ખબર છે, તે વિષે વધુ ન કહેતાં આ શુભ કાર્ય માટે તેઓને મુબારકી ઘટે છે."

એજ વર્ષમાં હિંદ અને આફ્રિકામાં ઠેર ઠેર જમાનખાનાઓ પર મૌલાના હાઝર ઇમામનો ધ્વજ "My Flag-માઈ ફ્લેગ" ફરકાવવાની ક્રિયાઓ થઇ હતી.

## હિંદી મુસ્લિમો જોગ મેનીફેસ્ટો.

૧૯૨૭ના ડિસેમ્બર મહિનાની ૨૮મી એટલે હિજરી સન ૧૩૪૬ના રજ્જબની તા. ૩જીએ મૌલાના હાઝર ઇમામે હિંદના મુસ્લિમો જોગ બહાર પાડેલા મેનીફેસ્ટોમાં કેટલીક વિગતોમાં જણાવ્યું હતું કે, "આપણું બંધારણ ભઠ્ઠીમાં ઘડાય છે ત્યારે એક સત્તાધારી સંસ્થાની ઘણી મોટી અગત્ય છે અને આવા બંધારણની હરોળમાં જે સવાલો આવે છે તેમાં એક જુદો "નેશનલ આર્મીઝ"-રાષ્ટ્રીય લશ્કરનો સવાલ મુખ્ય જગ્યા રોકે છે. હિંદ હોમરૂલની ઝંખના કરે તે આગમચ હિંદનું રક્ષણ હિંદના પુત્રોથીજ થાય તેવી હિંદની કોઇપણ હાલત હોવી જોઇએ અને એવી સ્થિતિ પેદા ન થાય ત્યાંસુધી હોમરૂલ અશક્ય છે. આવી સત્તા મળે નહિં ત્યાંસુધી ધારાસભાઓમાં બહુમતીથી ચુંટાયેલા પ્રતિનિધિઓની બનેલી જવાબદાર સરકાર સ્થાપવાનો ખ્યાલ કરવો મિથ્યા છે. રશિયામાં ઝારીસ્ટ અમલ પડી ભાંગ્યા પછી અને મી. લોઇડ જ્યોર્જની ઇસ્લામ વિરૂધ્ધની રાજનીતિ પડતી મુકાવવી હોવાથી તુર્કી, ઇરાન, અફઘાનિસ્તાન, ઇરાક, ઇજીપ્ત અને અરબસ્તાન થોડાક સાચા પ્રમાણમાં સ્વતંત્ર સ્થિતિમાં મુકાયા છે. આપણા પરદેશી જાતભાઇઓની સ્થિતિ આ પ્રમાણે મક્કમ હોવાથી હવે હિંદી મુસ્લિમોએ માત્ર પોતાના અંગત સવાલો ઉપર ધ્યાન આપવાનું રહ્યું છે."

## મુસ્લિમ રાજદ્વારી મંડળની યોજના.

૧૯૨૭ના ડિસેમ્બર મહિનાની ૨૮મી તારીખે તેઓ નામદારે હિંદના મુસ્લિમો જોગ એક મેનિફેસ્ટો બહાર પાડ્યો હતો. તેમાં તેઓશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે: "લોર્ડ મોર્લિ હિંદી વઝીર બન્યા અને લોર્ડ મિન્ટો વાયસરોય તરીકે નિમાયા ત્યારે મી. ગોખલેએ બનારસમાં જાહેર કર્યું હતું તેમ લોર્ડ કર્ઝનના "બ્યુરોક્રેટિક" આદર્શો સાથની લાયકાતવાળાઓના વહિવટની લાંબી રાત્રી પુરી થઇ ત્યારે આપણી સામે નવી સ્થિતિ આવીને ઉભી રહી છે.

"નામદાર પ્રિન્સ ઓફ વેલ્સ અલીગઢ યુનિવર્સિટીની મુલાકાતે આવ્યા હતા ત્યારે મરહુમ નવાબ મોહસિનુલ મુલ્કને અમોએ મુસ્લિમ કોમ માટે એક રાજદ્વારી મંડળને લગતી રૂપરેખાવાળી ચાદી-એક કાગળ પર લખીને આપી હતી. તેમને અને તેમના મિત્રોને એક મંડળ તરીકે કોંગ્રેસમાં જોડાઇ પોતાની લાગવગ ચલાવવા અથવા અલગ રહીને સરકાર પર દબાણ કરવાનું હતું. તે વડે મુસ્લિમોના રાજકીય જીવનની અસરને પુનર્જીવન આપવા તથા દેશના કારોબારમાં તેઓની એટલે મુસ્લિમોની યોગ્ય અસર ઉત્પન્ન કરવા આ બન્ને ઇલાજો સારા અને એકસરખા છે."

## ઓલ ઇન્ડીયા રિક્રીએશન કલબ તરફથી માનપત્ર.

ઇ. સ. ૧૯૨૮ ના ફેબ્રુઆરી માસની તા. ૧૨ મીના દિને સાંજે ૪–૩૦ કલાકે કાન્ડી મોહલ્લાના ભવ્ય કમ્પાઉંડમાં હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને માનપત્ર આપવાનો એક ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો. જેમાં એ સંસ્થાના દેશપરદેશના પ્રતિનિધિઓ, સંભવિત સદ્‌ગૃહસ્થો અને ઇસમાઇલી ભાઇ બહેનોની મોટી સંખ્યા હાજર રહી હતી. ઓલ ઇન્ડીઆ રિક્રીએશન કલબ ઇન્સ્ટીટ્યુટ તરફથી, પ્રેસીડન્ટ શેઠ અલીમહમદ મકલાઇએ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

## ઇતિહાસિક માનપત્રનું લખાણ અને ભવ્ય કાસકેટ.

મૌલાના હાઝર ઇમામને અર્પણ કરવામાં આવેલ ઝરીન માનપત્રની ચારેબાજુની કીનારીની મધ્ય સ્થાનમાં ઇસમાઇલી ઇમામોની ૪૮ પેઢીઓનાં નામો લખેલાં હતાં; અને આજુબાજુ ગોળાકારે ઝરીન ભરતકાર્ય કરેલું હતું. વચ્ચે લાલ અક્ષરોએ આખું માનપત્ર લખેલું હતું, મુખભાગ પર બન્ને બાજુએ "હુમલિલ્લાહુ" નીચે "નુ-ન અલા નુર"ના અક્ષરો શોભી રહ્યા હતા. માનપત્રના મથાળે બન્ને છેડે મૌલાના હાઝર ઇમામનો "My Flag" "માઇ ફ્લેગ" ધ્વજ, ચારે ખુણે ઝુલતાં સોનેરી ફુમટાં અને કીનારીની વચમાં લાલ લીલી ટીમકીઓ શોભામાં વૃધ્ધિ કરી રહી હતી. માનપત્રના લખાણમાં ફારસી બએતો અને પવિત્ર કુરાને શરીફની આયાતો પણ ટાંકવામાં આવી હતી.

આ માનપત્ર ભવ્ય આકારની બાદશાહી ચાંદીની કાસકેટમાં મુકવામાં આવ્યું હતું કે જે ઉપર ઉમદા આર્ટીસ્ટીક કામ કરેલું છે. કાસ્કેટમા ઉપરના ભાગમાં હાથમાં ઇસમાઇલી ધ્વજધારી શેર ગર્જતો ઉભો દેખાય છે. આગલા ભાગમાં શ્રી મઝગામ રોડ ઉપર આવેલ નામદાર પહેલા આગાખાન, હઝરત હસનઅલી શાહ દાતારની આરામગાહ "હસનાબાદ" તથા મુંબઈ દરખાનાના ટાવરવાલા જમાતખાનાના દેખાવો કોતરેલા છે. પાછળના ભાગમાં ધી રિક્રીએશન કલબ ઇન્સ્ટીટ્યુટવાળું મકાન અને આગાખાન સેન્ટ્રલ ફ્રી સ્કુલની ભવ્ય ઇમારતના દેખાવો છે.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં, દેશાટન, તંદુરસ્તી, સ્ત્રી વર્ગની કેળવણી અને સાંજના ફુરસદની વેળાએ "ગેધરીંગ" મેળાવડાઓ કરવા, તેમજ રિક્રીએશનના કાર્યમાં બાનુઓને ઉત્તેજન આપવા વિષે ભારપૂર્વકની ભલામણો કરી હતી.

## ઉર્દુ સાહિત્ય અને હિંદી પત્રકારિત્વને ઉત્તેજન.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઇ. સ. ૧૯૨૮ના ફેબ્રુઆરી=હિજરી સન ૧૩૪૬ના શાબાન માસમાં અન્જુમને ઇખ્વતે ઇસ્લામીયા ઇરાનીયાની મળેલી એક ખાસ સભામાં મુસ્લિમ કેળવણી સાહિત્ય વિગેરેના પ્રચાર અને મુસ્લિમ જગતની ઉન્નતિ માટે સ્થપાયેલી ઔરંગાબાદ (દખ્ખણ)ની અન્જુમને તરક્કીએ ઉર્દુને સાહિત્યના વધારા સુધારા માટે રૂા. ૧૦,૦૦૦ ભેટ આપ્યા હતા, તેનો આભાર માનનારો ઠરાવ પસાર કરી, તેની નકલ સભાના પ્રમુખ શીયા ઉલમા હાજીમહમ્મદ અબ્દુરહીમને તેઓશ્રીને રવાના કરવાની અરજ કરવામાં આવી હતી. મુંબઇની જર્નાલિસ્ટ એસોસીએશન ઓફ ઇન્ડીઆને પણ વાર્ષિક રૂા. ૧૫૦૦ની ગ્રાન્ટ આપવાની તેઓ નામદારે ઉદારતા દેખાડી હતી.

## હિંદના મુસ્લિમો માટે કટોકટીનો સમય.

ઇ. સ. ૧૯૨૮ માં હિંદના ઇતિહાસમાં, હિંદનું રાજકીય આકાશ અગાઉ કદીયે નહોતું ઘેરાયેલું તેથી વધારે ઘોર વાદળાંઓથી છવાઇ ગયું હતું અને તેણે હિન્દુ–મુસ્લિમ મતભેદોને વધારે વિશાળ બનાવી મુક્યું હતું, કારણ કે મુસ્લિમોના હક્કો અને લાભો ભયમાં આવી પડયા હોવાથી ઇસ્લામી આલમ ખળભળી ઉઠી અને કોઇક નહિ જણાયલા કારણોસર મુસ્લિમોમાં પણ રાજકીય બાબતમાં તડ પડી ગયા હતા. એવી કટોકટીની ઘડીએ ઇસ્લામીઓને એવા માર્ગદર્શકની જરૂર પડી હતી કે જેના રાજદ્વારી અનુભવ અને બુધ્ધિ મતાના આધારે ઇસ્લામી જગતની એકતા અને હિતો જાળવી શકાય. કાર્યવાહકોની નજર મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. પ્રતિ ખેંચાણી કે જેના આંતરરાષ્ટ્રિય જ્ઞાન, અનુભવ અને ડહાપણ વિષે બે મત નજ હોઇ શકે અને જેમની ઇસ્લામ માટેની હમદર્દી જગપ્રસિધ્ધ છે.

"આગાખાન એન્ડ હિઝ એન્સેસ્ટર્સ"માં પણ જણાવવામાં આવ્યું છે કે, નામદાર આગાખાન સાહેબે અનેક મોકાઓ પર મુસ્લિમ કોમને છીન્નભિન્ન થતી બચાવી લીધી છે. ૧૯૨૮ માં એક જબરદસ્ત કટોકટી ઉભી થઇ હતી, જે મુસ્લિમ લીગ અને મુસ્લિમ કોન્ફરન્સ વચ્ચે આઠ માસ ચાલી હતી. જો આ પરિસ્થિતિ ચાલુ રહી હોત તો હિંદના મુસલમાનોની રાજકીય ઉન્નતિ અને પ્રગતિને પુષ્કળ નુકશાન પહોંચ્યું હોત. સૌને લાગ્યું કે મુસલમાનોને આ કટોકટીના વખતમાં એકજ પુરૂષ બચાવી શકે તેમ છે—અને તે નામદાર આગાખાન સાહેબ. તેઓશ્રીને સંદેશાઓ મોકલવામાં આવતાં તેઓ પણ પોતાની નાદુરસ્ત તબિયતની પરવાહ કર્યા વગર તબીબો અને સલાહકારો સલાહની અવગણના કરી, હિંદુસ્તાન આવવા માટે રવાના થઇ ગયા.

હિંદી મુસ્લિમો વચ્ચે રાજકીય વિષયમાં ચાલતા મતભેદ અને તેથી મુસ્લિમ હિતોને નુકશાન થતું જોઇ, પોતાની તબિયત નરમ હોવા છતાં મજકુર કોન્ફરન્સમાં ભાગ લઇ મુસ્લિમ રાજકીય નાવ સલામતીથી પાર ઉતારવા મૌલાના હાઝર ઇમામે પ્રમુખસ્થાન સ્વીકાર્યું અને લંડનથી ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરન્સના કાર્યવાહકો પર મોકલેલા સંદેશામાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે "તમોને નાસીપાસ નહિ કરવા નાદુરસ્ત તબિયત હોવા છતાં હું આવું છું. મુંબઇ કે દિલ્હીમાં જાહેર આવકાર સ્વીકારવા જેટલી મારી તબિયત ઠીક નથી. આપની લાગણી માટે હું આભારી છું."

## નહેરૂ રિપોર્ટ—સર મુહમ્મદ યાકુબની યાદી.

દિલ્હી ખાતે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના પ્રમુખસ્થાને ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરન્સ મળવાની હતી તે વિષે એક યાદીમાં સર મૌલવી મુહમ્મદ યાકુબે કોન્ફરન્સમાં

સંબંધમાં ગેરસમજુતી ઉભી ન થાય તે માટે ખુલાસો કરતાં જણાવ્યું હતું કે, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ પધારનાર છે. આ કોન્ફરન્સના પ્રયોજકો "નહેરૂ રિપોર્ટને તોડી પાડવા માંગતા નથી, પણ મુસ્લિમોના દ્રષ્ટિબિંદુએથી તેની સઘળી કલમો ઉપર વિચાર ચલાવીને જે સુધારા વ્યાજબી લાગશે, તે સુચવવાની તેઓની ધારણા છે."

## મૌલાના હાઝર ઇમામનું દિલ્હીમાં આગમન—બાદશાહી સત્કાર.

ઇ. સ. ૧૯૨૮ ના ડિસેમ્બરની તા. ૨૮ મી અર્થાત હિજરી સન ૧૩૪૭ ના રજબની તા. ૧૫ મીએ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. સ્ટીમર 'રાજપુતાના' મારફતે મુંબઇ આવી પહોંચ્યા હતા. તેઓશ્રીને મોલ ઉપર મુસ્લિમો તથા ઇસમાઇલીઓ તરફથી ભવ્ય જાહેર આવકાર આપવામાં આવ્યો હતો. તા. ૨૯ મીએ ખાસ સેલુનમાં બિરાજી સાંજે "પેશાવર એક્ષપ્રેસ"માં તેઓશ્રી દિલ્હી ભણી રવાના થયા હતા. દિલ્હી સ્ટેશને તેઓ નામદારને આવકાર આપવા હજારો લોકો ઉતરી પડયા હતા. જુદી જુદી મુસ્લિમ સંસ્થાઓ તરફથી ડંકા નિશાન, બેન્ડો, વોલન્ટીયરો અને સ્કાઉટસો ગોઠવાઇ ગયા હતા. ટ્રેનમાંથી ઉતરતાં તેઓશ્રીને સઘળાઓએ સલામી આપી હતી. સ્ટેશન તકબીરના ના'રાથી ગાજી રહ્યું હતું. સેલુનમાંથી ઉતરી તેઓશ્રીએ પ્લેટફોર્મ ઉપર કદમ મુકયા ત્યારે ગગનભેદી અવાજોના રણકાર થઇ રહ્યા હતા. ગુલાબના ફુલોની વર્ષા કરવામાં આવી હતી. જાણે ગુલાબના ફુલોનોજ ગાલીચો બિછાવેલો હોય તેવો પ્લેટફોર્મ રોનકદાર બની ગયો હતો.

આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામની મુબારક શાનમાં "ખલીક" નામનો એક કવિ નીચે મુજબની પંકિતઓ ગાઇ રહ્યો હતો:—

**દર વતન સર આગાખાન આયદ હમી**
**દર બદન રૂહે રવાન આયદ હમી**
**ગુબગુલા ઈં બર ઝમીન ગશ્તા બુલંદ**
**આફતાબ અઝ આસમાન આયદ હમી**
**તુ મુસલમાનરા બદેહ મુઝદે "ખલીક"**
**રાહતે આરામે જાન આયદ હમી.**

**અર્થાત**: "વતનમાં નામદાર આગાખાન સાહેબ પધારે છે, તેથી શરીરની અંદર ચેતનવંતો આત્મા ફુંકાયો છે. આ ભુમી ઉપર ઘણી જોરાજોર ધામધુમ થઇ રહી છે, કારણ કે આકાશમાંથી સુર્ય જમીન ઉપર નીચે આવે છે. હે ખલીક તું મુસલમાનોને ખુશ ખબર આપ કે દિલની શાંતિ અને આરામ પધારે છે."

## ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરન્સ.

ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરન્સ માટે ભવ્ય અને શાનદાર પેંડોલ બાંધવામાં આવ્યો હતો, તેમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ કદમ મુબારક મુકયા ત્યારે સઘળાઓએ ઉભા થઇ પ્રેમભર્યો આવકાર આપ્યો હતો અને તેઓ નામદારે બેઠક લીધા પછી સઘળા બેઠા હતા. આ કોન્ફરન્સમાં ૬૦૦ ડેલીગેટો હાજર રહ્યા હતા. વિઝીટરો સાથે કુલ્લે ૩૦૦૦ માણસો એકઠાં મળ્યા હતા. જ્યારે પેંડોલની બહાર અને માર્ગ પર લાખોની માનવમેદની એકઠી થઇ ગઇ હતી. આ કોન્ફરન્સમાં સમગ્ર હિંદુસ્તાનના દરેક પક્ષના મહાન મુસ્લિમ આગેવાનો હાજર રહ્યા હતા.

MUSLIM CONFERENCE.

Arrival of MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN, to preside over the All Parties Muslim Conference at Delhi.
(A group photograph taken at night at the Railway Station, Delhi.)



મુસ્લિમ કોનફરન્સ

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, દીલ્હી ઓલ પારટીઝ મુસ્લિમ કોનફરન્સ પ્રસંગે પધાર્યા તે વખતે દીલ્હી સ્ટેશન પર આવકાર આપતી વખતે રાત્રે લેવામાં આવેલો ફોટો.

MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN IN BOYHOOD.



મૌલાના હાજર ઇમામ કિશોર અવસ્થામાં.

શરૂઆતમાં મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબની પ્રમુખ તરીકે ચુંટી કઢાડવાની, મૌલાના મુહમ્મદ શફી દાઉદી-જેમણે અસહકાર કરી કોર્ટમાં ધારાશાસ્ત્રી તરીકે કામ કરવાનું મુકી દીધું હતું અને પાંચ વર્ષ પર્યંત રાષ્ટ્ર સેવા બજાવી હતી તેઓની દરખાસ્તને વડી ધારાસભાનાં નાયબ પ્રેસીડન્ટ અને ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગની કલકત્તા ખાતેની ૧૯૨૭ ની બેઠકમાં પ્રેસીડન્ટ મૌલવી મુહમ્મદ યાકુબ (એમ. એલ.)એ અનુમોદન આપતા ઘણુંજ સુંદર અને વિદ્વતાભર્યું ભાષણ કર્યું હતું.

## "અમારે તો નામદાર આગાખાન સાહેબજ જોઈએ."

મજકુર કોન્ફરન્સમાં સર મૌલવી મહમ્મદ યાકુબે કોનફરંસની બેઠક દરમ્યાન મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. વિષે પોતાના વિવેચનમાં ઉલ્લેખ કરતાં એક ઘરડી સ્ત્રીની કથા સંભળાવી હતી કે ખલીફ મામુનની દરબારમાં કિંમતી વસ્તુઓ ગોઠવી રાખવામાં આવી હતી, તેમાં જેને જે વસ્તુ પસંદ પડે તે ઉપાડી જવાની છુટ આપવામાં આવી હતી. હાજર રહેલા સઘળાઓ બધી વસ્તુઓ ઉઠાવી ચાલતા થઈ ગયા હતા પરંતુ, છેલ્લે એક ઘરડી સ્ત્રીજ બાકી રહી ગઇ. તેને ખલીફે પુછયું :–"તું કેમ ઉભી છે?" તેણીએ ઉત્તર આપ્યો :–"મને આ અમુલ્ય ચીઝોમાંથી કોઇ વસ્તુ જોઇતી નથી; પણ તું મને ખપે છે." આજે અમે પણ તેમ કહી રહ્યા છીએ કે, "નામદાર આગાખાન સાહેબ તમોજ અમોને ખપો છો." અને આ કથાની પુર્ણાહુતીમાં ઉમેર્યું કે :—

આફાકહા ગર દિદેઅમ મિહરે બુતાને વર્ઝીદેઅમ
બિસ્યાર ખુબાંન દીદેઅમ હકકા તુ ચીઝી દીગરી

ભાવાર્થ :—હું પુષ્કળ સ્થળોમાં ફર્યો છું. પ્રિતીપાત્રોની કૃપાઓ અનુભવી છે અને ઘણાં સૌંદર્યશાળીઓને જોયા છે, પરંતુ વસ્તુતઃ તું તો કોઇ જુદીજ વસ્તુ છે.

કોનફરંસનું કામકાજ ચાલું થતાં સર્વ પક્ષના આગેવાનોને બોલવાની પુરતી તક આપવામાં આવી હતી. ઠરાવ ઉપર સુધારા મુકવામાં આવ્યા હતા, અને જુદી જુદી વ્યકિતઓએ પોતાનો ઉભરો જુદા જુદા માર્ગે પોતાના સ્વભાવ પ્રમાણે ખાલી કર્યો હતો.

## મૌલાના હાઝર ઈમામનું પ્રમુખપદેથી ભાષણ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. પ્રમુખ તરીકેનું પોતાનું ભાષણ આપવા ઉભા થતાં તેઓ નામદારને જોશભેર તાળીઓના ભારે ગડગડાટ અને ખુશાલીના પોકારોથી વધાવી લેવામાં આવ્યા હતા. શરૂઆતમાં તેઓશ્રીએ નામદાર શહેનશાહની માંદગીનો ઉલ્લેખ કરી, તેઓ લાંબુ જીવન ભોગવવા શકિતમાન નિવડે એવી દુઆ ગુજારી, મુસ્લિમો માટે કેવું બંધારણ હોવું જોઇએ, મુસ્લિમોની કેવી રાજનીતિ હોવી જોઇએ, તેના ભૂત-વર્તમાન ઇતિહાસના દૃષ્ટાંતો ટાંકી અસરકારક અને જીવન પ્રેરક વિવેચન કર્યું હતું.

## હિંદુ-મુસ્લિમ એકતા માટે આગ્રહભરી અપીલ.

વધુમાં તેઓ નામદારે પોતાના ભાષણમાં હિંદુ-મુસ્લિમ એકતા સ્થપાય તેમજ બન્ને કોમો સુલેહ-સંપથી રહી શકે અને કચવાટ તથા વેરની લાગણી દુર થાય તેના માટે ભલામણ કરતા ગાયની કુરબાનીનો

ઉલ્લેખ કર્યો હતો, અને જણાવ્યું હતું કે: "હઝરત ઇબ્રાહીમ પયગમ્બરે ન તો ગાયની કુરબાની કરી હતી કે ન તો ધાર્મિક પુસ્તકોમાં તે વિષે ખાસ કોઇ ફરમાન છે, માટે આ બાબતમાં કંઇ ઇલાજ શોધી કાઢવો જોઇએ." શહેનશાહ બાબરે અને અમીર હબીબુલ્લાહખાને ગાયની કુરબાનીને ઉત્તેજન આપ્યું ન્હોતું તેઓના દૃષ્ટાંતો આપી, "જાનવરોનું માંસ અને લોહી અલ્લાહને પહોંચતા નથી" એ કુરાને શરીફની આયાત ટાંકી દેશની સુલેહ અને આબાદી માટે કિંમતી અને મહત્વની સેવા બજાવવા માટે આ બાબત પર ગંભીર વિચારણા કરવા મુસ્લિમોને તેઓ નામદારે આગ્રહ કર્યો હતો.

## મુસ્લિમોને આપેલી નિખાલસ સલાહ માટે આભાર અને સંતોષ.

મૌલાના હાઝર ઇમામે કોન્ફરન્સના પ્રમુખપદેથી હિંદુ–મુસ્લિમ પ્રજા વચ્ચે એકતા સ્થાપવા માટે ગૌવધ અટકાવવા વિષે ઇશારો કર્યો તે સંબંધે શ્રી મહાજન એસોસિએશન તથા મુંબઇની જીવદયા અને પશુ રક્ષક મંડળ તરફથી તેઓ નામદારને આભાર અને સંતોષ દર્શાવતાં તારો કરવામાં આવ્યાં હતાં અને નિખાલસ સલાહના સ્મરણ ચિન્હ તરીકે પશુ રક્ષક મંડળે મુંબઇના પાયધુની લતામાં મુસ્લિમ બાળકોને મફત દુધ આપવાનું શરૂ કર્યું હતું.

## મૌલાના હાઝર ઇમામ યુરોપ ભણી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ નાદુરસ્ત તબીયત હોવા છતાં, હિંદ પધારી, સર્વપક્ષિય મુસ્લિમ કોન્ફરંસનું પ્રમુખપદ સ્વીકારી મુસ્લિમોની અંદર પડેલો છવલેણુ સડો, પોતાની ચમત્કારિક વાણીની અસરથી નાબુદ કરી, ઝઘડતા તમામ પક્ષોને એક કરી દીધાં, અને સંપૂર્ણ સમજુતી થતાં, એક રચનાત્મક કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો અને મુસ્લિમોની માંગણીઓની સંયુકત યાદી તૈયાર કરવામાં આવી અને ઇસ્લામીઓનો એકત્ર અવાજ બહાર પાડ્યો હતો. સારાંશ તેઓશ્રીએ કોન્ફરંસનું કાર્ય ઘણુંજ ફતેહમંદીથી પાર ઉતાર્યું હતું. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની આ સફળતાને મૌલાના મુહમ્મદઅલીએ સુંદર શબ્દોમાં અંજલિ આપી હતી.

આ કોન્ફરંસનું કાર્ય ત્રણ દિવસ સુધી ચાલ્યુ હતું. કોન્ફરંસનું કાર્ય પૂર્ણ થયું એજ રાત્રે તેઓશ્રી મુંબઇ રવાના થયા હતા. રવાનગી વખતે, જનરલ સેક્રેટરી મી. ફાઝલભાઇ ઇબ્રાહીમ રહેમતુલ્લાહ મારફતે દિલ્હીના ગરીબોને વહેંચી આપવા રૂા. ૨૦૦૦ તેઓશ્રીએ આપ્યા હતા. મુંબઇ પધાર્યા પછી તેઓશ્રી ડોકટરોની તાકીદે સલાહ અનુસાર, ત્રીજે દિવસે એટલે ઇ. સ. ૧૯૨૯ ના જાન્યુઆરી માસની તા. પ મીને શનિવારના દિને સ્ટીમર મારફતે યુરોપ ભણી સિધાવી ગયા હતા. આ વખતે તેઓશ્રી હિંદ ખાતે ફકત આઠજ દિવસ રોકાયા હતા.

## આશિર્વાદરૂપ યુરોપનો નિવાસ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નો યુરોપનો નિવાસ, ત્યાંના અને ઇસ્લામી દેશોના મુસ્લિમો તેમજ હિંદીઓ માટે ખરેખર આશિર્વાદરૂપ થઇ પડ્યો છે. ઇસ્લામી દેશોના મુસ્લિમો તેમજ હિંદીઓ, વેપાર, કેળવણી કે એવા અન્ય હેતુઓ માટે યુરોપ જાય છે, તેઓને તેઓ નામદાર યોગ્ય સલાહ સુચનાઓ આપી અનેક પ્રકારે સહાયતાઓ આપી રહ્યા છે.

ફ્રાંસમાં વસવાટ કરતા મુસ્લિમો, જેઓ ફ્રેન્ચ રાજ્યની પ્રજા ગણાય છે, તેઓને સમાન અધિકાર આપવા માટે તેઓ નામદારે મોટી લડત ચલાવી હતી. "લંડન ટાઇમ્સ"માં ઇ. સ. ૧૯૨૨ના ઓકટોબર માસની તા. ૧૦ મીના તે સંબંધે તેઓશ્રીએ એક અગત્યનો પત્ર લખ્યો હતો.

પેરિસમાં મુસ્લિમોના હિતની દરેક બાબતોમાં તેઓશ્રી ઘણી ઉદારતાથી અને માયાળુપણે ભાગ લે છે અને તેઓ નામદારની પવિત્ર હસ્તી એવી રીતે જગતભરના મુસ્લિમોને આશિર્વાદરૂપ થઇ પડી છે, એટલુંજ નહિ પણ રાજદ્વારી પ્રશ્નો બીકટતા ધારણ કરે છે, તેવા સમયે પણ ઇંગ્લેંડના લાખોની સંખ્યામાં ધરાવતા અને બહોળા પ્રચાર પમેલા છાપાઓમાં તેઓશ્રી પોતાના દેશનું દ્રષ્ટિબિંદુ રજુ કરી તેઓના હિત માટે લડત ચલાવે છે, જે હવે કોઇથી અજાણ્યું નથી.

## નિરાધારોની વહારે—રેડ ક્રેઝંટ સોસાયટી.

બ્રિટીશ રેડ ક્રેઝંટ સોસાયટી, કુદરતી કોપ, યુધ્ધ અથવા એવી અન્ય આફતોના સમયે જગતભરના મુસ્લિમોને અમુલ્ય સહાયતા આપવાનું તેમજ નિરાધારોને સાધનો પહોંચાડવાનું, ઘાયલો અને માંદાઓની સારવાર કરવાનું પરગજુ કાર્ય કરનાર માનવદયાવાળી એક ઉત્તમ સંસ્થા છે. જે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને રાઇટ ઓનરેબલ જસ્ટીસ અમીરઅલીના પ્રશંસનીય પ્રયાસોથી ઇસ્વી સન ૧૯૧૧ માં સ્થાપવામાં આવી હતી. મુસ્લિમો અને બ્રિટીશ સ્ત્રી પુરૂષોએ આ દયાના કાર્યમાં પોતાનો સુંદર સહકાર આપ્યો છે. આ સંસ્થાને દર વર્ષે મૌલાના હાઝર ઇમામ પાઉંડ ૧૦૦ ની ગ્રાંટ બક્ષિસ આપે છે. મુસ્લિમ દુનિયા પર જ્યારે કોઇ આફત આવી પડે છે ત્યારે તેઓ નામદાર પોતાની ગીરોહથી નાણાં આપવા ઉપરાંત સંસ્થા વતી અપીલ પણ બહાર પાડી મુસ્લિમ હાજતમંદોને અને નિરાધારોની વહારે ચડી સહાયતા કરે છે.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. આ સંસ્થાના કાયમી પ્રમુખ છે, અને નામદાર પ્રિન્સ અલીખાન સાહેબ ઉપપ્રમુખ અને લોર્ડ લેમિંગટન પણ ઉપપ્રમુખ છે. મીસીસ ઇસાબેલ અમીરઅલી, કરનલ નવાબ મલિક ઉમર સર હયાતખાન ટીવાના, વારિસ અમીરઅલી, વાઇસ ચેરમેનો અને એ. એસ. એમ. અનિક ઓ. ખજાનચી, એ પ્રમાણેની કારોબારી કમિટી ઇ. સ. ૧૯૨૯ માં બનેલી હતી. યુરોપિય યુધ્ધ, બાલ્કનની લડાઇ, તથા ટ્રિપોલીમાં માર્યા ગયેલા મુસ્લિમ સૈનિકો તથા નિરાધારોને સારી મદદ આ સંસ્થાએ કરી હતી. ફ્રેન્ચો સામેની લડાઇમાં ઘાયલ થયેલા સૈનિકો તથા તેમના નિરાધાર બાળબચ્ચાંઓને રાહત આપવા મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. તરફથી એક "મેડીકલ મિશન" તા. ૧૫ મી ડિસેમ્બર ૧૯૨૪ ના મોકલવામાં આવ્યું હતું.

## નિરાધાર મુસ્લિમો માટે "બેરિયલ ફંડ."

એ ઉપરાંત એવાજ એક પરગજુ કાર્યની પ્રવૃતિ, "ઇન્ડીજન્ટ મુસ્લિમ બેરિયલ ફંડ" અર્થાત નિરાધાર મુસ્લિમોને અવ્વલ મંજલે પહોંચાડવાના ફંડ સાથે પણ તેઓ નામદાર અંગત રીતે જોડાયલા છે, અને વાર્ષિક પાઉંડ ૫૦ તેઓ નામદાર તરફથી આ ફંડને ગ્રાંટ મળે છે. ઇંગ્લેન્ડના બંદરોમાં વસતા તથા વહાણોમાં આવતા જતા મુસ્લિમ ખલાસીઓમાંથી નસીબ જોગે કોઇનું મરણ થાય તો તેના માટે કોઇ વ્યવસ્થા ન હોવાથી, ઇ. સ. ૧૯૨૫ માં સૈયદ અમીરઅલી અને એ. એસ. અનિકના સહકારથી આ ફંડ સ્થાપવામાં આવ્યું હતું. કબ્રસ્તાન માટેની વ્યવસ્થા "બ્રુકવુડ સીમેટરી"માં કરવામાં આવી હતી. આ પહેલી મુસ્લિમ આરામગાહ છે.

## વેપારને ઉત્તેજન—ધાર્મિક દ્રષ્ટિએ વેપારની મહત્વતા.

પૂર્વ તથા પશ્ચિમમાં વસતા મુસ્લિમ વેપારીઓના હિત આગળ વધારવા તથા ઉદ્યોગી માહિતિઓ પુરી પાડવા વિલાયતમાં "ધી ઇસ્લામિક એન્ડ ટ્રેડ કોમર્સ" નામનું એક માસિક બહાર પાડવામાં આવ્યું ત્યારે તેઓ નામદારે ધાર્મિક દ્રષ્ટિએ વેપારની મહત્વતા સમજાવતાં જણાવ્યું હતું કે: "પવિત્ર પયગમ્બર જાતે વેપારમાં મનુષ્ય જાતિને રસ લેવા માટેના એક દાખલા રૂપ હતા અને જગતના મોટામાં મોટી મનુષ્યજાતિના સદભાગ્યમાંના એક તરીકે તેને હંમેશાં ઉત્તેજન આપ્યું હતું."

## ધર્મની કેળવણી માટે કાળજી—ઈસ્લામી સંસ્કૃતિ અને ગૌરવનું રક્ષણ.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. લંડનની "વેસ્ટર્ન ઇસ્લામિક એસોસિએશન"ના મુરબ્બી (Patron) છે, જેની શાખાઓ કારડીફ, સાઉથ સી, લિવરપુલ, ગ્લેસગો, અમેરિકા સિલોન વિગેરે સ્થળોએ સ્થપાયેલી છે આ સંસ્થા મુસ્લિમ સાહિત્યનો પ્રચાર, નિરાધાર મુસ્લિમોને રાહત તથા સામાન્ય રીતે દરેક પ્રકારના મુસ્લિમ હિતના કાર્યો કરે છે. ઇંગ્લેંડના જુદા જુદા બાળબચ્ચાં સહિત વસતા હિંદી તથા યુરોપિયન મુસ્લિમ કુટુંબો, જેઓ સાધનોના અભાવે પોતાના બાળકોને ખ્રિસ્તી શાળાઓમાં મોકલે છે, જ્યાં તેઓને સંસારી શિક્ષણ સાથે ખ્રિસ્તી ધર્મની કેળવણી આપવામાં આવે છે, તેથી મુસ્લિમ કેળવણીની સ્થિતિની તપાસ કરવા વેસ્ટર્ન ઇસ્લામિક એસોસિએશનના સ્થાયી પ્રમુખ ડો. શેલડ્રેકે ભિન્ન ભિન્ન સ્થળોની મુલાકાત લીધી હતી જેનો સઘળો પ્રવાસ ખર્ચ તેઓ નામદારે આપ્યો હતો.

ઇસ્લામી સંસ્કૃતિ અને ગૌરવનું રક્ષણ કરી પશ્ચિમના લોકોના હૃદય પર ઇસ્લામી ગૌરવ અને સંસ્કૃતિની છાપ પાડવાના અને તેના પ્રચાર કાર્યમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.નો ઘણો મોટો હિસ્સો છે. લંડનના "વેસ્ટ એન્ડ" લતામાં મસ્જિદ બાંધવા "લંડન મોસ્ક ફંડ" ખોલવામાં આવ્યું ત્યારે તેમાં તેઓ નામદારે એક નાદર રકમ ભરી હતી.

## ખ્વાજા કમાલુદીનનું સ્વપ્ન.

"ઇસ્લામિક રિવ્યુ"ની "સુફી ડાયરી" (૧.)માં "ખ્વાજા કમાલુદીનનું સ્વપ્ન અને એચ. એચ. સર 'એ'ની મુલાકાત"ના મથાળા હેઠળ ખ્વાજા સાહેબ જણાવે છે કે: કોઇ ચોક્કસ બિમારીના અંગે પેરિસ અને લંડનમાં હું અનેક ડોકટરોની સારવારમાં રહ્યો અને મહિનાઓ પર્યંત તેઓના ઉપચાર ચાલુ રાખ્યા. વળી એ કહેવાની જરૂર નથી કે "ટર્કીશ બાથ" લેવાની મને સલાહ આપવામાં આવી તોપણ મારા દર્દને તે કાર્યસાધક નિવડ્યું નહિં; ત્યારબાદ માર્ગ કહાડવા ખુદાની બંદગી કરવાનો, કેવળ એકજ ઉપાય બાકી રહ્યો હતો અને તે મુજબ ઘણું અઠવાડિયા સુધી મેં પ્રાર્થના કરી. એજ વર્ષમાં નવેમ્બર માસની એક રાત્રે એચ. એચ. સર "એ" મને સ્વપ્નામા દેખાયા અને હિંદનાં અમુક પહાડી પ્રદેશમાં પેદા થતી ચોક્કસ પ્રકારની "કઠોળ" મંગાવી તે ખાવા ફરમાવ્યું અને તરત હિંદ ખાતે પત્ર લખવાની મને સુચના કરી. તે "કઠોળ" આવ્યા પછી તેનો કેમ ઉપયોગ કરવો તેની પણ મને સમજ આપી. ત્યારપછી મારો પત્ર હિંદ ખાતે પહોંચ્યો અને તે દરમ્યાન યુરોપ ખાતે મારો ભત્રીજો આવવાનો હોવાથી તે સમયસરનું થઇ પડતાં સ્વપ્નાની સુચના મુજબના "દાણા" તે પોતાની સાથે લઇ આવ્યો, જેનો એચ. એચ. સર 'એ'ની સુચના મુજબ અમલ કરતાં હું છ માસમાં તદન સાજો થઇ ગયો સર "એ" કાંઇ હકીમ નથી તેમ વૈદક વિદ્યાની શોધખોળોમાં રસ પણ લેતા

---

૧ જુઓ ઈસ્લામિક રિવ્યુ. વોલ્યુમ પહેલું, અંક ત્રીજો.

નથી. થોડા દિવસ પછી એચ. એચ. સર "એ"ની સાથે મારી મુલાકાત થતાં, તેઓ નામદારે પોતાનું અજાણપણું દેખાડી વાતને ભુલાવી દીધી હતી." આ વિગત લખતાં ખ્વાજા સાહેબે એચ. એચ. સર "એ"નું ખુલ્લું નામ આપવા હિંમત બતાવી નથી.

## સકકર બેરેજ.

ઇ. સ. ૧૯૨૯માં ઓગસ્ટ માસની તા. ૨૩=હિજરી સન ૧૩૪૮ના રબીઉલ અવ્વલની તા. ૧૭મીના મૌલાના હાઝર ઇમામે ડેવિનવીલેથી સકકર બેરેજની ભાવી ખિલવણીના સંબંધમાં પોતાના ઇસમાઇલી અનુયાયીઓને એક સંદેશામાં જણાવ્યું હતું કે સિંધમાં ખેતીવાડીની પ્રગતિનું સાંભળી ખુશ થયો છું. સૌ કરતાં સુંદર જીવનકારકિર્દી ખેતીવાડીની છે. નહેરોની ખિલવણીથી રાષ્ટ્રિય સંપતિમાં સુધારો થશે એ ભુલી ન જવા ઇસમાઇલીઓને ભારપુર્વક જણાવીએ છીએ. સિંધમાં નવી ભરણી કરવાની જમાતની શકયતાઓ ઇસમાઇલીઓએ વિસરવી ન જોઇએ.

## હિંદુ-મુસ્લિમ પ્રશ્ન—અમેરિકા ખાતે ચમત્કારિક બ્રોડકાસ્ટ.

લંડનથી એજ વર્ષના સપ્ટેમ્બર માસની તા. ૨૮મીના દિને અમેરિકા ખાતે તેઓ નામદારે "બ્રોડકાસ્ટ" વાયુ પ્રવચન કર્યું હતું, જેમાં જણાવ્યું હતું કે, "જરમનીમાંના ૭ કરોડ અને વીશ લાખ લોકો કરતાં મુસ્લિમોની સંખ્યા હિંદમાં કુલ્લે સાડા તેત્રીશ કરોડમાં, સાડા સાત કરોડની છે. પચાસ વર્ષ અગાઉ હિંદી વસ્તીના પાંચમા ભાગ જેટલા મુસ્લિમો હતા. હાલ મુસ્લિમ વસ્તી ચોથા ભાગ જેટલી છે. આપણા બાળકો પ્રૌઢાવસ્થામાં આવશે, તેની પુર્વે તેમનો હિસ્સો ત્રીજો હશે. હિંદી મુસ્લિમો હિંદમાં વિદેશી છે એવું તમે ધારી લેશો નહિં. તેઓ સદીઓથી આ દેશ (હિંદ)માં રહેતા આવ્યા છે અને તેમાંના નેવું ટકા તો "નોર્મન્સો"ને ઇંગ્લાંડમાં જેટલો લાંબો યુગ થયો છે તેટલા જુના જમાનાથી હિંદમાં વસતા આવ્યા છે, પરંતુ જનતાના એક સમુહને બીજાથી અલગ પાડે એવા અનેક વિષયોમાં હિંદી-મુસ્લિમો હિંદુઓથી નિરાળા છે. રિવાજોમાં, ટેવમાં, કાનુનોમાં અને એ ઉપરાંત ખોરાક પોશાકમાં પણ તેઓ એક બીજાથી જુદા પડે છે. વળી તેઓ પોતાના "સંસ્કૃતિ" તથા આર્થિક આદર્શોમાં પણ જુદા પડે છે.

"અસ્પૃશ્યતા જેવી વસ્તુ હિંદમાં છે, જ્યારે 'સઘળા માનવીને સમાન સર્જવામાં આવ્યા છે.' એવું શિક્ષણ ઇસ્લામ આપે છે; એટલે તેમના સમક્ષ કોઇપણ મનુષ્યને અછુત સમજવું પાપ છે. ઇસ્લામ ધર્મ દરેક મનુષ્યને એક સરખી રીતે ખુદાના જગત પર સીધા ચાલવાનો અધિકાર આપે છે એમ અમે માનીએ છીએ. તેમજ સ્ત્રી પુરૂષ બન્નેને અમારો મઝહબ સરખો હકક આપે છે. આયર્લેન્ડમાં પ્રોટેસ્ટન્ટો અને કેથોલિકો વચ્ચે અથવા કેનેડાવાસી ફ્રેન્ચ અને કેનેડાવાસી અંગ્રેજો વચ્ચે જે ભિન્નતા છે, તે કરતાં હિંદીઓનો અંતરાય અધિક મોટો છે. મુસ્લિમ ધર્મ ભારે વ્યાજની મનાઇ કરે છે. શ્રીમંતોની આર્થિક ગુલામીમાંથી ગરીબોને ઉગારવા આ નિયમ બનાવવામાં આવ્યો છે. હિંદુઓને મુડી ઉપર વ્યાજ લેવાની છુટ છે, જ્યારે મુસ્લિમો પુષ્કળ દાખલાઓમાં હજી તેમ કરતા નથી; તેનું પરિણામ એ આવ્યું છે કે કાળવહને હિંદુઓ મુડીદાર બન્યા છે અને મુસ્લિમો મજુર કે ખેતરોમાં હળ ખેડનારા થયા છે."

## પેલેસ્ટાઇનમાં અરબો પ્રત્યે સહાનુભુતિ.

મહાયુધ્ધ પછી પેલેસ્ટાઇન બ્રિટનના "મેન્ડેટ" હેઠળ મુકાયું ત્યારથી ત્યાં અરબો અને યહુદીઓ વચ્ચે સંઘર્ષણના સંજોગો ઉત્પન્ન થયા હતા. યહુદીઓની તરફેણમાં 'બાલફર ડિકલેરેશન'ની જાહેરાત પછી તો અરબો પોતાના હકકો માટે તદન નિરાશ બન્યા હતા. અંતે "વેલીંગ વોલ"ના ધાર્મિક ઝઘડાના સ્વરૂપમાં રાજકીય હિતોની અથડામણને અંગે અરબ-યહુદી રમખાણ જાગ્યું; જેમાં મોટી સંખ્યાના નિર્દોષ અરબો માર્યા ગયા અને ઘણા નિરાધાર બન્યા હતા, જેઓને આર્થિક સહાયતા આપવા બ્રિટીશ રેડ ક્રેસંટ સોસાયટીના પ્રમુખ તરીકે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ સંકટ નિવારણ ફંડ માટે અપીલ કરી હતી.

લંડનમાં પણ તેઓ નામદારના પ્રમુખપદે મુસ્લિમોની એક જંગી સભા ભરવામાં આવી હતી. જેમાં ડૉ. સુહરાવર્દી અને સર ઝુલફીકારઅલીખાને પણ જુસ્સાદાર ભાષણો કર્યા હતા. ગ્રેટ બ્રિટને પેલેસ્ટાઇનના અરબો પ્રત્યે ધારણ કરેલી નિતી સામે અણગમો દર્શાવવા અને યહુદીઓના કૃત્યો માટે વિરોધ પ્રગટ કરવામાં આવ્યો હતો. તેમજ "બાલફર ડિકલેરેશન" રદ કરી, હિંદી લશ્કરને પાછું ખેંચી લેવાનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. તેની સાથે સાથે બ્રિટીશ સામ્રાજ્યમાં મુસ્લિમ વસ્તી મોટી હોઇ, આ નીતિનું પરિણામ માઠું આવવાની ચેતવણી પણ આપવામાં આવી હતી. આ પ્રસંગે દમિસ્કના શહેરીઓ તરફથી મીર સૈયદ જઝાયરીએ તેઓ નામદાર પર એક તારનો સંદેશો મોકલાવ્યો હતો કે "બાલફર ડિકલેરેશન" જુલ્માટથી ભરપુર છે. તેની સામે અમો પોકાર ઉઠાવીએ છીએ અને બુરાક શરીફ ઉપરનો મુસલમાનોનો હક કાયમ રાખવા આપે ઉઠાવેલ અવાજમાં અમો આપની સાથે છીએ. લીગ ઓફ નેશન્સમાં પણ અરબ કેસ રજુ કરવા માટે તેઓશ્રી જીનીવા પધાર્યા હતા. તા. ૧૩-૧-૩૧ના સંદેશામાં જણાવવા પ્રમાણે પેલેસ્ટાઇનની "વેલીંગ વોલ"ની તકરાર બાબત નિમાયલી પરદેશી કમીટીએ "વેલીંગ વોલ"નો કબજો અરબ મુસલમાનોને અપાવ્યો હતો અને ચોકકસ શરતોએ યહુદીઓને પોતાની ધાર્મિક ક્રિયા કરવાની છુટ મળી હતી.

## હિંદના ભાવિ બંધારણ ઉપર નુકતેચીની.

હિંદના વાઇસરોય લૉર્ડ ઇરવીને એક ઢંઢેરામાં વર્ણવેલી હિંદમાં બ્રિટીશ રાજનીતિના સંબંધમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ "લંડન ટાઇમ્સ"માં નવેમ્બર માસમાં લખેલ એક લેખમાં હિંદના ભાવિ બંધારણ અને બ્રિટીશ રાજનીતિ ઉપર નુકતેચીની કરતાં દર્શાવ્યું હતું કે "હિંદ સાથે દેશી રાજ્યોના ડુમીનીયનની ગોઠવણમાં એક સાચા રાજ્યકર્મચારીને યોગ્ય હોય એવી ધીરજ, હિંમત અને કુનેહની આવશ્યકતા છે. બ્રિટીશ માર્ગદર્શન વિના એ કામ ફતેહમંદીથી હાથ ધરી શકાય નહિ. વળી શું બર્મા હિંદનું આયરલેન્ડ થવાનું છે? હું આશા રાખું છું કે, બ્રિટીશ હિંદમાં બર્માનો સમાવેશ કરવાના અન્યાયનો આપણી રાજ્યદક્ષતા બદલો આપશે અને તેના આગેવાનો જે સંપુર્ણ સ્વતંત્રતા ઇચ્છતા હોય તે તેની પ્રજાને દેશે. "બ્રિટીશ કૉમનવેલ્થ"માં એક ડુમીનીયન તરીકે હિંદ અને તે માટે હું પોતે તો ઉત્તેજન આપું."

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે તારના એક સંદેશા મારફત ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કૉનફરંસને ૧૦,૦૦૦ રૂપીઆ બક્ષિશ કર્યા હતા તેનો પણ એજ વર્ષના બનાવોમાં સમાવેશ થાય છે.

## ફ્રાન્સના એક્ષ-લે-બેન્સમાં લગ્ન.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના શુભ લગ્ન ઇસ્વી સન ૧૯૨૯ની આખરીએ=હિજરી સન ૧૩૪૮ના ફ્રાન્સના એક્ષ-લે-બેન્સમાં, ઘણીજ સાદાઇથી, વાજાંગાજાં અને બીજા નિરર્થક ભપકા વગર થયા હતા. આ મુબારક પ્રસંગ સમગ્ર જગતના ઇસ્માઇલીઓએ દિલોજાનથી ભારે હર્ષસહિત ઉજવ્યો હતો. જે દેશની પ્રજા કેળવાયલી અને સુખસંપતિમાં રહેનારી ગણાય છે, એ દેશની પ્રજા વચ્ચે ઇસ્લામી ધારા ધોરણ અનુસાર મુસ્લિમ આલિમોના હાથે એ માંગલિક લગ્નની ધાર્મિક ક્રિયાઓ કરવામાં આવી હતી. જે ક્રિયાઓ હજારો અન્ય ધર્મીઓએ પણ ઘણીજ શાંતિ અને ચુપકીદી ધારણ કરી સાંભળી હતી. જેમાં અલ્લાહ એક, હઝરત મુહમ્મદ સ૦ તેમના પયગમ્બર અને પ્રતિનિધિ તરીકે મૌલાના હાઝર ઇમામ, એ શબ્દો મોટે સાદે અરબી ભાષામાં ઉચ્ચારવામાં આવ્યા હતા અને હાજર રહેલી જનતા સમજી શકે એ માટે એક મુસ્લિમ આલિમે તેનો ફ્રેન્ચ ભાષામાં સ્પષ્ટ તરજુમો કરી સંભળાવ્યો હતો. એ જાહેરાત "આમીન" શબ્દો વડે હર્ષ સાથે વધાવી લેવામાં આવી હતી, એટલુંજ નહિ પણ એકઠી મળેલી માનવ મેદનીએ "ઘણું જીવો હિઝ હાઇનેસ આગાખાન"ના ગગનભેદી અવાજોથી લગ્નને વધાવી શહેરની જનતાએ એ દિવસ એક મહોત્સવ માફક ઉજવ્યો હતો અને નવા શણગારો સજી, ટોળાબંધ લોકો તેઓ નામદારને વળાવવા સ્ટેશન પર ધસી આવી, વિદાય વેળાએ "ફરીથી વહેલા પધારજો"ના હર્ષનાદો કર્યા હતા. યુરોપખંડના પ્રતિષ્ઠિત લોકો ઉપરાંત અમેરિકા વેરથી કેટલાકોએ એરોપ્લેનમાં આવીને લગ્નમાં ભાગ લીધો હતો. ખબરપત્રીઓ અને કેમેરામેનોએ પડાપડી કરી મુકી હતી. જગતના મહાન રાજ્યકર્તાઓ, રાજપુરૂષો અને મહાન નરોએ તેઓ નામદારને મુબારકીના સંદેશાઓ પાઠવ્યા હતા.

## લગ્ન વિધિ છ મીનીટમાં.

તા. ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૩૦=હિજરી સન ૧૩૪૮ના શાબાનની તા. ૨૫મીના "ડેલી મેલ"નો પારીસનો ખબરપત્રી પોતાના એક સદેશામાં જણાવે છે કે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના મુબારક લગ્નના શાક્ષી પારીસની ઇબાદતગાહના પેશ ઇમામ બન્યા હતા અને સિવિલ લગ્નવિધિ પછી મુસ્લિમ કાયદા પ્રમાણે પેશ ઇમામે 'નિકાહ'ની બંદગી ભણાવી હતી. આ લગ્નવિધ અતિ ટુંકી થઇ હતી. લગ્નક્રિયા વિષે ઉલ્લેખ કરતાં મજકુર ખબરપત્રી જણાવે છે કે જગતના સર્વથી વિશેષ સંપત્તિવાળા પુરૂષ નામદાર આગાખાન સાહેબ અને મેડમોઇઝલ એન્ડ્રી જોસેફાઇન મેરી લિયોની કેરોનની લગ્નવિધિ કરતાં એક્ષ-લે-બેનના મેયર મોંશિયો હેનરી કલાર્કે માત્ર ૭ મીનીટ લીધી હતી.

મજકુર પત્રનો ખબરપત્રી આ લગ્ન સંબંધે જનતાની દ્રષ્ટિએ ઉલ્લેખ કરતાં ઉમેરે છે કે, ફ્રાન્સમાં આ બનાવને "શાહઝાદા" એક પહાડી ખાનદાનની "કન્યા"ની અજાયબીભરી લગ્નગ્રંથી તરીકે વર્ણવવામાં આવી છે, પરંતુ મારી નજરમાં આ એક પૂર્વ-પશ્ચિમનું વિરલ જોડાણ છે. બહારની લોકમેદનીના ખુશાલીભર્યા પોકારો અને ગગનભેદી ગર્જના વચ્ચે એક પરણનાર "શાહઝાદા" આવે છે. "શાહઝાદી"ના પલ્લામાં પૌંડ ૧૦,૦૦૦ હતા. તેમનું કરકમળ વિપુલ સંપતિના મુલ્યનું હતું કારણ કે તેઓની એક આંગળીમાં ઇરાનના શાહોના શાહી ઝવેરાતનો ભાગ ઝગમગી રહ્યો હતો.

બાજુમાંના એક દીવાનખાનામાં બે પેશ ઇમામો—એક અલજીરીયન સૈયદઅલી અને બીજા મોરક્કોવાસી શ્ફિને હસન હાઝર હતા. તેઓ પોતાના ધાર્મિક અમામામાં સજ્જ થએલા હતા. સૈયદઅલીએ મુસ્લિમ શિક્ષણ અનુસાર ગંભીર અવાજે ક્રિયા કરી હતી, જેનો ટુંકમાં અર્થ આ પ્રમાણે થતો હતો:—

## લગ્નનો ખુત્બો.

"ખુદાના વખાણ હોજો, જેણે પુરૂષ તથા સ્ત્રી બન્ને લગ્નગ્રંથી જોડાય તે માટેનું ભાગ્ય નિરધાર્યું છે. માનવીને આ દુનિયામાં સ્વર્ગિય સ્થાન મેળવવાની અગત્ય છે, એ ખુદા જાણે છે અને તેણે પોતાની કૃપાથી મનુષ્યને લગ્ન કરવાની આજ્ઞા કરી છે. અમો સાક્ષી આપીએ છીએ કે અલ્લાહ એક છે કે જેણે પોતાની સૃષ્ટિ પર પોતાની રહેમત ઉતારી છે." એ પ્રસંગે પેશ ઇમામે નામદાર આગાખાન સાહેબને સંબોધીને ઉચ્ચાર્યું હતું કે "અમો સાક્ષી આપીએ છીએ કે અમારા માલિક સત્યનો માર્ગ અને હક ધર્મ દેખાડવા માટે તેના નબી અને ખુદાના પ્રતિનિધિ છે. તેમના ઉપર તથા તેના સઘળા કુટુંબ પરિવાર ઉપર ખુદા પોતાના આશિર્વાદ ઉતારે અને રહેમત વરસાવે, આમીન."

"લગ્ન એ પયગમ્બરની પવિત્ર લોકનીતિ છે અને ખુદા ભણી લઇ જવાનો સુંદર માર્ગ છે. આપણા નબીએ આપણને જે ધાર્મિક ફરજો શીખવી છે, તેનો મોટો ભાગ લગ્ન કરવાથી અદા થાય છે. ખુદાની નજરમાં તે મનુષ્ય સર્વોતમ છે, જે લગ્નથી ઉત્તમ ખાવિંદ બને છે. આ શિક્ષણ આપણા નબી અને વલીનું છે તે આપણે સારી રીતે વર્ણવ્યું છે."

નિકાહનો "ખુત્બો" પૂર્ણ થતાં સુધી શહેરી આગેવાન બાનુઓ અને ગૃહસ્થોની ઠઠ જામેલી હતી, તેઓ સઘળાઓએ ખુત્બો ઘણી ચુપકીદીથી સાંભળ્યો હતો.

## ફ્રિમેન ઓફ ધી સીટી.

લગ્નવિધી પૂર્ણ થયા પછી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે "ટાઉન હોલ" માંથી બહાર આવીને "મેયર" મારફતે બે લાખ ને પચીસ હજાર ફ્રાંક એક્ષ-લે-બેનને સખાવતના કાર્યમાં ઉપયોગ કરવા ભેટ આપ્યા હતા. ત્યારપછી તેઓ નામદારને "ફ્રિમેન ઓફ ધી સીટી"ના હકકો આપવામાં આવ્યા હતા. આ શહેરે પોતાના જગવિખ્યાત દત્તકપુત્રના લગ્નના જુસ્સામાં વરસાદની કશી પણ પરવા કરવા વિના કન્યાના પક્ષના "સેવો યાર્ડ" લોકો નાચીકુદી ખુશાલી મનાવી રહ્યા હતા.

## હુન્ઝાના ઇસમાઇલી રાજ્યકર્તા—લગ્નોત્સવની ઉજવણી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના મુબારક લગ્નના સમાચાર મળતાં સમસ્ત ઇસમાઇલી આલમ આનંદમાં ગરકાવ થઇ ગઇ હતી અને હિંદ, આફ્રિકા, બરમા અને ઇરાકના તેઓ નામદારના કરોડો મુરીદોએ લગ્નોત્સવ ભારે ધામધુમથી ઉજવ્યો હતો. એજ પ્રમાણે "દુનિયાનું છાપરૂં" સમાન લેખાતા મધ્ય એશિયામાં આવેલ "હુન્ઝા" અને "ગીલગીટ" ના રાજ્યકર્તા કે જે મૌલાના હાઝર ઇમામના એક ઇસમાઇલી મુરીદ છે, તેમણે તેઓ નામદારના ફ્રાન્સમાં થનારા લગ્નની વધાઇ સાંભળી, તેઓએ પોતાના અંતરની લાગણી વ્યકત કરતાં એક સંદેશામાં જણાવ્યું હતું કે "અતિ આનંદ અને શુકાના સાથે દુઆની વૃષ્ટિ વચ્ચે હું પોતે અને મારી પ્રજા લગ્નની આનંદભરી વધાઇથી અતિ ઘણાં હર્ષ પામ્યા છીએ. આ સગનવંતા દિને મારા ઇલાકામાં શાંત બંદગી અને રોશનાઇથી ભારે ખુશાલી ઉજવવાનું અમોએ નિરધાર્યું છે. મૌલાના હાઝર ઇમામને મારી અને મારી ઇસમાઇલી પ્રજા વતી મુબારકીઓ ઇચ્છું છું અને દુઆ માંગું છું કે તેઓની કૃપાથી કુદરતની તથા ખુદાઇ શકિતની સુંદરતાના દીદાર કરીને તેઓની કરમબક્ષિશથી હિદાયત મેળવીને સત્ય બંદીએ અને ચિંતામુકત બનીએ."

## ખ્વાજા હસન નિઝામીના ઉદ્દગાર—"નામદાર આગાખાનને લીડર માનો."

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. માટે દિલ્હીવાળા જાણીતા સુફી ખ્વાજા હસન નિઝામીએ પોતાના "મુનાદી" નામના ઉર્દુ પત્રના ઉપલા પાના ઉપર હેઠળના લેખને પ્રગટ કર્યો હતો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે:—

"મુસલમાનોની ફિરકાબંદીને લઇને આખી કોમ વેરવિખેર થઇ ગઇ છે, જેથી રાજ્યદ્વારી પ્રકરણમાં પણ તેઓનો કોઇ લીડર નથી અને જે લીડરો છે, તે એટલા બધા છે કે આખી કોમમાં કોઇ બાકી રહ્યાજ નથી અને સઘળા લીડરોજ બની ગયા છે. યુ. પી.ના ગવર્નર સર માલકમ હેલીએ અલીગઢ યુનિવર્સિટિમાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે: "મુસલમાનોનો કોઇ લીડર નથી." આ ભાષણ પછી દિલ્હીમાં વડી ધારાસભાના મુસ્લિમ સભાસદોએ સભા ભરીને જાહેર કર્યું હતું કે, નામદાર આગાખાન સાહેબ અમારા રાજ્યદ્વારી લીડર છે. આ ઘણો સુંદર નિર્ણય છે જે બરોબર અગત્યના પ્રસંગે કરવામા આવ્યો છે; અને હું ચાહું છું કે મારા મતને મળતા થનારા સઘળા મુસ્લિમો મસ્જિદોમાં એકઠા થઇ સભાઓ ભરે અને તેમાં એ વાતનો નિર્ણય કરવામાં આવે કે અમારા સઘળાના લીડર નામદાર આગાખાન સાહેબ છે અને અમો તેઓ નામદારમાં વિશ્વાસ ધરાવીએ છીએ; જેમ કરવાથી આપણા રાજ્યદ્વારી જીવનમાં આપણે કાંઇ કરી શકીશું, નહિ તો સમજી લેવું જોઇએ કે આપણે એમ ગોથાં ખાતાં ખાતાં ડુબી જઇશું."

## વિમાની કળાને ઉત્તેજન—ઇનામોની જાહેરાત.

જગતના સઘળા રાજ્યો વિમાની કળાને ઉત્તેજન આપવા પ્રયાસો કરી રહ્યા હતા એ સમયે હિંદમાં પણ વિમાની કળાને ઉત્તેજન આપવા, રાષ્ટ્રિય મહત્વતામાં વૃધ્ધિ કરી, દેશનું ભાવિ ઉજ્વળ બનાવવા, ઇતિહાસમાં સદા યાદ રહી જનારી યોજના તેઓ નામદારે હાથ ધરી હતી. આ વિષયના વિદ્યાર્થીઓ આ ધંધામાં પડી જીવન નિર્વાહનું નવું સાધન હાથ કરે અને તેમાં બીજા પણ જે હિતો સમાયલા છે તે સમજાવવા તેઓશ્રીએ આર્થિક સહાયથી ઉત્તેજન આપ્યું હતું.

તેઓ નામદારે એક ઇન્ટરવ્યુમાં તેની અગત્યતા સમજાવી હતી. જેમાં હિંદથી ઇગ્લેંડ અથવા ઇગ્લેંડથી હિંદ છ અઠવાડીયામાં અમુક શરતો પાળી પાર કરનાર દેશના કોઇપણ વિમાનીને પાઉંડ ૫૦૦નું ઇનામ આપવાનું જાહેર કર્યું હતું. આ જાહેરાત ઇ. સ. ૧૯૩૦ની તા. ૧લી જુન= હિજરી સન ૧૩૪૯ના રોઇટરના સંદેશામાં જણાવવામાં આવી હતી.

આ હરિફાઇમાં ભાગ લેવા માટે મનમોહનસિંઘ, કોરાટકર, એસ્પી ઇન્જીનીયર અને ચાવલાએ ઉમેદવારી કરી હતી. એસ્પી ભારે રસાકસી પછી લંડનના હવાઇ મથક ક્રોયડનના હવાઈ મથક ઉપર એક દિવસ આગળ આવી પહોંચવાથી તે ઇનામ જીતી ગયો હતો. કરાચીના આ પારસી યુવાનને જનતાએ ભારે માન આપ્યું હતું.

## બીજા ઈનામની જાહેરાત—'બ્લેનહિમ'ની જીત—આગાખાન મોસ્ક.

ત્યારપછી મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ એક બીજું ઇનામ પણ બહાર પાડયું હતું. દક્ષિણ આફ્રિકાના કેપટાઉનથી હિંદ અને હિંદથી એજ શરતે કેપટાઉન ચાર અઠવાડીઆમાં હવાઇ મુસાફરી પુરી કરી પ્રથમ આવનાર દેશના કોઇપણ વિમાનીને પાઉંડ ૫૦૦નું ઇનામ આપવાની જાહેરાત કરી હતી.

મૌલાના હાઝર ઈમામના આ બીજા ઇનામે પણ હિંદુસ્તાનના વિમાનીઓમાં ભારે ઉલટ પેદા કરી હતી, અને દેશની ઉગતી વિમાની કળાને ખીલવવામાં ઘણીજ ઉપયોગી થઇ પડી હતી. વિમાની કળાને ઉત્તેજન આપનારા આવા ઇનામો હિંદના ઇતિહાસમાં પહેલીજવાર જાહેર કરવામાં આવ્યા હતા.

"ડરબી"ની રેસમાં તેઓ નામદારના ઘોડા "બ્લેનહિમ" જીતવાથી નામદાર શહેનશાહે મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ૦ની મુલાકાત લઇને તેઓ નામદારને મુબારકી આપી પોતાની ખુશી જાહેર કરી હતી. આ શરત લંડનમાં જુન માસની તા. ૪થીએ દોડી હતી.

વેસ્ટર્ન ઇસ્લામિક એસોસીએશને કારડીફમાં જે ઇબાદતગાહ બાંધવાની ધારણા રાખી હતી, તેના એક શુભ ચિન્હ તરીકે તેનું નામ "આગાખાન મોસ્ક" રાખવાનો નિશ્ચય કર્યો હતો.

## પૂર્વ પશ્ચિમની સંસ્કૃતિના સુમેળ સાધક—વિશ્વના સાચા શહેરી જન.

મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ એક શુધ્ધ દેશાભિમાની છે. છતાં દુનિયાભરના સાચા શહેરીજન પણ છે. ભૌગોલિક માનવતા વિષેના પ્રશ્નોમાં જે રસ તેઓશ્રી લઈ રહ્યા છે, તે ભૌગોલિક ટુંકા વિચારોનાં વર્તુળમાં અટવાઇ જતો નથી. હિંદમાં પોતાના દેશપ્રેમીઓ જોડે રાખે છે, એટલીજ સુગમતાથી તેઓ નામદાર યુરોપનાં પાટનગરોમાં લોકસમાગમ રાખી શકતા હોવાથી તેઓ નામદાર પૂર્વ અને પશ્ચિમના દેશો વચ્ચે "પુલ" (Bridge) છે, આધુનિક જગતની બે મુખ્ય સંસ્કૃતિઓને જોડી દેનાર એક સાંકળ (Link) સમાન છે. (૧)

## નામદાર પ્રિન્સ અલીખાન સીરીયા ભણી.


હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ ઇ. સ. ૧૯૩૦ના ઓગસ્ટ=હિજરી સન ૧૩૪૯ના રબ્બીઉલ અવ્વલ માસમાં નામદાર પ્રિન્સ અલીખાન સાહેબને સીરીયા (શામ) ખાતે મોકલ્યા હતા. મૌલાના હાઝર ઇમામના મુરીદો દુનિયાના જુદા જુદા ભાગોમાં વસે છે, એજ પ્રમાણે સીરીયામાં પણ લાખો ઇસમાઇલીઓ રહે છે. એ અરબ ઇસમાઇલી મુરીદો આજે પણ આબાદીભરી સ્થિતિમાં છે, જમાનાને અનુસરીને તેઓ કેળવાયલા, સારી રીતભાતવાળા અને સુધરેલા પણ છે. સીરીયાની અરબ પ્રજામાં તેઓ અગ્રસ્થાન ધરાવે છે, રાજકારોબારમાં પણ તેઓ અગત્યના ઓધ્ધાઓ ધરાવે છે, વ્યાપાર ઉદ્યોગ અને ખેતીવાડીમાં પણ તેઓ જોડાયલા છે. ધર્મપ્રેમભાવના તેઓના હૃદયમાં જીવંત હોઇ ઝમાનાના ઇમામ પ્રત્યે પણ તેઓ અખંડ વફાદારી ધરાવે છે.

## નામદાર પ્રિન્સને દિલોજાન આવકાર.

આ ભાગ્યવંત ઇસમાઇલીઓને "માર્સેલ્સ"થી નામદાર પ્રિન્સ અલીખાન સાહેબની મુબારક પધરામણીનો મૌલાના હાઝર ઇમામનો સંદેશો મળતાં તેઓમાં અપાર ખુશાલી પ્રગટી નીકળી હતી. 'બેરૂત' બંદર પર તેઓ નામદારને સલમીયાના ગવર્નર, સરકારી ઓફીસરો, શાહ વેપારીઓ, અમીર ઉમરાવો અને ઉલમાઓ, ઉપરાંત મોટી સંખ્યામાં અરબ ઇસમાઇલીઓએ દિલોજાની ભર્યો આવકાર આપ્યો હતો.

૧ જુઓ ધી આગાખાન એન્ડ હીઝ એન્સેસ્ટર્સની પ્રસ્તાવના.

H. S. H. PRINCE ALY S. KHAN Heir Apparent to MOWLANA HAZAR IMAM, in the Arab costumes of His forefathers, during his visit to Syria.



**નામદાર પ્રિન્સ અલી એસ. ખાન અરબી વેશે.** મૌલાના હાજર ઇમામના "ગાદી વારસ" પ્રિન્સ અલીખાન સીરીયાની મુલાકાત દરમ્યાન પોતાના પૂર્વજોનાં અરબ પોશાકમાં.

(જુઓ પાનું ૫૩૦)

આ પ્રસંગે બેરૂત અને દમિશ્કમાં પ્રગટ થતાં "અલ-અલાગ" "વફાઉલ-અરબ" 'અલીફ બા' વિગેરે બહોળા પ્રચાર પામેલા છાપાઓએ નામદાર પ્રિન્સ સાહેબના જીવનપ્રસંગો તથા તેમના આલા હસબ નસબ વિષેના લખાણો ફોટુઓ સાથે પ્રગટ કર્યા હતા, અને નામદાર પ્રિન્સ સાહેબનાં પુર્વજોનાં ઇતિહાસિક કિર્તીવર્ણનો આલેખવામાં આવ્યા હતા. કીનારા પર કદમ મુબારક મુકયા પછી તેઓશ્રી મોટરમાં બેસીને "સોફાર" થઇને "હેમ્સ" મથકે આવી પહોંચ્યા ત્યારે ચારસો ઘોડેસ્વારોનો અરબ ઇસમાઇલીઓનો કાફલો, લશ્કરી દમામથી તેઓશ્રીનો સત્કાર કરવા આવ્યો હતો. સલમીયા હેમ્સની નજદીકમાંજ આવેલું છે.

## ઇતિહાસિક ભુમિ સલમીયામાં.

હઝરત ઇમામ જાફર સાદિકના શાહઝાદા મૌલાના શાહ ઇસમાઇલ અ.થી, મૌલાના શાહ રઝી અબ્દુલ્લાહ અ. સુધીના ઇમામોનું રહેઠાણ સલમીયા હતું. મૌલાના શાહ ઇસમાઇલ અ.એ સલમીયામાંજ પોતાનું આખું જીવન શાંતિથી ગાળ્યું હતું. તેઓશ્રી સોદાગરના વેષમાં રહેતા હતા. તેઓશ્રીની મઝાર અને નિવાસસ્થાનના ખંડીયરો હજુ એ પુરાણા ઇતિહાસની યાદગીરી આપતા ઉભા છે. મંસીયાફનો મશહુર કિલ્લો, જે મૌલાના શાહ વફી અહમદ અ.નું નિવાસસ્થાન હતું તે પણ આ ભુમિમાં આવેલું છે. પાંચ પેઢી સુધીના આ સ્થાનનાં શાંત રહેવાસ પછી કાહિરવાનમાં ઇસમાઇલી રાજ્યધ્વજ ઉડતો થયો હતો. જેના મધ્યસ્થ કેંદ્રનું માન પણ આ મુલ્ક ધરાવે છે. ઇસમાઇલી ઇતિહાસમાં "સલમીયા"નું નામ આટલી બધી કીર્તિ સાથે સદા માટે જળવાઇ રહેલું છે. ફાતિમી યાદગારની આ ઇતિહાસિક ભુમિ "સલમીયા"માં સૈકાઓ પછી ફાતિમી વંશનો એક સિતારો પાછો ઝગમગતો દાખલ થયો ત્યારે ત્યાંની અરબ ઇસમાઇલી જનતાની ખુશીનો કોઇ પાર નહોતો.

## ભવ્ય દરબારમાં "વલીઅહદ"ની જાહેરાત.

નામદાર પ્રિન્સ અલીખાન સાહેબ ત્યારબાદ સલમીયાના જમાતખાને પધાર્યા હતા, જ્યાં હાજર થયેલા હજારો મુરીદોની મેદનીને દીદાર આપ્યા પછી હેઠળના બંગલાના વિશાળ ચોગાનમાં પધાર્યા, જ્યાં એક આલીશાન દરબાર ભરવામાં આવ્યો હતો અને તેના યોગ્ય સ્થળે એક શણગારેલો સુંદર તખ્ત ગોઠવવામાં આવ્યો હતો, તેના પર તેઓ નામદાર બિરાજમાન થયા હતા. આ પ્રસંગે તેઓશ્રીએ અરબી વેશ સજ્યો હતો. અહિં એકઠા મળેલા ઇસમાઇલીઓના ગંજાવર સમુદાય વચ્ચે તેઓ નામદાર "વલીઅહદ" તરીકે જાહેર થયા હતા. મૌલાના હાજર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.નો, તેને લગતો નીચે મુજબનો મુબારક સંદેશો સલમીયાના ગવર્નરે વાંચી સંભળાવ્યો હતો :—

## મુબારક સંદેશો.

> "અમો અમારા ફરજંદને તમારા તરફ રવાના કરીએ છીએ, તે અમો પોતે આવ્યા બરોબર સમજશો. અમો પ્રિન્સને અમારા "વલીઅહદ" એટલે ગાદીવારસ નિમીએ છીએ."

આ પ્રમાણે મુબારક સંદેશો વંચાઇ રહેતાં, સલવાતોના નારા બુલંદ કરવામાં આવ્યા બાદ અરબ ઇસમાઇલી મુરીદોએ દસ્તબોશી કરી નઝરાણું પેશ કર્યું હતું. જમાતોની દસ્તબોશીની ક્રિયા પુરી થયા પછી સલમીયાની અરબ જમાતના કામડીયા મીર મીરઝા હાજી કામડીયા મુસ્તફાની સેવાઓની યાદગીરીમાં, મૌલાના

હાઝર ઇમામ તરફથી તેમને "આલીજાહ"નો માનવંતો ખિતાબ તથા "અસા" (લાકડી) અપણુ કરતાં, તેમણે ઉપકાર સહિત સ્વીકારીને જણાવ્યું હતું કે: "મારી આ બુઝુર્ગ વયમાં આપ નામદારના દાદાઓના મુલક "સલમીયા"માં આપને "વલીઅહદ" તરીકે તખ્ત પર બિરાજમાન થયેલા જોઇ હું મારા અહોભાગ્ય માનું છું."

## ખ્વાબીમાં સ્કુલની સ્થાપના.

નામદાર પ્રિન્સ અલીખાન સાહેબની આવી ધામધુમભરી પધરામણીથી બીન ઇસમાઇલી અરબ પ્રજા પણ અજાયબીમાં ગરકાવ થઇ ગઇ હતી. અરબ પ્રજાએ જિજ્ઞાસાવૃતિથી વંશાવળીની માંગણી કરતાં ઇસમાઇલી ઇમામોની ૪૮ પેઢીઓની સિલસિલાબંધ વંશાવળીની વહેંચણી કરવામાં આવી હતી, જેથી તેઓ મૌલાના હાઝર ઇમામના પ્યારા ફરઝંદ, નામદાર પ્રિન્સ "આલે રસુલ" અને "અવલાદે અલી" પ્રત્યે ઘણી માનની નજરથી નિહાળતા થયા હતા.

ઇસ્વી સન ૧૯૩૬ના ઓગસ્ટ માસ=હિજરી સન ૧૩૪૯ માં નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબ સીરીયા (શામ) ખાતે જ્યારે બીજી વાર પધાર્યા હતા ત્યારે સઘળી અરબ જમાતોને પોતાના પિતાશ્રી તરફથી દુઆ આશિષો ફરમાવ્યા હતા, અને "ખ્વાબી" ખાતે એક અઠવાડિયું રોકાઇ મૌલાના હાઝર ઇમામે એક જંગી ઇમારત બંધાવી ઉત્તમ પ્રકારની કેળવણી આપવા એક સ્કુલની સ્થાપના કરવાનું નક્કી કર્યું હતું, તેને ખુલ્લી મુકવાની ક્રિયા નામદાર વલીઅહદે કરી હતી. આ વિદ્યાગૃહનો સમસ્ત મુસ્લિમ કોમ લાભ લઇ રહી છે.

## રંગુનમાં "વલીઅહદ" મહોત્સવ.

નામદાર પ્રિન્સ અલીખાન સાહેબને, મૌલાના હાઝર ઇમામે પોતાના "વલીઅહદ" એટલે ગાદી વારસ તરીકે સલમીયા ખાતે જાહેર કર્યા તેની ખુશીમાં સમસ્ત હિંદ, બરમા અને આફ્રિકામાં ઇસમાઇલીઓએ ધામધુમ કરી ખુશાલી ઉજવી હતી. મુંબઇમાં ભવ્ય મિજલસોના મેળાવડાઓના કાર્યક્રમ ગોઠવવામાં આવ્યા ઉપરાંત જમાતના આગેવાનો અને ઓફિસરો વાલકેશ્વરના બંગલે, નામદાર માતા સલામત, હર હાઇનેસ લેડી અલીશાહ સન્મુખ પહેરામણી લઇ ગયા હતા.

ઈ. સ. ૧૯૩૦ ના સપ્ટેમ્બર મહિનાની તા. ૨૯ મીના દિને રંગુન-બરમાની ઈસમાઇલી જમાતે "કમાયુટ" ખાતે આવેલ "નુરાની બાગ"માં આ યાદગાર મહોત્સવ ઘણીજ ધામધુમ સાથે ઉજવ્યો હતો.

## સાયમન કમિશન.

મૌલાના હાઝર ઇમામે સાયમન કમિશનની નિમણુંક થઇ તે પ્રસંગે જણાવ્યું હતું કે, "હાલની બ્રિટીશ સરકાર અતિશય મધ્યસ્થ અને બળવાન છે. સાયમન કમિશન જે રિપોર્ટ ઘડશે તેમાં શું મળી આવશે તે હું જાણતો નથી, પરંતુ હિંદી સ્વતંત્ર સ્ટેટોના બંધારણવાળું ફેડરેશન સિવાયના સિધ્ધાંતો ઉપર કમિશનનો નિર્ણય રચાય તો ખુદા તેઓને સહાય કરે. કારણ કે તેઓ નિમક માટે માત્ર મીઠું પાણી વલોવતાં રહેશે."

નીસ ખાતે "ડેલી એક્ષપ્રેસ"ના પ્રતિનિધિને એક ઇન્ટરવ્યુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "ઇન્ડીઅન ફ્રી સ્ટેટ કે ફેડરેશનના બંધારણના આધારે સાયમન કમિશન હિંદનું બંધારણ ઘડી નહિ શકશે.

તો તેની સઘળી મહેનત બરબાદ જશે. હિંદનું બંધારણ પ્રજાકિય ધોરણે ઘડી કહાડવાનો વખત હવે આવી પહોંચ્યો છે. બ્રિટીશ સામ્રાજ્યમાં સ્વતંત્ર હિંદી સ્ટેટોનું ફેડરેશન સમાયલું જોવા અમે ચાહીએ છીએ; પણ આવા ફેડરેશનનો દરજ્જો સામ્રાજ્યના બીજા ભાગોના દરજ્જા જેવોજ હોવો જોઈએ; આર્થિક તથા લશ્કરી છુટાપણાં સાથેના દરેક સ્ટેટમાં એકેક બ્રિટીશ ગવર્નર અને આખા ફેડરેશન ઉપર દેખરેખ રાખનાર વાઇસરોય હોય એવા બધા મળી ૨૦ થી ૩૦ હિંદી ફ્રી સ્ટેટો થશે. આવું મહાન પરિવર્તન કરાવવા માટે બહુ હિંમતવાન અને બાહોશ માણુસ જોઈશે."

૧૯૩૦ ના ડિસેમ્બર માસ અર્થાત હિજરી સન ૧૩૪૯ રજબમાં એડિનબરોની લોર્ડ પ્રોવોસ્ટની કમિટીએ ભલામણ કરી જણાવ્યું હતું કે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, ભોપાલના નવાબ અને રાઇટ ઓનરેબલ શ્રી નિવાસ શાસ્ત્રીને શહેરના છુટાપણાના હકક ( Freedom of the City ) આપવા વિષેની ચર્ચા મ્યુનિસિપલ કાઉન્સીલની આવતી બેઠકમાં રજુ થશે.

૧૯૩૧ ના જાન્યુઆરીની ૪ થી એટલે હિજરી સન ૧૩૪૯ શાબાન તા. ૧૪ મીના "ઇસમાઇલી" પત્રમાં એવો નિર્દેશ કરેલો છે કે "નામદાર આગાખાન સાહેબે એક વાર કહ્યું હતું કે તુર્કી આપણી વિરૂધ્ધ હતું ત્યારે યુધ્ધ દરમ્યાન હું મિત્ર રાજ્યના પક્ષમાં શા માટે થઇ ગયો હોઇશ તેવા પ્રશ્નો મને કેટલાકો પુછતાં હું એમ કહી શકું છું કે મને બે જગત સાથે સંબંધ છે અને હું તે વચ્ચે સાંધનારી કડી છું. મારા વંશનો અરબી અને ઇરાની કુળથી સંબંધ છે."

## આગાખાન પોલીસ કલબ.

૧૯૩૧ ના એપ્રિલ માસની તા. ૨૬ મી=હિજરી સન ૧૩૪૯ ના જિલહજની તા. ૭ મીએ મુંબઇના નામદાર ગવર્નર સર ફ્રેડરીક સાઇકસે મુંબઇની આગાખાન કલબના એક વગદાર મેળાવડા સન્મુખ મેદાનની પોલીસ કોર્ટના ચોગાનમાં "ધી આગાખાન કલબ" નામે પોલીસો માટે એક કલબ ખુલ્લી મુકવાની ક્રિયા કરી હતી, જે અવસરે તેમણે મૌલાના હાઝર ઇમામની પ્રશંસા કરી હતી.

ઇ. સ. ૧૯૩૧ ના એપ્રિલ માસમાં નામદાર વાઇસરોય લોર્ડ વિલીંગ્ડન હિંદ આવ્યા ત્યારે લોર્ડ અને લેડી વિલીંગ્ડન બન્ને મૌલાના હાઝર ઇમામના માતુશ્રી સરકાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહને મળવા ગયા હતા. "નામદાર આગાખાન સાહેબ યુરોપમાં રોકાઇને ઘણું કામકાજ કરે છે અને આવતા વર્ષે હિંદ પધારશે." એવા સમાચાર પણ નામદાર વાઇસરોયે આપ્યા હતા.

## મૌલાના હાઝર ઈમામ ફિલસુફોની સભામાં.

લંડનની વિકટોરિયા હોટલમાં ૧૯૩૧ ના જુન માસની તા. ૧૦ મી=હિજરી સન ૧૩૫૦ મોહર્રમની તા. ૨૨ મીના દિને મોટા મોટા ફિલસુફોની એક સભા મળી હતી. જેમાં ડીન ઇન્જ, પ્રિન્સીપાલ એલ. પી. જેકસ, ચાર્લ્સ ઓમાન, સર જોશિયાહ સ્ટેમ્પ અને ડૉ. નિકોલસ મરે બટલર જેવા વિદ્વાનોએ હાજરી આપી હતી. મૌલાના હાઝર ઈમામ એ મેળાવડાના એક મુખ્ય વકતા હતા. સર હ્યુગ બેલ પ્રમુખસ્થાને બિરાજ્યા હતા. તેમણે પ્રમુખપદેથી બોલતાં જણાવ્યું હતું કે, આપણે આખી દુનિયા શોધી કહાડીએ તો પણ હું નથી ધારતો કે એવો શખ્સ જડી આવે કે જે "ઇન્ડીવીજ્યુઆલિઝમ" વ્યકિતસ્વાતંત્ર્યવાદના દ્રષ્ટિબિંદુ પર નામદાર આગાખાન સાહેબ કરતાં વધુ સત્યતાથી કે સત્તાધારી રીતે સ્પષ્ટીકરણ કરી શકે; કારણકે એ વિષયનાં અભ્યાસમાં તેઓ હકીકતના ખરા હાર્દને પહોંચ્યા છે.

મૌલાના હાઝર ઇમામે મજકુર વિષય પર વિવેચન કરતાં જણાવ્યું કે "જે માત્ર સદા સહજ જ્ઞેય અસ્તિત્વથી દરેક મનુષ્ય જાણકાર છે, તે પોતાની જાત–"પંડ"; પોતાનો અહંભાવ (Ego) છે. પરંતુ આ નિરાળી હસ્તી કર્મજગતના સંબંધથી મૌજુદ રહી શકે છે. ભુતકાળમાંના "અહંભાવ"ની કલ્પના નહિ થઇ શકે એવી સંખ્યાનું પરિણામ આપણામાંનું 'અહંભાવ' છે. પુર્વજોની એક લાંબી હારમાળા દ્વારા દરેક નોખનોખા અંહભાવે ઉત્પન્ન કરેલી પોતાની માનસિક, રૂહાની અને અન્ય શકિતઓ આપણે વારસામાં મેળવી છે. વળી દ્રષ્ટિમર્યાદા ઉપર પણ અવલંબી રહેલો તે એક આધાર છે જે, તેનાથી સમાન અંશે નિરાળો અને સતત મૌજુદ છે. અન્ય અહંભાવથી ઘેરાયલા હોઇને આ એકલા "અહંભાવ"ના જગતમાં પોતાનું સ્થાન છે અને પ્રત્યેક વ્યકિત અહંભાવે હસ્તી ધરાવતી "યુનીટો" (પદાર્થ)ની અનંતના ઉપર આધાર રાખે છે. રાત્રીએ વહાણો પસાર થાય છે તે પ્રમાણે આ સંબંધ કેવળ સમકાલિન હસ્તીનો સાદો "પ્રોસેસ" (ઘડતર) નથી. જ્યારે આપણે જીવન પ્રત્યે એક આખા અંશ તરીકે નજર કરીએ છીએ, ત્યારે આપણને જણાઇ આવે છે કે કર્મજીવન સંજોગિક જીવન પર આધાર રાખે છે. જેમ જેમ જગત વધતું ગયું તેમ તેમ સંસ્કૃતિની ખીલવણી થતી ગઇ અને તે વધારે ગુંચવણભરી બનતી ગઇ અને તેની સાથે વ્યકિતનો સીધો આધાર વધારે ખુલ્લો થતો ગયો છે."

## રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ.

ઇ. સ. ૧૯૩૧ના સપ્ટેમ્બરની તા. ૧૭ અર્થાત હિજરી સન ૧૩૫૦ના રબ્બીઉલઆખિર મહિનાની તા. ર૩મીના દિને મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ=ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન આવી પહોંચ્યા હતા. ભોપાલના નામદાર નવાબ સાહેબ, સર અકબર હયદરી, સર મુહમ્મદ શફી, સર સુલતાન અહેમદ, ડૉ. શફાઅત અહેમદ, સર માણેકજી દાદાભાઇ, ડૉ. આંબેડકર, મી. લતીફી અને બીજાઓએ તેઓશ્રીને આવકાર આપ્યો હતો.


મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. લંડન ખાતે "રિટઝ હૉટલ"માં રહેતા હતા, ત્યાં મહાત્મા ગાંધીજી અને શ્રીમતી સરોજની નાયડુ સાથે મુસ્લિમ ડેલીગેટોની એક કોન્ફરંસ તા. ર૮મી સપ્ટેમ્બર=જમાદિલ અવ્વલ તા. ૧૫મીના દિને ભરવામાં આવી હતી. તે સમયે ડૉ. અન્સારીને લઘુમતિ કમિટીમાં દાખલ કરવાના સવાલ ઉપર ચર્ચા થઇ હતી.

## મહાત્મા ગાંધીજી તથા શ્રીમતિ સરોજની નાયડુ સાથેની "રિટઝ હૉટલ"માં વાટાઘાટો.

લંડન તા. ૩૦મીના 'રિટઝ હૉટલ'માં મહાત્મા ગાંધીજી અને શ્રીમતિ સરોજની નાયડુએ હાજરી આપી હતી. મુસ્લિમ ડેલીગેટોએ મૌલાના હાઝર ઇમામના વડપણ હેઠળ હિંદુ–મુસ્લિમ સમજુતિના સવાલમાં ડૉ. અનસારીની હાજરી ગાંધીજીએ માંગી હતી. મુસ્લિમોએ જણાવ્યું હતું કે ગાંધીજી કોંગ્રેસના પ્રતિનિધિ તરીકે મુસ્લિમોની શરતો કબુલ કરે અને મુખ્ય સવાલ ઉકેલી નાંખે તો ડૉ. અન્સારીની હાજરી માટે તેઓ પોતાથી બનતું કરશે; એ સિવાય આરંભમાં કાંઇપણ કરવા મુસ્લિમો અશકત છે. અત્રે આ કામકાજ પડતું મુકાયું હતું.

તા. ૧૫મી અકટોબર=જમાદિલ આખિર તા. ર૭ના રાત્રે લંડનની "રિટઝ હૉટલ"માં ડૉ. મુંજેની યાદી પર મૌલાના હાઝર ઇમામ, જનાબ ઝીણા અને બીજા મુસ્લિમ પ્રતિનિધિઓ સાથે ગાંધીજીએ મસલત ચલાવી હતી. ડૉ. મુંજેએ યાદીમાં સવાદ માટે કમિટીનાજ સભ્યોની નિમણુંક કરવાનું કબુલ્યું હતું.

MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN with Mahatma Gandhi and Srimati Sarojini Naidu.



જ્યારે મહાસભાના સંદેશામાં જણાવ્યા મુજબ અપક્ષપાત તથા કોમી સવાલ ઉપર અગાઉ વિચાર જાહેર કર્યા નહિ હોઈ એવા ગૃહસ્થોની બનેલી "ટ્રિબ્યુનલ" પર કોમી સવાલ છોડવાની માંગણીવાળો પત્ર મૌલાના હાઝર ઇમામ પાસે ગાંધીજી લઇ આવ્યા હતા. તે સમયે લવાદમાં લોર્ડ સેંકી, માજી જસ્ટીસ સુલેમાન તથા જસ્ટીસ શાદીલાલ જેઓ લંડનમાં હતા, તેઓની "ટ્રિબ્યુનલ" નક્કી કરવાની હિલચાલ ચાલુ થયેલી જણાતી હતી.

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ વિષે મૌલાના હાઝર ઇમામની મુલાકાત લઇ શેખ મુશીર હુસેન કિડવાઇએ સુચના કરી હતી કે, લવાદ પંચથી કોમી સવાલનો નિકાલ કરવો અને એ પંચમાં લોર્ડ સેંકી, એક હિંદુ એક મુસ્લિમ અને એક શીખ એમ દરેક કોમના એકેક પ્રતિનિધિને સ્થાન આપવું અને એ માટે નામદાર આગાખાન, ગાંધીજી અને સરદાર ઉજ્જલસિંહે ગોઠવણ કરવી. આટલા બધા પ્રયત્ન છતાં હિંદુ=મુસ્લિમ સંધી ન થતાં વડા વઝીર ઉપર નિવેડો કરવા આ બાબત છોડી દેવામાં આવી હતી.

## નામદાર શહેનશાહ તરફથી પાર્ટી.

નવેમ્બરની તા. ૫=જમાદિલ આખિરની તા. ૨૩મીને ગુરૂવારના દિને નામદાર શહેનશાહના બકીંગહેમ પેલેસમાં રાઉન્ડ ટેબલ કોન્ફરંસના ડેલીગેટો અને બીજાઓને એક "આફટરનુન" પાર્ટી નામદાર શહેનશાહ તથા શહેનશાહબાનુ તરફથી આપવામાં આવી હતી. જેમાં જાણીતા પરોણાઓને પણ નોતરવામાં આવ્યા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, હર હાઇનેસ બેગમ આગાખાન અને નામદાર વલીઅહદ પ્રિન્સ અલી સલમાનખાન પણ ખાસ પરોણા હતા. નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે રાઉન્ડ ટેબલ કોન્ફરંસનાં કામકાજમાં મૌલાના હાઝર ઇમામના પ્રાઇવેટ સેક્રેટરી તરીકે ઘણું ઉમદા કામકાજ બજાવ્યું હતું.

## નેશનલ લીગ તરફથી મેળાવડો.

નેશનલ લીગ તરફથી તા. ૧૫મી ડિસેમ્બરની સાંજે રાઉન્ડ ટેબલ કોન્ફરંસના મેમ્બરોના માનમાં છેલ્લી મુલાકાત માટે મેળાવડો કરવામાં આવ્યો હતો. તે સમયે મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે "અમો સુર્યના છાયા હેઠળ સંપુર્ણ અને યોગ્ય સ્થાને રહેવા માંગીએ છીએ. મુસ્લિમોએ ખરા જીગરની ભલી લાગણી અને નિખાલસ શુભેચ્છાભર્યો હાથ લંબાવ્યો છે અને હવે તે સ્વીકારવો કે નામંજુર કરવો એ ઠરાવવાનું કામ ઇંગ્લેંડની પ્રજાનું છે. અમો બીજી પ્રજાઓ અને કોમો સાથે સ્વમાન સહિતના સારા સંબંધની, એકસરખી સમાનતાની અને મિત્રાચારીની સ્થિતિમાં રહેવા માંગીએ છીએ."

તા. ૨૪મી ડિસેમ્બર=શાબાન તા ૧૪મીના લંડન "રિટઝ હોટલ"માં મળેલી બેઠક પ્રસંગે વડા પ્રધાન રામ્સે મેકડોનલ્ડ, લોર્ડ સેંકી, હિંદી વઝીર સર સેમ્યુલ હોર જોગ મૌલાના હાઝર ઇમામે કરેલા નિવેદનના વિષયમાં કહ્યું હતું કે: "લોકો એમ સમજવા લાગ્યા છે કે મુસ્લિમો બ્રિટીશ સરકારના માત્ર હથિયાર તરીકેનું કામ કરતા હતા કે જે બ્રિટીશ સરકાર ખરી સત્તાથી અલગ થવા નાખુશ છે. અને તેના માટે મુસ્લિમો અગ્નિકુંડ અર્થે લાકડા વીણી કાઢે એમ માગે છે. પરંતુ જાહેર પ્રજામતની વેદી ઉપર જો કોઇ દાઝયું હોય તો તે કેવળ મુસ્લિમ ડેલીગેશન છે અને મુસ્લિમ ડેલીગેશન હિંદ ખાતે પાછું ફરશે ત્યારે તેને પ્રજાની સઘળી ટીકા અને હાંસીની બદનામી વહોરવી પડશે."

બીજી રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ વખતે લંડનમાં લવાદો તરીકે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. તથા ગાંધીજીના નામો સુચવવામાં આવ્યા હતા. જો શીખો ગાંધીજીમાં વિશ્વાસ રાખવા તૈયાર હોય તો છેલ્લી ઘડીએ પણ તેઓ બન્નેની લવાદી ઉપર કોમી સવાલ છોડી દેવો. તેઓનો નિર્ણય આખું હિંદ સ્વીકારશે એવી ધારણા રાખવામાં આવતી હતી.

## નામદાર વલીઅહદની હિંદમાં પધરામણી.

નવેમ્બર માસની તા. ૨૧મી ને શુક્રવારના દિને મૌલાના હાઝર ઇમામના વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે મુંબઇમાં કદમ મુબારક કર્યા હતા. તેઓ નામદારને જમાતોએ દિલોજાન આવકાર આપ્યો હતો. તેઓશ્રી હિંદની મુસાફરીએ પણ સિધાવ્યા હતા. કપુરથલા, ઇંદોર, ધરમપુર, ગ્વાલીયર વિગેરે સ્થળોએ તેઓ નામદારને અજોડ માન આપવામાં આવ્યું હતું. અહમદનગર ખાતે વારસ ડાહ્યાભાઇ વેલજીએ તેમજ વારસ મુસાભાઇએ તથા સમસ્ત જમાતે તેઓ નામદારને ભાવભીનો આવકાર આપ્યો હતો. અહિંથી તેઓશ્રી દોલતાના જંગલોમાં શિકારે ગયા હતા. પુનાની "અન્જુમને ઇતેહાદે ઇસ્લામ"ના આશરા હેઠળ પુનાની મુસ્લિમ જનતા તરફથી તેઓશ્રીને માનપત્ર ઇનાયત કરવામાં આવ્યું હતું.

## ઇતિહાસીક રાઉન્ડ ટેબલ કોન્ફરન્સોમાં અજોડ સેવા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ જુદા જુદા અનેક ક્ષેત્રોમાં સક્રિય ભાગ લઇ જે ખ્યાતિ મેળવી છે, તેવીજ રીતે ઇ. સ. ૧૯૩૦ના સત્યાગ્રહ દરમ્યાન અને ત્યારપછી લંડનમાં મળેલી ત્રણ રાઉન્ડ ટેબલ કોન્ફરન્સોમાં તેઓશ્રીએ સુંદર અને સફળ ભાગ ભજવી, હિંદી ડેલીગેટોની જે ડહાપણ ભરેલી રેહબરી કરી હતી તે હિંદના બંધારણિય ઇતિહાસમાં સુવર્ણાક્ષરે નોંધાઇ રહેલ છે, કારણ કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને જોઇન્ટ સિલેકટ કમિટીના બ્રિટીશ હિંદના ડેલીગેટોના પ્રમુખ તરીકે મહાન મુંઝવણવાળા ચાર વર્ષો દરમ્યાન તેઓશ્રીએ પોતાના વ્યકિતત્વની પ્રતિભા એટલી હદ પર્યંત દેખાડી હતી કે ઇગ્લેંડ અને હિંદના સર્વથી ચાલાક અને સર્વથી વધુ અનુભવી રાજનીતિજ્ઞો પણ દિંગ થઇ ગયા હતા.

રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં મુસ્લિમ રાજ્યદ્વારીની સંગીનતા ટકાવી રાખવા અને જુદી જુદી કોમો તથા લાભો ધરાવનારા પ્રતિનિધિઓ વચ્ચે સંજોગોનુસાર શકય એટલો વધુ સહકાર મેળવવા અને સામાન્ય સમજુતિ પેદા કરવામાં પોતાના હમદીનો અને દેશબંધુઓ ઉપર એક મહાન દેશભકત અને રાજનીતિજ્ઞ તરીકે તેઓ નામદારની લાગવગ જવાબદાર હતી.

## જોઇન્ટ સિલેકટ કમિટીના આગેવાન નેતા—જોઇન્ટ મેમોરન્ડમ.

મૌલાના હાઝર ઇમામને જોઇન્ટ સિલેકટ કમિટીના હિંદી ડેલીગેટોના નેતા તરીકે સર્વાનુમતે પસંદ કરવામાં આવ્યા હતા અને તેઓશ્રીએ કુનેહવાળા રાજદ્વારી અને મહાન મુત્સદ્દી તરીકેજ ફકત નહિ પરંતુ પક્ષપાત વગરના સમદર્શી સરનશીન તરીકે સર્વ કોમના માનભાવ અને વફાદારી તેઓશ્રીએ જીતી લીધાં હતાં.

રાઉન્ડ ટેબલ કોન્ફરંસમાં તેઓશ્રી માત્ર મુસ્લિમોનાંજ નહિ પરંતુ આખાય બ્રિટીશ હિંદના ડેલીગેટોના સ્વીકારાયેલા નેતા હતા અને તેથી તેઓશ્રીએ પોતાના દેશની રાષ્ટ્રિયતા માટેની અચલિત વફાદારીથી હિંદના દાવાઓ માટેની મજબુત હિમાયત કરી હતી.

જોઈન્ટ પાર્લામેન્ટરી કમિટી સન્મુખ તેઓ નામદારની નેતાગીરી તળે હિંદી રાજ્યદ્વારીઓના મોડરેટ "ગ્રુપે" જે જોઈન્ટ મેમોરેન્ડમ રજુ કર્યું હતું, તેમાં તેઓશ્રીના સમર્થ વ્યકિતત્વનો પ્રભાવ સર્વત્ર દેખાઈ આવ્યો હતો, કે જે "મેમોરન્ડમ" ભવિષ્યની ઓલાદના વારસામાં એક ઇતિહાસિક દસ્તાવેજ તરીકે રહેશે, કારણ કે તેમાં બ્રિટીશ જનતા સમક્ષ હિંદનો દાવો અતિશય કટોકટીના તબક્કે સ્પષ્ટતાથી અને ખુલ્લા દિલે રજુ કરાયો હતો. આ "મેમોરેન્ડમ" સઘળી કોમોના પ્રતિનિધિઓ વચ્ચે એકતા સ્થાપવા માટેના અણુથક પ્રયાસોના એક "યાદગાર ચિન્હ" તરીકે લેખાશે એમાં કંઇપણ શંકા નથી.

## મૌલાના હાઝર ઈમામને મુસ્લિમ ડેલીગેટો તરફથી માન.

લંડનથી ઇ. સ. ૧૯૩૨ના જાન્યુઆરીની ૨૧મીના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે, રાઉન્ડ ટેબલ કોન્ફરંસમાં મુસ્લિમોના નેતા તરીકે મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની કાર્યદક્ષતા અને નિર્ણયશક્તિ માટે આજકાલ બહોળો પ્રચાર થઇ રહ્યો છે. તેઓશ્રી પારીસ પાછા સિધાવે તેની પહેલાં કોન્ફરંસના મુસ્લિમ ડેલીગેટોની એક છેવટની સભા મળી હતી, જેમાં કોન્ફરંસના આખા કામકાજ દરમ્યાન પ્રશંસાપાત્ર કાર્યથી પોતાના દેશ અને કોમની તેઓ નામદારે જે અજોડ સેવા કરી છે, તે માટે આભારની ઉંડી લાગણી દર્શાવનારો સર મુહમ્મદ શફીનો ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. તેઓશ્રીને સોંપવામાં આવેલા કાર્ય માટેની તેઓશ્રીના ખંત, અનુભવ, જ્ઞાન અને તેઓશ્રીનાં આકર્ષક વ્યકિતત્વ વિષે એ પ્રસંગે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

પ્રત્યુત્તરમાં તેઓ નામદારે આભાર માનતાં, પોતાના કુશળ અને બાહોશ ઓન. સેક્રેટરી ડૉ. શફાઅત એહમદખાનની સેવાઓની કદર કરનારી દરખાસ્ત રજુ કરી હતી.

## દેશી રાજ્યો અને કોન્ફરંસના હિંદી ડેલીગેટો તરફથી મેળાવડો.

રાઉન્ડ ટેબલ કોન્ફરંસ અને સિલેકટ કમિટીમાં મૌલાના હાઝર ઇમામે સફળતાથી કામકાજ બજાવવા માટે દેશી રાજ્યો અને બ્રિટીશ હિંદના સિલેકટ કમિટીના હિંદી ડેલીગેટો તરફથી મૌલાના હાઝર ઈમામના માનમાં ડોરચેસ્ટર હોટલમાં એક મેળાવડો કરવામાં આવ્યો હતો. એ પ્રસંગે દેશી રાજ્યો વતી સર અકબર હયદરી તથા હિંદી ડેલીગેટો તરફથી સર તેજ બહાદુર સપરૂએ તેઓ નામદારની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, તેઓ નામદારે રાઉન્ડ ટેબલ કોન્ફરંસમાં જે સફળતાભરી દોરવણી આપી છે, તે સ્તુતિપાત્ર છે. તેઓ નામદાર એકંદર રીતે આખા હિંદને અનુકુળ આવે તેવી રીતે કોમી દાવાનો ઉકેલ અને સામાન્ય રાજનીતિ કરવાનો પ્રયાસ કરતા આવ્યા છે. તેઓ નામદાર મુસ્લિમ ડેલીગેશનના નેતા છે, તો પણ ખાસ નોંધવા જેવી એક બિના એ છે કે તેઓને બ્રિટીશ હિંદના પ્રમુખ તરીકે ચુંટી કહાડવામાં આવ્યા છે. પોતાને આપવામાં આવેલા માનનો સામટો જવાબ આપતાં મૌલાના હાઝર ઇમામે સઘળાનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, હું મારા દેશબાંધવોને ફરી ફરી ભલામણ કરૂં છું કે તમને સોંપવામાં આવનારી સત્તા તથા જવાબદારીનો ઉત્તમ ઉપયોગ કરશો. મને ખાત્રી છે કે આ રીતે આપણે પૂર્ણ સંસ્થાનિક સ્વરાજનો દરજ્જો મેળવી શકીશું.

રાઉન્ડ ટેબલ કોન્ફરંસના બ્રિટીશ ડેલીગેટોને ભલી લાગણી દર્શાવવા એક મિજબાની આપવામાં આવી હતી, જેના પ્રમુખપદે મૌલાના હાઝર ઇમામ બિરાજ્યા હતા.

સિંધ અને વાયવ્ય સરહદ પ્રાંત (નોર્થવેસ્ટ ફ્રન્ટિયર પ્રોવિન્સીસ)ને લગતા સવાલના સંબંધમાં રાઉન્ડ ટેબલ કોનફરંસના મુસ્લિમ ડેલીગેટોના એક ડેપ્યુટેશનને મુલાકાત આપવા મૌલાના હાઝર ઇમામે હિંદી વઝીર સર સેમ્યુઅલ હોરને દરખાસ્ત કરી હતી.

## લંડન નેશનલ લીગના મેળાવડામાં મનનીય ઉદ્દગારો.

લંડનમાં તા. ૧૫ મી ડિસેમ્બરના દિને, આમની સભાના નંબર ૧૦ વાળા કમિટીના રૂમમાં "નેશનલ લીગ"ના આમંત્રણથી એક વગદાર મેળાવડો, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના ઇસ્લામી ડેલીગેટોને આવકાર આપવા માટે લોર્ડ લેમિંગટનના પ્રમુખપણા હેઠળ યોજવામાં આવ્યો હતો. આ મેળાવડામાં એલચીઓ, કોનસલો, પાર્લામેન્ટના બન્ને સભાના સભ્યો વિગેરેની હાજરી ધ્યાન ખેંચનારી હતી. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ આ મેળાવડામાં પોતાના વિચારો દર્શાવતાં જણાવ્યું હતું કે:

"હું તમોને ખાત્રી આપી શકું છું કે, હિંદના ઇસ્લામીઓ આ દેશ અને હિંદની પ્રજાકિય અભિલાષાની વચ્ચે કોઇપણ રીતે આવવા માંગતા નથી, એથી ઉલટું તેઓ એવી આતુરતા ધરાવે છે કે પ્રજાઓના સામ્રાજ્યમાં સમાનતા મેળવવા તરફના હિંદની વ્યવસ્થાપૂર્વકની પ્રગતિ માટેની ખાત્રી મળી શકે. પોતાની માતૃભુમિનાં સારા નામ અને પ્રતિષ્ઠાને માટે તેઓ પોતાના હિંદુભાઇઓ કરતાં સહેજ પણ ઓછા કાળજીવાળા નથી. પુરાણા જમાનામાં અને હાલનાં વખત બન્નેમાં હિંદે દુનિયાની વિચાર અને સંસ્કૃતિમાં જે ફાળાઓ આપ્યા છે તે માટે-એ ફાળાઓ આપવામાં ગમે તે ધર્મ કે કોમના આગેવાનોના હાથ હોય છતાં-ઇસ્લામીઓ મગરૂરી લેતા આવ્યા છે. કેટલાકો આ વાત પિછાણી શકતા નથી કે હિંદમાં આજે ઇસ્લામ પ્રજાકિય અમલ માટેનું એક સર્વથી મોટું વ્યકિતગત બળ છે.

## લંડનમાં સાલગ્રેહની શાનદાર ઉજવણી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની મુબારક સાલગ્રેહ, નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે તા. ૨૭ નવેમ્બરના દિને લંડન ખાતે ઉજવી હતી અને તેની ખુશાલીમાં એક શાનદાર "ડીનર પાર્ટી" સ્ટ્રેટન સ્ટ્રીટમાં આવેલા "માલમેસો" નામના એક ભવ્ય મકાનમાં યોજવામાં આવી હતી. જેમાં મુખ્ય માનીતા મહેમાન મૌલાના હાઝર ઇમામ અને બેગમ સાહેબા ઉપરાંત ભોપાલના નવાબ, સારીલાના રાજા, સાંગલીના ચીફ, ના. નિઝામના વલીઅહદ શાહઝાદા આઝમજાહ, માજી નાયબ હિંદી પ્રધાન અર્લ પીલ, હિંદી પ્રધાન સર સેમ્યુઅલ હોર અને લેડી હોર, ડુમીનીયમ સેક્રેટરી, જે. આર. થોમસ, માજી હિંદી પ્રધાન મી. વેજવુડબેન, સર મુહમ્મદ શફી, લેડી ડાયના કુપર, ના. નિઝામના ફિનાન્સ મેમ્બર સર અકબર હયદરી, મહિસુર રાજ્યના દીવાન મીરઝા ઇસમાઇલ, જનાબ ઝીણા અને મીસ ઝીણા વિગેરે ઘણી જાણીતી અને વિખ્યાત વ્યક્તિઓએ હાજરી આપી હતી.

## જો હું જગતનો સરમુખત્યાર (ડીકટેટર) હોઉં તો હું શું કરૂં?

ઇ. સ. ૧૯૩૧ના નવેમ્બર માસની તા. ૫ મીની રાત્રે "જો હું જગતનો સરમુખત્યાર (ડીકટેટર) હોઉં તો હું શું કરૂં?" એ વિષય ઉપર બ્રોડકાસ્ટ કરેલા ભાષણમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ જણાવ્યું હતું કે: "સઘળા લશ્કર અને દરિયાઇ કાફલાને ભુંસી નાખીને

જગતના બીજા મહાન યુધ્ધને અશકય બનાવવાની મારી સરમુખત્યાર તરીકેની પહેલી ફરજ રહેશે અને સરમુખત્યારને સલાહ કરવાને "લીગ ઓફ નેશન્સ" અર્થાત પ્રજા સંઘના સ્થાને જીનીવામાં સમસ્ત જગતની એક પાર્લામેન્ટની સ્થાપના કરૂં. એક સર મુખત્યાર તરીકે હું દરેક જણને કોઇપણ એક પ્રકારની રમતગમતમાં હિસ્સો લેવાની ફરજ પાડું અને ૧૮ થી ૨૦ વર્ષ સુધી નર કે નારી બન્ને જાતિના બાળકો માટે "ફરજિયાત કેળવણી" માટે વિશ્વવ્યાપી જોગવાઇ રાખું. સરમુખત્યારી તરીકે મને સત્તા સોંપાય તો જુદા જુદા દેશોની કૃત્રિમ સીમાઓને દુર કરૂં અને સામુદાયિક ભાષા અને સંસ્કૃતિના ધોરણે આખી દુનિયાના વિભાગોની પુનર્રચના કરૂં."

## હિંદના પ્રતિનિધિ તરીકે શસ્ત્રબંધી કોન્ફરંસમાં.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. જીનીવા ખાતે મળેલી શસ્ત્રબંધી કોન્ફરંસમાં હિંદના પ્રતિનિધિ તરીકે બિરાજ્યા હતા. ઈ. સ. ૧૯૩૨ ના ફેબ્રુઆરી માસની તા. ૧૯ મીના સંદેશા પ્રમાણે આ કોન્ફરંસમાં તેઓ નામદારે પોતાના ભાષણમાં જણાવ્યું હતું કે:– "મારા અનેક કરોડ દેશબંધુઓ સુલેહ માટેના પ્રેમને અને હિંસાના ત્યાગને માનવ સદગુણોમાં સર્વથી મોખરેનું સ્થાન આપે છે, તેઓ વતી હું શસ્ત્રબંધી પરિષદના કાર્ય માટે ટેકો આપું છું." ત્યારપછી તેઓશ્રીએ ફ્રેન્ચોની દરખાસ્તોને બારીકાઇથી છણાવટ કરી હતી અને આંતરરાષ્ટ્રિય કાયદાઓની કલમોની મહાન અને ગુંચવણ-ભરેલી પુનર્રચના માટેના એક મહાભારત સવાલ તરીકે એ આખો વિષય જણાવ્યો હતો. લડાઇના ખાસ લક્ષણોનો નાશ કરવાની વિશાળ ભાવનામાં શસ્ત્રબંધીના કાર્યને આગળ ધપાવવાની છેવટમાં તેઓશ્રીએ અપીલ કરી હતી.

## હિંસાનો વિરોધ એ હિંદનો આદર્શ.

હથિયારબંધી કોન્ફરન્સની જનરલ કમિટીની સભા સન્મુખ મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. હથિયારબંધીની બ્રિટીશ યોજનાને હિંદ વતી ટેકો આપતાં બોલ્યા હતા કે, માનવજાતના સદગુણોમાં હિંસાનો નિષેધ હિંદીઓ પ્રથમ દરજ્જે મુકે છે. આંતરદેશીય આફત ઉભી થવાનું જોખમ બહુ એ એક ચોકકસ વાત છે, તે દુર કરવાનો નિશ્ચય કરવા હું કોન્ફરન્સને અરજ કરૂં છું. પૂર્વની પ્રજા નૈતિક તેમજ આધ્યાત્મિક વિષયમાં ચડીયાતી હોવાનું પશ્ચિમની પ્રજા માન્ય રાખતી નથી. હવે યુરોપની સામે બે પ્રકારની સ્થિતિ આવી ઉભી રહી છે. કાંતો તે મનુષ્યની નૈતિક સ્થિતિ કેમ સુધારી શકાય તે શિખવવામાં એશિયાનું ગુરૂ બને, કાંતો તેનો નાશ કેમ કરવો તેનું શિક્ષણ આપનાર તરીકે પોતાનું નામ ઇતિહાસમાં નોંધાવે.

## હિંદના પ્રતિનિધિ તરીકે લીગ ઓફ નેશન્સમાં.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઇ. સ. ૧૯૩૨ થી લીગ ઓફ નેશન્સ–પ્રજાસંઘમાં હિંદના પ્રતિનિધિ તરીકે બિરાજ્યા હતા. પ્રજાસંઘ દ્વારા તેઓ નામદારે વિશ્વના રાજકારણમાં ઘણી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. તેઓ નામદારે રેડીઓ પરથી કરેલા બ્રોડકાસ્ટ–વાયુ પ્રવચનોમાં અનેક વેળાએ ચર્ચેલા વિશ્વના અગત્યના પ્રશ્નોના કારણે તેઓશ્રી જગતભરમાં વિખ્યાત થઇ જવા પામ્યા હતા. ચીન જાપાન વચ્ચેના ઝઘડાઓ અંગે તપાસ કરવા માટે જે ખાસ સભા બોલાવવામાં આવી હતી, તેમાં ગયેલા હિંદી પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ મૌલાના હાઝર ઇમામે સંભાળ્યું હતું. ચીન જાપાનની લડાઇનું બારીક નજરે અવલોકન કરી, તેઓ નામદારે લીગ ઓફ નેશન્સને લડાઇનો અંત આણવા, આ સભામાં જુસ્સાદાર ભાષણ કરી, આગ્રહ કર્યો હતો. આ ભાષણે વિશ્વભરમાં તેઓશ્રી માટે સુંદર છાપ ઉપજાવી હતી. મિસર જ્યારે પ્રજાસંઘમાં જોડાયું ત્યારે પણ તેઓશ્રીએ જે ભાષણ કર્યું હતું, તે યાદગાર રહી જવા પામ્યું છે.

## ફરી હિંદુ-મુસ્લિમ સવાલ.

૧૯૩૨ ના ઓકટોબર=હિજરી સન ૧૩૫૧ ના જમાદીયુલ આખિર માસમાં બંગાળના મુસ્લિમ અગ્રેસરો મી. એ. એચ. ગિઝનવી અને ડૉ. સુહરાવર્દીએ એક સ્ટેટમેન્ટ બહાર પાડી જણાવ્યું કે હિંદુ-મુસ્લિમ સવાલનો ફડચો થયેલો જોવા તેઓ રાજી છે, છતાં લખનઉ કોનફરંસથી તેનો નિવેડો આવનાર નથી. મહાત્મા ગાંધીજી તેનો વાસ્તવિક રીતે નિકાલ આણવા માંગતા હોય તો મૌલાના શવકતઅલી અથવા પંડિત માલવીયા સાથે મસલત ચલાવવી જોઇએ નહિ, પણ તેઓએ નામદાર આગાખાન સાહેબ સાથે મસલત ચલાવવી જોઇએ. કારણ કે હિંદના મુસ્લિમોના તેઓ નામદાર સ્વીકારાયલા લીડર છે, અને તે સબબથી લખનઉમાં કાંઇ કાર્યસાધક કામ થનાર નથી."

## જમાતોને સંદેશા—નામદાર વલીઅહદ હિંદમાં.

લંડનથી નવેમ્બર માસની તા. ૨૬ મી=રજબ તા. ૨૬ મીએ મૌલાના હાઝર ઇમામે મુંબઇની શીઆ ઇમામી ઇસમાઇલીઆ કાઉન્સીલના પ્રમુખ ઉપર એક તાર દ્વારા સંદેશો મોકલ્યો હતો અને તેમાં જણાવવામાં આવ્યું હતું કે: "અમો અહિંયા છીએ તે દરમ્યાન હિંદમાં રાજદ્વારી સુલેહશાંતિની સ્થાપના માટેનું કાર્ય કરવામાં અને ત્યારપછી જીનીવા ખાતે હથિયારબંધી કોન્ફરન્સની બેઠકમાં કામ કરવા અમો બહુ રોકાયલા રહીશું. હથિયારબંધી કોન્ફરન્સની છેવટની બેઠકના પરિણામે આપણે બધા આશા રાખીએ કે દુનિયાનો આર્થિક મામલો સજીવન થશે અને સઘળા માનવીઓ તેમજ અમારા રૂહાની બાળકો માટે પણ અતિશય દુઃખદાયક નિવડેલી મંદીનું છેવટ આવશે."

વળી તેઓ નામદારે એક બીજો સંદેશો નામદાર વલીઅહદ પ્રિન્સ અલી સલમાનખાન સાહેબ મારફતે મુંબઇ ખાતે મોકલાવ્યો હતો, જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે: "હું હિંદ આવવા ઘણો રાજી છું. પણ મારા બદલે મારા પ્યારા ફરજંદને મોકલું છું, કારણ કે ઇસ્લામનું ભાવિ તકરારમાં છે અને ઇસ્લામ સાથે ઇસમાઇલીઓનું ભવિષ્ય પણ જોડાયલું છે. એવા વખતમાં એક પણ પગલું ભરવામાં ભુલ થશે, તો તે ઘણું જોખમભરેલું થશે. જેમ હઝરત પયગમ્બર સ. ની વફાત પછી હઝરત અલી અ. એ ભોગ આપ્યો હતો તેમ હું પણ ઇસલામ માટે ભોગ આપું છું. હું હિંદમાં નવેમ્બરમાં આવનાર છું. મુસ્લિમો અને ઇસ્લામનો ફેંસલો ન થાય ત્યાં સુધી હું વિલાયતમાં રહીશ. બધા સ્વતંત્ર રાજાઓએ હથિયારબંધી તથા લશ્કરના સુધારાના બારામાં મને અરજ કરી છે, તે બારામાં જીનીવામાં હાજર રહી ફેંસલો થાય ત્યાં સુધી હું રોકાઇશ. આજ કાલ દુનિયાની સ્થિતિ ઘણી ખરાબ છે. કોનફરંસ ફેબ્રુઆરીમાં ભરાશે ત્યાંસુધી હું નહિ જાઉં તો ખરાબ લાગે. દુનિયાની આર્થિક સ્થિતિ ઉપર વાટાઘાટ ચાલે છે. મનુષ્ય જાત સારી હાલતમાં આવી શકે તે માટે છેવટની કોશિશમાં છું." ઇ. સ. ૧૯૩૨ ના ડિસેમ્બર માસની તા. ૫ મીને સોમવારના દિને નામદાર વલીઅહદ હિંદ ખાતે પધાર્યા હતા.

## નામદાર વલીઅહદ કરાચીમાં—સિંધ માટે સારો વખત આવે છે.

નામદાર વલીઅહદ મુંબઇથી હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં પ્રવાસો કરી, જમાતોની ઘણી હેત મહોબ્બત સાથે મુલાકાતો લીધી હતી. તેઓશ્રીએ કલકત્તા, પિનાંગ, સિંગાપુર અને બરમા-રંગુનની મુલાકાતો પણ લીધી હતી. બરમી પ્રજા તરફથી તેઓ નામદારનો ભારે સત્કાર કરવામાં આવ્યો હતો અને માનપત્ર પણ ઇનાયત કરવામાં આવ્યું હતું.

તેઓશ્રી ડિસેમ્બર મહિનાની તારીખ ૨૫ મીના દિને કરાચી ખાતે પધાર્યા ત્યારે જમાતોએ તેઓ નામદારને હરખભર્યો આવકાર આપ્યો હતો. તેઓ નામદારે ફરમાવ્યું હતું કે: "મારા પ્યારા પિતાની જન્મભુમિ કરાચીમાં આવ્યો છું. એથી મને વધારે ખુશી ઉત્પન થાય છે. મારા વ્હાલા પિતાશ્રી દુનિયાની ભલાઈ માટે જીનીવામાં મહેનત લઈ રહ્યા છે. દુનિયાની ઉન્નતિની શરૂઆત સિંધમાંથી થશે. મારા પિતાશ્રીએ દુનિયાની બહેતરી માટે ઘણાં કામો હાથમાં લીધા છે, જેમાં સિંધનું કામ ઘણું મોટું છે, જેની ખુશ વધાઇ તમો થોડા દિવસમાં સાંભળશો. સિંધ મુંબઇથી છુટું પડશે ત્યારે સિંધ માટે ઘણું સારૂં થશે. સિંધમાં સારો વખત આવે છે. તમો સંપસલાહથી વર્તજો, કરકસર કરજો." તેઓ નામદારને જુદી જુદી સંસ્થાઓ તરફથી ઘણાં માનપત્રો પણ અર્પણ કરવામાં આવ્યા હતા.

## નામદાર વલીઅહદના માનમાં વડા મુલ્લાંજી સાહેબ તરફથી પાર્ટી.

હિંદની મુસાફરીએથી તેઓ નામદાર પુનઃ મુબંઇ પધારતાં, મૌલાના હાઝર ઇમામના મુબારક તાલીકા અનુસાર તેઓશ્રીએ મુંબઇની સમસ્ત જમાતને મૌલાના હાઝર ઇમામ વતી ઇ. સ. ૧૯૩૩ ના જાન્યુઆરી મહિનાની તા. ૨૯ મીના દિને ખડક પરના મોટા જમાતખાને પધારી જમાતોને દસ્તબોશી કરાવી હતી.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના વહાલા વલીઅહદ નામદાર પ્રિન્સ અલીખાન સાહેબને, વહોરાઓના વડા મુલ્લાંજી સૈયદના તાહેર સૈફીદીન સાહેબે, વોર્ડનરોડ પર આવેલા પોતાના "વેસ્ટ ફિલ્ડ" નામના બંગલામાં પાર્ટી આપી હતી. આ પ્રસંગે ઇસમાઇલીઓ અને દાઉદી વહોરા કોમના આગેવાનો પણ હાજર રહ્યા હતા; વડા મુલ્લાંજી સાહેબ અને નામદાર વલીઅહદ વચ્ચે ઇસમાઇલી વિષય ઉપર મિત્રાચારી ભરી વાતચિત થઇ હતી. વિદાય વખતે વડા મુલ્લાંજી સાહેબે તેઓ નામદારને પોતાના શુભ હસ્તે ફુલનો હાર પહેરાવ્યો હતો.

## પ્રિન્સ સદરૂદીનનો જન્મ.

ઇ. સ. ૧૯૩૩ ના જાન્યુઆરીની તા. ૧૭ મી એટલે હિજરી સન ૧૩૫૧ ના રમઝાનની તા. ૪ થીના પેરીસથી એક તારનો સંદેશો મૌલાના હાઝર ઇમામને "કાન" ખાતે મળ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે હર હાઇનેસ બેગમ સાહેબાએ પુત્રરત્નનો જન્મ આપ્યો છે. શાહઝાદા તથા બેગમ સાહેબા ખુશીમાં છે. શાહઝાદા અતિશય ખુબસુરત છે. તે પછી તેઓ નામદાર પેરીસ ખાતે રવાના થયા હતા અને અમેરિકન મેટરનીટી હોમમાં બેગમ સાહેબા તથા શાહઝાદાની મુલાકાત લીધી હતી. નામવર શાહઝાદાનું નામ મૌલાના હાઝર ઇમામે સદરૂદીન રાખ્યું હતું.

## રિટઝ હોટલમાં ખાણાનો મેળાવડો.

૧૯૩૩ ના જુલાઇની તા. ૧૩ મી એટલે હિજરી સન ૧૩૫૨ ના રબીઉલ આખિરની તા. ૧૩ મીના મૌલાના હાઝર ઇમામ અને હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબાએ "રિટઝ હોટલ" માં એક ખાણાનો મેળાવડો કર્યો હતો. શણગાર સામગ્રી સુંદર રીતે ગોઠવવામાં આવી હતી જેમાં ખાણાના ટેબલો ઉપર લાલ લીલા રંગના ઇસમાઇલી રંગવાળા પાથરણા બિછાવવામા આવ્યા હતા. મૌલાના હાઝર ઇમામ, નામદાર બેગમ આગાખાન સાહેબા તથા કાઉન્ટેસ ઓફ વિલીંગડન, પરોણાઓને આવકાર આપતા હતા.

## નેશનલ લીગ—ઇસ્લામનો વેપાર ઉદ્યોગનો આદર્શ.

ઇ. સ. ૧૯૩૩ના આગસ્ટ એટલે હિજરી સન ૧૩૫૨ ના રબીઉલ આખિરમાં મૌલાના હાઝર ઇમામે નેશનલ લીગના એક મેળાવડામાં ઇસ્લામ અને વેપારના સંબંધમાં વિવેચન કરતાં જણાવ્યું હતું કે, "અમારા પયગમ્બર સાહેબે પણ પોતાનું જીવન એક ધંધાદારી અને વેપારી તરીકે શરૂ કર્યું હતું અને ઇલાહી સંદેશો મળ્યો તે ઘડી સુધી તેઓ મક્કાના એક આગેવાન વેપારી હતા, એ બિના સામાન્ય રીતે જણાયલી નથી, પરંતુ કુરઆને શરીફમાં સંખ્યાબંધ એવા વાક્યો છે જેમાં ઇમાનદાર અને મોમિનોના મન ઉપર વેપાર ઉદ્યોગ અને હુન્નરની સંગીન મહત્વતાજ નહિ પણ તેમના લાભો દર્સાવવામાં આવ્યા છે."

## "રેસમાં દાવ લગાડતા નથી."

મૌલાના હાઝર ઇમામ ઘોડાઓ પ્રત્યે પ્રેમ ધરાવે છે. યુરોપના સર્વથી સુંદર ઘોડાઓ રાખવા અને પોતાના હસ્તક ઉછેરવાની તેઓશ્રીની ખાસ નેમ છે. યુરોપના રેસીંગના મેદાનમાં દરેક જીતવા લાયક 'ક્લાસિક' શરત તેઓશ્રી જીતી ચુક્યા છે. શરતની દરેક મોસમમાં ઇનામની રકમ ૪૭,૦૦૦ થી ૫૦,૦૦૦ પાઉન્ડ સુધી તેઓ નામદાર મેળવી શકયા છે. ગયા વર્ષમાં ૫૭,૭૭૮ પાઉન્ડની કિંમતની ૨૮ શરતો તેઓ નામદારના ઘોડાઓ જીત્યા હતા. તેમના સર્વથી નિકટના હરીફ લોર્ડ રોઝબરી કરતાં એ રકમ ૪૦,૦૦૦ પાઉન્ડ વધુ હતી. કુરા ખાતેના તેઓ નામદારના તબેલામાં સર્વથી સરસ ઘોડાઓ છે. અત્રે જે વછેરાઓ આ સાલમાં જન્મ્યા છે, તેમાંથી વીસ વછેરા એવા છે કે જે દરેકની કિંમત હજારો પાઉંડની આવશે. આ એક સોનાની ખાણ છે છતાં તેઓ નામદારના મુળ હેતુથી તેનો સંબંધ નથી; તેઓશ્રી કદી પણ દાવ લગાડતા નથી. એ ન મનાય તેવી વાત છે છતાં તે સાચી છે. તેઓ નામદાર જુગટું રમનાર જુગારી નથી અને ન તો અગાઉ કદી પણ હતા. પોતાના આશ્ચર્યકારક હાસ્ય સહિત શરત જીતી આવનાર પ્રાણીને તેઓ "રેન" પકડી દોરી પાછા લાવતાં હોય છે ત્યારે તેઓ નામદાર અમુક નાણાંની રકમ જીત્યા છે એ ખ્યાલને કારણે આ હાસ્ય હોતું નથી.

## અર્ધા રાજ્યના મુલ્યનું પહેરણ!

મૌલાના હાઝર ઇમામના અશ્વ માટેના પ્રેમથી પરિચિત તેઓશ્રીના એક ઓળખીતા સાથે એસ્કોટના મેદાનમાં મેળાપ થતાં તેઓ નામદારે પેલા શખ્સને પુછ્યું કે "શું તમો ટોટનું ચક્કર જોઇ રહ્યા છો કે કોઇ ઘોડા ઉપર દાવ લગાડવાની તૈયારી કરી રહ્યા છો?" જવાબમાં તેણે કહ્યું કે "જો આપ નામદાર મને કોઇ ખાત્રીભરી ટીપ આપશો તો મારા પહેરણનું જોખમ હું ચોક્કસ ખેડીશ." તેઓ નામદારે હાસ્ય સહિત ડોકું ધુણાવીને કહ્યું:—"તમારૂં પહેરણ તમારી પાસે રહેવા આપો. કદાચ એક બાદશાહના અર્ધા રાજ્યના મુલ્યનું તમારૂં પહેરણ હોય!"

પોતાની વાતના ટેકામાં એક હિકાયત પેલા આસામીને સંભળાવતાં તેઓ નામદારે કહ્યું:— "એક બીમાર બાદશાહને સાજો કરવા હકીમોએ એવી સલાહ આપી કે, જે યાત્ર સુખી જીવન ભોગવનાર શખ્સ હોય એવા સુખી માણસનું પહેરણ લાવનારને શાહ પોતાનું અર્ધું રાજ્ય આપી દેશે. બાદશાહના સઘળા માણસો એક એવું પહેરણ ધરાવતાં સુખી માણસની તલાસમાં બગદાદથી ઇસ્તમ્બુલ સુધી ખુંદી વળ્યા પણ દરેક કોઇને કોઇ ઇરાની ભાષામાં જેને "દર્દે જીગર" કહે છે એવા ગુપ્ત કષ્ટથી પીડાતું જણાતું હતું. એક દિવસ રાજ્યમહેલ બહારના રાજમાર્ગ પર એક માણસ ખુબ હસતો દેખાયો. લોકો પણ તેને જોઇને હસવા લાગ્યા. લોકોએ વિસ્મય પામીને તેને પુછ્યું:—"તું શાને હસે

છે?" તેણે ઉત્તર આપ્યો:—"દુનિયામાં મને એક પણ દુઃખ નથી, તેટલા માટે હસું છું." લોકોએ તેને સર્વથી સુખી માણસ જાણી તેના "પહેરણ"ના બદલામાં "અર્ધ રાજ્ય" આપવાની માંગણી કરી; એ સાંભળી પેલો શખ્સ વધારે હસવા લાગ્યો. ત્યારે લોકોએ કહ્યું:—"મુર્ખા! કેમ હસી રહ્યો છે?" તે મનુષ્ય બોલ્યો:—"હું તો તમારી મુર્ખાઇ પર હસું છું. મારા શરીર ઉપર પહેરણ છે જ ક્યાં?" તમારે તમારૂં પહેરણ સંભાળી રાખવું જોઇએ. કદાચ તેવો પ્રસંગ તમારા માટે પણ બને.

## જર્મન ઇજનેર હતાશ.

એક સમયે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ખાણું લઇ રહ્યા ત્યાં એક જર્મન ઇજનેર પોતાની એક યોજના લઇ આવ્યો. તેઓ નામદારે તે શખ્સની યોજના સાંભળી તેનું અવલોકન કરીને પુછ્યું કે:—"તમારી યોજના ફતેહમંદ થાય તો તમે દુનિયામા સૌથી તવંગર શખ્સ બનશો એમજ ને!"

"ખચીતજ સાહેબ!" એ શબ્દો ઉચ્ચારતાં પેલા ઇજનેરે પોતાની સંમતિ દર્શાવી ને તેણે ધારી લીધું કે તેણે પોતાની નેમમાંની એક પોઇન્ટ તેઓશ્રીના મન ઉપર બેસાડવામાં સફળતા મેળવી છે, અર્થાત તેણે ગણત્રી કરી કે તેઓ નામદાર તેની યોજનામાં રસ લઈ રહ્યા છે. પરંતુ, તેને પોતાની આ ધારણામાં નિરાશ થવું પડ્યું. તેઓ નામદારે પેલા ઇજનેરને કહ્યું:—"આપનો ઉપકાર થયો. તમારા કહેવા મુજબ જો હું એટલો બધો ધનવાન બનું, મારી રૂચી પણ ખોઇ બેશું અને બીમાર પડી જાઉં તો મારા લોકોની સેવા ન બજાવી શકું."

મૌલાના હાઝર ઇમામ ઉપર પોતાનો વિશ્વાસ બેસાડવાની હિકમત અજમાવવાની આશા રાખનાર ધુતારાને તેઓશ્રીની મુલાકાત લેવાનું ભાગ્ય પ્રાપ્ત થતાં ખુશી થાય છે, અને તે પછી કાંઇ આશ્ચર્યમાં ગરકાવ થઇને તે સમજી જાય છે કે એક તિક્ષ્ણ, બુધ્ધિશાળી, ચંકોર અને બાહોશ પુરૂષ સાથે તેને કામ પડ્યું હતું, અને તે મહાન નરે તેને તથા તેની યોજનાને તસુએ તસુ નિરખી લીધા પછી તેનો સાર માલમ પડી જતાં તેને સભ્યતાપુર્વક દરવાજો દેખાડવામાં આવ્યો હતો.

## અસહકાર કેમ ખીલ્યો?—આગલા આદર્શમાં શિથિલતા.

ગ્રોસવનર હાઉસ ખાતે સર સેમ્યુઅલ હોર અને લેડી હોરના માનમાં લંડન ખાતે આપવામાં આવેલા ખાણા પ્રસંગે હિંદને ફરી એકત્ર કરનારી રાજનીતિનું મંડાણ કરનાર તરીકે સર સેમ્યુઅલ હોરને ઇતિહાસમાં જીવંત રહેવાનું જણાવી વ્હાઇટ પેપર (શ્વેતપત્ર)ની યોજના તૈયાર કરવા સર હોરે લીધેલી સંભાળનાં સર હરિસિંગ ગોરે વખાણ કર્યાં હતા. ત્યારપછી સર હરિસિંગ ગોરની સલામતી લેવાડતાં મૌલાના હાઝર ઇમામે આ મુદ્દા ઉપર ભાર મુકયો હતો કે, "રાનાડે, ગોખલે અને તિલક જેવાની જીંદગીને યારી મળી હોત તો હિંદમાં કદી પણ અસહકાર ખીલી શકયો ન હોત."

## મૌલાના હાઝર ઇમામની હિંદમાં પધરામણી.

૧૯૩૩ના ડિસેમ્બરની તા. ૧૪મી અર્થાત હિજરી સન ૧૩૫૨ના શાબાન તા. ૧૮મીને ગુરૂવારના દિને મૌલાના હાઝર ઇમામ અને હર હાઇનેસ બેગમ આગાખાન અને હિઝ સીરીન હાઇનેસ વલીઅહદ અલી

સલામત ખાન સ્ટીમર "રજપુતાના" મારફતે યુરોપથી હિંદ આવી પહોંચ્યા હતા અને મુંબઇના કિનારે બેલાર્ડપીયરના મોલ ઉપર કદમ મુબારક કર્યા હતા. જમાત તરફથી એક શામીયાનો બંદર ઉપર ઉભો કરવામાં આવ્યો હતો. જ્યાં નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ પધારીને જમાતોને દુઆ આશિષ ફરમાવ્યા હતા. આશરે ૮૦૦૦ની ઇસમાઇલી સંખ્યાએ શામીયાનામાં હાજરી આપી હતી.

## મૌલાના હાઝર ઈમામનું મહાન કાર્ય – નેશનાલીસ્ટ છાપાના વખાણ.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ પોતાના ત્રણ વર્ષના યુરોપના વસવાટ દરમ્યાન હિંદ અને બ્રિટન વચ્ચે કાયમની માનભરી સમજુતિ કરવાના સંબંધમાં મસલત ચલાવવા લંડન ખાતે મળેલી ત્રણ રાઉન્ડ ટેબલ કોનફરન્સોમાં કિર્તિવંત ભાગ ભજવ્યો હતો અને પાંત્રીસ કરોડ હિંદી પ્રજાની આઝાદી માટે અને આઠ કરોડ મુસ્લિમોના હકકો સાચવવા માટે તેઓશ્રીએ મોટી લડતો ચલાવી, ડેલીગેશનના લીડર તરીકે તન, મન અને ધનથી કિંમતી સેવાઓ બજાવી મહાન કાર્ય કર્યું હતું, તેના માટે હિંદના કેટલાક વર્તમાનપત્રોએ તેઓ નામદારના ખુબજ વખાણ કર્યા હતા.

"નેશનાલીસ્ટ" નામના એક પ્રજાકિય છાપાએ જણાવ્યું હતું કે, "છેલ્લા ત્રણ વર્ષમાં નામદાર આગાખાન સાહેબે પહેલીજ વાર હિંદના વર્તમાન ઇતિહાસમાં હિંદુઓ, મુસ્લિમો, શીખો અને બીજી કોમના સઘળા ડેલીગેટોને જોડી નાખ્યા છે અને ડેલીગેટોએ પોતાના પ્રમુખ તરીકે તેઓ નામદારને પસંદ કરી તેમનામાં પોતાનો સંપૂર્ણ વિશ્વાસ દેખાડયો છે."

## યુરોપનો ખાસ નોંધવા લાયક વસવાટ–"ટીમ" તરીકે કાર્ય કરવાની પધ્ધતિ.

એજ પ્રમાણે "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ" નામના સુપ્રસિધ્ધ અંગ્રેજી વર્તમાનપત્રનાં એક લેખમાં દર્શાવવામાં આવ્યું હતું કે:–"યુરોપના ચાર વર્ષના વસવાટ પછી નામદાર આગાખાન સાહેબ ગઈ તા. ૧૪મી ગુરૂવારે મુંબઇ ખાતે આવી પહોંચ્યા છે. હથિયારબંધીની કોન્ફરન્સમાં હિંદના પ્રતિનિધિ તરીકેની તેઓશ્રીની જીનીવા ખાતેની પ્રવૃત્તિથી અને રાઉન્ડ ટેબલ કોન્ફરન્સની જુદી જુદી બેઠકોમાં અને પાર્લામેન્ટરી જોઇન્ટ સિલેકટ કમિટીમાં કરેલા કાર્યથી તેઓ નામદારનો યુરોપ ખાતેનો આ વસવાટ ખાસ નોંધવા લાયક થઇ પડયો હતો.

"રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ–જેના સંબંધમાં લોર્ડ ઇરવીન ૧૯૨૯માં ઇંગ્લેંડમાં હતા તેવણની સાથે અને તે સમયના હિંદી પ્રધાન સાથે મસલેહત કરી હતી તેના બંધારણનો સમય આવ્યો ત્યારે ડેલીગેટ થવા માટેનું આમંત્રણ તેઓ નામદારે સ્વીકાર્યું. સ્વભાવિક રીતે મુસ્લિમ ડેલીગેટોની નજર પોતાના લીડર તરીકે તેઓ નામદાર પ્રત્યે ઠરી અને કોન્ફરન્સના શરૂઆતના તબકકેથીજ એક "ટીમ" તરીકે હમેશાં કાર્ય કરવાની તેઓ નામદારની સુચના તેઓએ માન્ય રાખી હતી. આથી રાઉન્ડ ટેબલનું કામકાજ અતિશય લાભકારક રીતે તેઓ નામદાર ચલાવી શકયા હતા અને કોન્ફરન્સમાંથી કિંમતી પરિણામો મેળવી શકયા હતા.

## હિંદી ડેલીગેશનના સરનશીન – નિષ્પક્ષપાતપણામાં વિશ્વાસ.

"પરંતુ એ કરતાંયે મહાન માન નામદાર આગાખાન સાહેબને ફાળે આખાયે બ્રિટીશ હિંદમાં ડેલીગેશનના ચેરમેન–સરનશીન તરીકે ચુંટી કહાડવાથી આવ્યું હતું, કે જે ડેલીગેશનમાં "મુસ્લિમના હકકોની વિરૂધ્ધ અભિપ્રાય ધરાવતો વિભાગ પણ શામિલ હતો. તેઓ નામદારના નિષ્પક્ષપાતપણાં અને

શક્તિમાં મુકેલા વિશ્વાસની આ અચંબાભરી લાગણીના પરિણામે મૂળ ધ્યેયની બની શકતી એકતા સ્થાપવા માટેના તેમજ મતભેદો સમાવવા માટેનાં સુલેહના સાધક તરીકે તેઓ નામદાર કાર્ય કરવા શક્તિમાન થયા હતા. સરનશીન તરીકેની પોતાની ફરજ તેઓ નામદારે એટલી તો સરસ રીતે અદા કરી હતી કે, હિંદી સુધારા માટે જોઇન્ટ સિલેક્ટ કમિટીની નીમણુંક થતાં તેઓ નામદારને બ્રિટીશ હિંદના ડેલીગેશનના પ્રમુખસ્થાને ફરીવાર ચુંટી કહાડવામાં આવ્યા હતા.

"ગયા જુલાઇ મહિનામાં લંડનની ડોરચેસ્ટર હોટલમાં જે સન્માન રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના સઘળા ડેલીગેટોએ–હિંદી રજવાડાઓ સહિત કર્યું હતું, તેમાં યજમાનો વતી સર અકબર હયદરી અને સર તેજબહાદુર સપ્રુએ પોતાના વિવેચનમાં તેઓ નામદાર પ્રત્યેના પોતાના આભાર અને પ્રશંસાની લાગણી વ્યક્ત કરી હતી. એક લીડર તરીકે તેઓ નામદારની રહેબરી હેઠળ જે નોંધવાલાયક કાર્ય એક "ટીમ" તરીકે થઈ શક્યું હતું તેનો, અને સમસ્ત હિંદના હિતોને રૂચે તેવી રીતે કોમી દાવાઓ અને કોમી પોલીસીઓ–રાજનીતિઓ ધારણ કરવામાં જે મહાન અને બિન દખલગીરીવાળો ભાગ તેઓ નામદારે ભજવ્યો હતો, તેનો સચોટ પુરાવો આ વિવેચનો આપે છે."

## હિંદની ભાવિ હકુમત માટેની યોજના.

વધુમાં એ વર્તમાનપત્રમાં દર્શાવ્યું હતું કે "સર્વ બાજુએથી એ સ્વીકારવામાં આવ્યું છે કે હિંદની ભાવિ હકુમત માટેની યોજના ઘડી કહાડવામાં નામદાર આગાખાન સાહેબે જે ભાગ ભજવ્યો છે તે દરેક રીતે એક મહાન રાષ્ટ્રિય નેતાને છાજતો છે. ઇસ્વી સન ૧૯૨૭ના ઓગસ્ટમાં પાર્લામેન્ટમાં કરેલી જાહેરાતને અનુસરતી લાઇન દોરીએ હિંદી સુધારાની પોલીસી (રાજનીતિ)ને તેઓ નામદારે જે મક્કમ ટેકો આપ્યો છે, તેનું સમર્થન સમકાલીન રેકર્ડ (નોંધ)થી મળી રહે છે, પરંતુ એ જાહેરાત કરાવવા માટે જે ભાગ તેઓ નામદારે ભજવ્યો હતો અને જે લાગવગ વાપરી હતી, એથી માત્ર તેઓજ લોકો જાણકાર છે કે જેઓને તેઓ નામદાર સાથે કાર્ય કરવાનું સુભાગ્ય પ્રાપ્ત થયું હતું. હિંદુઓના નેતા તરીકે ગોખલેને તથા મુસ્લિમોના નેતા તરીકે નામદાર આગાખાન સાહેબને હિંદી રાજકીય સુધારા માટેની એક યોજના તૈયાર કરવા સદગત સર ફિરોઝશાહ મહેતાએ પોતાના અવસાનની સહેજ આગમજ અરજ કરી હતી. એ મહાન હિન્દી સ્વદેશાભિમાનીના અવસાન પછી ગોખલેના "વીલ" તરીકે નામદાર આગાખાન સાહેબ તરફથી આ "જોઇન્ટ યાદી" (જેનું ફળ મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારાઓમાં આવ્યું હતું) ઇંગ્લેન્ડમાં પ્રગટ કરવામાં આવી હતી."

## નામદાર આગાખાન સાહેબનું મહદ કાર્ય – શ્રી જયકરે દર્શાવેલા વિચારો.

"વ્હાઇટ પેપર"ની યોજનાના સંબંધમાં ઉતાવળે અભિપ્રાય ન આપવા છાપા જોગા એક ઇન્ટરવ્યુમાં શ્રીયુત જયકરે પણ આ વખતે પોતાના વિચારો દર્શાવતાં જણાવ્યું હતું કે: બ્રિટીશ રાજકીય મંડળોમાં નામદાર આગાખાન સાહેબની પ્રતિષ્ઠા બહુજ ઉચ્ચ દરજ્જાની છે. તેઓએ તેમજ બ્રિટીશ હિંદના ડેલીગેશને જોઇન્ટ કમિટીને મોકલેલી યાદીની સારી અસર થઇ છે. તે અસર આગળ વધારવા માટે હિંદમાં આપણે બનતી કોશિશ કરવી જોઇએ, હિંદી ડેલીગેશને ઇંગ્લેન્ડમાં બજાવેલી સારી કામગીરીની અસર નાબુદ ન થાય તે જોવા હું ઇન્તેજાર છું. બ્રિટીશ હિંદના ડેલીગેટો અને ખાસ કરીને નામદાર આગાખાન સાહેબે બહુજ કિંમતી સેવાઓ બજાવી છે."

## છાપાના પ્રતિનિધિઓને ઇન્ટરવ્યુ—સંતોષકારક જવાબ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મુંબઈ પધારતાં છાપાઓના કેટલાક પ્રતિનિધિઓને તેઓ નામદારે ઇન્ટરવ્યુ આપ્યો હતો. ગાંધીજી ઇંગ્લેંડથી આવ્યા બાદ બ્રિટીશ રાજ્યોના પ્રધાનો અને હિંદી પ્રધાન તરફથી પહેલી અને બીજી રાઉન્ડ ટેબલ કોનફરંસમાં અપાયલા વચનો ઉપર કેટલાક વિભાગોમાં પાણી ફેરવવામાં આવે છે એવી કેટલાક ઉદામ વિચારવાળાની ફરિયાદના સંબંધમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મહમ્મદ શાહ અ. એ જણાવ્યું હતું કે "હિંદી ડેલીગેશન અને હિંદી પ્રધાનના સહકારથીજ વ્હાઇટ પેપર (શ્વેતપત્ર) બહાર પાડવામાં આવ્યું છે. હજુ પણ વડી ધારાસભાના હિંદુ અને મુસ્લિમ પ્રતિનિધિઓ સર હરિસિંગ ગોર, સર અબ્દુર્રહિમ, સર એચ. ગીડનીની સરદારી હેઠળ એંગ્લો-ઇન્ડીયનો અને શીખ પ્રતિનિધિઓ તરફથી સંયુક્ત નિવેદનો મુકવામાં આવે તો વધુ સંતોષકારક ઉકેલ આવી શકે."

## "પડછાયા માટે મુળ વસ્તુને ફેંકી દેતા ના !"—મારી જીવનની લડત.

વધુમાં તેઓ નામદારે જણાવ્યું કે: "યુરોપમાં એકથી વધુ દેશો એવો બોધપાઠ શીખી રહ્યા છે કે રાજ્ય ચલાવનાર પ્રજાના અનુભવીઓને એકાએક પદભ્રષ્ટ કરીને તેમની જગ્યાએ લાયક આસામીઓ શોધી કાઢવા, પણ એ મુશ્કિલ છે. હું મારા દેશબંધુઓને આગ્રહપૂર્વક અપીલ કરૂં છું કે, તેઓએ પડછાયા માટે મુળ વસ્તુને ફેંકી દેવી જોઇતી નથી. દરખાસ્તોમાં સુધારા કરાવવા ભાર દઇને ચળવળ કરો. તમારા રાજકીય હકકો માટે ઉભા રહો અને વ્હાઇટ પેપર (શ્વેતપત્ર)માંની ખામીઓ ગોભાભરી અને મકકમ રીતે દર્શાવો અને દલીલ સામે દલીલથી મુકાબલો કરો. જો તમો હિંદ માટે યાદ રાખતા હો—તમારે હૈયે તેનું હિત હોય તો ખુદા ખાતર પ્રગતિને ન રૂંધો અને એક બીજાનો વધ ન કરો. શાંતિભરી પ્રગતિના માર્ગને ચોવટાઇથી વળગી રહો, ભુતકાળને ભુલી જાઓ, ભવિષ્ય ભણી નજર રાખો. દેશ સન્મુખ રાખવામાં આવેલી ફેડરેશનની યોજનામાં નબળાઇઓ છે, ખામીઓ છે, પણ યાદ રાખો કે હિંદના ઇતિહાસમાં અતિશય નાજુક અને અપૂર્વ રાજકીય સંક્રમણનો આ સમય છે. જે તાજ હેઠળની પ્રજાઓનો સંઘ (Commonwealth) મળી આવે છે તેની છત્રછાયામાં ઓછામાં ઓછા વિરોધવાળી લાઇન દોરીએ હિંદની રાજકીય પ્રગતિ માટે અને હિંદની એકતા માટે મેં મારી આખી જીંદગીભર લડત ચલાવી છે. હું દાવો કરૂં છું કે ત્રીશ વર્ષની મુદતવેરની રાજકીય પ્રગતિ માટેની મારી મહેનત વ્યર્થ ગઇ નથી."

## એક યાદગાર મેળાવડો—ઉજ્જવળ ભવિષ્યની આગાહી.
## બાળ સપ્તાહ પ્રદર્શન.

ઓલ ઇન્ડીઆ રિક્રીએશન કલબ ઇન્સ્ટીટ્યુટની મુંબઇની વડી સંસ્થા, પુના, અહમદનગર, કરાચી, અમદાવાદ, બિરાર અને બરમાની શાખાઓ વતી મુંબઇની સંસ્થા તરફથી ઈ. સ. ૧૯૩૩ નાં ડિસેમ્બર મહીનાની ૨૧ મી તારીખે, કાન્ડી મહોલ્લાના કમ્પાઉંડમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને મહેમાની તથા માનપત્ર અર્પણ કરવાનો એક શાનદાર મેળાવડો યોજવામાં આવ્યો હતો. માનપત્રના જવાબમાં તેઓ નામદારે સંસ્થાના રૂડા કાર્ય માટે ભારે સંતોષ દર્શાવી આગાહી કરતાં ફરમાવ્યું કે: "રિક્રીએશન કલબ માટે ઉજ્જવળ ભવિષ્ય સામે પડ્યું છે અને તેનો આત્મિક ઝંડો અહિંથી આખી દુનિયામાં ફરકતો થશે."

ધી યંગ ઇસમાઇલીઆ બ્રધરહુડના આશ્રય હેઠળ "ધી ઇસમાઇલી બોજા બેબી હેલ્થ વીક-બાળ સપ્તાહ પ્રદર્શન" સેન્ટ્રલ ફ્રી સ્કુલના ચોગાનમાં તા. ૨૨ મીએ ભરવામાં આવ્યું હતું, તેને ખુલ્લું

મુકવાની ક્રિયા તેઓ નામદારે પોતાના મુબારક હસ્તે કરતાં ફરમાવ્યું કે, "આ હિલચાલનો ખુબજ પ્રચાર કરો અને તેના માટે તમારી લાગવગ કામે લગાડો, વારંવાર પ્રદર્શન ભરો. ઇસમાઇલીઓએ દરેક સ્થળે આ હિલચાલને ઉપાડી લેવી જોઇએ."

## જંગબાર-મોશીની શાળાઓ.

મૌલાના હાઝર ઇમામની બાદશાહી ઉદારતા વડે રૂ. ૧,૩૦,૦૦૦ ના ખર્ચે જંગબાર ખાતે બંધાવેલું "આગાખાન બોયઝ સ્કુલ"નું ભવ્ય અને સુંદર મકાન, એજ વર્ષમાં જંગબારના નામદાર સુલતાને પોતાના શુભ હસ્તે ખુલ્લું મુકયું હતું. આ પ્રસંગે નામદાર સુલતાનના પ્રિન્સ અબ્દુલ્લાહ, નામદાર રેસીડેન્ટ અને લેડી રેન્કીંગ ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા. ઇસમાઇલી બેન્ડે તેઓને સલામી આપી હતી. વારસ ગુલામહુસેનભાઇ છુંદાણીએ હારતુરા પહેરાવી તેઓનો નામદાર કાઉન્સીલ વતી આભાર માન્યો હતો. એજ પ્રમાણે મૌલાના હાઝર ઇમામની કરમબક્ષિસથી બાળાઓ માટે પણ એક સ્કુલ જંગબાર ખાતે ચાલે છે. એજ વર્ષમાં આફ્રિકાના મોશી ખાતે રૂ. ૨૫૦૦૦ ની બાદશાહી ગ્રાન્ટથી તૈયાર થયેલું સ્કુલનું મકાન પ્રોવિન્શીયલ કમીશનર મી. લોંગલેન્ડે ખુલ્લું મુકયું હતું.

## મૌલાના હાઝર ઇમામ બિકાનેરમાં—બાદશાહી સ્વાગત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. બિકાનેરના નામદાર મહારાજાના આમંત્રણથી ઇ. સ. ૧૯૩૪ ના જાન્યુઆરી મહિનાની તા. ૧૮ મીએ બિકાનેર તરફ સિધાવ્યા હતા. તેઓ નામદારના માનમાં અગીયાર તોપોની સલામીનું માન આપવામાં આવ્યું હતું. તેઓશ્રીને નામદાર મહારાજાના મહેલમાં ઉતારો આપવામાં આવ્યો હતો. બિકાનેરના ઇસમાઇલી અનુયાયીઓને પણ તેઓ નામદારે મુલાકાત આપી હતી. તેઓ નામદાર બિકાનેરથી તા. ૨૧ મીના કપુરથલા તરફ સિધાવી ગયા હતા.

## કપુરથલામાં ભવ્ય સત્કાર—જલંદર સ્ટેશને મુસ્લિમ સ્વાગત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. જલંદર સ્ટેશને પધારતાં, તેઓશ્રીના સ્વાગત માટે આગેવાન મુસ્લિમોનું એક ડેપ્યુટેશન આવ્યું હતું. જેઓએ તેઓ નામદારને ફુલના હારતુરા અર્પણ કરી, "તેઓશ્રીએ ઇસ્લામની તેમજ દેશની ખિદમત કરી છે તેની મુકતકંઠે પ્રશંસા કરી જણાવ્યું હતું કે: "હિંદ ખાતે રાજદારી કિસ્તીના નાખુદા આપજ એકલા છો. જેને આપ સલામતીના માર્ગે લઇ જાઓ છો, તે માટે અમો સઘળા આપના ઘણાં અહેસાનમંદ છીએ."

જલંદરથી તેઓ નામદાર કપુરથલા તરફ સિધાવી ગયા હતા. કપુરથલાના મહારાજા સાહેબના ટિકાયત રાજકુમાર, મહારાજ કુમાર મેજર અમરજિતસીંગ, મહારાજ કુમાર છત્તસીંગ, વડા પ્રધાન સર અબ્દુલહમીદ અને અન્ય મોટા મોટા રાજકર્મચારીઓ અને શહેરના નામાંકિત ગૃહસ્થો સ્ટેશન ઉપર સ્વાગત કરવા હાજર રહ્યા હતા. કપુરથલાના સ્ટેશનને વાવટાઓ તેમજ ઝાડફુલપાનથી શણગારી સુશોભિત કરવામાં આવ્યું હતું. પ્લેટફોર્મ ઉપર એક રાજવંશી દમામદાર શામિયાનો ઉભો કરવામાં આવ્યો હતો, જેમાં હોદ્દા પ્રમાણે બેસવાની ગોઠવણ કરવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામની સ્ટેશન પર પધરામણી થતાં સઘળા હાજરીનોએ તેઓશ્રીને વધાવી લીધા હતા. નામદાર મહારાજાએ આવકાર આપી પોતાના રાજ્યમાં આમંત્રણને માન આપી પધરામણી કરવા માટે તેઓશ્રીનો આભાર માની રાજ્યમહેલ તરફ પધારવા ઇલ્તેમાસ કરી હતી.

સ્ટેશનની બહાર નિકળતાં એક મોટરમાં મૌલાના હાઝર ઇમામ, કપુરથલાના નામદાર ટિકાયત રાજકુંવર, હર હાઇનેસ બેગમ સાહેબાના બહેન મેડમ કુરે, બીજી મોટરમાં મહારાજા કપુરથલા, હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબા, મહારાજ કુમાર મેજર અમરચિતસીંગ અને મહારાજ કુમાર જીતસીંગ બેઠા હતા. તેની પછવાડે સ્ટેટના વડા પ્રધાન સર અબ્દુલ હમીદખાન અને બીજા રાજ્યોના અમલદારો બેઠા હતા. તેઓ સઘળા કપુરથલાના રાજ્યમહેલમાં દશ વાગે પહોંચ્યા હતા.

## રાઉન્ડટેબલ કૉન્ફરન્સને સફળ બનાવનાર નામદાર આગાખાન સાહેબ છે.

બીજે દિને નામદાર મહારાજાએ મૌલાના હાઝર ઇમામને ખાણું આપ્યું હતું જેમાં પચાસેક જાણીતા ગૃહસ્થો હાજર હતા. એ પ્રસંગે નામદાર મહારાજાંએ જણાવ્યું કે નામદાર આગાખાન સાહેબને પચ્ચીસ વર્ષથી હું મારા ભાઇ તરીકે ગણું છું. તેઓ નામદાર હિંદી મુસ્લિમોના નેતા છે, અને ઇસમાઇલી મુસ્લિમોના ઇમામ છે, એ સવાલ બાજુએ મુકતાં તેઓશ્રી એક ઇન્ટરનેશનલ= (આંતરરાષ્ટ્રિય) નેતા છે. એ કારણને અંગે જીનીવા કોનફરંસમાં બ્રિટીશ સરકારે એમને પોતાના એક પ્રતિનિધિ તરીકે મુકર્રર કર્યા છે. મારૂં રાજ્ય અને હું પોતે મગરૂર છીએ કે એવા એક મહાન પુરૂષની મારા સ્ટેટ (રાજ્ય) માં પધરામણી થઇ છે.

મૌલાના હાઝર ઇમામે પોતાના માટે દર્શાવેલી ભલી લાગણી વિષે બોલતાં જણાવ્યું હતું કે "મહારાજા કપુરથલા એક કુશળ રાજ્યકર્તા તેમજ એક ચાલાક રાજદ્વારી નર છે. હું મહારાજાનો એટલા માટે આભાર માનું છું કે છેલ્લી લડાઇ વખતે દુશ્મનોની સામે થઇને આફ્રિકા ખાતે નઇરોબીમાં રહેલા મારા મુરીદોને જર્મનોના હાથથી બચાવ્યા હતા અને તેમની ઘણી સંભાળ લીધી હતી. મને સમ્રાટ ઔરંગઝેબનો સમય અત્રે યાદ આવે છે. કેટલાક કહે છે કે તેઓ હિંદુઓના દુશ્મન હતા પરંતુ એ વાત ખોટી છે, કારણ કે ઔરંગઝેબે પોતાના હિંદુ રાજપૂત સેનાપતિઓને ગોલકોન્ડા અને બીજાપુર સર કરવા મોકલ્યા હતા. જો તેઓ હિંદુઓના વિરોધી હોત તો એમ બનતેજ નહિં. તેમજ તેમણે રાજકારણને લઇને મુસ્લિમ રાજ્યો ઉપર ચઢાઇ પણ કરી હતી."

કપુરથલા રાજ્યના વડા પ્રધાન સર અબ્દુલ હમીદને ત્યાં તેઓ નામદારને ડીનર આપવામાં આવ્યું હતું, એ સમયે વિવેચન કરતાં સર અબ્દુલ હમીદે જણાવ્યું હતું કે "તેઓ નામદાર મુસ્લિમોના એક મહાનમાં મહાન નેતા છે. તેઓશ્રી જેવો બીજો કોઇ નથી. ઇસ્લામની એક મજબુત પીઠ સમાન તેઓ નામદાર છે. ઇંગ્લાંડમાં રાઉન્ડ ટેબલ કોનફરંસ ભરાણી તે વખતે તેઓ નામદાર હાજર નહિં હોત, તો ન તો રાઉન્ડ ટેબલ કોનફરંસ ભરાત કે ન તો તેમાં કોઇ કામ થાત. કોનફરંસને ફતેહમંદ બનાવનાર મૂળ પુરૂષ નામદાર આગાખાન સાહેબ છે.

## કપુરથલાની આલીશાન મસ્જિદમાં.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. જુમાના દિવસે લાલ ફેઝ ટોપી અને લાંબા કોટમાં સજ્જ થઇને રાજ્યની મોટર રોલ્સ-રોઇસમાં બિરાજી કપુરથલાની વડી ઇબાદતગાહમાં

જવા નિકળ્યા ત્યારે તેઓશ્રીની સાથે સર અબ્દુલ હમીદ, સર અબ્દુલ કાદર, મી. લતીફ અને એહસાનુલ હક હતા. આ મસ્જિદ "મોરકડો"ની ટેકરી પર પાંચ લાખના ખર્ચે રાજ્ય તરફથી બંધાવી તૈયાર કરવામાં આવી છે. મસ્જિદની અંદર અને બહાર લાઉડ સ્પીકરો ગોઠવવામાં આવ્યા હતા. મસ્જિદમાં માણસો ખીચોખીચ ભરાઇ જતાં હજારો માણસો નિરાશ બની રસ્તા ઉપર ઉભા રહ્યા હતા. ગીરદી અનહદ હોવાથી મોટરને ધીમી કરવી પડી હતી. લોકો "અલ્લાહો અકબર"ના નારા મારતા હતા અને "ઝીંદાબાદ હિઝ હાઇનેસ આગાખાન"ના ગગનભેદી અવાજો કરતા હતા. ધીમે ધીમે તેઓ નામદારની મોટર મસ્જિદના કમ્પાઉન્ડમાં દાખલ થતાં મસ્જિદના પેશ ઇમામ અને આગેવાન મુસ્લિમોએ તેઓ નામદારનો ઉત્સાહપૂર્વક સત્કાર કર્યો હતો.

મસ્જિદમાં પધાર્યા ત્યારે તેઓ નામદારને હાજરીનોએ ઉભા થઇ આવકાર આપ્યો હતો અને બુલંદ નારાએ તકબીર અલ્લાહો અકબરના અવાજો કર્યા હતા. બંદગી વેળાએ મસ્જિદના એક ભાગમાં લગભગ પાંચસોથી છસો બાનુઓ પણ હાજર થઇ હતી. જ્યારે તેઓ નામદારના દીદાર અર્થે આવેલા પંજાબના ઇસમાઇલીઓ પણ બંદગીમાં શામિલ થયા હતા. તેઓ નામદારે આગળ જઇ પેશ ઇમામની જોડાજોડ જગ્યા લીધી હતી, જ્યારે બીજાઓએ વચ્ચે દશ ફુટ જગ્યા મુકીને સફો સમારી હતી. આગળની હાર=સફમાં રાજ્યના દીવાન અને બીજા ઓધ્ધેદારો હતા. શરૂઆતમાં મસ્જિદના પેશ ઇમામે કુરાને શરીફમાંના એક સુરાની તીલાવત પૂર્ણ કર્યા બાદ વિવેચન કરતાં કહ્યું કે, "અય મુસલમાનો, તમે જાણો છો કે આજે આપણી વચ્ચે કયો પુરૂષ આવ્યો છે જેની સાથે તમો બંદગી અદા કરવાના છો. એ પુરૂષ દુનિયા પર મહાન મરતબો ધરાવનાર નામદાર આગાખાન સાહેબ છે જેઓશ્રીના કરોડો મુરીદો આખા એશિયામાં પ્રસરેલા છે. કોઇ એવી જગ્યા નહિં હશે કે જ્યાં એમના મુરીદો ન હોય. મૌલાના હઝરત અલીના ૪૮મા વારસાથી તેઓ નામદાર એમના ફરઝંદ અને ઇમામ છે. ઇરાનના શાહઝાદા છે. લાખો લોકો એમને શ્રી કૃષ્ણના અવતાર તરીકે પૂજે છે. કરોડો લાખો લોકો એમના દીદાર માટે તલપે છે. કાશ્મીર પ્રદેશ એળંગતા મધ્ય એશિયામાં ત્રણ રાજ્યોના રાજવીઓ પણ એમના મુરીદ છે. જેમાંના એક મુરીદ શાહે "હુન્ઝા" છે, જેઓ હિઝ હાઇનેસનો ટાઇટલ ધરાવે છે અને દુનિયાના છાપરા તરીકે ઓળખાતા મશહુર પ્રદેશ પર રાજ્ય કરે છે. આપણે ભાગ્યશાળી છીએ કે એક મહાન સાહાન સાથે આપણે શામિલ થઇશું. આપણને તેઓશ્રીના દીદારનો અનેરો લાભ મળ્યો છે." લોકોએ આ સાંભળીને મસ્જિદને તકબીરના નારાથી ગજાવી મુકી હતી.

## મૌલાના હાઝર ઈમામનું વિવેચન.

નમાઝ પુરી થયા બાદ મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.નું ભાષણ સાંભળવા હાજરીનો તેમજ રસ્તાઓ પર લાઉડ સ્પીકરનાં ભુંગળાઓ પાસે હિંદુ, શીખો અને મુસ્લિમો હજારોની સંખ્યામાં આતુરતાથી વાટ જોઇ રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ ઉભા થયા પરંતુ સઘળા લોકો તેઓશ્રીને જોઇ શકતા ન હોવાથી, અરજ પરથી તેઓશ્રીએ મીમ્બર પર ચઢીને પોતાનું વિવેચન શરૂ કર્યું હતું. મીમ્બર ઘણું ઉચું હતું તેના પર ત્રણ શખ્સોએ માઇક્રોફોન પકડી રાખ્યું હતું.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ ફરમાવ્યું કે, "હું તમોને ઘણા ભારપુર્વક ભલામણ કરૂં છું કે તમે સઘળા ઇલ્મ શીખો. દરેક મુસલમાન ઉપર ઇલ્મ શીખવું નમાઝથી પણ વધારે વાજીબ છે. ધ્યાન આપીને ઇલ્મ નહિં શીખો ત્યાંસુધી મુસ્લિમોની તરક્કી થવાની નથી. ઇલ્મ એજ કોમની આબાદી અને સલામતીનું ઘર છે.માટે આ વિષે દરેક મુસલમાનોએ ચાંપતા ઇલાજો લેવા જોઇએ.

"હઝરતે રસુલે કરીમ મુહમ્મદ સ.એ ફરમાવ્યું છે કે:-"અત્લુબુલ ઈલ્મો હત્તા ફીસ્સીન" અર્થાત "અગર ચીનમાં ઇલ્મ મળે તો ત્યાં પણ જાઓ." એ હદીસ શરીફ જોતાં, ઇલ્મ પર પયગમ્બર સાહેબે કેટલો બધો ભાર મુકયો છે, એ જણાઇ આવે છે. અલ્હમ્દોલિલ્લાહ આજે તો ઇલ્મ મેળવવા માટે ઘર આંગણે સાધનો મૌજુદ છે અને કયાં દુરદરાજ દેશોમાં જવું પડતું નથી. ઇસ્લામમાં ઇલ્મ હાંસલ કરવાની જે પહેલી વાજેબાત છે તેને હરગીઝ પડતી મેલો નહિ. હું દુઆ કરૂં છું કે તમો બધાને ખુદા નેક તૌફિક અતા કરે."

મૌલાના હાઝર ઇમામનું ભાષણ ખતમ થતાં તેઓ નામદારને સ્પર્શ કરવાની ઇચ્છાએ લોકો તુટાતુટ કરીને ધસી આવતાં, હાજર રહેલા ઇસ્માઇલીઓ અને જંગી ગીરદીમાં આગળ પડતા મુસ્લિમ આગેવાનોએ એકબીજાના હાથ પકડી "કોર્ડન" કરી લીધું હતું, છતાં મહા મુશ્કિલીએ તેઓ નામદારે મોટર સુધી રસ્તો મેળવ્યો હતો. "નારાએ તકબીર"ના બુલંદ અવાજો તો ચાલુજ હતા. પરંતુ લોકોએ આનંદમાં આવી જઇને "ઝિન્દા બાદ હિઝ હાઇનેસ આગાખાન" બોલતા હતા ત્યારે તેઓ નામદાર ફરમાવતા રહ્યા હતા કે "એવી રીતે તમારા બાદશાહ માટે કહો." આખા કપુરથલામાં ઠેકઠેકાણે આનંદ છવાઇ રહ્યો હતો.

## મૌલાના હાઝર ઇમામ દિલ્હીમાં.

ફેબ્રુઆરીની તા. ૩જીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. દિલ્હી પધારતાં સ્ટેશન પર આગેવાન શહેરીઓએ તેમજ શાહી પ્રતિનિધિઓએ તેઓ નામદારનું ભવ્ય સ્વાગત કર્યું હતું. સ્થાનિક તેમજ હિંદને લગતી મુસ્લિમ સંસ્થાઓ, ધારાસભાના મુસ્લિમ સભાસદો અને દિલ્હીના આગેવાન શહેરીઓ પણ મોટી સંખ્યામાં સ્ટેશન પર હાજર રહ્યા હતા. દિલ્હીમાં તેઓ નામદાર બે દિવસ નામદાર વોયસરોય તથા કાઉન્ટેસ ઓફ વિલીંગડનના મહેમાન તરીકે રહ્યા હતા.


ફેબ્રુઆરીની તા. ૧૨મીએ ઓન. સર ફઝલેહુસેને તેઓ નામદારના માનમાં એક ભવ્ય "ગાર્ડન પાર્ટી" આપી હતી અને તા. ૧૪મીના દિને ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગ તરફથી શાનદાર મેળાવડો યોજવામાં આવ્યો હતો. તા. ૧૫મીએ સર માણેકજી દાદાભાઇએ મેન્ડસ હોટલમાં તેઓ નામદારના માનમાં ખાણાનો મેળાવડો કર્યો હતો.

## ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરંસ—મૌલાના હાઝર ઇમામ ડીકટેટર.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મુસ્લિમોને એકત્ર રહીને આગળ વધવાની સલાહ આપી હતી. આ વખતની મુલાકાતે એકત્રતા માટેની જે ઇચ્છા ઉત્પન્ન કરી હતી અને મહત્વની મુસ્લિમ સંસ્થાઓ સંગઠિત થઇને રજુઆત કરવા શકિતમાન ન બને ત્યાંસુધી મુસ્લિમોના લાભો તે વધારી ન શકે તેનું આત્મભાન તેઓશ્રીએ પેદા કર્યું હતું, તેથી મુસ્લિમ રાજકીય દાયરામાં આમ સંતોષ ફેલાયો હતો. તેઓ નામદાર દિલ્હીથી વિદાય થયા પહેલાં મુસ્લિમ આગેવાનોને ખ્યાલ આવી ગયો હતો કે જુદા પડીને તેઓ કાર્ય કરતા હતા, તે એક ભુલ હતી અને ભવિષ્યમાં મુસ્લિમોના ભલા માટે સાથે મળી જે કામ કરવું જોઇએ તે માટે સંમત થયા હતા.

૧૯૩૪ના ફેબ્રુઆરી માસમાં તા. ૧૫=હિજરી સન ૧૩૫૨ના સવાલના ન્યુ દિલ્હીના એક સંદેશા પ્રમાણે ઓલ ઇન્ડીઆ મુસ્લિમ કોન્ફરંસની કારોબારી મંડળની એક સભા મળી હતી, જેમાં મૌલાના હાઝર

Seth Shantidas Askaran, a leading Merchant of Bombay gave a garden party in;hononr of MOWLANA HAZAR IMAM. The picture shows Mowlana Hazar Imam with the Maharao of Cutch.



મૌલાના હાઝર ઇમામના માનમાં મુંબઇના આગેવાન વેપારી શેઠ શાન્તિદાસ આશકરણે એક શાનદાર "ગાર્ડન પાર્ટી" આપી હતી. જે વેળાએ કચ્છના ના. મહારાવશ્રી સાથે તેઓશ્રી બેઠેલા દેખાય છે.

ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને "ડિકટેટર" તરીકે કબુલ રાખવામાં આવ્યા હતા, અને તેની રૂએ તેઓશ્રીએ ઓધ્ધેદારોમાં ફેરફાર કર્યા હતા, જે કોન્ફરસે માન સહિત સ્વીકાર્યા હતા.

## મુંબઈની વિલીંગડન કલબમાં મેળાવડો.

મુંબઈની વિલીંગડન કલબમાં એજ વર્ષમા મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના માનમાં સરદાર સર સુલેમાન કાસમ મીઠાએ એક ખાણાનો મેળાવડો કર્યો હતો. જેમાં ઘણાં જાણીતા ગૃહસ્થોએ ભાગ લીધો હતો. આ મેળાવડામાં ભાષણ કરતાં સરદાર સર સુલેમાન કાસમ મીઠાએ મૌલાના હાઝર ઇમામની હાર્દીક પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ઇસ્લામની તમો નામદારે કરેલી સેવા માટે અમો ઘણા આભારી છીએ. અમો જરા પણ અતિસ્યોક્તિ વિના કહી શકીએ છીએ કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં તમારી પોતાની અંગત લાગવગના પ્રતાપે મુસ્લિમ ડેલીગેટો "ટીમ"માં કામ કરવા શક્તિમાન થયા હતા.

## મુંબઈ ધારાસભાના પ્રમુખ ઓનરેબલ સર અલી મુહમ્મદખાન દહેલવીના ઉદગારો.

ત્યારપછી મુંબઇ ધારાસભાના પ્રમુખ સર અલી મુહમ્મદખાન દહેલવીએ જણાવ્યું કે, અમો આપ નામદારના મુંગા વખાણનારા છીએ. તમો નામદાર અમારા સૌથી મોટા નેતા છો અને તમારી સલાહ અને લાઇનદોરીની અમોને ખાસ જરૂર છે. આપના માટે હું કાંઇ વધારે બોલી શકતો નથી, પરંતુ ૧૯૦૨ કે ૧૯૦૩માં ઓલ ઇન્ડીઆ મુસ્લિમ એજ્યુકેશનલ કોન્ફરંસમાં ડૉ. નઝીર અહમદે તમો નામદાર માટે જે શબ્દો ઉચ્ચાર્યા હતા, તે હું અત્રે ટાંકી બતાવવાની તક લઉં છું. તે શબ્દો આ છે: You are so Different from other leaders અર્થાત તમો નામદાર બીજા નેતાઓ કરતાં કાંઇ જુદાજ છો કે જેમની ઉપર અમારો કંઇપણ સંકોચ વિનાનો સંપૂર્ણ વિશ્વાસ છે:

## પ્રીવી કાઉન્સીલર.

એજ વર્ષમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને "પ્રીવી કાઉન્સીલર" તરીકે નામદાર શહેનશાહે નિમણુંક કરી માન ઇનાયત કર્યું હતું. પ્રીવી કાઉન્સીલના સભાસદોના નામ સાથે માનવાચક શબ્દ "રાઇટ ઓનરેબલ" લગાડવામાં આવે છે.

## ઓધ્ધેદારોની નવી નિમણુંકો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ફેબ્રુઆરીની તા. ૧૮મીએ ખડક પરના દરખાના જમાતખાને પધારી ના. કાઉન્સીલ, જમાત, કાઠીયાવાડની સુપ્રીમ કાઉન્સીલ અને કચ્છ જનરલ કમીટીના ઓધ્ધેદારોની નિમણુંકો કરી હતી. મુંબઇના જાણીતા ઇસ્માઇલી અગ્રેસર અને શ્રીમંત સદગૃહસ્થ શેઠ મહામદભાઇ ઇબ્રાહિમ મહામદ સ્વછને તેઓ નામદારે "વઝીર"ના અતિશય માનનીય ખિતાબની નવાઝિશ કરી હતી અને "એડવાઇઝર જનરલ ઓફ ઓલ ઇસમાઇલીયા કાઉન્સીલ ઓફ ઇન્ડીઆ" અર્થાત હિંદની સઘળી કાઉન્સીલોના "એડવાઇઝર જનરલ" તરીકે નિમણુંક કરી હતી. ઉપરાંત આલીજાહ હસનભાઈ લાલજી દેવરાજને દરખાના જમાતના મુખી અને કચ્છ જનરલ કમિટીના પ્રેસીડેન્ટ તરીકે અને ના. કાઉન્સીલના વા. પ્રેસીડન્ટ તરીકે શેઠ ગુલામઅલીભાઇ ગુલામહુસેન મર્ચન્ટ બી. એ., એલ. એલ.બી. એડવોકેટની નિમણુંક કરી હતી,

ત્યારપછી મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ કચ્છ જનરલ કમિટીની સ્થાપના કરી અને કચ્છ જમાતે ઘડી તૈયાર કરેલા કાયદા પ્રત્યે પોતાની ખુશાલી દર્શાવીને મંજુર કરતાં ફરમાવ્યું કે "હવે તમે કાયદા મુજબ કામ કરજો. શરીરમાં હાડકા અને માંસ કાયદાથી જોડાયલા છે; જો જુદા પડે તો મુરદાલ બની જાય, ટુકડા પડી જાય; જ્યાં કાંઇ લખેલું હોતું નથી, કાયદા નથી, ત્યાં બધા મરજી મુજબ વર્તે છે, પરંતુ કાયદા હોય, અને તે પ્રમાણે ન ચાલે તો તેનું ઇમાન ખરાબ થઇ જાય છે."

## પંજેભાઇ કલબની સિલ્વર જ્યુબીલીનો મેળાવડો.

ફેબ્રુઆરી માસની તા. ૨૧ મીએ પંજેભાઇ કલબની સિલ્વર જ્યુબીલીની ઉજવણી પ્રસંગે મૌલાના હાઝર ઇમામને માનપત્ર આપવાનો એક મેળાવડો કરવામાં આવ્યો હતો. કલબના પ્રેસીડન્ટ શેઠ કાસમઅલી જેરાજ પીરભાઇએ માનપત્રનું વાંચન કરી, મૌલાના હાઝર ઇમામે ઇસ્માઇલીઓની રૂહાની તેમજ સામાજિક જીવનની કરેલી ઉત્તમ દોરવણીની રૂપરેખા દોરી હતી.

## કલકતામાં મુબારક પધરામણી.

ફેબ્રુઆરીની તા. ૨૨ મીના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મુંબઇથી ભોપાલ તરફ સિધાવ્યા હતા. જ્યાં તેઓ નામદાર રાજ્યના મહેમાન તરીકે ત્રણ દિવસ રહીને કલકતા ખાતે ફેબ્રુઆરીની તા. ૨૭ મીના દિને મુબારક પધરામણી કરી હતી. તેઓ નામદાર બંગાળના ગવર્નરના ત્રણ દિવસ સુધી માનવંત પરોણા તરીકે ગવર્નમેન્ટ હાઉસમાં રહ્યા હતા. "હાવરા" સ્ટેશન પર તેઓ નામદારનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો; અને "ગાર્ડ ઓફ ઓનર"ની સલામી આપવામાં આવી હતી. એજ દિને સાંજે કલકતાના મુસ્લિમો વતી "ગાર્ડન પાર્ટી" હતી અને તા. ૨૮ મીના દિને ઓલ બેન્ગાલ ડીપ્રેસ્ડ કલાસીઝ ફેડરેશન સાથે મુલાકાત લીધી હતી. સાંજે સર એડવર્ડ બેન્થોલ તરફનું બંગાલ કલબમાં ડીનર અને માર્ચની તા. ૧ લીએ અલહાજ નવાબ બહાદુર સર અબ્દુલ કરીમ ગઝનવી તરફથી "ગાર્ડન પાર્ટી" આપવામાં આવી હતી. કલકતા ખાતે તેઓ નામદાર ૧૦ વર્ષ પછી પધાર્યા હોવાથી તેઓ નામદારના દીદાર માટે તલસી રહેલા મુરીદોને દીદારનો લાભ આપી તેઓના ધાર્મિક કામકાજો પણ ઉકેલ્યા હતા.

## બંગાળના મુસ્લિમોનું સ્વાગત—"તાજ વિનાના બાદશાહ" નામદાર આગાખાન.

બંગાળના ધારાસભાના સભાસદો તરફથી તેઓ નામદારના માનમાં ખાણાનો એક મેળાવડો પણ કરવામાં આવ્યો હતો જેમાં એક સભાસદ મી. કાસિમે બોલતાં જણાવ્યું હતું કે, દુનિયાના પ્રદેશ ઉપર ફેલાયલી શહેનશાહતના "તાજ વિનાના બાદશાહ" તરીકેનું અજોડ સ્થાન નામદાર આગાખાન સાહેબ ધરાવતા હોવાથી તેઓ સઘળા હિંદી મુસ્લિમોના સ્વીકારાયલા લીડર, ફીલસુફ અને મિત્ર છે.

કલકતા ખાતે તેઓ નામદાર પધાર્યા ત્યારે બંગાલી મુસ્લિમ પ્રજા તરફથી પણ તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ અવસરે બંગાળના એક આગેવાન મુસ્લિમ દૈનિકે તેઓ નામદારના શુભાગમન માટે આવકાર આપતાં જણાવ્યું હતું કે, "હિંદના એક મહાન એલચી બંગાળમાં પધાર્યા છે. તેઓશ્રી નતો એક રાજકીય હકીમ તરીકે, અથવા ન તો જુદા જુદા પક્ષોના ડિક્ટેટર=સરમુખત્યાર તરીકે, કે નતો ગ્રુપો (અમુક સમુહ)ના નેતા તરીકે કાર્ય કરવા, બલ્કે જે લોકો વતી તેઓ નામદાર

કાર્ય કરતા રહ્યા છે, તે લોકોનો સમાગમ જાળવી રાખનાર ગ્રેટ બ્રિટનના એલચી તરીકે નામદાર આગાખાન સાહેબ આજે કલકતા પધાર્યા છે. ભલે પધારો, નામદાર આગાખાન સાહેબ !"

## રંગુનની પ્રજાનું માનપત્ર—રોટરી કલબમાં મેળાવડો.

૧૯૩૪ ના માર્ચ માસની તા. ૬ ઠીએ સવારના ૮–૩૦ કલાકે અર્થાત હિજરી સન ૧૩૫૨ના ઝિલકાદ મૌલાના હાઝર ઇમામે રંગુનની ભુમિપર કદમ મુબારક કર્યા હતા જે વખતે તેઓશ્રીને જાહેર આવકાર આપવામાં આવ્યો હતો. તેઓ નામદારને રંગુનના શહેરીઓ તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું. રાઉન્ડ ટેબલ કોનફરંસમાં બ્રિટીશ ઇન્ડીઅન ડેલીગેશનના પ્રમુખ તરીકે બજાવેલી સેવા, દુનિયાની સુલેહશાંતિ જાળવી રાખવાના તેઓશ્રીના પ્રયત્નો અને હથિયારબંધી પરિષદમાંના કાર્યની એ માનપત્રમાં પ્રશંસા કરવામાં આવી હતી.

રંગુનની રોટરી કલબના "એટ હોમ"ના મેળાવડામાં તેઓ નામદારે પોતાના વિવેચનમાં દુનિયાની સામાન્ય પરિસ્થિતિનો ઉલ્લેખ કરી, બરમાના ચોખાના વેપાર માટે આશાભર્યું ભવિષ્ય ભાખ્યું હતું અને છેવટમાં જણાવ્યું હતું કે અગાઉ કદી નહિ હોય એવી દુનિયાની હાલ ખરાબ સ્થિતિ છે. ત્યારપછી સુરતી મુસ્લિમ કોમ અને સર જમાલના ફરઝંદ તરફથી પણ તેઓ નામદારના માનમાં પાર્ટીઓ અપાઇ હતી. રંગુનની રોકાણ દરમ્યાન તેઓ નામદારે બરમાના પોતાના અનુયાયીઓને પણ મુલાકાતોનો લાભ આપ્યો હતો. ત્યારપછી તા. ૧૬ મી માર્ચના દિને સ્ટીમર "વુસ્ટરશાયર" મારફતે રંગુનથી તેઓશ્રી વિદાય થયા હતા. લોકોએ ભાવભરી રીતે વિદાયગીરીનું માન આપ્યું હતું.

## કોલમ્બોમાં પધરામણી—"સિંહાલી મુસ્લિમો"ને સલાહ.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબા માર્ચ માસની તા. ૨૦મીના દિને કોલમ્બો ખાતે પધાર્યા હતા. આ અવસરે "સિલોન"ના શહેરીઓ તરફથી તેઓ નામદારના માનમાં "એટ હોમ"નો મેળાવડો કરવામાં આવ્યો હતો. તેઓ નામદારે એ પ્રસંગે બોલતાં જણાવ્યું હતું કે "સિંહાલી મુસ્લિમો"એ શબ્દો અમોએ ખાસ કરીને એટલા માટે વાપર્યા છે કે તમે હિંદ કે અરબસ્તાન ગમે ત્યાંથી આવ્યા હો પરંતુ, તમે સિંહાલી પણ છો એમ તમારા મનમાં લાગે એમ હું ઇચ્છું છું. જે દેશમાં આજે તમો વસી રહ્યા છો તેના માટે તમારે મગરૂર થવું જોઇએ."

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. કોલમ્બોની મુસ્લિમ એસોસિએશનને રૂા. ૫૦૦ બક્ષિશ કર્યા હતા અને બિહાર ધરતીકંપમાં રૂપીયા ૫૦૦૦ ની નવાઝિશ કરી હતી.

## મૌલાના હાઝર ઈમામનું રેખાચિત્ર—ખ્વાજા હસન નિઝામી.

દિલ્હીવાળા જાણીતા સુફી સંત ખ્વાજા હસન નિઝામીએ મૌલાના હાઝર ઇમામની શારીરિક તેમજ લાક્ષણિક રૂપરેખા દોરતાં મુનાદી પત્રમાં લખેલા હુલ્લીયા=રૂપરંગ ગુણવર્ણનમાં આ પ્રમાણે તેઓશ્રીને લગતી વિગત આપી છે:— "નામ મુહમ્મદ શાહ; લકબ હિઝ હાઇનેસ હાઝર ઇમામ, ધણી સર આગાખાન; નસલ હુસેની સૈયદ; કોમ મુસલમાન; ઉમર પચાસથી વધારે; કદ મધ્યમ; રંગ રાતો; સફેદ, ખુબ ગોરો; શરીર મોટું અને ભારી; ચ્હેરો ગોળ; આંખો મોટી અને ચમકદાર; અવાજ બુલંદ અને ગરજદાર,

"સર આગાખાન જમાનો ઓળખવામાં અંગ્રેજ, દોલતમંદીમાં અમેરિકન, નિશ્ચય બળમાં જર્મન, સુખચેનમાં ફ્રેન્ચ, હેતુ સાધવામાં ઇટાલીયન, વિરતામાં તુર્ક, સ્વભોગમાં અફઘાન, વિનોદવૃત્તિમાં ઇરાની, ચળવળમાં રશિયન, ફિરકાબંદીમાં હિન્દુસ્તાની અને ગરઝમંદીમાં આરબ છે.

"તેઓ નામદાર જોવામાં વિદેશી યુરોપિયન, રીતભાતમાં સ્વદેશી મુસલમાન, પોતાની હિંદુ ઉમ્મત માટે વિષ્ણુનો અવતાર, શામ મુલકના દરૂઝીઓ માટે ખુદા; ઇરાન, તુર્કસ્તાન, આફ્રિકા, અરબ અને હિંદુસ્તાનના ઇસમાઇલીઓના હાઝર ઇમામ.

"હિંદી મુસ્લિમોના રાજ્યદ્વારી સંગઠન માટે મુસોલિની અને હેર હીટલર, ઘરડી બ્રિટાનીયા માટે અસાએ પીર (વૃદ્ધની લાકડી), યુરોપની હોટલો માટે સોનેરી મહેમાન, ઘોડદોડની શરત માટે ફતેહમંદ સરદાર અને પોતાની યુરોપિયન બેગમ માટે પ્રેમમૂર્તિ. પોતાના અનુયાયીઓ અને બ્રિટીશ ગવર્નમેન્ટ માટે ગમે તે હોય પણ મુસ્લિમોની વેરવિખેર પડેલી કોમને એકજ કેન્દ્ર ઉપર એકઠા કરવાનો તેમનો ઝમાના-જુનો શોખ છે. દરેક વખતે ખુશમિજાજ, અને હસમુખા તેઓ જોવામાં આવે છે. દુનિયાના સઘળા ગમ તેમનું હસતું મોઢું જોઇને કહે છે કે અહીં અમો નથી પરંતુ, અહીં તો ખુશીજ બસ ખુશીજ છે."

## લઘુમતિ કરારના પિતા—મૌલાના હાઝર ઇમામ.

ઈ. સ. ૧૯૩૪ ના જુલાઇ માસની તા. ૫ મીના દિને મદ્રાસમાં ક્લટન કોલેજમાં એંગ્લો ઇન્ડીઅનોની સભામાં ભાષણ કરતાં, સર હેનરી ગીડનીએ રાઉન્ડ ટેબલ કાનફરંસનો ઉલ્લેખ કરીને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની પ્રશંસા કરી જણાવ્યું હતું કે, "લઘુમતિ કરારના નામદાર આગાખાન સાહેબ પિતા હતા. એંગ્લો ઇન્ડીઅન સુધ્ધાં દરેક લઘુમતિ કોમને સર્વદેશીય રક્ષણની તેથી ખાત્રી મળવા પામી હતી."

## લીગ ઓફ નેશન્સમાં અફઘાનિસ્તાન—તેઓ નામદારની ભારે ખુશાલી.

તા. ૨૭ મી સપ્ટેમ્બર અર્થાત હિજરી સન ૧૩૫૩ જમાદિઉલ આખિર તા. ૧૭ મીના જીનીવા ખાતે "લીગ ઓફ નેશન્સ=પ્રજા સંઘ"ની એસેમ્બલીની બેઠકમાં અફઘાનિસ્તાનને સભાસદ તરીકે સર્વાનુમતે લીગમાં દાખલ કરવાનો ઠરાવ આવતાં, તેના ટેકામાં મૌલાના હાઝર ઇમામ બોલ્યા હતા કે "આ ઇતિહાસિક પ્રસંગથી પોતાના હૃદય ઉપર અસર થવા દીધા વિના હિંદનો કોઇપણ મુસ્લિમ અને કોઇપણ એશિયાવાસી પોતાનો ભાગ ભજવી શકે નહિ. એક એવો સમય હતો કે જ્યારે દુનિયાની દોડધામમાંથી પોતાના રાષ્ટ્રને અલગ રાખવા માટે અફઘાનિસ્તાન સંતોષી અને દ્રઢ ઠરાવવાળું હતું. આજે અફઘાનિસ્તાને મહિમાભર્યું પરિવર્તન કર્યું છે. લાંબા સમયથી મને લાગ્યા કરતુ હતું કે, લીગ ઓફ નેશન્સ (પ્રજાસંઘ) સર્વાનુસારી અને વિશ્વવ્યાપક હોવાના બદલે એક "ક્લબ"ના વધુ અંશે પ્રતિનિધિત્વ રૂપ પશ્ચિમના દેશોનેજ લગતું બની જવાના ભયમાં હતી. હવે લીગ ઓફ નેશન્સમા એક અન્ય ઇસ્લામી રાષ્ટ્ર દાખલ થયું છે, એ મારા જેવા મુસ્લિમ માટે કાંઇ નાની સુની વાત નથી. અફઘાનિસ્તાન લીગમાં દાખલ થવાથી લીગ ઓફ નેશન્સ પોતાના સામાન્ય આદર્શની સિધ્ધીમાં નવા વિચારો અને નવી નજરથી સંગીન અને ચૈતન્યમય બનશે. પશ્ચિમના દેશો પાસેથી પોતાનું રાજકીય સ્થાન મેળવવાની ગમે તેટલી કોશિશ હિંદ કરે છે તો પણ પોતાના પૂર્વ દેશી લોહી, ભાષા અને સંસ્કૃતિ માટે ગર્વ માનીને પૂર્વ દેશના એક સાચા પુત્ર તરીકે હિંદ રહ્યું છે અને હિંદની વસ્તીના સાત કરોડ જેટલા મુસ્લિમો અફઘાનિસ્તાન સાથે ઇસ્લામના કિર્તીવંત ભાઇચારામાં જોડાયલા છે."

## લંડનમાં ફિરદોસી જયંતિ–સ્કુલ ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝનો મેળાવડો.

ઓકટોબરની તા. ૩૦ મીના સંદેશામાં જણાવ્યા પ્રમાણે ઇરાનના મહાન કવિ ફિરદોસીની હજારમી જયંતિ પ્રસંગની ઉજવણી ધામધુમથી થઇ હતી. તેમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને બીજા નામાંકિત પુરૂષોએ ભાગ લીધો હતો. આ મેળાવડામાં સર હારકોર્ટ બટલરે જાહેર કર્યું હતું કે, નામદાર આગાખાન સાહેબે ફારસી ભાષાની સ્કોલરશીપ માટે પાઉંડ ૨૦૦ એટલે રૂપીયા ત્રણ હજારની રકમ આપી છે. ફારસી ભાષાની આગાખાન ટ્રાવેલિંગ સ્કોલરશીપ મિસ લેમિંગટન બી.એ. ને થોડુંક ઉપર આપવામાં આવી હતી. સ્કુલ ઓફ ઓરિએન્ટલ સ્ટડીઝના વડા અધિકારી સર ડેનિસન રોસ છે.

## ઇસ્લામી જગતની પુનર્રચના – એક યાદગાર સંદેશો.

૧૯૩૪ ના તા. ૨૩ મી નવેમ્બર=હિજરી સન ૧૩૫૩ ના શાબાનની તા. ૧૫ મીના મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નામદાર શહેનશાહના પુત્ર ડયુક ઓફ કેન્ટના લગ્નમાં ભાગ લેવા લંડન સિધાવ્યા હતા.

તેઓ નામદારે ઇસ્લામી જગતના પુનર્રચના વિષે ઇસ્લામી દુનિયા જોગ એક અગત્યનો સંદેશો આપતાં જણાવ્યું હતું કે: "ઇસ્લામી જગત પોતાના ઇતિહાસના પરિવર્તન કાળે આવી પહોચ્યું છે. હવે કાં તો ઇસ્લામને આગળ વધવું જોઇએ અથવા પૃથ્વીપટ ઉપર ઇતિહાસમાં પડી ગયેલી બીજી પ્રજાઓમાં સ્થાન લેવું પડશે. મુસ્લિમોએ જાગૃત થવું જોઇએ. હઝરત પયગમ્બર સાહેબના ગૌરવભર્યા જીવનના અદભુત શિક્ષણનો હવે દાખલો લઇ ઇસ્લામી ઉપદેશ પર પોતાની આધ્યાત્મિક અને ધાર્મિક ભાવના બાંધવી જોઇએ અને વિજ્ઞાન, જ્ઞાન અને રાજકારણની ખિલવણી કરી માનવજાતની સર્વશ્રેષ્ટ પ્રગતિમાન પ્રજાઓના ધોરણે સામાજિક પ્રગતિ સાધવી જોઇએ. સર્વશકિતમાન અલ્લાહના ઇલાહી સંદેશાને આપણી એકતાના ઝરણું તરીકે સ્વીકારવો જોઇએ અને એકવાર સંગીનતાથી આપણી આધ્યાત્મિક ભાવનાની સ્થાપના થયા પછી સ્વભોગ, હિંમત અને વહેવારૂ કાર્ય વડે નિડરતાથી આગળ વધી.ખ્રિસ્તિ, યુરોપ અને અમેરિકાના સમાન ધોરણે વૈજ્ઞાનિક, આર્થિક રાજકારણ અને સામાજિક વિષયમાં ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કરવો જોઇએ.

## ધર્મવાદનો ઈસ્લામી આદર્શ—ખ્રિસ્તી જગતને મહત્વપૂર્ણ સંદેશ.

ખ્રિસ્તીવાદ ધર્મને જુદીજ વસ્તુ માને છે, તે ઉપર મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ એક સંદેશામાં નિર્દેશ કર્યો હતો કે, "ધર્મ એ કાંઇ ખાસ અને સાધારણ જીંદગીથી અલગ છે, એવું કાંઇ ઇંગ્લાંડના ખ્રિસ્તી સંપ્રદાયો શીખવે છે. તેને અંગે ધર્મભાવનાવાળો મનુષ્ય પણ તેને ખાસ પ્રસંગ માટે જુદો મુકી દે છે અને દરરોજનો સામાજિક વ્યવહાર ધર્મથી જુદો માની પસાર કરે છે, જ્યારે ઇસ્લામ મઝહબને હંમેશા હરપળ શ્વાસોશ્વાસની માફક જોડાયલો રાખે છે અને તેમાંજ એક મુસ્લિમ પોતાનું જીવન જીવે છે અને હલનચલન કરે છે. અલ્લાહ પાલનહાર છે અને તે નિરંતર અને દરેક સ્થળે અમારી સંભાળ લે છે. ઇસ્લામનો વફાદાર ભાવિક પુત્ર આ સત્યને કદીપણ વિસરતો નથી અને પોતાના વ્યવહારમાંથી સમય મેળવી સર્વ શકિતમાનના સીધા સમાગમમાં આવે છે અને તેનું રટણ કરે છે. "અધર્મીઓ માટે જે કમનશીબી જેવું લાગે તેમાં પણ "પરવરદીગારની ઇચ્છા" અને જે બને છે તે સારાને માટે છે એમ આનંદપૂર્વક માનવું જોઇએ. જગતમાં માનવી આવી પોતાની ખરી આંખોએ જુએ છે, તેને જગત એક કેદખાનુ નહિ પણ

એક બગીચા—ખુદાના બગીચા સમાન લાગે છે. પરંતુ આંખો સ્વચ્છ અને નિર્મળ હોવી જોઇએ. હાથો અને જીગર મજબુત હોવા જોઇએ. તંદુરસ્ત રહેવાની સંપૂર્ણ જરૂરતની ઉંડી છાપ હું બેસાડું છું."

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઘોડેસ્વારીની કળાને પણ સર્વથી ઉત્તમ ગણી છે. માનવજીવનના સર્વોત્તમ આનંદના સંબંધમાં વિવિધ આનંદ વિષે ઉલ્લેખ કરતાં માનવજીવનના સુખની વિચારણામાં તેઓ નામદાર જણાવે છે કે, "જીવનની સામાન્ય જવાબદારીઓ જેઓ સ્વીકારે છે તેઓ નજીવી વિટમ્બણાઓ, અકળામણો અને સંકટ વ્હોરવા સાથે દુ:ખ અને શોક અનુભવે છે અને તેટલા માટેજ હું તેમના આનંદને-પરતંત્ર કહું છું: પણ જો તેઓ પોતાના પરવરદીગાર સાથે એકતાર રચે અને પોતાનું જીવન એક નરવીર પ્રમાણે વ્યતિત કરે તો શોકના જુદા વેશ પાછળ-પછી ભલે તે અકારૂં હોય-છતાં તેઓ આત્માની શાંતિ અનુભવે છે."

## જંગબારના હિંદીઓની વહારે.

દરિયાપારના હિંદીઓના મંડળના પ્રમુખ મૌલાના હાઝર ઇમામ રાઈટ ઓનરેબલ નામદાર આગાખાન સાહેબ અને સેક્રેટરી મી. પોલાકે જંગબારના હિંદીઓની પરિસ્થિતિ વિષે પંડિત માલવીયાને તાર કર્યો હતો અને તેમાં જણાવ્યું હતું કે, "જંગબારની પરિસ્થિતિથી અમને ભારે આંચકો લાગ્યો છે. હિંદના બધા વર્ગો અને કોમો વચ્ચે એકતાની જરૂર છે, અને આ વલણ સામે વિરોધ બતાવવા બધા લાગવગ ધરાવતા પક્ષોનું એક ડેપ્યુટેશન નામદાર વાઇસરૉય પાસે મોકલવાની અમે સુચના કરીએ છીએ. જાતિય ભેદભાવોથી જંગબારના વસ્તા હિંદીઓના હિતોને નુકશાન થશે. અમારા મત મુજબ પૂર્ણ પ્રતિનિધિત્વ ન મળે ત્યાંસુધી પ્રતિબંધન કાયદાને અમલમાં મુકવામાં વિલંબ કરવા હિંદી સરકાર મારફત દબાણ કરવાનું હિંદી વઝીરને જણાવવું."

## નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન.

ઇ. સ. ૧૯૩૪ના નવેમ્બર મહિનાની તા. ૧લીના દિને "ગવર્નમેન્ટ ગેઝેટ"માં જાહેરાત કરવામાં આવ્યા અનુસાર, મુંબઇની નામદાર સરકાર તરફથી મૌલાના હાઝર ઇમામના વહાલા વલી-અહદ નામદાર શાહઝાદા આગા અલીખાન સાહેબને જે.પી. "જસ્ટીસ ઓફ પીસ"=સુલેહના અમલદાર તરીકે નિમવામાં આવ્યા હતા. નામદાર વલીઅહદ ડિસેમ્બરની તા. ૧૪મીએ યુરોપથી હિંદ પધાર્યા હતા. તેઓશ્રી કરાંચી તેમજ હિંદના અન્ય ભાગોમાં પ્રવાસ કરી ૧૯૩૫ના જાન્યુઆરી મહિનાની તા. ૧૫મીએ જુહુના હવાઇ મથક ઉપરથી પાછા યુરોપ સિધાવી ગયા હતા.

## મૌલાના હાઝર ઇમામ મુંબઇમાં—સંયુકત સાલગ્રેહ—દરખાના ટાવરના ઘડીયાળની ઉદ્દઘાટન ક્રિયા.

ઇ. સ. ૧૯૩૫ના જાન્યુઆરી મહિનાની તા. ૪થીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મુંબઇ ખાતે કદમ મુબારક કર્યા હતા. જાન્યુઆરી તા. ૭મીના રમઝાન ઇદનો મુબારક તહેવારનો પ્રસંગ હોઇ, તેઓ નામદારે ખડક દરખાના જમાતખાને પધારી "ઇદ નમાઝ" પઢાવી જમાતોને મુબારકીઓ આપી હતી. આ પ્રસંગે તેઓ નામદારના "વલીઅહદ" નામદાર શાહઝાદા આકા અલીખાન સાહેબ તેમજ ઇસમાઇલી આગેવાનો, ઓધ્ધેદારો, માનચાંદ

પામેલાઓ અને હજારોની સંખ્યામાં ઈસમાઈલીઓ એકઠા થવા પામ્યા હતા. જાન્યુઆરીની તા. ૩૧મી ને ગુરૂવારના શુભ દિને મૌલાના હાઝર ઇમામ અને તેઓશ્રીના "વલીઅહદ" નામદાર શાહઝાદા આકા અલીખાન સાહેબની સંયુકત સાલગ્રેહ સમસ્ત ઇસમાઇલી આલમે ભારે ધામધુમથી ઉજવી હતી.

સાલગ્રેહની સગનવંતી સવારે મૌલાના હાઝર ઇમામ દરખાના જમાતખાને ભરવામાં આવેલ ભવ્ય દરબારમાં પધાર્યા હતા, અને તખ્ત ઉપર બિરાજમાન થઇ ફરમાવ્યું કે :–"આજે અમે રૂહાની ફરઝંદોને સાલગ્રેહની મુબારકીઓ આપીએ છીએ. અમે જ્યાં હોઇએ છીએ ત્યાં અમારા વ્હાલા રૂહાની બચ્ચાંઓને યાદ કરીએ છીએ. આજે અહીં અમે તમારી વચ્ચે બેઠા છીએ તે માટે તમોને ફરીથી મુબારકીઓ અને દુઆઆશિષો ફરમાવીએ છીએ. ત્યારપછી જંગબારના નામાંકિત ઇસમાઇલી આગેવાન અને સુપ્રસિધ્ધ વેપારી મેસર્સ ગોકુ બ્રધર્સ તરફથી મૌલાના હાઝર ઇમામ અર્પિત દરખાના જમાતખાનાના ટાવરના ઘડીયાળને તેઓ નામદારે પોતાના શુભ હસ્તે ખુલ્લું મુકવાની ક્રિયા કરી તેમને જંગબાર તાર મારફતે મુબારકી મોકલાવી હતી.

## વડોદરાના મુસ્લિમોનું માન.

૧૯૩૫ના ફેબ્રુઆરીની તા. ૨જી=હિજરી સન ૧૩૫૩ના રમઝાનની તા. ૨૫મીના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. દિલ્હી ભણી રવાના થયા ત્યારે વચ્ચે વડોદરા ખાતે ઉતર્યાં હતા. જ્યાં રાજમહેલમાં રાજ્યના પરોણા તરીકે રહ્યા હતા. નામદાર મહારાણી સાથે તેઓ નામદારે "લન્ચ" લીધું હતું. વડોદરા મુસ્લિમ કોનફરંસ અને અન્જુમને ઇસ્લામ તરફના માનપત્રો સ્વીકાર્યાં હતા. મુસ્લિમ આગેવાનો ઉપરાંત રાજ્યના આગેવાનો અને અન્ય કોમના નેતાઓ મળી ૭ હજાર જેટલી માનવમેદની તે સ્થળે એકઠી મળી હતી. સાંજે નડીયાદ સિધાવ્યા હતા. જ્યાં મ્યુનિસિપાલીટી તથા નડીયાદના મુસ્લિમોના માનપત્ર "વિકટોરીયા ગાર્ડન"માં સ્વીકારી નવમુસ્લિમોની મુલાકાત લીધી હતી, જેઓ લગભગ ત્રણ હજારની સંખ્યામાં હાજર રહ્યા હતા. તેમના બચ્ચાંઓને દર વર્ષે રૂા. ૧૦૦૦ સ્કોલરશીપ આપવાનું તેઓ નામદારે ફરમાવ્યું હતું. ત્યાંથી તેઓશ્રી દિલ્હી તરફ સિધાવી ગયા હતા.

## દિલ્હીમાં શુભાગમન—ટાઉન હોલમાં એટ હોમ.

તા. ૪ થીના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. દિલ્હી ખાતે આવી પહોંચતાં, હજારો શહેરીજનો સ્ટેશને સન્માન અર્થે આવ્યા હતા. નામદાર વાઇસરોયના એ. ડી. સી. પણ હાજર રહ્યા હતા, જેઓ સાથે "વાઇસરોય લોજ" ભણી તેઓ નામદાર મોંઘેરા મહેમાન તરીકે મોટરમાં રવાના થયા હતા. પોલીસની વ્યવસ્થા ઘણી સારી હતી. તેઓ નામદાર વાઇસરોયના મહેમાન તરીકે દિલ્હી પધાર્યા હતા. તા ૬ ઠીએ નામદાર વાઇસરોયના એ. ડી. સી. સહિત એસેમ્બલીમાં હાજરી આપી હતી. એ સમયે મી. આસફઅલી ભાષણ કરી રહ્યા હતા, તેઓશ્રી પંદર મીનીટ ત્યાં રોકાયા હતા.

તા ૭મીના દિને છતારીના નવાબે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના માનમાં દિલ્હીના ટાઉન હોલમાં "એટ હોમ" આપ્યો હતો. વડી ધારાસભાના મુસ્લિમ સભાસદો તરફથી તા. ૯ મીના રાતે કાઉન્સીલ હાઉસના ડાઇનીંગ હોલમાં એક ડીનર મૌલાના હાઝર ઇમામના માનમાં અપાયું

હતું, જેમાં કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ પણ ભાગ લીધો હતો. વડી ધારાસભાના પ્રમુખ સર અબ્દુર્રહેમાન પ્રમુખસ્થાને હતા. શરૂઆતમાં સર મુહમ્મદ યાકુબે મૌલાના હાઝર ઇમામે નામદાર આગાખાન સાહેબ પોતાના હોવાનો દાવો હિન્દ, ઇંગ્લાંડ, ફ્રાંસ, ઇરાન અને મિસર કરતા હોઇ તેઓ નામદાર "જગતના સર્વદેશીય" હોવાનું અર્થાત તેઓ નામદારનું "વિશ્વવ્યાપી વ્યકિતત્વ"નું વર્ણન કરતાં જણાવ્યું હતું કે નિખાલસતામાં તેઓશ્રી હિંદી છે, એક રાજદ્વારી અને રાજનીતિજ્ઞ તરીકે તેઓ નામદાર એક અંગ્રેજ છે, વિવેક અને વિનયમાં તેઓ નામદાર ફ્રેન્ચ છે, એક કવિ તરીકે તેઓ નામદાર ઇરાની અને મિસરી તરીકે તેઓ નામદાર પોતાના સમાગમમાં આવનાર લોકોનું લક્ષ ખેંચે છે."

વધુમાં સર મુહમ્મદ યાકુબે જણાવ્યું હતું કે "તેઓ નામદાર સદંતર;બીન કોમીવાદી છે. હિંદ કોમીવાદથી ખદબદી રહ્યું હતું એવા સમયે બ્રિટીશ હિંદી ડેલીગેશનના સરદાર તરીકે તેઓને પસંદ કરવામાં આવ્યા હતા, એ બીના તેઓના વિશિષ્ટ ગુણોનો યોગ્ય પુરાવો આપે છે અને પહેલું પ્રતિહાસિક ઓચર્યું બ્રિટીશ હિંદી ડેલીગેશનની યાદી તેઓ નામદારના રાજકીય ડહાપણ અને બુધ્ધિમતાનું એક મહાન પરાક્રમ છે."

આ અવસરે મી. ગઝનવીએ પ્રશંસાદર્શક જે ઉદગારોમાં પોતાની સેવાઓ વર્ણવી હતી, તે સંબંધમાં તેઓ નામદારે બોલતાં જણાવ્યું કે, "મી. ગઝનવીએ ટ્રોજનના ઘોડાનો ઉલ્લેખ કર્યો છે. ઘોડાની કોઇપણ ચિત્રરેખા જોવી એ મારા માટે આનંદનો વિષય છે. મારા જીવનનો આરંભનો સમય મેં મહારાષ્ટ્રમાં ગુજાર્યો છે અને દેશના એ ભાગમાં એક માનીતિ દેવમુર્તિ મેં દીઠી છે. તેની છબી અત્યારે પણ મારી નજર સામે છે. જુદી જુદી લંબાઈ અને જુદા જુદા કદના હાથો સહિત એક અતિશય મોટું શરીર એ મુર્તિનું હતું. હું નિખાલસ દિલે માનુ છું કે માત્ર હિંદ ખાતરજ નહિં પરંતુ તેની સંસ્કૃતિ, તેના સુધારા (Civili'sation) અને માનવતામાં તેના ફાળાઓનો એક કેન્દ્ર સહિત પેલી દેવમુર્તિ પ્રમાણે હિંદે રહેવું જોઇએ કે જે કેન્દ્રને લગતી જુદી જુદી સંસ્કૃતિ અને સુધારાવાળા સઘળાઓ હોય, આ સઘળાઓ એકજ માતાના અને એકજ માતાથી એકત્ર બનેલા હોય. આજે હું રાજનીતિથી દુર રહીશ, બલ્કે તમારી સન્મુખ હિંદ માતાની દેવમુર્તિનું પુતળું મુકીશ અને સંસ્કૃતિના નિરનિરાળાપણા માટે ગર્વભર્યા થવા તમોને નિવેદન કરીશ."

## અર્થસુચક પ્રશ્નોતર.

દિલ્હીવાળા જાણીતા સુફી સંત ખાજા હસન નિઝામીને મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે "વાઇસરોય લોજ"માં મળવાનો "ટાઇમ" આપ્યો હતો, પરંતુ રોકાણને સબબે તેઓ મળી શક્યા નહોતા. રાતે ડીનરમાં બન્નેની મુલાકાત થતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, "આજે તમોને મળવાનું ઘણું અવશ્યનું સમજતો હતો, પરંતુ કામકાજ એટલું બધું હતું કે દિવસ આથમી ગયો અને મુલાકાત થઇ શકી નહિ. આ વખતે મારા મનમાં એમ થયું કે જો ખુદા સુર્યને બે કલાક પર્યંત આથમવા ન દે તો હું બાકીના કામ પુરા કરી લઉં અને તમારી મુલાકાત પણ થઈ જાય."

ખાજા સાહેબે જવાબ આપ્યો કે "આપના દાદાશ્રી હઝરત અલી અ.એ સુર્યને આથમતાં અટકાવી દીધો હતો તેમ આપ પણ દુઆ માંગત તો તેમ બની શકત અને સુર્ય બે કલાક મોડો આથમત." (૧)

૧. જુઓ તા. ૮-૨-૩૫નું "મુનાદી" પત્ર.

## દિલ્હી મુસ્લિમ એસોસિએશન તરફથી "રોશનઆરા" બાગમાં ખાણાનો મેળાવડો.

ફેબ્રુઆરીની તા. ૯મીના દિને મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને દિલ્હીની મુસ્લિમ એસોસિએશન તરફથી રોશનઆરા બાગમાં "લન્ચ" આપવામાં આવ્યું હતુ, જેમાં શહેરના નામાંકિત સદ્‌ગૃહસ્થોએ હાજરી આપી હતી. મૌલાના હાઝર ઇમામ બરાબર એક વાગે પધારતાં "ખાના"માં તેઓશ્રીને સલામી આપવામાં આવી હતી. હાજરીનોએ પણ ઉભા થઇને તેઓ નામદારને માન આપ્યું હતું. પ્રમુખસ્થાનેથી ખાનબહાદુર એસ. એમ. અબ્દુલ્લાહે સંસ્થા વતી તેઓ નામદારનો આભાર દર્શાવતાં જણાવ્યું હતું કે: "આપ નામદાર પૂર્વ અને પશ્ચિમ વચ્ચે એક "પુલ" સમાન રહી, બન્ને દેશોમાં ઉચ્ચપદ સ્થાપવાનું જવલ્લેજ બની શકતું પરાક્રમ આપ નામદારે દેખાડ્યું છે. આપ નામદારે દેશનું નામ પણ ઉંચુ કર્યું છે, એટલુંજ નહિ પણ રાષ્ટ્રના હકકો માટે આપ સદા ઉભા રહ્યા છો. અંતે હું આપ નામદારને ખાત્રી આપું છું કે અમોને આપશ્રીમાં દરેક વિશ્વાસ છે, કારણ કે અમારૂં ભવિષ્ય આપશ્રીના હસ્તોમાં તદ્દન સલામત છે."

મૌલાના હાઝર ઇમામ જવાબ માટે ઉભા થતાં ગગનભેદી અવાજોથી તેઓશ્રીને વધાવી લેવામાં આવ્યા હતા. તેઓ નામદારે મુલાકાત માટે ખુશી દર્શાવતાં મુસ્લિમોને ભુતકાળ પડતું મુકી, ભવિષ્ય તરફ નજર નાખવાની અને ભાવિ માટે કાર્ય કરવાની ભારપૂર્વક ભલામણ કરી હતી.

## ઈસ્લામિક સંસ્કૃતિનો પુનરોદ્ધાર—ઈસ્લામિક રિસર્ચ એસોસિએશન.

ફેબ્રુઆરીની તા. ૨૫મીના દિને મુંબઇના ટાઉન હોલમાં આવેલ રોયલ એશિયાટીક સોસાયટી મુંબઇની શાખાના હોલમાં ઇસ્લામિક રિસર્ચ એસોસિએશનની મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે મુલાકાત લીધી હતી. સંસ્થાના પ્રમુખ શેઠ અલીમામદ મકલાઈ જે. પી. અને ઓન. સેક્રેટરી મી. એ. એ. ફૈઝી બાર-એટ-લૉ તથા જાણીતા રશિયન પ્રવાસી મી. ઇવેનોવે તેઓ નામદારનો સત્કાર કર્યો હતો. ત્યારપછી એસોસિએશનની સભામાં તેઓ નામદારે વિવેચન કરતાં જણાવ્યું કે, "ઇસ્લામી સંસ્કૃતિ, જ્ઞાન, ઇતિહાસ અને ફિલસુફીનું યોગ્ય પુનર્જીવન આખા જગતમાં થતું જોવાની મારી જીવનભરની અભિલાષા છે. સઘળા મહાન સુધારાઓને અંધકારના યુગમાંથી પસાર થવું પડ્યું છે. ગ્રિક, મિસર અને અન્ય પ્રજાઓના સુધારાનો માઠો યુગ આવ્યો હતો. કમનસીબે આપણે લોકો પણ એવા માઠા જમાનાના આસામીઓ છીએ કે જે એક ઇસ્લામના અંધકાર યુગના મધ્ય દરિયે જીવન ગુજારે છે. આજનું પુનર્જીવન પશ્ચિમના દેશો સાથનાં સંબંધથી થઇ શકયું છે. કમભાગ્યે તેના આરંભના તબક્કામાં પશ્ચિમના દેશોના અને અન્ય ઇસ્લામના અભ્યાસીઓએ મહાન સંસ્કૃતિના ખરા જુસ્સાના સંબંધમાં કાંઇ પણ જાણતા નહોતા. આ સંસ્થાના ખર્ચ માટે તેઓ નામદારે રૂા. ૧૦૦૦)ની વાર્ષિક ગ્રાંટ આપવાની જાહેરાત કરી હતી.

હિંદથી તેઓ નામદાર ઇ. સ. ૧૯૩૫ના માર્ચની તા. ૨જીના સ્ટીમર "રાણપુરા" મારફત યુરોપ તરફ સિધાવી ગયા હતા.

## બહેરામનો વિજય—બકીંગહામ પેલેસમાં ખાણાનો મેળાવડો.

૧૯૩૫ના જુન માસની તા. ૫મી એટલે હિજરી સન ૧૩૫૪ના રબીઉલ અવ્વલ તા. ૩જીના ડરબી રેસમાં "બહેરામ"નો વિજય થયો હતો. આ ઇતિહાસિક અને કિર્તીવંત જીત હતી, કારણ કે વિજયી બહેરામે વર્ષોના ગાળા પછી ત્રીબ્લીંગનો રેકર્ડ તોડયો હતો. આ જીતના માનમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન

મુહમ્મદ શાહ અ.ને નામદાર શહેનશાહ જ્યોર્જ પંચમે પોતાના રાજમહેલ બકીંગહામ પેલેસમાં એક ખાણુ આપ્યું હતું, જેમાં જોકી કલબનાં ૫૮ મેમ્બરો હાજર રહ્યા હતા. ખાણુના ટેબલોને લાલ લીલા રંગોથી શણગારવામાં આવ્યા હતા, તેમજ પીરસવામાં આવેલી મીઠાઈની વાનગીઓ ઉપર પણ તેવાજ રંગો હતા, જે મૌલાના હાઝર ઇમામના "My Flag=ધ્વજ"ના રંગો હતા. ખાણુની શરૂઆત થતાં પહેલાં નામદાર શહેનશાહે મૌલાના હાઝર ઇમામની સલામતીનો જામ નોશ કરાવ્યો હતો.

મૌલાના હાઝર ઇમામનો શરતનો પ્રખ્યાત ઘોડો "બહેરામ" જ્યુબિલી રેસીંગ સીઝનમાં જીત મેળવનારા ઘોડાઓની ટીપમાં સર્વથી પહેલે નંબરે આવ્યો હોવાથી તેણે "ત્રીપલ ક્રાઉન વીનર" તરીકે ૪૯૨૦૧ પૌંડની રકમ જીતી આપી હતી.

## લીગ ઓફ નેશન્સમાં હિંદનું પ્રતિનિધિત્વ-હિંદનો શાંતિનો આદર્શ.

જીનીવા ખાતે ભરાયેલી લીગ ઓફ નેશન્સમાં મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ બોલતાં જણાવ્યું કે "લીગ ઓફ નેશન્સ માટેની હિંદની ટીકાઓ વધતી જાય છે, લીગ ઓફ નેશન્સની વિશ્વવ્યાપકતાની ન્યુનતા અને તેમાં હિંદનું થોડું પ્રતિનિધિત્વ એ બિના હિંદને હંમેશા દુ:ખદાયક થઇ પડી છે. યુરોપના હિતને લીગમાં ભારે અગત્ય મળે છે, અને પોતાના લાખોના જનસમુહની ગરીબાઇના પ્રમાણમાં હિંદનો ફાળો મોટો છે, છતાં ઉપરોક્ત ત્રુટીને લઇને હિંદને દુ:ખ ઉપજે છે. લીગ ઓફ નેશન્સની નિષ્ફળતાઓથી અને હથિયારબંધી પરિષદ અફળ રીતે લંબાયા કરવાથી હિંદનું દિલ દુ:ખાય છે, કારણ કે લીગના સભ્યો ઝડપભેર હથિયારબંધ થતા જાય છે અને તે કરતાં પણ વધારે દુ:ખ તો લીગના સભ્યો વચ્ચે પ્રકટ કે અપ્રકટ યુધ્ધોથી ઉપજે છે. વળી હાલ જે મુશ્કિલી ઉભી થઇ છે તે આગલી કોઇ પણ મુશ્કિલી કરતાં મોટી છે. ખુદા ન કરે ને જો માઠો બનાવ બનવા પામે તો દુનિયા પર કેવા માઠાં પરિણામ નિપજશે તે કોણ કહી શકે એમ છે?"

હિંદનો દાવો મજબુતીથી રજુ કરતાં તેઓ નામદારે જણાવ્યું કે, "હિંદ લીગ ઓફ નેશન્સની ટીકા કરે છે તે તેના આદર્શો વિષે નહિ પણ તેની ઉણપ સંબંધી છે. લીગના આદર્શોનું અને હિંદના આદર્શોનું સાધન તો એકજ છે. આંતરદેશી અંધાધુંધી કરતાં સામુદાયિક સલામતીનો આદર્શ હિંદને વધુ ને વધુ પસંદ પડતો જાય છે. જગતના રાહ જુદા પડતા દેખાય છે, એ માર્ગની પસંદગી ડહાપણભરી રીતે થવા દો."

## એંગ્લો—મુસ્લિમ મિત્રાચારી—લોર્ડ હેડલીની સેવાઓની કદર.

લંડન ખાતે નેશનલ લીગ ઓફ કાઉન્સીલ ઓફ પીયર્સ અને લંડનના મુસ્લિમ નેતાઓએ લંચનો એક મેળાવડો કર્યો હતો, જ્યાં મૌલાના હાઝર ઇમામે એંગ્લો—સેક્શન અને ઇસ્લામી દુનિયા વચ્ચે આર્થિક અને કેળવણી વિષયક સહકાર શોધવાની જાહેર અપીલ કરી હતી.

આ પ્રસંગે મેળાવડાના પ્રમુખ સર રોબર્ટ હોર્ને જણાવ્યું હતું કે, નામદાર આગાખાન સાહેબ વર્ષો થયા બ્રિટીશ શહેનશાહતમાં મોટો ભાગ ભજવી રહ્યા છે. લીગની એસેમ્બલીમાં હિંદના પ્રતિનિધિ તરીકે અથવા પોતાની ખાનગી હિલચાલમાં તેઓ નામદાર જેવા બીજા કોઇ કાસિદ જોવામાં આવતા નથી.

બ્રિટીશ અને ઇસ્લામી ભાઇબંધી વધારવાના નેશનલ લીગના કાર્યની પ્રશંસા કરતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું કે, "ગઈ સદીની આખેરીથી હું ઇસ્લામની ઉન્નતિ માટે કામ કરી રહ્યો છું. એ સમયથી એટલે કે છેલ્લા પાંત્રીસ વર્ષો દરમ્યાન ઇસ્લામે જે પ્રગતિ સાધી છે તેથી હું અજબ થાઉં છું. આ પ્રગતિથી ઇસ્લામે દુનિયાની સેવામાં તથા સુલેહ પાથરવામાં મોટો ફાળો આપ્યો છે."

ઓગસ્ટ માસની ૨૫મી તારીખે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના માનમાં લંડનની નેશનલ લીગ તરફથી એક ખાણાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. તેઓ નામદારની લેવડાવવામાં આવેલી સલામતીનો જવાબ વાળતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે, લંડનમાં પુર્વના દેશોનું જ્ઞાન, તેઓની ફિલસુફી અને તેઓની સંસ્કૃતિનો ફેલાવો કરવા માટે એક કેન્દ્ર (સેન્ટર) ખોલવું જોઇએ. તેઓના સાહિત્યના બહોળા ક્ષેત્રો આજે યુરોપિયનો માટે બંધ છે. હું આશા રાખું છું કે એક દિવસ એવો આવશે જ્યારે પૂર્વની હાલની બંધ ચોપડીઓ યુરોપમાં જાણીતી થશે. ભારેમાં ભારે આનંદ સાથ બુધ્ધિગત અને આત્મિક સુલેહ શાંતિ યુરોપમાં ફેલાશે.

મરહુમ લોર્ડ હેડલીએ ઇસ્લામની કરેલી સેવાની કદર બુજવા એજ દિને લંડન ખાતે મળેલી સભાના પ્રમુખપદેથી તેઓ નામદાર બોલ્યા હતા કે, મરહુમની યાદગીરી જાળવવા એક સ્મારક તેમના નામનું ઉભું કરવું જોઇએ જેને ટેકો મળતાં ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

## સિંધ અલગ.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ સિંધને મુંબઈ ઇલાકાથી છુટું પાડવા ઘણી મહેનત લીધી હતી અને તેના પરિણામે તેને છુટું પાડવાનું નક્કી થયું હતું. સિંધને છુટું પાડવાની જાહેરાત થયા પહેલાં કેટલાક મુસ્લિમ નેતાઓને એ વિષે શંકા રહેતી હતી; તેથી તેઓ નામદારે આ શંકા ટાળવા જણાવ્યું હતું કે "મુંબઇ સ્વતંત્ર પ્રાંત થતાં વેર સિંધ એક જુદો ઇલાકો બનશે. એમાં જરાએ શંકા લેવાની નથી" એટલુંજ નહિ પણ સિંધ છુટું થવાની મુબારકીનો તાર પણ તેઓ નામદારે આપ્યો હતો અને તેના ટેકામાં હિંદી પ્રધાન સર સેમ્યુઅલ હોરે પણ હિંદી મુસ્લિમોના આનંદમાં સદભાગી થાય છે એવો નિર્દેશ કર્યો હતો. આ ઉપરથી સિંધની આઝાદી માટેના એમના પ્રયાસો કેવા અણથક હતા તે સમજી શકાય તેમ છે.

## આદર્શ ઈસમાઇલી કોલોની—"સુલતાનાબાદ."

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની વખતોવખતની તેઓશ્રીના સિંધવાસી અનુયાયીઓને કરેલી ભલામણ અનુસાર, સિંધના ઇસમાઇલી આગેવાનોની શુભ કોશિશોના પરિણામે ઇસ્વી સન ૧૯૩૨માં સિંધના સખ્ખર બેરેજના વિસ્તાર પર સાતસો એકર જમીન ઇસમાઇલીઓને ના. સરકારે મંજુર કરીને આપી હતી. ઇ. સ. ૧૯૩૫માં ત્યાં ખાતે આઠસો જીવની ઈસમાઇલી વસ્તી થઇ હોવાથી તેમજ તેઓ ધીમે ધીમે પરંતુ મક્કમ રીતે પ્રગતિ કરતા હોઇ, કાઉન્સીલ-ન્યાયખાતું અને સ્કુલ બોર્ડની સ્થાપના કરવામાં આવી હતી. જેના પ્રથમ પ્રેસીડેન્ટ તરીકે મૌલાના હાઝર ઇમામે ઇત્માદી ફદુભાઇ પીરની નિમણુંક કરી હતી, કે જેમણે આ કોલોનીને હસ્તીમાં લાવવા માટે શરૂઆતથીજ તન, મન અને ધનથી સહાયતાઓ આપી મહેનત ઉઠાવી હતી. મૌલાના હાઝર ઇમામના મુબારક નામ ઉપરથી આ કોલોનીનું નામ "સુલતાનાબાદ" રાખવામાં આવ્યું છે.

તા, ૬ઠ્ઠી મેના દિને સમસ્ત ઇસમાઇલી આલમે નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જ અને શહેનશાહ બાનુની "સિલ્વર જ્યુબીલી" ઉજવી હતી અને જમાતખાનાઓમાં શુક્ર ગુજારીની બંદગી કરવામાં આવી હતી. આ પ્રસંગે "ઇસમાઇલી"નો "સિલ્વર જ્યુબીલી"નો એક સુંદર ખાસ અંક પણ પ્રગટ કરવામાં આવ્યો હતો.

## મૌલાના હાઝર ઇમામની ઇમામતના કિર્તીવંત પચ્ચાસ વર્ષ–ઇસ્માઇલીઓએ સાધેલી સુંદર પ્રગતિ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના પુર્વજોએ ૬૦૦ વર્ષ પૂર્વે ઇરાનથી દાઇઓ અને પીરોને હિંદુસ્તાન મોકલાવીને ઇસમાઇલી ખોજાઓના વડવાઓને પાક ઇસ્લામ ધર્મમાં દાખલ કરી અને "હકીકતી મઝહબ" બનાવ્યો ત્યારથી ઇસમાઇલી ખોજા કોમ હસ્તીમાં આવી અને મૌલાના હાઝર ઇમામના દાદાશ્રી આકા શાહ હસનઅલીશાહ ઇરાનથી સિંધ, મુંબઇ, કલકતા ખાતે પધારી હિંદમાં કાયમી નિવાસ રાખ્યા પછી ઇસમાઇલી ખોજાઓની ઉન્નતિની શરૂઆત થવા પામી; પરંતુ આકા હસનઅલીશાહ તેમજ આકા અલીશાહના સફળ પ્રયાસોના પ્રતાપે ઇસમાઇલીઓ મક્કમ રીતે પ્રગતિ કરવા લાગ્યા હતા. જ્યારે હાલના ઝમાનાના ઇમામ અને રૂહાની સરદાર નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતના અમલ દરમ્યાન તો ઇસમાઇલી ખોજાઓ, તેઓ નામદારના ભલા આશિર્વાદો અને સર્વોત્તમ દોરવણીના પ્રતાપે, ધાર્મિક તેમજ દુન્યવી ક્ષેત્રોમાં કુદકે અને ભુસ્કે આગળ વધવા પામ્યા છે.

ધાર્મિક દ્રષ્ટિએ, ઇસમાઇલીઓ નીતિ જ્ઞાનથી લઇને, ભુતકાળમાં થઇ ગયેલા, મૌલાના જલાલુદીન રૂમી, હઝરત શમ્સ તબ્રીઝ, વડા દાઇ હકીમ નાસિર ખુસરૂ અને ઇબ્નુલ અરબી જેવા મહાન સુફીઓ અને આરિફોના શિક્ષણ અનુસારનું ઇલ્મે તસવ્વુફ અથવા બ્રહ્મજ્ઞાન સુધીના સઘળા વિષયો માટેની ઉત્તમ હિદાયત મેળવી "મખફી ઇબાદત"ની ખુબીઓથી સારી જેવી રૂહાની પ્રગતિ સાધી શકયા છે. જ્યારે દુન્યવી દ્રષ્ટિએ જીવનનાં સામાજિક, આર્થિક અને કેળવણીના વિષયોમા ઇસમાઇલીઓએ તેઓ નામદારની ઇમામતના કિર્તીવંત પચ્ચાસ વર્ષના અમલ દરમ્યાન જે મહાન પ્રગતિ સાધી છે, તે ઇસમાઇલીઓના ૬૦૦ વર્ષના ઇતિહાસમાં એક અજોડ અને ગૌરવભરી બીના છે. રાજદરબારે અગ્રસ્થાન મેળવી, જાહેર જીવનમાં અને અમુક અંશે રાજદ્વારી ક્ષેત્રોમાં અને લોક-સેવાના કાર્યમાં પણ તેઓ નામદારના મુરીદોએ ઓછી પ્રગતિ સાધી નથી. સર, નાઇટ, બેરોનેટ, મેજીસ્ટ્રેટો, જજો, ધારાસભાના સભ્યો અને પ્રમુખો, શેરીફો અને કોરપોરેશનના મેયરો અને સભ્યો તેમજ સુલેહના અમલદારો તરીકે દેશના ભલા માટે નોંધવાલાયક ફાળો આપવા પણ ઇસમાઇલીઓ શક્તિમાન થયા. તેઓ નામદારની ભારપૂર્વકની ભલામણોથી ઇસમાઇલીઓ આફ્રિકા અને માડાગાસ્કર જેવા દુરદરાજના મુલ્કોમાં દેશાટન કરી, સાહસિક વેપારીઓ તરીકે પણ ખુબ નામના મેળવી શકયા છે.

આ પ્રમાણે મૌલાના હાઝર ઇમામની ઇમામતના પચ્ચાસ વર્ષના કિર્તીવંત અમલ દરમ્યાન ઇસમાઇલીઓ પ્રત્યેક ક્ષેત્રોમાં સુંદર પ્રગતિ સાધી શકયા, તે બેશક તેઓ નામદારને જ આભારી છે, કારણ કે તેઓ નામદારે પોતાના મુરીદોની બહેતરી માટે સતત ઝહેમત ઉઠાવી છે, એટલું જ નહિ પણ પોતાના ગિરેહથી લાખો રૂપીયાની વાર્ષિક બક્ષિશો તેઓના પાછળ ખર્ચ કરી રહ્યા છે. તેઓ નામદાર પોતાના મુરીદો પર મદદ ઉપકાર કરી કેળવણી, સાહિત્ય, સમાજવ્યવસ્થા, ધાર્મિક સ્થળો, સ્પોર્ટસ, તબીબી રાહત વિગેરે કોમના અન્ય અસંખ્ય બહેતરીના કાર્ય માટે ધરખમ રકમોની બક્ષિશો આપી રહ્યા છે, જેનો અડસટ્ટો પણ કાઢવો મુશ્કિલ છે, કેમકે ઇમામની હાતિમદિલીના પ્રતાપે, તેઓશ્રીની સખાવતોનો ઝરો ધોધમાર સતત વહેતોજ રહ્યો છે.

## સતરમી ઓગસ્ટ—મહાન ઉપકારોની આભારદર્શક યાદ કાયમ કરવાનો સુઅવસર

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ પોતાની ઇમામતના પચાસ વર્ષના ગૌરવભર્યા અમલ દરમ્યાન પોતાના મુરીદોને અંતરની ઉંડી અને પ્રેમભરી લાગણીથી દીન અને દુનિયામાં આબાદ બનાવવા માટે સતત ઝહેમત લીધી અને હજુ પણ લઇ રહ્યા છે, તેમજ જે મહાન ઉપકારો કર્યા છે, તેના મુલ્ય ઇસમાઇલીઓથી આંકી શકાય તેમ છે જ નહિ, પરંતુ મુરીદો તરીકે પોતાના પવિત્ર ઇમામ પ્રત્યેની મહોબ્બત, હ્રદયનો પૂજ્યભાવ, ફિદાગીરી, તેમજ તેઓ નામદારના મહાન ઉપકારોની આભારદર્શક યાદ કાયમ કરવાની સુંદર તક ઇસ્માઇલીઓએ તા. ૧૭ મી ઓગસ્ટના શુભ દિને અર્થાત તેઓ નામદારની "ગોલ્ડન જ્યુબિલી=સુવર્ણ મહોત્સવ"ના શુભ પ્રસંગે ઝડપી લેવાનો ઇરાદો કર્યો, કારણ કે તેઓ નામદાર ઇસ્વી સન ૧૮૮૫ના ઓગસ્ટ માસની તા ૧૭મી-ના મુબારક દિને ઇમામતની મસનદ પર બિરાજમાન થયા હોઈ, તા. ૧૬ મી ઓગસ્ટ ૧૯૩૫ના રોજે તેઓ નામદારની ઇમામતને બરાબર પચ્ચાસ વર્ષ થતા હતા.

ઉપરાંત એ જ વર્ષમાં, ઇસ્લામી જગતની કેળવણીનું કેન્દ્ર કેરોની "જામ-એ-અઝહર" યુનિવર્સીટી, કે જે મૌલાના હાઝર ઇમામના નામાંકિત પૂર્વજો, મિસરના રાજ્યકર્તા-ફાતિમી ખલીફાઓએ કાયમ કરી હતી, એ યુનિવર્સિટીની ૧૦૦૦ વર્ષની જયંતિ (Millinery) પણ તેઓ નામદારની ઇમામતની ગોલ્ડન જ્યુબિલીના જ વર્ષમાં આવતી હોવાથી એ પણ એક શુભ ચિન્હ હતું.

## ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી માટેની પૂર્વ તૈયારીઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની મુબારક "ગોલ્ડન જ્યુબિલી"ની ઉજવણીનો વિષય લગભગ એક વર્ષ પહેલાં ઇસમાઇલી જનતામાં અમુક અંશે ચર્ચાતો થયો હતો અને કેટલેક સ્થળોએ એ વિષયમાં મસલેહતો પણ શરૂ કરવામાં આવી હતી. પરંતુ ખાસ કરીને સૌથી પહેલાં કોમના સુપ્રસિધ્ધ અખબારોએ આ અનેરા અવસરની યોગ્ય રીતે ઉજવણી કરવા કોમના આગેવાનો અને કાર્યવાહકોને જાગૃત કરવા તેમજ આફ્રિકા અને અન્ય સ્થળોએ સત્તાધારી રીતે આ માંગલિક અવસર શાનદાર રીતે ઉજવવાનું નક્કી થયેલું હોઇ, ઇમામની હુઝુરમાં અરજ પેશ કરી, જેમ બને તેમ જલ્દી તૈયારીઓ શરૂ કરી દેવા માટેની ઝુંબેશ ઉઠાવી હતી. ત્યારપછી મુંબઈ ખાતેની ના. કાઉન્સીલની જુન મહિનાની તા. ૯મીની બેઠકમાં આ બાબત પર વિચાર ચલાવવામાં આવ્યો હતો અને મૌલાના હાઝર ઇમામની પવિત્ર હુઝુરમાં અતિ નમ્રતાપૂર્વક અરજ ગુજારવામાં આવી હતી. જેના જવાબમાં તેઓ નામદારે મહેરબાનીની રાહે મંજુરી આપતો ના. કાઉન્સીલ ઉપર જુલાઇની તા. ૨૭ના લંડનથી એક સંદેશો મોકલાવી, ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી માટે તા. ૨૧મી જાન્યુઆરીનો દિવસ એશિયા માટે અનુકુળ હોવાનું ફરમાવ્યું હતું. આ મુબારક સંદેશો મળતાં સમસ્ત ઇસમાઇલી આલમમાં ભારે ખુશાલી પ્રગટી નીકળી હતી.

## આગાખાન્સ ઓલ ઇન્ડીયા ગોલ્ડન જ્યુબીલી કમીટીની નિમણુંક.

ત્યારપછી કોમના સુપ્રસિધ્ધ અખબારોમાં જુદી જુદી વ્યક્તિઓ તરફથી જ્યુબિલીની યાદગીરી કેવી રીતે જળવાઇ રહે તેના માટે તેમજ ઉજવણી માટે જુદી જુદી યોજનાઓ અને સુચનાએ પ્રગટ કરવામાં આવતી હતી. પરંતુ ના૦ કાઉન્સીલે મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં આ બાબતમાં અરજ ગુજારતાં, તેઓ નામદારે ઓગસ્ટની તા. ૧૨મીના લંડનથી નીચે મુજબનો એક બીજો સંદેશો મોકલાવ્યો હતો:—

"જ્યુબિલીની ઉજવણી માટે સમસ્ત હિંદના કેળવાયલા મહેનતુ લોકોની ખાસ કમિટી નિમવાની સુચના કરીએ છીએ. યાદગીરીનો મુખ્ય હેતુ રૂહાની બચ્ચાંઓમાં બાળહિત અને ઉચ્ચ કેળવણી માટેની સ્કોલરશીપોનો હોવો જોઇએ. મેમ્બરોના સંબંધમાં માતા સલામતની સલાહ લેવા. પક્ષ કે પક્ષપાતી લાગણી ન હોવી જોઇએ. જો ગમે તો બાનુઓ અને ગૃહસ્થોની ભેગી કમિટી વધુ પસંદ કરવા જોગ છે."

એ મુબારક સંદેશા અનુસાર ધી આગાખાન્સ ઓલ ઇન્ડીયા ગોલ્ડન જ્યુબિલી કમિટીની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં નામાંકિત આગેવાન બાનુઓ ૧૮, ના. કાઉન્સીલના સભ્યો ૧૪, બર્માના ૩, કાઠિયાવાડના ૧૫, સિંધના ૧૦, સી. પી. અને બિરારના ૪, દક્ષ્ખણના ૩, સિધ્ધપુર-વિસનગરના ૩, કચ્છના ૫, વાપી, પંજાબ-ફ્રન્ટીયર, બંગાળ-ઓરિસ્સા, મદ્રાસ, યુ. પી, અહમદનગર, દરેકના બબ્બે અને પર્શિયન ગલ્ફ-ગુઆદરના એક એમ કુલે મળીને ૮૮ મેમ્બરો નિમવામાં આવ્યા હતા.

## નામદાર લેડી અલીશાહ—બેઠક ખુલ્લી મુકવાની યાદગાર ક્રિયા.

આ કમિટીની અકટોબર માસની તા. ૧૬મીના રોજે "આગા હોલ"ની વાડીમાં જ્યુબિલીના કાર્યક્રમ વિષે વિચાર ચલાવવા સાંજના ૫-૩૦ કલાકે પહેલવહેલી જનરલ સભા ભરવામાં આવી હતી, જેને ખુલ્લી મુકવાની ક્રિયા મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના માતુશ્રી હર હાઇનેસ લેડી અલીશાહ નામદાર માતા સલામતે ખાસ પુનાથી પધારીને કરી હતી. આ પ્રસંગે દેશ પરદેશના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. નામદાર માતા સલામત પુનેથી મોટર મારફતે વાડીમાં બરાબર સમયસર આવી પહોંચતાં સઘળાઓએ ઊભા થઇ તેઓ નામદારને માન આપ્યું હતું.

તેઓ નામદારે બેઠકને ખુલ્લી મુકતાં સઘળી જમાતોને મુબારકબાદીઓ આપી હતી અને મૌલાના હાઝર ઇમામના પ્રતાપે જમાત દિન પ્રતિદિન આબાદ થતી ગઇ છે તેના માટે ખુશાલી દર્શાવી હતી. ત્યારપછી કમિટીના પ્રેસીડેન્ટ તરીકે જાણીતા આગેવાન શહેરી સર ઇબ્રાહીમ રહેમતુલ્લાહ કે. સી. એસ. આઈ ની, વાઇસ પ્રેસીડેન્ટ તરીકે મુંબઇ કાઉન્સીલના પ્રેસીડેન્ટ શેઠ ગુલામઅલી જી. મરચન્ટ બી. એ. એલ. એલ. બી. એડવોકેટની, તથા ઓધ્ધેદારો અને કારોબારી કમિટીના સભ્યોની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ ફંડ માટે અપીલ કરવામાં આવતાં તરતજ લગભગ એક લાખ રૂપીઆ ભરાઇ ગયા હતા.

## મૌલાના હાઝર ઇમામને સુવર્ણથી તોળવાનો મક્કમ નિરધાર.

ઓકટોબર મહિનાની તા. ૨૨મીના દિને મૌલાના હાઝર ઇમામની ગોલ્ડન જ્યુબિલીનું પ્રચારકાર્ય આલીજાહ મિશનરી સબ્જઅલીભાઇ રમઝાનઅલીને સુપરત થયેલું હોઇ, એક ધરખમ ફંડ ઉભું કરવા માટે સઘળી જમાતોને અપીલ કરવા, અખિલ હિંદના પ્રવાસે તેઓ રવાના થયા હતા. ઇસમાઇલીઓમાં આ પ્રસંગે અપુર્વ ઉત્સાહ પ્રગટેલો હોવાથી, તેમને સઘળે સ્થળે સુંદર આદરભાવ મળવા પામ્યો હતો. તેમજ પ્રત્યેક ઇસમાઇલીએ જ્યુબિલીના પ્રસંગને ફતેહમંદ બનાવવા, ફંડ માટેની અપીલને વધાવી લઇ, ભારે સહકાર આપી ઇમામ પ્રત્યેની મહોબ્બત અને ફિદાગીરી સાથે અંતકરણની વફાદારી દર્શાવી હતી જેનું વર્ણન થઇ શકે તેમ નથી.

મુંબઈ, કચ્છ, કાઠિયાવાડ, સિંધ, પંજાબ–ફ્રન્ટીયર, મદ્રાસ, દખ્ખણ, યુ. પી., સી. પી. બિરાર, સિધ્ધપુર, ગુજરાત, માણસા બંગાળ–ઓરિસા અને પરશીયન ગલ્ફ, પીનાંગ, સિંગાપુર, કોલમ્બો સિલોન, અને રંગુન–બરમાની જમાતોમાંથી તેમજ અન્ય જમાતોમાંથી જોતજોતામાં રૂપીયા પાંચ લાખ જ્યુબિલી ફંડમાં ભરાઇ જતાં, જ્યુબિલી કમિટીની એક યાદગાર બેઠકમાં વા. પ્રે. શેઠ ગુલામઅલીભાઈ મરચંટે હર્ષનાદો વચ્ચે તેની જાહેરાત કરી હતી. ત્યારપછી મૌલાના હાઝર ઇમામને સોનાથી તોલવાનો ઠરાવ રજુ કરવામાં આવતાં, જોશભેર તાળીઓના ગગડાટ વચ્ચે તેને એકમતે પસાર કરવામાં આવ્યો હતો.

## ગોલ્ડન જ્યુબિલી પ્રોગ્રામની જાહેરાત.

ત્યારપછી જ્યુબિલીની ઉજવણી માટેનો કમિટીએ, ઇ. સ. ૧૯૩૬ ના જાન્યુઆરીની તા. ૧૯મી રવિવારથી તા. ૨૩મી ગુરૂવાર સુધી પાંચ દિવસનો ભરચક કાર્યક્રમ સહિત એક પ્રોગ્રામ ઘડી કઢાડયો હતો જેને મૌલાના હાઝર ઇમામ તરફથી સંમતિ મળતાં સમગ્ર હિંદમાં તેની જાહેરાત કરવામાં આવી હતી. આ પ્રોગ્રામમાં, સાર્વજનિક પાર્ટી, દરખાના જમાતખાનામાં બાઇઓ અને ભાઇઓના જંગી મેળાવડા, મૌલાના હાઝર ઇમામના મુબારક હાથે સ્કુલનાં બાળબાળાઓને મેડલો અને મીઠાઇની વહેંચણી, ભવ્ય દરબાર, અખિલ હિંદના ઇસ્માઇલી મુરીદો તરફથી તેઓ નામદારની હુઝુરમાં મહેમાની, પહેરામણીનું સરઘસ, વાડીમાં દારૂખાનું, હસનાબાદમાં ગર્લ્સ ગાઇડઝ, બોય સ્કાઉટ અને વોલન્ટીયરોની ભવ્ય "રેલી" અને બાળબાળાઓનો સ્પોર્ટસનો પ્રોગ્રામ, ઇનામોની વહેંચણી, જમણ, માનપત્રનો મેળાવડા ઉપરાંત તુલાવિધીના કાર્યક્રમનો સમાવેશ થતો હતો. જેમાં દરેક મકાનો પર રોશની કરવાની સુચના પણ અપાઇ હતી. તા. ૨૧મી તથા. ૨૩ મીના દિવસો તહેવાર તરીકે પાળવાનું પણ નક્કી થયું હતું.

આ ભવ્ય પ્રોગ્રામની જાહેરાત થતાં ઇસમાઇલી આલમમાં ભારે ખુશાલી વ્યાપી ગઇ હતી અને તેઓ નામદારની ઇમામતની મસનદ ઉપર બિરાજમાન થવાના શુભ દિનની યાદગાર કાયમ રાખવા ઉમંગથી આબાલ વૃધ્ધ, અમલદારો, અગ્રેસરો, ઇલ્કાબધારીઓ, કાર્યકરો, મિશનરીઓ અને સંસ્થાઓ એકત્ર થઇને જુદા જુદા કાર્યો કરવા પાછળ લાગી ગયા હતા.

## અલીગઢ યુનિવરસિટિના પ્રો. વાઇસ ચાન્સેલર.

નવેમ્બર મહિનાની તા. ૧૭મીના દિને અલીગઢ યુનિવરસિટિ કોર્ટની ખાસ સભા અલીગઢ ખાતે મળી હતી, જેમાં નવાબ બહાદુર મોઝામિલ્લાહખાનની દરખાસ્ત અને નવાબ સર અહમદ સઇદ ખાન છતારીએ મૌલાના હાઝર ઇમામનું મુબારક નામ સુચવતાં તેઓ નામદારને અલીગઢ યુનિવરસિટિના પ્રો. વાઇસ ચાન્સેલર તરીકે એકમતે ચુંટી કઢાડવામાં આવ્યા હતા.

## દારેસ્સલામમાં ગોલ્ડન જ્યુબિલી હોલ – આફ્રિકામાં ઉજવણીની તૈયારીઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ગોલ્ડન જ્યુબિલીનો બખ્તાવર મહોત્સવ સમસ્ત એશિયામાં ઉજવવા માટે તૈયારીઓ થઇ રહી હતી. ખાસ કરીને આફ્રિકા ખાતે તેઓ નામદારની ઇ. સ. ૧૯૩૭માં પધારવાની વકકી હોવાથી એ સમયે ત્યાં ખાતે પણ આ અનેરો અવસર ઉજવવા માટે બે વર્ષ આગાઉથીજ તૈયારીઓ કરવાનું કાર્ય શરૂ થઇ ગયું હતું.

દારેસ્સલામ ખાતે વારસ કાસમભાઇ સુંદરજી શામજીએ ના. કાઉન્સીલના સભ્યો સહિત એક વગદાર મેળાવડા સન્મુખ "ધી ગોલ્ડન જ્યુબિલી હોલ"નો પાયો નાખવાની ક્રિયા કરી હતી. આ હોલનું નામ મૌલાના હાઝર ઇમામે મંજુર કરેલું હોઇ, જ્યુબિલીના મુબારક પ્રસંગે ખુલ્લું મુકવાની જાહેરાત કરવામાં આવી હતી. આ હોલ માટે શીલીંગ ૧૦,૦૦૦નો ફાળો કરવામાં આવ્યો હતો.

## મૌલાના હાઝર ઇમામની હિંદમાં મુબારક પધરામણી.

ઇ. સ. ૧૯૩૬ ના જાન્યુઆરીની તા. ૬ ઠીના દિને ઓલ ઇન્ડીઆ ગોલ્ડન જ્યુબિલી કમિટી પર, મૌલાના હાઝર ઇમામે પી. ઓ. કું.ની મેલ સ્ટીમર "કેથે" પરથી વાયરલેસથી સંદેશો મોકલી સર્વોત્તમ દુઆ આશિષો ફરમાવી નજદીકમાંજ મળવાની આશા દર્શાવી હતી. આ સંદેશો મળતાં ઇસમાઇલીઓની ખુશીનો કોઇ પાર રહ્યો નહોતો.

તા. ૧૦ મીને શુક્રવારના શુભ દિને તેઓ નામદારે, હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબા સાથે હિંદ ખાતે આવી પહોંચતાં, મુંબઇના બેલાર્ડપીયર પર વહેલી સવારે પવિત્ર પગલાં કર્યાં હતા. તેઓશ્રીની પધરામણી ખાનગી હોવા છતાં, કોમ પરકોમના આગેવાનોની એક મોટી સંખ્યા તેઓ નામદારને બંદર પર આવકાર આપવા માટે હાજર રહી હતી. તેઓ નામદાર સીધા પોતાના વાલકેશ્વરના બંગલે સીધાવી ગયા હતા. ત્યારપછી બરાબર ૧૦-૧૫ કલાકે દરખાના જમાતખાને પધારી ફરમાવ્યું હતું કે: "જ્યુબિલિના અવસરે મારા રૂહાની બચ્ચાંઓ જે તકલીફ ઉઠાવી રહ્યા છે તે માટે સઘળાઓને દુઆ આશિષો ફરમાવું છું."

## નવા સુધારાનો સ્વીકાર કરી વધુ મેળવવાની સલાહ—કોમી એકતા માટે જીવનભરની લડત—છાપાના પ્રતિનિધિઓને ઇન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. હિંદની પ્રજા અને જગતની ભલાઇના કાર્યો સતત કરતા રહ્યા છે. આ પ્રસંગે પણ હિંદની ભુમિ પર પગલાં કરતાં, વર્તમાનપત્રના પ્રતિનિધિઓને ઇન્ટરવ્યુ આપ્યો હતો. જેના પરથી તેઓ નામદાર દેશ અને જગત માટે કેવી ધગશ ધરાવે છે તેનો આ એક વધુ પુરાવો છે. ઇન્ટરવ્યુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "નવા સુધારાનો ઉત્તમ ઉપયોગ કરીને જે કંઇ લાભ મળે તે હાથ કરવાનું કામ હિંદની જનતાનું છે. વધુ માગવાનું ચાલુ રાખો, પણ સુધારાને અમલમાં મુકવાનો કદીએ ઇન્કાર કરતા નહિં. ભાંગફોડની નીતિમાં હું શ્રધ્ધા ધરાવતો નથી, કારણ કે એ નીતિથી દેશને કદીએ ફાયદો થયો નથી. પરંતુ સુધારાઓને અમલમાં મુકવામાં આવશે તો રાજકારોબારનો વ્યવહારૂ અનુભવ પણ મળશે."

"હિંદની જનતાએ હિંદને એક બહેતર દેશ બનાવવા માટે આરંભ કરવો જોઇએ પણ સૌથી પહેલાં આમવર્ગની સ્થિતિ સુધારવી જોઇએ. આમવર્ગ પર ભારે અસર કરતા આડકતરા કરોનો ભાર ઘટાડી નાખવો જોઇએ. કેળવણી, આરોગ્ય, શરીર સુખાકારી અને પ્રજાકિય સનદી નોકરીઓની ખીલવણી પાછળ વધારે નાણાં ખર્ચાવા જોઇએ એમ હું માનું છું."

"કોમી એકતા માટે કાર્ય કરવામાં મેં મારૂં આખુંય જીવન ગાળ્યું છે અને ફરીને એ માટે કોશિષ કરતો રહીશ. આજની ઘડીએ કોમી એકતાની ભારે જરૂર છે અને મારી દ્રઢ માન્યતા છે કે બન્ને મોટી કોમોના નેતાઓએ સાથે મળીને સમજુતિની સામાન્ય યોજના ઘડી કહાડવી જોઇએ. રાઉન્ડ ટેબલ કોનફરંસ દરમ્યાન કોમી સવાલનો ફડચો કરવા મેં અઢાર અઢાર કલાકો ગાળ્યા હતા. હું દિલ્હી જઇને ફરીવાર કોશિષ કરીશ."

## બંગાળના પચરંગી હિંદી દેશજનોનો અજબ ચાહ—ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી માટે આગેવાન શહેરીઓની નિમાયલી કમિટી.

જાન્યુઆરીની તા. ૫ મીએ કલકતા રોયલ એક્ષચેન્જ પેલેસમાં કલકતાના શહેરીઓની એક સભા, સર અબ્દુલ હલીમ ગઝનવીના પ્રમુખપદે મળી હતી, જેમાં ધી રાઈટ ઓનરેબલ નામદાર આગાખાન સાહેબની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી કલકતા ખાતે યોગ્ય રીતે ઉજવવા અને તેને લગતાં પગલાં ભરવા અને ફંડ એકઠું કરવા માટેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા. ઉજવણીના કાર્યક્રમ તથા ફંડ એકઠું કરવા રાજા મહારાજા—નવાબો અને આગેવાન શહેરીઓની એક વગદાર કમિટી નિમવામાં આવી હતી, જેમાં દરભંગાના મહારાજાધીરાજ, બર્દવાનના મહારાજાધીરાજ, મહારાજા સર પી. સી. ટાગોર, સર જી. આર. કેમ્પબેલ અને કરનલ સી. જી. આર્થર વાઇસ પેટ્રનો તરીકે હતા. કારોબારી કમિટીમાં પેટ્રન, વાઇસ પેટ્રનો અને પ્રેસીડેન્ટ સર અબ્દુલ હલીમ ગઝનવી, વાઇસ પ્રે. લેફ્ટેનન્ટ કરનલ સર હસન સુહરાવર્દી, આદમજી હાજી દાઉદ, મી. ડબલ્યુ. ડબલ્યુ. કે. પેજ, કરનલ સર હેનરી ગીડની અને રાય રામદેવ ચોખાની બહાદુર ઉપરાંત હિંદુ—મુસ્લિમ યુરોપિયન, ઇસાઇ, તેમજ અન્ય કોમના મોટા મોટા આગેવાનો મળીને કુલ્લે ૧૦૦ સભાસદો નિમવામાં આવ્યા હતા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ મુંબઇમાં કદમ મુબારક કરે ત્યારે કમિટીના પ્રેસીડેન્ટની સહીથી તેઓ નામદારને મુબારકી આપનારો અને જ્યારે તેઓશ્રીને અનુકૂળ હોય ત્યારે કલકતા ખાતે પધારવા માટે તાર મોકલવાનું પણ નક્કી કરવામાં આવ્યું હતું.

મૌલાના હાઝર ઇમામની ગોલ્ડન જ્યુબિલીમાં ભાગ લેવા માટે તથા તેઓ નામદારને મુબારકીઓ આપવા ડૉ. ઝિયાઉદ્દીન એહમદ, સર શફાઅત એહમદખાન અને પ્રોફેસર હાદી હસનનું બનેલું એક ડેપ્યુટેશન અલીગઢ મુસ્લિમ યુનિવરસિટિ તરફથી મુંબઇ આવી પહોચ્યું હતું.

## દેશપરદેશના મોટી સંખ્યાના ઇસ્માઇલીઓ મુંબઇમાં

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની પચાસ વર્ષની ઇમામતની ગોલ્ડન જ્યુબિલીના અનેરા અવસરની ખુશાલીમાં આખુંયે મુંબઇ ગાજીવાજી રહ્યું હતું. હિંદના ઇસ્માઇલી ઇતિહાસમાં આ પહેલવહેલોજ પ્રસંગ હોઇ, કચ્છ, કાઠિયાવાડ, સિંધ, કરાચી ગુજરાત, સી.પી. બિરાર, યુ.પી. ગુવાદર—પર્શીયન ગલ્ફ, આફ્રિકા, ઇરાન, બદખશાન, ચિત્રાલ અને કાબુલ જેવા દુરદરાજ મુલકોમાંથી તેઓ નામદારના મુરીદો દીદાર સાથે આ ખુશહંગામનો લ્હાવો લેવા મોટી સંખ્યામાં ઉતરી પડયા હતા. મુંબઇ શહેરે પણ અનોખા પ્રસંગને પુર બહારથી દીપાવવા તથા પોતાના દીનબંધુઓની પરોણાગત કરવામાં કશીયે ખામી રાખી ન્હોતી.

## મુંબઇના ઇસ્માઇલી લત્તાઓ અને મકાનો પર ભભુકદાર રોશની અનેરા અવસરનો યાદગાર શણગાર.

આ અનેરા પ્રસંગની ઉજવણીનો કાર્યક્રમ પાંચ દહાડા સુધી ચાલવાનો હતો અને તે માટેની તડામાર તૈયારીઓ મહિનાઓ પહેલાં કરવામાં આવેલી હતી અને એ પ્રસંગ નિમિતે તેઓ નામદારના જાહેર મકાનો, ઇસ્માઇલી મિલકતદારો અને ઇસ્માઇલી ભાઇઓ તરફથી ઇસ્માઇલી વસ્તીથી વસાયલા લત્તાઓ તથા

અન્ય સ્થળો ઉપર ભભુકદાર રોશની કરવામાં આવી હતી. આ રોશનીમાં "માઈ ફ્લેગ" ધ્વજો મૌલાના હાઝર ઇમામના તાજ તથા તોરણો અને બીજા સંખ્યાબંધ અર્થસૂચક ચિન્હો અને પરદાઓ પર લેખોના શણગારથી વૃધ્ધિ કરવામાં આવી હતી. રોશનીનો દેખાવ અતિ ઘણો મનમોહક હતો. ઘેર ઘેર અને દુકાને દુકાને ફરકી રહેલા મૌલાના હાઝર ઇમામના "માઇ ફ્લેગ" આ ખુશબખ્ત પ્રસંગની ખુશ વધાઇ આપી, મૌલાના હાઝર ઇમામની કલ્યાણકારી ઇમામતનો જાણે જગતને પડકાર કરી રહ્યા હતા.

શ્રી દરખાના જમાતખાનાની રોશની ખાસ ધ્યાન ખેંચનારી હતી, તેનો ગગનચુંબી ટાવર રોશનીના ઝળકતા એક મિનારા જેવો લાગતો હતો, તેના ઉપર ફરકતો "માઇ ફ્લેગ" ધ્વજ ગૌરવની ભાવના વેરી રહ્યો હતો. કાન્ડી મોહલ્લાના અજીત દુર્ગ સમા ભવ્ય પ્રવેશદ્વાર ઉપરનો વિશાળ તાજ વિજળીક કલગી સમો ગૌરવવાન લાગતો હતો. સેન્ટ્રલ ફ્રી સ્કુલની શાહી દમામવાળી બિલ્ડીંગનો શણગાર તો કાંઇ ઓર જ હતો. હસનાબાદનો ચોગાન તથા ભવ્ય રોઝા પરની રોશની ખુબજ ઝમકદાર હતી. તેના આકાશ સાથે વાતો કરતા ઉંચા મિનારા અને ઘુમ્મટમાં જાણે હિરા, માણેક અને નીલમ ચમકી રહ્યા હોય એમ લાગતું હતું. મઝગામ નેસ્બીટ રોડ ઉપર આવેલી "આગા હોલ"ની વાડીનું દ્રષ્ય અતિ ઘણું રોનકદાર હતું. ફુવારાનો શણગાર ઘણોજ આકર્ષક હતો. સઘળી જમાતી ઇમારતોના શણગારનું કાર્ય મુંબઇની સેન્ટ્રલ પંજેભાઈ કમિટીએ ઘણીજ જાનફિશાનીથી કર્યું હતું. કુલ્લે આશરે ૪૭૫૦૯ બલ્બનો અડસટ્ટો કરવામાં આવ્યો હતો.

રોશનીથી ઝગમગી રહેલા આ મુખ્ય ઇસ્માઇલી લત્તાઓ, ઉપરાંત પેડર રોડ, વોર્ડન રોડ, તોપખાના, મહાલક્ષ્મી, વાલકેશ્વર, મલબાર હિલ, ખંભાલા હિલ, ગોવાલ્યા ટેંક અને ચોપાટી વિગેરે મુંબઇના શ્રીમંત લત્તાઓમાં વસતા ઇસ્માઇલીઓએ પણ પોતાની ઇમારતો અને બારીબારણાઓ રંગબેરંગી તોરણો અને વાવટાઓથી શણગારી આકર્ષક રોશની કરી હતી. એજ પ્રમાણે પરાંમાં વસતા ઇસમાઇલીઓએ પણ ખુબ રોનકદાર શણગાર અને રોશની કરી હતી.

## "હસનાબાદ"માં ચાલીસ હજારની માનવ મેદની વચ્ચે


## થયેલો શાનદાર

# ઈતિહાસિક સુવર્ણ તુલાવિધિ.

હઝરત મૌલાના ધણી સલામત હાતાર મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નો પવિત્ર સુવર્ણ તુલાવિધિ જાન્યુઆરીની તા. ૨૧મીના દિને નકકી કરવામાં આવ્યો હતો. પરંતુ ના. શહેનશાહ જ્યોર્જ પંચમની ગંભીર માંદગીના કારણે, તેઓ નામદારની પવિત્ર આજ્ઞાનુસાર, બે દિવસ પહેલાં અર્થાત તા. ૧૯મીને રવિવારના શુભ દિને મુકર્રર કરવામાં આવ્યો. આ અજોડ ક્રિયા શાનદાર રીતે ઉજવી શકાય તેટલા માટે તેઓ નામદારના દાદાશ્રી આકા શાહ હસનઅલી શાહના મુબારક નામે ઇતિહાસમાં વિખ્યાત થયેલ "હસનાબાદ"ના વિશાળ ચોગાનમાં ઉત્તમ પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામ માટે એક સુંદર અને આલીશાન તખ્ત ગોઠવવામાં આવ્યો હતો, જેની બાજુમાં બે સુંદર ખુરશીઓ મુકવામાં આવી હતી, તેના ઉપર એક નાજુક "આર્ક" બનાવી તેને ગુલાબના પુષ્પોથી શણગારવામા આવ્યો હતો. તખ્તની બાજુએ એક સોહામણો મંડપ બાંધવામાં

H. R. H. THE PRINCE AGA KHAN BEING WEIGHED AGAINST GOLD DURING THE GOLDEN JUBILEE CELEBRATIONS IN BOMBAY 1936.



મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની મુંબઇ હસનાબાદ ખાતે ૧૯૩૬ ના જાન્યુઆરી મહિનાની ૧૯મીએ સુવર્ણ તુલાવિધિ કરવામાં આવી હતી એ વેળાનું દ્રશ્ય.

આવ્યો હતો, જેની અતરાફમાં સોફાઓ અને ખુરશીઓ ગોઠવવામાં આવી હતી, તેના ઉપર નામાંકિત હિંદુ, મુસ્લિમ, પારસી, યુરોપિયન અને ઇસ્માઇલી આગેવાનોએ બેઠક લીધી હતી. તેની સામે સંભાવિત સદ્‌ગૃહસ્થો અને સર્વ ઇસ્માઇલી જનતા માટે ચઢતી ઉતરતી બેઠકોની ગોઠવણો કરવામાં આવી હતી. કાર્યક્રમ સઘળા સાંભળી શકે તે માટે માઇક્રોફોનની પણ સગવડ રાખવામાં આવી હતી. નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ સી. આઇ. શામિયાનામાં ખાસ આસન પર બિરાજ્યા હતા.

## હાજર રહેલા નામાંકિત નર નારીઓ—દેશ દેશાવરના એલચીઓ.

મુંબઇ અને દેશ પરદેશના તેઓ નામદારના ઇસમાઇલી મુરીદો ઉપરાંત હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, યુરોપિયન તેમજ અન્ય ભાઇબંધ કોમોના જાણીતા આગેવાનો પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. જેમાં મુંબઇ હાઇ કોર્ટના ચીફ જસ્ટીસ સર જોન અને લેડી બોમન્ટ, સર સ્ટેન્લી અને લેડી રીડ. મુંબઇના ગવર્નરના લશ્કરી સેક્રેટરી લેફ. કર્નલ હુગ્ગ, કચ્છના નાયબ દીવાન પારવતીશંકર ભટ, સરદાર સર સુલેમાન કાસમ મીઠા, સર બહેરામજી અને લેડી છીછીબાઇ, કાઉન્સીલ ઓફ સ્ટેટવાળા સર નસરવાનજી ચોકસી, સર ડોસાભાઇ એચ. ભિંવડીવાલા, સર ગોવિંદ અને લેડી પ્રધાન, શેઠ ગોવિન્દલાલ શીવલાલ મોતીલાલ, સર હો. કા. દીનશાહ, સર કાંગા, સર વિક્ટર સાસુન, ચીફ પ્રેસિડન્સી મેજીસ્ટ્રેટ સર હોરમસજી દસ્તુર અને લેડી દસ્તુર, સર જમશેદજી અને લેડી ડગન, સર સોરાબજી પહોંચખાનાવાળા, સર મંગલદાસ મહેતા, સર રફીઉદ્દીન અહેમદ, સર મુહમ્મદ યુસુફ, નવાબ શાહરૂખ યારજંગ બહાદુર, સર બહમન બહેરામ, મુંબઈના મેયર કે. એફ. નરીમાન, બેલ્જીયમ, પોલેન્ડ, જર્મની ઝેકોસ્લાવાકીયા, ફ્રાન્સ, ઇરાન, ઇરાકના કોન્સલો, શેઠ શાંતિદાસ આસકરન, મી. અને મીસીસ જયકર, મારકવીસ સેંટ સાસર, મી. જસ્ટીસ અને મીસીસ બ્લેકવેલ, મી. જસ્ટીસ અને મીસીસ તૈયબજી, ખાનબહાદુર પેટીગરા, સેન્ટ ટેરેસા હાઈ સ્કુલવાળા રેવરન્ડ ફાધર. રેમેડિઆસ, મી. ગોપાલ સીધરામ, ખાનબહાદુર વાડીઆ, પ્રોફેસર દાઉદપોટા, હાજી અબુબકર બેગમહમદ, રાવબહાદુર અને મીસીસ માણેકલાલ લલ્લુભાઈ, મી. અને મીસીસ કિરપલાની, રાવસાહેબ બાલાજી બી. રાણે, વિગેરે મોટી સંખ્યામાં શહેરના અને અતરાફના નામાંકિત નર નારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## માનવ સમુદાયનો ગંજાવર ધસારો.

આ ઉપરાંત ચોગાનના સઘળા ભાગો અને બહારના વિસ્તારમાં પચરંગી લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હોવાથી ચાલવાની તલભાર જગ્યા રહી નહોતી, ટ્રાફિકના બંદોબસ્ત માટે આગાખાન્સ વોલન્ટીઅરો, સ્કાઉટો ઉપરાંત મુંબઇની પોલીસે બહુ ચાંપતો બંદોબસ્ત રાખ્યો હતો. છતાં લોકોનો એટલો બધો ગંજાવર ધસારો પડયો હતો કે કેટલીકવાર કાબુ રાખવાનું મુશ્કિલ થઇ પડયું હતું.

## મૌલાના હાઝર ઈમામનું શુભાગમન.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબા સવારના બરાબર ૧૧ કલાકે હસનાબાદમાં આવી પહોંચતા એકઠી મળેલી * માનવ મેદનીએ તેઓ નામદારને ભારે હર્ષ અને ગગનભેદી ખુશાલીના નાદો વચ્ચે વધાવી લીધા હતા. હસનાબાદના પ્રવેશદ્વારમાં સ્કાઉટ બેન્ડે તેઓ નામદારને સલામી આપી હતી અને નામદાર ગવર્નરના બેન્ડે રાષ્ટ્ર ગીત વગાડયું હતું. ત્યારબાદ તેઓ નામદાર ખાસ તૈયાર કરેલા તખ્ત પર બિરાજ્યા હતા. તેઓ નામદારે લીલા રંગનો જરીનો સાફો, રાતા રંગનો કિંમતી ઝબ્બો પહેર્યો હતો. જેના ઉપર

આસમાની રંગના પટા સાથે સ્ટાર શોભી રહ્યો હતો જે તેઓશ્રીના આલા દરજ્જાના ખિતાબોનું સુચક ચિન્હ હતું. બેગમ સાહેબા લીલી સાડીમાં સજ્જ થયા હતા.

## જ્યુબિલી કમિટીના વા. પ્રેસીડન્ટ મી. મરચંટનું વિવેચન.

ઓલ ઇન્ડીયા ગોલ્ડન જ્યુબિલી કમિટીના વા. પ્રેસીડન્ટ શેઠ ગુલામઅલી જી. મરચન્ટ બી. એ. એલ. એલ. બી. એડવોકેટે સઘળી જમાતો વતી તેઓ નામદારને ઉદ્દેશીને અંગ્રેજીમાં હેઠળ મુજબ વિવેચન કર્યું હતું.

ખુશ રહો આપ નામદાર,

આપ નામદારના અખિલ હિંદના મુરીદો વતી સમસ્ત હિંદની આપ નામદારની ગોલ્ડન જ્યુબિલી કમિટીના વાઇસ પ્રેસીડન્ટ તરીકે અતિશય પૂજ્યભાવ અને માનપૂર્વક અરજ ગુજારૂં છું કે આજના સુખકારી અને બખ્તાવર પ્રસંગે આપ નામદારને સોનાથી તોળવા અને છેલ્લા ૫૦ વર્ષ આપ નામદારની ઇમામત દરમ્યાન જે અનહદ ન્યામતો તથા લાભો આપ નામદારના મુરીદોએ ઉઠાવ્યા છે, તે માટેની અમારા મહોબ્બત, ભકિતભાવ અને આભારના એક અદના ચિન્હ તરીકે એ સોનું સ્વીકારવાની કૃપા ફરમાવશો.

## મૌલાના હાઝર ઇમામનો જવાબ.

મૌલાના હાઝર ઇમામે તેનો વળતો જવાબ અંગ્રેજીમાં આપતાં જણાવ્યું હતું કે: "મારા વ્હાલા રૂહાની બચ્ચાંઓએ મને અર્પણ કરેલું સોનું હું ખુશી સાથે સ્વીકારૂં છું અને પિતા તરીકેના વ્હાલભર્યા દુઆ આશિષો ફરમાવું છું."

"મારા રૂહાની બચ્ચાંઓની ઉન્નતિ માટે આ સોનાનો વપરાશ કરવાનો મેં નિર્ણય કર્યો છે અને મારા રૂહાની બચ્ચાંઓની જેઆમેરની ઉન્નતિના કાર્ય માટે ખાસ કરીને સઘળી જાતની સ્કોલરશીપો, ગીચ વસવાટવાળા ઇલાકાઓમાંથી દેશાટન કરાવી, રાહત આપવા માટે, બાળહિત અને જનહિતકારી કાર્ય માટે આ સોનું જ માત્ર નહિ પણ વધારાને પણ કેવી રીતે ઉપયોગમાં લેવો, તે માટેના ઉત્તમ સાધનો યોજી કાઢવા માટેની આ પ્રમાણેની કમિટીની નિમણુંક કરૂં છું. મી. ગુલામઅલી મરચન્ટ, મી. રહેમતુલ્લાહ એમ. ચીનાઇ, મી. કાસમઅલી મનજી નથુભાઇ, મી. અલીમાહમદ મકલાઈ, અને મી. ઇસ્માઇલ જાફર."

સુવર્ણ તુલાવિધિ માટે તખ્તની સામે એક સુંદર સુવર્ણરંગી ત્રાજવું રાખવામાં આવ્યું હતું, જેના બન્ને પલ્લાંમાં રેશમી ગાદીઓ મુકવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામ અરજ પરથી ત્રાજવામાં બિરાજતાં ગગનભેદી દર્શનાદો થયા હતા. બીજા પલ્લાંમાં સોનાના બાર મુકીને વિધિનો આરંભ કરવામાં આવ્યો હતો. તુલાવિધિ પૂર્ણ થયા પછી વજન જાહેર કરવામાં આવ્યું, જે ૯૫૦૦ તોલા હતું, જેની કિંમત રૂપીયા ૩,૩૫,૦૦૦ની થઇ હતી, આ સોનું મુંબઇની સેન્ટ્રલ બેન્ક ઓફ ઇન્ડીયાએ પુરૂં પાડ્યું હતું.

## ના૦ શહેનશાહનો મુબારકીનો સંદેશો.

તુલાવિધિ બાદ તેઓ નામદાર તખ્ત પર બિરાજમાન થતાં, ના. શહેનશાહ જ્યોર્જ પંચમ તરફનો મુબારકી ઇચ્છનારો હેઠળ મુજબનો સંદેશો વાંચી સંભળાવવામાં આવ્યો હતો.

સેન્ડ્રીંગ હામ, તા. ૧૮-૧-૩૬
ટાઈમ ૬-૧૫ સાંજના

ધી આગાખાન

આગા હૉલ—મુંબઈ

નામદાર શહેનશાહે પોતાની નાદુરસ્ત તબીયત અગાઉ મને આપની ગોલ્ડન જ્યુબિલી માટે તેઓ નામદાર તરફની અંતઃકરણપુર્વક મુબારકબાદી આપવા અને ભવિષ્ય માટે દરેક ભલી ઇચ્છાઓ દર્શાવવાનો ઈરાદો જણાવ્યો છે.

વીગ્રામ.
(ના. શહેનશાહના પ્રાઈવેટ સેક્રેટરી)

ત્યારબાદ જમાતોને સંબોધીને વિવેચન કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "નામદાર શહેનશાહની ગંભીર માંદગીના સબબે મારી ગોલ્ડન જ્યુબિલીની ઉજવણીની માત્ર ધાર્મિક ક્રિયાઓમાં મર્યાદિત કરી છે અને કાર્યક્રમ મુલતવી રાખ્યો છે. મારા જે રૂહાની બચ્ચાંઓને અમે મેડલો-ચંદ્રકો ઈનાયત કરનાર હતા તે ખાનગી રીતે આપવામાં આવશે, કારણ કે આ કાર્ય ધાર્મિક નથી. મેડલો મેળવનારાના નામો હાજરીનો વચ્ચે વાટવામાં આવેલા લીસ્ટમાં આપેલાં છે."

આ અવસરે કચ્છના નામદાર મહારાવશ્રી ખેંગારજી સવાઈ બહાદુર તરફથી મુંબઈ ખાતે આવેલ ડેપ્યુટેશને મૌલાના હાઝર ઈમામને કિંમતી પોશાક તથા રૂા. ૧૦૦૦નું નઝરાણું અર્પણ કર્યું હતું તેમજ લુણાવાડાના નરેશ હિઝ હાઈનેસ મહારાણાશ્રી વીરભદ્રસિંહજી તરફથી ચાંદીનો 'ટી સેટ' પણ લુણાવાડા સ્ટેટના પ્રતિનિધિ તરફથી અર્પણ કરવામાં આવ્યો હતો.

ઈરાન, ઈરાક, તુર્કી અને અફઘાનિસ્તાનના કોન્સલો પણ આ પ્રસંગે હાઝર રહ્યા હતા, જેમના સાથે તેઓ નામદારે હસ્તધુનન કરી તેઓની શુભેચ્છાઓ માટે આભાર વ્યકત કર્યો હતો.

## રોશનીવાળા લત્તાઓની મુલાકાતે.

આ ખુશાલીનો અવસર અને ધામધુમ પોતાની આંખે નિહાળવા હિંદુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, યુરોપીયન વિગેરે ભાઈબંધ કોમના લોકો રોનકદાર અને રોશનીથી ઝળહળી રહેલાં ઈસ્માઈલીઓના મુખ્ય લત્તાઓમાં હજારોની સંખ્યામાં ઉતરી પડયા હતા. ગોલ્ડન જ્યુબિલીની રંગબેરંગી લાઈટ, પ્રાસંગિક લખાણો તથા શણગારથી વિભુષિત થયેલી "ટ્રામ" આખાય મુંબઈ શહેરમાં ફેરવવામાં આવી હતી, જે નિહાળતાં મુંબઈના શહેરીઓ આનંદિત થયા હતા.

મૌલાના હાઝર ઈમામ અને નામદાર બેગમ સાહેબાએ તા. ૧૯મીના રાત્રે રોશનીવાળા લત્તાઓની અણધારી મુલાકાત લઈ રોશનીનો ઝળહળાટ અને સુંદર શણગાર પોતાની નજરે નિહાળ્યો હતો. મૌલાના હાઝર ઈમામની મોટર રોશનીવાળા લત્તાઓમાંથી પસાર થતાં એકઠા થયેલા હજારો લોકોએ તેઓ નામદારને

હર્ષનાદોથી વધાવી લીધા હતા. મોડીરાત્રે નામદાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ સી. આઇ. પણ રોશની જોવા પધાર્યાં હતા.

## સુવર્ણ મહોત્સવના સુઅવસરે—રાજા મહારાજાઓ અને નામાંકિત પ્રજાજનો તરફની મુબારકીઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને, તેઓ નામદારની પવિત્ર ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે રાજા મહારાજાઓ તથા નામાંકિત પ્રજાજનો તરફથી મુબારકીઓ ઇચ્છતા સંખ્યાબંધ સંદેશાઓ મળ્યા હતા. જેમાંના કેટલાક સંદેશાઓ પ્રગટ કરવામાં આવ્યા હતા. તેમાં ના. શહેનશાહ જ્યોર્જ પંચમ, મુંબઇના નામદાર ગવર્નર તથા લેડી બ્રેબોન, ગાયકવાડ વડોદરાના નામદાર મહારાજા અને મહારાણી, મહિસુર, અલવર, બિકાનેર, ત્રાવણકોર, ગોંડલ, કપુરથલા, કુચ બિહાર, લીંમડી, લુણાવાડાના નામદાર મહારાજાઓ, પાલનપુર અને ખંભાતના નવાબો, ધરમપુરના મહારાણા, નવાનગરના મહારાજા જામસાહેબ, મહારાજા તુકોજીરાવ હોલ્કર, કેરાવાડાના ઠાકોર સાહેબ, દુન્ઝાના મીર, વડોદરાના દીવાન સર કૃષ્ણમાચારી, સર રફીયુદીન એહમદ, સર હુકમચંદ, સર અને લેડી મનુભાઇ, સર ચાર્લ્સ મેકવાટ–બિકાનેર, સરદાર જરમનીદાસ–પતીયાલા, સર ફીલીપ અને લેડી હારટોગ, કલકતાના જ્યુબિલી સેલીબ્રેશન કમિટીના સરનશીન–સર અબ્દુલ હલીમ ગઝનવી, શેઠ હાતમ અલવી–કરાચી, મુંબઇ ખાતેના ઇટાલીયન કોન્સલ જનરલ કાઉન્ટ ડી. કારામાનીકા, ગ્રેટબ્રિટનની મુસ્લિમ સોસાયટી, વડોદરા સ્ટેટ મુસ્લિમ કોન્ફરન્સ, ઓલ ઇન્ડીઆ મુસ્લિમ લીગ, સિંધ ઓબઝરવર–કરાચી, દખ્ખણ મુસ્લિમ ઇન્સ્ટીટયુટ, કરાંચી મ્યુનિસિપલ કોરપોરેશન, વડોદરા–કડીવાલા મુસ્લિમો, નંદકુંવરબા ઝનાના ચેરીટેબલ હોસ્પીટલના પ્રેસીડેન્ટ, ગોધરાના મુસ્લિમો વિગેરેના સંદેશાઓનો પણ સમાવેશ થાય છે.

## શુભેચ્છાઓના યાદગાર સંદેશા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની મુબારક ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે સુપ્રસિધ્ધ પત્ર "ઇસમાઇલી" તરફથી એક દળદાર "ગોલ્ડન જ્યુબિલી અંક" પ્રગટ થયો હતો, જેમાં પુષ્કળ લેખ સામગ્રી અને "ત્રી કલર" રંગીન ઇતિહાસિક ફોટાઓ ઉપરાંત રાજા મહારાજાઓ, દેશ પરદેશના મુત્સદીઓ અને સઘળી કોમોના નામાંકિત અગેવાનોના, તેના તંત્રી પર આવેલા શુભેચ્છાઓના સંદેશાઓ પણ પ્રગટ કરવામાં આવ્યા હતા. જે યાદગાર રહી જવા પામ્યા છે. તેઓ નામદારનું કાર્ય કેવું મહાન છે, તેઓશ્રી કેવા અપ્રતિમ સદગુણોથી વિભુષિત છે અને તેઓશ્રીનું વ્યકિતત્વ વિશ્વમાં કેવું સ્થાન ધરાવે છે, તેઓ નામદારની પ્રવૃતિ પણ જીવનનાં જુદા જુદા ક્ષેત્રોમાં કેટલી હદે પ્રસરેલી છે વિગેરે બાબતો આ સંદેશાઓમાંથી સ્પષ્ટ થાય છે. આ સંદેશાઓમાંથી ચુંટી કાઢેલા ટુંક ફકરાઓ આ પ્રમાણે છે :—

માજી હિંદી વઝીર સર હરબર્ટ એલ. સેમ્યુઅલે પોતાના સંદેશામાં દર્શાવ્યું છે કે: "જે મુશ્કિલીભર્યા વર્ષોમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ તેવા સમયે જાહેર બાબતમાં તેઓ નામદારે જે વ્યવહારૂ ભાગ લીધો છે, અને કટોકટીના સમયે તેઓ નામદારે ડહાપણભરી સલાહ આપી છે, તેથી તેઓશ્રીએ ગ્રેટ બ્રિટન તેમજ હિંદના પૂજ્યભાવ જીતી લીધાં છે." કપુરથલાના મહારાજાએ જણાવ્યું છે કે: "પોતાની કોમ અને હિંદની અનેક વર્ષોથી ઘણીજ બાહોશી સહિત તેઓશ્રીએ સેવા બજાવી છે અને એક સ્પોર્ટસમેન તરીકેની કિર્તી સંપાદન કરવા ઉપરાંત હિંદી સામ્રાજ્યના રાજવીઓ અને પ્રજાઓના માન અને પ્રશંસા જીતી લીધાં છે." કોલ્હાપુરના મહારાજા સાહેબે પોતાના સંદેશામાં

લખ્યું છે કે: "હિઝ હાઇનેસ નામદાર આગાખાન સાહેબ એક મહાન સ્પોર્ટસમેન અને અગ્રગણ્ય રાજનીતિજ્ઞ છે. ધાર્મિક સરદાર તરીકે તેઓશ્રીએ પોતાની કોમના જીગર જીતી લીધાં છે. સમસ્ત હિંદના ભલા માટે ઘણી ઝહેમત ઉપાડી કાર્ય કરવામાં તેમણે કશી મણા રાખી નથી."

## આંતરરાષ્ટ્રિય મહાપુરૂષ.

સર અકબર હયદરીએ દર્શાવ્યું છે કે: "હિંદ અને બ્રિટીશ શહેનશાહત માટેની તેઓ નામદારની સેવાઓ; મુસ્લિમ નેતા તરીકેના તેઓશ્રીના ઝળકતા પરાક્રમો અને નિરનિરાળા પ્રકારના ઉત્તેજન માટેની ઉદાર પેટ્રોનેજની જોડાજોડ ટર્ફ ઉપર જે મેળવવા માટે લોકો મહત્વાકાંક્ષા ધરાવે છે તેવા યશ વડે કેવળ ઇતિહાસમાંજ નહિ બલ્કે પોતાના દેશબાંધવોના હૃદયમાં એથીય અધિક જવલ્લેજ લભ્ય એવું સ્થાન તેઓ નામદારે મેળવ્યું છે. જાતિય, કોમિય કે ફિરકાબંધીવાળા અને ઘૂંપદભરી ટુંકી મનોદશાથી પર, મિત્ર શબ્દના ઉચ્ચતમ અને સર્વોત્કૃષ્ટ અર્થમાં તેઓશ્રી હિંદના સાચા મિત્ર મને જણાયા છે." નવાનગરના ના૦ મહારાજા જામ-સાહેબે જણાવ્યું છે કે: "હિઝ હાઇનેસ નામદાર આગાખાન સાહેબ સર્વથી પહેલાં અને સર્વથી આગલી હરોળમાં આવતા એક મહાન રૂહાની સરદાર છે. યુરોપિયન અને હિંદી રાજકારણના ગાઢજ્ઞાનવાળા તેઓશ્રી અતિશય ઉચ્ચ સંસ્કારી સજ્જન છે, અંગ્રેજી અને ફારસીનાં તેવણ ઉંડા અભ્યાસી છે અને તેઓના લખાણો વજનદાર અને વિચારોપ્રેરક છે. તેઓશ્રી હિંદની એક મીરાસ છે."

લીંબડીના ના. ઠાકોર સાહેબે જણાવ્યું છે કે: "પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનાં ઉચ્ચ તત્વો તેમનાં જીવનમાં પ્રકાશિત થયેલા છે. વર્તમાન યુગમાં જો કોઇ એવી એક વ્યક્તિ હોય જેમની સુવિખ્યાતિની સુવાસ આખી દુનિયામાં પ્રસરેલી હોય, જેમના માટે સર્વ પ્રજાઓ અને સર્વજાતિઓના હૃદયમાં સન્માનભર્યું સ્થાન હોય અને સમસ્ત માનવજાતિના અભ્યુદયની વિવિધ પ્રવૃતિઓમાં જે ઉંડો રસ લેતી હોય, તો તે નામદાર આગાખાન સાહેબ છે." ગ્વાલીયર દરબારના પોલીટીકલ મેમ્બર સર કે. એન. હકસરે દર્શાવ્યું છે કે "તેઓશ્રી અનેક વિલક્ષણ સુલક્ષણવાળા એક આંતરરાષ્ટ્રિય મહાપુરૂષ છે." રાજકોટ સ્ટેટના ના. દિવાન દરબારશ્રી વીરાવાળાએ લખ્યું છે કે "તેઓ નામદાર ખોજા કોમના ઘણાજ પુજનીય સરદાર અને રાજદ્વારી નેતા છે. જેમની સેવાઓ હિંદને સ્વરાજ્ય ભણી આગળ વધારવામાં ઘણુંજ અગત્યનું સ્થાન ધરાવે છે."

## મુગ્ધ કરનાર મહાન વ્યક્તિ—વિશ્વવ્યાપી દિલસોઝી.

શેઠ હાજી અબ્દુલ્લાહ હારૂને દર્શાવ્યું છે કે "તેઓ નામદાર લોકોનો ચાહ જીતી લેનાર અને મુગ્ધ કરનાર એક મહાન વ્યક્તિ છે, જેઓશ્રી પોતાના સમાગમમાં આવનાર સઘળાઓમાં પ્રેરણા ફુંકે છે. જગતભરમાં અને ખાસ કરી ઇસ્લામી મુલ્કોમાં તેઓશ્રીનું નામ એક સંકેત શબ્દ ("વોચવર્ડ") છે." પતીયાલાના પ્રાઇમ મીનીસ્ટર સર લિયાકત હયાતખાને જણાવ્યું છે કે: "તેઓ નામદારના ચારિત્રમાં જે ચીજે મારૂં ખાસ લક્ષ ખેંચ્યું છે તે તેઓશ્રીની અસાધારણ વ્યવહારદક્ષતા, રસવૃતિની વિશાળતા અને વિશ્વવ્યાપી દિલસોઝી છે. તેઓ નામદાર વર્તમાન આંતરરાષ્ટ્રિય જીવનમાં ઉચ્ચ દરજ્જો ધરાવે છે." વડોદરાના ના. મહારાજા સાહેબના દીવાન સર વી. ટી. ક્રિશ્નામાચારીયાએ લખ્યું છે કે "આંતરરાષ્ટ્રિય સભાઓમાં હિંદના પ્રતિનિધિ તરીકે તેઓશ્રી બિરાજ્યા છે, જેમાં પોતાના અંગત ગુણો વડે હિંદની પ્રતિષ્ઠા વધારી છે. રાઉન્ડ ટેબલ કોનફરંસ તેમજ હિંદને લગતા સઘળા બંધારણીય સવાલમાં તેઓશ્રીએ અગત્યનો ભાગ ભજવ્યો છે."

ઇન્દોરના વડા પ્રધાન સર એસ. એમ. બાપનાએ પોતાના સંદેશામાં દર્શાવ્યું છે કે: "તેઓ નામદારની અંગત મોહકતા અને વિશાળ વિનયશીલતાની મારા ઉપર ઉંડી છાપ પડી હતી. ખરેખર કોમની એ ખુશનશીબી છે કે પોતાના સરદાર તરીકે આવા સુંદર ગુણોથી વિભુષિત અને વિલક્ષણ પુરૂષ તેઓ ધરાવે છે." પતીયાલાના પરદેશ ખાતાના પ્રધાન કે. એમ. પાનીકરે લખ્યું છે કે: "હકીકતમાં તેઓ નામદાર જગતભરમાં હિંદના એક બિન-સરકારી એલચી છે. એક પૂજ્યનીય રૂહાની સરદાર, એક વિખ્યાત આંતરરાષ્ટ્રિય રાજનીતિજ્ઞ, એક સાચા દેશાભિમાની, ઇસ્લામી અને પૂર્વની સંસ્કૃતિના સઘળા ઉત્તમ તત્વોનાં મુર્તિસમા નામદાર આગાખાન સાહેબ ઝમાનાના સર્વથી મોખરે તરી આવે એવા અને ધ્યાન ખેંચનાર મહા પુરૂષ છે." જ્યારે રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડીયાના એ. ગવર્નર સર સિકંદર હયાતખાન તેઓ નામદારની અમુલ્ય સેવાઓનો ઉલ્લેખ કરી છેવટમાં દર્શાવ્યું છે કે "ઇસમાઇલી" માટેનો મારો સંદેશો આ કાવ્યચરણ આપીને પુર્ણ કરૂં, એ કરતાં વધુ બહેતર કાંઈ હોઇ શકતું નથી."

હુસ્ને યુસુફ, દમે ઇસા, યદે બયઝા દારી
આંચે ખુબાં હમાં દારન્દ તું તનહા દારી.

ભાવાર્થ:—હઝરત યુસુફ અ.નું સૌન્દર્ય, હઝરત ઇસા અ.ની ફુંક અને હઝરત મુસા અ.નો "ધોળો હાથ" જોયાં, આ સઘળા કેવા સૌન્દર્યવાન હતા તે જોયું, છતાં તારા સૌન્દર્યને તો આ બધાથી વિરલ પ્રકાશનુંજ જોયું અર્થાત આ સઘળાઓથી તું કાંઇ જુદીજ વસ્તુ છે.

## અતિ ઉચ્ચ શ્રેણીના રાજનીતિજ્ઞ.

સરહદ પ્રાંતના પહેલા વડા પ્રધાને પેશાવરથી દર્શાવ્યું છે કે: "કૉસ્મોપોલીટીનીઝમ" અને "દેશાભિમાન"નું વિરલ મિશ્રણ નામદાર આગાખાન સાહેબનું વિશિષ્ટ લક્ષણ છે. તેઓ નામદારની જ્યુબિલીના બખ્તાવર પ્રસંગે મારી આતુરતાભરી પ્રાર્થના છે કે રાત્રીના અંધકારમાં એક પ્રવાસીને ધ્રુવ તારો દોરવે છે, તે પ્રમાણે આપણી માર્ગદર્શિતા કરવા માટે તેઓ નામદાર ઘણું જીવો અને તેઓશ્રી પોતાનો હિરક મહોત્સવ અને હિરા રત્નથીયે આધિકતર મોંઘેરા અન્ય એવા અનેક અવસર ઉજવવા દિર્ઘાયુ બનો." હિંદી સરકારના વ્યાપાર અને રેલ્વે ખાતાના મિનિસ્ટર સર મુહમ્મદ ઝફરૂલ્લાહખાન ચૌધરીએ જણાવ્યું છે કે: "હિંદ અને મુસ્લિમોનાં દાવા માટે જે ઉંડી સેવા તેઓ નામદારે બજાવી છે, તે માટે હિંદ અને મુસ્લિમો બન્ને તેઓ નામદારના ઋણી છે, જે ઉપકારનો બદલો વાળી આપવા તેઓ કદીયે શક્તિમાન નહિ થશે." મીલ ઓનર્સ એસોસિએશનના સરનશીન સર એચ. પી. મોદીએ જણાવ્યું છે કે, "હિંદના જાહેર જીવનમાં નામદાર આગાખાન સાહેબ આજે સર્વથી વિલક્ષણ શખ્સ છે. તેઓ નામદાર સઘળી કોમોના લોકોમાં પ્રભાવશાળી (Commanding) દરજ્જો ધરાવે છે અને ચાલુ ઘટનાઓ ઉપર અને ખાસ કરીને કટોકટીના સંજોગોમાં તેઓ નામદાર પોતાની ભારે અસર પાડી શકે છે." શ્રીયુત એમ. આર. જયકરે દર્શાવ્યું છે કે તેઓ નામદારને અતિ ઉચ્ચ શ્રેણીના રાજનીતિજ્ઞ પુરૂષ તરીકે હું જાણતો આવ્યો છું."

## હિંદની એકતા અને સંગીનતા માટેનું મહાન કાર્ય.

સર શફાઅત એહમદખાને સંદેશામાં જણાવ્યું છે કે: "હિંદના મહાન રાષ્ટ્રિયવાદીઓમાં તેઓ નામદાર એક મહાન રાષ્ટ્રવાદી છે અને હિંદની એકતા તથા સંગીનતા માટેનું તેમણે લંડનમાં ૧૯૩૦-૩૧માં કરેલું કાર્ય હિંદની

કરોડોની પ્રજા આભાર સહિત સદાએ યાદ કરતી રહેશે." સર એ. પી. પેટ્રીએ લખ્યું છે કે "પોતાના ઇતિહાસ સંસ્કૃતિ, લોકાચાર અને કેળવણીથી સમાન દરજ્જાનું હકકદાર બ્રિટીશ સામ્રાજ્યની અંદર એક "આઝાદ દેશ" તરીકે હિંદ છે, તે માટેનો હિંદનો દાવો હિંદી સામ્રાજ્યના એક પ્રતિનિધિ તરીકે તેઓશ્રી મોખરે મુકતા રહ્યા છે. "પંજાબના એજ્યુકેશનલ મીનીસ્ટર" સર ફિરોઝખાન*નુને દર્શાવ્યુ છે કે: "પશ્ચિમના દેશોમાં ઇસ્લામ માટે આટલું બધું તેઓ નામદારે કર્યું છે તે માટે મુસ્લિમ હિંદ તેઓશ્રીનું ભારે ઋણી છે."

એંગ્લો ઇન્ડીયન અને ડોમીસાઇલ્ડ યુરોપિયન એસોસિએશનના પ્રેસીડેંટ ઇન ચીફ સર હેનરી ગીડનીએ લખ્યું છે કે "બ્રિટીશ સામ્રાજ્યની અંદરના પૂર્વ અને પશ્ચિમના દેશોમાંથી એવો એક પુરૂષ હજુયે મળી આવવો દુર્લભ છે, જેણે મારા અભિપ્રાય મુજબ આવા કુનેહવાળા રાજ્યદ્વારી અને મુત્સદી તરીકે પોતાને પુરવાર કર્યો હોય." જનાબ મુહમ્મદ હાશમ ગઝદરે જણાવ્યું છે કે: "સિંધ છુટું પાડવા માટેની તેઓશ્રીની અણથક કોશિષો માટે તેઓ નામદારનો આભાર માનવાની મેં સર્વથી પહેલી તક હાથ ધરી. મેં તેઓશ્રીને કહ્યું કે આપ નામદાર અમારા ઇલાકાના પહેલા ગવર્નર તરીકે આવો, તો અમો સિંધીઓ રાજી તેમજ મગરૂર થઇશું. તેનો જવાબ અતિશય ટુંકો પણ અર્થપૂર્ણ હતો. તેઓ નામદાર તરતજ બોલી ઉઠ્યા "મારા મિત્ર ગવર્નર થવાની મને જરાયે ખાહિશ નથી, પરંતુ હું ખુદ ગવર્નર બનાવનાર છું." તેઓશ્રી સુર્ય તળેના કોઇપણ વિષય ઉપર સંપૂર્ણ આસાની અને આશ્ચર્યમાં ગરકાવ કરે એટલા ઊંડા જ્ઞાનથી વાટાઘાટ કરી શકે છે કે જે જ્ઞાન આપણી સમજમાંયે ન ઉતરે એવું ગુઢ છે અને એક રાજ્યનીતિજ્ઞ તરીકેની તેઓશ્રીની બુધ્ધિ કુશાગ્રતાને કોઇ ટપી જાય એમ નથી."

આ ઉપરાંત સંખ્યાબંધ સંદેશાઓમાં સર ઓસ્ટીન, ચેમ્બરલેન, ટાંગાનીકાના ના. ગવર્નર, મુંબઇના માજી ગવર્નર રાઇટ ઓનરેબલ બેરન એલેકઝાન્ડર નેપિયર લેમીંગ્ટન, માંગરોલના દરબાર સાહેબ, ધરમપુરના મહારાજા, કાઉન્સીલ ઓફ સ્ટેટના તેમજ હિંદી વઝીરની કાઉન્સીલના મેમ્બર રાણા મલિક સર ઉમર હયાતખાન ટીવાના, મદ્રાસના માજી એ. ગવર્નર સર મુહમ્મદ ઉસમાન, સંયુકત પ્રાંતના માજી એ. ગવર્નર સર મુહમ્મદ આહમદ સઇદખાન છતારીના ના. નવાબ, મહિસુરના દિવાન મિરઝા સર ઇસમાઇલ, લંડનના એસ. એમ. અનિક, મીયાં સર ફઝલે હુસેન, સર શાહનવાઝ ભુતો, લેજીસ્લેટીવ કાઉંન્સીલ ઓફ ઇન્ડીયાના માજી પ્રેસીડેન્ટ સર ઇબ્રાહિમ રેમતુલ્લાહ, ઇન્ડીઅન લેજીસ્લેટીવ એસેમ્બલીના માજી પ્રેસીડેન્ટ સર મુહમ્મદ યાકુબ, સર બેરામજી જીજીભાઇ બેરોનેટ, સર મુહમ્મદ ઝુફ્રુર વિગેરેના સંદેશાઓ પણ હતા.

## અખબારોમાં પ્રશંસાની પુષ્પવર્ષા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતની મુબારક ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે દેશપરદેશના અસંખ્ય અખબારોએ તેઓ નામદારની પવિત્ર ગોલ્ડન જ્યુબિલીના ખુશ સમાચારો છાપી, તેઓશ્રીની જીવન કારકિર્દીની નોંધ સહિત પ્રશંસાના પુષ્પો વેર્યા હતા. લંડનનાં આગેવાન પત્ર "ટાઇમ્સે" જણાવ્યું હતું કે "પૂર્વના તેમજ પશ્ચિમના દેશોમાં નામદાર આગાખાન સાહેબ જે માન ધરાવે છે તેવું માન ઘણા થોડાજ ધરાવે છે." "ડેલી ટેલીગ્રાફે" લખ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબે યુરોપ અને એશિયા વચ્ચે જે જોડાણ કર્યું છે, તેવું જોડાણ તેમની અગાઉ કોઇએ પણ કર્યું નથી. તેઓ નામદારે પોતાના અનુયાયીઓની સ્થિતિ અને દરજ્જો સુધારવા ઘણો મોટો ફાળો આપ્યો છે."

મુંબઇના એક અગ્રગણ્ય ગુજરાતી દૈનિક "સાંજવર્તમાને" જાન્યુઆરીની તા. ૧૮ મીના પોતાની મુખ્ય નોંધમાં તેઓ નામદારના અલૌકિક જીવન ઉપર મનન કરવા યોગ્ય પ્રકાશ પાડ્યો હતો અને જણાવ્યું હતું કે:— "જેઓના ઉપર આજે કરોડો ઇસ્માઇલીઓ મરી ફીટે છે અને જેઓએ ઇસ્લામ અને મુસ્લિમોની આફ્રિનલાયક સેવા બજાવી છે, એવા જગમશહુર થયેલા મહાન રાજદ્વારી અને વિદ્વાન ધર્મગુરૂ હિઝ હાઇનેસ રાઇટ ઓનરેબલ સર સુલતાન મુહમ્મદ શાહ આગાખાનની ઇમામતના પચાસ વર્ષનો સુવર્ણ મહોત્સવ આપણા મુંબઇ શહેરમાં આવતી કાલથી શરૂ થાય છે. આ પ્રસંગે તેઓ નામદારને ખરા દિલથી મુબારકબાદી આપતાં અમોને ભારે સંતોષ અને આનંદ ઉપજે છે."

## "દુનિયાના ધર્મોના ઇતિહાસમાં અનોખી ભાત પાડે છે."

વધુમાં મજકુર પત્રે ઉમેર્યું હતું કે: "મુંબઇના ઇસ્માઇલીઓ જેઓએ આ શહેરનાં તથા દેશનાં જાહેર જીવનમાં હમેશા કિર્તીવંત ભાગ ભજવ્યો છે અને વેપાર ઉદ્યોગમાં "પાયોનિયરો" તરીકે પંકાયલા છે, તેઓ પોતાના હાજર ઇમામ ઉપર કેટલા ફીદા ફીદા છે અને તેઓ નામદારની ઈમામત પ્રત્યે કેટલું બધું અદ્દભુત માન ધરાવે છે. ઇસ્માઇલીઓ પોતાનાજ સોનાથી પોતાના ધર્મગુરૂની સુવર્ણ તુલાવિધિ કરીને બેશક આ દેશનાજ નહિં પણ તમામ દુનિયાના ધર્મોના ઇતિહાસમાં અનોખી ભાત પાડે છે. પ્રાચિન તવારિખમાં અમો ભુલતા ન હોઇએ તો એવો એક પણ દાખલો મળી શકતો નથી કે જેની ગાદી કે ઇમામતના સુવર્ણ કે હીરક મહોત્સવ પ્રસંગે પોતાના પ્રિય ધર્મગુરૂને સોનાથી તોળી તેઓ પ્રત્યે પોતાની જાનફિશાની જગજાહેર કરી હોય.

## મુરીદોની બહેતરી માટે કાળજી.

"સુવર્ણ તુલાવિધિની ક્રિયા પ્રાચીન કાળથી ચાલતી આવેલી છે. અકબર પાદશાહ અને હજુ હમણાજ થોડુંક ઉપર ગોંડલ નરેશ સર ભગવતસિંહજીની સુવર્ણ તુલાવિધિ થઇ હતી. આ તો પાદશાહો અને રાજામહારાજાઓની વાત છે પણ ધર્મગુરૂ તરીકે તો નામદાર આગાખાન સાહેબની સુવર્ણ તુલાવિધિનો આ પ્રસંગ પહેલોજ છે.

"તેઓ ઇસ્લામના પયગમ્બર સાહેબના સીધા વંશજ છે અને તેઓને ઈમામ તરીકે સાત કરોડ ઇસમાઇલીઓ માને છે, પૂજે છે, અને બેટ સોગાદ પણ આપે છે. તેઓશ્રીએ પોતાના મુરીદોના સાચા કલ્યાણનુંજ હમેશાં ચિંતવન કરી તેઓની દશા સુધારવા જે કાળજી બતાવી છે, તેવી કાળજી અત્યાર સુધીમાં બીજા કોઇ ધર્મગુરૂએ ભાગ્યેજ બતાવી હશે. હિંદ કે તેની બહાર અવતરેલું એક પણ ઇસમાઇલી બાળક કે બાળકી કેળવણી વગરનું અભણ કે અજ્ઞાન ન રહે તે માટે નામદાર આગાખાન સાહેબે ઇસમાઇલી પ્રજાને શિક્ષણ આપનારી સંસ્થાઓ સ્થળે સ્થળે પોતાના ખર્ચે સ્થાપી છે અને ઇસમાઇલીઓને સ્વાશ્રયી તથા સ્વધર્મી અને સ્વદેશપ્રેમી પ્રજા બનાવી તેમના જીવનનો અજબ પલટો કરી નાખ્યો છે.

"નામદાર આગાખાન સાહેબ ન્યાત, જાત, રંગ, ચામડી કે કોઇજાતના ભેદભાવ વગર દુનિયાની અને ખાસ કરીને હિંદની સેવા અનેક દિશાએ બજાવતા આવેલા છે. તેઓશ્રીના સુવર્ણ મહોત્સવના માંગલિક પ્રસંગે તેઓશ્રીને ધન્યવાદ આપવામાં ઇસમાઇલીઓ, ઇસ્લામીઓજ ફક્ત નહિ, પણ હિંદુઓ, શીખો, પારસીઓ ખ્રિસ્તીઓ ખરેજ શામિલ થશે. ગરીબોના બેલી અને દુ:ખીઆઓના તારણહાર તરીકે નામદાર આગાખાનની એક મહાન ધર્મગુરૂ અને રાજદ્વારી તરીકેની કિર્તી અવિચલજ રહેશે: એટલુંજ કહી તે નામદારની ઇમામત અચળ તપો અને તે નામદાર દિર્ઘાયુષ ભોગવો, એવી અમારા ખરા અંતઃકરણની પ્રાર્થના છે."

## તાજ વગરના બાદશાહ—વિશ્વવ્યાપી પ્રતિષ્ઠા.

ઉપરાંત હિંદનું ધુરંધર અંગ્રેજી વર્તમાનપત્ર કે જેને સત્તાધારી પત્ર તરીકે માનવામાં આવે છે, એ 'ટાઇમ્સ'ના અઠવાડીક 'ઇલસ્ટ્રેટેડ વીકલી'ના તા. ૧૯મીના અંકમાં "હિંદના સૌથી મહાન મુસ્લિમ નેતા પોતાની જ્યુબિલી ઉજવે છે" એ મથાળા હેઠળ ઘણીજ મહત્વની ઇતિહાસિક વિગતો રજુ કરી દર્શાવ્યું હતુ કે:"કોઇ પણ શખ્સ કોઇ પણ રીતે દરિયાપાર અને હિંદના મુસ્લિમોના "તાજ વગરના બાદશાહ" નામદાર આગાખાન સાહેબની સેવાઓના મુલ્ય આંકી શકે તેમ નથી, નામદાર આગખાન સાહેબ એશિયાના એક મહાન લીડર છે અને વિરલ રાજદ્વારી બુધ્ધિમતાવાળા એક જગમશહુર રાજનીતિજ્ઞ તરીકે વિશ્વવ્યાપી પ્રતિષ્ઠા ધરાવે છે."

## શહેનશાહ જ્યોર્જ પંચમનું અવસાન.

જાન્યુઆરીની તા. ૨૦મીને સોમવારના દિને લંડનથી બહાર પડેલા સત્તાધારી "બુલેટીન" અનુસાર નામદાર શહેનશાહ જ્યોર્જ પંચમનું રાત્રે ૧૧-૫૫ કલાકે અવસાન થયું હતું. નામદાર શહેનશાહના ખેદજનક અવસાનના સમાચાર વિજળીક વેગે આખાય સામ્રાજ્યમાં પ્રસરી જતાં, સર્વત્ર શોકની લાગણી ફેલાઇ ગઇ હતી. મૌલાના હાઝર ઇમામ આગા સુલતાન મુહમ્મદ શાહ અ.ને, નામદાર શહેનશાહના ખેદજનક અવસાનના સમાચાર મળતાં, તેઓ નામદારે પોતાની ગોલ્ડન જ્યુબિલીનો ભવ્ય કાર્યક્રમ, ધાર્મિક ક્રિયાઓના અપવાદ સિવાય, રદ કરવા પોતાના મુરીદો જોગ ફરમાન બહાર પાડયું હતું.

## ઇસ્માઇલી આલમમાં ગમગીની.

જાન્યુઆરીની તા. ૨૧મીના દિને ખડક જમાતખાનામાં દરબાર ભરવામાં આવનાર હતો તે તથા પહેરામણીનું સરઘસ પણ તેઓ નામદારની આજ્ઞા અનુસાર બંધ રાખવામાં આવ્યા હતા. તા. ૨૩મીના દિને ગોલ્ડન જ્યુબિલીની ખુશાલીનું ૩૦,૦૦૦ માણસોને સધરીધામનું જમણ હતું, જેની તૈયારીઓ આઠ દિવસ પહેલાંથી થઇ ચુકી હતી તે પણ રદ કરવામાં આવ્યું હતું. આખા મુંબઇ શહેરમાંના ઇસમાઇલી માલિકીના મકાનો, ઇસમાઇલી લતાઓ અને તેઓ નામદારના મકાનો ઉપરની સઘળી રોશની, આર્કો, વાવટા, તોરણો અને વિજળીક લાઇટો અને શણગાર સામગ્રી વિગેરે સઘળું, ઝડપથી છોડી નાખવામાં આવ્યું હતું. તેઓશ્રીની આજ્ઞા અનુસાર ના. કાઉન્સીલે સમસ્ત હિંદની જમાતોને ગોલ્ડન જ્યુબિલીનો સઘળો કાર્યક્રમ રદ કરવા તાર મારફતે ખબર આપી હતી મુંબઇના સઘળા ઇસમાઇલીઓએ ત્રણ દિવસ સુધી ધંધેરોજગાર બંધ રાખ્યો હતો.

## મૌલાના હાઝર ઇમામે મોટા જમાતખાનામાં કરાવેલી બંદગી.

જાન્યુઆરીની તા. ૨૮મીના દિને, ના. શહેનશાહ જ્યોર્જ પંચમની પાયદસ્તની ક્રિયા થઇ હતી. એ દિને સમસ્ત હિંદુસ્તાનમાં જુદી જુદી કોમોએ સદગત શહેનશાહના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી હતી. મુંબઇની ઇસમાઇલી કોમે પણ બંદગી ગુજારી હતી. મૌલાના હાઝર ઇમામ જાતે બંદગીની આગેવાની લેનાર હોઇ ઇસમાઇલી આગેવાનો, ભાઇઓ અને બહેનો મોટી સંખ્યામાં હાજરી આપી ભાગ લીધો હતો. શહેરમાં પણ સામાન્ય હડતાલ પાડવામાં આવી હતી, તેમ ઇસમાઇલીઓએ પોતાનો ધંધો રોજગાર બંધ રાખ્યો હતો.

મૌલાના હાઝર ઇમામ બરાબર ૪ કલાકે મોટે જમાતખાને આવી પહોંચતાં, હાજર રહેલાઓએ તેઓ નામદારને આવકાર આપ્યો હતો. તેઓ નામદારે ઉંચી દિવાલની ઇરાની ટોપી અને લાલ રંગનો ઝભ્ભો પહેર્યો હતો. જમાતખાનાના મુખ્ય હોલમાં, તખ્તની બાજુમાં ઉભા રહીને, તેઓ નામદારે અરબી અને ફારસીમાં બંદગી ભણી હતી અને તેઓ નામદાર સાથે સઘળી જમાતે પૂર્ણ ગંભીરતાથી બંદગીનું અનુસરણ કર્યું હતું. બંદગી પૂર્ણ થયા પછી સઘળાઓએ આમીન, આમીનના ઉદગારો કહાડયા હતા. ત્યારપછી તેઓ નામદાર એકઠી મળેલી ગંજાવર માનવ મેદનીને દીદાર આપી સિધાવી ગયા હતા.

## મૌલાના હાઝર ઈમામનો ઈન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મુંબઇના એક દૈનિક અંગ્રેજી વર્તમાન પત્ર "ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ"ના પ્રતિનિધિને ના. શહેનશાહ જ્યોર્જ પંચમના અવસાનના સંબંધમાં ઇન્ટરવ્યુ આપતાં દર્શાવ્યું હતું કે: "હિંદ કરતાં જગતભરમાં એકેય એવો દેશ નથી કે જ્યાં નામદાર શહેનશાહના અવસાનથી શોકનો વધુ આઘાત લાગ્યો હોય. પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે હિંદની મુલાકાત લીધા પછી લંડન ખાતે પાછા ફરતાં ગિલ્ડ હોલની મિજબાની પ્રસંગે તેઓ નામદારે આપેલા દિલસોઝીના સંદેશાનાં, તેમજ દિલ્હી ખાતે તાજપોશી પછી તેઓશ્રીના આશાજનક સંદેશાના ભણકારા અત્યારેય આપણા કાનમાં વાગી રહ્યા છે. હિંદની ભલાઇમાં તેઓ નામદાર જે અંગત રસ લેતા રહ્યા હતા, તેના પરિણામરૂપ હિંદમાં રાજકીય પ્રગતિ અને આર્થિક તેમજ ઉદ્યોગિક આબાદીની વધાઇ આપનારાં સંદેશ હતા, જે માટે હિંદ તેઓશ્રીનું અત્યંત ઋણી છે."

મૌલાના હાઝર ઇમામે વધુમાં ઉમેર્યું હતું કે "અંગત રીતે જોતાં નામદાર શહેનશાહનું અવસાન મારા માટે ભારે દુઃખ અને શોકનું કારણ છે. મેં તેઓના ઉદાર સમાગમનો અનુભવ લીધો છે અને ૪૦ વર્ષ થયાં તેઓ મારા ઉપર વિશ્વાસ રાખતા આવ્યા છે. તેઓના અનેક ખુશકારક સંસ્મરણો હજુ તાજાજ છે. તેમના અવસાનથી જગતે એક સલામતીભર્યો સાચો માર્ગદર્શક, સામ્રાજ્યે સર્વથી મહાન સ્થંભ અને હિંદે પોતાનો સર્વથી મહાન મિત્ર અને શુભેચ્છક ખોયો છે. પોતાની રૈયતની ભલાઇ માટેની તિવ્ર ઉત્કંઠા ઉપરાંત નામદાર શહેનશાહના અન્ય મહાન ગુણોમાં ન્યાય, દયા અને ક્ષમાવૃતિનો પણ સમાવેશ થાય છે."

## ઇસ્માઇલીઓની ધર્મભક્તિ સાથે રાજભક્તિનો જ્વલંત પુરાવો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતની મુબારક ગોલ્ડન જ્યુબિલી તથા નામદાર શહેનશાહ પંચમ જ્યોર્જનું અવસાન, એમ હર્ષ અને શોકના બન્ને પ્રસંગો પર "ઇસ્માઇલી"ની ખાસ નોંધમાં જણાવવામાં આવ્યું હતું કે "એક તો પોતાના ઇમામ અને રહેબર પ્રત્યે દુનિયાના ઇસ્માઇલીઓ કેટલી બધી ફિદાગીરી, ભક્તિભાવ અને કુરબાની કરવાની શક્તિ ધરાવે છે તેનો દુનિયાને એક વધુ પ્રત્યક્ષ પુરાવો મળ્યો છે, અને બીજું આ ખુશહંગામનો રંગરાગ પોતાની પૂર્ણતાએ હજુ પહોંચ્યો ન્હોતો કે મૌલાના હાઝર ઇમામના હુકમથી તેનો એકદમ પલ્ટો થઇ ગયો અને ખુશાલીના મેળાવડા ખેદ દર્શાવનારા સ્થળોમાં પરિવર્તન પામ્યા હતા અને વિજળીના એક ઝબકારા પ્રમાણે એક વાર રોશનીના ઝબકારાથી ઝગઝગી રહેલા મુંબઇના ઇસ્માઇલી લતાઓ સુમસામ બની ગયા હતા.

MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN replying to the address of the Muslim Ladies Association.



મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ
માનપત્રનો જવાબ આપતા નજરે પડે છે.

Karachi Muslim Ladies Association Presented an Address to MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN. In Photo is seen Mrs. Mariambai Hatim Alavi reading the address.



મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને કરાંચીની
મુસ્લિમ લેડીઝ એસોસીએશન તરફથી માનપત્ર આપવામાં આવ્યું હતું.
મરિયમબાઇ હાતિમ અલ્વી ઉપલા ચિત્રમાં માનપત્ર
વાંચતા નજરે પડે છે.

MOWLANA HAZAR IMAM entering the Strechey Hall as Pro. Chancellor of the Aligarh Muslim University with the Nawab of Chhatari and Dr. Zia-ud-din Ahmed the Vice Chancellor.



H. R. H. THE PRINCE AGA KHAN replying to the Address of Sind Muslims. Over 20,000 Muslims attended this meeting at Khalickdina Hall. Karachi.



કરાંચીના ખાલકદીના હોલમાં સિંધના મુસ્લિમો તરફના માનપત્રનો **મૌલાના હાઝર ઇમામ** જવાબ આપતા નજરે પડે છે. ૨૦ હજાર મુસ્લિમોએ આ સભામાં હાજરી આપી હતી.

( જુઓ પાનું ૫૮૨ )

**મૌલાના હાઝર ઈમામ** યુનિવર્સિટીના પ્રો. ચાન્સેલર તરીકે "સ્ટ્રેચી હોલ"માં દાખલ થાય છે. છતારીના નામદાર નવાબ અને વાઇસ ચાન્સેલર ડો. ઝિયાઉદ્દીન સાથે છે. ( જુઓ પાનું ૫૮૭ )

"આ સઘળું કરવાનું કારણ મૌલાના હાઝર ઇમામના શ્રી મુખે ફરમાવેલો માત્ર એક શબ્દ હતો અને તેની બજાવણીમાં સમસ્ત ઇસમાઇલીઓએ ઇમામ પ્રત્યેની પોતાની તાબેદારી અને આજ્ઞાપાલકતાનો પરિચય આપ્યો હતો. વળી ધર્મભકિતની સાથે સાથે રાજભકિતનો પણ જ્વલંત પુરાવો ઇસ્માઇલીઓની આ કુરબાનીએ આપ્યો છે. ઇસ્માઇલીઓની પૂર્વેની તવારીખ એવી ફિદાગીરી અને કુરબાનીના સંખ્યાબંધ પ્રસંગોથી ભરી પડી છે અને વર્તમાનકાળમાં પણ તેનો તેઓએ પરિચય કરાવ્યો છે તેના માટે સમસ્ત ઇસમાઇલી આલમને હૃદયપૂર્વકની મુબારકીઓ આપીયે છીએ."

## બાળહિત માટે અનેરો પ્રેમ—સેન્ટ્રલ ફ્રી સ્કુલનો ભવ્ય મેળાવડો.

જાન્યુઆરીની તા. ૨૯મીના દિને એચ. એચ. ધી આગાખાન્સ ઇસમાઇલી બોર્ડ ઓફ એજ્યુકેશન ફોર બોમ્બે એન્ડ સબર્બ્સની દેખરેખ હેઠળ ચાલતી સેન્ડહર્સ્ટ રોડ ઉપર આવેલ એચ. એચ. ધી આગાખાન્સ સેન્ટ્રલ ફ્રી સ્કુલના કુશાદે ચોગાનમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની રહેબરી તળે ચાલતી મુંબઇ અને પરાંની ઇસ્માઇલી સ્કુલ તથા કન્યાશાળાના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓનો એક ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો. સ્કુલની ઇમારત અને ચોગાનને ખુબ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. મધ્યમાં એક શણગારેલા સ્ટેજ પર મૌલાના હાઝર ઇમામ તથા નામદાર બેગમ સાહેબા બિરાજમાન થયા હતા. કોમના જાણીતા અગ્રેસરો અને સંભાવિત સજ્જનોએ પણ આ મેળાવડામાં ભાગ લીધો હતો. સ્કુલની બાળાઓએ તથા વિદ્યાર્થીઓએ આકર્ષક પ્રોગ્રામ રજુ કર્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં હસનાબાદ કન્યાશાળાની વિદ્યાર્થીનીઓએ જ્ઞાન રજુ કરતાં મૌલાના હાઝર ઇમામ જાતે ઉભા થયા હતા અને સઘળા હાજર રહેલાઓ પણ અદબથી ઉભા રહ્યા હતા.

## ધાર્મિક કેળવણીની જરૂરીયાત.

"તેઓ નામદારે માનપત્ર અને રિપોર્ટના જવાબમાં સંતોષ દર્શાવતાં વધુ પ્રગતિ સાધવાની તેમજ ધાર્મિક કેળવણીની અગત્યતા ઉપર ભાર મુકતાં ફરમાવ્યું હતું કે: "એ તદન ખરૂં છે કે કોઇપણ માનવજાતિ માટે ધાર્મિક કેળવણી ભારે મહત્વની છે અને બની શકે તેટલી હદ સુધી આ સવાલને વધારવાની હું તક લઉં છું અને મને ખાત્રી છે કે હવે પછીના ચાર પાંચ વર્ષોમાં બાળબાળાઓની મન પર તેની અસર વધારે થયેલી દેખાશે અને એ અસર બચ્ચાંઓનાં ભલા માટેજ હશે. ધર્મજ છે કે જે ઇન્સાન અને હેવાન વચ્ચે ફરક પાડી દેખાડે છે. ખાસ કરીને ધાર્મિક શિક્ષણમાં બાળબાળાઓ હાજરી આપતાં ન અટકે એ આશય ફળીભુત કરવા માટે મહેનત કરવાની જરૂરિયાત છે."

## કરાંચીમાં મુબારક પધરામણી.

ફેબ્રુઆરી મહિનાની તા. ૧લીને શનિવારના રોજે બપોરના બે વાગે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. સ્ટીમર "વાસના" મારફતે કરાચી ખાતે મુબારક પધરામણી કરી હતી. "કીયામાડીના" બંદર ઉપર સઘળી કોમના આગેવાનો તરફથી તેઓ નામદારનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. યુરોપિયન, હિન્દુ–મુસ્લિમ અને ઇસમાઇલી કોમના આગેવાનો ઉપરાંત મોટી સંખ્યામાં લોકોએ હાજરી આપી હતી. તેઓ નામદાર સીધા ખારાધર જમાતખાને અને ત્યાંથી બગીચા જમાતખાને મુરીદોને દીદારનો લાભ આપવા માટે સિધાવી ગયા હતા.

## મુસ્લિમ બાનુઓ તરફથી માનપત્ર.

એજ દિને એટલે ફેબ્રુઆરીની તા. ૧લી ને શનિવારના રોજે કરાચીની મુસ્લિમ બાનુ મંડળ તરફથી મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને માનપત્ર આપવાનો એક મેળાવડો કરવામાં આવ્યો હતો. મંડળના હોલમાં તેને લગતી સઘળી વ્યવસ્થા કરવામાં આવી હતી. બાનુઓની મોટી સંખ્યા મેળાવડામાં હાજર રહી હતી.

મૌલાના હાઝર ઇમામ તથા આગેવાન બાનુઓ માટે એક ખાસ સ્ટેજ ઉભો કરવામાં આવ્યો હતો. મેળાવડાના કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રેસીડેન્ટ મીસીસ મરિયમ હાતિમ બી. અલવીએ માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. જેમાં તેઓ નામદારને તેમની ગોલ્ડન જ્યુબિલીની મુબારકબાદી આપતાં જણાવ્યું હતું કે, "આ વખતે માત્ર ગોલ્ડન જ્યુબિલીનોજ પ્રસંગ નથી પરંતુ તેઓ નામદારના વડવા ફાતમાઇત ખલીફાઓએ સ્થાપેલી મીસરની મશહુર "અલ-અઝહર યુનિવર્સિટિ" ના હઝાર વર્ષ પણ પુરા થાય છે."

મૌલાના હાઝર ઇમામે માનપત્રનો જવાબ આપતાં જણાવ્યું હતું કે: "મારી જન્મભુમિની મુસ્લિમ બાનુઓએ આવી સંસ્થા સ્થાપીને આખું મકાન તૈયાર કર્યું છે, એ જોઇને મને અતિશય ખુશાલી થાય છે. સિંધનું ઉજ્જવળ ભવિષ્ય નાત, જાત કે ધર્મના ભેદભાવ વિના માત્ર બાનુઓ ઉપરજ અવલંબી રહેલું છે. દરેક મુસ્લિમ મહિલાઓએ પોતપોતાના બાળ-બાળાઓને નિશાળમાં મોકલવાની ફરજ બરાબર સમજવી જોઇએ." ઉપરાંત તેઓ નામદારે સંસ્કૃતિ, આરોગ્ય, બાળહિત અને પ્રસુતિ જ્ઞાન વિગેરે માટે સ્વયંસેવિકાઓની પણ અગત્યતા દર્શાવી તે માટે ભલામણ કરી હતી અને મંડળને રૂા. ૧૦૦૦) આપવાની જાહેરાત કરી હતી.

## મુસ્લિમ જીમખાના ગ્રાઉન્ડ પર ભવ્ય મેળાવડો.

એજ દિને મુસ્લિમ સ્પોર્ટસ એસોસિએશન તરફથી મુસ્લિમ જીમખાનાના ગ્રાઉન્ડ ઉપર ઇનામની વહેંચણીનો એક મેળાવડો, મૌલાના હાઝર ઇમામના પ્રમુખપદ હેઠળ કરવામાં આવ્યો હતો. આ મેળાવડામાં નામાંકિત શહેરીઓ ઉપરાંત ઇસમાઇલી ખોજા બાનુઓએ પણ હાજરી આપી હતી. જુદા જુદા પ્રસંગે, હરિફાઇમાં જીતનારાઓને મૌલાના હાઝર ઇમામે પોતાના શુભ હસ્તે ઇનામો આપ્યા હતા અને શારિરીક વિકાસ અને તંદુરસ્તી માટે વધુ પ્રગતિ કરવા ભલામણ કરી સિધાવી ગયા હતા.

## પારસીઓની મિજબાની.

ફેબ્રુઆરીની તા. ૨જીના દિને કરાચીના જાણીતા આગેવાન શહેરી અને ધારાસભાના સભાસદ શેઠ હાજી અબ્દુલ્લાહ હારૂન તરફથી તેમના બંગલાના ચોગાનમાં મૌલાના હાઝર ઇમામની મુલાકાતનો લાભ લેવા એક વગદાર મેળાવડો કરવામાં આવ્યો હતો. જેમાં સરકારી અને બિન સરકારી અમલદારો, પારસી, હિંદુ અને મુસ્લિમ આગેવાનો તેમજ શહેરના લગભગ ૪૦૦ સંભાવિત ગૃહસ્થોએ હાજરી આપી હતી.

એજ પ્રમાણે મૌલાના હાઝર ઇમામની મુલાકાતનો લાભ કરાચીની પારસી કોમ લઇ શકે તે માટે ખાનબહાદુર કાત્રકના ક્લીફટન પરના "દીના કાત્રક લોજ"માં મિજબાનીનો એક મેળાવડો પણ યોજવામાં આવ્યો હતો.

## સિંધના મુસ્લિમોનું માનપત્ર.

એજ દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને સિંધના મુસ્લિમો તરફથી માનપત્ર અર્પણ કરવાનો એક શાનદાર મેળાવડો ખાલકદીના હોલમાં યોજવામાં આવ્યો હતો. હોલની બહાર કમ્પાઉન્ડમાં તેમજ સરીયામ રસ્તા—બંદર રોડ ઉપર લોકોની ભારે ઠઠ જામી હતી. ટ્રામ વહેવાર પણ કેટલીકવાર સુધી અટકી પડયો હતો. આ મેળાવડામાં યુરોપિયન, હિંદુ, મુસ્લિમ, પારસી અને ઇસમાઇલી કોમના આગેવાનો ઉપરાંત વડી અને પ્રાંતિક ધારાસભાના સભાસદો, જમીનદારો, ખિતાબધારીઓ અને આગેવાન શહેરીઓ વિગેરે મળીને કુલ્લે વીશ હજાર મુસ્લિમો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ પધારતાં સઘળાઓએ ઉભા થઇને માન આપીને હર્ષનાદો વચ્ચે તેઓ નામદારને વધાવી લીધા હતા. સ્ટેજ ઉપર ગોઠવવામાં આવેલ ચાંદીની ખુરશી ઉપર તેઓ નામદારે આસન લીધું હતું.

## અનેકવિધ કિંમતી સેવાઓ.

કુરાને શરીફની તિલાવત બાદ મુંબઇ સરકારના માજી પ્રધાન અને વડી ધારાસભાનાં સભાસદ સર ગુલામહુસેન હિદાયતુલ્લાહ સિંધના મુસ્લિમો તરફનું માનપત્ર વાંચી સંભળાવ્યું હતું. માનપત્રમાં તેઓ નામદારને હૃદયપૂર્વક આવકાર આપીને મૌલાના હાઝર ઇમામની, ત્રણે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સના બ્રિટીશ હિંદના ડેલીગેટોના આગેવાન તરીકેની, યુરોપના રાજકારણમાં, પ્રજાસંઘ અને હથીયારબંધી કોન્ફરન્સમાં હિંદના પ્રતિનિધિ તરીકેની, જગતની શાંતિ માટેની, સંસ્થાનોમાં વસ્તા દેશબંધુઓના હકકોના નિડર હિમાયતી તરીકેની અનેકવિધ કિંમતી સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઉપરાંત ટ્રીપોલીમાં ઇટાલીયન અત્યાચારો, જગતની મહાન લડાઇ પછી અન્ય યુરોપિયન રાજ્યોના તુર્કી સામ્રાજ્યના ભાગોનો કબજો, પેલેસ્ટાઇનમાં યહુદીઓ અને આરબો વચ્ચે કલહ અને ખિલાફતના સવાલના વિષયમાં તેઓ નામદારે બજાવેલી અતિશય ઉપયોગી સેવાઓ અને હિંદુ–મુસ્લિમ એકતાના આદર્શ માટે કરેલા ભગીરથ પ્રયાસોની પણ રૂપરેખા દોરી હતી.

## મુહમ્મદી મસ્જિદ—કિંમતી સેવાઓની કાયમી યાદ.

વધુમાં હિંદના મુસ્લિમોની કેળવણી વિષયક અને રાજદ્વારી જાગૃતિની તેઓ નામદારની કોશિષો, સિંધને અલગ કરવું એ તેઓ નામદારની મજબુત હિમાયત અને અણથક જહેમતનું મુખ્ય પરિણામ હોવાનું એ માનપત્રમાં ઉમેરતાં જણાવવામાં આવ્યું હતું કે આપ નામદારે અમોને જીવનની અંત ઘડી સુધી ભુલી નહિ શકાય એવા આભાર તળે મુકયા છે. આપ નામદારની જ્યુબિલીની સાથે સાથે સિંધ અલગ થશે, એ પણ એક બીજું શુભ શુકન છે. આપ નામદારે જે સઘળું કર્યું છે તેની પુરતી કદર માત્ર આભારદર્શનથી જરાય થઇ શકે તેમ નથી, તેટલા માટે સિંધના મુસ્લિમોએ આપ નામદારની કિંમતી સેવાઓની કાયમી યાદ યોગ્ય રીતે જાળવવાનો ઠરાવ કર્યો છે અને કરાચીના ઇદગાહના મેદાનમાં એક છેલ્લી ઢબની સંપૂર્ણ લાયબ્રેરી સાથે ભવ્ય જુમા મસ્જિદ બાંધવાની ધારણા રાખવામાં આવી છે, પ્રથમ આપ નામદારનું નામ મસ્જિદને આપવાનું અમોએ નકકી કર્યું હતું. પરંતુ આપ નામદારની ઇચ્છાને માન આપી હવે તે "મુહમ્મદી જામે મસ્જિદ અને લાયબ્રેરી" તરીકે ઓળખાશે. આ માનપત્ર પર સર ગુલામહુસેન હિદાયતુલ્લાહ ઉપરાંત સિંધ અને કરાચીના અન્ય ૨૪ અગ્રગણ્ય અને નામાંકિત મુસ્લિમ આગેવાનોએ સહિઓ કરી હતી. માનપત્ર ચાંદીની સુંદર કાસ્કેટમાં અર્પણ કરવામાં આવ્યું હતું. કાસ્કેટ ઉપર એક સિંધી ઊંટ સવારવાળું ચિત્ર દોરેલું હતું. માનપત્ર અર્પવામાં આવ્યુ ત્યારે ભારે ખુશાલીના અવાજો કરવામાં આવ્યા હતા.

## મૌલાના હાઝર ઈમામનો લાગણી ભર્યો જવાબ.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં કેળવણી પ્રચારને અને ખાસ કરીને કન્યા કેળવણી માટે ભારપૂર્વક ભલામણ કરી, સિંધને અલગ પ્રાંત બનાવવામાં આવે ત્યારે નવા ઇલાકાના રાજકારોબાર તથા ધારાસભામાંથી કોમીવાદ દુર રાખવાની આતુરતાભરી અપીલ કરી હતી. અલીગઢ યુનિવર્સિટિ માટે ઉચ્ચ કક્ષાની "ટેકનીકલ=ઉદ્યોગિક કેળવણી"ની સંપૂર્ણ ખિલવણી કરવાની જરૂરિયાત અને ભવિષ્યમાં માત્ર પૂર્વનુજ નહિં બલ્કે પશ્ચિમનું પણ તે એક મહાન કેન્દ્ર બને તેના માટે ખુબ કાર્ય કરવા આગ્રહ કર્યો હતો અને વધુમાં ઉમેર્યું હતું કે:

## અલાહેદું સિંધ.

"તમારા માનપત્રમાં જે અન્ય બાબતોનો સંકેત તમોએ કર્યો છે તે હિંદના એકલવાયા એક ઇલાકા તરીકે આ પ્રાંત પોતાના નવા જીવનનો આરંભ કરનાર છે, તેવી ઘડીએ આ ઇલાકાના મુસ્લિમોને જે સલાહ આપવાની મારી ફરજ છે, તેટલા પુરતી સલાહ હું આપી સંતોષ માનીશ. લાંબા વખત સુધી અને હું માનું છું કે વાજબી રીતે આ પરિણામ લાવવા માટે તમોએ કોશિષ કરી છે. સિંધની અગાઉની ગોઠવણ ખુદ સર્વાંશે નોકરશાહી હકુમતની કુદરતી ખિલવણી હતી. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સમાં સિંધ અલાહેદું પાડવું એ એક રાજ્ય આવશ્યકતા હતી. એજ કારણે અમોએ તે માટે આગ્રહ કર્યો હતો. સિંધનો ઉકેલ કરવા નિમાયેલી જે કમિટીના લોર્ડ રસેલ સરનશીન હતા, તેની નોંધો નિ:શંકપણે સાબિત કરી આપે છે કે સિંધ અલાહેદું પાડવા માટે આપણે જે દાવો કરતા હતા, તે કોઇપણ ભાવમાં કોમી દ્રષ્ટિબિંદુએ નથી જ. મી. ચિંતામની એ વિષયમાં આપણા એક સર્વોત્તમ ટેકો આપનારાઓમાં હતા, અને એ વિષયની વાટાઘાટોમાં તેઓએ બેશક યાદગાર ફાળો આપ્યો હતો.

"હવે સિંધ એક અલાહેદું પ્રાંત બની ગયું છે, એ નક્કી થઇ ચુકેલી બીના છે. સર્વ ચીજો બાજુએ રાખીને હું તમોને આગ્રહપૂર્વક અરજ કરૂં છું કે ધારાસભાને કોમીય પક્ષોમાં વહેંચી ન દો કે કોમી ધોરણે તેના વિભાગો ન પાડજો. તમો એવું કરો કે જેથી લોકો કહેવા લાગે કે આ ઇલાકામાં ગમે તેટલા મતભેદો અને મુશ્કેલીઓ હોવા છતાં પણ તેઓમાં ફાટફુટ બિલકુલ હસ્તી ધરાવતી નથી અને આર્થિક ઇલાકાની સંસ્કૃતિ વિષયક અને ખુષિ વિષયક ઉન્નતિ માટે નવો ઇલાકો હકીકતમાં અને વ્યવહારૂ રીતે એક આદર્શ નમુનો છે. દેશમાંના કિસાનોનું જીવન તમારૂં તાત્કાળિક લક્ષ માંગી રહ્યું છે, કારણ કે આજે તે હોવું જોઇએ તેથી અતિશય પછાત છે."

ત્યારપછી રૂપીયા બાર લાખના ખર્ચે બાંધવા ધારેલી "મુહમ્મદી મસ્જિદ" કે જેનું નામ મૌલાના હાઝર ઇમામે પોતાની ઇચ્છાથી પયગમ્બર સાહેબ હઝરત મુહમ્મદ (સ૦)ના નામ પરથી આપ્યું હતું, તે માટે તેઓ નામદારે રૂપીયા ૨૫,૦૦૦ (પચીસ હજાર) આપવાની જાહેરાત કરી હતી. ત્યારપછી શેઠ હાજી અબ્દુલ્લાહ હારૂને રૂા. ૧૦,૦૦૦ અને સર ગુલામહુસેન હિદાયતુલ્લાહે રૂા. ૧૦૦૦ ફંડમાં આપવા જાહેર કર્યું હતું. આમ કુલ્લે મળીને રૂા. ૭૦,૦૦૦ (સીતેર હજાર)નું ફંડ એકઠું થયું હતું.

## મૌલાના હાઝર ઈમામનો મનનીય ઈન્ટરવ્યુ—સંખ્યાબંધ પ્રશ્નોના વિજળીક ઝડપે આપેલા સચોટ જવાબો.

ફેબ્રુઆરીની તા. ૨૭મીના દિને સાંજના ૩-૩૦ કલાકે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ કરાંચી ખાતેના પોતાના "હનીમુન લોજ" નામના બંગલામાં કરાચીના વર્તમાનપત્રોના લગભગ ૨૦ પ્રતિનિધિઓને ખાસ મુલાકાતનો લાભ આપ્યો હતો. બંગલાની પરસાળમાં ખુરશીઓ ગોઠવવામાં આવી હતી અને લોખંડની ખુરશી ઉપર તેઓ નામદાર મંદ મંદ હાસ્ય કરતાં બિરાજમાન થઇ, પોતાને સવાલો પુછવાની તેઓને ફરમાયશ કરી હતી અને તેઓ નામદાર બોલ્યા હતા કે, "ચાલો, આવી જાઓ મેદાનમાં! તમારા આક્રમણનો સામનો કરવા તૈયાર છું." જેથી પત્રકારોએ એક પછી એક સવાલો પુછવાનું શરૂ કર્યું હતું. આ પ્રશ્નાવળી દરમ્યાન છાપાવાળાઓ વચ્ચે લગભગ હરિફાઇ જેવું થઇ પડયું હતું, પરંતુ તેઓ નામદારે જાણે સાધારણ વાત હોય તે પ્રમાણે દરેકના જવાબો વિજળીક ઝડપે સચોટ રીતે વજનદાર ભાષામાં આપ્યા હતા.

તેઓ નામદારને ખબરપત્રીઓએ, કરાચીના ભવિષ્ય વિષે, નવા સુધારા અમલમાં મુકવા બાબત, "આગાખાન મેમોરેન્ડમ" વિષે, ઇટાલી-એબિસિનીયા યુધ્ધ વિષે, પ્રજાસંઘે જાપાનની સામે ચીનને શામાટે મદદ ન કરી—એ વિષે, કાળા માણસો પર ગોરાઓ રાજ્ય કરવા સર્જાયેલા છે એ બાબતમાં, હિટલર મુસોલિનીએ કરેલા ભાષણ વિષે, જંગબાર વિષે, મિસર વિષે, કરાચીમાં બાંધવા ધારેલી મસ્જિદ વિષે, અફઘાનિસ્તાન, ઇરાન, તુર્કી તથા ઇરાક એ ચાર રાજ્યો વચ્ચે થયેલા કોલકરારોના સંબંધે, સિરીયા અને પેલેસ્ટાઇનનાં અરબ સવાલ સંબંધે, મહાયુધ્ધ દરમ્યાન સ્વીઝરલેંડનાં કાવતરાં વિષે, ડરબીની રેસ વિષે, સિંધ અલગ થયા બાદ કેવી રીતે કામ કરવું એ વિષે, એ ઉપરાંત બીજા પણ સંખ્યાબંધ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

## કરાચી મ્યુનિસિપાલીટી તરફનું માનપત્ર.

ફેબ્રુઆરી મહિનાની તા. ૪થીના રોજે કરાચીની મ્યુનિસિપલ કોરપોરેશન તરફથી કાઉન્સીલ હોલમાં શહેરીઓ તરફથી મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને માનપત્ર આપવામાં આવ્યું હતું. કોરપોરેશનનાં મેમ્બરો ઉપરાંત દરેક કોમના પ્રતિષ્ઠિત ગૃહસ્થો અને બાનુઓ તેમજ ઇસમાઇલી ખોજા ગૃહસ્થો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. તેઓ નામદાર ૧૦ કલાકે આવી પહોંચતાં, પબ્લીકે હર્ષનાદો વચ્ચે તેઓ નામદારને વધાવી લીધા હતા. તેઓ નામદાર મ્યુનિસિપલ હોલમાં દાખલ થતાં રાજ્યદંડ અને ગળામાં પહેરેલા મેયરલ ચિન્હ સાથે કરાચીના મેયર મી. કાજી ખુદાબક્ષે તેઓશ્રીને આવકાર આપ્યો હતો અને સભાજનોએ ઉભા થઇને તેઓ નામદારનો સત્કાર કર્યો હતો. મેયર અને ડેપ્યુટી મેયર મી. કેબ્રાલ અને ચીફ ઓફિસર ડૉ. શાહ તેઓશ્રીને હોલની અંદર માનપૂર્વક લઇ ગયા હતા. જ્યાં સ્ટેજપર ગોઠવવામાં આવેલ સુંદર ખુરશી ઉપર તેઓશ્રી બિરાજ્યા હતા.

મેયરે માનપત્રનું વાંચન કરી લીધા બાદ મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં આભાર વ્યકત કરતાં દર્શાવ્યું હતું કે, "મારા જન્મસ્થાનની મ્યુનિસિપાલીટી તરફથી મને આજે માનપત્ર આપવામાં આવ્યું છે. તેના માટે હું ખરેખર મગરૂર છું. જાણીતા અંગ્રેજ કવિ કિપલીંગ મુંબઇમાં જનમ્યા હતા. તેઓ કહેતા હતા કે એ વાત માટે હું મગરૂર છું કે જેવા તેવા ઉતરતા દરજ્જાના શહેરમાં મારો જન્મ થયો નથી, હું પણ તેટલી મગરૂરી સાથે કહી શકું છું કે હું પણ કોઇ ઉતરતા દરજ્જાના શહેરમાં જનમ્યો નથી.

વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે ભવિષ્યમાં કરાચીને અગત્યનો ભાગ ભજવવાનો છે. તે હિંદનું મુખ્ય દ્વાર બનશે. તમો ભુગોળ ઉપરથી આ વાતની ખાત્રી કરશો. કરાચી વિશાળ બંદર છે. માત્ર પંજાબ સારૂજ નહિ પણ મધ્ય એશિયા માટેનું બંદર પણ એજ છે. પશ્ચિમવાસીઓ માટે કરાચી હિંદુસ્તાનનું મુખ્ય દ્વાર છે. કરાચી સામે ઝળકતું ભવિષ્ય છે. તે હિંદુસ્તાનનુંજ ફકત નહિ પણ જગતનું આગેવાન શહેર થવા સરજાયલું છે. તમો કરાચીને વેપાર તેમજ જ્ઞાન માટે એક મહાન મથક બનાવી શકો તેમ છો."

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની કરાચી ખાતે એક અઠવાડીઆ જેટલી પણ રોકાણ ન્હોતી, પરંતુ તે દરમ્યાન જમાતો તથા જાહેર જનતાને મુલાકાતો આપવાનો પ્રોગ્રામ મુજબ ભરચક હતો અને અઢાર અઢાર કલાક પર્યંત તેઓશ્રીએ અથાગ કાર્યો કર્યાં હતા. તેઓ નામદારની કાર્યપધ્ધતિ અને એક સ્થળેથી બીજા સ્થળની હાજરી અજાયબી ઉપજાવનારી હતી. તેઓ નામદારે, ઇત્માદી બંદેઅલીભાઇ કાસમે પોતાના માતુશ્રીની યાદમાં રૂપીયા સવા લાખના ખર્ચે બંધાવેલ નમુનેદાર "જાનબાઇ મેટરનીટી હોમ"ની પણ મુલાકાત લીધી હતી. ઉપરાંત 'સુલતાનાબાદ'ના ઇસ્માઇલી ખેતીકારોનું માનપત્ર સ્વીકારી બીજી એક "ઇસમાઇલી કોલોની" સ્થાપવાની ભલામણ કરતાં, ઇત્માદી ફીદુભાઇ પીરૂને વઝીરનો માનવંતો ખિતાબ અર્પણ કર્યો હતો. ફેબ્રુઆરીની તા. ૮મીના દિને તેઓ નામદાર સ્ટીમર "વરેલા" મારફતે કરાચીથી મુંબઈ આવી પહોંચ્યા હતા.


## ગર્લ્સ ગાઇડ્ઝ હસ્તકળા પ્રદર્શનની મુલાકાતે.

ફેબ્રુઆરીની તા. ૯મીના દિને મૌલાના હાઝર ઇમામે હસનાબાદ ખાતે "આગાખાન્સ બોમ્બે ગર્લ્સ ગાઇડ્ઝ"ના આશરા હેઠળ ભરવામાં આવેલ ભવ્ય પ્રદર્શનની મુલાકાત લીધી હતી. તેઓ નામદાર પધારતાં ગર્લ્સ ગાઇડ્ઝ તરફથી 'ગાર્ડ ઓફ ઓનર'ની સલામી આપવામાં આવી હતી. ત્યારપછી તેઓ નામદારે પ્રદર્શનમાં ફરીને, ફેન્સી વર્ક, ગુંથણ કામ, સીવણ કામ, રાંધણ કળા અને એમ્બ્રોઇડરીના સુશોભિત સ્ટોલો રસપૂર્વક નિહાળી પુછપુરછ કરી હતી. બોમ્બે ડીસ્ટ્રીકટના ગર્લ્સ ગાઇડ્ઝ કમીશ્નર મીસ મિડલટન પણ આ પ્રસંગે ખાસ હાજર રહ્યા હતા, જેમને તેઓ નામદારે પ્રદર્શનના કાર્યથી સંતોષ દર્શાવતાં જણાવ્યું હતું કે "મુસ્લિમ બાળાઓમાં હુન્નર ઉદ્યોગની આટલી સુંદર પ્રગતિ મેં અગાઉ જોઇ ન્હોતી, આપણી ગર્લ્સ ગાઇડ્ઝ ઘણી આગળ વધી છે."

## ઇમ્પીરીયલ સિનેમાની મુલાકાતે—ફિલ્મ ઉદ્યોગનું ઉજ્જવળ ભાવિ લોકમત કેળવવાનું ઉત્તમ સાધન.

ફેબ્રુઆરીની તા. ૧૦મીને સોમવારના દિને મૌલાના હાઝર ઇમામે બોમ્બે ટોકીઝ લી૦ તરફથી બનાવવામાં આવેલ ફિલ્મો નિહાળવા ઇમ્પીરીયલ સિનેમાની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે થીયેટરને રંગબેરંગી લાઇટ અને તોરણો વિગેરેથી શણગારવામાં આવ્યું હતું. સર કરીમભાઇ, લેડી કરીમભાઇ મી. જસ્ટીસ અને મીસીસ બ્લેકવેલ, મી. જસ્ટીસ અને મીસીસ દિવેટીયા, મી. જસ્ટીસ અને મીસીસ તૈયબજી, મી. અને મીસીસ કે. એમ. મુનશી, મુંબઇના શેરીફ મી. ચુનીલાલ ભાઇચંદ મહેતા, મી. ગુલામઅલી જી. મરચન્ટ એડવોકેટ અને અન્ય ઘણા સંભવિત જનો આ પ્રસંગે પરોણા તરીકે હાજર રહ્યા હતા. જ્યારે થીયેટરની અંદર અને બહાર ગંજાવર માનવ મેદની એકઠી થઇ હતી. ઇન્ટરવલમાં બોમ્બે ટોકીઝ કુંપનીના પ્રમુખ મી. ચીમનલાલ સેતલવડે મૌલાના હાઝર ઇમામને આવકાર આપતું વિવેચન કર્યું હતું:

H. E. The Governor of Bombay Sir Leslee Wilson, Unveilling the splendid Statue presented By MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN to commemorate His Majesty's (King Edward VIII) visit to India as Prince of Wales.



શહેનશાહ એડવર્ડ આઠમા, પ્રિન્સ ઓફ વેલ્સ તરીકે હિન્દ આવ્યા તેની યાદગીરીમાં **મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબે** મુંબઇના નાગરીકોને તેમનું બાવલું બેટ આપ્યું તેને નામદાર ગવર્નર સર લેસ્લી વિલસન ખુલ્લું મુકવાની ક્રિયા કરી રહ્યા છે તેનું એક દ્રશ્ય

Photo of MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN as President of the Public Meeting called by the Sheriff of Bombay, moving the condolence resolution for the sad demise of His late Majesty King George V.



નામદાર સમ્રાટ જ્યોર્જ પંચમના અવસાન નિમિત્તે ટાઉન હોલમાં શહેરીઓની સભાના પ્રમુખપદે **મૌલાના હાઝર ઈમામ** બિરાજ્યા હતા તે વેળાનું એક દ્રશ્ય.

ત્યારપછી તેઓ નામદારે ફિલ્મ ઉદ્યોગના સંબંધમાં જણાવ્યું હતું કે: "કળાની દ્રષ્ટિએ આપણો ફિલ્મ ઉદ્યોગ પોતાનું બાળપણ વટાવી ગયું છે. ભાવમયતા અને લાગણીના દર્શનમાં આ ફિલ્મના કળાકારો જગતના બીજા ભાગોના કળાકારો કરતાં ઉતરતાં નથી. કમનસીબે પ્રાથમિક કેળવણીમાં હિંદ ઘણું પછાત છે, તેટલા માટે એવા પછાત દેશમાં ફિલ્મ ઉદ્યોગ માટે ઉજ્જવળ ભાવિ પડેલું છે. શરીર સુખાકારી અને જાહેર હિતના બીજા સવાલોમાં લોકમત કેળવવાને ફિલ્મ ઘણું ઉપયોગી સાધન થઇ પડે છે. કેળવાયેલા મધ્યમ વર્ગના બેકાર લોકો માટે ફિલ્મ ઉદ્યોગ એક નવી દીશા ઉઘાડે છે. જે દ્વારા બેકારીના નિવારણ ઉપરાંત કળાની ભાવના દર્શાવવાનું તેઓને સાધન મળી રહેશે. હિંદી પ્રજાના સઘળા વર્ગના જીવનમાં પ્રકૃતિદત્ત કળાની ભાવના હસ્તી ધરાવે છે." ત્યારપછી તુરતજ તેઓ નામદાર વિદાય થયા હતા. સુવર્ણ મહોત્સવ પ્રસંગે તુલાવિધિ તેમજ જુદા જુદા અનેક પ્રસંગો તેમજ દૃશ્યો અને ના. શહેનશાહના હકમાં મૌલાના હાઝર ઇમામે દરખાના જમાતખાને બંદગી ગુજારી હતી તેની ઇમ્પીરીયલ કંપની તરફથી ફિલ્મ ઉતારી લેવામાં આવી હતી તે પણ મુંબઇની જાહેર જનતાને ભવ્ય થીયેટરોમાં બતાવવામાં આવી હતી.

## સદગત શહેનશાહ જ્યોર્જ પંચમ—ટાઉન હોલમાં ગંજાવર શોક સભા મૌલાના હાઝર ઈમામ પ્રમુખપદે.

ફેબ્રુઆરીની તા. ૧૧મીને મંગળવારના દિને સદગત શહેનશાહ જ્યોર્જ પંચમના અવસાન માટે શોક દર્શાવવા તેમજ તેવણની યોગ્ય યાદગીરી જાળવવા મુંબઇના શેરીફ તરફથી બોલાવવામાં આવેલી મુંબઇના શહેરીઓની એક મોટી વગવાળી બધી કોમો અને વર્ગોની ગંજાવર જાહેર સભા મુંબઇના ટાઉન હોલમાં સાંજે સાડા પાંચ કલાકે મૌલાના હાઝર ઇમામના પ્રમુખપણા હેઠળ મળી હતી. તેઓ નામદાર બરાબર સાડા પાંચ વાગે આવી પહોંચતાં સર્વ સભાજનોએ ઉભા થઇને માન આપ્યું હતું અને તેઓ નામદાર આસને બિરાજ્યા પછી સર્વ લોકોએ પોતાની બેઠક લીધી હતી.

આ ગંજાવર સભામાં જુદી જુદી કોમોના બેરોનેટો, સર નાઇટો, મુંબઇની ધારાસભાના તથા કોરપોરેશનના મેમ્બરો, હાઇ કોર્ટના જજો, પોલીસ કોર્ટના મેજીસ્ટ્રેટો, મુંબઇના મેયર, મુંબઇના શેરીફ, ઓનરરી મેજીસ્ટ્રેટો ઉપરાંત આમ વર્ગની પણ એક મોટી સંખ્યા હાજર રહી હતી. હોલની બહાર પણ લાઉડ સ્પીકરો મુકેલા હોવાથી રસ્તા ઉપર પણ લોકોના ટોળેટોળા ઉભા રહ્યા હતા. મુંબઇના શેરીફ મી. ચુનીલાલ બી. મહેતાએ સભા બોલાવવા માટે મુંબઇના સંખ્યાબંધ જાણીતા શહેરીઓની સહી સાથનું તેમને મળેલું રેકવીઝીશન અને એ રેકવીઝીશનની રૂએ સભા બોલાવવાની નોટીસ વાંચી સંભળાવી હતી.

ત્યારપછી આ ગંભીર અને દમામદાર સભા શરૂ થતાં સર જમશેદજી જીજીભાઇ બેરોનેટે સભાનું પ્રમુખસ્થાન મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને આપવાની દરખાસ્ત મુકી હતી, જેને સર કરીમભાઇ ઇબ્રાહીમે અનુમોદન આપ્યું હતું. દરખાસ્ત સર્વાનુમતે પસાર થતાં મૌલાના હાઝર ઇમામે પ્રમુખસ્થાન લીધું હતું.

## પ્રમુખસ્થાનેથી મૌલાના હાઝર ઈમામનું પ્રવચન.

મૌલાના હાઝર ઇમામે પ્રમુખસ્થાનેથી એક યાદગાર ભાષણ કર્યું હતું, જેમાં તેઓ નામદારે, સદગત શહેનશાહના અવસાનથી જગતભરમાં ફેલાયલો શોક અને સામાન્ય રીતે સમસ્ત દુનિયાને અને ખાસ કરીને બ્રિટીસ

શહેનશાહતને ગયેલી ખોટ કેટલી મોટી છે, તેમજ સુલેહ અને સહકારના એક એલચી તરીકે ભુલી ન શકાય તેવી શહેનશાહતની બજાવેલી સેવાઓ અને હિંદ માટેની ના. શહેનશાહની દિલસોઝી વિષેનું અસરકારક વિવેચન કરીને જણાવ્યું હતું કે "શાહી કુંટુંબે નહિ પુરાય તેવી ખોટ ખમી છે, શહેનશાહતે, ખાસ કરીને હિંદે એક ખરેખરા ભલાઇ ચાહનારાને અને ઇન્સાન જાતે એક સાચો મિત્ર ગુમાવ્યો છે. સમસ્ત જગતમાં તેમના અવસાન બાદ પાળવામાં આવેલો શોક મરહુમ શહેનશાહ આખી દુનિયાના લોકોમાં કેટલા બધા માનીતા હતા તેની સાબિતી આપે છે. મરહુમ શહેનશાહના પોતાના કાર્યોજ તેવણુની ઉમદા સેવાઓની એક મહાન યાદગીરી સમાન છે."

ત્યારપછી સદગત શહેનશાહની સેવાઓની યાદ જાળવી રાખવા એક યોગ્ય 'મેમોરિયલ' ઉભું કરવા માટે તેઓશ્રીએ જરૂરિયાત દર્શાવી હતી અને તેના માટે નાણાં એકઠા કરવા માટે કમિટી નિમવામાં આવી હતી. જેના પ્રમુખ તરીકે મુંબઇના ના. ગવર્નર અને ઉપપ્રમુખો: લેડી બ્રેબોર્ન, લેડી અલીશાહ સી. આઇ., સર જમશેદજી જીજીભાઇ અને સર કરીમભાઇ ઇબ્રાહીમ અને ખજાનચીઓ તરીકે સર સોરાબજી પોચખાનાવાળા અને મી. ચુનીલાલ મહેતાની તેમજ સભ્યો તરીકે દેશના મોટા મોટા પચાસ આગેવાનોની નિમણુંક કરવામાં આવી હતી.

ત્યારપછી મૌલાના હાઝર ઇમામે શોક સહાનુભુતિનો ઠરાવ સભા સમક્ષ મુકયો હતો જેને ટેકો આપતાં મુંબઇના મેયર, મી. ખુરશીદ એફ. નરીમાન, સર પુરૂષોતમદાસ ઠાકોરદાસ અને લીયો રોડ્રીગ્સ, મી. મેયર નીસીમ, રા. બા. બોલે, સર સ્ટેન્લી રીડ, મી. રેમતુલ્લાહ ચીનાઇ અને મીસીસ શરી તૈયબજીએ પ્રવચનો કર્યાં હતા. પ્રમુખે ઠરાવ મુજબ મત લેતાં આખી સભાએ ઉભા થઇને પૂર્ણ ગંભીરતા અને ચુપકીદી સાથે ઠરાવ સર્વાનુમતે પસાર કર્યો હતો.

## મૌલાના હાઝર ઇમામ આગ્રામાં—અલીગઢ યુનિવર્સિટિ તરફથી માનપત્ર.

ત્યારબાદ તેઓ નામદાર દિલ્હી તરફ સિધાવી ગયા હતા. વચ્ચે આગ્રામાં તેઓ નામદારે પધરામણી કરી ત્યારે તેઓ નામદારને ઇસમાઇલી કાઉન્સીલના સભાસદો, જમાત, મુસ્લિમો ઉપરાંત આગેવાન શહેરીઓએ દિલોજાન આવકાર આપ્યો હતો. પોતાના અનુયાયીઓ તરફનું માનપત્ર પણ તેઓશ્રીએ સ્વીકાર્યું હતું. તેઓ નામદારે તાજમહાલની મુલાકાત લીધી હતી અને તાજ ગાર્ડનમાં ગોલ્ફની રમતમાં પણ ભાગ લીધો હતો. ત્યારપછી તેઓ નામદાર દિલ્હી તરફ વિદાય થયા હતા.

ફેબ્રુઆરીની તા. ૧૫ મીના રોજે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અલીગઢ સ્ટેશન પર આવી પહોંચતાં, તેઓ નામદારને શાનદાર આવકાર આપવામાં આવ્યો હતો. તેઓ નામદારના સત્કાર માટે એકઝેકયુટિવ કાઉન્સીલના સભ્યો, અને યુનિવર્સિટિનાં આગેવાનો, શિક્ષકો, યુનિવર્સિટિ કોર્ટના સભ્યો અને સરકારી અમલદારો હાજર હતા. ઘોડેસ્વારોના એક રસાલા સહિત તેઓ નામદાર અલીગઢના જગવિખ્યાત મુસ્લિમ યુનિવર્સિટી ભણી હંકારી ગયા હતા. યુનિવર્સિટીના ટ્રીચર્સ કોર અને બોય-સ્કાઉટના ગાર્ડ ઓફ ઓનરનું ઇન્સપેકશન કર્યાં પછી ગગનભેદી જોશભેરના ખુશાલીના અવાજો વચ્ચે તેઓશ્રી "સ્ટ્રેચી હોલ"માં પધાર્યા હતા. આ પ્રસંગે તેઓ નામદારે યુનિવર્સિટીને લગતો પોશાક પહેર્યો હતો.

મેળાવડાનું કામકાજ શરૂ થતાં, ડોકટર ઝિયાઉદીન એહમદે મૌલાના હાઝર ઇમામને આવકાર આપતું ભાષણ કર્યું હતું. જેમાં તેઓ નામદારની સેવાઓની ટુંકમાં તેમણે રૂપરેખા દોરી હતી. મૌલાના

હાઝર ઇમામને અર્પણ કરવાનું માનપત્ર ફારસી ભાષામાં, છતારીના નવાબ સર મુહમ્મદ એહમદ સઇદખાને વાંચી સંભળાવ્યું હતું. જેમાં મૌલાના હાઝર ઈમામે રાજકીય, કેળવણી, સાહિત્ય વિષયક અને આર્થિક ક્ષેત્રમાં બજાવેલી મહાન સેવાઓ અને સઘળી હિંદી કોમોની અંદર એકતા સ્થાપવા માટેની તેઓશ્રીની કિંમતી કોશિષોની મહત્વતાનો ઉલ્લેખ કરી, યુરોપ, આફ્રિકા, હિંદ, ઇરાન અને અફઘાનિસ્તાનમાં કરોડો મુસ્લિમો ઉપર તેઓશ્રીની લાગવગનો ઇશારો કરતાં, તેઓ નામદારે યુનિવર્સિટિ માટે એકઠાં કરેલાં રૂપીયા ૩૦ લાખની હકીકત પણ તાજી કરવામાં આવી હતી. માનપત્ર સોના–ચાંદીની સુંદર કાસ્કેટમાં મુકીને તેઓશ્રીને અર્પણ કરવામાં આવ્યું હતું.

## મૌલાના હાઝર ઈમામનો જવાબ.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં જણાવ્યું હતું કે: "મેં અલીગઢની કેટલીયે વેળા મુલાકાત લીધી છે, પરંતુ કોલેજના પ્રો. ચેન્સેલર તરીકે આ પહેલીજવાર છે કે હું તમારી મુલાકાતે આવ્યો છું. હું ઇચ્છુ છું કે આ ઉચ્ચ દરજ્જાની જવાબદારી રામપુર, જુનાગઢ, ભાવલપુર અથવા ખંભાત જેવા લાયક અને શકિતશાળી કોઇ યુવાન રાજવીએ શીરે ઉપાડી લેવી જોઇતી હતી. છતાંય મેં આ ઓધ્ધાનું માન યુનિવર્સિટિની સેવા અને સહાય કરવાના જુસ્સાને અંગે સ્વીકાર્યું છે."

ત્યારપછી તેઓ નામદારે જમીનદારોના સંતાનો માટે ખેતીવાડીની સ્કુલ અને હુન્નર ઉદ્યોગની કેળવણી માટે ટેકનિકલ કોલેજની આવશ્યકતા પર ભાર મુકી, યુનિવર્સિટીને ઇસ્લામી ઇલ્મ–સંસ્કૃતિનું નિવાસગ્રહ બનાવવા માટે આગ્રહ કરતાં જણાવ્યું હતું કે: "તેરમી સદીની ખ્રિસ્તી પ્રજા જે તબકકામાંથી પસાર થઇ રહી હતી તેવી સ્થિતિમાંથી આજે ઇસ્લામ પસાર થઈ રહ્યો છે. આજનો આપણો અંધકારમય યુગ છે. મુસ્લિમ કોમને આજના તબકકામાંથી બહાર કાઢવાનું કામ અલીગઢ કોલેજના શીરે છે."

## દિલ્હીમાં મુસ્લિમ રાજ્યદ્વારી આગેવાનોની સભા.

ફેબ્રુઆરીની તા. ૧૬ મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. છતારીના નવાબ સાથે ખાણું લીધું હતું. તે પ્રસંગે યુનિવર્સિટિ માટે ફંડ એકઠું કરવાના સંબંધમાં જુદા જુદા સાધનોની તેઓશ્રીએ ચર્ચા કરી હતી. હિંદના રાજકીય ક્ષેત્રમાં ભવિષ્યમાં હિંદનામુસ્લિમોએ કેવી નીતિ અખત્યાર કરવી તેની વિચારણા માટે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના પ્રમુખપદે એક સભા મળી હતી, જેમાં આગેવાન મુસ્લિમોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

મૌલાના હાઝર ઈમામે ભુતકાળની રાજદ્વારી પરિસ્થિતિ વિષે વિચારો જાહેર કર્યા પછી તેઓ નામદારે જણાવ્યું હતું કે "રાજકીય જીવનના એક નવા તબકકામાં હિંદ અત્યારે દાખલ થઇ રહ્યું છે. હિંદના મુસ્લિમો દેશના ઉત્તમ લાભોની પ્રાપ્તિમાં પોતાનો યોગ્ય હિસ્સો આપવા તૈયાર છે. તેઓનો રાજકીય અંતિમ ધ્યેય "ડુમીનીયન સ્ટેટસ" છે. તેઓને લાગે છે કે અન્ય દેશોમાં હિંદનો દરજ્જો સ્વીકારવામાં આવે એ અત્યારની અતિ અગત્યની જરૂરિયાત છે, સંસ્થાનો કે ડુમીનીયનોમાં હિંદીઓ સાથે યોગ્ય વર્તન ચલાવવામાં આવતું નથી. હિંદના જુદા જુદા વિભાગો વચ્ચે વિશાળ અંતરાય, અનહદ દરિદ્રતા; ભુખ અને નગ્નતા, હાડપીંજર અને દુબળાં શરીરો, અજ્ઞાનતા, વિનશ ખાતર માત્ર માનવી લેખાતી જનતા અને આર્થિક દ્રષ્ટિએ તેમની કચડાયલી સ્થિતિમાં વધારો કરતી, તેમની બુધ્ધિ વિષયક દરિદ્રતા–આ સઘળી સ્થિતિ ભોગવતા હિંદીઓ માટે ખુદ વતનમાં આર્થિક પુનર્રચના કરવાની જરૂર છે."

## ઉન્નતિના કાર્ય માટે ભેદભાવ વગર મચ્યા રહેવાનો આગ્રહ.

"માણસમાં ઈલાહી અંશના આ પ્રમાણેનો ઇન્કાર કરવાથી ઇન્સાની ભાતૃભાવનો પણ ઇન્કાર સ્વયં થઇ જાય છે અને પરિણામે ધાર્મિક અને પંથના વિષયોમાં આપણે અસહિષ્ણુતા વધારી મુકી છે. આર્થિક બુધ્ધિ વિષયક અને સંસ્કૃતિની દ્રષ્ટિએ નબળાઓની અર્થાત સારાયે આર્થિક, સામાજિક અને ધાર્મિક મંત્ર તત્કાળ સુધારણા માંગી રહ્યું છે અને તે એવી રીતે કરવી જોઇએ કે જેથી કચડાયેલો ઐક્ય જણ એવો ન રહે કે જેને તેવું કહી શકાય.

"ધર્મનો વિષય એક અંગત માન્યતા છે અને હિંદની જુદી જુદી કોમો વચ્ચે એ માટે ખરાબ લાગણી જન્માવવા દેવી જોઇએ નહિ. ઇસ્લામ સહનશિલતા શીખવે છે અને સર્વથી નાનામાં નાના અને અદનામાં અદના માનવીને એવી લાગણી થવી જોઇએ કે સ્વરાજ્ય ભોગવતા હિંદમાં તેની ધાર્મિક આસ્થા અને સંસ્કૃતિ જળવાયલી રહેશે. ઉન્નતિનું આ ઉમદા કાર્ય છે, જેમાં નાત, જાત અને ધર્મના ભેદ વિના મચ્યા રહેવું જોઇએ. વિચારશીલ હિંદીઓએ હિંદની બહેતરી માટે સુચવેલો ઉપાય હિંદ બહાર તેના માનભર્યા સ્થાનની ખાત્રી આપે છે."

## મૌલાના હાઝર ઈમામની સેવાનો પ્રશંસા કરતો ઠરાવ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ જે રચનાત્મક દોરવણી કરી તે માટે તેઓ નામદારનો અહેસાનભર્યો આભાર દર્શાવતો અને હિંદના મુસ્લિમોને એ નીતિ અમલમાં મુકવા માટેનો અપીલ કરતો એક ઠરાવ સર શફાઅત અહેમદખાને રજુ કરતાં જણાવ્યું હતું કે, "નામદાર આગાખાન સાહેબનાં વ્યક્તિત્વ વિના મુસ્લિમ કોમે જે કંઇ કર્યું છે, તે થઇ શક્ત નહિં બલ્કે તેઓ ભયમાં આવી પડત. વધુમાં તેઓ નામદારે સર્વે નેશ્નાલીસ્ટો=રાષ્ટ્રવાદીઓને ખાત્રી આપી હતી કે દેશની પ્રગતિ અને સ્વરાજ્યની પ્રાપ્તિ માટે તેમની સાથે મારા મિત્રો મિત્રાચારીની ગાંઠ બાંધવા તૈયાર છે. નામદાર આગાખાન સાહેબ રાઉન્ડ ટેબલ કોનફરંસના ડેલીગેટોના નેતા હતા અને મુસ્લિમોએ બાકીના સઘળા ડેલીગેટો સાથે સંપીને કાર્ય કર્યું હતું, એ હિંદુ મહાસભાના સ્વીકારથી મળી રહે છે."

ત્યારપછી તેઓ નામદારની સેવાઓની પ્રશંસાઓથી ભરપુર ઠરાવને અનુમોદન આપતાં મોટી સંખ્યાનાં ભાષણો થયા પછી મજકુર ઠરાવ પસાર થયો હતો. સર એ. એચ. ગઝનવીએ, મૌલાના હાઝર ઇમામની ભલી કોશિષોના પરિણામે બંગાલમાંના હિંદુ–મુસ્લિમ વચ્ચેનો કરાર લગભગ કેવી રીતે સંપૂર્ણ થવાની અણી ઉપર આવ્યો હતો, તેનું વર્ણન કરી ઉમેર્યું હતું કે, "નામદાર આગાખાન સાહેબ કોમીવાદી છે, એ કહેવું સરાસર જુઠ્ઠું છે." એજ દિને સાંજના વડી ધારાસભાના પ્રમુખ સર અબ્દુલર્રહીમ તરફના ખાણામાં તેઓ નામદારે ભાગ લીધો હતો.

## દિલ્હીમાં ભવ્ય ડીનર પાર્ટી—સર ઝફરૂલ્લાહખાનનું વિવેચન.

ફેબ્રુઆરીની તા. ૧૭મીના દિને ન્યુ દિલ્હી ખાતે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના માનમાં વડી ધારાસભાના મુસ્લિમ મેમ્બરો તરફથી એક ભવ્ય ડીનર પાર્ટી આપવામાં આવી હતી. વાઇસરોયની કારોબારી કાઉન્સીલના કોમર્સ મેમ્બર સર મુહમ્મદ ઝફરૂલ્લાહખાન ચૌધરીએ ખાણાના મુખ્ય મહેમાન મૌલાના હાઝર ઇમામની સલામતીનો જામ નોશ કરાવતાં, પોતાની યુવાન અવસ્થાની યાદી આપી હતી કે "આજથી લગભગ ૨૫ વર્ષ પૂર્વે લાહોર ખાતે તેઓ નામદારની ગાડી ખેંચી લઇ જવામાં અન્ય વિદ્યાર્થીઓ સાથે ત્યાંની ગવર્નમેન્ટ કોલેજના એક વિદ્યાર્થી તરીકે કેટલી ઉલટથી હું જોડાયો હતો, તે ઉપરથી એ સમયે લોકોનો ઉત્સાહ કેટલો બધો હતો તે પુરવાર થાય છે."

આગળ ચાલતાં તેઓએ જણાવ્યું હતું કે: "દુન્યવી તેમજ ધાર્મિક બાજુએથી જોતાં ઇસ્લામના એક બાદશાહ–માનવીઓમાં શહેનશાહ અને યુરોપ એશિયાના રાજવીઓના સાથી અને પૂર્વ અને પશ્ચિમના એક એલચી તરીકે આપ નામદાર જે ઉચ્ચ દરજ્જો ધરાવો છો, તેવું સ્થાન અત્યારે કોઇ પણ ધરાવતો હોય તે શોધી કાઢવું મુશ્કીલ છે. આપશ્રીનો મરતબો અજોડ છે અને આપની જુમ્મેદારી આપશ્રીએ યોગ્ય રીતે અદા કરી છે. આ દેશના મહાન વતનીઓ તરીકે અમો આપ નામદારના કારણે ફખ્ર કરીએ છીએ. વર્તમાન જગતમાં એવી એકેય જગ્યા કે ઓધ્ધો નથી કે જેને આપ સંપૂર્ણ યોગ્યતાથી દિપાવી ન શકો."

## મૌલાના હાઝર ઈમામનું યાદગાર વિવેચન.

મૌલાના હાઝર ઇમામે જવાબમાં જણાવ્યું હતું કે: "ઇસ્લામી બંધુભાવથી આપણે સઘળા જોડાયલા છીએ, કે જેની સામાજિક સમાનતા, સહનશિલતા અને વિશાળ દિલની પ્રશંસા મી. એચ. જી. વેલ્સ જેવા ટીકાકારો સુધ્ધાંતે કરી છે. ખરેખર ઇસ્લામી સંસ્કૃતિ વિના દુનિયા કંગાલ બનતે. રાજા અને દરવેશને ઇસ્લામમાં "શાહ" કહેવામાં આવે છે. એજ ઇસ્લામનો ખરો ભ્રાતૃભાવ દેખાડવા માટે પુરતું છે. ઇસ્લામીઓના જાહેર જીવનના અનેક વર્ષોમાં મેં બંધુત્વના જુસ્સાને હજુય જીવંત દીઠો છે."

વધુમાં તેઓ નામદાર બોલ્યા હતા કે "જ્યારે આપણે લંડનમાં હતા ત્યારે આપણે એકત્રજ ઉભા રહ્યા હતા અને તે રાજકીય પરિસ્થિતિના કેવળ આપણા સ્વાર્થી હેતુ માટેજ નહિ પણ આપણા માર્ગની અંદર કોઇપણ મતભેદ આવતાં, રોકી રાખવા બંધુત્વના સુક્ષ્મ અને સુંદર જુસ્સાનેજ લઇને હતું અને તમે સર મુહમ્મદ એ જુસ્સાના એક અતિ લાયક દ્રષ્ટાંત સમા હતા. પહેલાં બે વર્ષ સુધી તો તમે હિંદી ડેલીગેશનના એક ઝાઝું નહિ બોલનારા સભ્ય હતા. આજના તમારા મહેમાનો સુધ્ધાંતોને ખબર નહોતી કે સર્વથી નિર્મળ પાણી અને તેજદાર હિરાઓ ખડકોમાંથી મળી આવે છે. સંજોગોએ તમોને આગેવાની લેવાની ફરજ પાડી અને તમારી સરદારીએ દરેક જણની–તમારા દેશ બાંધવોજ નહિ બલ્કે બ્રિટીશ રાજદ્વારીઓની પણ પ્રશંસા જીતી લીધી. યુરોપના રાજ્યદ્વારીઓનો મને પરિચય છે અને તેથી પ્રમાણિકપણે હું કહી શકું છું કે રાજ્યદ્વારીઓની કોઈપણ મિજલસમાં તમે મોખરેનું સ્થાન લઇ શકો છો."

"યુવાનોને એટલી બધી મુશ્કિલીઓનો જ્યાં સામનો કરવો પડે છે, તેવા દેશ (હિંદ)માં ૪૪ વર્ષની વયે તમે દેશના સર્વથી ઉચ્ચ દરજ્જાએ પહોંચ્યા છો, તે ખરેજ એક મહાન પરાક્રમ છે. અમોને દરેક જણને લાગે છે કે ભાવી ફિડરલ રાજબંધારણમાં તમે એક એવા પ્રકાશ જેવા છો, જેને દરેક જણે અનુસરવું જોઇએ અને એક એવો દિવસ આવશે કે જ્યારે તમે વડા પ્રધાન પણ બનો (તાળીઓ). તમે સઘળાઓની સેવાઓ કરવા સિવાયની હું તો કોઇ પણ અભિલાષા રાખતો નથી. (જોશભેર તાળીઓ) હારથી આપણને કાંઇ કામ નથી. લડાઇ આપણે હારી ગયા છીએ એવું લડવૈયાઓ ખ્યાલ ન કરે, ત્યાંસુધી કોઇપણ લડાઇ કદીયે હારમાં આવતી નથી. દરેક જણ ઉમંગી બનો, જેથી કરી બંધુત્વ અને સેવાની રોશની આપણા દેશબંધુઓ અને આમ રીતે માનવજાતની અંદર પ્રસારી દેવાય." આજથી ૩૦ વર્ષ અગાઉ જે મુશ્કિલીઓનો મુકાબલો કરવો પડતો તેની યાદી આપાવતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "કેટલીક ચીજો મેળવવાનું કાર્ય લગભગ અશક્ય હતું અને એક યુનિવર્સિટીની સ્થાપવાના ખ્યાલની મજાક ઉડાવવામાં આવી હતી, કારણ કે લોર્ડ કરઝન એ યોજનાની વિરૂધ્ધ હતા. એની સરખામણીમાં આજની વસ્તુસ્થિતિ વધુ સરળ છે અને યુવાનોના આજના જંગમાં સર મુહમ્મદ સેનાપતિ બનશે એવી હું આશા રાખું છું."

## ગાલિબ દિનની ઉજવણી–તસવીર ખુલ્લી મુકવાની ક્રિયા.

ફેબ્રુઆરીની તા. ૧૯મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ, છેલ્લા મોગલ સમ્રાટના સમયના જાણીતા ઉર્દુ કવિ ગાલિબની ૬૫મી સંવત્સરીની શાનદાર ઉજવણીમાં ભાગ લઇને, દિલ્હીની અરેબિક કોલેજમાં કવિવર ગાલિબની તસ્વીર પોતાના મુબારક હાથે ખુલ્લી મુકવાની ક્રિયા કરી હતી. ક્રિયા કર્યા પછી મૌલાના હાઝર ઇમામે વિવેચન કરતાં દર્શાવ્યું હતું કે: "મને ગાલિબ જેવા શાએરની યાદગીરીની ઉજવણીમાં ભાગ લેતાં અત્યંત ખુશી ઉપજે છે. કવિ ગાલિબજ એક એવા કવિ હતા કે જેમણે પોતાના વખતમાં ઉર્દુ સાહિત્યના વિકાસમાં મોટો હિસ્સો આપ્યો હતો. ગાલિબનું કવિત્વ હૃદયને જીતી લેનારૂં અને તે સમયના દર્દભર્યા પ્રસંગોની એક ચિત્રાવલી સમાન છે અને એ કારણે તેમના કાવ્યો માત્ર કાવ્યોજ નહિં પરંતુ ઇતિહાસિક ઘટનાઓનો એક ગ્રંથ છે." તેઓ નામદારે ગાલિબ ફંડમાં રૂ. ૫૦૦ આપ્યા હતા.

## ખ્વા'જા હસન નિઝામીની રસિક નોંધ.

દિલ્હીવાળા જાણીતા સુફી સંત ખ્વા'જા હસન નિઝામીએ પોતાના સુપ્રસિધ્ધ ઉર્દુ પત્ર "મુનાદી"ની "રોજનીશી"માં "ગાલિબ દિન"ની ઉજવણી વિષે રસિક નોંધ પ્રગટ કરી હતી, જેમાં મૌલાના હાઝર ઇમામના આગમન વિષે તેમજ તસ્વીર ખુલ્લી મુકવાની ક્રિયાનો ઉલ્લેખ કરતાં દર્શાવવામાં આવ્યું હતું કે :—

"હિઝ હાઇનેસ સર આગાખાન સવા તીન બજે તશરીફ લાએ. કોલેજકે દરવાઝે પર પહેલે ઉનકી તસ્વીર લી ગઇ, ઇસકે બાદ હિઝ હાઇનેસ જલસાગાહમેં ગએ. સૈયદ ખલીલ અહમદ નાયબ સદ્રને મકસદે જલસેકી તશરીહ બયાન કી. હિઝ હાઇનેસને ગાલિબકી તસ્વીરકી નિકાબ ઉઠાઇ. હિઝ હાઇનેસ સર આગાખાનને અંગ્રેજી ઝબાનમેં તકરીર કી, જીસમેં ગાલિબકા ઝિક્ર ઝિયાદા થા. મંયનેભી મુખ્તસર તકરીર કી ઔર ઇસ શે'રસે ઇસ્કો શુરૂ કિયા :—

**મુહમ્મદ ગુલસ્તો અલી બુએ ગુલ; બુવદ ફાતિમા વન્દરાં બર્ગે ગુલ;**
**ચુ અતરશ બર આમદ હુસેનો હસન; મુઅત્તર શુદ અઝ વય ઝમીનો ઝમન.**

આજ નવાબ અસ્દુલ્લાહખાન ગાલિબકી કાગઝી પયરહનવાલી સુરતકી નિકાબકુશાઇકે લીયે એક ફાતિમી સૈયદ આયા હય. ઔર હમ સબ ઇસ કોલેજમેં જમા હુએ હંય, ગાલિબ શુરૂસે આખિર તક એહલે બયતે રસુલિલ્લાહ સ૦સે મુહબ્બત કરતે રહે. પસ આજકા જલસા સાબિત કરતા હય કે, રસુલિલ્લાહ સ૦કે અહલેબયત અપને મુહબ્બત કરનેવાલોંકો ભુલતે નહિ હંય. યહી વજહ હય કે આજ અહલેબયતકે હિરો સર આગાખાન અપને ફિદાઇ ગાલિબકી યાદ કાયમ રખનેકે લીયે યહાં આયે હંય. મંય હિઝ હાઇનેસ સર આગાખાનકા ઔર તમામ હાઝરીનકા દિલ્હીવાલોંકી ઔર ઓરિએન્ટલ સોસાયટીકી તરફસે આપ સબકી તશરીફ આવરીકા શુક્રિયા અદા કરતા હું, ઔર દુબારા કહેતા હું કે બની ફાતિમા અપને મુહબ્બત કરનેવાલોંકો કભી નહિ ભુલતે, ઔર ચુંકે ગાલિબને તમામ ઉમ્ર બની ફાતિમાકો યાદ કિયા ઇસ લીયે બની ફાતિમા ભી કયામત તક ઉનકી યાદ કાયમ રખ્ખેંગે. જલસા બેહદ કામયાબ રહા. હિઝ હાઇનેસ સર આગાખાનકે સેંકડો મુરીદ અપને ઇમામકે દીદારકે લીયે યહાં આયે થે. ઓર મેમ્બરાને એસેમ્બલી ભી થે."

## દિલ્હીનો એક રસમય પ્રસંગ.

એજ પ્રમાણે "દીન" નામના ગુજરાતી અઠવાડિકમાં ઉપર પ્રમાણેજ ટુંકમાં વર્ણન કર્યા પછી વધુમાં દર્શાવવામાં આવ્યું હતું કે "અરેબિક કોલેજથી હિઝ હાઇનેસ તિબ્બયા (વૈદક) કોલેજ જોવાં ગયા. હું પણ હુસેનઅલી ઈબ્ને અરબી સાથે ત્યાં ગયો. મૌલાના સર મુહમ્મદ યાકુબ સાહેબ, હકીમ મુહમ્મદ એહેમદખાન સાહેબ, હકીમ મુહમ્મદ ઝફરખાન સાહેબ, ડો. એફ. ડી. મહમુદ સાહેબ, તથા કોલેજના ટ્રસ્ટીઓ મૌજુદ હતા. કેટલાક રોગો સંબંધી તેઓ નામદારે વિદ્વતાભર્યા સવાલ પુછ્યા અને તેના ઉત્તરમાં રસ લીધો. રિસર્ચ ખાતાના વડા ડો. સઇયદ ઝમાન સાહેબે રિસર્ચનું કામ દેખાડયું. હિઝ હાઇનેસે તેમને ઘણા સવાલ પુછ્યા. મેં હિઝ હાઇનેસને કહ્યું કે, "આપ નામદાર તો હકીમ શાહાઉલ મુલ્ક લાગો છો." હિઝ હાઇનેસે સ્મિત કરી જવાબ આપ્યો "જી હા ખુદાની કૃપાથી હું માંદો નથી."(૧)

## મૌલાના હાઝર ઈમામ લખનૌમાં—યુનિવરસિટિ અને કન્યાશાળાની મુલાકાતે

ફેબ્રુઆરીની તા. ૨૦મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. લગભગ ૨૫ વર્ષના ગાળા પછી લખનૌની મુલાકાત લેતાં આખાંય શહેરમાં અનેરો ઉત્સાહ અને આનંદ ફેલાઇ ગયો હતો. સ્ટેશન ઉપર તેઓ નામદારના ઇસ્તેકબાલ માટે લખનૌના શહેરીઓ તેમજ નામાંકિત આગેવાનોની એક મોટી સંખ્યા હાજર રહી હતી. તેઓ નામદારનું આગમન થતાં હર્ષનાદોથી સ્ટેશન અને ચોમેરનું વાતાવરણ ગાજી ઉઠયું હતું. તેઓ નામદારની ટુંક રોકાણ હોવા છતાં સઘળો વખત કેટલીક કેળવણીની સંસ્થાઓની મુલાકાત તેમજ અન્ય કામકાજોમાં રોકાયલો રહ્યો હતો.

લખનૌ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં સંબંધમાં તેઓ નામદારે પોતાના વિવેચન દરમ્યાન જણાવ્યું હતું કે "આજે યુનિવર્સીટીના આ હોલમાં આપણે એકઠાં થયા છીએ. તેની દિવાલો ઉપર કોતરેલાં દરેક વિદ્વાન અને વિજ્ઞાનિક નામ દરેક વિદ્યાર્થી માટે પોતાની સર્વથી ઉમદા આકાંક્ષા અને પ્રેરણાનું લક્ષ્ય કેન્દ્ર હોવું જોઇએ. કલ્પનામાં બુધ્ધિવિષયક સામગ્રીમાં અને પ્રતિષ્ઠામાં એશિયાનું ભુતકાળ અન્ય કોઇપણ દેશના ભુતકાળ આગળ નમતું આપે તેવું નથી અને અન્ય કોઇ મુલ્કમાં ભાવિનેય નમતું આપે તેમ નથી. પૂર્વ ઉપર પશ્ચિમની આજની સર્વોપરિતા ફકત એ હકીકતને આભારી છે કે કુદરતના કાયદા કાનુનોને અનુસરવાનું પશ્ચિમવાસીઓ શીખ્યા છે અને તેના ભેદના અંતરમાં ઉતર્યા છે. એ દિશામાં પૂર્વ લગભગ ત્રણ ચાર સદી જેટલું પશ્ચિમની પાછળ રહી ગયું છે અને તેટલા માટે દરેક વિદ્યાર્થીનું સર્વથી પહેલું કામ એ છે કે તેણે વિજ્ઞાન અને કુદરતના પ્રચારક બનવું અને તેના ભેદ ખોળી કહાડી અન્યોના લાભ માટે પ્રગટ કરવા. જો તેઓ એ પ્રમાણે કરવામાં સફળ થશે, તો પાછળ રહી ગયેલી ત્રણ ચાર સદીની ગતિ પકડી પાડવા શકિતમાન થશે."

મુસ્લિમ કન્યાશાળાની મુલાકાત લેતાં તેઓ નામદારે મુસ્લિમ બાળાઓમાં કેળવણીનો પ્રચાર કરવાની તાત્કાળિક જરૂર ઉપર ભાર મુકી ભલામણ કરી હતી.

---

૧. જુઓ તા. ૧૬-૩-૩૬નું "દીન" ગુજરાતી અઠવાડિક.

## લખનૌ મ્યુનિસિપાલીટી તરફથી માનપત્ર.

લખનૌ મ્યુનિસિપાલીટી તરફથી તેઓ નામદારને અર્પવામાં આવેલ માનપત્રના જવાબમાં મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ જણાવ્યું હતું કે: "પોતાના ભુતકાળના ઇતિહાસ તેની વર્તમાન મહાનતા અને તેની મોહકતા અને આકર્ષણોની વિવિધતા માટે કુદરતના સાધનો માણસોની સેવામાં લઇને વધુ ઉજ્જવળ બનાવી શકવાના ભાવિ સંભવો માટે લખનૌ શહેર વ્યાજબી રીતે ફખ્ર લઇ શકે છે." મ્યુનિસિપાલીટીની હદમાં રહેતા બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત આપવામાં આવે છે એજ પ્રમાણે બાળાઓને પણ મફત શિક્ષણ આપવા માટે તેઓ નામદારે આશા દર્શાવી હતી.

સરકારી મહેલમાં લંચ, લખનૌના શહેરીઓ તરફથી એટ હોમનો મેળાવડો અને સલીમપુર હાઉસમાં ખાણાની પાર્ટી ઉપરાંત તેઓ નામદારના માનમાં કેટલાક સામાજિક મેળાવડાઓની પણ ગોઠવણ કરવામાં આવી હતી. ત્યારપછી તેઓ નામદાર રામપુર જવા વિદાય થયા હતા.

## રામપુર અખિલ હિંદ મુસ્લિમ કેળવણી પરિષદ.


ફેબ્રુઆરીની તા. ૨૧મીના દિને રામપુર ખાતે ઓલ ઇન્ડીયા મુસ્લિમ એજ્યુકેશન કોન્ફરંસ-અખિલ હિંદ મુસ્લિમ કેળવણી પરિષદની ૪૭મી બેઠક ભારે ઉત્સાહ વચ્ચે શરૂ થઇ હતી. દેશના સઘળા ભાગોમાંથી આશરે ૫૦૦૦ મુસ્લિમો હાજર રહ્યા હતા. જાણીતા પરોણાઓમાં છતારીના નવાબ, સર લિયાકતઅલીખાન, ડૉ. અન્સારી, મી. આસફઅલી, સર હસન સુહરાવર્દી, સર વઝીર હસન, નવાબ મુહમ્મદ યુસુફ, સર સૈયદ સુલતાન એહમદ, મી. એહેમદ ઇબ્રાહીમ હારૂન જાફર, સર મુહમ્મદ યાકુબ, નવાબ સરદાર યારજંગ, ડૉ. ઝિયાઉદ્દીન એહમદ, મેજર મુમતાઝ યારૂદવલા, ખ્વાજા હસન નિઝામી, ઓન. એઝીઝુલ હક અને સૈયદ ગુલામ ભીક નયરંગ પણ હતા. રામપુરના નામદાર નવાબ સાહેબે સ્વાગત સમિતીના પ્રમુખ તરીકે કોન્ફરન્સના પ્રમુખ મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને તથા ડેલીગેટોને આવકાર આપ્યો હતો.

## મૌલાના હાઝર ઈમામનું પ્રમુખપદેથી ભાષણ.

મૌલાના હાઝર ઇમામે પ્રમુખપદેથી ભાષણ કરતાં જણાવ્યું હતું કે "પોતાની કેળવણી સ્થિતિની પરિક્ષા લેવાની અગત્યની જરૂરિયાત પ્રત્યે દુર્લક્ષ કરવું જોઇતું નથી. રામપુર પૂર્વના લોકસંસ્કાર, વિદ્યાજ્ઞાન, અભ્યાસિકતા, સંશોધન, કવિતા, જાળવી રાખવાના એક આશ્રયસ્થાન તરીકે રહ્યું છે, તે હિંદમાની એક પૌર્વાત્ય વિષયોની લાયબ્રેરી ધરાવે છે."


કેળવણી કોન્ફરન્સનું પ્રમુખપદ તેઓ નામદારે ૩૪ વર્ષ પહેલા લીધું હતું, તેની યાદ તાજી કરાવી તેઓશ્રીએ એવો ઉલ્લેખ કર્યો હતો કે "ત્યારપછી કેટલીક સ્થિતિમાં ફેરફારો થયા છે, તે સાચી દિશા ભણી આગળ વધનારા ફેરફારો છે" જે માટે પોતાની ખુશાલી દર્શાવી હજી ઘણું કાર્ય કરવાનું બાકી હતું તે પ્રત્યે કોનફરંસનું તેઓ નામદારે લક્ષ ખેંચ્યું હતું. આજના જમાનાને અનુસરતા થવા માટે પ્રાથમિક કેળવણી એ પ્રથમ તબક્કો હોવાનું તેઓશ્રીએ જણાવી ઉમેર્યું હતું કે "વાઇસરોયની ધારાસભામા મેં તેની અદના હિમાયત કરી હતી, આ એક એવું કાર્ય છે જેની હિંદી તરીકે આપણી ઉપર અસર થાય છે અને તે રાજકારણ, સામાજિક અને કેળવણી વિષેના સુધારાની સીમાની રેખા રૂપે છે."

THE DARKHANA: A view of Khadak Khoja Ismaili Jamatkhana of Bombay, beautifully illuminated on the auspicious occasion of the Golden Jubilee of Mowlana Hazar Imam. His Royal Highness The Prince Aga Khan's accession on the "Masnad" of Imamat.



**મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ** ઇમામતની મસનદે બિરાજ્યાના સુવર્ણ મહોત્સવના શુભ અવસરે દમામદાર રોશનીથી ઝળહળી રહેલાં મુંબઇ ખડક પરના દરખાના જમાતખાનાનો રળિયામણો દેખાવ.

To Commemorate the GOLDEN JUBILEE OF MOWLANA HAZAR IMAM'S ACCESSION TO THE "MASNAD of IMAMAT", an address on behalf of the Ismaili followers of All India was presented to Mowlana Hazar Imam before a thoroughly cosmopolitan gathering, by the All India Golden Jubilee Committee. Over 2500 Guests attended the function.



## મુંબઈ રેડીયો સ્ટેશન પરથી મૌલાના હાઝર ઈમામનું બ્રોડકાસ્ટ.

ફેબ્રુઆરીની તા. ૨૭મીના રાત્રે ૯-૪૫ કલાકે, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ ઇન્ડીયન સ્ટેટ બ્રોડકાસ્ટીંગ સરવીસના મુંબઇ સ્ટેશનેથી "હિંદની ઉન્નતિ"ના સંબંધમાં બ્રોડકાસ્ટ=વાયુપ્રવચન કર્યું હતું. શરૂઆતમાં તેઓ નામદારે તેને અતિ ઉપયોગી સાધન તરીકે જણાવ્યું હતું કે આ વિશાળ દેશમાંના દરેક ગામડીઆની નૈતિક અને ભૌતિક સ્થિતિની સુધારણા માટેની જુદી જુદી રીતિઓ તેની સન્મુખ તાદસ્યપણે ખડી થાય તે માટે "બ્રોડકાસ્ટ", સીનેમા અને ગ્રામોફોનનો સાયન્ટીફિક રીતે ઉપયોગ થઇ શકે છે, અને તેમ કરવું જોઇએ. બાળલગ્ન અને પુનર્લગ્ન જેવી બાબતોને લગતા સામાજિક સુધારાને લગતો પ્રચારનો મોટો ભાગ અને ખેતીવાડીને લગતી સુધરેલી પધ્ધતિનું શિક્ષણ "બ્રોડકાસ્ટ" દ્વારા થઇ શકે છે. આ દિશામાં ખર્ચેલું નાણું આ દેશની વસ્તીના આરોગ્ય અને સુખથી સો ગણું વળી રહેશે."

## રાજવી અને દરવેશ – રાજનીતિજ્ઞ અને સ્પોર્ટસમેન.

માર્ચ મહિનાની તા. ૨જીના રાત્રે મૌલાના હાઝર ઇમામના માનમાં, લેજીસ્લેટીવ કાઉન્સીલના એક સભ્ય મૌલવી સર રફીયુદીન એહમદે, તાજમહાલ હોટલમાં કરેલ ખાણાના મેળાવડામાં, તેઓ નામદારની સલામતીનો જામ નોશ કરાવતાં, પોતાનું નમ્ર આમંત્રણ સ્વીકારવા માટે, સર રફીયુદીને આભાર માની તેઓશ્રી એક રાજવી અને દરવેશ, એક રાજનીતિજ્ઞ અને સ્પોર્ટસમેન હોવાનો ઉલ્લેખ કર્યો હતો. રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને લીગ ઓફ નેશન્સમાંથી મેળાવડાના મુખ્ય મહેમાન મૌલાના હાઝર ઈમામની નિરનિરાળી લાભકારક પ્રવૃતિઓનો સંકેત કરી સર રફીયુદીને જણાવ્યું હતું કે,"હિંદુ મુસ્લિમ એકતાના એલચી" ખરેખર કહેવડાવવાને યોગ્ય નામદાર આગાખાન સાહેબજ છે. હિંદુઓ, મુસ્લિમો અને હિંદના સંબંધમાં તેઓ નામદાર નિખાલસ હૃદયના છે. જવાબમાં મૌલાના હાઝર ઇમામે પછાત લોકોની આર્થિક અને કેળવણી વિષેની સ્થિતિ સુધારવા માટે આગ્રહ કરતાં જણાવ્યું હતું કે "આપણો ઉદ્દેશ તો કોઈપણ કોમના પછાત વર્ગોની આર્થિક અને કેળવણીની દિશામાં ઉન્નતિ કરવાની હોવી જોઇએ, પછી ગમે તો તેઓ હિંદુ કે મુસ્લિમ હોય. નવા વેપાર ઉદ્યોગો, તબીબી ધંધાઓ અને હુન્નરો પછાત વર્ગોને શીખવવા જોઇએ."

## સમસ્ત હિંદના ઈસ્માઈલી મુરીદો તરફથી
## મૌલાના હાઝર ઈમામને
# માનપત્ર અર્પવાનો સાર્વજનિક મેળાવડો.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને સમસ્ત હિંદના ઇસ્માઇલી મુરીદો વતી, માર્ચ મહિનાની તા. ૬ ઠ્ઠીના દિને, મુંબઇના "રેસકોર્સ લોન" ઉપર માનપત્ર આપવાનો એક સાર્વજનિક અને વગદાર મેળાવડો કરવામાં આવ્યો હતો. મેળાવડાની સઘળી વ્યવસ્થા આગાખાન્સ ઓલ ઇન્ડીયા ગોલ્ડન જ્યુબિલી કમિટી તરફથી કરવામાં આવી હતી. 'રેસકોર્સ લોન"ને ઘણીજ સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. જેનો દેખાવ અતિ ઘણો રોનકદાર હતો. મેળાવડામાં સરકારી અમલદારો, ઓધ્ધેદારો તેમજ સઘળી કોમના સંભાવિત સદગૃહસ્થો અને બાનુઓ પણ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. એકંદરે ૨૫૦૦ થી વધુ પરોણાઓએ આ પ્રસંગે લાભ લીધો હતો. ખાનપાનની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવેશદ્વાર પાસે સ્ટ્રીન્ગ બેન્ડ તેમજ આગાખાન્સ કાન્ડી મહોલ્લા સ્કાઉટ બેન્ડ પણ હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ, હર હાઇનેસ બેગમ આગાખાન સાહેબા સાથે પધારતાં તેઓ નામદારને દિલોજાન આવકાર આપવામાં આવ્યો હતો. ત્યારપછી જ્યુબિલી કમિટી તરફથી શેઠ ગુલામઅલી જી. મર્ચન્ટે કામકાજ શરૂ થતાં માનપત્ર વાંચી સંભળાવ્યું હતું.

## બાદશાહી કાસ્કેટ—કળાનો એક સુંદર નમુનો.

એ માનપત્ર વંચાઇ રહ્યા બાદ જે કાસ્કેટમાં મુકીને અર્પણ કરવામાં આવ્યું હતું તે શ્રી ખડક ઉપરના દરખાના જમાતખાનાની આકૃતિની બનાવેલી હતી. આ સોના અને ચાંદીની બનાવેલી કાસ્કેટ ૨૭ ઇંચ પહોળી અને ૩૩ ઇંચ લાંબી છે. જેની જમણી બાજુ પર કરાચીની "મુહમ્મદ ટેકરી" ડાબી બાજુએ જમાતખાનાની ઇમારત અને પાછળની બાજુએ "વરોડા પેલેસ"ના ચિત્ર કોતરેલા છે. જમાતખાનાની આખી છત અને ચાંદીની સાચી ઘડીયાળ સાથેની ભવ્ય ટાવર સોનાની અને તેના પર લાઇટ વિગેરે ગોઠવી છે. કાસ્કેટનું આખું સ્ટેન્ડ સુખડનું છે, તેના દર્શનના ભાગમાં "ઇમામત" શબ્દ સામે તેની વ્યાપકતા દર્શાવનારા ચિન્હ તરીકે પૃથ્વીનો ગોળો મુકવામાં આવ્યો છે. સ્ટેન્ડની એક બાજુએ "દઅવત" નું ચિન્હ, બીજી બાજુએ "શુજાઅત" દર્શક ઝુલફિકાર અને "સખાવત" શબ્દ સાથે તેની ભાવના દર્શાવનારો અશરફીવાળો હાથ ચિતરેલો છે.

કાસ્કેટના ઢાંકણ તરીકે કાચનો ભવ્ય 'ડોમ' (ગુમ્બજ) છે, તેના ચારે ખુણા પર મૌલાના હાઝર ઇમામના ઇરાની ઢબના ચાર સુવર્ણના તાજ મુકવામાં આવ્યા છે. આ દમામદાર અને દેખાવડી કાસ્કેટનું વજન ૪૦૦૦ તોલા છે. આ કાસ્કેટ કળાનો એક સુંદર નમુનો છે, એટલુંજ નહિ પણ માનપત્રોમાં સામાન્ય રીતે અપાતી કાસ્કેટોમાં જેટલી ભવ્ય અને અજોડ છે તેટલીજ પોતાના ઇમામ પ્રત્યેના મુરીદોનાં પ્રેમ અને ફિદાગીરીના એક સુંદર સ્મારક તરીકે તે હંમેશ માટે યાદગાર રહેશે.

## મૌલાના હાઝર ઇમામનો લાગણીભર્યો જવાબ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ માનપત્રનો જવાબ આપતાં જણાવ્યું હતું કે, "મારા મુરીદો તરફથી મારી ગોલ્ડન જ્યુબિલી ઘણાજ પ્રેમથી ઉજવવામાં આવી છે, તેથી તેઓ સઘળાને હું ધન્યવાદ આપું છું. મને જણાવતાં ઘણો આનંદ થાય છે કે મારા મુરીદો સાથેનો મારો સંબંધ પિતા અને બચ્ચાંઓ જેવો છે. હું એમનો **"રૂહાની પિતા"** છું, જ્યારે મારા સઘળા મુરીદો મારા **'રૂહાની બચ્ચાંઓ'** છે, જેઓ મારી પચાસ વર્ષની ઇમામત દરમ્યાન મારી રહેબરી પ્રમાણે એક સરખા અનુસરતા રહ્યા છે. તે પ્રત્યે એક ઉડતી નજર નાખતાંજ જણાઇ આવે છે કે જીવનના સઘળા ક્ષેત્રોમાં છેલ્લા પચાસ વર્ષ દરમ્યાન ખોજા કોમે ભારે પ્રગતિ કરી છે. પરંતુ આજે જમાનો "લાયકનેજ જીવવા દેવાનો" છે અને તેટલા માટે હું તમોને ભારપૂર્વક ભલામણ કરું છું કે જમાનાની જોડાજોડ તમો લોકો પણ રહો."

## ભુતકાળના કીર્તિકળશો ઉપર આધાર રાખી બેસી ન રહો.

વધુમાં તેઓશ્રીએ ઉમેર્યું હતું કે: "ઇસમાઇલી કોમના સભ્યો માત્ર હિંદુસ્તાનના સઘળા ભાગોમાંજ મળી આવતા નથી, પણ જગતની સર્વ દિશાઓમાં જડી આવે છે. પોતાની બુધ્ધિ ચકોરતા અને પોતાના સાહસ ખેડવા માટે ઇસમાઇલી કોમે પોતાને જાણીતી કરી છે, પરંતુ યાદ રાખો કે ભુતકાળના કીર્તિકળશો ઉપર આધાર રાખી તમારે બેસી રહેવાનું નથી. બલ્કે ભવિષ્યની પ્રગતિ માટે તમારે સખ્ત મંથન કરવાની જરૂર છે. કોમની સર્વ દિશામાં સંગીન વૃધ્ધિ થાય તે પ્રત્યે સઘળું લક્ષ તમારે કેન્દ્રસ્થ કરવું જોઇએ અને તે માટે મારી તમોને ભારપૂર્વક સલાહ છે કે "તમારા બાળકોને કેળવણી આપો, કેળવણી આપો અને બસ કેળવણી આપો," જેથી કોમમાંથી સારા અને વફાદાર શહેરીઓ ઉત્પન્ન થાય અને જેઓ ઇન્સાન જાતના ફાયદા માટે કાર્ય કરવા તૈયાર થાય. આપણી

કેળવણીનો ઉદ્દેશ સરકારી ખાતાઓમાં નોકરી મેળવવાનો નહિ પરંતુ બહેતર પ્રકારના મનુષ્ય બનાવે એ હોવો જોઇએ."

ત્યારપછી તેઓ નામદારે, ઉચ્ચ કેળવણી સંપાદન કરી અનેક ઇસમાઇલી ખોજા બાનુઓ ગ્રેજ્યુએટો બનવા પામી છે, તેના માટે સંતોષ દર્શાવી, સર કરીમભાઇ ઇબ્રાહીમ જેવા મહાન વેપારી અને ઉદ્યોગપતિ અને સર ઇબ્રાહીમ રહેમતુલ્લાહ જેવા રાજકીય નેતાઓ કોમે ઉત્પન્ન કરી, યુવાન પ્રજા માટે તેજસ્વી દાખલો બેસાડયો છે, તેનો પણ ઉલ્લેખ કરીને સામાજિક સેવા પ્રત્યે લક્ષ કેન્દ્રિત કરવાની તાકીદની ભલામણ કરતાં જણાવ્યું હતું કે: "કંઇ પણ ચીજ મેળવવાની ઇચ્છા દર્શાવવા પહેલાં તેને લાયક બનવાની જરૂર છે." "માતૃભુમિની અને ઇસ્લામના વધુ યશ માટેની સેવા અને ભોગ" એ તમારો મુદ્રાલેખ હોવો જોઇએ. મારી કોમના સામે મહાન ભવિષ્ય પડેલું હું જોઉં છું. પ્રન્તકિય નહિ પરંતુ આંતરરાષ્ટ્રિય જુસ્સા અને દ્રષ્ટિએ દેશની અને રાજાની સેવા કરવી એ દરેક દેશાભિમાનીની ફરજ છે."

અંતમાં માતા સલામત મેળાવડામાં હાજર રહી શકયા ન્હોતા, તેનો ઉલ્લેખ કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "આટલી બુઝુર્ગ વય થએલી હોવા છતાં ઇસમાઇલી કોમના સર્વોત્તમ હિત સાચવવા માટે તેઓશ્રી ઘણા આતુર રહે છે." પોતાનું વિવેચન પૂર્ણ કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "કોમની ઉન્નતિ માટેની તમારી દરેક યશશાળી કોશિશોને હું ટેકો આપતો રહીશ અને છેવટમાં હું તમારા ધંધા–રોજગારમાં આબાદી અને તમારી સુખસંપતિમાં વધારો ઇચ્છું છું."

માર્ચની તા. ૯મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. હિંદથી યુરોપ ભણી પી. એન્ડ ઓ. કંપનીની સ્ટીમર સ્ત્રેથમોરમાં રવાના થતાં, છાપા જોગી એક મુલાકાતમાં સુધારાઓને દ્રઢતાથી અમલમાં મુકી તેમાં બને તેટલો લાભ પ્રાપ્ત કરવાની હિંદવાસીઓને અપીલ કરી હતી.

## જગતની વધતી જતી વસ્તીના કોયડાનો ઉકેલ મૌલાના હાઝર ઇમામે સુચવેલો ઉપાય.

જગતના આર્થિક સવાલોની ચર્ચા કરવા એકાદ મધ્યસ્થ સંસ્થાની સ્થાપનાના વિષયમાં મી. વેલ્સે લખેલા એક પત્રના જવાબમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મે મહિનાની તા. ૬ઠ્ઠીના દિને "ટાઇમ્સ"માં એક લેખ લખીને જણાવ્યું હતું કે: "જગતમાં—ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા, કેનેડા, આફ્રિકાના વિસ્તારમાં અને એશિયાટીક તેમજ યુરોપિયન રશીયામાં—એટલા બધાં જબરજસ્ત પ્રદેશો પડયા છે કે, જેમાં જર્મની, જાપાન, ઇટલી અને હિંદ જેવા થોડા ઝમીનના વિસ્તારથી મુંઝવતા દેશોની વધતી જતી વસતીનો સમાવેશ થઇ શકે છે. એ માટે જરૂરતું છે કે કોઇ ચોકકસ મધ્યસ્થ સત્તા તરફથી "ફ્રી દેશાટન" કરાવવાની અને વિશાળ અને લોક વસ્તી વિનાના ખાલી પ્રદેશોમાંના ચોકકસ વિસ્તારમાં દરેક દેશાટન કરનારી પ્રજા પોતાની ભાષા, રહેણીકરણી, ધર્મ, રિતરિવાજ વિગેરે અંનુસાર અલાહેદી વસાહત કરી શકે, તે માટેની ગોઠવણ કરવી જોઇએ."

## રોયલ સોસાયટી ઓફ આર્ટસના ફેલો—નામદાર પ્રિન્સની શાદી.

લંડનથી મે મહિનાની તા. ૧૩મીના સંદેશામાં જણાવ્યા અનુસાર મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને નામદાર શહેનશાહ આઠમા એડવર્ડે મુલાકાતનું માન આપ્યું હતું. એજ દિને તેઓ નામદારને "રોયલ સોસાયટી ઓફ આર્ટસ"ના ફેલો તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા.

મે મહિનાની તા. ૧૮ મીના દિને નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબનાં લગ્નની ક્રિયા પેરીસની મસ્જિદમાં કરવામાં આવી હતી. કન્યા મર્હુમ ચોથા બેરન ચર્સ્ટનના બહેન અને તેઓ ઓન. જોઆન યાર્ડ-બુલરના નામે ઓળખાય છે. લગ્ન અગાઉ કન્યાએ ઇસ્લામ ધર્મનો અંગીકાર કર્યો હતો અને એક મુસ્લિમ તરીકે પોતાના લગ્ન કર્યા હતા. લગ્નની ક્રિયા સમયે મૌલાના હાઝર ઇમામ તથા (લેડી ચર્સ્ટન) મીસીસ વેસલ, પેરીસના મેયર, અને બીજા શહેરીજનો હાજર રહ્યા હતા. નિકાહની ક્રિયા હાજરીનોએ ઘણી ચુપકીદીથી સાંભળી હતી. લગ્નવિધિ પૂર્ણ થયા બાદ નામવર મેયરે ટુંક વિવેચન કર્યું હતું. ના. પ્રિન્સ સદરૂદીને "પેજ" તરીકે કાર્ય કર્યું હતું.

## "મહેમુદ"નો વિજય—ડરબીની રેસમાં ત્રીજીવાર કિર્તીવંત જીત.

મે માસની તા. ૨૭ મીના દિનની જગમશહુર 'એપસમ' ખાતે યુરોપની મોટામાં મોટી રેસમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની ત્રીજીવાર કિર્તીવંત જીત થઇ હતી. યુરોપના ઉમરાવ અને સંસ્કારી મંડળોમાં આ રેસની જીત ઘણી ગર્વભરી મનાય છે. એ દિવસે ઋતુ શરદ અને ભીનાશવાળી હોવા છતાં પાંચ લાખ પ્રેક્ષકો આ રેસ જોવા ઉતરી પડયા હતા. તેઓ નામદારનો પાણીદાર ઘોડો "મહેમુદ" વિજળીક ઝડપે વિજયસ્થંભ—વીનીંગ પોસ્ટ પાસેથી પસાર થતાં લોકોએ ખુશાલીના ભારે અવાજો વચ્ચે મૌલાના હાઝર ઇમામની "ડરબી જીત"ને વધાવી લીધી હતી. જ્યારે તાજ અકબર બીજે નંબરે આવ્યો હતો.

તેઓ નામદારની "ડરબી"માં આ જીત ત્રીજી વાર હતી. ૧૯૩૦માં બ્લેનહિમ, ૧૯૩૫ માં બહેરામ અને ૧૯૩૬ માં મેહેમુદ. ધી આગાખાન એન્ડ હિઝ એન્સેસટર્સમાં દર્શાવવામાં આવ્યું છે કે ત્રણવાર ડરબીની રેસમાં જીત મેળવનાર જગતમાં નામદાર આગાખાન સાહેબ એકલાજ છે, એટલુંજ નહિ પરંતુ ઈંગ્લેંડમાં સાતવાર જીત મેળવી "ઓનરોના વીનીંગ લીસ્ટ"ના મથાળે આવનાર પણ તેઓ નામદાર એકલાજ છે. ઉપરાંત સેંટ લેજરની રેસમાં ઈ. સ. ૧૯૩૨ માં ફિરદોસી, ૧૯૩૫ માં બહેરામ, બે હઝાર ગીનીની રેસમાં ૧૯૩૫ માં બહેરામ; ઓકસની રેસમાં ૧૯૩૨ માં ઉદેપુર, તથા આઇરીશ ડરબીમાં ૧૯૩૨ માં દસ્તુર નામના તેઓશ્રીના ઘોડાઓએ કિર્તીવંત જીતો મેળવી હતી.

## યુધ્ધ જાગે તે પહેલાં અંતરાયો દુર કરવા જોઇએ.

સપ્ટેમ્બર મહિનાની તા. ૨૯ મીના દિને લીગ ઓફ નેશન્સની એસેમ્બલીની જીનીવા ખાતે મળેલી બેઠકમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ ભાષણ આપતાં જણાવ્યું હતું કે "આપણુને માણસો અને રાષ્ટ્રો અપૂર્ણ માલમ પડયાં છે, તેને લઇ લીગ ઓફ નેશન્સને આટલી બધી જલ્દી વખોડી કહાડવી એ જગતની સ્થિતિથી દોરવાઇ બધી ફિલસુફીઓ અને ધર્મોને વખોડી કહાડવા જેવું છે. જો લીગ ઓફ નેશન્સને જીવંત સંસ્થા રાખવી હોય તો બધા જીવંત પ્રાણીઓ પ્રમાણે પરિવર્તન થવું જોઇએ. નાણા પ્રકરણીય અને આર્થિક સવાલો જે હાલના જમાનામાં અસંતોષનું મૂળ છે, તેને આપણે હાથ ધરવા જોઇએ અને આર્થિક રાષ્ટ્રવાદે ઉભા કરેલા અંતરાયો યુધ્ધ જગાડે તે અગાઉ તેમનો અંત આણી શકાય એમ છે કે નહિ તે જોવું જોઇએ."

MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN won for the second time in succession the world-renowned "Derby" with Mahmoud. Taj Akbar, also owned by His Royal Highness ran second. The picture shows Mowlana Hazar Imam leading in Mahmoud after His Derby Victory in 1936.



**મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની** ડરબી રેસમાં (૧૯૩૬) "મહમુદ"ની ફતેહથી એકધારી રીતે બીજીવાર જીત થઇ. ડરબીના ઇતિહાસમાં આ કિર્તિવંત જીત છે. એજ વર્ષે "તાજ અકબર" બીજો આવ્યો હતો. આ ચિત્રમાં વિજયી મહમુદને તેઓ નામદાર દોરવી લઇ જતા નજરે પડે છે.

(જુઓ પાનું ૫૯૬)

## એશિયાઈ સંસ્કૃતિના અભ્યાસ માટે અપીલ.

નવેમ્બર મહિનાની તા. ૯ મીના દિને ઇરાન સોસાયટીમાં એક ભાષણ આપતાં, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ એશિયાઇ સંસ્કૃતિનો અભ્યાસ કરવા માટેની અપીલ કરી હતી. "ઉગ્ર રાષ્ટ્રવાદ આજે સૌન્દર્ય અને ઉચ્ચતાને રાષ્ટ્રિય માલિકીના બનાવવા માગે છે, તેવા વખતમાં શું ઇરાને શિખવેલો બોધપાઠ આપણે ભુલી જવા માંડયા છીએ," એવો તેઓ નામદારે સવાલ પુછયો હતો. ઝિંદગીના સર્વથી ઉચ્ચતર આનંદ અને જીવન અર્થાત ઉચ્ચતા, સત્ય અને સૌન્દર્યને હંમેશ માટે ગુમ કરી દેવાના ભયવાળી કોમો અને જાતિઓ આજે હસ્તી ધરાવે છે.

ઇસ્લામી, હિંદુ અને છેક દુરદરાજના પૂવના મુલ્કોની ફિલસુફી, સંસ્કૃતિ, સાહિત્ય અને કળાનો અભ્યાસ કરી તેને સમજવામાં સહાય કરવાની મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ બ્રિટનના બુધ્ધિમાન વર્ગને અપીલ કરીને જણાવ્યું હતું કે "યુનાનીઓ અને યહુદીઓ કનેથીજ માત્ર ગ્રેટ બ્રિટન અને અમેરિકાએ પોતાની સંસ્કૃતિમાં વધારો કરવો જોઇતોજ નથી, બલ્કે આખાએ જગતમાંથી તે મેળવવી જોઇએ."

## ઇરાન સોસાયટીની સ્થાપના—પરમાથ ભાવનાથી ભરપુર ઇરાનની ઇસ્લામી કવિતા.

લંડનમાં એક "ઇરાન સોસાયટી" નામની સંસ્થા ઇરાની સંસ્કૃતિ, કળા, કવિતા અને સાહિત્યનો અંગ્રેજ પ્રજાને ખરો પરિચય કરાવવાના હેતુથી, સેન્ટ જેમ્સીસ સ્કવેરમાં આવેલા લેકિન્સ્ટર હાઉસમાં સ્થાપવામાં આવેલી છે, જેના પ્રમુખ લોર્ડ લેમીંગટન છે. મજકુર સંસ્થામાં ઘણા આગેવાન અંગ્રેજ અને યુરોપિયન વિદ્વાનો જોડાયા છે. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ તેની બેઠક ખુલ્લી મુકવાની ક્રિયા કરતાં એક દિલચસ્પ ભાષણ કર્યું હતું. તેઓ નામદારે ઇરાની સાહિત્યના રૂહાની સ્વરૂપ પર પુષ્કળ ભાર મુકયો હતો અને રૂહ શબ્દને સમજાવતાં જણાવ્યું હતું કે "રૂહ વિષે ઇન્સાન કાંઇ જાણતો નથી, પરંતુ રૂહ એક એવી ઝીંદાદ શક્તિ છે કે જે વડે ઇન્સાન સત્યને, સદગુણોને, નેકીઓને અને વળી ખુદાને પામી શકે છે.

"ફારસી શાએરીએ આપણને રૂહનો ભાસ આપી, આપણી સંસ્કૃતિને ઇન્સાની પોત આપ્યું છે. ઇરાની શાએરીનો યુગ ઇરાનમાં ઇસ્લામનું આગમન થયા પછી મંડાયો. ઇસ્લામ પૂર્વેની ઇરાની શાએરીમાં કંઇ દમ જણાતો નથી. તે પ્રાચિન મિસરી કવિતાઓને મળતી આવે છે. જે "રૂહાનિયત"ને બદલે "નફસાનિયત"થી ભરપુર છે. તેમાં સ્વાર્થ અને મોહ સિવાય બીજું ભાગ્યેજ કશુ દેખાય છે. દાખલા તરીકે એમાં દુઆઓ જુઓ તો તેમાં દુઆ માંગનાર માત્ર પોતા માટેજ માલ, દૌલત, ઇઝઝત, અને રાહત માગે છે. જ્યારે ઇસ્લામી શાએરીએ ઇરાનને પ્રેમ અને ભાઇચારાની ભાવનાઓ આપી છે અને ફારસી દ્વારા ઇરાને તે આખી દુનિયાને આપી છે.

## રૂહને સઘળી અશુધ્ધિઓથી સાફ રાખવાનો સબક.

"ઇસ્લામી અસરોએ ઇરાની કળાઓ અને વિદ્યાઓ માટે નવી નવી દિશાઓ ખોલી છે. એ ખરૂં છે કે ત્યારપછીથી આજલગીની સદીઓમાં ફારસી સાહિત્યને અનેક પાનખરો દેખવાનો સમય આવ્યો છે,

છતાં એ પણ ખરૂંજ છે કે તેની વસંત ચાલુજ રહી છે અને તેણે પોતાની શાએરીના બાગમાંથી ઉમદા ઉમદા ગુલાબો, બુલબુલો અને ગીતો આપ્યાજ કર્યા છે. બાકીની વિગેરે માળીઓએ પોતપોતાના રંગોમાં દુનિયાની ઝિન્દગીના એટલે રૂહાનીયતનાજ સંદેશા આપ્યાજ કર્યા છે. એ સઘળા શાએરોનો એક કિંમતી સામાન્ય સબક એ છે કે મનુષ્ય માટે સૌથી ઉચ્ચતાનો, સૌથી શ્રેષ્ટ માર્ગ એજ છે કે રૂહને સઘળી નાપાકીઓથી કોરી અને સાફ રાખવામાં આવે, કારણ કે પવિત્ર રૂહ એક એવી શકિત છે જે સઘળી જડ અને માનસિક શકિતઓને કાબુમાં લાવી શકે છે.

## માનવજગતના મહાન, અજોડ ગાયક—હાફિઝ શિરાઝી.

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે હાફિઝ શિરાઝીનું વર્ણન કરતાં તેમને માનવ જગતના મહાન અને અજોડ ગાયકની ઉપમા આપી હતી. "શિરાઝીની શાએરીમાં આપણે ઇન્સાની દુઃખો અને સુખો, ગમીઓ અને ખુશીઓ, આશાઓ અને નિરાશાઓ, સફળતાઓ અને નિષ્ફળતાઓની ઝલક દેખીએ છીએ. ઇન્સાન તરીકે લાગણીઓ અને ગુણોનો આપણને જે કંઇ ભાસ થાય છે તે સઘળું શબ્દ-ચિત્રોમાં દોરવા હાફિઝની કલમમાં કુદરત છે. તેની કવિતા આપણને દિલાસા અને આશાના સંદેશરૂપ છે અને એમાં શંકા નથી કે ગંગાથી માંડી નીલ લગી અને કેસ્પીયનથી લઇને હિંદી મહાસાગર સુધી દરેક માનવી પોતાના દિલના ભેદોને હાફિઝની કવિતામાં ધડકતા દેખે છે." ત્યારપછી ઇરાની વઝીર હુસેનખાન અલીએ તેઓ નામદારનો આભાર માની સોસાયટી માટે ભલી ઇચ્છાઓ દર્શાવી હતી.

## મૌલાના હાઝર ઇમામના પૌત્ર શાહઝાદા કરીમ આગાનો મુબારક જન્મ.

જીનીવાથી ડિસેમ્બર મહિનાની તા. ૧૩મીના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના વડા શાહઝાદા વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબના મહેરદાર પ્રિન્સેસ અલીખાને પુત્રરત્નનો જન્મ આપ્યો છે. શાહઝાદા મજબુત બાંધાના અને તંદુરસ્ત છે. માતા તથા શાહઝાદા બન્ને પુર તંદુરસ્ત સ્થિતિમાં છે. શાહઝાદાનું નામ કરીમ રાખવામાં આવ્યું હતું. શાહઝાદા કરીમના જન્મ મુબારકના ખુશાલીભર્યા સમાચાર મળતાં ઇસમાઇલી આલમમાં આનંદની લાગણી પ્રસરી હતી અને મૌલાના હાઝર ઇમામને, અને નામદાર વલીઅહદને, મુબારકીઓના સંખ્યાબંધ સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા.

## આફ્રિકાના ઇસમાઇલીઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની પવિત્ર આજ્ઞાનુસાર હિંદના જુદા જુદા ભાગોમાંથી દેશાટન કરી ગયેલા તેઓ નામદારના મુરીદો જંગબાર, કેન્યા, યુગાન્ડા, ટાંગાન્યીકા, સાઉથ આફ્રિકા, પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકા, માડાગાસ્કર, બેલ્જીયમ કોંગો તેમજ આફ્રિકાના અન્ય ભાગોમાં, ઘણી મોટી સંખ્યામાં વસવાટ કરી રહ્યા છે. જેઓ કેળવણીમાં, વ્યાપાર ઉદ્યોગમાં, સામાજિક ક્ષેત્રોમાં તેમજ આર્થિક રીતે ઘણાજ આગળ પડતા છે. રાજદરબારે પણ તેઓ સારામાં સારી પ્રતિષ્ઠા અને ઉચ્ચ દરજ્જાઓ ધરાવે છે. પોતાના પવિત્ર ઇમામ અને ધર્મ પ્રત્યે પણ તેઓ અનહદ પ્રેમભાવના ધરાવે છે, એટલુંજ નહિ પણ તેઓ કાયદા કાનુન, બંધારણ અને "ફરમાન"ને અનુસરીને ચાલવામાંજ પોતના જીવનનું સાર્થક માને છે અને તેના પરિણામે તેઓ દીન અને દુન્યાની દ્રષ્ટિએ ઘણીજ આબાદી અને સુખ ભોગવી રહ્યા છે.

આફ્રિકામાં જ્યાં જ્યાં તેઓ નામદારના મુરીદોની મોટી વસ્તી છે, ત્યાં ત્યાં દરેક સ્થળે, સુપ્રિમ, એકઝેકયુટિવ અને લોકલ કાઉન્સીલો, એજ્યુકેશન બોર્ડો, સ્કુલો, આગાખાન કલબો, દવાખાનાઓ વિગેરે તેઓ નામદારની રહેબરી તળે ચાલી રહ્યા છે, જેના માટે તેઓશ્રી પોતાના ગિરોહથી લાખો શીલીંગોની ગ્રાંટો બક્ષિશ આપે છે, ઉપરાંત બેન્ક, કોઓપરેટીવ સોસાઇટીઓ, ઇન્સ્યુરન્સ કંપની અને એવી અનેક સંસ્થાઓ ત્યાં હસ્તી ધરાવે છે. નાઇરોબી, કમ્પાલા, મોમ્બાસા, જંગબાર, દારેસ્સલામ, ટાંગા, પ્રિટોરિયા અને એવા બીજા મુખ્ય શહેરોમાં ઇસમાઇલીઓના ભુતકાળની યાદી આપે એવી ભવ્ય અને સુંદર જમાતખાનાઓની ઇમારતો પણ બાંધવામાં આવેલ છે. એટલુંજ નહિ પણ લગભગ પ્રત્યેક ગામોમાં જમાતખાનાઓની સુંદર સગવડો રાખવામાં આવી છે. જ્યાં આફ્રિકાના ભાવિક ઇસમાઇલીઓ દરરોજ બંદગી ગુજારવા માટે એકઠા થાય છે. ટુંકમાં મૌલાના હાઝર ઇમામની છત્રછાયા હેઠળ, તેઓ નામદારની ભલી દોરવણીના પ્રતાપે આફ્રિકાના ઇસમાઇલીઓ સુંદર અને નમુનેદાર "સ્વરાજ્ય" ભોગવી રહ્યા છે, એમ કહેવામાં જરાય અતિશ્યોકિત નથી.

## આફ્રિકામાં ગોલ્ડન જ્યુબિલી માટેની આતુરતા.

મૌલાના હાઝર ઇમામના આફ્રિકા ખાતેના આ અનુયાયીઓ, તેઓ નામદારની ૫૦ વર્ષની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી હિંદુસ્તાન ખાતે ઉજવવામાં આવી, તેવાજ શુભ હેતુસર આફ્રિકા ખાતે પણ ઉજવવા ભારે આતુરતા સેવી રહ્યા હતા. આબાળવૃધ્ધમાં આ એકજ વિષયની ચર્ચા થઇ રહી હતી. કેટલાકો જુદી જુદી યોજનાઓ અને યાદગીરીઓ જાળવવાના વિચારો દર્શાવી રહ્યા હતા. દરમ્યાન ઓગસ્ટ મહિનાની તા. ૫મીના દિને ડોવીલથી લખેલો મૌલાના હાઝર ઇમામનો એક મુબારક સંદેશો એરમેલમાં, ના. સુપ્રિમ કાઉન્સીલને મળ્યો હતો, જેમાં તેઓ નામદારની જુદા જુદા સ્થળોએ પધરામણીનો પ્રોગ્રામ હતો. આ સંદેશાથી આફ્રિકાની સઘળી જમાતોમાં ખુશી પ્રગટી નીકળી હતી.

## ઓલ આફ્રિકા ગોલ્ડન જ્યુબિલી સેલિબ્રેશન કમિટીની સ્થાપના—યોજનાની જાહેરાત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની પૂર્વ આફ્રિકા ખાતેની પધરામણી પ્રસંગે આફ્રિકાના ઇસમાઇલીઓએ આફ્રિકામાં પણ ગોલ્ડન જ્યુબિલી ઉજવવાની ઉત્કંઠા દર્શાવ્યાથી આફ્રિકાની ના. સુપ્રિમ કાઉન્સીલે, પ્રાંતિક કાઉન્સીલોના ડેલીગેટો સાથે એક કોન્ફરંસ બોલાવી મસલેહત કરી, દરેક જણ ખુશીથી ફાળો આપે અને સુવર્ણતુલાની ક્રિયાઓ થઇ શકે એવી એક વ્યવહાર યોજના મંજુર કરી હતી અને તેની પ્રતો છપાવીને જાહેર કરવામાં આવી હતી. ત્યારપછી આ યોજનાને વ્યવહાર સ્વરૂપ આપવા ના. સુપ્રિમ કાઉન્સીલની બાંહેધરી હેઠળ ૧૮ સભ્યોની ઓલ આફ્રિકા ગોલ્ડન જ્યુબિલી સેલીબ્રેશન કમિટી મુકરર કરવામાં આવી, જેમાં ચાર મેમ્બરો સુપ્રિમ કાઉન્સીલ તરફથી તથા પ્રાંતિક કાઉન્સીલોમાંથી બબ્બે પ્રતિનિધિઓ નિમવામાં આવ્યા હતા. આ યોજનામાં પેટ્રનો, સપોર્ટરો, ડોનરો, સ્પેશીયલ મેમ્બરો અને મેમ્બરો તરીકેના વિભાગોની સુંદર ગોઠવણ કરવામાં આવી હતી.

## જ્યુબિલીની તડામાર તૈયારીઓ—ખુશનશીબ નાઇરોબી.

ગોલ્ડન જ્યુબિલી માટેની આ યોજના ઘણીજ અસરકારક અને યાદગાર નિવડી હતી, કારણ કે આફ્રિકાની સમસ્ત જમાતોએ તેને વધાવી લીધી હતી. એટલુંજ નહિ પણ તેઓએ પોતાના પવિત્ર ઇમામ પ્રત્યે

ભક્તિભાવ અને દિલગીરી દર્શાવી ફક્ત એકજ માસમાં ૭ લાખ શીલીંગની ગંજાવર રકમ ભરી દિલોજાન સહકાર આપ્યો હતો. ત્યારપછી ના. સુપ્રિમ કાઉન્સીલ મારફતે મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં વિધિ માટેની તેમજ તેને સ્વીકારવા માટેની અરજ તાર દ્વારા કરવામાં આવી હતી, જે તેઓ નામદારે એન્ટીબસથી ડિસેમ્બરની તા. ૫ મીના મુબારક તાર મારફતે અરજ કબુલ ફરમાવી, વજનનું સોનું ભેટ બક્ષિશ તરીકે મહેરબાની રાહે સ્વીકાર્યું હતું અને સુવર્ણ તુલાવિધિ નાઇરોબી ખાતે કરવામાં આવે એવી ઇચ્છા દર્શાવી હતી. આ સંદેશા અનુસાર ઈ. સ. ૧૯૩૭ના માર્ચ મહિનાની તા. ૧લીના શુભ દિને નઇરોબી ખાતે સુવર્ણ તુલાવિધિ માટેની સર્વ પ્રકારની ઉત્સાહપૂર્વકની તૈયારીઓ તડામાર શરૂ થવા લાગી. દરમ્યાન મૌલાના હાઝર ઇમામ યુરોપથી રવાના થવાના ખુશ સમાચાર સાંપડતાં આફ્રિકાની સઘળી જમાતોમાં અનેરો આનંદ વ્યાપી ગયો હતો.

## મૌલાના હાઝર ઇમામ મિસરમાં.

મિસરના ફારસી પત્ર "ચહેરેનુમા"માં દર્શાવવામાં આવ્યું હતું કે: "હિન્દુસ્તાન, ઇરાન, સુરીયા, મિસર વિગેરેમાંના ઇસમાઇલીઓના વડા સરદાર નામદાર આલા હઝરત સર સુલતાન મુહમ્મદ શાહ આગાખાન સાહેબ, મિસરમાં પધારતાં સર્વ વર્ણના આલા તથા અદના લોકોએ તેઓ નામદારનું અસાધારણ સન્માન કર્યું હતું. મિસરના બાદશાહ સલામત સુલતાન ફારૂક વતી, અને પોતાની ઉચ્ચ પદવીને અંગે સુલતાનના વકીલ અને સિકંદ્રીયાના હાકમ આગા અબ્દુલરહેમાને નામદાર આગાખાન સાહેબની સિકંદ્રીયા ખાતે આમદ થતાં ભારે માનપૂર્વક તેઓ નામદારનો ઇસ્તેકબાલ કર્યો હતો. તેઓ નામદારના પ્રશંસકો તથા મિત્રમંડળ અને અન્ય અનેક પ્રજાજનના નેતાઓએ તેમના શુભાગમનને ઉત્સુકતાથી વધાવી લીધા હતા. નામદાર આલા હઝરત આગાખાન સાહેબ દુનિયાભરમાં અસાધારણ પ્રભાવ અને લાગવગ ધરાવે છે. મિસરમાં પણ તેઓ નામદારના વખાણનારાઓ તથા મિત્રઆશનાઓની સંખ્યા બહોળી છે."

તેઓ નામદારની કેરો ખાતે પધરામણી થતાં તેઓશ્રીને શાહી કુટુંબે, ઇજીપ્તના માજી હાઇ કમિશનર અને ઇજીપ્તના બ્રિટીશ એલચીએ હરખભર્યો આવકાર આપ્યો હતો. તેઓ નામદારે ઇજીપ્તના કેટલાક જોવાલાયક સ્થળોની મુલાકાત લીધી હતી. યુરોપથી નઇરોબી જતાં ઇ. સ. ૧૯૩૭ ની જાન્યુઆરીની તા. ૧૫મીના દિને તેઓશ્રી એરોપ્લેન મારફત ખાર્ટુમ ખાતે આવી પહોંચ્યા હતા અને સુદાન ગવર્નમેન્ટનાં માનવંત પરોણા તરીકે રહ્યા હતા. તેઓ નામદારના આગમનની ખબર કલાકેક પહેલાં થઇ જવાથી ત્યાંના હિંદુ-મુસ્લિમ વ્યાપારીઓમાં મોટી ખુશાલી પ્રગટી નીકળી હતી. ખારટુમ ખાતે તેઓશ્રી પધાર્યા બાદ હિંદી વેપારીઓના એક ડેપ્યુટેશને ગ્રાન્ડ હોટલમાં તેઓ નામદારની મુલાકાત લીધી હતી. ત્યાંથી એરોપ્લેન મારફત તેઓશ્રી આફ્રિકા તરફ રવાના થયા હતા.

## મૌલાના હાઝર ઇમામનું આફ્રિકામાં શુભાગમન-કીસુમુનું ભાવભીનું સ્વાગત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. સ્પેશીયલ ચાર્ટર્ડ વિમાનમાં કેરોથી તા. ૧૪મીના "આસ્વાન"માં એક રાત રોકાઇ તા. ૧૫મીના "ખારટુમ" પધાર્યા હતા. જ્યાં એક દિવસ નિવાસ રાખી ઇમ્પીરીયલ એરવેઝના વિમાન "હેડ્રિયન" મારફતે તેઓશ્રી યુગાન્ડાના પાટનગર એન્ટેબે આવી પહોંચતાં, કમ્પાલાના આજુબાજુના ગામડામાંથી મોટરોમાં લોકોના ટોળેટોળાં વિમાની મથક પર એકઠા થઇ ગયા હતા, જેઓએ તેઓ નામદારનું હૃદયપૂર્વક સન્માન કર્યું હતું, ત્યાંથી તેઓ નામદારે તા. ૧૮મીના બપોરના એક વાગે કેન્યાની ભુમિ ઉપર પ્રફુલ્લિત વદને કદમ મુબારક કર્યા હતા.

કિસુમુ તો એક મેળાના ધામ સમાન બની ગયું હતું. સરોવર કાંઠાની આજુબાજુના ગામો-માંથી ન્યાન્ઝા પ્રોવિન્સના દરેક ગામોમાંથી, તેમજ યુગાન્ડાના પૂર્વના ઇલાકા અને ટાંગાન્યીકાના ગામોમાંથી તેઓ નામદારના દીદાર માટે હજારો ઇસમાઇલીઓ તેમજ અન્ય કોમના રંક, રાય અને સર્વ દરજ્જાના લોકો કિસુમુના હવાઇ મથક પર હાજર રહ્યા હતા. કિસુમુની આજુબાજુની ડિસ્ટ્રીકટમાંના સરકારી ઓધ્ધેદારો, સંભાવિત નગરજનો અને નેતાઓની હાજરી પણ ખાસ ધ્યાન ખેંચનારી હતી.

તેઓ નામદારે હવાઇ મથક પર બરાબર એક વાગે કદમ મુબારક કરતાં, પ્રોવિન્શીયલ અને ડિસ્ટ્રીકટ કમિશ્નરોએ તથા ઇસમાઇલી આગેવાનોએ તેઓશ્રીને હર્ષભર્યો આવકાર આપ્યો હતો. ત્યાર પછી તેઓ નામદાર મંડપમાં પધારી જમાતોને દીદાર આપી દુઆઆશિશો ફરમાવી, પ્રો૦ કમિશ્નર મી. ફ્રેઝર સાથે મોટરમાં તેમના બંગલે "લંચ" માટે સિધાવી ગયા હતા. ત્યાંથી પાછા ૨-૩૦ કલાકે હવાઇ મથક પર આવીને બરાબર ૩-૦ કલાકે નાઇરોબી તરફ રવાના થયા હતા.

## નાઇરોબીના વિમાની મથક પર શાનદાર જાહેર સ્વાગત.

જાન્યુઆરીની તા. ૧૮મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. લગભગ અગ્યાર વર્ષના લાંબા ગાળા પછી તેઓ નામદારની ઇમામતનો પચાસ વર્ષનો સુવર્ણ મહોત્સવ આફ્રિકામાં ઉજવવાના પ્રસંગે તેઓ નામદાર નાઇરોબી ખાતે પધરામણી કરનાર હોવાથી આફ્રિકાવાસી ઇસમાઇલીઓના આનંદનો કોઇ પાર નહોતો. મુરીદોના હર્ષની કોઇ હદ ન હોય એ તો સ્વભાવિક છે, પરંતુ તેઓ નામદારના આગમન માટે યુરોપિયનો, હિંદીઓ, મુસ્લિમો અને અન્ય આફ્રિકાવાસીઓમાં પણ ખુશાલી પ્રગટી નીકળી હતી. તેઓ નામદારના સન્માન માટે નાઇરોબીના વિમાની મથક પર ઇસમાઇલી કોમના આગેવાનો, સંભાવિત ગૃહસ્થો ઉપરાંત સર્વ વર્ણ કોમ અને ધર્મની જનતાની મોટી મેદની એકઠી મળી હતી.

બરાબર સાંજે ૫-૦ કલાકે "હેડ્રિયન" વિમાન આવી પહોંચતાં એકઠી મળેલી લોકમેદનીએ હર્ષધ્વનીથી વાતાવરણ ગજાવી મુકયું હતું. મૌલાના હાઝર ઇમામે વિમાની મથક પર કદમ મુબારક કરતાં, સરકાર તરફથી એકટીંગ સેક્રેટરી મી. લોગન અને ના. ગવર્નર વતી તેમના પ્રાઇવેટ સેક્રેટરી મેજર વેલ્સે વિમાન પાસે જઇ તેઓ નામદારને આવકાર આપ્યો હતો. નાઇરોબીના મેયર મી. અને મીસીસ વુડ તેમજ સાઉથ આફ્રિકાની યુનિયનના કમિશ્નર કરનલ આર. બી. ટરનરે પણ હાર્દિક આવકાર આપ્યો હતો.

શણગારેલા સુશોભિત "સ્ટેજ" પર ત્યારપછી તેઓ નામદારે આસન લેતાં, ઇસમાઇલીઓ તરફથી માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું, જેના જવાબમાં, તેઓ નામદારે માનપત્ર અને ભવ્ય આવકાર માટે ખુશાલી દર્શાવી ધન્યવાદ આપતાં જણાવ્યું હતું કે "નાઇરોબી માત્ર રાજકીય પાટનગરજ નહિ પણ સંસ્કૃતિ વિષયક પાટનગર પણ છે. આજથી ૩૨ વર્ષ પહેલાં નાઇરોબીની સર્વથી મહત્વની બીલ્ડીંગો અત્યારના વિમાની મથક ઉપર ઉભા કરવામાં આવેલાં લાકડાં અને લોખંડના છાપરાં કરતાં કંઇએ બહેતર નહોતી, નાઇરોબીનું આ પરિવર્તન ખાસ નોંધવા લાયક છે અને તે એક એવું શહેર અત્યારે બની ગયું છે કે જે માટે સઘળા ફખ્ર લઇ શકે" ત્યારપછી તેઓ નામદાર જમાતખાને પધારી જમાતોને દીદારનો લાભ આપી કેલેડોનિયન રોડ પરના પોતાના નિવાસગૃહ તરફ સિધાવી ગયા હતા.

# આફ્રિકા ગોલ્ડન જ્યુબિલીનો યાદગાર પ્રવાસ.

## મોમ્બાસામાં મુબારક પધરામણી—હરખભર્યો આવકાર.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની ઇમામતની ગોલ્ડન જ્યુબિલીના મહાસમારંભના "ઓફિશીયલ" પ્રવાસનો આરંભ મોમ્બાસા ખાતેની તેઓશ્રીની પધરામણીથી શરૂ થતો હોવાથી અઠવાડીયાઓ પહેલાં તેઓ નામદારની પધરામણી માટેની તૈયારીઓ થઈ હતી અને "માયફ્લેગ"ના લાલ લીલા રંગ, શહેરની શેરીએ શેરીએ અને મહોલ્લે મહોલ્લે અનોખોજ રંગ પુરી રહ્યાં હતાં. સજાવટ અને શણગારથી શહેરનું દ્રશ્ય ઘણું રળિયામણું લાગતું હતું એટલુંજ નહિ પણ આખુયે મોમ્બાસા અનેરા હર્ષ રેલાવતી લાગણીથી હલમલી રહ્યું હતું, જાણે મોમ્બાસા ટાપુમાંની દરેક કોમ માટે એક મહાપર્વનો દિવસ હોય તેવું જણાઇ આવતું હતું, જ્યારે તેઓ નામદારના આગમન માટે અગાઉથી નક્કી કર્યા મુજબ રાત્રે મોમ્બાસાના મુસ્લિમોએ પણ પોતાના ઘરો અને મસ્જિદો પર રોશની કરી હતી.

જાન્યુઆરીની તા. ૧૯ મીની સાંજે મૌલાના હાઝર ઇમામ નઇરોબીથી રવાના થઇ, તા. ૨૦ મીની સવારના ૮–૧૭ કલાકે મોમ્બાસા સ્ટેશન પર, મેલ ટ્રેનમાં નામદાર ગવર્નરના ખાસ સેલુનમાં પ્રવાસ કરીને આવી પહોંચ્યા હતા. સ્થાનિક સરકાર વતી કાંઠાના પ્રદેશના પ્રોવિન્શીયલ કમિશ્નર મી. ઓલ્ડરસન તેઓ નામદારનું સ્વાગત કરવા હાજર રહ્યા હતા. આ આંતરરાષ્ટ્રિય અને જગવિખ્યાત વિભુતિના વંદન અર્થે નોખનોખાં સાર્વજનિક મંડળોના ઓધ્ધેદારો, સરકારી અમલદારો અને ઇસમાઇલી આગેવાનો, વોલન્ટીયરો, ગર્લ્સ ગાઇડ અને સ્કાઉટો ઉપરાંત રેલ્વે સ્ટેશનની અંદર તેમજ બહાર સર્વ વર્ણ અને કોમના હજારો લોકો એકઠા થયા હતા. સર્વથી પહેલાં તેઓ નામદારને કમિશ્નર મી. ઓલડરસને આવકાર આપ્યા પછી સર આલી બિન સાલીમ, મી. જસ્ટીસ લ્યુસી સ્મીથ, ડિસ્ટ્રીક્ટ કમિશ્નર મી. મેકફીન, પોર્ચુગીઝ કોન્સલ, ફ્રેન્ચ કોનસલ, પોર્ટ ઓફિસર, મી. યુસુફ, ડૉ. રાણા, ડૉ. કર્વે, ડૉ. હસન, ઓનરેબલ મી. પંડ્યા, મી. મોદી, ડૉ. ખલીલ રહેમાન અને અન્ય યુરોપિયન તેમજ ભાઇબંધ કોમના મુખ્ય આગેવાનોએ તેઓ નામદારનું દિલોજાન સ્વાગત કર્યું હતુ.

## આગાખાન ગોલ્ડન જ્યુબિલી હોલ.

જુદા જુદા મંડળો, સંસ્થાઓ અને આસામીઓ તરફથી ફુલહાર અર્પણ કરવામાં આવ્યા બાદ તેઓ નામદારે ગાર્ડ ઓફ ઓનરનું ઇન્સપેકશન કર્યું હતું. ત્યારબાદ 'આગાખાન કલબ' તરફ તેઓ નામદાર સિધાવી ગયા હતા, જ્યાં પોતાના મુરીદોને દીદારનો લાભ આપ્યો હતો અને મૌલાના હાઝર ઇમામની ઇમામતના પચાસ વર્ષના સુવર્ણ મહોત્સવની યાદગીરી માટે બંધાવેલ વિશાળ "એચ. એચ. ધી આગાખાન્સ ગોલ્ડન જ્યુબિલી હોલ" તેઓ નામદારે પોતાના મુબારક હસ્તે ખુલ્લો મુકી તેમાં કદમ મુબારક કર્યા હતા.

## મોમ્બાસામાં માનપત્રોનો મેળાવડો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને એજ દિને, ૧૧ વાગે મોમ્બાસાના ગંજાવર થીયેટરમાં, ઇસ્ટ આફ્રિકન ઇન્ડીઅન નેશનલ કોંગ્રેસ, મુસ્લિમ એસોસિએશન તથા ઇસમાઇલીઆ કાઉન્સીલ તરફથી એમ ત્રણ માનપત્રો અર્પણ કરવાનો એક યાદગાર સમારંભ, વારસ

ગુલામહુસેનભાઈ મામદ નાઝર જીંદાણીના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. મૌલાના હાઝર ઈમામ પધારતાં, ડિસ્ટ્રીકટ કમિશ્નર, સર આલી અને જસ્ટીસ લ્યુસી સ્મીથે, તેઓ નામદારનો ભાવભીનો સત્કાર કર્યો હતો.

ત્રણે માનપત્રમાં તેઓશ્રીને હૃદયપૂર્વક આવકાર આપતાં, તેઓ નામદારની અનેકવિધ મહત્વની વિશ્વવ્યાપી સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઇન્ડીઅન નેશ્નલ કોંગ્રેસે વધુમાં ઉમેર્યું હતું કે: "કોમ અને ધર્મના કંઇપણ ભેદ વિના હિંદ અને દરિયાપારના દેશોમાં વસતા હિંદીઓના માટે આપ નામદારે જે અણથક ઝહેમતો ઉપાડી છે, તેણે આપ નામદાર પ્રત્યેની વિશ્વવ્યાપી ચાહના અને માનની લાગણી ખુદબખુદ જન્માવી છે. બ્રિટીશ સરકાર અને હિંદના લોકો બન્નેનો વિશ્વાસ ધરાવતા આગેવાનોમાં આપ નામદાર ઉચ્ચ દરજ્જો ધરાવો છો અને એક એવો અજોડ દરજ્જો છે, જેનો ઉપયોગ સરકાર અને તેની રૈયત વચ્ચે બહેતર સમજુતીની ખીલવણી કરવામાં સદાયે કરવામાં આવ્યો છે."

મુસ્લિમ એસોસિએશને ઉમેર્યું હતું કે: "યુરોપ, એશિયા અને આફ્રિકામાં જ્ઞાતિ, રંગ કે ધર્મ ભેદ વિનાની તેમજ ઇસ્લામી અને મુસ્લિમ કોમ માટેની આપ નામદારની સેવા અગણિત છે." જ્યારે ઇસમાઇલીઆ કાઉન્સીલે પૂજ્યભાવ સહિત દિલોજાન આવકાર આપી, પવિત્ર ઇમામના રૂહાની સમાગમથી સતત તાજા રહેવાની ઇચ્છા દર્શાવતાં ઉમેર્યું હતું હતું કે "માનવતા ઉપર જે અત્યંત વિશાળ રૂહાની સત્તા ધરાવો છો તે અમે ખુબ સમજીએ છીએ. રૂહાની વિષયો જો કે સંગીન અને સર્વવ્યાપી છે, તો પણ તેટલીજ હદમાં આપની રૂહાની સત્તા મર્યાદિત રહેતી નથી, બલ્કે દુનિયાના વિષયોમાં આપશ્રીની મહાન અસર છે, જે સામ્રાજ્યના અમો એક અંશ છીએ તે પણ નાજુક સમયે સહાય અને રહેબરી માટે આપ નામદાર પ્રત્યે મીટ માંડે છે, એ હકીકત માટે અમો ખુશી મનાવીએ છીએ."

## મૌલાના હાઝર ઈમામની આફ્રિકાવાસીઓને ખુલ્લા દિલની સલાહ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ માનપત્રોના જવાબો આપતાં જુદી જુદી બાબતોનો ઉલ્લેખ કરવા ઉપરાંત આફ્રિકાવાસીઓને ખુલ્લા દિલની સલાહ આપતાં જણાવ્યું હતું કે: "એક મહાન ઇતિહાસવેતા કહી ગયો છે કે અરબોએ સ્પેન ગુમાવ્યુ કારણ કે પશ્ચિમના ફળદ્રુપ દેશોમાં તેઓ પોતાની અરણ્યભુમિના ઝઘડા સાથે લઇ ગયા હતા. હિંદના તડાં, નાત અને વર્ણ અને ધર્મભેદો આ રસાળ સંસ્થાનોમાં લાવતા ના! કંઇ નહિ તો એ ઝઘડાઓને ત્યાંજ પડ્યા રહેવા દો અને આ નવા દેશમાં નવજીવનના ઉચ્ચતમ જોમ અને આશય માટે અને આરોગ્ય તથા કેળવણીનું ઉચ્ચ ધોરણ સ્થાપિત કરવા માટે એકબીજા સાથે સહકારથી કામ કરતા એક સંપીલા લોક તરીકે આ હરીયાળા કેન્યાના મુલ્કમાં આપણને રહેવા દો."

## મેનોર હોટલમાં પાર્ટી—સકીના જમેઅ મસ્જિદ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના માનમાં એજ દિને, ૧૨–૩૦ વાગે મેનોર હોટલમાં મોમ્બાસાના શહેરીજનો વતી મ્યુનીસિપલ બોર્ડ તરફથી મી. જે. ડી. મેકફીનનાં પ્રમુખપદે "લંચ" પાર્ટી આપવામાં આવી હતી, જેમાં યુરોપિયન, હિંદી અને અરબ સર્વે કોમના નરનારીઓએ ભાગ લીધો હતો. પ્રમુખે મૌલાના હાઝર ઇમામની તંદુરસ્તીનો જામ નોશ કરાવ્યો હતો.

ત્યારપછી આંજે તેઓ નામદારે યુસુફઅલી અલીભાઇ કરીમ જીવણજીની ઉદારતાથી તેમના મહેરદારની ભલી યાદમાં બાંધવા ધારેલી "સફીના જામેઅ મસ્જિદ"નો પાયો નાંખવાની ક્રિયા એક વગદાર અને દમામદાર મેળાવડા સન્મુખ કરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "હું આશા રાખું છું કે મોમ્બાસાની આ ઇબાદતગાહનું મકાન ધાર્મિક અને સંસ્કૃતિ વિષયક સહકાર માટે સઘળા મુસ્લિમો વચ્ચે એકતા અને સહકારનું સાધન થશે. ઇસ્લામમાં અરસપરસનો સંબંધ લોહી કરતાં જુસ્સા ઉપર વધુ અંશે રહેલો છે અને જુસ્સો ખુદ ફિરકાબંધી રહિત છે, એનો પાયો ઇમાન ઉપર ચણાયલો છે."

## સર આલી બિન સાલીમ તરફનો યાદગાર ભોજન સમારંભ.

જાન્યુઆરીની તા. ૨૧મીનાં દિને મોમ્બાસાના જાણીતા પુરૂષ સર આલિ બિન સાલીમે મૌલાના હાઝર ઇમામનાં માનમાં "મનોર હોટલ"માં એક સુંદર લંચ પાર્ટી આપી હતી. ખાણાની શરૂઆતમાં મૌલાના હાઝર ઇમામની સલામતીનો "ટોસ્ટ" લેવાતાં સર આલીએ વિવેચન કરતાં જણાવ્યું હતું કે: "નામદાર સાહેબ, આપશ્રીને મોમ્બાસાની જનતા કેટલી બધી ચાહે છે અને માન આપે છે, તે ખુલ્લા શબ્દોમાં આજે હું કહેવા માંગુ છું. લાંબા વખતથી હું મોમ્બાસામાં વસી રહ્યો છું અને એ મુદત દરમ્યાન અનેક વિખ્યાત અને અમીર લોકોને—મી. વિનસ્ટન ચર્ચીલ, ડયુક ઓફ કેન્ટ અને અમેરિકન માજી પ્રેસીડન્ટ રૂઝવેલ્ટ સુધ્ધાંતને મોમ્બાસામાં આવતાં મેં દીઠાં છે અને તેઓને આવકાર આપવા અને સ્વાગત માટે પુષ્કળ મેળાવડાઓ થયા હતા, પરંતુ ગઇ કાલે સ્ટેશન ઉપર તેમજ ગાર્ડન પાર્ટીમાં જે મહેમીર જોયો તેટલો મોટો એ મેળાવડાઓમાં ઐકય ન્હોતો. નામદાર આગાખાન સાહેબ ગઇ કાલે અત્રે પધાર્યા ત્યારે આપણા માનવંતા પરોણા માટેના લોકોમાં દેખાતા ઉમંગો અને ઉત્સાહ જેવા કદી અગાઉ ભાળ્યા નથી. આપના પરમાર્થી કાર્યો જગજાહેર છે અને દુર હોવા છતાં પણ આપની કોમ પર નહિ પણ આફ્રિકાના લોકોને ખાસ કરીને મુસ્લિમોને સહાય કરતા રહો છો આમ જનતા અને ખાસ કરી મુસ્લિમોને સહાય કરવાનું ચાલુ રાખવામાં સર્વ શકિતમાન સર્જનહાર આપને દિર્ધાયુ આપે."

## મૌલાના હાઝર ઇમામનો જવાબ.

મૌલાના હાઝર ઇમામે પોતાના વિવેચનમાં જણાવ્યું હતું કે: "સર આલી મને એક પુરાણી અરબ કહેવતની યાદ અપાવે છે. (મૌલાના હાઝર ઇમામે અરબીમાં એ કહેવત બોલતાં, અરબી ભાષા જાણનારાઓએ તાળીઓથી અને ખુશીથી ગર્જના કરી મુકી હતી. તેઓ નામદારે એ કહેવતનો સાર સમજાવતાં કહ્યું કે:) "મિજબાની માયાજ છે, જે પરોણા માટે ભારે સન્માનથી પણ અધિક છે." એ કહેવત અનુસાર સર આલી તમોએ મારા પ્રત્યે અત્યંત માયા દેખાડી છે. આ શહેરમાંના તમો લોકોના જીગર અહિંના મારા મુરીદો-રૂહાની બચ્ચાંઓએ જીતી લીધા છે. તેઓ માટે આ એક ભારે વખાણની નિશાની હું સમજું છું, નહિ તો પોતાના રૂહાની બચ્ચાંઓની અંદર આવેલા તેમના રૂહાની સરદારના આટલા બધા ગુણગાન તમે ન કરી શકત. મુસ્લિમો અને અન્યોનો મારા પ્રત્યેનો આ સાચો પૂજ્યભાવ છે, જેની હું કદર કરૂં છું, કેન્યાના બુઝુર્ગ નર સર આલી એક એવા મિજબાન છે કે જેમની મહેમાનદારી માત્ર મોમ્બાસા અને કેન્યામાંજ નહિ બલ્કે પૂર્વની મુસ્લિમ દુનિયામાં પણ મશહૂર છે."

*MOWLANA HAZAR IMAM* is seen with a trowel laying the foundation stone of SAKINA JAMIA MOSQUE, Mombasa, East Africa.



**મૌલાના હાઝર ઈમામ** મોમ્બાસા-પૂર્વ આફ્રિકા ખાતે **સકીના જામે મસ્જીદનો** પાયો નાંખવાની ક્રિયા કરી હતી તે સમયનું એક દૃશ્ય.

( જુઓ પાનું ૬૮૫ )

MOWLANA HAZAR IMAM inspecting the ' Guard of Honour "
at Mombasa East Africa.



## કેળવણીજ મુકિતનો માર્ગ—સમાનતા ખુદબખુદ મળતી નથી મૌલાના હાઝર ઈમામનો ઇન્ટરવ્યુ.

જાન્યુઆરી તા. ૨૨મીના રોજે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ મોમ્બાસાના "કોસ્ટ ગાર્ડીઅન"ના ખાસ ખબરપત્રીને આપેલી મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે: "કેળવણી અને એકતામાંજ લોકોની મુકિત રહેલી છે. સમાન દરજ્જો ખુદબખુદ મળી શકતો નથી. તે માટે તો સખ્ત ઝુંબેશ ચલાવવી જોઇએ. એજ ધ્યેય લક્ષમાં રાખી તેને બર લાવવો જોઇએ અને તે વિના એ ધ્યેય પણ ખુદબખુદ લભ્ય થઇ શકે તેમ નથી. કેળવણી માટેની જે ભારે જરૂર છે, તે માટેનું, તેમજ ભાવિમાં જે કંઇ તેમની સન્મુખ પડેલું હોય, તેવી સ્થિતિની જીવનહોડ માટે પોતાને સજ્જિત કરવાની જરૂરિયાત માટેનું પુરતુ દબાણ મારા મુરીદો પર કર્યા વિના હું રહી શકતો નથી. પોતાને તે માટે સંપૂર્ણ રીતે તૈયાર કરીનેજ તેમજ સંપૂર્ણ સમાનતા મેળવવાને શકિતમાન છે, એ દેખાડીનેજ માત્ર તેઓ એ ધ્યેયને પહોંચી શકશે."

## ટાંગાના વિમાની મથક પર ભાવભીનું સ્વાગત.

તા. ૨૩મીના સવારે ૯ વાગે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મોમ્બાસાથી વિલ્સન એરવેઝના "ડ્રેગન ફલાઇ" વિમાનમાં રવાના થઈ ટાંગાના વિમાની મથકે ૯-૫૫ કલાકે આવી પહોંચતાં સરકારી અમલદારો, ભાઇબંધ કોમના અગ્રેસરો, જાણીતા નગરજનો અને ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારનું સુંદર સન્માન કર્યું હતું. સુંદર અને સુયોગ સ્વાગતની ગોઠવણ કરવા માટે ટાંગા ખરેજ અભિનંદનને પાત્ર હતું. ટાંગાના નિવાસ દરમ્યાન તેઓશ્રી શેઠ અબ્દુલ્લાહ કરીમજીના અંગત મહેમાન તરીકે રહ્યા હતા. જેમણે તેઓ નામદારના માનમાં એક ગંજાવર વગદાર મેળાવડો કર્યો હતો જેમાં તેઓશ્રીએ ટાંગાવાસીઓને આ પૃથ્વીપટ પરના બહેસ્તમાં વસનારાઓ તરીકેનું અભિનંદન અર્પતાં હર્ષ અને ખુશાલીના પોકારોથી વાતાવરણ ગર્જી ઉઠયું હતુ. સાંજના તેઓ નામદારે પોતાના મુરીદોને મુલાકાત આપી હતી અને ત્યારપછી શેઠ અબ્દુલ્લાહભાઇ તરફની ગાર્ડન પાર્ટીમાં પધાર્યા હતા, જ્યાં તેઓ નામદારને ઇન્ડીઅન એસોસિએશન અને ઇસમાઇલીઆ કાઉન્સીલ તરફથી માનપત્રો અર્પવામાં આવ્યા હતા. ટાંગાથી તેઓ નામદાર રવિવાર તા. ૨૪મીની સવારે જંગબારના વિમાની મથક પર આવી પહોંચ્યા હતા.

## મૌલાના હાઝર ઇમામ જંગબારમાં—બાદશાહી સ્વાગત—જનતાનો અપૂર્વ ઉત્સાહ.

મૌલાના હાઝર ઈમામ, પોતાની ઇમામતના ૫૦ વર્ષની ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે, પૂર્વ આફ્રિકાના પ્રવાસે પધારવાની વધાઇ સાંભળી ઇસમાઇલી ઉપરાંત અરબ, આફ્રિકન વિગેરે અઢારે વર્ણના આજુબાજુના મુલ્કોમાં વસતા લોકોનાં ઝુંડના ઝુંડ જંગબાર ખાતે ઉતરી પડયા હતા, અને આખું શહેર કોઇ અનેરી ભાવનાથી હળીમળી રહેલું દેખાતું હતું. તેઓ નામદારની પધરામણીની ખુશાલીમાં આખા શહેરમાં રોશની કરવામાં આવી હતી અને જંગબારનો દેખાવ અતિ ઘણો રળિયામણો લાગતો હતો. સંખ્યાબંધ મકાનો અને દુકાનોએ બાગે બહેસ્તનું રૂપાંતર ધારણ કર્યું હતું. સાંકડી શેરીઓ અને મહોલ્લાઓ રંગબેરંગી રોશનીથી ઝગમગી રહ્યા હતા. સ્વાહિલી, મસ્કતી, ઓમાની, અરબ, હિંદુ, શીખ, ખોજા, વોહરા, મુસલમાન અને જંગબારમાં વસતી અન્ય વીસેક નાત અને

વર્ષની જનતાની ઠઠ રોશની જોવા જામી હતી જેઓ આ અનોખો દેખાવ જોઇ આશ્ચર્યચકિત બની ગયા હતા.

ડાંગાથી તા. ૨૪મીને રવિવારના સવારના ૧૦-૪૫ કલાકે મૌલાના હાઝર ઇમામ જંગબારના વિમાની મથકે આવી પહોંચતાજ ચોમેરથી હર્ષનાદોથી વાતાવરણ ગર્જી ઉઠયું હતું. ઇસમાઇલી આગેવાનો ઉપરાંત સરકારી અમલદારો, જંગબાર ધારાસભાના હિંદી, અરબ, યુરોપિયન મેમ્બરો, અરબ એસોસિએશન અને ઇન્ડીઅન એસોસિએશનના આગેવાનો અને જંગબારના સંભાવિત ગૃહસ્થોએ તેઓ નામદારનું સન્માન કર્યા પછી તેઓશ્રીએ ગાર્ડ ઓફ ઓનરનું ઇન્સપેકશન કર્યું હતું. ત્યારબાદ તેઓ નામદાર પરબારા જમાતખાને પધારી જમાતોને દીદાર આપ્યા હતા. રાત્રે તેઓ નામદારની પધરામણીની ખુશાલીમાં દારૂખાનું ફોડવામાં આવ્યું હતું અને "ગોમા"ની રમતગમતો માટે મ્નાઝી મોજાના વિશાળ મેદાનમાં ગોઠવણ કરવામાં આવી હતી. જ્યાં તેઓ નામદારની પધરામણી થતાં હઝારોની સંખ્યામાં એકઠા થયેલા સુવાહિલી લોકોએ તેઓ નામદારને હર્ષનાદોથી વધાવી લીધા હતા.

## જંગબારનો એક યાદગાર મેળાવડો.

જાન્યુઆરીની તા. ૨૭મીના દિને સાંજના ૪-૩૦ કલાકે આગાખાન પંજેભાઇ કલબમાં, એચ. એચ. ધી આગાખાન્સ બોયઝ એન્ડ ગર્લ્સ સ્કુલોનો મેળાવડો યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સર્વ કોમના જાણીતા આસામીઓ, સંભાવિત નગરજનો, તથા સરકારી અમલદારોને પણ ખાસ આમંત્રવામાં આવ્યા હતા. જેમાં બ્રિટીશ રેસીડેન્ટ હિઝ એક્ષલન્સી સર રિચર્ડ અને લેડી રેન્કીન, પ્રિન્સ અબ્દુલ્લા, મી. અને મીસીસ મેકએલ્ડ્રી, મીસીસ લો, કેપ્ટન ટેસ્ટર, મી. અને મીસીસ મેકલ્યોડ પણ હતા. મૌલાના હાઝર ઇમામ બરાબર ૪-૩૦ કલાકે પધારતાં તેઓ નામદારને દિલોજાન આવકાર આપવામાં આવ્યો હતો.

બ્રાઉનીઝ (બ્લુબર્ડ્ઝ)નો પ્રોગ્રામ, સ્કાઉટના સંવાદો, બાળાઓના રાસ અને ડાયલોગના મનોરંજક કાર્યક્રમ બાદ જંગબાર એજ્યુકેશનલ બોર્ડ તરફથી શાળાઓની પ્રગતિનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો, જેમાં તેઓ નામદારને દિલોજાન આવકાર આપતાં, આફ્રિકાની દરેક ડીસ્ટ્રીકટોમાં ચાલતી શાળાઓ તેમજ પૂર્વ આફ્રિકામાં પ્રતિ વર્ષે ફરીફરી અપાતી લાખો શીલીંગોની ગ્રાંટો ઉપરાંત શાળાઓના મકાન વિગેરેના ખર્ચ માટે તેઓ નામદાર તરફથી આપવામાં આવતી નાણાની મોટી રકમોની ઉદારતાનો ઉલ્લેખ કરી, જંગબારમાં બાળબાળાઓની કેળવણી માટે શીલીંગ ૪૨,૦૦૦ની વાર્ષિક ઉદાર ગ્રાન્ટો માટે આભાર વ્યકત કરતાં દર્શાવવામાં આવ્યું હતું કે "આપ નામદારે કૃપા કરી પુરા પાડેલા નાણાંમાંથી આપ નામદારની જંગબારમાંની બાળશાળાનું ભવ્ય મકાન, ૨,૦૦૦,૦૦૦, (બે લાખ) શીલીંગના ખર્ચે બાંધવામાં આવેલું છે, એજ પ્રમાણે કન્યાશાળાનું મકાન શીલીંગ ૬૦,૦૦૦ના ખર્ચે બનાવવામાં આવ્યું છે. આપ નામદારના મુરીદોની કેળવણી વિષયક પ્રગતિ માટેની આપશ્રીની ઉદારતાના કાયમી કિર્તિસ્થંભ જેવી આપ નામદારની આ બાદશાહી નવાઝિશો છે."

ત્યારબાદ રિપોર્ટ માટે મૌલાના હાઝર ઇમામે ખુશી પ્રદર્શિત કરી અને વધુમાં નિશાળમાંથી બહાર પડતા છોકરાઓનો મોટો ભાગ વાણોતર (કલાર્ક) પદ માટેની આશા ધરાવતા હોય છે તેના માટે ચિંતા વ્યકત કરતાં યુવાનોમાં તેઓના વડીલો જેવો સાહસનો જુસ્સો ખીલવવા માટે ભારપૂર્વક ભલામણ કરીને કેળવણીનો ખરો હેતુ સમજાવતાં જણાવ્યું હતું કે:

"કેળવણીનો ખરો હેતુ આંકડાઓ અને મુદ્દાઓના જ્ઞાનને નહિ પણ માણસના ખરા જુસ્સાને ખીલવવાનો છે, એ જુસ્સા પર અંકુશ મુકતા કે તેને રૂંધી દેતા ના! એ જુસ્સો વધુ બળવાન થવો જોઈએ અને દુરના મોટા દેશોમાં જઈ સંપૂર્ણ સુખી થવા માટેના ઉત્સાહને ઉત્તેજન આપવું જોઈએ." વધુમાં તેઓ નામદારે શિક્ષકવર્ગને ભલામણ કરતાં જણાવ્યું હતું કે તેઓ બાળકોને સમજાવે કે "લડાઈમાં નહિ, પણ ઉચ્ચ પ્રકારની શહેરી ઝિંદગીમાં મોત અથવા કિર્તીવંત ઝુંબેશ કરતા રહીને ઝિંદગી ગાળવી એના કરતાં ખાત્રીભર્યું જીવન ઓછું માન ભર્યું છે. જાગો! આફ્રિકા ખંડનો વિચાર કરો! મહાન ફતેહ અથવા તદન નિષ્ફળતા માટેની સ્વપ્નથી પણ પર એવી શક્યતાઓ છે, જે તમોને ફતેહમંદીના ભારે બદલા તરફ દોરવી જશે અથવા તમો ત્યાં જાઓ અને મોત પણ આવે, તો એ મોત કિર્તીભર્યું થશે."

## આગાખાન કલબમાં શાનદાર સંમેલન.

જાન્યુઆરીની તા. ૨૯મીને શુક્રવારના સાંજે જંગબાર ખાતેની મૌલાના હાઝર ઇમામની રોકાણ દરમ્યાન આગાખાન કલબમાં એક શાનદાર દરબાર ભરવામાં આવ્યો હતો જે ઇસમાઇલી કોમ અને જંગબારની જનતાના ઇતિહાસમાં ખરેજ એક યાદગાર સંમેલન તરીકે નોંધાઈ રહેવા પામ્યો છે. આ અનુપમ મેળાવડામાં ઇસમાઇલીઆ સુપ્રીમ કાઉન્સીલ તરફથી તેઓ નામદારને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું, અને એ પ્રસંગે સઘળી કોમના પ્રતિનિધિઓ ઉપરાંત જંગબારના સુલતાનના શાહઝાદા પ્રિન્સ અબ્દુલ્લા અને હિઝ એક્ષલન્સી બ્રિટીશ રેસીડન્ટ સર રીચર્ડ રેન્કીને પણ ઉમંગથી ભાગ લીધો હતો. માનપત્ર સોનાની કળીઓવાળી એબેનીના કાસ્કેટમાં મુકી તેઓ નામદારને હર્ષનાદો વચ્ચે અર્પણ કરવામાં આવ્યું હતું.

## મૌલાના હાઝર ઈમામના મનનીય ઉદ્દગારો.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં ઘણા મનનીય ઉદગારો ફરમાવ્યા હતા. તેઓ નામદારે જણાવ્યું હતું કે:—"તમે મારા રૂહાની મુરીદો છો, કેવળ તે દ્રષ્ટિ પ્રમાણેજ નહિ પણ જાણે તમો મારા બચ્ચાં હો તે પ્રમાણે વર્તવાની હું સદા કોશિષ કરતો રહ્યો છું અને એ પ્રમાણે આપણો ધાર્મિક સંબંધ અલાહેદો રાખી તમો મારી સલાહ માનો યા ન માનો તો પણ—દોરવણી કરતા રહીને અને વિકાસ માટેનું દ્વાર તમારા માટે ખુલ્લું મુકીને,—તમારી ઉપર કોઇ પણ પ્રકારનું દબાણ કર્યા વિના તમારા દુન્યવી કામકાજમાં તમારી રહેબરી કરી, મોખરેની હરોળમાં રાખવાની જરૂરિયાતને હું હમેશા અગત્યની માનતો આવ્યો છું. વૈદક, જ્ઞાન શરીર સુખાકારીશાસ્ત્ર, યોગ્ય પરવરિશ વિષેની મારાથી બની શકે તેટલી કેળવણી અને બીજી ચીજોના અંકુરો તમારા હ્રદયમાં રોપવા મેં કોશિષ કરી છે. મારી ગોલ્ડન જ્યુબિલીની ભેટ તરીકે સુવર્ણતુલાનું સોનું તમોને પાછું આપવાનો મારો ઇરાદો છે અને તેનો ઉપયોગ નઇરોબી ખાતે હું તમોને સમજાવીશ."

## આફ્રિકાના ઈસમાઈલી મુરીદો.

વધુમાં તેઓ નામદારે ઉમેર્યું હતું કે:—"પૂર્વ આફ્રિકામાં ઇસમાઇલીઓએ પોતાના મૂળ હવે ઉંડા રોપેલાં હોવાથી એ દેશમાં ઇસમાઇલીઝમનું ભાવિ એક ધર્મ તરીકે અને પ્રજા તરીકે તેમજ એક મંડળ તરીકે એટલુંજ ફળદાયી અને ફતેહમંદ થશે કે નહિ તેનો મોટો આધાર તમો મારી શિખામણના શબ્દો ઉપરજ નહિ, પણ તેના જુસ્સા મુજબ અનુસરણ કરો છો કે નહિ તેની ઉપર અવલંબેલો રહેશે. અત્યંત મહત્વની પુષ્કળ રોકાણોમાં મશ્ગુલ રહેવું પડતું હોવાથી અહિં ખાતે વારંવાર આવવા માટેની ગોઠ-

વણુ કરવી મુશ્કિલ છે. તમો જાણો છો તેમ મારા મુરીદો પૂર્વ–પશ્ચિમ, ઉત્તર–દક્ષિણ ચૌદિશે દુર દુરના મુલ્કોમાં ફેલાયલા છે, પરંતુ આશા રાખું છું અને મારી ખાત્રી છે કે એ સઘળાઓમાં પૂર્વ આફ્રિકા એક પ્રકાશિત રોશન તારા સમાન છે, જેના માટે દુનિયાભરમાંના સઘળા ઇસમાઇલીઓ મગરૂર છે અને આખા પૂર્વ આફ્રિકા અને દક્ષિણ આફ્રિકા, માડાગાસ્કર અને સેન્ટ્રલ આફ્રિકામાંના મારા વફાદાર, સાચા અને સ્નેહાળ મુરીદો માટે હું ઘણો મગરૂર છું. આ ખંડના એક છેડાથી બીજા છેડા સુધી તેઓ ફેલાયલા છે.

"હું તમોને અભિનંદન આપું છું અને પૂર્વ આફ્રિકાને તમારા વતન તરીકે સમજવા ભારપૂર્વક ભલામણ કરૂં છું. તમારા મૂળ–તમારા મઝહબના, ઇસ્માઇલી તરીકના મૂળ–તમારી આશાઓના–તમારી આબાદીના મૂળ આફ્રિકામાં ઊંડા સુધી જાઓ અને દુન્યવી ભાવમાં માતા જેમ દુધનું પાન કરાવે છે, તેજ પ્રમાણેની ભાવનામાં પણ આ દેશને તમારી માતા–સદા માટેના ઇસમાઇલીઓનું વતન બનાવો."

## હિંદી રાષ્ટ્રિય સંસ્થા તરફની શાનદાર ગાર્ડન પાર્ટી.

જાન્યુઆરી તા. ૩૦ મીની સાંજે જંગબાર ખાતેના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના ટુંક પ્રવાસ દરમ્યાન સાર્વજનિક દ્રષ્ટિએ મહત્વતા ધરાવતો, હિંદી રાષ્ટ્રિય સંસ્થા=ઇન્ડીયન નેશનલ એસોસિએશન તરફથી વિકટોરીયા બાગમાં યોજવામાં આવેલ "ગાર્ડન પાર્ટી"નો મેળાવડો હતો. સર્વ વર્ણ અને કોમના ૫૦૦ આગેવાનોમાં જંગબારના નામદાર સુલતાનના શાહઝાદા પ્રિન્સ અબ્દુલ્લાહની તેમજ લગભગ સર્વે સરકારી વડા અમલદારોની હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી. માનપત્રનું વાંચન થયા બાદ તેને ચાંદીની કાસ્કેટમાં મુકીને તેઓ નામદારને હર્ષનાદો વચ્ચે અર્પણ કરવામાં આવ્યું હતું.

## વીસમી સદીના જગમશહુર મહાપુરૂષ.

માનપત્રમાં તેઓ નામદારને દિલોજાન આવકાર સહિત, ગોલ્ડન જ્યુબિલી માટે મુબારકીઓ આપતાં દર્શાવવામાં આવ્યું હતું કે "હિંદની આમ ભલાઇ અને બહેતરી માટે આપ નામદારની અનેકવિધ હિલચાલના અંગે અને રાજકીય ક્ષેત્રોમાંની દેશપરદેશમાંની આપની ફતેહના પરિણામે આપશ્રી વીસમી સદીના જગમશહુર મહાપુરૂષ તરીકે વિખ્યાતી પામ્યા છો. એ સઘળાની અહિં ફરી ગણત્રી કરાવવાની અગત્ય નથી, પરંતુ એટલું તો અમે કહ્યા વિના રહી શકતા નથી કે આપ નામદાર જેવા પ્રતાપી પુરૂષ ધરાવવા માટે હિંદ ખરેખર મગરૂર છે.

"નાતજાતના લવલેશે ભેદ વિના દરિયાપારના હિંદીઓના દરજ્જામાં રાહત અપાવવા અને તેઓના સંકટોની દાદ અપાવવા માટેની આપ નામદારની સતત કોશિશોની આભાર સંતોષની લાગણી દર્શાવતાં અમોને હર્ષ થાય છે. આપ નામદારની વિશાળ દ્રષ્ટિએ અને દિલસોઝીભર્યા જુસ્સાએ વિશ્વવ્યાપી પ્રશંસા અને માનભાવ જીત્યા છે. ૧૯૩૪ ના આગલા બારીક દિવસો દરમ્યાન આ પ્રોટેક્ટરેટની હિંદી કોમના જીગર નિરાશામાં ડુબી ગયા હતા ત્યારે આપ નામદારે અમારી ફરિયાદનો સત્વર જવાબ આપી, હિંદી કોમનાં નિર્જીવ થતા જતા શરીરમાં ફરી રૂહ ફુંકે તેવી અતિશય કિમતી સહાય અને સંગીન સલાહ આપી તે માટે આ પ્રોટેક્ટરેટની હિંદી કોમનો સાચા દિલનો અહેસાન જાહેર કરતાં અમોને મહા હર્ષ થાય છે."

## સઘળા વર્ગો સાથે સહકાર કરવાની અમુલ્ય સલાહ.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં જણાવ્યું હતું કે: "હિંદ અને યુરોપ બન્ને સ્થળના "ઇન્ડીયન્સ ઓવરસીઝ એસોસિએશન=દરિયાપારના હિંદીઓના મંડળ"ના સ્થાપક અને અસલના પ્રમુખ તરીકે ઇંગ્લેંડમાં મી. પોલકની સહાય અને મદદ વડે, તેમજ મુંબઇમાં ઉદ્યોગ અને નાણાંના તેજસ્વી "કેપ્ટન સરદાર સર પુરશોતમદાસની ચાલુ સહાય સહિત, અમારી શકિત અનુસાર બની શકતી સર્વે સહાય કરવાની અમોએ કોશિશ કરી છે. મંડળના મુખ્ય મથકો લંડન અને મુંબઈ બન્ને સ્થળોમાં ફિજીથી લઇને પશ્ચિમ આફ્રિકા પર્યંતની દરેક જગ્યાના તમોને સુવિદિત છે કે, સમાચાર, રિપોર્ટ અને અરજીઓ અમોને મળે છે. હિંદની સરકાર અથવા ખરેખર આપણી કલ્પના માની લે તેવી હિંદની કોઇપણ સરકાર—દરિયાપારના દેશોમાં વસતા પોતાના બાળકોના હિત, પ્રતિષ્ઠા અને દરજ્જો ભુલી જાય એ દિવસો લાંબા સમય થયા વહી ગયા છે, પોતાના પુત્રો વિદેશમાં યોગ્ય સન્માન મેળવે છે કે નહિ એ વિષેની અગાઉથીયે વધુ તકેદારી ભાવિ હિંદે રાખવાની છે."

ત્યારપછી તેઓ નામદારે સઘળા વર્ગો સાથે સહકાર કરવાની તેમજ મોમ્બાસામાં કરવામાં આવ્યું છે એ લાઇનદોરીએ નાના પાયેથી હિંદીઓ અને આ દેશના લોકો વચ્ચે વધુ સારી એકતા અને સુસમજ સ્થાપવા માટેના પહેલા પગલાં સમ થઈ પડે એવી, કોમ, ધર્મ કે રાષ્ટ્રના સઘળા ભેદ વિનાની એક સોશિયલ સરવીસ લીગ=સામાજિક સેવા સંઘ"ની સ્થાપના કરવા આગ્રહભરી સલાહ આપી હતી.

## અજોડ મહેમાનગીરી.

આ ઉપરાંત તેઓ નામદારના માનમાં યોજવામાં આવેલા સમારંભોમાં જંગબારના નામદાર સુલતાન સૈયદ ખલીફા તરફનો ભોજન સમારંભ, નામદાર રેસીડન્ટ તરફની ખાણાની મિજબાની, વારસ અબ્દુલ્લાહ ભાઇ શરીફ તરફનું "લંચ," વારસ ગુલામહુસેનભાઇ મામદ નાસર જીંદાણી તરફનો ખાણાનો વગદાર મેળાવડો, બેન્કર અને શરાફ શેઠ સાલેહ ગાંગજી તરફનું "અનડાઉનર", ઉપરાંત શેઠ અબ્દુલ્લાહભાઇ હાશમ ગાંગજી તરફનો અજાયબી પમાડનાર ૧૪૦૦ પરોણાઓનો ભવ્ય ભોજન સમારંભ વિગેરે ખાસ ધ્યાન ખેંચનારા સમારંભો હતા. આસીજાહ જેસા ભલુ મેટરનીટી હોમની પણ તેઓશ્રીએ મુલાકાત લીધી હતી.

## દારેસ્સલામના ઇસમાઇલીઓનો અનોખો ભકિતભાવ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની ટાંગાન્યીકાના પાટનગર દારેસ્સલામમાં મુબારક પધરામણી નિમિત્તે દારેસ્સલામ અને આખા ટાંગાન્યીકા ટેરીટરીના ઇસમાઇલીઓનાં હૃદય આનંદોર્મીથી છલકાઇ ગયા હતા અર્થાત તેઓના ખુશીનો પાર ન્હોતો. તેઓ નામદારના સ્વાગત માટે ઉમંગભરી ભવ્ય તૈયારીઓ કરવામાં આવેલી હોઇ આખુંય શહેર રોશનીથી ઝળહળી રહ્યું હતું. ઠેર ઠેર વાવટાઓ, ભવ્ય આર્કો અને "માઇક્રોફોન" ઉપરાંત લાલ લીલા રંગોના આચ્છાદનોની સુંદર સજાવટથી દારેસ્સલામ એક ખરેખર સ્વર્ગ બની ગયું હતું.

ફેબ્રુઆરીની તા. ૧લીના મંગળ પ્રભાતે ૯-૧૦ વાગે આવી પહોંચતાં તેઓ નામદારના સન્માન અર્થે વિમાની મથકે જુદી જુદી કોમનાં હજારો લોકોની ઠઠ જામી હતી, તેઓએ ગગનભેદી હર્ષનાદોથી તેઓ નામદારને વધાવી લીધા હતા. તેઓ નામદારે ટેન્ગેન્યીકાની ભૂમિ પર કદમ મુબારક કરતાંજ નામદાર ગવર્નર

વતી તેમના એડીકાં મી. ડબલ્યુ એ. એચ. કોલીન્સ, એકટીંગ પ્રોવિન્શીયલ કમિશ્નર મેજર નિકોલ, કિંગ્સ આફ્રિકન રાઈફલની ૬ ઠ્ઠી બેટેલીયનના ઓફિસર કમાન્ડીંગ મેજર હોલ, તેમજ ઈમામી ઈસમાઈલીઆ કાઉન્સીલના ઓફિસરોએ ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારપછી કેપ્ટન જેન્સનની સરદારી હેઠળની ૬ ઠ્ઠી કિંગ્સ આફ્રિકન રાઈફલે તેઓ નામદારને "ગાર્ડ ઓફ ઓનર"નું માન આપ્યું હતું.

## માનપત્રોનો યાદગાર મેળાવડો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. દારેસ્સલામ આવી પહોંચ્યા પછી, તેઓ નામદારના જાહેર સત્કાર અર્થે એમ્પાયર થીએટરમાં વ્યવસ્થા કરવામાં આવી હતી. થીએટરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. દારેસ્સલામની સર્વે કોમ અને વર્ણની જનતાએ આ અવસરમાં ભાગ લીધો હતો. જ્યાં તેઓ નામદારને દારેસ્સલામની ઇમામી ઇસમાઇલી કાઉન્સીલ, દારેસ્સલામ ઇન્ડીયન એસોસિએશન અને અન્જુમને ઇસ્લામીયા તરફથી માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. સઘળા વર્ણ અને ધર્મના હિંદીઓ ઉપરાંત આફ્રિકાવાસી અરબો, જુદા જુદા સરકારી અમલદારો, વ્યાપારી વર્ગના મુરાબિયનોની પણ હાજરી ખાસ ધ્યાન ખેંચનારી હતી. દારેસ્સલામની સરકાર અને સરકારી અમલદારો વતી ચીફ સેક્રેટરી મી. મેકેન્ઝી-કેનેડીએ મૌલાના હાઝર ઇમામની દારેસ્સલામ ખાતેની પધરામણી પ્રસંગનો લાભ મળવા માટે ખુશી વ્યક્ત કરતાં ટુંક વિવેચન કર્યું હતું. ત્યારબાદ તેઓ નામદારને માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

## વિશ્વશાંતિના અજોડ હિમાયતી.

ઇન્ડીયન એસોસિએશન, ઇસમાઇલીયા કાઉન્સીલ અને અન્જુમને ઇસ્લામીયા તરફની માનપત્રોમાં તેઓ નામદારની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી માટે દિલોજાન મુબારકીઓ આપતાં, તેઓ નામદારની વિશ્વવ્યાપી અગત્યની સેવાઓ, મહાન ઉદારતા વિગેરે બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એ ઉપરાંત અન્જુમને ઇસ્લામીયા તરફના માનપત્રમાં દર્શાવવામાં આવ્યું હતું કે:—"આપ નામદારના કિર્તીવંત કાર્યો માત્ર હિંદ, શહેનશાહત અને ઇસ્લામી આલમની તવારિખમાં નોંધાયેલાજ નથી, પરંતુ આંતરરાષ્ટ્રિય રાજકારણીય ઇતિહાસમાં પણ અમર રહેશે. રાઉન્ડ ટેબલ કોન્ફરંસમાં હિંદના કરોડો જનોના ભાગ્ય ઘડતરમાં આપે ભજવેલા ન ભુલાય તેવા ભાગે અને લીગ ઓફ નેશન્સ રાષ્ટ્રસંઘ તથા શસ્ત્રબંધી કોન્ફરન્સની વિચારણામાં આપના કિંમતી હિસ્સાએ દુનિયાની શાંતિ અને પ્રગતિ માટેના અજોડ હિમાયતી તરીકેની વિખ્યાતી ખચીત મેળવી આપી છે.

"દુન્યવી અને રૂહાની સત્તાને એક બળ તરીકે ઉપયોગમાં લેવા શકિતમાન પુરૂષ તરીકેનું આપ નામદાર અલૌકિક માન ધરાવો છો અને એ બળનો આપે ઇસ્લામ અને આમ ખલકતની ભલાઇ અર્થે ઘણોજ સુંદર રીતે ઉપયોગ કર્યો છે. વિશેષમાં નાત, રંગ, ધર્મ કે પંથની મર્યાદાથી પર આપની ઉદારતા છે. પૂર્વ આફ્રિકામાં અમારા હિંદીઓ અને મુસ્લિમો બન્નેની દ્રષ્ટિએ આપ નામદારે અજોડ સેવા બજાવી છે."

## બાદશાહી બક્ષિશો અને ઉત્તમ દોરવણી—અહેસાનભર્યો આભાર.

ઇસમાઇલીયા કાઉન્સીલના માનપત્રમાં, તેઓ નામદાર અસંખ્ય પ્રવૃતિઓમાં ખુબજ રોકાયલા રહેતા હોવા છતાં, ટાંગાન્યીકાના ઇસમાઇલીઓની સામાજિક, આર્થિક કેળવણી વિષયક અને શરીર સુખાકારી માટેની જુદી જુદી સંસ્થાઓ સ્થાપવાનું ફરમાન કરી, તેઓ નામદાર પોતાની કરમબક્ષિશ વડે વાર્ષિક શીલીંગ

૧,૫૦,૦૦૦ (દોઢ લાખ)ની બાદશાહી ગ્રાન્ટ બક્ષિશ કરી રહ્યા છે, તેનો અહેસાનભર્યો આભાર સહિત ઉલ્લેખ કરીને, તેઓ નામદારની પેટ્રોનેજ હેઠળ જ્ઞાતિની સેવા કરનાર પુરૂષ અને સ્ત્રી વોલન્ટીયરો, સ્કાઉટો, ગર્લ્સ ગાઈડો, કોમોન્નતિ અને ભાઈચારાની ખીલવણી માટે તેમજ ન્યાય, સમાજ વ્યવસ્થા વિગેરે કાર્યો માટે સ્થપાયેલી કાઉન્સીલોની કાર્યવાહી દર્શાવતાં જણાવવામાં આવ્યું હતું કે: "આપ નામદાર જેવા સમર્થ પુરૂષની સરદારી હેઠળ અમારી "સુસંગઠિત સંસ્થાઓ"નો વિચાર કરીએ છીએ ત્યારે અમોને ખરેખર લાગે છે કે આ દેશમાં અમોએ અત્યાર આગમચનું "અમારૂં સ્વરાજ" હાસલ કરી લીધું છે. અમારા આ ખંડ (આફ્રિકા)ના વાયવ્ય પ્રાંતમાં આજથી એક હજાર વર્ષ પૂર્વે રાજ્ય ભોગવી ગયેલા આપ નામદારના પ્રતાપશાળી વડીલો પ્રમાણે એજ ખંડના અગ્નિ કોણમાં વસતા અમો અમારા મહાન રહેબર અને પરદુ:ખભંજન તરીકે આપ નામદારને અડગ વફાદારી સહિત વધાવી લઈએ છીએ."

ઇન્ડીયન એસોસિએશનના માનપત્રમાં ઉમેરવામાં આવ્યું હતું કે "મૂળગત રીતે જોતાં આપ નામદારના મુરીદોના આપ રૂહાની સરદાર છો, તો પણ આપશ્રીની બીજી દિલચાલોના કારણે સઘળા હિંદીઓની નજરમાં આપશ્રીની મહાનતા ઓરબી વધારે મહત્વની થઈ પડી છે. દુ:ખ અથવા સંકટ સમયે સહાય માટેની કોઈપણ શખ્સ અથવા કોમની ફરિયાદની ધા સાંભળ્યા વિનાની રહી નથી, જે એક રૂહાની સરદારને છાજે તેવું સુંદર વર્તન છે, અને ખાસ કરીને પૂર્વ આફ્રિકામાંના હિંદીઓના હકકોનાં સંબંધમાં સલાહ આપી અને દોરવણી કરી આપ નામદારે અમોને સદાય સહાય આપી છે, જે માટે અમો આપશ્રીના ઋણી છીએ."

## રંગ ને ધર્મભેદ વિના દેશને અપનાવવાનો આગ્રહ.

મૌલાના હાઝર ઇમામે ટાંગાન્યીકાની સરકારના ચીફ સેક્રેટરી મી. મેકેન્ઝી કેનેડીએ કરેલાં ગુણગાનનો ઉલ્લેખ કરી પોતાના માટે દર્શાવેલી ભલી લાગણી માટે ધન્યવાદ આપતાં, ત્રણે માનપત્રોના જુદા જુદા જવાબો આપ્યા હતા. જેમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કરવા ઉપરાંત, તેઓ નામદારે પોતાના મુરીદોને સંબોધીને તેમને એ બીના યાદ રાખવાની ભારપૂર્વક ભલામણ કરી હતી કે ટેન્ગાન્યીકાના હિતોના વિકાસ માટે કાર્ય કરવામાં એ પ્રદેશના અન્ય વતનીઓ સાથે નાત અને ધર્મના ભેદ વિના સહકાર કરવા માટેની ખાસ મોટી જોખમદારી ઇસમાઇલી ખોજાઓને શીરે રહેલી છે, કારણ મારે આ સ્થળે યાદ અપાવવું જોઇએ કે ટેન્ગાન્યીકામાં વસતા ઇસમાઈલી ખોજાઓનો ઘણું કરીને અર્ધો ભાગ મારી સુચનાથી અત્રે આવ્યો છે, જે અર્થસિધ્ધિ માટે ઇ. સ. ૧૮૯૦થી મારા મુરીદોને અહિં આવીને વસવાટ, કરવા માટે હું ભારપૂર્વક ભલામણ કરતો રહ્યો છું. આ દેશને તમારૂં વતન બનાવો, ખરા દિલ અને અંતરથી એક શુધ્ધ ટેન્ગેન્યીકન બનો, તેના એક સાચા સુપુત્ર થાઓ. ખાત્રી રાખજો કે તમોને જે શીખ અત્યારે આપી રહ્યો છું, તેમાં માત્ર તમારી ભલાઇ નથી, પરંતુ આપણી નજર સન્મુખ રહેલા આખા દેશની બહેતરી છે."

મૌલાના હાઝર ઇમામે ઇન્ડીયન એસોસિએશન તરફના માનપત્રનો ઉલ્લેખ કરતાં, નોખનોખા હિંદી કોમો વચ્ચે ગાઢ ભાઇબંધીની ગાંઠ જોડવા, મોમ્બાસાની લાઇનદોરીએ એક સામાજિક સંસ્થા સ્થાપવા માટે અન્જુમને ઇસ્લામીયાના માનપત્રના જવાબમાં વિશાળ દિલસોઝી અને સમજની આશા રાખતાં, મુસ્લિમોએ પોતાની ધાર્મિક અને સામાજિક ખીલવણી કરવા માટે સતત મચ્યા રહેવા માટેની સલાહો આપી હતી.

## ચેમ્બર ઓફ કોમર્સ તરફની લંચ પાર્ટી.

ફેબ્રુઆરીની તા. ૨જીના દિને સાંજના મૌલાના હાઝર ઈમામે, જંગબારવાળા આલીજાહ મામદભાઈ વારસ સાલેહ કાસમ તરફથી મોસ્કો સ્ટ્રીટમાં શીલીંગ બે લાખના ખર્ચે બંધાવવામાં આવેલ મુસાફરખાનાને ખોલવાની ક્રિયા કરી હતી. ફેબ્રુઆરીની તા. ૩જીના દિને બપોરના દારેસ્સલામ 'ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ એગ્રીકલચર' તરફથી મૌલાના હાઝર ઇમામના માનમાં "ન્યુ આફ્રિકા હોટલ"માં એક સુંદર લંચ પાર્ટી આપવામાં આવી હતી. જેમાં શહેરના યુરોપિયન, હિંદી વેપારી વર્ગ તથા પ્રજાના આગેવાન પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. મૌલાના હાઝર ઇમામનો "ટોસ્ટ" લેવાડતાં ચેમ્બરના ચેરમેન મી. લેને પ્રશંસા કરીને લંબાણ વિવેચન કર્યું હતું, જેના જવાબમાં તેઓ નામદારે લાગણી માટે ધન્યવાદ આપતાં, વેપારની ખીલવણી માટે તેમજ ભાવિ મંદીમાંથી ઉગરવાના સરસ ઉપાય તરીકે ભરના વેપારના વિકાસ માટે સલાહ આપી હતી.

## મૌલાના હાઝર ઈમામનો ઇન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ "ટેન્ગાન્યીકા સ્ટેન્ડર્ડ" ના ખબરપત્રીને આપેલ ખાસ મુલાકાત દરમ્યાન પૂર્વ આફ્રિકાને લગતા જુદા જુદા અતિ મહત્વના સવાલો સંબંધી ઉલ્લેખ કર્યો હતો. વધુમાં તેઓ નામદારે ટેન્ગાન્યીકાનુ ભાવિ ઉજ્જવળ હોવાનું જણાવી તેનો લાભ ઉઠાવવા શું કરવું જોઇએ અને દેશી વતનીઓમાં જાગ્રતિ લાવવાની જરૂરિયાત અરસપરસ ભલી લાગણીની અગત્ય પર ભાર મુકતાં જણાવ્યું હતું કે,—"આફ્રિકામાં ટેન્ગાન્યીકા ફકત એકજ એવો દેશ છે કે જેમાં એવો સહકાર વ્યવહારૂમાં મુકાયલો હું ખરેખર જોઈ શકયો છું. ગાઢ કોમી મિત્રાચારી અને હાથમાં હાથ મીલાવી કાર્ય કરવાની દરેક આશા આ સ્થળમાં રહેલી છે અને મારે આશા રહે છે કે યુરોપિયન, એશિયાવાસી અને આફ્રિકાનો વચ્ચે કાયમ થઇ ચુકેલી ભલી ઇચ્છાની લાગણી આફ્રિકા ખંડના અન્ય ભાગોમાં ફેલાઇ જાય."

## ગોલ્ડન જ્યુબિલી હોલ—ખુલ્લું મુકવાની ક્રિયા.

ફેબ્રુઆરીની તા. ૪થીના દિને ૯–૩૦ કલાકે મૌલાના હાઝર ઇમામની ઈમામતની પચાસ વર્ષની ગોલ્ડન જ્યુબિલીની યાદગીરી જાળવી રાખવા માટે ઇમામી ઇસ્માઈલી પંજેભાઇ કમિટી તરફથી સ્ટેન્લી સ્ટ્રીટમાં બાંધવામાં આવેલ મૌલાના હાઝર ઇમામ અર્પિત "એચ. એચ. ધી આગાખાન્સ ગોલ્ડન જ્યુબિલી હોલ"ને ખુલ્લું મુકવાની ક્રિયા કરવા પધારતાં સ્કોચ બેન્ડે તેઓ નામદારને સલામી આપી હતી. મૌલાના હાઝર ઇમામે સુવર્ણ કુંચીથી ગગનભેદી હર્ષનાદો વચ્ચે દરવાજો ઉઘાડી હોલમાં કદમ મુબારક કર્યા હતા. ત્યારપછી પંજેભાઇ કમિટી તરફથી માનપત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. તે માનપત્રને શીલીંગ ૫૦૦૦ના ખર્ચે જ્યુબિલી હોલની સુંદર આકૃતિવાળી અને ભવ્ય કળામય કારીગીરીના નમુનારૂપ તૈયાર કરવામાં આવેલ સુંદર કાસકેટમાં મુકીને અર્પણ કરવામાં આવ્યું હતું. મૌલાના હાઝર ઇમામે પંજેભાઇ કમિટીને સમસ્ત ઇસમાઇલી કોમની હાજતો અને ખાસ કરીને કોમના ગરીબ વર્ગો પ્રત્યે લક્ષ આપવા ભારપૂર્વક ભલામણ કરી હતી.

મૌલાના હાઝર ઈમામની પધરામણીની ખુશાલીમાં "ગોમાનૃત્ય" અને દારૂખાનું ફોડવાની પણ ગોઠવણ કરવામાં આવી હતી, જેમાં નેટીવોના ૨૬ સમુહોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે હજારો લોકો એકઠાં થયા હતા. આ ઉપરાંત તેઓ નામદારના માનમાં જીમખાના કલબમાં વારસ કાસમભાઇ સુંદરજી શામજી એમ. એલ. સી. તરફથી "સનડાઉનર પાર્ટી" પણ મોજવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ દારેસ્સલામના ટુંક નિવાસ દરમ્યાન પોતાના અનુયાયીઓને ધાર્મિક, આર્થિક, કેળવણી વિષયક અને ખાસ કરીને બચ્ચાંઓની તંદુરસ્તી વિષે ઘણીજ મહત્વની દોરવણી આપી હતી. ઇન્ફન્ટ વેલફેર સોસાયટી=બાળહિત મંડળ, કો-ઓપરેટીવ સોસાયટી અને વિમા કંપની સ્થાપવા માટે ખાસ ભારપૂર્વકની ભલામણ કરી હતી. મૌલાના હાઝર ઇમામે દીની નસિહત કરતાં ફરમાવ્યું હતું કે: "તમોને અમોએ ફરમાન કર્યા છે તે તમારી દુન્યવી બહેતરી માટે છે. દીની બહેતરી માટે અમો તમોને એક ફરમાન કરીએ છીએ, જેમા બધાંનો સમાવેશ થઇ જાય છે. બધાથી મહત્વની વાત એ છે કે મા, બાપ અને જાન કરતાં પણ મુહમ્મદ અને અલીના ગાદીવારસ પર તમારૂં ઇમાન મજબુત રાખજો. મુહમ્મદ અને અલીના વંશ પ્રત્યે તમો પ્યાર રાખશો તો તમોને દુનિયામાં કોઇ ડર રહેશે નહિ. એમાં ઇબાદત, બંદગી અને મઝહબની બધી ખુબીઓ સમાઈ જાય છે."

## ડોડોમામાં મુબારક પધરામણી – યુવાન લોકોને સલાહ.

ફેબ્રુઆરીની તા. ૧૨મીના રોજે દારેસ્સલામથી સવારના ૮-૫૦ કલાકે રવાના થઇ ૧૦-૫ કલાકે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ડોડોમાના વિમાની મથકે આવી પહોંચતાં તેઓ નામદારને ઇસમાઇલી આગેવાનો ઉપરાંત સર્વ વર્ણ અને કોમના અગ્રેસરો તથા સરકારી અમલદારોએ માનપૂર્વક આવકાર આપ્યો હતો. તેઓ નામદારના માનમાં સરકારી ફોજ તરફથી ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતુ. પ્રોવિન્શીયલ કમિશ્નર, ડિસ્ટ્રીકટ કમિશ્નર તેમજ યુરોપિયન, અરબ, ગોવાનીઝ, હિંદીઓ તેમજ અન્ય સંભાવિત જનોની હાજરી મોટી સંખ્યામાં હતી.

બપોરના તેઓ નામદારના માનમાં મેસર્સ ભારમલ બ્રધર્સ તરફથી એક "લંચ પાર્ટી" આપવામાં આવી હતી. જેમાં મૌલાના હાઝર ઇમામે મેસર્સ ભારમલ બ્રધર્સને ધન્યવાદ આપી, દેશાટનના લાભો સમજાવતાં હિંદીઓ અને ખાસ કરીને ઈસમાઇલીઓને કે જેઓ એકજ આદર્શ માટે આફ્રિકામાં વસવાટ કરી રહ્યા છે તેઓને ટાંગાન્યીકાવાસી, કેન્યાવાસી, જંગબારવાસી અને યુગાન્ડાવાસી તરીકે પોતાને સમજવાની રૂડી સલાહ આપી હતી. વધુમાં તેઓ નામદારે યુવાન લોકોને સલાહ આપતાં જણાવ્યું હતું કે, યુવાન લોકો આ મુલકમાં નવા ક્ષેત્રો વસાવવાની કોશિશ કરો. તમો અહીં પૈસો કમાઇ ઇન્ડીઆ જવાની આશા નહિ રાખો પણ આ મુલકને તમારૂં વતન બનાવો, કે જે દેશનું ભવિષ્ય ઘણું ઉજળું છે. જ્યાં તમે કમાતા હો તે મુલકને તમારો દેશ તથા વતન સમજો. ગામોગામ પરચુરણ દુકાનો ખોલો, ખેતીવાડીને સુધારો, હુન્નર-ઉદ્યોગ શીખો અને શાખા ખિલવવા પ્રયત્ન કરો."

## મૌલાના હાઝર ઈમામ નાઇરોબીમાં—ઈકોનોમિક કોન્ફરન્સ.

ફેબ્રુઆરીની તા. ૧૫મીની સગનવંતી સવારે મૌલાના હાઝર ઇમામે મોશીની મુલાકાત લીધી હતી, જ્યાં તેઓ નામદારનું ભારે સન્માન કરવામાં આવ્યું હતું. ઇસમાઇલી મુરીદોની મુલાકાત લેતાં તેઓ નામદારે ખુશી જાહેર કરી હતી. ફેબ્રુઆરીની તા. ૧૬મીના સાંજે "ગોલ્ડન જ્યુબિલીનો યાદગાર પ્રવાસ" પૂર્ણ કરી તેઓ નામદાર નાઇરોબી આવી પહોંચ્યા હતા. તેઓશ્રીને નાઇરોબીના મેયર અને મેયરેસ તેમજ ના. ગવર્નરના પ્રતિનિધિએ તેમજ ઇસમાઇલી આગેવાનોએ હરખભર્યો આવકાર આપ્યો હતો. તેઓ નામદારને ગાર્ડ ઓફ ઓનરની સલામી આપવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામે "ગોલ્ડન જ્યુબિલી પ્રવાસ"નો મોમ્બાસાથી આરંભ કર્યો હતો. એ પ્રવાસમાં વિમાની સફરની એક ખાસ વિશેષતા હતી. તેઓ નામદારે જે સ્થળોએ મુબારક પધરામણી કરી હતી ત્યાંની ઇસમાઇલી, મુસ્લિમ, હિંદી અને યુરોપિયન પ્રજાઓ તરફથી એક સગનવંતા મોંઘેરા મહેમાન તરીકે તેઓશ્રીને વધાવી લેવામાં આવ્યા હતા. આવકાર, માનપત્રો અને પાર્ટીઓનો જાણે વરસાદ વર્ષવા માંડ્યો હતો, જેનું કેટલુંક વર્ણન ઉપર આપણે વાંચી ગયા છીએ.

નાઇરોબી પધારતાં તેઓ નામદારે સમસ્ત આફ્રિકાના ઇસમાઇલીઓની બહેતરી માટે ઇકોનોમિક કોન્ફરન્સમાં અવારનવાર પધારી અગત્યની સુચનાઓ આપી હતી. આ યાદગાર કોન્ફરંસની બેઠકો નાઇરોબી ઇસમાઇલીયા કાઉન્સીલની ભવ્ય "સેક્રેટરીએટ"માં મળી હતી. જેમાં આફ્રિકાના જુદા જુદા ભાગોમાંથી આવેલા ડેલીગેટોએ ઉત્સાહપુર્વક ભાગ લીધો હતો. શેઠ અલીમહમદ મકલાઇને પ્રમુખપદે બિરાજવાનું અને તેમની ગેરહાજરીમાં ઇસ્માઇલી મિશનરી સબજાઅલી રમઝાનઅલીને કાર્ય કરવાનું તેઓ નામદારે ફરમાવ્યું હતું. આ કોન્ફરન્સોમાં જમાતી બંધારણ, સામાજિક અને કેળવણી વિષયક અને આર્થિક તેમજ મીશનને લગતા સુધારા પાસ કરવામાં આવ્યા ઉપરાંત આફ્રિકાના જુદા જુદા ભાગોમાં કો-ઓપરેટીવ સોસાયટીઓ=સહકારી મંડળો અને વિમા કંપનીઓ સ્થાપવા માટે નિર્ણય કરવામાં આવ્યો હતો.

## માનપત્રોનો શાનદાર સમારંભ.

ફેબ્રુઆરીની તા. ૧૭મીના રોજે, નાઇરોબીના ભવ્ય એમ્પાયર થીએટરમાં, ઇસમાઇલીઆ કાઉન્સીલ, ઇસ્ટ આફ્રિકા અન્જુમને હિમાયતે ઇસ્લામ તથા ઇન્ડીયન એસોસિએશન તરફથી, મૌલાના હાઝર ઇમામને, માનપત્રો અર્પણ કરવાનો એક શાનદાર સંયુકત સમારંભ, શેઠ મનજીભાઇ જાનમામદના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો, જેમાં યુરોપિયન, હિંદી અને આરબોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. માનપત્રોના જવાબમાં અન્ય બાબતો ઉપરાંત તેઓ નામદારે જણાવ્યું હતું કે:—"જો ઇસ્ટ આફ્રિકાની કોઇપણ પ્રજામાં, ધર્મોમાં, જ્ઞાતિયોમાં કે આદર્શોમાં જુદી જુદી પ્રજાવર્ગો વચ્ચે કોઇપણ પ્રકારની તડ પડી તો જાણજો કે બીજે કયાંય કરતાં અહીં વધુ નુકશાનકારક પુરવાર થશે. હું તમોને એકત્ર રીતે હાથમાં હાથ મિલાવીને કોઇપણ જાતના ભેદભાવો કે અંગત રીતે જુદા નહિ પડતાં સાથે રહીને કામ કરવા વિનંતી કરૂં છું."

મૌલાના હાઝર ઇમામે ઇસમાઇલીઓને સંબોધતાં જણાવ્યું હતું કે: "તમો કાંઇ રસ્તાના પક્ષીઓ નથી. તમારા મૂળીયાંઓ અહિંયા છે, એ તમોએ કેન્યા, ટાંગાન્યીકા, જંગબાર, યુગાન્ડાની ભલાઇ સાથે એકરૂપ થઇ સાબિત કરી આપવું જોઇએ. તમોએ જે દેશને અપનાવ્યો હોય તે દેશના સાચા દેશભકતો થવા હું તમોને અપીલ કરૂં છું. કોમના યુવાનો કે જે નિશાળ મૂકયા પછી નોકરીઓ તરફ ઢળતા જાય છે. જે માટે તેઓ નામદારે જંગબાર અને ટાંગાન્યીકામાં ચેતવણી આપી હતી તે વિષે ઇશારો કરતાં જણાવ્યું હતું કે: "વધુ આસાન નોકરીના છુટાપણાવાળા ધંધાને વળગી રહીને બીજા કાર્ય ક્ષેત્રો શોધવાના જુસ્સાને ગુમાવશો તો તમારી પડતીનો દિવસ નજીક સમજજો અને જે દેશને તમોએ વતન બનાવેલ છે તે દેશના હિસાબમાં નજીવી કિંમતના થઇ જશો."

## મ્યુનિસિપલ કાઉન્સીલ તરફનું લંચ.

ફેબ્રુઆરીની તા.૧૯મીના દિવસે બપોરના મૌલાના હાઝર ઇમામના માનમાં, નઇરોબી મ્યુનિસિપલ કાઉન્સીલ તરફથી "ન્યુ સ્ટેન્લી હોટલ"માં એક વગદાર "લંચ પાર્ટી" આપવામાં આવી હતી, જેમાં સઘળી

યુરોપિયન અને હિંદી કોમોના પ્રતિનિધિઓ ઉપરાંત હિઝ એક્ષેલન્સી એકટીંગ ગવર્નર અને મીસીસ વેડે પણ ભાગ લીધો હતો. મેયર ટી. એ. વુડ અને મીસીસ વુડે પરોણાઓને આવકાર આપ્યો હતો.

## મુસ્લિમ કન્યાશાળા—પાયો નાંખવાની ક્રિયા—સ્ત્રી કેળવણીની હિમાયત.

ફેબ્રુઆરીની તા. ૨૧મીના દિને સાંજના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ નાઇરોબીની મુસ્લિમ કન્યાશાળાના નવા મકાનનો પાયો નાખવાની ક્રિયા એક પચરંગી અને ભવ્ય મેળાવડા સન્મુખ કરી હતી. જે વેળાએ તેઓ નામદારને કન્યાશાળાની કારોબારી સમિતી તરફથી માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. મૌલાના હાઝર ઇમામે એ પ્રસંગે વિવેચન કરતાં જણાવ્યું હતું કે: આર્થિક કારણો એવા છે કે પૂર્વના દેશોમાંના પુષ્કળ માણસો ગમે તેમ કરીને ઠીકઠાક સુખમય તાત્કાળિક જીવન ગાળતા હોય છે, પરંતુ સ્ત્રીઓ ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓ પોતાની આજીવીકા મેળવી શકે તેટલી હદે (કેળવણીથી) સજ્જ કરવામાં ન આવે ત્યાંસુધી, એવી સ્ત્રીઓ આ ગમે તેવી તાત્કાળિક જીવન રૂઢી અખત્યાર કરી લે, એવી આશા પુરૂષો રાખી શકે નહિ. મુસલમાનોએ પોતાની સ્ત્રી વર્ગને આર્થિક રીતે ઉપર જણાવ્યા મુજબની નિરાધાર સ્થિતિમાં રાખવો ન જોઇએ. કન્યાઓને પોતાના ભરણપોષણ માટે પોતે બંદોબસ્ત કરી શકે તેવી કેળવણી આપવી જોઇએ."

ફેબ્રુઆરીની તા. ૨૨મીએ મૌલાના હાઝર ઇમામે સુવર્ણ તુલાવિધિ માટે બંધાવેલ ભવ્ય મંડપમાં વધારી જમાતોને ઇદ નમાઝ પઢાવી ઈદની મુબારકીઓ આપી હતી. તા. ૨૭મીના દિને ગવર્નમેન્ટ સ્કુલના ઇનામી મેળાવડામાં પધાર્યા હતા. જ્યાં તેઓ નામદારના મુબારક હાથે વિદ્યાર્થીઓને ઇનામો અર્પણ કરવામાં આવ્યા હતા, રવિવારે તેઓ નામદારના માનમાં રહેમતુલ્લાહ બોર્ડીંગ હાઉસમાં મી. અને મીસીસ અબ્દુલ્લાહ વાલજી હીરજી તરફથી લંચ આપવામાં આવ્યું હતું. સાંજના તેઓ નામદારે આગાખાન બોય સ્કાઉટસ અને ગર્લ્સ ગાઇડની મુલાકાત લીધી હતી.

## મહાન ઈતિહાસિક અવસર.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી હિંદુસ્તાન ખાતેના તેઓ નામદારના મુરીદોએ મુંબઇના હસનાબાદમાં ઇસ્વી સન ૧૯૩૬ના જાન્યુઆરીની તા. ૧૯મીના રોજે ઘણીજ ધામધુમથી ઉજવી, દેશપરદેશના અને સઘળી કોમોના આગેવાનોના એક ભવ્ય દરબારમાં તેઓ નામદારને સોનાથી જોખ્યા હતા અને એ વિધિમાં રૂ. ૩,૩૫,૦૦૦ની કિંમતનાં સોનાનો ઉપયોગ થયો હતો, કે જે સોનું પવિત્ર ઈમામે પોતાની કરમબક્ષિશથી પોતાના મુરીદોની ભલાઇ અને ઉન્નતિનાં કાર્યો માટે ભેટ આપ્યું હતું.

એવીજ રીતે મૌલાના હાઝર ઇમામની ઇમામતનો ગોલ્ડન જ્યુબિલીનો મહાન ઇતિહાસિક અવસર આફ્રિકાના ઇસમાઇલીઓએ ઇસ્વી સન ૧૯૩૭ના માર્ચ મહિનાની તા. ૧લીના શુભ દિને ઉજવ્યો હતો. મૌલાના હાઝર ઇમામની ઇમામતની પચાસ વર્ષની ગૌરવભરી છત્રછાયા, રિધ્ધીસિધ્ધી સહિત આફ્રિકાના ઇસમાઇલીઓને ભોગવવાનું સુભાગ્ય પ્રાપ્ત થયેલું હોઇ, પવિત્ર ઈમામ પ્રત્યેના ભક્તિભાવના આદર્શ તરીકે તેઓ નામદારને સોના ભારોભાર જોખવાનું નક્કી કરવામાં આવ્યું અને એ મુજબ મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં નમ્રતાપૂર્વક અરજ કરવામાં આવતાં, તેઓશ્રીએ પોતાની ઈમામતની ગોલ્ડન જ્યુબિલીની સામુદાયિક જાહેર ઉજવણી માટેની સંમતિ આપી હતી.

ત્યારપછી પ્રત્યેક ઇસમાઇલીઓના અંતઃકરણમાં એજ મુખ્ય ભાવના રમી રહી હતી કે, આફ્રિકાના ઇસમાઇલીઓને સાંપડેલો આ મહાન ઇતિહાસિક અવસર, તેની મહત્વતાને યોગ્ય પુરેપુરી રીતે ઉજવાય, તેના માટે પૂર ઝડપથી અને ઉત્સાહપૂર્વકની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી અને ઇસમાઇલીઓના આનંદનો પાર રહ્યો નહોતો. સમસ્ત આફ્રિકાના ઇસમાઇલીઓએ એ શુભ અવસરે પોતાના મકાનો, લતાઓ, રસ્તાઓ શેરીઓ અને જમાતખાનાની ઇમારતો પર ભભુકદાર વિજળીક રોશની કરી, મૌલાના હાઝર ઇમામના લાલ અને લીલા રંગના વાવટાઓ અને અન્ય શણગાર સામગ્રીઓથી વિભુષિત કર્યા હતા.

## હર્ષરંગે રંગાયલું નાઇરોબી.

મૌલાના હાઝર ઇમામના "ગોલ્ડન જ્યુબિલી પ્રવાસ"ની શાનદાર ઉજવણીઓનો કાર્યક્રમ ફતેહમંદીથી પુરો થયા બાદ માર્ચ મહિનાની તા. ૧ લીના સુવર્ણતુલાનો મુખ્ય દિવસ ઉજવવા સઘળા આતુર થયા હતા, કારણ કે આફ્રિકાના ઇસમાઇલીઓના ઇતિહાસમાં આ એક યાદગાર દિવસ હતો અને જેના માટે કેન્યા, યુગાન્ડા, ટેન્ગેન્યીકા, જંગબાર, બેલ્જીયમ કોંગો, માડાગાસ્કર, પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકા અને સાઉથ આફ્રિકાથી હજારોની સંખ્યામાં ઇસમાઇલીઓ નાઇરોબીમાં ઉતરી પડયા હતા.

નાઇરોબીમાં આટલી મોટી સંખ્યાના માણસોનો જંગી મેળાવડો અગાઉ કદી થયો નહોતો. આ શુભ અવસર માટે રેલ્વે સત્તાવાળાઓ તરફથી "આગાખાન સ્પેશીયલ" ટ્રેનો દોડાવવામાં આવી હતી, જેના પર મૌલાના હાઝર ઇમામના લાલ અને લીલા રંગના વાવટાઓ ફરકાવવામાં આવ્યા હતા. એ ટ્રેનો મારફતે મહાન ઇતિહાસિક અને અલૌકિક પ્રસંગમાં લાભ લેવા માટે આતુરતા સેવી રહેલા સંખ્યાબંધ માણસો નાઇરોબી આવી પહોંચ્યા હતા.

આ પ્રસંગ માટે નાઇરોબીના મધ્ય ભાગમાં આવેલી, કેન્યાના ઇસમાઇલીઓના ગૌરવરૂપ મનાતી, જમાતખાનાની ટાવરવાળી ભવ્ય ઇમારત પર ઇલેકટ્રીક વિજળીની પૂર ભભકાદાર રોશની કરવામાં આવી હતી. જમાતખાનાની આજુબાજુના લતાઓ સરીયામ રસ્તાઓ, સુંદર આર્કોએ, વાવટાઓ અને રોશની તેમજ અન્ય શણગાર સામગ્રીથી ખુબ સારી રીતે સુસજ્જિત કરવામાં આવ્યા હતા. ઇસમાઇલીઓએ પણ પોતાના મકાનો સુંદર રીતે શણગારી તેના પર રોશની કરી હતી. હઝારો લોકો એ રોશની અને રળિયામણો દેખાવ જોવા નીકળી પડયા હતા. આ ઉજવણી એક સાર્વજનિક તહેવાર જેવી થઇ પડી હતી.

## શીલીંગ ૪૫ હઝારના ખર્ચે બંધાયલો ભવ્ય મંડપ.

મૌલાના હાઝર ઇમામનો મુબારક સુવર્ણ તુલાવિધિનો સઘળો કાર્યક્રમ ૧૮૦૦૦ માણસો સહેલાઇથી નિહાળી શકે તેટલા માટે શીલીંગ ૪૫૦૦૦ ના ગંજાવર ખર્ચે પુરતી સગવડવાળો એક ભવ્ય મંડપ "આગાખાન કલબ"ના વિશાળ મેદાનમાં બાંધવામાં આવ્યો હતો. એવો જબરદસ્ત મંડપ કદી જોવામાં આવ્યો નહોતો. મંડપના અંદરનું દ્રશ્ય પણ ભવ્ય અને રળિયામણું હતું. ઇલેકટ્રીક વીજળી અને રોશનીથી અને "માઇફલેગ" વાવટાઓથી આખા મંડપને શણગારવામાં આવ્યો હતો. લાઉડ સ્પીકરોની પણ ગોઠવણ રાખવામાં આવી હતી. બરાબર મધ્ય ભાગમાં એક સુસજ્જિત પ્લેટફોર્મ ઉપર મૌલાના હાઝર ઇમામને સોનાથી તોળવા માટે સુધરેલી ઢબનું એક અતિ સુંદર ત્રાજવું રાખવામાં

આવ્યું હતું. આ ત્રાજવાની ગોઠવણ એવી રીતે કરવામાં આવી હતી કે તુલાવિધિ વખતે તેનો કાંટો બરાબર વચ્ચોવચ્ચ આવે ત્યારે જે પલામાં મૌલાના હાઝર ઇમામની ખુરશી રાખવામાં આવી હતી તે ખુરશી ઇલેક્ટ્રીકથી પોતાની મેળે ફરવા માંડે કે જેથી સઘળી બાજુના માણસો તેઓશ્રીના દર્શન કરી શકે.

## સુંદર વ્યવસ્થા.

મંડપના મધ્ય ભાગની નજીક એક સુશોભિત સ્ટેજ ગોઠવવામાં આવ્યો હતો. જેના પર મૌલાના હાઝર ઇમામ અને બેગમ સાહેબા તથા મુખ્ય પરોણા હિઝ એક્ષલેન્સી ધી એકટીંગ ગવર્નર એ. ડી. વી. વેડ અને મીસીસ વેડ, આગેવાન યુરોપિયન શહેરીઓ, સઘળી કોમના આગેવાન પ્રતિનિધિઓ સરકારી ખાતાઓના મુખ્ય મોટા અમલદારો અને આગેવાન ઇસમાઇલીઓ બિરાજમાન થયા હતા. જ્યારે પ્લેટફોર્મની ચારે બાજુએ ઇસમાઇલીઓએ યોજના પ્રમાણે પોતપોતાની જગ્યાએ વ્યવસ્થિત રીતે બેઠક લીધી હતી. અન્ય ભાઇબંધ કોમોના આમંત્રિત સદગૃહસ્થો અને બાનુઓ માટે પણ ખાસ ગોઠવણ કરવામાં આવી હતી. હજારો લોકો આ પ્રસંગે હાજર રહ્યા હતા છતાં પુરેપુરી શાંતિ જળવાઈ રહી હતી.

માનવ સમુદાયના ધસારાને તેમજ મોટરની ટ્રાફિકને વ્યવસ્થિત કરવા આગાખાન કલબની ચારેબાજુએ તેમજ નાઇરોબીના મુખ્ય મુખ્ય સરીયામ રસ્તાઓ પર યુરોપિયન તેમજ આફ્રિકન અસકારી પોલીસની ટુકડીઓએ ઘણો સુંદર બંદોબસ્ત જાળવ્યો હતો અને એક પણ અકસ્માત થયો ન્હોતો. એકટીંગ પોલીસ કમિશ્નરે જાતે સર્વ કાર્યો પર દેખરેખ રાખી દોરવણી આપી હતી. પોલીસ અને સી. આઈ. ડી.ના યુરોપિયન ઓફિસરો તુલાવિધિ પ્રસંગે પ્લેટફોર્મની આસપાસ ઉભા રહીને નિગેહબાની રાખી હતી. મૌલાના હાઝર ઇમામે પોલીસની આવી તારીફ લાયક વ્યવસ્થા માટે તેમજ ઇસમાઇલી આગેવાનોનાં સુવ્યવસ્થિત કાર્ય માટે ઘણોજ સંતોષ દર્શાવી પ્રશંસા કરી ધન્યવાદ આપ્યા હતા.

### નાઈરોબીમાં ગંજાવર જનસમુદાય વચ્ચે
### કેન્યાના ગવરનરના હાથે થયેલો
## યાદગાર દ્વિતિય સુવર્ણ તુલા વિધિ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. બરાબર ચાર વાગે ના. બેગમ સાહેબા સાથે મંડપમાં આવી પહોંચતાં, ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારને હાર્દિક આવકાર આપ્યો હતો. જ્યારે ગંજાવર માનવ મેદનીએ જોશભેર તાળીઓથી તેઓ નામદારને વધાવી લીધા હતા. ત્યારપછી સ્ટેજ પર ગોઠવવામાં આવેલા ખાસ આસન પર તેઓ નામદાર બિરાજમાન થયા હતા. આ પ્રસંગે તેઓ નામદારે રાતા રંગની શેરવાની અને ઝરીનની સુવર્ણીય ઇસમાઇલી પાઘડી પહેરી હતી. બેગમ સાહેબાએ "માઈફ્લેગ"ના રંગની સુંદર સાડી પહેરી હતી.

શરૂઆતમાં વારસ ગુલામહુસેનભાઇ વારસ મામદ નાસર જીંદાણીએ સમસ્ત ઇસમાઇલી મુરીદો વતી માનપત્ર વાંચી સંભળાવ્યુ હતુ, જેમાં તેઓ નામદારે પોતાના ઇસમાઇલી મુરીદોની પ્રગતિ અને ઉન્નિતિ માટે જે અનેકવિધ પ્રયાસો કર્યા છે, તેમજ તેઓશ્રીએ ભલાઇ અને બહેતરી માટે જે ઉત્તમ સલાહ સુચના અને દોરવણીઓ આપી છે, તેનું વર્ણન કરતાં, તેઓ નામદાર તરફથી દર વર્ષે અપાતી લાખોની બક્ષિશો માટે

સમસ્ત ઇસમાઇલી કોમ તરફથી અહેસાન જાહેર કર્યો હતો. ઉપરાંત હિંદના હિત માટે અને ઇસ્લામી સંસ્કૃતિ માટે તેમજ વિશ્વના ભલાર્થે તેઓ નામદારની અસંખ્ય આંતરરાષ્ટ્રિય સેવાઓ પણ તેમાં ગણાવી હતી. આ માનપત્ર મંડપમાંથી આખી દુનિયામાં "બ્રોડકાસ્ટ" થયા પછી એબનીના સ્ટેન્ડ પર સોને મઢેલા ચાર હાથીદાંતન હાથીઓ ઉપર ભવ્ય કલાકામ અને સુંદર આકાર અને મોહક બનાવટની કાસ્કેટમાં મુકીને મૌલાના હાઝર ઇમામને તાળીઓના ગગડાટ વચ્ચે અર્પણ કરવામાં આવ્યું હતું.

ત્યારપછી પ્રેસીડન્ટ વારસ અબ્દુલ્લાભાઇ શરીફ વતી વારસ ગુલામહુસેનભાઇ વારસ મામદ નાસર જીંદાણીએ, મૌલાના હાઝર ઇમામને સોનાથી જોખવા માટે, તેમજ મહોબ્બત અને ભકિતભાવના એક અદના ચિન્હ તરીકે સોનું સ્વીકારવા માટે અરજ કરતાં, તેઓ નામદાર પ્લેટફોર્મ પર પધારી "ઓટોમેટીક સ્કેલ" સુવર્ણીય ત્રાજવાના પલ્લામાં સુંદર ખુરશી પર તાળીઓના ગગડાટ વચ્ચે બિરાજમાન થયા હતા.

જ્યારે હિઝ એક્ષલેન્સી ધી એકટીગ ગવર્નર મી. એ. ડી. વી. વેડ, અરજ ઉપરથી, બીજીબાજુના પલ્લામાં હર્ષનાદો વચ્ચે સોનાની લગડીઓ મુકી તુલાવિધિનો આરંભ કર્યો હતો. ધીમે ધીમે પલ્લું નમતાં કાંટો બરાબર વચ્ચોવચ્ચ આવ્યો હતો. જેથી ખુરશીવાળું પલ્લું ફરવા લાગતાં, મૌલાના હાઝર ઇમામની સ્મિત કરતી મુબારક મુખમુદ્રાના, હર્ષનાદો કરી રહેલા હજારો લોકોએ દીદાર કર્યાં હતા. આ પ્રમાણે ખુશાલીના પોકારો વચ્ચે તુલાવિધિ પુરી થયા પછી મૌલાના હાઝર ઇમામ અને ના. ગવર્નર પાછા પોતાના આસને બિરાજતાં શેઠ અલીમહમદ મકલાઇએ તેઓ નામદારની સુવર્ણતુલાના સોનાનું વજન જાહેર કર્યું હતું, જે ૩૨૦૦ આઉંસ એટલે ૯૩૦૦ તોલા થયુ હતું અને તેની કિંમત પાઉંડ ૨૨,૭૦૦ની થઇ હતી. આ જાહેરાત તાળીઓના ગગનભેદી અવાજે અને હર્ષઘોષથી પ્રેક્ષકોએ વધાવી લીધી હતી.

## મૌલાના હાઝર ઈમામનો જવાબ—મુરીદોની ઉન્નતિ માટે સોનાની ભેટ.

મૌલાના હાઝર ઇમામે ત્યારપછી પોતાનો હર્ષ જાહેર કરતાં જણાવ્યું હતું કે: "જે મહોબ્બત અને ભકિતભાવને અંગે સમસ્ત આફ્રિકામાંથી તમો મારા રૂહાની બચ્ચાઓ અહિં આવ્યા છો અને જેના લીધે આજની વિધિનો મુખ્ય પાત્ર મને બનાવવામાં આવ્યો છે, તેની હું કદર કરૂં છું. આજે તમોએ મને સોનાની જે ભેટ આપી છે જેને હું અત્યંત મહત્વની સમજું છું અને તે મહા હર્ષ અને ખુશાલી સાથે પુરેપુરી હું મંજુર રાખું છું.

"હિંદમાં કરવામાં આવ્યું છે તેજ પ્રમાણે આખાએ આફ્રિકામાંના મારા રૂહાની બાળકોની ઉન્નતિ માટે આ સઘળું સોનું અને તેમાં થનારો વધારો આવતા પાંચ કે છ વર્ષ દરમ્યાન વપરાશમાં લેવાની મારી ઇચ્છા અને ખાહીશ છે. દરિયાપારના દેશોમાં ઉચ્ચતર સર્વ પ્રકારના અભ્યાસ માટેની સ્કોલરશીપ, માધ્યમિક શાળાઓ, શાળાના મકાન, બાળહિત અને નર્સીંગ હોમ્સ અને બની શકે તો દવાખાના, તેમજ અન્ય આમ ભલાઇના કાર્યો, એ આ સોનું વાપરવા માટેની થોડી બાબતો છે. હિંદ પ્રમાણેજ એક ખાસ કમિટી મારી આમ સુચનાઓ અને આજ્ઞા પ્રમાણેજ આ કાર્યો કરશે. જે કમિટી મારી ઇચ્છાઓ નિયમિતપણે—અને હું આશા રાખું છું કે, ધોરણસર અમલમાં મુકશે. આફ્રિકા માટે આ શખ્સોની હું એક કમિટી નિમણુંક કરૂં છું. મી. ગુલામહુસેન મામદ નાસર જીંદાણી, મી. અબ્દુલ્લાહ શરીફ, મી. ઇસમાઇલ જીવરાજ પીરાણી, મી. સુંદરજી શામજી, મી. ફતેહઅલી ધાલા,

MOWLANA HAZAR IMAM H. R. H. THE PRINCE AGA KHAN being weighed against Gold, for the second time in Nairobi–Africa, on 1st March 1937. His Excellency the Acting Governor Mr. A. D. V. Wade, performing the weighing ceremony.



આફ્રિકા–નાઈરોબી ખાતે, તા. ૧ લી માર્ચ ૧૯૩૭ના દિને **મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ**ની દ્વિત્ય સુવર્ણ તુલાવિધિ કેન્યાના નામદાર ગવર્નર મી. એ. ડી. વી. વેડ કરી રહ્યા છે.

(જુઓ પાનું ૬૧૭)

મી. હસન કાસમ લાખા, મી. ધનજી જાદવજી ભાટીયા, મી. હાસમ ઇસમાઇલ લાખાણી અને મી. રજબુ પીરભાઇ." વધુમાં તેઓશ્રીએ કમિટીની જવાબદારીનો ઉલ્લેખ કરી, એક શીલીંગના બદલામાં બે શીલીંગનો લાભ થાય એવા સંભાળભર્યા વહીવટની આશા દર્શાવી પુરેપુરૂં લક્ષ આપવા ભારપૂર્વક ભલામણ કરી હતી. છેવટમાં તેઓ નામદારે નામદાર ગવરનર અને તેમના મહેરદાર ઉપરાંત ભાઇબંધ કોમોના ગૃહસ્થોને સુવર્ણતુલા પ્રસંગે ભાગ લેવા માટે તેમજ સર્વ હાજર રહેલાઓને ધન્યવાદ આપ્યા હતા. ત્યારબાદ મૌલાના હાઝર ઇમામના "થ્રી ચીયર્સ"ના હર્ષનાદો સાથે સુવર્ણતુલા વિધિ સંપૂર્ણ થઇ હતી.

આ ઉપરાંત મૌલાના હાઝર ઇમામે પોતાની ઇમામતની ગોલ્ડન જ્યુબિલીની ખુશાલીમાં ભરાયલા દરબારમાં વારસ અબ્દુલ્લાહભાઈ શરીફ કાનજી તથા વારસ ગુલામહુસેનભાઇ વારસ મામદ છંદાણીને વંશપરંપરાનો "કાઉન્ટ"નો ખિતાબ નવાજિશ કરી "શેવરેનબાર ગોલ્ડ મેડલો" અર્પણ કર્યા હતા. તેમજ શેઠ અબદુલ્લાહ ભાઇ વાલજી હિરજીને વંશપરંપરાનો "બેરન"નો ખિતાબ ઇનાયત કર્યો હતો. તેમજ ઘણા સેવાભાવી આગેવાન ગૃહસ્થો અને બાનુઓને ખિતાબો અને મેડલો અર્પણ કરવામાં આવ્યા હતા.

## બે વાર સુવર્ણતુલા.

ભૂતકાળમાં બનવા પામેલા અનેક ગૌરવભર્યા પ્રસંગો અને પવિત્ર ઇમામોના કિર્તીભર્યા જ્વલંત કાર્યોના તેમજ મુરીદોની ફિદાગીરી અને ભક્તિભાવના વર્ણનો ઇતિહાસનાં પાનાઓ પર સુવર્ણાક્ષરે જળવાઇ રહ્યા છે, તેજ પ્રમાણે મૌલાના હાઝર ઇમામની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે બે વાર થયેલ સુવર્ણ તુલાઓ ઇતિહાસના પાના પર સદાના માટે યાદગાર રહી જવા પામેલ છે, કારણ કે આવી રીતે કોઇપણ રાજવી કે ધાર્મિક વડાની જ્યુબિલીની ઉજવણીમાં બે વાર સુવર્ણતુલા થઇ હોય એવો દાખલો આખા જગતના ઇતિહાસમાં નોંધાયો નથી. તેઓ નામદારના ઇસ્માઇલી મુરીદોની ફિદાગીરીનો આ એક જ્વલંત પુરાવો છે. એટલુંજ નહિ પણ આ મહાન ઇતિહાસિક પ્રસંગે મૌલાના હાઝર ઇમામે પોતાના મુરીદો પ્રત્યે દર્શાવેલી મહોબ્બત અને ચાહનાએ પણ લોકોને અજાયબીમાં ગરકાવ કર્યા હતા. હિંદ ખાતે થયેલી સુવર્ણતુલાનું સોનું ૯૭૨૯ તોલા થયું હતું, જ્યારે આફ્રિકાની સુવર્ણતુલાનું સોનું ૯૩૦૮ તોલા થયું હતું. આ સઘળું સોનું પોતાના મુરીદોની ભલાઈ માટે તેઓ નામદારે ભેટ આપ્યું હતું.

## આફ્રિકાના વર્તમાનપત્રોના વિચારો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ. ની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે સમસ્ત આફ્રિકાના ઇસમાઇલીઓમાં પારાવાર ખુશાલીની લાગણી પ્રગટી નીકળી હતી. એટલુંજ નહિ પરંતુ પૂર્વ આફ્રિકાના જુદા જુદા સ્થળોએ યુરોપિયન, આરબ, હિંદી, મુસ્લિમ તેમજ બધારે વર્ણના લોકોએ તેઓ નામદારનું જે અપૂર્વ સન્માન કર્યું, તેથી બહારની દુનિયાના લોકો છક થઇ ગયા હતા. આફ્રિકાના અગ્રગણ્ય વર્તમાનપત્રોએ પણ આ પ્રસંગે ઘણો રસ લીધો હતો અને તેઓ નામદારની પ્રવૃત્તિઓ અને હિલચાલના સમાચારો પ્રગટ કરીને નોંધવા લાયક "એડીટોરીયલ" પણ લખી હતી.

જાન્યુઆરીની તા. ૧૯ મીના મોમ્બાસાથી પ્રગટ થતા, "કેન્યા ડેલી મેઇલ"માં મૌલાના હાઝર ઇમામના જુદી જુદી સેવાઓ અને પ્રવૃતિઓનો ઉલ્લેખ કરી વધુમાં દર્શાવવામાં આવ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબ બ્રિટીશ શહેનશાહતના એક સાચા મિત્ર અને મદદગાર હોવા ઉપરાંત હિંદના પણ શુભેચ્છક છે. હિંદના હક માટે તેમણે રાઉન્ડ ટેબલ કોન્ફરંસમાં સારી લડત ચલાવી હતી. આ ઉપરાંત તેઓ એક

મહાન આંતરરાષ્ટ્રિય વ્યકિત તરીકે પણ નામના મેળવી શકયા છે. જીનીવામાં બેગા થતાં દુન્યાભરના મહાન મુત્સદીઓ વચ્ચે બેસીને તેમણે પોતાની રાજદ્વારી શકિતઓનો પરિચય જનતાને અનેક વખતે કરાવ્યો છે. શસ્ત્ર સન્યાસ પરિષદમાં પણ તેઓશ્રીએ હાજરી આપી યુધ્ધઘેલી યુરોપની પ્રજાઓને યુધ્ધના ભયંકર દાવાનળથી દુર રહેવા ભારપૂર્વક ચેતવણી આપી પોતાના રાજદ્વારી જ્ઞાનની પ્રતિતી કરાવી હતી. પૂર્વ આફ્રિકાના હિંદીઓના હક કે હિત જ્યારે પણ કોઇ ભયમાં આવી પડવાનો પ્રસંગ આવે છે ત્યારે તેઓશ્રી હિંદી કોમના હિતના રક્ષણ માટે પોતાની લાગવગ વાપરે છે. સંસ્થાનવાસી હિંદીઓને જ્યારે પણ તેમની સલાહની જરૂર પડે છે ત્યારે તેઓ હમેશાં ઉદારતાથી મદદ કરતા આવ્યા છે, સંસ્થાનવાસી હિંદીઓ નામદાર આગાખાન સાહેબના ઋણી છે. આમ આ સર્વમાન્ય મહાન આંતરરાષ્ટ્રિય વ્યકિત આજે આફ્રિકાને આંગણે પધારેલ હોઇ અમે તેમનું અને બેગમ આગાખાનનું હાર્દિક સ્વાગત કરીએ છીએ."

## હિંદના સ્વીકારાયલા નેતા—વિશ્વશાંતિના ચાહક.

જાન્યુઆરીની ર૪મી તારીખના "જંગબાર સમાચારે" તેઓશ્રીની અનેકવિધ સેવાઓ અને વિગતો પર પ્રકાશ પાડતાં વધુમાં ઉમેર્યું હતું કે "નામદાર આગાખાન સાહેબ ફકત ઇસમાઇલી કોમના દીની વડા છે, એટલુંજ નહિ પણ જગતની મહાન વ્યકિતઓ અને આ સદીના મુત્સદીઓમાંના એક છે. તેઓ નામદારના મુરીદો લાખોની સંખ્યામાં દુનિયાના દરેક ભાગમાં પ્રસરેલા છે અને સામાન્ય રીતે જગતના અને ખાસ કરીને હિંદના સ્વીકારાયલા મુસ્લિમ નેતા છે." એ ઉપરાંત "ઝાંઝીબાર વોઇસ"માં જાન્યુઆરીની તા. ૩૧ના લખ્યું હતું કે "નામદાર આગાખાન પોતાના મુરીદો પર અપાર સત્તા ધરાવે છે અને દરેક હિંદી કોમ પર અજોડ પ્રભાવ ધરાવે છે. તેમનો વેગ તેનાથી પણ આગળ જાય છે, છેલ્લા થોડા દિવસોમાં એ વસ્તુ સ્પષ્ટ થઇ હતી કે તેમના વ્યકિતત્વનો પ્રભાવ સામાન્ય રીતે મુસ્લિમ આમ તેમજ યુરોપિયનો પર પણ જબરજસ્ત પ્રમાણમાં પડે છે." જાન્યુઆરીની તા. ૮મીના "ધી ટાન્ગાનીકા ઓપીનીયને" લખ્યું હતું કે: શસ્ત્રબંધી કોન્ફરંસ અને રાષ્ટ્રસંઘના પ્લેટફોર્મ પરથી તેમની ખુલ્લી અને નિખાલસ દિલની વાતો, તેઓ જગત શાંતિના કેવા ચાહક છે, એ દર્શાવી આપે છે. યુરોપનાં ક્ષિતિજમાં યુધ્ધના વાદળો ઘેરાય છે તેવે વખતે આપણને તેઓ નામદારના શબ્દો યાદ આવે છે: "બીજા મહાયુધ્ધમાં આંધળીયા ન કરવા માટે આજે હું યુરોપને સમજાવી રહ્યો છું. સને ૧૯૧૪–૧૮નું મહાયુધ્ધ એ ભયંકર આફતજ હતી. બીજું મહાયુધ્ધ થશે તો જગતની સંસ્કૃતિનો નાશ કરશે."

## નાઇરોબીથી મૌલાના હાઝર ઇમામનો બ્રોડકાસ્ટ સંદેશો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ માર્ચ મહિનાની તા. ૧૦મીએ સાંજના મેસર્સ કેબલ એન્ડ વાયરલેસ લીમીટેડના નાઇરોબી ખાતેના બ્રોડકાસ્ટીંગ સ્ટેશન પરથી, આફ્રિકાથી વિદાય થતી વેળાએ એક યાદગાર સંદેશો બ્રોડકાસ્ટ કર્યો હતો, જેમાં તેઓ નામદારનું "ગોલ્ડન જ્યુબિલી પ્રવાસ" દરમ્યાન રાજ તથા પ્રજા બન્નેએ ભારે હર્ષભેર અપૂર્વ સ્વાગત કર્યું હતું, તેના માટે તેમજ આગેવાનોએ પ્રશંસનીય ભવ્ય મેળાવડાઓ યોજ્યા હતા અને ફતેહમંદી સાથે પાર ઉતરેલી સુવર્ણતુલા વિધિ માટે ધન્યવાદ આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે:

"ઇમામતની ગાદીએ મારી તખ્તનશીનીની ગોલ્ડન જ્યુબિલી ઉજવવા માટેની અમારી આફ્રિકાની પધરામણી દરમ્યાન અમારૂં ભવ્ય અને મહોબ્બતભર્યું સ્વાગત કરવામાં આવ્યું છે, તે માટે આફ્રિકાના સઘળા મારા પ્યારા રૂહાની બાળકોને સર્વથી પહેલાં મારા હૃદયના ઉંડાણમાંથી ધન્યવાદ આપું છું. મોમ્બાસા ખાતેના મારા આગમનથી લઇને કમ્પાલાથી હું વિદાય થાઉં, તે દરમ્યાન નોખાનોખા પ્રસંગોએ જે પુષ્કળ સલાહ સુચનાઓ આપી છે તે કાળજીપૂર્વક વાંચી જઇ તેને પાચન કરવાની હું તેમને ભલામણ કરૂં છું. કાળજીભર્યાં વિચાર કર્યા પછીજ આ શિખામણો મેં આપી છે અને અત્યારે અત્યંત વિશાળ અને નિરનિરાળા બની ચુકેલા મારા જીવનના સઘળા અનુભવ મારી એ સઘળી ભલામણોમાં રહેલા છે.

"પૂર્વ આફ્રિકામાંની સઘળી યુરોપિયન, અરબ, હિંદુ, ક્રિશ્ચીઅન, મુસ્લિમ, આફ્રિકન કોમોના સભ્યોને ધન્યવાદ આપવાની આ તક હું લઉં છું. જેઓ સઘળાઓએ અમારૂં અત્યંત ખરા હૃદયની માયા અને કાળજીથી સ્વાગત કર્યું છે." ત્યારપછી તેઓ નામદારે છેલ્લા ૧૦ વર્ષ દરમ્યાન પૂર્વ આફ્રિકામાંની આફ્રિકન વસ્તીની સ્થતિમાં થયેલા સુધારા વિષે રાજકર્મચારીઓને અભિનંદન આપ્યા હતા.

## મૌલાના હાઝર ઇમામ કિસુમુ ભણી—ભાવભરી વિદાય.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતની મસનદે બિરાજવાના પચાસ વર્ષની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણીની મુખ્ય ક્રિયા માર્ચ માસની તા. ૧લીના દિને ભારે દબદબાથી હજારો લોકોની હાજરી વચ્ચે નાઇરોબી ખાતે પરિપૂર્ણ થયા પછી લગભગ ૧૨ વર્ષના ગાળા બાદ તેઓ નામદારે આફ્રિકામાં કદમ મુબારક કરેલા હતા, જેથી એ મુદ્દત દરમ્યાન ચાલુ ઝમાનાને બરના સુધારા પોતાના મુરીદોની કોમમાં દાખલ થયેલા જોવાની તેઓ નામદારની નિરંતર ઇચ્છા હોઇને એ કાર્ય માટે થોડો વધુ વખત તેઓશ્રી નાઇરોબી રોકાઇ રહ્યા હતા; જે દરમ્યાન તેઓ નામદારની હાજરીમાં તેમજ તેઓ નામદારના ઓનરરી પ્રાઇવેટ સેક્રેટરી શેઠ અલીમહમદ મકલાઇના પ્રમુખપદ હેઠળ કેળવણી વિષયક, રિફોર્મસ તેમજ ઇકોનોમિક વિગેરે કેટલીક કોન્ફરંસ ભરવામાં આવી હતી. તેમાં અમુક કાર્યક્રમ નક્કી કર્યા પછી બીજું કામકાજ પતાવી તેઓ નામદાર બેગમ સાહેબા સાથે યુરોપ વિદાય થવા પહેલાં કિસુમુ અને કમ્પાલાની મુલાકાત લેવા નાઇરોબીથી માર્ચની તા. ૧૧મીના સવારના પહોરમાં વિદાય થયા હતા. ઇસમાઇલી આગેવાનો અને સંભાવિત જનોએ તેઓશ્રીને ભાવભરી વિદાય આપી હતી. કિસુમુના વિમાની મથકે આવી પહોંચતા તેઓ નામદારનો ઉમળકાભર્યો સત્કાર થયો હતો.

મૌલાના હાઝર ઇમામને કિસુમુ ટાઉનશીપ કમિટી, મુસ્લિમ એસોસિએશન અને ઇસમાઇલીઆ કાઉન્સીલે માનપત્રો અર્પણ કર્યા હતા. તા. ૧૨મીને શુક્રવારના સાંજે ધી ઇન્ડીઅન નેશનલ એસોસિએશન તરફથી મરહુમ આલીજાહ મામદભાઇ કાસમ મેમોરિયલનો પાયો નાખવાની ક્રિયાને લગતો એક સાર્વજનિક વગદાર મેળાવડો યોજવામાં આવ્યો હતો, જેમાં તેઓ નામદારે પોતાના શુભ હસ્તે "મેમોરિયલ હોલ"નો પાયો નાખવાની ક્રિયા કરી હતી. ઉપરાંત પ્રોવિન્શીયલ કમિશ્નર તરફથી એક ભવ્ય ટીપાર્ટી તેઓ નામદારના માનમાં યોજવામાં આવી હતી. એ પાર્ટીમાં ૧૦૦૦ માણસો હાજર રહ્યા હતા.

## કમ્પાલામાં શુભાગમન—ઉમળકાભર્યો સત્કાર—માનપત્રોનું ભવ્ય સંમ્મેલન.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ કિસુમુ ખાતેનો પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી ખાસ એરોપ્લેન દ્વારા કમ્પાલા ભણી રવાના થઇ તા. ૧૨મીના દિને સાંજે ચાર વાગે એન્ટેબી ખાતે આવી પહોંચ્યા હતા, જ્યાં નામદાર ગવર્નરના ચીફ સેક્રેટરી ઓન. મેરીક તેમજ ઇસમાઇલી કોમના અગ્રેસરો તથા સંભાવિત જનો તેઓ નામદારને આવકાર આપવા માટે હાજર રહ્યા હતા.

૩૨ વર્ષ જેટલા એક લાંબા યુગ જેવા ગાળા પછી મૌલાના હાઝર ઇમામની કમ્પાલા ખાતે મુબારક પધરામણી થઇ હોવાથી આખુંય કમ્પાલા તેઓ નામદારનું શાનદાર સ્વાગત કરવા માટે આનંદમાં ગરકાવ થઈ ગયું હતું, પરંતુ કમ્પાલાના ઇતિહાસમાં અન્ય એક યાદગાર પ્રસંગની વ્યવસ્થા તા. ૧૪મીને રવિવારના શુભ દિને સેન્ટ્રલ સીનેમામાં કરવામાં આવી હતી, જ્યાં યુગાન્ડાના ઓન. ધી પ્રોવિન્શીયલ કમિશ્નર એ. એચ. કોક્ષના પ્રમુખપદ હેઠળ મુસ્લિમ એસોસિએશન, ઇસમાઇલી કાઉન્સીલ અને ઇસમાઇલી બાનુઓની કમિટી=લેડીઝ કમિટી તરફથી મળી ત્રણ માનપત્ર અર્પવામાં આવ્યા હતા. આ એક સાર્વજનિક મેળાવડો હતો. જેમાં સર્વ કોમ, વર્ણ અને ધર્મના નગરજનો, આગેવાનો અને સંભાવિત નર નારીઓને ખાસ આમંત્રવામાં આવ્યા હતા. આખું થિયેટર અઢારે વર્ણની જનતાથી ખીચોખીચ ભરાઇ ગયું હતું. મૌલાના હાઝર ઇમામ પધારતાં તેઓ નામદારને ખુશાલીના પોકારોથી વધાવી લેવામાં આવ્યા હતા.

## કેળવણી—સાયન્સને અપનાવી સહકારથી આગળ વધવાની સલાહ.

પ્રોવિન્શીયલ કમિશ્નર ઓનરેબલ મી. કોક્ષે આવકાર આપી પ્રસંગોચિત વિવેચન કરી, વધુમાં ઉમેર્યું હતું કે મૌલાના હાઝર ઇમામે "બ્રોડકાસ્ટ" કરેલું ભાષણ "જો હું સરમુખત્યાર હોઉં તો" સાંભળવાનું મને માન મળ્યું હતું અને ખરૂં કહું તો પૂર્વ અને પશ્ચિમના દેશોના તેઓ નામદારના બહોળા અનુભવના કારણે એ વિષય ઉપર બોલવાની તેઓશ્રી પુરેપુરી યોગ્યતા ધરાવે છે, એટલુંજ નહિ પણ ખુદ સરમુખત્યાર થવા જેટલા ખરેજ તેઓ નામદાર સર્વથા લાયક છે. સઘળા માનપત્રો વંચાઇ રહ્યા બાદ મૌલાના હાઝર ઇમામે સઘળાઓને પોતાના પ્રત્યે દર્શાવેલી લાગણી માટે ધન્યવાદ આપી લેડીઝ કમિટીના માનપત્રના સંબંધમાં ઉલ્લેખ કરતાં, સ્ત્રી કેળવણીની જરૂરિયાત, બેબી હેલ્થ=બાળ આરોગ્ય, ચાઇલ્ડ વેલફેર=બાળહિત અને પુરતા પ્રમાણમાં બચ્ચાંઓને કેળવણી આપવાની ભારપૂર્વક ભલામણો કરી હતી.

મુસ્લિમ એસોસિએશનના માનપત્રના જવાબમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, "એક વખત એવો હતો કે જ્યારે ઇસ્લામની સર્વોપરી સત્તા જગત ઉપર હતી તે સમયે ઇસ્લામી સંસ્કૃતિ સંપૂર્ણ સ્વરૂપમાં ખીલી હતી. પાછળથી ઝમાનો બદલાતો ગયો અને ઝમાનાને અનુસરતી તાલીમ મેળવવામાં તેઓ નિષ્ફળ નિવડયા, પરિણામે ઇસ્લામનું પતન થયું. આજે મિસર, અફઘાનિસ્તાન અને તુર્કસ્તાન વિગેરે દેશો પ્રગતિ કરી રહ્યા છે, તેમનું મુસ્લિમોએ અનુકરણ કરવું જોઇએ, ખાસ કરી કેળવણી અને સાયન્સ=વિજ્ઞાનને અપનાવી ફિરકાબંધીના ખ્યાલને ફગાવી સહકારથી આગળ વધવા પ્રયત્ન કરશો તો જરૂર પ્રગતિ થઇ શકશે." ઇસમાઇલીયા કાઉન્સીલના જવાબમાં તેઓ નામદારે નાયરોબીમાં મળેલી રિફોર્મ્સ, ઇકોનોમિક અને એજ્યુકેશનલ કોન્ફરન્સ"માં થયેલા ઠરાવો પ્રત્યે તુરત પુરતું લક્ષ આપી પ્રગતિ કરવા ભારપૂર્વક ભલામણ કરી હતી. વધુમાં તેઓ નામદારે સરમુખત્યારીનો

જે ઉલ્લેખ કરવામાં આવ્યો હતો તે પ્રત્યે ઇશારો કરતાં જણાવ્યું હતું કે: "મારી સલાહ પ્રત્યે એ સમયે ધ્યાન અપાયું હોત તો આજના વખતમાં થઇ રહેલી ભારે શસ્ત્રબંધીની જરૂરત ન રહેત." એ ઉપરાંત વઝીર હસનભાઇ કાસમ લાખાએ તેઓ નામદારના માનમાં, ઇમ્પીરીઅલ હોટેલમાં એક ભવ્ય લંચ પાર્ટી પણ આપી હતી.

## આફ્રિકામાં મૌલાના હાઝર ઇમામની ગંજાવર સખાવતો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઉદાર સખાવતોનો ઝરો હમેશાં ધોધમાર વહેતો રહ્યો છે. આફ્રિકા ખાતે ચાલુ રહેલી શાળાઓ, કલબો, દવાખાનાઓ, પ્રસુતિગૃહો, મુસાફરખાનાઓ, અનાથાશ્રમો, બોર્ડીંગ હાઉસો, વિધવાશ્રમો અને લાઇબ્રેરીઓ વિગેરે જુદી જુદી સંસ્થાઓ તેઓ નામદારની લાખો શીલીંગોની વાર્ષિક ગ્રાન્ટોથી ચાલી રહી છે, એ હવે કોઇથી અજાણ્યુ નથી. એ ઉપરાંત તેઓ નામદાર પોતાના મુરીદોની બહેતરી માટે તેમજ આમ જનતાના ફાયદાઓ માટે પણ વારંવાર લાખોની સખાવતો કરતા રહ્યા છે. તેઓ નામદારે પોતાની ઇમામતની ગોલ્ડન જ્યુબિલીના સગનવંતા અવસરે આફ્રિકામાં, જુદે જુદે સ્થળોએ પોતાની કરમબક્ષિશથી નવાઝિશ કરેલી ઉદાર બક્ષિશોનો આંકડો પણ ઘણો ગંજાવર છે.

મૌલાના હાઝર ઇમામની એ સખાવતોમાં જાહેર થયેલી રકમોમાં શીલીંગ ૫૦,૦૦૦ આગાખાન્સ બોયઝ સ્કુલ બિલ્ડીંગ માટે, ૨૫,૦૦૦ ગર્લ્સ સ્કુલ માટે, ૨૫,૦૦૦ નરસરી સ્કુલના માટે, ૩૫,૦૦૦ કલબો માટે, ૨,૦૦૦ ટાંગાનીકા પોલીસ ફંડમાં, ૨૦૦૦ અંજુમને ઇસ્લામીયાને, ૫૦૦ આફ્રિકન એસોસિએશનને, ૫૦૦ અલજમીયા ઉમુમીયા એસોસિએશનને, ૫૦૦ જામેઅ મસ્જિદને, ૧,૦૦૦ શહેનશાહ પંચમ જ્યોર્જ મેમોરિયલ ફંડમાં આપેલી બક્ષિશોનો પણ સમાવેશ થાય છે.

નાઇરોબી ખાતે ઇસ્ટ આફ્રિકન વેલ્ફેર સોસાયટીને શીલીંગ ૨૦,૦૦૦ અને મોમ્બાસાની મુસ્લિમ એસોસિએશનને શીલીંગ ૨,૦૦૦ અને 'લીગ ઓફ મરસી=માનવદયા સંઘ'ને ૧,૦૦૦ અર્પવાની નવાઝિશ ફરમાવી હતી. નાઇરોબીથી સિધાવતી વેળાએ કેન્યાના મુસ્લિમોની માંગણીથી તેઓ નામદારે શીલીંગ ૨૦,૦૦૦ તબ્લીગ માટે આપ્યા હતા. કોમની કેળવણીનું ધોરણ ઉંચુ બનાવવા પૂર્વ આફ્રિકાને આપવામાં આવતી ૧૧,૫૦૦ પાઉંડની ગ્રાન્ટ વધારીને પાઉંડ ૧૫,૦૦૦ (શીલીંગ ત્રણ લાખ)ની ગ્રાન્ટ આપવાની તેઓ નામદારે નવાઝિશ ફરમાવી હતી.

## નામદાર વલીઅહદની મુંબઇમાં પધરામણી—ગુવાદર અને કરાચીમાં દિલોજાન આવકાર.

મૌલાના હાઝર ઇમામના વલીઅહદ નામદાર શાહઝાદા આકા અલીખાન સાહેબ અને પ્રિન્સેસ અલીખાન ઇ. સ. ૧૯૩૮ના જાન્યુઆરીની તા. ૨૬મીના દિને સવારના ૭ વાગે ગુવાદરના વિમાની મથકે આવી પહોંચતાં, મસ્કતના સુલતાનના ગવર્નર, બ્રિટીશ એજન્ટ, શહેરના સંભાવિત ગૃહસ્થો તેમજ ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારને ભાવભિનો આવકાર આપ્યો હતો. જમાત માટે બાંધવામાં આવેલ મંડપમાં પધારતાં વૉલન્ટીયર અને સ્કાઉટ બેન્ડે સલામી આપી હતી. ત્યારપછી તેઓ નામદારને માનપત્ર પણ અર્પણ કરવામાં આવ્યું હતું. જેના જવાબમાં તેઓ નામદારે કેળવણી, કરકસર વિગેરે બાબતો પર કેટલીક વ્યવહાર કિંમતી સુચનાઓ આપી હતી.

એજ દિને બપોરના ૩–૩૦ કલાકે તેઓશ્રી કરાચીના વિમાની મથકે આવી પહોંચતાં કરાચીની ઇસ્માઇલી જમાતો તરફથી તેઓ નામદારને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. વિમાની મથકને વાવટા તોરણોથી સારી રીતે શણગારવામાં આવ્યું હતું અને એક ખાસ મંડપ પણ ઉભો કરવામાં આવ્યો હતો. ઇસ્માઇલી ઉપરાંત પચરંગી કોમની હાજરી ખેંચાણકારક હતી, આશરે ૧૦,૦૦૦ની લોકમેદની એકઠી થઇ હતી.

જાન્યુઆરીની તા. ૨૭મીના દિને નામદાર વલીઅહદ અને પ્રિન્સેસ અલીખાન બપોરે બે વાગે જુહુના વિમાની મથકે સ્પેશીયલ ચાર્ટર કરેલા એરોપ્લેન મારફત આવી પહોંચ્યા હતા. મુંબઇના ઇસ્માઇલી આગેવાનોએ તેઓ નામદારને હરખભર્યો આવકાર આપ્યો હતો. પરોણાઓ માટે, વિમાની મથકના ગાર્ડનમાં તૈયાર કરેલા શણગારેલા સુશોભિત 'હટ'માં પધારતાં, સઘળાઓએ ઉભા થઈ તેઓ નામદારને આવકાર આપ્યો હતો. ત્યારપછી મુંબઇની જમાત તરફથી તેઓ નામદારને માનપત્ર અને હારતુરા અર્પણ કરવામાં આવ્યા બાદ તેઓ નામવર મલબાર હિલ પરના બંગલા ભણી સિધાવી ગયા હતા.

માર્ચ મહિનાની તા. ૧૨મીના દિને મુંબઇના રેસકોર્સના લોન પર ઇસ્માઇલી જમાતો તરફથી નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબના માનમાં એક ભવ્ય ગાર્ડન પાર્ટી આપવામાં આવી હતી. એજ મહિનાની તા. ૧૪મીના દિને એક વગદાર મેળાવડા સન્મુખ તેઓ નામદારે મૌલાના હાઝર ઇમામની મુબારક ગોલ્ડન જ્યુબિલીની યાદગીરીમાં બંધાવવામાં આવેલ, ઇસ્માઇલીઓનાં ગૌવરરૂપ મનાતી કો–ઓપરેટીવ બેન્કની ભવ્ય ઇમારતની ઉદઘાટન ક્રિયા કરી હતી. એ ઉપરાંત તેઓ નામદારે મુંબઇ અને પરાંઓનાં ઇસ્માઇલી બાળ બાળાઓને કુપરેજના વિશાળ મેદાનમાં એક શાનદાર "પીકનીક પાર્ટી" આપી હતી, જેમાં રમતગમતોનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો. તેઓ નામદારે કાઠિયાવાડની પણ મુલાકાત લીધી હતી.


## મૌલાના હાઝર ઇમામ યુરોપ ભણી—શામના ઈસ્માઈલીઓને ઈમામના દીદાર.

માર્ચ મહિનાની તા. ૧૬મીના રોજે રાતના યુગાન્ડાના સરકારી મહેલમાં એક "ડીનર" યોજવામાં આવ્યું હતું, જે વેળા યુગાન્ડાની ધારાસભાના અને એકઝેકયુટીવ કાઉન્સીલના સઘળા મેમ્બરોએ મૌલાના હાઝર ઇમામ અને બેગમ સાહેબાને વિદાય આપી સફર સફળ ઇચ્છી હતી.

તેઓ નામદાર તા. ૧૭મીના દિને યુરોપ ભણી સિધાવનાર હોઇ, વહેલી સવારના ૩ વાગે તેઓશ્રીની સફર સફળ ઇચ્છવા સરકારી અમલદારો, સંભાવિત સદગૃહસ્થો અને ઇસ્માઇલી આગેવાનો વિમાની મથકે હાજર રહ્યા હતા. તેઓ નામદારે, લીગ ઓફ નેશન્સ–રાષ્ટ્રસંઘ અને તાજપોશીની ક્રિયા માટે જવાની જરૂરિયાત દર્શાવીને જમાતોથી જલ્દી છુટા પડવા માટે દિલગીરી જાહેર કરી હતી. તેઓ નામદારનું વિમાન બરાબર પાંચ વાગે રવાના થયું હતું.

મિસરના અખબારે જણાવ્યું હતું કે હિંદ, ઇરાન, સુરીયા, શામ, દક્ષિણ તથા પૂર્વ આફ્રિકા, મિસર વિગેરેમાં વસતી મહત્વની ઇસ્માઇલી કોમના રહેબર વાલા હઝરત સર સુલતાન મુહમ્મદ શાહ નામદાર આગાખાન સાહેબ પૂર્વ આફ્રિકાની પોતાની બે માસની મુસાફરી કરી મિસર ખાતે પાછા ફરતાં તેઓ નામદારનું તથા પ્રિન્સેસ બેગમ આગાખાન સાહેબનું અત્યંત ભવ્ય સન્માન કરવામાં

MOWLANA HAZAR IMAM in the traditional costume of Indian Princes, accompanied by H. H. The Maharaja Jam Saheb inspecting the "Guard of Honour" at Jamnagar-Kathiawad.



જામનગર-કાઠિયાવાડ ખાતે નામદાર મહારાજા જામ સાહેબ સાથે **મૌલાના હાઝર ઇમામ** રજવાડી લીબાસમાં "ગાર્ડ ઓફ ઓનર" ની તપાસ લઇ રહ્યા છે તેનું એક દ્રશ્ય.

MOWLANA HAZAR IMAM on the occasion of Coronation of King George VI. The picture shows MOWLANA HAZAR IMAM with Lord and Lady Furness.



મૌલાના હાઝર ઇમામે જ્યોર્જ છઠ્ઠાની તાજપોશીની ક્રિયામાં ભાગ લીધો હતો તે પ્રસંગે, લોર્ડ અને લેડી ફરનેસ સાથે શાહી પોશાકમાં ઉભેલા આ ચિત્રમાં નજરે પડે છે.

(જાઓ પાનું ૬૨૬)

આવ્યું હતું. મિસરના નિવાસના બે દિવસ દરમ્યાન લોકો તેમજ સંભાવિત નગરજનો તરફથી પુષ્કળ ખાતરબરદાસ કરવામાં આવી હતી. તેઓ નામદારના દીદારના અભીપાન માટે શામ, સુરિયાના કેટલાક ઇસમાઇલીઓ પણ મિસર આવ્યા હતા, જેઓને તેઓ નામદારની મુલાકાતનું સદભાગ્ય પ્રાપ્ત થયું હતું.

## નામદાર શહેનશાહની તાજપોશી.

લંડનના એક વર્તમાન પત્ર "ઇવનીંગ ન્યુઝ"માં જણાવવામાં આવ્યું હતું કે, નામદાર શહેનશાહની તાજપોશી સમયે દરેક દેશનો એક પ્રતિનિધિ મોકલવામાં આવશે, છતાં શાહી ખાનદાનના વંશજોને નામદાર શહેનશાહ તરફથી અંગત આમંત્રણ આપવામાં આવ્યા હતા. કેનેડાના પ્રતિનિધિ તરીકે મી. મેકેન્ઝી કીંગ અને મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબને ઓફિશીયલી આમંત્રણ આપવામાં આવ્યું હતું.

## અરબી વર્તમાનપત્ર "અલ-ઐય્યામ"ની નોંધ.

શામના પાટનગર દમિશ્કથી પ્રગટ થતાં સુપ્રસિધ્ધ અરબી વર્તમાનપત્ર "અલ-ઐયામ"ના એપ્રીલની તા. ૩જીના અંકમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. વિષે એક લેખ પ્રગટ કરવામાં આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે "તેઓ નામદારનું નામ મુહમ્મદ શાહ આગાખાન છે. તેઓશ્રીના પિતાશ્રી અલીશાહની વફાત થઇ ત્યારે તેઓશ્રીનું માત્ર વય સાત વર્ષનું હતું અને તે સમયથી તેઓ નામદાર ઇસમાઇલીઓના વંશપરંપરાના સરદાર થયા અને પોતાના વડીલોની ગાદી ઉપર બિરાજ્યા. તેમની વંશાવળી હઝરત અલી બિન અબુ તાલિબ અ. સુધી બરાબર પહોંચે છે. તવારિખો તપાસતાં જણાય છે કે તેમના વડીલોએ મિસર ઉપર વર્ષો સુધી રાજ્ય કર્યું હતું અને બની ફાતિમી ઇમામોના નામથી મશહુર થયા હતા. તેઓ નામદાર પોતાના ઉંચા ગુણોને લીધે ઘણા વિખ્યાત થયા છે એ ગર્વ લેવા જેવી વાત છે અને તેઓ ઇસ્લામી સેવાઓ ખુશાલીની લાગણીથી હિંમતભેર બજાવવા હમેશ તૈયાર રહે છે. ઇસ્લામના વાવટાને હિંદ અને તેના અતરાફમાં તેઓ નામદારે ઉડતો કર્યો છે. તેઓ નામદારના પ્રયત્નોથી હજારો લોકો ઇસ્લામનું મહત્વ સમજતા શિખ્યા છે અને ઇસ્લામ સ્વીકાર્યો છે.

"તેઓ નામદારના ઉત્તમ કાર્યો ગણાવવામાં આવ્યા છે તેમાં એક તકદીરની અજાયબી પણ છે એટલે તેઓ નામદાર જે રકમો આપે છે તે નિખાલસતાથી આપે છે અને માગ્યા વગર તેઓ નામદાર ભલા કાર્યોમાં નાણાં આપતા રહે છે. મસ્જિદુલ-અકસાંના સમારકામના કાર્ય માટે ચાલીસ હજાર (૪૦,૦૦૦) રૂપીયાની ગંજાવર રકમ તેઓ નામદારે આપી હતી. એ પણ જાણીતી વાત છે કે તેઓ નામદારે પોતાની જીંદગીમાં કદીપણ માદક વસ્તુઓને હાથ અડાડયો નથી અને પોતાના મુરીદોને પણ તેનાથી દુર રહેવાની હમેશાં શિખામણ આપતાં રહ્યા છે અને તેના નુકશાનો તેઓશ્રી દર્શાવતા રહે છે. આપના પુત્ર અમીર અલીશાહ છે, જેમની વય હાલમાં ૨૫ વર્ષની છે. આપ નામદારના તેઓશ્રી "વલીઅહદ" છે. આપના માતુશ્રી શમ્સુલ-મુલ્ક વિદ્યમાન ઇરાનના બાદશાહોની નબીરીઓમાંના એક છે."

## રાષ્ટ્રસંઘમાં મિસર—મૌલાના હાઝર ઇમામના ઉદગારો.

"રાષ્ટ્રસંઘ"—લીગ ઓફ નેશન્સમાં મિસરના જોડાણને વધાવી લેતાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ જણાવ્યું હતું કે: હિંદની નજરે લીગમાં જોયેલો કોઇપણ વધારો

એટલો અર્થસૂચક હોઇ શકતો નથી કે જેટલો મિસરના દાખલ થવાથી થયો છે, કારણ કે, પૂર્વ અને પશ્ચિમના દેશોને જોડાણ કરનારૂં સ્થાન મિસર છે. ઇતિહાસમાં નોંધાયલા હજારો વર્ષોથે જુની સંસ્કૃતિ (Civilization) વાળા હિંદ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમ બન્ને દેશોની સંસ્કૃતિની સમાન ઇજીપ્ત ધરાવે છે અને તેથી આપણી મંત્રણામાં તે ખચીત આપણને મદદકર્તા થઇ પડશે એટલુંજ નહિ પણ જે ઘટના આપણે અત્યારે રચી રહ્યા છીએ તે હિંદીઓના લક્ષ્યબિંદુ અનુસાર એ કરતાંયે વધુ અર્થસૂચક છે. આજે ગ્રેટબ્રિટનની હિમાયતથી મિસરે પોતાનું પ્રાચીન કિર્તીવંત સાર્વભૌમપણું ગ્રહણ કરી લીધું છે, એ બિના તેની સર્વોપરીપણાને મહોર મારે છે અને બ્રિટનના બળવાન ટેકાથી મિસર આજે એક એવો દેશ બન્યો છે કે જેની અસર કોઇપણ દિર્ઘદ્રષ્ટિવાળા હિંદીની મનસૃષ્ટિ ઉપર થયા વિના રહે નહિ! અને કંઇ નહિ તો હિંદના આઠ કરોડ મુસ્લિમોમાંથી મારા જેવો એક મુસ્લિમ એ દ્રશ્ય કોઇપણ લાગણી વિના કેવી રીતે નિહાળી શકે? કારણ કે અમારી દ્રષ્ટિએ મિસરીઓ કંઇ પરદેશી કે ત્રાહિતજનો નહિ બલ્કે એક જ સભ્યતા (Culture), એકજ ધર્મ અને જગત સંબંધી એકજ ખ્યાલ ધરાવતા બંધુઓ છે."

## મૌલાના હાઝર ઇમામ ટેલીવીઝન સ્ટુડીયોની મુલાકાતે.


મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ બ્રિટીશ બ્રોડકાસ્ટીંગ કંપનીના લંડન ખાતેના એલેકઝાન્ડ્રા પેલેસમાં આવેલ ટેલીવીઝન સ્ટુડીયોની મુલાકાત લીધી હતી જે દરમ્યાન તેઓ નામદારે પોતાનો ઇન્ટરવ્યુ આપવાની મહેરબાની ફરમાવી હતી. મૌલાના હાઝર ઇમામ કેમેરા સન્મુખ બેસતાં તેઓ નામદારનો આબેહુબ ફોટો સ્ક્રીન પર આવ્યો હતો. વિલાયતથી ત્રણ મુખ્ય શરતો ૧૯૩૫ નાં વર્ષમાં જીતનાર "બહેરામ" તેમજ અન્ય મશહુર ઘોડાઓના માલિક મૌલાના હાઝર ઇમામે એ મુલાકાત દરમ્યાન સ્પોર્ટીંગના ક્ષેત્રમાં પોતે મેળવેલી ફતેહ વિષેનો ઉલ્લેખ કર્યો હતો.

## લીગ ઓફ નેશન્સ એસેમ્બલીની સભા.

સપ્ટેમ્બર મહિનાની તા. ૧૩ મીના લીગ ઓફ નેશન્સ એસેમ્બલીની ૧૮ મી સામાન્ય બેઠક જનરલ કાઉન્સીલ હોલમાં સવારના ૧૧ વાગે મળી હતી. પ્રમુખની ચુંટણી થાય તે દરમ્યાન સ્પેનના પ્રતિનિધિ અને લીગ કાઉન્સીલના પ્રેસીડેન્ટ હિઝ એક્ષેલન્સી જ્યુઆન નેગ્રીન પ્રમુખસ્થાને બિરાજ્યા પછી એસેમ્બલીની ૧૮ મી બેઠક ખુલ્લી મુકાયલી તેઓએ જાહેર કરી હતી. સભાના સરનશીનની દરખાસ્તથી પ્રતિનિધિઓના મુખત્યારનામા સંબંધીનો પોતાનો રિપોર્ટ "ક્રેડેન્શીયલ કમિટી"ના ચેરમેન મોશ્યોર લીમ્બર્ગે રજુ કર્યો હતો, જેમાં જણાવવા મુજબ સઘળા મળીને સેક્રેટરી જનરલ તરફથી બાવન રાજ્યોનાં મુખત્યારનામાં કમિટીને મોકલવામાં આવ્યા હતા, જેમાંથી ૫૦ રાજ્યોની સનદ લીગના ધારા ધોરણ અનુસારની જણાઇ હતી. એસેમ્બલીના કાનુન અનુસાર એ સનદમાંથી ૩૩ પ્રતિનિધિઓના મુખત્યારનામા તેમના રાજ્યો અથવા તેના વડાઓ તરફના હતા જેઓના નામ આ પ્રમાણે છે. :—

અફઘાનિસ્તાન, આર્જેન્ટાઇન, રિપબ્લીક ઓસ્ટ્રીયા, બોલીવીયા, બલગેરીયા, ચીલી, ચીન, કોલમ્બીયા, કયુબા, ઝેકોસ્લાવાકીયા, ડેન્માર્ક, ડોમીનીકલ રિપબ્લીક. એસ્ટોનિયા, ફિનલેન્ડ, ફ્રાન્સ, હૈયતી, લટવીયા, લીથ્યુએનિયા, લ્યુક્ષેમબર્ગ, મેક્ષિકો, નેધરલેન્ડસ, નોર્વે, પનામા, પેરૂ, પોલેન્ડ, પોર્ચુગલ, સિયામ, સ્પેન, સ્વીડન, સ્વિટઝરલેન્ડ, ટર્કી, રશીયન, રિપબ્લીક, યુરૂગ્વે, વિદેશી ખાતાના પ્રધાન અથવા

MOWLANA *HAZAR* IMAM H. R H. THE PRINCE AGA KHAN As the President of the League of Nations.



મોલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ લીગ ઓફ નેશન્સના પ્રેસીડેન્ટ તરીકે

MOWLANA HAZAR IMAM H.R.H. THE PRINCE AGA KHAN was unanimously elected President of the 18th Session of the League of Nations Assembly. MOWLANA HAZAR IMAM is seen in this picture addressing the world Powers at Geneva.





[illegible] જીનીવા ખાતેની અખિલ વિશ્વ રાષ્ટ્રસંઘની એસેમ્બલીના પ્રમુખ

એવીજ સત્તા ધરાવતા સત્તાધારીઓ તરફથી ધોરણસરની સનદ આ રાજ્યોના પ્રતિનિધિઓ તરફથી રજુ કરવામાં આવી હતી: દક્ષિણ આફ્રિકા, આલ્બેનિયા, ઓસ્ટ્રેલીયા, બેલ્જીયમ, યુનાઈટેડ કિંગડમ (ગ્રેટ બ્રિટન અને ઉત્તર આયર્લેન્ડ) કેનેડા, ઈજીપ્ત, હંગેરી, હિંદ, ઈરાક, ઈરાન, આઈરીશ ફ્રી સ્ટેટ; લાયબેરીયા, ન્યુ ઝિલેન્ડ, રૂમાનિયા, વેનિઝુએલા; યુગોસ્લાવિયા.

## મૌલાના હાઝર ઈમામની પ્રેસીડેન્ટ તરીકે ચુંટણી.

એજ દિને સાંજના ૫ કલાકે બીજી મીટીંગ મળી ત્યારે ચેરમેને જણાવ્યું હતું કે રાબેતા મુજબ ચુંટણીનું કાર્ય થવું જોઈએ અને કાર્ય પધ્ધતિના કાનુન મુજબ "છુપા બેલેટ"થી મત નોંધણી થવી જોઈએ. મતગણત્રીનું પરિણામ આ પ્રમાણે આવ્યું હતું: મત આપેલાં રાજ્યોની સંખ્યા ૫૦, છેકછાકવાળા અથવા કોરા મતપત્રકો ૪૯, હિંદના ડેલીગેટ મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ ૪૯ મત મેળવ્યા હતા અને તેટલા માટે તેઓ નામદારને એસેમ્બલીના પ્રેસીડેન્ટ તરીકે જોશભેર તાળીઓના ગગડાટ વચ્ચે જાહેર કરવામાં આવ્યા હતા. ચેરમેને તેઓ નામદારને એ માટે અભિનંદન અર્પતાં પોતાને થએલ ખાસ આનંદ જાહેર કરી ઉમેર્યું હતું કે "આવા એક જગવિખ્યાત પુરૂષ જેઓ એક એવા દેશના પ્રતિનિધિ છે કે જે યુરોપિયન અને અન્ય સભ્યતા (Culture) ઉપર સંસ્કૃતિ વિષયક અસર ધરાવે છે, તેને પોતાના પ્રેસીડન્ટ તરીકે ધરાવવા માટે એસેમ્બલી પોતાને માન મળેલું સમજે છે." ત્યારપછી ચેરમેને તેઓ નામદારની દરેક ફતેહ ઈચ્છી પ્રેસીડન્ટની ખુરશીએ બિરાજવાની અરજ ગુજારતાં મૌલાના હાઝર ઈમામ જોશભેર તાળીઓના વચ્ચે પ્રેસીડન્ટની ખુરશી પર બિરાજ્યા હતા.

## મૌલાના હાઝર ઈમામનું પ્રેસીડેન્ટ તરીકેનું યાદગાર ભાષણ.

"શબ્દોમાં ન દર્શાવી શકાય એવી હૃદયની ઉંડી લાગણીથી હું તમારો આભાર માનું છું. તમોએ મારા દેશ હિંદને મોટું માન આપ્યું છે, અને એ માટેનો મારો હર્ષ નિર્ભેળ છે. આ માન એ દેશને આપવામાં આવ્યું છે કે જેની જીવનની ફિલસુફી લીગ=રાષ્ટ્રસંઘના મુળભુત સિધ્ધાંતો સાથે એકસુર ધરાવે છે અને અનાદીકાળથી ગમે તે સંપ્રદાય અને સંસ્કારના જે દેશના મહાન વિચારકોએ પાશવીક બળની અરાજકતામાંથી મુક્તિનું એક માત્ર દ્વાર કાયદાના આધિપત્યમાં જોયું છે. અત્યારે મારા ઉપર જે જવાબદારીનો ભાર મુકવામાં આવ્યો છે તેનાથી હું સંપૂર્ણ માહિતગાર છું. તમારી શુભેચ્છાઓ તેમજ પ્રજાસંઘ તરફની મારી ભાવભેરી સેવાવૃત્તિથી પ્રેરાઈને હું એ જવાબદારીનો અંગીકાર કરૂં છું અને તમારા સહકારથી એ જવાબદારી આનંદ સહિત અદા કરીશ. જ્યારે હું એ જવાબદારીમાંથી મુક્ત થાઉં, ત્યારે હું ઈચ્છું છું કે મારા પ્રત્યે તમારી શુભેચ્છા એવીજ ભાવભીની રહે."

"ખરેખર આજે પ્રજાસંઘના સઘળા સભ્યોના સહકાર, શુભેચ્છા અને સેવાની જેટલી વધુ જરૂર છે, તેટલી અગાઉ કદીયે ન્હોતી. સત્ય વસ્તુનો સ્વીકાર આપણે દ્રઢતાથી કરવો જોઈએ. જગત આજે દુ:ખકારક રીતે મુશ્કિલીમાં આવી પડ્યું છે."

## પ્રકાશ હમેશાં પૂર્વમાંથી આવે છે—રાષ્ટ્રસંઘના આદર્શો જીવંત છે-જીવંત રહેશે.

"રાષ્ટ્રસંઘ વિના ડાર્ડેનલ્સ અથવા ટર્કીશ વિલાયતના એલેકઝાન્ડ્રેટાના કારોબારી ડીસ્ટ્રીકટના પ્રશ્નની શાંતિમય પતાવટ થઈ હોત ખરી કે? અને રાષ્ટ્રસંઘના પક્ષોનો સતત યાદ રહે તેવો ત્યાગ કરવામાં

આવ્યો છે' છતાં પણ અન્ય પ્રજાઓ રાષ્ટ્રસંઘના દરવાજા ઠોકી રહી છે, એ શું નાની-ઓછી અગત્યની વાત છે. હિંદી ડેલીગેશનની પાંચ વર્ષ પર્યંત દોરવણી કરવાનો મને ગર્વ છે. તે મુદત દરમ્યાન એક મહાન રાજ્ય યુનીયન ઓફ સોવીયેટ સોશિયાલીસ્ટ રિપબ્લીક (રશીયા) સહિત ૭ રાજ્યોને રાષ્ટ્રસંઘમાં દાખલ કરવામા આવ્યા છે. ખરેખર રાષ્ટ્રસંઘનો પહેલવહેલો મને પરિચય થયો તે સમય કરતા અત્યારે મારા જેવા ઇસ્લામીને એ સંઘ વધુ વિશ્વવ્યાપી અને ખરેખર ઉદાર બનેલો લાગે છે અને મને અતિશય આનંદ થાય છે કે પહેલાં ટર્કી, પછી ઇરાક, પછી અફઘાનિસ્તાન અને આ વર્ષે ઇજીપ્તને રાષ્ટ્રસંઘમાં આવકાર આપવાનો મને પ્રસંગ મળ્યો છે.

"આ ખરેખર શુભ શુકનનાં ચિન્હો છે કારણ કે પ્રકાશ હમેશાં પૂર્વમાંથી આવે છે અને એ સત્ય છે કે આખા વિશ્વની માફક રાષ્ટ્રસંઘ પણ મુશ્કિલીઓ વચ્ચેથી પસાર થઇ રહેલ છે અને તેના આદર્શોનું દુ:ખકારક રીતે ખંડન થઈ રહ્યું છે, છતાં એ પણ ઓછું સત્ય નથી કે રાષ્ટ્રસંઘના આદર્શો જીવંત છે; જીવંત રહેશે અને ઇન્શાઅલ્લાહ સફળ બનશે."

સપ્ટેમ્બરની તા. ૨૮મીના દિને લીગ ઓફ નેશન્સ=અખિલ જગત રાજ્ય મંડળનું નવું મકાન ખુલ્લું મુકવાની શુભ ક્રિયા મૌલાના હાઝર ઇમામે પોતાના મુબારક હાથે કરી, એ ઐતિહાસીક યાદગીરીમાં તેઓ નામદારે લીગના સર્વ રાષ્ટ્રોના ડેલીગેટોના સેક્રેટરીઓ અને વર્તમાનપત્રોના સભ્યોને એક પાર્ટી આપી હતી. આ મેળાવડામાં આશરે ૩૦૦૦ શખ્સોએ ભાગ લીધો હતો. આ આંતરરાષ્ટ્રિય સમારંભમાં ૧૦,૦૦૦ પાઉન્ડનો ખર્ચ અડસટવામાં આવ્યો હતો.

## વર્તમાનપત્રોના વિચારો—જગતના સર્વથી નસીબદાર પુરૂષ વિશ્વના વિરલ નાગરિક.

મૌલાના હાઝર ઇમામની લીગ ઓફ નેશન્સની એસેમ્બલીનાં પ્રેસીડેન્ટ તરીકેની ચુંટણીને વર્તમાનપત્રોએ હર્ષ સહિત વધાવી લીધી હતી. "ઇવિનીંગ ન્યુઝે" એ વિષે પોતાની મુખ્ય નોંધમાં દર્શાવ્યું હતું કે:—હિઝ હાઇનેસ નામદાર આગાખાન સાહેબ જીનીવા ખાતેની લીગ એસેમ્બલીના પ્રેસીડન્ટ તરીકે ચુંટી કહાડવામાં આવેલા પહેલા વિરલ હિંદી પુરૂષ છે અને એ ચુંટણી સર્વથી સુયોગ્ય છે, કારણ કે "એક મહાન વિશ્વ નાગરિક"ને લાયક સર્વ ગુણો તેઓ નામદાર ધરાવે છે અને દેશપરદેશના આંતરરાષ્ટ્રિય ક્ષેત્રમાં છેલ્લાં અનેક વર્ષો થયાં તેઓશ્રીએ અગ્ર ભાગ ભજવ્યો છે. વર્ષોના વર્ષો પૂર્વની આ વાત છે કે જ્યારે લીટન સ્ટ્રેચીએ નામદાર આગાખાન સાહેબની યુરોપની બ્રિટીશ અને રશિયા વચ્ચેની ક્રિમીયન લડાઇની મુખ્ય નાયિકા "દિપક કુમારી" ફ્લોરેન્સ નાઇટીન્ગેલ સાથે થયેલી મુલાકાતનું વર્ણન કર્યું છે. એ વયોવૃધ્ધ અનુભવી બાનુએ નામદાર આગાખાન સાહેબ સાથે "સુખાકારી" વિષે વાટાઘાટ કરી હતી. યુરોપના મહાન વિગ્રહ અગાઉ પણ તેઓ નામદારે આંતર રાષ્ટ્રિય રાજકરણની રંગભુમિમાં અગ્ર ભાગ ભજવવાનું શરૂ કરી દીધું હતું. તેઓ યુરોપના પ્રવાસ દરમ્યાન જર્મનીના વિખ્યાત શાહી શહેર "પોસ્ટદામ" ખાતે કયસરના મહેમાન તરીકે રહ્યા હતા.

"ત્રણ પ્રસંગોએ લીગ ઓફ નેશન્સની એસેમ્બલીમાં હિંદી ડેલીગેશનના નામદાર આગાખાન સાહેબ લીડર હતા અને હાસ્યથી ઝળહળતા ચહેરા અને સીંગના દાંડાવાળા મોટા ચશ્મા, રૂપેરી કેશ અને દિલસોઝ ભરી "શેક હેન્ડ" કરતાં સફેદ બુટમાં સજ્જિત નામદાર આગાખાન સાહેબનું વ્યક્તિત્વ જીનીવા ખાતે હવે તે

લોકોમાં સુપરિચિત બની ગયું છે. સર્વથી શ્રેષ્ટ પુરૂષોની સમાન કક્ષાથી વધુ અંશે નામદાર આગાખાન સાહેબ "વિશ્વના વિરલ નાગરિક" છે. સરળતાથી ફ્રેન્ચ ભાષામાં લોકો સાથે મહોબ્બત સહિત વાર્તાલાપ કરતાં નીસ કે ડોવીલમાં, અથવા "સફેદ–ટોપર"માં લોકપ્રિય પ્રફુલ્લ વદનવાળા મિલનસાર શખ્સ તરીકે એસ્કોટ ખાતે નામદાર આગાખાન સાહેબને તમો ઝટ ઓળખી લેશો.

"અખિલ જગતના ભાગ્યશાળી પુરૂષ! બેશક જગતના સર્વથી નસીબદાર નર! વળી એ પણ ઉમેરવું જોઇએ કે દુનિયાભરનાં સર્વથી સખ્ત મહેનત કરનારાં શખ્સોમાંના એક! નામદાર આગાખાન સાહેબે જે નવું માન મેળવ્યું છે તેથી મુંબઇમાં વસતા તેઓશ્રીનાં અનેક અનુયાયીઓ, મિત્રો અને પ્રશંસકો ખચીત ખુશી મનાવશે."

મૌલાના હાઝર ઇમામ લીગ ઑફ નેશન્સ એસેમ્બલીના પ્રેસીડેન્ટ તરીકે અતિશય બહૂમતીએ ચુંટાયા, તેમજ નામદાર વલીઅહદ આગા અલીખાન સાહેબને ત્યાં શાહઝાદાની વિલાદત થઇ, એ બન્ને શુભ પ્રસંગોએ તેઓ નામદારના અનુયાયીઓએ દેશ પ્રદેશમાં ધામધુમ સહિત ઉજવણીઓ કરી હતી અને તેઓ નામદારોને મુબારકીઓના તારો મોકલાવ્યા હતા.

## લીગ ઑફ નેશન્સની પુર્ણાહુતિ—મૌલાના હાઝર ઈમામની મક્કમતા અને કાબેલ દોરવણી.

જીનીવાથી ઓક્ટોબર તા. ૭મીના એક સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે "રાષ્ટ્રસંઘની છેલ્લી બેઠક વખતે નામદાર આગાખાન સાહેબે બેઠક દરમ્યાન તંદુરસ્તી, વેપાર, કાયદાઓના સુધારાં, બુધ્ધિ વિષયક સહકાર અને બીજી વસ્તુઓ બાબત વિચાર ચલાવવામાં આવેલું હોવાનું જણાવ્યું હતું. તે ઉપરાંત રાજ્યદ્વારી સવાલો પણ વિચારાયા હતા. દુનિયામાં આવેલી મંદી સામે નાસીપાસ થયા વિના હિંમતભેર તેઓ આગળ વધનાર છે. એસેમ્બલીએ સંજોગો પ્રમાણે આર્થિક અને રાજ્યદ્વારી દિશામાં હાલની હાલત જોઇને પગલાં ભર્યાં છે અને સ્પેન, ચીન જેવા ગંભીર પ્રશ્નો પર હાથ નાખ્યો છે. દુનિયાની એક મોટી જરૂરિયાત મિસાલ લીગ હજુયે ખડી રહી છે.

સુલેહશાંતિ વિના આબાદી આવી નહિ શકે એવું શિક્ષણ હિંદે સદીઓના અનુભવથી પોતાના બાળકને આપ્યું છે, તે લીગને ફાળે પણ જાય એવી તેમણે આશા દર્શાવી હતી. નામદાર આગાખાન સાહેબની ચર્ચા વખતની મક્કમતા અને કાબેલીયતભરી દોરવણી, એક મજબુત હાથ અને ખુલ્લા મગજની ગવાહી પુરી પાડતા હતા. તેઓ નામદારના પ્રમુખપણા માટે સર્વ ઠેકાણેથી મુબારકબાદી મળી છે.

આ સભામાં મહત્વના કામકાજોમાં જાપાને ચીનના નિર્દોષ શહેરીઓની ચલાવેલી કતલ તથા કિલ્લેબંધી વિનાના શહેરો ઉપર નાંખેલા બોમ્બને ધિક્કારી કહાડનારા એક અગત્યના ઠરાવને બાવન રાજ્યોએ ટેકો આપ્યો હતો.

મૌલાના હાઝર ઇમામના એસેમ્બલીની પુર્ણાહુતિ વખતના લીગ એસેમ્બલીના પ્રમુખ તરીકેના ભાષણ પર નોંધ લેતાં, "ટાઇમ્સ ઑફ ઇન્ડીયા"એ જણાવ્યું હતું કે "જગતમાં મંદીનું વાતાવરણ ફેલાયા છતાં કોશિશો વડે માનવી મુશ્કિલીઓને દુર હટાવી શકે એ વાતમાં તેઓ નામદારે વિશ્વાસ દર્શાવ્યો હતો."

વધુમાં નામદાર આગાખાન સાહેબે જણાવ્યું હતું કે, "હિંદુસ્તાને સદીઓના અનુભવને લઇને જગતને શિખવ્યું છે કે 'શાંતિ વિના આબાદી નથી. લીગ પણ એ વાત કબુલ રાખે એમ હું ઇચ્છું છું." હિંદુસ્તાનમાં આવી લાગણીઓનો પ્રતિધ્વની પડે પણ પરદેશમાં ચોતરફ એ વાતને અનુમોદન મળ્યું છે એ આનંદનો વિષય છે. "એસેમ્બલીની સભામાં પ્રેસીડેન્ટ તરીકે નામદાર આગાખાન સાહેબે બહુજ ચાતુર્યતાથી ઘણી મુશ્કિલ ચર્ચાઓ પાર કરી હતી. આ બાબતમાં તેમણે વાપરેલી કુશળતાની ચોતરફ અતિ પ્રશંસા થઇ રહી છે."

વધુમાં તેણે નોંધ લખી હતી કે "મેલ પેપરો જણાવે છે તે અનુસાર નામદાર આગાખાન સાહેબ જીનીવા ગોલ્ફ લીંક ઉપર લોકપ્રિય થઇ પડયા હતા. લંડનનો રમતગમતોની કોલમ લખનાર તેઓ નામદારને (૮ થી ૧૦ વચ્ચેના હેન્ડીકેપવાળા) એક ખંતીલા ખેલાડી તરીકે ઓળખાવે છે."

## મૌલાના હાઝર ઈમામ જરમનીની મુલાકાતે.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અખિલ જગત રાષ્ટ્રસંઘ=લીગ ઓફ નેશન્સનું નાવ જીનીવા ખાતે મળેલી બેઠકોમાં ફતેહમંદીથી દોરવ્યા પછી ભાવિ લડાઇના કારણરૂપ લેખાતા ઇટલી અને જરમનીના વિશ્વશાંતિના માર્ગે દોરવણી કરવાના હેતુસર તેઓ નામદારે જરમન સરમુખત્યાર હેર હિટલરની બચરેસ્ટ ગાર્ડન મધેના નિવાસગૃહમા મુલાકાત લીધી હતી. આ વેળા બરલીનની શાનદાર મસ્જિદમાં પણ તેઓશ્રીએ પધરામણી કરી હતી. તેઓ નામદારે ઇંગ્લેંડના માજી શહેનશાહ હાલના ડયુક અને ડચેસ ઓફ વિન્ડસરની મુલાકાત પણ લીધી હતી અને જરમનીનાં જાણીતા મથકોની મુલાકાતે પણ ગયા હતા.

નવેમ્બરની તા. ૪ થીના લંડનથી મળેલા એક સંદેશા મુજબ મૌલાના હાઝર ઇમામ લંડન ખાતે પધારતાં તેઓ નામદારને બ્રિટીશ સમ્રાટ ૬ ઠ્ઠા જ્યોર્જે લીગ ઓફ નેશન્સ એસેમ્બલીનાં પ્રેસીડેન્ટ તરીકે મુલાકાતનું માન આપ્યું હતું. લંડનના એક વર્તમાનપત્રના પ્રતિનિધિએ તેઓશ્રીની મુલાકાત લેતાં તેઓ નામદારે પોતાનો અભિપ્રાય દર્શાવતાં જણાવ્યું હતું કે "સમાજની પુનઃર્રચના કરવાની જરમનીની તમન્નાએ મારા મન ઉપર ઘણીજ સારી છાપ પાડી છે." એ ઉપરાંત મૌલાના હાઝર ઇમામ અને જરમનીના સરમુખત્યાર હેર હિટલર વચ્ચે થએલી મુલાકાત સંબંધી કેટલીક રસપ્રદ વિગતો પણ બહાર આવી હતી. જર્મન સરમુખત્યારે ઘોડાની શરતની પ્રવૃતિમાં ઉંડો રસ લઇ, સંબાણ ચર્ચા કરી, જર્મનીના ઘોડાની ઓલાદ સુધારવા માટે તેઓ નામદાર પાસેથી એક ઘોડો ખરીદવાની ઇચ્છાથી તેની કિંમત પુછી હતી. મૌલાના હાઝર ઇમામે પાણીદાર ઘોડાની કિંમત ઓછામાં ઓછી ત્રીશ હજાર પાઉંડ થાય એ સાંભળી સરમુખત્યાર સ્તબ્ધ થઇ ગયો હતો. મનની સમતુલા પાછી મેળવી તેણે મૌલાના હાઝર ઇમામને પુછ્યું કે એક ઘોડાના બદલામાં ૪૦ મોટરો સ્વીકારો કે કેમ? મૌલાના હાઝર ઇમામે જવાબ આપ્યો કે "૪૦ મોટરોના કાફલાને હું કરું શું? પીકેડીલી-લંડનમાં મોટરની દુકાન ઉઘાડવાનો મારો કોઇ વિચાર નથી."

## મૌલાના હાઝર ઈમામ હિંદમાં—ખબરપત્રીઓએ લીધેલ ઈન્ટરવ્યુ.

નવેમ્બર મહિનાની તા. ૨૩ મીને મંગળવારના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. વિમાન મારફતે જોધપુર અને તા. ૨૪ મીના જોધપુરથી સ્પેશીયલ ટ્રેન મારફતે મુંબઇ આવી પહોંચતાં તેઓશ્રીના સંખ્યાબંધ મુરીદોએ તેમજ સંભાવિત શહેરીજનોએ તેઓ

નામદારનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. તેઓ નામદારે એક અંગ્રેજી દૈનિકના પ્રતિનિધિને ઇન્ટરવ્યુ આપવાની કૃપા કરી હતી. "આજે રાતના આપ નામદાર ઘણા કામમાં હશો ?" એવો પ્રશ્ન પુછતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "જીનીવામાં મેં એક દિવસમાં વીસ કલાક કામ કર્યું છે."

સવાલોના જવાબોમાં તેઓ નામદારે હિંદુ-મુસ્લિમ એકતા માટે આશા દર્શાવી હતી. વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, હિંદુસ્તાનના સ્વાતંત્ર્યને લગતા વિશ્વના પ્રતિનિધિઓ સમક્ષ રજુ કરેલા મારા વિચારો જેઓને જાણવાની ઇચ્છા હોય તેઓ મિસરને આવકાર આપતાં મેં જે ભાષણ આપ્યું હતું એ ભાષણ વાંચે. છેવટમાં તેઓ નામદારે કોંગ્રેસે ઓધ્ધાની જવાબદારી સ્વીકારી તે બાબત પોતાનો સંતોષ અને આનંદ વ્યક્ત કરી પોતાની સંપૂર્ણ ખાત્રી દર્શાવી હતી કે, "દેશને તેથી સોએ સો ટકા લાભ થશે." ટાઇમ્સ ઓફ ઇન્ડીયાને સંદેશો આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "મને આશા છે કે વિશ્વના યુધ્ધો અને કલહથી હિંદ દુર રહેશે. લોર્ડ હેલીફેક્સ અને જર્મનો વચ્ચેની વાતચીતથી તેઓ નામદારને ખુશી ઉત્પન્ન થઇ હતી."

## ક્ષય રોગ સામે લડત—મૌલાના હાઝર ઈમામની વધુ સખાવત—દેશબંધુઓને અપીલ.

ન્યુ દિલ્હીથી નવેમ્બરની તા. ૩૦ મીના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે, "૩ થી ૬ લાખ જેટલા માનવી ક્ષય જેવા ભયંકર રોગના દર વર્ષે હિંદમાં ભોગ બને છે, તે સામેની લડત હિંદના વાઇસરોય હિઝ એક્ષલન્સી લોર્ડ લીનલીથગોના સમર્થન સહિત નામદાર વાઇસરીન લેડી લીનલીથગોએ જનતા જોગ એક અપીલ કરી ઉપાડી લીધી હતી. નામદાર શહેનશાહ અને શહેનશાહ બાનુએ પાઉંડ ૧૦૦૦ આ ફંડમાં ભર્યા હતા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે આ ફંડમાં રૂા. ૩૦,૦૦૦ ભરી હિંદી જનતા ખાસ કરીને મુસ્લિમો જોગ હેઠળ મુજબની અપીલ બહાર પાડી હતી :—

"હિંદમાંથી ક્ષયરોગનું નામોનિશાન ભુંસી નાખવા માટેની આ કોશિશ, જે હું આશા રાખું છું કે છેવટે સફળ પુરવાર થશે, તેમાં આતુરતાપૂર્વક સહાય આપવા અર્થે કમર કસી બહાર પડવાની હું મારા સરવે દેશબંધુઓને અને ખાસ કરી મારા હમદીન ઇસ્લામી બંધુઓને આગ્રહભરી અપીલ કરૂં છું. આંકડાઓ સાબિત કરે છે તે અનુસાર શહેરની મુસ્લિમ વસ્તી ક્ષયથી ભયંકર રીતે પીડાય છે અને પરદાનશીન બાનુઓમાં તેમજ તેમના બાળકોમાં ક્ષયની બીમારી ખુબ ફેલાયલી છે તેઓ માટે ખાસ પગલાં લેવા આ હિલચાલ ઓરગેનાઇઝ કરનારાઓને હું અપીલ કરૂં છું."

## વડા મુલ્લાંજી સાહેબ તરફની મિજબાની.

ડીસેમ્બરની તા. ૧૨ મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ને નામદાર વડા મુલ્લાંજી સાહેબ સૈયદના તાહેર સયફુદીન તરફથી તેમના પોતાના બંગલે ચાપાર્ટી આપવામાં આવી હતી. જે પ્રસંગે વહોરા કોમના સંભાવિત જનો પણ હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ બરાબર સાડા ચાર વાગે પધારતાં નામદાર વડા મુલ્લાંજી સાહેબે તેઓશ્રીનું ભાવભીનું સ્વાગત કર્યું હતું. ત્યારપછી ગોઠવી રાખેલ એક સુંદર આસન પર તેઓશ્રીએ બેઠક લીધી હતી અને બાજુમાં નામદાર સૈયદનાએ બેઠક

લીધી હતી. મૌલાના હાઝર ઇમામ અને નામદાર શેયદના વચ્ચે જુની મુલાકાતોની ગુફતગુ થતાં મૌલાના હાઝર ઇમામ જ્યારે છ થી સાત વર્ષના હતા ત્યારે પોતાના પિતાશ્રી નામદાર આકા અલીશાહ દાતાર સાથે તે સમયના વડા મુલ્લાંજી સાહેબની મુલાકાત લીધી હતી, તેની જુની યાદ તાજી કરતી વાતોમાં લગભગ પોણો કલાક સુધી ગુંથાએલા રહ્યા હતા. વિદાય વખતે નામદાર વડા મુલ્લાંજી સાહેબે પોતાના મુબારક હાથે મૌલાના હાઝર ઇમામને હાર પહેરાવી સાલગ્રેહની મુબારકી આપી હતી, જે હસતે મુખડે સ્વીકારી તેઓ નામદાર સિધાવી ગયા હતા.

## અહમદનગરમાં મુબારક પધરામણી.

ઇ. સ. ૧૯૩૮ના જાન્યુઆરીની તા. ૧૦મીને સોમવારના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ અહમદનગર ખાતે મુબારક પધરામણી કરતાં, તેઓ નામદારના મુરીદો ઉપરાંત શહેરીજનોએ પણ તેઓશ્રીનું ભાવભીનુ સન્માન કર્યું હતું. મ્યુનિસિપાલીટીના પ્રેસીડન્ટ ખાનબહાદુર દોરાબ એદલજી સી. આઇ. ઇ. તથા અન્ય આગેવાન શહેરીઓએ તેઓ નામદારને ફુલહાર અર્પણ કર્યાં હતા. મૌલાના હાઝર ઇમામે બોર્ડીંગની મુલાકાત પછી મર્હુમ વઝીર ડાહ્યાભાઈ વેલજીની સમાધિસ્થળ પાસે આવીને, તેમના તબ્લીગનાં કાર્યની પ્રશંસા કરી સમાધિસ્થળ સામે "ગુલાબ"નુ એક ઝાડ રોપવા ભલામણ કરતાં ફરમાવ્યું હતું કે "તબ્લીગનું કાર્ય નૂરે મુહમ્મદી" છે. ગુલાબનાં ફુલને "ગુલે મુહમ્મદી" કહે છે, ત્યાર પછી તેઓ નામદાર પુના તરફ વિદાય થયા હતા.

## અલીગઢ યુનિવર્સિટીનું વાર્ષિક કોનવોકેશન—મૌલાના હાઝર ઈમામની રૂપીયા એક લાખની વધુ ઉદારતા.

જાન્યુઆરીની તા. ૨૩મીએ મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ, પ્રો૦ ચાન્સેલર તરીકે અલીગઢ યુનિવર્સીટીની મુલાકાત લીધી હતી. જે વેળાએ તેઓ નામદારને ભારે ઉમંગભર્યો દિલોજાન આવકાર આપવામાં આવ્યો હતો. સવારના ભાગમાં "સ્ટ્રેચી હોલ"માં મૌલાના હાઝર ઇમામના પ્રમુખપણા હેઠળ યુનિવર્સિટીનું વાર્ષિક કોનવોકેશન ભરવામાં આવ્યું હતું જે વેળા લોર્ડ લોધીયન અને રામપુરના નવાબ ઉપરાંત આગેવાન મુસ્લિમ કેળવણીકારોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સભાના પ્રમુખપદેથી રામપુરનાં નામદાર નવાબ સાહેબને એલ.એલ. ડી.ની ઓનરરી ડીગ્રી અર્પણ કરવામાં આવી હતી, જે બિના ધ્યાન ખેંચનારી હતી. ઉપરાંત ૪૦૦ ગ્રેજ્યુએટોને ડીગ્રીઓ ઇનાયત કરવામાં આવ્યા બાદ લોર્ડ લોધીયને તેમજ વાઇસ ચેન્સલર સર ઝિયાઉદ્દીને વિવેચનો કર્યાં હતા. ટેકનોલોજીકલ ઇન્સ્ટીટ્યુટ અને ખેતીવાડી તથા મીલીટરી કોલેજ સ્થાપવાની યોજનાના ફંડ માટે મૌલાના હાઝર ઇમામ તરફથી રૂપીયા એક લાખની જાહેરાત કરવામાં આવી હતી. એજ પ્રમાણે રામપુરના નવાબ અને નામદાર નિઝામ તથા નવાબ સર મુઝમ્મિલ્લાહખાન દરેક તરફથી એક એક લાખ રૂપીયાની જાહેરાત કરવામાં આવી હતી.

## કિલ્લએ અલી (અલીગઢ)માં જશન.

અલીગઢમાં કોનવોકેશનના મેળાવડાઓની દિલ્હીવાળા સુફીસંત ખ્વાજા હસન નિઝામીએ નોંધ લેતાં દર્શાવ્યુ હતું કે "જાન્યુઆરીની તા. ૨૨ અને ૨૩મીનાં "કિલ્લએ અલી" અર્થાત અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના જે કોનવોકેશનને લગતા મેળાવડા થયા તે કેળવણીનાં ઇતિહાસમાં એક નોંધ લેવા

લાયક સ્થાન પ્રાપ્ત કરશે. એજ સંબંધ વિષેના એક અન્ય સમાચાર પણ તમામ ઇસ્લામી દુનિયા માટે આનંદજનક થઇ પડશે કે બંની ફાતિમાના એક પુર્ણિમાનાં ચંદ્ર હિઝ હાઇનેસ સર સૈયદ સુલતાન મુહમ્મદ શાહ આગાખાન સાહેબ પણ "કિલ્લએ અલી"ના આ મેળાવડામાં શામેલ થયા હતા અને ફતેહમંદ ગ્રેજ્યુએટો વિગેરેને કેળવણીની લગતી સનદ (ડીગ્રીઓ) તેઓ નામદારનાં પવિત્ર હસ્તે અર્પવામાં આવી હતી.

હઝરત ઇસ્માઇલ બિન હઝરત ઇમામ જાફર સાદિક અ.ની નસલમાંથી હિઝ હાઇનેસ સર સૈયદ આગાખાન છે અને તેઓ નામદાર લાખો ઈન્સાનોનાં દિલ ઉપર એક એવી લાગવગ અને કાબુ ધરાવે છે, જે દુનિયાના કોઇપણ બાદશાહ અને શહેનશાહના ભાગ્યમાં લખાએલી નથી. તેઓ નામદાર અલીગઢ મુસ્લિમ યુનિવર્સીટીના સ્થાપક છે અને તેઓ નામદારની કૃપાથીજ ઉન્નતિના શિખરે એ યુનિવર્સિટી પહોંચી છે, જે ઉન્નતિની અસર આજે દરેક મુસલમાન અનુભવી રહ્યો છે.

કિલ્લએ અલી તા. ૨૩મી જાન્યુઆરી.

૧૧ કલાકે નવાબ કામિલ મુસ્તફાખાન સાહેબની સાથે મુસ્લિમ યુનિવર્સિટીના કોન્વોકેશનમાં ગયો. પ્રથમ હિઝ હાઇનેસ સર આગાખાન સાહેબનાં સત્કાર માટેની ધામધુમમાં જોડાયો. હિઝ હાઇનેસ મારી સાથે અરબીમાં અને મૌલવી અબ્દુલ જબ્બાર ખૈયરી સાથે ફ્રેન્ચમાં વાતચીત કરી. કોન્વોકેશનમાં એક અજાયબી પમાડનારી બાબત એ હતી કે જે પ્રોફેસર ડીગ્રી મેળવનાર અભ્યાસીનો પરિચય આપતા તે અરબી ભાષામાં જાહેર કરતા હતા કે આ અભ્યાસી અમુક ડીગ્રી મેળવવા ફતેહમંદ થયો છે, અને ડૉ. સર ઝિયાઉદ્દીન એહમદ અરબીમાં ટુંક વિવેચન કરી ડીગ્રી અર્પણ કરતા હતા, માત્ર એક પ્રોફેસર મોઢેથી વિવેચન કરતો હતો, બાકીના બધા કાગળ જોઇને અરબી બોલતા હતા. મજકુર મેળાવડાથી દરેક શખ્સમાં એક નવું જીવન અને અનેરો આનંદ દેખાતો હતો. છેવટમાં લોર્ડ લોધીયને પોતાનું ભાષણ આપ્યું અને મેળાવડો બરખાસ્ત થયો.

## મનોરમ્ય દેખાવ—"કિલ્લએ અલી"

હિઝ હાઇનેસ નવાબ સાહેબ રામપુરને એલ. એલ. ડી.ની ડીગ્રી અર્પણ કરવામાં આવી અને તેઓ પ્રમુખ હિઝ હાઇનેસ સર આગાખાન સાહેબ સન્મુખ આવી ઉભા રહ્યા, ત્યારે ખરેખર એ એક અત્યંત મનોરમ્ય દેખાવ હતો અને દરેક મુસલમાન પોતાના પ્રેમભાવ દર્શાવવામાં જાણે દિવાનો બની ગયો હતો. પાંચ મીનીટ સુધી નારાઓની આકાશ ગર્જના ચાલુ રહી હતી. કોન્વોકેશનના મેળાવડા પછી સર્વ "લંચ"માં શામેલ થયા. "લંચ" પછી હિઝ હાઇનેસ સર આગાખાન તરફથી "ગાર્ડન પાર્ટી" આપવામાં આવી હતી.

મુસલમાનો માટે એક કોલેજ બનાવવાનો વિચાર સર સૈયદે કર્યો હતો, ત્યારે તેઓનો ઇરાદો હતો કે દિલ્હીમાં કોલેજ કાયમ કરવામાં આવે; પરંતુ એક નિવેદનમાં સર સૈયદે "અના મદીનતુલ ઇલ્મ વ અલીયુન બાબોહા" (અર્થાત હઝરત રસુલ સ. એ ફરમાવ્યું છે કે હું ઇલ્મને શહેર છું અને અલી તેના દ્વાર છે.) એ હદીસ ટાંકી, ઉમેર્યું કે એ કારણે કોલેજ અલીગઢમાં કાયમ કરવી જોઇએ. અલીગઢ શહેરનું અસલ જમાનાનું નામ "કોલ" લખવામાં આવે છે. ઇસ્લામી રાજઅમલના યુગમાં તેનુ નામ અલીગઢ રાખવામાં આવ્યું. કિલ્લાને હિંદી ઝબાનમાં ગઢ કહેવામાં આવે છે.

## સરકાર માતા સલામતનો સ્વર્ગવાસ—૪૦ વર્ષ પૂર્વે કરેલી આગાહી.

બગદાદથી ફેબ્રુઆરીની તા. ૫મીના સંદેશા અનુસાર મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના માતુશ્રી સરકાર માતા સલામત હર હાઇનેસ લેડી અલીશાહ સી. આઈ. નો બગદાદ ખાતે સાંજના ૫–૧૫ કલાકે સ્વર્ગવાસ થયો હતો. જેની કેટલીક વિગતો આગળ આવી ગઈ છે. પરંતુ હિંદ, આફ્રિકા, યુરોપ, ઇરાન અને ઇરાક વિગેરે દેશોના વર્તમાનપત્રોમાં નામદાર માતા સલામતને શ્રધ્ધાંજલિ અર્પણ કરતાં, તેઓ નામદારના તેમજ મૌલાના હાઝર ઇમામના જીવનની ટુંક રૂપરેખા દોરી હતી. બગદાદના વર્તમાનપત્રમાં દર્શાવવામાં આવ્યું હતું કે "મૌલાના હાઝર ઈમામ તા. ૫મીને શનિવારના ૩ વાગે વિમાન દ્વારા બગદાદ પહોંચ્યા હતા અને "માતા–પુત્ર"નો મેળાપ થયો હતો. એજ દિને પાંચ વાગે સરકાર માતા સલામતનો સ્વર્ગવાસ થયો તે સમયે તેઓ નામદારનું માથું મુબારક મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબના ખોળામાં હતું. ઓગણીસ વર્ષની વયે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ પ્રથમ યુરોપના પ્રવાસે સિધાર્યા અને તે પછી તેઓ નામદારનો યુરોપ ખાતે વધુ નિવાસ થતો રહેવાથી સરકાર માતા સલામતને વહાલા પુત્રનો વિયોગ ઘણોજ લાગી આવતો હતો, તેથી તેઓ નામદારે એક વેળા એજ સંબંધમાં પોતાના ફરઝંદને જણાવ્યું કે "મૃત્યુ અફર છે, પરંતુ તમારી ગેરહાજરીમાં તેમ થશે તો મારા માટે અસહ્ય થઇ પડશે." જે સાંભળી નામદાર આગાખાન સાહેબે માતાને આશ્વાસન આપી ફરમાવ્યું કે "તમો ફિકર કરો નહિ, એ સમયે તમારૂં માથું મુબારક મારા ખોળામાં હશે." આજ આ આગાહી લગભગ ૪૦ વર્ષનાં ગાળા પછી પુરી થાય છે અને સરકાર માતા સલામત ફકત એક દિનની મુલાકાત સાથે પોતાનો પુત્રના ખોળામાં આ અસાર સંસારને ત્યાગી જાય છે."

## સ્ત્રી, લગ્ન અને પ્રેમ—મૌલાના હાઝર ઈમામનો અભિપ્રાય.

લંડનથી પ્રગટ થતાં એક પત્રના સ્ત્રી અખબારનવેશ કુમારી બેટીરાસે "સ્ત્રી લગ્ન અને પ્રેમ" એ વિષય સંબંધી જગતના કેટલાક આગેવાન પુરૂષો મૌલાના હાઝર ઇમામ, મહાત્મા ગાંધીજી, બર્નાડ શો વિગેરેના અભિપ્રાય લીધા હતા. મૌલાના હાઝર ઇમામે પોતાનો અભિપ્રાય આ પ્રમાણે આપ્યો હતો:–

"પશ્ચિમની "અર્વાચીન નારી"ના ત્રણ ગુણ હિંદી સ્ત્રીઓમાં દાખલ કરવાની હું ઇચ્છા ધરાવું છું. આ ત્રણ વસ્તુઓમાં એક તો પોતાની માનસિક શકિત વધારવાની અહર્નિશ કાળજી છે. આત્મવિકાસનું સતત ભાન અને વિવિધ ક્ષેત્રમાં રસ લેવાની ઉત્કંઠા. આ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને હું કાર્ય કરી રહ્યો છું. હિંદની સ્ત્રીઓ વેપાર ધંધામાં પડીને પોતાનો નિભાવ જાતે કરી લે એ જોવાને હું ઇન્તેઝાર છું કે જેથી તેઓ પોતાના માતાપિતા ઉપર આર્થિક બોજારૂપ ન થઈ પડે. આ દિશામાં મારૂં પ્રથમ પગલું દરેકે દરેક કસ્બામાં કન્યાશાળા શરૂ કરવાનું હતું, એનું પરિણામ એ આવ્યું કે જીવનનાં દરેક પ્રશ્નો સબંધી તેમનામાં આધુનિક દ્રષ્ટિ ખીલવા પામી છે. હવે પોતાની પુત્રીની ઇચ્છા વિરૂધ્ધ લગ્ન કે વિવાહ હિંદી માતાપિતા નથી ગોઠવી શકતા એ કેળવણીનું પરિણામ છે."

## લગ્ન-સ્વાશ્રય-સુખ.

"મુસ્લિમોમાં બાળલગ્ન જેવી વસ્તુ હતી જ નહિ, છતાં અમારી કન્યાઓ હવે ૧૮–૧૯ વર્ષની ઉમરે લગ્ન કરે છે. લગ્ન ગોઠવવામાં હવે દાયજાને પ્રાધાન્ય અપાતું નથી; જો કે કેટલાક

હજી એવી આશા રાખે છે. સામાજિક દરજ્જો લગ્નમાં મહત્વનો ભાગ ભજવે છે. હવે બીજું પગલું તેમની આર્થિક સ્વતંત્રતા સાધવાનું છે, જેથી તેઓ મનપસંદ લગ્ન કરી શકે. અત્યાર સુધી આ કારણસર પણ કન્યાઓનાં જલ્દી લગ્ન કરવાં પડતાં, પરંતુ હવે સ્વાશ્રયની ખીલવટ સાથે દરજ્જાના ભેદો પણ એક સરખા થવા માંડશે. સ્વાશ્રયી સ્ત્રીને કોઇથી પણ બીવાની જરૂર નથી, વિધવાઓ પણ સમાજ ઉપર બોજારૂપ નિવડશે નહિ. એની સીધી અસર એ થશે, કે સ્ત્રીઓ વધુ સુખી બનશે. સ્ત્રી અને પુરૂષ બન્ને કમાણી કરશે એટલે ઘર ખર્ચનો બોજો પણ હળવો થશે, અને મધ્યમ વર્ગના કુટુંબોમાં પણ સુખ શાંતિનું સામ્રાજ્ય પ્રવર્તશે."

## લાહોરની બાદશાહી મસ્જિદ—મૌલાના હાઝર ઈમામની સખાવત.

લાહોરની બાદશાહી મસ્જિદ સૌથી સુંદર અને મોટી છે. તેની પ્રાચીનતા, શિલ્પની કળા કારીગીરીની દ્રષ્ટિએ મોગલ જમાનાની આ મહાન અને ભવ્ય મસ્જિદનું રક્ષણ અત્યંત આવશ્યક હોઇ, તેના સમારકામ માટે મૌલાના હાઝર ઇમામ, સર સીકંદર હયાતખાન, સર અબ્દુલ રહીમ અને એસ. સુલતાન અહેમદ તરફથી જાહેર જનતા જોગ એક અપીલ બહાર પાડવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામે સમારકામ માટેના એ ફંડમાં રૂપીયા ૨૦,૦૦૦ (વીશ હજાર) આપવાનું જાહેર કર્યું હતું.

## મૌલાના હાઝર ઈમામ ગ્લાસગોના પ્રદર્શનની મુલાકાતે.

જુલાઈની તા. ૮મીના રોજે ઇંગ્લાંડના એક મુખ્ય શહેર "ગ્લાસગો" ખાતે ભરાયેલ એમ્પાયર એક્ઝીબીશન પ્રદર્શનની મૌલાના હાઝર ઇમામે મુલાકાત લીધી હતી. દશ લાખ માણસોએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો. તેઓ નામદારનું આગમન થયા પછી પરંપરાથી ચાલતા આવેલા રિવાજ અનુસાર તેઓશ્રીને હારતુરા અર્પણ કરવામાં આવ્યા હતા અને પ્રદર્શનના સત્તાવાળાઓએ જુદા જુદા પેવીલીયનોમાં તેઓ નામદારને ફેરવ્યા હતા. હિંદની પ્રજા તરફથી તેઓ નામદારે પોતાની સફર દરમ્યાન "પીસ પેવેલીયન" (શાંતિ મંડપ)ના બગીચામાં સ્મરણ ચિન્હનો પત્થર મુકયો હતો. એજ દિવસે બપોરના તેઓ નામદારે પ્રદર્શનમાંની એક સભામાં આંતરરાષ્ટ્રિય મામલા વિષે ભાષણ આપ્યું હતું. લીગ ઓફ નેશન્સના પ્રમુખ તરીકે તેઓ નામદારે ઘણીજ નિખાલસતા અને બુધ્ધિમતા સાથે પોતાના ઓધ્ધાને શોભાવ્યો હોવાથી, તેઓ નામદારે પોતાની એવી શ્રધ્ધા વ્યકત કરી હતી કે જે "સિધ્ધાંતો ઉપર લીગનો પાયો નાંખવામાં આવ્યો હતો, તેને વ્યવહારૂ સ્વરૂપ આપવામાં આવે, તો સંસ્કૃતિ ઉપરનો નવદશાંશ ભય અદ્રશ્ય થઇ જાય એમ છે."

## રંગુનના ઇસમાઇલીઓને સંદેશો.

જુલાઇ મહિનાની તા. ૨૬મીની સાંજના ચાર વાગ્યાથી મુસ્લિમ—બુધ્ધિસ્ટ રમખાણ ફાટી નિકળતાં, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. તરફથી જુલાઇની તા. ૨૮મીના લંડનથી રંગુનની ઇસમાઇલી કાઉન્સીલને એક તારનો સંદેશો આ પ્રમાણે મળ્યો હતોઃ—"મુસ્લિમો અને બૌધ્ધો વચ્ચે કલેશના ખબર સાંભળી મને અત્યંત દુઃખ થયું છે. મારાં રૂહાની બચ્ચાંઓ તરીકે તમારી ફરજ બન્ને પક્ષને સમજાવવાની છે. જે દેશમાં આપણે રહીએ છીએ તેના અત્યંત બહુમતિવાળા લોકોનાં રીતરિવાજ અને ધર્મને માન આપવાની આપણી પવિત્ર ધાર્મિક ફરજ છે, એવી મુસ્લિમોને ખાત્રી આપવી જોઇએ. વ્યકિતગત રીતે હું બુધ્ધને ભૂતકાળના પયગમ્બરોમાંના એક માનું છું. ઇસ્લામ પહેલા હજારોની સંખ્યામાં

(પયગમ્બરો) થયા છે. જ્યારે ઈસ્લામ માને છે કે અલ્લાહ તરફથી દરેક દેશ અને પ્રજા પર શાહેદ (witness) મોકલવામાં આવેલ છે. ત્યારે ભૂતકાળનાં અને સર્વથી છેલ્લા ઇલાહી ધર્મમાં માનનારાઓમાં એકતા અને શુભેચ્છા હોવાના દરેક કારણો છે, શુભેચ્છા માટેના તમારા વ્યવહારૂ કાર્યની જરૂર છે."

આ સંદેશા પરથી ઇસમાઇલીઆ કાઉન્સીલના ઓફિસરો અને કોમના અન્ય મોટા મોટા આગેવાનોએ બુધ્ધિસ્ટ-મુસ્લિમ કોમના આગેવાનોને મળી સુલેહ સ્થાપવાની કોશિશ કરી હતી. એ ઉપરાંત આગાખાન્સ વોલન્ટીયર અને બોયસ્કાઉટસે હુલ્લડ દરમ્યાન ભોગ થયેલાઓને "ફર્સ્ટ એઇડ" આપવા અને હોસ્પિટાલમાં પહોંચાડવા વિગેરેની જુદી જુદી પ્રશંસાપાત્ર સેવાઓ જીવના જોખમે બજાવી હતી.

## મૌલાના હાઝર ઈમામ કેરોમાં—જામે અઝહરના પ્રિન્સીપાલે તેઓશ્રીની લીધેલી મુલાકાત.


મિસરના સુપ્રસિધ્ધ અરબી વર્તમાનપત્રમાં જણાવવામાં આવ્યુ હતુ કે: હિંદ, ઇરાન, મિસર, મધ્ય અને દક્ષિણ આફ્રિકા, શામ, સીરીયા વિગેરે દુનિયાના અનેક ભાગોમાં વસતી ઇસમાઇલી કોમના રૂહાની સરદાર હઝરતે વાલા નામદાર આગાખાન સાહેબ "મહેલાતી" આજથી બે અઠવાડીયા પૂર્વે હિંદ ભણી જતાં એકાદ બે અઠવાડીઆ માટે મિસર ખાતે રોકાયા હતા. તેઓ નામદારને પોર્ટ સઇદના બંદરમાં કદમ મુબારક કરતાં "શાહી ગાર્ડ ઓફ ઓનર"ની સલામી અપાઈ હતી. મિસરના નામદાર શાહ ફારૂક તરફથી એ સ્થળના ગવરનરે તેઓશ્રીનો સત્કાર કર્યો હતો. કેરોના રેલ્વે સ્ટેશન ઉપર પણ તેઓ નામદારનો શાહી સત્કાર કરવામાં આવ્યો હતો. બીજે દિને વાલા હઝરત આગાખાન સાહેબના વડવાઓએ સ્થાપેલી જગમશહુર ફાતિમી વિશ્વવિદ્યાલય અઝહરના પ્રિન્સીપાલ, શેખ મુસ્તફા અલ-મરાધીને તેઓશ્રીએ મુલાકાતનું માન આપ્યું હતું. જે દરમ્યાન ધાર્મિક ઉસુલો અને સામાજિક સિધ્ધાંતોના સંબંધમાં વાતચીત આપી હતી. ત્યારપછી તેઓ નામદાર શાહી દબદબા સહિત પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા હતા, જે પછી પ્રિન્સીપાલે તેઓ નામદારની વળતી મુલાકાત લીધી હતી, જે દરમ્યાન ઈસ્લામી મસઅલાઓ ઉપર ચર્ચા થઇ હતી.

## મૌલાના હાઝર ઈમામનો ઇન્ટરવ્યુ—ટાંગાનીકાનો પ્રશ્ન.

ડીસેમ્બરની તા. ૯ મીના રોજે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મુંબઇ ખાતે પધરામણી કરતાં, સ્થાનિક પત્રોના પ્રતિનિધિઓએ લીધેલી મુલાકાત દરમ્યાન તેઓશ્રીએ હિંદમાં ફેડરેશન (સમવાય તંત્ર) નજીકના ભવિષ્યમાં અસ્તિત્વમાં આવવાના સંભવો વિષે ચર્ચા કરી હતી.

એ ઉપરાંત આફ્રિકાનું એક વેળાનું જર્મન સંસ્થાન "ટાંગાનીકા" જર્મનીને પાછું સોંપવાના સંબંધમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "મારો દ્દઢ અભિપ્રાય છે કે ટાંગાનીકામાં વસતા હિંદીઓના મત સાથે હિંદે સર્વાંશે સહકાર આપી તેના જેવાજ મતના થઇ જવું જોઇએ. આ મરણ જીવનનો પ્રશ્ન છે. બ્રિટીશ તાજની સર્વોપરિતા હેઠળના સંસ્થાનો હિંદીઓ સાથે અન્યાયી વર્તાવ કરી રહ્યા છે. આખી દુનિયામાં માત્ર ટાંગાનીકાજ એક એવો દેશ છે, જ્યાં આગળ ભલું થાય "લીગ ઓફ નેશન્સ"નું કે જેના પ્રતાપે હિંદીઓને વાજબી તકો આપતી "મેન્ડેટરી પધ્ધતિ" હસ્તી ધરાવે છે. હિંદીઓએ ટાંગાનિકામાં જંગી થાપણો રોકી છે અને મારો નિવાસ હોય, તે દરમ્યાન જો ટાંગાનીકાથી ડેપ્યુટેશન

Itmadi Missionary Sabzali Ramzanali with the New Muslim Ismailis of Punjab and N. W. F. P.



ઇતમાદી મિશનરી સબ્ઝાઅલીભાઇ રમઝાનઅલી પંજાબ અને ફ્રન્ટીયરની નવ મુસ્લિમ ઇસમાઇલી જમાતો વચ્ચે.

MOWLANA HAZAR IMAM With the Ismailis of Central Asia.



મૌલાના હાઝર ઈમામ એશિયાઇ તુર્કસ્તાનની ઈસમાઈલી જમાત સાથે.

અહિં આવશે તો હું ગાંધીજી અને અન્ય નેતાઓ કને રજુ થવામાં એ ડેપ્યુટેશનને સાથ આપીશ, કારણ કે હિંદીઓ પુરવાર કરી ચુકયા છે કે જો તેમને વાજબી છુટ=ક્ષેત્ર આપવામાં આવે, તો તેઓ દુનિયામાંના કોઈપણ સ્થળે પોતાનું સ્થાન સાંચવી શકે છે."

## રાષ્ટ્રસંઘ-પરિવર્તનશાળી પધ્ધતિ માટેના સંભવો.

લીગ ઓફ નેશન્સ=રાષ્ટ્રસંઘ ફરી પુનરજીવન પામવાનો તાજેતરમાં કોઇ સંભવ છે કે નહિ એ વિષયમાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે દુનિયાના સર્વથી વધુ રાષ્ટ્રોએ રાષ્ટ્રસંઘની પડખે આવવું જોઇએ એ બહુજ જરૂરી છે, પરંતુ એમ બનવાના કોઇ તાત્કાળિક સંભવ હું અત્યારે જોતો નથી છતાં પણ મારી ખાત્રી થઇ ચુકી છે કે હવે પછીના થોડાં વર્ષોની અંદર લીગ ઓફ નેશન્સ માટે એક નવી હિલચાલ શરૂ થશે, એ કંઇ ઓચિંતી નહિ આવે, પરંતુ પરિવર્તનશાળી પધ્ધતિથી આવે, એ સંભવિત છે અને મારૂં ધારવું છે કે એ નવા બંધારણ તળેની "લીગ"માં અમેરિકા પણ જોડાશે.

## ઈતમાદી સબજાઅલી રમઝાનઅલી-એક મહાન ઈસ્માઈલી મિશનરી.

ઇતમાદી સબ્જાઅલીભાઇ રમઝાનઅલી ઇસ્માઇલીઓના એક મહાન મિશનરી હતા. તેઓ મુંબઇના એક શ્રીમંત ખાનદાનના નબીરા હતા. તેમનો જન્મ મુંબઈ ખાતે થયો હતો. પરંતુ વધુ સમય ગુઆદરના એક મહાન આબીદ અને લક્ષાધિપતિ ફિદાઇ વઝીર માહમદભાઈ રેમુ માવજીના સહવાસમાં આવવાથી તેમનો જીવન પલ્ટો થયો હતો અને તેથી તેઓ જમાતોને વાએઝ=ઉપદેશનો લાભ આપી સતત ભલાઇનાં કાર્યો કરતા રહ્યા હતા. એ ઉપરાંત ગુઆદરનું ધાર્મિક અને ઈબાદતવાળું વાતાવરણ પણ તેમનાં જીવન માટે પ્રેરણાત્મક નિવડયું હતું. કારણ કે ગુઆદર પર્શિયન ગલ્ફના ધર્મિષ્ઠ અને ભાવિક ઈસ્માઇલીઓનું એક અગત્યનું કેન્દ્ર છે. મૌલાના હાઝર ઇમામના ફરમાન મુબારક, ઇરાનના ઇસ્માઇલીઓને પહોંચાડવા માટે ઇરાન ગયેલા આલીજાહ દાદુભાઇ મેરઆણી પણ ગુઆદરના રહીશ હતા. તેઓ પણ ઇમામના એક આશક અને ધર્મિષ્ઠ પુરૂષ હતા. ઇતમાદી સબઝાઅલીભાઇ તેમના પણ સમાગમમાં આવ્યા હતા. ઈતમાદી સબઝાઅલીભાઇ વેપારી કુનેહ ધરાવતા હોઇ એ ક્ષેત્રમાં તેઓએ સારી ખ્યાતિ મેળવી હતી. જો કે તેઓ કોમની ખિદમત કરવાની ભારે ઉલટ ધરાવતા હોવાથી, પોતાના ધંધા પ્રત્યે ઓછું ધ્યાન આપી શકતા હતા, એટલુંજ નહિ પણ અંતે તેઓ સર્વ કામકાજ મુકીને વફાદારી સાથે ઇમામના ઘરની ખિજમત કરવા માટે તત્પર થયા હતા.

## ઈતમાદીની ઉજ્જવળ જીવન કારકીર્દી.

ઇતમાદી સબજાઅલી રમઝાનઅલી ઘણાંજ હિંમતવાન હતા અને ગમે તેવા સંજોગોમાં પણ એકલા ઝઝુમતા હતા. મૌલાના હાઝર ઇમામના ફરમાન અનુસાર પંજાબ અને ફ્રન્ટીયર જમાતોની ઉત્તમ દોરવણી કરી વર્ષો સુધી તેઓએ અતિ ઉત્તમ કામગીરી બજાવી હતી. એ ઉપરાંત મૌલાના હાઝર ઇમામના "સફીર" તરીકે તેઓ નામદારના ફરમાન અનુસાર મધ્ય એશિયા, સિરીયા, મિસર, બલુચિસ્તાન, બદખશાન વિગેરે દુરદરાજ મુલકોમાં મૌલાના હાઝર ઇમામના લાખો મુરીદોની મુલાકાત લઇને તેઓને મૌલાના હાઝર ઇમામનો મુબારક સંદેશો પહોંચાડી તેઓમાં નવું જીવન લાવવા શકિતમાન થયા હતા.

મૌલાના હાઝર ઇમામની મુબારક ગોલ્ડન જ્યુબીલી પ્રસંગે હિંદુસ્તાનના ઘણા ભાગોમાં મુસાફરી કરી, સારામાં સારી ફન્ડેહમંદી મેળવી હતી. છેલ્લે આફ્રિકા ખાતે મૌલાના હાઝર ઇમામના "સ્પેશીયલ

કમિશ્નર" તરીકે અનુપમ સેવા બજાવી નાના, મોટા, યુવાન સઘળાઓનો ચાહ જીતી લીધો હતો. એમની સેવાની કદરશનાશીમાં મૌલાના હાઝર ઇમામે તેમને "આલીજાહ" અને પછી "ઇતમાદી"નો માનવંત ખિતાબ ઇનાયત કર્યો હતો.

## ઇતમાદી હકીકતી મોમિનોનો અમલદાર હતો–"પીર"ના ટાઇટલની નવાજિશ.

ડીસેમ્બર મહિનાની તા. ૧૩મીના રોજે ઇતમાદી સબ્જાઅલીભાઇનું અવસાન થયું હતું. મૌલાના હાઝર ઇમામે શ્રી દરખાના જમાતખાને પધારી તેઓનાં હકમાં ઘણી દુઆ આશિષો ફરમાવી હતી. મૌલાના હાઝર ઇમામે વધુમાં ફરમાવ્યું હતું કે: "ઇતમાદી સબ્જાઅલીનું નામ તવારિખમાં કાયમદાયમ રહી જશે. અગાઉ જેઓ દાઇ થઇ ગયા છે, તેની માફક હાલની જમાતમાં તે "દાઇઉલ=અકબર" મોટો દાઇ હતો. આફ્રિકા, સિંધ, પંજાબ, ગ્વાદર અને હિંદુસ્તાનમાં ઇસમાઇલી મઝહબને તેણે રોશન કરેલ છે. ઇતિમાદી સબ્ઝાઅલીએ પોતાની રૂહાનીની શકિત હજારો માણસોને તેમજ બહારના માણસોને પણ દેખાડેલ છે. આપણા મઝહબની રૂહાની માયના બીજી કોમને દેખાડેલ છે. ગોલ્ડન જ્યુબિલીના વખતમાં ગામો ગામ ફરીને આપણી કોમ તેમજ બીજી કોમોને નસિહત કરેલ છે. ઇતમાદી સબ્જાઅલી હકીકતી મોમિનોનો અમલદાર હતો. એ દુનિયામાંથી રહેલત કરી ગયો છે, તેથી દુનિયાને ઘણું નુકશાન થયું છે પણ પોતાની રૂહાનીને ઘણોજ ફાયદો થયો છે." ધી રિક્રીએશન કલબ ઇન્સ્ટીટ્યુટના વિશાળ હોલમાં ઇતમાદી મિશનરી સબ્જાલીભાઇની સુંદર તસવીર ખુલ્લી મુકતાં મૌલાના હાઝર ઇમામે તેમને "પીર"ના સર્વથી ઉચ્ચ દરજ્જાના ખિતાબની નવાજિશ કરી હતી.

## મૌલાના હાઝર ઇમામ બારડોલી આશ્રમમાં.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. દરિયાપારના અને ખાસ કરીને આફ્રિકામાંના વસતા હિંદીઓના સવાલમાં ઘણા લાંબા સમયથી રસ ધરાવતા હોઇ, દરિયાપારના હિંદીઓને પોતાની દરેક સલાહ અને સહાયતા આપતા આવ્યા છે. પૂર્વ આફ્રિકાના જર્મન સંસ્થાનોનો પ્રશ્ન ઉપસ્થિત થયા પછી ઇસ્ટ આફ્રિકન ઇન્ડીયન નેશનલ કોંગ્રેસના અગ્રેસરો તરફથી વિલાયત ખાતે તેઓ નામદારને સલાહ અને માર્ગદર્શન માટે તાર કરી અરજ ગુજારવામાં આવતાં, તેઓ નામદારે દિલસોઝી ભરેલો જવાબ મોકલી જણાવ્યું હતું કે, આ પ્રશ્ન સામુદાયિક હોવાને અંગે હિંદ અને પૂર્વ આફ્રિકામાં તે માટે વ્યવસ્થા કરવાની જરૂર છે અને તેઓથી હિંદ ખાતે જતાં ગાંધીજી અને બીજા હિંદી નેતાઓને મળી આ સવાલ વિષે ઘટતું કરવાનું આશ્વાસન આપ્યું હતું.

ડીસેમ્બરની તા. ૧૫મીના દિને સવારના ઙકલાકે પૂર્વ આફ્રિકાના હિંદીઓને તેઓ નામદારે જે વચન આપ્યું હતું, તેનો અમલ કરવા બારડોલી ભણી સિધાવ્યા હતા. તેઓ નામદારની પધરામણી ખાનગી હોવા છતાં સ્ટેશન પર લોકો મોટી સંખ્યામાં એકઠા થઇ ગયા હતા. તેઓ નામદારે સ્ટેશન પર કદમ મુબારક કરતાં, સરદાર વલ્લભભાઇ પટેલ, મહાત્મા ગાંધીજીના પુત્ર દેવીદાસ ગાંધી, ગાંધીજીના સેક્રેટરી મી. મહાદેવ દેશાઇ, શ્રી પ્યારેલાલ (મંત્રી), આચાર્ય કિપલાની, મીસીસ કિપલાની તથા મણીબહેન પટેલ વિગેરેએ તેઓશ્રીનું હર્ષ સહિત સ્વાગત કર્યું હતું.

સ્ટેશન પરથી મોટરમાં બિરાજી, સરદાર વલ્લભભાઇ પટેલ સાથે તેઓ નામદાર "સ્વરાજ આશ્રમ" માં પધારતાં કોંગ્રેસના નેતાઓએ તેઓ નામદારને ભાવભર્યો આવકાર આપ્યો હતો. વર્કીંગ કમિટીના ઇતિહાસિક

MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN was warmly receive on his arrival at the Bardoly Station by prominent Congress leaders. In the group photo are seen Sardar Valabhbhai Patel, Mr. Mahadeo Desai, Mowlana Hazar Imam, Acharya Kriplani and others.



**મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ** બારડોલી સ્ટેશને આવી પહોંચતાં તેઓશ્રીને જાણીતા કોન્ગ્રેસ અગ્રેસરો તરફથી ભાવભર્યો આવકાર આપવામાં આવ્યો હતો. આ ગ્રુપમાં સરદારશ્રી વલ્લભભાઇ પટેલ, શ્રીયુત મહાદેવ દેસાઈ, મૌલાના હાઝર ઇમામ, આચાર્ય ક્રિપલાની અને બીજાઓ નજરે પડે છે.

(જુઓ પાનું ૬૩૯)

A GRAND TEA PARTY AT THE WILLINGDON SPORTS CLUB: In the Picture His Royal Highness is Seen Seated with the Hon. Mr. B. G. Kher, Bombay's Premier and the Hon. Sir M. Zafrulla Khan ex-commerce member of the Government of India.



હાલમાં તેઓ નામદાર અને મહાત્મા ગાંધીજી વચ્ચે પ્રેમભરી મુલાકાત થઇ હતી. ત્યારપછી મૌલાના હાઝર ઇમામ ગાંધીજી અને સરદાર પટેલ વચ્ચે લગભગ બે કલાક સુધી મંત્રણા ચાલી હતી. પૂર્વ આફ્રિકાથી આવેલું ડેપ્યુટેશન પણ તેઓ નામદાર સાથે હતું.

## મૌલાના હાઝર ઈમામનો ઇન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામે વર્તમાનપત્રોના પ્રતિનિધિઓને મુલાકાત આપતાં જણાવ્યું હતું કે "બારડોલી ખાતે પૂર્વ આફ્રિકાના હિંદી વસાહતીઓની પરિસ્થિતિની ચર્ચા કરવામાં આવી હતી અને જર્મનીને પૂર્વ આફ્રિકન સંસ્થાનની સોંપણીથી હિંદી વસાહતીઓના હિતો પર જે નુકશાનકારક અસર થાય તેની કાળજીભરી વિચારણા ચલાવવામાં આવી હતી. જે રીતો અને ઉપાયો વડે પૂર્વ આફ્રિકાના હિંદીઓના હિતો રક્ષવા જોઇએ તે સંબંધીના વિચારોમાં અમો સઘળા એકમત થયા હતા."

કલકત્તાનાં "અમ્રતબજાર પત્રિકા"એ લખ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબે મહાત્મા ગાંધીજી સાથે બારડોલી ખાતે એકલા હિંદુ-મુસ્લિમ એકતાના વિષેજ ચર્ચા ન્હોતી કરી. પૂર્વ આફ્રિકાના એક પણ સંસ્થાનને જર્મનીને પાછું સોંપવા સામે ત્યાંના હિંદી રહેવાસીઓમાં ચળવળ ઉપાડી લેવાની જરૂર વિષે પણ ચર્ચા ચાલી હતી. એમ જણાય છે કે, અગત્યનું કામ ઉપાડી લેવા માટે સરદાર વલ્લભભાઇ પટેલને પૂર્વ આફ્રિકા મોકલવાના સંબંધમાં મહાત્માજી, નામદાર આગાખાન સાથે મળતા થયા છે. આ સવાલ કેટલાક વખતથી પૂર્વ આફ્રિકાના હિંદીઓ અને યુરોપિયનોને મુંઝવી રહ્યો છે અને કોંગ્રેસે આ સવાલ ઉપાડી લેવો જોઇએ."

## કોમી એકતામાં વિશ્વાસ ધરાવતી બે વ્યકિતઓ—નામદાર આગાખાન સાહેબ અને મહાત્મા ગાંધીજી.

ઇ. સ. ૧૯૩૯ના જાન્યુઆરીની ૨૫મીના રોજે મુંબઇનાં દેશી વેપારી મંડળની ૩૧મી વાર્ષિક સભા મળી હતી, જ્યારે મુંબઇના વડા પ્રધાન મી. બી. જી. ખેર હાજર રહ્યા હતા. પ્રમુખ શેઠ ગોરધનદાસ ગોકુળદાસ મોરારજીએ પ્રવચન કર્યા બાદ નવા પ્રમુખ શ્રી જે. સી. સેતલવડે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે "હિંદ આજે હિંદુ-મુસ્લિમ પ્રશ્નનો સંતોષકારક ઉકેલ લાવવા તત્પર થઇ રહ્યું છે, પણ એ અંગેની પરિસ્થિતિ વધુ ને વધુ બગડતી ગઇ છે. દરેક નેતા કહી રહ્યો છે કે હિંદમાં સ્વરાજ્યનું સ્થાપન એ પ્રશ્નના ઉકેલ પરજ અવલંબી રહ્યું છે. આપણા વેપારી વર્ગને ખાસ કરીને આ કોમી મતભેદ અને ઝઘડાને લીધે ઘણું સહન કરવું પડયું છે. કોમી મતભેદો વેપારીઓ માટે વિઘ્નરૂપ છે. વેપારી વર્ગ અંતઃકરણપૂર્વક આ મતભેદોનો બને તેટલી જલદીથી અંત યાચી રહ્યો છે. હિંદુ-મુસ્લિમ એકતામાં વિશ્વાસ ધરાવનારી બે વ્યકિતઓ—હિઝ હાઇનેસ નામદાર આગાખાન સાહેબ અને મહાત્મા ગાંધીજી એમનો બારડોલીમાં થયેલો મેળાપ સુલેહ શાંતિના એક શુભ ચિન્હ તરીકે હું ગણું છું. આશા છે કે આ મેળાપ ફળદાયી નિવડે અને બે કોમો એક થઇ હિંદની મુકિત મેળવશે."

## ચેમ્બુર ખાતેનાં બાલગ્રહો—મૌલાના હાઝર ઇમામનો ફાળો.

ચિલ્ડ્રન્સ એઇડ સોસાયટી તરફથી ચેમ્બુર ખાતેના બાલગ્રહો માટેના ફંડમાં મૌલાના હાઝર ઇમામે રૂા. ૧૦૦૧ તથા નામદાર ગવરનરે રૂા. ૧૦૦૦ અર્પણ કર્યા હતા. આ ઉપરાંત અન્ય વ્યકિતઓ તથા સંસ્થાઓ તરફથી એકઠા થયેલા ફાળાના રૂપીયા મળી કુલ આ ફંડમાં રૂા. ૩૦,૫૨૨ થયા હતા.

## ઓલ ઇન્ડીયા રેડીઓ સ્ટેશન પરથી બ્રોડકાસ્ટ.

ઇસ્વી સન ૧૯૩૯ના જાન્યુઆરીની તા. ૨૯મીના દિને રાત્રે ૯ા કલાકે મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ, ઓલ ઇન્ડીયા રેડીયોના મુંબઇ સ્ટેશનેથી "રેડીયોના ઉપયોગથી થતાં ફાયદા" સંબંધી બ્રોડકાસ્ટ કરતાં જણાવ્યું હતું કે: "આજે આપણે એવા જમાનામાં વસીએ છીએ કે જેની અંદર કુદરતના સઘળા ભેદભરમોનું સંશોધન થઈ રહ્યું છે અને માનવજાત તરફથી તે કામમાં લેવાવા લાગ્યું છે. આપણે મુસ્લિમો માટે એ બિના ખાસ રસભરી થઇ પડે છે કે પવિત્ર કુરાને મજીદમાં જણાવેલું છે કે વિજળી અને જમીન તથા આકાશમાં–તેના સઘળા ભેદભરમો સહિત–અમોએ માનવજાતની સેવા ખાતર સર્જ્યાં છે, જે તેઓ સંશોધન કરી પ્રકાશમાં લાવે અને રોજીંદા જીવનનાં આવશ્યક સાધન તરીકે ઉપયોગમાં લે.

"એક રેડીયો સેટ" પોતાના માટે ખરીદ કરી શકે તેટલા પુરતી રકમ પોતાની નાની સરખી વાર્ષિક કે માસિક આવકમાંથી બચાવતો રહે, એ શરતે–ગરીબમાંથી પણ અત્યંત ગરીબનો અપવાદ બાદ કરીને–લગભગ દરેક મુસ્લિમ કુટુંબ બલ્કે આખું હિંદ આજે 'રેડીયો' મેળવી શકે છે. હવે રેડીયોનાં અનહદ ફાયદા શું શું છે, તે આપણે જોઇએ. કેળવણી, રોજીંદા સમાચાર, તેમજ સંસ્કૃતિ વિષયક સર્વ પ્રકારની માહિતી, કાવ્ય, વિવેચન અને જ્ઞાનની આમ પ્રગતિને લગતાં વિષયોનાં શ્રવણથી ઉદભવતા કલાપૂર્ણ અને હૃદયગામી ફાયદા આપણે મેળવીએ છીએ. આ સાધન આખી દુનિયાના બાકીના મુલ્કો સાથેનો વહેવાર રીતે સીધો સમાગમ અત્યારે ખુલ્લો મુકે છે."

## ગાયની ઓલાદના ઉછેર તથા રક્ષણની હિમાયત.

જાન્યુઆરીની તા. ૨૩મીના રોજે મુંબઇ ગૌરક્ષક મંડળીના સુવર્ણ મહોત્સવ પ્રસંગે કાંદીવલીની ગૌશાળામાં ભરાયેલા જંગી પ્રદર્શનમાં ઇનામોની વહેંચણી કરવાનો એક મેળાવડો ના. વોઇસરોય લોર્ડ લીન્લીથગોના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. જેમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, સર જમશેદજી જીજીભાઇ, સર ઇબ્રાહિમ રેમતુલ્લા, મોરના રાજા સાહેબ, ભાવનગરના દિવાન શ્રી પટ્ટણી અને શેઠ શાંતિદાસ આસકરણ ઉપરાંત સંખ્યાબંધ યુરોપિયન, હિંદુ, મુસ્લિમ, પારસી ગૃહસ્થો અને સરકારી અમલદારોએ હાજરી આપી હતી. ખોજા, ગુજરાતી, દક્ષિણી અને પારસી બાનુઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

ગૌરક્ષક મંડળના પ્રમુખ સર પુરૂષોતમદાસ ઠાકુરદાસે નામદાર વાઇસરોયને આવકાર આપતું ભાષણ કર્યું હતું. સર જમશેદજી જીજીભાઇએ નામદાર વાઇસરોયને ઇનામોની વહેંચણી કરવા વિનંતી કરીને ટુંક વિવેચન કર્યા બાદ મૌલાના હાઝર ઇમામે પ્રવચન કર્યું હતું. જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "એક રોમન શહેનશાહે એકવાર કહ્યું હતું કે કોઇપણ દેશની ખેતી અને ઢોરોની સુધારણા કરનાર પુરૂષ દેશો જીતનાર વિજેતા કરતાં પણ વધુ મહાન છે. ગાયો એ ખેતીની જનેતાઓ છે અને ખેતી વાડી માટે બળદો પુરા પાડવાનું કામ ગાયોજ કરે છે. દુધ આપતાં પ્રાણીઓમાં ગાય સહુથી ઉત્તમ પ્રાણી છે અને ગાયની ઓલાદનાં યોગ્ય ઉછેર તથા ઉત્તમ રક્ષણ કરવાની સહુ હિંદવાસીઓની ફરજ છે."

## કાઠિયાવાડનો યાદગાર મેળો.

મૌલાના હાઝર ઇમામની એજ વર્ષની પધરામણી દરમ્યાન તેઓ નામદારે કાઠિયાવાડની જમાતોની પણ મુલાકાત લીધી હતી. ૧૬ વર્ષના લાંબા ગાળા પછી કાઠિયાવાડ ખાતેની પધરામણીથી સમસ્ત કાઠિયાવાડના ઇસમાઇલીઓના હૃદયો હર્ષની લાગણીથી નાચી રહ્યા હતા. લીંબડી, જામનગર, જુનાગઢ અને પોરબંદર ખાતે ભવ્ય 'કેમ્પ' ઉભા કરવામાં આવ્યા હતા. કાઠિયાવાડ ઉપરાંત મુંબઈ, સિંધ, કચ્છ અને હિંદના અન્ય ભાગોમાંથી પણ સંખ્યાબંધ ઇસમાઇલીઓએ આ મેળાઓમાં ભાગ લીધો હતો. સમસ્ત કાઠિયાવાડમાં જ્યાં જ્યાં તેઓ નામદારે પધરામણી કરી હતી ત્યાં ત્યાં રાજ અને પ્રજા તરફથી તેઓ નામદારનું બાદશાહી સન્માન થયું હતું. આ મેળો કાઠિયાવાડનાં ઇસમાઇલીઓના ઇતિહાસમાં યાદગાર રહી જવા પામ્યો છે.

મૌલાના હાઝર ઇમામે કાઠિયાવાડના એ મેળાઓમાં પોતાના મુરીદોને કેળવણી, ધાર્મિક, આર્થિક અને સામાજિક સુધારણા અર્થે ઉત્તમ દોરવણીરૂપ ફરમાનો કર્યા હતા. દેશાટન અને તંદુરસ્તીના વિષય ઉપર તેઓ નામદારે ખુબજ ભારપૂર્વક ભલામણો કરી હતી. સમગ્ર કાઠિયાવાડમાં "બાળ ઉછેરની પ્રવૃતિ" માટે ૧૬ કેન્દ્રો–હેલ્થ સેન્ટરો સ્થાપવાનું ફરમાવી રૂપીયા ૧૬,૦૦૦ (સોળ હજાર)ની બાદશાહી વાર્ષિક ગ્રાન્ટ આપવાની તેઓશ્રીએ કરમ બક્ષિશ કરી હતી અને ગામડે ગામડે ફરી વર્તમાનપત્રોમાં લખાણ કરી, કાર્યક્રમો દેખાડીને આ હિલચાલને જોશભેર ઉપાડી લેવા માટે પણ આજ્ઞાઓ આપી હતી.

## ડયુક ઓફ કેન્ટને ઘોડાઓની ભેટ.

"ડેલી ટેલીગ્રાફ" અને "મોરનીંગ પોસ્ટ" ના ખબરપત્રીઓને એવા સમાચાર મળ્યા હતા કે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે પોતાનો ઘોડો "ધોતી" તેમજ નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે પોતાનો ઘોડો "મુન રે" (ચંદ્ર કિરણ) નામદાર શહેનશાહના ભાઇ ડયુક ઓફ કેન્ટને ભેટ આપ્યા છે, જ્યારે ડયુક ઓફ કેન્ટ, ગવર્નર જનરલ તરીકે ઓસ્ટ્રેલીયા જશે ત્યારે તેઓ આ બે ઘોડાઓ શરતના મેદાનમાં દોડાવશે."

## બીજું વિશ્વયુદ્ધ—મૌલાના હાઝર ઇમામની જાહેરાત.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એક મહાન શાંતિવાદી તરીકે આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવે છે એ કોઇથી અજાણ્યુ નથી. તેઓ નામદારે એક રાજપુરૂષ તરીકે લીગ ઓફ નેશન્સ દ્વારા જગતમાં શાંતિની સ્થાપના માટે તેમજ યુધ્ધ અટકાવવા પુષ્કળ પ્રયત્નો કર્યા હતા. એટલુંજ નહિ પણ જગતની અગ્રગણ્ય પ્રજાઓને ચેતવણી આપી હતી કે, "ખબરદાર! લડશો, તો માણસાઈ ખોઇ બેસશો." ઉપરાંત તેઓશ્રીએ એ માટે જર્મની જઇ જર્મન સરમુખત્યારની પણ મુલાકાત લીધી હતી એ પછી પણ એ દિશામાં તેઓશ્રીએ પોતાના પ્રયત્નો ચાલુ રાખ્યા હતા. છતાં યુધ્ધ અટક્યું નહિ. અંતે ફરી સન ૧૯૩૯ના સપ્ટેમ્બર મહિનામાં બીજું વિશ્વયુધ્ધ ફાટી નીકળતાં, તેઓ નામદારે ફરી પોતાની સઘળી સેવાઓ, હિંદી સરકારને અર્પવાની જાહેરાત કરી હતી. આ સંબંધી લંડનથી સપ્ટેમ્બરની તા. ૧૨મીએ બ્રિટીશ માહિતીખાતાની યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે, "હિઝ હાઇનેસ નામદાર આગાખાન સાહેબે, પોતાના અનુયાયીઓને બ્રિટન જે કાર્ય માટે લડે છે,

તેમાં વિના સંકોચે સેવા આપવાનું જણાવ્યા ઉપરાંત પોતાની સઘળી સેવાઓ હિંદી સરકારને અર્પણ કરી હતી."

સપ્ટેમ્બરની તા. ૨૮મીએ, મૌલાના હાઝર ઈમામે એક સંદેશો બહાર પાડ્યો હતો, જે હિંદ (સીમલા) તથા યુરોપમાં એક સાથે જાહેર કરવામાં આવ્યો હતો, જેમાં તેઓ નામદારે હિંદ અને બ્રિટીશ સંસ્થાનમાં વસતા સઘળા ઇસ્લામીઓને સંબોધીને જણાવ્યું હતું કે "આજે ક્રુર લડાઇ લાદવામાં આવી છે અને નામદાર શહેનશાહની ફતેહમંદી માટે અંતઃકરણપૂર્વક સહકાર આપવાની આપણી ફરજ છે. આવા નિખાલસ અને સંપૂર્ણ સહકારથી ઇસ્લામની પણ ઉત્તમ સેવા થશે. મારા ઇસ્લામી બંધુઓ એ વાત સમજે એવી હું ઇચ્છા રાખું છું કે, આપણી દુન્યવી ફરજ અને મુસ્લિમ હિતોની સેવા કરવાનો આપણો ઉત્તમ માર્ગ, એક સરખાં નામદાર શહેનશાહની સરકાર સાથે સંપૂર્ણપણે વફાદારીભર્યા સહકારમાં છે. મેં અને મારા મોટા ફરજંદ બન્નેએ અમારી સઘળી અંગત સેવાઓ નામદાર વાઇસરોયને અર્પણ કરી છે." આફ્રિકાના ઇસમાઇલીઓને પણ તેઓ નામદારે તાર દ્વારા બ્રિટીશ સામ્રાજ્યને હૃદયપૂર્વકની વફાદારી સાથે વિના સંકોચે મદદ કરવાની ઇચ્છા દર્શાવતો એક સંદેશો મોકલાવ્યો હતો.

## મૌલાના હાઝર ઈમામના વિજયી ઘોડાઓ—જુદી જુદી શરતોની વિજય કથા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ.ઓ, લડાઇને અંગે રેસીંગ પ્રવૃતિ ઓછી કરવાનો નિશ્ચય કર્યો હોઇ, એવો અડસટ્ટો કરવામાં આવ્યો હતો કે, લડાઇ પહેલાં ઇગ્લાંડ, ફ્રાંસ અને આયરલેન્ડમાંના તેઓ નામદારના ઘોડાઓની કીંમત ઓછામાં ઓછી પાઉંડ ૪૦૦,૦૦૦ની હતી. તેઓ નામદાર ૧૯૨૧થી ઇગ્લાંડની શરતમાં ભાગ લઇ રહ્યા છે અને ઇગ્લાંડની ૧૯૩૮ની રેસીંગ સીઝન પુરી થઈ ત્યાંસુધીમાં તેઓ નામદારના ઘોડાઓ પાઉંડ ૫૫૮,૮૭૫ જીત્યા હતા. તેઓ નામદાર ઇંગ્લાંડમાં ૪૧૪ શરત જીત્યા અને એ ઉપરાંત ઘોડાના માલિક તથા ઉછેરનાર તરીકે ફ્રાંસમાં તેઓ નામદારે ઘણીજ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. આર્થિક દ્રષ્ટિએ તેઓ નામદારને ઇંગ્લાંડમાં ૧૯૩૪ની સીઝન ઉત્તમ પુરવાર થઇ હતી. એ વર્ષની રેસીંગ સીઝનમાં તેઓ નામદારના ઘોડાઓ પાઉંડ ૬૪,૯૫૭ તથા ૧૯૩૨માં પાઉંડ ૫૭,૭૭૮ જીત્યા હતા.

## ડરબી વિજેતાઓ.

મૌલાના હાઝર ઇમામે ઇગ્લાંડમાં દોડાવેલા ઘોડાઓમાં 'બહેરામ' એક ઉત્તમ ઘોડો હતો. ત્રણ વર્ષ પછી જ્યારે તેને શરતમાં ઉતારવાનું બંધ કર્યું ત્યારે તે અજીત રહ્યો હતો. બહેરામે "ટુ થાઉઝન્ડ ગીનીઝ" ડરબી અને સેંટ લેજર શરતો જીતી હતી. મૌલાના હાઝર ઇમામે "મહમુદ" અને "બ્લેનહેમ" નામના ઘોડા મારફતે પણ ડરબીમાં જીત મેળવી હતી. "બ્લેનહેમ" ઘોડો અમેરિકન ઘોડાના માલિકને પાઉંડ ૪૫,૦૦૦માં વેચાયો હતો. "માહમુદ" ઘોડો બ્લેનહેમનો વછેરો છે અને બ્લેનહેમ તથા બહેરામ બન્ને બ્લેન્ડફોર્ડના વછેરા છે. મૌલાના હાઝર ઇમામે સેંટ લેજરની શરતોમાં બહેરામ, ફિરદોશી તથા સાયમન ટ્રાઉન મારફત વિજય મેળવ્યો હતો. મૌલાના હાઝર ઇમામ ઘોડા પારખવામાં નિષ્ણાત છે અને રેસના ચક્કરથી હમેશાં પરહેજી ધરીને જગતમાં કીર્તિ મેળવી, યુરોપમાં બહુ પ્રશંસા પામ્યા છે.

## અલીગઢ યુનિવર્સિટિમાં મૌલાના હાઝર ઇમામની તસ્વીર.

નવેમ્બર મહિનાની તા. ૩૦મીના સંદેશાઅનુસાર અલીગઢ યુનિવર્સિટિના મહા કલ્યાણકત મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની તસ્વીર નામદાર નિઝામ સરકારના પાટવી કુમાર

MOWLANA HAZAR IMAM, HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN IN CONVERSATION WITH HER IMPERIAL MAJESTY QUEEN ELIZABETH. HIS IMPERIAL MAJESTY KING GEORGE VI. IS SEEN ON THE LEFT.



મોલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ મહારાણી એલીઝાબેથ સાથે વાર્તાલાપ કરતા આ ચિત્રમાં દ્રષ્ટિએ પડે છે. જ્યારે ના. સમ્રાટ છઠ્ઠા જ્યોર્જ તદન છેડે મધ્યમાં ઉભેલા દેખાય છે.

પ્રિન્સ ઓફ બિરાર નામદાર આઝમજાહ બહાદુરે ખુલ્લી મુકી હતી. તેઓ નામદારની ઇસ્લામી વિદ્યા અને સંસ્કૃતિની સેવાની યાદગીરીમાં મુંબઈના માજી મેયર સર સુલતાન ચિનાઇએ આ તસ્વીર અલીગઢ યુનિવર્સિટિને ભેટ આપી હતી.

ઇસ્વી સન ૧૯૪૧ના જુલાઇ મહિનાની તા. ૯મીના ઝુરીચ (સ્વીઝરલેન્ડ)ના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે, "તેઓ નામદાર ઝુરીચનાં ગોલ્ફ મેદાન ઉપર, ૭૨ ફટકામાં પોતાનું "રાઉન્ડ" પુરૂં કરી સોનાનો "એસિસ્ક કપ" જીતી ગયા છે."

## નામદાર વલીઅહદના સંદેશાઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના વહાલા વલીઅહદ નામદાર શાહઝાદા આકા અલીખાન સાહેબ, પોતાની અંગત સુખસગવડો ત્યજીને માનવજાતની સેવા અર્થે, મિત્રરાજ્યોની તરફેણમાં રહીને યુધ્ધ દરમ્યાન કિંમતી સેવા અર્પણ કરી હતી. ઇ. સ. ૧૯૪૦ની આખેરીએ તેઓ નામદાર યુધ્ધ મોરચેથી હિંદ ખાતે પધારતાં, મિત્રરાજ્યોની ફતેહ માટે આગાહી કરી, "વર્તમાન યુધ્ધમાં હિંદના હિતો" એ વિષે એક સંદેશો, હિંદની જનતા સમક્ષ મુંબઇનાં રેડીયો સ્ટેશન પરથી બ્રોડકાસ્ટ કર્યો હતો, જેમાં તેઓ નામદારે બહાદુરીથી લડી રહેલ હિંદી લશ્કરની પ્રશંસા કરી હતી. "પોતાની જાતને ભુંસી નાખવી એ એક ફાળો છે, જે કોમના બાકીના બંધુઓને અંગત રીતે આપી શકાય છે." તેમજ "મઝહબનાં સિધ્ધાંતોને મકકમતાથી અનુસરવું જોઇએ." એ વિષે પણ ઇસમાઇલીઓ જોગ તેઓ નામદારે એક મનનીય સંદેશો પાઠવ્યો હતો. તેમજ સમસ્ત જગતના ઇન્સાનો માટેની બહેતરી માટે દરરોજ જમાતખાનાઓમાં દુઆ ગુજારી કરવા માટે સુચનો કર્યા હતા.

## મુસ્લિમ જનતા જોગ મૌલાના હાઝર ઈમામનો સંદેશો.

ઇસમાઇલી પ્રિન્ટીંગ પ્રેસમાંથી પ્રગટ થતાં "અલ-ઇસ્લાહ" નામક, ઇસ્લામીઓ અને આમ જનતામાં લોકપ્રિય થયેલા ઉર્દુ સાપ્તાહિકના "ઇદ અંક" માટે તેના અધિપતિ શ્રીયુત ચુનારા પર મૌલાના હાઝર ઇમામે સમસ્ત ઇસ્લામી આલમને ઉદ્દેશીને ઓગસ્ટ મહિનાની તા. ૨૧મીના યુરોપથી એક સંદેશો મોકલ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે "ઇદના ખુશબખ્ત પ્રસંગે મુસ્લિમોને બાળ હિતના પ્રશ્ન વિષે વિચારણા કરવા અને ઇસ્લામ માટે લાખો જીંદગીઓ બચાવવા માટેનો અમારો સંદેશો પહોંચાડો. હઝરત પયગમ્બરે ફરમાવ્યું છે કે બધા મુસ્લિમો મારા બાળક છે, તેથી કોઇને પણ અજ્ઞાનતાથી મરવા દેશો નહિ."

## નામવર પ્રિન્સ કરીમ આગા નાઇરોબીમાં.

મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના ભવિષ્યના ગાદી વારસ અને નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબના પુત્ર નામવર પ્રિન્સ કરીમ આગા "ઇદુલ ફિત્ર"ના શુભ દિને પોતાના નાના બંધુ પ્રિન્સ અમીન મુહમ્મદ સાથે નાઇરોબી જમાતખાનામાં પધાર્યા હતા. ઇસમાઇલી જમાતની મોટી મેદનીએ એમને હરખભર્યો આવકાર આપ્યો હતો. તેઓએ સવારના દશ વાગે જમાતને "ઇદુલ ફિત્ર"ની નમાઝ પઢાવી હતી. નાઇરોબીના ઇસમાઇલીઓના ઇતિહાસમાં આ પ્રસંગ ચિરસ્મરણીય રહેવા પામ્યો છે.

## નામદાર વલીઅહદને મદ્રાસ કોરપોરેશને અર્પણ કરેલું માનપત્ર.

ઈ. સ. ૧૯૪૪ની જાન્યુઆરી મહિનાની તા. ૨૧મીના દિને મૌલાના હાઝર ઇમામના વહાલા વલીઅહદ નામદાર પ્રિન્સ અલીખાન સાહેબ વિમાન મારફત મિસરના પાટનગર કેરોના વિમાની મથક પરથી રવાના થઇ હિંદ ખાતે પધાર્યા હતા. આગાખાન હિઝ્બનની સેન્ટ્રલ કમિટીની વાર્ષિક બેઠકમાં તેઓ નામદારે હાજરી આપી હતી. એ ઉપરાંત તેઓ નામદારની શુભ હાજરીમાં "આગા હોલ" વાડી ખાતેના વિશાળ ચોગાનમાં એક ભવ્ય સંયુકત સાલગ્રેહનો દરબાર ભરવામાં આવ્યો હતો, જેમાં તેઓ નામદારે એક મનનીય વિવેચન કર્યું હતું, જેમાં ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકીય ઉન્નતિ વિષે ઘણાંજ અર્થસૂચક વિચારો દર્શાવ્યા હતા.

ફેબ્રુઆરીની તા. ૧૬મીના તેઓ નામદારે મદ્રાસ ખાતે પધરામણી કરી હતી અને મૌલાના હાઝર ઇમામના ઇસ્માઇલી મુરીદોને જમાતખાને પધારી મુલાકાતનું માન આપ્યું હતું. એર કમાન્ડીંગ ઓફિસરે તેઓ નામદાર માટે સ્પેશીયલ હવાઇ વિમાનની વ્યવસ્થા કરી હતી. તા. ૧૭મીના દિને મદ્રાસની મ્યુનિસિપલ કોરપોરેશને તેઓ નામદારને મદ્રાસના શહેરીઓ તરફથી માનપત્ર અર્પણ કર્યું હતું.

આ માનપત્રનો મેળાવડો રિપન બિલ્ડીંગમાં યોજવામાં આવ્યો હતો. તેઓ નામદાર મિલીટરી યુનીફોર્મમાં હતા. તેઓ નામદાર પધારતાં, મદ્રાસના મેયર ડૉ. સૈયદ નિયામતુલ્લાહ, ડેપ્યુટી મેયર પી. એસ. ભાસ્યમ ચેટી, કમિશનર મી. એ. પુલ્લારેડી અને મોટા મોટા આગેવાનોએ તેઓ નામદારને આવકાર આપ્યો હતો. કોરપોરેશનના મેયરે માનપત્રનું વાંચન કર્યું હતું અને તેઓ નામદારની મદ્રાસની પ્રથમ મુલાકાત માટે હાર્દિક આવકાર આપી ખુશી જાહેર કરી હતી. માનપત્રમાં નામદાર વલીઅહદના પૂર્વજોની હિંદની સેવાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે માનપત્રના જવાબમાં આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે શહેરના નિરાશ્રિતો અને ગરીબો માટે એક આશ્રિતગૃહ સ્થાપવા માટેનું મદ્રાસ કોરપોરેશનનું કાર્ય વખાણવા પાત્ર છે અને હિંદુસ્તાનના મોટા શહેરો આ સુંદર દાખલાનું અનુકરણ કરશે એવી પોતાની આશા પ્રદર્શિત કરી હતી. ત્યારપછી તેઓ નામદારે નવા આશ્રિતગૃહનાં ફાળામાં પોતાના તરફથી રૂ. ૫,૦૦૦ની નાદર રકમની જાહેરાત કરતાં નવા શહેરી સાહસની દરેક સફળતા ઇચ્છી હતી.

મદ્રાસથી તેઓ નામદાર તા. ૧૮મીના સિકન્દરાબાદ પધારતાં વઝીર ખાનબહાદુર નવાબ અહેમદ નવાઝ જંગબહાદુર ઓ. બી. ઈ. એ તેમજ અન્ય ઇસમાઇલી અગ્રેસરોએ તેઓશ્રીને આવકાર આપ્યો હતો. ત્યારપછી નવાબ સાહેબે બંધાવેલાં નવા જમાતખાનાને ખુલ્લું મુકવાની ક્રિયા તેઓ નામદારે પોતાના શુભ હસ્તે કરી હતી.

## વલીઅહદ અલી નર્સરીઝ.

નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબની ઇચ્છાને અનુસરીને સાલગ્રેહ પ્રસંગે બાળગૃહની એક યોજના તૈયાર કરવામાં આવી હતી અને તેમાં ઇસમાઇલી જનતાએ ઉત્સાહપૂર્વક સાથ પુરાવ્યો હતો. આ કાર્યને વ્યવસ્થિત સ્વરૂપ આપવા ફેબ્રુઆરીની તારીખ ૨૩મીના દિને સાંજના હસનાબાદ ખાતે એક ભવ્ય મેળાવડો યોજવામાં આવ્યો હતો. નામદાર વલીઅહદ માટે વિશાળ કમ્પાઉન્ડમાં પડથાળ પાસે એક સુંદર



PRINCE KARIM AGA: leading the Idd prayers on the auspicious occasion of "Idul-Fitr" at Nairobi Jamat Khana on 1-10-43. PRINCE AMIN MUHAMMED is seen besides him.






**નામદાર પ્રિન્સ કરીમ આગા:** જેને મૌલાના હાજર ઇમામે પોતાના ભવિષ્ય વારસદાર તરીકે જાહેર કર્યા છે તે નામદાર નઇરોબીના ભવ્ય જમાતખાના તા. ૧-૧૦-૪૩ ના ઇદુલ-ફિતરની નમાઝ સમસ્ત જમાતને પઢાવી રહ્યા છે. બાજુ નામદાર પ્રિન્સ અમીન મુહમ્મદ છે.

(જુઓ પાનું ૬૪૩)

The Arab followers of MOWLANA HAZAR IMAM, who had come from different Arab Countries for the Diamond Jubilee occasion.



મૌલાના હાઝર ઈમામના આ અરબ મુરીદો જુદા જુદા અરબ દેશોમાંથી ડાયમન્ડ જ્યુબિલી પ્રસંગે ભાગ લેવા પધાર્યા હતા.

સ્ટેજ ઉભો કરી તેના પર તખ્ત ગોઠવવામાં આવ્યો હતો. નામદાર વલીઅહદની પધરામણી થતાં કોમના આગેવાનોએ તેઓ નામદારનું સન્માન કર્યું હતું. મૌલાના હાઝર ઇમામના હુઝુર સેક્રેટરી આલીજાહ કામડીઆ કાસમઅલીભાઇ હસનઅલી ઉપર બાળગૃહ માટે મૌલાના હાઝર ઈમામ તરફથી સંદેશાની નવાઝિશ થઇ હતી. તે મુજબ બાળગૃહનું નામ "વલીઅહદ અલી નર્સરીઝ" તરીકે અને એ બાળગૃહ માટે વાર્ષિક રૂા. ૧૨,૦૦૦ની ગ્રાન્ટ મૌલાના હાઝર ઇમામે પોતાની કરમબક્ષિશની નવાઝિશ કરી હતી તેની જાહેરાત કરવામાં આવી હતી, જેને હાજર રહેલાઓએ ખુશાલીના પોકારો અને તાળીઓના ગગડાટથી વધાવી લીધી હતી ત્યારબાદ જમાત તરફથી વિનંતી કરવામાં આવતાં નામદાર વલીઅહદે એ સંસ્થાના પેટ્રનપદ અને પ્રમુખપદ સ્વીકાર્યાં હતા.

## મૌલાના હાઝર ઇમામનો લગનોત્સવ—નામદાર વલીઅહદ લેફ્ટનન્ટ કર્નલ.

ઇસ્વી સન ૧૯૪૪ના ઓક્ટોબર માસની તા. ૧૦મીના દિને મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના મે. ય્વેટ લેબ્રોઝ–ઉમ્મે હબીબા સાથે વીવી–સ્વીઝરલેન્ડ ખાતે શુભ લગ્ન થયા હતા. મેડેમોઇઝેલ ય્વેટ લેબ્રોઝ એક સુશિક્ષિત ફ્રેન્ચ મહિલા છે અને ૧૯૩૦ની સાલમાં તેઓએ "મિસ ફ્રાન્સ"નો ઇલ્કાબ મેળવી જબરી ખ્યાતિ સંપાદન કરી હતી. તેઓએ ઇસ્લામ ધર્મ અંગીકાર કરેલો હોઇ તેઓનું ઇસ્લામી નામ "ઉમ્મે હબીબા" છે. આ શુભ લગ્નના ખુશાલીભર્યા સમાચાર મળતાં, હિંદ અને આફ્રિકાના ઇસમાઇલીઓમાં અનહદ ખુશી પ્રગટી નીકળી હતી અને તેઓ નામદારને મુબારકી ઇચ્છતા સંખ્યાબંધ સંદેશાઓ મોકલાવવામાં આવ્યા હતા.

નવેમ્બરની તા. ૫મીના રોજે આફ્રિકાની એચ. એચ. ધી આગાખાન્સ એકઝેકયુટીવ કાઉન્સીલે જાહેરાત કર્યા અનુસાર સમસ્ત આફ્રિકામાં લગ્નોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગની ધામધુમ અને ઉજવણીમાં ભાગ લેવા માટે નામદાર શાહઝાદા કરીમ આગા અને નામદાર શાહઝાદા અમીન આગા જમાતખાને પધારતાં, ઇસમાઇલી આગેવાનોએ નામદાર શાહઝાદાઓનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. ઉજવણીના રમતગમતના કાર્યક્રમો નિહાળી તેઓ નામદારોએ ઘણીજ ખુશી જાહેર કરી હતી. ત્યારબાદ તેઓ નામદારોએ ચાહ પાર્ટીના મેળાવડામાં ભાગ લીધો હતો. જેમાં નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબને લેફ્ટનન્ટ કર્નલની લશ્કરી પદવી અર્પણ કરવામાં આવી હતી, તેના માટે ખુશી પ્રદર્શિત કરવામાં આવી હતી.

## મૌલાના હાઝર ઇમામની જીનીવાથી વિદાય.

ઇસ્વી સન ૧૯૪૫ના ફેબ્રુઆરીની તા. ૨૬ીના એક સંદેશામાં જણાવ્યા મુજબ, મૌલાના હાઝર ઇમામ, પોતાના મહેરદર સહિત માર્સેલ્સ જવા જીનીવાથી રવાના થયા હતા. એમના લગેજ માટે અમેરિકન લશ્કરી લોરીઓ અને ત્રણ ટુરીંગ મોટરો તેઓ નામદારને આપવામાં આવી હતી. માર્સેલ્સથી ખાસ રોકવામાં આવેલ વિમાન મારફતે તેઓ નામદાર કેરો ભણી રવાના થયા હતા. મિસરના છાપાઓમાં મૌલાના હાઝર ઇમામની પ્રવૃતિઓનાં સમાચાર પ્રગટ થયા હતા. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, "કેરો ખાતે નામદાર આગાખાન સાહેબે પોતાના મિસરી અને પરદેશી મિત્રોને, બ્રિટીશ એલચી અને તેના સ્ટાફને, ફ્રેન્ચ ડેપ્યુટેશન અને મિસરી વઝીર અલી મહેરપાશા, મિસરી પ્રધાનો અને અગ્રગણ્ય મિસરીઓને "મહમદઅલી કલબ"માં પાર્ટીઓ આપી હતી. નામદાર બેગમ સાહેબાએ પણ આ ભોજન સમારંભોમાં ભાગ લીધો હતો. એક પાર્ટીમાં નામદાર બેગમ સાહેબાએ

પોતાના મસ્તક ઉપર કિંમતી રત્નજડિત મુગટ પહેર્યો હતો, જેની કિંમત આશરે પાઉંડ ૧૫,૦૦૦ની હતી. વધુમાં ઉમેરવામાં આવ્યું હતું કે નામદાર આગાખાન સાહેબ દુનિયાના જાણીતા રાજપુરૂષ છે અને ૧૯૩૭માં તેઓશ્રી લીગ ઓફ નેશન્સ=રાષ્ટ્રસંઘના પ્રેસીડેન્ટ હતા. ઇસ્લામી દુનિયાના તેઓ મહાન આગેવાન છે, આ સબબે સામાન્ય રાજ્યદ્વારી અને ઇસ્લામી રાજકારણ વિષે તેઓ નામદારના વિચારો જાણવા મિસરમાં ભારે આતુરતા દેખાડવામાં આવે છે."

## નામદાર વલીઅહદ લેફ્ટનન્ટ-કર્નલ પ્રિન્સ અલીખાન—ઉપયોગી સેવા માટે અર્પણ થયેલું બ્રોન્ઝ સ્ટાર મેડલ.

નામદાર વલીઅહદ લેફ્ટનન્ટ-કર્નલ પ્રિન્સ અલીખાન સાહેબને, છઠ્ઠા લશ્કરના કમાન્ડીંગ જનરલ, જનરલ જેકબ એલ. ડેવર્સ તરફથી બ્રોન્ઝ સ્ટાર મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. છઠ્ઠા લશ્કરના "લાઇઝોં ઓફિસર" તરીકે ૧૯૩૯થી યુધ્ધના અંત-૧૯૪૫ સુધી ફ્રાન્સમાં લશ્કરી કાર્યના સંબંધમાં બજાવેલી મહત્વની સેવાની પિછાણમાં અમેરિકા તરફથી એમને એ મેડલ અર્પણ કરવામાં આવ્યો હતો. જે ખરેખર એક નોંધવા લાયક બીના છે.

લશ્કરી આદેશપત્રના એક ભાગમાં એ વિષે એવો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો કે "લેફ્ટનન્ટ-કર્નલ "ખાને" અણથક બુધ્ધિશક્તિ, નોંધવાપાત્ર મહેનત અને કોઇપણ પ્રકારનું કામ પોતાના હાથમાં લેવાની સતત ઇચ્છા, પછી તે કાર્ય ગમે તેટલું વિકટ કે કંટાળાભરેલું કાં ન હોય. તેમની કુનેહ અને મુત્સદ્દગીરી, યુધ્ધના વિસ્તારમાં આખી રાતની ટ્રીપ લેવાનું કામ ઉપાડવાની ઉત્કટ ઇચ્છા, અણધારેલી તાત્કાલિક વ્યુહને પહોંચી વળવાની કલ્પના અને શરૂઆતથી છેવટ સુધી પહોંચી વળવાની એમની શક્તિ, ફ્રેન્ચ અને અમેરિકન લશ્કર વચ્ચે સારી સમજ જાળવવામાં આપેલો ફાળો અને તેમના હાથ તળે જેઓએ કામ કર્યું છે તેનો વહાલથી સહકાર જીતી લેવામાં તેઓએ બુધ્ધિચાતુર્ય દાખવ્યું છે." નામદાર વલીઅહદ જે છઠ્ઠા લશ્કરમાં હતા તે અમેરિકન સાતમા લશ્કર અને પહેલા ફ્રેન્ચ લશ્કરનું બનેલું હતું. અમેરિકનો સામે યુરોપમાં લડતી સઘળી જર્મન સેના છઠ્ઠા લશ્કર મુખને તા. ૫મી મે ૧૯૪૫ના બિન શરતે શરણે આવી હતી.

## મૌલાના હાઝર ઈમામનું આફ્રિકા ખાતે શુભાગમન.

માર્ચ મહિનાની તા. ૧૮મીના શુભ દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. આફ્રિકાની ભુમિ ઉપર કદમ મુબારક કર્યા હતા. કિસુમુ ખાતે તેઓ નામદાર કિસુમુના પ્રોવિન્શીયલ કમિશ્નર મી. કે. એલ. હન્ટરના નિવાસે રવિવારની રાતે પરોણા તરીકે રહ્યા હતા. નામદાર સરકાર તરફથી તેઓ નામદારને "ગાર્ડ ઓફ ઓનર"નું માન આપવામાં આવ્યું હતું અને નામદાર કાઉન્સીલે તેઓ નામદારનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું. જ્યારે નાઇરોબીથી કેન્યાના ગવર્નર સર ફિલિપ મીચલે તેઓ નામદારને હૃદયપૂર્વક આવકાર આપતાં, ગવર્નમેન્ટ હાઉસમાં મુલાકાતનું માન આપવા માટે એક સંદેશો કિસુમુ ખાતે મોકલાવ્યો હતો. તેઓ નામદારે મોટર મારફતે નાઇરોબી ખાતે પધરામણી કરી હતી. નામદાર બેગમ સાહેબા તા. ૧૨મીને સોમવારના નાઇરોબી ખાતે પહોંચ્યા હતા.

માર્ચની તા. ૩૧મીના દિને મૌલાના હાઝર ઇમામે ઇસમાઇલીઓની આર્થિક ઉન્નતિના સવાલોની ચર્ચા કરવા માટે એક આર્થિક પરિષદનું ઉદ્દઘાટન કર્યું હતું. પ્રમુખસ્થાન વઝીર ફતેહઅલીભાઇ

Lieutenant-Colonel PRINCE ALY KHAN: Heir-Apparent of Mowlana Hazar Imam. He served with the French, British and American Armies in the Middle East. France and Germany from 1939 to The End of The War in 1945.



મૌલાના હાઝર ઇમામના વલીઅહદ, લેફ્ટનન્ટ કર્નલ, **પ્રિન્સ અલીખાન.** જેઓએ સાહસિક ઓફિસર તરીકે, ફ્રેન્ચ, બ્રિટીશ અને અમેરીકન સેનાઓ સાથે લડાઇને મધ્ય પૂર્વ, ફ્રાન્સ અને [illegible] સુધી કિંમતી સેવા બજાવી હતી.

ધાલાએ લીધું હતું. આ પરિષદમાં સમસ્ત આફ્રિકાના પ્રાદેશિક વિભાગોમાંના ૧૪ વઝીરો અને જુદા જુદા કેન્દ્રોના ૩૮ પ્રતિનિધિ-સભ્યો હાજર રહ્યા હતા. એપ્રિલની તા. ૧૬મીના ઇસમાઇલી કેળવણી પરિષદનું પણ તેઓ નામદારે ઉદઘાટન કર્યું હતું. આ પરિષદનું પ્રમુખસ્થાન ઓનરેબલ વઝીર કાસમઅલી આર. પારૂએ લીધું હતું.

## મૌલાના હાઝર ઇમામે પૂર્વ આફ્રિકાની સુંદર પ્રગતિ માટે દર્શાવેલો સંતોષ.

માર્ચ મહિનાની તા. ૧૮મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ આફ્રિકામાં મુબારક પધરામણી કર્યા પછી પૂર્વ આફ્રિકાના સુપ્રસિધ્ધ વર્તમાનપત્ર "આફ્રિકન સ્ટાન્ડર્ડ"ના પ્રતિનિધિએ તેઓ નામદારના નિવાસ્થાને દુનિયાના રાજકરણ વિષે તેઓ નામદારના વિચારો જાણવા ઇન્ટરવ્યુ લીધો હતો. જેમાં તેઓ નામદારે પૂર્વ આફ્રિકામાં પોતાની છેલ્લી મુલાકાત પછી જે પરિવર્તન નિહાળ્યું હતું, તે પ્રશ્નને પહેલાં હાથ ધરતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે "આ સંસ્થાનમાં થએલી પ્રગતિની મારા ઉપર અત્યંત ઉંડી અસર થઇ છે અને આ સંસ્થાનમાં ભારે આશાવાદી ભાવિનું એ સુચન કરે છે. શિક્ષણને લગતી બાબતમાં તેઓ નામદારે ઇશારો કરતાં જણાવ્યું હતું કે આ દિશામાં ભારે પ્રગતિ કરવામાં આવી છે અને હું આશા રાખું છું કે આવતા આઠ વર્ષમાં એ કરતાં વધારે પ્રગતિ સાધવામાં આવશે. જેને "પુસ્તકીયું જ્ઞાન" કહે છે એવી કાર્યરેખા ઉપર વધારે પડતી પ્રગતિ મારા વિચાર પ્રમાણે ન હોવી જોઇએ. તેવીજ રીતે નવી પરિસ્થિતિને પહોંચી વળવા વિદ્યાર્થીઓ શકિતમાન બની શકે એવી તેમની તાલિમ હોવી જોઇએ" ખેતીવાડીના ક્ષેત્રો વિષે પણ તેઓ નામદારે પોતાના વિચારો દર્શાવ્યા હતા.

## આંતરરાષ્ટ્રિય રાજકારણ પર દર્શાવેલા મહત્વપૂર્ણ વિચારો.

આંતરરાષ્ટ્રિય સવાલો વિષે પણ તેઓ નામદારે કેટલીક ખાસ રસપ્રદ બાબતો જણાવી હતી. લીગ ઓફ નેશન્સ રાષ્ટ્રસંઘ હાલ તુરત સજીવન થાય એમ તેઓને લાગતું ન્હોતું. એ બાબતમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "જગતનું તાત્કાલિક ભાવિ ત્રણ મહાન દેશોનાં હાથમાં રહેલું છે. બ્રિટન, અમેરિકા અને સોવિએટ યુનીયન. જો તેઓ પોતાના સાચા હિત માટે સાથે મળીને કામ કરશે અને હું ધારૂં છું કે તેમનાં પોતાનાં ફાયદાઓ માટે તેઓને સાથે મળીને કાર્યકર્તા બનાવશે—તો દુનિયામાં સુલેહશાંતિ રહેશે અને શકય છે કે આબાદી પણ રહેશે. જો તેઓ પોતાના સ્વાર્થના કારણે સાથે મળીને કાર્ય કરશે તો માત્ર સુલેહશાંતિ રહેશે એમ હું ધારૂં છું અને કદાચ થોડી આબાદી પણ. પણ તેની સાથે ઘણો અસંતોષ રહેવાનો. મને લાગે છે કે આ ભાગીદારીમાં શામિલ થવાને ફ્રાંસને પણ કહેવામાં આવશે અને જો આ ભાગીદારોના મંતવ્યો પ્રમાણિક હશે અને તેઓ નાની અને નબળી પ્રજાઓ તેમજ પોતાનાં ફાયદાનું કાર્ય કરશે અને તેઓ પોતે ઇચ્છે છે તેમ બીજી પ્રજાઓને તેવું મહાનપદ આપશે તો તે માટે હું અત્યંત સુંદર ભાવિની આગાહી કરૂં છું" એ ઉપરાંત હિંદુસ્તાનના લોકોએ પોતાનું બંધારણ જાતેજ રચવું જોઇએ, તેમજ પારકા આદર્શો ઉપર કોઇ પ્રજા જીવી શકે નહિ એ વિષે પણ તેઓશ્રીએ પોતાના મહત્વપૂર્ણ વિચારો દર્શાવ્યા હતા.

## નાઇરોબીમાં વિદ્યાર્થીઓની રેલી—પ્રેરક સંદેશો.

મૌલાના હાઝર ઇમામે નાઇરોબીના ઇસમાઇલી વિદ્યાર્થીઓની રેલી પ્રસંગે એક પ્રેરક સંદેશો આપ્યો હતો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે: "આપણા ઇસમાઇલી મઝહબ અનુસાર આ ખાકી શરીર 'ખાને ખુદા' છે, એ યાદ રાખવું જોઇએ, કારણ કે તે આત્મા-રૂહનું નિવાસસ્થાન છે, જે ખુદાઇ નુર પ્રાપ્ત કરે છે.

તેની તંદુરસ્તી અને મોઢું, આંખો કાનોની સ્વચ્છતા જાળવવાની જરૂર છે અને તેના ઉપર રોગના ચિન્હની પહેલી અસર જણાવા માંડે કે તરત જ તેની સારવાર દવાખાનામાં કરાવવી જોઇએ છે. જીંદગીના પાછળના સમયમાં સ્પોર્ટસ તમારા માટે મુશ્કેલ—ભારે બની જશે, પરંતુ તમારા વ્યાપાર ધંધાના મથકે કે ખરીદી વિગેરે પ્રસંગે તમારે જાતે પગપાળા જઇને તમે તમારી તંદુરસ્તી માટે પણ કરી શકો અને ટટાર થઇને તમે ચાલી શકો છો. બંદગી કરવાનો સમય પણ તમારે ભુલી જવો જોઇએ નહિ. જેથી તમારા સ્વચ્છ શરીરમાં તમારા આત્માને સ્વચ્છ રાખી શકાય."

## કમ્પાલાના નામદાર કબાકા તરફનો "એટ હોમ."


મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નામદાર બેગમ સાહેબા સાથે મે મહિનાની અધવચ્ચે યુગાન્ડાના પાટનગર કમ્પાલા ખાતે પધારતાં યુગાન્ડાની જનતા તરફથી તેઓ નામદારને ભારે આવકાર આપવામાં આવ્યો હતો. તેઓ નામદારોના માનમાં મે માસની તા. ૧૯ મીના દિને એક સાર્વજનિક સમારંભ "મેંગો" ખાતે યોજવામાં આવ્યો હતો. ના૦ કબાકાએ પણ "એટ હોમ"નો મેળાવડો કર્યો હતો, જેમાં નામદાર ગવર્નર અને ગવર્નર બાનુ ઉપરાંત સંખ્યાબંધ નામાંકિત પરોણાઓને નોતરવામાં આવ્યા હતા. ના. કબાકાએ મૌલાના હાઝર ઇમામ અને નામદાર બેગમ સાહેબાને આવકાર આપનારું વિવેચન કર્યું હતું. જેમાં તેઓએ યુધ્ધ પરિસ્થિતિ અને જર્મનીની સંપૂર્ણ હાર અને મિત્ર રાજ્યોની જીતનો ઉલ્લેખ કર્યો હતો. જેના સમાચારો ગયાપખવાડિયા પહેલાંજ વર્તમાનપત્રોમાં જાહેર થયા હતા.

મૌલાના હાઝર ઇમામે પોતાના વિવેચનમાં ના૦ કબાકાનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતુ કે: "૪૧ વર્ષ પહેલા અમો પોતે કમ્પાલા આવ્યા હતા અને હાલના કબાકાના દાદાને મળ્યા હતા." ત્યારપછી તેઓ નામદારે દુનિયાની વર્તમાન પરિસ્થિતિ વિષે ઉદગારો કહાડતાં જણાવ્યું હતું કે "અમે લીગ ઓફ નેશન્સ=રાષ્ટ્રસંઘના પ્રમુખ હતા ત્યારે ખાસ સહકારીઓ સહિત પોતાની જીંદગીમાં બીજું વિશ્વયુધ્ધ નહિ જોશું એવી આશા રાખતા હતા, પણ એ આશા સફળ થઈ ન્હોતી. હવે સુલેહશાંતિની સ્થાપના થઇ છે, પરંતુ તેણે લોકોને આ દુનિયા ઉપર પાંચ વર્ષ સુધી દોઝખનો અનુભવ કરાવ્યો છે. અમે આ પાંચ વર્ષના સઘળા સમય દરમ્યાન જીનીવા ખાતે હતા અને યુરોપ અને અમેરિકાના લોકોએ કેવો ત્રાસજનક અનુભવ કર્યો છે તે બહાર રહેલા થોડાકજ માણસો સમજી શકે છે. સુલેહશાંતિની સ્થાપના થઇ, એટલુંજ કાંઇ પુરતું નથી. મહાન ફારસી કવિ શેખ સાદીના શબ્દોમાં કહીએ તો સઘળા મનુષ્યો એકજ અંગના સભાસદો છે અને એ અંગનો એક નાનામાં નાનો સભાસદ માંદો હોય, કષ્ટમાં હોય કે શોકમાં હોય તો આખી માનવજાત તેનું દર્દ ભોગવશે અને તેના માટે તેને ભોગ આપવો પડશે." ત્યારપછી તેઓ નામદારે ના. કબાકાના રાજ્યકાળમાં એ દેશ ચોક્કસપણે પ્રગતિ કરતો રહેશે એવી આશા પ્રદર્શિત કરતાં નામદાર કબાકા અને તેની પ્રજાની સુખસમૃધ્ધિ ઇચ્છી હતી.

## મોમ્બાસામાં મુસ્લિમોની કોન્ફરંસ.

જુન મહિનાની તા. ૧૬ મીના દિને પૂર્વ આફ્રિકાના મુસ્લિમ ઇતિહાસમાં પહેલવહેલી મુસ્લિમ પબ્લીક વર્કસની એક પરિષદ મોમ્બાસા ખાતે મુસ્લિમ હોલમાં, મૌલાના હાઝર ઇમામના પ્રમુખસ્થાન હેઠળ મળી હતી. આ સભામાં યુરોપિયન, હિંદી, અરબ, સોમાલી અને આફ્રિકન ડેલીગેટોનો સમાવેશ થતો હતો; ઝંઝીબાર, ટાંગાનીકા, યુગાન્ડા અને કેનિયાના જુદા જુદા ભાગોમાંથી ૬૬ ડેલીગેટો અને મોમ્બાસા તથા તેની આજુબાજુના ગામોમાંથી ૧૦૬ ડેલીગેટો હાજર રહ્યા હતા. આ પરિષદમાં મુસ્લિમ,

PRINCE KARIM AGA KHAN, future successor (on left) and
PRINCE AMIN MUHAMMED.



શાહઝાદા કરીમ આગાખાન, ભવિષ્યના ગાદી વારસ અને શાહઝાદા અમીન મુહમ્મદ.

અરબ, સોમાલી, સ્વાહિલી તથા આફ્રિકનો માટેની સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક આબાદી અને ઉન્નતિ માટેની સંસ્થા સ્થાપવાની ઇચ્છાથી મુસ્લિમ વેલફેર સોસાયટીની સ્થાપના કરતાં, સંસ્થાના નવા બંધારણના મુખ્ય હેતુઓ નક્કી કરવામાં આવ્યા હતા. તેઓશ્રીએ આફ્રિકન મુસ્લિમોના ફંડ માટે શીલીંગ ૧૦,૦૦૦ આપવાની ઉદારતા દાખવી હતી.

## હિંદી મહિલા મંડળની સભામાં મૌલાના હાઝર ઈમામનું પ્રવચન.

જુન મહિનાની તા. ૨૧ મીના દિને મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મોમ્બાસાની ઇન્ડીયન વિમેન્સ એસોસિએશન=હિંદી મહિલા મંડળના નિમંત્રણને માન આપી ઈન્ડીયન ગર્લ્સ સ્કુલમાં તેઓશ્રી સભામાં નામદાર બેગમ સાહેબા સાથે પધારતાં, ઇન્ડીયન વિમેન્સ એસોસિએશનના પ્રમુખ શ્રીમતી સોન્ડીએ બન્ને નામદારોને હારતુરા અર્પણ કર્યા બાદ આવકાર આપતું ભાષણ કર્યું હતું.

પ્રમુખ શ્રીમતી સોન્ડીના ભાષણનો પ્રત્યુતર વાળતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે: "મેં મારા જીવનપર્યંત પૂર્વના સ્ત્રી સમાજની આઝાદી માટે મહેનત લીધી છે એમ આપે કહ્યું તે તદન સત્ય છે. પરંતુ ખાસ કરીને મુસ્લિમ સ્ત્રીઓને પરદાની પ્રથાની બદીઓ સહન કરવું પડયું હોવાથી હું આજે તે વિષય પરજ બોલીશ. કદાચિત તમે એ બિનાથી નાવાકેફ હશો કે મોન્ટેગ્યુ–ચેમ્સફર્ડ સુધારાઓ વખતે હિંદી સ્ત્રીઓને મતાધિકાર મળવો જોઇએ, એવો પડકાર મારા સિવાય કોઇએ કર્યો નહોતો અને અમુક હિંદી સ્ત્રીઓના સહકાર વડે સંયુક્ત મોરચો ખડો કરી, અમારા પ્રત્યે દાખવવામાં આવેલ સઘળી કોમોના વિરોધનો સામનો કરી અને અમારી સામે અતિ બળવાન બહુમતિ હોવા છતાં, હિંદી સ્ત્રીઓ માટે મતાધિકાર મેળવવા સફળ થયા. આ કાર્યને હું નિરંતર ગર્વથી યાદ કરૂં છું કારણ કે રાજનિતિજ્ઞો માટે સ્ત્રીને મતાધિકાર મળવો એ પ્રગતિનું બહુ મુખ્ય અંગ ગણાય."

મૌલાના હાઝર ઇમામે આગળ વધતા કહ્યું કે "બાળ ઉન્નતિ, સ્ત્રીઓની ઉન્નતિ અને કેળવણી સ્વાતંત્ર્ય વગર પ્રાપ્ત કરવા અશક્ય છે. જ્યાંસુધી તમોને બહાર જતા અટકાવામાં આવે છે, જ્યાંસુધી સમાજમાં ભળવા દેવામાં નથી આવતા, ત્યાંસુધી આ સઘળી શુભ આકાંક્ષાઓ ફળશે નહિ. બહાર આવી જગતનું નિરિક્ષણ કરવું જ જોઇએ. તમારી સમક્ષ એક મહાભારત કાર્ય પડયું છે અને તે કાર્ય તો જ સિધ્ધ થાય કે જો તેની પાછળ એક ધર્મ પ્રચારકની જેમ ખંત અને ભક્તિભાવથી પડવામાં આવે."

## ઈસ્માઈલી મિશન કોન્ફરન્સ.

જુલાઇ મહિનાની તા. ૨૧ મીના દિને દારેસસલામ ખાતે મૌલાના હાઝર ઇમામના પ્રમુખપદે ઇસ્માઇલીઓની એક મિશન કોન્ફરન્સ ભરવામાં આવી હતી, જેમાં તેઓ નામદાર એક કલાક સુધી રોકાયા હતા અને હાજર રહેલાઓને શુભ દોરવણી આપી હતી. તેઓ નામદારે કોન્ફરન્સમાં હાજર રહેલાઓને સંબોધીને ફરમાવ્યું હતું કે "તમારે મુંબઇ જેવી "ઇસ્માઇલીયા એસોસિએશન"ની સ્થાપના કરવી જોઇએ. મુંબઇની ઇસ્માઇલીયા એસોસિએશનના પ્રમુખ મી. મકલાઇએ કોમની ઘણી ખિજમત બજાવી છે અને ઇસ્માઇલી દીનની રોશની ફેલાવી છે. તેની સેવાને લીધે તેનું નામ ઇતિહાસમાં અમર રહી જશે." ત્યારપછી મુંબઇની ઇસ્લામિક રિસર્ચ એસોસિએશનનાં કેટલાક ગેર ઇસ્માઇલીઓ ધર્મનું સારૂં જ્ઞાન ધરાવે છે તેનો ઉલ્લેખ કરી તેઓ નામદારે પ્રશંસા કરી હતી.

## મૌલાના હાઝર ઈમામનો દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ—હિંદીઓને સમાન હક્કો આપવાની ભલામણ.

ઓગસ્ટ મહિનાની તા. ૩જીના મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ૦ દારેસ્સલામથી વિમાન માર્ગે દક્ષિણ આફ્રિકા ભણી રવાના થયા હતા. માર્ગમાં પોર્ટુગીઝ ઈસ્ટ આફ્રિકાના લિંડી, લુબ, બઈરા અને લોરેન્ઝો માર્કવિસ વિગેરે સ્થળોએ યુરોપિયનો, આફ્રિકનો, હિંદીઓ, મુસ્લિમો અને ઈસ્માઈલી મુરીદો તરફથી તેઓ નામદારને હરખભર્યો આવકાર આપવામાં આવ્યો હતો, તેમજ તેઓ નામદારના માનમાં અનેક સત્કાર સમારંભો યોજવામાં આવ્યા હતા.

તા. ૫મીના રોજે તેઓ નામદારને લોરેન્ઝો માર્કવિસના ટાઉન હોલમાં હિંદીઓ, મુસ્લિમો અને ઈસ્માઈલીઓ તરફથી એમ ત્રણ માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા. બધા માનપત્રો પોર્ટુગીઝ ભાષામાં વાંચવામાં આવ્યા હતા, જેના જવાબમાં મૌલાના હાઝર ઈમામે અંગ્રેજો અને પોર્ટુગીઝોના સંબંધનો ઉલ્લેખ કરી, હિંદીઓને સમાન હક્કો આપવાની ભલામણ કરી હતી. તેઓ નામદારના માનમાં પ્રજા તરફથી પણ એક ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં પોર્ટુગીઝ, અંગ્રેજ ઓફિસરો, હિંદી અને મુસ્લિમ સંભાવિત નગરજનો પણ હાજર રહ્યા હતા. ત્યાંથી તેઓશ્રી બપોરના સ્પેશીયલ ટ્રેન મારફતે દક્ષિણ આફ્રિકા જવા રવાના થયા હતા.

## પ્રિટોરિયામાં શાનદાર સત્કાર—વિશ્વશાંતિ શી રીતે જાળવી શકાય?

મૌલાના હાઝર ઈમામની પ્રિટોરિયા ખાતે મુબારક પધરામણી અંગે ઈસમાઈલીઓમાં ભારે ઉત્સાહ વ્યાપી ગયો હતો. સ્ટેશનને વાવટા તોરણો અને ઝાડપાન ફુલોથી સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. સ્ટેશન ઉપર ઈસમાઈલીઓ ઉપરાંત અન્ય કોમ અને વર્ણના અસંખ્ય માણસોની ઠઠ જામી હતી. ડેપ્યુટી મેયરે તેઓ નામદારની સેલુનમાં મુલાકાત લીધી હતી. ત્યારપછી સમસ્ત સાઉથ આફ્રિકાના ગામેગામ અને શહેરો શહેર વસતી ઈસમાઈલી જમાતોને તેઓ નામદારે દીદાર આપ્યા હતા. સાંજે જમાતખાને પધારતાં ઈસમાઈલી આગેવાનોએ તેઓ નામદારને દિલોજાન આવકાર આપ્યો હતો. જમાતખાનાને વાવટા, ફૂલ અને રોશનીથી શણગારવામાં આવ્યું હતું.

મૌલાના હાઝર ઈમામના માનમાં ત્યાંની ઈન્ડીયન નેશનલ કોંગ્રેસ તરફથી "પ્લેંગહામ" હોટલમાં ખાણાનો સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં ૫૦૦ પરોણાઓ હાજર રહ્યા હતા. યુરોપિયનો, હિંદી, મુસ્લિમો અને સરકારી અમલદારોની સારી સંખ્યા હતી. ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર મી. હોફ મેયર પ્રમુખસ્થાને હતા. પ્રિટોરિયાની ના. ઈસમાઈલીયા કાઉન્સીલ તરફથી પણ તેઓ નામદારના માનમાં એક શાનદાર ગાર્ડન પાર્ટી અપાઈ હતી. તેઓ નામદારને માનપત્ર સહિત એક સુંદર કાસ્કેટ પણ અર્પણ કરવામાં આવી હતી. આ પ્રસંગે ૧૬૦૦ પરોણાઓને આમંત્રણો અપાયા હતા.

વિશ્વશાંતિ જાળવી શકાશે? એવા એક પ્રશ્નના જવાબમાં, છાપાના પ્રતિનિધિઓને તેઓ નામદારે જણાવ્યું હતું કે "યુનાઈટેડ સ્ટેટસમાં જેમ ચાલે છે, તેમ જો યુરોપ, એશિયા દક્ષિણ અમેરિકા અને પાછળથી આફ્રિકામાં પ્રજાની સાધન સામગ્રી અને મુડીની ફેરબદલી આર્થિક દ્રષ્ટિએ કરવાની વ્યવસ્થા શક્ય બનશે તો હું માનું છું કે વિશ્વશાંતિ જાળવવાનું કાર્ય સરળ બનશે. જો આ અશક્ય થશે તો માત્ર જીવન માટે જરૂરિયાતો મેળવવાની મુશ્કેલીને પરિણામે અથડામણ અને દુશ્મનાવટ પેદા થશે."

એક ખાણાના મેળાવડામાં તેઓ નામદારે જણાવ્યું હતું કે બ્રિટને દક્ષિણ આફ્રિકાને જે ભાવનાથી ડુમિનિયન સ્ટેટસ આપેલું છે તે જ ભાવનાથી જો હિંદને આઝાદી આપવાનું કાર્ય નક્કી કર્યું હોત તો હિંદીઓ વચ્ચે જરૂર સમજુતિ થઇ જાત. હિંદના ૪૦ કરોડ માનવીઓની જરૂરિયાત લક્ષમાં લેવી જોઇએ.

## મૌલાના હાઝર ઈમામ જોહાનિસબર્ગમાં—સરકાર, હિંદી કોંગ્રેસ અને ઈસ્માઈલીઓના સત્કાર સમારંભો.

મૌલાના હાઝર ઇમામને જોહાનિસબર્ગમાં તા. ૮મીની સાંજે ટ્રાન્સવાલ ઇન્ડીયન કોંગ્રેસ તરફથી લેન્ગહેમ હોટેલમાં બેન્કવેટ=ખાસ મિજબાની આપવામાં આવી હતી, જે પ્રસંગે દક્ષિણ આફ્રિકાના પ્રાઇમ મિનિસ્ટર ફિલ્ડ માર્શલ જનરલ સ્મટસ અને મોટા મોટા મિનીસ્ટરો, આગેવાન વેપારીઓ, દરેક રાજ્યના કોન્સલો વિગેરે પણ હાજર હતા. પ્રમુખસ્થાન ત્યાંના મિનિસ્ટર ગ્રેફ મેવરે લીધું હતું. મૌલાના હાઝર ઇમામે ફિલ્ડ માર્શલ સ્મટસને ઉત્તર આપતાં હિંદી પ્રશ્નો વિષે પોતાના વિચારો દર્શાવ્યા હતા. ઇન્ડીયન નેશનલ કોન્ગ્રેસ તરફથી મૌલાના હાઝર ઇમામને સુંદર કાસકેટમાં માનપત્ર અર્પવામાં આવ્યું હતું. ત્યારપછી ફિલ્ડ માર્શલ સ્મટસ, ગ્રી. હોફ મેયર અને હિરાના મોટા વેપારીઓનાં સંઘના પ્રમુખ સર અર્નેસ્ટ ઓપનહેમ અને યુનિયનનાં હાઇ કમિશ્નર તરફથી મૌલાના હાઝર ઇમામને લંચ અને ડીનરો અપાયા હતા. જોકી કલબના ડાયરેકટરો તરફથી પણ તેઓ નામદારના માનમાં ખાણાનો મેળાવડો થયો હતો અને શરત દોડાવવામાં આવી હતી. જોહાનિસબર્ગના મુસ્લિમોનું એક ભવ્ય સંમ્મેલન પણ યોજવામાં આવ્યું હતું.

## હિંદીઓની જરૂરીયાતોને ધ્યાનમાં લેવાનો યુરોપિયનોને આગ્રહ—સંપૂર્ણ આઝાદી માત્ર એકજ ઉપાય.

ઓગસ્ટ મહિનાની તા. ૯મીના દિને જોહાનિસબર્ગના ટાઉન હોલમાં ઇમામી ઇસમાઇલીઓ તરફથી તેઓશ્રીના માનમાં રિસેપશન પાર્ટી આપવા એક ખાસ સાર્વજનિક મેળાવડાની ગોઠવણ કરવામાં આવી હતી. આ પ્રસંગે જનરલ સ્મટસ પણ હાજર રહ્યા હતા. ત્યારપછી હિંદુ સમાજ, મુસ્લિમ કોન્ફરન્સ, મુસ્લિમ લીગ તથા મુસ્લિમ ચેમ્બર્સ ઓફ કોમર્સ અને પારસી કોમ વિગેરે તરફથી અનેક માનપત્રો આપવામાં આવ્યા હતા. જે બાદ જનરલ સ્મટસ વિગેરે તરફથી ભાષણો થયા હતા અને મૌલાના હાઝર ઇમામે તેના જવાબ રૂપે અતિ મનનીય ભાષણ આપ્યું હતું, જેમાં તેઓ નામદારે ઉમેર્યું હતું કે: "આજનો મેળાવડો બતાવે છે કે ગમે તે મુશ્કેલીઓ હસ્તી ધરાવતી હોય, પરંતુ માનવસંપનો અભાવ નથી. એ પ્રત્યે તમો વ્યવહારૂ માણસો તરીકે જુઓ. હિંદીઓ તરફથી તમારા વર્ચસ્વને કશો ભય છે ખરો? આવા ભયની શકયતા પણ છે ખરી? ત્યારે તેઓને તમારી સાથે સુખનો માર્ગ જે તમો બધા ઇચ્છો છો તે ઉપર શા માટે આવવા દેતા નથી? ગીચ વસ્તીવાળો હિંદ જેવો દેશ બહારથી આવનારાઓ માટે દરવાજા ખુલ્લા રાખે છે તો દક્ષિણ આફ્રિકા તેમ કાં ન કરી શકે? મારા દેશબંધુઓની જરૂરિયાતો યુરોપિયનોએ ધ્યાનમાં લેવી જોઇએ."

રોઇટરની એક મુલાકાતમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, "હિંદના ઉકેલ માટે સંપૂર્ણ આઝાદીજ એક ઉપાય છે. સ્વતંત્રતા સંસ્થાનિક પાયરીથી અસંબધિત ન હોવી જોઇએ."

## દક્ષિણ આફ્રિકાના હિંદીઓને સોનેરી સલાહ.

ઑગસ્ટ મહિનાની તા. ૧૬મીના રોજે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને નામદાર બેગમ સાહેબાના માનમાં નાતાલ ઇન્ડીઅન કોંગ્રેસ તરફથી ડરબનના સીટી હોલમાં એક શાનદાર સમારંભ યોજવામાં આવ્યો હતો. તે પ્રસંગે તેઓ નામદારે દક્ષિણ આફ્રિકાના હિંદીઓને નેક સલાહ આપનારૂં અતિ મહત્વપૂર્ણ વિવેચન કર્યું હતું, જે ઑગસ્ટ મહિનાની તા. ૨૨મીના ત્યાંના "ઇન્ડીયન વ્યુઝ"માં પ્રગટ થયું હતું, જેમાં તેઓ નામદારે અતિ મહત્વના ઘણા મુદ્દાઓની ચર્ચા કરી હતી.

વધુમાં તેઓ નામદારે ઉમેર્યું હતું કે "આપણા ગોરા મિત્રોનાં દિલોમાં હસ્તી ધરાવતી એક ધારણી કાઢી નાંખવાની હું તક લઉં છું અને તે એ છે કે "ગમે તે થાય તો પણ દક્ષિણ આફ્રિકામાં વસેલા અઢી લાખ હિંદીઓ દક્ષિણ આફ્રિકાના ગોરા સુધારા, ગોરા ધોરણ કે ગોરા આચારવિચાર માટે આફતકારક નિવડી શકતા નથી."

દક્ષિણ આફ્રિકાના હિંદીઓને નેક સલાહ આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "દક્ષિણ આફ્રિકાના હિંદીઓના વિષય સાથે મને પુરાણો પરિચય છે અને એનો મેં અભ્યાસ પણ કર્યો છે, તમારા દુઃખોની ચર્ચા કરતી સભાઓનું પ્રમુખપદ પણ અનેકવાર મેં મુંબઇ ખાતે લીધું હતું; એટલે હું મારા રાજદ્વારી અનુભવ પ્રમાણે તમોને નેક સલાહ આપું છું તે પ્રમાણે તમો અમલ કરશો તો કદાચ તમોને એનાથી લાભ થશે. પ્રથમ અને સૌથી અગત્યની સલાહ એ છે કે દક્ષિણ આફ્રિકામાં હિંદુ અને મુસલમાનોના સવાલને બિલકુલ આવવા દેશો નહિ. બીજું જે હિંદીઓ પૈસાદાર છે અને જેઓ ગરીબ છે તેમનાં વચ્ચે આર્થિક ભેદને અંગે તમારી નાતાલની લડતને નુકશાન પહોંચવા દેશો નહિ. આ દેશમાં આવતાંજ તમારી વફાદારી દક્ષિણ આફ્રિકા સાથે જ સંકળાએલી રહેવી જોઇએ. જે દેશમાં તમો રોજી મેળવો છો તે દેશને તમારે વફાદાર રહેવું જોઇએ."

"હું તમોને મારા પુરા બળથી તમને ઇત્તીલા કરૂં છું કે તમો વધુ પ્રમાણમાં કેળવણી હાંસિલ કરો. ગોરા અને હિંદીઓમાં સમજુતી કરાવવામાં બીજા સઘળા પગલાંઓ કરતાં આખરે કેળવણી જ વધુ કામ આવશે. એના જ પ્રતાપે બન્ને કોમો એક બીજાના ગુણો જોઇ તેની કદર કરતી થશે. માટે એ દરવાજા ખુલ્લાં જ રહેવા જોઇએ, કારણ કે તેના ઉપર તમારા નૈતિક અને સાંસ્કૃતિક જીવનનો આધાર છે. વળી કેળવણી ગ્રહણ કરતી વેળા છોકરા છોકરીઓમાં સમાનતા રાખવી ખાસ જરૂરી છે. સ્ત્રીઓની મદદ વિના બ્રિટન આ લડાઇ જીતી શકયું હોત? સ્ત્રીઓ વગર અમેરિકા તેની આજની મહાનતાએ પહોંચી શકયું હોત! વધુમાં તેઓ નામદારે હિંદીઓને નશાથી દુર રહેવાની પણ ભલામણ કરતાં જણાવ્યું હતું કે નવી રોશનીના આકર્ષણો તમને હટાવી ન દે એની કાળજી રાખજો. તમારે અહિં રાજદ્વારી લડતો લડવી પડતી હશે પણ ઓછામાં ઓછું એટલું તો કરો કે તમારી ચાલચલણથી તમારા દુશ્મનોને પણ એટલું કહેવાની ફરજ પડી જાય કે અમારા હિંદી શહેરીઓ અમારાથી સહેજે ઉતરે એવા નથી." સભાનું પ્રમુખપદ સિનેટર ડી. જી. શેપ્સટને શોભાવ્યું હતું. નામદાર બેગમ સાહેબાએ પણ ટુંક વિવેચન કરી ડરબનની મહેમાનગીરી માટે આભાર જાહેર કર્યો હતો.

એ ઉપરાંત ત્યાંની મસ્જિદમાં પણ ભવ્ય સમારંભ થયો હતો, જે વખતે ત્યાં એકઠી થયેલી હજારોની મુસ્લિમ મેદનીએ "અલ્લાહો અકબર" અને "આગાખાન ઝિંદાબાદ"ના ગગનભેદી

નાદોથી તેઓશ્રીને વધાવી લીધા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. જોહાનિસબર્ગ ભણી જતાં માર્ગમાં લોરેન્ઝો માર્કવિસ ખાતેની કોમોરિયન કોમને ધાર્મિક કેળવણી માટે મદ્રેસો બાંધવા શીલીંગ ૧૦,૦૦૦ બક્ષિસ આપ્યા હતા. એજ પ્રમાણે તેઓ નામદારે પોતાની જંગબારની મુલાકાત વખતે જંગબાર અને પેમ્બાના ગરીબ મુસ્લિમોને આપવા માટે શીલીંગ ૧૦,૦૦૦ ત્યાંના નામદાર સુલતાનને આપ્યા હતા.

## ઇસમાઇલીઓનો શુભ ઇરાદો.

પાંચેક વર્ષ પહેલાં અર્થાત ઇસ્વી સન ૧૯૩૬માં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને હિંદના, ઇસમાઇલીઓએ હિંદમાં તેમજ ઇસ્વી સન ૧૯૩૭માં આફ્રિકા-વાસી ઇસમાઇલીઓએ આફ્રિકામાં, તેઓ નામદારની ઇમામતની ગોલ્ડન જ્યુબિલી પ્રસગે બે વાર સુવર્ણતુલા વિધિ કરી, પોતાના પવિત્ર ઇમામ પ્રત્યે જાનફિશાની અને વફાદારી દર્શાવી જગતમાં સારામાં સારી નામના મેળવી હતી. પરંતુ એટલેથીજ સંતોષ માની બેસી ન રહેતાં, તેઓએ મૌલાના હાઝર ઇમામની ઇમામતની સાઠ વર્ષની ડાયમંડ જ્યુબિલી કે જે ઇસ્વી સન ૧૯૪૫નાં ક્રમ ક્રમે પગલે આવી રહી હતી, તે પ્રસંગે પણ તેઓ નામદારને હિરાથી તોલવાનો શુભ ઇરાદો કર્યો હતો.

એ વિષેની પ્રથમ ચર્ચા જમાતના અમલદારીઓ અને આગેવાન પંજેભાઇઓ વચ્ચે થઇ હતી અને વખતના વહેવા સાથે એકે એક ઇસમાઇલીના મોઢે આ વાત થવા લાગી હતી. પરિણામે મી૰ વઝીર કાસમઅલીભાઇ હસનઅલી ઝવેરી મારફત મૌલાના હાઝર ઇમામની પવિત્ર હુઝુરમાં નમ્રતાપૂર્વક રજુ કરવામાં આવતાં તેઓ નામદારે પોતાની સંમતિ સાથે ભલી દુઆઓ મોકલી હતી.

ડાયમંડ જ્યુબિલી તો કોઇની ઉજવાઇ હશે પણ દુનિયાની સપાટી ઉપર દુનિયાની શરૂઆતથી લઇને આજ સુધી એવા કોઇપણ રાજા, મહારાજા, શહેનશાહ કે ધર્મગુરૂની ડાયમંડ જ્યુબિલીની ઉજવણીમાં તેવા ભાગ્યશાળી પુરૂષની તુલાવિધિ હિરાથી થઇ હોય એવું પ્રમાણ મળી આવતું નથી અને તેથીજ આજના જમાનામાં આ પ્રસંગ અજોડ અને અનોખો ગણી શકાય, જે ભાગ્યશાળી ઇસમાઇલીઓને ફાળે આવેલો હોઇ, તેઓએ એ ભગીરથ કાર્ય ઉપાડી લીધું અને વિના વિલંબે સફળતાપૂર્વક પાર પાડવા કમર કસી.

## નામદાર વલીઅહદે "આગાખાન લિજ્યન"ની કરેલી સ્થાપના.

ઇ. સ. ૧૯૪૦ના ડીસેમ્બર મહિનાની તા. ૨૫મીના રોજે ડાયમંડ જ્યુબિલી પર વિચારણા ચલાવવા, સ્થાનિક તેમજ બહારગામના પચાસેક આગેવાનોની એક સભા મળી હતી. જેમાં મૌલાના હાઝર ઇમામના વ્હાલા વલીઅહદ નામદાર પ્રિન્સ અલીખાન સાહેબે "આગાખાન લિજ્યન"ની સ્થાપના કરતાં જણાવ્યું હતું કે "આગાખાન લિજ્યન"ની સ્થાપના કરતાં મને ઘણી ખુશી ઉપજે છે. જો કે અન્યોની ગણત્રીમાં ઇસમાઇલી ખોજાઓ એક નાની કોમ છે, છતાં પોતાના સામાજિક, આર્થિક અને વ્યાપારી લાભો માટે તેઓ એકસંપ થયેલા અને "ઓરગેનાઇઝડ" થયેલા હોય તો તેઓ અજાયબી પમાડનારા પરાક્રમો કરી શકે છે. આ સંસ્થાનો એક આશય આખી દુનિયાનાં ઇસમાઇલીઓની અંદર ભાઇચારાના જુસ્સાને ઉત્તેજન આપવાનો છે એ જાણી મને ઘણો આનંદ થયો છે. એકસંપ સદા મહાબળ છે અને ખાસ કરીને આજના મુશ્કિલભર્યા અને અચોક્કસ દિવસોમાં તો ખરેખર એક મહાન તાકાત છે. હું લિજ્યનની દરેક ફતેહ ઇચ્છું છું અને આશા રાખું છું કે લિજ્યન કાર્યસાધક અને ધરખમ બનવા પામશે અને યોજના પ્રમાણે ફતેહમંદ થશે."

સ્થાપના પછી તુરતજ મૌલાના હાઝર ઇમામને હિરાથી તોળવા માટે ડોનેશનોની જાહેરાતો કરવામાં આવી હતી જેની એકઝેકયુટિવ કમિટીના પ્રથમ પ્રેસીડન્ટ તરીકે તા. ૩-૧-૪૧ ની સભામાં શેઠ અલીમહમદ મકલાઇને સર્વાનુમતે ચુંટી કહાડવામાં આવ્યા હતા. આ પછી કરાચી, કાઠિયાવાડ અને હિંદના દરેક ભાગોમાં ડોનેશનો નોંધાવાનું કાર્ય ઉત્સાહ ભેર ચાલુ થયું હતું.

## હિરક મહોત્સવ ઉજવવાના ભવ્ય આદર્શો.

"આગાખાન લિજ્યન"ની આ સંસ્થાને સામાન્ય રીતે ઇસમાઇલી કોમના હિત કાર્ય અને ખાસ કરીને મૌલાના હાઝર ઇમામનો "હિરક મહોત્સવ" ઉજવવાના ભવ્ય આદર્શોને લક્ષમાં રાખ્યા હતા. આ સંસ્થાનું કાર્ય વ્યવસ્થિત રીતે અને તંત્રબધ્ધ ચાલે એવા હેતુથી સમગ્ર હિંદ, બરમા, સિલોન, ઇરાક, પર્શીયન ગલ્ફ ખાતે કુલ્લે મળીને ૬૬ પ્રોવિન્શીઅલ કમિટિઓ=પ્રાંતિક સમિતિઓ નિમવામાં આવી હતી. આ પ્રાંતિક સમિતિઓ પણ આખા હિંદના પ્રતિનિધિઓના-સ્વરૂપમાં એકઠાં મળીને કાર્યને આગળ ધપાવી શકે અને એક બીજાના સમાગમમાં આવી શકે એ માટે એક સેન્ટ્રલ કમિટિની સ્થાપના કરવામાં આવી હતી, જેમાં સઘળી પ્રાંતિક સમિતિઓનાં પ્રતિનિધિઓને લેવામાં આવ્યા હતા. અખિલ હિંદનું એ ભગીરથ કાર્ય મધ્યસ્થ રીતે ચલાવી શકાય તે માટે એક એકઝેકયુટિવ કમિટિ=કારોબારી કમિટી પણ નિમાયેલી હતી. દરવર્ષે મુંબઇના હસનાબાદ ખાતે સેન્ટ્રલ કમિટીની કોન્ફરન્સો પણ ભરવામાં આવતી હતી, જેમાં સમસ્ત હિંદના આગેવાનો અને ડેલીગેટો ભેગા મળી એ મહાન કાર્યને સફળતાપૂર્વક પાર પડે એ વિચારણાઓ ચલાવતા હતા. લિજ્યનની એકઝેકયુટિવ કમિટી અને પ્રોવિન્શીયલ કમિટીઓના નિસ્વાર્થ સેવાભાવિ કાર્યકરોના ખંત અને મહેનતના પરિણામે ડોનેશનોની મોટી રકમો એકઠી થવા પામી હતી. લિજ્યનની એકઝેકયુટિવ કમિટી તરફથી હિંદના જુદા જુદા ભાગોમાં નામાંકિત ઇસમાઇલી અગ્રેસરો અને મિશનરીઓનાં બનેલા ડેપ્યુટેશનો પણ મોકલી આપવામાં આવ્યા હતા, જેને અંગે પણ આ મહિમાવાન ગંજાવર કાર્યને સારો વેગ મળ્યો હતો અને ઇસમાઇલીઓએ તેમને ભારે જુસ્સા ભરેલો દિલોજાન સહકાર આપ્યો હતો.

એ ઉપરાંત આ સંસ્થા તરફથી, મૌલાના હાઝર ઇમામને હિરાથી તોળવા માટે એક સરળ અને વ્યવહારૂ યોજના ઘડી કાઢવામાં આવી હતી અને તેની જાહેરાત જમાતખાનાઓમાં કરવામાં આવતાં વાતાવરણ ખુશાલીભર્યું બન્યું હતું. જમાતોમાં ઉત્સાહ પુરવા જંગી ગોઠવણો થઇ અને એજ વિષય ઉપર ઉત્તમો ઉત્તમ વિવેચન થયા, જમાતોને સમજણ આપવા અને દરેક ઇસમાઇલી એ કાર્ય પાર પાડવા માટે મહેનત કરવા મંડી પડે એ વિષેના જુસ્સાદાર ભાષણો અપાયાં. પરિણામે લોકોમાં ઉત્સાહના પૂર ઉછળી પડયાં. ઘેર ઘેર ડાયમંડ જ્યુબિલીની જ્યોતિઓ ચમકવા લાગી અને પવિત્ર પર્વનો લાભ લેવા લોકોએ દુટાદુટ કરી નાખી.

## અનોખા અને અલૌકિક પ્રસંગ માટે લિજ્યનની તડામાર તૈયારીઓ.

ઇસ્વી સન ૧૯૪૫ ના જુન મહિનાની તા. ૨૯ મીના રોજે "આગાખાન લિજ્યન"ની સેન્ટ્રલ કમિટીની એક ભવ્ય કોન્ફરંસ મુંબઇના હસનાબાદ ખાતે બોલાવવામાં આવી હતી. જેમાં હિંદના દરેક ભાગોમાંથી લગભગ ૬૦૦ ડેલીગેટો ઉપરાંત સંભાવિત આગેવાન ગૃહસ્થો અને બાનુઓ હાજર રહ્યા હતા. આ કોન્ફરંસમાં ઘણા અગત્યના નિર્ણયો થયા હતા. જેમાં આગાખાન લિજ્યનની એકઝેકયુટિવ કમિટીએ લિજ્યનના ૭૫,૦૦૦ સભાસદો તરફથી મૌલાના હાઝર ઇમામને સહકુટુંબ મુંબઇ પધારવા

માટે અત્યંત ઘણી આજીજી અને નમ્રતાપૂર્વક અરજ ગુજારવા માટે કરવામાં આવેલો નિર્ણય પણ ખાસ હતો. એ ઉપરાંત કોન્ફરંસમાં જુદા જુદા કાર્યને વ્યવસ્થિત રીતે ગતિ આપવા માટે જુદી જુદી ૧૧ સબ-કમિટીઓ નિમવામાં આવી હતી. જેમાં પ્લાનીંગ કમિટી, પ્રોપેગન્ડા કમિટી, ઈન્ટરનલ પ્રોપેગન્ડા કમિટી, પેસેજ કમિટી, સ્કીમ ઓબઝરવેશન કમિટી, ફિનાન્સ કમિટી, રિસેપ્શન કમિટી, એજ્યુકેશનલ વેલફેર કમિટી, ઈકોનોમિક એન્ડ સોશિયલ વેલફેર કમિટી, મેડલ કમિટી, અને જનરલ એરેન્જમેન્ટ કમિટીનો પણ સમાવેશ થાય છે. આ સબ–કમિટીઓની સ્થાપના થતાંજ મૌલાના હાઝર ઇમામના હિરક મહોત્સવ માટેના અનોખા અને અલૌકિક પ્રસંગ માટે પ્રથમ કરતાં, વધુ ઝડપે તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી હતી.

મુંબઇ જેવા શહેરમાં એ ઉપરાંત એરીયા કમિટીઓ અને લેડીઝ કમિટીઓ પણ નિમવામાં આવી હતી. હિંદના જુદા જુદા ભાગોમાંથી તેમજ દુર દેશાવરોથી આ અનોખા ઇતિહાસિક અવસરમાં ભાગ લેવા માટે મુંબઇ આવનાર મહેમાનો માટે-સંસ્થા તરફથી ઉતારા વિગેરેની ઘણીજ સરસ સગવડોની તૈયારીઓ થઇ હતી. મહેમાનોના માટે વોર્ડન રોડ પરની પારસી જનરલ હોસ્પીટલના મકાનોમાં, હસનાબાદ, આગા હોલ–વાડી, નુરબાગ અને કાન્ડી મહોલ્લાના વિશાળ ચોગાનમાં બાંધવામા આવેલા કેમ્પોમાં તેમજ અંધેરી ફિદાઇ બાગમાં અને સ્ટેશન પાસે કુર્લા રોડ ઉપર મોમીનાબાદમાં ઉતારાની સગવડો કરવામાં આવી હતી. આ કેમ્પોને "જ્યુબિલીઆબાદ"નું નામ આપવામાં આવ્યું હતું.

## સત્તરમી ઓગસ્ટ.

ઇસ્વી સન ૧૯૪૫ના ઓગસ્ટ માસની તા. ૨૨ મીના, આગાખાન લિજ્યનના પ્રેસીડન્ટ પરના એક તારના સંદેશામાં મૌલાના હાઝર ઇમામે સઘળા સભાસદોને આશિર્વાદો ફરમાવી જણાવ્યું હતું કે "૧૭ મી ઓગસ્ટ ૧૯૪૫નો દિવસ ડાયમંડ જ્યુબિલીના વાર્ષિક દિવસની યાદગીરી તરીકે ગણવો જોઇએ અને ઉજવણીના દિવસ તરીકે નહિ. જ્યારે તે ઉજવાય ત્યારે સઘળાઓએ આ યાદ રાખવું જોઇએ."

## તુલાવિધિ માટેના તથા યાદગીરીના મુબારક હિરા.

હિરક મહોત્સવની ઉજવણી માટે જેમ સર્વ પ્રકારની તડામાર તૈયારીઓ થઇ રહી હતી તેજ પ્રમાણે એ મહાન અવસર માટે હિરાઓ હિંદ ખાતે સમયસર આવી પહોંચે એવી રીતની દરેક કોશિશો આગાખાન લિજ્યનની એકઝેક્યુટિવ કમિટી તરફથી કરવામાં આવી હતી. આ હિરાઓ ડાયમંડ સીન્ડીકેટ મારફતે બ્રિટીશ અને હિંદી સરકારની ભલામણથી મેળવવામાં આવ્યા હતા અને તે પારદર્શક "બુલેટ પ્રુફ" પ્લાસ્ટીક ડાબડાઓમાં, ખાસ રોકવામાં આવેલા વિમાન મારફતે પુરેપુરી તકેદારીથી મુંબઈ આવી પહોંચ્યા હતા. કાચા હિરાઓ સાથે તુલાવિધીમાં ૩૦ લાખ રૂપીયાના પહેલ પાડેલા હિરાઓ પણ વાપરવામાં આવ્યા હતા. આ હિરા કોમના સભાસદોએ ખરીદ કરી "જ્યુબિલી સુવેનીર" (યાદગીરી)ના હિરા તરીકે પોતા પાસે રાખ્યા હતા.

આ હિરક મહોત્સવની ઉજવણીનો અત્યંત અજોડ પ્રસંગ મૌલાના હાઝર ઇમામની ૬૦ વર્ષની પ્રેરક માર્ગદર્શનના ઉપકારની લાગણીથી પ્રેરાઇને તેઓશ્રીના ઇસમાઇલી મુરીદોએ ઉજવવાની તૈયારીઓ કરી હતી. એક મહાન પુરૂષની હિરામાં વાસ્તવિક રીતે તુલાવિધિ થતી હોય, એવો આ પ્રસંગ મનુષ્યજાતિના ઇતિહાસમાં પહેલવહેલોજ અને અપૂર્વ છે. આ હિરક મહોત્સવ એક અજોડ પર્વ હોઈ હિંદ અને હિંદની બહારના સઘળા વર્ગોમાં ભારે રસ અને આશ્ચર્ય ઉત્પન્ન કર્યા હતા, એટલુંજ નહિ પરંતુ દરરોજ સેંકડો આમંત્રણ માટેની માંગણીઓ અને પુછપરછો દુનિયાના દરેક ભાગમાંથી આવતીજ રહી હતી. તેઓ નામદારના હજારો

અનુયાયીઓ અને અન્ય કોમના બંધુઓ આ જ્યુબિલીનો પ્રસંગ નિહાળવા શહેરમાં આવી રહ્યા હતા. જો કે જગ્યાની અગવડની મુશ્કેલીને અંગે આ ક્રિયા માત્ર આગાખાન લિજ્યનના સભાસદો માટેજ ખુલ્લી મુકવામાં આવી હતી.

હિરક મહોત્સવ એ વિશ્વની વિખ્યાત વિરલ વિભુતિ અને રૂહાની રહેબર પ્રત્યેના તેઓ નામદારના અનુયાયીઓના અનહદ પ્રેમ, ભક્તિભાવ અને પૂજ્યભાવની લાગણીના એક અદના ચિન્હ રૂપેજ હતો. એ મહાન વિભુતિ પરદેશોમાં મહાન કે રોમાંચક અવસરોએ હાજરી આપે ત્યારે પણ હમેશાં સતત પોતાના રૂહાની બાળકોને સ્મરણમાં રાખે છે અને ભુલી જતા નથી અને તેઓની સુખ, આબાદી અને ઉન્નતિની વિચારણા કરે છે અને કાળજી રાખે છે. તેઓ નામદારની મહાન ઉદારતા જગમશહુર છે. હિરક મહોત્સવ માટે જે નાણાં એકઠા કરવામાં આવ્યા હતા તે કોમના હિતના કાર્યમાં ખર્ચવા માટે ઉજવણીથી કેટલાક સમય અગાઉ તેઓ નામદારે તેઓને સુપરત કરવાનો નિર્ણય કર્યો હતો.

## મૌલાના હાઝર ઇમામનું હિંદમાં શુભાગમન.

નવેમ્બરની તા. ૮ મીને ગુરૂવારના સાંજના મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબા સાથે કેરોથી "સ્ટ્રીપ્લેન" મારફત કરાચી ખાતે મુબારક પધરામણી કરી હતી. તેઓ નામદારને ઇસમાઇલી સંભાવિત આગેવાનો ઉપરાંત આગેવાન શહેરીજનોએ હર્ષભર્યો આવકાર આપ્યો હતો. પાંચ વર્ષ જેટલા લાંબા ગાળા પછી થયેલ પધરામણીથી સમસ્ત હિંદના ઇસ્માઇલીઓમાં પારાવાર આનંદ છવાઇ ગયો હતો. આખું હિંદ ઉલ્લાસના સાગરમાં ગરકાવ બન્યું હતું.

વર્તમાનપત્રના પ્રતિનિધિઓની મુલાકાતમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "પાંચ વર્ષ ઉપરાંતની ગેરહાજરી પછી પાછા હિંદમાં આવતાં આનંદ ઉપજે છે." વધુમાં તેઓ નામદારની ઇમામતની ડાયમંડ જ્યુબિલીની ઉજવણી થશે ત્યાંસુધી હિંદમાં રોકાવાની ઇચ્છા દર્શાવી હતી. હિંદુસ્તાનના રાજ્યદ્વારી કોયડાનો ઉકેલ બ્રિટીશ ગવર્નમેન્ટ નજદીકના ભવિષ્યમાં કાઢે એવો કોઇ સંભવ છે કે નહિ? એવા પ્રશ્નનો જવાબ આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "હિંદુસ્તાન જેના માટે લાયક છે તે તે મેળવશે અને સ્વતંત્રતા ઇનામ તરીકે મેળવી શકાતી નથી." યુરોપની સ્થિતિ બાબત પુછવામાં આવતાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે "યુરોપ અત્યારે ખરાબ હાલતમાં છે અને ખાસ કરીને ખોરાકની બાબતમાં."

વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: આવતા માર્ચ માસની તા. ૧૦મીના મુંબઇમાં તેઓ નામદારના મુરીદો તરફથી ઉજવવામાં આવનાર તેઓ નામદારની ઇમામતની ડાયમંડ જ્યુબિલીની ઉજવણીના કાર્યમાં રોકાયલા રહેશે કે જે વખતે તેઓ નામદારને હિરાઓથી તોળવામાં આવશે." તેઓ નામદાર તા. ૯મીના શુક્રવારના સવારના કલકતા તરફ રવાના થયા હતા.

## કલકત્તામાં મુબારક પધરામણી—અગત્યનો ઇન્ટરવ્યુ—એટમ બોમ્બનો કોયડો.

નવેમ્બર મહિનાની તા. ૯મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. કલકતા ખાતે પધાર્યા હતા. એસોસિએટેડ પ્રેસ ઓફ અમેરીકાના પ્રતિનિધિને એક મુલાકાત આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "હિંદુસ્તાન તાત્કાળિક સાંસ્થાનિક સ્વરાજ્ય ભોગવતું થાય એ

નિહાળવાની બ્રિટનમાં પણ પ્રમાણિક લાગણી પ્રવર્તે છે એમ હું ધારૂં છું. કારણ કે તે પછી બ્રિટનને પોતાને પણ આ વસ્તુ બળવાન બનાવશે." હિંદી રાષ્ટ્રિય સેનાના અફસરોનો મુકદમો જે હિંદમાં ચાલી રહ્યો હતો તે વિષે તેઓ નામદારે કહ્યું હતું કે "ઉદારતા અત્યંત સારી વસ્તુ છે અને મહાન પયગમ્બર મુહમ્મદ સ. પોતાના દુશ્મનો સાથે હંમેશાં ઉદારતાથી વર્ત્યા હતા. નામદાર વાઈસરોય પણ ઉદારતાથી વર્તશે." એવી તેઓશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

તેઓ નામદાર લીગ ઓફ નેશન્સ=રાષ્ટ્રસંઘના કેટલોક વખત સુધી પ્રેસીડેન્ટ હતા. આથી તેઓશ્રીને એક છાપાના પ્રતિનિધિએ એવો પ્રશ્ન પુછ્યો હતો કે "માનવ સંસ્કૃતિનું રક્ષણ થઇ શકે, એવી દ્રષ્ટિએ એટમ બોમ્બનો પ્રશ્ન કઇ રીતે હાથ ધરી શકાય?" જવાબમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "એટમ બોમ્બ એક ભયંકર વસ્તુ છે. રાષ્ટ્રેતર રાજ્યની પરવાનગી સિવાય એ બનાવવામાં આવે નહિ અને એવી તકેદારી રાખે નહિ ત્યાંસુધી તેને વાસ્તિવિક રીતે અંકુશમાં લાવી શકાય નહિ. આ વસ્તુ પણ કેટલીક વેળા અશકય છે. કદાચ કેટલીક પ્રજાઓ એ છુપી રીતે બનાવે. જો કોઇ એકજ રાષ્ટ્ર પોતાના હાથમાં સર્વાંશે એટમ બોમ્બનો ભેદ પોતાની પાસે સાંચવી રાખે તો તે રાષ્ટ્ર માત્ર યુનાઇટેડ સ્ટેટ હોય એવું હું પસંદ કરૂં છું, કારણ હું જાણું છું કે તે આક્રમણકારી હેતુ માટે એટમ બોમ્બનો કદીપણ ઉપયોગ કરશે નહિ."

## એશિયાના ભવિષ્ય ઉપર હિંદના ભાવિની અસર.

મૌલાના હાઝર ઇમામના માનમાં, ખાનબહાદુર ડોસાણી તરફથી યોજવામાં આવેલા એક ખાણાના મેળાવડામાં, તેઓ નામદારે વિવેચન કરતાં જણાવ્યું હતું કે "માત્ર હિંદનું ભાવિજ નહિ, પરંતુ ચીનના શકય અપવાદ સિવાય વસ્તુતઃ સમગ્ર એશિયાનું ભાવિ આપણે હિંદના મહા કોયડાને કઇ રીતે ઉકેલી શકીએ તેમ છીએ તેના પર આધાર રાખે છે." વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "મેં જે વાંચ્યું છે તથા યુધ્ધના છેલ્લા વર્ષોમાં અને યુધ્ધ પછી જે સાહિત્ય પ્રગટ થયું છે તે પરથી હું કહી શકું છું કે ઇંગ્લેંડમાં એવી મતલબનો અભિપ્રાય પ્રવર્તિ રહ્યો છે કે હિંદે એંગ્લો-સેક્ષન દેશ સાથે મિત્રાચારી ધરાવતા એક મહાન અને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેનું પોતાનું સ્થાન લેવું જોઇએ. બ્રિટનનાં વિચારવંત લોકોએ લખેલા અને એમનું મંતવ્ય અને વિચારસરણી દર્શાવતા સાહિત્યના એ ભાગને તમે જો વાંચો તો ઇંગ્લેંડમાં આજથી ૩૦ વર્ષ પહેલાંની સરખામણીમાં વિચારોની અંદર મહાન પરિવર્તન આવ્યું છે, એમ તમને લાગ્યા વિના નહિ રહે. ખરી રીતે આપણો કોયડો પહેલાં કરતાં પ્રમાણમાં સહેલો થયો છે, કારણ હવે એ આંતરિક રહ્યો છે અને તેના ઉકેલનો આધાર આપણા પર છે."

## મૌલાના હાઝર ઇમામે રાજકારણ ઉપર દર્શાવેલા વિચારો.

એસોસિએટેડ પ્રેસ ઓફ ઇન્ડીયાના પ્રતિનિધિઓને ઇન્ટરવ્યુ આપતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે "પેલેસ્ટાઇનના કોયડાનો ગમે તે સ્વરૂપે ઉકેલ કરવામાં આવશે, પણ વિશાળ અરબી ભાષા સમજનારા રાષ્ટ્ર અને બુધ્ધિમાન યહુદી લોકોમાં ભવિષ્ય માટે મોટા કોયડાઓ ઉભા કરશે." દક્ષિણ પૂર્વ એશિયામાં અને ખાસ કરીને જાવામાં જે બનાવો બનવા પામ્યા હતા તેને માટે તેઓ નામદારે ખેદ પ્રદર્શિત કરતાં જણાવ્યું હતું કે "બહાદુર ઇન્ડોનેશિયન તરફ મારી દરેક સહાનુભુતિ છે અને હોલેન્ડ પાસેથી ઓછામાં ઓછું સાંસ્થાનિક સ્વરાજ્ય મેળવવાને તેઓ ખચીત લાયક છે."

—પોતાની ડાયમંડ જ્યુબિલીના શુભ પ્રસંગ નિમિત્તે હિરક તુલાવિધિમાં વપરાનારા એ હિરાઓનો નિકાલ તેઓ કઇ રીતે કરશે એવા પુછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "ઇસમાઇલી કોમના હિતના ખાતર તેને સુપરત કરવામાં આવશે. અલબત તેઓ નામદાર પોતાના અને પોતાના કુટુંબીઓ માટે યાદગીરી તરીકે તેમાંના થોડાક હિરાઓ ખરીદશે. તા. ૧૭મીના બપોરના તેઓ નામદારના માનમાં નામદાર ગવરનરે ગવર્નમેન્ટ હાઉસમાં યોજેલ લંચ પાર્ટીમાં ભાગ લીધો હતો. બીજે દિવસે સાંજે તેઓ નામદારે પ્રિન્સ યુસુફ તરફની પાર્ટીમાં તેમજ સર નાઝિમુદીનના ઘેર લગ્ન ક્રિયામાં ભાગ લીધો હતો.

## દાર્જિલીંગનો ભાવભીનો સત્કાર—બુદ્ધિસ્ટો તરફનું માન—મૌલાના હાઝર ઇમામની નવાજિશો.

નવેમ્બરની તા. ૧૧મીના રોજે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નામદાર બેગમ સાહેબા સાથે કલકત્તાથી દાર્જિલીંગ ખાતે સિધાવ્યા હતા. તેઓ નામદારને આવકાર આપવા સ્ટેશન પર "માઉન્ટ એવરેસ્ટ બેન્ડ" તેમજ ત્યાંના બધી કોમના અગ્રેસરો, બુધ્ધિસ્ટ—લામા અને સાધુઓ અને ત્યાંના અન્જુમને ઇસ્લામ એસોસિએશનના પ્રેસિડેન્ટ અને સભ્યો હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ સેલુનમાંથી ઉતરતાંજ સઘળાઓએ તેઓ નામદારનું અતિ ભાવભર્યું સ્વાગત કર્યું હતું. તેઓ નામદારે માઉન્ટ એવરેસ્ટના અદ્દભુત રમણીય દ્રષ્યો અને "ઓબઝરવેટરી હીલ" ઉપર આથમતા સુર્ય (સન સેટ)ને જોયા હતા.

બીજે દિવસે મૌલાના હાઝર ઇમામ અને નામદાર બેગમ સાહેબા "નેચરલ હિસ્ટ્રી મ્યુઝીયમ"ની મુલાકાતે ગયા હતા, જ્યાંથી "લામા મોનેસ્ટ્રી" (લામાઓના મઠ)માં પધારી તેઓને મુલાકાતનું માન આપ્યું હતું, જ્યાં લામા અને તેના સાધુઓએ તેઓ નામદારને ભારે આવકાર આપ્યો હતો અને ધાર્મિક દુઆ ગુજારી હતી. મૌલાના હાઝર ઇમામ માટે ખાસ ગોઠવવામાં આવેલ ખુરશી પર તેઓશ્રી બિરાજ્યા હતા. ધાર્મિક દુઆ ગુજાર્યા બાદ રાયબહદુર ટન્ડથલા અને મીસીસ ટન્ડથલા તરફથી તેઓ નામદારના માનમાં "ચા પાર્ટી" આપવામાં આવી હતી, જે પ્રસંગે લામા કળાકારો તરફથી "લામા નૃત્ય"નો પ્રોગ્રામ પણ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગની યાદમાં તેઓ નામદારે રાયબહાદુર ટન્ડથલા હસ્તક "મોનાસ્ટ્રી" (મઠ)ને રૂપીયા ૧,૦૦૦ ભેટ આપ્યા હતા.

## દાર્જિલીંગ મુસ્લિમ સેનેટોરીયમનો પાયો નાંખવાની ક્રીયા.

ત્યારબાદ દાર્જિલીંગની અન્જુમને ઇસ્લામ તરફથી બંધાનારી ન્યુ મુસ્લિમ સેનેટોરિયમનો મૌલાના હાઝર ઇમામના મુબારક હાથે પાયો નાખવાની ક્રિયા કરવાના પ્રસંગે તેઓ નામદારને માનપત્ર અર્પણ કરવાનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો, જેમાં તેઓ નામદારે મુસ્લિમોને પોતાના બચ્ચાંઓને કેળવણી આપવા માટે ભલામણ કરતાં, સેનેટોરિયમ માટે રૂા. ૫,૦૦૦ (પાંચ હજાર) ભેટ આપ્યા હતા.

## આગાખાન લિજ્યનની સેન્ટ્રલ કમિટીની ભવ્ય વાર્ષિક સભા.

ડિસેમ્બરની તા. ૨૯મીના ૩ વાગે "આગાખાન લિજ્યન"ની સેન્ટ્રલ કમિટીની ભવ્ય વાર્ષિક સભા, આગા હોલના વિશાળ ચોગાનમાં ખાસ ઉભા કરેલા એક સુંદર અને શણગારેલા શામીયાનામાં

મળી હતી, જેમાં દેશદેશાવરના સભ્યો, આમંત્રિત પરોણાઓ મળીને લગભગ ૩૦૦૦ માણસો હાજર રહ્યા હતા. મૌલાના હાઝર ઇમામ નામદાર બેગમ સાહેબા સાથે પધારતાં, તેઓ નામદારોનું હૃદયપૂર્વક સ્વયંસેવકોએ સન્માન કર્યું હતું. સંસ્થાના પ્રેસીડેન્ટ મી. મહમદહુસેન એ. ફાઝલભાઇએ મૌલાના હાઝર ઇમામ અને નામદાર બેગમ સાહેબાને આવકાર આપનારૂં વિવેચન કરતાં, લિજ્યનની શરૂઆત અને પ્રવૃત્તિઓની ટુંક રૂપરેખા દોરતાં જણાવ્યું હતું કે, આપણે જે રકમ તુલાવિધિ માટે એકઠી કરી છે, તે રકમ મૌલાના હાઝર ઇમામે મહેરબાનીની રાહે આપણને કોમની બહેતરી માટે વાપરવા ફરમાવ્યું છે. ઇકોનોમિક એન્ડ સોશિયલ વેલ્ફેર કમિટી નિર્ણય કરે તે અનુસાર તેનું "ટ્રસ્ટ" કરવામાં આવશે. ધારાશાસ્ત્રીઓની સલાહ લેવામાં આવશે અને એમાં એવી રકમો પણ ઉમેરવામાં આવશે, જેની કેપીટલ અને નફો બન્ને કોમના ભલા માટે વપરાશે. આ પ્રકારે એક કરોડથી તેવું કાર્ય શરૂ કરવામાં આવશે. આ પ્રમાણે ધરખમ મુડીથી કોમને ઘણો ફાયદો થશે. ત્યારપછી તેમણે મૌલાના હાઝર ઇમામને સેશન ખુલ્લી મુકવાની અરજ ગુજારી હતી.

## મૌલાના હાઝર ઇમામના પ્રેરણાત્મક ઉદ્ગારો.

મૌલાના હાઝર ઇમામે સેશન ખુલ્લી મુકતાં જણાવ્યું હતું કે: "સભામાં તમો સ્વયંસેવકોને જોઇને અમને ઘણો આનંદ થયો છે. સમસ્ત ઇસ્માઇલી કોમના સામાજિક ઉધ્ધારના આ કાર્યમાં જેઓએ પોતાનો હાર્દિક સહકાર આપ્યો છે, એવા દરેક નાના મોટાને હું ધન્યવાદ આપું છું. આ ખચ્ચીત અત્યંત આનંદ લેવા યોગ્ય પ્રસંગ છે. આ કાર્યમાં તમારામાંના ૯૯ ટકાથી પણ વિશેષે સાથ આપ્યો છે, એ જાણીને મિસર તથા સિરીયાવાળાઓ પણ આનંદ પામ્યા વગર રહેશે નહિ."

"તમે જાણતા હશો કે આજે પળે પળે માનવીનું જીવન અને જગત પલટાતાં જાય છે, દરેક વસ્તુ બદલાતી રહે છે, જેમાં ખરી દોરવણી હાઝર ઇમામજ આપી શકે. ઇસમાઇલીઓ પાસે દોરવણી માટે કોઇ લખેલું પુસ્તક નથી પણ "હયાત ઇમામ" છે." ત્યારપછી તેઓ નામદારે જણાવ્યું હતું કે આજે અને હવે પછીની બેઠકોમાં તમારે અતિ મહત્વના વિષયોનો નિર્ણય કરવાનો છે.

વધુમાં મૌલાના હાઝર ઇમામે ઉમેર્યું હતું કે "અમારી ઇમામતની ગાદીનશીનને ૬૦ વર્ષ પુરા થાય છે, તેનો આ અપૂર્વ પ્રસંગ છે, સમસ્ત જગતનો આ અજોડ પ્રસંગ છે. આખી દુનિયાની તવારીખમાં આવો પ્રસંગ કદી બન્યો નથી. નાની કોમ આવું મોટું કામ પુરૂં કરે અને પોતાના "હાઝર ઇમામ"ની બે વખત તુલાવિધિ કરે, એ ખચ્ચીત અદ્ભુત બાબત છે. આ કામથી આખી દુનિયામાં તમારી કિર્તી પ્રસરી જશે. જાતી સ્વમાનની વૃધ્ધિ થવા પામશે."

## જગતની અશાંતિનું કારણ—મૌલાના હાઝર ઇમામનો ઈન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ખાસ મુલાકાત એસોસિએટેડ પ્રેસ ઓફ ઇન્ડીઆના પ્રતિનિધિએ લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેઓ નામદારે જણાવ્યું હતું કે, ફેબ્રુઆરીની ૨૦મી તારીખે હિંદના સવાલ વિષે પુના ખાતે મહાત્મા ગાંધીજી સાથે તેઓશ્રી ચર્ચા કરવાના છે. દુનિયાની પરિસ્થિતિની સમાલોચના કરતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે, દુનિયાની આજની અશાંતિનું મૂળ "સાધન સંપન્ન અને સાધન હિન"નો સવાલ છે. તેના ઉકેલ વિષે તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "દરેક સ્થળે આર્થિક અને રાજકીય રીતે રાષ્ટ્રનો એટલે કે એક જ ભાષા, રિતરીવાજ અને ધર્મવાળા લોકોનો સ્વીકાર એ

અમુક પ્રમાણમાં આ મુશ્કિલીઓનો ઉકેલ છે. લોકોનો એક સમુહ કે જે સમાન દ્રષ્ટિબિંદુ, સંસ્કાર, ધર્મ અને ટેવો ધરાવતો હોય, તેને એકત્ર થવા દઇને તેને પોતાના ખ્યાલ પ્રમાણે તેનું શાસન ચલાવવા દેવું જોઇએ."

## ઇસમાઇલીઓ કંઇક નવું ઘડતર કરી રહ્યા છે.

ત્યારપછી મૌલાના હાઝર ઇમામે માર્ચ મહિનાની તા. ૧૦મીના દિને ઉજવવામાં આવનારા હિરક મહોત્સવ વિષે જણાવ્યું હતું કે: "મારા હિંદ અને આફ્રિકા ખાતેના મુરીદોએ આ અપૂર્વ રીતે પોતાની વફાદારી બતાવવાનો નિર્ણય કર્યો છે એથી હું ખુશી થાઉં છું. મને વધારે તો એ ખુશી થાય છે કે ઇસમાઇલીઓ એક કોમ તરીકે કંઇક નવું ઘડતર કરી રહ્યા છે. આફ્રિકામાં તેઓ હિરાઓમાંથી ઉપજનારા પંદર લાખ પાઉન્ડ તથા બીજી ભેટોમાંથી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ રચવાના છે. હિંદમાં એક કરોડની રકમ સાથે તેને "ઇન્ડસ્ટ્રીયલ ટ્રસ્ટ" અથવા 'ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ" નામ આપનાર છે. આમાં નવીનતા એ છે કે મોટો ભાગ શેર હોલ્ડરોના ખીસામાં નહિ જતાં ઇસમાઇલીઓના ઉધ્ધાર માટે વપરાશે. જો એક કોમ આ કરી શકે તો બીજી કોમો પણ તેના પગલે ચાલશે અને જો તે સફળ થાય તો હિંદુઓ તથા મુસ્લિમો બન્ને કોમો માટે એક નવીન પધ્ધતિ શરૂ થાય. આને હું વેપારી કોમી સમાધાન કહું છું."

## મૌલાના હાઝર ઇમામના ખુશી અને લાગણીભર્યા યાદગાર ઉદ્દગારો.

ફેબ્રુઆરીની તા. ૨૮મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અબની મુબારક પધરામણી નિમિત્તે, હસનાબાદનો વિશાળ મેદાન પટાંગણ અને આજુબાજુની સઘળી જગ્યાઓ ઇસમાઇલી ભાઇઓ અને બહેનોથી ખીચોખીચ ભરાઇ ગઇ હતી. મૌલાના હાઝર ઇમામ "ખાનાઆબાદાન" ફરમાવતાં મંડપમાં ગોઠવવામાં આવેલ આસન પર બિરાજ્યા હતા. નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન, નામદાર બેગમ સાહેબા અને શાહઝાદા સદરૂદ્દીન પણ પધાર્યા હતા. આ પ્રસંગે તેઓ નામદારે અતિ મહત્વનું વિવેચન કર્યું હતું, જેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, "અમો એ જાણીને ખુશી થયા છીએ કે આ કામને તમે સંપૂર્ણપણે પાર પાડયું છે. તમે આ પ્રસંગ ગોલ્ડન જ્યુબિલીની માફક હસનાબાદ અથવા બીજી જગ્યાએ ફકત જમાતની રૂબરૂમાં ઉજવી શકયા હોત પણ તમે આ પ્રસંગ જાહેર રીતે ઉજવીને તમારા ઇમામને આખી દુનિયામાં આશકારા કરી રહ્યા છો.

"અમારી આખી જીંદગીમાં અમે એટલા કદી ખુશી થયા નથી કે જેટલા આ મોકા ઉપર થયા છીએ. અમારા આખા જીવનમાં આવો બીજો પ્રસંગ આવેલ નથી. અમારી ૬૦ વર્ષની ઇમામતના સમય દરમ્યાન આવો મહાન પ્રસંગ આવેલ નથી. આ પ્રસંગ મને ભારે સુખ આપનારો અને ખુશી ઉપજાવનારો છે. આ પ્રસંગથી તમે તમારા ઇમામને જગતમાં આશકારા કરો છો અને ઇમામ તરફની તમારી વફાદારી અને મહોબ્બતનો પુરાવો તમે આપ્યો છે. આવા અનોખા અને અજોડ પ્રસંગ માટે જમા થયેલી રકમ તમે જાણીને ખુશી થશો અને મને જણાવતાં હર્ષ થાય છે અને મગરૂરી ઉપજે છે કે તમે એ રકમ ૭૩ લાખની કરી છે. બુધ્ધિમાન ઇસ્લામી આગેવાનો આવું ફંડ કરે એનો તમે દાખલો પુરો પાડયો છે. તમે એ રકમનો કોમની ઉન્નતિ અને કેળવણી માટે ખર્ચ કરો. મદદ માટે રકમ ખર્ચવાનું મને પસંદ નથી, કારણ કે તેથી સુસ્તી અને ગરીબી આવે છે. એવી મદદ આપવાથી તો ઇસ્લામીઓમાં ગરીબી મોટા પ્રમાણમાં છે, માટે એ રકમ કેળવણી પાછળ કે જેમાં હું ભારે રસ લઉં છું તેમાં ખર્ચજો."

## અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટિ તરફનું માનપત્ર.

માર્ચ માસની તા. ૯મીના દિને મુંબઈના સર કાવસજી જહાંગીર હોલમાં, અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટિની કોર્ટના સભાસદો તરફથી મૌલાના હાઝર ઇમામને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટિના વાઇસ ચાન્સેલર ડૉકટર ઝિયાઉદ્દીન અહેમદે માનપત્રનું વાંચન કર્યું હતું. તેમણે મૌલાના હાઝર ઇમામને તેઓશ્રીના હિરક મહોત્સવ માટે અભિનંદન આપ્યા હતા અને ત્યારપછી યુનિવર્સિટિની પ્રગતિ અને વિશાળતાની ઝાંખી કરાવી હતી.

## મૌલાના હાજર ઈમામનો જવાબ—કરાંચીમાં મેડીકલ કોલેજ અને રીસર્ચ ઈન્સ્ટીટયુટ સ્થાપવાનો આગ્રહ.

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં અલીગઢ મેડીકલ કોલેજની યોજનાને આવકારતાં જણાવ્યું હતું કે "મુસ્લિમોની રાહત માટે આવા એક વિદ્યાલયની અગત્ય હતી." તેઓ નામદારે વધુમાં ઉમેર્યું હતું કે "ભવિષ્યની દુનિયાનો આધાર સાયન્સ=વિજ્ઞાન ઉપર રહેવાનો છે. વિજ્ઞાનની શકયતાની કશી સીમા કે મર્યાદા હોઈ શકતી નથી. મુસ્લિમો પોતાના યુગમાં વિજ્ઞાનમાં આગળ વધેલા હતા. આજે તેઓ પછાત પડી ગયા છે. તેઓને આજે એક મહાન રીસર્ચ ઇન્સ્ટીટયુટની જરૂરત છે. આવી ઇન્સ્ટીટયુટ કરાંચીમાં હોય તો તેઓશ્રી વધારે પસંદ કરે, કારણ કે તે હિંદની પશ્ચિમ સરહદ પરના મુસ્લિમ દેશોનો તેના વડે હમેશાં સમાગમ રહી શકશે. દક્ષિણ ઇરાન, પૂર્વ આફ્રિકા, અફઘાનિસ્તાન, અને બલુચિસ્તાનમાં વસતા લોકો માટે તે લાભકારક થઇ પડશે. આ ભુમિ વિસ્તારોના કુદરતી સાધનો તે માટે મિરાસ સમાન થઇ પડશે.

"એક વર્ષમાં રૂપીયા ૯૦,૦૦,૦૦૦ એકઠા કરવાનું કાર્ય મુશ્કિલ નથી. ૧૯૪૬માં હિંદ સ્વરાજ્ય પ્રાપ્ત કરશે. આ સંસ્થા આ વર્ષમાં પુર્ણ થવી જોઇએ, જો હું યુવાન હતે તો હું જાતેજ ફંડ એકઠું કરતે." આપણા હાથમાં આ એક તક આવી છે, જો તેમાં તેઓ નિષ્ફળ નિવડશે તો તેઓનું ભવિષ્ય કેવું બનશે તે તેઓ કહી શકતા નથી, એવો ઉલ્લેખ કર્યો હતો. મુસ્લિમો જેને પોતાનું કહી શકે ત્યાં એવું થવું જોઈતું નથી. ત્યારબાદ પ્રો. હાદી હસને યુનિવર્સિટિ કોર્ટ તરફથી તેઓ નામદારનો આભાર માન્યો હતો.

# હિરક મહોત્સવ સપ્તાહ.

## રોશનીથી જગમગી રહેલાં ઈસમાઈલીઓના લતાઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ડાયમંડ જ્યુબિલીનો મુંબઇમાં તા. ૫મી માર્ચથી તા. ૧૨મી સુધી ભારે ધામધુમ સાથે "હિરક મહોત્સવ સપ્તાહ" ઉજવવામાં આવ્યો હતો. જેમાં ભવ્ય મિજલસો, મેળાવડાઓ, પ્રદર્શનો, રોશની, આતશબાજી અને શાનદાર ગંજાવર સરઘસના આકર્ષક પ્રોગ્રામો અને કાર્યક્રમોનો સમાવેશ થતો હતો. દરખાના જમાતખાનો, કાંદીમહોલ્લા હસનાબાદ, આગા હોલ–વાડી તેમજ વાલકેશ્વર ખાતેના મૌલાના હાઝર ઇમામના નિવાસસ્થાનને ખુબજ સુંદર રોશની અને ધજા તોરણોથી શણગારવામાં આવ્યા હતા. અર્થસુચક દરવાજાઓ અને આકાશો પણ ઠેક-

ઠેકાણે ઉભા કરવામાં આવ્યા હતા. તેને પણ તોરણો તથા અન્ય શણગાર સામગ્રીથી સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. ઇસમાઇલી વસ્તીવાળા લતાઓમાંની ઇમારતો પર પણ સુંદર શણગાર અને રોશની કરવામાં આવી હતી. આ પ્રકારે ઘણે સ્થળે તો આખા લતાઓના લતાઓ અને શેરીઓમાં ઘરોઘર અને ઇસમાઇલી ઓફીસોમાં દીપાવલીનો ઝાકઝમાક પ્રગટી રહ્યો હતો. લાખો વિજળીક બલ્બોના પ્રકાશથી ઇસમાઇલી મુંબઇ ઝળહળી રહ્યું હતું.

આ સુંદર અને ભભુકદાર રોશની નિહાળવા અઠવાડીયા સુધી માત્ર મુંબઇ તથા પરદેશથી હિરક મહોત્સવ નિમિત્તે પધારેલા હજારો પરોણાઓજ નહિ પણ મુંબઇની પચરંગી કોમોના લોકો ઘણી મોટી સંખ્યામાં ઉતરી પડયા હતા. પગપાળા, મોટરગાડીઓ, વિકટોરીયાની તો એકસરખી ધમાલ ચાલુ રહી હતી. દિવાળીના રોશની જોવા લડાઇ પૂર્વે ગાડીઓની લાઇન લાગતી હતી, તેમ વર્ષો પછી દિવાળીના ઝાકઝમાળથી ચઢી જાય એવી અપૂર્વ રોશની મુંબઇગરાઓએ મૌલાના હાઝર ઇમામની ડાયમંડ જ્યુબિલી પ્રસંગે જોઇ હતી.

હિરક મહોત્સવની રોશની મૌલાના હાઝર ઇમામ, નામદાર બેગમ સાહેબા, નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન, અને નામદાર પ્રિન્સ સદરૂદીને પણ નિહાળી હતી. ડાયમંડ જ્યુબિલીની આ ભભુકદાર રોશની અને ઝાકઝમાળ મુંબઇનાં ઇતિહાસમાં પોતાની અજોડતા અને ગૌરવના સંભારણા પાછળ મુકતી ગઇ છે અને વર્ષો સુધી તે મુંબઇની પચરંગી પ્રજાઓના સ્મરણમાં તાજી રહેશે.


## ડાયમંડ જ્યુબિલીનું ભવ્ય અને શાનદાર સરઘસ.

માર્ચની તા. ૮મીને શુક્રવારના દિને બપોરના મુંબઇ મઝગામ ઉપર આવેલ નેસ્બીટ રોડ ઉપરની "આગા હોલ" વાડીથી ડાયમંડ જ્યુબિલીનું ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું. આ સરઘસ ડાયમંડ જ્યુબિલીના કાર્યક્રમના એક ભાગ રૂપેજ હતું. આ સરઘસના દેખાવોની સામગ્રી ખુબજ આકર્ષક બનાવવા અર્થે કેટલાક વખતથી તૈયારીઓ કરવામાં આવી હતી અને તેમાં દ્રવ્ય અને શ્રમની મણા રાખવામાં આવી નહોતી. આ સરઘસ વાડીમાંથી બહાર પડીને, નુરબાગ મઝગામને રસ્તે આગળ વધ્યું હતું અને ત્યાંથી ડુંગરી ભીમપુરામાં દાખલ થયું હતું. ત્યાંથી પાલખી મહોલ્લા, કાન્ડી મહોલ્લા, મહમદઅલી રોડ વિગેરે ફરીને ક્રોસના મેદાનમાં (બોરીબંદર પાસે) વિખરાયું હતું. સરઘસની રચના અત્યંત આકર્ષક હતી.

શરૂઆતમાં મૌલાના હાઝર ઇમામના લાલ લીલા રંગવાળા ધ્વજની મોટરકાર હતી. ત્યારપછી આ શુભ અવસરની નોબત વગડાવતા ઊંટ ઉપર નગારાવાળાઓ નગારાની ગર્જનાકર અવાજો કરતા આગળ ચાલતા હતા, જાણે "ડાયમંડ જ્યુબિલીની નોબત" વગાડી રહ્યા હોય એવો તે ઉપરથી સહેજે ભાસ થયો હતો.

આ સરઘસમાં કરાચીની ઇસમાઇલી બેન્ડે પણ ભાગ લીધો હતો. આ ઉપરાંત મુંબઇની જુદી જુદી સ્કાઉટ બેન્ડો, બહારગામની સ્કાઉટ બેન્ડો, પોતાના ગર્જનાકર અવાજોથી લતાને ગજાવતાં આવતા હતા. મુંબઇ, પરાં તેમજ હિંદુસ્તાનની જુદી જુદી વોલન્ટીયર કોરો, બોય સ્કાઉટો, ગર્લ્સ ગાઇડોની ટુકડીઓ પણ મોખરે ચાલતી હતી. તેઓના જુદા જુદા "યુનિફોર્મ" પોશાકો આકર્ષક લાગતા હતા; જ્યારે મુંબઇની વોલન્ટીયર કોરના ઓફિસરો ઘોડા ઉપર સવાર હતા.

# A PICTURE OF HISTORICAL PROCESSION DURING THE DIAMOND JUBILEE CELEBRATION WEEK.




ડાયમન્ડ જ્યુબિલીના યાદગાર પ્રસંગે નિકળેલ ભવ્ય સરઘસનું એક દ્રશ્ય.

(જુઓ પાનું ૬૬૩)

Photo of the artistic casket weighing some 4,000 tolas presented with the address which is replica of the Khadak Jamatkhana Building.

**હિઝ હાઇનેસ રાઇટ ઓનરેબલ મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની** ઇમામતની ગાદીએ બિરાજવાની ગોલ્ડન જ્યુબિલીની યાદમાં સમસ્ત હિન્દુસ્તાનના ઇસમાઇલી મુરીદો તરફથી માનપત્ર આપવાનો એક જંગી મેળાવડો તા. ૬ ઠ્ઠી માર્ચ ૧૯૩૬ના રાતે કરવામાં આવ્યો હતો, જે અવસરે ઇસમાઇલી ભાઇઓની એક મોટી સંખ્યા ઉપરાંત મુંબઇના આગેવાન શહેરીઓ અને જાણીતા આસામીઓ મળી ૨૫૦૦થી વધુ લોકો હાઝર રહ્યા હતા. દરખાના જમાતખાનાની આકૃતિવાળા આ અદ્ભુત સુંદર કાસ્કેટનું વજન ૪૦૦૦ તોલા છે.



## સરઘસના ઇતિહાસીક આકર્ષણો.

સરઘસના ખાસ આકર્ષણોમાં પૂર્વકાળના ઇસમાઇલી ઇતિહાસની વસ્તુઓએ વધુ ઉમેરો કર્યો હતો. મિસરના ફાતિમી રાજઅમલમાં બંધાયલી જામે-અઝહરની યુનિવર્સિટી કે જે આધુનિક જગતની પ્રથમ યુનિવર્સિટી હોવાનું ઇતિહાસિક માન ધરાવે છે, તેણે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. જ્યારે બીજું આકર્ષણ આલમોતનો કિલ્લો હતો, જે ઇરાનની ઇસમાઇલી સલ્તનતના સંભારણા તાજા કરતો હતો. આ બન્ને ઇતિહાસિક વસ્તુઓની સુંદર આકૃતિઓ મોટરગાડી ઉપર ગોઠવવામાં આવી હતી.

હસનાબાદ બોય સ્કાઉટનું ભવ્ય "હંસનું ગીત" પરીઓ સાથેનો ફુલબાગ આકર્ષક લાગતા હતા. નાની નાની બાળાઓ પરીના પોષાકમાં દીપાયમાન લાગતી હતી. આ સરઘસનું એક બીજું ખાસ આકર્ષણ લીગ ઓફ નેશન્સ=રાષ્ટ્રસંઘનું ચિત્ર હતું. મૌલાના હાઝર ઇમામના તથા બીજા સભાસદોના ચિત્રો પણ આપવામાં આવ્યા હતા, જે તેઓ નામદારના આંતરરાષ્ટ્રિય રાજકારણ ઉપર સુંદર પ્રકાશ પાડતા હતા.

સરઘસની બધીજ સામગ્રી ખુબજ આકર્ષક હોઇ, જનતાને તે અત્યંત ગમી ગઈ હતી. જે જોવાને ટોળાબંધ માણસો રસ્તાપર એકઠા થઇ જવાથી, ટ્રામ બસ અને સઘળો વાહનવ્યવહાર લાંબા સમય સુધી અટકી જવા પામ્યો હતો. આ સરઘસે ચાર માઇલ જેટલો લાંબો વિસ્તાર પસાર કર્યો હતો અને સરઘસ એક માઇલ જેટલું લાંબુ હતું. આ સરઘસને ફરતાં બરાબર પાંચ કલાક લાગ્યા હતા. મૌલાના હાઝર ઇમામે તથા તેઓશ્રીના કુટુંબીઓએ "સ્મોલ કોઝિઝ" કોર્ટની ગેલેરીમાંથી તેનું નિરિક્ષણ કર્યું હતું. ડાયમંડ જ્યુબિલીની ઉજવણીમાં આ સરઘસ ખુબજ પ્રશંસા પામ્યું હતું.

## ડાયમંડ જ્યુબિલી પ્રસંગે ચોપાટીના દરિયા કિનારે આતશબાજીનો કાર્યક્રમ.

માર્ચની તા. ૮મીના મૌલાના હાઝર ઇમામની મુબારક ડાયમન્ડ જ્યુબિલી નિમિત્તે ચોપાટીના દરિયા કિનારે આતશબાજીનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. ચોપાટીની રેતીમાં આતશબાજીના જુદા જુદા સ્થંભો ખોડવામાં આવ્યા હતા. આ કાર્યક્રમની અગાઉથી જાહેરાત કરવામાં આવેલી હોઇ ઇસમાઇલી કોમના સભ્યોની મોટી સંખ્યા ઉપરાંત મુંબઇની જનતા પણ એ મનોરંજન કાર્યક્રમ જોવા ઉતરી પડી હતી. આતશબાજીનો કાર્યક્રમ અમલમાં આવે તે અગાઉજ ચોપાટીનો દરિયાકિંઠો ત્રણ લાખના માનવ મોજાઓથી ઉભરાઇ ગયો હતો. આ ભીડને અંગે ચોપાટીનો વાહન-વ્યવહાર કેટલીક વાર સુધી સદંતર ખોરવાઇ ગયો હતો. મુંબઇની આશરે ત્રણ લાખની કોસ્મોપોલિટન મેદની એકઠી થઇ હતી. આતશબાજીના આ આખા કાર્યક્રમને ૬ વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો હતો.

આતશબાજી ફોડવાની શરૂઆત થતાં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઓફિશિયલ ૧૧ તોપોની સલામીના માનની એંધાણી તરીકે આતશબાજીની ૧૧ તોપો ફોડીને માન આપવામાં આવ્યું હતું. ત્યારપછી મૌલાના હાઝર ઇમામ અને તેમના કુટુંબીઓને આવકાર, ૧૮૮૫-૧૯૪૫ના ઇમામતની ડાયમન્ડ જ્યુબિલીનો સંકેત, તાજ અને મૌલાના હાઝર ઇમામના "માઇફ્લેગો" આલમુત ઇરાનના ઇસ્માઇલી રાજ્ય અમલની યાદગીરી, જ્યુબિલીઆબાદ, ઉપરાંત શેલો, રોકેટો તથા બીજી સંખ્યાબંધ વસ્તુઓ મળી આતશબાજીની ૬૫ આઇટમો રજુ થઇ હતી.

મૌલાના હાઝર ઇમામ અને તેઓશ્રીના કુટુંબે "હેન્ગીંગ ગાર્ડન" પરના કાંઠે આ-આતશબાજીનો ભવ્ય કાર્યક્રમ નિહાળ્યો હતો.

### મૌલાના હાઝર ઈમામ અને નામદાર વલીઅહદના

# ડાયમંડ જ્યુબિલી પ્રસંગેના મુબારક સંદેશાઓ.

દરેકના દિલ અને અંતઃકરણમાં ઈસમાઈલી મઝહબનો ઈતિહાસ અને રૂહાની સિદ્ધાંતો જાણવા સમજવા અને તેને તાબેદાર બનાવવાના આદિ-ચિન્હ (Starting Point) રૂપ આખા જગત ઉપરના મારા રૂહાની બાળકો માટે આ અજોડ અવસર બનવો જોઈએ છે.

—આગાખાન

* * * *

હું આશા રાખું છું કે આ મહાન અને અજોડ અવસર, ઈસમાઈલી કોમ માટે આબાદી અને સાહસના હજી આરંભાતા નવા યુગનાં ચિન્હ તરીકે યાદગાર થઈ પડશે, અને તેઓ નામદારે ઈસમાઈલીઓના હાથમાં ઉપયોગ માટે જે બળવાન સાધનો મુકયા છે, તેનો પુરેપુરો લાભ લેવાનું કાર્ય કરીને આપણા નેતાના દીર્ઘદર્શિતાભર્યા ડહાપણનો તેઓ બદલો મેળવશે તેમજ જે સોનેરી માર્ગે સફર કરવાને તેઓ સર્જેલા છે, તે માર્ગે વધુ આગળ ધપવાને એ સાધનો મહાન મદદગાર થઈ પડશે

—અલીખાન

## DIAMOND JUBILEE.

10TH MARCH 1946—A UNIQUE OCCASION.

A view of the vast gathering at the Stadium, the stands of which were filled to capacity. Representative Ismailis came to India for the auspicious ceremony from places like Central Asia, Arabia, Africa, Syria, Burma, Malaya and Ceylon.



ડાયમન્ડ જ્યુબિલી.

૧૦મી માર્ચ ૧૯૪૬નો દિવ્ય પ્રસંગ.

સ્ટેડિયમમાં એકઠી મળેલી ગંજાવર માનવમેદનીનાં દ્રશ્યો. સઘળા સ્ટેન્ડો ખીચોખીચ ભરાઇ ગયેલા નજરે પડે છે. સેન્ટ્રલ એશિયા, અરબસ્તાન, આફ્રિકા,

# DIAMOND JUBILEE.

10TH MARCH 1946—A UNIQUE OCCASION.

A view of the vast gathering at the Stadium, the stands of which were filled to capacity. Representative Ismailis came to India for the auspicious ceremony from places like Central Asia, Arabia, Africa, Syria, Burma, Malaya and Ceylon.




ડાયમન્ડ જ્યુબિલી.

૧૦મી માર્ચ ૧૯૪૬નો દિવ્ય પ્રસંગ.

સ્ટેડિયમમાં એકઠી મળેલી ગંજાવર માનવમેદનીના દ્રશ્યો. સઘળા સ્ટેન્ડો ખીચોખીચ ભરાઇ ગયેલા નજરે પડે છે. સેન્ટ્રલ એશિયા, અરબસ્તાન,

## બ્રેબોર્ન સ્ટેડીયમમાં એકઠી મળેલી એક લાખની માનવ મેદની—રાજા મહારાજાઓની દબદબાભરી હાજરી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઇમામતની હિરક તુલાવિધિ ઇસ્વી સન ૧૯૪૬ના માર્ચ મહિનાની તા. ૧૦મીના દિને ચર્ચગેટ સ્ટેશન પાસે આવેલા "બ્રેબોર્ન સ્ટેડીયમ"માં કરવામાં આવી હતી. હિરક મહોત્સવની ઉજવણીના સપ્તાહમાં આ શુભ દિન સૌથી અગત્યનો હોઇ, એક લાખથી પણ વધુ માનવ મેદની એકઠી થઇ હતી.

હિંદના ઇસમાઇલીઓના ઘર આંગણે આ અપૂર્વ ખુશાલીનો હંગામ આવ્યો હોવાથી, ધર્મબંધુઓ અરસપરસ એક બીજાને પ્રેમથી ભેટી સહૃદય મુબારકીઓ આપી રહ્યા હતા. કારણ કે દુનિયાએ કદી નહિ જોયેલ ન અનુભવેલ કે સાંભળેલ એવો એક અનોખો, અનુપમ અને જીવનમાં સદા યાદગાર રહી જનારો આ મહાન શુભ દિવસ અતિ ઘણો મહત્વનો, અતિ ઘણો ખુશીનો હતો. આખી ઇસમાઇલી આલમમાં અનહદ ખુશી પ્રગટી નીકળી હતી. જ્યાં જુઓ ત્યાં હર્ષની હેલી ચઢી હતી. આનંદની દીપમાળા પ્રગટી નીકળી હતી, જેમાં આંતરિક આનંદ પણ પુરાયલો હતો.

આગાખાન લિજ્યને તૈયાર કરેલી યોજના પ્રમાણે દરેક ડોનેશન ભરનારને વિભાગવાર જગ્યા આપવામાં આવી હતી. આ પ્રસંગે સ્ટેડિયમને વાવટા તોરણોથી સારી રીતે શણગારવામાં આવ્યું હતું. પરોણાઓમાં રાજા-મહારાજાઓ અને અગ્રગણ્ય નામાંકિત લોકોએ પણ મોટી સંખ્યામાં હાજરી આપી હતી.

બ્રેબોર્ન સ્ટેડિયમમાં તુલાવિધિ અને તેને લગતો કાર્યક્રમ સાંજના થવાનો હતો. પરંતુ વહેલી સવારથીજ સંખ્યાબંધ લોકોએ પોતાની બેઠકો પર આસન લેવા માંડયું હતું. નામાંકિત પરોણાઓ માટે ગ્રાઉન્ડ ઉપર તુલાવિધિના પ્લેટફોર્મની નજદીક સેંકડો સોફાઓ અને સુંદર ખુરશીઓ ગોઠવવામાં આવી હતી. રાજા-મહારાજાઓએ તુલાવિધિના કાંટાના પ્લેટફોર્મ આગળજ બેઠક લીધી હતી. તેઓ જાતજાતના રંગના સારા પોશાકોમાં સજ્જ હતા.

દરેક વિભાગમાં અને સામાન્ય રીતે આખા સમારંભના કાર્ય ઉપર દેખરેખ રાખતા વોલન્ટીયરોની એક મોટી ફોજ હાજર રહી હતી. સઘળાઓને પાણી પાવા માટે ગર્લ્સ ગાઇડસો અને પાણી કુંપનીના સભ્યો ફરતા હતા. આ સમારંભ અત્યંત ગંજાવર હતો છતાં તેની વ્યવસ્થા સારી રીતે જળવાઇ રહી હતી. મુંબઇની પોલીસ તરફથી પણ એક સારૂં જેવું દળ બ્રેબોર્ન સ્ટેડિયમમાં હાજર રહ્યું હતું.

### દેશદેશાવરના માનનીય પરોણાઓ.

આ ઇતિહાસિક સમારંભમાં ભાગ લેવા માટે દુર દેશાવરોથી પણ ઘણા નામાંકિત પરોણાઓ આવી પહોંચ્યા હતા. ઇરાક, ઇરાન, મધ્ય એશિયા, બરમા, માડાગાસ્કર, સિલોન ઉપરાંત આફ્રિકા તથા સમસ્ત હિંદુસ્તાનના જુદા જુદા ભાગોના હજારો ઇસમાઇલી ભાઇઓ અને બહેનો હાજર રહ્યા હતા. બહારગામથી આવેલા પરોણાઓના વિભાગ સુચવતા સિરિયા લેબનોન, પૂર્વ આફ્રિકા, માડાગાસ્કર, ઇરાક, ઇરાન, સેન્ટ્રલ એશિયા, બરમા વિગેરે બોર્ડો લગાડવામાં આવ્યા હતા. હિરક તુલાવિધિ પ્રસંગે બ્રેબોર્ન સ્ટેડિયમનો દેખાવ અત્યંત ભવ્ય અને રળિયામણો લાગતો હતો અને ત્યાં હાજર રહેલી હજારોની મેદનીના ચહેરા પરનું ગાંભીર્ય તેના મહત્વમાં વધારો કરતું હતું. ઇસમાઇલીઓનો ભક્તિભાવ અનન્ય હતો, ઉત્સાહ પણ અનેરો હતો.

## નામાંકિત વ્યકિતઓ તરફના મુબારકીના સંદેશાઓ.

આ મહાન અને અજોડ અવસર માટે નામાંકિત વ્યકિતઓના મુબારકી ઇચ્છનારા સંદેશાઓ પણ મૌલાના હાજર ઇમામ પર મોટા પ્રમાણમાં આવ્યા હતા, જેમાં નામદાર વાઇસરોય લોર્ડ વેવલનો પણ સંદેશો હતો. જેમાં લખવામાં આવ્યું હતું કે "આપની જ્યુબિલી માટે શુભેચ્છાઓ સાથે મુબારકીઓ ઇચ્છું છું." મિસરના નામદાર રાજ્યકર્તા શાહ ફારૂક તરફથી "સુવર્ણ-અક્ષરે" પોતાની સહી સાથેનો સંદેશો મોકલવામાં આવ્યો હતો. ઇરાનના નામદાર શાહ, ઇરાકના નામદાર રિજંટ અને સીરીયાના પ્રજાસત્તાકના પ્રેસીડન્ટ તરફના જ્યુબિલીની મુબારકીઓ પાઠવતા સંદેશાઓ મુખ્ય હતા.

નામાંકિત હિંદીઓના જ્યુબિલીની મુબારકી ઇચ્છનારા સંદેશાઓમાં મહાત્મા ગાંધીજીનો સંદેશો ધ્યાન ખેંચનારો હતો અને તે ગુજરાતી ભાષામાં લખવામાં આવ્યો હતો: "આપ ઘણા વર્ષો પર્યંત જીવન ગાળો મારી એવી ઇચ્છા અને આશા છે." આ ઉપરાંત બીજા પણ સંખ્યાબંધ સંદેશાઓ પાઠવવામાં આવ્યા હતા.

નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબ વ્યવસ્થાનું નિરિક્ષણ કરવા વહેલાસર બ્રેબોર્ન સ્ટેડિયમમાં આવી પહોંચ્યા ત્યારે તેઓશ્રીને જનતાએ તાળીઓની ગર્જનાથી આવકાર આપ્યો હતો. ત્યારપછી થોડીક વારે નામદાર જામ સાહેબ અને તેમની પાછળ રાજા મહારાજાઓ આવવા લાગ્યા હતા.

## મૌલાના હાજર ઇમામની શાનદાર પધરામણી.

ત્યારપછી નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબા પધાર્યાં હતા. એમણે રેશમની સફેદ સાડી પરિધાન કરી હતી અને તેને ફરતી હિરાઓની કોર હતી. મૌલાના હાજર ઇમામના નાના શાહજાદા પ્રિન્સ સદરૂદીન તેમની સાથે હતા. તેઓએ શાહજાદાનો પોશાક પરિધાન કર્યો હતો. મૌલાના હાજર ઇમામ બરાબર ૫ કલાકે નામદાર ગવરનરના પેવેલિયનમાં આવી પહોંચતા જ તાળીઓની અત્યંત ભારે ગર્જના થઇ હતી. તેઓ નામદાર પોતાને આસને બિરાજ્યા ત્યાંસુધી એ ગર્જના ચાલુ રહી હતી. તેઓ નામદારની પાછળ જમાતમાં સજ્જ થયેલ ઇસ્માઇલી આગેવાનો ચાલતા હતા. મૌલાના હાજર ઇમામે સાટીનની શેરવાની અને લીલા રંગનો ઝરીન સોનેરી કિનારીવાળો સાફો માથે પરિધાન કર્યો હતો. તેઓ નામદાર પર છાંયડો રેળવા લીલા રંગનું છત્ર ધરવામાં આવ્યું હતું. તેઓ નામદાર સ્ટેડિયમમાં એકત્ર થયેલાં લોકોની મહોબ્બત સાથે સલામી ઝીલતાં ઝીલતાં સોહામણા વ્યાસપીઠ પાસે આવી પહોંચ્યા હતા.

## સોહામણો વ્યાસપીઠ.


તુલાવિધિ માટે એક કાપડનો સાદો છતાં સોહામણો વ્યાસપીઠ ગોઠવવામાં આવ્યો હતો, જેના ઉપર આધુનિક કાંટો ગોઠવાયલો હતો. આ કાંટો અને વ્યાસપીઠ ખાસ તુલાવિધિ માટે બનાવવામાં આવ્યા હતાં અને તેની પાછળ રૂા. ૪૦,૦૦૦ નો ખર્ચ થયો હતો. તેઓ નામદાર એ સોહામણા વ્યાસપીઠ ઉપર ગોઠવવામાં આવેલ એક ફરતી સુંદર ખુરશી ઉપર બિરાજ્યા હતા અને કાયલ તરફ તેઓશ્રીએ મુખ રાખ્યું હતું. તેઓશ્રીના વજનના વધતા જતા આંકડા સરળતાથી નિહાળી શકાતા હતા. તેઓ નામદારના પગ પાસે ૮૦ પ્લાસ્ટીક બુલેટ પ્રુફ દાબડાઓ રાખવામાં આવ્યા હતા જેમાં મુકેલા કાચા હિરા જોઈ શકાતા હતા.

ON THE HISTORIC OCCASION OF DIAMOND JUBILEE WEIGHING CEREMONY.
MOWLANA HAZAR IMAM is being escorted towards the Weighing Platform by Leading Officers of the Jamat.



હિરક તુલાવિધિના મુબારક પ્રસંગે.
**મૌલાના હાઝર ઇમામ** જમાતના ઓફીસરો સાથે તુલાવિધિના વ્યાસપીઠ ભણી જઇ રહ્યા છે.

ON THE HISTORIC OCCASION OF DIAMOND JUBILEE WEIGHING CEREMONY.



હિરક તુલાવિધિના મુબારક પ્રસંગે.

## લિજ્યનના પ્રેસીડેન્ટ વઝીર ફાઝલભાઈનું અર્થસૂચક ભાષણ.

હિરક તુલાવિધિના કાર્યક્રમની શરૂઆત પવિત્ર કુરાને શરીફની આયાતોની તિલાવત અને હસમાઈલી જ્ઞાન શાસ્ત્રના પાઠથી થઇ હતી. ત્યારબાદ આગાખાન લિજ્યનના પ્રેસીડેન્ટ વઝીર મહમદહુસેન ફાઝલભાઈ સોલીસીટરે ભાષણ કરતાં મૌલાના હાઝર ઇમામ અને નામાંકિત પરોણાઓને દિલોજાન આવકાર આપ્યો હતો. ત્યારપછી તેમણે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ઇમામતની ગાદીએ આવ્યા ત્યારથી લઇને ૬૦ વર્ષ સુધીના રૂહાની અમલનો ઇતિહાસ આપતાં જણાવ્યું હતું કે: ઇસ્લામનો સાચો અર્થ અને તેની વાસ્તવિકતા શિખવી તેઓ નામદારે પોતાના મુરીદોને દુન્યવી અને રૂહાની ક્ષેત્રોમાં આબાદ બનાવ્યા છે. તેઓ નામદાર ઇસ્લામના મહાન હિમાયતી છે, એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નથી. છેલ્લા ૪૦ વર્ષમાં મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ હિંદુ–મુસ્લિમ એકતાના મહાન હિમાયતી તરીકે રહ્યા છે. હિંદને મહાનતાના સાચા દરજ્જાએ પહોંચાડવા માટે હિંદની બે મહાન કોમો વચ્ચે ઘર્ષણ ઉભું કરે એવા દરેક કારણને નિર્મૂળ કરવાની અગત્યતા છે, તેમ આ બન્ને કોમોએ દેશના ભલા માટે મિત્રાચારીની લાગણીથી સાથે મળીને કામ કરવું જોઇએ એવું તેઓશ્રી હંમેશાં સ્પષ્ટ કહેતા આવ્યા છે.

## હિરાઓની પસંદગી—લિજ્યનનું ભગીરથ કાર્ય.

તેઓ નામદારની હિરક તુલાવિધિ કરવા માટે અમે હિરાઓની પસંદગી કરી તેનુ કારણ એવું છે કે, તમો નામદાર મનુષ્યજાતિમાં ઉત્તમમાં ઉત્તમ અને સર્જનહારનું પુર્ણતમ સર્જન છો એટલે તેની સાથે સુમેળ સાધી શકે એવા પદાર્થ સાથે તુલાવિધિ થવી જોઇએ, એવા વિચારથી ખનીજ પદાર્થોમાં જે સૌથી સુંદરતમ અને ઉચ્ચતમ પદાર્થ તરીકે કુદરતે જેનું સર્જન કર્યું છે એવા હિરાઓ જ માત્ર એક એવો પદાર્થ છે, જે સુર્યનાં કિરણોનાં અત્યંત નિકટનો આપણને ખ્યાલ આપે છે.

ત્યારપછી આ ભગીરથ કાર્ય માટે ગંજાવર ફંડ એકઠું કરવાનું અણથક કાર્ય કેવી રીતે કરવામાં આવ્યું તે વિષે ઉલ્લેખ કરતાં એમણે જણાવ્યું હતું કે: ૧૯૪૧ ના કાળા વાદળથી ઘેરાયલા દિવસોમાં આગાખાન લિજ્યન નામની સંસ્થા સ્થાપવામાં આવી હતી. લિજ્યનનુ લક્ષ્ય ઓછામાં ઓછા રૂા. ૫૩,૦૦,૦૦૦ એકઠા કરવાનું હતું. આપ નામદારને સુવિદિત છે કે આપશ્રીના મુરીદો લિજ્યનના સભાસદોએ અમારી અપીલને સારો આવકાર આપ્યો હોવાથી ધારેલા ધ્યેય કરતાં પણ રૂા. ૨૦,૦૦,૦૦૦ વધારે એકઠા કરી શકાયા હતા.

આ મહાભારત-ઇતિહાસીક કાર્યમાં નામદાર વાઇસરોય, હિંદી સરકાર, મુંબઇની સરકાર અને ના. ગવરનર, હિંદી રાજ્યકર્તાઓમાં વડોદરા, કાશ્મીર, પોરબંદર, નવાનગર અને કોલાપુરના ના. મહારાજાઓ, લાઠી, જસદણના ચીફ, માણાવદર, ખંભાત અને સચીનના ના. નવાબો, પન્નાના ના. મહારાજા. શિરપુરના મહારાજા, પાલણપુરના નવાબ અને છોટા ઉદેપુરના મહારાજાનો પણ તેમના રૂડા સહકાર માટે આભાર માની તેમણે પોતાનું ભાષણ પૂર્ણ કર્યું હતું.

## મૌલાના હાઝર ઈમામની હિરામાં મુબારક તુલાવિધિ.

રાઠ ઇબ્રાહિમભાઇ રાજન મહેરઅલી, વઝીર કાસમઅલી મનજી નથુ અને વઝીર મુસાભાઇ ગુલામભાઇ વેલજી પ્લેટફોર્મ ઉપર મૌલાના હાઝર ઇમામની નઝદીક ઉભા હતા. જેઓએ તેઓ નામદારને

આગાખાન લિજ્યન વતી હિરાથી તોળ્યા હતા. મૌલાના હાઝર ઇમામને હિરાથી તોળવાની મુબારક ક્રિયા શરૂ થતાં, વઝીર કાસમઅલીભાઇ અને વઝીર મુસાભાઇએ હિરાઓના બોક્ષ એક પછી એક ઇતમાદી ઇબ્રાહીમભાઇ રાજન મહેરઅલીને આપ્યા હતા અને તેમણે તાળીઓના ચાલુ ગગડાટ અને ખુશાલીના પોકારો સાથે પૂર્ણ ઉત્સાહથી કાંટા ઉપર મુકયા હતા. દરેક ડાબડાનું હિરા સાથનું વજન ૬।। રતલ હતું. હિરા સાથના પ્લાસ્ટીકના ડાબડાઓનો બરાબર ધડો થઈ શકે તે માટે ૨।।। રતલના વજનના ખાસ ડાબડા તેઓ નામદારના પગ આગળ મુકવામાં આવ્યા હતા. આ વ્યવસ્થાથી તેઓ નામદાર હિરાના વજનથી જ તોળાય એવો આશય રાખવામાં આવ્યો હતો.

આ પ્રમાણે કાંટામાં હિરાના ડાબડાઓ મુકાતા જતા હતા, તેમ તેમ વધતા જતા વજનને દેખાડનારા આંકડા મધ્યસ્થ મોટા ડાયલમાં પડતા હતા. જેથી બધી દિશામાં બેઠેલાઓ તેને નિહાળી શકતા હતા. આ કાંટામાં પહેલાં ૧૦૦ રતલનું વજન નોંધાયું ત્યારે તાળીઓની ભારે ગર્જના શરૂ થઇ હતી. તેવીજ રીતે ૨૦૦ અને ૨૪૦ રતલ નોંધાયા ત્યારે પણ જોસભેર તાળીઓના અવાજો ચાલુ રહ્યા હતા. આખરી વજનનું પ્રમાણ પૂર્ણ કરવા માટે "સુવેનીર હિરા"ના પેકેટો કાંટામાં મુકવાનું શરૂ થયું હતું. તેઓ નામદારનું કુલ્લે વજન આ તુલાવિધિમાં ૨૪૩।। રતલ થતાં આખું સ્ટેડિયમ અનહદ ખુશાલીના પોકારો અને જોશભેર તાળીઓની ગર્જનાથી ગાજી ઉઠ્યું હતું. વજનના હિરાઓની કીંમત પાઉંડ ૩,૪૦,૦૦૦ થઇ હતી. આ ખાસ હિરક તુલાવિધિ અગ્યાર મિનીટમાં પૂર્ણ થઈ હતી.

## મૌલાના હાઝર ઇમામનું વિવેચન.

તુલાવિધિનું કાર્યક્રમ આ પ્રમાણે પૂર્ણ થયા પછી મૌલાના હાઝર ઇમામના વલીઅહદ નામદાર પ્રિન્સ અલીખાન સાહેબે તેઓ નામદારને નમન કર્યું હતું. ત્યારપછી મૌલાના હાઝર ઇમામે માઇક્રોફોન પાસે ઉભા રહીને વિવેચન કર્યું હતું, જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "સૌથી પહેલાં મારા રૂહાની બચ્ચાંઓને મારા ઉત્તમમાં ઉત્તમ દુઆ આશિશો સાથે તેઓને ધન્યવાદ આપું છું. આ સમારંભને સફળ બનાવવા માટે ડાયમંડ જ્યુબિલી સેલીબ્રેશન કમિટીને સહકાર આપવા માટે નામદાર વાઇસરોય, મુંબઇની ના. સરકાર, પોલીસ સત્તાવાળાઓ, ચાર્ટર્ડ બેન્ક ઓફ ઇન્ડીયાના મેનેજર, અને ડાયમંડ સીન્ડીકેટનો હું આભાર માનું છું. તેમજ સંદેશાઓ મોકલવા માટે નામદાર વાઇસરોય, દેશી રાજ્યકર્તાઓ, ગાંધીજી તથા બીજા મિત્રોનો પણ આભાર માનું છું, મિસરના નામદાર રીજન્ટ અબદુલ્લાહ ઇલાહ, સીરીયાના પ્રજાસત્તાકના પ્રેસીડેન્ટ અને ઇરાનના ના. શાહનો પણ સ્નેહાળ સંદેશાઓ મોકલવા માટે હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને તેઓની સ્નેહભરી લાગણીની હું ઉંડી કદર બુજું છું.

"આ મહોત્સવમાં ભાગ લેતાં નામદાર રાજા મહારાજાઓને તેમજ અન્ય સંભાવિત પરોણાઓને કોઇ પણ જાતની અગવડ ભોગવવી પડી હોય તો તે માટે હું મારા પોતા તરફથી તેમજ ઇસમાઇલી કોમ તરફથી દરગુજર ચાહું છું. આજ મહિનાઓ થયા લિજ્યનના સભાસદો આ કામને સફળ બનાવવામાં રાતદહાડો રોકાઇ ગયા હતા અને તેઓએ તેમજ વોલન્ટીયરોએ જે મોટો શ્રમ ઉઠાવ્યો છે, તેની પણ કદર કરું છું. આ પ્રસંગે અંતમાં હું મારા રૂહાની બચ્ચાંઓને દુઆઆશિશો ફરમાવું છું અને મારી બેઠક લઉં છું."

તેઓ નામદારનું ભાષણ પૂર્ણ થતાં તાળીઓનાં અવાજોથી જનતાએ તે વધાવી લીધું હતું. બાકીનો કાર્યક્રમ રજુ થયા પછી નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે સઘળાઓનો આભાર માન્યો હતો. ત્યાર

ON THE HISTORIC OCCASION OF DIAMOND JUBILEE WEIGHING CEREMONY

MOWLANA HAZAR IMAM is seen addressing the least congregation after the Weighing Ceremony.



હિરક તુલાવિધિના મુબારક પ્રસંગે.

તુલાવિધિ પછી **મૌલાના હાઝર ઈમામ** સ્ટેડિયમમાં એકઠી થયેલી ગંજાવર મેદનીને સંબોધીને ભાષણ કરતાં નજરે પડે છે.

# ISMAILIS INHABIT ALL LANDS

**Mowlana Hazar Imam His Royal Highness The Prince Aga Khan's followers are scattered all over the world.**




## પૃથ્વિના દરેક ખંડમાં ઇસ્માઇલીઓ વસે છે.

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ નામદાર આગાખાનના મુરીદો દુનિયાના ખુણે ખુણામાં પથરાએલા છે.

બાદ તેઓ નામદાર અને તેઓ નામદારનાં કુટુંબના સભ્યો વિદાય થયા હતા. ત્યારપછી રાજા મહારાજાઓ અને સંભાવિત પરોણાઓએ પણ વિદાય લીધી હતી. ત્યારપછી સઘળા ધીમે ધીમે વિખરાયા હતા.

## સંપૂર્ણ શાંતિ અન આનંદ વચ્ચે પૂર્ણ થયેલો હિરક મહોત્સવ.

જે અવસર ઉજવવા હિંદના એક લાખ જેટલા ઈસમાઈલીઓ વર્ષો થયા મહેનત કરતા હતા. એકજ ધુન, એકજ તમન્ના, અને એકજ આશા સેવી રહ્યા હતા, જે અનુપમ અજોડ અવસર નિરખવા અસંખ્ય આંખો તલસી રહી હતી, કરોડો હૃદયો આતુરતાથી મીટ માંડી રહ્યા હતા એ ભવ્ય અને દબદબા ભર્યો પ્રસંગ, સુંદર વ્યવસ્થા, હાજર રહેલાઓનો પ્રશંસનીય શિસ્ત, પૂર્ણશાંતિ અને અનેરા આનંદ વચ્ચે આ રીતે પૂર્ણ થયો હતો. આ અનેરો અને અલૌકિક અવસર ઇસ્માઇલીઓના જ માત્ર ઇતિહાસમાં નહિ પરંતુ સમગ્ર જગતના ઇતિહાસમાં સદા યાદગાર અને અમર રહી જવા પામ્યો છે.

## મૌલાના હાઝર ઈમામની મુંબઇથી વિદાય—નામદાર વલીઅહદ સાથે પાઠવેલો સંદેશો.

દુનિયાને અજાયબીમાં ગરકાવ કરી નાખનારો ઇતિહાસમાં અજોડ એવો મૌલાના હાઝર ઇમામની ઈમામતનો ડાયમંડ જ્યુબિલીનો મહાન ઉત્સવ સફળતાપૂર્વક પુરો કરી, મૌલાના હાઝર ઇમામ નામદાર બેગમ સાહેબા અને નામદાર પ્રિન્સ સદરૂદીન સાથે માર્ચની તા. ૧૧ મીને સોમવારના દિને એરોપ્લેન મારફતે દિલ્હી તરફ સિધાવી ગયા હતા. તેઓ નામદારોને વિદાયગીરીનું માન આપવા નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબ તથા કોમના આગેવાનો અને મુંબઈના નામાંકિત શહેરીઓ હાજર રહ્યા હતા. તેઓ નામદારે નામદાર વલીઅહદ સાથે ઇસમાઇલી જમાતોને દુઆઆશિશો અને મુંબઇવાળાઓએ બહારથી આવેલ મહેમાનોને સારી સગવડતાઓ આપી હતી તેનો ઉલ્લેખ કરતો મુબારક સંદેશો પાઠવ્યો હતો.

નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબે આ મુબારક સંદેશો મહેમાનોના કેમ્પોમાં જાતે પધારી જમાતોને સંભળાવ્યો હતો અને વધુમાં, નામદાર વલીઅહદે "ડાયમંડ તુલાવિધિ વખતે એક લાખ કરતાં વધારે માણસોની હાજરી હતી છતાં તે બધાએ ઘણીજ શાંતિ જાળવી હતી તેની પ્રશંસા સહિત ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે નાના મોટાએ ઘણીજ શાંતિ જાળવી હતી, તેથી મૌલાના હાઝર ઇમામ ઘણાજ ખુશી થયા છે અને સઘળા કાર્યકરોને શાબાશી અને ઘણા દુઆઆશિશો ફરમાવ્યા છે."

આ ઇતિહાસિક અનોખા અવસરે, દેશ પરદેશના અંગ્રેજી ગુજરાતી અને ઉર્દુ વર્તમાનપત્રોએ પણ ઘણો રસ લીધો હતો. મુંબઇના સુપ્રસિધ્ધ આગેવાન અંગ્રેજી પત્ર "ટાઇમ્સ ઓફ ઇન્ડીયા"એ મૌલાના હાઝર ઇમામની હિરક તુલાવિધિનું પુરેપુરૂં અને રસપ્રદ વર્ણન આપ્યું હતું અને પોતાના અંગ્રેજી સાપ્તાહિક "ઇલસ્ટ્રેટેડ વિકલી"ના મુખપૃષ્ઠ ઉપર હિરક તુલાવિધિનું ફુલ પેજમાં થ્રી કલરનું રંગીન ચિત્ર પ્રગટ કર્યું હતું.

## હિરક મહોત્સવ પ્રસંગેનાં શુભેચ્છાના સંદેશાઓ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ.ની મુબારક ડાયમંડ જ્યુબિલી પ્રસંગે સુપ્રસિધ્ધ "ઇસમાઇલી"એ હિરક મહોત્સવની યાદગીરીમાં ખાસ એક "ડાયમંડ જ્યુબિલી અંક" પ્રગટ કર્યો હતો. આ ખાસ અંક માટે નામાંકિત પુરૂષોએ શુભેચ્છાના તેમજ અભિનંદનના સંદેશાઓ પાઠવ્યા હતા.

આ સંદેશાઓમાં નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબા, મુંબઇના નામદાર ગવર્નર, સર જોન કોલ્વીલ, બીકાનેરના મહારાજા, ગ્વાલીયરના મહારાજા, પોરબંદરના મહારાણા, પાલનપુરના નવાબ, ધરમપુરના મહારાજા, જયપુર સ્ટેટના વડા પ્રધાન—સર મિરઝાં મહમદ ઇસમાઇલ, અલ્વર રાજ્યના વડા પ્રધાન સર એસ. એમ. બાપના, હિંદની ફેડરલ કોર્ટના જજ, સર મુહમ્મદ ઝફરૂલ્લાખાન વાઇસરોયની એકઝેકયુટિવ કાઉન્સીલના સભ્ય સર મુહમ્મદ ઉસમાન, કરનલ સર કઇલાસ હકસર, રંગુનની હાઈ કોર્ટના એડવોકેટ, એમ. ઇ. દાઉદજી, રાઇટ ઓનરેબલ સર તેજબહાદુર સપ્રુ, સર વિકટર સાસુન, મદ્રાસના જાણીતા અંગ્રેજી પ્રકાશક અને 'ઇન્ડીયન રિવ્યુ'ના તંત્રી જી. એ. નેટેસન, કે. એલ. ગૌબા, બાર–એટ લો, યુસુફ મહેરઅલી, સર ફાજલ ઇબ્રાહિમ રહેમતુલ્લા, મહમદ હાશમ ગઝદર, ઇસ્માઇલ હુસેનઅલી સી. ઝવેરી, બિહારના માજી વડા પ્રધાન ડો. મહમદ યુનુસ, સર ઇશ્વરદાસ લક્ષ્મીદાસ, સર શાંતિદાસ આસકરણના સંદેશાઓ મુખ્ય હતા.

## દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની લડત—મૌલાના હાઝર ઇમામની આગેવાની હેઠળ વાઇસરોયની સમક્ષ ગયેલું ડેપ્યુટેશન.


માર્ચ મહિનાની તા. ૧૨મીના દિને, દક્ષિણ આફ્રિકાના હિંદી પ્રતિનિધિઓની આગેવાની મૌલાના હાઝર ઇમામે સ્વીકારી હિંદના વાઇસરોય લોર્ડ વેવલની મુલાકાત દિલ્હી ખાતે લીધી હતી. આ પ્રતિનિધિ મંડળ સાથે જાણીતા રાજદ્વારીઓ જોડાયા હતા. મૌલાના હાઝર ઇમામે હિંદી પ્રતિનિધિ મંડળ તરફથી એક મેમોરન્ડમ રજુ કર્યું હતું, જેમાં અન્ય બાબતો ઉપરાંત હિંદની જનતાનું ભાવિ નક્કી થઇ જાય ત્યાર પહેલાં આ બે સરકાર વચ્ચે ગોળમેજી પરિષદ બોલાવવા માટે નામદાર વાઇસરોયને અપીલ કરવામાં આવી હતી કે જેથી શાંતિભર્યું સમાધાન થઇ શકે.

કરાચીથી તા. ૧૪મીના સંદેશામાં જણાવ્યા અનુસાર મૌલાના હાઝર ઇમામ કરાચીથી કેરો બાજુ વિદાય થવા પહેલાં કરાચીની શહેર સુધરાઇએ, મૌલાના હાઝર ઇમામ તથા નામદાર બેગમ સાહેબાને માનપત્ર અર્પણ કર્યું હતું. તેઓ નામદારે પોતાના જવાબમાં સિંધ ખાતે એક યુનિવર્સિટિ કાયમ કરવા માટેની જરૂરિયાત પર ભાર મુકયો હતો. કરાચી ખાતે સ્થાપવા ધારેલાં વૈજ્ઞાનિક અને પોલીટીકલ઼ ઇન્સ્ટીટયુટ અંગેની પોતાની યોજનાનો ઇશારો કરતાં હિંદના શ્રીમંત મુસ્લિમોને અપીલ કરી હતી.

## ઇસ્લામિક રિસર્ચ એસોસિએશન—મૌલાના હાઝર ઇમામની એક લાખની સખાવત.

એપ્રિલ માસની તા. ૮મીના રોજે ઇસ્લામિક રિસર્ચ એસોસિએશનની તરફથી વાર્ષિક સભા, ટાઉન હોલમાં આવેલી રોયલ એશિયાટિક બ્રાન્ચ ઓફિસના હોલમાં શેઠ અલીમહમદ મકલાઇ જે. પી.

ON THE AUSPICIOUS OCCASION OF DIAMOND JUBILEE.
VALI AHAD PRINCE ALY KHAN is seen watching the Weighing Ceremony



ડાયમન્ડ જ્યુબિલીનાં મુબારક પ્રસંગે.
નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન તુલાવિધિ નિહાળતાં દ્રષ્ટિએ પડે છે.

ON THE AUSPICIOUS OCCASION OF DIAMOND JUBILEE.
HER HIGHNESS THE BEGUM AGA KHAN AND PRINCE SADRUDDIN are seen watching the Weighing Ceremony.



ડાયમન્ડ જ્યુબિલીનાં મુબારક પ્રસંગે.
નામદાર બેગમ સાહેબા અને નામદાર પ્રિન્સ સદરૂદ્દીન તુલાવિધિ નિહાળતાં દ્રષ્ટિએ પડે છે.

ના પ્રમુખપદ હેઠળ મળી હતી. સંસ્થાના સેક્રેટરી પ્રિન્સીપાલ એ. એ. એ. ફૈઝીએ સરકાર કે યુનિવર્સિટિના અંકુશથી સ્વતંત્ર એવી ઈસ્લામિક રિસર્ચ ઈન્સ્ટીટયુટની સ્થાપના નઝદીકના ભવિષ્યમાં કરવાની આશા પ્રદર્શિત કરી હતી.

ત્યારપછી મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ તરફથી એ સંસ્થાને આપવામાં આવેલા રૂા. ૧,૦૦,૦૦૦ (એક લાખ)ના દાન માટે સંસ્થાના સભાસદો તરફથી આભાર માનનારો ઠરાવ રજુ કરવામાં આવતાં, તે સર્વાનુમતે પસાર થયો હતો. આ ઠરાવ જી. એમ. ડી. સુફીએ રજુ કર્યો હતો અને પ્રોફેસર નજીબ અશરફ નદવીએ તેને અનુમોદન આપ્યું હતું.

મી. ફૈઝીએ જણાવ્યું હતું કે નામદાર આગાખાન સાહેબ ઈસ્લામિક રિસર્ચનું કામ રસપૂર્વક નિહાળતા રહ્યા છે અને સંસ્થાને પેટ્રન તરીકેનું માન આપ્યું છે. પહેલવહેલાં તેઓ નામદાર રૂા. ૧,૦૦૦નું વાર્ષિક ડોનેશન આપતા હતા, જે તેઓ નામદારે પાછળથી વધારીને રૂા. ૨,૦૦૦નું કર્યું હતું.

## આફ્રિકામાં ડાયમંડ જ્યુબિલીની ઉજવણી માટેનો ઉત્સાહ.

ઈ. સ. ૧૯૪૬ના માર્ચ મહિનાની તા. ૧૦મીના મુબારક દિવસે હિંદની અર્થાત્ એશિયા ખંડની ઈસમાઈલી આલમે મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની ઈમામતની ડાયમંડ જ્યુબિલીનો મહોત્સવ પૂર્ણ આનંદ, અપૂર્વ ડીસીપ્લીન–શિસ્ત, અજોડ શાંતિ અને બાદશાહી દોરદમામ સાથે નિર્વિઘ્ને એક લાખ ઉપરાંત જનસંખ્યાની રૂબરૂ હિરક તુલાવિધિની ક્રિયા કરી પોતાના આકાએ નામદાર રસુલની પિતા, ઈમામે ઝમાન, આલે નબી ઓલાદે અલી તરફની પોતાની પૂર્ણ વફાદારી, અથાગ મહેનત અને સંપૂર્ણ વફાદારીનો દાખલો જગતને પુરો પાડયો હતો. આ અનેરા અવસરે હિંદની ઈસમાઈલી જનતા આબાળવૃધ્ધે પોતાની શકિત અનુસાર કાર્ય કરી બતાવી જગતને અજાયબીમાં ગરકાવ કરી દીધા હતા. જો કે એમના એ કાર્યમાં ઈલાહી મદદ ન હોત તો આ કાર્ય પાર પડી ન જ શકત એ પણ સ્પષ્ટ છે.

હવે દુનિયાનો એક બીજો ખંડ કે જ્યાં ઈસમાઈલી ઈમામોએ પોતાનો અણુનમ વાવટો ગૌરવ સાથે વર્ષો સુધી ફરકાવ્યો હતો, એ આફ્રિકા ખંડમાં આ અવસર ઓગસ્ટ માસની તા. ૧૦મીના શુભ દિને અપૂર્વ રીતે ઉજવવા ત્યાંની જમાતો તલપાપડ થઈ રહી હતી.

## હિરક તુલાવિધિ માટેના મહત્વના નિર્ણયો.

ઈસ્વી સન ૧૯૪૫ના સપ્ટેમ્બર માસની તા. ૨૪મીના ઓનરેબલ કાઉન્ટ ગુલામહુસેન વારસ મામદ ઈંદાણીના પ્રમુખપદે, આગાખાન સુપ્રીમ કાઉન્સીલ ફોર આફ્રિકાની એક સભા દારેસ્સલામ ખાતે મળી હતી, જેમાં મૌલાના હાઝર ઈમામની ડાયમન્ડ જ્યુબિલીની ઉજવણી સંબંધી મહત્વના નિર્ણયો થયા હતા અને તેને અંગે આ બેઠક યાદગાર હતી. ડાયમન્ડ જ્યુબિલીની યોજનાની વિચારણા ચલાવવા આ પ્રસંગે જુદા જુદા સ્થળોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા.

ડાયમંડ જ્યુબિલીને લગતી યોજનાઓ પર વિચારણા ચલાવવામાં આવી હતી અને ગોલ્ડન જ્યુબિલી પ્રસંગે મૌલાના હાઝર ઈમામની આફ્રિકા ખાતે સુવર્ણ તુલાવિધિ થઈ હતી તેવીજ રીતે તેઓ નામદારની

ઇમામતની ડાયમંડ જ્યુબિલી પ્રસંગે હિરક તુલાવિધિ પણ કરવાનો અતિ ઘણો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને તેના માટે ૪૫ આગેવાનો અને કાર્યકરોની એક વગદાર કમિટીની પણ નિમણુંક કરવામાં આવી હતી. ત્યારપછી સમસ્ત આફ્રિકામાં કાર્યવાહકો પૂર જોશમાં અને ઉત્સાહ વચ્ચે પોતાના કાર્ય પાછળ મંડી પડયા હતા.

## આફ્રિકા—દારેસ્સલામ ખાતે ઉજવાયેલો ઇતિહાસિક હિરક મહોત્સવ.

### આફ્રિકામાં અનેરો આનંદ—ખુશનશીબ દારેસ્સલામ—ટેરીટોરિયલ કોન્ફરંસ.

આફ્રિકામાં ડાયમંડ જ્યુબિલીની તડામાર તૈયારીઓ પૂર્ણ ઉત્સાહ અને આનંદ સાથે થઇ રહી હતી એટલુંજ નહિ પણ અલૌકિક પ્રસંગ ઉજવવાની લગનીમાં આખું આફ્રિકા ઓતપ્રોત થઇ ગયું હતું. એ દરમ્યાન મૌલાના હાઝર ઇમામની મુબારક પધરામણીના શુભ સમાચાર કેરો ખાતેથી મળતાં સમગ્ર આફ્રિકાના ઇસમાઇલીઓમાં અપાર ખુશાલી વ્યાપી ગઇ હતી.

મૌલાના હાઝર ઇમામે નામદાર બેગમ સાહેબા સાથે કમ્પાલા અને કિસુમુ થઇને નાઇરોબી ખાતે મુબારક પધરામણી કરી હતી. સર્વ સ્થળોએ તેઓ નામદારનું અપૂર્વ સન્માન થયું હતું, મે માસની તા. ૨૪મીના સાંજના ૭ વાગે તેઓ નામદાર નાઇરોબી જમાતખાને મુબારક પધરામણી કરતાં આફ્રિકાના સંભાવિત આગેવાનોએ તેઓ નામદારે હૃદયપૂર્વકનો આવકાર આપ્યો હતો.

ત્યારપછી મૌલાના હાઝર ઇમામના નિવાસસ્થાને ડાયમંડ જ્યુબિલી માટે એક ટેરીટોરિયલ કોન્ફરંસ બોલાવવામાં આવી હતી. આ યાદગાર કોન્ફરંસમાં ભાગ લેવા માટે આફ્રિકાના જુદા જુદા ભાગોમાંથી પ્રતિનિધિઓ પણ આવ્યા હતા. આ કોન્ફરંસમાં ઘણીજ અગત્યની ચર્ચાઓ થઇ હતી એટલુંજ નહિ પણ મૌલાના હાઝર ઇમામની ડાયમંડ જ્યુબિલીની ઉજવણી અને તેઓ નામદારની હિરક તુલાવિધિ ટાંગાનીકાના પાટનગર દારેસ્સલામ ખાતે કરવા માટેનો મહત્વનો સત્તાવાર નિર્ણય પણ થયો હતો.

### મૌલાના હાઝર ઇમામની પરોણાઓના કેમ્પોમાં પધરામણી—જ્યુબિલી પ્રદર્શનનું ઉદ્દઘાટન.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ. આફ્રિકા ખાતે મુબારક પધરામણી કરી ત્યારે, જ્યુબિલી મહોત્સવની ઉજવણી સાથેનો તેઓ નામદારના આફ્રિકા નિવાસનો સત્તાવાર કાર્યક્રમ ઘડી કાઢવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની જુલાઇ મહિનાની તા. ૨૯મીથી શરૂઆત થઇ હતી. તેઓ નામદારે દારેસ્સલામ જમાતખાના પાસે ઉભા કરેલા મંડપમાં પધારી જમાતોને દીદાર આપ્યા હતા. મંડપ સમગ્ર આફ્રિકાના જુદા જુદા ભાગોમાંથી હિરક મહોત્સવ નિમિત્તે પધારેલા પરોણાઓથી ખીચોખીચ ભરાઇ ગયો હતો. મંડપને સુંદર રીતે વિભુષિત કરવામાં આવ્યો હતો. સાંજે તેઓ નામદારે કેમ્પોમાં એકઠા મળેલા ઇસમાઇલી બાઇઓ અને બહેનોને દીદાર આપ્યા હતા. કેમ્પોનું વાતાવરણ ઉલ્લાસપ્રેરક દશ્યોથી રંગભીનું બન્યું હતું.

તા. ૩૧મીના દિને સવારના તેઓ નામદારે કેમ્પોમાં પવિત્ર કદમ મુબારક કર્યા હતા અને સાંજે પાંચ વાગે જ્યુબિલી પ્રદર્શનનું પોતાના શુભ હસ્તે ઉદઘાટન કર્યું હતું. આ ક્રિયામાં ભાગ લેવા આમંત્રિત પરોણાઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

## જગતની સુલેહના કાયદા–મૌલાના હાઝર ઈમામનું મહત્વનું ભાષણ.

દારેસ્સલામ ખાતે ઓગસ્ટ માસની તા. ૩જીના રોજે મૌલાના હાઝર ઇમામે સાંજના ૬–૧૫ કલાકે ડાયમંડ જ્યુબિલી એક્ઝીબિશન થિએટરમાં "જગતની સુલેહ અને તેના કાયદા" વિષે એક મહત્વનું ભાષણ આપતાં, માત્ર ત્રીજું વિશ્વયુધ્ધ અટકાવવા માટેજ નહિ પણ વિશ્વની સુલેહશાંતિ સ્થાપી ધોરણે મુકવા એંગ્લો–અમેરિકન મધ્યસ્થ તંત્રની આવશ્યકતા દર્શાવી હતી. બ્રિટન અમેરિકા, બ્રિટીશ ડુમિનિયનો, હિંદ અને ચીન ઉપરાંત એશિયા અને યુરોપના બીજા નાના રાજ્યો એમાં જોડાય તો, આ સંઘ એક શકિતશાળી સંઘ બની રહે અને આક્રમણકારી રાજ્યોને પોતાની અભિલાષાઓ પાર પાડવાનું અશકય થઇ પડે. ઇસ્લામી દેશો પણ આ વિશ્વસંઘમાં જોડાઇને પોતાની આંતરિક આઝાદી સાથે, બહારના આક્રમણથી રક્ષણ મેળવી શકે અને તેઓને એંગ્લો–અમેરિકન સાધન સામગ્રીના લાભ મળી શકે.

"હિંદી પ્રજાઓ પોતાનું કોન્ફીડરેશન રચે અને તે એંગ્લો–અમેરિકન શોષણનું એક સાધન નહિ બને એવી તેને ખાત્રી અપાય તો, હિંદ જેવું રાષ્ટ્ર પણ વિશ્વસંઘમાં ખુશીથી જોડાઇને સુલેહશાંતિમાં પોતાનો ફાળો આપી શકે છે. દુનિયાની સુલેહ સાથે હિંદની આંતરિક સુલેહશાંતિ જાળવી રાખવા માટે તેઓ નામદારે, અત્રેજ "કોનફીડરેશન"ની યોજના સુચવી નથી બલ્કે હિંદમાં તેઓ નામદાર હતા ત્યારે પણ એવા કોનફિડરેશનની સુચના કરી હતી. બ્રિટીશ મિશનની યોજનામાં બી. અને સી. પ્રાંતનો સમુહ રચવામાં આવ્યો છે, તે એવા હિંદી કોન્ફીડરેશનમાં બે આઝાદ રિયાસતો બની રહે છે અને બે સ્વતંત્ર એકમ તરીકે હિંદી મધ્યસ્થ કોન્ફીડરેશન સાથે જોડાઇ શકે છે અને આ આખું કોન્ફીડરેશન એંગ્લો–અમેરિકન સંઘના સભ્ય તરીકે વિશ્વસંઘમાં પોતાનો ફાળો આપવા શકિતમાન થઇ શકે છે. હિંદી રાજદ્વારીઓ માટે આ કોન્ફીડરેશનની યોજના વિચારવા યોગ્ય છે."

## હિરક મહોત્સવનું શાનદાર સરઘસ—વોલન્ટીયરો અને સ્કાઉટોની અજોડ રેલી.

ઓગસ્ટ મહિનાની તા. ૬ ઠ્ઠી થી ડાયમંડ જ્યુબિલીના પવિત્ર મહોત્સવના ભવ્ય કાર્યક્રમનો આરંભ થયો હતો. જેથી એ દિવસથી સમસ્ત ઇસમાઇલી આલમમાં વધુ ઉમંગ અને ઉત્સાહ વ્યાપ્યો હતો. એ દિને ભવ્ય દરબાર પણ ભરવામાં આવ્યો હતો. તા. ૭મીના દારેસલામની આગાખાન કલબમાં એક ભવ્ય સંમેલનમાં આફ્રિકાની ઇસમાઇલી કોમના બંધારણને લગતા કાયદા કાનુનો જમાત સમક્ષ પસાર કરવામાં આવ્યા હતા, જ્યારે તા. ૮મીના સાંજે ૫ કલાકે જમાતખાનામાંથી હિરક મહોત્સવનું ગંજાવર અને શાનદાર સરઘસ નીકળ્યું હતું. જેમાં ઇસમાઇલી કોમના આગેવાનો, ઓધ્ધેદારો અને જમાતની મોટી સંખ્યાએ ભાગ લીધો હતો. આ સરઘસ જુદા જુદા લતાઓમાં ફર્યું હતું અને ત્યારપછી "એકેશિયા એવેન્યુ"ના રાજમાર્ગ ઉપર આવી પહોંચ્યું હતું, જ્યાંથી રાતના ૮ વાગે આગાખાન કલબમાં સરઘસે પ્રવેશ કર્યો હતો. જમાતોમાં અત્યંત ભારે ઉત્સાહ અને ખુશાલીની લાગણી પ્રવૃતિ ગઇ હતી.

ઓગસ્ટ મહિનાની તા. ૯મીના એક ખુબજ આકર્ષક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમસ્ત આફ્રિકાના વોલન્ટીયરો, સ્કાઉટસો, ગર્લ્સ ગાઇડસ સહિત ફુલ યુનિફોર્મમાં સજ્જ થઇને સરઘસના આકારમાં જમાતખાનામાંથી નીકળ્યા હતા અને જુદા જુદા લતાઓમાં ફરીને આગાખાન કલબમાં આવી પહોંચ્યા હતા, જ્યાં એક ભવ્ય સંયુકત રેલી થઈ હતી. આ રેલી અત્યંત આકર્ષક હતી.

## આફ્રિકા ડાયમન્ડ જ્યુબિલી પ્રસંગે મૌલાના હાઝર ઈમામનો મુબારક સંદેશો.

આફ્રિકાની ડાયમંડ જ્યુબિલી પ્રસંગે "અલ-ઇસ્લાહ" મારફતે મૌલાના હાઝર ઇમામે એક મુબારક સંદેશો પાઠવ્યો હતો, જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે:—

"ઈસમાઈલી જગતને અમારી સાઠ વર્ષની ઇમામત દરમ્યાન કરેલી ખિદમતની અમો કદર કરતાં ઘણી ઘણી દુઆઆશિશો ફરમાવીએ છીએ. અમારા રૂહાની બચ્ચાંઓ ખાત્રી રાખે કે રાત દિવસ અમો તમારા ખ્યાલમાં છીએ. તમો પણ તમારા ઈમામને ભુલશો નહિ.

"દરેક ઈસમાઈલીની ફરજ છે કે તે પોતાના ઇમામોનાં ઈતિહાસ ધ્યાનપુર્વક વાંચે, જેથી ઈસમાઈલી મઝહબની ખુબી સમજતાં, ઈમાન સલામત રહેશે."

## આગાખાન જ્યુબિલી પાર્કમાં એકઠી મળેલી સીત્તેર હજારની લોકમેદની.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અલની ઇમામતની હિરક તુલાવિધિ અત્રે "આગાખાન જ્યુબિલી પાર્ક"માં, ઇ. સ. ૧૯૪૬ના ઓગસ્ટ માસની તા. ૧૦મીના શુભ દિને પૂર્ણ ઉત્સાહ અને આનંદ વચ્ચે કરવામાં આવી હતી. વાવટા તોરણો અને અન્ય શણગાર સામગ્રીથી આ ભવ્ય સ્થાનને સુંદર રીતે વિભુષિત કરવામાં આવ્યું હતું. આ અનેરે અવસરે કોમ પર કોમના મળીને ૭૦,૦૦૦ સીત્તેર હજારની લોકમેદનીએ ભાગ લીધો હતો. હજારો લોકો સવારથીજ પાર્કમાં એકઠા થવા લાગ્યા હતા. લોકોએ વિભાગવાર યોજના પ્રમાણે વ્યવસ્થિત રીતે પોતાની બેઠક લીધી હતી. યુરોપિયનો અને નામાંકિત આમંત્રિત પરોણાઓએ પણ વ્યવસ્થા પ્રમાણે પોતપોતાની બેઠક લીધી હતી. આખું પાર્ક આનંદના વાતાવરણથી ગાજી ઉઠયું હતું. આ અવસરે આકાશ સ્વચ્છ હતું અને તુલાવિધિના સ્થાનના અંતરાક્ષમાં તારક્ષોની છાયા છવાઇ ગઇ હતી.

## આફ્રિકાના ગવર્નરો અને નામાંકિત પરોણાઓની ધ્યાન ખેંચનારી હાજરી—નામાંકિત વ્યક્તિઓના સંદેશા.

શરૂઆતમાં નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબ અને શાહઝાદા સદરૂદીન પધારતાં હાજર રહેલી મેદનીએ તેઓ નામદારને તાળીઓના ગગડાટથી હર્ષ સાથે વધાવી લીધા હતા. તેઓ નામદારે સઘળી વ્યવસ્થા નિહાળી હતી. મૌલાના હાઝર ઈમામને આ શુભ પ્રસંગે માન આપવા પધારેલા માનવંત પરોણાઓને મંચની નઝદીકમાંજ સોફાઓ અને ખુરશીઓ પર આસન આપવામાં આવ્યું હતું.

ત્યારપછી નામદાર ગવરનર બાનુ, લેડી બેટરશિલ, કેન્યાના ગવરનર, સર ફિલીપ મીચલ અને લેડી મીચલ, યુગાન્ડાના નામદાર ગવરનર સર જોન હેથોર્ન હોલ, માડાગાસ્કરના નામદાર ગવરનર જનરલ અને મેડમ ડી. કોપેટ, ઝંગબારના નામદાર સુલતાનના પ્રતિનિધિ તરીકે પ્રિન્સ અબ્દુલ્લાહ આવી પહોંચ્યા હતા. સંસ્થાન ખાતાના પ્રધાન મી. એ. ક્રિય જોન્સ એમ. પી. જેઓ લંડનથી આ આ પ્રસંગ માટે ખાસ આફ્રિકા ખાતે પધાર્યા હતા. નામદાર પ્રિન્સ સદરૂદીન પોતાની રેશમી શેરવાની અને ઝરીયન સાફાથી સહુના આકર્ષણના કેન્દ્રરૂપ બન્યા હતા. ઝંગબારના માજી બ્રિટીશ રેસીડન્ટ સર ગાય પીલીંગ, લેડી પીલીંગ અને મિસ પીલીંગ ઉપરાંત ફ્રાન્સ, બેલ્જીયમ, પોર્ટુગલ અને હિંદી સરકારના પ્રતિનિધિઓ તેમજ અન્ય સંખ્યાબંધ સંભાવિત ગૃહસ્થો, બાનુઓ અને સરકારી અમલદારો અને સર્વે કોમ અને વર્ણના આગેવાનો હાજર રહ્યા હતા.

આ મહાન શુભ પ્રસંગને અંગે તેઓ નામદારને સંખ્યાબંધ મુબારકીઓના સંદેશાઓ મળ્યા હતા જેમાં મિસરના નામદાર સુલતાન ફારૂક અને રાણી ફરીદા, મિસરના રાજકુમાર પ્રિન્સ મહેમુદ, ગ્રેટબ્રિટનના વડા પ્રધાન મી. કલેમેન્ટ એટલી અને મીસીસ એટલી અને દક્ષિણ આફ્રિકાના વડા પ્રધાન ફિલ્ડ માર્શલ સ્મટસના મુબારકીઓનાં સંદેશાઓ મુખ્ય હતા.

## મૌલાના હાઝર ઈમામની શાનદાર પધરામણી.

મૌલાના હાઝર ઈમામ સાંજનાં ૩–૫૦ કલાકે પધાર્યા ત્યારે આફ્રિકાની આગાખાન જ્યુબિલીના પ્રેસીડેન્ટ કાઉન્ટ ગુલામહુસેનભાઈ વારસ મામદ નાસર જીંદાણીએ તેઓ નામદારને દિલોજાન આવકાર આપ્યો હતો અને સીંતેર હજારની માનવ મેદનીએ "આગાખાન ઝિંદાબાદ"ના ગગનભેદી હર્ષનાદોથી વધાવી લીધા હતા. તેઓ નામદારે ફુલવેલવાળી ધોળા રંગની શેરવાની પરિધાન કરી હતી, જેમાં પાંચ તારાઓ ટાંકેલા હતા. માથા ઉપર ઝરીયન પાઘડી પહેરી હતી. તેઓ નામદાર સાથે નામદાર બેગમ સાહેબા ઉભે હવીખા પણ હતા. નામદાર બેગમ સાહેબાએ પોતે પસંદ કરેલી ડીઝાઈનની સોહામણી સાડી પહેરી હતી, આ સાડી સફેદ રેશમની હતી. જેમાં સેંકડો હિરાઓ જડેલા હતા. મૌલાના હાઝર ઈમામે તુલાવિધિ માટે ખાસ બનાવવામાં આવેલી મનોહર ખુરશી ઉપર આસન લીધું હતું.

પ્રેસીડેન્ટ કાઉન્ટ જીંદાણીએ તેઓ નામદારને આવકાર આપનારું તેમજ ડાયમન્ડ જ્યુબિલીની તુલાવિધિ નિમિત્તેનું આમંત્રણ સ્વીકારવા તેઓ નામદારે કરેલી અનહદ મહેરબાની માટે જ્યુબિલી તરફથી આભારદર્શાવનારું ટુંક વિવેચન કર્યું હતું. તેમજ હાજર રહેલા પરોણાઓનો પણ તેમણે આભાર માન્યો હતો. ૪–૧૫ કલાકે પવિત્ર કુરાને શરીફની આયતની તિલાવત પછી "ફરમાઈશી જ્ઞાન શાસ્ત્ર"નો પાઠ સુરીલા

કંઠે રજુ કરવામાં આવ્યો હતો, જે મેદનીએ ગંભીરતાથી સાંભળ્યો હતો, ૪–૨૫ કલાકે "ઇમામત અને ઇસ્માઇલી મઝહબ" વિષેનું એક ભાષણ થયું હતું. જેમાં ઇમામતના સિધ્ધાંતની વિશાળ ભુમિકા સમજાવવામાં આવી હતી.

ત્યારપછી પૂર્વ આફ્રિકા, કોંગો, પોર્ટુગીઝ ઇસ્ટ આફ્રિકા અને સાઉથ આફ્રિકાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ પોતાના કાર્યક્રમો મેદની સમક્ષ રજુ કર્યા હતા. આફ્રિકાના બોય સ્કાઉટ, ગર્લ્સ ગાઇડ્સ તથા અન્ય સંસ્થાઓ તરફથી પણ મનોરંજક પ્રોગ્રામો રજુ થયા હતા.

## મૌલાના હાજર ઈમામની આફ્રિકામાં દ્વિતિય હિરક તુલાવિધી.

ત્યારપછી મૌલાના હાજર ઇમામની હિરક તુલાવિધિ થવાની દર્શનાર્થી વચ્ચે જાહેરાત કરવામાં આવી હતી. લાઉડ સ્પીકરમાં ડોનરોના નામો વાંચી સંભળાવવામાં આવ્યા બાદ હિરાના દાબડાઓ કાંટા ઉપર મુકવામાં આવ્યા હતા અને તેના માટે મુખ્ય ડોનરોને તક આપવામાં આવી હતી. એ હિરક તુલાવિધિમાં તેઓ નામદારનું વજન ૨૪૩ રતલ થયું હતું. જેની કિંમત પાઉંડ ૩,૫૦,૦૦૦ થવા જાય છે. આ મુબારક હિરક તુલાવિધિ વખતે તાળીઓના ગગડાટ અને ખુશાલીના ભારે પોકારો થયા હતા અને આખું પાર્ક ગર્જનાથી ગાજી ઉઠયું હતું.

હિરક તુલાવિધિ ભારે આનંદ અને ઉત્સાહ વચ્ચે પૂર્ણ થયા પછી, મૌલાના હાજર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ., હર હાઇનેસ ઉમ્મે હબીબા બેગમ સાહેબા, નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન અને નામદાર શાહજાદા સદરૂદીનને જ્યુબિલીની યાદગીરીમાં આગાખાન લિજ્યન તરફથી "સુવેનીર બેટો" પૂજ્યભાવ સહિત અર્પણ કરવામાં આવી હતી.


## મૌલાના હાઝર ઈમામનું યાદગાર પ્રવચન.

ત્યારપછી મૌલાના હાઝર ઇમામ ભાષણ કરવા માટે ઉભા થયા ત્યારે સઘળાઓએ ખુશાલીના પોકારો અને તાળીઓના ગગડાટથી તેઓ નામદારને વધાવી લીધા હતા.

તેઓ નામદારે પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે: "સાઠ વર્ષ પછી મારા અતલગના–કદાચ કુટુંબપ્રેમ અને સંબંધથી વધારે અતલગના–સંબંધ માટે હું અંતઃકરણમાંથી મારા સઘળા રૂહાની બચ્ચાંઓને અત્યંત પ્રેમ સહિત, ધન્યવાદ આપું છું અને દુઆઆશિષો ફરમાવું છું. આફ્રિકાની આ ગૌરવશીલ ઉજવણી માટે હું મારા રૂહાની બચ્ચાંઓને ધન્યવાદ આપું છું અને દુઆઆશિષો ફરમાવુ છું. હું હમણા એક ટુંકું વાકય કહું છું—"પિતા તરીકેના દુઆઆશિષો, પ્યાર અને હંમેશના વહાલ." જો આ ઉજવણીઓને ગૌરવશીલતા તરીકે નિહાળવામાં આવે અથવા મારી ૬૦ વર્ષની ઇમામતની શુક્રગુજારી કહેવામાં આવે તો ૫૦,૦૦૦ જેટલા લોકોએ જે ભારે અગવડતા ખમીને ખર્ચ કર્યો છે અને સ્વભોગ આપ્યો છે તેનું મુલ્ય આંકી શકાય નહિ.


"ના–મારા રૂહાની બચ્ચાંઓ માટે, આર્થિક ક્ષેત્રમાં જે મૂળગત પરિવર્તન આણવા માટે જેની ઓછામાં ઓછી દશ વર્ષથી હું રાહ જોઇ રહ્યો હતો તેની આ ઉજવણીએ મને તક આપી છે. છેલ્લા

The picture shows MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN being weighed second time against Diamonds, at Daressalaam, East Africa on 10th August 1946.



મોલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની ઇસ્ટ આફ્રિકા–દારેસ્સલામ ખાતે તા. ૧૦મી ઓગસ્ટ ૧૯૪૬ના હિરક મહોત્સવ નિમિત્તે બીજીવાર થયેલી તુલાવિધિનું યાદગાર દ્રશ્ય.

The picture shows MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN being weighed against Diamonds at Bombay on 10th March, 1946.



મૌલાના હાજર ઈમામ નામદાર આગાખાન સાહેબની મુંબઈ ખાતે તા. ૧૦મી માર્ચ ૧૯૪૬ના હિરક મહોત્સવ નિમિત્તે થયેલી તુલાવિધિનું યાદગાર દ્રશ્ય.

દશ વરસથી મને એમ લાગ્યા કરતું હતું કે જીવન રીતિઓને તેના પ્રત્યેક જડ સ્વરૂપમાં જો વળગી રહેવામાં આવે તો સઘળા ઇસ્માઇલી લોકો અનિવાર્ય રીતે પાછેહઠના પ્રવાહ ભણી દોરવાઈ જાય. તેમ જ બહુમતિ માટે જીંદગીનું હિત શેમાં હતું અને હજુ શેમાં છે, એની વિચારણા થવી ઘટે છે. વ્યક્તિગત પ્રયાસને હું હંમેશાં મનુષ્યથી મનુષ્યની અને દરેકની સમાજથી અલગતા કહેતો આવ્યો છું. દુકાનદારી, એજન્સીઝ અને વ્યાપાર રોજગાર એ બધું ભૂતકાળમાં ઠીક હતું. પણ જો તેને ભવિષ્યમાં પણ ગુલામીથી અનુસરવામાં આવે તો, તે તેઓને જોઇએ એ કરતાં વધુ હરિફાઇ, કંગાલિયત અને સાહસ ખેડવા માટે જોઇતી મુડીની અછત કે જેને હું કાયદેસરનો સટ્ટો કહું છું તેની તરફ દોરવી લઇ જશે.

## આર્થિક પરિષદ.

"મારા વિચારોને અનુસરીને આફ્રિકાની જુદી જુદી સમિતિઓ કાર્ય કરે અને હું આફ્રિકા આવું ત્યારે કોમમાં વસતી ધરાવનારી બુધ્ધિશાળી વ્યક્તિઓ અને આગેવાન લોકોની એક આર્થિક પરિષદ બોલાવું, જેઓ વિશાળ દ્રષ્ટિબિંદુથી આવશ્યક પરિવર્તન આણી શકે અને તેના માટે પ્રયત્ન કરી શકે એવી મારી ઇચ્છા હતી. આવી આર્થિક પરિષદ નઇરોબીમાં મળી હતી અને ઠરાવો પસાર કર્યા હતા, જેને સાધારણ સુધારા વધારા સાથે આપણે આજે બપોરે એક બીજા મહાન પગલા તરીકે આગળ લઇ ગયા છીએ. ટાંગાનીકાની સરકારની સહાયતા સાથે દશ લાખ પાઉંડની મુડીથી—જે ઘણી જ ઝડપથી ભરાઇ ગયા હતા, આપણે દારેસ્સલામ ખાતે એક ડાયમન્ડ જ્યુબિલી ટ્રસ્ટ સ્થાપ્યું હતું.

## બિન શરતી ભેટ.

"દરેક જણ જાણે છે કે આ હિરાઓના નાણાં આ અવસરે મને બિન શરતે અર્પણ કરવામાં આવ્યા છે. હું એ નાણા મારા પોતાના માટે રાખવાની ઇચ્છા ધરાવતો નથી, પરંતુ મારા રૂહાની બાળકો માટે જે વસ્તુ હું ઉત્તમ માનું છું, તેમાં એ ખર્ચવાનો છું. હું તેનો ઉત્તમમાં ઉત્તમ ઉપયોગ કરી શકું એવી રીતે, ઉજવણીનો ખર્ચ—આ શબ્દના વિશાળ અર્થમાં—બાદ કરતાં, બાકી રકમ ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટને કેવળ ભેટ તરીકે આપવાનો નિર્ણય લાંબી વિચારણા પછી મેં કર્યો છે."

## તિરસ્કાર અને ભય.

તેઓ નામદારે બિલ્ડીંગ સોસાયટીઓ, ડેન્ટલ અને મેડિકલ રાહત અને શિક્ષણના પ્રશ્નનો ઉલ્લેખ કર્યા પછી જણાવ્યું હતું કે "જો મને કહેવા દેવામાં આવે તો હું અહિંના રહેવાસીઓને પછી તે ગમે તે જાતી, રંગ કે ધર્મના હોય, હું સામાન્ય સલાહનો એક વધુ શબ્દ કહેવાની ઇચ્છા રાખું છું. સંઘર્ષણનાં કારણોનો મને અનુભવ મળ્યો છે. હું સાત વર્ષ સુધી હથિયારબંધી પરિષદ અને રાષ્ટ્રસંઘનો કાર્યશીલ સભાસદ હતો. એ શા માટે નિશફળ ગઇ? માત્ર તિરસ્કારનાજ કારણે એને નિષ્ફળતા વરી હતી. હજુ સુધી પ્રજાઓ અરસપરસ શા માટે તિરસ્કારની લાગણી ધરાવે છે? ભયને અંગે. જ્યાં ભય હોય છે ત્યાં પ્રેમ હોતો નથી. જો બારણા બંધ કરવામાં આવ્યા હોય તો પણ તિરસ્કાર બારી વાટે સરળતાથી પ્રવેશી શકે છે.

"હું તમો આફ્રિકનો, યુરોપિયનો, હિંદીઓ અને સઘળાઓને એક બીજાથી ભય નહિ પામવાની અપીલ કરૂં છું. એક સાથે મળીને આપણે કાર્ય કરવું જોઇએ. આ દેશ પુરતો વિશાળ છે, જેની ભુમી બાગ્યેજ

ખેડવામાં આવી છે. ચીન, હિંદ અને યુરોપના પ્રમાણમાં અત્રે ઘણી નાની વસ્તી છે. ઓછામાં ઓછા એક સૈકા સુધી આપણે જીંદગી ટકાવી રાખવા માટે અત્રે લડત કરવી પડે એવી જરૂર નથી. ત્યારે તમારા પૌત્રાઓ માટે તમારે શા કારણે અગાઉથીજ મુશ્કિલીમાં મુકાવવાની કલ્પના કરવી જોઇએ! અહિં એવું કાંઇ જ નથી. આ સઘળું યુધ્ધ, માથે ચડેલી પરિસ્થિતિ, જ્ઞાનના વિકાસ; એટમ બોંબ અને સાયન્સને આભારી છે, પરંતુ જો આ પરિસ્થિતિ પલ્ટો લીયે અને તે અનિષ્ટને બદલે ઇષ્ટમાં ફેરવાઇ જાય, તો ખચીત તે મનુષ્ય બુધ્ધિને વિશેષ હળવી બનાવે અને બધાને જ સલામતી મળી રહે."

મૌલાના હાઝર ઇમામનું આ શુભ પ્રસંગને લગતું પ્રવચન થયા પછી આ ક્રિયાની આનંદમય વાતાવરણ અને પૂર્ણ શાંતિ વચ્ચે પૂર્ણાહુતિ થઇ હતી., ત્યારપછી રાજગીત અને આગાખાન એન્થમ રજુ થયું હતું અને ગંજાવર માનવમેદની ધીમે ધીમે વિખરાવા માંડી હતી.

## નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબાનો સંદેશો.

નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબા આગાખાને સુરીયથી એક સંદેશો "ઇસમાઇલી" પત્ર પર મોકલી જણાવ્યું હતું કે: "મૌલાના હાઝર ઇમામે "માતા સલામત"ના ઇલકાબની નવાઝિશ કરીને અમને અત્યંત મોટું માન આપ્યું છે, તે માટે તમો સઘળા તરફથી મુબારકી ઇચ્છનારા સંદેશાઓ અમને મળ્યા છે, જેની અમારા મન ઉપર અસર થઇ છે. અમે અંતઃકરણપૂર્વક મારા અત્યંત વહાલ ભરેલા વિચારો સહિત સઘળાનો ઉપકાર માનીએ છીએ."

## ત્રીજું વિશ્વયુદ્ધ નિવારી શકાશે?

મુંબઇથી પ્રગટ થતાં "સન્ડે ન્યુઝ"માં મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.નો "ત્રીજું વિશ્વયુધ્ધ નિવારી શકાશે?" એ શિર્ષક હેઠળ એક મહત્વનો લેખ પ્રગટ થયો હતો. વિશ્વશાંતિની હરોળ કઇ રીતે રચી શકાય તેમજ આંતરરાષ્ટ્રિય કોયડા ઉપર તેઓ નામદારે એ લેખમાં કેવળ પ્રકાશજ પાડયો નહોતો, પરંતુ એ હેતુને પાર પાડવા માટે સામાન્ય મહાન રાજ્યો અને બ્રિટનને મહત્વના સુચનો પણ કર્યાં હતા. તેઓ નામદારે એ લેખમાં જણાવ્યું હતું કે: "પશ્ચિમ યુરોપ, ઉત્તર અમેરિકા અને આ વિસ્તારોની બહાર વસતા ઘણાં લોકોને ત્રીજું વિશ્વયુધ્ધ થવાનું સીધું કે આડકતરૂં આત્મભાન થઇ રહ્યું છે.

"પૂર્વેના યુધ્ધોએ જન્માવ્યું છે, તે ઉપરથી આવતા વિશ્વયુધ્ધની આફતનું અનુમાન તેઓ વ્યાજબી રીતે કાઢીને એવો અંદાજો કરે છે કે છેલ્લા યુધ્ધ કરતાં આવતું ત્રીજું વિશ્વયુધ્ધ હજારગણું વધારે નાશકારક થઇ પડશે. જેના પરિણામે વિશાળ વિસ્તારો, શહેરો, સમસ્ત દેશો અને રાજ્યો અરણ્ય સમાન થઇ પડશે અને વહેલે મોડે મોટા દુશ્મનોજ માત્ર નહિ પણ તેની સાથે આખું વિશ્વ એક પક્ષે કે અન્ય પક્ષે યુધ્ધમાં ઝુકાવશે. લશ્કરી બળે જે કંઇ કમી રાખ્યા હશે, તેની પુરવણી સંભવિત રાજક્રાંતિઓ અને પાંચમી કતારોના કાર્ય દ્વારા નાશ પામશે.

"આ ભય સાચો પડશે ખરો? આ એક વિશ્વવ્યાપી ભ્રમણા તો નથી! અલબત આપણે શાંતિથી વિચારીએ તો એવી આફત આવવી જોઇએ નહિ. ૧૯૧૪માં દુનિયાનો પારો નીચે ઉતરી ગયો હતો એવું શું? આબાદી, સુલેહશાંતિનો અંત આવ્યો હતો અને એવી અસ્થિર પરિસ્થિતિ ઉભી

HER HIGHNESS THE BEGUM SAHIBA
OME HABIBEH AGA KHAN.




નામદાર બેગમ સાહેબા ઉમ્મે હબીબા આગાખાન.

થઇ હતી કે જેને અંગે કોઇપણ હિતનું કાર્ય સાધવાને લગતો કોઇપણ કોયડો ઉકેલી શકાયો નહોતો અને સઘળા માનવીઓ માટે વાસ્તવિક રીતે ગુંચવણભરી પરિસ્થિતિ એણે જન્માવી નહોતી?

## રાષ્ટ્રસંઘની નિષ્ફળતા.

ત્યારપછી તેઓ નામદારે વિશ્વના સમર્થ રાજ્યદ્વારીઓના શાંતિ માટેના રાજકીય પ્રયાસોનો ઉલ્લેખ કરી, રાષ્ટ્રસંઘની સ્થાપના પૂર્વેથી છેલ્લા કેટલાક સૈકાના ઇતિહાસની ઝાંખી આપી. એ સઘળા પ્રયત્નો અલ્પજીવી શાંતિ કાયમ રાખીને કેવી રીતે નિષ્ફળ ગયા હતા, તે તેઓશ્રીએ દર્શાવ્યું હતું. રાષ્ટ્રસંઘની નિષ્ફળતા વિષે તેઓશ્રીએ જણાવ્યું હતું કે: "રાષ્ટ્રસંઘ જર્મન પ્રશ્નનો ઉકેલ કરી શક્યો નહિ. દૂર પૂર્વના સવાલમાં આક્રમણકારી ઇટલી ઉપર અંકુશ રાખવા તે નિષ્ફળ ગયો, જેને પરિણામે રાષ્ટ્રસંઘનો અંત આવ્યો. ત્રીજા દરજ્જાના સવાલો હાથમાં લેવાને તે ઘણો બળવાન હતો રશિયા, બ્રિટન અને ફ્રાંસના અસંતોષના કારણો દુર કરવા માટે તે એકલોજ રસ ધરાવતો હતો.

"પરંતુ અમેરિકા એમાં જોડાયું ન્હોતું. જાપાન, જર્મની અને ઇટલી તેમાંથી નીકળી ગયા હતા. ૧૯૩૮માં આ સમયે મેં રાષ્ટ્રસંઘ છોડયો હતો, સઘળા વ્યવહારૂ હેતુઓ પાર પાડવા માટે તે પાંગળો બન્યો હતો. અંતે તેણે પોતાની થોડીઘણી પ્રતિષ્ઠા પણ ખોઇ દીધી હતી. ગયા વિશ્વયુધ્ધ સાથે તે મરણને શરણ થયો હતો.

## એનો કંઈ ઉપાય છે?—"પીસ લીગ."

"હું પુછું છું એનો ઉપાય શું છે? માત્ર એકજ ઉપાય છે—જેને અસરકારક અને ન્યાયી કહી શકાય. હિટલરવાદી જર્મની સામે જેવી રીતે રાષ્ટ્રો લડયાં એ પ્રકારે સઘળા સુલેહશાંતિ પ્રિય રાષ્ટ્રો—સઘળા રાષ્ટ્રો પોતાના મતભેદનો નિકાલ યુધ્ધદ્વારા નહિ પરંતુ લવાદી અને ન્યાયના પ્રકારથી જેઓ પોતાના મતભેદનો નિકાલ આણવા માંગે છે, એવા સઘળા રાષ્ટ્રોને એ માટેની પોતાની ઇચ્છાઓ દર્શાવવા દેવી જોઇએ.

"આ માટે તેઓએ થોભવું જોઇતું નથી કે પાછળ જોવું જોઇતું નથી. પરતુ અહિં કે તહિં એક સર્વોપરી "પીસ લીગ"નો આરંભ કરવાનો પ્રયાસ કરવો જોઇએ છે. જેના હાથમાં રાષ્ટ્રોનું હક્કપત્ર હોય, જેણે "વીટો"ની સત્તાને હવામાં ઉરાડી નાખી હોય અને આક્રમણકારને કચડી નાખવા માટે પોતાના સઘળા બળનો ઉપયોગ કરવા હમેશાં તૈયાર હોય, પછી તે ગમે તો નાનાં હોય કે મોટાં, અને સંયુક્ત રાષ્ટ્રોના ન્યાય ઉપર રચાયેલાં બંધારણને માન આપવાની ફરજ પાડવાની સત્તા ધરાવતા હોય."

## અમેરિકાને અપીલ.

ઇસ્વી સન ૧૯૪૭ના નવેમ્બરની તા. ૬૮મીના એક સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે: મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે "અમેરિકન કલબ"ની એક સભા સમક્ષ વિવેચન કર્યું હતું, જેમાં તેઓ નામદારે અમેરિકાને અપીલ કરતાં જણાવ્યું હતું કે: "યુનોની સંસ્થાને સફળ બનાવવા માટે અમેરિકાએ પોતાની લાગવગનો ઉપયોગ કરવો જોઇએ અને પોતાના

વિજ્ઞાનના બળને દુનિયાની સુલેહશાંતિ માટે કામે લગાડવું જોઇએ. યુનાઇટેડ સ્ટેટસ આજે એવી સ્થિતિમાં છે, અને આપણે એવી આશા રાખીએ કે તે આ કાર્યની જવાબદારી પોતાને શિરે લેશે અને એક દેશના આંતરિક મામલામાં બીજા દેશોની દખલગીરીને અટકાવવા માટે સંયુકત રાષ્ટ્રો સફળતા મેળવે, એવી નેતાગીરી આપશે. સંયુકત રાષ્ટ્રોના મહામંડળે આ વસ્તુ અટકાવવીજ જોઇએ."

"યુનાઇટેડ સ્ટેટસ દુનિયાના કેન્દ્ર સમાન છે. હું તમારા દેશને અપીલ કરૂં છું કે સંયુકત રાષ્ટ્રના મહામંડળને વાસ્તવિક અને સીધા માર્ગે મુકો, જે સાચી લોકતંત્રવાદી ઇચ્છા શકિતથી દુનિયામાં સુલેહશાંતિ આણે, પણ તે આક્રમણકારી નીતિથી નહિ."

## લંડનમાં ઉજવાયેલો "જ્યુબિલી દીન."

ઇસ્વી સન ૧૯૪૮ના જુન માસના પહેલાં અઠવાડીયા દરમ્યાન લંડનમાં ઇસમાઇલી વેપારીઓ, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓએ "રીટ્ઝ હોટેલ"માં મૌલાના હાઝર ઇમામના દીદારનો લાભ લીધો હતો. મૌલાના હાઝર ઇમામે તેઓને શિક્ષણના સંબંધમાં કેટલીક પુછપરછ કરી હતી. એ ઉપરાંત લંડનમાં ઇસમાઇલી વિદ્યાર્થીઓએ "ડાયમંડ જ્યુબિલી દિન" ઉજવ્યો હતો, જેમાં મૌલાના હાઝર ઇમામ, રાણીમાતા, લંડનની કેટલીક જાણીતી વ્યકિતઓ, શિક્ષણ ખાતાના પ્રધાન, પત્રકારો તથા અન્ય વ્યકિતઓએ સારી જેવી સંખ્યામાં ભાગ લીધો હતો. લંડનના ઇસમાઇલી વિદ્યાર્થીઓના યુનિયનને તેઓ નામદાર તરફથી પાઉંડ ૮૦ની ગ્રાંટ નવાઝિશ કરવામાં આવી હતી.


## આફ્રિકા ખાતે પ્રાણી-વનસ્પતિની શોધખોળ-કેલીફોર્નિયા યુનિવર્સિટીને ડોનેશન.

સપ્ટેમ્બરની તા. ૫મીના રોઇટરના સંદેશામાં જણાવ્યા પ્રમાણે અમેરિકામાં આવેલી કેલીફોર્નિયાની યુનિવર્સિટિ માટે આફ્રિકામાં વધુ શોધખોળ કરવા વિજ્ઞાનીઓની એક મંડળીને મોકલવાનું મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબના ડોનેશનથી શકય બન્યું હતું. કેલીફોર્નિયા યુનિવર્સિટીના પ્રાચીન પ્રાણી વિદ્યા વનસ્પતિશાસ્ત્રી મી. વેન્ડેલ ફીલીપને ન્યુ યોર્કમાં મળેલા એક કાગળ ઉપરથી આ વાત જાહેર કરવામાં આવી હતી.

## મૌલાના હાઝર ઈમામની લાંબામાં લાંબી ઇમામત—ઇસમાઈલી ઈમામોનાં ઈતિહાસમાં એક અજોડ બનાવ.

હઝરત મૌલા મુર્તઝાઅલી અ.ના બુઝુર્ગવાર પિતા હઝરત અબુતાલિબે પોતાનો જામો બદલાવ્યો ત્યારબાદ હઝરત મૌલા મુર્તઝાઅલી અ. હિજરી સન પુર્વે ત્રણ વર્ષ પહેલાં ઇમામતની મસનદ પર જલ્વા અફરોઝ થયા હતા. જેથી હિજરી સન ૧૩૬૮ સુધી આ દૌરને ૧૩૭૧ વર્ષ થાય છે. એ દરમ્યાન હઝરત મૌલા મુર્તઝાઅલી અ.થી લઇને, હાલના ઝમાનાના ઇમામ હઝરત મૌલાના ધણી સલામત દાતાર હાઝર ઇમામ સુધી, પિતાથી પુત્ર, સિના-બ-સિના અડતાલીસ પેઢીઓ થાય છે અને એ પવિત્ર ઇમામોનાં રહેઠાણો પ્રમાણે, અરબસ્તાન, સલમીયા, મધરિબ આફ્રિકા, મિસર, આલમુત, ઇરાન અને હિંદુસ્તાન એમ સાત તબકકાઓ થયા છે.

On the completion of His 65th year as Imam on the 17th December, 1948. His Royal Highness can look back on the longest Imamat in History. In honour of the occasion, this autographed photograph of MOWLANA HAZAR IMAM HIS ROYAL HIGHNESS THE PRINCE AGA KHAN and MATA SALAMAT HER HIGHNESS BEGUM AGA KHAN, was specially presented to readers of the Ismaili.




મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ નામદાર આગાખાન સાહેબને તા. ૧૭મી ડિસેમ્બર ૧૯૪૮ના શુભ દિને ઇતિહાસમાં નોંધદાયક લાંબામાં લાંબી ઇમામતના ૬૫ વર્ષ થયા હતા. આ મુબારક પ્રસંગની ખુશાલીભરી યાદમાં મૌલાના હાઝર ઇમામ અને નામદાર માતા સલામત, હર હાઇનેસ બેગમ સાહેબાની, તેઓ નામદારોનાં હસ્તાક્ષરો સાથેની આ તસ્વીર "ઇસ્માઇલી"ના

અવ્વલ ઇમામ હઝરત મૌલા મુર્તઝાઅલી અ.થી આજ સુધીના પવિત્ર ઇમામોમાં મિસરના બાદશાહ ૧૮મા ઇમામ હઝરત મૌલાના શાહ મુસ્તનસિર બિલ્લાહ અ.ની ઇમામતનો કિર્તીવંત અમલ ૬૦ વર્ષનો હતો. ઇરાન અને જગતના જુદા જુદા ભાગોમાં દઅવતનો જોશભેર-પ્રચાર કરનાર, ૨૯મા ઇમામ શાહ કાસમશાહની ઇમામતનો કિર્તીવંત અમલ ૬૧ વર્ષનો હતો, અને ઇરાનથી-હિંદુસ્તાનમાં પ્રથમ પધરામણી કરનાર ૪૬મા ઇમામ હઝરત મૌલાના ઇમામ આકા શાહ હસનઅલી-શાહ દાતારની ઇમામતનો અમલ ૬૫ વર્ષનો હતો.

## "લોંગેસ્ટ રેકર્ડ ઇમામત દિન"ની એશિયાભરમાં થયેલી શાનદાર ઉજવણી.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. હિજરી સન ૧૩૦૨ના ઝિલકાદ મહિનાની તા. ૬ઠ્ઠીને સોમવારના દિને ઇમામતની મસનદ પર બિરાજમાન થયા અને હિજરી સન ૧૩૬૮ના સફર માસની તા. ૧૫મીને જુમાના દિને મૌલાના હાઝર ઇમામને ઇમામતની મસનદ પર બિરાજે પાંસઠ વર્ષ અને ત્રણ માસ અને નવ દિવસ થયા. જ્યારે અંગ્રેજી વર્ષની ગણત્રી પ્રમાણે મૌલાના હાઝર ઇમામ ઇસ્વી સન ૧૮૮૫ના ઓગસ્ટ મહિનાની તા. ૧૭મીને સોમવારના મુબારક દિને ઇમામતની મસનદ પર જલ્વાગર થયા હોવાથી ઇસ્વી સન ૧૯૪૮ના ડિસેમ્બર મહિનાની તા. ૧૭મીના તેઓ નામદારની ઇમામતના કિર્તીવંત અમલને ૬૩-૪=ત્રેસઠ વર્ષ અને ચાર મહિના થયા. જેથી અડતાલીસ ઇમામોમાં લાંબામાં લાંબી ઇમામત ભોગવનાર મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. છે. જે ઇસમાઇલી ઇમામોના જ્વલંત ઇતિહાસમાં એક અજોડ અને ગૌરવભર્યો બનાવ હોઇ સમસ્ત ઇસમાઇલી આલમે ભારે ધામધુમ સાથે ડિસેમ્બરની તા. ૨૬મીને રવિવારના શુભ દિને સમસ્ત એશિયામાં શાનદાર ઉજવણીઓ કરી હતી. જેમાં ધાર્મિક ક્રિયાઓ, સાર્વજનિક મેળાવડાઓ, રોશની અને ભવ્ય સરઘસો પણ કાઢવામાં આવ્યા હતા.

## મૌલાના હાઝર ઇમામનો મુબારક સંદેશો.

ડિસેમ્બર મહિનાની તા. ૧૦મીના તાર મારફતે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.એ હિંદ અને પાકિસ્તાન તેમજ આફ્રિકાની ઇસમાઇલી જમાતોને, અડતાલીસ ઇમામોમાંથી લાંબી ઇમામત ભોગવવાનો તેઓ નામદારનો રેકર્ડ તા. ૧૭મી ડિસેમ્બરના થતો હોવાથી, તેઓશ્રીએ રૂહાની પિતા તરીકે ઉત્તમ દુઆઆશિષો મોકલાવી, તા. ૨૬મી ડિસેમ્બરને રવિવારે આખા એશિયામાં ધામધુમ ભરી ઉજવણી અને સુખદ ઉત્સવો ઉજવવા માટે સંમતિ આપતો સંદેશો પાઠવ્યો હતો.

એ ઉપરાંત તેઓ નામદારે પાકિસ્તાનના પાટનગર કરાચી ખાતેના ચુનારા પ્રેસને એક યાદગાર સંદેશો પાઠવ્યો હતો, જેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે: "ભૂતકાળમાં ઇમામોને આધિન રહીને ઇસમાઇલીઓ મહાન કાર્યો કરી ગયા છે. જો તેવીજ સેવાવૃતિ, ઐક્યતા, તાબેદારી, અને શિસ્તપાલન (ડીસીપ્લીન) કરી, અંગત હસદને દુર કરવામાં આવે તો એવાજ બીજા મહાન કાર્યો માટે પ્રસંગો ઉભા થવાના છે."

## નામદાર વલીઅહદની મુબારક શાદી—વેલોરિસના ટાઉન હોલમાં થયેલી શાનદાર ક્રિયા.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના વહાલા વલીઅહદ પ્રિન્સ આકા અલીખાન સાહેબની મુબારક શાદી, ઇસ્વી સન ૧૯૪૯ ના મે માસની તા. ૨૭ મી ને

શુક્રવારનાં શુભ દિને, જગમશહુર ફિલ્મી સ્ટાર રીટા હેવર્થ સાથે, ફ્રાન્સના કેન્સ નજદીક આવેલા વેલોરિસનાં ટાઉન હોલમાં નામાંકિત પરોણાઓ અને પ્રેક્ષકોની જંગી હાજરી સમક્ષ શાનદાર રીતે થઇ હતી. આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામ અને નામદાર માતા સલામત બેગમ ઉમ્મે હબીબાએ તેમજ નામદાર પ્રિન્સ સદરૂદીન અને નામદાર પ્રિન્સ કરીમ આગા અને નામદાર પ્રિન્સ અમીન મુહમ્મદે પણ મુબારક હાજરી આપી હતી.

આ પ્રસંગે વેલોરિસના ટાઉન હોલને સુંદર રીતે શણગારવામાં આવ્યો હતો. આખું ગામ આનંદમાં તરબોળ બની ગયું હતું. યુરોપ અને અમેરિકાના તથા દુનિયાભરના વર્તમાનપત્રોનાં પાને ચમકેલા રસપ્રદ અહેવાલોમાં જણાવવામાં આવ્યું હતું કે નામદાર પ્રિન્સ અલીખાન સાહેબની મુબારક શાદી સમારંભ, નામાંકિત પરોણાઓ અને પ્રેક્ષકોની પ્રચંડ મેદની સમક્ષ યુરોપને આંગણે આ સદીના એક બહુજ યાદગાર અને ઇતિહાસિક પ્રસંગ તરીકે ઉજવવામાં આવ્યો હતો. વેલોરિસની આખી વસ્તી ભારે ઉલ્લાસ અને ખુશી આનંદનાં વાતાવરણમાં પોતાનો કામ ધંધો, કારખાના, દુકાનો અને વેપાર રોજગારના ધામો સદંતર બંધ રાખી અને જાણે જાહેર તહેવાર પાળી આ લગ્ન સમારંભ જોવા ઉલટી પડી હતી.

ટાઉન હોલની આસપાસ માનવ મેરામણ જાણે ઉછળી રહ્યો હતો અને રસ્તાઓ, મકાનો અને અતરાફના લતાઓમાં હજારો પ્રેક્ષકોનાં હર્ષઘેલાં બનેલાં ટોળાઓ લગ્ન ક્રિયા શરૂ થવા પહેલાં લાંબા સમયથી કીડીઓની માફક સીંચાઇ ગયા હતા. વેલોરિસના મેયરે નવદંપતિને આવકાર આપતાં બુલંદ અવાજે જણાવ્યું હતું કે તમો નામદારોનાં લગ્ન સમારંભો અમારા નાનકડા શહેરને જગતભરમાં મશહુર બનાવ્યું છે.

વેલોરિસના મેયર પોલ ડેરીગોનના હસ્તે થયેલી લગ્નવિધિ પ્રસંગે ડઝનબંધ પ્રિન્સો અને પ્રિન્સેસો, કાઉન્ટો અને કાઉન્ટેસો, અમીર, ઉમરાઓ અને ફ્રાન્સના તથા તેની બહારના જાહેર જીવનમાં ઝળકી ઉઠેલા નામાંકિત પરોણાઓએ હાજરી આપી વેલોરિસનાં ટાઉન હોલને શોભાવ્યો હતો. લગ્નક્રિયા પરોણાંઓ અને પ્રેક્ષકોની ખુશાલીની લાગણીઓ અને હર્ષનાદ વચ્ચે પુરી થયા બાદ જ્યારે નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ અલીખાને ટાઉન હોલની બહાર પોતાના કદમ મુબારક કર્યા ત્યારે પ્રેક્ષક આલમનાં આનંદ અને ઉત્સાહનો પાર રહ્યો નહિ અને હજારોની માનવમેદનીએ ગગનભેદી પોકારો કરી નવદંપતિનું અનુપમ સ્વાગત કર્યું હતું. પ્રિન્સ અને પ્રિન્સેસની મોટર કાર ગુલાબોની વૃષ્ટિ વચ્ચેથી પસાર થઈ હતી.

## નામદાર વલીઅહદનાં લગ્ન પ્રસંગે ઇસ્માઇલીઓમાં ખુશાલીના સમારંભો.

બીજે દિવસે એટલે શનિવાર તા. ૨૮ મીએ નામદાર વલીઅહદ અને પ્રિન્સેસ રીટાના નિકાહ મુસ્લિમ વિધિ પ્રમાણે તેઓ નામદારના નિવાસસ્થાને પેરીસની મસ્જિદનાં બે પેશનમાઝીઓની હાજરી વચ્ચે પઢાવવામાં આવ્યા હતા.

નામદાર વલીઅહદની મુબારક શાદીના ખુશ સમાચારો વર્તમાનપત્રોમાં જાહેર થતાં, સમસ્ત ઇસ્માઇલી આલમમાં ભારે ખુશાલી પ્રગટી નીકળી હતીઃ હિંદ, બરમા અને પાકિસ્તાન તેમજ સમગ્ર આફ્રિકામાં આ મુબારક અને સગનવંતા પ્રસંગે, જમાતખાનાની તેમજ ઇસમાઇલીઓએ પોતાની ઇમારતો પર શણગાર અને રોશની કરી હતી. ધાર્મિક મિજલસો, મેળાવડાઓ અને ખુશાલીના સુંદર કાર્યક્રમો

પણ ગોઠવવામાં આવ્યા હતા અને ભારે ઉમંગથી અને પ્રેમના ઉભરાઈ જતા વાતાવરણમાં ઉજવણીઓ કરવામાં આવી હતી. એ ઉપરાંત મૌલાના હાઝર ઇમામ અને નામદાર વલીઅહદને મુબારકીઓના સંદેશાઓ મોકલવામાં આવ્યા હતા. તેમજ નામદાર વલીઅહદને મુબારકીઓ સાથે શાદીની ભેટો મોકલવામાં આવી હતી.

## હિઝ રોયલ હાઇનેસ—ઈરાને અર્પેલો શાહી ઇલ્કાબ.

પેરીસની પ્રગટ થયેલા એક સ્પેશીયલ સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ ઇરાનના પ્રજાજન જાહેર થયા છે અને તેની ખુશાલીમાં ઈરાનનાં શાહે તેઓ નામદાર પર મુબારકબાદનો સંદેશો પાઠવતાં "હિઝ રોયલ હાઇનેસ"નો બાદશાહી ઇલ્કાબ ઇનાયત કર્યો છે. એથી અગાઉ ઈરાનના શહેનશાહો તરફથી પણ મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને "શમ્શુલ હુમાયુન" અને "સ્ટાર ઓફ પરશિયા" વિગેરેના માનવંતા ઇલ્કાબો ઇનાયત થયા છે.

છેલ્લા સંદેશાઓમાં જણાવ્યા પ્રમાણે ઇરાનનાં નામદાર શહેનશાહ હિઝ ઇમ્પીરીયલ મેજેસ્ટી મહમંદ રિઝાશાહ પહેલવીએ મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબને રાજવંશી ખિતાબ "હઝરતે વાલા" અર્થાત "હિઝ રોયલ હાઇનેસ"નો અર્પણ કર્યા બાદ ઇરાની પ્રજાની ખુશાલીનો પાર રહ્યો ન્હોતો અને એ બદલ મુબારકી આપતાં સંખ્યાબંધ સંદેશાઓ તેઓ નામદારને મોકલવામાં આવ્યા હતા. મૌલાના હાઝર ઇમામે પોતાના અસલ વતન ઇરાનની ધર્માદા સંસ્થાઓને સાડ લાખ ફ્રાંક ભેટ કર્યા છે

## મૌલાના હાઝર ઈમામના મુરીદો—ઈસમાઈલી રાજ્યકર્તાઓ.

મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના જગતની વિશાળ ભુમિપટ ઉપર પ્રસરેલા કરોડો મુરીદો પોતાના ઇમામે ઝમાનને રૂહાની પિતા તરીકે દ્રઢ માન્યતાથી માને છે, પછી તે ગમે તો ખોજા જ્ઞાતિના એક સભાસદ હોય, મોમિન કે હિંદુ ગુપ્તી હોય, અથવા પઠાણ અફઘાની, અરબ, સિરીયન કે યુરોપિયન હોય પરંતુ સઘળા મુરીદોની આસ્થા ઇમામના ફરમાનનું અનુસરણ અને તેઓની તાબેદારી કરવાની હોય છે. આ સબબે ચાહે તે કોમનો ઇસમાઇલી હોય છતાં તેઓ વચ્ચે કદી બે મત પડતા નથી. શું અમીર શું ગરીબ, સઘળા માટે એકજ ઇમામનો હુકમ માર્ગદર્શક હોય છે.

મધ્ય એશિયાના "હુન્ઝા"ના મુલકનાં રાજ્યકર્તા મીરની અગાઉ ઓળખાણ આપવામાં આવી છે, તેમના સિવાય ગીલ્ગીટમાં પણ મુહમ્મદ મુઝફ્ફર અલીખાન નામના ઇસમાઇલી રાજ્યકર્તાની હકુમત છે. "પિયાલ"ના સરદાર મહમદ અન્વરખાન. "યાસીન"માં સરદાર અબદુર્રેહમાનખાન અને "સરીકુલ"માં સરદાર મહમ્મદ કરીમ બેગની આણ વર્તે છે. ચીનાઇ સરહદ ઉપરના ઇસમાઇલીઓ શાહજાદા લયસની પ્રજા હોવાનો ગર્વ ધરાવે છે, જ્યારે અફઘાનીઓ હકીમશાહ અબદુલ મઆલીના મુરબ્બીપણાનો દમ ભરે છે. એ સઘળા આધુનિક ઈસમાઇલી વીરનરો છે. એ ઉપરાંત બીજી પણ ઇસમાઇલી રાજ્યસત્તાઓ છે. એ સઘળા મૌલાના હાઝર ઇમામ આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ના મુરીદો છે. એ પ્રજા મોટી મોટી સંખ્યાએ ઇમામના દીદાર પણ કર્યા નથી છતાં તેઓ પહાડ જેવું મજબુત ઇમાન અને પાકો ઇતેકાદ રાખે છે.

## નામદાર વલીઅહદની શાદી વિષે વર્તમાનપત્રોના અભિપ્રાયો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના વહાલા વલીઅહદની મુબારક શાદી વિષે અમેરિકા, યુરોપ, આફ્રિકા, હિંદ, પાકિસ્તાન, સીરીયા, મિસર અને અન્ય ઇસ્લામી

દેશો અને લગભગ દુનિયાના બધા દેશોનાં વર્તમાનપત્રોએ, નામદાર પ્રિન્સ અને પ્રિન્સેસ ઉપરાંત મૌલાના હાઝર ઈમામની સુંદર તસવીરો પ્રગટ કરી, વિવિધ સમાચારો અને તેઓ નામદારના પવિત્ર વકત્વાઓનાં ઇતિહાસિક લેખો આપ્યા હતા. એમાંના કેટલાક વર્તમાનપત્રોનાં અભિપ્રાયો આ પ્રમાણે હતા:

"એના તે કોણ એ શાહઝાદા છે! જેના ખાતર રીટાએ કરોડોની આવકવાળી સમૃધ્ધ ફિલ્મની લાઇનને તિલાંજલી આપી!" તેઓ હઝરત પયગમ્બર મુહમ્મદ સ.ના એક સીધા વંશજ છે, તેમજ લાખો મુસ્લિમો જેને સ્વીકારે છે, એવા પૃથ્વી પરના એક "રૂહાની રાજગાદી"ના ભાવિ વારસ છે."

"વળી તેઓ પશ્ચિમના આધુનિક "સ્પોર્ટસ"ના એક પ્રણેતા એવા ખેલાડી છે અને દરેક દેશના "શહેરી" એવા તેઓ નિષ્ણાત "એરમેન" છે તેમજ પોતાની માલીકીના વિમાનોને "પાયલટ" કરે છે. લડાઇ દરમ્યાન તેઓએ પહેલાં "ફ્રેન્ચ ફોરેન લિજયન" અને પાછળથી બ્રિટીશ લશ્કરમાં સેવા આપી છે અને અમેરીકનોએ તેઓશ્રીને "લાઇઝોં" ઓફિસર તરીકે "બ્રોન્ઝ સ્ટાર" અર્પણ કરેલ છે.

"ઇંગ્લેંડના રાજામાં એડવર્ડે મીસીસ સીમ્પસનને પરણવા ખાતર ગાદી ત્યાગ કર્યો તે બાદ પૂર્વના આવા "શાહઝાદા" પ્રિન્સ અલીખાન સાથેની મીસ રીટા હેવર્થની શાદીએ ભલે સનસનાટી ફેલાવી હોય, છતાં મુંબઇથી જંગબાર સુધીના કરોડો વફાદાર ઇસ્માઇલીઓ તેઓશ્રીને લાંબુ સુખભર્યું જીવન જ ઇચ્છે છે."

## લાખોની ઝવેરાતની લુંટ—ઇમામની મુબારક શાન.

ઇસ્વી સન ૧૯૪૯ના ઓગસ્ટ મહિનાની તા. ૩જીના દિને, મૌલાના હાઝર ઇમામ, નામદાર માતા સલામત સાથે, નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન અને પ્રિન્સેસ અલીખાનને મળવા પોતાના "વીલા યાંકીમુર"થી મોટરમાં વિદાય થતા હતા તે વેળાએ તેઓ નામદારની મોટરને ચાર હથીયારબંધ ધાડપાડુઓએ અટકાવી લાખોની કિંમતના ઝવેરાતની કરેલી લુંટના બનેલા સનસનાટી ભર્યા બનાવને દુનિયાભરના વર્તમાનપત્રોએ આ સદીની એક મોટી ધાડ તરીકે વર્ણવી હતી.

મૌલાના હાઝર ઇમામ "નીસ" પાસે આવેલા "કેનેટ" ખાતે પોલીસ સમક્ષ રજુ કરેલી હકીકતમાં જણાવ્યું હતું કે: "મારા બંગલાના દરવાજામાંથી મારી મોટર પસાર થતાં હથીયારોથી સજ્જ થયેલા ચાર શખ્સોએ, અમોને રોકીને, મોટરના દરવાજા ખોલવાની ફરજ પાડી હતી અને ધાડપાડુઓએ મોટરના ટાયરમાં પંચર પાડી અમારી પાસેનું સઘળું ઝવેરાત ઉઠાવી પલાયન થઇ ગયા હતા. પત્રકારો સમક્ષ તેઓ નામદારે જણાવ્યું હતું કે "હવે મારી પાસે લુંટાવા જેવી કશી મુલ્યવાન ચીજ રહી નથી, હવે હું સુખી છું અને કશાપણ ભય વગર હરીફરી શકીશ." ઝવેરાત પાછું મેળવી આપનારને વીસ હજાર પાઉંડનું ઇનામ આપવાની પણ જાહેરાત તેઓશ્રીએ કરી હતી.

નામદાર માતા સલામતે જણાવ્યું હતું કે: "આ ધાડથી અમોને ઘણોજ રંજ થયો છે પણ અમો સહીસલામત છીએ એ અમને મોટા સધ્યારો આપનારી બીના છે."

ધીમાવાળાઓએ લુંટાઇ ગયેલા ઝવેરાતની કિંમત ૭ લાખ ૮૫ હજાર ડૉલરની આંકી હતી. લૉઈડ્ઝ ઑફ લંડનના પેરીસ ખાતેના મુખ્ય પ્રતિનિધિ જ્હોન બુએલન્સે જણાવ્યું હતું કે આ લુંટ લૉઈડ્ઝની તવારિખમાં સૌથી મોટી છે.

## ઝવેરાત લુંટની ઘટનાનું વર્ણન.

"ફ્ફર" નામના ફ્રેન્ચ વર્તમાનપત્રના પ્રતિનિધિએ આ બનાવનું વર્ણન કરતાં જણાવ્યું હતું કે: 'દુનિયાની સૌથી તવંગર હસ્તી, નામદાર આગાખાન, જેમનું નામ ઉચ્ચારવાથી ગોલકોંડાનો ખજાનો પામીરના જવાહિરાત નજર સામે ખડા થઈ જાય છે. તેઓ, તેઓશ્રીના બેગમ સાહેબા, દાસી અને મોટર ડ્રાઈવર સાથે પોતાના નિવાસસ્થાનેથી "નીસ" તરફ જવા રવાના થયા હતા. નીસથી એરોપ્લેન તેઓશ્રીને ડોવીલ તરફ લઇ જનાર હતું, પણ જેવી નામદાર આગાખાનની મોટરકાર તેઓશ્રીના બંગલાનો કમ્પાઉન્ડ વટાવી ગઇ કે તરત પાછળથી એક લોરી મોટર ધસી આવી અને તેઓશ્રીની મોટર રોકી લીધી અને તેમાંથી ચાર ધાડપાડુઓએ ટોમીગન (બંદુક) સાથે ઉતરી, નામદાર આગાખાન સાહેબ, બેગમ સાહેબા, દાસી અને ડ્રાઇવરને મોટરકારમાંથી બહાર આવવા કહ્યું અને ઝવેરાત આપી દેવાની માંગણી કરી. બ્રેસલેટો, પૅન્ડન્ટો, "ગુલાબ"ની કલીપો વગેરે બધું ઝવેરાત જે એક નાની બેગમાં હતુ તે તેના માલિક પાસેથી લુંટારાઓનાં હાથમાં જઇ પડયું. ધાડપાડુઓમાંના એકે બેગમ સાહેબા પાસેથી "પર્સ" પોતાને સોંપી દેવા જણાવતાં, જેમાં બે લાખ ફ્રાન્ક ઉપરાંત પાસપોર્ટો અને વીમાન ટીકીટો હતી, તે પણ આપી દેવામાં આવી. આ બધું બે મીનીટમાં બની ગયું. પણ તરતજ નામદાર આગાખાન જેમને તેઓશ્રીના કરોડો વફાદાર ઇસમાઇલીઓ "નુરાની ચહેરા" તરીકે માને છે તેમણે ધાડપાડુઓને હાંક મારી, પોતાના ખીસામાંથી હજાર હજાર ફ્રાંકની વીસેક નોટોનું બંડલ ખેંચી કાઢી તેમણે સાદ કર્યો "એ આટલા જલદી પાછા ન જાઓ, હજી મારી પાસે કંઇક બાકી છે."

ઝવેરાતની બેગો લઇને ભાગી જતા ધાડપાડુઓમાંના એક જણે ઘેરા રંગના ચશ્મા પહેર્યાં હતા તે અચકાયો, વમાસણમાં પડયો અને પછી પોતાના પગલા પાછા વાળી નામદાર આગાખાન સાહેબ પાસે આવી તેઓશ્રીના ઝવેરાતમય હાથમાંથી નોટોનું બંડલ ઝડપી લીધું અને બોલ્યો: "આપનો ઘણો ઘણો ઉપકાર, આપ ઘણા સારા માણસ છો." આટલું બોલી પોતાના ગોઠીયાઓ રાહ જોતા ઉભા હતા ત્યાં દોડી ગયો અને તેઓ બધા પુર ઝડપે હંકારી ગયા.

ધાડના ઓચિંતા બનાવથી માતા સલામતને થોડીવાર ઘણી અકળામણ થઇ હતી, પણ તેઓ પણ હિમ્મતવાન અને મોટું દિલ ધરાવે છે અને છાપાના પ્રતિનિધિ જ્યારે તેમની પાસેથી રવાના થયા ત્યારે તેમણે હસતા ચહેરે વિદાય આપતાં કહ્યું: "મને ઘણું લાગી આવે છે કે અમારી પાસે તે વખતે ભોજનની બાસ્કેટો નહિ હતી, મને લાગે છે કે ધાડપાડુઓને તે પણ મળી હતે તો ઘણું ગમતે!"

## મૌલાના હાઝર ઈમામનો સંદેશો–"આ (ધાડની) ઘટનાને જીંદગીના નિમક સમાન ગણીએ છીએ."

ત્યારપછી ઓગસ્ટ માસની તા. ૮મીના દિને મૌલાના હાઝર ઇમામે હિંદુસ્તાનની જમાતો જોગ એક તારના સંદેશામાં જણાવ્યું હતું કે:

"હિંદની સર્વે જમાતોએ ધાડની બીના સાંભળી હશે જ. તેઓને જણાવો કે જેવી રીતે ખોરાકમાં નિમકનો સ્વીકાર કરવામાં આવે છે તેવી રીતે અમે આ ઘટનાને આ જીંદગીના નિમક સમાન ગણીએ છીએ. અમે આશા રાખીએ છીએ કે અમારો આ દાખલો રૂહાની બચ્ચાંઓને સામાન્ય રીતે (સંકટ સમયે) મદદકર્તા થઇ પડશે."

ઇસ્વી સન ૧૯૫૦ના ફેબ્રુઆરી મહિનાની તા. ૩લીના તારના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે:—મૌલાના હાઝર ઇમામ, હિઝ રોયલ હાઇનેસ નામદાર આગાખાન સાહેબના ચોરાયલાં બે લાખ પાઉન્ડનું ઝવેરાત જાન્યુઆરીની તા. ૨૮મીએ પાછું મળી આવ્યું છે. આ ઝવેરાતનું પોટકું મારશેલ્સની પોલીસ ચોકી આગળ કોઈ મુકી ગયું હતું, જે હાથ કરી પોલીસે બેન્ક ઓફ ફ્રાંસમાં રાખ્યું છે. ફેબ્રુઆરીની તા. ૨ જીના રોજે નામદાર માતા સલામતે કરાચી ખાતે પત્રકારોની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે અમોને અમારા ઝવેરાતની ફિકર નથી કેમકે એ ઝવેરાતનો બે લાખ પાઉન્ડનો વીમો ઉતરાવવામાં આવ્યો છે.

ના. માતા સલામતના અમુલ્ય જવાહિરોની ઝડપી લુંટના બનાવે આખી દુનિયામાં ભારે હાહાકાર મચાવ્યો હતો. ધાડપાડુઓની ટોળીને જેલ કરવા ફ્રેન્ચ પોલીસ ખાતાએ ભારે હિંમત અને બાહોશીભર્યું કાર્ય કર્યું હતું.

## આફ્રિકાની કેળવણી સંસ્થાઓ—મૌલાના હાઝર ઈમામની એક લાખ પાઉન્ડની બાદશાહી સખાવત.

ઓગસ્ટ મહિનાની તા. ૨૨મીએ મોમ્બાસા (આફ્રિકા)નાં મુસ્લિમ એજ્યુકેશન ઇન્સ્ટીટયુટના ગવરનરોનાં બોર્ડની ત્રીજી સામાન્ય સભા, ગવર્નમેન્ટ હાઉસમાં, સર ફીલીપ મીશલના પ્રમુખપદે મળી હતી. આ ઇન્સ્ટીટયુટના મકાનના ચણતરનું કામકાજ પોર્ટ ટયુડર રોડ પરનાં ૩૪ એકર જેટલા વિશાળ પ્લોટ પર ચાલુ છે. આ ઇન્સ્ટીટયુટ માટે બ્રિટીશ ટ્રેઝરીમાંથી પાઉન્ડ એક લાખ, મૌલાના હાઝર ઈમામ, હિઝ રોયલ હાઇનેસ નામદાર પ્રિન્સ આગાખાન સાહેબે પોતાની વ્યક્તિગત ભેટ તરીકે પાઉન્ડ એક લાખની નાદર રકમ આપી છે તથા પૂર્વ આફ્રિકાની વહોરા કોમે પણ પાઉન્ડ પચાસ હજાર આપ્યા છે.

મુસ્લિમ વિદ્યાર્થીઓ માટેની આ ઇન્સ્ટીટયુટ આરબ વિદ્યાર્થીઓ માટે પચાસ ટકા જેટલી જગ્યા રિઝર્વ રાખવામાં આવેલ છે. તેનો હેતુ ધંધાદારી શિક્ષણ આપવાનો છે. આ સંસ્થાના પેટ્રનો તરીકે મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, જંગબારના નામદાર સુલતાન અને વહોરા કોમના રહેબર સૈયદના તાહેર સૈફુદીન સાહેબ છે કે જેમને તાજેતરમાં ચુંટવામાં આવ્યા હતા.

કમ્પાલા યુગાન્ડાં ખાતેની "એચ. આર. એચ. ધી આગાખાન્સ સ્કુલ"નું પાઉંડ ૮૦૦૦ના ખર્ચે બંધાયલું નવું મકાન, ઇસ્માઇલીઓ, યુરોપિયનો, આફ્રિકનો, હિંદુ અને મુસ્લિમોની મોટી હાજરી વચ્ચે, યુગાન્ડાના ડાયરેકટર ઓફ એજ્યુકેશને ખુલ્લું મુક્યું હતું. અહિં મૌલાના હાઝર ઇમામ કેળવણી માટે લગભગ પાઉન્ડ ૬૦૦૦ની ગ્રાન્ટ બક્ષિશ આપે છે.

## મૌલાના હાઝર ઇમામના માડાગાસ્કર ખાતેના મુરીદોની પ્રગતિ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના, દુનિયાના જુદા જુદા ભાગોમાં વસતા ઇસમાઇલીઓ તેઓ નામદારની ઉત્તમ દોરવણીના પ્રતાપે દીન અને દુનિયામાં પ્રગતિ કરી રહ્યા છે એજ મુજબ માડાગાસ્કર ખાતે વસતા ઇસમાઇલી મુરીદો પણ ઝમાનાના વહન સાથે આગેકુચ કરી તેઓ નામદારની દોરવણી અનુસાર, માડાગાસ્કર ખાતેના મુરીદોના આર્થિક લાભાર્થે નાણાંની ધીરધાર તથા વેપાર ઉદ્યોગના વિકાસ માટે ત્યાંની ના. કાઉન્સીલે શુભ હીલચાલ શરૂ કરી અપૂર્વ ઉત્સાહ વચ્ચે માજુંગા ખાતે "સોસીઅતે કોમેરશ્યાલ એન્ડીસ્ટ્રીઅલ એ ફીનાનસીયેર દ માડાગાસ્કર" નામની એક સંસ્થા ફ્રાંક એક કરોડ અને છવીસ લાખની કેપીટલથી સ્થાપિત કરવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામે પેરીસ (ફ્રાંસ)ના મુખી હુઝુરમુખી પ્યારઅલીભાઇ રેમતુલ્લાહ શામજી, પેરીસથી માડાગાસ્કર આવતાં, તેમના સાથે એક મનનીય સંદેશો મોકલાવી આ કાર્યને હીંમતથી ટેકો આપવા ભલામણ કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "હું તમોને સલાહ આપું છું કે, સઘળાઓ હસદ કર્યા વિના ખરા અંતઃકરણથી સાચા ભાઇઓની માફક રહીને એકત્ર થઇ કામ કરો. એકની બહેતરી તે સઘળાની બહેતરી સમજવી જોઇએ અને એકનું દુઃખ તે સઘળાનું દુઃખ ગણવું જોઇએ. મારા વિચારો હંમેશાં તમારી સાથે છે."

## મૌલાના હાઝર ઇમામનું ઇરાનનું શહેરીપણું-ઈરાનની પાર્લામેન્ટની જાહેરાત.

ઓકટોબર મહિનાની તા. ૧૦ મીના તહેરાનના એક સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે ઇસમાઇલી કોમના રૂહાની સરદાર મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ, ઈરાનનું શહેરીપણું ધરાવતા હોવાથી અને તે તેઓ નામદારના કુટુંબે કદીયે ગુમાવ્યું ન હોવાની ઇરાનીયન પાર્લામેન્ટે જાહેરાત કરી છે. આ જાહેરાત તેઓ નામદારની સંમતિથી કરવામાં આવી હતી.

આ સંબંધે પેરીસમાં ઇન્ટરવ્યુ આપતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે "મારૂં કુટુંબ હમેશાં ઇરાનિયનજ છે. હું બ્રિટીશ છું અને ઇરાનિયન પણ છું. આમ શા માટે ન હોય? એક માણસ વીશ જેટલા શહેરીપણાં ધરાવી શકે છે."

તહેરાનનાં એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે, મૌલાના હાઝર ઇમામ આવતા શિયાળામાં દક્ષિણ-પૂર્વ ઇરાનમાં આવેલાં પોતાના વંશપરંપરાના "મહેલાત ગઢ"નો પ્રવાસ કરવાની ઇચ્છા રાખે છે અને ઇરાનમાં વસતા પોતાના ઇસ્માઇલી મુરીદોને મુલાકાતનો પણ લાભ આપશે.

## ટાંન્ગા-આફ્રિકાની નવી મસ્જિદની ઉદઘાટન ક્રિયા.

નવેમ્બર મહિનાની તા. ૧૦ મીએ યુગાન્ડાના પ્રિન્સ બદરૂએ, ટાંન્ગા ખાતે બંધાઇને તૈયાર થયેલ આફ્રિકન મુસ્લિમો માટેની નવી મસ્જિદ, પાંચ હજારની ગંજાવર માનવ મેદની વચ્ચે ખુલ્લી મુકવાની ક્રિયા કરી હતી. આ મસ્જિદના બાંધકામનો ખર્ચ શી. ૧૭૮૦૦૦ આવ્યો હતો. જેની અર્ધી રકમ શી. ૮૯૦૦૦ મૌલાના હાઝર ઇમામે અર્પી હતી. આ પ્રસંગે શેઠ અબ્દુલ્લાહ કરીમજીએ તેઓ નામદારનો આભાર જાહેર કર્યો હતો.

## ના૦ વલીઅહદના ઘેર શાહઝાદીનો જન્મ.

ડીસેમ્બર માસની તા. ૨૦ મીને વાર બુધવારના, નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન સાહેબના મહેરદાર પ્રિન્સેસ રીટાએ લોઝાં ખાતેની "મોન્ટ ઓઇસી કલીનીક"માં એક શાહઝાદીને જન્મ આપ્યો હતો. રોયટરના સમાચારમાં જણાવવામાં આવ્યું હતું કે માતા અને બાળક બન્નેની તબીયત સારી છે. આ વખતે ના૦ વલીઅહદ હાજર હતા અને તેઓએ પત્રકારોને જણાવ્યું હતું કે શાહઝાદીનું નામ "યાસમીન" રાખવામાં આવ્યું છે.

## મૌલાના હાઝર ઈમામની હિંદમાં પધરામણી.

ઈ. સ. ૧૯૫૦ ના જાન્યુઆરી માસની તા. ૩ જીને વાર મંગળવારના શુભ દિને સાંજના ૭–૩૦ કલાકે, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. મુંબઇ સાન્તાક્રુઝના વિમાની મથક પર પધાર્યા હતા. ચાર વર્ષના લાંબા ગાળા પછી પોતાના "રૂહાની પિતા"ની મુબારક પધરામણી માટે ઇસ્માઇલીઓમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટયો હતો. મૌલાના હાઝર ઈમામ અને માતા સલામતને આવકાર આપવા ભેગા મળેલા ઇસ્માઇલી આગેવાનો ઉપરાંત મુંબઇ ખાતેના ઇરાનના કોન્સલ જનરલ પણ હાજર રહ્યા હતા.

મૌલાના હાઝર ઇમામ, નામદાર માતા સલામત સાથે વિમાનમાંથી ઉતરીને વિમાની મથક પર કદમ મુબારક કરતાં ઈસ્માઇલી આગેવાનોએ તેઓ નામદારનો ભાવભીનો સત્કાર કર્યો હતો. આ પ્રસંગે છાપાના પ્રતિનિધિઓ અને ફોટોગ્રાફરોની એક નાનકડી ફોજ ઉતરી પડી હતી. તેઓએ મૌલાના હાઝર ઇમામનો ઇન્ટરવ્યુ લેવા તેઓ નામદારને જાણે ઘેરી લીધા હતા. છાપાના પ્રતિનિધિઓએ કરેલી પુછપરછના જવાબમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "હિંદ ખાતે પાછા ફરતાં મને ખુશી ઉપજે છે. મારી મુલાકાતનો હેતુ માત્ર હિંદ અને પાકિસ્તાનમાં વસતા મારા ઇસ્માઇલી મુરીદોને મળવાનો છે."

બીજે દિવસે બુધવારના દિને સવારે તેઓ નામદારે જમાતોને દીદારનો લાભ આપ્યો હતો. એ ઉપરાંત તેઓ નામદારે મોટી સંખ્યાના લગ્ના કામકાજો ઉકેલી, "લગ્ન પ્રસંગે નકામા ખર્ચ કરવામાં આવે નહિ" તેના માટે ખાસ ભલામણ કરી મુબારક ફરમાનો કર્યા હતા. તા. ૭ મીને શનિવારના બપોરે મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતના માનમાં મુંબઇના ના. ગવરનર સર મહારાજસીંગ તરફથી સરકારી મહેલમાં યોજવામાં આવેલ લંચ પાર્ટીમાં તેઓ નામદારોએ ભાગ લીધો હતો.

## બરમાના ઇસ્માઇલીઓ.

જાન્યુઆરી માસની તા. ૫ મીને વાર ગુરૂવારના દિને બરમા ખાતેના મૌલાના હાઝર ઇમામના મુરીદોએ, બરમાની સ્વતંત્રતાની બીજી સંવત્સરી ઉજવવા રંગુનના "સીટી હોલ"માં એક શાનદાર "લંચ પાર્ટી" યોજી હતી. જેમાં બરમાના વડા પ્રધાન ઓનરેબલ થકીન નુ અને બીજા પ્રધાનો તેમજ દેશપરદેશના એલચીઓ અને નામાંકિત શહેરીઓએ હાજરી આપી હતી.

આ પ્રસંગે વડા પ્રધાન થકીન નુએ પોતાના ભાષણમાં દર્શાવ્યું હતું કે "બરમાના નામદાર આગાખાન સાહેબના મુરીદો આ દેશના લોકો સાથે જે રીતે સલાહ અને સંપ અને એકદિલીથી વર્તે

છે, તે જોઈને મારા મન ઉપર ઘણી ઉંડી અસર થઈ છે. નામદાર આગાખાનના મુરીદોએ આ દેશની સુલેહશાંતિ તેમજ આબાદીમાં પોતાની શકિત મુજબનો પ્રશંસાપાત્ર હિસ્સો આપ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે ગમે તેવા કપરા સંજોગોમાંથી દેશ પાર ઉતરી જવા માટે ઈસ્માઈલી કોમ પણ મગરૂર લઈ શકે છે. ત્યારપછી મી. ઉ બા મોંગે હર્ષનાદ વચ્ચે જાહેર કર્યું હતું કે હિઝ રોયલ હાઈનેસ નામદાર પ્રિન્સ આગાખાન સાહેબને બરમાના સ્ટેટ ગેસ્ટ એટલે રાજપરોણા તરીકે આ દેશની મુલાકાતે પધારવાનું આપવામાં આવેલું આમંત્રણ તેઓ નામદારે સ્વીકારી ઈસ્વી સન ૧૯૫૦ની સાલ દરમ્યાન બરમા પધારવાનો ઈરાદો જાહેર કર્યો છે.

## બરમાના વડાપ્રધાનના હાથે રંગુનના જમાતખાનાની ભવ્ય ઈમારતની ઉદઘાટન ક્રિયા.

એજ દિને રંગુનના નામાંકિત ઈસ્માઈલી આગેવાન વઝીર ઉ. કાંનજી નાનજીએ અઢી લાખ રૂપીયાના ખર્ચે, મોગલ સ્ટ્રીટમાં બંધાવી આપેલ જમાતખાનાની એક રોનકદાર અને ધ્યાન ખેંચનારી સુંદર ઈમારતને ખુલ્લી મુકવાની ક્રિયા, એક ભવ્ય મેળાવડા સમક્ષ બરમાના વડા પ્રધાન થકીન નુનાં મુબારક હાથે કરવામાં આવી હતી. વડા પ્રધાને ઉદઘાટન ક્રિયા કરતાં જણાવ્યું હતું કે જમાતખાનાની ઉદઘાટન ક્રિયા કરવામાં હું મને પોતાને મોટું માન મળેલું સમજું છું. કારણ કે બરમાના રાજ બંધારણમાં આ દેશમાં વસતી બધી પ્રજાઓને ધાર્મિક છુટાપણું આપવામાં આવ્યું છે. હિઝ રોયલ હાઈનેસ નામદાર આગાખાન સાહેબની ઈચ્છાને અનુસરીને આ જમાતખાનું બાંધવામાં આવ્યું છે એ જોઈ મને ઘણોજ સંતોષ ઉપજે છે.

## અલીગઢ યુનિવરસિટીનું માનપત્ર—રૂપિયા પચીસ હજારની ભેટ.

જાન્યુઆરીની તા. ૩૧મીના દિને અલીગઢ યુનિવરસિટી તરફથી મૌલાના હાઝર ઈમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ. ને અર્પવામાં આવેલ માનપત્રના જવાબમાં તેઓ નામદારે હિંદી મુસ્લિમોને પલટાયેલી પરિસ્થિતિને અનુકુળ થઈ જવાની અને સરકારનો વિશ્વાસ સંપાદન કરવાની ભલામણ કરીને વધુમાં જણાવ્યું હતું કે "જો મુસલમાનો શારિરીક અને માનસિક ગુણો ખીલવશે તો હિંદની પ્રણાલિકા તેમને અલગા રાખશે નહિ." તેઓ નામદારે અલીગઢ યુનિવરસિટીને રૂા. ૨૫ હજાર ભેટ આપવાનું જાહેર કર્યું હતું.

## મૌલાના હાઝર ઇમામનું દિલ્હી ખાતેથી ફારસી ભાષામાં બ્રોડકાસ્ટ—એશિયાની આઝાદીની તમન્ના.

ફેબ્રુઆરીની તા. ૧લીના નવી દિલ્હીથી પ્રેસ ટ્રસ્ટ ઓફ ઈન્ડીયાના રોઈટરના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઈનેસ નામદાર પ્રિન્સ આગાખાન સાહેબે ફારસી (પર્શિયન) ભાષામાં ઓલ ઈન્ડીયા રેડીયોની પરદેશ ખાતેની સરવીસમાં કરેલા બ્રોડકાસ્ટમાં જણાવ્યું હતું કે "હિંદ, પાકિસ્તાન અને ઇન્ડોનેશિયાએ મેળવેલી આઝાદી દરેક એશિયા-વાસી માટે ખુશાલી પેદા કરનારી બાબત છે. તેઓ નામદારે આશા દર્શાવી હતી કે, આઝાદી માટેની લોકોની તમન્ના દુનિયાના ભાગમાં શાહીવાદી દેશોને પોતાનું વર્ચસ્વ વધારતાં અટકાવશે. વધુમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "બધી પ્રજાઓ પોતાને મનપસંદ માર્ગે પોતાની પ્રગતિનું કાર્ય કરી શકે

અને પોતાની મરજી મુજબ પોતાનું જીવન ગાળી શકે તે માટે સ્વતંત્ર હોવી જોઇએ." મૌલાના હાઝર ઇમામે આજે સવારે પ્રજાસત્તાક ભારતના પ્રેસીડન્ટ ડૉ. રાજેન્દ્રપ્રસાદની મુલાકાત લીધી હતી.

## મૌલાના હાઝર ઇમામ પાકીસ્તાનમાં.

ફેબ્રુઆરીની તા. ૧લીના રોજે નવી દિલ્હીથી લાહોર ખાતે, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની પધરામણી થતાં, પાકીસ્તાન સરકારના અમલદારો અને ઇસ્માઇલી જમાતના આગેવાનો તરફથી તેઓ નામદારનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે છાપાના પ્રતિનિધિઓના સવાલોના જવાબ આપતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે:- "હું કોઇ રાજદ્વારી કારણસર પાકીસ્તાન આવ્યો નથી."

સરહદ પ્રાંત અને ગીલગીટ તેમજ દુરદુરના મુલકોથી આવેલા ઇસમાઇલીઓ ખાસ ઉભા કરેલા શામિયાનામાં મૌલાના હાઝર ઇમામના દીદાર માટે ભેગા મળ્યા હતા. જેમાં કેટલાક તો પોતાના "રૂહાની પિતા"ના પવિત્ર દીદાર માટે પગપાળા આવ્યા હતા. ઇસ્માઇલીઓએ આ પ્રસંગે શાનદાર સરઘસ પણ કાઢ્યું હતું, જેને ના. માતા સલામતે નિરિક્ષણ કરી સલામી ઝીલી હતી.

ફેબ્રુઆરીની તા. ૨જીના દિને મૌલાના હાઝર ઇમામ ના૰ માતા સલામત સાથે, પાકીસ્તાનના પાયતખ્ત કરાચીના વિમાની મથકે ઉતરતાં ઇસ્માઇલી આગેવાનો ઉપરાંત પાકીસ્તાન ખાતેના ઇરાની એલચી સૈયદ અલી નાસર, પાકીસ્તાન મુસ્લિમ લીગના પ્રમુખ ચૌધરી ખલીકુઝ્ઝમાન, સિંધના વડા પ્રધાન યુસુફ હાજી હારૂન, પાકીસ્તાનના ગવરનર જનરલ, ખ્વાજા સર નાઝિમુદ્દીનના લશ્કરી સેક્રેટરી લેફટેનન્ટ કરનલ નાઉલ્સ વગેરે આગેવાન વ્યક્તિઓએ તેઓ નામદારોને ભાવભીનો આવકાર આપ્યો હતો. તેઓ નામદાર ત્રણ દિવસ સુધી ગવરનર જનરલના મહેમાન તરીકે રહ્યા હતા.

આ પ્રસંગે હવાઇ મથક પર લોકોનાં ટોળાં અને છાપાના રિપોર્ટરો તેઓ નામદારની આસપાસ ફરી વળ્યા હતા. પત્રકારોએ તેઓ નામદારને સંખ્યાબંધ સવાલો પુછવા માંડતા, મૌલાના હાઝર ઇમામે પોતાને બંગલે તેઓને મળવાની ઇચ્છા દર્શાવી હતી.

## પ્રેસ કોન્ફરન્સ.

પ્રેસ કોન્ફરન્સમાં પોણોસોથી વધુ રિપોર્ટરો અને ફોટોગ્રાફરો હાજર રહ્યા હતા. આ પરિષદમાં, પત્રકારોને આવકાર આપ્યા બાદ મૌલાના હાઝર ઇમામે તેઓએ પુછેલા જુદા જુદા સવાલોના જવાબો આપ્યા હતા. મૌલાના હાઝર ઇમામે હિંદ-પાકીસ્તાનના મામલાની ચર્ચા કરવાની ના પાડી એટલુંજ જણાવ્યું હતું કે "હું આખરે તો આશાવાદી છું." ઇસ્લામીસ્તાનની વિગતવાર ચર્ચા કરી તેઓ નામદારે જણાવ્યું હતું કે "હું મારી આખી જીંદગી પાન-ઇસ્લામીસ્તાનનો હિમાયતી રહ્યો છું."

"જમાલુદીન અફગાનીના ખ્યાલવાળા ઇસ્લામીસ્તાનને હું આવકારું છું, પરંતુ જુદા જુદા રાજ્યોમાંનું મુલ્લક ઇસ્લામીસ્તાન એ રાજ્યોની રાજકીય વિશિષ્ટતા માટે આપઘાતરૂપ સાબિત થશે. એ ઇસ્લામીસ્તાન બ્રિટીશ રાષ્ટ્રસમુહ સંઘના ધોરણે "છુટછાટવાળું-નરમ" હોવું જોઇએ. તમે એમને જકડશો તો તે તુટી પડશે. રાજકીય એકતા ટકશે નહિ.

## ઈસ્લામી રાજ્ય કેવું હોવું જોઇએ ?

"ઇસ્લામીસ્તાન વારંવારના સહકારથી પ્રેરાયલી ઔધ્યોગિક, સાંસ્કારિક અને ધાર્મિક એકતા ઉપર નિર્ભર રહેવું જોઇએ. જુદા જુદા મુસ્લિમ દેશોની વખતોવખત મુલાકાત લઇ અને અંગત સંપર્ક વધારી હું પાન-ઇસ્લામીઝમમાં મારો હિસ્સો આપી રહ્યો છું. પાકીસ્તાન ઇસ્લામી રાજ્ય બનવું જોઇએ, પરંતુ તે જેમ બને તેમ છુટછાટવાળું બનાવવું જોઇએ. હું વિચારોનાં છુટાપણામાં માનું છું, રાજ્યની નજરે મુસ્લિમો અને બિન-મુસ્લિમો વચ્ચે કશો ભેદભાવ હોવો જોઇએ નહિ.

પૂર્વ અને પશ્ચિમના ઝઘડામાં ઇસ્લામી પ્રજાઓ તટસ્થ રહે, પરંતુ બાહ્ય આક્રમણકારોને મારી હટાવવા તે તૈયાર હોવી જોઇએ. જગતની સુલેહ માટે સુલેહનો પ્રજાસંઘ રચાવો જોઇએ, જે પ્રજાઓને એકત્ર કરી આક્રમણને હઠાવે.

"આવા આક્રમણ વિરોધી કરારમાં હિંદ તેના ભૌગોલિક સ્થાનના કારણે અગત્યનો ભાગ ભજવી શકે તેમ છે. કાશ્મીરના ઝઘડા સંબંધે તેઓ નામદારે જણાવ્યું કે લીગ ઓફ નેશન્સે જર્મનીના સાર પ્રદેશનો પ્રશ્ન લોકમતથી પતાવ્યો હતો તેમ આ સવાલ અંગે પણ કરી શકાય."

## મુસ્લિમ દેશોની નિતી—હાઇડ્રોજન બોમ્બ.

તેઓ નામદારે વધુમાં કહ્યું હતું કે "મુસ્લિમ દેશોમાં લોકશાહી હોવી જોઇએ, કે જેમાં વાણી, વિચારો અને માન્યતાઓનું છુટાપણું મળી શકે. વળી રાજદ્વારી નજરે ચુસ્તપણે તટસ્થ રહેવું જોઇએ, પણ જ્યારે તેના ઉપર આક્રમણ થાય ત્યારે આક્રમણ કરનાર ગમે તે હોય પણ તેનો પ્રતિકાર કરવો જોઇએ."

મૌલાના હાઝર ઇમામે એક સવાલના જવાબમાં કહ્યું હતું કે "મુસ્લિમ દેશો, શાંતિ ઈચ્છતા બીજા દેશો સાથે મળીને કોઇ પણ જુથ સાથે જોડાયા વગર તટસ્થ રહી શકે તેમ છે." વધુમાં તેઓશ્રીએ ઉમેર્યું કે "આવા "શાંતિ સંઘ"માં આક્રમણખોર સિવાય સૌ કોઇ-ખુદ મી. સ્ટેલીન પણ-જોડાઇ શકે છે."

હાઇડ્રોજન બોમ્બ બનાવવામાં તેઓશ્રી શું ફાળો આપી શકે એવા સવાલના જવાબમાં જણાવ્યું હતું કે "હું કાંઇ વિજ્ઞાની નથી." ના. પ્રિન્સ અને પ્રિન્સેસ અલીખાનને ત્યાં થયેલ શાહઝાદીના જન્મ વિષે પુછાયલા અનેક સવાલના જવાબમાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે, "દુનિયા મારી પૌત્રીમાં જેટલો રસ લઇ રહી છે, તેટલો રસ કોઈ ગાદીવારસના સંબંધમાં પણ જાગૃત નહિ થયો હોય. વર્તમાનપત્રોના પ્રતિનિધિઓએ પુછેલા સંખ્યાબંધ સવાલોના જવાબોમાંના એકમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે શિષ્ટતા ખાતર હિંદના વડા પ્રધાન સાથેની મારી મુલાકાત થઇ હતી. પંડિતજીએ તેઓ નામદારને નોતર્યા હતા ત્યારે બીજા પણ ઘણાં હાજર રહ્યા હતા.

મૌલાના હાઝર ઇમામે બોલાવેલી પ્રેસ કોન્ફરંસના અહેવાલો પાકીસ્તાનના આગેવાન અખબારોએ મોટા મોટા મથાળાઓ અને તેઓ નામદાર તથા ના. માતા સલામતના ફોટાઓ સાથે પ્રગટ કર્યા હતા.

## ત્રણ લાખની બાદશાહી સખાવત.

મૌલાના હાઝર ઇમામના પવિત્ર દીદાર માટે સિંધ, પંજાબ, સરહદ પ્રાંત, બલુચિસ્તાન, મસ્કત, ઓરમાડા, ગુવાદર, પર્શિયન ગલ્ફ અને અન્ય ભાગોમાંથી મોટી સંખ્યાના ઇસમાઇલીઓ કરાચી ખાતે આવી પહોંચ્યા હતા. મુસ્લિમ દેશો માટે મૌલાના હાઝર ઇમામે એક ઇકોનોમી રિસર્ચ ઇન્સ્ટીટયુટ સ્થાપવા માટે રૂપીઆ ત્રણ લાખની ભેટ આપવાની જાહેરાત કરી હતી.

## ઇસ્લામ ચેતનવંતો મઝહબ છે—મુસ્લિમ સલ્તનતોનાં પતન અને ભાવિ સંબંધી મૌલાના હાઝર ઇમામનું ઐતિહાસિક ભાષણ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ કરાચી ખાતે "ઇસ્લામી રાજ્યોની તવારિખ-એમની ચડતી પડતી અને તેમનાં ભાવિની આશાઓ" એ વિષય ઉપર "ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ટરનેશનલ અફેર્સ"ના આશરા હેઠળ. એક ઘણું જ અભ્યાસપૂર્ણ તવારિખી ભાષણ, જ. ઝાહિદ હુસેનનાં આલીશાન ભવનમાં આપ્યું હતું. આ પ્રસંગે પાકીસ્તાનની અનેક જાણીતી વ્યક્તિઓએ હાજરી આપી હતી. ઋતુ ઠંડી હોવા છતાં મૌલાના હાઝર ઇમામે સ્પષ્ટ અને બુલંદ અવાજે પોતાની મનનીય તકરીર ફરમાવી હતી.

મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે, આપણને ભવિષ્ય માટે દરેક વિશ્વાસ રાખવો જોઇએ. મને ખાતરી છે કે તમે તમારી પાર્થિવ મુશ્કિલીઓ દુર કરી શકશો, પરંતુ લોકોના આત્મા અને જુસ્સાથી ખબરદાર રહેજો. ઇસ્લામી ઇતિહાસની ત્રીજી સદી નહિ પરંતુ પહેલી સદી તરફ નજર કરો. સાચો ઇસ્લામ સ્થિર નહિ પરંતુ ચેતનવંતો છે. ઉમૈયાઓના ભવ્ય જમાનામાં એ ચેતનવંતો, સાદો અને સમજી શકાય એવો સ્પષ્ટ હતો. એ વખતે ઇસ્લામની જડ એટલી ઉંડી અને વિશાળ હતી કે મોગલોના ભયંકર આક્રમણો અને પાછળથી યુરોપની એથી વધુ ખતરનાક દુશ્મનાવટમાં પણ તેની હસ્તી રહેવા પામી.

મુસ્લિમ સમાજના સંકુચિત અથવા રૂઢી ચુસ્તો અને તરક્કી પસંદ (પ્રગતિશીલ) તત્વો વચ્ચેની છુપી અને ખુલ્લી અથડામણ, જેનાં કારણે અનેક મહાન મુસ્લિમ સલ્તનતોનું પતન થયું, તે પર ભાર મુકતાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે, "ઇસ્લામી ઇતિહાસની પહેલી સદીમાં જે તંદુરસ્ત વચલો માર્ગ હસ્તી ધરાવતો હતો, તેવો માર્ગ શોધી શકાય નહિ તો જહાઝ પાણું ખડક સાથે અથડાશે. પાકીસ્તાન, જેના ઘડવૈયા કાઇદે આઝમ એક આધુનિક પુરૂષ હતા, તે મુસ્લિમ દુનિયા વચ્ચેની રૂહાની અને બૌધિક એકતા લાવવામાં સરજત બનો, એવી મારી આશા અને દુઆ છે. મુસ્લિમ રાજ્યોની રાજકીય એકતા અત્યારે શકય નથી."

વધુમાં તેઓ નામદારે મર્હુમ સૈયદ અમીરઅલીની કૃતિઓને (ધી સ્પીરીટ ઓફ ઇસ્લામ) વગેરે મુસ્લિમ સ્કુલોમાં મઝહબી શિક્ષણ માટે ફરજિયાત વિષય બનાવવાની ભલામણ કરતાં જણાવ્યું હતું કે, "તમારી બધી સામગ્રીઓની સંભાળ રાખો, પરંતુ તેમાં મોટામાં મોટી સામગ્રી માણસનું મન અને આત્મા છે."

મૌલાના હાઝર ઇમામનું આ પ્રભાવશાળી અને ઉત્તમ ભાષણ વીસમી સદીના એક ઘણું જ મહત્વનાં અને ચિરઃસ્મરણિય ભાષણ તરીકે ઇતિહાસમાં સોનેરી અક્ષરોએ નોંધાઇ રહેલ છે.

## કરાંચી મ્યુનિસિપલ કોરપોરેશન તરફનું માનપત્ર—વધુ સખાવત.

ફેબ્રુઆરીની તા. ૧૨મીના દિને, કરાંચી એજ્યુકેશન બોર્ડને, મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ.એ ફરમાવ્યું હતું : "હવે પાકીસ્તાન થયું છે અને અમારી ખાસ ભલામણ છે કે ઇલ્મ હાંસલ કરજો. બીજાઓથી પાછળ રહી જશો નહિ. ઇસમાઇલીઓ બીજાઓ કરતાં ઇલ્મમાં આગળ હોવા જોઇએ. અલહમ્દોલિલ્લાહ, ઇસમાઇલી સ્ત્રીઓ બીજા કરતાં ૧૦૦ વર્ષ આગળ વધી શકી છે; તેજ પ્રમાણે પુરુષોમાં પણ થવું જોઇએ. ભાઇઓની ફરજ છે કે મઝહબ ઉપર મુસ્તકીમ રહી તરક્કી કરે, કારણ કે આપણો મઝહબ ૧૦૦ વર્ષ આગળ છે. બાઇઓ ઉપર મઝહબ પર પાબંદ રહેવાની બેવડી ફરજ છે. જેઓ મહેનત કરે છે તેમને આખેરતમાં અવશ્ય બદલો મળશે."

ફેબ્રુઆરીની તા. ૧૩મીના રોજે મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતે પાકીસ્તાન સ્ટેટ બેંકની મુલાકાત લીધી હતી. બેન્કના ગવરનર જ. ઝાહિદ હુસેન તથા મી. હાતિમ અલવીએ તેઓ નામદારોનો ભાવભીનો સત્કાર કર્યો હતો. એજ દિને તેઓ નામદારે પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લિયાકતઅલીખાનની મુલાકાત લઇ ખુશ ગુફતેગો કરી હતી.

ફેબ્રુઆરીની તા. ૧૪મીના દિને મૌલાના હાઝર ઇમામને કરાંચીના શહેરીઓ વતી મ્યુનિસિપલ કોરપોરેશને માનપત્ર આપ્યું હતું. વળતા જવાબમાં તેઓ નામદારે કરાંચી દુનિયાભરનાં સુંદર અને પ્રખ્યાત શહેરોમાંનું એક બનશે એવી શુભેચ્છા દર્શાવી હતી. પાકીસ્તાનના વિદ્યાર્થીઓ યુનાઇટેડ કીંગડમ, ફ્રાંસ અને બની શકે તો રશિયામાં વિજ્ઞાનિક અભ્યાસ કરી શકે તે માટે ચાર સ્કોલરશિપો આપી હતી. ઉપરાંત મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતે સખાવત તથા બીજા સામાજિક ભલાંના કાર્યો માટે બેગમ લિયાકતઅલીખાનને રૂપીયા ૨૫ હજાર ભેટ આપ્યા હતા.

## પાકીસ્તાન રેડીયો સ્ટેશનેથી બ્રોડકાસ્ટ સંદેશો.

ફેબ્રુઆરીની તા. ૧૯મીના દિને મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબનો 'રેકોર્ડ' કરેલો એક સંદેશો પાકીસ્તાનના રેડીયો સ્ટેશનેથી બ્રોડકાસ્ટ કરવામાં આવ્યો હતો. આ સંદેશામાં તેઓ નામદારે પાકીસ્તાનમાં વિશાળ રીતે પથરાયેલાં કુદરતી સાધનોનો સંપૂર્ણ લાભ લેવાની ત્યાંની પ્રજાને સલાહ આપી હતી અને રાષ્ટ્રિય હિતનાં કાર્યોમાં પાકીસ્તાનની સ્ત્રીઓ જે ભાગ લઇ રહી છે તે બદલ ખુશાલી દર્શાવી હતી. રૂઢીચુસ્તો અને નવા વિચારવાળાઓ વચ્ચેની અથડામણોને અટકાવવા એક મધ્યમ માર્ગ શોધી કાઢવાનો આગ્રહ કરી તેઓ નામદારે જણાવ્યું હતું કે "સાચા ઇસ્લામી બનો, ઇસ્લામને અનુસરો અને ઇસ્લામને સમજવા કોશિશ કરો."

ફેબ્રુઆરીની તા. ૧૯ મીના દિને મૌલાના હાઝર ઇમામ કરાંચીથી યુરોપ તરફ વિદાય થયા હતા. માર્ગમાં કેરો ખાતે બે અઠવાડીઆ સુધી તેઓ નામદાર રોકાયા હતા. જ્યાં ઇજીપ્તના વડા પ્રધાન નહાસપાશાએ તેઓ નામદારને અને ના. બેગમ સાહેબાને એક દબદબા ભરી ટી પાર્ટી આપી હતી.

## નાઇરોબીમાં "આગાખાન હોલ."

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબે કેન્યાના કોરીન્ડન મેમોરિયલ મ્યુઝીયમનાં બિલ્ડીંગ ફંડમાં પાઉંડ આઠ હજારની ઉદાર ભેટ આપી હતી. એ રકમમાંથી

એક "એકઝીબીશન હોલ" બાંધીને તેનું નામ "આગાખાન હોલ" આપવામાં આવશે. આ હોલમાં ખાસ કરીને વિદ્યાર્થીઓને ઉપયોગી થાય તેવી અસંખ્ય ચીજોનો સંગ્રહ કરવામાં આવશે અને આ હોલ ઇતિહાસમાં રસ ધરાવનારાઓનું એક આકર્ષણ બની રહેશે.

## મહત્વના ઇસ્લામી સિધ્ધાંત પરત્વે ઇસ્માઈલીઓની વલણ વિષે મૌલાના હાઝર ઇમામની ચોખવટ.

મૌલાના હાઝર ઇમામે, ઇસ્લામી સિધ્ધાંતના સંબંધમાં ઇસમાઇલીઓની વલણ વિષે ચોખવટ કરતો એક સંદેશો કરાચીથી પ્રગટ થતા પત્ર "અલ-ઇસ્લામ"ને આપ્યો હતો, જેમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે: દેખીતી રીતે ઇસ્માઇલીઓની સ્થિતિ અંગે કંઇપણ ગેરસમજણ છે એટલે આ મુદ્દાની ચોખવટ કરવાનું મને જરૂરી લાગે છે. "સ્વભાવિક રીતે હ૦ પયગમ્બર સાહેબની વફાત પછી મુસલમાનો સંગઠિત હતા અને ખલીફા ઉસમાનના મૃત્યુ સુધી "શીઆ" અને "સુન્ની"નો સવાલ ઉભો થયો ન્હોતો. પછી ઇસ્લામી જગત બે શાખાઓમાં વહેંચાઇ ગયું, જેને અરબી અર્થમાં "બે શીઆઓ" એટલે કે બે વિભાગો કહેવામાં આવે છે. જેમાંનો એક ભાગ "હઝરત અલીના શીઆઓ" અને બીજો "મુઆવિયાના શીઆઓ" તરીકે ઓળખાયો. આ બન્ને વિભાગો હ. ઇમામ હસને મુઆવિયા સાથે સંધિ કરી ત્યાંસુધી રહ્યા. જ્યારે મુઆવિયા વગર વાંધે ખલીફા થયો અને મુઆવિયાના શીઆઓ બહુમતિમાં આવ્યા અને ઇસ્લામનાં મહાન મધ્યવર્તી ઝરણ થયા ત્યારે હ૦ અલીના શીઆઓ બીજા વિભાગ તરીકે રહ્યા. હ૦ અલીના શીઆઓનાં આ વિભાગમાંથી ઇસમાઇલીઓ ઉતરી આવેલા છે.

"તેઓ એવી માન્યતા પકડે છે કે હ૦ અલી, કે જેઓએ પહેલા ત્રણ ખલીફાઓ સાથે સહકાર કર્યો હતો, ત્યારે હવે આપણું કામ પહેલા ત્રણ ખલીફાઓનો ન્યાય કરવાનું નથી, પણ ઇરાનના ઇતિહાસકારોએ પણ દર્શાવ્યું છે તેમ હ૦ અલીએ પોતે પોતાનાં જીવનકાળ દરમ્યાન જેમ કર્યું તેમ તેઓની યાદગીરીને માન આપવાનું છે.

"આપણે માનીએ છીએ કે ઇમામત હ૦ પયગમ્બરના ઘરથી ચાલી આવે છે, પરંતુ એ કારણો કે જે હ૦ અલી સારામાં સારી રીતે જાણતા હતા, છતાં તેઓશ્રીએ પહેલાં ત્રણ ખલીફાનો પ્રશ્ન પોતાની જીંદગી દરમ્યાન ઉઠાવ્યો ન્હોતો અને તેથીજ તેઓએ પોતે જે પ્રશ્ન ન ઉઠાવ્યો તે આપણે પણ ન ઉઠાવીએ એ આપણા માટે ઘણું સારૂં છે.

"આ રીતે આપણે હ૦ અલીના શીઆઓ એવી બંદગીમાં શામેલ થઇએ કે મહાન અલ્લાહ પોતાની અખુટ રહેમત ઉતારે અને બધા મુસલમાનોનાં પાપોની માફી બક્ષે"–આગાખાન.

## "પેલેસ્ટાઇન"ની મહાન જીત.

એપ્રીલ મહિનાની તા. ૨૬મીના ન્યુ માર્કેટના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે, મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાનનો ઘોડો "પેલેસ્ટાઇન" અમેરિકન ઘોડા "પ્રિન્સ સાઇમન"ને હરાવી બે હજાર ગીનીઓ જીતી ગયો છે. "પ્રિન્સ સાઇમન" "માર્કડ ફ્રાઇટ" નામના ફેવરીટ ઘોડાઓને હરાવી "પેલેસ્ટાઇન" પહેલો આવશે તેમ ભાગ્યેજ ધારવામાં આવતું હતું. આ રેસમાં મૌલાના હાઝર ઇમામ પોતે પધાર્યાં ન્હોતા, પરંતુ નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન

સાહેબે ફ્રાંસથી પધારી રેસને રસપૂર્વક નિહાળી હતી અને પોતાને બરફની રમતગમતમાં થયેલી ઈજાને કારણે તેઓ પૈડાંવાળી ખુરશીમાં બેસીને પધાર્યા હતા.

મે માસની તા. ૧૭મીએ રેમ્બલેટન સ્ટેકસની એક માઈલની શરતમાં મૌલાના હાઝર ઈમામના ઘોડા "એકલાટે" પણ યોર્ક ખાતે જીત મેળવી હતી અને એપ્સમ ખાતે "ડરબી વીક"ની શરૂઆત મૌલાના હાઝર ઈમામના ઘોડા "લાઈટ ઓફ મોરક્કો"એ રોઝબરી મેમોરિયલ હેન્ડીકેપ રેસમાં જીત મેળવીને કરી હતી. "પેલેસ્ટાઈને" એસ્કોટ ખાતેની જુન માસની તા. ૧૩મીની રેસમાં પણ આસાનીથી જીત મેળવી હતી. પેલેસ્ટાઈન માટે તેઓ નામદારે પાઉંડ ૧,૨૦,૦૦૦ની ઈંગ્લાંડની ઓફર સ્વીકારી છે એવા સમાચારો વર્તમાનપત્રોમાં પ્રકટ થયા હતા.

## લંડનના "ન્યુઝ રીવ્યુ"ના પ્રતિનિધિએ લીધેલી મુલાકાત.

લંડનથી પ્રગટ થતા જાણીતા અઠવાડીક "ન્યુઝ રીવ્યુ"ના પ્રતિનિધિએ મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબની ખાસ મુલાકાત લઈ, પોતાના અઠવાડિકમાં "બ્રિટીશ રેસીંગ પડાંત કેમ?" એ મથાળા હેઠળ મુલાકાતનો અહેવાલ પ્રગટ કર્યો હતો. જેમાં તેણે જણાવ્યું હતું. કે "બ્રિટીશ ટર્ફના તાજમાં બાકી રહેલા થોડાક ઝવેરાતોમાં મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ એક ઝવેરાત છે. મોટા મોટા "ઓનરો" અને "બ્રિડરો" અદ્રશ્ય થયા તેવા સમયે તેઓ નામદારની પ્રતિષ્ઠા અને અસર હમેંશની જેમ ભારેજ છે. તેઓ નામદાર રેસીંગ આલમમાંજ નહિ પરંતુ દુનિયાભરમાં ચારે બાજુ પથરાયેલા અસંખ્ય ઈસમાઈલી મુસ્લિમોના રૂહાની વડા તરીકે વિખ્યાત છે. તેઓ નામદાર પૂર્વ અને પશ્ચિમ વચ્ચેની અસાધારણ કડી સમાન છે."

તેઓ નામદારે મને જણાવ્યું હતું કે "બ્રિટનમાં કરોથી રેસીંગની તબાહી થઈ રહી છે અને ઘોડાના ઉછેરને બદલે તે તોડી પાડવામાં આવી રહ્યો છે. રેસીંગ એ એક ઉદ્યોગ છે." તેઓ નામદારનું જીવન અનેક મહત્વના બનાવોથી ભરપૂર છે. તેઓશ્રી પ્રજાસંઘમાં હિંદના પ્રતિનિધિ તરીકે બિરાજ્યા હતા અને પાછળથી લીગ એસેમ્બલીના પ્રમુખ બન્યા હતા. રાણી વિકટોરીઆ સાથે ડીનર લીધાની વાત તેઓ યાદ કરે છે અને છેલ્લા પચાસ વર્ષોમાં ઘણાખરા આગેવાન રાજદ્વારીઓ અને રાજવંશીઓને તેઓશ્રી મળ્યા છે. એમની યાદશક્તિ ખુબજ સતેજ છે અને તેઓશ્રી વર્ષો પછી પણ માણસોને ઓળખી કાઢે છે. તેઓશ્રી ખુબજ પધ્ધતિસર કામ કરનારા છે.

તેઓશ્રીના રૂહાની બચ્ચાંઓમાં પાકીસ્તાન-અફઘાનિસ્તાનની સરહદ પરના પર્વતો પર રહેતા હુંઝાવાસીઓ પણ છે, જેઓ પૃથ્વી પર સૌથી તંદુરસ્ત અને લાંબી આવરદા ધરાવનારા લોકો છે. રેસ માટે બ્રિટનની મુલાકાત લેવા ઉપરાંત તેઓ લંડનમાં પોતાના અનુયાયીઓને પણ વખતો વખત મુલાકાત આપે છે. થોડા મહિના પહેલાં તેઓ નામદાર પોતાના અનુયાયીઓ સાથે વાર્તાલાપ કરી રહ્યા હતા તે વખતે એક માણસ તરફ આંગળી ચીંધી તેઓશ્રી સહસા બોલી ઉઠયા કે: "આ માણસ મારો મુરીદ નથી, એને ચાલ્યા જવાનું કહી દો," અને ખરેખર એ માણસ તેઓ નામદારનો મુરીદ ન હતો.

## ઈરાનના શાહના બહેન પ્રિન્સેસ ફાતીમાના લગ્ન—મૌલાના હાઝર ઈમામે મુસ્લિમ વિધિ પ્રમાણે શાદી કરાવવામાં આપેલો સહકાર.

મે મહિનાની તા. ૧૦મીના દિને, ઈરાનના નામ૦ શાહના બહેન પ્રિન્સેસ ફાતિમા અને કેલિફોર્નિયા–અમેરિકાના ડોકટરના બેટા વિન્સેન્ટ લી હીલીયરના લગ્નની ક્રિયા મુસ્લિમ વિધિ પ્રમાણે ત્યાંના ઈરાની એલચી ખાતામાં કરવામાં આવી હતી. જે વખતે મૌલાના હાઝર ઈમામ હિઝ રોયલ હાઈનેસ નામદાર પ્રિન્સ આગાખાન સાહેબે અગત્યનો ભાગ લીધો હતો. આ લગ્નના બનાવે જબરી ચકચાર જગાડેલી હતી અને તેને લગતી પરદેશી વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલી વિગતો પરથી જણાય છે કે આ લગ્નના બનાવે એક અગત્યનો મઝહબી મુદ્દો ઉભો કર્યો હતો, કારણ કે ઈસ્લામ એક પુરૂષને એક બિન–મુસ્લિમ સ્ત્રી, જેણી "એહલે કિતાબ"માંની હોય, તેણીને પરણવાની છુટ આપે છે અને તેણી પોતાનો ધર્મ પાળી શકે છે, તો પણ એક મુસ્લિમ સ્ત્રીને પોતાના મઝહબની બહાર લગ્ન કરવાની મનાઈ કરવામાં આવી છે. તેટલા માટે મી. હીલીયરને ઈસ્લામમાં દાખલ કરવાની જરૂરીયાત ઉભી થઈ હતી. પરંતુ પેરીસની મસ્જિદના પેશ ઈમામ સી કાદોર બેન–ઘેબીટે મજકુર અમેરિકન વિદ્યાર્થીને ઈસ્લામમાં દાખલ કરવાની ના પાડી અને તેના ટેકામાં એવી દલીલ કરી કે "તેને મુસ્લિમ બનાવવાની વિધિ લાંબી અને ગુંચવણભરી છે અને એક મુસ્લિમ સ્ત્રીને પરણવાની ઈચ્છા ધરાવવાના મામુલી કારણસર તેની વિધિ કરાવી શકાય નહિ."

પણ મૌલાના હાઝર ઈમામ વચ્ચે પડયા અને પેરિસની મસ્જિદના ઈમામના ફતવાને અસ્વીકાર કરી તેઓ નામદારે જણાવ્યું કે "જો એક શખ્સ મુસ્લિમ છે, તો તેને એમ પુછવાની મને સત્તા છે કે તે મુસ્લિમ છે કે કેમ? અને જો તે "હા" માં જવાબ આપે તો હું તેનું કહેવું માનીશ, કારણ કે હું માનું છું કે એક શખ્સનાં અંતઃકરણમાં શું છે તે ખરી રીતે તો ફક્ત ખુદા જ જાણે છે" આનો અર્થ એટલોજ થાય છે કે જો એક માણસ કહે કે "તે ફકત એકજ ખુદાને માને છે અને મુહમ્મદ તેના પયગમ્બર છે" યાને "કલમો" પડે તો પછી તેને મુસ્લિમ તરીકે ગણવાનો હક છે, તેની પ્રમાણિક નિષ્ઠા વિષે કોઈપણ સવાલ ઉઠાવી શકે નહિ.

આખરે પેરિસની મસ્જિદના પેશ ઈમામ, મૌલાના હાઝર ઈમામના મત સાથે એકમત થયા હતા અને મી. હીલીયરે ઉપર જણાવેલા શબ્દોમાં એકરાર કરવાથી તેને તુરતજ મુસ્લિમ ધર્મમાં લેવામાં આવ્યો. પ્રિન્સેસ ફાતિમાના આ અમેરિકન વિદ્યાર્થી સાથનું લગ્નની ક્રિયા ફકત બાર મીનીટમાં પુરી થઈ હતી. પ્રિન્સેસ તરફથી સાક્ષી તરીકે પેશ ઈમામ શીરાઝી અને વરરાજા તરફથી સાક્ષી તરીકે મૌલાના હાઝર ઈમામ હતા.

## પૂર્વ આફ્રિકાની મુસ્લિમ વેલફેર સોસાયટી—મૌલાના હાઝર ઈમામની રૂા. ૧૩ લાખની ઉદાર ગ્રાન્ટ.

મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ના પ્રમુખપદે ઈ. સ. ૧૯૩૪માં મોમ્બાસા ખાતે મળેલી મુસ્લિમ કોન્ફરંસના પરિણામે, ખાસ કરીને આફ્રિકન અને અરબ મુસ્લિમોની ધાર્મિક તથા સામાજિક કેળવણી અને સાંસ્કૃતિક પ્રગતિના ઉદ્દેશો સાથે, ઇસ્ટ આફ્રિકન વેલફેર સોસાયટીની સ્થાપના કરવામાં આવી હતી. જેમાં આફ્રિકાના દરેક ભાગના મુસ્લિમો શામિલ છે.

ઇ. સ. ૧૯૪૯માં સોસાયટીએ શી. ૧૩૮૬૯૩૯નો ફાળો કર્યો હતો અને મૌલાના હાઝર ઇમામે તે સામે શીલીંગ ૧૩૧૨૯૮૩ની ઉદાર ગ્રાંટ બક્ષિશ આપી હતી. એ ઉપરાંત બિન-ઇસમાઇલીઓ તરફથી જેટલી મદદ સોસાયટી મેળવે, તેટલીજ રકમની ગ્રાન્ટ આપ્યા કરવાની તેઓ નામદારે મુબારક ઇચ્છા પ્રદર્શિત કરી છે.

આ સોસાયટીએ પૂર્વ આફ્રિકામાં ૨૭ પ્રાઇમરી સ્કુલો, ૨૪ મસ્જિદો, સ્ટાફને રહેવા માટે ૮ મકાનો બંધાવેલા છે. હવે પછી ૧૬ સ્કુલો અને ૭ મસ્જિદો બાંધવા માટે શી. ૧૦ લાખ ખર્ચવાનો સોસાયટીનો ઇરાદો છે. સ્વાહીલી ભાષામાં ધાર્મિક પુસ્તકો છપાવીને તેની ૩૪૦૦૦ નકલો વહેંચેલ છે. અને તબલીગ માટે વધુ સાહિત્ય પ્રગટ કરવા સોસાયટીનો ઇરાદો છે. વળી સોસાયટી તરફથી કેરો ખાતે અલ-અઝહર યુનિવરસિટીમાં ભણતા ૧૩ યુગાન્ડા વિદ્યાર્થીઓને સ્કોલરશીપો અપાય છે.

## પાકીસ્તાનના વડા પ્રધાનની લંડનમાં મુલાકાત—ના. વલીઅહદને "લિજ્યન ઓફ ઓનર"ની પદવી.

જુલાઇ મહિનાની તા. ૧૨મીના કેન્સથી મળેલા રોઈટરના સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે ઇ. સ. ૧૯૪૪ના ઓગસ્ટ મહિનાની તા. ૧૫મીએ મિત્રરાજ્યોના લશ્કરો દક્ષિણ ફ્રાંસમાં ઉતર્યા ત્યારે તારીફલાયક સેવા બજાવવા માટે નામદાર પ્રિન્સ અલીખાન સાહેબને "લિજ્યન ઓફ ઓનર"ના ઓફિસરની પદવી અર્પણ કરવામાં આવી છે. નામદાર વલીઅહદ પ્રિન્સ અલીખાન આ ઉતરાણ દરમ્યાન એક કેપ્ટન તરીકે બ્રિટીશ ફોજ સાથે "લાએઝોં ઓફિસર" તરીકે ગયા હતા. પ્રિન્સ અલીખાન અને પ્રિન્સેસ રીટા જ્યારે ઇટાલી અને કોરસીકાના પ્રવાસે પોતાની યાટમાં બેસવા જતા હતા ત્યારે આ ખુશ સમાચાર તેમને આપવામાં આવ્યા હતા.

આ પદવી ઇનાયત કરવાની ક્રિયા પારીસ ખાતે ઇન્વેલીડસ મીલીટરી મ્યુઝીયમમાં ઓકટોબરની તા. ૧૪મીના દિને જનરલ ડાયેગ્નોક કાટાક્ષે કરી હતી.

નામદાર પ્રિન્સ અલીખાન સાહેબે રેસીંગ સ્ટેબલ ખરીદ્યો હતો, જેમાં તેઓશ્રીએ ૩૦ ઘોડીઓ, ૨૪ ઇયરલીંગઝ અને ૧૫ ફોલ્ઝ મેળવ્યા છે. છેલ્લા ૨૩ વર્ષમાં આ સૌથી મોટી ઘોડાઓની ખરીદી છે.

પાકીસ્તાનના વડા પ્રધાન જનાબ લિયાકતઅલીખાન પોતાના અમેરિકાના પ્રવાસેથી પાછા ફરતા લંડન ખાતે રોકાણા એ દરમ્યાન મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે તેમને પોતાની મુલાકાતનું માન આપ્યું હતું.

## ઈસ્લામી એકતા વિષે મૌલાના હાઝર ઈમામનો સંદેશો.

ઓગસ્ટ મહિનાની તા. ૧૭મીના શુભ દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની મસનદનશીનીનો મુબારક દિવસ "ડાયમન્ડ જ્યુબિલી ડે" તરીકે સમસ્ત ઇસ્માઇલી આલમે અતિશય ઉમંગ અને ભક્તિભાવથી ઉજવ્યો હતો. આ શુભ પ્રસંગે, પાકીસ્તાનના પાયતખ્ત

કરાચીથી પ્રગટ થતા "અલ-ઇસ્લામ"ને મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબ તરફથી હેઠળ મુજબનો એક સંદેશાની નવાજિશ થઇ હતી :–

"ઇસ્લામીઓમાં એકતા ફકત તો જ શકય બને જો સઘળા ફિરકાઓ એકબીજા સાથે માનભર્યું વર્તન રાખે, જેવી રીતે અમો ઇસ્માઇલીઓ હઝરત અલી અ. નો માર્ગ ગ્રહણ કરી, અહલે સુન્નતને માન આપીએ છીએ."

## પાકીસ્તાનના ઇસ્માઇલી યુવાનોને ના૦ શાહઝાદા સદરૂદીનનો પ્રેરક સંદેશો.

ના. શાહઝાદા સદરૂદીન સાહેબે પણ પાકીસ્તાનના ઇસ્માઇલી યુવાનોને સંદેશાની નવાજિશ કરી હતી જે "અલ ઇસ્લામ"માં પ્રગટ કરવામાં આવ્યો હતો.

પાકીસ્તાનના વ્હાલા યુવાન ઇમામી ઇસ્માઇલીઓ,

"મારૂં દિલ તમારી સાથે છે અને આ સંદેશો પ્યાર સહિત પાઠવતાં મને ભારે આનંદ થાય છે. જ્યુબિલી મહોત્સવ દરમ્યાન તમોએ મારા પૂજ્ય પિતાશ્રી માટે બતાવેલો ઉત્સાહ હું હરગીઝ ભુલી શકીશ નહિ. ઇસ્માઇલી ધર્મનું ભાવિ તમારી અને મારી ઉમરનાંઓ ઉપર આધાર રાખે છે. શું આપણે એમના દાખલા પ્રમાણે અનુસરશું કે જેઓએ પોતાના ઇમાન અને ફિદાગીરીથી મીસર, ઇરાન અને સિંધમાં જુદા જુદા પ્રસંગોએ હાઝર ઇમામનો ઝંડો આખી દુનિયાએ તેની રોશની જોઇ ત્યાંસુધી બુલંદ રાખ્યો હતો? હું કહું છું હા—કેમકે આપણાં વડવાઓએ જ્યાં આટલી શાનદાર સફળતા મેળવી, ત્યાં આપણે યુવાનોએ નિષ્ફળ જવું જોઇએ નહિ."

## મૌલાના હાઝર ઇમામની મુબારક જીંદગીનું રંગીન ફીલ્મ ચિત્ર.

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબની મુબારક જીંદગીને ચકચકતી પટી પર ઉતારવાનો મેક્ષીકન ફિલ્મ ઉત્પાદક એલેકઝાન્ડર ગોલ્ડીંગ અંગ્રેજી અને ઉર્દુમાં નિર્ણય કર્યો છે, એવા સમાચાર પરદેશી વર્તમાનપત્રોમાં પ્રગટ થયા હતા. ફીલ્મ ઉતારવા ઇચ્છનાર એલેકઝાંડર ગોલ્ડીંગ માત્ર ૨૯ વર્ષની વયનો મેક્ષીકન યુવાન છે. જે કલાસીક તેમજ પૂર્વના અધ્યાત્મિક-રૂહાની જ્ઞાનનો તલબગાર હોવાનું કહેવાય છે. તેઓ નામદારની મુબારક જીંદગીના આ ચલચિત્રમાં તેઓશ્રીની ખાનગી જીવનની હકીકતો અંગે કંઇ લેવામાં આવશે નહિ, પણ તેઓ નામદારના યુવાનીના દિવસો, હિરક તુલાવિધિના દૃશ્યો, રેસીંગ આલમની ઝળકતી જીતો અને કેટલાક અગત્યના બનાવો ગુંથી લેવાશે. આ પિકચર માટે પાઉંડ ૩૫૦,૦૦૦નો ખર્ચ થશે અને તે તૈયાર થતાં દોઢ-બે વર્ષ લાગશે. મૌલાના હાઝર ઇમામ પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સુંદર સુમેળ સાધતી એક વ્યકિત છે. એ વસ્તુને ખાસ અનુલક્ષીને આ ફિલ્મ તૈયાર કરાશે. આ પિકચર ટેકનીકલર ઉતરવાનું હોવાથી પૂર્વના દૃશ્યો રૂપેરી પરદા પર ખુબજ રોનકદાર લાગશે

મૌલાના હાઝર ઇમામનાં જીવનની ફિલ્મ ઉતારવાના આ સમાચારો પૂર્વ તેમજ પશ્ચિમનાં અખબારોએ સારી અને ધ્યાન ખેંચનારી જગ્યાએ પ્રગટ કર્યા હતા.

## મૌલાના હાઝર ઇમામનું હિંદમાં શુભાગમન—પત્રકારોને આપેલો ઈન્ટરવ્યુ—વિશ્વયુદ્ધ વિષે દર્શાવેલા વિચારો.

ડીસેમ્બર મહિનાની તા. ૨૪મીના દિને સાંજના ૭॥ કલાકે, મૌલાના હાઝર ઇમામ નામદાર આગા સુલતાન મુહમ્મદ શાહ અ., નામદાર માતા સલામત સાથે સાંતાક્રુઝના વિમાની મથક પર કદમ મુબારક ફરમાવતાં, જાણીતા ઇસ્માઇલી આગેવાનો તેમજ હાજર રહેલાઓએ તેઓ નામદારોને દરખભર્યો આવકાર આપ્યો હતો. ત્યારબાદ જાહેર વર્તમાનપત્રના પ્રતિનિધિઓએ તેઓ નામદારની મુલાકાત લીધી હતી અને વિશ્વની રાજકીય આંટીઘુંટી વિષે તેઓ નામદારના મંતવ્યો મેળવવા પત્રકારો આસપાસ ટોળે મળ્યા હતા. તેઓ નામદારે તેઓને જણાવ્યું હતું કે "આંતરરાષ્ટ્રીય મામલો ઘણોજ ખરાબ અને લાગણી ઉકે તેવો દેખાય છે, તો પણ મને દૃઢ આશા છે કે મોટી સત્તાઓ રક્તપાત કરવા પહેલાં બે વાર વિચાર કરશે અને ત્રીજું વિશ્વયુધ્ધ થતું અટકશે. જો ત્રીજું વિશ્વયુધ્ધ થાય તો તે જગત માટે ખતરનાક નિવડશે. હિંદની ભૌગોલિક અને વસ્તી વગેરેની પરિસ્થિતિ જોતાં હિંદ આ વિશ્વયુધ્ધમાંથી કદાચ છટકી શકે."

મૌલાના હાઝર ઇમામ, નામદાર માતા સલામત સાથે હવાઇ મથક પરથી સીધા હસનાબાદ ખાતે પધારી ૨૫,૦૦૦ જેટલી એકઠી મળેલી ઇસ્માઇલી મેદનીને દીદાર આપ્યા હતા અને દુઆ આશિષો ફરમાવ્યા હતા અને દસ્તબોસી કબુલ ફરમાવી હતી.

## મહિલા ઉદ્યોગગૃહને ના. માતા સલામત, બેગમ આગાખાન સાહેબા તરફથી રૂા. એક લાખની બક્ષિશ.

"ટાઇમ્સ ઓફ ઇન્ડીયા"ના કરાચીના ખબરપત્રીએ જણાવ્યું હતું કે, "કરાચી ખાતે બંધાનારા મહિલા ઉદ્યોગગૃહ માટે નામદાર ઉમ્મે હબીબા બેગમ આગાખાન સાહેબાએ, એક લાખ રૂપિયાની નાદર રકમ અર્પણ કરી છે." આ ઉદ્યોગગૃહ પાકીસ્તાનના ગૃહઉદ્યોગો વિકસાવવાની ઉદ્યોગ ખાતાની યોજનાનું એક અંગ છે. મજકુર એક લાખ રૂપિયા તેઓએ, ઉદ્યોગ પ્રધાન ચોધરી નઝીર અહેમદને મોકલી હતી. જેમણે પાકીસ્તાન સરકાર અને પ્રજા વતી ના. બેગમ સાહેબાનો આભાર માનીને, તેઓના સુખશાંતિ અને લાંબા આયુષ્ય માટે દુઆ ગુજારી હતી.

ડીસેમ્બરની તા. ૨૬મીના રોજ મહાલક્ષ્મી પર દોડાયેલી "આગાખાન કપ" માટેની રેસમાં "ચોકલેટ બેબી" જીતવાથી તેના માલિકોને, ના. માતા સલામતે પોતાના મુબારક હાથે હર્ષનાદ વચ્ચે કપ ઇનાયત કર્યો હતો. આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે પણ મુબારક હાજરી આપી હતી.

## જનરલ મિશન એસેમ્બલી—મૌલાના હાઝર ઈમામના અગત્યના ફરમાન.

ડીસેમ્બર મહિનાની તા. ૩૧ મીને રવિવારના સાંજે ચાર કલાકે, હિંદ માટેની ઇસમાઇલીઆ એસોસીએશને બોલાવેલી ઓલ ઇન્ડીઆ જનરલ મિશન એસેમ્બલીની એક ખાસ બેઠક આગાહોલ (વાડી) માં ભરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે કોમનાં આગેવાનો, હોદ્દેદારો, ભાઇઓ અને બહેનોથી ઉભો કરવામાં આવેલો જંગી શામિયાનો ચિકાર ભરાઇ ગયો હતો. પ્રથમ સવાચાર કલાકે ના. માતા

સલામત પધાર્યા હતા. ત્યારપછી મિશનરી બનવા માટેની તાલીમ લઇ રહેલા વિદ્યાર્થીઓની વાયઝ દરમ્યાન મૌલાના હાઝર ઇમામની મુબારક પધરામણી થઇ હતી. તેઓ નામદારે મિશન એસેમ્બલીની પ્રવૃત્તિઓ વિષે પુછપરછ કરી ખુબજ અગત્યના અને માર્ગદર્શક ફરમાનો કર્યા હતા.

તેઓ નામદારે હોનહાર મિશનરીઓને ફરમાવ્યું કે: "અમારી પાસે બીમારી બાબતની જે ફરિયાદો આવે છે તેમાંથી એંસી ટકા જેટલી બીમારીઓ ખાનપાનમાં ધ્યાન ન રાખવાથીજ થયેલી હોય છે, માટે જમાતોને એ બાબત વાયેઝમાં સમજાવો." ત્યારબાદ તેઓ નામદારે હસતાં હસતાં ફરમાવ્યું કે "જો ખાણીપીણીમાં ધ્યાન ન આપવાથી "અઝરાઇલ" (મોતનો ફિરસ્તો) આવે તો તેમાં કોનો વાંક! તાજાં ફળ તરકારી વગેરે ખાવાની ભલામણો કરો."

## બેબી શો—હેલ્થ સેન્ટરનો વધુ લાભ લેવાની ભલામણ.

ઇસ્વી સન ૧૯૫૧ ના જાન્યુઆરી મહિનાની તા. ૨ જીને વાર મંગળવારના દિને સવારના હસનાબાદ ખાતે "એચ. આર. એચ. આગાખાન્સ હેલ્થ સેન્ટર" તરફથી યોજાયેલા "બેબી શો"—બાળ પ્રદર્શનમાં, મૌલાના હાઝર ઇમામે મુબારક પધરામણી કરી, સંસ્થાની પ્રગતિ નિહાળી ઘણા ખુશી થયા હતા અને સંતોષ દર્શાવતાં, સેન્ટરને આપવામાં આવતી ગ્રાન્ટની રકમ બમણી કરી આપી હતી. આ પ્રસંગે તેઓ નામદારે તંદુરસ્તી વિષે અગત્યના ફરમાનો કરી ફરમાવ્યું હતું કે "અમે કોમને ખુબ તંદુરસ્ત જોવા ઇચ્છીએ છીએ. સેન્ટરનો લાભ લેવાય છે તેનાથી પણ વધુ લ્યો."

મૌલાના હાઝર ઇમામ સેન્ટરના કાર્યકરોને દુઆઆશિષો ફરમાવી સિધાવી ગયા બાદ ના. માના સલામતે તંદુરસ્ત બાળકોને સેન્ટર તરફના ઇનામો અને "હાઇજીન એન્ડ સેનીટેશન"ની પરિક્ષામાં સફળ થયેલી બહેનોને સર્ટીફીકેટો પોતાના મુબારક હાથે અર્પણ કર્યાં હતા.

## મસાલાવાલા કો-ઓપરેટીવ બેન્ક લીમીટેડની ઉદઘાટન ક્રિયા.

જાન્યુઆરી મહિનાની તા. ૩ જીને વાર બુધવારના દિને સવારના નવ વાગ્યે મસાલાવાલા કો-ઓપરેટીવ બેન્ક લીમીટેડની, મૌલાના હાઝર ઇમામે ઉદઘાટન ક્રિયા કરતાં ફરમાવ્યું હતું કે "અમારા અભિપ્રાય મુજબ બેન્કીંગનો ધંધો, તેની વ્યવસ્થા ખુબજ પ્રમાણિકતા અને ચીવટ તેમજ લોકો એટલે કે ડીપોઝીટરો અને શેર હોલ્ડરોનાં હિતોનું સતત ધ્યાન રાખવાનું માંગી લે છે." ત્યારપછી મૌલાના હાઝર ઇમામે તાળીઓના ગગડાટ વચ્ચે "સેજર બુક"માં પોતાના મુબારક હસ્તાક્ષર કરી બેન્ક ખુલ્લી મુકાયાની જાહેર કરી હતી.

એજ દિને સવારે મૌલાના હાઝર ઇમામ, હસનાબાદ ખાતે ઇસ્માઇલીયા કો-ઓપરેટીવ બેન્કના એક સમારંભમાં પધારી ફરમાવ્યું હતું કે: "પ્રમાણિકતા અને સહકાર એક બીજા સાથે સંકળાયલા છે. બેન્કના સભ્યો પાસેથી અમે એવી આશા રાખીએ છીએ કે તેઓ બેન્કમાંથી લીધેલી લોનના હપ્તાઓ પ્રમાણિકપણે નિયમીત ભરતા રહે અને તેમ કરીને આ કો-ઓપરેટીવ સંસ્થાને પુરેપુરો સહકાર આપે."

તેઓ નામદારે સામે પડેલા ફ્રુટ તરફ ઇશારો કરી ફરમાવ્યું: "સત્યતા એક એવી ચીજ છે કે જેનાથી આ ફ્રુટ પણ બગીચામાં ફેરવાઇ જાય છે જ્યારે અસત્યતાથી પત્થરના મજબુત મીનારાઓ પણ પડી ભાંગે છે."

## મૌલાના હાઝર ઈમામ સૌરાષ્ટ્રમાં—મુંબઈ પોલીસ કલબમાં ટીપાર્ટી.

જાન્યુઆરી મહિનાની તા. ૪થીને વાર ગુરૂવારના દિને મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામત સવારના ૧૧ વાગે વિમાન મારફતે રાજકોટના હવાઇ મથક પર પધારતાં, જમાતના ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારનો સુંદર સત્કાર કર્યો હતો. આ પ્રસંગે રાજકુમાર કોલેજના મેદાનમાં ઉભા કરવામાં આવેલા ભવ્ય શામિયાનામાં કચ્છ અને સૌરાષ્ટ્રના પંદર હજાર ઇસમાઇલીઓની એકી મળેલી મેદનીને તેઓ નામદારે દુઆઆશિષો ફરમાવ્યા બાદ સમય અને સંજોગોને પારખીને તેને અનુકુળ થતા રહેવા અને તંદુરસ્તીના ઉપયોગી ફરમાનો ફરમાવ્યા હતા. સૌરાષ્ટ્રના હેલ્થ સેન્ટરોને દર વર્ષે અપાતી ગ્રાંટોમાં સંગીન વધારો કરી આપવાની તેઓ નામદારે કરમબક્ષિશ કરી હતી.

જાન્યુઆરીની તા. ૫મીને શુક્રવારના દિને મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતના માનમાં મુંબઇની પોલીસ કલબ તરફથી યોજવામાં આવેલી ટીપાર્ટીમાં તેઓ નામદારોએ ભાગ લીધો હતો. જ્યાં તેઓ નામદારોને પોલીસ કમિશ્નર શ્રી. ચુડાસમા અને કલબના સભ્યોએ હર્ષભર્યો આવકાર આપ્યો હતો.

આ કલબનું ભવ્ય મકાન મૌલાના હાઝર ઇમામે અર્ધા લાખ રૂપીયાની આપેલી ઉદાર મદદથી બાંધવામાં આવ્યું છે અને તે સાથ તેઓ નામદારનું નામ જોડવામાં આવ્યું છે. આ મકાન ઇસ્વી સન ૧૯૪૧માં બાંધવામાં આવ્યું હતું.

## સાલગ્રેહની શાનદાર ઉજવણી.

સને ૧૯૫૨ના જાન્યુઆરી મહિનાની તા. ૭મીને વાર રવિવારના શુભ દિને, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ., નામદાર વલીઅહદ શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબ, ભવિષ્યના ગાદીવારસ પ્રિન્સ કરીમ આગાખાનની સંયુકત મુબારક સાલગ્રેહની શાનદાર ઉજવણી, મુંબઇ તેમજ પરાંઓની ઇસમાઇલી જમાતોએ ઘણીજ ધામધુમ સહિત કરી હતી. હસનાબાદમાં સવારના દશ કલાકે સાલગ્રેહનો ભવ્ય દરબાર ભરવામાં આવ્યો હતો. જેમાં યુવાનોની કેળવણી સરકારના કેળવણી ખાતાના વિચારોને અનુસરતી હોવી જોઇએ, તેમજ ઇસમાઇલી વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક ક્રિયાઓ માટે ઉત્તેજન આપવા વિષે અગત્યના ફરમાનો કર્યા હતા. તંદુરસ્તીને લગતા ફરમાનો કરતાં તેઓ નામદારે જણાવ્યું હતું કે, "સામાન્ય રીતે ઇસ્લામમાં અને ખાસ કરીને ઇસમાઇલીઓમાં એવી માન્યતા અને શ્રધ્ધા છે કે, ખુદાનું માત્ર ઘર—મસ્જિદ ઇન્સાનનું શરીર છે કે જેમાં રૂહ, શિસ્ત, આનંદ, મુસિબતો અને ગમગીનીઓની દુન્યવી અસર હેઠળ રહે છે. આ શરીરની સંભાળથી જતન લેવી જોઇએ. કેટલીક બીમારીઓ અને રોગો તદન કુદરતી છે અને કસોટીઓ જેવા છે, જેમાંથી આપણે સઘળાઓએ પસાર થવું જોઇએ, પણ કમનસીબે અમે જોઇએ છીએ કે આપણી વચ્ચે એકાદ કુદરતી બીમારી અથવા નાદુરસ્ત તબીયતવાળા પાંચ દશ (કેસો) તો ખામીભર્યા પોષણથી અને તંદુરસ્તીના નિયમોથી વિરૂધ્ધ જવાને લીધે થતા હોય છે." સાંજે દરખાનેથી ભવ્ય સરઘસ કાઢવામાં આવ્યું હતું જેને નિહાળવા પ્રેક્ષક આલમની મોટી મેદની જોવા એકઠી મળી હતી.

## મૌલાના હાઝર ઇમામ પુનામાં—એંગ્લો-ઉર્દુ ગર્લ્સ હાઇસ્કુલનો પાયો નાખવાની ક્રિયા.

જાન્યુઆરીની તા. ૧૨મીના શુભ દિને મૌલાના હાઝર ઇમામે, ના. માતા સલામત સાથે પુના ખાતે વિમાન મારફતે પધરામણી કરતાં પુનાના ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારોનો ભારે હરખભર્યો સત્કાર કર્યો હતો. તા. ૧૪મીના દિને સાંજના તેઓ નામદારે "એંગ્લો-ઉર્દુ ગર્લ્સ હાઇસ્કુલ"નો પાયો નાખવાની ક્રિયા પોતાના મુબારક હાથે કરી હતી. આ પ્રસંગે સ્કુલની પ્રગતિનો રિપોર્ટ ફારસી ભાષામાં રજુ કરવામાં આવ્યો હતો. જેના જવાબમાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું હતું કે "જે કોમ સંજોગો પ્રમાણે પોતાનું વર્તન ફેરવતી નથી તે પછાત રહી જાય છે. આપણને સમયની સાથેજ બદલતાં રહેવું જોઇએ."

## કેન્યામાં "આગાખાન ડે"ની ભવ્ય ઉજવણી.

ડીસેમ્બર મહિનાની તા. ૨૫મીથી નાઇરોબી ખાતે "શિક્ષણ સપ્તાહ"ની શરૂઆત કરવામાં આવી હતી, જેમાં "આગાખાન ડે" તેમજ "કાઇદે આઝમ ડે" પણ ઉજવવામાં આવ્યા હતા. આ ઉજવણીમાં અરબો, આફ્રિકનો, સોમાલી અને એશિયાઇ મુસ્લિમોએ સારી સંખ્યામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે મુસ્લિમોની કેળવણીમાં આપેલ અગત્યના અને શાનદાર હિસ્સા વિષે ભાષણો થયા હતા, અને તેઓ નામદારે આફ્રિકાની વેલફેર સોસયટીને અર્પણ કરેલ શીલીંગ ૧૬૭૨૦૦૦નો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મૌલાના હાઝર ઇમામની ઇસ્લામની સેવાઓ માટે અહેસાનની લાગણી દર્શાવતો ઠરાવ રજુ કરવામાં આવ્યો હતો. આ સપ્તાહ પ્રસંગે કેળવણી પરિષદ જોગો કેન્યાના નામદાર ગવરનર સર ફિલીપ મીશલે શુભેચ્છાનો સંદેશો પાઠવતાં, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની મુસ્લિમ કેળવણી અંગેની સેવાઓની ભારે પ્રશંસા કરી હતી.

## હુન્ઝાના ઇસ્માઇલી રાજ્યકર્તા પાકીસ્તાનમાં.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ.ની પાકીસ્તાન ખાતેની મુબારક પધરામણી પ્રસંગે, "દુનિયાનું છાપરૂં" સમાન લેખાતા સેન્ટ્રલ એશિયામાં આવેલા "હુન્ઝા" ના ઇસમાઇલી રાજ્યકર્તા, હિઝ હાઇનેસ મીર મુહમ્મદ જમાલખાન તેઓ નામદારની હુઝુરમાં પવિત્ર દીદારનો લાભ લેવા કરાચી ખાતે આવ્યા હતા જેમને કરાચીના ઇસમાઇલી આગેવાનોએ સુંદર આવકાર આપ્યો હતો અને તેમના માનમાં ભોજન સમારંભો યોજ્યા હતા. હિઝ હાઇનેસ મીર મુહમ્મદ જમાલખાને કરાચીના એક આગેવાન અખબારનવેશ સાથની મુલાકાત દરમ્યાન જણાવ્યું હતું કે, હિઝ રોયલ હાઇનેસ નામદાર પ્રિન્સ આગાખાન સાહેબે તેમને ફ્રન્ટીયર અને પંજાબની ઇસમાઇલી જમાતના સદર તરીકે નિમણુંક ફરમાવેલ છે. તેઓ એ વિભાગમાં રહેતા ઇસમાઇલીઓની કેળવણી અને રહેઠાણની યોજનાઓ પર દેખરેખ રાખશે; એટલુંજ નહિ પણ તેઓ વચ્ચેના ઝઘડાઓનો ફેંસલ લાવવાની સત્તા પણ તેમને મૌલાના હાઝર ઇમામે આપી છે.

## નામદાર વલીઅહદ આફ્રિકામાં.

જાન્યુઆરી મહિનાની તા. ૧૦ મીના દિને સાંજના ૪-૩૦ કલાકે, મૌલાના હાઝર ઇમામના વહાલા વલીઅહદ, હિઝ સીરીન હાઇનેસ પ્રિન્સ અલીખાન સાહેબ, પ્રિન્સેસ રીટા સાથે નાઇરોબીના

હવાઈ મથક પર કદમ મુબારક કરતાં, તેઓ નામદારનો સત્કાર કરવા એકઠી મળેલી સર્વ કોમની જંગી માનવ મેદનીએ તાળીઓનાં ગગડાટથી તેઓશ્રીને વધાવી લીધા હતા. નામદાર વલીઅહદની મુબારક પધરામણીથી આખું નાઈરોબી આનંદમાં ગરકાવ થઈ ગયું હતું. નાઈરોબી ખાતેની તેઓશ્રીની રોકાણ દરમ્યાન નિયમિત જમાતખાને પધારી મૌલાના હાઝર ઈમામના ઇસ્માઇલી મુરીદોને કરકસર, કેળવણી, વેપાર અને બીજા વિષયો ઉપર અસરકારક નસિહતો કરી હતી.

નામદાર વલીઅહદની પધરામણી પ્રસંગે જમાતખાના પાસે યુરોપિયનો આફ્રિકનો અને હિંદી પ્રજાની ઠઠ જામતી હતી, જેને કાબુમાં રાખવા પોલીસો માટે એક મહા મુશ્કિલ કોયડો થઈ પડયો હતો. જાન્યુઆરીની તા. ૧૨ મીના દિને, મૌલાના હાઝર ઈમામની ડાયમન્ડ જ્યુબિલીની યાદગીરીમાં બંધાયેલ "ડાયમન્ડ જ્યુબિલી હૉલ"ની તેઓ નામદારે તાળીઓનાં ગગડાટ વચ્ચે સોનાની કુંચીથી ઉદઘાટન ક્રિયા કરી હતી. જાન્યુઆરીની તા. ૧૩ મીના દિને સીમુરૂ રોડ પરની હિઝ હાઈનેસ ધી આગાખાન પ્રાઇમરી સ્કુલનો પાયો નાખવાની દબદબાભરી ક્રિયા કરી હતી. આ સ્કુલની ઈમારત બાંધવામાં લગભગ પાઉંડ ૪૦ હજાર જેટલું ખર્ચ આવવા વકકી છે અને તેમાં ૬૦૦ જેટલા પ્રાઇમરી વિદ્યાર્થીઓ–છોકરા છોકરીઓ–કેળવણી લઈ શકશે

જાન્યુઆરીની તા. ૧૮ મીના દિને સાંજના મોમ્બાસા ખાતે નામદાર વલીઅહદ સાહેબે, એક વગદાર મેળાવડા સમક્ષ નવી બોયઝ હાઈ સ્કુલનો પાયો નાખવાની શાનદાર ક્રિયા કરી હતી. એજ્યુકેશન બોર્ડના ચેરમેને આ પ્રસંગે સુંદર વિવેચન કર્યું હતું, જેમાં મર્હૂમા આલિજહાની કુલસુમબાઈ ફરમાલીએ સ્કુલ માટે આપેલ ઉદાર રકમનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે આ સ્કુલના બાંધકામનું ખર્ચ પાઉંડ ૮૦,૦૦૦ થશે, જેમાં આધુનિક ઢબનાં સાધનો વસાવવાનો ખર્ચ પાઉંડ ૨૦,૦૦૦ થશે. એમાં કેન્યાની સરકાર તરફથી પાઉંડ ૪૦,૦૦૦ અને મૌલાના હાઝર ઇમામ તરફથી એટલીજ રકમ અર્પણ કરવામાં આવી છે. તા. ૧૯ મીના સાંજે જ્યુબિલી બિલ્ડીંગ કો–ઓપરેટીવ સોસાયટીના ફ્લેટોના બ્લોકનો પાયો નાખવાની ક્રિયા કરી હતી.

## ત્રીજું વિશ્વયુધ્ધ કેમ અટકે? નામદાર વલીઅહદે દારેસ્સલામ ખાતે આપેલું અગત્યનું ભાષણ.

દારેસ્સલામના કલચરલ સોસાયટીનાં સભ્યો સમક્ષ "મધ્યપૂર્વ અને આજના જગતમાં ઇસ્લામનું મહત્વ" એ વિષય પર, નામદાર વલીઅહદ પ્રિન્સ આકા અલીખાન સાહેબે ભાષણ કરતાં જણાવ્યું હતું કે "એ ખરેખર ખેદજનક છે કે, અહિં "દાર–અસ–સલામ અર્થાત સલામતીભર્યા સ્થળ"માં મારે લડાઈ માટે બોલવું પડે; તો પણ હું લડાઈ માટે બોલીશ, છતાં મુસ્લિમ જગતના વધતા જતા બળના કારણે મારી પ્રબળ માન્યતાને લીધે હું શાંતિ માટે જ્વલંત આશા સેવું છું. જો મુસ્લિમ આલમ આઝાદીના રક્ષણ માટે ક્રિશ્ચાનિટી સાથે પ્રબળ એકતા સાધે તો તે આપણા ઉપર લાદવામાં આવેલી કોઈપણ લડાઈને કદાચ અટકાવી શકે." દારેસ્સલામની આ પ્રગતિશીલ સંસ્થામાં અપાયલા આ અગત્યનાં અને રસિક ભાષણ વેળાએ ઘણી મોટી મેદની હાજર રહી હતી. નામદાર વલીઅહદે દોઢ કલાક સુધી સચોટ દલીલો સાથેની હકીકતો રજુ કરી હતી.

## નામદાર વલીઅહદનાં હાથે ઇલાલા—આફ્રિકા ખાતે મસ્જિદનો પાયો નાંખવાની ક્રિયા.

જાન્યુઆરીની તા. ૨૯મીના દિને દારેસ્સલામ ખાતેની નામદાર વલીઅહદ પ્રિન્સ આકા અલીખાન સાહેબે પોતાની રોકાણ દરમ્યાન દારેસ્સલામના આફ્રિકન વિભાગમાં ઇલાલા ખાતે આફ્રિકનો માટેની મસ્જિદનો પાયો નાખવાની ક્રિયા કરી હતી. આ પ્રસંગે ઇસ્ટ આફ્રિકન મુસ્લિમ વેલફેર સોસાઇટીના પ્રોવિન્શીયલ કાઉન્સીલના પ્રમુખ શેઠ અબ્દુલકરીમ યુસુફઅલી કરીમજીએ તેઓ નામદારને આવકાર આપતાં, મસ્જિદની જરૂરિયાત અને તેના માટે રૂા. ૨૫ હજાર શેઠ યુસુફઅલી કરીમજી જીવણજી અને રૂા. ૨૫ હજાર, મૌલાના હાઝર ઇમામ તરફથી મળતી ગ્રાન્ટમાંથી, આ મસ્જિદ માટે મળ્યા હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

આફ્રિકન મુસ્લિમો વતી બોલતાં કાઉન્સીલર રાશીદ બિન આલી બિન મેલીએ ના. વલીઅહદનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે "આજનો પ્રસંગ આપના મહાન પૂર્વજ હઝરત નબી સાહેબે પોતે મક્કા ખાતે હજરૂલ અસવદનો પવિત્ર પત્થર કાબામાં મુકવાની મુબારક ક્રિયા કરી હતી તેની યાદ તાજી કરાવે છે. ત્યારબાદ મૌલાના હાઝર ઇમામે પૂર્વ આફ્રિકાના મુસ્લિમો માટે મસ્જિદો અને સ્કુલો બાંધવા જે ઉદાર રકમની મદદ આપી છે તે માટે આ સભામાં તેઓ નામદારનો તેમણે આભાર માન્યો હતો.

નામદાર વલીઅહદ પ્રિન્સ આકા અલીખાન સાહેબ અને પ્રિન્સેસ સાહેબાનો આફ્રિકા ખાતેનો છ થી સાત અઠવાડીઆનો પ્રોગ્રામ હતો. તેઓ નામદારે કેન્યા, યુગાન્ડા, ટાન્ગાનીકા, ઝાંઝીબાર, માડાગાસ્કર, પોર્ચુગીઝ આફ્રિકા, રોડેશીઆ, બેલ્જીયમ કોંગો, એડીસ અબાબા વગેરેની મુલાકાત લીધી હતી. આ આખો પ્રવાસ તેઓ નામદારોએ પોતાના વિમાનમાંજ કર્યો હતો. સઘળે સ્થળે તેઓ નામદારોને ઇસ્માઇલીઓ ઉપરાંત સઘળી કોમોનાં લોકોએ દરખબર્યો સત્કાર કરી અજોડ માન આપ્યું હતું.

જાન્યુઆરી મહિનાની તા. ૧૪મીના દિને પુના ક્લબમાં "આગાખાન હોકી ટુર્નામેન્ટ"ની ફાઇનલ મેચ પ્રસંગે મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતે મુબારક હાજરી આપી હતી. મેચ જીતનારને ના. માતા સલામતે પોતાના મુબારક હસ્તે "ટ્રોફી" એનાયત કરી હતી.

## મૌલાના હાઝર ઇમામનો ભારતનો પ્રવાસ.

જાન્યુઆરી મહિનાની તા. ૧૬મીના દિને મૌલાના હાઝર ઇમામ ના. આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ના. માતા સલામત પુનાથી વિમાન મારફતે હૈદ્રાબાદ (દખ્ખણ) ખાતે મુબારક પધરામણી કરતાં, વિમાની મથકે ના. નિઝામ, તેમના વલીઅહદ, નવાબ ઝેન યારજંગ બહાદુર અને સરકારના ચીફ સેક્રેટરી શ્રી એસ. સી. જૈન, ખાનબહાદુર વઝીર એહમદ નવાઝ જંગ બહાદુર અને નામાંકિત ઇસ્માઇલી આગેવાનોએ તેઓ નામદારોનો ભાવભીનો સત્કાર કર્યો હતો. તેઓ નામદારોએ હૈદ્રાબાદ ખાતેની ટુંક રોકાણ દરમ્યાન પોતાના અનુયાયીઓને મુલાકાતો આપ્યા ઉપરાંત ના. નિઝામ તરફથી, તેઓશ્રીના માનમાં યોજવામાં આવેલ લંચ પાર્ટી, વડા પ્રધાન શ્રી એમ. કે. વેલોડી તરફના ભોજન સમારંભ અને વઝીર એહમદ નવાઝ જંગ તરફના "એટ હોમ"માં તેઓ નામદારોએ ભાગ લીધો હતો.

## નાગપુરના જાણીતા અખબારોની નોંધ–ગાંધીજીના જુના મિત્ર સાથે મુલાકાત.

જાન્યુઆરીની તા. ૧૭મીના દિને મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામત નાગપુરના વિમાની મથકે મુબારક પધરામણી કરતાં, બિરાર અને સી. પી.=મધ્ય પ્રદેશના નામાંકિત ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારોનો હરખભર્યો સત્કાર કર્યો હતો. અહિં પણ તેઓ નામદારે, મોટી સંખ્યામાં એકઠા થયેલા ઇસમાઇલી મુરીદોને મુલાકાતનો લાભ આપ્યો હતો. તેઓ નામદારની મુબારક પધરામણી પ્રસંગે નાગપુરના આગેવાન અંગ્રેજી અને મરાઠી અખબારોએ મૌલાના હાઝર ઇમામને ભવ્ય અંજલિ આપી હતી.

અંગ્રેજી દૈનિક "નાગપુર ટાઇમ્સ" અને મરાઠી દૈનિક "તરુણ ભારતે" તેઓ નામદારના પધરામણીના અહેવાલો પણ પ્રગટ કર્યા હતા. "નાગપુર ટાઇમ્સે" લખ્યું હતું કે ઇસમાઇલી ખોજા મુસલમાનોનાં ધર્મગુરૂ, પયગમ્બર સાહેબના વંશજ, હિઝ હાઇનેસ ધી આગાખાનને આવકારવા મધ્ય પ્રદેશના સેંકડો ઇસમાઇલી ખોજાઓ હવાઇ મથક પર આવ્યા હતા. તેઓ નામદારના પાંચ હજાર અને હિંદ–પાકીસ્તાનમાં બે લાખ અનુયાયીઓ છે. ઉપરાંત સેન્ટ્રલ એશિયા, આફ્રિકા, સીરીયા, લેબેનોન, ઇજીપ્ત અને બીજા અરબ દેશોમાં તેમજ સારી દુનિયામાં વસવાટ કરી રહ્યા છે.

નામદાર આગાખાન સાહેબ નાગપુરથી વિદાય થવાની તૈયારીમાં હતા, ત્યારે અચાનક લંડનના એક સોલીસીટર અને ગાંધીજીના એક જુના મિત્ર મી. એચ. એચ. એલ. પોલાક તેઓ નામદારની નજરે પડ્યા, તેઓશ્રીએ કહ્યું: "હલ્લો મી. પોલાક! દુનિયાની બધી જગ્યા છોડીને તમે અહિં નાગપુરમાં ક્યાંથી આવ્યા?" મી. પોલાકે કહ્યું: "કેટલાક જુના અને ધંધાદારી મિત્રોને મળવા હું અત્રે આવ્યો છું." નામદારે ફરમાવ્યું: "તમે જાણો છો કે હમણાં હું ગાંધીજીની આત્મકથા વાંચી રહ્યો છું, જેમાં તેમણે–દક્ષિણ આફ્રિકાની સત્યાગ્રહની–ચળવળમાં તમારો ઉલ્લેખ કર્યો છે, એમ જણાય છે કે તેમના પર ટોલ્સટોય, રસ્કીન અને રોઝાંની અસર પડેલી છે. તેમણે ઘણી બાબતના સોગંદ લીધા હતા. દુધના પણ! એ અજાયબી નથી? સારૂં! જ્યારે બીજી વખત હું લંડનમાં હોઉં ત્યારે મને મળજો. મળશો કે?"

જાન્યુઆરી મહિનાની તા. ૧૭મીના દિને મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતે કલકતા ખાતે મુબારક પધરામણી કરી પોતાના અનુયાયીઓને મુલાકાતનો લાભ આપ્યો હતો. તેઓ નામદારોને પશ્ચિમ બંગાળના ગવરનર ડૉ. સર કૈલાસનાથ કાત્જુએ માનવંત પરોણા તરીકે ગવર્નમેન્ટ હાઉસમાં ઉતારો આપ્યો હતો. ત્યાંથી તેઓ નામદારો તા. ૨૦મીના વિમાન મારફતે રંગુન તરફ સિધાવી ગયા હતા.

## મૌલાના હાઝર ઇમામની ઉદાર ભેટ.

જાન્યુઆરીની તા. ૧૮મીના દિને મૌલાના હાઝર ઇમામે કલકત્તાની મુસ્લિમ સ્પોર્ટીંગ યુનિયને યોજેલા મેળાવડામાં ભાગ લીધો હતો. આ પ્રસંગે તેઓ નામદારે રૂા. ૧૦,૦૦૦ ગવરનર ફંડમાં ભેટ આપ્યા હતા. જેમાંની અર્ધી રકમ મુસ્લિમો અને અર્ધી રકમ બિન–મુસ્લિમોના લાભાર્થે વાપરવામાં આવે એવી તેઓ નામદારે ઇચ્છા દર્શાવી હતી.

## મૌલાના હાઝર ઈમામને બરમાનું અપૂર્વ માન.

જાન્યુઆરી મહિનાની તા. ૨૦ના બપોરે ૩-૩૦ કલાકે, મૌલાના હાઝર ઈમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ના. માતા સલામતે, રંગુનના મીંગલાડોનના વિમાની મથક ઉપર કદમ મુબારક કર્યા હતા. તેઓ નામદારોનું સ્વાગત કરવા બરમાના વડા પ્રધાન માનનીય થકીન નુ અને તેમના ધર્મપત્નિ ડાગેયાથી કોમર્સ અને સપ્લાઇ ખાતાના પ્રધાન ઉ ચો ગ્રીન્ટ, ન્યાયખાતાના પ્રધાન ઉખીન માંઉલા, કેળવણી ખાતાના પ્રધાન ઉથાન આંઉ, નાણાકીય અને મહેસુલ ખાતાના પ્રધાન ઉટીન, ચીન ખાતાના પ્રધાન ઉ પુમ શુ, રંગુનના મેયર ઉ તે માંઉ, ડીપલોમેટીક કોરના પ્રતિનિધિઓ, અને જુદી જુદી કોમના તેમજ ઇસમાઇલી આગેવાનો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા. વિમાનમાંથી ઉતરતાંની સાથે મૌલાના હાઝર ઇમામ તથા ના. માતા સલામતે વડા પ્રધાન અને તેમની ધર્મપત્નિ સાથે હસ્તધુનન કર્યા હતા અને બે યુવાન બાળાઓ ક્યુ ક્યુ સેન (મીસ બરમા ૧૯૫૦) અને ની ની સેને મૌલાના હાઝર ઇમામ અને નામદાર માતા સલામતને ફુલહાર અર્પણ કર્યા હતા.

મૌલાના હાઝર ઇમામને સ્ટેટ ગેસ્ટ તરીકે બરમાની સરકારે નોતરેલ હોવાથી ગવર્નમેન્ટ તરફથી તેઓ નામદાર માટે ઘણીજ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. પોલીસનો સારામાં સારો બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો અને તેઓ નામદારની મોટર પસાર થાય ત્યાંસુધી વાહન વ્યવહાર બંધ રાખવામાં આવતો હતો.

હવાઇ મથકથી સરઘસને આકારે સઘળા જીમખાના ક્લબના કમ્પાઉન્ડના ભવ્ય શામીયાનામાં આવી પહોંચ્યા હતા. જ્યાં રંગુન તથા આખા બરમાના જુદા જુદા ગામોથી આવેલ ઇસમાઇલી જમાતોને મૌલાના હાઝર ઇમામે મુલાકાત આપી ઉત્તમ દોરવણી રૂપે ફરમાનો કર્યા હતા. તેઓ નામદારે યુનિયન ઓફ બરમાના પ્રેસીડેન્ટના નિવાસસ્થાન "પ્રેસીડેન્ટ હાઉસ"માં વીઝીટર્સ બુકમાં શેરો કર્યા બાદ અરજાનીગોન ખાતે બરમાના મહાન નેતા શહીદ બોજ્યો આઉંસાનની સમાધિ ઉપર ફુલ ચઢાવ્યા હતા. રાત્રે પ્રેસીડેન્ટ હાઉસમાં યુનિયન ઓફ બરમાના પ્રેસીડેન્ટ તરફથી મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતના માનમાં ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

જાન્યુઆરીની તા. ૨૧મીના દિને રંગુનના "ચાઇશાન"ના રેસકોર્સ પર પધારી તેઓ નામદારે "આગાખાન રેસ" નિહાળી હતી અને તેઓશ્રી તરફથી જાહેરાત કરવામાં આવેલ "સીલ્વર કપ" જીતનાર ઘોડાના જોકીને તેઓ નામદારે અર્પણ કર્યો હતો. સાંજના સાત વાગે મૌલાના હાઝર ઇમામે ના. માતા સલામત સાથે નવા જમાતખાનામાં મુબારક પધરામણી કરી હતી અને રૂપીયા અઢી લાખના ખર્ચે જમાતખાનાની સુંદર ઇમારત બંધાવી આપનાર વઝીર ઉ કાનજી અને તેમનાં કુટુંબને તેઓશ્રીએ દુઆ આશિશો ફરમાવ્યા હતા.

## મૌલાના હાજર ઈમામના માનમાં ભવ્ય સમારંભો.

જાન્યુઆરીની તા. ૨૨મીના દિને બપોરે મૌલાના હાઝર ઇમામ અને માતા સલામતના માનમાં બરમાના વડા પ્રધાન અને તેમના ધર્મપત્નિ તરફથી "સ્ટેટ લંચ" આપવામાં આવ્યું હતું અને બરમા યુનિયનના પ્રેસીડેન્ટ તથા તેમના ધર્મપત્નિ તરફથી સ્ટ્રાંડ હોટેલમાં એક 'રાજવંશી ડીનર'નો સમારંભ યોજવામાં આવ્યો હતો. જાન્યુઆરીની તા. ૨૩મીના દિને બપોરે તેઓ નામદારોના માનમાં પાકીસ્તાનના

MOWLANA HAZAR IMAM [illegible]
AGA KHAN and Her Highness the Begum Aga Khan in Burmese National attire. The Photo was taken during their visit to Burma (1951).



મૌલાના હાઝર ઈમામ નામદાર આગાખાન સાહેબ અને ના. માતા સલામત બરમીઝ પોશાકમાં આ તસ્વીર તેઓ નામદારની રંગુન ખાતેની પધરામણી વેળાએ લેવામાં આવી હતી.

'ચાર્જ ડી અફેર્સ" મી. શાહનવાઝ તરફથી આપવામાં આવેલ "લંચ પાર્ટી"માં અને સાંજે મુસ્લિમ આગેવાનો તરફથી "ચા પાર્ટી" માં તેઓ નામદારોએ ભાગ લીધો હતો. તા. ૨૪મીના સાંજે ગવર્નમેન્ટ ઓફ ધી યુનિયન ઓફ બરમાના માનમાં, બરમાની નામદાર ઇસમાઇલીઆ કાઉન્સીલે બરમીઝ ઇસમાઇલીઓ તરફથી એક શાનદાર "ટી પાર્ટી" આપી હતી. જેમાં લગભગ ૧૨૦૦ પરોણાઓએ હાજરી આપી હતી. આ પ્રસંગે મૌલાના હાજર ઇમામ અને ના. માતા સલામતે રાજવંશી બરમીઝ પોશાક પહેર્યા હતા. તેઓ નામદારે બરમીઝ તેમજ અન્ય સર્વ હાજરીનોનાં દિલો જીતી લીધા હતા. બપોરના તેઓ નામદારે બ્રિટીશ એમ્બેસીડર અને નેધરલેંડના મીનીસ્ટર સાથે લંચ લીધું હતું. રાત્રે ફ્રેન્ચ લીગેશન તરફથી તેઓ નામદારોનાં માનમાં પાર્ટી આપવામાં આવી હતી. ૨૫મીના બપોરે હિંદી એલચી તરફથી લંચ યોજવામાં આવ્યું હતું. તેઓ નામદારે મુસ્લિમ આગેવાનોને પણ મુલાકાત આપી કેટલીક કિમતી સુચનાઓ અને દોરવણી આપી હતી.

## શાનદાર દરબાર—અગત્યના ફરમાનો.

એજ દિને સવારના જમાતખાનાના કમ્પાઉન્ડમાં એક શાનદાર દરબાર ભરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેઓ નામદારે કેળવણી સંબંધમાં ફરમાવ્યું હતું કે "ગુજરાતી શિક્ષણ આપવાની હવે જરૂર નથી. હવેથી બરમીઝ અને અંગ્રેજીનું શિક્ષણ વધુમાં વધુ આપો." ત્યારબાદ મૌલાના હાજર ઇમામે ફરમાવ્યું હતું કે "મુંબઇની ઇસ્માઇલીઆ એસોસિએશને હવેથી આપણા મઝહબના પુસ્તકો અંગ્રેજીમાં છાપવા શરૂ કરેલ છે, તે તમો મંગાવીને તમારા બચ્ચાંઓને શિખવો. હવે ગુજરાતી ભાષાની જરૂર નથી. અંગ્રેજીમાં શિખશે તો તેઓ વધુ સારી રીતે સમજશે. દુઆ અંગ્રેજીમાં બાળકોને સહેલી પડશે. ફરમાન પણ અંગ્રેજીમાં છાપવામાં આવશે. "નુરમ મુબીન" પણ અંગ્રેજીમાં મળશે. પીર શાહબુદીન શાહે રચેલું પુસ્તક પણ અંગ્રેજીમાં છે. આખી દુનિયામાં પણ અંગ્રેજી ભાષા મોટા પ્રમાણમાં ચાલુ છે, માટે તમારા બચ્ચાંઓને અંગ્રેજી તથા બરમીઝ શિક્ષણ આપો."

## મૌલાના હાજર ઈમામનો ઇન્ટરવ્યુ—બરમાની પ્રજાને સંદેશો.

રંગુનના પત્રકારો તથા વિદેશી ખબરપત્રીઓએ મૌલાના હાજર ઇમામને વિદાય સંદેશો પુછતાં તેઓ નામદારે સ્ટ્રેંડ હોટલમાં તા. ૨૫ ના દિને જણાવ્યું હતું કે "મેં બરમાને પોતાની આઝાદી ગુમાવતાં અને પોતાની આઝાદી પાછી જીતતાં જોયું છે. આજથી ૫૧ વર્ષ પહેલાં મેં બરમાની પહેલી મુલાકાત લીધી હતી. જે વેળાએ બ્રિટીશો અપર બરમાનો કબજો જનરલ પ્રેન્ડરગાસ્ટની સરદારી હેઠળ લેવામાં રોકાયલા હતા. એ પછી મેં રાજા થીબોને રત્નાગીરી લઇ જવામાં આવતા જોયા હતા. હું અત્રે પાંચ વાર આવ્યો છું અને જુની તથા નવી ગાંઠો સાથે બરમા તરફ પ્રેમની લાગણીથી જોઉં છું."

મૌલાના હાજર ઇમામે વધુમાં જણાવ્યું હતું કે "મેં બરમાને પોતાની આઝાદી મેળવતાં એવી રીતે જોયું છે કે જાણે એક ગુમાયલો આત્મા પાછો જીતી લીધો હો. એ બાદ બરમા બેશક વધારે ગંભીર બન્યું છે. હાલની કામચલાઉ જંજાળો છતાં આજના બર્મનો વધારે તેજસ્વી અને પોતાના ઉપર વધારે વિશ્વાસ ધરાવતા જોવામાં આવે છે." છેલ્લે મૌલાના હાજર ઇમામે જણાવ્યું કે "તમો અહીં બરમામાં તેલ, સાગ, ખનિજ પદાર્થો અને ચોખા પુષ્કળ પ્રમાણમાં ધરાવો છો. તમો આ ચીજો નિકાસ કરી દુનિયાના સૌથી સુખીમાં સુખી દેશમાંના એક બની શકો છો. હું આ દેશમાં ખુદાતઆલાએ બક્ષેલી શાંતિ જોઉં છું. ખુદાએ તમોને જે આટલું બધું પુષ્કળ આપ્યું છે તેનો લાભ બન્ને હાથો ભરીને કેમ ઉઠાવવો તે બરમીઝ પ્રજાએ પોતે સમજી આગળ વધવાનું છે."

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામત મીંગ્લાડોનના હવાઈ મથકેથી ઢાકા તરફ વિદાય થયા હતા. તેઓ નામદારોને વિદાયગીરીનું માન આપવા વડા પ્રધાન, કેબીનેટના પ્રધાનો, ડીપ્લોમેટીક કોરના સભ્યો, ઇસ્માઇલી કોમના આગેવાનો તથા અન્ય બાર્ઇબંધ કોમના ભાઇઓ અને બહેનો સારી સંખ્યામાં હાજર રહ્યા હતા.

રંગુનથી વિદાય થતી વખતે મૌલાના હાઝર ઇમામે બરમાના વડા પ્રધાન યુ ન્યુ ને રૂ.૩૦,૦૦૦ (ત્રીસ હજાર) સખાવતી કાર્યોમાં વાપરવા માટે ભેટ મોકલાવ્યા હતા. આ રકમનો ઉપયોગ બરમીઝ બુધ્ધિસ્ટ અને બરમીઝ મુસ્લિમ સખાવતો માટે કરવામા આવશે. ઉપરાંત મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામત તરફથી રંગુનના પોલીસ વેલ્ફેર ફંડમાં રૂ. ૫૦૦૦ ભેટ આપવામાં આવ્યા હતા.

## મૌલાના હાઝર ઇમામને ઢાકાની વિદ્યાપીઠે અર્પેલી માનદ પદ્વિ.

જાન્યુઆરીની તા. ૨૬મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ના. માતા સલામતે પૂર્વ પાકીસ્તાનના પાયતખ્ત ઢાકા ખાતે મુબારક પધરામણી કરતાં, વિમાની મથક પર ઇસમાઇલી આગેવાનો નામાંકિત શહેરીઓ અને સરકારી અમલદારોએ ભાવભીનો સત્કાર કર્યો હતો. ત્રણ દિવસ સુધી મુરીદો વચ્ચે પધારી તેઓ નામદારે મુલાકાતનો લાભ આપ્યો હતો. તા. ૨૮મીના રોજ ઢાકાની યુનિવરસિટી તરફથી મૌલાના હાઝર ઇમામને, સ્પેશીયલ કોનવોકેશનના દબદબાભર્યા સમારંભમાં એલ. એલ. ડી. અર્થાત "ડોકટર ઓફ લોઝ"ની ઓનરરી ડીગ્રી, યુનિવરસિટીના ચાન્સેલર મલીક ફિરોઝખાન નુને ઇનાયત કરી હતી. મૌલાના હાઝર ઇમામે એક સરઘસના રૂપમાં કોનવોકેશનની અંદર દાખલ થવા પહેલાં કર્ઝન હોલની બહાર કમ્પાઉંડમાં "ગાર્ડ ઓફ ઓનર"ની સલામી સ્વીકારી હતી.

વાઇસ ચાન્સેલર મો. એમ. હુસેને ભાષણ કરતાં જણાવ્યું હતું "હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબે ઇન્ડો-પાકીસ્તાનની મુસ્લિમ પ્રજાની એટલી મહાન સેવા બજાવી છે કે જે કદી ભુલી શકાય તેમ નથી. ઇજીપ્ત અને ઇરાનના મહાન શાહી કુટુંબના આ મહાન અને જગમશહુર નબીરાને અને દુનિયાના લગભગ સઘળા ભાગોમાં પથરાયેલી એક મહાન ઇસમાઇલી ફીરકાના રૂહાની વડા જેવા એક મહાન અને વિશ્વવિખ્યાત વ્યકિતને માન આપવા માટે ઢાકા યુનિવરસિટિ ઘણી જ મગરૂર રહેશે." ત્યારપછી વાઇસ ચાન્સેલરે તેઓ નામદારની જવલંત કારકિર્દી વિષે લંબાણ વિવેચન કર્યું હતું.

ત્યારબાદ ચાન્સેલર અને પૂર્વ પાકીસ્તાનનાં ગવરનર મલીક ફિરોઝખાન નુને પોતાના ભાષણમાં મૌલાના હાઝર ઇમામને સંબોધીને દર્શાવ્યું હતું કે "આંતરરાષ્ટ્રિય રાજકારણ અને સામાજિક ક્ષેત્રમાં આપ સાહેબ ઇસ્લામી આલમની એક અરકયામત સમાન છો અને સાચા ઇસ્લામી જુસ્સામાં આપ દરેક મુસ્લિમ દેશના છો. આપ હઝરત પયગમ્બર સાહેબના વંશથી સીધા ઉતરી આવેલા છો અને પયગમ્બર સાહેબનું પવિત્ર લોહી આપની રગોમાં વહી રહ્યું છે." ત્યારપછી ના. ગવરનરે મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતને, પૂર્વ પાકીસ્તાનની પહેલી મુલાકાતે પધારેલા હોઇ, આવકાર આપતાં, મૌલાના હાઝર ઇમામના પૂર્વ પાકીસ્તાનમાં વસતા મુરીદો ઔદ્યોગિક ક્ષેત્રમાં પણ ઝંપલાવશે એવી આશા દર્શાવી હતી.

## મૌલાના હાઝર ઇમામનું પ્રવચન.

મૌલાના હાઝર ઇમામે "ડોકટર ઓફ લોઝ"ની ડીગ્રી પોતાને ઇનાયત કરવા માટે આભાર દર્શાવતાં જણાવ્યું હતું કે, "તમે ધારો છો તે કરતાં મને આપવામાં આવેલું આ માન હું ઘણું ઉંચું ગણું છું. ઇંગ્લેંડ અને સ્પેનની નજરમાં અમેરિકા જેટલું મહત્વ ભોગવે છે, તેટલું મહત્વ પૂર્વ પાકીસ્તાન આ દેશના મુસ્લિમોની નજરમાં ભોગવે છે. આ પ્રદેશ કુદરતી ખજાનાઓથી ભરેલો છે અને તે એક ફળદ્રુપ ભુમિ જેવો છે. મારા મુરીદો ભવિષ્યમાં નક્ર પણ ઉપયોગી ભાગ બેશક ભજવશે."

## ઢાકાની વિશાટ જાહેર સભામાં યાદગાર ભાષણ.

જાન્યુઆરી મહિનાની તા. ૨૮મીના દિને સાંજના, મૌલાના હાઝર ઇમામે, ઢાકા ખાતે એક વિરાટ સભામાં ભાષણ કરતાં જણાવ્યું હતું કે "હઝરત મુહમ્મદ પયગમ્બર પછીની પહેલી સદીમાં ઇસ્લામી મુલ્કોની જે જાહોજલાલી હતી તેને પાકીસ્તાને પોતાની નજર સમક્ષ એક આદર્શ તરીકે રાખવી જોઇએ. એ સમયે ઇસ્લામની દરેક રીતે ચડતી કળા થઈ હતી, એટલું જ નહિ પણ તે વખતે ઇસ્લામી દેશોમાં ઇસ્લામના ઉમદા સિધ્ધાંતોનું પાલન પણ બરાબર થતું હતું. ખરેખરા ઇસ્લામી દેશ હોય તેમાં કોમી ભેદભાવ જેવુ કશું હોયજ નહિ અને ભાઇચારો તથા સઘળાઓ સાથે સમાન વર્તાવજ જોઇએ."

મૌલાના હાઝર ઇમામે આગળ ચાલતાં જણાવ્યું હતું કે "ઇસ્લામનો અર્થ શાંતિ થાય છે અને બુખારી શરીફ અનુસાર આ શાંતિ પ્રાણી જગત સુધી પણ ફેલાયલી છે. બીજા શબ્દોમાં કહીએ તો એક સાચા મુસ્લિમ બનવા માટે કોઇના તરફ પણ ખરાબ લાગણી ધરાવવી જોઇએ નહિ અને દરેકની સાથે દયા–રહેમ અને ઉદારતા બતાવવી જોઇએ. ઇસ્લામનું આ તત્વજ્ઞાન છે અને સાચા મુસ્લિમોનું એ દ્રષ્ટિબિંદુ છે."

## સખાવતી કાર્યમાં વાપરવા માટે અર્પણ કરેલી નાદર રકમ.

ઢાકા ખાતેની મૌલાના હાઝર ઇમામની રોકાણ દરમ્યાન, ભારતી હાઇ કમિશ્નરે યોજેલા સમારંભમાં, અને પૂર્વ પાકીસ્તાનના ગવરનર મલીક-ફિરોઝખાન નુને યોજેલા સત્કાર સમારંભમાં તેઓ નામદારે ભાગ લીધો હતો; ઉપરાંત ઢાકાની મુલાકાત દરમ્યાન તેઓ નામદારે પૂર્વ બંગાળના ના. ગવરનર મલીક ફિરોઝખાન નુનને સખાવતમાં વાપરવા માટે રૂા. ૫૦,૦૦૦ પચાસ હજાર આપ્યા હતા.

જાન્યુઆરીની તા. ૩૦મીના દિને આગ્રાથી દિલ્હી ખાતે મૌલાના હાઝર ઇમામ અને ના. માતા સલામતે પધરામણી કરી હતી. જ્યાં તેઓ નામદારો બ્રાઝીલના એલચીના માનવંત પરોણા તરીકે રહ્યા હતા. બ્રાઝીલના એલચીએ યોજેલા લંચ–સમારંભમાં તેઓ નામદારની ભારતના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નેહરૂ સાથે મુલાકાત થઇ હતી.

## મૌલાના હાજર ઇમામની કરાચીમાં મુબારક પધરામણી—ભવ્ય સત્કાર.

ફેબ્રુઆરી મહિનાની તા. ૪થીના શુભ દિને, મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ના. માતા સલામતે, દિલ્હીથી ખાસ વિમાનમાં કરાચીના વિમાની મથક ઉપર કદમ મુબારક કર્યા હતા. આ પ્રસંગે વિમાની મથક પર પાકીસ્તાનના ના. ગવરનર જનરલ અને સિંધના ના. ગવરનરના પ્રતિનિધિઓ, ઇરાનના એલચી, હુંઝાના મીર સાહેબ અને ઇસમાઇલી આગેવાનોએ તેમજ નામાંકિત શહેરીઓએ તેઓ નામદારોનો ભાવભીનો સત્કાર કર્યો હતો. આગાખાન ખારાધર

બેન્ડ અને આગાખાન ગાર્ડન બેન્ડ પણ આ પ્રસંગે હાજર રહ્યા હતા. પોલીસે ખાસ સુંદર વ્યવસ્થા જાળવી હતી. તેઓ નામદારને પગમાં તકલીફ હોવાથી "વીલ ચેર" પૈડાંવાળી ખુરશી પર બિરાજમાન થઇ હાજરીનોને દીદારનો લાભ આપી અમલદારો સાથે ખુશ ગુફતગો કરી હતી. મૌલાના હાઝર ઈમામની મુબારક પધરામણીના ખુશ સમાચારો સમસ્ત પાકીસ્તાનના લગભગ સઘળા વર્તમાનપત્રોએ તસ્વીરો સાથે, પ્રગટ કરીને, તેઓ નામદારે બજાવેલી ઇસ્લામની મહાન સેવા અને મુસ્લિમોની પ્રગતિ માટે લીધેલી અથાગ મહેનતનો ઉલ્લેખ કરી ભાવભીની અંજલીઓ આપી હતી.

## પાકીસ્તાનની રાષ્ટ્રભાષા તરીકે અરબીને અપનાવવાનો મૌલાના હાજર ઈમામનો અનુરોધ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ., મોતમરે આલમે ઇસ્લામી=વિશ્વની ઇસ્લામી પરિષદમાં, નાદુરસ્ત તબીયતને કારણે હાજરી આપી શકયા ન હોવાથી, તેઓ નામદારે પરિષદની સફળતા ઇચ્છી, અરબીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવા માટેનો એક યાદગાર સંદેશો પાઠવ્યો હતો; જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે "મારા ઇસ્લામી બંધુઓ! હું તમને અપીલ કરૂં છું કે, પાકીસ્તાનની રાષ્ટ્રભાષા તરીકે આખરે ઉર્દુનો અપનાવવાનો નિર્ણય કરશો નહિ, પરંતુ અરબી ભાષાને પસંદગી આપજો. મારી દલીલો તમે સાંભળશો અને તે પર વિચાર કરશો. મુસ્લિમોની ચડતીના ઝમાનામાં મુસ્લિમોની ભાષા ઉર્દુ હતી? મોગલોના જાહોજલાલીના વખતમાં સુશિક્ષિતો કદી ઉર્દુ ઝબાનનો ઉપયોગ કરતા નહિ. દરેક મુસ્લિમ બાળક, પછી તે ઢાકાનો હોય કે કવેટાનો, અરબીમાં કુરઆને શરીફ પઢતાં શીખે છે. અરબી ભાષા એ ઇસ્લામી ભાષા છે. પયગમ્બર હઝરત મુહમ્મદ સ. ની હદીસ શરીફ પણ અરબીમાં છે. સ્પેનમાંની ઉચ્ચ ઇસ્લામી સંસ્કૃતિ અરબીમાં હતી.

"અરબીને રાષ્ટ્રભાષા તરીકે અપનાવવાથી તમે અરબી ભાષા બોલતી વિશાળ ઇસ્લામી જનતા સાથે સંપર્ક સાધી શકશો. ઉત્તરમાં માત્ર આટલાંટીક સુધીજ નહિ, પરંતુ દક્ષિણમાં નાઇજીરીયા અને ગોલ્ડ કોસ્ટ સુધી ઉપલા વર્ગોમાં અરબી બોલાય છે. આખા સુદાન અને પોર્ચુગીઝ, પશ્ચિમ આફ્રિકાની સરહદો સુધી અરબીનો મહાવરો જોવાય છે. પૂર્વ આફ્રિકામાં માત્ર જંગબારમાં જ નહિ પરંતુ માડાગાસ્કર અને પોર્ચુગીઝ, પૂર્વ આફ્રિકામાં અરબી જાણીતી ભાષા છે. ઇન્ડોનેશીયા, મલાયા અને ફિલીપાઇન્સમાં પણ અરબી ભાષાના આધારે ઇસ્લામ ખિલ્યો છે. સીલોનમાં અમીર કુટુંબોનાં મુસ્લિમ બાળકો અરબી ભાષાનું કાંઇક જ્ઞાન મેળવે છે. મુસ્લિમોની વિશ્વ ભાષા તરીકે અરબી ભાષા આખી મુસ્લિમ આલમને એકત્ર કરશે, જ્યારે ઉર્દુ તેમને વિખુટા પાડી એકલા મુકી દેશે."

## મુસ્લિમ બાનુઓની પ્રગતિ—મૌલાના હાઝર ઇમામની ઉદાર સખાવતો.

ફેબ્રુઆરીની તા ૯ મીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ, ઓલ પાકીસ્તાન વિમેન્સ એસોસિએશનને રૂપીયા ૫૦,૦૦૦ (પચાસ હજાર)ની નાદર ભેટ અર્પણ કરી હતી. મૌલાના હાઝર ઇમામે કરાચીથી તહેરાન તરફ સિધાવતી વેળા, પાકીસ્તાનની બાનુઓએ એક વર્ષની ટુંક મુદતમાં બેગમ લિયાકતઅલીખાનની સરદારી હેઠળ કરેલી પ્રગતિ માટે પ્રશંસા કરતાં જણાવ્યું હતુ કે "મુસ્લિમ બાનુઓનાં ગાર્ડની ચળવળ સંપૂર્ણ પ્રગતિમાન બન્યા પછી આ મુસ્લિમ રાજ્ય નબળાઓ અને કમજોરોનું રક્ષણ કરવા અશક્ત છે, એ માન્યતાને ભવિષ્યમાં ખોટી પાડશે. તમને બધાને એ વાતની ખબર છે કે ઇસ્લામની ગૌરવવંતી પહેલી સદીમાં અરબસ્તાનની સ્ત્રીઓએ ઇસ્લામના સૈનિકોને દરેક વખતે સાથ આપ્યો હતો અને અરબસ્તાનના મુખ્ય શહેરમાં સાહિત્ય, કળા સંગિત અને સંસ્કૃતિ માટેની કારવાહીઓમાં દોરવણી આપી હતી."

પાકીસ્તાનના વડા પ્રધાનના મહેરદાર બેગમ લિયાકતઅલીખાને જાહેરાત કરી હતી કે મૌલાના હાઝર ઇમામ ના. આગાખાન સાહેબે કરાચીના ગરીબો માટે રૂા. ૫૦,૦૦૦ (પચાસ હજાર)ની જે ભેટ આપી છે તેમાંથી થોડા નાણાં પ્રોફેશનલ અને ટેકનીકલ કૉલેજોના ગરીબ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે અથવા કરાચીની કૉલેજોમાં એમ. એ. અથવા એમ. એસ. સી.ના અભ્યાસ માટે વાપરવામાં આવશે. બાકીના નાણાં વિધવાઓ અને યતીમો માટેના ઘરોની સ્થાપના કરવામાં વપરાશે.

ઉપર જણાવેલ સખાવતનો નિર્દેશ કરતાં, કરાચીથી પ્રગટ થતાં અલ-ઇસ્લામે જણાવ્યું હતું કે "પાકીસ્તાનની સ્થાપના થયા પછી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે કુલ્લે ૧૪ લાખની સખાવત કરી છે. રૂા. ૫ લાખ આંતરરાષ્ટ્રિય ઇસ્લામી પરિષદને, રૂા. ૪ લાખ પરદેશમાં અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓની સ્કોલરશીપ માટે, રૂા. ૩ લાખ કાઇદે આઝમ ફંડમાં અને રૂા. ૧ લાખ કરાચીના પાક મહિલા ઔદ્યોગિક કેન્દ્રને આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત બીજા કેટલાય મહિલાઓના ઉદ્યોગ કેન્દ્રને નાની નાની નાણાંકિય સહાય આપ નામદારે આપી છે."

## ઇસ્લામીઓમાં એકતાનું મહત્વ—આફ્રિકાના મુસ્લિમોને સંદેશો.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ડૉ. ઝકી અલીએ સંયુક્ત રીતે "ઇસ્લામનું આછું દર્શન"(૧) એ નામનું મુસ્લિમોને દોરવણી આપતું એક નાનકડું પુસ્તક રચ્યું છે. આ નાનકડું છતાં અસરકારક પુસ્તક વાંચવાથી તેઓ નામદાર "ઇસ્લામી એકતાના પ્રખર હિમાયતી" છે, એ સહેજે જણાઇ આવે છે. તેમાં દર્શાવવામાં આવ્યું છે કે, "સૌથી પ્રથમ શિક્ષણાત્મક સુધારાને અવકાશ છે. શિક્ષણાત્મક સુધારાથી અમારી મતલબ ધાર્મિક અને નૈતિક શિક્ષણ છે. ધાર્મિક એકતા ઘણીજ આવશ્યક છે. એ એકતાનો અમો ઘણો વિશાળ અર્થ કરીએ છીએ. એક પ્રજા માનવી જોઇએ, ચાર જુનવાણી (ઓરથોડોકસ) સંપ્રદાયોને પણ એક (ઇસ્લામી) ઝંડા હેઠળ આણવા જોઇએ. આટલું થાય તો "હરગીઝ ડગમગી ન શકે એવી અત્યંત મજબુત એકતા" સાધી કહેવાશે. જાગૃત ઇસ્લામી દુનિયામાં પોતાનું સ્થાન પ્રાપ્ત કરી લેશે. ધાર્મિક સુધારણા તેને તેના ભુતકાળના "સુવર્ણ યુગ" જેવા જ્વલંત સ્થાને સ્થાપશે. એકવાર ધર્મ પોતાનું સંકુચિતપણું ત્યાગશે એટલે તેમાંથી પ્રગતિ કરવાની પ્રેરણા ઉદભવશે અને વાડાઓની મર્યાદાને ઓળંગી પોતાની પાંખો ચારે દિશામાં ફેલાવી દેશે."

ઇદુલ હજના મહાન મુસ્લિમ તહેવારના દિને પહેલીજવાર દારેસલામના ઇસ્માઇલીઓ તેમજ દરેક ફીરકાનાં મુસ્લિમોએ સંયુક્ત રીતે ઇદ નમાઝ ગુજારી હતી, એ પ્રસંગે, ઇ. સ. ૧૯૫૦ ના સપ્ટેમ્બર મહિનાની તા. ૨૮મીના દિને મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાન સાહેબે માર્સેલ્સથી મુબારક સંદેશો મોકલાવ્યો હતો, જેમાં તેઓ નામદારે જણાવ્યું હતું કે: "સઘળા મુસ્લિમો એક બીજાના બંધુઓ છે અને એકજ શરીરના જુદા જુદા ભાગ છે, જો એ જુદા જુદા ભાગને વિખુટા કરી દેવામાં આવે તો મોત નિપજે છે, જો તે સાથે જોડાયલા હોય તો તેમાં જીવન છે. આ સંદેશો આફ્રિકાના સઘળા મુસ્લિમોને જણાવો."

---

૧ Glimpses of Islam (ગ્લિમપસીસ ઓફ ઇસ્લામ) અશરફ પબ્લીકેશન.

## નામદાર વલીઅહદનું પોર્ટુગીઝ આફ્રિકામાં શુભાગમન.

ફેબ્રુઆરીની તા. ૯મીને વાર શુક્રવારના દિને મૌલાના હાઝર ઇમામના વહાલા વલીઅહદ નામદાર પ્રિન્સ આકા અલીખાન સાહેબનું લોરેન્ઝો માર્કવીસ ખાતે બપોરના ૨-૩૦ કલાકે શુભાગમન થતાં, આગેવાન ઇસ્માઇલીઓ, મુસ્લિમો, માડાગાસ્કરના મુસ્લિમો, કોમોરીઅન મુસ્લિમો તેમજ હિંદીઓ અને યુરોપીયનો વગેરે મોટી સંખ્યામાં નામાંકિત ગૃહસ્થોએ તેઓ નામદારનું ભવ્ય સ્વાગત કર્યું હતું. તેઓ નામદારે સાંજે ૫-૩૦ કલાકે જમાતખાને પધારી સર્વે જમાતોને સુંદર દોરવણી રૂપે અગત્યની સલાહ અને સુચનાઓ આપી હતી. નામદાર વલીઅહદના માનમાં "પોલાના હોટેલ"માં એક શાનદાર 'પાર્ટી' ગોઠવવામાં આવી હતી, જેમાં ઇસ્માઇલીઓ, મુસ્લિમો, આફ્રિકન મુસ્લિમો, હિંદુઓ, ગોવાનીઝ તથા મોટી સંખ્યાના યુરોપિયનો, રાજ્યાધિકારીઓ અને દરેક નેશનના કોન્સલ જનરલોએ હાજરી આપી હતી, આ પાર્ટીમાં ઇસ્માઇલી જમાતો તરફથી નામદાર વલીઅહદને માનપત્ર પણ અર્પણ કરવામાં આવ્યું હતું. એક ભવ્ય ગાર્ડન પાર્ટી પણ તેઓ નામદારના માનમાં ગોઠવવામાં આવી હતી, જેમાં બધી કોમનાં ૨૦૦૦ પરોણાઓને નોતરવામાં આવ્યા હતા. નામદાર વલીઅહદે પોતાના માયાળુ અને ખુશ મિજાજ સ્વભાવથી લોકોનાં દિલ જીતી લીધાં હતા અને તેઓ નામદાર એક મહાન વ્યક્તિ હોવા છતાં ઘણીજ સાદાઇથી વર્તે છે એ જોઇને યુરોપિયન પ્રજા તો છકક થઇ ગઇ હતી.

નામદાર વલીઅહદે કમ્પાલાના પ્રવાસ દરમ્યાન કીબુલી હીલ ઉપરની "કીબુલી મસ્જિદ"ની ઉદઘાટન ક્રિયા કરી હતી કે જેનો પાયો મૌલાના હાઝર ઇમામે પોતાના મુબારક હાથે નાખ્યો હતો. મસ્જિદના બાંધકામ પાછળ શીલીંગ ૪૦૦,૦૦૦ (ચાર લાખ)નો ખર્ચ થયો હતો, જેમાંનો અર્ધો હિસ્સો મૌલાના હાઝર ઇમામે અર્પણ કર્યો છે.

## મૌલાના હાજર ઇમામને ઇરાનમાં અપૂર્વ આવકાર.

હિઝ રોયલ હાઇનેસ, પ્રિન્સ આગાખાનં સાહેબનો ઇરાનનો પ્રવાસ તેઓશ્રી માટે તેમજ ઇરાન માટે ઇતિહાસિક હતો, તેમજ મહેરાબાદના વિમાની મથક ઉપર તેઓશ્રીને માન આપવા સીંતેર વર્ષની બુઝુર્ગ સ્ત્રીઓથી માંડી યુવાનો અને બાળકો સુધ્ધાં મોટી મેદની હાજર થઇ હતી. વઝીરે દરબાર હકીમુલ-મુલ્ક પણ ત્યાં હાજર હતા, મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબનો પગ દુઃખતો હોવાથી, તેઓશ્રી "વ્હીલ ચેર"=પૈડાંવાળી ખુરશી પર બિરાજમાન થયા હતા. પહેલાં તેઓશ્રીના એક સંબંધી કુરાને શરીફ લાવતાં મૌલાના હાઝર ઇમામે તેની ઉપર બોસો કર્યો હતો. ત્યારપછી તેઓશ્રીને ફુલહાર અર્પણ કરવામાં આવ્યા હતા. ઓળખાણ પિછાણ પુરી થતાં મૌલાના હાઝર ઇમામની નજર ઇરાનનાં સાફ બ્લુ રંગના આસમાન ઉપર પડતાં તેઓ નામદાર ખુશાલીથી પોકારી ઉઠ્યા, "ચે મમલેકત અઝીઝ વ ઝીબાઇ દારમ, સાલહા આરઝુયે દીદારે ખાકે મીહને અઝીઝમ રા દાશતમ." અર્થાત "કેવો પ્યારો અને સુંદર દેશ ધરાવું છું. વર્ષો સુધી વહાલા વતનને જોવાની ઉમેદ હતી."


પાકીસ્તાનના ઇરાન ખાતેના એલચી ગઝનફરઅલીખાને તેઓ નામદારને આવકાર આપતું વિવેચન કર્યું હતું. ત્યારબાદ તેઓ નામદાર માટે રાખવામાં આવેલી ખાસ મોટરમાં બિરાજમાન થઇ શહેર તરફ હંકારી ગયા હતા. મૌલાના હાઝર ઇમામની એક બાજુ નામદાર માતા સલામત અને બીજી બાજુ હકીમુલ-મુલ્ક બેઠા હતા અને આખા રસ્તાની બન્ને બાજુ પોલીસો હારબંધ ગોઠવાયલા હતા. વાલા હઝરત શમ્સના મહેલમાં પધરામણી કરતાં પહેલાં તેઓ નામદાર "કાખે મરમર" (મારબલ પેલેસ)માં કદમ મુબારક ફરમાવી ત્યાં રાખવામાં આવેલ ખાસ ચોપડીમાં તેઓ નામદારે સહી કરી હતી.

Mowlana Hazar Imam, His Royal Highness The Prince Aga Khan attended the Marriage of His Imperial Majesty The Shah of Iran. His Royal Highness is seen with the Royal family in the Picture.



**મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે** હિઝ ઇમ્પીરીયલ મેજેસ્ટી શાહે ઇરાનની શાદીમાં ભાગ લીધો હતો. તસ્વીરમાં મૌલાના હાઝર ઇમામ, ઇરાનના ના. શાહ, રાજમાતા મલકએ પહેલવી અને રાણી સુરૈયા નજરે પડે છે.

His Highness Mir Mohammed Jamal Khan, Ismaili Ruler of Hunza in Central Asia



હુંઝાના ઇસ્માઇલી રાજકર્તા : હિઝ હાઇનેસ મીર મુહમ્મદ જમાલખાન

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. રિઝાશાહ પહેલવીની આરામગાહમાં જઈ ઇરાનના આ એક મહાન શહેનશાહની કબ્ર પર પોતાના હાથે ફુલ મુકી બે મીનીટ ચુપકીદીથી ઉભા રહીને બોલ્યાઃ "ઇરાન હરચે દારદ અઝીન મર્દ દારદ વમા બાયસ્તી અઝ દાસ્તંને ચુનીન બાદશાહી મુબાહાત કુનીમ" અર્થાત ઇરાન જે કાંઇ ધરાવે છે તે આ મર્દને આભારી છે. આવો પાદશાહ ધરાવવા માટે આપણે ગૌરવ લેવું જોઇએ.

## મૌલાના હાજર ઈમામે ઈરાનના ના. શાહનાં લગ્ન પ્રસંગે કિંમતી ભેટોની કરેલી નવાજિશ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ નામવર શાહની સાઝવારી માટે એક સો ટચના સોનાનો સીગારેટ કેસ ભેટ આપ્યો હતો, જેની એક બાજુ ઉપર શેર અને ખુરશીદ (સિંહ અને સુરજ)નું ઇરાનનાં શાહનું ચિહ્ન એમ્બોસ કરવામાં આવ્યું છે અને બીજી તરફ શાહ અને મલેકહ સુરૈયાની તસ્વીરો છે. તે ઉપરાંત કિમતી હિરાઓ તેમાં જડવામાં આવ્યા છે. ઉપરાંત મલેકહ સુરૈયાને સો ટચના સોનાની એક મોટી પર્સ ભેટ અર્પણ કરવામાં આવી હતી અને તેની ઉપર પણ તેવાંજ ચિહ્ન અને તસ્વીર છે. પર્સ પણ આબદાર હિરાઓથી ઝગમગી રહી હતી. લગ્નના મેળાવડામાં સૌથી સ્ટાઇલીશ અને સુંદર બાનુ ના. બેગમ આગાખાન હતા એમ સૌ કોઇનું માનવું હતું.

## મૌલાના હાઝર ઇમામનું સીરીયામાં શુભાગમન—ઉમળકાભર્યો સત્કાર

માર્ચ મહિનાની તા. ૧લીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને ના. માતા સલામત દમિશ્કના "મઝઝા" વિમાની મથક પર બપોરના ૧૨-૪૦ કલાકે કદમ મુબારક કર્યા હતા. તેઓ નામદારનું સ્વાગત કરવા માટે વિમાની મથક ઉપર સીરીયન પ્રજા-સત્તાકના પ્રમુખ વતી જનરલ સેક્રેટરી ડૉકટર ખાલીદ શનીલા, દમિશ્કના ગવરનર અને નાણા ખાતા-ના વઝીર ડૉ. ફરહાન અલ-જંદોલ, પોલીસના વડા, વિદેશ ખાતાના વડા, અને સંરક્ષણ ખાતા વતી પહેલા બ્રિગેડના સેનાપતિ જનરલ અબુ આસફ વગેરે હાજર રહ્યા હતા. જેઓએ મૌલાના હાઝર ઈમામ અને ના. માતા સલામતનો ઉમળકાભર્યો સત્કાર કર્યો હતો.

વિમાની મથકની બહાર મૌલાના હાઝર ઈમામના પવિત્ર દીદાર માટે ૪૦૦૦ જેટલા ઇસ-માઇલી ભાઇ-બહેનોની મોટી મેદની કલાકો પહેલાં આવીને એકઠી થઇ હતી. તેઓ નામદારના મુરીદો ખુબજ ઉત્સાહમાં આવી ગયા હતા અને ભારે ધસારો થવાનો સંભવ હોવાથી તેઓને દીદાર આપી, મૌલાના હાઝર ઇમામ ના. માતા સલામત અને પોતાના સેક્રેટરી કેપ્ટન મઝહરખાન અને મીલીટરી અફસર સુલયમાન નસર સાથે ગવર્નમેન્ટની એક મોટર કારમાં બિરાજીને અન્ય તરફ વિદાય થઇ ગયા હતા, જ્યારે ઓરીયેન્ટલ હોટલમાં તેઓ નામદારને મળવા આવેલા ડેપ્યુટેશનો, જેમાં પ્રેસીડન્ટના જનરલ સેક્રેટરી, ઇરાનના હંગામી એલચી તેમજ બીજા જાણીતા અમલદારો હતા, જેઓ સઘળા મૌલાના હાઝર ઇમામની આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા હતા. એજ પ્રમાણે ઇસમાઇલી કોમના આગેવાનો હોટલની બહાર ઉભા રહીને રાહ જોઇ રહ્યા હતા. પરંતુ સવા કલાક લગી તેઓ નામદાર આવ્યા નહિ, ત્યારે તેઓ નામદાર વિષે અનેક સ્થળોએ ટેલિફોન કરીને પુછપરછ કરવામાં આવી હતી. એટલુંજ નહિ પણ તેઓ નામદાર કઇ તરફ સિધાવી ગયા છે તે જાણવા મોટરોની દોડધામ શરૂ થઇ ગઇ હતી!

## સીરીયન ઈસ્માઈલીઓને ઈમામના દીદાર.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ૨–૩૦ કલાકે જ્યારે ઓરિયન્ટલ પેલેસ હોટલ આગળ આવી પહોંચ્યા ત્યારે તેઓ નામદારના દીદાર માટે આવેલા ઇસ્માઇલી આગેવાનો મોટરકાર તરફ ઉત્સાહપૂર્વક દોડી ગયા હતા. મૌલાના હાઝર ઈમામને ખુબજ થાક લાગેલો હોવાથી તેઓ નામદાર ખાસ રાખવામાં આવેલી એક ખુરશી પર બિરાજમાન થયા, જેને હાથેથી ઉપાડી હોટલના હોલમાં લઇ જવામાં આવ્યા. અહિં તેઓ નામદારે પોતાના મુરીદોને નિહાળી ઘણો જ આનંદ વ્યકત કર્યો હતો. મૌલાના હાઝર ઇમામે હાજતમંદ ઇસમાઇલીઓને મદદ માટે એક સારી રકમ અર્પણ કરી હતી. ત્યારપછી તેઓ નામદાર દમિશ્કની સરકાર તરફથી ફાજલ પાડવામાં આવેલા સ્પોર્ટસ ગ્રાઉન્ડ પર પધારી સલમીયાહ અને લધીકીયાહથી મોટી સંખ્યામાં આવેલા પોતાના ઈસમાઇલી મુરીદોને દીદાર આપ્યા હતા અને તેઓને શિક્ષણ પ્રાપ્ત કરવા તેમજ દેશની વફાદારીથી સેવા બજાવવાની ભલામણ કરી અગત્યના ફરમાનો ફરમાવ્યા હતા જેનો સલમીયાના ગવરનર પ્રિન્સ અબ્દુલ્લાહ તામીરે અરબીમાં તરજુમો કરી સંભળાવ્યો હતો.

## સીરીયન પ્રજાસતાકના પ્રમુખ તરફનો ભોજન સમારંભ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. અને મા. માતા સલામતના માનમાં સીરીયન પ્રજાસત્તાકના પ્રેસીડન્ટ તરફથી એક લંચ પાર્ટી યોજવામાં આવી હતી. એ પ્રસંગે બે વઝીરો (પ્રધાનો) રશદી અલ-કેખાયા અને નાઝીમ અલ-કુદસી, ઇરાનના એલચી અને તેમના મહોરદાર, પાકીસ્તાનના એલચી અને કેપ્ટન મજીદખાન ઉપરાંત નામાંકિત શહેરીઓએ પણ ભાગ લીધો હતો. મૌલાના હાઝર ઇમામે સીરીયન પ્રજાસત્તાકના પ્રેસીડન્ટ સાથે વાર્તાલાપ કર્યો હતો, અને દેશની પ્રગતિ માટેની દરેક શકયતા દર્શાવી હતી. તેઓ નામદાર અરબ દેશોના સમાચારો હમદર્દીથી વાંચતા હોવાનું પણ જણાવ્યું હતું.

## સીરીયન પત્રકારોને મૌલાના હાઝર ઇમામે આપેલો અગત્યનો ઇન્ટરવ્યુ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. એ છાપાના પ્રતિનિધિઓને પણ મુલાકાત આપી અગત્યનો ઇન્ટરવ્યુ આપ્યો હતો. તેઓ નામદારે સવાલોના જવાબોમાં જણાવ્યું હતું કે "અરબી ભાષા અપનાવવાથી પાકીસ્તાન અરબ દુનિયા સાથે ધાર્મિક, સામાજિક અને રાજદ્વારી એકતા સાધી શકશે. અરબ દેશોએ અત્યારે તેલનો ખરેખરો ઉપયોગ કરવો જોઇએ, કેમકે આખા પશ્ચિમને અત્યારે તેલની ખાસ જરૂર છે. અણુ (એટમ) શકિતનો વપરાશ ચાલુ થયા પછી તેલનાં બળતણની જરૂર રહેશે નહિ. ટાઇગ્રીસ અને યુફ્રેટીસ નદીના પાણીને વિજળી ઉત્પન્ન કરવાનાં ઉપયોગમાં લેવા માટે પુસ્તાઓ બાંધવાથી ફાયદો થશે. એથી લાખો માણસોની જરૂરિયાત પુરી પાડી શકાશે."

તેઓ નામદારે વધુમાં જણાવ્યું હતું કે "આરબ એકતા સાથે ઇસ્લામી એકતા અથડાતી નથી. હું આવી ઇસ્લામી એકતાનો હિમાયતી છું. આથી જુદા જુદા ધર્મો વચ્ચેની મતફેરી, વધારવાનો અર્થ થતો નથી, પરંતુ આવી એકતાથી બીજા બધા છુટાપણા માટે વિશ્વાસ બેસશે. અરબ લીગે લશ્કરી આર્થિક અને સામાજિક રીતે પોતાની એકતા મજબુત બનાવવી જોઇએ અને જીવન ધોરણ ઉચું લાવવા તેમજ કેળવણીના પ્રચાર માટે પ્રયત્નો આદરવા જોઇએ. આથી અરબ લીગનું આંતરરાષ્ટ્રિય જગતમાં સ્થાન મજબુત થશે."

## "ઓર્ડર ઓફ ઓમય્યદ"—સીરીયન સરકારે અર્પણ કરેલો ગૌરવભર્યો ઈલકાબ.

માર્ચ મહિનાની તા. ૩ જીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ને સીરીયન સરકારે ગૌરવભર્યો ઇલ્કાબ અર્પણ કર્યો, તેની જાહેરાત દેશ પરદેશના વર્તમાનપત્રોમાં કરવામાં આવી હતી. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે:

"મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબ તહેરાન ખાતે ઇરાનના નામદાર શાહ મહમદ રઝાશાહ પહેલવીની મુબારક શાદીના સમારંભમાં ભાગ લેવા પધાર્યા ત્યારે તેઓ નામદારને ઉમળકાભર્યો અને ઘણોજ શાનદાર આવકાર આપવામાં આવ્યો હતો. મૌલાના હાઝર ઇમામે ઇરાનમાં "ઇસ્ફહાન" અને "મહેલાત" સુધ્ધાં બીજા શહેરોની પણ મુલાકાત લીધી હતી. તેઓ નામદારના વડવા નામદાર આકા શાહ હસનઅલી શાહ અ., જેઓ ત્યાંના હાકેમ (ગવરનર) હતા, તે "મહેલાત" માં આવેલા કિલ્લાની પણ ખાસ મુલાકાત લીધી હતી. આ ઇતિહાસિક યાદગાર કિલ્લાની ૧૨૦ થી વધુ વર્ષ પછી મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબે લીધેલ મુલાકાત એ સમય દરમ્યાન આગાખાન કુટુંબના વડાએ લીધેલી આ પ્રથમ મુલાકાત હતી."

મૌલાના હાઝર ઇમામે "મહેલાત" માં ઇરાની ઇસ્માઇલીઓ વચ્ચે બિરાજી મહેમાનીઓ સ્વીકારી તેઓને દુઆ આશિષો ફરમાવ્યા હતા, અને સઘળા સાંભળી શકે તેટલા માટે માઇક્રોફોન પર હિદાયત રૂપે તેઓને અગત્યના ફરમાનો પણ ફરમાવ્યા હતા.

મૌલાના હાઝર ઇમામે ઇરાન પછી સીરીયાના પાયતખ્ત દમિશ્કની પણ મુલાકાત લીધી હતી અને ત્યાં પણ તેઓ નામદારને ભારે આવકાર મળ્યો હતો. સરકારી વડાઓ, લશ્કરી અમલદારો, અને સીરીયાના નામાંકિત ગૃહસ્થોએ એમાં ભાગ લીધો હતો. માર્ચ મહિનાની તા. ૩જીના દીને સીરીયન સરકારે મૌલાના હાઝર ઇમામને ઉંચામાં ઉંચો ગૌરવભર્યો ઇલ્કાબ "ઓર્ડર ઓફ ઓમય્યદ" ઇનાયત કર્યાની જાહેરાત કરી હતી. આ જાહેરાતને સીરીયન પ્રજાએ ખુશાલી સાથે વધાવી લીધી હતી.

## સીરીયન સરકારે અર્પેલી ઉમૈયાહ શમશીર—બાદશાહી સખાવત.

માર્ચ મહિનાની તા. ૪થીના દિને મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ-શાહ અ. પોતાના સ્ટાફ સાથે કેરો તરફ ખાસ વિમાન મારફતે સીરીયાથી વિદાય થયા હતા. પ્રજા-સત્તાકના પ્રધાનો અને ઇસમાઇલી આગેવાનોએ તેઓ નામદારોને વિદાય માન આપેલું હતું. એક લશ્કરી યુનીટે તેઓશ્રીને સલામી આપી હતી. ત્યારપછી તેઓ નામદાર કેરો તરફ સિધાવી ગયા હતા.

સીરીયન સરકાર તરફથી મૌલાના હાઝર ઇમામને ઉમૈયાહની શમશીર પણ અર્પણ કર-વામાં આવી હતી. વઝીર અલ-કુદરીએ તેઓશ્રીના સલુનમાં પધારી એ ઇતિહાસિક તલવાર તેઓ નામદારની હુઝુરમાં પેશ કરી હતી. મૌલાના હાઝર ઇમામે આ પ્રસંગે સીરીયાની સરકારનો આભાર માન્યો હતો અને હવે પછીની સીરીયાની મુલાકાતે આવતાં વધુ વખત રોકાવાનું વચન આપ્યું હતું.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. એ પોતાની સીરીયાની મુલાકાત પ્રસંગે પેલેસ્ટાઇનના નિરાશ્રીતો માટે સીરીયન પાઉન્ડ ૧૬,૦૦૦નું ડોનેશન આપ્યું હતું અને મદીના શરીફમાંના પયગમ્બર હઝરત મુહમ્મદ સ૦ના રોઝાના સમારકામના ખર્ચમાં પોતાનો ફાળો આપવાની પણ ખુશી દર્શાવી હતી.

માર્ચ મહિનાની તા ૧૭ મીના દિને નીસથી રોઇટરના પ્રગટ થયેલા સંદેશાઓમાં જણાવવામાં આવ્યું હતું કે મૌલાના હાઝર ઈમામ અને ના. માતા સલામત કેરોથી અત્રે નીસ આવી પહોંચ્યા છે. એક સવાલના જવાબમાં પત્રકારને તેઓ નામદારે જણાવ્યું હતું કે ઇરાનના તાજેતરમાં બનેલા બનાવોથી તેઓશ્રીને કંઈપણ આશ્ચર્ય પેદા થતું નથી તેઓ હાલના જેટલા આશાવાદી અત્યાર પહેલાં ક્યારેય ન્હોતા. 'તેલમાં છુટછાટ મુકવા માટે બ્રિટને બેવડું આપવું પડશે અને દુનિયાની પરિસ્થિતિ ઉપર કોઇપણ અસર થયા વિના તેલના સવાલનો ઉકેલ બરાબર થઇ જશે એમ લાગે છે.

## મૌલાના હાઝર ઈમામની પવિત્ર છત્રછાયા હેઠળ ઈસ્માઇલીઓ.

હઝરત મૌલાના ધણી સલામત દાતાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. નાની વયે ઇમામતની મસનદ પર બિરાજ્યા ત્યારથી તેઓ નામદારની પવિત્ર છત્રછાયા હેઠળ રહીને ખોજા કોમે કેટલી પ્રગતિ કરી છે તે સુર્ય સમાન રોશન છે. તેઓ નામદાર પોતાના અનુયાયીઓની ધાર્મિક, આર્થિક, સામાજિક, કેળવણી વિષયક ઉન્નતિ માટે અહર્નિશ–સતત પ્રયાસો કરી રહ્યા છે, એટલુંજ નહિ પણ સ્ત્રી વર્ગ અને પુરૂષ તથા બાળકોના આરોગ્યના સવાલ સુધ્ધાંને તેઓ નામદારે જતો કર્યો નથી.

ઇસમાઇલી મુરીદોના ઘરસંસારના ઝગડાના ફેંસલાની ઘરમેળે પતાવટ કરવા તેમજ કોર્ટ દરબારે જઇ નાણાંનો ધુમાડો ન થાય અને કોમના નાણાંનો બચાવ થાય એ માટે તેમજ કોમની બહેતરી માટે બંધારણ અને કાયદા કાનુનો અનુસાર કોમોપયોગી કાર્યો યોગ્ય રીતે થાય તે માટે દુનિયાના જે જે ભાગોમાં ઇસમાઇલીઓ વસે છે, તે દરેક સ્થળે સુપ્રીમ કાઉન્સીલો, ડિસ્ટ્રીક્ટ કાઉન્સીલો અને લોકલ કાઉન્સીલો તેમજ કમિટીઓની રચના કરવામાં આવી છે.

દુનિયાના ખુણેખુણામાં મૌલાના હાઝર ઇમામની સખાવતનો ઝરો ધોધમાર વહેતો રહે છે. એક મોટા રાજ્યની રચના ઉપર પોતાના મુરીદોને મુકવા અને ઇમામના વડવા બની ફાતિમીના પવિત્ર લોહીને દીપાવવું એ એમની પાક ઝાતના ગુણો છે. ઇમામોની પાસે દોલત જળ સમાન છે અને તે વહેતી મુકવી એ ઇમામોનું કાર્ય છે. જગતના ચારે ખુણામાં જોતાં પીર મુરશીદ, પાદરી, પંડિત વિગેરે નજરે પડે છે, જેઓ પોતાના અનુયાયીઓ પાસેથી જે કંઇ મેળવે છે, તેમાંથી પોતાના અનુયાયીઓની ભલાઇ પાછળ રાતી પાઈ ખર્ચતા નથી; જ્યારે એવણ ઇમામને તેમના મુરીદો જે હક આપે છે, તેના ઉપર સંપુર્ણ માલેકી તેઓ નામદારની હોવા છતાં તેઓશ્રી દોલતને બન્ને હાથોની મુઠ્ઠીયો ભરીને ખુલ્લે હાથે ચારે દિશામાં વેરે છે. એવું દિલ ઇમામની જાત માટે સર્જાયલું છે.

## મૌલાના હાઝર ઈમામની પવિત્ર ઇમામતની ગૌરવભર્યા ૭૦ વર્ષની જ્યુબિલીની તૈયારીઓ—કેરો ગયેલાં ડેપ્યુટેશનો—મૌલાના હાઝર ઈમામની મુલાકાતનું માન.

માર્ચ મહિનાની તા. ૨૭મીના દિને બહાર પડેલા "ઇસમાઇલી"માં પ્રગટ થયેલા આનંદભર્યા સમાચારમાં જણાવવામાં આવ્યું હતું કે "મૌલાના હાઝર ઇમામે કેરો (મિસર) ખાતે આફ્રિકા, બરમા, ભારત અને પૂર્વ તેમજ પશ્ચિમ પાકીસ્તાનનાં ડેપ્યુટેશનોને માર્ચ માસની તા. ૧૫ મીને ગુરૂવારના દિને "સેમીરામીસ" હોટલમાં મુલાકાતનું માન આપ્યું હતું.

તેઓ નામદારની આજ્ઞાનુસાર સઘળા ડેલીગેશનોએ તા. ૬૫મીની સવારના અરસપરસ ચર્ચા કરી હતી, ત્યારબાદ સાંજના પાંચ વાગે, મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં તેઓ આવ્યા હતા. આ પ્રસંગે નામદાર માતા સલામત પણ પધાર્યા હતા. મૌલાના હાઝર ઇમામે દરેક ડેપ્યુટેશનોને જ્યુબિલીની ઉજવણીને લગતા તેમજ ત્યારપછીને લગતા સવાલોની પુછપરછ કરી હતી અને એ સંબંધમાં તેમજ કયે કયે ઠેકાણે અને ક્યારે જ્યુબિલીની ઉજવણી કરવામાં આવે તેને લગતી સંમતિ સહિત મુબારક દોરવણી આપી હતી.

## મીસરી ગોલ્ફ ફેડરેશનને મૌલાના હાઝર ઇમામની ભેટ

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ (અ) એ મીસરી ગોલ્ફ ફેડરેશનને ૫૦૦ પાઉંડ ભેટ આપ્યા છે, એવી જાહેરાત કેરો ખાતે કરતાં ફેડરેશનના સેક્રેટરી કેપ્ટન જેન પ્લાન્ટે જણાવ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબ ગોલ્ફ રમવાનો શોખ ધરાવે છે અને તાજેતરમાં તેઓશ્રીએ ગેઝીરા સ્પોર્ટીંગ કલબમાં યોજાયલા પ્રદર્શનની મુલાકાત લીધા બાદ આ રકમ ભેટ મોકલી આપી હતી." કેપ્ટન પ્લાન્ટે વધુમાં જણાવ્યું હતું કે "નામદાર આગાખાન સાહેબે એવી આશા દર્શાવી હતી કે પોતે અર્પણ કરેલી ભેટ કરતાં દશ ગણી વધુ ભેટ મીસરીઓ આપશે."

## નામદાર આગાખાન સાહેબ અમારાં હૃદયોના રૂહાની રાજ્ય પર રાજ્ય કરે છે—મુસ્લિમો તરફનું માનપત્ર

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ના વહાલા વલીઅહદ શાહઝાદા અલીખાન સાહેબની પૂર્વ આફ્રિકાના ટેન્ગાન્યીકા ટેરેટરીના પાટનગર દારેસલામ ખાતેની રોકાણ દરમ્યાન, ત્યાંની મુસ્લિમ જનતા તરફથી લિવાલી હમીદ બિન સાલેહની સહી સાથે નામદાર વલીઅહદને માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું જેમાં જણાવવામાં આવ્યું હતું કે "આપ નામદાર જેવી મહાન અને જગપ્રસિધ્ધ વ્યક્તિની અમારા વચ્ચેની હાજરી સૌ કોઇ, તેમાં ખાસ કરીને દારેસલામનાં મુસ્લિમો માટે ગર્વ અને ખુશીની બીના છે.

"હઝરત નબી મુહમ્મદ મુસ્તફા સ૦ જેમનાં પ્રત્યે એક એક મુસ્લિમ જાનથી પણ વધારે મહોબ્બત ધરાવે છે, તેમનાંથી આપ નામદાર નસલ બ નસલ ઉતરી આવેલા છો, એ ખાતેમુલ નબીનું પવિત્ર લોહી આપ નામદારની રગોમાં વહે છે. આપના પિતાશ્રી નામદાર આગાખાન સાહેબ, અમારા હૃદયોના રૂહાની રાજ્ય પર રાજ કરે છે. તેઓશ્રીના મહાન અને ઉચ્ચ દરજ્જાના વડવા મારફત દરેક મુસ્લિમ ઉપર તેઓનો વગ છે. અમે સર્વે દુઆ ગુજારીએ છીએ કે મુહમ્મદ અને આલે રસુલ ઉપર ખુદાવંદતઆલાની શાંતિ ઉતરજો."

ત્યારપછી લિવાલી હમીદ બિન સાલેહે મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદશાહ અ. ની ઉદાર સ્વભાવતા તથા મુસ્લિમ દેશો માટે તેઓ નામદારે કરેલાં કાર્યોનો ઉલ્લેખ કરી જણાવ્યું કે "આફ્રિકા ખંડ અને ખાસ કરીને પૂર્વ આફ્રિકા, ઇસ્લામના એ મહાન વીર પુરૂષનું બહુ જ ઋણી છે. ઇ. સ. ૧૮૯૯ની તેઓ નામદારની પ્રથમ મુલાકાતથી તેઓશ્રી આફ્રિકન મુસ્લિમો અને આફ્રિકાની તરક્કી માટે ઊંડો રસ લઇ રહ્યા છે. મસ્જિદો અને કેળવણી સંસ્થાઓ માટેની તેઓ નામદારની ઉમદા સખાવતોથી સૌ કોઇ સુમાહિતગાર છે. ઇ સ. ૧૯૪૫માં પૂર્વ આફ્રિકાની

મુસ્લિમ વેલફેર સોસાઇટીની મોમ્બાસા ખાતે તેઓ નામદારે સ્થાપના કરી અને મુસ્લિમોની બહેતરી અને લાભાર્થે ફંડ એકઠું કરવાને ઉત્તેજન આપ્યું અને તે સાથે તેઓશ્રીએ જાહેર કર્યું કે આવી રીતે એકઠાં કરાયલાં નાણાં જેટલી રકમની સામે તેટલી જ રકમ તેઓ નામદાર અર્પણ કરશે. એ ઉપરાંત આફ્રિકનો માટે તેઓશ્રીએ લાખો શીલીંગોની ભેટો આપી છે, તેમજ લાખો શીલીંગો મોમ્બાસા, ઇન્સ્ટીટયુટ ઓફ મુસ્લિમ એજ્યુકેશન માટે આપ્યા છે. આજે મુસ્લિમ જગતના તેઓ નામદાર બેશક એક મહાન અને મજબુત સ્થંભ છે. ખરી રીતે આફ્રિકન મુસ્લિમો તેઓ નામદારને ભાયાળુ મિત્ર અને વહાલા નેતા તરીકે માને છે."

## મૌલાના હાઝર ઇમામ મીસરના શાહ ફારૂકની શાદીમાં—અગત્યનો અમેરિકન પ્રવાસ

મીસરનાં શાહ ફારૂકની શાદીમાં મૌલાના હાઝર ઇમામે ખાસ હાજરી આપી હતી. તેઓ નામદાર "આબેદીન મહેલ" માં યોજાયલા ખાસ રીસેપ્શનમાં પધાર્યા હતા અને મીસરના શાહ, શાહબાનુ તથા મીસરના પ્રધાનોએ તેઓ નામદારની હાજરી માટે પોતાનો આનંદ દર્શાવ્યો હતો. મૌલાના હાઝર ઇમામે નામદાર શાહ અને શાહબાનુને શાદી મુબારક ઇચ્છી હતી અને તેઓ નામદાર તરફથી કિંમતી તોહફો ઇનાયત કરાયો હતો.

કેરોથી તા. ૧૩મી મે ના યુનાઇટેડ પ્રેસ ઓફ અમેરિકાના મળેલા સંદેશામાં જણાવવામાં આવ્યું હતું કે મૌલાના હાઝર ઇમામ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરીકાના પ્રવાસે પધારશે ત્યારે પ્રેસીડેન્ટ ટરૂમેન તેઓ નામદારની મુલાકાત લે એવો સંભવ છે. મુસ્લિમ વર્તુળોમાં એવું ધારવામાં આવે છે કે મૌલાના હાઝર ઇમામની આ મુલાકાત ઇસમાઇલી મુસ્લિમોના રૂહાની વડા તરીકેનો તેઓ નામદારનો દરજ્જો જોતાં અર્ધસત્તાવાર ગણવામાં આવશે. મધ્ય પુર્વના મુસ્લિમ મંડળો તેઓ નામદારની વોશિંગ્ટન ખાતેની મુલાકાતને ભારે અગત્યતા આપી રહ્યા છે.

## લંડનમાં "ડાયમન્ડ જ્યુબિલી ડે" ની શાનદાર ઉજવણી—મૌલાના હાઝર ઇમામનો અગત્યનો સંદેશ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આગાખાન સાહેબની મુબારક "ડાયમન્ડ જ્યુબિલી ડે" ની પાંચમી વાર્ષિક ઉજવણી ૧૯૫૧ના જુન મહિનાની ૧૦મી તારીખે લંડન ખાતે શાનદાર રીતે કરવામાં આવી હતી. જે પ્રસંગે, યુગાન્ડા (આફ્રિકા)ના વિદ્યાર્થી સંઘના પ્રમુખ મી. અબ્દુલહુસેન આડતિયાએ એક ખાણાનો સમારંભ યોજ્યો હતો, જેમાં મૌલાના હાઝર ઇમામે પણ પધરામણી કરી હતી. આ પ્રસંગે તેઓ નામદારે આફ્રિકાના પોતાના અનુયાયીઓ જોગ એક અગત્યનો સંદેશો મોકલી, જે દેશમાં તેઓ રહેતા હોય, તેને વફાદાર રહેવા અને તે દેશ સાથે એકરૂપ બની જવા ફરમાવ્યું હતું.

મૌલાના હાઝર ઇમામે વધુમાં જણાવ્યું હતું કે "ઇસમાઇલીઓએ જે દેશમાં વસવાનું પસંદ કર્યું હોય, તે દેશને તેઓએ વફાદાર રહેવું જોઇએ અને જો તેઓ આબાદ થવા માંગતા હોય તો તેઓએ એ દેશ સાથે એકરૂપ બની જવું જોઇએ. આફ્રિકન લોકોનો ચાહ મેળવ્યા વગર ત્યાં રહેવાનું ચાલુ રાખવાની આશા તેઓ રાખી શકે નહિ. આફ્રિકામાં એક દિવસ એવો આવશે કે જ્યારે

ત્યાંના લોકો "પરદેશીઓ કોણ છે?" એ જાણવા માગશે જેઓએ ત્યાં જ પોતાનું વતન બનાવ્યું છે તેઓને જ ત્યાં ઉત્તમ તકો મળશે. તમે જે દેશમાં રહો તેને ખાતર કામ કરો, ત્યાંના લોકો સાથે ભળી જાઓ અને ધર્મને તેની યોગ્ય જગ્યા-તમારા આત્મામાં જ રાખો. એમ કરશો તો તમારા ઘણા સવાલો ઉકેલાઇ જશે."

## પાંચ સ્થળે તુલાવિધિ.

મૌલાના હાઝર ઇમામ નામદાર આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની પવિત્ર ઇમામતના ગૌરવભર્યા ૫૦ વર્ષના પ્રતાપી અમલની મુબારક "ગોલ્ડન જ્યુબિલી" અર્થાત સુવર્ણ મહોત્સવ પ્રસંગે ઇસ્વી સન ૧૯૩૬ ના જાન્યુઆરી માસની તા. ૧૯ મીને રવિવારના શુભ દિને, મુંબઇ હસનાબાદ ખાતે સમગ્ર હિંદના ઇસમાઇલીઓએ તેઓ નામદારની સુવર્ણમાં તુલાવિધિ કરી અને ઇસ્વી સન ૧૯૩૭ ના માર્ચ મહિનાની તા. ૧ લીના શુભ દિને કેન્યાના પાટનગર નાઇરોબી ખાતે સમસ્ત આફ્રિકાના ઇસિમાઇલીએએ તેઓ નામદારની બીજીવાર સુવર્ણમાં તુલાવિધિ કરી.

ત્યારબાદ મૌલાના હાઝર ઇમામની પવિત્ર ઇમામતના કિર્તીવંત ૬૦ વર્ષના પ્રેરણાત્મક અમલની મુબારક "ડાયમન્ડ જ્યુબિલી" અર્થાત હિરક મહોત્સવ પ્રસંગે ઇસ્વી સન ૧૯૪૬ ના માર્ચ મહિનાની તા. ૧૦ મીના મુબારક દિને મુંબઇના બ્રેબોર્ન સ્ટેડીયમમાં સમસ્ત હિંદના ઇસ્માઇલીઓએ તેઓ નામદારની હિરામાં તુલાવિધિ કરી અને એજ વર્ષના ઓગસ્ટ માસની તા. ૧૦ મીના શુભ દિને આફ્રિકાના દારેસ્સલામ ખાતે સમસ્ત આફ્રિકાના ઇસ્માઇલીઓએ તેઓશ્રીની બીજી વાર હિરામાં તુલાવિધિ કરી.

પરંતુ હવે એ પવિત્ર ઝમાનાના ઇમામ, મૌલાના આકા સુલતાન મુહમ્મદ શાહ અ. ની પવિત્ર ઇમામતના યાદગાર ૭૦ વર્ષના મહાન અને ગૌરવભર્યા અમલની મુબારક જ્યુબિલી પ્રસંગે પ્લેટીનમ નામના કિંમતી પદાર્થમાં અથવા તો નવરત્ન(નવ પ્રકારના રત્નો) મા, પાંચ વાર પાંચ સ્થળે ઇ. સ. ૧૯૫૩-૫૪ માં તુલાવિધિઓ થાય એવી વકી છે અને તેથી સમસ્ત ઇસમાઇલી આલમ આનંદમાં ગુલતાન બની ગયેલ છે, અને તેની ઉજવણી માટેની ઉત્સાહપૂર્વક તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે, એટલુંજ નહિ પણ કુમકુમ પગલે આવી રહેલ એ મુબારક જ્યુબિલી પ્રસગે પોતાના "રૂહાની પિતા"ની પ્લેટીનમ કે નવરત્નમાં તુલાવિધિ કરવા માટે આતુરતાથી રાહ જોઇ રહી છે. "નુરમ મુબીન"ની આ ત્રીજી આવૃતિનાં પ્રકાશન પ્રસંગે ઉપર પ્રમાણેના ખુશ સમાચારો સાંપડતા, મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં અંતઃકરણપૂર્વકની દુઆ ગુઝારી છે કે સમસ્ત ઇસ્માઇલી આલમને, જગતને અજાયબીમાં ગરકાવ કરી દેનારો એ મહાન, ઇતિહાસિક અને ગૌરવભર્યો અનેરો અવસર ઉજવવા નેક તૌફિક અતા કરે. આમીન. આમીન. આમીન.

## પૂર્ણાહુતિ.

"નુરમ મુબીન" નામની આ ઇતિહાસિક કૃતિની ત્રીજી આવૃતિ બહાર પાડતાં અમોને અનહદ આનંદ થાય છે. આ આવૃત્તિની પૃષ્ઠ સંખ્યા સાતસો ઉપર ગઇ છે, તો પણ હજી તેમાં વધુ રંગો

પુરવાની ઘણી સામગ્રી અમારી પાસે મૌજુદ છે. મૌલાના હાઝર ઇમામના જ્વલંત ઇતિહાસનો સાગર ભરપુર ભરેલો છે, પરંતુ બહુજ લંબાણ થવાના ભયને અંગે એ સાગરમાંથી એકાદ કુઝા જેટલી પણ વિગતો અમો બહાર પાડવાને શકિતમાન થયા નથી. મૌલના હાઝર ઇમામના ભાષણોમાંથી ફકત અમુક ફકરાઓ કે સંક્ષિપ્ત સાર લીધો છે. તેજ પ્રમાણે અવ્વલ ઇમામ હઝરત અલી અ. અને બીજા ઇમામોનાં ઇતિહાસમાં પણ બનવા પામ્યું છે.

ગીરીમ કે મરા તર્ઝે નવિશતન ન શુદ અઝ યાદ,
પયદાસ્ત કે બા ઈન સરોસામાન ચિ નવીશીમ?

લેખનપધ્ધતિ અમોને આવડતી નથી, એ માની લઇએ, છતાં પણ જ્યાં આટલી સામગ્રી ઉપલબ્ધ હોય તેવી સ્થિતિમાં શુ લખી શકીએ, એ પણ સ્પષ્ટ છે.

નૂરમ મોબીન
આવૃત્તિ ચોથી જુલાઈ ૧૯૬૧
નો ભાગ અહિંથી ઉમેરવામાં
આવ્યો છે.

## કેળવણી, કરકસર અને શિક્ષણ સંબંધી ફરમાને અમૂલ્ય દોરવણી

રોજિંદા જીવનમાં કરકસર અપનાવવા, બાળકોને મુસ્લિમ અથવા સરકારી નિશાળોમાં જ મોકલવા અને યોગ્ય ઉમરે લગ્ન કરી લેવા માટે ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે અવાર-નવાર માર્ગદર્શનની નવજેશ ફરમાવી હતી. આ સંબંધી ફરી એક વખત દિવ્ય દોરવણી આપના ફરમાની ના. સુપ્રીમ કાઉન્સીલ ઉપરના તા. ૯-૧૦-૫૧ ના તાલીક દ્વારા ફરમાવ્યું :-

"અમારે ફરી એકવાર અમારા પ્રિય રૂહાની બચ્ચાઓને જણાવવું જોઇએ કે આપણા મઝહબના એક ભાગ તરીકે રોજિંદા જીવનમાં કરકસર કરવી જરૂરી છે. તમારે જુગાર પાછળ, ઘોડાઓ ઉપરની બેટિંગમાં, બિનજરૂરી કિંમતી પોશાકો પાછળ અને બનાવટી ઝવેરાતમાં નાણાં વેડફી નહિ નાખવા જોઇએ. તમારું એકધારું ધ્યાન જીવનમાં કરકસર પ્રત્યે રાખવું જોઇએ. અગર તમે શ્રીમંત હો તો પણ બીજાઓ ઉપર શ્રેષ્ઠતા દાખવવા ખાતર જરૂરીયાત કરતા વધુ ખર્ચ કરશો નહિ.

બીજી બાબત એ છે કે બચ્ચાંઓને બિન-મુસ્લીમ ધાર્મિક શાળાઓમાં મોકલવા તે ઘણું ખોટું છે. આ સઘળા મુસ્લીમો માટે અતિશય દુઃખજનક છે. આપણા બચ્ચાંઓએ સરકારી શાળાઓમાં જવું જોઇએ. ગવર્નમેન્ટ આપણી પોતાની છે. કારણ કે તમે બર્મિઝ છો.

પરદેશી મિશનરીઓ એ તમારા નથી એમ ભારપૂર્વક ફરમાવીએ છીએ સરકારી નિશાળામાં અથવા મુસ્લિમ નિશાળોમાં જવું જોઇએ અને કિંડરગાર્ટનની, ઉત્તમ ધોરણ યોગ્ય સ્કીમ કાઉન્સીલે તુરત જ દાખલ કરવી. રાત્રીની ધાર્મિક નિશાળો પણ સાવધાનપણે સ્થાપિત કરવી જોઇએ. મગરીબની દુઆઓ પણ એવા સમયે રાખવી જોઇએ કે જ્યારે દરેક જણ હાજર થઇ શકે.

ઉમર લાયક છોકરીઓ અને છોકરાઓ વચ્ચેના લગ્નો જેમ બને તેમ અવારનવાર થવા જોઇએ. કાઉન્સીલ અને આગેવાનોએ "કો-ઓપરેટીવ મોનેટરી હેલ્પીંગ સોસાયટી" સંબંધી સંભાળપૂર્વક અભ્યાસ કરી આફ્રિકાના જેમ (બરમા ખાતે) સ્થાપિત કરવી. આ સર્વે જરૂરી બાબત છે."

## પાક વડા પ્રધાનના અવસાન બદલ દર્શાવેલો શોક

પાકિસ્તાનના વડા પ્રધાન કાઇદે મિલ્લત જ. લિયાકતઅલીખાનની તા. ૧૬ મી ઓકટોબર ૧૯૫૧ ના રાવલપીંડી ખાતે કરૂણ હત્યા થઇ હતી. મરહૂમ લિયાકતઅલીખાન હ૦ ઇમામના ગાઢ મિત્ર હતા. હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે આ પ્રસંગે શોક સંદેશો પાઠવ્યો હતો.

આ અંજલિ ઉપરાંત આપ નામદારે આલેખેલા પોતાના જીવન સંસ્મરણોના ઐતિહાસિક પુસ્તક "આગાખાનના સંસ્મરણો" માં પણ મરહૂમ લિયાકતઅલીખાન માટે આપે ઊંચ્ચ ભાવના-યુક્ત ઉલ્લેખ કર્યો હતો.

## હિંદમાં સામાન્ય ચૂંટણી પ્રસંગે અનોખુ રાજદ્વારી માર્ગદર્શન

ઇ. સ. ૧૯૫૨ ના જાન્યુઆરી માસના શરૂઆતના અઠવાડીયામાં હિંદભરમાં સામાન્ય ચૂંટણીઓ યોજવામાં આવી હતી. આ પ્રસંગે હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે અખિલ હિંદના ઇસમાઇલીઓ જોગ એક સંદેશો પાઠવી ફરમાવ્યું :

"તમે જાણો છો તેમ ઇસમાઇલીઓ સાથેનો અમારો સંબંધ રૂહાની બચ્ચાઓના રૂહાની પિતા તરીકેનો તદન-ચોખ્ખો ધાર્મિક છે અને તમારા રાજદ્વારી વિચારો ઉપર કોઇપણ રીતે લાગવગ વાપરવાની અમારી ઇચ્છા કે ઇરાદો નથી. પણ અમને એટલું તો અવશ્ય લાગે છે કે હવે હિંદ સદભાગ્યે એક સ્વતંત્ર દેશ બન્યો છે ત્યારે જેઓને મત આપવાનો હક છે તેવા સઘળા શહેરીઓની ફરજ એ મતાધિકારનો ઉપયોગ કરવાની છે. તમો સઘળાઓને અમે મજબૂત આગ્રહ કરીએ છીએ કે શરતચૂકથી મત આપવાનું વિસરશો નહિ બલ્કે જવાનું પણ ચૂકશો નહિ અને તમારા રાજકીય સમૂહનું પ્રતિનિધિત્વ ધરાવતા જેને તમે સદૃથી વધુ લાયક ધારો તેને તમારો મત આપજો. મ્યુનિસિપાલ તેમજ બીજી રાજકીય ચૂંટણીઓમાં પણ આવીજ રીતે વર્તજો."

## પાકીસ્તાન ખાતે કદમ મુબારક

૧૯૫૨ ના જાન્યુઆરી માસની તા. ૧૩ મીએ હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે ના. માતા સલામત સાથે પેરીસથી પાકીસ્તાનના પાટનગર કરાચી ખાતે કદમ મુબારક ફરમાવ્યા હતા.

પાકિસ્તાનના તે સમયના ના. ગવર્નર જનરલ જ. ગુલામમહમદ અને પાકિસ્તાન સરકાર તરફથી તેમજ અન્ય કોમો તરફથી હ૦ ઇમામનો અપૂર્વ સત્કાર કરવામાં આવ્યો હતો.

આ મુલાકાત પ્રસંગે આપશ્રીની જીસ્માની તબિયત નાદુરસ્ત હોઇ કેટલાક પ્રસંગે આપશ્રી 'વ્હીલ ચેર'માં બિરાજી પધાર્યા હતા.

પાકિસ્તાનના મહાન રાજપુરુષો તેમજ પાકિસ્તાન ખાતેના વિદેશોના પ્રતિનિધિઓએ હઝરત ઇમામની આ પધરામણી પ્રસંગે મુલાકાતો લીધી હતી અને આપના માનમાં અનેક સમારંભો યોજાયા હતા.

## મુરીદોને માયાળુ માર્ગદર્શન

આ પધરામણી પ્રસંગે હ૦ ઇમામે પરદેશથી પાકિસ્તાન આવેલા ઇસમાઇલીઓને બલુચિસ્તાનથી પરશિયન ગલ્ફ સુધી વેપાર અર્થે જવા ફરમાનો ફરમાવ્યા હતા.

હુન્નરઉદ્યોગ અને ગૃહઉદ્યોગની તાલીમ લેવા પણ આપ નામદારે દોરવણી આપી હતી. ઉપરાંત ઇન્ડસ્ટ્રીયલ હોમ અને કેન્ટીન જેવી પ્રવૃતિને વૈજ્ઞાનિક ઢબે ચલાવવા ફરમાનો ફરમાવ્યા હતા.

તંદુરસ્તી માટે ખાસ સંભાળ રાખવા અને તંદુરસ્તીના નિયમો પાળવા આપ નામદારે મજબુત આજ્ઞા ફરમાવી સાથે સાથે લગ્ન અને એવાજ બીજા પ્રસંગોએ કરકસરને અપનાવવા આપશ્રીએ માયાળુની દોરવણી નવાજેશ કરી હતી.

તા. ૨૬ મી જાન્યુઆરીના હિંદના પ્રજાસત્તાક દિન નિમિત્તે હિંદી હાઇ કમિશ્નર ડૉ૦ મોહનસિંહ મહેતાએ યોજેલા એક સમારંભમાં હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે હાજરી આપી હતી.

## શાહેનશાહ જ્યોર્જ છઠાનું દુઃખદ અવસાન

ઇંગ્લેંડના લોકપ્રિય શાહેનશાહ જ્યોર્જ છઠાનું તા. ૬ ઠી ફેબ્રુઆરી ૧૯૫૨ ના અવસાન થતા સમગ્ર સામ્રાજ્યમાં તેમજ આખા વિશ્વમાં શોકની લાગણી પ્રસરી ગઇ હતી.

ઇંગ્લેંડના શાહી કુટુંબ સાથે હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહનો સંબંધ સદી ઓથી નિકટનો રહયો હોઇ આપશ્રીએ પણ અંગત રીતે ભારે આઘાત અનુભવ્યો હતો.

મરહુમ શહેનશાહને અંજલિ આપતા હ૦ ઇમામે કરાંચી ખાતેના એક્ષચેંજ ટેલીગ્રાફના ખબરપત્રીને જણાવ્યું કે :– "અમે શહેનશાહ જ્યોર્જને નાનપણથી ઓળખતા હતા. રાણી મેરીની સહી સાથેનો મરહુમ શહેનશાહ જ્યોર્જ ત્રણ વર્ષના હતા ત્યારનો ફોટો અમારા પાસે છે. જે અમે સાથે રાખશું. અમે અમારા તરફથી અને અમારા મુરીદો તરફથી નવા મહારાણી, રાજમાતા અને રાણી મેરી તરફ દિલસોજી દર્શાવીએ છીએ."

મરહુમ શહેનશાહના અવસાન બાદ ઇંગ્લેંડની રાજગાદીએ તેમના વડા શાહજાદી આવ્યા જેઓ ના૦ મહારાણી એલિઝાબેથ બીજા તરીકે જાહેર થયા.

## ઢાકા ખાતે પધરામણી

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અને ના૦ માતા સલામત કરાંચીથી તા. ૧૨મી ફેબ્રુઆરીએ રવાના થયા હતા અને લાહોર તેમજ નવી દિલ્હી થઇ તા. ૧૩મીના ઢાકા ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી.

પૂર્વ પાકિસ્તાનની સરકારે અને ઇસમાઇલી તેમજ બિન ઇસમાઇલીઓએ આપ નામદારનો અદ્દભૂત સત્કાર કર્યો હતો.

હ૦ ઇમામે આ મુલાકાત પ્રસંગે રૂ. ૫૦,૦૦૦ ની એક ખાસ સખાવતની જાહેરાત કરી હતી. "આગાખાન ચેરેટી એકાઉન્ટ" ના નામે નેશનલ બેંક ઓફ પાકિસ્તાનમાં રહેલી આ રકમનો ઉપયોગ પૂર્વ બંગાળના ના. ગવર્નરની ઇચ્છા મુજબ થાય એવી ખ્વાહેશ આપશ્રીએ જાહેર કરી હતી.

આ સિવાય પૂર્વ બંગાળ માટે સાતસો ઓસ્ટ્રેલીઅન પાઉન્ડની ત્રણ વરસ માટેની ચાર સ્કોલરશીપો પણ આપશ્રીએ જાહેર કરી હતી. ઉમેદવારોની પસંદગી ના૦ ગવર્નર તરફથી નિમાએલી એડહોક કમિટી કરે એવી આપે ઇચ્છા બતાવી હતી.

ઢાકા ખાતે આપ તા. ૨૦ મી ફેબ્રુઆરી પર્યંત રહયા હતા અને પોતાના રૂહાની ફરજંદોને માયાળુ માર્ગદર્શન આપી તેમના ધાર્મિક કાર્યો ઉકલાવ્યા હતા.

## હિંદની અંતિમ મુલાકાત

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અને ના૦ માતા સલામત ઢાકાથી તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૨ ના રવાના થઇ તેજ દિવસે કલકતા ખાતે પધાર્યા હતા.

ઢાકાથી કલકત્તા સુધીના હવાઇ પ્રવાસ દરમ્યાન આપ નામદાર ઉપર જીસ્માની રીતે હ્રદય રોગનો હુમલો થતા તબિયત ખરાબ થઇ હતી. આથી હિંદના બીજા શહેરોની મુલાકાત લેવાનો આપનો કાર્યક્રમ રદ થયો હતો.

કલકત્તા ખાતેની ટુંક રોકાણ દરમિયાન તેઓ નામદાર પશ્ચિમ બંગાળના ના૦ ગવર્નર ડો૦ મુકરજીના મહેમાન તરીકે રહયા હતા.

કલકત્તાથી નવી દિલ્હી થઇ તા. ૨૮ મી ફેબ્રુઆરીના સુબેહથી ખાસ મંગાવેલ ચાર્ટર્ડ પ્લેનમાં નીસ (ફ્રાંસ) ભણી જવા રવાના થયા હતા. હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની જીસ્માની રીતે હિંદની આ અંતિમ મુલાકાત હતી.

## ના૦ શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબની હિંદમાં પધરામણી

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની ફ્રાંસ ભણી રવાનગી થયા બાદ આપશ્રીના પ્યારા શાહઝાદા નામદાર પ્રિન્સ અલીખાન સાહેબે તા. ૭-૩-૧૯૫૨ ના હિંદની ભુમિ ઉપર કદમ મુબારક ફરમાવ્યા હતા.

તેઓ નામદારે હઝરત ઇમામ સ. દ સુલતાન મુહમ્મદશાહની જરમાની તબિયત હવે સુધારા ઉપર હોવાના શુભ સમાચારો આપ્યા હતા.

મુંબઇ ખાતે નામદાર શાહઝાદાએ મુંબઇના તે વખતના નામદાર ગવર્નર રાજા મહારાજ. સિંહ સાથે ભોજન લીધુ હતું.

હિંદની આ મુલાકાત પ્રસંગે નામદાર શાહઝાદાએ મુંબઇ અને પરાંઓની જમાતો ઉપરાંત પુના, હૈદ્રાબાદ, નાગપુર, અને સૌરાષ્ટ્રની જમાતોની પણ મુલાકાતો લીધી હતી.

આ પ્રસંગે મુબારક નવરોજના દિન હસનાબાદ ખાતે એક ભવ્ય દરબાર યોજવામાં આવ્યો હતો જેમા નામદાર શાહઝાદાએ પધરામણી કરમાવી કોમ હિતમા કાર્ય કરવા સંસ્થાઓને સહકાર આપવા હાકલ કરી હતી.

તા. ૨૧ મી માર્ચ ૧૯૫૨ ના રાતના તેઓશ્રી યુરોપ જવા મુંબઇથી સિધાવી ગયા હતા.

## રાજ કરતી કોમ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ એ આફ્રિકાના આગેવાન ઇસમાઇલી કાઉન્ટ અબ્દુલ્લાભાઇ હાશમ ગાંગજીને ફ્રેન્સ ખાતે તા. ૫ મી માર્ચથી તા. ૧૦ મી માર્ચ સુધી જે મુલાકાતો આપી હતી તે પ્રસંગે કાઉન્ટ સાહેબ મારફત હિંદ-પાકિસ્તાનની જમાતોને ફરમાવ્યું કે : "જમાતે એક બીજામાં મોટા પાયા ઉપર વેપાર કરવો જોઇએ. આ રીતે આર્થિક ઉન્નતિ સાધી શકાશે. અમારી ઇચ્છા છે કે તમે "તુરમ મુબીન" માં વાંચો છો તેમ અમારી હૈયાતીમાં જ અમે તમને રાજ કરતી કોમ તરીકે જોઇને ઘણા ખુશી થઇશું.

## પ્લેટીનમ જ્યુબિલી ઇનવેસ્ટમેન્ટસ લિમિટેડની સ્થાપના

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની સિત્તેર વરસની ઇમામતની પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણી અર્થે ભારતની જમાતો તરફથી એકત્ર થનાર નાણાનો લાભ સમાજની આર્થિક ઉન્નતિ અર્થે જ કરવામાં આવે એવી હ૦ ઇમામની પવિત્ર ઇચ્છા હોઇ આ ઇચ્છાને બર લાવવા મુંબઇ ખાતે ધી પ્લેટીનમ જ્યુબિલી ઇન્વેસ્ટમેન્ટ લિમીટેડની સ્થાપના કરવામાં આવી.

આ કંપની દ્વારા હિંદની ઇસમાઇલી સહકારી સંસ્થાઓને નજીવા નફે નાણા ધીરવાનું નક્કી કરવામાં આવ્યું. મોટા પાયાઓ ઉપર મુખ્ય કેન્દ્રોમાં સહકારી સંસ્થાઓ સ્થાપવાની પ્રવૃતિ પણ શરૂ કરવામાં આવી અને સહકારી સંસ્થાઓ દ્વારા ઇસમાઇલીઓને વેપારના વિકાસ માટે આર્થિક મદદ આપવાની યોજના ઘડી કાઢવામાં આવી.

આ યોજના દ્વારા ઇસમાઇલીઓએ આર્થિક વિકાસ ભણી વધુ કુચ આદરી. આજે પણ આ કંપની દ્વારા સહકારી સંસ્થાઓને અને તે દ્વારા ઇસમાઇલીઓને વેપારના વિકાસ માટે આર્થિક મદદ મળતી રહે છે. આવીજ કંપની પાકિસ્તાન ખાતે પણ ઉભી કરવામાં આવી.

## "ડરબી" માં એક વધુ વિજય

તા૦ ૨૮-૫-૫૨ ના એપ્સમ ખાતે ૧૭૩ મી ડરબી રેસ યોજાઇ હતી. જેમા હ૦ ઇમામ

સુલતાન મુહમ્મદશાહના ઘોડા "તુલિયાર" વિજય પ્રાપ્ત કર્યો હતો. આ વિજયથી હ૦ ઇમામને ૨૦૫૮૭ પૌંડનું પહેલું ઇનામ મળ્યું હતું.

"ડરબી"ની આ જીત હ૦ ઇમામની પાંચમી જીત હતી, જ્યારે રેસિંગ જીવનમાં "તુલિયારની" પંદરમી જીત હતી.

## ફાતિમી સખાવત

"ડરબી" વિજયમાં હઝરત ઇમામને જે લાખો રૂપિયાની રકમ હતી તે હઝરત ઇમામે પોતાના તબેલાના સ્ટાફમાં બક્ષીસ તરીકે આપી દઇ વિશ્વને ફાતિમી સખાવતની ઝાંખી કરાવી હતી.

## "હસદ અને અદેખાઈ"

ફ્રાંસના પાટનગર પેરિસ ખાતે તા. ૩૦-૬-૫૨ ના હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહે નવા જમાતખાનાની ઉદઘાટન ક્રિયા કરવાની કરમબક્ષેસ ફરમાવી હતી.

સમાજની સિધ્ધીઓ વિષે ઉલ્લેખ કરતા આપે ફરમાવ્યું "તમે અત્યાર સુધી અમારી સલાહ મુજબ બરાબર ચાલ્યા નથી, છતા આટલી સિધ્ધી મેળવી છે. જો અમારા ફરમાનો મુજબ પરસ્પર સલાહ સંપથી ચાલ્યા હોત તો અત્યાર કરતા વધુ સિધ્ધીઓ પ્રાપ્ત કરી હોત. પરંતુ અફસોસ છે કે તમારામાં હસદ અને અદેખાઇ બહુજ છે. તમારામાં હિંમત છે, તમારામાં કામ કરવાની યોગ્યતા છે જેને લીધે તમોએ આ સિધ્ધીઓ મેળવી છે પણ જો અમારા ફરમાન મુજબ હસદ અને અદેખાઇ કાઢી નાખો તો આખી દુનિયાનો કાબુ તમારા હાથમાં હોય. આ માટે હજુ પણ બહુ મોડું થયું નથી."

## દુનિયા અને શેતાન

ઇર્ષાના સંબંધમાં વધુમાં હ૦ ઇમામે ફરમાવ્યું "ખુદાવંદતઆલાએ જ્યારે દુનિયા બનાવી ત્યારેજ વિચાર્યું કે શેતાન વગર દુનિયા સરખી નહિજ ચાલે. જેથી દુનિયા સાથે શેતાનને પણ પેદા કર્યો. પરંતુ તમે બંદગીથી વિચાર કરી શેતાનને કાઢી શકો છો અને આખી દુનિયાને તમારા હાથમાં રાખી શકો છો. તમારામાં જ્યાં બે ત્રણ ઘરો હોય છે ત્યાં પણ કુસંપ છે. આવી રીતે હસદ અને અદેખાઇ રાખવી જોઇએ નહિ.

ઇસમાઇલીઓ માટે કોઇપણ જગ્યા દૂર નથી. તમારામાંથી જો, હસદ અને અદેખાઇ કાઢી નાંખો તો આજે પેરિસ કાલે લંડન અને ટોકીયો જેવા દૂર દેશોમાં પણ આપણા પાયા ન નંખાય એવું કોઇ કારણ નથી."

## દિલ અને બંદગી

જમાતખાનાની ઉદઘાટન ક્રિયા પછી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું :- "આ પત્થરનું જમાતખાનું એટલા માટે બનાવવામાં આવેલ કે તમો વધુ માણસો ભેગા મળી કંઇક કરી શકો. બાકી બંદગી તો તમારા દિલમાં પણ કરી શકો છો જમાતખાનું તમારું દિલ છે અને બંદગી તમારું મગજ છે. આ તમારા મગજમા રાખો તો બંદગી કબુલ થાય. પરંતુ એનો અર્થ એમ નથી થતો કે જમાતખાનાની જરૂર નથી.

જમાતખાનાની જરૂરત તો છે જ કે જેથી તમો એકથી વધુ માણસો સાથે મળી બંદગી તેમજ સામાજિક બાબતો ઉપર વિચારણા કરી શકો."

આ ભવ્ય પ્રસંગે ના૦ માતા સલામત, ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ અને ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબે પણ હાજરી આપી હતી.

## એંબિયા કોન્ફરન્સ

જુલાઇ ૧૯૫૨ માં એંબિયા ખાતે આફ્રિકન ઇસમાઇલી પરિષદ યોજવામાં આવી હતી જેમા હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ મુબારક પધરામણી ફરમાવી હતી.

આ પરિષદમાં શિક્ષણ, આરોગ્ય તેમજ આફ્રિકાના ઇસમાઇલીઓની ઉન્નતિને લગતા સવાલોની છણાવટ કરવામાં આવી હતી.

આરોગ્ય રક્ષણ માટે નૈરોબી ખાતે એક લાખ પાઉન્ડના ખર્ચે એક આધુનિક હોસ્પીટલ બાંધવાનું પણ નક્કી થયું હતું.

## સરકાર તરફ વફાદારી રાખો

મુંબઇથી પ્રગટ થતા ઇસમાઇલી કોમના મુખપત્ર 'ઇસમાઇલી" એ ત્રીસમાં વરસમાં કદમ મુકયો એ પ્રસંગે "ઇસમાઇલી"ને હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ તા. ૨૯–૯–૫૨ ના એક ખાસ સંદેશાની નવાજેશ કરી ફરમાવ્યું :–

'છેલ્લા ત્રીસ વર્ષોમાં ભારતમાં ઘણા ફેરફારો આવ્યા છે પણ અમે આશા રાખીએ છીએ કે અમારા રૂહાની બચ્ચાઓના અંતઃકરણોમાં કશો ફેરફાર નહિ થયો હોય.

પોતાની સરકાર પ્રત્યેની સંપૂર્ણ વફાદારી જે પોતાના મઝહબનો પાયો છે તેવી જ સંપૂર્ણ વફાદારી તેઓએ દેખાડવી જોઇએ.

## "સંસ્મરણો" લખવાની જાહેરાત

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ પેરિસ ખાતે તા. ૨૯ મી ઓકટોબર ૧૯૫૨ ના જાહેરાત કરતા જણાવ્યું કે :–"અમે અમારી આત્મકથા લખવાના છીએ જેથી લોકો અમારી જીવન પ્રવૃતિઓની સાચી હકીકત જાણી શકે."

પેરિસથી પ્રકટ થતી "ન્યુયોર્ક હેરોલ્ડ ટ્રિબ્યુન" ની આવૃતિમાં તેમણે આ જાહેરાત કરી હતી.

ના૦ માતા સલામતે તા૦ ૭મી નવેમ્બરના ભારતના શ્રી દરખાના જમાતના મુખી સાહેબ ઇત્માદી રાઇ મહેદીભાઇ રજબઅલી ઉપરના એક પત્રમાં પણ "સંસ્મરણો" લખવાની બાબતનો ઉલ્લેખ કર્યો હતો.

## પાકિસ્તાનના વડા પ્રધાન હ૦ ઇમામના મહેમાન તરીકે

પાકિસ્તાનના તે સમયના વડા પ્રધાન અલહાજ ખ્વાજા નાઝિમુદ્દીન તા૦ ૧૪ મી ડિસેમ્બર ૧૯૫૨ ના નીસ ખાતે આવી પહોંચતા હ૦ ઇમામે તેમનું સ્વાગત કર્યું હતું. ના૦ શાહજાદા પ્રિન્સ

અલીખાન અને ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ પણ આ પ્રસંગે હાજર હતા. પાક વડા પ્રધાન બે દિવસ પર્યંત હ૦ ઇમામના મહેમાન તરીકે રહયા હતા હ૦ ઇમામે આ મુલાકાત અંગે પત્રકારોને જણાવ્યું હતું કે "પાક વડા પ્રધાન એક મિત્ર તરીકે મારી મુલાકાતે આવ્યા છે. આ મુલાકાતને રાજદ્વારી કે મઝહબી બાબતો સાથે સંબંધ નથી."

હઝરત ઇમામે પોતાની આત્મકથા સંબંધમાં વધુ જાહેરાત કરતા જણાવ્યું કે: "ત્રીજી જાન્યુઆરીથી આત્મકથા લખવાની શરૂઆત કરીશ."

# પ્લેટીનમ જયુબિલી

## હિંદ, પાકિસ્તાન અને આફ્રિકામાં જોશભેર તૈયારીઓ

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની સિતેર વર્ષની લાંબામાં લાંબી ઇમામતની ઐતિહાસિક પ્લેટીનમ જયુબિલીનો અવસર નજીક આવતો હોઇ ૧૯૫૩ ના વરસમાં હિંદ, પાકિસ્તાન અને આફ્રિકામાં આના લગતી તૈયારીઓમાં ભારે જોશ આવ્યું હતું. દરેક દેશમાં ઠેર ઠેર પ્રતિનિધિઓ જવા લાગ્યા અને ઝડપથી રકમ એકત્ર કરવા પ્રયત્નો કરવા લાગ્યા. હ૦ ઇમામની ઇચ્છા અનુસાર આ રકમનો ઉપયોગ ઇસમાઇલીઓની આર્થિક ઉન્નતિ માટે કરવામાં આવનાર હોઇ તેના લાભાલાભ અને ફાયદાઓની દીનદારોને માહિતીઓ આપવા મેળાવડાઓ અને સમારંભો યોજવામા આવતા હતા તેમજ સંખ્યાબંધ પ્રવાસો ખેડવામાં આવ્યા હતા. આનું સુંદર પરીણામ આવતું ગયું. ઠેર ઠેર અગાઉ નોંધાએલી રકમમાં અનેક ગણો વધારો થવા માંડયો.

## ના૦ શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબની હિંદમાં મુબારક પધરામણી

ના૦ શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબે તા૦ ૧૨-૩-૫૩ ના કેરોથી હિંદની ભુમિ ઉપર પધરામણી ફરમાવી હતી. તેઓશ્રીએ ફરમાવ્યું કે: "અમારા પિતાશ્રીની તબિયત સારી છે અને તેઓશ્રી પોતાની આત્મકથા લખી રહયા છે."

મુંબઇની રોકાણ દરમ્યાન તેઓશ્રીએ મુંબઇની તેમજ પરાંઓની જમાતોની મુલાકાત લઇ પોતાના પિતાશ્રી વતી દુઆઆશિષો ફરમાવ્યા હતા. મુંબઇની ઘણીએ ઇસમાઇલી સંસ્થાઓની મુલાકાત લઇ દોરવણી આપી હતી. પૂના, મદ્રાસ અને કલકત્તા ખાતે પણ તેઓ નામદારે પધરામણી ફરમાવી હતી.

## નવરોજનો સંદેશો

તા૦ ૨૧ મી માર્ચના નવરોજ પ્રસંગે "ઇસમાઇલી" ને પોતાનો ખાસ સંદેશો આપતા ફરમાવ્યું :-

"દરેક ઇસમાઇલી, પુરુષ, સ્ત્રી કે બાળકે એવી લાગણી અને ચોકકસ જ્ઞાન સાથે વિકસવું જોઇએ કે તેઓ આખી પૃથ્વી ઉપર પથરાએલ એક માન પામેલ અને શકિતશાળી મહાન કુટુંબના સભ્ય છે અને પહાડો અને સમુદ્રોની પેલી તરફ આજ કુટુંબના મિત્ર સભ્ય વસેલા છે અને તેઓ ફકત એકલી હસ્તીજ નથી.

જો દરેક જણ આ ખરી બિનાથી વાકેફગાર બને તો એ બાબત તેમનામાં વધારે હિંમત અને આત્મવિશ્વાસ પેદા કરશે"

તા૦ ૨૩-૩-૫૩ ના તેઓ નામદાર મુંબઈથી કોલંબો તરફ સિધાવી ગયા હતા. કોલંબોથી તા૦ ૩૦ મી માર્ચના ઢાકા ખાતે પધરામણી ફરમાવી હતી. ત્યાંથી ચિતાગોંગની પણ મુલાકાત લીધી હતી.

## કરાંચીમાં કદમ મુબારક

ના૦ શાહજાદા પ્રિન્સ અલીખાન સાહેબે તા૦ ૨-૪-૫૩ ના ઢાકાથી કરાંચી ખાતે પધરામણી ફરમાવી હતી. આ પ્રસંગે પાકિસ્તાન સરકાર અને ઇસમાઇલીઓ તરફથી ઉમળકાભર્યો સત્કાર કરવામાં આવ્યો હતો.

કરાંચીથી તેઓ નામદાર સિંધના પ્રવાસે ગયા હતા. દરેક સ્થળે જમાતોને હઝરત ઇમામ વતી દુઆઆશિષો ફરમાવી અમુલ્ય દોરવણી આપી હતી. કરાંચીથી તેઓ નામદાર કેરો તરફ સિધાવી ગયા હતા.

## "દગાબાજ મિત્રો"થી ચેતવણી

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ આફ્રિકાની જમાતોને કેન્સથી તા. ૭મી એપ્રીલ ૧૯૫૩ ના એક લાંબા તાલીકા મુબારકની નવાજેશ ફરમાવી હતી. કેટલીક બાબતોમાં દિવ્ય દોરવણીની નવાજેશ ફરમાવી હતી. જેમાં તકલીફોથી ન ડરવા ભલામણ કરી હતી.

શરાબ અને તમાકુને "દગાબાજ મિત્રો" તરીકે વર્ણવી આ વ્યસનોથી દૂર રહેવા ફરમાવ્યું હતું.

## ઇંગ્લેંડના ના૦ મહારાણીની તાજપોશીના ઉત્સવમાં આમંત્રણ

ઇંગ્લેંડના ના૦ મહારાણી એલિઝાબેથ બીજાની તાજપોશીની ભવ્ય ક્રિયા લંડન ખાતે તા. ૨૭ જુન ૧૯૫૩ ના દિને કરવામાં આવી હતી.

આ મહાન અને ઐતિહાસીક અવસરે હાજરી આપવા હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદ શાહ અ. ને ખાસ શાહી આમંત્રણ આપવામાં આવ્યું હતું. પરંતુ ફરમાની રીતે આપશ્રીની તબિયત નાદુરસ્ત હોઇ આપ નામદાર હાજરી આપી શકયા નહોતા.

## ના૦ મહારાણી તરફથી મળેલું ઐતિહાસિક માન

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. અને નામદાર માતા સલામત ૧૯૫૩ ના જુન માસમા લંડન પધાર્યા હતા. આ પ્રસંગે યોજાએલી રોયલ એસ્કોટ મિટીંગમાં આપશ્રીએ પધરામણી કરી હતી.

એસ્કોટ ખાતે હઝરત ઇમામને ઇંગ્લેંડના ના. મહારાણી એલિઝાબેથ બીજાએ અપુર્વ અને ઐતિહાસિક માન આપ્યું હતું. ના. મહારાણીએ હઝરત ઇમામને શાહી કુટુંબી સાથે રોયલ

લોકમાં, ચાહ લેવાનું માનભર્યું આમંત્રણ આપી અપૂર્વ સન્માન કર્યું હતું. હઝરત ઇમામ શાહ સુલતાન અ. નાο મહારાણીની જમણી બાજુએ બેઠા હતા. આ પ્રસંગ આપ નામદાર માટે અને ઇતિહાસ માટે ખૂબજ અગત્યનો હતો. તે સમયથી લગભગ પચાસ વર્ષો પહેલા હο ઇમામને ઇંગ્લેંડના વિખ્યાત મહારાણી વિકટોરીયાએ આવું જ માન આપ્યું હતું અને પચાસ વર્ષો પછી એટલે મહારાણી વિકટોરીયા બાદ ઇંગ્લેંડની ગાદીએ આવનાર ત્રણ રાજવીઓ પછીના ચોથા નાο મહારાણી એલિઝાબેથે આ રીતેજ હο ઇમામનું અપૂર્વ સન્માન કર્યું હતું. એ સમયમાં જૂના અને નવાયુગના એક માત્ર હૈયાત સાક્ષી હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. જ હતા.

## નાο પ્રિન્સ સદરૂદ્દીન સાહેબ આફ્રિકા ખાતે

હο ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ.ના નાના શાહઝાદા નાο પ્રિન્સ સદરુદ્દીન સાહેબ ઓગસ્ટ ૧૯૫૩ માં આફ્રિકાની મુલાકાતે પધાર્યા હતા.

તાο ૭ મી ઓગસ્ટના તેઓ નામદારે નૈરોબી ખાતે પધરામણી ફરમાવી હતી. નૈરોબીથી તેઓશ્રી મોમ્બાસા થઇ દારેસ્સલામ પધાર્યા હતા. ત્યાંથી જંગબાર પધાર્યા હતા અને જંગબારથી તાο ૧૩ ના ટાંગા પહોંચ્યા હતા. એજ દિને ફરી મોમ્બાસા પધાર્યા હતા અને મકુપા જમાતખાનાનો પાયો નાખવાની ક્રિયા કરી હતી.

તાο ૧૪ મી ઓગસ્ટના તેઓશ્રી નૈરોબી જવા વિદાય થયા હતા અને નૈરોબીથી તાο ૧૬ ઓગસ્ટના યુરોપ જવા વિદાય થયા હતા.

નાο શાહઝાદાએ દારેસલામ ખાતે આફ્રિકન મુસ્લિમો માટેની મસ્જિદનો પાયો નાંખવાની ક્રિયા કરી હતી.

આફ્રિકામાં ઉપરના દરેક સ્થળોએ તેઓશ્રીના માનમા અનેક સરકારી અને બિનસરકારી સમારંભો યોજવામાં આવ્યા હતા.

આફ્રિકન જમાતોને પોતા તરફથી આ પ્રસંગે સંદેશો આપતા ફરમાવ્યું :-

"આફ્રિકાના ઇસમાઇલી યુવાનોને અમારો પ્યારભર્યો સંદેશો એ છે કે, તેઓએ મુસ્લીમ પ્રવૃતિઓમાં સંપૂર્ણ ભાગ લેવો જોઇએ અને પોતાના અપનાવેલ આ વતન માટેની સઘળી જવાબદારીઓ અદા કરવી જોઇએ. આમા ફતેહમંદ થવા માટે તેઓએ જાત અને રંગના ભેદભાવ વિના બીજા મુસ્લીમ યુવાનો સાથે સહકાર કરવો જોઇએ.

પોતાના આધુનિક જમાનાની વલણને અનુકુળ બનાવીને અને પોતાના રૂહાની વારસા તરફ કદિપણ બેદરકારી બતાવ્યા વિના નવી દ્રષ્ટિથી તેઓએ ભૂતકાળના ઇસમાઇલી નેતાઓની પ્રણાલિકાને જાળવી રાખવી જોઇએ. આજ માત્ર ઇસ્લામનું સાચુ શિક્ષણ છે.

તેઓએ આફ્રિકાનોના સામાજિક, ઉદ્યોગિક અને આર્થિક ક્ષેત્રોની પ્રગતિ માટે સખત પરિશ્રમ કરવો જોઇએ."

## ઐકયતાથી જીવો

તા૦ ૧૭ મી ઓગસ્ટ ૧૯૫૩ ના "તખ્તનશીની દિન" ની ઉજવણી પ્રસંગે હઝરત ઇમામ શાહ મુહમ્મદશાહ અ. એ મુંબઇની ના. કાઉન્સીલ ઉપર નવાજેશ કરેલા તાલીકા મુબારકમાં ફરમાવ્યું :- "અમે ખરા દિલથી આશા રાખીએ છીએ કે રૂહાની બચ્ચાઓ તેઓના મતભેદોમાં એકદમ સખત થશે નહી પણ એક બીજાને ભાઇચારાના જુસ્સાથી મળી સમજૂતી કરશે અને સઘળા પ્રસંગે આપલેની નિતી અખત્યાર કરશે.

## તંદુરસ્તી માટે ગ્રાંટમાં વધારો

આ ખુશાલીના અવસરે આપ નામદારે મુંબઇના હેલ્થ સેન્ટરને રૂા. ૧૦,૦૦૦ (દશ હજારનો) ખાસ નિયમિત ગ્રાંટ વધારો નવાજેશ કર્યો હતો. આજ પ્રમાણે સૌરાષ્ટ્રના હેલ્થ સેન્ટરને પણ રૂા. ૧૦,૦૦૦ (દસ હજાર) ના ગ્રાંટ વધારાની નવાજેશ ફરમાવી હતી.

## પ્લેટીનમ જ્યુબિલીના ભંડોળમાં મોટા પ્રમાણમાં ફાળો આપવા ફરમાન

આ પ્રસંગે ભારતની પ્લેટીનમ જ્યુબિલી મહોત્સવ કમિટી ઉપર નવાજેશ કરેલા મુબારક તાલીકા દ્વારા ફરમાવ્યું :-

"આ રકમ (જ્યુબિલી માટેની) ભેગી કરવાનું કામ ચાલુ રાખવામાં આવશે અને અમે જાણીએ છીએ કે કુટુંબીજનો મોટા પ્રમાણમાં પોતાનો ફાળો એમા આપશે. સહુથી અગત્યની એ યોજના પ્રમાણે સઘળી રકમો એકઠી કરવામાં આવી છે અને ભવિષ્યમાં એકઠી કરવામાં આવે. તેનો ઉપયોગ આફ્રિકાના ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવા જ ધોરણ, બજારના દર કરતા ઓછા દરે ઇસમાઇલી વેપારીઓ દુકાનદારો અને નાના ધંધાદારીઓને નાણા ધીરવા માટેની કંપની કે તેવીજ કાયદેસરની સંસ્થા તરીકે કરવામાં આવે. સારું બંધારણ હોય એ પૈસા કરતા સહુથી વધારે અગત્યનું છે. અમે આશા રાખીએ છીએ કે ડાયમંડ જ્યુબિલીના કાયદાની મુશ્કેલીઓ ઉપરથી ઇસમાઇલીઓ બોધપાઠ શીખ્યા છે"

## જ્યુબિલીના ફાળામાં હજારોનો વધારો

"તખ્તનશીની દિનની" ઉજવણી પ્રસંગે મુંબઇની સેન્ટ્રલ પંજેભાઇ કમિટી તરફથી યોજાએલા એક મેળાવડામાં મુંબઇના આગેવાન અગ્રેસરોએ પ્લેટીમ જ્યુબિલીની મહત્તા અને મહાનતા ઉપર પ્રવચનો કર્યા હતા.

આ અવસરે અગાઉ નોંધએલા ફાળામ રૂા. ૪૫૦૦૦ (પીસ્તાલીસ હજારનો) વધારો થયો હતો.

પ્લેટીનમ જ્યુબિલીની હિંદ ખાતેની ઉજવણી માટે અંકાએલી રૂપિયા વીસ લાખની રકમ હવે પૂરી થઇ હતી, એટલું જ નહિ એ રકમ વીસ લાખના આંકડાને પણ કુદાવી ગઇ હતી.

હિંદ ઉપરાંત પાકિસ્તાન અને આફ્રિકામાં પણ ઉજવણી અંગે ઉત્સાહપૂર્વક તૈયારીઓ થવા માંડી હતી.

## હ૦ ઈમામ ઈટલી ખાતે

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. અને ના૦ માતા સલામત તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૫૩ ના ઇટાલીના વેનિસ શહેરમાં પધાર્યા હતા. ના. શાહઝાદા સદરૂદીન સાહેબ પણ સાથે હતા.

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ મોરક્કો અને ટ્યુનિશિયાની પ્રજાને તેમની મુક્તિ અર્થેની ચળવળ અંગે અદ્ભુત પ્રેરણાત્મક સંદેશો પાઠવી ફરમાવ્યું :–"મુસ્લીમ દેશો જ્યારે જ્યારે પણ દુઃખ અને સંકટોમાં મૂકાયા છે તો તે કેવળ તેમની પરસ્પરની ફૂટના કારણેજ મૂકાયા છે. જો તેઓ સંગઠીત બની મયદાનમાં આવે તો અવશ્ય કામયાબ થશે. તેઓની રાજકીય તેમજ આર્થિક મુશ્કેલીઓનો પણ અંત આવી જશે."

## સ્વાહિલી ભાષામાં રોજિંદી દુઆ

આફ્રિકાના સ્વાહિલી ભાષા જાણતા ઇસમાઇલીઓ માટે કેનિયાની ઇસમાઇલીઆ એસોસીએશન તરફથી પૂર્વ આફ્રિકાની ત્રણે એસોસીએશનના નામે સ્વાહિલી ભાષામાં રોજિંદી બંદગીનું પુસ્તક પણ પ્રગટ કરવામાં આવ્યું.

## કરાંચીમાં "મહેંદી કોન્વેલસેન્ટ હોમ"–પાક.વડા પ્રધાને કરેલું ઉદ્‌ઘાટન

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ.નો કરાંચી ખાતેના જન્મ સ્થળ મહમદ ટેકરી ઉપર આવેલો આપશ્રીનો બંગલો જે "હનીમૂન લોજ" તરીકે ઓળખાતો હતો તેને હઝરત ઇમામની ઇચ્છાથી સુંદર કોન્વેલસેન્ટ હોમમાં ફેરવી નાંખવામાં આવ્યો હતો.

આ માટે તેઓશ્રીએ રૂપિયા અઢી લાખની બાદશાહી મદદ આપી હતી.

અહિ, લાંબી બીમારી અથવા મોટા ઓપરેશન પછી દર્દીને પુનઃ આરોગ્ય પ્રાપ્તી અર્થે રાખવાની આધુનિક ઢબે વ્યવસ્થા કરવામાં આવી છે.

પાકિસ્તાનના તે સમયના વડા પ્રધાન જ. મુહમ્મદઅલી બોગરાએ તા. ૧૪ સપ્ટેમ્બર ૧૯૫૩ના આ હોમની ઉદ્‌ઘાટન ક્રિયા કરી હઝરત ઇમામની અસંખ્ય સેવાઓને અંજલી આપી હતી.

## ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ માટે મુંબઇ હાઇકોર્ટનો ચૂકાદો

મુંબઇનું ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ કે જેને અગાઉ કોર્ટ તરફથી "નોન ચેરીટેબલ અને ગેરકાયદેસર" જાહેર કરવામાં આવ્યું હતું તે માટે કરાએલી અપીલનો મુંબઇ હાઇકોર્ટના ના. ચીફ જસ્ટીશ શ્રી એમ. સી ચાગલા અને ના૦ જસ્ટીસ શ્રી ટેન્ડુલકરે તા૦ ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૫૩ ના ચુકાદો આપી મજકુર ટ્રસ્ટને "ચેરીટેબલ ટ્રસ્ટ" તરીકે જાહેર કર્યું. આ ચુકાદાથી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ.ને અતિ હર્ષ થયો હતો.

## પ્લેટીનમ જ્યુબિલીની ઐતિહાસિક ઉજવણીનો પાકિસ્તાનને મળેલો પ્રથમ લાભ

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. હિઝ રોયલ હાઇનેસ ધી આગાખાન સાહેબે

૪૮ ઇમામોમાં લાંબામાં લાંબી ઇમામત ભોગવી હતી. આપ નામદારની સિત્તેર વરસની ઝળકતી ઇમામતની ઐતિહાસિક યાદગીરીમાં "પ્લેટીનમ જ્યુબિલી"ની ઉજવણી કરવાની હિંદ, પાકિસ્તાન અને આફ્રિકા ખાતે આ પૂર્વેજ તૈયારીઓ કરવામાં આવી હતી અને ઉજવણી અર્થે નાણાં એકત્ર કરવાનું કાર્ય દિનપ્રતિદિન વધુને વધુ ઉત્સાહથી આગળ ધપી રહ્યું હતું, ત્રણે દેશોના ઇસમાઇલીઓ પોતાના રૂહાની પિતાની જ્યુબિલી ઉજવવા ઝંખી રહ્યા હતા સર્વત્ર ઉલ્લાસ અને આનંદ વ્યાપી રહ્યા હતા.

આવા આનંદ વચ્ચે હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ પાકિસ્તાનને "પ્લેટીનમ જ્યુબિલી"ની ઉજવણી કરવાની પ્રથમ તક આપવા નવાજેશ ફરમાવી.

પાકિસ્તાનને આ ઉજવણી માટેના ફંડને એકઠું કરવાની ત્રણ વર્ષ પૂર્વે શરૂઆત કરી હતી. પશ્ચિમ પાકિસ્તાનમાં રૂ. ત્રીસ લાખની રકમ એકઠી થઇ હતી. આ રકમની વ્યવસ્થા હઝરત ઇમામની ઇચ્છા અનુસાર નાણાંકીય કોરપોરેશન સ્થાપી તે દ્વારા સહકારી ધોરણે સમાજના આર્થિક વિકાસ અર્થે મદદ કરવા માટે કરવામાં આવી છે.

પ્લેટીનમ જ્યુબિલી પ્રસંગે તુલાવિધી માટે ૧૯૫૪ના ફેબ્રુઆરી માસને હઝરત ઇમામે મંજુરી આપ્યાના સમાચાર પ્રાપ્ત થતા સમગ્ર પાકિસ્તાનમાં અપૂર્વ ઉત્સાહ સાથે આ ઐતિહાસિક અવસરને લગતી દમામદાર તૈયારીઓ થવા માંડી હતી.

ઇસમાઇલીઓ ઉપરાંત બિન ઇસમાઇલીઓ પણ આ અવસર અંગે ભારે હર્ષિત બની ગયા હતા. સમગ્ર ઇસ્લામના મહાન સરદાર અને ઉદ્ધારક હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલી આપશ્રીની જન્મભૂમિ કરાંચી ખાતે વિશ્વભરમાં પ્રથમ ઉજવનાર હોવાથી આમ ઇસ્લામીઓ પણ અતિ ઉત્સાહિત બની ગયા હતા. પાકિસ્તાન સરકારે પણ આ માટે દરેક સહકાર આપ્યો હતો.

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. નાંમાતા સલામત સાથે તા. ૨૯-૧૨-૫૩ ના નીસથી કેરો પધાર્યા હતા. પ્લેટીનમ જ્યુબિલી માટે કરાંચી પધારવા પૂર્વે આપ નામદાર રજાઓ ગાળવા કેરો પધાર્યા હતા.

નામદાર રાજા જ્યોર્જ છઠ્ઠા ના અવસાન વખતે નામદાર રાણી ઇલીઝાબેથ જે વિમાનમાં યુરોપ પાછા ફર્યા હતા તેજ વિમાનને ખાસ ચાર્ટર કરવામાં આવ્યું હતું.

ઐતિહાસિક ઉજવણી માટેના સ્થળ તરીકે આગાખાન જીમખાનાની પસંદગી કરવામાં આવી અને ત્યાં પચાસ હજાર માણસોને બેસવાની ખાસ સગવડ કરવામાં આવી.

તુલાવીધી માટે ખાસ કાંટો બનાવવામાં આવ્યો. આખો કાંટો કિંમતી અને સોહામણા હાથીદાંતથી ખાસ તૈયાર કરવામાં આવ્યો જે પાછળ રૂપિયા દશ હજાર ખર્ચ થયો હતો.

તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૫૪ ના તુલાવિધિની ક્રિયા કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

## પ્લેટીનમથી પણ મૂલ્યવાન વસ્તુ વડે તુલાવિધિ કરો

કરાંચી ખાતે ઉજવાનારી પ્લેટીનમ જ્યુબિલી પ્રસંગે મુંબઇના જાણીતા અંગ્રેજી દૈનિક

"ફ્રી પ્રેસ જનરલે" એક લેખ લખી-હઝરત ઇમામને ભવ્ય અંજલી આપી હતી.

પોતાના લાંબા લેખમાં તેણે લખ્યું ::-"તેઓ આબાદી ભોગવતી પ્રગતિમાન ઇસમાઇલી ખોજા કોમના રૂહાની નેતા છે. દુનિયા આપનું ઘર છે. તેઓ સર્વત્રકોમી મહાન માનવી છે. ઇસ્લામના મહાન પયગમ્બર હઝરત મહમદ (સ.) ના તેઓ ૪૮ માં સીધા વંશજ છે."

આ પછી તેણે હઝરત ઇમામના જીવન અને જીવન કાર્યની પ્રશસ્તિ કરી અંતમાં લખ્યું:- "અમે એવી સુચના કરીએ છીએ કે નામદાર આગાખાન સાહેબના અનુયાયીઓએ પ્લેટીનમ કરતા પણ વધુ અસાધારણ અને મુલ્યવાન વસ્તુની કોશિષ કરવી જોઇએ!"

## હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ની કરાંચી ખાતે મુબારક પધરામણી

ઇસમાઇલી ઇતિહાસમાં જ નહી પણ જગતના ઇતિહાસમાં જે અપૂર્વ પ્રસંગ સદા માટે અમર બની ગયો છે તે હઝરત ઇમામ સુલતાન મુહમ્મશાહ અ.ની ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલીની આખરી તૈયારીઓમાં જ્યારે પૂરું કરાંચી મગ્ન અને મસ્ત હતું એવા ઉલ્લાસભર્યા સુખદ દિનો દરમિયાન તા૦ ૩૧મી જાન્યુઆરીએ ઇસમાઇલીઓના ઉધ્ધારક અને પરમ પ્રતાપી ૪૮ માં ઇમામ તેમજ ઇસ્લામના સરદાર હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ ના૦ માતા સલામત સાથે વહેલી સવારે કેરોથી કરાંચી ખાતે કદમ મુબારક ફરમાવ્યા સાથે ઇસમાઇલીઓના હ્રદયોએ અનહદ આનંદ અનુભવ્યો.

હઝરત ઇમામનું આ પ્રસંગે બાદશાહી સ્વાગત કરવામાં આવ્યું. વિશાળ ઇસ્લામી રાષ્ટ્ર પાકિસ્તાનના તે સમયના વડા પ્રધાન જ. મુહમ્મદઅલી અને બેગમ મુહમ્મદઅલી તેમજ સિંધ પ્રાંતના તે સમયના ઇસમાઇલી ગવર્નર જ. હબીબ આઇ. રહેમતુલ્લા તેમજ તેમના બેગમે વિમાની મથકે ખાસ હાજરી આપી એ વિશ્વ વિભૂતિનો સત્કાર કર્યો હતો.

ઇસમાઇલી અગ્રેસરોની એક મોટી ફોજ પણ ઇસમાઇલી ગણવેષમાં હાજર હતી. ઇસમાઇલીઓ સહિત ભાઇબંધ કોમના મળી પાંચ હજાર માણસો હવાઇ મથકે એકત્ર થયા હતા.

"અલ્લાહો અકબર" "હાજર ઇમામ ઝિંદાબાદ" "પ્લેટીનમ જ્યુબિલી ઝિંદાબાદ"ના ગગનભેદી નારાઓથી લોકોએ હઝરત પયગમ્બર (સ.) અને હ૦ અલી (અ. સ.)ના ખાનદાનના આ મહાન નબીરાનું સ્વાગત કર્યું.

૧૯૪૯ માં જ્યારે ઇરાનના ના૦ શાહ કરાંચી પધાર્યા હતા તે પ્રસંગ સિવાય આટલી મેદની ક્યારે પણ વિમાની મથકે એકઠી થઇ નહોતી જેટલી હઝરત ઇમામની પધરામણી પ્રસંગે એકઠી થઇ હતી.

હઝરત ઇમામ અને ના૦ માતા સલામત તે સમયના ગવર્નર જનરલ જ. ગુલામમહમદના મહેમાન બન્યા હતા.

### ના૦ પ્રિન્સ અલીખાન સાહેબનું આગમન

તા૦ --૨-૫૪ ના સાંજના ના૦ શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબનું કરાંચી ખાતે

મુબારક આગમન થયું હતું. હજારો ઇસમાઇલીઓએ હવાઇ મથકે આપનો સત્કાર કર્યો હતો. આપના સાથે પ્રખ્યાત "લંડન ટાઇમ્સ" ના પ્રકાશક કુલેલોર્ડ એસ્ટર પણ આવ્યા હતા.

ના૦ પ્રિન્સ સિંધના ગવર્નર જ. હબીબ આઇ રહેમતુલ્લાના માનવંતા મહેમાન બન્યા હતા.

# વિશ્વે નિહાળી મહાન ઈમામની મહાનતા અને શાન

સરવરે કાયનાત પયગમ્બર હઝરત નબી મહમદ (સ.) એ સ્થાપેલા મહાન મઝહબ ઇસ્લામ દ્વારા અલ્લાહના નૂરની ઓળખાણ અને સાચા ધર્મની શનાખત સૃષ્ટિને મળી આ પછી અલ્લાહના હિદાયતી નૂરના ચિરાગો ઇમામ રૂપે સૃષ્ટી ઉપર આવ્યા. ગદીરે ખુમ્મના ઇતિહાસિક મેદાનમાં અલ્લાહના પવિત્ર હુકમથી હઝરત પયગમ્બરે પોતાના મહાન વારસદાર અને અવ્વલ ઇમામ તરીકે હઝરત અલી (અ. સ) નાં જાહેરાત કરી.

હઝરત ઇમામ અલી (અ. સ.) થી એક પછી એક ઇમામ સૃષ્ટી ઉપર આવતા ગયા. આ સિલસિલાના ૪૮મા જેમાધારી. ૪૮ ઇસમાઇલી ઇમામોમાં સહુથી વધુ સમય સુધી, લાંબામાં લાંબી ઇમામત ભોગવનાર હ૦ ઇમામ સુલતાન મહમદશાહ અ૦ની સિતેર વરસની લાંબી ઇમામતની ઉજવણી અર્થેનો પ્લેટીનમ જ્યુબિલીનો દિન કરાંચી ખાતે તા૦ ૩જી ફેબ્રુઆરી ૧૯૫૪ના નકકી કરવામાં આવ્યો હતો અને તે દિન અંતે આવી પહોંચ્યો.

જેની દિવ્યતાથી, જેના ઇશ્વરી તેજથી, જેની શાન અને મહાનતાથી વિશ્વ અંજાઇ ચુકયું હતું એ દૈવી વિભૂતિના પ્યારા રૂહાની બાળકો આ દિને અપૂર્વ આનંદમાં મગ્ન અને મસ્ત બન્યા હતા.

આ અમર અવસરે જગતભરના મહાન રાષ્ટ્રોના પ્રતિનિધિઓએ પણ હાજરી આપી હ૦ ઇમામ પ્રત્યેની પોતાની પ્રેમભરી લાગણી દર્શાવી હતી.

વાત્સલ્ય મૂર્તિ પિતાના તેજવંતા ફરજંદ નામદાર શાહઝાદા પ્રિન્સ અલીખાન સાહેબ આ અવસરે સૌમ્ય સ્મિત વેરતા હાજર હતા તો પાકિસ્તાનના વડા પ્રધાન જ. મુહમ્મદઅલી અને બેગમ મુહમ્મદઅલી, સિંધના નામદાર ગવર્નર અને તેમના બેગમ, મધ્યસ્થ સરકારના પ્રધાનો પ્રાંતિક સરકારના પ્રધાનો, ઉંચ્ચ મુલ્કી અને લશ્કરી અધિકારીઓની હાજરી ખાસ નોંધપાત્ર હતી.

સિલોન, મલાયા, ઇરાક, ફ્રાંસ, બ્રિટન, સ્પેન, મધ્ય એશિયા, ઇરાન, હિંદ, સીરિયા, આફ્રિકા અને બરમાથી પણ ઇસમાઇલીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા.

## માનપત્ર

જે મહાન ઇમામે ઇસમાઇલીઓને, ઇસ્લામને અને સામાન્ય રીતે સારીએ ખલ્કતને કલ્યાણ-પંથના દર્શન કરાવ્યા, જે પ્રતાપી ઇમામે પોતાનું આખુંએ મહાન, દિવ્ય અને કિંમતી જીવન ઇસમાઇલીઓની સર્વાંગી ઉન્નતી માટે અર્પણ કર્યું, જે રૂહાની પિતાએ ઇસમાઇલીઓને પ્રગતિની ઉંચમાં ઉંચી ટોચે મુકયા તે ફાતિમી ખાનદાનના આ પૂર્ણકલાએ પ્રકાશતા દિવ્ય આફતાબના અગણિત ઋણો અને ઉપકારોની આજના પ્રસંગે ભક્તિપૂર્ણ હ્રદયે યાદી કરવામાં આવી. બે હજાર શબ્દોવાળુ માનપત્ર આપને અર્પણ થયું જેમા આપશ્રીના બેસુમાર અહેસાનોને ઋણી હ્રદયે સંભારવામાં આવ્યા હતા.

## ઐતિહાસિક ક્રિયા

બાદ તુલાવિધિની ઐતિહાસિક અને ગંભીર ક્રિયા કરવામાં આવી.

તુલાવિધિ માટે ખાસ કાંટો તૈયાર કરવામાં આવ્યો હતો જેની એક તરફ હઝરત ઇમામ બિરાજમાન હતા અને બીજી તરફ પ્લેટીનમ નાંખવામાં આવતું હતું. કાંટાની રચના એવા પ્રકારની હતી કે એક ઔંસ પ્લેટીનમ નખાતા તે ચૌદ રતલ વજન બતાવતો હતો.

હઝરત ઇમામનું વજન ૨૧૫ રતલ થયું અને જ્યારે તુલાવિધિ પુરી થઇ ત્યારે "અલ્લાહો અકબર" અને "હાઝર ઇમામ ઝિંદાબાદ"ના ગગનભેદી નારાઓથી વાતાવરણ ગુંજી ઉઠયું હતું.

હઝરત ઇમામે પોતાના બન્ને મુબારક હાથો ઉંચા કરી પોતાના વહાલા રૂહાની ફરજંદોને દુઆઆશિષોની નવાજેશ ફરમાવી હતી.

## હા૦ ઇમામનું ઐતિહાસિક ભાષણ

આ પછી હઝરત ઇમામે ઐતિહાસિક ભાષણ કર્યું હતું. પોતાની યાદગાર તકરીરમાં હા૦ ઇમામે ફરમાવ્યું :—

"સૌથી પહેલા બધી ઇસમાઇલી પ્રજા વતી અમારે પાકિસ્તાનના ગવર્નર જનરલ અને પાકિસ્તાન સરકારે, કરાંચી ખાતે પ્લેટીનમ જયુબિલીની સફળ ઉજવણી કરવામાં પ્રત્યક્ષ અને અને પરોક્ષ રીતે જે મદદ અને સહકાર આપ્યો છે તે માટે તેઓનો આભાર માનવો જોઇએ. દરેક ઇસમાઇલી આ માટે તેઓનો ઋણી છે અને અમે પણ ખરા દિલથી તેમનો આભાર માનીએ છીએ.

જેઓના પ્રદેશોમાં સંખ્યાબંધ ઇસમાઇલીઓ સુખચેનથી રહે છે એ બેલ્જીયમના નામદાર રાજા અને ફ્રાંસના માનનિય પ્રેસીડેન્ટના મુબારકબાદીના માયાળુ સંદેશાઓ માટે તેઓનો દિલના ઉંડાણથી અમે પોતે તેમજ અમારા મુરીદો વતી આભાર માનીએ છીએ. વળી દારેસસલામમાં પ્લેટીનમ જયુબીલીની ઉજવણી કરવા માટે આપેલા આમંત્રણ બદલ અમે ટાંગાનિકાના ના૦ ગવર્નરનો આભાર માનીએ છીએ.

પાકિસ્તાનના અમારા વહાલા રૂહાની ફરજંદો, તમારા તરફથી આ ઉજવણી માટે જે ગોઠવણ કરવામાં આવી અને તમારા પ્રતિનિધિઓએ અમોને આજે જે માયાળુ સન્માનપત્ર આપ્યું તે માટે તેમને અને તમારી કમિટીઓને પણ ધન્યવાદ આપીએ છીએ.

## મઝહબનો મૂળભૂત સિધ્ધાંત

તમે ઇસમાઇલીઓ એ સારી રીતે જાણો છો કે તમારા મઝહબનો મૂળભૂત સિધ્ધાંત એ છે કે તમે જ્યા પણ રહેતા હો અને જ્યા તમારા જીવન અને સન્માનની સલામતી જળવાતી હોય, એ કોઇપણ રાજ્યમાં તમારે એ દેશની ભલાઇ અને સેવા માટે સંપૂર્ણ વફાદારી અને દેશભક્તિ બતાવી જોઇએ.

સ્વદેશભાવના અને વફાદારી ક્રિયાશીલ અને ફળવંત હોવા જોઇએ. ધ્યેયપૂર્વકની કાર્ય. શીલતા એ ખુદા અને વતનની સેવારૂપ છે. ગમે તેવું સખત હોય પણ પ્રેમપૂર્વક કાર્ય કરો—કાર્યશીલ રહો. પ્રાંતિક નજરે નહી પણ આખાયે દેશની ભલાઇ અને સાર્વત્રિક ઉન્નતિને નજર

સમીપ રાખી કાર્ય કરો. જો એક દેશની પ્રજા સંગઠીત અને કુરબાનીની ભાવના ધરાવનારી હોય તો એવી કોઇ મુશ્કેલીઓ કે કમનસીબીઓ નથી કે જે પાર ન થઇ શકે. આપણે જોયું છે કે સદીની અંધાધુંધી અને સળગતા પ્રશ્નો વચ્ચેથી પણ ટર્કી આજે કદીયે ન હતું તેવું મજબુત બનીને બહાર આવી શકયું છે. જર્મની અને જાપાને પણ ઇતિહાસમાં નોંધાઇ ગએલી એક મોટી હાર ખમીને પણ સ્વદેશભાવના તથા સખત પરીશ્રમ કરીને આજે દુનિયાની મહાન સત્તાઓમાં પોતાનું માનભર્યું સ્થાન મેળવી લીધું છે. આ બે દાખલા પણ એવા છે કે તે યાદ રાખવા જોઇએ, કારણ કે મુશ્કેલીઓમાંથી પાર ઉતરવા એમાંથી પ્રેરણા મળી જાય છે.

ધાર્મિક નજરે જોઇએ તો તમારા મઝહબને ચુસ્તપણે વળગી રહેવું જોઇએ, તો પણ જેને અમે બધી મુસ્લિમ બંદગીઓની એક સુંદરમાં સુંદર વસ્તુ હમેશા ગણતા આવ્યા છીએ એ "મહાન શક્તિશાળી ખુદા તેની અપાર રહેમતથી બધા મુસ્લીમોના ગુન્હાઓની માફી આપે" એ તમારે વિસરી જવું જોઇએ નહી.

## આટલું કરો

પાકિસ્તાનના અમારાવ્હાલા રૂહાની ફરજંદો, આ પ્રસંગે તમે ગણનાપાત્ર રકમ એકઠી કરી છે તેને વેરવિખેર કરવી જોઇએ નહિ. એ આફ્રિકાના ઇન્વેસ્ટમેન્ટસ ટ્રસ્ટ જેવી એક ચોકખી નાણાકિય સંસ્થાની શરૂઆત જેવી હોવી જોઇએ કે જેનું બંધારણ એવું હોય કે જેનાથી ૧૯૬૦ જેવી એક મુકરર મુદત સુધીમાં તમે એવી હાલતમાં આવી શકો કે પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનમાં ઇસમાઇલીઓ માટે તમે કંઇ નહિ તો રોજીના સવાલનું પણ નિરાકરણ કરવા જેટલું પણ કરી શકો.

દરેક સમાજમાં કાં તો તંદુરસ્તી અને શક્તિના અભાવે અને કાં તો કુદરતની અવકૃપાથી, નિયમિત રોજી મેળવા માટેના સવાલનો સફળ ઉકેલ થઇ શકતો નથી કમનસીબે એવાઓ પણ હશે કે જેઓ રોજી મેળવવા માટે અને પોતાની તંદુરસ્તી બચાવવા અને નસીબ ફેરવી નાંખવા પુરતુ પણ મેળવવા માટે કામની શોધમાં હોય છે, છતા સમાજમાં જોઇતા ઉદ્યોગના અભાવે કે જોઇતી જરૂરી નાની મુડીના અભાવે પોતાને જોઇએ તેટલું પુરૂં મેળવી શકતા નથી. જો તમે આફ્રિકા તરફ નજર કરો તો ત્યાં ખાસ કરીને કાન્ગો અને માડાગાસ્કરમાં તમે જોઇ શકશો કે ત્યાં સમાજની ઉન્નતિ માટેની એવી સંસ્થા ઉભી કરી શકાઇ છે, કે જેથી તેઓ સહકાર અને સ્વાશ્રયથી, બધીયે પ્રજા ઉપર જે ખરાબ ફટકાઓ પડે છે, તેના પવન સામે સ્વરક્ષણ કરી શકે છે. પ્લેટીનમ જ્યુબિલી માટે જેઓએ મધ્યસ્થ સહકારી નાણાકિય સંસ્થા ઉભી કરી છે તેઓએ આનો અભ્યાસ કરીને પાકિસ્તાનના ઇસમાઇલીઓ માટેના એક સાધન તરીકે તેને બનાવવી જોઇએ.

કરાંચીના બધા શહેરીઓ કે જેઓએ આ ઉજવણી પ્રત્યે તેમજ અમારા પોતાના તરફ મિત્રતાભરી માયાળુ લાગણી બતાવી છે તે માટે એ બધાને અમે ધન્યવાદ આપીએ છીએ અને પાકિસ્તાનની પ્રજાની આબાદી અને શાંતિ માટેની દુઆ ગુજારીએ છીએ."

## બાદશાહી સખાવતો

હજરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ આ ભવ્ય પ્રસંગે પાકિસ્તાનની જુદી જુદી સંસ્થાઓને બાદશાહી સખાવતોની નવાજેશ કરી ફાતિમી સખાવતનો જગતને પરચો આપ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બાબતોની પાકિસ્તાનની સંસ્થાને હઝરત ઇમામે રૂ. ૨૦,૦૦૦ (વીસ હજાર) ની ઉદાર ભેટ આપી હતી. આ માટે પાકિસ્તાનના તે સમયના વિદેશ પ્રધાન જ. ઝફરૂલ્લાખાનના પ્રમુખપદે એક સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ સમારંભ માટેની હ૦ ઇમામની યાદગાર તકરીર ના૦ માતા સલામતે વાંચી સંભળાવી હતી. હાજરી ન આપી શકવા બદલ ખેદ વ્યકત કરતા હઝરત ઇમામે ફરમાવ્યું "ભૌતિક શરી-રથી હું રૂહાની અને માનસિક શકિતને વધુ ઉંચ ગણું છું અને તેથી મારું પ્રથમ સંબોધન જ્યારે ઇસ્લામમાં ઇરાનીઓ પાસેથી અબ્બાસીઓએ ઉધાર લીધેલી રૂઢીઓ અને રિવાજોની ભેળસેળ થઇ નહતી. તેની પહેલા, ઇસ્લામની પ્રથમ સદિના મહાન ઉમ્મયાદ યુગનો અભ્યાસ કરી તેની પરથી દાખલો લેવાની મુસ્લીમ જગતને હાકલ કરું છું.

મારું બીજું સંબોધન તમારી દુન્યવી આબાદી ઉપરાંત એવી વસ્તઓને સ્પર્શે છે કે જેના વગર આધુનિક જગતમાં જીવતા રહેવું અશક્ય છે. દા. ત. વિજ્ઞાનની આધુનિક અને પ્રગતિવાદી શોધોના પાયા ઉપર રચાએલા સાધનો મારફત ઉત્પાદન વધારવાનો ગંભીર પ્રયાસ કરવો."

## વિજ્ઞાનના વિકાસાર્થે સહાય

પાકિસ્તાનમાં વિજ્ઞાનના વિકાસ માટે હઝરત ઇમામે જંગી સ્કોલરશીપોની પણ નવાજેશ ફરમાવી હતી. રૂ. ત્રીસ હજારની એક એવી વધુ બાર સ્કોલરશીપોની જાહેરાત આપે કરી હતી. ત્રણ ત્રણ વરસ માટેની આ બાર સ્કોલરશીપોની રકમ રૂ. ૩,૬૦,૦૦૦ (ત્રણ લાખ સાઠ હજાર) જેટલી થઇ હતી.

આ બાર સ્કોલરશીપોમાંથી બે શુધ્ધ વિજ્ઞાનના અભ્યાસ માટે અને દશ ટેકનોલોજીની ઉંચ પદવી માટે રહે એવી ઇચ્છા આપે દર્શાવી હતી.'

## પાકિસ્તાનની મહિલાઓને પ્રેરણાદાઈ અમર સંદેશો

કરાંચી ખાતે તા. ૬–૨–૫૪ ના ઓલ પાકિસ્તાન વિમેન્સ એસોસીએશન તરફથી એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો 'અપવા"ના આ સમારંભમાં હઝરત ઇમામ તબિયતના કારણે પધારી નહોતા શકયા. નામદાર માતા સલામતે હઝરત ઇમામ વતી "અપવા"ને વીસ હજારની ઉદાર ભેટની જાહેરાત કરી હતી.

પાકિસ્તાનની સ્ત્રીઓને તેમના મઝહબી અને ભૌતિક જીવનમાં ક્રાંતિ આણવા આ પ્રસંગે હ૦ ઇમામે પ્રેરણાદાઇ સંદેશો મોકલ્યો હતો. ના૦ માતા સલામતે હ૦ ઇમામની એ ઐતિહાસિક તકરીરનું વાંચન કર્યું હતું. હ૦ ઇમામે ફરમાવ્યું હતું કે :

"મને લાગતું નથી કે તમને તમારા મહત્વની સાચી ખબર હોય અને મને એ કહેતા અફસોસ થાય છે કે દેશની આબાદીમાં, સામાન્ય પ્રવૃતિઓમાં, સરકાર અને જાહેર હીતના કાર્યોમાં સ્ત્રીઓ પણ પુરૂષોની સમાન રહીને કામ કરે એ વાતનું મહત્વ પાકિસ્તાનના પુરૂષો તો ચોકકસપણે જાણતા નથીજ. હજી થોડા દિવસ પહેલાં જ મિસરના આગેવાન ઉલેમાઓમાંના એક કે જે વકફ અને મઝહબી બાબતોના પ્રધાન પણ છે તેઓ મને કહી રહયા હતા કે દેશ એક ઇન્સાનના શરીર

જેવો છે અને સ્ત્રી અને પુરુષ તેના બે ફેફસા છે. જો તમે સ્ત્રીઓની શકિત ઘટાડશો, પુરૂષની ઉચ્ચતર શારીરીક તાકાતના પાયા પર આધાર રાખીને સ્ત્રીઓ ઉપર રૂઢીઓ અને કલ્પીત પ્રતિબંધો નાખીને તેમને કચડી નાખશો તો એ દેશની હાલત એવા ઇન્સાની શરીર જેવી થઇ જશે જેનું એક ફેફસુ ક્ષયથી ખવાઇ ગયું હોય અને ફકત એકજ ફેફસુ કામ કામ કરી રહયું હોય !

બાનુઓ, જો પાકિસ્તાન સ્ત્રીઓના સમાન સ્થાનના આધુનિક વિચારને નહી અપનાવે તો તમો જોશો કે ફકત એકલા યુરોપ જ નહી પરંતુ એશિયાના બીજા બધા દેશો પણ તમારાથી આગળ વધી ગયા છે, દેશની ભૌતિક અને નૈતિક આબાદી અને સુખમાં સ્ત્રીઓ જે ફાળો આપી શકે છે એની સરખામણીમા અત્યારે તેઓનો ફાળો કેટલો નજીવો છે અને આપણા મોટા ભાગના પુરૂષોમાંથી કેટલા પુરૂષો આ વાતને બહુજ ઓછું સમજી શકે છે એ જોઇને મારું દીલ તુટી ગયું છે.

અહીંની સ્ત્રીઓ માટે મને એ જાણીને ભારે આંચકો લાગ્યો છે કે તેમના ઉપર દેશના મઝહબી જીવનમાં ભાગ લેવા પર પ્રતિબંધો છે. દરેક મુસ્લીમ દેશમાં સ્ત્રીઓને જુમ્માની નમાઝ માટે મસ્જીદમાં જવાની છુટ છે અને તેઓ પુરૂષોથી અલગ રહીને જુમાની નમાઝ અદા કરી શકે એ માટે તેમા પરદાની અલગ કરાએલી ખાસ "વીંગ" રાખવામાં આવી હોય છે. પાકિસ્તાન પરનો મોટામાં મોટો ધબ્બો કદાચ મુસ્લીમોની સામાન્ય પણે જુમ્માની નમાઝની અવગણનાનો છે પરંતુ એથી પણ વધુ મોટો ધબ્બો સ્ત્રીઓને આ અતિ મહત્વની ઇબાદતમાં ભાગ લેવાનો મોકો ન આપવાનો છે.

જો તમે ઇબાદત કરો એના પર પ્રતિબંધ મુકી દેવામાં આવ્યો છે તો પછી તમે બીજા શેની આશા રાખી શકો છો ? તમારે ચળવળ ચલાવવાની પહેલી વસ્તુ તમારો ઇબાદત માટેનો હકક મેળવવાની છે કે જે હકકને બધાજ મુસ્લીમ દેશોની સ્ત્રીઓ માણી રહી છે. કેરોમાં મહમ્મદઅલી મસ્જીદ જેવી ખાસ મસ્જીદો છે, જ્યાં સ્ત્રીઓ માટે અલગ ગેલેરીઓ છે. ઉત્તર આફિકામાં પેરીસ મસ્જીદમાં, વોકીંગની લંડન મસ્જીદમાં, ઇરાન અને તુર્કીમાં જુમ્માની નમાઝ માટે સ્ત્રીઓ માટે અલગ ખાસ જગાઓ છે. જો તમે સ્ત્રીઓને ઇબાદત પણ કરવા નથી દેતા તો પછી દેશની કોઇ ખીદમત કરી શકશે એવી આશા કેવી રીતે રાખી શકો છો ?

સૌથી પહેલા તો તમારે ઇબાદતનો હક મેળવવાનો છે અને એ પછી ઉત્પાદન, ઉદ્યોગીક સર્વિસો અને ઓફીસ કામકાજમાં સમાનતાનો અધિકાર જીતવાનો છે. હું એક વૃધ્ધ માણસ છું અને હું આ જગત પાસે બહુજ ઓછી આશા રાખું છું પરંતુ મારો તમે સ્ત્રીઓને આ સંદેશો છે કે સંગઠન સાધો પ્રતિકાર કરો અને તમારા હકો માટે લડત ચલાવો.

એક વધુ શબ્દ. રૂઢીવાદના કેટલાક હિમાયતીઓને ડર છે કે આઝાદી જાતીય અનિતી તરફ દોરી જશે. મારું માનો જ્યારે સ્ત્રીઓ બચપણ અને કિશોરવસ્થાથી જ પુરુષોને જ જોતી આવતી હોય છે ત્યારે એની બહુજ ઓછી શકયતા છે સિવાય કે કુદરતી રીતે જ ખરાબ ચારિત્ર ધરાવતી વ્યકિત કે જેઓ આઝાદી હોય કે પ્રતિબંધો હોય પણ દરેક હાલતમાં ખરાબ રહેવાની જ છે.

હું મોટા ભાગના યુરોપીયન અને અમેરીકન દેશોમાં રહેલો છું અને હું એમ કહેતા સહેજ પણ અચકાતો નથી કે એક હજાર કુટુંબમાંથી ફકત એક કુટુંબ જાતિય દુરાચરણને લીધે

પુરી પડે છે અને બીજા નવસો નવાણું કુટુંબો છોકરાઓ ઉછેરવામાં સુખી જીવન અનુભવે છે અને સંપૂર્ણ નૈતિક જીવન ગુજારે છે જેમા જાતિય સંબંધને બહુજ ઓછો વિચાર આપવામાં આવે છે. અને પૂરું જીવન બાળકો, કુટુંબ પતિ અને દેશની ખિદમતમાં વાપરવામાં આવે છે.

મારી વહાલી મુસ્લીમ બહેનો, આનુ એક પરીણામ એ આવે છે કે તમારા કેટલાક પુરુષો કે જેઓ તેમની સ્ત્રીઓને તાળામાં બંધ રાખે છે તેઓ જ્યારે પેરીસ જાય છે ત્યારે તેમના ભયાનક ખ્યાલોમાં ઘસાતા જાય છે અને એ માટે એવા સ્થળોએ જાય છે કે જ્યાં (દરેક મોટા શહેરની જેમ અને મુસ્લીમ દેશોમાં પણ) વૈશ્યાઓ તેમજ જાતિય વાસના ઉશ્કેરતા તમાસાઓ હોય છે. પરંતુ આ ત્યાની પ્રજાનું જીવન નથી. મોટા ભાગના લોકોનું જીવન સુખી કૌટુમ્બીક સંબંધોથી અને તમે પડદાનસીન પાસેથી મેળવી શકો એનાથી બહુજ વધારે બાળકો પ્રત્યેના સ્નેહથી ભરપૂર છે.

ઓ મારી બહેનો! ચળવળ કરો, પુરૂષોને કોઇપણ રીતે ચેન લેવા ન દયો જ્યાં સુધી કે તે પુરૂષોની સાથે નહી પણ દરેક મસ્જીદ સાથે જોડાએલી અલગ જગ્યામાં ઇબાદત કરવા મસ્જીદો ખુલ્લી મુકીને તમને મઝહબી આઝાદી આપે અને જેથી સ્ત્રીઓમાં જાહેરમાં ઇબાદત કરવાની આદત અને આત્મભાન અને આત્મવિશ્વાસ સામાન્ય બનતા જાય. મઝહબી સમાનતાના આ પાયા પર તમે એ પછી પુરૂષો સાથે સામાજિક, આર્થિક અને રાજદારી સમાનતા પણ બાધી શકો છો.

મને તમારી એસોસીએશન માટે ૨૦,૦૦૦ હજાર રૂપિયાનો ફાળો આપતા બહુજ આનંદ થાય છે અને હું ખાસ વિનંતી કરૂં કે તેને "અપવા" ના વધુ સારા વહીવટ માટે વાપરવામાં આવે. હું સર્વશક્તિમાન અલ્લાહને આપણા અજ્ઞાન પુરૂષો અને તેથી પણ વધારે અજ્ઞાન કેટલીક સ્ત્રીઓની આંખો ખોલી દેવાને દુઆ કરું છું.

## ના૦ માતા સલામતની સખાવત

નામદાર માતા સલામતે અખિલ પાકિસ્તાન મહિલા મંડળની કરાંચી શાખા તરફથી યોજાએલા "મીના બાજાર"નું ઉદઘાટન કરી એ સંસ્થાને રૂા. દશ હજારની ભેટ આપી હતી.

ડ્રિગ રોડ પર બંધાએલી ૧૫૦ મકાનોવાળી "ઉમ્મે હબીબા" કોલોનીનું પણ ના૦ માતા સલામતે ઉદઘાટન કર્યું હતું. વડા પ્રધાનનું ઝુંપડી ફંડ કે જેમા ના૦ માતા સલામતે આ પહેલેજ રૂા. એક લાખની ભેટ આપી હતી. તેમાંથી આ કોલોની બાંધવામાં આવી હતી. ના૦ માતા સલામતે આ પ્રસંગે પચાસ હજારની વધુ રકમ ભેટ આપી હતી.

કરાંચીની વિવિધ ઇસમાઇલી સંસ્થાઓને ના૦ માતા સલામતે રૂા. ૩૫૦૦૦ હજાર (પાત્રીસ હજાર) ની ભેટ આપી હતી. (૧) ઇસમાઇલી મહિલા મંડળ (૨) બે ઉદ્યોગ ગૃહો (૩) આગાખાન સ્ટુડન્ટ યુનિયન અને (૪) ઇસમાઇલીઆ વિદ્યાર્થી સહાયક સોસાયટીને આ રકમો મળી હતી.

હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ.ની તબિયત હરમાની રીતે નાદુરસ્ત રહેતી હોઇ આપ તા. ૭ થી તા. ૧૦ સુધી જમાતો વચ્ચે પધારી શકયા ન હતા. ના૦ માતા સલામત અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ પધરામણી ફરમાવતા હતા. લગ્નના કામકાજો ના૦ પ્રિન્સ સાહેબ ઉકલાવતા હતા.

ગુરૂવાર તા. ૧૧ મી ફેબ્રુઆરી ૧૯૫૪ ના હઝરત ઇમામ કરાંચીથી કેરો જવા સિધાવી ગયા. આ પૂર્વે આગાખાન જીમખાના સ્ટેડિયમ ખાતે આપ નામદારે પધરામણી ફરમાવી હતી.

હઝરત ઇમામે મોટરમાં બેસી જમાતોને દિદાર નવાજેશ કર્યા હતા. ના૦ માતા સલામતે હ૦ ઇમામના ફરમાનો સંભળાવ્યા હતા.

તેજ રાતના આપ નામદાર કેરો ભણી સિધાવી ગયા હતા. હ૦ ઇમામની તેમના ૪૮ માં જ્યુબિલીના દરમિયાનની પાકિસ્તાનની આ છેલ્લી જાહેરી પધરામણી હતી.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની મુંબઈમાં પધરામણી

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. અને ના૦ માતા સલામત જે દિને કરાંચીથી કેરો ભણી વિદાય થયા તે દિને તા. ૧૧ મી ફેબ્રુઆરી ૧૯૫૪ ના બપોરના ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે મુંબઇ ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી. આપના સાથે લોર્ડ એસ્ટર પણ આવ્યા હતા.

તેઓશ્રીએ જમાતોને પોતાના પિતાશ્રી વતી દુઆઆશિષો ફરમાવી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. નો હિંદની જમાતો જોગ ખાસ ફરમાનનું વાંચન કર્યું હતું. હ૦ ઇમામે ફરમાવ્યું હતું : "અમે ઘણા દિલગીર છીએ કે આ વખતે હિન્દુસ્તાન આવી શક્યા નથી. પ્લેટીનમ જ્યુબિલીનું મુંબઇનું ડેપ્યુટેશન અમને કરાંચીમાં મળ્યું હતું. તેઓનો રિપોર્ટ સાંભળી અમે ખુશી થયા છીએ. મુંબઇની પ્લેટીનમ જ્યુબિલીનું ફંડ પૂરું થઇ ગયાનું સાંભળી અમે ખુશી થયા છીએ. આ ફંડમાં જે ઉઘરાણી બાકી છે તે બધી રકમ જલ્દી આવી જશે જેણે રકમો લખાવી છે તેમણે જેમ બને તેમ જલ્દી રકમ ભરી આપવી. પ્લેટીનમ જ્યુબિલી ઇન્વેસ્ટમેન્ટના ડાયરેક્ટરો ઘણીજ સાવચેતીથી કામ લેશે કે જેથી ફંડને આંચ ન આવે.

આ જ્યુબિલી ફંડમાંથી ભારતમાં દરેક ઠેકાણે ઘણી કો-ઓપરેટીવ સોસાયટીઓ ઉભી થશે અને આ ફંડમાંથી સારો લાભ લેશે. તમે દરેક ગામેગામમાં કો-ઓપરેટીવ સોસાયટીઓ ઉભી કરો, ફંડમાંથી મદદ મળશે અને ગરીબ માણસોને લાભ મળશે અને પોતાનો ધંધો કરી શકશે. મજકુર પૈસા લોન તરીકે આપવામાં આવશે કે જેથી કરીને ઇસમાઇલીઓની પ્રગતિ થાય અને તેઓ ધંધામાં સફળતા મેળવે.

આવી રીતે કો-ઓપરેટીવ સોસાયટીઓને મદદ કરવામાં અને ફંડમાં પણ વધારો થશે.

## ઇસ્માઇલી જનરલ હોસ્પીટલ માટે અપીલ

મુંબઇની ઇસમાઇલીઆ જનરલ હોસ્પીટલને મદદ કરવા આ પ્રસંગે ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે જમાતોને ભારપૂર્વક ભલામણ કરી હતી.

આપ નામદારે ફરમાવ્યું : "આપણી ઇસમાઇલી જનરલ હોસ્પીટલને એક જબરદસ્ત અને પ્રથમ કક્ષાની આધુનિક પધ્ધતિએ બનાવવાની ખાસ અગત્યતા છે. ડાયમંડ જ્યુબિલી ટ્રસ્ટ કે જે પાછું ચાલું થવાનું છે તેના તેમજ જમાતના સહકારથી હોસ્પીટલને એવી નમુનેદાર બનાવો કે તેની જોડ કયાંય ન મળે. એકદમ આધુનિક બનાવો.

હોસ્પીટલ એવી નમૂનેદાર અને આધુનિક બાંધો કે બીજાઓ તેની નકલ કરે. તમે કોઇની નકલ નહિ કરતા પણ બીજા તમારી નકલ કરે એવું કરજો.

હોસ્પીટલ માટે ફંડ એકઠું કરવા "ફ્લેગ ડે" "એકઝીબીશન શો" "બઝાર" "હોસ્પીટલ વીક" વગેરે ગોઠવશો.

હોસ્પીટલ માટે ફંડ એકઠું કરો અને સખ્ત કામ કરો. ફંડ સહિતનું દરેક કામ ૫૦ નહિ, ૧૦૦ નહિ પણ ૧૫૦ ટકા કરી બતાવો. જ્યાં સુધી નવી હોસ્પીટલ નહિ થાય ત્યાં સુધી અમને ચેન પડવાનું નથી."

તા. ૧૬ મી ફેબ્રુઆરીના તેઓશ્રીએ હૈદ્રાબાદ ખાતે અને તા. ૧૭ના પુના ખાતે પધરામણી કરી હતી.

પુનાથી મુંબઇ પધારી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ તા. ૧૮ ના દિલ્હી થઇ લાહોર પધાર્યા હતા. લાહોર ખાતે આપશ્રી પશ્ચિમ પંજાબના તે સમયના મુખ્ય પ્રધાન મલિક ફિરોજ ખાન નૂનના મહેમાન બન્યા હતા.

તા. ૨૨-૨-૫૪ના લાહોરથી કરાંચી પધાર્યા હતા અને ત્યાંથી કૈરો જવા સિધાવી ગયા હતા.

## પાકીસ્તાનની મહિલાઓમાં જાગૃતિ

કરાંચી ખાતે તા. ૬-૨-૫૪ ના "આપવા" ની સભા સમક્ષ હઝરત ઇમામના રજુ થએલા ક્રાંતીકારી પ્રવચન પછી પાકિસ્તાનમાં મહિલાઓના હકો માટે ચમત્કારિક જાગૃતિ આવી હતી. સુરતના "મુસ્લીમ ગુજરાત" ના વિદ્વાન તંત્રીએ એક ખાસ લેખ લખી હ૦ ઇમામના વિચારોને મજબુત ટેકો આપ્યો હતો.

કરાંચીની સંસ્થાઓના વડાઓએ પણ આ બાબતને ટેકો આપ્યો હતો. ઘણાઓએ આ માટે સ્થાનિક અખબારોમાં લેખો પણ લખ્યા હતા.

તા૦ ૨-૩-૫૪ના હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ કૈરોથી નીસ ખાતે પધરામણી ફરમાવી હતી. પાકિસ્તાનના પ્રવાસ પછી કૈરો ખાતે રોકાઇ આપ નિસ પધાર્યા હતા. બે માસના પ્રવાસ પછી નીસ પધારેલા હ૦ ઇમામની જરમાની તબિયત આ સમયે સુધરી ગઇ હતી.

અને બરાબર આજ સમય દરમિયાન હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણી આફ્રિકા ખાતે કરવા ભવ્ય તૈયારીઓ થવા માંડી હતી. કોન્ફરન્સો યોજીને ઉજવણી અંગે છેલ્લી તૈયારીઓ કરવામાં આવી હતી અને યોજનાને આખરી સ્વરૂપ આપવામાં આવ્યું હતું.

## હ૦ ઇમામની બાદશાહી સખાવત

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે મુંબઇની ઇસમાઇલીઆ જનરલ હોસ્પીટલને રૂપિયા એક લાખની બક્ષીશ નવાઝીશ ફરમાવી હતી. જ્યારે ના૦ માતા સલામતે રૂપિયા વીસ હજારની ભેટ આપી હતી.

તા૦ ૨૧ મી માર્ચે હઝરત ઇમામે નવાજેશ કરેલા તાલીકામાં આ ભેટ સંબંધી જાહેરાત કરી હતી ઉપરાંત તા. ૩૧ના તાલીકામાં હઝરત ઇમામે ફરમાવ્યું કે, "બધી બાનુઓને માતા સલામત યાદ અપાવે છે કે તેઓ બીમારોની મુલાકાતો લ્યે. જેઓ નાના કુટુંબમાંથી હોય તેમના માટે પુલો લઇ જાય. સામાન્ય રીતે બધાનું ભલું થાય તે માટે બનતું બધું કરે."

## ના૦ પ્રિન્સ કરીમ આગાખાન સાહેબની મુંબઇમાં મુબારક પધરામણી

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહના જમા દરમિયાન, ના૦ પ્રિન્સ અલીખાન સાહેબના પ્યારા વડા ફરઝંદ ના. શાહઝાદા પ્રિન્સ કરીમ આગાખાન સાહેબે (મૌલાના હાઝર ઇમામે) તા૦ ૯ મી એપ્રીલ ૧૯૫૪ ના પ્રથમ વખત હિંદના મુંબઇ શહેર ખાતે કેરોથી મુબારક પધારામણી ફરમાવતા હિંદની જમાતોમાં અપાર આનંદ વ્યાપી ગયો.

ના૦ શાહઝાદાનું મુંબઇ જમાત તરફથી દમામદાર સ્વાગત કરવામાં આવ્યું. કેરોથી એર ઇન્ડીયા ઇન્ટરનેશનલના વિમાન "હિમાલયન પ્રિન્સેસ" દ્વારા આપે મુંબઇના વિમાની મથકે કદમ મુબારક ફરમાવતા મુંબઇ જમાતના અગ્રેસરોએ આપશ્રીનો ભવ્ય સત્કાર કર્યો હતો.

શાહઝાદા તરીકેની આપની હિંદની આ પ્રથમ મુબારક મુલાકાત હતી.

ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબની પધરામણીને બીજા દિને તા૦ ૧૦–૪–૫૪ ના બપોરના ૧૨ કલાકે આપશ્રીના નાના બંધુ ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબે પણ મુંબઇ ખાતે પ્રથમ વખત મુબારક પધરામણી ફરમાવી હતી.

હ૦ ઇમામના આ લાડકવાયા પૌત્રાઓની પધરામણીથી હિંદભરમાં અનેરો ઉત્સાહ વ્યાપી ગયો હતો.

ના૦ શાહઝાદાઓની પધરામણી માટે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહે તા૦ ૬–૪–૫૪ ના મુંબઇની ના૦ કાઉન્સીલ ઉપર નવાજેશ કરેલા તાલીકા મુબારકમાં ફરમાવ્યું: "અમે અમારા પૌત્રાઓ કરીમ અને અમીનને મુંબઇ, કરાંચી તથા પૂનાની જમાતો માટે પ્યાર અને દુઆઓ, શિફાના ખાસ સંદેશા સાથે કરાંચી જવા અગાઉ તમારી તરફ બે ત્રણ દિવસ રહેવા માટે મોકલાવીએ છીએ."

ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબ અને ના. પ્રિન્સ અમીન મહમદ સાહેબે જમાતોની મુલાકાત લઇ હ૦ ઇમામ વતી દુઆઆશિષો ફરમાવ્યા હતા.

## દિલ્હી ભણી રવાનગી

ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબ અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબ મુંબઇ અને પૂનાની ટુંકી મુલાકાતો લઇ તા૦ ૧૩–૪–૫૪ના મુંબઇથી દિલ્હી જવા સિધાવી ગયા હતા. ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબ સવારના પ્લેનથી દિલ્હી સિધાવ્યા, જ્યારે નામદાર પ્રિન્સ અમીન મહમદ સાહેબ સાંજના પ્લેનથી રવાના થયા હતા.

બન્ને શાહઝાદા સાહેબોને ભવ્ય વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ ટુંકી મુલાકાત માટે બન્ને શાહઝાદા સાહેબોએ પોતાનો આનંદ પ્રદર્શિત કર્યો હતો.

તા૦ ૧૭–૪–૫૪ ના ના૦ શાહઝાદા સાહેબોએ દિલ્હીથી આગ્રા ખાતે પધરામણી ફરમાવી હતી. આ પ્રસંગે કાનપુર. લખનૌ અને બનારસ જમાતો પણ આગ્રા ખાતે એકઠી થઇ હતી. સાંજના પાંચ વાગે ના૦ શાહઝાદા સાહેબોએ જમાતની મુલાકાત લીધી હતી.

આગ્રા ખાતેની રોકાણ દરમ્યાન નામદારોએ આગ્રાના ઐતિહાસિક સ્થળોની પણ મુલાકાત લીધી હતી.

## કરાંચી ખાતે પધરામણી

ના૦ શાહઝાદા સાહેબોએ તા૦ ૨૧–૪–૫૪ ના કરાંચી ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી. પાકિસ્તાનના ઇસમાઇલી આગેવાનોએ આપ નામદારોનો ભવ્ય સત્કાર કર્યો હતો આપ સિંધના ના૦ ગવર્નરના મહેમાન બન્યા હતા.

ના૦ શાહઝાદા સાહેબોએ જમાતખાનાઓમાં પધરામણી ફરમાવી હ૦ ઇમામ વતી દુઆ-આશિષો ફરમાવી ઉર્દૂ ભાષામાં ફરમાન ફરમાવ્યું હતું. કરાંચીની રોકાણ દરમ્યાન આપ નામદારોએ મહેંદી કોન્વેલસેન્ટ હોમની પણ મુલાકાત લીધી હતી.

## હ૦ ઇમામની વધુ જંગી સખાવત

આંતરરાષ્ટ્રીય ઇસ્લામી આર્થિક સંઘની ત્રીજી પરિષદનું કરાંચી ખાતે ઉદઘાટન કરતા પાકિસ્તાનના તે સમયના ગવર્નર જનરલ જ. ગુલામમુહમ્મદે જાહેરાત કરતા જણાવ્યું કે, "અભ્યાસ કેન્દ્રની સ્થાપના માટે ના૦ આગાખાન સાહેબે રૂપિયા દસ લાખનો ફાળો આપ્યો છે, જેમાંથી રૂપિયા ત્રણ લાખ સંઘને મળી ચૂકયા છે અને એ અભ્યાસ કેન્દ્ર આ વરસના અંતે કે આવતા વરસના અંત લગીમાં ચાલુ થવાની વકી છે.

## "અલ્લાહે કોઈ પણ પ્રજાને "સંદેશા" થી વંચિત રાખી નથી"

માહ મે ૧૯૫૪ દરમિયાન બરમા ખાતે બુધ્ધિસ્ટ કાઉન્સીલની છઠ્ઠી બેઠક મળી હતી. આ પ્રસંગે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ બરમાના વડા પ્રધાન ઉ નૂ ને એક સંદેશો પાઠવી મહાન ઇસમાઇલી મઝહબની અન્યો ધર્મો પ્રત્યેની ઉચ્ચ ભાવના દર્શાવી હતી.

તા૦ ૧૩ મી મે ૧૯૫૪ ના સદેશા મુબારકમાં હ૦ ઇમામે ફરમાવ્યું :–

"મહાન આત્મા બુધ્ધના માનમાં યોજાએલી આ બેઠક પ્રસંગે એક સાચા મુસ્લિમ તરીકે અને પાક કુરાનના શિક્ષણ અનુસાર મને જણાવતા આનંદ થાય છે કે અલ્લાહે કોઇ પણ પ્રજાને સંદેશાથી (હિદાયતથી) વંચિત રાખી નથી અને હું દૃઢતાપૂર્વક માનું છું કે મહાત્મા બુદ્ધ પણ મહાન પયગમ્બરોમાંના એક હતા અને જ્યાં સુધી મને અને ઇસમાઇલીઓને લાગેવળગે છે ત્યાં સુધી અમે તેમનો આ રીતે સ્વીકાર કરીએ છીએ. તેઓ એ સમયમાં જે મહાન સદેશો લાવ્યા હતા તેનો અમે આદર કરીએ છીએ.

મારે જણાવવું જોઇએ કે મારા સંસ્મરણોમાં પણ મહાત્મા બુધ્ધને મેં આ રીતે જ દર્શાવ્યા છે."

## "ખુદાએ સર્જેલી બધી સારી વસ્તુઓનો આપણે ઉપભોગ કરવો જોઇએ"

લંડન ખાતે તા૦ ૨૨ મી જુન ૧૯૫૪ના હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ બ્રિટીશ પત્રકારોને ટેલીવીઝન ઉપર મુલાકાત આપી હતી.

અખબારનવેશોના એક પ્રશ્ન જવાબમાં હ૦ ઇમામે ફરમાવ્યું : "દુનિયાના શ્રીમંતોમાં મારો સમાવેશ થતો નથી. જગતના ધનાઢયોમાં છઠા, સાઠમાં કે છસોમાં સ્થાને પણ હું આવતો નથી! આટલા બધા શ્રીમંત હોવું તેને પણ હું અપમાન ગણું છું!"

સરકરી નર્સિંગમાં ક્રાંતિકારી પરિવર્તન આણનાર અંગ્રેજ મહિલા ફ્લોરેન્સ નાઇટીંગેલ અને મહાત્મા ગાંધી સાથેની મુલાકાતને આપે આ વખતે સંભારી હતી.

પોતાના પરિચયમાં આવેલી વિશ્વભરની વિખ્યાત વ્યક્તિઓમાં સહુથી વધુ નોંધપાત્ર વ્યક્તિ તરીકે કેટલીક રીતે ના૦ મહારાણી વિક્ટોરીયાને ગણાવી આપે ફરમાવ્યું : "તેઓ '૯ મી સદીના સ્મારકરૂપ હતા."

ના૦ શહેનશાહ સાતમા એડવર્ડને યાદ કરતા આપે ફરમાવ્યું : "તેઓ ખરેખર પ્રતિભાશાળી, દયાળુ અને પરોપકારી હતા. "વધુમાં આપે ફરમાવ્યું : "રંગભેદનો હું કટ્ટર વિરોધી છું"

હિંદના ભાગલા વિષે આપે જણાવ્યું : "હિંદના ભાગલા સાચી રીતેજ કરાયા છે. જ્યારે તેઓ સાથે હતા ત્યારે તેઓ તેમના આદર્શો સાથે આગેકુચ કરી શક્યા નહોતા. અત્યારે તેઓ બન્ને પ્રગતિ કરી શકે છે."

મુલાકાતના અંતે પૂછાએલા એક સવાલના જવાબમાં આપે ફરમાવ્યું : "જ્યાં સુધી તમે કોઇનું કંઇપણ અનિષ્ટ ન કરો ત્યાં સુધી ખુદાએ સર્જેલી બધી સારી વસ્તુઓનો આપણે ઉપભોગ કરવો જોઇએ. આપણે શા માટે એમ માની લેવું જોઇએ કે ખુદાએ બધીજ સારી વસ્તુઓ દુષ્ટ માણસો માટેજ સર્જી છે?"

## પુનઃ જન્મ વિષે

"ઇસમાઇલી" અઠવાડીકના તા૦ ૪થી જુલાઇ ૧૯૫૪ના અંકમા હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. નો પુન ર્જન્મ" વિષે નીચેનો ખુલાસો પ્રગટ થયો હતો.

હ૦ ઇમામે પુન ર્જન્મ વિષે ફરમાવ્યું : "દેખતી રીતે પુન ર્જન્મ એટલે આ પૃથ્વી કરતા કોઇ ઉચ્ચ કક્ષાના વર્તુળમાં જન્મ લેવો.

છેવટના ફના ની વર્તુળને પામ્યા પૂર્વે, ઉચ્ચતમ કક્ષાઓએ પહોંચ્યા પહેલા, કેટલીક વધુ સફળતા મેળવવાની રહે છે. સિવાય કે તે ઉચ્ચતમ કક્ષાએ આ દુનિયામાં અને આ જગતમાં ઇસમાઇલી મઝહબના સામાન્ય નીતિનિયમો જે માયાળુતા, નમ્રતા વિગેરેથી શરૂ થઇ અને ઇમામ સાથેના ઉચ્ચતમ પ્રેમપુર્વકના મિલન વડે પહોંચાયું હોય."

## ના૦ માતા સલામતનો હજ પ્રવાસ

ના૦ માતા સલામતને મક્કા ખાતે આવવા સઉદી અરેબિયાના રાજા ઇબ્ને સઉદે ખાસ આમંત્રણ પાઠવ્યું હતું.

આ આમંત્રણનો સ્વીકાર કરતા ના૦ માતા સલામતે ઓગસ્ટ ૧૯૫૪ માં મક્કા જવા નક્કી કર્યું હતું. પાકિસ્તાનના ગવર્નર જનરલ જી૦ ગુલામ મહમદે પણ એજ વખતે રાજા સઉદના આમંત્રણથી મક્કા જવાનું નક્કી કર્યું હતું. ના૦ માતા સલામત અને પાક ગવર્નર જનરલ જેદાહ ખાતે મળે એવો કાર્યક્રમ ઘડવામાં આવ્યો હતો.

કાર્યક્રમ અનુસાર ના૦ માતા સલામતે ઓગસ્ટમાં મક્કાની મુલાકાત લીધી હતી.

તા૦ ૬૫ મી ઓગસ્ટે તેઓ નામદાર નીસ પાછા ફર્યા હતા. ના૦ માતા સલામતે પોતાના આ "હજ પ્રવાસ"ને યાદગાર અને હ્રદયસ્પર્શી જણાવ્યો હતો.

કાબા શરીફમાં દાખલ થનાર ના૦ માતા સલામત પ્રથમ મહિલા છે.

## ના૦ શાહઝાદા કરીમ આગાખાન અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબની પૂર્વ આફ્રિકા ખાતે પધરામણી

ના૦ શાહઝાદા કરીમ આગાખાન અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબે ઓગસ્ટ ૧૯૫૪ માં પૂર્વ આફ્રિકાનો પ્રવાસ કરી જમાતોને હ૦ ઇમામ વતી દુઆઆશિષો ફરમાવ્યા હતા.

પૂર્વ આફ્રિકાના પ્રવાસ દરમિયાન ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબે મુખી કામડી-યાઓની નિમણુંક, ના૦ કાઉન્સીલોની નિમણુંક અને ટાઇટલોની નવાજેશો ફરમાવી હતી. ધાર્મિક ક્રિયાઓ પણ ઉકલાવી હતી.

પૂર્વ આફ્રિકાના પ્રવાસ દરમ્યાન નામદારોએ, કમ્પાલા, જીન્જા, મસાકા, કીસુમુ નૈરોબી, મોશી, મોમ્બાસા, ડોડોમાં અને એન્ટેબે ખાતે પધરામણી ફરમાવી હતી.

નામદારના માનમાં કેનિયાના ના૦ ગવર્નરે તેમજ કેટલીક સંસ્થાઓએ શાનદાર સમારંભો પણ યોજ્યા હતા. પૂર્વ આફ્રિકાના તે સમયના પાક હાઇ કમિશનર નવાબ સિદીકઅલીખાને પણ સમારંભ યોજ્યો હતો.

ના૦ શાહઝાદા કરીમ આગાખાન તા૦ ૨૦ મી ઓગસ્ટ ૧૯૫૪ ના અને ના૦ પ્રિન્સ અમીન મહમદ તા૦ ૨૧ મી ઓગસ્ટના યુરોપ ભણી નૈરોબીથી સિધાવી ગયા હતા.

## પૂર્વ આફ્રિકાના મુસ્લીમોને ઐતિહાસિક સંદેશો

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ના ઓગસ્ટ માસમાં ઉજવાએલા "ઇમામત દિન" પ્રસંગે પૂર્વ આફ્રિકાના મુસ્લિમો તરફથી આપને મુબારકી ઇચ્છવામાં આવી હતી. આ મુબારકીના

જવાબમાં હઝરત ઇમામે પૂર્વ આફ્રિકાના સઘળાએ મુસ્લિમોને યાદગાર સંદેશો આપતા ફરમાવ્યું : "મુસ્લિમોએ સહુથી પહેલો અને મહત્વનો એ સિધ્ધાંત યાદ રાખવાનો છે કે "લા ઇલાહા ઇલ્લલ્લાહ મુહમ્મદ રસુલિલ્લાહ" એ કલમો પઢનાર તમામ લોકોની સર્વાંગી બિરાદરીમાં દરેક ફિરકા અને પેટા ફિરકાનો સમાવેશ થાય છે. ઇસ્માઈલીઝમનો એ અર્થ નથી કે કોઇએ ઇસ્લામ વિષેના તેના ઐતિહાસિક અર્થ નિરૂપણનો ત્યાગ કરવો પણ એનો એજ અર્થ છે કે બીજા મુસ્લિમ બિરાદરોને પણ અલ્લાહ અને તેના રસુલ (સ.) પર ઇમાન રાખીને અમલ કરવાના પ્રયાસોમાં પણ સરખાજ પ્રમાણિક સમજવા જોઇએ. આ ઇમાન તમામ મુસ્લિમોના આત્માને પ્રકાશિત કરે છે અને આપણે એવી આશા રાખીએ કે તમામ મુસ્લિમોને રૂહાની રીતે એ બચાવી લેશે."

## હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ના "સંસ્મરણો"નું પુસ્તક

૧૯૫૪ ના વરસ દરમ્યાન અનેક અવનવા ઐતિહાસિક પ્રસંગો નોંધાયા જેમા એક પ્રસંગ એ પણ હતો કે આ વરસે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ પોતાના જીવન સંસ્મરણોનું પુસ્તક પ્રગટ કર્યું હતું.

જગતના સાહિત્યમાં આ પુસ્તકે પોતાનું વિરલ અને અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સાહિત્ય જગતના એક અનોખા અને મહાન પુસ્તક તરીકે તેનો ઉલ્લેખ થયો હતો.

પોતાના તેજવંતા બાલ્યકાળથી માંડીને નૂતન યુગ પર્યંતના છેલ્લી પોણી સદીના જગતભરના બનાવોને આ પુસ્તકમાં હઝરત ઇમામે અનોખી રીતે આલેખ્યા હતા. નામદાર મહારાણી વિકટોરીયાથી માંડીને હાલના નામદાર મહારાણી એલિઝાબેથ બીજા સુધીના એક લાંબા યુગ દરમિયાન જગતમાં જે કંઇ પણ બની ગયું તેના એક અવલોકનકાર અને કેટલાક ઐતિહાસિક બનાવોના નિર્માતા કે સાક્ષી તરીકે આપે આ સઘળાએ પ્રસંગોને આ પુસ્તકમાં અદભુત રીતે સાંકળી લીધા. ઇંગ્લેંડના ૭ મહાન રાજકર્તાઓ, જગતના શાસકો, સમ્રાટો, સરમુખત્યારો અને પૂર્વ તેમજ પશ્ચિમની દુનિયાના મહાન નેતાઓ—જેના જેના સંપર્કમાં હ૦ ઇમામ આવ્યા તેઓ સહુને તેમણે આ પુસ્તકમાં યાદ કર્યા અને તેમના વિષે અનોખી શૈલીમાં વર્ણનો લખ્યા છે.

સમ્રાટો અને નેતાઓ ઉપરાંત તત્વજ્ઞાનીઓ, સંગીતકારો, કેળવણીકારો, તબીબો, વિદ્વાનો, સાહિત્યકારો, અભીનેતાઓ અને રમતગમતના કે સ્પોર્ટસના વિશારદો વિષે આપે નોંધપાત્ર ઉલ્લેખો કર્યા, પોણી સદીના વિશ્વના રાજકારણની, વિશ્વના વાતાવરણ અને બનાવોની પણ આપે ચર્ચા કરી.

પોતાના પૂર્વજોના મહાન ધર્મ ઇસ્લામ અને જેના તેઓ ઇમામ હતા તે ઇસમાઇલી મઝહબની વિચારસરણી અને ફિલસુફી વિષે એક જુદુ પ્રકરણ આલેખી આપે ઇસ્લામના પ્રફુલ્લિત ઉદય, તેની જરૂરત અને ઇમામની મહાનતા તેમજ દિવ્યતાના જગતને દર્શન કરાવ્યા. કુલ્લે ચાર વિભાગ અને સોલ પ્રકરણમાં વહેંચાએલા આ મહાન પુસ્તકની પ્રસ્તાવના વિખ્યાત લેખક સમરસેટ મોમે લખી છે.

ન્યુયોર્કની સાયમેન એન્ડ શુસ્ટર કંપનીએ પુસ્તકના વિશ્વભરના અધિકારો મેળવ્યા. અંગ્રેજી ભાષામાં પ્રથમ આ પુસ્તક પ્રગટ થયું અને હજારોની સંખ્યામાં તેની પ્રતો ઉપડી ગઇ.

આ પછી ફ્રેન્ચ, ઉર્દૂ અને ગુજરાતી તેમજ અન્ય ભાષામાં તેના અનુવાદો કરવાની તૈયારીઓ થવા લાગી.

હિંદની ઇસમાઇલીયા એસોસીએશને ગુજરાતી ભાષામાં અનુવાદ કરવાનું કાર્ય ઉપાડી લીધું અને તે ઝડપથી અમલમાં મુક્યું.

આ પુસ્તકનું મૂળ અંગ્રેજી નામ "Memoirs of Aga Khan" રાખવામાં આવ્યું.

આ પુસ્તકની લોક માંગણી સંબંધમાં નવેમ્બર ૧૯૫૪ માં પ્રગટ થએલા પાકિસ્તાનના એક સમાચાર મુજબ પાકિસ્તાનમાં આ પુસ્તકની ૭૫,૮૦૦ નકલો માટે માગણી હતી.

## જી. સી. એમ. જી. ના ઉચ્ચત્તમ ઇલકાબનું અનુપમ માન

૧૯૫૫ ના વરસની શરૂઆતમાં ખ્રિસ્તી નવા વરસના દિને ઇંગ્લેંડના નામ૦ મહારાણી ઇલીઝાબેથ બીજાએ હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ને "જી. સી. એમ. જી." (નાઇટ ગ્રાન્ડ ક્રોસ ઓફ ધી ઓર્ડર ઓફ સેંટ માઇકલ એન્ડ સેન્ટ જ્યોર્જ)નો બ્રિટીશ સામ્રાજ્યનો ઉચ્ચતમ ઇલકાબ અર્પણ કરી ભવ્યત્તમ સન્માન કરી અનુપમ માન આપ્યું હતું.

પૂર્વ આફ્રિકાના ઇસ્લામીઓની હ૦ ઇમામે જે મહાન સેવાઓ બજાવી તેની કદરદાનીમાં આ ઇલ્કાબ આપવામાં આવ્યો હતો.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની મુંબઈ ખાતે પધરામણી

૧૯૫૫ ના વરસની શરૂઆત જ ઇસમાઇલીઓ માટે ભવ્ય રીતે થઇ હતી. હઝરત ઇમામને ના૦ બ્રિટીશ સરકાર તરફથી અનુપમ માન મળ્યા બાદ તુરતજ મુંબઇ ખાતે તા૦ ૧૩–૧–૫૫ ના આપના વડા ફરજંદ નામદાર પ્રિન્સ અલીખાન સાહેબની મુબારક પધરામણી થઇ હતી.

## ઈસ્માઇલી જનરલ હોસ્પીટલના નવા મકાનનો પાયો નાંખવાની કરેલી ક્રિયા

નામદાર પ્રિન્સ અલીખાન સાહેબે ગયા વરસની પોતાની પધરામણી દરમ્યાન મુંબઇની ઇસમાઇલી જનરલ હોસ્પીટલને નમૂનેદાર અને આધુનિક બનાવવા અને આ મહત્વના કાર્યમાં મગ્ન બનવા ફરમાન ફરમાવ્યું હતું. આ ફરમાન અનુસાર આખી કોમે આ પ્રશ્નમાં રસ લીધો હોઇ આ વરસે તેનું સુંદર પરિણામ આવ્યું હતું અને નામદાર પ્રિન્સની ઇચ્છાને બર આણવાનું શક્ય બન્યું હતું.

હોસ્પીટલ માટે એક વિશાળ મકાન "આગા હોલ" ખાતે ઉભું કરવાની જંગી યોજના તૈયાર કરવામાં આવી હતી અને આ સ્થળે ઉભા થનારા મકાનનો પાયો નાંખવાની ક્રિયા નામદાર પ્રિન્સ સાહેબે અપૂર્વ આનંદ વચ્ચે કરી હતી.

આ પ્રસંગે આપે ફરમાવ્યું: "ઇસમાઇલી જનરલ હોસ્પીટલના નવા મકાનનો પાયો નાંખવાની ક્રિયા કરતા આજે મને અપૂર્વ આનંદ થાય છે. આ અમારું જીવન પર્યંતનું એક સ્વપ્ન હતું અને આ સ્વપ્ન સિધ્ધિના માર્ગે આપણે પ્રથમ કદમ માંડીએ છીએ તેથી આ પ્રસંગે અંગત રીતે મને બેહદ ખુશી થાય છે.

અમે અમારા વ્યકિતગત વિચારો અહિં પ્રદર્શિત કરતા જણાવીએ છીએ કે આ હોસ્પીટલ ખૂબ મોટી બને એ કંઇ જરૂરી નથી પરંતુ ખરેખર જરૂરનું તો એ છે કે તે આખા મુંબઇની એક અતિ આધુનિક અને નમૂનેદાર હોસ્પીટલ બનવી જોઇએ. અમે સહૃદયતાપૂર્વક આશા રાખીએ છીએ કે તમારા સઘળા વિચારોને તમે આજ બાબત ઉપર કેન્દ્રીત કરશો અને આ હોસ્પીટલ તબીબી વિજ્ઞાનની અતિ આધુનિક સાધન સામગ્રીથી સજ્જ બને એ વસ્તુને સિધ્ધ કરી બતાવશો.

ભવિષ્યના વરસોમાં આ હોસ્પીટલ આપણા લોકોના જીવનમાં ફક્ત મુંબઇ માટેજ નહિં પણ હિંદના સઘળા ભાગના ઇસમાઇલીઓ માટે ભારે અગત્યની બની રહેશે જે માટે અમે ખાતરી રાખીએ છીએ."

આપે મુંબઇની આ રોકાણ દરમિયાન જમાતોની તેમજ મુંબઇની અનેક સંસ્થાઓની પણ મુલાકાત લીધી હતી.

તા. ૧૯–૧–૫૫ના નાο પ્રિન્સ મુંબઇથી મદ્રાસ જવા રવાના થયા હતા અને મદ્રાસથી તા. ૨૦ના હૈદ્રાબાદ જવા રવાના થયા હતા.

તા. ૨૧–૧–૫૫ના ના. પ્રિન્સ અલીખાન સાહેબે હૈદ્રાબાદથી નિઝામાબાદ ખાતે પધરામણી ફરમાવી હતી અને નિઝામાબાદ જમાતખાનાની ઉદ્ઘાટન ક્રિયા કરી હતી.

ના. પ્રિન્સ સાહેબની પધરામણી પ્રસંગે હૈદ્રાબાદ સ્ટેટની પ્રથમ વાર્ષિક મિજલસ પણ નિઝામાબાદ ખાતે યોજાઇ હતી અને આ પછી દર વરસે આ રાજ્યમાં વાર્ષિક મિજલસ યોજવાની પ્રથા શરૂ થઇ હતી.'

## સંયુકત સાલગ્રેહની ભવ્ય ઉજવણી

ના. પ્રિન્સ અલીખાન સાહેબની હિંદની આ વરસની પધરામણી પ્રસંગે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની મંજુરીથી તા. ૨૬ મી જાન્યુઆરીએ સયુંકત સાલગ્રેહની ઉજવણી કરવામાં આવી હતી.

## કરાંચીમાં પધરામણી

૧૯૫૫ માં ૧૩ દિવસો સુધી હિંદમાં રોકાઇ ના પ્રિન્સ અલીખાન સાહેબ તા. ૨૭-૧-૫૫ ના મુંબઇથી કરાંચી ખાતે પધાર્યા હતા.

કરાંચીની આ પધરામણી દરમ્યાન તેઓશ્રીએ જમાતો વચ્ચે પધરામણી કરવા ઉપરાંત અનેવિધ સંસ્થાઓની પણ મુલાકાતો લઇ અમૂલ્ય દોરવણી આપી હતી.

તા. ૩૧–૧–૫૫ના હૈદ્રાબાદ (સિંધ) ખાતે પધરામણી ફરમાવી હતી.

કરાચી ખાતે પાંચ દિવસ રોકાઇ તેઓશ્રી કેરો જવા સિધાવી ગયા હતા.

# આફ્રિકાએ ઉજવેલી ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલી

## ફાતિમિયુગના મહાન શહેર કેરોમાં સાદી પરંતુ સ્મરણીય ઉજવણી

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની સીત્તેર વરસની લાંબામાં લાંબી ઇમામતની યાદગીરીમાં પ્લેટીનમ જ્યુબિલીની તવારીખી ઉજવણી પાકિસ્તાનના પાટનગર કરાંચી ખાતે

૧૯૫૪ ના ફેબ્રુઆરીની તા૦ ૨૭ એ ઉજવાયા પછી આફ્રિકા અને હિંદુસ્તાન પણ પોતાના આંગણે પોતાના વહાલા રૂહાની પિતાની ઉજવણી કરવા આતુર હતા અને આ બન્ને દેશોમાં એ માટે ભવ્ય તૈયારીઓ થઇ રહી હતી. આવા સમયમાં આફ્રિકાવાસીઓના ભાગ્ય ઉઘડયા. આફ્રિકાને પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણી કરવા હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ મંજૂરી આપતા સમગ્ર આફ્રિકામાં અને સામાન્ય રીતે પૂરા ઇસમાઇલી આલમમાં અપૂર્વ આનંદ વ્યાપી ગયો.

હ૦ ઇમામની જીરમાની તબિયત પ્રવાસ માટે અનુકુળ ન હોવાથી કેરો ખાતે પ્રતીક ઉજવણી કરવાનું નકકી કરવામાં આવ્યું હતું.

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની આજ્ઞા અનુસાર આફ્રિકાના સાત પ્રદેશો-કેનિયા, ટાંગાનિકા, યુગાન્ડા, ઝાંઝીબાર, માડાગાસ્કર, લોરેન્સ માકર્સ (દક્ષિણ આફ્રિકા) ને બેલજિયમ કોન્ગોના એક એક પ્રતિનિધિને હાજર રહેવા કહેવામાં આવ્યું હતું.

આ સિવાય હિંદ, પૂર્વ પાકિસ્તાન, બર્મા, બદકશાન, ચિત્રાલ, હુંઝા અને રશિયન તુર્કસ્તાનના એક એક પ્રતિનિધિ ઉપરાંત સીરીયા, લેબેનોન અને ખ્વાબીના ચાર ચાર પ્રતિનિધિઓને આમંત્રણો આપવામાં આવ્યા હતા.

"સેમિરામિસ" હોટલ ઉજવણીના સ્થળ તરીકે નકકી કરવામાં આવી હતી જ્યાં હઝરત ઇમામ રહેલા હતા.

તા૦ ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૫ ના આ યાદગાર ઉજવણી કરવા નકકી થયું. ઉજવણીનો સમય સાંજનો હતો. આ અવસરે સેમિરામિસ હોટલના "કલીઓ પેટ્રા" હોલમાં શણગાર કરવામાં આવ્યો હતો. બેઠકોમાં આગલી ત્રણ હરોળમાં જે દેશની ઉજવણી હતી તે આફ્રિકાના પ્રતિનિધિઓ બેઠા હતા. તેની પાછલી હરોળમાં અન્ય દેશોના પ્રતિનિધિઓ હતા.

હ૦ ઇમામની ઇચ્છા અનુસાર વિધિ ટુંકી હોવાની ખાસ કાળજી લેવામાં આવી હતી કુલ્લ ૬૨ ઇસમાઇલીઓ આ પ્રસંગે હાજર હતા.

આકર્ષક સ્ટેજ ઉપર ત્રણ ખુરશીઓ રાખવામાં આવી હતી જે ઉપર હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ., હાજીએ ના૦ માતા સલામત અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ બિરાજમાન થયા હતા.

પ્રતિક ઉજવણીની વિધિ પૂર્વે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ને આફ્રિકાની લિજિયન અને મુસ્લીમ વેલફેર ઇન્સ્ટીટ્યુટ તરફના માનપત્રો અર્પણ થયા હતા.

## મુરીદોને દિવ્ય દોરવણી

આ પ્રસંગે મિસરની ગરીબ જનતાના લાભાર્થે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ એક હજાર પાઉન્ડની સખાવત જાહેર કરી પોતાના વહાલા રૂહાની ફરજંદોને બન્ને જહાની આબાદી માટે દિવ્ય દોરવણી નવાજેશ ફરમાવી હતી.

આપના દોરવણી રૂપી ફરમાનો ના. પ્રિન્સ અલીખાન સાહેબે વાંચ્યા હતા. હ૦ ઇમામે ફરમાવ્યું :

"આજના આ અપૂર્વ પ્રસંગે જ્યારે તમે પ્લેટીનમની અદભૂત ભેટ અને તેની બરોબરીની રકમ બિનશરતી ભેટ આપી રહયા છો તે વખતે અમારો તમને તુર્ત કહેવું જોઇએ કે અમે તે ડાયમંડ જ્યુબીલી ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટને તેની થાપણમાંના વધારા તરીકે આપીએ છીએ. તમોએ અમારી સીતેર વર્ષની ઇમામતનો ઉલ્લેખ કર્યો છે જે ઇમામત ૪૮ ઇસમાઇલી ઇમામોના ઇતિહા. સમાં સૌથી લાંબી મુદતની હોવાનું સ્થાન ધરાવે છે, એટલું જ નહી પણ તેનો અગાઉની દુનિ. યામાં આરંભ થયો હતો જે દુનિયા અશ્વની ગાડીઓ અને મીણબતીની રોશનીવાળી હતી. જ્યારે આજે આપણે અણુશકિત, પદાર્થ, વિજ્ઞાન, હવાઇ સફર અને આપણે કેવી રીતે અને કયારે તારામંડળ અને ચંદ્રમા ઉપર પહોંચી શકીશું તેની ગંભીર ચર્ચા કરતા મહાવિદ્વાનોના વિશ્વમાં વસીએ છીએ.

અમે અમારા સંસ્મરણોમાં અખિલ બ્રહ્માંડમાં રહેલા બે વિશ્વો વિષે સમજવાનું જણાવ્યું છે જેમા એક જડવાદી બુધ્ધીમતાનું અને બીજું રૂહાની રોશનીવાળું જગત છે. રૂહાની રોશનીવાળી દુનિયા બુધ્ધીમતાની આલમ કરતા મુળભુત ભિન્ન છે અને ઇસમાઇલીઓનું એ ગૌરવ છે અને આપણી એ મુસ્તકીમ માન્યતા છે કે, ઇમામતની આત્મિક પ્રભાવવાળી દુનિયા ઇસ્લામના આરંભ કાળથી આજ દીન સુધી એક સત્ય તરીકે આવેલ છે અને તે સર્વ મુસ્લીમભાઇઓ અને બહેનો માટે પહેલા પ્રેમ, દયા અને નમ્રતાના જરૂરી લક્ષણો ધરાવે છે અને પછી જેઓ માણસજાત પ્રત્યે પ્રમાણીકતા, સહૃદયતા અને ન્યાયથી રહે છે. તેમના તરફ એવી વલણ ધરાવે છે. ઇસ્લામીઝમના આ સિધ્ધાંતો તમોને સુવિદિત છે, કેમ કે, તમોએ તે અમારી પાસેથી સાંભળ્યા છે, તમારા પિતાઓ અને પિતામહો પાસેથી અને અમારા પિતાશ્રી અને અમારા દાદાશ્રી પાસેથી પણ સાંભળ્યા છે. પરંતુ મને ભય છે કે આ શિક્ષણ સાથેના તમારા લાંબા પરીચયથી તમારામાંના કેટલાકો તમારા હ્રદયની અને તમારા મઝહબી અનુભવની ફરી તપાસ કરવાની જરૂર ભુલી ગયા છે.

પરંતુ અમેં તમને કહેવાની શરૂઆત કરી હતી તેમ, દલીલ અને પૃથ્થકરણ શકિતવાળી જડ અને બૌધ્ધિક દુનિયા પણ છે. આથી તમોએ તમારા માનપત્રમાં જણાવ્યું છે તેમ જ્યાં સુધી બની શકે ત્યાં લગી તમે જે વિસ્તારમાં રહો છો અને જીવનના કપરા સંજોગો અને દરિદ્રતાને પહોંચી વળવા માટે તમે લાયક બની શકો તે માટે શાળાઓ અને વિદ્યાપીઠો, બાળકો અને યુવા. વડી સ્ત્રીઓની બહેતરી માટેની સંસ્થાઓ અને તમો ધરાવી શકો તેવી વધુ અને વધુ આધુનિક સગવડોને ઉત્તેજન આપવા માટે અમેં કદી બેપરવાહી બતાવી નથી."

આ પ્રવચનમાં હ૦ ઇમામે એવી ઇચ્છા જાહેર કરી હતી કે આફ્રિકામાં દરેક ઇસમાઇલી કુટુંબનું પોતાનું ઘર હોવું જોઇએ. જો એ કુટુંબ ગરીબ હોય તો તેનો પોતાનો એક ખંડ અથવા એક ઓરડો હોવો જોઇએ, પરંતુ તે પોતાનો હોવો જોઇએ. આ કાર્ય હસ્તીમાં લાવવા માટે બિલ્ડીંગ સોસાયટીઓ શરૂ કરવા આપે ભલામણ કરી હતી.

સીતેર વરસની ઇમામતના પ્રતિક તરીકે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ને પ્લેટીનમનાં સિત્તેર સિક્કાઓની ભેટ ધરવામાં આવી હતી અને આ રીતે થોડીજ મીનીટોમાં આ

સાદી પરંતુ સ્મરણીય વિધિ પુરી થઇ હતી. આખીએ ક્રિયાને વીસ મિનીટ જેટલો સમય લાગ્યો હતો.

ના. માતા સલામત અને ના. પ્રિન્સ અલીખાન સાહેબને યાદગીરીરૂપે પાંચ પાંચ પ્લેટી. નમના સિક્કાઓની ભેટ આપવામાં આવી હતી. જ્યારે દરેક દેશના પ્રતિનિધિઓને એક એક સિક્કો આપવામાં આવ્યો હતો.

આ ઐતિહાસિક વિધિ પુરી થયા પછી તેજ ખંડમા તુરતજ એક સમારંભ યોજાયો હતો જેમા ના૦ માતા સલામત અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે હાજરી આપી હતી.

ઉજવણી પ્રસંગે વિશ્વના ખૂણેખૂણેથી મુબારકબાદીના સંદેશાઓ મળ્યા હતા. જેમા સહુથી લાંબો સંદેશો મિસરના વડા પ્રધાનનો હતો.

આમ ક્રાંતિમી યુગના આ ઐતિહાસિક નગર કેરો ખાતે આફ્રિકાવાસીઓએ ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણી કરી, તવારીખમાં એક વધુ સુવર્ણ પૃષ્ઠનો ઉમેરો કર્યો હતો.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની પ્રવૃત્તિ

ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ કરાંચીથી કેરો પધાર્યા હતા. ત્યાંથી તા૦ ૧૫ મી માર્ચના બૈરૂત તથા તા૦ ૧૬ અને ૧૭ ના સલમિયા પધાર્યા હતા. તા૦ ૧૮ ના આપ ફરી કેરો પધારી આફ્રિકાની જ્યુબિલી ઉજવણીમાં ભાગ લીધો હતો.

તા૦ ૨૨ મી માર્ચના પેરિસ જવા રવાના થયા હતા અને પેરિસથી તા૦ ૨૪ મી માર્ચના દક્ષિણ અમેરિકા ભણી રવાના થયા હતા.

## પેમ્બાના હિંદી બાળકોના શિક્ષણ માટે ઉદાર સખાવત

જંઝીબાર સલતનતના પેમ્બા ટાપુના હિંદી બાળકોના શિક્ષણ અર્થે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ ૧૭૦૦૦ પાઉન્ડની ઉદાર રકમ આપી હતી. આ રકમ વડે શાળાનું મકાન બાંધવામાં આવ્યું અને શાળાને "એચ. એચ. ધી આગાખાન સ્કુલ" નું નામ આપવામાં આવ્યું.

## "ઇમામને આકાશ કે ધરતી તરફ નહિ પણ મનુષ્યો તરફ જોવાનું છે

લંડન ખાતે તા૦ ૨૨ મી ૧૯૫૫ ના દિને હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ ઇસ. માઇલી દીનદારોને મુલાકાત આપી હતી. આ પ્રસંગે નાના બાળકોને અમૂલ્ય દોરવણી આપતા ફરમાવ્યું : "તમો સઘળા ઘણીજ નાની ઉમરના છો. તમારામાંના ઘણા વિદ્યાર્થીઓ છે તમારે હમેશા યાદ રાખવું જોઇએ કે તમે હમેશા તમારી નજર સ્વર્ગ માટે ઉંચે આકાશ તરફ અગર નીચે જમીન પર માંડો છો. પરંતુ તમે જોશો અને સઘળા ઇસમાઇલીઓએ યાદ રાખવાનું છે કે ઇમામ જમીન ઉપર છે, તેને માણસો સાથે વ્યવહાર કરવાનો હોય છે એટલુંજ નહિ તેને દરેક પ્રકારના માણસો સાથે વ્યવહાર કરવાનો હોય છે અને તેણે માણસોની સામે બોલવાનું હોય છે. તેથી (ઇમામ) ઉપર પણ નથી જોતા તેમ નીચે પણ નથી જોતા પણ જ્યાં માણસો છે ત્યાંજ જુવે છે

સઘળા માણસો સાથે તેને વહેવાર કરવાનો હોય તે ફકત સામે જ જુવે છે. તે ઉપર પણ નથી જોતા, તેમ નીચે પણ નથી જોતા કારણ કે અહિ માણસો વચ્ચે વ્યવહાર છે. મનુષ્યોને દોરવણી આપવા, મનુષ્યોની ભલાઇ કરવા, તેઓના ઉપર તેની અસર પાડવા અને તેઓને મળવાનું હોય છે.

દરેક માનવીઓ એક બીજાથી જુદા પ્રકારના હોય છે તેથી ઇમામે સદા સામેજ જોવું જોઇએ. જેથી આગળ ઉપર તમે એમ જુવો કે ઇમામ ઉપર પણ નથી જોતા તેમ નીચે પણ નથી જોતા ત્યારે યાદ રાખજો કે જ્યાં સુધી તે દુનિયા ઉપર છે ત્યાં સુધી તે સ્વર્ગ કે ધરતી તરફ નહિ પણ માણસો તરફ દ્રષ્ટિ રાખે છે. સંસારમાં ઘણા પ્રકારના માણસો છે. કેટલાકો મોટા છે તો કેટલાકો નાના છે અને ધરતી ઉપર સઘળા માણસો સરખા નથી પણ ઇમામે દરેક પ્રકારના માણસો સાથે સંપર્ક રાખવાનો હોય છે.

અમારો આ સંદેશો તમે યાદ રાખજો, સઘળા ઇસમાઇલીઓએ આ યાદ રાખવાનું છે."

## પ્લેટીનમ જ્યુબિલી દિનની લંડન ખાતે ભવ્ય ઉજવણી

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની મુબારક પ્લેટીનમ જ્યુબિલીઓની ઉજવણીની યાદગીરીમાં લંડન ખાતે ગ્રેટ બ્રિટનની ના૦ કાઉન્સીલ તરફથી તા૦ ૧૯મી જુલાઇ ૧૯૫૫ ના "જ્યુબિલી દિન"ની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે એક ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

આ સમારંભમાં હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ., ના૦ માતા સલામત, ના. પ્રિન્સ અલીખાન અને ના. પ્રિન્સ કરીમ આગાખાન સાહેબ તેમજ ના. પ્રિન્સ અમીન મહમદ સાહેબે પધરામણી કરી હતી.

સમારંભના મુખ્ય મહેમાન હિંદી હાઇ કમિશ્નર શ્રીમતી વિજ્યાલક્ષ્મી પંડિત હતા.

આ સમારંભમાં ના૦ બ્રિટીશ સરકાર વતી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર કોલોનીઝે હાજરી આપી હતી.

હ. ઇમામ સુલતાન મુહમ્મદશાહે સમારંભના મુખ્ય પરોણા શ્રીમતી પંડિતની અને તેમના પિતાના-નહેરૂ-કુટુંબની મહાન સેવાઓને અંજલિ આપી હતી.

શ્રીમતી પંડિતે પોતાના પ્રવચનમાં હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહની વિશાળ વિશ્વ સેવાને દિલ ફૂટી દાદ આપી જણાવ્યું : "ના. આગાખાન એક મહાન વ્યક્તિ છે. વિશ્વના ખૂણે ખૂણે એમની ખ્યાતિ પ્રસરેલી છે. તેઓએ પોતાનું આખું જીવન નેકી અને માનવતાભર્યા કાર્યોમાં પસાર કર્યું છે યુવાનવયથી જ તેઓ રાજકારણમાં પડ્યા છે અને આજે વૃધ્ધાવસ્થાએ પણ યુવાનોથી પણ વધીને સતત કામકાજ કરતા રહે છે. વિશ્વભરમાં એમનો મરતબો ઉંચો છે."

તા. ૨૦-૭-૫૫ ના હઝરત ઇમામ લંડનથી જીનીવા જવા રવાના થયા હતા.

## ઇમામત દિન પ્રસંગે હિંદુસ્તાનના મુસ્લીમોને રાજકીય દોરવણી

૧૯૫૫ ના ઓગસ્ટ માસની તા. ૧૭ મીએ વિશ્વભરમાં હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ના "ઇમામત દિન" ની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે હિંદના ચાર કરોડ મુસલમાનોને રાજકીય દોરવણી આપતા ઇસ્લામના મહાન ઉદ્ધારક હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહે "ઇસમાઇલી" ના તા. ૩૦ ઓગસ્ટ ૧૯૫૫ના ખાસ અંક માટે સંદેશો નવાજેશ કરી ફરમાવ્યું: "હિન્દુસ્તાનમાં હજુ રહેલા ચાર કરોડ જેટલા મુસ્લીમોએ પોતાની નાગરિક તરીકેની જવાબદારીઓ અને શહેરીઓ તરીકેના પોતાના સંપૂર્ણ અધિકારો સમજવા જોઇએ અને એ અધિકારોનો ભોગવટો પોતે કેવી રીતે કરે છે તે વિષે ખૂબ ખબરદાર રહેવું જોઇએ. જેથી અત્યારે જેનું સ્વરૂપ ઘડાઇ રહ્યું છે. તેવા હિંદુસ્તાનના મહાન બિન-મઝહબી રાજ્યને એના મુસ્લીમ શહેરીઓના સાહિય સહકારથી ફાયદો મળે. દેશ પ્રત્યેની પોતાની ફરજો વિષે અને જાતિ તેમજ ધર્મના ભેદભાવ વિના એના તમામ શહેરીઓના હિત અર્થે દેશના શાંતિમય વિકાસ સંબંધી, દરેક મુસ્લીમે વ્યકિતગત રીતે કાળજીભરી વિચારણા કરવી જોઇએ."

## સઉદી અરેબિયાના રાજવીનો હ૦ ઇમામ અને ના૦ પ્રિન્સ અલીખાન વતી મુંબઇમાં સત્કાર

ના૦ માતા સલામતને હજ્જનું આમંત્રણ આપી સઉદી અરેબિયામાં તેઓશ્રીનું અપૂર્વ સન્માન કરનાર મહાન ઇસ્લામી દેશ અરેબિયાના રાજવી ના૦ સુલતાન સઉદ બિન અબ્દુલઅઝીઝ તા. ૨૬-૧૧-૫૫ ના ભારતની મુલાકાતે આવ્યા હતા.

ના૦ શાહની મુંબઇની રોકાણ દરમિયાન તા. ૧૧- ૨-૫૫ ના તેમના માનમાં હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ વતી મુંબઇની ઇસમાઇલીઆ કાઉન્સીલ અને જમાતે મઝગામ ઉપરના 'આગા હોલ" ખાતે એક ભવ્ય સમારંભ યોજ્યો હતો

આ સમારંભમાં ના. શાહ પોતાના વિશાળ રસાલા સાથે પધાર્યા હતા. મુંબઇના તે સમયના મુખ્ય પ્રધાન શ્રી મોરારજી દેશાઇ અને મધ્યસ્થ સરકારના વિદેશી બાબતોને લગતા એક પ્રધાન ડૉ૦ સૈયદ મહેમુદે પણ હાજરી આપી હતી.

માનપત્રનો ઉત્તર વાળતા ના૦ શાહે જણાવ્યું: "ના૦ આગાખાન સાહેબ તરફથી આજે જે ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો છે તેથી અમે પ્રભાવિત થયા છીએ અને અમારા દિલ ઉપર તેની અસર પડી છે.

ના૦ આગાખાન સાથેના અમારા સંબંધો ઘણા જુના છે. ના૦ આગાખાન સાહેબની ઉમર આજે મોટી છે, છતા વૃધ્ધાવસ્થામાં પણ તેઓ નામદાર ઇસ્લામની ઉન્નતિ માટે ખૂબ કાર્ય કરી, રહયા છે.

અમે પણ તેઓ નામદારની મુલાકાત લઇએ છીએ અને ઇસ્લામની ઉન્નતિ માટે ચર્ચા કરીએ છીએ. ઇસમાઇલી કોમે હિંદની એક પ્રજા તરીકે ભારતની કિંમતી સેવાઓ કરી છે. જે માટે હું આપને મુબારકીઓ આપું છું."

## કેરો ખાતે પધરામણી

૧૯૫૫ ના ડિસેમ્બર માસમા હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે કેરો ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી.

ત્યાંથી તેઓ નામદાર આસ્વાન ભણી રવાના થયા હતા. આપશ્રીની જીસ્માની તબિયત આ વખતે ઘણી સારી હતી.

## "આગાખાનનાં સંસ્મરણો" ગુજરાતીમાં પ્રગટ થએલો અનુવાદ

હ૦ ઈમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ લખેલા પોતાના સંસ્મરણોના વિશ્વવિખ્યાત પુસ્તકનો ભારતીય ભાષામાં અનુવાદ કરવાના હકો હિંદની ઇસમાઇલીઆ એસોસીએશને આ પૂર્વે જ મેળવી લીધા હતા.

ગુજરાતી ભાષી જનતા અને ઇસમાઇલીઓ માટે આ પુસ્તકનું ગુજરાતી અનુવાદ કાર્ય છેલ્લા બે વર્ષ જેટલા સમયથી સતત જહેમત અને કાળજી સાથે કરવામાં આવતું હતું. બે વર્ષની જહેમત પછી આ મહાન પુસ્તકને ગુજરાતી ભાષામાં તૈયાર કરવામાં આવ્યું હતું. અને તા ૧૯ મી જાન્યુઆરી ૧૯૫૬ ના સયુંકત સાલગ્રેહના મંગળ દિને આ પુસ્તકની પ્રકાશનવિધિ કરવામાં આવી હતી.

પ્રકાશનવિધિ માટે હિન્દની ઇસમાઇલીઆ એસોસીએશન તરફથી એક સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં મહાગુજરાતના જાણીતા લેખક અને મુંબઇ સરકારના ઓરીએન્ટલ ટ્રાન્સલેટર શ્રી જ્યોતિન્દ્ર હ. દવે એમ. એ. કે જેઓએ અનુવાદકાર્યમાં અનુવાદ સમિતિના ઇસમાઇલી લેખકોને શરૂથી અંત સુધી સક્રિય સહકાર આપ્યો હતો તેમણે નોંધપાત્ર પ્રવચન કરી હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહને વિદ્વતાપૂર્વક અંજલિ આપી હતી.

આ ગુજરાતી પુસ્તકની ચાર હજાર નકલો પ્રગટ થઇ હતી અને દુનિયાભરમાં ફેલાઇ ગઇ હતી. શ્રી દવે ઉપરાંત ત્રણ ઇસમાઇલી લેખકો આલીજાહ ઇસમાઇલ પંજુભાઇ "સહર" આલીજાહ હબીબભાઇ એલ. વાડીવાલા અને આલીજાહ સુલતાન વી. નૂરમહમદે પુસ્તકના અનુવાદ કાર્યમાં સહકાર આપ્યો હતો.

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે આ પુસ્તકનું નિરીક્ષણ કરી પોતાનો રાજીપો દાખવ્યો હતો અને પુસ્તકની પ્રત ઉપર પોતાના હસ્તાક્ષરો આપ્યા હતા

પાકિસ્તાનની એસોસીએશને પુસ્તકનો ઉર્દૂ અનુવાદ પ્રગટ કર્યો હતો.

## હિન્દની વાએઝીન પ્રવૃતિથી ઇસમાઇલીઓના ધાર્મિક જીવનમાં આવેલી જાગૃતિ

ઇસમાઇલીઓને મઝહબ અને ઇમામની શનાખત મળતી રહે, તેઓ મઝહબમાં પૂરા પાવરધા રહે અને મઝહબને અકકલથી અને સંપૂર્ણ સત્યથી ઓળખી શકે તે માટે ઇસમાઇલી ઇમામો તરફથી હમેશા દાઅવત કાર્ય કરવામાં આવતું રહયું છે.

અગાઉના સમયમાં આ કાર્ય મહાન પીરો અને દાઇઓ તરફથી કરવામાં આવતું; આજે તેજ કાર્ય જુદા જુદા દેશોની ઇસમાઇલીઆ એસોસીએશનો ઇમામે ઝમાનની દોરવણી મુજબ કરી રહી છે.

આ મહત્વના અને અતિ અગત્યના ધાર્મિક કાર્યમાં ૧૯૫૦ થી નવજાગૃતિ આવી હતી. ૧૯૫૦ માં હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે મુંબઇ ખાતે હિંદની ઇસમાઇલીઆ એસેસી-એશનને "વોલીન્ટીયર વાએઝીન" ઉભા કરવાની પ્રવૃતિ આરંભવા ફરમાવ્યું અને તે દિનથી હિંદમાં અને તે પછી સમગ્ર વિશ્વમાં આ પ્રવૃતિ પ્રસરી ગઇ.

હિંદમાં વાએઝીન પ્રવૃતિના વિકાસ અર્થે સુંદર કાર્ય થયું. દેશના મોટા મોટા કેન્દ્રોમાં વાએઝીનને લગતી તાલીમ આપવાની વ્યવસ્થા થઇ. હિંદના વાએઝીનને સમયસરની દોરવણી મળી રહે તે માટે ૧૯૧૪ માં વાએઝીન માટેના એક માસિક પત્ર "વાએઝીન"ની શરૂઆત પણ કરવામાં આવી હતી.

"વાએઝીન"ના ૧૯૫૫ ના અંક માટે હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે એક સંદેશાની પણ નવાજેશ કરી હતી.

આ પછી ૧૯૫૬ માં એક વધુ સંદેશાની નવાજેશ ફરમાવી આપે આ કાર્યને ભૂતકાળ કરતા અત્યારે સહુથી વધુ જરૂરી જણાવ્યું હતું.

તા. ૬ઠી ફેબ્રુઆરીએ કેરો ખાતેથી નવાજેશ કરેલા આ યાદગાર સંદેશામાં આપે ફરમાવ્યું : "વાએઝીને એમનું પોતાનું પત્ર ચાલુ કર્યું છે એ જાણી અમે ઘણાજ ખુશી થયા છીએ. પવિત્ર પયગંબર સાહેબ આ નાશવંત જગતનો ત્યાગ કરી પરમ સંગાથને પામ્યા એ સમયનું તથા ત્યારપછીનું તુરતનું જ અસહાબનું મહાન કાર્ય જે વાએઝીન કરી રહયા છે એ મહાન કાર્ય તેઓ આધુનિક જગતના દબાણ હેઠળ કરી રહયા છે એ ઘણુંજ અગત્યનું છે તથા તે કાર્ય ભૂતકાળમાં કયારેય જેટલું જરૂરી હતું તેના કરતા (અત્યારે) વધુ જરૂરી છે. અને અમે તેમને દરેક સફળતા ઇચ્છીએ છીએ. યુવાન વાએઝીને દરેક માનવ આત્માને મહાસાગરની જેમ ઇલાહી અકકલ અને શકિત સાથે જોડી રાખવા માટે વિકાસની સઘળી શાખાઓની શોધો પર આધાર રાખતી નવી દલીલો આપવી જોઇએ અને (તે માટેના) પ્રયાસો કરવા જોઇએ.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની કરાંચી, ખાતે મુબારક પધરામણી

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની જઇફમાની તબિયત પ્રવાસ માટે અનુકુળ ન હોવાથી આપ નામદાર પોતાના વહાલા રૂહાની ફરઝંદોની જાહેરી મુલાકાતે જુદા જુદા દેશોમાં પધારી શકતા ન હતા. કિંતુ આપશ્રી વતી આપના વડા ફરઝંદ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ દરેક વર્ષે હિંદ–પાકિસ્તાન ખાતે પધરામણી ફરમાવતા હતા અને જમાતને હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. વતી દુઆઃઆશિષોની નવાજેશ ફરમાવી અમૂલ્ય દોરવણી પણ આપતા હતા.

૧૯૫૬ ના વર્ષમાં પણ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે હિંદ–પાકિસ્તાન ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી.

તા. ૨૨–૨–૫૬ ના ના૦ પ્રિન્સ સાહેબે પાક પાટનગર કરાંચી ખાતે કેરોથી પધરામણી ફરમાવતા જમાત તરફથી ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો. તા. ૨૩–૨–૫૬ ના લાહોર ખાતે પધરામણી કરી હતી અને તા. ૨૭–૨–૫૬ ના ફરી કરાંચી પધાર્યા હતા.

## મુંબઈ ખાતે પધરામણી

ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ કરાંચીથી તા. ૨૯-૨-૫૬ ના મુંબઇ ખાતે પધરામણી ફરમાવતા આપનો ભવ્ય સત્કાર કરવામાં આવ્યો હતો.

આ વર્ષની રોકાણ ઘણી ટુંકી હતી પણ આગે ભરચક કાર્યક્રમ વચ્ચે પ્રવૃત રહી અનેક આગેવાન સંસ્થાને મુલાકાતો આપી દોરવણી આપી હતી.

તા. ૨-૩-૫૬ ના આપ નામદારે ઇસમાઇલી જનરલ હોસ્પીટલના નવા મકાનના બાંધ. કામનું નિરીક્ષણ કર્યું હતું.

આપે આ પ્રસંગે ફરમાવ્યું: "આ બિલ્ડીંગ તૈયાર થઇ જશે, ત્યારે દુનિયામાં બીજા કરતા સહુથી વધુ ખુશી અમને થશે." તા. ૩-૩-૫૬ ના આપે પૂના ખાતે પધરામણી કરી હતી. તા. ૫ ના આપ કલકત્તા જવા રવાના થયા હતા. કલકત્તાથી તેજ દિને ઢાકા જવા રવાના થયા હતા.

## ઢાકા અને ખુલના અને પુનઃ કરાંચી ખાતે

ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે તા. ૬-૩-૫૬ ના ઢાકાથી ખુલના ખાતે પધરામણી કરી હતી.

પૂર્વ પાકિસ્તાનનો ટુંકો પ્રવાસ કરી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે તા. ૬-૩-૫૬ ના કરાંચી ખાતે પુનઃ પધરામણી ફરમાવી હતી.

તા. ૬-૩-૫૬ ના રાતના આપ અપર સિંધના પ્રવાસે ખાસ ટ્રેન દ્વારા રવાના થયા હતા. આ ખાસ એક્ષપ્રેસ ટ્રેનને "પ્રિન્સ અલીખાન એક્ષપ્રેસ ટ્રેન" નું નામ આપવામાં આવ્યું હતું. આ ટ્રેનમા પહેલા અને બીજા વર્ગની ૪૮ બોગીઓ જોડવામાં આવી હતી. ગાડીની મધ્યમાં ના૦ ગવર્નર જનરલનું ખાસ સેલુન હતું જેમા ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે પ્રવાસ કર્યો હતો, ના૦ પ્રિન્સ સાહેબ સાથે ૮૦૦ જેટલા આગેવાનોએ પ્રવાસ કર્યો હતો.

આ પ્રવાસમાં તેઓશ્રીએ સક્કર, નવાબશાહ, હૈદ્રાબાદ (સિંધ), ટંડો આદમ, ત્યાંથી ફરી હૈદ્રાબાદ આ પછી માર્ગમાં જંગુશાહી અને દાઉદ ખાતે જમાતોને મુલાકાત આપી હતી અને ત્યાંથી કરાંચી પધાર્યા હતા.

કરાંચીની આ મુલાકાત દરમિયાન આપે ઇરાનના ના૦ શાહની મુલાકાત લીધી હતી.

## આફ્રિકા ભણી રવાનગી

તા. ૧૦-૩-૫૬ ના ના૦ પ્રિન્સ સાહેબ કરાંચીથી કુવેટ પધાર્યા હતા અને ત્યાંથી આફ્રિકા ભણી જવા રવાના થયા હતા.

આફ્રિકાનો તેઓશ્રીએ એક મહિના ઉપર પ્રવાસ કરી જુદા જુદા પ્રદેશોની મુલાકાત લીધી હતી અને દરેક સ્થળે જમાતોને પોતાના પિતાશ્રી વતી દુઆઆશિષો ફરમાવ્યા હતા. જમાતોને

આપે સમય અને સંજોગો અનુસારની દરેક ક્ષેત્રની પ્રગતિ માટે દોરવણી આપી હતી. ધાર્મિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક, સંસારિક અને તંદુરસ્તીની બાબતમાં આપે અમૂલ્ય ફરમાનો ફરમાવ્યા હતા.

## મઝહબની અગત્યતા

નૈરોબી ખાતે આપે મઝહબી દોરવણી આપતા તા ૫-૪-૫૬ ના ફરમાવ્યું : "આ દુનિયામાં આપણે દરેક રીતે આગળ વધવું જોઇએ પરંતુ તેની સાથે જો મઝહબની અગત્યતા નં સમજીએ અને મઝહબ થકી આપણામાં જુસ્સો પેદા ન થાય તો આપણે જિંદગીમાં સફળ બનીશું નહિ. જો મઝહબની ધગશ ન હોય તો જાહેરી કે બાતુની ક્ષેત્રમાં સફળતા મળશે નહી.

આખી દુનિયાની વસતિની સરખામણીમાં ઇસમાઇલીઓની વસતિ બહુજ ઓછી હોઇ શકે, છતા સરખામણીમાં થોડી એવી ઇસમાઇલી કોમે પોતાની મઝહબી એકતા અને પ્રતિષ્ઠા જાળવી રાખી છે.

આપણા બાપદાદાઓની જે જાતિ હતી અને મઝહબ પ્રત્યે તેઓનું જે ઇમાન હતું તે જાળવી રાખવાની જવાબદારી ભવિષ્યમાં આજના નાના બાળકો ઉપર આવશે.

આ દુનિયામાં તમે પોતાના ધર્મને સંભાળી રાખજો અને તમારું સ્વમાન અને શ્રધ્ધા ગુમાવશો નહિ. ઇન્સાન ગમે તેટલી પ્રગતિ કરે પણ મઝહબ અને ઇમામે ઝમાન ઉપર ભરોસો ન હોય તો તેનો કશો અર્થ નથી. ઇમાન વગરનો ઇન્સાન જડ જેવો છે.

## સ્ત્રી પ્રગતિ

આપણી મહિલાઓની પ્રગતિ માટે આનંદ વ્યકત કરતા આપે ફરમાવ્યું : "સહુથી વધુ પ્રગતિ આપણી મહિલાઓએ કરી છે. માત્ર મુસ્લીમ દેશોજ નહિ પરંતુ યુરોપ, અમેરિકા અને બીજા જે જે દેશોમાં અમોએ મુસાફરી કરી છે. ત્યાંની સ્ત્રીઓની સરખામણીમાં ઇસમાઇલી બાનુની પ્રગતિ જોઇ અમને ઘણોજ આનંદ થાય છે."

## ઉદ્યોગીક પ્રગતિ

ઉદ્યોગ તરફ લક્ષ આપવાનું ફરમાવતા આપે ફરમાવ્યું : "વેપારમાં પ્રગતિ થઇ છે છતા ઉદ્યોગમાં આપણે હવે ધ્યાન આપવું જોઇએ. ઉદ્યોગો વધતા જાય છે. વ્યકિતગત રીતે પહોંચી ન શકાય તો સહકારી સંસ્થાઓ ઉભી કરી તેનો લાભ લેવો જોઇએ."

આફ્રિકાનો પ્રવાસ પૂરો કરી ના૦ પ્રિન્સ સાહેબ તા. ૨૦-૪-૫૬ ના લંડન ભણી સિધાવી ગયા હતા.

## ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબની માડાગાસ્કર ખાતે પધરામણી

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહના વહાલા પૌત્ર અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબના પ્યારા વડા ફરઝંદ ના૦ પ્રિન્સ કરીમ આગાખાન સાહેબે (મૌલાના હાઝર ઇમામ) તા. ૧લી સપ્ટેમ્બર ૧૯૫૫ ના માડાગાસ્કર ખાતે પધરામણી ફરમાવતા જમાતો આનંદમગ્ન બની ગઇ હતી.

યુરોપથી માડાગાસ્કર જતા માર્ગમાં નૈરોબી હવાઇ મથકે આપ ટુંક સમય માટે રોકાયા હતા. તા. ૩જી સપ્ટેમ્બરે ના૦ પ્રિન્સ અમીનમહમદે પણ પધરામણી ફરમાવી હતી.

## "બંદગી એ પરમ સુખની ચાવી છે"

તા. ૩જી સપ્ટેમ્બરે ના૦ શાહઝાદા કરીમ આગાખાન સાહેબે માડાગાસ્કરની જમાતોને હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. વતી દુઆઆશિષો આપી ફરમાવ્યું :

"મૌલાના હાઝર ઇમામ (હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ) ની એક બહુજ મોટી ઇચ્છા છે કે જે હાલમાં પરિપૂર્ણ થવા ઉપર છે. આપણી પવિત્ર દુઆનો તરજુમો બહુજ ટુંક સમયમાં અરબી ભાષામાં થશે. ધર્મની ઉત્પતિથી, ઇસ્લામ ધર્મની ભાષા અરબી છે, કે જે આજે બોલાતી તમામ ભાષાઓમાંની સુંદર અને સૌથી સંપૂર્ણ ભાષા છે. આજ કારણથી હાઝર ઇમામની અંતઃકરણપૂર્વકની ઇચ્છા છે કે જ્યારે દુઆ તૈયાર થાય ત્યાં તમે અરબી ભાષામાં દુઆ પડજો."

આ પછી આપશ્રીએ હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહનો સંદેશો વાંચ્યો હતો. સંદેશામાં હ૦ ઇમામે ફરમાવ્યું હતું :

"તમારે એ ખાસ જાણવાની જરૂર છે કે આ દુનિયામાં કે જ્યાં સહુ જંજાળમાં પડેલા છે અને જ્યાં દરેક માનવી સારા કે નરસા રસ્તાઓએથી સુખમય જીવન જીવવાની શોધમાં છે, ત્યાં તમારે એ ભુલી નહિ જવું જોઇએ કે બંદગી એ પરમ સુખની ચાવી છે.

ખાસ કરીને જમાતમાં ભેગા થઇને તમે નિયમિત રીતે ખરા દિલથી અને શુધ્ધ ભાવનાથી બંદગી કરો. વેપારમાં કે તમારા અંગત જીવનમાં સફળતા માટે ફકત એક જ રસ્તો છે અને તે એ છે કે બંદગી કરો અને ભાઇઓની માફક રહો. હરીફાઇથી તમે કદિપણ સફળ થશો નહિ, પરંતુ તેનું પરિણામ હમેશા દુઃખદાયક નીવડશે.

દુઆ છે તે આપણા મઝહબનો પાયો છે. માટે તમે નિયમિત રીતે સાંજે અને સવારે પણ દુઆ પડવાને જમાતખાને આવજો.

ઇસમાઇલીઓ તમે તમારા બચ્ચાઓની સંભાળ રાખો. તેઓને આત્મા અને હ્રદયની કેળવણી આપો. તેઓને સંપૂર્ણ ધાર્મિક શિક્ષણથી માહિતગાર બનાવો અને તેઓની તંદુરસ્તી પ્રત્યે પણ ધ્યાન રાખો.

તમારા બચ્ચાઓના શરીરો સ્પોર્ટસથી વિકસે છે કે જેથી કરીને તેઓના હ્રદયો ખુલે છે અને શ્રધ્ધાળુ આત્મા અને નિર્મળ જુસ્સાથી તેઓ સુખ મેળવી શકે છે.

છેલ્લે, અમે તમને એક સલાહ એ આપીએ છીએ કે તમે તમારી સરકાર પ્રત્યે વફાદાર રહેજો, સાથે સાથે અત્રેના મૂળ મલગેસ વતનીઓ સાથે ભાઇઓની માફક વર્તતા રહેજો."

## પ્રવાસ

તા. ૫–૯–૫૬ ના શાહઝાદા સાહેબોએ ફેનારા બુઆની, તા. ૬ ના માજુંગાની અને તા. ૮ ના તુલિયારની મુલાકાત લીધી હતી.

તા. ૯ ના નામ૦ શાહઝાદા સાહેબો તાનાનારીવથી એન્ટેબે પધાર્યા હતા. ત્યાં જમાતોને લાભ આપી પેરિસ જવા સિધાવી ગયા હતા. માર્ગમાં આપે નૈરોબી જમાતની મુલાકાત લીધી હતી.

## ૮૦ માં જન્મ દિનની યાદગાર અને ભવ્ય ઉજવણી

ઇસમાઇલીઓના પરમ પ્રતાપી ૪૮ માં ઇમામ અને સમગ્ર માનવજાતિના મહાન ઉધ્ધારક હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. ના ૮૦ માં જન્મ દિનની અખિલ વિશ્વના ઇસમાઇલીઓએ ૧૯૫૬ ના તા. ૨ જી નવેમ્બર અને શુક્રવારના દિને ભારે દબદબા, ઉત્સાહ અને શાનથી ઉજવણી કરી હતી.

આ પ્રસંગે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહે વિશ્વભરના સેવાધારી ઇસમાઇલીઓને ટાઇટલોની નવાજેશ કરી હતી.

## "ઐક્યતાથી કાર્ય કરો"

આ પ્રસંગે હિંદની ના. ફેડરલ કાઉન્સીલને નવાજેશ કરેલા તા. ૨૦ મી ઓક્ટોબરના યાદગાર તાલીકા મુબારકમાં હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહે જણાવ્યું :

'અમારા ૮૦ માં જન્મદિન પ્રસંગે, તમારી વચ્ચે લાંબો સમય રહેવાની અમને શક્તિ આપવા માટે અમે ખુદાતઆલાના શુકાના અદા કરીએ છીએ. અલબત્ત દુન્યવી દ્રષ્ટી બિન્દુથી તમે અમારાથી દુર છો પરંતુ ખાસ કરીને આજના દિવસે રૂહાની અને વાત્સલ્યભાવથી અમારા દિલ અને વિચારોની ઘણા જ નજીક છો. જેઓએ પોતાના ઇમામની સેવા કરી છે અને જમાત માટે પોતાના સમયનો ભોગ આપ્યો છે તેમને અમે ઘણીજ ખુશીથી ટાઇટલો આપીએ છીએ. પણ જો કોઇ રહી ગયા હોય તો તે માટે કોઇ પણ રૂહાની ફરજંદને કાંઇપણ લાગી આવવું જોઇએ નહિ. કારણ કે અમારા અતિશય વહાલભર્યા જે ઉત્તમ દુઆઆશિષોની તેમને નવાજેશ કરીએ છીએ એજ સાચા રૂહાની ટાઇટલો છે કે જે માટે તેમણે ખરાં રીતે યાચના કરવી જોઇએ.

અમારી આખી જીંદગી અમે તમારા માટે ખર્ચી નાખી છે અને અમોએ જે તમને ઘણી વખત ફરમાવ્યું છે તેનું આજના પ્રસંગે પુન: ઉચ્ચારણ કરીએ છીએ કે બધાની ઉન્નતિ અને ભલાઇ માટે ભાઇચારા અને ઐક્યતાથી તમને કાર્ય કરતા જોવા કરતા બીજી કોઇપણ વસ્તુ અમને વધારે આનંદ આપી શકશે નહિ. ઉપરાંત વર્ણ કે જાતિના ભેદભાવ વગર તમારા બીજા દેશબંધુઓ સાથે પણ હ્રદયથી સહકાર કરજો."

## "આત્મિક હાલતો આ જીવન પુરતી મર્યાદિત નથી"

આ મહાન પ્રસંગે "ઇસમાઇલી"ના પ્રગટ થએલા ખાસ અંકને આપેલા મુબારક સંદેશામાં હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું :

"જુદા જુદા સમયે નવી નવી મુશ્કેલીઓ આવી પડે છે અને અમારા ૮૦ માં જન્મ દિન પ્રસંગે અમારા વહાલા રૂહાની બચ્ચાઓ, તમારા પાછળ લાંબુ જીવન ખર્ચી નાંખ્યા પછી અમે તમને ફરી યાદ અપાવીએ છીએ કે જીવન એક મહાન લડત છે અને તમારે આટીઘુટીઓનો સામનો કરના શકિતમાન બનવું જોઇએ.

ગમે તેમ પણ તમારે એ કદિ પણ ભુલવુ ન જોઇએ કે, ભૌતિક હાલતો જો કે બદલાય છે પણ આત્મિક હાલતો આ જીવન પુરતી જ મર્યાદિત નથી. અને તમારે આત્મિક પ્રગતિમાં ખુબ આગળ વધવાની જરૂર છે. પરિણામે તમને જણાશે કે તમારી દુન્યવી બાબતોમાં જે તમને મદદકર્તા થાય છે તે તમે આખરત માટે જે કામ કર્યા હોય તે જ છે."

## હાર્વર્ડ યુનિવર્સિટીની આપેલી સ્કોલરશીપ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહે અમેરીકાની હાવર્ડ યુનિવરસીટીને એક અગત્યની સ્કોલરશીપ આપવાની નવાજેશ ફરમાવી હતી.

"ધી આગાખાન પ્રોફેસરશીપ ઓન ઇરાનિયન હિસ્ટ્રી" ના નામે ઓળખાતી આ સ્કોલરશીપની લંડન ખાતે જાહેરાત કરતા ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબે જણાવ્યું કે, "હાવર્ડ યુનિવરસિટીમાં ઇરાનના ઇતિહાસનો વિષય લેનાર એક ઇસમાઇલી વિદ્યાર્થીને દર ચાર વર્ષે સ્કોલરશીપ આપવાની એક કાયમી યોજના સાથેનું ફંડ અમારા પિતાશ્રીએ મુકરર કર્યું છે. આ સ્કોલરશીપની પહેલી તક ઇસમાઇલી વિદ્યાર્થીને માટે પણ તે મળે જો કોઇ ઇસમાઇલી ઉમેદવાર ન હોય તો પછી મુસ્લીમ વિદ્યાર્થીને તેનો લાભ આપવાની જોગવાઇ કરવામાં આવી છે."

જે યુનિવર્સિટીને આ સ્કોલરશિપ આપવામાં આવી તે હાવર્ડમાં ના૦ પ્રિન્સ કરીમ આગાખાન સાહેબ (મૌલાના હાઝર ઇમામ) અને ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબે શિક્ષણ પ્રાપ્ત કર્યું છે.

## ના૦ સદરૂદીન સાહેબની શિષ્યવૃતિ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદ શાહ અ. એ હાવર્ડ વિદ્યાપીઠને ઇરાનના ઇતિહાસના અભ્યાસ માટેની શિષ્યવૃતિ આપ્યા પછી ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબે પણ "ધી ઇસમાઇલી ફેલોશીપ"ના નામે પોતા તરફથી એક શિષ્યવૃતિ હાવર્ડને આપી હતી અને એ. બી. ની ડિગ્રી ધરાવનાર અને ઇસ્લામી ઇતિહાસ અને સમાજો તેમજ મધ્યપૂર્વ સાથે સંબંધ ધરાવતો અભ્યાસ હાવર્ડમાં આગળ ધપાવવા ઇચ્છનાર ઇસમાઇલીને એનો લાભ મળે એવી તેમાં ગોઠવણ કરવામાં આવી હતી. ઉમેદવારની યોગ્યતા હાવર્ડના નિર્ણય ઉપર નકકી થાય એવી જોગવાઇ કરવામાં આવી હતી.

આ અભ્યાસમાં વધુ રસ અને શકિત બતાવનારને "ડોકટોરેટ" ની પણ તક મળે એવી વધુ જોગવાઇ કરવામાં આવી.

હ૦ ઇમામે તા૦ ૨૨ મી નવેમ્બર ૧૯૫૬ ના તાલીકા દ્વારા આ શિષ્યવૃતિની જમાતોને જાણ કરી હતી.

## ભારતમાં પ્લેટીનમ જ્યુબિલીની ભવ્ય તૈયારીઓ

પાકિસ્તાન અને આફ્રિકાએ હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહની સિતેર વર્ષની ઇમામતની

પ્લેટીનમ જ્યુબિલીની ઐતિહાસિક ઉજવણીઓ કર્યા પછી હિંદમાં પણ આ માટે તૈયારીઓ થઇ રહી હતી. આખુ ઇસમાઇલી હિંદ આ મહાન પર્વને ઉજવવા આતુર બન્યું હતું.

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. એ તા. ૨૭–૧૨–૫૬ ના તાલીકા દ્વારા ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની હાજરીમાં હિંદના જુદા જુદા કેન્દ્રોમાં પ્રતીક ઉજવણી કરવા ફરમાવ્યું.

## આનંદમગ્ન હિન્દુસ્તાન

જ્યુબિલીની ઉજવણી કરવાની આ રીતે આજ્ઞા મળતા સમગ્ર હિન્દુસ્તાન આનંદઘેલું બની ગયું હતું.

મુંબઇ ખાતે વલ્લભભાઇ પટેલ સ્ટેડિયમમાં ઉજવણી કરવા નક્કી કરવામાં આવ્યું. દમામદાર સરઘસ યોજવાનું પણ નક્કી થયું. આજ પ્રમાણે જુદી જુદી ડિસ્ટ્રીક્ટો જ્યાં ઉજવણી થનાર હતી તેના કાર્યક્રમો ઘડવા લાગ્યા હતા.

## સીરિયાના પ્રેસીડેન્ટ હિંદમાં—મુંબઇ ખાતે સમારંભ

ઇસમાઇલી ઇમામોના એક સમયના નિવાસસ્થળ સીરીયાના ના૦ પ્રેસીડેન્ટ હિઝ એક્ષેલેન્સી કુવાટલી હિંદના પ્રવાસે પધાર્યા હતા. મુંબઇની તેમની મુલાકાત દરમિયાન ઇસમાઇલી કાઉન્સીલોના પ્રેસીડેન્ટો અને મુખી કામડીયાઓ તરફથી તા. ૨૫–૧–૫૭ ના સાંજના મુંબઇની ક્રિકેટ ક્લબ ઓફ ઇન્ડીયા ખાતે સિરીયાના પ્રેસીડેન્ટના માનમાં એક ભવ્ય સમારંભ યોજવામાં આવ્યો હતો.

સમારંભમાં ના૦ પ્રેસીડેન્ટને ઇસમાઇલીઓ વતી માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

માનપત્રનો જવાબ આપતા પ્રેસીડેન્ટે જણાવ્યું :

"સિરીયામાં વસતા તમારા ભાઇઓ સિરીયાના વફાદાર પ્રજાજનો છે, તેઓ સિરીયાના આત્મા અને હૃદય છે. ઇસમાઇલીઓ સીરીયાના ઉત્તમ શહેરીઓ છે. ઇસમાઇલીઓની વફાદારી માટે સિરીયાને ગર્વ છે અને તમારા જેવા વફાદાર પ્રજાજનો માટે તમારા દેશ હિંદને પણ ગર્વ છે.

સિરીયામાં ઇસમાઇલીઓ પોતાના દેશ પ્રત્યેના કર્તવ્યમાં પુરા અને વફાદાર છે. આથી મારી સરકારને તેનું ઘણું અભિમાન છે."

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની મુંબઇ ખાતે પધરામણી

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલીની હિંદની જુદી જુદી ડીસ્ટ્રીક્ટોમાં પ્રતીક ઉજવણીની ક્રિયામાં હ૦ ઇમામ વતી ભાગ લેવા ના. શાહજાદા પ્રિન્સ અલીખાન સાહેબે રોમથી તા૦ ૭–૨–૫૭ ના મુંબઇ ખાતે પધરામણી ફરમાવતા હિંદવાસી ઇસમાઇલીઓના આનંદની સીમા ન્હોતી રહી.

## ઐતિહાસિક પ્રસંગે અમર સંદેશો

હવાઇ મથકે આપ નામદારે જ્યુબિલી પ્રસંગે પ્રગટ થનારા "ઇસમાઇલી" ના ખાસ અંકને યાદગાર સંદેશો આપ્યો હતો સંદેશામાં આપે ફરમાવ્યું :

"અમારા વહાલા પિતાશ્રીની પ્લેટીનમ જ્યુબિલિની ભારતમાં પ્રતિક ઉજવણીના આ મહાન અવસરે પોતાની ઇમામતના ૭૦ વર્ષો દરમ્યાન આપણા ઇમામની મહાન સરદારી હેઠળ જગત ભરમાં ઇસમાઇલીઓના નવસર્જન અને ઉન્નતિ પ્રતિ અમોને પ્રસંશા અને ગર્વની ઉંડી લાગણી વ્યકત કરતા આનંદ થાય છે. બૌધિક પ્રગતિ અને આર્થિક વિકાસનો આ મહાજુવાળ જ્યાં જ્યાં ઇસમાઇલીઓ વસેલા છે તે સઘળા દેશોમાં અને માનવપ્રવૃતિના સઘળાએ ક્ષેત્રોમાં વહયો છે. અત્યારે તો આપણી કોમના નામાંકિતજનો સઘળાએ વ્યવસાયમાં છે. રાજ્યના વડાઓ, ઘણા પોત પોતના દેશોમાં સરકારી પ્રધાનો, લશ્કરના બહાદુર અફસરો ન્યાયધિશો, ડોકટરો, ઉધ્યોગપતિઓ અને જગતના શાહ સોદાગરો છે.

આપણા ઇમામ હવે પછીના ઘણાય વર્ષોસુધી આપણને આપણા ઉજ્જવળ માર્ગે ગૌરવ-ભરી રીતે આગળ દોરતા રહો.

## મુંબઇથી કોલંબો અને પુનઃ મુંબઇમાં

તેજ રાતના પ્લેનથી તેઓશ્રી કોલંબો સિધાવ્યા હતા અને કોલંબોની ટુંકી મુલાકાત લઇ આપ ફરી મુંબઇ ખાતે પધારતા આપનું ગૌરવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

## પ્રતિક ઉજવણીના કેન્દ્રો

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહની પવિત્ર આજ્ઞા અનુસાર આ ઉજવણી પ્રસંગે ઇસમાઇલીઓને બિનજરૂરી ખર્ચ ન થાય તે માટે ઉજવણીના જુદા જુદા કેન્દ્રો નકકી કરવામાં આવ્યા હતા.

પસંદ કરાએલા કેન્દ્રોમાં પૂના, મુંબઇ, હૈદ્રાબાદ, મદ્રાસ, કલકતા, નાગપૂર, ભુજ, રાજકોટ, અમદાવાદ, સિધ્ધપુર અને આગ્રાનો સમાવેશ થતો હતો.

## હ૦ ઇમામ અલી (અ. સ.)ની ૧૪૦૦મી જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

એક બાજુથી ઇસમાઇલીઓ હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની પ્લેટીનમ જ્યુબિલી ઉજવવામાં મગ્ન હતા તો બીજી બાજુથી આમ મુસ્લીમો, ફિરકાના ભેદભાવ વગર એકજ મંચ ઉપર એકત્ર થઇ હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. ના પવિત્ર પૂર્વજ અવ્વલ ઇમામ હ૦ મૌલા મુરતઝાઅલી (અ. સ.) ની ૧૪૦૦ મી જન્મ જયંતિની ઉજવણીમાં મગ્ન હતા.

જ્યુબિલીના અવસરે ઇસમાઇલી લત્તાઓએ ઝળહળતા વિજળીના દીવાઓ અને રંગબેરંગી પત્તાકાઓથી શણગાર સજયો હતો તો મુંબઇના મુસ્લીમ લત્તાઓએ ૪૮ માં જમાના પૂર્વજ, હ૦ ઇમામ અલી (અ. સ.) ની જન્મ જયંતિની ઉજવણી માટે પણ બેશુમાર રોશનીનો અનોખો શણગાર કર્યો હોઇ મુંબઇના તમામ ઇસમાઇલી અને સઘળા ફિરકાના મુસ્લીમ લત્તાઓ આ અપૂર્વ પ્રસંગે મુંબઇવાસી લાખો શહેરીઓનું આકર્ષણ બની ગયા હતા.

હ૦ ઇમામ અલી (અ. સ.) ની જન્મ જયંતિ પ્રસંગે મુંબઇના તમામ ફિરકાઓના મુસ્લીમો તરફથી એક સયુંકત સભા તા. ૧૩-૨-૫૭ ના મુંબઇના ક્રોસ મેદાનમાં યોજવામાં આવી હતી. હિંદ સરકારના ખોરાક ખાતાના પ્રધાન શ્રી એસ કે પાટીલ સભાના પ્રમુખસ્થાને હતા.

# હિંદમાં થએલી પ્લેટીનમ જ્યુબિલીની ઐતિહાસિક ઉજવણી

જે મહાદિનની ઇસ્માઇલીઓ વર્ષોથી રાહ જોઇ રહયા હતા તે ઐતિહાસિક પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણીની ઘડી અંતે આવી પહોંચી. આ ઐતિહાસિક ઉજવણીની શરૂઆત પણ એજ દિને થઇ જે દિને મુસ્લીમો ફિરકાના ભેદો ભૂલી પહેલા ઇમામ ૯૦ અલી (અ. સ) ની ૧૪૦૦ મી જન્મજયંતિની ઉજવણી કરી રહયા હતા.

૯૦ અલી (અ. સ.) ની જન્મજયંતિની ઉજવણી પણ તા૦ ૧૩-૨-૫૭ ના થઇ જયારે ૯૦ અલી (અ. સ.) ના સીધા ૪૮ માં વંશજ ૯૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) ની સિતેર વર્ષની ઇમામતની અજોડ પ્લેટીનમ જ્યુબિલીની હિંદની ઉજવણીની શરૂઆત પણ તા. ૧૩-૨-૫૭ થી થઇ હતી. જે ખૂબ સુચક અને ઐતિહાસિક છે.

પૂનાને ઉજવણીની પ્રથમ તક મળી. તા. ૧૩-૨-૫૭ ના સાંજના ના૦ પ્રિન્સ સાહેબની હાજરીમાં આ ઉજવણીની શરૂઆત થઇ હતી.

## મુંબઇમાં ભવ્ય દરબાર અને સરઘસ

તા. ૧૪-૨-૫૭ ના મુંબઇમાં શ્રી દરખાના ખાતે સયુંકત સાલગ્રેહની ઉજવણીનો ભવ્ય દરબાર યોજવામાં આવ્યો હતો.

તે દિને બપોરે જ્યુબિલીની ઉજવણીનું વિરાટ સરઘસ યોજવામાં આવ્યું હતું. શ્રી આગા હોલ મઝગાવ ખાતેથી બપોરે શરૂ થએલું આ એક માઇલ લાંબુ સરઘસ જે. જે. હોસ્પીટલ અને કરીમઆબાદ થઇ જ્યારે સરદાર વલ્લભભાઇ પટેલ રોડ ઉપર આવેલી અલી નર્સરીના મકાન પાસે પહોંચ્યું ત્યારે ત્યાં હાજર રહેલા વહાલા ના૦ પ્રિન્સ સાહેબે સલામી ઝીલી હતી.

સિતેર વરસના ઇમામતકાળ દરમિયાનની ઇસમાઇલીઓની પ્રગતિની ઝાંખી કરાવતા મોડલો સરઘસનું મુખ્ય આકર્ષણ હતું. જ્યારે ફાતિમિ ગૌરવની ઝાંખી કરાવતા કેટલાક મોડલો ઇસમાઇલીઓના ભવ્ય ભૂતકાળ ઉપર પ્રકાશ પાથરતા હતા.

મુંબઇના લાખો શહેરીઓએ ડાયમંડ જ્યુબિલી પછી આ પ્રસંગે એક વધુ શાનદાર સરઘસ નીહાળ્યું હતું.

## મહા પર્વની મુંબઇમાં દમામદાર ઉજવણી

હિંદનું આગેવાન શહેર મુંબઇ કે જ્યા દરખાનું છે ત્યાં તા. ૧૫-૨-૫૭ ના સાંજના વરલી ખાતે સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડિયમમાં પ્લેટીનમ જ્યુબિલીની પ્રતીક ઉજવણી કરવામાં આવી.

આ પ્રસંગે સુંદર અને કળામય મંચ ઉભો કરવામાં આવ્યો હતો. બર્મા, મલાયા, સિંગાપુર અને પાકિસ્તાનના પ્રતિનિધિઓ પણ આ સમયે હાજર હતા.

જુદા જુદા દેશોની સરકારના એલચીઓ અને પ્રતિનિધિઓ તેમજ મુંબઇના આગેવાન નાગરિકો પણ શામિલ થયા હતા.

સાંજના ૫-૪૫ કલાકે ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે મુબારક પધરામણી ફરમાવી હતી. આપે ભારતીય પોષાક પરિધાન કર્યો હતો. આપની ટોપી ઉપર કાતિમી રાજ્યચિન્હ શોભતું હતુ.

## ઉજવણીની શરૂઆત

પાક કુરાને શરીફની તિલાવત અને પવિત્ર ગીનાન શરીફના પાઠથી ઉજવણીની શરૂઆત કરવામાં આવી.

આ પછી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબને આવકાર આપતું પ્રવચન કરવામાં આવ્યું જેમા આપના મહાન જીવન કાયને યાદ કરી ઇસમાઇલીઓ તરફના આપના સતત પ્રેમનું સ્મરણ કરવામાં આવ્યું.

ત્યારબાદ હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહને અર્પણ કરવાના માનપત્રનું વાંચન થયું. માનપત્રમાં આપની સિત્તેર વરસની ઇમામત દરમિયાનની ઇસમાઇલીઓની થયેલી સર્વાંગી આબાદી અર્થેની આપની ભવ્ય જીવન સિધ્ધીઓને રૂણી હૃદયે સંભારવામાં આવી અને આ ઉજવણીની તક આપવા માટે અહેસાન અદા કરવામાં આવ્યો.

## હ૦ ઇમામની અમી વર્ષા

આ પછી આ ઐતિહાસિક અવસરે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. એ નવાજેશ કરેલા તાલીકા મુબારકનું વાંચન થયું હઝરત ઇમામે ફરમાવ્યું હતું કે, 'અમે અમારા વહાલા ફરઝંદને તમારી તરફ મોકલીએ છીએ જેઓ અમારી પ્લેટીનમ જ્યુબિલીની ઉજવણીના પ્રસંગે હિંદુસ્તાનના તમો સઘળા અતિ વહાલા રૂહાની ફરજંદોને અમારા અતિશય પ્યારભર્યા ઉત્તમ દુઆ આશિષો ફરમાવશે

કમનસીબે, મોટી વય અને તબિયતના કારણે દુન્યવી રીતે અમે તમારી વચ્ચે હાજર નથી પણ આ દિવસો દરમિયાન રૂહાની રીતે અને વાત્સલ્યભાવથી તમે હમેશ કરતા વિશેષ અમારા હૃદય અને વિચારોમાં છો. અમારી આખી જીંદગી તમારા પાછળ આપવામાં આવી છે અને અમારી દુઆ છે કે તમારા રૂહાની પિતા પ્રત્યેના પ્રેમ અને શ્રધ્ધા સાથે તમે સુખી રહો."

## વિધિની શરૂઆત અને ના૦ પ્રિન્સનું પ્રવચન

આ પછી પ્રણીક અર્પણ વિધિ થઇ હતી. ત્યારબાદ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે પ્રવચન કરતા ફરમાવ્યું :

"અમારા વહાલા પિતાશ્રીના પ્રતિનિધિ તરીકે આજે તમો સહુની વચ્ચે બીરાજવું એ અમારા માટે ખરેખર ગૌરવભરી ઘડી છે, જો કે અમારી અહિંની હાજરી તેઓશ્રીની હાજરી બરાબર તો બિલકુલ નથી, પરંતુ અમે જાણીયે છીએ કે વિચારો, આત્મા અને હૃદયથી, હમેશાની જેમ આજે પણ તેઓ નામદાર તમારી સાથેજ છે

મોટી ઉમર અને નાદુરસ્ત તબીયતને કારણે કમનસીબે તેઓ નામદારને માટે આ અજોડ સમારંભમાં પધારવાનું બની શક્યું નથી પણ તેઓ નામદારે અમારા મારફત તમો બધા, આજે

અહિં આવેલા સઘળી જમાતોના હોદેદારો અને સભ્યોને આ મહાન દેશ હિંદમાં તમારા ભવિષ્યની આબાદી, આર્થીક ઉન્નતિ અને શાંતિ માટે, માના પિતા તરફના તેઓ નામદારના હાર્દિક સતત વહાલભર્યા દુઆઆશિષો અને શુભેચ્છાઓ ફરમાવ્યા છે.

તેઓ નામદાર પ્રત્યે, માનપત્રમાં તમોએ જે સઘળી લાગણીઓ જાહેર કરી છે, તે માટે તેઓ નામદાર વતી અમે તમને ધન્યવાદ આપીએ છીએ અને આપણા ઇમામે ઇમામતના સીતેર વર્ષ દરમ્યાન દુનિયાના દેશોમાં વિશાળ રીતે આપણને આપણા દિવ્ય ભવિષ્ય તરફ જે ઘણીજ નોંધપાત્ર રીતે દોર્યા છે તે માટે અમે પણ અંગત રીતે અમારી પોતાની ઉંડી અને અગાધ આનંદની લાગણી પ્રદર્શીત કરીએ છીએ.

જો કે આ સમય દરમ્યાન જગત ઘણા પલટાઓમાંથી પસાર થયું છે અને બે વિશ્વ યુધ્ધો સહન કર્યા છે, પણ ઇસમાઇલીઓ માટે તો પૃથ્વીની ચારે દીશામાં કિર્તી અને સંપતિના એ યુગનું નીમાર્ણ થયું છે કે જેવો સમય આપણે ઘણા દશકાઓથી જોયો નથી.

તમારા સન્માન પત્રમાં અમારા માટે તમોએ જે માયાળુ શબ્દો દર્શાવ્યા છે તે અમને ઘણીજ અસર કરી ગયા છે. અને તમોએ અમારામાં હમેશા જે શ્રધ્ધા અને વિશ્વાસ રાખ્યા છે, તેની ખુબજ કદર કરીએ છીએ."

હિંદી રાષ્ટ્રીય ગીત અને ઇસમાઇલી સલામી સાથે આ ઐતિહાસિક ઉજવણી પુરી થઇ હતી.

## હિન્દના જુદા જુદા કેન્દ્રોમાં ઉજવણી

તા. ૧૫ ના મુંબઇ ખાતે ઉજવણી થયા પછી તા. ૨૦–૨–૫૭ ના વરંગલ અને હૈદ્રાબાદ તા. ૨૧ ના મદ્રાસ, તા. ૨૨ ના કલકતા (રાતના). તા. ૨૩ ના નાગપુર, તા. ૨૪ ના માળીયા હાટીના (સવારના), ભુજ કચ્છ (બપોરના) અને રાજકોટ (સાંજના), તા. ૨૫ ના અમદાવાદ (સવારના) અને સિધ્ધપુર સાંજના તેમજ તા. ૨૬–૨–૫૭ ના આમા ખાતે પ્રતિક ઉજવણી થઇ હતી. દરેક સ્થળે નકકી થએલા કાર્યક્રમ અનુસાર વિધિપુર્વકની ઉજવણી થઇ હતી.

ઉજવણી અંગે નાં૦ પ્રિન્સે જેટલા કેન્દ્રોમાં પધરામણી ફરમાવી ત્યાં એકઠી થએલી ડિસ્ટ્રીકટોની જમાતોના અન્ય કામકાજો પણ ઉકલ્યા હતા. સંસ્થાઓની મુલાકાતો લઇ દોરવણી પણ આપી હતી.

જુદા જુદા કેન્દ્રોની ઉજવણી અર્થે નાં૦ પ્રિન્સ તા. ૧૮–૨–૫૭ ના મુંબઇથી રવાના થયા હતા.

આ પૂર્વે આપે ઇસમાઇલી જનરલ હોસ્પીટલના નવા મકાનની ઉદઘાટન વિધિ કરી હતી.

## વર્ષોની સ્વપ્ન સિદ્ધિ

મુંબઇના આગા હોલના વિશાળ કમ્પાઉન્ડમાં નાં૦ પ્રિન્સ અલીખાન સાહેબના મધુર સ્વપ્ન સિધ્ધિ જેવી ઇસમાઇલીઆ જનરલ હોસ્પીટલની નવી આલીશાન હોસ્પીટલ બિલ્ડીંગની ઉદઘાટન ક્રિયા તા. ૧૬–૨–૫૭ના સાંજના નાં૦ પ્રિન્સ સાહેબના મુબારક હસ્તે કરવામાં આવી હતી અને આ રીતે નાં૦ પ્રિન્સની એક મહાન ઇચ્છા પુરી થઇ હતી.

ના૦ પ્રિન્સને આથી અપૂર્વ હર્ષ થયો હતો. આપશ્રીએ આપનો હર્ષ વ્યકત કરતા ફરમાવ્યું : "આજનો દિન ખરેખર આનંદથી ભરપુર દિન છે, કેમકે વરસોથી અમે એક અપ્રતિમ અને આધુનિક હોસ્પીટલનું સ્વપ્ન સેવી રહયા હતા, આજે અમે તેની સમક્ષ ઉભા છીએ.

અમે હમેશા માનતા હતા કે, આપણે આપણાં ધ્યેય સુધી પહોંચવા માટે સમયની મર્યાદા વિના સ્થિરતાથી કામ કરવું જોઇએ અને એક એવી આધુનિક, દરેક જાતની સગવડ અને સામગ્રી સહિતની છેલ્લી ઢબની આધુનિક હોસ્પીટલ યોગ્ય વિસ્તારમાં બાંધવી જોઇએ કે જ્યાં ઉત્તમ દાકતરી સારવાર મળી શકે.

આખરે આજે આપણે આપણા ધ્યેયને પહોંચ્યા છીએ અને હવે જે કરવાનુ રહે છે તે એ છે કે આ આપણી હોસ્પીટલ પણ્રીજ આધુનિક સામગ્રીથી સજ્જ હોય."

મુંબઇની આ હોસ્પીટલ સાથે ના૦ પ્રિન્સ અલીખાન સાહેબનું મુબારક નામ આપના પ્રેમની સ્મૃતિમાં જોડવામાં આવ્યું.

"પ્રિન્સ અલીખાન ઇસમાઇલી જનરલ હોસ્પીટલ" તરીકે ઓળખાતી આ હોસ્પિટલની રૂપિયા પાંચ લાખના ખર્ચે નવી ઇમારત ઉભી કરવામાં આવી હતી.

ઇસમાઇલી જનરલ હોસ્પીટલના નવા મકાનની ઉદઘાટન ક્રિયા જે દિવસે, જે સ્થળે થઇ તેજ દિવસે, તે સ્થળેથી થોડાક સો વારના અંતરે, આગા હોલ ખાતે ઇસમાઇલી બાળકોની શૈક્ષણીક સંસ્થા "ડાયમંડ જ્યુબિલી હાઇ સ્કુલ ફોર બોયઝ" ના નવા આલીશાન મકાનનો પાયો નાંખવાની ક્રિયા પણ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબના મુબારક હસ્તે કરવામાં આવી હતી.

આમ "આગા હોલ" માં આરોગ્ય અને શિક્ષણના બે કેન્દ્રો ઉભા થયા

## જમાતોની મુલાકાત

તા. ૧૭-૨-૫૭ ના ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે જમાતેની મુલાકાત લીધી હતી. કાંડીમોહલ્લા જમાત, જેનું નવું નામ હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ તરફથી "કરીમઆબાદ" નવાજેશ થયું હતું. તેનું બોર્ડ ખુલ્લું મૂકવાની આપે આ દિને વિધિ કરી હતી.

તા. ૧૮ ના આપ નમદાર જુદા જુદા કેન્દ્રોની ઉજવણી માટે મુંબઇથી રવાના થયા હતા.

## લંડનમાં નવા જમાતખાના અને કલબ માટેની વિશાળ જગ્યા

લંડન ખાતે દુનિયાભરના ઇસમાઇલીઓ વેપાર, શિક્ષણ, તબીબી સારવાર કે પર્યટન અર્થે મોટી સંખ્યામા આવજા કરતા રહે છે. લંડન ઇસમાઇલીઓનું એક મુખ્ય કેન્દ્ર બની ગયું હોય ત્યાંનું જમાતખાનું તેમજ રહેઠાણ અને કલબની જગ્યા અપુરતી અને નાની થવા લાગી હતી.

આથી ગ્રેટ બ્રિટનની ના૦ કાઉન્સીલે જમાતખાના અને કલબ માટે એક વિશાળ જગ્યા લેવાની યોજના તૈયાર કરી. આ યોજનાને હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે મંજુર રાખી પોતાના દુઆઆશિષો ફરમાવ્યા.

આ યોજના આકાર લેતી હતી તે સમયે હ૦ ઈમામ શાહ સુલતાન મુહમ્મદશાહે તા. ૧૯ મી ફેબ્રુઆરીએ વિશ્વભરની ઇસમાઈલી કાઉન્સીલોને એક તાલીકા મુબારકની નવાજેશ કરી આ કાર્યમાં સહકાર આપવા સહુને ફરમાવ્યું.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબનો પાકિસ્તાનનો ટુંકો પ્રવાસ

ભારતના જુદા જુદા કેન્દ્રોમાં પ્લેટીનમ જ્યુબિલીની પ્રતિક ઉજવણીમાં ભાગ લઇ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ તા ૧-૩-૫૭ ના જયપુરથી દિલ્હી થઇ લાહોર પધાર્યા હતા. તા. ૩ સુધી લાહોર રોકાઇ તા. ૪ ના પેશાવર અને ખયબરઘાટની મુલાકાત લઇ ફરી લાહોર થઇ ગતના કરાંચી પધાર્યા હતા.

તા. ૫ ના આપે કરાંચી જમાતની મુલાકાત લીધી હતી તા. ૬ ના આપશ્રીએ મકરાન અને ગુવાધરની મુલાકાત લીધી હતી. તા. ૮-૩-૫૭ ના આપ કરાંચીથી ફરી મુબઇ પધાર્યા હતા અને ત્યાંથી આફ્રિકા ભણી સિધાવી ગયા હતા. ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે હિંદની લાધેલી આ છેલ્લી જ મુલાકાત હતી.

## યુવાનોને દોરવણી

કરાંચી ખાતે ના૦ પ્રિન્સ સાહેબે યુવાનોને ઉત્તમ નસિહત આપતા ફરમાવ્યું "માનવી એટલે માત્ર શરીર અને મગજ નથી પણ ભુરસાદાર આત્મા પણ છે. શુધ્ધ ચારિત્ર્ય વિના ક્યારે પણ ઉંડી અસર પાડી શકાતી નથી. યુવાનોને અમારો આદેશ છે કે તમારું આ ચારિત્ર્ય કેળવો અને દેશને વધારેને વધારે સુખી અને સન્માનપાત્ર બનાવવા માટે વધુ સારા અને ઉપયોગી શહેરીજન બનવાનું શિક્ષણ સંપાદન કરો."

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ આફ્રિકા ખાતે

હિંદ અને પાકિસ્તાનનો પ્રવાસ પુરો કરી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ મુંબઇથી તા ૮-૩-૫૭ ના આફ્રિકાના પ્રવાસે રવાના થયા હતા.

આફ્રિકામાં આપે નૈરોબી, દારેસલામ, ઝંઝીબાર, લોરેન્સો માર્કસ જેવા મુખ્ય શહેરો અને તેના આંતરિક ભાગોનો ઝડપી પ્રવાસ કરી જમાતોને આપના વ્હાલા પિતાશ્રી વતી દુઆઆશિષો ફરમાવ્યા હતા.

અસંખ્ય સંસ્થાઓની મુલાકાતો લઇ આપે અમૂલ્ય દોરવણી આપી હતી.

## "આત્મબળ નથી તો પ્રગતિપણ નથી!"

લોરેન્સ માર્કસ ખાતે તા૦ ૧૨-૩-૫૭ ના ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે યુવાનોને અમર અને સદા પ્રેરણાદાઈ એવો અમૂલ્ય સદેશો આપતા ફરમાવ્યું :

"આજે યુવાનો ઓછું કામ કરવા માંગે છે અને વધુ સમય એશઆરામમાં ગાળવા માગે છે. સો થી દોઢસો વરસ પહેલાનો ઇસમાઇલી ઇતિહાસ તપાસીને જુવો તો જણાશે કે તમારા બાપદાદાઓએ જે તકલીફ ઉપાડી છે તેનો લાભ આજે તમને મળી રહ્યો છે.

તમારામાં જે હિંમત હોવી જોઇએ તે શા માટે નથી ? તમારા વડવાઓ જે કાર્યો કરી ગયા છે તે ઇસમાઇલી ઇતિહાસમાં અમર રહી જશે. યુવાનોની ફરજ છે કે ઇસમાઇલીઓના ભૂતકાળના ઇતિહાસ ઉપર ગર્વ રાખી બેસી ન રહેતા તેનું અનુકરણ કરી હિમ્મતથી આગળ વધવાની કોશિશ કરે. તમારા બાપદાદાઓ તમારા માટે જે વારસો મૂકી ગયા છે તેનાથી પણ વધુ વારસો તમારી ભવિષ્યની પ્રજા માટે તમારે મૂકી જવો જોઇએ. એશઆરામમાં વખત ન ગુમાવતા આર્થિક દિશામાં પ્રગતિ સાધવી જોઇએ. એશઆરામમાં વખત ગાળશો તો બરબાદ થઇ જશો.

ઇમાન, ભરોસો અને આત્મબળ નહિ હોય તો આગળ નહી વધી શકો. આત્મબળ નહિ હોય તો ઇસમાઇલી થયા તો પણ શું અને ન થયા તો પણ શું ? તમને તમારા ઉપર વિશ્વાસ નહિ હોય અને બીજાઓ તમારા ઉપર વિશ્વાસ રાખે તેથી શું ફાયદો ?

આફ્રિકાની આ મુલાકાત વખતે ના૦ પ્રિન્સ સાહેબે ટાંગાનિકાના મટવારા ખાતે પ્રથમ વખત પધરામણી ફરમાવી નવા જમાતખાનાનો પાયો નાખવાની ક્રિયા કરી હતી.

## હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહની નાદુરસ્ત તબિયત

૧૯૫૭ ના એપ્રીલ માસ દરમિયાન હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ની જીસ્માની તબિયત ફરી નાદુરસ્ત થતા જમાતોમાં ગંભીર ચિંતા પ્રસરી ગઇ હતી.

ઇસમાઇલીઓને આપ નામદારને વધુ પત્રો ન મોકલવા આપના અંગત મંત્રીએ જણાવ્યું હતું. આમ છતા હમેશા જમાતો ઉપર હ૦ ઇમામની હુઝુરમાંથી દોરવણી અને દુઆઃઆશિષોના તાલીકાઓની નવાજેશ થતી હતી.

મે ૧૯૫૭ માં તબિયત સુધારા ઉપર હતી અને ઇસમાઇલીઓને દોરવણી માંગતા પત્રો મોકલવા ફરી આદેશ અપાયો હતો.

સારી તબિયતના સમાચારો મળતા જમાતની ચિંતા ઓછી થઇ હતી અને સર્વત્ર રાહતની લાગણી પ્રસરી હતી. આ સમયે હ૦ ઇમામ ફ્રાંસ ખાતે બિરાજમાન હતા.

પરંતુ જુન ૧૯૫૭ માં આપની જીસ્માની તબિયત ફરી નાદુરસ્ત થઇ હોવાના સમાચારો મળતા જમાતોની ચિંતા વધવા માંડી હતી.

## ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબનું સગપણ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ના નાના શાહઝાદા ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબનું સગપણ મીસ નીના ડાયર સાથે થયાના સમાચારો હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહના તા: ૨૯–૫–૫૮ ના તાલીકા દ્વારા જમાતોને મળ્યા હતા.

મિસ નીના ડાયરે પવિત્ર ઇસમાઇલી મઝહબ અંગિકાર કર્યો હતો. આપનું ઇસ્લામી નામ શિરીન રાખવામાં આવ્યું.

## પ્લેટીનમ જ્યુબિલીની પૂર્ણાહુતિની ક્રિયાની ઉજવણી

ભારતની જુદી જુદી ડિસ્ટ્રીકટોમાં ફેબ્રુઆરી ૧૯૫૭ દરમિયાન હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની સિતેર વરસની ઇમામતની પ્લેટીનમ જ્યુબિલીની ઐતિહાસિક પ્રતિક ઉજવણી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની હાજરીમાં થયા બાદ એ પર્વની પૂર્ણાહુતિની ક્રિયા પેરિસ ખાતે જમાતખાનામાં તા. ૧૪-૬-૫૭ ના સાંજના ભારે દબદબા સહિત કરવામાં આવી હતી.

આ ઉજવણીમાં સહભાગી બનવા હિંદના કેટલાક આગેવાનો ફ્રાંસ ગયા હતા. ઉપરાંત યુરોપ, આફ્રિકા અને પાકિસ્તાનના મળી ૧૮૦ જેટલા દીનદારો આ પ્રસંગે હાજર હતા.

જઇફમાની રીતે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ની તબિયત ખુબ નાજુક હોવા છતા જે મહાન, દયાળુ અને કૃપાળુ ઇમામે પોતાની આખી જિંદગી પોતાના વહાલા રૂહાની ફરજંદોને અર્પણ કરી હતી, તેઓ ઘણીજ કૃપા ફરમાવી, આવી જઇફમાની તબિયત છતા પધાર્યા હતા પધાર્યા હતા અને રૂહાની બાળકોને રાજી કર્યા હતા.

આપશ્રી મોટરમાંજ બિરાજમાન રહયા હતા. આપ જઇફમાની રીતે અશકત દેખાતા હતા. ના૦ માતા સલામત, ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ અને ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબે પણ પધરામણી કરી હતી.

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ને ભારતની ઉજવણીની યાદમાં અર્પણ કરવાનું ખાસ પ્રતિક ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે ભારતની જમાતો વતી વહાલા રૂહાની પિતાની હુઝુરમાં અર્પણ કર્યું હતું.

ભારતમાં જ્યુબિલી પ્રસંગે અર્પણ થએલું પ્રતિક પણ વહાલા ઇમામ અ૦ની હુઝુરમાં પેશ કરવામાં આવ્યું હતું.

## "સઘળા ઇમામોમાં ફકત અમારીજ પ્લેટીનમ જ્યુબિલી ઉજવાઇ છે"

પ્રતિકનો સ્વીકાર કરતા હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ એ ફરમાવ્યું :

"એક હજાર વરસોમાં કોઇપણ ઇમામની પ્લેટીનમ જ્યુબિલી ઉજવાઇ નથી, ફકત અમારી જ પ્લેટીનમ જ્યુબિલી ઉજવાઇ છે. અમે હમેશા તમારા નજીક છીએ અને તમને દોરવણી આપતા રહીએ છીએ."

જાહેરમાં આપ ન પધારી શકતા હોવા બદલ આપે દુઃખ વ્યકત કર્યું હતું. આ પછી હઝરત ઇમામ સિધાવી ગયા હતા. આપના ઇમામતકાળ દરમિયાનનો આ અંતિમ પ્રસંગ હતો, છેલ્લી ઉજવણી હતી.

આ પ્રસંગે રાત્રીના એક સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમા ના૦ માતા સલામત, ના. પ્રિન્સ અલીખાન સાહેબ અને ના. શાહઝાદા સદરૂદીન સાહેબે પધરામણી કરી હતી.

## જીનીવા ભણી રવાનગી—અતિ નાજુક તબિયત

હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ.ની જીસ્માની તબિયત આ પછી પ્રતિદિન વધુ ને વધુ નાજુક અને ચિંતામય થવા લાગી હતી. આપ અસ્વસ્થ તબિયતના કારણે પેરિસથી જીનિવા ખાતે પધાર્યા. આવી અતિ ચિંતામય તબિયત છતા આપ સદા વિશ્વભરના મુરીદોના લાભાર્થે નિયમિત કાર્ય કરતા અને જમાતોને દિવ્ય દુઆઆશિષોની નવાજતા કરતા રહેતા. જમાતોમાં ઠેર ઠેર દુઆ ગુજારીઓ કરવામાં આવતી હતી.

# ઈલાહી નૂરે યુવાન જીસમમાં પ્રવેશ કર્યો

## જ્યારે હ૦ ઈમામ શાહ સુલતાન મુહમ્મદશાહે જામો સિફાર્યો

ઇસ્લામીઓનો એ હજ્જનો મહિનો હતો. હિ. સ. ૧૩૭૬ નું એ ઇસ્લામી વરસ હતું અને ઇ. સ. ૧૯૫૭ નું એ વરસ અને જુલાઇ મહિનો હતો. આ વરસે, આ માસમા, એક ભવ્ય, અતિ કીર્તિવંત, અતિ ગૌરવભર્યા અને સદિઓ સુધી ન કલ્પી શકાય એવા જાહોજલાલીભર્યા કાળની અંતે સમાપ્તી થઇ.

એ દિન હતો તા. ૧૧ મી જુલાઇનો; ગુરૂવારનો અને ઇસ્લામી તારીખ હતી ૧૨ મી જીલ. હજ ૧૩૭૬.

એ દિને જીનીવા ખાતે વેરસોઇક્સ ખાતે આવેલા "બરકત" વિલામાં હ. અલી (અ સ.)ના ૪૮ માં વંશજ, ખાતુને જન્નત હ. ફાતિમા ઝહોરાના પૌત્ર, પયગમ્બર હ. નબી મુહમ્મદ મુસ્તફા રસુલ (સ.) ની સીધી આલમાંથી ઉતરી આવેલા, શાહોના શાહ અને ઇસમાઇલીઓના વહાલામાં વહાલા રૂહાની પિતા અને સરદારે ઇસ્લામ હ. ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ.એ હિંદી સમય સાંજના ૫–૩૦ કલાકે જામો સિફાર્યો, સાથેજ એક મહાન યુગની પુર્ણાહુતિ થઇ.

જગતભરમાં પળવારમાં તો આ દર્દનાક અને ભૌતિક રીતે જીગર ચીરી મુકે એવા સમાચારો રેડીયો, ટેલીફોન અને તાર દ્વારા પહોંચી ગયા સાથેજ જગત ચીસ પાડી ઉઠયું. ઇસમાઇલીઓના દિલોની હાલત તો વર્ણન કરવાની શકિતની બહાર હતી.

રાતના દરેક જમાતખાનાઓમાં જમાતો એકત્ર થઇ હતી. કોઇએ તે રાતનું વાળુ પણ નહોતું કર્યું. જમાતમાં ચોમેર સન્નાટો વ્યાપી ગયો હતો.

અને મોડી રાતે સત્તાવાર સમાચારો મેળવવા પછી જમાતોમાં જાહેરાત થઇ કે હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ સાહેબે જામો સિફાર્યો છે" ત્યારે કોઇના હોંશ હાથ રહયા નહી.

## ના૦ માતા સલામતનો સંદેશો

એજ વેળાએ, મધ્યરાત્રીએ ના૦ માતા સલામત તરફથી આ પ્રમાણેનો દર્દનાક સંદેશો મળ્યો :–

"આપણા વહાલા ઇમામ (હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ (અ. સ.) જીસ્માની રીતે હવે-આપણી વચ્ચે નથી. આજે સવારે તેઓશ્રીએ પોતાની નિદ્રાવસ્થામાં આ જગતનો ત્યાગ કર્યો છે."

ઇસ્માઇલીઓ માટે લૌકિક રીતે આ કદી ન સહી શકાય એવા સમાચારો હતા પણ સનપંથી મારફતી દૃષ્ટિ જે મઝહબમાં છે અને જ્યાં ઇમામ સદા હાજર રહે છે તે મહાન કોમે એ રાત ઇબાદતમાં પસાર કરી. હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ.ના સિતેર વરસ દરમિયાનના અસંખ્ય ઉપકારોને આ પ્રસંગે ભક્તિપૂર્ણ અને રૂણી હૃદયે યાદ કરી રૂહાની ફરઝંદોએ બંદગીમાં ધ્યાન કેન્દ્રીત કર્યું.

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સોમવાર તા. ૧૭ મી ઓગસ્ટ ૧૮૮૫ ના આઠ વર્ષની બાળ વયે ઇમામતપદે બિરાજ્યા હતા. એ દિને ઇસ્લામી તારીખ ૬ઠ્ઠી ઝિલકાદ હતી. ૧૩૦૨ નું એ ઇસ્લામી વરસ હતું. ઇસ્લામી વરસ અનુસાર આપે ૭૪ વર્ષો સુધી-૪૮ ઇમામોમાં સહુથી લાંબામાં લાંબા સમય સુધી-ઇમામત ભોગવી હતી.

આપના દિવ્ય અને પ્રતાપી ઇમામતકાળ દરમિયાન ઇસ્માઇલીઓ માટે એક નવા યુગની શરૂઆત થઇ હતી. જીવનની પળે પળ પોતાના રૂહાની બાળકોને અર્પણ કરી આપે ઇસ્માઇલી-ઓને આબાદીની ટોચે મૂક્યા હતા. જેનું વર્ણન આ પુસ્તકમાં ઠેર ઠેર નોંધ એવું પડ્યું છે. આજ સુધીના ઇસ્માઇલી ઇતિહાસમાં એ સમય સહુથી વધુ જાહોજલાલી ભર્યો હતો.

આપની દૈહીક વિદાયથી એક મહાન યુગની પૂર્ણાહુતિ થઇ સાથે એક નવાજ યુગની શરૂ-આત થઇ. આપના પછી આપના પ્રતાપી પૌત્ર, આપના વડા ફરજંદ ના. પ્રિન્સ અલીખાન સાહે-બના વડા શાહઝાદા, ઇમામ અલ હાદીયુલ મહેંદી, સાહેબુલ અમ્ર; નુરે ખુદાવીંદ હઝરત ઇમામ શાહ કરીમ હાઝર ઇમામ ઇમામતની ગાદીએ ૪૯ માં ઇમામ તરીકે ૨૧ વર્ષની વયે, હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અની મુકમ્મિલ વસિયત મુજબ બિરાજમાન થયા અને ચોથા આગાં-ખાન તરીકે જાહેર થયા. આ રીતે ઇલાહી કાનૂન મુજબ સૃષ્ટિની ઉત્પતિથી પ્રકાશિત રહેલા ઇલાહી નુરે તા. ૧૧ મી જુલાઇની એ સંધ્યાએ યુવાન જીસ્મમાં પ્રવેશ કર્યો.

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહના નુરાની પરિવારમાં આપના વ્હાલા મોહા-દાર હાજીએ ના૦ માતા સલામત, બે પુત્રો. ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ અને ના૦ શાહઝાદા સદ્રુ-દીન સાહેબ અને અને આપના બે પૌત્રાઓ મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબ તેમજ એક પૌત્રી ના૦ પ્રિન્સેસ યાસ્મીન અલીખાન સાહેબા આ દિને આપના પાસે હાજર હતા.

## ના૦ પ્રિન્સનો કરૂણ સંદેશો

વહાલા પિતાશ્રીની દૈહિક વિદાયથી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ હૃદયભગ્ન બની ગયા હતા. આપે આ પ્રસંગે જમાતજોગ સંદેશો મોકલતા ફરમાવ્યું :

"સઘળી જમાતોને ખબર આપો કે અમારા વહાલા પિતાશ્રીએ આજે ૧૧ જુલાઇના સવારના ૧૨-૩૦ કલાકે (હિંદી સમય સાંજના ૫-૩૦) દૈહિક રીતે, શાંતિપૂર્વક આ જગતનો ત્યાગ કર્યો છે. તેઓ નામદારના સતતપ્રેમ, રૂહાની દોરવણી અને નેતાગીરીની આપણને પડેલી ન ખમી શકાય તેવી ખોટથી અમે હૃદયભગ્ન થયા છીએ. તમો સહુ પ્રત્યે અમારા લાગણી-ભર્યાં અને સદાનાં પ્રેમાળ વિચારો પાઠવીએ છીએ.

## વિશ્વભરમાં બંદગીઓ

ત્રણ દિવસ સુધી જમાતોએ ધંધો રોજગાર બંધ રાખ્યો હતો અને સતત બંદગીઓ ગુજારી હતી. ભૌતિક શરીરની જાહેરી ક્રિયાઓ, ફાતેહા અને જ્યારતના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. મુંબઇ ખાતે જ્યારતની ક્રિયામાં બિન ઇસમાઇલીઓ જેમા નેતાઓ પણ હતા તેઓએ પણ હાજરી આપી હતી.

## જગતનો શોક અને આસુંભરી અંજલીઓ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. માનવજાતિના મહાન નેતા હતા; ઇન્સાન માત્રના ઉધ્ધારક હતા. આપની દૈહિક વિદાયથી માનવસંસારે એક મહાન માર્ગદર્શકની કદિ ન પુરી શકાય તેવી ખોટ અનુભવી હતી.

આપને જગતભરમાંથી આસુંભરી અંજલીઓ આપવામાં આવી. તા. ૧૨મી જુલાઇના દુનિયાભરના સવારના અખબારોમાં પહેલા પાના ઉપર મોટા મોટા હેડીંગો સાથે આ સમાચારો છાપવામાં આવ્યા હતા. અને પાનાઓ ભરી આપનું જીવન ચરિત્ર પ્રગટ કરવામાં આવ્યું હતું. દરેક કોમ, દરેક પક્ષ અને જુદી જુદી વિચારસરણી અને જાતિ ધરાવતા પત્રોએ અગ્રલેખો લખી મહાન ઇમામના મહાન જીવન કાર્યને રૂણી હૃદયે સંભાર્યું હતું.

વ્યક્તિગત અંજલીઓમાં ગ્રેટ બ્રિટનના ના૦ મહારાણી એલિઝાબેથ બીજાથી માંડી દુનિયા-ભરના રાજદ્વારી નેતાઓ, મુત્સદીઓ, શાસકો, કલારસિકો, વિદ્વાનો, કેળવણીકારો, વૈજ્ઞાનિકો, રમતગમતના ક્ષેત્રોના નિષ્ણાતો, કલાકારો, અને ફિલસુફોએ આપ નામદારને ઉંચામાં ઉંચી અંજલીઓ આપી હતી. દુનિયામાં ભિન્ન ભિન્ન વિચારશ્રેણી, જાતિ અને ઉદેશો ધરાવતા માનવી-ઓએ એક દિલથી આવી ભવ્ય અંજલી કોઇને ભાગ્યેજ આપી હશે. સર્વપક્ષો અને વિચારશ્રેણીઓ તરફથી હ૦ ઇમામની મહાનતા અને દિવ્યતાને માનભેર અદબ કરવામાં આવી. અંજલીઓની સંખ્યા એટલી બધી હતી કે તેનું એક દળદાર સ્વતંત્ર પુસ્તક થઇ જાય.

તા. ૧૨મી જુલાઇએ જીનીવામાં અનેક મહાન પુરુષોએ જાતે જઇ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ સમક્ષ શોક વ્યક્ત કર્યો હતો. આ સમયે દુનિયાભરના કેટલાક ઇસમાઇલી અગ્રેસરો પણ જીનીવામાં હાજર હતા.

મુંબઇની મ્યુનિસિપલ કોરપરેશનની તા. ૧૫-૭-૫૭ની સભામાં હજરત ઇમામ સુલતાન મુહમ્મદ શાહને ભવ્ય અંજલી આપવામાં આવી હતી. મુંબઇના મેયર શ્રી એમ. વી. દોંડેએ હ૦ ઇમામના જીવન કાર્ય વિષે ઉલ્લેખ કર્યો હતો. સભામાં સર્વપક્ષના સભ્યોએ હ૦ ઇમામના અદભુત જીવનકાર્યને યાદ કરી અંજલીઓ આપી હતી.

સભાએ માનભેર ઉભા થઇ શોક ઠરાવ પસાર કર્યો હતો અને સભા વધુ કામકાજ કર્યા વિના મુલ્તવી રહી હતી.

એજ દિને મુંબઇમાં ઇન્ડો-અરબ સોસાયટીના આશ્રયે મુંબઇના આગેવાન નાગરિકોની સભા યોજાઇ હતી. અગાઉના મધ્ય પ્રદેશના માજી ગવર્નર શ્રી મંગળદાસ પકવાસા સભાના પ્રમુખસ્થાને હતા.

વિવિધ પક્ષના સભ્યોએ આ સભામાં ભારે માન સહિત હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મ-શાહ અ. ને સંભાર્યા હતા અને અંજલી આપી શોક ઠરાવ પસાર કર્યો હતો.

## જગતભરની માનભરી અંજલીઓ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦ ને જગતભરમાંથી એક પુસ્તક ભરાય તેટલી અંજલીઓ આપવામાં આવી હતી. જેમા ખાસ અંજલીઓ નીચે પ્રમાણે હતી :

ગ્રેટ બ્રિટનના નામ૦ મહારાણી એલિઝાબેથ બીજાએ નામ૦ માતા સલામતને પાઠવેલા સંદેશા દ્વારા અંજલિ આપતા જણાવ્યું : 'હિઝ હાઇનેસ નામ૦ આગાખાનના દુઃખદ અવસાનના સમાચાર સાંભળી મને ઘણું જ દુઃખ થયું છે. મેં અને મારા પૂર્વેના પુરોગામી શાસકોએ ઘણા વરસો સુધી હિઝ હાઇનેસની વફાદારી અને સેવા મેળવ્યા છે અને જ્યારે જ્યારે તેઓ બ્રિટનની મુલાકાતે આવ્યા છે ત્યારે ત્યારે ઘણા શુભ પ્રસંગોએ એમને સહર્ષ આવકાર્યા છે. મરહૂમની ખોટ તેમના અનુયાયીઓ અને મિત્રો તેમજ શુભેચ્છકોને ન પૂરાય તેવી છે. હું અને મારા પતિ (ડયુક ઓફ એડીનબરો, પ્રિન્સ ફિલીપ માઉન્ટ બેટન) આપના ઉપર આવી પડેલા દુઃખમાં ભાગ લઇએ છીએ અને સહાનુભૂતિ વ્યકત કરીએ છીએ.

હિંદના મહાન વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ પોતાની ભાવભરી અંજલિમાં જણાવ્યું: "દિવસોના સતત પ્રવાસ પછી હું હમણા જ દિલ્હી પાછો ફર્યો છું અને શિઘ્ર હિઝ હાઇનેસ ધી આગાખાનના અવસાન માટે મારી ઉંડી દિલસોજી આપને (નામ૦ માતા સલામતને) પાઠવું છું. નામ૦ આગાખાન પોતાના લાંબા અને ઝળકતા જાહેર જીવન દરમિયાન આંતરરાષ્ટ્રીય જગતમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવતા હતા અને તેઓ પોતાના વિશાળ વિવિધ પ્રકારના સંબંધોથી ઘણા દેશોના અને જાતિઓના માણસોમાં પ્રીતિપાત્ર થઇ પડયા હતા. એમના અવસાનથી વર્તમાન સમયની વિશેષતાભરી વ્યક્તિ વિદાય થઇ છે કે જેની ખોટ વિશાળ પ્રમાણમાં ઉંડી રીતે સાલશે "

પાકિસ્તાનના તે સમયના પ્રમુખ મેજર જનરલ ઇસ્કંદર મિરઝાએ પોતાની અંજલિમાં જણાવ્યુ: "મને નામ૦ આગાખાન, જેમનો મુસ્લિમ ધ્યેય પ્રત્યેનો ફાળો અપૂર્વ અને અમૂલ્ય હતો એમના દુઃખદ ઇન્તેકાલના સમાચાર સાંભળીને ખૂબ અફસોસ થયો છે. મારા માટે આ ખોટ અંગત પણ છે. કારણ કે તેમના કુટુંબ સાથેના મારા કુટુંબના સંબંધો બહુ જૂના છે. તેમના અનુગામી ઘણું જીવો."

મુંબઇ રાજ્યના નામ૦ ગવર્નર હિઝ એક્સેલેન્સી શ્રી શ્રીપ્રકાશે જણાવ્યું : "હિઝ હાઇનેસ નામ૦ આગાખાન જન્નતનશીન થયા એ સાંભળી ઉંડો ખેદ થયો છે. મુંબઇની ખોજા કોમના બધા સભ્યોને મારો હૃદયપૂર્વકનો દિલાસો પહોંચાડશો."

પાકિસ્તાનના તે સમયના વડા પ્રધાન જ. એચ. એસ. સુહરાવર્દીએ ભાવભરી અંજલિ આપતા જણાવ્યું : "ના. આગાખાન એક મહાન આંતરરાષ્ટ્રીય વ્યકતિ હતા. જેમની સલાહ જગતભરની સરકારો લેતી હતી. તેઓ અત્યારે આપણી વચ્ચેથી વિદાય થયા છે પણ તેમની સાથે કામ કરવાનો અને તેમને જાણવાનો લાભ ઉઠાવી ચૂકેલા સર્વેના દિલોમાં તેમની સન્માનભરી યાદ લાંબા સમય સુધી રહેશે."

મુંબઈ રાજ્યના મુખ્ય પ્રધાન માનનીય શ્રી યશવંતરાવ બી. ચૌહાણે ૪૮ ઇમામને ભાવભરી અંજલિ આપતા જણાવ્યું : "આ સમાચાર સાંભળી મને અત્યંત દુઃખ થયું છે. ના૦ આગાખાન તેમની કોમના એક મહાન નેતા હતા. તેમની કોમના મુંબઇ અને ભારતમાં વસ્તા પ્રજાજનોના દુઃખમાં હું સાથ પૂરાવું છું અને તેમને મારી સહાનુભૂતિ પાઠવું છું."

આ ઉપરાંત સઉદી અરેબિયાના હિંદ ખાતેના એલચી હિઝ એક્ષેલેન્સી શેખ યુસુફ અલ ફૌઝાન, હિંદના પેરિસ ખાતેના એલચી હિઝ એક્ષેલેન્સી સરદાર કે. એમ. પાણીકર, કેનિયા, ટાંગાનિકા અને યુગાન્ડાના ના૦ ગવર્નરો, કેન્સ અને કેનેટના નગરપતિઓ, ના૦ નવાબસાહેબ, ઉપરાંત સેંકડો અન્ય મહાન વ્યક્તિઓએ ભાવભરી અંજલીઓ આપી હતી.

## ઈન્ડો—અરબ સોસાયટીની સભામાં અંજલિઓ

૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની દૈહિક વિદાય માટે મુંબઇના સર્વકોમના આગેવાનો તરફથી ઇન્ડો-અરબ સોસાયટીના આશ્રયે તા. ૧૫ મી જુલાઇ ૧૯૫૭ ના યોજાએલી સભામાં આગેવાન વ્યક્તિઓએ અંજલિઓ આપી હતી અગાઉના મધ્ય પ્રદેશના માજી ગવર્નર શ્રી મંગળદાસ પકવાસાના પ્રમુખપદે યોજાએલી આ સભાને સંદેશો મોકલતા મુંબઇના તે સમયના ના૦ મેયર શ્રી એમ વી. દોંદેએ જણાવ્યું : "ના૦ આગાખાનના અવસાનથી આપણો દેશ, ભારે આંતરરાષ્ટ્રીય કીર્તિ ધરાવતી હસ્તી ગુમાવી છે. તેઓ નામદારનું જીવન ઝળકતા અને મહત્વના બનાવોથી ભરચક છે અને હિંદના જાહેર જીવનમાં તેઓશ્રીએ અતિ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેઓ નામદારના અવસાનથી હિંદ ખૂબ ગરીબ બન્યું છે. આપણા ઇસમાઇલી પંથના સિવા મુસ્લિમ ભાઇઓએ અસાધારણ રૂહાની નેતા ગુમાવ્યા છે અને એમને પડેલી ખોટ ખરેખર ન પૂરી શકાય તેવી છે."

## શોક ઠરાવ

સભામાં શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી શ્રી મંગળદાસ પકવાસાએ નીચે મુજબનો શોક ઠરાવ રજૂ કર્યો હતો : "ઇન્ડો અરબ સોસાયટીના આશરા હેઠળ મુંબઇના શહેરીઓની મળેલી આ જાહેર સભા ના૦ સર સુલતાન મુહમ્મદશાહ આગાખાનના અવસાન માટે ભારે ખોટ અને દુઃખની લાગણી રજૂ કરે છે.

મરહુમ આગાખાન પૂર્વ અને પશ્ચિમમાં માત્ર ખ્યાતનામ અને માનનીય વ્યક્તિ જ ન હતા, પરંતુ તેઓશ્રી હિંદની પ્રગતિના મહાન હિમાયતી હતા. તેઓ નામદારે હિંદીઓ અને એશિયા અને આફ્રિકાના લોકો ખાસ કરીને મધ્યપૂર્વના લોકોને એકત્ર કરવા અદમ્ય કાર્ય બજાવ્યું હતું અને તેઓ નામદારની મિસર (ઇજીપ્ત) માં આરામગાહ બનાવવામાં આવશે એ તેમના માટે એક લાયક અંજલિ છે.

તેઓ નામદારના અવસાનથી હિંદ અને આલમે ઇસ્લામ બન્નેને એક સાચા રાહબર, મિત્ર અને ફિલસુફની ખોટ ગઇ છે."

આ ઠરાવને અનુમોદન આપતા સંખ્યાબંધ આગેવાન નાગરિકોએ પ્રવચનો કરી પરમ પ્રતાપી ઇમામ હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહને ભવ્ય અંજલિઓ આપી હતી.

નામાંકિત વકતાઓના પ્રવચનો પછી પ્રમુખ શ્રી મંગળદાસ પકવાસાએ પાદમાર પ્રવચન કરતા જણાવ્યું :—

"મારા કાર્ય ક્ષેત્ર અંગે અસંખ્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતનામ વ્યકિતઓના સંપર્કમાં આવ્યો છું. પરંતુ હું ખાતરીપૂર્વક કહી શકુ છું કે મારા સંપર્કમાં આવેલી અસંખ્ય વ્યકિતઓમાંથી બહુજ જુજ વ્યકિતઓએ મારા સ્મરણપટ અને અંતર ઉપર કાયમી અસર બેસાડી છે. જેમા ના૦ આગાખાન મુખ્ય વ્યકિત છે. પશ્ચિમના દેશમાંની એવી એક વ્યકિત લોર્ડ માઉન્ટબેટન અને પૂર્વની એક વ્યકિત ના૦ આગાખાનને હું કદિયે વિસરી શકીશ નહિ. જગતે ના૦ આગાખાન જેવા જુજ માણસો જોયા છે. ના૦ આગાખાન કરોડો ઇન્સાનોના ચાહ, ભકિતભાવ અને પ્રેમ સંપાદન કરી શકયા હતા અને અજોડ નેતા બન્યા હતા. તેનું કારણ તેઓશ્રીની સ્નેહ, ઉદારતા, દિર્ઘદૃષ્ટિ, વિશાળ જ્ઞાન અને કાબેલિયત હતા. બે વરસ પૂર્વ ના૦ પ્રિન્સ અલીખાન પાસેથી પણ એમના મહાન પિતાશ્રી વિષે ઘણુ જાણવાનું મળ્યું હતું. જગતમાં અનેક સંપ્રદાયોના અનેક ધર્મગુરૂઓ છે, પોપ છે, પણ મનુષ્યોના દિલ ઉપર આટલુ પ્રભુત્વ અને સ્વામીત્વ કોઇ નથી મેળવી શકયું જેટલું ના૦ આગાખાન મેળવી શકયા હતા.

મનુષ્ય દેહ ક્ષણભંગુર છે પરંતુ આત્મા અમર છે. ના૦ આગાખાનનો આત્મા સદા માર્ગદર્શન આપશેજ. ઇન્સાને એમના દાખવેલા માર્ગે ચાલવું જોઇએ અને એમના માર્ગદર્શનને અનુસરવું જોઇએ."

## જાહેર સભામાં પાક રાજપુરુષોની અંજલિઓ

હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ને દેશના પાકિસ્તાની રાજપુરુષોએ પણ ભાવભરી અંજલિઓ આપી હતી. આ માટે તા. ૨૫–૮–૫૭ના મળેલી મુસ્લીમ રાજકારણના ઇતિહાસમાં અમર અને અનોખી વિશેષતા પ્રાપ્ત કરનાર સભામાં ૧૯૨૮ પછી પ્રથમ વખત સઘળાએ પક્ષોના રાજપુરુષો એક જ મંચ ઉપર એકઠા થયા હતા. પાકિસ્તાનના તે સમયના પ્રમુખ મેજર જનરલ ઇસ્કંદર મિરઝા સભાના પ્રમુખસ્થાને હતા.

## સુપ્રસિધ્ધ વિશ્વ અખબારોની અદભૂત અંજલિઓ

ગુરુવાર તા૦ ૧૧ મી જુલાઇ ૧૯૫૭ના હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ૦એ જામો સિધાર્યો અને તેના બીજા દિને, તા. ૧૨ મી જુલાઇના પ્રભાતે જગતભરમાંથી પ્રસિધ્ધ થતા વિખ્યાત આગેવાન અખબારો કાળી બોર્ડરો સાથે, હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની દૈહિક વિદાયના સમાચારોને પહેલે પાને ચમકાવતા પ્રગટ થયા હતા. મુખપૃષ્ટ ઉપર સમાચાર અને જીવન ઝરમર તેમજ સાથે સાથે અગ્રલેખો લખી આ અખબારોએ મહાન ઇમામને અદભૂત અંજલિઓ આપી હતી. જગતભરના અખબારોની આ અંજલિઓનું પણ એક જુદુ પુસ્તક

ભરાય પણ અહિં કેટલાક ખુબજ ખ્યાતનામ અખબારોની અંજલિ આપી જે છે તેઓના અગ્ર. લેખોમાંથી ખાસ કરીને તારવી છે.

લંડનના વિખ્યાત પત્ર "ટાઇમ્સે" લખ્યું : "પચાસ વરસો પર્યંત તેઓ પૂર્વ અને પશ્ચિમની સાંકળરૂપ રહયા હતા. પહેલા વિશ્વયુધ્ધ પછીની ખાનાખરાબીમાંથી પુન: ઉભુ થવા માટે તુર્કસ્તાન તેમનું રૂણી છે. ભારત, અરબસ્તાન અને પરશિયાને આપના ડહાપણનો લાભ મળ્યો છે."

બીજા એક પ્રસિધ્ધ અખબાર "ડેલી મિરરે" જણાવ્યું "ના૦ આગાખાનના પૂર્વ-પશ્ચિમ જગતની વિભૂતિ હતા.

મિસરના અખબાર "ઇજિપ્શિયન ગેઝેટે" જણાવ્યું ના૦ આગાખાનના ઇન્તેકાલથી પૂર્વ અને પશ્ચિમના સંબંધોમાંનો એક યુગ પૂરો થયો છે.

મુંબઇના સહુથી વધુ લોકપ્રિય અને પ્રતિષ્ઠિત અંગ્રેજી દૈનિક "ટાઇમ્સ ઓફ ઇન્ડિયા"એ ભવ્ય અંજલિ આપતા પોતાના અગ્રલેખમાં લખ્યું : 'ના૦ આગાખાનનું કુટુંબ હ૦ મહમદ પયગંમબરસાહેબથી તેમના પુત્રી હ૦ ફાતિમા અને જમાઇ હ૦ અલી (અ૦) દ્વારા સીધી નસ્લસલે ઉતરી આવેલુ છે. તેઓ ઇજિપ્તના ફાતિમી ખલીફાઓના પણ વંશજ છે.

બ્રિટિશ અમલ દરમિયાન તેઓ નામદારે હિન્દના રાજકારણમાં અસ્પષ્ટ નહિ તેવો ભાગ ભજવ્યો હતો. ખચીત જ તેઓશ્રી "દુનિયાના શહેરી" હતા.

ગુજરાતી ભાષાના મુંબઇના જૂના અને લબ્ધપ્રતિષ્ઠિત દૈનિક "મુંબઇ સમાચારે" લખ્યું : "તેઓશ્રી હિંદના રાજકારણમાં પણ ભાગ લેતા હતા અને હિંદુઓ તેમજ મુસ્લિમ વચ્ચે એકસંપી કરાવવા માટે ૧૯૩૮માં મળેલી લખનવ ખાતેની હિંદુ અને મુસ્લિમ આગેવાનોની પરિષદમાં તેમણે આગળ પડતો ભાગ લઇ બન્ને કોમોને એક બીજાની વધુ સમિપ લાવવાના પ્રયત્નો કર્યા હતા."

ના૦ આગાખાનના અવસાનથી હિંદે એક મહાન ધર્મગુરુ અને નેતા તેમજ રાજદ્વારી પુરુષ ગુમાવ્યો છે. તેમની જગ્યા પૂરાવી મુશ્કેલ છે. હિંદના ભાગલા પડયા અને પાકિસ્તાનની રચના થઇ તે પ્રસંગે તેમણે પોતાના મુરીદોને તેઓ જે જે રાજ્યોમાં રહેતા હોય તેને વફાદાર રહેવાની આજ્ઞા કરી હતી."

કરાંચીના મોખરેના ગુજરાતી દૈનિક "ડોન"માં પ્રગટ થયેલા અગ્રલેખમાં લખવામાં આવ્યું હતું કે? 'ઇસ્લામી આલમની રૂહાની અને દુંનયવી તરક્કી માટે ના૦ આગાખાન જેવા દુરદેશ, અસામાન્ય પ્રતિભાશાળી અને તત્ત્વદર્શી વિચારનેતાની ખોટ પૂરાવી અશકય છે.

જગતભરના મુસ્લિમોને ના૦ આગાખાનની પ્રેરક વાણી એટલી બધી ઉપયોગી નીવડી છે કે એમના વિના ઇસ્લામી નવજાગૃતિના ઇતિહાસની કલ્પના કરવી પણ અશકય છે. આધુનિક વિજ્ઞાન ઇસ્લામની વિરુધ્ધ હોવાની ભ્રમ ભરેલી માન્યતાના ખંડન માટે ના૦ આગાખાને સ્પષ્ટપણે દર્શાવેલા હિંમતભર્યા વિચારો, આખરી પૃથ્થકરણમાં સત્ય નીવડયા છે.

ના૦ આગાખાન ઇસ્માઇલીઓના જ નહિ પણ સમસ્ત ઇસ્લામી આલમના મહાન નેતા હતા. એમની વિદાયથી મુસ્લિમ જગતે એક ટોચનો નેતા ગુમાવ્યો છે."

કરાંચીના એક બીજા લોકપ્રિય અને બહોળી ખ્યાતી ધરાવનાર ગુજરાતી દૈનિક 'મિલ્લતે' વેદના ઠાલવતા લખ્યું : "મુસલમાનોના એક દબદબાભર્યા સરદારની આંખો મીંચાઇ ગઇ છે. ઇસ્લામીસ્તાનના મહાન ઇન્સાન ના૦ આગાખાન આ ધરતી ઉપરથી ઉઠી ગયા છે. ઇસ્લામીસ્તાનની એ ગઇ કાલ સુધી તેઓશ્રી એકલા જ જીવંત ઐતિહાસિક પુરુષ હતા.

એક પ્રખર સમાજ સુધારક, શાનદાર રાજકીય નેતા, દિર્ઘ દ્રષ્ટિના મુત્સદ્દી, ખુલ્લા દિલના હિંમતવાન પુરુષ, સજ્જનતામાં શ્રેષ્ઠ, ભવ્યતામાં અજોડ, ખેલદિલીમાં અનુપમ, ઇસ્લામના પ્રખર અભ્યાસી, કેળવણીના પિતા, ઉદારતામાં અલૌકિક, ગણતરીમાં પૂરા, વાત્સલ્યમાં અનોખા, પ્રેમાળ પિતા, શિસ્તમાં કડક, વિવેકના શણગાર, સાચા મિત્ર, સ્પષ્ટ દોરક, પ્રભાત મધ્યાનહ, અને સંધ્યા ત્રણે પ્રહરોમાં અદભુત ઓજસ ધરાવનારા, જૂના અને નવા જગતને સાંધી દેનારી કડી સમાન મહાન હમદર્દનું સ્થાન ખાલી પડયું છે. આ ખોટ સમસ્ત જગતની ખોટ છે.

આ આંખોએ આકાશ કાણું થતું જોયું છે, સિતારાને બુઝતા દીઠા છે, પણ જગતને પ્રકાશિત રાખનાર ચાંદ અને સૂરજને બૂઝાતા જોઇને અંધારા અનુભવ્યા નથી. ના૦ આગાખાન ચાંદ અને સૂરજની ઝલકવાળા ઇન્સાન હતા. મુસલમાનો જ નહિ, ધરતી ગર્વ કરે એવા નરપુરુષ હતા !"

મુંબઇના એક અઠવાડિક "પારસ" માં કરુણતાભરી પરંતુ ખૂબ દબદબાભરી શૈલીમાં અંજલિ આપતા તેના તંત્રીએ લખ્યું : "બુધ્ધિએ માથુ પટક્યું કારણ કે એનો વારસદાર વિદાય થયો હતો !!

કરુણાએ આંસુ ઢાળ્યા અને તે જમીન ઉપર રોળાયા કારણ કે એનો ઝીલનારો ચાલ્યો ગયો હતો ! શાણપણે કાળા વસ્ત્રો પરિધાન કર્યા કારણ એનો સોહાગ એનાથી રીસાયો હતો ! અમીરીએ આંખો નીચી કરી કારણ કે એનો સાચો દોરક અદ્રશ્ય થયો હતો.

ચુમાલીસ કરોડ ઇસ્લામી જનતાએ અરેરાટી અનુભવી કારણ કે એનું શિરછત્ર લૂંટાયું હતું. ના૦ આગાખાન સર સુલતાન મુહમ્મદશાહ તા. ૧૧ મી જુલાઇએ આ ફાની જહાંન તજીને રેહેલત ફરમાવી ગયા હતા.

એમના ઉપકારો સમાનતાના ધોરણે હતા. રાજકારણમાં, એમણે કદી જુદાઇના વાડા બાંધ્યા ન હતા. એમની સહ્રદયતા અને કરુણા ઇસ્લામી જનતા પૂરતીજ મર્યાદિત ન હતી. એ પહેલા મુસલમાન હતા. ઇસ્લામ માટેની એમની રવાદારી, ભક્તિ, પ્રેમ, અને કુરબાનીના દાખલા ટાંકવાની જરૂરત નથી."

## "ના૦ આગાખાનનો વૈભવ એ પરમાત્માનો વૈભવ હતો"

હિન્દુસ્તાનના ગુજરાત રાજ્યના પાટનગર-અમદાવાદથી પ્રગટ થતા દૈનિક "સંદેશ"ના તા. ૧૪ મી જુલાઇ ૧૯૫૭ ના અંકમાં "સરી જતી કલમ"ની કટારમાં તેના કટાર લેખક શ્રી યશોધર મહેતાએ હ. ઇમામના દિવ્ય જીવન વિષે અનોખા પ્રકારનો એક લાંબો લેખ લખ્યો હતો. તેમના આ લેખમાંથી ખાસ ભાગ આ પ્રમાણે હતો. તેઓએ લખ્યું : "હ૦ મહમદપયગમ્બર સાહેબના પ્રિય

પુત્રી હ૦ ફાતિમા અને તેમના પતિ હ૦ અલીના વંશજ ના૦ આગાખાનના મૃત્યુથી દુનિયામાંથી એક પ્રતિભાશાળી અને અજોડ વ્યકિત ચાલી ગઇ છે. ના૦ આગાખાનના વ્યકિતત્વમાં ચમક હતી. જ્યાં સુધી જીવીએ ત્યાં સુધી સુખેથી જીવવું અને ઇશ્વરે રચેલા આ સંસારમાંથી મધુરા સ્મરણો સાથે ચાલ્યા જવું એવી ફિલ્સુફીમાં માનનારાઓના ના૦ આગાખાન અગ્રેસર હતા.

નામદાર એક દયાળા આત્મા હતા. મનુષ્યને સુધારવા સારૂ એમણે દુકાન ખોલી ન હતી. લાખો માણસો એમને ચાહતા અને એ ચાહનાનું મૂળ પણ ઊંડુ છે કેમ કે નામદાર પોતે પાક પયગંબરસાહેબના વંશના હતા. એમના સ્થુળ શરીર દ્વારા એમના પ્રેમીજનો (અનુયાયીઓ) પાક પયગંબરસાહેબના અણુ પરમાણુનું દર્શન કરતા.

તેઓ અન્તરરાષ્ટ્રવાદી હતા. એમના રસોડામાં આંતરરાષ્ટ્રીય વાનગીઓ સદા સરખુ સ્થાન મેળવતી તેઓને સુંદર વસ્ત્રોનો, પુષ્પો અને ખુશ્બુનો અત્યંત શોખ હતો. ઇશ્વરની સત્તા, તેની અનંત માયા જો અનુભવે છે તેનાથી વધારે સાચી રીતે સમજી શકાય છે. આ વાત પણ સ્વીકારવી ઘટે. માયાના પૂરા અને પાકા જ્ઞાન વગર માયાવીનું જ્ઞાન થઇ શકતું નથી. પરમાત્મા એ કંઇ લુખ્ખો, સુકકો શુષ્ક સન્યાસી નથી; ભવ્ય શહેનશાહ પણ છે. નામદારના ભવ્ય જીવનમાંથી પરમાત્માની ભવ્યતાની મને ઝાંખી થાય છે. શ્રી કૃષ્ણનું જીવન કયા હિંદુને મન ભવ્ય નથી? શ્રી કૃષ્ણ કયાં રાજપુરુષ નહોતા? શ્રી કૃષ્ણ કયાં વસ્ત્રો અને અલંકારોના પ્રેમી નહોતા? શ્રી કૃષ્ણ કયાં અનેક પત્નીઓથી વિંટળાએલા નહોતા? શ્રી કૃષ્ણમાં એક આરૂઢ હિંદુ તરીકે હું પરમાત્માનો સંપૂર્ણ વૈભવ જોઇ શકુ છું, એજ પરમાત્માના વૈભવ ના૦ આગાખાનમાં ના જોવાને હું તૈયાર નથી."

## આસવાન લઇ જવાએલું જીસ્મ મુબારક

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ૦ ની ઇચ્છા અનુસાર આપના જીસ્મ મુબારકને આસવાન ખાતે લઇ જવામાં આવ્યું હતું.

આ પહેલા તા. ૧૬ અને ૧૭ મી જુલાઇના બે દિવસો સુધી આપના મુબારક જીસ્મને જીનીવા ખાતે "બરકત" વિલામાં જાહેરમાં રાખવામાં આવ્યું હતું.

તા. ૧૬ ની રાત બંદગીમાં ગુજારવામાં આવી. તા. ૧૭ ના રાતના મુબારક જીસ્મને ખાસ ચાર્ટર્ડ પ્લેન દ્વારા આસ્વાન લઇ જવામાં આવ્યું. જે પ્લેનમાં હ૦ ઇમામનું મુબારક જીસ્મ હતું તે પ્લેનમાં મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ, ના૦ માતા સલામત અને ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ ઉપરાંત કેટલાક ઇસમાઇલી આગેવાનો પણ હતા. તે પછી રવાના થએલા બીજા પ્લેનમાં ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ અને ના૦ પ્રિન્સ અમીનમહમદ સાહેબ ઉપરાંત વધુ ઇસમાઇલીઓ હતા.

તા. ૧૮ ના પ્લેન કેરોના હવાઇ મથકે પહોંચ્યું ત્યારે મિસરની સરકાર તરફથી મુબારક જીસ્મને ગંભીર માન આપવામાં આવ્યું. આ સમયે કેરોમાં હિંદ, પાકિસ્તાન, આફ્રિકા, સિરીયા અને અન્ય દેશોથી આવેલા સેંકડો ઇસમાઇલીઓ હાજર હતા. આ સમયનો દેખાવ હૃદયદ્રાવક અને અતિશય કરૂણ હતો.

કેરોથી બીજા ખાસ પ્લેનમાં જીસ્મ મુબારક આસવાન પહોંચ્યું. આસ્વાનમાં વહાલા ઇમામના દેહને આપના નિલ નદીની પેલે પાર આવેલા નિવાસસ્થાન "નૂર-અલ-સલામ" ખાતે રાખવામાં આવ્યું.

તા. ૧૯ ના 'નૂર-અલ-સલામ" ખાતેની ધાર્મિક વિધિમાં મૌલાના હાઝર ઇમામે નમાઝ પડાવી હતી. ઇસમાઇલીઓએ વહાલા ઇમામને વંદનાઓ કરી હતી. ના૦ બ્રિટીશ સરકાર તરફથી ટાંગાનિકાના ગવર્નર સર એડવર્ડ ટ્વીનીંગે પ્રતિનિધિત્વ કર્યું હતું.

મૌલાના હાઝર ઇમામ અને નુરાની કુટુંબ આ વિધિ પૂરી થયા પછી આસ્વાન સિધાવી ગયા હતા.

## ચહેલુમની ક્રિયા

તા. ૨૧ મી ઓગષ્ટ ૧૯૫૭ ના ૯૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ની "ચહેલુમ" ની ક્રિયા કરવામાં આવી હતી. જગતભરના ઇસમાઇલીઓએ એ દિને ધંધો રોજગાર બંધ રાખી બંદગીમાં દિન પસાર કર્યો હતો.

લંડન ખાતે થએલી આ ક્રિયામાં મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ, ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ, ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબે હાજરી આપી હતી. ઇમામે ઝમાનના આજીશ્રી ના૦ પ્રિન્સેસ તાજુદવલા અલીખાન ઉપરાંત ૩૦૦ જેટલા લોકો હાજર હતા. બ્રિટનના ના૦ મહારાણી વતી અર્લ ઓફ સ્કારબરો અને ઇરાનના ના૦ શાહ વતી તેમના પ્રતિનિધિ હતા.

લંડનની શાહજહા મસ્જિદમાં આ ગંભીર ક્રિયા કરવામાં આવી હતી.

## દુનિયાભરમાં સભાઓ

દુનિયાભરમાં આ દિવસો દરમિયાન ઠેર ઠેર અસંખ્ય સભાઓ યોજવામાં આવી હતી. મુસ્લિમોએ મસ્જીદમાં એકઠા થઇ દુઆ ગુજારીઓ કરી હતી હિંદમાં તો અનેક સ્થળોએ આખા ગામના વેપારીઓએ ધંધો રોજગાર બંધ રાખ્યો હતો.

## જીસ્મ મુબારકની અંતિમ ક્રિયા

૯૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. ના જીસ્મ મુબારકની અંતિમ ક્રિયા આસ્વાન ખાતે શુક્રવાર તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૯ ના ખુબજ ગંભીરતાપૂર્વક કરવામાં આવી હતી. આ દિને વિશ્વભરમાં ઇસમાઇલીઓએ કામકાજ બંધ રાખી બંદગી કરી હતી.

તા. ૧૧ મી જુલાઇ ૧૯૫૭ ના જીનીવા ખાતે આપશ્રીએ જામો સિધાર્યા પછી આપના મુબારક જીસ્મને આસ્વાન લાવવામાં આવ્યું હતું અને ત્યાં ખાતેના આપના નિવાસસ્થાન "નૂર અલ સલામ" ખાતે રાખવામાં આવ્યું હતું.

આ પછી ૯૦ ઇમામની વસિયત મુજબ "નુર અલ સલામ" ની પાછળની બાજુએ આવેલા ડુંગરની એક ટેકરી ઉપર ભવ્ય મકબરો બાંધવાનું કામકાજ શરૂ કરવામાં આવ્યું હતું.

આખો મકબરો લાલ પત્થરોથી બાંધવામાં આવ્યો જેનું બાંધકામ દોઢ વરસે પુરું થયું. કારીગીરી અને કળાના નમૂનારૂપ આ મકબરામાં પહોંચવા માટે. નાઇલ નદીથી આઠ ફુટનો પાકો રસ્તો પણ તૈયાર કરવામાં આવ્યો. મકબરાની પૂર્વ દિશાએ હુઝરમ મુબારકની આરામગાહ છે જે સંગેમરમરના શ્વેત પથ્થરોની બનાવવામાં આવી છે. આસવાનના કોઇપણ ભાગમાંથી નાઇલ નદીના કિનારે ઉભા રહી મકબરો જોઇ શકાય એવા સ્થળે મકબરો બાંધવામાં આવ્યો છે. ના૦ માતા સલામતે બાંધકામ પાછળ સતત દેખરેખ રાખી હતી.

નાઇલ નદીને પશ્ચિમ કાંઠે નદીથી ૪૮ મિટરની ઉંચાઇએ આવેલી ટેકરી ઉપર બંધાએલો મહાન ઇમામનો આ મકબરો જમીનની સપાટીથી ૧૧ મિટર ઉંચો છે. ઘુમટ સાથેની તેની ઉંચાઇ ૧૮ મિટર છે. મકબરાની લંબાઇ ૨૫ મિટર છે. આખા મકબરામાં દાખલ થવાનું એકજ પ્રવેશદ્વાર છે.

મકબરાની બાંધણીની પ્રેરણા કેરોની-જ્યુશી મસ્જિદ, સય્યેદા. રૂકય્યા અને યાહયા સબી. હાના મકબરાઓ ઉપરાંત આસવાન પાસેના ફાતિમિકાળના કેટલાક મકબરાઓ ઉપરથી લેવામાં આવી છે.

આખા મકબારામાં ઠેર ઠેર પવિત્ર કુરાને શરીફની આયાતો કોતરવામાં આવી છે. આરામગાહના ગણુતરની ચોતરફ સુરતુલ બકર, આયાત ૨૫૫મી, દિવાલોની વચ્ચે ચાર ફ્રિઝ ઉપર ઉપરાંત મહેરાબની ચોતરફ સુરે નૂરની ૩૬ મી, ૩૭મી અને ૩૮ મી આયાતો કોતરવામાં આવી છે.

કમાનની ટોચ પાસેથી સુરતન તૌબાની ૧૨૮મી આયાત શરૂ થાય છે જ્યારે મહેરાબની જમણી બાજુની ઉભી ફ્રિઝ ઉપર સુરતુલ ફુરકાનની ૧૦ મી આયાત કોતરવામાં આવી છે.

## દુનિયાભરના ઇસમાઇલીઓની હાજરી

મૌલાના હાઝર ઇમામ શાહ કરીમની ઇચ્છા અનુસાર આ ગંભીર દિને આસ્વાન ખાતે દુનિયાભરની ઇસમાઇલીઆ કાઉન્સીલના સભ્યોએ તેમજ અન્ય ઇસમાઇલીઓએ હાજરી આપી હતી. દુનિયાના વીસ જેટલા દેશો: હિંદ, પાકિસ્તાન, આફ્રિકા, બરમા, ઇરાન, મલાયા, સિંગાપુર, ઇજિપ્ત, કુવેત, સ્પેન, ઇંગ્લેંડ, ફ્રાંસ, સિરીયા, લેબેનોન, સુદાન વિગેરેના મળી ૩૮૦૦ જેટલા ઇસમાઇલીઓ હાજર હતા. ઇસમાઇલીઓ માટે આ પ્રસંગે નિમાએલી ખાસ સમિતિએ કેમ્પો ઉભા કર્યા હતા. તા. ૧૯ની મોડી સાંજે મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ, ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ અને તેમના બીરાદર ના. પ્રિન્સેસ શીરીન તેમજ ના. પ્રિન્સ અમીન મહમદ આસ્વાન ખાતે પધાર્યા હતા.

તા. ૨૦ ના સવારના પ્રથમ બહેનોએ હ. ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહના મુબારક જીસ્મના આખરી દર્શન કર્યા પછી ભાઇઓને આ તક મળી હતી. ઇસમાઇલીઓએ ઇમામે ઝમાનના ફરમાન અનુસાર સફેદ વસ્ત્રો પરિધાન કર્યા હતા.

આ પ્રસંગે દુનિયાના ઘણા દેશોના પ્રતિનિધિઓ હાજર થયા હતા. હિંદ સરકારના પ્રતિનિધિ તરીકે કેરો ખાતેના એલચી શ્રી કોલે હાજરી આપી હતી.

બપોરે ત્રણ વાગે મૌલાના હાઝર ઇમામે નૂરાની કુટુંબ સાથે બંગલામાં પધારી છેલ્લી ક્રિયા કરી હતી. ત્યારબાદ મુબારક જીસ્મની સંદુકને ઇમામે ઝમાન સહિત આપના હાકાશી ના૦ સદરૂદીન સાહેબ અને નાનાભાઇ ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબે ઉંચકી હતી.

મકબરામાં સંદુક પહોંચ્યા પછી જીસ્મ મુબારકની ધાર્મિક ક્રિયાઓ થઇ હતી.

હિંદી સમય સાંજના ૭-૧૫ કલાકે આ અંતિમ ક્રિયા પૂરી થઇ અને ઇમામે ઝમાન પોતાના નિવાસસ્થાને સિધાવી ગયા હતા.

તા. ૨૧ ના જમાતોને દિદાર આપી મૌલાના હાઝર ઇમામ આસ્વાનથી સિધાવી ગયા હતા.

આ અંતિમ ક્રિયા સાથેજ પયગંબર હ૦ નબી મુહમ્મદ મુસ્તફા રસુલ (સ) ના ખાનદાનના નબીરા અને હ૦ ઇમામ અલી (અ. સ.) ના સીધા ૪૮ માં વંશજ, ઇસમાઇલી ઇમામોમાં લાંબામાં લાંબી ઇમામત ભોગવનાર, મુરીદોને મહાનતાના પંથે દોરવી જનાર, પરમ પ્રતાપી ઇમામ હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ, ધી રાઇટ ઓનરેબલ હિઝ રોયલ હાઇનેસ ના૦ આગાખાન સાહેબ (ત્રીજા) ના ભવ્ય અને ભાતિગળ જીવન ઇતિહાસની પૂર્ણાહુતિ થાય છે.


આપના ઇમામતકાળ દરમિયાન ઇસમાઇલીઓ ધરતી ઉપરથી આકાશની ઉંચાઇને આંબ્યા, સિધ્ધીના ઉંચામાં ઉંચા શિખરને સર કર્યું. પ્રગતિની એક એક દિશાઓને પકડી પાડી કામયાબીના કિલ્લાઓ સર કર્યા. આજે ઇસમાઇલીઓ આબાદ, સમૃધ્ધ અને સામર્થ્યવાન છે તેનું કારણ એજ છે કે ૧૮૮૫ ની તા. ૧૭ મી ઓગષ્ટથી આઠ વરસની બાલ્યવયે ઇમામતની ગાદીએ આવનાર હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ (અ.) એ ૭૪ વરસના ઇમામતકાળ દરમિયાન તા. ૧૧મી જુલાઇના જેઓ સિધાર્યા તે સમય સુધી એકધારું, અવિરતપણે અને સતત રીતે પોતાના રૂહાની ફરજંદોની ઉન્નતિ માટે જ કાર્ય કર્યું હતું.

આપે તા. ૧૧મી જુલાઇના જેઓ સિધાર્યા એ પહેલા આપની જીસ્માની તબિયત ખુબજ નાદુરસ્ત હતી છતા જેઓને ઇસમાઇલીઓના ઉધ્ધારની લગની હતી તે પ્રતાપી ઇમામ છેવટ સુધી આ કાર્યમાંજ મગ્ન રહયા હતા. તા. ૮મી જુલાઇ સુધીના આપના તરફથી નવાજેશ થએલા મુબારક તાલીકાઓ તો પ્રગટ પણ થયા છે. તા. ૪થી ઓગષ્ટ ૧૯૫૭ ના "ઇસમાઇલી"માં આપના એ તાલીકાઓ પ્રકાશિત થયા છે જે આ વાત્સલ્ય અને પ્રેમના સ્વામી, સરદારે દોજહાં હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહના અપાર પ્રેમની ઐતિહાસિક યાદી રૂપ છે.

જીવનમાં આપે વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કર્યું હતું. અનેક પ્રકારના કાર્યોમાં રસ લીધો હતો છતા આપનું મુખ્ય કાર્ય રૂહાની ફરજંદોની દોરવણી હતું. આપના "સંસ્મરણો"માં આપે લખ્યું છે :

"મારે ભારપૂર્વક જણાવવું જોઇએ કે હિન્દુસ્તાનમાં કે અન્યત્ર થએલા રાજકીય વિકાસમાં તેમજ જાહેર જીવનમાં મેં જે કંઇ પણ ભાગ ભજવ્યો હોય તેમાનું કંઇએ પણ મારું મુખ્ય કર્તવ્ય કે ફરજરૂપ નહોતું. મુસ્લીમોના શિયા સંપ્રદાયની ઇસમાઇલી શાખાના ઇમામ તરીકે મને મળેલા મહાન વારસાની ફરજો અદા કરવી, એજ મારા આખાએ જીવન દરમિયાન, નાનપણથી, મારો મુખ્ય ઉદ્દેશ, મારી મુખ્ય જવાબદારી રહયા છે. આ વાકય વડે હું શું કહેવા માગું છું તેનું આ પુસ્તકમાં અન્ય સ્થળે વિસ્તારથી વર્ણન કરીશ. અહિં તો ફકત મારે એટલુંજ ભારપૂર્વક જણાવવાનું છે કે આ કાર્ય માટેની ફરજો પ્રત્યે મારું વિશેષ ધ્યાન રહયું છે દરેકે દરેક સ્વરૂપમાં; જેમ કે વિવિધ પ્રકારનો અને જહોળા પ્રમાણનો પત્રવ્યવહાર તેમજ અંગત ને ધાર્મિક વફાદારી ને પ્રેમભાવની અગણિત કડીઓની જાળવણી. મારા જીવનના દરેક દિવસનો વિશેષ ભાગ આમા ખર્ચાયો છે."

## હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. નો મકબરો.



હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ.સ.ના આસવાન ખાતે, નાઇલ નદીના કિનારે આવેલા મકબરાનું દશ્ય.

**Imam al-Hadiyu'l Mahdi, Sahib'ul-amr Nuri-Khudawand, Dhani Salaamat Sarkar Nur Mowlana Shah Karim Hazar Imam**

# HIS ROYAL HIGHNESS THE AGAKHAN IV

............o............

## ઇમામ અલ હાદિયુલ મહેદી, સાહેબૂલ અમ્ર, નૂરે ખુદાવિંદ, ધણી સલામત સરકાર નૂર મૌલાના શાહ કરીમ હાઝર ઇમામ

# હિઝ રોયલ હાઈનેસ નાં૦ આગાખાન ચોથા

શિયા ઇમામી સતપંથી નિઝારી ઇસ્માઇલીઓના ૪૯ માં ઇમામ, ઇમામ અલ હાદિયુલ મહેદી. સાહેબૂલ અમ્ર. નૂરે ખુદાવિંદ, ધણી સલામત સરકાર નૂર મૌલાના શાહ કરીમ હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ નાં૦ આગાખાનસાહેબ ચોથાનો મુબારક જન્મ દુનિયાના મહાન રાષ્ટ્ર ફ્રાન્સના મનોહર અને પ્રખ્યાત પાટનગર પેરિસ ખાતે રવિવાર તા. ૧૩ મી ડિસેમ્બર ૧૯૩૬, ના મુબારક અને પવિત્ર ઇસ્લામી માસ રમઝાન શરીફની તા. ૨૮ ની હિ. સ. ૧૩૫૫ ના દિને થતા વિશ્વભરમાં વસતા ઇસ્માઇલીઓમાં અપૂર્વ આનંદ અને અનેરી ખુશાલી વ્યાપી ગઇ. આ મુબારક સમાચારો મળતા દુનિયાભરમાં ઇસ્માઇલીઓએ દિવસો સુધી આનંદ મનાવ્યો હતો અને આપના વહાલા દાદાશ્રી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અને પિતાશ્રી નાં૦ પ્રિન્સ અલીખાન સાહેબને સંખ્યાબંધ મુબારકીઓના તારો મોકલ્યા હતા. હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહના માતુશ્રી નાં૦ માતા સલામત લેડી અલીશાહે આપનું મુબારક નામ "કરીમ" રાખ્યું હતું.

## આપના માતા અને પિતા

મૌલાના હાઝર ઇમામના પિતાશ્રી નાં૦ પ્રિન્સ અલી સલમાનખાન જેઓ ઇસ્માઇલીઓના મહાપ્રતાપી પવિત્ર ૪૮ માં ઇમામ સરકાર શાહ સુલતાન મુહમ્મદશાહ અ. ના વડા ફરઝંદ હતા. અને આપના વહાલા માતુશ્રી નાં૦ પ્રિન્સેસ તાજુદ્દવલા અલીખાનસાહેબા છે જેઓ નાં૦ પ્રિન્સ અલીખાનસાહેબના પ્રથમ મોહરદાર હતા.

## પયગંબર સાહેબ અને હ૦ અલી અ. સ. ના સીધા વંશજ

મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ ઇસ્લામના મહાન સ્થાપક અને જગતના આખરી પયગંબર સરવરે કાયનાત પયગંબર હ૦ નબી મુહમ્મદ મુહમ્મદ મુસ્તફા રસુલ સ. અને અવ્વલ ઇમામ હ૦ મૌલા મુરતઝાઅલી અ સ. ના સીધા વંશજ છે. આપના પવિત્ર ખાનદાનને જગત

આખું 'ફાતિમિ ખાનદાન' તરીકે ઓળખે છે. આપ ફાતિમિ ખાનદાનના પવિત્ર નબીરા છો જ્યારે બાળવયે આપે પૂર્વ આફ્રિકાના નૈરોબીના જમાતખાનામાં પધરામણી ફરમાવી હતી તે પ્રસંગે જમાતો આપના દિદાર કરી સલવાતો પડતી હતી. આથી મૌલાના હાઝર ઇમામે એ તેજસ્વી બાળવયે ફરમાવ્યું : "જમાત અમારા દિદાર કરી સલવાતો પડે છે કારણ અમે હ૦ પયગંબર સ. ના વંશજ છીએ."

## બ્રિટિશ રાજ્ય કુટુંબ સાથેનું સગપણ

મૌલાના હાઝર ઇમામ પયગંબર સાહેબ અને તેમ વારસદાર અવ્વલ ઇમામ હ૦ અલી અ. સ. ના સીધા વંશજ અને ફાતિમિ ખાનદાનના પાક નબીરા હોવા ઉપરાંત જગતના આગેવાન અને બળવાન બ્રિટિશ રાજ્યના શાહી કુટુંબ સાથે પણ સગપણ ધરાવે છે. વંશવેલો શોધવાના કાર્યમાં નિષ્ણાત અને વિદ્વાન કેપ્ટન ઇએન મોન્કેઇફે લંડનના મશહુર અખબાર "ડેલી મેલ"માં આના સંબંધમાં રસદાયક વિગતો લખી હતી. મૌલાના હાઝર ઇમામનું બ્રિટિશ રાજ્ય-કુટુંબ સાથેનું સગપણ આપના વહાલા માતુશ્રી ના૦ પ્રિન્સેસ તાજુદવલા અલીખાન સાહેબા જેઓ બ્રિટિશ ઉમરાવ લોર્ડ ચરર્ટનના સુપુત્રી છે તેમના સાથે સંબંધ ધરાવે છે.

ના૦ પ્રિન્સેસ તાજુદવલા અલીખાન સાહેબના પિતાશ્રી લોર્ડ ચરર્ટન શાહી કુટુંબ. સાથે સંબંધ ધરાવતા બ્રિટિશ ઉમરાવ છે. તેઓ ગ્રેટ બ્રિટનના શહેનશાહ ના૦ એડવર્ડ ત્રીજાના સગપણમાં થાય છે કે જેઓ વેસ્ટમોરલેન્ડના પહેલા ઉમરાવ અને નોર્થમ્બલેન્ડના બીજા ઉમરાવ જોન ઓફ ગાઉન્ટ તેમજ શ્રેષ રૂધિના વંશપરંપરાગત ઉમરાવો સાથે સગપણ ધરાવે છે. માતુશ્રીના આ શાહી રાજ્ય કુટુબ સાથેના કૌટુંબિક સગપણે આ રીતે મૌલાના હાઝર ઇમામ મહાન ફાતિમિ ખાનદાનના પવિત્ર નબીરા હોવા ઉપરાંત મહાન રાષ્ટ્ર બ્રિટનના શાહી કુટુંબ સાથે પણ સગપણે જોડાએલા છે.

## ઇમામતની ગાદિએ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ આપના વહાલા દાદાશ્રી હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ગુરુવાર તા. ૧૧ મી જુલાઇ ૧૯૫૭ના જીનીવા ખાતે જ્યારે સિધાર્યા પછી, વહાલા ૪૮ મા ઇમામની મુકમિલ વસિયત મુજબ એજ દિને, એજ પળે ૪૯ માં ઇમામ-ઇમામે ઝમાન તરીકે ઇમામતની ગાદીએ બિરાજમાન થયા. ગુરુવાર તા. ૧૧ મી જુલાઇ ૧૯૫૭ના ઇસ્લામી તારીખ ૧૨મી હતી. હજનો એ પવિત્ર ઝીલહજ માસ હતો અને હિજરીનું ૧૩૭૬ મું વરસ હતું. આપની ઉમર આ સમયે ૨૧ વરસની હતી.

## દાદાશ્રીની ઐતિહાસિક વસિયત

મૌલાના હાઝર ઇમામની ૪૯ માં ઇમામ તરીકે, પોતાના વારસદાર તરીકે નિમણુંક કરતા હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે પોતાની ઐતિહાસિક વસિયતમાં ફરમાવ્યું : "એટમિક સાયન્સની શોધ સાથે જગતની પરિસ્થિતિમાં, તાજેતરના વરસો દરમિયાન જે મૂળભુત વિરાટ ફેરફારો થયા છે તેથી અમને ખાતરી થઇ છે કે શિયા મુસ્લિમ ઇસમાઇલી કોમના શ્રેષ્ઠ હિતાર્થે અમારે અમારા અનુગામી તરીકે એવી યુવાન વ્યક્તિની પસંદગી કરવી જોઇએ કે જે નવા યુગમાં

ઉભરી હોય અને તાજેતરના વરસોમાં તેમજ આ નવા યુગની વચ્ચે જેનો વિકાસ થયો હોય અને જે પોતાના ઇમામતના સમય દરમિયાન જીવનમાં નવી દ્રષ્ટિ આપી શકે."

૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની આ વસિયત વિશ્વની ઇસમાઇલી જમાતોને તા. ૧૩ મી જુલાઇ ૧૯૫૭ ના જીનીવાથી તાર દ્વારા મોકલવામાં આવી હતી. આ વસિયત વિશ્વની જમાતોને ૪૮ ઇમામ સુલતાન મુહમ્મદશાહની વસિયતના વહીવટકર્તાઓ મેસર્સ લોઇડ્ઝ એન્ડ ફોરેન લિમિટેડ ઉપરાંત ના૦ માતા સલામત' બેગમ ઉમ્મે હબીબા આગાખાન સાહેબા, ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ, ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ, મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ સાહેબ અને ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબના સયુંક્ત નામે મોકલવામાં આવી હતી. મજકુર તારમાં વસિયતના ઉપરના ઐતિહાસિક શબ્દો ટાંકવામાં આવ્યા હતા. તારની શરૂઆતમાં સહુએ સયુંક્ત રીતે જાહેર કર્યું હતું 'સ્વ. ના૦ આગાખાન સાહેબે પોતાના વિલમાં ના૦ કરીમ આગાખાન સાહેબને ઇમામતની ગાદીના અને 'આગાખાન' ટાઇટલના વારસદાર તરીકે નિયુક્ત કર્યા છે. આ પછી વસિયતના મૂળ શબ્દો ટાંકવામાં આવ્યા હતા.

## મહાન દાદાશ્રીનું ભવ્ય ભવિષ્યદર્શન

મૌલાના હાઝર ઇમામના મહાન દાદાશ્રી, ૪૮ માં ઇમામ ૪૮ ઇમામ સરકાર શાહ સુલતાન મુહમ્મદશાહ કે જેઓશ્રીએ પોતાના લાંબામાં લાંબા ઇમામતકાળ દરમિયાન ઇસમાઇલીઓને અનેરા લાડ લડાવ્યા હતા તેમણે નામદારે મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ માટે કેટલાક ઇસમાઇલી આગેવાનો સમક્ષ ભવ્ય ભવિષ્યવાણી ભાખી હતી. ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ના અપાર હેત અને દિવ્ય વાત્સલ્યને જ્યારે આગેવાનોએ રૂણી હ્રદયે સંભાર્યું ત્યારે ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે ફરમાવ્યું હતું કે: 'અમારા ઇમામતકાળ દરમિયાન તમને જે લાડો લડાવવામાં આવ્યા છે તેથી વિશેષ લ્હાવાઓ કરીમના જમાનામાં તમને લુંટવા મળશે."

## તેજસ્વી બાલ્યકાળ

મૌલાના હાઝર ઇમામનું બાલ્યકાળ આપના વહાલા માતા પિતાના હેત અને અતિ વહાલા દાદાશ્રીની ખાસ અંગત દેખરેખ હેઠળ પસાર થયું છે. આપ બાળવયે હતા એ સમયે બીજું વિશ્વ યુધ્ધ ફાટી નીકળ્યું. આપના પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે લશ્કરમાં જોડાઇ પોતાની સેવાઓ મિત્રરાજ્યોને આપી અને આપના દાદાશ્રી ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ સ્વીટઝરલેન્ડમાં હતા. આવા પ્રસંગે આપ આપના માતુશ્રી અને નાના ભાઇ ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબ સાથે કેરો ગઇ તા. ૨૭મી મે ૧૯૪૧ ના બ્રિટિશ પૂર્વ આફ્રિકામાં આવેલા કેનિયા પ્રદેશના પાટનગર નૈરોબી ખાતે મુબારક પધરામણી ફરમાવી અને ચાર વરસો સુધી અહિં જ વસવાટ રાખ્યો હતો. અહિં આપ નામદારની મુલાકાત લેવા અવાર નવાર આપના પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ પધરામણી ફરમાવતા હતા.

## રમતગમતના રસિયા

મૌલાના હાઝર ઇમામ શરીર વિકાસ અર્થે રમતગમતને ભારે મહત્વ આપે છે. આપશ્રી નાનપણથીજ આવી રમતગમતોમાં રસ લેતા હતા. બરફ ઉપરથી લપસવાની રમત આપની એક પ્રિય રમત છે. બે વરસની અતિ બાળવયથી આપને આ રમત પ્રત્યે રસ જાગ્યો હતો. આ

સિવાય તરવાની રમત, ઘોડેસવારી, સાઇકલીંગ અને ટેનિસની રમતોના પણ આપ નામદાર શોખીન છે. નાનપણમાં બાગબાનીના કાર્ય પ્રત્યે તેમજ હસ્તકળા જેમા ખાસ કરીને સુથારકામ પ્રત્યે આપનું આકર્ષણ રહયું હતું. કુદરતી સૌંદર્યના દર્શન કરવાના પણ આપ નાનપણથી ચાહક છે.

## જમાતો પ્રત્યે અદભૂત લાગણી

મૌલાના હાઝર ઇમામની જમાતો પ્રત્યે પણ નાનપણથી પ્રેમભરી લાગણી રહી છે. આપશ્રી જ્યારે બાળવયે નૈરોબી ખાતે બિરાજમાન થયા ત્યારે આપની મુલાકાતે જે પણ ઇસમાઇલી આવતા તેઓને આપ હમેશા મળતા અને તેઓ સાથે બેસી તેમને લાભ આપતા. જમાતખાનામાં પણ અવારનવાર પધરામણી ફરમાવતા હતા.

## બાળવયે ઈદ નમાઝ પડાવે છે

મૌલાના હાઝર ઇમામની વય જ્યારે ફકત સાતજ વરસની હતી ત્યારે આપશ્રીએ નૈરોબીના જમાતખાનામાં તા. ૧-૧૦-૪૩ ના ઈદ-ઉલ-ફિતરના શુભ દિને જમાત વચ્ચે ઇદનમાઝ પડાવી હતી. આ આનંદભર્યા સમાચારોથી ઇસમાઇલી આલમમાં હર્ષ પ્રગટી ઉઠયો હતો.

## દુન્યવી અને મઝહબી શિક્ષણ

આફ્રિકામાં ચાર વરસના વસવાટ બાદ મૌલાના હાઝર ઇમામ અને આપના નાના બંધુ નામ પ્રિન્સ અમીન મહમદ સાહેબ ૧૯૪૫ ના મે મહિનામાં યુરોપ ખાતે પધાર્યા સ્વીટઝરલેન્ડની પ્રખ્યાત "લી રોઝી' સ્કુલમાં આપ નામદારને દાખલ કરવામાં આવ્યા અહિં આપ નામદારે શિક્ષણ પ્રાપ્ત કર્યું આ શાળામા આપના અભ્યાસકાળ દરમિયાનની બ્રિટનના નામ મહારાણી એલિઝાબેથ બીજાના પિત્રાઈ ડયુક ઓફ કેન્ટ સાથે આપની ગાઢ મિત્રાચારી થઇ. આ શાળામાં શિક્ષણ પૂરું થયા પછી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની આજ્ઞાથી આપ નામદાર અમેરિકાની પ્રખ્યાત હાવર્ડ યુનિવર્સિટીમાં જોડાયા. અહિંનો અભ્યાસ આપશ્રી પૂરો કરે તે પહેલા જ આપના વહાલા દાદાશ્રીએ જોમો સિધાર્યો અને આપ નામદાર ઇમામતની ગાદીએ બિરાજમાન થયા તેથી થોડો સમય અભ્યાસમાં વિક્ષેપ પડયો હતો.

હાવર્ડ ખાતે આપ સહુના પ્રિય થઇ પડયા હતા. શિક્ષકો. પ્રોફેસરો અને વિદ્યાર્થીઓના આપ લાડકા હતા. હાવર્ડના લેવરેટ હાઉસના મુખ્ય શિક્ષક મિ૦ રિચાર્ડ ટી. ગીલે આપ નામદાર માટે ખુબજ ઉંચ અભિપ્રાય વ્યકત કર્યો છે. મિ૦ રિચાર્ડે પોતાના અભિપ્રાયમાં જણાવ્યું છે કે

"હિઝ હાઇનેસ હાવર્ડમાં એક સારા વિદ્યાર્થી અને અસાધારણ વ્યકિતત્વના ગુણો ધરાવનારા યુવાન હતા. તેઓ પોતાનો અભ્યાસ ગંભીરતાપૂર્વક કરવા છતાંએ અભ્યાસક્રમની બહારની પ્રવૃતિઓ જેવી કે ઇસ્લામિક એસોસીએશન, ફ્રેન્ચ કલબ, ઉપરાંત કયુ, હોકી, ફુટબોલ અને સ્કીઇંગ જેવી રમતો માટે સમય મેળવી લેતા. આ પ્રવૃતિઓમાં પૂર્ણ જુસ્સાથી હિસ્સો લેતા પરંતુ વિદ્યાલયના અભ્યાસના મુખ્ય ધ્યેયમા એને અંતરાયરૂપ થવા દેતા નહિ. હાવર્ડની અંતિમ ટર્મની હિઝ હાઇનેસની કાર્યનોંધે તેમના માટે ડિનના લીસ્ટમાં પોતાનું નામ ઉમેરવાનું સંસ્થાનિક વિશિષ્ટ માન મેળવેલ.

હિઝ હાઇનેસે સંસ્થા અને વિદ્યાર્થીઓ ઉપર બેસાડેલ પ્રભાવ સર્વોત્કૃષ્ટ હતો. પ્રત્યેક પ્રકારની પાર્શ્વભૂમિકા ધરાવનાર વિદ્યાર્થિ સાથે એઓ સહેલાઇથી ભળી જતા અને કોલેજમાં સામાન્ય જીવનથી પોતાને જરાપણ વિમુખ રાખતા નહિ. એમને બોલાવનાર સર્વે ઉપર એમણે નેતૃત્વને યોગ્ય માનસિક અને નૈતિક વ્યકિતત્વ ધરાવનાર ચંચળ અને બુધ્ધિમાન યુવાન તરીકે પ્રભાવ પાડેલ. મૂળ દેખાવે ગંભીર પણ સાથે સાથે મન જીતી લે એવી સ્મૂજવૃતિ ધરાવનાર મળતાવડા અને મજાના ગોઠિયા હતા. એવણ ખરા અર્થમાં હાર્વર્ડના એક વિશિષ્ટ નાગરિક હતા.

મૌલાના હાઝર ઇમામના સ્વભાવ અને શિક્ષણ પ્રેમનું આ સચોટ દર્શન છે. આપશ્રી એક મહાન કોમના રૂહાની સરદાર હોવા છતા રહેણીકરણીમાં તદન સાદાઇ ધરાવે છે જે તેમના વિશિષ્ટ પ્રકારના સ્વભાવનું એક વિશિષ્ટ લક્ષણ છે. અભ્યાસકાળ દરમિયાન પણ આપે કદિ ખોટો દેખાવ કર્યો નહોતો. આપ પ્રખ્યાત અમેરિકન રાજપુરુષ એડલાઇ ઇ. સ્ટીવન્સના સુપુત્ર જોન ફેલ સ્ટીવન્સ કે જેઓ પણ અહિં અભ્યાસ કરતા હતા તેમના સાથે ભાગીદારીમાં એક જ ઓરડામાં રહેતા હતા. શાળાએ જવા માટે આપે કદિ મોટરનો ઉપયોગ સ્વઇચ્છાથી કર્યો નથી. હમેશા ટ્રેનમા મુસાફરી કરતા હતા. જીવનની બીજી વસ્તુઓમાં પણ આપ સદા કરકસરથી રહે છે.

"લિ રોઝી" સ્કૂલ અને હાવર્ડ વિદ્યાપીઠમાં શિક્ષણ મેળવવા ઉપરાંત આપ નામદારે અરબી, ઇસ્લામી ઇતિહાસ અને ઉર્દુનું શિક્ષણ પણ પ્રાપ્ત કર્યુ છે. આ માટે હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહે ખાસ ગોઠવણ કરી હતી અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પ્રોફેસર જ૦ મુસ્તફા કામિલ પાસેથી આપને આ શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. ઇસ્લામનો અભ્યાસ આપે ઘણોજ બારીકાઇથી અને તલસ્પર્શી કર્યો હોઇ આ વિષયનું આપનું જ્ઞાન ઉંડુ અને અગાધ છે. હાવર્ડમાં ઇસ્લામી ઇતિહાસના નિષ્ણાંત પ્રોફેસરો પાસેથી પણ આપને ઇસ્લામી ઇતિહાસનું શિક્ષણ મળ્યું હતું. હાવર્ડમાં આપે લખેલા બે નિબંધો "ઇસ્લામી ફિરકાઓ અને સૂફીવાદ" તેમજ 'નિઝારીઓનો ઉદય અને હિંદ-પાકમાં દાવાના આરંભ" ખુબ પ્રશંસા પામ્યા હતા. આ નિબંધો એટલા તો અભ્યાસી દ્રષ્ટિએ લખાયા હતા કે જે ખુબ દાદપાત્ર પૂરવાર થયા. 'મુકત વિચારો અને ઇસ્લામનું પૂર્વ ભાવિ' આ વિષય ઉપરતો આપનો એક વિશેષ નિબંધ આપના ઉપર આવી પડેલી મહાન જવાબદારીને કારણે અભ્યાસમાં વિક્ષેપ પડવથી અધુરો રહયો હતો.

ઇસમાઇલી મઝહબને લગતી બાબતોનું સંપૂર્ણ જ્ઞાન આપને આપના વહાલા દાદાશ્રી હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ પાસેથી પ્રાપ્ત થયું હતું. વહાલા દાદાશ્રી અને તેમના વહાલા પૌત્રા ઇમામે ઝમાન શાહ કરીમ એક બીજામાં એટલા બધા ઓતપ્રોત થઇ ગયા હતા કે જેથી આપ નામદારે દરેક વસ્તુનું જ્ઞાન ખૂબજ સરળતાથી પ્રાપ્ત કરી લીધું. એક વખતે આપના માતુશ્રીએ આ બાબતનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે: "મારો કરીમ પોતાના દાદાશ્રી પાસેથી પોતાનો પ્રશ્નો એવી રીતે ઉકેલે છે જેવી રીતે કોઇ પોતાના સમોવડિયા પાસેથી પોતાના પ્રશ્નો અને ગુંચો ઉકલાવે."

અંગ્રેજી, અરબી અને ઉર્દુ ઉપરાંત મૌલાના હાઝર ઇમામ ફ્રેન્ચ ભાષા ઉપર પણ સુંદર કાબૂ ધરાવે છે. રજાઓનો સમય આપ લંડનમાં આપના માતુશ્રી સાથે તથા ફ્રેન્ચ રિવેરા ઉપર આવેલા આપના પિતાશ્રીના વિલા 'શેટો દ લા હોરાઇઝન' ખાતે ગુજારતા હતા. આ ઉપરાંત આપના વહાલા દાદાશ્રીની મુલાકાતે પણ જતા. હાવર્ડ યુનિવર્સિટીના રજિસ્ટરમા સતાવાર રીતે આપનું મુબારક નામ 'કરીમખાન' નોંધાએલું હતું.

## દાદાશ્રીના સમયમાં હિંદ-પાક અને માડાગાસ્કરમાં પધરામણી

મૌલાના હાઝર ઇમામે આપના વહાલા દાદાશ્રી ૪૮ ઇમામ સુલતાન મુહમ્મદશાહના ઇમામતકાળ દરમિયાન દાદાશ્રીની આજ્ઞાથી નાના ભાઇ ના૦ પ્રિન્સ અમીન મહમદ સાહેબ સાથે ૧૯૫૪ માં હિંદ અને પાકિસ્તાનની ટુંકી મુલાકાતે પધરામણી ફરમાવી હતી. શાહઝાદાઓ તરીકેની આપ નામદારોની આ પ્રથમ પધરામણી હતી અને આ મુબારક પ્રસંગે જમાતો ઘણીજ આનંદમગ્ન બની ગઇ હતી. ૧૯૫૬ માં આપે માડાગાસ્કર ખાતે પધરામણી ફરમાવી હતી અને ત્યાં ખાતે અરબી દુઆ વિશે જાહેરાત કરી હતી. આપે માડાગાસ્કર ખાતે ધાર્મિક કામકાજને પણ ઉકેલ્યા હતા.

## જીનીવા ખાતે જાહેરી તખ્તનશીનીની ક્રિયા

તા. ૧૧ મી જુલાઇ ૧૯૫૭ ના ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ.એ જીનોવા ખાતે જેમો સિફાર્યો અને નવા યુગના, અણુ વિજ્ઞાનના ઝડપથી વિકાસ પામતા સમયમાં નવા યુગમાં નવી દ્રષ્ટિ આપનારા યુવાન ઇમામ તરીકે મૌલાના હાઝર ઇમામ ઇમામતની ગાદિએ બિરાજમાન થયા. આ પછી શનિવાર તા. ૧૩મી જુલાઇ ૧૯૫૭ના જીનીવા ખાતેના 'બરકત વિલા'માં સ્વીસ સમય સવારના ૧૦-૩૦ કલાકે-હિંદી સમય બપોરના ૩-૩૦ કલાકે આપની તખ્તનશીનીની જાહેરી ક્રિયા કરવામાં આવી હતી. આપ નામદાર ઇસમાઇલીઓના ૪૯ માં જાહેર ઇમામ હતા અને આ પ્રસંગે જુદા જુદા દેશોમાથી આવેલા ઇસ્માઇલીઓ કે જેઓ આ ક્રિયા પ્રસંગે હાજર હતા તેમની સંખ્યા પણ ૪૯ હતી જે ખુબ સુચક છે. પાછળથી આ યાદગાર પ્રસંગની તસ્વીર લેવામાં આવી તે સમયે એક વધુ ઇસમાઇલી આવતા તેઓ તસ્વીરમાં શામિલ થય. હતા, આથી તસ્વીરમાં ઇસ. માઇલીઓની સંખ્યા ૫૦ ની થઇ હતી.

આ અમર ઐતિહાસિક ક્રિયા પ્રસંગે આપના દાદીશ્રી ના૦ માતા સલામત અને નાનાભાઇ ના૦ પ્રિન્સ અમીનમહમદ સાહેબ પણ હાજર હતા. ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહની વસિયતના વાંચન પછી ત્યાં ખાતે તે સમયે હાજર રહેલા ઇસમાઇલીઓએ મૌલાના હાઝર ઇમામની બૈયત કરી હતી. "યા અલી ખુબ મીજાલસ" નું ગીનાન પણ બોલવામાં આવ્યું હતું.

## દાદાશ્રીના જેમ અમે પણ અમારું જીવન ઇસમાઇલીઓને અર્પણ કરીએ છીએ

આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે વિશ્વના સઘળા ઇસમાઇલીઓને માતા પિતા તરીકેના પ્રથમ દુઆઆશિષોની નવાજેશ ફરમાવી ફરમાવ્યું 'અમારા વહાલા દાદાશ્રીએ પોતાના વહાલા રૂહાની ફરજ દોની ભલાઇ માટે પોતાનું જીવન અર્પણ કર્યું હતુ, તેમ, અમે પણ તેજ રીતે, અમારા વહાલા રૂહાની ફરજ દોની ભલાઇ માટે અમારું જીવન અર્પણ કરીશું.

## વિશ્વની જમાતોને પહેલા તાલીકાની નવાજેશ

આ મુબારક દિને આપે વિશ્વની સઘળીએ ઇસમાઇલી જમાતોને પોતાના પ્રથમ મુબારક તાલીકાની નવાજેશ ફરમાવી હતી. એ પહેલા મુબારક તાલીકામાં આપ નામદારે ફરમાવ્યું :

"પવિત્ર સ્મૃતિસમાં અમારા વહાલા દાદાશ્રીની મુકદ્દમિસ વસિયત અને નિમણુંક મુજબ ઇમામતની ગાદીએ અમારા બિરાજવાના પ્રસંગે અખિલ વિશ્વના સઘળા વહાલા રૂહાની ફરજંદોને માતા પિતા તરીકેના અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ.'

## દાદાશ્રીના જીસ્મ મુબારકની ક્રિયાઓ

મૌલાના હાઝર ઇમામ આ દિવસોમાં પોતાના વહાલા દાદાશ્રીની જીસ્મ મુબારકની ક્રિયાના કાર્યમાં રોકાએલા હતા. મુબારક જીસ્મ સાથે આપ આપના દાદીશ્રી અને પિતાશ્રી સાથે તા૦ ૧૭ મી જુલાઇના આસવાન ભણી રવાના થયા. તા૦ ૧૯ મી જુલાઇના મુબારક જીસ્મને 'નૂર-અલ-સલામ' ખાતે મૂકયા પછી આપ યુરોપ ભણી રવાના થયા હતા.

## હિંદ, પાક અને આફ્રિકામાં પ્રથમ પધરામણી

પવિત્ર ઇમામતની ગાદીએ બિરાજમાન થયા પછી મૌલાના હાઝર ઇમામે તુરત જ ઓગસ્ટ માસમા હિંદ, પાકિસ્તાન અને આફ્રિકાનો ઝડપી અને ટૂંકો પ્રવાસ કર્યો હતો. ઝમાનાના ઇમામ તરીકેની આપની જમાતો વચ્ચેની આ પ્રથમ પધરામણી હતી. આ મુબારક પધરામણી પ્રસંગે ઇસમાઇલીઓના આનંદોની કોઇ સીમા રહી નહોતી. સહુથી પ્રથમ આપ નામદારે તા૦ ૪-૮-૫૭ ના લંડનથી કરાંચી ખાતે મુબારક પધરામણી ફરમાવી. લંડનથી કરાંચીના પ્રવાસ દરમિયાન આપશ્રી તા. ૪ ના સવારના લેબેનોનના પાટનગર બયરૂતના હવાઇ મથકે પોણો કલાક રોકાયા હતા અને ઇસમાઇલીઓને દિદાર આપ્યા હતા. લેબેનોન અને સીરિયાની સરકારે ભવ્ય સ્વાગત કર્યું હતું. કરાંચી ખાતે આપ નામદારનો સરકાર અને ઇસમાઇલીઓ તરફથી ઐતિહાસિક સત્કાર કરવામાં આવ્યો પાકિસ્તાનના પ્રમુખના આપ નામદાર મહેમાન રહયા હતા.

## અમારા મહાન દાદાશ્રી

તેજ રાતના આપે જમાતોને દિદાર આપવાની નવાજેશ ફરમાવી હતી. આપે પાકિસ્તાનની જમાતોને દુઆઆશિષોની નવાજેશ ફરમાવી વહાલા દાદાશ્રીની પવિત્ર સ્મૃતિમાં લીન થઇ જતા ફરમાવ્યું: "અમારા વહાલા દાદાશ્રીનું જીવન કેટલું ભવ્ય અને પ્રભાવશાળી હતું તે તેઓશ્રી માટે મળેલી અંજલિઓ ઉપરથી જાણી શકાય છે. અમારા વહાલા દાદાશ્રીના ઇમામતકાળ દરમિયાન ઇસમાઇલીઓએ ભવ્ય પ્રગતિ કરી હતી. તેઓશ્રીનું મહાન અને દિવ્ય જીવન અમારા માટે સદા પ્રેરણાદાઇ રહેશે. અમે પણ અમારા વહાલા દાદાશ્રીના પગલે ચાલી ઇસમાઇલીઓની બહેતરી માટે કાર્ય કરીશું. વિશ્વભરના ઇસમાઇલીઓની પ્રગતિ અને કલ્યાણ માટે અમે આખું જીવન કાર્ય કરીશું.

આ મુબારક પધરામણી પ્રસંગે પાકિસ્તાનના લાખો ઇસમાઇલીઓએ ઝમાનાના ઇમામની બૈયત કરી હતી. કરાંચી ખાતે ઇમામે ઝમાન તા. ૬-૮-૫૭ સુધી રોકાયા હતા. તા. ૫ ના આપે પાકિસ્તાનના રાષ્ટ્રપિતા કાઇદે આઝમ જ૦ મુહમ્મદઅલી જિન્નાહ અને પ્રથમ વડા પ્રધાન કાઇદે મિલ્લત જ૦ લિયાકતઅલીખાનની મઝારોની મુલાકાત લઇ ફાતેહા પઢયા હતા. તા. ૭-૮-૫૭ ના આપ ઢાકા જવા સીધાવી ગયા હતા. પાક પ્રમુખે ઇમામે ઝમાનના માનમાં એક સમારંભ યોજ્યો હતો.

## ઢાકા ખાતે પધરામણી

તા. ૭-૮-૫૭ ના ઇમામે ઝમાને ઢાકા ખાતે પધરામણી ફરમાવી હતી. અહિં ખાતે આપનો સરકાર અને ઇસમાઇલીઓ તરફથી શાનદાર સત્કાર થયો હતો. ના૦ ગવર્નરના આપ મહેમાન થયા હતા. ઇસમાઇલીઓએ આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામની બૈયત કરી હતી. ના૦ ગવર્નરે ઇમામે ઝમાનના માનમા એક સમારંભ યોજ્યો હતો.

તા૦ ૯-૮-૫૭ ના મૌલાના હાઝર ઇમામ મુંબઇ જવા માટે કરાંચી તરફ સિધાવી ગયા હતા.

## મુંબઇમાં શુભાગમાન

તા૦ ૯-૮-૫૭ ના સાંજના મૌલાના હાઝર ઇમામ શાહ કરીમે મુંબઇ ખાતે મુબારક પધરામણી ફરમાવતા હિંદવાસી ઇસમાઇલીઓ ૭ વરસના લાંબા ગાળા પછી ફરી એક વખત જાહેર નૂરના દિદાર કરવા ભાગ્યશાળી થયા હતા.

મૌલાના હાઝર ઇમામે કૃપા કરી તેજ રાતના જમાતો વચ્ચે પધારામણી ફરમાવી. આ પ્રસંગે હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની પવિત્ર યાદ સહુના હ્રદયો ભીના કરી રહી હતી. મૌલાના હાઝર ઇમામે જમાતોને ફરમાવ્યું: "અમારા વહાલા દાદાશ્રી ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની પવિત્ર સ્મૃતિને અમે અમારો આદરભાવ પ્રદર્શિત કરીએ છીએ અને જ્યારે પણ આપણને તેઓ નામદારની યાદ આવે છે ત્યારે ઘણીએ વસ્તુઓ આપણા સ્મરણમાં આવે છે. સામાન્ય રીતે જે કાર્ય કરતા ઘણીએ પેઢીઓ લાગે તેવું વિરાટ કાર્ય તેઓ નામદારે પોતાના જીવન દરમિયાન કર્યું હતું. જગતે તેઓ નામદારને જે અંજલિઓ આપી તે તેઓશ્રીના મહાન જીવન અને કાર્ય માટે પ્રમાણિક મત છે. તેઓ નામદાર હમેશા અમારા માટે આદર્શ અને દ્રષ્ટાંતરૂપ રહેશે અમે તેઓ નામદારને પગલે ચાલવા અમે હમેશા પ્રયત્નશીલ રહેશું.

જગતભરના ઇસમાઇલીઓની ઉન્નતિ અને વિકાસ માટે અમોએ અમારું જીવન અર્પણ કર્યું છે અને તમારા સુખ અને સફળતા માટે અમે દુઆ દરમાવીએ છીએ"

## બંદગી, કસરત અને સહકાર: સફળતાની ચાવી

આ દિને સદા સ્મરણીય એવા યાદગાર વચનો ફરમાવતા ફરમાવ્યું: "આત્મા માટે બંદગી અને શરીર માટે વ્યાયામ કરવા સાથે સુભેચ્છા અને સહકારની ભાવના કેળવશો તો તમને હમેશા સફળતા મળશે."

## ઇમામે ઝમાનની બૈયત

હિંદવાસી ઇસમાઇલીઓ આ અમર અવસરે પોતાના વહાલા રૂહાની પિતાની બૈયત કરી પાવન થયા હતા. આ ટૂંકી મુલાકાત પ્રસંગે મુંબઇની આગેવાન ઇસમાઇલી સંસ્થાઓના અધિકારીઓને પોતાના નિવાસસ્થાને મુલાકાત આપી હતી. મુંબઇની પ્રિન્સ અલીખાન ઇસમાઇલી જનરલ હોસ્પિટલની તા. ૧૧-૮-૫૭ ના ખાસ મુલાકાત લીધી હતી.

## નાણાની બચત કરો

તા. ૧૨-૮-૫૭ના મૌલાના હાઝર ઇમામ મુંબઇથી આફ્રિકા ભણી સિધાવી ગયા હતા. આ પહેલા જમાતોને ફરમાન ફરમાવતા ફરમાવ્યું : "તમોએ જે સુંદર અને તંદુરસ્ત બાળકોનો જન્મ આપ્યો છે તે માટે અમારી ઇચ્છા છે કે તમે પોતે પણ તેઓના ભવિષ્ય માટે ધ્યાન આપો અને જેઓ થોડા ઘણા નાણાની બચત કરવા શકિતવાન હોય અને જેઓ માટે આ શકય છે એ લોકોને અમે સલાહ આપીએ છીએ કે તેઓ થોડા ઘણા નાણા બચાવે, કે જેથી તેઓના બાળકો જ્યારે પોતાનો વેપાર અથવા કામકાજ શરૂ કરે ત્યારે તેને ઉપયોગમાં લઇ શકે."

આપ નામદારે દરેક જમાતોના મુખી કામડિયાઓ, કાઉન્સીલો, એસોસીએશન, સંસ્થા, કમિટી અને બોર્ડની તે સમયે સેવા આપનારાઓની ફરી નિમણુંક ફરમાવી હતી.

## એડન ખાતે ઇમામે ઝમાન

મૌલાના હાઝર ઇમામ મુંબઇથી આફ્રિકા જતા માર્ગમા તા. ૧૩-૮-૫૭ના એડન ખાતે હવાઇ મથકે જમાતોને દિદારની નવાઝેશ ફરમાવી હતી. જમાતોએ આ પ્રસંગે ઇમામે ઝમાનની બૈયત કરી હતી.

## આફ્રિકામાં પધરામણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાનસાહેબે હિંદ અને પાકિસ્તાનનો પ્રથમ અને ઝડપી પ્રવાસ પુરો કરી, માર્ગમા એડન અને બયરૂતની જમાતોને પણ દિદારની નવાઝેશ ફરમાવી મુંબઇથી કરાંચી થઇ તા. ૧૩-૮-૫૭ના કેનિયાના પાટનગર નૈરોબી ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી.

નૈરોબી ખાતે બૈયતની ક્રિયા કરવામાં આવી હતી. નૈરોબી ઉપરાંત બ્રિટિશ પૂર્વ આફ્રિકાના કેટલાક વધુ શહેરો, મોમ્બાસા, દારેસલ્લામ ઉપરાંત ઝંગબાર ખાતે પણ ઇમામે ઝમાને પધરામણી ફરમાવી હતી. દરેક સ્થળે લાખો ઇસમાઇલીઓએ પોતાના ઇમામે ઝમાનની બૈયત કરી હતી.

## તંદુરસ્તી માટે લક્ષ આપવા ફરમાનો

આફ્રિકાની આ પ્રથમ મુલાકાત વખતે ઇમામે ઝમાને મોમ્બાસા ખાતે તા. ૧૭ મી ઓગષ્ટ ૧૯૫૭ના તંદુરસ્તી વિષે ફરમાવ્યું : "જો દાકતર તમને એક ગોળી ચાર વાગે લેવાનુ કહે તો તેનો અર્થ પાંચ વાગે કે સાડા ત્રણ વાગે એમ નથી પરંતુ ચાર વાગ્યાનો જ છે, જો એ તમને ચોકકસ વસ્તુ ન ખાવાનું કહે તો એ ખાઓ જ નહિ. અમારા દાદાશ્રીએ તમારા માટે હોસ્પિટલો, હેલ્થ સેન્ટરો અને મેટરનિટી હોમોની નવાઝેશ ફરમાવી છે, એ તમારા આરોગ્યની ભલાઇ માટે છે અને તમારે એનો પુરો લાભ ઉઠાવવો જોઇએ. વિજ્ઞાનના આજના પ્રગતિમય જમાનામાં તમારે એવી રીતે ન વર્તવું જોઇએ કે જાણે વિજ્ઞાને તમારે આજ્ઞા પાળવાનું છે, કારણ એમ બની શકે નહિ."

## આફ્રિકન પ્રજાઓ સાથેના ઈસ્માઈલીઓના સંબંધો

જંગબાર ખાતે તા. ૧૭ મી ઓગસ્ટ ૧૯૫૭ ના ઇમામે ઝમાને આફ્રિકન પ્રજાઓ સાથેના ઇસમાઇલીઓના ગાઢ મિત્રાચારીભર્યા સંબંધો તેમ જંગબાર રાજ્ય સાથેના પોતાના પૂર્વજોના સ્નેહભર્યા સંબંધો વિષે ઉલ્લેખ કરતા ફરમાવ્યું : 'જંગબારના અબુસઇદ અને અમારા કુટુંબ વચ્ચે અમારા દાદાશ્રીના દાદાશ્રીના વખતથી નિકટના અને ગાઢ મિત્રતાભર્યા સંબંધો રહેલ છે, કે જેને અમારા દાદાશ્રીએ વધુ દ્દઢ બનાવ્યા હતા. અમે પણ એને વધુ ગાઢ બનાવવાની ઉમેદ રાખીએ છીએ.

અમને એ જાણીને આનંદ થાય છે કે જંગબારના ઇસમાઇલીઓ બસોથી વધુ વરસો થયા નાo સુલતાનોના અમલ તળે સુખ, શાંતિમાં રહેતા આવ્યા છે અને સલતનતની ગાદી તરફ વફાદારી તથા સરકાર સાથે સહકાર બતાવતા આવ્યા છે."

આફ્રિકાનો પ્રવાસ પૂરો કરી મૌલાના હાઝર ઇમામે લંડન ખાતે પધરામણી ફરમાવી હતી. તા. ૨૬મે ઓગસ્ટ ૧૯૫૭ ના લંડનની શાહજહાંન મસ્જિદમાં થયેલી ૪૮ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની ચહેલૂમ-જીયારત મુબારકના ચાલીસમાની-ક્રિયામાં આપે હાજરી આપી હતી. આપના પિતાશ્રી, કાકાશ્રી અને નાનાભાઇ પણ આ પ્રસંગે હાજર હતા.

## "અમારા દાદાશ્રીના છત્રથી વંચિત નથી થયા"

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૨૬મી ઓગસ્ટ ૧૯૫૭ના ઝમાનાના ઇમામ તરીકે પ્રથમ વખત લંડનના જમાતખાનામાં મુબારક પધરામણી ફરમાવી હતી. આ પ્રસંગે આપે જમાતોને ફરમાવ્યું : આજે અમારા માટે શોક તેમજ સાથે સાથે ખુશીનો પ્રસંગ પણ છે. અમારા વહાલા દાદાશ્રીની જીસ્માની રીતે આ દુનિયામાંથી વિદાય થયા પછી અમે પહેલી વાર તમને મળીએ છીએ. આપણે એક અતિ મહાન ઇમામને ખોયા છે અને જેવા કોઇના પણ દાદાશ્રી ન હોય એવા અત્યંત પૂજનિય દાદાશ્રીને અમોએ ગુમાવ્યા છે.

પરંતુ દૈહિક રીતે તેઓશ્રી આપણા વચ્ચે ન હોવાથી તેઓશ્રીના છત્રથી તમે વંચિત થઇ ગયા છો એવું વિચારશો નહિ. અમારા જીવન દરમિયાન અમારી જગ્યાને સંપૂર્ણપણે અનુરૂપ થવા માટે અમારી શક્તિ અનુસાર તમારા માટે સઘળું કરીશું અને અમારા દાદાશ્રી તમારા માટે જે માર્ગદર્શન આપી ગયા છે તે ઉપરજ કોમની ઉન્નતિ સધાતી રહે તેની અમે તકેદારી રાખશું.

સાથે સાથે અમારા માટે આ બહુ ખુશીનો પ્રસંગ છે. ઇમામ તરીકે આજે અમે પ્રથમવાર તમને મળીએ છીએ અને અમે તમને માતા પિતા તરીકેના અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ."

## નાo શાહઝાદા સદરૂદ્દીન સાહેબના મુબારક લગ્ન

મૌલાના હાઝર ઇમામના વહાલા કાકાશ્રી નાo શાહઝાદા સદરૂદ્દીન આગાખાન સાહેબના મુબારક લગ્ન તા. ૨૭-૮-૫૭ના જીનીવા ખાતે નાo પ્રિન્સેસ શિરીન સાથે થયા હતા. મૌલાના હાઝર ઇમામ, આપના પિતાશ્રી નાo પ્રિન્સ અલીખાન સાહેબ અને નાનાભાઇ નાo પ્રિન્સ અમીન

મહમદ સાહેબે આ પ્રસંગે હાજરી આપી હતી. અગાઉ મિસ નીના ડાયર તરીકે ઓળખાતા નામ૦ પ્રિન્સેસ શિરીને લગ્ન પૂર્વે પવિત્ર ઇસમાઇલી મઝહબ અંગિકાર કર્યો હતો. લગ્નની બે વિધિઓ થઇ હતી. પ્રથમ સ્વીસ મ્યુનિસિપાલટીની ઓફિસમાં ના૦ મેયરે સીવીલ વિધિ કરાવી હતી. ત્યાર પછી ના૦ સદરૂદીન સાહેબના નિવાસસ્થાને ધાર્મિક વિધિ અનુસાર લગ્નની ક્રિયા કરવામાં આવી હતી.

તા. ૨૮ ના ઇમામે ઝમાને ફરી લંડનના જમાતખાનામાં જમાતો વચ્ચે પધરામણી ફરમાવી અણુયુગમાં કેળવણીની મહત્તા અને તેના સ્વરૂપ વિશે પ્રગતિશીલ દોરવણી આપતા ફરમાવ્યું : "ઝડપથી વિકાસ પામી રહેલા દેશોમાં આપણે ઇસમાઇલીઓ રહેતા હોઇ આપણને હમણા અમુક હદે એવા લોકોની જરૂરત રહેશે કે જેઓ પોતાની કોમને દોરવણી આપી શકે. વિદ્યાર્થીઓ તરીકે તમારે તેમાંથી જરૂર ફાયદો મેળવવાની કોશિશ કરવી જોઇએ. જેમ અમારા દાદાશ્રીએ તમને ફરમાન ફરમાવ્યા હતા તેમ, તમે બધા કેળવણીના એકજ ક્ષેત્રમાં, એકજ જાતની દિશાએ ઝંપલાવશો નહિ. તમારું શિક્ષણ જુદી જુદી દિશાનું હોવું જોઇએ એવી અમારી સલાહ છે. આથી લગભગ બધા જરૂરી વિષયોનો તેમા સમાવેશ થઇ જશે. અલબત, તમારે એ પણ ધ્યાન રાખવું કે એવી કેળવણી તમારે સંપાદન કરવી જોઇએ કે જે તમારી ભાવિ જીંદગીમાં ઉપયોગી નીવડી શકે. અલબત, હાલમાં તમે આ દેશમાં રહો છો પરંતુ તમે અહિ જે શિક્ષણ મેળવો તેનો લાભ તમારે કોમને આપવાનો છે. તેમ તેમાંથી અમુક જ્ઞાન કોમને આપવાને બદલે જિંદગીભર અહિ બેસી રહો તે અમે જોવા માંગતા નથી. આ બાબત અમે તમને ખાસ જણાવીએ છીએ. અમને લાગે છે કે જવાબદાર વિદ્યાર્થીઓ તરીકે તમે સેવા અર્થે બહાર પડશો જે તમારી ફરજ છે."

## ઇમામે ઝમાનની તખ્તનશીનીની ઉજવણી અને ૯૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહનું સ્મારક

મૌલાના હાઝર ઇમામની આફ્રિકા ખાતે તખ્તનશીનીની ઉજવણી કરવા તેમજ વહાલા ૪૮ માં ઇમામ ૯૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની પવિત્ર યાદ સમુ એક સ્મારક આફ્રિકા ખાતે સ્થાપવા માટે આફ્રિકાના આગેવાનોની એક પરિષદ મળી હતી. પરિષદમાં દારેસલામ, નૈરોબી અને કંપાલા ખાતે તખ્તનીશીની ઉજવણી કરવા નક્કી કરવામાં આવ્યું હતું.

ઉપરાંત ૯૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહની પવિત્ર યાદમાં બ્રિટિશ પૂર્વ આફ્રિકા ખાતે એક સ્મારક ઉભું કરવાનો નિર્ણય લેતા પરિષદે આ માટે "એચ. એચ. ધી આગાખાન ધી થર્ડ મેમોરિયલ કમિટી" ના નામે એક સમિતિ રચવાનો નિર્ણય પણ લીધો હતો.

## "હિઝ હાઇનેસ" ના ઉચ્ચ ઇલ્કાબનું સન્માન

મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ આગાખાન સાહેબ ઇમામતની ગાદીએ બિરાજમાન થયા પછી તુરત જ વિશ્વ આખું આપશ્રીની દિવ્ય પ્રતિભા અને ભવ્ય શાનથી અંજાઇ ચૂક્યું હતું. મહાન દેશો અને તેના શાસનકર્તાઓ તરફથી આપશ્રીનું શાનદાર સન્માન થયું છે જેના પૂરાવા રૂપે ઇમામતની ગાદીએ બિરાજમાન થયા પછી તરતજ, માસ ઓગસ્ટ ૧૯૫૭ માં મહાન રાષ્ટ્ર ગ્રેટ બ્રિટનના ના૦ મહારાણી એલિઝાબેથ બીજાએ આપશ્રીને "હિઝ હાઇનેસ" નો ઉચ્ચ ઇલ્કાબ અર્પણ કરી સન્માન કર્યું.

## દારેસલામ ખાતે તખ્તનશીનીની ભવ્ય ઉજવણી

૧૯૫૭ના ઓકટોબરમાં માસમા બ્રિટિશ પૂર્વ આફ્રિકાના ઇસમાઇલીઓ મૌલાના હાઝર ઇમામની તખ્તનશીનીની ઉજવણીના કાર્યમાં મગ્ન બની ગયા હતા. ઇમામે ઝમાન, ઇમામતના તખ્ત ઉપર બિરાજમાન થયા પછી, તખ્તનશીનીની ઉજવણીનું પ્રથમ માન પૂર્વ આફ્રિકાને મળ્યું હોઇ આફ્રિકાવાસીઓ આ માટે પૂરઝડપે તૈયારીઓ કરવા લાગ્યા હતા. આ અજોડ ઉત્સવ પ્રસંગે ઝમાનાના ઇમામે તા. ૭-૧૦-૫૭ના દારેસલ્લામ ખાતે મુબારક પધરામણી ફરમાવી. આપના દાદીશ્રી ના૦ માતા સલામત, પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ અને માતુશ્રી ના૦ પ્રિન્સેસ તાજુદ્દવલા અલીખાન સાહેબ પણ આ પ્રસંગે પધાર્યા હતા. ટાંગાનિકાના ના૦ ગવર્નર સર એડવર્ડ ટવીનીંગ અને લેડી ટવીનીંગ સહિત ઇસમાઇલીઓ અને બિન ઇસમાઇલીઓએ અદભુત સત્કાર કર્યો.

પૂર્વ આફ્રિકાના દારેસલ્લામ ખાતે શનિવાર તા. ૧૯ મી ઓકટોબર ૧૯૫૭, ઇસ્લામી તા ૨૪મી રબીઉલ અવ્વલ, હિ. સ. ૧૩૭૭ના સાંજના ત્રીસ હજારની જંગી હાજરી વચ્ચે તખ્તનશીનીની પહેલી ઉજવણી થઇ. ના૦ બ્રિટિશ સરકારના સેક્રેટરી ફોર કોલોનીઝ મી૦ લિનોક્ષ બોયડ, ટાંગાનિકાના, ના૦ ગવર્નર સર એડવર્ડ ટવીનીંગ અને લેડી ટવીનીંગ, ઝંઝીબારના ના૦ પ્રિન્સ અબ્દુલ્લા, સરકારના આગેવાન અધિકારીઓ અને પ્રતિષ્ઠિત નાગરિકો પણ આ અવસરે હાજર હતા. મૌલાના હાઝર ઇમામના કુટુંબીજનોમાં આપના દાદીશ્રી, આપના પિતાશ્રી અને માતુશ્રીએ પણ મુબારક પધરામણી ફરમાવી હતી.

ઇમામે ઝમાનની હુઝુરમાં 'શમશેર', 'ચેન', 'પાઘડી' વિગેરે પેશ કરવામાં આવ્યા હતા. ટાંગાનિકાના ઇસમાઇલીઓ, દારેસલ્લામ મ્યુનિસિપાલટી અને ટાંગાનિકાના મુસ્લિમો વતી માનપત્રો પેશ કરવામાં આવ્યા હતા. ઝમાનાના ઇમામે દોરવણી આપતું ઐતિહાસિક પ્રવચન કર્યું હતું.

## અણુયુગ, માનવી અને માનવપ્રગતિ

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું : "અણુયુગ વિષે સહુથી મહત્વની બાબત માનવજાતના ઉપયોગ માટે મુકત કરવામાં આવેલા શકિતના નવા અને હદવગરના ખજાના છે. યુરોપ અને અમેરિકામાં એવા પાવર સ્ટેશનો સ્થપાય છે કે જેને ચલાવવા કોલસા, તેલ કે પાણીની જરૂર રહેતી નથી. એ આપમેળેજ પોતામાં શકિત પૂરે છે. અવિરત ગતિના ભેદને આ વસ્તુ સ્પર્શે છે.'

"અમારા જીવન દરમિયાન આવા અણુ સ્ટેશનોની ટાંગાનિકા જેવા મુલ્કોમાં નિકાસ થાય એ ચોકકસ બનવાજોગ છે તેમાંથી એવી શકિત વહેવા માંડશે કે જેથી નવા શહેરો, રેલમાર્ગો, કારખાના અને આધુનિક, ઔદ્યોગિક પ્રગતિના બધા પાયા નખાશે. આ વસ્તુ જો કે હજુ દૂર છે, પણ તે આવવાની છે. આવતી અર્ધી સદિમાં તમારા બધાના જીવનને એ સ્પર્શ કરશે. આ ભૌતિક પ્રગતિની સાથે સાથે જેમ ઘણી મુશ્કેલીઓ તેમ ઘણી આશીર્વાદરૂપ વસ્તુઓ આવશે અને માત્ર ઇસમાઇલીઓને જ નહિ, પણ આ દેશમાં રહેતા સઘળાને, કદાચ સારાએ આફ્રિકાને અસર કરશે, આ ઝડપી પરિવર્તન કાળમાં જે બધા કોયડા ઉભા થશે તેમાં અમારી કોમને દોરવણી આપવા અમે અમારું આખું જીવન ખર્ચીશું."

ઇમામે ઝમાન વધુમાં ફરમાવ્યું : "એમ તો નથીજ માનવાનું કે ભૌતિક પ્રગતિમાં જ બધું સમાઇ જાય છે. ઘણા પ્રગતિકારક દેશો પોતાના ભોગે જોઇ રહયા છે કે સ્થુળ શકિતઓ ઉપરના માનવીના અંકુશથી માનવીએ પોતાના ઉપરના અંકુશને કયાંયે ગુમાવી દીધો છે અને તેણે જે ગૂંચવણો ઉત્પન્ન કરી છે, તેનું મન આંબી શકતું નથી આજ એ કારણ છે કે જે માટે અમારા દાદાશ્રી કોમમાં કેળવણીને આટલું બધુ મહત્વ આપતા હતા."

"અમે માનીએ છીએ કે કેળવણીનું મહત્વ કદિયે નહોતું એટલું આજે, વધારે છે. પણ યાદ રાખો કે કેળવણી માત્ર શાળાના ઓરડામાં અટકી જતી નથી એ તો અખબારો, રેડિયો, ફિલ્મો અને મુખ્યત્વે ટેલિવીઝન દ્વારા પણ ચાલુજ રહે છે. ટેલિવીઝન સેટ દ્વારા એકજ શિક્ષક લાખો વિદ્યાર્થીઓનો સંપર્ક સાધી શકે છે. વહેલે યા મોડે આ વસ્તુ અહિં–ટાંગાનિકામાં બનવાની છે. આટલી હદના પરિવર્તન માટે ઇસમાઇલી કોમે પોતેજ પોતાને તૈયાર કરવી જોઇએ. આપણે પોતાને ટાંગાનિકા સાથેજ ઓળખાવા જોઇએ અને ઝડપથી આગળ વધતા આ મુલ્કની બીજી કોમો સાથે પ્રગતિ કરવી જોઇએ.

અમે નથી ધારતા કે જે મહાન પ્રગતિ વિષે અમે અહિં ઉલ્લેખ કરી ગયા છીએ, તેથી ભૂતકાળની આપણી જિંદગી હતી તેનાથી તે ઓછી સુખમય નીવડે.

જે શ્રધ્ધાથી આપણે જીવી રહયા છીએ તેજ આપણા માટે એક ચોકકસ ખાતરી છે કે આપણે આપણા કાયદાઓ ઉપર વિજય મેળવશું. તમારામાંના યુવાનવર્ગે આ વસ્તુ ખાસ લક્ષમાં લેવી જોઇએ કે ફકત તમારા વડવાઓનો ધર્મ જ તમને શાંતિમય જીવન જીવવા શકિતવાન બનાવશે."

## કેનિયાના પાટનગરમાં ઐતિહાસિક ઉજવણી

ટાંગાનિકાના પાટનગર દારેસલ્લામ ખાતે પ્રથમ ઉજવણી થયા પછી બીજી ઉજવણી કેનિયાના પાટનગર નૈરોબી ખાતે તા. ૨૨મી ઓકટોબર ૧૯૫૭ ના કરવામાં આવી હતી.

આ ઉજવણી પ્રસંગે પણ મૌલાના હાઝર ઇમામના દાદીશ્રી, પિતાશ્રી અને માતુશ્રીએ હાજરી આપી હતી. નૈરોબીમાં અઢાર હજાર જેટલી હાજરી હતી. કેનિયાના નામ૰ ગવર્નર સર એવેલીન બેરિંગ ઉપરાંત આગેવાન સરકારી અને બિન સરકારી અધિકારીઓ આ અવસરે હાજર હતા.

ઇમામે ઝમાનની હુઝુરમાં 'પાઘડી' 'ચેન', 'સીલ' અને 'વીંટી' પેશ કરવામાં આવ્યા હતા. કેનિયાના ઇસમાઇલીઓ ઉપરાંત, આફ્રિકન મુસ્લિમ લીગ, ઇસ્ટ આફ્રિકન મુસ્લિમ વેલફેર સોસાયટી, અને આફ્રિકન મુસ્લિમ સોસાયટી તરફથી સન્માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

મૌલાના હાઝર ઇમામે માનપત્રનો ઉત્તર વાળતા ફરમાવ્યું હતું કે: "માનવીના ઇતિહાસમાં કદિયે નહિ એવી ઔદ્યોગિક પ્રગતિ આ યુગમાં થઇ રહી છે. માત્ર ત્રીસેક વરસો પહેલા વિમાનમાં ઉડવું એક સહાસ ગણાતું હતું, આજે એવા વિમાનો છે કે જે અવાજ કરતાંયે વધુ ઝડપે ઉડી રહયા છે અને લાંબો સમય વિતે એ પહેલા દરિયાની સપાટી ઉપર અને નીચે અણુશકિતથી

ચાલતા જહાજો ફરતા હશે. વ ાન અને બીજા વ્યવહારમાં પણ સ્વપ્ને નહિ જોયેલા અને નવા પરિવર્તન નજીકના ભવિષ્યમાં આવશે.

આ બધાથી આફ્રિકા માટે નવા બજારો અને નવા ક્ષેત્રો ખૂલશે અને તેઓના શિક્ષણમાં નવી દ્રષ્ટિ અને અગમ્ય અસરો ભળશે. એટલે આ મુલ્ક માટે એ ઘણુંજ અગત્યનું છે કે જુદા જુદા સમાજો, આ પરિવર્તન માટે, સાથે મળીને અરસપરસની સમજણથી ઉભા રહે.

ઇસમાઇલીઓએ આમાં કેવો ભાગ ભજવવાનો છે? આપણો મઝહબ આપણને એક સંગઠિત કોમ રાખે છે. આ આપણી આધ્યાત્મિક ભલાઇ માટે જરૂરી છે, 'ણ બીજી બધી રીતે તમારે એ યાદ રાખવું જોઇએ કે તમે કેનિયાના શહેરીઓ છો. આ મુલ્ક અને તેની સરકાર પ્રત્યેજ તમારી વફાદારી હોવી જોઇએ.

જો કે એક કોમ તરીકે ઇસમાઇલીઓ કદિયે રાજકારણમાં સંડોવાશે નહિ, પરંતુ વ્યક્તિગત રીતે તેઓએ તેના દેશના રાજદ્વારી વિકાસમાં રચનાત્મક ભાગ, સારી રીતે લેવો જોઇએ."

વધુમાં ફરમાવ્યું: "વિકાસના અને પરિવર્તનના જે વરસો આવી રહયા છે તેથી ચોકકસ જ ઘણા નવા કોયડા ઉભા થશે, પરંતુ આપણે એથી ડરવું જોઇએ નહિ. જો તમે તમારા ધર્મમાં ચૂસ્ત રહેશો અને સહિષ્ણુતા તથા માનવતાના જુસ્સાના તમારા મઝહબના શિક્ષણને અનુસરશો તો જરૂર તમે એ કોયડાઓને પહોંચી વળી શકશો.

ભવિષ્યનો બોજો જેઓના શિરે પડવાનો છે એ યુવાનવર્ગ માટે આ ખાસ અગત્યનું છે. તમારા વડવાઓનો ધર્મજ તમને ટકાવી રાખશે. અને અહિંયા તેમજ પેલી દુનિયામાં શાંતિમય જીવન અર્પશે."

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ જંગબાર ખાતે

દારેસલ્લામ ખાતેની ઉજવણી પછી અને નૈરોબીની ઉજવણી પૂર્વે, મૌલાના હાઝર ઇમામના વહાલા પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ જંગબારની ટૂંકી મુલાકાત માટે તા. ૨૦ મી ઓકટોબરના જંગબાર પધારતા આપનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું. તા. ૨૨ ના તેઓશ્રી સીધાવ્યા હતા. નૈરોબી ખાતે તા. ૨૨ ના ઉજવણી થયા બાદ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ તા. ૨૩ ના નૈરોબીથી લંડન ભણી સીધાવી ગયા હતા, જ્યારે મૌલાના હાઝર ઇમામે આપના માતુશ્રી સાથે તા. ૨૩ ના કંપાલા ખાતે પધરામણી ફરમાવી હતી. ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની આફ્રિકાની આ છેલ્લી મુલાકાત હતી.

## કંપાલા ખાતે થયેલી ઉજવણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબની તખ્તનશી-નીની ત્રીજી ઉજવણી આફ્રિકામાં યુગાન્ડાના મુખ્ય શહેર કંપાલા ખાતે તા. ૨૫ મી ઓકટોબર ૧૯૫૭ ના સાંજના કરવામાં આવી. પંદર હજાર પ્રેક્ષકો અહિં હાજર હતા. આફ્રિકન પ્રજાઓમાં ભારે સન્માનપાત્ર એવા ના૦ કબાકા અને યુગાન્ડાના ના૦ ગવર્નર સર કાફ્ડ અને લેડી કાફ્ડ ખાસ પરોણાઓ હતા.

મૌલાના હાઝર ઇમામને યુગાન્ડાની ઇસમાઇલી જમાતો, કંપાલાની મ્યુનિસિપાલટી, ઇસ્ટ આફ્રિકન મુસ્લિમ વેલફેર સોસાયટી અને મુસ્લિમ એસોસીએશની સેન્ટ્રલ કાઉન્સીલ તરફથી માનપત્રો અર્પણ કરવામાં આવ્યા હતા.

અહિં ઇમામે ઝમાને ફરમાવ્યું : "આજની ક્રિયા પણ અનોખા પ્રકારની છે. પવિત્ર જમાતખાનાના ચોગાનમાં આજે જે ક્રિયા કરવામાં આવી છે તે સદંતર ધાર્મિક ક્રિયાજ છે. આખીયે દુનિયાનાં વિવિધ મુલકો અને જુદી જુદી સરકાર ધરાવતા રાજ્યો તેમજ યુગાન્ડામાં વસી રહેલા શિયા ઇમામી ઇસમાઇલીઓના ઇમામ તરીકેનો જે દરજ્જો અમે ધરાવીએ છીએ તે રાજદારી નથી અને કોઇ દિવસ તેમ હશે પણ નહિ.

યુગાન્ડાની ઇસમાઇલી કોમ સંગઠિત છે. તેઓની આધ્યાત્મિક પ્રગતિ માટે આ અગત્યનું છે, પણ મઝહબ ઉપરના તમારા ઇમાન સિવાય, બીજી બધી બાબતોમાં સ્થાનિક તેમજ પ્રાંતિક સત્તાવાળાઓ તેમજ તેઓની મારફત સામાન્ય રીતે યુગાન્ડાની સરકાર પ્રત્યે તેઓની વફાદારી હોવી જોઇએ.

ઇસમાઇલી કોમ સિવાય દશ લાખ કે તેનાથી વધુ આફ્રિકન મુસ્લિમો આ મુલકમાં રહે છે. તેઓની સામાજિક તથા આધ્યાત્મિક તરક્કી માટે અમારા દાદાશ્રીએ મુસ્લિમ વેલફેર સોસાયટી દ્વારા ઉંડો રસ લીધો હતો અને શિયા ઇમામી ઇસમાઇલી કોમના ઇમામ તરીકે અમે પણ આ અગત્યનું કામ શક્ય તેટલું ચાલુ રાખવાની ખાતરી આપીએ છીએ."

ઇમામે ઝમાને વધુમાં ફરમાવ્યું : "યુગાન્ડા મુખ્યત્વે આફ્રિકનોનો મુલક છે અને અમને ખ્યાલ છે ત્યાં સુધી, આ દેશ આઝાદ થશે ત્યારે તેની સરકારમાં મુખ્યત્વે આફ્રિકનો હશે. જો આ વસ્તુ બીજી કોમો તરફથી સ્વીકારવામાં આવે અને તેઓને તે કોમને આ દેશના વિકાસ માટે, તે સરકાર તરફથી કાયદેસર ભાગ ભજવવા દેવામાં આવે તો અગાઉ કદિયે નહિ કરેલી એવી આબાદીને યુગાન્ડા વરશે, પણ જો આનાથી ઉલ્ટુ જુદી જુદી કોમો અલગ થઇ જશે અને ઝઘડા થશે તો આ મુલક અવિશ્વાસ ગણાશે અને તેથી પરદેશીઓ અહિં મુડી રોકવા માટે આકર્ષાશે નહિ, જેથી દેશની પ્રગતિક્રમમાં મંદતા આવી જશે અને બધી રીતે આ મુલકની પ્રગતિને ધક્કો લાગશે અને તેથીજ અમે બીજી કોમો સાથે હાથ મીલાવીને સહકારથી કાર્ય કરવા ઇસમાઇલી કોમને ભારપૂર્વક ભલામણ કરીએ છીએ."

પ્રવચનના અંતે ફરમાવ્યું : "ફક્ત દૌલતમાંજ બધું સમાઇ નથી જતું, આપણો મઝહબ આપણને એ શીખવે છે કે માનવતા અને ભક્તિભાવના જુસ્સાની સૌ પ્રથમ જરૂર છે. તમારે બીજાઓ સાથે અરસપરસની ઉદારતા અને માનની લાગણી ધરાવીને કાર્ય કરવું જોઇએ. આપણી સાચી પ્રગતિ માટે જે આવશ્યક છે તે સુખ અને શાંતિ આવી રીતેજ પ્રાપ્ત થઇ શકશે."

## આફ્રિકાનો લંબાણ પ્રવાસ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ તખ્તનીશી-નીની ઉજવણીમાં ભાગ લીધા પછી આફ્રિકાના પ્રવાસે રવાના થયા હતા. લગભગ બે મહિનાના આ

પ્રવાસ દરમિયાન ઇમામે ઝમાને દેશના આંતરિક ભાગોની પણ મુલાકાત લીધી હતી. કેટલાક સ્થળોએ પગપાળો પ્રવાસ કર્યો હતો. ઉરમાની રીતે આ પ્રવાસ દરમિયાન આપ નામદારે ૧૮ રતલ જેટલું આપનું વજન ગુમાવ્યું હતું. આ પ્રવાસ દરમિયાન ઇમામે ઝમાને ખાસ કરીને શિક્ષણ અને આરોગ્ય વિષે મહત્વના ફરમાનો ફરમાવ્યા હતા.

## પૂરી જિંદગી શિક્ષણમાં પસાર કરો

શિક્ષણના વિષયમાં નૈરોબી ખાતે તા. ૧૬–૧૧–૫૭ ના ફરમાવ્યું: "તમારે સમજવું જોઇએ કે હાલમાં કેળવણીની શરૂઆત ત્રણ વરસથી થાય છે અને તે બાવીસ, ત્રેવીસ, અગર ચોવીસ વરસની ઉમર સુધી રહે છે અને જ્યારે કેળવણી લેવાનો આ ખાસ સમય પુર્ણ થઈ જાય ત્યાર પછી તમારી બાકીની જિંદગી પણ કેળવણીમાં જ પસાર થવી જોઇએ."

## શિક્ષણ એટલે શું ?

ઈસ્ટ આફ્રિકન મુસ્લિમ વેલફેર સોસાયટીની તા. ૧૬મી નવેમ્બર ૧૯૫૭ ના મોમ્બાસા ખાતે મળેલી વાર્ષિક સભામાં મૌલાના હાઝર ઇમામે શિક્ષણનો સાચો અર્થ સમજાવ્યો હતો. આપ નામદારે ફરમાવ્યું: "શિક્ષણનો અર્થ જ્ઞાનસંગ્રહ કરતાય વધુ, પુસ્તકો, ચિત્રો અને વાસ્તવિકતા કરતાય વધુ થાય છે શિક્ષણ એ તો જિંદગી પર્યંતનો એવો અનુભવ બની રહે છે કે જેમાંથી નિર્મળતા, માનવતા, માનસિક શિસ્ત અને પ્રમાણિકતા જેવા સદ્દગુણોનો ખાસ કરીને ઉછરતી અવસ્થામાં ઉદ્દભવ થાય.

લાયકાત વગરના શિક્ષકોવાલી સ્કૂલ તળિયા વિનાના બૂટ જેવી છે અને લાયકાતવાળા શિક્ષકો પણ બિનઅનુકૂળ વિદ્યાર્થીઓ ધરાવતી સ્કૂલો દોરી વિનાના બૂટ જેવી છે, એટલે કે બન્ને અપૂર્ણ છે.

યોગ્ય સાંસારિક અને ધાર્મિક શિક્ષણ વિનાનું પરલામી આધ્યાત્મવાદનું શિક્ષણ મુસ્લિમ બાળકો માટે સંતોષકારક લેખાય એમ અમે માનતા નથી. આ બન્ને વસ્તુ એક સાથે જ થવી જોઇએ."

## શિક્ષક આગેવાન છે

શિક્ષકો માટે ફરમાવ્યું: "હવે પછી તમે આ વાતને ખ્યાલમાં રાખો કે જે લોકો શિક્ષક તરીકેનું કાર્ય કરે છે તેઓને અમે કોમમાં આગેવાનો તરીકે ગણીએ છીએ. શિક્ષક તરીકેનો ધંધો એ ઘણોજ ઉપયોગી અને બીજા ધંધાઓ કરતા સૌથી વધુ માનનીય છે."

### બાળ આરોગ્ય

શિક્ષણ ઉપરાંત બાળ આરોગ્ય માટે પણ ઇમામે ઝમાને દોરવણી આપતા ફરમાનો ફરમાવ્યા હતા. બાળકોને મોડામા મોડુ સાંજના સાડા સાતે સવડાવી દેવા તેમજ તેના શરીર વિકાસ પ્રત્યે જરાપણ બેદરકાર ન રહેવા ફરમાવ્યું હતું. બાળકને કંઇપણ તકલીફ થાય તો તુરત પૂરતી કાળજી રાખવા ફરમાવી બીમારી વધી ન જાય તેની તકેદારી રાખવા ફરમાવ્યું હતું.

## 'બ્રિલિયન્ટ સ્ટાર ઓફ ઝાંઝીબાર' નો ઇલ્કાબ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબને માસ ઓગસ્ટ ૧૯૫૭મા ગ્રેટ બ્રિટનના નામ૦ મહારાણીએ "હિઝ હાઇનેસ" ના ઇલ્કાબથી સન્માન આપ્યા પછી ત્રણ માસ બાદ જંગબારની મુલાકાત પ્રસંગે જંગબારના નામ૦ સુલતાને 'બ્રિલિયન્ટ સ્ટાર ઓફ ઝાંઝીબાર"-ફર્સ્ટ કલાસનો ટાઇટલ અર્પણ કરી શાનદાર સન્માન કર્યું હતું.

## કલચરલ સોસાયટીમાં ઐતિહાસિક પ્રવચન

મૌલાના હાઝર ઇમામ હીઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૨૫ મી નવેમ્બર ૯૫૭ના દારેસલામ ખાતે કલચરલ સોસાયટીના આશ્રયે યોજાએલી એક સભામાં ૩૫ મિનિટો સુધી મધ્ય પૂર્વના ઇતિહાસ સંબંધી તવારીખી ભાષણ આપ્યું હતું. આપશ્રીએ આપના લંબાણ ભાષણમાં ધર્મના વિષયથી માંડીને મધ્યપૂર્વના પુર્વકાલિન ઇતિહાસની એટલી તો આધુનિક ઢબે છણાવટ કરી હતી કે ઘણાય આગેવાન અખબારોએ આ ભાષણને પ્રગટ કરી તેને ખૂબ મહત્વ આપ્યું હતું.

## પાકિસ્તાનમાં તખ્તનશીની માટે તૈયારીઓ

આફ્રિકા પછી પાકિસ્તાનમાં તખ્તનશીનીની ઉજવણી માટેની તૈયારીઓ થવા લાગી હતી. કરાંચીથી ૭ માઇલ દૂર આવેલા નેશનલ સ્ટેડિયમની ઉજવણીના સ્થળ તરીકે પસંદગી કરવામાં આવી અને એક લાખ માણસો બેસી શકે તેવી વ્યવસ્થા કરાઇ હતી. ૨૫૦૦૦ ઇસ્માઇલીઓ રહી શકે તેવી જગ્યા માટે હાજી કેમ્પ ઉપર પસંદગી ઉતારવામાં આવી. તા. ૨૩ મી જાન્યુઆરી ૧૯૫૮ ના દિનને પશ્ચિમ પાકિસ્તાની ઉજવણી દિનના તરીકે મંજૂરી પ્રાપ્ત થઇ.

## મૌલાના હાઝર ઇમામની કરાંચી ખાતે પધરામણી

તા. ૨૧ મી જાન્યુઆરી ૧૯૫૮ ના સાંજના કરાંચીના હવાઇ મથકે મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ આગાખાન સાહેબે આપના વહાલા માતુશ્રી સાથે મુબારક પધરામણી ફરમાવી. પાકિસ્તાનના પ્રમુખ વતી તેમના લશ્કરી મંત્રી, મીર ગુલામઅલીખાન તાલપુર, હુંઝાના મિર અને ઇસ્માઇલી અગ્રેસરોએ આપશ્રીનો દબદબાભર્યો સત્કાર કર્યો હતો.

મૌલાના હાઝર ઇમામની મુબારક પધરામણીના મંગળ દિનેજ, થોડીવાર પહેલા આપશ્રીના વહાલા કાકાશ્રી નામ૦ શાહઝાદા સદરદીન સાહેબ અને નામ૦ પ્રિન્સેસ શિરીન સાહેબાએ પણ કરાંચી ખાતે પધરામણી કરી હતી.

## ઐતિહાસિક ઉજવણી

ગુરૂવાર તા. ૨૩ મી જાન્યુઆરી ૧૯૫૮ ના દિને કરાંચી ખાતે નેશનલ સ્ટેડિયમમાં દોઢ લાખ પ્રેક્ષકોની હાજરી હતી. યુનાઇટેડ કિંગ્ડમ, ફ્રાંસ, હિંદ, અફઘાનિસ્તાન, ફ્રેંચ આફ્રિકા, બ્રિટિશ આફ્રિકા, લેબેનોન, પોર્ટુગીઝ ઇન્ડિયા, મલાયા, સિલોન, એડન, મસ્કત, કોંગો, પોર્ટુગીઝ આફ્રિકા, ઇરાન, ઇરાક અને પૂર્વ પાકિસ્તાનથી પણ આ પ્રસંગે હજારોની સંખ્યામાં ઇસ્માઇલીઓ હાજર થયા હતા.

૪૦૦ જેટલા પત્રકારો, મુવી કેમેરામેનો, ફોટોગ્રાફરો અને ટેલિવીઝનના પ્રતિનિધિઓ કે જેઓમાં વિદેશોથી આવનારાઓ પણ હતા તેમણે આ ઐતિહાસિક પ્રસંગને ઝડપી લેવા પડાપડી કરી હતી. રેડિયો પાકિસ્તાને રનીંગ કોમેન્ટ્રી દ્વારા નજરે જોયેલો અહેવાલ પ્રસારિત કર્યો હતો. પાકિસ્તાનના પ્રમુખની અંગરક્ષક દળની એક ખાસ ટૂકડી વહાલા ઇમામે ઝમાનને માન આપવા ખાસ હાજર રહી હતી

મૌલાના હાઝર ઇમામની સ્ટેડિયમમાં પધરામણી પૂર્વે ના૦ પ્રિન્સ સદરૂદીને આપના મહોરદાર સાથે પધરામણી કરી હતી. ઇમામે ઝમાનના માતુશ્રી પણ પધાર્યા હતા.

સાંજના ૪–૬૫ કલાકે મૌલાના હાઝર ઇમામ પધારતા પાક પ્રમુખના અંગરક્ષક દળની ખાસ ટૂકડીએ બ્યુગલનો નાદ કરી સલામી આપી હતી. પાકિસ્તાનના મહાન ઇસ્લામી રાષ્ટ્રના તે સમયના સર્વોપરી સતાધીશ પ્રમુખ મેજર જનરલ ઇસ્કંદર મિરઝા અને બેગમ મિરઝા ઇમામે ઝમાનના સાથે હતા. ઉપરાંત તે સમયના વડા પ્રધાન મલિક ફિરોજખાન નૂન, માજી વડા પ્રધાનો જ૦ સુહરાવર્દી અને જ૦ ચૂંદરીગર તેમજ જ૦ અમજાદઅલી અને જ૦ ગુલામઅલી તાલપૂર તેમજ પીઢ રાજપુરુષ જ૦ ફઝલુલ રહેમાન પણ હાજર હતા.

કુરાને શરીફની તીલાવત સાથે ઉજવણીની શરૂઆત થઇ. અહિં ઇમામે ઝમાનને ત્રણસો વરસો પૂર્વે બુખારાના એક હાજીએ મદિના શરીફમાં તૈયાર કરેલી પવિત્ર કુરાને શરીફની એક પ્રત અર્પણ કરવામાં આવી હતી. ઉપરાંત હુઝુરમાં ઝબ્બો, પાઘડી, ૪૯ હિરાનો હાર, ફાતમિ મોહર, વિગેરે પણ અર્પણ થયા હતા. આ પછી આપને સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

મૌલાના હાઝર ઇમામે પોતાના ઐતિહાસિક પ્રવચનમાં ફરમાવ્યું : "આજે અમે જે દેશ અને જે શહેરમાંથી તમને સંબોધી રહયા છીએ તે અમારા માટે અને અમારા કુટુંબ માટે ખાસ મહત્વ ધરાવે છે. ૧૮૭૭ ના નવેમ્બરની બીજી તારીખે, અમારા દાદાશ્રી અહિં કરાંચીમાં જન્મ્યા હતા અને ઇમામતના બોતેર વરસો દરમિયાન તેઓશ્રીએ પોતાના રૂહાની ફરઝંદોને સુખ અને સમૃધ્ધિના પંથે દોરવ્યા હતા. તેઓશ્રીએ દશેક વરસ પહેલા એક નૂતન મુસ્લિમ રાષ્ટ્રને જન્મતા જોયું હતું અને તેઓશ્રી પાકિસ્તાનના ભવિષ્ય માટે મજબૂત રીતે ખાતરી ધરાવતા હતા. આજે ઇસમાઇલીઓ ઘણી મોટી સંખ્યામાં સુખેથી અહિ વસી રહયા છે.

૧૯૫૪ ની અમારી અહિંની પધરામણી પછી, આ મુલ્કે જે પ્રગતિ સાધી છે તે આશ્ચર્ય-જનક છે અને એ વિશ્વના રાજકારણના મૂળભૂત પરિવર્તન અને નૂતન એશિયન મુલકોની વધતી જતી અસરનું સ્મરણ કરાવે છે.

લાખો અને કરોડો લોકોએ આઝાદીના હકકો મેળવ્યા છે તેઓની અસર દરરોજ વિશ્વના રાજકારણમાં પ્રબળ બનતી જાય છે અને પશ્ચિમના પુરાતન દેશો એનો અવાજ વધતા જતા માનપૂર્વક સાંભળી રહયા છે.

મુસ્લિમ રાષ્ટ્રો અને સમગ્ર રીતે જોતા એશિયન મુલકોમાં પાકિસ્તાનનો દરજજો બહુજ ધ્યાન ખેંચે તેવો અને અગત્યનો છે. આ નવુ જન્મેલું રાષ્ટ્ર, ઘણી બધી જૂની પ્રણાલિકાની અસ-રમાં નથી એથી કરીને એ પોતાનું ભાવિ અને પોતનું જીવન ધોરણ સુધારવા પોતાના નૈતિક

ધોરણો નક્કી કરવા માટે મુક્ત છે. તે એવું મુસ્લિમ રાષ્ટ્ર છે કે જેણે ઝડપથી પલટાતા વિશ્વને અનુરૂપ બનવું જોઇએ. તેના પાસે મહાન ભાવિ માટેની શકયતા રહેલી છે અને અમે દુઆ ફરમાવીએ છીએ કે તે પાર પડે.

પાકિસ્તાનનનું કાર્ય એ છે કે નૂતન યુગના પ્રવાહો અને પલટાતા સમાજના દબાણોને મૂળભૂત ઇસ્લામી આદર્શોને અનુરૂપ બનાવવા અને આધુનિક લોકશાહીને ઇસ્લામી સ્વરૂપ આપવું. જો કે આ સહેલું નથી પણ તે સફળતા મેળવશે.

અમારી પોતાની કોમને અમે ફરમાવશું કે આપણે સંખ્યાની દષ્ટિએ ભલે થોડા હોઇએ પરંતુ આપણી અસર મહાન છે અને તમારી એ ફરજ છે કે આ અસરનો ઉપયોગ વ્યકિતગત રીતે તમારી પોતાની કે માત્ર બધા ઇસમાઇલીઓની પ્રગતિ માટેજ નહિ, પણ પાકિસ્તાનની ભલાઇ માટે કરવો જોઇએ. એક કોમ તરીકે આપણી ખાસ વિશિષ્ટતા હમેશા આપણા ઇમાનથી રક્ષિત રહેશે પરંતુ તમે જે કરો તે તમારા માટે ખાસ હોવું જોઇએ નહિ. આ મુલકના વિકાસમાં સમગ્ર રીતે હિસ્સો આપવો જોઇએ. જીવનના દરેક ક્ષેત્રમાં અમારા રૂહાની ફરજંદો પ્રસરી જાય એવું જોવાની અમે આશા રાખીએ છીએ. બધા ક્ષેત્રો તમારા માટે ખુલ્લા છે અને બી વાવીને તેના ફળો મેળવવાનુ તમારા હાથમાં છે."

## કરાંચી પૂર્વે બહેરીનમાં પધરામણી

મૌલાના હાઝર ઇમામે કરાંચી ખાતે પધરામણી ફરમાવી તે પૂર્વે લંડનથી કરાંચી આવતા માર્ગમાં તા. ૨૬-૧-૫૮ ના બહેરીન ખાતે પધાર્યા હતા. પોલીટીકલ એજન્ટ, સરકારી ઓફીસરો અને ઇસમાઇલી જમાતે આપશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

## ઈમાન વગર ઇન્સાનના કોઇ મૂલ્યો નથી.

મૌલાના હાઝર ઇમામે કરાંચી ખાતેની રોકાણ દરમિયાન સંખ્યાબંધ સંસ્થાઓની મુલાકાતો લોધી હતી.

તા. ૨૫-૧-૫૮ ના પાકિસ્તાનની ઇસ્માઇલીઆ એસોસીએશનની મુલાકાત પ્રસંગે ફરમાવ્યું: "અમે તમને એ સમજવાનું ફરમાવશું કે આ દુનિયામાં જો ઇમાન ન હોય તો માણસની જિંદગીની કિંમત ધૂળ કરતા વધારે નથી. જો ઇમાન નહિ હોય તો તેનું સ્થાન કયાંયે રહેશે નહિ અને કદાચ જીવનમાં સ્થાન મળશે તો પણ તે પાછળથી દુઃખી થશે. કારણ કે ઇમાન વગરના તમારા જીવનનો કોઇ અર્થ નથી."

## ફેડરેશન ઓફ ચેમ્બર્સ ઓફ કોમર્સે યોજેલો ભોજન સમારંભ

કરાંચીના વેપારીઓની આગેવાન સંસ્થા ફેડરેશન ઓફ ચેમ્બર્સ ઓફ કોમર્સે તા. ૨૭મી જાન્યુઆરીએ મૌલાના હાઝર ઇમામના માનમાં એક ભવ્ય ભોજન સમારંભ યોજી કરાંચીના સઘળાયે વેપારીઓ વતી ઇમામે ઝમાનનો સત્કાર કર્યો હતો. આ સમારંભમાં ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબ અને આપના મોદરદાર ઉપરાંત ઇમામે ઝમાનના માતુશ્રી અને કરાંચીના આગેવાન વેપારીઓ તેમજ સરકારી અમલદારો હાજર હતા. ફેડરેશનના પ્રમુખ જી૦ રંગૂનવાલાએ

માનપત્ર અર્પણ કર્યું હતું. માનપત્રમાં હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહના જીવન અને કાર્યને પણ સંભારવામાં આવ્યું હતું અને આપની પવિત્ર યાદમાં એક સંપૂર્ણ સાધન સંપન્ન ટેકનિકલ સંસ્થા સ્થાપવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. જો આવી હિલચાલ ઉપાડવામાં આવે તો કરાંચીના વેપારીઓ તેને સંપૂર્ણ ટેકો આપશે એવી પણ ખાતરી આપવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામે માનપત્રનો જવાબ વાળતા ફરમાવ્યું: "કોઇપણ દેશની વેપારી અને ઉદ્યોગિક કોમ પર ભારે જવાબદારી લદાયેલી હોય છે અને એક નવા દેશ માટે તો એ બહુજ જરૂરી છે. આ જવાબદારી માત્ર ભૌતિક લાભમાં ફાળો આપીને નહિ પરંતુ નૈતિક ધોરણ પર રચાએલી હોવી જોઇએ."

તમે વેપાર અને ઉદ્યોગના સફળ થયેલા સભ્યો છો, તમારે એ જોવું જોઇએ કે આ દેશના વિકાસના ફળ અમુક પસંદગી પામેલાઓ જ ન ખાય, પરંતુ એમા આખાયે રાષ્ટ્રનો યોગ્ય હિસ્સો હોય. આ દેશનો ઉદ્યોગિક વિકાસ જેવી રીતે દેખાય છે એ રીતે તેની અસર પણ થવી જોઇએ અને દેશના દૂર દૂરના ખૂણે બેઠેલા સામાન્ય માનવીને પણ એનો લાભ મળવો જોઇએ.

આમા તમે નિર્ણાયાત્મક ભાગ ભજવી શકો છો. એક વાર તમે આ પ્રમાણે કરશો તો તમે આ દેશે પ્રાપ્ત કરેલી સિધ્ધિ માટે યોગ્ય ગર્વ લઇ શકશો. આંતરરાષ્ટ્રીય વેપાર ક્ષેત્રમાં પાકિસ્તાનના વેપારીનો અર્થ સંગીન વેપારી સોદાઓનો થવો જોઇએ. વ્યાજબી વર્તાવ માટે તમે વિશ્વ વ્યાપી પ્રતિષ્ઠા મેળવશો એવી અમને આશા છે. આથી તમે તમારી જાતને જ સહાય કરશો એટલું નહિ પરંતુ તમે તમારા દેશ માટે શુભેચ્છા કેળવશો.

આ મહત્વના વિષય પર અમે એટલા માટે ભાર આપી રહયા છીએ કે તમામ મોટા વેપારી ઉપર દેશની સમૃધ્ધિનો પાયો રહેલો છે.

અમારા દાદાશ્રીની યાદમાં એક ટેકનિકલ સંસ્થા સ્થાપવાની તમે માંગણી કરી છે. સ્વાભાવિક રીતે આ પ્રશ્ન એવો છે જેના પર અમે આ પહેલા થોડોક વિચાર કર્યો છે અને અત્રેની વેપારી કોમ પણ એજ વિચારી રહી છે એ જાણીને અમને અત્યંત આનંદ ઉપજે છે. પરંતુ આવા પ્રકારની યોજના પૂરેપૂરી વિચારણા અને તૈયારી વિના હાથ નહિ ધરવી જોઇએ.

પ્રથમ તો આપણે એ ખાતરી કરી લેવી જોઇએ કે એ આખા દેશની સાચી અને ચાલુ જરૂરિયાતને પૂરી કરશે? જો એ કોઇ તાલીમી સંસ્થાનું અથવા સ્કોલરશીપ ફંડનું સ્વરૂપ લેવાની હોય તો આપણને એ સ્પષ્ટ થવું જોઇએ કે રાષ્ટ્રીય તાલીમી નીતિના સામાન્ય પ્રવાહને એ અનુરૂપ છે કે કેમ?

આજે સવારના અખબારમાં અમે વાંચ્યું છે કે તાલીમી નીતિ હજુ એના ઘડતરના સ્વરૂપમાં છે અને આપણે એ સ્પષ્ટ રીતે ખાતરી કરી લેવી જોઇએ કે આવું સ્મારક ઉભું કરવા માટે જરૂરી ફંડ મળી શકે એટલું જ નહિ, પણ ભવિષ્યના વરસોમાં પણ એ ટકી શકશે.

તમે ખાતરી રાખજો કે આ બધા પ્રશ્નો પર અમે ગંભીર પણે વિચાર કરશું અને જ્યારે એ અસ્તિત્વમાં આવશે ત્યારે આવી શકિતશાળી સંસ્થા પોતાનો ટેકો આપવા તૈયાર છે એ જાણીને અમને ઘણુ પ્રોત્સાહન મળશે."

## ઈસ્લામની જૂની પ્રણાલિકાઓને આજના સંજોગોને અનુકૂળ બનાવો

મૌલાના હાઝર ઇમામના માનમાં કરાંચી ખાતે યોજાએલા સંખ્યાબંધ સમારંભોમાં તા. ૨૯–૧–૫૮ ના મેટ્રોપોલ હોટલ ખાતે કરાંચીના ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ટરનેશનલ એફેર્સ યોજેલો સમારંભ પણ મુખ્ય હતો. આ સમારંભમાં ઇમામે ઝમાને ફરમાવ્યું: "જો ઇસ્લામે પોતાનું ભૂતકાલિન ગૌરવ પાછું મેળવવું હોય તો તેણે પોતાની જૂની પ્રણાલિકાઓને આજના સદંતર જુદા સંજોગો માટે અનુકૂળ બનાવવી જોઇએ. જો આપણે આમ કરવામાં નિષ્ફળ જઇશું તો આપણે આપણી પોતાની તરક્કી માટે નિષ્ફળ જઇશું એટલું જ નહિ, પરંતુ યુવાન પેઢી પ્રમણાગ્ન બનીને એવા વિદેશી તેમજ જડવાદી માર્ગનો શિકાર બની જશે જેને ઇસ્લામ સાથે કશું સામ્ય નહિ હોય.

રાજદ્વારી આઝાદી પ્રાપ્ત કર્યા પછી બીજું બધું જ મળી રહેશે એમ માની લેવું એ પાકિસ્તાન માટે વિઘાતક હશે. આધુનિક જગતમાં પોતાનું સ્થાન જાળવવા માટે વિજ્ઞાન અને ટેક્નોલોજીના છેલ્લામાં છેલ્લા વિકાસ સાથે કદમ મિલાવવા માટે મૂળભૂત નવો માર્ગ જરૂરી બનશે.

પૂર્વ આફ્રિકાના મુસ્લિમો, આફ્રિકન, હિંદી અને અરબ એમ ત્રણ વર્ગોમાં વહેંચાએલા છે અને ત્યાં માત્ર વર્ગવાર જ વિકાસ થયો છે. જેમા દરેક વર્ગ સરકારી નાણાંકીય સહાયનો અને તેટલો મોટો હિસ્સો મેળવવાનો પ્રયાસ કરે છે. સંયુક્ત મુસ્લિમ તરક્કી માટે કોઇ પ્રયાસ થયો નથી. પરંતુ તાજેતરમાં આ પરિસ્થિતિ બદલવા માંડી છે અને જુદા જુદા વર્ગના નેતાઓ એ પીછાણવા લાગ્યા છે કે પ્રણાલિકા અને નિષ્ક્રિયતાના બેવડા દબાણથી ઇસ્લામ ગૂંગળાઇ જવાનો ભય છે."

પ્રવચનના અંતે ફરમાવ્યું: "આ નેતાઓએ કંઇક કરી છૂટવાનો નિર્ધાર કરતા મુસ્લિમ વેલફેર સોસાયટી અને પૂર્વ આફ્રિકન મુસ્લિમ સંસ્થાની સ્થાપના થઇ છે જે ત્રણ મુખ્ય વર્ગો વચ્ચે સાંકળરૂપ બની છે. પહેલીજ વાર હિંદીઓ, આફ્રિકનો અને અરબોએ ઇસ્લામના સમાન ઉદ્દેશ સાથે મળીને કાર્ય શરૂ કર્યું છે જેની ભારે અસર થઇ છે."

## કરાંચી મ્યુનિસિપાલટીનો સત્કાર સમારંભ

મૌલાના હાઝર ઇમામનો કરાંચીના શહેરીઓ વતી સત્કાર કરવાનો એક સમારંભ મ્યુનિસિપાલટી તરફથી ૩૦–૧–૫૮ ના યોજવામાં આવ્યો હતો. જેમાં મૌલાના હાઝર ઇમામને શહેરીઓ તરફનું માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

ઇમામે ઝમાને માનપત્રના ઉત્તરમાં નિર્વાસિતોના પ્રશ્નો ઉપર કાળજી લેવા અનુરોધ કર્યો હતો. આપે જણાવ્યું: "નિર્વાસિતો માટે મુખ્ય આવશ્યકતા એ છે કે દેશમાં પૂરેપૂરા ઓતપ્રોત બની જાય અને દેશના જીવનમાં રચનાત્મક હિસ્સો લેવાની તાલીમ મેળવે. અમને આશા છે કે આ શહેર તેની ઉગતી પેઢીને પૂરતી સગવડોની જોગવાઇ આપવા પૂરતી શક્તિઓનો ઉપયોગ કરશે. શાળાઓ અને એથી વિશેષ તો યોગ્ય શિક્ષકોની જરૂરત સૌથી મોટી છે, જે ઉપર તમે લક્ષ આપી રહયા છો એ અમે જાણીએ છીએ."

અમે પોતે થોડા વખત પહેલા વિદ્યાર્થી હતા. જો બીજી પ્રવૃતિ માટે પણ તકો રહેતી હોય તો વિદ્યાર્થીઓ રાજકારણમાં સક્રીય હિસ્સો લે એ સામે અમને ખાસ વાંધો લાગતો નહોતો. પણ ભય એ છે કે વિદ્યાર્થી માત્ર રાજકારણ માટે જ જીવતો હોય એવું થઇ જશે અને બીજી કોઇ વસ્તુ માટે નહિ. બીજી ગણતરીને બાજુએ મૂકતા આથી વિદ્યાર્થી બહુજ નિરસ વ્યકિત બની જશે.

મનોરંજન અને રમતના મેદાનોની જરૂરત ઘણી વાર પીછાણવામાં આવે છે એ કરતા વધારે છે. શાળાની સંગીન કેળવણી તેમજ આપણા મઝહબ ઇસ્લામની પ્રગતિશીલ તાલીમની સાથે સાથે આ વસ્તુઓ યુવાન પેઢીના ઘડતરમાં સહાય કરી શકે છે જે જીવન જીવવાની કલાને એના સૌથી ભરપુર અર્થમાં સમજી શકે. અમે આશા રાખીએ છીએ કે આ પ્રશ્ન પ્રત્યે પણ યોગ્ય લક્ષ અપાશે કારણ કે એનો જે પ્રત્યુતર તમે આપશો એના ઉપર આ મહાન દેશના ભાવિનો આધાર રહેલો છે."

## પાક–ભારત વચ્ચે સહકાર જરૂરી છે

આ સમારંભમાં જ મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું કે: પાક–ભારત એ બન્ને દેશોના પ્રશ્નો લગભગ સરખા છે અને તેમની મુશ્કેલીઓ વધારવી ન હોય તો બન્ને વચ્ચે સહકાર જરૂરી છે."

## ઇમામે ઝમાન જુમ્માની નમાઝ અદા કરે છે

કરાંચીની રોકાણ દરમિયાન ઇમામે ઝમાને તા. ૩૧–૧–૫૮ ના જુમ્માની નમાજ અદા કરી હતી. કરાંચીની બોલ્ટન મારકેટ ખાતેની મેમણ મસ્જિદમાં આપ નમાજ અદા કરવા પધાર્યા ત્યારે ત્યાં હાજર રહેલા હજારો ઇસ્લામીઓએ "અલ્લાહો અકબર" અને "ઇસ્લામ જિંદાબાદ" તેમજ "આગાખાન જિંદાબાદ" ના ગગનભેદી નારાઓથી ભવ્ય સત્કાર કર્યો હતો.

## વિશ્વભરમાં રજૂ થયેલી તખ્તનશીનીની ફિલ્મ

મૌલાના હાઝર ઇમામની કરાંચી ખાતેની તખ્તનશીનીની ફિલ્મની વિશ્વભરમાં રજૂઆત થઇ હતી પાકિસ્તાન સરકારના ફિલ્મસ ડિવીઝને ઉતારેલી આ ફિલ્મને બ્રિટને તા. ૨૬મી જાન્યુઆરીએ ટેલિવીઝન ઉપર રજૂ થઇ હતી. અમેરિકામાં પણ તે ટેલિવીઝન ઉપર રજૂ થઇ હતી. આ ઉપરાંત બ્રિટિશ ન્યુઝ રીલમાં પણ આ પ્રસંગનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બ્રિટનમાં ન્યુઝ રીલો બતાવતી ત્રણ મુખ્ય કંપનીઓ બ્રિટિશ મુવીટોન ન્યુઝ, પાથે અને ગેમન્ડ બ્રિટિશે તખ્તનશીની પ્રસંગની ફિલ્મ ઝડપી હતી અને વિશ્વભરમાં તેની તુરત રજૂઆત પણ કરી હતી.

## પૂર્વ પાકિસ્તાનમાં તખ્તનશીની માટે તૈયારીઓ

પશ્ચિમ પાકિસ્તાનમાં કરાંચી ખાતે તખ્તનશીનીની ઉજવણી થયા પછી પૂર્વ પાકિસ્તાનના મુખ્ય શહેર ઢાકા ખાતે તા. ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૫૮ ના એક વધુ ઉજવણી કરવાની મંજૂરી મળી હાઇ આ માટેની પુરજોશ તૈયારીઓ કરવામાં આવી હતી.

## પૂર્વ પાકિસ્તાનમાં તખ્તનશીની માટે તૈયારીઓ

પશ્ચિમ પાકિસ્તાનમાં કરાંચી ખાતે તખ્તનશીનીની ઉજવણી થયા પછી પૂર્વ પાકિસ્તાનના મુખ્ય શહેર ઢાકા ખાતે તા. ૧૨મી ફેબ્રુઆરી ૧૯૫૮ ના એક વધુ ઉજવણી કરવાની મંજૂરી મળી હોઇ આ માટેની પૂરજોશ તૈયારીઓ કરવામાં આવી હતી.

## ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની કરાંચી ખાતે પધરામણી

૧૯૫૮ નું વરસ પાકિસ્તાન માટે ખૂબ યાદગાર અને ઐતિહાસિક રહેશે. આ વરસે અહિ મૌલાના હાઝર ઇમામની તખ્તનશીનીની ઉજવણી થઇ હોવા ઉપરાંત આ પ્રસંગે મૌલાના હાઝર ઇમામ સહિત આપના નૂરાની પરિવારના સભ્યોએ પણ મુબારક પધરામણી ફરમાવી હતી. આ પહેલાજ મૌલાના હાઝર ઇમામ સાથે આપના માતુશ્રી પધાર્યા હતા. ઉપરાંત ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબ પણ આપના મહેરદાર સાથે પધાર્યા હતા. આ આનંદમાં વધારો કરવા તા. ૩જી ફેબ્રુઆરી ૧૯૫૮ ના મૌલાના હાઝર ઇમામના વહાલા પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે કરાંચી ખાતે પધરામણી ફરમાવી. હવાઇ મથકે ના૦ પ્રિન્સ અલીખાન સાહેબને આવકારવા મૌલાના હાઝર ઇમામ આપના માતુશ્રી સાથે જાતે પધાર્યા હતા. પિતા–પુત્રનું અહિં અદ્ભૂત મિલન થયું હતું. કરાંચીના ઇસમાઇલીઓ તેમજ પાક વડા પ્રધાન વતી તેમના એ. ડી. સી. એ. પણ ના૦ પ્રિન્સ સાહેબનો ભવ્ય સત્કાર કર્યો હતો.

આ પહેલાં ના૦ શાહઝાદા સદરૂદીન સાહેબ કરાંચીથી રવાના થયા હતા.

કરાંચી ખાતે તા. ૩–૨–૫૮ ના એક ભવ્ય દરબાર આગાખાન જીમખાના ખાતે યોજવામાં આવ્યો હતો. સફેદ શેરવાની અને લીલા રંગનો જરિયાન સાફો પહેરી મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ આગાખાન પોતાના પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ સાથે દરબારમાં પધાર્યા હતા.

## મૌલાના હાઝર ઈમામનો પશ્ચિમ પાંખનો પ્રવાસ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ કરાંચી ખાતે તખ્તનશીની ઉજવી, કેટલાક દિવસો અહિ ખાતે રોકાઇ સિંધ અને સરહદના પ્રવાસે રવાના થયા હતા. સિંધના મુખ્ય કેન્દ્રોમા પધરામણી ફરમાવવા ઉપરાંત પેશાવર અને ખયબર ઘાટ સુધીનો પ્રવાસ પણ કર્યો હતો.. આપશ્રીએ દરેક સ્થળોએ જમાતોને દિદાર અને દુઆઆશિષોની નવાજેશ ફરમાવી અનેક વિષયો ઉપર દોરવણી આપતા ફરમાનો ફરમાવ્યા હતા. આ સઘળો પ્રવાસ પૂરો કરી લાહોર પધાર્યા અને લાહોરથી ઢાકા જવા રવાના થયા હતા.

## ઢાકા ખાતે શુભાગમન

મૌલાના હાઝર ઇમામ તા. ૧૧–૨–૫૮ ના ઢાકા પધારતા હવાઇ મથકે ના૦ ગવર્નરના સરકારી મંત્રી સ્વાગત માટે હાજર રહયા હતા. ઇસમાઇલી અગ્રેસરોએ પણ દબદબાભર્યો સત્કાર કર્યો. જીરમાની રીતે મુસાફરીના થાકને ન ગણકારતા ૧૧ વાગે જમાતખાનામાં પધરામણી ફરમાવી હતી. બપોર પછી આપ પુનઃ પધાર્યા અને રાતના આઠ વાગ્યા સુધી બિરાજી જમાતોના ધાર્મિક કાર્યો ઉકેલ્યા હતા. બીજા દિવસે તખ્તનશીની હતી છતા એ દિને પણ સવારના પધરા- મણી ફરમાવી ધાર્મિક કાર્યો ઉકેલ્યા હતા.

## ઢાકાને આંગણે ઉજવાયો મહામહોત્સવ

તા. ૧૨ મી ફેબ્રુઆરી ૧૯૫૮ ની સાંજના ઢાકા ખાતે ત્રીસ હજારની જનમેદની સમક્ષ મૌલાના હાઝર ઇમામની તખ્તનશીનીની પાકિસ્તાનમાં બીજી અને દુનિયામાં પાંચમી ઉજવણી કરવામાં આવી.

ઢાકાની આ ઉજવણી પ્રસંગે પૂર્વ પાકિસ્તાનના ના૦ ગવર્નર જ૦ એ. કે. ફઝલુલ હક, મુખ્ય પ્રધાન જ૦ અતા ઉર રહેમાન અને પ્રધાન મંડળના સભ્યો, સરકારી અમલદારો, હુંઝાના ના૦ મિર અને તેમના બેગમ સાહિબા તેમજ પ્રતિષ્ઠિત નાગરિકોએ હાજરી આપી હતી.

પાક કુરાને શરીફની તિલાવત સાથે ઉજવણી શરૂ થઇ હતી. અહિ પણ આપશ્રીની હુઝુરમાં પાક કુરાને શરીફ, ઝબ્બો, પાઘડી, ચેન, સમશેર અને વીંટી પેશ કરવામાં આવ્યા હતા. આ વિધિ પૂરી થયા બાદ પૂર્વ પાકિસ્તાનના ઇસમાઇલીઓ વતી સન્માનપત્ર પેશ કરવામાં આવ્યું હતું.

## "આ એક એવો મઝહબ છે અને તેનું બંધન એવું છે જેને કોઇ તોડી શકશે નહિ !"

માનપત્રનું વાંચન પૂર્ણ થયા બાદ ઇમામે ઝમાને પોતાનું ઐતિહાસિક પ્રવચન કર્યું હતું. આપના લંબાણ પ્રવચન દરમિયાન આપે મહાન મઝહબ ઇસ્લામની ચેતનવંતી શકિત વિષે જણાવ્યું :—"આ પ્રવાસ પરથી એક વસ્તુ અમને દેખાઇ છે કે પાકિસ્તાનના બે અરધા ભાગોને સાંકળી રહેલી ભૌતિક વસ્તુઓ કેટલી મુશ્કેલ છે ? માત્ર થોડા, વિમાનો, થોડા જહાજો અને રેડિયો સંપર્ક એના પર બારસો માઇલનું આ અંતર સાધવા માટે તમારે આધાર રાખવાનો છે એમ અમને લાગે છે. પરંતુ આતો એક બાહ્ય મંતવ્ય જ છે, કારણ કે આ સપાટીની નીચે એકજ મઝહબનું અગાધ ઊંડાણ છે અને એ પણ એવા મઝહબનું કે જેના માટે એક સમાન જીવનનો રાહ અગત્યનો છે. આ બંધન એવું છે કે જે કોઇ માનવીથી તૂટવું મુશ્કેલ છે. આ બંધન કાળના અંત સુધી ટકવાનું છે."

વધુમા ફરમાવ્યું : "આ બારસો માઇલનું અંતર મોટું લાગે છે અને તે મોટું છે પણ ખરું. અણુશકિતવાળા જહાજો, ઝડપી જેટ વિમાનો અને ટેલિવીઝન જેવા વ્યવહારના આધુનિક સાધનોના ચમત્કારથી રોજ રોજ અંતર ઘટતું રહે છે. આ પ્રમાણે ચાલુ રહેશે અને એની ગતિમાં મંદતા આવવાનું કોઇ કારણ અમે જોતા નથી. આથી કરીને તમો બધાયે, ખાસ કરીને યુવાન પેઢીએ એ વિચારવું જોઇએ કે તમારો દેશ માત્ર જન્મ લેવા કે મોટા થવા, પૈસા કમાવવા, લગ્નો કરવા, સંતાનો પેદા કરવા અને મૃત્યુ પામવાના સ્થાન કરતાંયે કંઇક વિશેષતા ધરાવે છે."

આગળ ચાલતા ફરમાવ્યું : "દેશની પ્રગતિ યા અધોગતિમાં કોઇપણ વ્યકિતના વર્તનનું પ્રતિબિંબ ઝીલાય છે. એટલે કે રાષ્ટ્રના બધાજ સવાલો તમારા પ્રશ્નો છે. જો રાષ્ટ્રની પ્રગતિ પ્રત્યે એના લોકો જાગતા ન રહે તો રાષ્ટ્રની પ્રગતી થઇ શકે નહિ અને ખરેખર તો નેતાઓ, શિક્ષકો, માવીત્રો અને યુવાનો એને દ્રઢતાથી વળગી ન રહે તો કોઇ મુસ્લિમ રાષ્ટ્ર ટકી શકે નહિ."

"શાળાઓમાં ફરજિયાત ઇસ્લામી શિક્ષણ એ ડહાપણભર્યું હશે, એમ અમે માનીએ છીએ. પરંતુ જો એ મઝહબી શિક્ષણ ભૂતકાળની રૂઢિઓમાં વધુ પડતું જડકાઇ રહેશે તો એનો પૂરતો ફાયદો ઉઠાવી શકાશે નહિ.

આપણા મઝહબની મહાન પ્રણાલિકાઓની ઉપેક્ષા કરવાની કોઇ આવશ્યકતા નથી. પરંતુ એને આજના તદ્દન નિરાલા સંજોગોના પ્રકાશને અનુરૂપ અને વધુ ચેતનવંતી બનાવવાની જરૂર છે. ભૌતિક પ્રગતિથી આપણે ડરવાનું નથી.

ઓછા વિકસિત એવા દેશોને ગરીબી, અને રોગચાળા સામેની તેઓની લડતમા આ પ્રગતિના ફળોની પૂરતી જરૂર છે અને મુસ્લિમો જો આ અગત્યતાને સ્વીકારે અને સાથે સાથે તેના મઝહબનું ચેતનવંતુ સત્વ ઇન્સાનની પ્રવૃત્તિના દરેક કણમાં સિંચાવ તો તમે ઇસ્લામનું ભૂતકાળનું ગૌરવ પુનઃ મેળવી શકશો !"

## 'ડેલી મેલ' ની અંજલિ

મૌલાના હાઝર ઇમામની પ્રતિભાને અંજલિ આપતો એક લેખ લંડનના પ્રખ્યાત અખબાર 'ડેલી મેલ' માં પ્રગટ થયો હતો. આ પત્રે પોતાના લેખમાં મૌલાના હાઝર ઇમામને મહાન મઝહબી નેતાની શકિત ધરાવતા યુગપુરુષ તરીકે ઓળખાવી લખ્યું કે "તેઓશ્રી અત્યારે મજબૂત ઇરાદાઓ સાથે તેમના અનુયાયીઓની અણુયુગમાં દોરવણી કરવા તૈયાર થઇ રહયા છે."

લેખમાં વધુમાં જણાવવામાં આવ્યું હતું કે, "નામદાર આગાખાન કે જેમણે પોતાનો યૌવનકાળ યુરોપમાં વિતાવ્યો છે તેઓ સદા ચૂસ્ત મઝહબી માન્યતાઓ ધરાવતા હતા અને તેમના માટે આમોદપ્રમોદ કોઇ મહત્વના નથી."

## હવે હિંદને મળે છે તખ્તનશીનીની અણમોલ તક

પૂર્વ આફ્રિકા અને પાકિસ્તાનમાં તખ્તનશીનીની ઉજવણી થયા પછી હિંદમાં મુંબઇ ખાતે ઉજવણી કરવા માટે મંજૂરી બક્ષવાની અરજ કરવા મુંબઇથી કોમના અગ્રેસરોના એક વગદાર પ્રતિનિધિ મંડળે ઢાકા ખાતે ઇમામે ઝમાનની મુલાકાત લઇ અરજ મૂકતા ઇમામે ઝમાને એ અરજને કૃપા કરી મંજૂર ફરમાવી અને તા. ૧૧ મી માર્ચ ૧૯૫૮ ના તખ્તનશીનીની ઉજવણી મુંબઇ ખાતે કરવાનું નકી થયું. આ માટે તડામાર તૈયારીઓ મુંબઇ ખાતે થવા લાગી હતી, અને એક વગદાર ઉજવણી સમિતિની રચના કરવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામને હિંદની સરકારે પોતાના પરોણા તરીકે નવી દિલ્હી પધારવા આમંત્રણ આપ્યું હતું જેનો ઇમામે ઝમાને સ્વીકાર કર્યો હતો.

## ખૂલના અને ચીતાગોંગની મુલાકાત અને લંડન ભણી રવાનગી

ઇમામે ઝમાનનો પૂર્વ પાકિસ્તાનનો પ્રવાસ ટૂંકો હતો. તા. ૧૨ ના ઢાકા ખાતે તખ્તનશીની ઉજવાયા પછી આપશ્રી તા. ૧૩ ના ખૂલના ખાતે અને તા. ૧૪ ના ચીતાગોંગ ખાતે પધાર્યા હતા. તા. ૧૫ મી ફેબ્રુઆરીના આપશ્રી કરાંચી જવા રવાના થયા હતા અને તેજ દિને કરાંચીથી લંડન ભણી સિધાવી ગયા હતા.

## 'યુનો' ખાતેના પાકિસ્તાનના પ્રતિનિધિ તરીકે નામ૦ પ્રિન્સ અલીખાન

'યુનો'-યુનાઇટેડ નેશન્સ ઓરગેનાઇઝેશનમાં પાકિસ્તાનના કાયમી પ્રતિનિધિ તરીકે પાકિસ્તાન સરકારે મૌલાના હાઝર ઇમામના વહાલા પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની નિમણું ક કરી હતી. હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. જેવા મહાન પિતાના આ તેજવંતા પુત્રના રાજકારણમાં થયેલ પ્રવેશની ભવ્ય સફળતાઓ ઇચ્છવામાં આવી હતી. ના૦ પ્રિન્સ અલીખાન સાહેબ કે જેઓ તા. ૩જી ફેબ્રુઆરીએ કરાંચી ખાતે પધાર્યા હતા તેઓશ્રી તા. ૧૪ મી ફેબ્રુઆરીએ કરાંચીથી પેરિસ જવા સિધાવી ગયા હતા.

## હિંદમાં મુબારક પધરામણી—સરકાર તરફથી ભવ્ય સત્કાર

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ રવિવાર તા. ૯મી માર્ચ ૧૯૫૮ ના હિંદના પાટનગર નવી દિલ્હી ખાતે પધાર્યા હતા.

સાંજના ૭ વાગે ઇમામે ઝમાને આપના માતુશ્રી સાથે પાટનગરના પાલમ વિમાની મથકે પધરામણી ફરમાતા હિંદ સરકારના અધિકારીઓ અને મુંબઇના આગેવાન ઇસમાઇલીઓએ આપનો દબદબાભર્યો સત્કાર કર્યો હતો.

આ પ્રસંગે હવાઇ મથકે હાજર રહેલ સંખ્યાબંધ પત્રકારોને ઇમામે ઝમાને જણાવ્યું : "શિયા ઇમામી ઇસમાઇલીઓના ઓગણપચાસમાં ઇમામ તરીકેની આ દેશમાં ઉજવાનારી અમારી તખ્તનશીની પ્રસંગે ભારતમાં પધારવા ખચિતજ અમે આતુર હતા. મંગળવારે મુંબઇમાં થનારી ઉજવણી માટે રવાના થતા પહેલા તમારા રાષ્ટ્રપતિએ અમને દિલ્હીની મુલાકાત લેવાનું ઘણુંજ માયાળુ આમંત્રણ આપ્યું."

વધુમાં જણાવ્યું : "તમારા મહાન નેતા અને વડા પ્રધાન જવાહરલાલ નહેરુની મુલાકાત લેવાની અમને પ્રથમવાર તક મળે છે, તે ખાસ ખુશીની બાબત છે. આંતરરાષ્ટ્રીય પ્રશ્નોની તેમની ઊંડી સમજણથી છેલ્લા દસ વરસમાં ભારતે વિશ્વના રાજ કારણના મહાન નૈતિક બળોમાંના એક તરીકે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે."

નવી દિલ્હી ખાતે ઇમામે ઝમાન સરકારી પરોણા તરીકે હૈદ્રાબાદ હાઉસમાં રહયા હતા.

## મહાત્મા ગાંધીજીની સમાધિની મુલાકાત

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૧૦ મી માર્ચના નવી દિલ્હી ખાતે મહાત્મા ગાંધીની રાજઘાટ ખાતેની સમાધીની મુલાકાત લીધી હતી. દિલ્હીની ઐતિહાસિક જુમ્મા મસ્જિદની પણ આપશ્રીએ મુલાકાત લીધી હતી.

## વડા પ્રધાન શ્રી નહેરુ તરફથી ભોજન સમારંભ

તેજ દિને બપોરના હિંદના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુએ ઇમામે ઝમાનના માનમાં તેમના નિવાસસ્થાને એક ભોજન સમારંભ યોજ્યો હતો. સાંજના યુનાઇટેડ કિંગડમના હાઇ કમિશનર તરફથી એક વિશેષ સમારંભ યોજવામાં આવ્યો હતો. દિલ્હી યુનિવર્સિટીની પણ મુલાકાત લીધી હતી.

મૌલાના હાઝર ઇમામે આપના માતુશ્રી સાથે નવી દિલ્હીથી મુંબઇ ખાતે તા. ૧૧-૩-૫૮ ના મુબારક પધરામણી ફરમાવી હતી.

## મુંબઇમાં ઉજવાએલો ઐતિહાસિક મહામહોત્સવ

ઇસમાઇલી ઇતિહાસમાં મહામહત્વ ધરાવતા મુંબઇ શહેરમાં નૂર મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ હિઝ રોયલ હાઇનેસ નામ૦ આગાખાન સાહેબની ઐતિહાસિક તખ્તનશીનીની ઉજવણી જે દુનિયામાં છઠ્ઠી અને અંતિમ હતી તે મંગળવાર તા. ૧૧ મી માર્ચ ઇ. સ. ૧૯૫૮ ના સાંજના વરલી ખાતે આવેલા સરદાર વલ્લભભાઇ પટેલ સ્ટેડિયમમાં ઉજવવામાં આવી હતી.

૮૦ હજાર પ્રેક્ષકો જેમા હિંદના ખૂણે ખૂણેથી આવેલા ઇસમાઇલીઓ ઉપરાંત આફ્રિકા, બરમા, મલાયા, સિંગાપુર, પાકિસ્તાન, માડાગાસ્કર, સીરિયા અને મધ્યપૂર્વથી આવેલા ઇસમાઇલી-ઓનો સમાવેશ થતો હતો તેનાથી સ્ટેડિયમ ખીચોખીચ ભરાઇ ગયું હતું.

અનેક માનવંતા મહેમાનો પણ આ અવસરે હાજર રહયા હતા જેમા મુંબઇના મુખ્ય પ્રધાન શ્રી યશવંતરાવ ચૌહાણ અને તેમના પ્રધાનમંડળના સભ્યો, મુંબઇના તે સમયના ઇસમાઇલી ચીફ જસ્ટીસ શ્રી મહમદઅલી સી. ચાગલા અને તેમના ધર્મપત્ની, મુંબઇ રાજ્યની વિધાન સભાના માનનીય સ્પીકર શ્રી સીલમ, મુંબઇના મેયર અને શરીફ, ઉપરાંત દેશ પરદેશના એલચીઓ અને એલચી ખાતાના અધિકારીઓ, મુંબઇના પ્રતિષ્ઠિત આગેવાન નાગરિકો, મુંબઇના પોલિસ કમિશ્નર તેમજ નવી દિલ્હીથી આ પ્રસંગે હાજર રહેવા ખાસ આવેલા હિંદ ખાતેના તે સમયના પાકિસ્તા-નના હાઇ કમિશ્નર મિયા ઝિયાઉદીન, હુંઝાના નામ૦ મિર, તેમના બેગમ સાહેબા અને શાહઝાદાઓ ખાસ ધ્યાન ખેંચતા હતા.

પાક કુરાને શરીફની તિલાવત અને ગીનાન શરીફના પાઠથી ઉજવણીની શરૂઆત કરવામાં આવી. મૌલાના હાઝર ઇમામની હુઝુરમાં જુદા જુદા આગેવાનોએ કુરાને શરીફ, ઝભ્ભો, પાઘડી, ઇમામતની સાંકળવાલી ચેન, શમશેર અને વીંટી અર્પણ કર્યા હતા. આ વિધિ પુરો થયા બાદ હિંદના ઇસમાઇલીઓ વતી ઇમામે ઝમાનની હુઝુરમાં ભક્તિભાવ અને વફાદારીના પ્રતીકરૂપ માનપત્ર અર્પણ કરવામાં આવ્યું.

## હિંદુસ્તાન અને ઇસિમાઇલીઓ, ઇમામે ઝમાનનું પ્રવચન

માનપત્રનું વાંચન પૂરું થયા બાદ અને પૃથ્વીના ગોળાકારમાં દુનિયાના ચાલીસ જેટલા દેશો જ્યા ઇસમાઇલીઓ વસે છે તેના ચિન્હો દર્શાવતા ફાતમિ ધ્વજના પ્રતિક સાથેના અદભૂત કાસ્કેટમાં તે અર્પણ થયા બાદ આ પ્રસંગે ઇમામે ઝમાને ઐતિહાસિક પ્રવચન કર્યું હતું. પ્રવચનમાં આપે જણાવ્યું :—

"અમને ખાતરીપૂર્વક લાગે છે કે આ દેશમાં તમારા માટે મહાન તકો રહેલી છે જ્યારે એ હકીકત છે કે હિંદે પોતે જેમ પ્રગતિ અને વિકાસ સાધ્યા છે તેમા છેલ્લા એંસી વરસમાં ઇસમાઇલીઓએ પણ વિકાસ અને પ્રગતિ સાધ્યા છે. એશિયાના દેશોમાં હિંદ જ એક એવો મહાન દેશ છે કે જે આઝાદી પ્રાપ્ત કરી અને મરજિયાત રીતે રાષ્ટ્રસમૂહમાં જોડાએલો છે. ઉપરાંત વ્યક્તિગત સ્વતંત્રતા અને રાજકીય આઝાદીને અંતઃકરણથી સ્વીકારનાર પણ આજ પહેલો દેશ છે.

જે પ્રમાણે તમારી સરકારે ખાતરી આપી છે અને અપનાવ્યું છે કે, ફકત બંધારણના સામાન્ય નિયમોનું પાલન કરી, દરેક પુરુષ અને સ્ત્રીને, તેને ઉત્તમ લાગે તે પ્રમાણે બોલવાના, લખવાના, મત આપવાના અને મઝહબ પાળવાના અધિકારો હોવા જોઇએ. તે કોઇ પણ રાષ્ટ્ર માટે એક અદ્દભૂત સાહસરૂપ છે. પાંત્રીસ કરોડથી વધુ વસતિ ધરાવતો આ દેશ કે જેની સંસ્કૃતિ જૂની છે અને સરકારી માળખું નવું છે, કે જેને વારંવાર ગરીબી અને નિરક્ષરતાનો બોજો સહન કરવો પડે છે, તે વિશ્વે કદિયે નહિ જોયેલા એક હિંમતિ રાજકીય અખતરા સમાન છે. હિંદે જે પ્રમાણે આર્થિક અને રાજકીય કાર્ય આરંભ્યું છે, તેણે દરેક સ્થળની વિચારશીલ પ્રજાની કલ્પનાને વશ કરી છે.

જો કે આ કંઇ એક સરખો ઝળકતો ચિતાર નથી, એમ હોઇ પણ શકે નહિ. ભુતકાળમાં જન્મેલા પડછાયાઓ પડી રહયા છે અને ભવિષ્યમાં પણ એવુંજ થશે. પરંતુ એ અનિવાર્ય છે અને એ બધુ હિંદના વર્તમાન અને ભવિષ્યના નેતાઓની દિર્ઘદ્રષ્ટિ, ઉત્સાહ અને હિંમતને પડકારરૂપ છે.

પણ અમે સવંભાવે કહીશું કે જો, આ દેશ વર્તમાન સમયના સ્વતંત્ર સિધ્ધાંતો પ્રમાણે ખડો રહેશે તો તે આ પડકારને ઝીલી શકશે અને તેમાંથી પાર ઉતરી શકશે. જો હિંદ, વ્યકિતના સામાન્ય હકોને જાળવી રાખશે અને બહુમતીના દ્રષ્ટિબિંદુથી લઘુમતીનો ખ્યાલ રાખશે, માનવ યાતના અને ગરીબાઇ નાબૂદ કરવાના શકય એટલા પ્રયત્નો કરવાના તેના નિર્ણયમાંથી ચલિત થશે નહિ તો અમને ખાતરી છે કે તે પોતાની મુશ્કેલીઓ વટાવી શકશે અને આવા પ્રશ્નો ધરાવતા બીજા રાષ્ટ્રો માટે એક દ્રષ્ટાંત પૂરું પાડી શકશે.

ઇસમાઇલીઓ, જો કે આધુનિક હિંદમાં સિંધુની સરખામણીમાં એક બિંદુ સમાન છે, પરંતુ અમે માનીએ છીએ કે તેઓ આ દેશના ભાવિ વિકાસમાં પૂરો અને કોઇપણ રીતે ઓછો અગત્યનો નહિ એવો ભાગ ભજવશે.

આજે અહિં આવેલા બધા ઇસમાઇલીઓને અમે ફરમાવશુ કે તમારા માટે ખાસ કંઇ નથી. જ્યારે તમારું મઝહબ ઉપરનું ઇમાન એ હમેશા તમારા પરિચયરૂપ છે. તમારી દુન્યવી વફાદારી સંપૂર્ણ રીતે હિંદ અને તેની ચૂંટાએલી સરકાર પ્રત્યે છે. આ વસ્તુ સતત રીતે મનમા રાખવા અમારી કોમને અમે ફરમાવીએ છીએ. છતા તેઓએ હજુ વધુ કરી બતાવવું જોઇએ. ઇસમાઇલીઓને તેના ઉચ્ચ રીતે વિકાસ પામેલા સામાજિક ચણતર ઉપર હમેશા ગર્વ રહયો છે. આપણો મઝહબ આપણને એ શિખવે છે કે આપણા પોતાના કે આપણા કુટુંબોના હિત કરતાયે આપણું કાર્ય વધુ હોવું જોઇએ. જો તમે સંગઠિત રહેશો, સામાજિક પ્રગતિ અર્થે કાર્ય કરશો, તમારા નેતાઓને માન આપશો, તો અમને ખાતરી કે તમે આગળ વધી શકશો. હિંદ રાષ્ટ્રના એક ભાગ તરીકે તેની પ્રગતિકુચમાં તમારે તમારો હિસ્સો આપવો જોઇએ.

પરસ્પરની સદભાવના, સહિષ્ણુતા અને સન્માન, પ્રમાણિક કાર્ય તેમજ નિખાલસ વર્તનથી તમે તમારા સાથીદારોની ખરી મિત્રતા પ્રાપ્ત કરી શકશો. તમે શ્રીમંત હો કે ગરીબ, વેપારી હો કે નોકરિયાત હો શારીરિક શ્રમ કરતા હો કે દિમાગી કાર્ય, એનો કંઇ પ્રશ્ન જ નથી; તમારું આત્મિક રૂણ સરખું જ છે.

તમે જે રીતે તમારું રોજિંદુ જીવન જીવતા હો, તમારા સાથીદાર સ્ત્રી કે પુરૂષ પ્રત્યે જેવો વર્તાવ રાખતા હો અને સૌથી વધુ તો મહાન અલ્લાહમાં તમારો વિશ્વાસ હોય એ રીતથી તમે અંતિમ ઇન્સાફ મેળવશો."

## નામ૦ ગવર્નર તરફથી ભોજન સમારંભ

એજ રાતના મૌલાના હાઝર ઇમામના માનમાં મુંબઇના નામ૦ ગવર્નર શ્રી શ્રીપ્રકાશે મુંબઇના રાજભવન ખાતે એક ભવ્ય ભોજન સમારંભ યોજ્યો હતો. મુંબઇ રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી ચૌહાણે યજમાન તરીકે કાર્ય બજાવી ઇમામે ઝમાન અને આપના માતુશ્રીનો સત્કાર કર્યો હતો.

## ઐક્યતા જાળવવા ફરમાન

ઐતિહાસિક તખ્તનશીની પછી ઇમામે ઝમાન મુંબઈ ખાતે તા. ૧૬ પર્યંત રોકાયા હતા અને આ દિવસો દરમિયાન સવારના અને ત્યારબાદ બપોરના પણ જમાતખાને પધારતા હતા. સાત વરસના લાંબા ગાળા પછી ઇમામે ઝમાને હિંદના ઇસમાઇલીઓના ધાર્મિક કાર્યો ઉકેલ્યા હતા.

તા. ૧૬ મી માર્ચના ઇમામે ઝમાને જમાતખાનાઓમાં પધરામણી ફરમાવી તે પ્રસંગે ઐક્યતાથી જીવવા ફરમાવ્યું કે, "તમે એક બીજા આપસમાં રૂહાની ભાઇઓ છો, તેથી એક બીજાના કામકાજો પોતાના સમજીને કરજો પરસ્પર. ઐક્યતા, સંપ, પ્રેમ અને સહકાર રાખશો તો અમને ઘણીજ ખુશી થશે, બાળકોને સારામાં સારું, ઉત્તમ શિક્ષણ આપવાની કાળજી રાખશો."

## મૌલાના હાઝર ઇમામે યોજેલા સમારંભો

મુંબઇ ખાતે ઇમામે ઝમાનના માનમા જેમ અનેક શાનદાર સમારંભો યોજાયા હતા તેમ ઇમામે ઝમાને પણ મુંબઇના નામ૦ ગવર્નર, મુંબઇ રાજ્યના પ્રધાનમંડળના સભ્યો અને પરદેશના એલચીઓના માનમા દરેક જુદા જુદા સમારંભો યોજ્યા હતા. તા. ૧૬–૩–૫૮ ના આપશ્રી રાજકોટ જવા રવાના થયા હતા

મૌલાના હાઝર ઇમામના માતુશ્રી નામ૦ પ્રિન્સેસ તાજુદવલા અલીખાનસાહેબા મુંબઇથી તા. ૧૩–૩–૫૮ ના લંડનભણી રવાના થયા હતા.

## મૌલાના હાઝર ઇમામની રાજકોટ ખાતે પધરામણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૧૬મી માર્ચ ૧૯૫૮ ના રાજકોટ ખાતે મુબારક પધરામણી ફરમાવી હતી. ઇમામે ઝમાનની સૌરાષ્ટ્રની આ પ્રથમ પધરામણી હતી અને આ પ્રસંગે અખિલ સૌરાષ્ટ્રમાંથી રાજકોટ ખાતે પચીસ હજાર ઇસમાઇલીઓ એકઠા થયા હતા. રાજકોટ ખાતે ઇમામે ઝમાન તા. ૧૯ સુધી રોકાયા હતા અને આ રોકાણ દરમિયાન દરરોજ દિવસના બે વખત પધારી, કલાકો સુધી જમાતો વચ્ચે બિરાજી જમાતોના ધાર્મિક કાર્યો ઉકેલ્યા હતા.

## ઐક્યતા, કેળવણી અને ધંધો

રાજકોટ ખાતે તા. ૧૯ મી માર્ચના ઇમામે ઝમાને મહત્વના ફરમાનો ફરમાવ્યા હતા. ઐક્યતા વિષે ફરમાવ્યું : "તમારે દરેકે યાદ રાખવું જોઇએ કે તમે દરેક રૂહાની ભાઇ બહેનો છો, તમારે, દરેકે સંપ સલાહથી રહેવું જોઇએ અને કોમની ભલાઇના કામકાજો સંપ સલાહથી કરવા જોઇએ."

શિક્ષણ માટે દોરવણી આપતા ફરમાવ્યુ : "બચ્ચાઓ માટે બાર વરસથી લઇને ત્રીસ વરસ સુધીનો સમય કેળવણી લેવા માટેનો છે અમે માબાપોને ફરમાવીએ છીએ કે બાળકોને સારામાં સારું શિક્ષણ આપે. સાથે સાથે માવિત્રોએ એ પણ ધ્યાનમાં રાખવું જોઇએ કે બચ્ચાઓ સારા અને સ્વચ્છ કપડા પહેરે છે કે નહિ ઉપરાંત તેઓની તંદુરસ્તી માટે પણ પૂરતું ધ્યાન આપવું. બચ્ચાઓ બીમાર ન થાય એની પૂરતી કાળજી રાખવી.

જેઓ કેળવણી લ્યે છે તેણે બાપદાદાના ધંધામાં ધ્યાન રાખવું. એવું ન બને કે ખેતીવાડી, વેપાર મૂકી સાયન્સમાં આગળ વધી બાપદાદાના ધંધાને છોડી આપે."

તા. ૯ના સાંજના ઇમામે ઝમાનના માનમા રાજકોટના શહેરીઓ તરફથી સરદાર બાગમા એક સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો જેમા સુધરાઇના ધારાસભાના રૂભ્યો તેમજ આગેવાન નાગરિકો હાજર રહયા હતા. તા. ૧૯ના આપશ્રી રાજકોટથી પુનઃ મુંબઇ પધાર્યા હતા.

## નવરોજનો ભવ્ય દરબાર

તા. ૨૧ મી માર્ચ ૧૯૫૮, નવરોજના મુંબઇ ખાતે હસનાબાદમાં ભવ્ય દરબાર યોજવામા આવ્યો હતો. ઇમામે ઝમાને આજના દિને જમાતોને ઐક્યતા માટે ખાસ ભલામણ કરી ફરમાવ્યું : "આવતા વરસ માટે તમે બધી જમાતો સુખ અને આબાદી મેળવો એવી દુઆ ફરમાવીએ છીએ."

નવરોજના શુક્રવાર પણ હતો અને ઇમામે ઝમાન આ દિને જુમ્માની નમાજ અદા કરવા મુંબઇની જુમ્મા મસ્જિદ ખાતે પધરામણી ફરમાવી હતી. હજારો ઇસ્લામી સાથે ઇમામે ઝમાને નમાજ અદા કરી હતી અને જ્યારે આપ સીધાવ્યા ત્યારે રસ્તા ઉપર એકઠા થયેલા હજારો ઇસ્લામીઓએ "અલ્લાહો અકબર" અને "ઇસ્લામ જિંદાબાદ"ના નારાઓથી વાતાવરણ ગજાવી મૂક્યું હતુ.

## 'સમગ્ર ઇસ્લામનું જ્ઞાન જરૂરી છે'

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાને તા. ૨૨ મી માર્ચના હિંદની ઇસમાઇલીઆ એસોસીએશનની મુલાકાત લઇ મઝહબી માર્ગદર્શન આપ્યું હતું. આપે આ મુલાકાત વખતે ફરમાવ્યું : "તમારે સમગ્ર ઇસ્લામ વિષે જ્ઞાન સંપાદન કરવુ જોઇએ. આથી કોઇ બાબત ઉપસ્થિત થાય તો તેનો જવાબ આપી શકાય. કુરાને શરીફને તેની સામાન્ય સમજૂતી સાથે સમજવું જોઇએ. તમારે એ પણ જાણવું જોઇએ કે બીજા મુસ્લિમો સાથે આપણને શું સંબંધ છે? કુરાને શરીફના કેટલાક પ્રકરણોને તો તમારે સામાન્ય અર્થ સહિત જાણવા જ જોઇએ

આ પ્રકરણો સાથે કોઇ સંબંધ છે કે નહિ એ જાણવાની પણ જરૂર છે. ઇસ્લામના ઘડતરમાં મહાન ભાગ ભજવનારાઓ વિષે તમારે જાણવું જોઇએ ઇમામત અને ખિલાફત એટલે શું અને ઇમામને શા માટે માનવા જોઇએ એ હકીકતનો બુધ્ધિગમ્ય રીતે અભ્યાસ કરવો જોઇએ. ભાવિ પ્રજા જો આપણને આવા પ્રશ્નો કરે તો તેમને આપણા જ્ઞાન થકી જવાબો આપી શકાય તે માટે આ જ્ઞાન જરૂરી છે."

તા. ૨૪ ના આપે પ્રિન્સ અલીખાન ઇસમાઇલી જનરલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને હોસ્પિટલની બંધાનારી એક બીજી ઇમારતનો પાયો નાંખવાની ક્રિયા કરી હતી.

## લંડન ભણી રવાનગી

એક પખવાડિયાથી વધુ સમય હિંદ ખાતે રોકાઇ, મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન તા. ૨૮ મી માર્ચના મુંબઇથી લંડન ભણી સીધાવી ગયા હતા. માર્ગમાં આપે કરાંચી ખાતે ટૂંકી રોકાણ કરી હતી. કરાંચીની ટૂંકી રોકાણ દરમિયાન પણ આપે જમાતોને દિદારનો લાભ આપ્યો હતો.

## મુંબઈની રોટરી કલબમાં પ્રવચન

મૌલાના હાઝર ઇમામ મુંબઇથી તા. ૨૮ ના સિધાવ્યા તે પૂર્વે તા. ૨૫ મી માર્ચની મુંબઇની રોટરી કલબમાં રોટરિયનો સમક્ષ "ઇસમાઇલીઓ અને આફ્રિકાના વિકાસમાં એશિયન પ્રજાનો હિસ્સો" એ વિષય ઉપર મનનીય પ્રવચન કર્યું હતું. આ પ્રવચનમાં આજના આફ્રિકાનો ચિતાર આપવા ઉપરાંત નેટીવ પ્રજામાં આવેલી જાગૃતિનો અને આફ્રિકામાં રહેલી વિકાસની તકોનો આપે ઉલ્લેખ કર્યો હતો.

## કોંગો ખાતે ઇમામે ઝમાન

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન હિંદનો પ્રવાસ પૂરો કરી, લંડન ખાતે આવી ફરી કોંગોના પ્રવાસે રવાના થયા હતા અને તા. ૬ઠી મે ૧૯૫૮ ના કોંગો ખાતે પધાર્યા હતા. અહિં આપશ્રીએ નવા જમાતખાનાની ઉદઘાટન ક્રિયા કરી હતી. ઇમામે ઝમાને આ દેશના ઇસમાઇલીઓને વેપાર અને નોકરીના જુદા જુદા ક્ષેત્રોમાં ઝંપલાવવા ફરમાવ્યું હતું. ઇબાદત વિષે આપે ફરમાવ્યું : "તમારી બંદગી અને ધાર્મિક ફરજોનું પણ તમારા બચ્ચાઓ અનુકરણ કરી આગળ વધશે. તમે જો સાથે રહીને તમારી બંદગી સમયસર ગુજારશો અને તમારી બીજી ધાર્મિક ફરજોને સંભાળશો તો અમને ખાતરી છે કે જિંદગીના દરેક કાર્યને તમારી પસંદગી મુજબ પાર પાડી શકશો."

## પોર્ટુગીઝ આફ્રિકા ખાતે પધરામણી

આ પ્રવાસ દરમિયાન પોર્ટુગીઝ આફ્રિકાની પણ મુલાકાત લીધી હતી. તા. ૧૯મી માર્ચની આ પ્રદેશના મોઝામ્બીક શહેરની મુલાકાત વખતે આપનો ઇસમાઇલીઓ ઉપરાંત બિન ઇસમાઇલીઓએ અદભૂત સત્કાર કર્યો હતો. સુન્ની મુસ્લિમ બિરાદરોની એસોસીએશને આપશ્રીને માનપત્ર અર્પણ કર્યું હતું.

## "આપસના ઝઘડાથી અમને ખૂબ વેદના થાય છે."

તા. ૨૯–૫–૫૮ ના ઇમામે ઝમાને તાનાનારીવ ખાતે ફરમાવ્યું: "અમે તમને ખુલ્લી રીતે કહી દેવા માંગીએ છીએ કે જો તમે અંદરોઅંદર ઝઘડા કરશો, જો તમે અંદરોઅંદર એક બીજાને મદદ નહિ કરો તો તમે કશુ કરી શકશો નહિ એટલું નથી, પરંતુ તમારા વેપારને પણ એકદમ નુકશાન પહોંચશે.

હ૦ નબી સાહેબે જે ફરમાવેલ છે તે તમને દિવસની દરેક મિનિટે તમારા મગજમાં રાખવા ફરમાવીએ છીએ કે: 'તમે સઘળા ભાઇઓ અને બહેનો છો.'

એ યાદ રાખજો કે અમારા દાદાશ્રીએ તમને એક વખત ફરમાવેલ છે–અને અમે ધારીએ છીએ કે ઘણી વખતે ફરમાવેલ છે કે દરેક વખતે જ્યારે તમે પોતપોતામાં ઝઘડા કરતા ત્યારે તેમને તકલીફ થતી હતી. અમે પણ તમને ખાતરીપૂર્વક ફરમાવીએ છીએ કે તેનાથી અમને પણ બહુજ તકલીફ થાય છે. દરેક વખતે જ્યારે તમારામાંથી એકબીજાના મોટે દુષ્ટ એવો દ્વૈષભાવ, ખરાબ કે પાપી વર્તુણુક રાખો છો અને ચાડી ચૂગલી કરતા રહો છો એમ અમે સાંભળીએ છીએ તો અમને બહુજ દુઃખ થાય છે અને તેથી તમને પણ નુકશાન થાય છે કે જે તમે પોતે જોઇ શકતા નથી. આજથી ભાઇ બહેનની માફક જીવવાની શરૂઆત કરો."

તાનાનારીવ ખાતે પધારતા પૂર્વે તા. ૨૭મી મેના તુલિયાર ખાતે પધરામણી કરી હતી. તુલિયારના પ્રોવીન્શીઅલ કમિશ્નર તરફથી એક ભવ્ય ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

## 'ઇમામ દુનિયાની સર્વે રચનાનું મૂળ છે.'

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાનની લંડન ખાતે ૨૭ મે ૧૯૫૮ના દિને ઇંગ્લેંડના ચાર આગેવાન અખબારો, 'ડેલી એક્ષપ્રેસ', ઇવનીંગ ન્યુઝ', 'ડેલી મેઇલ', અને 'ન્યુ સ્ટેટસમેન' ના ચાર પત્રકારો અનુક્રમે, રેની મેકકોલ, જોન કોન્નેલ, માર્શલ પુધ, અને જોન ફ્રિમેને ખાસ મુલાકાત લઇ ઇમામે ઝમાનને અનેક વિષયો ઉપર કુલ્લ ૧૧૫ પ્રશ્નો પૂછ્યા હતા. ઇમામે ઝમાન એટલે શું, તેનું રૂહાની અને દુન્યવી કામ શું હોય છે, આપશ્રીની જીવન પ્રવૃતિ શું છે, ભાવિ જીવનનો ધ્યેય શું છે વિગેરે પ્રશ્નોના આપે ઉતરો આપ્યા હતા. આ પ્રશ્નોની હારમાળામાં આપને ૮૮ મો પ્રશ્ન એ પૂછવામાં આવ્યો હતો "આપની કોમના મનમાં આપ એક મનુષ્ય તરીકે તો ખરાને ?"

આ પ્રશ્નનો સચોટ ઉતર આપતા ઝમાનાના ઇમામે ફરમાવ્યું: "ના, તેઓના હ્રદયમાં અમારું સ્થાન ઇમામ તરીકેનું છે કે જે સર્વે રચનાનું મૂળ છે."

છેલ્લા પ્રશ્નનો ઉતર આપતા ફરમાવ્યું હતું કે "મારા મુરીદોના જીવન તથા રહેણીકરણીને ઘડવી અને તેમને દુન્યવી તથા ધાર્મિક દોરવણી આપી મદદ કરવી એમા મને આનંદ મળે છે.'

## દક્ષિણ આફ્રિકાના પત્રકારને એક વધુ મુલાકાત

ઇંગ્લંડ ખાતેની આ અખબારી મુલાકાત બાદ કેટલાક સમય પછી આપે દક્ષિણ આફ્રિકાના જોહન્સબર્ગથી પ્રગટ થતા 'ડ્રમ' માસિકને મુલાકાત આપી હતી. આ મુલાકાત લેનાર એ સામયિકના તંત્રીએ ઇમામે ઝમાનને સાત પ્રશ્નો પૂછ્યા હતા. આ અખબારી મુલાકાત પ્રસંગે, પહેલાજ

પ્રશ્નના ઉતરમાં આપશ્રીએ ફરમાવ્યું: "મારા દાદાશ્રીના અવસાન બાદ મારે સતત મુસાફરીઓ કરવાની રહે છે. આફ્રિકાની મારી આ મુસાફરી શરૂ કર્યા પહેલા મેં મધ્યપૂર્વ તેમજ પાકિસ્તાનના મુલકોની લાંબી મુસાફરી કરી હતી. હાલમા મને મુસાફરીનો બહુજ થાક લાગ્યો છે. પાકિસ્તાનમાં મને ફક્ત ચાલીસ મિનિટ જ આરામ માટે મળતી."

પ્રશ્ન બીજાના જવાબમાં ફરમાવ્યું, "ઇમામ તરીકે હું નિર્ણય આપુ છુ તેમજ ઝઘડાઓની પતાવટ કરું છું. ઇમામ અધિકારપૂર્વક મકકમતા સાથે પોતાનો નિર્ણય આપી શકે છે અને તેમના નિર્ણયને માન્ય રાખવાજ જોઇએ."

પ્રશ્ન ચોથાનો જવાબ આપતા ફરમાવ્યું, 'આ દુનિયામાં સુખ અને શાંતિ હોય એમ હું ઇચ્છું છું. તે એવી રીતે કે આ તથા પેલી દુનિયામાં લોકો સુખી થઇ શકે.'

## ઇમામત દિનની પહેલી ઉજવણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન ઇમામતની ગાદીએ બિરાજ્યા તેને જુલાઇ ૧૯૫૮ માં એક વરસ પુરું થતું હતું. મૌલાના હાઝર ઇમામે આ વરસે તા. ૧૧ મી જુલાઇના બદલે તા. ૧૨મી જુલાઇના ઉજવણી કરવા ફરમાવ્યું. આ માટે ફરમાન મોકલતા ફરમાવ્યું: "અમારા વહાલા દાદાશ્રીએ જેમો સિધાર્યાનું આ પહેલું વરસ હોવાથી આ વરસે તા. ૧૨મી જુલાઇના ઉજવણી કરવા ફરમાવીએ છીએ."

મૌલાના હાઝર ઇમામની આજ્ઞા અનુસાર વિશ્વના ઇસમાઇલીઓએ તા. ૧૨ મી જુલાઇ ૧૯૫૮ ના ઇમામત દિનની ઉજવણી કરી હતી

## વાર્તા માટેનું 'આગાખાન પ્રાઇઝ'

ફ્રાન્સના સાહિત્યક ત્રિમાસિક 'પેરિસ રિવ્યુ' માટે ૧૯૫૬ માં ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે "આગાખાન પ્રાઇઝ" ના નામે એક ઇનામ મુકરર કર્યું હતું. ૫૦૦ ડોલરનું આ ઇનામ 'એપ્સીટીન' નામની વાર્તા લખવા બદલ મિ૦ ફિલીપ રોથ નામના એક અમેરિકન લેખકે પ્રાપ્ત કર્યું હતું. પેરિસ ખાતે ના. પ્રિન્સ અલીખાનસાહેબે લેખકને આ ઇનામ આપ્યું હતું.

## "આગાખાન હોસ્પિટલ"નું ઇમામે ઝમાને કરેલું ઉદઘાટન

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ના ભવ્ય સ્મારક તરીકે પૂર્વ આફ્રિકામાં ચિલીંગ એક કરોડના ખર્ચે એક જંગી અને આધુનિક તબીબી સગવડોવાળી હોસ્પિટલ ઉભી કરવામાં આવી. મૌલાના હાઝર ઇમામે આ હોસ્પિટલને તદ્દન આધુનિક બનાવવા માટેની બાબતમાં ખુબજ ઉંડો રસ લીધો હતો અને લંડનની સેંટ જ્યોર્જ હોસ્પિટલનો સંપર્ક સાધી આ હોસ્પિટલ માટે મિ૦ આર. જી. એ. બ્યુમોન્ટ અને મિસ જીન લીપરની સેવાઓ મેળવી હતી.

નાત જાત કે વર્ગના કશા પણ ભેદભાવ વગર, ઇમામે ઝમાનના ફરમાન અનુસાર દરેક કોમો માટે ખુલ્લી એવી આધુનિક અને જંગી હોસ્પિટલનું ઉદઘાટન કરવા મૌલાના હાઝર ઇમામ ખાસ નૈરોબી પધાર્યા હતા. તા. ૧૦મી સપ્ટેમ્બર ૧૯૫૮ ના પાંચ હજાર જેટલા મહેમાનોની હાજરી સમક્ષ આપશ્રીએ આ હોસ્પિટલનું ઉદઘાટન કર્યું હતું.

આ પ્રસંગે હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહને અંજલિ આપતા કેનિયાના નામ૦ ગવર્નર કે જેઓ પણ આ અવસરે ખાસ હાજર હતા તેમણે જણાવ્યું : 'તેઓશ્રી સર્જક, પ્રેરક અને નેતા હતા.

મૌલાના હાઝર ઇમામે હોસ્પિટલનું ઉદ્‌ઘાટન કરી આ હોસ્પિટલની ભાવિ પ્રગતિમાં ખૂબ લક્ષ આપવા ફરમાવ્યું હતું. આપે ફરમાવ્યું : "ઇસમાઇલી કોમની તંદુરસ્તી તેમજ ઇસમાઇલી ડોક્ટરો અને નર્સો તૈયાર કરવામાં આ હોસ્પિટલ જરૂર આશીર્વાદરૂપ નીવડશે. અમે આશા રાખીએ છીએ કે આફ્રિકા, ભારત, પાકિસ્તાન, કોન્ગો માડાગાસ્કર તથા જગતના બીજા ભાગોમાંથી ઇસમાઇલી યુવતીઓ અહિં આવી નર્સ તરીકેની તાલીમ લેશે."

આપના કુટુંબે આપેલા સહકારનો ઉલ્લેખ કરતા ફરમાવ્યું : 'ના૦ માતા સલામતે તથા અમારા પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાનસાહેબે સારી જેવી રકમ અર્પી છે જ્યારે અમારા માતુશ્રી પ્રિન્સેસ તાજુદવલા, ના૦ પ્રિન્સ સદરૂદીન અને પ્રિન્સ અમીનમહમદે પણ સારી રકમ આપવાનું વચન આપેલ છે."

હોસ્પિટલની ઉદ્‌ઘાટન ક્રિયા કરવા પૂર્વે જે દિને એટલે તા. ૯મી સપ્ટેમ્બરે નૈરોબી પધાર્યા તેજ દિને ઇસ્લામિયા પ્રાયમરી સ્કુલનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. સાંજના જમાતખાને પધરામણી ફરમાવી લગ્નના કાર્યો ઉકેલ્યા હતા.

## તખ્તનશીની વાર્ષિક સ્મરણોત્સવ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાનની તખ્તનશીનીનો વાર્ષિક સ્મરણોત્સવ લંડન ખાતે તા. ૧૩મી સપ્ટેમ્બર ૧૯૫૮ ના સેવોય હોટલ ખાતે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે મૌલાના હાઝર ઇમામે હાજરી આપી હતી. આ સિવાય આપના દાદીશ્રી ના૦ માતા સલામત, માતુશ્રી ના૦ પ્રિન્સેસ તાજુદવલા અલીખાનસાહેબા, કાકાશ્રી ના૦ પ્રિન્સ સદરૂદીન અને કાકીશ્રી પ્રિન્સેસ શિરીન સદરૂદીન અને નાના ભાઇ ના૦ પ્રિન્સ અમીન-મહમદસાહેબે પણ હાજરી આપી હતી.

આ ઉત્સવ સમારંભના મુખ્ય મહેમાન તરીકે ના૦ મહારાણીના કોલોનિયલ સેક્રેટરી ધી રાઇટ ઓનરેબલ એલન લીનોક્ષ-બોયડ હતા.

ખાસ મહેમાનોમાં લેબેનોન, ઇજિપ્ત, સિલોન, ઇરાન, રોહડેશિયા, ન્યુઝીલેન્ડના એલચીઓ અને તેમના ધર્મપત્નીઓ તેમજ જયપુરના ના૦ મહારાજા હતા.

## જમાતખાનામાં પધરામણી

આ ઉજવણીના દિને સવારના મૌલાના હાઝર ઇમામે લંડનના જમાતખાનામાં પધરામણી ફરમાવી હતી. આપના દાદીશ્રી અને આપશ્રીના ભાઇ ના૦ પ્રિન્સ અમીનમહમદસાહેબ પણ આ વખતે હાજર હતા. આ પ્રસંગે એક મહત્વની જાહેરાત કરતા ફરમાવ્યું : ૧૯૫૯ ના ફેબ્રુઆરી માસમા અમારા દાદાશ્રીના જીરમ મુબારકની અંતિમ ક્રિયા કરવામાં આવશે. અમારી ઇચ્છા છે કે

બધી ફેડરલ કાઉન્સીલો અને સુપ્રીમ કાઉન્સીલોના સભ્યો આ ક્રિયામાં ભાગ લેવા અવશ્ય આવે. તે ઉપરાંત જેઓ સાધન સંપન્ન હોય તેઓ પોતાની કાઉન્સીલોને જણાવે તેથી તેઓની સગવડ માટેની અમારા તરફથી વ્યવસ્થા થઇ શકે." આસવાન ખાતે આ ક્રિયા કરવામાં આવશે એવું પણ ફરમાવ્યું હતું.

## મૌલાના હાઝર ઈમામ હાવર્ડ ખાતે

મૌલાના હાઝર ઇમામ ઇમામતની ગાદિએ બિરાજ્યા પછી તુરત ઉપાડી લીધેલી મહાન કાર્યની જવાબદારીના કારણે એક વરસ સુધી અભ્યાસ મુલતવી રાખ્યો હતો. દુન્યવી રીતે અભ્યાસનું છેલ્લું વરસ પૂરું કરવા સપ્ટેમ્બર ૧૯૫૮માં પુનઃ હાવર્ડ યુનિવર્સિટીમાં જોડાયા. અભ્યાસ કરવા ઉપરાંત મોડી રાત સુધી આપના ખાસ મંત્રી સાથે બેસી દુનિયાભરમાંથી મુરીદો તરફથી આવેલા પત્રવહેવાર ઉપર સતત લક્ષ આપતા હતા. હાવર્ડ ખાતે એક વિદ્યાર્થી તરીકે, મહાન ઇમામે સાદાઇભર્યું જીવનધોરણ રાખ્યું હતું. 'લાઇફ' નામના સામયિકમાં આપના વિદ્યાર્થી જીવનના અંતિમ વરસના ચિત્રો અને હકીકતો પ્રગટ થયા હતા જેમાં આપે વિદ્યાર્થી તરીકે સ્વઇચ્છાથી કદિ મોટરનો ઉપયોગ ન કર્યો હોવાનું પણ રેલ માર્ગેજ પ્રવાસ કર્યો હોવાનું જણાવવામાં આવ્યું હતું. અભ્યાસકાળ દરમિયાન પણ મુરીદોના હિતાર્થે આપ મોડી રાત સુધી આપના મંત્રી સાથે બેસી કાર્ય કરો છો એના પૂરાવા રૂપે ચિત્રો પણ પ્રગટ થયા હતા.

મૌલાના હાઝર ઇમામે માસ સપ્ટેમ્બર ૧૯૫૮માં હિંદુસ્તાન ખાતે સંસ્થાઓમાં નવી નિમણૂંકો કરી હતી.

## 'મઝહબનું ઉંડુ જ્ઞાન અને સાચી સમજદારી'—ઇમામે ઝમાનનો સંદેશો

પાકિસ્તાનની ઇસમાઇલીઆ એસોસીએશનને ઇમામે ઝમાને તા. ૨૯મી ઓકટોબર ૧૯૫૮ના એક સંદેશા દ્વારા મઝહબી દોરવણી આપતા ફરમાવ્યું : "તમારામાના દરેક જણે પોતાના મઝહબ સંબંધી ઊંડું જ્ઞાન અને સાચી સમજદારી ધરાવવા જોઇએ. જેઓ આ જ્ઞાનની પ્રાપ્તી અને બીજાઓ માટેની સમજમાં ફાળો આપે છે અને જેઓનો ઉદ્દેશ પોતાના મઝહબ વિષે જ્ઞાન પ્રાપ્ત કરવાનો છે તેમને અમારા ઉત્તમ દુઆઆશિષો ફરમાવીએ છીએ."

## 'ભૂતકાળના દાઈઓને લાયક બનો' સાલગ્રેહનો સંદેશો

મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ આગાખાન સાહેબની ૨૨મી સાલગ્રેહની ઉજવણી ૧૯૫૮ના ડિસેમ્બર માસની તા. ૧૩મીએ વિશ્વભરમાં ભારે આનંદ સહિત ઇસમાઇલી જગતે ઉજવી હતી. આ મુબારક પ્રસંગે હિંદની ઇસમાઇલીઆ એસોસીએશનને 'ઇસમાઇલી' અઠવાડિકના ખાસ અંક માટે સંદેશાની નવાજેશ ફરમાવતા એસોસીએશનના મહાન કાર્યના બે પાસાઓ વિષે દોરવણી આપી હતી. ઇમામે ઝમાને ફરમાવ્યું: "તમારે દરેકે, તમારા વર્તન અને રહેણીકરણીથી ભૂતકાળના દાઇઓને લાયક બનવું જોઇએ, તમારે, અમારા રૂહાની ફરજંદોને તેઓની દુન્યવી મુશ્કેલીઓમાં સહાય કરવી જોઇએ અને તે ઉપરાંત જેઓને સહાયતાની જરૂર છે તેઓને મદદરૂપ થવ અને શકિતશાળી બનો."

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ના જીસ્મ મુબારકની અંતિમ ક્રિયા તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૯ ના કરવામાં આવશે એમ ઇમામે ઝમાને આપશ્રીના તા. ૫મી ડિસેમ્બરના મુબારક તાલીકા દ્વારા જમાતોને જણાવ્યું હતું.

## વિદ્યાર્થીઓને વેપાર વિષયક નૂતન દોરવણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૫ઠી જાન્યુઆરી ૧૯ ૯ ના લંડન જમાતખાનામાં પધરામણી ફરમાવી આફ્રિકાના વિદ્યાર્થીઓને વેપાર વિષયક દોરવણી આપી હતી. વિદ્યાથીઓને ફરમાવ્યું : "તમોએ કેનિયા, ટાંગાનિકા, યુગાન્ડા કે જંગબારનો વિચાર કરતા રહેવું જોઇએ નહિ. પરંતુ આજના વખતમાં આખા આફ્રિકા ખંડનો વધારે ખ્યાલ રાખવો જોઇએ. તમારે હવે છૂટાછવાયા દેશોનો વિચાર કરવો જોઇએ નહિ, હવે એવું રહયું નથી તમારે અને ખાસ કરીને તમારામાંના યુવાન માણસોએ ઘણા દેશોમાં કામ કરવાની રીતે અભ્યાસ કરવો જોઇએ."

## આસવાન ખાતે હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહના જીસ્મ મુબારકની થયેલી અંતિમ ક્રિયા

હ૦ ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ૦ સ૦ ધી રાઇટ ઓનરેબલ હિઝ રોયલ હાઇનેસ પ્રિન્સ આગાખાનસાહેબ ત્રીજાના જીસમની અંતિમ ક્રિયા આસવાન ખાતે શુક્રવાર તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૯૫૯, ઇસ્લામી તા. ૧૧મી શાબાન હિ. સ. ૧૩૭૮ ના બપોરના કરવામાં આવી હતી. આ ગંભીર ક્રિયામાં ભાગ લેવા મૌલાના હાઝર ઇમામે તા. ૧૯ ના સાંજે આસવાન ખાતે પધરામણી ફરમાવી હતી. આ ઉપરાંત ના૦ પ્રિન્સ સદરૂદીન અને તેમના મોહરદાર ના૦ પ્રિન્સેસ શિરીન સાહેબા તેમજ ના૦ પ્રિન્સ અમીનમહમદસાહેબે પણ એજ દિને આસવાન ખાતે પધરામણી કરી હતી. ના૦ માતા સલામત તો આસવાન ખાતેજ બિરાજમાન હતા. દુનિયાના જુદા જુદા દેશોમાંથી આવેલા ૩૦૦૦ ઇસમાઇલી-ભાઇઓ અને બહેનો સફેદ વસ્ત્રોમાં ગંભીર વદને હાજર હતા.

તા. ૨૦ ના સવારે ઇમામે ઝમાન કેમ્પમાં જમાતો વચ્ચે પધાર્યા હતા. એ દિન શુક્રવારનો હોઇ મૌલાના હાઝર ઇમામે આસવાનની જામે મસ્જિદમાં જુમ્માની નમાજ અદા કરી હતી. આ પછી મૌલાના હાઝર ઇમામ સહિત નૂરાની કુટુંબે બપોરે જીસ્મની અંતિમ ક્રિયા કરી હતી અને બપોરે સાડાત્રણ વાગે મહાન ઇમામના જીસ્મની સંદુકને નાઇલ નદીના પશ્ચિમ કાંઠે આવેલી ટેકરી ઉપર બંધાએલા મકબરામાં મૂકવામાં આવી હતી અને સાથેજ ક્રિયા પૂરી થઇ હતી.

રાતના કેટરેકટ હોટલમાં ઇમામે ઝમાને જુદા જુદા દેશોના પ્રતિનિધિઓને મુલાકાત આપી હતી. તા. ૨૧ ના સવારના કેમ્પમાં જમાતો વચ્ચે પધારી દુઆઆશિષો ફરમાવ્યા હતા. એજ દિને આપશ્રી સિધાવી ગયા હતા. વિશ્વની જમાતોએ તા. ૨૦ના કામકાજ બંધ રાખી બંદગી ગુજારી હતી.

## પ્રમુખ નાસર સાથે મુલાકાત

તા. ૨૦ ના આસવાન પધારવા પુર્વે ઇમામે ઝમાને તા. ૧૯મી ફેબ્રુઆરી ૧૯૫૯ ના કેરો

ખાતે સયુંક્ત આરબ પ્રજાસતાકના પ્રમુખ જ૦ ગેમલ અબ્દુલ નાસરની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને કેટલોક વખત ત્યાં રોકાઇ તેમની સાથે ખુશગુફતેગુ કરી હતી.

## ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ પાકિસ્તાન ખાતે

મૌલાના હાઝર ઇમામના કાકાશ્રી ના૦ પ્રિન્સ સદરૂદીનસાહેબે માસ એપ્રિલ ૧૯૫૯ માં કરાંચી ખાતે પધરામણી કરી હતી. કરાંચીની રોકાણ દરમિયાન તેઓશ્રીએ કેટલીક આગેવાન ઇસમાઇલી સંસ્થાઓની પણ મુલાકાત લીધી હતી. ઉપરાંત પૂર્વ પાકિસ્તાનમાં ખુલના ઢાકા ખાતે પણ કરાંચીથી પધરામણી કરી હતી.

આ પહેલા ફેબ્રુઆરી માસમા ઇમામે ઝમાનના પિતાશ્રી અને યુનો ખાતેના પાકિસ્તાની પ્રતિનિધિ ના૦ પ્રિન્સ અલીખાનસાહેબ પણ રાજકીય કાર્ય અંગે કરાંચી પધાર્યા હતા.

## ઇદ—ઉલ—અઝહા પ્રસંગે બન્ને જહાંની આબાદીનો સંદેશો

હિ. સ. ૧૩૭૮ના ઝીલહજ માસમા, ઇ સ. ૧૯૫૯ ના જૂન માસમાં ઉજવાયેલી ઇદ-ઉલ-અઝહા-બકરી ઇદ પ્રસંગે ઇમામે ઝમાને હિંદના પોતાના વહાલા રૂહાની ફરજંદો એક એક સંદેશની નવાજેશ કરી ફરમાવ્યું : "યાદ રાખો કે તમારા ભાઇઓ અને બહેનો પ્રત્યે ભાવના રાખવા માટે અને દરેક પ્રસંગે એક બીજાને મદદરૂપ થવા માટે, આ અને આવતી-બન્ને જહાંમાં તમને મોટો બદલો મળશે."

## મૌલાના હાઝર ઇમામે પ્રાપ્ત કરેલી ઓનર્સ સહિત બી. એ. ની પદવિ

મૌલાના હાઝર ઇમામનો હાર્વર્ડ ખાતેનો અભ્યાસ જૂન ૧૯૫૯ માં પુરો થયો અને ઓરિએન્ટ હિસ્ટ્રીમાં ઓનર્સ સહિત બી. એ. ની પદવિ પ્રાપ્ત કરી. તા. ૧૧-૬-૫૯ ના યોજાએલા પદવિદાન સમારંભમાં આપને આ પદવિ અર્પણ કરવામાં આવી હતી જે વખતે આપના પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાનસાહેબ, માતુશ્રી ના૦ પ્રિન્સેસ તાજુદવલા સાહેબા અને નાનાભાઇ ના૦ પ્રિન્સ અમીન મહમદસાહેબ પણ હાજર હતા.

## ૫૦,૦૦૦ ડોલરની આગાખાન સ્કોલરશીપ

મૌલાના હાઝર ઇમામે હાવર્ડ યુનિવર્સિટીને પોતા તરફથી "આગાખાન સ્કોલરશીપ" ના નામે પચાસ હજાર ડોલરની એક સ્કોલરશીપ અર્પણ કરી હતી. હિંદ, પાકિસ્તાન, સયુંક્ત આરબ પ્રજાસતાક, ઇરાક, સઉદી આરબ, લેબેનોન અને જોરડનના દેશો સહિત મધ્ય પૂર્વ, પરશિયા અને કેનિયા, ટાંગાનિકા, યુગાન્ડા અને ઝંગબારના પ્રદેશો સહિતના આફ્રિકાના દેશના ખાસ કરીને મુસ્લિમ અન્ડર ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓ માટે દસ વરસ સુધી આ સ્કોલરશીપ આપવામાં આવે એવી જોગવાઇ કરવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામે આપેલા ડોલર પચાસ હજાર સામે એટલીજ રકમ હાવર્ડના ફંડમાંથી ઉમેરી કુલ્લ ડોલર એક લાખની બનેલી આ સ્કોલરશીપનો લાભ દસ વરસ સુધી ચાલીસથી પચાસ અન્ડરગ્રેજ્યુએટ વિદ્યાર્થીને આપવાની યોજના કરવામાં આવી હતી.

## 'ઈમામત દિન' ની બીજી ઉજવણી

મૌલાના હાઝર ઇમામ ઇમામતની ગાદિએ બિરાજમાન થયા તેને તા. ૧૧મી જુલાઇ ૧૯૫૯ માં બે વરસ પૂરા થતા હતા. આ દિવસો દરમિયાન મહોરમ માસ હોઇ તા. ૧૧ જુલાઇને બદલે તા. ૪ થી જુલાઇ ૧૯૫૯ ને શનિવારના ઇમામત દિનની ઉજવણી કરવા ઇમામે ઝમાને ફરમાવ્યું હતું.

આ અવસરે "ઇસમાઇલી" અહેવાલિકના ખાસ અંક દ્વારા સંદેશાની નવાજેશ કરતા ઇમામે ઝમાને ફરમાવ્યું : "અમોએ તમને જે પ્રમાણે હમેશા ફરમાવ્યું છે તે પ્રમાણે તમે ખરી એક-સંપીથી ભાઇઓ અને બહેનો તરીકે રહેતા હશો, જ્યારે પણ આપત્તિનો સામનો કરવો પડે ત્યારે પરસ્પર સહાયતા અને પ્રોત્સાહન સાથે, તેમજ મદદ દ્વારા અને ખરી શ્રધ્ધાથી તમારું જીવન આ દુનિયામાં અત્યંત યોગ્યતાભર્યું થશે."

## લેબેનોન અને સીરિયા ખાતે ઈમામે ઝમાનની પધરામણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ લેબેનોન અને સીરિયા ખાતે વસતા ઇસમાઇલીઓની મુલાકાત લેવા તા. ૨૫ મી જુલાઇ ૧૯૫૯ ના લેબેનોનના પાટનગર બૈરૂત ખાતે પધરામણી ફરમાવી હતી. ત્યાંથી બીજાજ દિને, એટલે તા. ૨૬ મી જુલાઇના સીરિયાના પાટનગર દમાસ્કસ ખાતે પધરામણી કરી હતી.

સીરિયાના સરકાર તરફથી ઇમામે ઝમાનનું બાદશાહી સન્માન કરવામાં આવ્યું. તેઓશ્રી રાજ્યના શાહી પરોણા તરીકે રહયા હતા. જગતના કોઇપણ દેશના મહાન રાજપુરૂષ કે સમ્રાટને આપવામાં આવે તેવું માન સીરિયામાં ઇમામે ઝમાનને આપવામાં આવ્યું. આપના માનમા દબ-દબાભર્યા શાહી સમારંભો યોજવામાં આવ્યા હતા.

## સલમિયા ખાતે પધરામણી

તા. ૨૯ મી જુલાઇના ઇમામે ઝમાન સલમિયા ખાતે પધાર્યા. સલમિયા ખાતે આપશ્રી ત્રણ દિવસો પર્યંત રોકાયા હતા. તા. ૩૧ મી જુલાઇના ઇમામે ઝમાન સલમિયાથી રવાના થયા. સલમિયાથી ખ્વાબી ખાતે પધારવા માટે સીરિયાના ડુંગરાળ પ્રદેશનો આપે પ્રવાસ કર્યો જીપ ગાડીમાં સફર કરી રહેલા ઝમાનાના ઇમામ મિસાફ, ખાદમૂસ અને ટરટુસ થઇ રાતના ખ્વાબી પધાર્યા. ખ્વાબીમાં ૬૦૦૦ જેટલા ઇસમાઇલીઓ વસી રહયા છે. તેઓને ઇમામે ઝમાને દોરવણી આપી.

## લેબેનોનની સરહદે શાહી સન્માન

બીજા દિવસે તા. ૧લી ઓગસ્ટ ૧૯૫૯ ના ઇમામે ઝમાને ખ્વાબીથી રવાના થઇ લેબેનોનના પાટનગર બૈરૂત તરફ પ્રયાણ કર્યું. ટ્રીપોલી ખાતે, લેબેનોનની સરહદે ટ્રીપોલીના નાο ગવર્નરે આપનું બાદશાહી સન્માન કર્યું. લેબેનોનના પોલીસ દળની એક સુસજ્જ ટુકડી તરફથી ભવ્ય ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું. આ પ્રસંગે ટ્રીપોલીના નાο ગવર્નરે ઇમામે ઝમાનના માનમા એક શાહી ભોજન સમારંભ પણ યોજ્યો હતો.

## બૈરૂત ખાતે પધરામણી

ટ્રીપોલીથી ભોજન લઇ બપોરે ૫-૩૫ કલાકે આપશ્રી બૈરૂત ખાતે પધાર્યા. અહિં આપશ્રી લેબેનોનની સરકારના શાહી પરોણા તરીકે રહયા હતા. લેબેનોનમાં જુજ સંખ્યામાં ઇસમાઇલીઓ વસતા હોવા છતા રાજ્ય તરફથી આપશ્રીના માનમાં એટલો તો ભરચક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો કે આપશ્રી સતત કાર્યમગ્ન રહેતા હતા. જગતના કોઇ મહાન રાજપુરુષને જ પ્રજા અને રાજા તરફથી આવું દબદબાભર્યું સન્માન મળે છે જે ઇસમાઇલીઓના ૪૯ માં ઇમામને મળ્યું હતું. તા. ૭મી ઓગષ્ટના આપશ્રી યુરોપ ભણી સીધાવ્યા હતા.

## ઉદાર સખાવત

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાનસાહેબે સીરિયાની આ પધરામણી પ્રસંગે દમાસ્કની યુનિવર્સિટીને વૈજ્ઞાનિક સંશોધન માટે એક લાખ સીરિયન પાઉન્ડ- આશરે ૬૭,૦૦૦ ડોલરની ઉદાર ભેટ અર્પણ કરી હતી.

## લંડન ખાતે યોજાએલો ઈસમાઈલી બોલ

ગ્રેટ બ્રિટનની ના કાઉન્સીલ તરફથી લંડન ખાતે સેવોય હોટલમાં તા. ૨૮મી ઓગષ્ટ ૧૯૫૯ના ઇસમાઇલી બેલના નામે એક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાનસાહેબે આ અવસરે પધરામણી કરી હતી. દેશ વિદેશના લંડન ખાતેના એલચીઓ પણ હાજર રહયા હતા. મૌલાના હાઝર ઇમામના પિતાશ્રી નાo પ્રિન્સ અલીખાન સાહેબ તે દિવસે એકાએક લંડન ખાતે આવી પહોંચ્યા હતા અને ઇમામે ઝમાન પધારે તે પહેલા સેવોય હોટલ પહોંચી જઇ પ્રવેશદ્વાર પર ઉભા રહયા હતા. મૌલાના હાઝર ઇમામ પધારતા નાo પ્રિન્સ અલીખાનસાહેબ તેમને ભેટી પડયા અને ચૂંબનોથી નવરાવી નાંખી પૂછ્યું: 'વહાલા ફરજંદ કેમ છો.'

મૌલાના હાઝર ઇમામે સ્મિત વેરતા ફરમાવ્યું: 'ખૂબ મજામા.'

લંડનમાં યોજાએલા આ સમારંભની આ ખાસ વિશેષતા હતી. નાo પ્રિન્સ અલીખાનસાહેબે પત્રકારોને જણાવ્યું: 'મારો વહાલો પુત્ર મઝહબી કામકાજ અને અભ્યાસમાં મગ્ન રહે છે, બીજા કોઇ કાર્ય માટે તેને જરા પણ સમય મળતો નથી.'

## મૌલાના હાઝર ઇમામ આફ્રિકા ખાતે

ઇ. સ. ૧૯૫૯ના સપ્ટેમ્બર માસમાં મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ પુનઃ આફ્રિકા ખાતે પધાર્યા. આફ્રિકાનો આ પ્રવાસ એક માસનો હતો જે સમય દરમિયાન મૌલાના હાઝર ઇમામે કંપાલા, મસાકા, મ્બાલે, કિસુમુ, નૈરોબી, મોશી, મોમ્બાસા, ઝંઝબાર, દારેસલામ, ડોડોમા અને ટાન્ગાની મુલાકાત લીધી હતી.

મૌલાના હાઝર ઇમામે આ વખતે આફ્રિકા માટે કેટલીક વધારાની સ્કોલરશીપોની નવાજેશ કરી સેકન્ડરી સ્કુલો માટે શિક્ષકો તૈયાર કરવા, તેમજ ઇન્જીનિયરીંગ, ઇકોનોમીકસ, એકાઉન્ટન્સી અને ટેકનિકલ તેમજ વેપારની તાલીમ મેળવવા ૨૬ શિષ્યવૃતિઓ જાહેર કરી જેમા ૧૦ ટાંગાનિકા માટે, ૮ યુગાન્ડા માટે અને ૮ કેનિયા માટે હતી. આ માટે દર વરસે બે લાખ શિલીંગ મંજૂર કર્યા.

આ ઉપરાંત પૂર્વ આફ્રિકાની સઘળીયે આગાખાન સ્કૂલોમાં શિક્ષક તરીકે સેવા કરતા ઇસમાઇલી તેમજ બિન-ઇસમાઇલી શિક્ષકોના પાંચ વરસની મુદત માટેના વીમાઓ મૌલાના હાઝર ઇમામના તેમજ ના૦ પ્રિન્સ અમીનમહમદ સાહેબના ખર્ચે ઉતારી આપવાની પણ ઉદારતાભરી જાહેરાત થઇ.

## વાન્ડેગ્યા મસ્જિદની ઉદ્દઘાટન ક્રિયા

તા. ૧૭મી સપ્ટેમ્બર ૧૯૫૯ ના મૌલાના હાઝર ઇમામે દસ હજાર પ્રેક્ષકોની હાજરી વચ્ચે કંપાલા ખાતે વાન્ડેગ્યા મસ્જિદની ઉદઘાટન ક્રિયા કરી હતી. યુગાન્ડાના ના૦ ગવર્નર અને લેડી ક્રાફ્ડ, બુગાન્ડાના ના૦ કબાકા, યુગાન્ડાના ના૦ ચીફ જસ્ટીસ સર ઓડલી મેકકીસાક, ના૦ કબાકાના કાકા પ્રિન્સ બદરૂ કકુન્ગુલુ, તેમજ બુગાન્ડાના ના૦ રેસીડેન્ટ મિ૦ સી એ. એલ રીચર્ડઝ પણ હાજર હતા.

પ્રિન્સ બદરૂએ આ અવસરે હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ સ. ના મહાન કાર્યને ભવ્ય અંજલિઓ આપી આફ્રિકન મુસ્લિમોની પ્રગતિ તેઓશ્રીનેજ આભારી હોવાનું જણાવ્યું હતું.

મૌલાના હાઝર ઇમામે ત્રણ લાખ શિલીંગના ખર્ચે બંધાએલ આ ભવ્ય મસ્જિદની ઉદ. ઘાટન ક્રિયા કર્યા પછી ફરમાવ્યું: "આજે વિજ્ઞાન બેહદ પ્રગતિ કરી રહેલ છે અને જ્યારે યુગાન્ડા પણ સ્વતંત્રતા મેળવવા માટે ઝડપભેર પ્રગતિ કરી રહેલ છે ત્યારે તેણે વિજ્ઞાનિક પ્રગતિની નજીક આવવું જોઇએ.

યુગાન્ડાને ટેકનિકલ રીતે આગળ વધેલા બીજા દેશો સાથે હરીફાઇ કરવી પડશે પરંતુ સહુથી મહત્વનું તો એ છે કે આ નવી શોધો થકી તેણે ફાયદો ઉઠાવવો જોઇએ. આ દેશના સંતાનોએ એવી ટેકનિકલ કેળવણી સંપાદન કરવી જોઇએ કે જેથી આધુનિક ઉદ્યોગમાં વપરાતી શકિત તથા રસાયણોનો તેઓ ઉપયોગ કરી શકે.

દેશની કેળવણીમાં નાણાના અભાવે અગર બીજા કોઇ કારણસર-દેશના કરવેરામા ખામી પડવાના અંગે-પ્રગતિ નહી થઇ શકે તો આ દેશના બાળકોને બેહદ નુકશાન થશે કારણ કે તે બાળકો સમક્ષ મહાન તકો હોવા છતા નાણાના અભાવે તેનો લાભ ઉઠાવી શકશે નહી."

## માનવબંધુત્વનું શિક્ષણ કયાંથી મળશે?

મૌલાના હાઝર ઇમામે આ પ્રવચનમાં આગળ ચાલતા ફરમાવ્યું: "ચંદ્ર ઉપર જે રોકેટ ઉતારવામાં આવ્યું છે તેથી એવા પ્રશ્નો ઉભા થયા છે કે અંતરિક્ષના તેમજ બહારના જગતમાં મનુષ્યની વર્તણુક માટે તેમજ પોતાના માનવબંધુઓ સાથે શાંતિથી રહેવા માટે કયા નિયમો લાગુ

પડશે ? મ.બ્યજાતિએ આ નવા વિશાળ ક્ષેત્રમાં એક બંધુ તરીકે રહેવું જોઇએ. આ માટે આપણે કયા નિયમો ગ્રહણ કરવા એ એક પ્રશ્ન છે. મુસ્લિમોને હમેશા આ બાબતની દોરવણી ઇસ્લામમાંથી મળી શકશે. આ ઉપરાંત સહિષ્ણુતા તેમજ કોમ કે જાતના ભેદભાવ વગર એક બીજાના સામાન્ય હકકો પ્રત્યે સહાનુભૂતિ બતાવવી જોઇએ કે જે જગતના સઘળા મહાન ધર્મોનો મૂળભૂત સિધ્ધાંત છે."

## ઇસ્લામ સહુને સમજાય તેવો મઝહબ છે

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે કંપાલા ખાતે તા. ૧૮મી સપ્ટેમ્બર ૧૯૫૯ ના 'સન્ડે પોસ્ટ' નામના એક અખબારના પ્રતિનિધિને એક મુલાકાત આપતા કહ્યું "ઇસ્લામમાં એવી કોઇ વસ્તુ નથી કે જેને સાધારણ બુધ્ધિ ધરાવતો માણસ ન સમજી શકે અને આથીજ માનવી ઇસ્લામને સહેલાઇથી સમજી શકે છે. આજના સમયમાં ઇન્સાને ધર્મને સમજવાનો છે."

આ અખબારના પ્રતિનિધિએ આ મુલાકાત દરમિયાન એક પ્રશ્ન પૂછ્યો: "જો પૂર્વ આફ્રિકાની કોઇ સરકાર ઇસ્લામી સિધ્ધાંત સાથે અથડામણમાં આવે તો ?"

મૌલાના હાઝર ઇમામે આ સવાલનો જવાબ આપતા જણાવ્યું: "જો સરકાર નાસ્તિક હોય તોજ આવું બની શકે. અમારા મુરીદો ઘણા દેશોમાં રહે છે અને ખૂબ સફળતાપૂર્વક તેઓ પોતાના દેશની સરકારો સાથે હળીમળી રહી શકે છે."

## ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ પાકિસ્તાન ખાતે

યુનાઇટેડ નેશન્સ ઓરગેનાઇઝેશનના નિરાશ્રીતો માટેના પંચના પ્રનિનિધિ તરીકે મધ્યપૂર્વના મુલ્કોનો પ્રવાસ પૂરો કરી ના૦ પ્રિન્સ સદરૂદીન સાહેબ તા. ૨૬ મી સપ્ટેમ્બર ૧૯૫૯ ના કરાંચી પધાર્યા હતા. ચાર દિવસ કરાંચી ખાતે રોકાઇ તેઓશ્રી તા. ૨૯ મી સપ્ટેમ્બરના રંગૂન તરફ રવાના થયા હતા. તેઓશ્રીએ રંગુન ઉપરાંત સિંગાપૂરની પણ મુલાકાત લીધી હતી. અહીં તેઓ નામદાર જમાતોને પણ મળ્યા હતા.

## મૌલાના હાઝર ઇમામ ઇરાન ખાતે

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગખાન સાહેબે તા. ૨૪ મી ઓકટોબર ૧૯૫૯ ના ઇરાન ખાતે કદમ મુબારક કર્યા હતા. મહેરાબાદ હવાઇ મથકે ઇરાનના ના૦ શાહના પ્રતિનિધિ તેમજ સરકારી, લશ્કરી અને ઇસમાઇલી આગેવાનોએ સત્કાર કર્યો હતો. મૌલાના હાઝર ઇમામને ઇરાનના ના૦ શાહના એક ખાસ પરોણા તરીકે બાશગાહ અફસરાન મહેલ ખાતે ઉતારો આપવામાં આવ્યો હતો. મૌલાના હાઝર ઇમામે આ મુલાકાત માટે આનંદ વ્યકત કરતા જણાવ્યું : 'અમારા પૂર્વજો સૈકાઓ પહેલા હિંદુસ્તાન ગયા તેમની પહેલાના તેમના માદરે [illegible]ની મુલાકાત લેવાનો અમારો હમેશાનો ઇરાદો હતો. અહિ પધારતા અમે ઘણા ખુશી થયા છીએ."

તા. ૨૫મી ઓકટોબરના મૌલાના હાઝર ઇમામે માર્બલ પેલેસના દરબારી દફતરમાં સહી કરી હતી. આધુનિક ઇરાનના નિર્માતા મહાન શહેનશાહ મરહૂમ રઝાશાહ પહેલવીના મકબરની પણ તે દિવસે મુલાકાત લીધી હતી.

તા. ૨૬ મી ઓકટોબરના મૌલાના હાઝર ઇમામે ઇરાનના ના૦ શાહ સાથે ભોજન લીધું હતું.

## ઇરાનના શાહની સાલગ્રેહ

તા. ૨૬ મી ઓકટોબરની સાંજ ના૦ શાહની સાલગ્રેહની સાંજ હતી અને તે સાંજના ગુલિસ્તાન મહેલમાં યોજાએલા એક બાદશાહી સમારંભના શાહી પરોણા તરીકે ઇમામે ઝમાન હતા. તા. ૨૭ મી ઓકટોબરના ના૦ શાહની સાલગ્રેહ ઉજવાઇ હતી જેના સમારંભમાં પણ મૌલાના હાઝર ઇમામ રાજવંશી પરોણા તરીકે હાજર રહયા હતા.

## મુરીદોની મુલાકાત

મૌલાના હાઝર ઇમામે બિરજંદ અને ઇસ્ફાન ખાતે પધરામણી કરી અહિં ઉભી કરાએલી છાવણીઓમાં એકત્ર થયેલા ૪૦,૦૦૦ ઇરાની ઇસમાઇલીઓની મુલાકાત લીધી હતી. કેરમાન, બલ્ખ, શીરજાનન, શેર બાબેખ અને યઝદથી આ મુરીદો આવ્યા હતા.

મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું: "ઇસમાઇલીઓ દુનિયામાં પોતાના બે કરોડ ભાઇ-બહેનો ધરાવે છે જેઓ હમેશા પોતાના ઇમામની યાદમાં રહે છે અને તેમની પ્રગતિ માટે ઉત્તમ પ્રયાસો કરાય છે."

તા. ૧લી નવેમ્બરના ઓફિસર્સ કલબ ખાતે યોજાએલી એક પત્રકાર પરિષદમાં મૌલાના હાઝર ઇમામે જણાવ્યું: "ઇરાનમાંના ઇસમાઇલીઓમાં મોટે ભાગે ખેડૂતો છે અને બીજા કારીગરો છે જેમના માટે કંઇક કરવું જોઇએ. સરકારે અનેક કાર્યો કર્યા છે પરંતુ અમે તેમને જરૂરી સહાય કરવા ઇચ્છીએ છીએ. ઇરાનમાં લગભગ ૪૦,૦૦૦ ઇસમાઇલીઓ છે."

ઇમામે ઝમાને વધુમાં જણાવ્યું: "અમારા દદાશ્રીના જેમ અમે પણ ઇરાનના શહેરી છીએ. અમારો ઘણો ખરો વખત પ્રવાસમાં પસાર થાય છે."

## તહેરાન યુનિવર્સિટીને સખાવત

તહેરાન ખાતે અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓને રહેવા માટે એક મકાન બાંધવા મૌલાના હાઝર ઇમામે તહેરાન યુનિવર્સિટીને ૫૦,૦૦૦ પાઉન્ડ આપેલ હતા. આમાંથી જે રકમ બચે તેનો ઉપયોગ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવા માટે કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત આવતા પાંચ વરસો સુધી રેડ લાયન એન્ડ સન સોસાયટીને પણ વાર્ષિક ૨૦૦૦ પાઉન્ડ આપવાની જાહેરાત કરી હતી.

આ સખાવતની જાહેરાત પણ મજકુર પત્રકાર પરિષદમાં કરવામાં આવી હતી. મૌલાના હાઝર ઇમામે આ મુલાકાત દરમિયાન શિરાઝની પણ મુલાકાત લીધી હતી અને તખ્તે જમશેદ ખાતે પણ પધાર્યા હતા.

## 'હિઝ રોયલ હાઈનેસ' નો સર્વોત્તમ ઇલકાબ

ઇરાનની આ મુલાકાત પ્રસંગે ઇરાનના નામ. શાહે મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ આગાખાન સાહેબને ઇરાનના શાહી કુટુંબનો સર્વોત્તમ ઇલ્કાબ "હિઝ રોયલ હાઇનેસ" અર્પણ કરી શાહી સન્માન આપ્યું હતું. તા. ૧૪ મી નવેમ્બર ૧૯૫૯ ના જ્યારે મૌલાના હાઝર ઇમામ શાહે ઇરાનથી વિદાય લેવા ગયા ત્યારે આ મહાન ઇલ્કાબ અર્પણ થયો હતો.

## મૌલાના હાઝર ઇમામ અમેરિકા ખાતે

આફ્રિકામાં કેન્સરના રોગનો ઉપાય શોધી કાઢવા સ્થપાએલી "આફ્રિકા રિસર્ચ ફાઉન્ડેશન" નામની માનવકલ્યાણની એક આદર્શ સંસ્થાના પ્રમુખ તરીકે મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે આ પછી અમેરિકાની મુલાકાત લીધી હતી. મૌલાના હાઝર ઇમામે અમેરિકાના તે સમયના ઉપ-પ્રમુખ શ્રી. રિચાર્ડ નિક્સનની પણ મુલાકાત લઇ દક્ષિણ આફ્રિકામાં પ્રવર્તતી રંગભેદની નીતિ માટે તેઓ સાથે ચર્ચા કરી હતી.

## સાલગ્રેહની ઉજવણી

તા. ૧૩ મી ડિસેમ્બર ૧૯૫૯ના મૌલાના હાઝર ઇમામની ૨૩ મી સાલગિરહની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે સંદેશો આપતા ઇમામે જમાતને જણાવ્યું: 'અમારા સઘળા રૂહાની ફરજંદો સાથે મળીને જીવનના સર્વ ક્ષેત્રોમાં કાર્ય કરે. અને દરેક રીતે એક બીજાને સહાયભૂત બને. ઉપરાંત તમારે હમેશા તમારા દેશના પ્રથમ વર્ગના શહેરીઓ બનવું જોઇએ."

## કરાંચી ખાતે આલીશાન યુનિવર્સિટી માટે તૈયારીઓ

કરાંચી ખાતે કેન્ટરી કલબ રોડ ઉપર કરાંચી વિશ્વ વિદ્યાલયની ભવ્ય બિલ્ડીંગ બાંધવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. વિદ્યાલયની મુખ્ય ઇમારત ઉપરાંત રહેવા માટે હોસ્ટેલ, પ્લે ગ્રાઉન્ડ વિગેરેની પણ યોજના કરવામાં આવી. આ માટે એક વગદાર સમિતીની ડિસેમ્બર ૧૯૫૯ માં રચના કરવામાં આવી. આ સમિતિના પ્રમુખ તરીકે હિઝ એક્ષેલેન્સી નામ. પ્રિન્સ અલી એસ. ખાનસાહેબની વરણી થઇ. નામ. પ્રિન્સ અલીખાનસાહેબે આ સમિતિના પ્રમુખ તરીકે આ મહાન કાર્યમાં દેશપરદેશમાંથી મદદો મેળવી આપવા પોતાની બહોળી લાગવગનો ઉપયોગ કર્યો હતો. આ યુનિવર્સિટી માટે કાર્ય કરવું એ તેઓશ્રીનું એક ખાસ કાર્ય આ પછી થઇ પડ્યું હતું.

## નામ. પ્રિન્સ અલીખાન સાહેબ કરાંચી ખાતે

હિઝ એક્ષેલેન્સી લે. કર્નલ નામ. પ્રિન્સ અલી એસ. ખાનસાહેબ તા. ૨૨મી ફેબ્રુઆરી ૧૯૬૦ ના કરાંચી પધાર્યા હતા. વહાલા શાહઝાદાએ લીધેલી કરાંચીની આ અંતિમ મુલાકાત હતી. આ પ્રસંગે તેઓશ્રી કેટલાક દિવસો પાકિસ્તાન ખાતે રોકાયા હતા.

## મૌલાના હાઝર ઇમામની રંગુન ખાતે પધરામણી

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૧૬મી

માર્ચ ૧૯૬૦ ના રંગૂન ખાતે પધરામણી કરી હતી. સરકાર અને પ્રસમાધ્ધીઓ તેમજ ભાઇબંધ કોમો તરફથી તેઓશ્રીનું શાનદાર સ્વાગત થયું હતું.

તેજ સાંજના યુનિયન ઓફ બર્માના પ્રમુખ તરફથી ઇમામે ઝમાનના માનમા એક સમારંભ યોજવામાં આવ્યો હતો. જ્યારે રાતના મૌલાના હાઝર ઇમામ તરફથી બરમાના પ્રમુખના માનમા એક ભોજન સમારંભ યોજવામાં આવ્યો હતો.

મૌલાના હાઝર ઇમામ રંગૂન ખાતે એક અઠવાડિયું રોકાયા હતા. તા. ૨૧ મી માર્ચના નવરોજ પ્રસંગે દરબાર ભરવામાં આવ્યો હતો જેમા ઇમામે ઝમાને સેવાભાવીઓને પહેલી વખત ટાઇટલોની નવાજેશ કરી હતી.

ટાઇટલો આપતા ઇમામે ઝમાને ફરમાવ્યું : "આ ટાઇટલો દુન્યવી છે. જે રૂહાની ફરજ દોએ દુન્યવી રીતે અમારા રૂહાની ફરજંદોની અને અમારી ચોકકસ સેવાઓ કરી છે તે માટેના આ ટાઇટલો છે. પરંતુ તમારામાંથી દરેક અને એક એક જણ આ બાબતને યાદ રાખે કે આ દુન્યવી ટાઇટલો એ દુન્યવી કાર્યના પ્રતીકરૂપ છે. પરંતુ તમારામાંથી જેઓ જમાતખાનાની હાજરીમાં નિયમિત છે, જેઓ પોતાની બંદગીમાં નિયમિત છે, જે અમે ફરમાવીએ છીએ તે દરેક બાબતને જેઓ સમજે છે અને તે પ્રમાણે અમલ કરે છે તે એવીજ સુંદર સેવા સમાન છે કે જે પ્રમાણે અમારા બીજા રૂહાની ફરજંદોએ દુન્યવી સેવાઓ કરી છે. આ પ્રમાણેનું અમલી જીવન જીવવું અને દુન્યવી ખિદમત બજાવવી એ અમારા મતથી ઘણુંજ અગત્યનું છે."

બરમાની આ મુલાકાત વખતે રંગૂન ખાતે એક આધુનિક અને સુંદર સગવડો સહિતની શાળા સ્થાપવા ઇમામે ઝમાને જમાતોને ફરમાવતા ત્યાં આ કાર્ય તુરત ઉપાડી લેવામાં આવ્યું હતું અને ઇમામે ઝમાનની હાજરીમાં આ માટે સારી રકમ એકત્ર થઇ હતી.

ઇમામે ઝમાને રંગૂનના મુસ્લિમ દવાખાનાને રૂ. ૨૫,૦૦૦ ની ભેટ આપી હતી. તા. ૨૪-૩-૬૧ ના મૌલાના હાઝર ઇમામ કરાંચી થઇ યુરોપ જવા રવાના થયા હતા. યુરોપથી રંગૂન આવતા પણ તેઓશ્રી કેટલાક કલાકો કરાંચી હવાઇ મથકે રોકાયા હતા અને અગ્રેસરોને મુલાકાત આપી હતી જ્યારે રંગૂનથી યુરોપ સિધાવતા પણ કરાંચી રોકાયા હતા અને જમાતોને દિદારનો લાભ આપ્યો હતો.

## હિંદ—પાકિસ્તાન ખાતે ટાઇટલોની નવાજેશ

તા. ૨૧ મી માર્ચના નવરોજ પ્રસંગે મૌલાના હાઝર ઇમામે હિંદ અને પાકિસ્તાનના સંખ્યાબંધ સેવાભાવીઓને પહેલી વખત ટાઇટલોની નવાજેશ કરી હતી. આ પ્રસંગે હિંદની ના૦ ફેડરલ કાઉન્સીલ મારફત જમાતજોગ એક સંદેશો મોકલતા તેઓશ્રીએ ફરમાવ્યું : "તમારી આખી જિંદગી દરમિયાન તમને એમ લાગવું જોઇએ કે જે ટાઇટલો મળે તેના માટે તમે પૂરેપૂરા લાયક છો. જો તમે આ ટાઇટલોને યોગ્ય નથી તો પછી ટાઇટલ તમારા માટે અર્થ વગરના છે.

બીજો મુદ્દો કે જે ઘણોજ અગત્યનો છે અને જેને તમારે હંમેશા યાદ રાખવાનો છે તે એ છે કે દરેક નાના ભાગનું કાર્ય કે જેવું કાર્ય તમે અમારા રૂહાની ફરજંદો માટે, સામાન્ય રીતે, એક બીજાને મદદરૂપ બનવા માટે અથવા અમારા પોતાના માટે કરો છો તેનો પૂરો બદલો તો ટાઇટલો અને દુન્યવી લાભની બાબતો સિવાય પણ મળે છે."

# નામ૰ પ્રિન્સ અલીખાન સાહેબની કરૂણ વફાત

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબના અતિ વહાલા પિતાશ્રી અને હઝરત ઇમામ શાહ સુલતાન મુહમ્મદશાહ અ. સ. જેવા મહાન પિતાના પુત્ર, પાકિસ્તાનના યુનો ખાતેના કાયમી પ્રતિનિધિ હિઝ એક્ષેલેન્સી લેફ. કર્નલ ના૰ પ્રિન્સ અલી એસ. ખાનસાહેબની તા. ૧૨મી મે ૧૯૬૦ ના ફ્રાંસના પાટનગર પેરિસ નજીકના એક પરાં ખાતે મોટર અકસ્માતથી કરૂણ વફાત થઇ હતી.

ના૰ પ્રિન્સ અલીખાન સાહેબ સ્થાનિક સમય રાતના ૧૦–૧૦ કલાકે ૭૦ માઇલની ઝડપે પોતાની મોટરમાં જઇ રહયા હતા. તેઓશ્રી જાતે ડ્રાઇવીંગ કરતા હતા. એક વળાંક નજીક સામેથી આવતી એક બીજી મોટર સાથે ટક્કર થઇ અને ના૰ પ્રિન્સ સખ્ત ઘાયલ થયા. આપને હોસ્પિટલમાં લઇ જવાનો પ્રબંધ કરવામાં આવ્યો પરંતુ માર્ગમાંજ આપની કરૂણ વફાત થઇ.

મૌલાના હાઝર ઇમામ હીઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન એ સમયે લંડનમાં હતા. એ સમયે લંડન ખાતે રાષ્ટ્રસમૂહના દેશોના વડા પ્રધાનોની પરિષદ યોજાઇ હતી તેથી હિંદના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ પણ લંડન ખાતે હતા અને ઇમામે ઝમાન તા. ૧૩ ના સવારના શ્રી નહેરુ સાથે નાસ્તો લેનાર હતા. આ દુઃખદાયક બનાવ બનતા એ કાર્યક્રમ રદ થયો હતો અને ઇમામે ઝમાન તુરત પેરિસ ભણી ઉપડી ગયા હતા. ત્યાંથી આપે જમાતોજોગ એક તાલીકા મોકલી આ ગમખ્વાર સમાચારોની જમાતને જાણ કરી હતી.

ઇસ્માઇલી જગતમાં આ બનાવથી શોકની ઘેરી લાગણી વ્યાપી ગઇ હતી. મૌલાના હાઝર ઇમામના ફરમાન અનુસાર જમાતે ત્રણ દિવસ સુધી ધંધો રોજગાર બંધ રાખી એ દિવસોમાં ધાર્મિક ક્રિયાઓ કરી બંદગીઓ ગુજારી હતી.

જગતભરમાંથી ના૰ પ્રિન્સ અલીખાન સાહેબને અંજલિઓ આપવામાં આવી અને આપના જવાંમર્દીભર્યા મહાન જીવન અને ખેલદિલી ભરપૂર માનવકલ્યાણના કાર્યને યાદ કરવામાં આવ્યું. હ૰ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ના ઇમામતકાળ દરમિયાન ના૰ પ્રિન્સ અલીખાન સાહેબે જગતભરના ઇસ્માઇલીઓની ઉન્નતિ માટે જે અથાક પ્રયાસો કર્યા હતા તેને સંભારીને ઇસ્માઇલીઓએ ભીના હૃદયે મહાન શાહજાદાને અંજલિઓ આપી યુનોની ખાસ સભામાં પણ ના૰ પ્રિન્સ અલીખાન સાહેબને ભાવભરી અંજલિ અપાઇ હતી.

તા. ૨૦મી મેના ના૰ પ્રિન્સના રીવેરા ખાતેના બંગલા 'શા ટુ દ લાહોરાઇઝન' ખાતે જીસ્મને વચગાળાના સમય પૂરતુ સુપુર્દે ખાક કરવામાં આવ્યું. આ સમયે મૌલાના હાઝર ઇમામ, ના૰ પ્રિન્સ સદરૂદીન સાહેબ, ના૰ પ્રિન્સ અમીનમહમદ સાહેબ, હાજીએ ના૰ માતા સલામત, ના૰ પ્રિન્સેસ તાજુદવલા અલીખાન સાહેબા, ના૰ પ્રિન્સ સદરૂદીનના માતુશ્રી ના૰ પ્રિન્સેસ કેરોન ઉપરાંત પાકિસ્તાન, ઇરાન, ન્યુ ઝીલેન્ડ, તુર્કી, સ્પેન અને પોર્ટુગલના રાજદૂતો હાજર રહયા હતા.

તા. ૧૯મી જૂનના ચહેલુમની ક્રિયા કરવામાં આવી. ના૰ પ્રિન્સના જીસ્મને સીરિયામાં સલમિયા ખાતે એક મકબરો બાંધી ત્યા કાયમી આરામગાહ બનાવી મુકવામાં આવશે એવી ઇમામે ઝમાને જાહેરાત કરી હતી.

ના૦ પ્રિન્સ સાહેબની વફાત પછીના તુરતનાજ સમયમાં, સ્ટાડ, સ્વીટઝરલેન્ડ ખાતે ઇમામે ઝમાને 'ધી નેશન' નામના એક અખબારને મુલાકાત આપતા ના૦ પ્રિન્સ માટે જણાવ્યું : 'અમારા પિતાશ્રી કંઇ જૂનવાણી વિચારસરણી ધરાવતા નહોતા. તેમણે અમને સ્કીઇંગ, ટેનિસ અને તરવાની રમતોમાં રસ લેતા કર્યા હતા. હાવર્ડમાં પાછા જોડાવા માટે પણ તેમણેજ ઉત્સાહ પૂર્યો હતો. પૌર્વાત્ય વિષયોનો અભ્યાસ આગળ વધારવા અને જીવનની ગંભીર બાબતોને વળગી રહેવા સલાહ આપી હતી. અમારા દાદાશ્રી તેમજ અમારા પિતાશ્રી જિંદગીની સુંદર વસ્તુઓ પ્રત્યે જબ્બર આકર્ષણ ધરાવતા હતા."

ના૦ પ્રિન્સ અલીખાન સાહેબે ૧૯૨૩-૨૪ ના વરસમાં માત્ર ૧૨ વરસની બાળવયે પોતાના પિતાશ્રી અને માતુશ્રી સાથે હિંદની પહેલી મુલાકાત લીધી હતી. જમાતો વચ્ચે પધારવાની શરૂઆત ૧૯૩૦ થી સીરિયા ખાતેથી કરી હતી. ૯૦ ઇમામના પ્રતિનિધિ તરીકે આ સમયથી જમાતો વચ્ચે પધારવાનું તેમણે છેક ૧૯૫૭ સુધી, સતત ૨૭ વરસો સુધી ચાલુ રાખ્યું હતું. હિંદની છેલ્લી મુલાકાત ૧૯૫૭ માં લીધી હતી. આફ્રિકાની છેલ્લી મુલાકાત ૧૯૫૮ માં અને પાકિસ્તાનની છેલ્લી મુલાકાત ૧૯૬૦ માં લીધી હતી.

## માડાગાસ્કર ખાતે આગમન

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે માડાગાસ્કરના આઝાદી ઉજવણીમાં ભાગ લેવા ખાસ ત્યાંની આઝાદ માલગાશ સરકારના આમંત્રણથી માડાગાસ્કરની ટુંકી મુલાકાત લીધી હતી.

તા. ૨૯ મી જુલાઇ ૧૯૬૦ ના મૌલાના હાઝર ઇમામે તાનાનારીવ ખાતે કદમ મુબારક કર્યા હતા. અહિં તેઓશ્રી તા. ૩૧ સુધી રોકાયા હતા જેમા જમાતોની પણ મુલાકાત લીધી હતી અને સરકારી સમારંભોમાં પણ હાજર રહયા હતા. મૌલાના હાઝર ઇમામે ત્યાંના ઇસમાઇલીઓને આ અવસરે ફરમાવ્યું : "મલગાશી ઇતિહાસના સહુથી મહાન ત્રણ દિવસોમાં તમોએ ભાગ લીધેલ છે અને આજથી તમે માલગાશ છો. જો કે અગાઉ તમે માલગાશ હતા પણ આજથી, ગઇ કાલથી અને આવતી કાલથી તમારે અગાઉ કરતા પણ વધુ માલગાશ થઇ જવું જોઇએ. તમારી દરરોજની જિંદગીમાં તમે માલગાશ છો અને તમારા મઝહબમાં તમે ઇસમાઇલી છો."

આ પ્રસંગે સરકારને અનોખી ભેટ આપતા ઇમામે ઝમાને માડાગાસ્કરના દસ ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને બ્રિટન, ફ્રાંસ કે અમેરિકા ખાતે, જ્યાં પણ સરકાર ઇચ્છે ત્યાં, ઉચ્ચ કેળવણી માટે પોતા તરફથી સ્કોલરશીપ આપવાની જાહેરાત કરી હતી.

ઇસમાઇલી યુવાનોને ઇમામે ઝમાને ધંધાના નવા ક્ષેત્રો શોધવા ફાજલ સમયનો ઉપયોગ કરવા સલાહ આપી હતી. અંદરના ઝઘડાઓથી દૂર રહેવા પણ સલાહ આપી હતી અને વિદ્યાર્થીઓને દરેક પરીક્ષાઓમાં પાસ થવા ભલામણ કરી હતી. તા. ૩૧ મી જુલાઇના લંડન ભણી સિધાવી ગયા હતા.

## મૌલાના હાઝર ઇમામ કરાંચી ખાતે

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ મંગળવાર તા. ૨૦ મી સપ્ટેમ્બર ૧૯૬૦ ના સવારના લંડનથી પાકિસ્તાનના એક મહિના ઉપરના પ્રવાસે કરાંચી

ખાતે પધાર્યાં હતા. પાકિસ્તાન સરકારના અધિકારીઓ, વિદેશી રાજદૂતો, જાણીતા શહેરીજનો અને ઇસમાઇલી અગ્રેસરો તરફથી ઇમામે ઝમાનનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સમયે હિંદના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ પણ કરાંચી ખાતે હતા. હિંદ–પાક નહેર કરાર ઉપર સહી કરવા તેઓ આગલા દિવસે કરાંચી આવ્યા હતા. તા. ૨૦ ના તેઓ રાવલ-પીંડી જનાર હતા અને તેઓ રાવલપીંડી માટે રવાના થાય તે અગાઉ મૌલાના હાઝર ઇમામે શ્રી નહેરુની મુલાકાત લીધી હતી. પાક પ્રમુખ ફિલ્ડ માર્શલ ઐયુબખાન સાથે પણ ઇમામે ઝમાને મુલાકાત કરી હતી.

સાંજના મૌલાના હાઝર ઇમામે જમાતોની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે ઇમામે ઝમાને એક ઘણીજ અગત્યની જાહેરાત કરતા જણાવ્યું : "આ મુલાકાત પ્રસંગે અમે કેટલીક નવી યોજનાઓ અમલમાં મૂકવા માંગીએ છીએ અને આ નવી યોજનાઓનું સંચાલન અમે નવી નેતાગીરીને હસ્તક સુપ્રત કરીશું જેથી જ્યારે આવતા વરસે અમે અહિં પુનઃ પધારીએ તે સમય દરમિયાન એ નવી યોજનાઓ ઉપર અમલ થઇ ચૂકેલ હોય અને તેનો વિકાસ પણ થયો હોય અને તે સફળ પણ સાબિત થઇ હોય."

મૌલાના હાઝર ઇમામ કરાંચી ખાતે તા. ૨૭ ઓકટોબર સુધી રોકાયા હતા જે સમય દરમિયાન ઇસમાઇલીઓ માટે સારી અને સગવડભરી કેટલીક કોલોનીઓની ઉદઘાટન ક્રિયા કરી હતી. અહિં વસવાટ કરવા આવેલા ઇસમાઇલીઓને કોલોનીઓ સ્વચ્છ રાખવા ભલામણ કરી હતી. હપ્તાઓની રકમ પણ નિયમિત ભરવા અને કરજથી શકય એટલા વહેલા મુકત બનવા ભલામણ કરી હતી. આ ઉપરાંત કેટલીક કોલોનીઓના પાયાઓ નાંખવાની પણ ક્રિયા કરી હતી.

### મહાન સખાવત

કરાંચીના લાલુખેત વિસ્તારમાં વસતા નિરાશ્રિતોના ગરીબ બાળકો માટે મૌલાના હાઝર ઇમામે રૂપિયા પાંચ લાખના ખર્ચે એક શાળા બંધાવી આપી સરકારને અર્પણ કરી હતી. આ અર્પણ વિધિ માટે યોજાએલા એક સમારંભમાં પાકિસ્તાનના શિક્ષણ પ્રધાન જના૦ હબીબુર રહેમાન હાજર રહયા હતા. જેમણે સરકાર વતી શાળાનો સ્વીકાર કર્યો હતો અને ઇમામે ઝમાનનો આ અપૂર્વ સખાવત માટે આભાર વ્યકત કર્યો હતો.

મૌલાના હાઝર ઇમામે આ મુલાકાત વખતે ઇસમાઇલીઓને આંતરરાષ્ટ્રીય વેપારના ક્ષેત્રે પ્રગતિ કરવા સલાહ આપી હતી પાકિસ્તાન ખાતે ભવિષ્યમાં થનાર મહાન કાર્યનો ઇમામે ઝમાને આ મુલાકાત પ્રસંગે પત્રકારોને આછો ખ્યાલ આપ્યો હતો. કરાંચી ખાતે એક અધ્યતન હોસ્પિટલ ખારાધર અને બગીચા વિસ્તારમાં અધ્યતન શાળાઓ, આરોગ્ય વીમા યોજના, વિગેરે વિગેરે જાતની ભવિષ્યમાં અહિં અમલમાં આવશે એમ તેઓશ્રીએ જણાવ્યું હતું.

## ઉર્દૂ વિદ્યાપીઠની કરેલી સ્થાપના

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૨૭ ઓકટોબર ૧૯૬૦ ના કરાંચી ખાતે ઉર્દૂ વિદ્યાપીઠની સ્થાપના કરી હતી. આ ઉર્દૂ વિદ્યાપીઠ જગતભરમાં પહેલી વિદ્યાપીઠ છે. આ પ્રસંગે બાબે ઉર્દૂ ડૉ૦ અબ્દુલ હકે ઘણી મહત્વની

બાબતો રજૂ કરી હતી. તેમણે જણાવ્યું : "અલીગઢ વિદ્યાપીઠના સ્થાપક સર સૈયદ એહમદે જ્યારે ૧૮૯૬ માં હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ને માનપત્ર આપ્યું હતું ત્યારે સર સૈયદની ઉમર ૮૨ વરસની અને હ૦ ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની ઉમર ૧૯ વરસની હતી. આ પછી આજે ૬૦ વરસો બાદ હું મરહુમ આગાખાન સાહેબના પ્યારા પૌત્રા ના૦ કરીમ આગાખાનને ઉર્દૂ વિદ્યાપીઠની સ્થાપના કરવા બદલ માનપત્ર આપી રહયો છું ત્યારે ના૦ આગાખાનની વય અને મારી વય વચ્ચે એટલોજ તફાવત છે જેટલો સર સૈયદ અને મરહુમ ના૦ આગાખાનની વય વચ્ચે હતો. આ વિદ્યાપીઠની સ્થાપના કરવાનો પ્રથમ વિચાર સર સૈયદને આવ્યો હતો પરંતુ પ્રતિકૂળ સંજોગોના કારણે તે વિચાર અમલમાં મૂકાયો નહોતો.

ચાર વરસ પહેલા "પાકિસ્તાનમાં ઉર્દૂની સ્થિતિ" એ વિષય ઉપર મેં જે લેખ લખ્યો હતો તેમા જણાવ્યું હતું કે, "પાકિસ્તાનમાં ઉર્દૂ વિદ્યાપીઠની સ્થાપના એક એવી મોતેબર હસ્તીના મુબારક હાથે થશે જેમના આગમનનો અમને ઇંતેજાર છે. આજે એ આગાહીને સાચી પડતી આપણે જોઇ રહયા છીએ અને આ માટે અમે ગર્વ અને ખુશી અનુભવીએ છીએ."

મૌલાના હાઝર ઇમામે માનપત્રના જવાબમાં જણાવ્યું : "અનેક સદીઓથી અમારું કુટુંબ વિદ્યાપીઠો સાથે સંકળાએલું રહયું છે અમે ખાતરી આપીએ છીએ કે અમારા પૂર્વજોની જેમ અમે પણ વિદ્યાપીઠો સાથે સંકળાએલા રહીશું."

## સ્પેશિયલ ટ્રેનમાં પ્રવાસ

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબની પાકિસ્તાનની આ મુલાકાત વખતે પશ્ચિમ પાકિસ્તાનના આંતરિક પ્રદેશોમાં વસતા ઇસમાઇલીઓને પણ ઇમામે ઝમાનના દિદાર અને દોરવણીનો લાભ મળી શકે તે માટે એક ખાસ પ્રવાસ યોજવામાં આવ્યો હતો. આ માટે 'આગાખાન સ્પેશિયલ' નામની એક ખાસ ગાડી રોકવામાં આવી હતી જે ૧૯ ડબ્બાની હતી અને હિંદ-પાક ઉપખંડના ઇતિહાસમાં તે લાંબામાં લાંબી ટ્રેન હોવાનું કહેવાયું હતું.

તા. ૨૭ ઓક્ટોબરના સવારના આ ટ્રેન કરાંચીથી ઉપડી હતી. ઇમામે ઝમાન માટે ખાસ સેલુન હતું. આ ટ્રેનમાં ૩૫૦ અન્ય ઇસમાઇલી મુસાફરો પણ હતા.

તા. ૨૭ ઓક્ટોબરથી તા. ૭મી ઓક્ટોબર સુધી ઇમામે ઝમાને સિંધનો પ્રવાસ કર્યો જેમા જુંગશાહી, ગીમ્પીર, હૈદ્રાબાદ, તલહાર, સુલતાનાબાદ, દાદુ, મોહન-જો-દરો, લારખાના, શિકારપુર અને સક્કર ખાતે ટ્રેન રોકાઇ હતી અને અહિં એકઠી થયેલ સ્થાનિક તેમજ અતરાફની જમાતોને મૌલાના હાઝર ઇમામે દીદાર અને દોરવણી આપ્યા હતા.

પશ્ચિમ પંજાબની આ પછી ઇમામે ઝમાને મુલાકાત લીધી હતી અને પછી લાહોર થઇ મૌલાના હાઝર ઇમામ ઢાકા પધાર્યા હતા.

## પૂર્વ પાકિસ્તાનની મુલાકાત

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે સોમવાર

તા. ૧૦મી ઓકટોબરના સવારના લાહોરથી ઢાકા ખાતે પધરામણી કરી હતી. પૂર્વ પાકિસ્તાન ખાતે ઇમામે ઝમાન એક અઠવાડિયા પર્યંત રોકાયા હતા અને ઢાકા ઉપરાંત ચિતાગોંગ, ખુલના અને જેસોરની મુલાકાત લીધી. અહિં ઇમામે ઝમાનના માનમા સરકાર તેમજ ઇસમાઇલીઓ તરફથી સંખ્યાબંધ સમારંભો યોજવામાં આવ્યા હતા. નોઆખલી તરફ થએલ વાવાઝોડાના રાહત ફંડમાં ઇમામે ઝમાને પોતા તરફથી રૂા. ૩૦,૦૦૦ ની સખાવત જાહેર કરી હતી. મૌલાના હાઝર ઇમામે પૂર્વ પાકિસ્તાનના ઇસ્માઇલીઓને જીવનમાં પ્રગતિ કરવા માટેની બાબતો વિષે અગત્યની દોરવણી આપી હતી.

## ગીલ્ગીટ અને હુંઝા ખાતે

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ તા. ૨૦ મી ઓકટોબરના કારાકોરમ પહાડોની વચ્ચે આવેલ રમણીય શહેર ગીલ્ગીટ કે જે દરિયાની સપાટીથી ચાર હજાર ફીટની ઉંચાઇએ આવેલ છે ત્યાં પધરામણી કરી હતી. ચાલીસ હજાર ઇસમાઇલીઓ આ પ્રદેશમાં વસી રહ્યા છે કે જ્યાં ૪૯ ઇમામ દરમિયાન પધારનાર મૌલાના હાઝર ઇમામે પહેલા ઇમામ હતા. આ પ્રદેશના ઇસમાઇલીઓએ ઇમામે ઝમાનના પ્રવાસમાં કોઇ તકલીફ ન થાય તે માટે જાત મહેનત કરીને હુંઝા નદી ઉપર એક પુલ બાંધ્યો હતો. આ પ્રદેશમાં ઇસમાઇલીઓના ૩૦૦ જમાતખાનાઓ છે. અહિંની ખાસ વિશેષતા એ છે કે જે ગામમાં દશ ઇસમાઇલીના ઘરો છે ત્યાં એક જમાતખાનુ તો છેજ પણ સાથે સાથે એક સ્કૂલ પણ છે.

ગીલ્ગીટ એજન્સીના પ્રવાસ દરમિયાન ઇમામે ઝમાને દસ જીપ ગાડીઓના કાફલા સાથે પાડોશના એક રાજ્ય ગુપીસ્તની મુલાકાત પણ લીધી હતી અને ત્યાંથી પાછા ફરતા માર્ગમાં ઝમરૂદ, સઇદપુર અને યાસીન રાજ્યમાં વસતા ઇસમાઇલીઓની પણ મુલાકાત લીધી હતી. ચિતોડખંડ ખાતે પણ પાચ હજાર જેટલા ઇસમાઇલીઓ એકઠા થયા હતા જેમની ઇમામે ઝમાને મુલાકાત લીધી હતી.

જ્યાં રશિયા અને ચીનની સરહદો મળે છે, જ્યાં ૨૦,૦૦૦ જેટલા ઇસમાઇલીઓ વસે છે જ્યાંના શાસક પોતે ઇસમાઇલી છે અને જેને દુનિયાના છાપરા તરીકે ઓળખવામાં આવે છે તે હુંઝાની મુલાકાતે મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન તા. ૨૩મી ઓકટોબર ૧૯૬૦ ના પધાર્યાં હતા. હુંઝાના મીર જમાતખાને પોતાના વહાલા ઇમામનું અદબભેર સન્માન કર્યું હતું. ૪૯ ઇસમાઇલી ઇમામોમાં હુંઝાની ઇસમાઇલી ભૂમિને પાવન કરનાર મૌલાના હાઝર ઇમામ પહેલા ઇમામ છે. અહિં પણ લોકોએ પખવાડિયા સુધી જાતે શ્રમ કરીને રસ્તો તૈયાર કર્યો હતો અને પહાડી ઓળંગવા માટે ઝુલો બાંધ્યો હતો

તા. ૨૫ મી ઓકટોબરના ઇમામે ઝમાન ફરી ગીલગીટ આવ્યા હતા અને ત્યાંથી બીજા દિને રાવલપીંડી જવા રવાના થયા. રાવલપીંડી ખાતે મૌલાના હાઝર ઇમામ પાકિસ્તાનના પ્રમુખ ફિલ્ડ માર્શલ અયુબખાનના ખાસ મહેમાન તરીકે રહ્યા હતા.

## ગોવા ખાતે આનંદોત્સવ

ગીલગીટ અને હુંઝા ખાતે પધારનાર મૌલાના હાઝર ઇમામ પહેલા ઇમામ છે તેજ પ્રમાણે ગોવાની

મુલાકાત લેનાર પણ તેઓશ્રીજ પહેલા ઇમામ છે. પોર્ટુગીઝ સરકારના ખાસ આમંત્રણથી મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે કરાંચીથી તા. ૨૭મી ઓકટોબરના ગોવા ખાતે પધરામણી કરી હતી. ગોવાના નામ૦ ગવર્નર જનરલ, ઉચ્ચ લશ્કરી અને મુલ્કી અધિકારીઓ, ગોવાના પ્રતિષ્ઠિત નાગરિકો, ઇસમાઇલી અગ્રેસરો અને જાહેર જનતાએ મૌલાના હાઝર ઇમામનું ઝળહળાભર્યું સન્માન કર્યું હતું. મૌલાના હાઝર ઇમામને આગમન પ્રસંગે ૧૯ તોપોની સલામીનું શાહી માન આપવામાં આવ્યું હતું.

ગોવા ખાતે મૌલાના હાઝર ઇમામ બે દિવસ જ રોકાયા હતા પરંતુ આ બે દિવસો દરમિયાન જમાતોની મુલાકાતો લેવા ઉપરાંત અનેક સમારંભોમાં તેઓશ્રીએ હાજરી આપી હતી. બે દિવસો સુધી ખૂબ પ્રવૃત્તિમય રહયા હતા. મડગામ ખાતે એક આલીશાન જમાતખાનાની ઉદઘાટન ક્રિયા પણ કરી હતી. ... ગવર્નર જનરલના તેઓશ્રી મહેમાન રહયા હતા અને દરેક પ્રસંગે નામ૦ ગવર્નર જનરલ ઇમામે ઝમાનના સાથેજ રહયા હતા.

## સરકાર તરફથી શાહી ઇલકાબ

તા. ૨૭ના મૌલાના હાઝર ઇમામના માનમાં નામ૦ ગવર્નર જનરલ તરફથી સરકારી ગૃહે યોજાએલા એક સમારંભમાં નામ૦ ગવર્નર જનરલે મૌલાના હાઝર ઇમામને "ગ્રાન્ડ ક્રુઝ ડા ઓરડમ ડો ઇન્ફાન્ટે હેન્રીક" (ગ્રાન્ડ ક્રોસ ઓફ ધી ઓર્ડર ઓફ ધી ઇન્ફન્ટ હેન્રી ધી નેવીગેટર)નો પોર્ટુગલનો સર્વોત્તમ ઇલકાબ અર્પણ કર્યો હતો. લીસ્બનથી પ્રગટ થએલ તા. ૧૫ મી નવેમ્બરના સતાવાર સરકારી ગેઝેટમાં આની જાહેરાત કરવામાં આવી હતી.

મૌલાના હાઝર ઇમામ તા. ૨૯ના કરાંચી તરફ વિદાય થયા ત્યારે નામ૦ ગવર્નર જનરલ, સરકારી અને મુલ્કી અધિકારીઓ તેમજ ઇસમાઇલીઓએ ભવ્ય વિદાયમાન આપ્યું હતું. આ પ્રસંગે ફરી ૧૯ તોપોની સલામીનું માન આપવામાં આવ્યું હતું.

ગોવાથી કરાંચી થઇ મૌલાના હાઝર ઇમામ આ યાદગાર પ્રવાસ પૂરો કરી લંડન બાજુ સીધાવી ગયા હતા.

## નામ૦ મહારાણી એલિઝાબેથનું ઇસમાઇલીઓ તરફથી સન્માન

ગ્રેટ બ્રિટનના નામ૦ મહારાણી એલિઝાબેથ બીજા અને તેમના પતિ ડયુક ઓફ એડીનબરો જાન્યુઆરી-ફેબ્રુઆરી ૧૯૬૧ માં હિંદ-પાકિસ્તાનની મુલાકાત આવ્યા હતા. આ અવસરે રાષ્ટ્રસમૂહના દેશોમાં વસતા ઇસમાઇલીઓ તરફથી નામ૦ મહારાણીનું સન્માન કરવાની તકને ઝડપી લેવામાં આવી હતી. કરાંચી ખાતે તા. ૩જી ફેબ્રુઆરીના પાકિસ્તાનના પ્રમુખગૃહે નામ૦ મહારાણીને રાષ્ટ્રસમૂહના દેશોમાં વસતા ઇસમાઇલીઓ તરફથી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું જે સમયે હિંદ, પાકિસ્તાન અને આફ્રિકાના ઇસમાઇલી નેતાઓ હાજર હતા.

આ પ્રસંગે નામ૦ મહારાણીએ હઝરત ઇમામ સુલતાન મુહમ્મદશાહ અ. સ. ની ભવ્ય પ્રતિભાને અંજલિ આપી હતી અને મહાન ઇમામે બ્રિટિશ સામ્રાજ્યની જે સેવાઓ બજાવી હતી તેને યાદ કરી હતી. આ ઉપરાંત મૌલાના હાઝર ઇમામ શાહ કરીમ દુન્યવી રીતે નાની વય છતાં જે કુનેહથી ઇસમાઇલીઓની રહેબરી કરી રહયા છે તેની પણ તારીફ કરી હતી.

## હિંદના વડા પ્રધાન સાથે લંડનમાં મુલાકાત

માર્ચ ૧૯૬૧ માં લંડન ખાતે રાષ્ટ્રસમૂહના દેશોના વડાઓની પરિષદ યોજાઇ હતી. આ પરિષદ વખતે હિંદના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુ પણ લંડન ગયા હતા. પાકિસ્તાનના પ્રમુખ ફિલ્ડ માર્શલ ઐયુબખાન પણ આ સમયે લંડન આવ્યા હતા.

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે તા. ૮મી માર્ચ ૧૯૬૧ ના સવારના હિંદના વડા પ્રધાન શ્રી જવાહરલાલ નહેરુને નાસ્તા માટે આમંત્ર્યા હતા અને અહિં તેઓ બન્નેની મુલાકાત થઇ હતી. ગયા વરસે પણ આવાજ પ્રસંગે, આજ પ્રકારની મુલાકાત યોજાઇ હતી પરંતુ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબની થયેલી કરુણ વફાતને કારણે એ કાર્યક્રમ રદ થયો હતો.

મૌલાના હાઝર ઇમામ સાથે પાકિસ્તાનના પ્રમુખ ફિલ્ડ માર્શલ ઐયુબખાનની પણ તેજ દિને મુલાકાત થઇ હતી.

## અમેરિકાના પ્રેસીડેન્ટ કેનેડી સાથે મુલાકાત

અમેરિકા જેવા જગતના સહુથી પહેલા નંબરના બળવાન અને સમૃધ્ધ દેશના પ્રમુખપદે જાન્યુઆરી ૧૯૬૧ થી બિરાજનાર નવયુવાન પ્રમુખ સાથે મૌલાના હાઝર ઇમામની આ પહેલી વોશિંગટન ખાતેના વ્હાઇટ હાઉસમાં મુલાકાત થઇ હતી.

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ માસ માર્ચ ૧૯૬૧ દરમિયાન અમેરિકાની મુલાકાતે ગયા હતા અને આ પ્રવાસ પ્રસંગે તા. ૨૬મી માર્ચ ૧૯૬૧ ના વ્હાઇટ હાઉસ ખાતે અમેરિકાના નવયુવાન પ્રેસીડેન્ટ જોન કેનેડીએ મૌલાના હાઝર ઇમામને મુલાકાત આપી હતી. આના આગલા દિવસે ઇમામે ઝમાને અમેરિકાના પરદેશ પ્રધાન શ્રી ડીન રસ્કની પણ મુલાકાત લીધી હતી.

પ્રમુખ કેનેડી સાથેની આ મુલાકાત દરમિયાન ઇમામે ઝમાને ખુશગુફતેગુ કરી હતી. જગતના જુદા જુદા ભાગોમાં રહેતા મૌલાના હાઝર ઇમામના ઇસ્માઇલી મુરીદોના વિકાસને લગતા પ્રશ્નોમાં પ્રેસીડેન્ટ કેનેડીએ ભારે રસ દાખવ્યો હતો. મૌલાના હાઝર ઇમામે જેમ હાવર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરેલ છે તેમ પ્રેસીડેન્ટ કેનેડી પણ આ વિદ્યાપીઠના જ વિદ્યાર્થી છે.

મૌલાના હાઝર ઇમામે પત્રકારોને જણાવ્યું: "પ્રેસીડેન્ટ કેનેડી અમારા પિતાશ્રી ના૦ પ્રિન્સ અલીખાન સાહેબથી સારી રીતે પરિચિત હતા."

## પાકિસ્તાન ખાતે જબ્બર ફેરફારો

મૌલાના હાઝર ઇમામ હિઝ રોયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબે પાકિસ્તાનની છેલ્લી મુલાકાત વખતે જેમ જાહેર કર્યું હતું તેમ માર્ચ ૧૯૬૧ ના નવરોજ પ્રસંગે પાકિસ્તાનના જમાતી માળખામાં જબરદસ્ત ફેરફારો કરવામાં આવ્યા હતા. નવી નેતાગીરીને હસ્તક જમાતી બાબતો સોંપવામાં આવી. અખિલ પાકિસ્તાન માટેની એક વરિષ્ઠ ફેડરલ કાઉન્સીલની પહેલી વખતે રચના થઇ તેમ બહોળા પ્રમાણમાં થતા સામાજિક કાર્યોમાં માર્ગદર્શન આપવા, નિર્દેશન

કરવા અને યોજનાઓ ઘડવા માટે એક નવી આર્થિક, પ્લાનીંગ અને પ્રાન્ટસ કાઉન્સીલની પણ રચના કરવામાં આવી. સમગ્ર પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનની જુદી જુદી કાઉન્સીલોમાં પણ નવા નેતાઓ આવ્યા અને જમાતોના હોદ્દેદારોમાં પણ ફેરફાર કરવામાં આવ્યા.

## ઇમામે ઝમાનનું આફ્રિકા ખાતે આગમન

મૌલાના હાઝર ઇમામ હિઝ રૉયલ હાઇનેસ શાહ કરીમ આગાખાન સાહેબ તા. ૫મી મે ૧૯૬૬ ના ત્રણ અઠવાડિયાથી વધુ દિવસોના પ્રવાસ માટે પૂર્વ આફ્રિકા ખાતે પધાર્યા હતા. નૈરોબીથી આ પ્રવાસની શરૂઆત થઇ હતી. આ પ્રવાસ દરમિયાન ઇમામે ઝમાને નૈરોબી ઉપરાંત મોશી, મોમ્બાસા, ટાંગા, ઝંઝીબાર, દારેસલામ, ડોડોમા, ઇગેમ્બા, ટબોરા, મ્વાન્ઝા, કંપાલા, મસાકા, કાસુમુ વિગેરે શહેરોની મુલાકાત લીધી હતી.

નૂતન આફ્રિકાના થઇ રહેલા ઘડતરકાળમાં ઇસમાઇલીઓના વિકાસ સંબંધી આપશ્રીએ ઇસમાઇલીઓને દોરવણી આપી હતી. આ ઉપરાંત નૂતન આફ્રિકાના નેતાઓ સાથે પણ ઇસમાઇલીઓ અને ઇસ્લામીઓના જીવન સંબંધી વાટાઘાટો કરી હતી. ઘણીએ સંસ્થાઓની ઉદઘાટન ક્રિયાઓ ઇમામે ઝમાનના મુબારક હસ્તે કરવામાં આવી હતી.

આજના સમયના આફ્રિકાની સ્થિતિને અનુરૂપ મૌલાના હાઝર ઇમામે પોતાના રૂહાની ફરજંદોને ફરમાનો દ્વારા દોરવણી આપી હતી. શિક્ષણ, આરોગ્ય વેપાર અને આર્થિક બાબતો અંગે ઇમામે ઝમાને ખાસ કરીને માર્ગદર્શન આપ્યું હતું.

## સતત ચાલુ રહેલી દોરવણી

ગુરુવાર તા૦ ૧૧ મી જુલાઇ ૧૯૫૭ ના સાંજના જીનીવા ખાતેના બરકત વિલામાં પરમ પ્રતિભાશાળી અને મહાન ઇમ.મ, ૪૮ ઇમામોમાં લાંબામાં લાંબો સમય ઇમામત ભોગવી ઇસમાઇલીઓને રિદ્ધિ અને સિદ્ધિના શીખરે લઇ જનાર હઝરત ઇમામ સરકાર શાહ સુલતાન મુહમ્મદશાહ રાઇટ ઓનરેબલ હીઝ રૉયલ હાઇનેસ ના૦ આગાખાન સાહેબ ત્રીજાએ જ્યોમો સિધાર્યા અને મહાન ઇમામની મુકમ્મિલ વસિયત મુજબ ૪૯ માં ઇમામ તરીકે, અણુયુગના યુવાન સમયના નવયુવાન ઇમામ તરીકે, લેફ. કર્નલ હિઝ સારીન હાઇનેસ ના૦ પ્રિન્સ અલીખાન સાહેબના વડા શાહઝાદા અને સરકાર સુલતાન મુહમ્મદશાહ અ. સ. ના વડા પૌત્ર ઇમામ અલ હાદિયુલ મહેદી, સાહેબુલ અસ્ર, નૂરે ખુદાવીંદ સરકાર નૂર મૌલાના શાહ કરીમ હાઝર ઇમામ અલ-હુસેની ઇમામતની મસનદે બિરાજમાન થયા અને ના૦ આગાખાન ચોથા તરીકે જાહેર થયા પછી તુરત આપે ફરમાવ્યું : "અમારા પ્યારા દાદાશ્રીના જેમ અમે પણ ઇસમાઇલીઓની ઉન્નતિ માટે અમારું જીવન અર્પણ કરીશું."

મૌલાના હાઝર ઇમામે ઇમામતકાળના તુરતનાજ સમયમાં કરે[illegible] જાહેરાત અનુસાર આપે ઇસમાઇલીઓની સર્વક્ષેત્રની બહેતરી માટે ચાર વરસના આ સમય દરમિયાન જે અણથક કાર્ય કર્યું છે તેને આજે પૂરું જગત ભારે પ્રેમ અને [illegible] શ્રી અંજલિ આપી રહેલ છે. જગતના પ્રથમ વર્ગના મહાન રાષ્ટ્ર બ્રિટનના ના૦ મહારાણી એલિઝાબેથ જેવા પ્રતાપી સામ્રાજ્ઞીથી માંડીને પ્રેસીડેન્ટ કેનેડી જેવાઓએ મહાન ઇમામના મહાન કાર્યને દિલપૂર્વક દાદ આપી છે. જગતભરના શાસકો, સંચાલકો અને સમ્રાટો તરફથી ઇમામે ઝમાનનું બાદશાહી સન્માન થયું છે કે જેવું સન્માન આજ સુધી કોઇ પણ ધર્મગુરુનું થયું હોવાનું ઇતિહાસના કોઇ પાના ઉપર નથી.

ઇસમાઇલીઓએ વિજ્ઞાનની બેહદ પ્રગતિથી પળે પળે પલટાતા આ સમયમાં મૌલાના હાઝર ઇમામની દોરવણી હેઠળ જે પ્રગતિ કરી છે તેની નોંધ આવતી કાલનો ઇતિહાસકાર સગર્વ લેશે. હિંદ અને પાકિસ્તાન, બરમા અને આફ્રિકા, સીરિયા અને ઇરાન, હુંઝા, ગીલગીટ, ગોવા અને મલાયા તેમજ દૂર દૂર યુરોપ અને પૂર્વ-પશ્ચિમના અન્ય મુલકોમાં વસતા ઇસમાઇલીઓના ધાર્મિક અને સામાજિક જીવનમાં આજે જે નવા નવા પરિવર્તનો આવી રહેલ છે અને દરેક દેશના ઇસમાઇલીઓ જે સંગીન અને નોંધપાત્ર પ્રગતિ કરી રહેલ છે તે સઘળો પ્રતાપ મૌલાના હાઝર ઇમામનો છે.

આજે દરેક દેશમાં વસતા ઇસમાઇલીઓ જાતે વિકસી રહ્યા છે તેમ ઇમામે ઝમાનની તેમ. ઇસમાઇલી ઇમામોની દોરવણી અનુસાર પોતાના દેશ અને રાજ્ય તરફ સંપૂર્ણ વફાદારી બતાવીને દેશ અને દેશજનોના વિકાસમાં પણ નાત, જાત કે વર્ગના ભેદભાવ સિવાય કાર્ય કરી રહ્યા છે.

આજે ચાર વરસના ટૂંક સમયમાં જે કાર્ય થયું છે, સિધ્ધિના જે શીખરે ઇસમાઇલીઓ પહોંચ્યા છે તેથી વધુ કાર્ય અને વધુ સિધ્ધિઓ ભવિષ્યના આવતા ઘણા વરસો દરમિયાન પ્રાપ્ત થનાર છે. વિકાસ અને સિધ્ધિની મંઝીલે મંડાએલા આ કદમો ઇમામે ઝમાનની રહેબરી હેઠળ અસાધારણ વેગથી રોજબરોજ ઉપડી રહ્યા છે અને આના પરિણામે જે મહાન ભવિષ્યનું ઘડતર થશે તેના વડે ઇસમાઇલીઓની હવે પછીની પેઢી વધુ સુખી, વધુ આબાદ અને વધુ સમૃધ્ધ હશે આવતી કાલની આપણી સમૃધ્ધિની નોંધ આવતી કાલનો ઇતિહાસકાર સગર્વ લેનાર છે.

# નામોની અનુક્રમણિકા.

## અ


અકબર સમ્રાટ, ૩૨૭, ૫૭૬.
અકબર હયદરી સર, ૫૩૪, ૫૩૭, ૫૩૮, ૫૪૫, ૫૭૩.
અકરમ દરૂઝી પ્રચારક, ૨૦.
અકીલી, ૧૫૧.
અખતર, અમીર મન્સુરના પુત્રી,
અઘલબી બાદશાહ અબ્દુલ્લાહ, ૧૦૧, ૧૦૨.
અઘલબી સેનાપતિ અમીર ઇબ્રાહિમ, ૧૦૨.
અઝ-ઝબ્બારી મિશનરી, ૧૯૨.
અઝઝકીયા મહેદીનો દાવો કરનાર, ૬૧.
અઝીઝ હઝરત, ૧૫મા ઇમામ (ફાતિમી ખલીફ) ૧૩૩, ૧૪૨, ૧૪૩, ૧૪૬, ૧૪૭-૧૫૭, ૧૭૪, ૧૮૪, ૧૮૮, ૨૦૪, ૨૦૮.
અઝીઝુલ હક ઓનરેબલ, ૫૯૨.
અતા મલિક જુવૈની ઇતિહાસકાર, પ્ર૯, ૭૩, ૨૨૨, ૨૪૩, ૩૦૫.
અતાબેગ, ૨૮૩, ૩૦૯.
અત્તાર બિ. જર્રાહ, ૪૯.
અત્તાર, શેખ ફરીદુદ્દીન, ૩૭, ૨૯૩, ૩૧૨, ૩૧૬.
અતાશ અબ્દુલમલિક મિશનરી જુઓ ઇબ્ને અતાશ.
અનસ બિ. માલિક, ૩.
અનિક, ૫૨૩, ૫૭૫.
અનુશ્તગીન ૧૮૪, ૧૯૧, ૧૯૨.
અન્સાર, ૭, ૮.
અન્સાર નબુવ્વતનો દાવેદાર, ૧૫૪.
અન્સારી, ડૉ૦ ૫૦૫, ૫૩૪, ૫૯૨.
અફલા ગવરનર, ૧૩૦.
અફલાકી ચારિત્રકાર, ૩૧૩, ૩૧૪ ટી.
અફલાતુન ગ્રીક ફિલસુફ, ૧૮૮.
અફશારી નાદિર કુલી જુઓ નાદિરશાહ.
અબ્બાસ હ૦, અલમદાર, ૩૧.
અબ્બાસી-ઓ, પ્ર૧૦, પ્ર૧૧, ૬૦-૬૬, ૮૨, ૮૩, ૯૦, ૯૪, ૯૭, ૧૦૬, ૧૦૮, ૧૧૨, ૧૧૫, ૧૨૪, ૧૩૫, ૧૪૫, ૧૬૯, ૧૭૧, ૧૮૨, ૧૮૬, ૧૯૩, ૧૯૯, ૨૦૫, ૨૨૪, ૨૩૦, ૨૪૦, ૨૫૧, ૨૬૧, ૨૬૪, ૨૬૫, ૨૮૩, ૨૮૯, ૩૦૪, ૩૦૫.
અબ્બાસ અલી બેગ, ૪૯૪, ૫૦૪.
અબુ અબ્દુલ્લાહ મિશનરી ૯૯-૧૦૬.
,, અલી મિસરના મિશનરી ૧૦૧.
,, અલી રયના મિશનરી, ૨૩૮.
,, અલી તમીમ જુઓ તમીમ
,, અલી સીના હકીમ, ૧૮૭, ૧૯૪, ૨૧૪.
,, અલી એહમદ, ૨૨૨, ૨૨૩.
,, ગફીર મિશનરી, ૯૮.
,, જહલ, ૪.
,, જાફર મુન્તસીર અબ્બાસી ખલીફ, ૯૨.
,, જાફર ઉબૈદુલ્લાહ, ૧૩૦, ૧૩૧.
,, તાલિબ હ૦, ૨, ૧૯, ૬૮૦. (ઇમરાન)
,, તાલિબ બગદાદી ઇતિહાસકાર, ૧૦૯.
,, તાહેર મિશનરી, ૨૫૧.
,, તુરાબ, ૫૪.
,, નસ્ર સદકા, ૧૯૮.
,, બકર ખલીફા હ૦, પ્ર૧૩, ૭, ૨૫, ૪૭૧.
,, બકર બેગમહમદ હાજી, ૫૬૯.
,, મહશુર મિશનરી, ૯૯, ૧૦૦.
,, મુસા, ૧૩, ૧૪.
,, મુસ્લિમ અબ્બાસી, ૬૧, ૬૩.
,, મુહમ્મદ અલ-કુરી મિશનરી, ૯૮, ૯૯.
,, મુહમ્મદ મિશનરી અને ઇસમાઇલી ગવરનર ૨૫૨, ૨૫૬, ૨૬૮, ૨૭૩.
,, યઝીદ ખારજી-દજ્જાલ, ૧૧૨-૧૧૮, ૧૨૩.
,, યુસુફ, ૧૭૪.
,, યુસુફ કતામી, ૧૩૧, ૧૩૨.
,, રકવા, ૧૬૮, ૧૬૯.
,, સલમા મિશનરી, ૯૮.

અબુ સલમા અબ્બાસી, ૬૨, ૬૩.
„ સરાયાસરી, ૯૦, ૯૧.
„ સુફિયાન, ૧૭.
„ સુલૈદ મસીહી, ૧૮૭.
„ હનીફા ફકીહ, ૪૯.
„ હનીફા, હનફી પેશ્વા, ૬૦, ૭૩.
„ હાશમ, ૫૫, ૫૬, ૬૧, ૬૩.
„ હાશમ અલવી, ૨૪૭.
અબુઝરઅલી હ૦, ૩૫મા ઇમામ જુઓ બુઝરઅલી
અબુલ અબ્બાસ ૯૯, ૧૦૦, ૧૦૨, ૧૦૫, ૧૦૬.
„ અમ્માર, હસન, ૧૮૭.
„ આવર, ૬૧.
„ કાસિમ દાઇ, ૯૯.
„ કાસિમ મહમદ, ૧૦૬
„ ફઝલ રઇસ, ૨૨૬, ૨૨૭.
„ ફતાહ, ૨૩૯, ૨૪૦.
„ ફવારિસ ઇખ્શીદી જુઓ ફવારિસ.
„ ફિદા ઇતિહાસકાર, ૧૦૮, ૨૫૨, ૨૭૬.
„ મોહસીન, ૬૯.
„ હસન, ૬૮૧.
„ હસન મિશનરી, ૯૮.
„ હસનઅલી હ૦ ૪૪મા ઇમામ, ૩૮૮-૩૯૩, ૪૦૭.
„ હસનખાન સરદાર, ૪૧૨, ૪૧૪, ૪૧૭, ૪૧૮, ૪૨૩-૪૨૭, ૪૩૧, ૪૩૨.
„ હુસૈન મિશનરી ૬૧૩.
અબ્દે મનાફ, ૬૦.
અબ્દુલ અઝીઝ મરવાની, ૪૩.
„ કાદર સર, ૫૪૯.
„ નબી સૈયદ, ૩૭૮.
„ મુતલિબ હ૦ ૨, ૬૦.
„ મોમિન, ૧૯મા પીર, ૨૫૩, ૨૫૪.
„ મલિક ઉમવી ખલીફ, ૪૨, ૪૩, ૪૯, ૬૦.
અબ્દુલરહેમાન સર, ૫૫૮.
„ આગા, ૬૦૦.
„ ખલીફ અબુબકરના પુત્ર ૨૫.
„ ખાન, ૬૮૩.
અબ્દુર્રહીમ સર, ૫૪૬, ૫૮૮, ૬૩૫.
„ દમિશ્કના ફાતિમી ગવરનર, ૧૮૬.
અબ્દુરસમી ફાતિમી ખતીબ, ૧૩૪.
અબ્દુરસલામ હ૦, ૩૩મા ઇમામ ૩૫૩-૩૫૫.
અબ્દુલ હમીદ સર, ૫૪૭,-૫૪૯.
„ તુર્કી સુલતાન, ૪૬૭.
અબ્દુલ હલીમ શરર જુઓ શરર.
અબ્દુલ્લાહ, હ૦, નબી સાહેબના પિતાશ્રી ૨.
„ જુઓ ઇમામ વફી એહમદ.
„ જંગબારના પ્રિન્સ, ૫૪૭, ૬૦૬-૬૦૮, ૬૭૫.
„ ઇબ્ને અલી, ૫૬, ૫૭.
„ ઉમર, ૬૨.
„ ખલીફ ઉમરના પુત્ર, ૨૫.
„ ઝુબેર, ૧૧, ૨૫, ૪૦, ૪૧.
„ અઝઝફીયાના પિતા, ૬૩.
„ અલ-ફતહ, ૬૮, ૭૨.
„ તામીર પ્રિન્સ, ૭૧૪.
„ બિ. મુઆવિયા, ૬૧.
„ વાલજી હિરજી વારસ, ૬૧૫, ૬૧૯.
„ શરીફ કાનજી વારસ, ૬૦૯, ૬૧૮, ૬૧૯.
„ વહબ. ૧૫, ૧૬.
અબ્દુલ્લાહ હજરમી, ૧૦.
„ હન્ઝલા, ૩૯, ૪૦.
„ હસન બિ. અલી ૬૧.
„ હાશમ ગાંગજી વારસ, ૬૦૯.
અમાનુલ્લાહ, ૫૧૬.
અમ્માર બિ. યાસીર, ૬૨.
અમીન મુહમ્મદ, પ્રિન્સ, ૬૪૩, ૬૪૫, ૬૮૨.
અમીન અબ્બાસી ખલીફ, ૫૬, ૬૧, ૬૩, ૬૬.
અમીરઅલી સૈયદ ઇતિહાસકાર, ૧૦૮, ૧૧૦, ૪૭૯, ૪૮૩, ૪૯૩, ૫૦૩, ૫૦૪, ૫૨૩, ૬૯૨.
અમીર દારાબ મિશનરી, ૨૦૯.
અમીર મુખ્તાર ઇતિહાસકાર, ૧૪૩.
અર્રાક, અબુ નસ્ર, ૧૮૭.
અરદેશર, ૨૮૧, ૨૮૨, ૩૦૬.

અલ-અપ્રેમ દરૂગ્રી, ૧૭૫.
અલ-અજ્જાદા, હસન ૧૮૩.
અલ-અંતાકી કવિ, ૧૭૪.
અલ-અફ્‌ઝલ, ૨૦૮, ૨૧૯, ૨૨૦.
અલ-આમસમ કરમતી, ૧૩૫, ૧૩૭-૧૩૯, ૧૪૪.
અલ-કદાહ જુઓ મયમુન.
અલ-કય્યાલ, એહમદ, ૮૩.
અલ-કતામી, જુઓ જાફર ઇબ્ને ફલાહ.
અલ-કરમતી હમદાન બિ. અસઅશ, ૯૭.
અલ-કેરમાની અંથકાર, ૧૭૪.
અલ-કેખાયા, રશીદ, ૭૧૪.
અલ-કિફ્તી ઇતિહાસકાર, ૨૧૨-૨૧૪.
અલ-કુદસી, નાઝીમ ૭૧૪, ૭૧૫.
અલ-જ દોલ, ફરહાન ૭૧૩.
અલ-ફર્ગી વડા દાઇ, ૧૬૯.
અલ-બીરૂની, ૧૮૭.
અલ-મન્સુર અબ્બાસી ખલીફ, ૬૧-૬૩, ૬૬, ૬૭, ૭૦, ૭૩, ૭૫, ૭૭, ૮૩.
અલ-મકતુમ જુઓ શાહ ઇસ્માઇલ ૭મા ઇમામ
અલ-લયસ, અલી ૮૨-૮૫.
અલ-લયસ, એહમદ, ૮૫, ૮૬.
અલ-વઝ્ઝાન, ૧૭૨.
અલ હાજિબ હજુરીયો, ૧૦૦, ૧૦૧, ૧૦૪, ૧૦૫.
અલતાફ હુસેન મૌલવી, ૪૭૦.
અલવરના મહારાજા, ૫૭૨.
અલાઉદ્દીન ગોરી, ૨૫૭.
અલાઉદ્દીન મુહમ્મદ હ૦, ૨૬મા ઇમામ પ્ર૦ ૧૦, ૨૮૫-૨૯૬, ૩૦૯, ૩૧૧, ૩૧૩.
અલારખ્યા સુમાર સુખી, ૪૩૮, ૪૩૯, ૪૪૦
અલામુહમ્મદ હ૦, ૨૪મા ઇમામ, ૨૭૦-૨૭૯.
અલી, હ૦ મૌલા, પ્ર૦૨, ૧-૨૨, ૨૪, ૩૬, ૩૭, ૩૯, ૪૪, ૪૫, ૫૩, ૫૫, ૫૭, ૫૮, ૬૬, ૬૮, ૮૨, ૯૪, ૧૦૭, ૧૦૮, ૧૩૫, ૧૬૯, ૧૯૦, ૧૯૧, ૧૯૭, ૨૬૭, ૨૬૮, ૩૨૭, ૩૩૪, ૩૬૪, ૩૬૭, ૩૬૯, ૪૫૪, ૪૭૧, ૪૭૩, ૪૮૧, ૫૧૬, ૫૩૨, ૫૪૦ ૫૪૯, ૫૫૮, ૫૯૦, ૬૧૩, ૬૨૫, ૬૩૩, ૬૮૦, ૬૮૧, ૬૯૪, ૬૯૮, ૭૨૦.
અલી અકબર, ૩૨.
અલી અકબર બેગ, ૩૮મા પીર, ૩૮૨.
અલી અસગર, ૩૦, ૩૧.
અલી અસગર બેગ, ૩૯મા પીર ૩૮૨.
અલી ઇબ્ને અબ્બાસના પુત્ર, ૬૩.
અલીખાન લારી. ૪૨૦, ૪૨૧, ૪૨૨, ૪૨૫.
અલીખાન ના૦ વલીઅહદ, ૪૫૦, ૪૮૩, ૫૦૧, ૫૨૩, ૫૩૦, ૫૩૧, ૫૩૨, ૫૩૫, ૫૩૬, ૫૩૮, ૫૪૦, ૫૪૧, ૫૪૩, ૫૫૬, ૫૫૭, ૫૯૬, ૫૯૮, ૬૨૩, ૬૨૪, ૬૨૯, ૬૪૨, ૬૪૩, ૬૪૪, ૬૪૫, ૬૪૬, ૬૫૩, ૬૬૦, ૬૬૨, ૬૬૪, ૬૬૬, ૬૬૮, ૬૬૯, ૬૭૬, ૬૮૧, ૬૮૨, ૬૮૩, ૬૮૪, ૬૮૮, ૬૯૧, ૬૯૪, ૬૯૭, ૭૦૧, ૭૦૨, ૭૦૩, ૭૦૪, ૭૧૨, ૭૧૭.
અલી બિ. ઇમામ શાહ ઇસ્માઇલ, ૭૭, ૭૮,
અલી નકી હ૦, ૭૧.
અલી નાસર સૈયદ, ઇરાની એલચી, ૬૯૦
અલીમામદ મુલ્લાં ૪૦૮.
અલીમામદ નાસર કરમશી, ૪૮૭.
અલી મેહરપાશા મિસરના વઝીર, ૬૪૫.
અલી મુરાદ ખેરપુરી, મીર ૪૨૮.
અલી રઝા હ૦, ૭૧, ૮૩.
અલીશાહ, હ૦ આકા, ૪૭મા ઇમામ, ૪૩૮, ૪૪૨, ૪૪૪-૪૪૭, ૪૫૩, ૪૫૪, ૪૫૫, ૪૭૭, ૫૬૨, ૬૨૫ ૬૩૨.
અલીશાહ, હરહાઇનેસ, લેડી,(નામદાર માતા સલામત) ૪૪૫, ૪૪૭, ૪૪૯-૪૫૧, ૪૫૪, ૫૩૨, ૫૩૩, ૫૬૪, ૫૭૨, ૫૮૬, ૬૨૫, ---- ૬૩૪.
આઇવેનોવ (ઇવેનોવ) પ્રોફેસર, ૭૫, ૨૩૪, ૨૩૭, ૨૭૮, ૨૮૯ટી, ૨૯૦, ૩૨૨, ૩૪૬, ૩૫૩, ૩૫૪, ૩૬૬ટી, ૩૬૭ટી, ૩૭૭, ૩૮૩, ૪૬૦, ૪૪૬ટી, ૫૫૯.
આઉટ્રામ, મેજર, ૪૨૮.

અસઅરા, અબુબક, ૬૬૩.
અશઅસ હમદાન. જુઓ અલ કરમતી.
આકાશી, હાજી મિરઝા. ૪૧૧ ૪૧૩. ૪૧૫, ૪૧૭.
આગાખાન, નામદાર પહેલા. ૪૦૬–૪૪૩
" " બીજા, ૪૪૪–૪૫૧.
" " ત્રીજા, ૪૫૨ ૭૨૦.
આઝમજાહ, નિઝામના વલીઅહદ, ૫૩૮, ૬૪૩, ૭૦૪.
આઝિદ ખલીફ, ૨૨૪, ૨૨૫, ૨૬૧.
આદમ અ૦. હ૦ પ્ર૧૨, ૧૮, ૧૯ ૨૩.
આદમજી હાજી દાઉદ, ૫૬૭.
આંબેડકર ડૉ૦. ૫૩૪.
આમેના ખાતુન, ૮૨.
આમિર હ૦, ખલીફા, ૨૨૨, ૨૨૩.
આયશા, જનાબ ૬૦, ૬૧.
આરિફ. અબ્દુલ્લાહ ફાતિમી લાઇબ્રેરીઅન. ૨૦૭.
આરનોલ્ડ જોસફ, જજ ૪૩૯, ૪૪૧.
આરનોલ્ડ, પ્રો૦ ઇતિહાસકાર, ૩૨૬, ૩૩૫, ૩૩૯.
આર્કડ્યુક ફ્રાન્સીસ, ૪૬૬.
આર્થર પ્રિસ્ટલી, સર, ૫૧૦.
આલી બિન સાલીમ, સર ૬૦૨, ૬૦૩ ૬૦૪.
આસફઅલી. ૫૫૭. ૫૯૨.
આસુ ગાંગજી, ૪૩૯.
એટલી, ગ્રેટ બ્રીટનના વડા પ્રધાન. ૬૭૫.
એડવર્ડ સાતમા સમ્રાટ, ૪૩૭ ૪૫૦. ૪૬૫, ૪૬૬. ૪૬૮, ૪૬૯, ૪૭૯. ૪૮૬, ૪૮૪.
એડિનબરો લોર્ડ, ૪૩૭.
એમણબાઇ, ૩૨૫.
એમરી ઇસ્રિતી બાદશાહ, ૨૭૬.
એરીસટોટલ ૧૮૮ ૨૧૩.
એલગીન વાઇસરૉય, ૪૬૩.
એલનબરો, લોર્ડ, ૪૩૬.
એસ્કવીથ. લોર્ડ ૪૯૩.
એહમદ નવાઝ જંગબહાદુર વઝીર, ૬૪૪, ૭૦૪.
એહસાનુલ્લાહ, ગ્રંથકાર ૨૮૮ટી.
એહસાનુલ હક ૫૪૯.
એહમદશાહ ઇરાનના શાહ. ૪૬૦, ૪૬૬.
ઓલિવરી, ઇતિહાસકાર ૧૨૩. ૧૪૦, ૧૪૮, ૧૫૧, ૧૬૦, ૧૬૩ ૧૭૬, ૧૭૭, ૧૯૮, ૨૦૩, ૨૦૬. ૨૦૮, ૨૧૦, ૨૨૦. ૨૨૧ટી. ૨૨૨, ૨૨૩ ૨૨૬, ૨૨૭.
ઓસ્ટીન ચેમ્બરલીન સર, ૫૭૫.
ઔરંગઝેબ સમ્રાટ, ૩૫૪, ૩૮૧, ૫૪૮.

## ઇ

ઇખ્શીદ, બની ૧૧૨ ૧૩૧. ૧૩૫, ૧૩૬.
ઇખ્શીદી, મુહમ્મદ તુગ્ઝ. ૧૨૩, ૧૨૪, ૧૨૫.
ઇદ્રીસ બિ. હસન બિ. અલી. ૧૨૬.
ઇદ્રીસ સૈયદના, ઇતિહાસકાર ૮૬ટી, ૩૦૮.
ઇફતકીન, નાસિરૂદ–દૌલા, ૨૨૦, ૨૨૧.
ઇફતગીન, તુર્કી અમીર, ૧૪૫, ૧૫૧–૧૫૩. ૧૫૪, ૧૫૫.
ઇબુ પીરભાઇ વારસ ૬૧૯.
ઇબ્રાહિમ હ૦ પયગમ્બર. ૨૦, ૬૭ ૫૨૨.
ઇબ્રાહિમ અદહમ બાદશાહ ૩૧૨.
ઇબ્રાહિમ અબ્બાસી ૬૩, ૮૩,
ઇબ્રાહિમભાઇ મામદ ૨૫૭, ૪૭૬.
ઇબ્રાહિમ બિ. મુસા કાઝિમ. ૯૦, ૯૧.
ઇબ્રાહિમ રાજન મેરાલી, રાઇ ૬૬૭. ૬૬૮.
ઇબ્રાહિમ રેમતુલ્લાહ સર. ૪૮૫. ૪૮૯, ૫૬૪, ૫૭૫, ૬૪૦, ૫૯૫.
ઇબ્ને અત્તારા ૨૦૯ ૨૧૧. ૨૧૨.
ઇબ્ને અબ્બાસ. ૬૦, ૬૩, ૬૬.
ઇબ્ને અમ્માર, ૧૩૮, ૧૫૭, ૧૬૦–૧૬૩.
ઇબ્ને અયનીયા સુરી, ૫૯.
ઇબ્ને આબેદુન, ૧૬૮.
ઇબ્ને કિલીસ, ૧૨૯, ૧૪૫, ૧૪૯, ૧૫૨, ૧૫૬, ૧૮૩.
ઇબ્ને ખલદુન ઇતિહાસકાર પ્ર૧૦ ૨૨૨, ૨૯૪.
ઇબ્ને ખલીકાન ઇતિહાસકાર ૩૬, ૪૬, ૧૦૮, ૧૧૭, ૧૩૪, ૧૪૩, ૧૫૫, ૧૬૯, ૧૭૭, ૧૮૭, ૨૦૩, ૨૨૦, ૨૨૧, ૨૨૨, ૨૭૫.
ઇબ્ને જોઝી અલ્લામા, પ્ર૧૩.
ઇબ્ને ઝિયાદ, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૪, ૩૮.
ઇબ્ને ઝિરી જુઓ યુસુફ ઝિરી.
ઇબ્ને ઝુબેર અરબ પ્રવાસી, ૨૭૪.

ઇબ્ને મુલા ઇતિહાસકાર, ૧૪૩, ૬૫૮.
ઇબ્ને તાલુત, ૧૧૦.
ઇબ્ને નોઅમાન જુઓ નોઅમાન.
ઇબ્ને બકર, ૧૨૬.
ઇબ્ને બસાસીરી પ્રવાસી, ૩૦૪.
ઇબ્ને મસ્સાલ, મહમુદ ૨૨૦–૨૨૧.
" અબુલ ફતહ ૨૨૩, ૨૨૭.
ઇબ્ને મિદરાર, અલીસા, ૧૦૪.
ઇબ્ને મુકન્ના જુઓ મુકન્ના
ઇબ્ને મુસ્લિમ, ૧૪, ૨૧.
ઇબ્ને યુનુસ, ખગોળવેત્તા ૬૫૮.
ઇબ્ને સઉદ, ૫૧૪.
ઇબ્ને સૈરાફી ઇતિહાસકાર, ૬૬૦.
ઇબ્ને વાસિલ, ૧૨૬.
ઇબ્ને હદીદ, અલ્લામા ૨૧.
ઇબ્ને હમ્બલ જુઓ હમ્બલ
ઇબ્ને હવશબ મિશનરી, ૭૩, ૯૨, ૯૩, ૯૯,–૧૦૨.
ઇબ્ને હરૂન, ૫૨૭.
ઇબ્ને હાનિ, કવિ, ૩૨૨.
ઇબ્નુલ અરબી, ૨૮૮, ૨૯૧–૨૯૫, ૫૬૨, ૫૯૫.
ઇબ્નુલ અલકમી, અબ્બાસી, ૩૦૪, ૩૦૫.
ઇબ્નુલ અસીર ઇતિહાસકાર, ૧૦૮, ૧૮૫, ૧૮૮, ૨૦૯, ૨૩૧.
ઇબ્નુલ ફુરાત, ૧૨૫, ૧૩૦, ૧૩૧, ૧૩૬, ૧૩૮, ૧૪૯.
ઇમરાન જુઓ હ૦ અબુતાલિબ.
ઇમરાન, દાઇ સુરહાબનો પુત્ર, ૮૬.
ઇમામશાહ સૈયદ, ૩૪૧, ૩૪૫–૩૪૮, ૩૬૮, ૩૭૫, ૪૦૦.
ઇમામ કુલી, કવિ જુઓ ખાકી ખુરાસાની.
ઇરવીન લોર્ડ, ૫૪૪.
ઇરાકી શેખ, જુઓ સીનાન.
ઇસ્લામદીન ૨૦મા પીર (સૈયદ સલામદીન) ૨૬૧, ૨૭૮.
ઇસ્લામશાહ ૩૦મા ઇમામ, ૩૩૨–૩૪૩, ૩૭૫, ૪૭૭.
ઇસા મસીહી હ૦, ૨૩, ૩૦, ૫૩, ૫૦૪.
ઇસા બેલ, મીસીસ અમીરઅલી, ૫૨૪.
ઇસા બિ. નેસ્ટોરિયસ, ૧૪૯, ૧૫૦.
ઇસમાઇલ હ૦, ૬ઠા ઇમામ, ૬૭, ૬૮, ૭૦–૭૬, ૯૭, ૧૦૭, ૧૦૮, ૨૩૩, ૨૫૧, ૨૭૮, ૩૨૪, ૩૪૫, ૪૦૭, ૫૧૬, ૫૩૧, ૬૩૩.
ઇસમાઇલ બિ. મુસા કાઝિમ, ૯૦.
ઇસમાઇલ ખેરાજ, ૪૩૯, ૪૪૭.
ઇસમાઇલ કાસમાણી કામડીઆ, ૪૬૨.
ઇસમાઇલ ગાંગજી વઝીર, ૪૪૦, ૪૪૧.
ઇશ્વરદાસ લક્ષ્મીદાસ, ૬૭૦.
ઇસમાઇલ જાફર (છોટુ) રાઇ, ૫૭૦.
ઇસહાક બિ. ઝૈદ, ૬૧.
ઇસહાક બિ. અબ્બાસ અલ–ફારસી, ૭૮, ૭૯, ૮૦
ઇસ્ફહાની, મિરઝા અલી મહમદ, ૪૪૫.
" તાજુદ–દૌલા, ૪૪૫, ૪૪૯.
" અબદુલ વહાબખાન નિશાત, ૪૪૫.

## ઉ

ઉ કાનજી નાનજી વઝીર, ૬૮૯, ૭૦૪.
ઉકૈલી, નસ્ર બિ. સિબ્ત, ૯૦.
ઉખીન માઉંલા, ૭૦૬.
ઉચો મીન્ટ, ૭૦૬.
ઉજ્જવલસિંહ સરદાર, ૫૩૫.
ઉટીન, ઉવુમ થુ, ૭૦૬.
ઉયાન આંઉ, (તથા બરમીઝ પ્રધાનો) ૭૦૬.
ઉન્જુર, અબુલ કાસિમ ઇખ્શીદી, ૧૨૩, ૧૨૪.
ઉબા મોંગ, ૬૮૯.
ઉબૈદુલ્લાહ, ફાતિમી અમીર જુઓ અબુ જાફર
ઉમર હ૦ ખલીફા, પ્ર૧૩, ૬, ૭, ૨૫, ૪૭૧.
" બિ. આસ, ૩, ૧૧, ૧૨, ૧૩, ૧૪.
" બિ. અબુબકર, ૧૪.
" બિ. અબ્દુલઅઝીઝ ઉમવી ખલીફ, ૫૭, ૫૮, ૬૦, ૬૧.
" ઇબ્ને અલી, ૬૩.

ઉમર ખૈયામ જુઓ ખૈયામ.
„ હયાતખાન ટીવાના, ૫૨૩, ૫૭૫.
„ બિ. સાદ, ૨૮, ૨૯, ૩૦, ૩૭, ૪૨.
ઉમ્મે અબ્દુલ્લાહ હ૦ હસનના પુત્રી જુઓ ૭૪:
ફાતિમા:
„ ફરવા, ૫૯.
„ હબીબા, હ૦ અલીના બીબી, ૨૨.
„ હબીબા (ના૦ બેગમ આગાખાન) ૬૪૫, ૬૪૬, ૬૫૨, ૬૬૦, ૬૬૨, ૬૬૬, ૬૬૯, ૬૭૦, ૬૭૫, ૬૭૬, ૬૫૮, ૬૮૨, ૬૮૫, ૬૮૬, ૬૯૦, ૬૯૯.
ઉમ્મિદ, શેખ ૧૮૧.
ઉમેદઅલી બાવા, ૩૯૩, ૪૩૫, ૪૩૬.
ઉમૈયા પ્રકરણ ૧, ૪, ૮, ૨૫, ૨૭, ૩૪, ૩૫, ૫૫, ૬૦, ૬૨, ૬૩, ૬૬, ૧૦૮, ૧૨૬, ૧૬૮, ૧૬૯, ૧૮૪, ૧૮૫.
ઉસમાન હ૦ ખલીફા, ૭, ૨૪, ૪૨, ૬૯૪.
„ બિ. મહમદ, ૩૯.
„ બિ. હનિફ, ૧૦, ૧૨.

ક

કઝવીની, ઇતિહાસકાર ૨૨૬, ૩૦૫.
કપુરથલાના મહારાજા, ૫૭૭-૫૭૮, ૫૭૨.
કમાસ બિ. જુહ, ૮૧.
કમાલુદીન, હલબનો ઇતિહાસકાર ૨૪૦, ૨૬૮.
કમાલુદીન, ખ્વાજા ૫૨૪.
કમાલુદીન, ઇસમાઇલી એલચી, ૨૮૬.
કમાલુદીન, સૈયદ સબ્ઝવારી, ૩૩૭.
કમાલપાશા, ગાઝી, ૫૦૩, ૫૦૪, ૫૦૬.
કમ્પાલાના ના૦ કબાકા, ૬૪૮.
કમ્બર ગુલામ, ૧૬.
કમ્બર ઇ. અબ્દુલ્લાહ, ૧૮૮.
કપકાઉસ, ખીલાનનો હાકિમ, ૨૫૮, ૨૫૯, ૨૮૧, ૨૮૫.
કરમતી (કરમતીઓ) પ્રકરણ ૧, હમદાન બિ. અસઅસ ૯૭, ૧૩૫-૧૩૭, ૧૫૧, ૧૪૪, (કબીર) ૧૩૬-૧૩૭.
કરમાલી ડાયા શહીદ, ૫૧૩.
કરઝન લોર્ડ, ૪૮૬, ૫૧૭, ૫૮૯.
કરઝન વાયલી સર ૪૭૮.
કરીમ આગા ના૦ પ્રિન્સ, ભવિષ્યના ગાદી વારસ, ૫૯૮, ૬૪૩, ૬૪૫, ૬૮૨, ૭૦૧.
કરીમ ઇબ્રાહિમ બેરોનેટ, ૪૪૭, ૪૮૦, ૪૮૧, ૪૮૯, ૫૮૪, ૫૮૫, ૫૮૬, ૫૯૫.
કરીમજી જીવણજી શેઠ સુલ્તાનઅલી, ૬૦૪, ૭૦૪; અબ્દુલ્લાહ ૬૦૫, ૬૮૭.
કલ્બી, હસન બિ. અલી, ૧૧૮, ૧૧૯, ૧૨૭, ૧૨૮.
કલ્બી, વહબ બિ. અબ્દુલ્લાહ, ૩૦.
કાચાર ફતેહઅલીખાન સરદાર, ૩૮૭.
„ આગા મુહમ્મદખાન ૩૮૮, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૪૦૭, ૪૦૯, ૪૧૩.
„ ફતેહઅલીશાહ, ૩૯૭, ૪૦૦, ૪૦૧, ૪૦૨, ૪૦૭, ૪૦૮, ૪૦૯, ૪૧૦, ૪૧૧, ૪૧૩, ૪૩૭, ૪૪૨, ૪૪૪, ૪૪૫, ૪૫૦.
„ ઝિલ્લુસુલતાન, ૪૦૯, ૪૪૫.
„ મુહમ્મદશાહ, ૪૧૦, ૪૧૧, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૩૩, ૪૩૪, ૪૪૪.
કાફુયા, બુવૈયા બાદશાહ, ૧૮૮.
કાયમ હ૦, ૧૨મા ઇમામ ફાતિમી ખલીફ, ૧૦૦, ૧૦૨થી, ૧૦૪, ૧૦૬, ૧૦૭, ૧૧૦-૧૧૪, ૧૧૮, ૧૪૦, ૧૯૭.
કાનીપા યોગી, ૨૧૫.
કાપુર, ૧૨૩, ૧૨૪, ૧૨૯, ૧૩૬, ૧૪૯.
કાદિર બિ. મુકતદિર અબ્બાસી ખલીફ, ૧૪૭, ૧૫૮, ૧૭૧, ૧૮૨, ૧૮૩.
કાયમ બિ. કાદિરબિલ્લાહ અબ્બાસી ખલીફ, ૧૮૯, ૨૦૩, ૨૦૪, ૨૧૪.
કારામાનીકા, કાઉન્ટ ૫૭૨.
કાવસજી સર, ૪૮૯.
કાસમભાઇ ઇસમાઇલ વારસ, ૪૮૦.
કાસમભાઇ સુંદરજી શામજી વારસ, ૫૬૬, ૬૧૨, ૬૧૮.
કાસમઅલી, હ૦, ૪૩મા ઇમામ ૩૮૫-૩૮૭.
કાસમઅલી જેરાજ પીરભાઇ ૫૫૨.

કાસમઅલી હસનઅલી કામડીઆ ચીફ વઝીર ૪૫૧, ૬૪૫, ૬૫૩.
કાસિમ, હ૦ હસનના પુત્ર, ૩૨, ૩૬.
કાસિમ, હ૦ અબુબકરના પૌત્ર ૫૯.
કાસિમ અલમુદીન મુહમ્મદ ૧૮૪.
કાસિમશાહ, હ૦ ૨૯મા ઇમામ ૩૧૯–૩૩૧, ૬૮૧.
કાશ્મિરના મહારાજા ૬૬૭.
કાહિર અબ્બાસી ખલીફ ૯૬, ૧૦૮.
કાહિર, હ૦ ૨૨મા ઇમામ, ૨૫૦, ૨૫૩, ૨૫૫–૨૬૨, ૨૬૪, ૨૮૧.
કાંગા, સર ૫૬૯.
કિચનર લોર્ડ, ૪૭૦, ૪૭૯.
કિયા બુઝુર્ગ ઉમ્મીદ, દાઇયુલ કબીર, ૨૩૩, ૨૩૫, ૨૩૯, ૨૪૦, ૨૪૫, ૨૪૬, ૨૪૭, ૨૪૯, ૨૫૦, ૨૫૧.
કિયા બુઝુર્ગ ઉમ્મીદ બિ. હાદી દયલમી બાદશાહ-૨૫૯.
કિયાશાહ ધર્મપ્રચારક, ૩૧૭, ૩૧૯.
ક્રિપલાની ૫૬૯, ૬૩૮.
ક્રિપ, જોન્સ, બ્રિ૦ પ્રધાન ૬૭૫.
ક્રિયુ લોર્ડ, ૪૯૧.
ક્રિસ્ટોડોલ્સ પેટ્રીયાર્ક ૨૦૩.
કીડવાઇ શેખ મુશીર હુસેન, ૫૦૪–૫૦૬, ૫૩૫.
કુલસુમબાઇ કરમાલી, આલીજહાની, ૭૦૩.
કૈલાસનાથ કાત્જુ ડૉ૦, ૭૦૫.
કેરોન, મે૦ એન્ડરી (બેગમ આગાખાન) ૫૨૭, ૫૪૧, ૫૪૩, ૫૪૮, ૫૫૩, ૫૫૬, ૫૭૧, ૬૧૭.
કેરાવાડાના ઠાકોર, ૫૭૨.
કુચ બિહારના મહારાજા ૪૮૯, ૫૭૨.
કુર્ત, સુલતાન ગ્યાસુદીન ૩૩૨.
કુબ્લાઇખાન તાતારી, ૨૯૮, ૨૯૧.
કોપેટ, માડાગાસ્કરના ગવરનર, ૬૭૫.
કોનરેડ, મારકવીસ, ૨૭૬, ૨૭૭, ૪૩૭.
કોન્સ્ટન્ટાઇન બ્રિ. બાદશાહ ૧૨૮, ૧૮૬, ૨૦૨.
કોલબ્રુક, ઇતિહાસકાર ૧૮.
કોલ્હાપુરના મહારાજા, ૫૭૨.
કોલ્વીલ, સર જોન ૬૬૭, ૬૭૦.
કોલીન્સ, ૬૧૦.
કોક્ષ યુગાન્ડાના પ્રો૦ કમિશ્નર ૬૨૨.
કૃષ્ણમાચારી સર ૫૭૨, ૫૭૩.

### ખ

ખદીજતુલ કુબરા, ૭૦, ૪૦૪.
ખંભાતના નવાબ ૫૭૨, ૬૬૭.
ખલીલ, ફાતિમી જનરલ ૧૧૨.
ખલીક, કવિ, ૫૨૦.
ખલ્લિકાન, જુઓ ઇબ્ને ખલ્લિકાન.
ખલીલુલ્લાહ અલી હ૦ (પહેલા) ૩૯મા ઇમામ, ૩૬૭, ૩૭૨–૩૭૫.
ખલીલુલ્લાહ અલી હ૦ (બીજા) ૪૫મા ઇમામ, ૩૯૪, ૪૦૨.
ખલીકુઝઝમાન ચૌધરી ૬૯૦.
ખાકાની શાએર, ૫૯૯.
ખાકી ખુરાસાની કવિ, ૩૨૨, ૩૫૩, ૩૫૯, ૩૬૪, ૩૬૬, ૩૬૭, ૩૬૯, ૩૭૨, ૩૭૩, ૩૭૮.
ખાકી પદમશી કામડીઆ, ૪૩૮, ૪૪૦.
ખારિઝમશાહ ૧૮૭, ૨૪૭, ૨૭૨, ૨૮૦, ૨૮૪, ૨૮૬–૨૮૮, ૨૯૬, ૨૯૭, ૩૧૨.
ખાલિકદીન, ૧૮મા પીર, ૨૪૮, ૨૫૩.
ખાલીદ શનીલા, ડૉ. ૭૧૩.
ખિઝર, હ૦ પયગમ્બર, ૨૯૩.
ખુદ જલાલુદીન હસન, ૨૫મા ઇમામ, ૨૮૦–૨૮૪, ૩૧૨.
ખુદાબક્ષ તાલિબ શહીદ, ૫૧૩.
ખુદાબંદા મુહમ્મદ, તાતારી ૩૨૦.
ખુરાસાની, મુહમ્મદ બિ. અલી, ૮૦, ૮૧.
ખુલા (હનફિયા) હ૦ અલીના બીબી, ૨૨, ૪૬.
ખુસરૂ, હકીમ નાસિર. ૨૧, ૧૪૪. ૧૮૮, ૧૯૩–૨૦૧, ૨૦૯, ૨૧૦, ૨૧૧, ૨૧૩, ૨૨૫, ૨૮૪, ૩૨૨, ૩૨૩, ૩૪૩, ૩૬૬, ૪૫૪, ૫૬૨.
ખેર, બી. જી. મુંબઇના વડા પ્રધાન ૬૩૯.
ખેંગારજી, કચ્છના રાવ, ૫૧૦, ૫૭૧.

ખૈયામ કવિ–૧૯૪, ૨૦૯, ૨૧૨–૨૧૫, ૨૮૯, ૪૫૬.

## ગ

ગઝદર, મુહમ્મદ હાશમ, ૫૭૫, ૬૭૦
ગઝનફરઅલી ખાન ૭૧૨.
ગઝનખાન તાતારી ૩૧૯.
ગઝનવી, સુલતાન મહમુદ ૧૮૫–૮૭
,, અબ્દુલ રશીદ ૧૮૬
,, સબક્તગીન ૧૮૫
,, અલપ્તગીન ૧૮૫.
,, મસઉદ બિ. ઇબ્રાહીમ ૨૪૭.
,, સર અબ્દુલ હલીમ ૫૪૦, ૫૫૨ ૫૫૮, ૫૬૭, ૫૭૨, ૫૮૮.
ગફારી, ઇતિહાસકાર, ૨૭૨.
ગરીબ મિરઝા ઉ૦ ૩૪મા ઇમામ ૩૫૬–૩૫૮.
ગાઝી રૂસ્તમ શાહ, ૨૫૮, ૨૫૯.
ગાયકવાડના મહારાજા ૪૮૯, ૫૭૨, ૬૬૭.
ગાલિબ કવિ ૩૬, ૫૯૦.
ગાલિબ ઉમવી સેનાધ્યક્ષ ૬૨૭.
ગાંધીજી, મહાત્મા, ૫૦૪, ૫૩૪, ૫૩૫, ૫૩૬, ૫૪૦, ૫૪૬, ૬૩૪, ૬૩૭, ૬૩૮, ૬૩૯, ૬૫૯, ૬૬૬, ૬૬૮, ૭૦૫.
ગીડની, સર હેનરી, ૫૪૬, ૫૬૭, ૫૭૫.
ગીલગીટના ઇસમાઇલી રાજકર્તા ૬૮૩.
ગુલામઅલી દખની ગ્રંથકાર, ૩૫૪.
ગુલામ બીક નવરંગ, સૈયદ, ૫૧૬, ૫૯૨.
ગુલામહુસેન હિદાયતુલ્લાહ સર ૪૫૦, ૫૮૧, ૫૮૨.
ગુલમાલીશાહ સૈયદ ૩૯૮, ૩૯૯.
ગ્રેગરી, ખ્રિસ્તી પોપ, ૨૯૧.
ગોખલે, ૪૮૫, ૪૯૫, ૪૯૭, ૫૦૧, ૫૦૪, ૫૪૩, ૫૪૫.
ગોણુજી પહેલા કચ્છ રાજવી ૩૯૩.
ગોંડલ નરેશ, ૫૭૨, ૫૭૬.
ગૌબા, કે. એલ, ૬૭૦
ગ્યાસુદીન ઘોરી, ૨૭૨.
ગ્યુલ સ્ટ્રેન્ઝ, ફ્રેન્ચ ઇતિહાસકાર, ૧૭૪.
ગ્લેડસ્ટન, ૪૯૦.
ગ્વાલીયરના મહારાજા ૬૭૦.

## ચ

ચકક બાદશાહ, અલીશાહ, ફતેહશાહ વિ૦ ૩૨૬.
ચંગાની, અબુ મન્સુર, ૧૧૩.
ચંગીઝખાન તાતારીખાન ૨૮૨, ૨૮૬, ૨૯૭.
ચંદાવરકર સર ૪૮૯.
ચર્ચીલ, વિન્સ્ટન, ૬૦૪.
ચાર્લ્સ નેપિયર સર, ૪૨૮, ૪૨૯, ૪૩૦, ૪૩૬, ૪૩૭.
ચાર્લ્સ મેકવાટ, સર, ૫૭૨.
ચિંતામની, મી૦ ૫૮૨.
ચીનાઇ રહેમતુલ્લાહ, સર ૫૭૦, ૫૮૬.
ચીનાઇ સર સુલતાન, ૬૪૩.
ચીનુભાઇ માધવલાલ, બેરોનેટ, ૪૮૮, ૪૮૯.
ચુનીલાલ મહેતા (મુંબઇના શેરીફ) ૫૮૪, ૫૮૫ ૫૮૬.
ચુડાસમા, મુંબઇ પોલીસ કમિશ્નર ૭૦૧.
ચુનારા, આલીજાહ, અલીમામદ જાનમામદ ૩૦૫, ૫૦૮, ૬૪૩, ૬૮૧.
ચેમ્સફર્ડ લોર્ડ, ૫૦૦.
ચોખાની, રાવ રામદેવ ૫૬૭.

## છ

છતારીના નવાબ, સર સઇદખાન ૫૬૫ ૫૭૫, ૫૮૭, ૫૯૨.
છોટાણી, હાજી જાનમામદ ૪૯૯, ૫૦૫.

## જ

જંગબારના સુલતાન, ૪૬૬, ૫૧૧–૫૧૨, ૫૪૭, ૬૦૯, ૬૫૩, ૬૭૫, ૬૮૬.
જઆફરી સૈયદ ૫૨૬.
જમશેદજી જીજીભાઇ બેરોનેટ ૪૮૯, ૫૮૫, ૫૮૬, ૬૪૦.
જમશેદજી ડગન સર, ૫૬૯.
જમાલુદીન શેખ, ૨૯૫.

જયકર, શ્રીયુત એમ. આર, ૫૪૫, ૫૬૯, ૫૭૪.
જયશ હાતિગી જનરલ, ૬૬૬, ૬૬૨, ૬૬૩.
જ્યોર્જ પાંચમા, સમ્રાટ, ૪૫૦, ૪૭૨, ૪૭૪, ૪૮૪, ૪૮૭, ૫૩૫, ૫૬૦, ૫૬૨, ૫૬૮, ૫૭૦, ૫૭૧, ૫૭૨, ૫૭૭, ૫૭૮, ૫૮૫, ૫૮૬, ૬૨૫.
જ્યોર્જ છઠ્ઠા, સમ્રાટ ૬૩૦, ૬૪૨.
જ્યોર્જ ન્યુબીયાના રાજવી ૧૩૫.
જ્યોર્જ હેમીલટન લોર્ડ ૪૬૫.
જરજરાઇ, ૧૮૧, ૧૯૧, ૧૯૨.
જલમ બિ. સાયબા, ૧૮૫.
જલાલુદીન રૂમી જુઓ રૂમી.
જમાલુદીન સિયુતી. અલ્લામા, જુઓ સિયુતી
જસદણના ચીફ ૬૬૭
જગીશાહ ૪૬૪, ૪૭૭.
જાઅદા બીબી, ૨૪.
જાગણ હાજીઆણી ૪૩૫.
જાબિર અન્સારી ૪૮, ૪૯, ૫૦, ૫૧.
જાબિલશાહ બુતપરસ્ત બાદશાહ ૧૦૭.
જામસાહેબ, નવાનગરના, ૪૩૩, ૪૬૮, ૫૧૦, ૫૭૨, ૫૭૩, ૬૬૬, ૬૬૭.
જામી, મૌ૦ અબ્દુર્રેહમાન ૪૫, ૨૯૨, ૨૯૩.
જાફર અલ-મુસદક ૮૨.
જાફર અલ-હાજિબ જુઓ અલ-હાજિબ.
જાફર ઇબ્ને ફલાહ ૧૩૧, ૧૩૬, ૧૩૭, ૧૭૧.
જાફર કઝાબ ૭૨.
જાફરખાન, ૪૩૫.
જાફરે તૈયાર ૯૦, ૯૦.
જાફર પ્રધાન કામડીઆ. ૪૮૦.
જાફર રૈમતુલ્લાહ બેરીસ્ટર, ૩૪૯.
જાફર સાદિક હ૦ પાંચમાં ઇમામ, ૫૯-૬૮, ૯૭ ૧૦૮, ૨૧૫, ૩૦૩, ૩૪૫, ૩૬૧, ૪૦૬, ૫૧૬, ૫૩૧, ૬૩૩.
જીંદાણી, વારસ ગુલામહુસેન, ૫૪૭, ૬૦૩, ૬૦૯, ૬૧૭, ૬૧૮, ૬૬૯, ૬૭૧, ૬૭૫.
જીબ્રાઇલ, ૭, ૧૭, ૩૯.
જીલ્લી, અબ્દુલકરીમ ગ્રંથકાર ૨૯૪.
જુવૈની, ઇતિહાસકાર જુઓ અતા મલિક.
જેરાજ પીરભાઇ ૪૪૭.
જેમ્સ ફરગ્યુસન, ૪૪૬.
જેમ્સ મેસ્ટન સર, ૪૯૭.
જેસા ભગુ (આલીજાહ) ૬૦૯.
જોન માલ્કમ ઇતિહાસકાર, ૨૨૬, ૨૩૧, ૨૩૨, ૨૩૮, ૨૪૧, ૨૪૨, ૨૪૩, ૨૪૬, ૨૬૩, ૨૭૮, ૨૮૨, ૨૮૪, ૨૯૭, ૩૨૦, ૩૪૩, ૩૫૭, ૩૬૦, ૩૬૩, ૩૬૪, ૩૬૮, ૩૭૧ ૩૭૩, ૪૧૧.
જોન મેકનેઇલ સર, ૪૨૮.
જોન રાઇટ ઇતિહાસકાર ૨૪૪.
જોન હેથેર્ન સર, યુગાન્ડાના ગવરનર ૬૭૫.
જોઝ, ૧૨૯.
જોહર, ગાઝી ૧૨૩, ૧૨૫, ૧૨૬ ૧૨૭, ૧૨૮, ૧૨૯, ૧૩૦, ૧૩૧, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૯, ૧૪૧, ૧૪૫, ૧૪૯, ૧૫૦, ૧૫૫, ૧૫૬.

## ઝ

ઝકી અલી ડૉ. ૭૧૧.
ઝંદ. કરીમખાન, ૩૯૧, ૩૯૨, ૩૯૪, ૫૧૪.
,, અબુલ ફતેહખાન, ૩૯૪, ૩૯૫.
,, સાદિકખાન ૩૯૫.
,, જાફરખાન ૩૯૫.
,, લુત્ફઅલીખાન ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૪૦૭, ૪૦૮, ૪૧૨.
ઝફરૂલ્લાહખાન, સર મુહમ્મદ ૫૭૪, ૫૮૮, ૫૮૯, ૬૭૦.
ઝયનબ, હ૦ ઇમામ હુસેનનાં બહેન ૩૧.
ઝયનુલાબેદીન હ૦, ૩જા ઇમામ, ૩૨, ૩૩, ૩૬-૪૬, ૪૫૪.
ઝયનુલાબેદીન નિયામતુલ્લાહ શાહી જુઓ શિરવાની
ઝહરી, અસહાબી, ૪૩, ૪૯,
ઝાકિર હુસેન સૈયદ, ઇતિહાસકાર ૩૪, ૧૧૧, ૩૬૩, ૩૯૨.
ઝાફિર ખલીફ ૨૨૩.
ઝાર, ઝારિના, રશીયાના ૪૬૬, ૫૧૭.

ઝાહિર હ૦. ૧૭માં ઇમામ ફાતિમી ખલીફ ૧૭૯–૧૮૮, ૨૦૮.
ઝાહિદ હુસેન જ૦ ૬૯૨, ૬૯૩,
ઝીણા, જ૦, (કાઇદે આઝમ) ૪૮૫, ૫૬૫, ૫૩૮.
ઝીરી, બિલ્કીન, ૧૨૭.
ઝીરી, યુસુફ બિ., જુઓ યુસુફ.
ઝિયાઉદ્દીન એહમદ ડૉ૦, ૪૭૨, ૫૬૭, ૫૮૬, ૫૯૨, ૬૩૨, ૬૩૩, ૬૬૧.
ઝિયાદતુલ્લાહ અઘલબી ૧૦૨.
ઝુબેદા, ખલીફા હારૂનની બેગમ ૭૮, ૭૯.
ઝુકોવસ્કી રશિયન સાહિત્યકાર, ૨૮૯.
ઝુલફિકારઅલી હ૦ ૩૭મા ઇમામ, ૩૬૬–૩૬૮.
ઝુલફીકારઅલી ખાન એન૦ સર. ૫૧૦, ૫૨૩.
ઝુર્આ, ઇસા નેસ્ટોરીઅનનો પુત્ર ૧૬૪, ૧૬૮.
ઝુબેર બિ. અવામ ૮, ૧૦.
ઝૈદ બિ. ઇમામ ઝયનુલઆબેદીન ૪૬, ૫૫.
ઝૈદ, હ૦ હસન બિ. અલીના પુત્ર, ૫૭, ૬૧.
ઝૈદ બિ. મુસા કાઝિમ ૯૦.
ઝૈદા, ફાતિમી જનરલ ૧૧૨.
ઝૈદી તબાતિબાઇ જુઓ તબાતિબાઇ.
ઝોહરા, જુઓ હ૦ ફાતિમા.

## ટ

ટન્ડયલા રાયબહાદુર ૬૫૮.
ટરનર, ઇ, આફ્રિકાના કમિસ્નર ૬૦૧.
ટાગોર, જુઓ રવિન્દ્રનાથ.
ટાગોર સર, પી. સી. ૫૬૭.
ટુગુડ લેફ. કર્નલ, ૫૬૯.

## ડ

ડગ્લાસ સર, ૪૫૩.
ડાર્કીમરી જનરલ, ગ્રંથકાર ૩૦૫.
ડયુક ઓફ કેન્ટ, ૬૦૪, ૬૪૧.
ડયુક ઓફ કોનાટ, ૪૬૫, ૪૬૯, ૪૯૮.
ડયુક ઓફ વિન્ડસર ૬૩૦.
ડયુકસ, યુનાની શહેનશાહ ૧૬૨, ૧૬૩.
ડાહ્યાભાઇ વેલજી વારસ, ૫૩૬, ૬૩૨.
ડિઝરાયલી ૪૯૦.
ડી. ગીઝે ડચ અભ્યાસી ૨૪૩.
ડી' સેસી, ઇતિહાસકાર, ૩૯, ૧૬૦, ૧૭૩.
ડુમાસ્યા નવરોજજી ૪૫૯, ૫૦૭.
ડોસાણી વઝીર ૬૫૭.
ડોઝી, ડચ અભ્યાસી ૨૪૩.

## ત

તકી મુહમ્મદ હ૦, ૯મા ઇમામ ૮૩, ૮૫, ૮૭–૯૧.
તગશ, સુલતાન મહમદ ૨૬૩.
તઘલક, નાસિરૂદીન મુહમ્મદ ૩૪૦, ૩૪૧.
તબાતિબાઇ ઝૈદી ૯૦.
તમીમ, કવિ, ૧૫૬.
તયમીયા અલ્લામા, ૬૦, ૨૯૪.
તલ્હા બિ. અબ્દુલ્લાહ ૮, ૧૦.
તબ્રેઝી જુઓ શમ્સુદ્દીન.
તા'ઇ અબ્બાસી ખલીફ ૧૨૨, ૧૪૭.
તાજદીન, ૨૮મા પીર, ૩૩૭, ૩૪૫, ૩૪૬, ૩૫૦, ૩૫૧, ૩૫૩, ૩૫૪, ૩૬૮, ૩૮૨, ૩૮૩.
તાતા લેડી ૪૮૯.
તાબજયુખાન તાતારી અમીર, ૨૮૮–૨૯૦.
તાહિરશાહ મુહમ્મદ અલ-હુસેની ૩૧૭, ૩૫૦–૩૫૩.
તાહેર સૈફુદીન, સૈયદના, વડા મુલ્લાજી સાહેબ, ૫૪૧, ૬૩૧–૬૩૨, ૬૮૬.
તિરમીઝી, મિશનરી અબુ ૮૮, ૮૯.
તિરમીઝી, સૈયદ બુરહાનુદીન ૩૧૩.
તિલક, ૫૪૩.
તુકોજીરાવ હોલકર મહારાજા ૫૭૨.
તુગ્ઝ, મુહમ્મદ ઇખ્શીદી જુઓ ઇખ્શીદી.
તુગ્ઝ, હુસેન બિ. અબ્દુલ્લાહ, ૧૨૫, ૧૩૬.
તુમરત મુહમ્મદ, ૨૫૩, ૨૫૪.
તુસી, ખ્વાજા નસીરૂદીન, ૨૮૮–૨૯૧, ૨૯૭, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૦૫.
તૈમુરલંગ ૩૦૩, ૩૦૪, ૩૩૩, ૩૪૨–૩૪૩, ૩૪૫, ૩૫૮, ૩૫૯, ૩૬૦, ૩૮૩.

તૈયબ હઝરત ૨૨૩.
તૈયબ હબુરીયો ૧૦૦, ૧૦૪, ૧૦૫.
તૈયબજી જસ્ટીસ ૫૬૯, ૫૮૬.
ત્રાવણકોરના મહારાજા ૫૭૦.

### થ

થકીન નુ. એો૦ બરમાના વડા પ્રધાન ૬૮૮, ૬૮૯, ૭૦૬, ૭૦૮.
થાવરભાઈ, રાઈ ગુલામહુસેનભાઈ ૫૨, ૫૬, ૫૦૮.
થારીઆ ટેપણુ વઝીર, ૪૬૧, ૪૪૭.
થીબો રાજા, ૭૦૭.
થેરેસા, ના૦ પ્રિન્સેસ, ૪૭૯, ૫૦૧, ૫૧૫.

### દ

દજ્જાલ જુઓ અબુ યઝીદ.
દજ્જાલ પુત્ર ફઝલ જુઓ ફઝલ.
દરભંગાના મહારાજા ૫૬૭.
દરવીશ બહાઉદીન જુઓ બહાઉદીન.
દરઝી મુહમ્મદ બિ. ઇસમાઇલ, ૧૯, ૧૭૫, (દરઝી પ્રચારકો) ૧૭૫.
દવાનકી (મન્સુર અબ્બાસી ખલીફ) ૬૬.
દવ્વાસ-અદોલા અમીર અલ-જ્યુસ ૧૭૮.
દહેલવી, સર અલીમુહમ્મદખાન ૫૫૧.
દાઉદ, હ૦ પયગમ્બર, ૧૪૮.
દાઉદપોટા, પ્રોફેસર ૫૬૯.
દાઉદજી એમ. ઇ., ૬૭૦.
દાતુભાઇ મેરૂઆણી આલીજાહ ૬૩૭.
દાદાભાઈ નવરોજજી ૪૯૭.
દાદુ પીર સૈયદ, ૩૭૪, ૩૭૫, ૩૯૩, ૪૩૬.
દારા શિકોહ ૩૮૬.
દિવેટીયા, જસ્ટીસ ૫૮૬.
દીનશાહ, સર દ્દી. ઠા. ૫૬૯.
દેવીદાસ ગાંધી ૬૩૮.
દેશળજી કચ્છના મહારાવશ્રી ૪૩૩, ૪૩૬.
દોરાબ એદલજી ખાનબહાદુર, ૬૩૨.
દૌલતશાહ સમરકંદી ચારિત્રકાર ૧૮૭, ૨૧૨, ૨૭૨, ૩૧૪ટી, ૩૨૦-૩૨૩.

### ધ

ધમુ ઉર્ફે ધરમશી પંજુઆણી ૩૯૮.
ધરમપુરના મહારાજા, ૫૭૨, ૫૭૫, ૬૭૦.

### ન

નખશાબી, મુહમ્મદ ૧૧૨.
નજરઅલી કામડીઆ ૪૪૧.
નઝીર એહમદ ડો૦ ૫૫૧.
નઝીર એહમદ ચૌધરી ૬૯૯.
નદવી, મૌ૦ સુલેમાન, ૧૮૬.
નદવી, પ્રો૦ નજીબ અશરફ, ૬૭૧.
નરીમાન કે. એફ, ૫૬૯.
નસરવાનજી ચોકસી સર, ૫૬૯.
નસ, વઝીર અબ્બાસનો પુત્ર, ૨૨૩.
નસ બિ. એહમદ સામાની બાદશાહ જુઓ સામાની
નસીમ ગુલામ ૧૭૭, ૧૭૯.
નસીરદીનનં ૨૪મા પીર, ૩૩૭.
નસીરખાન મીર ૪૨૮, ૪૨૯.
નસીરૂદીન તુસી જુઓ તુસી.
નહાસપાશા, ઇજીપ્તના વડા પ્રધાન ૬૯૩.
નહેરૂ, પંડિત જવાહરલાલ, ભારતના વડા પ્રધાન ૬૦૧, ૭૦૯.
નાઉલ્સ, લેફ. કર. ૬૯૦.
નાઝિમુદીન સર ૬૫૮, ૬૯૦.
નાદિરશાહ ૩૮૬, ૩૮૭, ૩૮૯, ૩૯૦, ૩૯૧, ૪૦૭, ૪૨૬.
નાસિર ઉમવી ખલીફ ૧૧૫, ૧૧૮, ૧૧૯, ૧૨૬, ૧૨૭.
નાસિર અબ્બાસી ખલીફ ૨૮૧.
નાસિર ખુસરૂ જુઓ ખુસરૂ.
નાસિરૂદીન અબ્દુર્રેહમાન ૨૮૯-૨૯૦, ૨૯૯, ૩૦૦.
નાસિરૂદીન કલંદરશાહ ૩૩૭.
નાસિરૂદીન મંગલી ૨૮૩, ૩૦૯.

નાહિદ રસુલ બે, ડૉ૰ ૪૦૭.
નિઆમતુલ્લાહશાહ સુરી ૩૭૮, ૩૭૯.
નિકલસન પ્રોફેસર ૧૮૮, ૨૯૩, ૨૯૪, ૩૦૯, ૩૧૫.
નિકોલ મેજર ૬૧૦.
નિઝામ ના૰ ૬૩૨, ૬૪૨, ૭૦૪.
નિઝામુલ-મુલ્ક, ૧૧૨, ૨૦૯, ૨૩૮, ૨૩૯, ૨૪૧
નિઝાર હ૦, ૧૯મા ઇમામ, ૧૯૯, ૨૧૦, ૨૧૧, ૨૧૫, ૨૧૯-૨૨૮, ૨૩૩, ૨૩૪, ૨૩૫, ૨૩૭, ૨૪૭, ૨૫૧, ૨૫૨, ૨૫૪, ૨૫૫, ૨૬૪, ૨૮૫, ૩૨૨, ૩૨૪.
નિઝાર હ૦, (બીજા) ૪૦મા ઇમામ ૩૭૫, ૩૭૬-૩૭૯.
નિઝારી કોહિસ્તાની કવિ, ૩૦૮, ૩૨૧-૩૨૪, ૩૬૬, ૩૬૭.
નીલુ આકુ તથા કરાકો તુર્કમાનો ૩૩૩, ૩૪૫, ૩૫૦.
નુરદીનઅલી હ૦, ૩૮મા ઇમામ ૩૫૭, ૩૬૯-૩૭૧.
નુરદીને ઝંગી, ૨૨૪, ૨૪૧, ૨૬૦, ૨૭૪, ૨૭૫,
નુરબક્ષ સૈયદ (પીરમીહા) ૩૪૯, ૩૫૦.
નુર મુહમ્મદશાહ (સૈયદ નરમહમદશાહ) ૩૪૬, ૩૪૭, ૩૪૮.
નુરશાહ, આગા ૪૪૫, ૪૪૬.
નુરદીન હ૦ (પીર સતગુર નુર) ૨૧૫-૨૧૬, ૨૨૫, ૩૩૫, ૩૩૭.
નુવેરી ઇતિહાસકાર ૬૬૪.
નુસેરી ૧૯, ૨૬૮.
નુસેરી, અબ્દુલ્લાહ બિ. શામ ૧૦૮.
નુહ પયગમ્બર ૨૦, ૧૨૬.
નુહ બિ. મન્સુર જુઓ સામાની બાદશાહ
નેક અખતર ૯૬.
નેરૈસન, ૬૪૩, ૬૭૦.
નેપોલિયન, ૪૦૮, ૪૧૧.
નોઅમાન કાઝી ૧૪૩, ૧૪૮, ૧૫૬, ૧૫૭, ૧૬૦.
નોઅમાન બિ. બશીર૨૭.
નોટ જનરલ ૪૩૭.
નોર્થકોટ લોર્ડ ૪૭૦.
નૌશિરવાન આદિલ, ૭૪, ૪૬૪.

## પ

પટણી, ભાવનગરના દિવાન.
પટેલ, સરદાર વલ્લભભાઇ ૬૩૮, ૬૩૯.
પંડયા ઓન૦ (કેન્યા) ૬૦૨.
પંદીયઃતે જવાંમરદી ૨૯મા પીર, ૩૫૧, ૩૫૩, ૩૫૪, ૩૫૫.
પન્નાના મહારાજા ૬૬૭.
પહોંચખાનાવાળા, સર સોરાબજી ૫૬૯, ૫૮૬.
પાનીકર કે. એન ૫૭૪.
પામરસ્ટન ૪૯૦.
પારવતીશંકર ભટ્ટ કચ્છના નાયબ દિવાન ૫૬૯.
પારૂ. વઝીર કાસમઅલી રજબઅલી, ૬૪૭.
પાલણદે રાજકુંવરી ૨૧૫.
પાલનપુરના નવાબ ૫૭૨, ૬૬૭, ૬૭૦.
પિથાગોરસ ૨૬૩.
પીટર, રશિયન સમ્રાટ ૩૮૬.
પીટીટ, સર દિનશાહ ૪૬૦, ૪૮૯.
પીરભાઇ રહીમ પેનવાલા મુખી ૪૮૦.
પીરાણી, વારસ ઇસ્માઇલભાઇ જીવરાજ ૬૧૮.
પીવાલના ઇસમાઇલી સરદાર, ૬૮૩.
પુરૂષોતમદાસ ઠાકુરદાસ સર, ૫૦૯, ૫૮૬, ૬૦૯, ૬૪૦.
પેટીગરા ખાનબહાદુર ૫૬૯.
પેરાજ (પ્રહ્લાદ) પૌત્રા ૩૫૧.
પેટ્રો, સર. એ. પી. ૫૭૫.
પોરબંદરના મહારાણા ૫૦૨, ૬૬૭, ૬૭૦.
પ્યારઅલી રેમતુલ્લા સામજી ૬૮૭.
પ્યારેલાલ (મંત્રી) ૬૩૮.
પ્લેટો ૨૬૩.
પ્રતાપસિંહજી, લિંબડીના ઠાકોર ૪૮૮, ૫૦૨.
પ્રધાન, સર ગોવિંદ ૫૬૯.

## ફ

ફકીર નુરી ૪૨૪.
ફખરદીન રાઝી અલ્લામા, ૨૭૧, ૨૭૨, ૩૧૨.

ફઝલ, ફાતિમી જનરલ ૧૬૮, ૧૬૯, ૧૭૦.
ફઝલ અબ્બાસી વઝીર ૮૩, ૯૦, ૯૧.
ફઝલ દજ્જાલ પુત્ર ૧૧૮.
ફઝતેઅલી કાચારી સરદાર ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૫.
ફઝલે હુસેન સર, ૫૫૦, ૫૭૫.
ફતાહ જુઓ ફખ્ખર.
ફતેહઅલીભાઇ ધાલા, વારસ ૬૧૮, ૬૪૬.
ફતેહઅલીશાહ સૈયદ ૩૮૮.
ફતેહઅલીશાહ ઇરાન સમ્રાટ જુઓ કાચાર.
ફદુભાઇ પીરૂ, વારસ ૫૬૧, ૫૮૪.
ફરૂખ ગુલામ ૧૧૮.
ફરિશ્તા, મહમદ કાસમ ઇતિહાસકાર ૭૩, ૮૧.
ફર્દક કવિ ૪૪.
ફહદ ફાતિમી વઝીર ૧૬૮
ફવારિસ, અબુલ ૧૨૫, ૧૩૬
ફાએઝ ખલીફ ૨૨૩, ૨૨૪
ફાતિમા બિન્તે અસદ, જ. ૨.
ફાતિમા, ઇમામ ઇસમાઇલના માતુશ્રી ૬૮, ૭૦
ફાતિમા ઇરાનના પ્રિન્સેસ ૬૯૬
ફાતિમા ઝોહરા, હ૦ બીબી, ૩, ૪, ૨૧, ૨૨, ૨૩, ૩૯, ૪૪, ૪૫, ૪૬, ૫૫, ૫૮, ૬૩, ૭૮, ૧૦૮, ૧૧૫, ૧૧૬, ૧૧૭, ૧૫૦.
ફાતિમા, ઇમામ જાફર સાદિકના માતુશ્રી (ઉમ્મે-ફરવા) ૫૯.
ફાતિમા મખઝુનિયા, ૪૦૨,
ફાતિમા, ઇમામ વફી એહમદનાં માતુશ્રી ૭૮, ૭૯.
ફાતિમા, ઇમામ મુહમ્મદ બાકિરનાં માતુશ્રી (ઉમ્મે અબ્દુલ્લા) ૪૮.
ફાતિમા સુગરા હ૦ ઇમામ હુસેનના પુત્રી ૩૪.
ફાતિમી ઓ, બની, પ્ર૮, પ્ર૧૦, ૧૧, ૧૩, ૧૪; ૫૭, ૫૮, ૬૦, ૬૧, ૬૭, ૭૪, ૭૫, ૮૮, ૯૭, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૧૧, ૧૧૩, ૧૧૫, ૧૨૨, ૨૪, ૧૨૫, ૧૨૬, ૧૨૭, ૧૩૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૫, ૧૪૬, ૧૬૦, ૧૬૩, ૧૬૪, ૧૬૮, ૧૭ , ૧૭૪, ૧૭૯, ૧૮૩, ૧૮૪, ૧૯૦, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૨૦૧, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૦૫, ૨૧૧, ૨૨૫, ૨૩૬, ૨૫૧, ૨૬૦, ૨૬૧, ૩૦૪, ૩૨૨, ૩૪૨, ૪૫૪, ૪૮૩, ૫૧૬, ૫૬૩, ૫૮૦, ૫૯૦, ૬૩૩.
ફાઝલભાઇ ઇબ્રાહીમ રેમતુલ્લાહ, સર ૫૨૨, ૬૭૦.
ફાઝલભાઇ, વઝીર મહમદહુસેન (સોલીસીટર) ૬૫૯, ૬૬૭.
ફાતેહ મુબારકઉદ્દવલા, ૧૭૩, ૧૭૪.
ફારસી ઇસહાક બિ. અબ્બાસ જુઓ ઇસહાક
ફારસી સલમાન જુઓ સલમાન
ફારૂક મિસરના રાજા, ૬૦૦, ૬૩૬, ૬૬૬, ૬૭૫.
ફિરદોસી, ૪૫૬, ૫૫૫.
ફિરોઝ મિશનરી, ૯૯, ૧૦૦, ૧૦૨.
ફિરોઝ ગુલામ, ૧૮૩.
ફિરોઝખાન નુન, મલિક સર, ૫૭૫, ૭૦૮, ૭૦૯.
ફિરોઝશાહ મહેતા સર, ૪૮૯, ૪૯૫, ૪૯૬, ૪૯૭, ૫૪૫.
ફિરોઝ શેઠના સર, ૫૧૦.
ફિલીપ ફ્રાન્સ સમ્રાટ, ૨૭૬.
ફિલીપ મિશલ, કેન્યાના ગવરનર, ૬૪૬, ૬૭૫, ૬૮૬, ૭૦૨.
ફિલીપ હારટોગ સર, ૫૭૨.
ફુઆદ તુર્કી દેશસેવક ૫૦૭.
ફૈઝી, આસિફ, અંથકાર ૨૩૪, ૫૫૯, ૬૭૧.
ફીક, ચારિત્રકાર, ૩૦૯, ૩૧૧.
ફ્રેયા સ્ટાર્ક, મીસ, અમેરીકન પ્રવાસી ૨૩૭.

## બ

બ'દેઅલી કાસમ, ઇત્માદી ૫૮૪.
બદરૂ, યુગાન્ડાના પ્રિન્સ, ૬૮૭.
બદરૂદીન, આલમુતનો એલચી ૨૮૬, ૨૮૭.
બદરૂદીન તૈયબજી, જસ્ટીસ ૪૭૩, ૪૭૪, ૪૯૭, ૫૦૪.
બદ્ર જમાલી ૨૦૬–૨૦૮, ૨૦૯, ૨૧૯
બની અબ્બાસીઓ, જુઓ અબ્બાસીઓ.
બની ઉમૈયા જુઓ ઉમૈયા.
બની ફાતિમીઓ જુઓ ફાતિમીઓ.
બરનાડ શૉ ૧૯૪.

બર હેબ્રીઅસ ઇતિહાસકાર ૧૬૪.
બર્દવાન, ૧૫૭, ૧૬૦, ૧૬૧, ૧૬૨, ૧૬૩, ૧૬૪.
બર્દવાનના મહારાજા ૫૬૭.
બર્રા, હ૦ મુસા કાઝિમના માતુશ્રી ૬૮.
બસરી, મુકદશી અરબ પ્રવાસી ૧૮૫.
બસરી, હસન જુઓ હસન.
બસાસીરી ૨૦૩, ૨૦૪
બહમન બહેરામ સર ૫૬૯
બહાઉદ્દીન ઝકરીયા દરવીશ ૩૨૮, ૩૨૯.
બહાઉદીન શેખ, ૨૭૨, ૩૧૨.
બહેરામ, સરદાર ૨૫૧, ૨૫૨.
બહેરામજી જીજીભાઇ સર, ૫૬૯, ૫૭૫.
બાઇ બુઢાઇ, ૩૪૦.
બાપના, એસ. એમ. ૫૭૪, ૬૭૦
બાબર શહેનશાહ, ૫૨૨.
બાયઝીદ બુસ્તામી સુફી, ૫૯, ૧૯૪, ૩૧૨.
બ્રાઇટન ૪૯૦.
બ્રાઉન પ્રોફેસર ઇતિહાસકાર, ૯૭ટી, ૧૧૨, ૧૫૦, ૧૮૫, ૧૮૭, ૧૯૩, ૧૯૫, ૧૯૮, ૧૯૯, ૨૧૦, ૨૧૧, ૨૮૯, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૩૦૫, ૩૨૦, ૩૨૧, ૩૨૩, ૩૬૦, ૩૭૮.
બિકાનેરના મહારાજા ૪૫૭, ૪૮૪, ૫૪૭, ૫૭૨, ૬૭૦.
બીશપ સેવરેસ ૧૪૮.
બુઝરઅલી (અબુઝરઅલી) હ૦ ૩૫મા ઇમામ, ૩૫૯-૩૬૩.
બુઝખશાન ૧૬.,
બુધવાણી, આલીજાહ એન. એમ., ૫૦૮.
બુરહાન નિઝામશાહી બહરી ૩૬૨-૩૬૩.
બુવૈહી બહાઉદદૌલા ૨૦૩.
બેકન, રોબર્ટ, ૪૬૬, ૪૬૭.
બેસિલ યુનાનના સમ્રાટ ૧૪૯.
બ્રેકવીલ ૧૫૪, ૧૫૫.
બ્રેબ્રોર્ન, ૫૭૨, ૫૮૬.
બેમેન્ટ, સર જોન ૫૬૯.
બોલ્ડરસન, પ્રોવિ૦ કમિશ્નર (આફ્રિકા) ૬૨૦.
બ્રોકલમેન ઇતિહાસકાર ૨૯.
બ્લેકવેલ, જસ્ટીસ, ૫૬૯, ૫૮૮.

## ભ

ભલો લુહાણો ૩૭૪, ૩૯૩.
ભાકીયા ધનજી જાદવજી, ૬૧૯.
ભારમલ બ્રધર્સ ૬૬૩.
ભારમલજી, કચ્છ રાજવી ૩૭૫.
ભાવનગરના મહારાજા ૪૮૯.
ભિંવડીવાલા સર ડોસાભાઇ, ૫૬૯.
ભુતો, શાહનવાઝ ૫૭૫.
ભોપાલના બેગમ સાહેબા, ૪૪૯.
ભોપાલના નવાબ ૫૩૩, ૫૩૪, ૫૩૮.

## મ

મકભાઇ, હુઝુર વઝીર અલીમહમદ, ૫૧૮, ૫૫૯, ૫૭૦, ૬૧૪, ૬૧૮, ૬૪૯, ૬૫૪, ૬૭૦.
મંગળદાસ મહેતા, સર ૫૬૯.
મઘરિબી કવિ ૩૭૯.
મઘરિબી, શેખ વજહદીન ૧૦૬, ૧૦૭.
મજીદખાન, કેપ્ટન ૭૧૩, ૭૧૪.
મઝહરૂલ હક ૪૮૫.
મંજુતગીન, ૧૧૫ ૧૬૧, ૧૭૪.
મણીબહેન પટેલ ૬૩૮.
મનકુખાન તાતારી ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૩, ૩૧૯.
મનચેરજી ભાવનગરી, સર ૪૭૦.
મનજી જાનમાહમદ, વારસ ૬૧૪.
મનજી નથુ, વઝીર કાસમઅલી ૫૭૦ ૬૬૭, ૬૬૮.
મનુભાઇ સર, ૫૭૨.
મન્ઝર બિ. ઝુબેર ૩૯, ૪૦.
મન્સુર હ૦ ૧૩મા ઇમામ ફાતિમી ખલીફ ૧૧૫-૧૧૯, ૧૪૦.
મન્સુર અબ્બાસી ખલીફ જુઓ અલ-મન્સુર
મન્સુર બિ. જોશન ૭૯, ૮૦.
મયમુન અબ્દુલ્લાહ. અલ-કદ્દાહ ૭૫, ૧૦૮, ૨૪૩.

મરવાન રજ્જો ઉમવી ખલીફ ૬૧. ૬૨, ૬૩, ૧૦૮.
મરવાન બિ. હકમ, ૨૫, ૪૨.
મરિયમ સુલતાન ૪૪૫.
મરિયમ હાતિમ અલવી, મીસીસ, ૫૮૦.
મર્ચન્ટ, વઝીર ગુલામઅલી ગુલામહુસેન એડવોકેટ ૫૫૧, ૫૬૪, ૫૬૫, ૫૭૦, ૫૮૪, ૫૯૩.
મર્વઝી હુસેન બિ. અલી, ૧૦૨.
મર્વરૂદી, અબુ જાફર ૧૧૭, ૧૧૯.
મલેક મુકર્રમ અને મુસ્તેઅલી પક્ષના દાઇઓ ૨૧૬.
મલેકશાહ ૨૬૨.
મશાયખશાહ સૈયદ ૩૯૨.
મસઉદી ઇતિહાસકાર ૨૦૩.
મસ્કતના સુલતાન ૬૨૩.
મહમદભાઇ ઇબ્રાહિમ મહમદ રવજી, દિવાન ૫૫૧.
મહમદ યુનુસ ડૉ૦ ૬૭૦.
મહમદશાહ ૧૫મા પીર, ૨૧૭.
મહમદશાહ રંગીલા ૩૮૭, ૩૯૦.
મહમુદ ગઝનવી ૧૮૫.
મહમુદ પ્રિન્સ, મિસરના રાજકુમાર ૬૭૫.
મહામદભાઇ ચૌથ કામડીઆ ૪૪૭, ૪૬૨.
મહાદેવ દેસાઇ ૬૩૮.
મહામદભાઇ રવજી ૪૪૧.
મહારાજસીંગ, સર, મુંબઇના ગવરનર ૬૮૮.
મહિસુરના મહારાજા ૫૭૨.
મહેદી હ૦, ઇસ્નાઅશરીના ૧૨મા ઇમામ ૭૧, ૭૨.
મહેદી અબ્બાસી ખલીફ ૭૭.
મહેદી–અલવી ૨૩૧–૨૩૨.
મહેદી (બનાવટી) જુઓ ઇબ્ને તાલુત
મહેદી, હ૦ મુહમ્મદ, ૧૧મા ઇમામ, ફાતિમી ખલીફ ૬૮, ૯૩, ૯૪, ૯૬–૧૦૯, ૧૧૫, ૧૧૮, ૨૬૪.
મહેદી મવઉદ, ૭૩.
મહેદી બિ. હુરમુઝ દાઇ ૮૬.
મહેરઅલી અને સાંઇયા ઇમામશાહી બકતો ૪૦૦.
માઇકલ રૂમી બાદશાહ ૧૮૬.
માંગરોળના દરબાર ૫૭૫.
માણાવદરના નવાબ ૬૬૭.
માણેકજી દાદાભાઇ સર, ૫૦૯–૫૧૦, ૫૩૪, ૫૫૦.
માણેકલાલ લલ્લુભાઇ, રાવબહાદુર ૫૬૯.
માઝાદ હબસી ખાદિમ ૧૮૧.
મામુન અબ્બાસી ખલીફ, ૮૨, ૮૩, ૮૭, ૮૮, ૮૯, ૯૧.
માર્કો પોલો ૩૮, ૨૪૪, ૨૯૧.
માર્ગોલીઅથ, પ્રો૦ ઇતિહાસકાર ૧૩૩, ૧૩૫, ૧૫૬, ૧૬૬.
માલકમ, જુઓ જોન માલકમ.
માલકમ હેલી, ૫૨૯.
માલવીયા, પંડિત મદનમોહન, ૪૮૫, ૪૮૬, ૫૪૦, ૫૫૬.
માલિક બિ. અનસ ૬૦, ૭૩.
માલિક ઉશ્તર ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪.
માહમદ કાસમ, આલીજાહ ૬૨૧.
માહમદ વારસ સાલેહ, આલીજાહ ૬૧૨.
માહમદ રેમુ માવજી, વારસ ૬૩૭.
માહમુદશાહ, ૧૬મા પીર ૨૧૭, ૨૪૭, ૨૪૮.
મિકાડો જાપાનના શહેનશાહ ૪૬૬.
મિક્રેઝી ઇતિહાસકાર ૧૦૮, ૧૨૪, ૧૨૮, ૧૨૯, ૧૫૭, ૧૫૯, ૧૬૭, ૧૭૭, ૧૮૮, ૧૯૮.
મિન્ટો લોર્ડ, ૪૭૬, ૫૧૭.
મિરઝા ઇસ્માઇલ, દિવાન ૫૩૮, ૫૭૫.
મિરઝા અલી રઝા ૪૧૨, ૪૧૪.
મિરઝા જાફર નવાબ ૪૦૧, ૪૦૨.
મિરઝા મુહમ્મદ બાકિર, ૪૩મા પીર ૩૯૨, ૩૯૪, ૩૯૬, ૩૯૭.
મિરઝા હાજી કામડીઆ (સલગીયા) ૫૩૧.
મિલાન ડૉ૦, ૫૧૪.
મિલ્ટન ૪૫૬.
મિહરાબ બેગ ૩૭મા પીર ૩૯૨.
મીહ પીર, જુઓ નુરબક્ષ સૈયદ
મીરખોંદ ઇતિહાસકાર, ૬૧૯, ૧૫૨, ૨૭૯.

મુઆવિયા, અમીર, પ્ર૩, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૫, ૩૪, ૪૨, ૫૮, ૬૯૪.

મુઆવિયા બિ. યઝીદ ૪૨, ૬૨.

મુકતદી, અબ્બાસી ખલીફ ૧૮૯.

મુકતદિર ૯૬, ૯૭, ૧૦૪, ૧૦૬, ૧૦૮. ૨૬૪.

મુકતફી અબ્બાસી ખલીફ ૯૬.

મુકન્ના, ખુદાઇ દાવો કરનાર ૬૩, ૬૪.

મુકલ્લિદ, મોસલ રાજ્યી ૧૬૯.

મુખ્તાર બિ. અબુ ઉબયદા ૨૬, ૪૧. ૬૨,

મુધીરા બિ. શોએબ ૨૪, ૨૫.

મુંજે ડૉ૦ ૫૩૪.

મુઝફ્ફર રઇસ, ૨૩૨, ૨૩૬, ૨૩૭, ૨૩૯, ૨૪૦, ૨૪૨. ૨૬૬, ૨૭૨.

મુઝફ્ફરી, મુજાહિદુદ્દીન ૩૨૧.

" સુલતાન મન્સુર ૩૩૩.

મુઝમિલાહખાન નવાબ ૫૬૫, ૬૩૨.

મુતકી અબ્બાસી ખલીફ ૧૧૦.

મુતીઅ અબ્બાસી ખલીફ ૧૨૨, ૧૩૭.

મુતવક્કિલ અબ્બાસી ખલીફ ૯૨.

મુનશી, કનૈયાલાલ, ૫૮૪.

મુનીર ગુલામ ૧૫૫.

મુફર્રજ બિ. દગફલ ૧૬૨.

મુબારક બિ. અબ્દુલ્લાહ ૧૪.

મુરાદ મિરઝા હ૦ ૩૬મા ઇમામ ૩૬૪–૩૬૫.

મુરાદ મિરઝા, ઇરાની મુખી ૪૬૭.

મુવૈયિદ, ખાજાએ ૧૯૮.

મુસન્ના ૯૦.

મુસા હ૦ પયગમ્બર, પ્ર૧૨, ૨૦, ૩૦, ૧૪૯, ૫૭૪.

મુસા હાદી બિ. મહેદી અબ્બાસી ખલીફ, ૭૭.

મુસાભાઇ ડાહ્યા મેલજી, વારસ, ૫૩૬, ૬૬૭, ૬૬૮.

મુસા કાઝિમ હ૦ ૬૮, ૭૧, ૩૬૦.

મુસોલિની ૫૮૩.

મુસ્તઝહીર અબ્બાસી ખલીફ ૧૮૯.

મુસ્તઝી અબ્બાસી ખલીફ ૨૨૫.

મુસ્તફા અલ–મરાઘી, શેખ ૬૩૬.

મુસ્તનસિર અબ્બાસી ખલીફા ૬૫.

મુસ્તનસિર બિલ્લાહ હ૦ ૧૮મા ઇમામ, ફાતિમી ખલીફ ૬૫, ૧૮૨, ૧૮૯–૨૧૭, ૨૩૪, ૨૩૫, ૨૪૭, ૨૬૪, ૬૮૧.

મુસ્તનસિર બિલ્લાહ (બીજા) હ૦ ૩૨મા ઇમામ ૩૪૯–૩૫૨, ૩૫૪.

મુસ્તઇન અબ્બાસી ખલીફ ૯૨.

મુરતેઅલી હ૦ ૨૧૦, ૨૧૬. ૨૨૧, ૨૨૨, ૨૨૩, ૨૨૬, ૨૩૭, ૨૪૭.

મુસ્લિમ બી. અકીલ ૨૬, ૨૭, ૨૮.

મુસ્લિમ બિ. અકબા ૪૦, ૪૧.

મુહમ્મદ સ૦, હઝરત નબી સાહેબ, પ્ર૩, ૭, ૨, ૩, ૪, ૭, ૮, ૧૦, ૧૬, ૨૦. ૨૩, ૨૪, ૨૮, ૩૦, ૪૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૬૨, ૬૭, ૭૮, ૧૦૭, ૧૧૫. ૧૧૭, ૧૨૬, ૬૩૫, ૧૯૭, ૨૬૭, ૨૯૩, ૩૦૯, ૩૩૪, ૪૧૦, ૪૫૪, ૪૫૮, ૪૭૧, ૪૭૨, ૪૭૩, ૪૮૦, ૪૯૨.

મુહમ્મદ બિ. અબુબકર ૧૪.

" ખલીફા હ૦ અબુબકરના પુત્ર, ૩૬૨.

" બિ. અબુમુહમ્મદ, દાઇ ૯૯.

" બિ. અબ્દુલ્લાહ જુઓ અઝઝકિયા.

" બિ. અલી ૬૩.

" બિ. અલી અબ્બાસી ૫૬.

" બિ. અલી ખુરાસાની જુઓ ખુરાસાની

" બિ. ઇસ્માઇલ હ૦ ૭મા ઇમામ ૭૭–૮૧, ૨૫૧.

" બિ. ઇસ્માઇલ દરૂઝી જુઓ દરૂઝી

" બિ. ઇસ્લામશાહ હ૦ ૩૧મા ઇમામ, ૩૪૪–૩૪૮.

" ઉસમાન, સર ૫૭૫, ૬૭૦.

" બિ. કિયા બુઝુર્ગ, ૨૫૦, ૨૫૨, ૨૫૩, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૬૧, ૨૬૩, ૨૬૮.

" ઇ. જાફર સાદિક ૬૮, ૭૨, ૯૦.

" જાફરખાન ૪૧૫, ૪૧૯, ૪૩૬.

" બિ. ઝૈદ ૯૦.

" તકી, હ૦ ૭૧, ૯૧.

મુહમ્મદ તાહિર સૈયદ જુઓ તાહિરશાહ
„ બાકિર હ૦ ૪થા ઇમામ, ૪૮–૫૮.
„ બાકિરખાન સરદાર, ૪૧૫, ૪૧૭, ૪૧૮, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૪૨૨, ૪૨૩, ૪૨૯, ૪૩૦, ૪૩૧, ૪૩૨.
„ યુસુફ સર, ૫૬૯, ૫૭૫.
„ યાકુબ સર, મો૦ ૫૧૯–૫૨૦, ૫૨૧, ૫૫૮, ૫૭૫, ૫૯૧.
„ શફી સર ૫૨૧, ૫૩૪, ૫૩૭, ૫૩૮.
„ હનફિયા જુઓ હનફિયા.
„ હાજી અબ્દુલા મહેલાતી ૪૧૬.
મુહમ્મદઅલી, મૌલાના ૫૨૨.
મુહમ્મદશાહ દુલા સૈયદ, ૩૯૯–૪૦૦.
મુહમ્મદશાહ ઇબ્ને ઇમામશાહ સૈયદ (નર મહમદ શાહ) ૩૪૬, ૩૪૭, ૩૪૮, ૩૫૧, ૩૫૭, ૩૫૮.
મુહસિનુલ મુલ્ક નવાબ ૪૬૯, ૪૭૦, ૪૭૪, ૪૭૫, ૪૭૬, ૫૧૮.
મુળીવાળા દરબાર ૪૮૮.
મેકડોનેલ ઇતિહાસકાર, ૩૪૪.
મેકનોટન લોર્ડ ૪૨૭, ૪૩૪.
મેકેન્ડી કેનેડી, મી. ૬૧૦.
મેકેન્ઝી કીંગ ૬૨૫.
મેકોલે ૪૫૬.
મેયો, લોર્ડ, વાઇસરોય ૪૩૫.
મેઘજી મુળજી, વઝીર મુખી, ૪૯૫, ૫૦૧, ૫૦૮.
મોઅતઝિર અબ્બાસી ખલીફ ૯૨.
મોઅતદિદ અબ્બાસી ખલીફ ૯૬, ૯૯ટી, ૧૦૦.
મોઅતમિદ અબ્બાસી ખલિફ ૯૨, ૯૬, ૯૭.
મોઅતસિમ, અબ્બાસી ખલીફ ૯૧, ૯૨.
મોઇઝ હ૦ ૧૪મા ઇમામ ફાતિમી ખલીફ ૧૧૭, ૧૧૮, ૧૨૨–૧૪૬, ૧૭૪, ૧૯૭, ૨૨૦.
મોઇઝુદદૌલા બુવૈયા ૧૩૭, ૨૦૧, ૨૦૨.
મોદી, સર એચ. પી. ૫૭૪.
મોન્ટેગ્યુ, ૪૯૭, ૫૦૦, ૫૦૧, ૫૦૫, ૬૪૯.
મોન્ટીથ, કરનલ, પ્રવાસી ૨૩૭.
મોમિન, મિશનરી ૨૦૯.
મોમિનશાહ ૩૧૭, ૩૧૯, ૩૫૦.
મોલેદીના મેઘજી, વારસ ૫૧૦.
મોલુ બ્રધર્સ જંગબારવાળા ૫૫૭.
મોર્લિ, લોર્ડ ૪૮૨, ૪૮૬, ૫૦૦, ૫૧૭.
મોસતસિમ બિલ્લાહ અબ્બાસી ખલીફ ૨૮૯, ૨૯૭, ૨૯૮, ૩૦૪.
મોહતદી હ૦ ૨૧મા ઇમામ ૨૩૫, ૨૫૦–૨૫૪.
મોહતદી અબ્બાસી ખલીફ ૯૨.
મોહિબદીન, ૧૭મા પીર ૨૪૮.
મોહિયુદીન અરબી જુઓ ઇબ્નુલ અરબી
મૌફિક, ખ્વાજા ૧૯૪, ૨૦૯, ૨૧૩.
મ્યુર, સર વિલિયમ ૪૧૩.


## ય


યઝદેઝર્દ જરથોસ્તી બાદશાહ ૩૬.
યઝીદ ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૪, ૩૮, ૩૯, ૬૨.
યઝીદ (ત્રીજો) ઉમવી ખલીફ ૬૧.
યઝીદ બિ. અબ્દુલમલિક ૫૮, ૬૦.
યાઅલી બિ. મુહમ્મદ ઉમવી ૧૨૭.
યાકુબ બિ. કિલીસ જુઓ ઇબ્ને કિલીસ
યાકુતી ઇતિહાસકાર ૨૬૮.
યાકુરી, ૨૦૧–૨૦૩.
યાકુબ શેખ અબ્દુલાહ ૩૭૯.
યારખ્તગીન ૧૭૦.
યાસમીન, શાહઝાદી ૬૮૮.
યાહ્યા અલ-કત્તાન સુરી ૫૯.
યાહ્યા બિ. ઝેદ ૬૧.
યાહ્યા બિ. ઝકરિયા હ૦ પયગમ્બર ૨૩.
યેકુ તાતારી સરદાર ૩૧૩.
યુસુફ બિ. ઝીરી ૧૫૪, ૧૯૦, ૨૦૧.
યુસુફ મહેરઅલી ૬૭૦.
યુસુફ હાજી હારૂન ૬૯૦.
યુહન્ના પોપ ૧૨૮.


## ર


રફકામી, અલી કુલી કવિ ૩૭૦.
રઝાઅલી સર, ગ્રંથકાર ૪૭૫, ૪૮૫.
રઝી અબ્દુલાહ હ૦, ૧૦મા ઇમામ ૩૮, ૯૨–૯૪, ૫૩૧.

રઝી બિ. મુક્તદીર અબ્બાસી ખલીફ ૧૧૦
રશીઉદીન એહમદ સર, ૫૬૯, ૫૭૨, ૫૯૩.
રવિન્દ્રનાથ ટાકુર ૫૦૯.
રશિદુદીન વતવતે ભાષાંતરકાર, ૨૧.
રશિદુદિન ફઝલુલ્લાહ ઇતિહાસકાર ૨૪૩.
રશિદબિલ્લાહ અબ્બાસી ખલીફ ૨૫૧.
રસલ, લોર્ડ ૫૮૨.
રસલ જસ્ટીસ ૪૪૯, ૪૭૮.
રહીમભાઇ ભસરીયા, વઝીર ૫૧૨, ૫૧૩.
રાજેન્દ્રપ્રસાદ ડૉ. ભારતના પ્રેસીડેન્ટ ૬૯૦.
રાણા ડોક્ટર ૬૦૩
રાણે, રાવસાહેબ બાલાજી ૫૬૯.
રાનડે, જસ્ટીસ ૪૯૭, ૫૪૩.
રામેશ્વર સિંહજી, દરભંગાના મહારાજા ૪૮૬.
રામ્સે મેકડોનેલ્ડ ૫૧૩, ૫૩૫.
રાહિબ ૧૧૮.
રામપુરના નવાબ ૫૯૨, ૬૩૨, ૬૩૩.
રાશીદ બિ. આલી ૭૦૪.
રિચર્ડ, લાયન હાર્ટેડ, ૨૭૬, ૨૭૭, ૪૩૭.
રિઝવાન ૨૩૯–૨૪૦, ૨૫૧.
રિઝા કુલીખાન ઇતિહાસકાર.
રિઝાશાહ પહેલવી ઇરાનના શાહ ૪૫૦, ૫૧૪. ૭૧૩.
„ મહમ્મદ, ઇરાનના શાહ ૬૮૩, ૭૧૩, ૭૧૫.
રિયુ ઇતિહાસકાર ૩૭૯
રીડીંગ લોર્ડ ૪૯૮, ૫૦૬.
રૂકનુદીન ખુરશાહ હ૦ ૨૭મા ઇમામ અને આલમુતના બાદશાહ ૨૯૭–૩૦૬, ૩૧૭, ૩૩૧, ૩૫૪.
રૂઝવેલ્ટ અમેરીકાના પ્રેસીડેન્ટ ૪૬૬, ૬૦૪.
રૂદકી અબુ અબ્દુલ્લાહ કવિ ૧૧૩.
રૂમી, મૌ૦ જલાલુદીન ૨૧૦, ૨૭૨, ૩૧૨, ૩૧૬, ૪૫૬, ૪૬૫, ૫૬૨.
રેન્કીંગ (જંગબારના બ્રિ. રેસીડન્ટ) ૫૪૭, ૬૦૬, ૬૦૭.
રેમતુલ્લાહશાહ સૈયદ ઇબ્ને પીર હસન કબીરદીન ૩૪૮, ૩૯૨.
રેઝર, કાઉન્ટ ૧૬૯, ૨૦૧.
રેઝબરી લોર્ડ, ૫૪૨.
રોલિનસન કર્નલ, ૪૨૭, ૪૩૪, ૪૩૭.

## લ

લાખો, ભલા લુહાણાનો પુત્ર ૩૭૫.
લાડક હાજી, મુખી, ૪૪૦, ૪૪૭, ૪૭૬.
લાલ કાકા ડૉ૦ ૪૭૯.
લાલજી દેવરાજ, મુખી ૫૦૮–૫૦૯.
લાલજી લધા શહીદ ૫૧૩.
લિંબડીના ઠાકોર, ૫૭૨, ૫૭૩.
લિયાકતઅલીખાન, પાકિસ્તાન વડા પ્રધાન, ૫૯૨, ૬૯૩, ૬૯૭ (બેગમ ૭૧૦–૭૧૧)
લિયાકત હયાતખાન, સર ૫૭૩.
લીઓપોલ્ડ, આસ્ટ્રીયાના ડયુક ૪૩૭, ૪૩૮.
લીનલીથગો વાઇસરોય, ૬૩૧, ૬૪૦.
લુણાવાડા નરેશ ૫૭૧, ૫૭૨.
લેન–પુલ, સ્ટેન્લી, ઇતિહાસકાર, ૧૨૨, ૧૨૮, ૧૨૯, ૧૪૦, ૧૪૩, ૧૪૫, ૧૪૭, ૧૪૮, ૧૬૭, ૧૬૮, ૧૭૯, ૧૮૧, ૧૮૩, ૧૮૪, ૧૮૯, ૧૯૨, ૧૯૩, ૧૯૪, ૧૯૭, ૧૯૮ટી, ૨૦૬, ૨૦૭, ૨૦૮, ૨૧૭, ૨૨૬, ૩૩૩.
લેમિંગ્ટન લોર્ડ, ૫૨૩, ૫૩૮, ૫૯૭.
લેસ્લી વિલસન સર ૫૧૧, ૫૧૭.
લોઇડ જ્યોર્જ ૪૯૫, ૫૦૪–૫૦૫, ૫૧૭.
લોધીયન લોર્ડ, ૬૩૨.

## વ

વફી એહમદ અબ્દુલ્લાહ હ૦ ૮મા ઇમામ, ૭૯, ૮૨–૮૬, ૫૩૧.
વલીદ ઉમવી ખલીફ, ૪૫, ૫૮, ૬૦.
વલીદ રજો ઉમવી ખલીફ ૬૧.
વંશાવળી હઝરત અલીની ૧.
„ ખાનદાને અલીની ૪૭.
„ આકા અલીશાહની ૪૪૮.
„ અબ્બાસી ખલીફાઓની ૬૪–૬૫
„ ઉમવી ખલીફાઓની ૩૫.

વંશાવળી કુરેશીઓની ત્રણ શાખા ૯.
,, ખલીલુલ્લાહ અ૦ની ૪૦૩.
,, ઇમામ જાફર સાદિક અ૦ની ૬૮.
,, ઇમામ નિઝારની ૨૨૮.
,, ઇમામ મુસ્તનસિર બિલ્લાહની ૨૧૮.
,, ઇમામ શમ્સુદીન મુહમ્મદની ૩૧૮.
,, પીર શમ્સની ૩૨૪.
,, પીર સદરૂદીનની ૩૩૪.
,, ઇમામ હસનઅલીશાહની ૪૪૩.
વહાણી સઉદ બિ. અબ્દુલ અઝીઝ ૪૦૮.
વાડીઆ ખાનબહાદુર ૫૬૯.
વાંસદાના ઠાકોર ૪૮૯.
વાસિક, અબ્બાસી ખલીફ ૯૨.
વિકટર સાસુન સર ૫૬૯, ૬૭૦.
વિક્ટોરીઆ, મહારાણી ૪૩૭, ૪૬૩, ૪૬૪, ૪૬૫, ૪૬૮.
વિકારૂલ મુલ્ક, નવાબ ૪૭૦, ૪૮૫.
વિઠ્ઠલભાઇ પટેલ. ઓ૦ ૪૮૯, ૫૦૯.
વિલીયમ એડરબર્ન સર ૪૮૪.
વિલીયમ કયસર જર્મન સમ્રાટ, ૪૫૧, ૪૬૭, ૪૯૩, ૬૨૮.
વિલીયમ, તાયરના, ૨૭૪.
વિલીયમ-પુલ ભાષાંતકાર ૨૧.
વિલ્હેમ જર્મન પ્રિન્સ ૪૮૪.
વીરાવાળા, દરબાર શ્રી, ૫૭૩.
વીલીંગ્ડન લોર્ડ, વાઇસરોય, ૪૪૯, ૫૦૧, ૫૩૩, ૫૫૦.
;; લેડી ૪૪૯, ૪૫૦, ૫૩૩, ૫૫૦,
વેડ, કેન્યાના ઓ૦ ગવરનર ૬૧૫, ૬૧૭, ૬૧૮.
વેજ્જુડબેન ૫૩૮.
વેલેસ્લી લોર્ડ વાઇસરોય, ૪૧૧.
વેલોડી શ્રી, વડા પ્રધાન ૭૦૪.
વેલ્સ, એચ. જી. ૫૮૯.
વેવલ લોર્ડ, વાઇસરોય ૬૬૬, ૬૬૭, ૬૬૮, ૬૭૦.
વેસ્ટ ફિલ્ડ, ૨૬૮.
વોટસન, ઇતિહાસકાર ૪૦૨.
વોન હેમર જર્મન ઇતિહાસકાર ૨૩૦, ૨૩૫, ૨૩૮, ૨૪૧, ૨૫૭, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૩ ૨૮૨, ૨૯૯, ૩૦૧, ૩૦૬.
વોનલેસ ડો૦ વિલિયમ, ૪૬૩.

## શ

શફાઅત એહમદ સર, ૫૩૪, ૫૩૭, ૫૬૭, ૫૭૪, ૫૮૮.
શરી તૈયબજી, મીસીસ ૫૮૬.
શમ્સ હ૦, ૨૩મા પીર, ૨૧૦, ૨૫૪, ૨૭૮, ૩૨૪-૩૩૧, ૩૩૪, ૩૩૭, ૩૮૨, ૪૦૦.
શમ્સુદીન હ૦, ઇબ્ને ઇમામ અલાઉદીન મુહમ્મદ (ઉર્ફે શમ્સ તબ્રીઝી) ૨૧૦, ૩૦૯-૩૧૬, ૩૭૯, ૫૬૨.
શમ્સુદીન મુહમ્મદ હ૦, ૨૮મા ઇમામ, ૨૭૮, ૩૦૨, ૩૦૮-૩૧૮, ૩૨૩, ૩૨૪, ૩૩૧.
શમ્સુદીન સાની, સૈયદ ૩૪૯ ૩૫૦.
શમ્સુલ મુલ્ક, નવાબ આલીયા જુઓ હર હાઇનેસ લેડી અલીશાહ
શયબાની, મુહમ્મદ ૩૬૪.
શરીફ કબીર અજમી ૧૮૧.
શરીફ ગાંગજી ૪૩૯, ૪૪૭.
શરર, મૌ૦ અબ્દુલહલીમ ૧૮૪, ૨૭૦, ૨૭૨, ૨૭૬, ૨૮૦, ૨૮૨, ૨૮૬, ૩૦૦, ૩૦૪.
શવકતઅલી, મૌલાના ૫૪૦.
શહરબાનુ, બીબી ૩૪, ૩૬.
શહરાશુરી ગ્રંથકાર ૨૧૪.
શહેરીસ્તાની ઇતિહાસકાર ૧૮.
શાંતિદાસ આસકરન ૫૬૯, ૬૪૦, ૬૭૦.
શાદીલાલ, જસ્ટીસ ૫૩૫.
શાસ્ત્રી, શ્રી નિવાસ, ૫૩૩.
શાહજહાન સમ્રાટ ૩૮૧.
શાહઝનાન, ૩૬.
શાહઝાદી બેગમ ૪૬૪.
શાહતુરેલ જુઓ તાજદીન પીર.
શાહનવાઝ, ૭૦૭.
શાહબુદીન (સાહેબદીન) ૨૫મા પીર ૩૩૭.
શાહબુદીન શાહ ઉર્ફે ખલીલુલ્લાહ પીર ૪૪૫, ૪૪૬.

શાહબુદીન કાઝી ઇતિહાસકાર ૧૭૨.
શાહબુદીન ઘોરી ૨૭૨.
શાહરૂખ યારજંગ, નવાબ ૫૬૯.
શાહશુજા અમીર ૪૨૭.
શાહિનશાહ ૩૦૧, ૩૦૨, ૩૦૩.
શિબ્લી નોઅમાની, ચારિત્રકાર ૬૦, ૨૧૨, ૪૭૦.
શિયા ફીલૉસોફર ક્લેશન, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૭, ૩૮.
શિરપુરના મહારાજા ૬૬૭.
શિરવાની, હાજી ઝૈનુલાબેદીન ૪૧૩, ૪૧૪, ૪૧૫.
શિરાઝી, કાસિમ અલી કવિ ૩૭૮.
શિરાઝી, હાફિઝ કવિ જુઓ હાફિઝ.
શીલ, જસ્ટીસ, ૨૩૭, ૨૪૪.
શુસ્તરી, કાઝી નુરૂલ્લાહ ૧૧૮, ૨૦૭ ટી.
શેકસપીઅર ૪૫૬.
શેફર, ચાર્લ્સ, ફ્રેંચ ઇતિહાસકાર ૧૬૨, ૧૯૩.
શેમ્પેન, કાઉન્ટ ૨૭૭.
શેરકુહ વઝીર ૨૨૪.
શેરમહમદખાન મીર, ૪૨૯.
શેલ્ડ્રેક ડૉકટર, ૫૨૪.
શોઅબા સુરી ૫૯.
શોએબ, હ૦ પયગમ્બર ૫૪.

## સ

સઇદી, અબુલ હસન ૨૩૩, ૨૩૪, ૨૩૫.
સકીના, હ૦ ઇમામ હુસેનનાં પુત્રી. ૩૪.
સચીનના નવાબ ૪૮૮, ૬૬૭.
સતગુર નુર જુઓ નુરદીન સૈયદ.
સદરૂદીન ૨૬મા પીર, ૩૧૩, ૩૧૯, ૩૩૧, ૩૩૨, ૩૩૪–૩૩૮, ૩૩૯, ૩૪૪, ૩૫૪, ૪૩૯, ૪૪૬, ૪૭૮.
સદરૂદીન, ના૦ શાહઝાદા ૫૪૧, ૫૯૬, ૬૬૦, ૬૬૨, ૬૬૬, ૬૭૫, ૬૭૬, ૬૭૯, ૬૮૨, ૬૯૮.
સદરૂદીન શેખ ૨૯૪.
સદરૂદીન, શેખ ઇબ્રાહિમ ૩૨૨.
સપરૂ, સર તેજબહાદુર ૪૩૫, ૫૪૫, ૬૭૦.
સફવી, સુલેમાન ૩૦૬.
સફવી, ઇસમાઇલ ૩૩૩, ૩૫૪, ૩૫૬, ૩૫૭, ૩૫૯, ૩૬૦, ૩૬૧, ૩૬૨, ૩૬૩.
,, સદરૂદીન ૩૬૦.
,, આજમઅલી ૩૬૦.
,, હૈદર ૩૬૦.
,, સુલતાનઅલી ૩૬૦.
,, ઇબ્રાહિમ મિરઝા ૩૬૦.
,, તહેમાસ્પ ૩૬૪, ૩૭૧, ૩૭૩.
,, શાહ અબ્બાસ, ૩૭૦.
,, મુહમ્મદ મિરઝા ૩૭૪.
,, અબ્બાસ મિરઝા ૩૭૪, ૩૭૭, ૩૭૮, ૩૮૦–૩૮૧.
,, શાહ સફી ૩૮૦.
,, શાહ અબ્બાસ બીજો ૩૮૦, ૩૮૧.
,, શાહ સુલેમાન ૩૮૩.
,, હુસેન બિ. સુલેમાન ૩૮૪, ૩૮૫, ૩૮૬.
,, તહેમાસ્પ (બીજો) ૩૮૬–૩૮૭.
,, અબ્બાસ (ત્રીજો) ૩૮૭.
સબુકતગીન, શાહી ગવરનર ૧૭૩.
સબુકતગીન, સુલતાન મહમુદ, ૧૮૨, ૧૮૫.
સબજઅલી રમઝાનઅલી, પીર મિશનરી, ૫૬૪, ૬૧૪, ૬૩૭, ૬૩૮.
સબ્બાહ, હસન બિ., ૧૯૩, ૨૦૯–૨૧૧, ૨૧૫, ૨૨૫, ૨૨૬, ૨૨૭, ૨૩૦–૨૪૫, ૨૫૧, ૨૫૫, ૩૦૪, ૩૦૬.
સમરકંદી, નિઝામીએ અરૂઝી ૨૧૨–૨૧૩.
સરકાર માતા સલામત, ૪૪મા પીર, ૩૯૪, ૪૦૯, ૪૧૦.
સરીકુલના ઇસ્માઇલી સરદાર ૬૮૩.
સર્વજહાન બેગમ, ૪૪૨, ૪૪૪.
સરોજની નાયડુ, શ્રીમતિ ૫૩૪.
સલજુકી સુલતાન મલેકશાહ ૨૧૧, ૨૩૦, ૨૩૧, ૨૩૨, ૨૩૮, ૨૩૯, ૨૮૪.
,, તુતુશ ૨૦૮.
,, અલ્પ અરસલાન ૨૦૨, ૨૩૮.
,, તુઘરિલબેગ, ૨૦૨, ૨૦૩, ૨૦૪, ૨૩૮, ૨૪૧, ૨૮૨, ૨૮૪.
,, રિઝવાન ૨૨૧.

સલજુકી સુલતાન સંજર ૨૪૧, ૨૪૨, ૨૪૮, ૨૫૨, ૨૫૩, ૨૫૭, ૨૫૮, ૨૫૯, ૨૬૦, ૨૮૪.
  „ ચગરબેગ ૧૯૪, ૨૪૧, ૨૮૪.
  „ સુલતાન મહમ્મદ ૨૪૧, ૨૪૫, ૨૪૬.
  „ સુલતાન મસઉદ, ૨૪૭, ૨૫૧.
  „ મોઇઝુદીન સંજર, ૨૫૭.
  „ મઝહરૂદીન ૨૬૦.
  „ એહમદ ઇબ્ને મલિકશાહ ૨૯૫.
  „ ઇઝઝુદીન કેકોબાદ ૩૧૩.
સલામદીન બાવા ૩૯૩.
સલામદીન પીર, ૨૫૪.
સલાહુદીન, ૨૨મા પીર ૨૭૮, ૩૨૪, ૩૨૭ટી.
સલાહુદીન ઝરકોબ. શેખ ૩૧૩, ૩૧૫, ૩૧૬.
સલાહુદીન, સુલતાન ૨૦૪, ૨૦૬, ૨૨૪–૨૨૫, ૨૪૧, ૨૬૧, ૨૬૮, ૨૭૨, ૨૭૩, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૮૪.
સલમાન ફારસી ૧૬, ૧૯, ૨૩.
સાઇકસ, ઇતિહાસકાર, ૩૬૦, ૩૭૮, ૪૩૨, ૪૩૩, ૪૬૭.
સાઇકસ, સર ફ્રેડરીક ૪૫૦, ૫૩૩.
સાઉથબરો લોર્ડ, ૪૯૭.
સાંગલીના ચીફ ૫૩૮.
સાદ ઇબ્ને વકાસ ૮.
સાદિકજી સૈયદ દાદુ પીરના પુત્ર ૩૯૩.
સા'દી, શેખ, ૩૨૪, ૪૫૬, ૬૪૮.
સામાની બાદશાહ નસ્ર, ૧૧૨–૧૧૩, નુહ ૧૮૭.
સારાહ, ૭૮, ૭૯.
સારીલાના રાજા ૫૩૮.
સાલેહ ગાંગજી શેઠ, ૬૦૯.
સાલેહ રૂદબારી ૧૬૯.
સાલેહ બિ. મિરદાસ ૧૮૩, ૧૮૪, ૧૮૮, ૧૯૨.
સાલિમ ૧૧૨.
સાહેબદિન બાવા ૩૯૩.
સિકંદર ઝુલકરનૈન, ૩૯૧.
સિકંદર હયાતખાન સર ૫૭૪, ૬૩૫.
સજસ્તાની સુફી, ૫૯.
સિતુલ–મુલ્ક, શાહઝાદી, ૧૭૭, ૧૮૦, ૧૯૩, ૨૦૪.
સિધ્ધરાજ જયસિંહ ૨૧૫, ૨૧૬, ૩૩૫.
સિનાન, શેખ રશીદુદીન (શેખ ઇરાકી) ૮૩ટી, ૨૬૭, ૨૬૮; ૨૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭.
સિપેહસાલાર ચારિત્રકાર, ૩૧૧, ૩૧૫.
સિયુતી અલામા ૩, ૮૭, ૧૦૯.
સિલ્વેસ્ટર ડીસેસી, ૩૯.
સીના હકીમ જુઓ અબુ અલી.
સીરીયા પ્રજાસત્તાકના પ્રેસીડેન્ટ ૬૬૬, ૬૬૮.
સુફી, અબુ અબ્દુલ્લાહ દાઇ જુઓ અબુ અબ્દુલ્લાહ.
સુફી, જી. એમ. ડી. ૬૭૧.
સુફી, નિઆમતુલ્લાહશાહ જુઓ નિઆમતુલ્લાહ શાહ.
સુફી યાહ્યા જુઓ યાહ્યા.
સુફીયાન સુફી, ૫૯.
સુફીયાની, મિશનરી, ૬૬, ૭૩, ૭૪.
સુરચંદ રાજા, ૨૧૫.
સુરસિંહજી, વીરપુર ઠાકોર. ૪૮૮.
સુરેન્દ્રનાથ બેનરજી ૪૮૫.
સુમરા, મુહમ્મદ ૩૭૪.
સુલતાન એહમદ સર, ૫૩૪, ૬૩૫.
સુલતાન જંગબારના ૪૬૬, ૫૧૧–૫૧૨, ૫૪૭.
સુલતાન મુહમ્મદશાહ, ૬૦ મૌલાના, ૪૮મા ઇમામ, ૪૬૫, ૪૪૭, ૪૪૯, ૪૫૨–૭૨૦.
સુલેમાન ઉમવી ખલીફ ૪૩, ૪૪, ૫૮, ૬૦.
સુલેમાન કાસમ મીઠા, સર ૫૫૫, ૫૬૯.
સુલેમાન જસ્ટીસ ૫૩૫.
સુલેમાન ઇબ્ને જાફર ફલાહ ૧૬૧, ૧૬૨, ૧૬૩.
સુલેમાન સુર્દ ખિજાઇ ૬૨.
સુહરાવર્દી ડૉ૦ ૫૨૬, ૫૪૦, ૫૬૭.
સેંકી લોર્ડ, ૫૩૫.
સેતલવડ, ચીમનલાલ ૫૮૪.
સેતલવડ જે. સી. ૬૩૯.
સેમ્યુઅલ હોર, સર ૪૫૦, ૫૩૫, ૫૩૮, ૫૪૩, ૫૧૧, ૫૭૨.

સેલિસબરી લોર્ડ, ૪૬૫.
સેવરસ પાદરી ૧૭૧.
સૈયદઅલી હ૦ ૪૧મા ઇમામ, ૩૮૦–૩૮૧.
સૈયદઅલી અલજીરીયન ૫૨૭.
સૈયદ એહમદ સર ૪૬૯–૪૭૦, ૪૭૪, ૪૭૫, ૪૭૬, ૪૯૭, ૬૩૩.
સૈયદુલ ખયર. ૯૬.
સોઢી શ્રીમતી ૬૪૯.
સોહરાબ, સૈયદ, મિશનરી ૨૦૦–૨૦૧.
સોહરાબ બિ. રૂસ્તમ મિશનરી ૮૬.
સોહરાબખાન સરદાર ૪૧૪, ૪૧૫.
સ્પીન્ગર ગ્રંથકાર ૩૨૩.
સ્કોટ ૮૪૫૬.
સ્ટેન્લી રીડ સર ૫૬૯, ૫૮૬.
સ્ટેલીન ૬૯૧.
સ્મટસ, ફિલ્ડ માર્શલ. ૬૫૧, ૬૭૫.
સ્મીથ જસ્ટીસ (આફ્રિકા) ૬૦૨, ૬૦૩.

## હ

હકસર, સર કૈલાસ ૫૭૩, ૬૭૦.
હઝારઅસ્પ, સ્પેઇ્ન ૨૮૧, ૨૮૨.
હનફિયા, મુહમ્મદ ૧૨, ૨૨, ૪૧, ૪૬, ૬૧.
હન્ટર, કિસુમુ પ્રો૦ કમિશ્નર, ૬૪૬.
હબીબભાઇ કાસમ, વારસ ૪૮૦.
હબીબુલ્લાહ અમીર, ૫૨૨.
હમઝા ફાતિમી વઝીર, ૧૭૫, ૧૭૬.
હમઝા બિ. અલી દરૂઝી ૨૦.
હમદાન, અમીર ૮૨.
હમદાન બિ. અશઅસ જુઓ અસ–કરમતી.
હમીદ લોદી. ૧૮૫. ૧૮૬.
હમીદુદીન, મિશનરી ૮૩.
હમ્બલ, એહમદ ઇબ્ને, ૭૩, ૮૭.
હયુઝ બેલ સર, ૫૩૩.
હરરવાળા, શેખ મુલ્લાં મુહમ્મદઅલી ૫૧૦.
હરીસીંગ ગોર સર ૫૪૩, ૫૪૬.
હલવાની મિસ્નરી ૬૬, ૭૩, ૭૪.
હલાકુખાન, ૨૪૩, ૨૯૫, ૨૯૮, ૨૯૯, ૩૦૦, ૩૦૧, ૩૦૨, ૩૦૩, ૩૦૪, ૩૦૫, ૩૦૬, ૩૦૯, ૩૨૦, ૩૨૧, ૩૮૩, ૪૧૧, ૪૪૭.
હવશબ જુઓ ઇબ્ને હવશબ.
હસન હઝરત, બીજા પીર, ૧૨, ૨૨, ૨૪, ૪૧, ૪૬, ૧૨૬, ૬૯૪.
હસન અસકરી હ૦ ૭૧, ૭૨.
હસન અલા ઝિક્રીપાસલામ, હ૦ ૨૩મા ઇમામ પ્ર૧૧, ૨૬૩–૨૬૯, ૨૭૦.
હસન બિ. અબ્દુલમલિક ૧૬૯–૧૭૦.
હસનઅલી શાહ હ૦ (પહેલા) ૪૨મા ઇમામ ૩૮૨–૩૮૪.
હસનઅલી શાહ હ૦ (બીજા) ૪૬મા ઇમામ ૪૦૨, ૪૦૬–૪૪૩, ૪૫૦, ૪૫૨, ૪૫૩, ૪૫૫, ૪૬૦, ૫૧૮, ૫૬૨, ૫૬૮, ૬૮૧, ૭૧૫.
હસન ઇમામ, સૈયદ ૪૮૫, ૫૦૫.
હસન કબીરદીન, ૨૭મા પીર, પ્ર૧૩, ૩૩૨, ૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૩૮ ૩૪૨ (વંશધરો ૩૪૦) ૩૪૫, ૩૪૬, ૩૬૮, ૩૯૨.
હસન કાસમ લાખા. વારસ ૫૧૯. ૬૨૩.
હસન નમીર ૪૧, ૪૨.
હસન નિઝામી, ખ્વાજા, ૫૨૯, ૫૫૩, ૫૫૮, ૫૯૦, ૫૯૨, ૬૩૨.
હસન બસરી ૩૭.
હસન પીર, સૈયદ ૩૯૨, ૩૯૩.
હસન મુહમ્મદ કિયા બુઝુર્ગ ૨૫૮, ૨૬૮.
હસન મુખી ૪૪૦.
હસન રઇસ, મિશનરી ૨૭૮.
હસન લાલજી દેવરાજ મુખી, ૫૫૧.
હસન સબ્બાહ જુઓ સબ્બાહ.
હસ્સાન મુફર્રજ ૧૭૦, ૧૭૧ ૧૮૩, ૧૮૪.
હાકિમ હ૦. ૧૬મા ઇમામ ફાતિમી ખલીફ પ્ર૧૧, ૧૯, ૨૦, ૧૫૭, ૧૫૮–૧૭૮, ૧૮૮, ૨૦૩, ૨૦૯.
હાજીબ, અયતાસ ૧૧૩.
હાજી બીબી ૪૪૯. ૪૭૭–૪૭૮. ૪૭૯.
હાતમતાઇ ૨૯૧.
હાતિમભાઈ, વ્હોરા શેખ, ૫૮૧.
હાતિમ અલવી ૫૭૨, ૬૯૩.